ઉક્ત પ્રકારના ગુન્હાઓ બનતા અટકાવવા, બનેલ બનાવોને શોધી કાઢવા અને જાહેર જનતાની સલામતી જળવાય રહે તે માટે ઓટોરીક્ષાઓમાં મુસાફરી કરતા મુસાફરો ઓટોરીક્ષા નોંધણી નંબર, વાહન ચાલકનું નામ/સરનામું તથા પોલીસ કંન્ટ્રોલ રૂમનો નંબર સહેલાઈથી જોઈ શકે તે માટેની વ્યવસ્થા કરવાના હેતુસર નવસારી જિલ્લાની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષાઓમાં મુસાફરી કરતા મુસાફરો સહેલાઈથી જોઈ શકે તે રીતે ચાલકની સીટની પાછળના ભાગે રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર, વાહન ચાલકનું નામ સરનામું સંપર્ક નંબર ફરજીયાત લખવા નીચે મુજબનો હુકમ કરૂં છું.

હું, રેમ્યા મોહન, (આઈ. એ. એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો કલમ-૩૩ (૧) (ખ) ધી ગુજરાત પોલીસ એક્ટ, ૧૯૫૧ હેઠળ મળેલ અધિકારની રૂએ '' નવસારી જીલ્લાના હદ વિસ્તાર '' માં ઓટો રીક્ષા ફેરવી ધંધો કરતાં રીક્ષા ચાલકોએ ડ્રાઈવરની સીટની પાછળના ભાગે ૬'' × ૧૮'' (ઈંચ) ની માપના પતરા અથવા એક્રેલીક (પ્લાસ્ટીક)ના સફેદ કલરના બોર્ડ ઉપર લાલ રંગની બોર્ડર અને લાલ રંગના અક્ષરોમાં વાહન નંબર, વાહન ચાલકનું નામ, સરનામા, સંપર્ક નંબર તેમજ આપાતકાલિન સંપર્ક નંબર તરીકે પોલીસ કન્ટ્રોલ નંબર-૧૦૦, (૦૨૬૩૭) ૨૪૬૩૦૩ તથા ફાયર બ્રિગેડ-૧૦૧ અને એમ્બ્યુલન્સ સેવા ૧૦૮ સ્પષ્ટ વાંચી શકાય તે રીતે ફરજીયાત લખવો.

આ હુકમ તા. ૯મી ડિસેમ્બર, ૨૦૧૪ થી તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ (બંને દિવસો સહીત) માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડિસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડ્યો.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

વંચાણે લીધુ :-

(૧) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી ડીજીવીસીએલ, સુરતના પત્ર ક્રમાંક દગુવીકંલિ/ ગર્વ. લાય. અને વિદ્ય / ૧૪ / ૧૮૧૦૫, તા. ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૪.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૫૮૪૩-૬૫/૨૦૧૪.-નર્મદા જિલ્લામાં ડી.જી.વી.સી.એલ. ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટીવી ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગર કેબલ પ્રસ્થાપિત કરી ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે વીજ અકસ્માતના બનાવ બનવા પામતા હોય છે.

સબબ નર્મદા જિલ્લામાં તથા રાજપીપળા શહેરમાં ડી.જી.વી.સી.એલ. ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટીવી ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતા કેબલ દૂર કરવા અત્યંત જરૂરી જણાય છે.

જેથી હું, સંદીપકુમાર સાગલે, (આઈ.એસ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, જિલ્લા ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, રાજપીપળા શહેર તથા નર્મદા જિલ્લામાં ડી.જી.વી.સી.એલ. ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટીવી ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવાની મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના ૦૦.૦૦ કલાકથી તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ ૨૪.૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહિત) દિન ૬૦ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા ડી.જી.વી. સી.એલ.ના સક્ષમ અધિકારીશ્રી, હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા મામલતદારશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સંદીપકુમાર સાગલે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ગ) મુજબનું.

ક્રમાંકઃ એમએજી/નો પાર્કિંગ/જાહેરનામું/વશી/૭૪૫૬ થી ૭૪૮૩/ ૨૦૧૪.–તાપી જિલ્લામાં આવેલ સોનગઢ આર. ટી. ઓ. ચેકપોસ્ટ ખાતે ઘણીવાર અમુક વાહન ચાલકો દ્વારા તેઓના વાહન પાર્ક કરી એક સાથે મોટા સમુહમાં ચેક પોસ્ટ પર વાહનો લાવી ચેક પોસ્ટના વે બ્રીજ સિવાયના રસ્તાથી વાહનો ભગાડી જવાની અનઅધિકૃત પ્રવૃતિ કરવામાં આવતી હોવાનું ધ્યાને આવેલ છે. જેના કારણે ચેકપોસ્ટ પર ભયનું વાતાવરણ સર્જાય છે. તેમજ આવા વાહનો વે બ્રીજ પરથી પસાર થયા સિવાય જતા રહેવાથી સરકારી લેણાંની વસુલાત ન થવાને કારણે સરકારને આર્થિક નુકશાન થાય છે. જેથી આવી પ્રવૃતિઓ અટકાવવા સારૂ અત્રેના જિલ્લામાં આવેલ સોનગઢ આર. ટી. ઓ. ચેકપોસ્ટથી સોનગઢ નગર-સુરત તરફે એક કિલોમીટર સુધીના હાઈવે રોડ ઉપર અને ધુલીયા-ઉચ્છલ-નવાપુર તરફના ત્રણ કિલોમીટર સુધીના હાઈવે રોડ ઉપર બંને બાજુ **''નો-પાર્કિંગ ઝોન''** તરીકે જાહેર કરવો જરૂરી જણાય છે.

આથી હું, રંજીથકુમાર જે., આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ગ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સોનગઢ ખાતે આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટથી સોનગઢ નગર-સુરત તરફે એક કિલોમીટર સુધીના હાઈવે રોડ ઉપર અને ધુલીયા-ઉચ્છલ-નવાપુર તરફના ત્રણ કિલોમીટર સુધીના હાઈવે રોડ ઉપર બંને બાજુ **''નો-પાર્કિંગ ઝોન''** જાહેર કરવા આથી હુકમ કરૂં છું.

આજ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/૧/નો પાર્કિંગ/જાહેરનામું/વશી-૭૪૮૪ થી ૭૫૧૧/ ૨૦૧૪.–તાપી જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, વ્યારા તથા સોનગઢ ખાતે આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ- ખાતે દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો, અરજદારો અલગ અલગ કામ અર્થે જેવા કે, લાયસન્સ સંબંધિત, વાહનની નોંધણી સંબધિત તથા નોંધણી બાદની કાર્યવાહીઓ, ટેક્ષ ભરવાની કાર્યવાહીઓ, વાહન કોઈ ગુનામાં પકડાય ત્યારે દંડ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધિત કાર્યવાહીઓ વિગેરે માટે આવે છે. તા. ૧લી જુલાઈ ૧૯૮૯ પછી કાયદેસર એજન્ટપ્રથા નથી આમ છતાંય ઘણીવાર અરજદારો/ નાગરિકો જ્યારે કચેરીના કંપાઉન્ડમાં પ્રવેશે છે. તે સમયે કચેરીની આસપાસ અથવા નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની સાથે છેતરપીંડી કરીને અથવા ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને / લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવીને કેટલાક અનઅધિકૃત ઈસમો આવી પ્રવૃતિઓ કરીને અરજદાર સાથે છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે.

આથી હું, રંજીથકુમાર જે., આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી, વ્યારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી વ્યારાની કચેરી તથા અત્રેના જિલ્લામાં આવેલ આર.ટી.ઓ. ચેક પોસ્ટ સોનગઢ ખાતે કે રોજે રોજ જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે અરજદારો સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરી / ચેકપોસ્ટ પર આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

આ હુકમ તા. ૧૨મી નવેમ્બર, ૨૦૧૪થી તા. ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતિય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૧૨મી નવેમ્બર, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

રંજીથકુમાર જે.,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
તાપી-વ્યારા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૪૯૮૧ થી ૪૯૯૭/૨૦૧૪.– ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ ની કલમ ૩૭(૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૪ ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૧૪ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

વિસ્તાર

'' ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ''

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડા તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી / સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૧૨૧૪૨ થી ૧૨૧૫૦/૨૦૧૪.– ભરૂચ જિલ્લામાં ભરૂચ શહેરના વિવિધ સેન્ટરો ઉપર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા બિન સચિવાલય કારકુનની પરીક્ષા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ બપોરનાં ૧૨.૦૦ કલાકથી ૧૫.૦૦ કલાક સુધી યોજાનાર છે. સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોના ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ ના રોજ બપોરનાં ૧૨.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી ભરૂચ મુકામે આવેલ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા બિન સચિવાલય કારકુનની પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ.

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

(૩) ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તપાસ ટુકડીઓને.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતા, કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૪નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

વંચાણમાં લીધો :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, મહેસાણા જિલ્લો, મહેસાણાનો તારીખ ૧૯-૧૨-૨૦૧૪નો પત્ર ક્રમાંક પરક્ષ/૨૦૧૪-૧૫/૧૩૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી ૪૨૫૬/૨૦૧૪.– આગામી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી HTAT પરીક્ષા- ૨૦૧૪ અત્રેના જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવાનાર છે, આ જાહેર પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે

તે માટે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ નીચેની વિગતે પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાએ તેઓના તા. ૧૯-૧૨-૨૦૧૪ના પત્રથી જણાવેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

(૧) પરીક્ષા સ્થળેથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કલમ-૧૪૪ લાગુ પાડવી.

(૨) પરીક્ષા કેન્દ્રના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઇટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત પગલાં લેવા.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી.

વાસ્તે, હું, એસ. જે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે,

(૧) પરીક્ષા સ્થળથી આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ અનઅધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહી.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા. તેમજ કોપી રાઇટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત ફરમાવું છે.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) આ પરીક્ષામા બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાના કામગીરીમાં સરકારશ્રી તરફથી રોકાયેલ અધિકારી / કર્મચારીઓને.

(૩) સદરહું પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારીશ્રી / કર્મચારીશ્રીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

આ જાહેરનામું તા. ૨૦મી ડિસેમ્બર ૨૦૧૪ ના રોજ ૧૦.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક સુધી અમલી રહેશે.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, મહેસાણા

HTAT પરીક્ષા કેન્દ્રોની યાદી

પરીક્ષા કેન્દ્ર	પરીક્ષા સ્થળનું નામ	સ્થળ સંચાલકનું નામ	મોબાઈલ નંબર	બ્લોકની સંખ્યા
1	અર્બન બેન્ક વિદ્યા. યુનિટ - ૧	જેઠાભાઈ પટેલ	9879094046	15
2	અર્બન બેન્ક વિદ્યા. યુનિટ - ૨	ખેમચંદભાઈ પટેલ	9638168309	15

INDEX

પરીક્ષા કેન્દ્ર	પરીક્ષા સ્થળનું નામ	સ્થળ સંચાલકનું નામ	મોબાઈલ નંબર	બ્લોકની સંખ્યા
3	અર્બન ગર્લ્સ વિદ્યા. મહેસાણા	હિનાબેન પટેલ	9825842620	15
4	શબરી વિદ્યાલય	ચંદ્રિકાબેન ઠાકુર	9426530627	12

આજ તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

એસ. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હંગામી જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલ.

નંબર પલસ/રોડ ડાયવર્ઝન/વશી-૧૧૩૧૭/૨૦૧૪.– પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય સુરતના તા. ૨૪મી નવેમ્બર, ૨૦૧૪ પત્ર અનુસંધાને પી. પી. સવાણી ગૃપ દ્વારા આગામી તા. ૨૮મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ સવારે ૭.૦૦ વાગ્યાથી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત અબ્રામા રોડ ઉપર સફાઈ અભિયાન હાથ ધરવાના હોય તથા તા. ૩૦મી નવેમ્બર ૨૦૧૪ ના રોજ સવારે ૭.૦૦ વાગ્યાથી રાત્રીના૧૦.૦૦ વાગ્યા સુધી '' લાગણીના વાવેતર '' સમુહ લગ્ન સમારોહનો કાર્યક્રમ હોય જેથી સદરહુ માર્ગ પર ભારે જનમેદની આવવાની સંભાવના છે. તેથી સદરહુ માર્ગ ઉપર કઠોરથી અબ્રામા થઈને પી. પી. સવાણી રોડથી મોટા વરાછા રોડ તરફ આવતા જતા ભારે વાહનોને કારણે સદરહુ માર્ગ ઉપર અકસ્માતના બનાવો બનવા ન પામે તથા જાહેર જનતાની સલામતી જળવાય રહે તે માટે ભારે વાહનો માટે ટ્રાફિક ડાયવર્ઝન આપવા જરૂરી જણાતું હોય, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત નીચે જણાવ્યા મુજબના રૂટ ઉપર ટ્રાફિક ડાઈવર્ટ કરવા ફરમાવું છું.

ડાઈવર્ટ કરેલ રૂટની વિગત	ડાયવર્ઝનની તારીખ અને સમય
ટ્રક, ડમ્પર, કન્ટેનર, જેસીબી, મોટા ટ્રેઈલર જેવા મોટા ભારે વાહનોને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે અમદાવાદ/મુંબઈ તરફથી સુરત તરફ આવતા અથવા સુરતથી અમદાવાદ/મુંબઈ તરફ જતા વાહનો કામરેજ ચાર રસ્તા ઉપર થઈ રૂટિન પ્રમાણે નેશનલ હાઈવે ઉપરથી પસાર કરવાના રહેશે.	(૧) તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ સવારે ૭.૦૦ કલાકથી બપોરે ૧૨.૦૦ કલાક સુધી તથા (૨) તા. ૩૦મી નવેમ્બર ૨૦૧૪ ના રોજ સવારે ૭.૦૦ કલાકથી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધી

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/પરીક્ષા/જાહેરનામું/વશી-૮૫૪૪ થી ૮૫૬૩/૨૦૧૪.– સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરનાં પત્ર ૩૮/૨૦૧૪-૧૫, તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૪માં જણાવ્યા અનુસાર બિન સચિવાલય ક્લાર્ક સંવર્ગની ૨૪૪૪ જગ્યાઓ પર ભરતી માટેની લેખિત પરીક્ષા આગામી તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત અત્રેના તાપી જિલ્લામાં પણ ઉક્ત પરીક્ષાનું આયોજન થનાર છે. જેથી તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અત્રેના તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ તાપીના હકુમત હેઠળના તાપી જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં ૨૦૦ મીટરના ઘેરાવના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ એકત્રિત થવા પર કે હથિયાર કે મોબાઈલ ફોન લઈ જવા પર કે પરીક્ષાના સમય દરમ્યાન તેના

ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષાની કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો ચાલુ રાખવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાયું છે.

ઉક્ત વિગતે હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તાપી જિલ્લામાં તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ પરિશિષ્ટ-૧ માં જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ એકત્રિત થવા પર કે કોઈ પણ વ્યક્તિએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર કે મોબાઈલ ફોન લઈ જવા પર કે પરીક્ષાના સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષાની કેન્દ્રની ૨૦૦ મીટર અંદર પરીક્ષા સમય શરૂ થવાના એક કલાક પહેલાથી સમય દરમ્યાન ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છે.

અપવાદ :

(૧) પરીક્ષા કેન્દ્રો ઉપર સુરક્ષા માટે ફરજ પરનાં પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ કે નિયુક્ત અન્ય અધિકારીઓ ફરજનાં ભાગરૂપે હથિયાર લઈ જઈ શકશે તેમજ મોબાઈલ ફોન તેમની પાસે રાખી શકશે તેમજ ગુજરા ગૌણ સેવા પસંદગી મંડળની સુચનાનુસાર મોબાઈલ ફોન તેમની પાસે રાખી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તાપી દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે તા. ૩-૧૨-૨૦૧૪નાં રોજ બહાર પાડેલ જાહેરનામા સાથેનું પરિશિષ્ટ-૧

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ	તાલુકાનું નામ	બ્લોકની સંખ્યા
૧	૨	૩	૪
૧	શ્રી કે. બી. પટેલ, પ્રાથમિક શાળા, ટાવર રોડ, વ્યારા	વ્યારા	૨૦
૨	ખુ. મા. પ્રાથમિક શાળા, ટાવર રોડ, વ્યારા જિ. તાપી	વ્યારા	૧૫
૩	કે. કે. કદમ કન્યા વિદ્યાલય, ટાવર રોડ, વ્યારા	વ્યારા	૨૦
૪	જે. બી. એન્ડ એસ. એ. સાર્વજનિક હાઈસ્કુલ, વ્યારા	વ્યારા	૩૦
૫	દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય, વ્યારા	વ્યારા	૧૫
૬	શ્રી એમ. પી. પટેલ માધ્યમિક અને પી.સી. શાહ ઉ. મા. શાળા, કાકરાપાર બાયપાસ રોડ. તાડકુવા, ડુંગરી-વ્યારા	વ્યારા	૨૦
૭	તાલુકા પ્રાથમિક શાળા, નેશનલ હાઈવે નં. ૬ની બાજુમાં, ધુલિયા રોડ, વ્યારા	વ્યારા	૧૦
૮	શ્રીમતિ આર. પી. ચૌહાણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કેન્દ્ર-એ, વ્યારા	વ્યારા	૩૬
૯	વિદ્યાગુર્જરી સેકન્ડરી સ્કુલ, નેશનલ હાઈવે નં. ૬, ધુલિયા રોડ, કારપેટ ઘર, પનીયારી, વ્યારા	વ્યારા	૧૨
૧૦	શ્રી પ્ર. અને ભા. વિદ્યાલય, કપુરા, તા. વ્યારા	વ્યારા	૨૦
૧૧	કાળીદાસ હોમીયોપેથિક કોલેજ, તાડકુવા, વ્યારા, જિ. તાપી	વ્યારા	૨૦
૧૨	શ્રી. સ. ગો. હાઈસ્કુલ વાલોડ, જિ. તાપી	વાલોડ	૨૦
૧૩	કરૂણા માધ્યમિક શાળા, વાલોડ, જિ. તાપી	વાલોડ	૧૦
૧૪	શ્રી જી. સી. પટેલ માધ્યમિક શાળા, વાલોડ, જિ. તાપી	વાલોડ	૧૦
૧૫	સાર્વજનિક હાઈસ્કુલ, ફોર્ટ, સોનગઢ	સોનગઢ	૩૦
૧૬	સરકારી વાણિજ્ય અને વિનયન કોલેજ, સોનગઢ	સોનગઢ	૨૫
૧૭	આદર્શ નિવાસી કન્યા શાળા, સોનગઢ, જિ. તાપી	સોનગઢ	૧૦
૧૮	જીવનસાધના વિદ્યાલય, ઉકાઈ, તા. સોનગઢ	સોનગઢ	૩૦

આજ તારીખ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૮૯૬૭ થી ૮૯૯૧/૨૦૧૪.– હાલનાં પ્રવર્તમાન સંજોગો તેમજ તાજેતરમાં ભૂતકાળના બનાવો ધ્યાને લેતાં તાપી જિલ્લામાં બહારના રાજ્યમાંથી તથા દેશ બહારથી આતંકવાદી અને સમાજવિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તાપી જિલ્લામાંથી સુરત-ધુલીયા નેશનલ હાઈવે પસાર થાય છે. જેની ઉપર હોટલો/ઢાબા આવેલ છે. આવી સમાજવિરોધી પ્રવૃત્તિ કરીને ત્યાં ગુનેગાર રોકાઈ જાય છે. આવા ભાગતા ગુનેગાર નજીકમાં પેટ્રોલ પંપ ઉપર ઈંધણ પુરાવવા ઉભા રહી શકે છે. વિશેષમાં હાઈવે ઉપર ટોલનાકામાંથી ભાગેડુઓ પસાર થવાની જરૂરિયાત રહે છે. જેથી માનવ જિંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલમિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો તેમજ તમામ પેટ્રોલ પંપો, હાઈવે પરના ટોલનાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટ વિગેરે જગ્યાઓ ઉપર આવા બનાવો ભૂતકાળમાં બનવા પામેલ છે. જેના પરિણામે લોકોની સલામતિ સાચવવી તેમજ જાન-માલને થતું નુકશાન અટકાવવું ખૂબ જ જરૂરી છે. આથી ઉપરોકત દર્શાવેલ સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા મુકવા માટે પોલીસ અધિક્ષકશ્રી, તાપી દ્વારા દરખાસ્ત મોકલવામાં આવેલ છે. જે નિગાહે લેતાં સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી જણાય છે.

તાપી જિલ્લાના મુખ્ય મથકે તેમજ તાલુકા મથકો પર આવેલ તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો તેમજ તમામ પેટ્રોલ પંપો, હાઈવે પરનાં ટોલનાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટ વિગેરે જગ્યાઓ પર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વ્યારા, જિલ્લા તાપી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, તાપી જિલ્લાનાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ ATM સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, તેમજ તમામ પેટ્રોલ પંપો તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, હાઈવે પરનાં ટોલનાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટના માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમનાં ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાનાં રહેશે. તથા પ્રવેશ દ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યા તથા જાહેર પ્રચાર માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેંજના નાઈટ વિઝનવાળા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાનાં રહેશે. આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાલ ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા લગાવવા તથા સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ મકાનનો ઉપયોગ શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શન કાઉન્ટર, લોબી બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ (ક. ૦૦-૦૦) થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ (ક. ૨૪-૦૦) સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૧૫મી ડિસમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૮૯૯૨ થી ૯૦૧૮/૨૦૧૪.–તારીખ ૧૨મી જુન, ૨૦૦૯નાં રોજ સુરત શહેરમાં એક વિદ્યાર્થીની ઉપર થયેલાં સામૂહિક બળાત્કારના બનાવને ધ્યાને લેતા તેમજ અન્ય જિલ્લાઓમાં પણ આવા બનાવો અવાર-નવાર બને છે. અત્રેના જિલ્લામાં પણ આવા બનાવો બનવાની શક્યતાં રહેલી છે. શહેરી વિસ્તારોમાં ટ્યુશનનાં કલાસીસો વહેલી સવારથી મોડી રાત્રી સુધી ચાલુ રાખવામાં આવે છે. પરિણામે વિદ્યાર્થીઓને વહેલા-મોડા અભ્યાસ અર્થે આવન-જાવન કરવું પડે છે. વિદ્યાર્થીનીઓ પણ આવા ટ્યુશન કલાસીસોમાં વહેલા-મોડા એકલી આવજાવ કરતી હોય છે. જેનાં પરિણામે કેટલાંક અસામાજીક તત્વો એકલતાનો લાભ લઈ ગેરકાયદેસર

INDEX

કૃત્યો કરતા હોય છે. જેને કારણે બળાત્કાર, છેડતી જેવા કિસ્સાઓ બનવાની શક્યતા રહેલ છે. તેમજ વિદ્યાર્થીઓના જાનને જોખમ રહે છે. આ બાબતે તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ અત્રેથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ, જેની મુદત પૂર્ણ થયેલ છે. તાજેતરની પરિસ્થિતિ જોતા વહેલી સવારે અને મોડી સાંજ સુધી ચાલતા ટ્યુશન કલાસીસોનાં સમયમાં ફેરફાર કરવો અનિવાર્ય જણાય છે.

વાસ્તે, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) તાપી જિલ્લા વિસ્તારમાં કોઇ પણ મથકોએ સવારે ૭-૦૦ કલાક પહેલા તથા સાંજે ૭-૦૦ કલાક બાદ કોઇ પણ ટ્યુશન કલાસીસો ચાલુ રાખી શકાશે નહીં કે વિદ્યાર્થીઓને ટ્યુશન કલાસીસોમાં અભ્યાસ અર્થે બોલાવી શકાશે નહીં.

(૨) ટ્યુશન કલાસીસોની આજુબાજુ ૨૦૦ મીટર સુધી ૪ કે તેથી વધુ વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહીં.

(૩) શાળા-કોલેજોનાં કમ્પાઉન્ડમાં ૨૦૦ મીટર સુધી શાળા કોલેજોના વિદ્યાર્થીઓ સિવાય અન્ય ત્રાહિત વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ કસૂરવાર સામે પગલાં લેવા કાર્યવાહી કરવામાં આવશે. ગુનો સાબિત થયે એક માસની કેદ અથવા ₹ ૨૦૦/-નો દંડ અથવા બંને સજા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી, તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

હંગામી જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૩(૧)(બી) અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૯૦૪૪ થી ૯૦૬૦/૨૦૧૪.– ચીફ ઓફિસરશ્રી નગર પાલિકા વ્યારાના પત્ર નં. ૨૦૪૦/૦૯/૧૦, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૦માં જણાવ્યા મુજબ વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ–સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સમગ્ર દિવસ દરમ્યાન વધુ પ્રમાણમાં ટ્રાફિક રહે છે. પીક અવર્સના સમય દરમ્યાન ટ્રાફિકની ઘણી મુશ્કેલી પડે છે. વધુમાં આ સમય દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં માલ વાહક ભારેવાહનોના પ્રવેશ થવાથી ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બને છે. પરિણામે જાહેર જનતાને અવર જવર કરવામાં પણ હાડમારી વેઠવી પડે છે. જાહેરહિતમાં આ સમસ્યાનું નિવારણ કરવું જરૂરી જણાય છે. આ બાબતે પોલીસ અધિક્ષકશ્રી, તાપી મારફત તપાસ કરાવી અભિપ્રાય મેળવતા તેમણે પણ આ બાબતને પુરતુ સમર્થન આપેલ છે. જેથી વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ–સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને અવર જવર કરવામાં કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે ઉપરોક્ત વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ કંપનીના તેમજ વેપાર માટેના માલવાહતુક ભારે વાહનો માટે પ્રવેશબંધી કરવી યોગ્ય જણાતી હોય ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબનું જાહેરનામું અત્રેથી તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૧૪ના રોજ બહાર પાડવામાં આવેલ. જેની મુદત પૂર્ણ થયેલ હોય મને મળેલ સત્તાની રૂએ, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા ઉપર જણાવ્યા મુજબના વિસ્તારોમાં નીચેની વિગતે ટ્રાન્સપોર્ટના ભારે માલવાહતુક વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય મોટા વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી.

(૨) જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ-સુરત બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં દરરોજ સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન માલવાહતુક, ટ્રાન્સપોર્ટના ભારે મોટા વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય ભારે અને મોટા વાહનોના પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/જાહેરનામું/કલમ-૧૪૪/વશી-૯૦૬૧ થી ૯૦૮૮/૨૦૧૪.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને તાજેતરમાં બનેલા કેટલાક ગંભીર બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા તમામ ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટ (કોમર્શીયલ કોમ્પલેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃત્તિ કરે છે, જેથી માનવ જિંદગીની ખુંવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતિમાં જોખમ ઉભું કરે છે.

બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલિકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, અર્જુનસિંહ બી. રાઠોડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) તાપી જિલ્લામાં કોઈ રહેણાંક મકાન / દુકાન / ઓફિસ કે ઔદ્યોગિક એકમોની માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન/ ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે. તેવા મકાન/દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો / સંચાલકોએ માહિતી સબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીને દિન-૭માં આપવાની રહેશે.

(૨) તાપી જિલ્લામાં કોઈ મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો / સંચાલકોએ જે તે વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીને દિન-૭માં આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન/જગ્યા/ દુકાન માલિકનું સરનામું, ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/જગ્યા/ દુકાન/ઓફિસની વિગત કયા વિસ્તારમાં કેટલાં ચો.મી. બાંધકામ	મકાન/જગ્યા/ દુકાન ભાડે આપવા માટે સત્તા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું, ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	મકાન/જગ્યા/ દુકાન જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ અને ભાડાની રકમ	જે વ્યક્તિને		જે વ્યક્તિને ભાડે આપેલ છે તેમના મૂળ વતનનું સંપૂર્ણ સરનામું તથા બે થી ત્રણ સગા સંબંધીઓના નામ/સરનામા, ટેલીફોન/ મોબાઈલ નંબર સહીત	મકાન/જગ્યા/ દુકાનના માલિક/ સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું પુરૂં નામ/ સરનામું/ ટેલીફોન/ મોબાઈલ નંબર સહીત	મકાન/જગ્યા/ દુકાન ભાડે આપેલ છે, તે લીવ લાયસન્સ કરારથી આપેલ છે કે કેમ ? તેની વિગત
				ભાડે આપેલ છે તેનું પુરૂં નામ, હાલનું સરનામું (ફોટા સાથે) ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	ભાડે લેવાનો હેતુ (જે ધંધાર્થે હોય તે) શાનો ધંધો ?			
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી બંને દિવસો સહીત ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭(૧)(૨) અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૯૧૮૦ થી ૯૧૯૫/૨૦૧૪.– આગામી તારીખ ૨૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ નાતાલના તહેવારની ઉજવણી થનાર છે. સદરહુ તહેવારની ઉજવણી ખૂબ જ શાંતિથી અને કોમી એખલાસભર્યા વાતાવરણમાં થાય તે હેતુથી તેમજ સમગ્ર તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જાળવવાની જરૂર છે તેમ મને જણાયું છે.

ઉપરોકત હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ની પેટા કલમ-(૧), (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા, આથી ફરમાવું છું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપીની હકુમત હેઠળના સમગ્ર જિલ્લામાં તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી;

INDEX

(૪) ધાર્મિક સ્થળોએ લોકોની લાગણીઓ દુભાય તેવુ કૃત્ય કરવું નહી. તેમજ પ્લાસ્ટીકની કોથળીઓમાં કોઈ પદાર્થ કે પાણી ભરીને ધાર્મિક સ્થળોએ ફેંકવા નહીં;

(૫) કોઈ રાહદારીઓ કે અન્ય ધર્મના લોકોની લાગણીઓ દુભાય તેવુ કૃત્ય કરવું નહીં;

(૬) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં, તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી;

(૭) જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી;

(૮) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ/વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, તાપી જિલ્લા પોલીસ વડાશ્રી, તાપીએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરિક અશક્તિને કારણે લાકડી, લાઠી, લઈ જવાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ/વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથો સિક્કો કરી આપ્યો.

અર્જુનસિંહ બી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
તાપી, વ્યારા.

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી દ્વારા

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/ટીમ્બા ગામ/ગામતળ/૨૦૧૪.–સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ:૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે ટીમ્બા ગામ, તાલુકા ગોધરા, જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૨૨, આરે.-૭૨, ચો.મી.-૩૨માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે ટીમ્બા ગામ, તાલુકા ગોધરા, જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૨૨, આરે.-૭૨, ચો.મી.-૩૨માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/જુની ધરી/ગામતળ/૨૦૧૪.–સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ:૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે જુનીધરી, તાલુકા ગોધરા, જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૧૬, આરે.-૯૨, ચો.મી.-૬૦માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળનાનકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે જુનીધરી, તાલુકા ગોધરા, જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૧૬, આરે.-૯૨, ચો.મી.-૬૦માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/મોરવા (હડફ)/ગામતળ/૨૦૧૪.–સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ:૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે મોરવા (હડફ), તાલુકા મોરવા (હડફ), જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૦૨, આરે.-૩૫, ચો.મી.-૭૩માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

INDEX

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળના નકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે મોરવા (હડફ), તાલુકા મોરવા (હડફ), જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૦૨, આરે.-૩૫, ચો.મી.-૭૩માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/મોરા/ગામતળ/ ૨૦૧૪.– સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ:૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે મોરા, તાલુકા મોરવા (હડફ), જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૦૧, આરે.-૪૫, ચો.મી.-૬૯માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળનાનકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે મોરા, તાલુકા મોરવા (હડફ), જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૦૧, આરે.-૪૫, ચો.મી.-૬૯માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/એરાલ/ગામતળ/ ૨૦૧૪.– સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ:૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે એરાલ, તાલુકા કાલોલ, જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૧૫, આરે.-૮૫, ચો.મી.-૪૧ માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળનાનકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે એરાલ, તાલુકા કાલોલ, જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૧૫, આરે.-૮૫, ચો.મી.-૪૧માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/જંત્રાલ/ગામતળ/ ૨૦૧૪.– સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ:૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે જંત્રાલ, તાલુકા કાલોલ, જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૧૩, આરે.-૪૨, ચો.મી.-૫૯માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળનાનકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે જંત્રાલ, તાલુકા કાલોલ, જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૧૩, આરે.-૪૨, ચો.મી.-૫૯માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/રામેશરા/ગામતળ/ ૨૦૧૪.–સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચઃ૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે રામેશરા, તાલુકા હાલોલ, જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૦૫, આરે.-૪૯, ચો.મી.-૩૬માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળનાનકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે રામેશરા, તાલુકા કાલોલ, જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૦૫, આરે.-૪૯, ચો.મી.-૩૬માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/મોરવા (રેણા)/ગામતળ/ ૨૦૧૪.–સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચઃ૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે મોરવા (રેણા), તાલુકા શહેરા, જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૧૭, આરે.-૧૦, ચો.મી.-૩૩માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળનાનકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે મોરવા (રેણા), તાલુકા શહેરા, જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૧૭, આરે.-૧૦, ચો.મી.-૩૩માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/ઘોઘંબા/ગામતળ/ ૨૦૧૪.–સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચઃ૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે ઘોઘંબા, તાલુકા ઘોઘંબા, જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૧૮, આરે.-૮૧, ચો.મી.-૮૦માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળનાનકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે ઘોઘંબા, તાલુકા ઘોઘંબા, જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૧૮, આરે.-૮૧, ચો.મી.-૮૦માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/કલમ-૧૨૬/પંચમહાલ/જાંબુઘોડા/ગામતળ/૨૦૧૪.–સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ:૧૩૨૦૧૪૧૪૫૯-હ થી મોજે જાંબુઘોડા, તાલુકા જાંબુઘોડા, જિ. પંચમહાલના ગામમાં ગામતળ વિસ્તારમાં ક્ષેત્રફળ હે.-૨૧, આરે.-૧૦, ચો.મી.-૪૫માં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજૂરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલા ગામતળનાનકશાનું ટ્રેસીંગ તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, પંચમહાલ, મું. ગોધરા એ રજૂ કરેલ છે અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૨૦૧૪ના ફકરા (૨) થી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના મળેલ છે.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ, હું, જે. પી. અસારી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જિ. પંચમહાલ, મું. ગોધરા તે મોજે જાંબુઘોડા, તાલુકા જાંબુઘોડા જિ. પંચમહાલના ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ હે.-૨૧, આરે.-૧૦, ચો.મી.-૪૫માં સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

ગોધરા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

જે. પી. અસારી,
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ
કમ એકત્રીકરણ અધિકારી,
જિ. પંચમહાલ, મું. ગોધરા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3000/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, JANUARY 8, 2015 / PAUSA 18, 1936 [No. 2

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	25-63
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	2
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	3
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3-19

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./ટોલ/જાહેરનામું/૩૯૭૫/૨૦૧૪.—ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો સને-૨૦૦૮ના વર્ષમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઈ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર સાથે સ્ફોટક પદાર્થનો ઉપયોગ કરી હેન્ડ ગ્રેનેડસ દ્વારા ભયાનક બ્લાસ્ટ કરી સમગ્ર શહેરને હચમચાવી દીધેલ. આ બનાવોની તપાસથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ/અસામાજિક તત્ત્વો વાહનો મારફતે મુસાફરી કરી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીને ખુવારી પણ કરે છે. આ રીતે જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુનાઓ આચરી વાહનો મારફતે નાસી છુટતા હોય છે. તાજેતરમાં મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ ખૂબ જ વધવા પામેલ હોય ગુનેગારો આવા ગુના કરી વાહનો મારફતે આજુ-બાજુના ગામડાઓમાં જિલ્લાઓમાં, રાજ્ય બહાર પણ ભાગી જાય છે.

શહેર, જિલ્લા અને અન્ય રાજ્યોમાંથી (દેશ બહારથી) આવતા આવા તત્ત્વોને શોધી પકડી પાડવા અને ગંભીર પ્રકારના ગુનાઓનો પર્દાફાશ કરવા સારૂ શહેર વિસ્તારમાં આવેલ ટોલનાકા ઉપર C.C.T.V. કેમેરા લગાડવા તેમજ ટોલનાકા ઉપર પસાર થતા વાહનોના પુરેપુરા રજિસ્ટ્રેશન નંબરોની નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

INDEX

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ ટોલનાકાના મેનેજરશ્રી અથવા વહીવટકર્તાશ્રીઓએ ટોલનાકામાંથી પસાર થતા તેમજ ટોલનાકાના સર્વિસ રોડ ઉપરથી પસાર થતા વાહનોના નંબર પ્લેટ અને ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે C.C.T.V. કેમેરાઓ ગોઠવી રેકોર્ડીંગ કરવું તથા પસાર થતા વાહનોના સંપૂર્ણ રજીસ્ટ્રેશન નંબરો (નંબર અને સીરીઝ બંને) ની નોંધણી કરશે, ઉપરોકત ડીજીટલ રેકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટર નોંધણી (રજીસ્ટ્રેશન સીરીઝ તથા નંબર)નો ડેટાનો બેકઅપ છ માસ સુધી રાખવાનો રહેશે.

જાહેરનામાનો અમલતથા સમય અને વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૭મી ડીસેમ્બર, ૨૦૧૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૪મી ફબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમ અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાના હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ માહે ડીસેમ્બર, ૨૦૧૪નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઇ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./પરમીટ/એ. સેકશન/૧૪૭/૨૦૧૪.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં, ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર / લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં, મકાન, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઇને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું, વી. એમ. પારગી, (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન/ દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનોને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન /દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનોને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન / દુકાન / ઓફિસના માલીકો/ ઔદ્યોગિક એકમો ભાડે આપી શકે નહી. હવે પછી મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો ભાડે આપવાના હોય તેવા મકાન/ દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે, જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન/ દુકાન / ઓફિસના માલીકો તથા ઔદ્યોગિક એકમોના સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ . નં.	વિગત	
૧	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ.	
૨	મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	
૩	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	

INDEX

૪	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનુ પુરૂં નામ હાલનું સરનામું ફોટા સાથે.	
૫	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા.	
૬	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું, ટેલી. નં.	
૭	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ ?	

નિયમો

(૧) આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

(૨) આ ફોર્મ સંપૂર્ણ રીતે ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પો. સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

(૩) આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

(૪) તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય જાત તપાસ કરવી આવશ્યક છે.

(૫) સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીનાં સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

(૬) ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

(૭) જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

(૮) આ સાથે ₹ ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

(૯) મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૧૦) ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆત-૧૧ માસ બાદ જગ્યા/મિલ્કત ખાલી ન કરે ત્યારે, મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.

(૧૧) બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સંબંધીઓને વચ્ચે રાખી આપવી.

(૧૨) મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી..

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર)..............................(ઓફીસ)..............................(મો.નં.)..............................

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું : ....

(૧)

ફોન નં. (ઘર)..............................(ઓફીસ)..............................(મો.નં.)..............................

(૨)

ફોન નં. (ઘર)..............................(ઓફીસ)..............................(મો.નં.)..............................

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	સાક્ષીની સહી	પોલીસ સ્ટેશન સહી સિક્કો અને તારીખ
ભાડુઆતની સહી	એકમ, મકાન માલીકની સહી	એજન્ટની સહી	

INDEX

આ હુકમ તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૧૪ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ. બી./પરમીટ/એ. સેકશન/૧૪૯/૨૦૧૪.—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામજીક તત્ત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઇને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, વી. એમ. પારગી, આઇ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઇપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલીકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નીયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેન્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત શહેરમાં કઇ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૦) વિદેશી નાગરીકોનો મોબાઇલ નંબર રજિસ્ટરમાં નોંધવાનો રહેશે.

INDEX

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બંન્ને દિવસો સહીત ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વી. એમ. પારગી,
પોલીસ કમિશનર,
સુરત.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એસ.બી/રાજકીય/જાહેરનામું/૧૪૬/૨૦૧૪.–સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખૂન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે, આવા ગુનાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો / બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મીલકત સંબંધી તેમજ શરીર સંબંધીના ગંભીર ગુના આચરે છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂં.

હું, સી. આર. પરમાર, (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે રાખેલા હોય તેની માહીતી જે તે વિસ્તારના સ્થાનિક પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે હવેથી રાખશે તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે. તેમજ વોચમેન હથિયારધારી હોય તો તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન માલીકનુ નામ તથા સરનામું, ટેલીફોન નંબર.	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું, ટેલીફોન નંબર.	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું ટેલીફોન નંબર સાથે.	
૪	નોકર રાખ્યાની તારીખ.	
૫	કોના ભલામણથી / ઓળખાણથી નોકરીએ રાખેલ છે તેનું નામ, સરનામું, ટેલીફોન નંબર.	
૬	નોકરના બે થી ત્રણ સગા સબંધીના નામ સરનામા.	
૭	નોકરનો ફોટો.	

INDEX

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ ૧૪૪ અન્વયેનું કાઢેલ.

નંબર એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૪૮/૨૦૧૪.-સુરત શહેરમાં ભુતકાળમાં બનવા પામેલ લુંટ, ધાડ, ખૂન તથા અપહરણ જેવા ગંભીર ગુનાના કિસ્સાઓ પૈકી ઘણા ખરા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામ, ટેક્ષટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ, તથા અન્ય કારખાનાઓમાં કામ કરતા પરપ્રાંતિય કારીગરો સંડોવાયેલાનું અને ગુનો આચર્યા બાદ નાસી જતા તેઓના સંબંધી અપુરતી કે ખોટી વિગતને કારણે પોલીસ પકડમાં આવતા નથી. તદઉપરાંત ઘણીવાર તેઓ પોતાના વતનમાં ગુનાઓ આચરી ખોટા નામ સરનામાં દર્શાવી અત્રેના શહેરમાં આશ્રય મેળવી રહે છે અને ફરી ગુનો કરે છે. આમ શહેરના જાહેર શાંતિ-સલામતિ અને કાયદો - વ્યવસ્થા જોખમાય તેવા કૃત્યો કરે છે, જે અટકાવવા સારૂ અને જાહેર જનતાની શાંતિ-સલામતિ અને સુખાકારી જાળવવા સારૂ.

હું, સી. આર. પરમાર, (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા પ્રાઈવેટ સેકટરના માલીકો/ મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રકટના કર્મચારી/ કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/ મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રકટના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહિતીનું રજીસ્ટર તૈયાર કરી તથા જે કર્મચારી હથિયારધારી હોય તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અનુ. નંબર	વિગત	
૧	માલીકનું નામ, સરનામું તથા ધંધાની વિગત ટે. નં./મોબાઈલ નંબર	
૨	કર્મચારી/કારીગર/મજૂરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, વતનનું સરનામું અને સ્થાનિક પો.સ્ટે./ટે. નં.	
૩	કર્મચારી/કારીગર/મજૂરના પિતાનું નામ અને સરનામું	
૪	કર્મચારી/કારીગર/મજૂરનું વતનનું સરનામું, સ્થાનિક પો.સ્ટે. નું નામ ટે.નં., તારીખ	
૫	કર્મચારી/કારીગર/મજૂરને રાખ્યાની તારીખ	
૬	કર્મચારી/કારીગર/મજૂર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૭	કર્મચારી/કારીગર/મજૂરને કોના રેફરન્સ/પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૮	કર્મચારી/કારીગર/મજૂરનો ફોટો	
૯	હથિયાર હોય તો તેની અને લાઈસન્સની પૂરી વિગત	

INDEX

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી.

અપવાદ

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, પબ્લીક સેકટર, શૈક્ષણિક સંસ્થાઓ ચુંટાયેલી સંસ્થાઓ ઉપરોકત હુકમ લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૫૦/૨૦૧૪.—સુરત શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયોરોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરત શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ.

વાસ્તે હું, સી. આર. પરમાર, આઇ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી.. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદા નંબર : ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ વાઇઝ આપવાની રહેશે.

અ.નં.	વિગત		
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:-	
૨	પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ હાલનું સરનામું ટે.ફો. નંબર	:-	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલીફોન નંબર	:-	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:-	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:-	

૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	:-	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:-	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો	:-	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી માટે અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./લાયસન્સ બ્રાન્ચ/ફટાકડા/૧૫૧/૨૦૧૪.– સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મિક સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પિટલ, શાળાઓ, કોલેજોની નજીક મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે. જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ જાય છે અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે. તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. અને નાના મોટા આગના બનાવો બનતા જાનમાલને નુકશાન થયેલાનું પણ છે. તદઉપરાંત હોસ્પિટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા / કોલેજોમાં ભણતાં વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે. જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવસ્થા સુચારુ રૂપે જળવાય રહે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને તથા શાળા / કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે તથા રાત્રિના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી, હું, સી. આર. પરમાર, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, જે અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) સુરત શહેરના જાહેર રસ્તા / રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનું / ફટાકડા, ફોડવા / સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર.

(૨) સુરત શહેરના જાહેર રસ્તાઓ / રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે કોઇ વ્યક્તિ ઉપર કે જાહેરમાં છુટા ફેંકવા ઉપર.

(૩) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રિના કલાક ૨૨-૦૦ થી સવાર કલાક ૬-૦૦ સુધી ફટાકડા / દારૂખાનું ફોડવા ઉપર.

(૪) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પિટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ફટાકડા / દારૂખાનું ફોડવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર એસ.બી/જાહેરનામું/૧૫૨/૨૦૧૪.– સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ પ્લેગૃપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવું જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતાથી ખંડણી / ફીરોતીના રૂપિયા પડાવવાના હેતુથી, બાળક સાથે બદકામ કરવાના હેતુથી, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતાપિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યક્તિઓ માતા-પિતા સાથે ઘરોબો (સંબંધ) અથવા દિનચર્યાની એકત્રિત કરી સંબંધિત બાળકને લલચાવી ફોસલાવી ભણવા માટે અથવા તો રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી ભવિષ્યમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહિતી પ્લેગૃપ / નર્સરી / શાળાના સંચાલકોઓએ રાખવાની રહેશે.

વાસ્તે, હું, સી. આર. પરમાર, (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગૃપ / નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહિતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગૃપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડેના વાહનો જેવા કે, ઓટો રીક્ષા, મીનીબસ, મારૂતી વાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજિસ્ટ્રેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલીકનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર સંબંધિત સંસ્થાએ રાખવાના રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વાહન માલીકનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૨	ડ્રાઈવરનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૩	વાહનનો પ્રકાર તથા રજિસ્ટ્રેશન નંબર	
૪	ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર	
૫	ડ્રાઈવરનો ફોટો	
૬	ડ્રાઈવર લઈને આવતાં તથા જતાં બાળકોનું નામ તથા ધોરણ અને ઉંમરની વિગત	

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદા વાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલીની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે તે અંગે વાલી પાસેથી તેના સગા-સંબંધીના પુરૂ નામ, સરનામું મોબાઈલ નંબર/ફોન નંબરની વિગતો સંસ્થાઓ તેમના રેકર્ડ ઉપર રાખશે.

(૪) ઘણી ખરી પ્લેગૃપ / નર્સરી / શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે, બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતિ હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યક્તિ વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસોને બાળક સોંપવાના રહેશે.

ઉપરના મુદ્દા નંબર (૩) અને (૪)ના અંગેની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર	
૨	વાલીએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.	
૩	પ્રાઈવેટ વાહનનો નંબર	
૪	ડ્રાઈવરનું નામ, સરનામું, ટે.નં. / મો.નં.	
૫	ફોટો	

INDEX

ઉપરોક્ત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારીથી માંગણી થયેથી સ્કુલ તરફથી તે રજુ કરવાની રહેશે.

(૫) શાળાનો સમય પુરો થાય અને બાળકો શાળાએ થી છુટે ત્યારે શાળા એ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષ થી ઓછી ઉંમરના બાળકોને રવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકોને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોંપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોંપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોંપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે તેના બદલે બીજી કોઈ વ્યક્તિ બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોંપશે. અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે. અને પોલીસ તરફથી માંગ્યેથી રજુ કરવાની રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર	
૨	વાલી/અધિકૃત વ્યક્તિ સિવાય અન્યને બાળક નો કબજો શાળામાંથી સોંપવામાં તે વ્યક્તિના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.ની વિગત	
૩	બાળકની સોંપણી કરતાં પહેલાં ખાત્રી કરેલ તેની ચોક્કસ વિગત	
૪	બાળકનો કબજો જેને સોંપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર	

ઉપરોક્ત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે અને બીજોકાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાઈવર વિગેરે પાસે રાખવાનો હોય છે. અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યક્તિને જ બાળક સોંપવામાં આવે તે રીતની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સૂચનાનો અમલ કરવાનો રહેશે.

નોંધ :-

જે માહિતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો માટે આપવાની સૂચવેલી તેમાં જણાવવાનું આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉંમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં આવવાના સમયે જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વાલી/ગાર્ડીયનની રહેશે. તે અંગેનું બાંયધરી ખતવાલી / ગાર્ડીયનને સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલીનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલી સ્વતંત્ર રીતે કરવા માંગતા હોય તો તેને આ જાહેરનામાનો બાધ નડશે નહીં.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૧મી ડીસેમ્બર, ૨૦૧૪ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./ગુજરાત ગૌણ સેવા/જાહેરનામું/૧૫૩/૨૦૧૪.–સુરત શહેરમાં આગામી તારીખ ૨૧મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય કલાર્ક સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાનાર છે. જે પરીક્ષા નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (હાઈસ્કુલો,

સ્કુલો)માં લેવામાં આવશે. જેથી પરીક્ષા દરમ્યાનમાં કોઈ તોફાન ન થાય અને પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાનમાં કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવણીનાં હેતુસર નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, સી. આર. પરમાર, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સદરહુ વિસ્તારમાં તારીખ ૨૧મી ડીસેમ્બર, ૨૦૧૪ કલાક ૦૦-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) પરીક્ષા કેન્દ્રો પાસે કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓને એકત્રિત થવા

(૨) પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવા કે વાહન લઇ જવા કે લાવવા

(૩) ચારથી વધુ માણસો ભેગા થવા

(૪) પરીક્ષાર્થીઓ દ્વારા પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ ફોન ઈલેકટ્રીક ગેજેટ લાવવા ઉપર

(૫) પરીક્ષા કેન્દ્રો નજીક ઝેરોક્ષ મશીન (કોપીયર મશીન) ચાલુ રાખવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની ઝોન કચેરી તથા પરીક્ષા કેન્દ્રોની આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

ઝોન કચેરી

જીલ્લા તિજોરી કચેરી જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ

પરિક્ષા કેન્દ્રો

અ. નં.	પરીક્ષા કેન્દ્રનું નામ(હાઈસ્કુલ)	પો. સ્ટે.
૧	આદર્શ વિદ્યાલય લંબે હનુમાન રોડ સુરત.	વરાછા
૨	આઇ. પી. સવાણીસ્કુલ (એ.વી. પટેલ) વર્ષા સોસાયટી માતાવાડી એલ.એચ. રોડ સુરત.	,,
૩	રામકૃષ્ણ વિદ્યાભવન લંબે હનુમાન રોડ સુરત.	,,
૪.	એમ.એન. જે. પટેલ માધ્યિમિક શાળા કાપોદ્રા પો.સ્ટે. સામે વરાછા, સુરત.	કાપોદ્રા
૫.	પી. પી. સવાણી વિદ્યાભવન હિરાબાગ વરાછા રોડ સુરત	,,
૬.	સાધના વિદ્યાભવન ગર્લ્સ સાધના સોસાયટી,વરાછા રોડ, સુરત	વરાછા
૭.	કે. સી. કોઠારી માધ્યમિક શાળા હીરાબાગ વરાછા રોડ, સુરત	કાપોદ્રા
૮.	સરસ્વતી વિદ્યાલય યુનિટ-૧, એ. કે. રોડ, સુરત	વરાછા
૯.	લીલાબા ગલ્સ હાઇસ્કુલ હિન્દુ ધરમશાળા લાલ દરવાજા	મહીધરપુરા

: અપવાદ :

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ઉપરોકત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય કલાર્કની પરીક્ષામાં રોકાયેલ અધિકૃત વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને/કોઈ સ્મશાન યાત્રાને.

: સજા :

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી ધારા (૧૮૬૦)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

સી. આર. પરમાર,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. ડીસીબી./એમએજી/સીઆરપીસી/રજી. ૫૩/૨૦૧૪.–વલસાડ જિલ્લાના વલસાડ શહેરમાં ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા તારીખ ૨૧મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ બિન સચિવાલય કારકુન વર્ગ-૩ (જાહેરાત ક્રમાંક ૩૮/૨૦૧૪-૧૫)ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા નીચે જણાવેલ કુલ-૨૩ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે.

(૧) જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ, કોલેજ કેમ્પસ, તિથલ રોડ, વલસાડ

(૨) બી. કે. એમ. સાયન્સ કોલેજ, (CEN-A) કોલેજ કેમ્પસ, તિથલ રોડ, વલસાડ

(૩) બી. કે. એમ. સાયન્સ કોલેજ, (CEN-B) કોલેજ કેમ્પસ, તિથલ રોડ, વલસાડ

(૪) શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજ, કોલેજ કેમ્પસ, તિથલ રોડ, વલસાડ

(૫) શાહ ખીમચંદભાઇ મુળજીભાઇ લો કોલેજ,મોરારજી નગર, તિથલ રોડ, વલસાડ

(૬) સરકારી ઇજનેરી કોલેજ, બી.કે. એમ. સાયન્સ કોલેજ પાસે, તિથલ રોડ, વલસાડ

(૭) સરકારી પોલીટેકનીક, કોસંબા રોડ, વલસાડ

(૮) કુસુમ વિદ્યાલય, શીશુવિહાર પાસે, મોરારજી દેસાઇની વાડી, તિથલ રોડ, વલસાડ

(૯) શેઠ આર. જે. જે. હાઇસ્કુલ, (CEN-A) તિથલ રોડ, વલસાડ

(૧૦) શેઠ આર. જે. જે. હાઇસ્કુલ, (CEN-B) તિથલ રોડ, વલસાડ

(૧૧) બાઇ આવાબાઇ હાઇસ્કુલ, (CEN-A) હાલર રોડ, વલસાડ

(૧૨) બાઇ આવાબાઇ હાઇસ્કુલ, (CEN-B) હાલર રોડ, વલસાડ

(૧૩) પ્રજ્ઞા પ્રબોધ વિદ્યાલય, ગાયત્રી શક્તિપીઠ કેમ્પસ, કોસંબા રોડ, વલસાડ

(૧૪) શાહ કે. એમ.એસ. હાઇસ્કુલ, બંદર રોડ, વલસાડ

(૧૫) આર. એમ. એન્ડ વી.એમ. દેસાઇ વિદ્યાધામ, કસ્તુરબા હોસ્પીટલ પાસે, ધનભુરા રોડ, વલસાડ

(૧૬) મણીબા સાર્વજનિક વિદ્યાલય, કસ્તુરબા હોસ્પીટલ પાસે, ધનભુરા રોડ, વલસાડ

(૧૭) જમનાબાઇ સાર્વજનિક કન્યા વિદ્યાલય, કસ્તુરબા હોસ્પીટલ સામે, ધનભુરા રોડ, વલસાડ

(૧૮) જી. વી.ડી. સાર્વજનિક હાઇસ્કુલ, (CEN-A)નાની મહેતવાડ, વલસાડ

(૧૯) જી. વી.ડી. સાર્વજનિક હાઇસ્કુલ, (CEN-B)નાની મહેતવાડ, વલસાડ

(૨૦) ડી. એમ. ડી. જી. મ્યુનિસીપલ હાઇસ્કુલ, (CEN-A) બેચર રોડ, વલસાડ

(૨૧) સી. બી. હાઇસ્કુલ, મિશન કોલોની, ધરમપુર રોડ, વલસાડ

(૨૨) સી. આર. દેસાઇ સ્વામીનારાયણ હાઇસ્કુલ, સોનાવાટીકા, અબ્રામા, ધરમપુર રોડ, વલસાડ

(૨૩) બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર, (CEN-A) ધારાનગર, અબ્રામા, ધરમપુર રોડ, વલસાડ

ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોના ત્રાસ/ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા શુભ હેતુથી સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા પરીક્ષા કેન્દ્રની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં બીન અધિકૃત વ્યક્તિઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

વાસ્તે હુ ડૉ. વિક્રાંત પાંડે, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સતાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જીલ્લામાં વલસાડ ખાતે ઉપર જણાવેલ શાળાઓમાં ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તારીખ ૨૧મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ બિન સચિવાલય કારકુન વર્ગ-૩ (જાહેરાત ક્રમાંક ૩૮/૨૦૧૪-૧૫)ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાનાર હોઇ ઉપર જણાવેલ પરીક્ષાના તમામ કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૨૧મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ સવારના ૮-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

INDEX

(૨) ઉપરોક્ત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યક્તિઓએ પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું /કરાવવું નગી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઇપણ ચીજવસ્તુ ઈલેક્ટ્રોનીક આઇટમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઇ જવી નહી કે વહન કરવું નહી કે કરાવવામાં મદદગારી કરવી નહી.

(૩) ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં તારીખ ૨૧મી ડીસેમ્બર,૨૦૧૪ ના રોજ સવારે ૦૮/૦૦ થી સાંજે ૧૮-૦૦ સુધી ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

૧. લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટીમાં મુસાફરીમાં જનાર બોનાફાઇડ વ્યક્તિઓને તેમજ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ પોલીસ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૩. કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યક્તિઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડૉ. વિક્રાંત પાંડે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૫૧૧૪ થી ૫૧૩૨/૨૦૧૪.–ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરિયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવાના હેતુથી હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સૂત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયાએ જેઓને શારીરિક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

વંચાણમાં લીધું :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાનો તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૧૪નો પત્ર ક્રમાંક પરીક્ષા/૨૦૧૪-૧૫/૧૩૦.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી-૪૧૫૯/૨૦૧૪.– આગામી તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૫-૩૦ કલાક સુધી બિન સચિવાલય કારકુન પરીક્ષા-૨૦૧૪ અત્રેના જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવાનાર છે, આ જાહેર પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ નીચેની વિગતે પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાએ તેઓના તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૧૪ના પત્રથી જણાવેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

(૧) પરીક્ષા સ્થળેથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કલમ-૧૪૪ લાગુ પાડવી.

(૨) પરીક્ષા કેન્દ્રના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત પગલાં લેવા.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહીં.

વાસ્તે, હું, એસ. જે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે,

(૧) પરીક્ષા સ્થળથી આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ અનઅધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહી.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા. તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત ફરમાવું છે.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) આ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં સરકારશ્રી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીશ્રીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

આ જાહેરનામું તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ૦૯-૦૦ કલાકથી ૧૭-૩૦ કલાક સુધી આમલી રહેશે.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

પરિશિષ્ટ

Online Job Application System (GSSSB)

પેટા કેન્દ્રો (શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવારની વિગત દર્શાવતુ પત્રક

જાહેરાત નંબર : GSSSB/2014-15/38– Job Title : બિન-સચિવાલય કારકુન સંવર્ગ : વર્ગ-૩

District Name : MAHESANA

ક્રમ	પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ)	પેટા કેન્દ્રનું સરનામું	ઉપયોગમાં લેવાનાર ઉમેદવારની સંખ્યા	ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા	ફાળવેલ ઉમેદવારોના બેઠક નંબર	ઈન્ચાર્જ વ્યક્તિનું નામ અને ફોન નંબર
૧	૨	૩	૪	૫	૬	૭
1	સર્વ વિદ્યાલય, એસ.વી. કેમ્પસ, કડી, યુનિટ-૧	એસ.વી. કેમ્પસ, કડી, જિ. મહેસાણા	450	15	38311065-38311514	શ્રી કનુભાઈ એસ. પટેલ 9427545365
2	સર્વ વિદ્યાલય, એસ.વી. કેમ્પસ, કડી, યુનિટ-૨	એસ.વી. કેમ્પસ, કડી, જિ. મહેસાણા	450	15	38311515-38311964	શ્રી હરીભાઈ ડી. વરમોરા 9427081480
3	KD-6 શ્રી ડી.એ. પટેલ ટેકનીકલ હાઈસ્કુલ, કડી	સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી, જિ. મહેસાણા	300	10	38311965-38312264	શ્રી રાજુભાઈ પી. પાડવી 9913926568
4	પ્રભાવતી બી.પી. સેકેન્ડરી સ્કુલ	સર્વ કેમ્પસ, રેલ્વે સ્ટેશન પાસે, કડી, જિ. મહેસાણા	300	10	38312265-38312564	શ્રી ચંદ્રેશભાઈ જી. પટેલ 9979129163
5	શ્રીમતી કે.એ. પટેલ શિવહરી ઈંગ્લીશ મિડીયમ સ્કુલ, કડી	સર્વ વિદ્યાલય, કેમ્પસ, રેલ્વે સ્ટેશનની સામે, કડી, જિ. મહેસાણા	300	10	38312565-38312864	શ્રી રાજકુમાર એમ. વર્મા 9723986003
6	પ્રમુખ સ્વામી સાયન્સ કોલેજ, યુનિટ-૧	સર્વ કેમ્પસ, રેલ્વે સ્ટેશન પાસે, કડી, જિ. મહેસાણા	300	10	38312865-38313164	શ્રી હીરાભાઈ બી. વણકર 9924211581
7	પ્રમુખ સ્વામી સાયન્સ કોલેજ, યુનિટ-૨	સર્વ કેમ્પસ, રેલ્વે સ્ટેશન પાસે, કડી, જિ. મહેસાણા	300	10	38313165-38313464	શ્રી સુરેશકુમાર ચૌધરી 9426505999
8	KD-1 પી.એમ.જી. ઠાકર આદર્શ હાઈસ્કુલ, કડી	દેત્રોજ રોડ, કડી, જિ. મહેસાણા	300	10	38313465-38313764	શ્રી મિતલકુમાર કે. પંડ્યા 9428458442
9	ઝવેરી આર. ટી. વિદ્યાલય, કડી	પીરબોરડી ચકલા, કોટ ગ્રાઉન્ડ, કડી. જિ. મહેસાણા	300	10	38313765-38314064	શ્રી તેજશભાઈ પી. પંડ્યા 9429683926
10	એસ.એમ. ખમાર ગર્લ્સ સ્કુલ	મેલડી માતાના મંદિરની બાજુ માં, કડી, જિ. મહેસાણા	300	10	38314065-38314364	શ્રીમતિ ચંદ્રકલાબેન નિનામા 9913931383
11	KD-8 આઈ.પી. પટેલ અને ડી.પી. પટેલ સેકંડરી સ્કુલ	ભાઉપુરા વિસ્તાર, કડી, જિ. મહેસાણા	300	10	38314365-38314664	શ્રી ભગવાનભાઈ આઈ. પટેલ 9426517425
12	એમ.પી. પટેલ વિદ્યાલય, નંદાસણ	નંદાસણ, અમદાવાદ-મહેસાણા હાઈવે, કડી, જિ. મહેસાણા	360	12	38314665-38315024	શ્રી હરગોવિંદભાઈ પ્રજાપતિ 9428848062
13	KD-9 ડી.જે. પટેલ કન્યા વિદ્યાલય	કડી-કલ્યાણપુરા રોડ, નાની કડી, કડી, જિ. મહેસાણા	300	10	38315025-38315324	ડૉ. માલતીબેન સી. પટેલ 9429537152
14	શેઠ શ્રી ડી.પી. પટેલ ઉ.મા. સંસ્કાર કન્યા વિદ્યા., નાની કડી	કડી-કલ્યાણપુરા રોડ, નાની કડી, કડી, જિ. મહેસાણા	300	10	38315325-38315624	શ્રીમતિ અંજનાબેન એન. પટેલ 9427801541
15	આર.કે. પટેલ બીસીએ કોલેજ	કડી-કલ્યાણપુરા રોડ, નાની કડી, કડી, જિ. મહેસાણા	300	10	38315625-38315924	શ્રી જયરામભાઈ પી. સુથાર 9909537356

૧	૨	૩	૪	૫	૬	૭
16	શ્રી વાસુદેવ એન્ડ કાન્તિભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જી.	મેઘના કેમ્પસ, કડી-કલ્યાણપુરા રોડ, કડી, જિ. મહેસાણા	600	20	38315925-38316524	શ્રી ડી. એમ. પટેલ 9825168525
17	હોલી ફેમિલી સ્કુલ, કડી.	અગરિયા જિન કમ્પાઉન્ડ પાસે, કડી, જિ. મહેસાણા	600	20	38316525-38317124	શ્રી એ. જયરામ 9426505999
18	પાયલ અંકિત પટેલ, આદર્શ વિદ્યા.	કરણનગર રોડ, કડી, જિ. મહેસાણા	300	10	38317125-38317424	શ્રી હેમંદભાઈ કે વૈધ્ય, 9913020355
19	મીરાદાતાર સર્વોદય વિદ્યા., ઉનાવા.	મું. ઉનાવા, તા. ઉંઝા, જિ. મહેસાણા	450	15	38317425-38317874	શ્રી અશોક એન. ચૌધરી, 9979401819
20	એચ.પી. અને ટી.આઇ. પટેલ ઉ.મા. શાળા, ઉનાવા.	મું. ઉનાવા, તા. ઉંઝા, જિ. મહેસાણા	450	15	38317875-38318324	શ્રી ગણેશભાઇ કે. પટેલ, 9898719007
21	જી.મ. કન્યા વિદ્યાલય, ઉઝાં, યુનિટ-૧.	માર્કેટ યાર્ડની સામે, તા. ઉંઝા, જિ. મહેસાણા	450	15	38318325-38318774	ભાવનાબેન પી. ગોઠી, 9879052060
22	જી.મ. કન્યા વિદ્યાલય, ઉઝાં, યુનિટ-૨.	માર્કેટ યાર્ડની સામે, ઉંઝા, જિ. મહેસાણા	450	15	38318775-38319224	અસ્મીતાબેન ઠાકોર, 9925003788
23	શેઠ એમ.આર.એસ. હાઇસ્કુલ, ઉંઝા.	માર્કેટ યાર્ડની સામે, ઉંઝા, જિ. મહેસાણા	450	15	38319225-38319674	શ્રી ચંદનસિંહ ખરાડી, 9824454365
24	કે. એલ. પટેલ વિદ્યા., ઉંઝા.	ખજૂરી પોળ, ઉંઝા, જિ. મહેસાણા	600	20	38319675 38320274	ભારતીબેન આઇ. પટેલ, 9925025839
25	જી. એલ. પટેલ વિદ્યા., ઉંઝા.	ખજૂરી પોળ, ઉંઝા, જિ. મહેસાણા	600	20	38320275 38320874	નાગજીભાઇ દેસાઇ, 9825751123
26	ઉંઝા નાગરીક સહકારી બેંક નવજીવન વિદ્યામંદિર, ઉંઝા.	પુરુષોત્તમનગરની પાછળ, ઉંઝા, જિ. મહેસાણા	360	12	38320875 38321234	વિનોદચંદ્ર બી. પટેલ, 9879745426
27	જે. એમ. પટેલ આર્ટસ અને શ્રીમતી એમ.એન. પટેલ કોમર્સ મહિલા કોલેજ, ઉંઝા.	સરદાર ચોક, ઉંઝા, જિ. મહેસાણા	600	20	38321235 38321834	ડો. લીલાબેન એમ. સ્વામી, 9898297001
28	શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટસ અને એમ. એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઉંઝા.	સ્ટેશન રોડ, એ.પી.એમ.સી. માર્કેટ સામે, ઉંઝા, જિ. મહેસાણા	600	20	38321835-38322434	ડો. રાકેશ જી. રાઉ, 942642783
29	MH-29 એલ.સી.આઇ.ટી. કોલેજ, ભાન્ડુ, યુનિટ-૧.	મહેસાણા-ઉંઝા હાઈવે, મું. ભાન્ડુ, તા. વિસનગર, જિ. મહેસાણા.	720	24	38322435 38323154	પ્રો. આર. એમ. ગોગે, 9687637281
30	MH-30 એલ.સી.આઇ.ટી. કોલેજ, ભાન્ડુ, યુનિટ-૨.	મહેસાણા-ઉંઝા હાઈવે, મું. ભાન્ડુ, તા. વિસનગર, જિ. મહેસાણા.	720	24	38323155 38323874	પ્રો. એમ. એ. પટેલ, 9825444721
31	જોઇતીબા કોલેજ ઓફ નર્સીંગ,	ઉંઝા હાઈવે, મું. ભાન્ડુ, વિસનગર, જિ. મહેસાણા.	720	24	38323875 38324594	ડો. ડાહયાલાલ પાટીદાર, 8141884999
32	ઉત્કર્ષ વિદ્યાલય, મોટી દાઉ, મહેસાણા.	મહેસાણા-ઉંઝા હાઈવે, મું, મોટી દાઉ, તા. મહેસાણા.	300	10	38324595 38324894	ગોવિંદભાઇ સી. પટેલ, 9428945666
33	શબરી વિદ્યા વિહાર, મહેસાણા.	નિલકંઠ મહાદેવ રોડ, નાગલપુર, મહેસાણા.	450	15	38324895 38325344	કુ. ચંદ્રિકાબેન ઠાકુર, 9426530627

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
34	આઇ.એમ. જે. સર્વ વિદ્યાલય, બલોલ.	મું. બલોલ, તા. જિ. મહેસાણા.	750	25	38325345 38326094	રાજુભાઇ કે. પટેલ, 9925074481
35	એસ. વી. શાહ, વિદ્યા., મહેસાણા.	બી.કે. સિનેમા સામે મહેસાણા. ***	300	10	38326095 38326394	ભોગીલાલ એ. પટેલ, 9427482474
36	MH-4 શ્રીમતી એસ.જી. શુકલ કન્યા વિદ્યાલય,	ટેલીફોન એક્ષચેન્જની સામે, માલ ગોડાઉન રોડ, મહેસાણા.	360	12	38326395 38326754	ભગવતીબેન એસ. પટેલ, 9033802978
37	અર્બન વિદ્યાલય, મહેસાણા, યુનિટ-૧.	મોઢેરા ચાર રસ્તા, મહેસાણા.	450	15	38326755 38327204	જેઠાભાઇ એમ. પટેલ, 9879094046
38	અર્બન વિદ્યાલય, મહેસાણા, યુનિટ-૨.	મોઢેરા ચાર રસ્તા, મહેસાણા.	450	15	38327205 38327654	ખેમચંદભાઇ એલ. પટેલ, 9638168309
39	એમ્બી હાઇસ્કુલ, મહેસાણા.	નિરમા ફેકટરી સામે, મહેસાણા.***	300	10	38327655 38327954	શ્રી અનિલકુમાર એ. દેસાઇ, 9427376654
40	મ્યુ. અર્બન આર્ટસ & સાયન્સ કોલેજ, યુનિટ-૧.	નાગલપુર હાઇવે, મહેસાણા.***	450	15	38327955 38328404	ડો. ડી. આર. પટેલ, 9979275284
41	મ્યુ. અર્બન આર્ટસ & સાયન્સ કોલેજ, યુનિટ-૨.	નાગલપુર હાઇવે, મહેસાણા.***	450	15	38328405 38328854	ડો. ડી. આર. પટેલ, 9979275284
42	મ્યુ. અર્બન આર્ટસ & સાયન્સ કોલેજ, યુનિટ-૩.	નાગલપુર હાઇવે, મહેસાણા.***	450	15	38328855 38329304	ડો. ડી. આર. પટેલ, 9979275284
43	સરસ્વતી વિદ્યાલય, (સહકાર ભવન)	સહકાર ભવન, મહેસાણા.	240	8	38329305 38329544	જીતેન્દ્રકુમાર આર. પટેલ, 9925440441
44	સૌરભ વિદ્યાલય, મહેસાણા	ચામુંડા ચાર રસ્તા, રાધનપુર રોડ, મહેસાણા.	180	6	38329545 38329724	જીતેન્દ્રકુમાર એસ. મોદી, 9714775512
45	એકઝોટીકા જુની. સાયન્સ કોલેજ, મહેસાણા.	રાધનપુર રોડ, મહેસાણા.	300	10	38329725 38330024	જેઠાભાઇ આઇ. પટેલ, 9426436601
46	વિવેકાનંદ એકસ. હા.સ. મહેસાણા.	જેલ રોડ, મહેસાણા, ***	300	10	38330025 38330324	શ્રી કે. એમ. નાયક, 9879864069
47	આશ સેકન્ડરી સ્કુલ ઉ.મા. શાળા વિજાપુર, યુનિટ-૧.	ટી. બી. હોસ્પીટલ વિસ્તાર, વિજાપુર, જિ. મહેસાણા.	450	15	38330325 38330774	શ્રી કંદર્પકુમાર એ. પટેલ, 9898365068
48	આશ સેકન્ડરી સ્કુલ ઉ.મા. શાળા વિજાપુર, યુનિટ-૨.	ટી. બી. હોસ્પીટલ વિસ્તાર, વિજાપુર, જિ. મહેસાણા.	300	10	38330775 38331074	શ્રી મહેશભાઇ ડી. પટેલ, 9898764641
49	શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કોલેજ વિજાપુર.	અમૃત વિદ્યાધામ વિસનગર રોડ, વિજાપુર, જિ. મહેસાણા.	600	20	38331075 38331674	ડો. સુરેશભાઇ એચ. પટેલ, 9998171022
50	ધી ફોરવર્ડ હા.સ. વિજાપુર.	નવો સથવારા, વાસ, વિજાપુર, જિ. મહેસાણા.	300	10	38331675 38331974	જયરામભાઇ એલ. દેસાઇ, 9429482788
51	સેન્ટ જોસેફ હા.સ. ખણસા.	મું. ખણસા, વિજાપુર, જિ. મહેસાણા.	450	15	38331975 38332424	જોય પીટર, 9328820653
52	વી. આ. ઝવેરી હા.સ. વિજાપુર,	એસ.ટી. બસ સ્ટેન્ડની પાછળ, વિજાપુર, જિ. મહેસાણા.	300	10	38332425 38332724	શ્રી વિજયકુમાર આર. પટેલ, 9428551680

*** Courtesy : National Informatics Centre, Gujarat.

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
53	શ્રી સ્વામીનારાયણ વિદ્યાસંકુલ, વિજાપુર.	બુધ્ધિસાગર જૈન મંદિર પાસે, વિજાપુર, જિ. મહેસાણા.	450	15	38332725 38333174	ડો. ભરતકુમાર એન. પટેલ, 9825348619
54	આદર્શ વિદ્યા. કોલેજ કેમ્પસ	કેશુભાઇ દેસાઇ વિદ્યાસંકુલ, સિધ્ધપુર ચોકડી, ખેરાલુ, જિ. મહેસાણા.	600	20	38333175 38333774	હેમાબેન એલ. વાઘેલા, 9375166944
55	મ્યુનિસિપલ હા.સ. ખેરાલુ, યુનિટ-૧.	બસ સ્ટેશનની બાજુમાં, ખેરાલુ, જિ. મહેસાણા.	450	15	38333775 38334224	ગજેન્દ્રકુમાર એચ. રાઠોડ, 9427323672
56	મ્યુનિસિપલ હા.સ. ખેરાલુ, યુનિટ-૨.	બસ સ્ટેશનની બાજુમાં, ખેરાલુ, જિ. મહેસાણા.	300	10	38334225 38334524	અસ્મિતાબેન ઠક્કર, 9429229029
57	દી. બા. ઠક્કર હા.સ. ખેરાલુ.	બાલાપીર મસ્જીદની પાસે, ખેરાલુ, જિ. મહેસાણા.	240	8	38334525 38334764	શાંતાબેન એસ. ચૌધરી, 9426233900
58	નવીન સર્વ. વિદ્યા. વડનગર.	કુબેરવાડી, વડનગર, જિ. મહેસાણા.	540	18	38334765 38335304	શ્રી બળદેવભાઇ પી. ચૌધરી, 955885464
59	બી.એન. હા.સ. વડનગર.	સ્ટેશન રોડ, વડનગર, જિ. મહેસાણા.	600	20	38335305 38335904	અશોકપુરી આર. ગોસ્વામી, 9925832989
60	વજેન્દ્રપ્રસાદજી હાઇસ્કુલ, વડનગર.	પેટ્રોલ પંપની બાજુમાં, અંબાજી હાઇવે, વડનગર, મહેસાણા.	300	10	38335905 38336204	જીતુભાઇ જે. મોદી, 9979371666
61	આર્ટસ અને કોમર્સ કોલેજ, વડનગર.	સ્ટેશન રોડ, વડનગર. જિ. મહેસાણા.	900	30	38336205 38337104	દીલસુખભાઇ પટેલ, 9427349691
62	આનર્ત શિક્ષણ કેન્દ્ર, વડનગર.	રેલ્વે ફાટક પાસે, વડનગર, જિ. મહેસાણા.	300	10	38337105 38337404	દીપકકુમાર આર. દરજી, 9925525538
63	સહજાનંદ હાઇસ્કુલ.	વિસનગર ચોકડી, વિસનગર, જિ. મહેસાણા.	450	15	38337405 38337854	ઝંખનાબેન મહેતા, 9825029183
64	એસ. કે. પટેલ સ્વામીનારાયણ, કાંસા.	એન. એ. વિસ્તાર, કાંસા વિસનગર, જિ. મહેસાણા.	300	10	38337855 38338154	ચંદ્રકાંત જી. પટેલ, 9824421779
65	ર. જો. પટેલ નૂતન સર્વ. વિદ્યાલય, કાંસા.	કાંસા, વિસનગર, જિ. મહેસાણા.	300	10	38338155 38338454	જીતેન્દ્ર સી. પટેલ, 9426593341
66	સ્કુલ ઓફ વિકટર્સ કાંસા, એન.એ. વિસનગર.	ધરોઇ કોલોની સામે વિસનગર, જિ. મહેસાણા.	300	10	38338455 38338754	પ્રહલાદભાઇ સી. પટેલ, 9727771896
67	આદર્શ વિદ્યાલય.	સવાલા દરવાજા પાસે, વિસનગર, જિ. મહેસાણા.	600	20	38338755 38339354	અશોકભાઇ ઠક્કર, 9428661268
68	VN-12 શ્રી ના.વિ. પટેલ કન્યા વિદ્યાલય.	કડા રોડ, વિસનગર, જિ. મહેસાણા.	300	10	38339355 38339654	અલકાબેન સી. પટેલ, 9909051452
69	ના.મા. નૂનત હા.સ. વિસનગર, યુનિટ-૧.	પટણી ગેટ પાસે, વિસનગર, જિ. મહેસાણા.	450	15	38339655 38340104	મનુભાઇ એસ. નાયક 9879320364
70	ના.મા. નૂનત હા.સ. વિસનગર, યુનિટ-૨.	પટણી ગેટ પાસે, વિસનગર, જિ. મહેસાણા.	300	10	38340105 38340404	રજનીકાંતભાઇ એમ. પટેલ 9427365481

૧	૨	૩	૪	૫	૬	૭
71	એમ. એન. કોલેજ, વિસનગર.	સ્ટેશન રોડ, વિસનગર, જિ. મહેસાણા.	450	15	38340405 38340854	ડો. કે. એમ. જોષી 9427679131
72	VN-7 જી. ડી. હાઇસ્કુલ, યુનિટ-૧.	રેલ્વે સ્ટેશન સામે, વિસનગર, જિ. મહેસાણા.	450	15	38340855 38341304	પી. જે. ચૌધરી, 8000820702
73	VN-8 જી. ડી. હાઇસ્કુલ, યુનિટ-૨.	રેલ્વે સ્ટેશન સામે, વિસનગર, જિ. મહેસાણા.	300	10	38341305 38341604	આર. આર. રાજવંશ, 9913233911
74	VN-5 શ્રી પરીખ ડી. ડી. કન્યા વિદ્યાલય, યુનિટ-૧.	ડોસાભાઇ બાગ સામે, વિસનગર, જિ. મહેસાણા.	450	15	38341605 38342054	શોભનાબેન બી. શાહ, 9427073354
75	VN-6 શ્રી પરીખ ડી. ડી. કન્યા વિદ્યાલય, યુનિટ-૨.	ડોસાભાઇ બાગ સામે, વિસનગર, જિ. મહેસાણા.	450	15	38342055 38342504	પ્રહલાદભાઇ વી. પરમાર, 8140629065
76	બી. એસ. પટેલ પોલીટેકનીક, યુનિટ-૧.	ગણપત વિદ્યાનગર, ખેરવા, જિ. મહેસાણા.	450	15	38342505 38342954	બી. એસ. પટેલ, 9979124002
77	એમએચ-૨૩ બી. એસ. પટેલ પોલીટેકનીક, યુનિટ-૨.	ગણપત વિદ્યાનગર, ખેરવા, જિ. મહેસાણા.	450	15	38342955 38343404	બી. એસ. પટેલ, 9979124003
78	બી. એસ. પટેલ પોલીટેકનીક, યુનિટ-૩.	ગણપત વિદ્યાનગર, ખેરવા, જિ. મહેસાણા.	450	15	38343405 38343854	બી. એસ. પટેલ, 9979124004
79	બી. એસ. પટેલ પોલીટેકનીક, યુનિટ-૪.	ગણપત વિદ્યાનગર, ખેરવા, જિ. મહેસાણા.	450	15	38343855 38344304	બી. એસ. પટેલ, 9979124005
80	પ્રાયમરી ઇંગ્લીશ સ્કુલ.	ગણપત વિદ્યાનગર, ખેરવા, જિ. મહેસાણા.	450	15	38344305 38344754	લલીતભાઇ અગ્રવાલ, 9879474148
81	શ્રી ટી.આઇ. અમીન માધ્યમિક વિદ્યાલય.	ગણપત વિસનગર, ખેરવા, જિ. મહેસાણા.	300	10	38344755 38345054	બાબુભાઇ આર. પટેલ, 9925635712
82	જયકોરભાઇ વિદ્યામંદિર ખેરવા.	ખેરવા, જિ. મહેસાણા.	450	15	38345055 38345504	દિલીપકુમાર કે. રાવલ, 9427372257
83	ગોઝારીયા નાગરીક સહકારી બેંક ગર્લ્સ હા.સ. ગોઝારીયા.	સ્ટેશન રોડ, ગોઝારીયા, જિ. મહેસાણા.	360	12	38345505 38345864	કૈલાસબેન આર. પટેલ, 9925234146
84	એમ. કે. પટેલ હાઇસ્કુલ, ગોઝારીયા.	સ્ટેશન રોડ, ગોઝારીયા, જિ. મહેસાણા.	450	15	38345865 38346314	જીતેન્દ્રકુમાર એ. પટેલ, 9725097366
85	એમએચ-૩ શ્રી વી. આર. કર્વે પ્રોગ્રેસીવ હાઇ. મહેસાણા.	હૈદરી ચોક, જિ. મહેસાણા.	360	12	38346315 38346674	છગનભાઇ આર. પટેલ, 9879094034
86	સિધ્ધાર્થ વિદ્યાલય, મહેસાણા.	સોમનાથ રોડ, જિ. મહેસાણા.	300	10	38346675 38346974	સ્મીતાબેન એ. પરમાર, 9904589960
87	એન. જી. ઇન્ટરનેશનલ સ્કુલ, મહેસાણા.	માનવ આશ્રમ નજીક, વિસનગર-મહેસાણા રોડ, મહેસાણા.	300	10	38346975 38347274	એસ. એસ. નાયર, 9687671520
88	જે. એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય, યુનિટ-૧.	અરવિંદ બાગ સામે, જિ. મહેસાણા.	300	10	38347275 38347574	એલ. જી. ઠક્કર, 9909761987

૧	૨	૩	૪	૫	૬	૭
89	જે. એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય, યુનિટ-૨.	અરવિંદ બાગ સામે, જિ. મહેસાણા.	300	10	38347575 38347874	એલ. જી. ઠક્કર, 9909761987
90	એમએચ-૭ વર્ધમાન વિદ્યાલય.	અરવિંદ બાગ સામે, જિ. મહેસાણા.	180	6	38347875 38348047	દિપકકુમાર કે. દેસાઇ, 9428089441
	Sub Total		**36990**	**1233**		

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

એસ. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી દ્વારા

વંચાણે લીધા :- (૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક-પરચ: ૧૩.૨૦૧૪૧૪૫૯-હ, તા. ૧૭/૧૦/૨૦૧૪

(૨) મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં. એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮/૦૫/૨૦૧૪.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગાંધીનગરના પત્ર નં. ગામઠાણ/વશી/ ૨૦૧૪, તા. ૦૧/૧૨/૨૦૧૪ની દરખાસ્ત.

હુકમ

નંબર-સિટીએસ/વાસણા/કલમ-૧૨૬/૨૦૧૪.– સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હક્ક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના વાસણા ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ - વાસણા તાલુકો-ગાંધીનગર જિલ્લો ગાંધીનગરમાં સીટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગાંધીનગરએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહુ ગામની માપણી તથા હક્ક ચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સીટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવેલ ગામતળ વિસ્તારની જમીનો તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને મોજે :- વાસણા તા. ગાંધીનગર જિ. ગાંધીનગરના ગામને સીટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

પરિશિષ્ટ-અ

મોજે : વાસણ, તા. ગાંધીનગર જિ. ગાંધીનગરના સીટી સરવે વિસ્તારમાં સમાવેશ થતા ગામતળ વિસ્તારનું પત્રક

અ.નુ.	વિગત	ક્ષેત્રફળ
૧	વાસણ-ગામતળ	હે.આરે.ચો.મી. ૧૩-૩૭-૮૧

INDEX

ગામતળની હદ બતાવતો નકશો

જીલ્લો –ગાંધીનગર
તાલુકો – ગાંધીનગર
ગામ – વાસણ



લાગુ.૩૬૮
લાગુ.૧
લાગુ.૧૪૪
લાગુ.૧૪૩
લાગુ.૩૨૦
લાગુ.૨
ગામતળ
ક્ષેત્રફળ
હે – આરે – ચો.મી
૧૩ – ૩૭ – ૮૧
લાગુ.૩૧૯
લાગુ.૨
લાગુ.૨
લાગુ.૧૪૮
લાગુ.૧૪૭
લાગુ.૩
લાગુ.૧૪૬

સ્કેલ:–૧સેમી : ૩૦ મીટર

રેકર્ડ કીપર
ડી.ઇ.લે.રે. ગાંધીનગર

હેડ ડ્રાફ્ટર આસીસ્ટંટ
ડીસ્ટ્રીક્ટ સર્વે કચેરી
ગાંધીનગર

ડિસ્ટ્રીક્ટ ઇન્સ્પેક્ટર
લેન્ડ રેકર્ડઝ ગાંધીનગર

ગાંધીનગર, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪.

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી દ્વારા

વંચાણે લીધા :- (૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક-પરચ: ૧૩.૨૦૧૪૧૪૫૯-હ તા. ૧૭/૧૦/૨૦૧૪

(૨) મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં. એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪ તા. ૨૮/૦૫/૨૦૧૪.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગાંધીનગરના પત્ર નં. ગામઠાણ/વશી/ ૨૦૧૪ તા. ૦૧/૧૨/૨૦૧૪ની દરખાસ્ત.

હુકમ

નંબર-સિટીએસ/આજોલ/કલમ-૧૨૬/૨૦૧૪.– સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હક્ક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

તેમજ આતંકવાદી પ્રવૃત્તિ આચરનાર આતંકવાદીઓ ઘણીવાર ઔદ્યોગિક વિસ્તારોમાં નોકરીના બહાને રહીને કે જેમાં મોટા ભાગે ગુજરાત રાજ્ય બહારના વ્યક્તિઓ મજૂર તરીકે કામ કરતા હોય છે તેવી જગ્યાએથી ગુપ્ત રીતે પોતાનો સ્લીપર સેલ તૈયાર કરવાની કામગીરી કરતા હોય છે. અને જે તે જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ ઉપરાંત રાજ્યમાં તાજેતરમાં ગુપ્તચર સંસ્થાઓએ તેવો પણ અહેવાલ આપેલ છે કે, રાજ્યના મોટા ઉદ્યોગો તથા કારખાનાઓ તથા વાઈટલ ઈન્સ્ટોલેશન પણ આતંકવાદીઓના હિટ લીસ્ટમાં છે. તથા મોટા ભાગે આવા ઔદ્યોગિક એકમોમાં કામ કરતા મજૂરો કે, જે રાજ્ય બહારના જ હોય છે. તેઓના કોઈ ઓળખ અંગેના પુરાવા ઓદ્યોગિક એકમો રાખતા નથી.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં ઔદ્યોગિક એકમોમાં રાજ્ય બહારથી આવતા કામદારોની ઓળખ કરી તેઓના ઓળખના પુરાવા જેવા કે, રેશનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, પાનકાર્ડ વિ.ની નકલ મેળવી જે અંગે જરૂરી રજિસ્ટર નિભાવવાનું રહેશે

આ હુકમ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી/૧૮૧ - ૨૦૦/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારના ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આ ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઇ ગંભીર પ્રકારનો ગુનાઓ બને તે શકયાતને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે

INDEX

જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા વિસ્તારમાં વહેલી સવારે ૦૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી શૈક્ષણિક ટ્યુશન કલાસીસ શરૂ કરવા/ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

છોટા ઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં ટ્યુશન કલાસીસ સવારના કલાક ૦૭-૦૦ વાગ્યા પહેલાં શરૂ કરવા અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી/૨૦૧-૨૦/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સ્કુલમાં બાળકોને વાહનોમાં તેની બેઠકની ક્ષમતા કરતા વધારે બાળકોને બેસાડી સ્કુલમાં અભ્યાસ માટે લાવવા લઈ જવામાં આવે છે. આવા સંજોગોમાં અકસ્માત થવાનો ભય રહે છે. તથા જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર સલામતી શાંતિ તેમજ બાળકોના હિતમાં છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા વિસ્તારમાં આવા વાહનો ના માલીકોએ વાહનનું રજીસ્ટ્રેશન નજીકના પોલીસ સ્ટેશનમાં કરાવાનુ રહેશે. જેથી રજીસ્ટ્રેશન વગર ના વાહનો ચલાવવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં રજીસ્ટ્રેશન વગરના વાહનોને સ્કુલના બાળકોને લાવવા લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જેનુ દેવન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૧૫૦ થી ૫૧૭૦/૨૦૧૪.–ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે,) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૨૮મી ડીસેમ્બર, ૨૦૧૪ ના કલાક ૮-૦૦ થી તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી,રેલી કે સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

વધુમાં હું આ જાહેરનામુ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.
(૪) અત્રેથી સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૧૪નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૨૪૪૯ થી ૧૨૪૬૦/ ૨૦૧૪.– આગામી તા. ૪થી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ઈદે મિલાદ તહેવાર દરમ્યાન મુસ્લીમ બિરાદરો દ્વારા મહંમદ પયંગબરના જન્મ દિન નિમિત્તે ઈદ-એ-મિલાદનો તહેવાર ઉજવવામાં આવનાર છે. જેમાં ભરૂચ શહેર ‘બી’ ડિવીઝન પોલીસ સ્ટેશનનાં જુદા જુદા વિસ્તારોમાંથી મુસ્લીમ બિરાદરો દ્વારા પગપાળા ધાર્મિક ઝુલુસો કાઢવામાં આવે છે. વર્ષ-૨૦૧૩માં ચોમાસામાં ભારે વરસાદ પડવાના કારણે મદીના હોટેલ પાસેના નાળામાં તિરાડ પડી ગયેલ છે. નગરપાલિકા દ્વારા જુની જીન ઢાળથી મહમંદપુરા સર્કલ વચ્ચે આવતા ત્રણ નાળાઓને પહોળા કરી નવેસરથી બનાવવાની કામગીરી ચાલુમાં હોય અત્રેના તા. ૨૧-૧૧-૨૦૧૪ના જાહેરનામાથી તમામ પ્રકારના વાહનોના અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. અને સદર રસ્તો બંધ થતા જુની જીન ઢાળથી ફાટા તળાવ, છીપવાડ ચોક, ભઠીયારવાડ, સીપાઈ વાડ, નાગોરીવાડ થઈ મહમંદપુરા આવવા-જવા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જણાવેલ છે. ઈદ-એ-મિલાદનો તહેવારના ઝુલુસ અને હાલના ટ્રાફીક રૂટ એકજ હોય તા. ૪-૧-૨૦૧૫નાં રોજ તમામ પ્રકારનાં વાહનોનાં અવર જવર ઉપર પ્રતિબંધ મૂકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તારીખ ૪થી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ સવારના ૦૮-૦૦ કલાકથી રાત્રિના ૨૨-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે જુની જીન ઢાળથી, ફાટા તલાવ, છીપવાડ ચોક, ભઠીયારવાડ, સીપાઈ રોડ, નાગરીવાડ થઈ મહમંદપુરા સુધીનો રસ્તો તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

વિસ્તાર :

(૧) ભરૂચ શહેર પૂર્વ તરફનો ટ્રાફીક કે જે પાંચબત્તિથી મહમંદપુરા તરફ આવનાર છે તે પાંચબત્તિથી શક્તિનાથ થઈ શ્રવણ ચોકડી થઈ જંબુસર બાયપાસ થઈ મહમંદપુરા જશે.

(૨) ભરૂચ શહેર પૂ્િ મ તરફનો ટ્રાફીક કે જે મહમંદપુરાથી પાંચબત્તિ જનાર છે. તે મહમંદપુરાથી જંબુસર બાયપાસ ચોકડી થઈ શ્રવણ ચોકડી થઈ શક્તિનાથ થઈ પાંચબત્તિ જઈ શકશે.

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર છે.

આજ તા. ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૪નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સી.સી.ટી.વી./જાહેરનામું/વશી-૧૨૪૮૯/૨૦૧૪.– હાલના પ્રવર્તમાન સંજોગોમાં તથા ગુ!ચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અન્ય રાજ્યો કે દેશ બહારથી આવતા આતંકવાદી અને સમાજ વિરોધી માનસ ધરાવતા રાષ્ટ્ર વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળી કે લોકોની અવર-જવર વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેને લઈને નાગરિકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી, લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને નુકશાન થવા ઉપરાંત માનવ જિંદગીની ખુવારી પણ થાય છે લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને આ પ્રકારે નુકશાન ન થાય તથા માનવ જિંદગીની ખુવારી ન થાય કે અસુરક્ષાની ભાવના ઊભી ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ-સેન્ટરો, પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે જગ્યાઓએ નિયંત્રણો મૂકવાનું જાહેર સલામતિ અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ -કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે એકમો/સ્થળોના માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશવાના તથા બહાર નિકળવાના દ્વારા ઉપર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા સહિત જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય તેવી અન્ય તમામ જગ્યાઓમાં લોકોની હિલચાલને આવરી લે તેવી રીતે અને તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહન નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરાની આ પ્રકારની વ્યવસ્થા ઉપરોકત કાર્યરત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ પોતાની કામગીરી શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

તમામ સંબંધિત એકમોએ,

(૧) કોઈપણ જગ્યાની અંદરના તમામ ભાગ, સંપૂર્ણ કવરેજ સતત અને સ્પષ્ટ થાય તે રીતે ગોઠવવા.

INDEX

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી. ઝેડ કેમેરા ગોઠવવા.

(૪) પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શન કાઉન્ટર લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ/નિષ્કાસ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) ટોલ ટેક્ષ ઉપર વાહનનો પ્રકાર, વાહનનો નંબર વાંચી શકાય અને તેમાં બેઠેલા વ્યક્તિઓના ચહેરા જોઈ શકાય તે રીતેના નાઈટવિઝનના કેમેરા ગોઠવવા

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ભાડાની મિલકત/જાહેરનામું/વશી-૧૧૫૫૪/ ૨૦૧૪.-હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભુતકાળમાં સુરત શહેરમાં મળી આવેલ બોમ્બ તથા અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાના ગંભીર બનાવોથી જણાય છે કે, આવુ કૃત્ય કરનાર ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પ્લેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી આંતકવાદી પ્રવૃત્તિ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. જેથી જાહેર સંપત્તિમેજ લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય માનવ જીંદગીની ખુવારી થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીમાં જોખમ ઉભુ કરે છે.

દેશના અન્ય રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો પોતાના હેતુ પાર પાડવા કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલીકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું પ્રકાશ એન. મકવાણા (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઈ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો ભાડે આપે કે આપેલ છે, તેવા મકાન/દુકાન/ઓફીસ/ઔદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યાર મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસ અને ઐદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

INDEX

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન/દુકાન ઓફિસ/ ઔદ્યોગિક એકમના માલીકનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	ભાડે આપેલ મકાન/દુકાન/ ઓફિસ/ ઓદ્યોગિક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી બાંધકામ	મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	જે વ્યકિતને આપેલ છે તેનું રાખેલ છે તે પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	જે વ્યકિતને ભાડે આપેલ તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સંબાધિઓના નામ, સરનામા.	મકાન/દુકાન/ ઓફિસ તથા ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ ?
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ઔદ્યોગિક એકમો/જાહેરનામું/વશી-૧૧૬૧૯/૨૦૧૪.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ભૂતકાળમાં બનેલ ધાડ-લુંટ-ખૂન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતાં ઘણાં કિસ્સાઓમાં ઔદ્યોગિક/વેપાર/વાણિજ્ય કારખાનામાં, મકાન-બાંધકામમાં, ફેકટરીઓ, પર્યટન સ્થળો, જાહેર આનંદપ્રમોદની જગ્યા, ધાર્મિક સંસ્થાઓ, ફાર્મ હાઉસ વિગેરેમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરોઓની સંડોવણી જણાય છે. આવા કારખાનામાં, મકાન-બાંધકામમાં તથા ફેક્ટરીઓમાં કામ કરતા પરપ્રાંતિય તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવાનુ અનુભવે જણાય છે. આવા કારીગરો કોઈપણ પ્રકારના ગંભાર ગુનાઓ આચરી તેઓના વતનમાં કે અન્યત્ર ચાલી જતા હોય છે. જેના કારણે આવા ગુના વણ શોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સામાં આવા પરપ્રાંતિયો અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી જિલ્લામાં આવેલ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં આશરો લેતા હોય છે. કેટલાંક કેસોમાં આવી જગ્યા પર આશરો મેળવી આતંકવાદી પ્રવૃત્તિ કરવા માહિતી એકત્રિત કરી જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગનહિત કૃત્યો કરી જાહેર જનતાની સલામતિ અને શાંતિમાં જોખમ ઊભું કરે છે. જેથી, આવી ગુન્હાહિત પ્રવૃત્તિ કરતાં તત્વો સાથે સંકળાયેલ આવા કારીગરો / કર્મચારીઓ ઉપર નિયંત્રણ મૂકવાનું જરૂર જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય નાના-મોટા ઉદ્યોગ સાથે સંકળાયેલ પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

INDEX

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ. નં.	માલિકનું નામ, સરનામું તથા ધંધાની વિગત ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	કર્મચારીઓ/ કારીગર/ મજૂરનું પુરૂ નામ ઓળખ ચિન્હો હાલનું પુરૂ સરનામું ટેલીફોન નંબર	કામે રાખેલ નોકરના મૂળ વતનનું સરનામું. ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજૂરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજૂર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલિકનું પુરૂ નામ સરનામું	કર્મચારી/ કારીગર/મજૂરને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	કર્મચારી/ કારીગર/ મજૂરના બે થી ત્રણ સગા સંબંધીઓના પુરા નામ, સરનામા વતન સહિતના	કર્મચારી/ કારીગર/ મજૂરનો ફોટો	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ગેસ્ટ હાઉસ/જાહેરનામું/વશી ૧૧૬૮૪/૨૦૧૪.–હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલ અને ભૂતકાળમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક પ્રવૃતિ કરતા તત્ત્વો લોકો સાથે ભળી ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારમાં કે પછી હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ થાય, માનવ જીંદગીની ખુંવારી થાય અને જાહેર કે લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય તે પ્રકારની પ્રવૃત્તિ કરવાની કોશીષ કરતા હોય છે.

બહારના રાજ્યોમાંથી કે પરદેશથી આવતા આવા ગુનાહિત માનસ ધરાવતા તત્ત્વો કે ઈસમો કોઇના મકાન ભાડે રાખીને અથવા હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ વિગેરેમાં મુસાફર તરીકે રોકાય જે-તે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઇને પોતાની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપી સરકારી ખાનગી માલ-મિલ્કતનો તેમજ લોકોની જાનહાની થાય તેવું કૃત્ય કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ ભાડેથી આપતા માલીકો/સંચાલકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારની મિલકત ધરાવતા માલિકોએ, સંચાલકોએ મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટહાઉસમાં કોઈ પણ વિદેશીઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય આવી કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ તેના સંચાલકો/માલીકો દ્વારા ભાડે આપી શકશે નહીં.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીતની વિગતો લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નીયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ના નિયત નમુના મુજબના ફોર્મમાં નજીકના પોલીસ સ્ટેશનમાં તથા એસ.ઓ.જી. શાખા કામરેજ ચાર રસ્તા ખાતે ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત જીલ્લામાં કઇ જગ્યાએ, કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની તેમજ વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર સંહિતની સંપુર્ણ વિગત મેળવી રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૭) કોઇપણ મુસાફરની હીલચાલ શંકાસ્પદ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

INDEX

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે તેમજ દરેક મુસાફરો પાસેથી ફોટો આઈ.ડી. પ્રુફ (ઓળખપત્ર) વેરીફાઈડ કરી તેની નકલ મેળવી રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સીક્યુરીટી ગાર્ડ/જાહેરનામું/વશી ૧૧૭૪૯/૨૦૧૪.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના કર્મચારીઓ કે તેના ગાર્ડ પોતાના લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં લઇ ફરે છે અને તેઓ પોતાના હથિયારોનો ઉપયોગ જમીનના વિવાદોમાં લોનના હપ્તા ઉઘરાવવામાં કરતા હોય છે. આ કામે તેઓ હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઇન્ડીયા લાયસન્સ મેળવી તેનો સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગ કરે છે. જેને લઈને ઘણા-ખરા બનાવોમાં બિનજરૂરી કારણ વગર આડેધડ ફાયરીંગ કરવાના કે જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ તેની ફરજ બજાવતા હોય ત્યારે તેની ફરજ દરમ્યાન સંબંધિત કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ કે મિલ્કત સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓ આચરવાના બનાવ બનવા પામેલ છે. તો કેટલાક કિસ્સામાં આવા પરપ્રાંતિય હથિયાર ધારક ઈસમ બનાવટી લાયસન્સથી પણ હથિયાર મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ તેના પર નિયંત્રણ હોવું જરૂરી છે.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સિક્યુરીટી કંપની ચલાવતા માલિકો/સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આવા પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી.. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તેમજ લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેક્ટરી વિગરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

(૨) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ રાષ્ટ્રીયકૃત/ખાનગી/સહકારી બેંકોએ પોતાની બેંકોમાં તેમજ એટીએમ મશીન ઉપર ફરજ બજાવતાં ખાનગી સિક્યુરીટી એજન્સીના હથીયારી / બિનહથિયારી ગાર્ડનો બાયોડેટા સહિતની માહિતી ફરજીયાત પણે નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ હથિયારી ગાર્ડ હોય તો હથિયાર તથા લાયસન્સની વિગતો નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. બેંકમાં ફરજ બજાવતા ગાર્ડની માહિતી રજુ કરવાની જવાબદારી બેંન્ક મેજર / સંચાલકની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ ગાર્ડવાઈઝ અલગ અલગ ભરવાની રહેશે.

અ.નં.	વિગત		
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:-	
૨	પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ હાલનું સરનામું ટે.ફો. નંબર	:-	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલીફોન નંબર	:-	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:-	

૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:-	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	:-	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:-	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો	:-	

આ હુકમ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/મોબાઈલ ફોન-સીમ કાર્ડ/જાહેરનામું/વશી/૧૧૮૧૪/૨૦૧૪.– હાલના પ્રર્તમાન સંજોગોમાં રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ અને મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ હોઈ આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ચોરાયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મૂળ સુધી પહોંચી શકાય છે. પરંતુ ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા ઈસમ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી જેથી ગુન્હાના મુળ સુધી પહોંચવા જુના મોબાઈલ ફોન, સીમકાર્ડ, ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની ઓળખ અને જવાબદારી નક્કી કરવી જરૂરી છે.

ઉક્ત હકીકતે ગુનાઓમાં વપરાયેલ મોબાઈલ ફોન તથા ચોરાયેલ મોબાઈલ ફોનના ગુનાઓમાં મૂળ સુધી પહોંચવા જુના મોબાઈલ ફોન, સીમકાર્ડ વેચવા ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, (જી. એ. એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકુમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલની દુકાન ચલાવતા એકમોના માલિકે કોઈપણ જાણી અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે તથા વેચાણ કરતી વખતે લેનાર તથા વેચનાર વ્યક્તિનું પુરેપુરૂ નામ સરનામું ફરજીયાત નોંધવાનું રહેશે. અને તે બાબતે નીચે મુજબના અલગ-અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે.

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ વેચનારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ વેચાણ કરતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત

(૨) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકુમત ન હોય તેવા સુરત જીલ્લા ગ્રામ્ય વિસ્તારમાં નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વિક્રેતાએ સીમકાર્ડ ખરીદનારનું નામ-સરનામાં માટે ઓળખના પુરાવા તથા પાસપોર્ટ સાઈઝનો ફોટો મેળવવામાં આવે છે તે પુરાવાઓ જે તે કંપનીને મોકલી આપવામાં આવે છે બાદમાં જેની કોઈપણ પ્રકારની નોંધ સીમકાર્ડ વિક્રેતાઓ પાસે ઉપલબ્ધ હોતી નથી. જેથી વિક્રેતાઓએ પણ ફરજીયાત પણે નોંધ રાખવા માટે નીચેના કોલમ મુજબનું રજિસ્ટર નિભાવવાનું રહેશે તેમજ ફોટા સાથેની વિગત રાખવાની રહેશે.

સીમકાર્ડ વેચતી વખતે વિક્રેતાએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ કંપની અને સીમકાર્ડ (મોબાઈલ)નંબર	સીમકાર્ડ વેચાણ તારીખ	મોબાઈલ ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત

INDEX

આ હુકમ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/વાહન લે-વેચ/જાહેરનામું/વશી-૧૧૮૭૯/૨૦૧૪.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ આતંકવાદી હુમલાના બનાવો જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક પ્રવૃત્તિ કરતા તત્ત્વો પોતાની આતંકવાદી/ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપવા માટે સાયકલો, સ્કુટર, મોપેડ, મોટર સાયકલ તથા તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં કે તેની આજુબાજુ આવા વાહનો પાર્ક કરી તેમાં રાખવામાં આવેલ બોમ્બ કે સ્ફોટક પદાર્થનો બ્લાસ્ટ કરી પોતાના ત્રાસવાદી કૃત્યને અંજામ આપતા હોય છે. જેને લઈને સરકારી, અર્ધસરકારી, ખાનગી માલ મિલ્કતો તેમજ લોકોની જાનહાની થાય છે. જેથી લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. આવા અનરજીસ્ટર્ડ વાહનોને કારણે આવું ગુનાહિત કૃત્ય કરનારને શોધી કાઢવામાં મુશ્કેલી કે વિલંબ થાય છે. જેથી સાયકલો, મોપેડ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો લે-વેચનાર કે ભાડે આપનાર દ્વારા તે અંગે જરૂરી માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાય તેમ હોઈ આવી આતંકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા સાયકલો/ટુ વ્હીલર વાહનો લે-વેચ કરનાર કે ભાડે આપનારાઓ ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતિ અને સુરક્ષાના પરિક્ષેપ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારના નવા કે જુના ટુ-વ્હીલર વાહનો લે-વેચ કરનાર, ભાડે આપનારાઓ તથા તે અંગેની દુકાનો ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવા કે જુના વાહનો વેચવામાં કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું આવશ્ય પાલન કરવાનું રહેશે.

(૧) સાયકલ, સ્કુટર, મોટર સાયકલ, મોપેડ વગેરે જેવા બીજા ટુ-વ્હીલર વાહનો ખરીદનારને વેચાણ કર્તાએ અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) આ પ્રકારના વાહનો ખરીદનારનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખકાર્ડ કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે પંચાયતના સભ્યશ્રી, નગર પાલિકાના કોર્પોરેટરશ્રી, ધારા સભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખકાર્ડ/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા જુના વાહનો ખરીદનાર પાસેથી વેચાણકર્તાએ મેળવવાના તેમજ બીલ સાથે રાખવાના રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો તથા ભાડે આપેલ હોય તો તેમની જરૂરી વિગતો રાખવી.

(૪) વેચાણ બીલમાં સદરહુ વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ કે તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ કર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

આ હુકમ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/એસ.ટી.ડી.પી.સી.ઓ./જાહેરનામું/વશી ૧૧૯૪૪/૨૦૧૪.–હાલના પ્રર્વતમાન સંજોગોમાં રાજ્યની ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને દેશના વિવિધ ભાગોમાં થયેલ બોમ્બ ધડાકા તથા આતંકવાદી બનાવો પરથી આતંકવાદીઓ અને દેશ વિરોધી તત્ત્વો આતંકવાદી કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીને જોખમ ઉભુ કરતા હોય છે અને તે માટે આવા તત્ત્વો બહારના દેશોનો સંપર્ક કરતા હોય છે. તે માટે એસ.ટી.ડી. પી.સી.ઓ. નો ઉપયોગ કરતા હોય છે જેથી આવા એસ.ટી.ડી. પી.સી.ઓ. કે જ્યાંથી બહારના દેશોમાં વાતચીત થતી હોય તેઓ પર નિયંત્રણ મુકવું જરૂરી છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સુરત જિલ્લા વિસ્તારમાં આવેલા તમામ એસ.ટી.ડી.પી.સી.ઓ. સંચાલકોએ બહારના દેશોમાં જે કોઈ પણ વ્યક્તિ ફોન કરે ત્યારે ફોન કરનારનું ફોટા સાથેનું ઓળખપ્રુફ લઈ નીચે દર્શાવેલ નમુનામાં રજિસ્ટર નીભાવી તેમાં તમામ નોંધ કરી અને આવા થયેલ ફોનની કોલ ડીટેલની એક નકલ સંબંધિત પોલીસ સ્ટેશનમાં દર મહિનાની ૧લી તારીખે રજુ કરવાની રહેશે.

એસ.ટી.ડી./પી.સી.ઓ. સંચાલકોએ નિભાવવાના રજિસ્ટરનો નમુનો

અનુ. નંબર	એસ.ટી.ડી./પી.સી.ઓ. નું નામ, માલિકનું નામ, સરનામું, મોબાઈલ નંબર	ફોન કરવા આવનાર વ્યકિતનું પુરૂં નામ, મુળ સરનામું તથા હાલનું પુરૂં સરનામું, ઓળખ ચિન્હો	ફોન કરવા આવનાર વ્યકિતની ફોટો આઈ.ડી. પ્રુફની વિગત (સ્વચ્છ નકલ લેવી.)	જે ફોન નંબર પર વાત કરવા માંગે છે તે ફોન નંબર તથા તે વ્યક્તિનું પુરૂં નામ, સરનામું	ફોન કરવા આવ્યા તારીખ અને ફોનમાં વાત શરૂ કર્યા સમય	ફોનમાં વાત પુરી કર્યા સમય.
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૫૬/૨૦૧૪.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તારીખ ૧૯-૧૨-૨૦૧૪ ના પત્ર ક્રમાંક વહટ/સીબી-૪/ફાયરીંગ/૧૪૭૯૯/૨૦૧૪ થી જણાવ્યા અનુસાર આસી. કમાન્ડન્ટશ્રી, કોસ્ટગાર્ડ એર સ્ટેશન, દમણના તા. ૧૭-૧૨-૨૦૧૪ના પત્ર મુજબ કોસ્ટગાર્ડ એર સ્ટેશન, દમણ દ્વારા સ્મોલ આર્મ્સ ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તા. ૨૯મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તા. ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ સમય સવારે ૭-૩૦ થી ૧૬-૩૦ કલાક સુધી ગોળીબારની પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

INDEX

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૫૭/૨૦૧૪.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૧૪ ના પત્ર ક્રમાંક વહટ/સીબી-૨/ફાયરીંગ/૧૪૭૧૯/૨૦૧૪ થી જણાવ્યા અનુસાર અત્રેના જિલ્લાના બાકી રહેલ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીઓની બીજા ટર્મની તાલીમ ચાલી રહેલ હોય તેના ભાગ રૂપે ફાયરીંગ પ્રેકટીશ કરવાની રહે છે. ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ, તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તા. ૨૬મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તા. ૨૮મી ડીસેમ્બર, ૨૦૧૪ તથા તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તા. ૨જી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી ફાયરીંગની પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૦૩/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ ના પત્ર ક્રમાંક વહટ/સીબી-૪/ફાયરીંગ/૧૫૧૬૨/૨૦૧૪ થી જણાવ્યા અનુસાર કમાન્ડન્ટ કમ પ્રિન્સીપાલ શ્રી, આર.પી.એફ. ટ્રેનીંગ સેન્ટર, વલસાડના તા. ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪ના પત્ર મુજબ તેઓની સંસ્થા ખાતેના આર.પી.એફ. ના કેપ્સુલ કોર્ષના તાલીમાર્થીઓને જાન્યુઆરી-૨૦૧૫ થી અપ્રિલ-૨૦૧૫ માસમાં જુદી જુદી નીચે પ્રમાણેની તારીખે ફાયરીંગની પ્રેકટીસ ભીલાડ ખાતે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં નીચે પ્રમાણેની તારીખોએ ગોળીબારની પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

અ. નં.	તારીખ	અ. નં.	તારીખ
૧	૦૨/૦૧/૨૦૧૫	૧૮	૨૮/૦૨/૨૦૧૫
૨	૦૩/૦૧/૨૦૧૫	૧૯	૦૬/૦૩/૨૦૧૫
૩	૦૯/૦૧/૨૦૧૫	૨૦	૦૭/૦૩/૨૦૧૫
૪	૧૦/૦૧/૨૦૧૫	૨૧	૧૩/૦૩/૨૦૧૫
૫	૧૬/૦૧/૨૦૧૫	૨૨	૧૪/૦૩/૨૦૧૫
૬	૧૭/૦૧/૨૦૧૫	૨૩	૨૦/૦૩/૨૦૧૫
૭	૨૩/૦૧/૨૦૧૫	૨૪	૨૧/૦૩/૨૦૧૫
૮	૨૪/૦૧/૨૦૧૫	૨૫	૨૭/૦૩/૨૦૧૫
૯	૩૦/૦૧/૨૦૧૫	૨૬	૨૮/૦૩/૨૦૧૫
૧૦	૩૧/૦૧/૨૦૧૫	૨૭	૦૩/૦૪/૨૦૧૫
૧૧	૦૬/૦૨/૨૦૧૫	૨૮	૦૪/૦૪/૨૦૧૫
૧૨	૦૭/૦૨/૨૦૧૫	૨૯	૧૦/૦૪/૨૦૧૫
૧૩	૧૩/૦૨/૨૦૧૫	૩૦	૧૧/૦૪/૨૦૧૫
૧૪	૧૪/૦૨/૨૦૧૫	૩૧	૧૭/૦૪/૨૦૧૫
૧૫	૨૦/૦૨/૨૦૧૫	૩૨	૧૮/૦૪/૨૦૧૫
૧૬	૨૧/૦૨/૨૦૧૫	૩૩	૨૪/૦૪/૨૦૧૫
૧૭	૨૭/૦૨/૨૦૧૫	૩૪	૨૫/૦૪/૨૦૧૫

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આઈ. જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

વાંચ્યો :-

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, એમ. જી. વી. સી. એલ. વડોદરાના પત્ર નં. એમડી/એમજીવીસીએલ/૭૫, તા. ૩૦-૧૦-૨૦૧૩.

(૨) ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪.

હુકમ

જાહેર જનતાની સલામતી માટે મધ્ય ગુજરાત વીજ કંપનીના ઈલેક્ટ્રીક પોલ નેટવર્ક પર કેબલ ટીવી ઓપરેટર્સ દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહી કરવા અંગે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે.

નંબર એમએજી/જાહેરનામું/૨૧૩૧ થી ૨૧૫૧/૨૦૧૪.– પંચમહાલ જીલ્લામાં મધ્ય ગુજરાત વીજ કંપનીના ઈલેક્ટ્રીક પોલ / નેટવર્ક પર કેબલ ટીવી ઓપરેટર્સ દ્વારા અનઅધિકૃત રીતે કેબલ/વાયરો નાંખવામાં આવે છે. જેના પરિણામે વીજ અકસ્માત થાય છે. તેમજ સદર અનઅધિકૃત રીતે નખાયેલ કેબલો દ્વારા વીજ અકસ્માત થવાની સંભાવનાઓ વધી જાય છે જે સામાન્ય નાગરીક માટે જોખમ રૂપ છે. મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા અવારનવાર સદર ગેરકાયદેસર કેબલ્સ વાયર્સ દુર કર્યા બાદ પણ કેબલ ટીવી ઓપરેટર્સ દ્વારા આવા કેબલ પુનઃપ્રસ્થાપિત કરી દેવાય છે. આવા સંજોગોમાં ઈલેક્ટ્રીક પોલ/નેટવર્ક પરથી દુર કરવામાં અવાર નવાર સંઘર્ષના કિસ્સાઓ પણ બનેલ છે. જેથી જાહેર જનતાની સલામતી માટે અને અકસ્માતો નિવારવા માટે મેનેજીંગ ડીરેક્ટર વડોદરાએ તેઓના તા. ૩૦-૧૦-૨૦૧૪ના પત્રથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે વિનંતી કરેલ છે.

સબબ પંચમહાલ જિલ્લામાં એમ.જી.વી.સી.એલ. ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટીવી ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવેલ કેબલ અટકાવવા અત્યંત જરૂરી જણાય છે.

વાસ્તે હું, આર. આર. ડામોર, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે, પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં એમ.જી.વી.સી.એલ. ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટીવી ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં.

આ હુકમ તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪ થી તા. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા એમ.જી.વી. સી.એલ. ના સક્ષમ અધિકારીશ્રી, પો.સ.ઈ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૪) અન્વયેનો.

નંબર પલસ/મજસ/વશી/૨૧૬૧-૭૧/૨૦૧૪.–સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ, જુથ-૧, વડોદરાએ તેઓના તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ સીબી-૪/ફા.બટ/જા.નામુ/૬૬૦૬/૨૦૧૪થી પાવાગઢ ફાયરીંગ રેન્જ મીલેટ્રી એન.સી.સી. એરફોર્સ, એસ.આર.પી. યુનિટ તથા જિલ્લાના પોલીસની ફાયરીંગ પ્રેકટીસ લેવામાં આવે છે. આ ફાયરીટ બટનો ઉપયોગ વડોદરા ઉપરાંત અમદાવાદ, આણંદ, નડીયાદ, ભરૂચ, ગોધરા વિગેરે જિલ્લાના પોલીસ જવાનો એસ.આર.પી. જવાનો પણ ફાયરીંગ પ્રેકટીસ કરે છે. જેથી આ પ્રેકટીસ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૫થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીના આગામી સમયનું પાવાગઢ ફાયરીંગ રેન્જ માટેનું જાહેર જનતા જોગનું જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૪) પ્રમાણે બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, આર. આર. ડામોર, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૫થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ (બંને દિવસો સહિત) સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧ વડોદરાના યુનિટો માટે તથા રાજ્યના અન્ય પોલીસ દળો તથા મીલેટ્રી, એન.સી.સી., એરફોર્સ, એસ.આર.પી. યુનિટો માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવુ અને સદરહુ જમીનમાં ઉક્ત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધકૃિત શખ્સે દાખલ થવું નહિં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

આર. આર. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સી.સી.ટીવી કેમેરા/જા.ના./એસ.આર.-૫૨/ ૨૦૧૪.–ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભૂતકાળમાં શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોને હાની પહોંચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્વો રાજ્ય બહારથી આવી ખાસ કરીને ભીડવાળા વિસ્તારોથી માહિતગાર થઈને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઇ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા-પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથીવાહનો દ્વારા પસાર થતા હોય છે.

INDEX

જિલ્લામાં થતા આવા ગુના અટકાવવા તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર-જવર વાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સી.સી. ટીવી કેમેરા (નાઇટવિઝન તથા હાઇ ડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે મુકવામાં આવેતો ગુનેગારો, ગુનામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડિંગ સિસ્ટમ સાથે રાખવાનું જરૂરી જણાતું હોઈ,

વાસ્તે હું એમ. એસ. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપીંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટહાઉસ, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ , વધારે ભીડવાળા વિસ્તારો તેમજ ટોલપ્લાઝાના માલિકો/ઉપભોગતા/વહીવટ કર્તાઓએ ગાડીના નંબર દેખાય, ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડિંગ થાય, આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે અને ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડિંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમ.એ.જી./મજુર/એસ.આર/૫૩/૨૦૧૪.–અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તથા બોપલ પો.સ્ટે. વિસ્તારમાં અવારનવાર ધાડ, લુટના ગંભીર બનવા પામેલ હોઇ અને બોપલ પો.સ્ટે. વિસ્તારમાં ગુજરાત રાજ્ય બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોય છે. અને મોટા ભાગે આ મજૂરો કડીયા કામની મજૂરી કામ માટે આવતા હોય છે. બોપલ પો. સ્ટે. વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાઓએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઇ રાજ્યના તેમજ રાજ્ય બહારના મોટા ભાગના આ મજુરો કડિયા કામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે. આ મજુરો જે તે સાઇડો ઉપર જ રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટ જે તે વિસ્તારના મુકાદમો અથવા સાઈટના કોન્ટ્રાકટરો લાવતા હોય છે, પરંતુ તેઓની નોંધણી પોલીસ સ્ટેશનોમાં કરાવતા નથી. રાજયના તથા રાજય બહારના આવા મજુરો જયા રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુની સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને લુંટ, ધાડ, ઘરફોડ ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે, અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

આથી હું એમ. એસ. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈડ ઉપર આવનાર દરેક મજુર/કારીગરનું નામ/સરનામા અંગેની રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/અંગુઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં પુરૂષ મજુરના ડાબા હાથના અંગૂઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ, નામ/સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલિફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/કારીગરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટોકોપી સાઈટના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈડ ઉપર મજુર/કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમિત આપવાની રહેશે.

આ જાહેરનામું તારીખ ૧૮ ડીસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડી.સી./એમએજી/ઘરઘાટી/એસઆર-૫૫/૨૦૧૪.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી, લુટ, ખુન, જેવા ગુન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટીઓ જાહેર સુલેહશાંતિને કેટલાક માણસોની જિંદગી ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે. મહદ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે અને તેઓ વિષે માલિક પાસે અગર પોલીસ પાસે માહીતી હોતી નથી. પરિણામે તેઓને પકડવામાં મુશ્કેલભર્યું બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતાં માલિકો ઉપર થોડા નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

INDEX

જેથી હું, એમ. એસ. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

આ જાહેરનામું તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સાયબર કાફે/એસ.આર./૫૬/૨૦૧૪.– તારીખ ૧૩મી જૂન, ૨૦૧૧ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુંસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબર કાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતા સાયબર કાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રહિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી હોઈ, હું, એમ. એસ. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે;

(૨) આ રજિસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે;

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબર કાફે નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબર કાફેના સંચાલક/માલિકની નિયત કરવામાં આવે;

(૪) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ, વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી સાયબર કાફેના દફતરમાં રાખવી;

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબર કાફે જે તે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહીં તેમજ આવી સાયબર કાફે કોઈપણ પ્રકારના દિવાની હક્ક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ કરવામાં આવે છે;

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબર કાફેના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો, વિગેરેની હકીકતો તેમજ આવી સાયબર કાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી;

(૭) સાયબર કાફે ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે;

(૮) સાયબર કાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ જાહેરનામું તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/હોટલ ગેસ્ટ હાઉસ/એસ.આર. ૫૭/૨૦૧૪.– તાજેતરમાં થયેલ આતંકવાદી હુમલા તેમજ આગામી દીવસોમાં ધાર્મિક તહેવારો આવતા હોઇ ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પી.સી.ઓ. કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસતંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું, એમ. એસ. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) હોટલ, ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફર ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખ કાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનું આઇ. કાર્ડ વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી.

9.	Mr. C. P. Dave	Addl. District Court, Himatnagar.
10.	Mr. S. A. Motla	5th (Ad-Hoc) Addl. Civil Court, Himatnagar
11.	Mr. D. I. Joddha	Gujarat State Legal Service authority, High Court of Gujarat, Ahmedabad.
12.	Mr. A. V. Kadia	2nd Addl. Senior Civil Court, Himatnagar.
13.	Mr. N. B. Chauhan	2nd Addl. Senior Civil Court, Himatnagar.
14.	Mr. K. N. Savani	Nazir Branch, District Court, Himatnagar.
15.	Mr. L. R. Vediya	Judicial Branch ordered to work Computer Branch, District Court, Himatnagar.

16.	Mr. D. G. Prajapati	Chief Judicial Magistrate Court, Himatnagar, at Present, working on the establishment of city Civil Court, Ahmedabad. (Inter District Transferred)
17.	Mr. M. I. Mansuri	Addl. Civil Court, Himatnagar.
18.	Mr. V. B. Vaghela	Principal Civil Court, Bayad.
19.	Mr. C. P. Chaudhary	Chief Judicial Magistrate Court, Himatnagar.
20.	Mr. V. P. Asodiya	Principal Civil Court, Dhansura.
21.	Mr. B. H. Ninama	2nd Addl. Civil Court, Modasa.
22.	Mr. Mohmedfaruq A. Mansuri	4th (Ad-Hoc) Addl. Civil Court, Modasa
23.	Mrs. D. M. Soni	Principal Senior Civil Court, Idar.
24.	Mr. R. J. Vaghela	5th (Ad-Hoc) Addl. Civil Court, Himatnagar.
25.	Mr. R. S. Menat	2nd (Ad-Hoc) Addl. District Court, Modasa.
26.	Mrs. K. N. Pandor	Principal Senior Civil Court, Modasa.

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION

Sr. No.	Name of the candidate	In which court at present working
1.	Mr. H. G. Patel	Principal Civil Court, Talod.
2.	Mr. G. B. Bhatt	Judicial Branch, District Court, Himatnagar.
3.	Mr. K. A. Malek	Principal Senior Civil Court, Himatnagar.
4.	Mr. K. G. Momin	Principal Civil Court, Bayad.
5.	Mr. M. S. Parmar	Record Branch, District Court, Himatnagar.

Out of the candidates, who had appeared in the Departmental Examination held on 7th & 8th July- 2014, the following candidates have failed but have obtained exemption in the papers shown against their names as under :-

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION

Sr. No.	Name of the candidate	In which court at present working	Paper in Which exemption is earned
1.	Mr. B. J. Shah	District Legal Services Authority, District Court, Himatnagar	I, II & Oral Test
2.	Mr. D. H. Bhatt	Principal Senior Civil Court, Himatnagar	I, II & Oral Test
3.	Mr. D. R. Patel	Principal Civil Court, Malpur.	I, II, III & Oral Test
4.	Mr. D. A. Jadeja	2nd Addl. Civil Court, Modasa	II & Oral Test
5.	Mrs. D. B. Asari	Principal Senior Civil Court, Idar.	I
6.	Mr. G. K. Vankar	Principal Senior Civil Court, Idar.	I, II & Oral Test
7.	Mr. H. R. Bhavsar	Principal Civil Court, Dhansura.	I, II & Oral Test
8.	Mr. H. J. Kumpavat	Principal Civil Court, Bhiloda.	I, II & Oral Test
9.	Mr. J. R. Parmar	Office of District Governmet Pleader, Himatnagar.	II & Oral Test
10.	Mr. K. R. Trivedi	Principal Senior Civil Court, Himatnagar	I, II & Oral Test
11.	Mr. M. F. Malek	Principal Civil Court, Bayad.	I, II, IV & Oral Test
12.	Mr. N. R. Vaishnav	Principal Senior Civil Court, Modasa.	I, II & Oral Test
13.	Mr. R. K. Rahevar	Principal Senior Civil Court, Modasa.	I, II, III & Oral Test
14.	Mr. R. J. Makwana	Principal Civil Court, Vadali.	I, II, III & Oral Test
15.	Mrs. U. S. Hotha	Principal Civil Court, Bhiloda.	Oral Test
16.	Mr. U. B. Champavat	Addl. Senior Civil Court, Idar.	I, II, IV & Oral Test
17.	Mr. V. B. Bhatt	Principal Civil Court, Talod.	I, II & Oral Test
18.	Mr. D. B. Ninama	Principal Civil Court, Talod.	II & Oral Test

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION

Sr. No.	Name of the candidate	In which court at present working	Paper in Which exemption is earned
1.	Mr. I. D. Rana	Principal Civil Court, Khedbrahma, At Present, working on the establishment of District Court Banaskantha at Palanpur. (Inter District Transferred)	III
2.	Mr. K. N. Parmar	Addl. Civil Court, Modasa.	III & IV (Type Test)
3.	Mr. M. G. Chavda	Principal Civil Court, Prantij.	III
4.	Mr. Y. V. Parmar	Principal Civil Court, Meghraj.	I

Necessary note be made in their Service books.

Himantnagar Dt. 2-1-15.

I. C. SHAH,
Principal District Judge,
Sabarkantha - Himatnagar.

Read :

(1) Ho'ble High Court letter No. C.2103/1991, dated 07/01/1991.

(2) Hon'ble High Court letter No. C.2103/2006, dated 30/12/2006.

Notification

No. B/016/2015.— Under the powers vested in him under paragraph 628, of Chapter XXXI of the Civil Manual, Volume-I, 1960, and in exercise of the powers conferred by the Sub-Section (2) of Section-22 of the Gujarat Civil Courts Act, 2005, the Principal District Judge, Jamnagar, is pleased to sanction the closing of all the Civil Courts in the Judicial District of Jamnagar for Annual Summer Vacation for 30 days commencing from Saturday 16th May, 2015 to Sunday14th June, 2015 (Both days Inclusive).

The Offices of the nazir and Record Keeper, District Court, Jamnagar and the office of the Nazir of subordinate Civil Courts of the district Shall remain open during the Vacation on working days.

Jamnagar, 7th January, 2015.

V. S. DAVE,
Principal District Judge,
Jamnagar.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/રજી. નં. ૦૪/૨૦૧૫.–વલસાડ જિલ્લામાં હિન્દુ સંસ્કૃતિ અને પરંપરા પ્રમાણે જુદા જુદા તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. જે મુજબ દર વર્ષે જાન્યુઆરી માસમાં તા.૧૪ અને ૧૫મીના રોજ મકરસંક્રાંતિના તહેવારની દરેક સંપ્રદાયના લોકો દ્વારા ઉજવણી કરવામાં આવે છે. જેમાં પતંગ મહોત્સવ તથા અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ તહેવારના દિવસે ઘણાં લોકો જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. તથા કપાયેલા પતંગો અને દોરા વિગેરે મેળવવા હાથમાં લાંબા, ઝંડા, વાંસ વિગેરે લઈ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડા-દોડી કરતા હોય છે. જેના લીધે વાહન વ્યવહાર તથા અવર-જવર કરતી વ્યક્તિઓને અડચણો ઉભી થાય છે. પતંગ ચગાવવા માટે કેટલાક વેપારીઓ દ્વારા પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનીઝ દોરીનું વેચાણ કરવામાં આવે છે તથા લોકો દ્વારા પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જેના લીધે આકાશમાં ઉડતા પક્ષીઓ તથા મોટર સાઈકલ ઉપર તેમજ ચાલતા જતા-આવતા માણસોને જીવલેણ અકસ્માતના ભોગ બનતા બનાવો બનવા પામે છે તેમજ મૃત્યુ પણ નિપજતા હોય છે. આ ઉપરાંત રસ્તાઓ તથા રેલ્વે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેક્ટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક આવી બનાવટના દોરીથી પતંગો ઉડાડવા તથા ભેરવાયેલા પતંગ ઉતારવાના પ્રયત્નો કરે તો બે ઈલેક્ટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કિટ તથા આગ-અકસ્માતના બનાવો બનવાની સંભાવના રહેલી છે.

ઉપર જણાવ્યા અનુસારના બનાવો બનવા ન પામે તે માટે ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના પત્ર ક્રમાંક ઈએનવી/૧૦/૨૦૦૯/૪૦૦/ઈ, તા. ૨૨મી ઓક્ટોબર ૨૦૧૪ થી જરૂરી સુચનાઓ અને નિર્દેશનો જારી કરેલ છે તે ધ્યાનમાં લેતાં તથા પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા. ૨જી જાન્યુઆરી, ૨૦૧૫ની દરખાસ્ત મુજબ અગમચેતીના પગલા રૂપે સાવચેતી તથા તકેદારીના પગલા લેવા ના હેતુસર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

વાસ્તે, હું ડો. વિક્રાંત પાંડે, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ કૃત્યો કરવા પર વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૫મી જાન્યુઆરી ૨૦૧૫ થી તા. ૩૧મી જાન્યુઆરી ૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

પ્રતિબંધિત કૃત્યો

(૧) મકર સંક્રાતિ દરમ્યાન સમગ્ર વલસાડ જિલ્લામાં વેપારીઓ દ્વારા પ્લાસ્ટીક અને સીન્થેટીક ચાઈનીઝ દોરીનો સંગ્રહ/વેચાણ તથા પતંગ ચગાવવા માટે ઉપયોગ કરવો નહિં.

(૨) જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર પતંગ ઉડાડવા નહિં. તથા કપાયેલા પતંગો અને દોરા વિગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઈ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડા-દોડી કરવી નહિં.

(૩) રસ્તાઓ તથા રેલ્વે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેકટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક આવી પ્લાસ્ટીક અને સીન્થેટીક ચાઈનીઝ બનાવટના દોરા તેમજ અન્ય દોરાથી પતંગો ઉડાડવા તથા ભેરવાયેલા પતંગ ઉતારવાના પ્રયત્નો કરે તો બે ઈલેકટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કિટ તથા આગ-અકસ્માતના બનાવો બનવાની સંભાવના રહેલી હોય આવા કૃત્યો કરવા નહિં.

(૪) વલસાડ બહારથી પ્લાસ્ટીક અને સીન્થેટીક ચાઈનીઝ બનાવટના દોર લાવી વેચનાર વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડૉ. વિક્રાંત પાંડે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો કલમ-૨૨ અધિનિયમ) ની કલમ-૩૩ (૧) (બી) મુજબનો.

નંબર ડી.સી./પીઓએલ/એમએજી/એસ.આર.-૫૧/૨૦૧૪.– કાર્યપાલક ઈજનેરશ્રી (મા અને મ) વિભાગ, અમદાવાદના તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૧૪ ના પત્રથી વિરમગામ નગરપાલિકાના હદમાંથી પસાર થતી રેલ્વે લાઇનનું રેલ્વે ક્રોસીંગ નં. ૪૨ (નિલકી ફાટક) ઉપર રેલ્વે ઓવર બ્રિજ એપ્રોચ રોડ બનાવવાની કામગીરી માટે રેલ્વે ક્રોસીંગ નં. ૪૨ બંધ કરવા મુદત વધારી આપવાની માંગણી અન્વયે સદર રસ્તો બંધ થવાથી નીચે મુજબ ટ્રાફીકની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૧) વિરમગામ બસ સ્ટેન્ડેથી ભરવાડી દરવાજા-રૈયાપુર દરવાજાથી પોપટ ચોકડી સુધી.

(૨) વિરમગામ બસ સ્ટેન્ડથી માંડલ રોડથી પોપટ ચોકડી સુધી, તેમજ

(૩) વિરમગામ બસ સ્ટેન્ડથી મીલ ફાટક થી પોપટ ચોકડી.

વાસ્તે, હું, એમ. એસ. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ (૧૯૫૧નો ૨૨મો અધિનિયમ) ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) થી મને મળેલ અધિકારની રૂઇએ વિરમગામ નગર પાલિકા વિસ્તારમાં આવેલ રેલ્વે ક્રોસીંગ નં. ૪૨ રેલ્વે કિ.મી. ૫૬૧/૭ થી ૫૬૧/૮ બંધ કરવા અને ટ્રાફીકની વૈકલ્પિક વ્યવસ્થા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

આ હુકમ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને-૧૮૬૦નો અધિનિયમ નં. ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ભંગારીયા/એસ.આર.-૫૯/૨૦૧૪.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને આડીને આવેલો છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઇ.ડી.સી., વિરમગામ જી.આઇ.ડી.સી., અસલાલી જી.આઇ.ડી.સી., ચાંગોદર જી.આઇ.ડી.સી., બાવળા જી.આઇ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો. સ્ટે. વિસ્તારમાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, ચોરી જેવા મિલકત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન તથા મધ્યપ્રદેશના વતનીઓ છે. અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લૂંટ, મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય

અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે છે, પરંતુ અમુક ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનું પાલન કરીને કરે જેથી કાયદો વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું, એમ. એસ. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકી પણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયલન્સ સર્ટી. લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારનો ધંધામાં જેટલા માણસો કામે રાખેલા હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી.પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવેલ ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યકિતના આઈ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) જ્યારે કોઈપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી. બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશન જાણ કરાવની રહેશે.

(૮) આ જાહેરનામું બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાથી પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામું તા. ૨૨મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૨૨મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર.-૬૦/૨૦૧૪.—તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪નું વર્ષ પુરુ થયુ હોય સને ૨૦૧૪ના વર્ષની વિદાય તથા સને ૨૦૧૫ના નવા વર્ષના આગમનની ઉજવણીમાં ખાસ કરીને ખ્રિસ્તી ધર્મના લોકો તેમજ અન્ય કોમના લોકો પણ ભારે ઉત્સાહ પૂર્વક ઉજવણી કરે છે. જેમાં અત્રેના જિલ્લામાં આવેલ હોટલો, પાર્ટી પ્લોટો, કલબો અને ફાર્મ હાઉસોમાં વિવિધ જાતની ડાન્સ પાર્ટીઓનું આયોજન થાય છે. જેમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તીઓ અને હિન્દુઓ એકત્રિત થઈ ''૩૧ડિસેમ્બર''ની રાત્રે ચાલુ વર્ષની વિદાય અને નવા વર્ષના આગમનની ઉજવણી ધામધુમ થી રાત્રીના મોડે સુધી કરે છે.

વિવિધ સંગઠનો દ્વારા દેશમાં વધી રહેલ આતંકવાદી હુમલાઓ તથા આતંકવાદી દ્વારા અવાર નવાર મળી રહેલ ધમકીઓના બનાવો તથા ગુપ્તચર એજન્સીઓ દ્વારા આતંકવાદી હુમલાની દહેશતના મળેલ ઈનપુટોને ધ્યાન રાખી તેમજ આ પાર્ટીઓમાં મોટા પ્રમાણમાં દારૂ તથા અન્ય નશીલા પદાર્થોનો પણ છુટથી ઉપયોગ થતો હોય છે.

જેથી હોટલ, પાર્ટી પ્લોટો, કલબો અને ફાર્મ હાઉસોમાં થતી ડાન્સપાર્ટીઓમાં ડાન્સ દરમ્યાન છેડતીના બનાવ બનવાની શક્યતા રહેલ છે. હોટલ, પાર્ટી પ્લોટો, કલબો તથા ફાર્મહાઉસની અંદર તથા બહારની સાઈડે વાહન પાર્કીંગ તેમજ અવર જવર કરતી વ્યક્તિઓ તથા પસાર થતી ગાડીના નંબર દેખાય તેમજ હોટલમાં ભોજન કક્ષમાં બેઠેલી વ્યક્તિઓનુ રેકોર્ડીંગ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા. હોટલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા ખુબજ આવશ્યક છે.

સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન રાખવા, કેમરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે. સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડિંગ કરી શકે તેવી કવોલીટીના રાખવા. ૧૫ દિવસ સુધી રેકોર્ડિંગ રહે તેવી વ્યવસ્થા રાખવી તે બાબતની સીસ્ટમની વ્યવસ્થા કરવાનું જાહેરહિતમાં જરૂરી છે.

વાસ્તે, હું એમ. એસ. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની(૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ સાંજના ૧૮-૦૦ થી તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૫ના સવારે કલાક ૦૭-૦૦ સુધીનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબનું.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૧૨૫૪૦ થી ૧૨૫૪૭/૨૦૧૪.–ભરૂચ જિલ્લાના ભરૂચ શહેરના વિવિધ સેન્ટરો ઉપર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સચિવાલય ઓફીસ આસીસ્ટન્ટ ભાગ-૧ની પરીક્ષા તારીખ ૪થી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકથી ૧૫-૦૦ કલાક સુધી યોજાનાર છે. સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજિક તત્ત્વોના ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૪થી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી ભરૂચ મુકામે આવેલ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સચિવાલય ઓફીસ આસીસ્ટન્ટ ભાગ-૧ની પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ.

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

(૩) ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તપાસ ટુકડીઓને.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ડીસેમ્બર ૨૦૧૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/પીઓએલ/વશી/૪૪ થી ૬૩/૨૦૧૪.–ભરૂચ જિલ્લામાં મિલકત સંબંધી ચોરીના બનાવો પૈકી તાજેતરમાં વાહન ચોરીના બનાવો પણ દિન પ્રતિદિન વધતા જણાયેલ છે. જ્યારે પણ વાહન ચોરીના બનાવોની તપાસ કરવામાં આવે છે ત્યારે આવા વાહનો ચોરાયાની ફરીયાદ લીધા બાદ સમગ્ર પાસાઓની તપાસ કરવાની રહે છે. શકય છે કે, ચોરીની ફરીયાદ લખાવ્યા બાદ બીજા ખોટા રજીસ્ટ્રેશન નંબર લગાડી તે વાહનનો ચોરીનો વિમો મેળવી ખોટા નંબરથી ચાલુ હોય અથવા જુનું થયેલ હોય તે કબાડીમાં વેચી નાખ્યા બાદ વિમો પકવવા ફરીયાદ રજીસ્ટર કરાવેલ હોય અથવા ટેક્ષી પાસીંગ અથવા ટેક્ષી સિવાય પણ રોડ ટેક્ષ/આર.ટી.ઓ. ટેક્ષ બચાવવા ખોટી ફરીયાદ કરેલ હોય જેથી આવી બાબતો ધ્યાને લઇ તપાસ કરવી રહે છે. જેથી આવુ થતા અટકાવવા તથા શોધી કાઢવા માટે અમુક નિયંત્રણો લાદવા જરૂરી જણાય છે. જેથી પી.યુ.સી. પ્રમાણપત્ર ઇશ્યુ કરનાર સંસ્થા/એજન્સીઓ ઉપર જાહેર જનતાના માલ-મિલકતની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ સુધી ભરૂચ જિલ્લામાં આવેલ પી.યુ.સી. પ્રમાણપત્ર ઇશ્યુ કરનાર સંસ્થા-એજન્સીએ જાહેર જનતાના માલ-મિલકતની સલમતી તથા સુરક્ષા માટે નીચે જણાવેલ કાર્યવાહી ફરજીયાતપણે કરવાની રહેશે.

ફરજીયાત કરવાની કાર્યવાહી :-

(૧) પી.યુ.સી. માટે વાહન લઇ આવનારનું નામ તથા મોબાઇલ નંબર ફરજીયાતપણે નોંધવા.

(૨) પી.યુ.સી. માટે આવેલ વાહનનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેસન નંબર અસલ આર.સી. બુકથી ખાત્રી કરવી.

(૩) પી.યુ.સી. માટે આવેલ વાહનનો એન્જીન નંબર તથા ચેસીસ નંબર અસલ આર.સી. બુકથી ખાત્રી કરી નોંધ કરવી.

(૪) પી.યુ.સી. માટે વાહન લઇ આવનારનું લાયસન્સ ચેક કરવું.

(૫) પી.યુ.સી. માટે આવતા તમામ વાહનો અંગે નીચે દર્શાવેલ બાબતોની નોંધણી અંગેનું રજીસ્ટર ફરજીયાત નિભાવવું.

અને દર શનિવારે સાંજે ૨૦-૦૦ કલાકે અઠવાડીક એક નકલ વિસ્તારના લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે અને પોતાની પાસેની નકલ નાશ ન થાય તે રીતે રેકર્ડ રૂપે જાળવવાની રહેશે.

અ.નં.	પી.યુ.સી. આપનારનું નામ, સરનામું	પી.યુ.સી. માટે આવેલ વાહનનો રજીસ્ટ્રેશન નંબર	પી.યુ.સી. માટે આવેલ વાહનનો પ્રકાર (કંપની/ મોડલ)	વાહન લઈ આવનારનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર	વાહનનો કલર તથા રજીસ્ટ્રેશન વર્ષ	વાહનનો એન્જીન નંબર	વાહનનો ચેસીસ નંબર	વાહન ચાલકનો લાયસન્સ નંબર ઈશ્યુ વર્ષ	આપવામાં આવેલ પી.યુ.સી. તથા તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમનો ભંગ કરનાર એજન્સી/સંસ્થા/વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૩૧મી ડીસેમ્બર ૨૦૧૪.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૩૧ થી ૧૭૧/૨૦૧૫.–ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં આવેલ તમામ સરકારી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. જેમાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી સરકારી કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેરજનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં આવેલ તમામ સરકારી કચેરીઓ કે જ્યાં રોજ-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે, ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૫નાં કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૬૩ થી ૭૬/૨૦૧૫.– અંકલેશ્વર શહેરી વિસ્તાર પરસોત્તમબાગથી મોદીનગરથી ભરૂચીનાકા થઈ ચૌટાનાકાથી પિરામણ નાકા થઈ ઓવર બ્રિજથી જુના તથા નવા હાઈવે તરફ પસાર થતા ભારે વાહનોના કારણે અંકલેશ્વર શહેરમાં ટ્રાફીક સમસ્યા રહે છે. હાલમાં અંકલેશ્વર શહેરમાં સરકારશ્રી દ્વારા નવી લાઈન નાંખવાનું કામ ચાલુ કરવાનું હોય, અંકલેશ્વર શહેરી વિસ્તાર પરસોત્તમબાગથી મોદીનગર થી ભરૂચીનાકા થઈ ચૌટાનાકાથી પિરામણ નાકા થઈ ઓવર બ્રીજથી જુના તથા નવા હાઈવે તરફ જતા રસ્તાને ભારે વાહનો માટે જાહેર જનતાની સુવિધા માટે રસ્તો બંધ કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો આદેશ કરૂં છું કે, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧લી માર્ચ, ૨૦૧૫ સુધી જાહેર જનતાની સુવિધા માટે અંકલેશ્વર શહેરના પરસોત્તમબાગથી મોદીનગરથી ભરૂચી નાકા થઈ ચૌટાનાકાથી પિરામણ નાકા થઈ ઓવર બ્રિજથી જુના તથા નવા હાઈવે સુધીનો રસ્તો ભારે વાહનો (એસ.ટી. બસ/સ્કુલ બસ/આવશ્યક ચીજ વસ્તુ-સેવા ધારા હેઠળ આવતી વસ્તુઓ સિવાય)ની અવર-જવર માટે બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

વધુમાં ખાસ કિસ્સામાં આ જાહેરનામામાંથી મુકિત આપવાના અધિકાર સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, અંકલેશ્વરને અધિકૃત કરવામાં આવે છે. સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, અંકલેશ્વર ખાસ કિસ્સામાં સંજોગોને આધિન જાહેરનામામાંથી મુકિત આપવાનો હુકમ કરી શકશે.

આ જાહેરનામાનાં કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા. ૭મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૭૩/૨૦૧૪.–ભરૂચ જિલ્લાનો સર્વાંગી ઔદ્યોગિક વિકાસ થઇ રહેલ છે. સરકારશ્રીનાં પ્રયત્નોથી ભરૂચ જિલ્લા વિસ્તારમાં અનેક ઘણા મોટા ઉદ્યોગો સ્થપાઇ રહેલ છે. આ ઉદ્યોગોમાં નોકરી અર્થે અલગ અલગ રાજ્યોનાં કામદાર/કર્મચારીઓ આવી સ્થાયી થઇ રહેલ છે જેથી લોક-વસ્તી સંખ્યા વિસ્તાર વધી રહેલ છે. ભરૂચ જિલ્લામાંથી નેશનલ હાઈવે નંબર ૮ પસાર થાય છે. અને મહત્વની રેલ્વે લાઇનો અસ્તિત્વમાં છે. આમ ભરૂચનો ઔદ્યોગિક આધુનીકરણ દ્રષ્ટિએ પણ વિકાસ થઇ રહેલ છે.

ભરૂચ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે રોડ, સ્ટેટ હાઈવે રોડ એ દેશની જીવાદોરી સમાન છે. હાલમાં ભરૂચ વિસ્તારમાં નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પર હોટલો, ગેસ્ટ હાઉસો, પેટ્રોલ પંપો અને ટોલ ટેક્ષ પ્લાઝાઓ આવેલ છે.

આ હોટલો અને ગેસ્ટ હાઉસોમાં અને પેટ્રોલપંપો અને ટોલનાકાઓ પર હાઈવેથી પસાર થતા વાહન ચાલકો તેમજ સામાન્ય લોકો રોકાય છે. જેમાં રાજ્યના અને રાજ્ય બહારના લોકોનો સમાવેશ થાય છે.

ભરૂચ શહેર, જિલ્લાના નેશનલ અને સ્ટેટ હાઈવે ઉપર આવેલ તમામ હોટલો, પેટ્રોલપંપ, અને ટોલ પ્લાઝાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ હોવી જોઇએ તેમજ જિલ્લામાં આવેલ રહેવાની/રોકાવવાની સગવડ પુરી પાડતી તમામ હોટેલો/લોજ/ગેસ્ટહાઉસો/ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ/સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો/મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન/મોબાઇલ નંબર, જે વાહન લઇને આવેલ હોય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની/મોડલ દર્શાવતું નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવી જરૂરી છે. જેથી ગુના કરતી વ્યક્તિ/ગેંગ ઉપર ચા-નાસ્તા કરવા કે, જમવા આવે ત્યારે તેની ઓળખ થઇ શકે તથા તે જે વાહનમાં આવ્યા હોય તે વાહનની પણ ઓળખ થઇ શકે તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

સબબ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લામાં આવેલ હોટેલો/લોજ/ગેસ્ટહાઉસો/ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ/સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો/મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન/મોબાઇલ નંબર, જે વાહન લઇને આવેલ હોય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની/મોડલ દર્શાવતું નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવા તથા ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હોટલો, ટોલ પ્લાઝાઓ, પેટ્રોલપંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, સી.એન.જી. /એલ.પી.જી. પંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન તથા તેની બાજુમાં આવેલ દુકાન ઉપર પરિશિષ્ટમાં દર્શાવેલ કન્ફીગ્યુરેશન મુજબનાં પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી રેકોર્ડીંગ કરવું અને ડેટાનો બેકઅપ ૬ માસ સુધી રાખવા જણાવવામાં આવે છે.

પરિશિષ્ટ

Sr. No.	Video	
1	Imaging Device	1/4" CCC/CMOS
2	Effective Pixels	752 (H)×582(V)
3	Horizontal Resolution	600 (or better) TV Lines
4	Video Output Level	1.0 V p-p
5	S/N ratio	More than 50 db (AGC off)
6	Compression	H.264
7	Angle of View	70" (H) & 51" (V)
	Lens	
8	Zoom Ration	Varifocal
9	Focal Length	2.8 t 12 mm
10	Single System	NTPS/PAL
	Night Vision	
11	IR LED & Sensor	External with minimum 10 Mtrs Distance
	Other Features	
12	White Balance	Auto
13	AGC, BLC, Flicker less	on/Off (Dip Switch)

INDEX

14	Shutter Speed	1/60-1/100,000 sec (NTSC) 1/50-1/100,000 sec (PAL)
	Electrical & Mechanical	
15	Input Voltage	12 V AC/DC, 230 V AC
16	Outdoor Housing	IP 66 Housing
17	Certification	UL, CE, FCC

આ જાહેરનામું તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ નાં કલાક ૦૦-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેર હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર મજસ/મકરસંક્રાંતિ/વશી/૦૧/૨૦૧૪.—વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર ગાંધીનગર તરફથી આપવામાં આવેલ સુચનાઓ મુજબ પતંગ મહોત્સવ દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનીઝ દોરીઓનો ઉપયોગ પતંગ ચગાવનાર દ્વારા કરવામાં આવતો હોવાના કારણે માનવ તથા પશુ પક્ષીઓને જીવલેણ ઈજાઓ પહોંચવાના તથા દુર્ઘટનાઓ/અકસ્માતો સર્જાવાના કિસ્સાઓ મકરસંક્રાંતિ દરમ્યાન સ્થાન લેતા હોય છે. તથા આકાશમાં ઉડતા પક્ષીઓને પણ શારીરીક ઈજાઓ થવાના તથા કેટલાક કિસ્સાઓમાં તેઓના મૃત્યુ થવાના સમાચારો પ્રસિધ્ધ થતા હોય છે. આ ઉપરાંત જાહેર માર્ગો પરથી અવર જવર કરતા રાહદારીઓ, વાહન ચાલકોને પણ ઉપરોકત દોરીઓના ઉપયોગના કારણે શારીરીક ઈજાઓ પહોંચવાના કિસ્સાઓ બને છે. એટલું જ નહી ઈલેકટ્રીક પાવર લાઈન સાથે સ્પર્શ થવાને કારણે પણ જીવલેણ અકસ્માતો બને છે. જે જાહેર સલામતીની દ્રષ્ટિએ ખુબ જ જોખમકારક બાબત પુરવાર થતી હોય છે.

વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તા. ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૨ થી જણાવ્યા મુજબ આ કામે એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૮૬ની જોગવાઈઓ અનુસાર તકેદારીના પગલા લેવા જણાવવામાં આવેલ છે.

સબબ, જાહેર સુરક્ષા/સલામતીના હિતમાં આ કામે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, આર. આર. ડામોર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા, આથી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

જિલ્લામાં પતંગોત્સવ હેતુસર પ્લાસ્ટીક/સીન્થેટીક મીટીરીયલમાંથી બનાવવામાં આવેલ હોય તેવી દોરીઓ કે જેના ઉપયોગથી માનવ, પશુ પક્ષીઓને શારીરીક, જીવલેણ ઈજાઓ પહોંચે તેમ સંભવ હોય તેવી દોરીઓ પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનીઝ દોરીઓને રાખવા, વેચાણ કરવા તથા ઉપયોગ કરવા ઉપર, તથા

પતંગોત્સવ દરમ્યાન પતંગ રસીકોએ સવારના ૬-૦૦ થી ૮-૦૦ તથા સાંજના ૫-૦૦ થી ૭-૦૦ દરમ્યાન આકાશમાં ઉડતા પક્ષીઓની અવર જવર વિશેષ પ્રમાણમાં રહેતી હોવાથી આ સમયગાળા દરમ્યાન પતંગ ચગાવી શકશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાના પાત્ર થશે.

આજ તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેર હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર મજસ/મકરસંક્રાંતિ/વશી/૦૧૨ થી ૩૪/૨૦૧૪.—વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર ગાંધીનગર તરફથી આપવામાં આવેલ સુચનાઓ મુજબ પતંગ મહોત્સવ દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનીઝ દોરીઓનો ઉપયોગ પતંગ ચગાવનારા દ્વારા કરવામાં આવતો હોવાના કારણે માનવ તથા પશુ પક્ષીઓને જીવલેણ ઈજાઓ પહોંચવાના તથા દુર્ઘટનાઓ/અકસ્માતો સર્જાવાના કિસ્સાઓ મકરસંક્રાંતિ દરમ્યાન સ્થાન લેતા હોય છે. તથા આકાશમાં ઉડતા પક્ષીઓને પણ શારીરીક ઈજાઓ થવાના તથા કેટલાક કિસ્સાઓમાં તેઓના મૃત્યુ થવાના સમાચારો પ્રસિધ્ધ થતા હોય છે. આ ઉપરાંત જાહેર માર્ગો પરથી અવર જવર કરતા રાહદારીઓ, વાહન ચાલકોને પણ ઉપરોકત દોરીઓના ઉપયોગના કારણે શારીરીક ઈજાઓ પહોંચવાના કિસ્સાઓ બને છે. એટલું જ નહી ઈલેકટ્રીક પાવર લાઈન સાથે સ્પર્શ થવાને કારણે પણ જીવલેણ અકસ્માતો બને છે. જે જાહેર સલામતીની દ્રષ્ટિએ ખુબ જ જોખમકારક બાબત પુરવાર થતી હોય છે.

વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તા. ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૨ થી જણાવ્યા મુજબ આ કામે એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૮૬ની જોગવાઈઓ અનુસાર તકેદારીના પગલા લેવા જણાવવામાં આવેલ છે.

સબબ, જાહેર સુરક્ષા/સલામતીના હિતમાં આ કામે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, આર. આર. ડામોર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા, આથી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

જિલ્લામાં પતંગોત્સવ હેતુસર પ્લાસ્ટીક/સીન્થેટીક મીટીરીયલમાંથી બનાવવામાં આવેલ હોય તેવી દોરીઓ કે જેના ઉપયોગથી માનવ, પશુ

INDEX

પક્ષીઓને શારીરીક, જીવલેણ ઈજાઓ પહોંચે તેમ સંભવ હોય તેવી દોરીઓ પ્લાસ્ટીક/સીન્થેટીક ચાઈનીઝ દોરીઓને રાખવા, વેચાણ કરવા તથા ઉપયોગ કરવા ઉપર, તથા

પતંગોત્સવ દરમ્યાન પતંગ રસીકોએ સવારના ૬-૦૦ થી ૮-૦૦ તથા સાંજના ૫-૦૦ થી ૭-૦૦ દરમ્યાન આકાશમાં ઉડતા પક્ષીઓની અવર જવર વિશેષ પ્રમાણમાં રહેતી હોવાથી આ સમયગાળા દરમ્યાન પતંગ ચગાવી શકશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાના પાત્ર થશે.

આજ તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

આર. આર. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/મકરસંક્રાંતિ/વશી-૧૨૦૮૯ થી ૧૨૧૪૮/૨૦૧૪.–આગામી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ ચાલુ વર્ષને વિદાય આપવા તેમજ નવા વર્ષને આવકારવા માટે લોકો મોડી રાત સુધી જાહેર રસ્તાઓ ઉપર આવી ઉજવણી કરતા હોય છે. તેમજ તારીખ ૪થી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ઇદ-એ-મિલાદનો તહેવાર તેમજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫થી તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ અને તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૫થી તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી મહાત્મા મંદિર સેકટર૧૬, ગાંધીનગર ખાતે ‘‘સાતમી વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૫’’ તથા પ્રવાસી ભારતીય દિવસ’’ આંતર રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોની ઉજવણી થનાર છે. જેમાં ભારતનાં રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી તથા અન્ય રાષ્ટ્રના મહાનુભાવોશ્રીઓ ઉપસ્થિત રહેનાર હોય, તેમજ તારીખ ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ મકરસંક્રાંતિ અને તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૫ પ્રજાસત્તાક દિનની ઉજવણી થનાર છે. સદર તહેવાર નિમિત્તે સુરત (ગ્રામ્ય) જિલ્લામાં પર્વ દરમ્યાન અમુક અસામાજિક તત્વો દ્વારા તહેવારની આડમાં રહી કાંકરીચાળો કરતા હોય છે. જેના કારણે લોકોની લાગણી દુભાતી હોય છે, અને આવા નાના બનાવો કોઇકવાર મોટુ સ્વરૂપ ધારણ કરી શકે છે. તેવી શક્યતાઓ નકારી શકાય તેમ ન હોય, જેથી સદર તહેવારની ઉજવણી દરમ્યાન જિલ્લામાં શાંતિ તેમજ કોમી એખલાસ ભર્યુ વાતાવરણ રહે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે ઇચ્છનીય છે.

સબબ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળનો સમગ્ર સુરત (ગ્રામ્ય) જિલ્લામાં તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં.

(ઘ) કોઇ શબ, આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા, કે પ્લે કાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહીં.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહીં.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ / વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઈ હથીયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, (રૂરલ) સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલિસ અધિકારીને તથા જેને શારિરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ/વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ અથવા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વાંચનમાં લીધુ :

(૧) સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના પત્ર નં. ઇ.એન.વી./૧૦/૨૦૦૯/૪૦૦/ઇ. તા. ૨૨-૧૦-૨૦૧૪.

(૨) એન્વાયરમેન્ટ (પ્રોટેકશન) એકટ-૧૯૮૬ની કલમ-૫.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલું.

નંબર એમએજી/મકરસંક્રાંતિ/વશી-૧૨૦૪૯ થી ૧૨૨૦૯/૨૦૧૪.-આગામી તારીખ ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ‘‘મકરસંક્રાંતિ’’ના તહેવારોની ઉજવણી થનાર છે. આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો જાહેર રસ્તાઓ ઉપર, ગલીઓ, શેરીઓમાં પ્લાસ્ટીક, સિન્થેટીક મટીરીયલ, ટોક્ષિક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચમાંથી (ચાઇનીશ) દોરા બનાવી પતંગ ઉડાવતા હોય છે જેના કારણે આવા પ્રકારના દોરા કોઇ રાહદારી વ્યક્તિના, વાહન ચાલકનાં ગળા કે શરીર સાથે ઘર્ષણ થવાનાં કારણે કપાય જવાનો કે શારીરિક ગંભીર ઇજા થવાનો ભય રહે છે. તેમજ આકાશમાંના પક્ષીઓ

INDEX

પતંગની દોરીમાં ભેરવાય જવાનાં કારણે ઘાયલ થતાં હોય છે. તેમજ પ્લાસ્ટીક સખત મટીરીયલ્સ ધરાવતી વસ્તુ હોય, તેના વેસ્ટ/કચરાને કારણે ડ્રેનેજ લાઇન બ્લોક થવી. પાણીના પ્રવાહને અવરોધ થવા તથા ગાય જેવાં પ્રાણીઓનાં ખોરાકમાં આવા દોરાઓ જવાથી તેઓને ગંભીર તકલીફો ઉદ્‌ભવે છે, તેમજ આવા દોરા ઈલેકટ્રીક થાંભલા પરના વિદ્યુત તાર કે કેબલ ઉપર પડવાથી કરંટ લાગવાનો તેમજ શોર્ટસર્કિટ થવાનાં કારણે આગ લાગવા જેવા ગંભીર પ્રકારનાં અકસ્માતો બનવાની પુરેપુરી શક્યતા રહે છે. જેથી આવા ગંભીર અકસ્માત બનતા અટકાવવા અને જાહેર સલામતી જોખમાય નહીં તે માટે જાહેર હિતમાં પ્લાસ્ટીક, સિન્થેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચમાંથી (ચાઇનીશ) બનાવેલ દોરાનાં ઉપયોગ તથા તેનાં વેચાણ ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ અધિકારની રૂએ જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના સમગ્ર (ગ્રામ્ય) જિલ્લામાં આગામી તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી જાહેર હિતમાં નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરૂ છું.

પ્રતિબંધીત કૃત્યો

(૧) કોઇપણ વ્યક્તિઓએ જાહેર જગ્યા, જાહેર રસ્તાઓ ઉપર પતંગો ઉડાડવા ઉપર.

(૨) હાથમાં લાંબા ઝંડા કે વાંસ વિગેરે લઇ કપાયેલા પતંગો તથા દોરા મેળવવા જાહેર રસ્તાઓ ઉપર અથવા જગ્યાઓમાં દોડાદોડી કરવા ઉપર.

(૩) ટેલીફોન કે ઇલેકટ્રીકના તાર ઉપર લંગર (દોરી) નાંખવા ઉપર.

(૪) પ્લાસ્ટીક મટીરીયલ, સિન્થેટીક મટીરીયલ, લોખંડ પાવડરમાંથી બનાવવામાં આવેલ (ચાઇનીઝ) દોરાનો પતંગ ઉડાડવાના હેતુથી રાખવા, વેચાણ કરવા તથા પતંગ ઉડાડવા માટે ઉપયોગ કરાવા ઉપર.

સ્પષ્ટીકરણ : રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

સદર હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વાંચ્યો :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગોધરાની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/૦૧/ખ-૧/૧૪૪/૨૦૧૨ની તા. ૧૨-૩-૨૦૧૨.

(૩) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાની કચેરીનો પત્ર તા. ૫-૬-૨૦૧૩ના પત્ર.

(૪) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાની કચેરીનો પત્ર તા. ૨૨-૯-૨૦૧૩ના પત્ર.

(૫) અત્રેનો પત્ર તા. ૨૮-૫-૨૦૧૪.

(૬) અત્રેની કચેરીનો ફડચા અંગેનો વચગાળાનો જા.નં. ફડચ/૦૧/ખ-૨/૨૨૬/૨૦૧૪, તા. ૨૨-૯-૨૦૧૪.

(૭) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૮) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૬-૮-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા.નં. ફડચ/૦૧/ખ-૨/૨૭૮/૨૦૧૪.–ધી આંબલીયાત સેવા સહકારી મંડળી લી., મુ.પો. આંબલીયાત, તા. સંતરામપુર, જિ. મહિસાગરની જેનો નોંધણી ક્રમાંક ૨૯૨૨૫, તારીખ ૧૦મી જૂન, ૧૯૪૭ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખ-૬માં જણાવેલ ફડચાના વચગાળાના હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. છતાં મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૧ માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતા મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો. ઓપ. બેન્ક લી., ગોધરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતનાં પુર્ણ કરવાની રહેશે.

લુણાવાડા, તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર સ. મં.,
મહિસાગર-લુણાવાડા.

નંબર નધણ/કેડીએ/ખે-૩૧૨/ડોકેટ-૧૩૩૭/સને ૨૦૧૪.-આથી જાહેર કરે છે કે, મહુધા તાલુકા ખેતી વિષયક સહકારી મંડળી લી., મહુધા મર્યાદિત સ્થળ સમગ્ર મહુધા તાલુકો, તાલુકો મહુધા, જિલ્લો ખેડા. સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૧૪.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)-૮૮૮૨/ઝ/૪૦૨/૧૬૨૧/સને ૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, રાજસિધ્ધિ એપાર્ટમેન્ટ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., ઠે. રાજસિધ્ધિ એપાર્ટમેન્ટ, નંદનવન સોસયટી પાસે, મુ. વેસુ, તા. સુરત સીટી, જિ. સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)-૮૮૮૩/ઝ/૪૦૩/૧૬૧૭/સને ૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, કેપીટલ સ્ટેટસ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., ઠે. અડાજણ, તા. સુરત સીટી (અડાજણ) ટી.પી. સ્કીમ નં. ૩૧, સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)-૮૮૮૫/ઝ/૪૦૪/૧૬૧૮/સને ૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, કૈવલનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું પો. અલથાણ, સુરત સીટી (ચોર્યાસી), સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૪.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સ (શ)-૪૩૨૬૫/ઝ/૧૬૫૮/૬૪૨૯/સને ૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, શ્રી ઉમા મોટા બાવન કો-ઓપ. ક્રેડીટ

INDEX

સોસાયટી લી., સ્થળ ૧૨-એ, ન્યુ હરિધામ સોસાયટી, બીજા માળે, ૧૨૦ ફુટ બમરોલી રોડ, પાંડેસરા, સુરતને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(શ)-૪૩૨૬૬/ઝ/૧૬૬૦/૬૪૩૨/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ધી અવધ અર્બન કો-ઓપ. ક્રેડીટ સોસાયટી લી., સ્થળ એ/૫૦, ઓફીસ નં.-૧ ગાયકવાડી એપાર્ટમેન્ટ, બહુચર નગર સોસાયટી, હરીધામ મિલની સામે, વેડ રોડ, કતારગામ, સુરતને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દુ)-૪૩૨૬૭/ઝ/૧૬૬૨/૬૪૩૬/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, સરસાણા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ મું.પો. સરસાણા, તા. ઓલપાડ, જિ. સુરતને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દુ)-૪૩૨૬૮/ઝ/૧૬૬૪/૬૪૩૭/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, વલણ દુધ ઉત્પાદક સહકારી મહીલા મંડળી લી., સ્થળ મું.પો. વલણ, તા. કામરેજ, જિ. સુરતને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દુ)-૪૩૨૬૯/ઝ/૧૬૬૬/૬૪૪૦/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, લસકાણા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ મું.પો. લસકાણા, તા. કામરેજ, જિ. સુરતને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દુ)-૪૩૨૭૦/ઝ/૧૬૬૮/૬૪૪૫/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ખોલવડ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ મું.પો. ખોલવડ, તા. કામરેજ, જિ. સુરતને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દુ)-૪૩૨૭૧/ઝ/૧૬૭૦/૬૪૩૩/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, કમરોલી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ મું.પો. કમરોલી, તા. ઓલપાડ, જિ. સુરતને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દુ)-૪૩૨૭૨/ઝ/૧૬૭૨/૬૪૪૧/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ગાડા ડુંગરી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ મું. ગાડા ડુંગરી, પો. વસરાવી તા. માંગરોલ, જિ. સુરતને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દુ)-૪૩૨૭૩/ઝ/૧૬૭૪/૬૪૪૪/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, કોઠવા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ મું.પો. કોઠવા, તા. માંગરોલ, જિ. સુરતને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

INDEX

રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઔદ્યોગિક) અને સંયુકત નિયામક (ટેક્ષટાઈલ) કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા

યાદી :-

જા.નં. જી.ઉ.કે./સુ./અધગ/૫૪/૨૦૧૪.- મોજે સુરત સીટી, જિલ્લા સુરતની ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી., ની તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૪ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાએ પસાર કરેલા ઠરાવ મુજબ મંડળીના મંજુર થયેલ ચૂંટણીના નિયમો (પેટા કાયદામાં સુધારા સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર સાહેબશ્રીએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૩ હેઠળ નીચે સુચવ્યાનુસાર સુધારેલા ચૂંટણી નિયમો (સુધારેલા પેટા કાયદાઓ) મંજૂર કરાયા છે.

No. of the amended Election Rule	Working of the Election Rule as they would read when amended.
Election Rule No.-(20)	The candidate shall be entital to withdraw his cabdidature on or before the date of withdrawal of nomination paper (candidature) given in the time table of election and in such case the deposit paid by him for the purpose shall be refund. A list of remaining cantesting Candidates shall be finally pu at the Notice Board of the Sangh and Sahll also be circulated to voters. If any Candidate dies before the date of withdrawal, then his nomination paper shall be deemed to have been withdeawn.
Election Rule No.-(20A)	If any of the remaining constesting Candidate dies after the publication of the list of remaining contesting candidates as per Rules 20, then the election is to be cancelled and the fresh election is to be made immediately by publishing new timetable as per Rule 12. In cases of cancellation of election as mentioded above the deposit paid by all candidate has to be refunded.
Election Rule No.-(24)	The amount to be deposited by the candidate towardd expenditure regarding election. The candidate consting the election shall to pay Rs. 10,000/- by way of deposite towards the expenses of election to the Sangh's office, alongwith the nomination paper. The amount so deposited shall not to be refunded, except under the circumstance mentioned hereafter. (a) to the respective candidate and/or his/her legal representative in case of eventuality and or/contingency arisingunder Ruel 10 and 20A. (b) to the candidate constesting the election and securing 25% or more of the total votes cast at the election.

નોંધ :-

(૧) આ યાદી ચૂંટણીના નિયમોની નકલ સાથે રાખવી.

(૨) સદરહુ ચૂંટણીના નિયમો (પેટા કાયદાનો સુધારો) જે સાધારણ સભામાં સ્વીકારવામાં આવશે તે દિવસથી અમલમાં આવ્યો ગણાશે.

(૩) સદરહુ ચૂંટણીના નિયમો (પેટા કાયદાનો સુધારો) જે સાધારણ સભામાં સ્વીકારવામાં આવે તેની જાણ સંબંધકર્તા અધિકારીઓને કરવાની રહેશે.

જી. એલ. પટેલ,
રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઔદ્યોગિક)
અને સંયુક્ત નિયામક (ટેક્ષટાઈલ),
કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

પ્રમુખ/મંત્રીશ્રી,
ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી.,
સી-ટાવર, ગ્રાઉન્ડ ફ્લોર શો રૂમ, કોમર્શીયલ સંકુલ,
સેંટ્રલ રોડ નં.-૧૦, ઉદ્યોગનગર, ઉધના,
સુરત-૩૯૪ ૨૧૦.

ગાંધીનગર, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સુરેલી સેવા સહકારી મંડળી લી. મુ. પો. સુરેલી, તા. ઉમરેઠ, જિ. આણંદને કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવા અંગેની સિનીયર ઓફીસર (રીકવરી સેલ), કે.ડી.સી.સી. બેંક, નડિયાદની તારીખ ૧૩-૧૧-૨૦૧૪ની દરખાસ્ત.

(૨) અત્રેની ફડચાનો આખરી હુકમ : ઉખસ/ફડચ/જ-૧/૭૫/ફ ૧૭૪૯૧/૨૦૦૯, તારીખ ૧૨-૨-૨૦૦૯.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦.

(૪) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦-૩-૧૯૯૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જ.

(૫) ગુજરાત સહકાર મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તા. ૨૬-૮-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ઉ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ખ-૧/૩૪૪/૨૦૧૪.—સુરેલી સેવા સહકારી મંડળી લી. મુ. પો. સુરેલી, તા. ઉમરેઠ, જિ. આણંદ જેનો નોંધણી નં. ૩૩૫, તારીખ ૨૭-૭-૧૯૬૦ ને વંચાણે લીધેલા આમુખ (૧) થી કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવા અંગેનો અહેવાલ સિનીયર ઓફીસર (રીકવરી સેલ), કે.ડી. સી.સી. બેંક, નડિયાદની દરખાસ્ત તા. ૧૩-૧૧-૨૦૧૪ થી અત્રે મળેલ છે. આમુખ-૨થી મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવેલ હતો. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે આસી. બેંક ઈન્સ્પેકટરશ્રી અને ફડચા અધિકારી, ઉમરેઠ શાખાના જણાવ્યા મુજબ આખરી ઓડીટ તારીખ ૧૩-૧૧-૨૦૧૪ સુધી કરાવેલ છે તથા ઓડીટરશ્રી મંડળીની નોંધણી રદ કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે. સામેલ અંતિમ ઓડીટ નોંધ મુજબ ફડચા અધિકારીશ્રીએ તા. ૧૩-૧૧-૨૦૧૪ ના રોજનું સરવૈયું શૂન્ય છે. તો મંડળીને સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનું ઉચિત લાગતાં વંચાણે લીધેલ આમુખ-૨ ની જોગવાઈઓ હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ, મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ, સુરેલી સેવા સહકારી મંડળી લી. મુ. પો. સુરેલી, તા. ઉમરેઠ, જિ. આણંદ, નોંધણી નં. ૩૩૫, તારીખ ૨૭-૭-૧૯૬૦ ની નોંધણી રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૪.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ (પ્રમાણિત) સહકારી મંડળીઓ વલસાડના તારીખ ૩૦-૯-૨૦૧૪ ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તારીખ ૧૮-૧૦-૨૦૧૪ ની કારણદર્શક નોટીસ ક્રમાંક : ઉખસ/ફડચ/૧૫૩/૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૩/૨૮૭૪/૨૦૧૪.—શ્રી તાસેબ કો. ઓ. કલેકટીવ ફાર્મિંગ સોસાયટી લી., કલગામ, મુ.પો. કલગામ, તા. ઉમરગામ, જિ. વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક : ખે-૨૩૭૫, તા. ૧૫-૯-૧૯૬૧ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે સદરહું વહીવટ ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ સંસ્થાને ફડચામાં લઈ જવા સંબંધે ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે.

(૧) મંડળીની પ્રવૃત્તિઓ હાલમાં બંધ છે. મંડળી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીના તમામ વ્યવસ્થાપક કમિટી સભ્યો નિષ્ક્રીય હાલતમાં છે. તેમને મંડળી ચલાવવામાં બિલકુલ રસ ન હોવાનું સ્પષ્ટ જણાય આવેલ છે.

(૩) મંડળીમાં વા. સાધારણ સભા કે. વ્ય. કમિટીની સભાઓ મેળવાયેલ નથી.

(૪) મંડળીમાં વા. સાધારણ સભા કે. કમિટીની સભાઓ મેળવાયેલ નથી.

(૫) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ ‘‘ડ’’ છે.

(૬) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ દુરસ્તી કરેલ નથી.

આમુખ-૨ થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીશ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-જમાં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ‘‘શ્રી સલવાવ વિવિધ સેવા સહકારી મંડળી લી.,’’ તાસેબ કો. ઓ.

INDEX

કલેકટીવ ફાર્મીંગ સોસાયટી લી., કલગામ, મુ.પો. કલગામ, તા. ઉમરગામ, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૭મી નવેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ (જં.કા.) સહકારી મંડળીઓ વલસાડના તારીખ ૪-૯-૨૦૧૪ ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૯-૯-૨૦૧૪ ની કારણદર્શક નોટીસ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૧૪૭/૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૪/૨૮૭૮/૨૦૧૪.–શ્રી વલસાડ જિલ્લા મજુર કામદાર સહકારી સંઘ લી., કચીગામ, મુ.પો. કચીગામ, તા. જિ. વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક : ઉ-૧૦૬૨૨, તા. ૮-૧૦-૧૯૯૭ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧ થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે સદરહું વહીવટ ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ સંસ્થાને ફડચામાં લઈ જવા સંબંધે ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે.

(૧) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૨) તા. ૩૧-૩-૨૦૧૩ ના રોજનું સરવૈયુ જોતા સંઘમાં ખાસ પ્રવૃત્તિ થયેલ નથી.

(૩) મંડળીમાં સહકારી કાયદા કાનુન અને પેટા કાયદા અન્વયેના દફતરો નિભાવેલ નથી.

(૪) સંસ્થાના પેટા કાયદા આધિન પ્રવૃત્તિ ચાલતી નથી.

(૫) મંડળીમાં વા. સાધારણ સભા કે વ્ય. કમિટીની સભાઓ મેળવાયેલ નથી.

આમુખ-૨ થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીશ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ''શ્રી વલસાડ જિલ્લા મજુર કામદાર સહકારી સંઘ લી., કચીગામ, મુ.પો. કચીગામ, જિલ્લો વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૭મી નવેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (૧) વલસાડના તા. ૧-૩-૨૦૧૩ ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૫-૯-૨૦૧૪ ની કારણદર્શક નોટીસ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૧૪૩/૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૫/૨૮૮૨/૨૦૧૪.–શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., ધરમપુર, મુ.પો. ધરમપુર, તા. ધરમપુર, જિ. વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક : ૧૬૧૧૪, તા. થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧ થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે સદરહું વહીવટ ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ સંસ્થાને ફડચામાં લઈ જવા સંબંધે ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે.

(૧) સંસ્થા લાંબા સમયથી સ્થગિત રહેવા પામેલ છે. પેટા નિમાનુસારની પ્રવૃત્તિ કરતી નથી.

(૨) સંસ્થાના વ્ય. કમિટીના સભ્યો કોણ છે. તથા મંત્રી કોણ છે. તેની માહિતી મળી શકેલ નથી. તેમજ સંસ્થાની નોંધાયેલ કચેરી ક્યાં છે

INDEX

તથા સંસ્થાના દફતરે કોણ સંભાળે છે. તે માહિતી પણ મળી શકેલ નથી તેમજ સ્થગિત હોવાનું જણાવેલ છે.

આમુખ-૨ થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીશ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. પરંતુ ''તપાસણી કરતાં ડીલેવરી સમયે માણસ હાજર મળતા નથી મુદત પુરી થયેલ હોવાથી મોકલનારને પરત'' ના શેરા સાથે ટપાલ અત્રેની કચેરીને પરત કરેલ છે. આમ સદરહું નોટીસની બજવણી થયેલ નથી. મંડળી તરફથી કોઇ લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ''શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., ધરમપુર, મુ.પો. ધરમપુર, તા. ધરમપુર, જિલ્લો વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૭મી નવેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ (જં.કા.) સહકારી મંડળીઓ વલસાડના તા. ૧૫-૧૦-૨૦૧૨ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૦૮-૧૧-૨૦૧૨ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/૧૭૨/૨૦૧૨.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૬/૨૮૮૬/૨૦૧૪.—શ્રી સલવાવ વિવિધ સેવા સહકારી મંડળી લી., સલવાવ, મુ.પો. સલવાવ, તા. પારડી, જિ. વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે-૨૩૨૪, તા. ૨૨-૦૭-૧૯૭૪થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે સદરહું વહીવટ ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ સંસ્થાને ફડચામાં લઈ જવા સંબંધે ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે.

(૧) સંસ્થા છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. એના પેટાનિયમાનુસારની પ્રવૃત્તિ કરતી નથી.

(૨) સંસ્થામાં કોઈ પગારદાર મહેકમ પણ નથી.

(૩) સંસ્થામાં વ્ય. કમિટીની મિટ મેળવવામાં આવતી નથી. સહકાર કાયદા/કાનુન અન્વયે વાર્ષિક સાધારણ સભા મેળવાતી નથી.

(૪) સંસ્થાનો છેલ્લા છ વર્ષથી ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૫) સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ ઓડિટ મેમોની દુરસ્તી થતી નથી.

(૬) સંસ્થાનો વહીવટ ચલાવવા માટે સંચાલકો કે સભાસદોને રસ નથી.

(૭) પ્રવર્તમાન વૈધનાથન કમિટીના નિયમોનુસાર મંડળી ચાલી શકવા સક્ષમ જણાતી નથી.

આમુખ-૨થી વંચાણેલ લીધેલ કારણદર્શક નોટીશ સંસ્થા ને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. જેમાં મંડળી તરફથી ફડચામાં ન લઈ જવા માટે લેખિત પ્રત્યુત્તર આપી મંડળીને ફડચામાં ન લઈ જતા ચાલુ રાખવા જણાવેલ છે. સદરહુ પ્રત્યુત્તર અંતર્ગત મંડળી હાલમાં ઉદ્દેશો મુજબની કામગીરી કરે છે કે કેમ ? કરેલ કામગીરીનો વિગતવાર રિપોર્ટ તથા મંડળીને ચાલુ રાખવા અને કાર્યરત કરવા સબંધે વિગતવાર પ્રોજેક્ટ રીપોર્ટ તેમજ આધાર પુરાવા સાથે અત્રેની કચેરીના તા. ૨૬-૭-૧૪ પત્ર ક્રમાંક ફડચ/૦૧/છ/૧૦૯/૧૪, તા. ૨૫-૯-૧૪ પત્ર ક્રમાંક ઉખસ/ખ-૩/૧૪૬/૧૪થી સ્મૃતિ પત્ર મંડળીને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ''શ્રી સલવાવ વિવિધ સેવા સહકારી મંડળી લી.,'' સલવાવ, મુ.પો. સલવાવ,તા. પારડી, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૭મી નવેમ્બર ૨૦૧૪.

INDEX

વંચાણે લીધા :

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૨૫-૦૭-૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૧૨-૦૯-૨૦૧૪ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/૧૩૬/૨૦૧૪ તેમજ તા. ૨૫-૦૯-૨૦૧૪ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૩/૧૪૫/૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૬/૨૮૯૨/૨૦૧૪.–શ્રી મહિલાઓ સંચાલિત આસલોણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., આસલોણા, તા. કપરાડા, જિ. વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે.દુ.-૩૬૫૯૭, તા. ૧૬-૦૫-૨૦૦૭થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે સદરહું વહીવટ ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ સંસ્થાને ફડચામાં લઈ જવા સંબંધે શ્રી સ્પેશયલ (મિલ્ક) ઓડીટ મેમામાં ભૂલ માટે ભલામણ કરેલ છે.

(૧) મંડળીએ પેટા નિયમ અનુસાર એકપણ વ્યવસ્થાપક કમિટીની મિટીંગ મેળવેલ નથી.

(૨) મંડળીએ સહકારી કાયદાની કલમ-૭૭ અનુસાર વા.સા.સભા મેળવેલ નથી.

(૩) મંડળીએ સહકારી કાયદાની કલમ-૮૫ અનુસાર ઓડીટ નોંધની ખામીઓની દુરસ્તી કરેલ નથી.

(૪) મંડળીનો વહીવટ ચલાવવા માટે વ્ય. સમિતિ, અને સભાસદોને કોઈ રસ નથી.

(૫) મંડળી છેલ્લા ૩ (ત્રણ) વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ-૧ અને ૨ સંસ્થા ને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તેમજ જરૂરી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી મહિલાઓ સંચાલિત આસલોણા દુધ ઉત્પાદન સહકારી મંડળી લી., આસલોણા, તા. કપરાડા, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે શ્રી વલસાડ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., આલીપુર, તાલુકા ચીખલીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૭મી નવેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૦૫-૦૭-૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૨૮-૦૮-૨૦૧૪ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/૧૨૮/૨૦૧૪ તેમજ તા. ૨૫-૦૯-૨૦૧૪ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૩/૧૪૪/૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૮/૨૮૯૬/૨૦૧૪.–શ્રી મહિલાઓ સંચાલિત યોગીનગર અંદરગોટા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., અંદર્ગોટા, તા. જિ. વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે.દુ.-૩૭૬૪૩, તા. ૨૯-૧૨-૨૦૦૯થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે સદરહું વહીવટ ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સબંધે શ્રી સ્પેશ્યલ (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડે ભલામણ કરેલ છે.

(૧) મંડળી છેલ્લા ૪ (ચાર) વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. મંડળીમાં પેટા નિયમના ઉદ્દેશો અનુસાર કોઈ કામગીરી થતી નથી.

(૨) મંડળી વહીવટ ચલાવવા માટે વ્ય. સમિતિ, મંત્રી કે સભાસદોને કોઈ રસ નથી.

(૩) મંડળીનો છેલ્લા ૪ (ચાર) વર્ષનો ઓડીટ વર્ગ “ડ” છે.

(૪) મંડળીએ સહકારી કાયદાની કલમ-૮૫ અનુસાર ઓડીટ નોંધની ખામીઓની દુરસ્તી કરેલ નથી.

(૫) મંડળીના વ્યવસ્થાપક કમિટીની મિટીંગ કે વા.સા. સભા મેળવેલ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ-૧ અને ૨ સંસ્થા ને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તેમજ જરૂરી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક

રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-જમાં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી મહિલાઓ સંચાલિત યોગીનગર અંદરગોટા દુધ સહકારી મંડળી લી., અંદરગોટા, તા. જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે શ્રી વલસાડ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., આલીપુર, તાલુકા ચીખલીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૭મી નવેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) શ્રી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ, વલસાડના તા. ૦૪-૦૯-૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૨૯-૦૯-૨૦૧૪ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/૧૪૮/૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૯/૨૮૯૮/૨૦૧૪.—શ્રી મત્સગંધા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મું. પો. ઉમરસાડી માછીવાડ, તા. પારડી, જિ. વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ખે-૧૦૦૨, તા. ૨૨-૦૮-૧૯૬૬થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે સદરહું વહીવટ ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ સંસ્થાને ફડચામાં લઈ જવા સબંધે ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે.

(૧) મંડળીનો છેલ્લા છ વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૨) તા. ૩૧-૩-૧૩ના રોજનું સરવૈયુ જોતાં મંડળીની નોંધણી સમય બાદ કોઈ પ્રવૃત્તિ થયેલ નથી.

(૩) મંડળીમાં સહકારી કાયદા કાનુન અને પેટા કાયદા અન્વયેના દફતરો નિભાવેલ નથી.

(૪) સંસ્થાના પેટા કાયદા આધિન પ્રવૃત્તિ ચાલતી નથી.

(૫) મંડળીમાં વા. સાધારણ સભા કે વ્ય. કમિટીની સભાઓ મેળવાયેલ નથી.

(૬) મંડળીના સભાસદો કે વ્ય. કમિટીના સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-જમાં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી મત્સ્યગંધા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મું.પો. ઉમરસાડી, માછીવાડ, તા. પારડી, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૭મી નવેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ (જં.કા.) સહકારી મંડળીઓ વલસાડના તા. ૦૪-૦૯-૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૨૯-૦૯-૨૦૧૪ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૩/૧૪૯/૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૭૦/૨૯૦૨/૨૦૧૪.—શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓનો સહકારી સંઘ લી., ધરમપુર, મુ.પો. ધરમપુર, તા.ધરમપુર, જિ. વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક-૪૮૫, તા. ૧૧-૦૩-૧૯૬૫થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે.

સદરહું વહીવટ ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ સંસ્થાને ફડચામાં લઈ જવા સબંધે ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે.

(૧) મંડળી (સંઘ)નો ઘણા સમયથી ઓડીટ વર્ગ ‘‘ડ’’ છે.

(૨) મંડળી (સંઘ)ની આર્થિક અને વહીવટી પરિસ્થિતી જોતા મંડળી (સંઘ) માં કોઈ પ્રવૃત્તિ થયેલ નથી.

(૩) મંડળીમાં સહકારી કાયદા કાનુન અને પેટા કાયદા અન્વયેના દફતરો નિભાવેલ નથી.

(૪) સંસ્થાના પેટા કાયદા આધિન પ્રવૃત્તિ ચાલતી નથી.

(૫) મંડળીમાં વા. સાધારણ સભા કે વ્ય. કમિટીની સભાઓ મેળવાયેલ નથી.

(૬) મંડળીના સભાસદો કે વ્ય. કમિટીના સભ્યોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ સંસ્થાને આપી ન્યાયના હિતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. પરંતુ ‘‘તપાસણી કરતાં ડીલીવરી સમયે માણસ હાજર મળતા નથી મુદત પુરી થયેલ હોવાથી મોકલનાર ને પરત’’ ના શેરા સાથે ટપાલ અત્રેની કચેરીને પરત કરેલ છે. આમ સદરહુ નોટીસની બજવણી થયેલ નથી. મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓનો સહકારી સંઘળી લી., ધરમપુર, મુ.પો. ધરમપુર, તા. ધરમપુર, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વલસાડની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૭મી નવેમ્બર ૨૦૧૪.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3000/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, JANUARY 29, 2015 / MAGHA 9, 1936 [No. 5

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	141-187
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	5
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	9
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	133-404

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ગ/ઉપક/ટ્રાફીક/૪૩૨/૨૦૧૫.–હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ નંબર ૨૨ની પેટા કલમ-(૩૩)(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ સુરુંચી અથવા નીતિનો ભંગ ન થાય તે સારૂ ફરમાવું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫ દરમ્યાન કોઈપણ વ્યક્તિ અગર ઈસમોએ જાહેરમાર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપર કે જેના કારણે તેની અસર બીજી કોઇ વ્યક્તિની જીદંગી ભયમાં મુકાય અથવા મિલકતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાડવી નહી. પતંગ લુંટવો કે પતંગ ઉપર કોઈ પણ જાતના ઉશ્કેરણી જનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહી કે, રાખવા નહી, લાઉડ સ્પીકર અવાજ કરે કે ઘોંઘાટ ત્રાસ થાય તે રીતે વગાડવા નહી કે આવા અવાજો ઉપર ચેનચાળા કરવા નહી.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૧૧૩-૩૭(૧)(છ) ભંગ કરી ૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ જાહેરનામાની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધી તથા જાહેરાત કરાવવી.

INDEX

આજ રોજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./એ સેકશન/પરમીટ/૫/૨૦૧૫.–છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ શહેરમાં બનેલ ચોરી, લુટ, ખૂન, જેવા ગુન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં કેટલાક ઘરઘાટીઓ જાહેર સુલેહશાંતિને કેટલાક માણસની જિંદગીને ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે.

મહદઅંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુન્હો કરી જતાં રહેતા હોય છે, તેઓ વિષે માલીક પાસે અગર પોલીસ પાસે માહીતી હોતી નથી. પરિણામે તેઓને પકડવા મુશ્કેલ ભર્યું બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતાં માલીકો ઉપર થોડા નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન માલીક/મકાન ભાડુઆત જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહિ અને માલીકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહીતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

(૧) ઘરઘાટીનું પુરૂં નામ :

(૨) ઘરઘાટીનું અમદાવાદનું સરનામું તથા તેની સાથેના માણસની વિગત :

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતાં હોય તે માલીકનું નામ-સરનામું (બે, ત્રણ તમામ માલિકોના નામ-સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો) :

(૪) બાંહેધરી અગર જેના મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ સરનામું :

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલીકનું નામ સરનામું :

(૬) અમદાવાદમાં ઘરઘાટીનાં ઓળખીતાના નામ-સરનામાં તથા ટેલીફોન નંબર :

(૭) ઘરઘાટીનાં વતનનું સરનામું પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં રહેતાં તેના ભાઈ, બહેન માતા-પિતાના નામો :

(૮) ઘરઘાટી પરણીત હોય તો સાસરીનું નામ-સરનામું :

(૯) ઘરઘાટીનું ચહેરા નિશાન, ઉંમર વર્ષ, ઉંચાઈ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની) :

આ હુકમ તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર વિશા/જાહેરનામું/એ-સેકસન/પરમીટ/૬/૨૦૧૫.–અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે. વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે, બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ માહે જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હંગામી જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./મકરસંક્રાતિ/૦૩/૨૦૧૫.–તારીખ ૧૪-૧૫મી, જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ''મકરસંક્રાતિ''નો તહેવાર આવતો હોય સુરત

INDEX

શહેરમાં આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. અને કપાયેલા પતંગો અને દોરા વિગેરે કપાઈને જાહેર રોડ ઉપર આવતા હોય છે. રોડ ઉપર પસાર થતા વાહન ચાલકોના ગળામાં અકસ્માતે દોરો ભેરપાઈ જતાં ગંભીર પ્રકારના અકસ્માતો બનવાની પુરે પુરી શક્યતાઓ છે.

ભુતકાળમાં વરાછા ફ્લાય ઓવરબ્રીજ ઉપર તેમજ કતારગામ લલીતા ચોકડી ચાર રસ્તા પાસે મકરસંક્રાંતિ તહેવાર દરમ્યાન પતંગની દોરીના કારણે ટુ-વ્હિલર વાહન ચાલકોના મરણ ગયેલાના અકસ્માતના બનાવો નોંધાયેલ છે. જેથી આવા ગંભીર અકસ્માત અટકાવવા અને જાહેર જનતાની સલામતી જાળવવા માટે જાહેર હિતમાં નીચે મુજબનો પ્રતિબંધ મુકવો જરૂરી જણાયેલ છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેરના ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારીની રૂએ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરૂં છું કે,

હુકમ

સુરત શહેરમાં વરાછા ફ્લાય ઓવરબ્રીજ ઉપર બન્ને સાઈડેથી ટુ-વ્હિલર વાહનોને તારીખ ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૫ સવાર કલાક ૬/૦૦ થી તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ રાત્રી કલાક ૨૨/૦૦ વાગ્યા સુધી અવર જવર કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

નોંધ :- પ્રતિબંધિત સમય દરમ્યાન ટુ-વ્હિલર વાહન ચાલકો ફ્લાય ઓવર બ્રિજના નીચેના રસ્તેથી અવર જવર કરી શકશે. આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૦૫/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા બિહાર રાજ્યના પટના અને બૌધ્ધગયા, અમદાવાદ, મોડાસા, બેંગલોર, દિલ્હી અને ચૈન્નઈ શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાન હાની તેમજ માલ મિલકતોને નુકસાન કરવામાં આવેલ તેમજ અગાઉ મુંબઇ શહેર ખાતે અલગ-અલગ સ્થળોએ કરવામાં આવેલ આતંકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાના સાધન સામગ્રી મળી આવેલ હતી. જે જોતાં આતંકવાદી / ત્રાસવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી / ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલો સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય છે. તેવા સાયકલો / વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષાના પરપ્રેક્ષ્યમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવી તેમજ જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર, મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારા સભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર / પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ સ્કુટર કે મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલિફોન / મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ કે તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી / રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૫ થી કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૦મી માર્ચ, ૨૦૧૫ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સી. આર. પી. સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૦૬/૨૦૧૫.–ભુતકાળમાં બિહાર રાજ્યના પટણા તથા બૌધ્ધ ગયા ખાતે તેમજ ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી, ચેન્નઈ શહેરમાં આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણી બધ્ધ બોમ્બ વિસ્ફોટ કરવામાં આવેલ છે, જે તમામ બનાવને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલા આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવર જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલા જે બનાવોને ધ્યાને લેતા સુરત શહેરની જનતાની પણ સુરક્ષા માટે કોઈપણ વ્યક્તિએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈ પણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી. જેથી, આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મૂકવો મને જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા / રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી મુકવા નહીં.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૫ થી ક. ૦૦-૦૦ થી તારીખ ૧૦મી માર્ચ, ૨૦૧૫ ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા રસ્તા / તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૬/૨૦૧૫.–ભુતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટાપાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ. જે અંતર્ગત ગુજરાત સરકારના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક વિ-૧/ક.અ.વ./૧૦૨૦૧૩/૧૯૧૫૪, તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૩થી આપેલ સુચનાનુસાર અને ભુતકાળના બનાવો જેવા કે, સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા સુરત શહેરની સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

સુરત શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની મોટી સંખ્યામાં અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

જેથી, હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, સુરત શહેરના સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ ATM સેન્ટરો, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો / ઉપભોક્તાઓ / વહીવટકર્તાઓ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીક્યુરીટી માટે મેટલ ડીરેકટર સાથે ફરજ ઉપર નિયુક્ત કરવાના રહેશે. તથા પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી

INDEX

સંખ્યામાં સી.સી.ટી.વી.ની વ્યવસ્થા કરવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા લગાવવાની તથા સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે. અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવો.

(૫) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૬) રિશેપ્શન કાઉન્ટર લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૭) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર CCTV કેમેરા સહિતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૮) મોલની અંદર દાખલ થતા વાહનો(મોટરસાયકલ/ફોરવ્હીકલ) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યકિતઓનું ચેકીંગ પણ સંપૂર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૯) મોલની માલિકી બદલાતી રહેતી હોય છે. આથી જ્યારે જ્યારે મોલની માલિકી બદલાય ત્યારે નવા તેમજ માલિકી ફેર બદલી અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટરશ્રીને કરવાની રહેશે. ઉપરાંત મોલમાં આવતા સામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે, મોલમાં કોઇ કાયદાની પ્રતિબંધિત માલસામાન સ્ફોટક પદાર્થો આવી જતા નથી તેનું નિરીક્ષણ થવું પણ જરૂરી છે. જે અંગેની કાળજી અને જરૂરી વ્યવસ્થા સંચાલકોએ કરવાની રહેશે.

(૧૦) મોલમાં મોલ માલિકના ખર્ચે ખાનગી સિકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સિકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઇએ આ અંગે તાલીમબંધ્ધ થયેલ હોવા જોઇએ. મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યકિતઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપૂર્ણ પણે મોલના માલિકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ મોલના ચેકીગં સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમનો અમલ તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૭/૨૦૧૫.—સુરત શહેરમાં વિદ્યાર્થીનીઓ ટ્યુશન કલાસીસમાં અભ્યાસ કરવા માટે જાય છે. આ વખતે ટ્યુશન કલાસીસમાં જતી વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ છેડતી તથા ગંભીર પ્રકારના ગુનાઓ બનતાં હોવાનું જણાય આવેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર પ્રકારનાં બનતાં બનાવોના કારણે જાહેર શાંતિ અને સલામતી જોખમાય નહિં તે હેતુસર જાહેરહિતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ચાલતાં શૈક્ષણિક ટ્યુશન કલાસીસ ઉપર અમુક પ્રકારનાં નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેરમાં સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ ટ્યુશન કલાસીસના સંચાલકો/માલિકોઓએ ટ્યુશનની જગ્યાએ અંદરના ભાગે તથા બહારના ભાગે રોડ સુધી કવર થાય તે રીતે તેમજ વિદ્યાર્થીનીઓ તથા અવર જવર કરતાં તમામ માણસોનાં ચહેરા સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવી રીતે સારી ગુણવત્તાવાળા અને વધુ રેન્જના સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ આ કેમેરાઓનું રેકોર્ડીંગ ૩૦-દિવસ સુધી સંગ્રહ કરવાનું રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા ૨૪ કલાક સતત ચાલુ રહે તે જોવાની જવાબદારી સંચાલક/માલીકની રહેશે. હયાત તમામ ટ્યુશન કલાસીસનાં સંચાલકોએ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાના સાત(૭) દિવસમાં જાહેરનામા મુજબની કાર્યવાહી કરવાની રહેશે અને નવા શરૂ થતાં કલાસીસનાં સંચાલકોએ આ વ્યવસ્થા કર્યા બાદ જ કલાસ શરૂ કરવાના રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

INDEX

(૧) ટ્યુશન કલાસીસની જગ્યાની અંદરના તથા બહારના ભાગનાં રોડનું સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતાં અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામનાં ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) ટ્યુશન કલાસના વાહન પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવા.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમયગાળો

આ હુક તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :

(1) G.A.D. Notification No. GS/2014-35-PHD/102014/1339/GH, Dated 07-10-2014.

(2) Hon’ble High Court of Gujarat letter No. C. 2103/2011, Dated 15-11-2011.

(3) Hon’ble High Court of Gujarat letter No. C. 2103/2012, Dated 27-12-2012.

Notification

No. B/8/3/3028/2014.–In accordance with the provision contained in Para-625 of Civil Manual, 1960, Vol-I, the Principal District Judge, Ahmedabad (Rural), at Ahmedabad is pleased to notify the following HOLIDAYS, to be observed in the Year–2015. The District Court and all the Subordinate Court in the Ahmedabad (Rural) District shall remain closed on these days :–

Sr. No.	Name of Holidays	Date according to Gregorian Calender			Day
1	Makar Sankranti	14th	January,	2015	Wednesday
2	Republic Day	26th	January,	2015	Monday
3	Maha Shivratri	17th	February,	2015	Tuesday
4	Holi 2nd Day-Dhuleti	6th	March,	2015	Friday
5	Chetichand	21st	March,	2015	Saturday
6	Shree Ram Navmi	28th	March,	2015	Saturday
7	Mahavir Jayanti (Janma kalyanak)	2nd	April	2015	Thursday
8	Dr. Babasaheb Ambedkar’s Birthday	14th	April	2015	Tuesday
9	Ramzan-Id-(Id-Ul-Fitra)(1st Shawaal) (Muslim, Shiya & Sunni)	18th	July	2015	Saturday
10	Independence Day	15th	August	2015	Saturday
11	Raksha Bandhan	29th	August	2015	Saturday
12	Janmastami	5th	September	2015	Saturday
13	Samvantsari (Chaturthi Paksha)	17th	September	2015	Thursday
14	Bakri-Id-(Idd-Ul-Aza)	25th	September	2015	Friday
15	Mahatma Gandhi’s Birthday	02nd	October	2015	Friday
16	Dusshera (Vijya Dashmi)	22nd	October	2015	Thursday
17	Muharram	24th	October	2015	Saturday
18	Sardar Vallabhbhai Patel’s Birthday	31st	October	2015	Saturday
19	Additional Diwali Holiday	9th	November	2015	Monday

INDEX

20	Additional Diwali Holiday	10th	November	2015	Tuesday
21	Diwali	11th	November	2015	Wednesday
22	Vikram Samvat New Year Day (Kartik Sud-1)	12th	November	2015	Thursday
23	Bhai Bij	13th	November	2015	Friday
24	Guru Nanak's Birthday (Kartik Sud-15)	25th	November	2015	Wednesday
25	Ed-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th	December	2015	Thursday
26	Christmas	25th	December	2015	Friday

Note :-

(1) The Following day have not been notified as General Holiday, as they fall On **Sunday**.

1	Ed e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th	January	2015	Sunday

(2) If any of the Muslim Holidays notified above, does not fall on the day notified, the Muslim Employees of this district court may be granted an optional Holiday on the day on which the holiday is actually observed.

(2) In addition to the holidays notified above, Government Servants may avail of maximum of any two Optional holidays on the Festival Occasions for the year 2015 at their option and irrespective of their religious denomination out of the list of the Optional Holiday declare vide Government Notification GAD Notification No. GS/2014-35-PHD/102014/1339/GH, dated 07-10-2014. Permission for the availment of those Optional Holidays should however, be applied for in advance and will normally be granted by the officer competent to grant Casual leave with due regard to exigencies to Government work. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Ahmedabad, 31st December, 2014.

Kum. S. C. SRIVASTAVA,
Principal District Judge,
Ahmedabad (Rural).

Read :

(1) Honble High Court Letter No. C. 2103/2015, dated : 16-01-2015.

Notification

No. ADM/12/87 of 2015.–In exercise of the powers conferred upon him under Hon'ble High Court Letter dated 16-01-2015 cited in the preamble, the undersigned is pleased to declared that, the District Court, inclusive of all the Courts and Office stationed at **Nadiat Head-Quarter only,** shall remain closed on **TUESDAY 03rd Feburary, 2015** to be a Holiday on account of **MAHA-SUD-PURNIMA - SAKAR VARSHA FAIR** celebrated in **"SANTRAM MANDIR at NADIAD"** and in lieu thereof, **Closed fourth Saturday 28th February, 2015** the District Court, inclusive of all the Court and Offices stationed at **Nadiad Head-Quarter only,** shall be **working day.**

Nadiad, 16th January, 2015.

M. P. SHETH,
Principal District Judge,
Kheda at Nadiad.

Read :

(1) G.A.D. Notification No. GS/2014-35-PHD/102014/1339/GH, Dated 07-10-2014.

(2) Hon'ble High Court letter No. C. 2101/2015, Dated 25-11-2014.

Notification

No. B/ADM/08 of 2015.–In accordance with the provision contained in para 625 of Civil Manual, Vol. I, 1960, the Principal District Judge, Panchpamal at Godhra is pleased to notify the following Holidays, to be observed in the Year–2015. The District Court and all Subordinate Courts in the panchmahals District shall remain closed on these days :–

Sr. No.	Name of the Holidays	Date of according to Gregorian Calender			Day of week
1	Makar Sankranti	14th	January,	2015	Wednesday
2	Republic Day	26th	January,	2015	Monday
3	Maha Shivratri	17th	February,	2015	Tuesday
4	Holi 2nd Day-Dhuleti	6th	March,	2015	Friday
5	Chetichand	21st	March,	2015	Saturday
6	Shree Ram Navmi	28th	March,	2015	Saturday
7	Mahavir Jayantee (Janma kalyanak)	2nd	April	2015	Thursday
8	Dr. Babasaheb Ambedkar's Birthday	14th	April	2015	Tuesday
9	Ramzan-Id-(Id-Ul-Fitra)(1st Shawwaal) (Muslim, Shiya & Sunni)	18th	July	2015	Saturday
10	Independence Day	15th	August	2015	Saturday
11	Parsi New Year Day-Pateti (Parsi Shahenshahi)	18th	August	2015	Tuesday
12	Raksha Bandhan	29th	August	2015	Saturday
13	Janmashtami (Shravan Vad-8)	5th	September	2015	Saturday
14	Samvantsari (Chaturthi Paksha)	17th	September	2015	Thursday
15	Bakri-Id-(Idd-Ul-Aza)	25th	September	2015	Friday
16	Mahatma Gandhi's Birthday	02nd	October	2015	Friday
17	Dusshera (Vijya Dashmi)	22nd	October	2015	Thursday
18	Muharram	24th	October	2015	Saturday
19	Sardar Vallabhbhai Patel's Birthday	31st	October	2015	Saturday
20	Diwali (Extra)	9th	November	2015	Monday
21	Diwali (Extra)	10th	November	2015	Tuesday
22	Diwali	11th	November	2015	Wednesday
23	Vikram Samvat New Year Day	12th	November	2015	Thursday
24	Bhai Bij	13th	November	2015	Friday
25	Diwali (Extra)	16th	November	2015	Monday
26	Guru Nanak's Birthday	25th	November	2015	Wednesday
27	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th	December	2015	Thursday
28	Christmas	25th	December	2015	Friday

Note :-

(1) The Following days have not been notified as General Holiday, as it falls On **SUNDAY**.

1	Id e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th	January	2015	

(2) If any of the Muslim Holidays notified above, does not fall on day notified, the Muslim Government Employees may be granted an **OPTIONAL HOLIDAY** on the day on which the holiday is actually observed.

(3) In addition to the Holidays notified above, Government Servants may avail of maximum of any two OPTIONAL HOLIDAY on the FESTIVAL OCCASSIONS for the **YEAR 2015** at their option and irrespective of their religious denomination. Permission for availment of those Optional Holiday should however, be applied for in advance and will normally be granted by the Officer competent to grant Casual Leave with the due regard to exigencies to Government work. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice, will not be debited to their Casual Leave Account.

Panchmahals, 1st January, 2015.

HITEN G. BHATT,
Principal District Judge,
Panchmahals at Godhra.

Read :-

(1) Hon'ble High Court letter No. C. 2103/1991, dated 07/01/1991.

(2) Hon'ble High Court letter No. C. 2103/2016, dated 30/12/2006.

Notification

No. 01/2015.–Under the power vested in him under paragraph-628, Chapter-XXXI, of Civil Manual, Volume-I, 1960 and in exercise of the powers conferred by sub-section-(2) of section-22 of the Gujarat Civil Court Act, 2005, and in view of the instruction and directions contained in the letters dated 07-01-1991 and 30-12-2006 of Hon'ble High Court of Gujarat cited at Sr. No. 1 and 2 in the preamble, the Principal District Judge, Tapi, at Vyara, is pleased to notify the closing of all the Civil Courts in the Judcial District of Tapi at Vyara, for the ensuring **ANNUAL SUMMER VACATION - 2015** for **30 DAYS COMMENCING FROM SATURDAY 16th MAY, 2015 to SUNDAY 14th JUNE, 2015 [both days Inclusive].**

The offices of the Nazir and the Record-keeper of the District Court, Tapi as well as Offices of the Nazir of Subordinate Civil Courts in the Judicial District Tapi shall remain open during the annual summer vacation, on all working days.

Vyara, 5th January, 2015.

N. N. NAYAK,
Principal District Judge,
Tapi at vyara.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સને ૧૯૭૪નો ૨જો) ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર ડીસીબી/એમએજી/વશી. ૨૬૯/રજી.નં.૩/૨૦૧૫.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોનાં જાન, સ્વાસ્થ્ય અને સલામતિ અને જાહેર શાંતિ જાળવવા માટે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, કોઈ અઘટિત ઘટના ન બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુસર નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું જાહેરનામું'' મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તા રૂએ, હું રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી (બંને દિવસો શુદ્ધાં) ના સમય માટે કોઈપણ વ્યક્તિઓનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જીદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનાફાઈડ વ્યક્તિઓને, તેમજ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કરનાર અધિકારીઓ, કર્મચારીઓ જેઓને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે કામગીરી સોંપેલ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ન (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૫૩ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપેલ છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ -૧૪૪ હેઠળ.

નંબર મજસ/મકાન ભાડા/જાહેરનામું/૨૦/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૦૪-૦૧-૨૦૧૫ના પત્ર નંબર એસ.ઓ.જી./જાવક/૧૯/૨૦૧૫ થી જણાવ્યા મુજબ તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા ગત તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૨ના સાંજના સમયે આતંકવાદી-અસામાજીક તત્ત્વો દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરમાં !દયસમા ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કીલોમીટરના ડાયરામાં ''Low intensity'' ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવામાં આવેલ છે. તથા બે બોમ્બે એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસ સ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ તેમજ તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે અને અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ આવનાર દિવસોમાં ૨૬મી જાન્યુઆરી તથા અન્ય તહેવાર આવનાર છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા આવા તત્ત્વો રહેણાંક તથા

ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

સબબ, હું, પી. ભારથી (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ
પંચમહાલ જિલ્લામાં ભાડે આપેલ હોય તેની વિગત

ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત
(ઔદ્યોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફ્લેટ/ડુપ્લેક્ષ/દુકાન/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલ્કત)

પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી ....પોલીસ સ્ટેશન.

તા.

ઔદ્યોગિક એકમ, મકાન માલીકનું નામ શ્રી / શ્રીમતિ ....

જન્મ તારીખ (ઉંમર) .... સરનામું...

ફોન નં. (ઘર) .... (ઓફીસ) ....(મો)...

ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી / શ્રીમતિ ....

જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલ્કતનું સરનામું ....

(ભાડે રાખેલ મિલ્કત) નો ફોન નંબર .... (મો) ....

કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો ....રીન્યુઅલ તારીખ.................................

ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)...(મો)..

નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું..

ભાડુ કેટલું ₹ .... ડીપોઝીટ ₹ ....

નિયમો

૧. આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

૨. આ ફોર્મ સંપુર્ણ ભરીને મકાન માલિક અથવા ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

૩. આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

૪. તમારી મિલ્કત કોઈનો કબ્જો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણુંક પત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું.

૬. ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૭. આ સાથે ₹ ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

૮. મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

૯. ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.

૧૦. બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખી આપવી.

૧૧. આ ફોર્મ પંચમહાલ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખુ રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતિ..

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)..

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું ....

(૧)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)..

(૨)

ફોન નં. (ઘર)...(ઓફીસ)..(મો)..

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો		પોલીસ સ્ટેશનનો સહી સીક્કો અને તારીખ

ભાડુઆતની સહી મિલ્કત માલીકની સહી એજન્ટની સહી

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૨૧/૨૦૧૫.—પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નં.એસ.ઓ.જી./જાવક/૧૪/૨૦૧૫, તા. ૦૪-૦૧-૨૦૧૫ થી રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિદ્ધ થતા અહેવાલો વર્તમાન અને ભુતકાળમાં બનેલ આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલમિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની ફોર-થ્રી વ્હીલર ગાડીઓ જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્ત્વોદ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે. અને કાયદોઅને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાતી હોય છે. આવનાર દિવસોમાં ૨૬મી જાન્યુઆરી, તથા અન્ય તહેવારો આવનાર છે. જેથી આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુની સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર વાહનો ખરીદવા-વેચવા અંગે સી.આર.પી.સી. ૧૪૪ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આતંકવાદી તત્ત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય. તે ધ્યાને રાખી દરખાસ્ત મોકલી આપેલ છે. ઉપરોક્ત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

INDEX

સબબ, આથી હું પી. ભારથી (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં જુની સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર.	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત.	જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ.	એન્જીન/ચેસીસ નંબર, મોડેલ નંબર, રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

(૧) જુનુ ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર/ચેસીસ નંબર લખવો.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/વશી/૨૨/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જાહેરનામું/૧૬/૨૦૧૫, તા. ૪થી જાન્યુઆરી, ૨૦૧૫ થી જણાવ્યા મુજબ બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્ત્વો ધ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી અથવા વેચાણથી રહેણાંક વિસ્તારમાં મકાન લઇ સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઇ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદ ઈરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી તેમજ માનવ જિંદગીની ખુવારી કરી લોકોની સંપત્તિને નુકશાન કરી જતા રહેતા હોય છે. અને પાછળથી તેઓના નામ, સરનામાં મળી શકતા નથી. અને ગુન્હાઓનો ભેદ ખુલી શકતો નથી. અને આવનાર દિવસોમાં ૨૬મી જાન્યુઆરી, તથા અન્ય તહેવારો આવનાર છે જેથી બહારના રાજ્યના (પર પ્રાંતિય) ઈસમોને મકાન ભાડે આપવા અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઈના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, પી. ભારથી, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરાના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લા વિસ્તારમાં કોઇ મકાન માલિક અગર તો

INDEX

આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહિં. ભાડા આપેલ મકાનની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત વિસ્તાર મકાન નંબર	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે. ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે.	કઇ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમાં રહેનાર વ્યક્તિના પાકા નામ સરનામાં.	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/સીસી ટીવી/જાહેરનામું/૨૩/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા.૪થી જાન્યુઆરી, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૧૮/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભોગે રાજ્ય બહાર, પરપ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઇ આ પ્રકારની પ્રવૃત્તિઓ આચરતા હોય છે.

અસામાજીક તત્વો દ્વારા આચરવામાં આવતી ઉપરોક્ત પ્રકારની ગુન્હાકીય પ્રવૃત્તિઓના કારણે જાહેર સલામતી સુરક્ષા, તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો જાહેર જનતા, પ્રજામાં, અસલામતી, અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાતી હોય છે તેમજ આવનાર દિવસમાં ૨૬મી જાન્યુઆરી તથા અન્ય તહેવારો આવનાર છે જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા તથા તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય, તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓ/બનાવો બનતા અટકાવી શકાય, તે હેતુસર હાઇ-વે રોડ પર આવેલ હોટલો, પેટ્રોલ પંપો, ટોલપ્લાઝા વિગેરે સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અને આવનાર દિવસોમાં ૨૬મી જાન્યુઆરી તથા અન્ય તહેવારોને ધ્યાને લઇ તમામ અસામજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઇ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉક્ત માંગણી વ્યાજબી જણાય છે.

પંચમહાલ જિલ્લામાં ઉપરોક્ત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દ્રષ્ટિએ તકેદારીના પગલાંરૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાતાં, હું પી. ભારથી (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતી ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

પંચમહાલ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઇ-વે ઉપરની હોટલો, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, જેવા સ્થળો ખાતે સબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લાની આવેલ તમામ પેટ્રોલ પંપો ખાતેના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલોના ભોજન કક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઇ-વે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વિડીયો રેકોર્ડીંગ થઇ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા નાઇટવીઝન કેમેરા (હાઇડેફીનેશન) સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી. નાઇટવીઝન કેમેરા (હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી. ટી. ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરાઓ ગોઠવવા.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકાશે.

આ હુકમનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેર હુકમ

ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૨૪/૨૦૧૫.–પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૪થી જાન્યુઆરી, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૧૭/૨૦૧૪ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઇલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડો મેળવતા હોય છે. અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જિલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઇલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઇ આવેલ છે. તે માટે મોબાઇલ ફોન લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ફોન ખરીદેલ જે મોબાઇલ ફોન ખરીદનાર/વેચનાર ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઇ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતાઓ દ્વારા મોબાઇલ સીમ કાર્ડ તેમજ જુના-નવા મોબાઇલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઇલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઇલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ, સરનામાંની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તો ઉપરોક્ત તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તેમ છે. અને આવનાર દિવસોમાં ૨૬મી જાન્યુઆરી તથા અન્ય તહેવારો આવનાર છે જેથી તે અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતા ધ્વારા મોબાઈલના સીમ કાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાંની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદ કરી તે દ્વારા બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, આથી હું, પી.ભારથી, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં મોબાઇલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા વિક્રેતાઓ/વેપારીઓએ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે. તથા તે અંગેનું રેકર્ડ રાખવાનું રહેશે. તેમજ રજીસ્ટર નીચેના નમુનામાં નિભાવવાનું રહેશે.

INDEX

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત / કંપની	યોભયદઃઇ	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	આઈ. ડી. પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલની ફોનની વિગત / કંપની	યોભયદઃઇ	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	આઈ. ડી. પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત / કંપની	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાંની વિગત.	આઈ. ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

ક્રમાંક મજસ/જાહેરનામું/૨૫/૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા.૪થી જાન્યુઆરી, ૨૦૧૫ના પત્ર ક્રમાંક એસઓજી/જાવક/૧૫/૨૦૧૪ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ થયેલ આતંકવાદી તત્વો દ્વારા જાનહાની માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટના ઘટેલ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો પંચમહાલ જિલ્લાની હોટેલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશની બહારથી આવતા આવા તત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે આપતા માલિકો રૂમ ભાડે આપે ત્યારે નીચે મુજબની શરતોનું પાલન કરી આપે તો ગંભીર પ્રકારના બનતા ગુન્હાઓ ઉપર અંકુશ લાવી શકાશે તેમજ લોકોની જાનમાલને નુકશાન થતુ અટકાવી શકાશે.અને આવનાર દિવસોમાં ૨૬મી જાન્યુઆરી તથા અન્ય તહેવારો આવનાર છે. જેથી લોકોની સુરક્ષાને ધ્યાને રાખી નીચે મુજબની શરતો મુજબ જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

સબબ હું, પી. ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા દેશી/વિદેશી નાગરીકોને રૂમોં ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહી અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહિતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહી.

(૫) દેશી/વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહિતના નકકર પુરાવા મેળવવા.

(૬) પંચમહાલ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે સીટી એરીયામાં કઇ જગ્યાએ રોકાઇ કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુમકનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

પી. ભારથી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

કલેકટર દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) અત્રેના હુકમ નં. એસયુપી/કસન/ભાવ બાંધણી/વશી-૩૪૦-૬૮/૨૦૧૩, તારીખ ૪થી ઓગસ્ટ, ૨૦૧૪.

(૨) ધી કેરોસીન રીસ્ટ્રીક્શન એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈસ ઓર્ડર, ૧૯૯૩.

(૩) ઉપ સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક કસન/૧૦૨૦૧૪/GOI/૬/બ, તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૪.

(૪) ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલીયમ એન્ડ નેચરલ ગેસ વિભાગનાં પત્ર નંબર P-20028/2/2000-PP (Vol.IV)(Pt), તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૪.

હુકમ

નંબર એસયુપી/કસન/ભાવ બાંધણી/વશી/૮૫ થી ૧૨૭/૨૦૧૫.– જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના ભુરૂ કેરોસીનના ભાવ આમુખ-(૧)માં જણાવેલ હુકમથી કેરોસીન વિતરણના ભાવ નક્કી કરવામાં આવેલ હતા.

ભારત સરકારના આમુખ-(૪)માં દર્શાવેલ પત્રને ધ્યાને લઈ ઉપ સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના દ્વારા આમુખ-(૩) થી કેરોસીન વ્હોલસેલ ડીલરના કમીશનમાં થયેલ ફેરફારના કારણે તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૪ થી કેરોસીનમાં નવા ભાવ બાંધણીના હુકમો કરવા જણાવેલ છે. આથી, આમુખ-(૧) થી નક્કી કરેલ કેરોસીનના જથ્થાબંધ ભાવમાં કેરોસીન ડીલર્સના કમીશનમાં ₹ ૯૭.૮૫નો વધારો કરી ₹ ૫૩૬.૦૯ કરવામાં આવેલ છે.

આમ, નામ. કેન્દ્ર સરકારશ્રી તરફથી તેમજ રાજ્ય સરકારશ્રી તરફથી થયેલ જથ્થાબંધ કેરોસીનના કમીશનમાં વધારો ધ્યાને લઈ નવેસરથી કેરોસીનના જથ્થાબંધ તેમજ છૂટક વિતરણના ભાવો નક્કી કરવાના થાય છે.

સબબ, ધી કેરોસીન રીસ્ટ્રીકશન એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈસ ઓર્ડર, ૧૯૯૩ ની કંડિકા-૨(ડી) હેઠળ મળેલ સત્તાની રૂએ પરિશિષ્ટ-(અ) તથા પરિશિષ્ટ-(બ)માં જણાવેલ નવસારી જિલ્લાના પીડીએસ કેરોસીનના ડીલરો માટે તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે નીચે જણાવેલ શરતોને આધિન પીડીએસ કેરોસીનના જથ્થાબંધ તથા છૂટક ભાવ આમુખ-(૧)માં જણાવેલ હુકમના બદલે નવેસરથી આ હુકમથી નક્કી કરવામાં આવે છે.

શરતો :-

(૧) જથ્થાબંધ વિક્રેતાઓ પરિશિષ્ટ(અ) માં નિર્દિષ્ટ કરેલ ભાવથી વેચાણ કરવાનું રહેશે.

INDEX

(૨) જ્યારે જથ્થાબંધ વિક્રેતાઓને તરફથી છુટક વિક્રેતાઓ દુકાન બેઠા કેરોસીનનો પુરવઠો આપવામાં આવે ત્યારે નીચે જણાવ્યા મુજબનો હોમ ડીલીવરી ચાર્જ મ્યુનિસિપાલીટી/નગર પંચાયત/ગ્રામપંચાયત વિસ્તાર માટે વેપારી પાસેથી ૧ કિલો લીટરના અલાયદા વસૂલ કરી શકશે.

(૧) ૦ થી ૪૦ કિ. મી. ના અંતર માટે ₹ ૩૩૯/-

(૨) ૪૧ થી ૬૦ કિ. મી. ના અંતર માટે ₹ ૩૯૨/-

(૩) ૬૧ થી ઉપરના કિલોમીટર માટે ₹ ૪૧૯/-

(૩) કંપની ડીલર/જથ્થાબંધ વિક્રેતા કે છુટક વિક્રેતા/ફેરીયાઓ આ હુકમથી નક્કી થયેલ ભાવો કરતા વધારે ભાવ લઈ શકશે નહીં.

(૪) પરિશિષ્ટ-(અ) અને પરિશિષ્ટ-(બ)માં નક્કી કરેલ ભાવોથી ડીલર/જથ્થાબંધ વિક્રેતા/છુટક વિક્રેતાએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ તથા જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. ફેરીયાઓએ પોતાની બારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.

(૫) આ હુકમથી નક્કી થયેલ ભાવોથી વધુ ભાવો લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા, ૧૯૫૫ હેઠળ કાયદાની કોર્ટમાં ધારાકીય જોગવાઈ અનુસાર ફોજદારી પગલાં લેવામાં આવશે.

પરિશિષ્ટ-(અ)

પેટ્રોલીયમ કંપનીના અધિકૃત એજન્ટો/હોલ સેલરો/અધિકૃત સબડીલરોએ જથ્થાબંધ વેપારી, છૂટક વેપારી અને ફેરીયાઓ પાસેથી એક કિલો લીટર (૧૦૦૦ લીટર) અને એક બેરલ એટલે કે ૨૦૦ (બસો) લીટરના વસૂલ લેવાના કેરોસીનના ભાવો :

અ. નં.	વિગત	નીચે જણાવેલ ધંધા સ્થળે હજીરા ડેપોથી લાવવામાં આવેલ પીડીએસ કેરોસીનના ધંધાના સ્થળ માટે નક્કી થતા ગુરૂત્તમ ભાવો	
		નવસારી (શહેર)/નવસારી (ગ્રામ્ય)/જલાલપોર	ગણવેવી/બીલીમોરા/ચીખલી/ખેરગામ/વાંસદા
૧.	૧૦૦૦ લીટર એટલે કે ૧ કિલો લીટર પીડીએસ કેરોસીનનો જથ્થાબંધ વેચાણ ભાવ	₹ ૧૪૦૩૬-૭૫	₹ ૧૪૦૬૩-૭૫
૨.	એક બેરલ એટલે કે ૨૦૦ લીટર પીડીએસ કેરોસીનનો જથ્થાબંધ વેચાણ ભાવ.	₹ ૨૮૦૭-૩૫	₹ ૨૮૧૨-૭૫

પરિશિષ્ટ-(બ)

અ. નં.	વિગત	કંપની એજન્ટના ધંધાના સ્થળેથી જુદા-જુદા અંતર માટે એક લીટર કેરોસીનનાં વેચાણના ગુરૂત્તમ ભાવ (હજીરા ડેપોથી)	
		નવસારી (શહેર)/નવસારી (ગ્રામ્ય)/જલાલપોર	ગણવેવી/બીલીમોરા/ચીખલી/ખેરગામ/વાંસદા
૧.	મ્યુનિસિપાલીટી, નગર પંચાયત, સ્થાનિક વિસ્તાર માટે ૦-૪૦ કિલોમીટરના અંતર માટે.	₹ ૧૫-૦૦	₹ ૧૫-૦૦
૨.	૪૧ થી ૬૦ કિલોમીટરના અંતર માટે.	₹ ૧૫-૦૫	₹ ૧૫-૦૫
૩.	૬૧ થી વધુ કિલોમીટરના અંતર માટે.	₹ ૧૫-૦૫	₹ ૧૫-૦૫

INDEX

પત્રક-અ

માહે ઓક્ટોબર, ૨૦૧૪ માસમાં પીડીએસ કેરોસીનના જથ્થાબંધ ભાવમાં (અસામાન્ય ખર્ચ તથા હજીરા બેઠા ભાવ) વધારો થતાં કેરોસીનના નક્કી થતા નવા ભાવો

જથ્થાબંધ ભાવો : ૧ કે.એલ. ૧૦૦૦ લીટર માટે નવસારી જિલ્લો

	હાલના ચાલુ ભાવો			નવાભાવો		
	૦ થી ૪૦ કિ.મીના અંતર માટે	૪૧ થી ૬૦ કિ.મીના અંતર માટે	૬૧ કિ.મી. થી ઉપરના અંતર માટે	૦ થી ૪૦ કિ.મીના અંતર માટે	૪૧ થી ૬૦ કિ.મીના અંતર માટે નવસારી (શહેર/નવસારી (ગ્રામ્ય)/ જલાલપોર માટે	૬૧ કિ.મી. ઉપરના અંતર માટે ગણદેવી/બીલીમોરા/ચીખલી/ખેરગામ/ વાંસદા માટે
હજીરા બેઠા ભાવ (૧ કે.એલ.નાં)	૧૨૯૨૮.૩૫	૧૨૯૨૮.૩૫	૧૨૯૨૮.૩૫	૧૨૯૨૮.૩૫	૧૨૯૨૮.૩૫	૧૨૯૨૮.૩૫
ટોલટેક્ષ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
ટ્રાન્સપોર્ટ ખર્ચ	૩૩૯.૦૦	૩૯૨.૦૦	૪૧૯.૦૦	૩૩૯.૦૦	૩૯૨.૦૦	૪૧૯.૦૦
મહેનતાણું	૪૩૮.૨૪	૪૩૮.૨૪	૪૩૮.૨૪	૫૩૬.૦૯	૫૩૬.૦૯	૫૩૬.૦૯
અસામાન્ય ખર્ચ	૧૮૦.૩૦	૧૮૦.૩૦	૧૮૦.૩૦	૧૮૦.૩૦	૧૮૦.૩૦	૧૮૦.૩૦
કુલ...	**૧૩૮૮૫.૮૯**	**૧૩૯૩૮.૮૯**	**૧૩૯૬૫.૮૯**	**૧૩૯૮૩.૭૪**	**૧૪૦૩૬.૭૪**	**૧૪૦૬૩.૭૪**
I.E.	**૧૩૮૮૫.૯૦**	**૧૩૯૩૮.૯૦**	**૧૩૯૬૫.૯૦**	**૧૩૯૮૩.૭૫**	**૧૪૦૩૬.૭૫**	**૧૪૦૬૩.૭૫**
ઉપર મુજબ ૨૦૦ લીટરનો ભાવ	૨૭૭૭.૧૮	૨૭૮૭.૭૮	૨૭૯૩.૧૮	૨૭૯૬.૭૫	૨૮૦૭.૩૫	૨૮૧૨.૭૫
વેટ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
કુલ...	**૨૭૭૭.૧૮**	**૨૭૮૭.૭૮**	**૨૭૯૩.૧૮**	**૨૭૯૬.૭૫**	**૨૮૦૭.૩૫**	**૨૮૧૨.૭૫**
I.E.	**૨૭૭૭.૨૦**	**૨૭૮૭.૮૦**	**૨૭૯૩.૨૦**	**૨૭૯૬.૭૫**	**૨૮૦૭.૩૫**	**૨૮૧૨.૭૫**

પત્રક-બ

માહે ઓક્ટોબર, ૨૦૧૪ માસમાં પીડીએસ કેરોસીનના જથ્થાબંધ ભાવમાં વધારો થતાં તથા કેરોસીનના છૂટક વેચાણમાં કમીશનમાં વધારો થવાથી કેરોસીનના છુટક વેચાણનાં નક્કી થતા નવા ભાવ

વિગત	હાલના ચાલુ ભાવો						નવાભાવો					
	નવસારી (શહેર)/નવસારી (ગ્રામ્ય)/જલાલપોર તાલુકા માટે			ગણદેવી/બીલીમોરા/ચીખલી/વાંસદા તાલુકા માટે			નવસારી (શહેર)/નવસારી (ગ્રામ્ય)/જલાલપોર તાલુકા માટે			ગણદેવી/બીલીમોરા/ચીખલી/ખેરગામ/વાંસદા માટે		
	૦ થી ૪૦ કિ.મીના અંતર માટે	૪૧ થી ૬૦ કિ.મીના અંતર માટે	૬૧ કિ.મી. થી ઉપરના અંતર માટે	૦ થી ૪૦ કિ.મીના અંતર માટે	૪૧ થી ૬૦ કિ.મીના અંતર માટે	૬૧ કિ.મી. થી ઉપરના અંતર માટે	૦ થી ૪૦ કિ.મીના અંતર માટે	૪૧ થી ૬૦ કિ.મીના અંતર માટે	૬૧ કિ.મી. થી ઉપરના અંતર માટે	૦ થી ૪૦ કિ.મીના અંતર માટે	૪૧ થી ૬૦ કિ.મીના અંતર માટે	૬૧ કિ.મી. થી ઉપરના અંતર માટે
જથ્થાબંધ ભાવ	૧૩૯૩૮.૯૦	૧૩૯૩૮.૯૦	૧૩૯૩૮.૯૦	૧૩૯૬૫.૯૦	૧૩૯૬૫.૯૦	૧૩૯૬૫.૯૦	૧૪૦૩૬.૭૫	૧૪૦૩૬.૭૫	૧૪૦૩૬.૭૫	૧૪૦૬૩.૭૫	૧૪૦૬૩.૭૫	૧૪૦૬૩.૭૫
રીટેલ મહેનતાણું	૫૬૩	૫૬૩	૫૬૩	૫૬૩	૫૬૩	૫૬૩	૫૬૩	૫૬૩	૫૬૩	૫૬૩	૫૬૩	૫૬૩
અન્ય ખર્ચ	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૪
ટ્રાન્સપોર્ટ ખર્ચ	૩૩૯	૩૯૨	૪૧૯	૩૩૯	૩૯૨	૪૧૯	૩૩૯	૩૯૨	૪૧૯	૩૩૯	૩૯૨	૪૧૯
કુલ...	**૧૪૮૯૪.૯૦**	**૧૪૯૪૭.૯૦**	**૧૪૯૭૪.૯૦**	**૧૪૯૨૧.૯૦**	**૧૪૯૭૪.૯૦**	**૧૫૦૦૧.૯૦**	**૧૪૯૯૨.૭૫**	**૧૫૦૪૫.૭૫**	**૧૫૦૭૨.૭૫**	**૧૫૦૧૯.૭૫**	**૧૫૦૭૨.૭૫**	**૧૫૦૯૯.૭૫**
ઉપર મુજબ એક લીટરનો ભાવ	૧૪-૮૯.૯૪	૧૪-૯૪.૭૯	૧૪-૯૭.૪૯	૧૪-૯૨.૧૯	૧૪-૯૭.૪૯	૧૫-૦૦.૧૯	૧૪-૯૯.૨૭	૧૫-૦૪.૫૭	૧૫-૦૭.૨૭	૧૫-૦૧.૯૭	૧૫-૦૭.૨૭	૧૫-૦૯.૯૭
I.E.	**૧૪.૯૦**	**૧૪.૯૫**	**૧૫.૦૦**	**૧૪.૯૦**	**૧૫.૦૦**	**૧૫.૦૦**	**૧૫.૦૦**	**૧૫.૦૫**	**૧૫.૦૫**	**૧૫.૦૦**	**૧૫.૦૫**	**૧૫.૧૦**

ઉપરોક્ત નક્કી કરેલ ભાવો તાત્કાલિક અસરથી અમલી બનશે. અત્રેની કચેરીએથી આમુખ-(૧)માં દર્શાવેલ હુકમથી નક્કી કરેલ ભાવો રદ થયેલા ગણાશે. પરંતુ, અગાઉ નક્કી કરેલા ભાવો અંગે જે કોઈ ગુનાઓ થયેલ હશે. તેને આ હુકમથી કોઈ અસર થશે નહીં.

નવસારી, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫.

રેમ્યા મોહન,
કલેક્ટર, નવસારી.

INDEX

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક : જિ.પં./આરો/કોલેરા/વશી/૨૪૬૬-૨૪૮૬/૨૦૧૫.-મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, નર્મદા તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫ના કચેરી નોંધ અનુસાર જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત/કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા વિનંતી/નિવેદન છે.

ઉક્ત નિવેદન વિચારણામાં લઈને એપેડેમીક એક્ટ ૧૮૯૭ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન બહાર પાડેલ છે. તેની જોગવાઈ હેઠળ હું, સંદિપ સાંગલે, (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા નીચે જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂં છું તથા કોલમ નં. ૩માં જણાવેલ અધિકારીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમનાં નામ સામે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરૂં છું.

કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર	કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક થયેલ અધિકારીશ્રી
૧	૨	૩
રાજપીપલા શહેરી વિસ્તાર	રાજપીપલા શહેરી વિસ્તાર અને તેના આજુબાજુના ૧૦ કિ.મી વિસ્તારના ગામો	મામલતદારશ્રી, નાંદોદ

આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

જાહેરનામાં મુજબ રાજપીપલા શહેરી વિસ્તારથી ૧૦ કિ.મી.ની ત્રિજ્યામાં આવતાં ગામોની યાદી

અ.નં.	ગામનું નામ	કીલો મીટર	પ્રા. આ.કે.નું નામ
૧	વડીયા	૨	જેસલપોર
૨	કરાંઠા	૪	જેસલપોર
૩	ચીત્રાવાડી	૨	જોસલપોર
૪	ભદામ	૩	જેસલપોર
૫	તોરણા	૫	જેસલપોર
૬	ધાનપોર	૮	જેસલપોર
૭	રસેલા/બીડ	૮	જેસલપોર
૮	જેસલપોર	૧૦	જેસલપોર
૯	અણીજરા	૮	જેસલપોર
૧૦	ધમણાચા	૯	જેસલપોર
૧૧	ભચરવાડા	૩	તરોપા
૧૨	હજરપુરા	૪	તરોપા
૧૩	ભુછાડ	૫	તરોપા
૧૪	કુંવરપરા	૩	તરોપા
૧૫	રાણીપરા	૪	તરોપા
૧૬	સજવા	૪	તરોપા
૧૭	ધોળીવાવ	૫	તરોપા
૧૮	રાણીપરા	૫	તરોપા
૧૯	રીંગણી	૯	તરોપા
૨૦	નાના હેડવા	૧૦	તરોપા
૨૧	મોટા હેડવા	૧૦	તરોપા
૨૨	નવાગામ	૯	તરોપા
૨૩	વેરીસાલપરા	૯	તરોપા
૨૪	ઢોલાર	૯	તરોપા
૨૫	તરોપા	૯	તરોપા
૨૬	વાઘેથા	૬	સીસોદ્રા
૨૭	હેલંબી	૭	સીસોદ્રા
૨૮	પાટના	૮	સીસોદ્રા
૨૯	વરખડ	૧૦	સીસોદ્રા
૩૦	જીતનગર	૪	ખુંટાઆંબા
૩૧	સુંદરપુરા	૫	ખુંટાઆંબા
૩૨	જીતગઢ	૭	ખુંટાઆંબા
૩૩	વણઝર	૮	ખુંટાઆંબા
૩૪	વણઝર બાર	૯	ખુંટાઆંબા
૩૫	નાના લીમટવાડા	૫	ખુંટાઆંબા
૩૬	મોટા લીમટવાડા	૬	ખુંટાઆંબા
૩૭	નવા ગામ	૩	ખુંટાઆંબા
૩૮	નાના રાયપરા	૭	ખુંટાઆંબા
૩૯	ખામર	૯	ખુંટાઆંબા
૪૦	રામગઢ	૨	ખુંટાઆંબા
૪૧	વાવડી	૬	લાછરસ
૪૨	મોટા રાયપરા	૮	લાછરસ
૪૩	ગોપાલપુરા	૮	લાછરસ
૪૪	થરી	૮	લાછરસ
૪૫	લાછરસ	૯	લાછરસ

રાજપીપલા, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫.

સંદિપ સાંગલે,
(આઈ.એ.એસ.)
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા (રાજપીપલા)

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :

(૧) ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા. ૨૧/૧૦/૧૧ તથા તા. ૧૬/૧૨/૧૧ના પત્ર નં. ઇએનવી/૧૦/૨૦૦૯/૪૦૦/ઇ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્યના તા. ૬/૧/૨૦૧૪ના પત્ર ક્રમાંક એલઆઇબી/જાહેરનામું/૧૩૬/૨૦૧૪.

(૩) કાર્યપાલક ઇજનેરશ્રી (પ્રવહન) રણાસનના ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લીમીટેડના તા. ૨૧/૧૨/૨૦૧૩ના પત્ર નં. આરટીડી/ટી/૫૧૬૭.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/એસઆર-૧/૨૦૧૫.—ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સિન્થેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ, લોખંડનો પાવડર, કાચ વગેરેથી તૈયાર કરેલ પાકા દોરા તથા આયાતી ચાઈનીઝ બનાવટના દોરાથી ઉડાડવામાં આવતા પતંગોને કારણે માણસોને અકસ્માત તથા પક્ષીઓ ઘાયલ થતા હોઈ તથા તેઓનું મૃત્યુ પણ થતું હોઈ,

અમદાવાદ જિલ્લાના ગામોની આજુબાજુથી ૨૨૦/૧૩૨/૬૬ કેવી ટાવર લાઈનો પસાર થાય છે. તેના ઉપર ઉત્તરાયણનાં પતંગ ઉડાડવા માટે વપરાતી ચાયના દોરી, ટાવર લાઈનનાં સંપર્કમાં આવતા અકસ્માતો તથા જાનહાનિ થવાની સંભાવના છે. તેમજ લાઈન ટ્રીપીંગના કારણે વીજ વિક્ષેપો થવાના શરૂ થયેલ છે. તો જાહેર જનતાનાં હિતમાં વીજ અકસ્માતો નિવારવા તથા ઉત્તરાયણનાં તહેવારો દરમ્યાન તથા પહેલાં પણ વીજ પુરવઠામાં વિક્ષેપ ન સરજાય તે માટે અમદાવાદ જિલ્લામાં ચાયના દોરીના વેચાણ અને ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવો તે ખૂબ જ જરૂરી છે તાજેતરના જનતાના હિતમાં સરકારશ્રીના આમુખ (૧)ના તથા આમુખ (૨) તથા આમુખ (૩)ના પત્રથી મળેલ સૂચનાઓ/સૂચનો મુજબ તેમ થતું અટકાવવા વાસ્તે, હું, એમ. એસ. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, પ્લાસ્ટિક, સિન્થેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ લોખંડના પાવડર, કાંચ વગેરેમાંથી બનાવી તૈયાર કરેલ સ્થાનિક પાકા દોરા તથા પ્લાસ્ટિક ચાઈનીઝ બનાવટના દોરીના ઉપયોગ કરી પતંગો ઉડાડવા પર તથા વેપાર તથા આવા દોરાનો ઉપયોગ કરવા તેમજ આવા દોરાના ઉપયોગ કરી પતંગો ઉડાડવા પર તથા તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી સવારે ૬-૦૦ થી ૯-૦૦ દરમ્યાન તથા સાંજના ૫-૦૦ થી ૭-૦૦ દરમ્યાન પતંગ ઉડાડવા માટે નીચે દર્શાવેલ વિસ્તારમાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૧૩ તથા ૩૩(ડબ્લ્યુ)(૧)(૨) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીના હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૧૩, ૧૧૭ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મે મારી સહી તથા સિક્કા કરી આપ્યો.

એમ. એસ. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૦૧/૨૦૧૫.—ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા)ની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આઈ.જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સમગ્ર દેશ તથા રાજ્યની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ. :-

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૦૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

INDEX

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૦૨/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા)ની કલમ–૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આઈ.જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સમગ્ર દેશ તથા રાજ્યની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, આઈ.જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૫/ ૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના પત્ર ક્રમાંક વહટ/સીબી-૨/ફાયરીંગ/૨૩૭/૨૦૧૫ થી જણાવ્યા અનુસાર અત્રેના જિલ્લાના બાકી રહેલ પોલીસ અધિકારીશ્રીઓ/કર્મચારીઓની બીજા ટર્મની તાલીમ ચાલી રહેલ હોય તાલીમના ભાગરૂપે ફાયરીંગ પ્રેકટીશ કરવાની રહે છે. ફાયરીંગ પ્રેક્ટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મોની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-જની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકો ઉંમરગામ, જિલ્લા વલસાડ ના ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ તથા તારીખ ૧૮મી જાન્યુઆરી , ૨૦૧૫ થી તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૫ તેમજ તારીખ ૨૫મી જાન્યુઆરી , ૨૦૧૫ સુધી સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી ફાયરીંગની પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૬/૨૦૧૫.–કાર્યપાલક ઈજનેરશ્રી, (મા × મ), પંચાયત વિભાગ વલસાડના પત્ર ક્રમાંક જા.નં./પી.બી.-૧/૫૯૫૧-૫૨/૨૦૧૪, તા. ૫-૧૨-૨૦૧૪ના પત્રથી જણાવ્યા મુજબ રેલ્વે ક્રોસીંગ નં.-૧૦૫ (જેસપોર પહાડ ફળિયા રોડ) ઉપર રેલ્વે ઓથોરીટી દ્વારા RUB ની કામગીરી શરૂ કરનાર છે. અને આ કામગીરી માટે રેલ્વે ક્રોસીંગ નં.-૧૦૫ ઉપર આવતા જેસપોર પહાડ ફળિયા રોડનો ટ્રાફિક તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૫ થી આશરે ૯ મહીના સુધી ટ્રાફિક માટે બંધ કરી પત્રમાં જણાવ્યા અનુસાર ડાયવર્ઝન આપવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, (મા × મ), પંચાયત વિભાગ, વલસાડની સદરહુ દરખાસ્ત અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, વલસાડ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, વલસાડ, વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. વલસાડના અભિપ્રાય ધ્યાને લેતાં,

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ માં)ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (બી) તેમજ સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક SBI/BPA/1276/10281, તા. ૧૧-૦૩-૧૯૭૭ અન્વયે મળેલ સત્તાની રૂએ, આગામી અંદાજે ૯ માસ માટે તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તા. ૧૯મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) કાર્યપાલક ઈજનેરશ્રી, (મા.× મ.), પંચાયત વિભાગ, વલસાડની દરખાસ્ત મુજબ ડાયવરઝન આપી નીચે મુજબનો રેલ્વે ક્રોસીંગ નં.-૧૦૫ ઉપર આવતા જેસપોર પહાડ ફળિયા રોડના તમામ પ્રકારના વાહનો ઉપર આવન-જાવન માટે પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાંતા ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી આથી નીચે જણાવ્યા અનુસારનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

પ્રતિબંધિત માર્ગ

રેલ્વે ક્રોસીંગ નં.-૧૦૫ ઉપર આવતા જેસપોર પહાડ ફળિયા રોડના ટ્રાફિકના તમામ પ્રકારના વાહનો માટે આવન-જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે.

ડાયવરઝન અંગેની વિગત

રેલ્વે ક્રોસીંગ નં.-૧૦૪ રોલા જોઈનીંગ ડુંગરી જેસપોર રોડ, અને રેલ્વે ક્રોસીંગ નં.-૧૦૬ વાઘલધરા વાસણ ખાપરવાડા રોડ ઉપર આવન જાવન કરી શકાશે.

ઉપરોકત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તા. ૧૯મી ઓકટોબર, ૨૦૧૫ સુધીના સમયગાળા માટે જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે.

આજ તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

આઈ. જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૮૦ થી ૩૦૦/૨૦૧૫.– ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો ભરૂચ શહેરના રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરી ર!ા હોય અત્રેના હુકમ ક્રમાંક : એમએજી/પીઓએલજી/વશી/૨૧૬૪/૨૭૧૭/૨૩૬૯ થી ૨૩૭૮, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૮ થી ભરૂચ જિલ્લામાં બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આ તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી વાકેફ થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી, મકાન ભાડેથી આપતા મકાન માલિકો ઉપર નિયંત્રણ મૂકવામાં આવેલ છે. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કોઈ પણ પ્રકારનાં પ્રતિબંધક આદેશ વધુમાં વધુ ૬૦ દિવસ માટે કરી શકાય છે. જેથી, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૮ના હુકમને રદ કરવો આવશ્યક છે. તથા ફરીથી નવો હુકમ દિન-૬૦ની સમય મર્યાદા માટે કરવો જરૂર જણાય છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અત્રેના તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૮નો હુકમ રદ કરવા તથા ભરૂચ જિલ્લાના તમામ વિસ્તારમાં કોઈ મકાન માલિક કે મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે મકાન સંબંધિત દલાલ કે જેઓએ ભાડૂઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત–ક્યાં વિસ્તારમાં, કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે , તથા માસિક ભાડું કેટલું છે ?	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે, તેમના પાકા નામ તથા સરનામાં/ ફોટો	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ નાં કલાક ૦૦-૦૦ સુધી અમલમાં રહેશે.

ઉક્ત હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (બી) અને કલમ-૧૧૩ અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૪૦ થી ૨૫૯/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં આવેલ જાહેર માર્ગો તથા ગલીઓ તેમજ શેરીઓમાં રોડ ઉપર સ્ટમ્પ ગોઠવી કેટલાંક લોકો, છોકરાઓ બોલબેટથી ક્રિકેટ રમતા તથા જાહેર રસ્તા પર પતંગ ચગાવતા હોય છે. આગામી તારીખ ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મકર સંક્રાંતિનો તહેવાર આવતો હોય, જેથી જાહેર રસ્તાઓ તેમજ શેરીઓમાં છોકરાઓ ઉભા રહી ક્રિકેટ રમતા હોય કે પતંગ ચગાવતા હોય તેવા કારણે વાહન વ્યવહાર તથા અવર-જવર કરતાં લોકોને અવરોધ ઉભો થઈ અકસ્માત થવાનો સંભવ રહે છે. તે ઉપરાંત બેટથી બોલ ઉછાળીને જતો હોય, લોકોને વાગવાની તથા જાહેર માલ મિલકતને લાગવાથી નુકશાન થવાનો સંભવ રહે છે. જેથી, જાહેર સલામતી ખાતર રસ્તામાં તેમજ શેરીઓમાં ક્રિકેટ રમત રમવા તથા પતંગ ઉડાવવા, લૂંટવા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-(૧)(બી) અને કલમ-૧૧૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ જિલ્લાની હદમાં કોઈપણ વ્યક્તિએ જાહેર રસ્તા અથવા જગ્યાએ તથા શેરીઓમાં બોલબેટથી ક્રિકેટની રમત રમવી નહિં. તેમજ પતંગ ઉડાવવા કે લૂંટવા નહિં.

ઉપરોક્ત જાહેરનામાનો અમલ તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૫ બંને દિવસ સહિત પ્રતિબંધ કરવામાં આવે છે.

ઉપરના હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ₹ ૫૦/- સુધી દંડને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/ઉત્તરાયણ/વશી/૨૬૦ થી ૨૭૯/૨૦૧૫.– સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૨૪મી ડિસેમ્બર, ૨૦૧૨ના પત્ર ક્રમાંક : ઈએનવી/૧૦/૨૦૦૯/૪૦૦/ઈ

INDEX

ની વિગતે ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સિન્થેટીક મટીરીયલ, ટોકસીક મટીરીયલ (ઝેરી તત્વો) અથવા નાયલોન, પ્લાસ્ટીક જેવી સીન્થેટીક કે ચાઈનીઝ મટીરીયલથી તૈયાર કરેલ પાકા દોરાથી ઉડાડવામાં આવતાં પતંગોને કારણે માણસો અને પક્ષીઓ ઘાયલ થતા હોઈ તથા તેઓનું મૃત્યુ પણ થતું હોઈ, આ અટકાવવું જરૂરી જણાય છે. સરકારશ્રીના ઉપરોક્ત પત્રમાં એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૮૬ની કલમ-૫ હેઠળ કાર્યવાહી માટે સૂચના આપવામાં આવેલ છે.

કોડ ઓફ ક્રિમીનલ પ્રોસીઝરની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી, જાહેર હિતમાં હુકમ કરૂં છું કે, પ્લાસ્ટીક કે સિન્થેટીક મટીરીયલ કે તેવા ચાઈનીઝ પ્રકારના મટીરીયલથી બનેલ તથા નાયલોન દોરા અથવા ટોકસીક મટીરીયલ (ઝેરી તત્ત્વો)ના દોરાનો પતંગ ચગાવવા ઉપયોગ કરવા કે તે હેતુથી વેચાણ કરવા માટે ભરૂચ જિલ્લા કલેકટરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું. તેમજ આ દિવસોમાં સવારના ૬-૦૦ થી ૮-૦૦ તથા સાંજના ૫-૦૦ થી ૭-૦૦ દરમ્યાન પક્ષીઓની સક્રિયતાના સમયમાં પક્ષીઓને ઈજા થતી નિવારવા આ સમયમાં પતંગ નહીં ઉડાડવા અપીલ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૪૫૬ થી ૪૭૪/૨૦૧૫.—ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારો ઉપરાંત ભારતનું સૌથી મોટું તેલક્ષેત્ર ધરાવતી ઓ.એન.જી.સી. ઉપરાંત કેટલાક જાહેર ક્ષેત્રના અને ખાનગી ક્ષેત્રના ઉદ્યોગ ગૃહો આવેલા છે. આ ઉપરાંત શોપીંગ મોલ, કોમર્શીયલ સેન્ટરો વગેરે પણ આવેલા છે. આવા ઉદ્યોગ ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓ ઉપરાંત જુદા જુદા વ્યાપાર ધંધો ધરાવતા વ્યાપારી વર્ગ અને અન્ય લોકો નાણાકીય વ્યવહારો બેંક દ્વારા કરતા હોય, અને બેંકો તેમના ગ્રાહકોને સુવિધાના વ્યાપને વધારવાના હેતુથી પોતાની સેવાનું ક્ષેત્ર વિકસાવી ગ્રાહકો માટે બેંક ઉપરાંત અન્ય સ્થળો ઉપર પણ તેમના એ.ટી.એમ. સેન્ટરો ઉભા કરેલ છે. અને આવા એ.ટી.એમ. સેન્ટરોમાં ઉપયોગમાં લેવાતા મશીનમાં જે તે બેંકો મોટા પાયે રોકડ રકમ સ્ટોર કરતી હોય છે.

રાષ્ટ્રીયકૃત તથા બિન રાષ્ટ્રીયકૃત બેંકોનાં એ.ટી.એમ. સેન્ટરો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા છે. જેના કારણે હાલમાં રાજ્યમાં બની રહેલ ચોરી-લૂંટ, એ.ટી.એમ.ને ઉચકીને ચોરી કરી લઇ જવું, અસામાજિક તત્ત્વો દ્વારા એ.ટી.એમ. કાર્ડ ધારકોને માર મારી લૂંટ કરવી વગેરે બનાવો બનવા પામે છે. બેંકોના એ.ટી.એમ. સેન્ટરો ઉપર સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા જે તે બેંક દ્વારા કરવાની રહેતી હોય છે. પરંતુ એવુ ધ્યાન પર આવેલ છે કે, ઘણી ખરી બેંકો તેમના એ.ટી.એમ. સેન્ટરોને રેઢીયાળ અવસ્થામાં રહેવા દે છે. એ.ટી.એમ. સેન્ટરો ઉપર નાણાની સુરક્ષા માટે સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા રાખતી ન હોવાનું જણાયેલ છે. જેથી રાષ્ટ્રીયકૃત તથા બિનરાષ્ટ્રીયકૃત બેંકોના એ.ટી.એમ. સેન્ટરો ઉપર કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દ્રષ્ટિએ સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા ફરજિયાત પણે થાય તો એ.ટી.એમ. સેન્ટરો ઉપર ચોરી-લૂંટ જેવી પ્રવૃત્તિ થતી હોય તો તેને અટકાવી શકાય તેમ છે. તેમજ આ વ્યવસ્થા કરવાની કોઇપણ વ્યક્તિને થતી અડચણ, ત્રાસ કે નુકશાન તેમજ લોકોના જાન, સલામતીને થતુ જોખમ તેમજ સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૫ થી દિન-૬૦ માટે જિલ્લામાં આવેલ તમામ રાષ્ટ્રીયકૃત તથા બિનરાષ્ટ્રીયકૃત બેંકોએ તેઓના એ.ટી.એમ. સેન્ટરો ઉપર કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દ્રષ્ટિએ તથા લોકોના જાન, સલામતીને થતુ જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા ફરજિયાતપણે કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર બેંક ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૪૭૫ થી ૪૯૪/૨૦૧૫.—ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝગડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઈ. ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલ મોટા ભાગના એકમોમાંથી કિંમતી કેમિકલ તથા મટીરીયલ્સ ભારતભરમાં તથા વિદેશમાં નિકાસ કરવામાં આવે છે. આ મટીરીયલ્સ ટ્રક અથવા કંટેઈનરમાં ફક્ત ડ્રાઈવરના વિશ્વાસે નિકાસ કરવામાં આવતું હોય છે. ભૂતકાળમાં ડ્રાયવરને બંધક બનાવી અથવા ડ્રાઈવરોનું ખૂન કરી કિંમતી કેમિકલ / મટીરીયલ્સની લૂંટ કર્યા હોવાના બનાવો બનેલ છે. અથવા ડ્રાઈવર અને ક્લીનર બંને ભેગા મળીને કિંમતી કેમિકલ્સ / મટીરીયલ્સ કાઢી લઈ તેમાં ભેળસેળ કરી સ્ટોક વેચી વિશ્વાસઘાત કરેલના બનાવો નિર્ધારિત સ્થળે પહોંચે ત્યાં સુધી સીક્યુરીટી ગાર્ડ ફરજીયાત સાથે રાખવા યોગ્ય જણાય છે.

વાસ્તે હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૫ થી દિન-૬૦ માટે જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોમાંથી નિકાસ થતાં કિંમતી કેમિકલ્સ / મટીરીયલ્સનાં ટ્રક / કંટેઈનરની સાથે જે તે નિર્ધારિત સ્થળે પહોંચે ત્યાં સુધી ફરજીયાત પણે સીક્યુરીટી ગાર્ડ સાથે રાખવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર બેંક ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૫.

INDEX

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૬૭ થી ૧૮૬/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે. કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

વધુમાં આ જાહેરનામું નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

હુકમ

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૬૩ થી ૩૭૬/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી ભરૂચ શહેર તરફ આવતા તથા દહેજ તરફ જતા ફોર વ્હિલ વાહનોને નબીપુર ચોકડીથી દયાદરા તરફ રોડ ઉપર ડાયવર્ટ કરી હિંગલ્લા ચોકડીથી ભરૂચ શહેર તરફ ડાયવર્ટ કરવા તેમજ વડોદરા તરફથી દહેજ જતા મોટા વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કર જેવા મોટા વાહનોને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવા તથા સુરત તરફથી આવતા અને વડોદરા તરફ જતાં વાહનો અંકલેશ્વર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ રાજપીપલા ચોકડીથી તથા મુલદ ચોકડીથી વાયા ઝઘડીયા, રાજપારડી થઇ રાજપીપલા, જિ. નર્મદા તરફ ડાયવર્ટ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ રસ્તાનો તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં કલાક ૨૪:૦૦ સુધી ભરૂચ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ પરનો વાહન વ્યવહાર નીચે મુજબ ડાયવર્ટ કરવા હુકમ કરૂ છું. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

વિસ્તાર :-

(૧) નેશનલ હાઈવે નં. ૮ ઉપર સુરત થી વડોદરા તરફ જતાં તમામ પ્રકારના વાહનો અંકલેશ્વર ને.હા.નં. ૮ પર આવેલ રાજપીપલા ચોકડીથી તથા મુલદ ચોકડીથી વાયા ઝઘડીયા, રાજપારડી થઈ રાજપીપલા તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

(૨) વડોદરા તરફથી ભરૂચ શહેર તરફ તથા દહેજ જતા ફોર વ્હિલ વાહનોને નબીપુર ચોકડીથી દયાદરા થઈ હિંગલ્લા ચોકડીથી ભરૂચ શહેર તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

(૩) વડોદરા તરફથી દહેજ તરફ જતા મોટા વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કર જેવા મોટા વાહનોને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલ.

નં એમએજી/પતંગ/વશી. ૧૩૯ થી ૧૬૮/૨૦૧૫.–આગામી તા. ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મકર સંક્રાંતિનો તહેવાર આવે છે. આ તહેવારના દિવસે લોકો આકાશમાં પતંગો ચગાવી ઉજવણી કરતાં હોય છે. તથા ગામડાં અને શહેરોમાં લોકો પતંગો લુંટવા માટે વાંસ વિગેરે લઇને જાહેર રસ્તાઓ, જાહેર જગ્યાઓ પર દોડા દોડી કરતાં હોય છે. તેમજ પતંગના ધારદાર દોરીઓ જાહેર રસ્તાઓ પર આડે આવતાં હોય છે. જેથી જાહેર જનતાને રસ્તાઓ, જાહેર સ્થળોએ અવર-જવર કરવાની મુશ્કેલીઓ પડવાની તેમજ રાહદારીઓને પતંગના દોરાથી જીવલેણ નુકશાની થવાની શક્યતાઓ રહે છે. તેમજ જાહેર રસ્તાઓ ઉપર અડચણો, અવરોધ ઉભા થઈ જાહેર અવર તેમજ વાહન વ્યવહારને અડચણ તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જોખમાય તેમ છે. જેથી જાહેર સલામતી ખાતર, ચાઈનીઝ દોરાના વેચાણ ઉપર, રસ્તા ઉપર ઉભા રહી પતંગ ચગાવવા, જાહેર રસ્તાઓ, જાહેર સ્થળો ઉપર હાથમાં વાંસ કે અન્ય સાધનો લઇ પતંગ લુંટવાના ઈરાદે દોડા-દોડી કરવા તથા જાહેર સ્થળે કે જાહેર રસ્તાઓની આડે પતંગના દોરા લાવવા ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાયું છે.

INDEX

વાસ્તે હું અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવુ છું કે, તાપી જિલ્લાનાં તમામ વિસ્તારમાં કોઇ પણ વ્યક્તિએ તા. ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન

(૧) જાહેર જગ્યાએ, જાહેર રસ્તાઓ ઉપર ઉભા રહી પતંગો ચગાવવા નહી.

(૨) જાહેર જગ્યાઓએ, જાહેર રસ્તાઓ ઉપર પતંગો લુટવાના ઈરાદે હાથમાં વાંસ કે અન્ય સાધનો લઇ દોડવું નહી.

(૩) જાહેર જનતા કે રાહદારીઓને નુકશાન થાય તે રીતે પતંગો ચગાવવા નહી.

(૪) માંજાયુક્ત ધારદાર પતંગ ચગાવવાના દોરા જાહેર રસ્તાઓ આડે કે જાહેર સ્થળોએ આડા કરવા નહી.

(૫) ચાઇનીઝ દોરા બજારમાં વેચાણ કરવા નહી તેમજ તેનો ઉપયોગ કરવો નહી.

(૬) જાહેર સ્થળોએ કે જાહેર રસ્તાઓ ઉપર પાણી, રંગ, ગુલાલ કે અન્ય પદાર્થ છાંટવા, ઉડાડવા કે ફેકવા નહી.

સ્પષ્ટીકરણ :- રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૧) (૨) અન્વયેનું.

નંબર એમએજી/જાહેરનામું/વશી ૧૬૯ થી ૧૮૪/૨૦૧૫.—આગામી તા. ૧૪મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી થનાર છે સદરહું તહેવારની ઉજવણી ખૂબ જ શાંતિથી અને કોમી એખાલસ ભર્યા વાતાવરણમાં થાય તે હેતુથી સમગ્ર તાપી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાનું જરૂરી જણાય છે.

ઉપરોકત હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ની પેટા કલમ (૧), (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા આથી ફરમાવું છું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપીની હકુમત હેઠળના સમગ્ર જિલ્લામાં તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી;

(૪) ધાર્મિક સ્થળોએ લોકોની લાગણીઓ દુભાય તેવુ કૃત્ય કરવું નહી. તેમજ પ્લાસ્ટીકની કોથળીઓમાં કોઈ પદાર્થ કે પાણી ભરીને ધાર્મિક સ્થળોએ ફેંકવા નહીં;

(૫) કોઈ રાહદારીઓ કે અન્ય ધર્મના લોકોની લાગણીઓ દુભાય તેવુ કૃત્ય કરવું નહીં;

(૬) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી;

(૭) જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી;

(૮) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ/વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, તાપી જિલ્લા પોલીસ વડાશ્રી, તાપીએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરિક અશક્તિને કારણે લાકડી, લાઠી, લઈ જવાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ/વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

અર્જુનસિંહ બી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
તાપી-વ્યારા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી-૨૨૩ થી ૨૩૬/૨૦૧૫.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, સી. એમ. ગામીત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, તે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (મુ.મ.) ડાંગ-આહવાના તા. ૦૯-૦૧-૨૦૧૫ના પત્રથી જણાવેલ છે કે, તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત બંધનું એલાન આપવામા આવેલ છે. સદરહુ કાર્યક્રમ દરમ્યાને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૫ના સમય માટે (આ દિવસો સહિત) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવા.

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી,ડાંગ અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (એક) મુજબ ઓછામાં ઓછી ૪ (ચાર) માસની અને વધુમાં વધુ ૧ (એક) વર્ષ સુધી કેદની સજા થશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી-૨૩૭ થી ૨૪૭/૨૦૧૫.–નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (મુ.મ.) ડાંગ-આહવાના તા. ૦૯-૦૧-૨૦૧૫ના પત્રથી જણાવેલ છે કે, તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત બંધનું એલાન આપવામા આવેલ છે. સદરહુ કાર્યક્રમ દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)ની કલમ–૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. એમ. ગામીત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ફરમાવું છું કે, ડાંગ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૫ના સમય માટે ૪ (ચાર) કરતાં વધુ માણસોની સભા ભરવી નહીં કે, બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં તેમજ ૪(ચાર) કરતાં વધુ વ્યક્તિઓ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા દેવળમાં પ્રાર્થના કરતી બોનોફાઈડ વ્યક્તિઓ.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

સી. એમ. ગામીત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૦૯-૧૧-૨૦૧૪ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી ક્રિષ્ણા મરઘા બતકા ઉછેર સહકારી મંડળી લી., મુ. મકતમપુર બોરભાઠા, તા. જિ. ભરૂચ નોંધણી નંબર ઉ-૧૧૧૬૯, તા. ૧૦-૧૨-૧૯૯૯ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું. અને સદર હુકમની તારીખથી સદર મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૨૫-૦૩-૨૦૧૪નો અંતિમ આદેશ ક્રમાંક : સેન ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૮૫/૩૨૯/૧૪.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, સ.મં. (ગ્રાહક) ભરૂચની તા. ૨૬-૧૧-૨૦૧૪ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૪૫/૨૦૧૪ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી હાંસોટ તાલુકા બચત-ધિરાણ સહકારી મંડળી લી., મુ.પો. ધમરાડા તા. હાંસોટ, જિ. ભરૂચ (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ- ૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક : જી.એચ. કે.એચ.-૫૧-૨૦૧૧-એનએસબી-૧૨-૨૦૦૨-૩૦૧૧-ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૩૨૦/૧૫૮૧/૨૦૧૪.– ધી હાંસોટ તાલુકા બચત-ધિરાણ સહકારી મંડળી લી., મું. પો. ધમરાડતા, તા. હાંસોટ, જિ. ભરૂચ (ફડચામાં)ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૩૦-૩-૧૯૯૪ના રોજ નોંધણી નંબર સે.-૨૫૬૮૧ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, સ.મં. (ગ્રાહક) ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧-૪-૨૦૧૪ થી તારીખ ૨૫-૧૧-૨૦૧૪ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર લગત કચેરી દ્વારા ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને ઘટતી કાર્યવાહી હાથ કરવા જણાવેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૨૫-૧૧-૨૦૧૪ના સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૮-૧૧-૨૦૧૪ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં

INDEX

આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી હાંસોટ તાલુકા બચત-ધિરાણ સહકારી મંડળી લી., મુ.પો. ધમરાડ તા. હાંસોટ, જિ. ભરૂચ નોંધણી નંબર સે.-૨૫૬૮૧, તા. ૩૦-૩-૧૯૯૪ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું. અને સદર હુકમની તારીખથી સદર મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૨૩-૦૬-૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક : સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૪૭૨ થી ૪૭૫/૦૫.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, સ.મં. અંકલેશ્વરની તા. ૨૬-૧૧-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૬૪/૨૦૧૪ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી કોસમડી ખેત મજુર કામદાર સ. મં. લી., મુ. કોસમડી તા. અંકલેશ્વર, જિ. ભરૂચ (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ- ૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક : જી.એચ. કે.એચ.-૫૧-૨૦૧૧-એનએસબી-૧૨-૨૦૦૨-૩૦૧૧-ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૩૨૧/૧૫૮૨/૨૦૧૪.– ધી કોસમડી ખેત મજુર કામદાર સ. મં. લી., મુ. કોસમડી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ (ફડચામાં) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૨૬-૯-૧૯૭૨ના રોજ નોંધણી નંબર ઉ.-૯૦૪ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, સ.મં. અંકલેશ્વર ની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧-૪-૨૦૦૫ થી તારીખ ૧૯-૧૧-૨૦૧૪ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર (લી. રી) લગત કચેરી દ્વારા ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને ઘટતી કાર્યવાહી હાથ કરવા જણાવેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૧૯-૧૧-૨૦૧૪ના રોજનું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૩૦-૧૦-૨૦૧૦ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી કોસમડી ખેત મજુર કામદાર સ. મં. લી., મુ. કોસમડી તા. અંકલેશ્વર, જિ. ભરૂચ નોંધણી નંબર ઉ.-૯૦૪, તા. ૨૬-૯-૧૯૭૨ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું. અને સદર હુકમની તારીખથી સદર મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૫-૧૦-૨૦૦૩નો અંતિમ આદેશ ક્રમાંક : સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/ફ-૧૫૩૨૮/૯૩૫ થી ૯૪૦/૦૩.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૧, સ.મં. (૧) ભરૂચની તા. ૨૪-૧૧-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૫૨/૨૦૧૪ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી નિલકંઠ વનનિર્માણ અને ગ્રામ વિકાસ સ. મં. લી., (ફડચામાં) મુ. ગાલીબા, તા. જગડીયા, જિ. ભરૂચ (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ- ૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક : જી.એચ. કે.એચ.-૫૧-૨૦૧૧-એનએસબી-૧૨-૨૦૦૨-૩૦૧૧-ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૩૨૨/૧૫૮૩/૨૦૧૪.– ધી નિલકંઠ વનનિર્માણ અને ગ્રામ વિકાસ સ. મં. લી., (ફડચામાં) મુ. ગાલીબા, તા. જગડીયા, જિ. ભરૂચ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૨૮-૮-૧૯૯૬ના રોજ નોંધણી નંબર સે.-૨૭૬૫૮ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૧, સ.મં. (૧) ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧-૪-૨૦૦૪ થી તારીખ ૨૧-૧૧-૨૦૧૪ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર લગત કચેરી દ્વારા ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને ઘટતી કાર્યવાહી હાથ કરવા જણાવેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૨૧-૧૧-૨૦૧૪ના રોજનું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૨૬-૮-૨૦૦૫ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર

INDEX

ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી નિલકંઠ વનનિર્માણ અને ગ્રામ વિકાસ સ. મં. લી., (ફડચામાં) મુ. ગાલીબા, તા. જગડીયા, જિ. ભરૂચ નોંધણી નંબર સે.-૨૭૬૫૮, તા. ૨૮-૮-૧૯૯૬ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું. અને સદર હુકમની તારીખથી સદર મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૪.

સુનિલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધાં :–

(૧) ખડોઘી વૃક્ષ ઉછેરક સહકારી મંડળી લી., મુ. ખડોઘી, તા. ખંભાત, જિ. આણંદને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા અંગેનો સબ ઓડીટર સ.મં. ખંભાતનો તા. ૧/૯/૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા.નં. ફડચ/૦૧/ખ-૧/૨૦૧૪, તા. ૦૫/૦૯/૨૦૧૪ તથા ફડચ/૦૧/ખ-૧/૩૦૮/૨૦૧૪, તા. ૨૫/૧૦/૨૦૧૪ના રોજ પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના જા.નં. ફડચ/૦૧/ખ-૧/૩૨૩/૨૦૧૪, તા. ૧૭/૧૦/૨૦૧૪ના રોજ પાઠેલ વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તા. ૬/૮/૧૧નું જાહેરનામું ક્રમાંક. એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/જ-૧/૩૪૬/૨૦૧૪.–ખડોઘી વૃક્ષ ઉછેરક સહકારી મંડળી લી., મુ. ખડોઘી, તા. ખંભાત, જિ. આણંદ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નં. સે.-૨૨૬૩૮, તા. ૧૫/૦૭/૧૯૮૯થી નોંધાયેલ ધિરાણ સહકારી મંડળી છે. આમુખ-૧થી વંચાણે લીધેલ સબ ઓડીટર સ.મં. ખંભાતના ખાસ અહેવાલમાં જણાવ્યા અનુસાર (૧) મંડળી પેટાનિયમ અનુસાર કોઈ પ્રવૃત્તિ કરતી નથી. મંડળી ઘણા સમયથી સ્થગિત અવસ્થામાં છે. (૨) ઓડીટ સમય દરમ્યાન સાધારણ સભાઓ મળેલ જણાતી નથી. તથા સાધારણસભાની ઠરાવ બુક પણ રજૂ થયેલ નથી. (૩) ઓડીટ સમય દરમ્યાન વ્ય.કમિટિની ફક્ત બે વાર બેઠકો મળેલ છે તથા છેલ્લી બેઠક તા. ૩૦/૧૨/૧૨ના રોજ મળેલ છે ત્યારબાદ આજદિન સુધી કોઈ બેઠક મળેલ નથી. (૪) હાલ વ્ય.કમિટિની મુદત પુર્ણ થયેલ હોવા છતાં નવી કમિટિ બનાવેલ નથી. (૫) મંડળીના વ્ય.ક.સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. (૬) કોઈ પગારદાર કર્મચારી ન હોવાથી મંડળીના હિસાબી દફતરો નિયમિત લખાતા નથી. (૭) મંડળીએ છેલ્લાં ઘણા વર્ષોથી ઓડીટ દુરસ્તી કરેલ નથી. (૮) ઓડીટ સમય દરમ્યાન ડેડસ્ટોક રજીસ્ટર, સભાસદ રજીસ્ટર રજુ કરેલ નથી. (૯) મંડળી છેલ્લા ઘણાં વર્ષથી 'ડ' વર્ગમાં છે.

અત્રેથી મંડળીના હોદ્દેદારોને આમુખ-૨માં જણાવેલ પાઠવી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. છતાં મંડળીના કોઈપણ હોદ્દેદારો અત્રેની કચેરીએ હાજર રહેલ નથી તથા આમુખ-૩ મુજબ મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ પાઠવેલ હતો. આમુખ-જથી મંડળીના ચેરમેન/સેક્રેટરીએ મંડળીએ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રદ કરવા રજુઆત કરેલ છે. પરંતુ નોટીસના મુદ્દાઓને સુસંગત નક્કર કાર્યવાહી સહની રજુઆત ન હોઈ મંડળીને આમુખ-૫ની જોગવાઈઓ હેઠળ ફડચામાં લઈ જવા જરૂરી જણાયું હોઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું આર.બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ, મને મળેલ સત્તાની રૂએ ખડોઘી વૃક્ષ ઉછેરક સહકારી મંડળી લી. મુ. ખડોઘી, તા. ખંભાત, જિલ્લો આણંદ, નોંધણી નં.-સે.૨૨૬૩૮, તા. ૧૫/૦૭/૧૯૮૯ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો આખરી હુકમ કરૂં છું. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે કલમ-૧૦૮ અન્વયે શ્રી આર.આર. મહિડા, મદદનીશ સહકારી અધિકારી લગત સદર કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેમજ ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવાનું રહેશે.

આણંદ, તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૧૪.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, FEBRUARY 12, 2015/MAGHA 23, 1936 [No. 7

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	219-248
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	7
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	13
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	653-701

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૭/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજયના ગૃહવિભાગના તા. ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે

INDEX

લાબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી માહે જાન્યુઆરી, સને ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર વિશા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૮/૨૦૧૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે. વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે, બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧ માહે જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./મજુર/જાહેરનામું/૪૩૧/૨૦૧૫.- તાજેતરમાં વડોદરા શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળમાં વડોદરા શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુનાઓ કરનાર (ઘરફોડીયા) પકડાય છે ત્યારે તપાસમાં આવા ગુના કરવાવાળા આરોપીઓ ગુનાના બનાવના દિવસો અગાઉ વડોદરા શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુ-બાજુની સ્થાનિક પરિસ્થિતીનું સર્વે કરી માહિતગાર થઇ મિલકત વિરૂધ્ધના ગુનાઓ આચરતા હોય છે મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવતા હોય છે. જેથી

INDEX

જનતાના જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, રાધાકૃષ્ણ, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય તથા મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશનને દિન-૦૭માં જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા વડોદરા શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દિન-૦૩માં કરવાની રહેશે.

૧.	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ (સપ્લાયર)નું પુરૂં નામ, સરનામું મોબાઈલ નંબર સહીત	:–	
૨.	મજુરનું નામ તથા ઉ. વ.	:–	
૩.	મજુરનું હાલનું સરનામું તથા ટેલિફોન નંબર	:–	
૪.	મજુરનું મુળ વતનનું સરનામું ગામ તાલુકો જિલ્લો	:–	
૫.	હાલની મજુરીનું સ્થળ કંપનીનું નામ	:–	
૬.	મજુરનું વતનનું સ્થાનીક પો. સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:–	
૭.	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:–	
૮.	મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગતો	:–	
૯.	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે ?	:–	
૧૦.	મજુરનું ઓળખ માટેનું આઇ. ડી. પ્રુફ (ફોટા સાથેનું)	:–	
૧૧.	વડોદરા શહેરમાં કઇ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઇ તારીખે જવાનો છે ?	:–	
૧૨.	વડોદરા શહેરમાં નજીકના સંબંધી કોઇ હોય તો તેનું નામ સરનામું		

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નિશાન..

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી..

નામ..

આ હુકમ તારીખ ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૪થી એપ્રિલ, ૨૦૧૫ (બંને દિવસો સહિત) દિન-૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી માહે ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/૪૩૨/૨૦૧૫.-જાહેર જગ્યાઓમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ ઉપર નીચે જણાવેલ કારણોસર નિયંત્રણ મૂકવાનું જરૂરી જણાય છે.

(૧) ઉપરોક્ત સાધનોના અનિયંત્રીત ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ થાય છે. જેથી નાગરિકોના આરોગ્ય ઉપર વિપરીત અસર પડે છે.

(૨) ધ્વનિ પ્રદૂષણના લીધે નાગરિકોના કામમાં તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અડચણ ઉભી થાય છે.

(૩) ઉપરોક્ત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી સુલેહ ભંગ તેમજ સાંપ્રદાયિક હિંસાના બનાવો બને છે.

વાસ્તે હું ઇ. રાધાકૃષ્ણ, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી

INDEX

(મદદનીશ પોલીસ કમિશનર કમિશનરશ્રીઓ)ને એકઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

૧. જાહેરમાં ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકવામાં આવે છે.

૨. કલાક : ૨૨-૦૦ થી કલાક ૬-૦૦ સુધી જાહેરમાં ધ્વનિ પ્રદૂષણ કરતા તમામ સાધનો એટલે કે લાઉડ સ્પીકર પબ્લીક એડ્રેસ સિસ્ટમ વગાડવા ઉપર તેમજ ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

૩. કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન જાહેરમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ પરવાનગી મેળવીને કરી શકશે.

૪. માઈક વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે નાયબ પોલીસ કમિશનરશ્રીને અરજી કરવી પરંતુ એકજ પોલીસ સ્ટેશન વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને અરજી-૦૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે આપેલ શરતોનો ચુસ્તપણે બિનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદબાતલ થયેલ ગણાશે અને તે બદલ પ્રવર્તમાન કાયદાઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ રીતે લાઉડસ્પીકર અથવા પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરતી વખતે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ગાંધીનગરના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તારીખ ૧૪-૦૫-૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તારીખ ૧૪મી ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તારીખ ૧૧-૦૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે. તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ૬-૦૦ થી રાત્રીના ૨૨-૦૦	રાત્રીના ૨૨-૦૦ થી સવારના ૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

(૧) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળોનો કબજો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોની ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતા ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ તેવો પ્રતિબંધ મુકાયો છે.

(૨) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ તેવો પ્રતિબંધ મુકાયો છે.

(૩) ધ્વનિ પ્રદુષણ અટકાવવા માટે નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ ૧૯૯૬ની જોગવાઈઓ મુજબ રાત દિવસ માટે કાયમી છે. આ કિસ્સામાં ધ્વનિ એટલે અવાજની મર્યાદા નક્કી કરવામાં આવે છે. જેની ધ્વનિ મર્યાદા નક્કી કરતા યંત્ર મારફતે તેના ડેસીબલ્સ (અવાજ મર્યાદા) બહારનો અવાજ હોય તો ગંભીર ગુનો બને છે. જેમાં ૦૫-વર્ષની સજાની જોગવાઈ છે તેમાં દિવસ રાતની કોઈ જોગવાઈ નથી ગમે ત્યારે આ ગુનો બને છે અને આ જોગવાઈ લગ્નનો વરઘોડો કે ધાર્મિક કાર્યક્રમને પણ લાગુ પડે છે.

(૪) ધ્વનિ પ્રદુષણ અટકાવવા માટે નામદાર સુપ્રિમ કોર્ટે કેટલીક ગાઈડ લાઈન્સ અને આદેશ આપેલ છે જે મુજબ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન) એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ ૧૯૯૬ની જોગવાઈ કલમ-૩,૬, ૨૫ હેઠળ બનાવવામાં આવેલ ઉપરાંત નિયમોનું અમુનોદન કલમ-૧૫ હેઠળ ૦૫ વર્ષની સજાનો ગુનો બને છે.

(૫) કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્પ્યુનિટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહી.

(૬) ધાર્મિક સ્થળોમાં કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ સુધી વગર પરવાનગીએ લાઉડ સ્પીકર/વાજિંત્રો/પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે, પરંતુ તેનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

(૭) લગ્નના વરઘોડામાં વગર પરવાનગીએ બેન્ડ વગાડી શકશે, ઉપરાંત કલાક ૦૬.૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન લાઉડસ્પીકર અથવા ડી. જે. સિસ્ટમનો ઉપયોગ પરવાનગી લઈને કરી શકશે.

જાહેરનામાનો અમલ સમય અને વિસ્તાર વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલીક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બિનજામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સિસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આજ તારીખ ૨જી માહે ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક : વિ.શા./એ/જાહેરનામુ/૪૮/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરની રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/જનતાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાઓનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓનો અંજામ આપતા હોય છે જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, ડી. જે. પટેલ, (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી. આર. પી. સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારનાં મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ-૨૪ કલાકમાં સંબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) તેમની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો આધારની નકલ સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની નકલ મેળવી. અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ અને ૧૯૩૯ મુજબ નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) વડોદરા શહેરમાં કંઈ જગ્યાએ ક્યા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી. સી. ટી. વી. કેમેરા ની વ્યવસ્થા રાખવી. અને સી. સી. ટી. વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ (૦૩) માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાના રહેશે. તદ્ઉપરાંત પર્યટન સ્થળોની જગ્યાએ આવેલ ધાર્મિક સ્થળોએ ધર્મશાળાઓ વિગેરેમાં આ પ્રકારની મુસાફરની સંચાલકોએ જરૂરી ચકાસણી કરી ઉતારો આપવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે, જો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫ (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી માહે ફેબ્રુઆરી-૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ડી. જે. પટેલ,
પોલીસ કમિશનર,
વડોદરા, શહેર, વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૧/૨૦૧૫.–હાલમાં સુરત શહેરમાં આતંકવાદી તત્ત્વો, રાષ્ટ્રવિરોધી તત્ત્વો તથા અસામાજિક તત્ત્વો પોતાની ગેરકાયેદસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતા હોવાનું સામાન્ય બની જાય છે. ઘણીવાર આવા ગેરકાનુની તત્ત્વો સુરત બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઇંધણ પુરાવા માટે પેટ્રોલ પંપોએ જાય છે. આથી નાગરિકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્ત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગરૂપે સુરત શહેર કમિશનરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

જેથી હું, રાકેશ અસ્થાના, આઇપીએસ, પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના ગોઠવવાના રહેશે. અને (નાઇટવીઝન તથા હાઇ ડેફિનેશન) વિથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સીસીટીવી કેમેરામાં પેટ્રોલપંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઇવર તથા બાજુની સીટમાં બેઠેલ વ્યક્તિનો ચહેરો પણ સ્પષ્ટ રીતે જોઇ શકાય તે રીતે ગોઠવવા.

(૩) આજુ બાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઇ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સીસીટીવી ફુટેજમાં સ્પષ્ટ જોઇ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે.

(૪) આ સીસીટીવી કેમેરા રેકોર્ડીંગના ડેટા જે અંગ્રેજી મહીનાનો હોય તે પુરો થાય ત્યારબાદ ના બીજા એક મહિના સુધી સંગ્રહ કરી રાખવાના રહેશે. દા.ત. જાન્યુઆરી મહિનાનુ રેકોર્ડીંગ ફેબ્રુઆરી મહિનો પુરો થાય ત્યાં સુધી સાચવવાનો રહેશે.

(૫) આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૬) પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પૂર્વક સીસીટીવી કેમેરા રાખવા. જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હીલચાલ સીસીટીવી કેમેરામાં કવરેજ લઇ શકાય.

(૭) નવા શરૂ થતાં પેટ્રોલ, ડીઝલ પંપ, ગેસ ફીલીંગ સ્ટેશનો સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમય ગાળો

આ હુકમનો અમલ તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસબી/જાહેરનામું/૧૨/૨૦૧૫.- સુરત શહેરની હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં મહાશિવરાત્રી, હોળી/ધૂળેટી, ગુડી પડવો, ચેટીચાંદ, રામનવમી, ગુડફ્રાયડે, હનુમાન જયંતિ, મહાવીર જયંતિ વિગેરે તહેવાર આવતા હોય તેમજ જુદીજુદી ધાર્મિક શોભાયાત્રા તથા રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય. તેમજ હાલની આંતકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને શાંતીમય વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીન વિવાદોમાં લાયસન્સવાળા હથિયારો લઇ જઇ તેનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણાખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરતમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરિયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં. તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, લાકડી, લાઠી, તલવાર ભાલા, સોટા, ખંજર, ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવા કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર;

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર;

(૩) સ્ફોટક પદાર્થ લઇ જવા ઉપર;

(૪) પત્થરો અથવા બીજા શસ્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર;

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર;

(૬) વ્યક્તિઓના પુતળા બાળવા-લટકાવવા-પુતળાને ફાંસી આપવા ઉપર;

(૭) પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર;

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારીનો સમયગાળો અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી એપ્રિલ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેનાં ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read : (1) Letter No. C-2103/1991, dtd 07-01-1991of the Hon'ble High Court.

(2) Letter No. C-2103/2006, dtd 30-12-2005 of the Hon'ble High Court.

Notification

No. 6 of 2015.– Under the powers vested in him under Paragraph-628, Chapter XXXI of the Civil Manual, Volume-1, 1960, and in exercise of the power conferred by sub-section-(2) of section-22 of the Gujarat Civil Courts Act, 2005, the Principal District Judge, Surat, is pleased to sanction the closing of all the Civil Courts in the Judicial District of Surat for the ensuring Annual Summer Vacation for 30 days,Commencing from **Saturday 16th May, 2015 to Sunday 14th June, 2015 (BDI).**

All the office and its branches of District Court and all the Civil Courts in the District Shall remain open during the aforesaid period of vacation on all working days.

Surat, Date 27th January, 2015.

M. J. THAKKAR,
Principal District Judge,
Surat.

Read : (1) Hon'ble High Court, letter No. C.- 2103/1991, dated 07-01-1991.

(2) Hon'ble High Court, letter No. C.- 2103/2006, dated 30-12-2006.

Notification

No. B-8/ADM/172/2015.–Under the power vested in him under Paragraph 628 of Chapter XXXI of the Civil Manual, Volume-I of 1960, and in exercise of the powers conferred by sub-section (2) of section-22 of the Gujarat Civil Courts Act, 2005, the Principal District Judge, Banaskantha at Palanpur, is pleased to sanction the closing of all the Civil Courts in the Judicial District of Banaskantha for the annual Summer Vacation for 30 Days commencing from Saturday, 16th May, 2015 to Sunday 14th June, 2015 (Both days inclusive).

The offices of the Nazir and the Record-keeper, District Court, Palanpur and the offices of the Nazir of all subordinate Civil Courts in the Banaskantha Judicial District shall remain open, during the vacation on working days.

Civil Work of urgent nature will be received during the vacation.

Palanpurr, 9th January, 2015.

A. C. JOSHI,
Principal District Judge,
Palanpur.

Read : (1) Hon'ble High Court, letter No. C.- 2103/1991, dated 07-01-1991.

(2) Hon'ble High Court, letter No. C.- 2103/2006, dated 30-12-2008.

Notification

No. ADM/B-8/276/2015.–Under the powers vested in him under Paragraph 628 of Chapter XXXI of the Civil Manual, Volume-I of 1960, and in exercise of the powers conferred by sub-section (2) of section-22 of the Gujarat Civil Courts Act, 2005, the Principal District Judge, Vadodara is pleased to sanction the closing of all the Civil Courts in Vadodara Judicial District for the ensuing Annual Summer Vacation for 30 days commencing from Saturday, 16th May, 2015 to Sunday 15th June, 2015 (Both days inclusive).

The offices of the Nazir and the Record-keeper, District Court, Vadodara, the Nazir small couses Court Vadodara and those of the Nazirs of the Civil Courts in the District, shall remain open during the vacation on all working days.

Vadodara, 22th January, 2015.

S. V. PINTO,
Principal District Judge,
Vadodara.

INDEX

Read :

(1) G.A.D. Notification No. GS/2014-35-PHD/102014/1339/Gh, dtd. 7-10-2014.

(2) Hon'ble High Court of Gujarat Letter No. C. 2103/2011, dtd 15-11-2011.

(3) Hon'ble High Court of Gujarat Letter No. C. 2103/2013, dtd 27-12-2012.

(4) This Office Notification No. B/8/3/29/2014 dtd. 31-12-2014.

(5) Hon'ble High Court of Gujarat Letter No. C. 2103/2015, dtd 12-01-2015.

Corrigendum Notification

No. B-8/3/03 of 2015.–This office notification cited in the preamble at Sr. No. 04 is hereby treated as cancelled and now the following revised notification is hereby passed.

In accordance with the provision contained in para 625, Chapter-XXXI of the Civil Manual, Volume-I, 1960, the Principal District Judge, Dahod is pleased to notify the following Holidays to be observed in the Year– 2015. The District Court, Dahod and all the Subordinate Courts to it, in the Judicial District of Dahod shall remain closed on these days :–

Sr. No.	Name of the General Holidays	Date According to Gregorian Calendar	Day
1	2	3	4
1	Makar Sankranti	14th January, 2015.	Wednesday
2	Republic Day	26th January, 2015.	Monday
3	Maha Shivratri	17th February, 2015.	Tuesday
4	Holi 2nd Day-Dhuleti	6th March, 2015.	Friday
5	Chetichand	21th March, 2015.	Saturday
6	Shree Ram Navmi	28th March, 2015.	Saturday
7	Mahavir Jayanti (Janma kalyanak)	2nd April, 2015.	Thursday
8	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2015.	Tuesday
9	Ramzan-Id-(Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim, Shiya & Sunni)	18th July, 2015.	Saturday
10	Independence Day	15th August, 2015.	Saturday
11	Raksha Bandhan	29th August, 2015.	Saturday
12	Janmashtami (Shravan Vad-8)	5th September, 2015.	Saturday
13	Samvatsari (Chaturthi Paksha)	17th September, 2015.	Thursday
14	Bakri-Id-(Id-Ul-Aza)	25th September, 2015.	Friday
15	Mahatma Gandhi's Birthday	2nd October, 2015.	Friday
16	Dusshera (Vijaya Dashmi)	22nd October, 2015.	Thursday
17	Muharram (Asura)	24th October, 2015.	Saturday
18	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 2015.	Saturday
19	Diwali	11th November, 2015.	Wednesday
20	Vikram Samvat New Year Day	12th November, 2015.	Thursday
21	Bhai Bij	13th November, 2015.	Friday
22	Guru Nanak's Birthday	25th November, 2015.	Wednesday
23	Id- e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th December, 2015.	Thursday
24	Christmas	25th December, 2015.	Friday

Note :- (1) The Following day has not been notified as General Holiday, as it falls **on Sunday**.

Sr. No.	Name of the Holiday	Date According to Gregorian Calendar
01	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th January, 2015.

Note :- (2) If any of the Muslim Holidays notified above, does not fall on the day notified, the Muslim Government Employees may be granted an OPTIONAL HOLIDAY on the day on which the holiday is actually observed.

(3) In addition to the holidays notified above, Government Employees may avail of maximum any two of the OPTIONAL HOLIDAY on the FESTIVAL OCCASIONS for the Year-2015, at their option and irrespective of their religious denomination. Permission for availment of those Optional Holidays should however, be applied for in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to exigencies of Govt. work. This leave of two days taken by the Government Employees at their discretion on the festival of their choice, will not be debited to their Casual Leave Account.

Dahod, 22nd January, 2015.

Read :

(1) Government Resolution, Social Justice & Empowerment Department, Sachivalaya, Gandhinagar, No. G/L/16/JJA/1597/2425/836(01)/CHH-I, dtd. 09-08-2001.
(2) Hon'ble High Court Letter No. C. 1801/2001, dtd. 12-09-2001.
(3) This Office Notification No. A/6/19/08/2010, dtd.04-06-2010.
(4) This Office Notification No. A/6/19/14/2014 dtd. 09-05-2014.
(5) Hon'ble High Court Notification No. A. 0705(II)/2015[5], dtd 13-01-2015.

Notification

No. A/6/19/04/ 2015.–In view of the constitution of the Juvenile Justice Board by the Government vide Notification read in the preamble at Sr. No. 1, it is hereby notified for the general information of all concerned, the Principal District Judge, Dahod, hereby appoints 3rd Addl. Senior Civil Judge & Addl. Chief Judicial magistrate, Dahod, as a Chairman of the Juvenile Justice Board for the area comprising whole of Dahod District u/s. 4 of the Juvenile Justice (Care & Protection) Act, 2000 with effect from 21-01-2015.

Rest of the direction given in this office Notification cited in the preamble at Sr. No. 4, shall remain as it is.

Dahod, 27th January, 2015.

S. N. VAKIL,
Principal District Judge,
Dahod.

Read :

(1) This Office Notification No. ADM/12/24/2014 datd 19-12-2014.

(2) The Hon'ble High Court of Gujarat, Ahmedabad E-mail Letter No. C. 2103/2015, dtd 12-01-2015.

Corrigendum Notification

No. ADM/12/03/2015.–In view of this office, notification cited in the preamble at Sr. Nos. 1 is hereby cancelled and in pursuance of the Hon'ble High Court of Gujarat letters cited in the preamble at Sr. Nos. 2 and in accordance with the provision contained in para 625, Chapter-XXXI of the Civil Manual, Vol. I, 1960, the undersigned is pleased to issue revised Notification and declare the following Holidays to be observed in the Year–2015. The District Court, Tapi at Vyara and all the Courts subordinate to it, in the Judicial District of Tapi at Vyara shall remain closed on these days :–

Sr. No.	Name of the General Holidays /Public Holidays	Date According to Gregorian Calendar	Day
1	2	3	4
1	Makar Sankranti	14/01/2015	Wednesday
2	Republic Day	26/01/2015	Monday
3	Maha Shivratri	17/02/2015	Tuesday
4	Holi 2nd Day-Dhuleti	06/03/2015	Friday
5	Chetichand	21/03/2015	Saturday
6	Shree Ram Navmi	28/03/2015	Saturday
7	Mahavir Jayanti (Janma kalyanak)	02/04/2015	Thursday
8	Dr. Baba Saheb Ambedkar's Birthday	14/04/2015	Tuesday
9	Ramzan-Id-(Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim, Shiya & Sunni)	18/07/2015	Saturday
10	Independence Day	15/08/2015	Saturday
11	Raksha Bandhan	29/08/2015	Saturday

1	2	3	4
12	Janmastami (Shravan Vad-8)	05/09/2015	Saturday
13	Samvantsari (Chaturthi Paksha)	17/09/2015	Thursday
14	Bakri-Id-(Idd-Ul-Aza)	25/09/2015	Friday
15	Mahatma Gandhi's Birthday	02/10/2015	Friday
16	Dusshera (Vijaya Dashmi)	22/10 2015.	Thursday
17	Muharram (Asura)	24/10/2015	Saturday
18	Sardar Vallabhbhai Patel's Birthday	31/10/ 2015	Saturday
19	Diwali	11/11/ 2015	Wednesday
20	Vikram Samvat New Year Day	12/11/2015	Thursday
21	Bhai Bij	13/11/2015	Friday
22	Guru Nanak's Birthday	25/11/2015	Wednesday
23	Id e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24/12/2015	Tuesday
24	Christmas	25/12/ 2015	Friday

Note :- (1) The Following days have not been notified as General Holiday as they falls on Sunday.

01	Id e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	04/01/2015.	Sunday

Note :- (2) If any of the Muslim General Holidays/Public Holicays notified above, does not fall on the day notified, the Muslim Government Servants may be granted an Optional Holiday is actually observed.

(3) In addition to the General Holidays/Public Holicays notified above, Government Servants may avail of maximum any two of the holiday on the festival occasions at their option and irrespective of their religious denomination, out of the list of Optional Holidays declare for the Year-2015. Permission for availment of those holidays should however be applied for in advance and will normally be granted by Officer competent to grant Casual Leave with due regard to exigencies of Government work. This Optional Leave of two days taken by the Government Servants at their option on the festival of their choice, will not be debited to their Casual Leave Account.

Vyara, 20th January, 2015.

N. N. NAYAK,
Principal District Judge,
Tapi at Vyara.

Read :

(1) Government of Gujarat G. A. D. Notification No. GS/2014-35-JSR/102014/1339/GH, Dated. 07-12-2014.

(2) Hon'ble High Court of Gujarat, Letter No. C. 2103/2011, dated 15-11-2011 & No.C.2103/2013, dated 27-12-2012.

(3) This Office Notification No. Adm/2/1314 of 2014 dtd. 31-12-2014.

(4) Hon'ble High Court of Gujarat, Letter No. C. 2103/2015, dated 12-01-2015.

Notification

No. Adm.2/105/2015.–In view of letters of Hon'ble High Court of Gujarat cited at Sr. No.2 and 3, and in suppression of this Office Notification cited at Sr. No. 4 in the preamble, the Principal District Judge, Navsari is pleased to notify the following Holidays to be observed in the Year–2015. The District Court, Navsari and all Subordinate Court it in the Judicial District of Navsari shall remain closed on these days.

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day
1	Makar Sankranti	14th January, 2015	Wednesday
2	Republic Day	26th January, 2015	Monday
3	Maha Shivratri	17th February, 2015	Tuesday
4	Holi 2nd Day-Dhuleti	06th March, 2015	Friday
5	Chetichand	21st March, 2015	Saturday

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar			Day
6	Shri Ram Navmi	28th	March,	2015	Saturday
7	Mahavir Jayanti (Janma kalyanak)	2nd	April	2015	Thursday
8	Dr. Babasaheb Ambedkar's Birthday	14th	April	2015	Tuesday
9	Ramzan-Id-(Id-Ul-Fitra)(1st Shawaal) (Muslim, Shiya & Sunni)	18th	July	2015	Saturday
10	Independence Day	15th	August	2015	Saturday
11	Raksha Bandhan	29th	August	2015	Saturday
12	Janmashtami (Vaishnav)	05th	September	2015	Saturday
13	Samvantsari (Chaturthi Paksha) (Bhadarva Sud-4)	17th	September	2015	Thursday
14	Bakri-Id-(Idd-Ul-Aza)	25th	September	2015	Friday
15	Mahatma Gandhi's Birthday	02nd	October	2015	Friday
16	Dusshera (Vijya Dashmi)	22nd	October	2015	Thursday
17	Muharram (Asura)	24th	October	2015	Saturday
18	Sardar Vallabhbhai Patel's Birthday	31st	October	2015	Saturday
19	Diwali	11th	November	2015	Wednesday
20	Vikram Samvant-New Year Day	12th	November	2015	Thursday
21	Bhai Bij	13th	November	2015	Friday
22	Guru Nanak's Birthday (Kartik Sud 15)	25th	November	2015	Wednesday
23	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th	December	2015	Thursday
24	Christmas	25th	December	2015	Friday

Note :-

(1) The Following days have not notified as general holiday, as they falls **on Sunday**.

1.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th	January,	2015

(2) If any of the Muslim Holidays notified above, does not fall on day notified, the Muslim Government Employees may be granted an optional Holiday on the day on which the holiday is actually observed.

(3) In addition to the General Holidays notified above, Government Servants may avail of maximum of any two holidays on the festival occasions for the Year-2015 at their option and irrespective of their religious denomination Permission for availment of those Optional Holidays should however, be applied for in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with the due regard to exigencies to Government work. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Navsari, 29th January, 2015.

M. B. TRIVEDI,
Principal District Judge,
Navsari.

ખાંડ નિયામક દ્વારા

વંચાણમાં લીધા :-

(૧) વનવાસી ખાંડ ઉદ્યોગ સ.મં.લી., વાંસદા, જિ. નવસારીને ફડચામાં લઈ જવા અંગેનો આ કચેરીનો તા. ૬-૮-૨૦૧૦ના ક્રમાંક ફડચ/૦૧/ક/૧૬૦૪/૨૦૧૦નો અંતિમ આદેશ.

(૨) ફડચા અધિકારીશ્રી, વનવાસી ખાંડ ઉદ્યોગ સ.મં.લી., વાંસદા, જિ. નવસારીનો લેણદારોને ચુકવવાની રકમનો તા. ૨૯-૬-૨૦૧૧ના ક્રમાંક ફડચ/૦૧/ઘ-૧/૬૭૯/૨૦૧૧નો અગ્રતાક્રમ હુકમ.

(૩) વનવાસી ખાંડ ઉદ્યોગ સ.મં.લી., વાંસદા, જિ. નવસારીની નોંધણી રદ કરવા અંગે જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, નવસારીના તા. ૧-૯-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ-૧/૩૬૨/૨૦૧૪ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી કાયદા ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ક/૧૬૯/૨૦૧૫.-વનવાસી ખાંડ ઉદ્યોગ સ.મં. લી., વાંસદા, જિ. નવસારી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી ''ખાંડ'' મંડળી) તરીકે ઉલ્લેખ થયેલ છે. સદર મંડળીની નોંધણી સે-૭૫, તારીખ ૧૮મી ડીસેમ્બર, ૧૯૭૭ના રોજ થયેલ છે. આ ખાંડ મંડળીનો વહીવટ સરકારશ્રીના નિયુક્ત સંચાલક મંડળના સભ્યશ્રીઓએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અને ગુજરાત સહકારી મંડળીના નિયમો-૧૯૬૫ તેમજ મંજુર થયેલ પેટાનિયમની જોગવાઇ અને વખતોવખતની સુચનાઓને આધીન રહીને કરવાનો રહે છે. પરંતુ મંડળીના સને ૨૦૦૫-૦૬ના સમયના ઓડીટ દરમ્યાનની ગંભીર ખામીઓને ધ્યાનમાં લઇને આ કચેરીની તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૭ના રોજની કારણદર્શક નોટિસ આપીને મંડળીના મુખ્ય પ્રયોજકશ્રીને લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવવામાં આવેલ. પરંતુ મંડળીના મુખ્ય પ્રયોજકશ્રી રૂબરૂ હાજર રહેલ નહી કે લેખિત/મૌખિક રજુઆત કરેલ નહી. આથી આ કચેરીના તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૯ના હુકમથી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને હુકમ મળ્યેથી દિન-૩૦માં લેખિત/મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવેલ. પરંતુ તે અંગે કોઇ લેખિત રજુઆત કરવામાં આવેલ નહી. ત્યારબાદ તા. ૨૯મી જુન, ૨૦૧૦ની નોટીસથી વધુ તક આપીને આ કાર્યાલયના તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૯ના વચગાળાના આદેશનો અંતિમ આદેશ કેમ ન કરવો ? તે અંગે તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૦ના રોજ ૧૨-૦૦ કલાકે આ કાર્યાલયે હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવેલ. સુનાવણીના દિવસે સંસ્થા તરફથી કોઇ રૂબરૂ હાજર રહેલ નહી. પરંતુ પ્રમુખશ્રી વનવાસી ખાંડ ઉદ્યોગ સ.મં.લી.એ તા. ૧૯મી જુલાઇ, ૨૦૧૦ના પત્રથી રજુઆત ટપાલ દ્વારા મોકલેલ. સંસ્થાના પ્રમુખશ્રીએ જણાવેલ છે કે તારીખ ૨૯મી જુન, ૨૦૧૦ના પત્રની મંડળીની કારોબારી સમિતિના સભ્યશ્રીઓને બજવણી કરી મુળ નકલ તારીખ ૯મી જુલાઇ, ૨૦૧૦ના રોજ મોકલી આપવામાં આવેલ.

તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૦ના રોજ મળેલ કારોબારી મીટીંગના ઠરાવ નં. ૨ તથા તા.૨૨મી ઓગષ્ટ, ૨૦૦૯ના રોજ મળેલ મીટીંગના ઠરાવ નં. ૨ની ખરી નકલો મોકલેલ છે. જે ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઇ જવા વિનંતી કરતો ઠરાવ કરેલ. તે બાબતે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરેલ.

સંસ્થાના તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૦ના ઠરાવમાં તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ પ્રમુખશ્રી/ઉપપ્રમુખશ્રીએ ખાંડ નિયામકશ્રીની કચેરીની મુલાકાત લીધેલી અને મૌખિક રજુઆત કરેલી કે હાલના સંજોગો જોતા આ વનવાસી ખાંડ ઉદ્યોગ સ.મં.લી. શરૂ કરવાની શક્યતા નહીવત છે. ખાંડ નિયામકશ્રીએ તારીખ ૨૯મી જુન, ૨૦૧૦ના પત્રથી તમામ કારોબારી સભ્યશ્રીઓને તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૦ના રોજ ગાંધીનગર મુકામે લેખિત/મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવેલ. તેના સંદર્ભમાં આજની સભા તા. ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૯ના રોજ મળેલ મીટીંગમાં થયેલ ઠરાવ નં. ૨ ધ્યાને લઇ સદર મંડળીને ફડચામાં લઇ જવા સરકારશ્રીને વિનંતી કરે છે તેમ ઠરાવવામાં આવેલ અને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

ઉપરોક્ત હકીકતને ધ્યાનમાં લઇ મંડળીને ફડચામાં લઇ જવાનો તા. ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૧૦ના રોજ આદેશ કરવામાં આવેલ. તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ.મં. નવસારીએ ફડચાનો ચાર્જ સંભાળેલ. ત્યારબાદ ફડચા અધિકારીશ્રીએ તા. ૨૯મી જુન, ૨૦૧૧ના રોજ લેણદારોને ચુકવવાની થતી રકમ અંગે અગ્રતાક્રમનો તારીખ ૨૯મી જુન, ૨૦૧૧ના રોજ હુકમ કરેલ.

મંડળીની અંતિમ વાર્ષિક સાધારણ સભા તા. ૨૨મી ઓગષ્ટ, ૨૦૧૪ના રોજ મળેલ. અને મંડળીની નોંધણી રદ કરવા દરખાસ્ત કરવા ઠરાવવામાં આવેલ.

જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, નવસારી દ્વારા તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૪ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ-૧/૩૬૨/૨૦૧૪થી વનવાસી ખાંડ ઉદ્યોગ સ.મં.લી., વાંસદા, જિ. નવસારીની નોંધણી રદ કરવાનો હુકમ કરવા વિનંતી કરવામાં આવેલ છે. અને ચાર્જમાં મળેલ મિલ્કત અને લ્હેણાં પૈકી તમામનો નિકાલ કરેલ છે. અને મંડળીનું છેવટનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી તારીખ ૨૪મી ઓગષ્ટ, ૨૦૧૪ સુધીનું ઓડીટ કરાવી લીધેલ છે. કોર્ટમાં કોઇ કેસ પેન્ડીંગ નથી. ફડચાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ હોવાનું જણાવી નોંધ રદ કરવા વિનંતી કરવામાં આવેલ છે.

ઉપરની હકીકતે મંડળીની નોંધણી રદ કરવા રજુ થયેલ દરખાસ્ત અને જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ દર્શાવેલ વિગતોને ધ્યાનમાં લઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એ. બી. ગઢવી, ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી વનવાસી ખાંડ ઉદ્યોગ સ. મં. લી., વાંસદા, જિ. નવસારીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

ગાંધીનગર, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એ. બી. ગઢવી,
ખાંડ નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સંયુક્ત વાણિજ્યક વેરા કમિશનર દ્વારા

વંચાણમાં લીધુ :

(૧) વેપારીશ્રી મે. શાહ પ્રદિપકુમાર છોટાલાલ નો.નં. ૨૪૦૨૦૯૦૦૮૫૬ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૨૦૯૦૦૮૫૬ ખોવાયેલ ''સી'' ફોર્મની અરજી તા. ૦૮-૦૯-૨૦૧૪.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, વર્તુળ-૮, મહેસાણાના પત્ર જા. ૫૫૦૯/૧૦, તા. ૧૩-૦૧-૨૦૧૫.

(૩) કેન્દ્રીય વેચાણવેરા કાયદા-૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨ (૨) મુજબ.

INDEX

જાહેરનામું

(કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪-એ ના પેટાનિયમ-૭ અન્વયે).

ક્રમાંક/સંવાવેક/વિ-૪/મહે/ધારાકીય ફોર્મ રદ જા. ૧૭૭૩/૯૪-૨૦૧૪-૧૫.-સહાયક વાણિજ્યકવેરા કમિશનરશ્રી, ઘટક-૩૫, ડીસાના ક્ષેત્રાધિકારના વેપારીશ્રી મે. શાહ પ્રદિપકુમાર છોટાલાલ નો.નં. ૨૪૦૨૦૯૦૦૮૫૬ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૨૦૯૦૦૮૫૬ ધરાવે છે.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૬૯૯/૩૫૩૭/૨૦૧૪.– ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ગાંજીસર તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ગાંજીસર, તા. સાંતલપુર, જિ. પાટણ, જે નોંધાયેલ સહકારી સંસ્થા છે. નોંધણી નંબર : ૨૭૩૯૪, તારીખ ૧૪મી ઓક્ટોબર, ૧૯૯૪ છે. જેનું કામકાજ આટોપી લેવા અર્થે સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પાટણની કચેરીના તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૦ના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ક/૮૭૦/૨૦૧૦ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, ધી ગાંજીસર તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. રાધનપુર, તા. રાધનપુર, જિ. પાટણ તરફથી તેઓના તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૨૨૧/૨૦૧૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત

INDEX

થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨માં જણાવ્યાં મુજબની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી ગાંજીસર તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., કલમ-૨૦ની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધા :-

(૧) ધી પ્રગતિ સેવા સહકારી મંડળી લી., મુ. કરમસદ, તા.જિ. આણંદને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા અંગેનો ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, આણંદનો તારીખ ૧૬મી જૂન, ૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીશ નં. : ફડચ/૦૧/જ-૧/૧૯૮/૨૦૧૪, તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૪ તથા ફડચ/૦૧/જ-૧/૨૨૨/૨૦૧૪, તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૪.

(૩) અત્રેની કચેરીના જા.નં. ફડચ/૦૧/ખ-૧/૩૧૪/ ૨૦૧૪, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ પાઠવેલ વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૫) ગુજરાત સહકાર મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણી તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૧નું જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/જ-૧/૩૫૦/૨૦૧૪.–ધી પ્રગતિ સેવા સહકારી મંડળી લી., મુ. કરમસદ, તા.જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. : સે. ૧૦૦૨૭, તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૭ થી નોંધાયેલ સેવા સહકારી મંડળી છે. આમુખ-૧ થી વંચાણે લીધેલ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, આણંદનો તારીખ ૧૬મી જૂન, ૨૦૧૪ના ખાસ અહેવાલમાં જણાવ્યા અનુસાર (૧) મંડળીએ ગત ઓડીટ નોંધ તથા ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી. (૨) મંડળીના પેટા નિયમના ઉદ્દેશો મુજબ સભાસદોને ધિરાણ કરી તેની વસૂલાત પ્રવૃત્તિ કરેલ નથી. મંડળી સ્થગિત અવસ્થામાં છે. (૩) મંડળીની છેલ્લા ઘણા વર્ષોથી વાર્ષિક સામાન્ય સભા મળેલ નથી. સભાસદોને મંડળી ચલાવવામાં રસ ન હોય તેમ જણાય છે. (૪) મંડળીના ચેરમેનશ્રી તથા વ્યવસ્થાપક ક. સભ્યોને મંડળી પુનઃ શરૂ કરવા કોઈ અસરકારક પગલાં લીધેલ નથી. (૫) મંડળીના પેટા નિયમ મુજબ દર માસે કમિટિની મીટીંગ મળેલ નથી. (૬) મંડળીએ પાછલી બાકી અને ચાલુ બાકી ઓડીટ ફી ₹ ૨,૭૨૦/- જે સરકારશ્રીનું લેણુ હોવા છતાં પુરપુરી ભરપાઈ કરેલ નથી. (૭) મંડળીમાં પૂર્ણ સમયના સેક્રેટરીની નિમણૂંક કરેલ નથી. (૮) મંડળીના છેલ્લા પાંચ વર્ષના ઓડીટ વર્ગ-ડ છે.

અત્રેથી મંડળીના હોદ્દેદારોને આમુખ-૨માં જણાવેલ પાઠવી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી મંડળીના કોઇ પણ હોદ્દેદારો અત્રેની કચેરીએ હાજર રહેલ નથી તથા આમુખ-૩ મુજબ મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો હુકમ પાઠવેલ હતો. જેથી મંડળીને આમુખ-૪ ની જોગવાઇઓ હેઠળ ફડચામાં લઇ જવા જરૂરી જણાયું હોઇ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ, મને મળેલ સત્તાની રૂએ, ધી પ્રગતિ સેવા સહકારી મંડળી લી., મુ. કરમસદ, તા.જિ. આણંદ, નોંધણી નં. : સે. ૧૦૦૨૭, તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૭ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઇ જવા અંગેનો આખરી હુકમ કરૂ છું અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે કલમ-૧૦૮ અન્વયે શ્રી કે. ડી. પરમાર, મદદનીશ સહકારી અધિકારી, લગત સદર કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેમજ ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવાનું રહેશે.

આણંદ, તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૧૪.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)-૮૮૮૮/ઝ/૪૨૦/ ૧૬૮૮/૨૦૧૪.– આથી જાહેર કરે છે કે, શીવાંજલી રો-હાઉસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. કોસાડ, ન્યુ કોસાડ રોડ, તા. સુરત સીટી (અડાજણ), ટી.પી. સ્કીમ નં.-૨૩, સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)-૮૮૮૭/ઝ/૪૨૨/ ૧૬૯૦/૨૦૧૪.– આથી જાહેર કરે છે કે, સાંઇ મોહન રો-હાઉસ-૧ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. વડોદ, તા. ચોર્યાસી, જિ. સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)-૮૮૮૬/ઝ/૪૨૪/ ૧૬૯૧/૨૦૧૪.– આથી જાહેર કરે છે કે, ગંગોત્રી ટાવર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. કેસરબા માર્કેટ, કતારગામ ઝોન આફિસની બાજુમાં, તા. સુરત સીટી, ટી.પી. સ્કીમ નં.-૩, સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૪.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

INDEX

ક્રમાંક નધણ/એઆરવી/સે(દુ) ૪૨૪૩૧/સને ૨૦૧૪.– આથી જાહેર કરે છે કે, ધી સેગીયાની રાયણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ સેગીયાની રાયણ, તાલુકો ધનસુરા, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક નધણ/એઆરવી/સે(દુ) ૪૨૪૩૨/સને ૨૦૧૪.– આથી જાહેર કરે છે કે, ધી સીમલેટી (બાંઠીવાડા) મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ સીમલેટી (બાંઠીવાડા), તાલુકો મેઘરજ, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક નધણ/એઆરવી/ઉ(મ) ૧૫૮૭૨/સને ૨૦૧૪.– આથી જાહેર કરે છે કે, ધી વિરેશ્વર મજૂર કામદાર સહકારી મંડળી લીમીટેડ, સ્થળ ખલવાડ, તાલુકો ભિલોડા, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

જે. જે. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, અરવલ્લી,
મોડાસા.

નંબર એસકે/સે.દુ.-૪૧૫૧૩/૨૦૧૪.– આથી જાહેર કરે છે કે ધી જગન્નાથપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમીટેડ, મર્યાદિત સ્થળ જગન્નાથપુરા, તાલુકો ખેડબ્રહ્મા, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સ્પેશ્યલ ઓડીટરશ્રી, મિલ્ક ઓડીટ ઓફીસ, હિંમતનગરના વહીવટી ખાસ અહેવાલ ક્રમાંક : ખાસ અહેવાલ/૦૭/૨૧૮૩/૨૦૧૪, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ગ/૪૬૮/૨૦૧૪, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

પ્રસ્તાવના

ક્રમાંક વહટ/૦૧/ગ/૬૦૭/૪૧૨૫/૨૦૧૪.– ધી પોશીના દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., પોશીના, તા. પોશીના, જિ. સાબરકાંઠા, (જેનો હવે પછી ‘‘મંડળી’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ‘‘અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નં. : સે-૨૧૪૭૫, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૮૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ/નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે.

સદર મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૩ સુધીના સમયનું હિસાબી ઓડીટ શ્રી વી. બી. કટારા, સબ ઓડીટર, સહકારી મંડળીઓ (દૂધ), પ્રાંતિજ દ્વારા હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ અહેવાલ જોતાં જણાઈ આવેલ છે કે મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઇ આવેલ છે.

(૧) મંડળી પોતાના મંજૂર થયેલ પેટા નિયમોના ઉદ્દેશો મુજબની કામગીરી કરેલ નથી અને છેલ્લાં છ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીએ છેલ્લાં છ વર્ષથી વાર્ષિક ઓડીટ અહેવાલની દુરસ્તી કરેલ નથી.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમિટી મીટીંગ મળ્યા અંગેનું છેલ્લા ત્રણ વર્ષનું રેકર્ડ ઓડીટ માટે રજૂ થયેલ નથી. જેથી, મંડળીના કાર્યવાહકોને મંડળી ચાલુ રાખવામાં કોઈ રસ જણાતો નથી.

(૪) મંડળીના બેંક ચાલુ ખાતામાં છેલ્લા છ વર્ષથી કોઈ લેવડ દેવડ થયેલ નથી.

(૫) મંડળીમાં તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ના સરવૈયા મુજબ ₹ ૪૨,૨૧૫/- પાછલી ખોટ બોલે છે તથા મંડળી અર્થક્ષમ રીતે સધ્ધર નથી.

(૬) મંડળીની વાર્ષિક સાધારણ સભાની ઠરાવ બુક જોવા મળેલ નથી.

(૭) મંડળી છેલ્લા પાંચ વર્ષથી ‘‘ડ’’ વર્ગમાં ચાલે છે.

(૮) મંડળીમાં છેલ્લા બે વર્ષથી સેક્રેટરીની નિમણૂંક થયેલ નથી.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૩ થી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત / મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદર મુદતે કોઇ હાજર ન રહેલ નથી કે લેખિત રજુઆત કરવામાં આવેલ ન હોઈ ફરી તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદરહુ મુદતે કોઇ હાજર ન રહેતા, ફરી અંતિમ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૧૪ની મુદત આપવામાં આવેલ. સદર અંતિમ મુદતે પણ મંડળી તરફથી કોઈ હાજર ન રહેલ નથી કે લેખિત / મૌખિક જવાબ રજુ કરેલ નથી. આમ વારંવાર મુદતો આપવા

INDEX

છતાં મંડળી દ્વારા મંડળીને અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ, સંસ્થા જે હેતુ કે ઉદ્દેશો માટે રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

પ્રસ્તુત સંજાગો ધ્યાને લેતાં ઉકત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાંતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, આર. પી. ખરાડી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા, વંચાણે લીધેલ આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ, ધી પોશીના દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., પોશીના, તા. પોશીના, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છુ. અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) સદર કચેરીની નિમણુંક કરું છું.

ઉકત વચગાળાના હુકમ સામે મંડળીએ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસમાં રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે આ કચેરીએ હાજર રહી લેખિત / મૌખિક રજુઆત / ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉકત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઇ ખુલાસો કે રજુઆત કરવામાં આવે નહીં તો મુદત વિત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૪.

આર. પી. ખરાડી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)-૮૮૮૯/ઝ/૪૧૮/૧૬૮૫/ ૨૦૧૪.– આથી જાહેર કરે છે કે, સાંઈ કે. જી. ફ્લેટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. સાંઈ કે. જી. ફ્લેટસ, બ્લોક નં. ૨૦૬, અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૪.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI]   THURSDAY, FEBRUARY 19, 2015/MAGHA 30, 1936   [No. 8

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	249-291	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	15
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	8	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	703-855

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ-૨/૩૭૨/૧૫૯/૨૦૧૫.- અમદાવાદ શહેર પોલીસ મુ. મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ્ટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે. પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરી જગ્યા પર વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોય સદર જણાવેલ હદમાં રહેતાં પ્રજાજનો તથા ઢોર-ઢોખરની સલામતી સારૂં સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ કલમ-૩૭(૪) થી મને મળેલ અધિકારીની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટ્ટની આજુ બાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૫થી તારીખ ૩૧મી એપ્રિલ, ૨૦૧૫ સુધી સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી સદર બટ્ટની આજુ બાજુના રહીશો તેમજ બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમિયાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવો નહીં.

INDEX

રીવોલ્વર પ્રેકટીસનો સમય સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

મેં, આજ રોજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સહી સિક્કા કર્યા છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિશા/પરમીટ/એ. સેકશન/૫૫૮/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન એકમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, કે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઇ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલકત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ
વડોદરા શહેરમાં ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત (ઔદ્યોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફલેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફિસ/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલકત)
પોલીસ ઈન્સ્પેકટરશ્રી .... પોલીસ સ્ટેશન, વડોદરા શહેર, તારીખ ..../.........../૨૦૧૫.
ઔદ્યોગિક એકમ, મકાન માલિકનું નામ શ્રી/શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... સરનામું
ફોન નં. (ઘર) (ઓફીસ) (મો)
ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલકતનું સરનામું
(ભાડે રાખેલ મિલકત)નો ફોન નંબર (મો)
કેટલા ટાઇમ માટે ભાડે આપેલ તે સમયગાળો રીન્યુઅલ તારીખ
ભાડુઆતનો પાસપોર્ટ સાઇઝનો ફોટો એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ભાડુઆતની સહી એકમ, મકાન માલીકની સહી

આ હુકમનો અમલ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ (બંને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માહે ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/જાહેરનામું/૫૫૯/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે થયેલ ત્રાસવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બ બ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે ખરીદનાર વ્યકિતની ઓળખ માટે સાયકલના વેપારીઓએ કોઇ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા મેળવી ખરાઇ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ, સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર/સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ. નો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતિ અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, કે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર, દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનુ ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપ્રત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/બેટરીથી ચાલતા સ્કુટર વેચાણકર્તા એ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરું નામ / સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર / ચેસીસ નંબર અવશ્ય લખવો.

અમલવારીના પીરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માહે ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/જાહેરનામું/૫૬૦/૨૦૧૫.-વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, વડોદરા શહેર વિસ્તારમાં વહેલી સવારના ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આ ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો ભુતકાળમાં બનેલ છે, તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે, જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની હિતમાં વડોદરા શહેરમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા/ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર GG/૪૨૨/CRC/૧૦૮૨/૧૦૮૦/M. તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર GG/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં સવારના ક. ૦૭-૦૦ વાગ્યા પહેલા શરૂ કરવા અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર.

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

INDEX

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧ માહે ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસબી/જાહેરનામું/૧૩/૨૦૧૫.– રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મૂળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જેથી મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવુ જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી અને ગુનાના મૂળ સુધી પહોંચવામાં વિટમ્બણાં આવે છે. આ બાબતે કોઈપણ ઓળખનાં પુરાવા, ઓળખપત્ર વગર મોબાઈલ સીમકાર્ડ/હેન્ડ સેટ વિગેરે લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મૂળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાયછે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના (I.P.S.), પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સી.આર.પી.સી. ૧૯૭૩ (૧૯૭૪ના પાના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ ખરીદતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂં નામ સરનામું નોંધવું ફરજિયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજિસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

આ ઉપરાંત કોઇ એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી સીધો મોબાઇલની લે-વેચ કરે ત્યારે મોબાઇલ વેચનાર વ્યક્તિ પાસેથી ખરીદ કરનાર વ્યક્તિએ મોબાઇલ વેચનાર વ્યક્તિનું ID પ્રુફ અને પુરૂં નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી બીજી નકલ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે. દરેક પોલીસ સ્ટેશનમાં ઉપર મુજબના કોલમનું રજીસ્ટર નીભાવવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

BY PRINCIPAL DISTRICT JUDGE

Read : (1) This office Corrigendum Notification No. ADM/12/03/2015, Dtd. 20/01/2015.

(2) The Hon'ble High Court of Gujarat E-mail letter No. C.2103/2015, dated 02/02/2015.

Notification

No. ADM/12/4/2015.–In partial modification of this office Notification, cited in the preamble at Sr.No. 1, and in view of the Hon'ble High Court of Gujarat letter, cited in the preamble at Sr. No. 2, the undersigned is pleased **to declare** the following days as Holidays.

1.	**09th November, 2015**	**[Monday]**
2.	**10th November, 2015**	**[Tuesday]**
3.	**16th November, 2015**	**[Monday]**

And in lieu thereof, following non working Saturdays shall be working for the District Court, Tapi, and it's subordinate Courts.

1.	**27th June, 2015**	**[4th Saturday]**
2.	**25th July, 2015**	**[4th Saturday]**
3.	**22nd August, 2015**	**[4th Saturday]**

Vyara, 3rd February, 2015.

N. N. NAYAK,
Principal District Judge,
Tapi-Vyara.

Read : (1) Hon'ble High Court, letter No. C 2103/1991, dated 07-01-1991.

(2) Hon'ble High Court, letter No. C 2103/2006, dated 30-12-2006.

Notification

No. B/ADM/232/2015.–In pursuance of the instructions contained in Paragraph-628, Chapter-XXXI, Civil Manual, Volume-I, 1960 and in exercise of the powers conferred by sub section (2) of section 22 of the Gujarat Civil Act, 2005, the Principal District Judge, Panchmahals at Godhra, is hereby pleased to declare **Annual Summer Vacation-2015 for 30 Days from Saturday 16th May, 2015, to Sunday 14th June, 2015 (Both days inclusive)**

The offices of the Nazir and the Record-keeper, District Court, Panchmahals at Godhra, and the office of the Nazir, of the subordinate courts in the District shall, however remain open during the Vacation on working days. Civil work of urgent nature will be received during the vacation.

Godhra, 5th February, 2015.

HITEN G. BHATT,
Principal District Judge,
Panchmahals, Godhra.

Read : (1) Hon'ble High Court, letter No. C 2103/2014, dated 02-02-2015.

(2) This Office Notification No.Adm.B-8(1)/4949 of 2014, dated 30/12/2014.

Notification

No. ADM. B-8 (1)/411/2015.–As per the direction given by the Hon'ble High Court under its letter cited in preamble No. (1), the Undersigned is pleased to declare following days as Holidays for the District Court, Vadodara and all the Courts subordinate to it in the Judicial District of Vadodara.

1.	**09th November, 2015**	**[Monday]**
2.	**10th November, 2015**	**[Tuesday]**
3.	**16th November, 2015**	**[Monday]**

It is further notified that, in lieu thereof, non-working Saturdays on 27/06/2015, 25th July, 2015 and 22nd August, 2015 are declared as working days for the District Court, Vadodara and all the Courts subordinate to it the Judicial District of Vadodara.

Vadodara, 4th February, 2015.

Read : (1) Government of Gujarat, Legal Department, Notification No. GK/03/2014/102012/GOI-35/D, dated 28/01/2014 read with Government of Gujarat, Legal Department, No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, dated 5/02/2015.

(2) This Office Notification No.Adm.Spl-131/41 of 2015, dated 05/01/2015.

Notification

No. ADM.SPl-131/421/2015.–As per Governement of Gujarat, Legal Department Notification cited in preamble No. (1), the Court of First Additional Sessions Judge of each district at the head quarters are designated as Special Court to try the offences under the Protection of Children from Sexual Offences, 2012; following order is passed with immediate effect.

The Court of First Additional Sessions Judge at Vadodara Head Quarter is nominated as "Special Court" for the purpose of offences referred in The Protection of Children from Sexual Offiences Act, 2012, arising from the jurisdiction of vadodara, Judicial Distrct.

Vadodara, 5th February, 2015.

S. V. PINTO,
Principal District Judge,
Vadodara.

Read : (1) This office Notification No. ADM/2/1314 of 2014, Dtd. 31/12/2014.

(2) This Office Notification No. Adm/2/105 of 2015 dtd. 13-01-2015.

INDEX

(3) Hon'ble High Court of Gujarat letter No. C.2103/2015, dated 02-02-2015.

Notification

No. ADM/2/151/2015.–In view of letter of Hon'ble the High Court of Gujarat cited at Sr. No.3 the Principal District Judge, Navsari is pleased to declare following days as Holidays.

1.	**09th November, 2015**	**[Monday]**
2.	**10th November, 2015**	**[Tuesday]**
3.	**16th November, 2015**	**[Monday]**

And in lieu thereof, following days shall be working for all the Courts and Offices of Judicial District, Navsari.

1.	**27th June, 2015**	**[Saturday]**
2.	**25th July, 2015**	**[Saturday]**
3.	**22ndAugust, 2015**	**[Saturday]**

Navsari, 5th February, 2015.

M. B. TRIVEDI,
Principal District Judge,
Navsari.

Read : (1) The Hon'ble High Court of Gujarat letter No. C.2103/2015, dated 02-02-2015.

Notification

No. ADM/14/140/2015.–In view of the Hon'ble High Court letter, cited in the preamble, the undersigned is pleased **to declare** the following days as Holidays.

1.	**09th November, 2015**	**[Monday]**
2.	**10th November, 2015**	**[Tuesday]**
3.	**16th November, 2015**	**[Monday]**

And in lieu thereof, following **days shall be working** for this District inclusive of all its offices and Subordinate Court of Valsad Judicial District.

1.	**27th June, 2015**	**[Saturday]**
2.	**25th July, 2015**	**[Saturday]**
3.	**22nd August, 2015**	**[Saturday]**

Valsad, 3th February, 2015.

A. M. BHIMANI,
Principal District Judge,
Valsad.

Read : (1) The Hon'ble High Court of Gujarat Letter No. C.2103/2015, dated 02-02-2015.

Notification

No. B.8/1/ADM/06/2015.–In view of the Hon'ble High Court Letter, cited in the preamble, the undersigned is pleased to declare the following days **as Holidays.**

1.	**09th November, 2015**	**[Monday]**
2.	**10th November, 2015**	**[Tuesday]**
3.	**16th November, 2015**	**[Monday]**

And in lieu thereof, **following days shall be working** for the District Court, Mahesana, inclusive of all Offices and it's subordinate Courts.

1.	**27th June, 2015**	**[4th Saturday]**
2.	**25th July, 2015**	**[4th Saturday]**
3.	**22nd August, 2015**	**[4th Saturday]**

Mahesana, 4th February, 2015.

I. B. VAGHELA,
Principal District Judge,
Mahesana.

Read : (1) The Hon'ble High Court of Gujarat Letter No. C.2103/2015, dated 02-02-2015.

Notification

No. ADM/122/2015.–In view of the Hon'ble High Court Letter, cited in the preamble, the undersigned is pleased to declare the following days **as Holidays.**

1.	**09th November, 2015**	**[Monday]**
2.	**10th November, 2015**	**[Tuesday]**
3.	**16th November, 2015**	**[Saturday]**

And in lieu thereof, following days shall be working for this District inclusive of all its Offices and subordinate Courts of Narmada Judicial District.

1.	**27th June, 2015**	**[Saturday]**
2.	**25th July, 2015**	**[Saturday]**
3.	**22nd August, 2015**	**[Saturday]**

Rajpipla, 3rd February, 2015.

V. M. NAYAK,
Principal District Judge,
Narmada-Rajpipla.

Read : (1) This office Notification No. ADM : 12/134 of 2015, dated 22-01-2015.

(2) Hon'ble High Court Letter No. C-2103/2015, dated 02-02-2015.

INDEX

Notification

No. : ADM : 12/209 of 2015.– In view of Hon'ble High Court Letter dated 02-02-2015 cited in the Preamble at Sr. No. [2], the Undersigned is pleased to **declare** following days as **Holidays** for district Court, Kheda at Nadiad, inclusive of its offices and its subordinate Courts.

[1] 09th November, 2015. [Monday]

[2] 10th November, 2015. [Tuesdauy]

[3] 16th November, 2015. [Monday]

And in lieu thereof, **following days shall be working days** for the District Court a Kheda at Nadiad, inclusive of its offices and its subordinate Courts of the District.

[1] 27th June, 2015. [4th Saturday]

[2] 25th July, 2015. [4th Saturday]

[3] 22nd August, 2015. [4th Saturday]

Nadiad, 4th February, 2015.

M. P. SHETH,
Principal District Judge,
Kheda - Nadiad.

Read : (1) Hon'ble High Court Letter No. C-2103/2015, dated 02-02-2015.

(2) This office Notification No. B/8/3/03/2015, dtd 22-01-2015.

Notification

No. : B/8/3/05/2015.– In view of Hon'ble High Court Letter cited in the Preamble at Sr. No. 1, the Undersigned is pleased to declare following days as Holidays.

1. 09th November, 2015. [Monday]
2. 10th November, 2015. [Tuesdauy]
3. 16th November, 2015. [Monday]

And in lieu thereof following days for the District Court inclusive of all its offices and subordinate Courts of Dahod Judicial District.

1. 27th June, 2015. [4th Saturday]
2. 25th July, 2015. [4th Saturday]
3. 22nd August, 2015. [4th Saturday]

Dahod, 4th February, 2015.

S. N. VAKIL,
Principal District Judge,
Dahod.

Read : (1) High Court Circular letter No. C.- 2103/91, dated 07-01-1991.

(2) High Court, letter No. C.- 2103/06, dated 30-12-2006.

Notification

No. : B/8/3/06/2015.– In exercise of powers vested under Paragraph 628 of Chapter XXXI of Civil Manual, Volume-I of 1960, and Honourable High Court of Gujarat letter cited in the preamble and in exercise of the powers conferred by sub-section (2) of section-22 of the Gujarat Civil Courts Act, 2005, undersigned is pleased to notify that, all the Civil Courts of the Jucicial District of Dahod shall remain closed for Annual Summer Vacation for **30 days** commencing from **Saturday, 16th May, 2015 to Sunday 14th June, 2015 (Both days inclusive).**

The offices of the Nazir and the Record-keeper, District Court, at Dahod as well as offices of the Nazir of Subordinate Civil Court in Dahod Judicial District well remain open during the Annual Vacation on working days.

Dahod, 4th February, 2015.

S. N. VAKIL,
Principal District Judge,
Dahod.

Read : (1) This office Notification No. 4/2015, dtd 19-01-2015 bearing No. B. 10/117/2015.

(1) Letter No. C-2103/2015, dated 02-02-2015 of the Hon'ble High Court of Gujarat.

Notification

No. : 9/of 2015.– In view of Hon'ble High Court Letter cited in the Premble, the Undersigned is pleased to declare the following days as Holidays :-

1. 09th November, 2015. (Monday)
2. 10th November, 2015. (Tuesdauy)
3. 16th November, 2015. (Monday)

And in lieu thereof, following days shell be working for the District Court inclusive of all its offices and subordinate Courts of Surat Judicial District.

1. 27th June, 2015 (Saturday)
2. 25th July, 2015 (Saturday)
3. 22nd August, 2015 (Saturday)

Surat, 4th February, 2015.

M. J. THAKKAR,
Principal District Judge,
Surat.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/૧/નો પાર્કિંગ/જાહેરનામું/વશી-૫૦૩થી ૫૩૦/ ૨૦૧૫.—તાપી જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, વ્યારા તથા સોનગઢ ખાતે આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ ખાતે દરરોજ મોટા પ્રમાણમાં નાગરિકો અરજદારો અલગ અલગ કામ અર્થે જેવા કે, લાયસન્સ સબંધિત વાહનની નોંધણી સબંધિત તથા નોંધણી બાદની કાર્યવાહીઓ, ટેક્ષ ભરવાની કાર્યવાહી, વાહન કોઈ ગુનામાં પકડાય ત્યારે દંડ ભરવાની કાર્યવાહી, પરમીટ સબંધિત કાર્યવાહીઓ વિગેરે માટે આવે છે. તા. ૦૧/૦૭/૧૯૮૯ પછી કાયદેસર એજન્ટ પ્રથા નથી, આમ છતાંય ઘણીવાર અરજદારો/નાગરિકો જ્યારે કચેરીનાં કંપાઉન્ડમાં પ્રવેશ છે તે સમયે કચેરીની આસપાસ અથવા નજીકનાં સ્થળે એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની સાથે છેતરપીંડી કરીને અથવા ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવીને કેટલાક અનઅધિકૃત ઈસમો આવી પ્રવૃત્તિઓ કરીને અરજદાર સાથે છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે.

આથી હું, રંજીથકુમાર જે. આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, વ્યારાની કચેરી તથા અત્રેના જિલ્લામાં આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ સોનગઢ ખાતે કે રોજે રોજ જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે અરજદારો સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરી/ચેકપોસ્ટ પર આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

આ હુકમ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫થી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

રંજીથકુમાર જે.,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
તાપી-વ્યારા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૩૩(૧)(ખ)મુજબનું.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/મકરસંક્રાંતિ/વશી-૧૩૭/ રજી. નં. ૦૨/૨૦૧૫.—તારીખ ૧૪/૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મકરસંક્રાંતિનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે ઘણા લોકો જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. પતંગ મહોત્સવ દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક માંથી બનાવવામાં આવતી ચાઈનીઝ દોરીથી પક્ષીઓ તથા માણસોને ગંભીર ઈજા થવાની સંભાવના રહેલી છે. તે ઉપરાંત રસ્તાઓ તથા રેલ્વે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેક્ટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક ધાતુની બનાવટના દોરાથી પતંગો ઉડાડવા તથા ભેરવાયેલા પતંગ ઉતારવાના પ્રયત્નો કરે તો બે ઈલેક્ટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કીટના તથા અકસ્માત થવાની સંભાવના રહેલી છે.

જેથી લોકોની જાહેર સલામતી ખાતર આવી રીતે ચાઈનીઝ દોરી અને સદર પ્રકારની સિન્થેટીક તથા ધાતુની બનાવટના દોરાથી પતંગો ઉડાડવાથી લોકોની તંદુરસ્તી અને જાનને ખતરાનો પ્રશ્ન રહેતો હોવાથી ચાઇનીઝ દોરી વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (આઇ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૩૩(૧)(ખ) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધીનાં દિવસો દરમ્યાન નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વેપારી/વ્યક્તિએ જાહેર રસ્તામાં અથવા જાહેર જગ્યાઓ કે કોઇપણ જગ્યાએ ચાઇનીઝ બનાવટની દોરી સિન્થેટીક પ્રકારની દોરી સંગ્રહ કરવા કે વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરના હુકમનો ભંગ કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૬ મુજબ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ધી ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨ માંની કલમ-૩૩ (૧) (બી) મુજબનું.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/મકરસંક્રાંતિ/વશી ૯૨/રજી નં.-૧/૨૦૧૫.—તારીખ ૧૪-૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મકરસંક્રાંતિનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે ઘણા લોકો જાહેર માર્ગો/ રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. અને કપાયેલા પતંગો અને દોરા વિગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઈ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડા દોડી કરતા હોય છે. જેથી જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં અવર જવર કરતા વ્યક્તિઓને અડચણો ઉભી કરી ભયજનક રીતે વર્તવા સંભવ છે. જેના લીધે જાહેર રસ્તાના વાહન વ્યવહારને તથા જાહેર જનતાને અવરોધ ઉભો થવા તથા અકસ્માતો થવાની સંભાવના રહે છે.

પતંગ મહોત્સવ દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક માંથી બનાવવામાં આવતી ચાઈનીઝ દોરીથી પક્ષીઓ તથા માણસોને ગંભીર ઈજા થવાની સંભાવના રહેલી છે. તે ઉપરાંત રસ્તાઓ તથા રેલ્વે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેક્ટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક ધાતુની બનાવટના દોરાથી પતંગો ઉડાડવા તથા ભેરવાયેલા પતંગ ઉતારવાના પ્રયત્નો કરેત તો બે ઈલેક્ટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કીટના તથા અકસ્માત થવાની સંભાવના રહેલી છે.

જેથી લોકોની જાહેર સલામતી ખાતર આવી રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગો ઉડાડવા અને ચાઈનીઝ દોરી તથા ધાતુની બનાવટના દોરાથી પતંગો ઉડાડવા તથા હાથમાં લાંબા ઝંડા/વાંસ વિગેરે લઈ જાહેર રસ્તામાં તથા જગ્યાઓમાં હરવા, ફરવા, દોડાદોડી કરવા કે લંગરો નાંખી પતંગો કે દોરી લુટવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (આઇ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫

થી તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધીનાં દિવસો દરમ્યાન નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વ્યક્તિએ જાહેર રસ્તામાં અથવા જાહેર જગ્યાઓ ઉપર પતંગો ઉડાડવા નહી તેમજ હાથમાં લાંબા ઝંડા કે વાંસ સાથે રાખી જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં હરવુ ફરવું નહી કે કપાયેલા પતંગ અથવા દોરા મેળવવા જાહેર રસ્તા અગર જગ્યાઓમાં દોડાદોડી કરવી નહિ ટેલીફોન કે ઈલેક્ટ્રીક તાર પર દોરાના લંગરો નાંખવા નહી, તેમજ ચાઈનીઝ બનાવટની દોરી અને સદર પ્રકારની દોરીથી પતંગ ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરના હુકમનો ભંગ કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/ટ્યુશન/વશી.-૫૭૮ થી ૬૧૫/૨૦૧૫.– નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારના ટ્યુશન ક્લાસીસ શરૂ થાય છે. અને રાત્રે મોડા સુધી ચાલે છે. આ ટ્યુશન ક્લાસીસમાં વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. વહેલી સવારના શૈક્ષણિક ટ્યુશન ક્લાસમાં જતાં રાત્રે પરત આવતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો અગાઉ સુરત ખાતે બનેલ છે. ભવિષ્યમાં આવા ગંભીર પ્રકાના ગુનાઓ અત્રેના જિલ્લામાં બને તેવી શકયતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના ૨૦-૦૦ કલાક બાદ શૈક્ષણિક ટ્યુશન ક્લાસીસ ચલાવવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારીની રૂએ આથી હુકમ કરૂં છું કે,

નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સવારના કલાક ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના ૨૦-૦૦ કલાક બાદ શૈક્ષણિક ટ્યુશન ક્લાસીસ ચલાવવા નહી.

આ હુકમ તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તા. ૧૮મી માર્ચ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપેલ છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી મકાન મિલકત/વશી/૧૬૦/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) સાયણ, તા. ઓલપાડ (૨) ભાઠા, તા. ચોર્યાસી (૩) ઘલા, તા.કામરેજ (૪) કુંવારદા, કોસંબા, તા. માંગરોળ તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉક્ત ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. ચૂંટણી પ્રચાર અભિયાન રાજકિય પક્ષોના કાર્યકરો તથા ઉમેદવારો તરફથી શરૂ થનાર છે. જે માટે ઉમેદવારો/રાજકીય પક્ષો પોતાના ચૂંટણી પ્રચાર માટે અધિકૃત વ્યક્તિ કે તેઓના કાર્યકરો મારફતે જાહેર તથા ખાનગી મકાનોના અધિકૃત વ્યક્તિ કે, મકાન માલિકની પરવાનગી લીધા સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીતરીને, ધજા, પતાકા લગાડીને મકાનોની દિવાલોને બગાડ કરવાની શક્યતા રહે છે.

ચૂંટણી પંચના પત્ર ક્રમાંકઃ૩/૭/૨૦૦૮/જે.એસ-૨, તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંકઃઈએલસી/૧૦૦૮-૫૩૩(૨)-છ, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૯ની સુચના અનુસાર આચાર સંહિતાની જોગવાઈનો અમલ કરવા અને લોકોની માલ, મિલ્કતને તેમની ઈચ્છા વિરૂદ્ધ થતું નુકશાન, હાની, બગાડ અટકાવવા માટે આદેશ કરવો ઉચિત જણાતું હોઈ, હું પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સુરત પોલીસ કમિશનરશ્રીના અધિકાર ક્ષેત્ર સિવાયના સુરત જિલ્લાના (ગ્રામ્ય) વિસ્તારના ઉક્ત ગ્રામ પંચાયતોના વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોને અથવા તેઓના કાર્યકરો કે સમર્થકો દ્વારા ઉપરોક્ત વિસ્તારમાં આવેલ જાહેર કે ખાનગી મકાન, મિલકત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલકત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલીકની પરવાનગી સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સુત્રો/નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચૂંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કતને હાની, નુકશાન કે બગાડ કરવો નહિ કે કરવા દેવો નહિ.

૨. જાહેર કે ખાનગી મકાનોની દિવાલ પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓની ચુસ્તપણે અમલ કરવો.

૩. એક રાજકીય પક્ષના કાર્યકરો કે ટેકેદારો અન્ય રાજકીય પક્ષો દ્વારા આયોજીત કરવામાં આવેલ સભામાં તેમના પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરી ખલેલ કરશે નહી તેમજ એક પક્ષ દ્વારા લગાવવામાં આવેલ પોસ્ટર બીજા પક્ષના કાર્યકરો તે ટેકેદારો દુર કરી શકાશે નહી.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં જણાવવામાં આવે છે કે, આ શબ્દ પ્રયોગમાં મિલ્કત, ધોરીમાર્ગ અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા, તેના ઉપર જાહેર જનતાના માર્ગદર્શન માટે અથવા માર્ગ/દિશા બતાવવા

INDEX

માટે મુકેલ સાઈન બોર્ડ, માઈલ સ્ટોન, રેલ્વે ફાટક તથા તેના ચેતરણીરૂપ નોટિસ બોર્ડ, રેલ્વે પ્લેટ ફોર્મ, બસ ટર્મીનલના કોઈપણ પ્રકારના બોર્ડ કે જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શીત કરેલ અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ થશે. પરંતુ તેટલા પુરતો મર્યાદિત રહેશે નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નં. એમએજી/ચૂંટણી વાહન/વશી/૨૧૯/૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) સાયણ, તા. ઓલપાડ (૨) ભાઠા, તા. ચોર્યાસી (૩) ઘલા, તા.કામરેજ (૪) કુંવારદા, કોસંબા, તા. માંગરોળ તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉક્ત ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. સદરહુ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીને અનુલક્ષીને તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો સાથે વાહન ઉપર લાઉડ સ્પીકર લગાડી પ્રચાર કરતા હોય છે. ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંકઃ૪૩૭/૬/પીએલએન-૩, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૭ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંકઃઈએલસી/૧૦૦૭-૧૭૫ (૨)-છ, તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૦૭ની સુચના અનુસાર પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવા માટે તે વાહનની નોંધણી કરાવી પરવાનગી લેવાની થાય છે. વાહનની નોંધણી તેમજ તેના ઉપયોગ માટેની પરવાનગીની કાર્યવાહી જે તે સંબંધિત ચૂંટણી અધિકારી તરફથી કરવામાં આવે છે. જે પરમીટ વાહન ઉપર સ્પષ્ટ દેખાય તેવી રીતે વીન્ડ સ્ક્રીન પર લગાવવાની રહેશે તેમજ પ્રચાર માટે માઈકનો ઉપયોગ કરવા માટેની પરવાનગી સંબંધિત સક્ષમ અધિકારીની મેળવવાની રહેશે. ઘણાં રાજકીય પક્ષના ઉમેદવારોના કાર્યકરો આવી પરવાનગી લીધા સિવાય પ્રચાર કરી ચૂંટણી આચાર સંહીતાનો ભંગ કરતા હોય છે. જેથી ચૂંટણી પ્રક્રીયા ઉપર માઠી અસર પડવાનો સંભવ રહે છે.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉક્ત ગ્રામ પંચાયતોના વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનનો ઉપયોગ જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય વાહનનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

૨. ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલ વાહન ઉપર વીન્ડ સ્ક્રીન ઉપર પરમીટ લગાડ્યા સિવાય ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

૩. વગર પરવાનગીએ વાહનમાં લાઉડસ્પીકરથી ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાંની તારીખથી તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી/પ્રાર્થના સ્થળ/વશી/૨૭૯/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) સાયણ, તા. ઓલપાડ (૨) ભાઠા, તા. ચોર્યાસી (૩) ઘલા. તા. કામરેજ (૪) કુંવારદા, કોસંબા, તા. માંગરોળ તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉક્ત ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સવારેના ૮-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. અગાઉની પેટા ચૂંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શક્યતા રહે છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી થાય તે માટે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે જરૂરી છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે તમામ પ્રકારના સાધનો મિલકતો સ્થળોનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરે છે. આવા ચૂંટણી પ્રચાર વખતે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇપણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો કોમી સંવાદીતા ખોરવાવાની અને તંગદીલી ઉભી થવાની શક્યતા રહે છે જેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ઉપર પડવાની શક્યતા રહે છે.

ભારતના ચૂંટણી આયોગે ધી રીલીજીયસ ઈન્સ્ટીટયુસન્સ (પ્રિવન્શન ઓફ મીસ યુઝ) એકટ-૧૯૮૮ ની જોગવાઇઓને ટાંકીને આપેલ આદેશ ક્રમાંક ૩/૧/૨૦૧૨/એસડીઆર, તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૨ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક ઈએલસી/૧૦૨૦૧૨-૫૪૬-છ, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૧૨ થી આપેલ સુચના મુજબ ચૂંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇપણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ નહીં કરવા માટે આદેશ કરેલ છે.

INDEX

જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ધ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ થઇ ન શકે તે માટે સુરત જિલ્લામાં સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય) ના ઉકત ગ્રામ પંચાયતોના વિસ્તારમાં સરદહુ બાબત ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી હું પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશનરેટના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉક્ત પંચાયતોના વિસ્તારમાં કોઇપણ પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકોએ ચૂંટણી પ્રક્રીયા દરમ્યાન ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા જેવા ધાર્મિક સ્થળો/સંસ્થાઓ અથવા કોઇપણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહીં.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસૂરવાર સામે પગલા લેવા કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી હથિયાર/વશી. ૩૩૯/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) સાયણ, તા. ઓલપાડ (૨) ભાઠા, તા. ચોર્યાસી (૩) ઘલા. તા. કામરેજ (૪) કુંવારદા, કોસંબા તા. માંગરોળ તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉક્ત ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સવારેના ૮-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. જાહેર થયેલ કાર્યક્રમના કારણે ઉમેદવારો તથા રાજકીય પક્ષો દ્વારા તથા તેમના કાર્યકરો દ્વારા ચૂંટણી લક્ષી પ્રચાર માટે તીવ્ર સ્પર્ધા થનાર છે. જેના કારણે જાહેર સુલેહશાંતિનો તથા કોમી એખલાસનો ભંગ થવાના પ્રસંગો બનવા સંભવ હોઇ, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે યોગ્ય પગલાં લેવાં ઇચ્છનીય છે.

વાસ્તે, હું પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મેળલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત જિલ્લાનાં પોલીસ કમિશનરશ્રી, સુરતના અધિકાર હેઠળના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય) ના ઉકત ગ્રામ પંચાયતોના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ આ હુકમની તારીખથી તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન,

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ યંત્ર, શસ્ત્ર કે સાધન સાથે લઈ જવુ નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહિ.

(૩) પથ્થરો, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે નાંખવાના યંત્રો, શસ્ત્રો અથવા સાધન સાથે લઈ જવું નહિ.

(૪) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહિ.

(૫) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કે ચેષ્ટા કરવી નહિ, ચિત્રો, પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ અથવા તેનો ફેલાવો કરવો નહિ.

(૬) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(૭) લોકોને અપમાનિત કરવાના ઈરાદે જાહેરમાં બુમો પાડવી નહિ, ગીતો ગાવા નહી, કે વાદ્ય વગાડવું નહિ.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેની વ્યક્તિ કે વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને ઉપરી અધિકારીએ ચૂંટણી કામગીરી કે સરકારી કામે આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ પોલીસ અધિકારી દ્વારા જેની શારિરીક, અશક્તતાને કારણે શરીરને ટેકો આપવા લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપેલ હોય.

આ જાહેરનામાની કોઈ સુચનાનો ભંગ થતો જણાશે તો તેવી વ્યકિત/વ્યકિતઓ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/વિશ્રામ/અતિથી ગૃહ/વશી. ૩૯૯/૨૦૧૫.-રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) સાયણ, તા. ઓલપાડ (૨) ભાઠા, તા. ચોર્યાસી (૩) ઘલા. તા. કામરેજ (૪) કુંવારદા, કોસંબા તા. માંગરોળ તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉક્ત ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સવારેના ૮-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. ભારતીય

INDEX

ચૂંટણી પંચના પત્રના પત્ર ક્રમાંક : ૪૩૭/૬/૩૮/૨૦૦૪-પીએલએન-૩, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૪ની સુચના અનુસાર વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સુચના આપેલ છે.

આથી હું પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, ઉપરોક્ત ગ્રામ પંચાયતોમાં,

૧. વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે.

૨. કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણુ-વરંડા સહિત)નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ, અતિથીગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજી શકાશે નહી.

૩. ચૂંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ-અતિથી ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવવા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથી ગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામ ગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

૪. એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભવો મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ-અતિથી ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/ચૂંટણી સભાસરઘસ/વશી-૪૫૯/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) સાયણ, તા. ઓલપાડ (૨) ભાઠા, તા. ચોર્યાસી (૩) ઘલા. તા. કામરેજ (૪) કુંવારદા, કોસંબા તા. માંગરોળ તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આ ચૂંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચૂંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

વાસ્તે હું, હું પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ સુરત શહેરનાં પોલીસ કમિશનરશ્રીના હકુમત હેઠળના વિસ્તાર સિવાયના સુરત જિલ્લામાં સમાવિષ્ટ સુરત (ગ્રામ્ય) ના ઉક્ત ગ્રામ્ય પંચાયતોના વિસ્તાર માટે ફરમાવું છું કે,

૧. કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓએ આ હુકમની તારીખથી તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન (બંને દિવસો સહિત) ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં, કોઈ સભા કરવી કે, બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

૨. કોઈપણ રાજકિય પક્ષ કે ઉમેદવારો દ્વારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

૩. ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં આપવા કે ચૂંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહી.

૪. જ્યાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહી તેમજ ખલેલ પહોંચાડવી નહી.

૫. ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન ધ્વજ/બેનર્સ કે કટ આઉટ રાખી શકાશે. આવા સરઘસમાં પક્ષે/ઉમેદવારે પુરા પાડેલ ટોપી/માસ્ક/સ્કાર્ફ વગેરે પહેરી શકાશે. પરંતુ પક્ષે પુરા પાડેલ સાડી/શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરી શકાશે નહી.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેના કીસ્સામાં લાગુ પડશે નહીં :-

(૧) લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી માટે કે મંદિર/મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુદ્ધ આશયથી જતી વ્યક્તિઓને.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો મારી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/ચૂંટણી/હથિયારબંધી/વશી/૫૧૯/૨૦૧૫.- રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) સાયણ, તા. ઓલપાડ (૨) ભાઠા, તા. ચોર્યાસી (૩) ઘલા. તા. કામરેજ (૪) કુંવારદા, કોસંબા તા.

INDEX

માંગરોળ તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. ભારતના ચૂંટણી આયોગે ભારતના બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/એલ એન્ડ ઓ/૯૯-પીએલએન-૧, તા. ૧૨-૧૧-૧૯૯૯ના પેરા નં.-૬માં આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી હથિયારો સાથે હરવા-ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

અગાઉની પંચાયતોની પેટા ચૂંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શકયતા રહે છે. મુકત અને ન્યાયી ચૂંટણી થાય તે માટે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથીયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઇ ન શકે તે માટે સુરત જિલ્લામાં સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉકત પંચાયતોના વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. સુરત જિલ્લા (ગ્રામ્ય) બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત જિલ્લા (ગ્રામ્ય)ના ઉકત પંચાયતોના વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલીક જરૂરી જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું.

(૧) સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉકત પંચાયતોના વિસ્તારમાં કોઇપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઇપણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહિ.

(૨) સુરત (ગ્રામ્ય) વિસ્તાર બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સુરત જિલ્લા (ગ્રામ્ય)ના ઉકત પંચાયતોના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહિ અથવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહિ.

અપવાદ :-

આ હુકમનો પેરા નં.-૪ (૧) અને (૨) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઇ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(બ) રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તેમજ સુરત જિલ્લામાં આવેલ હિરાની ફેકટરીઓ તથા સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યક્તિઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીએશનના રમતવીરો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) આર-૩ હેઠળનું.

ક્રમાંક એમએજી/ચૂંટણી લાઉડ સ્પીકર/વશી/૫૭૯/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) સાયણ, તા. ઓલપાડ (૨) ભાઠા, તા. ચોર્યાસી (૩) ઘલા. તા. કામરેજ (૪) કુંવારદા, કોસંબા તા. માંગરોળ તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. ભારતના નિર્વાચન આયોગે તેના આદેશ ક્રમાંક : ૩/૮/૯૪/જે.એસ./II, તારીખ ૨૬મી ડીસેમ્બર, ૨૦૦૦ માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણો રાખવા જરૂરી હોવાનું જણાવી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફક્ત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉક્ત ગ્રામ પંચાયત વિસ્તારોમાં લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત પોલીસ કમિશનરશ્રીના અધિકાર ક્ષેત્ર સિવાયના સુરત જિલ્લાના (ગ્રામ્ય)ના ઉક્ત ગ્રામ પંચાયતોના વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકોએ,

(૧) ચૂંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

(૨) ચૂંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટેટીક અથવા માઉન્ટેડ લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

(૩) સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલા અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરી શકાશે નહિ.

(૪) કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહી.

અપવાદ :-

સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૨ના જાહેરનામા નં. જીએનવી-૨૦૧૨-(૦૧)-ઈએનવી-૧૦-૨૦૧૧-૨૦૧૭-ઈ થી ધી નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ અંતર્ગત વર્ષ-૨૦૦૧માં કેટલાક ધાર્મિક તહેવારો/ સાંસ્કૃતિક ઉજવણીના પ્રસંગોએ આપેલ છુટછાટ મુજબ આ સમય માટે જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને થશે.

આ હુકમ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) ડી. એ. હેઠળનું.

નંબર એમએજી/કટઆઉટ/વશી/૬૩૯/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે જે મુજબ અત્રેના જિલ્લાની (૧) સાયણ, તા. ઓલપાડ (૨) ભાઠા, તા. ચોર્યાસી (૩) ઘલા, તા. કામરેજ (૪) કુંવારદા, કોસંબા તા. માંગરોળ તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. ભારતના ચૂંટણી આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩-૧૦-૨૦૦૧-જે.એસ.-૨, તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૧ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ, જાહેરાત બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલીકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે. એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મીલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે. એના લીધે ટ્રાફીકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ડી. એ.થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, ઉક્ત ગ્રામ પંચાયતોના વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહીં કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહીં કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહી.

૨. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિઓ દ્વારા કોઈ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે તે જગ્યાના માલિતની પુર્વ મંજુરી વગર મૂકી શકાશે નહી.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તાત્કાલિક અસરથી અમલમાં મુકાશે અને તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક : નધણ/૦૧/ખ-૧/૭૩૧/પીએમએસ/સે.દુ. ૪૧૩૧૬/૨૦૧૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી પરમારપુરા (મહિલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., પરમારપુરા, મર્યાદીત સ્થળ પરમારપુરા, તાલુકો ગોધરા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક : નધણ/૦૧/ખ-૧/૭૩૭/પીએમએસ/સે.દુ. ૪૧૩૧૭/૨૦૧૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી રાયણવાડીયા (મહિલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., રાયણવાડીયા, મર્યાદીત સ્થળ રાયણવાડીયા, તાલુકો હાલોલ, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક : નધણ/૦૧/ખ-૧/૭૪૩/પીએમએસ/સે.દુ. ૪૧૩૧૮/૨૦૧૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી પીપીયા (મહિલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., પીપીયા, મર્યાદીત સ્થળ પીપીયા, તાલુકો જાંબુઘોડા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગોધરા.

નં. નધણ/કેડીએ/''સે.''(શ)-૪૧૩૯૦/ડોકેટ-૧૩૩૮/સને ૨૦૧૪.- આથી જાહેર કરે છે કે, વસુંધરા સહકારી શરાફી મંડળી લી. વસો, મર્યાદિત સ્થળ સમગ્ર વસો, તાલુકો જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તા. ૪થી ડીસેમ્બર, ૨૦૧૪.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીઆદ.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી, તારીખ ૨૭-૫-૧૯૭૮.

(૩) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક : ખસમ/૨/ક/૩૯૬૫, તારીખ ૮-૬-૧૯૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૨૯-૧૦-૨૦૧૪.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક : ખપગ/૧૯૭/ખ-૩/૨૩૯/૧૪, તારીખ ૭-૧૧-૨૦૧૪

(૬) મંડળીની તારીખ ૩-૧૧-૨૦૧૪ ની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. : ખપગ/ખ-૩/૨૪૧/૩૫૫૬/૨૦૧૪.–સુઘડ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. મુ. સુઘડ, તા. જિ. ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક : ખે-૩૫૧૧, તારીખ ૭મી ડીસેમ્બર, ૧૯૯૨ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક : ખપગ/૧૯૭/ખા-૩/૨૩૯/૧૪, તારીખ ૭-૧૧-૨૦૧૪ થી આટોપી લેવા આદેશ સામે મંડળીએ કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયા થી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી આમ છતાં મંડળીએ સંદર્ભ-૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને પૂરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણે રહે છે. ઉક્ત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું ઉર્વશી બ્રહ્મભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર મને મળેલ સત્તાની રૂઇએ સુઘડ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. મુ. સુઘડ, તા. જિ. ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક : ખે૩૫૧૧, તારીખ ૭-૧૨-૧૯૯૨ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક : (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરુ છું.

ગાંધીનગર, તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૪.

ઉવર્શી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

વંચાણે લીધા :-

(૧) મે. જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ગોધરાનાં હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૧/૬૩૧, તારીખ ૩૧-૧૨-૨૦૦૮.

INDEX

(૨) ફડચા અધિકારી પંચમહાલ દૂધ ઉત્પાદક સંઘ લી. ગોધરાનો તારીખ ૧૭-૧૦-૨૦૧૪.

(૩) ધી માંજરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. લુણાવાડાના સભાસદની તારીખ ૧૫-૧૦-૨૦૧૪ની ખાસ સાધારણ સભામાં થયેલ ઠરાવ નંબર-૩.

(૪) ગુજરાત સરકારનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/NSB/૧૨/૨૦૦૨/૩૦૧૧, તારીખ ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ખ-૨/૨૭૦/૨૦૧૪.—ધી માંજરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તા. લુણાવાડા, જિ. મહિસાગરને આમુખ-૧ માં બતાવેલ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ગોધરાનાં તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૮ ના હુકમથી સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવામાં આવેલ હતી. ફડચા અધિકારી તરીકે પંચમહાલ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. ની નિમણૂંક કરવામાં આવેલ હતી. ફડચા અધિકારીએ સદર મંડળીનો ફડચા ચાર્જ તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૮ ના રોજ સંભાળેલ હતો.

સદરહું મંડળીના ફડચા અધિકારી દ્વારા રજુ થયેલ દરખાસ્તમાં સદર હું મંડળીને પુનઃજીવીત કરવા બાબતે મંડળીના સભાસદોની ખાસ સાધારણ તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૪ ના રોજ માંજરા ખાતે મળેલ હતી સદર હું મંડળીની ખાસ સાધારણ સભામાં મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવ નંબર-૩ થી ઠરાવ કરેલ છે.

ફડચા અધિકારીશ્રીએ તેઓના તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૧૪ ના પત્રથી સદરહું મંડળીને પુનઃજીવીત કરવા અંગેનો અભિપ્રાય આપી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવેલ છે. સાથે ખાસ સામાન્ય સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવથી પણ મંડળીને પુનઃજીવીત કરવામાં આવેલ છે અને તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૮ ના રોજની આર્થિક સ્થિતિ દર્શાવતું સરવૈયા પણ દરખાસ્ત સાથે સામેલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબતો આધારે મંડળીનાં સભાસદોનાં વિશાળ હિતો ધ્યાનમાં લઇને મંડળીને પુનઃજીવીત કરવા મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સી. વી. ચૌધરી, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર, લુણાવાડા મને મળેલ સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ની સત્તાની રૂએ ધી માંજરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. લુણાવાડાને નીચેની શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરૂ છું.

શરતો :

(૧) સરવૈયામાં જણાવેલ દેવા/લેણામાં કોઇ વધારો ઘટાડો કરવામાં આવતો નથી.

(૨) આ હુકમ મળ્યેથી મંડળીના પેટા-નિયમ મુજબ તાત્કાલિક અસરથી પ્રવૃત્તિ શરૂ કરવાની રહેશે.

(૩) ગામની વસ્તી પ્રમાણે સભાસદોને મંડળીના સભ્યપદે દાખલ કરવાના રહેશે.

લુણાવાડા, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

સી. વી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહિસાગર,
લુણાવાડા.

વંચાણે લીધા :-

(૧) અત્રની કચેરીના તારીખ ૨૩-૧૧-૨૦૧૧ ના હુકમ નં. ફડચ/ફ-૧૮૦૦૨/ઘ-૨/૫૪૩/૨૦૧૧.

(૩) શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૩) વડોદરાના તારીખ ૨૦-૧૦-૨૦૧૪ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ફ-૩/૮૩૨/૨૦૧૪ થી નોંધણી રદ કરવા અંગેની આવેલ દરખાસ્ત.

(૩) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : GHKH-51-2005-NSB/12/2002/3011/CH, તા. ૨૧-૭-૨૦૧૧ તથા જાહેરનામાં ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH, તા. ૨૬-૮-૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. : ફડચ/૦૧/ઘ-૨/૫૦૫/૨૦૧૪.–ધી સુપ્રિમ એમ્પ્લોઇઝ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ. પો. તા. જિ. વડોદરાની નોંધણી, નોંધણી ક્રમાંક : સે-૨૬૫૭૩,, તારીખ ૮-૧૦-૧૯૯૨ થી કરવામાં આવી હતી. સદર મંડળીને આમુખ-૧ માં જણાવેલ હુકમથી ફડચામાં લઇ જઇ. મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા-૩), લગત કાર્યાલયની નિમણૂક કરવામાં આવેલ હતી.

મંડળીના દફતરનો ચાર્જ મેળવવા માટે ફડચા અધિકારી દ્વારા તારીખ૧૨-૩-૨૦૧૨ના આર.પી.એ.ડી. પત્રથી મંડળીના ચેરમેનશ્રીને જાણ કરવામાં આવેલ જે ટપાલ કવર ''લેફ્ટ'' ના શેરા સહ પરત આવેલ. આમ મંડળીના હોદ્દેદારોનો કોઇ પત્તો નહિ લાગતા તેઓ દ્વારા તારીખ ૨૬-૩-૨૦૧૨ના પત્રથી માહિતી અધિકારીશ્રી વડોદરા મારફત જાહેરાત પ્રસિધ્ધ કરાવી દિન-૬૦ માં મંડળીના કાર્યવાહકોને રેકર્ડ સુપ્રત કરવા જણાવવામાં આવેલ અને જો રેકર્ડ સુપ્રત નહિ થાય તો મંડળીને આટોપી લેવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ હતું. તેમ છતાં તે સંદર્ભમાં તેઓની કચેરીને કોઇ રજુઆત મળેલ ન હતી. કે રેકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી. આમ સદર મંડળીના હોદ્દેદારોનો કોઇ પત્તો નહિ લાગતા ફડચા અધિકારી દ્વારા ફરીથી તારીખ ૨૪-૬-૨૦૧૪ ના ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્રમાં જાહેર નોટિસ પ્રસિધ્ધ કરી, મંડળીના લેણદારો તથા દેવાદારોને પોતાના લેણા-દેવા આ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૬૦માં તેઓની કચેરીએ આધાર-પુરાવા સહ નોંધાવી જવા જણાવવામાં આવેલ અને ત્યાર બાદ કોઇ હક્ક દાવા નોંધવામાં આવશે નહી અને તે મુજબ ફડચાની કામગીરી સમાપ્ત કરી મંડળીને આટોપી લેવામાં આવશે તેમ જણાવેલ હતું તે સંદર્ભમાં પણ તેઓને કોઇ રજુઆત મળેલ નથી કે મંડળીના હોદ્દેદારો તરફથી તેઓને રેકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી.

વિશેષમાં મંડળીના બેંક સેવિગ્સ ખાતાની વિગતો મેળવવા માટે ફડચા અધિકારીશ્રી તરફથી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાને તારીખ ૧૬-૮-૨૦૧૧ ના પત્રથી જણાવતાં બેંકે તારીખ ૨૭-૮-૨૦૧૧ ના પત્રથી આ મંડળીના નામનું કોઇ પણ ખાતું ન હોવાનું જણાવેલ છે. આમ મંડળીના તથા હોદ્દેદારોના નામ, સરનામા માટે ઉપર જણાવેલ વિગતે પ્રયત્નો કરવા છતાં કોઇ પત્તો મળેલ નથી. જેથી મંડળી તેના નોંધાયેલ સરનામે અસ્તિત્વમાં નથી તેમ માનવાને પુરતા કારણો છે.

આમ ઉપર જણાવેલ વિગતો મુજબ ફડચા અધિકારીશ્રી તરફથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ભલામણ સહ દરખાસ્ત આમુખ (૨) થી અત્રેને મોકલેલ છે. જેથી સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોઇ, ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમા લેતા, આમુખ (૩) માં જણાવેલ જાહેરનામા અન્વયે અત્રેને મળેલ સત્તાને આધિન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી સુપ્રિમ એમ્પ્લોઇઝ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ. પો. તા. જિ. વડોદરાની નોંધણી, નોંધણી ક્રમાંક : સે-૨૬૫૭૩,, તારીખ ૮-૧૦-૧૯૯૨ થી કરવામાં આવી હતી. સદરહુ મંડળીને પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર, ફડચામાં લઇ ગયા બાદ ચાર્જ સંભાળવા અંગે ફડચા અધિકારી દ્વારા પત્રો પાઠવીને અને પેપર પ્રસિધ્ધિ આપીને ચાર્જ લેવાનો યોગ્ય પ્રયત્ન કરેલ છે. તથા વર્તમાન પત્રમાં નોટિસ પ્રસિધ્ધિ કરી મંડળીના લેણદારો તથા દેવાદારોને પોતાના લેણા-દેવા આ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૬૦માં તેઓની કચેરીએ આધાર-પુરાવા સહ નોંધાવી જવા જણાવવામાં આવેલ હોવા છતાં ફડચા અધિકારીને કોઇ રજુઆત મળેલ નથી કે રેકર્ડ સુપ્રત થયેલ નથી. જેથી મંડળી તેના નોંધાયેલા સરનામે અસ્તિત્વમાં નથી તેમ માની ફડચા અધિકારી નં. (૩) વડોદરાએ મંડળીની નોંધણી રદ કરવા માટે દરખાસ્ત મોકલેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે આથી રદ કરવામાં આવે છે. જેથી સદરહુ મંડળી આથી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૦૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૧૧-૮-૨૦૦૯ ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઝ/૧૨૬/૨૦૦૯ થી વશીયર દુધ ઉત્પાદન સહકારી મંડળી લી. વશીયર, મુ. વશીયર, તા. જિ. વલસાડને ફડચામાં લઇ જવા સંબંધનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૩૦-૧૦-૨૦૧૪ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩૦૩/૨૦૧૪ની નોંધણી રદ કરવા સબંધેની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦.

(૪) કૃષિ અને સહકાર વિભાગ સચિવાસય ગાંધીનગરના સત્તા સોંપણી ક્રમાંક : જીએચકેએચ/૪૫૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. સક્ક/૦૧/ખ-૩/૧૬૦/૨૭૭૬/૨૦૧૪.—આમુખ-૧ થી વંચાણે લીધેલ વશીયર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. વશીયર, મુ. વશીયર, તા. જિ. વલસાડ જેને સહકારી કાયદા હેઠળ તા. ૧૦-૫-૨૦૦૫ના રોજ નોંધણી ક્રમાંક-સે.દુ. ૩૫૭૨૩ થી નોંધવામાં આવેલ હતી. જેને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ ફડચા અધિકારીની દરખાસ્તની વિગતો ધ્યાને લેતા સદરહુ મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૧૩-૮-૨૦૧૪ નાં રોજ મેળવવામાં આવેલ છે. ફડચા અધિકારીએ રજુ કરેલ હિસાબી પત્રકો જોતા લેણા-દેણાની કામગીરી પૂર્ણ થયેલ છે. મંડળીનું અંતિમ ઓડીટ તારીખ ૩૦-૯-૨૦૧૪ ના રોજ પૂર્ણ થયેલ છે. મંડળીનું તારીખ ૩૦-૯-૨૦૧૪ ના રોજનું સરવૈયું ‘‘શૂન્ય’’ છે. ઓડિટરશ્રીએ ઓડિટ નોંધમાં મંડળીની નોંધણી રદ કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે. આમ મજકુર સહકારી મંડળીની ફડચા અધિકારી ધ્વારા ફડચાની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અંતર્ગત સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ છે અને સંસ્થાની નોંધણી રદ કરવા જણાવેલ છે.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અંતર્ગત આમુખ-૪માં વર્ણવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ વશીયર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. વશીયર, મુ. વશીયર, તા. જિ. વલસાડ જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક : સે.દુ. ૩૫૭૨૩, તારીખ ૧૦-૫-૨૦૦૫ થી થયેલ છે. મજકુર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું. સદર હુકમની તારીખથી સંસ્થાનું વિસર્જન થયેલ ગણાશે.

વલસાડ, તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૪.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા

નં. : જીઉકે/મહે/મં.નો/૭૦૧/૧૯૦૦૩/ઉ-૬૩૯૭/સને ૨૦૧૪.— આથી જાહેર કરે છે કે, વિસનગર શહેર સખી મંડળી ગૃહઉદ્યોગ અને ઉત્પાદક સહકારી મંડળી લી. વિસનગર, તા. વિસનગર, જિ. મહેસાણાને

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
જનરલ મેનેજર,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
મહેસાણા.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોધણી નંબર ડીએનજી સે. દુ.-૩૮૦૩૬/સને ૨૦૧૪.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ. સ. કેશબંધ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળ કેશબંધ, તાલુકો સુબીર, જિલ્લા ડાંગને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

આહવા, તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોધણી નંબર ડીએનજી સે. દુ.-૩૮૦૩૭/સને ૨૦૧૪.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ. સ. પટેલ ફળીયા લવચાલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળ લવચાલી, તાલુકો સુબીર, જિલ્લા ડાંગને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

આહવા, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોધણી નંબર ડીએનજી સે. દુ.-૩૮૦૩૮/સને ૨૦૧૪.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ. સ. પાટીલ પાડા (ભોંડવિહીર) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળ ભોંડવિહીર, તાલુકો સુબીર, જિલ્લા ડાંગને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

આહવા, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૪.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ - આહવા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના ક્રમાંક સકક/૦૧/ઘ-૨/૫૪૮/૨૦૧૪ થી કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧, જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૭૦૮/૬૦૫૯/૨૦૧૪.– ધી આશ્રવી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. વસ્ત્રાલ, અમદાવાદ (નોંધણી નંબર-ઘ-૯૭૪૨, સને૧૯૮૨)એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન તથા સોસાયટીના મંજુર થયેલા પેટા નિયમો મુજબ તથા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સુચનાઓને આધિન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંક -(૧)થી સદરહુ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તેજ કાયદાની કલમ-૧૦૮ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેંક લિ., અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ તેમજ ફડચાનાં વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઈ રજુઆત પણ થયેલ નથી સબબ ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબ ફડચાનો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે પ્રાપ્ત થયેલા અધિકારો અને સત્તાની રૂએ ધી આશ્રવી કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., મુ. વસ્ત્રાલ, અમદાવાદ (નોંધણી નંબર-ઘ-૯૭૪૨, સને-૧૯૮૨)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને આ જ કાયદાની કલમ-૧૦૮(૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો. ઓપ. બેંક લિ., આશ્રમ રોડ, અમદાવાદની નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૪ના હુકમ ક્રમાંક સકક/૦૧/ઘ-૨/૪૨૨/૨૦૧૪ની કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી લક્ષ્મણઝુલા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુ. જોધપુર અમદાવાદનાં ફડચા અધિકારીશ્રીનો તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪નો પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૬૭/૨૦૧૪.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ નીજોવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧, જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

INDEX

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૭૦૯/૬૦૬૦/૨૦૧૪.– ધી લક્ષ્મણઝુલા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. જોધપુર, અમદાવાદ (નોંધણી નંબર- ઘ-૧૨૧૮૭, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૬)એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન તથા સોસાયટીના મંજુર થયેલા પેટા નિયમો મુજબ તથા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સુચનાઓને આધિન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંક -(૧)થી સદરહુ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તેજ કાયદાની કલમ-૧૦૮ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એ. એન. ત્રિવેદી વહીવટદાર લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ તેમજ ફડચાનાં વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઈ રજુઆત પણ થયેલ નથી પરંતુ વંચાણે લીધા ક્રમાંક : (૩) થી ફડચા અધિકારીએ પત્ર રજુ કરી સદર મંડળીને ફડચાનો અંતિમ હુકમ કરવા કરેલ રજુઆત સબબ ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબ ફડચાનો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન. એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે પ્રાપ્ત થયેલા અધિકારો અને સત્તાની રૂએ ધી લક્ષ્મણઝુલા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મુ. જોધપુર, અમદાવાદ (નોંધણી નંબર- ઘ-૧૨૧૮૭, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૬)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને આ જ કાયદાની કલમ-૧૦૮(૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એ. એન. ત્રિવેદી વહીવટદાર લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદની નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ગ્રાહક) નવસારીનાં જા.નં. અષણ/૦૧/ગ/વહી. અહેવાલ/૪૩/૨૦૧૪, તારીખ ૦૧-૦૭-૦૮-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૦૬/૨૦૧૪, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૩) મંડળીના પ્રમુખશ્રીની તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજની અરજી.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૬૦૪/૨૧૦૫/૨૦૧૪.–બીલીમોરા ગૌહરબાગ વિભાગ બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી., મુ. બીલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ગ્રાહક) નવસારી દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળીના પ્રમુખશ્રીએ મંડળીને ફડચામાં લઈ જવાની રજુઆત કરેલ જે સબબ ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ બીલીમોરા ગૌહરબાગ વિભાગ બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી., મુ. બીલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ વલસાડનાં જા.નં. અષણ/૦૧/ચ/૨૩૦૬/૨૦૧૪, તારીખ ૫મી ઓગષ્ટ, ૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૦૫/૨૦૧૪, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૫૯૭/૨૧૦૬/૨૦૧૪.–કાંગવઈ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કાંગવઈ, તા. ચીખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા. (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા. (૨) ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી તરફથી કોઈપણ જાતની રજુઆત કરવામાં આવી નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને

INDEX

મળેલ સત્તાની રૂએ, કાંગવઈ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કાંગવઈ, તા. ચીખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી, આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ વલસાડનાં જા.નં.- અષણ/૦૧/ચ/૨૨૯૮/૨૦૧૪, તારીખ ૪થી ઓગષ્ટ, ૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૦૭/૨૦૧૪, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૫૯૦/૨૧૦૭/૨૦૧૪.—આટ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. આટ, તા. જલાલપોર, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા. (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા. (૨) ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી તરફથી કોઇપણ જાતની રજુઆત કરવામાં આવી નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આટ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. આટ, તા. જલાલપોર, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી, આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ વલસાડનાં જા.નં.- અષણ/૦૧/ચ/૧૯૮૪/૨૦૧૪, તા. ૦૭-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૦૩/૨૦૧૪, તા૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૫૮૩/૨૧૦૮/૨૦૧૪.—મ.સ. મહેતા ફળિયા સોલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સોલધરા, તા. ચીખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા. (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા. (૨) ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી તરફથી કોઇપણ જાતની રજુઆત કરવામાં આવી નથી.જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, મ.,સ. મહેતા ફળિયા સોલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સોલધરા, તા. ચીખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી, આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ વલસાડનાં જા.નં.- અષણ/૦૧/ચ/૧૯૮૦/૨૦૧૪, તા. -૦૭-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં.- ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૦૨/૨૦૧૪, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૫૬૯/૨૧૦૯/૨૦૧૪.—મ.સ. રાધેક્રિષ્ના નાગધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નાગધરા, તા. નવસારી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા. (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા. (૨) ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી તરફથી કોઇપણ જાતની રજુઆત કરવામાં આવી નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭

અન્વયે મને મળેલ સત્તાની રૂએ, મ. સ. રાધેક્રિષ્ના નાગધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નાગધરા, તા. નવસારી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી, આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ વલસાડનાં જા.નં.- અષણ/૦૧/ચ/૧૯૮૩/૨૦૧૪, તારીખ ૧૪મી મે, ૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં.- ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૦૪/૨૦૧૪, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૫૭૬/૨૧૧૦/૨૦૧૪.–ગામતળ સાદડવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સાદડવેલ, તા. ચીખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા. (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા. (૨) ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી તરફથી કોઇપણ જાતની રજુઆત કરવામાં આવી નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ગામતળ સાદડવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સાદડવેલ, તા. ચીખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી, આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૪.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
નવસારી

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સ્પેશ્યલ ઓડીટરશ્રી, મિલ્ક ઓડીટ ઓફીસ, હિંમતનગરના વહીવટી ખાસ અહેવાલ ક્રમાંક : અષણ/૦૧/૧૮૮૯/૨૦૧૪, તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૪.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ગ/૪૨૯/૨૦૧૪, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૪.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૧.

(૫) મંડળીના ચેરમેન સક્રેટરી દ્વારા તા. ૧૦-૧૨-૧૪થી રજુ થયેલ લેખિત જવાબ તથા નિવેદન.

પ્રસ્તાવના

ક્રમાંક વહટ/૦૧/ગ/૬૨૯/૪૩૩૩/૨૦૧૪.– ધી લાખીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., લાખીયા, તા. પોશીના, જિ. સાબરકાંઠા, (જેનો હવે પછી ‘‘મંડળી’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ‘‘અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નં. : સે.દુ.-૩૪૭૬૮, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૫ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ / નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે.

સદર મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું હિસાબી ઓડીટ શ્રી એમ. એસ. અસારી, ઓડીટર, ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (દૂધ), ઈડર દ્વારા હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ અહેવાલ જોતાં જણાઈ આવેલ છે કે, મંડળીએ પેટા કાયદાના ઉદેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની ગંભીર ક્ષતિઓ જણાઇ આવેલ છે.

(૧) મંડળીના પેટા નિયમોના ઉદેશો મુજબ મંડળીએ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી દૂધ ઉઘરાટ કરવાનું બંધ કરેલ છે.

(૨) મંડળીએ સ્વીકારેલ પેટા નિયમ મુજબ પાલન કરવાનું બંધ કરેલ છે.

(૩) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી.

(૪) મંડળીનો ઓડીટ વર્ગ છેલ્લા ત્રણ વર્ષથી ‘‘ડ’’ છે.

(૫) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષથી સાધારણ સભા બોલાવેલ નથી.

(૬) તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ના સરવૈયા મુજબ બાકી લ્હેણી રકમની જેવી કે, સ્પે.વી. ફી ₹ ૬,૨૨૦/-, ઉધાર માલ કર્જ ₹ ૧૨,૬૫૮/, વિમા પ્રિમિયમ ₹ ૬,૨૭૫/- મળી કુલ ₹ ૨૫,૧૫૩/-ની યાદી પણ ઓડીટ સમયે રજૂ કરેલ નથી. જેથી, કલમ-૯૩ અન્વયે આ રકમોની વસૂલાત માટે પણ ઓડીટરશ્રી દ્વારા અહેવાલ કરેલ છે. જેથી, ફડચાના સમય દરમ્યાન આ રકમોની પણ વસૂલાત કરવાની રહે છે. તથા ખોટ ₹ ૯,૮૪૫/- તેમજ પાડા ખરીદી ₹ ૧૫,૦૦૦/- બોલે છે, જે ઘણા લાંબા સમયથી પાડાનું મરણ થવા છતાં વીમાની રકમ મેળવવા કે વસૂલાત/માંડવાળ/સરભર કરવા કોઈ કાર્યવાહી કરેલ નથી. જેની યાદી પણ ઓડીટ સમયે રજૂ કરેલ નથી.

INDEX

(૭) મંડળીમાં છેલ્લા ત્રણ વર્ષથી વ્યવસ્થાપક કમીટીની એકપણ મીટીંગ મળેલ નથી.

ઉપરોકત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૩ થી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદર મુદતે મંડળીના સેક્રેટરી તથા પાંચ કમીટી સભ્યો હાજર રહેલ અને મુદતની માંગણી કરતાં ફરી તારીખ ૨૯મી સપ્ટેબર, ૨૦૧૪ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદરહું મુદતે કોઇ હાજર ન રહેતા, ફરી અંતિમ તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૧૪ની મુદત આપવામાં આવેલ. સદર અંતિમ મુદતે પણ મંડળી તરફથી કોઈ હાજર ન રહેલ નથી કે લેખિત/મૌખિક જવાબ રજુ કરેલ નથી. ફરી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ની મુદત આપી મંડળીના ચેરમેનશ્રીને હાજર રાખવા અને રજૂઆત કરવા જણાવેલ. સદર મુદત પહેલાં તારીખ ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૪મા રોજ મંડળીના ચેરમેન અને સેક્રેટરીએ હાજર રહી લેખિત જવાબ રજૂ કરેલ અને મંડળીન છેલ્લાં ત્રણ વર્ષથી બિલકુલ સ્થગિત અવસ્થામાં હોવાથી ફડચામાં લઈ જવા વિનંતી કરેલ છે. અને મંડળીને ફડચામાં લઈ જવા અંગે સંમતિ દર્શાવતું નિવેદન આપેલ છે. આમ, વારંવાર મુદતો આપવા છતાં મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ, સંસ્થા જે હેતુ કે ઉદ્દેશો માટે રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

પ્રસ્તુત સંજાગો ધ્યાને લેતાં ઉકત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાંતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, આર. પી. ખરાડી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા, વંચાણે લીધેલ આમુખ-જથી મને મળેલ સત્તાની રૂએ, ધી લાખીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., લાખીયા, તા. પોશીના, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છુ. અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) સદર કચેરીની નિમણુંક કરું છું.

ઉકત વચગાળાના હુકમ સામે મંડળીને રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસમાં રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે આ કચેરીએ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત/ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉકત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઇ ખુલાસો કે રજુઆત કરવામાં આવે નહીં તો મુદત વિત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૪.

આર. પી. ખરાડી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

વંચાણે લીધા :-

(૧) સદરની કચેરીની તારીખ ૩૦મી જૂન, ૨૦૧૪ની કાર્યલય નોંધ ક્રમાંક: વહટ/૦૧/ધ-૧/૧૦૧/૨૦૧૪

(૨) વહીવટદારશ્રી, ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., વડોદરાનો મંડળીને ફડચામાં લઈ જવાનો તારીખ ૨૬મી જૂન, ૨૦૧૪નો પત્ર.

(૩) ધી જશલોક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., માંજલપુર, વડોદરાના સભાસદોનો મંડળીને ફડચામાં લઈ જઈને નોંધણી રદ કરાવવા અંગેનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨નો પત્ર.

(૪) અગાઉના કસ્ટોડીયનશ્રીને મંડળીને ફડચામાં લઈ જવાનો તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૨નો પત્ર.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮.

(૬) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : GHKH-51-2005-NSB/12/2002/3011/CH, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ તથા જાહેરનામાં ક્રમાંક : GHKH/62/2011/NSB/12/ 2002/3011/CH, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જાવક નંબર : ફડચ/૦૧/ધ-૨/૩૫૮/૨૦૧૪.– ધી જશલોક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., માંજલપુર, વડોદરા એ ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર : ધ-૭૦૫૪ અને નોંધણી તારીખ ૧૦મી મે, ૧૯૭૮ છે. જેનો હવે પછી આ હુકમમાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

વહીવટદારશ્રી ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., વડોદરાની આમુખ-(૨) થી મળેલ રજૂઆત અન્વયે અત્રેની આમુખ-(૧) થી મળેલ કાર્યાલય નોંધને ધ્યાનમાં લઈ નીચે જણાવેલ કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની રહે છે.

ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., વડોદરાએ મંડળીને મકાનો બાંધવા માટે ₹ ૧૦,૮૨,૦૦૦/-નું ધિરાણ કરેલ છે. સદર સંસ્થાની તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ના અંતે ₹ ૮૪,૩૧,૭૦૯/- તથા અન્ય રકમ વસૂલાત કરવાની રકમ બાકી છે. આમુખ-(૪) અન્વયે અગાઉના કસ્ટોડીયનશ્રી એ પણ તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૨ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવાની રજૂઆત કરેલ છે. આમુખ-(૩) અન્વયે ધી જશલોક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., માંજલપુર, વડોદરાના સભાસદોએ પણ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરાવવા અંગે રજૂઆત કરેલ છે.

આમ, સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે વહીવટદારશ્રી એ તથા સભાસદોએ પણ રજૂઆત કરેલ હોઈ, કારણદર્શક નોટીસ આપવાની રહેતી નથી.

ઉક્ત વિગતો અનુસાર મંડળી તેના ઉદ્દેશો અનુસારની પ્રવૃત્તિઓમાં નિષ્ફળ રહેલ હોય, મંડળીના સભાસદો તથા કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ જ રસ જણાતો નથી. ઉપરાંત મંડળીનો વહીવટ સહકારી કાયદા-કાનૂન સાથે સુસંગત ન હોય, મંડળી સ્થગિત અવસ્થામાં હોવાનું જણાય છે. વહીવટદાર એ આમુખ-(૨) થી ગુજરાત રાજ્ય સહકારી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. આમ, તેઓની થયેલ રજૂઆત અને ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે સદરહું મંડળીને ફડચામાં લઈ જવા, આથી, નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં ઓ છે.

હુકમ

આથી, હું, આર. આર. પઢિયાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ), વડોદરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) હેઠળ, આમુખ-(૫) તથા (૬) થી મને પ્રાપ્ત થતી સત્તાઓ અન્વયે, ધી જશલોક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., માંજલપુર, વડોદરા, જેનો નોંધણી નંબર : ઘ-૭૦૫૪ અને નોંધણી તારીખ ૧૦મી મે, ૧૯૭૮ છે. જેને આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું. અને મજકૂર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., વડોદરા, યશકમલ બિલ્ડીંગ, પાંચમો માળ, સયાજીગંજ, વડોદરાની આથી નિમણૂંક કરૂં છું.

આ હુકમ સામે જો કોઈ વાંધો કે રજૂઆત હોય, તો આ હુકમની તારીખથી માસ એકમાં અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે. અન્યથા આ હુકમને કાયમ કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪.

આર. આર. પઢિયાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
વડોદરા.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૫૬૪/સને ૨૦૧૪.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શાંતિનિકેતન સોલીટેર કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. નિકોલ, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૫૬૫/સને ૨૦૧૪.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અલરેહાન રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. દાણીલીમડા, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૫૬૬/સને ૨૦૧૪.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી રાધે એવન્યુ-૩ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. ઘોડાસર, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૫૬૭/સને ૨૦૧૪.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પરમેશ્વર-૪ કો. ઓપરેટીવ હાઉસીંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી., મુ. જગતપુર, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૫૬૮/સને ૨૦૧૪.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સિકન્દરબખ્તનગર વિભાગ-૩ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. બહેરામપુરા, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

નંબર નધણ/બીઆરસી/ઘ-૨૪૭૦૨/૨૦૧૪.– આથી જાહેર કરીએ છે કે, ધી રંગ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચને.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૧૪.

નંબર નધણ/બીઆરસી/ઘ-૨૪૭૦૩/૨૦૧૪.– આથી જાહેર કરીએ છે કે, ધી વર્ણી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચને.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૧૪.

INDEX

નંબર નધણ/બીઆરસી/ઘ-૨૪૮૯૧/૨૦૧૪.– આથી જાહેર કરીએ છે કે, ધી હેપ્પી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચને.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૪.

એન. કે. ભાભોર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’(દૂધ)/૪૧૬૪૭/૨૦૧૪.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પીસાદ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ પીસાદ, તાલુકો વાગરા, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ, ૧૯૬૧ (૧૯૬૨નો દસમો)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૪.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’(દૂધ)/૪૧૬૪૮/૨૦૧૪.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી જયમાતાજી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ જંબુસર, તાલુકો જંબુસર, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ, ૧૯૬૧ (૧૯૬૨નો દસમો)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’(દૂધ)/૪૧૬૪૯/૨૦૧૪.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી મોરતલાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ મોરતલાવ, તાલુકો ઝગડીયા, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ, ૧૯૬૧ (૧૯૬૨નો દસમો)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘ઉ’’(મ)/૧૫૩૬૯/૨૦૧૪.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વાલીયા વિભાગ આદિવાસી મજૂર કામદાર સહકારી મંડળી લીમીટેડ, સ્થળ સીલુડી, તાલુકો વાલીયા, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ, ૧૯૬૧ (૧૯૬૨નો દસમો)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’(બ)/૪૧૬૫૩/૨૦૧૪.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પ્રેરણા બચત અને ધિરાણ સહકારી મંડળી લીમીટેડ, સ્થળ ભરૂચ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ, ૧૯૬૧ (૧૯૬૨નો દસમો)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

નં. નધણ/બીઆરસી/‘‘સે’’(દુધ)-૪૧૬૫૦/૨૦૧૪.-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પીપલપાન દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ પીપલપાન, તાલુકો ઝઘડીયા, જિલ્લો ભરૂચને

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો દસમો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

નં. નધણ/બીઆરસી/‘‘સે’’(દુધ)-૪૧૬૫૧/૨૦૧૪.-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ગુંડેચા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ ગુંડેચા, તાલુકો ઝઘડીયા, જિલ્લો ભરૂચને

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો દસમો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

નં. નધણ/બીઆરસી/‘‘સે’’(દુધ)-૪૧૬૫૨/૨૦૧૪.-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી હીગોરીયા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ હીગોરીયા, તાલુકો ઝઘડીયા, જિલ્લો ભરૂચને

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો દસમો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪.

સહી (અવાચ્ય),
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

નં. નધણ/એમ.એસ.એન./સે-૪૩૪૩૯/૩૨૭૬/૨૦૧૪.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી નિઝામપુરા દુધ ઉત્પાદક મહિલા સહકારી મંડળી લી., મુ. નિઝામપુરા, તા. સતલાસણા જિલ્લો મહેસાણા. કાર્યક્ષેત્ર-નિઝામપુરા ગામ પુરતું મર્યાદિત.

સને ૧૯૬૧ નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૫૮૪/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી હિરાધન હેલ્શીયોન (ચાંદખેડા) કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ચાંદખેડા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે(શ)-૪૧૧૯૯/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વણિક મિત્ર કેશ ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી., મું. મેમનગર, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના ક્રમાંક ફડચ/ફ-૧૩૧૩૯ થી ૬૬/૦૧/ઘ-૨/૯૩/૨૦૦૬થી કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના જાહેરનામા ક્રમાંક જિ.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જિ.એચ.કે.એચ./૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ઘ-૨/૭૪૭/૫૬/૨૦૧૪.–ધી આનંદશીવ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. મેમનગર, અમદાવાદ (નોંધણી નંબર ધ-૯૯૦૫, તા. ૨૯-૦૬-૧૯૮૨)એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન તથા સોસાયટીના મંજુર થયેલા પેટાનિયમો મુજબ તથા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સુચનાઓને આધિન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંક :-(૧)થી સદરહુ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા અંગેનો ફડચાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તેજ કાયદાની કલમ-૧૦૮ (૧) ની જોગવાઇઓ મુજબ ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. હા.ફાય.કોર્પો. લી. અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ. તેમજ ફડચાના વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઇ રજુઆત થયેલ હોવાનું જણાતું નથી. સબબ ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઇ જવાનું મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબનો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને પ્રાપ્ત થયેલા અધિકારો અને સત્તાની રૂએ ધી આનંદશીવ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. મેમનગર, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૯૯૦૫, તા. ૨૯-૦૬-૧૯૮૨)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને આ જ કાયદાની કલમ-૧૦૮(૧)ની જોગવાઇઓ મુજબ ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.હા.ફાય. કોર્પો.લી. અમદાવાદની નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૮મી નવેમ્બર, ૨૦૧૪ના ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૬૪૫/૨૦૧૪થી કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૭-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જિ.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જિ.એચ.કે.એચ./૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૪૬/૫૭/૨૦૧૪.–ધી ગુરૂસ્મૃતિ (નરોડા) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. નરોડા, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૮૧૭૭, તા. ૦૩-૦૫-૧૯૮૦)એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન તથા સોસાયટીના મંજુર થયેલા પેટાનિયમો મુજબ તથા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સુચનાઓને આધિન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંક :-(૧)થી સદરહુ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તેજ કાયદાની કલમ-૧૦૮ (૧) ની જોગવાઇઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એન. એમ. ઠાકોર વહીવટદાર/ફડચા અધિકારીશ્રી લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ. તેમજ ફડચાના વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઇ રજુઆત થયેલ હોવાનું જણાતું નથી. સબબ ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઇ જવાનું મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબનો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને પ્રાપ્ત થયેલા અધિકારો અને સત્તાની રૂએ ધી ગુરૂસ્મૃતિ (નરોડા) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. નરોડા, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૮૧૭૭, તા. ૦૩-૦૫-૧૯૮૦)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને આ જ કાયદાની કલમ-૧૦૮(૧)ની જોગવાઇઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એન. એમ. ઠાકોર વહીવટદાર લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૨૮મી મે, ૨૦૧૪ના ક્રમાંક સક્ક/૦૧/ઘ-૨/૨૫૯/૨૦૧૪થી કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૭-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જિ.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જિ.એચ.કે.એચ./૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૫૦/૫૮/૨૦૧૪.–ધી હરીગંગા કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. ઓઢવ, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૬૭૧૦, તા. ૨૬-૫-૧૯૭૬)એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન તથા સોસાયટીના મંજુર થયેલા પેટાનિયમો મુજબ તથા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સુચનાઓને આધિન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંક :-(૧)થી સદરહુ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તેજ કાયદાની કલમ-૧૦૮ (૧) ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એ. એન. ત્રિવેદી વહીવટદાર લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડલી (શહેર) અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ. તેમજ ફડચાના વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઇ રજુઆત પણ થયેલ નથી. સબબ ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઇ જવાનું મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબનો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂએ ધી હરીગંગા કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. ઓઢવ, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૬૭૧૦, તા. ૨૬-૫-૧૯૭૬)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને આ જ કાયદાની કલમ-૧૦૮(૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લિ. આશ્રમ રોડ, અમદાવાદની નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૮મી નવેમ્બર, ૨૦૧૪ના ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૬૪૬/૨૦૧૪થી કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૭-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જિ.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જિ.એચ.કે.એચ./૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૫૨/૫૯/૨૦૧૪.–ધી રામકૃપા (થલતેજ) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. અમદાવાદ (નોંધણી નંબર ઘ-૧૭૮૩૭, તા. ૦૩-૦૫-૧૯૯૭)એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન તથા સોસાયટીના મંજુર થયેલા પેટાનિયમો મુજબ તથા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સુચનાઓને આધિન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંક :-(૧)થી સદરહુ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તેજ કાયદાની કલમ-૧૦૮ (૧) ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એન. એમ. ઠાકોર વહીવટદાર/ફડચા અધિકારીશ્રી લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ. તેમજ ફડચાના વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઇ રજુઆત પણ થયેલ નથી. સબબ ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઇ જવાનું મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબ ફડચાનો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને પ્રાપ્ત થયેલા અધિકારો અને સત્તાની રૂએ ધી રામકૃપા (થલતેજ) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., અમદાવાદ (નોંધણી નંબર ઘ-૧૭૮૩૭, તા. ૦૩-૦૫-૧૯૯૭)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને આ જ કાયદાની કલમ-૧૦૮(૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી વી. એમ. ડાભી, મદદનીશ સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :–

(૧) શ્રી એ.એચ. ભગદેવ, ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે કાર્યવાહી કરવા અંગેનો તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૩નો ખાસ અહેવાલ નં. અષણ/૦૧/૨૬/૨૦૧૩.

(૨) આ કચેરીની તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૩ના રોજની, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૨૩૦/૨૦૧૩.

(૩) આ કચેરીનો તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજનો, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ હેઠળનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૧૫૦/૨૦૧૪.

(૪) મંડળીનો તારીખ ૧૨મી મે, ૨૦૧૪ના રોજનો પત્ર.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૬) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધી-નગરનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું જાહેરનામું ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તથા તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૨ જાહેરનામું ક્રમાંક જીએચકેએચ/૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૫૧/૬૦/૨૦૧૪.–ધી રાજ એપાર્ટમેન્ટ સોલા કો.ઓ.હા.સો.લી. અમદાવાદ, (ટુંકમાં ‘‘મંડળી’’) એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (ટુંકમાં ‘‘સહકારી કાયદો’’) ની કલમ-૯ હેઠળ તારીખ ૨૬મી જૂન, ૨૦૦૦ના રોજ નોંધણી ક્રમાંક ઘ-૧૯૫૧૭થી અમદાવાદ સીટી તાલુકાના મોજે વાડજના સર્વે નં. ૧૯૮/૧ પૈકી તથા સર્વે નં. ૧૯૮/૨ પૈકીની અને ટી.પી. સ્કીમ નં. ૨૯ની કુલ ૮૯૯૨.૯૦ ચો.મી. જમીન ઉપર ભાડુઆત માલિકીની પદ્ધતિ હેઠળ કુલ-૪૬ સભાસદો માટે નોંધાયેલ ગૃહ સહકારી મંડળીઓ છે. જેનું કામકાજ, સહકારી કાયદા અને તે હેઠળ ઘડાયેલા કાનુનો સહીત લાગુ પડતા તમામ કાયદા-કાનુનો અને મંડળીના નોંધાયેલા પેટા નિયમોની જોગવાઈઓને આધિન રહીને તથા આ કચેરીની દેખરેખ અને નિયંત્રણ હેઠળ રહીને કરવાનું રહે છે.

મંડળીના વર્ષ ૨૦૧૧-૧૨ના વૈધાનિક ઓડીટ દરમ્યાન જણાઈ આવેલ ગંભીર પ્રકારની ખામીઓ/મુદ્દાઓ સબબ સંબંધિત ઓડીટર તરફથી વંચાણે લીધેલ ક્રમાંક -(૧)માં જણાવેલ ખાસ અહેવાલ આ કચેરીને રજુ થયેલ છે. સદરહુ ખાસ અહેવાલ જણાવેલ વિગતે, નીચે જણાવેલ મુદ્દાઓ સબબ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા/ફડચામાં લઈ જવા અંગેની કાર્યવાહી કરવાની ભલામણ થયેલ છે.

(૧) મંડળીએ તેના વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની ઓડીટમાં જણાવેલ ખામીઓ/ક્ષતિઓની દુરસ્તી નહી કરી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીની નોંધણી તારીખ ૨૬મી જૂન, ૨૦૦૦ના રોજ નોંધણી ક્રમાંક ઘ-૧૯૫૧૭થી સહીયારા ભાડુઆત માલિકી પદ્ધતિ અનુસાર થયેલ છે. મંડળીના મંજુર થયેલા પેટા નિયમના ઉદ્દેશોના નં. ૨ અનુસાર સભાસદોને રહેઠાણની સુવીધા પુરી પાડવાનો છે. જે ઉદ્દેશ સારૂ મંડળીએ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ મોજે વાડજના સર્વે નં. ૧૯૮/૧ ની ૮૫૧૦ ચો. વાર તથા સર્વે નં. ૧૯૮/૨ પૈકીની ૨૨૪૫ ચો.વાર મળી કુલ ૧૦૭૫૫ ચો.વાર જમીનની ખરીદી કરેલ છે. પરંતુ નોંધણી થયાને ૧૨ વર્ષ પૂર્ણ થવા છતાં મંડળીએ તેના મંજુર થયેલા પેટા નિયમ નં. ૨માં જણાવેલ ઉદ્દેશો પૂર્ણ કરેલ નથી કે પૂર્ણ કરવા સારૂ કોઈ સક્રીય પ્રયત્નો હાથ ધરેલ હોવાનું જણાતું નથી.

(૩) જમીનની ખરીદી બાદ મંડળીએ આજ દિન સુધી રહેણાંકના પ્લાન મંજુર કરાવવા કોઈ કાર્યવાહી કરેલી જણાતી નથી. જે બાબતે મંડળીના હોદ્દેદારોએ ઓડીટ સમયે રૂબરૂમાં સ્પષ્ટતા કરેલ કે, મંડળીની જમીન રહેણાંક ઝોન-૧માં આવેલ છે. પરંતુ, સરકારશ્રીના ટી.પી. કપાતના ધોરણ બાબતે હાલ નામદાર સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલુ છે. પરંતુ, આ બાબતે મંડળીના હોદ્દેદારો, કોઈ આધાર પુરાવા રજુ કરી શકેલ નથી.

(૪) મંડળીમાં માત્ર ૧૦ જ સભાસદો છે. જમીનનાં ક્ષેત્રફળને ધ્યાને લેતા વધુ સભ્યોની આવશ્યકતા રહે, તેમ છતા નોંધણી બાદ મંડળીમાં નવા સભ્યો દાખલ કરેલ નથી.

(૫) મંડળીએ તેની માલિકીની જમીનનું મહેસુલ ભરપાઈ કરેલ નથી.

(૬) તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ અંતિત સરવૈયે જમીન ફાળો માત્ર ₹ ૨૩,૫૭૫-૦૦ છે. પાર્શ્વનાથ કોર્પોરેશન ખાતે ₹ ૩૩,૩૩,૭૯૫-૦૦ છે. આમ મંડળીએ ખરીદ કરેલ જમીનની કિંમત પાર્શ્વનાથ કોર્પોરેશનને ચુકવેલ છે. જે રકમ પરત કરવા સારૂ સભાસદો પાસેથી જમીન ફાળો મેળવેલ નથી.

ઓડીટરશ્રીના સદરહુ વંચાણે લીધેલ ક્રમાંક -(૧)માં જણાવેલ ખાસ અહેવાલ સંદર્ભે મંડળીના હોદ્દેદારોને વંચાણે લીધેલ ક્રમાંક-(૨) માં જણાવેલ તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૩ના રોજની કારણદર્શક નોટીસ પાઠવી, જરૂરી આધાર-પુરાવા સહ આ કચેરીએ ઉપસ્થિત રહી રજુઆત કરવા જણાવેલ. જે અન્વયે મંડળી તરફે મંડળીના ચેરમેન શ્રી હર્ષદભાઈ સી. પટેલ તથા હિસાબનીશ શ્રી સોમાભાઈ બી. પટેલએ, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ આ કચેરીએ ઉપસ્થિત રહી, મંડળી તરફે લેખીત જવાબ રજુ કરેલ. મંડળી તરફે તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ મુદ્દાવાર જે જવાબ રજુ થયેલ તેની ટુંકી વિગત નીચે મુજબ છે.

(૧) મંડળીએ તેના ઓડીટ અહેવાલની દુરસ્તી કરેલ છે. જેના પુરાવા રૂપે ઓડીટ દુરસ્તી અહેવાલની નકલ રજુ કરેલ છે.

(૨) મંડળીની મોજે વાડજની જમીનનો નારણપુરાના ટી.પી. સ્કીમ નં. ૨૯માં સમાવેશ કરવામાં આવેલ હતો. નારણપુરા ટી.પી. સ્કીમ નં. ૨૯માં ગ્રીન બેલ્ટની કેટલીક જમીનોનો સમાવેશ થતો હોવાથી

(૩) સંબંધિત ખેડુતો જે જમીન માલીકો છે. તેમણે નામદાર સુપ્રીમ કોર્ટમાં આ અંગેની કાર્યવાહી કરલે છે. જેથી નામદાર સુપ્રીમ કોર્ટ તરફથી આ કેસનો નિકાલ ના થાય ત્યાં સુધી ટી.પી. સ્કીમ નં. ૨૯ ફાઈનલ થાય નહી અને ટી. પી. ફાઈનલ થાય નહી ત્યાં સુધી ટી. પી. સ્કીમ અંગે કપાતમાં જતી જમીન નક્કી થઈ શકે નહી અને કપાત બાદ મળતા ફાઈનલ પ્લોટ મળી શકે નહી. એટલે કે, ટુંકમાં ત્યાં સુધી મ્યુ. કોર્પોરેશનમાં બાંધકામના પ્લાન મુકી શકાય નહી અને પ્લાન મંજુર થાય નહી ત્યાં સુધી બાંધકામ હાથ ધરી શકાય નહી આ રીતે આ લાંબી કાનુની પ્રક્રીયા હોવાથી મંડળી કાનૂન તેમજ કાયદા અનુસાર પ્લાન મુકી મંજુર કરાવી શકી નથી અને પ્લાન મંજુર થાય નહી ત્યાં સુધી બાંધકામ પ્રવૃત્તી હાથ ધરી શકાય નહી. આ મંડળીની જમીન પુરતો પ્રશ્ન નથી. પરંતુ સમગ્ર ટી.પી. સ્કીમ નારણપુરા નં. ૨૯માં આવેલ ગ્રીન બેલ્ટવાળી જમીનનો પ્રશ્ન છે. જેથી, ઉપરોક્ત હકીકત સંદર્ભમાં મંડળી બાંધકામ હાથ ધરી શકી નથી અને પેટા નિયમના ઉદ્દેશો મુજબ બાંધકામ કરી શકી નથી. જેથી, આ હકીકત ધ્યાનમાં લેવા વિનંતી છે. મંડળી આ અંગે સક્રીય છે. આ અંગે એન્જિનીયરનું સર્ટીફીકેટ સામેલ છે.

(૪) મંડળીના પ્લાન મંજુર થયેથી મંજુર થયેલા પ્લાન મુજબ નવા સભ્યો દાખલ કરવામાં આવશે.

(૫) મંડળીની જમીન મહેસુલ ભરવાની કોઇ નોટીસ મળી નથી.

(૬) મંડળી બાંધકામ પ્રવૃતી હાથ ધરશે ત્યારે સભ્યો પાસેથી જમીન ફાળો મેળવી જમા રકમ પરત કરશે.

મંડળીના ઉપરોક્ત લેખીત જવાબ સાથે મંડળી તરકે શ્રી સંજય એસ. પટેલ, સીવીલ એન્જીનીયરનું ‘‘અંતિમ ખંડની ફાળવણી થશે ત્યાર બાદ વિકાસ પરવાનગીની કાર્યવાહી મંડળી દ્વારા હાથ ધરવામાં આવશે. તેવું તારીખ ૯મી એપ્રિલ, ૨૦૧૩ ના રોજનું પ્રમાણપત્ર, દૈનિક વર્તમાન પત્ર ‘‘દિવ્ય ભાસ્કર’’ ના તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૩ ના કટીંગની નકલ કે, જેમાં ગ્રીન બેલ્ટની જમીન બાબતેના સમાચર છે. તે તથા તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૧ની સ્થિતીએ મોજે વાડજના સર્વે નં. ૧૯૮-૨ ના ગામના નમુના નં. ૭ તથા ૧૨ની નકલ, મંડળીનો ઓડીટ દુરસ્તી અહેવાલ તથા અન્ય દસ્તાવેજો રજુ કરેલ.

INDEX

આ પ્રકરણની તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૩ ના રોજની સુનાવણીમાં, તે તારીખે મંડળી તરફે જે જવાબ રજુ થયેલ તેને આનુષંગિક દસ્તાવજો જેવા કે, મંડળીની જમીન અંગેની એન. એ. પરમીશન, ગણોતધારાની કલમ-૬૩(ક) ની પરમીશન, મંડળીનું અસલ સભાસદ રજીસ્ટર તથા મંડળીએ કરેલ વેચાણ દસ્તાવેજ આગામી મુદતે રજુ કરવા જણાવેલ, જે સંદર્ભે મંડળી તરફે તારીખ ૩જી જૂન, ૨૦૧૩ ના રોજ મંડળીના ચેરમેન શ્રી હર્ષદભાઈ સી. પટેલ હાજર રહેલ અને લેખીત જવાબ રજુ કરેલ. જેમાં જણાવ્યા મુજબ મંડળીની જમીનનો ફાઈનલ પ્લોટ (અંતિમ ખંડ) ફાળવેલ નથી. જેથી, મંડળી એન. એ. પરમીશન મેળવી શકેલ નથી. આ જવાબ સાથે મંડળીનું અસલ સભાસદ રજીસ્ટર અને તેની નકલ તથા મંડળીની જમીનનાં વેચાણ દસ્તાવજો(સબ રજિસ્ટ્રાર દ્વારા રજિસ્ટર્ડ નહિ થયેલા તેવા તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ ના રોજ સીરીયલ નં. ૬૫૭ અને ૬૫૮ ની નોટરાઈઝડ થયેલા) ની નકલો રજુ કરેલ.

આ પ્રકરણની તારીખ ૩જી જૂન, ૨૦૧૩ ના રોજની સુનાવણીમાં, તે તારીખ મંડળી તરફે જે જવાબ રજુ થયેલ તે અન્વયે, મંડળીની જમીન અંગેની ગણોતધારાની કલમ-૬૩(ક) ની પરમીશન, મંડળીમાં નવા દાખલ કરેલ સભ્યોની દાખલ અરજી અને ઠરાવો, મંડળીની જમીનના ગામના નમુનો નં. ૭ તથા ૧૨ ના ઉતારા આગામી મુદતે રજુ કરવા જણાવેલ. જે અન્વયે મંડળી તરફે તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૩ ના રોજ મંડળીના ચેરમેન શ્રી હર્ષદભાઈ સી. પટેલ તથા હિસાબનીશ શ્રી સોમાભાઈ બી. પટેલ હાજર રહેલા અને મંડળીમાં નવા દાખલ કરેલ ૪ સભ્યોની દાખલ અરજી અને તે અંગેના ઠરાવો રજુ કરેલ તેમજ તેઓને કોઈ દસ્તાવેજ કરી આપેલ નથી તેમ જણાવેલ અને તે સિવાય કોઈ બાબતો રજુ કરેલ નહિ તથા બાકી તમામ વિગતો રજુ કરવા મુદતની માંગણી કરેલ. જે અન્વયે મંડળી તરફે રજુઆત માટે વધુ એક તક આપવામાં આવેલ.

ત્યારબાદ, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૩ અને તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૩ ની મુદતે મંડળી તરફે, અધિકૃત વ્યક્તિ શ્રી સંજયભાઇ એસ. પટેલ હાજર રહેલ અને મંડળીની જમીન તથા ગણોતધારાની કલમ-૬૩(ક)ની મંજુરી બાબતે મૌખિક ચર્ચા કરેલ અને આ બાબતે જજમેન્ટ સહિત લેખિત જવાબ રજુ કરવા મુદતની માંગણીઓ કરેલ. જે અન્વયે મંડળી તરફે રજુઆત માટે તેઓને વધુ તકો આપવામાં આવેલ.

ત્યારબાદ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩ ની મુદતે મંડળી તરફે, અધિકૃત વ્યક્તિ શ્રી સંજયભાઇ એસ. પટેલ હાજર રહેલ અને લેખિત જવાબ રજુ કરેલ અને તે જવાબને ગ્રા!૧ રાખવા વિનંતી કરેલ. મંડળી તરફે રજુ થયેલ સદરહુ લેખિત જવાબમાં ઓડીટરના વંચાણે લીધા ક્રમાંક : (૧) માં જણાવેલ ખાસ અહેવાલની માંગણી કરાતાં, તે અહેવાલની નકલ શ્રી સંજયભાઇ એસ. પટેલને રૂબરૂમાં આપવામાં આવેલ અને તે ખાસ અહેવાલની નકલ મળ્યાનું શ્રી સંજયભાઇ એસ. પટેલએ સ્વીકારેલ. શ્રી સંજયભાઇ એસ. પટેલને, મંડળીની જમીન અને તેની ઉપર બાંધકામ અંગે પૃચ્છા કરતાં, સદરહુ જમીન એન. એ. થયેલી નથી. પરંતુ, તે જમીન બાબતે ગણોત ધારાની કલમ-૬૩(ક) ની પરમીશન તથા તે જમીનનું ઝોનલ સર્ટીફિકેટ હવે પછી રજુ કરશે તેમ તેઓએ જણાવેલ અને હાલ જમીનનો એફ. પી. ફાઇનલ થઇ શકતો ન હોઇ, મંડળી જમીન ઉપર બાંધકામ કરી શકતી નથી, એફ. પી. ફાઇનલ થયેથી કલેકટરશ્રી પાસે એન. એ. પરમીશન મેળવી, પ્લાન મંજુર કરાવી, મંડળી બાંધકામ કરશે, ગ્રીન બેલ્ટની જમીન બાબતે કોર્પોરેશનમાં એફ. પી. આપવાની પ્રક્રિયા ચાલુ થઇ ગયેલ છે, જે ટુંક સમયમાં જ તેઓને મળશે, જે મળ્યેથી,પ્લાન પાસ થશે તેમ તેઓએ જણાવેલ તે ઉપરાંત મંડળીમાં નવા દાખલ થયેલા ત્રણ સભ્યો અને તેઓનો રજિ. દસ્તાવેજ કરેલ છે કે કેમ? તે અંગે શ્રી સંજયભાઇ એસ. પટેલને પૃચ્છા કરતાં, તે બાબતે વિગતવાર જવાબ હવે પછી રજુ કરશે તેમ તેઓએ જણાવેલ, જેથી તે તમામ જવાબ તથા જરૂરી આધાર-પુરાવા સહ રજુઆત માટે તેઓને વધુ એક તક આપવામાં આવેલ.

ત્યારબાદ તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૩ ની મુદતે મંડળી તરફે, અધિકૃત વ્યક્તિ શ્રી સંજયભાઇ એસ. પટેલ હાજર રહેલ અને લેખિત જવાબ રજુ કરેલ. જે જવાબમાં, આ કચેરી તરફથી ઓડીટરના ખાસ અહેવાલની જે નકલ આપવામાં આવેલ છે. તે અહેવાલ તેઓએ આપેલ ઓડીટ રીપોર્ટથી તદ્દન વિપરીત છે અને સદર ખાસ અહેવાલ વિશ્વાસપાત્ર નથી અને તેથી તેના આધારે મંડળીને ફડચામાં લઇ જવા કોઇ હુકમ થઇ શકે નહી. મંડળીમાં ત્રણ સભ્યો સર્વે શ્રી (૧) સોમાભાઇ બી. પટેલ, (૨) મેહુલ પટેલ તથા (૩) ચન્દ્રકાંત એ. શાહને સને ૨૦૦૫ માં દાખલ કરવામાં આવ્યા છે અને તે માટે દસ્તાવેજ થયેલ નથી. મંડળીમાં સભાસદ થવા માટે દસ્તાવેજ કરવાની કાયદામાં કોઇ જોગવાઇ નથી. પરંતુ એલોટમેન્ટ આપવામાં આવે તો દસ્તાવેજ કરવો પડે તેવી જોગવાઇ છે. આમ સભ્ય તરીકે દાખલ કરવા માટે દસ્તાવેજ કરવો જરૂરી નથી. વળી સદર મુદ્દો આપની નોટીસમાં નથી. આપ વધારાના મુદ્દા ઉપસ્થિત કરી શકો નહી. આપે વધારાની મૌખિક કવેરી ઉપસ્થિત કરેલ છે કે, મંડળીએ વેચાણ લીધેલ જમીન ખેતીની છે. મંડળીએ એન. એ. પરવાનગી મેળવેલ નથી કે રેવન્યુ કાયદાની કલમ-૬૩ ની પરવાનગી લીધેલ છે ? સદર મુદ્દો આપની હકુમતની મર્યાદામાં આવતો નથી. મજકુર જમીન ગ્રીનબેલ્ટમાંથી છુટી થયેથી એન.એ. અંગે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવી, તેઓની ઉપર મુજબની રજુઆત ધ્યાને લઇ, આ કચેરીની સદરહુ નોટિસ દફતરે કરવા વિનંતી કરેલ.

છેલ્લે તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૪ ની મુદતે મંડળી તરફે, શ્રી સોમાભાઇ બી. પટેલ હાજર રહેલ અને લેખિત જવાબ રજુ કરેલ. જે જવાબમાં આ કચેરી તરફથી પાઠવવામાં આવેલ વંચાણે લીધી ક્રમાંક : (૨) માં જણાવેલ કારણ દર્શક નોટિસના અનુસંધાને આ અગાઉ લેખિત તથા મૌખિક રજુઆત પુરાવા સાથે કરેલ છે. તેમજ મંડળીમાં સને ૨૦૦૫ માં દાખલ કરાયેલા સદરહુ ત્રણ સભ્યોને અને તેઓને દસ્તાવેજ કરી આપવાની બાબતે મંડળી તરફે તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૩ ના રોજ જે લેખિત જવાબ આપેલ તેમાં જે વિગતો જણાવેલ તે પુનઃ જણાવી, મંડળીને આપેલ કારણદર્શક નોટીસ બાબતે આગળ હવે કોઇ કાર્યવાહી ન કરવા અને સદરહું કાર્યવાહી બંધ કરવા વિનંતી કરેલ. જે અન્વયે સદરહુ કામે વધુ સુનાવણી નહિ કરતાં આ પ્રકરણ નિર્ણય ઉપર રાખવાનું નક્કી કરાયેલ.

આ સમગ્ર પ્રકરણમાં મંડળી તરફે થયેલ લેખિત/મૌખિક રજુઆત અને રજુ થયેલ આધાર-પુરાવા તથા મંડળીની નોંધણી અંગેનું આ કચેરીનું અસલ રેકર્ડ ચકાસેલ.

મંડળીની મુખ્ય દલીલ, મંડળીની મોજે વાડજના સર્વે નં. ૧૯૮/૧ પૈકી અને નં. ૧૯૮/૨ પૈકીની જમીનનો નારણપુરાની ટી.પી. સ્કીમ નં. ૨૯ માં સમાવેશ કરવામાં આવેલ હતો. નારણપુરાની ટી.પી. સ્કીમ નં. ૨૯ માં ગ્રીન બેલ્ટની ટલીક જમીનોનો સમાવેશ થતો હોવાથી સંબંધિત ખેડૂતો જે જમીન માલિકો છે તેમણે નામ. સુપ્રીમ કોર્ટમાં આ અંગેની કાર્યવાહી કરેલ છે, તે બાબત સુપ્રીમ કોર્ટમાં પડતર છે અને મંડળીની જમીનનો ગ્રીનબેલ્ટમાં સમાવેશ થયોલો હોવાથી મંડળી પ્લાન મુકી મંજુર કરાવી શકી નથી અને બાંધકામ કરી શકી નથી તે છે. ઉપરાંત મંડળીની નોંધણી જે સમયે થઇ તે સમયે સદરહુ જમીનનો સમાવેશ ગ્રીન બેલ્ટમાં થતો ન હતો તેમ પણ મંડળી તરફથી જણાવવામાં આવેલ છે. આમ, મંડળીની મુખ્ય દલીલ, મંડળીની

INDEX

નોંધણી જે જમીન ઉપર થયેલ છે તે જમીન ગ્રીનબેલ્ટમાં હોવાથી મંડળી બાંધકામ કરી શકી નથી તેવી છે. પરંતુ મંડળીની નોંધણી સમયે મંડળીના તમામ પ્રયોજકોએ કરેલ સામુહિક એકરારનામા (નમૂના નં.૪) ની વિગતો જોતાં, તે એકરારનામાના પેરા નં. ૩ થી, ‘‘સુચીત મંડળીની જમીન, એકવીઝીશનમાં કે ગ્રીનબેલ્ટમાં રીઝર્વેશનમાં નથી. તેની અમોએ જરૂરી ખાત્રી કરી છે.’’ તેવું પ્રયોજકોએ એકરારનામું કરેલ છે. આમ, મંડળીની નોંધણી જે જમીન ઉપર થયેલ છે તે જમીન ગ્રીનબેલ્ટમાં છે. તેવી મંડળીની દલીલને ધ્યાને લેતા, મંડળીની નોંધણી સમયે પ્રયોજકોએ ખોટું એકરારનામું કરેલ હોવાનું જણાઇ આવેલ.

આ પ્રકરણની રૂબરૂ સુનાવણી સમયે મંડળીના પ્રયોજકો/સભાસદો બાબતે વિગત રજુ કરવાનું જણાવતા મંડળી તરફે તે વિગતો રજુ થયેલ. જેની ચકાસણી કરતાં મંડળીના કુલ ૧૦ પ્રયોજકો છે. મંડળીની નોંધણી સમયે રજુ કરેલ દરખાસ્તમાં ૧૦ પ્રયોજકો હતાં જે પૈકી ૧ પ્રયોજક વારસાઇથી તબદીલ થયેલ છે. જ્યારે ૩ નવા સભાસદ મંડળીના મૂળ પ્રયોજકોના સ્થાને નવા દાખલ થયેલ છે. નવા દાખલ થયેલ સબાસદોના દસ્તાવેજ બાબતે રૂબરૂ સુનાવણીમાં જણાવતા મંડળીએ લેખિત જણાવેલ કે, ‘‘સોસાયટીમાં સભ્ય થવા માટે દસ્તાવેજ કરવાની કાયદામાં કોઇ જોગવાઇ નથી. એલોટમેન્ટ આપવામાં આવે તો દસ્તાવેજ કરવો પડે. આમ સભ્ય તરીકે દાખલ કરવા સારૂ દસ્તાવેજની જરૂર નથી.’’ મંડળીની આ દલીલ સ્ટેમ્પ એક્ટ-૨૦૦૨ તથા મંડળીના મંજુર થયેલા પેટા નિયમ ૩૦ની જોગવાઇ મુજબ’’ કમિટી જ્યારે કોઇ પણ સભાસદના શેર તથા સ્થાવર મિલ્કતમાંના હક્ક હિસ્સાઓની ટ્રાન્સફરની મંજુરી આપે ત્યારે એવા કેસમાં સ્થાવર મિલ્કતમાંના હક્ક હિસ્સાઓ જમીન અગર મકાનની અગર તેમાં સભ્ય જે હક્ક અને હિત ધરાવતા હોઇ તેવી તબદીલી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ, ૧૮૮૨ની જોગવાઇઓ મુજબ રજીસ્ટર્ડ થાય તે જોવાનું રહેશે અને તેવા રજિસ્ટર્ડ દસ્તાવેજીની ખરી નકલ મંડળીના દફતરે રાખવાની રહેશે. આવી રીતે સ્થાવર મિલ્કતની તબદીલી રજીસ્ટર્ડ ન થાય ત્યાં સુધી કાયદેસરની તબદીલી ગણાશે નહી. આમ, સ્ટેમ્પ એક્ટ-૨૦૦૨, ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ તથા મંડળીના મંજુર થયેલા પેટા નિયમનો ભંગ કરેલ છે. આમ, પણ ૩ સભ્યો ગેર કાયદેસર દાખલ થયેલા હોઇ, મંડળીની સભાસદ સંખ્યા માત્ર ૭ની જ રહે છે. જેથી પણ મંડળીની નોંધણી રદ કરવા સારૂ ફડચામાં લઇ જવી હિતાવહ જણાયેલ. વળી મંડળીની નોંધણી સમયે મંડળીના મુખ્ય પ્રયોજકોએ મંડળીના પેટા નિયમ મુજબ કરેલ સોંગદનામામાં જણાવેલ વિગતે’’ સુચીત મંડળીના મકાનો પુરેપુરાં બંધાઇ રહે ત્યાં સુધી મંડળીના પદે અને તમામ પ્રયોજકો-સભ્ય-ચાલુ રહીશું અને મંડળીનું સભ્યપદ છોડીશું નહી, કોઇ સંજોગોમાં સભ્યપદ છોડવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તો જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદની લેખીત મંજુરી મેળવ્યા બાદ જ મંડળીના સભ્ય પદેથી છુટા થઇશુ તેવી ખાત્રી આપેલ છે. આમ છતાં મંડળીના મૂળ પ્રયોજકો છુટા થયેલ ચે. જે પ્રયોજકો છુટા થયેલ છે તે સારૂ આ કચેરીની કોઇ મંજુરી મેળવી હોવાના કોઇ આધાર રજુ કરેલ નથી. આમ આ રીતે મંડળી તરફે નોંધણી સમયે આપેલ બાહેંધરી/એકરારનો ભંગ કરી, ગેરકાયદેસર મનસ્વી રીતે પ્રયોજકો છુટા થયેલ છે. જેથી પણ મંડળીને ફડચામાં લઇ જવી હિતાવહ જણાયેલ.

મંડળીએ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ ના રોજ મોજે વાડજના સર્વે નં. ૧૯૮/૧ પૈકીની ૭૧૧૬.૪૦ ચો.મી. તથા સર્વે નં. ૧૯૮/૨ પૈકી ૧૮૭૬.૫૦ ચો.મી. મળી કુલ ૮૯૯૨.૯૦ ચો.મી. જમીનનો વેચાણ દસ્તાવેજો કરાવેલ છે. જે જમીન ખેતીની છે. બિન ખેતી થયેલ નથી. જે અંગે રૂબરૂ સુનાવણી દરમ્યાન ગણોત ધારાની કલમ-૬૩ અન્વયેની મંજુરી મેળવેલ હોવાના કોઇ આધારા-પુરાવા રજુ કરવા સારૂ મંડળીને જણાવેલ, જે આધાર-પુરાવા રજુ થયેલ નહી. આમ હાઉસીંગ મંડળીએ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ ના રોજ મોજે વાડજના સર્વે નં. ૧૯૮/૧ પૈકીની ૭૧૧૬.૪૦ ચો.મી. તથા સર્વે નં. ૧૯૮/૨ પૈકી ૧૮૭૬.૫૦ ચો.મી. મળી કુલ ૮૯૯૨.૯૦ ચો.મી. જમીનનો વેચાણ દસ્તાવેજો કરાવેલ છે. જે જમીન ખેતીની છે. બિન ખેતી થયેલ નથી. જે અંગે રૂબરૂ સુનાવણી દરમ્યાન ગણોત ધારાની કલમ-૬૩ અન્વયેની મંજુરી મેળવેલ હોવાના કોઇ આધાર-પુરાવા રજુ કરવા સારૂ મંડળીને જણાવેલ, જે આધાર-પુરાવા રજુ થયેલ નહી. આમ હાઉસીંગ મંડળીએ ધારણ કરેલ જમીન ખેતીની હોવાથી તથા ગણોતધારા હેઠળ લેવા પ્રાપ્ત મંજુરી પણ મંડળી તરફે કલેકટરશ્રી તરફથી મેળવેલ ન હોઇ, ગણોતધારાનો ભંગ કરેલ હોવાથી તેમજ આ વંચાણે લીધેલ ક્રમાંક : (૩) માં જણાવેલ આ કચેરીની તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૩ ની નોટીસના મુદ્દા નં.૧ બાબતે, મંડળીએ તેના ઓડીટ અહેવાલની દુરસ્તી કરેલ હોવાનું જણાવેલ પરંતુ દુરસ્તી માત્ર કાગળ ઉપર કરેલ હોવાનું જણાઇ આવેલ અને ઓડીટ અહેવાલમાં જણાવેલ ખામીઓનો વાસ્તવિક અમલ કરેલ હોવાનું જણાયેલ નહી. મુદ્દા નં.૨ બાબતે, મંડળીની નોંધણી થયાને ૧૨ વર્ષ પૂર્ણ થવા છતા મંડળીએ તેના મંજુર થયેલા નિયમ નં.૨ માં જણાવેલ ઉદ્દેશો પૂર્ણ કરેલ નથી કે પૂર્ણ કરવા સારૂ કોઇ સક્રિય પ્રયત્નો હાથ ધરેલ હોવાનું જણાયેલ નહી. મુદ્દા નં.૩ બાબતે જમીનની ખરીદી બાદ મંડળીએ આજ દિન સુધી રહેણાંકના પ્લાન મંજુર કરાવવા કોઇ કાર્યવાહી કરેલી જણાયેલ નહિ. મંડળીના હોદ્દેદારોએ સુનાવણી સમયે રૂબરૂમાં સ્પષ્ટતા કરેલ કે, મંડળીની જમીન રહેણાંક ઝોન-૧માં આવે છે. પરંતુ સરકારશ્રીની ટી.પી. કપાતના ધોરણ બાબતે હાલ નામ. સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલુ છે. પરંતુ, આ બાબતે મંડળીના હોદ્દેદારો આધાર-પુરાવા રજુ કરી શકેલ નહિ. મુદ્દા નં.૪ બાબતે મંડળીની નોંધણી કુલ-૪૬ સભાસદો માટે થયેલ. મંડળીમાં હાલ ૧૦ જ સભાસદો છે. જમીનના ક્ષેત્રફળને ધ્યાને લેતાં વધુ સભ્યોની આવશ્યકતા રહે, તેમ છતાં નોંધણી બાદ મંડળીમાં નવા સભ્યો દાખલ કરેલ નહિ. મુદ્દા નં.૬ બાબતે સરવૈયે જમીનની ખરીદી ₹ ૨૯,૨૮,૩૧૦/૦૦ ની સામે સભાસદોનો જમીનફાળો માત્ર ₹ ૨૩,૫૭૫/- છે. જ્યારે દેવા બાજુે ‘‘પાર્શ્વનાથ કોર્પોરેશન’’ ખાતે ₹ ૩૩,૩૩,૭૯૫/- છે. આમ મંડળીએ ખરીદ કરેલ જમીનની કિંમત‘‘ પાર્શ્વનાથ કોર્પોરેશને’’ ચુકવેલ હોવાનું જણાઇ આવેલ. મંડળીના મંજુર થયેલા પેટાનિયમ-૪(૨) થી કરજ કરવાની સત્તા નક્કી કરેલ છે. તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ અંતિત સરવૈયા મુજબ મંડળીએ ‘‘પાર્શ્વનાથ કોર્પોરેશન’’ પાસેથી ₹ ૩૩,૩૩,૭૯૫/૦૦ નું કરજ મેળવેલ છે. આમ મંડળીના મંજુર થયેલા પેટા નિયમ-૪(૨) થી વિપરીત કરજ મેળવી પેટા નિયમ-૪(૨) નો ભંગ કરેલ. વળી, આ પ્રકરણની સુનાવણીમાં મંડળી તરફે રજુ થયેલ, પત્ર વ્યવહાર તથા રજુ થયેલ દસ્તાવેજોમાં પણ મંડળીનું સરનામું ૫૦, હરસિધ્ધ ચેમ્બર, આશ્રમ રોડ, અમદાવાદ દર્શાવેલ હોવાથી, કોઇ એક ચોક્કસ પેઢી દ્વારા સદર મંડળીની જમીન ખરીદી કરાયેલ છે અને સહકારી સંસ્થાની ઓથમાં જમીન ખરીદ-વેચાણ, વેપાર/નફાનો ઉદ્દેશ છે તેવું જણાવેલ. મંડળીની મંજુર થયેલા પેટાનિયમોના ઉદ્દેશો મુજબ સબાસદોને રહેઠાણ પુરા પાડવાના કોઇ ઉદ્દેશો પરિપૂર્ણ થયેલ જણાઇ આવેલ નહિ.

આમ, ઉપરોક્ત વિગતે મંડળીને મુદ્દાવાર જરૂરી આધાર-પુરાવા સહ રજુઆત કરવા સારૂ પૂરતી તકો આપવામાં આવેલ હોવા છતાં મંડળી સંતોષકારક રજુઆત કરી શકેલ નહિ. જેથી, ઉપરોક્ત હકીકતો/મુદ્દાઓને ધ્યાને લઇ, મંડળી તેના મંજુર થયેલા પેટા નિયમોના ઉદ્દેશો મુજબની કામગીરી હાથ ધરી શકવાને અસમર્થ હોવાથી, મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવી હિતાવહ હોવાથી વચગાળાનો હુકમ કરવો મુનાસીબ જણાંતા વંચાણે લીધેલ ક્રમાંક-(૩) માં જણાવેલ આ કચેરીનો તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૪નો વચગાળાનો હુકમ કરાયેલ અને

INDEX

ફડચા અધિકારી તરીકે શ્રી એન. એમ. થાકોર, વહીવટદાર લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની નિમણુંક કરી સદર બાબતે જો કોઇ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં અત્રે રજુઆત કરવાની તક મંડળીને આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક-(૩)માં જણાવેલ આ કચેરીના તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૪ના વચગાળાના હુકમ અન્વયે મંડળી તરફથી આ કચેરીના સદરહુ હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં કોઇ રજુઆત થયેલ નથી. પરંતુ મંડળી તરફથી તારીખ ૨૦મી મે, ૨૦૧૪ ના રોજ વંચાણે લીધેલ ક્રમાંક-(૪)માં જણાવેલ તારીખ ૧૨મી મે, ૨૦૧૪ના પત્રથી લેખિત રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ, તે અંગે કોઇ આધાર-પુરાવા રજુ કરાયેલ નથી. ઉપરાંત, જે રજુઆત કરાયેલ છે તે મંડળી તરફથી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજની મુદતે કરાયેલ લેખિત રજુઆતથી વિશેષ નથી. મંડળી તરફથી સદરહુ તારીખ ૧૨મી મે, ૨૦૧૪ના પત્રથી જે રજુઆત કરાયેલ છે તેની ટુંકી વિગત નીચે મુજબ છે.

(૧) આપનો હુકમ કાયદેસર નથી.

(૨) આપે મંડળીને ફડચામાં લઇ જવા તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૩ના રોજ નોટીસ કારણ દર્શક નોટીસ આપેલ અને નોટીસમાં શ્રી એ. એચ. ભગદેવ, ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ શહેર વિભાગ, અમદાવાદના તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૩ના જા.નં. અષણ/૦૧/૨૬/૨૦૧૩થી રજુ કરવામાં આવેલ ખાસ અહેવાલની નકલ અમારી માંગણી છતાં અમોને ઉપલબ્ધ કરવામાં આવેલ નથી. કાયદા અને ન્યાયનો સ્થાપિત સિધ્ધાંત છે કે કોઇ પણ ઓથોરીટી જેના આધારે પગલાં લેવા માંગતી હોય તે તમામ દસ્તાવેજી પુરાવા જે તે ઓથોરીટીએ જેની સામે પગલાં લેવાના હોય તેને પુરા પાડવા જોઇએ અને રજુઆત કરવાની યોગ્ય વ્યાજબી અને પુરતી તક આપવી જોઇએ. અમોએ આપની કારણ દર્શક નોટીસનો તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૩ ના રોજ જવાબ રજુ કરેલો અને ઓડીટરના ખાસ અહેવાલની માંગણી કરેલ. ત્યારબાદ આપના તરફથી તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૩ના રોજનો ખાસ અહેવાલ આપવામાં આવેલો. સદર અહેવાલ ઓડીટ રીપોર્ટથી તદન વિરૂધ્ધ છે. આપે આપની નોટીસમાં તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૩ના ખાસ અહેવાલનો ઉલ્લેખ કરેલ છે.જ્યારે ઓડીટરે તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૩ના રોજ ખાસ અહેવાલ આપેલ છે. ઓડીટરે તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૩ ના રોજ ખાસ અહેવાલ આપની કચેરીમાં ઈનવર્ડ કરાવેલ છે. અને આપે તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૩ના રોજની નોટીસ આપેલ છે. આમ સ્પષ્ટ થાય છે કે ઓડીટર પાસે ખાસ રીપોર્ટ બદ ઈરાદાથી ઊભો કરવામાં આવેલો છે.

(૩) આપે મંડળીને ફડચામાં લઇ જવાનો હુકમ કરેલ છે. તેમાં નોટીસમાં જણાવેલ મુદ્દા કરતાં વધારાના મુદ્દાઓનો ઉલ્લેખ કરીને હુકમ કરેલ છે. આથી વચગાળાનો હુકમો રદ કરવો જોઇએ.

(૪) મંડળીના સને ૨૦૧૧-૧૨ના વર્ષનું ઓડીટ, સહકારી ખાતાના ઓડીટર શ્રી એ. એચ. ભગદેવે કરેલ છે અને ઓડીટ રીપોર્ટ અમોને આપેલ છે. સદર ઓડીટ રીપોર્ટમાં ઓડીટરે ઓડીટ વર્ગ 'બ' આપેલ છે. ઓડીટરે ઓડીટ રિપોર્ટમાં મંડળીને ફડચામાં લઇ જવાની કોઇ જ ભલામણ કરેલ નથી. ઓડીટરે તેમના રીપોર્ટમાં સ્પષ્ટ જણાવેલ છે કે ટી.પી. ફાઇનલ કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે જેથી ટી.પી. ફાઈનલ થયા બાદ બાંધકામની આવશ્યક મંજુરી મળી શકે છે. તેવા સંજોગોમાં બાંધકામ હાથ ધરી શકાયેલ નથી. આમ ઓડીટરે કરેલ ખાસ રીપોર્ટ, ઓડીટ રીપોર્ટ વિરૂધ્ધ છે અને રદ થવા પાત્ર છે અને ખાસ રીપોર્ટના આધારે મંડળીને ફડચામાં લઇ જવા કરેલ વચગાળાનો હુકમ રદ થવા પાત્ર છે.

(૫) આપે સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭નું કરેલ અર્થઘટન સાચું અને કાયદેસર નથી. આપે સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭નું ખોટું અર્થઘટન કરીને હુકમ કરેલ હોઇ હુકમ રદ થવાપાત્ર છે.

(૬) આપે ઓડીટરના ખાસ અહેવાલ અંગે કોઇ સ્વતંત્ર અભિપ્રાય બાંધ્યા સિવાય મીકેનીકલ પ્રોસેસ અપનાવીને હુકમ રદ થવા પાત્ર છે.

(૭) આપની નોટીસનો અમોએ કરેલ ખુલાસો આપે શા માટે ગ્રા!ા રાખેલ નથી તે માટેના કોઇ જ વ્યાજબી અને કાયદેસરના કારણો આપે આપ્યા નથી આપનો હુકમ સ્પીકીંગ ઓર્ડર નથી અને તેથી રદ થવા પાત્ર છે.

(૮) આપના હુકમના મુદ્દા નં.(૧) ના આક્ષેપો સાચા નથી અને અમોને કબુલ નથી. અમોએ મુદ્દા નં.૧ અંગે વિગતવાર ખુલાસો કરેલ છે. સદર મુદ્દામાં જણાવેલ કારણોસર મંડળીને ફડચામાં લઇ જવાનો હુકમ થઇ શકે નહી. સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના ઓડીટમાં દર્શાવેલ ક્ષતિઓની દુરસ્તી કરવામાં આવેલી છે અને દુરસ્તી રીપોર્ટ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૧ ના રોજ મોકલી આપવામાં આવેલ છે ઓડીટ રીપોર્ટમાં કોઇ ગંભીર પ્રકારની ક્ષતિ જણાઇ આવેલ નથી કે જેના આધારે મંડળીને ફડચામાં લઇ જવી પડે. સને ૨૦૧૧-૧૨નું ઓડીટ સહકારી ખાતાનાં ઓડીટર એ. એચ. ભગદેવે કરેલ છે અને તેઓએ ઓડીટ રીપોર્ટ ભાગ-૨ માં સ્પષ્ટતા કરેલ છે કે ઓડીટ સમય દરમ્યાન જણાઇ આવેલ ખામીઓની પુર્તતા કરવામાં આવેલી છે તેમજ સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં જણાવેલ ઓડીટ ક્ષતિઓની દુરસ્તી કરવામાં આવેલ ન હોય તેવા કારણસર મંડળીને ફડચામાં લઇ જવાની કાયદામાં જોગવાઇ નથી તેથી આપનો હુકમ રદ કરવો જોઇએ તેથી આપે કરેલ હુકમ રદ કરવો જોઇએ.

(૯) આપે હુકમનાં મુદ્દા નં.(૨)માં કરેલા આક્ષેપો સાચા નથી અને એમોને કબુલ નથી. અમારી મંડળીની નોંધણી તારીખ ૨૬મી જૂન, ૨૦૦૦ નાં રોજ નોંધણી નંબર ઘ-૧૯૫૧૭ થી સહીયારા ભાડુઆત પધ્ધતિ અનુસાર થયેલ છે. મંડળીનાં ઉદ્દેશો નીચે દર્શાવ્યા મુજબ છે.

મંડળીનાં ઉદ્દેશો નીચે મુજબનાં રહેશે.

(૧) મંડળી પોતાની માલિકીની અને સભાસદોનાં મકાનો બાંધવા માટે એક જ સ્થળે જથ્થે જમીન ખરીદવી અથવા ભાડા-પેટે રાખવી અને તેને યોગ્ય વહીવટ કરવો.

(૨) મંડળીની રાખેલ જમીનમાં યોગ્ય પ્લોટો પાડી આ પ્લોટો સભાસદોને મકાનો બાંધવા પેટે અથવા પટા પેટે આપવા અને સભાસદોના સામુહિક પ્લોટોની વ્યવસ્થા કરવી/કરાવવી.

(૩) મંડળીએ પોતાની માલિકીના અને/અથવા સભાસદોને મકાનો બાંધવા જરૂરી નાણાં મેળવવાની વ્યવસ્થા કરવી.

(૪) સભાસદોના આરોગ્ય કેળવણી એ સામાજિક પ્રવૃત્તિઓની ખિલવણી માટેની યોગ્ય વ્યવસ્થા કરવી.

(૫) મંડળીનાં પોતાની મિલકતની યોગ્ય જાળવણી અને વ્યવસ્થા કરવી અગર તેનો બીજી રીતે યોગ્ય નિકાલ કરવો.

પેટાકાયદા મુજબ મંડળીએ જમીન ખરીદવાની તથા સભ્યોને રહેઠાણની સુવિધા પુરી પાડવાનો ઉદ્દેશ છે. મંડળીએ તેનાં ઉદ્દેશ પાર પાડવા જિલ્લે અમદાવાદ તા. સીટીના મોજે વાડજની સીમના સર્વે નં. ૧૯૮/૧ ની ૮૫૧૦ ચોરસ મીટર જમીન તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ ના રોજના રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે તથા સર્વે નં. ૧૯૮/૨ ની ૨૨૪૫ ચોરસવાર જમીન તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ ના રોજના રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે. ત્યારબાદ સદર જમીન રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં પોતાના નામે ચઢાવવામાં આવેલી છે. સદર જમીન અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ડેવલપમેન્ટ પ્લાનમાં પબ્લીક હાઉસીંગ રીઝર્વેશન (ગ્રીન બેલ્ટ) માં મુકવામાં આવેલ છે. નામદાર ગુજરાત સરકારે ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ માં સને ૧૯૯૯ માં (ગુજરાત એક્ટ નં.૨/૯૮) થી કાયદાની કલમ-૪૦(૩) માં સુધારો કરેલો અને તે સુધારા મુજબ પબ્લીક હાઉસીંગ રીઝર્વેશન (ગ્રીન બેલ્ટ) માંથી જમીન મુક્ત કરવા માટે સરકાર ૫૦ ટકા જમીન એક્વાયર કરવા હક્કદાર બનતી હતી આથી ગ્રીન બેલ્ટ જમીન માલીકોના એસોસીએશને સદર કાયદાનો સુધારો ચેલેન્જ કરતી સીવીલ એપ્લીકેશન નામદાર હાઇકોર્ટમાં દાખલ કરેલી. સદર સ્પે. સીવીલ એપ્લીકેશનમાં એવી પણ તકરાર લેવામાં આવેલ કે જમીન રીઝર્વેશનમાં મુકવામાં આવ્યા બાદ ૧૦ વર્ષમાં એ જમીન એક્વાયર કરવામાં આવે નહી તો રીઝર્વેશન સમાપ્ત થઇ જાય છે. નામદાર સુપ્રિમ કોર્ટમાં મેટર ચાલતી હોવાથી સદર ગ્રીન બેલ્ટની જમીન અંગે ટી.પી. સ્કીમ ફાઇનલ કરવામાં આવેલ નથી અને તેને રોડ રસ્તા, ડ્રેનેજ, લાઇટ, પાણીની સગવડો સદર ગ્રીનબેલ્ટની જમીનમાં ઉપલબ્ધ કરવામાં આવેલ નથી તેમજ સદર જમીન ઉપર બાંધકામના પ્લાન પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ઔડા દ્વારા પાસ કરવામાં આવતા નહતા/નથી.

સદર સ્પે. સીવીલ એપ્લીકેશનમાં નામદાર હાઇકોર્ટે તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૦ ના રોજ ચુકાદો સરકાર વિરૂધ્ધ આપેલો છે. આથી નામદાર સરકારે, સદર ચુકાદા સામે નામદાર સુપ્રિમ કોર્ટમાં સ્પેશયલ લીવ પીટીશન દાખલ કરેલ છે અને તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે સ્ટેટસ્કોનો હુકમ કરેલ છે તે હાલ પેન્ડીંગ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેને શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે પણ જણાવ્યુ છે કે, મ્યુનિસિપલ હદમાં ગ્રીન બેલ્ટ તરીકે ઓળખાતી જમીનમાં ટી.પી. સ્કીમ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્ટેટસ્કોનો હુકમ હોવાથી ટી.પી. સ્કીમ બનાવી શકાય તેમ નથી, દિવ્ય ભાસ્કર તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૩ પાન નં. ૨ નું કટીંગ સામેલ કરેલ છે. મંડળીએ બાંધકામ કરવા અંગે એન્જિનીયરશ્રીનો સંપર્ક સાધેલો અને તેઓએ પણ જણાવેલ છે કે ગ્રીન બેલ્ટ વાળી જમીન બાંધકામના પ્લાન ઔડા/અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્વીકારતી નથી. તે બાબતે અમોએ એન્જિનીયરનું સર્ટીફીકેટ પણ રજુ કરેલ છે. આમ નામદાર સરકારે સુપ્રિમ કોર્ટમાં સ્પેશયલ લીવ પીટીશન દાખલ કરેલ હોઇ, મંડળીએ ખરીદ કરેલ જમીનમાંથી કેટલી જમીન, અને કયા ખુણેથી કપાતમાં જશે તે નક્કી થઇ શકે તેમ નહી હોવાથી બાંધકામનાં પ્લાન મંજુર થઇ શકે તેમ ન હતા અને પ્લાન મંજૂર થયા વગર બાંધકામ થઇ શકે તેમ ના હોવાથી બાંધકામ થઇ શકેલ નથી. મંડળીના કાબુ બહારના સંજોગોને લીધે બાંધકામ થઇ શકેલ નથી. આમ, મંડળી નોંધણી થયાને ૧૨ વર્ષ પૂર્ણ થયા છતાં મંડળીએ તેના પેટાનિયમ નં. ૨માં જણાવેલ ઉદ્દેશો પૂર્ણ કરેલ નથી કે પૂર્ણ કરવા સારૂ કોઈ સક્રીય પ્રયત્નો હાથ ધરેલ હોવાનું જણાતું નથી તેવો આક્ષેપ સાચો નથી. મંડળી રજિસ્ટર્ડ થયા બાદ તેના પેટા કાયદામાં દર્શાવેલ ઉદ્દેશો મુજબ જમીન ખરીદવાની પ્રક્રિયા પૂર્ણ કરેલ છે તથા જમીન રેવન્યુ રેકર્ડમાં તેના નામે ચઢાવેલ છે, પરંતુ બાંધકામની કાર્યવાહી ઉપર જણાવેલ કાયદાકીય પ્રશ્નોને કારણે કાબૂ બહારનાં સંજોગોને લીધે થઈ શકેલ નથી. આમ મંડળીએ પેટા નિયમ નં. ૨માં જણાવેલ ઉદ્દેશો પૂર્ણ કરવા કોઈ સક્રિય પ્રયત્નો હાથ ધરેલ હોવાનું જણાતું નથી. તેવો આક્ષેપ સાચો નથી.

(૧૦) હુકમના મુદ્દા નં. ૩ ના આક્ષેપો સાચા નથી અને અમોને કબૂલ નથી. સદર મુદ્દામાં જણાવેલ કારણસર મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ થઈ શકે તેમ નથી. સાચી હકીકત ઉપર દર્શાવ્યા મુજબની છે. મંડળીની કેટલી જમીન કપાતમાં જવાની છે અને ક્યા ખૂણેથી કપાતમાં જશે તે નક્કી નહીં હોવાથી પ્લાન મંજૂર કરાવવાની કાર્યવાહી થઈ શકે તેમ ન હતી. વધુમાં જણાવવાનું કે, ગ્રીન બેલ્ટવાળી મેટર નામદાર સુપ્રિમ હાઈકોર્ટમાં પેન્ડીંગ હોવાથી તે જમીન અંગે ટી.પી. સ્કીમ ફાઈનલ થયેલ ન હોઈ બાબત મેટર નામદાર સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ છે તે અંગેના પૂરાવા રજૂ કરેલ છે. તેમ છતાં આપ સાહેબે હુકમમાં પૂરાવા રજૂ કરેલ નથી. તેવું તારણ લીધું છે તે ખોટું અને ભૂલ ભરેલું છે.

(૧૧) આપની નોટીસમાં મુદ્દા નં. ૪ ના આક્ષેપો સાચા નથી. અને અમોને કબૂલ નથી. સદર મુદ્દામાં જણાવેલ કારણોસર મંડળી ફડચામાં લઈ જવાનો હુકમ થઈ શકે નહિં. મંડળીમાં ૧૦ સભાસદો છે તે બાબત તકરાર નથી. પરંતુ, મંડળીની જમીન ગ્રીન બેલ્ટમાં છે અને ગ્રીન બેલ્ટમાંથી છૂટી થતા કેટલી જમીન કપાતમાં જશે અને કેટલી જમીન મંડળી પાસે રહેશે તે નક્કી નથી તેવા સંજોગોમાં નવા સભ્યો દાખલ કરવામાં આવ્યા નથી. જમીન ગ્રીન બેલ્ટમાંથી છૂટી થયા બાદ અને પ્લાન મંજૂર થયેથી નવા સભ્યો દાખલ કરવામાં આવશે.

(૧૨) આપ સાહેબે આપના હુકમમાં મંડળીનાં ૧૦ પ્રયોજક સભ્યો પૈકી એક સભ્ય ગુજરી જવાથી તેમનાં વારસદાર દાખલ કરેલા છે. તથા તારીખ ૨જી જૂન, ૨૦૦૫ના રોજના મેનેજીંગ કમિટીનાં ઠરાવથી ત્રણ સભ્યો દાખલ કરવામાં આવેલ છે. મંડળીની જમીન અંગે ટી.પી. સ્કીમ ફાઈનલ થયેલ નહીં હોવાથી એલોટમેન્ટ કરવામાં આવેલ નથી. મંડળીએ સભ્યો દાખલ કર્યા છે, તેમાં સ્ટેમ્પ એક્ટ, ૨૦૦૨ તથા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ અને મંડળીના પેટા કાયદાનો ભંગ કરેલ છે તેવુ આપનું તારણ ખોટુ અને ભુલ ભરેલુ છે. સહકારી મંડળીઓના કાયદા મુજબ મંડળી સ્વાયત્ત સંસ્થા છે અને મંડળીને કાયદા-કાનૂન મુજબ તથા પેટા કાયદામાં સભાસદ દાખલ કરવાનો કાયદેસરનો હક્ક, અધિકાર છે. સહકારી મંડળીઓના કાયદા તથા પેટા કાયદામાં સભાસદ બનાવવા માટે રજિસ્ટર દસ્તાવેજ કરવાની કોઈ જ જોગવાઈ નથી. નામદાર હાઈકોર્ટે ૫૦ (૫) જી.એલ.આર. પાન નં. ૪૩૯૭ ઉપરના ચુકાદામાં ઠરાવેલ છે કે, જમીન/પ્લોટ/ફ્લેટ એલોટમેન્ટ કરવામાં આવે તો, સ્ટેમ્પ ડ્યુટી ભરવી ફરજીયાત છે. આમ છતાં, કાયદાની જોગવાઈઓનું ખોટું અર્થઘટન કરીને મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવેલ છે તે ખોટો અને ભૂલ ભરેલો છે. મંડળીમાં ૩ સભ્યો ગેરકાયદેસર દાખલ કરેલ છે તેવું તારણ પણ ખોટું અને ભૂલ ભરેલ છે. મંડળીમાં ત્રણ પ્રયોજક સભ્યો

INDEX

છૂટા થયા છે તે માટે જિલ્લા રજિસ્ટ્રારની પરવાનગી લીધી નથી તેવા કારણોસર સોસાયટીને ફડચામાં લઈ જવાનો હુકમ થઈ શકે નહિં. સદર બાબત આપે અમોને કોઈ નોટીસ આપેલ ન હતી તેમ છતાં નવા મુદ્દા ઉપસ્થિત કરીને હુકમ કરવામાં ભૂલ કરેલ છે.

(૧૩) આપે આપના હુકમમાં મંડળીએ ખરીદ કરેલ વાડજમાં સરવે નં. ૧૯૮/૧ તથા ૧૯૮/૨ વાળી જમીન ખેતીની જમીન છે અને બીન ખેતી કરાવેલ નથી તે અંગે જણાવવાનું કે, જ્યાં સુધી ટી.પી. સ્કીમ અમલમાં ના આવે ત્યાં સુધી મંડળીને મળવાપાત્ર જમીનનું ક્ષેત્રફળ નક્કી થઈ શકે નહીં. તેવા સંજોગોમાં જમીન બીન ખેતી કરાવેલ નથી તેવું તારણ લીધેલ છે તે ખોટું છે. સદર બાબત કોઈ નોટીસ આપવામાં ન હતી. તેમ છતા નવા મુદ્દા ઉપસ્થિત કરીને હુકમ કરવામાં ભૂલ કરેલ છે. અમારૂં કહેવું છે કે, સદર જમીન ગ્રીન બેલ્ટમાંથી છૂટી થયા બાદ સદર જમીન એન.એ. કરાવવા યોગ્ય કાર્યવાહી કરવાની છે.

(૧૪) આપની નોટીસના મુદ્દા નં. ૬ ના આક્ષેપો સાચા નથી અને અમોને કબુલ નથી. સદર મુદ્દામાં જણાવેલ કારણોસર મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કરી શકાય નહિં. તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ના રોજ અંતિત સરવૈયામાં જમીન ફાળો ₹ ૨૩,૫૭૫/- છે. પાર્શ્વનાથ કોર્પોરેશન ખાતે ₹ ૩૩,૩૩,૭૯૫/- છે. જમીનની કિંમત પાર્શ્વનાથ કોર્પોરેશનને ચૂકવેલ છે. તે પરત કરવા સભાસદો પાસેથી જમીન ફાળો ઉઘરાવેલ નથી તેવા કારણસર મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ થઈ શકે નહિં. ડેવલપમેન્ટ માટે પાર્શ્વનાથ કોર્પોરેશને મંડળીને નાણા આપેલા છે. સદર બાબત મંડળીની આંતરિક બાબત છે.

મંડળી તરફથી સદરહુ તારીખ ૧૨મી મે, ૨૦૧૪ના પત્રથી ઉપરોક્ત વિગતે લેખિત રજુઆત કરાયેલ છે. પરંતુ, તેની સાથે કોઈ જ આધાર-પુરાવા રજૂ કરેલ નથી. તે ઉપરાંત, જે રજુઆત કરાયેલ છે, તે અગાઉ કરેલ રજુઆતથી વિશેષ નથી.

મંડળી તરફથી સદરહું તારીખ ૧૨મી મે, ૨૦૧૪ના પત્રથી થયેલ રજુઆત અગાઉ, વંચાણે લીધા ક્રમાંક : (૨)માં જણાવેલ આ કચેરીની તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૩ની કારણદર્શક નોટીસ સંદર્ભે મંડળી તરફથી ચેરમેન શ્રી હર્ષદભાઈ સી. પટેલ, હિસાબનીશ શ્રી સોમાભાઈ બી. પટેલ અને અધિકૃત વ્યક્તિ શ્રી સંજયભાઈ એસ. પટેલ એ વખતોવખત આ કચેરીમાં રૂબરૂ હાજર રહી, લેખિત/મોખિક રજુઆતો કરેલ છે. જેમાં, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૩, તારીખ ૩જી જૂન, ૨૦૧૩, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩, તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૩, તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ કરેલ લેખિત રજુઆતોનો સમાવેશ થાય છે.

મંડળી તરફથી સદરહુ તારીખ ૧૨મી મે, ૨૦૧૪ના પત્રથી જે લેખિત રજુઆત કરાયેલ છે. તે રજુઆત અને મંડળીની નોંધણી માટે રજૂ થયેલ રેકર્ડ સહિતના આ કચેરીના રેકર્ડના આધારે હું નીચે મુજબના તારણ ઉપર આવું છું.

(૧) મંડળી તરફથી પેરા-૧માં, આ કચેરીનો હુકમ કાયદેસરનો નથી તેવી રજુઆત કોઈ પણ જાતનાં આધાર-પુરાવા વગર કરાયેલ છે. જે કાયદાના પરિપ્રેક્ષમાં અસ્પષ્ટ (Vague) છે. વંચાણે લીધા ક્રમાંક : (૬) માં જણાવેલ જાહેરનામાંથી આ કચેરીને જરૂરી સત્તાઓ મળેલી છે. જેથી, મંડળીની રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

(૨) મંડળી તરફથી પેરા-૨ માં, કોઈ પણ ઓથોરીટીએ તે જેના આધારે પગલાં લેવા માંગતી હોય તે તમામ દસ્તાવેજી પુરાવા, જેની સામે પગલાં લેવાના હોય તેને પુરા પાડવા જોઈએ અને તેઓને ઓડીટરશ્રીએ કરેલ ખાસ અહેવાલની નકલ માંગણી કર્યા બાદ મળેલ છે. તેવી રજુઆત કરાયેલ છે. આ કચેરીની વંચાણે લીધા ક્રમાંક : (૨) માં જણાવેલ કારણદર્શક નોટીસ સ્વયં સ્પષ્ટ છે તેમજ આ કેસની સુનાવણીની નવ તકો વખતે મંડળી તરફથી હાજર રહેલ ચેરમેન અને અન્ય વ્યક્તિઓએ પોતે પણ સુનાવણીની નવ તકો વખતે એક પણ વખતે સદરહુ અહેવાલની માંગણી કરેલ નથી અને તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩ની મુદતે ખાસ અહેવાલની માંગણી કરવામાં આવતા, તે જ મુદતે તેઓને ઓડીટરશ્રીએ કરેલ વંચાણે લીધા ક્રમાંક (૧)માં જણાવેલ તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૩ના રોજના ખાસ અહેવાલની નકલ પુરી પાડવામાં આવેલ છે. જેથી, આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

તે ઉપરાંત, મંડળી તરફથી પેરા-૨માં, ઓડીટરનો ખાસ અહેવાલ, ઓડીટ રીપોર્ટથી તદ્દન વિરૂધ્ધ છે, તેવી રજુઆત કરાયેલ છે. પરંતુ, ઓડીટરના રીપોર્ટમાં, સભ્યો પાસેથી જમીન ફાળો મેળવવા, મંડળીમાં સત્વરે બાંધકામની કામગીરી હાથ ધરાય અને મંડળીના પેટા નિયમ નં. ૨ના ઉદ્દેશ પૂર્ણ થાય તે બાબતે સક્રિય કાર્યવાહી હાથ ધરવા સહિતની બાબતે મંડળીના કાર્યવાહકોને જરૂરી સૂચના/અનુરોધ કરાયેલ છે જ. જે દર્શાવે છે કે, મંડળી, જે હેતુ/ઉદ્દેશો માટે રચાયેલ છે તે હેતુ / ઉદ્દેશો સિધ્ધ થયેલ નથી. ઓડીટરે તેમના ખાસ અહેવાલમાં પણ એ જ બાબત જણાવેલ છે કે, મંડળીની નોંધણી થયાને ૧૨ વર્ષ પૂર્ણ થવા છતાં મંડળીએ, પેટા નિયમ નં. ૨માં જણાવેલ ઉદ્દેશો પૂર્ણ કરેલ નથી કે પૂર્ણ કરવા કોઈ સક્રિય અને સ્વયં કોઈ પ્રયત્નો હાથ ધરેલ નથી. જેથી, આ રજુઆત પણ સ્વીકારવા પાત્ર નથી.

(૩) મંડળી તરફથી પેરા-૩ માં, નોટીસમાં જણાવેલ મુદ્દા કરતા વચગાળાના હુકમમાં નવા મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ છે. સહકારી કાયદા કલમ-૧૦૭નું પ્રાવધાન જોતા, કારણદર્શક નોટીસ આપવાની જોગવાઈ નથી અને વચગાળાનો હુકમ એ એક પ્રકારની કારણદર્શક નોટીસ છે અને આજ પ્રાવધાન હેઠળ, વચગાળાના હુકમ સામે એક માસમાં રજુઆત કરવાની તક ઉપલબ્ધ છે. અને વચગાળાનાં હુકમથી કોઈના હક્કોનું હનન (Infringe Of Right) થતું નથી. વચગાળાના હુકમ સામેની ઠોસ (Substantial) રજુઆત ઉપરથી નિર્ણય કરવાનો રહે છે. વળી, સહકારી કાયદાની કલમ-૧૦૭નું આ પ્રાવધાન એક અર્ધન્યાયિક પ્રકારનું છે. જેથી, આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

(૪) મંડળી તરફથી પેરા-૪ માં, ઓડીટરે ઓડીટ રીપોર્ટમાં મંડળીને ફડચામાં લઈ જવાની કોઈ જ ભલામણ કરેલ નથી. ઓડીટરે તેમના રીપોર્ટમાં સ્પષ્ટ જણાવેલ છે કે, ટી.પી. ફાઈનલ કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે. જેવી ટી.પી. ફાઈનલ થયા બાદ બાંધકામની આવશ્યક મંજૂરી મળી શકે છે તેમ છે. તેવા સંજોગોમાં બાંધકામ હાથ ધરી શકાયેલ નથી. આમ, ઓડીટરે કરેલ ખાસ રીપોર્ટ, ઓડીટ રીપોર્ટ વિરૂધ્ધ છે અને રદ થવા પાત્ર છે. તેવી રજુઆત કરાયેલ છે. પરંતુ, ઓડીટરના સદરહુ રીપોર્ટના સામાન્ય શેરા ભાગ-૧ની વિગતો જોતાં, ‘‘મંડળીના હોદ્દેદારો એ રૂબરૂમાં જણાવ્યા અનુસાર સદરહુ જમીન રહેણાંક ઝોન-૧માં આવેલ છે. પરંતુ, સરકારશ્રીના ટી.પી. કપાતના ધોરણ બાબતે હાલમાં પણ નામદાર સુપ્રિમ કોર્ટમાં કેસ ચાલુ છે, જેના કારણે બાંધકામની પ્રવૃત્તિ હાથ ધરી શકાયેલ નથી. પરંતુ, તાજેતરમાં સરકારશ્રી દ્વારા નારણપુરાની આ પૈકીની જમીનોમાં

INDEX

ટી.પી. ફાઈનલ કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે, જેથી ટી.પી. ફાઈનલ થયા બાદ બાંધકામ સબબની આવશ્યક મંજૂરી મળી શકે તેમ છે. આ સંજોગોમાં બાંધકામ હાથ ધરી શકાયેલ નથી.'' તેવું જણાવાયેલ છે. જે દર્શાવે છે કે, ઓડીટરે સદરહુ બાબત મંડળીના હોદ્દેદારો એ રૂબરૂમાં જે બાબત જણાવેલ તેનો ઉલ્લેખ કરેલ છે.

ઉપરાંત, ઓડીટરના રીપોર્ટમાં, સભ્યો પાસેથી જમીન ફાળો મેળવવા, મંડળીમાં સત્વરે બાંધકામની કામગીરી હાથ ધરાય અને મંડળીના પેટા નિયમ નં. ૨ ના ઉદ્દેશ પૂર્ણ થાય તે બાબતે સક્રિય કાર્યવાહી હાથ ધરવા સહિતની બાબતે મંડળીના કાર્યવાહકોને જરૂરી સૂચના/અનુરોધ કરાયેલ છે જ. જે દર્શાવે છે કે, મંડળી, જે હેતુ/ઉદ્દેશો માટે રચાયેલ છે તે હેતુ/ઉદ્દેશો સિધ્ધ થયેલ નથી. ઓડીટરે તેમના ખાસ અહેવાલમાં પણ એજ બાબત જણાવેલ છે કે, મંડળીની નોંધણી થયાને ૧૨ વર્ષ પૂર્ણ થવા છતાં મંડળીએ પેટા નિયમ નં. ૨માં જણાવેલ ઉદ્દેશો પૂર્ણ કરેલ નથી કે પૂર્ણ કરવા કોઈ સક્રિય અને સ્વયં કોઈ પ્રયત્નો હાથ ધરેલ નથી.

ઉપરાંત, ઓડીટરે મંડળીને ફડચામાં લઈ જવા અંગે મંડળીને ભલામણ કરવાની રહેતી નથી. વળી, ઓડીટરશ્રી એ. એચ. ભગદેવ, આ કચેરીના નિયંત્રણ હેઠળનાં ક્ષેત્રિય કર્મચારી છે અને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયેના હુકમો કરતી વખતે આ રેકર્ડ, અભિપ્રાય ઘડવા માટે માત્ર ધ્યાને લેવાનું રહે છે. ઓડીટરનાં રીપોર્ટને અંતિમ નિર્ણય ગણી અત્રે રજુઆત કરી શકાય નહિં. જેથી, આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

(૫) મંડળી તરફથી પેરા-૫ માં, કાયદાની કલમ-૧૦૭નું કરેલ અર્થઘટન સાચું અને કાયદેસર નથી અને ખોટું અર્થઘટન છે. તેવી રજુઆત કરાયેલ છે. જે રજુઆત કાયદાના પરિપ્રેક્ષમાં સંદિગ્ધ અથવા અસ્પષ્ટ (Vague) છે. હુકમ કઈ રીતે ખોટો છે ? અને ખોટું અર્થઘટન કેવી રીતે છે ? તે અંગે કોઈપણ જાતની ટીકા/ટીપ્પણ કર્યા સિવાય માત્ર હુકમ ખોટો હોવા બાબતે રજુઆત કરાયેલ છે. જેથી, આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

(૬) મંડળી તરફથી પેરા-૬ માં, આ કચેરી દ્વારા ઓડીટરના ખાસ અહેવાલ અંગે કોઈ સ્વતંત્ર અભિપ્રાય બાંધ્યા સિવાય મીકેનીકલ પ્રોસેસ અપનાવીને હુકમ કરેલ હોઈ હુકમ રદ થવા પાત્ર છે, તેવી રજુઆત કરાયેલ છે. પરંતુ, આ કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક : (૩)માં જણાવેલ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજનો ફડચાનો વચગાળાનો જે હુકમ કરાયેલ છે તે સહકારી કાયદાની કલમ-૧૦૭ની જોગવાઈઓને આધિન રહીને કરવામાં આવેલ છે અને તે અર્ધ ન્યાયિક છે તેમજ જે નિર્ણય કરાયેલ છે તે મંડળીની રચના, કામકાજ અને આર્થિક સ્થિતિને લક્ષમાં લઈને, સ્વતંત્ર અભિપ્રાય ઘડીને કરાયેલ છે અને તે રીતે આ કચેરીનો સદરહુ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજનો ફડચાનો વચગાળાનો હુકમ યોગ્ય, વ્યાજબી અને કાયદેસરનો છે. જેથી, આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

(૭) મંડળી તરફથી પેરા-૭માં, નોટીસનો તેઓને કરેલ ખુલાસો શા માટે ગ્રા!ા રાખેલ નથી તે માટેના કોઈ જ વ્યાજબી અને કાયદેસરના કારણો આપેલ નથી અને સ્પીકીંગ ઓર્ડર નથી તેથી, રદ થવા પાત્ર છે. તેવી રજુઆત કરાયેલ છે. પરંતુ, મંડળી તરફથી આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૩)માં જણાવેલ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજના ફડચાના વચગાળાના હુકમ સામે જે રજુઆત કરાયેલ છે તે કોઈ પણ આધાર-પુરાવા વિના કરાયેલ છે. આમ, મંડળી તરફથી રેકર્ડ આધારિત રજુઆત કરવાના બદલે, પુનઃ કોઈ પણ આધાર-પુરાવા વિના માત્ર રજુઆત કરાયેલ છે. ઉપરાંત, આ કચેરી દ્વારા સદરહુ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજનો જે હુકમ કરાયેલ છે તે રેકર્ડ આધારિત અને સ્વયં સ્પષ્ટ છે અને મંડળીની રજુઆત શા માટે સ્વીકારવામાં આવેલ નથી તે, સદરહુ હુકમમાં સ્પષ્ટ જણાવાયેલ છે. જેથી, આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

(૮) મંડળી તરફથી પેરા-૮માં, વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના ઓડીટમાં દર્શાવેલ ક્ષતિઓની દુરસ્તી કરવામાં આવેલી છે અને દુરસ્તી રીપોર્ટ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૧ના રોજ મોકલી આપવામાં આવેલ છે. ઓડીટ રીપોર્ટમાં કોઈ ગંભીર પ્રકારની ક્ષતિ જણાઈ આવેલ નથી કે જેના આધારે મંડળીને ફડચામાં લઈ જવી પડે. વર્ષ ૨૦૧૧-૧૨નું ઓડીટ સહકારી ખાતાનાં ઓડીટર શ્રી એ. એચ. ભગદેવે કરેલ છે અને તેઓએ ઓડીટ રીપોર્ટ ભાગ-૨ માં સ્પષ્ટતા કરેલ છે કે, ઓડીટ સમય દરમ્યાન જણાઈ આવેલ ખામીઓની પૂર્તતા કરવામાં આવેલી છે. ઓડીટ ક્ષતિઓની દુરસ્તી કરવામાં આવેલ ન હોય તેવા કારણસર મંડળીને ફડચામાં લઈ જવાની કાયદામાં જોગવાઈ નથી, તેથી હુકમ રદ કરવો જોઈએ. તેવી રજુઆત કરાયેલ છે. પરંતુ ઓડીટર શ્રી એ. એચ. ભગદેવ દ્વારા તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ પૂર્ણ કરાયેલ મંડળીના વર્ષ ૨૦૧૧-૧૨ના વૈધાનિક ઓડીટ રીપોર્ટના સામાન્ય શેરો : ભાગ-૨માં, ઓડીટ સમય દરમ્યાન જણાઈ આવેલ ખામી અને સૂચનો કે જેની રૂબરૂમાં સ્પષ્ટતા કે પૂર્તતા કરવામાં આવેલ છે તે સિવાયની ખામી અને સૂચનો નીચે મુજબ છે, તેમ જણાવેલ છે. ઉપરાંત, સામાન્ય શેરો : ભાગ-૨ માં, ખામી નં. ૧માં, ''મંડળીએ ગતઃ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૦ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૧ સુધીની ઓડીટ નોંધમાં જણાવેલ ખામીઓની દુરસ્તી કરવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાયેલ છે. પરંતુ તેનો દુરસ્તી અહેવાલ સંબંધિત ઓડીટરને મોકલેલ હોવાનું જણાયેલ નથી.'' તેમ જણાયેલ છે. તે ઉપરાંત, મંડળીએ, સહકારી કાયદાની કલમ-૮૫ની જોગવાઈને આધિન ઓડીટ દુરસ્તી રીપોર્ટ, સંબંધિત ઓડીટરના રિમાર્કસ સાથે નિયત સમયમાં આ કચેરીને રજુ કરવો જોઈએ. પરંતુ, મંડળીએ, વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ના વૈધાનિક ઓડીટ રીપોર્ટોમાં જણાવાયેલ ખામીઓ/સૂચનોની વાસ્તવિક દુરસ્તી કરી, તેનો દુરસ્તી રીપોર્ટ, સંબંધિત ઓડીટરના રિમાર્કસ સાથે આ કચેરીને રજુ કરેલ હોવાના કોઈ આધાર-પુરાવા રજુ કરાયેલ નથી. જેને ધ્યાને લેતાં, મંડળીની રજુઆત ગેરમાર્ગે દોરનારી છે.

આમ છતાં, મંડળીએ સભાસદો પાસેથી જમીન ફાળો મેળવી, જવાબદારી (પાર્શ્વનાથ કોર્પોરેશનને ચૂકવવાની રકમ) પૂર્ણ કરેલ નથી, મંડળીના સરવૈયે બોલતી ખોટ સામે સભ્યો પાસેથી જરૂરિયાત મુજબનો ફાળો મેળવી ખોટ સરભર કરેલ નથી તેમજ મંડળીની જમીન અંગેની રેવન્યુ ખાતાની મેળવવાની થતી પરવાનગીઓ મેળવી, પ્લાન મંજૂર કરાવી, ઉદ્દેશ મુજબની કાર્યવાહી પૂર્ણ કરેલ નથી વગેરે સહિતની બાબતોની વાસ્તવિક દુરસ્તી કરેલ હોવાનું ફલિત થાય છે. મંડળીએ વાસ્તવિક દુરસ્તી કરેલ નથી અને માત્ર કાગળ ઉપર દુરસ્તી કરેલ હોવાનું ફલિત થાય છે. મંડળીએ તેના ઉદ્દેશો સિધ્ધ બાબત હોય તે સંજોગોમાં, તેને માત્ર દુરસ્તી સાથે સાંકળી શકાય નહિં અને તેને માત્ર તે રીતે જોઈ શકાય નહિં. જેથી, આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

(૯) મંડળી તરફથી પેરા-૯, ૧૦ અને ૧૩માં, મંડળીની નોંધણી તારીખ ૨૬મી જૂન, ૨૦૦૦ના રોજ નોંધણી નં. ઘ-૧૯૫૧૭ થી સહીયારા

ભાડુઆત પધ્ધતિ અનુસાર થયેલ છે તેમ જણાવી, મંડળીના કયા ઉદેશો છે તે તથા મંડળીએ તેનાં ઉદેશ પાર પાડવા જંમીન વેચાણ રાખેલ છે. આ જમીન રેવન્યુ રેકર્ડ ૭/૧૨માં પોતાના નામે થયેલી છે. આ જમીન ઔડા દ્વારા, ડેવલપમેન્ટ પ્લાનમાં પબ્લીક હાઉસીંગ રીઝર્વેશન (ગ્રીન બેલ્ટ)માં મૂકવામાં આવેલ છે. નામદાર ગુજરાત સરકારે ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬માં સને ૧૯૯૯માં (ગુજરાત એક્ટ નં. ૨/૯૮ થી) સુધારો કરેલો. જેની સામે, ગ્રીન બેલ્ટ જમીન માલિકોના એસોસીએશને નામ. હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન કરેલ. જેમા, નામ. હાઈકોર્ટે તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૦ના રોજ સરકાર વિરૂધ્ધ ચુકાદો આપેલો છે. આથી, નામદાર સરકારે, સદર ચુકાદા સામે નામદાર સુપ્રિમ કોર્ટમાં સ્પેશ્યલ લીવ પીટીશન દાખલ કરેલ છે અને તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે સ્ટેટસ્કોનો હુકમ કરેલ છે તે હાલ પેન્ડીંગ છે. નામદાર સુપ્રિમ કોર્ટમાં મેટર ચાલતી હોવાથી સદર ગ્રીન બેલ્ટની જમીન અંગે ટી.પી. સ્કીમ ફાઈનલ કરવામાં આવેલ નથી તેમજ સદર જમીન ઉપર બાંધકામના પ્લાન પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ઔડા દ્વારા પાસ કરવામાં આવતા ન હતા/નથી. મંડળીએ ખરીદ કરેલ જમીનમાંથી કેટલી જમીન કપાતમાં જવાની છે અને કયા ખૂણેથી કપાતમાં જશે તે નક્કી થઈ શકે તેમ નહિ હોવાથી બાંધકામના પ્લાન મંજૂર કરાવવાની કાર્યવાહી થઈ શકેલ નથી. મેટર નામદાર સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ છે તે અંગેના પુરાવા રજુ કરેલ છે. સદર જમીન ગ્રીન બેલ્ટમાંથી છુટી થયા બાદ એન.એ. કરાવવા યોગ્ય કાર્યવાહી કરવાની છે. તેવી રજુઆત કરાયેલ છે.

પરંતુ, મંડળીની નોંધણી અંગેનું રેકર્ડ જોતાં અમદાવાદ સીટી તાલુકાના મોજે વાડજના સર્વે નં. ૧૯૮/૧ પૈકી તથા ૧૯૮/૨ પૈકી ટી.પી. સ્કીમ નં. ૨૯ની કુલ ૮૯૯૨-૯૦ ચો.મીટર જમીન ઉપર ભાડુઆત માલિકીની પધ્ધતિ હેઠળ કુલ-૪૬ સભ્યો માટે મંડળીની નોંધણી કરવા માટે, મંડળીના નામે સદરહુ જમીન ખરીદવા અંગે મંડળી વતી અને તરફથી તારીખ ૫મી જૂન, ૨૦૦૦ના રોજ કરાયેલા બાનાખતો/કરારો(કબજા કરારો), એકરારનામા અને આનુષાંગિક કાગળો સહિત આ કચેરીને અરજી દરખાસ્ત કરાયેલી હતી અને તે અન્વયે મોજે વાડજના સર્વે નં. ૧૯૮/૧ પૈકી તથા ૧૯૮/૨ પૈકી ટી.પી. સ્કીમ નં. ૨૯ની કુલ ૮૯૯૨-૯૦ ચો. મીટર જમીન ઉપર ભાડુઆત/ માલિકીની પધ્ધતિ હેઠળ કુલ-૪૬ સભ્યો માટે મંડળીની નોંધણી કરાયેલી છે અને તેને આનુષાંગિક અથવા તે મુજબની નોંધ, મંડળીના નોંધણી પ્રમાણપત્ર ઉપર કરાયેલી છે તેમજ મંડળીની નોંધણી કર્યા અંગેની જાણ કરતાં મુખ્ય પ્રયોજકશ્રીને સંબોધીને લખાયેલ આ કચેરીના પત્રમાં પણ તેનો ઉલ્લેખ કરાયેલ છે.

મંડળીની નોંધણી વખતે રજુ કરાયેલ એવા મંડળીના પ્રયોજકોએ સ્વીકારેલા અને યથાવત નોંધાયેલા મંડળીના પેટા નિયમો જોતાં, મંડળીના પેટા નિયમ ૮૦ને આધિન, તે પેટા નિયમો સાથે સામેલ પરિશિષ્ટો પૈકી મંડળીને લાગુ પડતા પરિશિષ્ટોમાં જે વિગતો દર્શાવી છે તે મંડળીના પ્રયોજકોએ વાંચીને તેઓને તથા તેઓની મંડળીના તમામ સભ્યોને કબૂલ મંજૂર છે તે બદલ, સદરહુ પેટા નિયમોને અંતે તથા લાગુ પડતા પરિશિષ્ટ-૧ને અંતે મંડળીના તમામ પ્રયોજકોએ સહી કરેલ છે. સદરહુ પરિશિષ્ટ-૧ની વિગતો જોતાં, ભાડુઆત માલિકીની પધ્ધતિ વાળી હાઉસીંગ મંડળીએ તેમના ઘરો બાંધવાની ઈચ્છા રાખતા સભ્યોને આપવાની જમીનના પટા સંબંધી નિયમને લગતું પરિશિષ્ટ છે.

મંડળીની નોંધણી વખતે રજુ કરાયેલ સૂચિત પ્લાન કે જે મોજે વાડજના સર્વે નં. ૧૯૮/૧ની ૭૧૧૬-૪૦ ચો.મીટર તથા સર્વે નં. ૧૯૮/૨ની ૧૦૮૬૯-૦૦ ચો.મીટર મળી કુલ ૧૭૯૮૫-૪૦ જમીન ઉપર ૯૬ ટેનામેન્ટ બાંધવા અંગેના તેમજ આ મંડળી તથા મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ સોલા કો-ઓપ,. હાઉસીંગ સોસાયટીના સંયુક્ત છે તે મુજબ, મંડળીની ૮૯૯૨-૭૦ ચો.મીટર જમીન ઉપર ૪૬ ટેનામેન્ટ બાંધવાના છે. મંડળીના પેટા નિયમો સાથે સામેલ, મુખ્ય પ્રયોજકોએ કરવાનું સોગંદનામું કે જેને અંતે મંડળીના તમામ પ્રયોજકોએ સહી કરેલ છે તેના પેરા નં. ૫(૨) મુજબ પણ મંડળીની જમીનમાં કુલ-૪૬ મકાનો બાંધવાના છે.

મંડળી તરફથી, આ કચેરીની વંચાણે લીધા ક્રમાંક : (૨)માં જણાવેલ કારણદર્શક નોટીસના જવાબમાં, મંડળીની જમીન અંગેના વેચાણ દસ્તાવેજો (Indenture) (સબ રજિસ્ટ્રાર દ્વારા રજિસ્ટર્ડ નહિ થયેલા તેવા તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ સીરીયલ નં. ૬૫૭ અને ૬૫૮ થી નોટરાઈઝડ થયેલા)ની નકલો રજુ થયેલ છે. તે મુજબ મંડળીએ નોંધણી બાદ, અમદાવાદ સીટી તાલુકાના મોજે વાડજના સર્વે નં. ૧૯૮/૧ પૈકી ૭૧૧૬-૪૦ ચો.મીટર તથા ૧૯૮/૨ પૈકી ૧૮૭૬-૩૦ ચો.મીટર મળી કુલ ૮૯૯૨-૭૦ ચો.મીટર જમીન વેચાણ રાખેલ છે.

આમ, મંડળી ભાડુઆત માલિકીની પધ્ધતિ (Tenant Ownership) હેઠળ નોંધાયેલી છે અને તેણે તેના નોંધાયેલા પેટા નિયમોના પેટા નિયમ નં. ૨ થી ઠરાવાયેલ ઉદેશો અને સદરહુ પરિશિષ્ટ-૧ થી ઠરાવાયેલ નિયમોને આધિન તેમના ઘરો બાંધવાની ઈચ્છા રાખતા સભ્યોને, પટેથી જમીન ફાળવવાની/એલોટ કરવાની રહે છે. મંડળીએ આ માટે સદરહુ જમીન પણ વેચાણ રાખેલ છે. તેમ છતાં, મંડળીએ તેના પેટા નિયમ નં. ૨ થી ઠરાવાયેલ ઉદેશો અને સદરહુ પરિશિષ્ટ-૧ થી ઠરાવાયેલ નિયમોને આધિન તેમના ઘરો બાંધવાની ઈચ્છા રાખતા સભ્યોને, પટેથી જમીન ફાળવેલ/એલોટ કરેલ નથી. આમ, મંડળીએ તેના ઉદેશો મુજબની કામગીરી આજ દિન સુધી પૂર્ણ કરી નથી. આમ, મંડળીની રચનાનો જે મુખ્ય ઉદેશ/હેતુ હતો તે આજ દિન સુધી સિધ્ધ થયેલ નથી.

ઉપરાંત, સદરહુ નિયમો અનુસાર, તેમના ઘરો બાંધવાની ઈચ્છા રાખતા સભ્યોએ, મંડળીને તેમના ઘરો બાંધવા માટે ઈચ્છા વ્યક્ત કરી, પ્લોટની માંગણી કરવી જોઈએ અને તે માટે જરૂરી જમીન ફાળો કે જમીનની કિંમત મંડળીને ચૂકવવી જોઈએ. પરંતુ, મંડળીના હાલના પ્રયોજકો/સભ્યો કે જેઓએ રજુ કરેલ અરજી/એકરારનામા અનુસાર તેઓ પોતાનું મકાન/ ઘર મેળવવાના હેતુથી સદરહુ મંડળીના પ્રયોજકો/સભ્યો બનેલ છે. તેઓએ આટલા વર્ષો બાદ પણ પોતાનું મકાન/ઘર બાંધવા માટે ઈચ્છા વ્યક્ત કરી, પ્લોટની માંગણી કરેલ નથી અને તે માટે જરૂરી જમીન ફાળો કે જમીનની કિંમત મંડળીને ચૂકવેલ નથી. જે બાબત શંકાસ્પદ છે અને તેથી, એમ માનવાને પુરતું કારણ રહે છે કે, મંડળીના હાલના પ્રયોજકો/સભ્યો, પોતાનું મકાન/ ઘર મેળવવા ઈચ્છતા નથી અને અથવા ખરેખર પોતાનું મકાનઘર મેળવવા માટે મંડળીના પ્રયોજકો / સભ્યો બનેલ નથી. પરંતુ, કોઈ અન્ય છુપા હેતુ અર્થે મંડળીના પ્રયોજકો / સભ્યો બનેલ છે.

મંડળી તરફથી નોંધણી વખતે રજુ થયેલ નાયબ નગર વિકાસ અધિકારી, અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૮ના પ્રમાણપત્રમાં, ૧૯૮૭માં મંજૂર થયેલી અંતિમ વિકાસ નકશાની દરખાસ્ત મુજબ રેવન્યુ , સર્વે નં, ૧૯૮ ની જમીન પબ્લીક હાઉસીંગ ‘‘ઔડા’’ માટે અનામત કરેલી અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૭ના રોડ પ્રસિધ્ધ કરેલ મુસદારૂપ પુનરાવર્તિત વિકાસ નકશાની દરખાસ્ત મુજબ

INDEX

સાઈટ ફોર રીસ્ટ્રીક્ટેડ રેસીડેન્સીયલ એન્ડ અધર પરપઝ માટે મુકરર કરવા સૂચવેલ છે. તેવું જણાવાયેલ. ઉપરાંત, મંડળી તરફથી નોંધણી વખતે રજુ થયેલ એન્જિનીયર શ્રી હર્ષદ એસ. પટેલના તારીખ ૫મી જૂન, ૨૦૦૦ના પ્રમાણપત્રમાં પણ, સદરહુ જમીન ફોર રીસ્ટ્રીક્ટેડ રેસીડેન્સીયલ એન્ડ અધર પરપઝ માટે મુકરર કરવા સૂચવેલ છે. તેવું જણાવાયેલ. આમ, મંડળીએ ખરીદવા ધારેલ સદરહુ જમીન, પબ્લીક હાઉસીંગ ''ઔડા'' માટે અનામત કરેલી હતી જ અને તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૭ના રોજ પ્રસિધ્ધ કરેલ મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ નકશાની દરખાસ્ત મુજબ સાઈટ ફોર રીસ્ટ્રીક્ટેડ રેસીડેન્સીયલ એન્ડ અધર પરપઝ માટે મુકરર કરવા સૂચવેલ હતી.

મંડળીની જમીન અંગેના રજુ થયેલ સદરહુ વેચાણ દસ્તાવેજોમાં પેરા-૬.બી માં પણ, સદરહુ સર્વે નં. ૧૯૮/૧ પૈકીની અને સર્વે નં. ૧૯૮/૨ પૈકીની જમીન પબ્લીક હાઉસીંગ માટે રીઝર્વેશન હેઠળ હતી અને સને ૧૯૯૭ના સુધારેલા વિકાસ નકશામાં રીસ્ટ્રીક્ટેડ રેસીડેન્સી ઝોન માટે રીઝર્વેશન હેઠળ છે તેમ જણાવાયેલ છે.

આમ, એમ માનવાને કારણ રહે છે કે, મંડળીના પ્રયોજકો અને મંડળીના હોદેદારો જાણતા હતા કે, સદરહુ જમીન પબ્લીક હાઉસીંગ માટે અનામત કરેલી હતી અથવા રીઝર્વેશનમાં હતી અને તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૭ના રોજ પ્રસિધ્ધ કરેલ મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ નકશાની દરખાસ્ત મુજબ સાઈટ ફોર રીસ્ટ્રીક્ટેડ રેસીડેન્સીયલ એન્ડ અધર પરપઝ માટે મુકરર કરવા સૂચવેલ હતી અને જ્યાં સુધી પુનરાવર્તિત વિકાસ નકશાની દરખાસ્ત ફાયનલ ન થાય ત્યાં સુધી તેની ઉપર બાંધકામ થઈ શકે નહિં. તેમ છતાં, મંડળી વતી અને તરફથી અને/અથવા મંડળીના નામે સદરહુ સર્વે નં. ૧૯૮/૧ પૈકીની અને સર્વે નં. ૧૯૮/૨ પૈકીની જમીન ખરીદવા અંગેના બાનાખતો/કરારો (કબજા કરારો) અને સદરહુ વેચાણ દસ્તાવેજો (Indenture) કરાયેલા છે. આથી, મંડળીના કાબુ બહારના સંજોગોને કારણે બાંધકામ થઈ શકેલ નથી, તે રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

મંડળી તરફથી આ પેરામાં જે રજુઆત થયેલ છે તે મુજબ પણ, સદરહુ જમીન ઔડા દ્વારા ડેવલપમેન્ટ પ્લાનમાં પબ્લીક હાઉસીંગ રીઝર્વેશન (ગ્રીન બેલ્ટ)માં મૂકવામાં આવેલ છે. આમ, છતાં, મંડળી તરફથી તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૩ના રોજની મુદતે જે જવાબ રજુ કરાયેલ તેમાં, મંડળીની નોંધણી જે સમયે થઈ તે સમયે સદરહુ જગ્યાનો સમાવેશ ગ્રીન બેલ્ટમાં થતો ન હતો. તેમ જણાવાયેલ છે. પરંતુ, તે અંગે કોઈ આધાર-પુરાવા મંડળી તરફથી રજુ થયેલ નથી.

મંડળી તરફથી, મંડળીની જમીનની ફાઈનલ પ્લોટ ફાળવેલ નથી. જેથી, મંડળી એન.એ. પરમીશન મેળવી શકેલ નથી, તેવી રજુઆત કરાયેલ છે. આ કચેરીની વંચાણે લીધા ક્રમાંક : (૨)માં જણાવેલ કારણદર્શક નોટીસના જવાબમાં, મંડળીની જમીન અંગેના રજુ થયેલ સદરહુ વેચાણ દસ્તાવેજો (Indenture)ના પેરા નં. ૪ મુજબ, સદરહુ જમીન એગ્રીકલ્ચરલ ઝોનમાં હતી અને કન્ફર્મીંગ પાર્ટી નં. ૨ વિમળશાહ નગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., અમદાવાદ (નોંધણી નં. ઘ-૬૫૬૧, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૭૭) ખેડૂત નહિં હોવાને કારણ સદરહુ જમીન પ્રાપ્ત કરી શકવા સમર્થ નહિં હોવાથી સદરહુ જમીન પ્રાપ્ત નહિં કરવાનું ઠરાવેલ અને તેના હક્કો તબદીલ કરવા સંમત થયેલ, મંડળી પોતે પણ ખેડૂત નહિં હોવાને કારણે સદરહુ જમીન પ્રાપ્ત કરી શકવા સમર્થ નહિં હોવા છતાં, મંડળીના નામે સદરહુ જમીન ખરીદવા અંગેના બાનાખતો/કરારો (કબજા કરારો) સદરહુ જમીનના માલિકો અને મંડળીના મુખ્ય પ્રયોજક વચ્ચે કરાયેલા છે અને તે અન્વયે મંડળી કરારના પાલનમાં આગળ વધેલ છે અને સદરહુ વેચાણ દસ્તાવેજો (Indenture) કરાવી લીધા છે. જે બાબત શંકાસ્પદ જણાય છે.

મંડળી તરફથી, મંડળીની જમીનનો ફાઈનલ પ્લોટ ફાળવેલ નથી. જેથી, મંડળી એન.એ. પરમીશન મેળવી શકેલ નથી, તેવી રજુઆત કરાયેલ છે. પરંતુ, મંડળી તરફથી આ કચેરીની વંચાણે લીધા ક્રમાંક : (૨)માં જણાવેલ કારણદર્શક નોટીસના જવાબમાં, મંડળીની જમીન અંગેના રજુ થયેલ સદરહુ વેચાણ દસ્તાવેજો (Indenture) માં સદરહુ જમીન-મિલકતનું વર્ણન જે શીડ્યુલમાં કરાયેલ છે તે શીડ્યુલમાં જણાવ્યા મુજબ, સદરહુ જમીનોનો સમાવેશ નારણપુરાની પ્રપોઝડ ટી.પી. સ્કીમ નં. ૨૯મી કરાયેલ છે અને સર્વે નં. ૧૯૮/૧ પૈકીની જમીનને ફા. પ્લોટ નં. ૫૫૩/પાર્ટ અને સર્વે નં. ૧૯૮/૨ પૈકીની જમીનને ફા. પ્લોટ નં. ૫૫૦/પાર્ટ એલોટ કરાયેલ છે. આમ, મંડળીની જમીનને ફા. પ્લોટ ફાળવાયેલ હોવા છતાં, બિન ખેતીની જરૂરી મંજૂરી સહિત બાંધકામ માટે જરૂરી પરવાનગીઓ મેળવાયેલ નથી કે તે મેળવવા માટે કોઈ કાર્યવાહી કર્યાનો આધાર મંડળી તરફથી રજુ કરાયેલ નથી.

મંડળી તરફથી, મંડળીની જમીનનો ફાઈનલ પ્લોટ ફાળવેલ નથી. જેથી, મંડળી એન.એ. પરમીશન મેળવી શકેલ નથી તેવી રજુઆત કરાયેલ છે. પરંતુ, મંડળી તરફથી નોંધણી વખતે રજુ થયેલ સદરહુ જમીન ખરીદવા અંગેના બાનાખાતો/કરારો (કબજા કરારો) ની શરત નં. ૯ માં, હવે પછી, સદરહુ મિલકત અંગે બિન ખેતીની રિવાઈઝ મંજૂરી મેળવવા સારૂ તમો (મંડળી) કાર્યવાહી કરી શકો છો તેવું લખાણ કરાયેલ છે. ઉપરાંત, આ કચેરીની વંચાણે લીધા ક્રમાંક : (૨) માં જણાવેલ કારણદર્શક નોટીસના જવાબમાં મંડળીની જમીન અંગેના રજુ થયેલ સદરહુ વેચાણ દસ્તાવેજો (Indenture) માં સદરહુ જમીન-મિલકતનું જે વર્ણન કરાયેલ છે તે મુજબ, મંડળીને વેચાણ રાખેલ સદરહુ જમીન, ખેતીની જમીન છે. આમ, બાનાખતો/કરારો (કબજા કરારો) અને સદરહુ વેચાણ દસ્તાવેજો (Indenture) માં જમીનની સ્થિતિની સાચી વિગતો દર્શાવાયેલ નથી. તેમ છતાં, સદરહુ બાનાખતો/કરારો (કબજા કરારો) કે જે અન્વયે મંડળી કરારના પાલનમાં આગળ વધેલ છે તે શરત નં. ૯ ની વિગતોને સાચી માનવામાં આવે તો, મંડળી બિન ખેતીની રિવાઈઝ મંજૂરી મેળવવા કાર્યવાહી કરી શકે તેમ હોવા છતાં, તેમજ મંડળીની જમીનને ફા. પ્લોટ ફાળવાયેલ હોવા છતાં, બિન ખેતીની જરૂરી મંજૂરી સહિત બાંધકામ માટે જરૂરી પરવાનગીઓ મેળવાયેલ નથી કે તે મેળવવા માટે કોઈ કાર્યવાહી કર્યાનો આધાર મંડળી તરફથી રજુ કરાયેલ નથી.

મંડળી તરફથી, મંડળીની જમીન ગ્રીન બેલ્ટમાં છે અને તે અંગે નામ. ગુજરાત હાઈકોર્ટમાં કેસ કરાયેલ અને તેમાં આવેલ ચુકાદા સામે નામ. સુપ્રિમ કોર્ટમાં કેસ થયેલ છે. જે પેન્ડીંગ છે તેવી રજુઆત દૈનિક વર્તમાનપત્ર ''દિવ્ય ભાસ્કર''ના તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૩ના પ્રેસ કટીંગની નકલને આધાર બનાવી રજુઆત કરાયેલ છે. પરંતુ, મંડળી તરફથી, આ કચેરીની વંચાણે લીધા ક્રમાંક : (૨) માં જણાવેલ કારણદર્શક નોટીસ સંદર્ભે વખતો વખત જે રજુઆત કરાયેલ છે તેના સમર્થનમાં અને આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૩) માં જણાવેલ તારીખ ૧૦ મી એપ્રિલ, ૨૦૧૪ના રોજના હુકમ સંદર્ભે વંચાણે લીધા ક્રમાંક : (૪) માં જણાવેલ તારીખ ૧૨મી મે, ૨૦૧૪ના પત્રથી જે રજુઆત કરાયેલ છે તેના સમર્થનમાં, સદરહુ કેસોની વિગતો અને તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ/સુપ્રિમ કોર્ટ દ્વારા થયેલા હુકમો કે અપાયેલા ચુકાદા સહિતના જરૂરી આધાર-પુરાવા રજુ કરાયેલ નથી. ઉપરાંત, સદરહુ બાબતે મંડળીએ પોતે કોઈ કોર્ટ કેસ કરેલ હોવાની વિગતો રજુ કરાયેલ નથી કે તેવા કોઈ આધાર-પુરાવા રજુ કરાયેલ નથી.

તે ઉપરાંત, સદરહુ જમીન સંબંધમાં બિન ખેતીની પરવાનગી, ગણોતધારા હેઠળની પરવાનગી સહિતની જરૂરી પરવાનગીઓ આપવા

અને પ્લાન મંજૂર કરી આપવા માટે મંડળી તરફથી જે તે સક્ષમ સત્તાધિકારી/સત્તામંડળને કરાયેલ હોય તે અરજી/લખાણની વિગતો અને તેવી અરજી/લખાણ, જે તે સક્ષમ સત્તાધિકારી/સત્તામંડળ દ્વારા સદરહુ કારણોસર નામંજૂર કરવામાં આવેલ હોય અથવા નકારવામાં આવેલ હોય તે અંગેના જરૂરી આધાર-પુરાવા પણ રજુ કરાયેલ નથી. જેથી, એમ માનવાને પુરતું કારણ રહે છે કે, મંડળીએ તેની માલિકીની સદરહુ જમીન ઉપર તેના સભ્યોની માલિકીના મકાનો/રહેણાંકોનું બાંધકામ થાય તે માટે સ્વયં કોઈ પ્રયત્નો કરેલા નથી અને મંડળી તે માટે સક્રિય પણ થયેલ/રહેલ નથી કે તેવા કોઈ ઠોસ પ્રયત્નો કરેલા નથી અને માત્ર જે થાય તે જોયા કરવાની વૃત્તિ રાખેલ છે.

મંડળી તરફથી, રજુ થયેલ દૈનિક વર્તમાનપત્ર ‘‘દિવ્ય ભાસ્કર’’ના તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૩ના પ્રેસ કટીંગની વિગતો જોતાં, ‘‘ગ્રીન બેલ્ટની જમીનનો વિવાદ શું હતો ?’’ તેવા મથાળા હેઠળ જે વિગતો પ્રસિધ્ધ થયેલ છે તેમાં, ‘‘શહેરની જુની હદમાં આવેલી ગ્રીન બેલ્ટ તરીકે ઓળખાતી જમીનમા ટી.પી. સ્કીમનો અમલ કરવા માટે મ્યુનિ. દ્વારા ૫૦ ટકા જમીન કપાત કરવાનો નિર્ણય લેવાયો હતો, તેની સામે વિરોધ નોંધાવી ગ્રીન બેલ્ટ જમીનના માલિકોએ ખેડૂત મંડળની રચના કરી તેને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે ખેડૂતોની તરફેણમાં ચુકાદો આપતાં મ્યુનિ.એ સુપ્રિમ કોર્ટમાં રીટ કરી હતી. છેલ્લાં કેટલાંય વર્ષોથી કોર્ટ મેટર ચાલ્યા બાદ રાજ્ય સરકારે ખેડૂત મંડળ સાથે સમાધાન કરી ૪૦ ટકા જમીન કપાત કરવાનો નિર્ણય લેતાં વિવાદનો અંત આવેલ છે’’ તેવા સમાચાર પ્રસિધ્ધ થયેલા છે. પરંતુ, વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થતાં, સમાચારને આધાર-પુરાવા તરીકે માન્ય રાખી શકાય નહિં. ઉપરાંત, સદરહુ સમાચારમાં જણાવ્યા મુજબ, જો ખરેખર વિવાદનો અંત આવેલ હોય તો, સદરહુ વિવાદનો અંત આવ્યાને એક વર્ષ ઉપરાંતનો સમય વિત્યા બાદ પણ મંડળીએ તેની જમીનમાં બાંધકામ કરી શકાય તે માટે જરૂરી પરવાનગીઓ મેળવવા અને પ્લાન મંજૂર કરાવવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ હોવાના આધાર-પુરાવા રજુ કરાયેલ નથી.

ઉપરોક્ત વિગતો જોતાં, મંડળીના કાબુ બહારના સંજોગોને કારણે બાંધકામ થઈ શકેલ નથી તે સહિતની રજુઆત ઉપરોક્ત કારણોસર સ્વીકારવા પાત્ર નથી.

(૧૦) મંડળી તરફથી પેરા-૧૧માં, મંડળીમાં ૧૦ સભાસદો છે તે બાબત તકરાર નથી. પરંતુ, મંડળીની જમીન ગ્રીન બેલ્ટમાં છે અને ગ્રીન બેલ્ટમાંથી છુટી થતા કેટલી જમીન કપાતમાં જશે અને કેટલી જમીન સોસાયટી પાસે રહેશે તે નક્કી નથી તેવા સંજોગોમાં નવા સભ્યો દાખલ કરવામાં આવ્યા નથી. જમીન ગ્રીન બેલ્ટમાંથી છુટી થયા બાદ અને પ્લાન મંજૂર થયેથી નવા સભ્યો દાખલ કરવામાં આવશે. તેવી રજુઆત કરાયેલ છે. જેને ધ્યાને લેવામાં આવે તો, સને ૨૦૦૫માં ત્રણ સભ્યો છુટા થતા, નવા ત્રણ સભ્યો દાખલ કરાયેલ છે. તેઓને પણ દાખલ ન કરવા જોઈએ. તેમ છતાં, સને ૨૦૦૫માં ત્રણ નવા સભ્યો દાખલ કરાયેલ છે. તે કાર્યવાહી માત્ર, સહકારી કાયદાની કલમ-૯ અને કલમ-૧૦૭ની જોગવાઈઓ અનુસાર મંડળીના સભ્યોની સંખ્યા-૧૦ સુધીની ટકાવવા/જાળવવા માટે જ કરાયેલ છે. તેવું ફલિત થાય છે. જેથી, મંડળીની આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

(૧૧) મંડળી તરફથી પેરા-૧૨માં, તારીખ ૨જી જૂન, ૨૦૦૫ના રોજના મેનેજીંગ કમિટીના ઠરાવથી ત્રણ સભ્યો દાખલ કરવામાં આવેલ છે. મંડળીની જમીન અંગે ટી.પી. સ્કીમ ફાઈનલ થયેલ નહીં હોવાથી એલોટમેન્ટ કરવામાં આવેલ નથી. મંડળીએ સભ્યો દાખલ કર્યા છે તેમાં સ્ટેમ્પ એક્ટ, ૨૦૦૨ તથા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ અને મંડળીના પેટા કાયદાનો ભંગ કરેલ છે. સહકારી મંડળીઓના કાયદા મુજબ મંડળી સ્વાયત્ત સંસ્થા છે અને મંડળીને કાયદા-કાનૂન મુજબ તથા પેટા કાયદા મુજબ સભાસદ દાખલ કરવાનો કાયદેસરનો હક્ક, અધિકાર છે. સહકારી મંડળીઓના કાયદા તથા કાયદામાં સભાસદ બનાવવા માટે રજિસ્ટર દસ્તાવેજ કરવાની કોઈ જોગવાઈ નથી. જમીન પ્લોટ/ફ્લેટ એલોટમેન્ટ કરવામાં આવે તો સ્ટેમ્પ ડ્યુટી ભરવી ફરજીયાત છે. મંડળીમાં ૩ સભ્યો ગેરકાયદેસર દાખલ કરેલ છે તેવું તારણ ખોટું અને ભૂલ ભરેલ છે. મંડળીના ત્રણ પ્રયોજક સભ્યો છુટા થયા છે તે માટે જિલ્લા રજિસ્ટ્રારની પરવાનગી લીધી નથી તેવા કારણસર મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ થઈ શકે નહિં. પરંતુ, આગળ જણાવ્યા અનુસાર મંડળીની નોંધણી કુલ-૪૬ સભ્યો માટે કરવા માટે અરજી/દરખાસ્ત કરાયેલી હતી અને તે વખતે મંડળીની નોંધણી માટે નિયમાનુસાર ૫૦ ટકા સભ્યોની જરૂરીયાત રહેતી હોવાને કારણે, મંડળીના પ્રયોજકો સહિત કુલ-૨૩ સભ્યો દાખલ કરેલ હતા અને તે અન્વયે કુલ-૪૬ સભ્યો માટે મંડળીની નોંધણી કરાયેલી છે.

સહકારી કાયદાની કલમ-૪૨ ની જોગવાઇ અનુસાર, હાઉસીંગ મંડળીના કિસ્સામાં, સભ્યોને એલોટ થતા શેરની સાથે મંડળીની જમીન-મિલકતમાંનું હિત પણ સંકળાયેલું હોવાથી, મંડળીના સભ્યોને જે શેર એલોટ થાય અને/અથવા જે શેર ટ્રાન્સફર થાય તે રજિસ્ટ્રેશન એકટ હેઠળ રજિસ્ટર કરાવવાના રહે છે. મંડળી પણ હાઉસીંગ મંડળી છે અને તેથી, મંડળીના સભ્યોને એલોટ કરાયેલા શેરોનું રજિસ્ટ્રેશન એકટ હેઠળ રજિસ્ટર કરાવવાનું રહે છે. પરંતુ મંડળી દ્વારા તેમ કરાયેલ નથી.

વળી, મંડળીની નોંધણી બાદ, એ જ વર્ષે ૧૩ સભ્યો છૂટા થયેલા/કરાયેલા છે. જેની વિગતો, મંડળીના સભાસદ રજિસ્ટરમાં નોંધેલ નથી. જે દર્શાવે છે કે, સદરહુ ૧૩ સભ્યો ખરેખર મકાન મેળવવા માટે મંડળીમાં જોડાયેલ ન હતા. પરંતુ માત્ર મંડળીની નોંધણી માટે નિયમાનુસાર ૫૦ ટકા સભ્યોની જરૂરીયાત રહેતી હોવાને કારણે, મંડળીની નોંધણી માટેની આવશ્યકતા પૂર્ણ કરેલ છે. તેવું દર્શાવવા સદરહુ ૧૩ સભ્યોને મંડળીમાં જોડેલ હતા અને તે ૧૩ સભ્યો ડમી હતા તેવું ફલિત થાય છે. ઉપરાંત, સદરહુ સભ્યોને એલોટ કરાયેલ શરોનું અને તે શેરોના કેન્સેલેશનનું રજિસ્ટ્રેશન એકટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવેલ નથી.

ઉપરાંત, મંડળીની જમીન ગ્રીન બેલ્ટમાં છે અને ગ્રીન બેલ્ટમાંથી છુટી થતા કેટલી જમીન કપાતમાં જશે અને કેટલી જમીન સોસાયટી પાસે રહેશે તે નક્કી નથી તેવા સંજોગોમાં નવા સભ્યો દાખલ કરવામાં આવ્યા નથી. તેવી રજુઆત કરાયેલ છે. જેને ધ્યાને લેવામાં આવે તો, સને ૨૦૦૫માં ત્રણ સભ્યો છૂટા થતા, નવા ત્રણ સભ્યો દાખલ કરાયેલ છે. તેઓને પણ દાખલ ન કરવા જોઇએ. તેમ છતાં, સને ૨૦૦૫ માં ત્રણ નવા સભ્યો દાખલ કરાયેલ છે. તે કાર્યવાહી માત્ર, મંડળીના સભ્યોની સંખ્યા-૧૦ સુધીની ટકાવવા/જાળવવા માટે જ કરાયેલ છે અને તે રીતે સહકારી કાયદાની કલમ-૯ ની શરતો/જોગવાઇઓનું પાલન થઇ રહેલ છે અને તે કારણસર સહકારી કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઇઓ આકર્ષિત ન થાય તે હેતુથી જ કરાયેલ છે. તેવું ફલિત થાય છે.

ઉપરાંત, મંડળીમાં સને ૨૦૦૫ માં ત્રણ સભ્યો સર્વે શ્રી (૧) સોમાભાઇ બી. પટેલ (૨) મેહુલ પટેલ તથા (૩) ચન્દ્રકાંત એ. શાહને દાખલ કરવામાં આવ્યા છે અને તેઓને એલોટ કરાયેલ શેરો પણ રજિસ્ટ્રેશન એકટ

INDEX

હેઠળ રજિસ્ટર કરાયેલ નથી. ઉપરાંત સદરહુ સભ્યો તરફથી સભ્યપદની જે અરજી મળેલ છે તે સાથે એકરારનામાં પણ રજુ થયેલ છે. જે જોતાં, તેઓએ મંડળીના પેટા નિયમો વાંચ્યા છે અને તેઓ મંડળીના સભ્ય થવાની તમામ લાયકાત ધરાવે છે અને તેઓ કે તેઓના સંયુક્ત કુટુંબની કોઇ વ્યકતિને નામે અમદાવાદ શહેર કે જિલ્લામાં પોતાનું મકાન/મકાન બાંધવાની જગ્યા નથી. પરંતુ, તે અરજી સાથે તે વ્યક્તિના રહેઠાણના પુરાવા સહિતના આધાર-પુરાવા રજુ થયેલ નથી અને મંડળીએ તે મેળવેલ પણ નથી. જે જોતાં, સદરહુ અરજીઓની સંપૂર્ણ ચકાસણી કરાયેલ નથી. તેવું ફલિત થાય છે. ઉપરાંત, મંડળીના પેટા નિયમ નં.૮ થી ૧૨ મુજબ, જે તે વ્યક્તિ અન્ય હાઉસીંગ મંડળીની સભ્ય ન હોવી જોઇએ. પરંતુ આ કચેરીની વંચાણે લીધા ક્રમાંક : (૨) માં જણાવેલ કારણ દર્શક નોટિસના જવાબમાં, મંડળીની જમીન અગંના રજુ થયેલ સદરહુ વેચાણ દસ્તાવેજો (Indenture) ની વિગતો જોતાં, સદરહુ કન્ફર્મીંગ પાર્ટી નં. ૨ વિમળશાહ નગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., અમદાવાદ (નોંધણી નં. ઘ-૬૫૬૧ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૭૭) વતી સેક્રેટરી તરીકે સહી કરનાર વ્યક્તિ શ્રી સોમાભાઇ બી. પટેલ છે. જેઓ આ મંડળીના સભ્ય છે. અને મંડળીના હિસાબનીશની હેસીયતથી, આ પ્રકરણની સુનાવણીઓમાં હાજર રહેલ છે અથવા મુદતની માંગણી કરેલ છે. જે દર્શાવે છે કે, મંડળીમાં જે ત્રણ નવા સભ્યોને દાખલ કરેલ છે તે ગેરકાયદેસર છે. જેથી, મંડળીની આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

(૧૨) મંડળી તરફથી પેરા-૧૪ માં, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ ના રોજના સરવૈયામાં જમીન ફાળો ₹ ૨૩,૫૭૫/- છે. પાર્શ્વનાથ કોર્પોરેશન ખાતે ₹ ૩૩,૩૩,૭૯૫/- છે જમીનની કિંમત પાર્શ્વનાથ કોર્પોરેશને ચુકવેલ છે. તે પરત કરવા સભાસદો પાસેથી જમીન ફાળો ઉઘરાવેલ નથી તેવા કારણસર મંડળીને ફડચામાં લઇ જવાનો હુકમ થઇ શકે નહિ. ડેવલપમેન્ટ માટે પાર્શ્વનાથ કોર્પોરેશને મંડળીને નાણા આપેલા છે, સદર બાબત મંડળીની આંતરીક બાબત છે. તેવી રજુઆત કરાયેલ છે. પરંતુ તેવા ડેવલપમેન્ટ કરારની નકલ રજુ કરાયેલ નથી. જેથી તે બાબતની ચકાસણી થઇ શકતી નથી.

ઉપરાંત મંડળીના તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ ના રોજના સરવૈયા મુજબ, સભાસદોનો જમીન ફાળો માત્ર ₹ ૨૩,૫૭૫/- છે અને પાર્શ્વનાથ કોર્પોરેશન ખાતે ખાતે ₹ ૩૩,૩૩,૭૯૫/- જમા છે. જે મંડળીનું દેવું/કરજ છે. મંડળીએ ખરીદ કરેલ જમીનની કિંમત પાર્શ્વનાથ કોર્પોરેશનએ ચુકવેલ છે તે પણ રેકર્ડ છે. આમ, મંડળીએ ખરીદ કરેલ જમીનની કિંમત પાર્શ્વનાથ કોર્પોરેશનએ ચુકવેલ છે. જે રકમ પરત કરવા સારૂ સભાસદો પાસેથી જમીન ફાળો મેળવેલ નથી. મંડળી તરફથી મંડળી બાંધકામ પ્રવૃત્તિ હાથ ધરશે ત્યારે સભ્યો પાસેથી જમીન ફાળો મેળવી જમા રકમ પરત કરશે તેમ જણાવાયેલ છે. પરંતુ મંડળીએ જ્યારે જમીન વેચાણ રાખી લીધી છે અને તેનો અવેજ અથવા તેની કિંમત ચુકવી દીધી છે ત્યારે સભાસદો પાસેથી વરાડે પડતો જમીન ફાળો વસુલ કરી લેવો જોઇએ. જે કરેલ નથી અને જે તે સભ્યો પાસેથી વરાડે પડતો જમીન ફાળો વસુલ નહિ મેળવવાનું કોઇ કારણ પણ જણાવેલ નથી.

તે ઉપરાંત, મંડળીના નોંધાયેલા પેટા નિયમ નં.૪ (૨) થી, કરજ કરવાની જે સત્તા ઠરાવાયેલ છે તે મુજબ મંડળી, ભરપાઇ થયેલ શેર ભંડોળ, રીઝર્વ ફંડ, મકાન ફંડની કુલ રકમમાંથી એકત્ર ખોટ બાદ જતાં, બાકી રહેલી કુલ રકમના દશ ગણાંથી વધારે રકમનું કરજ કરી શકે નહિ. મંડળીના તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ના રોજના સરવૈયા મુજબ, ભરપાઇ થયેલ શેર ભંડોળ ₹ ૨,૫૦૦/- રીઝર્વ ફંડ ₹ ૧૦૭-૫૦ છે. મંડળી પાસે મકાન ફંડ નથી અને કુલ એકત્ર ખોટ ₹ ૯,૪૯૨-૦૭ છે. જે મુજબ, મંડળી કરજ કરવા માટે સક્ષમ નથી. (₹ ૨,૫૦૦-૦૦ + ₹ ૧૦૭-૫૦- = ₹ ૨,૬૦૭-૫૦ છે. બાદ (-) ₹ ૯,૪૯૨-૦૭ = (–) ₹ ૬૮૮૪-૫૭) આમ, મંડળી એક પણ રૂપિયાનું કરજ કરી શકે નહિ અને કરજ કરવા સક્ષમ નહિ હોવા છતાં, મંડળીએ પેટા નિયમ નં.૪ (૨) અને સહકારી કાનુન-૨૪ (૧)(ડી) ની જોગવાઇઓનો ભંગ કરી ₹ ૩૩,૩૩,૭૯૫/- નું કરજ કરેલ છે.

ઉપરાંત, પાર્શ્વનાથ કોર્પોરેશનએ ડેવલપમેન્ટ માટે મંડળીને નાણાં આપેલા છે તેવી રજુઆત કરાયેલ છે. પરંતુ તેવા ડેવલોપમેન્ટ કરારની નકલ રજુ કરાયેલ નથી. જેથી, તે બાબતની ચકાસણી થઇ શકતી નથી. વળી મંડળીના વર્ષ ૨૦૧૧-૧૨ના વૈધાનિક ઓડીટ રીપોર્ટમાં જણાવ્યા મુજબ, સભાસદો પાસેથી વહિવટી ફાળો મેળવેલ નથી. જે અનિવાર્ય વહિવટી ખર્ચ થાય છે તે ડેવલપર પાર્શ્વનાથ કોર્પોરેશન દ્વારા થાય છે. વળી, આ પ્રકરણ સંદર્ભે મંડળી તરફથી જે પત્ર વ્યવહાર કરાયેલ છે અને/અથવા જે કાગળો રજુ થયેલ છે તેમાં પણ, મંડળીનું સરનામું : ૫૦ હરસિધ્ધ ચેમ્બર, આશ્રમ રોડ, અમદાવાદ દર્શાવેલ છે. જે મંડળીના ડેવલપર એવા પાર્શ્વનાથ કોર્પોરેશનનું સરનામું છે, આમ, મંડળી ઉપર પાર્શ્વનાથ કોર્પોરેશનનો અંકુશ છે. તેવું ફલિત થાય છે.

ઉપરાંત, નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતો અનુસાર, કોઇ પણ સામાન્ય સમજ ધરાવતી વ્યક્તિ તેના પોતાના લેણાં ઘણાં લાંબા સમય સુધી વસુલ ન કરે તે માની શકાય તેમ નથી. પાર્શ્વનાથ કોર્પોરેશનએ તેના બાકી લેણાં મંડળી પાસેથી આજ દિન સુધી વસુલ કરેલ નથી અને તે વસુલ કરવા માટે સક્રિય પ્રયત્નો કર્યાનું પણ જણાતું નથી. આમ, પાર્શ્વનાથ કોર્પોરેશન દ્વારા મંડળીની જમીન ખરીદ કરાયેલ છે અને તે રીતે મંડળીના પાર્શ્વનાથ કોર્પોરેશનએ, મંડળીના ડેવલપર બની તે હેસીયતથી, મડળીના નામે સહકારી સંસ્થાની ઓથમાં જમીનનું ખરીદ-વેચાણ, વેપાર/નફાના ઉદ્દેશ સાથે, સદરહુ જમીનમાં નાણાંનું રોકાણ કર્યાનું જણાય છે. જે ગૃહ સહકારી મંડળીઓની નોંધણી અંગેની સહકાર ખાતાની સ્થાયી સૂચનાઓથી વિપરીત છે અને તે રીતે તે બાબત ગુજરાત સરકારશ્રીની જાહેર નિતીથી વિપરીત છે અને તે અન્વયે તે બાબત સહકારી કાયદાની કલમ-૪ ની જોગવાઇથી વિપરીત છે. જેથી મંડળીની આ રજુઆત સ્વીકારવા પાત્ર નથી.

મંડળીના તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ ના રોજના સરવૈયા મુજબ, કુલ એકત્ર ખોટ ₹ ૯,૪૯૨-૦૭ છે. જે ખોટ સરભર કરવા માટે મંડળીએ સભાસદો પાસેથી કોઇ ફાળો ઉઘરાવેલ નથી. મંડળી ખોટમાં છે અને ઉપર જણાવેલ વિગતે આર્થિક રીતે સક્ષમ નથી. મંડળીએ સભાસદો પાસેથી પુરે પુરો જમીન ફાળો પણ ઉઘરાવેલ નથી અને / અથવા મંડળીના સભ્યોએ, મંડળીએ વેચાણ રાખેલ જમીન કિંમત ચુકવી નથી. મંડળી મર્યાદિત જવાબદારી સાથે નોંધાયેલી છે અને મંડળીના પેટા નિયમ નં.૧૯ મુજબ, મંડળીના સભ્યોની જવાબદારી તેમણે ધારણ કરેલાં શેરો પુરતી માર્યાદિત છે. મંડળીને આટોપી લેવામાં આવે તો, મંડળીના સભ્યોને કોઇ આર્થિક અને / અથવા ન ભરપાઇ થઇ શકે તેવું નુકશાન થાય તેમ જણાતું નથી.

ઉપરોક્ત હકીકતો અને કારણોસર, મંડળીને ફડચામાં લઇ જવા અંગેના વંચાણે લીધા ક્રમાંક : (૩) માં જણાવેલ આ કચેરીના તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૪ ના હુકમને બહાલી આપવાનું મુનાસીબ, યોગ્ય અને વ્યાજબી જણાય છે. જેથી નીચે મુજબનો અંતિમ હુકમ કરૂં છું.

અંતિમ હુકમ

આથી હું ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧

INDEX

ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ અને વંચાણે લીધા ક્રમાંક: (૬) માં જણાવેલ કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાઓથી મને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ, ધી રાજ એપાર્ટમેન્ટ સોલા કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. સોલા, અમદાવાદ (નોંધણી ક્રમાંક : ઘ ૧૯૫૧૭, તારીખ ૨૬મી જૂન, ૨૦૦૦) ને ફડચામાં લઈ જવાનો/આટોપી લેવાનો અંતિમ હુકમ કરૂં છું. અને આ જ કાયદાની કલમ-૧૦૮ (૧) નીજોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એન. એમ. ઠાકોર વહીવટદારશ્રી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

ચેતન એન. પરમાર
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર)
અમદાવાદ.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (જં.કા.) વલસાડના તા. ૦૪/૯/૨૦૧૪ના રોજનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૨૯/૦૯/૨૦૧૪ જા.નં.ઉખસ/ફડચ/ ખ-૩/ ૧૪૮/૧૪ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૨૦૧૪ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ ૧૬૯/૧૪નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/ સીએચ, તા. ૨૧/૭/૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૮૯/૯/૨૦૧૪.—આમુખ-૧થી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (જં.કા.) વલસાડને તા. ૦૪/૦૯/૨૦૧૪થી શ્રી મત્સ્યગંધા મત્સ્યદ્યોગ સહકારી મંડળી લી., પો. ઉમરસાડી, માછીવાડ, તા. પારડી, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા છ વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે. તા. ૩૧/૩/૧૩ના રોજનું સરવૈયુ જોતાં મંડળીની નોંધણી સમય બાદ પેટા કાયદાના ઉદ્દેશો મુજબ કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ થયેલ નથી. મંડળીએ સહકારી કાયદા કાનુન અને પેટા કાયદા અન્વયેના દફતરો નિભાવેલ નથી. મંડળીમાં વા.સા.સભા તેમજ મંડળીના પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક કમિટિની એકપણ મિટીંગ મેળવેલ નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું જણાયેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી મત્સ્યગંધા મત્સ્યદ્યોગ સહકારી મંડળી લી.મું.પો.ઉમરવાડી, માછીવાડ, તા. પારડી, જિલ્લા, વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મત્સ્યગંધા મત્સ્યધોગ સહકારી મંડળી લી., મું. પો. ઉમરસાડી માછીવાડ, તા. પારડી, જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૧૪ના હુકમ ક્રમાંક-ઉખસ/ફડચ/૦૧/૧૬૯/૨૦૧૪થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે સદરહુ હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ ફડચા અધિકારી શ્રી કે.એમ.ખત્રી, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખથી નિયત સમયમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (પ્રમાણિત) વલસાડના તા. ૩૦/૦૯/૨૦૧૪ના રોજનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૧૮/૧૦/૨૦૧૪ જા.નં.ઉખસ/ફડચ/ ખ-૩/ ૧૫૩/૧૪ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૨૦૧૪ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ ૧૬૩/૧૪નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/ સીએચ, તા. ૨૧/૭/૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૯૦/૧૫/૨૦૧૪.—આમુખ-૧થી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (પ્રમાણિત) વલસાડને તા. ૩૦/૦૯/૨૦૧૪થી શ્રી તાસેબ કો.ઓ.કલેકટીવ ફાર્મિંગ સોસાયટી લી. મું.પો. કલગામ, તા.

INDEX

ઉમરગામ, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળીની પ્રવૃત્તિઓ હાલમાં બંધ છે મંડળી સ્થગિત અવસ્થામાં છે. મંડળીમાં વા.સા.સભા તેમજ મંડળીના પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક કમિટિની એકપણ મિટીંગ મેળવેલ નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું જણાયેલ છે. મંડળીનો છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ વર્ગ ''ડ'' છે, તેમજ છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ દુરસ્તી કરેલ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી તાસેબ કો.ઓ.કલેકટીવ ફાર્મિંગ સોસાયટી લી. કલગામ મું.પો. કલગામ, તા. ઉમરગામ, જિલ્લા વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી તાસેબ કો.ઓ.કલેકટીવ ફાર્મિંગ સોસાયટી લી. કલગામ મું.પો. કલગામ, તા. ઉમરગામ, જિલ્લા વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૧૪ના હુકમ ક્રમાંક-ઉખસ/ફડચ/૦૧/૧૬૩/૨૦૧૪થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ ફડચા અધિકારી શ્રી કે.એમ.ખત્રી, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખથી નિયત સમયમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (જં.કા.) વલસાડના તા. ૧૫/૧૦/૨૦૧૨ના રોજનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૦૮/૧૧/૨૦૧૨ જા.નં.ઉખસ/ફડચ/૧૭૨/૧૨ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૨૦૧૪ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૬/૧૪નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧/૭/૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૯૧/૨૧/૨૦૧૪.—આમુખ-૧થી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (જં.કા.) વલસાડને તા. ૧૫/૧૦/૨૦૧૨થી શ્રી સલવાવ વિવિધ સેવા સહકારી મંડળી લી. સલવાવ મું.પો. સલવાવ, તા. પારડી, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. એના પેટા નિયમોનુસારની પ્રવૃત્તિ કરતી નથી. મંડળીમાં કોઈ પગારદાર મહેકમ નથી. મંડળીમાં વા.સા. સભા તેમજ મંડળીના પેટા નિયમ અનુસાર વ્ય.ક. મીટીંગ મેળવતી નથી. મંડળીનો છેલ્લા છ વર્ષથી ઓડીટ વર્ગ ''ડ'' છે. તેમજ સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ ઓડીટ દુરસ્તી થતી નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું જણાયેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી સલવાવ વિવિધ સેવા સહકારી મંડળી લી. સલવાવ મું.પો. સલવાવ, તા. પારડી, જિલ્લા વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ રસ નથી

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી સલવાવ વિવિધ સેવા સહકારી મંડળી લી. સલવાવ મું.પો. સલવાવ, તા. પારડી, જિલ્લા વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૧૪ના હુકમ ક્રમાંક-ઉખસ/ફડચ/૦૧/૧૬૬/૨૦૧૪થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ ફડચા અધિકારી શ્રી કે.એમ.ખત્રી, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખથી નિયત સમયમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ (૧) વલસાડના તા. ૦૧/૦૩/૨૦૧૩ના રોજનો ખાસ વહીવટી અહેવાલ.

INDEX

(૨) અત્રેની કચેરીના તા. ૨૫/૦૯/૨૦૧૪ જા.નં.ઉખસ/ફડચ/ખ-૩/૧૪૩/૧૪ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૨૦૧૪ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૫/૧૪નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧/૭/૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૯૨/૨૮/૨૦૧૪.—આમુખ-૧થી ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ (૧) વલસાડના તા. ૦૧/૦૩/૨૦૧૩થી શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. નાનાપોંઢા, મું.પો. નાનાપોંઢા, તા. ધરમપુર, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી લાંબા સમયથી સ્થગિત રહેવા પામેલ છે. એના પેટા નિયમોનુસારની પ્રવૃત્તિ કરતી નથી. મંડળીના વ્યવસ્થાપક કમિટિના સભ્યો કોણ છે. તથા મંત્રી કોણ છે. તેની માહીતી પણ મળી શકેલ નથી. તેમજ મંડળીની નોંધાયેલ કચેરી ક્યાં છે. તથા મંડળીના દફતરો કોણ સંભાળે છે. તે માહીતી પણ મળી શકેલ નથી. તેમજ સંસ્થા સ્થગિત હોવાનું જણાયેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. નાનાપોંઢા, મું.પો. નાનાપોંઢા, તા. ધરમપુર, જિલ્લા વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. નાનાપોંઢા, મું.પો. નાનાપોંઢા, તા. ધરમપુર, જિલ્લા વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૧૪ના હુકમ ક્રમાંક-ઉખસ/ફડચ/૦૧/૧૬૫/૨૦૧૪થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ ફડચા અધિકારી શ્રી કે.એમ.ખત્રી, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખથી નિયત સમયમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (જં.કા.) વલસાડના તા. ૦૪/૦૯/૨૦૧૪ના રોજનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૨૯/૦૯/૨૦૧૪ જા.નં.ઉખસ/ફડચ/ખ-૩/૧૪૯/૧૪ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૨૦૧૪ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૧૭૦/૧૪નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧/૭/૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૯૩/૩૪/૨૦૧૪.—આમુખ-૧થી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (જં.કા.) વલસાડના તા. ૦૪/૦૯/૨૦૧૪થી શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓનો સહકારી સંઘ લી. ધરમપુર, મું.પો. ધરમપુર, તા. ધરમપુર, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં સંઘનો ઘણા સમયથી ઓડીટ વર્ગ ''ડ'' છે. સંઘની આર્થિક અને વહીવટી પરિસ્થિતિ જોતાં સંઘમાં કોઈ પ્રવૃત્તિ થયેલ નથી. સંઘમાં સહકારી કાયદા કાનુન અને પેટા કાયદા અન્વયેના દફતરો નિભાવેલ નથી એના પેટા નિયમોનુસારની પ્રવૃત્તિ કરતી નથી. વા.સા.સભા તેમજ મંડળીના પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવાતી નથી. સંઘના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓનો સહકારી સંઘ લી. ધરમપુર, મું.પો. ધરમપુર, તા. ધરમપુર, જિલ્લા વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-પમાં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી વલસાડ જિલ્લા જંગલ મંડળીઓનો સહકારી સંઘ લી. ધરમપુર, મું.પો. ધરમપુર, તા. ધરમપુર, જિલ્લા વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૧૪ના હુકમ ક્રમાંક-ઉખસ/ફડચ/૦૧/૧૭૦/૨૦૧૪થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ ફડચા અધિકારી શ્રી કે.એમ.ખત્રી, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખથી નિયત સમયમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (જં.કા.) વલસાડના તા. ૦૪/૦૯/૨૦૧૪ના રોજનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૨૯/૦૯/૨૦૧૪ જા.નં.ઉખસ/ફડચ/ખ-૩/૧૪૭/૧૪ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૨૦૧૪ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૪/૧૪નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧/૭/૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૯૪/૪૦/૨૦૧૪.—આમુખ-૧થી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (જં.કા.) વલસાડના તા. ૦૪/૦૯/૨૦૧૪થી શ્રી વલસાડ જિલ્લા મજુર કામદાર સહકારી સંઘ લી. કચીગામ, મું.પો. કચીગામ, તા. જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં સંઘનો છેલ્લા છ વર્ષનો ઓડીટ વર્ગ ‘‘ડ’’ છે. તા. ૩૧/૩/૧૩ના રોજનું સરવૈયુ જોતાં સંઘમાં કોઈ પ્રવૃત્તિ થયેલ નથી. સંઘમાં સહકારી કાયદા કાનુન અને પેટા કાયદા અન્વયેના દફતરો નિભાવેલ નથી એના પેટા નિયમોનુસારની પ્રવૃત્તિ કરતી નથી. વા.સા.સભા તેમજ મંડળીના પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવાતી નથી. સંઘના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી વલસાડ જિલ્લા મજૂર કામદાર સહકારી સંઘ લી. કચીગામ, મું.પો. કચીગામ, તા. જિ. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-પમાં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી વલસાડ જિલ્લા મજુર કામદાર સહકારી સંઘ લી. કચીગામ, મું. પો. કચીગામ, તા. જિલ્લા વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૧૪ના હુકમ ક્રમાંક-ઉખસ/ફડચ/૦૧/૧૬૪/૨૦૧૪થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ ફડચા અધિકારી શ્રી કે.એમ.ખત્રી, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખથી નિયત સમયમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૨૫/૦૭/૨૦૧૪ના રોજનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૧૨/૦૯/૨૦૧૪ જા.નં.ઉખસ/ફડચ/ખ-૩/૧૩૬/૧૪ની કારણદર્શક નોટીસ. તેમજ તા. ૨૫/૦૯/૨૦૧૪ જા.નં. ઉખસ/ફડચ/ખ-૩/૧૪૫/૧૪ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૨૦૧૪ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૭/૧૪નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧/૭/૨૦૧૧.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૯૫/૪૬/૨૦૧૪.—આમુખ-૧થી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૨૫/૦૭/૨૦૧૪થી શ્રી મહિલાઓ સંચાલિત આસલોણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. આસલોણા, મું.પો. આસલોણા, તા. કપરાડા, જિલ્લા, વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળીએ પેટા નિયમ અનુસાર વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી. તેમજ સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ ઓડીટ દુરસ્તી કરેલ નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું જણાયેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી મહિલાઓ સંચાલિત આસલોણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., આસલોણા, મું.પો. આસલોણા તા. કપરાડા, જિલ્લા વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલાઓ સંચાલિત આસલોણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. આસલોણા, મું.પો. આસલોણા, તા. કપરાડા, જિલ્લા, વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૧૪ના હુકમ ક્રમાંક-ઉખસ/ફડચ/૦૧/૧૬૭/૨૦૧૪થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ ફડચા અધિકારી શ્રી વલસાડ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., આલીપુર, તા. ચીખલી આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૦૫/૦૭/૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૨૮/૦૮/૨૦૧૪ જા.નં.ઉખસ/ફડચ/ખ-૩/૧૨૮/૧૪ની કારણ દર્શક નોટીસ. તેમજ તા. ૨૫/૦૯/૨૦૧૪ જા.નં. ઉખસ/ફડચ/ખ-૩/૧૪૪/૧૪ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૨૦૧૪ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૧૬૮/૧૪નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧/૭/૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૯૬/૫૪/૨૦૧૪.—આમુખ-૧થી શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૦૫/૦૭/૨૦૧૪થી શ્રી મહિલાઓ સંચાલિત યોગીનગર અંદરગોટા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. અંદરગોટા, તા.જિલ્લા. વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા ચાર વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. પેટા નિયમોના ઉદ્દેશો અનુસાર કોઈ કામગીરી થતી નથી. વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી. તેમજ સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ ઓડીટ દુરસ્તી કરેલ નથી. મંડળીનો છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ ''ડ'' છે. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી મહિલાઓ સંચાલિત યોગીનગર અંદરગોટા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. અંદરગોટા, તા.જિલ્લા. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલાઓ સંચાલિત યોગીનગર અંદરગોટા દુધ ઉત્પાદક

સહકારી મંડળી લી., મું.પો. અંદરગોટા, તા.જિલ્લા. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૭/૧૧/૧૪ના હુકમ ક્રમાંક-ઉખસ/ફડચ/૦૧/૧૬૮/૨૦૧૪થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી વલસાડ જિલ્લા સહકારી અધિકારી દુધ ઉત્પાદક સંઘ લી. આલીપુર તાલુકા ચીખલીએ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૨૮/૦૫/૨૦૦૭ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૪૭૭/૨૦૦૫.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૧૯/૦૯/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૪૭/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં.ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૬૯૬/૨૦૧૪.—ધી વલ્લભ ગ્રાહક સહકારી ભંડાર લી., તા. કાલોલ, જિ.પંચમહાલ નોંધણી નંબર ભ/૩૮૪૦ તા. ૨૧/૦૧/૧૯૯૦ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૮/૦૫/૨૦૦૭ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૪૭૭/૨૦૧૦ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૨૯/૦૬/૨૦૧૦ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૭૮/૨૦૧૦.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૨૩/૦૯/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૬૩/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં.ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૬૯૭/૨૦૧૪.—ધી નાવરીયા પિયત સહકારી મંડળી લી., તા. હાલોલ, જિ.પંચમહાલ નોંધણી નંબર એ/૨૬૧૦ તા. ૨૯/૧૦/૧૯૮૨ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૯/૦૬/૨૦૧૦ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૭૮/૨૦૧૦થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૧૮/૦૩/૨૦૦૪ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૩/૩૧૭/૨૦૦૪.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૨૩/૦૯/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૩૧/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં.ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૬૯૮/૨૦૧૪.—ધી એલ.એન્ડ.ટી. કટના કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી., તા. કલોલ, જિ.પંચમહાલ નોંધણી નંબર ૨૫૧૬૮ તા. ૨૮/૧૧/૧૯૯૧ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૧૮/૦૩/૨૦૦૪ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૩૧૭/૨૦૦૫થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૩૧/૦૩/૨૦૦૪ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૩/૩૫૩/૨૦૦૪.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૨૩/૦૯/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૫૮/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં.ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

INDEX

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૬૯૯/૨૦૧૪.–ધી પંચમહાલ પિયત સહકારી મંડળી લી., તા. ગોધરા, જિ.પંચમહાલ નોંધણી નંબર ૫૬૭ તા. ૦૭/૦૫/૧૯૮૮થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૩૧/૦૩/૨૦૦૪ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૩૫૬/૨૦૦૪થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૩૧/૦૩/૨૦૦૪ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૩/૩૪૩/૨૦૦૪.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૨૨/૦૮/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૨૧/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં.ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૭૦૦/૨૦૧૪.–ધી શિવશક્તિ મજૂર કામદાર સહકારી મંડળી લી., તા. કાલોલ, જિ.પંચમહાલ નોંધણી નંબર ઉ/૯૦૨૭ તા. ૨૦/૦૬/૧૯૮૮થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૩૧/૦૩/૨૦૦૪ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૩૪૩/૨૦૦૪થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૧૧/૧૦/૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૯૮૫/૨૦૦૫.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૨૩/૦૯/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૧૬/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં.ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૭૦૧/૨૦૧૪.–ધી વેજમા માતરીયા ગ્રાહક સહકારી મંડળી લી., તા. મોરવા (હ), જિ.પંચમહાલ નોંધણી નંબર ૪૭૮૭ તા. ૧૮/૦૩/૧૯૯૯ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૧૧/૧૦/૨૦૦૫ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૯૮૫/૨૦૦૫થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૨૨/૦૨/૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૧૮૯/૨૦૦૫.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૨૩/૦૯/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૫૯/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં.ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૭૦૨/૨૦૧૪.–ધી ટુવા વણઝારા રેતી મજુર કામદાર સહકારી મંડળી લી., તા. ગોધરા, જિ.પંચમહાલ નોંધણી નંબર ૨૭૮૪ તા. ૦૩/૧૧/૧૯૬૬ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૨/૦૨/૨૦૦૫ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૧૮૯/૨૦૦૫થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૨૧/૧૦/૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૯૭૧/૨૦૦૫.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૦૮/૦૯/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૩૬/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં.ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

INDEX

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૭૦૩/૨૦૧૪.–ધી પરિશ્રમ વિકાસ માધ્યમિક શાળાના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી. અણિયાદ, તા. શહેરા, જિ.પંચમહાલ નોંધણી નંબર ૨૯૨૩૦ તા. ૧૪/૦૭/૧૯૯૭ થી સહકારી મંડલીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૧/૧૦/૨૦૦૫ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૯૭૧/૨૦૦૫થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૩૦/૦૪/૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૧૬૧/૨૦૧૨.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૨૨/૦૮/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૨૩/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં.(પ્રમાણિત) કાલોલનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૭૦૪/૨૦૧૪.–ધી જાંબુડી વન વિકાસ વૃક્ષ-ઉછેર સહકારી મંડળી લી. ચલાલી, તા. કાલોલ, જિ.પંચમહાલ નોંધણી નંબર ઉ/૮૦૮૫ તા. ૨૮/૦૩/૨૦૦૬થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૩૦/૦૪/૨૦૧૨ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/ ૧૬૧/૨૦૧૨થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૨૮/૦૩/૨૦૦૭ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૩૦૫/૨૦૦૭.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૦૮/૦૯/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૩૫/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં. ગોધરા ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૭૦૫/૨૦૧૪.–ધી કેપ્સો એન્જીનીયરીંગ કા.ના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી. હાલોલ, તા. હાલોલ, જિ.પંચમહાલ નોંધણી નંબર એ/૩૦૪૫૧ તા. ૦૬/૦૩/૧૯૯૮થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૮/૦૩/૨૦૦૭ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૩૦૫/૨૦૧૨થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૦૬/૧૨/૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૧૧૧૫/૨૦૦૫.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરાના તા. ૨૩/૦૯/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃફડચ/ઘ/૦૧/૧૬૨/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સ.મં. ગોધરા ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૭૦૬/૨૦૧૪.–ધી નવજીવન મા.શાળાના કર્મચારી ધિરાણ ગ્રાહક સહકારી મંડળી લી., તા. શહેરા, જિ. પંચમહાલ નોંધણી નંબર ૨૭૭૨૩ તા. ૧૮/૧૨/૧૯૯૫થી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૦૬/૧૨/૨૦૦૫ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/ ૧૧૧૫/૨૦૧૪થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૨૧-૧૦-૦૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ખ-૧/૯૭૮/૨૦૦૫.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. ગોધરાના તા. ૨૨-૦૮-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/ઘ/૦૧/૧૨૨/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. (પ્રમાણિત) કાલોલનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

INDEX

હુકમ

જા. ક્ર. ફડચ/૦૧/ક-૩/૭૦૭/૨૦૧૪.-ધી ગુર્જરગ્રાહક સહકારી ભંડાર લી. દેલોલ, તા. કાલોલ, જિ. પંચમહાલ નોંધણી નંબર-૨૨૦૪૯, તા. ૦૭-૦૬-૧૯૮૮ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૧-૧૦-૦૫ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ખ-૧/૯૭૮/૨૦૦૫ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૯મી ડિસેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૨૧-૧૦-૦૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ખ-૧/૯૫૦/૨૦૦૫.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. ગોધરાના તા. ૧૯-૦૯-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/ઘ/૦૧/૧૪૯/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા. ક્ર. ફડચ/૦૧/ક-૩/૭૦૮/૨૦૧૪.-ધી બ્રાઈટ લાઈટ કાર્બન કા. ના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી., હાલોલ, તા. હાલોલ, જિ. પંચમહાલ નોંધણી નંબર-૧૬૯૫૬, તા. ૨૦-૦૫-૧૯૮૧ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૧-૧૦-૦૫ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ખ-૧/૯૫૦/૨૦૦૫ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૯મી ડિસેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૨૯-૦૬-૨૦૧૦ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ખ-૧/૮૩/૨૦૧૦.

(૨) સહકારી અધિકારી (ફડચા) જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. ગોધરાના તા. ૨૨-૦૮-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/ઘ/૦૧/૧૨૦/૨૦૧૪ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. (પ્રમાણિત) કાલોલનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા. ક્ર. ફડચ/૦૧/ક-૩/૭૦૯/૨૦૧૪.-ધી હાલોલ તાલુકા વૃક્ષ ઉછેરક સહકારી મંડળી લી., પાનેલાવ, તા. હાલોલ, જિ. પંચમહાલ નોંધણી નંબર-ઉ-૬૮૨૧, તા. ૩૦-૦૮-૧૯૮૮ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૯-૦૬-૨૦૧૦ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ખ-૧/૮૩/૨૦૧૦ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૯મી ડિસેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ-૧/૨૭૦/૨૦૧૧, તા. ૧૫-૧૨-૧૧ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૧૬-૦૪-૧૪, તા. ૧૭-૦૫-૧૪, તા. ૧૦-૬-૧૪, તા. ૦૮-૦૭-૧૪ થી આપેલ મુદતનો પત્ર.

(૪) ફડચા અંગેના વચગાળાનો હુકમ આદેશ જા. નં. ફડચ/૦૧/ક-૩/૫૬૮/૨૦૧૪, તા. ૦૮-૦૯-૨૦૧૪.

(૫) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક જિ.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૬) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક જિ.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૬-૦૮-૨૦૧૧.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. ક્ર. ફડચ/૦૧/ક-૩/૭૨૫/૨૦૧૪.-ધી વેજલપુર અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી., મું. પો. વેજલપુર, તા. કાલોલ, જિ. પંચમહાલનો નોંધણી નં. સે.-૧૮૭૩૯, તા. ૧૭-૦૨-૧૯૮૩થી નોંધાયેલ મંડળી છે. જે ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની ક્લમ-૧૦૭ અન્વયે આમુખ-૪માં જણાવેલ ફડચાના વચગાળાના હુકમ સામે રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૧માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ વચગાળાના હુકમ આદેશને બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી ધી પંચમહાલ ડિસ્ટ્રીક્ટ કો. ઓપ. બેંક લી. ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૯મી ડિસેમ્બર ૨૦૧૪.

INDEX

વંચાણે લીધાં :–

(૧) ફડચા અંગેનો અંતિમ આદેશ તા. ૩૧-૦૮-૨૦૦૯ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૪૪૧/૨૦૦૯.

(૨) ફડચા અધિકારીશ્રી ની કચેરીના તા. ૧૯-૧૧-૨૦૧૪ના પત્ર નં. ફડચ/ઘ/૦૧/૨૮૯/૨૦૧૪ની દરખાસ્ત.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ક-૩/૭૨૮/૨૦૧૪.-ધી ડેરોલ તેલીબીયા ઉત્પાદક સ.મં.લી., મું. પો. ડેરોલ, તા. કાલોલ, જિ. પંચમહાલ નોંધણી નંબર-૨૩૮૨૭, તા. ૦૩-૧૨-૧૯૮૮ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૩૧-૦૮-૨૦૦૯ના હુકમ જા નં. ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૪૪૧/૨૦૦૯ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અંગેનો અંતિમ આદેશ તા. ૦૬-૧૨-૨૦૦૫ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૧૧૧૬/૨૦૦૫.

(૨) ફડચા અધિકારીશ્રી ની કચેરીના તા. ૧૯-૧૧-૨૦૧૪ના પત્ર નં. ફડચ/ઘ/૦૧/૨૮૭/૨૦૧૪ની દરખાસ્ત.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ક-૩/૭૨૯/૨૦૧૪.-ધી ગોધરા તાલુકા પૂર્વ વિભાગના કર્મચારી ધિરાણ સ.મં.લી., મું. પો. લાડપુર, તા. ગોધરા, જિ. પંચમહાલ નોંધણી નંબર-૩૦૪૫૯, તા. ૨૫-૧૨-૧૯૯૯ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૦૬-૧૨-૨૦૦૫ના હુકમ જા નં. ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૧૧૧૬/૨૦૦૫ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય સને-૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૩૧-૦૩-૨૦૦૬ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૪૨૭/૨૦૦૬.

(૨) ફડચા અધિકારીશ્રી ની કચેરીના તા. ૧૯-૦૪-૨૦૧૪ના પત્ર નં. ફડચ/ઘ/૦૧/૨૮૬/૨૦૧૪ની દરખાસ્ત.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ક-૩/૭૩૦/૨૦૧૪.-ધી ખુદરા વિભાગ નાગરિક કો. ઓપ. ક્રેડિટ સ.મં.લી., મું. પો. ખુદરા, તા. મોરવા(હ), જિ. પંચમહાલ નોંધણી નંબર સે-૨૨૦૨૪, તા. ૦૬-૧૦-૧૯૮૬ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૩૧-૦૬-૨૦૦૬ના હુકમ જા નં. ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૪૨૭/૨૦૦૬ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અંગેનો અંતિમ આદેશ તા. ૨૯-૦૩-૨૦૦૮ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૨૩૮/૨૦૦૮.

(૨) ફડચા અધિકારીશ્રી ની કચેરીના તા. ૧૯-૧૧-૨૦૧૪ના પત્ર નં. ફડચ/ઘ/૦૧/૨૮૫/૨૦૧૪ની દરખાસ્ત.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ક-૩/૭૩૧/૨૦૧૪.-ધી પંચમહાલ દાહોદ જિલ્લાની જંગલ કામદાર સહકારી મંડળીઓ ચિત્રા સિનેમા ગોધરા મું. પો. ચિત્રા સિનેમા ગોધરા, તા. ગોધરા, જિ. પંચમહાલ નોંધણી નંબર ૪૮૯, તા. ૨૫-૦૮-૧૯૬૫ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૯-૦૩-૨૦૦૮ના હુકમ જા નં. ફડચ/૦૧/ખ-૧/૨૩૮/૨૦૦૮ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪.

INDEX

વંચાણે લીધાં :–

(૧) ફડચા અંગેનો અંતિમ આદેશ તા. ૩૧-૦૩-૨૦૦૯ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૨૦૩/૨૦૦૯.

(૨) ફડચા અધિકારીશ્રી ની કચેરીના તા. ૧૯-૦૪-૨૦૧૪ના પત્ર નં. ફડચ/ઘ/૦૧/૨૮૪/૨૦૧૪ની દરખાસ્ત.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ક-૩/૭૩૨/૨૦૧૪.-ધી પંચમહાલ જિલ્લા સહકારી સંસ્થાના કર્મ. ધિરાણ સ.મં.લી., ગોધરા, મું. પો. ગોધરા, તા. ગોધરા, જિ. પંચમહાલ નોંધણી નંબર ૩૯૯૩, તા. ૧૧-૧૨-૧૯૮૬ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૩૧-૦૩-૨૦૦૯ના હુકમ જા નં. ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૨૦૩/૨૦૦૯ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અંગેના અંતિમ આદેશ તા. ૨૯-૦૭-૨૦૦૪ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૬૯૮ થી ૭૦૩/૨૦૧૪.

(૨) ફડચા અધિકારીશ્રી ની કચેરીના તા. ૧૯-૦૯-૨૦૧૪ના પત્ર નં. ફડચ/ઘ/૦૧/૧૪૮/૨૦૧૪ની દરખાસ્ત.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. ગોધરાનો ઓડિટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ક-૩/૭૩૩/૨૦૧૪.-ધી ગુજરાત ફીલામેન્ટ કા. ના કર્મ. ધિરાણ સ.મં.લી., હાલોલ, મું. પો. હાલોલ, તા. હાલોલ, જિ. પંચમહાલ નોંધણી નંબર ૨૩૫૮૪, તા. ૨૭-૦૭-૧૯૮૯ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૨૯-૦૭-૨૦૦૪ના હુકમ જા નં. ઉખસ/ફડચ/૦૧/ખ-૧/૬૯૮ થી ૭૦૩/૨૦૧૪ થી હુકમ કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબૂદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪.

આઈ. જી. મુનિયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગોધરા.

નોંધણી નંબર નધણ/એનવીએસ/૦૧/ઘ-૨/૭૮૦/૮૩/સે.દુ.-૪૨૬૯૦/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, મ. સ. ડુંગરી ફ.(વાડીચૌઢા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વાડી ચૌઢા, તા. વાંસદા, જિ. નવસારી મર્યાદીત સ્થળ વાડીચૌઢા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

નોંધણી નંબર નધણ/એનવીએસ/૦૧/ઘ-૨/૭૮૨/૮૨/સે.દુ.-૪૨૬૯૧/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, મ. સ. બોરીપાડા (ખાટાઆંબા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખાટાઆંબા, તા. વાંસદા, જિ. નવસારી મર્યાદીત સ્થળ ખાટા આંબા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

નોંધણી નંબર નધણ/એનવીએસ/૦૧/ઘ-૨/૭૮૪/૮૧/સે.દુ.-૪૨૬૯૨/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, મ. સ. ઉપલા ફ.ઘોડામાળ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ઘોડામાળ, તા. વાંસદા, જિ. નવસારી મર્યાદીત સ્થળ ઘોડામાળ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

નોંધણી નંબર નધણ/એનવીએસ/૦૧/ઘ-૨/૭૮૬/૮૦/સે.દુ.-૪૨૬૯૩/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, મ. સ. ચીમનપાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ચીમનાપાડા, તા. વાંસદા, જિ. નવસારી મર્યાદિત સ્થળ ચીમનાપાડા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/૦૧/ચ/૩૦૦૭/૨૦૧૪, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૪૯ થી ૪૫૫/૨૦૧૪, તા. ૨૪-૦૯-૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૩૩/૨૦૧૪.—મ.સ. પૂર્વ બાવરી ફળિયા ખેરગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. ખેરગામ, તા. ચીખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, મ.સ. પૂર્વ બાવરી ફળિયા ખેરગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખેરગામ, તા. ચીખલી., જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/૦૧/ચ/૩૦૦૮/૨૦૧૪, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૩૪ થી ૪૩૧/૨૦૧૪, તા. ૨૩-૦૯-૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૩૯/૨૦૧૪.—મ.સ. મંદિર ફળિયા વાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વાડ, તા. ચીખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, મ.સ. મંદિર ફળિયા વાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વાડ, તા. ચીખલી., જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/૦૧/ચ/૩૦૦૫/૨૦૧૪, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૫૦૫ થી ૫૧૩/૨૦૧૪, તા. ૨૦-૧૧-૨૦૧૪.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૪૫/૨૦૧૪.—શ્રી પેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. પેરા, તા. નવસારી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ

INDEX

જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી પેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. પેરા, તા. નવસારી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/૦૧/ચ/૧૯૮૧/૨૦૧૪, તા. -૦૭-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૯૬ થી ૫૦૪/૨૦૧૪, તા. ૨૨-૦૯-૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૫૧/૨૦૧૪.–મ.સ. દાદરી ફળિયા પાટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. પાટી, તા. ચીખલી જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, મ.સ. દાદરી ફળિયા પાટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. પાટી, તા. ચીખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/૦૧/ચ/૩૦૦૯/૨૦૧૪, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૪૨ થી ૪૪૮/૨૦૧૪, તા. ૨૩-૯-૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૫૭/૨૦૧૪.–મ.સ. માળી ફળિયા ગોડથલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગોડથલ, તા. ચીખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, મ.સ. માળી ફળિયા ગોડથલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગોડથલ, તા. ચીખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/૦૧/ચ/૩૦૦૪/૨૦૧૪, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૫૬ થી ૪૬૪/૨૦૧૪, તા. ૨૨-૯-૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૬૩/૨૦૧૪.– વાંઝણા-વાંગરવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વાંઝણા-વાંગરવાડી, તા. ચીખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, વાંઝણા-વાંગરવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વાંઝણા-વાંગરવાડી, તા. ચીખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, નવસારીનાં તા. ૧૯-૦૭-૨૦૧૦ના હુકમ ક્રમાંક ફડચ/નધણ/ઘ-૨/૩૯૩/૧૦થી કરેલ મંડળીને ફડચાનો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચા) લગત જિ. રજિ. સ. મં. નવસારીની તા. ૨૭-૧૧-૨૦૧૪થી મંડળીની નોંધણી રદ ની ભલામણ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪ (૨) ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

(૫) ઓડીટર ગ્રેડ-૨ (ગ્રાહક) સ.મ. નવસારી નો તા. ૧-૪-૨૦૧૦થી તા. ૨૭-૧૧-૨૦૧૪ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૬૪/૧૪૦૪૧/૨૦૧૪/ ક્રમાંક ખે-૧૦૭૦.–તા. ૧૫-૦૭-૧૯૯૭ શ્રી સદ્‌ગુરૂ પિયત સ.મં. લી., મું. પો. વંકાલ, તા. ચીખલી, જિ. નવસારી ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીના સભાસદોને તથા હોદ્દેદારોને મંડળી ચાલુ રાખવામાં રસ ન હોવાથી સહકારી કાયદાની કલમ-૧૦૭ની દરખાસ્તને ધ્યાને રાખી મંડળીને અત્રેની કચેરીના તા. ૧૭-૦૭-૨૦૧૦ના હુકમ થી ફડચામાં લઈ જઈ, ફડચા અધિકારીશ્રીની નિમણૂંક કરવામાં આવેલ ફડચા અધિકારીશ્રી સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ મને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય કરી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા (૨) થી રજુ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં શ્રી સદ્‌ગુરૂ પિયત સ.મં.લી., મું.પો. વંકાલ, તા. ચીખલી, જિ. નવસારીની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે. એમ ગણાશે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, નવસારી વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળ ની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર શ્રી સદગુરૂ પિયત સ.મં.લી., મું. પો. વંકાલ, તા. ચીખલી, જિ. નવસારીની નોંધણી રદ કરતો હુકમ કરું છું.

નવસારી, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

નંબર સે/PTN/૪૩૩૧૭/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, શ્રી જલાલાબાદ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. જલાલાબાદ, તા. સમી, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૪.

નંબર ૪૩૫૮૮/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, શ્રી નોરતાવાંટા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નોરતા વાંટા, તા. પાટણ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૪મી ડીસેબર, ૨૦૧૪.

INDEX

નંબર સે/PTN/૪૩૫૯૦/૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, શ્રી કેશરભવાની મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. કુરેજા, તા. હારીજ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૪.

નંબર ૪૩૫૯૧/૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, શ્રી નાના વેલોગ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નાના વેલોગ, તા. સરસ્વતી, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

નંબર નધણ/એઆરવી/સે(દુ) ૪૨૪૩૩/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ધી ખિલોડાકંપા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ ખિલોડાકંપા, તાલુકો ભિલોડા, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૪.

નંબર નધણ/એઆરવી/સે(દુ) ૪૨૪૩૪/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ધી રેલ્યો મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ રેલ્યો, તાલુકો મેઘરજ, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૪.

નંબર નધણ/એઆરવી/સે(દુ) ૪૨૪૩૫/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ધી ઓડ-૧ ચુનાખણ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ ઓડ, તાલુકો ભિલોડા, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૪.

નંબર નધણ/એઆરવી/સે(દુ) ૪૨૪૩૬/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ધી આશાપુરી લીંબ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ લીંબની મુવાડી, તાલુકો બાયડ, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

નંબર નધણ/એઆરવી/સે(દુ) ૪૨૪૩૭/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ધી લાલપુર (જીતપુર) દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ લાલપુર, તાલુકો બાયડ, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪.

નંબર નધણ/એઆરવી/સે(શ.) ૪૨૪૩૮/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ધી ઉદય ક્રેડીટ કો.-ઓપરેટીવ સોસાયટી લીમીટેડ, સ્થળ અણિયોર, તાલુકો માલપુર, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪.

જે. જે. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, અરવલ્લી,
મોડાસા.

નંબર એસકે/સે(શ.) ૪૧૫૧૪/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ધી ઉજાલા ક્રેડીટ કો.-ઓપરેટીવ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ હિંમતનગર, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪.

નંબર એસ. કે./સે.દુ. ૪૧૫૧૫/૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, ધી નવા કેશરપુરા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ નવા કેશરપુરા, તાલુકો તલોદ, જિલ્લો સાબરકાંઠા.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધું :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક જિ.એચ. કે.એચ. / ૫૧ / ૨૦૦૫ / એનએસબી /૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧.

(૩) સ્પેશ્યલ ઓડીટરશ્રી, મિલ્ક ઓડીટ ઓફીસ, હિંમતનગરના વહીવટી ખાસ અહેવાલ ક્રમાંક : અષણ/ખા.અ./૦૭/૨૧૮૩/૧૪, તા. ૪-૯-૨૦૧૪.

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ગ/૪૬૮/૨૦૧૪, તા. ૯-૯-૨૦૧૪.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક વહટ/૦૧/ગ/૬૦૭/૨૦૧૪, તા. ૨૭-૧૧-૨૦૧૪.

(૬) તા. -૧૨-૨૦૧૪થી મંજૂર થયેલ નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ફ/૧૮૭૪૫/૦૧/ગ/૬૩૬/૨૧/૨૦૧૪.-ધી પોશીના દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., પોશીના, તા. પોશીના, જિ. સાબરકાંઠા (જેનો હવે પછી ‘‘મંડળી’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ‘‘અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણીનં. સે. દુ. ૨૧૪૭૫, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૮૩થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ/નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે.

સદર મંડળીનું તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૩ સુધીના સમયનું હિસાબી ઓડીટ શ્રી વી. બી. કટારા, સબ ઓડીટર સ. મં. દુધ, પ્રાંતીજ દ્વારા હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ અહેવાલ જોતાં જણાઈ આવેલ છે કે મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ગંભીર ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી પોતાના મંજુર થયેલ પેટા નિયમોના ઉદ્દેશો મુજબની કામગીરી કરેલ નથી. અને છેલ્લા છ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીએ છેલ્લા છ વર્ષથી વાર્ષિક ઓડીટની દુરસ્તી કરેલ નથી.

(૩) મંડળીની વ્ય. કમીટી મીટીંગ મળ્યા અંગેનુ છેલ્લા ત્રણ વર્ષનુ રેકર્ડ ઓડીટ માટે રજુ થયેલ નથી. જેથી મંડળીના કાર્યવાહકોને મંડળી ચાલુ રાખવામાં કોઇ રસ જણાતો નથી.

(૪) મંડળીના બેંક ચાલુ ખાતામાં છેલ્લા છ વર્ષથી કોઇ લેવડ દેવડ થયેલ નથી.

(૫) મંડળીમાં તા. ૩૧-૩-૨૦૧૪ના સરવૈયા મુજબ ₹ ૪૨૨૧૫/- પાછલી ખોટ બોલે છે તથા મંડળી અર્થક્ષમ રીતે સધ્ધર નથી.

(૬) મંડળીની વાર્ષિક સાધારણ સભાની ઠરાવ બુક જોવા મળેલ નથી.

(૭) મંડળી છેલ્લા પાંચ વર્ષથી ‘ડ’ વર્ગમાં ચાલે છે.

(૮) મંડળીમાં છેલ્લા બે વર્ષથી સેક્રેટરીની નિમણુંક થયેલ નથી.

ઉપરોકત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૩ થી કારણદર્શક નોટીશ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪ રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ પરંતુ સદર મુદતે કોઇ હાજર રહેલ નથી. કે લેખિત રજુઆત પણ કરવામાં આવેલ ન હોઇ ફરી તા. ૨૦મી ઓકટોબર, ૨૦૧૪ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદરહુ મુદતે કોઇ હાજર ન રહેતા ફરી અંતિમ તા. ૨૪મી નવેમ્બર, ૨૦૧૪ની મુદત આપવામાં આવેલ. સદર અંતિમ મુદતે પણ મંડળી તરફથી કોઇ હાજર રહેલ નથી કે લેખિત/મૌખિક જવાબ રજુ કરેલ નથી. જેથી વંચાણે લીધેલ આમુખ-૫થી વચગાળાનો હુકમ કરી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી સદર સમયગાળા દરમ્યાન મંડળી તરફથી કોઇ હાજર રહેલ નથી કે લેખિત/મૌખિક રજુઆત કરેલ નથી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળી દ્વારા મંડળીને અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઇ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ સંસ્થા જે હેતુ કે ઉદ્દેશો માટે રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશો પરીપુર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં રસ જણાતો નથી.

પ્રસ્તુત સંજોગોને ધ્યાને લેતાં આમુખ-૫ વાળા વચગાળાના હુકમને બહાલ કરતો નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું આર. પી. ખરાડી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા મને મળેલ સત્તાની રૂએ ધી પોશીના દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., પોશીના, તા. પોશીના, જિ. સાબરકાંઠાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(એ)(સી)(ii) અન્વયે આટોપી લેવાનો ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું અને આજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયા તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરી/બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

આર. પી. ખરાડી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)-૮૮૯૫/ઝ/૪૫૭/૧૮૭૩/૨૦૧૪.– આથી જાહેર કરે છે કે, સિલ્વર પ્લાઝા ‘‘ડી’’ બિલ્ડીંગ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. સિલ્વર પ્લાઝા ‘‘ડી’’ બિલ્ડીંગ, રાંદેર રોડ,ટી.પી. સ્કીમ નં. ૧૪, (રાંદેર) સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)-૮૮૯૬/ઝ/૪૫૯/૧૮૭૨/૨૦૧૪.– આથી જાહેર કરે છે કે, સિલ્વર પ્લાઝા ‘‘ઈ’’ બિલ્ડીંગ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. સિલ્વર પ્લાઝા ‘‘ઈ’’ બિલ્ડીંગ, રાંદેર રોડ,ટી.પી. સ્કીમ નં. ૧૪, (રાંદેર) સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા./હા/૮૮૨૭/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, સત્વ પ્રાઈમ કો. ઓપ. હા. સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ છાણી, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

આર. આર. પઢીયાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ)
વડોદરા.

નોંધણીનું પ્રમાણપત્ર

નંબર નધણ/એએચએમ/(સા)૭૮૪૭/સને ૨૦૧૪.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શુભલક્ષ્મી રેસીડેન્સી કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ બારેજા, તાલુકો બારેજા, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નંબર નધણ/એએચએમ/(સા)૭૮૪૮/સને ૨૦૧૪.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી બિનોરી સોલીટેર કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ બોપલ, તાલુકો દસક્રોઇ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નંબર નધણ/એએચએમ/સે. ૪૦૫૬૩/સને ૨૦૧૪.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ધોળકા બાવળા તાલુકા અનુસૂચીત જાતી પ્રાઈમરી ટીચર્સ કો. ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સો. લી., મું. કલીકુંડ, તાલુકો ધોળકા, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૧૪.

ઈ. મ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, MARCH 5, 2015/PHALGUNA 14, 1936 [No. 10

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	349-410
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	10
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	19
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	927-1006

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./એ સેકશન/મોબાઈલ/૧૧/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો તેમજ સને-૨૦૦૮ના વર્ષમાં અમદાવાદ શહેર ખાતે બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઈ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થનો તથા હેન્ડ ગ્રેનેડથી ભયાનક બ્લાસ્ટો કરી સમગ્ર શહેરને હચમચાવી દિધેલ. અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા જાહેર શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જિંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુનાઓ આચરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહીત કામગીરીમાં ગુનેગારો ગુનાહીત કૃત્ય કરવા એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તથા તાજેતરમાં મીલકત સંબંધી/શરીર સંબંધી શોધાયેલ ગુનાઓમાં પણ ગુનેગારો મોબાઈલ ફોન તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે તથા S.T.D./P.C.O. પરથી બનાવટી કોલ (FAKE CALL) દ્વારા ધમકી આપવાના ખંડણી માગવાના અપશબ્દ બોલવાના મહિલાઓની જાતીય સતામણી કરવાના

INDEX

ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ વધતા રહે છે. આમ આ પ્રકારની તપાસમાં વિજ્ઞતાઓના કારણે મોબાઈલ ફોન સીમ કાર્ડ લે-વેચ વખતે તથા S.T.D./P.C.O. થી ફોન કરતી વખતે ખરીદનાર તથા વેચનારનું નામ તથા ફોન કરનારનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેની નોંધણી થાય તે સલામતિની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.), ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓના કચેરી ક્રમાંક એન.જી.ઓ./ટેલીફોન બુથ/૧૭૦/૧૨, તારીખ ૩જી એપ્રિલ, ૨૦૧૨ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૯૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઈલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજો ડિસ્ટ્રીબ્યુટર / રીટેલર વિક્રેતાઓએ બરાબર ચકાસવા તથા જે પુરાવાઓની ઝેરોક્ષ રાખવી તથા તે અંગેનું નામ સરનામા પુરાવાની માહિતીનું રજિસ્ટર રાખવું તથા S.T.D./P.C.O. ધારકોએ કોલરની આઈડેન્ટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલના નામ સરનામાની માહિતી અંગેના રજિસ્ટરો ત્રણ વર્ષ સુધી નિભાવવાના રહેશે.

આ હુકમ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૧૨/૨૦૧૫.–ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, પરિપત્ર ક્રમાંક વિ/૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪/સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી ઓક્ટોબર, ૨૦૧૩ના ઓના રાજ્યના શોપીંગમોલની સુરક્ષા બાબતેના આદેશ અન્વયે, તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ, જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરિકોના અકાળે મૃત્યુ થયેલ. જેથી, અમદાવાદ શહેરમાં આવેલ શોપીંગ મોલની પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તથા સુરક્ષા સુદ્રઢ રીતે જળવાઈ રહે તે હેતુથી પગલાં લેવા જરૂરી છે. જેથી તકેદારી માટેના પગલાં લેવડાવવા સારૂ નીચે મુજબ હુકમ કરૂં છું.

હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, (સીઆરપીસી/૧૯૭૩), ૧૯૭૪ના નં. ૨ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં શોપીંગ મોલની સુરક્ષા અંગે ચુસ્તપણે અમલ કરવો.

૧. દરેક મોલમાં એન્ટ્રી ગેટ આગળ મોલના Exit ગેટ તથા મોલની પાછળના વિસ્તારમાં થતી તમામ હિલચાલનું વિડીયો ઓડીયો રેકોર્ડીંગ થાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા, જેમાં Colour-Image, I.P. Base, 1.3 Mega Pixel with Night Vision, capability Data Storage-15 days min. જેથી, મોલની સુરક્ષા યોગ્ય રીતે જળવાઈ રહે.

૨. મોલની અંદર દાખલ થતા વાહનો (મોટરકાર/ટુ વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવામાં આવે છે. તેની સાથે સાથે વાહનોની અંદર બેઠેલ તમામ વ્યક્તિઓનું પણ ચેકીંગ કરવું જરૂરી છે.

૩. જ્યારે જ્યારે મોલની માલિકી બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા સુરક્ષા અંગેની જણાવેલ તમામ જરૂરી ચેકીંગ યોગ્ય રીતે થાય તે મુજબ નવા માલિકે પણ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ મોલની માલિકી ફેરબદલી અંગેની જાણ અત્રે પોલીસ કમિશનર કચેરીની સ્પેશીયલ બ્રાંચ ખાતે કરવાની રહેશે.

૪. મોલમાં આવતા તમામ માલસામાન (Goods)નું ચેકીંગ કરવું. જેથી મોલમાં કોઈ પ્રતિબંધિત અથવા સ્ફોટક પદાર્થો આવી ન જાય તે રીતે ચકાસણી કરવી તેમજ સલામતિ માટે જરૂરી તમામ સિક્યુરીટી માટે તાલીમ બધ્ધ અને સિક્યુરીટીના નિયમોના માહિતગાર હોઈ તેવા માણસોથી રાઉન્ડ ધી ક્લોક સલામતિની વ્યવસ્થા મોલ માલિકે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૫. મોલમાં Explosive જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થ ન આવે તે અંગેની ચકાસણી માટે સલામતિ સાથે સાથે સ્નીફર ડોગથી પણ ચકાસણી થાય તેવી સલામતિ ગોઠવવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામ/એ સેકશન/પરમીટ/૧૩/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદરાબાદના દીલસુખનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં આતંકવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બબ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે આવનાર ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વહેપારીઓએ કોઈ

INDEX

માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા પુરાવા મેળવી તેની ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ, સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર-સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતાં સ્કુટર કે જેમાં આર.ટી.ઓ.નો પાસીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતી અને દેશની સુરક્ષા માટે થોડા નિયમો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સીઆરપીસી/૧૯૭૩), (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતાં સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે, નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ-બેટરીથી ચાલતા સ્કુટર વેચાણ કરનારે મેળવવાનો રહેશે.

(૩) બિલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલિફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બિલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર ચેસીસ નંબર અવશ્ય લખવો.

આ હુકમ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ કલમ-૩૧(૧) અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./એ સેકશન/પરમીટ/૧૪/૨૦૧૫.—અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હો બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજયના ગૃહવિભાગના તા. ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયનમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈ પણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

INDEX

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે સઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધ હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લોકો સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર વિ. શા./જાહેરનામું/એ. સેકશન/પરમીટ/૨/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હો બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજયના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયનમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાબું છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધ હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી માહે જાન્યુઆરી, સને ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે થયેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૩/૨૦૧૫.–ગુપ્તચર વખતોવખતના અહેવાલો તથા અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આતંકવાદી તત્ત્વો દ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તથા મિલકતની હાની કરવામાં આવેલ આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે. વાહનોના ઉપયોગ કરે છે. હાઈવેની હોટલોનો ઉપયોગ કરે છે.

રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો, લૂંટારાઓ, ધાડપાડુઓ ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની અવર જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને, તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા વાહનોનો ઉપયોગ કરતા હોય છે. અને આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, લૂંટ અને ધાડના ગુન્હાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ વાહનોમાં બળતણ ભરાવવા અથવા તો હોટલો ઉપર ચા-પાણી કરવા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે. જેથી આવા ગંભીર પ્રકારના બનાવોના કારણે નાગરીકને પોતાની અસાલમતીનો સતત ભય સતાવતો રહે છે.

આવા ગુન્હા અટકાવવા તથા વણશોધાયેલ ગુન્હાઓ શોધવા માટે મહત્વની કડીરૂપ બને તે સારૂ પેટ્રોલપંપ, ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારોની તથા ગુન્હામાં વપરાયેલ વાહનોનું આઈડેન્ટીફાઈ (ઓળખ) કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવા મુકી શકાય. જેથી તકેદારીના પગલારૂપે જ્વેલર્સની દુકાનો, આંગડીયાની પેઢી, શોપીંગ મોલ્સ, મલ્ટીપ્લેક્ષ થિયેટર્સ, મલ્ટીપ્લેક્ષ શોપીંગ સેન્ટરો તથા કોમર્શિયલ સેન્ટરો, હોટલો તથા ટોલપ્લાઝા, પેટ્રોલપંપના માલીકો/ઉપભોગતાઓ/વહીવટકર્તાઓ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ પોલીસ કમિશનર વિસ્તારમાં અનુક્રમે આવેલ નીચે મુજબની જગ્યાઓ જેવી કે,

(૧) જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ/મલ્ટીપ્લેક્ષ થિયેટર્સ/ કોમર્શીયલ સેન્ટર/થ્રી સ્ટાર થી ઉપરની હોટલો ઉપર સીકયુરીટીને ધ્યાને લઈ પ્રવેશદ્વાર ઉપર સીક્યુરીટી ગાર્ડે/મેટલ ડિટેકટર તથા સી. સી. ટી. વી. કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાના પાર્કિંગ/ ભોયરૂં/તમામ માળ ઉપર સીકયુરીટી ગાર્ડે અને સીસીટીવી કેમેરાની ગોઠવણ કરવી. જેમાં Image-colour, Image sensor, 1/3" minimum Supporrt-TCP/IP and remote monitoring. Resolution-600 TVI Min. Compression H.264/MJPEG. System data storage-15 days min. With Back light compensation and night vision capacity. વાળા સી. સી. ટી. વી. કેમેરા ગોઠવા.

(૨) ૧૦થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતાં રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોર્ડિંગ/ધર્મશાળા/અતિથિ ગૃહ/વિશ્રામ ગૃહ/કોમર્શિયલ સેન્ટર/ પેટ્રોલ પંપ/ટોલપ્લાઝા/બહુમાળી બિલ્ડીંગ/પાવર હાઉસ વિગેરે ઉપર સીસીટીવી કેમેરા લગાડવા.

(૩) ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતી ગાડીઓના નંબર તથા વ્યકિતઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સીસીટીવી કેમેરાની ગોઠવણી કરવી. સીસીટીવીના રેકોર્ડીંગની જાળવણી દિન-૧૫ સુધી સંગ્રહ કરવો.

(૪) ધર્મશાળાના સંચાલકોએ ધાર્મિક સ્થળોની ધર્મશાળાઓમાં મુસાફરોની જરૂરી આઈ.ડી., એડ્રેસ, મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબરોની જરૂરી નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

આ હુકમ તારીખ ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./એ સેકશન/પરમીટ/૪/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાનો કોશિષ કરી ર!ા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/ દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન

INDEX

ભાડે આપી શકશે નહી ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ ?	મકાન ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ.	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	જે વ્યક્તિઓને ભાડે આપેલ છે, તેમના પાકા નામ, સરનામાં, ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./ટોલ/જાહેરનામું/૭૦૦/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો સને-૨૦૦૮ના વર્ષમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઈ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર સાથે સ્ફોટક પદાર્થનો ઉપયોગ કરી હેન્ડ ગ્રેનેડસ દ્વારા ભયાનક બ્લાસ્ટ કરી સમગ્ર શહેરને હચમચાવી દીધેલ. આ બનાવોની તપાસથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ/અસામાજિક તત્ત્વો વાહનો મારફતે મુસાફરી કરી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીને ખુવારી પણ કરે છે. આ રીતે જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુનાઓ આચરી વાહનો મારફતે નાસી છુટતા હોય છે. તાજેતરમાં મિલકત સંબંધિ ગુનાઓનું પ્રમાણ ખૂબ જ વધવા પામેલ હોય ગુનેગારો આવા ગુના કરી વાહનો મારફતે આજુ-બાજુના ગામડાઓમાં જિલ્લાઓમાં, રાજ્ય બહાર પણ ભાગી જાય છે.

શહેર, જિલ્લા અને અન્ય રાજ્યોમાંથી (દેશ બહારથી) આવતા આવા તત્ત્વોને શોધી પકડી પાડવા અને ગંભીર પ્રકારના ગુનાઓનો પર્દાફાશ કરવા સારૂ શહેર વિસ્તારમાં આવેલ ટોલનાકા ઉપર C.C.T.V. કેમેરા લગાડવા તેમજ ટોલનાકા ઉપર પસાર થતા વાહનોના પુરેપુરા રજિસ્ટ્રેશન નંબરોની નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ ટોલનાકાના મેનેજરશ્રી અથવા વહીવટકર્તાશ્રીઓએ ટોલનાકામાંથી પસાર થતા તેમજ ટોલનાકાના સર્વિસ રોડ ઉપરથી પસાર થતા વાહનોના નંબર પ્લેટ અને ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે C.C.T.V. કેમેરાઓ ગોઠવી રેકોર્ડીંગ કરવું તથા પસાર થતા વાહનોના સંપૂર્ણ રજીસ્ટ્રેશન નંબરો (નંબર અને સીરીઝ બંને) ની નોંધણી કરશે, ઉપરોક્ત ડીજીટલ રેકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટર નોંધણી (રજીસ્ટ્રેશન સીરીઝ તથા નંબર)નો ડેટાનો બેકઅપ છ માસ સુધી રાખવાનો રહેશે.

જાહેરનામાનો અમલ તથા સમય અને વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમ અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાના હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ માહે ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઇ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read : (1) GAD Notification No. GS/2014-35-PHD/102014/1339/GH, dated. 07-10-2014.
(2) Hon'ble High Court letters No. C.2103/2011, dated 15-11-2011.
(3) This Office Notification No. B/ADM/08/2015, dated 01-01-2015.
(4) Hon'ble High Courts letter No. C.2103/2015, dated 12-01-2015.

Corrigendum Notification

No. B/ADM/180 of 2015.–This office notification cited in the preamble at Sr. No. 03 is hereby treated as cancelled and now the following revised notification is hereby passed.

In accordance with provision contained in Para-625 of Civil Manual, Vol. 1, 1960, the Principal District Judge, Panchmahals at Godhra is pleased to notify the following Holidays to be observed in the Year–2015. The District Court and all the subordinate Courts in the Panchmahals District shall remain closed on these days.

Sr. No.	Name of Holidays	Date according to Gregorian Calander	Day
1	Makar Sankranti	14th January, 2015	Wednesday
2	Repblic Day	26th January, 2015	Monday
3	Maha Shiv Ratri	17th February, 2015	Tuesday
4	Holi's 2nd Day-Duleti	6th March, 2015	Friday
5	Chetichand	21st March, 2015	Saturday
6	Shri Ram Navami	28th March, 2015	Saturday
7	Mahavir Jayanti (Janma Kalyanak)	2nd April, 2015	Thursday
8	Dr. Babasaheb Ambedkar's Birthday	14th April, 2015	Tuesday
9	Ramzan-Id-(Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim, Shiya & Sunni)	18th July, 2015	Saturday
10	Independence Day	15th August, 2015	Saturday
11	Raksha Bandhan	29th August, 2015	Saturday
12	Janmashtami (Shravan Vad-8)	5th September, 2015	Saturday
13	Samvantsari (Chaturthi Paksha)	17th September, 2015	Thursday
14	Bakri-Id-(Idd-Ul-Aza)	25th September, 2015	Friday
15	Mahatma Gandhi's Birthday	02nd October, 2015	Friday
16	Dusshera (Vijaya Dashami)	22nd October, 2015	Thursday
17	Muharram (Asura)	24th Octobeber, 2015	Saturday
18	Sardar Vallabhbhai Patel's Birth Day	31st October, 2015	Saturday
19	Diwali	11th November, 2015	Wednesday
20	Vikram Samvat New year Day	12th November, 2015	Thursday
21	Bhai Bij	13th November, 2015	Friday
22	Guru Nanak's Birthday	25th November, 2015	Wednesday
23	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	24th December, 2015	Thursday
24	Christmas	25th December, 2015	Friday

Note :- (1) The Following days have not been notified as General Holiday as they fall **on Sunday**.

1	Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday)	4th Janudary, 2015	Sunday

Note :- (2) Holiday's which shown at Sr. No. 6 and 17 are falls on 4th Saturday. Hence, actual Number of Holidays are only Twenty Two (22).

(3) If any of the Muslim Holidays notified above, does not fall on the day notified, the Muslim Government Employees may be granted an **OPTIONAL HOLIDAY** on the day on which the holiday is actually observed.

Note :- (3) In addition to the holidays notified above, Government Servants may avail of maximum of any Two Optional Holiday on the Festival Occassions for the Year-2015 at their option and irrespective of their religious denomination. Permission for availment of those optional holidays should however be applied for in advance and will normally be granted by the office competent to grant Casual Leave with the due regard to exigencies to Government work. This leave of Two days taken by the Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Godhra, 29th January, 2015.

HITEN B. BHATT,
Principal District Judge,
Panchmahals at Godhra.

Read :

(1) Hon'ble High Court of Gujarat letter No. C.2103/2015, dated 02-02-2015.

(2) This Office Notification No. B.8/1/269/2015, dated 20th January, 2015.

Notification

No. B-8/1/482/2015.— In view of Hon'ble High Court letter, cited in the preamble at Sr. No. 1 and in partial modification of this office notification, cited in the preamble at Sr. No. 2, the undersigned is pleased to declare the following days as Holidays.

1. 09th November, 2015 (Monday)
2. 10th November, 2015 (Tuesday)
3. 16th November, 2015 (Monday)

And in lieu thereof, following days are declared as working days for this District Court, inclusive of all its offices and Subordinate Courts of Banaskantha Judicial District :-

1. 27th June, 2015 (4th Saturday)
2. 25th July, 2015 (4th Saturday)
3. 22nd August, 2015 (4th Saturday)

Palanpur, 4th February, 2015.

A. C. JOSHI,
Principal District Judge,
Banaskantha-Palanpur.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/જા.ના.-૧૩/વશી-૧૨૧૮ થી ૧૨૮૦/૨૦૧૫.—બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી વગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીઓની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે. અથવા તો, ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે, તેવી લાલચ આપવા જેવી પ્રવૃતિઓ કરી રહેલ હોવાનું જણાઈ આવેલ છે.

આથી હું, દિલિપ રાણા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ કલેકટર કચેરી (જિલ્લા સેવા સદન), જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી કે જ્યાં મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અને તમામ સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટ પ્રમાણમાં જાહેર જનાતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

ઉક્ત હુકમ તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૪થી તા. ૯મી એપ્રિલ, ૨૦૧૫ (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સબબ જો કોઈપણ વ્યકિત કે ઈસમ ઉપર મુજબના નિયમોનો ભંગ કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/જા.ના.-૧૪/વશી-૧૨૮૧-૧૩૪૦/૨૦૧૫.– બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, તથા બોર્ડર પર આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ- અમીરગઢ, અંબાજી, ગુંદરી, થાવર અને થરાદ ખાતે દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો / અરજદારો અલગ અલગ કામ અર્થે જેવા કે, લાયસન્સ સંબંધિત, વાહનની નોંધણી સંબંધિત તથા નોંધણી બાદની કાર્યવાહીઓ, ટેક્ષ ભરવાની કાર્યવાહીઓ, વાહન કોઈ ગુનામાં પકડાય ત્યારે દંડ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધિત કાર્યવાહીઓ વિગેરે માટે આવે છે. તા. ૧લી જુલાઈ, ૧૯૮૯ પછી કાયદેસર એજન્ટ પ્રથા નથી આ છતાંય ઘણીવાર અરજદારો / નાગરિકો જ્યારે કચેરીના કંપાઉન્ડમાં પ્રવેશે છે. તે સમયે કચેરીની આસપાસ અથવા નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની સાથે છેતરપીંડી કરીને અથવા ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને / લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવી કેટલાક અનઅધિકૃત ઈસમો આવી પ્રવૃતિઓ કરીને અરજદાર સાથે છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે.

આથી હું, દિલિપ રાણા, (આઇ. એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી તથા જિલ્લામાં આવેલ આર.ટી.ઓ. ચેક પોસ્ટ અમીરગઢ, થરાદ, ગુંદરી તથા અંબાજી ખાતે કે રોજે રોજ જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે અરજદારો સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરી / ચેકપોસ્ટો પર આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

ઉક્ત હુકમ તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫થી તા. ૯મી એપ્રિલ, ૨૦૧૫ (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

દિલિપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા - પાલનપુર.

હુકમ

ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/જાહેરનામું/વશી.-૧૪૨૪ થી ૧૪૫૮/૨૦૧૫.–નવસારી જિલ્લામાં રેલ્વે તથા માર્ગ મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી હોવાથી જિલ્લામાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષાઓનો બહોળો ઉપયોગ કરતા હોવાથી નાગરીકો સાથે છેતરપીંડી, ખિસ્સાકાતરું, મોબાઈલ ફોન તથા અન્ય કિંમતી સામાનની ચોરી ચીલઝડપ, લુંટ/ધાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટોરીક્ષા નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉકત પ્રકારના ગુન્હાઓ બનતા અટકાવવા બનેલ બનાવોને શોધી કાઢવા જાહેર જનતાની સલામતી જળવાય રહે તે માટે ઓટો રીક્ષાઓમાં મુસાફરી કરતા મુસાફરોને ઓટો રીક્ષા નોંધણી નંબર, વાહન ચાલકનું નામ/સરનામું તથા પોલીસ કંટ્રોલ રૂમનો નંબર સહેલાઈથી જોઇ શકે તે રીતનું આયોજન કરવાના હેતુસર નવસારી જિલ્લાની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષાઓમાં મુસાફરી કરતા મુસાફરો સહેલાઈથી જોઇ શકે તે રીતે ચાલકની સીટની પાછળના ભાગે રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર, વાહન ચાલકનું નામ/સરનામું સંપર્ક નંબર ફરજીયાત લખવા આદેશ કરું છું.

હુકમ

હું, રેમ્યા મોહન, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો, કલમ-૩૩ (૧) (એ) ધી ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૧ હેઠળ મળેલ અધિકારની રૂએ નવસારી જિલ્લાની હદ વિસ્તારમાં ઓટો રીક્ષા ફેરવી ધંધો કરતાં વાહન ચાલકનું નામ, સરનામાં તથા સંપર્ક નંબર ડ્રાઈવર સીટની પાછળના ભાગે ૬'' × ૧૮'' (ઇંચ)ની માપના પતરા અથવા એક્રેલીક (પ્લાસ્ટીક)ના સફેદ કલરના બોર્ડ ઉપર લાલ રંગની બોર્ડર અને લાલ રંગના અક્ષરોમાં વાહન નંબર, વાહન ચાલકનું નામ, સરનામાં, સંપર્ક નંબર તેમજ આપાતકાલિન સંપર્ક નંબર તરીકે પોલીસ કંટ્રોલ નંબર તરીકે પોલીસ કંટ્રોલ રૂમનાં નંબરો સ્પષ્ટ વાંચી શકાયા તે રીતે ફરજીયાત લખવો સદર હુકમનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ કલમ-૧૮૮, ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ મુજબ ધોરણસર કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૯મી એપ્રિલ, ૨૦૧૫ (બંને દિવસો સહીત) માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડયો.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામુ

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

ક્રમાંક એમએજી/પીઓએલ/એસ.આર. નં. ૧૧/૨૦૧૫.-હાલમાં અમદાવાદ જિલ્લા સહીત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઇન ફલ્યુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) નોરોગચાળો ફેલાઇ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણોમાં ખાસ કરીને ઠંડી લાગવી, તાવ આવવો, કફ, ઉલ્ટી થવી, ગળામાં ખરેરાટી પડવી, શરીરમાં દુ:ખાવો થવો, માથામાં ગંભીર દુ:ખાવો થવો, ઉધરસ આવવી અને નબળાઇ અનુભવવી વિગેરે છે. આ રોગચાળા ના વિષાણુઓ ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો

INDEX

હોય તેવા સ્થળોએ મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેંફસાને અસર કર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોય, એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ઝડપથી ફેલાઇ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું રાજકુમાર બેનીવાલ, જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની રૂએ ફરમાવુ છું કે,

(૧) સમગ્ર અમદાવાદ જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાઅધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઇપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઇ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

- આવા પ્રસંગોએ નીચે મુજબની વ્યવસ્થા પરવાનગી મેળવનારે ફરજિયાત કરવાની રહેશે.
- તેઓએ વિનામુલ્યે માસ્ક આપવાના રહેશે.
- તેમજ તેના નિકાલની વ્યવસ્થા જેવી સગવડો કરવાની રહેશે.
- સાબુ વગેરેથી હાથ ધોવાની સુવિધા તથા સ્વાઇન ફ્લ્યુની જાણકારી માટે બોર્ડ વગેરે મુકવાના રહેશે.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટોરંન્ટ મીઠાઇ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી/ફળફળાદીના ધંધાર્થીઓને શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા રાખવા કે તેવી વસ્તુઓના ટુકડા કરી વેચાણ ન કરવું.

(૪) ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલા હાથની યોગ્ય સફાઇ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) કોઇપણ વ્યક્તિને સ્વાઇન ફલુ ઇન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યક્તિએ દર્દીની સંપૂર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

વિસ્તાર

આ જાહેરનામું સમગ્ર અમદાવાદ જિલ્લા મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

અપવાદ :

એ. ઉપર્યુકત ખંડ-૧ માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી મંજુરી મેળવેલ હોય,

બી. સરકારશ્રી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતા કોઇપણ કાર્યક્રમો.

સી. લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે સરકારશ્રી દ્વારા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમોને આ હુકમની જોગવાઇઓ લાગુ પડશે નહી.

આ જાહેરનામાંનો કોઇપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું આજ તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તા. ૨૨મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રાજકુમાર બેનીવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૬૮૪ થી ૭૦૯/૨૦૧૫.–હાલનાં પ્રવર્તમાન સંજોગો તેમજ તાજેતરમાં ભુતકાળના બનાવો ધ્યાને લેતાં તાપી જિલ્લામાં બહારના રાજ્યમાંથી તથા દેશ બહારથી આતંકવાદી અને સમાજવિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તાપી જિલ્લામાંથી સુરત-ધુલીયા નેશનલ હાઈવે પસાર થાય છે. જેની ઉપર હોટલો/ઢાબા આવેલ છે. આવી સમાજ વિરોધી પ્રવૃત્તિ કરીને ત્યાં ગુનેગાર રોકાઈ શકે છે. આવા ભાગતાં ગુનેગાર નજીકમાં પેટ્રોલ પંપ ઉપર ઈંધણ પુરાવવા ઉભા રહી શકે છે. વિશેષમાં હાઈવે ઉપર ટોલનાકામાંથી ભાગેડુઓ પસાર થવાની જરૂરિયાત રહે છે. જેથી માનવ જિંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો તેમજ તમામ પેટ્રોલ પંપો, હાઈવે પરના ટોલનાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટ વિગેરે જગ્યાઓ ઉપર આવા બનાવો ભૂતકાળમાં બનવા પામેલ છે. જેના પરિણામે લોકોની સલામતિ સાચવવી તેમજ જાન-માલને થતું નુકશાન અટકાવવું ખૂબ જ જરૂરી છે. આથી ઉપરોક્ત દર્શાવેલ સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા મુકવા માટે પોલીસ અધિક્ષકશ્રી, તાપી દ્વારા દરખાસ્ત મોકલવામાં આવેલ છે. જે નિગાહે લેતાં સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી જણાય છે.

તાપી જિલ્લાના મુખ્ય મથકે તેમજ તાલુકા મથકો પર આવેલ તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો તેમજ તમામ પેટ્રોલ પંપો, વિગેરે જગ્યાઓ આવા બનાવો બનતા અટકાવા કેટલાક પર નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા

INDEX

મેજિસ્ટ્રેટ, વ્યારા, જિલ્લા તાપી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, તાપી જિલ્લાનાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ ATM સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, તેમજ તમામ પેટ્રોલ પંપો તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, હાઈવે પરનાં ટોલનાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટના માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમનાં ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાનાં રહેશે. તથા પ્રવેશ દ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યા તથા જાહેર પ્રચાર માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેંજના નાઈટ વિઝનવાળા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાનાં રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાલ ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા લગાવવા તથા સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ મકાનનો ઉપયોગ શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઇ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઇ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શન કાઉન્ટર, લોબી બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ (ક. ૦૦-૦૦) થી તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૧૫ (ક. ૨૪-૦૦) સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હંગામી જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૩(૧)(બી) અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૭૧૦થી ૭૨૬/૨૦૧૫.–ચીફ ઓફિસરશ્રી નગર પાલિકા વ્યારાના પત્ર નં. ૨૦૪૦/૦૯/૧૦, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૦માં જણાવ્યા મુજબ વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ–સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં આખો દિવસ વધુ પ્રમાણમાં ટ્રાફિક રહે છે. પીક અવર્સના સમય દરમ્યાન ટ્રાફિકની ઘણી મુશ્કેલી પડે છે. વધુમાં આ સમય દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં માલ વાહક ભારેવાહનોના પ્રવેશ થવાથી ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બને છે. પરિણામે જાહેર જનતાને અવર જવર કરવામાં પણ હાડમારી વેઠવી પડે છે. જાહેરહિતમાં આ સમસ્યાનું નિવારણ કરવું જરૂરી જણાય છે. આ બાબતે પોલીસ અધિક્ષકશ્રી, તાપી મારફત તપાસ કરાવી અભિપ્રાય મેળવતા તેમણે પણ આ બાબતને પુરતુ સમર્થન આપેલ છે. જેથી વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ–સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને અવર જવર કરવામાં કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે ઉપરોક્ત વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ કંપનીના તેમજ વેપાર માટેના માલવાહતુક ભારે વાહનો માટે પ્રવેશબંધી કરવી યોગ્ય જણાતી હોય ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબનું જાહેરનામું અત્રેથી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ બહાર પાડવામાં આવેલ. જેની મુદત પૂર્ણ થયેલ હોય મને મળેલ સત્તાની રૂએ, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા ઉપર જણાવ્યા મુજબના વિસ્તારોમાં નીચેની વિગતે ટ્રાન્સપોર્ટના ભારે માલવાહતુક વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય મોટા વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી.

(૨) જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ-સુરત બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં દરરોજ સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન માલવાહતુક, ટ્રાન્સપોર્ટના ભારે મોટા વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય ભારે અને મોટા વાહનોના પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૭૨૭ થી ૭૫૩/૨૦૧૫.–તારીખ ૧૨મી જુન, ૨૦૦૯નાં રોજ સુરત શહેરમાં એક વિદ્યાર્થીની ઉપર થયેલાં સામૂહિક બળાત્કારના બનાવને ધ્યાને લેતા તેમજ અન્ય જિલ્લાઓમાં પણ આવા બનાવો અવાર-નવાર બને છે. અત્રેના જિલ્લામાં પણ આવા બનાવો બનવાની શક્યતાં રહેલી છે. શહેરી વિસ્તારોમાં ટ્યુશનનાં કલાસીસો વહેલી સવારથી મોડી રાત્રી સુધી ચાલુ રાખવામાં આવે છે. પરિણામે વિદ્યાર્થીઓને વહેલા-મોડા અભ્યાસ અર્થે આવન-જાવન કરવું પડે છે. વિદ્યાર્થીનીઓ પણ આવા ટ્યુશન કલાસીસોમાં વહેલા-મોડા એકલી આવજાવ કરતી હોય છે. જેનાં પરિણામે કેટલાંક અસામાજીક તત્ત્વો એકલતાનો લાભ લઈ ગેરકાયદેસર કૃત્યો કરતા હોય છે. જેને કારણે બળાત્કાર, છેડતી જેવા કિસ્સાઓ બનવાની શક્યતા રહેલ છે. તેમજ વિદ્યાર્થીઓના જાનને જોખમ રહે છે. આ બાબતે તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ અત્રેથી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ, જેની મુદત પૂર્ણ થયેલ છે. તાજેતરની પરિસ્થિતિ જોતા વહેલી સવારે અને મોડી સાંજ સુધી ચાલતા ટ્યુશન કલાસીસોનાં સમયમાં ફેરફાર કરવો અનિવાર્ય જણાય છે.

વાસ્તે, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) તાપી જિલ્લા વિસ્તારમાં કોઇ પણ મથકોએ સવારે ૭-૦૦ કલાક પહેલા તથા સાંજે ૭-૦૦ કલાક બાદ કોઇ પણ ટ્યુશન કલાસીસો ચાલુ રાખી શકાશે નહીં કે વિદ્યાર્થીઓને ટ્યુશન કલાસીસોમાં અભ્યાસ અર્થે બોલાવી શકાશે નહીં.

(૨) ટ્યુશન કલાસીસોની આજુબાજુ ૨૦૦ મીટર સુધી ૪ કે તેથી વધુ વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહીં.

(૩) શાળા-કોલેજનાં કમ્પાઉન્ડમાં ૨૦૦ મીટર સુધી શાળા કોલેજોના વિદ્યાર્થીઓ સિવાય અન્ય ત્રાહિત વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ કસૂરવાર સામે પગલાં લેવા કાર્યવાહી કરવામાં આવશે. ગુનો સાબિત થયે એક માસની કેદ અથવા ₹ ૨૦૦/-નો દંડ અથવા બંને સજા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/કલમ-૧૪૪/વશી- ૮૩૪ થી ૮૬૨/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને તાજેતરમાં બનેલા કેટલાક ગંભીર બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા તમામ ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટ (કોમર્શીયલ કોમ્પ્લેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃત્તિ કરે છે, જેથી, માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતિમાં જોખમ ઉભું કરે છે.

બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી, ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલિકો ઉપર નિયંત્રણ મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) તાપી જિલ્લામાં કોઈ રહેણાંક મકાન / દુકાન / ઓફિસ કે ઔદ્યોગિક એકમોની માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન/ ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન / દુકાન / ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે. તેવા મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો / સંચાલકોએ માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીને દિન–૭માં આપવાની રહેશે.

(૨) તાપી જિલ્લામાં કોઈ મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ જે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો / સંચાલકોએ જે તે વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીને દિન–૭માં આપવાની રહેશે.

INDEX

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અનું. નંબર	મકાન/જગ્યા/ દુકાન માલિકનું સરનામું, ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/જગ્યા/ દુકાન/ઓફિસની વિગત કયા વિસ્તારમાં કેટલાં ચો.મી. બાંધકામ	મકાન/જગ્યા/ દુકાન ભાડે આપવા માટે સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	મકાન/જગ્યા/ દુકાન જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ અને ભાડાની રકમ	જે વ્યક્તિને		જે વ્યક્તિને ભાડે આપેલ છે તેમના મૂળ વતનનું સંપૂર્ણ સરનામું તથા બે થી ત્રણ સગા સંબંધીઓના નામ/સરનામાં, ટેલીફોન/ મોબાઈલ નંબર સહીત	મકાન/જગ્યા/ દુકાનના માલિક/ સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું પુરૂં નામ/ સરનામું/ટેલીફોન/ મોબાઈલ નંબર સહીત	મકાન/જગ્યા/ દુકાન ભાડે આપેલ છે, તે લીવ લાયસન્સ કરારથી આપેલ છે કે કેમ ? તેની વિગત
				ભાડે આપેલ છે તેનું પુરૂં નામ, હાલનું સરનામું (ફોટા સાથે) ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	ભાડે લેવાનો હેતુ (જે ધંધાર્થે હોય તે) શાનો ધંધો ?			
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૧૫ સુધી બંને દિવસો સહીત ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અર્જુનસિંહ બી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
તાપી–વ્યારા.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૩૬૬ થી ૧૩૭૮/૨૦૧૫.–ભરૂચ મુકામે નર્મદા નદી ઉપર આવેલ જુના સરદાર બ્રિજની કમાનો ખરાબ થતા તેનું રીપેરીંગ કામ ચાલુ છે.જેના કારણે ભરૂચ ગોલ્ડન બ્રીજ પરથી હળવા વાહનો કે જે વડોદરાથી સુરત તરફ અને સુરત તરફથી વડોદરા તરફ પસાર થાય છે. જેમાં ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે. જેની સીધી અસર ભરૂચના આંતરિક વાહન વ્યવહારને પણ થાય છે. જેથી સદર ટ્રાફીક ને હળવો કરવા માટે હંગામી ધોરણે વડોદરા તરફથી આવતા સુરત તરફ જતા ફોર વ્હીલ ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, (જી.એ.એસ.)અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫ નાં ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં ૦૦-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે ભરૂચ તરફથી અંકલેશ્વર તરફ જતા ફોર વ્હીલ વાહનોને ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મુકવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશેં.

(૧) વડોદરા તરફથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હીલ વાહનો નર્મદા ચોકડીથી ઝાડેશ્વર ચોકડી થઈને જુના સરદાર બ્રિજ ઉપરથી અંકલેશ્વર/ સુરત તરફ જઈ શકશે.

(૨) ભરૂચ શહેરમાંથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હીલ વાહનો ઝાડેશ્વર ચોકડી થી જુના સરદાર બ્રિજ થઈને અંકલેશ્વર/સુરત તરફ જઈ શકશે.

ગોલ્ડન બ્રિજ પરથી ફક્ત અંકલેશ્વર/સુરત તરફથી આવતા લાઈટ મોટર વ્હીકલ વાહનો પસાર થઈ શકશે.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ ₹ ૨૦૦/-સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી-૭૬૪ થી ૭૮૨/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે

INDEX

જોવાની ખુબ જ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવાના હેતુથી હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના ૮-૦૦ કલાકથી તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા મનાઈ છે.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ દ્વારા જેઓને શારીરિક અશક્તિ છે, તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સહિતા -૧૮૬૦ના ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૪૮૪/૨૦૧૫.-હાલમાં ભરૂચ જિલ્લા સહીત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફલુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) નોરોગચાળો ફેલાઈ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણોમાં ખાસ કરીને ઠંડી લાગવી, તાવ આવવો, કડ, ઉલ્ટી થવી, ગળામાં ખરેરાટી પડવી, શરીરમાં દુઃખાવો થવો, માથામાં ગંભીર દુઃખાવો થવો, ઉધરસ આવવી અને નબળાઈ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુઓ ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળોએ મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેંફસાને અસર કર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોય, એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાઈ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું પંકજ ઔંધિયા, (ઈ.ચા.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની રૂએ ફરમાવુ છું કે,

(૧) સમગ્ર ભરૂચ જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ અધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટોરંન્ટ મીઠાઈ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી/ફળફળાદીના ધંધાર્થીઓને શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા ન રાખવા કે તેવી વસ્તુઓનું ટુકડા કરી વેચાણ ન કરવું.

(૪) ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલા હાથની યોગ્ય સફાઈ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) કોઈપણ વ્યક્તિને સ્વાઈન ફલુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યક્તિએ દર્દીની સંપૂર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

INDEX

વિસ્તાર

આ જાહેરનામુ સમગ્ર ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

અપવાદ :

એ. ઉપર્યુકત ખંડ-૧ માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી મંજુરી મેળવેલ હોય,

બી. સરકારશ્રી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતા કોઇપણ કાર્યક્રમો.

સી. લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે સરકારશ્રી દ્વારા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમોને આ હુકમની જોગવાઇઓ લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું આજ તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તા. ૨૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પંકજ ઔંધિયા,
ઇ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

નંબર એમએજી/ઓટો રીક્ષા/જાહેરનામું/વશી/૧૦૧૧/૨૦૧૫.- સુરત જિલ્લો ઔદ્યોગિક રીતે વિકસીત જિલ્લો છે. જેથી જિલ્લામાં રેલ્વે, માર્ગ તથા હાઇ-વે મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. જિલ્લામાં આવતા-જતા મુસાફરો ઓટો રીક્ષાઓનો બહોળો ઉપયોગ કરે છે. નજીકના ઇતિહાસમાં ઓટો રીક્ષામાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીંડી, ખિસ્સાકાતરૂ, મોબાઇલ ફોન તથા અન્ય કિંમતી સામાનની ચોરી, ચીલઝડપ, લૂંટ/ધાડ, મહિલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટોરીક્ષા નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણ શોધાયેલ રહે છે.

ઉપરોકત પ્રકારના ગુન્હાઓ બનતા અટકાવવા, બનેલ બનાવોને શોધી કાઢવા અને જાહેર જનતાની સલામતી જળવાઇ રહે તે માટે સુરત ગ્રામ્ય વિસ્તારમાં ચાલતી તમામ ઓટોરીક્ષામાં મુસાફરી કરતા મુસાફરોને ઓટોરીક્ષા નોંધણી નંબર, વાહન ચાલકનું નામ/સરનામું અને પોલીસ કંટ્રોલ રૂમનો સંપર્ક નંબર સહેલાઈથી જોઇ શકે તે રીતે ચાલકની સીટની પાછળના ભાગે લખવાનું જરૂર જણાતા સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક જાહેરનામું અત્રેના નંબર : એમએજી/ઓટો રીક્ષા/જાહેરનામું/વશી.૮૯૭૯/૧૪, તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ બહાર પાડવામાં આવેલ જેનો મુસદ્દો સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર કોઇપણ ઇસમ તરફથી લેખિત વાંધા અગર સુચનો મંગાવેલ. આ પ્રાથમિક જાહેરનામાંનો મુસદો ગુજરાત સરકારશ્રીના સરકારી ગેઝેટ ભાગ-૧, સપ્લીમેન્ટ ટુ ધી સેન્ટ્રલ ગેઝેટ એન્ડ સેન્ટ્રલ સેકશન તા. ૨જી ઓકટોબર, ૨૦૧૪માં પાના નંબર-૧૩૮૬ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. આ પ્રાથમિક જાહેરનામાંના સંદર્ભમાં જિલ્લાના કોઇપણ ઇસમ તરફથી કોઇપણ જાતના વાંધા કે સુચનો અત્રે રજુ કરવામાં કે મોકલવામાં આવ્યા નથી.

સબબ, સદરહું પ્રાથમિક જાહેરનામાનું હવે આખરી જાહેરનામું નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આખરી જાહેરનામું

આથી હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઓટોરીક્ષા ફેરવી ધંધો કરતા રિક્ષાના માલીકો/ચાલકોએ પોતાનું નામ/સરનામું તથા સંપર્ક નંબર ડ્રાઇવરની સીટના પાછળના ભાગે ૬'' × ૧૮'' (ઇંચ) માપના પતરા અથવા એક્રેલીક (પ્લાસ્ટીક)ના સફેદ કલરના બોર્ડ ઉપર લાલ રંગની બોર્ડર અને લાલ રંગના અક્ષરોમાં વાહન નંબર, વાહન ચાલકનું નામ/સરનામું, સંપર્ક નંબર તેમજ આપતકાલીન સંપર્ક નંબર તરીકે જિલ્લા પોલીસ કંટ્રોલરૂમના નંબરો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે ફરજીયાત લખવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૧ની કલમ-૧૮૮ મુજબ ધોરણસર કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/હોટલ ગેસ્ટ હાઉસ/એસ.આર.-૩/૨૦૧૫.–તાજેતરમાં થયેલ આતંકવાદી હુમલા તેમજ આગામી દીવસોમાં ધાર્મિક તહેવારો આવતા હોઇ ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પી.સી.ઓ. કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસતંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું, આર. આર. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ

જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) હોટલ, ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઇલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઇ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફર ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખ કાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનું આઇ. કાર્ડ વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબર કાફે ઇત્યાદિના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઇએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઇપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઇ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઇ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ઢાબાના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ/ગેસ્ટ હાઉસ (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ જાહેરનામું તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/એસ.આર.-૪/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના રહેણાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એકમો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનાવા પામ્યા અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, આર. આર. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અ માં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે તથા જ્યારે જ્યારે કોઈ મકાન માલિક/એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન આપશે અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહિત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે અને એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (₹)	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મૂળ રહેવાસી, ધંધો, ધંધાનું સ્થળ તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સાયબર કાફે/એસ.આર./૫/૨૦૧૫.– તા. ૧૩મી જૂન, ૨૦૧૧ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુંસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબર કાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતા સાયબર કાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રહિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી હોઈ, હું, આર. આર. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે;

(૨) આ રજિસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે;

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબર કાફે નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબર કાફેના સંચાલક/માલિકની નિયત કરવામાં આવે;

(૪) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ, વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી સાયબર કાફેના દફ્તરમાં રાખવી;

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબર કાફે જે તે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહીં તેમજ આવી સાયબર કાફે કોઈપણ પ્રકારના દિવાની હક્ક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે;

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબર કાફેના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો, વિગેરેની હકીકતો તેમજ આવી સાયબર કાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી;

INDEX

(૭) સાયબર કાફે ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે;

(૮) સાયબર કાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ જાહેરનામું તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડી.સી./એમએજી/ઘરઘાટી/એસઆર-૭/૨૦૧૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી, લુટ, ખુન, જેવા ગુન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટીઓ જાહેર સુલેહશાંતિને કેટલાક માણસોની જિંદગી ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે. મહદ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે અને તેઓ વિષે માલિક પાસે અગર પોલીસ પાસે માહીતી હોતી નથી પરિણામે તેઓને પકડવામાં મુશ્કેલભર્યુ બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરીએ રાખતાં માલિકો ઉપર થોડુ નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, આર. આર. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

આ જાહેરનામું તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વેયેનું.

નંબર ડીસી/એમએજી/મજુર/એસ.આર./૮/૨૦૧૫.—અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તથા બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવારનવાર ધાડ, લુંટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત રાજ્ય બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજુરો કડીયાકામની મજુરી કામ માટે આવતા હોય છે. બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજ્યના તેમજ રાજ્ય બહારના મોટા ભાગના મજુરો આ કડીયાકામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે. અને આ મજુરો જે તે સાઈડો ઉપર જ રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટે જે તે વિસ્તારના મુકાદમો અથવા સાઈડના કોન્ટ્રાકટરો લાવતા હોય છે, પરંતુ તેઓની નોંધણી પોલીસ સ્ટેશનોમાં કરાવતા નથી. રાજ્યના તથા રાજ્ય બહારના આવા મજુરો જ્યાં રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને લુંટ, ધાડ, ઘરફોડ, ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે, અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, આર. આર. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈડ ઉપર આવનાર દરેક મજુર/કારીગરોના નામ/સરનામાં અંગેની રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/અંગૂઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

INDEX

(૨) આ રજિસ્ટરમાં પુરૂષ મજુરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ, નામ/સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલિફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/કારીગરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટો કોપી સાઈટના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈટ ઉપર મજુર/કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમિત આપવાની રહેશે.

આ જાહેરનામું તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ભંગારીયા/એસ.આર.-૯/૨૦૧૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઈ.ડી.સી., વિરમગામ જી.આઈ.ડી.સી., અસલાલી જી.આઈ.ડી.સી., ચાંગોદર જી.આઈ.ડી.સી., બાવળા જી.આઈ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો. સ્ટે. વિસ્તારમાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, ચોરી જેવી મિલકત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન તથા મધ્યપ્રદેશના વતનીઓ છે. અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લૂંટ, મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે છે, પરંતુ અમુક ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનું પાલન કરીને કરે જેથી કાયદો વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું, આર. આર. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકી પણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયલન્સ સર્ટી. લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારનો ધંધામાં જેટલા માણસો કામે રાખેલા હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઇસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઇ.ડી.પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઇસમોએ કોઇ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવેલ ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઇસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યકિતના આઇ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાંની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) જ્યારે કોઇપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી. બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશન જાણ કરાવની રહેશે.

(૮) આ જાહેરનામું બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાથી પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામું તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તા. ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સી.સી.ટીવી કેમેરા/જા.ના.એસ.આર./૧૦/૨૦૧૫.–ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભુતકાળમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોના હાની પહોંચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્ત્વો રાજ્ય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઇને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઇ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા-પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

જિલ્લામાં થતા આવા ગુનાઓ અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર-જવર વાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો, ગુનેગારો, ગુનાઓમાં વપરાયેલ વાહનો આઇન્ડેન્ટીફાઇ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો, હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરે રેકોર્ડિંગ સિસ્ટમ સાથે રાખવાનું જણાતું હોઈ,

હું, આર. આર. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપીંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલ પ્લાઝાના માલિકો/ઉપભોકતા/વહીવટ કર્તાઓએ ગાડીના નંબર દેખાય, ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રેકોર્ડીંગ થાય, આવતી જતી વ્યકિતઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે અને રેકોર્ડિંગ ૧૫ દિવસ સુધી રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સી.સી. ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડિંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૮ એપ્રિલ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

આર. આર. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી-૪૭૦૦ થી ૪૭૦૮/૨૦૧૪.—જિલ્લામાં આગામી નાતાલના તહેવારને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ–૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. એમ. ગામીત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ફરમાવું છું કે, ડાંગ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૫ના સમય માટે ૪ (ચાર) કરતાં વધુ માણસોની સભા ભરવી નહીં કે, બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં તેમજ ૪(ચાર) કરતાં વધુ વ્યક્તિઓ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા દેવળમાં પ્રાર્થના કરતી બોનોફાઈડ વ્યક્તિઓ.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી-૪૭૦૯ થી ૪૭૨૧/૨૦૧૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, સી. એમ. ગામીત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, જિલ્લામાં આગામી નાતાલના તહેવારને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૫ના સમય માટે (આ દિવસો સહિત) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી,ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (એક) મુજબ ઓછામાં ઓછી ૪ (ચાર) માસની અને વધુમાં વધુ ૧ (એક) વર્ષ સુધી કેદની સજા થશે.

આજ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૪નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

સી. એમ. ગામીત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, સિદ્ધપુરની તા. ૧/૪/૨૦૧૦થી તા. ૩૧/૩/૨૦૧૨ના ઓડિટ સમયની રજુ કરેલી અન્વેષણ નોંધ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૩) અત્રેનો તારીખ ૨૩/૩/૨૦૧૩ના પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૭૦/૨૦૧૩થી આપવામાં આવેલ ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૩૦૩૬/૩૮૦૭/૨૦૧૪.– ધી વિરમાયાનગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ.તા. જિ. પાટણ એ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયેથી નોંધાયેલ સહકારી મંડળી છે. આ સહકારી મંડળી તેના ઉદ્દેશ મુજબ કામગીરી કરતી ન હોઈ મંડળીના કાર્યવાહકોને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા માટે આમુખ (૩) વાળા પત્રથી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીનો ઓડિટ વર્ગ-ડ છે.

(૨) મંડળી તા. ૧૪/૧૦/૯૩થી નોંધાયેલ છે. પરંતુ માલિકીની જમીન નથી.

(૩) મંડળી જ્યારથી નોંધાયેલ છે ત્યારથી આજદિન સુધી ઉદ્દેશો મુજબ કોઈ કામગીરી કરેલ નથી. મંડળી સ્થગિત અવસ્થામાં છે.

(૪) તપાસણી સમય દરમ્યાન ફક્ત એક જ વખત વ્યવસ્થાપક કમિટીની બેઠક મળેલ છે. એકપણ વાર્ષિક સાધારણ સભા ભરેલ નથી. જે જોતાં સભાસદોને તથા હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૫) મંડળીના અગત્યનાં રજિસ્ટરો જેવા કે સભાસદ રજિસ્ટર, શેર રજિસ્ટર, શેર ખાતાવહી અધુરા છે.

(૬) મંડળીના આંતરિક ઓડીટરશ્રીએ હિસાબોની તપાસણી કરેલ નથી.

(૭) ઓડિટ મેમાની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી કે દુરસ્તી રિપોર્ટ સંબંધિત ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી.

(૮) મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતાં અત્યંત નાજુક છે. દર વર્ષે ખોટનું પ્રમાણ વધતું જાય છે.

ઉપરોક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જતાં અગાઉ સંદર્ભ (૩) વાળા પત્રથી કારણદર્શક નોટીસ પાઠવી તા. ૯/૪/૧૩ના રોજ આ કચેરી એ હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. જે સંદર્ભે મંડળીના સભ્યોએ હાજર રહી કારણદર્શક નોટિસનો જવાબ રજુ કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકો અને સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો ન હોઈ તેમજ મંડળી હાલમાં સ્થગિત અવસ્થામાં છે. મંડળી પોતાના ઉદ્દેશો મુજબની કોઈ પ્રવૃત્તિ કરતી ન હોઈ મંડળી તેમજ સભાસદોના હિતમાં નીચે મુજબનો ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું એસ.આર.પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં.(હાઉસીંગ) મહેસાણા, મને મળેલી સત્તાની રૂએ ધી વિરમાયાનગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા.જિ. પાટણ, ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. ધ-૧૨૩૯૭ તા. ૧૪/૧૦/૧૯૯૩ને ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (૨) અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપુ છું તથા સદર કાયદાની-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણૂંક કરૂં છું.

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કોઈ ચુક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

મહેસાણા, તારીખ ૨૪મી ડિસેમ્બર, ૨૦૧૪.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
મહેસાણા.

નંબરઃ નધણ/વીએલડી/સા-૮૨૫૦/ચ/૪૨૨/૩૦૭૯/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે ભાનુહીલ્સ બી-વીંગ કો.ઓ.હા.સર્વિસ સો.લી.આર.કે. કોલેજ સામે, કોપરલીરોડ, છરવાડા, વાપી, તા. વાપી, જિ. વલસાડને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

નંબરઃ નધણ/વીએલડી/સા-૮૨૫૧/ચ/૪૨૪/૩૦૮૦/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે ભાનુહીલ્સ ડી-વીંગ કો.ઓ.હા.સર્વિસ સો.લી.આર.કે. કોલેજ સામે, કોપરલીરોડ, છરવાડા, વાપી, તા. વાપી, જિ. વલસાડને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪.

નંબરઃ નધણ/વીએલડી/ઘ-૨૫૧૩૬/ચ/૪૩૨/૩૦૯૧/૨૦૧૪.– આથી જાહેર કરે છે કે શિવશકિત કો.ઓ.હા.સર્વિસ સો.લી. રેસી પ્લોટ નંબર-૩૦૩/એચ/૨ જી.આઈ.ડી.સી., વાપી, તા. વાપી, જિ. વલસાડને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪.

INDEX

નંબરઃ નધણ/વીએલડી/સા-૮૨૫૨/ચ/૪૩૪/૩૦૯૦/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે કલ્પસિદ્ધિ કો.ઓ.હા.સર્વિસ સો.લી. ડ્રીમલેન્ડ સામે, તીથલરોડ, વલસાડ, જિ. વલસાડને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હા),
વલસાડ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નંબર -ડીએનજી-ઉ-૧૬૧૫૩/૨૦૧૪.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, પુજ્ય માં શબરી ડાંગ પ્રદેશ માલીકી ઝાડો-કાપનારી જંગલ કા. સહકારી મંડળી લી., સ્થળ આહવા, તાલુકો આહવા જિલ્લા, ડાંગ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

આહવા, તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ-આહવા.

નં. જી.પં.સે.૩૭૦૧૧/૨૦૧૫.–જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી છોગાળા સેવા સહકારી મંડળી લી., મુ. છોગાળા મર્યાદિત સ્થળ, છોગાળા, તાલુકો, વિસનગર, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

નં. જી.પં.સે.૩૭૦૧૨/૨૦૧૫.–જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી હરસિદ્ધિ સેવા સહકારી મંડળી લી., મુ. વસાઈ, તા. સતલાસણા, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

નં. જી.પં.સે.૩૭૦૧૩/૨૦૧૫.–જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી ખરોડ સેવા સહકારી મંડળી લી., મુ. ખરોડ, તા. વિજાપુર, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

નં. જી.પં.સે.૩૭૦૧૪/૨૦૧૫.–જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી ગઢા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ગઢા, તા. મહેસાણા, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

નં. જી.પં.સે.૩૭૦૧૫/૨૦૧૫.–જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી આસોડા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. આસોડા, તા. વિજાપુર, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

બી. ડી.પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણાના તા. ૧-૯-૨૦૧૨ ના પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ/૧૩૨/૨૦૧૪ થી મળેલ ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૪૨૯/૨૦૧૪, તા. ૧૧-૯-૨૦૧૪ થી મંડળીની વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રીઓને R.P.AD. પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી કિસાન કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી. દેવીનાપુરાનો તારીખ ૨૬-૯-૨૦૧૪નો પત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૫) નામદાર સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

INDEX

હુકમ

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૫/૨૫/૨૦૧૫.–શ્રી કિસાન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. દેવીનાપુરા, તા. જિ. મહેસાણા જેનો નોંધણી ક્રમાંક : ઘ-૮૦૨૬, તા. ૧૪-૮-૨૦૧૪ થી નોંધાયેલ છે. આમુખ (૧) જણાવેલ વિગતે ઓડીટરશ્રીએ તા. ૧-૯-૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ખાસ વહીવટી અહેવાલ રજુ કરતાં આમુખ-(૨) માં જણાવેલ વિગતે મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રીઓને રજુઆત સબબ તા. ૧૧-૯-૨૦૧૪ થી કારણદર્શક નોટીસ R.P.AD. થી જાણ કરી એક માસના રોજ સુનાવણી મુકરર કરેલ હતી. જે મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારો હાજર રહી લેખિત/રૂબરૂ ફડચામાં લઇ જવા રજુઆત કરેલ હોઇ. જેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧)ના ખંડ-(એ) અન્વયે આમુખ-(૩) માં જણાવેલ વિગતે તા. ૨૬-૯-૨૦૧૪ થી સદર મંડળીને આમુખ(૫) થી મળેલ સત્તાની રૂએ આમુખ(૪)માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે મંડળીને ફડચામાં લઇ જવાના આમુખ-(૩) માં જણાવેલ તા. ૨૯-૬-૨૦૧૪ રજુઆત આધારે સદર મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું. અને સદરહુ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી, શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩(ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ઓડટર ગ્રેડ-૨, સહકારી મંડળી,(ન.જ.૪) મહેસાણાના તા. ૩૧-૭-૨૦૧૪ ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૪૫/૨૦૧૪ થી મળેલ ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૩૦/૨૦૧૪, તા. ૧૪-૦૮-૨૦૧૪ થી મંડળીની વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને R.P.AD. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર-ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૧/૧૮૫/૨૦૧૪, તા. ૨૫-૬-૨૦૧૪ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

(૫) નામદાર સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તઓ.

હુકમ

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૬/૨૬/૨૦૧૫.–શ્રી રેલ્વે સ્ટાફ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. મહેસાણા, તા. જિ. મહેસાણા જેનો નોંધણી ક્રમાંક : ઘ-૧૧૫૮૨, તા. ૧૧-૫-૧૯૮૨ થી નોંધાયેલ છે. આમુખ (૧) જણાવેલ વિગતે ઓડીટરશ્રીએ તા. ૩૧-૭-૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ખાસ વહીવટી અહેવાલ રજુ કરતાં આમુખ-(૨) માં જણાવેલ વિગતે મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રીઓને રજુઆત સબબ તા. ૧૪-૮-૨૦૧૪ થી કારણદર્શક નોટીસ R.P.AD. થી જાણ કરી એક માસના રોજ સુનાવણી મુકરર કરેલ હતી. જે મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારો હાજર રહી લેખિત/રૂબરૂ ફડચામાં લઇ જવા રજુઆત કરેલ હોઇ. જેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧)ના ખંડ- (એ) અન્વયે આમુખ-(૩) માં જણાવેલ વિગતે તા. ૨૯-૧૦-૨૦૧૪ થી સદર મંડળીને વચગાળાના આદેશથી ફડચામાં લઇ જઇ સદર વચગાળાના હુકમ સામે વાંધા-સૂચન હોય તો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદ્દેદારો તરફથી લેખિત/રૂબરૂમાં કોઇ વાંધાસુચન મળેલ ન હોઇ સદરહુ મંડળીને આમુક (૫) થી મળેલ સત્તાની રૂએ આમુખ(૪) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે મંડળીને ફડચામાં લઇ જવાના આમુખ-(૩) માં જણાવેલ તા. ૨૯-૧૦-૨૦૧૪ ના વચગાળાના હુકમને બહાલ રાખતો હુકમ કરૂં છું. અને સદરહુ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી, શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો)લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩(ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૫.

એચ. એસ. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હા),
મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક : નધણ/એમએસએન/સે-૪૩૪૪૩/સને ૨૦૧૪.-આથી જાહેર કરે છે કે, ધી સત્તાવીસ પાટીદાર સમાજ કો.ઓપ.ક્રેડીટ એન્ડ વિવિધલક્ષી સેવા સોસાયટી લી. મુ. રણછોડપુરા, તા. વિજાપુર, જિ. મહેસાણા કાર્યક્ષેત્ર સત્તાવીસ કડવા પાટીદાર સમાજના ગામ અને વિજાપુર તાલુકાની ૧૫ કિ.મી.ની ત્રિજ્યામાં આવતા ગામો પુરતું મર્યાદિત.

સને ૧૯૬૧ નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા(હા)-૮૩૦૭/સને ૨૦૧૪.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ધી આસ્થા એપાર્ટમેન્ટ કો.ઓપ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સ્થળ કુડાસણ, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને.

INDEX

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા(હા)-૮૩૦૮/સને ૨૦૧૪.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ગાયત્રી રેસીડેન્સી-I કો.ઓપ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સ્થળ રાંદેસણ, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સે(શ)-૪૩૦૧૧/સને ૨૦૧૪.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સરદાર પટેલ કો.ઓપ.ક્રેડીટ સોસાયટી લી. સ્થળ રાંધેજા-ગાંધીનગર તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સે(શ)-૪૨૬૪૮/સને ૨૦૧૪.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સંતશ્રી રૈદાસ કો.ઓપ.ક્રેડીટ & સપ્લાય સોસાયટી લી. સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૫૮૫/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી કશ્વી કોમ્પલેક્ષ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મુ. બાપુનગર, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩જી, જાન્યુઆરી ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે(શ)-૪૧૨૦૦/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી એસ.જી.વાય.એમ. કો. ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી., મુ. શાહીબાગ, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩જી, જાન્યુઆરી ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૨-૭-૨૦૧૧નાં જાહેરનામાં ક્રમાંક ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૯૬૫, તારીખ ૮-૬-૧૯૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૧૩-૧૧-૨૦૧૪.

(૫) અત્રેની કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૮૧૫/૨૦૧૪, તારીખ ૨૭-૧૧-૨૦૧૪.

(૬) અત્રેની કચેરીના તારીખ............................. ના પત્રો.

(૭) મંડળીની તારીખ............................. ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૮૫૧/૨૦૧૪.–ધી કિસાન કો. ઓપ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લી., મું. ધંધુકા, તા. ધંધુકા, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક સે. ૨૮૯૬૨, તા. ૨૨-૧૦-૧૯૯૬ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૮૧૫, તા. ૨૭-૧૧-૨૦૧૪ થી આટોપી લેવા આદેશ સામે મંડળીએ કોઈ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજૂ થયેલ નથી. આમ છતાં મંડળીએ સંદર્ભ-૬ના પત્રોથી ન્યાયના

હિતમાં રજૂઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજૂ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને પૂરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉક્ત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, આઈ. એમ. પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, મને મળેલ સત્તાની રૂઈએ ધી કિસાન કો. ઓપ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લી., મું. ધંધુકા, તા. ધંધુકા, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક સે. ૨૮૯૬૨, તા. ૨૨-૧૦-૧૯૯૬ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૪.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

નંબર સે/PTN/૪૩૫૯૨/૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, શ્રી ધારસંગપુરા મહિલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નાના નાવના, તા. સરસ્વતી, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

નંબર સે/PTN/૪૩૫૯૩/૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, શ્રી ગોકુલ મહિલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. અજુજા, તા. સરસ્વતી, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

જા. નં. નધણ/૦૧/ક-૨/૨૩/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી ખારી નવામુવાડા દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. ખારી નવામુવાડા, પો. આલેલા, તાલુકો બાલાશિનોર, જિલ્લો મહિસાગરને

સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે તારીખ ૯મી ઓકટોબર, ૨૦૧૪, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે(દુ) ૪૨૧૫૯થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

જા. નં. નધણ/૦૧/ક-૨/૨૪/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી મલેકપુર બચત અને ધિરાણ કરનારી સ. મં. લી., મુ. પો. મલેકપુર, તાલુકો લુણાવાડા, જિલ્લો મહિસાગરને

સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે(બ) ૪૨૧૬૦થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

જા. નં. નધણ/૦૧/ક-૨/૨૫/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી બોરવાડા પીથાપુર (મ) દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. બોરવાળા પીથાપુર, પો. ચિતવા, તાલુકો સંતરામપુર, જિલ્લો મહિસાગરને

સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે(દુ) ૪૨૧૬૧થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

જા. નં. નધણ/૦૧/ક-૨/૨૬/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી ત્રિભેટા ફળીયા ઘોઘાવાડા (મહિલા) દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. ઘોઘાવાડા, પો. ભાદરોડ, તાલુકો ખાનપુર, જિલ્લો મહિસાગરને

સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે(દુ) ૪૨૧૬૨થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

જા. નં. નધણ/૦૧/ક-૨/૨૭/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી મહાદેવ (મહિલા) મજુર કામદાર સ. મં. લી., મુ. પો. ઘોઘાવાડા, તાલુકો ખાનપુર, જિલ્લો મહિસાગરને

સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૧૪, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે(બ) ૧૫૯૨૯થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

જા. નં. નધણ/૦૧/ક-૨/૨૮/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી મોહિયાના તળાવ (મ) દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. મોહિયાના તળાવ, પો. સાતતળાવ, તાલુકો લુણાવાડા, જિલ્લો મહિસાગરને

સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૧૪, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે(દુ) ૪૨૧૬૩થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

જા. નં. નધણ/૦૧/ક-૨/૨૯/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી ભુખી (મહિલા) દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. ભુખી, પો. કેળામુળ, તાલુકો કડાણા, જિલ્લો મહિસાગરને

સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે(દુ) ૩૨૧૬૪થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

જા. નં. નધણ/૦૧/ક-૨/૩૦/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી બાબરી (મહિલા) દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. બાબરી, પો. જાનવડ, તાલુકો સંતરામપુર, જિલ્લો મહિસાગરને

સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે(દુ) ૪૨૧૬૫થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

જા. નં. નધણ/૦૧/ક-૨/૩૧/૨૦૧૫.- જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી સોનેસરીયા મઠ (મહિલા) દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. સોનેસરીયા મઠ, પો. શામણા, તાલુકો લુણાવાડા, જિલ્લો મહિસાગરને

સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧(૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે(દુ) ૪૨૧૬૬થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

સહી (અવાચ્ય),
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહિસાગર,
લુણાવાડા.

ક્રમાંક ઉખસ/નઘણ/એસઆરટી/સા(હા)-૮૮૯૮/ઝ/૦૨/૫૨/સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, સ્વર સંગીની ફલેટ ઓનર્સ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ ભરથાણા વેસુ, તા. સુરતસીટી, કેનાલ રોડ, સીટીલાઈટ, વેસુ, સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નઘણ/એસઆરટી/સા(હા)-૮૮૯૭/ઝ/૦૩/૫૩/સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ભક્તિનંદન કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ મોટા વરાછા, તા. સુરતસીટી, સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૫.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઔદ્યોગિક) અને સંયુક્ત નિયામક (ટેક્ષટાઈલ) કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા

યાદી :-

જા. નં. જીઉકે/સુ/અધગ/૧૧૭/૨૫૮/૨૦૧૪.—મોજે સુરત સીટી, જિલ્લા સુરતની શ્રી લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીઅલ કો. ઓપ. સર્વિસ સો. લી. સુરતની તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાએ પસાર કરેલા ઠરાવ મુજબ મંડળીના મંજુર થયેલ ચૂંટણીના નિયમો (પેટા કાયદામાં સુધારા સહકારી મંડળીઓનાં રજીસ્ટ્રાર સાહેબશ્રીએ સને ૧૯૬૧નાગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૧૩ હેઠળ નીચે સુચવ્યાનુસાર સુધારેલ ચૂંટણી નિયમો (સુધારેલ પેટા કાયદાઓ) મંજુર કરાયા છે.

INDEX

અ.નં.	પેટાનિયમ ક્રમાંક	સુધારેલ પેટાનિયમની વિગત
૧	નોંધણી દરખાસ્ત અનુ ક્રમાંક-૪ (પાના નંબર ૩)	મંડળીનુ કાર્યક્ષેત્ર મોજે ગામ ભેદવાડ, ઉધના અને ડિંડોલી રહેશે.
૨	પેટાનિયમ-૩ (૧)	શેરવેચાણથી ઉભી કરેલ રકમની મર્યાદા રૂપિયા ૧૫,૦૦,૦૦૦/ લાખ રહેશે.

નોંધ :-

(૧) આ યાદી પેટા નિયમોની નકલ સાથે રાખવી.

(૨) સદરહુ પેટા નિયમો (પેટા કાયદાનો સુધારો) જે સાધારણ સભામાં સ્વીકારવામાં આવશે તે દિવસથી અમલમાં આવ્યો ગણાશે.

(૩) સદરહુ પેટાનિયમો (પેટા કાયદાનો સુધારો) જે સાધારણ સભામાં સ્વીકારવામાં આવે તેની જાણ સંબંધ કર્તા અધિકારીઓને કરવાની રહેશે.

નમુનો ફોર્મ નંબર-૪

શ્રી લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીઅલ કો. ઓપ. સર્વિસ સો. લીમીટેડ, મોજે ભેદવાડ, સુરત, રજી. નંબર ક્રમાંક ઉ.-૬૫૬૫.

અનુક્રમ નબર.	સુધારેલ પેટાનિયમ નંબર	સુધારો પછી વાંચનારો પેટાનિયમ
૧	નોંધણી દરખાસ્ત પાના નં-૩ અનુ-૪ (મંડળીનું કાર્યક્ષેત્ર)	મંડળીનુ કાર્યક્ષેત્ર મોજે ગામ ભેદવાડ, ઉધના અને ડિંડોલી રહેશે.
૨	પેટાનિયમ-૩ (૧) પાના નંબર-૮	શેરવેચાણથી ઉભી કરેલ રકમની મર્યાદા રૂપિયા ૧૫,૦૦,૦૦૦/ લાખ રહેશે.

ગાંધીનગર, તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫.

જી. એલ. પટેલ,
રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઔદ્યોગિક) અને
સંયુક્ત નિયામક (ટેક્ષટાઈલ),
કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) શ્રી ઓડિટ ગ્રેડ-૨, સ. મં. (ન.જ. ૪), મહેસાણાના તારીખ ૧લી ઓકટોબર, ૨૦૧૪ના પત્ર ક્રમાંક અષણ/૦૧/ ૧૮૪/૨૦૧૪થી ધીગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ અનુંસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૭૭/૨૦૧૪, તા. ૧૧-૧૦-૨૦૧૪થી મંડળીની વ્યવ. કમિટી હોદ્દેદારો BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧/૭/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૭/૨૦૧૫.–ધી ધીજોરણંગ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. આંબલીયાસણ, તા. જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ૧૧૧૫ તા.૨૯મી જુલાઇ, ૧૯૬૬ છે. (જેનો હવે પછી અહીયા ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડિટ ઓડિટર ગ્રેડ-૨(ન.જ.૪), સ.મં., મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તા. ૧લી ઓકટોબર, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીએ તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઇ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તા. ૧લી ઓકટોબર, ૨૦૧૪થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ-(૨) માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને તા. ૧૧મી ઓકટોબર, ૨૦૧૪ થી BY RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી.

જેમાં મુદ્દા નં. (૧) થી (૬) માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૨૦-૧૧-૨૦૧૪ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારો થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી. અને કોઇ પ્રત્યુતર આપેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીના ગત બે ઓડિટ નોંધની દુરસ્તી કરેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૨) માનનીય રજીસ્ટ્રારશ્રી સ.મં.ગુ.રા. ગાંધીનગરના તા. ૨૧-૭-૨૦૦૮ના પરીપત્ર અન્વયે સોસાયટીના સભાસદોના મકાનોનું સરકાર માન્ય આર્કિટેક દ્વારા સ્ટ્રકચરલ ઓડીટ કરવાનું ફરજીયાત હોઇ, આગામી સાધારણ સભામાં મંજુરી મેળવી મંડળીના પેટા નિયમોમાં જરૂરી સુધારો કરાવી અમલ કરેલ નથી. જેથી મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતુ નથી.

(૩) સોસાયટીએ તેના પેટાનિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી અગાઉના વર્ષોમાં પૂર્ણ થયેલ છે, તેથી સોસાયટીના સભાસદો/ હોદ્દેદારોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ હોય જણાતો નથી.

(૪) મંડળીની કામગીરી પુર્ણ થયેલ હોઇ, હાલ સ્થગિત અવસ્થામાં છે.

INDEX

(૫) મંડળીએ નામ. સરકારશ્રી કે અન્ય બેંક કે સંસ્થાનું કોઇપણ લેણું ચુકવવાનું બાકી નથી.

(૬) મંડળીનીતા. ૨૩-૬-૨૦૧૩ના રોજ મળેલ વા.સા. સભાના ઠરાવ નં. ૬ થી'' મંડળીની તા. ૨૯-૭-૧૯૯૬ના રોજ નોંધણી થયેલ હતી. અને નોંધણીના પેટાનિયમોમાં જણાવેલ ઉદ્દેશો મંડળી દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. હાલમાં મંડળીમાં કોઇપણ પ્રકારની કામગીરી બાકી ન હોઇ, મંડળીને ફડચામાં લઇ જવા માટેનો ઠરાવ કરેલ છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ ન હોઇ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર હાજર ન રહી મંડળીને ફડચામાં લઇ જવા જવાબ રજુ કરેલ ન હોઇ, મંડળીને ફડચામાં લઇ જવી મુનાસીફ હોવાથી પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધીજોરણંગ કો. ઓપ. સોસાયટી લી., મુ. આંબલીયાસણ,તા.જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧,આધિન નોંધણી ક્રમાંક. ઘ-૧૧૧૫, તા. ૨૯-૦૭-થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ-ક, ગ, (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ.એસ. પટેલ સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હા),
મહેસાણા.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નં. : ડીએનજી/સે.દુ.-૩૮૦૩૯/સને ૨૦૧૪.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ.સ. ટાંકલીપાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળ ટાંકલીપાડા, તાલુકા આહવા, જિલ્લા ડાંગને.

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ડાંગ, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નં. : ડીએનજી/સે.દુ.-૩૮૦૪૦/સને ૨૦૧૪.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ.સ. જવતાળા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળ જવતાળા, તાલુકા આહવા, જિલ્લા ડાંગને.

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ડાંગ, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૧૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નં. : ડીએનજી/સે.દુ.-૩૮૦૪૧/સને ૨૦૧૪.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ.સ. ગારમાળ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળ ગારમાળ, તાલુકા આહવા, જિલ્લા ડાંગને.

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ડાંગ, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૧૪.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ-આહવા.

જાહેરનામું

નોંધણી ક્રમાંક કેડીએ/''સા''(હા)/૪૮૩૭/૨૦૧૪.—ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ જાહેર કરે છે કે, ધી દેવઆદી બ્લોસમ કો ઓપરેટીવ કોર્મશિયલ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. સોખડા, તાલુકો માતર, જિલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક કેડીએ/''ખે''(સિં)/૮૦૦૪/૨૦૧૪.—ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ જાહેર કરે છે કે, સનાદરા તાબે ધી જલારામ ટપક સિંચાઇ સહકારી મંડળી લી., મું. રંગીતપુરા લાટ, તાલુકો ઠાસર, જિલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

INDEX

જાહેરનામું

નોંધણી ક્રમાંક કેડીએ/‘‘ખે’’(સિં)/૮૦૦૫/૨૦૧૪.–ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ જાહેર કરે છે કે, શ્રી રામ નર્મદા ટપક સિંચાઇ સહકારી મંડળી લી., મું. લાભપુરા, તાલુકો ઠાસર, જિલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક કેડીએ/‘‘ઉ’’(સે)/૧૨૩૦૨/૨૦૧૪.–ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ જાહેર કરે છે કે, ધી સરદાર શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખાત્રજ, તાલુકો મહેમદાવાદ, જિલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક કેડીએ/‘‘ઉ’’(સે)/૧૪૦૧૧/૨૦૧૪.–ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ જાહેર કરે છે કે, ધી મહાકાળી અનાજ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. મોદજ, તાલુકો મહેમદાવાદ, જિલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક કેડીએ/‘‘ઉ’’(સે)/૧૪૦૧૨/૨૦૧૪.– ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ જાહેર કરે છે કે, ધી કૃષિ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી., મું. સંધાણા, તાલુકો માતર, જિલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

વિવેક ત્રિવેદી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ખેડા જિલ્લા પંચાયત,
નડીઆદ.

વંચાણે લીધા :-

(૧) ચાર્ટડ એકાઉન્ટન્ટ પેનલ નં.-૪૧૨૫૭ના તા. ૦૯-૦૪-૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૧૦-૦૯-૨૦૧૪ની કારણદર્શક નોટીશ ક્રમાંકઃ સડક/ફડચ/હા./૨૬૨/૨૦૧૪.

(૩) અત્રેની કચેરીના તા. ૨૪-૧૧-૨૦૧૪ના હુકમ ક્રમાંકઃઉખસ/ફડચ/હા./૦૧/૩૧૬ થી ૩૨૦/૨૦૧૪નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંકઃ જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨-૨૦૦૨-૩૦૧૧-ચ. તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/હા./વ/૪૪૨/૧૧૭/૨૦૧૪.–આમુખ-૧થી ચાર્ટડ એકાઉન્ટન્ટ પેનલ નં.-૪૧૨૫૭ના તા. ૦૯-૦૪-૨૦૧૪ના પત્રથી રત્નદિપ કો.ઓપ. હા. સો.લી., ડહેલી, મુ. ડહેલી, સરીગામ રોડ, પો. ભીલાડ, તા. ઉમરગામ, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સંબંધેનો વહીવટી ખાસ અહેવાલની દરખાસ્ત અત્રેની કચેરીએ મળેલ છે. સદરહુ વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળીનો છેવટના ત્રણ વર્ષનો ઓડિટ વર્ગ ‘‘ડ’’ છે. મંડળી તેના પેટાકાયદાના ઉદ્દેશો મુજબની કોઈપણ પ્રકારની કાર્યવાહી કરતી નથી. મંડળીએ ઓડિટ સમયમાં સહકારી કાયદાની કલમ-૭૭ મુજબ વાર્ષિક સાધારણ સભા તેમજ કલમ-૭૮ મુજબ ખાસ સાધારણ સભા પણ મેળવેલ નથી. તેમજ મંડળીના પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક કમિટીની એકપણ મીટીંગ મેળવેલ નથી. મંડળી છેલ્લા ૧૧- વર્ષથી સ્થગિત અવસ્થામાં છે. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું જણાયેલ છે.

આમુખ-૨ થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણ દર્શક નોટીશ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩ થી આ કચેરીના વચગાળાના હુકમથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે ન્યાયના હિતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થા તરફથી કોઈ લેખિત યા મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોર રૂચિ નથી. સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી, હું, કુ. જે. સી. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ રત્નદિપ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ડહેલી, મુ. ડહેલી, સરીગામ રોડ, પો. ભીલાડ, તા. ઉમરગામ, જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૧૪ ના હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/હા./૦૧/૩૧૬થી ૩૨૦/૨૦૧૪થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહુ હુકમને બહાલી આપતો સદર મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું.

INDEX

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલી શ્રી કે. એમ. ખત્રી-ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ એ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૪

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/૦૧/૦૯૧/૧૭૧/૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, ધી રાજ ખેરવા દૂધ ઉત્પાદક સહકારી મર્યાદીત, સ્થળ, રાજખેરવા, તાલુકો, સંખેડા, જિલ્લો છોટાઉદેપુર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

છોટાઉદેપુર, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

એ. એન. સંગાડા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, છોટાઉદેપુર.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’/(દુધ)/૪૨૧૬૭/૨૦૧૪.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કેઃ ધી કોસમાડી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ કોસમાડી, તાલુકો વાલીયા, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો દસમો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’/(દુધ)/૪૨૧૬૮/૨૦૧૪.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી જલારામ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ, હલદરવા, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો દસમો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’/(દુધ)/૪૨૧૬૯/૨૦૧૪.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી મહાકાળી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ દેણવા, તાલુકો આમોદ, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો દસમો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) વહીવટદારશ્રી ધી આમોદ ગૃપ કો. ઓપરેટીવ કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લી., આમોદ, તા. આમોદ, જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગેની તારીખ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ની ભલામણ સાથેની દરખાસ્ત તથા તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૩ની ઓડીટ નોંધ.

(૨) ધી ભરૂચ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી.ના તારીખ ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૪ની કારોબારી કમીટીના ઠરાવ નં. ૪૧ની ખરી નકલ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંકઃ જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૮/૪૮/૨૦૧૫.–ધી આમોદ ગૃપ કો. ઓપરેટીવ કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીગ સોસાયટી લી., આમોદ, તા. આમોદ, જિ. ભરૂચની સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર ૭૨૨૪ તા. ૯/૪/૧૯૩૪થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા વહીવટદારશ્રીએ આમુખ-૧થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. આમુખ-૨થી ધી ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી.ના તારીખ ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૪ની કારોબારી કમીટીના ઠરાવ નં. ૪૧ની ખરી નકલ, સદર મંડળીને ફડચામાં લઈ જવા અને ફડચામાં અધિકારી તરીકે બેંકની નિમણૂંક કરવા ઠરાવ્યું. સદર આ બાબતે તમામ પ્રકારની કાર્યવાહી કરવાની સત્તા મંડળીના વહીવટદાર શ્રી આર. વી. સીંધાને આપવા ઠરાવ્યુ. જે સબબ મંડળી સ્થગિત હોય, બેંકનું લેણુ બાકી છે. મંડળીનો ઓડીટ વર્ગ છેલ્લા દશ વર્ષથી ‘‘ડ’’ ચાલે છે. આમ ઉપરોક્ત વિગતો ધ્યાનમાં લઈ, મંડળીને ફડચામાં લઈ જવાનું યોગ્ય લાગતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪થી મને મળેલ સત્તાની રૂએ ધી આમોદ ગૃપ કો. ઓપરેટીવ કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લી., આમોદ, તા. આમોદ, જિ. ભરૂચને આમુખ-૩ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂ છું, અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક, ભરૂચની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે

કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત કે મૌખિક આધાર પુરાવા સાથે અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. (૩) ભરૂચની ધી ભરૂચ જિલ્લા ટીચર્સ અર્બન કો.ઓપ. ક્રેડીટ સો.લી., (કસ્ટોડીયન) મું. ભરૂચ, તા.જિ. ભરૂચને ફડચામાં લઈ જવા અંગેની તા. ૧૫/૧૨/૨૦૧૪ની દરખાસ્ત તથા તા. ૦૧/૦૪/૨૦૧૨થી તા. ૩૧/૩/૧૩ની ઓડીટ નોંધ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૩) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧/૦૭/૨૦૧૧નું ક્રમાંકઃ જીએચકેએચ/ ૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૯/૪૯/૨૦૧૫.–ભરૂચની ધી ભરૂચ જિલ્લા ટીચર્સ અર્બન કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., (કસ્ટોડીયન) મુ. ભરૂચ, તા.જિ. ભરૂચની સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર સે. ૧૧૮૭, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૧૬થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (૩), ભરૂચ દ્વારા આમુખ-૧થી વંચાણે લીધેલ ખાસ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ મંડળી સ્થગિત હોય કસ્ટોડીયન તરીકે બેંક છે. બેંકનું લેણું બાકી છે. કસ્ટોડિયનને કાયદામાં થયેલ સુધારા મુજબ ચાલુ રાખી શકાય તેમ નથી. તેવું જણાવી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. આમ ઉપરોક્ત વિગતો ધ્યાનમાં લઈ, મંડળીને ફડચામાં લઈ જવાનું યોગ્ય લાગતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૩થી મને મળેલ સત્તાની રૂએ ધી ભરૂચ જિલ્લા ટીચર્સ અર્બન કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., (કસ્ટોડીયન) મુ. ભરૂચ, તા.જિ. ભરૂચ આમુખ-૨ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂ છું, અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક, ભરૂચની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત કે મૌખિક આધાર પુરાવા સાથે અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૮નો અંતિમ આદેશ ક્રમાંક સેન ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૪૮ થી ૫૩/૨૦૦૮.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ન.જ. ૧), ભરૂચની તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪ના પત્ર ક્રમાંક/અષણ/ ફડચ/૦૧/૨૦૧૪ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી નેશનલ પોલ્ટ્રી ફાર્મસ સહકારી મંડળી લી., મુ. વરેડીયા, તા.જિ. ભરૂચની (ફડચામાં) ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની ૧૧ (૨)ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧/૦૭/૨૦૧૧નું ક્રમાંકઃ જીએચકેએચ/ ૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૧૩/૩૭/૨૦૧૫.–ધી નેશનલ પોલ્ટ્રી ફાર્મ સહકારી મંડળી લી., મુ. વરેડીયા, તા.જિ. ભરૂચ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના રોજ નોંધણી નંબર-સે. ૨૬૬૯૪ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીએ કાયદા કાનુન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહિ કરતાં આમુખ-૧માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના કચેરીના ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ન.જ.૧) ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ થી તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૨ સુધીના સમયનું છેવટનું ઓડીટ તાબાના સબ ઓડીટર દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સુચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૨નું સરવૈયુ શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૮ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમુનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી નેશલ પોલ્ટ્રી ફાર્મ સહકારી મંડળી લી., મુ. વરેડીયા, તા. જિ. ભરૂચ નોંધણી નંબર- સે. ૨૬૬૯૪, તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬, ની આમુખ-૫થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂ છું. અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫.

સુનિલકુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (રૂરલ), અમદાવાદના હુકમ ક્રમાંક સકક/૦૧/ગ-૨/૧૧૬, તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૨૪/૧૦/૧૩ના પત્ર સકક/૦૧/ખ-૧/૨૧૬૪.

(૪) વહીવટદાર, ધી રખીયાલ સ્ટેશન નાગરીક સહકારી શરાફી મંડળી લી., રખીયાલ, તા. દહેગામની રજુ થયેલ દરખાસ્ત.

(૫) તા. ૨૧/૫/૧૪ની કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ખ-૩/૨/૯/૨૦૧૫.–ધી રખીયાલ સ્ટેશન નાગરીક સહકારી શરાફી મંડળી લી., મુ. રખીયાલ, તા.દહેગામ, જિ. ગાંધીનગર કે જે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ શરાફી મંડળી છે. વંચાણે લીધેલ ક્રમ-૨ના હુકમથી મંડળીમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવામાં આવેલ.

ગુજરાત સરકાર દ્વારા ૯૭ના બંધારણીય સુધારાને અનુલક્ષી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧માં કરેલ સુધારા અનુસાર મંડળીની વ્યવસ્થાપક સમિતિની ચુંટણી કરી નવીન ચુંટાયેલ કારોબારી સમિતિને મંડળીનો વહીવટ સુપ્રત કરવાં વંચાણે લીધેલ ક્રમ-૩ના પત્રથી વહીવટદારને સુચના આપવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમ-૪ના પત્રમાં વહીવટદાર દ્વારા થયેલ રજુઆત અનુસાર મંડળીના કોઈ સભાસદને મંડળી ચલાવવામાં રસ ન હોવાથી કલમ-૧૦૭ મુજબ કાર્યવાહી કરવા કરેલ દરખાસ્ત તથા વંચાણે લીધેલ ક્રમ-૫ની કારણદર્શક નોટીસ.

ઉપરોક્ત હકીકત અનુસાર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ ધ્યાને લેતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી, હું, ઉર્વશી બ્રહ્મભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર, મને મળેલ અધિકારની રૂઈએ ધી રખીયાલ સ્ટેશન નાગરિક સહકારી શરાફી મંડળી લી., મુ. રખીયાલ, તા. દહેગામ, જિ. ગાંધીનગર કે જેનો નોંધણી નં. સે-૩૦૬૯૧, તા. ૫/૨/૯૯ છે, તે મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરૂ છું, અને આજ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકે શ્રી એમ. પી. મકવાણા, સહકારી અધિકારી (ફડચા)ની નિમણૂંક કરૂ છું.

ગાંધીનગર, તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

નંબર સે/ PTN/૪૩૫૯૪/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી રામનગર (કારીજ) મહિલા સહકારી મંડળી લી., મું. કારીજ, તા. કારીજ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

પાટણ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

નંબર સે/ PTN/૪૩૫૯૫/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી આનંદપુરા (ઘુમ્મડ) મહિલા સહકારી મંડળી લી., મું. ઘુમ્મડ, તા. સિદ્ધપુર, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

પાટણ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

નંબર સે/ PTN/૪૩૫૯૬/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી નાની ગામડી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખિજડીયારી, તા. શંખેશ્વર, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

પાટણ, તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક-નધણ/એએચએમ/સા (હા)૮૫૮૬/૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ઉમંગ નારોલ-૩ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નારોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક-નધણ/એએચએમ/સા (હા)૮૫૮૭/૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ઉમંગ નારોલ-૪ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નારોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો:- અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક-નધણ/એએચએમ/સા (હા)૮૫૮૮/૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સુવર્ણવિલા કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ચાંદખેડા, તા. અમદાવાદ સીટી (પ િ મ) જિલ્લોઃ- અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૨૨/૦૮/૨૦૧૪ના ક્રમાંકઃ- ફડચ/૦૧/ઘ-૨/૪૯૪/૨૦૧૪થી કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ /૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૨ જાહેરનામા ક્રમાંકઃ- જીએચકેએચ/૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૧૬૫/૯/૨૦૧૫.–ધી ન્યુ આરતી (ઘોડાસર) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., મુ. ઘોડાસર, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૮૨૪૬ તા. ૨૫/૮/૧૯૮૦)એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન તથા સોસાયટીના મંજુર થયેલા પેટા નિયમો મુજબ થતા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સુચનાઓને આધિન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

આમુખ-૨ થી વંચાણે લીધેલ ફડચા અધિકારીની દરખાસ્તની વિગતો ધ્યાને લેતા સદરહું મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૭-૧૨-૨૦૧૫ નાં રોજ મેળવવામાં આવેલ છે. ફડચા અધિકારીએ રજુ કરેલ હિસાબી પત્રકો જોતાં લેણા-દેણાની કામગીરી પૂર્ણ થયેલ છે. મંડળીનું અંતિમ ઓડીટ તા. ૧૭-૧-૨૦૧૫ ના રોજ પૂર્ણ થયેલ છે. મંડળીનું તા. ૧૬-૧-૨૦૧૫ ના રોજનું સરવૈયું ‘‘શૂન્ય’’ છે. ઓડિટરશ્રીએ ઓડિટ નોંધમાં મંડળીની નોંધણી રદ કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે. આમ મજકુર સહકારી મંડળીની ફડચા અધિકારી દ્વારા ફડચાની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અંતર્ગત સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ છે. અને સંસ્થાની નોંધણી રદ કરવા જણાવેલ છે.

આમ, સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. આર. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ અંતર્ગત આમુખ-૪ માં વર્ણવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ

INDEX

શ્રી તામછડી વિભાગ બાગાયત અને તડબુચ ઉત્પાદકોની સહકારી મંડળી લી. તામછડી મું.પો. તામછડી તા. ધરમપુર જિ. વલસાડ જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ૯૨૯૦ તા. ૨૧-૩-૧૯૯૭ થી થયેલ છે. મજકુર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરૂં છું. સદર હુકમની તારીખથી સંસ્થાનું વિસર્જન થયેલ ગણાશે.

વલસાડ, તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૩૦-૪-૨૦૧૦ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઝ/૬૬/૨૦૧૦ થી મ.સ. દેસાઇ ફળિયા ટુકવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો.ટુકવાડા તા. પારડી. જિ. વલસાડને ફડચામાં લઇ જવા સંબંધેનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૧૯-૧-૨૦૧૫ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૫/૨૦૧૫ ની નોંધણી રદ કરવા સંબધેની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૪૫૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. સકક/૦૧/ખ-૩/૧૨/૨૭૧/૨૦૧૫.—આમુખ-૧ વંચાણે લીધેલ શ્રી મ.સ. દેસાઇ ફળિયા ટુકવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો.ટુકવાડા તા. પારડી. જિ. વલસાડ જેને સરકારી કાયદા હેઠળ તા. ૯-૮-૨૦૦૨ ના રોજ નોંધણી ક્રમાંક-સે.દુ, ૨૩૯૧૬ થી નોંધવામાં આવેલ હતી. જેને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ છે.

આમુખ-૨ થી વંચાણે લીધેલ ફડચા અધિકારીની દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં સદરહું મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૬-૧-૨૦૧૫ નાં રોજ મેળવવામાં આવેલ છે. ફડચા અધિકારીએ રજુ કરેલ હિસાબી પત્રકો જોતાં લેણા-દેણાની કામગીરી પૂર્ણ થયેલ છે. મંડળીનું અંતિમ ઓડીટ તા. ૧૫-૧-૨૦૧૫ ના રોજ પૂર્ણ થયેલ છે. મંડળીનું તા. ૧૪-૧-૨૦૧૫ ના રોજનું સરવૈયું ''શૂન્ય'' છે. ઓડિટરશ્રીએ ઓડિટ નોંધમાં મંડળીની નોંધણી રદ કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે. આમ મજકુર સહકારી મંડળીની ફડચા અધિકારી દ્વારા ફડચાની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અંતર્ગત સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ છે. અને સંસ્થાની નોંધણી રદ કરવા જણાવેલ છે.

આમ, સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. આર. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ અંતર્ગત આમુખ-૪ માં વર્ણવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ મ.સ. દેસાઇ ફળિયા ટુકવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ટુકવાડા તા. પારડી. જિ. વલસાડ જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે.દુ. ૧૩૯૧૬ તા. ૯-૮-૨૦૦૨ થી થયેલ છે. મજકુર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરૂં છું. સદર હુકમની તારીખથી સંસ્થાનું વિસર્જન થયેલ ગણાશે.

વલસાડ, તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૫.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

ક્રમાંક : ઉખસ/નઘણ/એસઆરટી/સા.(હા) ૮૯૦૫/ઝ/૪૨/૨૪૦/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, રાજહંસ એપલ-કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી. સ્થળ. પાલણપોર, ટીપી. સ્કીમ નં.૮, તા. સીટી જી. સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૫.

ક્રમાંક : ઉખસ/નઘણ/એસઆરટી/સા.(હા) ૮૯૦૪/ઝ/૪૦/૨૩૭/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ગોકુલ પેરેડાઇઝ-કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી. સ્થળ. મુ. ભરથાણા-વેસુ, તા. સુરત સીટી, જી. સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૫.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ) સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર સા/૭૧૯૩/૨૦૧૫.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી મનોરથમ બંગ્લોઝ કો.ઓપ. હાઉસીંગ (સર્વિસ) સો. લી., મર્યાદિત સ્થળ, નંદેલાવ, તાલુકો, ભરૂચ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

INDEX

નંબર સા/૭૧૯૪/૨૦૧૫.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી રંગ પ્લેટીનમ એપાર્ટમેન્ટ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ, ઉમરાજ, તાલુકો, ભરૂચ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

નંબર સા/૭૧૯૫/૨૦૧૫.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી રંગ પ્લેટીનમ બંગ્લોઝ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ, ઉમરાજ, તાલુકો, ભરૂચ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

નંબર સા/૭૧૯૬/૨૦૧૫.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે શ્રીજી પ્રવેશ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ, તવરા, તાલુકો, ભરૂચ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

નંબર સા/૭૧૯૭/૨૦૧૫.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી રંગ સૃષ્ટિ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ, તવરા, તાલુકો, ભરૂચ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

નંબર સા/૭૧૯૮/૨૦૧૫.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે સમૃદ્ધિ રેસીડન્સી કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ, ઝાડેશ્વર, તાલુકો, ભરૂચ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

નંબર સા/૭૧૯૯/૨૦૧૫.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી રંગ ક્રિષ્ના રેસીડન્સી (કોમ્પ્લેક્ષ) કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ, ઝાડેશ્વર, તાલુકો, ભરૂચ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

નંબર સે/૩૦૫૦૬/૨૦૧૫.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી નહાર વિભાગ ગ્રામ વિકાસ સહકારી મંડળી મર્યાદિત સ્થળ, નહાર, તાલુકો, જંબુસર, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

નંબર સે/૩૦૫૦૭/૨૦૧૫.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ચાર જોગણી નીરા તાડગોળ તથા ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ, દીવી, તાલુકો, અંકલેશ્વર, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ.પં. ભરૂચ.

INDEX

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, વૈશાલીનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., વિજાપુર અને સહકારી અધિકારી (ફડચો લગત) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાના પત્રથી સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર સદર મંડળીની નોંધણી રદ કરવા માટેની રજુ થયેલ દરખાસ્ત.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૩) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧/૦૭/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૦૪/૩૭૨/૨૦૧૫.–ધી વૈશાલીનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., વિજાપુર, તા. વિજાપુર, જિ. મહેસાણા જેનો નોંધણી ક્રમાંકઃ ઘ-૮૦૧૫, તા. ૫/૧૨/૧૯૮૨થી નોંધાયેલ છે જેનું કામકાજ આટોપી લેવા અર્થે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની નિર્દિષ્ટ થયેલ જોગવાઈ અનુસાર રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જા.નં. : ઉખસ/ફડચા/૧૩૪૧૨/ખ/૨૪૨૯/ ૨૦૦૨, તા. ૧૭/૧૨/૨૦૦૨થી અંતિમ હુકમ કરવામાં આવેલ, જે ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણા તરફથી તેઓશ્રીના વંચાણે લીધા ક્રમાંક (૧)થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા વંચાણે (૨)માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી વંચાણે લીધા (૩)થી મળેલ અધિકાર અન્વયે ધી વૈશાલીનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., વિજાપુર, તા. વિજાપુર, જિ. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. સદર હુકમની તારીખથી મંડળીનું વિસર્જન ગણાશે.

મહેસાણા, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા) મહેસાણા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, MARCH 12, 2015/PHALGUNA 21, 1936 [No. 11

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	411-449
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	11
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	21-22
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1007-1036

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામું/એ સેકશન/પરમીટ/૧૫/૨૦૧૫.—આગામી હોળી અને ધુળેટીના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ જતાં આવતાં રાહદારીઓ તથા વાહનોમાં જતા-આવતા શખ્સો ઉપર કાદવ અને રંગ મિશ્રિત પાણી તથા તૈલી વસ્તુઓ ફેંકવાની શકયતા છે.

આવા કૃત્યોથી જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહશાંતિનો ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી.

તેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતાં કારણો હોઈ ઉપરોકત કૃત્યો તાત્કાલીક અટકાવવાનું જરૂરી છે. તેવો મારો અભિપ્રાય છે.

તેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) કોઈ પણ વ્યકિતઓ જાહેર જગ્યાએ આવતાં-જતાં રાહદારીઓ ઉપર, મકાનો અથવા મિલકતો/વાહનો ઉપર અથવા વાહનોમાં જતાં-આવતાં શખ્સો ઉપર કાદવ, કીચડ, રંગ અથવા રંગ મિશ્રિત કરેલ પાણી

INDEX

અથવા તેલ તથા આવી કોઈ વસ્તુઓ નાંખવી કે નંખાવવી નહીં અથવા હોળી - ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા નહીં અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતાં-આવતાં રાહદારીઓ અથવા વાહનો રોકવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને, ૧૮૬૦ના અધિનિયમ-૪૫ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગુજરાત સરકારના ગૃહખાતાના જાહેરનામાં નંબર જીજી/૩૬૫/૭૯/એચબી/૧/સીએલએ/૧૦૭૯/૧૦૭૨૬, તા. ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૭૯ પ્રમાણે કોગ્નીઝેબલ અને બીનજામીન લાયક ગુન્હો બને છે.

આજ તારીખ ૧૯ માહે ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/૭૬૧/૨૦૧૫.—આગામી હોળી અને ધુળેટીના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ જતાં આવતાં રાહદારીઓ તથા વાહનોમાં જતા-આવતા શખ્સો ઉપર કાદવ અને રંગ મિશ્રિત પાણી તથા તૈલી વસ્તુઓ ફેંકવાની શકયતા છે.

આવા કૃત્યોથી જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહશાંતિનો ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી.

તેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતાં કારણો હોઇ ઉપરોકત કૃત્યો તાત્કાલીક અટકાવવાનું જરૂરી છે. તેવો મારો અભિપ્રાય છે.

તેથી, હું, ઇ. રાધાકૃષ્ણ, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

વડોદરા શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી માર્ચ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) કોઈ પણ વ્યકિતઓ જાહેર જગ્યાએ આવતાં જતાં રાહદારીઓ ઉપર, મકાનો અથવા મિલકતો/વાહનો ઉપર અથવા વાહનોમાં જતાં-આવતાં શખ્સો ઉપર કાદવ, કીચડ, રંગ અથવા રંગ મિશ્રિત કરેલા પાણી અથવા તૈલી અથવા આવી કોઈ વસ્તુઓ નાંખવી કે નંખાવવી નહીં અથવા હોળી - ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા નહીં અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતાં-આવતાં રાહદારીઓ અથવા વાહનો રોકવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને, ૧૮૬૦ના અધિનિયમ-૪૫ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગુજરાત સરકારના ગૃહખાતાના જાહેરનામાં નંબર જીજી/૩૬૫/૭૯/એચબી/૧/સીએલએ/૧૦૭૯/૧૦૭૨૬, તા. ૧૮મી ડીસેમ્બર, ૧૯૭૯ પ્રમાણે કોગ્નીઝેબલ અને બીનજામીન લાયક ગુન્હો બને છે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઇ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૨૨/૨૦૧૫.—સુરત શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેર હિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમકોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/ તા. ૧૪મી મે, ૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦નું જાહેરનામું પ્રસિદ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે. તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB (A) Leq	
		સવારના ૬ : ૦૦ થી રાત્રીના ૨૨ : ૦૦	રાત્રીના ૨૨: ૦૦ થી સવારના ૬ : ૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની

INDEX

અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૦ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ૨૨ : ૦૦ થી સવારના ૬ : ૦૦ સુધીનો નિયત કરાયેલ છે. અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતાં બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે. અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ)થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭મી જુલાઇ, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં સુરત શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ.ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-: અમલવારીનો સમય :-

આ હુકમ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ના કલમ ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

-: હદ વિસ્તાર :-

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: પ્રતિબંધિત કૃત્ય :-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર સુરત શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુ બાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની આજુબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેક્ટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલ્લાંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા ફરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. સુરત શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુદ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવાર કલાક ૬ : ૦૦ થી રાત્રિ કલાક ૨૨ : ૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦ : ૦૦ થી વહેલી સવારના કલાક ૬ : ૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :- ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦ : ૦૦ ના જગ્યાએ કલાક ૧૨ : ૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદાર આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસબી/મજુર/જાહેરનામું/૨૧/૨૦૧૫.–તાજેતરમાં સુરત શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભૂતકાળમાં સુરત શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હા કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ સુરત શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુર કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહારના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે. જેથી જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણ મુકવા જરૂર જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૩ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ, આથી, હું હુકમ કરૂં છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં જે જે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે મજુર કામે રાખેલ હોય તેઓએ તેમજ અન્ય કોઇ કામકાજ માટે મજુરો સપ્લાય કરતા હોય તે તમામ મુકાદમ/કોન્ટ્રાકટરે નીચેની માહિતી અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં મોકલવાની રહેશે. તથા મજુરો જ્યારે મજુરી કામ કે સુરત શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટરે/મુકાદમે તમના નવેસરના સરનામાની વિગતોની જાણ તુર્તજ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

INDEX

૧.	લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમ (સપ્લાયર) નું પુરૂં નામ. સરનામું, મોબાઈલ નંબર સહિત.	:–	
૨.	મજુરનું નામ તથા ઉંમર વર્ષ.	:–	
૩.	મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર.	:–	
૪.	મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો.	:–	
૫.	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:–	
૬.	મજુરનું વતનના સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટોલીફોન નંબર.	:–	
૭.	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર.	:–	
૮.	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત.	:–	
૯.	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાક્ટરે મજુરી કામ માટે રાખેલ છે ?	:–	
૧૦.	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું).	:–	
૧૧.	સુરત શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:–	
૧૨.	સુરત સહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નંબર.	:–	
૧૩.	મજુરના ભાઈ/બહેનનાં નામ/સરનામાં/મોબાઈલ નંબર.	:–	
૧૪.	મજુરના કાકા/માસાનાં નામ/સરનામાં/મોબાઈલ નંબર.	:–	
૧૫.	હાલમાં જ્યાં રહે છે ત્યાં તેના ગામના કોણ છે ? તેના નામ, સરનામાં, મોબાઈલ નંબર.	:–	

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નિશાન

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાક્ટરની સહી ____________________

નામ ____________________

: અમલવારીનો સમય :

આ હુકમ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: હદ વિસ્તાર :

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :

(1) Hon'ble High Court of Gujarat letter No. C. 2103/1991, dated 07/01/1991.

(2) Hon'ble High Court of Gujarat letter No. C. 2103/2006, dated 30/12/2006.

(3) Hon'ble High Court of Gujarat letter No. C. 2101/2015, dated 25/11/2014.

Notification

No. ADM/B-11/1/02 of 2015.– In pursuance of the Instruction contained in paragraph-628 Chapter-XXXI, Civil Manual, Volume-I, 1960, in exercise of the powers conferred by sub-section (2) of section-22 of the Gujarat Civil Court Act, 2005, the Principal District Judge, Anand, At Jitodia, is hereby pleased to notify that all the Civil Courts in the District of Anand, shall remain closed during the **Annual Summer Vacation - 2015 for 30 Days from Saturday the 16th May, 2015 To Sunday 14th June, 2015** (both days Inclusive).

The office of the Nazir and the Record-keeper in the District Court, Anand and the offices of the Nazir of the Subordinate Courts in the District shall, however remain open during the vacation on working days.

Civil Work of urgent nature will be received during the vacation.

Anand, 3rd February, 2015.

Read :

(1) The Government of Gujarat, General Administrative Department, Notification No. GS/2014-35/PHD/102014/1339/GH, dated 07/10/2014.

(2) This Office Notification No. B-11/1/01/2015, dated 05/01/2015.

(3) The Hon'ble High Court of Gujarat, Ahmedabad, letter No. C. 2103/2015, dated 02/02/2015.

Notification

No. ADM/B-11/1/03 of 2015.–In pursuance to the Hon'ble High Court of Gujarat, Ahmedabad, letter cited at preamble No. 3, Date 9th November, 2015 (Monday), 10th November, 2015 (Tuesday) and 16th November, 2015 (Monday) are hereby declared as Holidays and in lieu thereof, non working Saturday on 27th June, 2015, 25th July, 2015 and 22nd August, 2015 are hereby declared at working days in the Anand Judicial District.

Anand, 3rd February, 2015.

Read :

(1) The Government of Gujarat, Legal Department, Sachivalay, Gandhinagar, Notification No. SCT/ 1089/4287/D (Part-III), dated 7th June, 2010.

(2) Hon'ble High Court of Gujarat Letter No. A. 2408/1989, dtd. 22-06-2010.

(3) District Court, Anand, Notification No. ADM/2 of 2012, dated 03/01/2012.

(4) The Hon'ble High Court of Gujarat, Notification No. A. 1201/2015 (6), dated **-02-2015.

(5) The Hon'ble High Court of Gujarat, Notification No. A. 1201/2015 (7), dated **-02-2015.

Notification

No. ADM 4 of 2015.–As per Government of Gujarat, Legal Department, Sachivalay, Gandhinagar resolution referred to above in peremble at Sr. No. (1), one post of Additional District and Session Judge with attendant staff is created for establishment of a Special Court at Anand, to try exclusively cases field under the Schedule Castes / Schedule Tribes (Prevention of Atrocity Act), 1989. The Hon'ble High Court has, *vide* letter dated : 22-06-2010, referred in preamble at Sr. No. (2), directed to assign such cases to one of the Additioanal Sessions Judge at Anand. And therfore, the undersigned has notified the court of 3rd (Ad-hoc) Additional District Judge, Anand, to try the cases under Schedule Castes / Schedule Tribes (Prevention of Atrocity) Act, 1989 under the preamble No. 3. Thereafter, considering the Hon'ble High Court of Gujarat Notification cited at preamble No. 4 and 5, the undersigned is pleased to pass the following order with immediate effect.

The undersigned is pleased to notify the Court of 5th (Ad-hoc) Additional District Judge, Anand, to try the cases under Schedule Castes / Schedule Tribe (Prevention of Atrocity) Act, 1989.

He/she is requisted to preside over in the said Special Court in this District for the purpose of providing speedy trial of offences arising out, under the Schedule Caste / Schedule Tribe (Prevenion of Atrocity) Act, 1989, with immediate effect.

Anand, 6th February, 2015.

Read :

(1) The Right To Information Act, 2005.

(2) Hon'ble High Court of Gujarat Notification No. C. 3001/2005, dtd. 26-09-2005.

Notification

No. ADM/05 of 2015.–In view of the Right To Information Act, 2005, and in exercise of the posers conferred under section - 5 (1) and (2) of the Right To Information Act, 2005, the undersigned as well as the Additional District Judge are designated as the Appellate Authority in the Anand District vide preamble No. 2 by the Hon'ble High Court of Gujarat, and therefore, the undersigned is pleased to pass the following order.

The Undersigned is pleased to designate Mr. V. R. Raval, 4th Additional District Judge, Anand, as the Appellate Authority for the District Court, Anand and its sub-oridnate Court, as

required under Section 19 of the Right to Information Act, 2005, with immediate effect.

Anand, 11th February, 2015.

H. D. SUTHAR,
Principal District Judge,
Anand.

Read :-

The Hon'ble High Court letter No. C.- 2103/2015, dated 02-02-2015.

Notification

No. B/Adm/213/2015.–In view of the Hon'ble High Court letter cited in the preamble, the undersigned is pleased to declare following days as **Holidays.**

1. **09th November, 2015 [Monday]**
2. **10th November, 2015 [Tuesday]**
3. **16th November, 2015 [Monday]**

And in lieu thereof, following days shall be declared as **Working days** for the District Court, Godhra, inclusive of all the Subordinate Courts of Panchmahals District.

1. **27th June, 2015 [Saturday]**
2. **25th July, 2015 [Saturday]**
3. **22nd August, 2015 [Saturday]**

Godhra, 3rd February 2015.

HITEN G. BHATT,
Principal District Judge,
Panchmahals at Godhra.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૬૭૩ થી ૬૯૮/૨૦૧૫.-હાલમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઇન ફ્લુ ઇન્ફ્લુએન્ઝા (H1N1-SWINE FLU) નો રોગચાળો ફેલાઇ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણોમાં ખાસ કરીને તાવ આવવો, ઉધરસ સરેખમ,ગળામાં ખરાશ, ઉલ્ટી-ઝાડા અને નબળાઇ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુઓ ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળોએ મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેંફસામાં જઇ ફેફસાને અસર કર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોય, એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાઇ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા નર્મદા જિલ્લામાં સાવચેતીના રૂપમાં જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની રૂએ ફરમાવુ છું કે,

(૧) સમગ્ર નર્મદા જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ અધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઇપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઇ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

પરવાનગી બાદ યોજાતા સરઘસ સંમેલન કે મેળાવડા/લોકમેળામાં રોગનો ચેપ અટકાવવાના ઉપાય તરીકે સ્વખર્ચે ચહેરા પર સ્માક રાખવાની શરતે જ પરવાનગીને પાત્ર ઠરશે.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટોરન્ટ મીઠાઇ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી/ફળફળાદીના ધંધાર્થીઓને શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા ન રાખવા કે તેવી વસ્તુઓના ટુકડા કરી વેચાણ ન કરવું.

(૪) ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલા હાથની યોગ્ય સફાઇ કરી શકે તે માટે મોં સાબુ અને પાણી સહિતની આનુષંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) કોઇપણ વ્યક્તિને સ્વાઇન ફ્લુ ઇન્ફ્લુએન્ઝા (H1N1-SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યક્તિએ દર્દીની સંપૂર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

(૬) લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે સરકારશ્રી દ્વારા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમોને આ હુકમની જોગવાઇઓ લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તાર પુરતો અમલમાં રહેશે.

આ જાહેરનામાનો આજ રોજ તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તા. ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બંને દિવસ સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(સહી) અવાચ્ય,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા - રાજપીપળા.

જાહેરનામું

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક-એસ.ઓ.જી./જા.નં./૫૦/૧૫, તા. ૨૪-૦૨-૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ-જાહેરનામું/વશી/૬૯૯ થી ૭૨૩/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ કલમ ૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવા નીચેની વિગતે આવશ્યકતા જણાય છે.

જેથી હું, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ની અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરંટ, બેકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી. ટીવી કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ રાખવા જણાવવામાં આવે છે.

૧. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધવા માટે હાઇવે ઉપરના પેટ્રોલ પંપ ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અથવા ગુન્હામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ થઇ શકે, ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને તેટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગે સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જીલ્લાના હાઇવે ઉપર આવેલ તમામ પેટ્રોલ પંપ ઉપરના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. પેટ્રોલ પંપ ઉપર આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૨. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરંટ, બેકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન) વીથ રેર્કોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અને ગુન્હામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ થઇ શકે. ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને એટલું જન નહી ગુન્હેગારની વિરૂદ્ધમાં આ અંગે સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય, જેથી જીલ્લામાં આવેલ તમામ હોટલના ભોજન કક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજન કક્ષમાં બેઠેલી વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. હોટલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૩. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે હાઇવે ઉપરના ટોલપ્લાઝા ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અથવા ગુન્હામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ થઇ શકે, ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને તેટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગે સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જીલ્લાના હાઇવે ઉપર આવેલ તમામ ટોલપ્લાઝા ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. ટોલ પ્લાઝા ઉપર આવતા જતા દરેક વાહનોના નંબર આઇડેન્ટીફાઇ થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૪. સી.સી.ટીવી કેમેરા નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશનના રાખવા. કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યક્તિ કે વાહન આઇડેન્ટીફાઇ થઇ શકે. સી.સી.ટીવી કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવી ક્વોલીટીના રાખવા. ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરવામાં આવે તો ઇ.પી. કો. કલમ ૧૮૮ હેઠળ કોગ્નીઝેબલ અને સજાપાત્ર ગુન્હો બને.

આ હુકમ તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તા. ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બંને દિવસ સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(સહી) અવાચ્ય,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા - રાજપીપળા.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૫૫૧ થી ૧૫૬૩/૨૦૧૫.–ભરૂચ મુકામે નર્મદા નદી ઉપર આવેલ જુના સરદાર બ્રિજની કમાનો ખરાબ થતા તેનું રીપેરીંગ કામ ચાલુ છે.જેના કારણે ભરૂચ ગોલ્ડન બ્રીજ પરથી હળવા વાહનો કે જે વડોદરાથી સુરત તરફ અને સુરત તરફથી વડોદરા તરફ પસાર થાય છે. જેમાં ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે. જેની સીધી અસર ભરૂચના આંતરિક વાહન વ્યવહારને પણ થાય છે. જેથી સદર ટ્રાફીક ને હળવો કરવા માટે હંગામી ધોરણે વડોદરા તરફથી આવતા સુરત તરફ જતા ફોર વ્હીલ ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, (જી.એ.એસ.)અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ નાં ૦૬-૦૦ કલાકથી તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૫નાં ૨૪-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે ભરૂચ તરફથી અંકલેશ્વર તરફ જતા ફોર વ્હીલ વાહનોને ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ

મુકવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) વડોદરા તરફથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હીલ વાહનો નર્મદા ચોકડીથી ઝાડેશ્વર ચોકડી થઈને જુના સરદાર બ્રિજ ઉપરથી અંકલેશ્વર/સુરત તરફ જઈ શકશે.

(૨) ભરૂચ શહેરમાંથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હીલ વાહનો ઝાડેશ્વર ચોકડી થી જુના સરદાર બ્રિજ થઈને અંકલેશ્વર/સુરત તરફ જઈ શકશે.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ ₹ ૨૦૦/-સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૮૦૩ થી ૮૨૩/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે. કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

વધુમાં આ જાહેરનામું નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૫૦૮ થી ૧૫૨૭/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં હાલમાં મિલકત તથા શરીર સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો ભરૂચ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક કંપનીઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગી ખુવારી થાય અને પ્રજાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની પૂરતી શકયતા જણાય છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા સીકયુરીટી ગાર્ડ તથા લેબર કોન્ટ્રાકટ પર કામ કરતા ઈસમો મજૂરીના બહાને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી વાકેફ થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોવાની પૂરપૂરી શકયતા હોય પોલીસ દ્વારા વેરીફીકેશન થયેલ લેબર કોન્ટ્રાકટરોને જે તે કંપની લેબર કોન્ટ્રાકટનું કામ સોંપે તે ખૂબ જ આવશ્યક છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી દિન ૬૦ માટે ભરૂચ જિલ્લામાં આવેલ તમામ ફેકટરી/કંપનીના માલિકોએ પોલીસ દ્વારા વેરીફીકેશન થયેલ લેબર કોન્ટ્રાકટરને જ લેબર કોન્ટ્રાકટ સોંપવા હુકમ કરૂં છું. લેબર કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટમાં રાખેલ કારીગર, લેબર તેમજ સીકયુરીટી ગાર્ડના નામ સરનામા તેમજ ફોટા અને અન્ય વિગતો આ સાથે સામેલ ફોર્મ મુજબની માહિતી સી.ડી. માં તૈયાર કરી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ આ સંબંધે ઔદ્યોગિક કંપની દ્વારા જે કોન્ટાકટરોને કોન્ટ્રાકટ આપવામાં આવે તેઓ પાસેથી પણ કોન્ટ્રાકટમાં રાખેલ માણસોની, ફોર્મમાં દર્શાવ્યા મુજબની માહિતી સી.ડી. માં તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૮/ ૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના પત્ર

INDEX

ક્રમાંક : વહટ/સીબી-૪/ફાયરીંગ/૨૧૬૦/૨૦૧૫ થી જણાવ્યા અનુસાર આસી. કમાન્ડન્ટશ્રી, કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન, દમણના તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના પત્ર મુજબ કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન, દમણ દ્વારા સ્મોલ આર્મ્સ ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-જની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તા. ૩જી માર્ચ, ૨૦૧૫ થી તા. ૪થી માર્ચ, ૨૦૧૫ ના રોજ સમય સવારે ૭-૩૦ થી ૧૬-૩૦ સુધી ગોળીબારની પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઇપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આઈ. જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨ અધિનિયમ) ની કલમ-૩૩(૧) (બી) મુજબનો.

નંબર ડી.સી./પીઓએલ/એમએજી/એસ.આર./૧૨/૨૦૧૫.– આગામી તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ તથા તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ના રોજ રાજ્યમાં હોળી-ધૂળેટીનો તહેવાર આવે છે. આ દિવસોમાં ગુજરાતભરમાંથી પગપાળા યાત્રાળુઓ ડાકોર રણછોડજીના મંદિરે દર્શનાર્થે જાય છે. અત્રેના જિલ્લામાંથી પણ પગપાળા જનારા યાત્રાળુઓની મોટી સંખ્યા હોય છે. આ યાત્રાળુઓ અત્રેના જિલ્લાના દશક્રોઈ તાલુકાના હીરાપુર ગામથી ખાત્રજ ચોકડી સુધી પસાર થતા રોડ ઉપર મોટી સંખ્યામાં પગપાળા જનાર છે. યાત્રાળુઓની મોટી સંખ્યામાં પગપાળા જનાર છે. યાત્રાળુઓની મોટી સંખ્યા તથા ભીડને કારણે એકતરફી વાહન વ્યવહાર ચલાવવો પણ મુશ્કેલીભર્યો બને તેવી શકયતા જણાય છે. તેમજ વાહનોથી યાત્રાળુઓની જાનહાની થવાનો સંભવ છે.

વાસ્તે, હું, આર. આર. ઠક્કર, ઇ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નો (૨૨મો અધિનિયમ) ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) થી મને મળેલ અધિકારની રૂએ, તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫ કલાક ૬-૦૦ થી તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ કલાક સુધી હીરાપુર ચોકડીથી મહેમદાબાદ રોડ રોડ ઉપર ભારે વાહનોને (ચાર કે તેથી વધુ પૈડાં ધરાવતા યાંત્રિક શકિતથી ચાલતા વાહનો) પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

નોંધ :

આ ટ્રાફીક હીરાપુર ચોકડીથી નાંદેજ-બારેજડી તરફ આવતો જતો ટ્રાફીક હિરાપુર ચોકડી થઈ મહેમદાવાદ રોડ ઉપર નહીં જતાં આ ટ્રાફીક હીરાપુર ચોકડીથી બારેજા થઈ નડીયાદ તરફ જઈ શકશે. અથવા તે વિસ્તારના આંતરિક તાલુકા જિલ્લાના ગામડાંઓના માર્ગે વાપરી શકશે. પણ મહેમદાવાદ જતા રાજય ધોરી માર્ગ ઉપર આવી જઈ શકશે નહિ. પરંતુ હાથીજણ રીંગ રોડ સર્કલથી મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ સુધી વાહન વ્યવહાર માટે ખુલ્લો રાખવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ નં.-૪૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં.-૨૨)ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર./૧૪/૨૦૧૫.–હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું, આર. આર. ઠક્કર, ઇ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં.-૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૨૦મી માર્ચ, ૨૦૧૫ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની;

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું;

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની, તૈયાર કરવાની;

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજાં વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની,

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિ કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક (૧) એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

આર. આર. ઠક્કર,
ઇ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ-૨૨માં) ની કલમ-૩૩ (૧) ખ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૩(૧)ખ/એસ.આર./૧૩૪૧-૫૦/૨૦૧૫.—ગાંધીનગર ખાતે સંસ્કૃતિકુંજમાં ચાલુ વર્ષે તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ સુધી રાષ્ટ્રીય કક્ષાના સાંસ્કૃતિક કાર્યક્રમ ''વસંતોત્સવ'' સાંસ્કૃતિ કુંજ, સેકટર-૯ ખાતે ઉજવવામાં આવનાર છે. તે પ્રસંગે મહાનુભાવશ્રીઓ પધારનાર હોઈ તેમજ કાર્યક્રમ નિહાળવા વિશાળ સંખ્યામાં જનમેદની એકત્રીત થનાર છે. જે અન્વયે ટ્રાફિક નિયમન તેમજ પાર્કીંગ વ્યવસ્થા જાળવવા સારૂ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ સુધી કલાક ૧૫-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહે તે રીતે જાહેરનામું પ્રસિદ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે તેમના તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના પત્ર ક્રમાંક એલઆઈબી/વસંતોત્સવ/૧૧૭૯/૨૦૧૫ થી જણાવેલ છે.

વાસ્તે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ખ થી મને મળેલ સત્તાની રૂઈએ હું, ડૉ. એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી નીચે જણાવેલ માર્ગ પર તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ સુધી કલાક ૧૫-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી નીચે મુજબનું વાહનો પાર્ક કરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરૂ છું.

(૧) જ-રોડ ઉપરથી સચિવાલય ગેટ નં. ૩ જતા માર્ગની બંને સાઈડે પબ્લીક પાર્કીંગ માટે ૬૦૦ કાર તેમજ ૧૫૦૦ નાના વાહનો (બાઈક તેમજ સ્કુટર) પાર્કીંગ.

(૨) સરિતા ઉદ્યાનના મેઈન ગેટ આગળ વી. વી. આઈ. પી. ૮૦ કાર પાર્કીંગ.

(૩) સરિતા ઉદ્યાનથી સેકટર-૯માં જતા માર્ગની બન્ને સાઈડે ૨૦૦૦ નાના વાહનો (બાઈક તેમજ સ્કુટર) પાર્કીંગ.

(૪) સરિતા ઉદ્યાનથી ઈન્દ્રોડા તરફ જતા તોરણ કાફેટોરીયાની આજુબાજુ પબ્લીક ૧૦૦૦ કાર પાર્કીંગ.

(૫) સંસ્કૃતિક કુંજની સામેના રોડ ઉપર પશ્ચિમ તરફ ફક્ત કાર પાર્ક ઈસ્યુ કરવામાં આવેલ હોય તેવા જ ૨૫૦ કાર પાર્કીંગ.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારા સહી સિક્કા કર્યા.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૩ અન્વયેનો.

નંબર ફજદ/વશી/૧૧ થી ૧૫૮/૨૦૧૫.—પોલીસ અધિક્ષકશ્રી, આહવાના તા. ૨૫મી જુલાઈ, ૨૦૧૪ના પત્ર નં. ગનહ/આરબી/જાહેરનામું/૨૦૧૫/૬૦૧૪/૨૦૧૪ના પત્રથી સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૧મી જૂન, ૨૦૧૪ના પત્ર ક્રમાંક વિ.-૧/કવઅ/ ૧૦૨૦૧૪/૧૨૩૭૮ના પત્રથી રાજ્યમાં વિવિધ સ્થળોએ છેલ્લા ઘણા સયમથી ખુલ્લા બોરવેલમાં બાળકો પડી જવાની ઘટના સરકારશ્રીના ધ્યાને આવેલ હોય, તે નિવારણ માટે યોગ્ય તકેદારીના પગલા લેવા જરૂરી હોય, તેમજ નીચે જણાવેલ વિગતે અન્ય જરૂરી જણાય તેવા પગલા લઇ શકાય તે માટે મુંબઇ પોલીસ અધિનિમય,

૧૯૫૧ની સંબંધિત કલમ હેઠળ જરૂરી જાહેરનામું બહાર પાડવા સૂચના થઇ આવેલ છે. સરકારશ્રીના પત્રથી બોરવેલમાં થતી જાનહાની અન્વયે પગલા લેવા જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આહવા તરફથી દરખાસ્ત થઇ આવેલ છે.

રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડૂતો દ્વારા પાણીના બોર બનાવવામાં આવે છે. આવા બોર નકામાં જતા તે પ્રત્યે બોરના માલીક દ્વારા પુરતી કાળજી નહી લેવામાં આવતાં, આવા બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમાં પડી જવાના બનાવો બને છે. આવા બનાવો નિવારવાના ભાગ રૂપે સરકારશ્રીની વંચાણે લીધા ક્રમ-૧ની સૂચના અન્વયે જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું, સી. એમ. ગામીત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૩) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં

(૧) જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતાં પહેલાં સંબંધિત વિભાગની મંજુરી મેળવેલ છે તેની ખાતરી, જમીન માલિક/બોરના માલિક તથા બોર બનાવનાર એજન્સીએ સંબંધિત પોલીસ અધિકારીએ કરવાની રહેશે.

(૨) નવા બોરવેલ / ટ્યુબવેલ બનાવનારે ૧૫ દિવસ પહેલા ગ્રામ પંચાયત/ ગૃપગ્રામ પંચાયતના સત્તાધિકારીને આગોતરી જાણ કરવાની રહેશે.

(૩) બોરવેલ બનાવ્યા બાદ કોઇ જાનહાની થાય નહી અથવા બોરવેલમાં કોઇ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરની ફરતે મજબુત ફેન્સીંગ વાડ/મજબુત દિવાલ કરવાની રહેશે. અને તે અંગેની ખાતરી સંબંધિત પોલીસ સ્ટેશન અધિકારીને કરાવવાની રહેશે.

(૪) બોર બનાવવા ડ્રીલીંગની કામગીરીના સ્થળની આજુબાજુ ૩ મીટરના વિસ્તારમાં વાયર/તારનો ઉપયોગ કરી પ્રવેશ બંધ કરવાનો રહેશે.

વંચાણે લીધા ક્રમાંક (૧) થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, ફડચા-૨, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ, વંચાણે લીધા ક્રમાંક (૨)ની વિગતે સોસાયટીના સભાસદોએ આ કચેરીને ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો ચાર્જ સુપ્રત કરવા બાબતેની રજુઆત કરતાં તે રજુઆત અન્વયે મંડળીના પેટા કાયદા તથા સહકારી કાયદા કાનૂનની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી હાથ ધરવા ફડચા અધિકારીને મોકલી આપતા, વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી ફડચા અધિકારીએ આ કચેરીને અહેવાલ કરેલ છે કે સદરહુ મંડળીમાં આ અગાઉ કસ્ટોડીયન શ્રી આર. કે. ગેડીયા, મંડળીનો વહીવટ સંભાળતા હતા. અત્રેથી અવાર-નવાર દફ્તર મેળવવા નોટીસો તથા સમન્સ આપેલ પરતું, સદર મંડળીનું દફ્તર મળેલ નહીં હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, સભાસદોની તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૩ની રજુઆત અન્વયે તેઓમાંથી પાંચ સભાસદોની વ્યવસ્થાપક કમીટીનાં સભ્યો તરીકે સર્વાનુમતે નિમણૂંક કરી ઠરાવ કરેલ છે. જે અનુસાર સદર મંડળીનો વચગાળાનો ફડચાનો હુકમ રદ કરી તેઓશ્રીને વહીવટ સંભાળવા અંગેના આદેશો થઈ આવવા વિનંતી કરેલ.

અત્રેથી વચગાળાનો હુકમ થયેલ છે. અંતિમ હુકમ થયેલ નથી. જેથી, પુનઃજિવીત કરવાનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ, સભ્યોની આવેલ રજુઆતના અનુસંધાને વચગાળાનો હુકમ રદ કરી કાયદેસરની ચૂંટાયેલ કમિટીને વહીવટ સુપ્રત કરવા ઉપરોક્ત વિગતો/હકીકતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવાનો મુનાસિબ જણાતા, આથી નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

આથી, હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, મને પ્રાપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂએ, ધી મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ., (રજિ. નં. : સે-૨૯૪૬૧, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૭) એ ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અત્રેની કચેરીનો તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૯નો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૪૯૫/૨૦૦૯ નીચે મુજબની શરતોને આધિન રદ કરી સદર હુકમને દફ્તરે કરવાનો હુકમ કરૂં છું.

શરતો :

(૧) મંડળીએ તેના બાકી સમયથી છેવટ સુધીના વાર્ષિક હિસાબોનું ઓડીટ માસ ત્રણમાં પુરૂ કરાવી લેવાનું રહેશે.

(૨) સભાસદોના વિશાળ હિતમાં પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબની તથા કાયદા-કાનુન મુજબની કામગીરી કરવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨૮મી મે, ૨૦૧૪ના ક્રમાંક : સકક/૦૧/ઘ-૨/૨૫૭/૨૦૧૪થી કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૦/૩૬૭/૨૦૧૫.- ધી વટવા કદમગીરી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મુ. વટવા, અમદાવાદ (નોંધણી નંબર : ઘ-૯૧૧૨, તારીખ ૪થી જુલાઈ, ૧૯૮૧) એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન તથા સોસાયટીના મંજુર થયેલા પેટા નિયમો મુજબ તથા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સુચનાઓને આધિન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંક : (૧) સદરહુ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તે જ કાયદાની કલમ-૧૦૮(૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એ. એન. ત્રિવેદી, વહીવટદારશ્રી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ તેમજ ફડચાના વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઈ રજુઆત પણ થયેલ નથી. સબબ, ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસિબ જણાતા આથી, નીચે મુજબ ફડચાનો અંતિમ હુકમ કરૂં છું.

હુકમ

આથી, હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂએ, ધી વટવા કદમગીરી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મુ. વટવા, અમદાવાદ (નોંધણી નંબર : ઘ-૯૧૧૨, તારીખ ૪થી જુલાઈ, ૧૯૮૧)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને આ જ કાયદાની કલમ-૧૦૮(૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હાઉ. ફાયનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદની નિમણૂંક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ચેતન. એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

ક્રમાંક નઘણ/ટીએપીઆઈ/''સે''(દૂ)-૪૩૬૮૨/૨૯/સને ૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, શ્રી જેતવાડી દૂધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લી., મુ.પો. જેતવાડી, તા. વ્યારા, જિ. તાપીને.

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

તાપી, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

કે. એલ. ખાંટ
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, તાપી.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડીટ ઓફિસ, વલસાડના જાનં.- અષણ/૦૧/ચ/૩૦૦૪/૨૦૧૪, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જાનં. : ફડચ/નઘણ/૦૧/ઘ-૨/૪૫૬ થી ૪૬૪/૨૦૧૪, તારીખ ૨૨-૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૩) અત્રેના કચેરીની વચગાળા આદેશ જાનં. : ફડચ/નઘણ/૦૧/ઘ-૨/૭૫૮ થી ૭૬૩/૨૦૧૪, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪.

(૪) મંડળીના વ્યવસ્થાપક કમિટીના સભ્યોની રજુઆત તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

INDEX

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૧૦૯ થી ૧૪૪/૨૦૮/૨૦૧૫.– વાંઝણા-વાંગરવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વાંઝણા-વાંગરવાડી, તા. ચિખલી, જિ. નવસારી ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ, વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ (૩) મુજબ વચગાળાના આદેશ કરી મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ (૪) મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યોની તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ રજુઆત ફરી મંડળીની કામગીરી તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૫ થી ચાલુ કરવા જણાવેલ છે. જેથી, ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ધી વાંઝણા-વાંગરવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વાંઝણા-વાંગરવાડી, તા. ચિખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ કરવામાં આવેલ, જે વચગાળાનો હુકમ આથી રદ કરૂં છું.

નવસારી, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૫.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દૂ)-૪૩૨૮૭/ઝ/૧૮/૪૨૫/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે : હથોડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : મુ. હથોડા, પો. હથોડા, તા. માંડગરોલ, જિ. સુરતને

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દૂ)-૪૩૨૯૦/ઝ/૨૦/૪૦૩/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, : અરીયાણા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : મુ. અરીયાણા, પો. અરીયાણા, તા. ઓલપાડ, જિ. સુરતને

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(દૂ)-૪૩૨૯૦/ઝ/૨૨/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે : અણીતા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લી., સ્થળ : મુ. અણીતા, પો. અણીતા, તા. ઓલપાડ, જિ. સુરતને

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(શ)-૪૩૨૮૮/ઝ/૨૬/૫૨૦/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, : ધી માંડવી ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., સ્થળ : મુ. માંડવી, પો. માંડવી, તા. માંડવી, જિ. સુરતને

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધું :–

(૧) મંડળીને સ્વૈચ્છિક રીતે ફડચામાં લઈ જવાનો મંડળીના પ્રમુખશ્રીનો તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૧૪નો પત્ર.

(૨) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૭૬૬/૨૦૧૪, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩)ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૫૪/૨૦૧૫.– વંચાણે લીધા ક્રમાંક-૧ અન્વયે શ્રી મારૂતી કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., ઠે. ઠાકોરદ્વાર સોસાયટી વિભાગ-૪, એચ.પી. ગોડાઉન સામે, પાલનપુર જકાતનાકા, સુરતને સંસ્થાના પ્રમુખશ્રીએ મંડળીને સ્વૈચ્છિક રીતે ફડચામાં લઈ જવાના તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના પત્ર અન્વયે મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે શ્રી મારૂતી કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., ઠે. ઠાકોરદ્વાર સોસાયટી વિભાગ-૪, એચ.પી. ગોડાઉન સામે, પાલનપુર જકાતનાકા, સુરત કે જેનો નોંધણી નંબર : સા-૩૬૩૮, તારીખ

૧૫મી જાન્યુઆરી, ૨૦૦૨ છે. તેને અત્રેની કચેરીના આમુખ-(૨) થી વંચાણે લીધેલ વચગાળાના આદેશ ક્રમાંકથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો.

આમ મંડળીને રજુઆત કરવાની તક આપવાનો પ્રશ્ન રહેતો નથી અને મંડળીના સભાસદોને તેમજ મંડળીના હોદેદારોને મંડળી ચાલુ રાખવામાં રસ નથી તેવું જણાય છે. તેમજ અત્રેથી કરેલ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪ના ફડચાનાવચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવો. પરંતુ, આજ દિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજુ થયેલ ન હોય મંડળીના હોદેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી. તેમ માનવાને કારણ રહે છે.

તારણ :

આમ સદર મંડળી ઉદેશ મુજબની કામગીરી બંધ થઈ ગયેલ છે. સોસાયટીના સભ્યો ધિરાણ લેતા નથી. આ ઉપરાંત સોસાયટીમાં કોઈપણ વ્યક્તિ સભ્ય બનવા આવતું નથી. મંડળીમાં સરવૈયા મુજબ ધિરાણ બાકી છે. તે માટે સહકારી કાયદાની કલમ-૧૩૮ મુજબની કામગીરી કરેલ છે. છતાં પણ, ઉધાર બાકીની રકમની વસૂલાત આવતી નથી. આ રીતે મંડળીની ઉદેશ મુજબની કામગીરી સદંતર બંધ થઈ ગઈ છે. મંડળીનું તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ના સમયનું ઓડીટ થયેલ છે. ઓડીટરશ્રીએ ઓડીટ વર્ગ-ડ આપી ફડચામાં લઈ જવા સૂચન કરેલ છે. મંડળીની વાર્ષિક સાધારણ સભા ભરવામાં આવે છે. તેમાં નહિંવત સભ્યો હાજર રહે છે. મંડળીની વ્યવસ્થાપક કમિટી સભ્યની બેઠક પેટા નિયમ મુજબ બોલાવવામાં આવતી નથી. સદર મંડળી પેટા નિયમનું જણાવેલ ઉદેશો મુજબની કામગીરી કરી શકે તેમ ન હોય. મંડળીના હોદેદારોએ સદર મંડળીની કાર્યવાહી (કામકાજ) બંધ કરવા માટે વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ કરેલ હોય, મંડળીના હોદેદારોને આ મંડળી ચલાવવામાં રસ ન હોવાનું જણાય આવે છે. જેથી, આ મંડળી ચાલુ રહી શકે તેમ નથી.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ નીચે મુજબ છે.

૧૦૭. મંડળી આટોપી લેવા બાબત.

(૧) (એ) ×××

(બી) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેલા મંડળીના ત્રણ ચતુર્થાંસ સભ્યોએ પસાર કરેલાં ઠરાવ ઉપરથી કરેલી અરજી મળે એટલે, અથવા

(સી) (૧) ×××

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) ×××

(૪) જે મંડળી આ અધિનિયમની અથવા [નિયમો અથવા ઉપ-નિયમોની અથવા] રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય,

[(૫) ×××]

તે મંડળીની બાબતમાં રજિસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેને આટોપી લેવી જોઈએ, તો તે મંડળી આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૨) પેટા-કલમ ખંડ (સી)ના પેટા-ખંડ (૪)માં દર્શાવવામાં આવેલા કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીને મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢ્યાની તારીખથી એક મહિનાની અંદર રજિસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) ×××

સબબ મંડળીની તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ની સામાન્ય સભાના ઠરાવ નં.-૫ થી મંડળીને સ્વૈચ્છિક રીતે ફડચામાં લઈ જવાના ઠરાવને તથા મંડળીના પ્રમુખશ્રીનું તારીખ ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૪ના રૂબરૂ નિવેદનને ધ્યાને લેતા મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત ઉપરોક્ત કારણોસર સ્વીકારવી જરૂરી જણાય છે. તેથી, નીચે મુજબનો હુકમ કરવો મુનાસિબ જણાય છે.

અંતિમ આદેશ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક-(૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર શ્રી મારૂતી કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., ઠે. ઠાકોરદ્વાર સોસાયટી વિભાગ-૪, એચ.પી. ગોડાઉન સામે, પાલનપુર જકાતનાકા, સુરત કે જેનો નોંધણી નંબર : સા-૩૬૩૮, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૨ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩) સુરતની તા. ૨૨/૧૨/૨૦૧૪ની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨) ની જોગવાઇઓ.

(૩) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૧૧ના જાહેરનામા ક્રમાંક/જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૬૫/૫૩૬/૨૦૧૫.-ધી નાનપુરા કન્ઝુમર્સ કો-ઓપ. સોસાયટી લી., અથુગર સ્ટ્રીટ, નાનપુરા, જિ. સુરત, એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ ગ્રાહક ભંડાર છે. જેનો નોંધણી નં. સી. ૫૬૩ તા. ૩જી ડીસેમ્બર, ૧૯૪૩ છે. સદર મંડળી સ્થગીત અવસ્થામાં છે અને સભાસદોને તથા હોદેદારોને

મંડળી ચાલુ રાખવામાં રસ ન હોવાથી સહકારી કાયદાની કલમ-૧૦૭ ની દરખાસ્તને ધ્યાને રાખી મંડળીને અત્રેની કચેરીના તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩ ના હુકમથી ફડચામાં લઈ જઈ, સહકારી અધિકારી ફડચા નં.-૩ ની નિમણુંક કરવામાં આવેલ. ફડચા અધિકારીશ્રી સહકારી કાયદાની કલમ- ૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની અંતીમ સાધારણ સભા તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૧૪ના રોજ મેળવી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૧) તા. ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહુ ધી નાનપુરા કન્ઝુમર્સ કો. ઓપ. સોસાયટી લી. અથુગર સ્ટ્રીટ, નાનપુરા જિ. સુરત, કે જેનો નોંધણી નં. સી. ૫૬૩ તા. ૩જી ડીસેમ્બર, ૧૯૪૩ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, શ્રી જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ધી નાનપુરા કન્ઝુમર્સ કો-ઓપ. સોસાયટી લી., અથુગર સ્ટ્રીટ, નાનપુરા,જી. સુરત, એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ શરાફી સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. સી. ૫૬૩ તા. ૩જી ડીસેમ્બર, ૧૯૪૩ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સ. મં., સુરત.

વંચાણે લીધું :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, ગ્રાહક ભંડાર (૨)સુરતની નોંધણી રદ કરવાની તા.૧લી સપ્ટેમ્બર, ૨૦૧૪ની દરખાસ્ત

(૨) જીવનસંગ્રામ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ના પ્રમુખશ્રી/ સેક્રેટરીશ્રીનું નોંધણી રદ કરવા અંગે તા.૨૧મી માર્ચ, ૨૦૧૪ નું નિવેદન.

(૩) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક-ફડચ/ ઉખસ/૦૧/ખ/૭૬૯/૨૦૧૪ તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૧-૧૨-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૪૫/૨૦૦૫/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૬૦/૨૯૭/૨૦૧૫.-વંચાણે લીધા ક્રમાંક-૧ માં જણાવ્યા મુજબ જીવનસંગ્રામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ઠે. ઉધના મગદલ્લા રોડ, સુરત ની ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ગ્રાહક ભંડાર-૨) સુરતની સદર મંડળીની નોધણી રદ કરવાની તા. ૦૧-૯-૨૦૧૪ થી રજુ થયેલ દરખાસ્ત અન્વયે મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા સબંધે વચગાળાનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે જીવનસંગ્રામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ઠે. ઉધના મગદલ્લા રોડ, સુરતએ ધી ગુજરાત સહકારી અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધણી નં.-ધ. ૧૨૯૫૭, તા. ૨૯-૦૯-૧૯૮૮ થી હાઉસીંગ તરીકે નોંધાયેલ સંસ્થા છે. તેને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક - ફડચ/ઉખસ/૦૧/ખ/૭૬૯/૨૦૧૪, તા. ૧-૯-૨૦૧૪નાં આદેશ અન્વયે ફડચામાં લઈ જવા સારૂ વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

આમ મંડળીને રજુઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધીમાં કોઈ લેખિત કે મૌખિક જવાબ રજુ કરેલ નથી. તેમજ અત્રેથી કરેલ તા. ૮-૧૨-૨૦૧૪નાં ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીને સાદર કરવો. પરંતુ આજદિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજુ થયેલ ન હોય મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી. તેમ માનવાને કારણ રહે છે.

સદર મંડળીના પ્રમુખશ્રીએ ઓડીટરશ્રીને તા. ૨૧-૩-૨૦૧૪ના રોજ રૂબરૂમાં લેખિતમાં નિવેદન આપેલ છે કે સોસાયટીની નોંધણી જમીન વિના કરવામાં આવેલ હતી. હમોએ સરકારશ્રી પાસે જમીન માંગણી કરેલ હતી પરંતુ સરકારશ્રી તરફથી હમોને રહેણાંક માટે કોઈ જમીન આજદીન સુધી ફાળવવામાં આવી નથી.

અમારી મંડળીનું છેલ્લુ ઓડીટ સને ૧૯૯૩ થી તા. ૩૧-૩-૨૦૦૧ સુધીનું થયેલ છે.મંડળીમાં છેલ્લા ઓડીટ પછી હમોએ કોઈપણ જાતના વ્યવહારો થયા નથી અને તે પહેલા પણ કોઈ વ્યવહારો થયા નથી. ફક્ત નોંધણી કરાવતી વખતે ઈનીશીયલ ડીપોઝીટ પેટે જમા કરાવેલ રકમનું બેન્કમાં વ્યાજ આવેલ છે. એ ઉપરાંત મંડળીના સભ્યોનેમંડળીની પ્રવૃત્તિ માં કોઈ રસ ન હોય તેઓના સરનામા હમારી જાણમાં નથી તેવા સંજોગોમાં અમારી મંડળીની કોઈ કાર્યવાહી થઈ શકે તેમ નથી. તેમજ મંડળીની ઓડીટની કામગીરી પણ થઈ શકે તેમ નથી. ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લઈ અમારી મંડળીને સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવા વિનંતી છે. તેમ જણાવેલ છે.

મંડળીના હોદ્દેદારોએ તા. ૨૧-૩-૨૦૧૪ના રોજ રૂબરૂમાં લેખિત નિવેદનને ધ્યાને લઈ મંડળીનેફડચામાં લઈ જવાની દરખાસ્તને ઉપરોકત કારણોસર સ્વીકારવી જરૂરી જણાય છે, તેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ આદેશ

હું, કે. એ. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) સુરત વંચાણે લીધા ક્રમાંક-(૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર જીવનસંગ્રામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ઠે. ઉધના મગદલ્લા રોડ, સુરત કે જેનો નોંધણી નં.-ઘ-૧૨૯૫૭, તા. ૨૯-૦૯-૧૯૮૮ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નઘણ/એસઆરટી/સા (હા)-૮૯૦૭/ઝ/૪૭/૩૦૩/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, શ્રી ચીંતામણી કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. ક્રિશ હાઇટસ, મોજે પાલ, તા. સુરત સીટી, ટી.પી. સ્કીમ નં. ૧૪, જિ. સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૧૦(ઓ) તથા કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તા. ૧૬-૦૫-૨૦૦૮ના અંતિમ હુકમ ક્રમાંક-ફડચ/૦૧/ગ-૩/૮૦૨/૦૮.

(૩) ફડચા અધિકારી નં. નો તા. ૨૦-૦૧-૧૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૦૨/૧૫નો મંડળીને પુનઃ જીવીત કરવા બાબતનો ભલામણ પત્ર.

(૪) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ગ-૩/૪૪/૧૮૭/૨૦૧૫.– ધી શિયાળ નર્મદા પિયત સ. મં. લી., મુ. શિયાળ, તા. બાવળા, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ખે-૬૪૮૦થી નોંધાયેલ સિંચાઇ મંડળી છે.ને સદરહુ મંડળીનું દફતર રજુ ન થવાથી ઓડીટર સહકારી મંડળીઓ (ન.જ. ૧) રૂરલ અમદાવાદનો ખાસ અહેવાલ કરી અત્રેની કચેરીને મોકલી આપેલ, તેના અનુસંધાને અત્રેથી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ફડચાનો કલમ-૧૦૭નો અંતિમ હુકમ કરવામાં આવેલ.

ત્યારપછી કચેરીનાં ફડચા અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ અને મંડળીના દફતરનો ચાર્જ તેઓએ તારીખ ૧૪મી જૂન, ૨૦૧૦ના રોજ સંભાળી પી.ડી. પટેલ, ઓડીટર ગ્રેડ-૨ (લી.રી.) પાસે તા. ૦૧-૦૪-૨૦૧૧ થી તા. ૩૧-૦૩-૨૦૧૪ સુધીનાં સમયનું ઓડીટ પૂર્ણ કરાવેલ છે અને ફડચા અધિકારીએ તા. ૨૮-૧૨-૨૦૧૪નાં રોજ મંડળીની ખાસ સાધારણ સભા બોલાવી ઠરાવ નં. ૩ થી મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવેલ છે.

આમ, મંડળીની ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઇ મંડળીનો તા. ૧૬-૦૫-૨૦૦૮નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૮૦૨/૦૮, રદ કરી સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઇઓને આધિન મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, નીચે સહી કરનાર આઈ. એમ. પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (રૂરલ), અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક (૧) ની ધી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ, ધી શિયાળ નર્મદા પિયત સ. મં. લી., મુ. શિયાળ, તા. બાવળા, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ખે-૬૪૮૦ને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા કરેલ અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૮૦૨/૦૮, આથી રદ કરૂં છું અને સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઇઓને આધિન મંડળીને પુનઃજીવીત કરૂ છું.

અમદાવાદ, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધા :

(૧) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ મહેસાણાના તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦ના પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ/૧૪૮/૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૧૦/૨૦૧૪, તારીખ ૯મી ઓકટોબર, ૨૦૧૪ થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ સભ્યોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૩૦/૪૬૯/૨૦૧૫.–શ્રી પ્રતાપગઢ જૂથ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પ્રતાપગઢ તા. ઉંઝા, જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : સે. તે. ૨૨૨૬૩, તારીખ ૨૨મી મે, ૧૯૮૬ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું

INDEX

ઓડીટ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૯મી ઓકટોબર ૨૦૧૪ BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૯માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૩૦મીઓકટોબર, ૨૦૧૪ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. પરંતુ, મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી, દુરસ્તી રિપોર્ટ સબંધિત ઓડિટરશ્રીને મોકલેલ નથી. સહકારી કાયદાની કલમ-૮૫નો બંગ કરેલ છે.

(૨) મંડળીનો છેલ્લા વર્ષનો ઓડીટ વર્ગમાં ‘‘ડ’’ છે.

(૩) ધી મહેસાણા તેલીબિયા સહ. સંઘનું ધી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંધ લી.માં મર્જર થયેલ હોઇ, મંડળી તેના ઉદ્દેશો મુજબની પ્રવૃત્તિ કરી શકે તેમ નથી.

(૪) મંડળી કાર્યક્ષમ/અર્થક્ષમ યુનિટ બની શકે તેમ નથી.

(૫) સને ૨૦૧૨-૧૩ ના વર્ષની વાર્ષિક સાધારણ સભા મંડળીના કાર્યવાહકો દ્વારા બોલાવવામાં આવેલ નથી. આમ પેટા નિયમ મુજબ મિટિંગો બોલાવવામાં કાર્યવાહકોને રસ નથી.

(૬) મંડળીની વ્ય.કમિટિની બેઠક પેટાનિયમ મુજબ દર માસે બોલાવવાની જોગવાઇ નિયત થયેલ છે. છતાં તા. ૨૨-૯-૧૨ પછી વ્ય. કમિટિની બેઠક બોલાવવામાં આવેલ નથી.

(૭) મંડળીએ અપનાવેલ પેટાનિયમ ઉદ્દેશો મુજબની પ્રવૃત્તિ હાથ ધરી મંડળીને આર્થિક રીતે સધ્ધર બનાવવા જરૂરી તમામ પ્રયત્નો હાથ ધરવા કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૮) ઓડિટરશ્રી, સ.મં. મહેસાણાના તા. ૧-૧૦-૧૧ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૨૪૦/૨૦૧૧ થી ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા ભલામણ કરેલ તે અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ.મં. મહેસાણાએ તા. ૧૭-૨-૨૦૧૨ના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/ખ/૮૧/૨૦૧૨ના રોજ ફડચામાં લઇ જવા વચગાળાનો આદેશ કરેલ હતો અને તે સમયે મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીએ રૂબરૂમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ.મં. મહેસાણાને કરેલ રજુઆત તથા તા. ૨૨-૬-૨૦૧૨ના રોજ રજુ કરેલ તારીજ, વેપાર પત્રક અને નફા નુકશાન પત્રક આધારે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ.મં. મહેસાણાએ તા. ૬-૮-૨૦૧૨ના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/ખ/૬૦૧ થી ૬૧૦/૨૦૧૨ના રોજ વચગાળાનો આદેશ પરત ખેચવા હુકમ કરેલ હતો. આ સમયગાળા દરમ્યાન સને ૨૦૧૨/૧૩ના વર્ષમાં ૬૯,૩૨૦/-નો વ્યાપાર કરી ૧૪૬૩/-નો વેપારી નફો મેળવેલ છે. જ્યારે સને ૨૦૧૩/૧૪ના વર્ષમાં મંડળીમાં કોઇ વ્યાપારી પ્રવૃત્તિ હાથ ધરેલ નથી, અને જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ.મં. મહેસાણાના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ/૬૦૧ થી ૬૧૦/૨૦૧૨, તા. ૬-૮-૨૦૧૨થી નીચેના સુચનોનું પાલન કરવાની શરત સાથે ફડચાનો વચગાળાનો આદેશ રદ કરેલ હતો.

(૧) મંડળીની તપાસણી સમયમાં ફક્ત એક વ્ય. કમિટિ બેઠક મળેલ છે. નોંધાયેલા પેટા કાયદા જોગવાઇ અનુસાર મંડળીમાં વ્ય.કમિટિ બેઠક બોલાવવી.

(૨) ધી મહેસાણા જિલ્લા તેલિબિયાં ઉત્પાદક સહકારી સંઘ લી. મહેસાણાનું અસ્તિત્વ ન હોઇ મંડળીના નોંધાયેલા પેટા કાયદા જોગવાઇ અનુસાર મૂળભૂત ઉદ્દેશ અનુસાર રાયડા એકત્રીકરણ કામગીરી શરૂ કરવી.

(૩) મંડળીની વ્ય. કમિટિને મંડળીનો વહીવટ કરવામાં અંગત રસ લેવો.

(૪) મંડળીએ છેલ્લા વર્ષના અન્વેષણ નોંધમાં સુચવાયેલ ખામીઓના દોષ દુરસ્તી કરેલ નથી, જે કરવી.

(૫) સરવૈયુ તા. ૩૧-૩-૨૦૧૧ વંચાણે લેતા વસુલાત કરવાપાત્ર લેણાં વસુલાત કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી તો તાત્કાલીક હાથ ધરવી.

(૬) તા. ૧-૪-૧૧ થી સુનાવણી તારીખ સુધીના હિસાબો પત્રકો, સભાસદ શેરફાળા યાદી, ડેડસ્ટોક યાદી રજુ કરેલ નથી. તો તાત્કાલીક બનાવી રજુ કરવા.

(૭) મંડળીનુ કુલ કાર્યવાહી ભંડોળ રૂા. ૬૨,૭૩૫.૧૭નુ છે જે વધારવું.

(૮) કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદ્દા નં. ૧ થી ૧૦ માં સુચવેલ વિગતે મંડળીમાં હકારાત્મક કાર્યવાહી કરવી.

(૯) મંડળીના નોંધાયેલા પેટા કાયદા જોગવાઇ અનુસાર અને મૂળભૂત ઉદેશ અનુસાર કામગીરી કરવી.

(૧૦) મંડળીમાં તા. ૩૧-૩-૨૦૧૪ આખરે રૂા.૨૮,૩૫૮.૧૮ની એકત્રિત ખોટ રહેવા પામેલ છે. આ ખોટ નિવારવા કાર્યવાહકો તરફથી કોઇ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઇ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળી નો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઇ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ ન હોઇ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુંસાર હાજર રહી જવાબ રજુ કરેલ ન હોઇ, મંડળીને ફડચામાં લઇ જવી યોગ્ય જણાતુ હોવાથી નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી પ્રતાપગઢ જૂથ તેલિબિયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પ્રતાપગઢ તા. ઉંઝા જિ. મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી નં. સે.તે. ૨૨૨૬૩, તારીખ ૨૨મી મે, ૧૯૮૬ થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે

INDEX

ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :

(૧) ઓડિટર ગ્રેડ-૨. સહકારી મંડળીઓ મહેસાણાના તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ/૧૪૯/૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૧/૨૦૧૪, તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૧૪ થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ સભ્યોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૩૧/૪૦૦/૨૦૧૫.–શ્રી મહેસાણા સોશ્યલ ગ્રુપ કો.ઓપ. ક્રેડીટ એન્ડ સેવિંગ સોસાયટી લી., મુ. મહેસાણા, એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : સે ૨૧૭૫૦, તારીખ ૧૧મી માર્ચ, ૧૯૮૬ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૪ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૧૪ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૭માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદેદારોને થયેલ છે. પરંતુ, મંડળીના હોદ્દેદારો/પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદેદારો હાજર રહેલ નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઇ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઇ જવી હિતાવહ હોઇ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા ચાર વર્ષનો ઓડીટ વર્ગમાં -ક છે.

(૨) મંડળીએ છેલ્લા ચાર વર્ષના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી દુરસ્તી રિપોર્ટ સંબધિત ઓડીટરશ્રીને મોકલેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૩) ગત ઓડીટ મેમાની ખામી નં. ૨ (૧ થી ૩)માં જણાવ્યા મુજબના પેટાનિયમ સુધારા હજુ સુધી મંજુર કરાવેલ નથી, તો પેટાનિયમમાં સુધારો કરાવી લેવા સુચના છે.

(૪) પેટાનિયમ-૨૮ મુજબ દર માસે એક વખત વ્ય. કમિટી બેઠક બોલાવવી ફરજીયાત હોવા છતાં, ઓડિટ સમયમાં ફક્ત-૧૦ બેઠકો મળેલ છે. આમ, કાર્યવાહકોને મંડળીમાં ચલાવવામાં કોઇ રસ તેમ જણાતુ નથી.

(૫) મંડળીમાં તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ અંતિત એકત્રિત નફો ₹ ૫,૪૬,૧૬૨.૦૭ છે. જેથી પેટા નિયમ મુજબ ફાળવણી નહી કરીને પેટાનિયમનો ભંગ કરેલ છે.

(૬) મંડળીમાં તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ના અંતે સભાસદ ધિરાણ ₹ ૩,૯૩,૦૬૬/૧૫ મુદતવીતી બાકી છે. જેની વસુલાત કરવા અંગેની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી કે, મુદતવીતી બાકીદારો ઉપર લવાદી રાહે કરવામાં આવેલ નથી.

(૭) મંડળીની વ્યવસ્થાપક કમિટિની બેઠકના ઠરાવ નં. ૩ તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૪થી ઠરાવ્યા મુજબ ‘‘સોસાયટીની વાર્ષિક સાધારણ સભા તથા કારોબારી કમિટીના સભ્યોની બેઠક અવાર-નવાર મળે છે, પરંતુ સભ્યોને અપાયેલ ધિરાણની વસુલાત ભરપાઇ થતી નથી. જેથી નવીન ધિરાણ કરવામાં આવતુ નથી, આ સઘળી બાબતો ધ્યાને લઇને સોસાયટીને પુનઃજીવીત કરવા એટલે કે, સોસાયટી કામ કરતી થાય તે માટે સહકારી પ્રવૃત્તિના જાણકાર વ્યક્તિઓની નિયુક્તિ કરવા માટે જરૂરી પ્રયત્નો કરવામાં આવેલ. પરંતુ તે બાબતે યોગ્ય નિર્ણય થઇ શકેલ નથી. પરિણામે સર્વે સંજોગોમાં ધ્યાને લેતા, સોસાયટીને ચાલુ રાખી શકાય તેમ જણાતુ ન હોવાથી સોસાયટીની ફડચામાં લઈ જવા તથા તે સબબની યોગ્ય કાર્યવાહી કરવા અને ફડચા અધિકારીની નિયુક્તિ કરવા પ્રમુખ/મંત્રીશ્રીને સત્તા આપવા ઠરાવેલ છે. તે મુજબ સંબધિત કચેરીનો સંપર્ક હજુ સુધી કરવામાં આવેલ નથી.

INDEX

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુંસારહાજર રહી જવાબ રજુ કરેલ ન હોઇ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતુ હોવાથી, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી મહેસાણા સોશ્યલ ગ્રુપ કો.ઓપ. ક્રેડીટ એન્ડ સેવિંગ સોસાયટી લી., મુ. મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી નં. સે ૨૧૭૫૦, તારીખ ૧૧મી માર્ચ, ૧૯૮૯થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ઓડિટર ગ્રેડ-૨. સહકારી મંડળીઓ મહેસાણાના તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ/૧૪૭/૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૦૯/૨૦૧૪, તારીખ ૯મી ઓકટોબર, ૨૦૧૪ થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ સભ્યોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૩૨/૪૭૧/૨૦૧૫.—શ્રી અંબિકા મજુર કામદાર સહકારી મંડળી લી., મુ. લાખવડ, તા.જિ.મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ઉ/૫૭૭૬, તારીખ ૮મી ઓકટોબર, ૧૯૮૫ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૧૪ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૯મી ઓકટોબર, ૨૦૧૪ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૧૦માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૪ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. પરંતુ, મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદેદારો હાજર રહેલ નથી.

(૧) મંડળીએ ગત વર્ષના ઓડીટમેમાની તથા તેની ખામી નં. ૧માં જણાવ્યા મુજબ છેલ્લા ચાર વર્ષના ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને દુરસ્તી કરવામાં સહેજ પણ રસ જણાતો નથી. જેથી ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) જિલ્લા રજીસ્ટ્રારશ્રી તરફથી અગાઉ સુચવાયેલ (૧) વ્ય.કમિટીની રચના દર ત્રણ વર્ષની કરવા અને (૨) અન્ય સંસ્થાનો મુદતવીતી બાકીદાર વ્ય. કમિટીમાં રહી શકે નહિં, તે સુધારા મંડળી તરફથી અમલમાં મુકવામાં આવેલ નથી.આમ, મંડળી દ્વારા જિલ્લા રજિસ્ટ્રારશ્રી દ્વારા અપાયેલ સુચનાનો અમલ કરવામાં આવેલ નથી.

(૩) અગાઉની ઓડીટ નોંધમાં સુચવ્યા છતાં, મંડળીના પેટાનિયમની ફાઈલ હજુ મેળવાયેલ નથી. તો આ બાબતે કોઇ કાર્યવાહી થયેલ નથી.આમ, મંડળીનો અગત્યનો દસ્તાવેજ મંડળીના રેકર્ડે મળી શકેલ નથી.

(૪) તપાસણી સમયના ત્રણ વર્ષ દરમિયાન વ્ય. કમીટીની ફક્ત ૧૦ બેઠકો મળેલ છે. મંડળીના પેટાનિયમ મુજબ વ્ય. કમિટી બેઠક દર માસે એક વખત મળવાની જોગવાઇ છે. આમ, મંડળીના કાર્યવાહકોએ પેટાનિયમનો ભંગ કરેલ છે.

(૫) તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ આખરે એકત્રિત ખોટ ₹ ૪,૮૮૮/- છે. આ ખોટ નિવારવા કોઇ પ્રયત્ન કરવામાં આવેલ નથી.

(૬) સરદાર સરોવર નર્મદા નિગમ, ગાંધીનગર ખાતે બોન્ડમાં રોકાણ ₹ ૧૭,૦૦૦/-નું છે. જે નાણાં પરત મેળવવા અંગે કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૭) સીકયુરીટી ડીપોઝીટ ₹ ૧૦,૮૮૪/- અને ઈન્કમટેક્ષ કપાત ₹ ૫૦,૫૪૫/- રિફંડ મેળવવા અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ નથી. સુચના છે.

(૮) મંડળીનો તેના ઉદ્દેશો મુજબ ટેન્ડરથી યા જાહેર અથવા ખાનગી કામ કરવાના કરાર, કોન્ટ્રાકટ મેળવી તેમજ બીજી જાતની મંજૂરીનું કામ મેળવી તેના સભાસદોને રોજગારી પુરી પાડવાનો તથા તેઓના આર્થિક ઉત્થાન કરવાનો છે. છતાં, મંડળી તરફથી આવી કોઇપણ પ્રકારની કામગીરી કરવામાં આવેલ નથી.

INDEX

(૯) મંડળીની તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૪ના રોજ મળેલ વ્ય. કમિટિ મિટિંગના ઠરાવ નં. ૩ થી મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી કરી ન હોઇ, અને મંડળીના ફંડોનું ઉત્તરોતર ધોવાણ થતુ હોઇ, મંડળીને ફડચામાં લઇ જવા કાર્યવાહી કરવા ઠરાવેલ છે.

(૧૦) મંડળી પાસે ૨૯ વર્ષો પછી પણ ₹ ૩૪,૦૯૮/-ના ફંડોનું ઉપલબ્ધ છે. જેથી મંડળીએ કોઇ કામગીરી કરેલ નથી તે પુરવાર થાય છે. આમ, મંડળી સ્થગિત અવસ્થામાં છે.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વ્યાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બોબતે કોઇ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટિ સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઇ જવી હિતાવહ હોઇ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે યોગ્ય જણાય છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુંસાર હાજર રહી જવાબ રજુ કરેલ ન હોઇ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતુ હોવાથી, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી અંબિકા મજુર કામદાર સહકારી મંડળી લી., મુ. લાખવડ, જિ.મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી નં. ઉ/૫૭૭૬, તારીખ ૮મી ઓકટોબર, ૧૯૮૫ છે. થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧)ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) સબ ઓડિટર, સહકારી મંડળીઓ વિસનગરના તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૧૪ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૦૭/૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૪૩૫/૨૦૧૪, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ સભ્યોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૩૩/૪૭૨/૨૦૧૫.—શ્રી પિપલ્સ કો.ઓપ. ક્રેડીટ સો. લી., મુ. તા. વિજાપુર જિ.મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : સે-૩૧૭૪૭, તારીખ ૧૭મી મે, ૨૦૦૦ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ, સબઓડીટર, સહકારી મંડળીઓ, વિસનગરને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તારીખ ૩૦મી ઓગષ્ટ ૨૦૧૪ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૬માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. પરંતુ, મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઇ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઇ જવી હિતાવહ હોઇ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે યોગ્ય જણાય છે.

(૧) મંડળીએ સને ૨૦૦૯-૧૦, સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના ઓડીટમેમાની ખામીઓની દુરસ્તી અહેવાલ સબંધિત ઓડિટરશ્રીને મોકલી આપેલ નથી, સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) ઓડિટ સમયમાં સને ૨૦૧૩-૧૪માં એટલે કે સને ૨૦૧૨-૧૩ના વર્ષની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી કે ન બોલાવવા અંગે મંજુરી પણ મેળવેલ નથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૩) ઓડીટ સમય પૈકી સને ૨૦૧૨-૧૩માં અને ૨૦૧૩-૧૪ના વર્ષ દરમ્યાન વ્યવસ્થાપક કમીટી સભ્યોની અનુક્રમે (એક) (૦૧) અને શૂન્ય (એકપણ નહિ) બેઠક મળેલ છે.

(૪) મંડળી સતત પાંચ વર્ષથી ખોટ કરેલ છે. તા. ૩૧મી માર્ચ, ૨૦૧૩ ના અંતે ₹ ૧,૪૬,૦૯૭/- ખોટ અને તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ના અંતે એકત્રિત ખોટ ₹ ૧,૪૬,૪૫૬/- રહેવા પામેલ છે. જે સરભર કરવા કાર્યવાહકોએ ઉદ્દેશ મુજબ નક્કર કાર્યવાહી કરેલ નથી.

INDEX

(૫) મંડળીની ધિરાણ બાકી પૈકી તમામ રકમ મુદતવીતી બાકી થવા પામેલ છે. જે કુલ-૦૯ સભાસદો પાસેથી ₹ ૬૧૩૧૭/-ની વસુલાત માટે કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૬) મંડળીમાં બાકીદારો પૈકી બારોટ ભાવનાબેન મહેશકુમારના નામે ₹ ૧૨૭૨૦/- મુદતવીતી બાકીદાર છે. જે વ્ય.કમીટી સભ્યશ્રી મહેશકુમાર નટવરલાલ બારોટના સંબધી છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુંસાર હાજર રહી જવાબ રજુ કરેલ ન હોઇ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતુ હોવાથી, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી પિપલ્સ કો.ઓપ. ક્રેડીટ સો. લી., મુ.તા. વિજાપુર, જિ.મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી નં.૩૧૭૪૭, તારીખ ૧૭મી મે, ૨૦૦૦ થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧)ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ઓડિટરગ્રેડ-૧, સહકારી મંડળીઓ મહેસાણાના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૪૨૯/૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૧૨/૨૦૧૪, તારીખ ૯મી ઓકટોબર, ૨૦૧૪ થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ સભ્યોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૩૫/૪૭૩/૨૦૧૫.–શ્રી આંબલીયાસણ મજુર કામદાર સહકારી મંડળી લી., મુ. આંબસીયાસણ, તા. જિ.મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ઉ-૫૨૫૫, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૮૩ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ, ઓડીટરગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૧૩માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૪ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. પરંતુ, મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી.

(૧) મંડળીએ ગતઓડીટમેમામાં જણાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી, કે ઓડીટ દુરસ્તી રીપોર્ટ સબંધિત ઓડિટરશ્રીને મોકલી ન આપી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) ઓડિટ સમય દરમ્યાન મંડળીમાં બે નવીન સભાસદો દાખલ કરેલ છે, જેઓની દાખલ થવા માટેની અરજીઓ ઓડીટમાં જોવા મળેલ નથી.

(૩) મંડળીના સભાસદ રજિસ્ટરમાં અગાઉ સુચના આપવા છતાં વારસદારોની નિમણુંકની નોંધોની પૂર્તતા કરવામાં આવેલ નથી.

(૪) મંડળીના કેટલાક સભાસદોને અગાઉ સુચના આપવા છતાં શેર સર્ટીફીકેટ આપેલ નથી.

(૫) ઓડીટ સમય દરમ્યાન ૫ સભાસદોને શેરની રકમ પરત કરેલ છે, જેના શેર સર્ટીફીકેટ વાવચર સાથે સામેલ રાખેલ નથી.

(૬) મંડળીની વ્ય. કમિટીની બેઠકો પેટાનિયમની જોગવાઇ મુજબ દર મહિને એક વખત મળતી નથી.

(૭) મંડળીની સિલક તથા અન્ય સામાનની સલામતી અંગે સહકારી વિમો કંપનીની પેકેજ પોલીસી મેળવેલ નથી.

(૮) મંડળીમાં ઉપયોગમાં લેવાતી જમા પહોંચબુકોના વપરાશ તથા સ્ટોક અંગે નિયત રજિસ્ટ્રર નિભાવેલ નથી.

(૯) મંડળીમાં આવકની સામે ખર્ચનું પ્રમાણ સને-૨૦૧૨/૧૩ દરમ્યાન આવકના ૨૫૯૫.૭૧% તથા સને સને-૨૦૧૩/૧૪ દરમ્યાન ૪૫૧૭.૮૦% છે. મંડળીને પેટાનિયમ મુજબ કોંટ્રાકટના કામો નહિ મળવાને કારણે મંડળીને સતત નુકશાનમાં કામ કરે છે. મંડળીની નુકશાનમાંથી આર્થિક રીતે સધ્ધર થાય તેવા કોઇ પ્રયાસો મંડળીના કાર્યવાહકો કરેલ હોવાનું જણાતું નથી.

(૧૦) મંડળીએ સહકારી સંસ્થાના શેરોમાં કરેલ રોકાણ અંગે રોકાણ રજિસ્ટર નિયત નમૂનામાં નિભાવેલ નથી.

INDEX

(૧૧) મંડળીના ડેડસ્ટોક ઉપર કાચા નફામાંથી નિયમાનુસાર ઘસારો કાઢેલ નથી.

(૧૨) મંડળીના તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ના સરવૈયામાં દર્શાવેલ નીચેની રકમો અગાઉ સુચના આપ્યા છતાં મંડળીના કાર્યવાહકોએ કોઇ નક્કર કાર્યવાહી કરેલ નથી.

(૧) અનામત ₹ ૪,૫૧,૧૦૦/- નિયમોનુસાર ચુકવી દેવા અંગે.

(૨) ઈન્કમ ટેક્ષ લ્હેણા ₹ ૫૪/- પરત મેળવી લેવા જરૂરી કાર્યવાહી કરવા અંગે

(૩) સીકયોરીટી/અન્ય ડીપોઝીટ ₹ ૧,૦૧,૯૦૪/- પરત મેળવી લેવા જરૂરી કાર્યવાહી કરવા અંગે

(૪) ICDP કચેરી મ. પાત્ર બિલ કપાત ₹ ૫૧૫૦/- પરત મેળવી લેવા જરૂરી કાર્યવાહી કરવા અંગે

(૧૩) મંડળીને આવકના અન્ય કોઇ સ્ત્રોત નથી. મંડળીને પેટાનિયમ મુજબ કોન્ટ્રાકટના કામો નહિં મળવાને કારણે મંડળી સતત નુકશાનમાં કામ કરે છે. મંડળીનું ભરપાઇ થયેલ શેરભંડોળ ₹ ૪૫,૨૫૦/- છે. જેની સામે મંડળીની ખોટ ₹ ૧,૨૮,૭૬૯.૭૬ છે. મંડળીએ દેવું ચુકવી આપવા કોઇ ઠોસ પ્રયાસો કરેલ નથી. જેથી મંડળીના ભંડોળોનું ધોવાણ થવાથી પુરેપુરી શક્યતાઓ જણાય છે. મંડળીની ખોટમાં વર્ષોવર્ષ ઉતરોતર વધારો થયેલ છે. મંડળી નુકશાનમાંથી આર્થિક રીતે સધ્ધર થાય તેવા કોઇ પ્રયાસો મંડળીના કાર્યવાહકોએ કરેલ હોવાનું જણાતું નથી. આમ, મંડળી આર્થિક રીતે સધ્ધર થાય તેવા કોઇ સંજોગો જણાતા નથી. મંડળીએ છેલ્લા ત્રણ વર્ષથી ઉદ્દેશો મુજબની કોઇ કામગીરી કરેલ નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઇ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઇ જવી હિતાવહ હોઇ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે યોગ્ય જણાય છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુંસાર હાજર રહી જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતુ હોવાથી, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી શ્રી આંબલીયાસણ મજુર કામદાર સહકારી મંડળી લી., મુ. આંબલીયાસણ તા. જિ.મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી નં. ૩-૫૨૫૫, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૮૩થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧)ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંક : ખે/૯૯૧૮/૨૦૧૫.–આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી શ્રી હરિ પિયત સહકારી મંડળી લી. મુ.પો. પસનાલ, તાલુકો શહેરા, જિલ્લો પંચમહાલને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવેલ છે.

ગોધરા, તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળી, જિલ્લા પંચાયત,
પંચમહાલ, ગોધરા.

નંબર નધણ/એનવીએસ/સા-૯૨૨૩/૯૦/૩૬૭/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, નારાયણનગર કો.ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ધકવાડા, બીલીમોરા, તા. ગણદેવી, જિ. વલસાડને,

અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા.), વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા(હા)-૮૩૧૧/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી મિલેનીયમ હાઈટ્સ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : નાના ચિલોડા, તા. ગાંધીનગર, જિ. ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

INDEX

ગાંધીનગર, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંક : ઉ/૬૯૮૬/૨૦૧૫.– આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોધરા, જાહેર કરે છે કે, ધી બાલાજી ધાર સર્ચીયા બિન્જોલી ઔદ્યોગિક સહકારી મંડળી લી. મુ. જુનીવાડી, તા. શહેરા, જિ. પંચમહાલને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોધરા.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ઘખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી, તારીખ ૨૭મી મે, ૧૯૬૮.

(૩) ચોથા વધારાના સબ ઓડીટર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદનો તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૧૪ની કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા.નં. : ઉખસ/ફડચ/ચ.૩/૫૪/૨૦૧૫.– ઉપર દર્શાવેલ ક્રમાંક-૩ થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી નિર્મળ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., તા. દસક્રોઈ, મુ. દસક્રોઈ, તા. દસક્રોઈ મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશ્યો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજાગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીની નોંધણી થયે સાત વર્ષ થવા છતાં મંડળીએ સ્વિકારેલ પેટા કાયદા મુજબની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૨) મંડળીએ જમીન મેળવવા માટે કલેક્ટરશ્રી, અમદાવાદ પાસે સરકારી પડતર જમીન સરકારી કર્મચારી સભાસદ માટે ફાળવવા વારંવાર દરખાસ્ત કરવા છતાં આજદિન સુધી જમીન મળેલ નથી.

(૩) મંડળીના સભાસદો પૈકી ઘણાં સભાસદો નિવૃત્ત થઈ ગયેલ છે તથા ઘણાં સભાસદો નિવૃત્ત થવાના હોઈ મંડળીની ૨૦૧૩ની વાર્ષિક સધારણ સભામાં ઠરાવ કરીને મંડળી આટોપી લેવાનું સર્વાનુમતે ઠરાવેલ છે.

ઉપરના સંજોગો ધ્યાને લેતા ઉક્ત મંડળીને કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી, હું, ડી. એસ. રાવલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ, મને મળેલ અધિકારની રૂઈએ, ધી નિર્મળ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., તા. દસક્રોઈ, મુ. દસક્રોઈ, તા. દસક્રોઈ કે જેનો નોંધણી ક્રમાંક : ઘ-૨૪૧૧૫, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૭ છે. તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરૂં છું અને આજ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકે શ્રી પી. ડી. પટેલ, સદર કચેરી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (રૂરલ), અમદાવાદ થી નિયુક્ત કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો રજુઆત થશે નહીં, તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, હાઉસીંગ,
(રૂરલ), અમદાવાદ.

વંચાણમાં લીધું :

(૧) મુખ્ય પ્રયોજક શ્રી મુકુંદભાઈ હરિભાઈ પટેલ, સીમોદ્રા સેવા સહકારી મંડળી લી., મુ.પો. સીમોદ્રા, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંગરોલના પત્ર નં. તા.પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત/૨૦૧૪, તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૪.

(૩) જિલ્લા સુપરવિઝન સમિતીની તારીખ ૯મી ડીસેમ્બર, ૨૦૧૪ની બેઠકના ઠરાવ નં. ૧.

(૪) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતીની તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. - ૧૧૬.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નો/૧૦૦ થી ૧૦૫/૨૦૧૫.– આમુખ-૧માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની શ્રી સીમોદ્રા સેવા સહકારી મંડળી લી., મુ.પો. સીમોદ્રા, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી મુકુંદભાઈ હરિભાઈ પટેલ તરફથી તાલુકા પંચાયત, માંગરોલ કચેરીને રજુ કરેલ છે.

આમુખ-૨માં જણાવ્યા મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંગરોલના પત્ર નં. તા.પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત/૧૪, તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૪ થી અત્રેની કચેરીને દરખાસ્ત મોકલેલ છે.

આમુખ-૩ થી જિલ્લા સુપરવિઝન સમિતીએ મંડળીની નોંધણી કરવા ઠરાવેલ છે.

આમુખ-૪ થી ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતીની તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૧૧૬ તેમજ ઉપરની વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર.ટી./સે-૩૫૦૨૪/૨૦૧૫, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે, હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ, સમય, સ્થળ, સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોય શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

શરતો :

(૧) સભાના અધ્યક્ષશ્રીની વરણી કરવા બાબત.

(૨) મંજૂર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

સહી/- (અવાચ્ય),
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (જિ. પં.),
સુરત.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, MARCH 19, 2015/PHALGUNA 28, 1936 [No. 12

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

Pages

Part-I Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette. 451-463

Part-I-A Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette. 12

Pages

Part-I-B Government Notifications, Published under Land Acquisition Act only. 23

Part-I-L Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act. 1037-1071

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૩) અન્વયે.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૧૬/૨૦૧૫.– અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૨જી માહે માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૧૭/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો તથા અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આતંકવાદી તત્ત્વો દ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તથા મિલકતની હાની કરવામાં આવેલ આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે. વાહનોના તથા હાઈવેની હોટલોનો ઉપયોગ કરે છે.

રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો, લૂંટારાઓ, ધાડપાડુઓ ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની અવરજવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને, તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા વાહનોનો ઉપયોગ કરતા હોય છે. અને આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, લૂંટ અને ધાડના ગુન્હાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ વાહનોમાં બળતણ ભરાવવા અથવા તો હોટલો ઉપર ચા-પાણી કરવા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે. જેથી આવા ગંભીર પ્રકારના બનાવોના કારણે નાગરીકને પોતાની અસલામતીનો સતત ભય સતાવતો રહે છે.

આવા ગુન્હા અટકાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધવા માટે મહત્વની કડીરૂપ બને તે સારૂ પેટ્રોલપંપ, ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારોની તથા ગુન્હામાં વપરાયેલ વાહનોનું આઈડેન્ટીફાઈ (ઓળખ) કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવા મુકી શકાય. જેથી તકેદારીના પગલારૂપે જ્વેલર્સની દુકાનો, આંગડીયાની પેઢી, શોપીંગ મોલ્સ, મલ્ટીપ્લેક્ષ થિયેટર્સ, મલ્ટીપ્લેક્ષ શોપીંગ સેન્ટરો તથા કોમર્શિયલ સેન્ટરો, હોટલો તથા ટોલપ્લાઝા, પેટ્રોલપંપના માલીકો/ઉપભોગતાઓ/વહીવટકર્તાઓ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ પોલીસ કમિશનર વિસ્તારમાં અનુક્રમે આવેલ નીચે મુજબની જગ્યાએ જેવી કે,

(૧) જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ/મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ/ કોમર્શીયલ સેન્ટર/થ્રી સ્ટાર થી ઉપરની હોટલો ઉપર સીકયુરીટીને ધ્યાને લઈ પ્રવેશદ્વાર ઉપર સીક્યુરીટી ગાર્ડ/મેટલ ડિટેકટર તથા સી. સી. ટી. વી. કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાના પાર્કિંગ/ ભોયરૂં/તમામ માળ ઉપર સીકયુરીટી ગાર્ડ અને સીસીટીવી કેમેરાની ગોઠવણ કરવી. જેમાં Image-colour, Image sensor, 1/3” minimum Support-TCP/IP and remote monitoring. Resolution-600 TVI Min. Compression H.264 MJPEG. System data storage-15 days min. With Back light compensation and night vision capacity. વાળા સીસીટીવી કેમેરા ગોઠવવા.

(૨) ૧૦થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતાં રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોર્ડિંગ/ધર્મશાળા/અતિથિ ગૃહ/વિશ્રામ ગૃહ/કોમર્શિયલ સેન્ટર/ પેટ્રોલ પંપ/ટોલપ્લાઝા/બહુમાળી બિલ્ડીંગ/પાવર હાઉસ વિગેરે ઉપર સીસીટીવી કેમેરા લગાડવા.

(૩) ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતી ગાડીઓના નંબર તથા વ્યકિતઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સીસીટીવી કેમેરાની ગોઠવણી કરવી. સીસીટીવીના રેકોર્ડીંગની જાળવણી દિન-૧૫ સુધી સંગ્રહ કરવી.

(૪) ધર્મશાળાના સંચાલકોએ ધાર્મિક સ્થળોની ધર્મશાળાઓમાં મુસાફરોની જરૂરી આઈડી એડ્રેસ, મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબરોની જરૂરી નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૧૩મી મે, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (**૧૯૭૪ના નં. ૨**) ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિશા/એ સેકશન/મોબાઈલ/૧૮/૨૦૧૫.- ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી ર઼ ા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સીઆરપીસી-૧૯૭૩ ના નં. ૧૯૭૪)૨ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/

INDEX

દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	જે વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામાં, ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા
૧	૨	૩	૫	૫	૬

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૧૩મી મે, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ--૩૭(૧) અન્વયે.

નંબર વિ. શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૧૯/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હો બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તા.૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૪મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ ફરમાવું છું.

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ જથી માહે માર્ચ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/હોળી-ધુળેટી/૨૩/૨૦૧૫.—આગામી તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫નાં રોજ હોળીના તથા તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ ધુળેટીના તહેવારની ઉજવણી થનાર છે તેમજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૧૦મી માર્ચ, ૨૦૧૫ના રોજ રંગપંચમીના દિવસ સુધી ધૂળેટીનો તહેવાર ઉજવવામાં આવતો હોય છે. આ તહેવાર દરમ્યાન લોકો જાહેર જગ્યામાં અને જાહેર માર્ગો ઉપર એકબીજા ઉપર પાણી, રંગ ગુલાલ વિગેરે ઉડાડી ઉજવણી કરતા હોય છે જે સમય તેઓ રંગ છાટવા સારૂ દોડા દોડી કરતા હોવાથી રસ્તા ઉપર પસાર થતા વાહનો અને રાહદારીઓ સાથે અથડાવવાથી કાયદો વ્યવસ્થા અને જાહેર શાંતિ સલામતી જોખમાય તેવી પરિસ્થિતી ઉભી થાય છે જેથી આ અંગે ચોક્કસ પ્રતિબંધો ફરમાવવા જરૂરી જણાય છે.

વાસ્તે હું સી. આર. પરમાર, પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર ૪૨૨/સીઆરસી/૧૧૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર/ફકઅ/૧૧૮૮/ ૬૭૫૦/મ, તથા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

કોઈપણ વ્યક્તિઓએ આ દિવસો દરમ્યાન જાહેર જગ્યા, જાહેર રસ્તાઓ ઉપર (ફુટપાથ સહીત)

(૧) એકબીજા ઉપર પાણી, રંગ, ગુલાલ તથા અન્ય પદાર્થો છાંટવા કે ઉડાડવા કે પીચકારી મારવી નહી.

(૨) અન્ય કોઈપણ રીતે એક બીજા ઉપર કોઇ પદાર્થ નાંખવો નહીં.

(૩) પ્લાસ્ટીકની કોથળીઓમાં પાણી ભરીને પાણીનાં ફુગ્ગાઓ મકાનો તથા એપાર્ટમેન્ટોમાંથી જાહેર રસ્તા ઉપર આવતાં જતાં રાહદારીઓ તથા વાહન ચાલકો ઉપર ફેંકવા નહીં.

(૪) સ્કુટરો તેમજ મોટર સાયકલો ઉપર બાલદી કે અન્ય સાધનોમાં કલરવાળું પાણી ભરીને લઇ જઇ રાહદારીઓ તથા વાહન ચાલકો ઉપર ફેંકવું નહી.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

પ્રતિબંધિત સમય

તા. ૪-૦૩-૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તા. ૧૦-૩-૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સી.આર.પી.સી. કલમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

નં. એસ.બી./સ્વાઇન ફલુ/જાહેરનામું/૨૪/૨૦૧૫.-હાલમાં સુરત શહેર સહીત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઇન ફલ્યુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) નો રોગચાળો ફેલાઇ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણોમાં ખાસ કરીને ઠંડી લાગવી, તાવ આવવો, કફ, ઉલ્ટી થવી, ગળામાં ખરેરાટી પડવી, શરીરમાં દુઃખાવો થવો, માથામાં ગંભીર દુઃખાવો થવો, ઉધરસ આવવી અને નબળાઇ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુઓ ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળોએ મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેંફસાને અસરકર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોય, એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ઝડપથી ફેલાઇ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું સી.આર. પરમાર, પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે,

(૧) સમગ્ર સુરત શહેરમાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાઅધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન, ઉત્સવ, શાળા કોલેજોમાં આયોજીત થતા વાર્ષિક ઉત્સવ (નિયમીત અભ્યાસક્રમના વર્ગ સિવાય) સમુહ આયોજન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઇ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટોરેન્ટ, મીઠાઇ-ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી/ફળફળાદીના ધંધાર્થીઓને શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા ન રાખવા કે તેવી વસ્તુઓના ટુકડા કરી વેચાણ ન કરવું.

(૪) સિનેમા ગૃહો, મોલ જેવા સ્થળોએ શરદી ખાંસીવાળા વ્યક્તિઓ જણાય તો સ્થળ માલીક દ્વારા પ્રવેશદ્વાર ઉપર જ માસ્ક આપવાની વ્યવસ્થા આપવાની રહેશે. ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલા હાથની યોગ્ય સફાઇ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) કોઈપણ વ્યક્તિને સ્વાઇન ફલુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યક્તિએ દર્દીની સંપૂર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

વિસ્તાર

આ જાહેરનામું પોલીસ કમિશનર, સુરત શહેરના વિસ્તારમાં લાગુ પડશે.

અપવાદ :

એ. ઉપર્યુકત ખંડ-૧ માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી મંજુરી મેળવેલ હોય,

બી. સરકારશ્રી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતા કોઈપણ કાર્યક્રમો.

સી. લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા કે સરકારશ્રી દ્વારા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા આયોજિત.

કાર્યક્રમોને આ હુકમની જોગવાઈઓ લાગુ પડશે નહી.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ક-૦૦-૦૦ થી તા. ૧૩મી એપ્રિલ, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સી. આર. પરમાર,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/જાહેરનામું/૮૧૬/૨૦૧૫.- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી SSC પરીક્ષા તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૭મી માર્ચ, ૨૦૧૫ દરમ્યાન લેવામાં આવશે.

HSC પરીક્ષા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહ) નાં ચોથા સેમેસ્ટરની પરીક્ષા તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ દરમ્યાન લેવામાં આવશે.

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની બીજા સેમેસ્ટરની પરીક્ષા તા. ૩૦મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૫ દરમ્યાન યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરિતીઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૦૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકજી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી કલાક ૯-૦૦ થી ૧૯-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

કૃત્યો

વડોદરા શહેરમાં જે જે કેન્દ્રો (શાળાઓ)માં પરીક્ષા લેવાનાર છે તે તે કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર કોઇ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઇલ ફોન વિગેરે લઇ જવા ઉપર તથા શાળાની ચારેય બાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા ઉપર તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી કલાક ૯-૦૦ થી ૧૯-૦૦ દરમ્યાન પ્રતિબંધ ફરમાવુ છું.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રની શાળાઓ.

અપવાદ

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

કાયદો અને વ્યવસ્થાના ઇન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ અને તેમની વિધિસરની ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકી ટોકી, કોર્ડલેસ ફોન, મોબાઇલ ફોન તથા વાયરલેસ વિગેરેનો ઉપયોગ કરી શકાશે. આજ પ્રમાણે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી માહે માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઇ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યું :

(૧) અત્રેની કચેરીથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાં નં. ડીસીબી/એમએજી/૩૩(૧)(ખ)/વશી. ૮૭૭૩ થી ૮૭૮૯/૨૦૧૪, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૪.

INDEX

(૨) મુખ્ય અધિકારીશ્રી, વિજલપોર નગરપાલિકા, તા. જલાલપોર, જિ. નવસારીના પત્ર નં. વિનપા/જા.નં. ૧૦૦૩/૧૦૦૪/૨૦૧૪, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૪નો પત્ર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયેનો.

નં. ડીસીબી/એમએજી/૩૩(૧)(ખ)/વશી.૯૬૮૭ થી ૯૭૦૨ /૨૦૧૪.– આમુખ-૧ માંના અત્રેના હુકમથી વિજલપોર રેલ્વે ફાટક થી મફતલાલ મિલના નાકા સુધીનો મેઈન રોડ ઉપરથી પસાર નવા પરથી પસાર થવા ઉપર તથા નવસારી શહેરના પ્રકાશ ટોકીઝની સામેના રેલ્વે બ્રિજથી ફાટક થઈ મફતલાલ મિલના નાકા સુધીના મેઈન રોડ ઉપરથી તમામ પ્રકારના વાહનો તથા રાહદારીઓ માટે અવર-જવર કરવા તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૪ સુધી પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

આમુખ-૨ માંના પત્રથી ચીફ ઓફીસરશ્રી, વિજલપોર નગરપાલિકા, તા. જલાલપોર, જિ. નવસારી દ્વારા જણાવ્યા મુજબ તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ અચાનક વરસાદ પડતા ગરનાળા નીચે વરસાદી પાણી ભરાઈ જવાથી ટ્રાફીક જામ થવાને લીધે સદર કામગીરી મોકૂફ રાખેલ છે. જે કામગીરી તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૧૪ થી શરૂ કરવામાં આવનાર હોય, તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૪ સુધીના સમય માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, મુંબઈ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ની ૨૨ ની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ના ક્લોઝ (ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ, હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ઉપરોક્ત આમુખ-૨ માં જણાવેલ ચીફ ઓફીસરશ્રી, વિજલપોર દ્વારા વિજલપોર રેલ્વે ફાટકથી મફતલાલ મિલના નાકા સુધીનો મેઈન રોડ બંધ કરી તેના બદલે (૧) જલાલપોર તરફથી આવતા વાહનો રેલ્વે અંડર બ્રિજ તથા નવસારી રેલ્વે ફાટક થઈ નવસારી શહેરમાં જવા (૨) એરૂ ચાર રસ્તા તરફથી આવતા વાહનોએ વિજલપોર રેલ્વે ફાટકથી આશાપુરી મંદિરવાળા રોડનો તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૪ સુધી ઉપયોગ કરવા આથી હુકમ કરૂં છું.

આજ તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. ઉ/મકપ/મજસ/વશી/૮૯ થી ૧૨૦/૨૦૧૫.–પંચમહાલ જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતાં ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન જુદા જુદા દેવી દેવતાઓની મુર્તિઓની સ્થાપના કરવામાં આવે છે અને સ્થાપના બાદ ધાર્મિક રીતી રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ મુર્તિઓને પંચમહાલ જિલ્લાની જુદી જુદી નદીઓ, અન્ય તળાવોનાં પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી/ દેવતાઓની મુર્તિઓની બનાવટમાં પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવામાં આવે છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મુર્તિઓની બનાવટમાં કેમીકલ યુક્ત રંગોનો ઉપયોગ થાય છે. આવી મુર્તિઓને નદી, તળાવમાં વિસર્જન કરવામાં આવે છે જે (પી.ઓ.પી.) મુર્તિઓ પાણીમાં ભળવાથી પાણીમાં રહેતાં પાણીજન્ય જીવો માછલીઓ વિગેરેનું મૃત્યુ થાય છે. જેના કારણે પાણી તથા પર્યાવરણને નુકશાન થાય છે. જે બાબતોને ધ્યાને રાખી પંચમહાલ જિલ્લાના તમામ મહેસુલી વિસ્તારમાં આવતા નદી, તળાવોનું શુદ્ધીકરણ તથા પર્યાવરણની જાળવણીના અભિયાનને વેગ આપવા સહભાગી થયેલ છે.

જેથી પાણી તથા પર્યાવરણમાં થતાં પ્રદુષણને અટકાવવાના હેતુસર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન દેવી / દેવતાઓની મુર્તિઓની બનાવટમાં નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું પી. ભારથી, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, પંચમહાલ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) મુર્તિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓનો ધાર્મિક રીતે પ્રણાલીકાગત ચીકણી માટીનો ઉપયોગ કરવો, ભઠ્ઠીમાં સેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવો નહીં.

(૨) મુર્તિઓની બનાવટમાં મુર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગોનો જ ઉપયોગ કરવો, ઝેરી કે ઉતરતી કક્ષાના રસાયણ કે કેમીકલ યુક્ત રંગોથી મુર્તિને કલર કરવો નહીં.

(૩) મુર્તિઓની બનાવટમાં ઘાસ, લાકડા, બાંબુને બાધ નડશે નહિ.

(૪) મુર્તિઓની ઉંચાઇ બેઠક સહિત ૯ ફુટ કરતાં વધારે હોવી જોઇએ નહી.

(૫) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવે છે. તે જગ્યા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહી.

(૬) મુર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી ખંડીત મુર્તિઓને બિનવારસી હાલતમાં છોડીને જશે નહી.

(૭) મુર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઇ ચિન્હો કે નિશાનીઓવાળી મુર્તિઓ બનાવવા ખરીદવા તથા વેચાણ કરી શકાશે નહિ.

(૮) પંચમહાલ જિલ્લા બહારથી આ પ્રકારની બનાવટ વાળી મુર્તિઓ લાવી વેચનાર મુર્તિકારો/ વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

ઉપરોક્ત નિયમો મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓના પત્ર નં. ઇએનવી-૧૦-૨૦૧૦-૧૦૦૪-ઈ. તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૨ દ્વારા પાઠવેલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ

(સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરિયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતાં પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનોના આધારે ઘડવામાં આવે છે.

આ હુકમ પ્રસિદ્ધ થયાની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર

પંચમહાલ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

આ હુકમનો ભંગ કરનાર ઇસમ વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

પી. ભારથી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

નં. ઇસી/એમએજી/વશી/૭૮૧/૨૦૧૫.-હાલમાં વડોદરા જિલ્લા સહીત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઇન ફલ્યુ ઇન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) નો રોગચાળો ફેલાઇ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણોમાં ખાસ કરીને ઠંડી લાગવી, તાવ આવવો, કફ, ઉલ્ટી થવી, ગળામાં ખરેરાટી પડવી, શરીરમાં દુઃખાવો થવો, માથામાં ગંભીર દુઃખાવો થવો, ઉધરસ આવવી અને નબળાઇ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુઓ ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળોએ મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેંફસાને અસરકર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોઇ, એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ઝડપથી ફેલાઇ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું અવન્તિકા સિંઘ, જિલ્લા મેજિસ્ટ્રેટ વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની રૂએ ફરમાવુ છું કે,

(૧) સમગ્ર વડોદરા જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાઅધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઇપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઇ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

- આવા પ્રસંગોએ નીચે મુજબની વ્યવસ્થા પરવાનગી મેળવનારે ફરજિયાત કરવાની રહેશે.
- તેઓએ વિનામુલ્યે માસ્ક આપવાના રહેશે.
- તેમજ તેના નિકાલની વ્યવસ્થા જેવી સગવડો કરવાની રહેશે.
- સાબુ વગેરેથી હાથ ધોવાની સુવિધા તથા સ્વાઇન ફલ્યુની જાણકારી માટે બોર્ડ વગેરે મુકવાના રહેશે.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટોરન્ટ મીઠાઇ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી/ફળફળાદીના ધંધાર્થીઓને શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા રાખવા કે તેવી વસ્તુઓના ટુકડા કરી વેચાણ ન કરવું.

(૪) ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલા હાથની યોગ્ય સફાઇ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) કોઇપણ વ્યક્તિને સ્વાઇન ફલુ ઇન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યક્તિએ દર્દીની સંપૂર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

વિસ્તાર

આ જાહેરનામું સમગ્ર વડોદરા જિલ્લા મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

અપવાદ :

એ. ઉપર્યુકત ખંડ-૧ માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી મંજુરી મેળવેલ હોય,

બી. સરકારશ્રી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતા કોઇપણ કાર્યક્રમો.

સી. લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે સરકારશ્રી દ્વારા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા આયોજિત.

કાર્યક્રમોને આ હુકમની જોગવાઇઓ લાગુ પડશે નહી.

આ જાહેરનામાંનો કોઇપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું આજ તા. ૨જી માર્ચ, ૨૦૧૫ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

અવન્તિકા સિંઘ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી/૧૭૫૨ થી ૧૭૮૯/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં પ્રતિ વર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫નાં રોજ ધૂળેટીનો પર્વ ઉજવવામાં આવનાર છે. ધૂળેટીના દિવસે એકબીજા પર અબિલ, ગુલાલ નાંખી સદર પર્વ ઉત્સાહથી ઉજવે છે.

INDEX

અનુભવે જણાયેલ છે કે ધુળેટીના દિવસે અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડર જેવા કેમીકલ્સના છૂટથી ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સ તથા અન્ય કેમીકલ્સથી સ્વાસ્થ્ય પર વિપરીત અસર થાય છે. તેમજ જાહેર રસ્તાઓ પર ધૂળેટીનો પર્વ ઉજવવાથી ટ્રાફીકને પણ અડચણ થાય છે. જેથી ધૂળેટીનાં દિવસે ઝટપટ પાવડર જેવા શરીરને નુકશાન કરતા કેમીકલ્સનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તાઓ પર ધૂળેટી રમવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે. આ ઉપરાંત કેટલાક લોકો ઉપર બળજબરી પૂર્વક રંગ તથા કીચડ છાંટવામાં આવે છે. તે કારણે સુલેહ શાંતિનો ભંગ થાય છે જે નિવારવુ આવશ્યક છે. તથા જાહેર રસ્તા ઉપર જતા-આવતા વાહનોના ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા પર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫ નાં રોજ ધૂળેટી દરમ્યાન ઝટપટ પાવડર જેવા શરીરને નુકશાન કરતા કેમીકલ્સ રંગનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તા-માર્ગો પર ધૂળેટી રમવા પર તથા જાહેર જનતા પર બળજબરીપૂર્વક રંગ તથા કીચડ છાંટવા પર તેમજ જાહેર રસ્તા ઉપર જતા આવતા વાહનનોના ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા પર પ્રતિબંધ મુકવા આથી ફરમાનું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ, તારીખ ૩જી માર્ચ સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૮૩૭ થી ૧૮૫૭/૨૦૧૫.–ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં મોટા પાયે કેમિકલ કંપનીઓ આવેલી છે. આ કેમિકલ કંપનીના ટેન્કરો દ્વારા અવાન નવાર કુદરતી પાણીના સ્ત્રોતોમાં પ્રદૂષણ ફેલાવતા હોવાનું તેમજ ટેન્કરો, સર્વિસ સ્ટેશનો અને પેટ્રોલ પંપ વિગેરેના મેળા પીપણાથી ગેરકાયેદસરના કૃત્ય કરી કુદરતી પાણીના સ્ત્રોતને પ્રદૂષિત કરવાનું દુષ્કૃત્ય થતું હોવાનું ધ્યાને આવેલ છે. જેથી આવા કૃત્ય ભવિષ્યમાં ન બને તે માટે નિયત કરેલ પ્લાન્ટ સિવાય જાહેર સ્થળ/પાણીના સ્ત્રોત, જમીન ઉપર પ્રદૂષિત પાણીના નિકાલ ઉપર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ માટે ભરૂચ જિલ્લામાં આવેલ કેમિકલ કંપનીઓનાં પ્રદૂષિત પાણી/ કેમિકલથી જાહેર જનતાની જાન, સલામતી, જાહેર આરોગ્યને થતું જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે નિયત કરેલ શુધ્ધિકરણ પ્લાન્ટ સિવાય, જાહેર સ્થળ, પાણીના સ્ત્રોત, જમીન ઉપર પ્રદૂષિત પાણી તથા કેમિકલના નિકાલ કરવા પર પ્રતિબંધ મૂકવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ના રોજ આ હુકમ પર મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૯/ ૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તા. ૩જી માર્ચ, ૨૦૧૫ ના પત્ર ક્રમાંક વહટ/સીબી-૪/ફાયરીંગ/૨૪૭૨/૨૦૧૫ થી જણાવ્યા અનુસાર રીજીયોનલ મેનેજરશ્રી, ભારતીય સ્ટેટ બેંક, વલસાડના પત્ર ક્રમાંક/આરબીઓ/વલસાડ/ પ્રશાસન/૪૦૮૪, તા. ૨૧/૨/૨૦૧૫ મુજબ ભારતીય સ્ટેટ બેંક દ્વારા હથીયારધારી ગાર્ડ માટે ફાયરીંગ પ્રેક્ટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઇપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઇજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ, તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તા. ૧૬મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૧૮મી માર્ચ, ૨૦૧૫ સુધી સમય સવારે ૯-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી ગોળીબારની પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આઈ. જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

નં. ડીસીબી/એમએજી/બીપીએક્ટ-કલમ.૩૭(૧)/વશી ૯૭૪૨ થી ૯૭૭૫/રજી. ૨૨/૨૦૧૪.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં

તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ''મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-(૩૭)(૧) અન્વયેનું જાહેરનામું'' મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તા રૂએ હું, બી. કે. કુમાર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૪ થી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઈપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

૨. પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની;

૩. કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;

૪. કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની;

૫. વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની;

૬. લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

૭. જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કે, કામ કરતી વ્યકિતઓ કે જેને તેનો ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માંના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની સજા થશે.

આજ તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

બી. કે. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૫૨/૧૫, તા. ૨૫-૦૨-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ-જાહેરનામું/વશી/૯૦૪ થી ૯૩૪/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો નર્મદા જીલ્લાના રહેણાંક વિસ્તારમાં ગુ આશરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી ર઼ ા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા સાથે	મકાન માલકિને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું
૧	૨	૩	૪	૫	૬

INDEX

આ હુકમ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩જી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./જા.નં./૫૪/૧૫, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

જાહેરનામું

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૯૩૫ થી ૯૬૫/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો નર્મદા જીલ્લામાં નવા-જુના સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલ, બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલ વગેરે બોગસ નામથી ખરીદતા હોય છે. જેના ઉપયોગ દ્વારા જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

હાલમાં આતંકવાદીઓ/ત્રાસવાદી તત્વો આતંકવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે ચોરી કરીને અથવા જુની ખરીદી કરીને સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરોનુ અલગ-અલગ રીતના ઉપયોગ કરી આતંકવાદી કૃત્યોને અંજામ આપે છે. તેમજ બેટરીથી ચાલતા સાયકલ/સ્કુટર જેમાં આરટીઓનો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો દ્વારા આતંકવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલ, બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલનુ ખરીદ વેચાણ કરતા વેપારીઓ ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરો અને બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નિયમોનુ પાલન કરવાનુ રહેશે.

૧. વિદેશી નાગરિકને વાહનની લે-વેચ કરતી વખતે તેઓના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્શીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૨. અજાણ્યા વિદેશી નાગરિકોને વાહનની લે-વેચ કરવી નહીં.

૩. કોઈપણ વ્યક્તિની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

૪. જીલ્લામાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરો, તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ ખરીદનારના નામ સરનામાં ફોટો અને આઇ.ડી. પ્રુફની નકલ મેળવી પોતાના રેકર્ડમાં રાખવાની રહેશે.

આ હુકમ તા. ૫મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૩જી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સહી (અવાચ્ય),
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી દ્વારા

જાહેરનામું

નં. સીટીએસ/ લે.રે.કો.ક. ૧૨૬/આમોદર/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩.૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે આમોદર, તાલુકા-વાઘોડીયા, જિ.-વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : આમોદર, તા. વાઘોડીયા જિ. વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે :આમોદર, તાલુકો-વાઘોડીયા, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૧૦-૭૩-૪૩ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

નં. સીટીએસ/લે.રે.કો.ક.૧૨૬/રાઘવપુરા/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩.૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે રાઘવપુરા, તા. વડોદરા, જિ. વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : રાઘવપુરા, તા. વડોદરા જિ. વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે : રાઘવપુરા, તાલુકો-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૦૩-૯૦-૫૨ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

નં. સીટીએસ/લે.રે.કો.ક.૧૨૬/રાભીપુરા/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩.૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે રાભીપુરા, તા.-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : રાભીપુરા, તા. વડોદરા જિ. વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે : રાભીપુરા, તાલુકો-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૦૨-૫૧-૯૨ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

નં. સીટીએસ/લે.રે.કો.ક.૧૨૬/નંદેસરી/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩.૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે નંદેસરી, તા.-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : નંદેસરી, તા. વડોદરા જિ. વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે : નંદેસરી, તાલુકો-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૦૩-૧૮-૬૯ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

INDEX

જાહેરનામું

નં. સીટીએસ/લે.રે.કો.ક.૧૨૬/સાકરદા/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩ ૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે સાંકરદા, તા.-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : સાકરદા, તા. વડોદરા જિ. વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે : સાકરદા, તાલુકો-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૧૮-૪૬-૪૯ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

નં. સીટીએસ/લે.રે.કો.ક.૧૨૬/અણખી/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩.૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે અણખી, તા.-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : પોર, તા. વડોદરા જિ. વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે : અણખી, તાલુકો-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૪-૧૯-૮૬ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

નં. સીટીએસ/લે.રે.કો.ક.૧૨૬/પોર/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩.૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે પોર, તા.-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : પોર, તા. વડોદરા જિ. વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે : પોર, તાલુકો-વડોદરા, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૯-૦૩-૪૭ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

નં. સીટીએસ/લે.રે.કો.ક.૧૨૬/ગામડી (ક)/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩.૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે ગામડી (ક), તા.-ડભોઇ, જિ.-વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : ગામડી (ક), તા. ડભોઇ જિ. વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે : ગામડી (ક), તાલુકો-ડભોઇ, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૦૩-૩૫-૩૪ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

INDEX

જાહેરનામું

નં. સીટીએસ/લે.રે.કો.ક.૧૨૬/કનાયદા/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : ૫રચ/૧૩.૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે કનાયદા, તા.-ડભોઇ, જિ.-વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : કનાયદા, તા.-ડભોઇ જિ.-વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે : કનાયદા, તાલુકો-ડભોઇ, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૦૫-૯૬-૯૬ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

જાહેરનામું

નં. સીટીએસ/લે.રે.કો.ક.૧૨૬/માલસર/૨૦૧૪.–ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : ૫રચ/૧૩.૨૦૧૪૫૯-હ, સચિવાલય, ગાંધીનગરથી મોજે માલસર, તા.-શિનોર, જિ.-વડોદરાનાં ગામતળ વિસ્તારમાં જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૯૫ અને ૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળેલ છે.

સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવામાં આવેલ મોજે : માલસર, તા.- શિનોર જિ.-વડોદરાનાં ગામતળના નકશા, તથા ક્ષેત્રફળની માહિતી જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તર, વડોદરાએ અત્રેને રજુ કરેલ છે. અને જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, વડોદરા મોજે : માલસર, તાલુકો-શિનોર, જિ.-વડોદરાનાં ગામતળના વિસ્તારના ક્ષેત્રફળ : ૦૯-૮૫-૮૨ હે.આરે.ચો.મી.ને સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૪.

એ. જે. નાડા,
સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ કમ
એકત્રિકરણ અધિકારી,
વડોદરા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, MARCH 26, 2015/CAITRA 5, 1937 [No. 13

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	465-493
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	13
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	25
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1073-1089

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હંગામી જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી મુજબનું.

ક્રમાંક ટફક/ઉ/૩૧મી ડીસે./જાહેરનામું/૩૬૯૪/૨૦૧૪.- તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ સુરત શહેરમાં ૩૧ ડીસેમ્બરનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તે દિવસે અઠવા ગેટ થી ડુમ્મસ લંગર સુધીના રોડ ઉપર મોટી સંખ્યામાં જાહેર જનતા પોતાના પરિવારજનો અને વાહનો સાથે રોડ ઉપર ફરવા માટે નિકળે છે અને મોટી સંખ્યામાં લોકો ભેગા થાય છે.

અઠવા ડુમ્મસ રોડ મુખ્ય માર્ગ હોઈ આ માર્ગ ઉપર ટ્રાફિકનું પ્રમાણ વધુ હોય છે. લોકોની અવર-જવર અને વાહનોના ધસારાના કારણે સદર રોડ ઉપર ટ્રાફિક સમસ્યા સર્જાવાની શક્યતા છે. આ સંજોગોમાં જાહેર જનતાના હિતાર્થે ટ્રાફિક નિયમન સરળતાથી ચાલે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે સારૂ ટ્રાફિક નિયમન કરવું ટ્રાફિકની દૃષ્ટિએ ખૂબજ જરૂરી જણાય છે.

વાસ્તે હું સી. આર. પરમાર, પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી મુજબ મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા હંગામી નિર્ણય ઉપર આવેલ છું.

પ્રતિબંધિત કૃત્યો અને વિસ્તાર

તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ કલાક ૧૮-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી તથા તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી

INDEX

સવાર કલાક ૦૬-૦૦ વાગ્યા સુધી કુવાડા ત્રણ રસ્તાથી ડુમ્મસ ચોપાટી સુધીનો રોડ.

(૧) કુવાડા ત્રણ રસ્તા થી ડુમ્મસ લંગર ચાર રસ્તા સુધીનો માર્ગ વાહન વ્યવહાર માટે એક માર્ગીય(વનવે) જાહેર કરૂ છું જેમાં કુવાડા થી ડુમ્મસ ચોપાટી જઈ શકાશે પરત તે રસ્તે આવી શકાશે નહિ.

(૨) લંગર સુધી પહોંચેલા વાહનો પૈકી જે વાહનો ભીમપોર ગામ તરફના રસ્તે જશે. તે વાહનો ભીમપોર ગામમાં થઈ પીઠાવાળા હાઈસ્કુલ થઈ જય જલારામબાપાના મંદિર થઈ ડુમસ રોડ ઉપર આવશે અને ત્યાંથી વાયા લંગર ડુમ્મસગામ થઈ કુવાડા ત્રણ રસ્તા આવી પરત સુરત જશે.

(૩) લંગર સુધી પહોંચેલા વાહનો પૈકી જે વાહનો ડુમસ ગામ તરફના રસ્તે વળશે તે વાહનો ડુમ્મસ ગામ થઈ કુવાડા ત્રણ રસ્તા થઈ પરત સુરત જશે.

(૪) લંગરચાર રસ્તાથી ડુમ્મસ ચોપાટી સુધીનાં વિસ્તારમાં કોઈ વાહન પ્રવેશી શકશે નહિ. કે પાર્ક કરી શકાશે નહિ.

અપવાદ

સરકારી આવશ્યક સેવાના ના વાહનો, પોલીસ, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રિગેડના વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૧ની કલમ- ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

સી. આર. પરમાર,
૧૧.	જોયશ સેકંડરી ઇંગ્લીશ સ્કુલ, યશ પ્લાઝાની પાછળ, વરાછા રોડ, સુરત.	
૧૨.	કે. જી.ભીંગરાડીયા વિદ્યાલય, તક્ષશીલા કોમ.વિ-બી, ખોડીયારનગર ચાર રસ્તા, સુરત.	
૧૩.	શ્યામ સુંદર માધ્યમીક શાળા વરાછા, સુરત.	
૧૪.	સાર્વજનિક માધ્યમિક શાળા કોહીનૂર સોસા. મીની બજાર વરાછા રોડ, સુરત.	
૧૫.	સાર્વજનિક માધ્યમિક શાળા કોહીનૂર સોસા. મીની બજાર વરાછા રોડ, સુરત.	
૧૬.	સરસ્વતી વિદ્યાલય યુ-૧, એ.કે. રોડ, ગૌશાળા, સુરત.	
૧૭.	સરસ્વતી વિદ્યાલય યુ-૨, એ.કે. રોડ, ગૌશાળા, સુરત.	
૧૮.	સાધના વિદ્યાભવન સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ, મીનીબજાર, સુરત.	
૧૯.	એલ. પી. સવાણી હાઈસ્કુલ, વરાછા સોસા., માતાવાડી, લંબેહનુમાન રોડ, સુરત.	
૨૦.	રામકૃષ્ણ અક્ષરધામ હાઇસ્કુલ, પંચરતન ટાવર, એલ.એચ. રોડ, સુરત.	
૨૧.	અરિહંત ભારતી માધ્યમિક વિદ્યાલય, ૧૪+૧૫/સૌરાષ્ટ્ર કોલોની પાસે, લંબેહનુમાનરોડ, વરાછા, સુરત.	
૨૨.	અર્ચના હાઈસ્કુલ, ૩૬-૩૯, ઇશ્વરકૃપા સોસા.-૨ ત્રિકમનગર-૨, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત.	
૨૩.	નવસર્જન વિદ્યાલય, ૭-જગદિશનગર, વિ-૧, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત.	
૨૪.	ખોડીયાર વિદ્યાલય, રણુઝાધામ સોસા.પુણાગામ રોડ, તા. ચોર્યાસી, સુરત.	
૨૫.	ક્રિષ્ણા હિન્દી હાઈસ્કુલ, સાધેશ્યામ સોસા. બોમ્બે માર્કેટ, સુરત.	
૨૬.	લિટલ ફલાવર હાઇસ્કુલ, કમલ પાર્ક સોસા, પારસ સર્વિસ સ્ટેશન, કાપોદ્રા, સુરત.	
૨૭.	લિટલ ફલાવર હાઇસ્કુલ, કમલ પાર્ક સોસા, પારસ સર્વિસ સ્ટેશન, કાપોદ્રા, સુરત.	
૨૮.	અક્ષરધામ હાઇસ્કુલ, પંચરત્ન ટાવર પાસે, લંબે હનુમાન રોડ, સુરત	
	કાપોદ્રા	
૨૯.	પી. પી. સવાણી હાઇસ્કુલ, ધરતીનગર, ફુલપાડા વરાછા યુનિટ-૧	
૩૦.	પી. પી. સવાણી હાઇસ્કુલ, ધરતીનગર, ફુલપાડા વરાછા યુનિટ-૨	
૩૧.	ધ બેસ્ટ હાઇસ્કુલ, ગણેશ રો હાઉસ, શ્યામધામ સોસા.પાછળ પુણા સિમાડા, સુરત.	
૩૨.	નાલંદા વિદ્યાલય, ડાંગ ગીગેવ સોસા.-૨, કારગીલ ચોક પાસે, કાપોદ્રા સુરત.	
૩૩.	બી.ડી.વી. પીઠવડીવાલા માધ્યમિક શાળા નાના વરાછા સુરત.	
૩૪.	કાશીબા હાઇસ્કુલ, પટેલ ફળીયુ, નાના વરાછા ગામ સુરત.	
૩૫.	જગદતગુરૂશ્રી વલ્લભાચાર્ય વિદ્યાધામ, માધ્યમિક વિભાગ, હિરાબાગ, વલ્લભાચાર્ય માર્ગ, વરાછારોડ, સુરત.	
૩૬.	એમ. એન. જે. પટેલ માધ્યમિક શાળા, કાપોદ્રા પો.સ્ટે સામે, સુરત.	
૩૭.	દેવાનગી કન્યાવિદ્યાલય અને ધર્મજીવન હાઇસ્કુલ, શ્રધ્ધાવિહાર સોસા. ધરમનગર રોડ, સુરત.	
૩૮.	બાલાનંદ હાઇસ્કુલ, સ્વામીનારાયણનગર સીમાડાગામ, સુરત	
૩૯.	નિર્માણ માધ્યમિક શાળા, ગાયત્રી સોસા. કાપોદ્રા ચાર રસ્તા, સુરત	
૪૦.	આશાદિપ વિદ્યાલય, આકાર સ્પોર્ટસ કલબ, સિમાડા રોડ, નાના વરાછા, સુરત	

INDEX

૧	૨	૩
૪૧.	આશાદિપ વિદ્યાલય, આકાર સ્પોર્ટસ કલબ, સિમાડા રોડ, નાના વરાછા, સુરત	
૪૨.	આશાદિપ વિદ્યાલય-૨, ધરમરામ સોસા, સિમાડા રોડ, નાના વરાછા, સુરત	
૪૩.	મંગલદિપ હાઈસ્કુલ, સ્નેહમિલન સોસા. ચીકુવાડી, વરાછા, સુરત	
૪૪.	પી. પી. સવાણી વિદ્યાભવન, હિરાબાગ, શાંતિલાલ સોસા. યુનિટ-૨, વરાછા, સુરત	
૪૫.	સરદાર પટેલ વિદ્યાભવન, સિધ્ધાર્થ ટાઉનશીપ, ભીડભંજન સોસા. નાના વરાછા, સુરત	
૪૬.	સિધ્ધકુટીર ઇંગ્લીશ મિડીયમ સેકન્ડરી સ્કુલ, ફાયર સ્ટેશન, વરાછા, સુરત	
૪૭.	સિધ્ધકુટીર ઇંગ્લીશ મિડીયમ સેકન્ડરી સ્કુલ, ફાયર સ્ટેશન, વરાછા, સુરત	
૪૮.	સુરત ડાયમંડ એસો. ગર્લ્સ હાઈસ્કુલ, કાપોદ્રા, પો.સ્ટે. વરાછા, સુરત	
૪૯.	પી. પી. સવાણી વિદ્યાભવન, હિરાબાગ, વરાછા, સુરત	
૫૦.	જગદ્‌ગુરૂશ્રી વલ્લભાચાર્ય વિદ્યાધામ માધ્યમિક વિભાગ હિરાબાગ, વલ્લભાચાર્ય માર્ગ, વરાછા રોડ, સુરત	
૫૧.	તપોવન માધ્યમિક શાળા, ૧/૧૦ ગાયત્રી સોસા., નાના વરાછા, સુરત	
	પુણા	
૫૨	શ્રીમતી એલ.પી.ડી. પટેલ સાર્વજનીક વિદ્યાલય, પુણાગામ, સુરત	
૫૩	કરૂણાસાગર હિન્દી વિદ્યાલય યુનિટ-૧, સકુંતલા સોસા. ડુંભાલ પરવત પાટીયા, સુરત	
૫૪	કરૂણાસાગર હિન્દી વિદ્યાલય યુનિટ-૨, સકુંતલા સોસા. ડુંભાલ પરવત પાટીયા, સુરત	
૫૫	સ્માર્ટ વિદ્યાલય, અક્ષર ટાઉનશીપ પાછળ, ડુંભાલ નહેર પાસે, સુરત	
૫૬	શારદા વિદ્યાલય, જલારામ સોસા-૩, મોડલ ટાઉન રોડ, પરવતપાટીયા, સુરત	
૫૭	સ્માર્ટ વિદ્યાસંકુલ, અક્ષર ટાઉનશીપ પાછળ, ડુંભાલ નહેર પાસે, સુરત	
૫૮	અક્ષરધામ હાસ્કુલ, ૩૩-વિજયનગર, સોસા વિ-૨, પુણા સુમાડા, પુણાગામ, સુરત	
૫૯	સાધના નિકેતન વિદ્યાલય, શિવશક્તિ સોસા. કારગીલ ચોક પુણાગામ, સુરત	
૬૦	અર્પણ વિદ્યા સંકુલ સીતાનગર ચોકડી પાસે, સુરત	
૬૧	માનસરોવર હાઈસ્કુલ, પુણાગામ, પાણીની ટાંકી, પુણાગામ, સુરત	
૬૨	મારૂતી વિદ્યાસંકુલ મારૂતીધામ સોસા. રૂક્ષ્મણી સોસા. પાછળ પુણાગામ	
૬૩	સંસ્કાર વિદ્યાલય, સત્યનારાયણ સોસા. પુણાગામ, સુરત	
૬૪	દક્ષિણામુર્તિ વિદ્યાલય પુણાગામ સુરત	
૬૫	હરેક્રિષ્ના વિદ્યાલય, પુણાગામ, શિવદર્શન સોસા. સીમાડા રોડ, સુરત	
૬૬	રંગઅવધૂત માધ્યમિક શાળા, સરોલી રોડ, સુરત	
૬૭	અર્ચના વિદ્યા સંકુલ અર્ચના સર્કલ પાસે પુણા બોમ્બે માર્કેટ રોડ સુરત	
૬૮	જ્ઞાનદિપ માધ્યમ શાળા, વિજયનગર પાસે મહાલક્ષ્મી સોસા. યોગીચોક પાસે, સુરત	
૬૯	નિલકંઠ વિદ્યાલય, પુણાગામ, સુરત	
	ઉધના	
૭૦	આર. એન. નાયક હાઇ. આદર્શ કેમીકલ સામે, સુરત	
૭૧	આર. એન. નાયક હાઇ. આદર્શ કેમીકલ સામે, સુરત	
૭૨	તારાવિદ્યા મંદિર જીવનજ્યોત સિનેમા પાછળ ઉધના સુરત	
૭૩	એસ.ઇ.એમ. હાઈસ્કુલ યુનીટ-૧ પોસ્ટલ સોસાયટીની પાછળ, ઉધના, સુરત	
૭૪	શ્રી ગુરૂકૃપા હાઈસ્કુલ અમબર કોલોની હરીનગર-૧, ઉધના સુરત	
૭૫	સુમન હાઈસ્કુલ નં. ૬ વિજયાનગર-૨, હરીનગર-૨, ઉધના, સુરત	

INDEX

૧	૨	૩
૭૬	સનગ્રેસ વિદ્યાલય ઉદ્યોગનગર ઉધના, સુરત	
૭૭	શ્રી શ્રેયસ વિદ્યાલય, આશાનગર-૨, હરીનગર-૨, ઉધના, સુરત	
૭૮	ન્યુ મોડલ હાઈસ્કુલ, જીવનજ્યોત સિનેમા, ભાઠેના, સગરામપુરા, સુરત	
૭૯	જીવન વિકાસ હાઈસ્કુલ રામનગર-૨, આર્શીવાદ ટાઉનશીપ-૧ બમરોલી, સુરત	
૮૦	શેઠશ્રી પી.એચ. બચકાનીવાલા હાઈસ્કુલ ખરવર નગર ખટોદરા, સુરત	
૮૧	જીવન વિકાસ હાઈસ્કુલ રામનગર-૨, આશીર્વાદ ટાઉનશીપ-૧ બમરોલી, સુરત	
૮૨	લાયન્સ સિલ્ક સિટી હાઈસ્કુલ, ૧૮-આશાનગર, હરીનગર પાછળ,ઉધના, સુરત	
લીંબાયત		
૮૩	મહર્ષિ આસ્તીક સાર્વજનિક વિદ્યાલય, ગોડાદરા આસપાસ મંદિર પાસે, સુરત	
૮૪	સરસ્વતી માધ્યમિક શાળા, નવાનગર, ગાંધીનગર સોસા.ઉધનાયાર્ડ, સુરત	
૮૫	જ્ઞાનજ્યોતિ વિદ્યાલય યુનિટ-૧, ધ્રૂવ પાર્ક સોસા. ગોડાદરા નહેર પાસે, સુરત	
૮૬	જ્ઞાનજ્યોતિ વિદ્યાલય યુનિટ-૨, ધ્રૂવ પાર્ક સોસા. ગોડાદરા નહેર પાસે, સુરત	
૮૭	સુમન હાઈસ્કુલ નં. ૫ જવાહર મહોલ્લો ત્રણ માળની બિલ્ડીંગ સર્કલ પાસે લીંબાયત, સુરત	
૮૮	માં જસ્જીત વિદ્યાલય લીંબાયત ઉધના યાર્ડ, સુરત	
૮૯	એમ. પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૧ પર્વત પાટીયા વાટીકા ટાઉનશીપ, સુરત	
૯૦	એમ. પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૨ પર્વત પાટીયા વાટીકા ટાઉનશીપ, સુરત	
૯૧	સાંદિપની વિદ્યાલય ધીરજનગર, ગોડાદરા સુરત	
ડીંડોલી		
૯૨	સનરાઈઝ વિદ્યાલય ગુજ. મિડીયમ, રામીપાર્ક સોસા. ડીંડોલી, સુરત.	
૯૩	દિપદર્શન સેકન્ડરી સ્કુલ, દેલાડવાગામ, રોડ ડીંડોલી, સુરત.	
૯૪	શારદા હિન્દી વિદ્યાલય રઘુકુળનગર ટાંકી પાસે ડીંડોલી, સુરત	
૯૫	માતૃભૂમિ વિદ્યાલય યુનિટ-૧ જયજલારામ નગર ખરવાસા ડીંડોલી, સુરત	
૯૬	માતૃભૂમિ વિદ્યાલય યુનિટ-૨ જયજલારામ નગર ખરવાસા ડીંડોલી, સુરત	
૯૭	શ્રી જવાહર વિદ્યાલય, યુનિટ-૧ સણીયા કણદે ડીંડોલી, સુરત	
૯૮	શ્રી જવાહર વિદ્યાલય, યુનિટ-૨ સણીયા કણદે ડીંડોલી, સુરત	
૯૯	શાંતિનિકેતન આઈડીયલ એકેડમી હાઈસ્કુલ, ગીતાનગર રલ્વે ક્રોસીંગ નજીક ડીંડોલી, સુરત	
૧૦૦	જ્ઞાનભારતી હિન્દી વિદ્યાલય, અંબીકાનગર, રેલ્વે ફાટક પાસે ડીંડોલી,	
૧૦૧	જ્ઞાનભારતી હિન્દી હાઈસ્કુલ, યુનિટ-૧ ડીંડોલી, સુરત	
૧૦૨	જ્ઞાનભારતી હિન્દી હાઈસ્કુલ, યુનિટ-૨ ડીંડોલી, સુરત	
૧૦૩	સાર્વજનિક હાઈસ્કુલ લીંબાયત, તા. ચોર્યાસી, સુરત	
૧૦૪	સેવન્થડે એડવેન્ટીસ્ટ ઈંગ્લીશ સ્કુલ લીંબાયત, તા. ચોર્યાસી, સુરત.	
મહિધરપુરા		
૧૦૫	શ્રીમતી લીલાબા કન્યા વિદ્યાલય લાલ દરવાજા સ્વામી આત્માનંદ સરસ્વતી માર્ગ દરગાહ પાસે, સુરત	
૧૦૬	એમ.યુ.એસ. ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ એમ.૪/શાંતિનિકેતન સોસાયટી સુમુલ ડેરી રોડ, સુરત	
૧૦૭	મહિધરપુરા અર્બન ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ સહયોગ સોસાયટી સુમુલ ડેરી રોડ, સુરત	
૧૦૮	આઈ. સી. ગાંધી હાઈસ્કુલ સુમુલ ડેરી રોડ, સુરત	
૧૦૯	સુમન હાઈસ્કુલ નં.-૩ વસ્તા દેવડીરોડ, કતારગામ, સુરત	

૧	૨	૩
૧૧૦	વી. ટી. ચોકસી સાર્વજનિક હાઇસ્કુલ રામપુરા મેઇન રોડ પોલીસ લાઇન પાસે, સુરત.	
	ચોકબજાર	
૧૧૧	સર જે. જે. માધ્યમિક શાળા શાહપોર, સુરત	
૧૧૨	સર જે. જે. અંગ્રેજી શાળા શાહપોર, સુરત	
૧૧૩	એંગ્લો ઉર્દુ હાઇ. સોદાગરવાડ સુરત	
૧૧૪	ફૈઝ એ. એ. ચક્કીવાલા ગર્લ્સ હાઇસ્કુલ, સોદાગર વાડ, સુરત	
૧૧૫	શ્રીમતી કે. એમ. જરીવાલા ઇંગ્લીશ મીડીયમ ગર્લ્સ હાઇસ્કુલ, શાહપોર તુર્કીવાડ, સુરત	
૧૧૬	એન. એમ. ઝવેરી યુનિયન હાઇસ્કુલ, છક્કાપીર ગલી, સુરત	
૧૧૭	બાઇ પી. એમ. પટેલ ગર્લ્સ હાઇસ્કુલ, વકીલ સ્ટ્રીટ ડી.પી. વાડીયા બિલ્ડીંગ સર જે. જે. શાળાની ગલી, સુરત	
૧૧૮	સ્વ. સુરેશ વિદ્યા મંદિર માધ્યમિક શાળા મણીબા યમુના પાર્ક સોસાયટી ડભોલી રોડ, સુરત	
૧૧૯	શ્રી શારદા વિદ્યા મંદિર, સીંગણપોર, કોઝવે રોડ, સુરત	
૧૨૦	પી. જે. માધ્યમિક સ્કુલ દેવકુંવરબા સિંગણપોર, કોઝવે રોડ, સુરત	
૧૨૧	પ્રમુખ માધ્યમિક શાળા સિંગણપોર, કોઝવે રોડ, સુરત	
૧૨૨	પ્રમુખ માધ્યમિક શાળા સિંગણપોર, કોઝવે રોડ, સુરત	
૧૨૩	સર જે. જે. અંગ્રેજી ઇંગ્લીશ સ્કુલ યુનિટ-૧ શાહપોર, સુરત	
૧૨૪	બ્રિલીયન્ટ સ્કુલ ગોવિંદજી હોલ પાસે, સુરત.	
	કતારગામ	
૧૨૫	ગુરૂકુલ વિદ્યાપીઠ વી.ટી. ચોકસી ઇંગ્લીશ મીડીયમ સ્કુલ, સુમુલ ડેરી, રોડ, કતારગામ, GIDC, સુરત	
૧૨૬	અક્ષરજ્યોતિ હાઇસ્કુલ, ગોપાલગ્રામ સોસાયટી, આંબાતલાવડી, કતારગામ, સુરત	
૧૨૭	ગુરૂકુલ વિદ્યાપીઠ એમ. વી. દમણવાલા માધ્યમિક સ્કુલ, ગુજ. મીડીયમ સુમુલ ડેરી, રોડ, કતારગામ, GIDC, સુરત	
૧૨૮	ગુરૂકુલ વિદ્યાપીઠ વી. ટી. સી. કન્યા વિદ્યાલય, પુષ્પકુંજ સોસાયટી સુમુલ ડેરી, કતારગામ, સુરત	
૧૨૯	કસ્તુરબા વિદ્યાભવન, માધ્યમિક શાળા, વેડરોડ, સુરત	
૧૩૦	સાર્વજનિક માધ્યમિક શાળા શિવછાયા સોસાયટી, વેડરોડ, સુરત.	
૧૩૧	નીલકંઠ કન્યા વિદ્યાલય, સીંગણપુર ચાર રસ્તા વેડરોડ, સુરત.	
૧૩૨	સ્વ. ડી. ડી. રાદડીયા હાઇસ્કુલ ઓમપાર્ક સોસાયટી, આંબાતલાવડી કતારગામ	
૧૩૩	માતૃભુમિ વિદ્યાલય, ડભોલી રોડ, વેડ રોડ, કતારગામ, સુરત	
૧૩૪	પ્રજ્ઞા માધ્યમિક શાળા, મોટી બહુચરાજી, ડભોલી રોડ, સુરત	
૧૩૫	શાંતાબા હાઇસ્કુલ, બી-૧૯, અવધુત સોસાયટી હેલ્થ સેન્ટર કતારગામ સુરત	
૧૩૬	વિવેક વિદ્યાલય, પ્રાણનાથ હોસ્પીટલ, વેડ રોડ, સુરત	
૧૩૭	પ્રજ્ઞા માધ્યમિક શાળા, વેડ રોડ હરીઓમ મિલ્સ પાસે, અનાથ આશ્રમ કેમ્પસ સુરત	
૧૩૮	એસ. વી. હાઇસ્કુલ સીંગણપોર રોડ, કતારગામ, સુરત	
૧૩૯	એલ. પી. સવાણી માધ્યમિક ગોટાલાવાડી, ઉદયનગર, કતારગામ, સુરત	
૧૪૦	શિશુવિહાર વિદ્યાલય, રણછોડજી પાર્ક કંતારેશ્વર પાર્કની બાજુમાં, સુરત	
૧૪૧	દૂધીબા વિદ્યાલય, મગનનગર, કતારગામ, સુરત	
૧૪૨	અંકુર વિદ્યાભવન (માધ્યમિક વિભાગ) આંબાતલાવડી, કતારગામ, સુરત	
૧૪૩	અંકુર વિદ્યાભવન (માધ્યમિક વિભાગ) આંબાતલાવડી, કતારગામ, સુરત	

૧	૨	૩
૧૪૪	એસ. એચ. ગજેરા અમરોલી રોડ, કતારગામ, સુરત	
૧૪૫	શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય યુનિટ-૧, વેડરોડ, સુરત	
૧૪૬	શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય યુનિટ-૨, નાની વેડ, કતારગામ સુરત	
૧૪૭	અખાનંદ વિદ્યાભવન યુનિટ-૧, વેડરોડ, સુરત	
૧૪૮	એચ. જે. ગજેરા સેકન્ડરી એન્ડ હાય સેકન્ડરી સ્કુલ, અમરોલીરોડ, કતારગામ, સુરત	
	અમરોલી	
૧૪૯	સુરત પીપલ્સ હાઇસ્કુલ કોલેજ કેમ્પ અમરોલી, સુરત	
૧૫૦	કે. એન્ડ એમ.પી. પટેલ યુ.-૧, સાર્વ. વિદ્યાલય, અમરોલી, સુરત	
૧૫૧	કે. એન્ડ એમ.પી. પટેલ યુ.-૨, સાર્વ. વિદ્યાલય, અમરોલી, સુરત	
૧૫૨	માધવબાગ વિદ્યાભવન યુનિટ-૧, નવાકોસાડ રોડ, અમરોલી, સુરત	
૧૫૩	માધવબાગ વિદ્યાભવન યુનિટ-૨, નવાકોસાડ રોડ, અમરોલી, સુરત	
૧૫૪	ગૌતમી કન્યા વિદ્યાલય, આર.એન. પટેલ એન્ડ વી. જે. પટેલ, યુ.-૧ ઉત્રાણ, અમરોલી, સુરત	
૧૫૫	ગૌતમી કન્યા વિદ્યાલય, આર.એન. પટેલ એન્ડ વી. જે. પટેલ, યુ.-૨ ઉત્રાણ, અમરોલી, સુરત	
૧૫૬	સંસ્કારદીપ વિદ્યા સંકુલ નંદનવન સોસા. મોટાવરાછા, સુરત	
	અઠવા	
૧૫૭	શ્રી એસ. પી. ઝવેરી ગર્લ્સ હાઇ. ગોપીપુરા, એનીબેસન્ટ રોડ, સુરત	
૧૫૮	શ્રી એસ. પી. ઝવેરી ગર્લ્સ હાઇ. ગોપીપુરા, એનીબેસન્ટ રોડ, સુરત	
૧૫૯	એન. જી. ઝવેરી જૈન હાઇસ્કુલ આગામ મંદિર, સુરત	
૧૬૦	ટી. એન્ડ ટી.વી. સાર્વજનિક વિદ્યાલય, ગોપીપુરા, એનીબેસન્ટ રોડ, સુરત	
૧૬૧	રત્નસાગર જૈન વિદ્યાલય ગોપીપુરા કાંજીનું મેદાન, સુરત-૫	
૧૬૨	શ્રીમતી કે.એલ.એસ. ખાંડવાલા સાર્વજનિક ગર્લ્સ હાઇ. બાલાજી રોડ, સુરત	
૧૬૩	શ્રીમતી કે.એલ.એસ. ખાંડવાલા સાર્વજનિક ગર્લ્સ હાઇ. બાલાજી રોડ, સુરત	
૧૬૪	શ્રીમતી કુસુમબેન સી. શાહ એન્ડ શ્રીમતી હંસાબેન એસ. શાહ, જીવનભારતી વિદ્યાલય, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત	
૧૬૫	સિમ્ગા ઉર્દુ માધ્યમ હાઇ. ક્ષેત્રપાલ સગરામપુરા, સુરત	
૧૬૬	આર. ડી. કોન્ટ્રાકટર હાઇ. ડચ ગાર્ડનની બાજુમાં નાનપુરા, સુરત	
૧૬૭	સિમ્ગા અંગ્રેજી માધ્યમ હાઇ. ક્ષેત્રપાલ સગરામપુરા, સુરત	
૧૬૮	ટી એન્ડ ટી. વી. સાર્વજનિક હાઇસ્કુલ, નાનપુરા, સુરત	
૧૬૯	સિંમ્ગા ગુજરાતી માધ્યમ હાઇ. સગરામપુરા, સુરત	
૧૭૦	કડીવાલા હાઇસ્કુલ, જે. પી. રોડ, સુરત	
૧૭૧	સ્વ. સી. બી. કાપડીયા એન્ડ સ્વ. એલ. સી. કાપડીયા માધ્યમિક શાળા, બુંડેલાવાડ, ભાગળ, સુરત	
૧૭૨	શ્રી રંગીલદાસ ધનજીભાઇ ગેલ જીવનભારતી માધ્યમિક સ્કુલ, યુનિટ-૧, નાનપુરા, સુરત	
૧૭૩	શ્રી રંગીલદાસ ધનજીભાઇ ગેલ જીવનભારતી માધ્યમિક સ્કુલ, યુનિટ-૨, નાનપુરા, સુરત	
૧૭૪	શ્રી વી. ડી. ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ વનિતા વિશ્રામ સ્કુલ અઠવા, સુરત	
૧૭૫	શ્રી વી. ડી. ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ વનિતા વિશ્રામ સ્કુલ અઠવા, સુરત	
	ઉમરા	
૧૭૬	આર.એમ.એસ. પુણાવાલા, એક્ષપરિમેન્ટલ હાસ્કુલ અંબિકા નિકેતન પાર્લે પોઇન્ટ, સુરત યુ.-૧	

INDEX

૧	૨	૩
૧૭૭	સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ ઘોડદોડ રોડ, સુરત	
૧૭૮	શેઠ ડી. આર. ઉમરીગર મેમોરીયલ સ્કુલ, અંગ્રેજી માધ્યમ, ઉમરા, સુરત	
૧૭૯	શેઠ ડી. આર. ઉમરીગર મેમોરીયલ સ્કુલ, અંગ્રેજી માધ્યમ, ઉમરા, સુરત	
૧૮૦	એસ.વી.પી. સેકન્ડરી સ્કુલ લેકવ્યુ ગાર્ડન પીપલોદ, સુરત	
૧૮૧	પી. આર. ખાંટીવાલા ગુજરાતી માધ્યમ મગદલ્લા સુરત, યુનિટ-૧	
૧૮૨	સ્વ. જી. આર. ચોખાવાલા અંધજન માધ્યમિક શાળા, ઘોડદોડ રોડ, સુરત	
૧૮૩	સી. બી. ભંડારી સરસ્વતી વિદ્યાભવન મગદલ્લા ડુમ્મસ રોડ, સુરત	
૧૮૪	શારદાયતન હાઈસ્કુલ ગુજરાતી મિડીયમ, પીપલોદ, સુરત	
૧૮૫	શારદાયતન હાઈસ્કુલ અંગ્રેજી મિડીયમ, પીપલોદ, સુરત	
૧૮૬	રાયન ઈન્ટરનેશનલ સ્કુલ ઈંગ્લીશ મીડીયમ વેલેન્ટાઇન સિનેમા પાસે, રૂંઢ મહાદેવ મંદિર પાછળ, ડુમસ રોડ, સુરત	
૧૮૭	લોકભારતી અંગ્રેજી સ્કુલ, સીટીલાઇટ, અશોકપાનની ગલી, સુરત	
૧૮૮	લોસભારતી વિદ્યાલય ગુજરાતી માધ્યમ, સીટીલાઇટ, અશોકપાનની ગલી, સુરત	
૧૮૯	એમ. ટી. જરીવાલા માધ્યમિક શાળા (ઈંગ્લીશ મીડીયમ) અઠવા લાઈન્સ, સુરત	
૧૯૦	ડીવાઈન ચાઈલ્ડ હાઈસ્કુલ, ઘોડદોડ રોડ, સુરત	
૧૯૧	જે. એચ. અંબાણી હાઈસ્કુલ વેસુ ચાર રસ્તા, ઉધના મગદલ્લા રોડ, સુરત	
૧૯૨	ડૉ. એ. સી. લાપસીવાલા સેકન્ડરી અને હાયર સેકન્ડરી ઈંગ્લીશ સ્કુલ, રૂંઢ નાથ મહાદેવ મંદિર પાછળ, ડુમસ રોડ, સુરત	
૧૯૩	લાન્સર આર્મી સ્કુલ લંડન હાઉસ ડુમસ રોડ, પીપલોદ વેસુ પાટીયા સુરત	
૧૯૪	કે. પી. સંઘવી વિદ્યાલય, શ્રી ભારતીમૈયા વિદ્યાસંકુલ, વેસુ	
૧૯૫	લુડ્સ કોન્વેંટ સ્કુલ ઈન્ડોર સ્ટેડીયમ સામે, અઠવાલાઈન્સ, સુરત	
૧૯૬	સી. સી. શાહ હાઈસ્કુલ પાર્લે પોઈન્ટ, સુરત	
	ખટોદરા	
૧૯૭	કર્મવીર સાકળચંદ પટેલ માધ્યમિક વિદ્યાલય, યુનિટ-૧, ભટાર રોડ, અર્જુન કોમ્પ્લેક્ષ, સુરત	
૧૯૮	કર્મવીર સાકળચંદ પટેલ માધ્યમિક વિદ્યાલય, યુનિટ-૨, ભટાર રોડ, અર્જુન કોમ્પ્લેક્ષ, સુરત	
૧૯૯	શ્રી સત્ય સાંઇ સ્કુલ, શ્રી સત્યસાંઇ સેવા સંકુલ અલથાણ ભરથાણા રોડ, સુરત	
૨૦૦	સેન્ટ થોમસ ઈંગ્લીશ મીડીયમ હાયર સેકન્ડરી સ્કલુ સીટીલાઇટ રોડ, ભરથાણા વેસુ, સુરત	
૨૦૧	સેન્ટ થોમસ ઈંગ્લીશ મીડીયમ હાયર સેકન્ડરી સ્કલુ સીટીલાઇટ રોડ, ભરથાણા વેસુ, સુરત	
૨૦૨	શ્રી ભટારકર વિદ્યાસંકુલ માધ્યમિક શાળા (ગુજરાતી માધ્યમ) સીવાની પાર્ક અલથાણ રોડ, સુરત	
૨૦૩	વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય, ભટાર ચાર રસ્તા, સુરત	
૨૦૪	સી. એસ. વિદ્યાભારતી અંગ્રેજી માધ્યમ ભટાર ચાર રસ્તા.	
	પાંડેસરા	
૨૦૫	નવસર્જન વિદ્યાલય, ગુ.હા. બોર્ડ, પાંડેસરા	
૨૦૬	નવદીપ વિદ્યાલય, મા. શાળા ગુ.હા. બોર્ડ, પાંડેસરા	
૨૦૭	સર્વોદય વિદ્યાલય ભેસ્તાન રેલ્વે સ્ટેશન સામે, સુરત	
૨૦૮	શ્રી ક્રિષ્ણા રાષ્ટ્રીય હિન્દી ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, બમરોલી રોડ, સુરત	
૨૦૯	ઉદ્યોગભારતી વિદ્યાલય, યુનિટ, પાંડેસરા GIDC સુરત	

INDEX

૧	૨	૩
૨૧૦	શ્રી કૈલાશ માનસ વિદ્યામંદિર, (ગુજરાતી માધ્યમ) જીયાવ રોડ, ભેસ્તાન, સુરત	
૨૧૧	શારદા વિદ્યામંદિર ગુ. હા. બોર્ડ, પાંડેસરા	
૨૧૨	સરસ્વતી હિન્દી વિદ્યાભવન, બુડીયારોડ, વડોદ, ભેસ્તાન, સુરત	
૨૧૩	મેરી માથ પબ્લીક સ્કુલ પ્રમુખ પાર્ક બાટલીબોય, સુરત	
૨૧૪	શ્રી સિતારામ હિન્દી વિદ્યાલય વિસાતનગર, બમરોલી રોડ, સુરત	
૨૧૫	મેરી માથ પબ્લીક સ્કુલ પ્રમુખ પાર્ક બાટલીબોય, સુરત	
૨૧૬	સરસ્વતી હિન્દી વિદ્યાભવન, બુડીયારોડ, વડોદ, ભેસ્તાન, સુરત	
૨૧૭	સરસ્વતી માધ્યમિક શાળા, નેમનગર બમરોલી રોડ, જી.એચ. રોડ, પાંડેસરા, સુરત	
૨૧૮	શારદા વિદ્યામંદિર ફતેનગર, પાંડેસરા	
૨૧૯	શ્રી કૈલાશ માનસ વિદ્યામંદિર, (ગુજરાતી માધ્યમ) જીયાવ રોડ, ભેસ્તાન, સુરત	
૨૨૦	શ્રી ક્રિષ્ણા રાષ્ટ્રીય હિન્દી યુ. એન. વિદ્યાલય, બમરોલી રોડ, સુરત	
સચીન		
૨૨૧	એલ. ડી. હાઈસ્કુલ યુનિટ-૧, સ્ટેશન રોડ, સચીન	
૨૨૨	સનલાઈટ વિદ્યાલય, પ્લોટ-૪/કે-૪/બી, ગુજરાત સ્લમ બોર્ડ, યોગેશ્વરનગર, કનકપુર, સુરત	
૨૨૩	ડેકોન્સ ફાઉન્ડેશન હાઈસ્કુલ ગણેશનગર, જી.એચ.બી. કનકપુર, સચીન, સુરત	
૨૨૪	સરસ્વતી હિન્દી માધ્યમિક સ્કુલ જી.એચ.બી. કનકપુર, સચીન, સુરત	
૨૨૫	એલ.ડી. હાઈસ્કુલ યુનિટ-૨, સ્ટેશન રોડ, સચિન	
સચીન GIDC		
૨૨૬	ઈકરા ઈંગલીશ હાઈસ્કુલ ઉનગામ સચીન GIDC સુરત	
રાંદેર		
૨૨૭	એચ. એમ. બચકાનીવાલા સરદાર હાઈસ્કુલ, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત	
૨૨૮	શ્રી સ્વામીનારાયણ માધ્યમિક શાળા રામનગર પાછળ, રાંદેર રોડ, સુરત	
૨૨૯	લોકમાન્ય હાઈસ્કુલ (ઓરી બિલ્ડીંગ, પ્રેમભારતી હિન્દી માધ્યમ) મોટી ફળી, રાંદેર, સુરત	
૨૩૦	એમ. એમ. પી. હાઈસ્કુલ, રાંદેર ટાઉન, સુરત	
૨૩૧	પ્રેસીડેન્સી સ્કુલ માધ્યમિક વિભાગ, ગુજરાતી મિડીયમ, યુ.-૧, સુદામાહોટલ પાસે ન્યુ રાંદેર રોડ, સુરત	
૨૩૨	પ્રેસીડેન્સી સ્કુલ માધ્યમિક વિભાગ, ગુજરાતી મિડીયમ, યુ.-૨, સુદામાહોટલ પાસે ન્યુ રાંદેર રોડ, સુરત	
૨૩૩	એમ. એ. બોયસ સેકન્ડરી સ્કૂલ ગોરાટ સુરત ગોટરા રાંદેર રોડ,	
૨૩૪	ધી પંચશીપ મર્કન્ટાઈલ કો.ઓ. બેંક લિ. માધ્યમિક શાળા, હાઉસીંગ રાંદેર, સુરત	
૨૩૫	પીપરડીવાલા હિન્દી મિડી. હાઈસ્કુલ, એસ. વી. પટેલ રોડ, રાંદેર સુરત	
૨૩૬	શાંતિનિકેતન વિદ્યાવિહાર, વર્ષા સોસાયટી, પાલનપુર જકાતનાકા, રાંદેર સુરત	
૨૩૭	સંસ્કાર ભારતી વિદ્યાલય, પાલનપુર પાટીયા, સુરત	
જહાંગીરપુરા		
૨૩૮	શ્રીમતી એલ. બી. કોન્ટ્રાકટર સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલ પેટ્રોલપંપ સામે, જહાંગીરપુરા, સુરત	
અડાજણ		
૨૩૯	શ્રીમતી એલ. પી. સવાણી વિદ્યાભવન, (ગુજરાતી માધ્યમ) અડાજણ રોડ, સુરત	
૨૪૦	શ્રીમતી એલ. પી. સવાણી વિદ્યાભવન, (ગુજરાતી માધ્યમ) અડાજણ રોડ, સુરત	
૨૪૧	શ્રી સરસ્વતી વિદ્યાલય હનીપાર્ક પાસે, અડાજણ, સુરત	

INDEX

૧	૨	૩
૨૪૨	વિદ્યાકુંજ ઇંગ્લીશ માધ્યમિક શાળા, પ્રથમ રોહાઉસ અડાજણ, પાલનપુર, સુરત	
૨૪૩	વિદ્યાકુંજ માધ્યમિક શાળા, પાલનપુર જકાતનાકા નજીક, વૃંદાવન સોસાયટી, રાંદેર સુરત	
૨૪૪	સેન્ટમાર્કસ હાઈસ્કુલ કરણપાર્ક પાછળ, હરીદ્વાર સોસાયટી પાસે, અડાજણ, સુરત	
૨૪૫	ભૂલકાવિહાર શાળા, ઇંગ્લીશ મિડીયમ, ૬૨૪-ભાઠા નવી પો.સ્ટે. ઓફીસ પાસે, અડાજણ, સુરત	
૨૪૬	સીટીઝન હાઈસ્કુલ ગુજ. મીડીયમ હનીપાર્ક રોડ, અડાજણ, સુરત	
૨૪૭	ભૂલકાવિહાર શાળા, ઇંગ્લીશ મિડીયમ, ૬૨૪-ભાઠા નવી પો.સ્ટે. ઓફીસ પાસે, અડાજણ, સુરત	
૨૪૮	વી. ડી. દેસાઇ વાડીવાલા (ભૂલકા ભવન) પાણીની ટાંકી સામે, અડાજણ	
૨૪૯	આઇ. એન. ટેકરાવાલા સ્કુલ, પાલનપુર, પાટીયા, સુરત	
૨૫૦	શ્રીમતી એલ.એન.બી. ડાલીયા હાઇસ્કુલ કવિકલાપી ગાર્ડન, ગુજરાત ગેસ કંપની, અડાજણ, સુરત	
૨૫૧	શ્રીમતી એલ.એન.બી. ડાલીયા હાઇસ્કુલ કવિકલાપી ગાર્ડન, ગુજરાત ગેસ કંપની, અડાજણ, સુરત	
૨૫૨	શ્રી સ્વામીનારાયણ એચ. વી. વિદ્યાલય, અડાજણ, સુરત	
૨૫૩	રિવર ડેલ એકેડમી ઇંગ્લીશ મીડીયમ, ટી.જી.બી. હોટલ પાસે, અડાજણ, સુરત	
૨૫૪	એલ. એચ. બોઘરા હાઇસ્કુલ, અડાજણ પાણીની ટાંકી સામે, સુરત	
	ઈચ્છાપોર	
૨૫૫	ડી. એલ. કે. શાહ સંજીવની હાઇસ્કુલ દામકાગામ ઇચ્છાપોર.	

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર II/IV ના પરીક્ષા કેન્દ્રો

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ(હાઈસ્કુલ/ પોલીસ સ્ટેશન)	રીમાર્કસ
૧	૨	૩
	વરાછા	
૧	રામક્રિષ્ણ વિદ્યાભવન, યુ.-૧ લંબેહનુમાન રોડ, સુરત	
૨	સરસ્વતી વિદ્યાલય, યુ.-૧, ગૌશાળા સામે અશ્વીનીકુમાર રોડ, સુરત	
૩	સરસ્વતી વિદ્યાલય, યુ.-૨, ગૌશાળા સામે અશ્વીનીકુમાર રોડ, સુરત	
૪	એલ.પી. સવાણી હાઇસ્કુલ વર્ષા સોસાયટી, માતાવાડી લંબેહનુમાન રોડ, સુરત	
૫	લિટલ ફલાવર હાઇસ્કુલ, કમલપાર્ક સોસાયટી, પારસ સર્વિસ સ્ટેશન કાપોદ્રા, સુરત	
૬	લિટલ ફલાવર હાઇસ્કુલ, કમલપાર્ક સોસાયટી, પારસ સર્વિસ સ્ટેશન કાપોદ્રા, સુરત	
	કાપોદ્રા	
૭	એમ. એન. જે. પટેલ માધ્યમિક શાળા યુ.-૧, કાપોદ્રા પો.સ્ટે. સામે, વરાછા રોડ, સુરત	
૮	સુરત ડાયમંડ એસોસીએશન ગર્લ્સ હાઇસ્કુલ, યુ.-૧, કાપોદ્રા પો.સ્ટે. પાસે, વરાછા રોડ, સુરત	
૯	પી. પી. સવાણી વિદ્યાભવન, હિરાબાગ, વરાછા રોડ, સુરત	
૧૦	પી. પી. સવાણી વિદ્યાભવન, યુનિટ-૨ હિરાબાગ, વરાછા, સુરત	
૧૧	સરદાર પટેલ વિદ્યાભવન, સિધ્ધાર્થ ટાઉનશીપ, ભીડભંજન સોસા. પાસે, સુરત	
૧૨	આશાદિપ વિદ્યાલય, શકિત વિજય સોસા. આકાર સ્પોર્ટસ સામે, નાના વરાછા, સુરત	
૧૩	આશાદિપ વિદ્યાલય, શકિત વિજય સોસા. આકાર સ્પોર્ટસ સામે, નાના વરાછા, સુરત	
૧૪	આશાદિપ વિદ્યાલય-૨, શકિત વિજય સોસા. આકાર સ્પોર્ટસ સામે, નાના વરાછા, સુરત	
૧૫	જગદ્‌ગુરૂશ્રી વલ્લભાચાર્ય વિદ્યાધામ, માધ્યમિક વિભાગ, હિરાબાગ, વલ્લભાચાર્ય માર્ગ, વરાછારોડ, સુરત.	

INDEX

૧	૨	૩
૧૬	કાશીબા હાઇસ્કુલ, પટેલ ફળીયુ, નાના વરાછા ગામ સુરત.	
૧૭	મંગલદિપ હાઇસ્કુલ, સ્નેહમિલન સોસા. ચીકુવાડી, વરાછા, સુરત	
૧૮	સિધ્ધકુટીર ઇંગ્લીશ મિડીયમ સેકંડરી સ્કુલ, ફાયર સ્ટેશન, વરાછા, સુરત	
૧૯	સિધ્ધકુટીર ઇંગ્લીશ મિડીયમ સેકંડરી સ્કુલ, ફાયર સ્ટેશન, વરાછા, સુરત	
	પૂણા	
૨૦	હરક્રિષ્ણા વિદ્યાલય, પુણાગામ, શિવદર્શન સોસાયટી, સીમાડારોડ, સુરત	
	કતારગામ	
૨૧	શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય યુનિટ-૧, ગુરૂકુલ રોડ, નાની વેડ, સુરત	
૨૨	શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય યુનિટ-૨, ગુરુકુલ રોડ નાની વેડ, સુરત	
૨૩	શ્રીમતી એસ. એચ. ગજેરા માધ્યમિક શાળા, યુનિટ-૨ કતારગામ, સુરત	
૨૪	અંકુર વિદ્યાભવન (માધ્યમિક વિભાગ) આંબાતલાવડી, કતારગામ, સુરત	
૨૫	અંકુર વિદ્યાભવન (માધ્યમિક વિભાગ) આંબાતલાવડી, કતારગામ, સુરત	
૨૬	શ્રીમતી એસ. એચ. ગજેરા માધ્યમિક શાળા, કતારગામ, સુરત	
	ચોકબજાર	
૨૭	પ્રમુખ માધ્યમિક શાળા સિંગણપોર, કોઝવે રોડ, સુરત	
૨૮	પ્રમુખ માધ્યમિક શાળા સિંગણપોર, કોઝવે રોડ, સુરત	
	અમરોલી	
૨૯	સંસ્કારદિપ વિદ્યા સંકુલ નંદનવન સોસાયટી મોટા વરાછા રોડ, સુરત	
	અઠવા	
૩૦	શ્રી આર. ડી. ઘાયલ જીવનભારતી માધ્યમિક વિદ્યાલય, યુ.-૧ ટીમલીયાવાડ, નાનપુરા, સુરત	
૩૧	શ્રી આર. ડી. ઘાયલ જીવનભારતી માધ્યમિક વિદ્યાલય, યુ.-૨ ટીમલીયાવાડ, નાનપુરા, સુરત	
૩૨	શ્રી વી. ડી. ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ, વનિતા વિશ્રામ સ્કુલ અઠવા, સુરત	
૩૩	શ્રી વી. ડી. ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ, વનિતા વિશ્રામ સ્કુલ અઠવા, સુરત	
	ઉધના	
૩૪	ન્યુ મોડલ હાઇસ્કુલ, જીવનજ્યોત સિનેમા ભાઠેના સગરામપુરા, સુરત	
૩૫	શેઠશ્રી પી.એચ. બચકાનીવાલા હાઇસ્કુલ ખરવર નગર ખટોદરા સુરત.	
	ઉમરા	
૩૬	લુર્ડસ કોન્વેન્ટ સ્કુલ ઇન્ડોર સ્ટેડીયમ સામે, અઠવાલાઇન્સ, સુરત	
૩૭	સેન્ટ ઝેવીયર્સ હાઇસ્કુલ ઘોડદોડ રોડ, સુરત	
૩૮	શેઠ ડી. આર. ઉમરીગર મેમોરીયલ સ્કુલ, અંગ્રેજી માધ્યમ, ઉમરા, સુરત	
૩૯	શેઠ ડી. આર. ઉમરીગર મેમોરીયલ સ્કુલ, ગુજરાતી માધ્યમ, ગેટવે હોટલ પાસે, ઉમરા, સુરત	
૪૦	પી. આર. ખાંટીવાલા ગુજરાતી માધ્યમ મગદલ્લા સુરત, યુનિટ-૧	
૪૧	આર.એમ.એસ. પુણાવાલા, એક્ષપરિમેન્ટલ હાઇસ્કુલ અંબિકાનિકેતન પાર્લે પોઇન્ટ, સુરત યુ.-૧	
૪૨	સી. સી. શાહ હાઇસ્કુલ પાર્લે પોઇન્ટ, સુરત	
	ખટોદરા	
૪૩	વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય, ભટાર ચાર રસ્તા ઉધના મગદલ્લા રોડ, સુરત	
૪૪	સી.એસ. વિદ્યાભારતી અંગ્રેજી માધ્યમ ભટાર, ચાર રસ્તા, સુરત	

INDEX

૧	૨	૩
રાંદેર		
૪૫	લોકમાન્ય હાઈસ્કુલ (ઓરી બિલ્ડીંગ, પ્રેમભારતી હિન્દી માધ્યમ) મોટી ફળી, રાંદેર, સુરત	
૪૬	પીપરડીવાલા ઇંગ્લીશ મિડી. હાઈસ્કુલ, એસ. વી. પટેલ રોડ, રાંદેર સુરત	
૪૭	એચ. એમ. બચકાનીવાલા સરદાર હાઈસ્કુલ, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત	
૪૮	સંસ્કાર ભારતી વિદ્યાલય, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત	
અડાજણ		
૪૯	આઇ. એન. ટેકરાવાલા સ્કુલ, પાલનપુર પાટીયા, સુરત.	
૫૦	શ્રીમતી એલ.એન.બી. દાડીયા હાઈસ્કુલ, યુ.-૧, કવિ કલાપી ગાર્ડન પાસે ગુજરાત ગેસ સામે, અડાજણ, સુરત	
૫૧	શ્રીમતી એલ.એન.બી. દાડીયા હાઈસ્કુલ, યુ.-૨, કવિ કલાપી ગાર્ડન પાસે ગુજરાત ગેસ સામે, અડાજણ, સુરત	

અપવાદ

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ઉપરોકત એસ. એસ. સી./એચ. એસ.સી. પરીક્ષામાં વિદ્યાર્થીઓ તથા પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને/કોઈ સ્મશાન યાત્રાને.

સજા

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

સી. આર. પી. સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૨૭/૨૦૧૫.–ભૂતકાળમાં બિહાર રાજ્યના પટના અને બૌધ્ધ ગયા ખાતે તેમજ ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી, ચેન્નઇ શહેરમાં આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટ કરવામાં આવેલ, જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવર જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ છે. જે બનાવોને ધ્યાને લેતા સુરત શહેરની જનતાની સુરક્ષા માટે કોઈપણ વ્યક્તિએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈ પણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી. જેથી, આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨ ૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી મુકવા નહી.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૧મી માર્ચ, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૯મી મે, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/ રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સી.આર.પી.સી. ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ. બી./જાહેરનામું/૨૮/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો તથા ભૂતકાળમાં આંતકવાદીઓ દ્વારા બિહાર રાજ્યના પટના અને બૌધ્ધ ગયા, અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી અને ચેન્નઇ શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાનિ તેમજ માલ મીલકતોને નુકશાન કરવામાં આવેલ. તેમજ અગાઉ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ કરવામાં આવેલ આતંકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાના સાધન સામગ્રી મળી આવેલ છે. જે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ. જેથી સાયકલો, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલરવાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય છે. તેવા સાયકલો/વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડાંક સૂચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવી તેમજ જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ, સ્કુટર મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદારનું પુરું નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૧મી માર્ચ, ૨૦૧૫ થી ક. ૦૦.૦૦ થી તારીખ ૯મી મે, ૨૦૧૫ ક. ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબ કાઢેલ.

ક્રમાંક વિ.શા./અનઅધિ. વ્યકિત પ્રવેશ/૯૩૦/૨૦૧૫.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જિલ્લા કલેકટરશ્રીની કચેરી (કોઠી), બહુમાળી બિલ્ડીંગ (કુબેર ભવન), જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જન સેવા કેન્દ્ર, નર્મદા ભવન, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી હું, ઈ. રાધાકૃષ્ણ I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જિલ્લા કલેકટરશ્રીની કચેરી (કોઠી), બહુમાળી બિલ્ડીંગ (કુબેર ભવન), જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જન સેવા કેન્દ્ર, નર્મદા ભવન, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે

INDEX

આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓનાં સરકારી કામ માટે આવેલા હોય કામ કરતા હોય તેવા અગર વ્યાજબી કામે આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૬મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૬ માહે માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/૯૯૯/૨૦૧૫.—વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં જુદી જુદી ધાર્મિક શોભાયાત્રાઓ તથા અન્ય રેલીઓ, ધરણાંના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલની આતંકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા થવા ઉપર અને કોઇ સભા બોલવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઇ સભા બોલાવવાનું કે સરઘસ કાઢવા ઉપર.

અમલવારીનો પીરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૨મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ માહે માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/૧૦૦૦/૨૦૧૫.-વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મિક શોભાયાત્રાઓ તથા અન્ય રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલની આતંકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહિત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સીકયુરીટી એજેન્સીના માણસો પરવાનાવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ પરવાનાવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજયોમાંથી આખા ભારતના પરવાના મેળવી વડોદરામાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. પરવાનાવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી ખાનગી સુરક્ષા એજન્સીના માણસો જાહેર જગ્યામાં પરવાનાવાળા હથિયારો લઈને ફરે નહિ તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર તથા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું;

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવાની, હવામાં ફાયર કરવાની, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવાની;

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવાની;

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની;

(૬) વ્યક્તિઓના પૂતળા બાળવા/લટકાવવાની/પૂતળાને ફાંસી આપવાની;

(૭) ખાનગી સુરક્ષા એજન્સીના સંચાલક અને કર્મચારી પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યામાં જઈ શકશે નહિ;

(૮) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

અમલવારીના પીરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦

INDEX

થી તારીખ ૨૨મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ માહે માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

BY THE PRINCIPAL DISTRICT JUDGE

Read :

(1) Hon'ble High Court Notification No. A.1204/2015(6), dated -02-2015.

(2) The Office Notification No. B-16/1/ADM/3079/2014, dated 13-05-2014.

Notification

No. B-16/1/ADM/1129/2015.— Vide Hon'ble High Court Notification, cited in the preamble at Serial No. 1, four appel ate judges have been appointed in Banaskantha District and due to availability of women's Judges in the cadre of Appellate Judge at Palanpur headquarter and due to transfer of Ms. N. N. Savani, Gujarat Stenographer Grade-II, existing notification as cited in the premble at serial No. 2 is partially modified regarding constitution of "Complaint Committee" to provide a safe work environment for women employee, working on the establishment of the Banaskantha Judicial Department, to prevent or deter commission of acts of sexual harassment and to provide a complaint mechanisam for the redressal of the complaints made by the victimes of sexual harassment, the undersigned is pleased to re-constitute the said committee as under :—

1	Ms. A. M. Vanani, 5th Additional District Judge, Palanpur	Chairman
2	Ms. M. B. Dange, Chief Judicial Magistrate, Palanpur	Member
3	Mrs. F. S. Parikh , 2nd Additional Senior Civil Judge, Palanpur	Member
4	Mrs. A. I. Rana, Record Keeper, District Court, Palanpur	Member
5	Ms. Jayana F. Pawar, Advocate, Bar Association, Palanpur	Member

The Complaints Committee has to follow the guidelines prescribed by the Hon'ble Supreme Court of India in the case of Vishakha and Others V/s. State of Rajasthan and Others, reported in (1997)6 S.C.C. 241. (Dt. 13/08/1997)

The Compliants Committee shall prepare an annual report consisting of complaints received and action taken by them and submit the same to this office at the end of the December of every year.

All concern be informed accordingly.

Banaskantha at Palappur, 16th March, 2015.

A. C. JOSHI,
Principal District Judge,
Palanpur.

Read :

(1) Hon'ble High Court Resolution No. A.2403/2011, dated 13-11-2013.

(2) This office Notification No. B/Limkheda/S.D./02/2015, dtd. 21-01-2015.

(3) Hon'ble High Court Notification No. A.0705(II)/2015[13], dated 03-03-2015.

Notification

No. : B/Limkehda/S.D./07/2015.–As per the direction of the Hon'ble High Copurt Resolution cited in the preamble as Sr. No. 1, the undersigned is pleased to issue the following order :-

Mr. N. G. Parmar, 4th Additional Senior Civil Judge and Additional Chief Judicial Megistrate, Dahod, be deputed to hold his sitting at Limkheda, for 29 days in each month for transaction of Suits and proceedings of Civil nature arising from the area under the jurisdiction of the Courts of the Civil Judge and Judicial Magistrate First Class of Limkheda, Devgadh-Baria and Dhanpur in Dahod district **with effect from 10th March, 2015.**

So far as the month of February of each year is concerned, if the month of February is of 28 days, the deputation period shall commence from 1st to 27th and if the month of February is of 29 days, the deputation period shall commence from 1st to 28th, for disposal of Civil Cases only.

Dahod, 9th March, 2015.

S. N. VAKIL,
Principal District Judge,
Dahod.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

INDEX

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંકઃ એ.સી.બી./એમ.એસ.સી./સ્વાઈન ફ્લુ/વશી/રજી. નં.૭/૨૦૧૫.–હાલમાં વલસાડ જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફ્લુ ઈન્ફલુએન્ઝા (H1N1 SWINE FLU)નો રોગચાળો ફેલાઈ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણોમાં ખાસ કરીને તાવ, શરદી, ખાંસી, ગળામાં દુઃખાવો, શરીરમાં કળતર, માથામાં ગંભીર દુઃખાવો થવા, અશક્તિ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુઓ (વાઈરસ) ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળે મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેફસામાં જઈ ફેફસાને અસરકર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોય એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ફેલાઈ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હીતમાં કેટલાંક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું રવિ અરોરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની રૂએ ફરમાવું છું કે,

(૧) સમગ્ર વલસાડ જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટેરન્ટ, મીઠાઈ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે. ખાદ્ય સામગ્રી ખુલ્લી ન રાખવી. હોટલોમાં લીકવીડ સેનીટાઈઝર તથા પાણીથી હાથ ધોવાની વ્યવસ્થા ફરજીયાત રાખવી.

(૩) શાકભાજી/ફળફળાદિના ધંધાર્થીઓએ શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા ન રાખવા કે તેવી વસ્તુઓનું ટુકડા કરી વેચાણ ન કરવું.

(૪) ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલાં હાથની યોગ્ય સફાઈ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષંગિક વ્યવસ્થા કરવાની રહેશે. જે વ્યક્તિમાં તાવ, શરદી, ખાંસી જેવા લક્ષણો જણાય તેઓએ આવા પ્રસંગમાં જવું નહી. અનિવાર્ય સંજોગોમાં જવાનું થાય તો માસ્ક પહેરી જવું.

(૫) કોઈપણ વ્યક્તિને સ્વાઈન ફ્લુ ઈન્ફલુએન્ઝા (H1N1 SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યક્તિએ દર્દીની સંપુર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

વિસ્તાર

આ જાહેરનામું સમગ્ર વલસાડ જિલ્લા મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

અપવાદ

એ. ઉપર્યુકત ખંડ-૧ માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી મંજુરી મેળવેલ હોય,

બી. સરકારશ્રી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતા કોઈપણ કાર્યક્રમો.

સી. લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે સરકારશ્રી દ્વારા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમોને આ હુકમની જોગવાઈઓ લાગુ પડશે નહી પરંતુ સાવચેતીના પગલાં લેવા.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું આજ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રવિ અરોરા,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સી.આર.પી.સી.-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક ડી.સી.બી./એમ.એ.જી./સ્વાઈન ફ્લુ/વશી-૧૮૮૫ થી ૧૮૯૯/૨૦૧૫.– હાલમાં નવસારી જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફ્લુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) નો રોગચાળો ફેલાઈ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણોમાં ખાસ કરીને તાવ, શરદી, ખાંસી, ગળામાં દુખાવો, શરીરમાં કળતર, માથામાં ગંભીર દુખાવો થવા, અશક્તિ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુઓ (વાઈરસ) ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળે મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેફસામાં જઈ ફેફસાને અસર કર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોય એક વ્યક્તિ થી બીજી વ્યક્તિમાં ફેલાઈ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાંક નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની રૂએ ફરમાવું છું કે,

(૧) સમગ્ર નવસારી જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન, મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહીં કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહીં.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટોરન્ટ, મીઠાઈ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે. ખાદ્ય સામગ્રી ખુલ્લી ન રાખવી. હોટલોમાં લીક્વીડ સેનીટાઈઝર તથા પાણીથી હાથ ધોવાની વ્યવસ્થા ફરજીયાત રાખવી.

(૩) શાકભાજી/ફળફળાદિના ધંધાર્થીઓએ શાકભાજી કે ફળફળાદિ કાપીને ખુલ્લા ન રાખવા કે તેવી વસ્તુઓનું ટુકડા કરી વેચાણ ન કરવું.

INDEX

(૪) ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલાં હાથની યોગ્ય સફાઈ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષાંગિક વ્યવસ્થા કરવાની રહેશે. જે વ્યક્તિમાં તાવ, શરદી, ખાંસી જેવા લક્ષણો જણાય તેઓએ આવા પ્રસંગમાં જવું નહીં. અનિવાર્ય સંજોગોમાં જવાનું થાય તો માસ્ક પહેરી જવું.

(૫) કોઈપણ વ્યક્તિને સ્વાઈન ફ્લુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યક્તિએ દર્દીની સંપૂર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

વિસ્તાર :

આ જાહેરનામું સમગ્ર નવસારી જિલ્લાનાં વિસ્તારમાં લાગુ પડશે.

અપવાદ :

(એ) ઉપર્યુક્ત ખંડ-૧ માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી મંજૂરી મેળવેલ હોય,

(બી) સરકારશ્રી કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતા કોઈપણ કાર્યક્રમો.

(સી) લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે સરાકરશ્રી દ્વારા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા આયોજીત કાર્યક્રમોને આ હુકમની જોગવાઈઓ લાગુ પડશે નહીં. પરંતુ સાવચેતીના પગલાં લેવા.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું આજ તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રેમ્યા મોહન,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ના અધિનિયમની કલમ-૧૪૪ મુજબનું.

નંબર ડી/એમએજી/૧/જાના-૨૧/વાહન/વશી/૧૯૬૧-૨૦૨૦/૨૦૧૫.–છેલ્લા કેટલાક સમયથી સમગ્ર દેશમાં વધી રહેલ આતંકવાદી પ્રવૃત્તિઓના કારણે મોટાપાયે જાનહાનિ/ભાંગફોડનો ઈરાદો ધરાવતા ત્રાસવાદી તત્વો/સંગઠનો સ્થાનિક લોકોને ગેરમાર્ગે દોરી ગણતરીપૂર્વકનો સહારો અને પીઠબળ મેળવી ગુપ્ત આશરો મેળવી જાહેર સુલેહ શાન્તિનો ભંગ કરી શકે છે. ગુપ્ત સંસ્થાઓના વખતોવખતના અહેવાલો મુજબ તથા ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા ગુજરાતમાં અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાનિ તથા માલ મિલકતને નુકશાન કરવામાં આવેલ. આવા બનાવોની તપાસ દરમ્યાન જણાઈ આવેલ છે કે, આતંકવાદી/ત્રાસવાદી તત્વો મલિન ઈરાદાને અંજામ આપવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી કૃત્યોને અંજામ આપેલ છે. તેથી સાયકલો, સ્કુટરો, મોટર સાયકલો તથા ફોર વ્હીલ મોટર કાર ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરતા ગુનેગારો સુધી પહોંચી શકાય. તેથી સાયકલ/વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા અને સુલેહ શાંતિ તેમજ દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડા નિયંત્રણો અમલમાં મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, દિલીપ રાણા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

બનાસકાંઠા જિલ્લા શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો/શોપ ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટો દ્વારા આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

(૧) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો ખરીદનારાઓને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતાં હોય ત્યાંનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતા તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર વાહન વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન નંબર/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર, થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, અન્જિન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર વાહન વેચાણકર્તાએ કોઈપણ પોલીસ અધિકારીશ્રી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

સદરહુ હુકમ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૩ થી ૪થી મે, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સદરહુ આદેશો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તારીખ ૫મી માર્ચ, સને ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે બહાર પાડેલ.

નંબર ડી/એમએજી/૧/ગેરેજ/જાના-૨૬/વશી-૨૨૬૧-૨૩૨૦/૨૦૧૫.–ત્રાસવાદી કૃત્યોના બનાવોમાં ઉપયોગમાં લેવાતા વાહનો અને ચોરી, ધાડ, લૂંટ, ખૂન, અપહરણ જેવા ગંભીર ગુનાઓમાં ઉપયોગમાં લેવાતા વાહનો તથા ચોરાયેલા વાહનો ગુનાઓ કર્યા પછી ભંગારમાં સસ્તા ભાવે વેચી દેતા હોય છે અને આવા વાહનોને તોડી નાખવામાં આવતા હોય છે. તેમજ આવા વાહનો બનાવ વખતે વાહનને નુકસાન થયેલ હોઈ તથા પાછળથી ખરાબ થયેથી તેને ગેરેજમાં મૂકી રીપેર કરાવી લઈને જતા રહે છે. જેથી તેની માહિતી મળવી મુશ્કેલ બને છે. તેથી વાહનોને ભંગારમાં આપતા પહેલાં તથા રીપેરીંગ-સર્વીસ સમયે વાહન અને તેના માલિકની માહિતી રાખેલ હોય તો આવા ગુનાઓ બનતા અટકાવી શકાય. જેથી વાહનો રીપેરીંગ કરતાં ગેરેજવાળા તથા વાહનો (જેમાં નોંધણી થતા તમામ વાહનો સમાવેશ થશે) તોડવાનું કામ કરતા ભંગારીયાઓ ઉપર જાહેર વ્યવસ્થા અને સુલેહ શાંતિ તેમજ દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં કેટલાંક નિયંત્રણો અમલમાં મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, દિલીપ રાણા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

બનાસકાંઠા જિલ્લા શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં વાહનો (જેમાં નોંધણી થતા તમામ વાહનોનો સમાવેશ થશે) રીપેરીંગ કરનારા ગેરેજવાળા/તોડનારા ભંગારીયા તથા તે અંગેની દુકાનો/શોપ ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટો દ્વારા આવા વાહનો રીપેરીંગ કે તોડવા માટે આવે ત્યારે નીચે મુજબની સુચનાઓનું ફરજિયાત પાલન કરવાનું રહેશે.

(૧) ગેરેજવાળાઓએ નીચે મુજબના નમૂનામાં રજિસ્ટર નીભાવી કોઈપણ પ્રકારનું વાહન રીપેરીંગ કરાવવા માટે આવે ત્યારે તમામ વિગતો ભરવાની રહેશે અને દર મહિનાની ૧૫મી તારીખે અને છેલ્લી તારીખે સંબંધિત પોલીસ સ્ટેશનને તેની ૧(એક) નકલ આપવાની રહેશે. તમામ વિગતો ૬(છ) માસ સુધી સાચવવાની રહેશે.

અનુ. નંબર	ગેરેજ/સર્વીસ સ્ટેશનનું નામ	વાહનનો પ્રકાર	રજિસ્ટ્રેશન નંબર	એન્જિન નંબર	ચેસીસ નંબર	વાહન માલિકનું નામ	મોબાઈલ નં. તથા ઓળખપત્ર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

(૨) વાહન તોડનારા ભંગારીયાઓએ નીચે મુજબના નમૂનામાં રજિસ્ટર નીભાવી કોઈપણ પ્રકારનું વાહન તોડતા પહેલા તમામ વિગતો ભરવાની રહેશે. તેમજ વાહન તોડતા પહેલા આરટીઓ પાસેથી એનઓસી મેળવવાનું રહેશે. જે એનઓસીની નકલ સંબંધિત પોલીસ સ્ટેશને આપવાની રહેશે. જેમાં એન્જિન નંબર અને ચેસીસ નંબર સ્પષ્ટ દર્શાવવાના રહેશે. તમામ વિગતો ૬(છ) માસ સુધી સાચવવાની રહેશે.

અનુ. નંબર	વાહન તોડનાર ભંગારીયાનું નામ/સરનામું	વાહનનો પ્રકાર	રજિસ્ટ્રેશન નંબર	એન્જિન નંબર	ચેસીસ નંબર	આરટીઓની એનઓસીનો પત્ર નં.	વાહન માલિકનું નામ
૧	૨	૩	૪	૫	૬	૭	૮

સદરહુ હુકમ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૫મી મે, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સદરહુ આદેશનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તારીખ ૫મી માર્ચ, સને ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો કરવામાં આવ્યો.

દિલીપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી/૭૫૩ થી ૭૭૩/૨૦૧૫.–તાજેતરના ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોધ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મિનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મિનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ, જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરિકો ઘાયલ થયેલ તથા તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના. દયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં "LOW INTENSITY" ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મજુરીકામ અને અન્ય કામગીરી કરવાના બહાના હેઠળ ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી અને જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે છે. આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો મોટા ભાગે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમો મારફતે જ કામ તેમજ આશરો મેળવતા હોય છે. ઉપરાંત સરકારશ્રીના અલગ અળગ વિભાગો, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ પોતાના કામ માટે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમો મારફતે જ મજૂરો મેળવતા હોય છે.

તાજેતરમાં છોટાઉદેપુર જિલ્લામાં મિલકત સંબંધી તેમજ શરીર સંબંધી ગુનાઓ વધવા પામે છે. જે છોટાઉદેપુર જિલ્લામાં ભુતકાળમાં બનેલ આવા ગુનાઓની તપાસ કરતાં હકીકત જાણવા મળેલ છે કે, આવા ગુન્હા કરતા ગુનેગારો ગુનો કરતા પહેલા જે તે વિસ્તાર નજીક નવા બંધાતા મકાનોમાં, સરકારશ્રીના અલગ અલગ વિભાગો દ્વારા ચાલતા મજુરીના કામો, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામમાં, રોડ રસ્તાઓના મજુરી કામમાં તેમજ જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં મજુરી અર્થે તથા અલગ અલગ મજૂરી કામ, પેટ્રોલપંપ, હોટલો, રેસ્ટોરન્ટ્સમાં કામ ધંધો મેળવે છે. આવી મજૂરી કામ/કામધંધાના બહાના હેઠળ રોકાણ કરી આજુ બાજુની સ્થાનિક પરિસ્થિતિનો સર્વે કરી, માહિતગાર થઈ આવા ગુન્હાઓ કરી નાસી જઈ નિર્દોષ નાગરિકોના જાનમાલ મિલકતને નુકસાન પહોંચાડે છે. આવા ગુન્હા કરતાં ગુનેગારો ઉપર ચાંપતી નજર રાખવાના અને તેનું પગેરૂં મેળવવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી, સંખેડા, બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમો હોટલ, રેસ્ટોરન્ટ, પેટ્રોલપંપ ધારકોએ પોતાની પાસે મજૂરી કામ/કામધંધા અર્થે આવેલ વ્યક્તિઓના આ સાથે સામેલ પ્રફોર્મા મુજબ ફોર્મ ભરી સંબંધિત પોલીસ સ્ટેશને તાત્કાલિક જાણ કરવી. તેમજ આ મજૂરો/કારીગરો જ્યારે મજૂરી કામ/કામગીરી પૂર્ણ કરી છોટાઉદેપુર જિલ્લા વિસ્તાર છોડી જતાં રહે ત્યારે પણ આ વ્યક્તિઓ પુરા નામ-સરનામા તથા કઈ જગ્યાએ જનાર છે. તે તમામ વિગતોની સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી-૭૭૪-૭૯૪/૨૦૧૫.–તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તાજેતરમાં તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોધ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મિનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ, જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરિકો ઘાયલ થયેલ તથા તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના. દયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં LOW INTENSITY ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

INDEX

છોટાઉદેપુર જિલ્લામાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક વિસ્તારો આવેલ છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલ એકમોમાં બહારના રાજ્યોમાંથી સીક્યુરીટી જવાનો ફરજ અર્થે આવતાં હોય છે. બહારના રાજ્યોમાંથી આવતા ત્રાસવાદી/અસામાજિક તત્વો આ ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલ એકમોમાં પ્રથમ સીક્યુરીટી જવાન બની, આશરો અને રોજગારી મેળવવાનું નાટક કરે છે. અને તે દરમિયાન તે વિસ્તારની રેકી કરી, આતંકવાદી હુમલો કે બોમ્બ બ્લાસ્ટ ને અંજામ આપી, લોકોના જાનમાલને પારાવાર નુકસાન કરે તેવો આતંક ફેલાવે છે અને સમગ્ર દેશની શાંતિ અને સુરક્ષા ઉપર ખતરો ઉભો કરે છે. જેમાં ઘણાખરા સીક્યુરીટી જવાનો ગુનાહીત પ્રવૃતિ સાથે સંકળાયેલ હોવાની શક્યતા નકારી શકાય નહી. જેથી આવા ઔદ્યોગિક એકમોમાં સીક્યુરીટી જવાનો નોકરી કરી સ્થાનિક પરિસ્થિતિનો સર્વે કરી માહિતગાર થઈ કોઈ ગુનાહિત પ્રવૃતિને અંજામ આપે તે શક્યતા નકારી શકાય નહી.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામા સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા બોડેલી તાલુકા એટલે કે સમગ્ર છોટા ઉદેપુર જિલ્લાના વિસ્તારમાં ઔદ્યોગિક એકમોના સીક્યુરીટી સંચાલકોને તેમની હસ્તકના સીક્યુરીટી જવાનોની આ સાથે સામેલ પ્રફોર્મા મુજબ ફોર્મ ભરી સબંધિત પોલીસ સ્ટેશને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૩જી માર્ચ ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી.૮૧૬-૮૩૫/૨૦૧૫.–તાજેતરના ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તાજેતરમાં તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોધ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મિનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મિનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ, જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરિકો ઘાયલ થયેલ તથા તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ ધ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના્ દયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. ધ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પોતે નક્કી કરેલા કૃત્યને અંજામ આપવા વાહનમાં ફરતા હોય છે અને પોતાના વાહનમાં પેટ્રોલ ડીઝલ કે ગેસ પુરાવવા કોઈને કોઈ પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશનોમાં ઉભા રહેતા હોય છે. જેથી જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ/ગેસ ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલપંપની આજુબાજુમાં આવેલ દુકાનો/ગલ્લા/ધાબા/હોટલો ઉપર ગાડીના નંબરો સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિના ચહેરા સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઈ શકે તેવા હાઈડેફીનેશનના સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ હોટલના ભોજન કક્ષ તથા હોટલની આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજન કક્ષમાં બેઠેલી વ્યકિતઓનું રેકોડીંગ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા અને તેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તે અત્યંત જરૂરી જણાય છે.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો, હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા કે રેસ્ટોરન્ટમાં તથા તેના પ્રિમાઈસીસની દુકાનો, ગલ્લા ઉપર ગાડીઓના નંબરો સ્પષ્ટ રીતે વંચાય તેમજ આવેલ વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઈ શકે તેવા હાઈ ડેફીનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા તેનું રેકોર્ડીંગ છે માસ સુધી મળી રહે તે રીતે રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી-૮૩૬ થી ૮૫૬/૨૦૧૫.–તાજેતરના ગુ ચર ખાતાના અહેવાલ તથા તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોધ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મિનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ

INDEX

ક. ૧૦-૨૮ મિનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ, જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરિકો ઘાયલ થયેલ તથા તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં LOW INTENSITY ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હૂમલો કરવામાં આવેલ છે. તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આતંકવાદી/અસામાજિક તત્ત્વો આ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપવા માટે ચોરી કરીને અથવા જુની ખરીદ કરીને સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરોનો અલગ અલગ રીતે ઉપયોગ કરે છે. જેમ કે, સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરમાં સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં બીનવારસી મૂકી, બોમ્બ બ્લાસ્ટ કરી, આ આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો ત્રાસવાદી કૃત્યોને અંજામ આપે છે. ઘણી વખત આ પ્રકારે મેળવેલી સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલર દ્વારા આ આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો એક જગ્યાથી બીજી જગ્યાએ સ્થળાંતર કે પીછો કરી પોતે નક્કી કરેલી આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપે છે. જેથી સાયકલો વેચનાર તથા બેટરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ. પાસીંગ નંબર લેવાનો રહેતો નથી તેવા વાહનો વેચનારાઓ ઉપરાંત સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલર વેચનાર તથા ખરીદનારનો, જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતિ અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં પુરો સાથ અને સહકાર મળી રહે તેવા શુભ આશયથી થોડાક સૂચનો અમલમાં મૂકવા જરૂરી છે.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ સાયકલ કે બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર અને વાહનો લે વેચની દુકાનો ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટો દ્વારા જ્યારે જ્યારે આવા વાહનો ખરીદ/વેચાણ કરવામાં આવે ત્યારે તેનું કાયદેસર રજિસ્ટર બનાવી તેમાં ખરીદનાર કે વેચાણ કરનારના ઓળખકાર્ડ સાથે નામ-સરનામાની તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ અને એન્જીન-ચેસીસ નંબર જેવી અન્ય વિગતોની નોંધ કરવાની રહેશે

આ હુકમ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી/૮૫૭ થી ૮૭૭/૨૦૧૫.–તાજેતરના ગુપ્તચર ખાતાના અહેવાલ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોધ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મિનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મિનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ, જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરિકો ઘાયલ થયેલ તથા તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં LOW INTENSITY ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા આતંકવાદી/અસામાજિક તત્ત્વો આજુબાજુના ગામડાઓમાં/ જિલ્લાના વિસ્તારમાં પોતે નક્કી કરેલા કૃત્યને અંજામ આપવા વાહનમાં ફરતા હોય છે. અને પોતાના રહેવા, જમવા તથા ફરવાના માટે કોઈને કોઈ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/રેસ્ટોરન્ટ કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર ઉભા રહેતા હોય છે. તેમજ ગેરકાયદેસર નાણાકીય લેવડ દેવડ આંગડીયા પેઢીઓ મારફતે કરતા હોય જેથી છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/રેસ્ટોરન્ટ કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો અને આંગડીયા પેઢી બેન્ક, સોની દુકાનો ઉપર તથા તેની આજુબાજુમાં આવેલ દુકાન/ગલ્લા/ધાબા/હોટલો ઉપર ગાડીનંબરો સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિના ચેહરા સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતનું રેકોર્ડીંગ થઈ શકે તેવા હાઈડેફીનેશનના સીસીટીવી કેમેરા ગોઠવવા તેમજ તેના ભોજન કક્ષ તથા તેની આજુબાજુ માં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય અને પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો આવતા જતા વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા આ રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે. આમ છોટાઉદેપુર જિલ્લા વિસ્તારમાં આવેલ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/રેસ્ટોરન્ટ કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો અને આંગડીયા પેઢી, બેન્ક સોની દુકાનો ઉપર હાઈડેફીનેશનના સીસીટીવી કેમરા ગોઠવવા ખુબ જ જરૂરી છે.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ,

આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/ રેસ્ટોરન્ટ કે પેટ્રોલ પંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો અને આંગડીયાપેઢી, બેન્ક, સોની દુકાનો ઉપર હાઇ ડેફીશનના સી.સી.ટી.વી. કેમેરાઓ ગોઠવવા તથા સી.સી. ટી.વી. કેમેરાઓ ગોઠવી રેકોર્ડીંગ કરવા જે માટે નાઇટ વિઝનવાળા કેમેરા ગોઠવવા તથા પસાર થતા વાહનોના નંબર અને સીરીજ સહીતના સંપૂર્ણ નંબરોની નોંધણી કરવા, ઉપરાંત આ સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટરાઇઝ નોંધણીના ડેટાનો બેકઅપ છ માસ સુધી જાળવી રાખવાના રહેશે.

આ હુકમ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી-૮૭૮ થી ૮૯૮/૨૦૧૫.–તાજેતરના ગુપ્તચર ખાતાના અહેવાલ ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મિનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ, જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરિકો ઘાયલ થયેલ તથા તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના. દયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં LOW INTENSITY ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

જે બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપતિને નુકસાન પહોંચાડવાની કોશિષ કરે છે. તે જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓ અંજામ આપતા હોય છે. આ માટે ત્રાસવાદી અસામાજિક તત્ત્વો શહેરમાં તથા જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો/એકમો ભાડેથી રાખે છે તેવું અગાઉ બનેલા કિસ્સાઓમાં જાણવા મળ્યુ છે. જેથી જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો/એકમો ભાડેથી રાખે છે તેવું અગાઉ બનેલા કિસ્સાઓમાં જાણવા મળ્યું છે. જેથી જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો આવા શંકાસ્પદ વ્યક્તિઓથી તંત્રને નિયમિત રીતે માહિતગાર કરે તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર થોડાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં જિલ્લાના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જણાવ્યા અનુસારની માહિતીથી પોલીસ વાકેફ રહી શકે તે માટે તેવા તત્ત્વોની વિગતવાર માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

આ હુકમ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૮૯૯ થી ૧૦૧૯/૨૦૧૫.-ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૬૬(જ) મુજબ જ્યારે પણ છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં બોરવેલમાં પાણીનું સ્તર ઘણું જ નીચું જાય છે અને ખેતીના ઉપયોગ માટે ખેડૂતો દ્વારા તેમજ અન્ય કારણોસર લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવે અને અનાયાસે આવા બોરકુવા કેટલાક પાણી મળી ન આવતા રદ બાતલ થઇ જતા પાઇપ લાઇન બંધ કર્યા સિવાય આવા બોરકુવા ખોદાવનાર માલિકો જે તે હાલતમાં બોરકુવા ખુલ્લા છોડી દીધેલ બોરકુવાના પાઇપમાં આકસ્મિક રીતે પાઇપમાં પડી જતા બાળકોના જીવલેણ અકસ્માત થતા આવ્યા છે. તાજેતરમાં દૈનિક પત્રમાં એક બાળક બોરકુવાની પાઇપમાં પડી જતા તેને બહાર કાઢવા માટે સમાન્તર ડ્રીલીંગ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી અને સતત કરવા છતાં જમીનના ભાગે પથ્થર આવી જતાં બાળકની જીંદગી જોખમમાં મુકાયેલ હોવાના સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. તેમજ બોરકુવામાં પડી જતાં બાળકોના મૃત્યુ થયાના અનેક કિસ્સા સમાચાર પત્રો અને ઈલેકટ્રોનિકસ મીડીયા દ્વારા અવારનવાર પ્રસિધ્ધ થાય છે. આમ આવા નાના કોમળ

બાળકો જીવલેણ અકસ્માતનો ભોગ ન બને તે આશયથી (ગુજરાત એક્ટ નં. ૬૬ જ ૧૯૫૧)ની જોગવાઇ હેઠળ જેથી આવા બનાવોમાં બને તેટલા પ્રયત્ન કરીને લોકોના કૃત્યને રોકવા અંગે તેમજ કલમ-૬૬ (જ) મુજબ લોકોને કોઈપણ અકસ્માત કે જોખમ થતું અટકાવવા પોતાનાથી બનતા ઉપાય લેવા અંગેની ફરજ અને અધિકાર મુજબ સલામતી અને બાળ મૃત્યુના આકસ્મિક બનાવો અટકાવવા નિયંત્રણો મુકવા જરૂરી હોય,

જેથી હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, સમાવિષ્ટ છોટાઉદેપુર, કંવાટ, જેતપુર પાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં નાના બાળકો આકસ્મિક રીતે બોરકુવામાં ન પડી જાય અને બાળ મૃત્યુના બનાવો ન બને તે માટે ગુજરાત પોલીસ એકટ-૬૪ (ઘ) અન્વયે જે બોરકુવાઓનું ડ્રીલીંગ કરતાં વ્યકિતઓએ તથા જે તે ખેતર માલિકોએ આવું ખોદકામ કરાવતાં પહેલાં તેમજ સદર બોરકુવો રદ બાતલ થતા તે બોરકુવાને માટી, પથ્થરો વિગેરેથી પુરાણ કરીને બંધ કરવા અંગેની જાણ જે તે સંલગ્ન પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ હુકમ તા. ૩જી માર્ચ, ૨૦૧૫ થી તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી-૧૦૨૦ થી ૧૦૪૦/૨૦૧૫.–તાજેતરના ગુપ્તચર ખાતાના અહેવાલો તથા તાજેતરમાં નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હૂમલો કરવામાં આવેલ છે. તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

તેમજ આતંકવાદી પ્રવૃત્તિ આચરનાર આતંકવાદીઓ ઘણીવાર ઔદ્યોગિક વિસ્તારોમાં નોકરીના બહાને રહીને કે જેમાં મોટા ભાગે ગુજરાત રાજ્ય બહારના વ્યક્તિઓ મજૂર તરીકે કામ કરતા હોય છે તેવી જગ્યાએથી ગુપ્ત રીતે પોતાનો સ્લીપર સેલ તૈયાર કરવાની કામગીરી કરતા હોય છે. અને જે તે જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ ઉપરાંત રાજ્યમાં તાજેતરમાં ગુપ્તચર સંસ્થાઓએ તેવો પણ અહેવાલ આપેલ છે કે, રાજ્યના મોટા ઉદ્યોગો તથા કારખાનાઓ તથા વાઈટલ ઈન્સ્ટોલેશન પણ આતંકવાદીઓના હિટ લીસ્ટમાં છે. તથા મોટા ભાગે આવા ઔદ્યોગિક એકમોમાં કામ કરતા મજૂરો કે, જે રાજ્ય બહારના જ હોય છે. તેઓના કોઈ ઓળખ અંગેના પુરાવા ઓદ્યોગિક એકમો રાખતા નથી.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં ઔદ્યોગિક એકમોમાં રાજ્ય બહારથી આવતા કામદારોની ઓળખ કરી તેઓના ઓળખના પુરાવા જેવા કે, રેશનકાર્ડ, ઈલેકશન કાર્ડ, પાનકાર્ડ વિ.ની નકલ મેળવી જે અંગે જરૂરી રજિસ્ટર નિભાવવાનું રહેશે.

આ હુકમ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી/૧૦૬૧-૧૦૮૦/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સ્કુલમાં બાળકોને વાહનોમાં તેની બેઠકની ક્ષમતા કરતા વધારે બાળકોને બેસાડી સ્કુલમાં અભ્યાસ માટે લાવવા લઇ જવામાં આવે છે. આવા સંજોગોમાં અકસમાત થવાનો ભય રહે છે. તથા જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર સલામતી શાંતિ તેમજ બાળકોના હિતમાં છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા વિસ્તારમાં આવા વાહનોના માલીકોએ વાહનનું રજીસ્ટ્રેશન નજીકના પોલીસ સ્ટેશનમાં કરાવાનું રહેશે. જેથી રજીસ્ટ્રેશન વગરના વાહનો ચલાવવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુર પાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં રજીસ્ટ્રેશન વગરના વાહનોને સ્કુલના બાળકોને લાવવા લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

INDEX

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી/૧૦૮૧ થી ૧૧૦૦/૨૦૧૫.–તાજેતરમા ગુપ્ત ચર ખાતાના અહેવાલ તથા તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોધ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મિનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મિનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ, જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરિકો ઘાયલ થયેલ તથા તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં LOW INTENSITY ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણ્યા વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યક્તિઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે, ઓળખકાર્ડ વગર, લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચવા, સાચા આરોપીને શોધી કાઢવા માટે, જેના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તમામ મોબાઈલ લે/વેચ કરનાર વેપારીઓ પાસેથી મોબાઈલ લેતાં અથવા વેચતા પહેલાં, ખરીદનાર અથવા વેચનારના ફોટો ઓળખકાર્ડ સાથેનું રજિસ્ટર (આ સાથે સામેલ પત્રક મુજબ) નિભાવવું, જેમાં મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ તેના હસ્તાક્ષર અચુક મેળવવા.

આ હુકમ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/૧૧૦૧-૧૧૨૦/૨૦૧૫.–તાજેતરમા ગુપ્ત ચર ખાતાના અહેવાલ તથા તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોધ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મિનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મિનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ, જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરિકો ઘાયલ થયેલ તથા તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં LOW INTENSITY ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો પોતાની ઓળખ છુપાવવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, આવી જગ્યાઓએ રહી પોતાની આસપાસ મળી આવતી પાયાની સગવડોનો દુરૂપયોગ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. અત્યાર સુધીની

INDEX

આતંકવાદીપ્રવૃત્તિના અનુભવ મુજબ આવી પ્રવૃત્તિ આચરનાર આતંકવાદીઓ મોટાભાગે મોબાઈલ ફોન તથા મોબાઈલ સીમકાર્ડોનો ઉપયોગ કરી, પોતાની આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપે છે. આ મોબાઈલ ફોનના ઉપયોગથી ઓડિયો/વીડીયો કલીપ ઉતારી, સાયબર કાફેના ઉપયોગ વિગેરેના જી.પી.આર.એસ., થ્રી જી, અને નેટ ટુ ફોન જેવા આધુનિક ઉપકરણો જોડીને આવા અસામાજિક તત્ત્વો દ્વારા સંદેશાઓની આપ-લે થાય છે. આ પ્રવૃત્તિમાં અત્યંત જરૂરી ડિવાઈસ સીમકાર્ડ છે જે હાલની પરિસ્થિતિમાં કોઈપણ સ્થળે સહેલાઈથી મળી આવતા હોય છે. અને મોટાભાગના બનાવોમાં મળી આવતા સીમકાર્ડ બોગસ નામના હોય છે.

જેથી મોબાઈલ સીમકાર્ડનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો દ્વારા મોબાઈલ સીમકાર્ડ ધારકોની ઓળખના પુરાવાની યોગ્ય તથા ઝીણવણભરી ચકાસણી કરી મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરવામાં આવે તો જ આવી પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવી શકાય. મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતાં ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો માટે કોઈપણ વ્યકિતને નવું મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતાં પહેલાં જે તે વ્યકિતના ઓળખના પુરાવા લઈ તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ તે જ વ્યકિતને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન લે-વેચ કે જેના નામના ડોકયુમેન્ટસ ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરને મળેલ હોઈ જેથી બોગસ નામથી બજારમાં મળી આવતા સીમકાર્ડ કે મોબાઈલ વેચાતા બંધ થાય.

જેથી, હું, જેનુ દેવન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લા વિસ્તારના સમગ્ર તાલુકા સંખેડા, નસવાડી, બોડેલી, પાવીજેતપુર, ક્વાંટ, અને છોટાઉદેપુરમાં કોઈપણ વ્યકિતને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતાં પહેલાં મોબાઈલ કે સીમકાર્ડ ફોનનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો દ્વારા જે તે વ્યકિતના જરૂરી ઓળખના પુરાવા લઈ તેનું અલાયદુ રજિસ્ટર નિભાવવાનું કે, જેમાં ઓળખનો પુરાવો રજુ કરનાર વ્યકિતનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો, નામ, સરનામું અને હસ્તાક્ષર અચુકપણે લેવા અને ત્યારબાદ તેને જણાવેલ નામ-સરનામા ઉપર તે વ્યકિત રહે છે તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ તે જ વ્યકિતને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે અને ત્યાર પછી જ મોબાઈલ સીમકાર્ડ એકટીવેટ કરવાનું રહેશે.

આ હુકમ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ અન્વયે કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી/૧૧૯૬-૧૨૧૩/૨૦૧૫.—તારીખ ૫-૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫ ના રોજ હોલીકા દહન/ધુળેટીનો તહેવાર આવતો હોઈ, તેમજ હોળી ધુળેટીનાં તહેવાર પછી છોટાઉદેપુર જિલ્લામાં તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫ સુધી આદિવાસી મેળાઓ યોજાનાર છે. તેવા સંજોગોમાં તહેવારો દરમ્યાન જાહેર હિતાર્થે લોકોનાં જાન, સ્વાસ્થય/સલામતીને થતુ જોખમ તેમજ તહેવારોને ધ્યાનમાં લઈને જાહેર સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવવા, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી જણાય છે.

વાસ્તે હું, જેનુ દેવન (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર શરેહ અને જિલ્લાનાં તાલુકાઓ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ જાહેર સ્થળો કે અન્ય સ્થળોએ મેળાઓમાં તહેવારોની ઉજવણી દરમ્યાન-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જઈ શકશે નહીં.

(૨) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જઈ શકશે નહી.

(૩) ઉપરોક્ત પ્રતિબંધમાં પરંપરાગત શસ્ત્રો/પદાર્થ ફકત પ્રદર્શન કરવાના હેતુસર પુરતુ, મુક્તિ આપવામાં આવે છે.

આ હુકમ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જેનુ દેવન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) ના ખંડ (૫) મુજબ.

ક્રમાંક એમ. એ.જી./વશી-૫૩૪-૫૫૦/૨૦૧૫.—ડાંગ દરબાર મેળા દરમ્યાન નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓની આજુબાજુની જમીનમાં મેળાના પ્રસંગે હંગામી ધોરણે ઉભી કરેલ વિવિધિ પ્રકારની દુકાનો હોવાથી સદરહુ રસ્તાઓ ઉપરથી પગે ચાલીને જનારાઓની અવર જવર વિશેષ પ્રમાણમાં રહેવાની છે. એટલે મેળાના સમય દરમ્યાન આવા લોકોને ભય હરકત કે, અગવડ કે, અકસ્માત ના થાય તે માટે સદરહુ રસ્તાઓના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

તેથી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના ૭-૦૦ કલાક થી તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫ના ૨૪-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓ ઉપર

(ક) મોટર તેમજ અન્ય વાહન.

(ખ) ઢોરો સાથે અથવા ઢોર દ્વારા ચાલતા વાહન દ્વારા જઈ શકશે નહી. તેવો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૫) અન્વયે આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પરિશિષ્ટ

(ક) આહવા ખાતેની જાહેર બાંધકામ વિભાગ (સ્ટેટ) ની કચેરીનું મકાન અને ગ્રામપંચાયત આહવાનું મકાન આ બે મકાન વચ્ચે રાજ્ય ધોરીમાર્ગ જોડે જે ભાગ પડે તે ભાગ.

(ખ) આહવા સબ પોષ્ટ ઓફિસનું મકાન અને રંગઉપવન આ બે વચ્ચે આવેલા શ્રી મોરારજી દેસાઈ માર્ગ એ રસ્તાના જે ભાગ પડે તે ભાગ.

અપવાદ :

(ક) પીવાના પાણીની સેવા, ગંદા પાણીની સેવા, તબીબી સેવાઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની સેવાઓ પૂરી પાડવા મોટર વાહનમાં જનારાઓ.

(ખ) જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી અધિકૃત કરેલ હોય તેવા વાહનમાં જનારાઓ.

ઉપર જણાવેલ સમય દરમ્યાન વાહન વ્યવહાર માટે આશ્રમ રોડ થઈ સિવિલ હોસ્પિટલ, ગાંધી કોલોનીથી હાઈસ્કુલ રોડ તરફથી સરદાર વલ્લભભાઈ માર્ગથી એસ. ટી. ડેપો જતાં માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

(સહી) અવાચ્ય,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૮૭ થી ૧૦૦૪/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે). કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૪મી માર્ચ, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૧૧મી માર્ચ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

વંચાણમાં લીધુ :-

(૧) કા. કુલસચિવશ્રી, હેમચદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણનો પત્ર નંબર : પરી/૧/૧૦૧૨/૨૦૧૫ તા. ૦૫/૦૩/૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી/૭૨૪ થી ૭૫૦/૨૦૧૪.– મહેસાણા જિલ્લામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા માર્ચ-જૂન, ૨૦૧૫ના ગાળામાં તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ દરમ્યાન યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો પર પરીક્ષા લેવાનાર છે તે માટે પરીક્ષા કેન્દ્રોની વિગતો આપી અત્રેના જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવતી કોલેજોમાં લેવાનાર પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, તેની વિશ્વસનિયતાનું વાતાવરણ સર્જાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને કોલેજોના વિદ્યાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે તે હેતુસર જે તે પરીક્ષા કેન્દ્રોના સ્થળોએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ જાહેરનામું બહાર પાડવા આમુખ-(૧) પરના પત્રથી કા. કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણએ અત્રેની કચેરીએ દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ યુનિવર્સિટીના પરીક્ષા કેન્દ્રો ઉપર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ દ્વારા લેવાનાર પરીક્ષાઓનું સંચાલન સ્વાભાવિક રીતે શાંતિ અને સરળતાથી થાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતિ કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષા આપી શકે, પરીક્ષામાં પરીક્ષા ખંડના નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે, પરીક્ષા સંચાલકો સરળતાથી તેમની ફરજ બજાવી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહીં તે સારૂ યુનિવર્સિટી પરીક્ષા માટે ઉપયોગમાં

લેવાનાર પરીક્ષા કેન્દ્રોના મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો મીટર)ના વિસ્તારમાં કોઈ અસામાજિક તત્વો કે અનઅધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓ દાખલ થાય નહીં અને પરીક્ષામાં દખલગીરી કરે નહીં તે સારૂ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઇચ્છનીય છે. તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું, એસ. જે. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫ના ૮-૦૦ (આઠ) કલાકથી તારીખ ૨૮મી મે, ૨૦૧૫ના રોજ ૧૯-૦૦ કલાક (બંન્ને દિવસો સહીત) સુધી આ પરીક્ષાઓ માટેના આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ યુનિવર્સિટીની પરીક્ષાના કેન્દ્રો હોય તેવા મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના-૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં આ જાહેરનામામાં દર્શાવેલ પરીક્ષાની તારીખો દરમ્યાન કોઈ અનઅધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી કરવી નહી. આ જાહેરનામાના પરિશિષ્ટમાં સમાવેશ થતો ના હોય પણ પાટણ યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષાનું કેન્દ્ર હોય તેવી કોલેજોના મકાનો/વિસ્તારને પણ આ પરિશિષ્ટમાં જણાવેલી કોલેજોને જે રીતે આ જાહેરનામું લાગુ પડે છે તે જ રીતે લાગુ પાડવા પણ ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂ છું કે,

(૧) પરીક્ષા કેન્દ્રના ૨૦૦ મીટરના એરીયામાં કોપીયર મશીનના ધારકો પરીક્ષાની તારીખ સમય પહેલાંથી પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમના કોપીયર મશીન બંધ રાખશે.

(૨) પરીક્ષાની તારીખે પરીક્ષા કેન્દ્રના કમ્પાઉન્ડના મુખ્ય પ્રવેશદ્વારથી અંદરના ભાગમાં કોઈપણ અનઅધિકૃત વ્યક્તિ મોબાઈલ કે ફોન કે પેજર લઈ જઈ શકશે નહીં.

આ જાહેરનામાની જોગવાઈ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીશ્રીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા ધ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહુ હુકમના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ

અ. નં.	પરીક્ષા કેન્દ્રનું નામ	કોલેજ/સંસ્થાનું નામ
૧	મહેસાણા	મ્યુનિસિપલ આર્ટસ અને અર્બન બેંક સાયન્સ કોલેજ
૨	,,	મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કોલેજ
૧	૨	૩
૩	મહેસાણા	શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ
૪	,,	શ્રી એસ.એમ. શાહ લૉ કોલેજ
૫	,,	સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા
૬	,,	સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ
૭	કડી	શ્રી પ્રમુખ સ્વામી સાયન્સ અને આર્ટસ કોલેજ
૮	,,	એમ. એમ. શાહ મહિલા આર્ટસ કોલેજ
૯	,,	સી.એન. આર્ટસ અને બી.ડી. કોમર્સ કોલેજ
૧૦	પિલવાઈ	આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ
૧૧	વિસનગર	એમ. એન. કોલેજ
૧૨	,,	મર્ચન્ટ નીલકંઠ બી. એડ. કોલેજ
૧૩	,,	સી. જે. પી. બી. સી. એ. કોલેજ
૧૪	,,	શ્રીમતી એસ. બી. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બીઝનેશ મેનેજમેન્ટ
૧૫	,,	મર્ચન્ટ કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ
૧૬	,,	સી. સી. મહિલા આર્ટસ એન્ડ શેઠ સી. એન. કોમર્સ કોલેજ
૧૭	,,	નૂતન ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વિસનગર
૧૮	,,	એસ. ટી. ટી. કોલેજ, વિસનગર
૧૯	વડુ	શ્રી વડુ જુથ કેળવણી મંડળ સંચાલિત બી.બી.એ. અને બી.સી.એ. કોલેજ
૨૦	,,	પી. જી. ડી. સી. એ. કોલેજ
૨૧	વિજાપુર	મહિલા આર્ટસ કોલેજ
૨૨	ઉંઝા	શ્રી બી. પી. વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ
૨૩	,,	મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ
૨૪	,,	શેઠ વી. એસ. લૉ કોલેજ
૨૫	ગોઝારીયા	નીમા ગર્લ્સ આર્ટસ કોલેજ
૨૬	ખેરાલુ	આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ
૨૭	વડનગર	આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ
૨૮	,,	સરકારી સાયન્સ કોલેજ, વડનગર
૨૯	સતલાસણા	આર્ટસ કોલેજ

INDEX

૧	૨	૩
૩૦	નાનીકડી	કે. જે. પટેલ બી.બી.એ. કોલેજ/જી. એન. પટેલ કોમર્સ કોલેજ
૩૧	પિલવાઇ	અમરદીપ બી.એડ. કોલેજ
૩૨	બેચરાજી	સરકારી આર્ટસ કોલેજ
૩૩	ગણેશપુરા	જય રણછોડ એજ્યુ. સંચાલીત બી.બી.એ/ બી.સી.એ./ બી.એડ. કોલેજ

આજ તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપેલ છે.

વંચાણમાં લીધું :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, મહેસાણા જિલ્લો, મહેસાણાનો તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫નો પત્ર ક્રમાંક પરક્ષ/૨૦૧૫/વશી-૫૮૧/૭૩.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : પીઓએલ-વશી-૬૮૧ થી ૭૦૦-૨૦૧૫, તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫.

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, મહેસાણાનો તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૫નો પત્ર ક્રમાંક : પરક્ષ/૨૦૧૫/વશી.૬૩૪/૨૪૧.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી-૮૧૨ થી ૮૩૦/૨૦૧૫.– આગામી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૭મી એપ્રિલ, ૨૦૧૫ ના સમય દરમ્યાન સવારે ૦૯-૦૦ થી ૧૮-૪૫ કલાક સુધી એસ.એસ.સી./એચ.એસ.સી., સામાન્ય પ્રવાહ, ઉ. બુ. વિજ્ઞાન પ્રવાહ સેમે-૨ અને સેમે-૪ની પરીક્ષાઓ અત્રેના જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવાનાર છે. આ જાહેર પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ નીચેની વિગતે પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાએ તેઓના તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાતાં અત્રેના આમુખ-(૨)માં જણાવ્યા મુજબ તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ના પત્રથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જે જાહેરનામું તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૭મી એપ્રિલ, ૨૦૧૫ના સમય દરમ્યાન સવારે ૮-૩૦ થી ૧૯-૩૦ કલાક સુધીના સમય સારૂ બહાર પાડેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણાએ તેઓના આમુખ-(૩)ના તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૫ના પત્રથી ઉ. મા. પ્ર. પરીક્ષા માર્ચ-૨૦૧૫, વિ. પ્ર. સેમે-૨ની અંગ્રેજી ૦૧૩ અને અંગ્રેજી ૦૦૬ની પરીક્ષા અગાઉ જાહેર થયેલ કાર્યક્રમ અનુસાર તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના મંગળવારના રોજ યોજાનાર હતી. જે વિદ્યાર્થીઓના હિતમાં સદર પરીક્ષા તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ યોજવા નિયત થયેલ છે. જે અન્વયે તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી જાહેરનામું લંબાવી આપવા માંગણી કરેલ છે.

આમ, આ જાહેરનામું તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫ના સમય દરમ્યાન સવારના ૦૮-૩૦ કલાકથી ૧૯-૩૦ કલાક સુધી અમલમાં રહેશે અને તેની તમામ શરતો અગાઉના તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા મુજબ રહેશે.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

એસ. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સી.સી.ટી.વી./જાહેરનામું/વશી-૧૧૬૩/૨૦૧૫.– હાલના પ્રવર્તમાન સંજોગોમાં તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અન્ય રાજ્યો કે દેશ બહારથી આવતા આતંકવાદી અને સમાજ વિરોધી માનસ ધરાવતા રાષ્ટ્ર વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળી કે લોકોની અવર-જવર વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેને લઈને નાગરિકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી, લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને નુકશાન થવા ઉપરાંત માનવ જિંદગીની ખુવારી પણ થાય છે. લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને આ પ્રકારે નુકશાન ન થાય તથા માનવ જિંદગીની ખુવારી ન થાય કે અસુરક્ષાની ભાવના ઊભી નથાય તે માટે તકેદારીના પગલાં રૂપે સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ-સેન્ટરો, પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે જગ્યાઓએ નિયંત્રણો મૂકવાનું જાહેર સલામતિ અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ -કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા,

INDEX

અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે એકમો/સ્થળોના માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશવાના તથા બહાર નિકળવાના દ્વાર ઉપર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા સહિત જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય તેવી અન્ય તમામ જગ્યાઓમાં લોકોની હિલચાલને આવરી લે તેવી રીતે અને તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહન નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરાની આ પ્રકારની વ્યવસ્થા ઉપરોકત તમામ કાર્યરત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ પોતાની કામગીરી શરૂ કરવાની રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

તમામ સંબંધિત એકમોએ,

(૧) કોઈપણ જગ્યાની અંદરના તમામ ભાગનુ સંપૂર્ણ કવરેજ સતત અને સ્પષ્ટ થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી. ઝેડ કેમેરા ગોઠવવા.

(૪) પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શન કાઉન્ટર લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ/નિષ્કાસ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) ટોલ ટેક્ષ ઉપર વાહનનો પ્રકાર, વાહનનો નંબર વાંચી શકાય અને તેમાં બેઠેલા વ્યક્તિઓના ચહેરા જોઈ શકાય તે રીતેના નાઈટવિઝનના કેમેરા ગોઠવવા

આ હુકમ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ભાડાની મિલ્કત/જાહેરનામું/વશી-૧૨૩૩/ ૨૦૧૫.-હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભુતકાળમાં સુરત શહેરમાં મળી આવેલ બોમ્બ તથા અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાના ગંભીર બનાવોથી જણાય છે કે, આવુ કૃત્ય કરનાર ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પ્લેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી આંતકવાદી પ્રવૃત્તિ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. જેથી જાહેર સંપત્તિ તેમજ લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય માનવ જીંદગીની ખુવારી થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીમાં જોખમ ઉભુ કરે છે.

દેશના અન્ય રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો પોતાના હેતુ પાર પાડવા કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરે સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલીકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું પ્રકાશ એન.મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકુમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઇ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો આ માટે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના સંચાલકો ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપે કે આપેલ છે, તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો ભાડે આપે ત્યારે તેઓએ સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસ અને ઐદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન/દુકાન ઓફિસ/ ઔદ્યોગિક એકમના માલીકનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	ભાડે આપેલ મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી બાંધકામ	મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	જે વ્યકિતને આપેલ છે તેનું રાખેલ છે તે પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	જે વ્યકિતને ભાડે આપેલ તેમના મુળ વતનનું પાકા નામ સરનામાં તથા બે થી ત્રણ સગા સંબંધિઓના નામ, સરનામાં.	મકાન/દુકાન/ ઓફિસ તથા ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ ?
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ઔદ્યોગિક એકમો/જાહેરનામું/વશી-૧૩૦૩/૨૦૧૫.—સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ભૂતકાળમાં બનેલ ધાડ-લુંટ-ખૂન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતાં ઘણાં કિસ્સાઓમાં ઔદ્યોગિક/વેપાર/વાણિજ્ય કારખાનામાં, મકાન-બાંધકામમાં, ફેકટરીઓ, પર્યટન સ્થળો, જાહેર આનંદપ્રમોદની જગ્યા, ધાર્મિક સંસ્થાઓ, ફાર્મ હાઉસ વિગેરેમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરોઓની સંડોવણી જણાય છે. આવા કારખાનામાં, મકાન-બાંધકામમાં તથા ફેક્ટરીઓમાં કામ કરતા પરપ્રાંતિય તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવાનું અનુભવે જણાય છે. આવા કારીગરો કોઈપણ પ્રકારના ગંભીર ગુનાઓ આચરી તેઓના વતનમાં કે અન્યત્ર ચાલી જતા હોય છે. જેના કારણે આવા ગુના વણ શોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સામાં આવા પરપ્રાંતિયો અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી જિલ્લામાં આવેલ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં આશરો લેતા હોય છે. કેટલાંક કેસોમાં આવી જગ્યા પર આશરો મેળવી આતંકવાદી પ્રવૃત્તિ કરવા માહિતી એકત્રિત કરી જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગુન્હાહિત કૃત્યો કરી જાહેર જનતાની સલામતિ અને શાંતિમાં જોખમ ઊભું કરે છે. જેથી, આવી ગુન્હાહિત પ્રવૃત્તિ કરતાં તત્વો સાથે સંકળાયેલ આવા કારીગરો / કર્મચારીઓ ઉપર નિયંત્રણ મૂકવાનું જરૂર જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકુમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય નાના-મોટા ઉદ્યોગ સાથે સંકળાયેલ પ્રાઇવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

INDEX

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ. નં.	માલિકનું નામ સરનામું તથા ધંધાની વિગત ટેલીફોન નંબર/ મોબાઇલ નંબર	કર્મચારી/ કારીગર/ મજુરનું પુરૂ નામ ઓળખ ચિન્હો હાલનું પુરૂ સરનામું ટેલીફોન નંબર	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું. ટેલીફોન નંબર	કર્મચારી કારીગર, મજુરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજુર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલિકનું પુરૂ નામ સરનામું	કર્મચારી/ કારીગર/મજુરને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ સરનામું	કર્મચારી/ કારીગર/ મજુરના બે થી ત્રણ સગા સંબંધીઓના પુરા નામ, સરનામાં વતન સહિતના	કર્મચારી/ કારીગર/ મજુરનો ફોટો	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ગેસ્ટહાઉસ/જાહેરનામું/વશી ૧૩૭૩/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક પ્રવૃતિ કરતા તત્ત્વો લોકો સાથે ભળી ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારમાં કે પછી હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ થાય, માનવ જીંદગીની ખુંવારી થાય અને જાહેર કે લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય તે પ્રકારની પ્રવૃતિ કરવાની કોશીષ કરતા હોય છે.

બહારના રાજ્યોમાંથી કે પરદેશથી આવતા આવા ગુનાહિત માનસ ધરાવતા તત્ત્વો કે ઈસમો કોઇના મકાન ભાડે રાખીને અથવા હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ વિગેરેમાં મુસાફર તરીકે રોકાય જે-તે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઇને પોતાની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપી સરકારી ખાનગી માલ-મિલ્કતનો તેમજ લોકોની જાનહાની થાય તેવું કૃત્ય કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ ભાડેથી આપતા માલીકો/સંચાલકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

મોજે : મોટી વાવડી, તાલુકો : ગારીયાધાર, જિલ્લો : ભાવનગરના સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ થતા ગામતળ વિસ્તારનું પત્રક.

અનુ. નં.	વિગત	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.
૧	મોટી વાવડી ગામતળ	૧૪-૦૪-૨૭

સ્થળ :– ભાવનગર
તારીખ [illegible]/૧૨/૨૦૧૪

ડિસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર
લેન્ડ રેકર્ડ ભાવનગર

નાયબ નિયામક જમીન દફતર
ભાવનગર



ભાવનગર, તારીખ ૧૧મી માર્ચ, ૨૦૧૫.

ડી. બી. આર્ય,
નાયબ નિયામક,
જમીન દફતર, ભાવનગર

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, APRIL 9, 2015/CAITRA 19, 1937 [No. 15

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	549-574
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	15
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	29
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1159-1177

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હો બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજયના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવાં ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ ફરમાવું છું.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધ હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી માહે માર્ચ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૩/૨૦૧૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ વાગ્યા થી તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૨૯/૨૦૧૫.—ભુતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટાપાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ જે અંતર્ગત ગુજરાત સરકારના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક વિ-૧/ક.અ.વ./૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૮મી ઓકટોબર, ૨૦૧૩થી આપેલ સુચનાનુસાર અને અને ભુતકાળના બનાવો જેવા કે, સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના

INDEX

અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા સુરત શહેરની સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

સુરત શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની મોટી સંખ્યામાં અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ ધર્મશાળા, અતિથિ ગૃહ વિશ્રામ ગૃહ બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

જેથી હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

સુરત શહેરના સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ ATM સેન્ટરો, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા મોબાઈલ ટાવર તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીક્યુરીટી માટે મેટલ ડીરેકટર સાથે ફરજ ઉપર નિયુક્ત કરવાના રહેશે. તથા પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સીસીટીવીની વ્યવસ્થા કરવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સીસીટીવીના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોક્તાઓ વહીવટકર્તાઓની રહેશે. સીસીટીવી કેમેરા લગાવવાની તથા સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે. અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી. ટી. ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવો.

(૫) તમામ પાર્કીંગની જગ્યામાં સંપુર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૬) રિશેપ્શન કાઉન્ટર લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૭) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર CCTV કેમેરા સહિતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૮) મોલની અંદર દાખલ થતા વાહનો(મોટરસાયકલ/ફોરવ્હીકલ) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યકિતઓનું ચેકીંગ પણ સંપૂર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૯) મોલની માલિકી બદલાતી રહેતી હોય છે. આથી જ્યારે જ્યારે મોલ માલિકી બદલાય ત્યારે નવા તેમજ માલિકી ફેર બદલી અંગેની જાણ સંબંધિત પો.સ્ટે.ના પો.ઇ.શ્રીને કરવાની રહેશે. ઉપરાંત મોલમાં આવતા સામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે, મોલમાં કોઇ કાયદાની પ્રતિબંધિત માલસામાન સ્ફોટક પદાર્થો આવી જતા નથી તેનું નિરીક્ષણ થવું પણ જરૂરી છે. જે અંગેની કાળજી અને જરૂરી વ્યવસ્થા સંચાલકોએ કરવાની રહેશે.

(૧૦) મોલમાં મોલ માલિકના ખર્ચે ખાનગી સિકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સિકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઇએ આ અંગે તાલીમ બધ્ધ થયેલ હોવા જોઇએ. મોલની સુરક્ષા ૨૪ × ૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યકિતઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપૂર્ણ પણે મોલના માલિકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ મોલના ચેકીગં સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમનો અમલ તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી મે, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૩૦/૨૦૧૫.–સુરત શહેરમાં વિદ્યાર્થીનીઓ ટ્યુશન કલાસીસમાં અભ્યાસ કરવા માટે જાય છે. આ વખતે ટ્યુશન કલાસીસમાં જતી વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ છેડતી તથા ગંભીર પ્રકારના ગુનાઓ બનતાં હોવાનું જણાય આવેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર પ્રકારનાં બનતાં બનાવોના કારણે જાહેર શાંતિ અને સલામતી જોખમાય નહિં તે હેતુસર જાહેરહિતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ચાલતાં શૈક્ષણિક ટ્યુશન કલાસીસ ઉપર અમુક પ્રકારનાં નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ ટ્યુશન કલાસીસના સંચાલકો/માલિકોઓએ ટ્યુશનની જગ્યાએ અંદરના ભાગે તથા બહારના ભાગે રોડ સુધી કવર થાય તે રીતે તેમજવિદ્યાર્થીનીઓ તથા અવર જવર કરતાં તમામ માણસોનાં ચહેરા સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવી રીતે સારી ગુણવત્તાવાળા અને વધુ રેન્જના સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ આ કેમેરાઓનું રેકોર્ડીંગ ૩૦-દિવસ સુધી સંગ્રહ કરવાનું રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા ૨૪ કલાક સતત ચાલુ રહે તે જોવાની જવાબદારી સંચાલક/માલીકની રહેશે. હયાત તમામ ટ્યુશન કલાસીસનાં સંચાલકોએ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાના સાત(૭) દિવસમાં જાહેરનામા મુજબની કાર્યવાહી કરવાની રહેશે અને નવા શરૂ થતાં કલાસીસનાં સંચાલકોએ આ વ્યવસ્થા કર્યા બાદ જ કલાસ શરૂ કરવાના રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) ટ્યુશન કલાસીસની જગ્યાની અંદરના તથા બહારના ભાગનાં રોડનું સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતાં અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામનાં ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) ટ્યુશન કલાસના વાહન પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવા.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તારીખ ૨૦મી માર્ચ, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી મે, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ કલાક સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૫ના રોજ મેં મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./મહિલા મજુર/જાહેરનામું/૩૧/૨૦૧૫.–તાજેતરમાં વાપી જિલ્લા-વલસાડ ખાતે બાંધકામો હેઠળના ઈમારતમાં સુતેલા ૨-મહિલા મજુરો ઉપર બળાત્કારના બનાવ બનવા પામેલ છે. સદર ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે, બળાત્કારના ભોગ બનનાર ૨-મહિલાઓ અને અન્ય મજુરોને સંબંધિત મજૂર ઠેકેદાર (Labour Contractor) દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવેલ ન હતા. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજુરો અને તેઓના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બની શકે તેવી સંભાવના રહે છે, જેથી માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને જરૂરી સુવિધા સાથેના રહેણાંક મળી રહે અને તેઓની સુરક્ષા જળવાઈ રહે તે માટે આયોજન કરવું જરૂરી જણાય છે.

હુકમ

જેથી, હું, સી. આર. પરમાર, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સીઆરપીસી) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ચાલતા માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, પત્થરની ખાણ (Quarry), ખાણ (Mines) વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરોને સંબંધિત મજુર ઠેકેદાર (Labour Contractor) દ્વારા પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેની રહેણાંક ઉપલબ્ધ કરવા ફરજીયાત રહેશે. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો શિક્ષા પાત્ર ગુનો બનશે. આ જાહેરનામાં પ્રસિધ્ધિની તારીખથી દિન-૭ માં ઉપરોકત સવલતો ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ કામકાજ શરૂ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

INDEX

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબ અન્વયે.

ક્રમાંક એસ.બી./અનઅધિ. વ્યક્તિ પ્રવેશ/૩૨/૨૦૧૫.–પોલીસ કમિશનરશ્રી સુરત શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાયલ કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા સેવા સદર-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજેરોજ મોટા પ્રમાણમા જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઇસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃતીઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમો પ્રવૃતી કરી રહેલ હોવાનુ જણાય આવેલ છે.

આથી હું, સી. આર. પરમાર, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનર સુરત શહેરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ઉક્ત પેરામાં જણાવ્યા પ્રમાણે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઇસમો કે, ઇસમોની ટોળી, સદરહુ કચેરીમા આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫મી પેટા કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૫ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

સી. આર. પરમાર,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૩૩/૨૦૧૫.–સુરત શહેર વિસ્તારમાં હાલના સંજોગો તેમજ ભુતકાળમાં બનેલ બનાવને ધ્યાને લઇ વહેલી સવારના ટ્યુશન કલાસીસ શરૂ થાય છે. આ ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. વહેલી સવારના શૈક્ષણિક ટ્યુશન કલાસમાં જતાં વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો બનવાં પામેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં સુરત શહેરમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં તથા સાંજના કલાક ૨૦-૦૦ બાદ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ/વ્યકિતગત ખાનગી ટ્યુશન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

હુકમ

વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં તથા સાંજના કલાક ૨૦-૦૦ બાદ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ/વ્યકિતગત ખાનગી ટ્યુશન ચાલુ રાખવા નહીં.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી મે, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી.

INDEX

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫ના રોજ મેં મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :-

(1) Hon'ble High Court's letter No. C.-2001/2014, Dtd. 25-2-2014.

(2) Notification No. B/152/2014, dated 16-4-2014 of District Court, Jamnagar.

Notification

No. B/154/2015.–As per the regulations framed by the District Court, Jamnagar, under this Office Notification cited in the preamble at Sr. No. (2), the undersigned is pleased to constitute "Gender Sensitation and Internal Complaints Committee" comprising of following members with immediate effect :-

1	Mrs. S. P. Joshi, 6th (Ad-hoc) Additional District Judge, Jamnagar.	Chairperson
2	Ms. A. M. Vaishnav, Chief Judicial Magistrate, Jamnagar.	Member
3	Ms. Lopaben Bhatt, Assistant Public Prosecutor, Jamnagar.	Member
4	Mr. B. S. Suva, President, Bar Association, Jamnagar.	Member
5	Mr. A. M. Ghori, Treasure, Bar Association, Jamnagar.	Member
6	Ms. Kiranben Sheth, Advocate, Bar Association, Jamnagar.	Member
7	Mr. P. J. Parmar, Jt. Secretary, Bar Association, Jamnagar.	Member
8	Mrs. M. H. Trivedi, Registrar, Principal Senior Civil Court, Jamnagar.	Member Secretary

The "Gender Sensitisation and Internal Complaints Committee" has to strictly follow the regulations framed under this Office Notification cited in preamble at Sr. No. (2) and the meetings be also held as per aforesaid regulations.

The GSICC Committee is also requested to make an annual report of the complaints and action taken by them and submit the report to this office in the first week of January of each year as provided in Chapter-II, Para-7(2) (iii) of the Regulations.

Jamnagar, 25th March, 2015.

V. S. DAVE,
Principal District Judge,
Jamnagar.

સીવીલ જજ અને જયુ. મેજી. ફ.ક., સુરત દ્વારા

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ-૮૨.

નંબર ક્રમાંક/૧૩૦૭/૧૧૫૧/(૧)/૨૦૧૫.-મારી સમક્ષ ફરીયાદ કરવામાં આવેલ છે કે ફિરોજ ઉર્ફે ગજની મોહંમદ ફરીદ અન્સારી રહેવાસી રામપુરા, નુરી મહોલ્લો, કીમીયાગર મસ્જીદ પાસે, ઘર નં. ૭/૮૪૨, ૮૪૩ ચોક બજાર, સુરતનાઓએ ચોકબજાર પો.સ્ટે. ગુ.ર. નં. ૧૮૧/૧૪ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૩૦૭, ૩૯૭, જી.પી. એકટ ૧૩૫ હેઠળ ગુનો કર્યો છે. (અથવા કર્યો હોવાનો શક છે.) અને તે ઉપરથી કાઢેલ ધરપકડ વોરંટ ઉપર એવો શેરો થઇ આવેલ છે કે સદરહુ ફિરોજ ઉર્ફે ગજની મોહંમદ ફરીદ અન્સારી રહે. રામપુરા, નુરી મહોલ્લો, કીમીયાગર મસ્જીદ પાસે, ઘર નં. ૭/૮૪૨, ૮૪૩ ચોકબજાર, સુરતનાઓ મળી આવતા નથી અને મને ખાતરી આપવામાં આવેલ છે કે સદરહુ ફિરોજ ગજની મોહંમદ ફરીદ અન્સારીનાઓ ફરાર થયેલ છે. (અથવા સદરહુ વોરંટ પોતાના ઉપર બજે નહિ એટલા માટે સંતાતો ફરે છે.)

આથી આ જાહેરનામુ કાઢીને ફરમાવવામાં આવે છે કે, સદરહુ ફિરોજ ઉર્ફે ગજની મોહંમદ ફરીદ અન્સારી રહે. રામપુરા, નુરી મહોલ્લો, કીમીયાગર મસ્જીદ પાસે, ૭/૮૪૨, ૮૪૩ ચોક બજાર, સુરતનાઓએ સદરહુ ફરિયાદનો જવાબ આપવા સદર જાહેરનામુ પ્રસિધ્ધ થયાના દિન-૩૦માં સુરત ખાતે (અથવા મારી સમક્ષ) હાજર થવું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ-૮૨.

નંબર ક્રમાંક/૧૩૦૭/૧૧૫૧/(૨)/૨૦૧૫.-મારી સમક્ષ ફરીયાદ કરવામાં આવેલ છે કે, અશરફભાઇ ઇસ્માઇલભાઇ નાગોરી રહેવાસી ઘર નં. ૭/૨૧૯૪, રૂકૈયા રેસીડન્સી, જી-૨, પસ્તાગીયા શેરી, રામપુરા, ચોકબજાર, સુરતનાઓએ ચોકબજાર પો.સ્ટે. ગુ.ર. નં. ૧૮૧/૧૪ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૩૦૭, ૩૯૭, જી.પી. એકટ ૧૩૫ હેઠળ ગુનો કર્યો છે. (અથવા કર્યો હોવાનો શક છે.) અને તે ઉપરથી કાઢેલ ધરપકડ વોરંટ ઉપર એવો શેરો થઇ આવેલ છે કે સદરહુ અશરફભાઇ ઇસ્માઇલભાઇ

INDEX

નાગોરી રહેવાસી : ઘર નં. ૭/૨૧૯૪, રૂકૈયા રેસીડન્સી, જી-૨, પસ્તાગીયા શેરી, રામપુરા, ચોકબજાર, સુરતનાઓ મળી આવતા નથી અને મને ખાતરી આપવામાં આવેલ છે કે સદરહુ અશરફભાઇ ઇસ્માઇલભાઇ નાગોરીનાઓ ફરાર થયેલ છે. (અથવા સદરહુ વોરંટ પોતાના ઉપર બજે નહિ એટલા માટે સંતાતો ફરે છે.)

આથી આ જાહેરનામુ કાઢીને ફરમાવવામાં આવે છે કે, સદરહુ અશરફભાઇ ઇસ્માઇલભાઇ નાગોરી રહેવાસી : ઘર નં. ૭/૨૧૯૪, રૂકૈયા રેસીડન્સી, જી-૨, પસ્તાગીયા શેરી, રામપુરા, ચોકબજાર, સુરતનાઓએ સદરહુ ફરિયાદનો જવાબ આપવા સદર જાહેરનામુ પ્રસિધ્ધ થયાના દિન-૩૦માં સુરત ખાતે (અથવા મારી સમક્ષ)હાજર થવું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ-૮૨.

નંબર ક્રમાંક/૧૩૦૭/૧૧૫૧/(૩)/૨૦૧૫.-મારી સમક્ષ ફરીયાદ કરવામાં આવેલ છે કે, આરીફભાઇ ઇસ્માઇલભાઇ નાગોરી રહેવાસી : ઘર નં. ૭/૨૧૯૪, રૂકૈયા રેસીડન્સી, જી-૨, પસ્તાગીયા શેરી, રામપુરા, ચોકબજાર, સુરતનાઓએ ચોકબજાર પો.સ્ટે. ગુ.ર. નં. ૧૮૧/૧૪ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૩૦૭, ૩૯૭, જી.પી. એક્ટ ૧૩૫ હેઠળ ગુનો કર્યો છે. (અથવા કર્યો હોવાનો શક છે.) અને તે ઉપરથી કાઢેલ ધરપકડ વોરંટ ઉપર એવો શેરો થઇ આવેલ છે કે સદરહુ આરીફભાઇ ઇસ્માઇલભાઇ નાગોરી રહેવાસી : ઘર નં. ૭/૨૧૯૪, રૂકૈયા રેસીડન્સી, જી-૨, પસ્તાગીયા શેરી, રામપુરા, ચોકબજાર, સુરતનાઓ મળી આવતા નથી અને મને ખાતરી આપવામાં આવેલ છે કે સદરહુ આરીફભાઇ ઇસ્માઇલભાઇ નાગોરીનાઓ ફરાર થયેલ છે. (અથવા સદરહુ વોરંટ પોતાના ઉપર બજે નહિ એટલા માટે સંતાતો ફરે છે.)

આથી આ જાહેરનામુ કાઢીને ફરમાવવામાં આવે છે કે, સદરહુ આરીફભાઇ ઇસ્માઇલભાઇ નાગોરી રહેવાસી : ઘર નં. ૭/૨૧૯૪, રૂકૈયા રેસીડન્સી, જી-૨, પસ્તાગીયા શેરી, રામપુરા, ચોકબજાર, સુરતનાઓએ સદરહુ ફરિયાદનો જવાબ આપવા સદર જાહેરનામુ પ્રસિધ્ધ થયાના દિન-૩૦માં સુરત ખાતે (અથવા મારી સમક્ષ)હાજર થવું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

સહી (અવાચ્ય),
ત્રીજા એડી. સીવીલ જજ અને જયુ. મેજિ.ફ.ક.,
સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી./એમએજી/વશી/૯૫૦/૨૦૧૫.-તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તારીખ ૦૭મી જુલાઈ ૨૦૧૩ના બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીસીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં “LOW INTENSITY” ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફયુઝ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ, શહેર, સુરત શહેરમાં જુલાઈ ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક વિસ્તારો આવેલ છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલ એકમોમાં બહારના રાજ્યોમાંથી સીકયુરીટી જવાનો ફરજ અર્થે આવતા હોય છે. બહારનાં રાજ્યોમાંથી આવતા ત્રાસવાદીઓ/અસામાજિક તત્વો આ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ એકમોમાં પ્રથમ સીકયુરીટી જવાન બની, આશરો અને રોજગારી મેળવવાનું નાટક કરે છે અને તે દરમ્યાન તે વિસ્તારની રેકી કરી, આતંકવાદી હુમલો કે બોમ્બ બ્લાસ્ટને અંજામ આપી, લોકોના જાનમાલને પારાવાર નુકસાન કરે તેવો આતંક ફેલાવે છે અને સમગ્ર દેશની શાંતિ અને સુરક્ષા ઉપર ખતરો ઉભો કરે છે. જેમાં ઘણાખરા સીકયુરીટી જવાનો ગુનાહીત પ્રવૃતિ સાથે સંકળાયેલા હોવાની શકયતા નકારી શકાય નહી. જેથી આવા ઔદ્યોગિક એકમોમાં સીકયુરીટી જવાનો નોકરી કરી સ્થાનિક પરિસ્થિતિનો સર્વે કરી માહિતગાર થઇ કોઇ ગુનાહીત પ્રવૃતિને અંજામ આપે તે શક્યતા નકારી શકાય નહી.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં ઔદ્યોગિક એકમોમાં સીકયુરીટી સંચાલકોને તેમની હસ્તકના સીકયુરીટી જવાનોની આ સાથે સામેલ પ્રફોર્મા મુજબ ફોર્મ ભરી સંબંધિત પોલીસ સ્ટેશને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

INDEX

વડોદરા ગ્રામ્ય જિલ્લા પોલીસ

સીકયુરીટી જવાનો વિશે માહિતી અંગેનું ફોર્મ

૧	સીકયુરીટી એજન્સીનું પુરૂં નામ, સરનામું, મોબાઈલ નંબર સહીત	
૨	સીકયુરીટી જવાનનું નામ તથા ઉંમર	
૩	સીકયુરીટી જવાનનું હાલનું સરનામું, કોન્ટેકટ નંબર	
૪	સીકયુરીટી જવાનનું હાલનું ફરજનું સ્થળ, કંપનીનું નામ, સરનામું	
૫	સીકયુરીટી જવાનનું મુળ વતન, સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	
૬	સીકયુરીટી જવાનનું મુળ વતન, સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા કોન્ટેકટ નંબર	
૭	સીકયુરીટી જવાનના વતનના આગેવાનનું નામ સરનામું તથા કોન્ટેકટ નંબર	
૮	સીકયુરીટી જવાન કયારથી ફરજ બજાવે છે.	
૯	સીકયુરીટી જવાન અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત	
૧૦	સીકયુરીટી જવાન વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કંઇ તારીખથી નોકરી અર્થે આવેલ છે.	
૧૧	સીકયુરીટી જવાન હથિયાર પરવાનો ધરાવે છે કે કેમ ?	
૧૨	હથિયાર પરવાનાની વિગત તથા હથિયારની વિગત	

સીકયુરીટી જવાનનો તાજેતરનો ફોટોગ્રાફ

સીકયુરીટી જવાનની સહી/અંગુઠાનું નિશાન

સીકયુરીટી એજન્સીના માલિકની સહી

આ હુકમ તા. ૨૩મી માર્ચ ૨૦૧૫ થી તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૨મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી./એમએજી/વશી/૯૫૧/૨૦૧૫.-તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલો તથા તારીખ ૦૭મી જુલાઈ ૨૦૧૩ના બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીસીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હ્રદયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં “LOW INTENSITY” ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફયુઝ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ, શહેર, સુરત શહેરમાં જુલાઈ ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો પોતાની ઓળખ છુપાવવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, આવી જગ્યાઓએ રહી પોતાની આસપાસ મળી આવતી પાયાની સગવડોનો દુરૂપયોગ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. અત્યાર સુધીની આતંકવાદી પ્રવૃત્તિના અનુભવ મુજબ આવી પ્રવૃત્તિ આચરનાર આતંકવાદીઓ મોટાભાગે મોબાઈલ ફોન તથા મોબાઈલ સીમકાર્ડોનો ઉપયોગ કરી, પોતાની આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપે છે. આ મોબાઈલ ફોનના ઉપયોગથી ઓડિયો/વીડિયો ક્લીપ ઉતારી, સાયબર કાફેના ઉપયોગ વિગેરેના જી.પી.આર.એસ. થ્રી જી, અને નેટ ટુ ફોન જેવા આધુનિક ઉપકરણો જોડીને આવા અસામાજિક તત્ત્વો દ્વારા સંદેશાઓના આપ-લે થાય છે. આ

INDEX

પ્રવૃતિમાં અત્યંત જરૂરી ડિવાઈસ સીમકાર્ડ છે જે હાલની પરિસ્થિતિમાં કોઈપણ સ્થળે સહેલાઈથી મળી આવતા હોય છે. અને મોટાભાગના બનાવોમાં મળી આવતા સીમકાર્ડ બોગસ નામના હોય છે.

જેથી મોબાઈલ સીમકાર્ડનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો દ્વારા મોબાઈલ સીમકાર્ડ ધારકોની ઓળખના પુરાવાની યોગ્ય તથા ઝીણવટભરી ચકાસણી કરી મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરવામાં આવે તો જ આવી પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવી શકાય. મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતાં ડિસ્ટ્રીબ્યુટર્સ / રીટેઈલરો માટે કોઈપણ વ્યકિતને નવું મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતાં પહેલાં જે તે વ્યક્તિના ઓળખના પુરાવા લઈ તેની ચોકકસ ખાતરી કર્યા બાદ તે જ વ્યક્તિને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચે કે જેના નામના ડોક્યુમેન્ટસ ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરને મળેલ હોઈ જેથી બોગસ નામથી બજારમાં મળી આવતા સીમકાર્ડ કે મોબાઈલ વેચાતા બંધ થાય.

જેથી હું અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં કોઈપણ વ્યકિતને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતા પહેલાં મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતાં ડીસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો દ્વારા જે તે વ્યક્તિના જરૂરી ઓળખ પુરાવા લઈ તેનું અલાયદુ રજિસ્ટર નિભાવવાનું કે જેમાં ઓળખનો પુરાવો રજુ કરનાર વ્યકિતનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો નામ, સરનામું, અને હસ્તાક્ષર અચુકપણે લેવા અને ત્યારબાદ તેને જણાવેલ નામ-સરનામા ઉપર તે વ્યકિત રહે છે. તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ તે જ વ્યકિતને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે અને ત્યાર પછી જ મોબાઈલ સીમકાર્ડ એક્ટીવેટ કરવાનું રહેશે.

આ હુકમ તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫થી તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી./એમએજી/વશી/૯૫૨/૨૦૧૫.-તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલો તથા તારીખ ૦૭મી જુલાઈ ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધીગયા મહાબદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીસીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હ્રદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં “LOW INTENSITY” ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફયુઝ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ, શહેર, સુરત શહેરમાં જુલાઈ ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ખરીદેલ છે જે મોબાઇલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઇલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઇલ કોઇ અજાણ્યા વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી જેથી તપાસમાં કોઇ ફળદાયક હકીકત મળતી નથી.આ બાબતે કોઇ વ્યક્તિઓ મોબાઇલ/સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે, ઓળખકાર્ડ વગર, લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચવા, સાચા આરોપીને શોધી કાઢવા માટે, જેના મોબાઇલના વપરાશકારે તે મોબાઇલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં તમામ મોબાઈલ લે/વેચ કરનાર વેપારીઓ મોબાઈલ લેતાં અથવા વેચતા પહેલાં, ખરીદનાર અથવા વેચનારના ફોટા ઓળખકાર્ડ સાથેનું રજિસ્ટર (આ સાથે સામેલ પત્રક મુજબ) નિભાવવું, કે જેમાં મોબાઇલ ફોન ખરીદનાર/વેચનારનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ તેમના હસ્તાક્ષર અચુક મેળવવા.

આ હુકમ તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫થી તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૯૫૩/૨૦૧૫.–તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તાજેતરમાં તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોદ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ની રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં '' LOW INTENSITY '' ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ, શહેર, સુરત શહેરમાં જુલાઈ ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખી જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુનાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા તમામ હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો પણ તંત્રને મદદરૂપ બની શકે તેવા શુભ આશયથી જિલ્લામાં આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો કે ધર્મશાળાના મલિકો દ્વારા રૂમો ભાડે આપતા પહેલાં રૂમ ભાડે રાખનાર પાસેથી તેઓની ઓળખાણના પુરાવા જેવા કે, ઓળખકાર્ડ, ઈલેક્શન કાર્ડ, પાનકાર્ડ, વિગેરેની નકલ મેળવીને રૂમો ભાડેથી આપે અને તે માટેનું અલાયદું રજિસ્ટર નિભાવે તે અત્યંત આવશ્યક છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના મલિકો દ્વારા તેમાં રહેવા આવતા નાગરિકોને રૂમો ભાડે થી આપે ત્યારે રૂમમાં રહેતા દરેક નાગરિકોની પ્રવેશ અંગે રાખવામાં આવતા ઈલાયદા રજિસ્ટરોમાં નોંધ કરી તે દરેક વયના નાગરિકોના ઓળખના પુરાવા જેવા કે, ઓળખકાર્ડ, ઈલેક્શન કાર્ડ, પાનકાર્ડ વિગેરેની નકલ મેળવી રૂમ ભાડેથી આપે અને તેની જાણ ૨૪ કલાકમાં સંબધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૯૫૪/૨૦૧૫.–તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બૌદ્ધગયા મહા બોધ્ધા મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ની રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં '' LOW INTENSITY '' ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે.

તદઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

INDEX

આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો આ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપવા માટે ચોરી કરીને અથવા જુની ખરીદ કરીને, સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરોનો અલગ અલગ રીતે ઉપયોગ કરે છે. જેમ કે, સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરમાં સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં બીનવારસી મુકી, બોમ્બ બ્લાસ્ટ કરી, આ આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો ત્રાસવાદી કૃત્યોને અંજામ આપે છે. ઘણી વખત આ પ્રકારે મેળવેલી સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલર દ્વારા આ આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કે પીછો કરી પોતે નક્કી કરેલી આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપે છે. જેથી સાયકલો વેચનાર તથા બટેરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ પાસીંગ નંબર લેવાનો રહેતો નથી તેવા વાહનો વેચનારાઓ ઉપરાંત સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલર વેચનાર તથા ખરીદનારાનો જાહેર વ્યવસ્થા શાંતિ સલામતી અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં પુરો સાથ અને સહકાર મળી રહે તેવા શુભ આશયથી થોડાક સુચનો અમલમાં મુકવા જરૂરી છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ તમામ સાયકલ કે બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર અને વાહનો લે વેચની દુકાનો ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટો દ્વારા જ્યારે જ્યારે આવા વાહનો ખરીદ/વેચાણ કરવામાં આવે ત્યારે તેનું કાયદેસર રજિસ્ટર બનાવી તેમાં, ખરીદ કે વેચાણ કરનારના ઓળખકાર્ડ સાથે નામ સરનામાની તથા પાસપોર્ટ સાઈઝના ફોટાગ્રાફ અને એન્જીન-ચેસીસ નંબર જેવી અન્ય વિગતોની નોંધ કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૯૫૫/૨૦૧૫.–તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોદ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ની રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર “જંગલી મહારાજ રોડ” ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફકત એક કિલોમીટરના દાયરામાં “ LOW INTENSITY ” ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે.

તદઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો તેમજ મિલકત સબંધી ગુનાઓ કરતાં ગુનેગારો વાહનો લઇ, ગુન્હા કરી વાહન મારફતે આજુબાજુના ગામડાઓમાં/જિલ્લામાં અને રાજ્ય બહાર નાસી જાય છે. અને નિર્દોષ નાગરીકોના જાન, માલ, મિલકતને અપાર નુકશાન પહોંચાડી તંત્રની પહોંચ બહાર છટકી જાય છે. આવા તત્વો વાહન મારફતે નાસી જવા માટે કયાંયને કયાંય ટોલનાકામાંથી પસાર થતા હોય છે. જો આવા ટોલનાકાઓ ના મુખ્ય તેમજ સર્વિસ રોડ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવે તેમજ પસાર થતાં વાહનોનાં પુરેપુરા રજીસ્ટ્રેશન નંબરોની નોંધણી નિયમિત રીતે કરવામાં આવે તો આવા ત્રાસવાદીઓ/અસામાજિક તત્વો પકડી પાડવાની અને ગંભીર પ્રકારના ગુનાઓના ડીટેકશનની શક્યતાઓ ખુબજ વધી જાય છે. આમ વડોદરા ગ્રામ જિલ્લા વિસ્તારમાં આવેલ ટોલનાકાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તેમજ ટોલનાકાઓ ઉપર પસાર થતાં વાહનોનાં પુરેપુરા રજીસ્ટ્રેશન નંબરોની નોંધણી નિયમિત રીતે થાય તે જરૂરી છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ ટોલનાકાના મેનેજરશ્રી અથવા વહીવટકર્તાશ્રીઓને ટોલનાકાના મુખ્ય તેમજ સર્વિસ રોડ ઉપરથી પસાર થતા તમામ વાહનોના નંબર પ્લેટ અને ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરાઓ ગોઠવી રેકોર્ડીંગ કરવા માટે જે માટે નાઈટ વિઝનવાળા કેમેરા ગોઠવવા તથા પસાર થતા વાહનોના નંબર અને સીરીજ સહીતના સંપૂર્ણ નંબરોની નોંધણી કરવા, ઉપરાંત આ સી.સી.ટી.વી. કેમેરાનું ડીઝીટલ રીકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટરરાઇઝ નોંધણીના ડેટાનો બેકઅપ છ માસ સુધી જાળવી રાખવાના રહેશે.

INDEX

આ હુકમ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૯૫૬/૨૦૧૫.–તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ની રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફકત એક કિલોમીટરના દાયરામાં ‘‘ LOW INTENSITY ’’ ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે.

તદઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

જે બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુ આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે. તે જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓ અંજામ આપતા હોય છે. આ માટે ત્રાસવાદી અસામાજિક તત્વો શહેરમાં તથા જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો /એકમો ભાડેથી રાખે છે તેવું બનેલા કિસ્સાઓમાં જાણવા મળ્યું છે. જેથી જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો /એકમો ભાડે આપતા માલિકો આવા શંકાસ્પદ વ્યક્તિઓની તંત્રને નિયમિત રીતે માહિતગાર કરે તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર થોડાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં જિલ્લાના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો આ સાથે નિયત ફોર્મમાં જણાવ્યા અનુસારની માહિતીથી પોલીસ વાકેફ રહી શકે તે માટે તેવા તત્વોની વિગતવાર માહીતી સબંધિત પોલીસ સ્ટેશને આપવાની રહેશે.

આ હુકમ તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ

વડોદરા જિલ્લામાં ભાડે આપેલ હોય તેની વિગત

(મકાન/ટેનામેન્ટ/ફલેટ/ડુપ્લેક્ષ/દુકાન/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલ્કત)

પોલીસ ઈન્સ્પેકટર/પો.સ.ઈ.શ્રી..પોલીસ સ્ટેશન વડોદરા ગ્રામ્ય, વડોદરા

તા................/.............../૨૦૧૫

મિલકત માલીકનું નામ શ્રી/શ્રીમતી...

જન્મ તારીખ (ઉંમર)..................................સરનામું...

ફોન નં.(ઘર)..................... ....(ઓફીસ) ....(મો)..

મિલ્કત ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતી ....

જન્મ તારીખ (ઉંમર) .... સરનામું...

ફોન નં. (ઘર) ....(ઓફીસ)........................ (મો)..

(ભાડે રાખેલ મિલકત)નો ફોન નંબર (મો)
ફોન નં. (ઘર) ....(ઓફીસ)........................... (મો)...
કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો..રીન્યુઅલ તારીખ..
ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું)
ફોન નં. (ઘર) ....(ઓફીસ)........................... (મો)...
નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું..
ભાડુ કેટલું રૂ..ડીપોઝીટ રૂ...

નિયમો

૧. આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

૨. આ ફોર્મ સંપૂર્ણ ભરીને મિલકતમાલિક અને ભાડુઆતે ક.૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પો.સ્ટે. માં જમા કરાવવાનું રહેશે.

૩. આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સીક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

૪. તમારી મિલ્કત કોઈનો કબ્જો સુપ્રત કરતા હોય જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

૬. ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૭. જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

૮. બહારના રાજ્યના વ્યકિતએ આ સાથે રૂા. ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

૯. મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

૧૦. બને ત્યાં સુધી આપણી મિલકત સાક્ષી/એજન્ટ/સંબંધી/ઓને વચ્ચે રાખી આપવી.

૧૧. મિલ્કત માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી...

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર)...(ઓફીસ)...(મો.નં.)...

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું : ....

(૧)

ફોન નં. (ઘર)..(ઓફીસ)...(મો.નં.)..

(૨)

ફોન નં. (ઘર)..(ઓફીસ)...(મો.નં.)..

ભાડુઆતનો
પાસપોર્ટ
સાઈઝનો ફોટો

મિલ્કત
માલિકનો
પાસપોર્ટ
સાઈઝનો ફોટો

પોલીસ સ્ટેશન
સહી સિક્કો
અને તારીખ

સાક્ષીની સહી

ભાડુઆતની સહી મિલ્કત માલીકની સહી એજન્ટની સહી

આજ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી/૯૫૭/૨૦૧૫.—સરકારશ્રીની સુચનાઓ મુજબ મહિલાઓ અને નાબાલિકો ઉપર પ્રાથમિક સુવિધાના અભાવે (ટોઇલેટ, મુતરડી, બાથરૂમ વિગેરે) થતા અત્યાચાર/બળાત્કાર જેવા ગંભીર ગુન્હાઓ બનવા પામે છે. મહિલા-સ્ત્રીઓ, બાળાઓ, બાળકો વિગેરે પર થતા આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ પ્રત્યે સરકારશ્રી ખુબ જ ચિંતિત છે અને આ ગુન્હાઓ પર સંપૂર્ણ અંકુશ મેળવવા સરકરાશ્રીએ લોકાભિમુક અભિગમ અપનાવેલ છે.

ઉપરોકત સ્થિતિને ઉદાહરણરૂપ જોઈએ તો તાજેતરમાં વાપી જિલ્લા વલસાડ ખાતે બાંધકામ હેઠળની ઈમારતમાં સુતેલા બે મહિલા મજુરો ઉપર બળાત્કાર બનવા પામેલ છે. આ ગુનાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે, બળાત્કારનો ભોગ બનેલ બંને મહિલાઓ અને અન્ય મજુરોને સંબંધિત મજુર ઠેકેદાર (લેબર કોન્ટ્રાકટર) દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધાઓ સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવેલ ન હતા. આમ, પ્રાથમિક પ્રકારની સુવિધાથી વંચિત મહિલા મજૂરો અને તેના નાબાલિક બાળકો અત્યાચાર / બળાત્કારના ભોગ બની શકે તેવી સંપૂર્ણ દહેશત રહેલ છે.

વડોદરા ગ્રામ્ય, જિલ્લા હદ વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર અથવા બિલ્ડર/ઓર્ગેનાઈઝર દ્વારા કે અન્ય કોઇ વ્યકિત કે એજન્સી દ્વારા માર્ગ-મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટોના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણો વિગેરે તથા અન્ય કોઈપણ સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને સંબંધિત મજુર ઠેકેદાર (લેબર કોન્ટ્રાકટર), બિલ્ડર, ઓર્ગેનાઈઝર કે અન્ય કોઇ વ્યકિત કે એજન્સી દ્વારા કામના સ્થળે પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા નીચેના કોલમવાળા પત્રક (અથવા આપશ્રીના સ્તરેથી યોગ્ય કોલમવાળા પત્રક) મુજબની માહિતી નિભાવવી ફરજીયાત અને અતિ આવશ્યક ગણવી જરૂરી જણાય છે. અને આ માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવામાં આવે તો ઉપરોકત ગુન્હાઓ પર ચોક્કસપણે અંકુશ રાખી શકાય તેમ છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર અથવા બિલ્ડર/ઓર્ગેનાઈઝર દ્વારા કે અન્ય કોઇ વ્યકિત કે એજન્સી દ્વારા માર્ગ-મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટોના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણો વિગેરે તથા અન્ય કોઈપણ સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને સંબંધિત મજુર ઠેકેદાર (લેબર કોન્ટ્રાકટર), બિલ્ડર, ઓર્ગેનાઈઝર કે અન્ય કોઇ વ્યકિત કે એજન્સી દ્વારા કામના સ્થળે પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી ફરજીયાત નિભાવવાની રહેશે અને તેની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

આ હુકમ તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી. તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મહીલા મજુરો અને નાબાલિકોને કામના સ્થળે આપવામાં આવતી પ્રાથમિક સુવિધા અંગે લેબર કોન્ટ્રાકટર, બિલ્ડર, ઓર્ગેનાઈઝર કે અન્ય કોઇ વ્યકિત કે એજન્સી દ્વારા પોલીસ સ્ટેશનને આપાવની માહિતીનું નમુના મુજબનું પત્રક.

૧	લેબર કોન્ટ્રાકટર, બિલ્ડર, ઓર્ગેનાઈઝર કે અન્ય કોઇ વ્યકિત કે એજન્સીનું નામ પેઢીનું નામ સરનામું ટેલીફોન નંબર	:-	
૨	જે સ્થળે કામ ચાલે છે તે સ્થળનું પુરૂ નામ, સરનામું કામનો પ્રકાર કામની અવધિ	:-	
૩	કામના પ્રકારના વિસ્તૃત માહિતી ખાણ/ખનીજ ઈંટોના ભઠ્ઠા રોડ-રસ્તા મકાન બાંધકામ અન્ય	:-	
૪	મહિલા મજુરો અને નાબાલિકની સંખ્યા મહિલા નાબાલિક બાળકો	:-	
૫	પ્રાથમિક સુવિધા છે કે કેમ ? શૌચાલય પીવાનું પાણી વિજળી	:-	

INDEX

આજ તારીખ ૨૨મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૯૫૮/૨૦૧૫.– તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોદ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ની રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફકત એક કિલોમીટરના દાયરામાં ‘‘ LOW INTENSITY ’’ ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મજુરીકામ અથવા અન્ય કામગીરી કરવાના બહાના હેઠળ ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો મોટા ભાગે લેબર કોન્ટ્રાકટર/મુકાદમો મારફતે જ કામ તેમજ આશરો મેળવતા હોય છે. ઉપરાંત સરકારશ્રીના અલગ અલગ વિભાગો, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ પોતાના કામ માટે લેબર કોન્ટ્રાકટ/મુકાદમો મારફતે જ મજૂરો મેળવતા હોય છે.

તાજેતરમાં વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મિલકત સબંધી તેમજ શરીર સંબંધી ગુનાઓ વધવા પામે છે. વડોદરા ગ્રામ્ય જિલ્લામાં ભુતકાળમાં બનેલ આવા ગુનાઓની તપાસ કરતાં હકીકત જાણવા મળેલ છે કે, આવા ગુન્હા કરતા ગુનેગારો ગુનો કરતા પહેલા જે તે વિસ્તાર નજીક નવા બંધાતા મકાનોમાં, સરકારશ્રીના અલગ અલગ વિભાગો દ્વારા ચાલતા મજુરીકામોમાં, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામમાં, રોડ રસ્તાઓના મજુરી કામમાં તેમજ જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં મજુરી કામ અર્થે તથા અલગ અલગ મજુરી કામ, પેટ્રોલ પંપ, હોટલો, રેસ્ટોરન્ટમાં કામ ધંધો મેળવે છે. આવી મજુરી કામ/કામધંધાના બાહના હેઠળ રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનો સર્વે કરી, માહિતગાર થઈ આવા ગુન્હા કરી નાસી જઈ નિર્દોશ નાગરિકોના જાનમાલ મિલકતને નુકસાન પહોંચાડે છે. આવા ગુન્હાઓ કરતાં ગુનેગારો ઉપર ચાંપતી નજર રાખવાના અને તેનું પગેરૂં મેળવવાનું જરૂરી જણાય છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમો હોટલ, રેસ્ટોરન્ટ, પેટ્રોલપંપ ધારકોએ પોતાની પાસે મજુરી કામ/કામધંધા અર્થે આવેલ વ્યક્તિઓના આ સાથે સામેલ પ્રફોર્મા મુજબ ફોર્મ ભરી સબંધિત પોલીસ સ્ટેશને તાત્કાલિક જાણ કરવી. તેમજ આ મજૂરો/કારીગરો જ્યારે મજૂરીકામ/કામગીરી પૂર્ણ કરી વડોદરા ગ્રામ્ય જિલ્લા વિસ્તાર છોડી જતા રહે ત્યારે પણ આ વ્યક્તિઓ પુરા નામ-સરનામાં તથા કઈ જગ્યાએ જનાર છે. તે તમામ વિગતોની સબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૧.	લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમ (સપ્લાયર) નું પુરૂં નામ, સરનામું, મોબાઈલ નંબર સહિત	:–	
૨.	મજુર/કારીગરનું નામ તથા ઉંમર વર્ષ	:–	
૩.	મજુર/કારીગરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	:–	
૪.	હાલની કામગીરીનું સ્થળ	:–	

INDEX

૫.	ક્યારથી કોન્ટ્રાક્ટર / મુકાદમે કામગીરીમાં રાખેલ છે.	:–	
૬.	મજુર/કારીગરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:–	
૭.	મજુરનું મૂળ વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:–	
૮.	મજુર/કારીગરના વતનના આગેવાનનું નામ, સરનામું, તથા ટેલીફોન નંબર	:–	
૯.	મજુર/કારીગર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:–	
૧૦.	વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કઈ તારીખથી કામગીરી કરે છે ? અને કઈ તારીખે કઈ જગ્યાએ જવાનો છે ?	:–	
૧૧.	વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું	:–	
૧૨.	મજુર/કામદારનું ફોટા સાથેનું આઇ.ડી. પ્રુફ	:–	

મજુર/કામદારનો તાજેતરનો ફોટોગ્રાફ

મજુર/કામદારની સહી/અંગૂઠાનું નિશાન

કોન્ટ્રાક્ટર/મુકાદમ/સપ્લાયરની સહી ____________________

નામ:–____________________

આજ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી/૯૫૯/૨૦૧૫.—સરકારશ્રીની સૂચનાઓ મુજબ કેટલાક ઘર કુટુંબો દ્વારા ઘરકામ માટે ઘરઘાટી રાખવામાં આવે છે. કેટલાક ઘરઘાટીઓ મકાનમાંથી કીમતી વસ્તુઓની ચોરી, સ્ત્રી બાળકો ઉપર અત્યાચાર અને વૃધ્ધ ઘરમાલિકોની હત્યા/અપહરણ વિગેરે ગંભીર ગુન્હાઓને અંજામ આપી પલાયન થઇ જવાના છાસવારે બનાવો પામે છે અને આ પ્રકારના બનાવો સંબંધે સરકારશ્રી અત્યંત ચિંતિત હોય તેના પર અંકુશ લાવવા સરકારશ્રીનો અભિગમ છે.

તાજેતરમાં અમદાવાદ વસ્ત્રાપુરમાં બોડકદેવ ખાતે રહેતા લોખંડનો વ્યવસાય કરતા એક વેપારીના ઘરમાંથી બે ઘરઘાટી આશરે દોઢ લાખની મતા લઇ પલાયન થઇ ગયેલ, પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ કે, બંને ઘરઘાટીઓને આશરે દોઢ મહિના પહેલાં જ નોકરી ઉપર રાખેલા પરંતુ આ અંગે સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવેલ નહીં. ઉલ્લેખનીય છે કે અગાઉ ઘરઘાટી દ્વારા મકાનમાં ચોરી કરવાના, ડરાવી, ધમકાવી માલ મિલકત લઇ લેવાના, અપહરણ કરવાના, લૂંટ ચલાવવાના, હત્યા કરવાના અનેક બનાવો પોલીસ દફતરે નોંધાયેલા છે.

આ પ્રકારના બનતા ગંભીર ગુન્હાઓ પર અંકુશ રાખવો આવશ્યક જણાય છે. આથી જે ઘર/કુટુંબો દ્વારા ઘરઘાટી રાખવામાં આવે છે તેનો પૂર્વ ઈતિહાસ ચકાસી, નામ, સરનામાં, ટેલીફોન નંબર, કૌટુંબિક હકીકત વિગેરે માહિતી આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી ઘરમાલિકોએ રાખવી જરૂરી છે અને આ માહિતી ઘરમાલિકો દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવામાં આવે તો જરૂર ઉપરોકત ગુન્હાઓ પર ચોક્કસપણે અંકુશ રાખી શકાય તેમ છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં જે ઘર/કુટુંબો દ્વારા ઘરઘાટી રાખવામાં આવે છે તેનો પૂર્વ ઈતિહાસ ચકાસી, નામ, સરનામા, ટેલીફોન નંબર, કૌટુંબિક હકીકત વિગેરે માહિતી આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી નિભાવવાની રહેશે અને આ માહિતી ઘર માલિકો દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

આ હુકમ તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી. તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

૧.	ઘર/મકાન માલિકનું નામ, સરનામું, ટેલીફોન નંબર	:–	
૨.	ઘરઘાટીનું નામ હાલનું સરનામું વતનનું સરનામું ગામ તાલુકો જિલ્લો ટેલીફોન નંબર	:–	
૩.	ઘરઘાટીના પરિવારના સભ્યોની વિગત પુરૂષ સ્ત્રી બાળકો અન્ય	:–	
૪.	ઘરઘાટી અન્ય કોઇ જગ્યાએ નોકરી/ધંધો કરતા હોય તેની વિગત (૧) (૨)	:–	
૫.	ઘરઘાટીને ક્યારથી કામમાં રાખેલ છે ? કામગીરીનો પ્રકાર	:–	
૬.	ઘરઘાટીના મૂળ વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તાલુકો જિલ્લો ટેલીફોન નંબર	:–	
૭.	ઘરઘાટીની ઓળખ માહિતી પેનકાર્ડ ડ્રાઇવીંગ લાયસન્સ રેશનકાર્ડ ચૂંટણી કાર્ડ અન્ય ઓળખ	:–	
૮.	ઘરઘાટીને શહેરમાં ઓળખીતા કે સંબંધીઓના નામ, સરનામાં, ટેલીફોન નંબરની વિગત (૧) (૨)	:–	
૯.	ઘરઘાટી પરણિત હોય તો, તેની સાસરીની વિગત નામ સરનામું ટેલીફોન નંબર	:–	
૧૦.	ઘરઘાટીના ચહેરાનું વર્ણન અને ઓળખની નિશાનીઓ (૧) (૨)	:–	
૧૧.	ઘરઘાટીની સુવિધા પૂરી પાડનાર સંસ્થા અથવા જેના મારફતે આવેલ હોય તેની વિગત નામ સરનામું ટેલીફોન નંબર	:–	

૧૨.	ઘરઘાટીના અંગૂઠાનું નિશાન	:–	
૧૩.	ઘરઘાટીની સહી	:–	
૧૪.	ઘરઘાટીનો તાજેતરનો ફોટોગ્રાફ	:–	

આજ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૯૬૦/૨૦૧૫.–તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોદ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મિનિટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મિનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરિકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હ્રદયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં ‘‘ LOW INTENSITY ’’ ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પોતે નક્કી કરેલા કૃત્યને અંજામ આપવા વાહનમાં ફરતા હોય છે અને પોતાના રહેવા, જમવા તથા ફરવા માટે કોઈને કોઈ હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળા કે રેસ્ટોરન્ટ, બહુમાળી બિલ્ડીંગો કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો તથા મોટા મંદિરો, સોનીઓની દુકાનો, આંગડીયા પેઢીઓ, શોપીંગ મોલ ઉપર ઊભા રહેતા હોય છે. જેથી જિલ્લામાં આવેલ હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/રેસ્ટોરન્ટ, બહુમાળી બિલ્ડીંગો કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો તથા મોટા મંદિરો, સોનીઓની દુકાનો, આંગડીયા પેઢીઓ, શોપીંગ મોલ ઉપર તથા તેની આજુ-બાજુમાં આવેલ દુકાનો/ગલ્લા/ધાબા/હોટલો/ ઉપર ગાડીના નંબરો સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિના ચહેરા સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઈ શકે તેવા હાઈડેફીનેશનના સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ તેના ભોજન કક્ષ તથા તેની આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજન કક્ષમાં બેઠેલી વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા અને પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો આવતા જતા વાહનો વગેરેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તે અત્યંત જરૂરી જણાય છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/રેસ્ટોરન્ટ, બહુમાળી બિલ્ડીંગો કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો તથા મોટા મંદિરો, સોનીઓની દુકાનો, આંગડીયા પેઢીઓ, શોપીંગ મોલ ઉપર તથા તેના પ્રિમાઈસીસની દુકાનો, ગલ્લા ઉપર ગાડીઓના નંબરો સ્પષ્ટ રીતે વંચાય તેમજ આવેલ વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઈ શકે તેવા હાઈડેફીનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા તેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તે રીતે રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૨મી મે, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

અવંતિકા સિંઘ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/રજી. નં. ૧૦/૨૦૧૫.- પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૫ દરમ્યાન લેવાનાર ધોરણ-૧૦ની માધ્યમિક શાળાંત પરીક્ષા અને ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને વ્યવસાયલક્ષી, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહની પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોના ત્રાસ/ભય વિના શાંતિ અને સલામતી પૂર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા શુભ હેતુથી સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા પરીક્ષા કેન્દ્રની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

વાસ્તે, હું, રવિ કુમાર અરોરા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ગુજરાત એચ.એસ.સી./એસ.એસ.સી. બોર્ડ, ગાંધીનગર સંચાલિત પરીક્ષાના તમામ અધિકૃત કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી સવારના ૦૯-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી ૪ (ચાર) કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહિં કે બોલાવવી નહિં અથવા સરઘસ કાઢવું નહિ.

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહિં. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહિં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહિં. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજ-વસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહિં કે કરાવવામાં મદદગારી કરવી નહિં.

(૩) પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓએ મોબાઇલ કે કોઇપણ પ્રકારનો ઈલેકટ્રીક ઉપકરણો લઇ જવા નહી.

(૪) ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજયામાં તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી સવારે ૦૯-૦૦ થી સાંજે ૧૯-૦૦ કલાક સુધી ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

(૧) લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ. ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઈડ વ્યક્તિઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ અધિકારીશ્રીઓ.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ પોલીસ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

(૩) કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિનઅધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

રવિકુમાર અરોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસીબી/એસએસસી-એચએસસી/પરીક્ષા/સીઆરપીસી-૧૪૪/વશી/૨૨૮૫ થી ૨૩૧૧/૨૦૧૫.—ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માધ્ય. પ્ર. પરીક્ષા, ઉ. મા. પ્ર. પરીક્ષા (સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહ) સેમે.-૪ અને તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૫ દરમ્યાન વિજ્ઞાન પ્રવાહ સેમે.-૨ની પરીક્ષા લેવાનાર છે. આથી નિયત કરેલ તમામ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સંચાલન સરળ અને સુચારું થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનિયતા જળવાઇ રહે અને પરીક્ષાથીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા સરઘસ કાઢવા તથા હથિયાર કે મોબાઇલ ફોન લઇ જવા પર કે પરીક્ષા સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેકસ સેન્ટરો તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫ના રોજ સવારે ૭-૦૦ કલાક થી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ સાંજે ૧૮-૦૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને ઈસ્ટ જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આ સાથેના નિર્દિષ્ટ કરેલ નવસારી જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ફરવા, સરઘસ કાઢવા કોઇપણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહીત) હથિયાર, મોબાઇલ લઇ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરાવનું કોઇ યંત્ર વગાડવા ઉપર તથા સદરહુ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેકસ સેન્ટરો તા. ૧૨મી માર્ચ ૨૦૧૫ ના રોજ સવારે ૭-૦૦ કલાક થી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ સાંજે ૧૮-૦૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો :-

(૧) અન્ય કોઇ બિન અધિકૃત વ્યકિતઓએ પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવું નહિ.

(૨) કોઇપણ ઇસમે, કોઇપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિ.

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખન કાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહિ.

(૪) પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ, ઇલેકટ્રોનિક અઇટમ, મોબાઇલ ફોન, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગેરેનું વહન કરવું નહિ કે કરાવાવમાં મદદગારી કરવી નહિ.

(૫) ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં કે ભેગા થવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) આ હુકમ લગ્નનાં વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વે / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઇડ વ્યકિતઓને તથા ઉકત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ/વિદ્યાર્થીને તેમજ પરીક્ષાની કામગીરી માટે રોકાયેલા અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૪) ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં. અથવા સરઘસ કાઢવું નહીં, ભેગા થવું નહીં.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી,

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/પરીક્ષા/વશી-૧૮૮૨/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં માર્ચ-૨૦૧૫ની ૧૨મી માર્ચથી લેવાનાર SSC, HSC વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહની જાહેર પરીક્ષા તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૫ સુધી લેવાનાર છે. સદર પરીક્ષા ભરૂચ જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવનાર છે. જેથી મોટા અવાજે લાઉડસ્પીકર વગાડવાના કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે. તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ના સવારનાં ૬-૦૦ કલાકથી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૫ રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી લાઉડસ્પીકર, વાજીંત્રો તથા ડી. જે. સીસ્ટમ બેફામ, મનસ્વી રીતે તથા મોટા અવાજે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી બને છે.

વાસ્તે, હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લામાં તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ સવારનાં ૬-૦૦ કલાકથી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૫ રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી કોઈએ પણ લાઉડસ્પીકર, વાજીંત્રો તથા ડી. જે. સીસ્ટમ બેફામ, મનસ્વી રીતે તથા મોટા અવાજે વગાડવું નહિ, તેમજ લાઉડસ્પીકરનો અવાજ મકાનની બહાર જાય તે રીતે લાઉડ સ્પીકર વગાડવું નહિ.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ પર આજ રોજ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૧૮૮૧/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી ૨૮મી માર્ચ, ૨૦૧૫ દરમ્યાન લેવાનાર SSC, HSC વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહની જાહેર પરીક્ષા યોજાનાર છે. સદરહુ પરીક્ષા ભરૂચ જિલ્લામાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવાનાર છે. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોના ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉક્ત સ્થળોએ આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ સવારનાં ૦૬-૦૦ થી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૫ના રોજ રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લામાં લેવાનાર SSC, HSC વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની જાહેર પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ.

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

INDEX

(૩) ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તપાસ ટુકડીઓને.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલું.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી-૧૧૬૫ થી ૧૧૮૫/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવાના હેતુથી હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫ ના ૮-૦૦ કલાકથી તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા મનાઈ છે.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાનું;

(૫) અપમાનિત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સૂત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર "

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ દ્વારા જેઓને શારીરિક અશક્તિ છે, તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૧૮૮ થી ૨૨૯૨/૨૦૧૫.– અંકલેશ્વર શહેરી વિસ્તાર પરસોત્તમબાગથી મોદીનગરથી ભરૂચીનાકા થઈ ચૌટાનાકાથી પિરામણ નાકા થઈ ઓવર બ્રિજથી જુના તથા નવા હાઈવે તરફ પસાર થતા ભારે વાહનોના કારણે અંકલેશ્વર શહેરમાં ટ્રાફીક સમસ્યા રહે છે. હાલમાં અંકલેશ્વર શહેરમાં સરકારશ્રી દ્વારા નવી લાઈન નાંખવાનું કામ ચાલુ કરવાનું હોય, અંકલેશ્વર શહેરી વિસ્તાર પરસોત્તમબાગથી મોદીનગર થી ભરૂચીનાકા થઈ ચૌટાનાકાથી પિરામણ નાકા થઈ ઓવર બ્રીજથી જુના તથા નવા હાઈવે તરફ જતા રસ્તાને ભારે વાહનો માટે જાહેર જનતાની સુવિધા માટે રસ્તો બંધ કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો આદેશ કરૂં છું કે, તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૨૧મી મે, ૨૦૧૫ સુધી જાહેર જનતાની સુવિધા માટે અંકલેશ્વર શહેરના પરસોત્તમબાગથી મોદીનગરથી ભરૂચી નાકા થઈ ચૌટાનાકાથી પિરામણ નાકા થઈ ઓવર બ્રિજથી જુના તથા નવા હાઈવે સુધીનો રસ્તો ભારે વાહનો (એસ.ટી. બસ/સ્કુલ બસ/આવશ્યક ચીજ વસ્તુ-સેવા ધારા હેઠળ આવતી વસ્તુઓ સિવાય)ની અવર-જવર માટે બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

વધુમાં ખાસ કિસ્સામાં આ જાહેરનામામાંથી મુકિત આપવાના અધિકાર સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, અંકલેશ્વરને અધિકૃત કરવામાં આવે છે. સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, અંકલેશ્વર ખાસ કિસ્સામાં સંજોગોને આધિન જાહેરનામામાંથી મુકિત આપવાનો હુકમ કરી શકશે.

આ જાહેરનામાનાં કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા. ૧૭મી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૨૩૦૦ થી ૨૩૧૮/૨૦૧૫.–ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ભરૂચ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. ભરૂચ જિલ્લામાં બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી વાકેફ થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લાના તમામ વિસ્તારમાં કોઈ મકાન માલિક કે મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે મકાનના સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું છે ?	કંઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ સરનામાં / ફોટો તથા વાહનની વિગત	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અંગેનું

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૨૩૧૯ થી ૨૩૪૦/૨૦૧૫.–ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં મોટા પાયે કેમીકલ કંપનીઓ આવેલી છે. આ કેમીકલ કંપનીમાંથી નીકળતો સોલીડ વેસ્ટ તથા પ્રદૂષિત પાણી તેના શુધ્ધિકરણની ધોરણસરની પ્રક્રિયા કર્યા વિના જોખમી કચરાનો નીકાલ કરવા માટે નક્કી કરવામાં આવેલ સાઇટ સિવાયના સ્થળો રાત્રિનાં અંધકારનો લાભ લઇ ટેન્કરો મારફતે નિકાલ કરવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ છે. તેમજ અવાર નવાર કુદરતી પાણીના સ્ત્રોતમાં પ્રદુષણ ફેલાવતા હોવાનું ધ્યાને આવેલ છે. જેના કારણે જાહેર જનતાની જાન, સલામતી, જાહેર આરોગ્યને નુકસાન થાય છે. જેથી ભરૂચ જિલ્લાનાં અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે આવેલ જી.આઇ.ડી.સી. એસ્ટેટમાં ૨૦-૦૦ કલાક થી ૦૭-૦૦ કલાક સુધી ટેન્કરોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ માટે ભરૂચ જિલ્લાનાં અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે આવેલ જી.આઇ. ડી.સી. એસ્ટેટમાં ૨૦-૦૦ કલાક થી ૦૭-૦૦ કલાક સુધી તમામ પ્રકારના ટેન્કરોનાં પ્રવેશ કરવા તથા અવર જવર કરવા ઉપર પ્રતિબંધ મૂકવા આથી હુકમ કરવામાં આવે છે.

ખાસ કિસ્સામાં ગુણદોષ ધ્યાને લઇ સંબંધિત સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીને તેમના કાર્યક્ષેત્ર પૂરતી સદર જાહેરનામામાંથી મુકિત અંગેની પરવાનગી આપવા માટે અધિકૃત કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ આ હુકમ પર મારી સહી તથા સીક્કા કરી આપ્યા.

ભરૂચ, તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૩૪૧ થી ૨૩૫૮/૨૦૧૫.–ભરૂચ જિલ્લાનો સર્વાંગી ઔદ્યોગિક વિકાસ થઇ રહેલ છે. સરકારશ્રીનાં પ્રયત્નોથી ભરૂચ જિલ્લા વિસ્તારમાં અનેક ઘણા મોટા ઉદ્યોગો સ્થપાઇ રહેલ છે. આ ઉદ્યોગોમાં નોકરી અર્થે અલગ અલગ રાજ્યોનાં કામદાર/કર્મચારીઓ આવી સ્થાયી થઇ રહેલ છે જેથી લોક-વસ્તી સંખ્યા વિસ્તાર વધી રહેલ છે. ભરૂચ જિલ્લામાંથી નેશનલ હાઇવે નંબર-૮ પસાર થાય છે. અને મહત્વની રેલ્વે લાઇનો અસ્તિત્વમાં છે. આમ ભરૂચનો ઔદ્યોગિક આધુનીકરણ દ્રષ્ટિએ પણ વિકાસ થઇ રહેલ છે.

ભરૂચ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઇવે રોડ, સ્ટેટ હાઇવે રોડ એ દેશની જીવાદોરી સમાન છે. હાલમાં ભરૂચ વિસ્તારમાં નેશનલ હાઇવે અને સ્ટેટ હાઇવે પર હોટલો, ગેસ્ટ હાઉસો, પેટ્રોલ પંપો અને ટોલ ટેક્ષ પ્લાઝાઓ આવેલ છે.

આ હોટલો અને ગેસ્ટ હાઉસોમાં અને પેટ્રોલપંપો અને ટોલનાકાઓ પર હાઇવેથી પસાર થતા વાહન ચાલકો તેમજ સામાન્ય લોકો રોકાય છે. જેમાં રાજ્યના અને રાજ્ય બહારના લોકોનો સમાવેશ થાય છે.

ભરૂચ શહેર, જિલ્લાના નેશનલ અને સ્ટેટ હાઇવે ઉપર આવેલ તમામ હોટલો, પેટ્રોલપંપ, અને ટોલ પ્લાઝાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ હોવી જોઇએ તેમજ જિલ્લામાં આવેલ રહેવાની/રોકાવવાની સગવડ પુરી પાડતી તમામ હોટેલો/લોજ/ગેસ્ટહાઉસો/ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ/સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો/મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન/મોબાઇલ નંબર, જે વાહન લઇને આવેલ હોય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની/મોડલ દર્શાવતું નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવી જરૂરી છે. જેથી ગુના કરતી વ્યક્તિ/ગેંગ ઉપર ચા-નાસ્તા કરવા કે, જમવા આવે ત્યારે તેની ઓળખ થઇ શકે તથા તે જે વાહનમાં આવ્યા હોય તે વાહનની પણ ઓળખ થઇ શકે તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

સબબ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લામાં આવેલ હોટેલો/લોજ/ગેસ્ટહાઉસો/ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ/સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો/મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન/મોબાઇલ નંબર, જે વાહન લઇને આવેલ હોય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની/મોડલ દર્શાવતું નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવા તથા ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હોટલો, ટોલ પ્લાઝાઓ, પેટ્રોલપંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, સી.એન.જી. /એલ.પી.જી. પંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન તથા તેની બાજુમાં આવેલ દુકાન ઉપર પરિશિષ્ટમાં દર્શાવેલ કન્ફીગ્યુરેશન મુજબનાં પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી રેકોર્ડીંગ કરવું અને ડેટાનો બેકઅપ ૬ માસ સુધી રાખવા જણાવવામાં આવે છે.

પરિશિષ્ટ

Sr. No.	Video	
1	Imaging Device	1/4" CCC/CMOS
2	Effective Pixels	752 (H)×582(V)
3	Horizontal Resolution	600 (or better) TV Lines
4	Video Output Level	1.0 V p-p
5	S/N ratio	More than 50 db (AGC off)
6	Compression	H.264
7	Angle of View	70" (H) & 51" (V)
	Lens	
8	Zoom Ration	Varifocal
9	Focal Length	2.8 t 12 mm
10	Signal System	NTPS/PAL
	Night Vision	
11	IR LED and Sensor	External with minimum 10 Mtrs Distance
	Other Features	
12	White Balance	Auto
13	AGC, BLC, Flicker less	on/Off (Dip Switch)

INDEX

14	Shutter Speed	1/60-1/100,000 sec (NTSC) 1/50-1/100,000 sec (PAL)
	Electrical and Mechanical	
15	Input Voltage	12 V AC/DC, 230 V AC
16	Outdoor Housing	IP 66 Housing
17	Certification	UL, CE, FCC

આ જાહેરનામું તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૧) (૨) અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૧૦૧૬ થી ૧૦૩૧/ ૨૦૧૫.– આગામી તા. ૫મી માર્ચ, ૨૦૧૫ના રોજ હોળી તથા તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫નાં રોજ ધુળેટીના તહેવારની ઉજવણી થનાર છે. સદરહુ તહેવારની ઉજવણી ખૂબ જ શાંતિથી અને કોમી એખાલસ ભર્યા વાતાવરણમાં થાય તે હેતુથી સમગ્ર તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાનું જરૂરી જણાય છે.

ઉપરોક્ત હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ની પેટા કલમ (૧), (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા આથી ફરમાવું છું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપીની હકુમત હેઠળના સમગ્ર જિલ્લામાં તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તા. ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી;

(૪) ધાર્મિક સ્થળોએ લોકોની લાગણીઓ દુભાય તેવુ કૃત્ય કરવું નહી. તેમજ પ્લાસ્ટીકની કોથળીઓમાં કોઈ પદાર્થ કે પાણી ભરીને ધાર્મિક સ્થળોએ ફેંકવા નહીં;

(૫) કોઈ રાહદારીઓ કે અન્ય ધર્મના લોકોની લાગણીઓ દુભાય તેવુ કૃત્ય કરવું નહીં;

(૬) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી;

(૭) જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી;

(૮) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ/વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, તાપી જિલ્લા પોલીસ વડાશ્રી, તાપીએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરિક અશક્તિને કારણે લાકડી, લાઠી, લઈ જવાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ/વ્યક્તિઓ.

(૩) સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને લગતાં કાર્યક્રમોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ ના ૨૨મા) અધિનિયમની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

અર્જુનસિંહ બી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
તાપી, વ્યારા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બી.પી. એક્ટ કલમ-૩૭(૧)/વશી ૩૮૯૦ થી ૩૯૨૪/રજી. નં. ૩/૨૦૧૫.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ

અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ‘‘મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું, મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તા. ૨૪મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની;

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની;

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(૭) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે, કામ કરતી વ્યકિતઓ કે જેને તેનો ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

કલેકટર દ્વારા

વંચાણ :

૧. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૫(૧) અને ૧૯(૧).

૨. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૭મી મે, ૨૦૧૩નો પરિપત્ર નં. પરચ-૧૦૨૦૧૩-૪૪-આર.ટી.આઇ. સેલ

૩. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૭મી જૂન, ૨૦૧૩નો પરિપત્ર નં. જી.આઇ.સી.-૧૦૨૦૧૨-૫૭૫૬૪૫-આર.ટી.આઇ. સેલ

૪. સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનો તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૫નો પરિપત્ર ક્રમાંક/વહસ/૧૦૨૦૦૫-૨૫૫૬/-વસુતા પ્ર-૨

૫. કલેકટરશ્રી, નર્મદા ના નોંધ ઉપર આદેશ તા. /૦૨/૨૦૧૫.

હુકમ

ક્રમાંક આર.ટી.આઇ/પી.આઇ.ઓ/૧૭૬૦ - ૧૭૭૮/૨૦૧૫.– માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૫(૧) ની જોગવાઇઓ મુજબ દરેક જાહેર સત્તામંડળે તેની હેઠળના તમામ વહીવટી કચેરીઓમાં જરૂર હોય તેટલા જાહેર માહિતી અધિકારીઓને મુકરર કરવાના રહે છે. આ સાથે જ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૧૯(૧)ની જોગવાઇઓ મુજબ જાહેર માહિતી અધિકારી કરતા ઉપલો દરજ્જો ધરાવતા હોય તેવા અધિકારીને અપીલ અધિકારી તરીકે નિમણૂંક આપવાની રહે છે.

આ બાબતમાં વંચાણ (૨), (૩) અને (૪) થી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સુચનાઓ આપવામાં આવેલ છે. માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ-૧૯ હેઠળ થતી અપીલો બાબતે ઉભી થતી વિસંગતાઓનું નિવારણ કરવા વહીવટી સરળતા ખાતર માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૫ (૧) તથા ૧૯(૧) ની જોગવાઇઓ મુજબ વંચાણ (૨), (૩) અને (૪)ની સુચનાઓ મુજબ સુધારા ફરી નીચે મુજબના અધિકારીઓને મદદનીશ જાહેર માહિતી અધિકારી, જાહેર માહિતી અધિકારી તથા અપીલ અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણૂંક કરવા આથી હુકમ કરવામાં આવે છે.

INDEX

જાહેર સત્તામંડળ	મદદનીશ જાહેર માહિતી અધિકારી	જાહેર માહિતી અધિકારી	અપીલ અધિકારી
કલેકટર કચેરી, નર્મદા (રાજપીપળા)	નાયબ કલેકટર-૧, કલેકટર કચેરી નર્મદા નાયબ કલેકટર-૨, કલેકટર કચેરી, નર્મદા	નિવાસી અધિક કલેકટર, નર્મદા	કલેકટર, નર્મદા
પ્રાંત કચેરી, રાજપીપળા		પ્રાંત અધિકારી, રાજપીપળા	નિવાસી અધિક કલેકટર, નર્મદા
પ્રાંત કચેરી, દેડિયાપાડા		પ્રાંત અધિકારી, દેડિયાપાડા	નિવાસી અધિક કલેકટર, નર્મદા
મામલતદાર કચેરી, નાંદોદ		મામલતદાર, નાંદોદ	પ્રાંત અધિકારી, રાજપીપળા
મામલતદાર કચેરી, ગરૂડેશ્વર		મામલતદાર, ગરૂડેશ્વર	પ્રાંત અધિકારી, રાજપીપળા
મામલતદાર કચેરી, તિલકવાડા		મામલતદાર, તિલકવાડા	પ્રાંત અધિકારી, રાજપીપળા
મામલતદાર કચેરી, દેડિયાપાડા		મામલતદાર, દેડિયાપાડા	પ્રાંત અધિકારી, દેડિયાપાડા
મામલતદાર કચેરી, સાગબારા		મામલતદાર, સાગબારા	પ્રાંત અધિકારી, દેડિયાપાડા
જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, નર્મદા		મામલતદાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ	નિવાસી અધિક કલેકટર, નર્મદા
જિલ્લા પુરવઠા કચેરી, નર્મદા		જિલ્લા પુરવઠા અધિકારી, નર્મદા	નિવાસી અધિક કલેકટર, નર્મદા
જિલ્લા મ.ભો.યો. કચેરી નર્મદા		નાયબ કલેકટર મ.ભો.યો., નર્મદા	નિવાસી અધિક કલેકટર, નર્મદા
જિલ્લા આયોજન મંડળ, નર્મદા		જિલ્લા આયોજન અધિકારી, નર્મદા	નિવાસી અધિક કલેકટર, નર્મદા
રાજપીપળા નગરપાલિકા		મુખ્ય અધિકારી, નગરપાલિકા	પ્રાંત અધિકારી, રાજપીપળા

રાજપીપળા, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૫.

સહી (અવાચ્ય),
કલેકટર, નર્મદા-રાજપીપળા.

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ દ્વારા

જાહેરનામું

નંબર સીટીએસ/લે.રે. કોડ. ક.-૧૨૬-૯૫/મહાનગર પાલીકા/જાહેરનામું/૨૦૧૫.—ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક બીજીટી/૧૧/૨૦૧૩/૨૫૮૯/-હ, થી મહાનગર પાલીકા વડોદરાની હદ મુજબ સીટી સર્વે દાખલ કરવા મંજુરી મળેલ છે.

અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડીપાર્ટમેન્ટ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૩જી જાન્યુઆરી, ૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક કેવી/૪,૨૦૧૫/એમઆઇએસસી/વીએમએન/૯૦૨૦૧૪/૫૧૧૩/પી થી વડોદરા મહાનગર વિસ્તારની હદ મુજબ સીટી સર્વે વધારાના વિસ્તાર તરીકે સમાવેશ કરવા સીટી સર્વે સુપ્રિ.શ્રી નં. ૧-૨-૩-૪ તરફથી જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/ સર્વે અધિકારી/૧૪, તારીખ ૨૮મી મે, ૨૦૧૪ અને ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ, આથી હું, એ. જે. નાડા, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ, વડોદરા અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડીપાર્ટમેન્ટ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૩જી જાન્યુઆરી, ૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક કેવી/૪,૨૦૧૫/એમઆઇએસસી/વીએમએન/૯૦૨૦૧૪/૫૧૧૩/પી થી મહાનગર પાલીકા વડોદરાની હદને અનુરૂપ સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરું છું.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૫.

એ. જે. નાડા,
સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડઝ,
વડોદરા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, APRIL 16, 2015/CAITRA 26, 1937 [No. 16

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	575-606
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	16
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	31
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1179-1243

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/૧૦૮૪/૨૦૧૫.–જાહેર જગ્યાઓમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ ઉપર નીચે જણાવેલ કારણોસર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

(૧) ઉપરોકત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ થાય છે. જેની નાગરિકોના આરોગ્ય ઉપર વિપરીત અસર પડે છે.

(૨) ધ્વનિ પ્રદૂષણના લીધે નાગરિકોના કામમાં તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અડચણ ઉભી થાય છે.

(૩) ઉપરોકત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી સુલેહ ભંગ તેમજ સાંપ્રદાયિક બનાવો બને છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર GG/૪૨૨/C.R.C./૧૦૮૨/૧૦૮૦/M અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર GG/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ)ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ

INDEX

તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) જાહેરમાં ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) કલાક ૨૨-૦૦ થી કલાક ૬-૦૦ સુધી જાહેરમાં ધ્વનિ પ્રદૂષણ કરતા તમામ સાધનો એટલે કે લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ વગાડવા ઉપર તેમજ ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૩) કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન જાહેરમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ પરવાનગી મેળવીને કરી શકાશે.

(૪) માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે નાયબ પોલીક કમીશનરશ્રીને અરજી કરવી પરંતુ એક જ પોલીસ સ્ટેશન વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને અરજી-૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે. અને તે બદલ પ્રવર્તમાન કાયદાઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થઇ શકશે.

આ રીતે લાઉડસ્પીકર અથવા પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરતી વખતે નામદાર સુપ્રિમકોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ગાંધીનગરના નં. ગુ.પ્ર.નિ.બોર્ડ/નોઇસ/યુનિટ-૪/જન-PN-૫/૫૧૨૫૨, તા. ૧૪મી મે, ૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો,-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોટ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ૬-૦૦ થી રાત્રીના ૨૨-૦૦	રાત્રીના ૨૨-૦૦ થી સવારના ૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

(૧) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦-DB(A) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(૨) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-DB(A) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(૩) ધ્વનિ પ્રદુષણ અટકાવવા માટે નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૯૬ની જોગવાઈઓ મુજબ રાત દિવસ માટે કાયમી છે. આ કિસ્સામાં ધ્વનિ એટલે કે અવાજની મર્યાદા નક્કી કરવામાં આવે છે. જેની ધ્વનિ મર્યાદા નક્કી કરતાં યત્ર મારફતે તેના ડેસીબલ્સ (અવાજ મર્યાદા) બહારનો અવાજ હોય તે ગંભીર ગુનો બને છે. જેમાં ૦૫ વર્ષની સજાની જોગવાઇ છે તેમાં દિવસ રાતની કોઇ જોગવાઇ નથી ગમે ત્યારે આ ગુનો બને છે અને આ જોગવાઇ લગ્નના વરઘોડો કે ધાર્મિક કાર્યક્રમને પણ લાગુ પડે છે.

(૪) ધ્નવી પ્રદુષણ અટકાવવા માટે નામદાર સુપ્રિમ કોર્ટે કેટલીક ગાઇડ લાઈન્સ અને આદેશ આપેલ છે. જે મુજબ નોઇઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૯૬ની જોગવાઈની કલમ-૩, ૬, ૨૫ હેઠળ બનાવવામાં આવેલ ઉપરાંત નિયમોનું અનુમોદન કલમ-૧૫ હેઠળ ૦૫ વર્ષની સજાનો ગુનો બને છે.

(૫) કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૬) ધાર્મિક સ્થળોમાં કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ સુધી વગર પરવાનગીએ લાઉડ સ્પીકર/વાજીંત્રો/પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે, પરંતુ તેનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઇએ કે સંકુલની હદ બહાર જાય નહી.

(૭) લગ્નના વરઘોડામાં વગર પરવાનગીએ બેન્ડ વગાડી શકાશે, ઉપરાંત કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન લાઉડસ્પીકર અથવા ડીજે સિસ્ટમનો ઉપયોગ પરવાનગી લઈને કરી શકાશે.

આ જાહેરનામાનો અમલનો સમય અને વિસ્તાર વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૫ ના ક. ૦૦-૦૦ થી તારીખ ૪થી જૂન, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ I.P.C. કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આજ તારીખ ૦૧ માહે એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./મજુર/જાહેરનામું/૧૦૮૫/૨૦૧૫.—તાજેતરમાં વડોદરા શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળમાં વડોદરા શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુનાઓ કરનાર (ઘરફોડીયા) પકડાય છે. ત્યારે તપાસમાં આવા ગુના કરવાવાળા આરોપીઓ ગુનાના બનાવના દિવસો અગાઉ વડોદરા શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતાં ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવતા હોય છે. જેથી જનતાના જાન-માલ (મિલકત)ની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને દિન-૭માં જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા વડોદરા શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દિન-૦૩માં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ (સપ્લાયર)નું પુરૂ નામ સરનામું મો. નં. સહીત	:—	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:—	
૩	મજુરનું હાલનું સરનામું ટેલીફોન નંબર	:—	
૪	મજુરનું મુળ વતનનું સરનામું ગામ તાલુકો જિલ્લો	:—	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ	:—	
૬	મજુરનું વતનનું સ્થાનીક પો. સ્ટે. નું નામ તથા ટેલીફોન નંબર	:—	
૭	મજુરના વતનના આગેવાનનું નામ સરનામું ટેલીફોન નંબર	:—	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત	:—	
૯	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે ?	:—	
૧૦	મજુરનું ઓળખ માટેનું I.D. પ્રુફ (ફોટા સાથેનું)	:—	
૧૧	વડોદરા શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:—	
૧૨	વડોદરા શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ સરનામું :-	:—	

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નિશાન

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી ____________________

નામ ____________________

આ હુકમ તારીખ ૫મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૩જી જૂન, ૨૦૧૫ (બન્ને દિવસો સહીત) દિન-૬૦, દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧ માહે એપ્રિલ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઇ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૩૪/૨૦૧૫.–હાલમાં સુરત શહેરમાં આતંકવાદી તત્ત્વો, રાષ્ટ્રવિરોધી તત્ત્વો તથા અસામાજિક તત્ત્વો પોતાની ગેરકાયેદસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતા હોવાનું સામાન્ય બની જાય છે. ઘણીવાર આવા ગેરકાનુની તત્ત્વો સુરત બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઈંધણ પુરાવા માટે પેટ્રોલ પંપોએ જાય છે. આથી નાગરિકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્ત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગરૂપે સુરત શહેર કમિશનરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, રાકેશ અસ્થાના, આઈપીએસ, પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કમલ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના ગોઠવવાના રહેશે. અને (નાઈટવીઝન તથા હાઈ ડેફિનેશન) વિથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સીસીટીવી કેમેરામાં પેટ્રોલપંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઈવર તથા બાજુની સીટમાં બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટરીતે જોઈ શકાય તે રીતે ગોઠવવા

(૩) આજુ બાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઈ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સીસીટીવી ફુટેજમાં સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે.

(૪) આ સીસીટીવી કેમેરા રેકોર્ડીંગના ડેટા જે અંગ્રેજી મહીનાનો હોય તે પુરો થયા ત્યારબાદના બીજા એક મહિના સુધી સંગ્રહ કરી રાખવાના રહેશે. (દા.ત. જાન્યુઆરી મહિનાનું રેકોર્ડીંગ ફેબ્રુઆરી મહિનો પુરો થાય ત્યા સુધી સાચવવાનો રહેશે.

(૫) આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૬) પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પૂર્વક સીસીટીવી કેમેરા રાખવા. જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હીલચાલ સીસીટીવી કેમેરામાં કવરેજ લઈ શકાય.

(૭) નવા શરૂ થતાં પેટ્રોલ, ડીઝલ પંપ, ગેસ ફીલીંગ સ્ટેશનો સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમય ગાળો

આ હુકમનો અમલ તારીખ ૨જી એપ્રિલ, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૩૧મી મે, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સી.આર.પી.સી. કલમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

ક્રમાંક એસબી/સ્વાઈન ફલુ/જાહેરનામું/૩૫/૨૦૧૫.–સુરત શહેર સહીત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફલુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) માં રોગચાળો ફેલાઈ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણો ખાસ કરીને ઠંડી લાગવી, તાવ આવવો, કફ, ઉલ્ટી થવી, ગળામાં ખરેરાટી પડવી, શરીરમાં દુ:ખાવો થવો, માથામાં ગંભીર દુ:ખાવો થવો, ઉધરસ આવવી અને નબળાઈ અનુભવવી વિગેરે છે. આ રોગચાળા ના વિષાણુઓ ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળે મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેંફસાને અસર કર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોય, એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાઈ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ

(૧) સમગ્ર સુરત જાહેર સ્થળોએ સક્ષમ અધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન ઉત્સવ શાળા કોલજોમાં આયોજીત થતાં વાર્ષિક ઉત્સવ (નિયમિત અભ્યાસક્રમના વર્ગ સિવાય) સમૂહ આયોજન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલો, રેસ્ટોરંન્ટ મીઠાઈ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચતમ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી/ફળફળાદીના ધંધાર્થીઓને શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા ન રાખવા કે તેવી વસ્તુઓના ટુકડા કરી વેચાણ ન કરવું.

(૪) સિનેમાગૃહો, મોલ જેવા સ્થળોએ શરદી ખાંસીવાળા વ્યક્તિઓ જણાયતો સ્થળ માલીક દ્વારા પ્રવેશદ્વાર ઉપરજ માસ્ક આપવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલા હાથની યોગ્ય સફાઈ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) કોઈપણ વ્યક્તિને સ્વાઈન ફલુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યક્તિએ દર્દીની સંપૂર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

INDEX

વિસ્તાર

આ જાહેરનામું પોલીસ કમિશનર સુરત શહેર વિસ્તારમાં તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તા. ૧૩મી એપ્રિલ, ૨૦૧૫ ક. ૨૪-૦૦ સુધી અત્રેની કચેરીના ક્રમાંક એસ.બી./સ્વાઇન ફલૂ/જાહેરનામું/૨૪/૨૦૧૫, તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ બહાર પાડવામાં આવેલ છે.

વાસ્તે હું રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ની અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે,

હાલમાં પોલીસ કમિશનર, સુરત શહેર વિસ્તારમાં સ્વાઇન ફલૂનો રોગચાળો કાબૂમાં આવી ગયેલ હોય જેથી વધુ સમય માટે આ જાહેરનામું ચાલુ રાખવુ જાહેરહિતમાં હિતાવહ ન હોય જેથી સદર જાહેરનામુ તા. ૩૧મી માર્ચ ૨૦૧૫ના ક. ૨૪-૦૦ બાદ રદ કરવામાં આવે છે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એસબી/જાહેરનામું/૩૬/૨૦૧૫.- સુરત શહેરની હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ડો. બાબા સાહેબ આંબેડકર જયંતિ, પરશુરામ જયંતિ, અખાત્રીજ, રવિન્દ્રનાથ ટાગોર જયંતિ, મહારાણા પ્રતાપ જયંતિ, હરી જયંતિ, સીતા નોમ, ભીમ અગિયારસ વિગેરે તહેવાર આવતા હોય તેમજ જુદીજુદી ધાર્મિક શોભાયાત્રા તથા રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય. તેમજ હાલની આંતકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીન વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણાખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરતમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરિયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં. તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, લાકડી, લાઠી, તલવાર ભાલા, સોટા, ખંજર, ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવા કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર;

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર;

(૩) સ્ફોટક પદાર્થ લઇ જવા ઉપર;

(૪) પત્થરો અથવા બીજા શસ્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર;

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર;

(૬) વ્યક્તિઓના પુતળા બાળવા-લટકાવવા-પુતળાને ફાંસી આપવા ઉપર;

(૭) પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર;

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારી સમયગાળો અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૫મી એપ્રિલ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી જૂન, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેનાં ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

સંયુક્ત વાણિજ્યિક વેરા કમિશનર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) વેપારીશ્રી મે. શેરા સેનેટરી વેર્સ લી. નો.નં. ૨૪૦૪૦૯૦૦૦૬૭ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૯૦૦૦૬૭ ખોવાયેલ ''એફ'' ફોર્મની અરજી તા. ૦૪-૦૭-૨૦૧૪.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, વર્તુળ-૮, મહેસાણાના પત્ર જા. ૨૪૨૯/૩૦, તા. ૧૨-૦-૨૦૧૪.

(૩) કેન્દ્રીય વેચાણવેરા કાયદા-૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨(૨) મુજબ.

INDEX

જાહેરનામું

(કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪-એ ના પેટા નિયમ-૭ અન્વયે)

ક્રમાંક/સંવાવેક/વિ-૪/મહે/દારાકીય ફોર્મ રદ/૨૦૧૪-૧૫/જા. ૨૩૮૪/૨૪૦૬/૨૦૧૫.-સહાયક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, ઘટક-૩૩, કડીના ક્ષેત્રાધિકારના વેપારીશ્રી મે. શેરા સેનેટરી વેર્સ લી. નો.નં. ૨૪૦૪૦૯૦૦૦૬૭ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૯૦૦૦૬૭ ધરાવે છે.

તેઓશ્રીને સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, વિભાગ-૩, ગાંધીનગર દ્વારા મેન્યુઅલ આપવામાં આવેલ ‘‘એફ’’ ફોર્મ નં. ૦૬૫૧૫૭૦ તથા નં. ૦૬૯૨૬૮૨ પાના નં. ૨ જે વેપારીશ્રી દ્વારા ખોવાઇ ગયેલ છે. જે અંગે વેપારીશ્રી તરફથી તા. ૦૪-૦૭-૨૦૧૪ના રોજ લેખિતમાં જાણ કરેલ છે. જેની સાથે રૂ. ૧૦૦/-ના સ્ટેમ્પ ઉપર ફોર્મ-જી ઇન્ડમનીટી બોન્ડ રજુ કરેલ છે. ન્યુઝ પેપરમાં આપેલ જાહેરાતનું કટીંગ રજુ કરેલ છે. જે ચકાસણી કરતાં નીચેની વિગતનું ‘‘એફ’’ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીશ્રીનું નામ	ફોર્મનો પ્રકાર	ફોર્મની સંખ્યા	ફોર્મ નંબર	રદનું કારણ	કચેરી
૧	મે. શેરા સેનેટરી વેર્સ લી. નો.નં. ૨૪૦૪૦૯૦૦૦૬૭ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૯૦૦૦૬૭	‘‘એફ’’ ફોર્મ	(૨) પાના	૨૪-૦૬૫૧૫૭૦ તથા ૨૪- ૦૬૯૨૬૮૨	ખોવાઇ ગયેલ હોવાથી	સહાયક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, ઘટક-૩૩, કડી

આથી હું એમ.એફ. નગીનગર, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનર, વિભાગ-૪, મહેસાણા કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪-એ ના પેટા નિયમ-૭ અને કેન્દ્રિય વેચાણવેરા કાયદા ૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨(૨) મુજબ અન્વયે મળેલી સત્તાની રૂએ ઉક્ત દર્શાવેલ ફોમ્સ રદ બાતલ જાહેર કરૂ છું.

એમ. એફ. નગીનગર,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનર,
વિભાગ-૪, મહેસાણા.

BY PRINCIPAL DISTRICT JUDGE,

1. Hon’ble High Court Letter No. A.-2404/2011, Dated 12th March, 2015.
2. Government of Gujarat, Legal Department Notification No. GK/8/2015/CCA/102011/806(A) and 806(B)/D (Part 8), Dated 25th March, 2015.
3. Hon’ble High Court Notification No. A.-0705(I)/2015(22), Dated 26th March, 2015.

Notification

No. B-16/1/1347/2015.–It is hereby notified for general information of all concerned that the Court of Principal Civil Judge and Judicial Magistrate, First Class is established at taluka place Bhabhar in this Banaskantha District and it is to be started functioning with effect from 04-04-2015, Saturday at the below mention address :

Address : **“NYAY SANKUL”,**
Near Mamlatdar Office,
Radhanpur Highway,
At BHABHAR,
District Banaskantha.
PIN - 385 320.

Phone No. : **Office 02735 - 223288**
District 02735 - 223188

Palanpur 31th March, 2015.

A. C. JOSHI,
Principal District Judge,
Banaskantha - Palanpur.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/પીઓએલ/એસ.આર.-૧૬/૨૦૧૫.-અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઇન ફલુ ઇફ્લુએન્જા (H1 N1 SWINE FLU) નો રોગ ચાળો ફેલાતા આ અંગેનું તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના જાહેરનામાં ક્રમાંક નં. એમએજી/પીઓએલ/એસઆર.-૧૧/૨૦૧૫ થી આ રોગચાળો ચેપી પ્રકારનો હોઇ એક વ્યકિતથી બીજી વ્યકિતમાં ઝડપથી ફેલાવવાની શકયતા જણાતાં આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાંક નિયંત્રણો મુકવા જરૂરી જણાંતા તા. તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી. તા. ૨૨મી એપ્રિલ, ૨૦૧૫ સુધી જાહેરનામું બહાર પાડવામાં આવેલ. હાલમાં સ્વાઇન ફલુનાં કેસોમાં ઘટાડો થયેલ હોઇ આ રોગચાળાનો પ્રભાવ ઘટી ગયેલ હોવાનું જણાતું હોઇ,

વાસ્તે હું, રાજકુમાર બેનીવાલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ દ્વારા તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામું તાત્કાલીક અસરથી પાછું ખેંચવામાં આવે છે.

આજ રોજ તા. ૨૪મી માર્ચ ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવેલ છે.

રાજકુમાર બેનીવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/સીપીસી/વશી/૩૮૪૫ થી ૩૮૮૯/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્ત્વો દ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણી બધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલ્કત હાની કરવામાં આવેલ આવી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે. ગેરકાયદેસર પ્રવૃત્તિને કારણે નાગરીકોના જીવ જોખમાય છે. મિલ્કતને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. મંદિરોમાંથી આભુષણોની ચોરી, વાહન ચોરીઓ, એન્ટીક મુર્તિઓની ચોરી, ધાડ, લુંટના ગુનાનાં કારણે નાગરીકો અસલામતી અનુભવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવામાં મુશ્કેલ બને છે. જેથી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક જી.૧/કા.વ્ય./ટે.ર./જાહેરનામું/૮૩૯/૨૦૧૨ના પત્રના પત્રથી મળેલ સુચના અન્વયે.

હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો, નવસારી ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) નવસારી જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફીકેશન થઈ શકે ગુનો ડીટેક્ટ કરવામાં આ કડી મહત્વની બને એટલુ જ નહી ગુનેગારોની વિરુધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય જેથી જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપરના ફીલીંગ સ્ટેશનો ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે ગોઠવવા પેટ્રોલપંપ ઉપર આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) નવસારી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલી વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) નવસારી જિલ્લામાં આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતાં જતા દરેક વાહનોનાં નંબર આઈડેન્ટીફીકેશન થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) નવસારી જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. સેન્ટરો ઉપર સી.સી.ટી.વી. કેમેરા અને ખાનગી સિક્યુરીટી ગાર્ડ (૨૪ કલાક માટે) રાખવાં જેથી વ્યક્તિઓનું આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા ક્લોલીટીનાં રાખવા ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૫) સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનના રાખવા કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા ક્વોલીટીનાં રાખવા ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૬) ચીલઝડપ, ચોરી, ધાડ, લુંટ, બોમ્બ બ્લાસ્ટ કરવાના પ્રયત્નો તથા સમાજ વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડ-ભાડવાળા તેમજ લોકોની અવર-જવરવાળા વિસ્તારથી માહીતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલકતને નુકશાન ન થાય તે માટે જરૂરી તકેદારી રાખવા સારુ નવસારી જિલ્લામાં આવેલ મોટા ધાર્મિક સ્થળો કે જ્યાં કાયદો અને વ્યવસ્થા જોખમાવાની શક્યતા હોય, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, સુપર માર્કેટ/શોપીંગમોલ, શોપીંગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસો, થિયેટરો, લોજીંગ બોર્ડીંગો , ધર્મશાળાઓ, અતિથીગૃહો, વિશ્રામગૃહોમાં બહુમાળી બિલ્ડીંગોમાં તથા મોટા ધાર્મિક સ્થળોમાં અંદરના ભાગે સી.સી.ટી.વી કેમેરા મુકવા સારુ.

અપવાદ :- સોના ચાંદી તથા ડાયમંડના દાગીનાનું જોબ વર્ક કરતા કારીગરો, નાના ધાર્મિક સ્થળો કે જ્યાં વધુ સંખ્યામાં માનવ મેદની એકત્રીત થતી ન હોય.

આ હુકમ તા. ૨૪મી માર્ચ, ૨૦૧૫થી તા. ૨૩મી મે, ૨૦૧૫ (બન્ને દિવસો સહીત) માટે અમલમાં રહેશે. તથા આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/ટ્યુશન/વશી.-૩૯૬૫ થી ૪૦૦૦/૨૦૧૫.– નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. અને રાત્રે મોડા સુધી ચાલે છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતાં રાત્રે પરત આવતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઇ ગંભીર પ્રકારનો ગુનો અગાઉ સુરત ખાતે બનેલ છે. ભવિષ્યમાં આવા ગંભીર પ્રકાના ગુનાઓ અત્રેના જિલ્લામાં બને તેવી શકયતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના ૨૦-૦૦ કલાક બાદ શૈક્ષણિક ટયુશન કલાસીસ ચલાવવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારીની રૂએ આથી હુકમ કરૂં છું કે,

નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સવારના કલાક ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના ૨૦-૦૦ કલાક બાદ શૈક્ષણિક ટયુશન કલાસીસ ચલાવવા નહી.

આ હુકમ તા. ૨૪મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૩મી મે, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/સીપીસી/વશી.-૪૦૦૧ થી ૪૦૪૫/૨૦૧૫.–મુંબઇ જેવા શહેરોમાં અગાઉ થયેલ ત્રાસવાદી હુકલા તથા દેશના અન્ય શહેરોમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ જેવા બનાવોથી સ્પષ્ટ થયેલ છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો જિલ્લાના રહેણાંક વિસ્તારમાં તથા તમામ ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પલેક્ષ) માં અનુક્રમે મકાનો, ધંધાના એકમો, ઓફિસો ભાડે રાખી ગુપ્ત આશરો મેળવી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડં તેવા બનાવો ન બને તે માટેની તકેદારી રાખવી જરૂરી જણાય છે.

તેમજ જિલ્લામાં ભુતકાળમાં તથા તાજેતરમાં લુંટ, ધાડ, ખુન અપહરણ જેવા બનાવો બનેલ જેમાં એવું જોવા મળેલ છે કે, આવા ગુનાઓની વિગતો જોતા કારખાનામાં, મકાન બાંધકામમાં તથા ફેકટરીઓમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરો તથા ગુજરાતના અન્ય વિસ્તારના લોકો ઉપરોક્ત ગંભીર પ્રકારના ગુન્હા પોતે તથા તેના સાગરીતો દ્વારા આચરયા બાદ ગુજરાતમાં અથવા અન્ય રાજ્યોમાં, પોતાના વતનમાં ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણ શોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણાં કિસ્સામાં પરપ્રાંતીઓ, ગુજરાતના અન્ય વિસ્તારના લોકો તેમના વતનમાં કે અન્ય કોઇ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અત્રેના જિલ્લામાં આશરો લેતા હોય છે. તેવી હકીકત જણાઇ આવેલ છે. આવા ઇસમો જિલ્લાની સલામતી અને શાંતિ જોખમાય તેવા કૃત્ય કરતા હોય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલાતમી જાળવવા સારૂ. સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : વિ. ૧-કઅવ-૧૦૨૦૦૮-૧૪૪૫૭, તા. ૫મી ડીસેમ્બર, ૨૦૦૮ ના પત્રથી મળેલ સુચના અન્વયે.

હું, રેમ્યા મોહન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી જિલ્લો નવસારી ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો) ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

૧. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો, વાણિજ્ય એકમો, ઉત્પાદન એકમો, જુદાજુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે શૈક્ષણિક એકમોકે કે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે. તેમને આ જાહેરનામુ લાગુ પડશે. મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઇવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે. તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધીત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીમાં આપવાની રહેશે.

૨. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો, વાણિજ્ય એકમો, જુદા જુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે રહેણાંક એકમો કે શૈક્ષણિક એકમો કે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઇવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધીત જે તે પોલીસ સ્ટેશન ખાતે દિન-૧૦માં આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નં. ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહીતીનું રજીસ્ટર તૈયાર કરી દિન-૦૫માં જે તે વિસ્તારના પોલીસ સ્ટેશને આપવાનું રહેશે.

અ. નં.	માલીકનું નામ સરનામું, ટેલીફોન, મોબાઇલ નંબર તથા ધંધાની વિગત	કર્મચારીઓ, કારીગરો, મજુરનું પુરૂ નામ ઓળખચિન્હ તથા સરનામું, ટેલીફોન નંબર તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ-સરનામા	કર્મચારી, કારીગર, મજુરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી, કારીગર, મજુરને કોના રેફરન્સ, પરિચયથી ભલામણથી નોકરીએ રાખેલ છે. તેનું નામ સરનામું ટેલીફોન નંબર	નોકરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૨૪મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૨૩મી મે, ૨૦૧૫ (બંન્ને દિવસો સહીત) માટે અમલમાં રહેશે.

જે કોઇ સંસ્થા, એસોરીએશન અથવા એજન્સી આ પ્રકારના કર્મચારી/કારીગરો/મજુરોની માહિતી એકત્ર કરવા માંગતા હોય તેમને સંબંધીત એકમો તથા કામ કરતા કર્મચારીઓએ પુરતો સાથ સહકાર આપવો તેમજ પુરેપુરી માહીતી આપવી. જે કોઇ આવી માહિતી આપવા ઇન્કાર કરે, અથવા અધુરી માહિતી આપે, કે માહિતી આપવામાં વિલંબ કરે તો પણ આ જાહેરનામાં અંતર્ગત ભંગ થયેલો ગણાશે. તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

અપવાદ

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, પબ્લીક સેકટર, ચુંટાયેલી સંસ્થાઓ ઉપર હુકમ લાગુ પડશે નહિં.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડ્યો.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર મજસ/જાહેરનામું/૪૨૭ થી ૪૫૫/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૧૧મી માર્ચ, ૨૦૧૫ના પત્ર નંબર એસ.ઓ.જી./જાવક/૧૨૧/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ થયેલ આતંકવાદી તત્ત્વો દ્વારા જાનહાની માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટના ઘટેલ છે. ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો પંચમહાલ જિલ્લાની હોટેલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશની બહારથી આવતા આવા તત્ત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે આપતા માલિકો રૂમ ભાડે આપે ત્યારે નીચે મુજબની શરતોનું પાલન કરી આપે તો ગંભીર પ્રકારના બનતા ગુન્હાઓ ઉપર અંકુશ લાવી શકાશે તેમજ લોકોની જાનમાલને નુકશાન થતુ અટકાવી શકાશે.અને આવનાર દિવસોમાં ચૈત્રી નવરાત્રી તથા અન્ય તહેવારો આવનાર છે. જેથી લોકોની સુરક્ષાને ધ્યાને રાખી નીચે મુજબની શરતો મુજબ જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

સબબ, હું, પી. ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરાના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા દેશી/વિદેશી નાગરીકોને રૂમોં ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહી અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહિતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને, ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહી.

(૫) દેશી/વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહિતના નકકર પુરાવા મેળવવા.

(૬) પંચમહાલ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે સીટી એરીયામાં કઇ જગ્યાએ રોકાઇ કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુમકનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : એમએજી/જાહેરનામું/વશી/૪૫૬ થી ૪૮૪/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જાહેરનામું/૧૨૨/૨૦૧૫, તા. ૧૧થી માર્ચ, ૨૦૧૫ થી જણાવ્યા મુજબ બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્ત્વો દ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી અથવા વેચાણથી રહેણાંક વિસ્તારમાં મકાન લઇ સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઇ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદ ઇરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી તેમજ માનવ જિંદગીની ખુવારી કરી લોકોની સંપત્તિને નુકશાન કરી જતા રહેતા હોય છે. અને પાછળથી તેઓના નામ, સરનામા મળી શકતા નથી. અને ગુન્હાઓનો ભેદ ખુલી શકતો નથી. અને આવનાર દિવસોમાં ચૈત્રી નવરાત્રી તથા તહેવારોને ધ્યાને લઇ બહારના રાજ્યના (પર પ્રાંતિય) ઇસમોને મકાન ભાડે આપવા અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઇના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, પી. ભારથી, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરાના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લા વિસ્તારમાં કોઇ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહિં. ભાડા આપેલ મકાનની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત વિસ્તાર મકાન નંબર	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે. ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે.	કઇ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમાં રહેનાર વ્યક્તિના પાકા નામ સરનામા.	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ -૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૪૮૫ થી ૫૧૩/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નં.એસ.ઓ.જી./જાવક/૧૨૩/૨૦૧૫, તા. ૧૧મી માર્ચ, ૨૦૧૫ થી રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિદ્ધ થતા અહેવાલો વર્તમાન અને ભુતકાળમાં બનેલ આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલમિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની ફોર-થ્રી વ્હીલર ગાડીઓ જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્ત્વો દ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે. અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાતી હોય છે. આવનાર દિવસોમાં ચૈત્ર નવરાત્રી તથા અન્ય તહેવારો આવનાર છે. જેથી આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુની સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર વાહનો ખરીદવા-વેચવા અંગે સી.આર.પી.સી. ૧૪૪ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આતંકવાદી તત્ત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય. તે ધ્યાને રાખી દરખાસ્ત મોકલી આપેલ છે. ઉપરોક્ત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

INDEX

સબબ, આથી હું પી. ભારથી, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં જુની સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર.	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત.	જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ.	એન્જીન/ચેસીસ નંબર, મોડેલ નંબર, રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

(૧) જુનુ ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર/ચેસીસ નંબર લખવો.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૫૧૪ થી ૫૪૨/૨૦૧૫.–પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૧૧થી માર્ચ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક એસઓજી/જાવક/૧૨૪/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઇલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જીલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઇલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઇ આવેલ છે. તે માટે મોબાઇલ ફોન લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ફોન ખરીદેલ જે મોબાઇલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઇ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતાઓ દ્વારા મોબાઇલ સીમ કાર્ડ તેમજ જુના-નવા મોબાઇલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઇલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઇલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તો ઉપરોક્ત તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તેમ છે. અને આવનાર દિવસોમાં ચૈત્રી નવરાત્રી તથા અન્ય તહેવારો આવનાર છે જેથી તે અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઇને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતા દ્વારા મોબાઇલના સીમ કાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદ કરી તે દ્વારા બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

INDEX

સબબ, આથી હું, પી.ભારથી, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં મોબાઇલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા વિક્રેતાઓ/વેપારીઓએ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે. તથા તે અંગેનું રેકર્ડ રાખવાનું રહેશે. તેમજ રજીસ્ટર નીચેના નમુનામાં નિભાવવાનું રહેશે.

જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઇલ ફોનની વિગત / કંપની	IMEI NO.	મોબાઇલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઇલ ફોનની વિગત / કંપની	IMEI NO.	મોબાઇલ વેચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત / કંપની	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત.	આઇ. ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/સીસી ટીવી/જાહેરનામું/૫૪૩ થી ૫૭૧/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૧૧મી માર્ચ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક એસઓજી/જાવક/૧૨૫/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુ ચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભોગે રાજ્ય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઇ આ પ્રકારની પ્રવૃત્તિઓ આચરતા હોય છે.

અસામાજીક તત્ત્વો દ્વારા આચરવામાં આવતી ઉપરોક્ત પ્રકારની ગુન્હાહીત પ્રવૃત્તિઓના કારણે જાહેર સલામતી સુરક્ષા, તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો જાહેર જનતા, પ્રજામાં, અસલામતી, અસુરક્ષાનો માહોલ ફેલાય છે, અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળતી હોય છે. તેમજ આવનાર દિવસમાં ૨૬મી જાન્યુઆરી તથા અન્ય તહેવારો આવનાર છે જેથી આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા તથા તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય, તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓ/બનાવો બનતા અટકાવી શકાય, તે હેતુસર હાઇ-વે રોડ પર આવેલ હોટલો, પેટ્રોલ પંપો, ટોલપ્લાઝા વિગેરે સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અને આવનાર દિવસોમાં ચૈત્રી નવરાત્રી તથા અન્ય તહેવારોને ધ્યાને લઇ તમામ અસામજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઇ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉક્ત માંગણી વ્યાજબી જણાય છે.

પંચમહાલ જિલ્લામાં ઉપરોક્ત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દ્રષ્ટિએ તકેદારીના પગલાંરૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાતાં, હું, પી. ભારથી, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ફોજદારી કાર્યરીતિ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

INDEX

પંચમહાલ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઇ-વે ઉપરની હોટલો, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, જેવા સ્થળો ખાતે સંબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ખાતેના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલોના ભોજન કક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઇ-વે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વિડીયો રેકોર્ડીંગ થઇ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા નાઇટવીઝન કેમેરા (હાઇડેફીનેશન) સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરા નાઇટવીઝન કેમેરા (હાઇડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી. ટી. ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરાઓ ગોઠવવા.

સદર જાહેરનામાંના ભંગ બદલ ગુન્હા બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુન્હો બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુન્હો દાખલ કરતાં પૂર્વ સબંધીત પેટા વિભાગના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ -૧૪૪ હેઠળ.

નંબર મજસ/મકાન ભાડા/જાહેરનામું/૫૭૨ થી ૬૦૦/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૧૧મી માર્ચ, ૨૦૧૫ના પત્ર નંબર એસ.ઓ.જી./જાવક/૧૨૬/૨૦૧૫ થી જણાવ્યા મુજબ તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા ગત તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૨ના સાંજના સમયે આતંકવાદી-અસામાજીક તત્ત્વો દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરમાં હૃદયસમા ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કીલોમીટરના ડાયરામાં ''Low intensity'' ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવામાં આવેલ છે. તથા બે બોમ્બે એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસ સ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ તેમજ તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે અને અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ આવનાર દિવસોમાં ચૈત્રી નવરાત્રી તથા અન્ય તહેવારો આવનાર છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

સબબ, હું, પી. ભારથી (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

INDEX

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ પંચમહાલ જિલ્લામાં ભાડે આપેલ હોય તેની વિગત

ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત. (ઔદ્યોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફ્લેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફીસ/ગોડાઉન/શેડ પ્લોટ વિગેરે મિલ્કત)
ઔદ્યોગિક એકમ, મકાન માલીકનું નામ શ્રી / શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... સરનામું..
ફોન નં. (ઘર) .... (ઓફીસ) ....(મો)..
ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી / શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલ્કતનું સરનામું ....
(ભાડે રાખેલ મિલ્કત) નો ફોન નંબર .... (મો) ....
કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો .... રીન્યુઅલ તારીખ.....................................
ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું)
ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)..
નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું..
ભાડુ કેટલું ₹ .... ડીપોઝીટ ₹ ....

નિયમો

૧. આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

૨. આ ફોર્મ સંપૂર્ણ ભરીને મિલ્કત માલિક અથવા ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

૩. આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

૪. તમારી મિલ્કત કોઈનો કબ્જો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણુંક પત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું.

૬. ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૭. આ સાથે ₹ ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

૮. મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

૯. ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.

૧૦. બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખી આપવી.

૧૧. આ ફોર્મ પંચમહાલ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખુ રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી...
એજન્ટનું સરનામું ....
ફોન નં. (ઘર) ....(ઓફીસ)...(મો).......................................
ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું ....
(૧)
ફોન નં. (ઘર) ....(ઓફીસ)...(મો).......................................
(૨)
ફોન નં. (ઘર)...(ઓફીસ)...(મો).......................................

INDEX

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન મલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	પોલીસ સ્ટેશનનો સહી સિક્કો અને તારીખ
ભાડુઆતની સહી	મિલ્કત માલીકની સહી	એજન્ટની સહી

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

પી. ભારથી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૨૦૦ થી ૧૨૧૯/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે. કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૨૯મી માર્ચ, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

“ ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ”

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી/૨૪૩૨ થી ૨૪૫૧/૨૦૧૫.– ભરૂચ શહેરી વિસ્તાર તથા સમગ્ર ભરૂચ જિલ્લામાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, સ્કુલ/કોલેજ જતી છાત્રાઓ તથા પોતાના કામે જતી મહિલાઓ તેમજ એકલી જતી મહિલાઓને કેટલાક અનિષ્ટ તત્વો અશ્લિલ ચેનચાળા કરીને કે પીછો કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે. આવી રીતે સ્કુલ/કોલેજ જતી છાત્રાઓ તથા પોતાના કામે જતી મહિલાઓ તેમજ એકલી જતી મહિલાઓની એકલતાનો લાભ લઇ ગંભીર પ્રકારનાં ગુના ભુતકાળમાં બનેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે નકારી શકાય તેમ નથી આવા ગંભીર બનાવોનાં કારણે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી. જાહેર જનતા તેમાં પણ વિશેષ કરીને મહિલાઓ/બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઇને ઘરની બહાર જઇ શકે તેમજ હરી ફરી શકે તે માટે ભરૂચ શહેરી વિસ્તાર તથા સમગ્ર ભરૂચ જિલ્લામાં આવેલ સ્કુલ/કોલેજ/ટયુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલથી ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઇપણ પુરૂષ/પુરૂષોએ વ્યાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી, ભરૂચ જિલ્લાનાં સમગ્ર મહેસુલી વિસ્તારમાં આવેલ સ્કુલ/કોલેજ/ટયુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલની ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઇ પણ પુરૂષ/પુરૂષોએ વ્યાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી પ્રતિબંધ મૂકું છું. આ પ્રતિબંધ નીચે દર્શાવેલ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સ્કુલ/કોલેજ/ટયુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓ.

(૨) સ્કુલ/કોલેજ/ટયુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ખાતે છોડવા તથા લેવા આવતા ઓટો તથા વાન માલિકો/ડ્રાઇવરો (જેમની પાસે ઓળખપત્ર હોય તેવા)

INDEX

(૩) સ્કુલ/કોલેજ/ટયુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા આવતા વાલીઓ.

(૪) સ્કુલ/કોલેજ/ટયુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર વ્યાજબી કામથી આવતા વિદ્યાર્થી તથા વાલીઓ.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૪૫૨ થી ૨૪૭૧/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં મિલકત સંબંધી ચોરીઓનાં બનાવો પૈકી તાજેતરમાં વાહન ચોરીના બનાવો પણ દિનપ્રતિદિન વધતા જણાયેલ છે. જ્યારે પણ વાહન ચોરીના બનાવોની તપાસ કરવામાં આવે છે. ત્યારે આવા વાહનો ચોરાયાની ફરીયાદ લીધા બાદ સમગ્ર પાસાઓની તપાસ કરવાની રહે છે. શક્ય છે કે, ચોરીની ફરીયાદ લખાવ્યા બાદ બીજા ખોટા રજીસ્ટ્રેશન નંબર લગાડી તે વાહનનો ચોરીનો વિમો મેળવી ખોટા નંબરથી ચાલુ હોય અથવા જૂનું થયેલ હોય તો કબાડીમાં વેચી નાંખ્યા બાદ વિમો પકવવા ફરીયાદ રજીસ્ટર કરાવેલ હોય અથવા ટેક્ષી પાર્સીંગ અથવા ટેક્ષી સિવાય પણ રોડ ટેક્ષ/આર.ટી.ઓ ટેક્ષ બચાવવા ખોટી ફરીયાદ કરેલ હોય જેથી આવી બાબતો ધ્યાને લઇ તપાસ કરવી રહે છે. જેથી આવુ થતા અટકાવવા તથા શોધી કાઢવા માટે અમુક નિયંત્રણો લાદવા જરૂરી જણાય છે. જેથી પી.યુ.સી. પ્રમાણપત્ર ઇશ્યુ કરનાર સંસ્થા/એજન્સીઓ ઉપર જાહેર જનતાના માલ-મિલકતની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મૂકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી ભરૂચ જિલ્લામાં આવેલ પી.યુ.સી. પ્રમાણપત્ર ઇશ્યુ કરનાર સંસ્થા-એજન્સીએ જાહેર જનતાના માલ-મિલકતની સલામતી તથા સુરક્ષા માટે નીચે જણાવેલ કાર્યવાહી ફરજીયાતપણે કરવાની રહેશે.

ફરજીયાત કરવાની કાર્યવાહી

(૧) પી.યુ.સી. માટે વાહન લઇ આવનારનું નામ તથા મોબાઇલ નંબર ફરજીયાતપણે નોંધવા.

(૨) પી.યુ.સી. માટે આવેલ વાહનનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર અસલ આર. સી. બુકથી ખાત્રી કરવી.

(૩) પી.યુ.સી. માટે આવેલ વાહનનો એન્જીન નંબર તથા ચેચીસ નંબર અસલ આર.સી. બુકથી ખાત્રી કરી નોંધ કરવી.

(૪) પી.યુ.સી. માટે વાહન લઇ આવનારનું લાયસન્સ ચેક કરવું.

(૫) પી.યુ.સી. માટે આવતા તમામ વાહનો અંગે નીચે દર્શાવેલ બાબતોની નોંધણી અંગેનું રજીસ્ટર ફરજીયાત નિભાવવું અને દર શનિવારે સાંજે ૨૦-૦૦ કલાકે અઠવાડિક એક નકલ વિસ્તારના લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે અને પોતાના પાસેની નકલ નાશ ન થાય તે રીતે રેકર્ડ રૂપે જાળવવાની રહેશે.

અ.નં.	પી.યુ.સી. આપનારનું નામ, સરનામુ	પી.યુ.સી. માટે આવેલ વાહનનો રજીસ્ટ્રેશન નંબર	પી.યુ.સી. માટે આવેલ વાહનનો પ્રકાર (કંપની/મોડલ)	વાહન લઇ આવનારનું નામ, સરનામુ તથા મોબાઇલ નંબર	વાહનનો કલર તથા રજીસ્ટ્રેશન વર્ષ	વાહનનો એન્જીન નંબર	વાહનનો ચેસીસ નંબર	વાહન ચાલકનો લાયસન્સ નંબર તથા ઇશ્યુ વર્ષ	આપવામાં આવેલ પી.યુ.સી. નંબર તથા તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમનો ભંગ કરનાર એજન્સી/સંસ્થા/વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૪૭૨ થી ૨૪૯૧/૨૦૧૫.–ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારો ઉપરાંત ભારતનું સૌથી મોટું તેલક્ષેત્ર ધરાવતી ઓ.એન.જી.સી. ઉપરાંત કેટલાક જાહેર ક્ષેત્રના અને ખાનગી ક્ષેત્રના ઉદ્યોગ ગૃહો આવેલા છે. આ ઉપરાંત શોપીંગ મોલ, કોમર્શીયલ સેન્ટરો વગેરે પણ આવેલા છે. આવા ઉદ્યોગ ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓ

INDEX

ઉપરાંત જુદા જુદા વ્યાપાર ધંધો ધરાવતા વ્યાપારી વર્ગ અને અન્ય લોકો નાણાકીય વ્યવહારો બેંક દ્વારા કરતા હોય, અને બેંકો તેમના ગ્રાહકોને સુવિધાના વ્યાપને વધારવાના હેતુથી પોતાની સેવાનું ક્ષેત્ર વિકસાવી ગ્રાહકો માટે બેંક ઉપરાંત અન્ય સ્થળો ઉપર પણ તેમના એ.ટી.એમ. સેન્ટરો ઉભા કરેલ છે. અને આવા એ.ટી.એમ. સેન્ટરોમાં ઉપયોગમાં લેવાતા મશીનમાં જે તે બેંકો મોટા પાયે રોકડ રકમ સ્ટોર કરતી હોય છે.

રાષ્ટ્રીયકૃત તથા બિન રાષ્ટ્રીયકૃત બેંકોનાં એ.ટી.એમ. સેન્ટરો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા છે. જેના કારણે હાલમાં રાજ્યમાં બની રહેલ ચોરી-લૂંટ, એ.ટી.એમ.ને ઉચકીને ચોરી કરી લઇ જવું, અસામાજિક તત્વો દ્વારા એ.ટી.એમ. કાર્ડ ધારકોને માર મારી લૂંટ કરવી વગેરે બનાવો બનવા પામે છે. બેંકોના એ.ટી.એમ. સેન્ટરો ઉપર સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા જે તે બેંક દ્વારા કરવાની રહેતી હોય છે. પરંતુ એવુ ધ્યાન પર આવેલ છે કે, ઘણી ખરી બેંકો તેમના એ.ટી.એમ. સેન્ટરોને રેઢીયાળ અવસ્થામાં રહેવા દે છે. એ.ટી.એમ. સેન્ટરો ઉપર નાણાની સુરક્ષા માટે સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા રાખતી ન હોવાનું જણાયેલ છે. જેથી રાષ્ટ્રીયકૃત તથા બિનરાષ્ટ્રીયકૃત બેંકોના એ.ટી.એમ. સેન્ટરો ઉપર કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દ્રષ્ટિએ સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા ફરજિયાતપણે થાય તો એ.ટી.એમ. સેન્ટરો ઉપર ચોરી-લૂંટ જેવી પ્રવૃત્તિ થતી હોય તો તેને અટકાવી શકાય તેમ છે. તેમજ આ વ્યવસ્થા કરવાથી કોઇપણ વ્યક્તિને થતી અડચણ, ત્રાસ કે નુકશાન તેમજ લોકોના જાન, સલામતીને થતુ જોખમ તેમજ સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ માટે જિલ્લામાં આવેલ તમામ રાષ્ટ્રીયકૃત તથા બિનરાષ્ટ્રીયકૃત બેંકોએ તેઓની બેંકના એ.ટી.એમ. સેન્ટરો ઉપર કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દ્રષ્ટિએ તથા લોકોના જાન, સલામતીને થતુ જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા ફરજિયાતપણે કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર બેંક ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૪૯૨ થી ૨૫૧૧/૨૦૧૫.–ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલ મોટા ભાગના એકમોમાંથી કિંમતી કેમીકલ તથા મટીરીયલ્સ ભારતભરમાં તથા વિદેશમાં નિકાસ કરવામાં આવે છે. આ મટીરીયલ્સ ટ્રક અથવા કંટેઇનરમાં ફકત ડ્રાઇવરના વિશ્વાસે નિકાસ કરવામાં આવતું હોય છે. ભૂતકાળમાં ડ્રાયવરને બંધક બનાવી અથવા ડ્રાઇવરોનું ખૂન કરી કિંમતી કેમિકલ/મટીરીયલ્સની લૂંટ કર્યા હોવાના બનાવો બનેલ છે. આથવા ડ્રાઇવર અને કલીનર બંન્ને ભેગા મળીને કિંમતી કેમિકલ્સ/મટીરીયલ્સ કાઢી લઇ તેમાં ભેળસેળ કરી સ્ટોક વેચી વિશ્વસાસઘાત કરેલના બનાવો બનેલ છે. જેથી ઔદ્યોગિક એકમોમાંથી નીકળતાં કિંમતી કેમિકલ/મટીરીયલ્સના ટ્રક/કંટેઇનરમાં જે તે નિર્ધારિત સ્થળે પહોંચે ત્યાં સુધી સીકયુરીટી ગાર્ડ ફરજીયાત સાથે રાખવા યોગ્ય જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ માટે જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોમાંથી નિકાસ થતા કિંમતી કેમિલ્સ/મટીરીયલ્સના ટ્રક/કંટેઇનરની સાથે જે તે નિર્ધારિત સ્થળે પહોંચે ત્યાં સુધી ફરજીયાત પણે સીકયુરીટી ગાર્ડ સાથે રાખવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૫૧૨ થી ૨૫૩૧/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં હાલમાં વિકાસલક્ષી કામો ચાલતા હોય, નવા બનતા મકાનો, સોસાયટીઓ, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ, ઈંટોના ભઠ્ઠાઓ, પ્રાઈવેટ બિલ્ડર્સની સાઈટો, રોડ કન્સસ્ટ્રક્શન, રેલ્વે લાઈનનાં સમારકામની સાઈટ, માર્ગ અને મકાન વિભાગની સાઈટ ઉપર મજૂરી કામ કરવા જિલ્લા/ રાજ્ય બહારથી મજૂર વર્ગ આવતો હોય છે. આ મજૂર વર્ગમાં મહિલા મજૂરો તથા નાબાલિક બાળકોને મજૂર ઠેકેદારો તરફથી બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરાવવામાં આવતા ન હોવાથી તેઓ બળાત્કારનો ભોગ બનવાની શક્યતાઓ રહે છે. જેથી, ઉક્ત જણાવેલ સાઈટો પર મજૂર ઠેકેદારો તરફથી બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય, વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવે તો, મહિલા મજૂરો તથા નાબાલિક બાળકો સાથે અઘટિત ઘટના બનતી અટકાવી શકાય તેમ છે. તેમજ આ વ્યવસ્થા કરવાથી કોઈપણ વ્યક્તિને થતી અડચણ, ત્રાસ કે નુકશાન તેમજ સલામતીને થતું જોખમ તેમજ સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમ છે.

INDEX

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ માટે, ભરૂચ જિલ્લામાં આવેલ તમામ નવા બનતા મકાનો, સોસાયટીઓ, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ, ઈંટોના ભટ્ટાઓ, પ્રાઈવેટ બિલ્ડર્સની સાઈટો, રોડ કન્સ્ટ્રક્શન, રેલ્વે લાઈનનાં સમારકામની સાઈટ, માર્ગ અને મકાન વિભાગની સાઈટ ઉપર મજૂર ઠેકેદાર તરફથી કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દૃષ્ટિએ તથા મહિલા મજૂરો અને નાબાલિક બાળકોના જાન, સલામતીને થતું જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંકની વ્યવસ્થા ફરજિયાતપણે કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામું

સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) અન્વયે.

નંબર એમએજી/પીઓએલ/વશી/૨૫૫૭ થી ૨૫૬૮/૨૦૧૫.–વર્ષ-૨૦૧૩માં ચોમાસામાં ભારે વરસાદ પડવાના કારણે મદીના હોટલ પાસેના નાળામાં તિરાડ પડી ગયેલ છે. નગર પાલિકા દ્વારા જુની જીત ઢાળથી મહમંદપુરા સર્કલ વચ્ચે આવતા ત્રણ નાળાઓને પહોળા કરી નવેસરથી બનાવવાની કામગીરી ચાલુમાં છે. પરંતુ નાળા ઉપર ભારે વાહનો સિવાયનાં વાહનોની આવન જાવન ચાલુ હોય કામગીરીમાં વિક્ષેપ પડતો હોય તમામ પ્રકારનાં વાહનોનાં અવર-જવર ઉપર પ્રતિબંધ મૂકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫નાં ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫નાં ૦૦-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે જુની જીન ઢાળથી મહંમદપુરા સર્કલ સુધીનો રસ્તો તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર માટે બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) ભારે વાહનો સિવાયનાં વાહનો સેન્ટ ઝેવિયર્સ સ્કુલથી ફાટા તળાવ, ગાંધી બજાર, ચાર રસ્તા, બંબાખાના, મહંમદપુરા તરફ જઇ શકાશે.

(૨) ભારે વાહનો સિવાયનાં વાહનો સક્કરકુઇ સૈયદવાડથી કાળુપીર તકીયા, સત્કાર સોસાયટી, મારૂતિનગર, ન્યુ આનંદ નગર, સિધ્ધનાથ નગર, P.W.D. ક્વાટર્સ (બ્લ્યુચીપ શોપીંગ સેન્ટર) થી સેવાશ્રમ રોડ તરફ જઇ શકે.

(૩) ભારે વાહનો બસ સ્ટેશનથી શાલીમાર, સિવીલ રોડ, શક્તિનાથ સર્કલ થી શ્રવણ ચોકડી જઇ શકાશે.

આ જાહેરનામામાનાં કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ ₹ ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમએજી/પીઓએલ/વશી/૨૫૬૯ થી ૨૫૯૦/૨૦૧૫.–ભરૂચ જિલ્લાની વર્તમાન પરિસ્થિતિ જોતાં, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર જનતાની જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતુ જોખમ અટકાવી શકાય અને ભરૂચ જિલ્લામાં થતી વાહન ચોરી, અછોડા ચોરીને અટકાવવા સારૂં તેમજ ત્રાસવાદીઓની સંભવિત પ્રવૃત્તિઓને અટકાવવા સારૂ ગેરેજ (જેમાં ફુટપાથ ઉપર બેસીને વાહન સર્વિસ કરનાર, કોમર્શિયલ ગેરેજ, ઓથોરાઇઝડ સર્વિસ સેન્ટરનો સમાવેશ થાય છે.) વાહનોને તોડવાનું કામ કરનાર ભંગારીયાઓ (જેમાં નોંધણી થતા તમામ વાહનોનો સમાવેશ થશે.) તેમજ વાહનોની લે-વેચ (કંપનીના ઓથોરાઇઝડ ડીલર-સબડીલર, પ્રાઇવેટ એજન્સી) કરનાર તેમજ રેલ્વે ગુડસ ગોદામો, પ્રાઇવેટ ગુડસ ગોદામોના માલિકો તથા ઇન્ચાર્જશ્રીઓ ઉપર અમુક નિયંત્રણો મુકવા આવશ્યક છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લા મેહેસુલી વિસ્તારમાં આવેલ તમામ ગેરેજ (જેમાં ફુટપાથ ઉપર બેસીને વાહન સર્વિસ કરનાર, કોમર્શિયલ ગેરેજ, ઓથોરાઇઝડ સર્વિસ સેન્ટરનો સમાવેશ થાય છે.) વાહનોને તોડવાનું કામ કરનાર ભંગારીયાઓ (જેમાં નોંધણી થતા તમામ વાહનોનો સમાવેશ થશે.) તેમજ વાહનોની લે-વેચ કરનાર તેમજ રેલવે ગુડસ ગોદામો, પ્રાઈવેટ ગુડસ ગોદામોના માલિકો તથા ઈન્ચાર્જશ્રીઓએ નીચે મુજબની કાર્યવાહી ફરજિયાત કરવાની રહેશે.

ફરજિયાત કરવાની કામગીરી

(૧) કંપનીનાં ઓથોરાઇઝડ ડીલર-સબડીલર કે પ્રાઇવેટ એજન્સીએ કોઇ પણ વાહનનું વેચાણ થાય તે વ્યક્તિનું ID Proof મેળવવાનું રહેશે. જેની Hard Copy અથવા Soft Copy નાશ ન થાય તેની કાળજી લઇ રેકર્ડમાં રાખવાની રહેશે.

INDEX

(૨) ગેરેજ (ઉપર જણાવ્યા મુજબના) માં કોઇ પણ પ્રકારનું વાહન સર્વિસ માટે આવે ત્યારે રજીસ્ટરમાં નીચે દર્શાવેલ બાબતોની નોંધણી કરવાની રહેશે. અને આ રજીસ્ટર પોતાની પાસે નાશ ન થાય તે રીતે રેકર્ડ રૂપે જાળવવાનું રહેશે. તેમજ ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

અ. નં.	ગેરેજ/સર્વિસ સ્ટેશનનું નામ	વાહનનો પ્રકાર	રજીસ્ટ્રેશન નંબર	એન્જીન નં.	ચેસીસ નં.	વાહન માલિકનું નામ, સરનામુ	મોબાઇલ નં. તથા ઓળખપત્ર નં.
૧	૨	૩	૪	૫	૬	૭	૮

(૩) વાહન તોડનાર (ભંગારીયા)એ કોઇ પણ વાહનને તોડતા પહેલા RTO થી મેળવેલ NOC ની નકલ નજીકના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. જેમાં એન્જીન નં. તથા ચેચીસ નં. સ્પષ્ટ વંચાય તે રીતે ઉલ્લેખ હોવો જોઇએ. તોડવાના વાહનો માટે નીચે જણાવ્યા મુજબનું રજીસ્ટર રેકર્ડ રૂપે જાળવવાનું રહેશે. અને આ રજીસ્ટર ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

અ. નં.	વાહનનો પ્રકાર	રજીસ્ટ્રેશન નં.	એન્જીન નં.	ચેસીસ નં.	RTO મંજુરી પત્ર તારીખ, હુકમ નં.	વાહન માલિકનું નામ, સરનામું, મોબાઇલ નં.
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમનો અમલ તારીખ ૩૧-૦૩-૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૫૯૧ થી ૨૬૧૧/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભૂતકાળમાં ગુજરાતમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદીઓ/અસામાજિક તત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતિનો ભંગ કરે છે. તેમજ જાહેર જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુન્હાઓ કરતા આચરી નાસી છૂટતા હોય છે. આમ તમામ ગુનાહીત કામગીરીમાં ગુન્હેગારો એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરતા હોવાનું તેમજ મોબાઇલ ફોનનો ઉપયોગ કરી ગુન્હાઓ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તેમજ તાજેતરમાં મિલ્કત સબંધી/શરીર સંબંધી શોધાયેલ ગુન્હાઓમાં પણ ગુનેગારો મોબાઈલ ફોનનો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે.

આમ આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા ગુન્હામાં વપરાયેલ મોબાઈલ ફોનના IMEI No. નું ટ્રેકીંગ કરી ગુન્હાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવા ઘણા કિસ્સાઓમાં મોબાઇલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, આ મોબાઇલ ફોન કોઈ અજાણ્યા વ્યક્તિ પાસેથી ખરીદેલ છે. આ મોબાઇલ ફોન વાપરનારને મોબાઈલ ફોન અગાઉ ગુન્હામાં વપરાયેલ છે કે ચોરાયેલ હોવાની માહિતી હોતી નથી આમ આ પ્રકારની તપાસમાં આવતી વિજ્ઞતાઓનાં કારણે જ્યારે જુના મોબાઈલ લેતાં કે વેચતા વખતે વેચનાર તથા મોબાઇલ ખરીદનારનું નામ, સરનામુ, તથા તેની ઓળખ અંગેની હકીકત નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરું છું કે, ભરૂચ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લે-વેચ કરતા પહેલાં નીચે જણાવ્યા મુજબના કોલમ સહિતના અલગ અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે. તેમજ રજીસ્ટરનો ડેટા ઓછામાં ઓછા એક વર્ષ સુધી વ્યવસ્થિત સાચવી રાખવાનો રહેશે. અને આ રજીસ્ટર ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનારનું નામ સરનામાંની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

INDEX

જુના મોબાઈલ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ ખરીદનારનું નામ સરનામાંની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમનો અમલ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૬૧૨ થી ૨૬૩૧/૨૦૧૫.– તાજેતરમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા આતંકવાદીઓ તરફથી ખૂન/ધાડ/લૂંટ જેવા ગંભીર પ્રકારના સામાજિક વ્યવસ્થા ખોરવી નાંખે તેવા ગુના આચરવા માટે કોઇન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા બનાવટી અને ખોટા દસ્તાવેજોના આધારે ખોટા નામે મોબાઇલ સીમ કાર્ડ મેળવી ગુનો કરતા પહેલા કે આતંકવાદી કૃત્યને અંજામ આપતા પહેલા, એકત્ર થવા અને આતંકવાદી કૃત્યને અંજામ આપ્યાબાદ ફરાર થઈ જવા માટે અને ગુનેગારો એક બીજા સાથે સંપર્ક જાળવી રાખવા સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યક્તિગત ફોન/મોબાઇલ ફોન હોવા છતાં મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલિફોન કે STD/PCO બુથથી કે ખોટા નામે મેળવેલ સીમકાર્ડનો ઉપયોગ કરે છે. લેન્ડ લાઇન તથા મોબાઇલ વ્યકિતગત ધોરણે સુવિધા ધરાવતા હોવા છતાં ગુનો આચરવા માટે જે કોઇન બોક્ષ ટેલીફોન કે STD/PCO બુથથી કે ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડનો ઉપયોગ કરી ખૂન/અપહરણ/લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુનાઓ આચરે રાખે છે. અને જાહેર સલામતિ અને શાંતિ જોખમાય છે. તેમજ જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આજ પ્રકારના કોઇન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મોબાઇલ સીમ કાર્ડ મેળવી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Calls) કરી ભીડભાડ વાળી જગ્યાઓ જેવી કે, રેલ્વે સ્ટેશન /બસ સ્ટેશન/ધાર્મિક સ્થળો/મોલ તથા મલ્ટીપ્લેક્ષ/જાહેર સરકારી ઓફીસ તથા એકમો/બેન્કો વિગેરે જ્યાં જાહેર જનતાની મોટા પ્રમાણમાં અવર જવર થતી હોય તેવી જગ્યાઓએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતીની લાગણી ઉભી કરી ઘણીવાર આવા Hoax Calls ને લીધે ભાગદોડ થવાથી અને મોટી જાન હાની થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આ ઉપરાંત આવા કોઇન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ દ્વારા કોલર ફોન કરનાર વ્યક્તિની ઓળખ છુપાવી શકાતી હોય, સમાજના સ્ત્રી, પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દૂર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓ મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ દ્વારા કોલરની ઓળખ માટે કોઇ વ્યવસ્થા ન હોવાના કારણે આવા ગુનાઓ બનતા હોવાનું જણાય આવેલ છે. આવા Hoax Calls ની તપાસ કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ સુધી જઇને અટકી જતી હોય છે. અને ગુનેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતીની ભાવના પેદા કરે છે.

જેથી આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપનાર ઇસમો અને અસામાજીક તત્ત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી, જાહેર માલ મિલકતને મોટું નુકસાન અને નિર્દોષ નાગરિકોને ત્રાસરૂપ વર્તણુંક અટકાવવા તકેદારીના પગલારૂપે કોઇન બોક્ષ ટેલિફોન તેમજ STD/PCO/ISD બુથથી તથા મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રેટેઇલર વિક્રેતા ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં આવેલ તમામ કોઇન બોક્ષ ટેલીફોન ધારક, પબ્લિક STD/PCO/ISD બુથના માલિક અને મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલર વિક્રેતાઓએ નીચે મુજબની વ્યવસ્થા કર્યા વિના તે વ્યવસાય કરી શકાશે નહી.

(૧) કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથ ધરાવનારનાંઓએ કોલ કરનાર વ્યક્તિનું રજીસ્ટર નીભાવવાનું રહેશે જેમાં કોલ કરનારવ્યક્તિનું પૂરૂ નામ, સરનામુ અને તેનો મોબાઇલ નંબર રજીસ્ટરમાં લખવો તથા કોલ કરનાર વ્યક્તિએ કયાં નંબર ઉપર કોલ કરેલ છે તેની સ્પષ્ટ નોંધ તથા સમયની વિગત રાખવાની રહેશે. આ નોંધના રજીસ્ટરો ૧ (એક) વર્ષ સુધી સાચવી રાખવાના રહેશે.

(૨) કોઇ પણ જાતના એકટીવેટ (પૂર્વ કાર્યરત) સીમકાર્ડનું વેચાણ કવરામાં આવશે નહી.

(૩) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો / રીટેઇલર વિક્રેતાઓએ કોઇપણ વ્યક્તિને સીમકાર્ડ વેચાણ કરતા પહેલા તેના ઓળખ માટે ઓળખ કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ વિગેરે રજુ કરેલ પૂરાવાની ચકાસણી કર્યાબાદ જ અને ગ્રાહકની ઉપરોક્ત દસ્તાવેજોથી ઓળખ કયાજ પછી જ સીમકાર્ડ એકટીવેટ કરવામાં આવશે.

INDEX

(૪) મોબાઈલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/ રીટેઈલર વિક્રેતાઓએ જ્યારે ગુજરાત બહારના નામ, સરનામાં ઉપર સીમકાર્ડ મેળવવા પૂરાવાઓ રજુ કરે તો તે સીમકાર્ડ એકટીવેટ કરતા અગાઉ એક સ્થાનિક વ્યક્તિનો એટલે કે ભરૂચ જિલ્લાની વ્યક્તિની ઓળખ ફરજિયાત લેવી.

(૫) જે કોઇ વ્યક્તિ કે સંસ્થા એકથી વધુ સંખ્યામાં (વધારે જથ્થામાં) સીમકાર્ડ ખરીદવા માટે આવનાર વ્યક્તિ તે દરખાસ્ત કરનાર વ્યક્તિની સંપૂર્ણ વિગત રોજે રોજ લાગતા વળગતા સ્થાનિક પોલીસ સ્ટેશને મોકલી આપ્યા બાદ તે સીમકાર્ડ/સીમકાર્ડસનું એકટીવેશન કરી શકાશે.

આ હુકમનો અમલ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૧૧/ ૨૦૧૫.–ઈ.ચા. સેનાપતિ રા.અ.પો.દ. જુથ-૧૪, કલગામ અને પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તા. ૨૪મી માર્ચ, ૨૦૧૫ ના પત્ર ક્રમાંક વહટ/ સીબી-૧/ફાયરીંગ. પ્રે./૧૮૯૬/૨૦૧૫ થી જણાવ્યા અનુસાર અત્રેના રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧૪ના અધિકારી/જવાનોની તાલીમ ચાલી રહેલ હોય તાલીમના ભાગરૂપે ફાયરીંગ પ્રેકટીસ કરવાની રહે છે. ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઇપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૫ થી તા. ૯મી એપ્રિલ, ૨૦૧૫ સુધી સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી ફાયરીંગની પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આઈ. જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હંગામી જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

નંબર એમએજી/ભારે વાહન/વશી-૨૬૮૮ થી ૨૭૪૭/૨૦૧૫.- પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, સુરતએ તેમના તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના પત્રથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ-૨, સુરતએ તેમના તા. ૦૯-૦૩-૧૫ના પત્રથી જણાવેલ છે કે, હાલમાં ઓલપાડ-સાયણ-કઠોર રસ્તા પર રેલ્વે ઓવર બ્રીજની કામગીરી પ્રગતિમાં છે. જેના કારણે રેલ્વે ક્રોસીંગ નં. ૧૫૧નું ફાટક બંધ કરતા તેમજ કોસંબા ખાતે એલ.સી. નં. ૧૬૦નું ફાટક બંધ થતાં સદર રસ્તાનો હજીરા તરફ જતો કે આવતો ટ્રાફીક હાલ કીમ રેલ્વે ફાટક નં. ૧૫૮ પરથી પસાર થાય છે. જેના કારણે કીમ ખાતે ખુબજ ટ્રાફીકનું ભારણ રહે છે. અને લાંબા સમય માટે ટ્રાફીક જામ થવાથી સમય તથા ફ્યુલનો વ્યય થાય છે અને સ્થાનિક જનતાને પરેશાની ભોગવવી પડે છે. જે અન્વયે નેશનલ હાઈવે પરનો હજીરા તરફથી આવતા કે જતાં ભારે વાહનોનો ટ્રાફીક કીમ તરફ ન વળતા સીધો નેશનલ હાઈવે નં. ૮ થી પલસાણા થઈને હજીરા તરફ નેશનલ હાઈવે થઈને પસાર થાય તેમજ હજીરાથી આવતા ભારે વાહનો હજીરાથી પલસાણા થઈ નેશનલ હાઈવેને જોડાય તો કીમ ખાતેના ટ્રાફીકનું ભારણ હળવું થઈ શકે તેમ છે. જે અન્વયે સવારના ૬-૦૦ વાગ્યાથી સાંજના ૮-૦૦ વાગ્યા સુધી ભારે વાહનોનો ટ્રાફીક કીમ ચાર રસ્તાથી કીમ ગામ તરફ ન વાળતા સીધો નેશનલ હાઈવે પરથી પલસાણા થઈને હજીરા ઔદ્યોગિક વિસ્તાર તરફ તેમજ તેજ રીતે હજીરા ઔદ્યોગિક વિસ્તારનો ટ્રાફીક પલસાણા થઈને નેશનલ હાઈવે તરફ ડાયવર્ટ થાય તો કીમ ખાતેના ભારે વાહનોનો ટ્રાફીક હળવો થઈ શકે તેમ છે. અને સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ છે. જેથી આ રૂટ ઉપર ભારે વજનવાળા વાહનોની અવર-જવર બંધ રાખવાનું જરૂરી જણાય છે. આ સંજોગોમાં ઉક્ત રસ્તાને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ધ્યાને લઈ સદર રસ્તો તમામ ભારે વાહનો માટે બંધ કરવો ઈચ્છનિય છે.જેથી હું પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ કીમ રેલ્વે ફાટક નં. ૧૫૮ પરથી પસાર થતાં કન્ટેનર/ ટ્રેઈલર/ટેન્કરો વિગેરે જેવા ભારે વાહનો ઉપર સવારના ૬-૦૦ વાગ્યાથી સાંજના ૮-૦૦ વાગ્યા સુધી બંને તરફી ભારે વાહનોની અવર જવર ઉપર તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

આ સમય દરમ્યાન કન્ટેનર/ટ્રેઇલર/ટેન્કરો વિગેરે જવા ભારે વાહનોનો ટ્રાફીક કીમ ચાર રસ્તાથી કીમ ગામ તરફ ન વળતા, સીધો નેશનલ હાઈવે પરથી પલસાણા થઈને હજીરા ઔદ્યોગિક વિસ્તાર તરફ, તેમજ હજીરા ઔદ્યોગિક વિસ્તારનો ટ્રાફીક પલસાણા થઈને નેશનલ હાઈવે તરફ જઇ શકશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમએજી/રામનવમી/વશી.૨૭૫૦/૨૦૧૫.- આગામી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૫ ના રોજ ‘‘રામનવમી’’, તારીખ ૨જી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ‘‘મહાવીર જયંતિ’’, તારીખ ૩જી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ‘‘ગુડફ્રાઈડે’’ અને ‘‘હનુમાન જયંતિ’’, તા. ૧૪મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ‘‘આંબેડકર જયંતી’’ તેમજ તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ‘‘પરશુરામ જયંતિ’’ તહેવારોની ઉજવણી થનાર હોય. સદર તહેવારની ઉજવણી દરમ્યાન સમગ્ર જિલ્લામાં શાંતિ તેમજ કોમી એખલાસ ભર્યુ વાતાવરણ રહે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે ઇચ્છનીય છે.

સબબ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું પ્રકાશ એન. મકવાણા, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, આથી ફરમાવું છું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના સમગ્ર સુરત(ગ્રામ્ય) જિલ્લામાં તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૫ થી તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવા કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઇ શબ, આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા, કે પ્લે કાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહીં.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહીં.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ / વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઈ હથીયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી, (રૂરલ) સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલિસ અધિકારીને તથા જેને શારિરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ / વ્યકિતઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ અથવા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજકશ્રી, શ્રી ઈન્દ્રજીતસિંહ એમ. પરમાર, મોટી પારડી સેવા સહકારી મંડલી લી., મુ.પો. મોટી પારડી, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંગરોલના પત્ર નં. તા. પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત/૨૦૧૪, તા. ૨૫-૦૮-૨૦૧૪.

(૩) જિલ્લા સુપરવિઝન સમિતિની તા. ૯-૧૨-૨૦૧૪ ની બેઠકના ઠરાવ નં.-૨.

(૪) સુરત જિલ્લા પંચાયતની ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૧૭.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નો./૧૦૬ થી ૧૦૯/૨૦૧૫.–આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની મોટી પારડી સેવા સહકારી મંડલી લી., મુ.પો. મોટી પારડી, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી ઈન્દ્રજીતસિંહ એમ. પરમાર તરફથી તાલુકા પંચાયત માંગરોલ કચેરીને રજુ કરેલ છે.

આમુખ-૨માં જણાવ્યા મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી પત્ર નં. તા.પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત ૧૪ તા. ૨૫-૮-૨૦૧૪ પત્રથી અત્રેની કચેરીને દરખાસ્ત મોકલેલ છે.

આમુખ-૩ થી જિલ્લા સુપરવિઝન સમિતિએ મંડળીની નોંધણી કરવા ઠરાવેલ છે.

આમુખ-૪ થી ઉત્પાદન સહકાર અને સિંચાઇ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૧૧૭ તેમજ ઉપરની વિગતો ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર.ટી./સે-૩૫૦૨૫/૨૦૧૫, તા. ૫-૨-૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ, સમય, સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલ પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજકશ્રી, શ્રી દાનશીંગભાઇ મકનભાઇ પટેલ, કનવાડા સેવા સહકારી મંડલી લી., મુ.પો. કનવાડા, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંગરોલના પત્ર નં. તા. પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત ૬૦૪૨ થી ૬૦૪૩, તા. ૧૦-૦૯-૨૦૧૪.

(૩) જિલ્લા સુપરવિઝન સમિતિની તા. ૯-૧૨-૨૦૧૪ ની બેઠકના ઠરાવ નં.-૩.

(૪) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૧૮.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નો./૧૧૦ થી ૧૧૩/૨૦૧૫.–આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની કનવાડા સેવા સહકારી મંડળી લી., મુ.પો. કનવાડા, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણીની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી દાનશીંગભાઇ મકનભાઇ પટેલ તરફથી તાલુકા પંચાયત માંગરોલ કચેરીને રજુ કરેલ છે.

આમુખ-૨માં જણાવ્યા મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી પત્ર નં. તા.પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત ૬૦૪૨ થી ૬૦૪૩/તા. ૧૦-૦૯-૨૦૧૪ પત્રથી અત્રેની કચેરીને દરખાસ્ત મોકલેલ છે.

આમુખ-૩ થી જિલ્લા સુપરવિઝન સમિતિએ મંડળીની નોંધણી કરવા ઠરાવેલ છે.

આમુખ-૪ થી ઉત્પાદન સહકાર અને સિંચાઇ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૧૮ તેમજ ઉપરની વિગતો ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર.ટી./સે-૩૫૦૨૬/૨૦૧૫, તા. ૫-૨-૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ, સમય, સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજકશ્રી, શ્રી રમેશભાઇ ભગવાનજી પટેલ, શ્રી ભાટીયા સેવા સહકારી મંડલી લી., મુ. ભાટીયા, પો. લીગડ, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચોર્યાસીના પત્ર નં. તા. પં./સહકાર/ મંડળી નોંધણી દરખાસ્ત/વ.-૨૦૧૪, તા. ૧૭-૧૧-૨૦૧૪.

(૩) જિલ્લા સુપરવિઝન સમિતિની તા. ૯-૧૨-૨૦૧૪ ની બેઠકના ઠરાવ નં.-૪.

(૪) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૧૯.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નો./૧૧૪ થી ૧૧૭/૨૦૧૫.–આમુખ-૧માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની શ્રી ભાટીયા સેવા સહકારી મંડળી લી., મુ. ભાટીયા, પો. લીગડ, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી રમેશભાઇ ભગવાનજી પટેલ તરફથી તાલુકા પંચાયત માંગરોલ કચેરીને રજુ કરેલ છે.

આમુખ-૨માં જણાવ્યા મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી પત્ર નં. તા.પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત/વ.- ૨૦૧૪, તા. ૧૭-૧૧-૨૦૧૪ પત્રથી અત્રેની કચેરીને દરખાસ્ત મોકલેલ છે.

આમુખ-૩ થી જિલ્લા સુપરવિઝન સમિતિએ મંડળીની નોંધણી કરવા ઠરાવેલ છે.

આમુખ-૪ થી ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૧૧૯ તેમજ ઉપરની વિગતો ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર.ટી./સે-૩૫૦૨૭/૨૦૧૫, તા. ૫-૨-૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે. સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ સમય સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોય શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલ પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજકશ્રી, શ્રી કનકસિંહ રામસિંહ રણા, ધી કઠવાડા સેવા સહકારી મંડલી લી., મુ.પો. કઠવાડા, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંગરોલના પત્ર નં. તા. પં./સહકાર/ મંડળી નોંધણી દરખાસ્ત/વ.-૬૧૫૬/૨૦૧૪, તા. ૦૯-૦૯-૨૦૧૪.

(૩) જિલ્લા સુપરવિઝન સમિતિની તા. ૯-૧૨-૨૦૧૪ ની બેઠકના ઠરાવ નં.-૫.

(૪) સુરત જિલ્લા પંચાયતની ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૨૦.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નો./૧૧૮ થી ૧૨૧/૨૦૧૫.– આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની ધી કઠવાડા સેવા સહકારી મંડળી લી., મુ.પો. કઠવાડા, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણીની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી કનકસિંહ રામસિંહ રણા તરફથી તાલુકા પંચાયત માંગરોલ કચેરીને રજુ કરેલ છે.

આમુખ-૨માં જણાવ્યા મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી પત્ર નં. તા.પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત/વ.-૬૧૫૬/૧૪ તા. ૯-૯-૨૦૧૪ પત્રથી અત્રેની કચેરીને દરખાસ્ત મોકલેલ છે.

INDEX

આમુખ-૩ થી જિલ્લા સુપરવિઝન સમિતિએ મંડળીની નોંધણી કરવા ઠરાવેલ છે.

આમુખ-૪ થી ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૧૨૦ તેમજ ઉપરની વિગતો ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નઘણ/એસ.આર.ટી./સે-૩૭૧૬૧/૨૦૧૫, તા. ૫-૨-૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ, સમય, સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલ પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજકશ્રી, શ્રી જગદીશભાઇ મોહનભાઇ વસાવા, ગીજરમ સેવા સહકારી મંડલી લી., મુ.પો. ગીજરમ, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચોર્યાસીના પત્ર નં. તા. પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત/વ.-૨૦૧૪, તા. ૨૫-૦૯-૨૦૧૪.

(૩) જિલ્લા સુપરવિઝન સમિતિની તા. ૯-૧૨-૨૦૧૪ ની બેઠકના ઠરાવ નં.-૬.

(૪) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૨૧.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નો./૧૨૨ થી ૧૨૫/૨૦૧૫.– આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની ગીજરમ સેવા સહકારી મંડળી લી., મુ.પો. ગીજરમ, તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી જગદીશભાઇ મોહનભાઇ વસાવા તરફથી તાલુકા પંચાયત માંગરોલ કચેરીને રજુ કરેલ છે.

આમુખ-૨માં જણાવ્યા મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી પત્ર નં. તા.પં./સહકાર/મંડળી નોંધણી દરખાસ્ત/વ.-૨૦૧૪ તા. ૨૫-૯-૨૦૧૪ પત્રથી અત્રેની કચેરીને દરખાસ્ત મોકલેલ છે.

આમુખ-૩ થી જિલ્લા સુપરવિઝન સમિતિએ મંડળીની નોંધણી કરવા ઠરાવેલ છે.

આમુખ-૪ થી ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૧૨૧ તેમજ ઉપરની વિગતો ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નઘણ/એસ.આર.ટી./સે-૩૭૧૬૨/૨૦૧૫, તા. ૫-૨-૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ, સમય, સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલ પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજકશ્રી, શ્રી કીકુભાઇ રામજીભાઇ પટેલ, કાસલા બુજરંગ પિયત સહકારી મંડળી લી., તા. ઓલપાડ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રીના પત્ર નં. તા. પં./સહકાર/૬૬૬૬/૨૦૧૪, તા. ૨૨-૧૨-૨૦૧૪.

(૩) સુરત જિલ્લા પંચાયતની ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૨૨.

INDEX

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નો./૧૩૪ થી ૧૩૭/૨૦૧૫.– આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની કાસલા બુજરંગ પિયત સહકારી મંડળી લી., તા. ઓલપાડ, જિ. સુરતની નોંધણીની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી કીકુભાઇ રામજીભાઇ પટેલ તરફથી તાલુકા પંચાયત કચેરી ઓલપાડને રજુ કરેલ છે.

આમુખ-૨થી તાલુકા પંચાયત કચેરી ઓલપાડના પત્ર નં. તા. ૨૨-૧૨-૨૦૧૪થી અત્રેની કચેરીને દરખાસ્ત ભલામણ સહ મળેલ છે.

આમુખ-૩ થી ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૨૨ થી સદર પિયત મંડળીને નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર. ટી./ખે (પી)/૧૦૦૫૫/૨૦૧૫, તા. ૫-૨-૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ, સમય, સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજકશ્રી, શ્રી પ્રવિણભાઇ હસમુખભાઇ દેસાઇ, કઠોદરા-ખડસદ વિભાગ પિયત સહકારી મંડળી લી., તા. કામરેજ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રીના પત્ર નં. તા. પં./સહકાર/વ.-૧૪, તા. ૩૧-૧૨-૨૦૧૪.

(૩) સુરત જિલ્લા પંચાયતની ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૨૩.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નો./૧૩૮ થી ૧૪૧/૨૦૧૫.– આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની કઠોદરા-ખડસદ વિભાગ પિયત સહકારી મંડળી લી., તા. કામરેજ, જિ. સુરતની નોંધણીની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી પ્રવિણભાઇ હસમુખભાઇ દેસાઇ તરફથી તાલુકા પંચાયત કચેરી કામરેજને મોકલેલ છે.

આમુખ-૨થી તાલુકા પંચાયત કચેરી કામરેજના પત્ર નં. તા. ૩૧-૧૨-૨૦૧૪ થી અત્રેની કચેરીને દરખાસ્ત મળેલ છે.

આમુખ-૩ થી ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૨૩ થી સદર પિયત મંડળીને નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર. ટી./ખે (પી)/૧૦૦૫૬/૨૦૧૫, તા. ૫-૨-૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ, સમય, સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલ પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજકશ્રી, શ્રી જયંતિભાઇ કરશનભાઇ ગામીત, વરજાખણ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી., તા. માંડવી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંડવીના પત્ર નં. તા. પં./સ.મ./ ૨૦૮૬, તા. ૨-૧-૨૦૧૫.

INDEX

(૩) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૨૫.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નો./૧૪૨ થી ૧૪૫/૨૦૧૫.– આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની વરજાખણ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી., તા. માંડવી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી જયંતિભાઇ કરશનભાઇ ગામીત તરફથી તાલુકા પંચાયત કચેરી માંડવીને મોકલેલ છે.

આમુખ-૨થી તાલુકા પંચાયત કચેરી કામરેજના પત્ર નં. તા. ૨-૧-૨૦૧૫ થી અત્રેની કચેરીને દરખાસ્ત મળેલ છે.

આમુખ-૩ થી ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૨૫ થી સદર પિયત મંડળીને નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર.ટી./ખે (પી)/૧૦૦૫૭/૨૦૧૫, તા. ૫-૨-૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ, સમય, સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોય શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલ પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજકશ્રી પ્રવિણભાઇ ઠાકોરભાઇ પટેલ, દિણોદ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૧૪૬.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/સ.મં. નોં./૧૪૬ થી ૧૪૯/૨૦૧૫.– આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની દિણોદ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. તા. માંગરોલ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજકશ્રી પ્રવિણભાઇ ઠાકોરભાઇ પટેલ તરફથી અત્રેની કચેરીને રજુ કરેલ છે.

આમુખ-૨ થી ઉત્પાદન સહકાર અને સિંચાઇ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૧૪૬ નોંધણી અંગેની મંજુરી મળેલ છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર.ટી./ખે (પી)/૧૦૦૫૮/૨૦૧૫, તા. ૫-૨-૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ, સમય, સ્થળ અને સભામા કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજૂર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૫.

સહી/- (અવાચ્ય),
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (જિ.પં.), સુરત.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૬૧/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ‘‘સહકાર શાખા’’, આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/સે/૪૧૮૩૪/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી સીંગોતરીયા સેવા સહકારી મંડળી લી., મુકામ સીંગોતરીયા, તાલુકો સમી, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) ‘અ’ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૬૨/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ‘‘સહકાર શાખા’’, આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/સે/૪૧૮૩૫/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી મેલુસણ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુકામ મેલુસણ, તાલુકો પાટણ, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) ‘અ’ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૬૩/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ‘‘સહકાર શાખા’’, આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/સે/૪૧૮૩૬/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી હરચંદપુરા (ખોડાણા) સેવા સહકારી મંડળી લી., મુકામ હરચંદપુરા (ખોડાણા), તાલુકો સરસ્વતી, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) ‘અ’ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૬૪/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ‘‘સહકાર શાખા’’, આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/સે/૪૧૮૩૭/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી કાતરા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુકામ કાતરા, તાલુકો હારીજ, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) ‘અ’ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૬૫/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ‘‘સહકાર શાખા’’, આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/સે/૪૧૮૩૮/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી બોરતવાડા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુકામ બોરતવાડા, તાલુકો પાટણ, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) ‘અ’ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૬૬/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ‘‘સહકાર શાખા’’, આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/સે/૪૧૮૩૯/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી સાંકરા મહિલા ઉત્કર્ષ સેવા સહકારી મંડળી લી., મુકામ સાંકરા, તાલુકો હારીજ, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) ‘અ’ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૬૭/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ‘‘સહકાર શાખા’’, આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/સે/૪૧૮૪૦/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી રાજપુરા સેવા સહકારી મંડળી લી., મુકામ રાજપુરા, તાલુકો સમી, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) ‘અ’ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૬૮/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ‘‘સહકાર શાખા’’, આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/સે/૪૧૮૪૧/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી દુનાવાડા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુકામ દુનાવાડા, તાલુકો હારીજ, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) ‘અ’ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૬૯/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ‘‘સહકાર શાખા’’, આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/સે/૪૧૮૪૨/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી જશવંતપુરા સેવા સહકારી મંડળી લી., મુકામ જશવંતપુરા, તાલુકો હારીજ, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

INDEX

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) 'અ' મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૭૦/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ''સહકાર શાખા'', આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/ખે (ગો)/૯૭૬૫/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી દાંતરવાડા પશુપાલન વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુકામ દાંતરવાડા, તાલુકો હારીજ, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) 'અ' મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૭૧/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ''સહકાર શાખા'', આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/ખે (ગો)/૯૭૬૬/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી પીપલાણા પશુપાલન વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુકામ પીપલાણા, તાલુકો હારીજ, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) 'અ' મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

ક્રમાંક જિ.પં./સહક/નધણ/૭૭૨/૨૦૧૪.–શ્રી જિલ્લા પંચાયત કચેરી, પાટણની ''સહકાર શાખા'', આથી જાહેર કરે છે કે, ક્રમાંક જિ.પં./સહક/નધણ/PTN/ખે (ગો)/૯૭૬૭/૨૦૧૪ આજ તા. ૧૯-૧૨-૨૦૧૪ થી શ્રી માલસુંદ જુથ પશુપાલન વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુકામ માલસુંદ, તાલુકો હારીજ, જિલ્લો પાટણને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧.

(સને ૧૯૬૨ના ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૦) ની કલમ-૯ (૧) 'અ' મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાટણ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૪.

આર. એમ. લીમ્બાચીયા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, પાટણ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા-૭૮૫૦/૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, હેપી હોમ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. મણીપુર, તા. સાણંદ, જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ઈ. મ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ગ્રામ્ય)
અમદાવાદ.

ક્રમાંક નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૬૩/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી મોટીભાલુ પરા દૂધ ઉત્પાદક મહિલા સહકારી મંડળી લી., મું. મોટીભાલુ, તાલુકો સતલાસણા, જિલ્લો મહેસાણા, કાર્યક્ષેત્ર મોટીભાલુ પરા પુરતું મર્યાદિત.

સને ૧૯૬૧ ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ક્રમાંક નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૬૪/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી આકાશ ક્રેડીટ એન્ડ સપ્લાય કો.ઓપ. સોસાયટી, લી., મું.મહેસાણા, તાલુકો-જિલ્લો મહેસાણા, કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લા પુરતું મર્યાદિત.

સને ૧૯૬૧ ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૮૮૪/ઝ/૪૦૮/ ૧૩૨૨/સને ૨૦૧૪.–આથી જાહેર કરે છે કે, શુભ યુનિવર્સલ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., ઠે. વેસુ, તા. સુરતસીટી (મજુરા), ટી.પી. સ્કીમ નં.-૧, (વેસુ), સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૪.

INDEX

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૦૧/ઝ/૫૦/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, મંગલમ હાઈટસ ‘‘સી’’ ટાવર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ આભવા, તા. સુરતસીટી, ટી.પી. સ્કીમ નં.-૨૬, સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૦૬/ઝ/૫૨/૩૨૯/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી શ્યામ ચેમ્બર્સ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., ઠે. શ્યામ ચેમ્બર્સ, સગરામપુરા, હનુમાન શેરી, વોર્ડ નં.-૨, સબજેલની સામે, રીંગરોડ, સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

વંચાણે લીધું :–

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૬૩૫/૨૦૧૪, તા. ૮-૧૦-૨૦૧૪ તથા સરખા પત્ર ક્રમાંક ૭૩૦, તા. ૨-૧૨-૨૦૧૪ થી પાઠવેલ કારણદર્શક નોટીસો.

(૨) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૨૧/૨૦૧૫, તા. ૮-૧-૨૦૧૫, મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩)ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૬૭/૫૪૯/૨૦૧૫.–વંચાણે લીધા ક્રમાંક-૧ અન્વયેના નાનછલ પ્રદેશ નિયમીત જવાબદારીવાળા સહકારી ગ્રાહક ભંડાર લી., જિ. ઉમરપાડા, તા. ઉમરપાડા, જિ. સુરતને સરકારશ્રી તરફથી અત્રેની કચેરી મારફત ફર્નિચર ફિકચર લોન આપેલ હતી. જે પૈકી ₹ ૩૭૫૦/- મુદ્દલ તથા વ્યાજ ₹ ૪૦૫૬/- મળી કુલ ₹ ૭૮૦૬/- વસુલાત કરવાના બાકી છે. મંડળીને અવારનવાર જણાવવા છતાં આજદિન સુધીમાં સદર રકમ સરકારશ્રીમાં જમા કરાવેલ નથી. જેથી સદરહુ મંડળી સહકારી કાયદા કાનુન અનેપેટા નિયમો અનુસાર કામગીરી કરતી ન હોવાથી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા સંબંધે વચગાળોનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે નાનછલ પ્રદેશ નિયમીત જવાબદારીવાળી સહકારી ગ્રાહક ભંડાર લી., મું. ઉમરપાડા, તા. ઉમરપાડા, જિ. સુરત કે જેનો નોંધણી નંબર ભ.-૩૧૬૦, તા. ૧૯-૧૧-૧૯૮૨ છે. તેને અત્રેની કચેરીના આમુખ-(૨) થી વંચાણે લીધેલ વચગાળાના આદેશ ક્રમાંકથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો.

આમ, મંડળીને રજૂઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધીમાં કોઈ લેખિત કે મૌખિક જવાબ રજૂ કરેલ નથી. તેમજ અત્રેથી કરેલ તા. ૮-૧-૨૦૧૫ ના ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવા. પરંતુ, આજદિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજૂ થયેલ ન હોય મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી તેમ માનવાને કારણ રહે છે.

આમ મંડળીએ આજદિન સુધીમાં સરકારશ્રીમાં નાણાં ભરપાઇ કરેલ ન હોય સદર મંડળી સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમ મુજબ કામ કરવા સક્ષમ નથી. તેમ માનવાને કારણ રહે છે.

તારણ :

આ મંડળીને સરકારશ્રી તરફથી અત્રેની કચેરી મારફત ફર્નિચર ફિકચર લોન આપેલ હતી. સદરહુ લોનની રકમ આપ્યા બાદ આજદિન સુધીમાં સદર રકમ ભરપાઈ કરેલ ન હોઇ મંડળીના હોદ્દેદારો સરકારશ્રીનું લ્હેણું ભરપાઇ કરવા સક્ષમ ન હોવાનું પ્રથમ દર્શને જણાય આવે છે. મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને પેટા નિયમો મુજબ ચલાવવામાં તથા સોસાયટીને અર્થક્ષમ રીતે વહીવટ કરવામાં મંડળીના હોદ્દેદારો નિષ્ફળ ગયેલ છે. તથા મંડળીએ એવું કોઈ પણ પ્રકારનું આયોજન કરેલ નથી કે જેથી સરકારશ્રીનું લ્હેણું ચૂકવી શકે. જેથી, આ મંડળી ભવિષ્યમાં ચાલી શકશે કે કેમ તે પણ પ્રશ્નાર્થ છે. જેથી, આ મંડળી ચાલુ રહી શકે તેમ નથી.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ નીચે મુજબ છે.

૧૦૭. મંડળી આટોપી લેવા બાબત.

(૧) (એ) ×××
  (બી) ×××
  (સી) (૧) ×××
    (૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા
    (૩) ×××
    (૪) ×××
    [(૫) ×××]

તે મંડળીની બાબતમાં રજિસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેને આટોપી લેવી જોઈએ, તો તે મંડળી આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

INDEX

(૨) પેટા-કલમ ખંડ (સી)ના પેટા-ખંડ (૪)માં દર્શાવવામાં આવેલા કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીને મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢ્યાની તારીખથી એક મહિનાની અંદર રજિસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કંઇ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી, રજિસ્ટ્રારે વચગાળાના હુકમને રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઇએ.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતા, મંડળી આ અધિનિયમની અથવા [નિયમો અથવા ઉપ-નિયમોની અથવા] રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઇ શરતોનું પાલન કરતી બંધ થઇ હોય, ઉપરોક્ત ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓના પરિભાષા મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત, વંચાણે લીધા ક્રમાંક-(૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર નાનછલ પ્રદેશ નિયમીત જવાબદારીવાળા સહકારી ગ્રાહક ભંડાર લી., ઉમરપાડા, તા. ઉમરપાડા, જિ. સુરત કે જેનો નોંધણી નંબર ભ.-૩૧૬૦, તા. ૧૯-૧૧-૧૯૮૨ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૨૩-૦૫-૨૦૦૭ના હુકમ નં. ફડચ/ફ-૧૭૦૮૧/ઘ-૨/૨૫૬/૨૦૦૭.

(૨) અત્રેની કચેરીના તા. ૨૫-૦૭-૨૦૧૩ના સુધારા હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૩૧૩/૨૦૧૩.

(૩) અત્રેની કચેરીના તા. ૧૦-૦૬-૨૦૧૪ના સુધારા હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૨૦૫/૨૦૧૪.

(૪) શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૪) વડોદરાના તા. ૨૮-૦૫-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ફ-૪/૧૪૨/૧૪થી નોંધણી રદ કરવા અંગેની આવેલ દરખાસ્ત.

(૫) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક GHKH-51-2005-NSB-12-2002-3011-CH, તા. ૨૧-૦૭-૧૧ તથા જા. ના. ક્રમાંક GHKH-62-2011-NSB-12-2002-3011-CH, તા. ૨૬-૦૮-૨૦૧૧.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/૦૧/ઘ-૨/૫૨/૨૦૧૫.–ધી પાછીયાપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. પો. પાછીયાપુરા, તા. કરજણ, જી. વડોદરાની નોંધણી, નોંધણી ક્રમાંક ૧૩૧૪૪, તા. ૧૩-૧૧-૧૯૨૬થી કરવામાં આવી હતી. સદર મંડળીને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ, મંડળીના ફડચા અધિકારી તરીકે, શ્રી બરોડા સેન્ટ્રલ કો.ઓપ. બેંક લી., વડોદરા ની નિમણૂંક કરવામાં આવેલ હતી. ત્યાર બાદ અત્રેની કચેરીના તા. ૪-૧૧-૨૦૧૦ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૬૧૨/૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧ સુધીનો મુદત વધારો, તા. ૧૧-૧૦-૨૦૧૧ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૪૯૦/૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૨ સુધીનો મુદત વધારો અને તા. ૭-૩-૨૦૧૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૯૧/૧૧ થી તા. ૨૨-૫-૨૦૧૩ સુદીનો મુદત વધારો મંજુર કરવામાં આવેલ હતો.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે, શ્રી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., વડોદરા તરફથી સદર મંડળીનો ચાર્જ તા. ૧૭-૦૮-૨૦૦૭ના રોજ સંભાળેલ છે. ત્યારબાદ આમુખ-૨ માં જણાવેલ તા. ૨૫-૦૭-૨૦૧૩ના સુધારા હુકમથી ફડચા અધિકારી તરીકે, સહકારી અધિકારી ફડચા નં. (૨) વડોદરાની નિમણુંક કરવામાં આવતાં, સદર મંડળીનો ચાર્જ શ્રી સહકારી અધિકારી (ફડચા-૨) વડોદરાએ તા. ૨૦-૯-૨૦૧૩ના રોજ સંભાળેલ હતો. ત્યાર બાદ સદર જગ્યા છોટા ઉદેપુર જિલ્લામાં તબદીલ થતાં આમુખ (૩) મુજબ અત્રે ની કચેરીના તા. ૧૦-૬-૨૦૧૪ના સુધારા હુકમથી સહકારી અધિકારી ફડચા નં. (૪) ની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરેલ હતી.

મંડળીને આટોપવાની કામગીરી, આમુખ-૪માં જણાવ્યા મુજબ ફડચા અધિકારીશ્રીએ સહકારી કાયદા, કાનુન હેઠળ હાથ ધરી, મંડળીના દેવાં-લ્હેણાંનો નિકાલ કરી પૂર્ણ કરેલ છે. ફડચા અધિકારીએ આમુખ-૪ માં જણાવેલ વિગતે મંડળીને આટોપી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે, અત્રે કરેલ છે. જેમાં તા. ૦૧-૦૪-૨૦૧૨ થી તા. ૨૮-૦૫-૨૦૧૪ સુધીનો છેલ્લા ઓડીટનો ઓડીટ મેમો પણ રજુ કરેલ છે, જે અનુસાર તેઓએ મંડળીની નોંધણી રદ કરવા અંગે ભલામણ કરેલ છે. ઓડીટ મેમોમાં તારીજ, નફાનુકસાન ખાતું રજુ કરેલ છે, જે અનુસાર સદર મંડળીના દેવા લ્હેણાંનો નિકાલ કરી ફડચા અધિકારીએ તા. ૨૮-૦૫-૨૦૧૪નું સરવૈયું શન્ય કરેલ છે.

મંડળીમાં હવે કોઇ કામગીરી બાકી રહેતી નથી તેમજ મંડળીની કોઇ જ મિલ્કતનો નિકાલ કરવાનો બાકી નથી. મંડળીનું છેલ્લું ઓડીટ પણ પૂર્ણ થયેલ છે. સદર પૂર્ણ થયા તા. ૨૮-૦૫-૨૦૧૪નું શુન્ય થયેલ સરવૈયું પણ શ્રી સબ ઓડીટર, સ.મં. (૨), વડોદરા દ્વારા વેરીફાય થઇ રજુ થઇ આવેલ છે.

મંડળીના સભાસદોની અંતિમ સાધારણ સભા પણ તા. ૨૭-૦૫-૨૦૧૪ના રોજ બોલાવેલ છે, સદર સભાના ઠરાવ નં.-૩ થી મંડળીની નોંધણી રદ કરવા અંગે સર્વાનુમતે ઠરાવ મંજુર થયેલ છે. સદર ઠરાવની નકલ પણ દરખાસ્ત સાથે રજુ થયેલ છે.

આમ ઉપર જણાવેલ વિગતો મુજબ સહકારી અધિકારી ફડચા નં. (૪) વડોદરા તરફથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ભલામણ સહ દરખાસ્ત આમુખ-૪ થી અત્રે રજુ છે. જેથી સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોઈ, ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમાં લેતા, આમુખ-૫ માં જણાવેલ જાહેરનામાં અન્વયે અમોને મળેલ સત્તાને આધિન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

ધી પાછીયાપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. પો. પાછીયાપુરા, તા. કરજણ, જિ. વડોદરાની નોંધણી, નોંધણી ક્રમાંક ૧૩૧૪૪, તા. ૧૩-૧૧-૧૯૨૬થી કરવામાં આવી હતી. સદરહું મંડળીને પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર, ફડચામાં ગયે પરંતુ ચાર્જ સંભાળ્યા તા. ૧૭-૦૮-૨૦૦૭ થી સાત વર્ષનો સમયગાળો તા. ૧૬-૦૮-૨૦૧૪ના રોજ પૂર્ણ થઇ ગયેલ છે. પરંતુ સદરહુ મંડળીની ઉપર પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે મંડળીને આટોપવાની તમામ કામગીરી તા. ૨૮-૦૫-૨૦૧૪ના રોજ પૂર્ણ થઇ ગયેલ હોવાથી, તેમજ તે અંગે હવે કાંઇ કરાવનું રહેતું ન હોવાથી, સદર અધિકારી ફડયા નં. (૪) વડોદારાએ મંડળીની નોંધણી રદ કરવા માટે દરખાસ્ત આપલે છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે, સદર મંડળીની ફડચાની કામગીરી તા. ૧૬-૦૮-૨૦૧૪ના રોજ, આથી સમાપ્ત થયેલી જાહેર કરાવમાં આવે છે, અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે આથી રદ કરવામાં આવે છે. જેથી તા. ૧૬-૦૮-૨૦૧૪ના રોજથી સદરહુ મંડળી આથી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાય એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, APRIL 23, 2015/VAISAKHA 3, 1937 [No. 17

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	607-640	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	33
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	17	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1245-1331

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ- ૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૪/૨૦૧૫.- અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યનાં ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગનાં તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધ હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

૩. પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી માહે એપ્રિલ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ. શા./એ/ જાહેરનામું/૧૨૨૩/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓનો અંજામ આપતા હોય છે જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી. આર. પી. સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારનાં મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ-૨૪ કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) તેમની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો આધારની નકલ સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની નકલ મેળવવી રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં-સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબ નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) વડોદરા શહેરમાં કંઈ જગ્યાએ ક્યા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી. સી. ટી. વી. કેમેરા ની વ્યવસ્થા રાખવી. સી. સી. ટી. વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ (૦૩)-માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ,લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે, તદ્ઉપરાંત પર્યટન સ્થળોની જગ્યાએ આવેલ ધાર્મિક સ્થળોએ ધર્મશાળાઓ વિગેરેમાં આ પ્રકારની મુસાફરની સંચાલકોએ જરૂરી ચકાસણી કરી ઉતારો આપવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. જો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોયતો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમ તારીખ ૯મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૭મી જૂન, ૨૦૧૫ (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮ માહે એપ્રિલ-૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/પરમીટ/એ. સેકશન/૧૩૩૨/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, કે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઇ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલકત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ
વડોદરા શહેરમાં ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત (ઔદ્યોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફલેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફિસ/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલકત)
પોલીસ ઇન્સ્પેકટરશ્રી .... પોલીસ સ્ટેશન, વડોદરા શહેર, તારીખ ..../.........../૨૦૧૫.
ઔદ્યોગિક એકમ, મકાન માલિકનું નામ શ્રી/શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... સરનામું
ફોન નં. (ઘર) (ઓફિસ) (મો)
ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલકતનું સરનામું
(ભાડે રાખેલ મિલકત)નો ફોન નંબર (મો)
કેટલા ટાઇમ માટે ભાડે આપેલ તે સમયગાળો રિન્યુઅલ તારીખ

INDEX

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન, માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો
ભાડુઆતની સહી	એકમ, મકાન માલિકની સહી

આ હુકમ તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫થી તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫ (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫ માહે એપ્રિલ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/૧૩૩૩/૨૦૧૫.-વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, વડોદરા શહેર વિસ્તારમાં વહેલી સવારના ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આ ટ્યુશન કલાસમાં જતા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો ભૂતકાળમાં બનેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓના હિતમાં વડોદરા શહેરમાં વહેલી સવારે ૦૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રિના કલાક ૨૧-૦૦ પછી શૈક્ષણિક ટ્યુશન કલાસીસ શરૂ કરવા/ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ઈ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : GG/૪૨૨/C.R.C. /૧૦૮૨/૧૦૮૦/M, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : GG/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં સવારના કલાક ૦૭-૦૦ વાગ્યા પહેલાં શરૂ કરવા અને રાત્રિના કલાક ૨૧-૦૦ પછી ટ્યુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર.

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫ માહે એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/જાહેરનામું/૧૩૩૪/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે થયેલ ત્રાસવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બ બ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે ખરીદનાર વ્યકિતની ઓળખ માટે સાયકલના વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા મેળવી ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ, સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર/સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ. નો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડાક સુચનો અમલમાં મુકાવવાનું જરૂરી જણાય છે.

જેથી, હું ઈ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, કે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર, દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

INDEX

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/ બેટરીથી ચાલતા સ્કુટર વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરું નામ / સરનામું, સંપર્ક માટે ટેલીફોન/ મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર / ચેસીસ નંબર અવશ્ય લખવો.

અમલવારીના પીરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫ માહે એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસબી/જાહેરનામું/૩૭/૨૦૧૫.– રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. જેના લીધે મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મૂળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જેથી મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હાઓમાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવુ જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી આ બાબતે કોઈ વ્યક્તિઓ મોબાઈલ સીમકાર્ડ/હેન્ડ સેટ, વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઇપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મૂળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાયછે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના (આઈ.પી. એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સી.આર.પી.સી. ૧૯૭૩ (૧૯૭૪ના પાના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવુ ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજિસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાંની વિગત	ID પ્રૂફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાંની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

આ ઉપરાંત કોઇ એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી સીધો મોબાઇલની લે-વેચ કરે ત્યારે મોબાઇલ વેચનાર વ્યકતી પાસેથી ખરીદ કરનાર વ્યક્તિએ મોબાઇલ વેચનાર વ્યક્તિનું ID પ્રૂફ અને પુરૂ નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી બીજી નકલ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાનુ રહેશે. દરેક પોલીસ સ્ટેશનમાં ઉપર મુજબના કોલમનું રજીસ્ટર નીભાવવાનું રહેશે.

INDEX

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૯મી એપ્રિલ, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૭મી જૂન, ૨૦૧૫ ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :

(1) Hon'ble High Court Resolution No. A.2403/2011, dtd. 13-11-2013.

(2) This Office Notification No. B/Limkheda/S.D./02/2015, dtd. 21-01-2015.

(3) Hon'ble High Court Notification No. A.0705(II)/2015[13], dated 03-03-2015.

Notification

No. B/Limkehda/S.D./07/2015.–As per the direction of the Hon'ble High Copurt Resolution cited in the preamble at Sr. No. 1, the undersigned is pleased to issue the following order :-

Mr. N. G. Parmar, 4th Additional Senior Civil Judge and Additional Chief Judicial Megistrate, Dahod, be deputed to hold his sitting at Limkheda, for 29 days in each month for transaction of Suits and proceedings of Civil nature arising from the area under the jurisdiction of the Courts of the Civil Judge and Judicial Magistrate First Class of Limkheda, DevgadhBaria and Dhanpur in Dahod district with effect from **10th March, 2015.**

So far as the month of February of each year is concerned, if the month of February is of 28 days, the deputation period shall commence from 1st to 27th and if the month of Februay is of 29 days, the depution period shall commence from 1st to 28th, for disposal of Civil Cases only.

Dahod, 9th March, 2015.

S. N. VAKIL,
Principal District Judge,
Dahod.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર ડીસીબી/એસએસસી-એચએસસી/પરીક્ષા/સીઆરપીસી-૧૪૪/વશી. ૨૨૮૫ થી ૨૩૧૧/૨૦૧૫.– ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માધ્ય. પ્ર. પરીક્ષા ઉ.મા.પ્ર. પરીક્ષા (સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહ) સેમે.-૪ અને તારીખ ૩૦મી માર્ચ, ૨૦૧૫થી તારીખ ૮મી માર્ચ, ૨૦૧૫ દરમ્યાન વિજ્ઞાન પ્રવાહ સેમે.-૨ની પરીક્ષા લેવાનાર છે. આથી નિયત કરેલ તમામ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સંચાલન સરળ અને સુચારૂ થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા તથા હથિયાર કે મોબાઈલ ફોન લઈ જવા પર કે પરીક્ષા સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ / ફેક્સ સેન્ટરો તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫નાં રોજ સવારે ૭-૦૦ કલાકથી તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫નાં રોજ સાંજે ૧૮-૦૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી અને ઈષ્ટ જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આ સાથેના નિર્દિષ્ટ કરેલ નવસારી જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓ ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા કોઈ પણ વ્યક્તિએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઈલ લઈ જવા ઉપર કે લાઉડસ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા સદરહું પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ / ફેક્સ સેન્ટરો તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫નાં રોજ સવારે ૭-૦૦ કલાકથી તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫ નાં રોજ સાંજે ૧૮-૦૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર તથા નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓએ પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવું નહિં.

(૨) કોઈપણ ઈસમે, કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિં.

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખન કાર્યમાં અડચણ- વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવું /કરાવવું નહિં.

(૪) પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, ઈલેક્ટ્રોનીક આઈટમ, મોબાઈલ ફોન, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગેરેનું વહન કરવું નહિં કે કરાવવામાં મદદગારી કરવી નહિં.

INDEX

(૫) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં. અથવા સરઘસ કાઢવું નહીં, કે ભેગા થવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ / અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) આ હુકમ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વ / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યક્તિઓને તથા ઉક્ત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ / વિદ્યાર્થીઓને તેમજ પરીક્ષાની કામગારી માટે રોકાયેલા અધિકૃત વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૪) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે સભા બોલાવવી નહી. અથવા સરઘસ કાઢવું નહી. કે ભેગા થવું નહી.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ના રોજ મારી સહી મુદ્રા કરી આપી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ ની પેટા-કલમ (૧) (બ) હેઠળનો નિયમ.

નં. ઈસી/ટ્રાફીક/જાહેરનામું/૩૬૧-૩૬૫/૨૦૧૫.- મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માની) કલમ ૩૩ની પેટા-કલમ (૧) (બ) હેઠળ મળેલ સત્તાની રૂએ, મોજે. મહુવડ, તા. પાદરા, નજીક ગંભીરા-મહુવડ રસ્તા ઉપર મહીસાગર નદીના પુલનું સમારકામ હાથ ધરવાનું હોવાથી મહુવડ રસ્તા ઉપરથી મહીસાગર નદીના પુલનો રસ્તો તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધીના અથવા કામ પુર્ણ ન થાય ત્યાં સુધી પુલ ઉપરથી પસાર થતા જતા આવતા વાહનોને નીચે જણાવ્યા મુજબ વૈકલ્પીક રસ્તાઓનું ડાયવર્ઝન આપવા જાહેરનામું તાત્કાલિક પ્રસિધ્ધ કરવું જરૂરી છે.

હું અવંતિકા સિંઘ, જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માંની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે ઉક્ત સમારકામ માટે

(૧) જંબુસરથી પુલ ઉપર થઈને ગંભીરા બોરસદ તરફ જતાં વાહનો મહુવડ-પાદરા-સમીયાલા-ભીમપુરા થઈને સીંધરોટ-ઉમેટા-કીખલોડ-બોરસદ રસ્તા ઉપર થઈને જશે.

(૨) બોરસદથી ગંભીરા થઈને મહુવડ-જંબુસર તરફ આવતા વાહનો બોરસદ-કીંખલોડ-ઉમેટા-સીંધરોટ થઈને ભીમપુરા-સમીયાલા-પાદરા-મહુવડ રસ્તા ઉપર થઈને જશે.

આજ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

અવંતિકા સિંઘ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો કલમ ૨૨ અધિનિયમ) ની કલમ ૩૩ (૧) (બી) મુજબનો.

નંબર ડી.સી./પીઓએલ/એમએજી/એસ.આર.-૧૮/૨૦૧૫.– કાર્યપાલક ઈજનેરશ્રી (મા અને મ) વિભાગ, અમદાવાદના તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫ના પત્રથી વિરમગામ નગરપાલિકાના હદમાંથી પસાર થતી રેલ્વે લાઈનનું રેલ્વે ક્રોસીંગ નં. ૪૨ (નિલકી ફાટક) ઉપર રેલ્વે ઓવર બ્રિજ એપ્રોચ રોડ બનાવવાની કામગીરી માટે રેલ્વે ક્રોસીંગ નં. ૪૨ બંધ કરવા મુદત વધારી આપવાની માંગણી અન્વયે સદર રસ્તો બંધ થવાથી નીચે મુજબ ટ્રાફીકની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૧) વિરમગામ બસ સ્ટેન્ડથી ભરવાડી દરવાજા-રૈયાપુર દરવાજાથી પોપટ ચોકડી સુધી

(૨) વિરમગામ બસ સ્ટેન્ડથી માંડલ રોડથી પોપટ ચોકડી સુધી તેમજ

(૩) વિરમગામ બસ સ્ટેન્ડથી મીલ ફાટકથી પોપટ ચોકડી

વાસ્તે, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નો (૨૨મો અધિનિયમ) ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) થી મને મળેલ અધિકારની રૂએ વિરમગામ નગરપાલિકા વિસ્તારમાં આવેલ રેલ્વે ક્રોસીંગ નં. ૪૨ રેલ્વે કિ.મી. ૫૬૧/૭ થી ૫૬૧/૮ બંધ કરવા અને ટ્રાફીકની વૈકલ્પિક વ્યવસ્થા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

આ હુકમ તારીખ ૪થી એપ્રિલ, ૨૦૧૫ થી તા. ૩જી જૂન, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને-૧૮૬૦નો અધિનિયમ નં. ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૨૦-૧૦-૨૦૦૯ના હુકમ નં. ફડચ/ફ-૧૭૫૩૮/ઘ-૨/૫૯૬/૨૦૦૯.

(૨) શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૩) વડોદરાના તા. ૨૦-૧૦-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ફ-૩/૮૩૩/૧૪થી નોંધણી રદ કરવા અંગેની આવેલ દરખાસ્ત.

(૩) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક GHKH/51/2005/NSB/12/2002/3011/CH, તા. ૨૧-૦૭-૧૧ તથા જા. ના. ક્રમાંક GHKH/62/2011/NSB/12/2002/3011/CH, તા. ૨૬-૦૮-૨૦૧૧.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/૦૧/ઘ-૨/૫૩/૨૦૧૫.–ધી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કર્મચારી સહકારી ગ્રાહક ભંડાર લી., મુ. પો. તા. જી. વડોદરાની નોંધણી, નોંધણી ક્રમાંક ભ-૪૭૪, તા. ૧૪-૦૨-૧૯૭૪ થી કરવામાં આવી હતી. સદર મંડળીને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ, મંડળીના ફડચા અધિકારી તરીકે, શ્રી સહકારી અધિકારી (ફડચા-૩), લગત કાર્યાલયની નિમણૂક કરવામાં આવેલ હતી.

મંડળીના દફતરનો ચાર્જ મેળવવા માટે ફડચા અધિકારી દ્વારા તા. ૦૬-૧૨-૨૦૧૦ના આર.પી.એ.ડી. પત્રથી મંડળીના મંત્રીશ્રીને જાણ કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને મંત્રીશ્રીએ તા. ૧૬-૧૨-૨૦૧૦ના રોજ ફડચા અધિકારીશ્રીને આપેલ નિવેદન મુજબ મંડળીનું દફતર તેઓ પાસે નથી. તથા પ્રમુખશ્રી મૈયત થયેલ છે. પ્રમુખના કુટુંબના સભ્યો અમેરિકામાં સ્થાયી થયેલ છે. તેમ જણાવી મંડળીનું દફતર તેઓ ન હોઇ, રજુ કરવાનો પ્રશ્ન નથી. તેમ જણાવેલ હતું. આમ મંડળીના હોદ્દેદારોનો કોઇ પત્તો નહિ લાગતા ફડચા અધિકારી દ્વારા તા. ૦૯-૧૦-૨૦૦૯ના સંદેશ દૈનિક વર્તમાનપત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી, મંડળીના લેણદારો તથા દેવાદારોને પોતાના લેણા - દેવા આ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન ૬૦ માં તેઓની કચેરીએ આધાર - પુરાવા સહ નોંધાવી જવા જણાવવામાં આવેલ અને ત્યારબાદ કોઇ હક્ક દાવા નોંધવામાં આવશે નહી અને તે મુજબ ફડચાની કામગીરી સમાપ્ત કરી મંડળીને આટોપી લેવામાં આવશે તેમ જણાવેલ હતું. તે સંદર્ભમાં તેઓને કોઇ રજુઆત મળેલ નથી કે મંડળીના હોદ્દેદારો તરફથી તેઓને રેકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી. જેથી ફડચા અધિકારી દ્વારા ફરીથી તા. ૨૪-૦૬-૨૦૧૪ના ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી, મંડળીના લેણદારો તથા દેવાદારોને પાતોના લેણા - દેવા આ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન ૬૦ માં તેઓની કચેરીએ આધાર - પુરાવા સહ નોંધાવી જવા જણાવવામાં આવેલ અને ત્યારબાદ કોઈ હક્ક દાવા નોંધવામાં આવશે નહી અને તે મુજબ ફડચાની કામગીરી સમાપ્ત કરી મંડળીને આટોપી લેવામાં આવશે તેમ જણાવેલ હતું. તે સંદર્ભમાં તેઓને કોઇ રજુઆત મળેલ નથી કે મંડળીના હોદ્દેદારો તરફથી તેઓને રોકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી. આમ મંડળીના તથા હોદ્દેદારોના નામ - સરનામા માટે ઉપર જણાવેલ વિગતે પ્રયત્નો કરવા છતાં કોઇ પત્તો મળેલ નથી. જેથી મંડળી તેના નોંધાયેલ સરનામે અસ્તિત્વમાં નથી તેમ માનવાને પુરતા કારણો છે.

આમ ઉપર જણાવેલ વિગતો મુજબ ફડચા અધિકારીશ્રી તરફથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ભલામણ સહ દરખાસ્ત આમુખ-(૨) થી અત્રેને મોકલેલ છે. જેથી સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોઈ, ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમાં લેતા, આમુખ-(૩)માં જણાવેલ જાહેરનામા અન્વયે અત્રેને મળેલ સત્તાને આધિન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કર્મચારી સહકારી ગ્રાહક ભંડાર લી., મુ. પો. તા. જી. વડોદરાની નોંધણી, નોંધણી ક્રમાંક ભ-૪૭૪, તા. ૧૪-૦૨-૧૯૭૪થી કરવામાં આવી હતી. સદરહુ મંડળીને પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર, ફડચામાં લઈ ગયા બાદ ચાર્જ સંભાળવા અંગે ફડચા અધિકારી દ્વારા પત્રો પાઠવીને અને પેપર પ્રસિદ્ધિ આપીને ચાર્જ લેવાનો પ્રયત્ન કરેલ છે. તથા વર્તમાનપત્રમાં નોટિસ પ્રસિદ્ધ કરી મંડળીના લેણદારો તથા દેવાદારોને પોતાના લેણા-દેવા આ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૬૦માં તેઓની કચેરીએ આધાર-પુરાવા સહ નોંધાવી જવા જણાવવામાં આવેલ હોવા છતાં ફડચા અધિકારીને કોઈ રજુઆત મળેલ નથી કે રેકર્ડ સુપ્રત થયેલ નથી. જેથી મંડળી તેના નોંધાયેલા સરનામે અસ્તિત્વમાં નથી તેમ માની ફડચા અધિકારી નં (૩) વડોદરાએ મંડળીની નોંધણી રદ કરવા માટે દરખાસ્ત મોકલેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે, સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે આથી રદ કરવામાં આવે છે. જેથી સદરહુ મંડળી આથી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાય એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ખે/૫૫૧૦/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, વહાણવટી ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નાના કલોદરા, તા. ખંભાત, જિ. આણંદની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ખે/૫૫૧૧/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, પોહવગો વૃક્ષ ઉછેરક સહકારી મંડળી લી., મું. નાની શેરડી, તા. બોરસદ, જિ. આણંદની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

INDEX

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ખે/૫૫૧૨/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, મહીસાગર વૃક્ષ ઉછેરક સહકારી મંડળી લી., મું. રામપુરા (આસરમા), તા. બોરસદ, જિ. આણંદની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ખે/૫૫૧૩/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, ખોડીયાર કૃપા ગોપાલક સહકારી મંડળી લી., મું. જૂની માલાસોની, તા. ખંભાત, જિ. આણંદની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ઉ-૧૪૪૦૧/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, મહાકાળી અનાજ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. રાવપુરા, તા. ખંભાત, જિ. આણંદની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ઉ-૧૪૪૦૨/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, કે.જી.એન. અનાજ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. સુરેલી, તા. ઉમરેઠ, જિ. આણંદની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ઉ-૧૪૪૦૩/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, સીતારામ અનાજ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. કલમસર, તા. ખંભાત, જિ. આણંદની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./સે-૩૪૧૨૭/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, વડેલી (બોરસદ) સેવા સહકારી મંડળી લી., મું. વડેલી, તા. બોરસદ, જિ. આણંદની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫.

આર. એસ. ડાભી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, આણંદ.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એનએસવી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧ અન્વયે મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૪-૧૨-૨૦૧૪નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૩૦૩૬/૨૦૧૪ થી વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૮૪/૩૫૩/૨૦૧૫.–આમુખ (૧) થી વંચાણે લીધેલ જોગવાઈઓ અન્વયે આમુખ (૩) વાળા હુકમથી મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે અને મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળીને ચલાવવા માટે તેમજ ઉદ્દેશો મુજબ કાર્યરત કરવા માટે કોઇ રસ દાખવેલ નથી. અથવા પ્રત્યુત્તર આપેલ નથી કે જવાબ રજુ કરેલ નથી. આમ, સદર મંડળી ચલાવવા માટે મંડળીના કાર્યવાહકોને રસ ન હોવાનું પ્રથમ દષ્ટિએ ફલિત થાય છે. જેથી, અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

ધી વિરમાયાનગર કો. ઓપ. હા.સો.લી., મું.તા. જિ. પાટણને અત્રેની કચેરીના આમુખ નં. ૧ ના તારીખ ૨૪-૧૨-૨૦૧૪ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારીશ્રી, (ફડચો), પાટણે ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ)
મહેસાણા.

INDEX

જા. નં. નધણ/એનવીએસ/ઘ-૨૨૧૨૦/૯૫/૩૯૨/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, પાર્શ્વનાથ રેસીડેન્સી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., શાંતાદેવી રોડ, તા.જિ. નવસારીને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા.), વલસાડ.

વંચાણે લીધા :-

(૧) સિધ્ધાર્થનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. નડીયાદ, તા. નડિયાદ, જિ. ખેડાને ફડચામાં લઇ જવાનો વચગાળોના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૨૩૯/૨૦૧૪, તા. ૭-૧૧-૨૦૧૪.

હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૨૫/૨૦૧૫.–સિધ્ધાર્થનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. નડીયાદ, તા. નડિયાદ, જિ. ખેડા સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ઘ-૪૪૬૮, તા. ૧-૪-૧૯૭૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તે મંડળીને ગુજરાત સહકારી મંડળી અધિનિમય, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત સદર કચેરી, નડિયાદની સહકારી કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. તેમના મહેનતાણાંની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી અને ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવું.

નડીયાદ, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉ.)
નડિયાદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા(હા)-૮૩૧૨/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શાલ્વીક શુકન મેઇન્ટેન્સ કો. ઓપ. હાઉસીંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી., સ્થળ વાવોલ, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

જા. નં. નધણ/૦૧/ખ-૨/૫૮/ઉ-૧૩૭૯૭/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી વડદલા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વડદલા, તાલુકો પેટલાદ, જિલ્લો આણંદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તા. ૦૧-૦૨-૨૦૦૭ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ઘ-૨/સે.દૂ.-૨૨૫૦૬/૭૬/૨૦૦૭, તા. ૦૧-૦૨-૨૦૦૭ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) મંડળીની નોંધણી રદ અંગેની તા. ૨૫-૧૨-૨૦૧૪ની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૩) ફડચા અધિકારી તરસાડી દૂ.ઉ.સ.મં.લી., લગત જિલ્લા રજિ. સ.મં., નવસારી, તા. ૨૯-૧૨-૨૦૧૪ થી મંડળીની નોંધણી રદની ભલામણ.

(૪) ઓડીટર ગ્રેડ-૨, સ.મં., નવસારીનો તા. ૦૧-૦૪-૨૦૦૬ થી તા. ૨૭-૧૨-૨૦૧૪ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને તેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ફ-૧૪૦૪૦/૭૯૦/૨૦૧૪.– ક્રમાંક ઉખસ/ફડચ/સે.દૂ.-૨૨૫૦૬, તા. ૨૬-૧૧-૧૯૮૬, તરસાડી દૂધ ઉત્પાદક સ.મં. લી., મું.પો. તરસાડી, તા.જિ. નવસારી જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. સદર મંડળીને આમુખ-(૧) થી ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, અને આમુખ-(૨) થી મંડળીની નોંધણી રદ અંગેની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ જે સબબ આમુખ-(૩) થી ફડચા અધિકારીશ્રીનાં અભિપ્રાય મુજબ ફડચાનું કામ પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. આમુખ-(૪) થી મુજબ છેવટ સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૩) મુજબ ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

હુકમ

આથી, હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તરસાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. તરસાડી, તા. જિ. નવસારીની નોંધણી ક્રમાંક સે. દૂ. - ૨૨૫૦૬, તા. ૨૬-૧૧-૧૯૮૬ની નોંધણી રદ કરવા આથી હુકમ કરું છું અને તેથી આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવી છે, એમ ગણાશે.

નવસારી, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તા. ૦૮-૧૧-૨૦૧૧ના હુકમ ક્રમાંક ફડચ/નધણ/ઘ-૨/૩૨૧/૨૦૧૧ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) મંડળીની નોંધણી રદ અંગેની તા. ૧૯-૧૨-૨૦૧૪ની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૩) ઓડીટર ગ્રેડ-૨, સ.મં., નવસારીનો તા. ૦૧-૦૪-૨૦૧૦ થી તા. ૨૦-૧૨-૨૦૧૪ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૪) ફડચા અધિકારી મોલધરા દૂ.ઉ.સ.મં.લી., લગત જિલ્લા રજિ. સ.મં., નવસારી, તા. ૨૨-૧૨-૨૦૧૪ થી મંડળીની નોંધણી રદની ભલામણ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને તેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ફ-૧૪૦૪૧/૭૮૯/૨૦૧૪.– ક્રમાંક ઉખસ/ફડચ/સે.દૂ.-૨૨૮૨૨, તા. ૨૯-૦૧-૧૯૮૮, મોલધરા દૂધ ઉત્પાદક સ.મં. લી., મું.પો. મોલધરા, તા.જિ. નવસારી જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. સદર મંડળીએ આમુખ-(૧) થી ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, અને આમુખ-(૨) થી મંડળીની નોંધણી રદ અંગેની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ જે સબબ આમુખ-(૩) મુજબ છેવટ સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૪) મુજબ ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ મોલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. મોલધરા, તા. જિ. નવસારીની નોંધણી ક્રમાંક સે. દૂ. - ૨૨૮૨૨, તા. ૨૯-૦૧-૧૯૮૮ની નોંધણી રદ કરવા આથી હુકમ કરું છું અને તેથી આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવી છે, એમ ગણાશે.

નવસારી, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડના જા.નં. અષણ/૦૧/ચ/૩૦૦૯/૧૪, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૪૨-૪૪૮/૨૦૧૪, તા. ૨૩-૦૯-૨૦૧૪.

(૩) અત્રેની કચેરીના વચગાળા હુકમ નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૫૧ થી ૭૫૭/૨૦૧૪, તા. ૨૨-૧૨-૨૦૧૪.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૧૨૩ થી ૧૨૯/૨૦૧૫.–મ.સ. માળી ફળિયા ગોડથલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ગોડથલ, તા. ચિખલી, જિ. નવસારી, જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. મ.સ. માળી ફળિયા ગોડથલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ગોડથલ, તા. ચિખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં ન આવતાં અત્રેના વંચાણે લીધા (૩)થી વચગાળાનો આદેશ કરી એક માસની મુદતમાં રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈ પણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ મ.સ. માળી ફળિયા ગોડથલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ગોડથલ, તા. ચિખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વસુધરા ડેરી આલીપોર, ચીકળી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડના જા.નં. અષણ/૦૧/ચ/૩૦૦૭/૧૩, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૪૯-૪૫૫/૨૦૧૪, તા. ૨૪-૦૯-૨૦૧૪.

(૩) અત્રેની કચેરીના વચગાળા હુકમ નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૨૮ થી ૭૩૩/૨૦૧૪, તા. ૨૨-૧૨-૨૦૧૪.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૧૩૦ થી ૧૩૬/૨૦૧૫.–મ.સ. પૂર્વ બાવરી ફળિયા ખેરગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ખેરગામ, તા. ચિખલી, જિ. નવસારી, જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. મ.સ. પૂર્વ બાવરી ફળિયા ખેરગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. ખેરગામ, તા. ચિખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં ન આવતાં અત્રેના વંચાણે લીધા (૩) વચગાળાનો આદેશ કરી એક માસની મુદતમાં રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈ પણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

અંતિમ હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ મ.સ. પૂર્વ બાવરી ફળિયા ખેરગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ખેરગામ, તા. ચિખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વસુધરા ડેરી આલીપોર, ચિખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડના જા.નં. અષણ/૦૧/ચ/૩૦૦૫/૧૪, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૫૦૫-૫૧૩/૨૦૧૪, તા. ૦૧-૧૧-૨૦૧૪.

(૩) અત્રેની કચેરીના વચગાળા હુકમ નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૪૦ થી ૭૪૫/૨૦૧૪, તા. ૨૨-૧૨-૨૦૧૪.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૧૩૭ થી ૧૪૩/૨૦૧૫.—શ્રી પેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. પેરા, તા. જિ. નવસારી, જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. શ્રી પેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. પેરા, તા. જિ. નવસારીને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં ન આવતાં અત્રેના વંચાણે લીધા (૩)થી વચગાળાનો આદેશ કરી એક માસની મુદતમાં રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈ પણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી પેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. પેરા, તા. જિ. નવસારીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વસુધરા ડેરી આલીપોર, ચિખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડના જા.નં. અષણ/૦૧/ચ/૩૦૦૬/૧૪, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૬૦૬-૬૧૪/૨૦૧૪, તા. ૨૪-૧૧-૨૦૧૪.

(૩) અત્રેની કચેરીના વચગાળા હુકમ નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૭૨ થી ૭૭૭/૨૦૧૪, તા. ૨૨/૨૯-૧૨-૨૦૧૪.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૧૪૪ થી ૧૫૦/૨૦૧૫.—મ.સ. વજીફા ફળિયા વંકાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. વંકાલ, તા. ચિખલી, જિ. નવસારી, જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. મ.સ. વજીફા ફળિયા વંકાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. વંકાલ, તા. ચિખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં ન આવતાં અત્રેના વંચાણે લીધા (૩)ની વચગાળાનો આદેશ કરી એક માસની મુદતમાં રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈ પણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ મ.સ. વજીફા ફળિયા વંકાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. વંકાલ, તા. ચિખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વસુધરા ડેરી આલીપોર, ચિખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડના જા.નં. અષણ/૦૧/ચ/૩૦૦૮/૧૪, તા. ૦૬-૦૯-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૩૪-૪૪૧/૨૦૧૪, તા. ૨૩/૨૬-૦૯-૨૦૧૪.

(૩) અત્રેની કચેરીના વચગાળા હુકમ નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૩૪ થી ૭૩૯/૨૦૧૪, તા. ૨૨-૧૨-૨૦૧૪.

INDEX

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૧૫૫ થી ૧૫૭/૨૦૧૫.–મ.સ. મંદિર ફળિયા વાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. વાડ, તા. ચિખલી, જિ. નવસારી, જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. મ.સ. મંદિર ફળિયા વાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. વાડ, તા. ચિખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં ન આવતાં અત્રેના વંચાણે લીધા (૩)થી વચગાળાનો આદેશ કરી એક માસની મુદતમાં રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈ પણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ મ.સ. મંદિર ફળિયા વાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. વાડ, તા. ચિખલી, જિ. નવસારીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વસુધરા ડેરી આલીપોર, ચિખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડના જા.નં. અષણ/૦૧/ચ/૧૯૮૧/૧૪, તા. - -૦૭-૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૯૬-૫૦૪/૨૦૧૪, તા. ૨૦-૧૦-૨૦૧૪, ૦૧-૧૧-૨૦૧૪.

(૩) અત્રેની કચેરીના વચગાળા હુકમ નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૭૪૬ થી ૭૫૧/૨૦૧૪, તા. ૨૦-૧૨-૨૦૧૪.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૧૫૮ થી ૧૬૪/૨૦૧૫.–મ.સ. દાદરી ફળિયા પાટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. પાટી, તા. ચિખલી, જિ. નવસારી, જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. મ.સ. દાદરી ફળિયા પાટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. પાટી, તા. ચિખલી, જિ. નવસારીને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે. જે સબબ સુનાવણી તારીખના રોજ મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં ન આવતાં અત્રેના વંચાણે લીધા (૩)થી વચગાળાનો આદેશ કરી એક માસની મુદતમાં રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ મંડળી દ્વારા કોઈ પણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ મ.સ. દાદરી ફળિયા પાટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. પાટી, તા. ચિખલી, જિ. નવસારી,ને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વસુધરા ડેરી આલીપોર, ચિખલી, જિ. નવસારીની નિમણુંક કરૂં છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તા. ૦૩-૧૧-૨૦૧૪ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૫૫૬-૫૬૦/૨૦૧૪ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) મંડળીની નોંધણી રદ અંગેની તા. ૨૭-૦૧-૨૦૧૫ની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૩) ફડચા અધિકારી શ્રી બહેરા મુંગા શાળાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સ.મં.લી., મું. વિજલપોર લગત જિલ્લા રજિ. સ.મં., નવસારી, તા. ૨૭-૦૧-૨૦૧૫ થી મંડળીની નોંધણી રદની ભલામણ.

(૪) ઓડીટર ગ્રેડ-૨, સ.મં., નવસારીનો તા. ૦૧-૦૪-૨૦૧૩ થી તા. ૨૦-૦૧-૨૦૧૫ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને તેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૭૧/૧૮૪૧૭/૫૬૩/૨૦૧૫.– ધી ધનલક્ષ્મી કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી., મું. કડી, તા. કડી, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંકઃ ધ-૯૫૬૦ તા. ૨૩/૦૪/૧૯૮૨ છે (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

INDEX

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧/૪/૨૦૧૨થી તા. ૩૧/૩/૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ (ન.જ.૪), સ.મં. મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તા. ૨૮/૧૦/૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ- (૧)માં જણાવેલ વિગતે તા. ૧/૧૧/૨૦૧૪થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે, ખાસ અહેવાલ આધીન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને તા. ૬/૧/૨૦૧૫થી BY RPAD પાઠવેલ કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. (૧) થી (૮)માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૧૯/૧/૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી અને કોઈ પ્રત્યુતર આપેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ ગત તા. ૧/૪/૦૯ થી ૩૧/૩/૧૨ સુધીના ઓડીટમેમાની ખામીઓની દુરસ્તી કરી, તેનો દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી, જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૨) મંડળીએ રજીસ્ટ્રારશ્રી સં.મ.. ગુ.રા. ગાંધીનગરના તા. ૨૧/૭/૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક- ધરમ/૦૧/છ/૭૩૧/૦૮થી અપાયેલ સુચના મુજબ મંડળીએ પોતાના પેટાનિયમમાં સભાસદોના મિલ્કતોનું સરકારમાન્ય આર્કીટેક દ્વારા સ્ટ્રકચરલ ઓડીટ કરાવવા બાબતે સુધારો મંજુર કરાવેલ નથી જેથી મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી.

(૩) મંડળીએ તેના પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની સંપુર્ણ કામગીરી અગાઉના વર્ષોમાં પૂર્ણ કરેલ છે, જેથી મંડળીના પેટાનિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કોઈપણ કામગીરી કરવાની બાકીમાં નથી અને મંડળી હાલમાં તદન સ્થગિત અવસ્થામાં છે.

(૪) મંડળીએ સને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષની વા. સાધારણ સભા ભરેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ થયેલ છે.

(૫) મંડળીએ વ્યવસ્થાપક કમીટીની મીટીંગો પેટાનિયમની જોગવાઈ મુજબ બોલાવેલ નથી આમ પેટા નિયમની જોગવાઈઓનો ભંગ કરેલ છે.

(૬) મંડળીના નામ સરકારશ્રી તથા અન્ય બેંક કે સંસ્થાનું કોઈપણ લેણું ચુકવવાનું બાકી નથી.

(૭) મંડળીમાં તા. ૩૧/૩/૨૦૧૪ અંતિત એકત્રિત ખોટ ૯૫૨૭/૫૨ છે, જે ખોટ નિવારવા મંડળી તરફથી કોઈ પગલા ભરવામાં આવેલ નથી.

(૮) મંડળીએ રજીસ્ટ્રારશ્રી સં.મં.ગુ.રા.ગાંધીનગરના તા. ૨૧/૭/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃ ધરમ/૦૧/છ/૭૩૧/૦૮ના પરિપત્ર અન્વયે મંડળીના સભાસદોના મકાનોના ધરતીકંપ, વાવાઝોડા, પૂર, આગ વિગેરે પ્રકારની કુદરતી આપત્તિઓની સામે રક્ષણ મેળવવા સારૂ સરકારમાન્ય આર્કિટેકટ દ્વારા સ્ટકચરલ ઓડીટ મંડળી તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૯) મંડળીએ તેના પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી પૂર્ણ કરેલ નથી. મંડળીની હાલમાં તદ્દન સ્થગિત અવસ્થામાં છે, મંડળીના સભાસદો તથા કાર્યવાહકોને મંડળી ચલાવવા માટે રસ હોય તેમ જણાતું નથી.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર હાજર ન રહી મંડળીને ફડચામાં લઈ જવા જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી મુનાસિફ હોવાથી પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

વચગાળાનો આદેશ

ધી ધનલક્ષ્મી કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી., મું. કડી, તા. કડી, જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી ક્રમાંક ઘ-૯૫૬૦ તા. ૨૩/૦૪/૧૯૮૨થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧)ના ખંડ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ.એસ. પટેલ સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર-૨, સ.મં. (પ્રમાણિત-૧), મહેસાણાના તારીખ ૦૧/૧૨/૧ ના પત્ર ક્રમાંકઃઅષણ/૦૧/૧૯૫/૨૦૧૪થી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૪/૨૦૧૫, તા. ૨/૧/૨૦૧૫થી મંડળીની વ્ય.કમિટિ હોદ્દોદારોને BY RPAD પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧/૭/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંકઃજી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૭૦/૧૮૪૧૮/૫૬૧/૨૦૧૫.–ધી ગોપાલનગર કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી., મું. તા. જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૫૦૦૦ તા. ૧૨/૧૨/૧૯૭૫ છે (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧/૪/૨૦૧૨થી તા. ૩૧/૩/૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨

(પ્રમાણિત-૧), સ.મં. મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તા. ૨૪/૧૧/૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં તા. ૧/૧૨/૨૦૧૪થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે, ખાસ અહેવાલ આધીન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને તા. ૨/૧/૨૦૧૫થી BY RPAD કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. (૧) થી (૬)માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૨૭/૧/૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી અને કોઈ પ્રત્યુતર આપેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી તેનો દુરસ્તી રીપોર્ટ સંબધિત ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ-ડ છે.

(૩) મંડળીના પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબની કામગીરી અગાઉના વર્ષોમાં પૂર્ણ થઈ ગયેલ છે.

(૪) પેટા નિયમ મુજબ દર બે માસે એક વખત વ્ય. કમીટીની બેઠક બોલાવવી ફરજીયાત હોવા છતાં સને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષમાં ફક્ત-૩ અને સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં ફક્ત-૧ બેઠક મળેલ છે. આમ, કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

(૫) મંડળીમાં તા. ૩૧/૩/૨૦૧૪ અંતિત એકત્રિત નફો ₹ ૩૨૪૨૦/૩૦ છે. જેની પેટાનિયમ મુજબ ફાળવણી નહી કરીને પેટા નિયમનો ભંગ કરેલ છે.

(૬) અગાઉના વર્ષોમાં મંડળીએ વહીવટી ફાળો ઉઘરાવી ખર્ચાઓ કરવાની કામગીરી કરેલ છે. પરંતુ સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં કોઈ વહીવટી ફાળો ઉઘરાવેલ નથી કે ખર્ચ કરેલ નથી આમ મંડળી તદન સ્થગિત અવસ્થામાં છે.

(૭) ગત ઓડિટ નોંધની ખામી નંબર ૧૦માં જણાવ્યા મુજબ પેટા નિયમ સુધારા હજુ સુધી મંજુર કરાવેલ નથી આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર હાજર ન રહી મંડળીને ફડચામાં લઈ જવા જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી મુનાસિફ હોવાથી પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

વચગાળાનો આદેશ

ધી ગોપાલનગર કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી., મું. તા. જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી ક્રમાંકઃ ધ-૫૦૦૦ તા. ૧૨/૧૨/૧૯૭૫થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)ના ખંડ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ.એસ. પટેલ સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એસ.આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણમાં લીધુ :-

(૧) અત્રેની કચેરીના પત્રનો ૦૫/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક ખ/પયત/સહકાર/વશી/૧૩૬૬/૭૧.

પ્રસ્તાવના

નંબર ખ/પચત/સહકાર/વશી/૬૨૩૨/૬૨૩૮/૨૦૧૫.– વંચાણ-૧ થી ધી સરદાર શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મું. ખાત્રજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાની નોંધણી નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/૧૨૩૦૨/૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી.

ઉક્ત નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’ (સે)/૧૨૩૦૨/૨૦૧૪માં શરતચૂકથી વર્ષ ૨૦૧૫ નોંધવાને બદલે ૨૦૧૪ લખાયેલ છે. જેથી ધી સરદાર શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખાત્રજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાને નોંધણી નંબર કેડીએ/‘‘ઉ’’(સે)/૧૨૩૦૨/૨૦૧૫ ફાળવવાનો થાય, સબબ ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈને નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

ધી સરદાર શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખાત્રજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાની નોંધણી, નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/ ૧૨૩૦૨/૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી. જેમાં નોંધણી વર્ષ શરતચૂકથી ૨૦૧૫નાં બદલે ૨૦૧૪ નોંધાયેલ છે. જે બાબતે ઉક્ત પ્રસ્તાવનાની વિગતો ધ્યાને લઈને ધી સરદાર શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખાત્રજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાને તા.૦૫/૦૧/૨૦૧૫ના રોજ આપવામાં આવેલ નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/૧૨૩૦૨/૨૦૧૪ રદ કરીને ધી સરદાર શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખાત્રજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાને નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/૧૨૩૦૨/૨૦૧૫ આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. નોંધણી સમયની અન્ય તમામ શરતો યથાવત રહેશે. ઉક્ત નોંધણી નંબરમાં કરેલ ફેરફારની નોંધ મંડળીએ તેના નોંધણી પ્રમાણપત્રમાં કરાવવાની રહેશે.

નડીયાદ, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણમાં લીધુ :-

(૧) અત્રેની કચેરીના પત્રનો ૦૫/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક ખ/પયત/સહકાર/વશી/૧૩૯૦/૯૫.

પ્રસ્તાવના

નંબર ખ/પચત/સહકાર/વશી/૬૨૩૯/૬૨૪૫/૨૦૧૫.–વંચાણ-૧થી શ્રી મહાકાળી અનાજ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળઃ મોદજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાની નોંધણી નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/ ૧૪૦૧૧/ ૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી.

ઉક્ત નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’ (સે)/૧૪૦૧૧/૨૦૧૪માં શરત ચૂકથી વર્ષ ૨૦૧૫ નોંધવાને બદલે ૨૦૧૪ લખાયેલ છે. જેથી શ્રી મહાકાળી અનાજ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળઃ મોદજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાને નોંધણી નંબર કેડીએ/‘‘ઉ’’(સે)/૧૪૦૧૧/૨૦૧૫ ફાળવવાનો થાય, સબબ ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈને નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

ધી શ્રી મહાકાળી અનાજ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળ મોદજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાની નોંધણી, નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/૧૪૦૧૧/ ૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી. જેમાં નોંધણી વર્ષ શરતચૂકથી ૨૦૧૫નાં બદલે ૨૦૧૪ નોંધાયેલ છે. જે બાબતે ઉક્ત પ્રસ્તાવનાની વિગતો ધ્યાને લઈને શ્રી મહાકાળી અનાજ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળઃ મોદજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાને તા.૦૫/૦૧/૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/૧૪૦૧૧/૨૦૧૪ રદ કરીને શ્રી મહાકાળી અનાજ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળઃ મોદજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાને નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/૧૪૦૧૧/૨૦૧૫ આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. નોંધણી સમયની અન્ય તમામ શરતો યથાવત રહેશે. ઉક્ત નોંધણી નંબરમાં કરેલ ફેરફારની નોંધ મંડળીએ તેના નોંધણી પ્રમાણપત્રમાં કરાવવાની રહેશે.

નડીયાદ, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણમાં લીધુ :-

(૧) અત્રેની કચેરીના પત્રનો ૦૫/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક ખ/પયત/ સહકાર/વશી/૧૩૭૪/૭૯.

પ્રસ્તાવના

નંબર ખ/પચત/સહકાર/વશી/૬૨૪૬/૬૨૫૨/૨૦૧૫.–વંચાણ-૧થી ધી કૃષિ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. સ્થળઃ સંધાણા, તા. માતર, જિ. ખેડાની નોંધણી નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/ ૧૪૦૧૨/ ૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી.

ઉક્ત નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’ (સે)/૧૪૦૧૨/૨૦૧૪માં શરત ચૂકથી વર્ષ ૨૦૧૫ નોંધવાને બદલે ૨૦૧૪ લખાયેલ છે. જેથી ધી કૃષિ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. સ્થળઃ સંધાણા, તા. માતર, જિ. ખેડાને નોંધણી નંબર કેડીએ/‘‘ઉ’’(સે)/૧૪૦૧૨/૨૦૧૫ ફાળવવાનો થાય, સબબ ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈને નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

ધી કૃષિ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. સ્થળઃ સંધાણા, તા. માતર, જિ. ખેડાની નોંધણી, નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/ ૧૪૦૧૨/ ૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી. જેમાં નોંધણી વર્ષ શરતચૂકથી ૨૦૧૫નાં બદલે ૨૦૧૪ નોંધાયેલ છે. જે બાબતે ઉક્ત પ્રસ્તાવનાની વિગતો ધ્યાને લઈને ધી કૃષિ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. સ્થળઃ સંધાણા, તા. માતર, જિ. ખેડાને તા.૦૫/૦૧/૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ નોંધણી નં. કેડીએ/‘‘ઉ’’(સે)/૧૪૦૧૨/૨૦૧૪ રદ કરીને ધી કૃષિ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. સ્થળઃ સંધાણા, તા. માતર, જિ. ખેડાને નોંધણી નં. કેડીએ/ ‘‘ઉ’’(સે)/૧૪૦૧૨/૨૦૧૫ આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. નોંધણી સમયની અન્ય તમામ શરતો યથાવત રહેશે. ઉક્ત નોંધણી નંબરમાં કરેલ ફેરફારની નોંધ મંડળીએ તેના નોંધણી પ્રમાણપત્રમાં કરાવવાની રહેશે.

નડીયાદ, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણમાં લીધુ :-

(૧) અત્રેની કચેરીના પત્રનો ૦૫/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક ખ/પયત/ સહકાર/વશી/૧૩૯૮/૧૪૦૪.

પ્રસ્તાવના

નંબર ખ/પચત/સહકાર/વશી/૬૨૫૩/૬૨૫૯/૨૦૧૫.–વંચાણ-૧થી ધી જલારામ ટપક સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળઃ સનાદરા તાબે રંગીનપુરા લાટ, તા. ઠાસરા, જિ. ખેડાની નોંધણી નોંધણી નં. કેડીએ/ ‘‘ખે’’(સિં)/ ૮૦૦૪/૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી.

ઉક્ત નોંધણી નં. કેડીએ/‘‘ખે’’(સિં)/૮૦૦૪/૨૦૧૪માં શરત ચૂકથી વર્ષ ૨૦૧૫ નોંધવાને બદલે ૨૦૧૪ લખાયેલ છે. જેથી ધી જલારામ ટપક સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળઃ સનાદરા તાબે રંગીનપુરા લાટ, તા. ઠાસરા, જિ. ખેડાને નોંધણી નંબર કેડીએ/‘‘ખે’’(સિં)/ ૮૦૦૪/૨૦૧૪/૨૦૧૫ ફાળવવાનો થાય, સબબ ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈને નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

ધી જલારામ ટપક સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળઃ સનાદરા તાબે રંગીનપુરા લાટ, તા. ઠાસરા, જિ. ખેડાની નોંધણી, નોંધણી નં. કેડીએ/ ‘‘ખે’’(સિં)/૮૦૦૪/૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી. જેમાં નોંધણી વર્ષ શરતચૂકથી ૨૦૧૫નાં બદલે ૨૦૧૪ નોંધાયેલ છે. જે બાબતે ઉક્ત પ્રસ્તાવનાની વિગતો ધ્યાને લઈને ધી જલારામ ટપક સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળઃ સંધાણા, તા. માતર, જિ. ખેડાને તા.૦૫/૦૧/૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ નોંધણી નં. કેડીએ/ ‘‘ખે’’(સિં)/૮૦૦૪/૨૦૧૪ રદ કરીને ધી જલારામ ટપક સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળઃ સનાદરા તાબે રંગીનપુરા લાટ, તા. ઠાસરા, જિ. ખેડાને નોંધણી નં. કેડીએ/‘‘ખે’’(સિં)/૮૦૦૪/૨૦૧૫ આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. નોંધણી સમયની અન્ય તમામ શરતો યથાવત રહેશે. ઉક્ત નોંધણી નંબરમાં કરેલ ફેરફારની નોંધ મંડળીએ તેના નોંધણી પ્રમાણપત્રમાં કરાવવાની રહેશે.

નડીયાદ, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

INDEX

વંચાણમાં લીધુ :-

(૧) અત્રેની કચેરીના પત્રનો ૦૫/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક ખ/પયત/સહકાર/વશી/૧૪૦૭/૧૪૧૨.

પ્રસ્તાવના

નંબર ખ/પચત/સહકાર/વશી/૬૨૬૦/૬૨૬૬/૨૦૧૫.—વંચાણ-૧થી શ્રી રામ નર્મદા ટપક સિંચાઈ સહકારી મંડળી લી., મું. લાભપુરા, તા. ઠાસરા, જિ. ખેડાની નોંધણી નોંધણી નં. કેડીએ/‘‘ખે’’(સિં)/ ૮૦૦૫/૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી.

ઉક્ત નોંધણી નં. કેડીએ/‘‘ખે’’(સિં)/૮૦૦૫/૨૦૧૪માં શરત ચૂકથી વર્ષ ૨૦૧૫ નોંધવાને બદલે ૨૦૧૪ લખાયેલ છે. જેથી શ્રી રામ નર્મદા ટપક સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળઃ લાભપુરા, તા. ઠાસરા, જિ. ખેડાને નોંધણી નંબર કેડીએ/‘‘ખે’’(સિં)/ ૮૦૦૫/૨૦૧૪/૨૦૧૫ ફાળવવાનો થાય, સબબ ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈને નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

શ્રી રામ નર્મદા ટપક સિંચાઈ સહકારી મંડળી લી., મું. લાભપુરા, તા. ઠાસરા, જિ. ખેડાની નોંધણી, નોંધણી નં. કેડીએ/‘‘ખે’’(સિં)/૮૦૦૫/૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી. જેમાં નોંધણી વર્ષ શરતચૂકથી ૨૦૧૫નાં બદલે ૨૦૧૪ નોંધાયેલ છે. જે બાબતે ઉક્ત પ્રસ્તાવનાની વિગતો ધ્યાને લઈને શ્રી રામ નર્મદા ટપક સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળઃ લાભપુરા, તા. ઠાસરા, જિ. ખેડાને તા.૦૫/૦૧/૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ નોંધણી નં. કેડીએ/‘‘ખે’’(સિં)/૮૦૦૫/૨૦૧૪ રદ કરીને શ્રી રામ નર્મદા ટપક સિંચાઈ સહકારી મંડળી લી. મું. લાભપુરા, તા. ઠાસરા, જિ. ખેડાને નોંધણી નં. કેડીએ/‘‘ખે’’(સિં)/૮૦૦૫/૨૦૧૫ આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. નોંધણી સમયની અન્ય તમામ શરતો યથાવત રહેશે. ઉક્ત નોંધણી નંબરમાં કરેલ ફેરફારની નોંધ મંડળીએ તેના નોંધણી પ્રમાણપત્રમાં કરાવવાની રહેશે.

નડીયાદ, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણમાં લીધુ :-

(૧) અત્રેની કચેરીના પત્રનો ૦૫/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક ખ/પયત/સહકાર/વશી/૧૩૮૨/૮૭.

પ્રસ્તાવના

નંબર ખ/પચત/સહકાર/વશી/૬૨૬૭/૬૨૭૩/૨૦૧૫.—વંચાણ-૧થી ધી દેવ આદિ બ્લોસમ કો-ઓપરેટીવ કોમર્શીયલ એન્ડ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સ્થળઃ સોખડા, તા. માતર, જિ. ખેડાની નોંધણી નોંધણી નં. કેડીએ/‘‘સા’’(હા)/૪૮૩૭/૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી.

ઉક્ત નોંધણી નં. કેડીએ/‘‘સા’’(હા)/૪૮૩૭/૨૦૧૪માં શરત ચૂકથી વર્ષ ૨૦૧૫ નોંધવાને બદલે ૨૦૧૪ લખાયેલ છે. જેથી ધી દેવ આદિ બ્લોસમ કો-ઓપરેટીવ કોમર્શીયલ એન્ડ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સ્થળઃ સોખડા, તા. માતર, જિ. ખેડાને નોંધણી નંબર કેડીએ/‘‘સા’’(હા)/૪૮૩૭/૨૦૧૪/૨૦૧૫ ફાળવવાનો થાય, સબબ ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈને નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

ધી દેવ આદિ બ્લોસમ કો-ઓપરેટીવ કોમર્શીયલ એન્ડ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સોખડા, તા. માતર, જિ. ખેડાની નોંધણી, નં. કેડીએ/‘‘સા’’(હા)/૪૮૩૭/૨૦૧૪ તા. ૦૫/૦૧/૨૦૧૫થી કરવામાં આવેલ હતી. જેમાં નોંધણી વર્ષ શરતચૂકથી ૨૦૧૫નાં બદલે ૨૦૧૪ નોંધાયેલ છે. જે બાબતે ઉક્ત પ્રસ્તાવનાની વિગતો ધ્યાને લઈને ધી દેવ આદિ બ્લોસમ કો-ઓપરેટીવ કોમર્શીયલ એન્ડ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સ્થળઃ સોખડા, તા. માતર જિ. ખેડાને તા.૦૫/૦૧/૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ નોંધણી નં. કેડીએ/‘‘સા’’(હા)/૪૮૩૭/૨૦૧૪ રદ કરીને ધી દેવ આદિ બ્લોસમ કો-ઓપરેટીવ કોમર્શીયલ એન્ડ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સ્થળઃ સોખડા, તા. માતર જિ. ખેડાને નોંધણી નં. કેડીએ/‘‘સા’’(હા)/૪૮૩૭/૨૦૧૫ આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. નોંધણી સમયની અન્ય તમામ શરતો યથાવત રહેશે. ઉક્ત નોંધણી નંબરમાં કરેલ ફેરફારની નોંધ મંડળીએ તેના નોંધણી પ્રમાણપત્રમાં કરાવવાની રહેશે.

નડીયાદ, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ખેડા જિલ્લા પંચાયત, નડીયાદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/બીઆરસી/‘‘સા’’(હા)/૬૮૪૦/૨૦૧૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે રહેમતપાર્ક કો.ઓ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લિ. સ્થળ-ભરૂચ, તાલુકો, ભરૂચ, જિલ્લા ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

સુનિલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણમાં લીધા :-

(૧) દ્વારકેશ કો.ઓપ.ક્રેડીટ સોસાયટી લી. મું. નડીયાદ,તા. નડીયાદ, જિ. ખેડાને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ગ-૨/ ૨૦૧૫ તા. ૧૫/૧/૨૦૧૫.

હુકમ

ક્રમાક ફડચ/૦૧/ગ-૨/૩૯/૨૦૧૫.—ધી દ્વારકેશ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મું. નડીયાદ, તા. નડીયાદ, જિ. ખેડા સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : સે. ૨૬૨૩૧, તા. ૨૮/૮/૧૯૯૨થી નોંધાયેલ સહકારી મંડળી છે. તે મંડળીને ગુજરાત સહકારી

INDEX

મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી **સહકારી અધિકારી (ફડચો)** લગત સદર કચેરી, નડીયાદની સહકારી કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડિયાદ.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/ઉ-૧૩૫૨૪/ઝ/૧૬૨૯/૬૩૯/સને ૨૦૧૪.—આથી જાહેર કરે છે કે, માછી સમાજની મજુર અને કામદારોની સહકારી મંડળી લી., સ્થળઃ મું. પો. પ્લોટ નં. ડી/૨, શોપ ન. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, શ્રેયસ હાઉસીંગ સોસાયટી, ચોકીશરી, નાનપુરા, તા. સુરત સીટી જિ. સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૬મી ઓક્ટોબર, ૨૦૧૪.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરત.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯/૦૪/૨૦૦૮ના રોજનો ફડચાનો અંતિમ હુકમ નં. ઉખસ/કજ/ફડચ/જ-૧/૯૪/ફ-૧૭૪૧૯/૨૦૦૮.

(૨) ખંભોળજ પીપલ્સ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મું. પો. ખંભોળજ, તા. જિ. આણંદને કલ-૧૧૪ હેઠળ કાર્ય સમાપ્તી કરવા અંગેની સહકારી અધિકારીશ્રી, (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદનો તા. ૦૬/૦૨/૨૦૧૫, પત્ર નં. ફડચ/૦૧/જ-૧/૨૪/૧૫નો પત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦/૩/૯૧ના જાહેરનામાં ક્રમાંકઃ જીએચકેએચ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણી તા. ૧/૧૨/૦૫નું જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/એન.સી.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ખ-૧/૩૨/૨૦૧૫.—ધી ખંભોળજ પીપલ્સ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મું. પો. ખંભોળજ, તા. જિ. આણંદની નોંધણી નં. સે-૨૨૨૬૪, તા. ૦૬/૦૫/૧૯૯૩થી નોંધાયેલ મંડળી છે. મંડળીને આમુખ નં.૧માં જણાવ્યા મુજબ તા. ૧૯/૦૪/૦૮થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. ફડચા અધિકારીશ્રીએ તા. ૧૧/૦૨/૦૮ના રોજ ચાર્જ સંભાળ્યા બાદ તમામ બાકીદારોને લેણાંની વસુલાત માટે નોટીસો પાઠવવામાં આવેલ હતી. ચાર્જ સંભાળ્યા તારીખથી કુલ ૭૨ ધિરાણ બાકીદારોની સામે વલુસાત કરવાની કામગીરી કરવામાં આવેલ હતી. જેના પરિણામે આવા ધિરાણ બાકી ખાતાઓ પૈકી ૧૯ જેટલા ખાતામાં વસુલાત આવેલ છે અને હાલ પણ આવા ખાતાઓની વસુલાત માટે કાર્યવાહી ચાલુ છે. સામેલ તા.૩૧/૧/૧૫ના સરવૈયા મુજબની સ્થિતિ જોતા કુલ ૫૩ ધિરાણ બાકીદારો પાસેથી ₹ ૭૧,૩૮,૫૯૭/- વસુલવાના બાકી પડે છે. તથા ખંભોળજ ફાર્મર્સ સોસાયટી પાસેથી ₹ ૪,૧૬,૫૦૨/- જેની સામે આશરે ૬૦૦ જેટલા ડીપોઝીટર્સને ₹ ૨૯,૧૮,૪૮૧/- ચુકવવાના બાકી પડે છે. તેમજ ₹ ૯,૦૦,૬૨૫/- જેટલુ શેરભંડોળ ચુકવવાનું પણ બાકી છે. કુલ પૈકી ૧૭ બાકી ધિરાણ બાકીદાર સામે નામ. કોર્ટમાં સિવિલ રાહે વસુલાતનો દાવો ચાલુ છે. હાલ ૩૧/૧/૧૫ના સરવૈયા મુજબ બેંકમાં ₹ ૧,૨૪.૯૦૪/- જેટલી રોકડ સિલક જમાં છે. જેની સામે ડીપોઝીટરોને તથા સભાસદોને શેરભંડોળની ચુકવણીની બાકી રકમ આશરે ₹ ૨૯,૧૮,૪૮૧/- છે. આમ, ઉપરોક્ત વિગતોએ જોતાં ધિરાણ બાકીદારો સામે કેસો દાખલ થયે ત્રણ વર્ષ જેટલો સમય થયેલ છે, જેથી મંડળીની ફડચાની કામગીરીને સાત વર્ષ તા. ૧૦/૦૨/૨૦૧૫ના રોજ પૂર્ણ થતાં હોઈ વંચાણે લીધેલા આમુખ (૨)થી કલમ-૧૧૪ હેઠળ કાર્ય સમાપ્તી કરવા અંગેનો પત્ર સહકારી અધિકારીશ્રી, (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદનો અત્રે મળેલ છે. જેથી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ ફડચા સમાપ્તીનો હુકમ કરવાનો થાય છે. જેથી છેવટના સરવૈયા મુજબના દેવા-લ્હેણાં જિલ્લા રજિસ્ટ્રારશ્રીને વર્ગ (એસાઈન) કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, આર.બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદને મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ખંભોળજ પીપલ્સ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ. પો. ખંભોળજ, તા. જિ. આણંદની ફડચા સમાપ્તી કરવાનો હુકમ કરૂ છું.

આણંદ, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના તા. ૦૩/૦૫/૨૦૧૩ ના અંતિમ હુકમ ક્રમાંકઃ ફડચ/ફ-૧૮૪૯૬/ઘ-૨/૨૧૫/૨૦૧૩

(૨) મંડળીના સભાસદોની તા. ૨૯/૧૨/૨૦૧૪ની પુનઃજીવીતની અરજી.

INDEX

(૩) શ્રી સહકારી અધિકારી ઈંચાર્જ ફડચા નં. ૨, લગત કાર્યાલય તરફથી મંડળીને પુનઃજીવીત કરવાની તા. ૧૦/૦૨/૨૦૧૫ના રોજની દરખાસ્ત ક્રમાંકઃ ફડચ/૦૧/સજવા/૨૭/૨૦૧૫.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની ૧૯ તેમજ નિયમ-૧૦.

(૫) સરકારશ્રીના તા. ૦૧/૧૨/૨૦૦૫ના જાહેરનામા ક્રમાંકઃ GHKH. 45-2005-NSB-12-2002-3011-CH

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૧/૧૦/૧૯૦/૨૦૧૫.–ધી કલારાણી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.પો. કલારાણી, તા. જેતપુરા-પાવી, જિ. છોટાઉદેપુરને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. અને તેના ફડચા અધિકારી તરીકે, (ફડચા-૨), લગત કાર્યાલય છોટાઉદેપુરની નિમણૂંક કરવામાં આવેલા હતી. અને તેનો ચાર્જ તા. ૧૫/૦૯/૨૦૧૪ના રોજ તેઓએ સંભાળી લીધેલ હતો. અને તેઓ દ્વારા મંડળીના હોદેદારોને નોટીસો આપી વલુલાત કરતા અન ત્યારબાદ આમુખ-૨થી મંડળીના સભાસદો દ્વારા મંડળીની પુનઃજીવીત કરવા અરજી કરેલ હતી. તે અન્વયે ફડચા અધિકારી દ્વારા આમુખ-૩થી મંડળીના સભ્યોની ખાસ સાધારણ સભા બોલાવી સભાસદોની સંમતી મેળવવામાં આવતા તેમજ તેની કામચલાઉ વ્યવસ્થાપક કમીટીની નિમણૂંક કરવામાં આવેલ છે. અને તે આધારે સદર મંડળીને જેતે સ્થિતિમાં પુનઃજીવીત કરવા અભિપ્રાય આપેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

હુકમ

અમો એ. એન. સંગાડા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, છોટાઉદેપુર મને મળેલ સત્તા અન્વયે ધી કલારાણી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. કલારાણી, તા. પાવી-જેતપુર, જિલ્લો, છોટાઉદેપુર જેનો નોંધણી નંબર-સે-૧૭૭૧૦ તા. ૨૫/૦૫/૧૯૫૯ છે. તેને સહકારી કાયદાની કલમ-૧૯ અન્વયે જે તે સ્થિતિમાં પુનઃ જીવીત કરવાનો હુકમ કરૂ છું.

છોટાઉદેપુર, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના તા. ૦૩/૦૫/૨૦૧૩ ના અંતિમ હુકમ ક્રમાંકઃ ફડચ/ફ-૧૮૪૯૭/ઘ-૨/૧૮૭/૨૦૧૩.

(૨) મંડળીના સભાસદોની તા. ૩૧/૧૨/૨૦૧૪ની પુનઃજીવીતની અરજી.

(૩) શ્રી સહકારી અધિકારી ઈંચાર્જ ફડચા નં. ૨, લગત કાર્યાલય તરફથી મંડળીને પુનઃજીવીત કરવાની તા. ૧૦/૦૨/૨૦૧૫ના રોજની દરખાસ્ત ક્રમાંકઃ ફડચ/૦૧/સજવા/૨૭/૨૦૧૫.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ તેમજ નિયમ-૧૦.

(૫) સરકારશ્રીના તા. ૦૧/૧૨/૨૦૦૫ના જાહેરનામા ક્રમાંકઃ GHKH. 45-2005-NSB-12-2002-3011-CH

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૧/૧૧/૧૮૫/૨૦૧૫.–ધી સજવા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. પો. સજવા, તા. જેતપુરા-પાવી, જિ. છોટાઉદેપુરને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. અને તેના ફડચા અધિકારી તરીકે, (ફડચા-૧), લગત કાર્યાલય છોટાઉદેપુરની નિમણૂંક કરવામાં આવેલા હતી. અને તેનો ચાર્જ તા. ૨૦/૦૯/૨૦૧૪ના રોજ તેઓએ સંભાળી લીધેલ હતો. અને તેઓ દ્વારા મંડળીના હોદેદારોને નોટીસો આપી વલુલાત કરતા અને ત્યારબાદ આમુખ-૨થી મંડળીના સભાસદો દ્વારા મંડળીની પુનઃજીવીત કરવા અરજી કરેલ હતી. તે અન્વયે ફડચા અધિકારી દ્વારા આમુખ-૩થી મંડળીના સભ્યોની ખાસ સાધારણ સભા બોલાવી સભાસદોની સંમતી મેળવવામાં આવતા તેમજ તેની કામચલાઉ વ્યવસ્થાપક કમીટીની નિમણૂંક કરવામાં આવેલ છે. અને તે આધારે સદર મંડળીને જેતે સ્થિતિમાં પુનઃજીવીત કરવા અભિપ્રાય આપેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

હુકમ

અમો એ.એન. સંગાડા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, છોટાઉદેપુર મને મળેલ સત્તા અન્વયે ધી સજવા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. સજવા, તા. પાવી-જેતપુર, જિલ્લો, છોટાઉદેપુર જેનો નોંધણી નંબર-સે-૧૩૨૬૯ તા. ૩૦/૦૧/૧૯૭૫ છે. તેને સહકારી કાયદાની કલમ-૧૯ અન્વયે જે તે સ્થિતિમાં પુનઃ જીવીત કરવાનો હુકમ કરૂ છું.

છોટાઉદેપુર, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એ. એન. સંગાડા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, છોટાઉદેપુર.

નંબર સે/PTN/૪૩૬૦૦/૨૦૧૫.–આથી જાહેર કરે છે, શ્રી ખારી ધારીયાલ મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખારી ધારીયાલ, તાલુકો ચાણસ્મા, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૫.

નંબર સે/PTN/૪૩૬૦૧/૨૦૧૫.–આથી જાહેર કરે છે, શ્રી જાદવપુરા (વાયડ) મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. જાદવપુરા (વાયડ), તાલુકો સરસ્વતી, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

શ્રી તાલુકા વિકાસ અધિકારી, પલસાણા, તા. પલસાણા, જિ.સુરતના તા. ૧-૧-૨૦૧૫ના પત્ર નં. તા. પં./સહકાર/નવી મંડળીનો દરખાસ્ત/વ/૧૫થી રજુ થયેલ શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. પો. ખરભાસી, તા. પલસાણા, જિ. સુરતની સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવાની દરખાસ્તઃ

વંચાણે લીધા :-

(૧) તાલુકા વિકાસ અધિકારી પલસાણાના તા. ૧-૧-૨૦૧૫ના પત્ર નં. તા.પં./સહકાર/નવી મંડળીનો. દરખાસ્ત/વ/૧૫ થી રજુ થયેલ શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. પો. ખરભાસી, તા. પલસાણા, જિ. સુરતની સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવાની દરખાસ્ત.

(૨) તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ ગુજરાત સમાચાર વર્તમાનપત્રમાં જાહેર નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૭ની જોગવાઈ તેમજ સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ના નિયમ-૯ની જોગવાઈ.

(૪) સરકારશ્રી કૃષિ અને સહકાર વિભાગ ગાંધીનગરના તા. ૨૧-૭-૨૦૧૧ના નોટીફીકેશન નં. જીએચકેએચ/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચનું સત્તા સોંપણીનું જાહેરનામું.

(૫) જિલ્લા પંચાયત સુરતની ખેતી ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજ મળેલ મીટીંગના ઠરાવ નં. ૧૩૩.

પ્રસ્તાવના

જા. નં. જી.પં./સહકાર/રૂપાંતર/૦૧/૧૭૨ થી ૧૭૭/૨૦૧૫.—શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. પો. ખરભાસી તા. પલસાણા, જિ. સુરત કે જે સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધણી નં. સે-૨૨૭૨૭ તા. ૮-૫-૧૯૯૦થી આ કચેરીમાં નોંધાયેલ સહકારી મંડળી છે.

શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. પો. ખરભાસીની તા. ૧૬-૧૧-૨૦૧૪ના રોજ મળેલ ખાસ સાધારણ સભામાં ઠરાવ નં. ૨ શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. ને સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવામાં આવે તો ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક તરફથી ખેડુત સભાસદોને ખેત ઉત્પાદન માટે ખેતી વિષયક ધિરાણ ૦ (શુન્ય) ટકાના વ્યાજ દરે પુરા પાડવામાં આવતી હોવાની વિગતો જાહેરાત અને ધી સુરત ડી.કો-ઓપ. બેંક લી. તરફથી જાણવા મળેલ હોવાથી ખરભાસી (ડાંભા) વિભાગ સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવા ડ્રાફ્ટ સ્કીમ (પેટા નિયમ) મંજુર કરી આ મંડળીને સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવા મંડળીની ખાસ સાધારણ સભાએ સર્વાનુમતે ઠરાવેલ છે.

શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. પો. ખરભાસી (ડાંભા) વિભાગ સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવા ડ્રાફ્ટ સ્કીમ (પેટા નિયમ) મંજુર કરી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૭ની જોગવાઈ તેમજ સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમ-૯ની જોગવાઈ મુજબ વૈધાનીક કાર્યવાહી કરવા ઉપરોક્ત વાંચનમાં લીધેલ ક્રમાંકઃ (૧) થી તાલુકા વિકાસ અધિકારીશ્રી, પલસાણાએ દરખાસ્ત આ કચેરીને રજુ કરેલ છે.

જે કાર્યવાહી સામે વાંધા વિરોધ બાબતે સ્થાનિક ગુજરાત સમાચાર વર્તમાનપત્રમાં તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવેલ અને વાંધા વિરોધ હોય તો દિન-૧૫માં આ કચેરીને રજુ કરવા જણાવવામાં આવેલ જે જાહેર નોટીસ પ્રસિદ્ધ થયાને લાંબો સમય પસાર થવા છતાં આ કચેરીને કોઈ વાંધા વિરોધ/રજુઆત અત્રે મળેલ નથી.

જેથી શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. પો. ખરભાસી (ડાંભા) વિભાગ સેવા સહકારી મંડળી લી. રૂપાંતર કરવા બાબતે જિલ્લા પંચાયત સુરતની ખેત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની સભા તા. ૨૩-૧-૨૦૧૫ના રોજ મળેલ જેમાં ઠરાવ નં. ૧૩૩ થી શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી.ને ખરભાસી (ડાંભા) વિભાગ સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવા મંજુરી આપેલ છે. વધુમાં મંડળી દ્વારા શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી.નું નોંધણી પ્રમાણપત્ર તથા પેટા નિયમની ઓરીજીનલ નકલ આ કચેરીમાં જમા કરાવેલ તે કેન્શલ (રદ) કરવામાં આવેલ છે.

આમ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૭ (૧) થી (૪) ની જોગવાઈઓની તેમજ ગુજરાત સહકારી મંડળીના નિયમો, ૧૯૬૫ના નિયમ-૯ની જોગવાઈઓ મુજબની કાર્યવાહી પુર્ણ/પરીપુર્તી થતી હોય શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી.ની તા. ૧૬-૧૧-૨૦૧૪ના રોજ મળેલ ખાસ સાધારણ સભામાં ઠરાવ નં. ૨થી ખરભાસી (ડાંભા) વિભાગ સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવા ડ્રાફ્ટ ખરડા (પેટા નિયમ) સર્વાનુમતે મંજુર કરેલ છે જેને નીચે મુજબની શરતોને આધીન હુકમ મુનાશીબ જણાય છે. જેથી શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મુ. પો. ખરભાસી તા. પલસાણા, જિ. સુરતને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૭ (૧) ના ખંડ (ડી)ની જોગવાઈ મુજબ સેવા સહકારી મંડળી તરીકેની રચના કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી ટી. એમ. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, સુરત મને મળેલ વાંચનમાં લીધેલ ક્રમાંકઃ ૩, ૪ અને ૫થી મળેલ સત્તાની રૂએ ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અન શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. મું. ખરભાસી, તા. પલસાણા, જિ. સુરતની તા. ૧૬-૧૧-૨૦૧૪ના રોજ મળેલ ખાસ સાધારણ સભામાં ઠરાવ નં. ૨ શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. ને સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવા સર્વાનુમતે ઠરાવેલ હોવાથી અને ફળ અને શાકભાજી મંડળીમાંથી સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવાનું ને ખરભાસી (ડાંભા) વિભાગ સેવા સહકારી મંડળીમાં રૂપાંતર કરવા ડ્રાફ્ટ સ્કીમ (પેટા નિયમ) સર્વાનુમતે મંજુર કરેલ જેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૭ (૧) (ડી) મુજબ સહકારી મંડળીને એક

INDEX

વર્ગમાંથી બીજા વર્ગમાં રૂપાંતર કરવાની જોગવાઈ છે. તથા તે તારીખે જુની મંડળીની નોંધણી રદ કરવાની થાય છે જેથી શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. પો. ખરભાસી તા. પલસાણા, જિ. સુરત નોંધણી નં. સે-૨૨૭૨૭ની નોંધણી નીચેની શરતોએ રદ કરી રૂપાંતર કરેલ ખરભાસી ડાંભા વિભાગ સેવા સહકારી મંડળી તરીકે નવી નોંધણી કરવા હુકમ કરવામાં આવે છે.

ઉક્ત હુકમ સામે નારાજ થતાહોય તો સમય મર્યાદામાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૫૩ની જોગવાઈઓ મુજબ અપીલની કાર્યવાહી થઈ શકે છે.

શરતોઃ-

(૧) અત્રેની કચેરીએથી શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. પો. ખરભાસી તા. પલસાણા, જિ. સુરતની આ હુકમથી રૂપાંતર થવાથી નવી મંડળીની નોંધણી તારીખથી રદ થશે. અને તેના દેવા-લ્હેણાની તમામ રકમ આ કચેરી દ્વારા રૂપાંતર થયેલ ખરભાસી (ડાંભા) વિભાગ સેવા સહકારી મંડળી લી., ની નોંધણી નં. નધણ/એસઆરટી/સે/૩૭૧૬૩/૨૦૧૫ તા. ૨૦-૨-૨૦૧૫માં લેવાની રહેશે. અને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમો, ૧૯૬૫ તથા ખરભાસી (ડાંભા) વિભાગ સેવા સહકારી મંડળી લી., ના મંજુર થયેલ પેટા નિયમોની જોગવાઈઓ મુજબ મંડળીનો વહીવટ કરવાનો રહેશે.

(૨) શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અન શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. મું. ખરભાસી, તા. પલસાણા, જિ. સુરતની તા. ૧૬-૧૧-૨૦૧૪ના રોજ મળેલ ખાસ સાધારણ સભામાં ઠરાવ નં. ૨ થી મંજુર થયેલ ડ્રાફ્ટ/ખરડા/પેટા નિયમમાં કોઈ ફેરફાર કરવા સંબંધે આ કચેરીની મંજુરી મેળવવાની રહેશે.

(૩) સેવા મંડળીમાં રૂપાંતર કરેલ હોવાથી મંડળીના હયાત સભાસદોના હક્ક, હીતોને કોઈ બાધ આવશે નહી અને નવીન સભ્યો દાખલ કરતી વખતે પેટા નિયમની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૪) શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અન શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. મું. ખરભાસી, તા. પલસાણા, જિ. સુરતમાં કુલ ૨૭૦ સભાસદો નોંધાયેલા છે. તે રૂપાંતર થયેલ ખરભાસી ડાંભા વિભાગ સેવા સહકારી મંડળીમાં આપોઆપ સભાસદ તરીકે દાખલ થયેલ ગણાશે.

(૫) ખરભાસી (ડાંભા) વિભાગ સેવા સહકારી મંડળીમાં મંડળીની રચના થવાથી મુળ શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અન શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી.ના હક્ક તથા જવાબદારીઓ અથવા તેની સામેના કોઈના હક્કોને અસર થશે નહી મુળ મંડળી સામે જે કાંઈ કાનુની કાર્યવાહી ચાલુ રહી શકી હોય તો તે કાનુની કાર્યવાહી ખામી ભરેલી ગણાશે નહી અને તદ્અનુસાર એવી કાનુની કાર્યવાહી રૂપાંતરથી નવી રચાયેલ મંડળી સામે ચાલુ રાખી શકાશે કે શરૂ કરી શકાશે.

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનયમ, ૧૯૬૧ની કલમ-૧૭ (૩) ની જોગવાઈ મુજબ મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ (સને ૧૮૮૨ના ચોથા) માં અથવા ભારતના રજીસ્ટ્રેશન અધિનિયમ ૧૯૦૮ (સને ૧૯૦૮ના સોળમાં) માં ગમે તે મજકુર હોય તે છતાં મંડળીઓનું વિભાજન અથવા રૂપાંતર થયુ હોય ત્યારે, અથવા નવી મંડળીઓનું અથવા રૂપાંતર કરેલ મંડળીઓનું રજીસ્ટ્રેશન અને જોડાણ થયું હોય ત્યારે સંબંધિત મંડળીઓના જોડાણ અંગે ઠરાવ મુળ મંડળી અથવા જોડાનારી મંડળીઓની અશ્કયામતો અને જવાબદારીઓ નક્કી કરવા માટેનો પર્યાપ્ત દસ્તાવેજ આધાર ગણાશે તેવી જોગવાઈ છે. જેથી મંડળીની મીલકતના ટાઈટલ અંગે કોઈ અસર થતી નથી. જે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

(૭) શ્રી ખરભાસી (ડાંભા) વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી.મું. ખરભાસી, તા. પલસાણા, જિ. સુરતની સાધારણ સભામાં રૂપાંતર થયેલ મંડળીની બહાલી મેળવી કામગીરી કરવાની રહેશે.

પાટણ, તારીખ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૫.

ટી. એમ. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (પંચાયત) સુરત.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, APRIL 30, 2015/VAISAKHA 10, 1937 [No. 18

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	641-668
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	18
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	35
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1333-1450

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૫/૨૦૧૫.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫મી મે, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ, અગર કોઈ સભા ભરવી કે, બોલાવવી નહિ. તેમજ કોઈ સરઘસ કાઢવું નહિ.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

શિવાનંદ ઝા
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./ટોલ/જાહેરનામું/૧૪૧૨/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો સને-૨૦૦૮ના વર્ષમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઇ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર સાથે સ્ફોટક પદાર્થનો ઉપયોગ કરી હેન્ડ ગ્રેનેડસ દ્વારા ભયાનક બ્લાસ્ટ કરી સમગ્ર શહેરને હચમચાવી દીધેલ. આ બનાવોની તપાસથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ/અસામાજિક તત્ત્વો વાહનો મારફતે મુસાફરી કરી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીને ખુવારી પણ કરે છે. આ રીતે જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકાસન પહોંચાડી ગુનાઓ આચરી વાહનો મારફતે નાસી છુટતા હોય છે. તાજેતરમાં મિલકત સંબંધિ ગુનાઓનું પ્રમાણ ખૂબ જ વધવા પામેલ હોય ગુનેગારો આવા ગુના કરી વાહનો મારફતે આજુ-બાજુના ગામડાઓમાં જિલ્લાઓમાં, રાજ્ય બહાર પણ ભાગી જાય છે.

શહેર, જિલ્લા અને અન્ય રાજ્યોમાંથી (દેશ બહારથી) આવતા આવા તત્ત્વોને શોધી પકડી પાડવા અને ગંભીર પ્રકારના ગુનાઓનો પર્દાફાશ કરવા સારૂ શહેર વિસ્તારમાં આવેલ ટોલનાકા ઉપર C.C.T.V. કેમેરા લગાડવા તેમજ ટોલનાકા ઉપર પસાર થતા વાહનોના પુરેપુરા રજિસ્ટ્રેશન નંબરોની નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ ટોલનાકાના મેનેજરશ્રી અથવા વહીવટકર્તાશ્રીઓએ ટોલનાકામાંથી પસાર થતા તેમજ ટોલનાકાના સર્વિસ રોડ ઉપરથી પસાર થતા વાહનોના નંબર પ્લેટ અને ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે C.C.T.V. કેમેરાઓ ગોઠવી રેકોર્ડીંગ કરવું તથા પસાર થતા વાહનોના સંપૂર્ણ રજીસ્ટ્રેશન નંબરો (નંબર અને સીરીઝ બંને) ની નોંધણી કરશે. ઉપરોકત ડીજીટલ રેકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટર નોંધણી (રજીસ્ટ્રેશન સીરીઝ તથા નંબર)નો ડેટાનો બેકઅપ છ માસ સુધી રાખવાનો રહેશે.

જાહેરનામાનો અમલ તથા સમય અને વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૪મી જુન, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાના હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨ માહે એપ્રિલ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઇ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

સુધારા જાહેરનામું

ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી હેઠળ.

જાહેરનામામાં સુધારો (૨૬) ક્રમાંક ઉ/ગપક/ટફક/૨૬/૯૦૪/૨૦૧૫.– સુરત શહેરમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે નહેરૂ બ્રીજ ઉપર સવાર કલાક ૦૯-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન રાંદેર બાજુથી ચાર ચક્રીય વાહનો નહેરૂ બ્રીજમાં પ્રવેશ કરી ચોક બજાર જઇ શકશે અને ચોક બજાર થી ચાર ચક્રીય વાહનો આ સમય દરમ્યાન નહેરૂ બ્રીજ ઉપર પ્રવેશ કરી શકશે નહી. તેમજ સાંજે ૦૫-૦૦ થી ૦૯-૦૦ દરમ્યાન ચાર ચક્રીય વાહનો ચોક બજારથી નહેરૂ બ્રીજ ઉપર પ્રવેશ કરી શકશે પરંતુ રાંદેર બાજુથી ચાર ચક્રીય વાહનો આ સમય દરમ્યાન નહેરૂ બ્રીજ ઉપર પ્રવેશ કરી શકશે નહી. જે અંગેનું જાહેરનામું પોલીસ કમિશનર સુરત શહેર તરફથી ક્રમાંક ઉ/ગપક/ટફક/૩૦૫૧/૨૦૦૦, તા. ૨૩-૧૦-૨૦૦૦થી બહાર પાડવામાં આવેલ હતું. પરંતુ હાલની પરિસ્થિતીએ નહેરૂ પુલની બાજુમાં આવેલ હોપ પુલની જગ્યાએ નવો પુલ ખુલ્લો મુકવામાં આવેલ હોય જેથી વાહનોના આવન-જાવન માટે બંને તરફ અલગ-અલગ પુલ બની ગયેલ હોવાથી ચાર ચક્રીય વાહનો સવાર અને સાંજ એમ બંને સમયે સરળતાથી આવન-જાવન કરી શકે તેમ હોય જેથી ટ્રાફીક સમસ્યામાં મહદ અંશે સુધારો આવી શકે તેમ છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાતે પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી), હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, હાલના નહેરૂ બ્રીજ ઉપર સવારના કલાક ૦૯-૦૦ થી ૧૨-૦૦ અને સાંજના કલાક ૦૫-૦૦ થી ૦૯-૦૦ દરમ્યાન ચાર ચક્રીય વાહનો માટે અગાઉ પોલીસ કમિશનર સુરત શહેર મારફતે તા. ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામુ રદ કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૪મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ધી ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી, અન્વયે કાઢેલ.

ક્રમાંક ટફક/ઉ/સુરત નાઇટ મેરેથોન દોડ/જાહેરનામું/૯૦૭/૨૦૧૫.– સુરત શહેરમાં તા. ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ શનિવારના રોજ કલાક ૧૪-૦૦ તા. ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૪-૦૦ વાગ્યા દરમ્યાન આંતરરાષ્ટ્રીય, કક્ષાની ''સુરત નાઇટ મેરેથોન દોડ''નું આયોજન કરવામાં આવેલ છે. આ દોડમાં મોટી સંખ્યામાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તથા સ્થાનિક દોડવીરો ભાગ લેનાર છે. જે મેરેથોન દોડમાં ૧ કિ.મી., ૨ કિ.મી., ૫ કિ.મી., ૧૦ કિ.મી., ૨૧ કિ.મી. તથા ૪૨ કિ.મી. દોડનું આયોજન થયેલ છે. જે મેરેથોન દોડનો

રૂટ વેસુ મણીબાપાર્ક વી.આઇ.પી. રોડ થી સીટી પ્લસ સિનેમા સામે હાઇવે પાસે થી યુ ટર્ન લઇ પરત રઘુવીર ટી પોઇન્ટ આગળ થી મહારાણા પ્રતાપ નવો રોડ, રાહુલરાજ મોલ, ગોવર્ધન હવેલી થી અઠવા લાઇન્સ ચોપાટી ટી પોઇન્ટ સુધીનો નક્કી કરવામાં આવેલ છે. જે પૈકી ૧ કિ. મી.નો રૂટ મણીબા પાર્ક સામે ખુલ્લા મેદાનમાં ખેલાડીઓ એકઠા થઇ સ્ટાર્ટીંગ લાઇનથી શરૂઆત કરી મણીબા પાર્ક થી કેનાલ, પાલ્મ એવન્યુ સામેથી યુ ટર્ન લઇ પરત થશે. ૨ કિ.મી. દોડ એ જ રૂટ ઉપર વેસુગામ ચાર રસ્તા થી પરત થશે. ૫ કિ.મી. દોડ એ જ રૂટ ઉપર નંદીની ટાવર-૨ થી પરત થશે. ૧૦ કિ.મી. દોડ એ જ રૂટ ઉપરથી સીટી પ્લસ સિનેમા સામે સચિન હાઇવ પાસે થી યુ ટર્ન લઇ પરત થશે. રઘુવીર ટી પોઇન્ટ આગળ થી ડાબે ટર્ન લઇ મહારાણા પ્રતાપ નવો રોડ, રાહુલરાજ મોલ પાછળના ભાગે થી યુ ટર્ન લઇ પરત થશે. ૨૧ કિ.મી. દોડ એ જ રૂટ ઉપર થી સીટી પ્લસ સિનેમા સામે સચિન હાઇવે પાસે થી યુ ટર્ન લઇ પરત થશે રઘુવીર ટી પોઇન્ટ આગળથી ડાબે ટર્ન લઇ મહારાણા પ્રતાપ નવો રોડ, રાહુલરાજ મોલ, ગોવર્ધન હવેલી થી અઠવા લાઇન્સ ચોપાટી થી ટી પોઇન્ટ થી યુ ટર્ન લઇ એ જ રૂટે પરત થશે. ૪૨ કિ.મી. દોડ એ જ રૂટ ઉપરથી સીટી પ્લસ સિનેમા સામે સચિન હાઇવે પાસેથી યુ ટર્ન લઇ પરત થશે રઘુવીર ટી પોઇન્ટ થી ડાબે ટર્ન લઇ મહારાણા પ્રતાપ નવો રોડ, રાહુલ રાજ મોલ, ગોવર્ધન હવેલી થી અઠવા લાઇન્સ ચોપાટી ટી પોઇન્ટ થી યુ ટર્ન લઇ એ જ રૂટ ઉપર થી બે રાઉન્ડ પુરા કરી પરત મણીબાપાર્ક મેદાન ખાતે દોડ પૂર્ણ કરશે.

સુરત નાઇટ મેરેથોન દોડમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેનાર હોય અને આ દોડ જોવા માટે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટવાની શકયતા હોય, જેથી આંતર રાષ્ટ્રીય કક્ષાની સુરત નાઇટ મેરેથોનમાં ભાગ લેનાર દોડવીરોને દોડમાં અડચણ ન થાય તેમજ જાહેર જનતાને અવર જવરમાં અડચણ ન થાય એ હેતુથી વેસુ મણીબાપાર્ક વી.આઇ.પી. રોડ થી મણીબાપાર્ક થી સીટીપલ્સમ સિનેમા સામે હાઇવે પાસેથી યુ ટર્ન લઇ પરત રઘુવીર ટી પોઇન્ટ આગળથી મહારાણા પ્રતાપ નવો રોડ, રાહુલરાજ મોલ, ગોવર્ધન હવેલી થી ચોપાટી ટી પોઇન્ટ સુધીના માર્ગ ઉપર બંને તરફના મુખ્ય રોડ ઉપર તમામ પ્રકારના નાના મોટા વાહનોની અવર-જવર ઉપર કલાક ૧૪-૦૦ થી મેરેથોન દોડ પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રવેશ, અવર જવર તથા જાહેર રોડ ઉપર પાર્કીંગ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ સમય દરમ્યાન રોડની બાજુમાં આવેલ સર્વિસ રોડ ઉપર નો-પાર્કીંગ પણ જાહેર કરવા, તેમજ અઠવા ગેટ સર્કલથી વેલન્ટાઇન સિનેમા સુધીના મુખ્ય માર્ગને અડીને આવેલી તમામ ગલી-નાકા-ચાર રસ્તા ઉપરથી પણ મુખ્યમાર્ગ ઉપર વાહન પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી હોય જેથી નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

વાસ્તે હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી થી મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા નિર્ણય ઉપર આવેલ છું.

પ્રતિબંધિત વિસ્તાર અને કૃત્ય

તા. ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૧૪-૦૦ થી સુરત નાઇટ મેરેથોન દોડ પુર્ણ ન થાય ત્યાં સુધી સુરત શહેરનાં ‘‘વેસુ મણીબાપાર્ક વી.આઇ.પી. રોડ થી સીટપ્લસ સિનેમા સામે સચિન હાઇવે સુધી તથા વી.આઇ.પી. રોડ, રઘુવીર ટી પોઇન્ટ આગળથી મહારાણા પ્રતાપ નવો રોડ, રાહુલરાજ મોલ, ગોવર્ધન હવેલી થી અઠવા લાઇન્સ મેઇન રોડ, અઠવાગેટ સુધી ‘‘ગૌરવપથ’’ રોડના મુખ્ય રોડ ઉપર સર્વિસ રોડ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. તેમજ બન્ને તરફના મુખ્ય રોડને અડીને આવેલ ગલી-નાકા-ચાર રસ્તા ઉપરથી પણ મુખ્ય રોડ ઉપર અવર-જવર માટે પ્રતિબંધ મુકવામાં આવે છે. તેમજ આ મુખ્ય રોડને અડીને વાહન પાર્કીંગ કરવા પર પણ પ્રતિબંધ જાહેર કરું છું.

વિકલ્પ

ઉપરોકત તારીખ અને સમય દરમિયાન (૧) અઠવાગેટ થી મગદલ્લા ટી પોઇન્ટ તરફ જતા-આવતા વાહનો મજુરા ગેટ, ભટાર, અલથાણ, ભીમરોડ ખજોદ થઇ સચીન મગદલ્લા રોડનો ઉપયોગ કરી શકશે. (૨) ઉધના મગદલ્લા રોડ (યુનિવર્સિટી રોડ), સીટીલાઇટ રોડ વિગેરેનો આંતરિક રસ્તાઓનો ઉપયોગ કરી શકાશે. (૩) રૂઢનાથ મહાદેવ, રૂઢગામ, વેલેન્ટાઇન સિનેમા, એસ.એમ.સી. વસાહત, ગોવર્ધન હવેલીના આજુબાજુના રહીશો રૂઢ જુના જકાતનાકા બંગલી સુધી સર્વિસ રોડનો ઉપયોગ કરી ઉમરગામ આંતરિક રસ્તાનો ઉપયોગ કરી હોટલ જીંજર થી ગેટ વે થઇ જાની ફરસાણ તથા અંબાજી પાર્લે પોઇન્ટ સર્કલનો ઉપયોગ કરી સીટી લાઇટ રોડ, ઘોડદોડ રોડનો ઉપયોગ કરી શકશે. (૪) લાલબંગલા, પાંચપાંડવ ગલી, અંબિકા નિકેતન રોડ થી હોટલ ગેટ વે (તાજ હોટલ) ઉમરા ગામ રોડ, નહેરુનગર, પીપલોદ શારદાયતન સ્કુલ પાછળના રોડ સુધી આંતરીક રસ્તાઓનો ઉપયોગ કરી શકશે. (૫) અઠવા લાઇન્સ, સરકારી કોલોની, કસ્તુરબા છાત્રાલયના રહીશો રેન્જ આઇ.જી. કચેરીના પાછળના ભાગે આવેલ પોલીસ લાઇન રોડ, હેડ કવાર્ટર રોડ ઉપયોગ કરી શકશે. (૬) ડુમ્મસ તરફથી આવતા વાહનો ખજોદ, સચીન તરફ તેમજ ઓ.એન.જી.સી. ઇચ્છાપોર રોડનો ઉપયોગ કરી શકાશે. (૭) વી.આઇ.પી. રોડ થી ડુમસ તરફ જતા વાહનોએ શ્રી શ્યામ બાબા મંદિર, પેટ્રોલપંપ, ભીમરાડ ચેક પોસ્ટ, ખજોદ ચોકડી થઇ ડુમસ જઇ શકશે. (૮) ઉપરોકત રૂટના તમામ રહીશોએ તેમના વિસ્તારમાં આવેલ આંતરીક રસ્તાઓનો ઉપયોગ કરી શકશે.

ઉપરોકત સુરત નાઇટ મેરેથોન દોડમાં આવનાર દોડવીરોએ (૧) ઉધના મગદલ્લા રોડ, કેનાલ રોડ થઇ રામેશ્વરમ પેલેસની સામે આવેલ ખુલ્લા પ્લોટમાં પાર્કીંગ સ્થળે જઇ શકશે. (૨) ન્યુ સીટી લાઇટ રોડ થઇ ભરથાણા પ્રાઇમરી સ્કુલની બાજુમાં આવેલ ગલી થી આંતરીક રસ્તાઓ દ્વારા ડી.આર. બી. પ્લોટની સામે આવેલ ખુલ્લા પ્લોટમાં પાર્કીંગ સ્થળે જઇ શકશે.

અપવાદ

ઉપરોકત તારીખ અને સમય દરમ્યાન અનિવાર્ય સંજોગોમાં પોલીસ વાહનો, એસએમસીના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રિગેડના વાહનો સર્વિસ રોડનો ઉપયોગ કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર ભારત ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./લાયસન્સ બ્રાન્ચ/ફટાકડા/૩૮/૨૦૧૫.—સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મિક સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પિટલ, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે. જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ જાય છે અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે. તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. નાના મોટા આગના બનાવો બનતા જાનમાલને નુકસાન થયેલાનું પણ છે, તદ્‌ઉપરાંત હોસ્પિટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા / કોલેજોમાં ભણતાં વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે. જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવસ્થા સુચારૂરૂપે જળવાય રહે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને તથા શાળા / કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે તથા રાત્રિના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

: પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર :

(૧) સુરત શહેરના જાહેર રસ્તા / રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનું / ફટાકડા, ફોડવા / સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર.

(૨) સુરત શહેરના જાહેર રસ્તાઓ / રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યક્તિ ઉપર ફેંકવા ઉપર કે કોઇ વ્યકિત ઉપર કે જાહેરમાં છુટા ફેંકવા ઉપર.

(૩) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રિના કલાક ૨૨-૦૦ થી સવાર કલાક ૬-૦૦ સુધી ફટાકડા / દારૂખાનું ફોડવા ઉપર.

(૪) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ કોર્ટ કચેરી, હોસ્પિટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટરના વિસ્તારમાં ફટાકડા / દારૂખાનું ફોડવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જુન, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એસ.બી/રાજકીય/જાહેરનામું/૩૯/૨૦૧૫.—સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખૂન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે, આવા ગુનાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો / બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મીલકત સંબંધી તેમજ શરીર સંબંધીના ગંભીર ગુના આચરે છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂં.

હું, રાકેશ અસ્થાના, (IPS) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે રાખેલા હોય તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે હવેથી રાખશે તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

INDEX

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે. તેમજ વોચમેન હથિયારધારી હોય તો તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન માલીકનુ નામ તથા સરનામું, ટેલીફોન નંબર.	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું, ટેલીફોન નંબર	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું ટેલીફોન નંબર સાથે.	
૪	નોકર રાખ્યાની તારીખ	
૫	કોના ભલામણથી / ઓળખાણથી નોકરીએ રાખેલ છે તેનું નામ, સરનામું, ટેલીફોન નંબર.	
૬	નોકરી બે-ત્રણ સગા સબંધીના નામ સરનામા.	
૭	નોકરનો ફોટો	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જુન, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./પરમીટ/એ. સેકશન/૪૦/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં, ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર / લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગીક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઇ મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશન આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઇ મકાનો / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન /દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનોને જાણ ક્ર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમો ભાડે આપી શકે નહી. હવે પછી મકાન/દુકાન/ઓફીસના/માલિકો/ઔદ્યોગિક એકમો ભાડે આપવાના હોય તેવા મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે, જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન/ દુકાન / ઓફિસના માલીકો તથા ઔદ્યોગિક એકમના સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

INDEX

અ. નં.	વિગત	
૧	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ.	
૨	મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	
૩	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	
૪	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનુ પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	
૫	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા.	
૬	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું, ટેલી. નં.	
૭	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ ?	

નિયમો

(૧) આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

(૨) આ ફોર્મ સંપૂર્ણ રીતે ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પો. સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

(૩) આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

(૪) તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

(૫) સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીનાં સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

(૬) ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

(૭) જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

(૮) આ સાથે ₹ ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

(૯) મિલકત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૧૦) ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆત-૧૧ માસ બાદ જગ્યા/મિલ્કત ખાલી ન કરે ત્યારે, મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.

(૧૧) બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સંબંધીઓને વચ્ચે રાખી આપવી.

(૧૨) મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી..

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો.નં.)...

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું : ....

(૧)

ફોન નં. (ઘર).......................................(ઓફીસ)...(મો.નં.)...

INDEX

(૨)

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો.નં.)..

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	સાક્ષીની સહી	પોલીસ સ્ટેશન સહી સિક્કો અને તારીખ
ભાડૂઆતની સહી	એકમ, મકાન માલીકની સહી	એજન્ટની સહી	

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/જાહેરનામું/૪૧/૨૦૧૫.–સુરત શહેર ભુતકાળમાં બનવા પામેલ લૂંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા ગુનાના કિસ્સાઓ પૈકી ઘણા ખરા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગમાં, હિરા ઉદ્યોગ તથા કારખાનાઓમાં કામ કરતા પરપ્રાંતિય કારીગરો સંડોવાયેલાનું અને ગુનો આચર્યા બાદ નાસી જતા તેઓના સંબંધી અપુરતી કે ખોટી વિગતોને કારણે પોલીસ પકડમાં આવતા નથી. તદ્ઉપરાંત ઘણીવાર તેઓ પોતાના વતનમાં ગુનાઓ આચરી ખોટા નામ સરનામાં દર્શાવી અત્રેના શહેરમાં આશ્રય મેળવી રહે છે અને ફરી ગુનો કરે છે. આમ શહેરની જાહેર શાંતિ-સલામતી અને કાયદો-વ્યવસ્થા જોખમાય તેવા કૃત્યો કરે છે. જે અટકાવવા સારૂ અને જાહેર જનતાની શાંતિ-સલામતી અને સુખાકારી જાળવવા સારૂ.

જેથી, હું રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજૂરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજૂરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર-૧ અને ૨ ની હકીકત નીચે દર્શાવેલ કોલમ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહિતીનું રજિસ્ટર તૈયાર કરી તથા જે કર્મચારી હથિયારધારી હોય તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અનુ. નંબર	વિગત	
૧	માલીકનું નામ, સરનામું તથા ધંધાની વિગત ટે. નં./મોબાઈલ નંબર	
૨	કર્મચારી/કારીગર/મજૂરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો વતનનું સરનામું સ્થાનિક પો.સ્ટે. ટે. નં.	
૩	કર્મચારી/કારીગર/મજૂરના પિતાનું નામ અને સરનામું	

INDEX

૪	કર્મચારી/કારીગર/મજૂરનું વતનનું સરનામું, સ્થાનિક પો.સ્ટે.નું નામ, ટે.નં. તારીખ	
૫	કર્મચારી/કારીગર/મજૂરને રાખ્યાની તારીખ	
૬	કર્મચારી/કારીગર/મજૂર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૭	કર્મચારી/કારીગર/મજૂરને કોના રેફરન્સ/પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૮	કર્મચારી/કારીગર/મજૂરનો ફોટો	
૯	હથિયાર હોય તો તેની અને લાઈસન્સની પૂરી વિગત	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી.

અપવાદ

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, પબ્લીક સેકટર, શૈક્ષણિક સંસ્થાઓ ચુંટાયેલી સંસ્થાઓ ઉપર હુકમ લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

હુકમ

ક્રમાંક : એસ. બી./પરમીટ/એ. સેકશન/૪૨/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામજીક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની લમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલીકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નીયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેન્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

INDEX

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત શહેરમાં કઇ, જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૦) વિદેશી નાગરીકોનો મોબાઇલ નંબર રજિસ્ટરમાં નોંધવાનો રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ એસ.બી./રાજકીય/જાહેરનામું/૪૩/૨૦૧૫.—સુરત શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા તથા પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઇ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઇ લાયસન્સવાળા હથિયોરોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઇન્ડીયા લાયસન્સ મેળવી સુરત શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ.

વાસ્તે હું રાકેશ અસ્થાના, આઇ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી.. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાસસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેક્ટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નંબર : ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ વાઇઝ આપવાની રહેશે.

અ.નં.	વિગત		
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:-	
૨	પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ હાલનું સરનામું ટે.ફો. નંબર	:-	

INDEX

૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલીફોન નંબર	:-	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:-	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:-	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	:-	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:-	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો	:-	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી માટે અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એસ.બી/જાહેરનામું/૪૪/૨૦૧૫.– સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ પ્લેગ્રુપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવું જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતાથી ખંડણી / ફીરોતીના રૂપિયા પડાવવાના હેતુથી, બાળક સાથે બદકામ કરવાના હેતુથી, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતાપિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યક્તિઓ માતા-પિતા સાથે ઘરોબો (સંબંધ) કેળવી અથવા તેમની દિનચર્યાની માહીતી એકત્રિત કરી સંબંધિત બાળકને લલચાવી ફોસલાવી ભણવા માટે અથવા તો રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી ભવિષ્યમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહિતી પ્લેગ્રુપ / નર્સરી / શાળાના સંચાલકોઓએ રાખવાની રહેશે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (IPS) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગ્રુપ / નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહિતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગ્રુપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડેના વાહનો જેવા કે, ઓટો રીક્ષા, મીનીબસ, મારૂતી વાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજિસ્ટ્રેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલિકનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર સંબંધિત સંસ્થાએ રાખવાના રહેશે.

INDEX

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વાહન માલિકનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૨	ડ્રાઈવરનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૩	વાહનનો પ્રકાર તથા રજિસ્ટ્રેશન નંબર	
૪	ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર	
૫	ડ્રાઈવરનો ફોટો	
૬	ડ્રાઈવર લઈને આવતાં તથા જતાં બાળકોનું નામ તથા ધોરણ અને ઉંમરની વિગત	

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદાવાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલીની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે ? તે અંગે વાલી પાસેથી તેના સગા-સંબંધીના પુરૂ નામ, સરનામું મોબાઈલ નંબર/ફોન નંબરની વિગતો સંસ્થાઓ તેમના રેકર્ડ ઉપર રાખશે.

(૪) ઘણી ખરી પ્લેગ્રુપ / નર્સરી / શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે, બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતિ હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યક્તિ વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસને બાળક સોંપવાના રહેશે.

ઉપરના મુદ્દા નંબર (૩) અને (૪) ના અંગેની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર	
૨	વાલીએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.	
૩	પ્રાઈવેટ વાહનનો નંબર	
૪	ડ્રાઈવરનું નામ, સરનામું, ટે.નં. / મો.નં.	
૫	ફોટો	

ઉપરોક્ત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારીથી માંગણી થયેથી સ્કુલ તરફથી તે રજુ કરવાની રહેશે.

(૫) શાળાનો સમય પુરો થાય અને બાળકો શાળાએથી છુટે ત્યારે શાળાએ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને રવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકોને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોંપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોંપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોંપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે તેના બદલે બીજી કોઈ વ્યક્તિ બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોંપશે. અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે. અને પોલીસ તરફથી માંગેથી રજુ કરવાની રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર	
૨	વાલી/અધિકૃત વ્યક્તિ સિવાય અન્યને બાળકનો કબજો શાળામાંથી સોંપવામાં તે વ્યક્તિના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.ની વિગત	
૩	બાળકની સોંપણી કરતાં પહેલાં ખાત્રી કરેલ તેની ચોક્કસ વિગત	
૪	બાળકનો કબજો જેને સોંપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર	

ઉપરોક્ત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે

અને બીજો કાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાઈવર વિગેરે પાસે રાખવાનો હોય છે. અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યક્તિને જ બાળક સોંપવામાં આવે તે રીતેની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સૂચનાનો અમલ કરવાનો રહેશે.

નોંધ :-

જે માહિતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો માટે આપવાની સુચવેલી તેમાં જણાવવાનું આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલીઓ/ ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉંમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વાલી/ ગાર્ડીયનની રહેશે. તે અંગેનું બાંયધરી ખતવાલી / ગાર્ડીયનએ સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલીનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલી સ્વતંત્ર રીતે કરવા માંગતા હોય તો તેને આ જાહેરનામાનો બાધ નડશે નહીં.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૮મી જુન, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું :- (૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર નં. એસઓજી/૧૨૩/૨૦૧૫, તા. ૦૨-૦૪-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૧૬૫૮ થી ૭૯/૨૦૧૫.—પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીત લેવી.

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્શીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરિકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમૂના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહિત રજૂ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૫) વિદેશી વીઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલિફોન નંબર સહિત નક્કર પુરાવા મેળવવા.

(૬) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

(૭) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતાં મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

આ હુકમ તા. ૧૬મી એપ્રિલ, ૨૦૧૫થી તા. ૧૫મી મે, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૧૧૯/૧૫, તા. ૦૨-૦૪-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૧૬૮૦ થી ૧૭૦૦/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ કલમ ૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવા નીચેની વિગતે આવશ્યકતા જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા જિલ્લા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરંટ, બેકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ રાખવા જણાવવામાં આવે છે.

૧. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધવા માટે હાઈવે ઉપરના પેટ્રોલ પંપ ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અથવા ગુન્હામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે, ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને તેટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જિલ્લાના હાઈવે ઉપર આવેલા તમામ પેટ્રોલ પંપ ઉપરના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા. પેટ્રોલ પંપ ઉપર આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૨. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરંટ, બેકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અને ગુન્હામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે. ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને એટલું જ નહી ગુન્હેગારની વિરૂદ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય, જેથી જિલ્લામાં આવેલા તમામ હોટલના ભોજન કક્ષ તથા હોટલની બાજુ માં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજન કક્ષમાં બેઠેલી વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા. હોટલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૩. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે હાઈવે ઉપરના ટોલ પ્લાઝા ઉપર સી.સી. ટીવી કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અને ગુન્હામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે, ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને તેટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય.

INDEX

જેથી જિલ્લાના હાઇવે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. ટોલ પ્લાઝા ઉપર આવતા જતા દરેક વાહનોના નંબર આઇડેન્ટીફાઇ થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૪. સી.સી.ટીવી કેમેરા નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન રાખવા. કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યક્તિ કે વાહન આઇડેન્ટીફાઇ થઇ શકે. સી.સી.ટીવી કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવી કવોલીટીના રાખવા. ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

આ હુકમ તા. ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ થી તા. ૧૫મી મે, ૨૦૧૫ સુધી (બંને દિવસ સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ જાહેરનામાનો ભંગ કરવામાં આવે તો ઇ.પી.કો. કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૧૨૨/૨૦૧૫, તા. ૦૨-૦૪-૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૧૭૦૧ થી ૧૭૨૦/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો નર્મદા જિલ્લામાં નવા-જુના સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલ, બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલ વગેરે બોગસ નામથી ખરીદતા હોય છે. જેના ઉપયોગ દ્વારા જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

હાલમાં આતંકવાદીઓ/ત્રાસવાદી તત્ત્વો આતંકવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે ચોરી કરીને અથવા જુની ખરીદી કરીને સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરોનું અલગ-અલગ રીતના ઉપયોગ કરી આતંકવાદી કૃત્યોને અંજામ આપે છે. તેમજ બેટરીથી ચાલતા સાયકલ/સ્કુટર જેમાં આરટીઓનો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો દ્વારા આતંકવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલર, તથા બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલનું ખરીદ-વેચાણ કરતા વેપારીઓ ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરો તથા બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલની લે-વેચ કરતા વેપારીઓને નીચે મુજબના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧. વિદેશી નાગરિકને વાહનની લે-વેચ કરતી વખતે તેઓના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્શીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૨. અજાણ્યા વિદેશી નાગરિકોને વાહનની લે-વેચ કરવી નહીં.

૩. કોઈપણ વ્યક્તિની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

૪. જિલ્લામાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ ખરીદનારના નામ, સરનામાં ફોટો અને આઇ.ડી. પ્રુફની નકલ મેળવી પોતાના રેકર્ડમાં રાખવાની રહેશે.

આ હુકમ તા. ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ થી તા. ૧૫મી મે, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

INDEX

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૧૨૦/૧૫, તા. ૦૨-૦૪-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૧૭૨૧ થી ૧૭૪૦/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો નર્મદા જિલ્લાના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી ર઼ ાા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં કોઇ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસિક ભાડું કેટલું	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા સાથે	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૫મી મે, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૧૨૧/૧૫, તા. ૦૨-૦૪-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૧૭૪૧ થી ૧૭૬૦/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો નર્મદા જિલ્લાના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી ર઼ ાા છે.

હાલમાં બજારમાં મોબાઇલ ફોન તથા સીમકાર્ડ માન્ય પુરાવાની તથા ખરીદનાર વ્યકિતની ઓળખના દસ્તાવેજોની બરાબર ચકાસણી કર્યા વગર વેચાણ કરવામાં આવે છે. નર્મદા જિલ્લામાં મોબાઇલ ફોન અને સીમકાર્ડનું લે-વેચ મોટા પ્રમાણમાં થાય છે. બોગસ દસ્તાવેજોથી સીમકાર્ડ મેળવી તે સીમકાર્ડના આધારે ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતીય સતામણી કરવાના વગેરે કિસ્સાઓને અંજામ આપતા હોય છે. જેથી મોબાઇલ ફોન અને સીમકાર્ડની લે-વેચ કરતાં દુકાનદારો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં જુના-નવા મોબાઈલની લે-વેચ કરતા અને સીમકાર્ડનું વેચાણ કરતા દુકાનદારોએ લે-વેચ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપાવની રહેશે.

INDEX

નવા-જુના મોબાઈલ ખરીદતા-વેચતા વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI નંબર	મોબાઈલ ફોન વેચનાર/ખરીદનારના નામ સરનામાંની વિગત તથા ફોટો	આઇ.ડી. પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/કંપની	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ સરનામાંની વિગત	આઇ.ડી. પ્રૂફની વિગત	સીમકાર્ડ ખરીદનારનો ફોટો તથા ટેલીફોન નંબર	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૫મી મે, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક : એલ.આઇ.બી./જાહેરનામું/૧૩૨૩/૨૦૧૫, તા. ૧૬-૦૪-૨૦૧૫.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૧૮૩૨ થી ૫૨/૨૦૧૫,.—પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૫ના મેગા ઈવેન્ટ કાર્યક્રમમાં તા. ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય પધારનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને તેઓશ્રીના કાર્યક્રમમાં કોઇ સમસ્યા ઉપસ્થિત ન થાય તેમજ સુલેહ શાંતિ જળવાય તે અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવા નીચેની વિગતે આવશ્યકતા જણાય છે.

આથી હું, સંદિપકુમાર સાગલે, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

પ્રતિબંધીત કૃત્યો

કોઈપણ ઈસમો દ્વારા પત્રિકા, પ્રતિક, ચિત્રો, છબી, કપડા, ઝંડા, વાવટા, પતાકા, ભાષણ કે સભા દ્વારા અથવા કોઈપણ પ્રકારના અવાજ દ્વારા કે કોઈપણ ઈલેકટ્રોનિકસ માધ્યમ દ્વારા કોઈપણ પ્રચાર કે અન્ય કોઈપણ પ્રકારના પ્રદર્શનથી સ્થાનિક પ્રજાની, સરકાર અને કોઈપણ જાતિની, ધર્મની, કોમની લાગણીઓ દુભાય તેવી તમામ પ્રવૃત્તિઓ કરવા પર આથી હું પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધીત વિસ્તાર

નાંદોદ તાલુકાના હદ વિસ્તાર પુરતો અમલી રહેશે.

સમયગાળો

તા. ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ના ૦૦-૦૦ કલાકથી તા. ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ના ૨૪-૦૦ કલાક સુધી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઇ, આથી એક તરફી આ હુકમ કરૂં છું.

આજ તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા-રાજપીપલાના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૩૨૪/૨૦૧૫, તા. ૧૬-૦૪-૨૦૧૫.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ નિ. નં. ૨) ની કલમ-૧૪૪.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/૧૮૫૩ થી ૭૦/૨૦૧૫.-નર્મદા જિલ્લામાં કૃષિ મહોત્સવ, ૨૦૧૫ મેગા ઈવેન્ટ કાર્યક્રમમાં માન. મુખ્યમંત્રીશ્રી

INDEX

રાજપીપલા ખાતે તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજ પધારનાર છે. સદર કાર્યક્રમમાં દક્ષિણ ઝોનના છ જિલ્લામાંથી મોટી સંખ્યામાં જન મેદની આવનાર છે. સદર કાર્યક્રમના કારણે રાજપીપલા ટાઉનમાં ભારે વાહનોના અવર-જવરના કારણે ટ્રાફીકની સમસ્યા ઊભી ન થાય અને કાયદો-વ્યવસ્થાને અસર ન થાય તેમજ ભારે વાહનોની અવર-જવરના અને અકસ્માતોના કારણે જાનહાની ન થાય તે માટે રસ્તાઓ પર ડાઇવર્ઝન મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું સંદિપકુમાર સાગલે (આઇ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લાના રાજપીપલા શહેરમાં પ્રવેશતા રસ્તાઓ તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ ના ૦૭-૦૦ કલાકથી તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ના ૨૪-૦૦ કલાક સુધી વાહનવ્યવહાર બંધ કરવા હુકમ કરવામાં આવે છે. સદર રસ્તાના બદલે નીચે મુજબના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

૧. દેડીયાપાડા-નેત્રંગ તરફથી રાજપીપલા થઇ વડોદરા તરફ જતા આવતા વાહનોને ખામર ત્રણ રસ્તા-વિરપોર થઇ રંગા અવધુત મંદિર થઇ સીધા સેગવા-ડભોય તરફના રસ્તાનો ઉપયોગ કરવો.

૨. બોડેલી-નસવાડી તરફથી રાજપીપળા આવતા ભારે વાહનોએ બોડેલીથી ડભોય થઇ સેગવા-રાજપીપલા તરફ તથા નસવાડી તરફથી આવતા ભારે વાહનો દેવલીયા-તિલકવાડા થઇ ડભોઇ-રાજપીપલા તરફના રસ્તાનો ઉપયોગ કરવો.

૩. વડોદરાથી ડભોઇ-તિલકવાડા થઇ રાજપીપળા તરફ આવતા ભારે વાહનો ડભોઇ-સેગવા થઇ રાજપીપલા તરફના રસ્તાનો ઉપયોગ કરવો

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

સંદિપકુમાર સાગલે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :-

(૧) અત્રેનાં હુકમ ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી/૧૪૮૪, તા. ૨૧-૦૨-૨૦૧૫.

(૨) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક જી.પં./જા.આ./ડીએસયુ/સ્વાઇનફલુ/૨૦૧૫, તા. ૦૧-૦૪-૨૦૧૫.

હુકમ

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૦૧૫.–આમુખ (૧) થી જિલ્લામાં સ્વાઇન ફલુ ઇન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) નોરોગચાળો ફેલાઇ રહેલ હોય તેમજ જાહેર જનતાની શારીરિક સલામતી માટે આ ગંભીર રોગને અટકાવવા જાહેર હિતમાં અમુક નિયંત્રણો મૂકવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેનો અમલ તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ભરૂચએ આમુખ-(૨) થી જણાવેલ છે કે, તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫થી આજ દિન સુધી ભરૂચ જિલ્લામાં એક પણ સ્વાઇન ફલુનો કેસ નોંધાયેલ નથી. જેથી આમુખ-(૧) થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાને રદ કરવા જણાવેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા જિલ્લામાં તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫ થી એક પણ સ્વાઇન ફલુનો કેસ નોંધાયેલ ના હોય, અત્રેના આમુખ (૧) થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામું આજ રોજ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ થી આથી રદ કરવાનું ઠરાવું છું.

ભરૂચ, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭-(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૧૩૮૮ થી ૧૪૦૮/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરિયાત રહે છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસની કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહરનામાં અન્વયે તા. ૧૩મી એપ્રિલ, ૨૦૧૫નાં કલાક ૮-૦૦ થી તા. ૨૭મી એપ્રિલ, ૨૦૧૫નાં રોજ રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકીસાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

વિસ્તાર

“ ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ”

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦નાં પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૮૫૧ થી ૨૮૮૫/૨૦૧૫.–ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં આવેલ તમામ સરકારી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે જેમાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી અનુભવે જણાયેલ છે કે કેટલાક ઈસમો દ્વારા તેઓની વિવિધ માંગણીઓ અન્વયે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય ધરણા, ભુખ હડતાળ જેવા કાર્યક્રમો આપવામાં આવે છે. ઘણા કિસ્સામાં તેઓની માંગણી યોગ્ય ન હોવા છતાં, ધરણા તેમજ ભુખ હડતાળના કારણે જાહેર જનતાને ભાવુક બનાવી, ગેરમાર્ગે દોરી તેઓની સહાનુભુતી મેળવવા પ્રયાસ કરે છે. તેથી તેના પર પ્રતિબંધ મુકાવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

ભરૂચ જિલ્લામાં આવેલ કલેકટર કચેરી ભરૂચની પ્રીમાઈસીસમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય ઘરણા, ભુખ હડતાળ બેસવા, રેલી કાઢવા, રેલી કાઢી રેલીના સ્વરૂપે આવી આવેદનપત્ર આપવા જેવી તમામ પ્રવૃત્તિ પર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાંનો અમલ તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી મે, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

વિસ્તાર

ભરૂચ જિલ્લામાં આવેલ કલેકટર કચેરી ભરૂચની પ્રીમાઈસીસનો તમામ વિસ્તાર.

આ જાહેરનામાંનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૯૫૪/૨૦૧૫.–ઝઘડીયા નર્મદા નદી મઢી મુકામે આવેલ શ્રી નર્મદા માતાજી મંદિર ખાતે વર્ષોથી અખંડ રામધૂન તથા અખંડ રામાયણના પાઠનું પઠન કરવામાં આવે છે. જે અંતર્ગત ઝઘડીયા નર્મદા મઢી મુકામે મોટી સંખ્યામાં પરિક્રમા વાસીઓ તથા મોટી સંખ્યામાં યાત્રિકો તેનો લ્હાવો લેવા આવતા હોય છે. પરિક્રમા વાસીઓ તથા યાત્રિકો તરફથી નર્મદા નદી ઘાટ પરથી માછલીઓને મમરા તેમજ લોટની ગોળીઓ બનાવી ખવડાવતા હોય છે. જેથી માછલીઓની સંખ્યા પણ વધુ પ્રમાણમાં રહેતી હોય છે. જેના કારણે માછીમારીનો વ્યવસાય કરતા માછીમારો પણ સદર ઘાટ ઉપરથી માછીમારી કરવા આવતા હોય છે. જેના કારણે પરિક્રમા વાસીઓ, યાત્રિકો તેમજ મંદિરના વહીવટ કર્તાઓ સાથે અવાર નવાર માછીમારો સાથે ઘર્ષણ ઉભું થતું હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ઝઘડીયા મઢી ખાતે આવેલ નર્મદા માતાજી મંદિરમાં દર્શનાર્થે આવતા પરિક્રમા વાસીઓ તથા યાત્રિકોની સલામતી માટે શ્રી નર્મદા માતાજી મંદિર, મઢી, ઝઘડીયા ખાતે આવેલ નર્મદા નદીના ઘાટ પરથી માછીમારી કરવા પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દ્રષ્ટિએ મઢી, ઝઘડીયા ખાતે આવેલ નર્મદા માતાજીના મંદિરે આવતા પરિક્રમાવાસીઓ, યાત્રિકોની સલામતીને થતુ જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય ત માટે ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના મઢી ખાતે આવેલ નર્મદા નદીનાં ઘાટ ઉપરથી માછીમારી કરવા ઉપર પ્રતિબંધ મૂકવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૬૨૧/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શિવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કો. ઓપ. સોસાયટી લી., મું. વટવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૨૨/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શાશ્વત મહાદેવ-૧ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૨૩/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શાશ્વત મહાદેવ-૨ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૨૪/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ઉમંગ નારોલ-૮ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નારોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૬૨૫/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અભિષેક-૨ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. અસારવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૨૬/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અક્ષૈની કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. શીલજ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૨૭/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી રશ્મિ સંકલ્પ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નાના ચિલોડા (નરોડા), તા. જિલ્લો ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૬૨૮/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અભિષેક-૨ કોમર્શિયલ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. અસારવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

જા.નં. નોંધણી નંબર સે.દુ.-૩૩૩૮૪/નધણ/૦૧/ખ-૨/૬૭/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, ધી ગોપાલપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગોપાલપુરા, તા. ખંભાત, જિ. આણંદ. સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણમાં લીધા :–

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/ ૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી પુરુષોત્તમનગર (જી) સેવા સહકારી મંડળી લી., તા. હિંમતનગર તથા ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરના પત્ર ક્રમાંક : લોન્સ/ફડચ/૫૭/૧૫૬૮૯, તા. ૧૬-૨-૨૦૧૫ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ અને કલમ-૨૦ની જોગવાઇઓ.

આદેશ

પત્ર ક્રમાંક ફડચ/ફ/૧૮૭૪૦/૦૧/ગ/૯૦/૨૦૧૫.–ધી પુરષોત્તમનગર (જી) સેવા સહકારી મંડળી લી., તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા નોંધણી નંબર : સે-૩૫૨૦૩, તા. ૧૬-૫-૨૦૦૫ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ફડચ/ફ/૧૮૭૪૦/ ૦૧/ગ/૧૯૪/૧૧૯૫/૨૦૧૪, તા. ૧૧-૪-૨૦૧૪ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. વંચાણે લીધેલ આમુખ-૨ થી ફડચા અધિકારીશ્રીના તા. ૧૬-૨-૨૦૧૫થી પ્રાપ્ત થયેલ આખરી અહેવાલ મુજબ ફડચાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. જેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ધી પુરષોત્તમનગર (જી) સેવા સહકારી મંડળી લી., તા. હિંમતનગર, જિ. સાબરકાંઠાની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે અને મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

હિંમતનગર, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

જા. નં. નધણ/એનવીએસ/ઉખસ/૦૧/ઘ-૨/૧૨૨/ઉ-૧૫૩૯૯/ ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે શ્રમિક મજૂર અને કામગારોની સહકારી મંડળી લી. મું. છાપર, તા. ગણદેવી, જિ. નવસારી, મર્યાદિત સ્થળ, છાપર.

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/ ૦૧/ચ/૧૧૩/૨૦૧૫, તા. ૦૮-૦૧-૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/ ૫૦ થી ૫૭/૨૦૧૫, તા. ૧૭-૦૧-૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૨૫૦-૨૫૫/૨૦૧૫.–શ્રી વલ્લભ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નાની વાલઝર, તા. વાંસદા, જિ. નવસારી ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી વલ્લભ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નાની વાલઝર, તા. વાંસદા, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/ ૦૧/ચ/૧૧૬/૨૦૧૫, તા. ૦૮-૦૧-૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/ ૫૮ થી ૬૬/૨૦૧૫, તા. ૧૭-૦૧-૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૨૫૬-૨૬૧/૨૦૧૫.–શ્રી મ. સ. દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. જમાદાર ફળીયા, વાંસીયા તળાવ, તા. વાંસદા, જિ. નવસારીને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટીસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી મ.સ. દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. જમાદાર ફળીયા, વાંસિયા તળાવ, તા. વાંસદા, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂ છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/૦૧/ચ/૧૧૫/૨૦૧૫, તા. ૦૮-૦૧-૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૩૨ થી ૪૦/૨૦૧૫, તા. ૧૭-૦૧-૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૨૬૨-૨૬૭/૨૦૧૫.–સાલેજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. સાલેજ, તા. ગણદેવી, જિ. નવસારીને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી સાલેજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. સાલેજ, તા. ગણદેવી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂ છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના જા નં. અષણ/૦૧/ચ/૧૧૪/૨૦૧૫, તા. ૦૮-૦૧-૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૧ થી ૪૯/૨૦૧૫, તા. ૧૭-૦૧-૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૨૬૮-૨૭૩/૨૦૧૫.–દેસરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. દેસરા, તા. ગણદેવી, જિ. નવસારીને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટસ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી દેસરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. દેસરા, તા. ગણદેવી, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂ છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધારા ડેરી આલીપુર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

INDEX

વાંચ્યો :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીયાદની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/૦૧/ગ-૧/૫૦૩/૨૦૧૩ની તા. ૧૯-૧૨-૨૦૧૩.

(૩) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીયાદની કચેરીનો ફડચા અંગેનો વચગાળાનો આદેશ જા.નં. ફડચ/૦૧/ગ-૨/૪૨/૨૦૧૪, તા. ૨૭-૧-૨૦૧૪.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૫) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૬-૮-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા.નં. ફડચ/૦૧/ખ-૨/૩૧૧/૨૦૧૫.–ધી વડદલા(બા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. વડદલા, તા. બાલાસિનોર, જિ. મહિસાગરની જેનો નોંધણી ક્રમાંક સે.દૂ.-૩૩૩૩૪, તારીખ ૬-૭-૨૦૦૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખ-૩માં જણાવેલ ફડચાના વચગાળાના હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. છતાં મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૧ માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતા મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહિસાગર એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતનાં પુર્ણ કરવાની રહેશે.

લુણાવાડા, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહિસાગર,
લુણાવાડા.

વંચાણમાં લીધા :-

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/ફ-૧૭૮૬૨/૭૦૬/૨૦૧૨, તા. ૨૩-૪-૨૦૧૨.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી નવા નેસડા ફળ-શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., તા. ડીસા, જિ. બનાસકાંઠા તા. ૧૨-૧-૨૦૧૫ના પત્ર ક્રમાંક સ.અ./ફડચ/ગ/૧૦/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અને કલમ-૨૦ (૧)ની જોગવાઈ.

હુકમ

પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૩૪૯/૬૪૭૯/૨૦૧૫.–ધી નવા નેસડા ફળ-શાક ભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નવા નેસડા, તા. ડીસા, જિ. બનાસકાંઠા કે જે જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, પાલનપુરના તા. ૬-૯-૧૯૯૬ના નોંધણી ક્રમાંક ૨૮૯૩૯ થી નોંધાયેલ હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, પાલનપુરના આમુખ-૧ના તા. ૨૩-૪-૨૦૧૨ના હુકમ થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવેલ હતો, જે અન્વયે ફડચા અધિકારી એ આમુખ-૨ના તા. ૧૨-૧-૨૦૧૫ના પત્રથી સદરહુ મંડળની ફડચાની કાર્યવાહી પુર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત રજુ કરેલ છે, જે ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથો સાથ આ જ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતાં હુકમ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

સહી (અવાચ્ય),
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૨-૨-૨૦૦૮નો રોજનો ફડચા નો અંતિમ હુકમ નં. ઉખસ/કજ/ફડચા/જ-૧/૧૮/ફ-૧૭૪૦૯/૨૦૦૮.

(૨) સામરખા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. સામરખા, તા. જિ. આણંદને કલમ-૧૧૪ હેઠળ કાર્ય સમાપ્તી કરવા અંગેની સબ ઓડીટર, સહકારી મંડળી, બોરસદ, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદનો તા. ૬-૨-૨૦૧૫નો પત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની ૧૧૪ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૧૯૯૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૨૪/૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તા. ૧-૧૨-૨૦૦૫નું જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૬) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તા. ૨૬-૮-૨૦૧૧નું જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ખ-૧/૪૦/૨૦૧૫.–સામરખા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. સામરખા, તા. જિ. આણંદની નોંધણી નં. સે-૨૦૮૫૬, તા. ૨૮-૭-૧૯૯૫ થી નોંધાયેલ મંડળી છે. મંડળીને આમુખ

નં.-૧ માં જણાવ્યા મુજબ તા. ૨-૨-૨૦૦૮ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. ફડચા અધિકારીશ્રીએ તા. ૧૬-૦૨-૨૦૦૮ના રોજ ચાર્જ લીધેલ હતો. ફડચા અધિકારીશ્રીએ જણાવ્યા અનુસાર મંડળીના તા. ૩૦-૦૬-૨૦૦૫ના સરવૈયા મુજબ ₹ ૩,૨૨,૮૯૫/-નો સ્ટોક જણાય છે પરંતુ આ સ્ટોક હાજર નહીં જણાંતા નામદાર આણંદ કોર્ટ મુકામે કેસ ચાલુ છે. બેંક સ્ટેટમેન્ટ મુજબ તા. ૩૧-૦૩-૨૦૧૪ સુધી બેલેન્સ ₹ ૧૯૮૧૩/૦૪ જણાઇ આવેલ છે. મંડળીનું ઓડીટ તા. ૩૦-૦૬-૯૫ સુધી થયેલ છે. ચાર્જ લીધા તારીખથી મંડળીની ફડચાની કામગીરી સાત વર્ષે તા. ૧૫-૦૨-૨૦૧૫ના રોજ પુર્ણ થતાં હોઇ વંચાણે લીધેલ આમુખ (૨)થી કલમ-૧૧૪ હેઠળ કાર્ય સમાપ્તી કરવા અંગેનો પત્ર મંડળીના ફડચા અધિકારી અને સબ ઓડીટર સહકારી મંડળી બોરસદનો અત્રે મળેલ છે. જેથી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ ફડચા સમાપ્તીનો હુકમ કરવાનો થાય છે. આમ છેવટના સરવૈયા મુજબના દેવા-લેણાં જિલ્લા રજિસ્ટ્રારશ્રીને વર્ગ (એસાઇન) કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદને મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સામરખા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. સામરખા, તા. જિ. આણંદની નોંધણી નં. સે-૨૦૮૫૬, તા. ૨૮-૭-૧૯૯૫ની ફડચા સમાપ્તી કરવાનો હુકમ કરૂં છું.

આણંદ, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૪-૨૦૦૮નો રોજનો ફડચા નો અંતિમ હુકમ નં. ઉખસ/કજ/ફડચા/જ-૧/૯૩/ફ-૧૭૪૨૦/૨૦૦૮.

(૨) મહિલા ઉત્કર્ષ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મું. પો. તા. પેટલાદ, જિ. આણંદને કલમ-૧૧૪ હેઠળ કાર્ય સમાપ્તી કરવા અંગેની સહકારી અધિકારીશ્રી, ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદનો તા. ૧૨-૨-૨૦૧૫નો પત્ર નં. ફડચ/ ૦૧/જ-૧/ ૩૨/૨૦૧૫નો પત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૪/૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તા. ૧-૧૨-૨૦૦૫નું જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ખ-૧/૪૧/૨૦૧૫.—મહિલા ઉત્કર્ષ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મું. પો. તા. પેટલાદ, જિ. આણંદની નોંધણી નં. સે-૨૭૮૪૦ થી નોંધાયેલ મંડળી છે. મંડળીને આમુખ નં.-૧ માં જણાવ્યા મુજબ તા. ૧૯-૦૪-૨૦૦૮ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. ફડચા અધિકારીશ્રીએ તા. ૨૬-૦૨-૨૦૦૮ના રોજ ચાર્જ સંભાળ્યા બાદ તમામ બાકીદારો ને લેણાંની વસુલાત માટે નોટીસો પાઠવવામાં આવેલ હતી. ચાર્જ સંભાળ્યા તારીખે કુલ ૪૬ ધિરાણ બાકીદારો હતા. જેમની સામે વસુલાત કરવાની કામગીરી કરવામાં આવેલ હતી. જેના પરિણાણે આવા ધિરાણ બાકી ખાતાઓ પૈકી ૧૪ જેટલા ખાતામાં વસુલાત આવેલ છે અને હાલ પણ આવા ખાતાઓની વસુલાત માટે કાર્યવાહી ચાલુ છે. સામેલ તા. ૩૧-૧-૨૦૧૫ના સરવૈયા મુજબની સ્થિતિ જોતાં કુલ ૩૨ ધિરાણ બાકીદારો પાસેથી ₹ ૨,૦૧,૧૧,૮૯૪/- વસુલાત બાકી પડે છે. જેની આશરે ૯૦૦ જેટલા ડીપોઝીટર્સને ₹ ૮૧,૦૨,૩૩૯/- ચુકવવાના બાકી પડે છે. તેમજ ₹ ૪,૩૬,૦૦૦/- જેટલું શેરભંડોળ ચુકવવાનું પણ બાકી છે. કુલ ૩૨ ધિરાણ બાકીદારો પૈકી ૧૪ બાકી ધિરાણ બાકીદાર સામે નામદાર કોર્ટમાં સિવિલ રાહે વસુલાતનો દાવો ચાલુ છે. હાલ તા. ૩૧-૧-૨૦૧૫ના સરવૈયા મુજબ બેંકમાં ₹ ૬,૮૯,૭૨૫/-જેટલી રોકડ સિલક જમાં છે. જેની સામે ડીપોઝીટોને તથા સભાસદોને શેરભંડોલની ચુકવણી ની બાકી રકમ આશરે ₹ ૮૫,૩૮,૩૩૯/- છે. આમ ઉપરોકત વિગતોએ જોતાં ધિરાણ બાકીદારો સામે કેસો દાખલ થયે ત્રણ વર્ષ જેટલો સમય થયેલ છે, જેથી મંડળીની ફડચાની કામગીરી સાત વર્ષ તા. ૨૫-૦૨-૨૦૧૫ના રોજ પુર્ણ થતાં હોઇ વંચાણે લીધેલ આમુખ (૨)થી કલમ-૧૧૪ હેઠળ કાર્ય સમાપ્તી કરવા અંગેનો પત્ર મંડળીના ફડચા અધિકારી અને સબ ઓડીટર સહકારી મંડળી બોરસદનો અત્રે મળેલ છે. જેથી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ ફડચા સમાપ્તીનો હુકમ કરવાનો થાય છે. આમ છેવટના સરવૈયા મુજબના દેવા-લેણાં જિલ્લા રજિસ્ટ્રારશ્રીને વર્ગ (એસાઈન) કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદને મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ મહિલા ઉત્કર્ષ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મું. પો. તા. પેટલાદ, જિ. આણંદની ફડચા સમાપ્તી કરવાનો હુકમ કરૂં છું.

આણંદ, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા/હા/૮૮૩૨/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, દર્શનમવર્ટિકા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ બાપોદ, તાલુકો જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

આર. આર. પઢીયાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ)
વડોદરા.

વંચાણે લીધા :-

(૧) અત્રે કચેરીની તા. ૧૭-૯-૨૦૧૨ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૮૦૨૪/ઘ-૨/૩૭૮/૨૦૧૨.

(૨) શ્રી સહકારી અધિકારી (ફડચા-૪), લગત કાર્યાલયના તા. ૨૨-૧૨-૨૦૧૪ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ફ-૪/૨૩૮/૨૦૧૪.

(૩) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક GHKH/45/2005/NSB/12/2002/3011/CH, તા. 1-12-2005.

INDEX

(૪) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

સુધારા હુકમ

જાવક નંબર ફડચ/૦૧/ઘ-૨/૯૬/૨૦૧૫.–ધી ભણીયારા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. ભણીયારા, તા. વાઘોડીયા, જિ. વડોદરાને આમુખ-૧માં જણાવેલ અંતિમ હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ, અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, ફડચા નં. (૪) લગત સદર કચેરી, વડોદરાની નિમણુંક કરવામાં આવેલ હતી. આમુખ-૨ માં જણાવેલ ફડચા અધિકારીશ્રીના પત્રમાં થયેલ રજુઆતની વિગતો મુજબ સદર મંડળીનું દફતર વાઘોડીયા કોર્ટમાં હોવાથી મંડળીનો ચાર્જ સંભાળી શકાયેલ નથી. ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપ. બેંક તરફથી મંડળીને કરેલ ધિરાણ ₹ ૮૭,૧૧,૨૪૩/- તા. ૩૧-૩-૨૦૧૧ના સરવૈયા મુજબ વસુલ કરવાનું મુદતવીતી બાકી બોલે છે. જે અંગેના આધારપુરાવાઓ બેંક પાસે છે. સદર લોન વસુલાત કરવા તેમજ કોર્ટ કાર્યવાહી કરવા બેંકનું હિત સમાયેલ હોવાથી અત્રેને આમુખ (૩) અને (૪) થી મળેલ સત્તાની રૂએ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી બરોડ સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક લી., વડોદરાની નિમણુંક કરવામાં આવે છે.

તેઓએ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે બાકી રહેલ ફડચાની તમામ કામગીરી ફડચાના મુળ થયેલ હુકમો, સહકારી કાયદો, કાનુંન તેમજ ખાતાના સ્થાયી હુકમો મુજબ હાથ ધરી, સદર મંડળીનો ચાર્જ તુરતમાં સંભાળી લઇ, ફડચાની બાકી રહેલ તમામ કામગીરી સમય મર્યાદા ધ્યાને લઇ પૂર્ણ કરવાની રહેશે.

વડોદરા, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૦૧-૦૨-૨૦૧૦ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૫૧/૨૦૧૦ થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) અત્રેની કચેરીનો તા. ૩૦-૦૪-૨૦૧૦ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૨૪૫/૨૦૧૦ થી કલમ-૧૦૭ અન્વેયેનો ફડચાનો અંતિમ હુકમ.

(૩) સોસાયટીના સભાસદોની ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો ચાર્જ સુપ્રત કરવા બાબતેની રજૂઆત.

(૪) ફડચા અધિકારીશ્રી, ફડચા-૨, લગત સદર કચેરીના તા. ૧૯-૧-૨૦૧૫ના પત્ર થી થયેલ ભલામણ.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૬) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨ જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ / ૯૩ / ૨૦૧૨ / એનએસબી / ૧૨ / ૨૦૦૨ / ૩૦૧૧ / ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૭/૬૮૧/૨૦૧૫.– ધી પરબ્રહ્મ પુરૂષોત્તમ નગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. નિર્ણયનગર, અમદાવાદ (નોંધણી નં. ઘ-૧૧૦૪૫, તા. ૧૭-૧૨-૧૯૮૩) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે.

વંચાણે લીધા ક્રમાંક (૧) થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ, વંચાણે લીધા ક્રમાંક (૨) ની વિગતે ફડચાનો અંતિમ હુકમ કરી, ફડચા અધિકારી તરીકે સહકારી, ફડચા-૨, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ જે હાલ ફડચા અધિકારી તરીકે કાર્યરત છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી સોસાયટીના સભાસદોએ આ કચેરીને ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો ચાર્જ સુપ્રત કરવા બાબતેની રજૂઆત કરતા તે રજૂઆત અન્વયે મંડળીના પેટા કાયદા તથા સહકારી કાયદા કાનૂનની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી હાથ ધરવા ફડચા અધિકારીને મોકલી આપતા, વંચાણે લીધેલ ક્રમાંક (૪) થી ફડચા અધિકારીએ આ કચેરીને અહેવાલ કરેલ છે. જે મુજબ તેઓએ ખાસ સાધારણ સભાનો એજન્ડા તા. ૫-૧-૨૦૧૫ કાઢી તા. ૧૮-૧-૨૦૧૫ના રોજ ખાસ સાધારણ સભા બોલાવેલ, જેમાં સોસાયટીની નવી કમિટીની સર્વાનુમતે વરણી થયેલ છે. જે વિગતો સાથે સદર સોસાયટીને પુનઃર્જીવીત કરવા ભલામણ કરેલ છે તથા તેઓના હસ્તકનો ચાર્જ નવી કમિટીને સુપ્રત કરી શકે તે માટે સોસાયટીને પુનઃર્જીવીત કરવા અંગેના જરૂરી હુકમો થઈ આવવા વિનંતી કરેલ છે.

આમ ઉપરોક્ત વિગતો / હકીકતોને ધ્યાને લેતાં તેમજ ફડચા અધિકારીએ કરેલ ભલામણ જોતાં અને સભ્યોએ તા. ૧૮-૦૧-૨૦૧૫ના ખાસ સાધારણ સભામાં કરેલ ઠરાવ જોતાં સોસાયટીને પુનઃર્જીવીત કરવા અંગેનો હુકમ કરવાનો મુનાસિબ જણાતાં આથી નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

આથી, હું, ચેતન પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે પ્રાપ્ત થયેલા અધિકારો અને સત્તાની રૂએ ધી પરબ્રહ્મ પુરૂષોત્તમનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. નિર્ણયનગર, અમદાવાદ (નોંધણી નં. ઘ-૧૧૦૪૫, તા. ૧૭-૧૨-૧૯૮૩)ને ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અત્રેની કચેરીનો તા. ૩૦-૦૪-૨૦૧૦નો અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૨૪૫/૧૦ નીચે મુજબની શરતોને આધિન રહીને રદ કરી સદર મંડળીને પુનઃર્જીવીત કરવાનો હુકમ કરૂં છું.

શરતો :-

(૧) મંડળીએ તેની બાકી સમયથી છેવટ સુધી વાર્ષિક હિસાબોનું ઓડીટ માસ ત્રણમાં પુરૂં કરાવી લેવાનું રહેશે.

(૨) સભાસદોના વિશાળ હિતમાં પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની તથા કાયદા કાનૂન મુજબની કામગીરી કરવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર),
અમદાવાદ.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર સે/૩૦૫૦૮/૨૦૧૫.–મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ.પં. ભરૂચ. આથી જાહેર કરે છે કે, ધી મુલેર મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળી, મર્યાદિત સ્થળ મુલેર, તાલુકો વાગરા, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે.
ભરૂચ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ. પં.,
ભરૂચ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નંબર : ડી.એન.જી./સે.દુ.-૩૮૦૪૨/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મ. સ. મોટાબરડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ મોટાબરડા, તાલુકો વઘઈ, જિલ્લા ડાંગને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

આહવા, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ - આહવા.

નંબર નધણ/એનવીએસ/સા-૯૨૨૪/૯૯/૪૮૩/૧૫.–આથી જાહેર કરે છે કે, કૌશલ્યાપાર્ક કો.ઓ.હાઉસીંગ સર્વિસ સો.લી., જમાલપોર, ગણદેવીરોડ, નવસારી, તા. જિલ્લો નવસારીને અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નંબર નધણ/વીએલડી/સા-૯૨૩૮/ચ/૧૧૦/૪૮૪/૧૫.–આથી જાહેર કરે છે કે, પદ્મનેમી (એ-વીગ) કો.ઓ.હાઉસીંગ સર્વિસ સો.લી., રામવાડી, વલસાડ, તા. જિલ્લો વલસાડને અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ(હા), વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા.૭૮૫૧/૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી માનસી એવન્યુ કો. ઓપ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ઘુમા, તા. દસક્રોઈ, જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ઈ. મ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

વાંચનમાં લીધું :–

(૧) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી ફડચા-(૩) સુરતની તા. ૦૨/૦૨/૨૦૧૫ની દરખાસ્ત.

(૨) મંડળીના પ્રમુખશ્રી લવજીભાઈ વી. મહીડાનું તા. ૬/૧૨/૨૦૧૪નું નિવેદન તથા તા. ૧૯/૨/૨૦૧૪નું પૂરક નિવેદન.

(૩) ગુજરાત સહકારી મંડળી ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪ (૨) ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૮૨/૭૫૯/૨૦૧૫.–નાના વરાછા અર્બન કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. ઠે. પંચવટી એપાર્ટમેન્ટ, નાના વરાછા, જિ. સુરતએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ શરાફી સહકારી મંડળી છે. જેનો નોંધણી નં.સે. ૨૪૨૯, તા. ૫/૧/૧૯૮૯ છે. સદર મંડળીનો ઓડીટ વર્ગ-ડ તેમજ સ્થગીત અવસ્થામાં છે. અને સભાસદોની તથા હોદ્દેદારોને મંડળી ચાલુ રાખવામાં રસ ન હોવાથી સહકારી કાયદાની કલમ-૧૦૭ની દરખાસ્તને ધ્યાને રાખી મંડળીને અત્રેની કચેરીના તા. ૭/૬/૨૦૦૫ના હુકમથી ફડચામાં લઈ જઈ, સહકારી અધિકારી ફડચા નં.-૩ની નિમણુંક કરવામાં આવેલ. ફડચા અધિકારીશ્રી સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શૂન્ય કરી, મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧૯/૧૨/૨૦૧૪ના રોજ મેળવી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક- (૧) તા. ૨/૨/૨૦૧૫થી દરખાસ્ત રજૂ કરેલ છે.

વધુમાં મંડળીના પ્રમુખશ્રીએ તા. ૬/૧૨/૨૦૧૪ તથા ૧૯/૨/૨૦૧૫ના પૂરક નિવેદનમાં જણાવ્યા અનુસાર મંડળી તા. ૧/૭/૨૦૦૦થી સ્થગિત અવસ્થામાં છે. જેથી મંડળીની નોંધણી રદ કરવા જણાવેલ છે.

INDEX

આમ ઉપરોક્ત સંજોગોમાં સદરહુ નાના વરાછા અર્બન કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. ઠે. પંચવટી એપાર્ટમેન્ટ, નાના વરાછા, જિ. સુરત કે જેનો નોંધણી નં. સે-૨૪૨૯, તા. ૫/૧/૧૯૮૯ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩)થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર નાના વરાછા અર્બન કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. ઠે. પંચવટી એપાર્ટમેન્ટ, નાના વરાછા, જિ. સુરતએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ શરાફી સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. સે. ૨૪૨૯, તા. ૫/૧/૧૯૮૯ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

સુરત, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

ક્રમાંકઃ- નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૬૬/૨૦૧૫.–આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી બલોલ દૂધ ઉત્પાદક મહિલા સહકારી મંડળી લી., મું. બલોલ, તા. જિ. મહેસાણા કાર્યક્ષેત્ર, બલોલ ગામ પૂરતું મર્યાદિત.

સને ૧૯૬૧ ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ક્રમાંકઃ- નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૬૭/૨૦૧૫.–આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી ગોકુળિયુ (નોરતોલ) દૂધ ઉત્પાદક મહિલા સહકારી મંડળી લી., મું. ગોકુળિયુ (નોરતોલ), તા. ખેરાલુ, જિ. મહેસાણા કાર્યક્ષેત્ર, ગોકુળિયુ (નોરતોલ) ગામ પૂરતું મર્યાદિત.

સને ૧૯૬૧ ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ક્રમાંકઃ- નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૬૮/૨૦૧૫.–આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી વસ્ત્રાપુર (ડ) દૂધ ઉત્પાદક મહિલા સહકારી મંડળી લી., મું. વસ્ત્રાપુર (ડ), તા. ખેરાલુ, જિ. મહેસાણા કાર્યક્ષેત્ર, વસ્ત્રાપુર (ડ) ગામ પૂરતું મર્યાદિત.

સને ૧૯૬૧ ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ક્રમાંકઃ- નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૬૯/૨૦૧૫.–આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી ગલાલપુરા દૂધ ઉત્પાદક મહિલા સહકારી મંડળી લી., મું. ગલાલપુરા, તા. સતલાસણા, જિ. મહેસાણા કાર્યક્ષેત્ર, ગલાલપુરા, ગામ પૂરતું મર્યાદિત.

સને ૧૯૬૧ ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એચ.એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :

(૧) ધી જય જલારામ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી લી. મું. પો. નડીયાદ, તા. નડીયાદના ફડચા અધિકારીશ્રીનો તા.૨૭/૧૧/૨૦૧૪નો પત્ર નં. ફડચ/ક-જ/રૂબરૂ/૨૦૧૪.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨)ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચકે/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧/૭/૨૦૧૧.

હુકમ

જા. નં. નધણ/૦૧/ખ-૨/૫૪/૨૦૧૫.–ધી જય જલારામ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી લી. મું. પો. નડીયાદ, તા. નડીયાદ, જિ. ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર સે-૩૦૨૮૨, તા. ૪/૧/૧૯૯૯ થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૬૬૬/૨૦૦૭, તા. ૧૬/૫/૨૦૦૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ [ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨]ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવે છે. એમ ગણાશે. તથા હાલની તારીખે જે કોઈ દેવા-લેણાંનો નિકાલ કરવાના અધિકાર સહકારી અધિકારી ફડચાને આપવામાં આવે છે.

નડીયાદ, તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૩/૧૦/૨૦૧૪ના ક્રમાંકઃ-સકક/૦૧/ઘ-૨/૫૮૪/ ૨૦૧૪ થી કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧/૭/૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૬૨/૪૫૯/૨૦૧૫.—ધી એલ.કે.કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. મેમનગર, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૭૨૮૭ તા. ૩૧/૧/૧૯૭૯) એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનૂન તથા સોસાયટીના મંજૂર થયેલ પેટા નિયમો મુજબ તથા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સૂચનાઓને આધીન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંકઃ (૧) થી સદરહુ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તે જ કાયદાની કલમ-૧૦૮ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે જે. સી. ત્રિવેદી ફડચા અધિકારી-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ તેમજ ફડચાનાં વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઈ રજૂઆત પણ થયેલ નથી સબબ ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબ ફડચાનો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને પ્રપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂએ ધી એલ.કે. કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. મેમનગર, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૭૨૮૭ તા. ૩૧/૧/૧૯૭૯)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને આ જ કાયદાની કલમ-૧૦૮ (૧) ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી જી. ડી. શ્રીપાલ, ફડચા અધિકારી-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદની નિમણૂક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૨/૧૨/૨૦૧૪ના ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૭૨૩/ ૨૦૧૪ થી કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧/૭/૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૬૩/૪૬૦/૨૦૧૫.—ધી ભાવિકનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. ઓઢવ, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૮૯૮૦ તા. ૦૨/૦૪/૧૯૮૧) એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનૂન તથા સોસાયટીના મંજૂર થયેલ પેટા નિયમો મુજબ તથા વખતો વખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સૂચનાઓને આધીન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંકઃ (૧) થી સદરહું મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તે જ કાયદાની કલમ-૧૦૮ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. હાઉ. ફાયનાન્સ કોર્પોરેશન લી., આશ્રમ રોડ, અમદાવાદની નિમણૂક કરવામાં આવેલ તેમજ ફડચાનાં વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઈ રજૂઆત પણ થયેલ નથી સબબ ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબ ફડચાનો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂએ ધી ભાવિકનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. ઓઢવ, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૮૯૮૦, તા. ૦૨/૦૪/૧૯૮૧)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને આ જ કાયદાની કલમ-૧૦૮ (૧) ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. હાઉ. ફાયનાન્સ કોર્પોરેશન લી., આશ્રમ રોડ, અમદાવાદની નિમણુક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા.૭૮૫૨/૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ગણેશ પ્લેટીનમ કો. ઓપ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ખોડીયાર, તા. દસક્રોઈ, જિલ્લો અમદાવાદને,

INDEX

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫.

ઈ. મ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) ધી કસ્તુરબા મહિલા બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી., દાહોદની તા. ૧૦/૩/૨૦૧૪ તથા તા. ૧૮/૯/૨૦૧૪ની મર્જરની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, કલમ-૧૭ તથા નિયમ-૯ની જોગવાઈ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એચએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૬/૮/૨૦૧૧.

પ્રસ્તાવના

ક્રમાંક નધણ/૦૧/ગ/૧૪૫/૨૦૧૫.—આમુખ-૧ ધી કસ્તુરબા મહિલા બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી., દાહોદ જેનો હવે પછી મર્જ થતી મંડળી તરીકે ઉલ્લેખ કરવાનો છે અને ધી સહયોગ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., દાહોદમાં જેનો હવે પછી મર્જ કરનાર મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે. તે બંને મંડળીઓ સહકારી કાયદા અને કાનૂન હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થાઓ છે. મર્જ થતી મંડળી તરફથી આમુખ-૧માં દર્શાવેલ તા. ૧૦/૩/૨૦૧૪ તથા તા.૧૮/૯/૨૦૧૪ની દરખાસ્તથી જરૂરી આધાર પુરાવા સાથે મર્જ કરનાર મંડળીમાં મર્જ કરવા દરખાસ્ત રજુ કરેલ હતી. દરખાસ્ત મુજબ તા. ૨૨/૨/૧૪ના રોજ મર્જ કરનાર મંડળીએ મર્જ થતી મંડળીમાં મર્જર અંગે વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ કરી સંમતિ આપેલ જેના અનુસંધાને મર્જ થતી મંડળીએ તા. ૨૨/૨/૧૪ના રોજ સાધારણ સભાના ઠરાવ નં. ૩થી સહકારી કાયદાની કલમ-૧૭ (૨) ૧ થી ૩ ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાનું ઠરાવી તા. ૨/૫/૨૦૧૪ના રોજ લાગતા વળગતાને વ્યક્તિગત નોટીસ આપેલ છે. તથા તા. ૧૦/૨/૨૦૧૪ના રોજ સાંધ્ય પ્રસારણ સમાચારપત્રમાં જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી વાંધા સૂચનો મંગાવેલ અને વિકલ્પ વાપરવા તક આપેલ નિયત સમયમાં કોઈ વાંધા સૂચનો આવેલ ન હોવાથી સદર બાબતે મર્જ થતી મંડળીનો સાધારણ સભામાં ઠરાવ નં. ૩ થયેલ છે. જે સર્વાનુમતે મંજૂર થયેલ છે. આ અંગે સાંધ્ય પ્રસારણ સમાચારપત્રમાં પણ તા. ૧૦/૨/૨૦૧૪ના રોજ જાહેર નોટીસ આપેલ છે. બંને સંસ્થાઓના ઉદ્દેશો એક સરખા હોઈ લાગતા વળગતાને લાભ થનાર હોઈ તેમજ મંડળીની ખોટમાં પણ ઘટાડો થાય તેમ હોઈ તેમજ અન્ય સ્ટાફ પણ ન રોકવો પડે, ખર્ચમાં કરકસર થનાર હોઈ અને સંસ્થાનો સારો વહીવટ કરનાર સંચાલકો મળી રહેનાર હોવાથી મર્જ કરવા વિનંતી કરેલ છે. તેમજ બંને સંસ્થાના હોદ્દેદારો તરફથી આ કામે કોઈ વાંધા-વિરોધ આવેલ ન હોઈ તેમજ મર્જ કરનાર સંસ્થાને મર્જ થતી સંસ્થાની તમામ જવાબદારીઓ તેઓના તા. ૩૦/૯/૨૦૧૪ના નિવેદનથી તમામ પ્રકારની જવાબદારીઓ સ્વીકારેલ છે. અને સંમતિ આપેલ છે. સંસ્થાએ હિસાબો પણ રજૂ કરેલા છે. જે તમામ પ્રકારની વિગતો જોતાં મર્જર કરવા સંબંધે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એ.પી. અસારી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, દાહોદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૭ (૧) એથી મળેલ અધિકારની રૂએ ધી કસ્તુરબા મહિલા બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી., દાહોદનું ધી સહયોગ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી., દાહોદમાં મર્જર કરવાનો નીચેની શરતોને આધીન હુકમ કરૂ છું.

(૧) મર્જર અંગેનો હુકમ બંને મંડળીઓએ ખાસ સાધારણ સભામાં મંજૂર થયેથી અમલમાં આવશે.

(૨) મર્જરની પ્રક્રિયાથી અગાઉ સહકારી કાયદાની કોઈ કલમ અથવા અન્ય કાયદા નીચે ચાલતી ન્યાયિક પ્રક્રિયાઓ પડતર હોઈ કે સૂચિત હશે તો તેને સદર હુકમ વિઘ્નરૂપ બનશે નહિ.

(૩) હુકમનો અમલ થતાં મર્જ થતી મંડળીનું રજિસ્ટ્રેશન આપોઆપ રદ ગણવાનું રહેશે.

દાહોદ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એ. પી. અસારી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, દાહોદ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, MAY 7, 2015/VAISAKHA 17, 1937 [No. 19

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	669-715	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	37
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	19	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1451-1511

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ-૨/૩૭૨/૯૯૪/૨૦૧૫.—અમદાવાદ શહેર પોલીસ મુ. મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ્ટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે. પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરી જગ્યા પર વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોય સદર જણાવેલ હદમાં રહેતાં પ્રજાજનો તથા ઢોર-ઢાંખરની સલામતી સારૂં સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ કમલ-૩૭(૪) થી મને મળેલ અધિકારીની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટ્ટની આજુ બાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૧લી મે, ૨૦૧૫ થી તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૧૫ સુધી સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી સદર બટ્ટની આજુ બાજુના રહીશો તેમજ બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમિયાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવો નહીં.

રીવોલ્વર પ્રેકટીસનો સમય સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

INDEX

મેં, આજરોજ તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ સહી સિક્કા કર્યા છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./એ સેકશન/મોબાઈલ/૨૬/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો તેમજ સને-૨૦૦૮ના વર્ષમાં અમદાવાદ શહેર ખાતે બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઈ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થનો તથા હેન્ડ ગ્રેનેડથી ભયાનક બ્લાસ્ટો કરી સમગ્ર શહેરને હચમચાવી દિધેલ અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા જાહેર શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જિંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મીલકતને નુકશાન પહોંચાડી ગુનાઓ આચરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહીત કામગીરીમાં ગુનેગારો ગુનાહીત કૃત્ય કરવા એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તથા તાજેતરમાં મીલકત સંબંધી/શરીર સંબંધી શોધાયેલ ગુનાઓમાં પણ ગુનેગારોએ મોબાઈલ ફોન તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે તથા S.T.D./P.C.O. પરથી બનાવટી કોલ (FAKE CALL) દ્વારા ધમકી આપવાના ખંડણી માગવાના અપશબ્દ બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ વધતા રહે છે. આમ આ પ્રકારની તપાસમાં વિજ્ઞતાઓના કારણે મોબાઈલ ફોન સીમ કાર્ડ લે-વેચ વખતે તથા S.T.D./P.C.O. થી ફોન કરતી વખતે ખરીદનાર તથા વેચનારનું નામ તથા ફોન કરનારનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેની નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે) ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓના કચેરી ક્રમાંક ક્રમાંક એન.જી.ઓ. / ટેલીફોન બુથ / ૧૭૦ /૧૨, તા. ૩જી એપ્રિલ ૨૦૧૨ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ૧૯૭૩ (૧૯૯૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઈલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજો ડિસ્ટ્રીબ્યુટર/રીટેલર વિક્રેતાઓએ બરાબર ચકાસવા તથા જે પુરાવાઓની ઝેરોક્ષ રાખવી તથા તે અંગેનું નામ સરનામા પુરાવાની માહિતીનું રજિસ્ટર રાખવું તથા S.T.D./P.C.O. ધારકોએ કોલરની આઈડેન્ટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલના નામ સરનામાની માહિતી અંગેના રજિસ્ટરો ત્રણ વર્ષ સુધી નિભાવવાના રહેશે.

આ હુકમ તારીખ ૨૪થી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./જાહેરનામું/એ સેક્શન/પરમીટ/૨૭/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તારીખ ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/ મ, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી મે, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બૂમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે સઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી માહે એપ્રિલ, સને ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામુ/એ સેકશન/પરમીટ/૨૮/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદરાબાદના દીલસુખનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં આતંકવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બબ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે આવનાર ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વહેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા પુરાવા મેળવી તેની ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ, સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર-સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતાં સ્કુટર કે જેમાં આર. ટી. ઓ.નો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતી અને દેશની સુરક્ષા માટે થોડા નિયમો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતાં સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ, કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ-બેટરીથી ચાલતા સ્કુટર વેચાણ કરનારે મેળવવાનો રહેશે.

(૩) બિલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલિફોન/ મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બિલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર ચેસીસ નંબર અવશ્ય લખવો.

આ હુકમ તા.૨૭મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે થયેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૨૯/૨૦૧૫.– ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, પરિપત્ર ક્રમાંક વિ/૧/કઅવ/૧૦૨૦૧૩/ ૧૯૧૫૪/સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી ઓક્ટોબર, ૨૦૧૩ના ઓના રાજ્યના શોપીંગ મોલની સુરક્ષા બાબતેનાં આદેશ અન્વયે.

તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ, જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરિકોના અકાળે મૃત્યુ થયેલ. જેથી, અમદાવાદ શહેરમાં આવેલ શોપીંગ મોલની પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તથા સુરક્ષા સુદ્રઢ રીતે જળવાઈ

રહે તે હેતુથી પગલાં લેવા જરૂરી છે. જેથી તકેદારી માટેના પગલાં લેવડાવવા સારૂ નીચે મુજબ હુકમ કરૂં છું.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સીઆરપીસી/૧૯૭૩), ૧૯૭૪ના નં. ૨ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં શોપીંગ મોલની સુરક્ષા અંગે નીચે મુજબ ચુસ્તપણે અમલ કરવો.

૧. દરેક મોલમાં એન્ટ્રી ગેટ આગળ મોલના Exit ગેટ તથા મોલની પાછળના વિસ્તારમાં થતી તમામ હિલચાલનું વિડીયો ઓડીયો રેકોર્ડીંગ થાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા, જેમાં Colour-Image, I.P. Base, 1.3 Mega Pixel with Night Vision, capability Data Storage-15 days min. જેથી, મોલની સુરક્ષા યોગ્ય રીતે જળવાઈ રહે.

૨. મોલની અંદર દાખલ થતા વાહનો (મોટરકાર/ટુ વ્હીલરનું ચેકીંગ કરવામાં આવે તેની સાથે સાથે વાહનોની અંદર બેઠેલ તમામ વ્યક્તિઓનું પણ ચેકીંગ કરવું જરૂરી છે.

૩. જ્યારે જ્યારે મોલની માલિકી બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા સુરક્ષા અંગેની જણાવેલ તમામ જરૂરી ચેકીંગ યોગ્ય રીતે થાય તે મુજબ નવા માલિકે પણ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ મોલની માલિકી ફેરબદલી અંગેની જાણ અત્રે પોલીસ કમિશ્નર કચેરીનો સ્પેશીયલ બ્રાંચ ખાતે કરવાની રહેશે.

૪. મોલમાં આવતા તમામ માલસામાન (Goods)નું ચેકીંગ કરવું. જેથી મોલમાં કોઈ પ્રતિબંધિત અથવા સ્ફોટક પદાર્થો આવી ન જાય તે રીતે ચકાસણી કરવી તેમજ સલામતિ માટે જરૂરી તમામ સિક્યુરીટી માટે તાલીમ બધ્ધ અને સિક્યુરીટીના નિયમોના માહિતગાર હોઈ તેવા માણસોથી રાઉન્ડ ધી ક્લોક સલામતિની વ્યવસ્થા મોલ માલિકે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૫. મોલમાં Explosive જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થ ન આવે તે અંગેની ચકાસણી માટે સલામતિ સાથે સાથે સ્નીફર ડોગથી પણ ચકાસણી થાય તેવી સલામતિ ગોઠવવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૨૪મી જૂન, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી એપ્રિલ-૨૦૧૫, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE,

Read : (1) Hon'ble High Court letter No. C. 2605/2013, dated 25th April, 2013.

(2) Hon'ble High Court letter No. C. 2605/2013, dated 19th March, 2015.

Notification

No. ADM/693 of 2015.—In view of the Hon'ble High Court letters cited in the premble at Sr. Nos. (1) & (2), the undersigned is hereby Constitute the **"CONSULTATIVE COMMITTEE"** in terms of Section 28 of the Gujarat, Civil Courts Act, 2005, with immediate effect.

The following officials will be members of the Committe :

1]	The Principal District Judge, Kheda at Nadiad.	....	Chairman
2]	The District Collector, Kheda at Nadiad.	....	Member
3]	The District Superintendent of Police, Kheda at Nadiad.	....	Member
4]	The District Development Officer, Kheda at Nadiad.	....	Member
5]	The President Industrial Court, Kheda at Nadiad.	....	Member
6]	The Executive Engineer, (R & B) Department, Kheda at Nadiad.	....	Member
7]	The President, Nadiad Bar Association, Nadiad.	....	Member
8]	The President, Bar Association, Industrial Court, Nadiad.	....	Member

The Committee will be headed by the Principal Disrtrict Judge, Kheda at Nadiad.

Nadiad, 22nd, April 2015.

M. P. SHETH,
Principal District Judge,
Kheda at Nadiad.

ખાંડ નિયામક દ્વારા

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૩૧/૨૦૧૪/સીએસકે/૧૦૨૦૧૧/૧૯૩/ખ, તારીખ ૨૨/૪/૨૦૧૪.

૨. નામદાર સુપ્રિમ કોર્ટના પડતર એસ.એલ.પી.ઓ.ના તારીખ ૧૯/૧૧/૨૦૧૪ના ચુકાદો.

૩. અત્રેની કચેરીના તા. ૯/૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક સરમ/૦૧/જ-૧/૮૨/૨૦૧૫નો પત્ર.

૪. જિલ્લા રજિસ્ટ્રાર સ.મ. તાપી (વ્યારા)ના પત્ર નં. સરમ/૦૧/ગ/૬૧૬ થી ૬૧૮/૨૦૧૪ તા. ૨૦/૧૨/૨૦૧૪.

૫. અત્રેની કચેરીના તા. ૭/૩/૨૦૧૫ના પત્ર નં. અજન/૦૧/જ-૧/૩૧૬/૨૦૧૫.

૬. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૨/૪/૨૦૧૫ના પત્ર ક્રમાંક સીએસકે/૧૦૨૦૧૧/૧૯૩/ખનો પત્ર.

આમુખ

ક્રમાંક અજન/૦૧/જ-૧/૪૨૫/૨૦૧૫.–શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., મુ. ખુશાલપુરા, તા. વ્યારા, જિલ્લો તાપી કે જે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ ખાંડ સહકારી મંડળી છે. (જેનો હવે પછી ''સંસ્થા'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે).

સંસ્થાનોએ તેનો વહીવટ સંસ્થાની ચુંટાયેલ વ્યવસ્થાપક સમિતિએ સહકારી કાયદા કાનુન તેમજ સંસ્થાના પેટાનિયમમાં વિહિત થયેલ જોગવાઈઓ મુજબ કરવાનો રહે છે. સદર સંસ્થાની છેલ્લી વ્યવસ્થાપક સમિતિની ચુંટણી તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ થયેલ ત્યારબાદ સંસ્થાના કુલ ચુંટાયેલ વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૧થી કમીટી સભ્યો તરીકે રાજીનામા આપેલ આથી સંસ્થાના વહીવટમાં ''શુન્યાવકાશ'' સર્જાયેલ જેથી સદર સંસ્થામાં અત્રેના તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૧ના હુકમ ક્રમાંક : સરમ/૦૧/ખ/૧૧૭/૨૦૧૧થી સહકારી કાયદાની કલમ-૭૪(ઘ) અન્વયે કસ્ટોડીયન કમીટીની નિમણુંક કરવામાં આવેલ ત્યારબાદ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના હુકમ ક્રમાંક : સરમ/ ૦૧/ખ/૨૨૭/૨૦૧૧ થી ૬ (છ) ખેડુત પ્રતિનિધિઓના નામોનો સમાવેશ કરતા હુકમ કરવામાં આવેલ સદર કમીટીની મુદત તારીખ ૨૫મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ પૂર્ણ થતા સરકારશ્રીના વંચાણે લીધેલ આમુખ - ૧ થી સરકારશ્રીએ શ્રી ઉકાઈ પ્રદેશ ખાંડ ઉદ્યોગ સ. મં. લી., મું. ખુશાલપુરા, તા. વ્યારા, જિ. તાપીને સહકારી કાયદાની કલમ-૭૪(સી) (૪) (કે જે ૯૭માં બંધારણીય સુધારા અન્વયે નવી ઉમેરવામાં આવી છે)ની જોગવાઈમાંથી તા. ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૪થી સહકારી સંસ્થાઓની નામ.સુપ્રિમ કોર્ટમાં પડતર એસ.એલ. પી.ઓમાં ચુકાદો આવે/અન્ય દિશાસુચનો ન મળે અથવા એટલે કે તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી મુક્તિ આપવામાં આવેલ આમુખ-૨ ના નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો તા. ૧૯મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ આવેલ આથી આમુખ-૩થી સદર સંસ્થાને નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધિન ચુંટણીની પ્રક્રિયા હાથ ધરવા સુચના આપવામાં આવેલ તદ્અનુસાર આમુખ-૪ ના જિલ્લા રજીસ્ટ્રારશ્રીના પત્રથી સદર સંસ્થાની ચુંટણીની દરખાસ્ત રજુ કરવા સંસ્થાને જણાવેલ તેમ છતાં સદર સંસ્થા દ્વારા સદર ખાંડ મંડળીની કમીટીની મુદત તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ પુર્ણ થયા બાદ મુદત વધારાની કોઇ દરખાસ્ત રજુ કરેલ નહી કે વ્યવસ્થાપક કમીટીની ચુંટણી અંગેની પ્રક્રિયા શરૂ કરેલ નહી આથી અત્રેની કચેરીના આમુખ-૫ના પત્રથી સરકારશ્રીમાં સદર સંસ્થાએ સુધારેલ સહકારી કાયદાની જોગવાઇ મુજબ વ્યવસ્થાપક કમીટીની ચુંટણી તેની મુદત પુરી થતા પહેલા યોજવામાં નિષ્ફળ ગયેલ સદર ખાંડ મંડળીમાં રાજ્ય સરકારશ્રીનું હિત સમાયેલું હોઇ સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે વહીવટદારની નિમણુક કરવા સરકારશ્રીનું અનુમોદન માંગવામાં આવેલ જે અંગે આમુખ-૬ના પત્રથી સદર સંસ્થામાં શ્રી આર. જે. પટેલ નિવૃત નાયબ મ્યુનિસિપલ કમિશનર સુરતને વહીવટદાર તરીકે નિયુક્ત કરતો આદેશ મળેલ છે. આથી સદર સંસ્થામાં સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એ. બી. ગઢવી, ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સહકારી મંડળી (સુધારા) અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી ઉકાઈ પ્રદેશ ખાંડ ઉદ્યોગ મં. લી., મું. ખુશાલપુરા, તા. વ્યારા, જિ. તાપીમાં શ્રી આર. જે. પટેલ નિવૃત નાયબ મ્યુનિસિપલ કમિશનર,સુરતને વહીવટદાર તરીકે નિમણુંક કરૂં છું.

ગાંધીનગર, તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૫.

એ. બી. ગઢવી,
ખાંડ નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૩૩(૧)(ખ),મુજબનું.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/મકરસંક્રાંતિ/વશી ૧૩૭ રજિ. નં. ૨/૨૦૧૫.–તારીખ ૧૪-૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ મકરસંક્રાંતિનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે ઘણા લોકો જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. પતંગ મહોત્સવ દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક માંથી બનાવવામાં આવતી ચાઈનીઝ દોરીથી પક્ષીઓ તથા માણસોને ગંભીર ઈજા થવાની સંભાવના રહેલી છે. તે ઉપરાંત રસ્તાઓ તથા રેલ્વે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેક્ટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક ધાતુની બનાવટના દોરાથી પતંગો ઉડાડવા તથા ભેરવાયેલા પતંગ ઉતારવાના પ્રયત્નો કરે તો બે ઈલેક્ટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કીટના તથા અકસ્માત થવાની સંભાવના રહેલી છે.

જેથી લોકોની જાહેર સલામતી ખાતર આવી રીતે અને સદર પ્રકારની સિન્થેટિક તથા ધાતુની બનાવટના દોરાથી પતંગો ઉડાડવાથી લોકોની તંદુરસ્તી અને જાનને ખતરાનો પ્રશ્ન રહેતો હોવાથી ચાઈનીઝ દોરી વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૩૩ (૧)(ખ) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધીનાં દિવસો દરમ્યાન નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વેપારી/વ્યક્તિએ જાહેર રસ્તામાં અથવા જાહેર જગ્યાઓ કે કોઈપણ જગ્યાએ ચાઈનીઝ બનાવટની દોરી સિન્થેટીક પ્રકારની દોરી સંગ્રહ કરવા કે વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરના હુકમનો ભંગ કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૬ મુજબ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/રજી. નં.-૧૩/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ના દરખાસ્ત મુજબ ભુતકાલમાં રાષ્ટ્રીય સ્તરે બનેલ આતંકી હુમલાઓ તેમજ ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો ધ્યાને લેતાં આતંકવાદી તત્વો/રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ વાહનોનો ઉપયોગ કરી રાજ્ય બહારથી આવે છે અને હાઈવે પર હોટલો/ધાબાઓનો ઉપયોગ કરી આશરો મેળવે છે. ધાડ, લુંટ, ચોરી, વાહન ચોરી, મંદિર ચોરી, ખુન, જીવલેણ હુમલાઓ જેવા ગુનાઓ આચરતા ગુનેગારો ગુનો કર્યા પહેલાં વાહનોમાં જિલ્લાના મુખ્ય રોડ તેમજ હાઈવે ઉપર આવેલ પેટ્રોલ પંપો ઉપર પેટ્રોલ/ડીઝલ ભરાવતા હોય તેમજ હાઈવે ઉપરની હોટલો ઉપર ચા-નાસ્તો કે જમતા હોવાની શક્યતા રહેલી છે. આવા ગંભીર પ્રકારના ગુનાઓ ભુતકાળમાં બનેલ છે. જેના લીધે જાહેર જનતાની સલામતી અને શાંતિમાં જોખમ ઉભુ થાય છે. જિલ્લામાં બનતા ઉપરોકત જણાવેલ મિલ્કત/શરીર સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતિ જાળવવા સારૂ નીચે જણાવ્યા મુજબની સુચનાનું ચુસ્તપણે પાલન કરવા માટે આથી હુકમ કરૂં છું.

હું, રવિ કુમાર અરોરા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ જિલ્લો, વલસાડ ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છુ કે,

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં શહેર/ગ્રામ્ય/હાઈવે રોડ ઉપર આવેલ તમામ હોટલ/ધાબા/ગેસ્ટ હાઉસ/લોજીંગ-બોર્ડીંગ/ધર્મશાળા/અતિથિગૃહ/વિશ્રામ ગૃહ/રિસોર્ટ/ફાર્મ હાઉસ/પેટ્રોલ પંપ/બેંકો/એ.ટી.એમ. સેન્ટરો/સીનેમા ઘરો/શોપીંગ મોલ/આંગડીયા પેઢી/સાયબર કાફે/તથા સોની વેપારીઓની દુકાનમાં સી.સી. ટી.વી. કેમેરા (વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા માટે જણાવવામાં આવે છે.

જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ઉપર ફીલીંગ સ્ટેશન ઉપર આવતી જતી વ્યકિતઓ/વાહનોની ઓળખ થઈ શકે તેમજ પેટ્રોલ પપંની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રેકોર્ડીંગ થઈ શકે તેમજ હોટલમાં આવતી જતી વ્યકિતઓ/વાહનની ઓળખ થઈ શકે તેમજ હોટલની બાજુ માં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલ વ્યકિતઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે તમામ પેટ્રોલ પંપો/હોટલો/ધાબાના સંચાલકો તરફથી પુરતી સંખ્યામાં સીસીટીવી કેમેરા ગોઠવવાના રહેશે.

આ હુકમ તા. ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ થી તા. ૨૨મી જૂન, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ સજા/દંડ થઈ શકશે.

આજ રોજ તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

રવિ કુમાર અરોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧)અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી-૧૫૭૯ થી ૧૫૯૯/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવાના હેતુથી હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ના

૮-૦૦ કલાકથી તારીખ ૨૩મી મે, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા મનાઈ છે.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

“ ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ”

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ દ્વારા જેઓને શારીરિક અશક્તિ છે, તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સહિતા -૧૮૬૦ના ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૧૨/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, વલસાડના તા. ૧૩મી એપ્રિલ, ૨૦૧૫ના વહટ/સીબી-૪/ફાયરીંગ/૩૬૪૧/૨૦૧૫ થી જણાવ્યા અનુસાર કમાન્ડન્ટ-કમ-પ્રિન્સીપાલશ્રી, આરપીએફ ટ્રેનિંગ સેન્ટર, વલસાડના તા. ૭મી એપ્રિલ, ૨૦૧૫ ના પત્ર મુજબ તેઓની સંસ્થા ખાતેના આર.પી.એફ.ના કેપ્સુલ કોર્ષના તાલીમાર્થીઓને મે-૨૦૧૫ થી ડીસેમ્બર-૨૦૧૫ માસ સુધી જુદી જુદી નીચે પ્રમાણેની તારીખે સવારે ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ફાયરીંગ પ્રેકટીસ ભીલાડ ખાતે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં નીચે પ્રમાણેની તારીખોએ સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગોળીબારની પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

૧	તા. ૧-૦૫-૨૦૧૫ થી ૧૦-૦૫-૨૦૧૫	૧૮	તા. ૧૧-૦૭-૨૦૧૫	૩૫	તા. ૬-૦૯-૨૦૧૫	૫૨	તા. ૭-૧૧-૨૦૧૫
૨	તા. ૧૬-૦૫-૨૦૧૫	૧૯	તા. ૧૨-૦૭-૨૦૧૫	૩૬	તા. ૧૨-૦૯-૨૦૧૫	૫૩	તા. ૮-૧૧-૨૦૧૫
૩	તા. ૧૭-૦૫-૨૦૧૫	૨૦	તા. ૧૮-૦૭-૨૦૧૫	૩૭	તા. ૧૩-૦૯-૨૦૧૫	૫૪	તા. ૧૪-૧૧-૨૦૧૫
૪	તા. ૨૩-૦૫-૨૦૧૫	૨૧	તા. ૧૯-૦૭-૨૦૧૫	૩૮	તા. ૧૯-૦૯-૨૦૧૫	૫૫	તા. ૧૫-૧૧-૨૦૧૫

૫	તા. ૨૪-૦૫-૨૦૧૫	૨૨	તા. ૨૫-૦૭-૨૦૧૫	૩૯	તા. ૨૦-૦૯-૨૦૧૫	૫૬	તા.૨૧-૧૧-૨૦૧૫
૬	તા. ૩૦-૦૫-૨૦૧૫	૨૩	તા. ૨૬-૦૭-૨૦૧૫	૪૦	તા. ૨૬-૦૯-૨૦૧૫	૫૭	તા. ૨૨-૧૧-૨૦૧૫
૭	તા. ૩૧-૦૫-૨૦૧૫	૨૪	તા. ૧-૦૮-૨૦૧૫	૪૧	તા. ૨૭-૦૯-૨૦૧૫	૫૮	તા. ૨૮-૧૧-૨૦૧૫
૮	તા. ૦૬-૦૬-૨૦૧૫	૨૫	તા. ૨-૦૮-૨૦૧૫	૪૨	તા. ૩-૧૦-૨૦૧૫	૫૯	તા. ૨૯-૧૧-૨૦૧૫
૯	તા. ૦૭-૦૬-૨૦૧૫	૨૬	તા. ૮-૦૮-૨૦૧૫	૪૩	તા. ૪-૧૦-૨૦૧૫	૬૦	તા. ૫-૧૨-૨૦૧૫
૧૦	તા. ૧૩-૦૬-૨૦૧૫	૨૭	તા. ૯-૦૮-૨૦૧૫	૪૪	તા. ૧૦-૧૦-૨૦૧૫	૬૧	તા. ૬-૧૨-૨૦૧૫
૧૧	તા. ૧૪-૦૬-૨૦૧૫	૨૮	તા. ૧૫-૦૮-૨૦૧૫	૪૫	તા. ૧૧-૧૦-૨૦૧૫	૬૨	તા. ૧૨-૧૨-૨૦૧૫
૧૨	તા. ૨૦-૦૬-૨૦૧૫	૨૯	તા. ૧૬-૦૮-૨૦૧૫	૪૬	તા. ૧૭-૧૦-૨૦૧૫	૬૩	તા. ૧૩-૧૨-૨૦૧૫
૧૩	તા. ૨૧-૦૬-૨૦૧૫	૩૦	તા. ૨૨-૦૮-૨૦૧૫	૪૭	તા. ૧૮-૧૦-૨૦૧૫	૬૪	તા. ૧૯-૧૨-૨૦૧૫
૧૪	તા. ૨૭-૦૬-૨૦૧૫	૩૧	તા. ૨૩-૦૮-૨૦૧૫	૪૮	તા. ૨૪-૧૦-૨૦૧૫	૬૫	તા. ૨૦-૧૨-૨૦૧૫
૧૫	તા. ૨૮-૦૬-૨૦૧૫	૩૨	તા. ૨૯-૦૮-૨૦૧૫	૪૯	તા. ૨૫-૧૦-૨૦૧૫	૬૬	તા. ૨૬-૧૨-૨૦૧૫
૧૬	તા. ૦૪-૦૭-૨૦૧૫	૩૩	તા. ૩૦-૦૮-૨૦૧૫	૫૦	તા. ૩૧-૧૦-૨૦૧૫	૬૭	તા. ૨૭-૧૨-૨૦૧૫
૧૭	તા. ૫-૦૭-૨૦૧૫	૩૪	તા. ૫-૦૯-૨૦૧૫	૫૧	તા. ૧-૧૧-૨૦૧૫		

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ/ડાયવર્ઝન અંગેનું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૧૪/૨૦૧૫.–કાર્યપાલક ઈજનેરશ્રી, (મા × મ), પંચાયત વિભાગ વલસાડના પત્ર ક્રમાંક જા.નં./પી.બી.-૧/૮૫૩-૫૪/૨૦૧૫, તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫ના પત્રથી જણાવ્યા મુજબ સીવીલ હોસ્પીટલ રોડ (વલસાડ અટાર પારનેરા ખોખરા ફળિયા રોડ) કિ.મી. ૦/૦ થી ૧/૧૦ (૧૧૦૦.૦૦ મીટર) માટે સી.સી. રોડની કામગીરી ચાલુ કરનાર હોઇ તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી તા. ૩૧મી મે, ૨૦૧૫ સુધી ટ્રાફિક બંધ કરી આ ટ્રાફિકને સીવીલ હોસ્પીટલ રોડ થી ટી.વી. રીલે કેન્દ્રના આંતરિક રોડ ઉપર ટ્રાફિક ડાયવર્ઝન આપવા ટ્રાફિક નિયમન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, (મા × મ), પંચાયત વિભાગ, વલસાડની સદરહુ દરખાસ્ત અન્વયે તપાસણી અધિકારીશ્રીઓના અભિપ્રાય ધ્યાને લેતાં,

વાસ્તે હું, આઇ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ માં)ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (બી) તેમજ સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક SBI/BPA/1276/10281, તા. ૧૧-૦૩-૧૯૭૭ અન્વયે મળેલ સત્તાની રૂએ, તા. ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ થી તા. ૩૧મી મે, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) કાર્યપાલક ઈજનેરશ્રી, (મા.× મ.), પંચાયત વિભાગ, વલસાડની દરખાસ્ત મુજબ ડાયવર્ઝન આપી નીચે મુજબનો સીવીલ હોસ્પીટલ રોડ (વલસાડ અટાર પારનેરા ખોખરા ફળિયા રોડ) કિ.મી. ૦/૦ થી ૧/૧૦ રોડના તમામ પ્રકારના વાહનો ઉપર આવન-જાવન માટે પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતા ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી આથી નીચે જણાવ્યા અનુસારનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

પ્રતિબંધિત માર્ગ

સીવીલ હોસ્પીટલ રોડ (વલસાડ અટાર પારનેરા ખોખરા ફળિયા રોડ) કિ.મી. ૦/૦ થી ૧/૧૦ રોડના ટ્રાફિકના તમામ પ્રકારના વાહનો માટે આવન-જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે.

ડાયવર્ઝન અંગેની વિગત

સીવીલ હોસ્પીટલથી ટી.વી. રીલે કેન્દ્રના આંતરીક રોડ ઉપર આવન જાવન કરી શકશે.

ઉપરોકત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તા. ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ થી તા. ૩૧મી મે, ૨૦૧૫ સુધીના સમયગાળા માટે જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે.

આજ તા. ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

આઇ. જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

નંબર એમએજી/સ્વાઇન ફલુ/જાહેરનામું/વશી ૨૯૫૭/૨૦૧૫.-સુરત જિલ્લા સહીત સમગ્ર રાજ્યમાં સ્વાઇન ફલુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) નો રોગચાળો ફેલાઇ રહેલ હોવાનું જણાતા, જેના લક્ષણોમાં ખાસ કરીને ઠંડી લાગવી, તાવ આવવો, કફ, ઉલ્ટી થવી, ગળામાં ખરેરાટી પડવી, શરીરમાં દુઃખાવો થવો, માથામાં ગંભીર દુઃખાવો થવો, ઉધરસ આવવી અને નબળાઇ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુઓ ખાસ કરીને લોકોનો સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળોએ મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેંફસાને અસર કર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોય, એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાઇ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ.

(૧) સમગ્ર સુરત ગ્રામ્ય જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ અધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઇપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન, ઉત્સવ કે શાળા કોલેજોમાં આયોજીત થતાં વાર્ષિક ઉત્સવ (નિયમિત અભ્યાસક્રમના વર્ગ સિવાય), સમુહ આયોજન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઇ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટોરન્ટ મીઠાઇ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી/ફળફળાદીના ધંધાર્થીઓને શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા ન રાખવા કે તેવી વસ્તુઓના ટુકડા કરી વેચાણ ન કરવું.

(૪) સિનેમાગૃહો/મોલ જેવા સ્થળોએ શરદી ખાંસીવાળાવ્યક્તિઓ જણાય તો સ્થળ માલીક દ્વારા પ્રવેશદ્વાર પર જ માસ્ક આપવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૫) કોઇપણ વ્યક્તિને સ્વાઇન ફલુ ઈન્ફલુએન્ઝા (H1N1-SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યક્તિએ દર્દીની સંપૂર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

તેવા નિયંત્રણો દર્શાવતુ જાહેરનામું પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર, સુરતની હકુમત સિવાયના સમગ્ર સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડે તે રીતે તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી તા. ૧૨મી એપ્રિલ, ૨૦૧૫ સુધી અત્રેની કચેરીના જાહેરનામાં ક્રમાંક એમએજી/સ્વાઇન ફલુ/જાહેરનામું/વશી. ૧૭૫૬/૨૦૧૫ તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ બહાર પાડવામાં આવેલ.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ ફરમાવુ છું કે,

હાલમાં સમગ્ર સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઇન ફલુનો રોગચાળો કાબુમાં આવી ગયેલ હોય, તેથી વધુ સમય માટે આ જાહેરનામું ચાલુ રાખવું જાહેર હિતમાં હિતાવહ ન હોય, જેથી સદર જાહેરનામું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ બાદ રદ કરવામાં આવે છે.

આજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/મકાન ભાડે/એસ. આર.-૧૯/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના રહેણાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એકમો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનાવા પામ્યા અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અ માં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે તથા જ્યારે જ્યારે કોઈ મકાન માલિક/એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન આપશે અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહિત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે અને એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (રૂા.)	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મૂળ રહેવાસી, ધંધો, ધંધાનું સ્થળ તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૫	૫	૬	૭

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વેયેનું.

નંબર ડીસી/એમએજી/મજૂર/એસ.આર./૨૦/૨૦૧૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તથા બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવારનવાર ધાડ, લુંટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત રાજ્ય બહારના મજૂરો મજૂરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજૂરો કડીયાકામની મજૂરી કામ માટે આવતા હોય છે. બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજ્યના તેમજ રાજ્ય બહારના મોટા ભાગના મજૂરો આ કડીયાકામની મજૂરી તથા કલર કામની મજૂરી માટે આવતા હોય છે. અને આ મજૂરો જે તે સાઈડો ઉપર જ રહેતા હોય છે. આ મજૂરોને આ કામ માટે જે તે વિસ્તારના મુકાદમો અથવા સાઈડના કોન્ટ્રાકટરો લાવતા હોય છે, પરંતુ તેઓની નોંધણી પોલીસ સ્ટેશનોમાં કરાવતા નથી. રાજ્યના તથા રાજ્ય બહારના આવા મજૂરો જ્યાં રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને લુંટ, ધાડ, ઘરફોડ, ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે, અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામુ બહાર પાડું છું.

(૧) સાઈટ ઉપર આવનાર દરેક મજૂર/કારીગરોના નામ/સરનામા અંગેની રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/અંગૂઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં પુરૂષ મજૂરના ડાબા હાથના અંગૂઠાનું અને સ્ત્રી મજૂરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજૂર/કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ, નામ/સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલિફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજૂર/કારીગરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટો કોપી કાઈડના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈડ ઉપર મજૂર/કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમિત આપવાની રહેશે.

INDEX

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ (બન્ને દિવસ સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/હોટલ ગેસ્ટ હાઉસ/એસ.આર.-૨૧/૨૦૧૫.–તાજેતરમાં થયેલ આતંકવાદી હુમલા તેમજ આગામી દીવસોમાં ધાર્મિક તહેવારો આવતા હોઇ ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પી.સી.ઓ. કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસતંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામુ બહાર પાડું છું.

હોટલ અને ગેસ્ટ હાઉસમાં રહેનાર મુસાફરો અને માલિકો માટે

(૧) હોટલ, ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઇલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઇ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફર ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખ કાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનું આઇ. કાર્ડ વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબર કાફે ઇત્યાદિના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઇએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઇપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઇ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઇ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ઢાબાના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ/ગેસ્ટ હાઉસ (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ જાહેરનામું તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/મોબાઇલ શોપ/જા.ના./એસ.આર.-૨૨/૨૦૧૫.–હાલના સંજોગોમાં મોબાઇલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે. અને આરોપીઓ તરફથીગુના કરવામાં પણ મોબાઇલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ધાડ, લૂંટ, ધાક, ધમકી, ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃત્તિ

વિગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી, ફોન ઉપર બિભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુના કરવાના ઈરાદે જુનો મોબાઈલ/સીમકાર્ડ ખરીદ કરી ગુનો આચરવામાં આવે છે. આવા ગુનાઓની તપાસ દરમ્યાન આઈએમઈઆઈ નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરાવામાં આવે ત્યારે જુના મોબાઈલ/સીમકાર્ડ ની લે-વેચ કરતા દુકાનદારોએ અજાણ્યા માણસ પાસેથી ખરીદેલાનું અગર તો અજાણ્યા માણસને વેચેલાનું જાણવા મળે છે. અને મુળ આરોપી સુધી પહોંચી શકાતું નથી. તેમજ ઘરફોડ ચોરીના બનાવોમાં ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન વાપરનાર સુધી પહોંચવામાં આવે તે વખતે પણ મોબાઈલની દુકાનમાંથી ખરીદેલાનું જણાવે છે. અને મોબાઈલ દુકાનદારે ખરીદ કરતી વખતે મોબાઈલ ફોન વેચવા આવનારની કોઈ માહિતી નહી મળતી હોવાનું જાણવા મળે છે. જેથી જુના મોબાઈલ ફોન ખરીદનાર અને વેચનાર વેપારીઓ તથા સીમકાર્ડ વેચનાર વિક્રેતા તરફથી જુના મોબાઈલ તથા વ્યકિતની સંપૂર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ/સીમકાર્ડની સંપૂર્ણ માહિતીનું રજિસ્ટર નિભાવવું ખુબ જ જરૂરી છે. જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલ ફોનના ઉપયોગથી થતી ગુનાખોરી અટકાવવા જાહેર જનતાની જાનમાલ મિલકતની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અન્વયે અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નિયંત્રણો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, તે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલઅધિકારની રૂઈએ નીચે મુજબના નિયંત્રણનું અવશ્ય પાલન કરવા આથી આદેશ ફરમાવું છું.

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેપારીએ જુનો મોબાઈલ ખરીદતી અને વેચાણ વખતે મોબાઈલની વિગત, કંપની, આઈ.એમ.ઈ.આઈ. નંબર, મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર, મોબાઈલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા સંપર્કની વિગત, આઈ.ડી. પ્રુફની વિગત, મોબાઈલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારના તાજેતરના ફોટા સાથેની સંપૂર્ણ વિગત સાથેનું નીચે દર્શાવેલ કોલમ મુજબનું રજિસ્ટર અલગ અલગ નિભાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનુ. નં.	મોબાઈલ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા કોન્ટેકટ નંબરની વિગત	મોબાઈલની વિગત/કંપની	આઈએમઈઆઈ નંબર	મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	આઈ.ડી. પ્રુફની વિગત	મોબાઈલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬	૭

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનુ. નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ નંબર અને તેનો મોબાઈલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઈ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વેયેનું.

નંબર ડીસી/એમએજી/ગોડાઉન/એસ.આર./૨૩/૨૦૧૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સણંદ, ચાંગોદર, ધોળકા, વીરમગામ ટાઉન, બોપલ વિગેરે પો.સ્ટે. વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહ કરવામાં આવે છે. અને આ ગોડાઉનોમાં કામ કરતા મોટાભાગના પરપ્રાંતના ઈસમો હોય છે. જે ગાડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને આ ગોડાઉનો ઉપર વોચમેનોની સંખ્યા નહિવત હોવાને કારણે ચોરી લૂંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતી બાબતે સિકયુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સંબંધિત પો.સ્ટે.માં જાણ કરવા અંગે તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યકિતઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતે દેખાય તે રીતેની ગુણવત્તા ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા ફરજીયાતપણે લગાવવા અને તેનો ફૂટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સી.સી.ટી.વી. કેમેરા/જા.ના.એસ.આર./૨૪/૨૦૧૫.–ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભુતકાળમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોને હાની પહોંચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્ત્વો રાજ્ય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઈને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા-પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

જિલ્લામાં થતા આવા ગુનાઓ અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર-જવર વાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો, ગુનેગારો, ગુનાઓમાં વપરાયોલ વાહનો આઈન્ડેન્ટીફાઈ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો, હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરે રેકોર્ડિંગ સિસ્ટમ સાથે રાખવાનું જણાતું હોઈ,

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપીંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલ પ્લાજાના માલિકો/ઉપભોકતા/વહીવટ કર્તાઓએ ગાડીના નંબર દેખાય, ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રકોર્ડીંગ થાય, આવતી જતી વ્યકિતઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે અને ૧૫ દિવસ સુધી રેકોર્ડિંગ રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડિંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સાયબર કાફે/એસ.આર./૨૫/૨૦૧૫.– તા. ૧૩મી જૂન, ૨૦૧૧ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુંસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબર કાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતા સાયબર કાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રહિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે;

(૨) આ રજિસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે;

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબર કાફે નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબર કાફેના સંચાલક/માલિકની નિયત કરવામાં આવે;

(૪) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ, વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી સાયબર કાફેના દફ્તરમાં રાખવી;

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબર કાફે જે તે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ

માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહીં તેમજ આવી સાયબર કાફે કોઈપણ પ્રકારના દિવાની હક્ક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે;

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબર કાફેના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો, વિગેરેની હકીકતો તેમજ આવી સાયબર કાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી;

(૭) સાયબર કાફે ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે;

(૮) સાયબર કાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ભંગારીયા/એસ.આર.-૨૬/૨૦૧૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઇન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઇ.ડી.સી., વિરમગામ જી.આઇ.ડી.સી., અસલાલી જી.આઇ.ડી.સી., ચાંગોદર જી.આઇ.ડી.સી., બાવળા જી.આઇ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો. સ્ટે. વિસ્તારમાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, ચોરી જેવા મિલકત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન તથા મધ્યપ્રદેશના વતનીઓ છે. અને આવા ઇસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લૂંટ, મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઇસમો મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઇસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે છે, પરંતુ અમુક ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનું પાલન કરીને કરે જેથી કાયદો વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઇસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાટે સંકળાયેલ ઇસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠલના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબ મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઇસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકી પણાની દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતા ઇસમો ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઇસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટી. લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારનો ધંધામાં જેટલા માણસો કામે રાખેલા હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઇસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઇ.ડી.પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઇસમોએ કોઇ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવેલ ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઇસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યકિતના આઇ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) જ્યારે કોઇપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી. બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની

માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશન જાણ કરવાની રહેશે.

(૮) આ જાહેરનામું બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાથી પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ હુકમ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

નાયબ નિયામક જમીન દફતર દ્વારા

નંબર સીટીએસ/લે.રે.કોડ.ક. ૧૨૬-૯૫/મહાનગર પાલીકા-જાહેરનામુ/૨૦૧૫.-ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૪ના ઠરાવ ક્રમાંક બીજીટી-૧૧-૨૦૧૩-૨૫૮૯-હ થી મહાનગર પાલીકા ભાવનગરની હદ મુજબ સીટી સર્વે દાખલ કરવા મંજુરી મળેલ છે.

અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડીપાર્ટમેન્ટ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૫ના જાહેરનામા નં. કેવી/૫,૨૦૧૫/એમઆઇએસસી/બીએમએન/૯૦૨૦૧૪/૫૧૧૩/પી થી ભાવનગર મહાનગર વિસ્તારની હદ મુજબ સીટી સર્વે વધારાના વિસ્તાર તરીકે સમાવેશ કરવા સીટી સર્વે સુપ્રિશ્રી નં. ૧-૨ તરફથી જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક શ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સર્વે અધિકારી/૧૪, તા. ૨૮મી મે, ૨૦૧૪ અને ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ આથી હું ડી.બી. આર્ય, નાયબ નિયામક, જમીન દફતર, ભાવનગર અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડીપાર્ટમેન્ટ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૩જી જાન્યુઆરી, ૨૦૧૫ના જાહેરનામા નં. કેવી/૫, ૨૦૧૫/એમઆઇએસસી/બીએમએન/૯૦૨૦૧૪/૫૧૧૩/પી થી મહાનગર પાલીકા ભાવનગરની હદને અનુરૂપ સીટી સર્વે વિસ્તારમાં સમાવિષ્ટ કરવા આથી જાહેર કરૂ છું.

ભાવનગર, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૫.

ડી. બી. આર્ય,
નાયબ નિયામક
જમીન દફતર, ભાવનગર.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૦૯-૦૫-૨૦૧૩ ના હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/૯૬/ ૨૦૧૩ થી શ્રી મોક્ષમાર્ગી સહભાગી વન વ્યવસ્થા સહકારી મંડળી લી. ઘસારપાડા (આંબાતલાટ) મુ. પો. ઘસારપાડા, તા.ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સંબંધેનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨૭-૦૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૧/૨૦૧૫ દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦

(૪) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી ક્રમાંક : જીએચકેએચ/૪૫૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા. નં. સક્ક/૦૧/ખ-૩/૩૩/૬૦૫/૨૦૧૫.– આમુખ-૧ થી વંચાણે લીધેલ શ્રી મોક્ષમાર્ગી સહભાગી વન વ્યવસ્થા સહકારી મંડળી લી. ઘસારપાડા (આંબાતલાટ) મુ. પો. ઘસારપાડા, તા.ધરમપુર, જિ. વલસાડ જેને સહકારી કાયદા હેઠળ તા. ૩૦-૦૩-૨૦૦૦ના રોજ નોંધણી ક્રમાંક-સે.-૧૭૯૯થી નોંધવામાં આવેલ હતી. જેને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ ફડચા અધિકારીની દરખાસ્તની વિગતો ધ્યાને લેતા સદરહુ મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧૩/૦૨/૧૫નાં રોજ મેળવવામાં આવેલ છે. ફડચા અધિકારીએ રજૂ કરેલ હિસાબી પત્રકો જોતા લેણાં-દેણાની કામગીરી પૂર્ણ થયેલ છે. મંડળીનું અંતિમ ઓડીટ તા. ૨૩/૦૨/૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. મંડળીનું તા. ૨૩/૦૨/૧૫ના રોજનું સરવૈયું ‘‘શૂન્ય’’ છે. ઓડિટરશ્રીએ ઓડિટ નોંધમાં મંડળીની નોંધણી રદ કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે. આમ મજકુર સહકારી મંડળીની ફડચા અધિકારી દ્વારા સંપૂર્ણ કામગીરી પૂર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અંતર્ગત સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ છે. અને સંસ્થાની નોંધણી રદ કરવા જણાવેલ છે.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અંતર્ગત આમુખ-જમાં વર્ણવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મોક્ષમાર્ગી સહભાગી વન વ્યવસ્થા સહકારી મંડળી લી. ઘસારપાડા (આંબાતલાટ) મુ. પો. ઘસારપાડા, તા.ધરમપુર, જિ. વલસાડ જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ૧૭૯૯, તા. ૩૦-૦૩-૨૦૦૦ થી થયેલ છે. મજકુર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું. સદર હુકમની તારીખથી સંસ્થાનું વિસર્જન થયેલ ગણાશે.

વલસાડ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૦૯-૦૫-૨૦૧૩ ના હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/૦૧/૧૦૬/૨૦૧૩ થી ધી ગ્રામ વિકાસ પિયત સહકારી મંડળી લી. ખાંડા મુ. પો. ખાંડા, તા.ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સંબંધેનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨૭-૦૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૨/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦

(૪) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી ક્રમાંક : જીએચકેએચ/૪૫૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા. નં. સક્ક/૦૧/ખ-૩/૩૪/૬૧૧/૨૦૧૫.– આમુખ-૧ થી વંચાણે લીધેલ ધી ગ્રામ વિકાસ પિયત સહકારી મંડળી લી. ખાંડા મુ. પો. ખાંડા, તા.ધરમપુર, જિ. વલસાડ જેને સહકારી કાયદા હેઠળ તા. ૦૫-૦૨-૨૦૦૨ના રોજ નોંધણી ક્રમાંક-ખે.-૪૮૮૨થી નોંધવામાં આવેલ હતી. જેને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ ફડચા અધિકારીની દરખાસ્તની વિગતો ધ્યાને લેતા સદરહુ મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧૧/૦૨/૧૫નાં રોજ મેળવવામાં આવેલ છે. ફડચા અધિકારીએ રજૂ કરેલ હિસાબી પત્રકો જોતા લેણાં-દેણાની કામગીરી પૂર્ણ થયેલ છે. મંડળીનું અંતિમ ઓડીટ તા. ૨૬/૦૨/૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. મંડળીનું તા. ૨૬/૦૨/૧૫ના રોજનું સરવૈયું ‘‘શૂન્ય’’ છે. ઓડિટરશ્રીએ ઓડિટ નોંધમાં મંડળીની નોંધણી રદ કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે. આમ મજકુર સહકારી મંડળીની ફડચા અધિકારી દ્વારા સંપૂર્ણ કામગીરી પૂર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અંતર્ગત સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ છે. અને સંસ્થાની નોંધણી રદ કરવા જણાવેલ છે.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અંતર્ગત આમુખ-૪માં વર્ણવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ ધી ગ્રામ વિકાસ પિયત સહકારી મંડળી લી. ખાંડા મુ. પો. ખાંડા, તા.ધરમપુર, જિ. વલસાડ જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ૪૮૮૨, તા. ૦૫-૦૨-૨૦૦૨ થી થયેલ છે. મજકુર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું. સદર હુકમની તારીખથી સંસ્થાનું વિસર્જન થયેલ ગણાશે.

વલસાડ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૧૩-૦૯-૨૦૧૦ ના હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/૧૪૭/૨૦૧૦ થી શ્રી કલગામ સરીગામ વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. સરીગામ મુ. પો. સરીગામ, તા.ઉમરગામ, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સંબંધેનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨૭-૦૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૩/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦

(૪) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી ક્રમાંક : જીએચકેએચ/૪૫૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા. નં. સક્ક/૦૧/ખ-૩/૩૬/૬૨૩/૨૦૧૫.– આમુખ-૧ થી વંચાણે લીધેલ શ્રી કલગામ સરીગામ વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. સરીગામ મુ. પો. સરીગામ, તા.ઉમરગામ, જિ. વલસાડ જેને સહકારી કાયદા હેઠળ તા. ૨૬-૦૧-૧૯૮૮ રોજ નોંધણી ક્રમાંક-સે.-૨૩૨૩૦થી નોંધવામાં આવેલ હતી. જેને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ ફડચા અધિકારીની દરખાસ્તની વિગતો ધ્યાને લેતા સદરહુ મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧૯/૦૨/૧૫નાં રોજ મેળવવામાં આવેલ છે. ફડચા અધિકારીએ રજૂ કરેલ હિસાબી પત્રકો જોતા લેણાં-દેણાની કામગીરી પૂર્ણ થયેલ છે. મંડળીનું અંતિમ ઓડીટ તા. ૨૩/૦૨/૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. મંડળીનું તા. ૨૩/૦૨/૧૫ના રોજનું સરવૈયું ‘‘શૂન્ય’’ છે. ઓડિટરશ્રીએ ઓડિટ નોંધમાં મંડળીની નોંધણી રદ કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે. આમ મજકુર સહકારી મંડળીની ફડચા અધિકારી દ્વારા ફડચાની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અંતર્ગત સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ છે. અને સંસ્થાની નોંધણી રદ કરવા જણાવેલ છે.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અંતર્ગત આમુખ-જમાં વર્ણવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી કલગામ સરીગામ વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. સરીગામ મુ. પો. સરીગામ, તા.ઉમરગામ, જિ. વલસાડ જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ૨૩૨૩૦, તા. ૨૬-૧૦-૧૯૮૮ થી થયેલ છે. મજકુર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું. સદર હુકમની તારીખથી સંસ્થાનું વિસર્જન થયેલ ગણાશે.

વલસાડ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૩૦-૦૮-૨૦૧૪ ના હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/૦૧/૧૩૪/૨૦૧૪ થી ધી ગ્રામ વિકાસ પિયત સહકારી મંડળી લી. ખાંડા, મુ. પો. ખાંડા, તા. ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સંબંધેનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨૭-૦૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૪/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦

(૪) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી ક્રમાંક : જીએચકેએચ/૪૫૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા. નં. સક્ક/૦૧/ખ-૩/૩૫/૬૧૭/૨૦૧૫.– આમુખ-૧ થી વંચાણે લીધેલ શ્રી બજરંગ મજૂર અને કામગારોની સહકારી મંડળી લી. પીંડવળ, મું. પો. પીંડવળ, તા. ધરમપુર, જિ. વલસાડ જેને સહકારી કાયદા હેઠળ તા. ૨૫-૦૭-૨૦૧૧ના રોજ નોંધણી ક્રમાંક ઉ-૧૩૫૭૧થી નોંધવામાં આવેલ હતી. જેને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ ફડચા અધિકારીની દરખાસ્તની વિગતો ધ્યાને લેતા સદરહુ મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧૦/૦૨/૧૫નાં રોજ મેળવવામાં આવેલ છે. ફડચા અધિકારીએ રજૂ કરેલ હિસાબી પત્રકો જોતા લેણાં-દેણાની કામગીરી પૂર્ણ થયેલ છે. મંડળીનું અંતિમ ઓડીટ તા. ૨૬/૦૨/૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. મંડળીનું તા. ૨૬/૦૨/૧૫ના રોજનું સરવૈયું ‘‘શૂન્ય’’ છે. ઓડિટરશ્રીએ ઓડિટ નોંધમાં મંડળીની નોંધણી રદ કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે. આમ મજકુર સહકારી મંડળીની ફડચા અધિકારી દ્વારા ફડચાની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અંતર્ગત સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ છે. અને સંસ્થાની નોંધણી રદ કરવા જણાવેલ છે.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અંતર્ગત આમુખ-જમાં વર્ણવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી બજરંગ મજૂર અને કામગારોની સહકારી મંડળી લી. પીંડવળ, મું. પો. પીંડવળ, તા. ધરમપુર, જિ. વલસાડ જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ઉ-૧૩૫૭૧, તા. ૨૫-૦૭-૨૦૧૧ થી થયેલ છે. મજકુર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું. સદર હુકમની તારીખથી સંસ્થાનું વિસર્જન થયેલ ગણાશે.

વલસાડ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/એનવીએસ/સા-૯૨૨૮/૧૧૪/૬૩૯/૧૫.– આથી જાહેર કરે છે કે એ-વન-રેસીડન્સી કો.ઓપ.હાઉસીંગ સર્વિસ સો.લી. એરૂ ચાર રસ્તા, એરૂ, તા.જલાલપોર, જિ. નવસારીને.

અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

નંબર નધણ/એનવીએસ/સા-૯૨૨૭/૧૧૨/૬૩૮/૧૫.– આથી જાહેર કરે છે કે નિલમ ગાર્ડન કો.ઓપ.હાઉસીંગ સર્વિસ સો.લી. આહીરવાસ, શિવાજી ચોકથી ફાટક રોડ, વિજલપોર, તા.જલાલપોર, જિ. નવસારીને.

અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

નંબર નધણ/એનવીએસ/સા-૯૨૨૬/૧૧૦/૬૩૭/૧૫.– આથી જાહેર કરે છે કે વત્સલ એપાર્ટમેન્ટ કો.ઓપ.હાઉસીંગ સર્વિસ સો.લી. નર્સરી રોડ, બીલીમોરા, તા.ગણદેવી, જિ. નવસારીને.

અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નંબર નધણ/એનવીએસ/સા-૯૨૨૫/૧૦૮/૬૩૬/૧૫.– આથી જાહેર કરે છે કે કદમ્બ એન્કલેવ-એ-કો.ઓપ.હાઉસીંગ સર્વિસ સો.લી. નર્સરી રોડ, બીલીમોરા, તા.ગણદેવી, જિ. નવસારીને.

અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નંબર નધણ/એનવીએસ/ઘ-૨૨૧૨૧/૧૦૬/૬૩૫/૧૫.–આથી જાહેર કરે છે કે પર્લ કો. ઓ. હાઉસીંગ સો.લી. અજીત સ્ટ્રીટ, નવસારી, તા.જિ. નવસારીને.

અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નંબર નધણ/એનવીએસ/ઘ-૨૫૧૩૯/ચ/૧૧૯/૬૩૪/૧૫.–આથી જાહેર કરે છે કે પ્રિન્સપાર્ક કો. ઓ. હાઉસીંગ સો.લી. મું. કરવડ જી.આઈ.ડી.સી. પાસે, (ખાતા નંબર-૬૬૧થી નોંધાયેલ રે.સ. નંબર ૩૩૭) તા. વાપી, જિ. વલસાડને

અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ(હા), વલસાડ.

જા.નં. નધણ/૦૧/ક-૨/૫૬ થી ૬૦/૨૦૧૫.–સહકારી મંડળી લી.ના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર (ક્રમાંક ડી.એન.જી.ઉ-૧૬૧૫૩ તા. ૨૬/૦૨/૨૦૧૫.

(૨) તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે. તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે. તો પહેલા સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો. જેથી તેઓ સભામાં તે દિવસે હાજરી આપી શકે.

(૩) સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજિસ્ટર થયા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈએ. અને પેટા નિયમમાં મુકરર કરેલ રીત મુજબ તે બાબતની નોટિસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.

(૧) સભાના અધ્યક્ષની નિમણૂંક.

(૨) મંજૂર કરેલા પેટા નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૩) નવા સભાસદો દાખલ કરવા.

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજૂ કરી મંજૂર કરાવવું.

(૫) પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક મંડળ (કમિટિ) ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક મંડળ જે હદ સુધી ભંડોળ ઊભું કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા નિમયોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજું કામકાજ.

(૪) આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા-વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે. જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

ડાંગ-આહવા, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નંબર ડીએનજી-ઉ-૧૬૧૫૩ સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી વિહીર આંબા વિભાગ મહિલા સંચાલિત મજૂર અને કામગારોની સહકારી મંડળી લી. સ્થળ વિહીર આંબા, તાલુકા, આહવા, જિલ્લા ડાંગને

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

આહવા, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ-આહવા.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૩૧-૧૨-૨૦૧૪ ના હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/હા./ફઃ૧૯૧૮૯/૪૪૨/૨૦૧૪ થી રત્નદીપ કો.ઓપ. હા.સો. લી. ડહેલી, મું. ડહેલી, સરીગામ રોડ, પો. ભીલાડ, તા. ઉમરગામ, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સંબંધેનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨-૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૧૧/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨-૨૦૦૨-૩૦૧૧-ચ. તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/હા./વ/૧૧૩/૫૭૫/૨૦૧૫.– આમુખ-૧થી વંચાણે લીધેલ રત્નદીપ કો. ઓપ.હા.સો.લી., ડહેલી, મુ. ડહેલી, સરીગામ રોડ, પો. ભીલાડ, તા. ઉમરગામ, જિ. વલસાડ જેને સહકારી કાયદા હેઠળ તા. ૧૦-૦૧-૨૦૦૦નાં રોજ નોંધણી ક્રમાંક : ઘ-૧૮૯૬૭થી નોંધવામાં આવેલ હતી. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ છે.

આમુખ-૨થી વંચાણે લીધેલ ફડતા અધિકારીની દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં સદરહુ મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૨૦-૦૧-૨૦૧૫નાં રોજ મેળવવામાં આવેલ છે. ફડચા અધિકારીએ રજૂ કરેલ હિસાબી પત્રકો જોતાં લેણાં-દેણાની કામગીરી પૂર્ણ થયેલ છે. મંડળીનું અંતિમ ઓડિટ તા. ૩૧-૦૧-૨૦૧૫ના રોજ સબ ઓડિટર (લી.રી.) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વલસાડ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. મંડળીનું તા. ૩૧-૧-૨૦૧૫નાં રોજનું સરવૈયું ‘‘શૂન્ય’’ છે. ઓડિટરશ્રીએ ઓડિટ નોંધમાં મંડળીની નોંધણી રદ કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે. આમ મજકુર સહકારી મંડળીની ફડચા અધિકારી દ્વારા ફડચાની કામગીરી પૂર્ણ થતાં ગુજરાત સહકાર મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અંતર્ગત સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ છે. અને સંસ્થાની નોંધણી રદ કરવા જણાવેલ છે.

આમ સઘણી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કુ. જે. સી.પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ) સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અંતર્ગત આમુખ-૪માં વર્ણવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ રત્નદીપ કો. ઓપ.હા.સો.લી., ડહેલી, મુ. ડહેલી, સરીગામ, પો. ભીલાડ, તા. ઉમરગામ, જિ. વલસાડ જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ઘ-૧૮૯૬૭, તા. ૧૦-૦૧-૨૦૦૦ થી થયેલ છે. મજકુર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું. સદર હુકમની તારીખથી સંસ્થાનું વિસર્જન થયેલ ગણાશે.

વલસાડ, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ)
સહકારી મંડળીઓ, વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૦૯-૨૦૦૯નો અંતિમ આદેશ ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૫૪૦/૨૦૦૯.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં.લી. ભરૂચની તા. ૨૬-૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક/ફડચ/૦૧/૩૪/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી જય રામદેવ દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ. વઘવાણ, તા. હાંસોટ, જિ. ભરૂચ (ફડચામાં) ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની ૧૧૪(૨)ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૫૯/૨૭૫/૨૦૧૫.–ધી જય રામદેવ દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ. વઘવાણ, તા. હાંસોટ, જિ. ભરૂચ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૧૪-૦૨-૧૯૯૩ના રોજ નોંધણી નંબર ૨૪૯૯૨ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીએ કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહિ કરતાં આમુખ-૧માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૧૬-૨-૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડિટ

તાબાના ઓડિટર ગ્રેડ-૨, સ.મં. ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડિટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૧૬/૨/૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૯-૩-૨૦૧૦ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સુનિલ કુમાર ચૌધરી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભરૂચ, આમુખ-૪ મુજબ ધી જય રામદેવ દુધ ઉત્પાદક સ.મં. લી. મું. વઘવાણ, તા. હાંસોટ, જિ. ભરૂચ નોંધણી નંબર ૨૪૯૯૨, તા. ૧૪-૦૨-૧૯૯૩ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરુ છું. અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલ ગણાશે.

ભરૂચ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

સુનિલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધું :–

(૧) શાંતિકુંજ એપાર્ટમેન્ટ કો.ઓપ.સર્વિસ સો.લી.ના સભાસદોની સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની તા. ૧૫/૯/૨૦૧૪ની અરજી.

(૨) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ગ્રા.ભં.-૩) સુરતનો તા. ૨૦/૧૦/૨૦૧૪થી ફડચામાં લઈ જવાનો અહેવાલ.

(૩) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક-ફડચ/ઉખસ/૦૧/ખ/૪૬/૨૦૧૫, તા. ૨૮/૧/૨૦૧૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૮૭/૪૬૦/૨૦૧૫.–શાંતિકુંજ એપાર્ટમેન્ટ કો.ઓપ. સર્વિસ સોસાયટી લી. ઠે. લાલ બંગલા પાસે, પાંચ પાંડવ બંગલાની ગલી, અઠવાલાઈન્સ, સુરતએ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધણી નંબર-સા. ૩૭૮૫, તા. ૦૪/૦૫/૨૦૦૨થી સર્વિસ તરીકે નોંધાયેલ સંસ્થા છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ થયેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ શાંતિકુંજ એપાર્ટમેન્ટ કો.ઓપ. સર્વિસ સોસાયટી લી., ના સભાસદોની સ્વૈચ્છિક મંડળીની નોંધણી રદ કરવાની તા. ૧૫/૯/૨૦૧૪થી રજૂ થયેલ અરજી તથા ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ગ્રા. ભં.-૩) સુરતનો તા. ૨૦/૧૦/૨૦૧૪થી ફડચામાં લઈ જવાનાં વહીવટી અહેવાલ અન્વયે મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે સદર મંડળીને ફડચામાં નીચેનાં કારણોસર લઈ જવાની ભલામણ કરેલ છે.

સદરહુ મંડળીની તા. ૨૧/૧૦/૨૦૧૪ના રોજ મળેલ સાધારણમાં ઠરાવ નં.-૧ થી સભાસોદને સોસાયટી ચલાવવામાં રસ નથી. જેથી મંડળીની નોંધણી રદ કરવા સર્વોનુમતે ઠરાવવામાં આવેલ છે. સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૬૮૧/૨૦૧૪, તા. ૧૪/૧૧/ ૨૦૧૪ તથા સરખા પત્ર ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૫/૨૦૧૫ તા. ૭/૧/ ૨૦૧૫થી કારણદર્શક નોટીસો પાઠવેલ હતી. જેમાં મંડળીને રજૂઆત કરવા અનુક્રમે તા. ૨૪/૧૧/૨૦૧૪ તથા તા. ૨૨/૧/૨૦૧૫ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત કે મૌખિક રજુઆત કરવા તક આપેલ છે.

આમ મંડળીને રજુઆત કરવા અત્રેથી વ્યાજબી તક પૂરી પાડવામાં આવેલ છે. મંડળીની નોંધણી રદ કરવાના મુદ્દા પરત્વે સુનવણીમાં મંડળીના મંત્રીશ્રી હાજર રહેલ અને રૂબરૂમાં લેખિતમાં નિવેદન આપેલ છે કે મંડળીનો તા. ૧/૪/૨૦૧૨ થી તા. ૩૧/૩/૨૦૧૪ સુધીનો ઓડિટ વર્ગ-ડ છે. તથા સોસાયટી ચલાવવામાં મંડળીના સભાસદોને રસ ન હોય તા. ૧૯/૧૦/૨૦૧૪ના રોજ મળેલ સાધારણ સભામાં ઠરાવ નં.-૧ થી મંડળીની નોંધણી રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. જેથી અમારી મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

આમ મંડળીના મંત્રીશ્રીએ તા. ૨૨/૧/૨૦૧૫ના રોજ આપેલ રૂબરૂમાં લેખિત નિવેદનને તથા ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ગ્રા.ભં.-૩) સુરતનો તા. ૨૦/૧૦/૨૦૧૪નો ફડચામાં લઈ જવાનો અહેવાલ ધ્યાને લઈ મંડળીનો અત્રેની કચેરીના તા. ૨૮/૧/૨૦૧૫ના હુકમ ક્રમાંકઃ ફડચ/ઉખસ/૦૧/ખ/૪૬/૨૦૧૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો.

આમ મંડળીને રજૂઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધીમાં કોઈ લેખિત કે મૌખિક જવાબ રજૂ કરેલ નથી. તેમજ અત્રેથી કરેલ તા. ૨૮/૧/૨૦૧૫નાં ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવો. પરંતુ આજદિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજૂ થયેલ નથી. તેમજ ફડચા અધિકારીશ્રી તા. ૨૦/૨/૨૦૧૫ના રોજ દફતરનો ચાર્જ પણ સંભાળી લીધેલ છે. જેથી મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી તેમ માનવાને કારણ રહે છે.

આમ મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત ઉપરોક્ત કારણોસર સ્વીકારવી જરૂરી જણાય છે. તેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ આદેશ

હું, જે. એસ. શાહ, ઈ.ચા. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) સુરત વંચાણે લીધા ક્રમાંક- (૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર શાંતિકુંજ એપાર્ટમેન્ટ કો.ઓપ. સર્વિસ સોસાયટી લી. ઠે. લાલ બંગલા પાસે, પાંચ પાંડવ બંગલાની ગલી, અઠવાલાઈન્સ, સુરત કે જેનો નોંધણી નંબર-સા-૩૭૮૫, તા. ૦૪/૦૫/૨૦૦૨ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
ઈ.ચા. જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, સુરત,

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૨૯/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સિલ્વર સ્પ્રીંગ બંગ્લોઝ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. સોલા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

ક્રમાંક ઉખસ/નઘણ/એસઆરટી/સે (શ)-૪૩૨૯૧/ઝ/૯૭/૮૦૯/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, તાપી અર્બન કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. સ્થળઃ ૪૫, ગુરૂકૃપા સોસાયટી, લક્ષ્મણનગર ચોક, કાપોદ્રા પોલીસ સ્ટેશનની પાછળ, પુણાગામ, સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૩૦/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી કલાસ્કવેર કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. છદાવડ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૬૩૧/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સીપલ ઓલીવીઆ કોર્મશિયલ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. આંબલી, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩જી માર્ચ, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

ક્રમાંકઃ ઉખસ/નધણ/ઉ (મ)-૧૬૦૫૨/ઝ/૨/૫૮૩/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે સહયાદ્રી મજૂર અને કામગારોની સહકારી મંડળી લી. સ્થળ : મું. પો. આંબોસીભવઠાણ, તા. ધરમપુર, જિ. વલસાડને

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સહકારીશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી., તા. ૨૭-૫-૧૯૬૮.

INDEX

(૩) સબ ઓડિટર સહકારી મંડળી (પ્રમાણિત) અમદાવાદનો તા. ૫/૧/૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની તારીખ ૧૩/૧/૨૦૧૫ની કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/ગ-૩/૪૧૬/૯૫/૨૦૧૫.–ઉપર દર્શાવેલ ક્રમાંક-૩થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી ગામડી ખેડૂત જૂથ ખેતી સહકારી મંડળી લી. મું. ગામડી, તા. દસક્રોઈ મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદેશ્યો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે. અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીએ છેલ્લા પાંચથી છ વર્ષથી સ્થગિત મૃત અવસ્થામાં રહેલ છે.

(૨) મંડળીની નોંધણી થયાથી આજદિન સુધીના ૧૪ વર્ષમાં ખેતી કરવા માટે કોઈ જમીનની ખરીદી થયેલ નથી.

(૩) મંડળીની નોંધણી થયેથી આજદિન સુધી મંડળી દ્વારા પેટા નિયમોની જોગવાઈ મુજબ કોઈ કાર્યવાહી થયેલ નથી.

(૪) ઓડિટ વર્ષમાં કે અગાઉના વર્ષોમાં પણ મંડળીની વા.સા. સભા કે વ્ય. કમિટિની એકપણ બેઠક મળેલ નથી.

ઉપરના સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું આઈ. એમ. પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, મને મળેલ અધિકારની રૂએ ધી ગામડી ખેડૂત જૂથ ખેતી સહકારી મંડળી લી. મું. ગામડી, કે જેનો નોંધણી ક્રમાંક ૩૨૦૯૮, તારીખ ૩૦/૬/૨૦૦૦ છે, તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂં છું અને આ જ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. દેસાઈ ગ્રેડ-૨, લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ) અમદાવાદની નિયુક્ત કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીનો જો કોઈ ખુલાસો કે રજૂઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો રજૂઆત થશે નહીં. તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (રૂરલ),
અમદાવાદ.

ક્રમાંક નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૭૧/૨૦૧૫.–આથી જાહેર કરવામાં આવે છે કે, ધી મહેસાણા રાવત કો.ઓપ. ક્રેડીટ એન્ડ થ્રીફ્ટ સોસાયટી લી., મુ. તા.જિ. મહેસાણા, કાર્યક્ષેત્ર-મહેસાણા, વિસનગર, વિજાપુર, ખેરાલુ, વડનગર અને ઉંઝા તાલુકા વિસ્તાર પૂરતું મર્યાદિત.

સને ૧૯૬૧ ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૭મી ફેબ્રઆરી, ૨૦૧૫.

ક્રમાંક નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૭૦/૨૦૧૫.–આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી મહાલક્ષ્મી મહિલા કો.ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ સોસાયટી લી., મું. પિલવાઈ, તા. વિજાપુર જિ. મહેસાણા, કાર્યક્ષેત્ર- વિજાપુર, તાલુકા વિસ્તાર પૂરતું મર્યાદિત.

સને ૧૯૬૧ ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

ક્રમાંક નધણ/દસમ/ખ-૧/૧૯૭/નધણ/જીડીઆર/સે.-૪૨૪૦૧/૨૦૧૫.–જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ફૂટેવાળ (મહિલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ફૂટેવાળ, મર્યાદિત સ્થળ ફૂટેવાળ, તાલુકો કાલોલ, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ક્રમાંક નધણ/દસમ/૧૯૧/નધણ/જીડીઆર/સે.-૪૨૪૦૦/૨૦૧૫.–જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ઘોડા ફળિયું (ભાદરોલી ખુર્દ) મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ધી ઘોડા ફળિયું (ભાદરોલી ખુર્દ), મર્યાદિત સ્થળ ઘોડા ફળિયું (ભાદરોલી ખુર્દ), તાલુકો કાલોલ, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગોધરા.

વંચાણે લીધા :-

(૧) ઓડિટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણાના તા. ૧-૧૨-૨૦૧૪ના પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ/૪૭૭/૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજૂ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૩/૨૦૧૫, તા. ૯-૧-૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ સભ્યોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૧૦/૨૦૧૫.–શ્રી અર્બુદા મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. ઉચરપી, તા.જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ઉ/૫૮૨૨, તા. ૨૫-૦૯-૧૯૯૦ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧-૪-૨૦૧૨ થી તારીખ ૩૧-૩-૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડિટ, ઓડિટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તા. ૨૮-૧૧-૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડિટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તા. ૧-૧૨-૨૦૧૪ થી ખાસ વહીવટી અહેવાલ રજૂ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૮-૧-૨૦૧૫ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૧૨માં જણાવેલ વિગતે રજૂઆત કરવા તા. ૨૨-૧-૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી, પરંતુ મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડિટ મેમામાં જણાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરી, ઓડિટ દુરસ્તી રીપોર્ટ સંબંધિત ઓડિટરશ્રીને મોકલી ન આપી, સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) ગત ઓડિટ નોંધની ખામી નંબર-૨ થી ખાતાની સ્થાયી સૂચનાઓ મુજબ પેટાનિયમમાં જરૂરી સુધારો મંજૂર કરાવી લેવા સૂચના આપવા છતાં અમલ કરેલ નથી.

(૩) મંડળીના સભાસદ રજિસ્ટરમાં અગાઉ સૂચના આપવા છતાં વારસદારોની નિમણૂકની નોંધોની પૂર્તતા કરવામાં આવેલ નથી.

(૪) મંડળીના કેટલાક સભાસદોને શેર સર્ટિફિકેટ આપવાના બાકી છે, જે આપી તેની નોંધ શેર રજિસ્ટરમાં કરવા અગાઉ સૂચના આપવા છતાં અમલ કરેલ નથી.

(૫) મંડળીની વા.સા. સભા ઠરાવબુકમાં ઓડિટ સમય દરમિયાન મળેલ બંને વા.સા. સભા પૂર્ણ થયા બાદ સભાના પ્રમુખશ્રીની સહી નથી.

(૬) મંડળીના પેટા નિયમ-૨૧ મુજબ વ્ય. કમિટી ૧૧ સભ્યોની રાખવા જોગવાઇ છે, છતાં તા. ૨૪-૬-૨૦૧૪ની વાર્ષિક સાધારણ સભામાં ૭ સભ્યોની વ્ય. કમિટીની વરણી કરેલ છે.

(૭) મંડળીની વ્ય. કમિટીની બેઠકો પેટા નિયમ-૨૩ની જોગવાઇ મુજબ દર મહિને એક વાર મળતી નથી.

(૮) મંડળીની વ્યવસ્થાપક કમિટી બેઠકમાં ચીલા-ચાલુ ઠરાવો કરવામાં આવે છે. મંડળીના પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી હાથ ધરી મંડળી આર્થિક રીતે પગભર થાય તેવા કોઇ આયોજન કરાવમાં આવેલ નથી.

(૯) મંડળીની સિલકની જવાબદારી સંભાળતા મંત્રીશ્રીના જવાબદારીના પ્રમાણમાં જામીનખત મેળવી બેંક કસ્ટડીમાં મૂકવા સૂચના આપવા છતાં અમલ કરેલ નથી.

(૧૦) મંડળીની વાર્ષિક સાધારણ સભામાં આગામી વર્ષના આવક-જાવકના ખર્ચેના અંદાજો મંજૂર કરવાની પ્રથા રાખવા અગાઉ સૂચના આપવા છતાં અમલ કરેલ નથી.

(૧૧) મંડળી સ્થગિત અવસ્થામાં હોવા છતાં સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ દરમ્યાન એકાઉન્ટ, મહેનતાણા ખર્ચ ₹ ૧૫૦૦/- ઉધારી મંડળીને આર્થિક બોજો ઉત્પન્ન કરેલ છે.

(૧૨) મંડળીને પેટા નિયમ મુજબ કોન્ટ્રાકટના કામો નહિ મળવાને કારણે મંડળીના આવકના કોઇ સ્ત્રોત નથી, મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે. મંડળીમાં તા. ૩૧-૩-૨૦૧૪ના રોજ એકત્રિત નુકસાન ₹ ૩૧૮૬૩/૦૮ છે. જે મંડળીના ભરપાઇ થયેલ શેર ભંડોળ કરતાં ચાર ગણું છે. જેથી મંડળીના ભંડોળનું ધોવાણ થવાની પૂરેપૂરી શકયતાઓ જણાય છે, મંડળી નુકસાનીમાંથી આર્થિક રીતે સધ્ધર થાય અને અર્થક્ષમ બને તેવા કોઇ સંજોગા જણાતા નથી.

(૧૩) મંડળીના તા. ૩૧-૩-૨૦૧૪ના સરવૈયામાં દર્શાવેલ નીચેની રકમો અંગે અગાઉ સૂચના આપ્યા છતાં મંડળીનાં કાર્યવાહકો કોઇ નક્કર કાર્યવાહી કરેલ નથી, જેનો ખુલાસો કરવા સૂચના છે.

(૧) શિક્ષણ ફંડ ₹ ૧૧૫૫/૪૬ જિલ્લા સહકારી સંઘમાં ભરપાઇ કરેલ નથી.

(૨) ઈન્કમટેક્ષ લ્હેણાં ₹ ૧૬૯૩/- પરત મેળવી લેવા કાર્યવાહકોએ જરૂરી કાર્યવાહી કરેલ નથી.

(૩) સરદાર સરોવર નર્મદા નિગમ લી., ગાંધીનગરમાં એફ.ડી.માં ₹ ૬૦૦૦/- તા. ૨૮-૧-૨૦૧૧ના રોજ રોકાણ કરેલ છે, જેની પાકતી તા. ૨૭-૧-૨૦૧૪ છે, તેમ છતાં સદર એફ.ડી. રીન્યુ કરાવેલ નથી.

(૪) રમેશભાઇ પટેલને ₹ ૨૦૦૦/- ચુકવવામાં આવેલ નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પૂરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજૂઆત કરેલ નથી. જેથી, મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી, મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર, હાજર રહી જવાબ રજૂ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતું હોવાથી, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી અર્બુદા મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. ઉચરપી, તા.જિ. મહેસાણા, જિ. મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી નં. ઉ/૫૮૨૨, તારીખ ૨૫-૯-૧૯૯૦થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ન.જ.-૪) મહેસાણાના તા. ૧-૧૧-૨૦૧૪ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૨૩૦/૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજૂ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૫/૨૦૧૫, તા. ૯-૧-૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટી સભ્યોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૧૧/૨૦૧૫.–શ્રી ગણેશપુરા (કાલરી) તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું.ગણેશપુરા, તા. બેચરાજી, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : સે.તે./૨૨૨૬૦, તા. ૫-૦૫-૧૯૮૬ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧-૪-૨૦૧૨ થી તારીખ ૩૧-૩-૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડિટ, ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ન.જ.-૪) મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડિટ તા. ૧૦-૧૦-૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડિટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તા. ૧-૧-૨૦૧૪ થી ખાસ વહીવટી અહેવાલ રજૂ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૯-૧-૨૦૧૫ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૬માં જણાવેલ વિગતે રજૂઆત કરવા તા. ૨૯-૧-૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી, કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. પરંતુ મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજૂઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી.

(૧) આપની મંડળીએ છેલ્લા ત્રણ વર્ષના ઓડિટ નોંધની દુરસ્તી કરેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૨) આપની મંડળીના પેટા નિયમના ઉદ્દેશો મુજબ રાયડા પુલીંગની કામગીરી કરાતી નથી અને મહેસાણા જિલ્લા તેલિબીયા ઉત્પાદક સંઘનું મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી., મહેસાણામાં મર્જ થયેલ હોઇ હાલ તેલિબીયા સંઘ અસ્તિત્વમાં નથી, પરિણામે ભવિષ્યમાં રાયડા પુલીંગની કામગીરી થવાની કોઇ શકયતા જણાતી નથી.

(૩) આપની મંડળીએ સને ૨૦૧૨-૨૦૧૩ તથા ૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં મંડળીના પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કોઇપણ પ્રકારની વેપારી પ્રવૃત્તિ કરેલ નથી, અને બિલકુલ સ્થગિત અવસ્થામાં છે.

(૪) આપની મંડળીમાં સને ૨૦૧૧-૧૨ માં ₹ ૧૭૪૭/૩૪ તથા સને ૨૦૧૨-૧૩માં ₹ ૧૩૫૯૭/- તથા સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં ₹ ૮૮૦૦/- મળી કુલ ₹ ૨૪૧૪૪/૩૪ની ચોખ્ખી ખોટ થયેલ છે, આ ખોટ નિવારવા મંડળી તરફથી કોઇ પગલાં ભરવામાં આવેલ નથી, આમ ખોટનું પ્રમાણ વધતું મંડળીના ભંડોળનું ધોવાણ થતું જાય છે.

(૫) આપની મંડળીની તા. ૫-૬-૨૦૧૩ના રોજ મળેલ વા.સા. સભાના ઠરાવ નં. ૬ થી મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોઇ, ફડચામાં લઇ જવા માટેનો ઠરાવ કરેલ છે.

આમ, મંડળીને રજૂઆત કરવા અત્રેથી વાજબી તક પૂરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજૂઆત કરેલ નથી. જેથી, મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી, મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર, હાજર રહી જવાબ રજૂ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતું હોવાથી, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ગણેશપુરા (કાલરી) તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગણેશપુરા, તા. બેચરાજી, જિ. મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી નં. સે.તે./૨૨૨૬૦, તા. ૫-૫-૧૯૮૬ થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજૂઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (પ્ર.-૨) મહેસાણાના તા. ૧-૧૧-૨૦૧૪ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૪૮/૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજૂ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૫/૨૦૧૫, તા. ૯-૧-૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટી સભ્યોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૦૯/૨૦૧૫.–શ્રી ઉપેરા તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ઉપેરા, તા. ઊંઝા, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : સે.તે./૨૨૨૭૫, તા. ૧૮-૮-૧૯૮૬ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧-૪-૨૦૧૨ થી તારીખ ૩૧-૩-૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડિટ, ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (પ્ર.-૨) મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડિટ તા. ૮-૧૦-૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડિટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તા. ૧-૧૧-૨૦૧૪ થી ખાસ વહીવટી અહેવાલ રજૂ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨) માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૯-૧-૨૦૧૫ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૬માં જણાવેલ વિગતે રજૂઆત કરવા તા. ૨૯-૧-૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી, કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. પરંતુ મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજૂઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી.

(૧) સદર સંસ્થા પેટા નિયમ તથા સહકારી કાયદા-કાનૂન અન્વયે કામગીરી કરતી નથી.

(૨) સંસ્થામાં છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયની ઓડિટ નોંધની દુરસ્તી કરી, દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી.

(૩) સંસ્થામાં હિસાબી દફતક નિયમિત લખવામાં આવતું નથી.

(૪) વ્યવસ્થાપક કમિટી જૂના યથાવત છે, તેમને મંડળી ચલાવવામાં કોઇ રસ નથી તથા કમિટીની તથા વા. સાધારણ સભાની મીટીંગો ભરવામાં આવતી નથી. તેમજ સભાસદોને હિસાબો રજૂ કરતા નથી.

(૫) સંસ્થાનું ઓડિટ નિયમિત વર્ષે થાય તે જવાબદાર હોદ્દેદારો ઓડિટ સમયસર કરાવવા માંગતા નથી, તેમજ હોદ્દેદારો, વ્ય. કમિટી, વગેરેને મંડળી ચલાવવામાં કોઇ જ રસ જણાતો નથી.

(૬) સંસ્થા તેલિબીયાં મંડળીના કોઇ ઉદ્દેશો પૂર્ણ કરતી નથી તથા કાર્યવાહકોને વેપારી પ્રવૃત્તિ કે મંડળી ચલાવવામાં કોઇ રસ નથી.

આમ, મંડળીને રજૂઆત કરવા અત્રેથી વાજબી તક પૂરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજૂઆત કરેલ નથી. જેથી, મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી, મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર, હાજર રહી જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતું હોવાથી, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ઉપેરા તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ઉપેરા, તા. ઉંઝા, જિ. મહેસાણા જિ. મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૯ અન્વયે નોંધણી નં. સે.તે./૨૨૨૭૫, તા. ૧૮-૮-૧૯૮૬ થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે એચ. એસ. પટેલ,

સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજૂઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

વંચાણે લીધા :-

(૧) માજી સહકારી અધિકારી ગ્રેડ-૧ લગત જિલ્લા રજીસ્ટ્રાર સ.મં. (ઈસ્પેકસન) અમદાવાદ તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૧૪ના પત્ર ક્રમાંક તપસ/૦૧/ખ-૧/૨૦૧૪ થી ધી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૪૩૫/૨૦૧૪, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ સભ્યોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી. /૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૧૨/૨૦૧૫.–શ્રી નાથજી કો.ઓપ. ક્રેડીટ સો. લી., મું. તા. મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : સે.૨૯૧૯૬, તારીખ ૧૧મી ડીસેમ્બર, ૧૯૯૬ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું ઈસ્પેકશન માજી સહકારી અધિકારી ગ્રેડ-૧ લગત જિલ્લા રજીસ્ટ્રાર સ.મં. (ઈસ્પેકશન) અમદાવાદને સુપ્રત થતાં, સદર મંડળનું ઈસ્પેકસન માહે-સપ્ટેમ્બર-૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. માજી સહકારી અધિકારીશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૧૪ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૫ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૧૫માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. પરંતુ મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી.

(૧) મંડળીએ છેલ્લા ચાર વર્ષના વૈધાનિક ઓડીટમાં જણાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરી ઓડીટ દુરસ્તી રીપોર્ટ સબંધિત ઓડીટરશ્રીને મોકલી ન આપી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીના પેટા નિયમ મુજબ મુખ્ય ઉદ્દેશ સભાસદો પાસેથી બચત થાપણો એકત્ર કરી ધિરાણ તથા વસુલાત કરવાનો છે. ૨૦૧૨/૨૦૧૩ના ઓડીટ અહેવાલમાં થયેલ ઉલ્લેખ મુજબ ઘણાં વર્ષોથી મંડળી પેટાનિયમમાં જણાવેલ ઉદેશો મુજબની કોઈપણ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. ફક્ત ધિરાણ વસુલાત તથા ડીપોઝીટ/થાપણો પરત ચુકવણાની જ કામગીરી કરે છે. ઓડીટ અહેવાલમાં અવાર નવાર સુચના થવા છતાં કાર્યવાહકો દ્વારા કોઇ નક્કર કાર્યવાહી કરેલ નથી. મંડળી ઘણાં વર્ષોથી સ્થગિત અવસ્થામાં છે.

(૩) મંડળી ચાર વર્ષથી ઓડીટમાં ‘‘S’’, ‘‘D’’ વર્ગ મેળવેલ છે. તથા એકત્રિત ખોટ ₹ ૩,૫૨,૧૬૬/-ની થયેલ છે.

(૪) મંડળીની તા. ૩૦/૬૨૦૧૩ની વાર્ષિક સાધારણ સભામાં છ જ સભ્યો હાજર રહેલ છે. વા.સા. સભામાં કોરમ જેટલી સંખ્યા થયેલ નથી હાજર સંખ્યા જોતા સભાસદોનો મંડળીના કામકાજમાં રસ હોવાનુ જણાતુ નથી, વ્ય. કમિટી દ્વારા આ અંગે કોઇ નક્કર કાર્યવાહી કરેલ જણાતી નથી.

(૫) પેટાનિયમમાં થયેલ જોગવાઇ મુજબ દર માસે એકવાર વ્ય. કમિટીની બેઠક મળેલ નથી ૨૦૧૩/૧૪માં નવ બેઠક મળેલ છે. તેમાં રૂટીન પ્રકારનાં જ ઠરાવો થયેલ જણાય છે. મંડળીના ઉદ્દેશો મુજબ મં ડળીને કાર્યરત કરવા અંગે જરૂરી આયોજન સબંધમાં મુદત વીતેલ બાકીદાર સામે કાયદાકીય કાર્યવાહી કરી સજાવટ કે અન્ય રીતે આયોજન કરી ધિરાણ બાકી વસુલાત અંગે નક્કર કાર્યવાહી થયેલ નથી.

(૬) મંડળીના પેટા નિયમ-૨૬ની જોગવાઇ મુજબ વ્ય. કમિટીની સભ્ય સંખ્યા-૧૧ની હોવી જોઈએ, જે નવ સભ્યોની કમીટી છે.

(૭) મંડળીના વૈધાનિક રજીસ્ટરો જેવા કે સભાસદ રજીસ્ટર, શેર રજીસ્ટર વિગેરે અધતન નોંધો સાથે રજુ થયેલ નથી.

(૮) મંડળીના તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ના સરવૈયા મુજબ ઓવર ડ્રાફટ ધિરાણ ₹ ૧,૨૫,૩૩૩/-ની તથા લોન ₹ ૧૬,૬૩,૪૫૮/-ની બાકી છે. મંડળીએ લોનની યાદી ₹ ૧૫,૨૫,૩૫૩/-ની તથા ઓવર ડ્રાફટ ધિરાણની ₹ ૧,૧૩,૧૫૦/-રજુ કરી છે. સરવૈયા મુજબ કુલ ધિરાણ ₹ ૧૭,૮૮,૭૯૧/ની યાદીઓ મુજબ બાકી ₹ ૨૧,૧૮,૭૦૦/-બોલે છે. મંડળીએ ખરેખર કેટલી ધિરાણબાકી વસુલ કરવાની છે તે અંગે મેનેજરશ્રી કે હોદ્દ્દારો રૂબરૂ કોઇ સ્પષ્ટતા કરી શકતા નથી.

(૯) રજીસ્ટ્રારશ્રી સ.મં. ગાંધીનગરના તા. ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૭ના પરિપત્ર મુજબ મિલ્કતોના વર્ગીકરણ અને એન.પી.એના ધોરણો અનુસાર પત્રકો તૈયાર કરેલા નથી. ધોવાયેલ મિલ્કતો તથા ધિરાણ બાકી કેટલી છે. તે કાઢી કરવા પાત્ર શકમંદ લેણાં ફંડની જોગવાઈ કરવા ઓડીટ અહેવાલમાં અવારનવાર જણાવવા છતાં કોઇ કાર્યવાહી કરેલ જણાયેલ નથી.

(૧૦) મંડળી એરુજ કરેલ ધિરાણ બાકી યાદી મુજબ ₹ ૨૧.૧૯ લાખ સામે ₹ ૮.૧૨ લાખના કોર્ટ કેસ તથા ₹ ૧.૨૫ લાખની રકમ નેગોશીયેબલ ઈસ્ટુમેન્ટ એકટ અન્વયે કેસો થયેલા છે. ₹ ૧૩.૦૭ લાખનું ધિરાણ બાકી સામે કોઇ જ કાયદાકીય કાર્યવાહી વ્ય. કમિટીએ કરેલા નથી. મંડળીનું તમામ ધિરાણ છ વર્ષ ઉપરાંતનું ખરાબ લ્હેણું છે. કરાયેલ કેસોની કોઈજ વિગતો રજુ કરેલ નથી.

(૧૧) મંડળીના ઉચ્ચક પગારથી મેનેજરશ્રી ચંદુભાઈ એન. પટેલ કાર્યરત છે. મંડળીનુ તમામ દફતર તથા રોકડ સિલક તેમની પાસે રહે છે. મેનેજરશ્રીના જામીન મેળવેલ નથી કે આ અંગે હોદ્દેદારોએ કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૧૨) શેરભંડોળ યાદી મુજબ ₹ ૪,૨૩,૩૦૦/-છે. સરવૈયા મુજબ ₹ ૪,૨૨,૩૦૦/- છે. અગાઉના વર્ષોથી ₹ ૧૦૦૦/-નો તફાવત છે. જે મેળવવાનો કોઇ પ્રયત્ન કરેલ નથી.

(૧૩) મંડળીના સરવૈયા મુજબ બાકી થાપણદારો તથા કરજદારોના કબુલાત પત્રો મેળવવા ઓડીટ અહેવાલમાં સુચનાઓ છતાં કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૧૪) મંડળીના તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ના સરવૈયા મુજબ મકાન સ્વરૂપે સ્થાવર મિલ્કત ₹ ૧.૫૬ લાખ, ડેડસ્ટોક, ફર્નિચર કોમ્પ્યુટર વિગેરે સ્વરૂપે જંગમ મિલ્કતના ₹ ૧.૨૯ લાખ, બેન્ક શેર તથા ટેલીફોન ડીપોઝીટ રોકાણ ₹ ૦.૭૮ લાખ મળી કુલ જંગમ મિલ્કત ₹ ૩.૬૯/લાખની છે. જે સામે ધિરાણ બાકી ₹ ૧૭.૮૯/- લાખ છે. જે છ વર્ષ ઉપરાંતનું ખરાબ લ્હેણુ છે. અનામત તથા વ્યાજ સ્વરૂપે ₹ ૪.૨૫ લાખની છે. જેની સંસ્થા પાસે કોઇ યાદી નથી તેમજ ખોટ ₹ ૩.૫૨/લાખની એકત્ર થયેલ છે. ધિરાણ અન્સીકયોર્ડ કોઇ ખરાબ લ્હેણુ છે. શંકમંદ લ્હેણાં ફંડ ₹ ૮૦,૨૨૫/નુ જ છે. ધિરાણ, વ્યાજ તથા અનામત લ્હેણાં તથા કુલ ₹ ૨૫.૫૧/- લાખના છે. મંડળી દ્વારા એન. પી. ધિરાણ વ્યાજ તથા ધોવાયેલ મિલ્કતો સામે જોગવાઇ કરી નથી જેથી મંડળીના સ્વકીય બંડોળ તથા ફંડોનું સંપૂર્ણ ધોવાણ થયેલ છે. મંડળી કર્જ કરવા શક્તિમાન નથી, જેથી સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા કાર્યવાહી કરવાની થાય છે.

(૧૫) મંડળીએ ૨૦૧૩-૧૪માં વર્ષમાં વહીવટી ખર્ચ આવકના ૩૪૯% તથા કામકાજના ભંડોળના ૪.૯૪ % કરેલ જણાય છે. ૨૦૧૩-૧૪માં ખોટ ₹ ૧.૨૮ લાખ જેટલી થયેલ છે. આવક વધારવા પ્રયત્નો વ્ય. કમીટી દ્વારા કરાતા નથી.

આમ, મંડળીનેરજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઇ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં કોઈ રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઇ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ ન હોઇ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર, હાજર રહી જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતું હોવાથી, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી શ્રીનાથજી કો.ઓપ. ક્રેડીટ સો. લી., મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી નં. : ૨૯૧૯૬, તારીખ ૧૧મી ડીસેમ્બર, ૧૯૯૬ થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ મળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

નંબર નધણ/બીઆરસી/‘‘સે’’(દુ)-૪૨૧૭૦/ ૨૦૧૫.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે ધી શક્તિપુરા ગોપાલક દૂધ ઉત્પાદક સહકારી મંડળી. લીમીટેડ, સ્થળ-કોબલા, તાલુકો આમોદ, જિલ્લો ભરૂચ.

(ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧) (૧૯૬૨નો દસમો) ગુજરાત કાયદો ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નંબર નધણ/બીઆરસી/‘‘સે’’(દુ)-૪૨૧૭૧/ ૨૦૧૫.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે ધી તરસાલી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી. લીમીટેડ, સ્થળ-તરસાલી, તાલુકો ઝઘડીયા, જિલ્લો ભરૂચ.

(ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧) (૧૯૬૨નો દસમો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

સુનીલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મુખ્ય પ્રયોજકશ્રી અજીતસિંહ ભરતસિંહ કપલટીયા શ્રી ધોળીકુઇ વિભાગ પિયત સહકારી મંડળી લી. , તા. મહુવા, જી. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા વિકાસાધિકારીશ્રી મહુવાના પત્ર નં. તા.પં./પિ.સ.મ./૨૩/૧૨/૨૦૧૪

(૨) સુરત જિલ્લા પંચાયતની ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૨૩-૧-૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૧૨૪.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સે/ સ.મં. નો/૧૭૮ થી ૧૮૧/૨૦૧૫.–આમુખ-૧માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની શ્રી ધોળીકુઇ વિભાગ પિયત સહકારી મંડળી લી., તા. મહુવા, જિ. સુરતની નોંધણીની દરખાસ્ત મુખ્ય પ્રાયોજકશ્રી અજીતસિંહ ભરતસિંહ કપલટીયા તરફથી તાલુકા પંચાયત કચેરી મહુવાને મોકલેલ છે.

આમુખ-૨થી તાલુકા પંચાયત કચેરી મહુવાના પત્ર નં, ૨૩-૧૨-૨૦૧૪ થી અત્રેની કચેરીને દરખાસ્ત કરેલ છે.

આમુખ-૩થી ઉત્પાદન સહકાર અને સિંચાઇ સમિતીની તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૧૨૪થી સદર પિયત મંડળીને નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર.ટી./ખે-પી/ ૧૦૫૫૧/૨૦૧૫ તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫થી નીચેની શરતોને આધીન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈએ અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ સમય સ્થળ અને સભામાા કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોયશકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

શરતો :

(૧) સભાના અધ્યક્ષશ્રીની વરણી કરવા બાબત.

(૨) મંજૂર કરેલ પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજૂ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

સહી/- (અવાચ્ય),
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (જિ.પં.), સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધું :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કામરેજનો તા. ૧૫-૧૨-૨૦૧૪થી ફડચામાં લઇ જવાનો અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/ ૭૬૦/૨૦૧૪, તા. ૨૯-૧૨-૨૦૧૪ તથા સરકા પત્ર ક્રમાંક-૩૦ તા. ૧૨-૧-૨૦૧૫ તથા ૪૧, તા. ૨૧-૧-૨૦૧૫થી પાઠવેલ પત્રો.

(૩) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક-ફડચ/ઉખસ/૦૧/ખ/૭૬૯/૨૦૧૪ તા. ૩૧-૧૨-૨૦૧૪થી મંડળીને ફડચામાં વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષી અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તા.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૯૮/૪૯૧/૨૦૧૫.– મહાદેવનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. મહાદેવનગર, ગોવાલક ગણપતનગર પાછળ, બમરોલી રોડ સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધણી નંબર-સા.૩૩૯૩, તા. ૨૯-૪-૨૦૦૦ થી હાઉસીંગ સર્વિસ તરીકે નોંધાયેલ સંસ્થા છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ થયેલ છે.)

સદરહુ મંડળીનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કામરેજ તરફથી તા. ૦૧-૦૪-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૪ સુધીનું હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદરહુ મંડળી સહકારી કાયદા કાનુંન અને પેટા નિયમો અનુસાર કામગીરી કરતી ન હોવાથી વંચાણે લીધ ક્રમાંક (૧) થી સંબંધીત ઓડીટરશ્રી તરફથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયેનો વહીવટ ખાસ અહેવાલ જે અંગે વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જીવ ? તે અંગે પત્રો પાઠવવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં તા. ૫-૧-૨૦૧૫ના રોજ સુનાવણીમાં રૂબરૂ હાજર રહી લેખિત કે મૌખિક રજુઆત કરવા તક આપેલ છે.

આમ મંડળીને રજુઆત કરવા અત્રેથી વ્યાજબી તક પુરી પાડવામાં આવેલ છે. મંડળીને ફડચામાં લઇ જવા બાબતે સુનવણીમાં મંડળીના પ્રમુખશ્રી હાજર રહેલ અને રૂબરૂમાં લેખિતમાં નિવેદન આપેલ છે કે મંડળીની નોંધણી થાય બાદ આજ દિન સુધીમાં પ્રયોજકો દ્વારા કોઈપણ પ્રકારના આર્થિક વ્યવહારો કરવામાં આવેલ નથી. તેમજ સભાસદો પણ દાખલ કરવામાં

આવેલ નથી. મંડળીની નોંધણી બાદ સંમતિ આપનાર સભ્યોએ આગળ કોઈપણ પ્રકારની કામગીરીમાં રસ લીધેળ નથી જેથી અમોએ આ અંગે ઓડીટરશ્રીને રૂબરૂમાં મંડળીને ફડચામાં લઇ જવા વિનંતી કરતો પત્ર લખેલ છે. અમારી વિનંતીને આધિન ઓડીટરશ્રીએ સહકારી કાયદા-કાનુનની જોગવાઇ અનુસાર જિલ્લા રજિસ્ટ્રારશ્રીને અમારી મંડળીને ફડચામાં લઇ જવા તા. ૧૫-૧૨-૨૦૧૫ના રોજ જે અહેવાલ કરેલ છે તે સાથે અમો સંમત થઇએ છીએ. હાલમાં સોસાયટીના આંતરીક રોડ, રસ્તા, સફાઇ જેવી પ્રવૃત્તિઓ સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવે છે. જેથી પણ અમારી મંડળી ચાલુ રાખવાનું મંડળીના સભાસદોના હિતમાં નથી. નોંધણી સમયના પ્રયોજકો પણ હાલમાં મંડળીમાં મકાનો ધારણ કરતા નથી. અમારી મંડળીને સરકારશ્રી તરફથી કે માનનીય કલેકટરશ્રી તરફથી આજ દિન સુધીમાં કોઇ નોટીસ મળેલ નથી. અમારી મંડળી જે જમીન પર આવે છે, તે સરકારશ્રીના નિતી નિયમોને આધિન અમોએ કાર્યવાહી કરવાની થાય છે. જેની અમોને પુરતી જાણકારી છે. જ્યારે પણ માનનીય કલેકટરશ્રી કે એસ.એમ.સી. તરફથી કાયદાકીય કામગીરી હાથ ધરવામાં આવશે તો તેમાં અમો સહુ પુરતો સાથ સહકાર આપવા સહમત છીએ.

અમારી સોસાયટીમાં સભ્યોના કોમન વપરાશ માટે કોઇ ગાર્ડન, સીકયુરીટી ઓફીસ, પાણીની ટાંકી કે વાડી જેવી કોઇ કોમન મિલ્કત કે જંગમ મિલ્કતો મંડળીના નામે આવેલ નથી જેની અમો આથી ખાત્રી આપીએ છીએ. ભવિષ્યમાં આવા પ્રકરણો સંબંધે કોઇપિણ જવાબદારી ઉપસ્થિત થાય તો તે અમારી અંગત છે. તેઓની અમોને પુરતી જાણકારી છે.

મંડળીની નોંધણી રદ થવાથી જે કોઈપણ પરિણામ ઉપસ્થિત થાય તેની સંપુર્ણ જવાબદારી અમારી પોતાની અને અંગત છે. તેની અમોને જાણ છે. મંડળીની નોંધણી લદ થયા બાદ મંડળીના નામે મંડળીનું લેટરપેડ કે સિક્કો વાપરીને કોઈપણ પ્રકારની કામગીરી અમો કરીશુ નહિ. અમારી મંડળી સામે કે મંડળીએ કોઈપણ ઈસમની વિરૂધ્ધમાં કોઇ કોર્ટ કે દાવાઓ કોઈપણ કોર્ટમાં ચાલુ કે પડતર નથી જેની અમો ખાત્રી આપીએ છીએ.

આમ મંડળીના પ્રમુખશ્રીએ તા. ૨૯-૧-૨૦૧૫ના રોજ આપેલ રૂબરૂમાં લેખિત નિવેદનને તથા ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ, કામરેજનો તા. ૧૫-૧૨-૨૦૧૪નો ફડચામાં લઇ જવાનો અહેવાલ ધ્યાને લઇ મંડળીનો અત્રેની કચેરીના તા. ૩૦-૧-૨૦૧૫ના હુકમ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૫૩/૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો.

આમ મંડળીને રજુઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજ દિન સુધીમાં કોઇ લેખિત કે મૌખિક જવાબ રજુ કરેલ નથી. તેમજ અત્રેથી કરેલ તા. ૩૦-૧-૨૦૧૫નાં ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવો. પરંતુ આજ દિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઇ વાંધો રજુ થયેલ નથી. તેમજ ફડચા અધિકારીશ્રી તા. ૨૪-૨-૨૦૧૫ના રોજ દફતરનો ચાર્જ પણ સંભાળી લીધેલ છે. જેથી મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી. તેમ માનવાને કારણ રહે છે.

આમ મંડળીને ફડચામાં લઇ જવાની દરખાસ્ત ઉપરોકત કારણોસર સ્વીકારવી જરૂરી જણાય છે. તેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ આદેશ

હું, જે. એસ. શાહ, ઇ.ચા. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), સુરત વંચાણે લીધા ક્રમાંક-(૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર મહાદેવનગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ઠે. મહાદેવનગર, ગોવાલક, ગણપતનગર પાછળ, બમરોલીરોડ, સુરત કે જેનો નોંધણી નંબર સા-૩૩૯૩, તા. ૨૯-૪-૨૦૦૦ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫.

જે. એસ. પટેલ,
ઇ.ચા. જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, સુરત.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૬૨૦/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સદ્‌ભાવ રેસીડેન્સી કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૬૧૮/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી એપલવુડ કો. ઓપ. કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી., વિભાગ-૫, મું. સરખેજ, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૧૯/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ગણેશ સ્કાયલાઇન કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ચેનપુર, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર),
અમદાવાદ.

INDEX

નંબર નધણ/કેડીએ/સે.દૂ.-૪૧૩૯૧/ડોકેટ/૧૩૩૯/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, કુંભારીયા ટીંબા (મહિલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. કુંભારીયા ટીંબા, પો. ભૂંગળીયા, મર્યાદિત સ્થળ કુંભારીયા ટીંબા, તાલુકો કપડવંજ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તા. ૯મી માર્ચ, ૨૦૧૫.

એ. બી. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

વંચાણે લીધું :–

(૧) સર્ટીફાઇડ ઓડીટર, પેનલ નં.-૮૪, સહકારી મંડળીઓ સુરતનો તા. ૧૫-૧૨-૨૦૧૪ થી ફડચામાં લઈ જવાનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીનાં વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૫૦/૨૦૧૫, તા. ૨૮-૧-૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામાં.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૦૨/૮૭૬/૨૦૧૫.–વંચાણે લીધા ક્રમાંક-૧ અન્વયે ધી હળપતિ સેવા સંઘ બારડોલીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. બારડોલી, તા. બારડોલી, સુરતનું ઓડીટ સર્ટીફાઇડ ઓડીટર, પેનલ નં.-૮૪, સહકારી મંડળીઓ સુરત તરફથી તારીખ ૧-૪-૨૦૧૨ થી તારીખ ૩૧-૩-૨૦૧૩ સુધીનું હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેનો તારીખ ૧૫-૧૨-૨૦૧૪ થી ફડચામાં લઈ જવાનો વહીવટી અહેવાલ અન્વયે ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે શ્રી હળપતિ સેવા સંઘ બારડોલીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. બારડોલી, તા. બારડોલી, સુરત કે જેનો નોંધણી નં. સે-૧૭૬૭૩, તારીખ ૧૪-૬-૧૯૯૨ છે. તેને અત્રેની કચેરીના આમુખ-(૪) થી વંચાણે લીધેલ વચગાળાના આદેશ ક્રમાંકથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો.

આમ, મંડળીને રજૂઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધીમાં કોઈ લેખિત કે મૌખિક જવાબ રજૂ કરેલ નથી. તેમજ અત્રેથી કરેલ તારીખ ૨૮-૧-૨૦૧૫ના ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવી. પરંતુ, આજ દિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજૂ થયેલ ન હોય મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી તેમ માનવાને કારણ રહે છે.

તારણ :

આ મંડળીએ નોંધણી થયા બાદ પેટા નિયમ-૧માં જણાવેલ વિશાળ ઉદ્દેશો ધ્યાનમાં લેવામાં આવે તો મંડળી નોંધયા બાદ તેના ઉદ્દેશ મુજબની નહિવત કામગીરી કરેલ છે. જેથી, મંડળીએ પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી કરેલ ન હોય, મંડળીના હોદ્દેદારોને આ મંડળી ચલાવવામાં રસ ન હોવાનું પ્રથમ દર્શને જણાય આવે છે. તથા મંડળીની તપાસણી સમય દરમ્યાન પેટા નિયમ મુજબ મંડળીની વ્યવસ્થાપક કમિટિની બેઠક પણ બોલાવવામાં આવેલ નથી કે વાર્ષિક સાધારણ સભા પણ બોલાવવામાં આવેલ નથી. હાલ મંડળી સ્થગિત અવસ્થામાં છે. તથા મંડળીએ એવું કોઈ પણ પ્રકારનું આયોજન કરેલ નથી કે જેથી મંડળીને આવક થાય અને મંડળી ચાલુ રહી શકે. જેથી, આ મંડળી ભવિષ્યમાં ચાલી શકશે કે કેમ તે પણ પ્રશ્નાર્થ છે. જેથી, આ મંડળી ચાલુ રહી શકે તેમ નથી.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ નીચે મુજબ છે.

૧૦૭. મંડળી આટોપી લેવા બાબત.

(૧) (એ) કલમ-૮૬ મુજબ, તપાસ કરવામાં ઓ તે પછી અથવા કલમ-૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડિટ કરનાર ઓડિટરના રિપોર્ટ ઉપરથી, અથવા

(બી) ×××

(સી) (૧) ×××

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) ×××

(૪) જે મંડળી આ અધિનિયમની અથવા [નિયમો અથવા ઉપ-નિયમોની અથવા] રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય,

(૫) [×××]

તે મંડળીની બાબતમાં રજિસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેને આટોપી લેવી જોઈએ, તો તે મંડળી આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૨) પેટા-કલમ ખંડ (સી)ના પેટા-ખંડ (૪)માં દર્શાવવામાં આવેલા કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીને મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢ્યાની તારીખથી એક મહિનાની અંદર રજિસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કંઇ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી, રજિસ્ટ્રાર વચગાળાના હુકમને રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઇશે.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતા, મંડળીએ ઉદ્દેશો મુજબની પ્રવૃત્તિઓ શરૂ કરેલ નથી અને ઘણાં લાંબા સમયથી સ્થગિતચ અવસ્થામાં રહેલ છે. જે ઉપરોક્ત ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈને ધ્યાનમાં લેતા રજૂઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

સબબ, તેથી ઉપરોક્ત વિગતો, હકીકતો તથા સહકારી કાયદા-કાનૂનની જોગવાઈઓને ધ્યાને લેતા આ મંડળી સ્થગિત હોઈ, મંડળીની નોંધણીના ઉદ્દેશો બર લાવી શકે તેમ જણાતું નથી. જેથી કાયદાની જોગવાઈઓના પરિભાષા મુજબનો હુકમ કરવો મુનાસિબ જણાય છે. જેથી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત, વંચાણે લીધા ક્રમાંક-(૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર શ્રી હળપતિ સેવા સંઘ બારડોલીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. બારડોલી, તા. બારડોલી, સુરત કે જેનો નોંધણી નં. સે.-૧૭૬૭૩, તારીખ ૧૪-૬-૧૯૯૨ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

વંચાણે લીધા :-

(૧) માજી ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ (૧) સુરત હાલ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (પંચાયત) જિલ્લા પંચાયત, ભરૂચના તા. ૩/૧૨/૨૦૦૪ પત્રથી ફડચામાં લઈ જવાનો વહીવટ અહેવાલ.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (ઈસ્પેકશન) વડોદરાના તા. ૧/૧૨/૨૦૧૪ના પત્રથી ફડચામાં લઈ જવાનો વહીવટી અહેવાલ.

(૩) સહકારી અધિકારી (ફડચા-૩) સુરતનો તા. ૨૯/૧૨/૨૦૧૫નો સ્થળ તપાસ અહેવાલ.

(૪) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકઃ ફડચ/ઉખસ/૦૧/ખ/૪૯/૨૦૧૫, તા. ૨૮/૧/૨૦૧૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦

(૬) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧/૭/૧૧ના જાહેરનામાં ક્રમાક

પ્રસ્તાવના

ક્રમાંકઃ ફડચ/ઉખસ/૦૧/ખ/૧૦૧/૮૭૩/૨૦૧૫.– વંચાણે લીધા ક્રમાંક-૧ અન્વયે પાલ ગ્રામ વિકાસ સહકારી મંડળ સ્ટાફ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી. ઠે. પાલ ગ્રામ વિકાસ મંડળ, મું. પો. પાલ, તા. ચોર્યાસી, જિ. સુરતનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, (૧) સુરત તરફથી તા. ૦૧/૦૪/૨૦૧૧થી તા. ૩૧/૩/૨૦૧૩ સુધીનું હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેનો તા. ૩/૧૨/૨૦૧૪થી ફડચામાં લઈ જવાનો વહીવટી અહેવાલ તથા સદર મંડળીનું ઈસ્પેકશન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઈસ્પેકશન) વડોદરા તરફથી તા. ૧/૪/૨૦૧૩ થી તા. ૩૧/૩/૨૦૧૪ સુધીનું કરવામાં આવેલ છે. જેનો તા. ૧/૧૨/૨૦૧૪ના પત્રથી ફડચામાં લઈ જવાનો વહીવટી અહેવાલ તથા સહકારી અધિકારી (ફડચા-૩) સુરતનો તા. ૨૯/૧૨/૨૦૧૪નો સ્થળ તપાસ અહેવાલ અન્વયે ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક- (૨) અન્વયે પોલ ગ્રામ વિકાસ સહકારી મંડળ સ્ટાફ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી. ઠે. પાલ ગ્રામ વિકાસ મંડળ, મું. પો. પાલ, તા. ચોર્યાસી, જિ. સુરત કે જેનો નોંધણી નંબર સે.-૧૦૬૭૮, તા. ૩૦/૯/૧૯૮૨ છે. તેને અત્રેની કચેરીના આમુખ (૪) થી વંચાણે લીધેલ વચગાળાના આદેશ ક્રમાંકથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો.

આમ મંડળીને રજુઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધીમાં કોઈ લેખિત કે મૌખિક જવાબ રજુ કરેલ નથી. તેમજ અત્રેથી કરેલ તા. ૨૮/૧/૨૦૧૫નાં ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવો. પરંતુ આજ દિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજુ થયેલ ન હોય મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી. તેમ માનવાને કારણ રહે છે.

તારણ :

આ મંડળીએ નોંધણી થયા બાદ પેટા નિયમ-૧માં જણાવેલ વિશાળ ઉદ્દેશો ધ્યાનામાં લેવામાં આવે તો મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે. જેથી મંડળીએ પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી કરેલ ન હોય મંડળીના હોદ્દેદારોને આ મંડળી ચલાવવામાં રસ ન હોવાનું પ્રથમ દર્શને જણાય આવેલ છે. તથા મંડળીએ તા. ૧૫/૧૦/૨૦૧૧ પછી પેટા નિયમ મુજબ મંડળીની વ્યવસ્થાપક કમીટીની બેઠક પણ બોલાવવામાં આવેલ નથી કે વાર્ષિક સાધારણ સભા પણ બોલાવવામાં આવેલ નથી. મંડળી સ્થગિત અવસ્થામાં છે. તથા સદર મંડળીમાં તા. ૩૧/૩/૨૦૧૩ અંતે એકપણ સભાસદ નથી કે જેથી મંડળી ચાલુ રહી શકે. જેથી આ મંડળી ભવિષ્યમાં ચાલુ રહી શકે તેમ નથી.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ નીચે મુજબ છે.

૧૦૭. મંડળી આટોપી લેવા બાબત.

(૧) (એ) કલમ-૮૬ મુજબ, તપાસ કરવામાં ઓ તે પછી અથવા કલમ-૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડિટ કરનાર ઓડિટરના રિપોર્ટ ઉપરથી, અથવા

(બી) ×××

(સી) (૧) ×××

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) ×××

(૪) જે તે મંડળી આ અધિનિયમની અથવા [નિયમો અથવા ઉપ-નિયમોની અથવા] રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય,

(૫) ×××]

તે મંડળીની બાબતમાં રજિસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેને આટોપી લેવી જોઈએ, તો તે મંડળી આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૨) પેટા-કલમ ખંડ (સી)ના પેટા-ખંડ (૪)માં દર્શાવવામાં આવેલા કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીને મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢ્યાની તારીખથી એક મહિનાની અંદર રજિસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી, રજિસ્ટ્રારે વચગાળાના હુકમને રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઈશે.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતા, મંડળીએ ઉદ્દેશો મુજબની પ્રવૃત્તિઓ શરૂ કરેલ નથી અને ઘણાં લાંબા સમયથી સ્થગિત અવસ્થામાં રહેલ છે. જે ઉપરોક્ત ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈને ધ્યાનમાં લેતાં રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

સબબ, તેથી ઉપરોક્ત વિગતો, હકીકતો તથા સહકારી કાયદા-કાનૂનની જોગવાઈઓને ધ્યાને લેતા આ મંડળી સ્થગિત હોઈ, મંડળીની નોંધણીના ઉદ્દેશો બર લાવી શકે તેમ જણાતું નથી. જેથી કાયદાની જોગવાઈઓના પરિભાષા મુજબનો હુકમ કરવો મુનાસિબ જણાય છે. જેથી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક-(૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર પાલ ગ્રામ વિકાસ સહકારી મંડળ સ્ટાફ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી. ઠે. પાલ ગ્રામ વિકાસ મંડળ, મું. પો. પાલ, તા. ચોર્યાસી, જિ. સુરત કે જેનો નોંધણી નં. સે.-૧૦૬૭૮, તા. ૩૦-૯-૧૯૮૨ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત,

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સહકારીશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી., તા. ૨૭-૫-૧૯૬૮.

(૩) ઓડીટર ગ્રેડ-૨ (ન.જ.) સ.મં. (રૂરલ) અમદાવાદનો તા. ૧/૧૨/૨૦૧૪નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની તારીખ ૧૧/૧૨/૨૦૧૪ની કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૧૦૬/૨૦૧૫.–ઉપર દર્શાવેલ ક્રમાંક-૩થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ રામાપીર હરિજન ખેત મજુર કામદાર સહકારી મંડળી લી., મું. વીસલપુર, તા. દસક્રોઈ મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશ્યો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે. અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીના જવાબદાર હોદ્દેદારોએ ઓડીટ કરાવવા માટે દફતર રજૂ કરેલ નથી.

(૨) મંડળીના પેટાનિયમોનુસાર વ્યવસ્થાપક કમિટીની બેઠકો કે. વા.સા. સભા મળેલ નથી.

(૩) મંડળીના ચેરમેનશ્રીએ આપેલ નિવેદન મુજબ ઓડીટ કરાવી શકાય તેમ ન હોઈ મંડળીને ફડચામાં લઈ જવા ખાસ વિનંતી કરેલ છે.

ઉપરના સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું આઈ. એમ. પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, મને મળેલ અધિકારની રૂએ રામાપીર હરિજન ખેત મજુર કામદાર સહકારી મંડળી લી., મું. વીસલપુર, તા. દસક્રોઈ, કે જેનો નોંધણી ક્રમાંક ઉ/૭૩૬૮, તારીખ ૨૫/૧૨/૧૯૭૭ છે, તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂં છું અને આ જ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. દેસાઈ ગ્રેડ-૨, લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ) અમદાવાદની નિયુક્ત કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીનો જો કોઈ ખુલાસો કે રજૂઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો રજૂઆત થશે નહીં. તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (રૂરલ),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૫/૦૮/૨૦૦૯ના હુકમ ક્રમાંકઃ- ફડચ/૦૧/ઘ-૨/૪૯૩/૦૯થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) સોસાયટીના સભાસદોની ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો વહીવટ સુપ્રત કરવા બાબતેની રજુઆત.

(૩) ફડચા અધિકારીશ્રી ફડચા-૧, લગત સદર કચેરીના તા. ૧૮/૨/૨૦૧૫ના પત્રથી થયેલ ભલામણ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૫) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨, જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૯૩/૨૦૧૨/એનએસ બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૦૯/૭૯૪/૨૦૧૫.–ધી બેનજીર કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિ. મુ. વાસણા, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૪૮૮૭, તા. ૫-૯-૧૯૭૨) એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે.

વંચાણે લીધા ક્રમાંકઃ- (૧) થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં.(શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ જે હાલ ફડચા અધિકારી તરીકે કાર્યરત છે. વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૨) થી સોસાયટીના સભાસદોએ આ કચેરીને ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો વહીવટ સુપ્રત કરવા બાબતેની રજુઆત કરતાં તે રજુઆત અન્વયે મંડળીના પેટા કાયદા તથા સહકારી કાયદા કાનુનની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી હાથ ધરવા ફડચા અધિકારીને મોકલી આપતાં, વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૩)થી ફડચા અધિકારીએ આ કચેરીએ અહેવાલ કરેલ છે. જે મુજબ તેઓએ ખાસ સાધારણ સભાનો એજન્ડા તા. ૨/૨/૨૦૧૫નો કાઢી, તા. ૧૩/૦૨/૨૦૧૫ના રોજ ખાસ સાધારણ સભા બોલાવેલ જેમાં સોસાયટીની નવી કમિટીની સર્વાનુમતે વરણી થયેલ છે. જે વિગતો સાથે સદર સોસાયટીને પુનઃજીવીત કરવા ભલામણ કરેલ છે તથા તેઓના હસ્તકનો ચાર્જ નવી કમિટીને સુપ્રત કરી શકે તે માટે સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેના જરૂરી હુકમો થઈ આવવા વિનંતી કરેલ છે.

આમ ઉપરોક્ત વિગતો / હકીકતોને ધ્યાને લેતાં તેમજ ફડચા અધિકારીએ કરેલ ભલામણ જોતાં અને સભ્યોએ તા. ૧૩/૦૨/૨૦૧૫ના ખાસ સાધારણ સભામાં કરેલ ઠરાવ જોતાં સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેનો હુકમ કરવાનો મુનાસિબ જણાતાં આથી નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂઈએ ધી બેનજીર કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિ. મુ. વાસણા, અમદાવાદ (નોંધણી નંબર ઘ.-૪૮૪૭, તા. ૫-૯-૧૯૭૨)ને ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચાનો અત્રેની કચેરીનો તા. ૧૫/૦૮/૨૦૦૯નો વચગાળાનો હુકમ ક્રમાંકઃ- ફડચ/૦૧/ઘ-૨/૪૯૩/૦૯ નીચે મુજબની શરતોને આધિન રહીને રદ કરી સદર મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરૂ છું.

શરતો :

(૧) મંડળીએ તેના બાકી સમયથી છેવટ સુધીના વાર્ષિક હિસાબોનું ઓડીટ ત્રણ માસમાં પુરૂ કરાવી લેવાનું રહેશે.

(૨) સભાસદોના વિશાળ હિતમાં પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની તથા કાયદા કાનુન મુજબની કામગીરી કરવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૬/૦૬/૨૦૧૪ના ક્રમાંકઃ- સકક/૦૧/ઘ-૨/૨૯૧/૨૦૧૪થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ (૧)ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૭-૨૦૧૧, જાહેરનામાં ક્રમાંકઃ જીએચકેએચ/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦/૧૧/૨૦૧૨ જાહેરનામાં ક્રમાંકઃ- જીએચકેએચ/ ૯૩/ ૨૦૧૨/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૦૭/૭૮૭/૨૦૧૫.–ધી ઈશ્વરકૃપા કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિ. મુ. ઓઢવ, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૮૧૭૦, તા. ૧-૫-૧૯૮૦) એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આથી, સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન તથા સોસાયટીના મંજુર થયેલા પેટા નિયમો મુજબ તથા વખતોવખત સહકાર ખાતા દ્વારા અપાયેલ સુચનાઓને આધિન રહીને કરવાનો રહે છે. તથા આ ગૃહ મંડળી અત્રેની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમાંકઃ- (૧) થી સદરહુ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ તથા તેજ કાયદાની કલમ-૧૦૮ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી બી. પી. મચ્છર ફડચા અધિકારી-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ તેમજ ફડચાનાં વચગાળાના હુકમમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી આ કચેરીને કોઈ રજુઆત પણ થયેલ નથી. સબબ ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબ ફડચાનો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂઈએ ધી ઈશ્વરકૃપા કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિ. મુ. ઓઢવ, અમદાવાદ

(નોંધણી નંબર ઘ-૮૧૭૦, તા. ૦૧-૦૫-૧૯૮૦)ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું. અને આજ કાયદાની કલમ-૧૦૮ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.હાઉ. ફાય.કોર્પો.લી. અમદાવાદની નિમણૂંક કરૂ છું.

અમદાવાદ, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૦૧/૦૨/૨૦૧૦ના હુકમ ક્રમાંકઃ- ફડચ/૦૧/ઘ-૨/૫૦/૨૦૧૦થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) અત્રેની કચેરીનો તા. ૩૦/૦૩/૨૦૧૦ના હુકમ ક્રમાંકઃ- ફડચ/૦૧/ઘ-૨/૨૪૬/૧૦થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો અંતિમ હુકમ.

(૩) સોસાયટીના સભાસદોની ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો ચાર્જ સુપ્રત કરવા બાબતેની રજુઆત.

(૪) ફડચા અધિકારીશ્રી ફડચા-૨, લગત સદર કચેરીના તા. ૧૯/૧/૨૦૧૫ના પત્રથી થયેલ ભલામણ.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૬) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨, જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૯૩/૨૦૧૨/એનએસ બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૦૬/૭૮૫/૨૦૧૫.–ધી બદ્રીનારાયણનગર કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિ. મુ. નિર્ણયનગર, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૧૧૦૪૪ તા. ૧૭-૧૨-૧૯૮૩) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે.

વંચાણે લીધા ક્રમાંકઃ- (૧) થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ, વંચાણે લીધા ક્રમાંકઃ- (૨) ની વિગતે ફડચાનો અંતિમ હુકમ કરી, ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ જે હાલ ફડચા અધિકારી તરીકે કાર્યરત છે. વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૩) થી સોસાયટીના સભાસદોએ આ કચેરીને ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો ચાર્જ સુપ્રત કરવા બાબતેની રજુઆત કરતાં તે રજુઆત અન્વયે મંડળીના પેટા કાયદા તથા સહકારી કાયદા કાનુનની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી હાથ ધરવા ફડચા અધિકારીને મોકલી આપતાં, વંચાણે લીધેલ ક્રમાંક :- (૪) થી ફડચા અધિકારીએ આ કચેરીને અહેવાલ કરેલ છે. જે મુજબ તેઓએ ખાસ સાધારણ સભાનો એજન્ડા તા. ૫/૧/૨૦૧૫નો કાઢી તા. ૧૮/૦૧/૨૦૧૫ના રોજ ખાસ સાધારણ સભા બોલાવેલ જેમાં સોસાયટીની નવી કમિટીની સર્વાનુમતે વરણી થયેલ છે. જે વિગતો સાથે સદર સોસાયટીને પુનઃજીવીત કરવા ભલામણ કરેલ છે. તથા તેઓના હસ્તકનો ચાર્જ નવી કમિટીને સુપ્રત કરી શકે તે માટે સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેના જરૂરી હુકમો થઈ આવવા વિનંતી કરેલ છે.

આમ ઉપરોક્ત વિગતો / હકીકતોને ધ્યાને લેતાં તેમજ ફડચા અધિકારીએ કરેલ ભલામણ જોતાં અને સભ્યોએ તા. ૧૮/૦૧/૨૦૧૫ના ખાસ સાધારણ સભામાં કરેલ ઠરાવ જોતાં સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેનો હુકમ કરવાનો મુનાસિબ જણાતાં નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂઈએ ધી બદ્રીનારાયણ કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિ. મુ. નિર્ણયનગર, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૧૧૦૪૪, તા. ૧૭-૧૨-૧૯૮૩)ને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અત્રેની કચેરીનો તા. ૩૦/૦૪/૨૦૧૦નો અંતિમ હુકમ ક્રમાંકઃ- ફડચ/૦૧/ઘ-૨/૨૪૬/૧૦ નીચે મુજબની શરતોને આધિન રહીને રદ કરી સદર મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરૂ છું.

શરતો :

(૧) મંડળીએ તેના બાકી સમયથી છેવટ સુધીના વાર્ષિક હિસાબોનું ઓડીટ ત્રણ માસમાં પુરૂ કરાવી લેવાનું રહેશે.

(૨) સભાસદોના વિશાળ હિતમાં પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબની તથા કાયદા કાનુન મુજબની કામગીરી કરવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
આથી, હું, એસ. ડી. ભોયે, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ડાંગ-આહવા, મને આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ શ્રી નાનીદાબદર વિભાગ ગ્રાહક ભંડાર સ. મં. લી., જિ. ડાંગ જે ગુજરાત સહકારી મડંળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ નોંધણી નંબર ભ-૫૪૩૬, તા. ૮-૧-૨૦૦1 થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. તેને પ્રસ્તાવનામાં જણાવેલી વિગતો ધ્યાને લઈને તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરું છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી વી. સી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત કચેરી ડાંગ-આહવાની નિમણૂક કરૂ છું. અને નિમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ વર્ષમાં ફડચા અંગેની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી, ઓડીટ ફી અને નામદાર સરકારશ્રીના લેણાં સરકારશ્રીના ધારા-ધોરણસર સરકારશ્રીમાં જમા કરાવવાના રહેશે.

આહવા, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આહવા-ડાંગ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, MAY 14, 2015 / VAISAKHA 24, 1937 [No. 20

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	717-762
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	20
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	39
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1513-1786

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) અન્વયે.

નંબર વિશા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૩૦/૨૦૧૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૦મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે, બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૪૫/૨૦૧૫.–સુરત શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેર હિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમકોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/ તા. ૧૪/૫/૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦નું જાહેરનામું પ્રસિદ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧/૧/૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે. તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB (A) Leq	
		સવારના ૬ : ૦૦ થી રાત્રીના ૨૨ : ૦૦	રાત્રીના ૨૨: ૦૦ થી સવારના ૬ : ૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે. તા. ૧૧/૧/૨૦૧૦ના સુધારમાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ૨૨ : ૦૦ થી સવારના ૬ : ૦૦ સુધીનો નિયત કરાયેલ છે. અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતાં બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે. અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ)થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં સુરત શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫ના કલમ ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

પ્રતિબંધિત કૃત્ય

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર સુરત શહેરના પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુ બાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

INDEX

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સજોગોમાં જે તે ડી.સી.પી.શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા ફરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડો/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ અને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. સુરત શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુદ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવાર કલાક ૬ : ૦૦ થી રાત્રિ કલાક ૨૨ : ૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦ : ૦૦ થી વહેલી સવારના કલાક ૬ : ૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :- ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦ : ૦૦ ના જગ્યાએ કલાક ૧૨ : ૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદાર આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે.

ક્રમાંક એસબી/મજુર/જાહેરનામું/૪૬/૨૦૧૫.– તાજેતરમાં સુરત શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભૂતકાળમાં સુરત શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હા કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ સુરત શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજૂર કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજૂરી કામના બહારના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે. જેથી જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણ મુકવા જરૂર જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ, આથી, હું, હુકમ કરૂં છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજૂર કામે રાખેલ હોય અને મજૂરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજૂરના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનિક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજૂરો જ્યારે મજૂરી કામ તથા સુરત શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમો તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૧.	લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમ (સપ્લાયર) નું પુરૂં નામ. સરનામું, મોબાઈલ નંબર સહિત	:–	
૨.	મજૂરનું નામ તથા ઉંમર વર્ષ	:–	
૩.	મજૂરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર	:–	
૪.	મજૂરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:–	
૫.	હાલની મજૂરીનું સ્થળ/કંપનીનું નામ	:–	
૬.	મજૂરના વતનના સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:–	
૭.	મજૂરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર	:–	
૮.	મજૂર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:–	
૯.	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાક્ટરે મજૂરી કામ માટે રાખેલ છે.	:–	
૧૦.	મજૂરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું)	:–	
૧૧.	સુરત શહેરમાં કઈ તારીખથી મજૂરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:–	
૧૨.	સુરત સહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નંબર	:–	
૧૩.	મજૂરના ભાઈ/બહેનનાં નામ/સરનામા/મોબાઈલ નંબર	:–	
૧૪.	મજૂરના કાકા/માસાનાં નામ/સરનામા/મોબાઈલ નંબર	:–	
૧૫.	હાલમાં જ્યાં રહે છે ત્યાં તેના ગામના કોણ છે ? તેના નામ, સરનામા, મોબાઈલ નંબર	:–	

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નિશાન ....

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાક્ટરની સહી ....

નામ ....

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫, ક. ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫, ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું રદ કરવા બાબત

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બ) અન્વયેનું જાહેરનામું.

નંબર ઉ/ગપક/એલબી/૪૧૬૩૪/ ૯૧, તા. ૨૩-૧૨-૯૧ જાહેરનામું નં. ૪૭/૨૦૧૫.-સુરત શહેરમાં આવેલ જાહેર માર્ગો તથા ગલીઓ તેમજ શેરીઓમાં રોડ ઉપર સ્ટમ્પ ગોઠવી કેટલાક લોકો તથા છોકરાઓ ક્રિકેટની રમત તથા બીજી રમતો રમતા હોય છે. જેથી વાહન વ્યવહાર તથા અવરજવર કરતા લોકોને અવરોધ ઉભો થઇ અકસ્માતો થવાની સંભાવના રહે છે. તે ઉપરાંત બોલ ઉછળીને જતો હોય આવતા જતા લોકોને વાગવા અથવા જાહેર માલ-મિલ્કતને નુકશાન થવાનો સંભવ રહે છે. જેથી જાહેર સલામતી ખાતર રસ્તામાં તથા શેરીઓમાં ક્રિકેટની રમત તેમજ બીજી રમતો રમવા ઉપર જાહેર હિત જળવાઇ રહે તે માટે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

આથી હું, રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ની પેટા કલમ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, સુરત મહાનગર પાલિકા વિસ્તારની હદમાં કોઇપણ વ્યક્તિએ જાહેર રસ્તામાં તથા જગ્યાઓ તથા શેરીઓમાં ક્રિકેટ કે બીજી રમત રમવી નહી, અગર રમાડવી નહી.

આ હુકમનો ભંગ/અનાદર કરનાર વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ રૂ ૫૦/- સુધીના દંડની તેમજ ઇન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ હેઠળ ૬ મહીના સુધીની સજા કોઇપણ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંને સજાને પાત્ર થશે.

તત્કાલીન પોલીસ કમિશનરશ્રી સુરત શહેરનાઓએ સદર જાહેરનામુ તા. ૨૧મી ડીસેમ્બર, ૧૯૯૧ના રોજ બહાર પાડેલ છે આ જાહેરનામુ જ્યારે બહાર પાડવામાં આવેલ ત્યારે સદરહુ જાહેરનામામાં સમય મર્યાદા જણાવેલ ન હોય અને સદરહુ જાહેરનામુ કાયમી સ્વરૂપનું હોય, અને સદરહુ જાહેરનામુ પ્રસિધ્ધ થયાને ઘણો લાંબો સમય થયેલ હોવાથી આ સમય દરમ્યાન કાયદાની જોગવાઇમાં પણ ફેરફાર થયેલા હોય, જેથી જાહેરહિતમાં આ જાહેરનામું ચાલુ રાખવું હિતાવહ જણાતુ ન હોય,

જેથી, હું, રાકેશ અસ્થાના, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ તે, સદરહુ જાહેરનામું તા. ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ કલાક ૨૪.૦૦ બાદ રદ કરવામાં આવે છે.

આજ તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/રમત/૪૮/૨૦૧૫.–સુરત શહેરમાં જાહેરમાર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા/રમાડવામાં આવે છે. જેના કારણે અવર-જવર કરતા લોકોને તથા વાહન વ્યવહારને અવરોધ ઉભો થાય છે. ખાસ કરીને ક્રિકેટની રમતમાં બોલ વાગવાના કારણે રાહદારી લોકોને ઇજા થવાના, અકસ્માત થવાના અને વાહનો-મિલ્કતોને નુકસાન થવાના બનાવો બનતા હોય છે. જેના કારણે ઘણા કિસ્સાઓમાં ક્રિકેટનો બોલ વાગવાથી લોકોના ટોળાઓ સામસામે આવી જતા ઘર્ષણ થવાના બનાવો પણ બનતા હોય છે. આવી રમતો રમવાના કારણે લોકોના અને ખાસ કરીને સિનિયર સીટીઝનના દિનચર્યામાં ખલેલ પહોંચતી હોય છે. જેથી આવા બનાવો બને નહી અને જાહેર સલામતી-સુખાકારી જોખમાય નહી તે માટે જાહેર જનતાના હીતમાં સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં માર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા/રમાડવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

આથી હું, રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩(૧) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં

(૧) જાહેરમાર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા કે રમાડવા અને

(૨) આવી રમતો રમી ચીચીયારીઓ પાડી/ઘોંઘાટ કરી લોકો અને ખાસ કરીને સિનિયર સીટીજનના દિનચર્યામાં ખલેલ પહોચાંડવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૪મી જુન, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

BY THE PRINCIPAL DISTRICT JUDGE

Read :

(1) Notification No. 15/2014, Dtd. 7-7-2014 of this Office.

(1) Notification No. GK/03/2014/SPJ/102012/GOI-35/D, Dtd. 28-1-2014 of the Government of Gujarat, Legal Department Sachivalaya, Gandhinagar.

(3) Letter No. A. 1255/2013, Dtd. 9-2-2015 of the Hon'ble High Court of Gujarat alongwith its accompainment *i.e.* copy of Notification No. GK/03/2015/SPJ/102012/GOI-35/D, Dtd. 5-2-2015 of the Government of Gujarat, Legal Department Sachivalaya, Gandhinagar.

Notification

No. 46 of 2015.–Consequent upon the Government of Gujarat has been pleased to amend and insert the words "**at the headquarters**" in the Government of Gujarat, Legal Department, Gandhinagar, vide its Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dtd. 5-2-2015, regarding designating the Court of the First Additional District Judge and Additional Sessions Judge to be a "Special Court" to try the offences under the Protection of Children from Sexual Offences Act, 2012. (32/2012), and as Hon'ble High Court, has, vide its letter Dtd. 9-2-2015, referred to above, directed to take necessary action, the undersigned is pleased to pass the following order :-

The Additional District Judge and Additional Sessions Judge, Surat, at the headquarter, is hereby declared as **"Special Court" to try the cases of the offences under the Protection of Children from Sexual Offences Act, 2012 (32/2012)**

Surat, 29th April, 2015.

M. J. THAKKAR,
Principal District Judge,
Surat.

Read :-

(1) High Court Letter No. C-2103/1991, dated 07/01/1991.

(2) High Court Letter No. C-2103/2006, dated 30/12/2006.

(3) This Court Notification No. B/16/2015, dated 7-1-2015.

Notification

No. B/220/2015.–In view of the fact that the Summer Vacation of this district is commencing from **Saturday, 16th May, 2015 to Sunday 14th June, 2015** (both days inclusive), vide this Office Notification cited in the preamble Sr. No. (3). All the Judicial Officers and Staff Members except Appellate Judges of this Judicial district are hereby prevented from enjoying the Annual Summer Vacation for 30 (Thirty) days commencing from Saturday, 16th May, 2015 to Sunday 14th June, 2015 (both days inclusive) to decrease pendency of cases which are more than five year old and to complete pending work related to Civil and Criminal matters respectively.

All the Presiding Officers and Head of Branches are directed to follow the above instructions scrupulously.

Jamnagar, Date 30th, April, 2015.

(Sd.) Illegible,
I/c. Principal District Judge,
Jamnagar.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/રજી. નં. ૧૭/૨૦૧૫.- વલસાડ જિલ્લામાં ગુજકેટ પરીક્ષા-૨૦૧૫ અંતર્ગત તા. ૭મી મે, ૨૦૧૫, ગુરૂવારના રોજ વિવિધ કેન્દ્રો ખાતે યોજાનાર છે.

(૧) સેન્ટ જોસેફ ઈ. ટી. હાઈસ્કુલ, ધરમપુર રોડ, વલસાડ

(૨) કુસુંમ વિદ્યાલય, શીશુવિહાર પાસે, મોરારજી દેસાઈની વાડી, તિથલ રોડ, વલસાડ

(૩) પ્રજ્ઞા પ્રબોધ માધ્યમિક સ્કુલ, કોસંબા રોડ, વલસાડ

(૪) બાઈ આવાભાઈ હાઈસ્કુલ, હાલર રોડ, વલસાડ યુ-૧

(૫) બાઈ આવાભાઈ હાઈસ્કુલ, હાલર રોડ, વલસાડ યુ-૨

(૬) આર. એમ. વી. એમ. હાઈસ્કુલ, કસ્તુરબા હોસ્પીટલ પાસે, વલસાડ

(૭) સી. આર. દેસાઈ સ્વામી હાઈસ્કુલ, વલસાડ

(૮) સાર્વજનિક હાઈસ્કુલ, ડુંગરી, તા. વલસાડ, યુ-૧

(૯) સાર્વજનિક હાઈસ્કુલ, ડુંગરી, તા. વલસાડ, યુ-૨

(૧૦) બી.આર.જે.પી. હાઈસ્કુલ, પારડી, તા. પારડી જિ. વલસાડ, યુ-૧

(૧૧) ડી.સી.ઓ. હાઈસ્કુલ,પારડી, તા. પારડી જિ. વલસાડ, યુ-૧

(૧૧) ડી.સી.ઓ. હાઈસ્કુલ,પારડી, તા. પારડી જિ. વલસાડ, યુ-૨

ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોના ત્રાસ/ભય વિના શાંતિ અને સલામતી પૂર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા શુભ હેતુથી સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા પરીક્ષા કેન્દ્રની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

વાસ્તે હું, રવિ કુમાર અરોરા, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉપર જણાવેલ શાળાઓમાં તા. ૭મી મે, ૨૦૧૫ના રોજ ગુજકેટની પરીક્ષા યોજાનાર હોઈ ઉપર જણાવેલ પરીક્ષાના તમામ કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તા. ૭મી મે, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી ૪ (ચાર) કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહિં કે બોલાવવી નહિં અથવા સરઘસ કાઢવું નહિ.

INDEX

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહિં. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહિં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહિં. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજ-વસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઇ જવી નહી કે વહન કરવું નહિં કે કરાવવામાં મદદગારી કરવી નહિં.

(૩) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરની ત્રિજયામાં તા. ૭મી મે, ૨૦૧૫ ના રોજ સવારે ૦૮-૦૦ થી સાંજે ૧૭-૦૦ સુધી ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

(૧) લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ. ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઈડ વ્યક્તિઓને તેમજ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ અધિકારીશ્રીઓ.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ પોલીસ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

(૩) કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિનઅધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૪થી મે, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

રવિ કુમાર અરોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

કલેકટર દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) જમીન મહેસૂલ કાયદા, ૧૮૭૯ની કલમ-૧૨.

(૨) સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, લેન્ડ રેકર્ડઝ, આણંદના પત્ર નં. સીટીએસ/દબાણ/સત્તા સોંપણી/કલમ-૨૦૨/વશી-૨૭૦/૨૦૧૪, તા. ૫-૧૨-૨૦૧૪.

હુકમ

નંબર જમન/૩/વશી-૩૦૫૬/૨૦૧૫.–સને ૧૮૭૯ના મુંબઇના જમીન મહેસૂલ કાયદાની કલમ-૧૨ હેઠળ રાજ્ય સરકારે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીઓને વધારાના મામલતદાર તરીકે જાહેર કરેલા છે.

સીટી સર્વે વિસ્તારમાં દબાણ દૂર કરવા માટે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીએ મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૬૧ મુજબ દબાણ નક્કી કરીને દુર કરવાના થાય છે. દબાણદાર દબાણ દુર ન કરે ત્યારે મુંબઇ જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૨૦૨ મુજબ નોટીસ આપી દબાણ દુર કરવાનું થાય છે.

ગુજરાત મુંબઇ જમીન મહેસુલ નિયમો-૧૯૭૨ના વહીવટી હુકમ (૮) ને ધ્યાને લેતાં સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, ખંભાતની આ કલમ-૨૦૨ હેઠળની સત્તા પ્રાંત અધિકારીશ્રી ભોગવે છે. સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, લેન્ડ રેકર્ડઝ, આણંદે આમુખ (૧)ના પત્રથી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, ખંભાતને જ.મ.સં. ની કલમ-૨૦૨ હેઠળ સત્તા એનાયત કરવા જણાવેલ છે.

સદરહુ જમીન મહેસુલ કાયદાની કલમ-૧૨ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, ખંભાતને તેમના કાર્યક્ષેત્ર હેઠળના તમામ ગામોના સીટી સર્વે વિસ્તારો પૂરતા જમીન મહેસુલ કાયદાની નીચે જણાવેલી કલમ હેઠળની સત્તા સુપ્રત કરું છું.

જમીન મહેસુલ કાયદાની કલમ	સત્તાનો પ્રકાર
કલમ-૬૧ સાથે કલમ-૨૦૨ વાંચતા.	તમામ સત્તાઓ કલમ-૨૦૨ના છેલ્લા પેરાગ્રાફના ધરપકડ કે કેદ કરવાના અધિકાર સિવાય.

આણંદ, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
કલેકટર, આણંદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, (૧૯૫૧નો અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી//એમએજી/એસ.આર./૨૯/૨૦૧૫.–અમદાવાદ જિલ્લાના ધોલેરા પોલીસ સ્ટેશનની હદમાં ભડિયાદ ગામે આવેલ હજરત પીર મહેમુદશાહ બુખારી બાવાની દરગાહ ઉપર ઉર્સ (મેળો) ભરાનાર હોવાથી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રી એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧નો (અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૩જી મે, ૨૦૧૫ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબું અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકસાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની;

INDEX

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થો સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની, તૈયાર કરવાની;

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજાં વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેના પરિણામ રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની વગેરે અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી, ની હકુમત સિવાયનો અમદાવાદ (ગ્રામ્ય) નો વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ ૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદ અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર ડીસી/એમએજી/ભડીયાદ/એસ.આર.-૩૦/૨૦૧૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ધોલેરા પોલીસ સ્ટેશનની હદમાં ભડીયાદ ગામે આવેલ હજરત શહીદ પીર મહેમુદશાહ બુખારી બાવાની દરગાહ પર, તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૩જી મે, ૨૦૧૫ સુધી ઉર્સ (મેળો) ભરાનાર છે. આ ઉર્સમાં આજુબાજુના જિલ્લાઓમાંથી તથા પરપ્રાંતની મોટા પ્રમાણમાં જનમેદની પગપાળા મેદની અમદાવાદ શહેર જમાલપુરથી નીશાના સાથે તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ના કલાક ૧૪-૩૦ વાગે રવાના થઇ નિયત રૂટ મુજબ તા. ૨૯મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ભડીયાદ પહોંચનાર છે. તો આ મેદનીના રૂટ ઉપર કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમન જળવાઇ રહે તે હેતુથી નીચેની વિગતે રસ્તાઓ ઉપર વાહનની અવર-જવર ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. આથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, તે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) તા. ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ થી તા. ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ સુધી દસક્રોઇ તાલુકાના પીરાણાથી કલીકુંડ તરફ જતાં વાહનને એકતરફી માર્ગ (કલીકુંડ થી પીરાણા તરફ વાહન જઇ શકશે નહીં) તેમજ તા. ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ થી ૨૮મી એપ્રિલ, ૨૦૧૫ સુધી જવારજ થી ગુંદી સુધીના રસ્તાને એકતરફી માર્ગ (ગુંદીથી જવારજ તરફ વાહન જઇ શકશે નહીં) તરીકે જાહેર કરું છું.

(૨) તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૩જી મે, ૨૦૧૫ સુધી નીચેની વિગતે દર્શાવેલ રસ્તા ઉપર ભારે વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(એ) ધોલેરાથી ભડિયાદ, (બી) ધંધુકાથી ભડિયાદ, (સી) ફેદરાથી પચ્છમ થઇ ભડિયાદ જવાના રસ્તે, (ડી) ગુંદીથી ગાંફ જવાના રસ્તે, (ઇ) ભાવનગરથી ધોલેરા આવવાના રસ્તા ઉપર.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૩જી મે, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો અમલ કરવામાંથી એસ. ટી. બસો તથા સરકારી વાહનોને મુકિત આપવામાં આવે છે.

આજ તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૧૨૮ થી ૩૧૪૨/૨૦૧૫.—માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યનાંઓ તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫નાં રોજ નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં પધારનાર હોય, સદર કાર્યક્રમમાં તાપી, નવસારી, વલસાડ, ડાંગ-આહવા, સુરત ગ્રામ્ય વિગેરે જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં એસ. ટી. બસો દ્વારા જનમેદની આવનાર હોવાથી એસ. ટી. બસો નેત્રંગ થઇ રાજપીપલા આવનાર હોય, તેમજ રસ્તો

INDEX

ઢોળાવવાળો હોવાના કારણે જો ભારે વાહનોની અવર જવર રહે અને રસ્તામાં મિકેનીકલ ખામી સર્જાય તો ટ્રાફીક જામ થઇ આવનારી બસોને અડચણ ઉભી થવાની શકયતા હોય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અસર કરે તેમ હોવાથી મહારાષ્ટ્ર રાજયના નંદુરબાર તરફથી નેત્રંગ-રાજપીપલા થઇ વડોદરા તરફ આવતા ભારે વાહનો વાયા નેત્રંગ થઇ અંકલેશ્વર-ભરૂચ તરફ ડાયવર્ડ કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરું છું કે, તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ નાં ૦૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે મહારાષ્ટ્ર રાજ્યના નંદુરબાર તરફથી નેત્રંગ-રાજપીપલા થઇ વડોદરા તરફ આવતા ભારે વાહનોની અવર-જવર માટે બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) ભારે વાહનો નેત્રંગ થઇ અંકલેશ્વર-ભરૂચ થઇ વડોદરા તરફ જઇ શકશે.

આ જાહેરનામાં કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ ₹ ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૧૪૩ થી ૩૧૫૫/૨૦૧૫.—જૈન જાગૃતિ સેન્ટર, અંકલેશ્વર દ્વારા ‘જે. જે. સી. અંકલેશ્વર કલીનાથોન, ૨૦૧૫’ નું આયોજન ચાલશે અંકલેશ્વર અને કલીન સીટી-ગ્રીન સીટીનાં સુત્ર સાથે તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ નાં રોજ સવારે ૬-૩૦ કલાકથી ૯-૦૦ કલાક દરમ્યાન ઓ.એન.જી.સી. વર્કશોપથી શરૂ કરી ત્રણ રસ્તા સર્કલ, જીનવાલા સ્કુલ, નગરપાલિકા, ચૌટાનાકા, ભરૂચી નાકા અને પરષોત્તમ બાગ સુધી જઇ આજ માર્ગ પરત થઇ ઓ.એન.જી.સી. વર્કશોપ સુધી કરવામાં આવેલ છે. જેથી તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ નાં રોજ ઓ.એન.જી.સી. વર્કશોપથી ત્રણ રસ્તા સર્કલ, જીનવાલા સ્કુલ, નગર પાલિકા, ચૌટાનાકા, ભરૂચી નાકા, પરષોત્તમ બાગ સુધીનો ડિવાઇડરથી એક સાઇડનો રસ્તો જાહેર જનતાની સુવિધા માટે રસ્તો બંધ કરવા તેમજ એક સાઇડનો રસ્તો ચાલુ રાખવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરું છું કે, તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૧૫ નાં ૦૬-૦૦ કલાકથી ૦૯-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે અંકલેશ્વર શહેરના ઓ.એન.જી.સી. વર્કશોપથી ત્રણ રસ્તા સર્કલ, જીનવાલા સ્કુલ, નગર પાલિકા, ચૌટાનાકા, ભરૂચી નાકા, પરષોત્તમ બાગ સુધીના ડિવાઇડરથી એક સાઇડનો રસ્તો જાહેર જનાતાની સુવિધા માટે રસ્તો બંધ કરવા તેમજ એક સાઇડનો રસ્તો ચાલુ રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

આ જાહેરનામાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

ભરૂચ, તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૫.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૧૫૬ થી ૩૧૭૦/૨૦૧૫.—ભરૂચ મુકામે નર્મદા નદી ઉપર આવેલ જુના સરદાર બ્રિજની કમાનો ખરાબ થતા તેનું રીપેરીંગ કામ ચાલુ છે. જેના કારણે ભરૂચ ગોલ્ડન બ્રિજ પરથી હળવા વાહનો કે જે વડોદરાથી સુરત તરફ અને સુરત તરફથી વડોદરા તરફ પસાર થાય છે. જેમાં ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે. જેની સીધી અસર ભરૂચનાં આંતરિક વાહન વ્યવહારને પણ થાય છે. જેથી સદર ટ્રાફીકને હળવો કરવા માટે હંગામી ધોરણે વડોદરા તરફથી આવતા સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરું છું કે, તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૨૬મી મે, ૨૦૧૫ દરમ્યાન ૧૫-૦૦ કલાકથી ૨૧-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે ભરૂચ તરફથી અંકલેશ્વર તરફ જતા ફોર વ્હિલ વાહનો (એલ.એમ.વી. એમ્બ્યુલન્સ / સરકારી વાહનો સિવાય) ને ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) વડોદરા તરફથી અંકલેશ્વર / સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો નર્મદા ચોકડીથી ઝાડેશ્વર ચોકડી થઈને જુના સરદાર બ્રિજ ઉપરથી અંકલેશ્વર/સુરત તરફ જઇ શકશે.

(૨) ભરૂચ શહેરમાંથી અંકલેશ્વર / સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ઝાડેશ્વર ચોકડીથી જુના સરદાર બ્રિજ થઈને અંકલેશ્વર / સુરત તરફ જઇ શકશે.

આ જાહેરનામાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ ₹ ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૬૪૧ થી ૧૬૬૦/૨૦૧૫.—ગુજરાત પોલીસ અધિનિયમની કલમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં

INDEX

(જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૧૨મી મે, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

“ ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ”

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.
(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.
(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર ડીસીબી/એમએજી/બીપી એકટ-કલમ.૩૭(૧)/વશી ૪૨૯૧ થી ૪૩૨૫/રજી. નં. ૦૪/૨૦૧૫.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતી અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ‘‘મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું, મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ના સમય માટે કોઇપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ;
(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની;
(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;
(૪) કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની;
(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની;
(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;
(૭) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ (૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે, કામ કરતી વ્યકિતઓ કે જેને તેનો ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગરૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.
(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની સજા થશે.

આજ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

વંચાણમાં લીધું :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાનો તા. ૨૧-૦૪-૨૦૧૫નો પત્ર ક્રમાંક GUJCET/પરીક્ષા/૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી ૧૬૭૧ થી ૧૭૦૦/૨૦૧૫.–મહેસાણા જિલ્લામાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપર **ગુજકેટ-૨૦૧૫** ની પરીક્ષા તારીખ ૭મી મે, ૨૦૧૫ના રોજ લેવાનાર છે.

INDEX

આમુખ-(૧)ની જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણાની દરખાસ્ત ધ્યાને લેતાં મહેસાણા જિલ્લામાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપરથી **ગુજકેટ-૨૦૧૫** પરીક્ષા આગામી તા. ૭મી મે, ૨૦૧૫ના રોજ લેવાનાર છે. જે અંતર્ગત આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપર **ગુજકેટ-૨૦૧૫** પરીક્ષાનું સંચાલન શાંતિ અને સુમેળભર્યા વાતાવરણમાં થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતિ કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષામાં પરીક્ષા ખંડના નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણકાર્ય કરી શકે પરીક્ષા કાર્યમાં અશાંત પરિસ્થિતિઉભી થાય નહીં અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે સારૂ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોના પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો મીટર) ના વિસ્તારમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે તેવો તેઓનો અભિપ્રાય છે.

વાસ્તે, હું, રમેશ મેરજા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે, **ગુજકેટ-૨૦૧૫** પરીક્ષા આગામી તા. ૭મી મે, ૨૦૧૫ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૩૦ કલાક સુધી આ પરીક્ષા માટેના આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રો અને તેના સામેના દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુ ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહીં અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી કરવી નહીં તથા પરીક્ષા કેન્દ્રના કમ્પાઉન્ડના મુખ્ય પ્રવેશ દ્વારથી અંદરના ભાગમાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતએ ઈલેકટ્રોનીક આઈટમો જેવી કે મોબાઈલ કે ફોન કે પેજર લઈ જવો નહીં તેમજ પરીક્ષા કેન્દ્રની હદથી ૨૦૦ મીટરના એરિયામાં પરીક્ષા સમય પહેલાંથી પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોપીયર (ઝેરોક્ષ) મશીનના ધારકો તેમના કોપીયર (ઝેરોક્ષ) મશીન બંધ રાખવા તથા પરીક્ષા વ્યવસ્થામાં વપરાતાં વાહનો પર On Exam Duty લખવા હુકમ કરૂં છું.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) **ગુજકેટ-૨૦૧૫ની** પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ.
(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં સરકારશ્રી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીશ્રીઓને.
(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રીને.
(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આગામી તા. ૭મી મે, ૨૦૧૫ના રોજ યોજાનાર ગુજકેટ-૨૦૧૫ના પરીક્ષા કેન્દ્રની યાદી

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	બ્લોકની સંખ્યા
1	પરા માધ્યમિક શાળા, મહેસાણા, યુનિટ-૧.	15
2	ધી ન્યુ પ્રોગ્રેસીવ કર્વે હાઈસ્કુલ, મહેસાણા.	15
3	અર્બન બેંક ગર્લ્સ વિદ્યાલય મોઢેરા હાઇ-વે, મહેસાણા.	15
4	મહેસાણા અર્બન વિદ્યાલય, મોઢેરા હાઇ-વે, મહેસાણા, યુ-૧.	15
5	મહેસાણા અર્બન વિદ્યાલય, મોઢેરા હાઇ-વે, મહેસાણા, યુ-૨.	15
6	વર્ધમાન હાયર સેકન્ડરી સ્કુલ, મહેસાણા.	15
7	ટી. જે. હાઈસ્કુલ, મહેસાણા.	10
8	એસ.વી. શાહ વિદ્યાવિહાર મહેસાણા.	10
9	શ્રી એસ. જી. શુકલ કન્યા વિદ્યાલય, મહેસાણા.	10
10	પરા માધ્યમિક શાળા, મહેસાણા યુનિટ-૨.	12
11	જે. એમ. ચૌધરી સાર્વ. વિદ્યાલય, મહેસાણા.	15
12	વિવેકાનંદ એકસપરીમેન્ટલ હાઈસ્કુલ, મહેસાણા	2

આજ તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપેલ છે.

રમેશ મેરજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયેનો.

નંબર પલસ/મજસ/વશી/૮૩૪ થી ૮૪૫/૨૦૧૫.—સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ, જુથ-૧, વડોદરાએ તેઓના તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ ના પત્ર ક્રમાંક : સીબી-૪/ફા. બટ/જાહેરનામું/૨૪૩૫/૨૦૧૫થી પાવાગઢ ફાયરીંગ રેન્જ મીલેટ્રી એન.સી.સી. એરફોર્સ, એસ.આર.પી. યુનિટ તથા જિલ્લાના પોલીસની ફાયરીંગ પ્રેકટીસ લેવામાં આવે છે. આ ફાયરીંગ બટનો ઉપયોગ વડોદરા ઉપરાંત અમદાવાદ, આણંદ, નડીયાદ, ભરૂચ, ગોધરા વિગેરે જિલ્લામાં પોલીસ જવાનો એસ.આર.પી. જવાનો પણ ફાયરીંગ પ્રેકટીસ કરે છે. જેથી આ પ્રેકટીસ તારીખ ૧લી મે, ૨૦૧૫ થી તારીખ ૩૦મી જુન, ૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીના આગામી સમયનું પાવાગઢ ફાયરીંગ રેન્જ માટેનું જાહેર જનતા જોગનું જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) પ્રમાણે બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તારીખ ૪થી મે, ૨૦૧૫ થી તારીખ ૩૦મી જુન, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત) સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧, વડોદરાના યુનિટો માટે તથા રાજ્યના અન્ય પોલીસ દળો તથા

INDEX

મીલેટ્રી, એસ.સી.સી. એરફોર્સ, એસ.આર.પી. યુનિટો માટે ફાયરીંગ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનમાં ઉકત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહિં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨જી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

ડૉ. એમ. કે. પાટડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૭(૧)(૨)(૩) અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૧૮૭૮ થી ૧૮૯૩/ ૨૦૧૫.– આગામી તારીખ ૧લી મે, ૨૦૧૫ના રોજ ગૌરવ દિન-ગુજરાત સ્થાપના દિનના રાજ્ય કક્ષાના કાર્યક્રમની ઉજવણી અત્રેના જિલ્લામાં થનાર છે. સદરહુ કાર્યક્રમની ઉજવણી ખૂબ જ શાંતિભર્યા વાતાવરણમાં થાય ત્યારબાદ પણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય અને જાહેર સુલેહ શાંતિ તથા સલામતી જળવાય તે સારૂ કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

ઉપરોકત હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ની પેટા કલમ (૧), (૨), (૩) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા આથી ફરમાવું છું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપીની હકુમત હેઠળના સમગ્ર જિલ્લામાં તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૨૬મી જુન, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી;

(૪) ધાર્મિક સ્થળોએ લોકોની લાગણીઓ દુભાય તેવુ કૃત્ય કરવું નહી. તેમજ પ્લાસ્ટીકની કોથળીઓમાં કોઈ પદાર્થ કે પાણી ભરીને ધાર્મિક સ્થળોએ ફેંકવા નહીં;

(૫) કોઈ રાહદારીઓ કે અન્ય ધર્મના લોકોની લાગણીઓ દુભાય તેવુ કૃત્ય કરવું નહીં;

(૬) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી;

(૭) જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી;

(૮) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી.

(૯) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય જાહેરસભા અથવા સરઘસનું આયોજન કરવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ/વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, તથા જિલ્લા પોલીસ વડાશ્રી, અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરિક અશક્તિને કારણે લાકડી, લાઠી, લઈ જવાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ/વ્યક્તિઓ.

(૩) સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને લગતાં કાર્યક્રમોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ ના ૨૨મા) અધિનિયમની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

હંગામી જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૩(૧)(બી) અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૨૧૨૪ થી ૨૧૪૦/૨૦૧૫.–ચીફ ઓફિસરશ્રી નગર પાલિકા વ્યારાના પત્ર નં. ૨૦૪૦/૦૯/૧૦, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૦માં જણાવ્યા મુજબ વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ–સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં આખો દિવસ દરમ્યાન વધુ પ્રમાણમાં ટ્રાફિક રહે છે. પીક અવર્સના સમય દરમ્યાન ટ્રાફિકની ઘણી મુશ્કેલી પડે છે. વધુમાં આ સમય દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં માલ વાહક ભારેવાહનોના પ્રવેશ થવાથી ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બને છે. પરિણામે જાહેર જનતાને અવર જવર કરવામાં પણ હાડમારી વેઠવી પડે છે. જાહેરહિતમાં આ સમસ્યાનું નિવારણ કરવું જરૂરી જણાય છે. આ બાબતે પોલીસ અધિક્ષકશ્રી, તાપી મારફત તપાસ કરાવી અભિપ્રાય મેળવતા તેઓશ્રીએ પણ આ બાબતને પુરતુ સમર્થન આપેલ છે. જેથી વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ–સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને અવર જવર કરવામાં કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે ઉપરોક્ત વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ કંપનીના તેમજ વેપાર માટેના માલવાહતુક ભારે વાહનો માટે પ્રવેશબંધી કરવી યોગ્ય જણાતી હોય ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબનું જાહેરનામું અત્રેથી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ બહાર પાડવામાં આવેલ. જેની

INDEX

મુદત પૂર્ણ થયેલ હોય મને મળેલ સત્તાની રૂએ, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા ઉપર જણાવ્યા મુજબના વિસ્તારોમાં નીચેની વિગતે ટ્રાન્સપોર્ટના ભારે માલવાહતુક વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય મોટા વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી.

(૨) જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં દરરોજ સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન માલવાહતુક, ટ્રાન્સપોર્ટના ભારે મોટા વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય ભારે અને મોટા વાહનોના પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી.૨૦૭૩ થી ૨૦૯૭/૨૦૧૫.– હાલનાં પ્રવર્તમાન સંજોગો તેમજ ભૂતકાળના બનાવો ધ્યાને લેતાં તાપી જિલ્લામાં બહારના રાજ્યમાંથી તથા દેશ બહારથી આતંકવાદી અને સમાજ વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. તાપી જિલ્લામાંથી સુરત-ધુલીયા નેશનલ હાઈવે પસાર થાય છે. જેની ઉપર હોટલો/ઢાબા આવેલ છે. આવી સમાજ વિરોધી પ્રવૃત્તિ કરીને ત્યાં ગુનેગાર રોકાઈ શકે છે. આવા ભાગતા ગુનેગાર નજીકમાં પેટ્રોલ પંપ ઉપર ઈંધણ પુરાવવા ઉભા રહી શકે છે. વિશેષમાં હાઈવે ઉપર ટોલનાકામાંથી ભાગેડુએ પસાર થવાની જરૂરીયાત રહે છે. જેથી માનવ જિંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલમિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો તેમજ તમામ પેટ્રોલ પંપો હાઈવે પરનાં ટોલનાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટ વિગેરે જગ્યાઓ ઉપર આવા બનાવો ભૂતકાળમાં બનવા પામેલ છે. જેના પરિણામે લોકોની સલામતી સાચવવી તેમજ જાન માલને થતું નુકશાન અટકાવવું ખુબ જ જરૂરી છે. આથી ઉપરોકત દર્શાવેલ સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા મૂકવા માટે પોલીસ અધિક્ષકશ્રી, તાપી દ્વારા દરખાસ્ત મોકલવામાં આવેલ છે. જે નિગાહે લેતાં સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી જણાય છે.

તાપી જિલ્લાના મુખ્ય મથકે તેમજ તાલુકા મથકો પર આવેલ તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો તેમજ તમામ પેટ્રોલ પંપો વિગેરે જગ્યાઓ ઉપર આવા બનાવો બનતા અટકાવવા કેટલાક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વ્યારા, જિ. તાપી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, તાપી જિલ્લાનાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ ATM સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, તેમજ તમામ પેટ્રોલ પંપો તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, હાઈવે પરનાં ટોલનાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટના માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમનાં ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સિક્યુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાનાં રહેશે. તથા પ્રવેશ દ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યા તથા જાહેર પ્રચાર માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેંજના નાઈટ વિઝનવાળા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાનાં રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા લગાવવા તથા સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ મકાનનો ઉપયોગ શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઇ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઇ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શન કાઉન્ટર, લોબી બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તારીખ ૩જી મે, ૨૦૧૫ (કલાક ૦૦-૦૦) થી તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ (કલાક ૨૪-૦૦) સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૨જી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/જાહેરનામું/વશી-૨૦૯૮ થી ૨૧૨૩/૨૦૧૫.– સમાજમાં ધ્યાને આવતાં વિદ્યાર્થીનીઓ ઉપરના સામૂહિક બળાત્કારના કિસ્સા અત્યંત ગંભીર ગણી શકાય. સુરત શહેરમાં તારીખ ૧૨મી જૂન, ૨૦૦૯ના રોજ વિદ્યાર્થીની ઉપર થયેલ સામુહિક બળાત્કારનો કિસ્સો તથા અન્ય જિલ્લાઓમાં પણ થતા આવા ગુનાઓને ધ્યાને લેતા અત્રેના જિલ્લામાં પણ આવા બનાવો બનવાની શક્યતા રહેલી છે. શહેરી વિસ્તારોમાં ટ્યુશનનાં કલાસીસો વહેલી સવારથી મોડી રાત્રી સુધી ચાલુ રાખવામાં આવે છે. પરિણામે વિદ્યાર્થીઓને વહેલા-મોડાં અભ્યાસ અર્થે આવનજાવન કરવું પડે છે. વિદ્યાર્થીનીઓ પણ આવા ટ્યુશન કલાસીસોમાં વહેલાં-મોડા એકલી આવન જાવન કરતી હોય છે. જેનાં પરિણામે કેટલાંક અસામાજીક તત્ત્વો એકલતાનો લાભ લઈ ગેરકાયદેસર કૃત્યો કરતા હોય છે. જેને કારણે બળાત્કાર, છેડતી જેવા કિસ્સાઓ બનવાની શક્યતા રહેલ છે. તેમજ વિદ્યાર્થીઓના જાનને જોખમ રહે છે. આ બાબતે તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ અત્રેથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ જેની મુદત પૂર્ણ થયેલ છે. તાજેતરની પરિસ્થિતી જોતાં વહેલી સવારે અને મોડી સાંજ સુધી ચાલતા ટ્યુશન કલાસીસોનાં સમયમાં ફેરફાર કરવો અનિવાર્ય જણાય છે.

વાસ્તે હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ તાપી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) તાપી જિલ્લા વિસ્તારમાં કોઇ પણ મથકોએ સવારે ૭-૦૦ કલાક પહેલા તથા સાંજે ૭-૦૦ કલાક બાદ કોઇ પણ ટ્યુશન કલાસીસો ચાલુ રાખી શકાશે નહી કે વિદ્યાર્થીઓને ટ્યુશન કલાસીસોમાં અભ્યાસ અર્થે બોલાવી શકાશે નહી.

(૨) ટ્યુશન કલાસીસોની આજુબાજુ ૨૦૦ મીટર સુધી ૪ (ચાર) કે તેથી વધુ વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહી.

(૩) શાળા-કોલેજોનાં કમ્પાઉન્ડમાં ૨૦૦ મીટર સુધી શાળા કોલેજોના વિદ્યાર્થીઓ સિવાય અન્ય ત્રાહિત વ્યક્તિઓ એકત્રીત થઇ શકશે નહી.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાર્યવાહી કરવામાં આવશે. ગુનો સાબિત થયે એક માસની કેદ અથવા ₹ ૨૦૦/-નો દંડ અથવા બંને સજા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાંની તારીખથી તારીખ ૧લી જુલાઈ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨જી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/જાહેરનામું/વશી ૨૨૨૫ થી ૨૨૫૨/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને તાજેતરમાં બનેલા કેટલાક ગંભીર બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા તમામ ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટ (કોમર્શીયલ કોમ્પલેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃત્તિ કરે છે, જેથી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતિમાં જોખમ ઉભું કરે છે.

બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલિકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ તાપી-વ્યારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) તાપી જિલ્લામાં કોઈ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે. તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો/સંચાલકોએ માહિતી તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીને દિન-૭માં આપવાની રહેશે.

(૨) તાપી જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ જે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો/સંચાલકોએ જે તે વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીને દિન-૭માં આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ. નં.	મકાન/જગ્યા/ દુકાન માલિકનું સરનામું ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/જગ્યા/દુકાન ઓફિસની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ	મકાન/ જગ્યા/ દુકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન/જગ્યા/ દુકાન જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ અને ભાડાની રકમ	જે વ્યક્તિને		ભાડે આપેલ છે તેમના મુળ વતનનું સંપુર્ણ સરનામું, તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ/ સરનામા ટેલીફોન મોબાઈલ નંબર સહીત	મકાન/જગ્યા/ દુકાનના માલિક/ સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું પુરૂ નામ/સરનામું/ ટેલીફોન/ મોબાઈલ નંબર સહીત	મકાન/જગ્યા/ દુકાન ભાડે આપેલ છે. તે લીવ લાઈસન્સ કરારથી આપેલ છે કે કેમ ? તેની વિગત
				ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું (ફોટા સાથે) ટેલીફોન મોબાઈલ નંબર	ભાડે લેવાનો હેતુ (જે ધંધાર્થે હોય તે) શાનો ધંધો ?			
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમ તારીખ ૩જી મે, ૨૦૧૫ થી તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ સુધી બંને દિવસો સહિત ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અર્જુનસિંહ બી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
તાપી-વ્યારા.

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમએજી/કે.એ.પી.પી./સભા સરઘસ/વશી/૨૦૧૫.-કાકરાપાર અણુમથક અસરગ્રસ્ત વિસ્તારની મહિલાઓએ આપેલ આવેદનપત્ર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ માંડવીનો તા. ૧૫મી એપ્રિલ, ૨૦૧૫નો પત્ર, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, માંડવીનો તા. ૧૫ મી એપ્રિલ, ૨૦૧૫નો પત્ર વંચાણે લેતાં કાકરાપાર અણુમથકના અસરગ્રસ્ત વિસ્તારની મહિલાઓની માંગણી કાકરાપાર અણુવિદ્યુત મથકના સંચાલકશ્રીઓ તરફથી ન સંતોષાતા તા. ૧૦મી એપ્રિલ ૨૦૧૫ના રોજથી એલ. એન્ડ ટી. લેબર કોલોનીના ગેટ પાસે બેસી આંદોલન કરેલ છે. જેથી કાકરાપાર પરમાણું વીજળી મથકનું નિયમિત સંચાલન ખોરવાય તેમ છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

વાસ્તે હું, શ્રી વાય. બી. ઝાલા, ઇ. ચા. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, માંડવી, જિ. સુરત ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ મોટીચેર, તા. માંડવી, જી. સુરત ગામે આવેલ કાકરાપાર અણુમથક વિસ્તાર, કાકરાપાર અણુમથક એલ એન્ડ ટી ગેટ તથા મોટીચેર નવી વસાહત, દાદરી ફળિયા સહિત સમગ્ર મોટીચેર, તા. માંડવી જીલ્લો સુરતના ગ્રામ્ય વિસ્તાર માટે ફરમાવું છું કે,

(ક) કોઇપણ વ્યક્તિ/વ્યક્તિઓએ તા. ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ૦૦.૦૦ કલાકથી તા.૩૦મી એપ્રિલ, ૨૦૧૫, ૨૪.૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા, કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને,

(૨) ફરજ પર હાજર હોય તેવા ગૃહ રક્ષક દળની વ્યક્તિને,

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને,

(૪) સંબંધીત મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરફથી પોલીસ અભિપ્રાય મેળવી ખાસ કિસ્સામાં મંજુરી આપવામાં આવેલ હોય.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ગણાશે.

આજ રોજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા સિક્કો મારી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

વાય. બી. ઝાલા,
ઇ.ચા. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઊર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ, ના આધારે)

માહે જાન્યુઆરી - ૧, ૮, ૧૫, ૨૨ તથા ૨૯, ફેબ્રુઆરી - ૫, ૧૨, ૧૯ તથા ૨૬, માર્ચ - ૫, ૧૨, ૧૯ તથા ૨૬, એપ્રિલ - ૨, ૯, ૧૬, ૨૩ તથા ૩૦, તેમજ મે - ૧, ૮ ૨૦૧૫ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના **અસાધારણ રાજ્યપત્રો** પ્રસિદ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્ર		હોદ્દો	સ્થળ
	ક્રમાંક	તારીખ		
૧	૨	૩	૪	૫
		જાન્યુઆરી-૨૦૧૫		
૧	૧	૦૧-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	વલસાડ
૨	૨	૦૨-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા, નડિયાદ
૩	૩	૦૩-૦૧-૨૦૧૫	ઈ/ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા, નડિયાદ
૪	૪	૦૩-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૫	૫	૦૫-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૬	૬	૦૫-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૭	૭	૦૫-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૮	૮	૦૫-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૯	૯	૦૫-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૧૦	૧૦	૦૫-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૧૧	૧૧	૦૭-૦૧-૨૦૧૫	કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૧૨	૧૨	૦૭-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પંચમહાલ-ગોધરા.
૧૩	૧૩	૦૮-૦૧-૨૦૧૫	ઈ/ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૧૪	૧૪	૦૮-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૧૫	૧૫	૦૮-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૧૬	૧૬	૦૮-૦૧-૨૦૧૫	District Magistrate	Surat
૧૭	૧૭	૦૯-૦૧-૨૦૧૫	District Magistrate	Surat
૧૮	૧૮	૦૯-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૧૯	૧૯	૧૨-૦૧-૨૦૧૫	District Magistrate	Surat
૨૦	૨૦	૧૨-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૨૧	૨૧	૧૨-૦૧-૨૦૧૫	કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૨૨	૨૨	૧૩-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ

INDEX

૧	૨	૩	૪	૫
૨૩	૨૩	૧૬-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ભરૂચ
૨૪	૨૪	૧૬-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૨૫	૨૫	૧૭-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૨૬	૨૬	૧૯-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૨૭	૨૭	૧૯-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૨૮	૨૮	૧૯-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૨૯	૨૯	૨૦-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૩૦	૩૦	૨૦-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	વડોદરા
૩૧	૩૧	૨૭-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ગાંધીનગર
૩૨	૩૨	૨૭-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૩૩	૩૩	૨૭-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૩૪	૩૪	૨૮-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૩૫	૩૫	૩૦-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૩૬	૩૬	૩૧-૦૧-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૩૭	૩૭	૩૧-૦૧-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નવસારી
ફેબ્રુઆરી-૨૦૧૫				
૩૮	૩૮	૦૩-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નર્મદા-રાજપીપલા
૩૯	૩૯	૦૩-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૪૦	૪૦	૦૩-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	નર્મદા-રાજપીપલા
૪૧	૪૧	૦૩-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૪૨	૪૨	૦૪-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	વડોદરા
૪૩	૪૩	૦૪-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	છોટાઉદેપુર
૪૪	૪૪	૦૫-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૪૫	૪૫	૦૯-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૪૬	૪૬	૦૯-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૪૭	૪૭	૦૯-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૪૮	૪૮	૧૦-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૪૯	૪૯	૧૦-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૫૦	૫૦	૧૨-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૫૧	૫૧	૧૩-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા

૧	૨	૩	૪	૫
૫૨	૫૨	૧૩-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૫૩	૫૩	૧૩-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૫૪	૫૪	૧૬-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૫૫	૫૫	૧૬-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૫૬	૫૬	૧૬-૦૨-૨૦૧૫	પોલીસ કમિશનર	વડોદરા શહેર
૫૭	૫૭	૧૮-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૫૮	૫૮	૧૯-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૫૯	૫૯	૨૦-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૬૦	૬૦	૨૧-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૬૧	૬૧	૨૩-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	તાપી-વ્યારા
૬૨	૬૨	૨૫-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૬૩	૬૩	૨૫-૦૨-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૬૪	૬૪	૨૬-૦૨-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અમદાવાદ
માર્ચ-૨૦૧૫				
૬૫	૬૫	૦૨-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૬૬	૬૬	૦૨-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૬૭	૬૭	૦૨-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૬૮	૬૮	૦૨-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૬૯	૬૯	૦૨-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૭૦	૭૦	૦૩-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૭૧	૭૧	૦૩-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	વડોદરા
૭૨	૭૨	૦૩-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૭૩	૭૩	૦૪-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૭૪	૭૪	૦૪-૦૩-૨૦૧૫	ઈ/ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૭૫	૭૫	૦૪-૦૩-૨૦૧૫	ઈ/ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અમદાવાદ
૭૬	૭૬	૦૫-૦૩-૨૦૧૫	ઈ/ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૭૭	૭૭	૦૭-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	વડોદરા
૭૮	૭૮	૦૯-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	પંચમહાલ-ગોધરા
૭૯	૭૯	૦૯-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૮૦	૮૦	૦૯-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ

INDEX

૧	૨	૩	૪	૫
૮૧	૮૧	૦૯-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકંઠા-પાલનપુર
૮૨	૮૨	૦૯-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૮૩	૮૩	૦૯-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૮૪	૮૪	૦૯-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	નર્મદા-રાજપીપલા
૮૫	૮૫	૦૯-૦૩-૨૦૧૫	કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૮૬	૮૬	૧૧-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૮૭	૮૭	૧૨-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૮૮	૮૮	૧૨-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૮૯	૮૯	૧૩-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૯૦	૯૦	૦૯-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૯૧	૯૧	૧૬-૦૩-૨૦૧૫	કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૯૨	૯૨	૧૬-૦૩-૨૦૧૫	ઈ/ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૯૩	૯૩	૧૮-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	નર્મદા-રાજપીપલા
૯૪	૯૪	૧૮-૦૩-૨૦૧૫	કલેક્ટર	દાહોદ
૯૫	૯૫	૧૮-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૯૬	૯૬	૧૯-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૯૭	૯૭	૨૩-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૯૮	૯૮	૨૩-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૯૯	૯૯	૨૩-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૧૦૦	૧૦૦	૨૩-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૧૦૧	૧૦૧	૨૩-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહીસાગર-લુણાવાડા
૧૦૨	૧૦૨	૨૪-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નર્મદા-રાજપીપલા
૧૦૩	૧૦૩	૨૫-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૧૦૪	૧૦૪	૩૦-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૧૦૫	૧૦૫	૩૦-૦૩-૨૦૧૫	ઈ/ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૧૦૬	૧૦૬	૩૦-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૧૦૭	૧૦૭	૩૦-૦૩-૨૦૧૫	ઈ/ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૧૦૮	૧૦૮	૩૦-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૧૦૯	૧૦૯	૩૧-૦૩-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	વડોદરા
૧૧૦	૧૧૦	૩૧-૦૩-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ

INDEX

એપ્રિલ-૨૦૧૫				
૧	૨	૩	૪	૫
૧૧૧	૧૧૧	૦૧-૦૪-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નવસારી
૧૧૨	૧૧૨	૦૬-૦૪-૨૦૧૫	કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૧૧૩	૧૧૩	૦૬-૦૪-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૧૧૪	૧૧૪	૦૬-૦૪-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નવસારી
૧૧૫	૧૧૫	૦૭-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૧૧૬	૧૧૬	૦૯-૦૪-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૧૧૭	૧૧૭	૦૯-૦૪-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૧૧૮	૧૧૮	૦૯-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૧૧૯	૧૧૯	૦૯-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અમદાવાદ
૧૨૦	૧૨૦	૧૦-૦૪-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નર્મદા-રાજપીપલા
૧૨૧	૧૨૧	૧૦-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૧૨૨	૧૨૨	૨૧-૦૪-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નર્મદા-રાજપીપલા
૧૨૩	૧૨૩	૨૧-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૧૨૪	૧૨૪	૨૧-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહીસાગર-લુણાવાડા
૧૨૫	૧૨૫	૨૨-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૧૨૬	૧૨૬	૨૭-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૧૨૭	૧૨૭	૨૮-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૧૨૮	૧૨૮	૨૮-૦૪-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
મે-૨૦૧૫				
૧૨૯	૧૨૯	૧-૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૧૩૦	૧૩૦	૫-૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૧૩૧	૧૩૧	૫-૫-૨૦૧૫	પોલીસ કમિશનર	સુરત શહેર
૧૩૨	૧૩૨	૫-૫-૨૦૧૫	કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૧૩૩	૧૩૩	૫-૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૧૩૪	૧૩૪	૫-૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	વલસાડ
૧૩૫	૧૩૫	૫-૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૧૩૬	૧૩૬	૫-૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૧૩૭	૧૩૭	૫-૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નમર્દા-રાજપીપલા
૧૩૮	૧૩૮	૭-૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નંબર : ડી.એન.જી./સે.દુ. ૩૮૦૪૩/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મ. સ. ચીખલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ ચીખલી, તાલુકો સુબીર, જિલ્લા ડાંગને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

આહવા, તારીખ ૧૦મી માર્ચ, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આહવા-ડાંગ.

નંબર : નધણ/બીઆરસી/ઘ-૨૪૯૩૧/૨૦૧૫.– આથી જાહેર કરીએ છે કે, રિધ્ધિ રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચને.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૧૧મી માર્ચ, ૨૦૧૫.

નંબર : નધણ/બીઆરસી/ઘ-૨૪૯૦૦/૨૦૧૫.– આથી જાહેર કરીએ છે કે, શિવધારા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચને.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૧૧મી માર્ચ, ૨૦૧૫.

એન. કે. ભાભોર
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
ભરૂચ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક : નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૭૩/૨૦૧૫.– આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી પંથોડા દૂધ ઉત્પાદક મહિલા સહકારી મંડળી લી., મુ. પંથોડા, તા. કડી, જિ. મહેસાણા કાર્યક્ષેત્ર - પંથોડા ગામ પૂરતું મર્યાદિત.

સને ૧૯૬૧ ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :-

(૧) સોખડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સોખડા, તા. ખંભાત, જિ. આણંદને કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવા અંગેની ફડચા અધિકારીશ્રીની તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫ની દરખાસ્ત.

(૨) અત્રેનો ફડચાનો આખરી હુકમ : ફડચ/૦૧/ખ-૧/૨૦૦/૧૪, તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૧૪.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦.

(૪) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ખ-૧/૫૪/૨૦૧૫.– સોખડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સોખડા, તા. ખંભાત, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. સે-૨૮૪૨૯, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬ થી નોંધાયેલ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી છે. આમુખ-૧ મુજબ મંડળીના ફડચા અધિકારીશ્રીએ તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫ના પત્રથી નોંધણી રદની દરખાસ્ત અત્રે કરેલ છે. આમુખ-૨ મુજબ અત્રેની કચેરીએથી મંડળીને ફડચામાં લઈ જતો આખરી હુકમ કરેલ છે. તથા ફડચા અધિકારીશ્રીએ તારીખ ૪થી જુલાઈ, ૨૦૧૪ના રોજ ચાર્જ સંભાળેલ હતો. ફડચા અધિકારીના જણાવ્યા અનુસાર મંડળીનું તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી અંતિમ ઓડીટ થયેલ છે. સામેલ અંતિમ ઓડીટ નોંધ મુજબ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજનું સરવૈયું શૂન્ય છે. જેથી મંડળીને સહકારી કાયદા કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનું ઉચિત લાગતાં વંચાણે લીધેલ આમુખ-૩ની જોગવાઈઓ હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ, મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ, સોખડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સોખડા, તા. ખંભાત, જિ. આણંદ, નોંધણી નં. સે-૨૮૪૨૯, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬ની નોંધણી રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે, એમ ગણાશે.

આણંદ, તારીખ ૧૧મી માર્ચ, ૨૦૧૫.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વાંચનમાં લીધું :–

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ, બારડોલીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૧નો વહીવટી ખાસ અહેવાલ.

INDEX

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩), સુરતની તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ની દરખાસ્ત.

(૩) મંડળીના પ્રમુખશ્રી નિતીનકુમાર નટવરલાલ દલાલે રજૂ કરેલ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૧ના પત્રથી ખરીદવા માટે નક્કી કરેલ જમીનના સાટાખત રદ કરેલાની નકલ તથા સભાસદોનો ફડચામાં લઈ જવાનો સંમતિદર્શક જવાબ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૧૧૩/૧૮૯૮૨/૬૧૦/૨૦૧૫.– સ્વાગત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. પાલ, તા. ચોર્યાસી (સીટી), જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક : ધ.૨૦૫૧૭, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪ છે. સદર મંડળીને સબ ઓડીટર, સહકારી મંડળીઓ, બારડોલીના તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૧ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૨ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૨૦૨/૨૦૧૨થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા ન.-૩ની નિમણૂક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૨ના હુકમ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૩૨૬/૨૦૧૨ થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ સંભાળી લીધેલ ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાના નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શૂન્ય કરી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨), તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના જા.નં. ફડચ/ઉખસ/૦૩/૪/૨૦૧૫ થી દરખાસ્ત રજૂ કરેલ છે.

મંડળી દ્વારા મંડળીના માજી પ્રમુખશ્રી, નિતીનકુમાર નટવરલાલ દલાલે તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૧ના પત્રથી પેટા કાયદાની નકલ, છેવટના ઓડિટ રિપોર્ટની નકલ, માર્ચ-૨૦૦૯ તથા ૨૦૧૦ની હિસાબી પત્રકો, ખરીદવા માટે નક્કી કરેલ જમીનના સાટાખત રદ કરેલાના નકલ તથા સભાસદોનો ફડચામાં લઈ જવાનો સંમતિદર્શક જવાબ.

સદર મંડળીની નોંધણી, નોંધણી નંબર : ધ-૨૦૫૧૭, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪ થી મોજે મગોબ સર્વે નં.-૬૯, બ્લોક નં.-૯૭, ટી.પી. ૫૩, (મગોબ-ડુંભાલ) લાગુ પડતા ફાઈનલ પ્લોટ નં.-૩૫ ઉપર નોંધવામાં આવેલ હતી. સદર જમીન મેળવવામાં મંડળી નિષ્ફળ ગયેલ છે, એમ મંડળીના પ્રયોજકોએ સામૂહિક નિવેદનમાં જણાવેલ છે.

ત્યારબાદ મંડળીએ સદર જમીનનાં બદલે પાલ મુકામે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સુરતના પત્ર ક્રમાંક : નધણ/૦૧/ઝ/૨૯૧/૨૦૦૫, તારીખ ૨૪મી જૂન, ૨૦૦૫ થી રે. સર્વે નં.-૨૭૦/૧+૨, ટી.પી. સ્કીમ નં.-૧૦ (પાલ), ફાઈનલ પ્લોટ નં.-૧૩૫ તથા ૧૪૫ કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૧૬૯૦ ચો.મી.વાળી જમીનમાં ૩૫૦ યુનીટના બાંધકામ માટે જમીન ખરીદવા મંજૂરી આપેલ છે. પરંતુ, સદર જમીન મેળવવામાં પણ મંડળી નિષ્ફળ ગયેલ હોય, એવું મુખ્ય પ્રયોજકોએ નિવેદનમાં જણાવેલ છે. સદર જમીન પેટે ચૂકવેલ સાટાખતની રકમ ₹ ૨,૦૦,૦૦૦/- મંડળીને તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૮ના રોજ પરત મળેલ છે. જે મંડળીએ તેનાં મુખ્ય પ્રયોજકો (સભ્યો)ને પરત કરેલ છે.

આમ, સદર મંડળી તેનાં નોંધાયેલા પેટાનિયમોના ઉદ્દેશો મુજબના કાર્યો કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મંડળીએ તેની વ્યવસ્થાપક કમિટિની કે સાધારણ સભાની બેઠકો મેળવેલ ન હોય, ગત ઓડીટ નોંધની દુરસ્તી પણ કરેલ ન હોય, મંડળીના સભ્યો કે હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ કે ઉત્સાહ ન હોય,

ફડચા અધિકારીએ મંડળીના મુખ્ય ઉદ્દેશ મુજબ હવે મંડળી કામ કરી શકે તેમ ન હોય, મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ મેળવી, ઠરાવ નં.-૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહુ સ્વાગત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. પાલ, તા. ચોર્યાસી (સીટી), જિ. સુરત કે જેનો નોંધણી નંબર-ધ.૨૦૫૧૭, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસિબ જણાય છે. જેથી, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધિન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર સ્વાગત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. પાલ, તા. ચોર્યાસી (સીટી), જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે, જેનો નોંધણી નંબર-ધ.૨૦૫૧૭, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કામરેજનો તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૭નો ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, (ફડચા-૩), સુરતની તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

INDEX

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૧૧૨/૧૮૯૮૧/૬૧૫/૨૦૧૫.– જય રાધેશ્યામ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. સુલતાનાબાદ, તા. ચોર્યાસી, જિ. સુરતએ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ.-૧૨૨૨૧, તારીખ ૫મી મે, ૧૯૯૭ છે. સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કામરેજે તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૭ થી ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ કરેલ જે અન્વયે અત્રેની કચેરીના તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૧ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૧૭૩/૨૦૧૧ થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા નં.-૩ની નિમણૂક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૨ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૩૪૫/૨૦૧૨ થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૭મી મે, ૨૦૧૩ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાના નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય કરી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨), તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના જા.નં. ફડચ/ઉખસ/૦૩/૫૭/૨૦૧૫ થી દરખાસ્ત રજૂ કરેલ છે.

સદર મંડળીની નોંધણી, નોંધણી નંબર : ઘ-૧૨૨૨૧, તારીખ ૫મી મે, ૧૯૯૭ થી મોજે સુલતાનાબાદના રેવન્યુ સર્વે નં.-૩૪૩, ૩૪૪, ૩૪૫, ૩૫૬, ૩૫૭ ઉપર નોંધવામાં આવેલ હતી. તથા ઉક્ત જમીનનો દસ્તાવેજ મંડળીના નામે કરેલ હતો.

ઓડીટરશ્રીના અહેવાલમાં જણાવ્યા અનુસાર મંડળીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૦૫ના રોજ મળેલ તેમાં કરેલ ઠરાવ નં.-૬(૧) થી સભાસદોએ જમીનનો ફાળો આપ્યા બાદ બાંધકામ કરવા બાબતે મહદ્‌અંશે સભ્યોએ બાંધકામ ન કરતા સભ્યોના નામે પ્લોટ કરવાની દરખાસ્ત કરેલ જેના સંદર્ભે મંડળીની ખાસ સાધારણ સભા તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના ઠરાવ નં.-૩ થી નક્કી કર્યા મુજબ બોમ્બે સ્ટેમ્પ એક્ટ મુજબ સભ્યોને ફાળવેલ પ્લોટનો સભ્યોના નામે દસ્તાવેજ કરવો આવશ્યક જણાવી, ૧૧ સભ્યોને સોસાયટીને ફાળવેલ જમીન પ્લોટ મુજબ વેચાણ દસ્તાવેજ કરવાનું નક્કી કરેલ છે. જેના સંદર્ભે મંડળીએ દસ્તાવેજ નં. ૧૨૮૭૪, તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૬ થી ₹ ૩,૪૩,૧૮૫/-ની રકમનો દસ્તાવેજ તેના ૧૧ સભ્યોને પ્લોટ પ્રમાણે કરી આપેલ છે.

વધુમાં મંડળીએ સને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં સભ્યોને જમીનનાં પ્લોટનાં દસ્તાવેજો ટ્રાન્સફર કરેલ છે. તેમજ જમીન ફાળો સભ્યોને પરત કરેલ છે. જેથી, મંડળી તેનાં ઉદ્દેશો મુજબ સભાસદોને રહેણાંક માટે જમીન ખરીદી તેના પ્લોટો પાડી સભાસદોને જમીનના સભ્યો પ્રમાણે અલગ સંયુક્ત દસ્તાવેજ કરી આપેલ હોય જે પ્લોટો ઉપર સભ્યો પોત પોતાની રીતે મકાનનું બાંધકામ કરવાનું નક્કી કરેલ છે. જેથી, મંડળીના નામે જમીનની માલિકી રહેતી ન હોય મંડળીએ તેની વાર્ષિક સાધારણ સભામાં કરેલ ઠરાવ મુજબ મંડળીને ફડચામાં લઈ મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ મેળવી, ઠરાવ નં.-૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે.

આમ, મંડળીએ જમીનની ખરીદી કરી તમામ સભાસદોના નામે જમીનના પ્લોટોના દસ્તાવેજ કરી આપેલ છે. જેથી, મંડળીના નામે કોઈ જમીન ન હોય, સભ્યો પોત પોતાની રીતે પોતાની જમીનના પ્લોટ ઉપર બાંધકામ કરેલ હોય, મંડળી તેના નોંધાયેલા પેટાનિયમોના ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોય, મંડળીના સભ્યો કે હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ કે ઉત્સાહ ન હોય, જય રાધેશ્યામ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. સુલતાનાબાદ, તા. ચોર્યાસી, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક : ઘ.૧૨૨૨૧, તારીખ ૫મી મે, ૧૯૯૭ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસિબ જણાય છે. જેથી, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધિન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર જય રાધેશ્યામ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. સુલતાનાબાદ, તા. ચોર્યાસી, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે, જેનો નોંધણી ક્રમાંક : ઘ.૧૨૨૨૧, તારીખ ૫મી મે, ૧૯૯૭ છે. જેની નોંધણી રદ કરવાનો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) સર્ટીફાઈડ ઓડીટર, સહકારી મંડળીઓ, પેનલ નં.-૩, સુરતનો તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૦૯નો ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૧), સુરતની તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫ની દરખાસ્ત.

(૩) મંડળીના પ્રમુખશ્રી બિમલકુમાર બિપિનચંદ્ર ચોકસીનું તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૦ તથા તારીખ ૨૧મી જૂન, ૨૦૧૧ના રોજનું નિવેદન.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ / ઉખસ / ૦૧/ખ/૧૧૬/૧૮૯૮૫/૫૯૫/૨૦૧૫.– શંકરનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. અડાજણપાટીયા, જિ. સુરતએ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક : ઘ.૫૮૭૨, તારીખ ૭મી મે, ૧૯૭૨ છે. સદર મંડળીને સર્ટીફાઈડ ઓડીટર, સહકારી મંડળીઓ, પેનલ નં.-૩, સુરતે તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૦૯ થી ફડચામાં લઈ જવાનો

ખાસ અહેવાલ કરેલ જે અન્વયે અત્રેની કચેરીના તારીખ ૨૯મી માર્ચ, ૨૦૧૧ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૧૧૦/૨૦૧૧ થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા નં.-૧ની નિમણૂક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૪૦૪/૨૦૧૨ થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૨૧મી જૂન, ૨૦૧૧ના રોજ સંભાળી લીધેલ ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાના નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શૂન્ય કરી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨), તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫ના જા.નં. ફડચ/ઉખસ/૦૧/૯/૨૦૧૫ થી દરખાસ્ત રજૂ કરેલ છે.

સદર મંડળીની નોંધણી નોંધણી નંબર : ઘ.૫૮૭૨, તારીખ ૭મી મે, ૧૯૭૨ થી મોજે રાંદેરના રેવન્યુ સર્વે નં.-૨૨૬ ઉપર નોંધવામાં આવેલ હતી.

સદર મંડળીએ જમીન ખરીદેલ તે ટોચ મર્યાદાને કારણે નામે થઈ શકેલ નથી. જમીન ખરીદી પેટે ચૂકવેલ રકમ પરત લીધી હોવાનું જણાય છે. ત્યારબાદ બીજી જમીન ખરીદવા મંડળીએ અવાર નવાર ઠરાવો કરેલ છે. પરંતુ નક્કર કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી, મંડળી પાસે હાલમાં જમીન નથી. એમ ઓડીટરશ્રીના અહેવાલમાં તથા વંચાણે લીધા ક્રમાંક-૩ થી મંડળીના પ્રમુખશ્રીએ આપેલ નિવેદનમાં જણાવેલ છે.

વધુમાં પ્રમુખશ્રીના તારીખ ૨૧મી જૂન, ૨૦૧૧ના નિવેદનમાં જણાવ્યા અનુસાર મંડળી પાસે કોઈ જમીન ન રહેતા મંડળી તેના ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી કરી શકેલ નથી અને મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોય મંડળીની નોંધણી રદ થાય તો અમોને કોઈ વાંધો નથી એમ જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૨૮મી જુલાઈ, ૨૦૧૩ના રોજ મેળવી ઠરાવ નં.-૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે.

સદર મંડળી તેના નોંધાયેલા પેટાનિયમોના ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોય, મંડળીએ તેની વ્યવસ્થાપક કમિટિની કે સાધારણ સભાની બેઠકો મેળવેલ ન હોય, ગત ઓડીટ નોંધની દુરસ્તી પણ કરેલ ન હોય, મંડળીના સભ્યો કે હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ કે ઉત્સાહ ન હોય,

આમ, ઉપરોક્ત સંજોગોમાં સદરહુ શંકરનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. અડાજણપાટીયા, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક : ઘ.૫૮૭૨, તારીખ ૭મી મે, ૧૯૭૨ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસિબ જણાય છે. જેથી, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધિન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર શંકરનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. અડાજણપાટીયા, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે, જેનો નોંધણી ક્રમાંક : ઘ.૫૮૭૨, તારીખ ૭મી મે, ૧૯૭૨ છે. જેની નોંધણી રદ કરવાનો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કોસંબાનો તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૦નો વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩)સુરતની તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ની દરખાસ્ત.

(૩) મંડળીના પ્રમુખશ્રી મનુભાઇ શામજીભાઇનું તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજનું રૂબરૂ આપેલ નિવેદન.

(૪) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૧૧૫/૧૮૯૮૪/૬૦૦/૨૦૧૫.–ધી તરલા કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ઠે. ડુંભાલ, તારીખ ચોર્યાસી (સીટી), જિ. સુરત, એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૯૨૬૧, તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૯ છે. સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કોસંબાએ તારીખ ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૦ થી ફડચામાં લઇ જવાની ભલામણ કરેલ જે અન્વયે અત્રેની કચેરીના તારીખ ૩૧-૧૨-૨૦૧૧ના વચગાળાનાં હુકમ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૪૭૨થી ૪૭૬/૨૦૧૧થી ફડચામાં લઇ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા નં.-૩ની નિમણુંક કરવામાં આવેલ હતી જ્યારે અત્રેની કચેરીના તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૧૨ના હુકમ ક્રમાંક ફડચ/ઉખસસ/૦૧/ખ/૩૩૮/૨૦૧૨થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૩ના રોજ સંભાળી લીધેલ ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના જા. નં. ફડચ/ઉખસ/૦૩/૫૪/૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે.

સદર મંડળી નોંધણી નંબર ઘ-૧૯૨૬૧, તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૯થી મોજે ડુંભાલના રેવન્યુ સર્વે નં. ૩૫, ૩૬,બ્લોક નં. ૨૪વાળી પ્લોટ નં.-૧ વાળી જમીનમાં સભ્યો માટે ૨૪ ફ્લેટની બાંધકામ યોજના સહિયારી માલિક ભાડુઆત પધ્ધતિ હેઠળ નોંધવામાં આવેલ છે.

સદર જમીન ખરીદવા મંડળીએ સાટાખત કરેલ પરંતુ સાટાખતની શરતોનું પાલન ન થતાં સાટાખત રદ કરવામાં આવેલ છે. આથી મંડળી પાસે કોઇ જમીન નથી. જેથી મંડળી જમીન વગરની હોય મંડળીની નોંધણી રદ કરવા ઓડીટરશ્રીએ તેમના ઓડીટ અહેવાલમાં જણાવેલ છે.

INDEX

વધુમાં વંચાણે લીધા ક્રમાંક-૩થી મંડળીના પ્રમુખશ્રી મનુભાઇ શામજીભાઇએ રૂબરૂ નિવેદન આપી જણાવેલ છે કે મંડળી પાસે જમીન ન હોય મંડળીની નોંધણી રદ કરવા વિનંતી છે. તથા રૂબરૂ નિવેદનની સાથે સદર જમીનના ૭/૧૨ની નકલ, સાટાખત કરાર, સાટાખત રદ કર્યા બાબતનું લખાણ તથા તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૫ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૮ સુધીનો ઓડીટ અહેવાલ પણ રજુ કરેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૨૩મી જૂન, ૨૦૧૪ના રોજ મેળવી ઠરાવ નં. ૫થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે.

સદર મંડળી તેના નોંધાયેલા પેટા નિયમોનાં ઉદ્દેશ મુજબના કાર્યો કરતી બંધ થયેલ હોય, મંડળીએ તેની વ્યવસ્થાપક કમિટીની બેઠકો મેળવેલ ન હોય, ગત ઓડીટ નોંધની દુરસ્તી પણ કરેલ ન હોય, મંડળીના સભ્યો કે હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ કે ઉત્સાહ ન હોય.

આમ ઉપરોક્ત સંજોગોમાં સદરહુ તરલા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. ડુંભાલ, તા. ચોર્યાસી (સીટી), જિ. સુરત, ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ, જેનો નોંધણી ક્રમાંક ધ-૧૯૨૬૧, તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૯ છે જેની નોંધણી રદ અંગેનો હુકમો કરવો મુનાસીબ જણાય છે. જેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ) સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર તરલા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. ડુંભાલ, તા. ચોર્યાસી (સીટી), જિ. સુરત, કે જે ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ધ-૧૯૨૬૧, તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૯ છે . જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કામરેજનો તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૧થી રજુ થયેલ ભલામણ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૧)સુરતની તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫ની દરખાસ્ત.

(૩) મંડળીના પ્રમુખશ્રી દેવરાજભાઇ એમ. પટેલનું તારીખ ૨૬મી ફેબ્રુઆરી,૨૦૧૩ના રોજનું રૂબરૂ આપેલ નિવેદન.

(૪) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/ અએનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ ચ/અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૧૧૪/૧૮૯૮૩/૬૦૫/૨૦૧૫.-ધી અંબિકા (અડાજણ) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ઠે. અડાજણ, તા. ચોર્યાસી (સીટી), જિ. સુરત, એ ધી ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ધ-૨૦૪૬૪, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૧ છે. સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કામરેજે તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૧ થી ફડચામાં લઇ જવાની ભલામણ કરેલ જે અન્વયે અત્રેની કચેરીના તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના વચગાળાનાં હુકમ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૦૩/૨૦૧૩ થી ફડચામાં લઇ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા નં.-૧ની નિમણુંક કરવામાં આવેલ હતી જ્યારે અત્રેની કચેરીના તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૩ના હુકમ ક્રમાંક ફડચ/ઉખસસ/૦૧/ખ/૧૮૬/૨૦૧૩થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૩૦મી માર્ચ, ૨૦૧૩ના રોજ સંભાળી લીધેલ ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫ના જા.નં. ફડચ/ઉખસ/૦૧/૧૦/૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે.

સદર મંડળી નોંધણી નંબર : ધ-૨૦૪૬૪, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૧થી મોજે અડાજણ ગામના રેવન્યુ સર્વે નં. ૧૦૮, ટી.પી. સ્કીમ નં. ૩૨, ફાઈનલ પ્લોટ નં.-૮૦ ઉપર નોંધવામાં આવેલ હતી. સદર જમીન મેળવવામાં મંડળી કરેલ સાટાખત મુજબ જમીન માલિકો તથા મંડળીએ શરતોનું પાલન કરેલ નથી, આથી જમીન સોદો રદ કરેલ છે.જેથી સાટાખત રદ કરી, બાનાની રકમ પરત મેળવી મંડળીએ સભાસદોને જમીન ફાળો પરત કરેલ છે.એમ ઓડીટરશ્રીના અહેવાલમાં જણાવેલ છે.

વધુમાં વંચાણે લીધા ક્રમાંક-૩થી મંડળીના પ્રમુખશ્રી દેવરાજભાઇ એમ. પટેલે રૂબરૂ નિવેદન આપી જણાવેલ છે કે મંડળી પાસે કોઇ જમીન નથી. અગાઉ જે જમીન હતી તેનું સાટાખત કરેલ પરંતુ સાટાખતની શરતો પરિપૂર્ણ ન થતાં સાટાખત રદ થયેલ છે. અને મંડળી પાસે કોઇ જમીન ન રહેતા ઉદ્દેશ મુજબની કોઇ કામગીરી કરી શકેલ નથી.અને મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં રસ ન હોય મંડળીની નોંધણી રદ થાય તો અમોને વાંધો નથી એમ જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ મેળવી. ઠરાવ નં.-૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે.

સદર મંડળી તેના નોંધાયેલા પેટા નિયમોનાં ઉદ્દેશ મુજબના કાર્યો કરતી બંધ થયેલ હોય, મંડળીએ તેની વ્યવસ્થાપક કમિટીની બેઠકો મેળવેલ ન હોય, ગત ઓડીટ નોંધની દુરસ્તી પણ કરેલ ન હોય, મંડળીના સભ્યો કે હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ કે ઉત્સાહ ન હોય,

આમ ઉપરોક્ત સંજોગોમાં સદરહુ અંબિકા (અડાજણ) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ઠે. અડાજણ, તા. ચોર્યાસી (સીટી), જિ. સુરત, કે જેનો નોંધણી ક્રમાંક ધ-૨૦૪૬૪, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૧ છે જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમો કરવો મુનાસીબ જણાય છે. જેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

INDEX

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર અંબિકા (અડાજણ) કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. અડાજણ, તા. ચોર્યાસી (સીટી), જિ. સુરત, કે જે ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ધ-૨૦૪૬૪, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૧ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) સર્ટીફાઇડ ઓડીટર, સહકારી મંડળીઓ,સુરત પેનલ નં. ૧૪૧નો તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૩નો વહીવટી ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩)સુરતની તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ની દરખાસ્ત.

(૩) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી ફડચા-(૩) સુરતે રજુ કરેલ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ના પત્રથી જમીન વેચાણ કરેલ દસ્તાવેજની નકલ.

(૪) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/અએનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૧૧૭/૧૮૯૮૬/૫૯૪/૨૦૧૫.-પદ્માવતી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. કઠોર, તા. કામરેજ, જિ. સુરત, એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૨૨૧૯, તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૯૫ છે. સદર મંડળીને સર્ટીફાઇડ ઓડીટર, સહકારી મંડળીઓ, સુરત પેનલ નં. ૧૪૧નો તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૩ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તારીખ ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૩ના વચગાળાનાં હુકમ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૫૭૪/૨૦૧૩ થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા નં.-૧ની નિમણુંક કરવામાં આવેલ હતી જ્યારે અત્રેની કચેરીના તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૪ના હુકમ ક્રમાંક ફડચ/ઉખસસ/૦૧/ખ/૧૭/૨૦૧૪થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સંભાળી લીધેલ ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ના જા. નં. ફડચ/૧૭/૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી દ્વારા મંડળીના માજી પ્રમુખ શ્રીમતિ દામીનીબેન કુમાર શાહે સાધારણ સભાની પૂર્વ મંજુરીથી મંડળીની મિલ્કતનું વેચાણ કરી દીધેલ છે. જેનો વેચાણ દસ્તાવેજ ફડચા અધિકારીએ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪થી રજુ કરેલ છે. જે નીચે મુજબ છે.

જે દસ્તાવેજ જોતાં મંડળીના માજી પ્રમુખ શ્રીમતિ દામીનીબેન કિશોરભાઈ શાહ તથા મંડળીના મંત્રીશ્રી આશિષભાઈ કિશોરભાઈ શાહે મંડળી વતી મંડળીની માલિકીની મિલ્કત પ્રણવકુમાર દિનેશભાઈ રામાણીને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૨૬૮૬/૨૦૧૧થી વેચાણ આપેલ છે. આમ ઉપરોક્ત રીતે સભાસદો વતી મંડળીની મિલ્કત પ્રણવકુમાર દિનેશભાઈ રામાણીને વેચાણ કરી મંડળીની મિલ્કતનો નિકાલ કરેલ છે. ફડચા અધિકારીએ મંડળીના મુખ્ય ઉદ્દેશ મુજબ હવે મંડળી કામ કરી શકે તેમ ન હોય. મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ મેળવી. ઠરાવ નં.-૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે.

ઉપરોક્ત સંજોગોમાં સદરહું પદ્માવતી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. કઠોર, તા. કામરેજ, સુરત, કે જેનો નોંધણી ક્રમાંક ધ-૧૨૨૧૯, તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૯૫ છે જેની નોંધણી રદ અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર પદમાવતી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. કઠોર, તા. કામરેજ, સુરત કે, જે ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ધ-૧૨૨૧૯, તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૯૫ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૧), સુરતની તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫ની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૩) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/અએનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૧૧૦/૧૦૧૬/૨૦૧૫.–હજીરા મહિલા મજુર અને કામદારોની સહકારી મંડળી લી., મું. પો. મોરા, તા. ચોર્યાસી, જિ. સુરત, એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ ગ્રાહક ભંડાર છે. જેનો નોંધણી ક્રમાંક ઉ-૧૨૫૭૬, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૩ છે. સદર મંડળી સ્થગીત અવસ્થામાં છે. અને સભાસદોને

INDEX

તથા હોદ્દેદારોને મંડળી ચાલુ રાખવવામાં રસ ન હોય સહકારી કાયદાની કલમ-૧૦૭ની દરખાસ્ત ધ્યાને રાખી મંડળીને અત્રેની કચેરીના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૪ના હુકમથી ફડચામાં લઇ જઇ ફડચા અધિકારી ફડચા નં.૧ ની નિમણુંક કરવામાં આવેલ. ફડચા અધિકારીએ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ચાર્જ સંભાળી લીધેલ અને સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય કરી, મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૪થી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મેળવી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૧) તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે.

આમ ઉપરોક્ત સંજોગોમાં સદરહું હજીરા મહિલા મજુર અને કામદારોની સહકારી મંડળી લી., મું.પો. મોરા, તા.જિ. સુરત કે, જેનો નોંધણી નં. ઉ.-૧૨૫૭૬, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૩ છે જેની નોંધણી રદ અંગેનો હુકમો કરવો મુનાસીબ જણાય છે. જેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર હજીરા મહિલા મજુર અને કામદારોની સહકારી મંડળી લી., મું.પો. મોરા, તા. ચોર્યાસી, જિ. સુરત કે, જે ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ શરાફી સહકારી મંડળી છે. જેનો નોંધણી નં.ઉ-૧૨૫૭૬, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૩ છે . જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩), સુરતની તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૩) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/અએનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૧૧૧/૧૦૧૧/૨૦૧૫.– ધી કોટન ટેક્ષટાઇલ લેબર કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., ઠે. શ્રમજીવી સેવાલય, અલંકાર સિનેમાની બાજુમાં, રેલ્વે સ્ટેશન સામે, સુરત, એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ શરાફી સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક સા-૨૩૧૨, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૮૮ છે. સદર મંડળી સ્થગીત અવસ્થામાં છે. અને સભાસદોને તથા હોદ્દેદારોને મંડળી ચાલુ રાખવવામાં રસ ન હોય સહકારી કાયદાની કલમ-૧૦૭ની દરખાસ્ત ધ્યાને રાખી મંડળીને અત્રેની કચેરીના તારીખ ૩જી જુલાઈ, ૨૦૧૪ના હુકમથી ફડચામાં લઇ જઇ સહકારી અધિકારી, ફડચા નં.૩ ની નિમણુંક કરવામાં આવેલ. ફડચા અધિકારીએ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ ચાર્જ સંભાળી લીધેલ અને સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય કરી, મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મેળવી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૧) તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે.

આમ ઉપરોક્ત સંજોગોમાં સદરહુ ધી કોટન ટેક્ષટાઇલ લેબર કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., ઠે. શ્રમજીવી સેવાલય, અલંકાર સિનેમાની બાજુમાં, રેલ્વે સ્ટેશન સામે, સુરત, કે જેનો નોંધણી નં. સા.-૨૩૧૨, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૮૮ છે જેની નોંધણી રદ અંગેનો હુકમો કરવો મુનાસીબ જણાય છે. જેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ધી કોટન ટેક્ષટાઇલ લેબર કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., ઠે. શ્રમજીવી સેવાલય, અલંકાર સિનેમાની બાજુમાં, રેલ્વે સ્ટેશન સામે, સુરત કે, જે ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ શરાફી સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. સા-૨૩૧૨, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૮૮ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૮૯/૨૦૧૩ તારીખ ૯મી એપ્રિલ, ૨૦૧૩થી કરવામાં આવેલ ફડચાનો અંતિમ આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૧૯ની જોગવાઇઓ અને ગુજરાત સહકારી મંડળીના નિયમો-૧૯૬૫નાં નિયમ-૧૦ની જોગવાઇઓ.

(૩) સહકારી અધિકારી ફડચા-૧ રજુ કરેલ તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૯૦/૨૦૧૩થી મંડળીની પુનઃજીવીતની દરખાસ્ત.

(૪) મંડળીના સભ્યશ્રી ધનશ્યામભાઇ વેલજીભાઇ વાનાણીએ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ આપેલ રૂબરૂ નિવેદન.

(૩) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/અએનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/પુનઃજીવીત/૦૧/ખ/૧૧૮/૧૬૨૪/૨૦૧૫.– ગાર્ડન વ્યુ એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. કાસાનગર તળાવની સામે, કતારગામ, સુરત કે, જેનો નોંધણી નં. ઘ-૧૮૬૫૪,

તારીખ ૯મી ઓક્ટોબર, ૧૯૯૮ છે. તેને અત્રેની કચેરીના તારીખ ૯મી એપ્રિલ, ૨૦૧૩ના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૮૯/૨૦૧૩ના અંતિમ આદેશથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. આમુખ-(૩) થી વંચાણે લીધેલ દરખાસ્ત મુજબ મંડળીના સ્થગીત અવસ્થામાં છે. અને સભાસદોને તથા હોદ્દેદારોને મંડળી ચાલુ ફડચા અધિકારીએ મંડળીને પુનઃજીવીત કરવા માટે વિગતવાર જરૂરી વિગતો સહ ભલામણ કરેલ છે. મંડળીના સભાસદોની તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૩ના રોજથી ખાસ સાધારણ સભાના ઠરાવ નં, ૩માં જણાવ્યા મુજબ મંડળીને પુનઃજીવીત કરવા માંગણી કરેલ છે. અને પુનઃજીવીત કરવામાં આવે તો મંડળીને અર્થક્ષમ રીતે ચલાવવા માટેની ખાત્રી આપેલ હોય, ફડચા અધિકારીએ મંડળીને પુનઃજીવીત કરવા ભલામણ કરેલ છે.

ઉક્ત વિગતો ધ્યાને લેતા મંડળીના સભાસદોના વિશાળ હિતમાં મંડળીને પુનઃજીવીત કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), મને આમુખ (૨) અને (૪) થી મળેલ સત્તાની રૂએ ગાર્ડન વ્યુ એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. કાસાનગર તળાવની સામે, કતારગામ, સુરત, કે જેનો નોંધણી નં. ધ-૧૮૬૫૪, તારીખ ૯મી ઓક્ટોબર, ૧૯૯૮ છે. જેને પ્રસ્તાવનામાં દર્શાવેલ કારણોસર નીચેની શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરૂં છું.

શરતો :-

(૧) મંડળીનું સરવૈયું પુનઃજીવીત દરખાસ્ત સાથે રજુ થયા મુજબ યથાવત રહેશે. તેમાં દેવા કે લેણાંની રકમમાં કોઈ ફેરફાર કે વધ-ઘટ કરવામાં આવતા નથી.

(૨) મંડળીના પેટા નિયમોમાં કોઈ સુધારા-વધારા કે ફેરફાર કરવામાં આવતાં નથી.

(૩) પુનજીવીત માટેની યોજનાકીય રૂપરેખાનું ચુસ્તપણે પાલન કરી મંડળીને અર્થક્ષમ બનાવવાની રહેશે.

(૪) મંડળીના પેટાનિયમના ઉદ્દેશો મુજબની કામગીરી તાકીદે હાથ ધરાવની રહેશે. અને તેનો દર માસે પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીને નિયમિત મોકલવાનો રહેશે. તથા દર વર્ષ નિયમિત ઓડીટ કરાવવાનુ રહેશે.

(૫) મંડળીના સ્વકીય ભંડોળમાં વધારો તુરત જ કરવાનો રહેશે. અને ત્યારબાદ ઉત્તરોત્તર વધારો થાય તે માટે આયોજન કરી તેવા પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

(૬) સરકારી/અર્ધ સરકારી કચેરીઓની બાકી રકમો પ્રથમ ચુકવી આપવાની રહેશે.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નઘણ/એસઆરટી/સા (હા)-૮૯૦૮/ઝ/૭૨/૬૨૩/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી પ્રાઈમ પેલેસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. પ્રાઈમ પેલેસ, મું. વેસુ, તા. સુરત સીટી ટી.પી. સ્કીમ નં.-૧ (વેસુ), જિ. સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નઘણ/એસઆરટી/સા (હા)-૮૯૦૯/ઝ/૭૦/૬૨૧/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી કેશવકુંજ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. કેશવકુંજ, મું. વેસુ, તા. સુરત સીટી ટી.પી. સ્કીમ નં.-૧ (વેસુ), જિ. સુરતને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૪૭/૨૦૧૫.–શ્રી યમુનાનગર કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી. મુ. ઉંઝા, તા. ઉંઝા, જિ. મહેસાણા જેનો નોંધણી ક્રમાંક ઘ-૬૩૪૭, તા. ૨૪મી એપ્રિલ, ૨૦૦૭થી નોંધાયેલ છે. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની નિર્દિષ્ટ થયેલ જોગવાઈ અનુસાર જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જા.નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૭૮૬/૧૬૯૨૩/૨૦૦૭, તા. ૨૪મી એપ્રિલ, ૨૦૦૭થી અંતિમ હુકમ કરવામાં આવેલ, જે ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સં. મં. મહેસાણા તરફથી તેઓશ્રીના વંચાણે લીધા ક્રમાંક (૧) થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે તથા વંચાણે (૨)માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી વંચાણે લીધા (૩) થી મળેલ અધિકાર અન્વયે ધી યમુના નગર કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી. મુ. તા. મહેસાણા, જિ. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ રદ કરૂ છું. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, શકિતનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. વિસનગર અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. મહેસાણાના પત્રથી સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર સદર મંડળીની નોંધણી રદ કરવા માટેની રજુ થયેલ દરખાસ્ત.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઇઓ.

(૩) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

હુકમ

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૪૮/૨૦૧૫.–શ્રી શકિતનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. વિસનગર જિ. મહેસાણા જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૬૧૭/૬૫૦૧, તા. ૨૧મી જુલાઇ, ૧૯૮૬થી નોંધાયેલ છે. જેનું કામકાજ આટોપી લેવા અર્થે, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની નિર્દિષ્ટ થયેલ જોગવાઇ અનુસાર જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જા.નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૬૦૬/૧૬૯૫૫/૨૦૦૮, તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૮થી અંતિમ હુકમ કરવામાં આવેલ, જે ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, મહેસાણા તરફથી તેઓશ્રીના વંચાણે લીધા ક્રમાંક (૧) થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા વંચાણે-(૨) માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, વંચાણે લીધા-(૩) થી મળેલ અધિકાર અન્વયે શ્રી શકિતનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., તા. મહેસાણા, જિ. મહેસાણા ની નોંધણી રદ કરતો હુકમ કરુ છું. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, અન્નપુર્ણા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મહેસાણા અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. મહેસાણાના પત્રથી સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર સદર મંડળીની નોંધણી રદ કરવા માટેની રજુ થયેલ દરખાસ્ત.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઇઓ.

(૩) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

હુકમ

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૪૯/૨૦૧૫.–શ્રી અન્નપુર્ણા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. મહેસાણા, જિ. મહેસાણા જેનો નોંધણી ક્રમાંક ધ-૭૭૦૪, તા. ૨જી જાન્યુઆરી, ૧૯૭૯થી નોંધાયેલ છે. જેનું કામકાજ આટોપી લેવા અર્થે, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની નિર્દિષ્ટ થયેલ જોગવાઇ અનુસાર જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૭૭૦૪/૧૫૧૩૨/૨૦૦૪, તા. ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૪થી અંતિમ હુકમ કરવામાં આવેલ, જે ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, મહેસાણા તરફથી તેઓશ્રીના વંચાણે લીધા ક્રમાંક (૧) થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા વંચાણે-(૨) માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, વંચાણે લીધા-(૩) થી મળેલ અધિકાર અન્વયે શ્રી અન્નપુર્ણા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., તા. મહેસાણા, જિ. મહેસાણા ની નોંધણી રદ કરતો હુકમ કરુ છું. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૧૭૬૪૫/ખ/૮૮/૧૭૬૪૫/૨૦૧૦, તા. ૨૭-૦૧-૨૦૧૦થી મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ.

(૨) લીકવીડેટરશ્રી, ધી સર્વમંગલ કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી., મું. મહેસાણા, તા.જિ. મહેસાણા અને ફડચા અધિકારીશ્રી ધી ગુજ. સ્ટે. કો.ઓ.હા.ફા. કોર્પો.લી., ના તા. ૮-૦૩-૨૦૧૫ થી સદર મંડળીને પુનઃજીવીત કરવા ભલામણ સહ રજુ કરેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઇઓ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૫૦/૨૦૧૫.–ધી સર્વમંગલ કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી., મું. મહેસાણા, તા. જિ. મહેસાણાને આમુખ-(૧)માં દર્શાવેલ હુકમથી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઇ અનુસાર ફડચામાં લઈ જઈ કલમ-૧૦૮ (૧) અનુસાર ફડચા અધિખારીશ્રીની નિમણુંક કરવામાં આવેલ છે. જે મંડળીને પુનઃજીવીત કરવા આમુખ-(૨) માં દર્શાવેલ વિગતે સદરહુ મંડળીને પુનઃજીવીત કરવા ભલામણ સહ દરખાસ્ત રજુ કરેલ છે. ફડચા અધિકારીશ્રીએ રજુ કરેલ સાધનિક કાગળો વંચાણે લેતાં મંડળીની ખાસ સાધારણ સભા તારીખ ૦૮મી માર્ચ, ૨૦૧૫ના ઠરાવ નં.-(૧)માં જણાવેલ વિગતે મંડળીને પુનઃજીવીત કરવાનો સર્વાનુમતે ઠરાવ કરેલ છે. તેમજ મંડળી સારી રીતે વહીવટ કરી શકે તેમ હોઇ પુનઃજીવીત કરવા મંડળીના લીકવીડેટરશ્રીએ ભલામણ કરે છે. જે ઉપરોકત બાબતો ધ્યાને લઇ સદર મંડળીને પુનઃજીવીત કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી સર્વમંગલ કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી., મું. મહેસાણા, તા. જિ. મહેસાણા કે, જે હાલ ફડચામાં છે. તેને ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈ અનુસાર મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર સંસ્થાનો નોંધણી નંબર અને નોંધણી તારીખ ચાલુ રાખવાનો આથી આદેશ કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૧૨.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા)
મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/ઉ(મ)-૧૫૫૨૮/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આશિષ મજુર સહકારી મંડળી લી., સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

INDEX

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૨૭-૩-૨૦૦૮નો રોજનો ફડચાનો અંતિમ હુકમ નં. ઉખસ/કજ/ફડચ/જ-૧/૫૯/ફ-૧૭૪૧૫/૨૦૦૮.

(૨) ક્રિશ્ના કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મું.તા.જિ. આણંદને કલમ-૧૧૪ હેઠળ કાર્ય સમાપ્તી કરવા અંગેની ફડચા અધિકારીશ્રી, (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદનો તા. ૧૯-૩-૨૦૧૫, પત્ર નં. ફડચ/૦૧-જ-૧/૭૭/૨૦૧૫નો પત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૪/૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તા. ૧-૧૨-૨૦૦૫નું જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ખ-૧/૬૪/૨૦૧૫.– ક્રિશ્ના કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મું.તા.જિ. આણંદની નોંધણી નં. સે-૩૦૨૫૧, તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૮ થી નોંધાયેલ મંડળી છે. મંડળીને આમુખ નં.-૧ માં જણાવ્યા મુજબ તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૮ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. ફડચા અધિકારીશ્રીએ તા. ૧મી એપ્રિલ, ૨૦૦૮ના રોજ ચાર્જ સંભાળ્યા બાદ તમામ બાકીદારોને લેણાંની વસૂલાત માટે નોટીસો પાઠવવામાં આવેલ હતી. ચાર્જ સંભાળ્યા તારીખથી કુલ-૪૬ ધિરાણ બાકીદારોની સામે વસૂલાત કરવાની કામગીરી કરવામાં આવેલ હતી. જેના પરિણામે આવા ધિરાણ બાકી ખાતાઓ પૈકી ૧૫ જેટલા ખાતામાં વસુલાત આવેલ છે. અને હાલ પણ આવા ખાતાઓની વસૂલાત માટે કાર્યવાહી ચાલુ છે. સામેલ તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૫ના સરવૈયા મુજબની સ્થિતિ જોતાં કુલ-૩૧ ધિરાણ બાકીદારો પાસેથી ₹ ૬,૧૩,૨૯૬/- વસૂલવાના બાકી પડે છે. જેની સામે આશરે ૯૦ જેટલા ડીપોઝીટર્સને ₹ ૩૯,૮૬૫/- ચૂકવવાના બાકી પડે છે. તેમજ ₹ ૧,૪૫,૦૦૦/- જેટલું શેરભંડોળ ચૂકવવાનું પણ બાકી પડે છે. કુલ પૈકી ૨૧ બાકી ધિરાણ બાકીદાર સામે નામ. કોર્ટમાં સિવિલ રાહે વસૂલાતનો દાવો ચાલુ છે. ધિરાણ બાકીદારો સામે કેસો દાખલ થયે ત્રણ વર્ષ જેટલો સમય થયેલ છે. હાલ તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૫ના સરવૈયા મુજબ બેંકમાં ₹ ૪૬,૫૨૦/- જેટલી રોકડ સિલક જમા છે. જેની સામે ડીપોઝીટરોને તથા સભાસદોને શેરભંડોળની ચૂકવણીની કામગીરી ચાલુ છે. ચાર્જ લીધા તારીખથી જોતાં મંડળીની ફડચાની કામગીરીને સાત વર્ષ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ પુર્ણ થતાં હોઇ વંચાણે લાધેલ આમુખ-(૨) થી કલમ-૧૧૪ હેઠળ કાર્ય સમાપ્તી કરવા અંગેનો પત્ર સહકારી અધિકારીશ્રી, (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદનો અત્રે મળેલ છે. જેથી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ ફડચા સમાપ્તીનો હુકમ કરવાનો થાય છે. જેથી છેવટના સરવૈયા મુજબના દેવા-લ્હેણાં જિલ્લા રજિસ્ટ્રારશ્રીને વર્ગ (એસાઈન) કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદને મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ, ક્રિશ્ના કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મું.તા.જિ. આણંદની ફડચા સમાપ્તી કરવાનો હુકમ કરૂ છું.

આણંદ, તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :-

(૧) આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલ ક્રમાંક ૧ થી ૨૦ સહકારી મંડળીઓને ફડચામાં લઇ જવા અંગેના અંતિમ આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮.

(૪) સત્તા સોંપણીના સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા. ૨૧-૭-૨૦૧૧ મુજબ મળેલ સત્તા.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૩૦૧ થી ૩૨૭/૩૯૬/૨૦૧૫.– આમુખ (૧)માં જણાવેલ પરિશિષ્ટ મુજબની વિવિધ સહકારી મંડળીઓને આમુખ (૨) માં જણાવેલ જોગવાઇ અન્વયે પરિશિષ્ટમાં જણાવેલ તારીખ અને હુકમ ક્રમાંક થી ફડચામાં લઇ જવા અંગેના અંતિમ આદેશ કરવામાં આવેલ અને આમુખ (૩) માં જણાવેલ જોગવાઇ મુજબ ફડચા અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરવામાં આવેલ હતી. પરંતુ સુધારા હુકમની જરૂરીયાત ઉપસ્થિત થતાં પરિશિષ્ટમાં જણાવેલ સહકારી મંડળીઓના ફડચા અંગેના ચાર્જ ની ફેરબદલી કરવાની જરૂરીયાત જણાયેલ છે. જેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

સુધારા હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, આમુખ (૪) થી મળેલ સત્તાની રૂએ આમુખ (૧)માં જણાવેલ ફડચામાં ગયેલ સહકારી મંડળીઓનો ચાર્જ સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. નવસારી પાસેથી પરત લઇ સદરહુ મંડળીઓનો ચાર્જ ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ આલીપોર ડેરી તા. ચીખલી જિ. નવસારીને સુપ્રત કરવા અને તેઓની ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરતો હુકમ કરૂ છું અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

પરિશિષ્ટ

ક્રમ	મંડળીઓના નામ	ફડચામાં ગયેલ નંબર તારીખ
૧	અગાસી દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. અગાસી તા. ચીખલી જિ. નવસારી	ઉખસ/ફડચ/સેદ૧૦૫૯૧ /ખ-૩/૫૦૫/૦૪ તા. ૨૦-૪-૨૦૦૪
૨	ઝરી દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. ઝરી તા. વાંસદા જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૩૭ થી ૪૧/૧૩ તા. ૧૫-૯-૨૦૦૫
૩	મ.સ. ખૂંધ પૌઢા દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. ખૂંધ તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૪૯ થી ૫૩/૧૩ તા. ૧૫-૧-૨૦૧૩
૪	સારવણી દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ. સારવણી તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૫૪ થી ૫૮/૧૩ તા. ૧૫-૧-૨૦૧૩
૫	મ.સ. કુંભારવાડ દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. અગાસી તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૫૯ થી ૬૩/૧૩ તા. ૧૫-૯-૨૦૦૫
૬	ઢોલુમ્બર દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ.ઢોલુમ્બર તા. ચીખલી જિ. નવસારી	ઉખસ/ફડચ/ખ-૩/૧૯૫૩૬/૪૭૦/૦૫ તા. ૧૨-૧૨-૨૦૦૫
૭	મ.સ. દેલવાડા દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. દેલવાડા તા. જલાલપોર જિ. નવસારી	ઉખસ/ફડચ/ધ-૨/સે.દુ. ૬૮/૦૭ તા. ૨૨-૦૧-૨૦૦૭
૮	મ.સ. કંસારીયા દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. કંસારીયા તા. ચીખલી જિ. નવસારી	ઉખસ/ફડચ/ધ-૨/સે.દુ. ૨૭૦૮૨ /૨૭૬/૦૭ તા. ૧૯-૧-૨૦૦૭
૯	આસુંદર દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. આસુંદર તા. જલાલપોર જિ. નવસારી	ઉખસ/ફડચ/ધ-૨/૨૯૯/૦૬ તા. ૦૫-૧૦-૨૦૦૬
૧૦	વેજલપોર દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ. વેજલપોર તા. જિ. નવસારી	ઉખસ/ફડચ/ધ-૨/સે.દુ. ૧૨૧૦૪ / ૭૫૫ / ૦૭, તા. ૧-૨-૨૦૦૭
૧૧	પ્રતાપનગર વિભાગ દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. પ્રતાપનગર તા. વાંસદા જિ. નવસારી	ઉખસ/ફડચ/ધ-૨/સે.દુ. ૧૩૩૭૦૯૭ / ૪૧૩/૦૭, તા. ૨૦-૧૨-૨૦૦૭
૧૨	પાણીખડક દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. પાણીખડક તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ધ-૨/ ૯૭-૧૦૩/1 તા. ૨૨-૧-૨૦૧૦
૧૩	ડેબરપાડા દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ. ડેબરપાડા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ધ-૨/૧૧૨ થી ૧૧૮/૧૦ તા. ૨૩-૦૧-૨૦૧૦
૧૪	ધામધૂમા દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ. ધામધૂમા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ધ-૨/ ૭૦ થી ૭૬/૧૦ તા. ૨૨-૦૧-૨૦૧૦
૧૫	મ.સ. ખંભાળિયા દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. ખંભાળિયા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ધ-૨/ ૪૬૨/૧૦ તા. ૭-૯-૨૦૧૦
૧૬	ધોલાર દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. ધોલાર તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ધ-૨ /૫૨/૧૨ તા. ૧૬-૨-૨૦૧૨
૧૭	મ.સ. આહિર ફળિયા સાદડવેલ દૂધ ઉત્પાદક સ. મં. લી., મું. સાદડવેલ, તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/ધ-૨/૯૫/૧૨ તા. ૩૧-૩-૨૦૧૨
૧૮	મ.સ. નિશાળ ફળિયા ડેબરપાડા દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ. ડેબરપાડા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ધ-૨/૭૫ થી ૮૧ /૧૦૧૪ તા. ૧૫-૨-૨૦૧૪
૧૯	નડગધરી દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ. નડગધરી તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/ધ-૨/૧૮૧ થી ૧૮૭/૨૦૧૪ તા. ૯-૬-૨૦૧૪
૨૦	મ.સ. પટેલ ફ. બામણવાડા દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ. બામણવાડા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/ધ-૨/૧૮૮ થી ૧૯૪/૨૦૧૪ તા. ૯-૬-૨૦૧૪

નવસારી, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલ ક્રમાંક ૧ થી ૧૨ સહકારી મંડળીઓને ફડચામાં લઇ જવા અંગેના અંતિમ આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮

(૪) સત્તા સોંપણીના સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા. ૨૧-૭-૨૦૧૧ મુજબ મળેલ સત્તા.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૨૮૩ થી ૩૦૦/૩૯૯/૨૦૧૫.– આમુખ (૧)માં જણાવેલ પરિશિષ્ટ મુજબની વિવિધ સહકારી મંડળીઓને આમુખ (૨) માં જણાવેલ જોગવાઇ અન્વયે પરિશિષ્ટમાં જણાવેલ તારીખ અને હુકમ ક્રમાંક થી ફડચામાં લઇ જવા અંગેના અંતિમ આદેશ કરવામાં આવેલ અને આમુખ (૩) માં જણાવેલ જોગવાઇ મુજબ ફડચા અધિકારી (બજાર) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક

INDEX

કરવામાં આવેલ હતી. પરંતુ સુધારા હુકમની જરૂરીયાત ઉપસ્થિત થતાં પરિશિષ્ટમાં જણાવેલ સહકારી મંડળીઓના ફડચા અંગેના ચાર્જ ની ફેરબદલી કરવાની જરૂરીયાત જણાયેલ છે. જેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

સુધારા હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, આમુખ (૪) થી મળેલ સત્તાની રૂએ આમુખ (૧)માં જણાવેલ ફડચામાં ગયેલ સહકારી મંડળીઓનો ચાર્જ સહકારી અધિકારી (બજાર) લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. નવસારી પાસેથી પરત લઇ સદરહું મંડળીઓનો ચાર્જ સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, નવસારીને સુપ્રત કરવા અને તેઓની ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરતો હુકમ કરૂ છું અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

પરિશિષ્ટ

ક્રમ	મંડળીઓના નામ	ફડચામાં ગયેલ નંબર તારીખ
૧	ખાંભડા સેવા સ.મં.લી. મુ. ખાંભડા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૨૫ થી ૨૯/૨૦૧૩ તા. ૧૫-૧-૨૦૧૩
૨	ડાભેલ સેવા સ.મં.લી. મુ. ડાભેલ તા. જલાલપોર જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૩૭ થી ૪૧/૨૦૧૩ તા. ૧૫-૧-૨૦૧૩
૩	આમધરા વિભાગ કૃષિ ઔદ્યોગિક સેવા સ.મં.લી. મુ. આમધરા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૪૯ થી ૫૩/૨૦૧૩ તા. ૧૫-૧-૨૦૧૩
૪	હોન્ડ વિભાગ કૃષિ ઔદ્યોગિક સેવા સ.મં.લી. મુ. આમધરા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૫૪ થી ૫૮/૨૦૧૩ તા. ૧૫-૧-૨૦૧૩
૫	સુરખાઇ વિભાગ કૃષિ ઔદ્યોગિક સેવા સ.મં.લી. મુ. આમધરા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૫૯ થી ૬૩/૨૦૧૩ તા. ૧૫-૧-૨૦૧૩
૬	માધવ ગૃપ મત્સ્યોગ સ.મં.લી. મુ. ઓંજલ તા. જલાલપોર જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૩૯૮ થી ૪૦૨/૨૦૧૩ તા. ૦૨-૦૭-૨૦૧૩
૭	મરોલી વિભાગ બચત અને ધિરાણ કરનારી સ.મં.લી. મુ. મહુવર મરોલી બજાર તા. જલાલપોર જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૪૦૩ થી ૪૦૭/૨૦૧૩ તા. ૦૨-૦૭-૨૦૧૩
૮	ખરસાડ પિયત સ.મં.લી. મુ. ખરસાડ તા. જલાલપોર જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૪૧૧ થી ૪૧૫/૨૦૧૩ તા. ૧૦-૦૭-૨૦૧૩
૯	કાળાકાછા સેવા સ.મં.લી. મું. કાળાકાછા તા. જલાલપોર જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૬૮/૨૦૧૩ તા. ૧૯-૦૧-૨૦૧૩
૧૦	મંદિર સેવા સ.મં.લી. મું. મંદિર તા. જલાલપોર જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૬૭/૨૦૧૩ તા. ૧૯-૦૧-૨૦૧૩
૧૧	મ.સ. ખડસુપા દૂધ ઉત્પાદક સ.મં.લી. મું. ખડસુપા તા. જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ ધ-૨/૩૦ થી ૩૬/૨૦૧૩ તા. ૧૫-૦૧-૨૦૧૩
૧૨	મ.સ. નિશાળ ફ. ડેબરપાડા દૂધ ઉત્પાદક સ.મં.લી. મું. પો. ડેબરપાડા તા. ચીખલી જિ. નવસારી	ફડચ/નધણ/૦૧/ધ-૨/ ૭૫ થી ૮૧/૨૦૧૩ તા. ૧૫-૦૨-૨૦૧૪

નવસારી, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઔદ્યોગિક) અને સંયુક્ત નિયામક કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા

નંબર ઉ.-૬૯૯૫/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ધી હિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ., સ્થળ વડોદરા, તા. વડોદરા, જિ. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગાંધીનગર, તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫.

જી. એલ. પટેલ,
રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઔદ્યોગિક) અને
સંયુક્ત નિયામક (ટેક્ષટાઈલ),
કુટીર અને ગ્રામોદ્યોગ,
ગાંધીનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૨૨-૩-૨૦૧૦નો અંતિમ આદેશ ક્રમાંક સેન/ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૦૭/૨૦૧૦.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની તા. ૨૩-૩-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૫૬/૨૦૧૫ થી ધી સાંઈ અમૃત કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મુ.પો. પ્લોટ નં. ૧૭૦૫/૨, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર તા. અંકલેશ્વર, જિ. ભરૂચની (ફડચામાં)ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની ૧૧૪(૨)ની જોગવાઈ.

INDEX

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૮૫/૩૪૫/૨૦૧૫.– ધી સાંઇ અમૃત કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મુ.પો. પ્લોટ નં. ૧૭૦૫/૨, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર તા. અંકલેશ્વર, જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૭-૧-૨૦૦૮ના રોજ નોંધણી નંબર નધણ/બીઆસી/ધ-૨૧૭૭૩ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીનો સહકારી અધિકારી(ફડચો), ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧-૪-૨૦૦૯ થી તારીખ ૧૫-૩-૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ તાબાના સબ ઓડીટર લગત ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૧૫-૩-૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૬-૪-૨૦૧૦ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, એન. કે. ભાભોર, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ) ભરૂચ,આમુખ-૪ મુજબ ધી સાંઇ અમૃત કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મુ.પો. પ્લોટ નં. ૧૭૦૫/૨, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર તા. અંકલેશ્વર, જિ. ભરૂચ, નોંધણી નંબર નધણ/બીઆસી/ધ-૨૧૭૭૩, તા. ૭-૧-૨૦૦૮ની આમુખ-૫થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું. અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫.

એન. કે. ભાભોર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સ. મં. (હાઉસીંગ), ભરૂચ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, MAY 21, 2015 / VAISAKHA 31, 1937 [No. 21

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	763-788
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	21
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	41
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1787-1983

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિ. શા./એ સેકશન/મોબાઇલ/૩૩/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

INDEX

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી, ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	જે વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામાં, ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૪મી મે, ૨૦૧૫ થી તારીખ ૧૨મી જુલાઈ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર વિ. શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૩૨/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી મે, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૭મી મે, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધ હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૧૧મી માહે મે, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૩૧/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો તથા અમદાવાદમાં ભૂતકાળમાં આતંકવાદી તત્ત્વો દ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તથા મિલકતની હાની કરવામાં આવેલ. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે અને વાહનોનો તથા હાઈવેની હોટલોનો ઉપયોગ કરે છે.

રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો, લૂંટારાઓ, ધાડપાડુઓ ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની અવરજવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને, તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા વાહનોનો ઉપયોગ કરતા હોય છે. અને આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, લૂંટ અને ધાડના ગુન્હાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ વાહનોમાં બળતણ ભરાવવા અથવા તો હોટલો ઉપર ચા-પાણી કરવા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે. જેથી આવા ગંભીર પ્રકારના બનાવોના કારણે નાગરીકને પોતાની અસલામતીનો સતત ભય સતાવતો રહે છે.

આવા ગુન્હા અટકાવવા તથા વણશોધાયેલ ગુન્હાઓ શોધવા માટે મહત્વની કડીરૂપ બને તે સારૂ પેટ્રોલપંપ, ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારોની તથા ગુન્હામાં વપરાયેલ વાહનોનું આઈડેન્ટીફાઈ (ઓળખ) કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવા મુકી શકાય. જેથી તકેદારીના પગલારૂપે જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ, મલ્ટીપ્લેક્ષ થિયેટર્સ, મલ્ટીપ્લેક્ષ શોપીંગ સેન્ટરો તથા કોમર્શિયલ સેન્ટરો, હોટલો તથા ટોલપ્લાઝા, પેટ્રોલપંપના માલીકો/ઉપભોગતાઓ/વહીવટકર્તાઓ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ/મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ/કોમર્શીયલ સેન્ટર/થ્રી સ્ટાર થી ઉપરની હોટલો ઉપર સીક્યુરીટીને ધ્યાને લઈ પ્રવેશદ્વાર ઉપર સીક્યુરીટી ગાર્ડ મેટલ ડિટેક્ટર તથા સી. સી. ટી. વી. કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાના પાર્કિંગ/ભોયરૂં/તમામ માળ ઉપર સીક્યુરીટી ગાર્ડ અને સીસીટીવી કેમેરાની ગોઠવણ કરવી. જેમાં Image-colour, Image sensor, 1/3” minimum Supporrt-TCP/IP and remote monitoring. Resolution-600 TVL Min. Compression H.264 MJPEG. System data storage-15 days min. With Back light compensation and night vision capability. વાળા સીસીટીવી કેમેરા ગોઠવવા.

(૨) ૧૦ થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતાં રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોર્ડીંગ/ધર્મશાળા/અતિથિ ગૃહ/વિશ્રામ ગૃહ/કોમર્શિયલ સેન્ટર/પેટ્રોલ પંપ/ટોલપ્લાઝા/બહુમાળી બિલ્ડીંગ/પાવર હાઉસ વિગેરે ઉપર સીસીટીવી કેમેરા લગાડવા.

(૩) ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતી ગાડીઓના નંબર તથા વ્યકિતઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સીસીટીવી કેમેરાની ગોઠવણી કરવી. સીસીટીવીના રેકોર્ડીંગની જાળવણી દિન-૧૫ સુધી સંગ્રહ કરવી.

(૪) ધર્મશાળાના સંચાલકોએ ધાર્મિક સ્થળોની ધર્મશાળાઓમાં મુસાફરોની જરૂરી આઈડી, એડ્રેસ, મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબરોની જરૂરી નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

આ હુકમ તારીખ ૧૪મી મે, ૨૦૧૫ થી તારીખ ૧૨મી જુલાઈ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું.

નંબર ડી/એમએજી/૪/પરીક્ષા/જાના-૩૨/વશી/૭૧૯ થી ૭૩૫/ ૨૦૧૫.–આગામી તા. ૭મી મે, ૨૦૧૫ના રોજ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની ગુજકેટની પરીક્ષા યોજનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, પરીક્ષા શાંત અને સ્વચ્છ વાતાવરણમાં યોજાય તેમજ વિશ્વસનીયતાનું વાતાવરણ સર્જાય, અસામાજીક તત્ત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કરે અને પરીક્ષાર્થીઓ શાંતચિત્તે પરીક્ષા આપે તે આ સાથેના પરિશિષ્ટ-૧ મુજબના પરીક્ષા સ્થળોની અંદર તથા તેની હદ મર્યાદાથી બહારના ૧૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવાનું પ્રવર્તમાન સંજોગોમાં જાહેર સલામતી માટે વ્યાજબી અને આવશ્યક જણાય છે.

INDEX

વાસ્તે, હું, દિલીપ રાણા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ પાલનપુરમાં સદરહુ પરીક્ષાના નિયત થયેલ પરીક્ષા સ્થળો ઉપર તા. ૭મી મે, ૨૦૧૫ સવારે ૧૧-૦૦ થી સાંજે ૧૪-૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રના સ્થળના હદ મર્યાદાથી બહાર ૧૦૦ મીટરના ત્રિજ્યા વિસ્તારમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇ બિન અધિકૃત માણસોએ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા પરીક્ષા કેન્દ્રોની હદ મર્યાદાથી બહારના ૧૦૦ મિટરની ત્રિજ્યા વિસ્તારમાં દાખલ થવું નહી.

(૨) પરીક્ષાના નિયત થયેલ પરીક્ષા સ્થળોની હદ મર્યાદા બહાર ૧૦૦ મીટરના ત્રિજ્યા વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ મશીનોના પરીક્ષાના સમય દરમ્યાન ઉપયોગ કરવો નહી.

(૩) કોઇપણ ઇસમ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગીરી કરવી નહી.

(૪) પરીક્ષા સંબંધી ચોરી કરાવી શકાય તેવી કોઇ વસ્તુ / ઇલેક્ટ્રોનિક યંત્ર, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહિ કે કરાવવામાં મદદગારી કરવી નહિ.

(૫) કોઇપણ વ્યકિત પેજર, સેલ્યુલર ફોન, મોબાઇલ ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી સેટ સાથે લઇ જઇ શકશે નહી અથવા તેનો ઉપયોગ કરી શકશે નહી.

(૬) પરીક્ષાર્થીઓને શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું/કરાવવું નહી.

સદરહુ આદેશ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ/સુરક્ષા કર્મચારીશ્રીઓ, અત્રેથી નીમેલા નિરીક્ષકો, સ્કવોડ અધિકારીશ્રીઓ અને પરીક્ષા સંચાલનના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહિ. આ આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

પરિશિષ્ટ - ૧

DISTRICT : BANASKANTHA

BLOCK - BUILDING FOR GUJARAT COMMON ENTRANCE TEST MAY-2015

CENTRE 210 PALANPUR **EXAM DATE : 07-04-2015 : TIME 11-00 TO 14-00**

Bldg. No.	Building Name	School Code	Total Block	Block from Up To		Used Block
1	2	3	4	5	6	7
1	Shree Virsingbhai Ramsingbhai Vidhyalaya (Unit-1), Dairy Road, Near Sonariya Bangla, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-254241	10.019	12	1	12	
2	Shree Virsingbhai Ramsingbhai Vidhyalaya (Unit-2), Dairy Road, Near Sonariya Bangla, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-254241	10.019	12	13	24	
3	Shree Vividhlakshi Vidhya Mandir Unit-1, Mira Darwaja, Vidhyamandir Campus, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-252552	10.001	10	25	34	
4	Shree Vividhlakshi Vidhya Mandir Unit-2, Mira Darwaja, Vidhyamandir Campus, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-252552	10.001	09	35	43	
5	Shree Vividhlakshi Vidhya Mandir Unit-3, Mira Darwaja, Vidhyamandir Campus, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-252467	10.001	15	44	58	
6	MatruShri Kunvarba Girls High School, Dairy Road, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-253027	10.050	12	59	70	
7	M. B. Karnavat High School, Gobari Road, Maharshi Arvind Marg, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-252594	10.018	17	71	87	
8	Shri K. K. Gothi High School and Swastik H. S. School Abu High Way Opp. Atithigruh, Near G. E. B., At Palanpur, Dist. Banaskantha, Phone 02742-252781	10.046	15	88	102	

INDEX

1	2	3	4	5	6	7
9	Shri C. B. Gandhi Nutan High School, Abu High Way, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-250735	10.016	12	103	114	
10	Sankar Vidhyalaya, Laxmipura, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-252943	10.055	16	115	130	
11	Smt. R. K. patel H. S. Kanya Vidhyalaya, Laxmipura, At Palanpur, Dist. Banaskantha, Phone 02742-253953	10.045	15	131	145	
	Total Capacity ...		**145**			

આજ તા. ૨૭મી એપ્રિલ સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/જા.ના.-૩૦/વશી-૨૯૪૯ થી ૩૦૧૦/૨૦૧૫.–બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી વગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીઓની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે. અથવા તો, ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે, તેવી લાલચ આપવા જેવી પ્રવૃતિઓ કરી રહેલ હોવાનું જણાઈ આવેલ છે.

આથી હું, દિલિપ રાણા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર કચેરી (જિલ્લા સેવા સદન), જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી કે જ્યાં મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અને તમામ સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

ઉક્ત હુકમ તા. ૧૦મી એપ્રિલ, ૨૦૧૫થી તા. ૯મી જૂન, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સબબ જો કોઈપણ વ્યકિત કે ઇસમ ઉપર મુજબના નિયમોનો ભંગ કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૭મી એપ્રિલ, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

દિલીપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/પરીક્ષા/વશી/૩૩૦૫ થી ૩૩૧૪/૨૦૧૫.–ભરૂચ શહેરમાં મે-૨૦૧૫ની ૦૭મી મે નાં રોજ ગુજકેટની પરીક્ષા લેવાનાર છે. સદર પરીક્ષા ભરૂચ શહેરનાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવનાર છે. જેથી મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવાના કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખૂબ જ પ્રતિકૂળ અસર પડે તેમ છે. અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે. તેમજ ધ્વની પ્રદૂષણ પણ થાય છે. જેથી તા. ૭મી મે, ૨૦૧૫ના સવારનાં ૦૬-૦૦ કલાકથી રાત્રીના ૧૮-૦૦ કલાક સુધી લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી. જે. સીસ્ટમ બેફામ, મનસ્વી રીતે તથા મોટા અવાજે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી બને છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, ભરૂચ શહેરમાં તારીખ ૭મી મે, ૨૦૧૫ના સવારનાં ૦૬-૦૦ કલાક થી રાત્રીના ૧૮-૦૦ કલાક સુધી કોઇએ પણ લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી. જે. સીસ્ટમ બેફામ, મનસ્વી રીતે તથા મોટા અવાજે વગાડવું નહિ, તેમજ લાઉડ સ્પીકરનો અવાજ મકાનની બહાર જાય તે રીતે લાઉડ સ્પીકર વગાડવું નહિ.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ પર આજ રોજ તારીખ ૨જી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૩૩૧૫/૨૦૧૫.–ભરૂચ શહેરમાં ૦૭મી મે-૨૦૧૫ નાં રોજ ગુજકેટની જાહેર પરીક્ષા ભરૂચ શહેરમાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવાનાર છે. સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજિક તત્ત્વોના ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉક્ત સ્થળોએ આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

INDEX

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૭મી મે, ૨૦૧૫નાં સવારના કલાક ૦૬-૦૦ વાગ્યાથી ૧૮-૦૦ કલાક સુધી ભરૂચ શહેરમાં આવેલ ગુજકેટની જાહેર પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ.
(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.
(૩) ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તપાસ ટુકડીઓને.

આજ તારીખ ૨જી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૩૧૯ થી ૩૩૩૨/૨૦૧૫.–નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ભરૂચ ઝાડેશ્વર ચોકડી પર વડોદરાથી સુરત તરફ જતા તેમજ સુરતથી વડોદરા તરફ જતા બંને છેડા પર ટ્રાફિક જામની સમસ્યા અવાર-નવાર સર્જાતી હોય છે. તેમજ ઝાડેશ્વર ચોકડી ખાતે ખાનગી વાહનો, ટ્રક/ટ્રેઈલરોના ચાલકો વાહન પાર્ક કરતા હોય છે. તેમજ ખાનગી ટ્રાવેલ્સના ચાલકો પેસેન્જરને લેવા ઉભા રહેતા હોય તેના કારણે પણ ટ્રાફિક અવરોધાતો હોય છે. જેથી જાહેર જનતાની સુવિધા તેમજ ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય, ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે ભરૂચના (૧) ઝાડેશ્વર ચોકડી (૨) જંબુસર ચોકડી તથા (૩) ગોલ્ડન બ્રિજ પરના બંને છેડા પરનો વિસ્તાર **"નો પાર્કિંગ ઝોન"** જાહેર કરવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી.જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરું છું કે, જાહેર જનતાની સુવિધા માટે તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૫મી/૬ઠ્ઠી મે, ૨૦૧૫ થી દિન ૩૦ સુધી નીચે મુજબના વિસ્તારમાં તમામ પ્રકારનાં વાહનો માટે **"નો પાર્કિંગ ઝોન"** જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

નો પાર્કિંગ ઝોન

(૧) ભરૂચ ઝાડેશ્વર ચોકડી પરના નેશનલ હાઈવે પરના રોડની બંને બાજુનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૨) જંબુસર ચોકડી પરના રોડની ચારે બાજુનો ૧૫૦ મીટરનો વિસ્તાર.

(૩) ગોલ્ડન બ્રિજના બંને છેડા પરનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૪થી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૩૯૩ થી ૩૪૦૧/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી ભરૂચ શહેર તરફ આવતા તથા દહેજ તરફ જતા ભારે વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ રસ્તાનો તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૧૫ થી દિન ૩૦ સુધી ભરૂચ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ પરનો વાહન વ્યવહાર નીચે મુજબ ડાયવર્ટ કરવા હુકમ કરૂ છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

વિસ્તાર :-

(૧) વડોદરા તરફથી દહેજ તરફ જતા ભારે વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઇ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

(૨) દહેજથી નીકળી વડોદરા-સુરત તરફ જતા ભારે વાહનોએ પણ આજ રૂટ એટલે કે, દહેજથી જંબુસર ચોકડી થઇ દયાદરા થઈ નબીપુર પરથી ને.હા.નં. ૮ પર ડાયવર્ટ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૪૦૨ થી ૩૪૧૦/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની

INDEX

પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી સુરત તરફ આવતા તમામ પ્રકારના વાહનોને નબીપુર ઓવર બ્રિજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રિજ સુધી નિયત કરેલ લાઇનમાં રહેવા, વાહન ચાલકોની ગતિ મર્યાદા નિયંત્રણ કરવા તથા ઓવર ટેકીંગ કરવા પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા તથા ટ્રાફીક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૧૫ થી દિન ૩૦ સુધી નેશનલ હાઈવે નં. ૮ પર વડોદરાથી અંકલેશ્વર-સુરત તરફ જતા વાહનોને ભરૂચ જિલ્લાના નબીપુર ઓવર બ્રિજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રિજ સુધી LMV, HMV, HGV તથા આ નેશનલ હાઈવે પરથી પસાર થતા તમામ વાહનો માટે નિયત કરેલ ટ્રેકમાં જ સ્પીડ લિમીટ ૪૦ કિ.મી. પ્રતિ કલાકની મર્યાદામાં જ વાહન ચલાવવા તથા ઓવર ટેકીંગ નહી કરવા હુકમ કરૂ છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

આ જાહેરનામાંનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી દ્વારા

કલમ-૧૨૬નું જાહેરનામું

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૧૩૨૦૧૪૧૪૫૯/હ, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરીપત્ર નં. એસવી-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૫-૨૦૧૪.

(૩) ડી.ઇ.લે.રે. શ્રી દાહોદના પત્ર નં. ડીએસ.ઓ./ગામઠાણ સર્વે, તા. ૦૪-૦૨-૨૦૧૫ની દરખાસ્ત.

નંબર સીટીએસ/ગા.ઠા.મા./જા.નં./દાહોદ/તા. ૬-૫-૨૦૧૫.—સરકારશ્રીના મહેસૂલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી હક્ક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના સીંગવડ ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ-સીંગવડ, તાલુકો-લીમખેડા, જિલ્લો-દાહોદમાં સીટી સર્વે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઇ.લે.રે. શ્રી દાહોદએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહુ ગામની માપણી તથા હક્ક ચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઇ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ, સીટી સર્વે મેન્યુઅલના પારા-૭ની વિગતે આ સાથેના પરિશિષ્ટ અ માં દર્શાવેલ ગામતળ વિસ્તારની અંદર સમાવિષ્ટ જમીનો, મકાનો તથા તેમાં રસ્તા/મારગની જમીનોને મોજે ફતેપુરા, તા. ફતેપુરા, જિલ્લો દાહોદના ગામને સીટી સર્વે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

પરિશિષ્ટ - અ

મોજે : સીંગવડ, તાલુકો : લીમખેડા, જિલ્લો : દાહોદના સીટી સરવેમાં સમાવેશ થતાં ગામતળ વિસ્તારનું પત્રક

અ. નં.	વિગત	ક્ષેત્રફળ હે. આરે. ચો.મી.
૧	૨	૩
૧	ગામતળ	૧ - ૬૮ - ૭૪

INDEX



દાહોદ તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ
એકત્રિકરણ અધિકારી,
દાહોદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણાના તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૭/૨૦૧૫ થી ધી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૨૫/૨૦૧૫, તા. ૩-૨-૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ હોદ્દેદારોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૬૬/૨૦૧૫.– ધી સહજાનંદ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. મહેસાણા, તા.જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ધ-૧૬૧૬, તારીખ ૧૪મી જુલાઇ, ૧૯૬૬ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧) માં જણાવેલ વિગતે તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.- (૧) થી (૯)માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી અને કોઇ પ્રત્યુત્તર આપેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ સંબંધિત ઓડિટરશ્રીને મોકલેલ નથી. જેથી, સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ-ક છે, અને છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમીટીની બેઠકો દર માસે એક વખત વ્યવસ્થાપક કમિટિ બેઠક બોલાવવી ફરજીયાત હોવા છતાં, ઓડીટ સમયમાં ફકત બે બેઠકો મળેલ છે, આમ કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઇ રસ હોય તેમ જણાતું નથી.

(૪) પેટા નિયમ-૩૭ મુજબ વાર્ષિક સાધારણ સભામાં જરૂરી ઠરાવો કરવામાં આવતા નથી.

(૫) સોસાયટીનું દફતર/સિલક સંભાળતા પ્રમુખશ્રીના યોગ્ય રકમના જામીન મેળવા અંગે સુચના આપવા છતાં સુચનાનો કોઇ અમલ કરેલ નથી.

(૬) મંડળી દ્વારા અગત્યના રજીસ્ટરો જેવા કે શેર, મકાન, પ્લોટ ટ્રાન્સફર રજિસ્ટર, શેર ખાતાવહી અને એજન્ડા બુકના રજીસ્ટરો નીભાવવામાં આવેલ નથી.

(૭) મંડળીમાં તા. ૩૧-૩-૨૦૧૪ના આખરે ₹ ૩૮૮૯૩-૭૮/- ખોટ છે, જે ખોટ નિવારવા અંગે કોઇ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ નથી, જેથી ફલીત થાય છે કે, મંડળી ચલાવવામાં કાર્યવાહકોને રસ જણાતો નથી.

(૮) મંડળીમાં ખોટનું પ્રમાણ વધતું જતું હોઇ, અર્થક્ષમ યુનિટ બની શકે તેમ નથી.

(૯) મંડળીનાં પેટા નિયમના ઉદેશો મુજબની કામગીરી અગાઉ પૂર્ણ થયેલ છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર, હાજર ન રહી મંડળીને ફડચામાં લઈ જવા જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી મુનાસીફ હોવાથી, પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

વચગાળાનો આદેશ

ધી સહજાનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. મહેસાણા, તા.જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી ક્રમાંક ધ-૧૬૧૬, તારીખ ૧૪મી જુલાઇ, ૧૯૬૬ થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૦મી માર્ચ, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :-

(૧) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (પ્રમાણિત-૨) મહેસાણાના તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૩/૨૦૧૫ થી ધી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૨૪/૨૦૧૫, તા. ૩-૨-૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ હોદ્દેદારોને BY R.P.A.D. થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૨૬૭/૨૦૧૫.–ધી વિષ્ણુનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ઘ-૩૩૫૧ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨, (પ્રમાણિત-૧) સહકારી મંડળીઓ, મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધિન આમુખ-(૨) માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી BY R.P.A.D. થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.- (૧) થી (૬)માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ છે. અને મંડળીની પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી પુર્ણ થયેલ છે અને હાલમાં સભાસદોને મંડળી ચલાવવામાં બીલકુલ રસ નથી જેથી તેઓની મંડળીને ફડચામાં લઇ જવા વિનંતી કરેલ છે.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સદર સંસ્થા પેટા નિયમ તથા સહકારી કાયદા અન્વયે કામગીરી કરતી નથી.

(૨) સંસ્થાએ છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયના ઓડીટ દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી.

(૩) સંસ્થામાં હિસાબી દફતર/પત્રકો તૈયાર કરવામાં કે ઓડીટ કરાવવામાં હોદ્દેદારો સહકાર આપતા નથી.

(૪) કમિટિ જુની યથાવત છે, તેમને કોઇ રસ નથી તથા વ્ય. કમીટીની તથા વાર્ષિક સભાની મીટીંગો ભરતા નથી, સભાસદોને હિસાબો રજુ કરતા નથી.

(૫) સંસ્થાનું ઓડીટ નિયમિત થાય, તે માટે જવાબદાર હોદ્દેદારો ઓડીટ સમયસર કરાવવા માગતા નથી અને હોદ્દેદારો, વ્ય. કમીટી વગેરેને મંડળી ચલાવવામાં કોઇ જ રસ જણાતો નથી.

(૬) સંસ્થા પોતાના ઉદ્દેશો મુજબની કામગીરી કરતી નથી અને હાલમાં બંધ અવસ્થામાં છે અને ચાલુ થાય તેમ જણાતું નથી, તો સંસ્થાને ફડચામાં લઇ જવા ઓડીટરશ્રીએ સ્પષ્ટ ભલામણ કરેલ છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર, હાજર ન રહી મંડળીને ફડચામાં લઈ જવા જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી મુનાસીફ હોવાથી, પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

વચગાળાનો આદેશ

ધી વિષ્ણુનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી ક્રમાંક ધ-૩૩૫૧ થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ : ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોઈ તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી, જશોદાનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. મહેસાણા અને સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણાના પત્રથી સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર સદર મંડળીની નોંધણી રદ કરવા માટેની રજુ થયેલ દરખાસ્ત.

INDEX

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૩) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાક જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

હુકમ

આથી, હું, સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આમુખ-૪ મુજબ ધી હાંસોટ તાલુકા સહકારી સંસ્થાના કર્મચારીઓની કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., હાંસોટ, તા. હાંસોટ, જિ. ભરૂચ, નોંધણી નંબર : સે-૧૪૫૯૬, તારીખ ૩૦મી જૂન, ૧૯૮૦ની આમુખ-૫થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરુ છું. અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૫ નો અંતિમ આદેશ ક્રમાંક : સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૩૨૦૧ થી ૩૨૧૦/૨૦૦૫.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ (૧), ભરૂચની તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક/ફડચ/૦૧/૪૭/૧૫ થી ધી એ.બી.સી. કું.ના કર્મચારીઓની કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., જિ. ભરૂચની (ફડચામાં)ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ-૨૦૦૫/એનએસબી-૧૨-૨૦૦૨-૨૦૧૧-ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૯૯/૩૮૫/૨૦૧૫.-ધી એ.બી.સી. કું.ના કર્મચારીઓની ક્રેડીટ સોસાયટી લી., જિ. ભરૂચ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના રોજ નોંધણી નંબર : સે-૨૩૫૭૫ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉકત મંડળીએ કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબ કામગીરી નહિં કરતા આમુખ-૧માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઇ જઈ, તેના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ (૨), ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧મી એપ્રિલ, ૨૦૧૪ થી તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ તાબાના સબ ઓડીટર (લી.રી.) લગત ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૫નું સરવૈયુ શૂન્ય થયેલ છે.

ઉકત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ લેવા માટે અવાર-નવાર પ્રયત્નો કરવા છતાં મંડળીનું દફતર મળી શકેલ નથી. જેથી આ અંગેની

એક જાહેર નોટીસ સંદેશ ન્યુઝ પેપરમાં આપવામાં આવેલ, જે તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૪ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. આમ નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨માં જણાવ્યા મુજબ ઉકત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમુનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી એ.બી.સી. કું.ના કર્મચારીઓની ક્રેડીટ સોસાયટી લી., જિ. ભરૂચ નોંધણી નંબર : સે-૨૩૫૭૫, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨ની આમુખ-૫થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરુ છું. અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે,

ભરૂચ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨૪મી ડિસેમ્બર, ૨૦૦૫ નો અંતિમ આદેશ ક્રમાંક : સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૪૭૬ થી ૪૭૯/૨૦૦૫.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૧, (ટેસ્ટ) સહકારી મંડળીઓ, ભરૂચની તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક/ફડચ/૦૧/૧૯/૧૫ થી ધી દિનેશ મિલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીઓ લી., મુ. અંકલેશ્વરની (ફડચામાં)ની નોંધણી રદ કરવાની દરખાસ્ત

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ-૨૦૦૫/એનએસબી-૧૨-૨૦૦૨-૨૦૧૧-ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૦૦/૩૮૬/૨૦૧૫.-ધી દિનેશ મિલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીઓ લી., મુ. અંકલેશ્વર, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૦ના રોજ નોંધણી નંબર : ભ-૭૨૬ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉકત મંડળીએ કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહિં કરતા આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૧, (ટેસ્ટ), ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧મી એપ્રિલ, ૨૦૦૪ થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ તાબાના સબ ઓડીટર (લી.રી.) લગત ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ નું સરવૈયુ શૂન્ય થયેલ છે.

ઉકત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨માં જણાવ્યા મુજબ ઉકત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમુનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી દિનેશ મિલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીઓ લી., મુ. અંકલેશ્વર નોંધણી નંબર : ભ-૭૨૬, તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૦, ની આમુખ-૫થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરુ છું. અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૫ નો અંતિમ આદેશ ક્રમાંક : સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૨૭૬૮ થી ૨૭૭૭/૨૦૦૫.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી ગ્રેડ-૧, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક/ફડચ/૦૧/૧૨૨/૧૫ થી ધી ભરૂચ ડીસ્ટ્રીકટ પોસ્ટલ એમ્પ્લોઈઝ ડિપાર્ટમેન્ટલ એજન્ટસ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મુ. ભરૂચ, તા. જિ. ભરૂચની (ફડચામાં)ની નોંધણી રદ કરવા દરખાસ્ત

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ-૨૦૦૫/એનએસબી-૧૨-૨૦૦૨-૨૦૧૧-ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૦૧/૩૮૭/૨૦૧૫.– ધી ભરૂચ ડીસ્ટ્રીકટ પોસ્ટલ એમ્પ્લોઈઝ ડિપાર્ટમેન્ટલ એજન્ટસ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મુ. ભરૂચ, તા.જિ. ભરૂચ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૮૫ના રોજ નોંધણી નંબર : સે-૩૬૫૮ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉકત મંડળીએ કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહિં કરતા આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ગ્રેડ-૧) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ તાબાના સબ ઓડીટર (લી.રી.) લગત ભરૂચ દ્વારા

INDEX

હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ નું સરવૈયુ શૂન્ય થયેલ છે.

ઉકત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨માં જણાવ્યા મુજબ ઉકત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમુનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી ભરૂચ ડીસ્ટ્રીકટ પોસ્ટલ એમ્પ્લોઈઝ ડિપાર્ટમેન્ટલ એજન્ટસ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મુ. ભરૂચ, તા. જિ. ભરૂચ, નોંધણી નંબર : સે-૩૬૫૮, તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૮૫ની આમુખ-૫થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરુ છું. અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે,

ભરૂચ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫.

સુનિલકુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, MAY 28, 2015 / JYAISTHA 7, 1937 [No. 22

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	789-828
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	22
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	43
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1985-2150

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./એ સેકશન/પરમીટ/૩૪/૨૦૧૫.–છેલ્લા કેટલાય સમયથી અમદાવાદ શહેરમાં બનેલ ચોરી, લુટ, ખૂન, જેવા ગન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં કેટલાક ઘરઘાટીઓ જાહેર સુલેહશાંતિને કેટલાક માણસની જિંદગીની ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે.

મહદ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે અને તેઓ વિષે માલિક પાસે અગર પોલીસ પાસે માહીતી હોતી નથી પરિણામે તેઓને પકડવા મુશ્કેલભર્યું બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતાં માલિકો ઉપર થોડા નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

INDEX

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન માલિક/મકાન ભાડુઆત જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહીં અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહીતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

(૧) ઘરઘાટીનું પુરૂં નામ :

(૨) ઘરઘાટીનું અમદાવાદનું સરનામું તથા તેની સાથેના માણસોની વિગત :

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ સરનામું (બે, ત્રણ તમામ માલિકોના નામ, સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો) :

(૪) બાંહેધરી અગર જેના મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ સરનામું :

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ સરનામું :

(૬) અમદાવાદમાં ઘરઘાટીના ઓળખીતાનાં નામ સરનામા તથા ટેલીફોન નંબર :

(૭) ઘરઘાટીનાં વતનનું સરનામું પો. સ્ટે. સહીત તથા વતનમાં રહેતાં તેના ભાઈ, બહેન, માતા, પિતાનાં નામો :

(૮) ઘરઘાટી પરણિત હોય તો સાસરીનું નામ-સરનામું :

(૯) ઘરઘાટીનું ચહેરા નિશાન ઉ. વ. ઉંચાઈ વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની) :

આ હુકમ તારીખ ૧૯મી મે, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૩૫/૨૦૧૫.– અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી મે, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી જૂન, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબ કાઢેલ.

ક્રમાંક વિ.શા./અનઅધિકૃત વ્યકિત પ્રવેશ/૧૮૦૯/૨૦૧૫.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જિલ્લા કલેકટરશ્રીની કચેરી (કોઠી), બહુમાળી બિલ્ડીંગ (કુબેર ભવન), જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવન, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી હું, ઇ. રાધાકૃષ્ણ I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જિલ્લા કલેકટરશ્રીની કચેરી (કોઠી), બહુમાળી બિલ્ડીંગ (કુબેર ભવન), જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવન, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલ હોય, કામ કરતા હોય તેવા અગર વ્યાજબી કામે આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઇસમો કે ઇસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઇસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાંનો અમલ તારીખ ૧૭મી મે, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાંનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૪મી માહે મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક : વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું-૧૮૧૨/૨૦૧૫.–કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટાચૂંટણી-૨૦૧૫ના કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાન તારીખ ૧૭મી મે, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તારીખ ૧૯મી મે, ૨૦૧૫ નક્કી કરવામાં આવેલ છે રાજ્યના નિર્વાચન આયોગે તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ મુજબ રાજકીય પક્ષોના નેતાઓ દ્વારા રોડ, ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા સબંધી તથા જાહેર માર્ગો ઉપર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર અન્ય વાહનોની અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટાચૂંટણી-૨૦૧૫ દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક સાથે ફરે તો ભય પેદા થઇ શકે અને ટ્રાફિકને અડચણ ઉભી થતી હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતા સર્વે પ્રકારના વાહનો/ગાડીઓ તથા સવાર થઈ જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. તેમજ જાહેર સુલેહ શાંતિ જોખમાવાનો સંભવ હોય જાહેરહિતમાં જરૂરી નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું ઇ. રાધાકૃષ્ણ, (આઈ. પી. એસ.) પોલીસ, કમિશનર વડોદરા શહેર, વડોદરા, ધી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂઈએ વડોદરા શહેર, પોલીસ કમિશનર હુકમત હેઠળના કરોળિયા ગામનો સમગ્ર વિસ્તાર.

(૧) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૭૭(૧) હેઠળના સ્પષ્ટીકરણના કલોઝ(એ)નો લાભ મેળવતા રાજકીય પક્ષોના નેતાઓ ચૂંટણી પ્રચારના સમયગાળા દરમ્યાન ત્રણ કરતા વધારે વાહનો (તેઓની સાથેના સલામતિ કર્મચારીઓના વાહનો બાદ કરતા) ના કાફલામાં વાહનો લઈ જઈ શકશે નહીં.

(૨) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૭૭(૧) હેઠળના સ્પષ્ટીકરણના કલોઝ(એ)નો લાભ લેતા રાજકીય પક્ષોના નેતાએ વાહનના ઉપયોગ અંગેની જરૂરી મંજુરી (પરમીટ) રાજ્ય ચૂંટણી પંચ ગાંધીનગરની મેળવી લેવાની રહેશે અને આ પરમીટ વાહનના વિન્ડસ્કીન પર સહેલાઈથી જોઈ શકાય તે રીતે લગાડવાની રહેશે તેમજ આ વાહન ઉપર પક્ષનો એક જ ધ્વજ ફરકાવી શકશે.

(૩) અલગ કરાયેલા વાહનોના કાફલા વચ્ચેનું અંતર ઓછામાં ઓછું ૨૦૦ મીટર હોવું જોઈશે.

અપવાદ

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણીના કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનોને, પોલીસ વાહનોને.

વિસ્તાર

વડોદરા પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના કરોળિયા ગામનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ તારીખ ૧૯મી મે, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૧૪મી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું/૧૮૧૩/૨૦૧૫.-કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટાચૂંટણી-૨૦૧૫ના કાર્યક્રમ જાહેર થયેલ છે.

INDEX

તે મુજબ મતદાન તારીખ ૧૭મી મે, ૨૦૧૫ તેમજ મતગણતરીની તારીખ ૧૯મી મે, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. રાજ્યના નિવાર્ચન આયોગે આપેલ સુચનાઓ મુજબ ચૂંટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જરૂરી હોવાનું જણાવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડસ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફક્ત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, સોસાયટી, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેના કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશક્ત અને બિમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂર જણાય છે.

જેથી હું, ઈ. રાધાકૃષ્ણ, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર-૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, કરોળીયા ગામનો સમગ્ર વિસ્તાર.

(૧) ચૂંટણી પ્રકારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૬-૦૦ કલાક પહેલા અને રાત્રિના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિં.

(૨) ચૂંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટીક અથવા માઉન્ટેડ લગાડેલ ફરતાં લાઉડસ્પીકરનો ઉપયોગ સવારના ૦૬-૦૦ કલાક પહેલા અને રાત્રિના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિં.

(૩) સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો નહી. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ, સવારના ૦૬-૦૦ કલાક પહેલા અને રાત્રિના ૧૦-૦૦ કલાક પછી કરી શકાશે નહિં.

(૪) કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર ઉપર પ્રતિબંધ હોય લાઉડ સ્પીકરના ઉપયોગ કરી શકાશે નહિં.

અપવાદ

સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તારીખ ૩જી જાન્યુઆરી ૨૦૧૨ના જાહેરનામાં નં. G.N.V.-૨૦૧૨-(૦૧)-E.N.V.-૧૦-૨૦૧૧-૨૦૧૭-E થી ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ અંતર્ગત વર્ષ-૨૦૧૨માં કેટલા ધાર્મિક તહેવારો/સાંસ્કૃતિક પ્રસંગોના ઉજવણીના પ્રસંગોએ આપેલ છુટછાટ મુજબ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે.

અમલવારીનો સમય અને વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના કરોળીયા ગામનો સમગ્ર વિસ્તારમાં આ હુકમનો અમલ આચાર સંહિતાના સમય પૂરો થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું/૧૮૧૪/૨૦૧૫.–કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાનની તા. ૧૭મી મે, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તા. ૧૯મી મે, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા આપેલ સુચનાઓ મુજબ ધાર્મિક સ્થળનો ચૂંટણી પ્રચારના ઉપયોગ પર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી જાહેર જીવનને સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે. જેથી ધાર્મિક સ્થળોનો ચૂંટણીલક્ષી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે માટે જરૂરી નિયંત્રણો મુકવા જરૂરી છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં.

(૧) કોઇપણ મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇપણ ધાર્મિક/ પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો કે ચૂંટણીના કોઇપણ પ્રકારના હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાશે નહી.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કનિશનરની હકુમત હેઠળના કરોળીયા ગામનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ તા. ૧૯મી મે, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૪મી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૬ (ક) અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું/૧૮૧૫/૨૦૧૫.–કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાનની તા. ૧૭મી મે, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તારીખ ૧૯મી મે, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. અને તે અંગે મતદાન તથા મત નોંધણી કરવા વિવિધ મતદાન મથકો ખોલવામાં આવેલ છે.

મોટા ભાગના મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા સારૂ મોટી સંખ્યામાં મતદાન મથકો ઉપર એકઠા થશે. જેથી મતદાન મથકો ઉપર ભીડ રહેવા સંભવ છે. જેથી મતદાન મથકો અને તેની આજુ બાજુના વિસ્તારમાં વ્યવસ્થા જાળવવાની જરૂીયાત છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૬ (ક) મુજબ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના કરોળીયા ગામનો સમગ્ર વિસ્તાર.

તારીખ ૧૭મી મે, ૨૦૧૫વા રોજ કલાક ૦૮-૦૦ થી મતદાન પુરુ થાય ત્યાં સુધી.

(૧) દરેક મતદાર મતદાન મથકના પ્રવેશ દ્વાર પાસે હારમાં ઉભા રહેશે તથા સ્ત્રી/પુરુષની અલગ લાઇન કરવાની રહેશે.

(૨) દરેક મતદાર મતદાન મથકમાં પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થશે.

(૩) મતદાન કર્યા પછી તાત્કાલિક મતદાન મથક છોડી જશે.

(૪) કોઈપણ વાહન પોલીંગ બુથથી ૨૦૦ મીટરની અંદર પ્રવેશ કરશે નહીં. સિવાય કે ફરજ ઉપરના અધિકારીશ્રીના વાહન.

(૫) મતદાન મથક ઉપર અંદર કે બહાર ધાંધલીયું વર્તન કરશે નહી.

આજ તારીખ ૧૪મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું/૧૮૧૬/૨૦૧૫.–કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાનની તા. ૧૭મી મે, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તા. ૧૯મી મે, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. રાજ્યના નિર્વાચન આયોગે તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ જાહેરાતના પાટીયા, બેનર્સ વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગો, માલિકીના મકાનો, કંપાઉન્ડ વોલ વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર્સ, રાજકીય અગ્રણીઓના કટ-આઉટ ઉભા કરવાથી / પ્રદર્શિત કરવાથી તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મલિકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર્સ, ભીંતચિત્રો વિગેરે ઉભા કરવાથી / મુકવાથી ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતિ વધવા સંભવ છે. ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂટંણી તંત્ર પ્રયત્નશીલ છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે, જેથી આ માટે જરૂરી નિયંત્રણ મુકવા જરૂરી છે.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, વડોદરા શહેરના કરોળીયા ગામનો સમગ્ર વિસ્તાર.

(૧) કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ, દરવાજા, કમાનો, પોસ્ટર્સ, પેમ્ફલેટ, જાહેરાતોના પાટીયા, ધજા-પતાકા, ભીંતચિત્રો, ભીંતસુત્રો, તથા કોઇપણ પ્રકારનું ચૂંટણીલક્ષી સાહિત્ય વિગરે જાહેર મિલકત ઉપર કે જાહેર જગ્યા ઉપર મુકી શકાશે નહી. એટલે કે, સરકારી, વડોદરા મહાનગર સેવા સદન કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ વગેરે હસ્તકની મિલકતો તથા જગ્યાઓ ઉપર (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ) મુકી કે ચોંટાડી શકાશે નહી.

(૨) જાહેર મિલ્કતો તથા મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે ચૂંટણીપ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના કરોળીયા ગામનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ તા. ૧૭મી મે, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૪ મે, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું/૧૮૧૭/૨૦૧૫.–કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાનની તા. ૧૭મી મે, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તા. ૧૯મી મે, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. મતદાનના દિવસે રાજકીય પક્ષો તથા હરીફ ઉમેદવારો દ્વારા મતદાન મથકની નજીકમાં મત આપવા માટે મતદારોની મતદાર યાદીમાંથી તેમના ભાગ નંબર/ક્રમ, નંબર,

INDEX

નામવાળી ઓળખવાળી કાપલીઓ આપવા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ/ખુરશીઓ મુકવામાં આવે છે, જેનાથી મત આપવા આવતા મતદારો તથા અવર-જવર કરતા લોકોને અને ટ્રાફિકને અડચણ થતી હોય છે. મતદારો સરળતાથી મતદાન આપવા આવી શકે અને પરત જઈ શકે તથા ટ્રાફિકને કોઇ અવરોધ ન થાય તે માટે રાજય ચૂંટણી પંચે તેમના આદેશથી જરૂરી નિયંત્રણો મુકેલ છે.

કરોળીયા ગ્રામ પંચાયત સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના એજન્ટો, કાર્યકરો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ તથા ખુરશીઓ ગોઠવવામાં આવે છે જેનાથી લોકોમાં હરકત અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગ્યા ઉપર કોઇ પ્રકારે રાહદારી તથા મત આપવા જનાર લોકોને અગવડ ઉભી ન થાય તે માટે જાહેર હિતમાં નિયંત્રણો મૂકવા જરૂરી જણાય છે.

જેથી, હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ. પી. એસ.) પોલીસ, કમિશનર, વડોદરા શહેર, ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના સમગ્ર કરોળીયા ગામ વિગેરે વિસ્તાર માટે હુકમ કરૂં છું કે,

(૧) મતદાનના દિવસે મતદાન મથકના મકાનથી ૨૦૦ મીટર ત્રિજયા બહાર મતદારોને ઓળખ કાપલીઓ આપવા કોઈપણ ઉમેદવાર જો ઇચ્છે તો એક ટેબલ, બે ખુરશી મુકી શકશ. ટેબલ ઉપર છાંયડો કરી શકાશે પરંતુ તેને કવર્ડ કરી શકશે નહી તથા આ ટેબલ ઉપર ઉમેદવાર તથા પક્ષનું નામ અને નિશાન સાથેનું ફકત એક જ બેનર ૩ ફુટ × ૪.૧/૨ ફુટ સાઈઝનું મુકી શકશે. આવુ ટેબલ મુકવા માટે જે તે ઉમેદવારે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી મતદાન મથકનું નામ, નંબર અને જે જગ્યાએ ટેબલ મુકવાનું હોય તે જગ્યાના નામ સાથે જાણ ફરજીયાત કરવી જોઇશે અને સ્થાનિક સત્તા મંડળ (મહાનગર સેવા સદન, ગ્રામ પંચાયત વિગેરે) ના સક્ષમ અધિકારીની પરવાનગી મેળવી લેવાની રહેશે અને મેળવેલ પરવાનગી જ્યારે કોઇપણ અધિકારી જોવા માંગે ત્યારે રજુ કરવાની રહેશે.

(૨) મંજુરી મેળવેલ ટેબલ-ખુરશી ટ્રાફિકને અવરોધ ન થાય તે રીતે મુકવાના રહેશે.

(૩) મત આપીને આવતા મતદારો આ ટેબલ ઉપર એકઠા થઇ શકશે નહી.

અપવાદ

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહીં :-

(૧) ચૂંટણીના કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનોને, પોલીસ વાહનોને.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના કરોળીયા ગામનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ તારીખ ૧૭મી મે, ૨૦૧૫ના રોજ એક દિવસ પુરતો અમલમાં રહેશે.

આજ તારીખ ૧૪મી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું/૧૮૧૮/૨૦૧૫.–કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ ના કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાનની તા. ૧૭મી મે, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તા. ૧૯મી મે, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. રાજ્યના નિર્વાચન આયોગે તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશની સૂચના મુજબ મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષો, હરીફ ઉમેદવારો અને તેમના અધિકૃત એજન્ટો કે ટેકેદારો વાહનો દ્વારા મતદારોની હેરાફેરી કરતા અટકાવી શકાય તે માટે વાહનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

કરોળીયા ગ્રામ પંચાયત સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ દરમ્યાન મતદાનના દિવસે વાહન, ટ્રાફિક અને વાહનો ફેરવવા અંગેના નિયમો અંગે ચૂંટણી પંચની માર્ગદર્શક સૂચનાઓ અન્વયે ચૂંટણી મુક્ત ન્યાયી અને તટસ્થતાપૂર્વક રીતે થાય, ટ્રાફિકનું સુચારૂ સંચાલન થાય તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં જરૂરી નિયંત્રણો મૂકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઈ. રાધાકૃષ્ણ, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પોલીસ કમિશનર, વડોદરા શહેર, હકુમત હેઠળના કરોળીયા ગામના સમગ્ર વિસ્તારમાં મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષો, હરીફ ઉમેદવારો, તેમના અધિકૃત એજન્ટો, ટેકેદારો કે કોઈપણ વ્યક્તિઓ મતદારોને મતદાન મથકે લાવવા લઈ જવા માટે વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં તથા મતદાનના દિવસે કોઈપણ વાહન મતદાન મથકની ૨૦૦ મીટર ત્રિજ્યામાં લઈ શકશે નહીં.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના કરોળીયા ગામનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી સંબંધી સિવાયના પોતાના કામ માટે જતા ખાનગી વાહનોને.

(૨) ચૂંટણીના કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનોને, પોલીસ વાહનોને.

(૩) આવશ્યક સેવાઓ જેવી કે, હોસ્પિટલ વાન, એમ્બ્યુલન્સ, દૂધની વાન, વિજળી અને પાણી પુરવઠા જેવી આવશ્યક સેવાઓ માટે ઉપયોગમાં લેવાતા વાહનોને.

INDEX

(૪) નક્કી થયેલ રૂટ ઉપર પેસેન્જરો માટે ચાલતી સરકારી, અર્ધ સરકારી બસો, મીની બસોને.

(૫) કલીનીક, હોસ્પિટલો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન અને વિમાનઘર વિગેરે તરફ અને ત્યાંથી કુટુંબના સભ્યોને લાવવા લઈ જવા માટે માલિકો દ્વારા ચલાવતા હોય તેવા વાહનોને.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ તારીખ ૧૭મી મે, ૨૦૧૫ના રોજ અમલમાં રહેશે.

આજ તારીખ ૧૪મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું/૧૮૧૯/૨૦૧૫.–કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ ના કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાનની તા. ૧૭મી મે, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તા. ૧૯મી મે, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. વડોદરા શહેરમાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતિ અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે અને હાલ રાજ્ય ચૂંટણી આયોગે બહાર પાડેલ ચૂંટણી આચાર સંહિતાની જોગવાઈઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, ઈ. રાધાકૃષ્ણ, આઇ.પી.એસ., પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર. સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી મે, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી મે, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ, અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના કરોળીયા ગામનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું/૧૮૨૦/૨૦૧૫.–કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ ના કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાનની તા. ૧૭મી મે, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તા. ૧૯મી મે, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. આ ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ ચૂંટણી મુક્ત, ન્યાયી અને તટસ્થ રીતે થાય તે માટે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૯ તથા ૧૩૦ ની જોગવાઇ અનુસાર મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂર જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.એ.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગ તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૪૨/સી.આર.સી./૧૦૮૨/ ૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નં. જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ ના અધિકારોનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી મે, ૨૦૧૫ ના રોજ કલાક ૦૦-૦૦ થી ૨૧-૦૦ સુધી મતદાનના દિવસે મતદાનના મથકની અંદર તથા મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તારમાં આવેલ કોઇ જાહેર કરે ખાગની સ્થળે કોઇપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો

(૧) ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને તેનો મત આપવા માટે સમજાવવા.

(૨) ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને તેનો મત ન આપવા માટે સમજાવવા.

(૩) ચૂંટણીમાં કોઈપણ રીતે કોઈ વ્યકિતના મતદાનને અસર પહોંચાડવાની કોશીષ કરવી.

(૪) મત માટે પ્રચાર કરવો.

(૫) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

(૬) અમુક ઉમેદવારને મત ન આપવા કોઈ મતદારને સમજાવવા.

(૭) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૮) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૯) સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસફોન, વાયરલેસ સેટ, વગેરે લઈ જવાની.

(૧૦) મતદાન મથકની હદમાં સંબંધિત મતદાર, ઉમેદવાર કે તેના અધિકૃત ચૂંટણી એજન્ટ, ઉમેદવારના અધિકૃત પોલીંગ એજન્ટો, ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા અધિકારીઓ તથા ચૂંટણી પંચ તરફથી અધિકૃત કરેલ વ્યકિતઓ સિવાયની વ્યકિત પ્રવેશી શકશે નહીં.

આ આદેશોનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે જેવા સાધનો મળી આવશે તો, સ્થળ પરના સુરક્ષા અધિકારીઓ આ સાધનો જપ્ત કરી શકશે.

અપવાદ

કાયદો અને વ્યવસ્થાના ઈનચાર્જ અધિકારીશ્રીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા સેલ્યુલર ફોન, કોર્ડલેસ, હેન્ડસેટ, વોકીટોકી, તથા વાયરલેસ સેટ વગેરેનો ઉપયોગ કરી શકશે. મતદાન મથકે નિમવામાં આવેલા કર્મચારીઓ પૈકી ફકત પ્રિસાઈડીંગ ઓફીસર અને ચૂંટણીપંચના નિરીક્ષક/ સેકટર ઓફીસર/માઈક્રો સ્ટેટીક ઓબ્ઝર્વર અથવા જિલ્લા ચૂંટણી અધિકારી કે વિધાનસભા મત વિભાગના ચૂંટણી અધિકારી અને નિમેલા અધિકારી મતદાન મથકમાં તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના કરોળીયા ગામનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તેમજ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહુ હુકમ તારીખ ૧૯મી મે, ૨૦૧૫ના રોજ પુરતો અમલમાં રહેશે.

આજ તારીખ ૧૪મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(૩) અન્વયેનું.

ક્રમાંક વિ.શા./ગ્રા.પં.પે.ચૂં./જાહેરનામું/૧૮૨૧/૨૦૧૫.–કરોળીયા ગ્રામ પંચાયતની સરપંચની પેટા ચૂંટણી-૨૦૧૫ અન્વયે વડોદરા શહેરના કુલ ૧ ગામનું મતદાન તા. ૧૭મી મે, ૨૦૧૫ નારોજ થનાર છે. અને મત ગણતરી તા. ૧૯મી મે, ૨૦૧૫ના રોજ કલાક ૦૯-૦૦ વાગ્યા હાથ ધરવામાં આવનાર છે. સરપંચની ચૂંટણીની મતગણતરી મામલતદાર, વડોદરા શહેર ઉત્તર, નર્મદા ભવન, 'સી' બ્લોક ત્રીજો માળ, જેલ રોડ, વડોદરા ખાતે થનાર છે. જે મતગણતરી સ્થળ રાવપુરા પોલીસ સ્ટેશનની હદમાં છે. મતગણતરી સમયે સુલેહ શાંતિ જળવાઈ રહે, ચૂંટણી પ્રક્રિયા ન્યાયી અને મુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર મતગણતરી શરૂ થાય તે સમયથી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી મતગણતરી બિલ્ડીંગના કંપાઉન્ડની આજુ-બાજુમાં ૨૦૦ મીટર ઘેરાવામાં મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવા કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઈ. રાધાકૃષ્ણ, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની પેટા કલમ-૩૭(૧)(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૯મી મે, ૨૦૧૫ના રોજ કલાક ૦૦-૦૦ થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચેના સ્થળોએ મતગણતરી બિલ્ડીંગના કંપાઉન્ડની દિવાલની આજુ-બાજુનાં ૨૦૦ મીટરના ઘેરાવામાં મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

પ્રતિબંધિત વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના નીચે દર્શાવેલ સ્થળોએ મતગણતરીના કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટર વિસ્તારનાં ઘેરાવામાં.

(૧) મામલતદાર, વડોદરા શહેર ઉત્તર, નર્મદા ભવન, 'સી' બ્લોક ત્રીજો માળ, જેલ રોડ, વડોદરા.

અપવાદ

સરકારી અધિકારી/કર્મચારી તથા પોલીસ અધિકારી/કર્મચારી જે ચૂંટણી મતગણતરી અંગેની ફરજ ઉપર હોય અને મતગણતરીની વ્યવસ્થા સાથે સંકળાયેલા હોય તેવી વ્યક્તિને ઉપરોકત પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

INDEX

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

સદરહુ હુકમનો અમલ તારીખ ૧૯મી મે, ૨૦૧૫ ના રોજ પૂરતો અમલમાં રહેશે.

આજ તારીખ ૧૪મી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ–૧૨ હેઠળ.

જા. નં.ક-૧/વહટ/જાહેરનામું/૬૯૦૨/૨૦૧૫.–સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૧૬મી ઓકટોબર, ૨૦૧૪નો ઠરાવ ક્રમાંક મહક/૧૦૨૦૧૩/૩૬૪૨/સ, આધારે પોલીસ કમિશનરેટ સુરત શહેર કાર્યક્ષેત્ર વિસ્તારમાં લાલગેટ પોલીસ સ્ટેશન મંજુર કરવામાં આવેલ છે. જાહેર જનતાની સુવિધાને ધ્યાનમાં લઈ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર હાલના કાર્યરત ચોકબજાર પોલીસ સ્ટેશનની હદમાં આંશિક ફેરફાર કરવાની તેમજ નવા લાલગેટ પોલીસ સ્ટેશનની હદ નક્કી કરવાની જરૂર જણાય છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈને ક્રમાંક ઉ.ગ.પ.ક./પ.ર.હ./૩૫૬૦૦/૯૫/ સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ગુજરાતના ૨૨ માં)ની કલમ-૧૨ હેઠળ મળેલા અધિકારો મુજબ સુરત શહેરના પોલીસ કમિશનર તેમના જાહેરનામાં ક્રમાંક ક-૧/વહટ/જાહેરનામું/૩૦૪૨૩/૦૮, તા. ૩-૧૧-૨૦૦૮ના જાહેરનામાં અનુસંધાને સુરત શહેરના જુના પોલીસ સ્ટેશન ચોક બજારની હદમાં આંશિક ફેરફાર કરી તેમજ નવા લાલગેટ પોલીસ સ્ટેશનની હદ નક્કી કરી પોતાના હકુમત હેઠળના સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે મુજબના પોલીસ સ્ટેશનોનો હદ વિસ્તાર નક્કી કરવામાં આવે છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

(૧) ચોક બજાર પોલીસ સ્ટેશન :-

નહેરુ પૂલના પૂર્વ વિભાગ તરફથી શરૂ થઈ મેઈન રોડ દક્ષિણ તરફના ફુટપાથ સિવાયનો ભાગળ ચાર રસ્તા પશ્ચિમ તરફ સાઈડ સિગ્નલ સુધી (ભાગળ ચાર રસ્તા સિવાય) ભાગળ ચાર રસ્તાથી ઉત્તર તરફના સાઈડ સિગ્નલથી (પૂર્વ દિશાના ફુટપાથ સિવાય) કાંસકીવાડ ચાર રસ્તાથી ગોળવાલા ચકલા ચાર રસ્તાથી રામપુરા મેઈન રોડ અશકતા આશ્રમ હોસ્પિટલ સુધી. (પૂર્વ દિશાના ફુટપાથ સિવાય) અશકતા આશ્રમ થી પશ્ચિમે વસંત ડાઈંગ થઈ કાઝીપુરા કોટડા મહોલ્લાને અડીને આવેલ જુની સીટી વોલની અંદરનો ભાગ, તેમજ ત્યાંથી કતારગામ દરવાજા થઈ વેડ દરવાજા થઈ વેડ રોડ ઉત્તરે સીંગણપોર ચાર રસ્તા, ડભોલી ચાર રસ્તા થઈ નાની વેડ, મોટી વેડ, થઈને તાપી નદીના ઉત્તર કાંઠા સુધીનો રોડ, (રોડના પૂર્વ દિશાના ફુટપાથ સિવાય) થઈ આ કાંઠા થી ઉત્તર પશ્ચિમે તાપી નદી કોઝ-વે સુધી નદીના પાણી સહિતનો વિસ્તાર, કોઝ-વે થી નહેરુ પુલ સુધી નદીના પૂર્વ કિનારા સહિતનો પાણી સિવાયનો પૂર્વનો વિસ્તાર, ઉપરોકત દર્શાવેલ હદના અંદરનો સમગ્ર વિસ્તાર.

(૨) લાલગેટ પોલીસ સ્ટેશન :-

હોપપુલના છેડા, રાજાઓવારાથી પૂર્વ તરફ જતા ચોક ચાર રસ્તા ભાગાતળાવ નવી લાલગેટ પોલીસ ચોકી જુની લાલગેટ ભાગળ ચાર રસ્તાથી ઉત્તરે કાંસકીવાડ ચાર રસ્તાથી પશ્ચિમથી ઉત્તરે ગણેશ ખમણ દુકાનની બોર્ડર તથા ત્યાંથી પશ્ચિમનો ડાબી બાજુની મીલકત બોર્ડર થઈ જરદોષ બિલ્ડીંગના જમણા હાથે ઉત્તરે થઈ ડાબા હાથે પશ્ચિમ દિશાએ શાહપોર ચાર રસ્તાથી આગળ ચિંતામણી દેરાસરથી દક્ષિણે મુગલીસરા મેઈન રોડ એસ.એમ.સી. ઓફીસ, જિલ્લા પંચાયત ઓફીસ, ચોકબજાર પોલીસ સ્ટેશન થી ચોકબજાર ચાર રસ્તા સુધીનો વિસ્તાર.

આ જાહેરનામું તા. ૧૨મી મે, ૨૦૧૫ના રોજ કલાક ૧૦-૦૦ થી અમલમાં આવશે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE,

Read :

(1) Hon'ble High Court Letter No. A. 2408/1989, dated : 22-06-2010 with its accompaniments i.e. Government Resolution, Legal Department, No. SCT/1089/4287/D (Part-III), dated 07-06-2010, regarding establishment of 6 (Six) Special Courts at Gandhinagar, Kheda at Nadiad, Anand, Porbandar, Bharuch and Ahmedabad City to try exclusively cases of Schedule Caste and schedule Tribes (prevention of Atrocities) Act, 1989.

(2) This Office Order No. 60/2014, dated 07-05-2014.

(3) Hon'ble High Court Notification No. A. 1201/2015 [32], dated 07-05-2015.

Office Order

No. 114 of 2015.–In pursuance of the instructions received from the Hon'ble High Court of Gujarat, at Sola, Ahmedabad, vide its letter No. A. 2408/1989, dated 22nd June, 2010 for speedy disposal of large pendency of **the cases filed under the Scheduled Castes / Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989,** in Nadiad head-quarter, and consequent upon the transfer and posting of Appellate Judicial Officers, vide Hon'ble High Court Notifications cited in the preamble at Sr. No. (3), the following order is passed on administrative grounds for smooth and speedy disposals, according to law, in the interest of public with effect from 18th May, 2015 B.O. Hs. :-

The Court of the **4th Additional District Judge and Additional Sessions Judge, Kheda at Nadiad,** is hereby declare as **Special Court** for the Kheda District, to deal with

INDEX

the pending **Old Cases and New Cases** filed under the Scheduled Castes/ Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, for exclusive disposal of cases, in accordance with law.

Nadiad, 13th May, 2015.

M. P. SHETH,
Principal District Judge,
Kheda at Nadiad.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/ગુજકેટ/પરીક્ષા/સીઆરપીસી-૧૪૪/વશી. ૪૭૬૫ થી ૪૭૮૬/૨૦૧૫.–જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નવસારી દ્વારા તારીખ ૧લી મે, ૨૦૧૫ થી અત્રેની કચેરીને કરેલ દરખાસ્ત મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૭મી મે, ૨૦૧૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક દરમ્યાન લેવાનાર ગુજકેટ પરીક્ષા-૨૦૧૫ને ધ્યાનમાં રાખીને નવસારી જિલ્લાના નિયત કરેલ તમામ ૦૯ પરીક્ષા કોન્દ્રોમાં પરીક્ષાનું સંચાલન સરળ અને સુચારૂ થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા તથા હથિયાર કે મોબાઈલ ફોન લઈ જવા પર કે પરીક્ષા સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ / ફેક્સ સેન્ટરો તારીખ ૭મી મે, ૨૦૧૫ના રોજ સવારે કલાક ૧૧-૦૦ થી કલાક ૧૪-૦૦ સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી અને ઈષ્ટ જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આ સાથેના નિર્દિષ્ટ કરેલ નવસારી જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા કોઈપણ વ્યક્તિઓ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઈલ લઈ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા સદરહુ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ / ફેક્સ સેન્ટરો તારીખ ૭મી મે, ૨૦૧૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે જણાવેલ કૃત્યો કરવા નહિ તેમ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઓએ પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/ બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવું નહિં.

(૨) કોઈપણ ઈસમે, કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિં.

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખન કાર્યમાં અડચણ- વિક્ષેપ- ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવું /કરાવવું નહિં.

(૪) પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, ઈલેક્ટ્રોનીક આઈટમ, મોબાઈલ ફોન, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગેરેનું વહન કરવું નહિં કે કરાવવામાં મદદગારી કરવી નહિં.

(૫) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં. સરઘસ કાઢવું નહીં, કે ભેગા થવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ / અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) આ હુકમ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વ / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યક્તિઓને તથા ઉક્ત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ / વિદ્યાર્થીઓને તેમજ પરીક્ષાની કામગારી માટે રોકાયેલા અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૪) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહી. અથવા સરઘસ કાઢવું નહીં. કે ભેગા થવું નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૪થી મે, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/ગુજકેટ/પરીક્ષા/સીઆરપીસી-૧૪૪/વશી. ૪૭૬૫ થી ૪૭૮૬/૨૦૧૫.–જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નવસારી દ્વારા તા. ૧લી મે, ૨૦૧૫ થી અત્રેની કચેરીને કરેલ દરખાસ્ત મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૭મી મે, ૨૦૧૫ના રોજ

INDEX

સવારે ૧૧-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક દરમ્યાન લેવાનાર ગુજકેટ પરીક્ષા-૨૦૧૫ને ધ્યાનમાં રાખીને નવસારી જિલ્લાના નિયત કરેલ તમામ ૦૯ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સરળ અને સુચારૂ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા તથા હથિયાર કે મોબાઈલ ફોન લઈ જવા પર કે પરીક્ષા સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ / ફેક્સ સેન્ટરો તારીખ ૭મી મે, ૨૦૧૫નાં રોજ સવારે ૧૧-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી અને ઈષ્ટ જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આ સાથેના નિર્દિષ્ટ કરેલ નવસારી જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, કોઈપણ વ્યક્તિએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઈલ લઈ જવા ઉપર કે લાઉડસ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા સદરહું પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ / ફેક્સ સેન્ટરો તારીખ ૭મી મે, ૨૦૧૫નાં રોજ સવારે ૧૧-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે જણાવેલ કૃત્યો કરવા નહિ તેમ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓએ પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/ બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવું નહિં.

(૨) કોઈપણ ઈસમે, કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિં.

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખન કાર્યમાં અડચણ- વિક્ષેપ- ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવું /કરાવવું નહિં.

(૪) પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, ઈલેક્ટ્રોનીક આઈટમ, મોબાઈલ ફોન, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગેરેનું વહન કરવું નહિં કે કરાવવામાં મદદગારી કરવી નહિં.

(૫) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં. અથવા સરઘસ કાઢવું નહીં, કે ભેગા થવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ / અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) આ હુકમ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વે / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યક્તિઓને તથા ઉક્ત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ / વિદ્યાર્થીઓને તેમજ પરીક્ષાની કામગીરી માટે રોકાયેલા અધિકૃત વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૪) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહી. અથવા સરઘસ કાઢવું નહીં. કે ભેગા થવું નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ, રોજ તારીખ ૪થી મે, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ગ) મુજબનું.

નંબર ડી/એમએજી/૧/નો પાર્કિંગ/જાના-૪૨/વશી.૩૯૩૪-૪૬/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ગ) મુજબ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચે મુજબનો મુસદ્દો જેનાથી અસર થવાનો સંભવ હોઈ તેવી વ્યક્તિઓની જાણ સારૂં સદરહુ કલમ-૩૩ની પેટા કલમ-(૧)(ગ) ના ઠરાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ કર્યો છે, અને આથી નોટીસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા પાલનપુર જે રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૧ મહિનો પુર્ણ થયે વિચારણામાં લેશે.

ઉપરોકત મુદત પુરી થાય તે પહેલા સદરહુ મુસદ્દાના સંદર્ભમાં કોઈ વ્યક્તિ તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા પાલનપુરને જે કંઈ વાંધા સુચનો મળશે તેની ઉપર તેઓ વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

પાલનપુર શહેરમાં ગઠામણ દરવાજા, આંખની હોસ્પિટલ થી ટેકનીકલ હાઈસ્કુલ સુધીના રોડ ઉપર જીપ, મેકસી તથા મીની ટ્રક જેવા ખાનગી વાહનોનું ગેરકાયદેસર પાર્કીંગ કરવામાં આવતું હોય છે. ગઠામણ દરવાજાથી ટેકનીકલ હાઈસ્કુલ સુધીના રોડ ઉપર લોકોની અવરજવર વધુ રહે છે. આવા ગેરકાયદેસર પાર્કીંગના કારણે અકસ્માત થવાની શક્યતાઓ રહેલી હોઈ આ વિસ્તારને નો પાર્કીંગ ઝોન જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ગ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ પાલનપુર શહેરના ગઠામણ દરવાજા આંખની

હોસ્પિટલ થી ટેકનીકલ હાઇસ્કૂલ સુધીના રોડને **''નો પાર્કીંગ ઝોન''** જાહેર કરવા તેમજ ઉપરોક્ત જગ્યાએ પાર્કીંગ કરવામાં આવતા ખાનગી વાહનો અને પેસેન્જર જીપો માટે ટેકનીકલ હાઇસ્કુલની બાજુમાં આવી સી.સી. નં. ૭૮, ૭૯, ૮૦ના સી.સી. નં. ૧૩૧૮ની પૂર્વે આવેલ ખુલ્લી જગ્યામાં **''પાર્કીંગ ઝોન''** જાહેર કરવા આથી હુકમ કરૂં છું.

આજ રોજ તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

દિલીપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એકટ કલમ-૩૭(૧)/વશી ૪૭૨૯ થી ૪૭૬૪/રજી. નં. ૦૫/૨૦૧૫.—નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ''મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-(૩૭) (૧) અન્વયેનું જાહેરનામું, મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તા. ૨૮મી એપ્રિલ, ૨૦૧૫ થી તા. ૧૧મી મે, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની;

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની;

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(૭) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે, કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨ માંના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએકટ-કલમ.૩૭(૧)/વશી. ૪૭૨૯ થી ૪૭૬૪/રજી. નં.૫/૨૦૧૫.—નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ''મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું જાહેરનામું, મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી મે, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ,

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(૪) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(૭) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેવો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનો ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માંના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએકટ-કલમ.૩૭(૧)/વશી. ૪૯૦૮ થી ૪૯૪૩/રજી. નં.૫/૨૦૧૫.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ‘‘મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું જાહેરનામું, મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ હું, કે,. આર. વસાવા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧૩મી મે, ૨૦૧૫ થી તારીખ ૨૬મી મે, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ,

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની,

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(૪) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની,

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(૭) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેવો ફેલાવો કરવાની,

આ હુકમના ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

INDEX

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માંના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૨મી મે, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૧૮૯૯ થી ૧૯૧૬/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત રહે છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહરનામા અન્વયે તા. ૧૩મી મે, ૨૦૧૫નાં કલાક ૮-૦૦ થી તા. ૨૭મી મે, ૨૦૧૫નાં રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦નાં પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૧૧મી મે, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર ડીસી/પી.ઓ.એલ./જાહેરનામું/૩૭(૧)/વશી-૧૨૩૩/ ૨૦૧૫.–દેશના જુદા જુદા ભાગોમાં ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલ હિંસાત્મક અને ભાંગફોડીયા હુમલાઓ થયેલ હોવાથી હાલની સ્ફોટક પરિસ્થિતિ ધ્યાને લેતાં તથા તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૫થી શરૂ થઈ તા. ૯મી મે, ૨૦૧૫ સુધી કૃષિ મહોત્સવ કાર્યક્રમ સરકારશ્રીના જુદા જુદા વિભાગોની ટીમો દ્વારા સેમીનાર અને એકઝીબીશન કમ સેલ્સના કૃષિ કાર્યક્રમનુ આયોજન કરેલ છે. તેમજ તારીખ ૭મી મે, ૨૦૧૫ના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ગુજકેટની પરીક્ષા હોઇ જેથી જીલ્લામાં અસામાજિક તત્વો દ્વારા કોઇ અઘટિત બનાવ ન બને તે સારૂ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૪થી મે, ૨૦૧૫ના રોજ રજુ કરેલ પત્રની વિગતે તારીખ ૭મી મે, ૨૦૧૫ના કલાક ૦૬-૦૦ થી તારીખ ૨૧મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું, એસ. ડી. ધાનાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ, સાબરકાંઠા જિલ્લાના હદ વિસ્તાર માટે નીચેની વિગતે અમલવારી માટે હુકમ કરૂં છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સાબરકાંઠાની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

જાહેરનામાનો પ્રતિબંધિત સમય

તારીખ ૭મી મે, ૨૦૧૫ ના કલાક ૦૬-૦૦ થી તારીખ ૨૧મી મે, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી (બંને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

પ્રતિબંધિત કૃત્યો

(૧) જેનાથી શારીરિક ઈજા પહોંચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેમ કે, શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી, કે લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવાનું.

(૨) કોઈપણ ખવાઇ જાય તેવા પદાર્થ અથવા જલ્દી સળગી ઉઠે તેવી વસ્તુઓ બીજા સ્ફોટક પદાર્થો લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવાનું.

(૩) પથ્થરો કે બીજા હથીયારો કે હથીયારો ફેંકવાના કે નાંખવાના યંત્રો કે સાધનો એકઠા કરવા તથા સાથે લઈ જવા અંગે કે તૈયાર કરવા કે સાથે લઈને ફરવાનું.

(૪) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા બાબત.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ, આકૃતિ કે આકાર અથવા પુતળા દેખાડવાનું.

INDEX

(૬) લોકોએ બુમ પાડવાની કે ગીતો ગાવાની કે વાદ્ય વગાડવા બાબત.

(૭) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવાનું કે સાથે રાખીને ફરવાનું.

અપવાદ :- આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઇપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઇ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું હોય આવશ્યક હોય.

(૩) કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઇ જતાં ખેડૂતો.

(૫) સરકારશ્રીના અન્ય સરકારી કાર્યક્રમ.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઇ દંડને પાત્ર થશે. તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર ડીસી/પી.ઓ.એલ./જાહેરનામું/૩૭(૩)/વશી-૧૨૩૪/૨૦૧૫.–દેશના જુદા જુદા ભાગોમાં ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલ હિંસાત્મક અને ભાંગફોડીયા હુમલાઓ થયેલ હોવાથી હાલની સ્ફોટક પરિસ્થિતિ ધ્યાને લેતાં તથા તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૫થી શરૂ થઇ તા. ૯મી મે, ૨૦૧૫ સુધી કૃષિ મહોત્સવ કાર્યક્રમ સરકારશ્રીના જુદા જુદા વિભાગોની ટીમો દ્વારા સેમીનાર અને એકઝીબીશન કમ સેલ્સના કૃષિ કાર્યક્રમનુ આયોજન કરેલ છે. તેમજ તારીખ ૭મી મે, ૨૦૧૫ના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ગુજકેટની પરીક્ષા હોઇ જેથી જીલ્લામાં અસામાજિક તત્વો દ્વારા કોઇ અઘટિત બનાવ ન બને તે સારૂ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૪થી મે, ૨૦૧૫ના રોજ રજુ કરેલ પત્રની વિગતે તારીખ ૭મી મે, ૨૦૧૫ના કલાક ૦૬-૦૦ થી તારીખ ૨૧મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું, એસ. ડી. ધાનાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી આદેશ આપુ છું કે, સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી સિવાય તારીખ ૭મી મે, ૨૦૧૫ના કલાક ૦૬-૦૦ થી તારીખ ૨૧મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઇ સભા ભરવી કે બોલવવી નહીં, તેમજ સરઘસ કાઢવું નહિ.

ખુલાસો :-

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતાં ખેડુતોને તેમજ અન્ય સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/પીઓએલ-૧/બોરવેલ/જાહેરનામું/૩૭(૧)/વશી-૧૨૩૪/૨૦૧૫(૧૭).–ઉપસચિવશ્રી, (કાયદો અને વ્યવસ્થા) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ. ૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧મી જૂન, ૨૦૧૪ના ફેક્સ પત્રની વિગતે પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠા, હિંમતનગરે તેમના તા. ૪થી મે, ૨૦૧૫ના પત્રથી વિવિધ સ્થળોએ છેલ્લા ઘણા સમયથી ખુલ્લા બોરવેલમાં બાળકો પડી જવાની ઘટનાઓ બનતાં આ બાબત ગંભીર હોઇ તે નિવારવા માટે રાજ્ય સરકારે તકેદારીના પગલાંરૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાવેલ છે.

વાસ્તે હું, એસ. ડી. ધાનાણી (જી. એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૯મી મે, ૨૦૧૫ના કલાક ૦૬-૦૦ થી તારીખ ૨૩મી મે, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી નીચે મુજબની સુચનાઓની તમામ સંબંધીતોએ અમલવારી કરવા હુકમ કરૂં છું.

(૧) સાબરકાંઠા જિલ્લામાં જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલાં સંબંધિત વિભાગની મંજુરી મેળવે છે. તે અંગેની ખાતરી જમીન માલિક/બોરના માલિક તથા બોર બનાવનાર એજન્સીએ સંબંધિત પોલીસ સ્ટેશન અધિકારીને કરવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઇ જાનહાનિ થાય નહીં અથવા બોરવેલમાં કોઇ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગે તમામ તકેદારીના તમામ પગલાં જેવા કે બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ/મજબુત ફરતી દિવાલ કરાવવાની રહેશે અને તે અંગેની ખાતરી સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીને કરાવવાની રહેશે.

(૩) જુના તથા બંધ પડેલ અથવા અવાવરી પરિસ્થિતિ હોય તેવા બોરવેલોના જમીન માલિકોને પણ ઉપરોકત કાળજી રાખવાની રહેશે.

આ કામે હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તેમજ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એસ. ડી. ધાનાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમ.એ.જી./સીસીટીવી/જાહેરનામું/વશી-૩૧૦૭/૨૦૧૫.– હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અન્ય રાજ્યો કે દેશ બહારથી આવતા આતંકવાદી અને સમાજ વિરોધી માનસ ધરાવતા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા કે લોકોની અવર-જવર વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગુનાહીત પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેને લઇને નાગરિકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી લોકોની ખાનગી કે જાહેર માલ મિલકતને નુકસાન થવા ઉપરાંત માનવ જિંદગીની ખુંવારી પણ થાય છે. લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને આ પ્રકારે નુકસાન ન થાય તથા માનવ જીંદગીની ખુંવારી ન થાય કે અસુરક્ષાની ભાવના ઉભી ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે જગ્યાઓએ નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકીંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો, મલ્ટીપ્લેક્ષ થિયેટર-સિનેમા, શોપીંગ- કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલપ્લાઝા, એ.ટી.એમ. વિગેરે એકમો/સ્થળોના માલીકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશવાના તથા બહાર નિકળવાના દ્વાર ઉપર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા સહિત જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય તેવી અન્ય તમામ જગ્યાઓમાં લોકોની હીલચાલને આવરી લે તેવી રીતે અને તેટલી સંખ્યામાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા સીસીટીવી કેમેરાના ફુટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોક્તાઓ વહીવટકર્તાઓની રહેશે. સીસીટીવી કેમેરાની આ પ્રકારની વ્યવસ્થા ઉપરોકત તમામ કાર્યરત એકમોએ આ જાહેરનામાંની પ્રસિદ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ પોતાની કામગીરી શરૂ કરવાની રહેશે.

સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા

તમામ સંબંધિત એકમોએ :-

(૧) કોઇપણ જગ્યાની અંદરના તમામ ભાગનું સંપૂર્ણ કવરેજ સતત અને સ્પષ્ટ રીતે થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરો ગોઠવવો.

(૪) પાર્કીંગની જગ્યાએ સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ/નિષ્કાસ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) ટોલટેક્ષ ઉપર વાહનનો પ્રકાર, વાહનનો નંબર વાંચી શકાય અને તેમાં બેઠેલા વ્યકિતઓના ચહેરા જોઇ શકાય તે રીતેના નાઈટવિઝનના કેમેરા ગોઠવવા.

આ હુકમ તારીખ ૪થી મે, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ભાડાની મિલકત/જાહેરનામું/વશી-૩૧૮૭/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગોમાં તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભુતકાળમાં સુરત શહેરમાં મળી આવેલ બોમ્બ તથા અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાના ગંભીર બનાવોથી જણાય છે કે, આવું કૃત્ય કરનાર ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પ્લેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી આંતકવાદી પ્રવૃત્તિ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. જેથી જાહેર સંપત્તિ તેમજ લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય માનવ જીંદગીની ખુવારી થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીમાં જોખમ ઉભું કરે છે.

દેશના અન્ય રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો પોતાના હેતુ પાર પાડવા કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને જે-તે વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ તેઓની અસામાજીક, ગુનાહિત કે ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલીકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઇ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ તરફથી જ્યારે મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપે કે આપેલ છે, તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો આ માટે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસ અને ઔદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન/દુકાન ઓફિસ/ ઔદ્યોગિક એકમના માલીકનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	ભાડે આપેલ મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી બાંધકામ	મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	જે વ્યકિતને ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું ફોટા સાથે.	જે વ્યકિતને ભાડે આપેલ તેમના મુળ વતનનું પાકા નામ, સરનામા તથા બેથી ત્રણ સગા સંબંધિઓના નામ, સરનામા.	મકાન/દુકાન/ ઓફિસ તથા ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ ?
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમ તારીખ જથી મે, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ જથી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ઔદ્યોગિક એકમો/જાહેરનામું/વશી-૩૨૬૭/૨૦૧૫.—સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ભુતકાળમાં બનેલ ધાડ-લુંટ-ખૂન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં ઔદ્યોગિક/વેપાર/વાણિજ્ય કારખાનામાં, મકાન-બાંધકામમાં તથા ફેકટરીઓ, પર્યટન સ્થળો, જાહેર આનંદ પ્રમોદની જગ્યા, ધાર્મિક સંસ્થાઓ, ફાર્મ હાઉસ વિગેરેમાં કામ કરતા પરપ્રાંતિય કારીગરોઓની સંડોવણી જણાય છે. આવા કારખાનામાં, મકાન-બાંધકામમાં તથા ફેકટરીઓમાં કામ કરતાં પરપ્રાંતિય તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનામાં સંડોવાયેલ હોવાનું અનુભવે જણાય છે. આવા કારીગરો કોઈપણ પ્રકારના ગંભીર ગુનો આચરી તેઓના વતનમાં કે અન્યત્ર ચાલી જતા હોય છે. જેના કારણે આવા ગુના વણ શોધાયેલ રહેવા પામે છે તેમજ ઘણા કિસ્સામાં આવા પરપ્રાંતિય અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી જિલ્લામાં આવેલ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં આશરો લેતા હોય છે. કેટલાંક કેસોમાં આવી જગ્યા પર આશરો મેળવી આતંકવાદી પ્રવૃત્તિ કરવા માટે માહિતી એકત્રિત કરી જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગુન્હાહિત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીમાં જોખમ ઉભું કરે છે. જેથી આવી ગુનાહિત પ્રવૃત્તિ કરતાં તત્ત્વો સાથે સંકળાયેલ આવા કારીગરો/કર્મચારીઓ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય નાના મોટા તમામ ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રકટના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/ મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રકટના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ. નં.	માલિકનું નામ, સરનામું, ધંધાની વિગત, ટેલીફોન/ મોબાઈલ નંબર	કર્મચારી/ કારીગર/ મજુરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, હાલનું પુરુ સરનામું, ટેલીફોન નંબર	કામે રાખેલ નોકરના મૂળ વતનનું સરનામું, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજુર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ, સરનામું	કર્મચારી/ કારીગર/ મજુરને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	કર્મચારી/ કારીગર/ મજુરના બે થી ત્રણ સગા સંબંધીઓના પુરા નામ, સરનામા વતન સહીતના	કર્મચારી/ કારીગર/ મજુરનો ફોટો	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તારીખ ૪થી મે, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ગેસ્ટ હાઉસ/જાહેરનામું/વશી-૩૩૪૭/૨૦૧૫.– હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક પ્રવૃતિ કરતા તત્ત્વો લોકો સાથે ભળી ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારમાં કે પછી હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ થાય, માનવ જીંદગીની ખુંવારી થાય અને જાહેર કે લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય તે પ્રકારની પ્રવૃત્તિ કરવાની કોશીષ કરતા હોય છે.

બહારના રાજ્યોમાંથી કે પરદેશથી આવતા આવા ગુનાહિત માનસ ધરાવતા તત્ત્વો કે ઈસમો કોઇના મકાન ભાડે રાખીને અથવા હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ વિગેરેમાં મુસાફર તરીકે રોકાય જે-તે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઇને પોતાની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપી સરકારી, ખાનગી માલ-મિલ્કતનો તેમજ લોકોની જાનહાની થાય તેવું કૃત્ય કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ ભાડેથી આપતા માલીકો/સંચાલકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારની મિલકત ધરાવતા માલિકોએ, સંચાલકોએ મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટહાઉસમાં કોઈ પણ વિદેશીઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય આવી કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ તેના સંચાલકો/માલીકો દ્વારા ભાડે આપી શકશે નહીં.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની વિગતો લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નીયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ના નિયત નમુના મુજબના ફોર્મમાં નજીકના પોલીસ સ્ટેશનમાં તથા એસ.ઓ.જી. શાખા કામરેજ ચાર રસ્તા ખાતે ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત જિલ્લામાં કઇ જગ્યાએ, કયા કામ માટે, કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની તેમજ વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર સહિતની સંપુર્ણ વિગત મેળવી રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૭) કોઇપણ મુસાફરની હીલચાલ શંકાસ્પદ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધાર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે. તેમજ દરેક મુસાફરો પાસેથી ફોટો આઈ.ડી. પ્રુફ (ઓળખપત્ર) વેરીફાઈ કરી તેની નકલ મેળવી રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૪થી મે, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સીકયુરીટી ગાર્ડ/જાહેરનામું/વશી ૩૪૨૭/૨૦૧૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના કર્મચારીઓ કે તેના ગાર્ડ પોતાના લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં લઇ ફરે છે અને તેઓ પોતાના હથિયારોનો ઉપયોગ જમીનના વિવાદોમાં લોનના હપ્તા ઉઘરાવવામાં કરતા હોય છે. આ કામે તેઓ હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઇન્ડીયા લાયસન્સ મેળવી તેઓ સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગ કરે છે. જેને લઈને ઘણા-ખરા બનાવોમાં બિનજરૂરી કારણ વગર આડેધડ ફાયરીંગ કરવાના કે જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ તેની ફરજ બજાવતા હોય ત્યારે તેની ફરજ દરમ્યાન સંબંધિત કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ કે મિલ્કત સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓ આચરવાના

INDEX

બનાવ બનવા પામેલ છે. તો કેટલાક કિસ્સામાં આવા પરપ્રાંતિય હથિયાર ધારક ઈસમ બનાવટી લાયસન્સથી પણહથિયાર મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ તેના પર નિયંત્રણ હોવું જરૂરી છે.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

(૧) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સિક્યુરીટી કંપની ચલાવતા માલિકો/સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આવા પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાસસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

(૨) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ રાષ્ટ્રીયકૃત/ખાનગી/સહકારી બેન્કોએ પોતાની બેન્કોમાં તેમજ એ.ટી.એમ. મશીન ઉપર ફરજ બજાવતા ખાનગી સિકયુરીટી એજન્સીના હથિયારી/બિન હથિયારી ગાર્ડનો બાયોડેટા સહિતની માહિતી ફરજીયાતપણે નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. બેન્કમાં ફરજ બજાવતા ગાર્ડની માહિતી રજુ કરવાની જવાબદારી બેન્ક મેનેજર/સંચાલકની રહેશે.

ઉપરક્ત મુદ્રા નંબર : ૧ અને ૨ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ ગાર્ડ વાઇઝ અલગ-અલગ ભરવાની રહેશે.

અ.નં.	વિગત		
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ/માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:-	
૨	પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ હાલનું સરનામું ટે.ફો. નંબર	:-	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલીફોન નંબર	:-	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:-	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:-	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	:-	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:-	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો	:-	

આ હુકમ તારીખ જથી મે, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ જથી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/મોબાઇલ ફોન-સીમ કાર્ડ/જાહેરનામું/વશી. ૩૫૦૭/૨૦૧૫.– હાલના પ્રવર્તમાન સંજોગોમાં રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. જેના લીધે મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ચોરીમાં ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મૂળ સુધી પહોંચી શકાય છે. પરંતુ ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા ઇસમ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.જેથી ગુન્હાના મૂળ સુધી પહોંચવા જુના મોબાઇલ ફોન, સીમકાર્ડ ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી જરૂરી છે.

ઉક્ત હકીકતે ગુનાઓમાં વપરાયેલ મોબાઇલ ફોન તથા ચોરાયેલ મોબાઇલ ફોનના ગુન્હાઓના મૂળ સુધી પહોંચવા જુના મોબાઈલ ફોન, સીમકાર્ડ વેચવા ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકુમત ન હોય તેવા સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલની દુકાન ચલાવતા એકમોના માલિકે કોઇપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે તથા વેચાણ કરતી વખતે લેનાર તથા વેચનાર વ્યક્તિનું પુરેપુરૂ નામ-સરનામું ફરજીયાત નોંધવાનું રહેશે અને તે બાબતે નીચે મુજબના અલગ અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે.

કોઇપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ વેચનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત

કોઇપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ વેચાણ કરતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત

(૨) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકુમત ન હોય તેવા સુરત સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વિક્રેતાએ સીમકાર્ડ ખરીદનારનું નામ-સરનામાં માટે ઓળખના પુરાવા તથા પાસપોર્ટ સાઇઝનો ફોટો મેળવવામાં આવે છે તે પુરાવાઓ જે તે કંપનીને મોકલી આપવામાં આવે છે બાદમાં જેની કોઇપણ પ્રકારની નોંધ સીમકાર્ડ વિક્રેતાઓ પાસે ઉપલબ્ધ હોતી નથી. જેથી વિક્રેતાઓએ પણ ફરજીયાત પણે નોંધ રાખવા માટે નીચેના કોલમ મુજબનું રજીસ્ટર નીભાવવાનું રહેશે તેમજ ફોટા સાથેની વિગત રાખવાની રહેશે.

સીમકાર્ડ વેચતી વખતે વિક્રેતાએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ કંપની અને સીમકાર્ડ (મોબાઇલ) નંબર	સીમકાર્ડ વેચાણ તારીખ	મોબાઈલ ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત

આ હુકમ તારીખ ૪થી મે, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-સને ૧૯૭૩(૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમએજી/વાહન લે-વેચ/જાહેરનામું/વશી-૩૫૮૭/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ આતંકવાદી હુમલાના બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક પ્રવૃત્તિ કરતા તત્ત્વો પોતાની આતંકવાદી/ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપવા માટે સાયકલો, સ્કુટર, મોપેડ, મોટર સાયકલ તથા તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં કે તેની આજુબાજુ આવાં વાહનો પાર્ક કરી તેમાં રાખવામાં આવેલ બોમ્બ કે સ્ફોટક પદાર્થનો બ્લાસ્ટ કરી પોતાના ત્રાસવાદી કૃત્યને અંજામ આપતા હોય છે. જેને લઈને સરકારી, અર્ધસરકારી, ખાનગી માલ મિલ્કતો તેમજ લોકોની જાનહાની થાય છે. જેથી લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. આવા અનરજીસ્ટર્ડ વાહનોને કારણે આવું ગુનાહિત કૃત્ય કરનારને શોધી કાઢવામાં મુશ્કેલી કે વિલંબ થાય છે. જેથી સાયકલો, મોપેડ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો લે-વેચ કરનાર કે ભાડે આપનાર દ્વારા તે અંગે જરૂરી માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાય તેમ હોઈ આવી આતંકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા સાયકલો/ટુ વ્હીલર વાહનો લે-વેચ કરનાર કે ભાડે આપનારાઓ ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતિ અને સુરક્ષાના પરિક્ષેપમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારના નવા કે જુના ટુ-વ્હીલર વાહનો લે-વેચ કરનાર, ભાડે આપનારાઓ તથા તે અંગેની દુકાનો ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવા કે જુના ટુ-વ્હીલર વાહનો વેચવામાં કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

(૧) સાયકલ, સ્કુટર, મોટર સાયકલ મોપેડ વગેરે જુના વાહનો ખરીદનારાને વેચાણ કર્તાએ અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) આ પ્રકારના વાહનો ખરીદનારનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખકાર્ડ કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે પંચાયતના સભ્યશ્રી, નગર પાલિકાના કોર્પોરેટરશ્રી, ધારા સભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખકાર્ડ/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા જુના વાહનો ખરીદનાર પાસેથી વેચાણકર્તાએ મેળવવાના તેમજ બીલ સાથે રાખવાના રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો તથા ભાડે આપેલ હોય તો તેમની જરૂરી વિગતો રાખવી.

(૪) વેચાણ બીલમાં સદરહુ વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ કે તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

આ હુકમ તારીખ ૪થી મે, ૨૦૧૫ થી કલાક ૦૦.૦૦ થી તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ કલાક ૨૪.૦૦ સુધી બંન્ને દિવસો સહીત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નં. એમએજી/એસ.ટી.ડી.પી.સી.ઓ./જાહેરનામું/વશી ૩૬૬૭/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગોમાં રાજ્યની ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને દેશના વિવિધ ભાગોમાં થયેલ બોમ્બ ધડાકા તથા આતંકવાદી બનાવો પરથી આતંકવાદીઓ અને દેશ વિરોધી તત્ત્વો આતંકવાદી કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીને જોખમ ઉભુ કરતા હોય છે અને તે માટે આવા તત્ત્વો બહારના દેશોનો સંપર્ક કરતા હોય છે. તે માટે એસ.ટી.ડી.પી.સી.ઓ. નો ઉપયોગ કરતા હોય છે. જેથી આવા એસ.ટી.ડી.પી.સી.ઓ. કે જ્યાંથી બહારના દેશોમાં વાતચીત થતી હોય તેઓ પર નિયંત્રણ મુકવું જરૂરી છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સુરત જિલ્લા વિસ્તારમાં આવેલા તમામ એસ.ટી.ડી.પી.સી.ઓ. સંચાલકોએ બહારના દેશોમાં જે કોઈ પણ વ્યક્તિ ફોન કરે ત્યારે ફોન કરનારનું ફોટા સાથેનું ઓળખપ્રુફ લઈ નીચે દર્શાવેલ નમુનામાં રજિસ્ટર નીભાવી તેમાં તમામ નોંધ કરી અને આવા થયેલ ફોનની કોલ ડીટેલની એક નકલ સંબંધિત પોલીસ સ્ટેશનમાં દર મહિનાની ૧લી તારીખે રજુ કરવાની રહેશે.

INDEX

એસ.ટી.ડી./પી.સી.ઓ. સંચાલકોએ નિભાવવાના રજિસ્ટરનો નમુનો

અનુ. નંબર	એસ.ટી.ડી./પી.સી.ઓ. નું નામ, માલિકનું નામ, સરનામું, મોબાઈલ નંબર	ફોન કરવા આવનાર વ્યકિતનું પુરૂં નામ, મુળ સરનામું તથા હાલનું પુરૂં સરનામું, ઓળખ ચિન્હો	ફોન કરવા આવનાર વ્યકિતની ફોટો આઈ.ડી. પ્રુફની વિગત (સ્વચ્છ નકલ લેવી.)	જે ફોન નંબર પર વાત કરવા માંગે છે તે ફોન નંબર તથા તે વ્યક્તિનું પુરૂં નામ, સરનામું	ફોન કરવા આવ્યા તારીખ અને ફોનમાં વાત શરૂ કર્યા સમય	ફોનમાં વાત પુરી કર્યા સમય.
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૪થી મે, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૧૮/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તા. ૧૨મી મે, ૨૦૧૫ ના પત્ર ક્રમાંક વહટ/સીબી-૪/ફાયરીંગ/૪૫૦૩/૨૦૧૫ થી જણાવ્યા અનુસાર આસી. કમાન્ડન્ટશ્રી, કોસ્ટગાર્ડ એર સ્ટેશન, દમણના તા. ૨૮મી એપ્રિલ, ૨૦૧૫ના પત્ર મુજબ કોસ્ટગાર્ડ એર સ્ટેશન, દમણ દ્વારા સ્મોલ આર્મ્સ ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તા. ૨૬મી મે, ૨૦૧૫ તેમજ તા. ૨૭મી મે, ૨૦૧૫ના રોજ સમય સવારે ૭-૩૦ થી ૧૬-૩૦ કલાક સુધી આર્મ્સ ફાયરીંગની પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઇપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આઈ. જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેમના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/૫૩૧/૨૦૧૫, તા. ૦૪-૦૫-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નંબર ડીસી/પીઓએલ/ભાડુઆત/વશી-૧૨૩૦/૨૦૧૫(૧૫).–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને તાજેતરમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો સ્થાનીક જગાઓએ ખોટા નામે મકાન તેમજ દુકાન/શો રૂમ ભાડે રાખી રહેણાંક તથા બજાર વિસ્તારોમાં આશરો મેળવી તેમજ કેટલીક વખત સ્થાનીક જગ્યાઓએ ખોટા નામે દુકાન/શો રૂમ ભાડે રાખી, રાજ્યની મહત્ત્વની વ્યક્તિઓની યોજનાઓનો સર્વે કરી માહીતગાર થઈ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. સ્થાનીક અસામાજીક તત્ત્વોનો પણ સહયોગ પણ મેળવતા હોય છે અને તેમની આવી પ્રવૃત્તિથી અમુલ્ય માનવ જિંદગીની ખુવારી કરી સંપત્તિને નુકશાન કરી જાહેર શાંતિ અને સલામતી તથા કાયદો વ્યવસ્થાનો ભંગ કરવાનો બદ ઈરાદો બર લાવે છે. આથી મકાન ભાડે આપતા મકાન માલીકો તેમજ દુકાન/શો રૂમ માલિકો ઉપર થોડા નિયંત્રણો મુકી આવી પ્રવૃત્તિ અટકાવવી ઘણીજ જરૂરી હોઈ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪

હેઠળ તા. ૮મી મે, ૨૦૧૫ સુધી જાહેરનામું અમલમાં હતું તેનો સમય પુરો થતો હોઈ વધુ ૬૦ દિવસ માટે તારીખ ૯મી મે, ૨૦૧૫ થી તા. ૮મી જુલાઇ ૨૦૧૫ સુધીના સમય માટે સમગ્ર જિલ્લામાં અમલમાં રહે તે રીતે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિકારીશ્રી, સાબરકાંઠાએ તેમના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/૫૩૧/૨૦૧૫, તા. ૪થી મે, ૨૦૧૫ના પત્રથી વિનંતી કરતાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની જોગવાઈઓ આધીન નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, સ્વરૂપ પી. (આઈ.એ.એસ.), કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા આથી જાહેર હિતમાં હુકમ કરૂં છું કે, ત્રાસવાદી/અસામાજીક પ્રવૃત્તિથી અમુલ્ય માનવ જિંદગીની ખુવારી કરી સંપત્તિને નુકશાન ન થાય અને જાહેર શાંતિ અને સલામતી તથા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે આશયથી મકાન ભાડે આપતા મકાન તેમજ દુકાન/શો રૂમના માલીકો ઉપર નીચે મુજબના થોડા નિયંત્રણો મુકવાં જરૂરી હોઈ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ તા. ૯મી મે, ૨૦૧૫ થી તા. ૮મી જુલાઇ, ૨૦૧૫ સુધીના ૬૦ દિવસના સમય માટે સમગ્ર જિલ્લામાં અમલ રહે તે રીતે મકાન માલીકોએ તેમજ દુકાન/શો રૂમના માલીકે સત્તા આપેલ હોઈ તેવી વ્યક્તિઓએ નીચેની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા હુકમ કરૂં છું.

આથી સાબરકાંઠા જિલ્લામાં કોઈ મકાન માલીક તેમજ દુકાન/શો રૂમના માલીક અથવા તો માલીકે સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન અને દુકાન/શો રૂમ ભાડે અથવા અન્ય રીતે કોઈપણ વ્યક્તિને આપે ત્યારે જે તે જગાના સંબંધિત પોલીસ સ્ટેશને નીચે દર્શાવ્યા મુજબની માહિતી આપવાની (જાણ કરવાની) ફરજ રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિ મકાન તથા દુકાન/શો રૂમ ભાડેથી અથવા અન્ય રીતે રહેવા તથા ધંધો કરવા કોઈપણ વ્યક્તિને આપી શકશે નહિં.

(૧) મકાન માલીકનું અથવા દુકાન/શો રૂમ માલીક વતી ભાડે આપવાની સત્તા ધરાવનારનું પુરૂ નામ, મકાન માલીક તથા દુકાન/શો રૂમના માલીક જ્યાં રહેતા હોય તે ઘરનું પુરૂં સરનામું, ફોન નંબર/મોબાઈલ નંબર.

(૨) જે મકાન તથા દુકાન/શો રૂમ ભાડે આપવાનું છે તેની સંપૂર્ણ વિગત જેવી કે,

  (એ) પૂરૂ સરનામુ, (મકાન નંબર, સોસાયટીનું નામ, વિસ્તાર કે વિગેરે,

  (બી) મકાનની વિગત, કેટલા રૂમ, રસોડુ તથા દુકાન/શો રૂમની વિગત કેટલા રૂમ અન્ય વિગત, કેટલા માળનું છે, કયો માળ ભાડે આપેલ છે વિગેરે વિગતો.

(૩) મકાન તથા દુકાન/શો રૂમ ભાડે આપ્યા તારીખ :

(૪) મકાન તથા દુકાન/શો રૂમનુ નક્કી કરેલ ભાડુ.

(૫) મકાન તથા દુકાન/શો રૂમ ભાડે આપનાર/ભાડે લેનારનો સંપર્ક કઈ રીતે થયો.

(૬) સંપર્ક કરાવનાર વ્યક્તિનું પુરૂં નામ, સરનામું ફોન નંબર/મોબાઈલ નંબર.

(૭) ભાડે રાખનાર વ્યક્તિનો ફોન નંબર, મોબાઈલ નંબર તેમજ મકાનમાં રહેનાર તમામ વ્યક્તિઓની વિગત તથા આ પહેલાં કઈ જગાએ રહેતા હતા તેની વિગતો.

અનુ. નંબર	પિતાનું નામ	અટક	ઉ. વ.	મુળ વતનનું સરનામુ
(૧)				
(૨)				

આ હુકમનો/સુચનાઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સા. કાં. ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/૫૩૨/૨૦૧૫, તા. ૦૪-૦૫-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર પીઓએલ/ટુ વ્હીલર બિન વારસી/જા.નામુ/વશી-૧૨૩૧/૨૦૧૫(૫).–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર, મુંબઈ અને દિલ્હી શહેરોમાં શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાનિ તેમજ માલ-મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ છે. જે તમામ બનાવને જોતાં જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે કાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર વાહન પર ટીફીન બોકસ અથવા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. ભુતકાળમાં આ પ્રકારના ટુ વ્હીલર વાહન ઉપર બોમ્બ બ્લાસ્ટનો બનાવ અત્રેના જિલ્લાના મોડાસા ખાતે પણ બનવા પામેલ હતો. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂ સાબરકાંઠા જીલ્લાની જાહેર જનતાને પણ સુરક્ષાની દ્રષ્ટિએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઇ સામાન સાથે સાયકલ ટુ-વ્હીલર વાહનો કોઇપણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી જેથી આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષાના હિતમાં નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું, સ્વરૂપ પી. (આઈ.એ.એસ.), કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, સાબરકાંઠા જિલ્લામાં ટીફીન બોકસ કે અન્ય કોઇ સામાન સાથેના સાયકલ તથા ટુ-વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફૂટપાથ ઉપર કોઇ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) બીન વારસી મુકવા નહી. આવા ટીફીન બોકસ કે અન્ય કોઇ સામાન સાથેના સાયકલ તથા ટુ-વ્હીલર વાહનો બીનવારસી હાલતમાં મળી આવશે તો પોલીસ તપાસ અર્થે કબજે લઇ શકાશે.

INDEX

આ હુકમ તારીખ ૭મી મે, ૨૦૧૫ થી તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

સદરહુ આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આજ તા. ૭મી મે, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :-

(૧) પોલીસ મહાનિર્દેશકશ્રીના જીસ્વાન મેસેજ નં. જી.ઓ/ટેલીફોન બુથ/ ૧૭૦/૧૨, તારીખ ૩જી એપ્રિલ, ૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાં.કા.ના પત્ર નં. એલઆઇબી/ જા.નામું/ ૫૩૨/૧૫ તા. ૪-૫-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/કોલર આઇડી/વશી-૧૨૩૧/૨૦૧૫(૧૦).– ગુપ્તચર સંસ્થાઓ વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો કે ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂં રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડનો ઉપયોગ કરતા હોય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ ખરીદવા કે વેચવા ઉપર કોઈ ચોક્કસ નીતિનું પાલન કરવામાં આવતું નથી. જેથી, વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રિય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું, સ્વરૂપ પી., (આઈ.એ.એસ.), કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર.

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તારીખ ૭મી મે, ૨૦૧૫ થી તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

‘‘જાહેરનામા મુજબ મોબાઇલ સીમકાર્ડ વેચનાર ડીસ્ટ્રીબ્યુટરો અને વેપારીઓએ તથા ISD / SRD / PCO ધારકોએ કરવાની અમલવારી’’

(૧) સાબરકાંઠા જિલ્લાની હદમાં આવેલ મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડિસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર એરીયાવાઈઝ ડિસ્ટ્રીબ્યુટરો અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડિસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેઈલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર રીટેઈલરોએ પણ નિભાવવું, જેમાં જે તે નંબર કઈ વ્યક્તિને વેચવામાં આવે છે ? અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ વિગતવાર નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડના વેચાણકર્તા ડિસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેઈલરોની યાદી તેઓના કંપની કોડ સાથે નજીકના પોલીસ સ્ટેશન તેમજ પોલીસ અધિક્ષકની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તેની પણ જાણ કરવી.

(૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યક્તિ જે દસ્તાવેજ આપે છે, તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી, અને રીટેઈલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે, ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

(૫) મોટા ભાગે દસ્તાવેજોની ખરાઈ કરવા માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી મોબાઈલ કંપનીઓએ સ્થાનિક પોલીસને આપવી.

(૬) મોબાઈલ સીમના ડિસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા જણાઈ આવેલ છે જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી, આવા સીમકાર્ડનું વેચાણ ફક્ત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એક્ટ હેઠળ નોંધાયેલ લાયસન્સ ધારકને જ વેચાણ આપે તેવી વ્યવસ્થા કરવી.

(૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એક્ટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એક્ટીવ કરવું.

(૮) સાબરકાંઠા જિલ્લામાં આવેલ તમામ ISD / STD / PCO ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ / સરનામાની માહિતીનું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ દંડ/સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સ્વરૂપ પી.,
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા- હિંમતનગર.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/ઘ-૨૫૧૦૩/ઝ/૯૫/૭૬૯/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, વિકાસ એન્સેમ્બલ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., સ્થળ પરવટ, ટી.પી. ૧૯, તા. સુરત સીટી, જિ. સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધું :–

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ (દુધ), માંડવીના તારીખ ૨-૨-૨૦૧૫ થી ફડચામાં લઈ જવાનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૮૧/૨૦૧૫, તા. ૨૦-૦૨-૨૦૧૫, મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩)ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૪૦/૧૨૧૫/૨૦૧૫.–વંચાણે લીધા ક્રમાંક-૧ અન્વયે ઝરપણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ઝરપણ, તા. માંડવી, જિ. સુરતનું સબ ઓડીટર, સહકારી મંડળીઓ (દુધ), માંડવી દ્વારા તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીનું હાથ ધરી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. જેનો તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી ફડચામાં લઈ જવાના વહીવટી અહેવાલ અન્વયે ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે ઝરપણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ઝરપણ, તા. માંડવી, જિ. સુરત કે જેનો નોંધણી નં. સે.દુ.-૩૨૭૪૧, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૨ છે. તેને અત્રેની કચેરીના આમુખ-(૨) થી વંચાણે લીધેલ વચગાળાના આદેશ ક્રમાંકથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો.

આમ, મંડળીને રજૂઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધીમાં કોઈ લેખિત કે મૌખિક જવાબ રજૂ કરેલ નથી. તેમજ અત્રેથી કરેલ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫નાં ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવો. પરંતુ, આજદિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજૂ થયેલ ન હોય મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી તેમ માનવાને કારણ રહે છે.

તારણ :

આ મંડળીએ નોંધણી થયા બાદ પેટા નિયમ-૧માં જણાવેલ વિશાળ ઉદ્દેશો ધ્યાનમાં લેવામાં આવે તો મંડળીએ પેટા નિયમ મુજબ દુધ સંપાદનની મુખ્ય પ્રવૃત્તિ છેલ્લા ચાર વર્ષથી બંધ છે. મંડળીએ પેટા નિયમ મુજબ દુધ સંપાદનની મુખ્ય પ્રવૃત્તિ કરતી નથી. જેથી મંડળીએ પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કોઇ કામગીરી કરેલ ન હોય, મંડળીના હોદ્દેદારોને આ મંડળી ચલાવવામાં રસ ન હોવાનું પ્રથમ દર્શને જણાય આવે છે. તથા મંડળીએ ઉક્ત તપાસણી સમય દરમ્યાન પેટા નિયમ મુજબ મંડળીની વ્યવસ્થાપક કમિટિની બેઠક પણ બોલાવવામાં આવેલ નથી કે વાર્ષિક સાધારણ સભા પણ બોલાવવામાં આવેલ નથી. મંડળી બંધ છે. તથા મંડળીએ એવું કોઈ પણ પ્રકારનું આયોજન કરેલ નથી કે જેથી મંડળીને આવક થાય અને મંડળી ચાલુ રહી શકે. જેથી, આ મંડળી ભવિષ્યમાં ચાલી શકશે કે કેમ તે પણ પ્રશ્નાર્થ છે. જેથી, આ મંડળી ચાલુ રહી શકે તેમ નથી.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ નીચે મુજબ છે.

૧૦૭. મંડળી આટોપી લેવા બાબત.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ. / ૨૦૧૧ / એનએસબી /૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઇ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ/૭૩૯/૨૦૧૫.-ધી ગુલઝારે મદીના કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. કાણોદર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. ઘ.-૧૬૩૫૫, તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૬થી નોંધાયેલ સહકારી મંડળી છે. મંડળી સંપૂર્ણ સ્થગિત અવસ્થામાં છે. આથી મંડળીને ફડચામાં લઇ જવા આમુખ-૧ દ્વારા મંડળીને ફડચામાં લઇ જવા કરેલ વહીવટી અહેવાલ અન્વયે આમુખ-૨ દ્વારા મંડળીને કારણદર્શક નોટીસ તા. ૭-૩-૨૦૧૫ થી આપેલ હતી. નોટીસમાં જણાવ્યા પ્રમાણેના મુદ્દાઓની લેખિત/મૌખિક રજુઆત કરવા માટે તા. ૨૪-૩-૨૦૧૫ના રોજ સમય ૧૪-૩૦ કલાકે રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. આમ છતાં મંડળીના કાર્યવાહકો તરફથી લેખિત/મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી.મંડળી સ્થગિત છે, મંડળી પાસે કોઇ લોન બાકી નથી કે કોઇ દેવું બાકી નથી. આથી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ નીચેના કારણોને ધ્યાને લઇ કરવામાં આવે છે.

(૧) સંસ્થા છેલ્લા સાત વર્ષથી સ્થગિત અવસ્થામાં છે. સંસ્થા કાર્યરત કરવામાં સંસ્થાના કાર્યવાહકોને કોઇ રસ જણાતો નથી.

(૨) સંસ્થાએ તમામ અન્વેષણની દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી.

(૩) સંસ્થાનો તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૪ સુધીનો અન્વેષણ વર્ગ''ડ'' છે.

(૪) સંસ્થાની વાર્ષિક સાધારણ સભાઓ સમય-મર્યાદામાં ભરેલ નથી. અને તે માટે જરૂરી મંજુરી મેળવેલ નથી.

(૫) તા. ૧-૪-૨૦૧૦ થી ૩૧-૩-૨૦૧૪ સુધીમાં વ્ય. કમિટીની માત્ર એક જ બેઠક મળેલ છે. જેથી કાર્યવાહકોના સંસ્થા ચલાવવામાં રસ નથી.

(૬) સંસ્થાએ છેલ્લા ચાર વર્ષમાં પેટાનિયમ મુજબની કામગીરી કરેલ નથી.

ઉક્ત કારણોને ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એ. એસ. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, પાલનપુર, ઉપરોક્ત સરકારશ્રીના આમુખ-૨ના જાહેરનામાંથી અને હોદ્દાની રૂએ મળેલ સત્તા અન્વયે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિમય, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે ધી ગુલઝારે મદીના કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. કાણોદર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠાને ફડચામાં મુકવા માટે વચગાળાનો આદેશ કરૂં છું અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) ન. જ. લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુરની સદર અધિનિયમની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરૂં છું.

હિંમતનગર, તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫.

વંચાણે લીધું :–

(૧) ધી આદિનાથ કો.ઓપ. હા. સોસાયટી લી. મું. તા. ડીસાનો તા. ૧-૧૧-૨૦૧૪ના પત્રની રજુઆત.

INDEX

(૨) અત્રેના તા. ૩૦-૧-૨૦૧૫ના વચગાળાના હુકમ નં. ફડચ/ ૦૧/ ગ/૧૫૪/૧૫.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ/૭૪૧/૨૦૧૫.-ધી આદિનાથ કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી., મું. તા. ડીસા, જિ. બનાસકાંઠા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. ૧૦૬૬૧, તા. ૭મી મે, ૧૯૯૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧ દ્વારા મંડળીને ફડચામાં લઇ જવા મંડળીના સભાસદોની તા. ૧લી નવેમ્બર, ૨૦૧૪ની રજુઆતમાં જણાવ્યા પ્રમાણે સંસ્થામાં મકાનોનું બાંધકામ પૂર્ણ થઇ ગયેલ છે. હાલમાં કોઇ કામગીરી બાકી રહેતી નથી. સંસ્થા ઘણા વર્ષોથી સ્થગિત અવસ્થામાં છે. સંસ્થા છેલ્લા-૬ અન્વેષક અહેવાલોની દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી. તેમજ મંડળીનો છેલ્લા ૫ વર્ષનો ઓડીટ વર્ગ ''ક'' છે. કાર્યવાહકોને મંડળી ચાલુ રાખવામાં કોઇ રસ નથી.

આમ ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઇ જવા અંગે આમુખ-૨ દ્વારા મંડળીને ફડચામાં લઇ જવા વચગાળાનો આદેશ તા. ૩૦મી નવેમ્બર, ૨૦૧૪ થી આપવામાં આવેલ હતો. જે અન્વયે મંડળી તરફથી કોઇ પણ પ્રકારની લેખિત યા રૂબરૂ આવી મૌખિક રજુઆત ન થતાં આમુખ-૩ દ્વારા મંડળીના સભાસદોની મિલ્કત અંગેની જે તે સક્ષમ અધિકારીની કચેરીમાં વ્યકિતગત નોંધ પડાવી પ્રોપર્ટી કાર્ડ મેળવી, તેમજ મંડળીની ખાસ સાધારણ સભા બોલાવી મંડળીને ફડચામાં લઇ જવા અંગે જરૂરી ઠરાવો કરી નકલ અત્રે મોકલી આપવા જણાવેલ અને માસ-૧માં જે કાંઇ રજુઆત હોય તે કરવા જણાવવામાં આવેલ તેમ છતાં આજ દિન સુધી કોઇપણ પ્રકારની રજુઆત થઇ આવેલ ન હોઇ મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક જણાતી હોઇ વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એ. એસ. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, હિંમતનગર સરકારશ્રીના આમુખ-૫ના જાહેરનામાથી અને હોદ્દાની રૂએ મળેલ સત્તા અન્વયે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) અન્વયે ધી આદિનાથ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. ડીસા, જિ. બનાસકાંઠાને ફડચામાં મુકવા માટે અંતિમ આદેશ કરૂં છું અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) ન. જ. લગત સદર અધિનિયમની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરૂં છું. તેઓએ કલમ-૧૧૪ (૧) ની જોગવાઇ મુજબ ફડચા અંગેની કાર્યવાહી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫.

એ. એસ. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હા.),
સહકારી મંડળીઓ, હિંમતનગર.

નંબર જી.પં. ખે./૯૫૬૧/૨૦૧૫.-જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે, લાખણેચી નર્મદા પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સુરપુરા, તાલુકો બેચરાજી, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫.

નંબર જી.પં. ખે./૯૫૬૨/૨૦૧૫.-જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે, શ્રી વચ્છરાજદાદા નર્મદા પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કાબટી, તાલુકો બેચરાજી, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૧૫.

બી. ડી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક નધણ/ટીએપીઆઇ/''ઉ''/(પ્રો) ૧૫૨૫૪/૬૨૨/સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી કુકરમુંડા વિભાગ ખેતી પેદાશ રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળી લી., મું. પો. બહુરૂપા, તા. કુકરમુંડા, જિ. તાપી (વ્યારા)ને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

તાપી, તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, તાપી.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ઉ/૧૪૪૦૪/૨૦૧૫.— જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, શ્રી ખોડિયાર કૃપા અનાજ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. સાયમા, તા. ખંભાત, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫.

INDEX

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ઉ/૧૪૪૦૫/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, વિશ્નોલી અનાજ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. વિશ્નોલી, તા. પેટલાદ, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ખે/૫૫૧૪/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, નાનીસંખ્યાડ કોતર વિસ્તાર વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી., મું. નાનીસંખ્યાડ, તા. આંકલાવ, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫.

આર. એસ. ડાભી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, આણંદ.

વંચાણે લીધા :-

(૧) હરેકૃષ્ણ કો. ઓપરેટીવ હાઉસીંગ સહકારી મંડળી લી., મું. તા. જિ. આણંદને કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવા અંગેની સીનીયર ઓફીસર (રીકવરી સેલ) કે.ડી.સી., બેંક નડિયાદનો તા. ૧૦-૪-૨૦૧૫ના રોજની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦.

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૧૯૯૧ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણી તા. ૨૬-૮-૨૦૧૧નું જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/જ-૧/૯૬/૨૦૧૫.– હરેકૃષ્ણ કો. ઓપરેટીવ હાઉસીંગ સહકારી મંડળી લી., મું. તા. જિ. આણંદ, નોંધણી નંબર ગ-૬૨૫૬, તારીખ ૨૮મી ડીસેમ્બર, ૧૯૮૧ને વંચાણે લીધેલા આમુખ (૧) થી કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવા અંગેનો અહેવાલ શ્રી સીનીયર ઓફીસર (રીકવરી સેલ) કે.ડી.સી., બેંક નડિયાદનો અત્રે મળેલ છે. સદર મંડળીના ફડચા અધિકારીશ્રીના જણાવ્યા મુજબ મંડળીનો દફતરી ચાર્જ તા. ૫મી ઓગષ્ટ, ૨૦૧૦ના રોજ લીધેલ હતો. ફડચા અધિકારીશ્રીએ દસ્તાવેજનું કામકાજ હાથ ધરેલ છે. બે સભાસદો દસ્તાવેજ કરાવેલ છે. બાકીના ૧૨ સભાસદો દસ્તાવેજ કરાવ્યેથી તેઓના નામ ૭/૧૨માં દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવાનું જણાવેલ છે. સભાસદો પાસેથી વસુલ લેવાની રકમો તથા બેંકને ચુકવવા અંગેની રકમો અંગેના વર્ગ દેવા તથા વર્ગ લેણાંની મંજૂરી અત્રેની ૭મી નવેમ્બર, ૨૦૧૪ના પત્રથી આપેલ છે. મંડળીનો કોઇ કોમનપ્લોટ નથી. સામેલ ડીડ ઓફ એસાઇનમેન્ટ મુજબ કુલ ૧૨ સભાસદો પાસેથી નાણાં વસુલ લેવાના બાકી છે. તથા સ.કા. કલમ-૧૦૩ના પ્રમાણપત્રો અત્રેની કચેરીએથી તા. ૧૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ મેળવવામાં આવેલ છે. મંડળીના અંતિમ ઓડીટ તા. ૧-૪-૨૦૧૩ થી તા. ૪-૩-૨૦૧૫ સુધી પુર્ણ થયેલ છે તા. ૪-૩-૨૦૧૫ ના રોજના સરવૈયા મુજબ મિલ્કત લેણાં બાજુ બેંક શેર :૨૫/-, ગુ.હા.કોર્પો. શેર : ૫૦૦/-, સભાસદ ધિરાણ ૫૩,૭૨,૯૩૫/૦૧ની લેણી રકમો છે. જેની સામે મુડી દેવા બાજુ શેરભંડોળ : ૫૨૫૦/-, ફડચા બેંક લોન : ૫૩,૭૨,૯૩૫/૦૧- તથા એચ. કે. કન્સ્ટ્રકસનને ચુકવવાના બાકી : ૧,૩૪,૫૬૧/૨૧ની વર્ગ લેણાંની મંજુરી અત્રેથી આપવામાં આવેલ છે. ફડચા અધિકારીએ તથા ઓડીટરશ્રીએ મંડળીની નોંધણી રદ કરવા ભલામણ કરેલ છે. મંડળીને સહકારી કાયદા કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનું ઉચિત લાગતાં વંચાણે લીધેલ આમુખ-૨ની જોગવાઈઓ હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, જે. ડી. મેકવાન, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ), નડીયાદ, મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ હરેકૃષ્ણ કો. ઓપરેટીવ હાઉસીંગ સહકારી મંડળી લી., મું. તા. જિ. આણંદ, નોંધણી નંબર ગ-૬૨૫૬, તારીખ ૨૮મી ડીસેમ્બર, ૧૯૮૧ની નોંધણી રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૫.

જે. ડી. મેકવાન,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
નડીયાદ.

વંચાણે લીધા :

(૧) અમલસાડ સહકારી હળપતિ ઘર મંડળી લી., મું. અમલસાડ, સરીબુજરંગ,તા. ગણદેવી જિ. નવસારીને ફડચામાં લઈ જવા અંગેનો અત્રેની કચેરીનો તારીખ ૧લી માર્ચ, ૨૦૧૪નાં હુકમ ક્રમાંક : ફડચ/નધણ/૦૧/ઘ-૨/૨૦/૨૦૧૪.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/ફ-૧૯૧૯૪/૧૪૭/૧૦૩૭/૨૦૧૫.– અમલસાડ સહકારી હળપતિ ઘર મંડળી લી. મું. અમલસાડ, સરીબુજરંગ, તા. ગણદેવી, જિ. નવસારીને અત્રેની કચેરીના તારીખ ૧લી માર્ચ, ૨૦૧૪નાં હુકમ ક્રમાંક : ફડચ/નધણ/૦૧/ઘ-૨/૨૦/૨૦૧૪ થી ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવેલ છે. અને સદરહુ સોસાયટીમાં ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨, (શ્રી બી. જે. ટેલર) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી માટે નિમણૂંક કરવામાં આવેલ હતી, સદર ફડચાની કામગીરી ઓડીટરની કામગીરી સાથે નિયત સમયમાં પૂર્ણ કરી શકાય એમ ન હોય, ઉક્ત વિચારણાને અંતે સદર સોસાયટીમાં ફડચા અધિકારી તરીકે નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

આથી, હું, જે.સી. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત મને મળેલ સત્તાની રૂએ, અમલસાડ સહકારી હળપતિ ઘર મંડળી લી. મું. અમલસાડ, સરીબુજરંગ, તા. ગણદેવી, જિ. નવસારીમાં ફડચા અધિકારી તરીકે શ્રી આર. એમ. પંડ્યા ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીની નિમણૂંક કરૂં છું.

વલસાડ, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૧૫.

નંબર નધણ/વીએલડી/સા-૯૨૪૦/ચ/૧૩૫/૧૦૩૮/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, સ્ટેટસ કોમર્શીયલ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., પ્લોટ નંબર-સીએમ/૮/૮, જી.આઇ.ડી.સી. તા. વાપી, જિલ્લો વલસાડને,

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો) અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૫.

જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હા), વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૦૬/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શ્રી વીરમેઘમાયા ક્રેડીટ એન્ડ સપ્લાય કો. ઓપ. સોસાયટી લી., મું. વેજલપુર, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૫૪/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વૈભવ રેસીડેન્સી (નિકોલ) કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૫૫/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સાંઇ સ્નેહ રેસીડેન્સી કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. મોટેરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૫૬/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સાનિધ્ય ફલોરા કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. કાળી, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૫૭/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વેનેશીયન વીલા કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. શીલજ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૫૮/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી નિર્મીત રોયલ (મોટેરા) કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. મોટેરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૫૯/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વિન્ટે વિલા કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. થલતેજ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા-૭૮૫૬/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ઓર્ચીડ પેરેડાઇઝ (બોપલ) કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. બોપલ, તાલુકો દસક્રોઇ, જિલ્લો અમદાવાદને.

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫.

ઇ. મ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધું :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કામરેજનો તારીખ ૧૧-૨-૨૦૧૫ થી ફડચામાં લઈ જવાનો વહીવટી અહેવાલ.

(૨) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૦૮/૨૦૧૫, તા. ૧૩-૦૩-૨૦૧૫, મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩)ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૮૦/૧૪૬૬/૨૦૧૫.– વંચાણે લીધા ક્રમાંક-૧ અન્વયે ધી સુરત ડી.કો. ઓપ. સ્પીનીંગ મીલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., ઠે. રૂ ભવન, ત્રિજો માળ, આર્યુવેદીક હોસ્પીટલ સામે, લાલ દરવાજા, મેઇન રોડ, સ્ટેશન પાસે, સુરતનું ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કામરેજ દ્વારા તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૫ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીનું હાથ ધરી તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. જેનો તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી ફડચામાં લઈ જવાના વહીવટી અહેવાલ અન્વયે ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે ધી સુરત ડી.કો. ઓપ. સ્પીનીંગ મીલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., ઠે. રૂ ભવન, ત્રિજો માળ, આર્યુવેદીક હોસ્પીટલ સામે, લાલ દરવાજા, મેઇન રોડ, સ્ટેશન પાસે, સુરત કે જેનો નોંધણી નં. ૫૦૨૨, તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૭૦ છે. તેને અત્રેની કચેરીના આમુખ-(૨) થી વંચાણે લીધેલ વચગાળાના આદેશ ક્રમાંકથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધીમાં કોઈ લેખિત કે મૌખિક જવાબ રજુ કરેલ નથી. તેમજ અત્રેથી કરેલ તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫ના ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવો. પરંતુ, આજદિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજુ કરેલ ન હોય મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી. તેમ માનવાને કારણ રહે છે.

તારણ :

આ મંડળીની નોંધણી થયા બાદ પેટા-કાયદા-૧ માં જણાવેલ વિશાળ ઉદેશો ધ્યાનમાં લેવામાં આવે તો મંડળી નોંધાયા બાદ તેના ઉદેશો મુજબની કામગીરી કરતી બંધ થયેલ છે. જેથી મંડળીએ પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબની કોઇ કામગીરી કરેલ ન હોય મંડળીના હોદ્દેદારોને આ મંડળી ચલાવવામાં રસ ન હોવાનું પ્રથમ દર્શને જણાય આવે છે. તથા મંડળીની તપાસણી સમય દરમ્યાન પેટા નિયમ મુજબ મંડળીની વ્યવસ્થાપક કમીટીની બેઠક પણ બોલાવવામાં આવેલ નથી કે વાર્ષિક સાધારણ સભા પણ બોલાવવામાં આવેલ નથી. તથા સુરત ડી. સ્પીનીંગ મીલ બંધ થયેલ હોય અને મીલની જમીનનું વેચાણ થઇ ગયેલ હોય તેના કોઇ કર્મચારીઓ ન હોય આ મંડળી કામગીરી કરી શકે તેમ નથી. અને મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે. તથા મંડળીએ એવું કોઇપણ પ્રકારનું આયોજન કરેલ નથી કે જેની મંડળીને આવક થાય અને મંડળી ચાલુ રહી શકે. જેથી આ મંડળી ભવિષ્યમાં ચાલી શકશે કે કેમ તે પણ પ્રશ્નાર્થ છે. જેથી આ મંડળી ચાલુ રહી શકે તેમ નથી.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ નીચે મુજબ છે.

૧૦૭. મંડળી આટોપી લેવા બાબત.

(૧) (એ) કલમ-૮૬ મુજબ, તપાસ કરવામાં ઓ તે પછી અથવા કલમ-

૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડિટ કરનાર ઓડિટરના રિપોર્ટ ઉપરથી, અથવા

(બી) × × ×

(સી) (૧) × × ×

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) × × ×

(૪) જે મંડળી આ અધિનિયમની અથવા [નિયમો અથવા ઉપ-નિયમોની અથવા] રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય,

[(૫) ×××]

તે મંડળીની બાબતમાં રજિસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેને આટોપી લેવી જોઈએ, તો તે મંડળી આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૨) પેટા-કલમ ખંડ (સી)ના પેટા-ખંડ (૪)માં દર્શાવવામાં આવેલા કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીને મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢ્યાની તારીખથી એક મહિનાની અંદર રજિસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કંઇ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી, રજિસ્ટ્રારે વચગાળાના હુકમને રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઇએ.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતા, મંડળીએ ઉદ્દેશો મુજબની પ્રવૃત્તિઓ શરૂ કરેલ નથી અને ઘણાં લાંબા સમયથી સ્થગિત અવસ્થામાં રહેલ છે. જે ઉપરોક્ત ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇને ધ્યાનમાં લેતા રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

સબબ, તેથી ઉપરોક્ત વિગતો, હકીકતો તથા સહકારી કાયદા-કાનૂનની જોગવાઈઓને ધ્યાને લેતા આ મંડળી સ્થગિત હોઈ, મંડળીની નોંધણીના ઉદ્દેશો બર લાવી શકે તેમ જણાતું નથી. જેથી કાયદાની જોગવાઈઓના પરિભાષા મુજબનો હુકમ કરવો મુનાસિબ જણાય છે. જેથી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત, વંચાણે લીધા ક્રમાંક-(૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ધી સુરત ડી.કો. ઓપ. સ્પીનીંગ મીલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., ઠે. રૂ ભવન, ત્રિજો માળ, આર્યુવેદીક હોસ્પીટલ સામે, લાલ દરવાજા, મેઇન રોડ, સ્ટેશન પાસે, સુરત કે જેનો નોંધણી નં. -૫૦૨૨, તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૭૦ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

વંચાણે લીધું :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ગ્રા.ભં.-૩) સુરતના તારીખ ૮-૧૧-૨૦૧૩ થી ફડચામાં લઈ જવાનો વહીવટી અહેવાલ.

(૨) સહકારી અધિકારી (ફડચા-૩) સુરતનો તા. ૮-૧૨-૨૦૧૪ તથા તા. ૨૬-૨-૨૦૧૫નો સ્થળ તપાસ અહેવાલ.

(૩) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૦૯/૨૦૧૫, તા. ૧૩-૦૩-૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૮૧/૯૯૭/૨૦૧૫.– ભગવતીનગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ઠે. ઉધના, જિ. સુરતએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધણી નંબર-ઘ. ૮૫૫૦, સને-૧૯૮૧થી નોંધાયેલ સંસ્થા છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ થયેલ છે.)

ઉપરોકત આમુખ-૧ માં જણાવ્યા મુજબ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ગ્રા.ભં.-૩) સુરત તરફથી તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીનું હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદરહુ મંડળી સહકારી કાયદા કાનૂન અને પેટા નિયમો અનુસાર કામગીરી કરતી ન હોવાથી વંચાણે લીધા ક્રમાંક-(૧)થી સંબંધીત ઓડીટરશ્રી તરફથી સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયેનો વહીવટી ખાસ અહેવાલ કરેલ જે મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આમુખ-(૨) મુજબ સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૫૯૭/૨૦૧૩ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૩ થી પાઠવેલ પત્ર તથા અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૧૬/૨૦૧૪ તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૪ તથા સરખા ક્રમાંક : ૭૭, તા. ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪થી કારણદર્શક નોટીસો પાઠવેલ હતી. જેમાં કારણદર્શક નોટીસના અનુસંધાને મંડળીને રજુઆત કરવા નોટીસ મળ્યેથી દિન-૧૫માં રૂબરૂ હાજર રહી લેખિત કે મૌખિક રજુઆત કરવા તક આપેલ છે.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વ્યાજબી તક પુરી પાડવામાં આવેલ છે. મંડળીને કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદ્દા પરત્વે સુનાવણીમાં મંડળીના જવાબદાર હોદ્દેદારશ્રી હાજર રહેલ નથી. જેથી અત્રેથી તા. ૧૭મી નવેમ્બર, ૨૦૧૪ના પત્રથી સદર મંડળીનો સ્થળ તપાસ અહેવાલ રજુ કરવા સહકારી અધિકારી (ફડચા-૩)ને રજુ કરવા જણાવેલ. જે અન્વયે તેઓશ્રીએ વંચાણે લીધા ક્રમાંક-(૨) થી સ્થળ તપાસ અહેવાલ રજુ કરેલ છે. જેમાં તા. ૮મી ડીસેમ્બર, ૨૦૧૪ના સ્થળ તપાસ અહેવાલમાં જણાવેલ છે કે, સદર મંડળી સને-૧૯૮૧થી નોંધાયેલ છે. મંડળી પાસે જમીન કે મિલ્કત નથી તથા મંડળીએ જમીન ખરીદવા સાટાખત કરેલ છે. પરંતુ આજદિન સુધી તેનો અમલ થયેલ નથી. જે અંગેનું એફીડેવીટ જમીન માલિક શ્રી નવીનચંદ્ર ઠાકોરદાસ ચપડીયા દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે,

INDEX

હમો ઉધના ખાતે આવેલી ફા. પ્લોટ નં. -૪ પૈકી રે. સર્વે નં. ૪/૨ વાળી ખુલ્લી જમીન ઉપર હમોએ ‘‘ભગવતીનગર કો.ઓ.હા. સોસાયટી લી.’’ના નામે ઉધના સ્વીમીંગ પુલની સામે ઉધના ખાતે ખાલી જમીન ઉપર હમોએ સોસાયટી રજીસ્ટ્રેશન કરાવેલ હતી. સદર સોસાયટી હમોએ કબજા વગરની સને-૧૯૮૧ના સમયે એક સાટાખત ખુલ્લી જમીનનું કરી આપેલ હતું. પરંતુ સદર ખુલ્લી જમીનનો સાટાખત અત્યાર સુધી અમલ કરેલ નથી કે કરાવેલ નથી જે આ એફીડેવીટથી જાહેર કરૂ છું.

વધુમાં ઓડીટરશ્રીએ પણ તેમના ઓડીટ અહેવાલમાં જણાવેલ છે કે, મંડળીના રજીસ્ટર કરાવ્યા પછી કોઇ જમીન ખરીદી કરવામાં આવેલ નથી અને કોઇ કામ-કાજ કરવામાં આવેલ નથી.

ફડચા અધિકારીએ તેમના સ્થળ તપાસના રીપોર્ટ સાથે મોજે ઉધનાના રેવન્યુ સર્વે નં. -૪/૧ પૈકી ૧ તથા ૪/૨ પૈકી ૧ના ૭/૧૨ની નકલ સામેલ કરેલ છે. જેમાં પણ સોસાયટીના નામે કોઇ જમીન નથી.

ઉપરોક્ત વિગતો ધ્યાનમાં લેતા, મંડળીએ ઉદેશો મુજબની પ્રવૃતિઓ શરૂ કરેલ નથી અને ઘણાં લાંબા સમયથી સ્થગિત અવસ્થામાં રહેલ છે.

આમ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ગ્રા.ભ.-૩) સુરતનો તા. ૮મી નવેમ્બર, ૨૦૧૩નો ફડચામાં લઇ જવાનો અહેવાલ તથા સહકારી અધિકારી (ફડચા-૩) સુરતનો તા. ૮મી ડીસેમ્બર, ૨૦૧૪ તથા તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫નો સ્થળ તપાસ અહેવાલ ધ્યાને લઇ મંડળીનો અત્રેની કચેરીના તા. ૧૩મી માર્ચ, ૨૦૧૫ ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૧૦૯/૨૦૧૫થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો.

આમ મંડળીને રજુઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધીમાં કોઇ લેખિત કે મૌખિક જવાબ રજુ કરેલ નથી, તેમજ અત્રેથી કરેલ તા. ૧૩મી માર્ચ, ૨૦૧૫નાં ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવો. પરંતુ, આજદિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજુ કરેલ નથી જેથી મંડળીના હોદેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી. તેમ માનવાને કારણ રહે છે.

આમ મંડળીને ફડચામાં લઇ જવાની દરખાસ્ત ઉપરોક્ત કારણોસર સ્વીકારવી જરૂરી જણાય છે. તેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ આદેશ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) સુરત, વંચાણે લીધા ક્રમાંક-(૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ભગવતીનગર કો-ઓ. હાઉસીંગ સોસાયટી લી. ઠે. ઉધના, જિ. સુરત કે જેનો નોંધણી નં. ઘ-૮૫૫૦, સને -૧૯૮૧ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, સુરત,

નોંધણીનું પ્રમાણપત્ર

નંબર નધણ/૦૧/ખ-૨/૧૩૫/સા-૪૬૨૩/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ધી પાર્થ ટેનામેન્ટસ કો. ઓપરેટીવ સર્વિસ સોસા. લી., મું. પેટલાદ, તાલુકો પેટલાદ, જિલ્લો આણંદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા(હા)-૮૯૪૦/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ગ્રીનવેલી એપાર્ટમેન્ટ-૩, કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., બોરીસણા, તાલુકો બોરીસણા, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

ક્રમાંક નધણ/એમએસએન/સે-૪૩૯૭૪/૩૨૯૧/૨૦૧૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, ધી બારગામ કડવા પાટીદાર કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મું. તા. વિસનગર, જિ. મહેસાણા, કાર્યક્ષેત્ર : વિસનગર શહેર અને કાંસા એન. એ. વિસ્તાર પુરતું મર્યાદિત.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫.

ક્રમાંક નધણ/એમએસએન/સે-૪૩૯૭૫/૩૨૯૧/૨૦૧૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી શુભલક્ષ્મી કો. ઓપ. ક્રેડીટ અને કન્ઝયુમર્સ સોસાયટી લી., મું. તા. કડી, જિ. મહેસાણા, કાર્યક્ષેત્ર : સમગ્ર મહેસાણા જિલ્લાના ગામો પુરતું મર્યાદિત.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/એએચએમ/સા-૭૮૫૭/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સેટેલાઇટ પાર્ક ટેનામેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. તા. બાવળા, જિલ્લો અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/એએચએમ/સા-૭૮૫૮/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સેટેલાઇટ પાર્ક એપાર્ટમેન્ટ કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. તા. બાવળા, જિલ્લો અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા-૭૮૫૯/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી રાધે શરણમ-૨ (ફ્લેટ) કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. બારેજા, તા. દસક્રોઇ જિલ્લો અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫.

ઇ. મ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨ (સહકારી મંડળીઓ), (૩) ભરૂચ ધી ભરૂચ ટીચર્સ અર્બન કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. (કસ્ટોડીયન) મું. ભરૂચ, તા.જિ. ભરૂચ ફડચામાં લઇ જવા અંગેની તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૪ ની દરખાસ્ત તથા તારીખ ૨૬મી જૂન, ૨૦૦૬ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૫ ના વચગાળાના આદેશ ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૯/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૨૧/૪૬૫/૨૦૧૫.–ધી ભરૂચ ટીચર્સ અર્બન કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., (કસ્ટોડીયન) મું. ભરૂચ, તા. જિ. ભરૂચ સહકારી કાયદા મુજબ તારીખ ૨૩મી માર્ચ, ૧૯૧૬ના રોજ નોંધણી નંબર : સે. ૧૧૮૭ થી નોંધણી કરવામાં આવેલ હતી. આમુખ-૧ અન્વયે મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો ખાસ અહેવાલ અત્રેની કચેરીને મળેલ હતો. આમુખ-૨ થી મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો આદેશ કરી સદર વચગાળાના આદેશ સામે મંડળીને જે કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આદેશની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવેલ. આમ મંડળીને રજુઆત કરવાની પુરતી તક આપવામાં આવેલ છે. જેના ઉપરથી મંડળીના હોદ્દેદારોને કે સભાસદોને મંડળી ચલાવવામાં કોઇ રસ ન હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય આવે છે. જેથી સદર મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અત્રેથી કરવામાં આવેલ વતગાળાનો આદેશ કાયમ કરી મંડળીને ફડચામાં લઇ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું , સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૩ માં જણાવેલ જોગવાઇઓ તથા આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ ધી ભરૂચ ટીચર્સ અર્બન કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., (કસ્ટોડીયન) મું. ભરૂચ, તા. જિ. ભરૂચને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરુ છું અને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., ભરૂચની નિમણુંક કરું છુ. ફડચા અધિકારીએ સદર મંડળીનો હવાલો તાત્કાલિક મેળવીને આ આદેશની તારીખથી પાંચ (૫) વર્ષની મુદતમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫.

સુનિલકુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૨૬૭/૨૦૧૫, તારીખ ૨૦મી માર્ચ, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઇ જવા સારુ કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

INDEX

(૩) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૮૪૨૯/૨૫૨/૩૩૯૯/૨૦૧૫.– શ્રી વિષ્ણુનગર કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લી. મું. વિસનગર, જિ. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ધ-૩૩૫૧, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૬૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-(૧) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવા સારુ વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાના આદેશ સામે વાંધા-સૂચન હોય, તો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદ્દેદારો તરફથી લેખિત/ રૂબરૂમાં કોઈ વાંધા સુચન મળેલ ન હોઈ, સદરહું મંડળીને આમુખ (૩) થી મળેલ સત્તાની રૂએ તારીખ ૨૦મી માર્ચ, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરુ છું.

હુકમ

હું, એસ. આર. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હા) મહેસાણા, મને મળેલ સત્તાની રૂએ, ‘‘શ્રી વિષ્ણુનગર કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લી. મું. વિસનગર, તા. વિસનગર, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરૂ છું’’.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી, આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે, તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૨૬૬/૨૦૧૫, તારીખ ૨૦મી માર્ચ, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવા સારુ કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૮૪૩૦/૨૫૩/૩૪૦૦/૨૦૧૫.– શ્રી સહજાનંદ કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લી. મું. મહેસાણા, જિ. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ધ-૧૬૧૬, તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૬૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-(૧) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવા સારુ વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાના આદેશ સામે વાંધા-સૂચન હોય, તો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદ્દેદારો તરફથી લેખિત/રૂબરૂમાં કોઈ વાંધા સુચન મળેલ ન હોઈ, સદરહું મંડળીને આમુખ (૩) થી મળેલ સત્તાની રૂએ તારીખ ૨૦મી માર્ચ, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરુ છું.

હુકમ

હું, એસ. આર. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હા), મહેસાણા, મને મળેલ સત્તાની રૂએ, ‘‘શ્રી સહજાનંદ કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લી. મું. મહેસાણા, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરૂ છું’’.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી, આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે, તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા.)
મહેસાણા.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક જિ.પં./સહકાર/૨૧૩ થી ૨૨૦/સે-૩૧૫૫૬/૨૦૧૫.– આથી જાહેર કરવામાં આવે છે કે, ધી કેસરીનંદન ગૃપ મોટાકદની સેવા સહકારી મંડળી લી. મું. ઝરવાણી, તા. ગરૂડેશ્વર, જિલ્લો નર્મદા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

રાજપીપલા, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક જિ.પં./સહકાર/૨૨૧ થી ૨૨૫/ખે-૮૪૭૭/૨૦૧૫.– આથી જાહેર કરવામાં આવે છે કે, ધી ખોપી પિયત સહકારી મંડળી લી. મું. ખોપી, તા. સાગબારા, જિલ્લો નર્મદા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

રાજપીપલા, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫.

બી. બી. વાળંદ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (જિલ્લા પંચાયત),
રાજપીપલા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળી ડાકોર, પેનલ નં. ૬ ખેડાશ્રીનો ખાસ અહેવાલ તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૧૪.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટિસ જા. નં. ફડચ/૦૧/ગ-૨/૬/૨૦૧૫, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૫.

(૩) અત્રેની કચેરીના સ્મૃતિપત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૪૦/૨૦૧૫, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૭૭/૨૦૧૫, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

(૬) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૨ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/કજ/ફડચા/૦૧/ગ-૨/૧૨૨/૨૦૧૫.–ધી મહુધા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. મું. મહુધા, તા. મહુધા, જિ. ખેડા સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : ૩૫૪૪૪, તારીખ ૩જી મે, ૨૦૦૫ થી નોંધાયેલ સહકારી સંઘ છે. ધી મહુધા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. મું. મહુધા, તા. મહુધા, જિ. ખેડાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા ઓડીટરશ્રી દ્વારા આમુખ-(૧) થી વંચાણે લીધેલ ખાસ અહેવાલ અત્રેની કચેરીએ મોકલાવવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના આમુખ-(૨) થી વંચાણે લીધેલ રજીસ્ટર્ડ પો. એડી., સંઘને કારણદર્શક નોટિસ પાઠવેલ જેમાં સંઘનો ઓડીટ વર્ગ ''ડ'' મળેલ છે. સંઘની એકત્રિત ખોટમાં દર વર્ષે વધારો થાય છે. સંઘની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. સંઘની વ્યવસ્થાપક કમિટિ સભ્યોની મીટીંગો મળેલ નથી. સંઘના ગત ઓડિટ નોંધની દુરસ્તી કરેલ નથી. જે ખામીઓ અંગે સંઘને રજુઆત કરવા જણાવવામાં આવેલ ત્યારબાદ કોઇ રજુઆત ન થતાં આમુખ-(૩) થી વંચાણે લીધેલ રજીસ્ટર્ડ પો. એડી., બીજી કારણદર્શક નોટિસ સંઘને પાઠવી રજુઆત કરવા જણાવવામાં આવેલ, આમ સદર બાબતે પણ કોઇ રજુઆત ન થતાં સંઘના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને સંઘ ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. તો મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી. પરંતુ સંઘ તરફથી સદર કારણદર્શક નોટિસ અન્વયે કોઇ જવાબ રજુ થયેલ ન હોઇ આમુખ-(૪) માં જણાવ્યા અનુસારનો વચગાળાના આદેશ, સંઘને ફડચામાં શા માટે ન લઇ જવો તે માટે જરૂરી વાંધા-સુચનો માટે રજુઆત કરવા એક માસની મુદત આપવામાં આવેલ. પરંતુ ઉપર્યુક્ત સમય દરમ્યાન સંઘ દ્વારા કોઇ જવાબ કે વાંધા સૂચન રજુ થયેલ ન હોઇ વચગાળાના હુકમને કાયમી કરવા નીચે પ્રમાણનો હુકમ કરું છું.

હુકમ

ઉક્ત પ્રસ્તાવનામાં દર્શાવ્યા પ્રમાણેના કારણો ધ્યાને લઇ હું, એ. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડિયાદ, આમુખ (૬) થી મળેલ સત્તાની રૂએ તથા આમુખ (૫) માં જણાવેલ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭(૩) ની જોગવાઇઓ અન્વયે મંડળીને ફડચામાં લઇ જવાના આમુખ (૪) માં જણાવેલ તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ના વચગાળાના હુકમને કાયમ રાખતો હુકમ કરૂ છું અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી પી. પી. પટેલ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળી (પ્ર) નડિયાદની સહકારી કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણૂંકને કાયમ કરવામાં આવે છે. નિયુક્ત ફડચા અધિકારીએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) ની જોગવાઇઓ મુજબ મંડળીને આટોપી લેવાની કાર્યવાહી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

નડિયાદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડિયાદ.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ (ખ) ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ફ/૧૭૩૦૫/૦૧/ગ/૯૪૯/૦૮, તા. ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૮.

(૪) ફડચા અધિકારીશ્રી, ધી સાબરકાંઠા જિલ્લાના લેન્ડ રેકર્ડઝ ત્રીજા વર્ગના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સ.મં.લી., મું. તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા અને સહકારી અધિકારી (ફડચો), લગત કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૪૧/૧૫, તા. ૧૩મી એપ્રિલ, ૨૦૧૫.

પ્રસ્તાવના

ક્રમાંક/ફડચ/વહટ/૦૧/ગ/૨૪૭/૧૫૨૫/૨૦૧૫.–ધી સાબરકાંઠા જિલ્લાના લેન્ડ રેકર્ડઝ ત્રીજા વર્ગના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સ.મં. લી., મું. તા. હિંમતનગર, જિ. સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક સે-૧૪૦૯૦, તા. ૬-૯-૭૬ છે. સંસ્થાના કાનૂની ઓડીટ આધારે તેમજ સંસ્થા ચલાવવામાં રસ ન હોવાથી તેમજ સંસ્થા સ્થગિત હોવાથી અત્રેની કચેરીના આમુખ-૩ના હુકમથી ફડચામાં લઈ જવાનો હુકમ

કરી ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીના હોદ્દાની રૂએ નિમણુંક કરવામાં આવતાં નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ તા. ૨-૧-૨૦૦૯ના રોજ હવાલો સંભાળી સંસ્થાના દેવા લ્હેણાં તેમજ મિલ્કતોના નિકાલની કાર્યવાહી શરૂ કરેલ જે સમય દરમ્યાન સંસ્થાના સભાસદો તરફથી સંસ્થાને પુનઃજીવીત કરવાની માંગણી થતાં તથા સભાસદોને સંસ્થાના પેટાનિયમ તથા તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરવા ખાતરી આપતાં સહકારી અધિકારી (ફડચો), લગત કચેરીના આમુખ-૪ના પત્રથી સદર સંસ્થાને પુનઃજીવીત કરવા ભલામણ કરેલ છે. સંસ્થાને પુનઃજીવીત કરવાની દરખાસ્ત જોતાં સદર સંસ્થાના સભ્યોને સંસ્થા ચાલુ કરવામાં રસ જણાય છે તથા સંસ્થાનું હિસાબી સરવૈયુ જોતાં સંસ્થામાં ચુકવવાપાત્ર કોઈ મોટું દેવુ નથી, જ્યારે કર્મચારી ધિરાણ ₹ ૭૯૧૦/- વસુલ કરવાના બાકી છે. તે સિવાય કોઈ સરકારી કે અન્ય એજન્સીનું કે કોઈ બેંકનું ધિરાણ વસુલ કરવાનું કે ચુકવવાનું બાકી નથી. અને સંસ્થા પુનઃજીવીત કરવામાં આવે તો જરૂરીયાતમંદ સભ્યોને ધિરાણ મળી રહે તથા બચત કરવાની ભાવના કેળવાય. આમ સંસ્થા મારફતે પેટાનિયમ તથા તેના ઉદ્દેશો મુજબ લાભ મેળવી શકે તેમ છે. તેમજ ફડચા અધિકારીશ્રીની સંસ્થાને પુનઃજીવીત કરવાની દરખાસ્ત જોતાં તેમણે સંસ્થાની તા. ૧૩-૪-૧૫ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૩ થી પુનઃજીવીત કરવા ઠરાવ કરેલ છે. વધુમાં મંડળી ફડચામાં ગઈ તે તારીખે અને આજની તારીખે મંડળીના સભાસદોમાં કોઈ ફેરફાર થયેલ નથી તેવું ફડચા અધિકારીશ્રી પણ જણાવે છે. આમ ફડચા અધિકારીશ્રી દ્વારા આ સંસ્થાને પુનઃજીવીત કરવા કરેલ દરખાસ્ત ધ્યાને લઈ તા. ૧૩-૪-૧૫ની ખાસ સાધારણ સભામાં કરવામાં આવેલ ઠરાવ નં. ૧ થી ૫ રજુ કરેલ છે. હાલમાં સંસ્થા નફાપાત્ર હોઈ તેમજ ધિરાણ વસુલાતની જુજ રકમ બાકી હોઈ વળી સંસ્થાના સભાસદો સરકારી કર્મચારીઓ હોઈ કર્મચારીઓને ધિરાણ તેમજ ગ્રાહક પ્રવૃત્તિનો લાભ મળી રહે તેમ હોઈ સંસ્થા પુનઃજીવીત કરવા વિનંતી કરેલ છે. ફડચા અધિકારીશ્રી દ્વારા રજુ કરેલ દરખાસ્ત ધ્યાને લઈ આ સંસ્થાને કર્મચારી સભાસદોના હિતમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯(ખ)ની જોગવાઈઓનુસાર મંડળીને પુનઃજીવીત કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું આર. એમ. આસોડીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર, જિ. સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ (ખ) હેઠળ મને આમુખ-૨થી મળેલ સત્તાની રૂએ ધી સાબરકાંઠા જિલ્લાના લેન્ડ રેકર્ડઝ ત્રીજા વર્ગના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. તા. હિંમતનગર, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચેની શરતોને આધિન પુનઃજીવીત કરતો હુકમ કરૂં છું.

શરતો :-

(૧) સંસ્થાની વ્ય. કમીટીની ચુંટણી કરી ચુંટાયેલ વ્ય. કમીટીને ફડચા અધિકારીએ ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

(૨) સંસ્થામાં તાલીમ પામેલ અનુભવી સેક્રેટરીની નિમણુંક કરવાની રહેશે.

(૩) સંસ્થાના કાર્યવાહકોએ સંસ્થા પુનઃજીવીત થતાં સંસ્થાના પેટાનિયમોનુસાર અર્થક્ષમ યુનિટ બનાવવા પ્રયત્નો કરવા તેમજ તે મુજબનું દફતર નિભાવવાનું રહેશે તથા સંસ્થાના સ્વભંડોળમાં વધારો કરવા અને વહીવટી ખર્ચ તથા મહેકમ ખર્ચ ઓછું થાય તેવી કાર્યવાહી કરવાની રહેશે.

(૪) સંસ્થાના દેવા લ્હેણાં જેમ છે તેમ સ્વિકારવાના રહેશે.

(૫) સંસ્થાનો વહીવટ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ નિયમો ૧૯૬૫ તથા સંસ્થાના મંજુર થયેલ પેટા કાયદાનુસાર તથા સહકાર ખાતાના વખતો વખતની સુચનાઓનુસાર કરવાનો રહેશે.

(૬) સંસ્થા તેના પેટાનિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી કરી રહેલ છે તે અંગેનો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીએ નિયમીત રીતે ૧ વર્ષ સુધી મોકલી આપવાનો રહેશે.

હિંમતનગર, તારીખ ૨૭મી એપ્રિલ ૨૦૧૫.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૧૬/ઝ/૧૨૦/ ૧૦૮૯/ સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, સુર્યમ સ્કાય (બિલ્ડીંગ-એ) કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. નવી એલ. પી. સવાણી સ્કુલ પાસે, પાલનપુર, તા. સુરત સીટી, ટી.પી.સ્કીમ નં.-૮, જિ. સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૧૫/ઝ/૧૨૨/ ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, નવજીવન પેલેસ (એ-બિલ્ડીંગ) કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી. ઠે. પાંડેસરા, તા. સુરત સીટી (ચોર્યાસી), સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૧૭/ઝ/૧૨૩/ ૧૦૯૨/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, માધવપાર્ક રો-હાઉસ, કો. ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લી. ઠે. માધવપાર્ક રો હાઉસ મોજે. પાલનપોર, તા. સુરત સીટી (ચોર્યાસી) ટી.પી.સ્કીમ નં. -૮(પાલનપોર), જિ. સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા-૮૯૧૮/ઝ/૧૨૪/ ૧૦૮૫/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, લકઝુરિયા બિઝનેશ હબ કો-ઓપરેટીવ સર્વીસ સોસાયટી લી. મોજે. રૂંઢ, સુરત ડુમસ રોડ, તા. ચોર્યાસી, ટી.પી.સ્કીમ નં.-૩, સુરતને.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંક ઉ/૧૫૭૭૦/૨૦૧૫.–આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી છરવંગી ડેભારી ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. છરવંગી-ડેભારી, તા. વિરપુર, જિ. મહીસાગરની.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગોધરા, તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળી, જિલ્લા પંચાયત,
પંચમહાલ, ગોધરા.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઇઓ.

(૨) શ્રી મ.સં. ધોધલપાડા દૂધ ઉત્પાદક સ.મં. લી., જિ. ડાંગને આપવામાં આવેલ વચગાળાનો ફડચાનો હુકમ ક્રમાંક સકક/ ખ-૧/૨૫૩-૨૬૧/૨૦૧૫, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

(૩) મંડળીને પુનઃજીવિત કરવા માટે તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજની મંડળીની અરજી.

વિવરણ

જા.નં. ફડચ/૦૧/ખ-૧/૪૩૨-૪૩૯/૨૦૧૫.–શ્રી મ.સં. ધોધલપાડા દૂધ ઉત્પાદક સ.મં.લી. (ફડચા), જિ. ડાંગ-આહવાની નોંધણી નંબર : સેદુ-૩૩૦૨૪, તારીખ ૧૦મી મે, ૨૦૦૧ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સંસ્થા છે. મંડળીને લાંબા સમયથી તેના ઉદ્દેશ પ્રમાણે કામગીરી નહીં કરતાં મંડળી સ્થગિત અવસ્થામાં રહેલ જેના લીધે મંડળીની વાર્ષિક સાધારણ સભા, વ્યવસ્થાપક કમિટિની બેઠકો, ઓડીટ મેમાની દુરસ્તી, પ્રમાણેની કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી અત્રેની કચેરીના વચગાળાના ફડચાનો હુકમ ક્રમાંક : સકક/ખ-૧/૨૫૩-૨૬૧/૨૦૧૫, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ થી આપવામાં આવેલ જેની સામે મંડળીએ વંચાણે લીધેલ આમુખ-(૩) થી મંડળીને પુનઃજીવિત કરવા માટેની અરજી આપતા મંડળીને તેના ઉદ્દેશો મુજબની કામગીરી કરવાની શક્યતા જણાતા તથા મંડળીના આદિવાસી સભ્યોનો સર્વાંગી વિકાસ થાય છે તે શુભ હેતુને ધ્યાનમાં લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

શ્રી મ.સં. ધોધલપાડા દૂધ ઉત્પાદક સ.મં.લી., ધોંધલપાડા, તા. વઘઈ, જિ. ડાંગનો નોંધણી નંબર : સેદુ-૩૩૦૨૪, તારીખ ૧૦મી મે, ૨૦૦૧ થી સહકારી મંડળી કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : સકક /ખ-૧ /૨૫૩-૨૬૧ /૨૦૧૫ થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ આમુખ-(૩)માં જણાવેલ મંડળીની અરજીમાં જણાવ્યા મુજબ મંડળીના સંચાલકો તરફથી મંડળીને પુનઃજીવિત કરવા ઠરાવેલ હોઈ, તેમજ સંસ્થાએ ઉદ્દેશો મુજબની કામગીરી કરવા ખાતરી આપેલ હોઈ, તેમજ હાલમાં મંડળી દ્વારા પ્રવૃત્તિ શરૂ કરવાની ખાતરી આપેલ હોઈ, આમુખ-(૧)ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ મંડળીને પુનઃઘટન કરવા આથી નીચેની શરતોને આધિન હુકમ કરવામાં આવે છે.

શરતો :-

(૧) મંડળીએ તેનું કામકાજ પેટાનિયમ મુજબ અને કાયદા કાનૂન મુજબ કરવાનું રહેશે.

(૨) આ હુકમ મળતા સાધારણ સભાની કાર્યવાહીની નકલ મેળવી રસ ધરાવતા સભાસદોની વ્યવસ્થાપક કમિટિની રચના કરી તેની યાદી સાથે પ્રોસેડીંગની નકલ અત્રે મોકલી આપવાની રહેશે.

(૩) મંડળી શરૂ કર્યાની જાણ કરવાની રહેશે તથા ત્રિમાસિક કામગીરીનો અહેવાલ મોકલવાનો રહેશે.

આહવા, તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઇઓ.

(૨) શ્રી મ.સં. શિવબારા દૂધ ઉત્પાદક સ.મં. લી., જિ. ડાંગને આપવામાં આવેલ વચગાળાનો ફડચાનો હુકમ ક્રમાંક : સકક/ખ-૧/૨૭૧-૨૭૮/૨૦૧૫, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

(૩) મંડળીને પુનઃજીવિત કરવા માટે તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૫ના રોજની મંડળીની અરજી.

વિવરણ

જા.નં. ફડચ/૦૧/ખ-૧/૪૪૦-૪૪૭/૨૦૧૫.–શ્રી મ.સં. શિવબારા દૂધ ઉત્પાદક સ.મં.લી. (ફડચા), જિ. ડાંગ-આહવાની નોંધણી નંબર : સેદુ-૩૫૯૪૨, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સંસ્થા છે. મંડળીને લાંબા સમયથી તેના ઉદ્દેશ પ્રમાણે કામગીરી નહીં કરતાં મંડળી સ્થગિત અવસ્થામાં રહેલ જેના લીધે મંડળીની વાર્ષિક સાધારણ સભા, વ્યવસ્થાપક કમિટિની બેઠકો, ઓડીટ મેમાની દુરસ્તી, પ્રમાણેની કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી અત્રેની કચેરીના વચગાળાના ફડચાનો હુકમ ક્રમાંક : સકક/ખ-૧/૨૭૧-૨૭૮/૨૦૧૫, તારીખ ૫મી

INDEX

માર્ચ, ૨૦૧૫ થી આપવામાં આવેલ જેની સામે મંડળીએ વંચાણે લીધેલ આમુખ-(૩) થી મંડળીને પુનઃજીવિત કરવા માટેની અરજી આપતા મંડળીને તેના ઉદ્દેશો મુજબની કામગીરી કરવાની શક્યતા જણાતા તથા મંડળીના આદિવાસી સભ્યોનો સર્વાંગી વિકાસ થાય છે તે શુભ હેતુને ધ્યાનમાં લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

શ્રી મ.સં. શિવબારા દૂધ ઉત્પાદક સ.મં.લી., શિવબારા, તા. સુબીર, જિ. ડાંગનો નોંધણી નંબર : સેદુ-૩૫૯૪૨, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી સહકારી મંડળી કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : સકક /ખ-૧ /૨૭૧-૨૭૮ /૨૦૧૫ થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ આમુખ-(૩)માં જણાવેલ મંડળીની અરજીમાં જણાવ્યા મુજબ મંડળીના સંચાલકો તરફથી મંડળીને પુનઃજીવિત કરવા ઠરાવેલ હોઈ, તેમજ સંસ્થાએ ઉદ્દેશો મુજબની કામગીરી કરવા ખાતરી આપેલ હોઈ, તેમજ હાલમાં મંડળી દ્વારા પ્રવૃત્તિ શરૂ કરવાની ખાતરી આપેલ હોઈ, આમુખ-(૧) ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ મંડળીને પુનઃઘટન કરવા આથી નીચેની શરતોને આધિન હુકમ કરવામાં આવે છે.

શરતો :-

(૧) મંડળીએ તેનું કામકાજ પેટાનિયમ મુજબ અને કાયદા કાનૂન મુજબ કરવાનું રહેશે.

(૨) આ હુકમ મળતા સાધારણ સભાની કાર્યવાહીની નકલ મેળવી રસ ધરાવતા સભાસદોની વ્યવસ્થાપક કમિટિની રચના કરી તેની યાદી સાથે પ્રોસેડીંગની નકલ અત્રે મોકલી આપવાની રહેશે.

(૩) મંડળી શરૂ કર્યાની જાણ કરવાની રહેશે તથા ત્રિમાસિક કામગીરીનો અહેવાલ મોકલવાનો રહેશે.

આહવા, તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ડાંગ-આહવા.

નોંધણી ક્રમાંક : સે/૩૭૧૨૧/૨૦૧૫.–આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી કિસાન અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી., ટીમ્બાગામ, તા. ગોધરા, જિ. પંચમહાલની.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગોધરા, તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળી, જિલ્લા પંચાયત,
પંચમહાલ, ગોધરા.

નંબર સા/૭૨૦૦/૨૦૧૫.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ. આથી જાહેર કરે છે કે, નારાયણ ગાર્ડન્સ કો.ઓ. હા. સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ નંદેલાવ, તા. ભરૂચ, જિ. ભરૂચ.

(સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ ૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫.

નંબર સા/૭૨૦૧/૨૦૧૫.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ. આથી જાહેર કરે છે કે નર્મદા બંગ્લોઝ કો. ઓ. હાઉસીંગ સર્વિસ સો.લી., મર્યાદિત સ્થળ ઝાડેશ્વર, તા. ભરૂચ, જિ. ભરૂચ.

(સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ ૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહ. મં. જિ. પં., ભરૂચ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા
નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા(હા)-૮૯૪૧/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પ્રતિષ્ઠા પેલેસ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ કુડાસણ, તા. ગાંધીનગર, જિ. ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯(ખ) તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમો, ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૧.

(૩) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સાબરકાંઠા, હિંમતનગરના કલમ-૧૦૭ અન્વયેના ફડચાના હુકમ ક્રમાંક ફડચ/ફ/૧૭૩૧૩/૦૧/ગ/૭૦૪/૦૯, તા. ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૦૯.

(૪) ફડચા અધિકારીશ્રી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., હિંમતનગર, જિ. સાબરકાંઠાના તા. ૧૮મી એપ્રિલ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક લોન્સ/ફડચ/૫૮/૯૧૯થી રજૂ થયેલ સંસ્થાને પુનઃજિવીત કરવા અંગેની દરખાસ્ત.

(૫) આ કચેરીની તા. ૨૮મી એપ્રિલ, ૨૦૧૫થી મંજુર થયેલ નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક વહટ/૦૧/ગ/૧૦૮/૧૦૯૧/૨૦૧૫.–ધી ભિલોડા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., ભિલોડા, જિ. અરવલ્લીએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધણી નંબર-૨૪૫૫, તા. ૧૩-૬-૧૯૬૮થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

સદર સંસ્થાને સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ, પ્રાંતિજ, જિ. સાબરકાંઠાના સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયેના વહીવટી ખાસ અહેવાલના આધારે અને સંસ્થાના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં રસ ન હોવાથી તેમજ સંસ્થા સ્થગિત અવસ્થામાં હોવાથી તથા સંસ્થા પેટાનિયમ અનુસાર કામ કરતી બંધ થવાથી અને ઉત્તરોત્તર ખોટ કરતી હોવાથી આમુખ-૩ થી વંચાણે લીધેલ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સાબરકાંઠા, હિંમતનગરના તા. ૬-૮-૦૯ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., હિંમતનગર, જિ. સાબરકાંઠાની નિમણુંક કરવામાં આવેલ હતી. બેન્ક દ્વારા નિમાયેલ ફડચા અધિકારીએ સંસ્થાનો હવાલો સંભાળી સંસ્થાના દેવા-લ્હેણાં તેમજ મિલ્કતોના નિકાલની કાર્યવાહી શરૂ કરેલ હતી. પરંતુ ફડચાના કામકાજના સમયગાળા દરમ્યાન કેટલીક મંડળીઓ અને સભાસદોની સંસ્થા પુનઃજીવીત કરવા મોટ અરજીઓ આવતાં ફડચા અધિકારીશ્રીએ તા. ૧૭-૪-૧૫ના રોજ ખાસ સાધારણ સભા બોલાવેલ હતી. જે ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૨ થી મુખ્ય લ્હેણદાર ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., હિંમતનગરની બાકી લોન બાબતે ચર્ચા કરતાં સરકારશ્રીની વનટાઈમ સેટલમેન્ટ યોજનાનો લાભ આપવા બેન્કને વિનંતી કરવામાં આવેલ. જે અંગે ખાસ સાધારણ સભાએ ઠરાવી અન્ય લ્હેણી રકમો તથા તા. ૩૧-૩-૧૫ના સરવૈયાના તમામ દેવા-લ્હેણાંની જવાબદારીસહ સંસ્થા પુનઃજીવીત કરવા સર્વાનુમતે ઠરાવ થયેલ છે.

ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૩ થી તમામ દેવા-લ્હેણાંની જવાબદારી સહ સહકારી કાયદાની કલમ-૧૯ તેમજ નિયમ-૧૦ અન્વયે સંસ્થા પુનઃજીવીત કરવા સર્વાનુમતે ઠરાવ થયેલ છે. ફડચા અધિકારીશ્રીની પુનઃજીવીત કરવા અંગેની સદર દરખાસ્તમાં જણાવ્યા અનુસાર સંસ્થાના સભાસદો/મંડળીઓ સંસ્થા ચલાવવા રસ ધરાવે છે. સદર સંસ્થા ફડચામાં જવાથી મંડળીઓના સભાસદોને ખેતી વિષયક ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ વિગેરે માટે મુશ્કેલી પડે છે. તેમજ સંસ્થાના ફડચાના સમયના ચાર્જના સરવૈયા મુજબ વ્યક્તિ અને મંડળી સભ્યોમાં કોઈ ફેરફાર થયેલ નથી.

આમ ઉપરોક્ત વિગતો જોતાં સંસ્થા પુનઃજીવીત થતાં નામ. સરકારશ્રી દ્વારા મળતાં તમામ લાભો મળી શકે તેમ હોઈ અને કાર્યક્ષેત્રની સભ્ય મંડળીઓને જંતુનાશક દવાઓ, ખાતર તથા બિયારણના વિતરણ દ્વારા સંસ્થા એક અર્થક્ષમ યુનિટ બની રહે તેમ હોઈ ફડચા અધિકારીશ્રી દ્વારા રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લઈ સદર સંસ્થાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ (ખ) તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫ના નિયમ-૧૦ ની જોગવાઈઓ અનુસાર સંસ્થાને પુનઃજીવીત કરતો નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

આથી, હું, જે. જે. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અરવલ્લી, મોડાસા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ (ખ) તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫ના નિયમ-૧૦ હેઠળ વંચાણે લીધેલ આમુખ-૨ વાળા જાહેરનામાથી મને મળેલ સત્તાની રૂએ ધી ભિલોડા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., ભિલોડા, જિ. અરવલ્લીને પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચેની શરતોને આધિન પુનઃજીવીત કરૂં છું.

શરતો :-

(૧) સંસ્થાની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી કરી ચૂંટાયેલ વ્યવસ્થાપક કમિટીને ફડચા અધિકારીશ્રીએ ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

(૨) સંસ્થામાં તાલિમ પામેલ અનુભવી સેક્રેટરી/મેનેજરની નિમણુંક કરવાની રહેશે.

(૩) સંસ્થાના કાર્યવાહકોએ સંસ્થા પુનઃજીવીત થતાં સંસ્થાના પેટાનિયમોનુસાર અર્થક્ષમ યુનિટ બનાવવા પ્રયત્નો કરવા તેમજ તે મુજબનું દફતર નિભાવવાનું રહેશે. તથા સંસ્થાના સ્વકીય ભંડોળમાં વધારો કરવા અને વહીવટી ખર્ચ તથા મહેકમ ખર્ચ ઓછું થાય તેવી કાર્યવાહી કરવાની રહેશે.

(૪) સંસ્થાના દેવા-લ્હેણાં જેમ છે તેમ સ્વિકારવાના રહેશે. તેમજ સંસ્થાની કોઈપણ મિલ્કતો અત્રેની મંજુરી સિવાય વેચી શકાશે નહીં.

(૫) સંસ્થાનો વહીવટ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ તથા નિયમો-૧૯૬૫ તથા સંસ્થાના મંજુર થયેલ પેટાકાયદા અનુસાર તેમજ સહકાર ખાતાની વખતો-વખતની સુચનાઓ અનુસાર કરવાનો રહેશે.

(૬) સંસ્થા તેના પેટાનિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી કરી રહેલ છે તે અંગેનો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીએ નિયમિત રીતે એક વર્ષ સુધી મોકલી આપવાનો રહેશે.

મોડાસા, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૫.

જે. જે. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, અરવલ્લી,

મોડાસા.

INDEX

નોંધણી નંબર ઉ.૧૩૮૦૧/નધણ/૦૧/ખ-૨/૮૪૫/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, ધી શિવ શક્તિ મજુર કામદાર સહકારી મંડળી લી., મું. સૈજપુર, તા. બોરસદ, જિલ્લો આણંદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ, મોડાસાના ખાનગી વહીવટી ખાસ અહેવાલ ક્રમાંક : અષણ/૦૧/રૂબરૂ/૧૩, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૩.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૧.

(૪) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, હિંમતનગર કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ગ/૬૪૫/૨૦૧૩ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૩.

(૫) અત્રેની કચેરીની તારીખ ૨૦મી મે, ૨૦૧૪ની મંજુર થયેલ નોંધથી આ કચેરીના સહકારી અધિકારી (બજાર)ને રૂબરૂ સ્થળ તપાસ કરી અહેવાલ રજુ કરવા થયેલ સૂચના.

(૬) આ કચેરીના સહકારી અધિકારી (બજાર) દ્વારા તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ના પત્રથી રજુ થયેલ સ્થળ તપાસ અહેવાલ.

(૭) આ કચેરીની તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૫ થી મંજૂર થયેલ નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક વહટ/૦૧/ગ/૧૧૦/૧૧૧૪/૨૦૧૫.– ધી કાંસના છાપરાં ગૃપ સેવા સહકારી મંડળી લી., કાંસના છાપરાં, તા. બાયડ, જિ. અરવલ્લી, (જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નં. સે.૨૯૭૫૦, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૯૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ / નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે.

સદર મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૦ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, મોડાસા દ્વારા હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ અ. નં. ૨ વાળા સબ ઓડીટરશ્રીના વહીવટી ખાસ અહેવાલ જોતા જણાઈ આવેલ છે કે, મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) ઓડીટ સમયમાં મંડળીએ અપનાવેલ પેટા નિયમ અનુસાર કામગીરી કરતી બંધ થયેલ છે.

(૨) મંડળીએ ગત વર્ષના ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી.

(૩) વ્યવસ્થાપક કમિટિની છ બેઠકો મળેલ છે. જેમાં પેટાનિયમ અનુસાર કામગીરી કરવા અંગે કોઈ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હોવાનું જણાતું નથી. મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી કોઈ જ કામગીરી કરેલ નથી. આમ, મંડળી ચલાવવામાં મંડળીના કાર્યવાહકોને કોઇ રસ ન હોવાનું ફલિત થાય છે.

(૪) મંડળીમાં બેન્ક ડીવીડન્ડ સિવાય કોઈ આવક નથી.

(૫) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ ''ક'' છે.

(૬) છેલ્લા બે વર્ષથી મંડળીની વાર્ષિક સાધારણ સભામાં સભાસદોની હાજરીની વિગતો જોવા મળેલ નથી. જ્યારે સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ફક્ત ૧૮ સભાસદો જ હાજર રહેલ હતા. જે જોતાં સભાસદોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

(૭) મંડળીના નવિન પેટા નિયમ-૩૮(૮) અનુસાર દરેક સભાસદોના ₹ ૧૦૦૦/-ના શેર ધારણ કરેલ નથી.

(૮) સને ૨૦૧૧-૧૨ના વર્ષની વાર્ષિક સાધારણ સભા મળેલ હોવાનું જણાઈ આવેલ નથી.

(૯) મંડળીના સંચાલકોએ મંડળી ચલાવવાની દિશામાં કોઈ જ નક્કર પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. જેથી, મંડળી ચલાવવામાં કોઈ રસ નથી તેમ જણાય છે.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૪થી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખી રજૂઆત કરવા તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત / મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદરહુ મુદતે મંડળીના ચેરમેન / સેક્રેટરીશ્રીએ હાજર રહી અલગથી લેખિત જવાબ રજુ કરી ઓડીટ દુરસ્તી ભૂલથી રહી ગયેલ હોવાનું જણાવેલ તથા તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ વ્યવસ્થાપક કમીટીની બેઠકમાં ઠરાવ નં. ૪ થી દવા-ખાતર માટે લાયસન્સ માંગેલ હોવાનું તથા ધિરાણ ચાલુ કરવા અંગે ખાત્રી આપી મંડળીને ફડચામાં ન લઈ જવા વિનંતી કરેલ. જેના અનુસંધાને તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૩ના પત્રથી તારીખ ૧૬મી ડિસેમ્બર, ૨૦૧૩ની મુદતે મંડળી દ્વારા કરવામાં આવેલ પ્રગતિના અહેવાલ સાથે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે મુદતે મંડળીના ચેરમેનશ્રી જશુભાઈ ડી. પટેલ હાજર રહેલ તેઓએ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૩નો અલગથી લેખિત પત્ર રજુ કરેલ. જેમાં જણાવ્યા મુજબ મંડળીએ ₹ ૧,૬૨,૧૮૧/-નું ખાતર ખરીદ કરેલ છે. જેથી, ફરી તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૪ના પત્રથી મંડળી દ્વારા કરવામાં આવેલ માલ ખરીદ કર્યા અંગેના આધારો તેમજ પ્રગતિ અહેવાલ

સાથે હાજર રહેવા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૪ની મુદત આપવામાં આવેલ હતી. જે મુદત સંદર્ભે મંડળીના ચેરમેનશ્રી જશુભાઈ ડી. પટેલના તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૪ના અલગથી લેખિત પત્રમાં જણાવ્યા મુજબ મુદતનો પત્ર તેઓને મુદતની તારીખે સાંજે ૧૬.૦૦ કલાકે મળેલ હોવાથી હાજર રહી શકેલ ન હોઈ બીજી મુદત આપવા વિનંતી કરતા ફરી તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૪ના પત્રથી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજની મુદત આપવામાં આવેલ હતી. જે મુદતે મંડળીના ચેરમેનશ્રી જશુભાઈ ડી. પટેલે હાજર રહી અલગથી લેખિત જવાબ રજુ કરેલ હતો. જેમાં જણાવ્યા મુજબ મંડળીનું લાયસન્સ લેવા અંગેની કાર્યવાહી ચાલુ છે તથા ખરીદ કરેલ ખાતરના બીલોની ઝેરોક્ષ રજુ કરેલ. તેમજ ધિરાણ પ્રવૃત્તિ ચાલુ કરવા શાખપત્રક બનાવવામાં આવેલ છે. જે બેન્કમાં રજુ કરેલ છે. જે મંજુર થયેથી મંડળીના સભાસદોને ધિરાણ પુરૂં પાડવામાં આવનાર છે. તેમ જણાવી કારણદર્શક નોટીસ દફતરે કરવા વિનંતી કરેલ. મંડળી દ્વારા તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૪ના પત્રથી આપેલ ખાત્રી મુજબ કરેલ કાર્યવાહીની કોઈ પ્રગતિની વિગતો રજુ ન થતાં રૂબરૂ સ્થળ તપાસ કરી હકીકતલક્ષી અહેવાલ રજુ કરવા આ કચેરીના સહકારી અધિકારી (બજાર)ને તારીખ ૨૦મી મે, ૨૦૧૪ની નોંધ ઉપરની મંજુરીથી તપાસ સુપ્રત કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને તેઓ દ્વારા તેમના તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ના પત્રથી સ્થળ તપાસ અહેવાલ રજુ થયેલ છે. જેમાં જણાવ્યા મુજબ તેઓ દ્વારા મંડળીના ચેરમેનશ્રીનો ટેલીફોનીક સંપર્ક કરેલ તથા તે મુજબ સંસ્થાની મુલાકાત કરેલ, પરંતુ મંડળીના સ્થળે મળેલ નહીં. ત્યારબાદ અવાર-નવાર સંપર્ક કરવા છતાં ન મળી શકવાના કારણે તપાસમાં વિલંબ થવા પામેલ. ત્યારબાદ તેઓશ્રીએ કચેરીમાં હાજર રહી મંડળીએ કરેલ કાર્યવાહીની વિગતો રજુ કરવા ટેલીફોનીક વાતચીતથી જણાવેલ. જે મુજબ તેઓશ્રી તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ કચેરીમાં રૂબરૂ હાજર રહી તપાસ અધિકારી સમક્ષ આપેલ નિવેદનમાં જણાવ્યા મુજબ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૩ની વ્યવસ્થાપક કમીટીના ઠરાવ નં. ૨ થી ચેરમેન તરીકે નિમણૂંક પામેલ છીએ. અને આજદિન સુધી કાર્યરત છીએ તથા સભાસદોની જરૂરીયાત પ્રમાણે રાસાયણિક ખાતર પુરૂં પાડવામાં આવે છે. અને ધિરાણની જરૂરીયાત પ્રમાણે શાખપત્રક તૈયાર કરી સાકોબેન્કની મંજુરી અર્થે રજુ કરેલ છે. અને સિઝનમાં ધિરાણ આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે. તેમ જણાવેલ છે. આમ, મંડળીએ વેપાર તથા ધિરાણની કામગીરી શરૂ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સંસ્થાના ચેરમેનશ્રીએ આપેલ નિવેદનથી ખાત્રી મુજબ થયેલ પ્રગતિની વિગતો જણાવવા તથા રેકર્ડ રજુ કરવા અવાર-નવાર ટેલીફોનથી જાણ કરવાથી તેઓશ્રી રેકર્ડ સાથે તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોડ કચેરીમાં રૂબરૂ હાજર રહી આપેલ નિવેદનમાં જણાવ્યા મુજબ શાખપત્રક બનાવી બેન્કમાં રજુ કરી શકાયેલ નથી. જે ટૂંક સમયમાં રજુ કરીશું તેમ જણાવેલ તથા તેઓશ્રી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૩ થી અગાઉની સુનાવણી સમયે ₹ ૧,૬૨,૧૮૧/-નું ફક્ત એક જ વખત ખાતર ખરીદ-વેચાણ કરેલાંનો આધાર સિવાય અન્ય કોઈ ખરીદ-વેચાણ કર્યાનો આધાર તપાસમાં રજુ કરેલ નથી એટલે કે સંસ્થાએ આપેલ ખાત્રી મુજબ ત્યારપછી કોઇ ખાતર ખરીદ-વેચાણની કામગીરી કરેલ નથી કે, આપેલ ખાત્રી મુજબ શાખપત્રક બનાવી બેન્કમાં રજુ કરેલ નથી. આમ, મંડળીના ઉદેશો મુજબ સભાસદોની પ્રાથમિક જરૂરીયાત મુજબ ખાતર, દવા તથા ધિરાણની સગવડ પુરી પાડેલ નથી. આમ, મંડળી કારણદર્શક નોટીસમાં જણાવેલ વિગતે તદ્દન સ્થગિત અવસ્થામાં રહેલ છે. અને મંડળીના સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેવું જણાયેલ નથી. જેથી, ઓડીટરશ્રીના ખાસ અહેવાલના આધારે કચેરી દ્વારા આપેલ કારણદર્શક નોટીસ મુજબ મંડળીને ફડચામાં લઈ જવા અંગે પુરતા કારણો હોઈ ફડચામાં લઈ જવા માટે તપાસ અહેવાલમાં સહકારી અધિકારી (બજાર) દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

આમ, પ્રસ્તાવનામાં જણાવેલ ઉપરોક્ત વિગતો જોતાં મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે અત્રેથી વારંવાર મુદતો આપી પુરતો સમય આપવા છતાં મંડળીના કાર્યવાહકોએ કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ, સંસ્થા જે હેતુ કે ઉદ્દેશ્યો માટે રચવામાં આવેલ છે. તે હેતુ તથા ઉદ્દેશ્યો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. તેમજ મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત સંસ્થાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, જે. જે. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અરવલ્લી, મોડાસા, વંચાણે લીધેલ આમુખ-૨થી મને મળેલ સત્તાની રૂએ, કાંસના છાપરાં ગૃપ સેવા સહકારી મંડળી લી., કાંસના છાપરાં, તા. બાયડ, જિ. અરવલ્લીને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરૂં છું અને આ જ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, બાયડની નિમણૂંક કરૂં છું.

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસમાં રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે આ કચેરીએ હાજર રહી લેખિત / મૌખિક રજુઆત / ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈ ખુલાસો કે રજુઆત કરવામાં નહીં આવે તો મુદત વિત્યેથી આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

મોડાસા, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૧૫.

જે. જે. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
અરવલ્લી, મોડાસા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૬૩/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શ્રી શરણ (નિકોલ) કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદા-૧૦મો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૬૧/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી હરેકૃષ્ણ રેસીડેન્સી કોમર્શિયલ એન્ડ હાઉસીંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મું. રામોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદા-૧૦મો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૬૨/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આદર્શ ફ્લોરા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદા-૧૦મો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૬૬૦/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી હેરીટેજ સ્કવેર કોમર્શિયલ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મું. ગુલબાઈ ટેકરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદા-૧૦મો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધા :

(૧) શ્રી દિપરા દરવાજા સેવા સહકારી મંડળી લી., તા. વિસનગર તરફથી તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ પત્રથી મંડળીને આટોપી લેવા માટે રજુ થયેલ અરજી.

(૨) દિપરા દરવાજા સેવા સહકારી મંડળી લી., તા. વિસનગરની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૫ની બેઠકના ઠરાવ નંબર-૫ થી મંડળીને આટોપી લેવા કરવામાં આવેલ ઠરાવ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

(૪) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૮૪૩૦/૨૭૪/૩૪૫૮/૨૦૧૫.– શ્રી દિપરા દરવાજા સેવા સહકારી મંડળી લી., મું. તા. વિસનગર, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : સે.૩૩૧૧૫, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૧ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આ મંડળીને આટોપી લેવા માટે મંડળીની તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મળેલ મંડળીની સાધારણ સભાના ઠરાવ નં.-૫ થી કરેલ ઠરાવ મુજબ ‘‘મંડળીની સભામાં મંડળીના અધ્યક્ષશ્રીએ હિસાબો તથા વહીવટ તેમજ સભાસદોના રસ અંગે જાણકારી આપી. જેમાં સભાસદો અવારનવાર છુટા થવા માંગતા હોય છે. તેમજ કોઈ સભ્યને મંડળી ચલાવવામાં રસ દાખવતા નથી. જેથી, મંડળીનો વહીવટ વ્યવસ્થિત ચાલતો નથી. જેથી, ચર્ચા-વિચારણા બાદ મંડળીને સત્વરે આટોપી લેવી ઉચિત જણાય છે.’’ આમ, મંડળીને આટોપી લેવા વિનંતી કરતો ઠરાવ સર્વાનુમતે મંજુર કરેલ છે. તેમજ મંડળીનું તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫નું સરવૈયું જોતાં, મંડળી બિલકુલ કાર્યક્ષમ જણાતી નથી. જેથી, આ મંડળીને આટોપી લેવા સારૂ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબ હુકમ કરૂં છું.

હુકમ

હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂએ, શ્રી દિપરા દરવાજા સેવા સહકારી મંડળી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૪થી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) શ્રી ફતેહ દરવાજા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. તા. વિસનગર તરફથી તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ પત્રથી મંડળીને આટોપી લેવા માટે રજુ થયેલ અરજી.

(૨) શ્રી ફતેહ દરવાજા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. તા. વિસનગરની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ની બેઠકના ઠરાવ નંબર-૫ થી મંડળીને આટોપી લેવા કરવામાં આવેલ ઠરાવ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

(૪) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૮૪૩૨/૨૭૫/૩૪૫૯/૨૦૧૫.– શ્રી ફતેહ દરવાજા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : સે.૨૭૩૧૭, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આ મંડળીને આટોપી લેવા માટે મંડળીની તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મળેલ મંડળીની સાધારણ સભાના ઠરાવ નં.-૪ થી કરેલ ઠરાવ મુજબ ‘‘મંડળીની સભામાં મંડળીના અધ્યક્ષશ્રીએ મંડળીને આટોપી લેવા અંગે વ્યવસ્થાપક કમીટીની ભલામણ છે. તો તે અંગે શું કરવું, જેમાં બહુમતીથી મંડળીને આટોપી લેવાની રજુઆત કરનાર સભાસદો છે. જે ચર્ચા-વિચારણા બાદ મંડળીને આટોપી લેવી ઉચિત છે. કારણ કે, સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી તેમજ કર્મચારી કામ કરવા ઓછા પગારથી રહેવા માંગતા નથી. જેથી, ચર્ચા-વિચારણા બાદ આટોપી લેવાનો ઠરાવ સર્વાનુમતે કરેલ છે.’’ તેમજ મંડળીનું ૩૧મી માર્ચ, ૨૦૧૫ સરવૈયુ જોતાં, મંડળી બિલકુલ કાર્યક્ષમ જણાતી નથી. જેથી, આ મંડળીને આટોપી લેવા સારૂ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબ હુકમ કરૂં છું.

હુકમ

હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂએ, શ્રી ફતેહ દરવાજા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૪થી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) શ્રી ગંજી સેવા સહકારી મંડળી લી., મું.તા. વિસનગર તરફથી તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ પત્રથી મંડળીને આટોપી લેવા માટે રજુ થયેલ અરજી.

(૨) શ્રી ગંજી સેવા સહકારી મંડળી લી., મું.તા. વિસનગરની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ની બેઠકના ઠરાવ નંબર-૫ થી મંડળીને આટોપી લેવા કરવામાં આવેલ ઠરાવ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૮૪૩૩/૨૭૬/૩૪૬૦/૨૦૧૫.– શ્રી ગંજી સેવા સહકારી મંડળી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : સે.૩૩૩૧૬, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૧ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આ મંડળીને આટોપી લેવા માટે મંડળીની તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મળેલ મંડળીની સાધારણ સભાના ઠરાવ નં.-૪ થી કરેલ ઠરાવ મુજબ ‘‘મંડળીની સભામાં મંડળીના અધ્યક્ષશ્રીએ જણાવેલ કે, મંડળીનો વહીવટ ઠરાવ વગર થયેલ છે. તો મંડળીને આટોપી લેવી ઉચિત હોઈ જે અંગે ચર્ચા-વિચારણા કરતાં મંડળીના સભાસદો કાં તો રસ હોવો જોઈએ તેમજ મંડળીનો વહીવટ કરવામાં ઉત્સાહ હોવો જોઈએ. જે ના હોવાથી મંડળીને આટોપી લેવી ઉચિત ગણાય, કેટલાંક સભાસદો છુટા થવા માંગતા હોઈ, મંડળીને સત્વરે આટોપી લેવાનો ઠરાવ સર્વાનુમતે મંજુર કરેલ છે.’’ તેમજ મંડળીનું તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫નું સરવૈયું જોતાં, મંડળી બિલકુલ કાર્યક્ષમ જણાતી નથી. જેથી, આ મંડળીને આટોપી લેવા સારૂ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબ હુકમ કરૂં છું.

હુકમ

હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂએ, શ્રી ગંજી સેવા સહકારી મંડળી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૪થી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) શ્રી દિપરા દરવાજા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું.તા. વિસનગર તરફથી તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ પત્રથી મંડળીને આટોપી લેવા માટે રજુ થયેલ અરજી.

(૨) મંડળીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૫ની બેઠકના ઠરાવ નંબર-૫ થી મંડળીને આટોપી લેવા કરવામાં આવેલ ઠરાવ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૮૪૩૪/૨૭૭/૩૪૬૧/૨૦૧૫.– શ્રી દિપરા દરવાજા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : સે.૨૭૧૩૬, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આ મંડળીને આટોપી લેવા માટે મંડળીની તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મળેલ મંડળીની સાધારણ સભાના

INDEX

ઠરાવ નં.-૪ થી કરેલ ઠરાવ મુજબ ‘‘મંડળીની સભામાં મંડળીના અધ્યક્ષશ્રીએ રજુઆત તેમજ નિવેદન કરેલ કે કાં તો સભાસદો રસ દાખવે અથવા મંડળીને આટોપી લેવી. જે અંગે ચર્ચા-વિચારણા બાદ સભાસદોને મંડળી ચલાવવામાં રસ ના હોઈ, તેમજ મંડળીને આટોપી લેવા ઠરાવ સર્વાનુમતે મંજુર કરેલ છે.’’ મંડળીનું તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫નું સરવૈયું જોતાં, મંડળી બિલકુલ કાર્યક્ષમ જણાતી નથી. જેથી, આ મંડળીને આટોપી લેવા સારૂ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબ હુકમ કરૂં છું.

હુકમ

હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂએ, શ્રી દિપરા દરવાજા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૪થી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) શ્રી વિજપુરા જુથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.તા. વિસનગર તરફથી તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ પત્રથી મંડળીને આટોપી લેવા માટે રજુ થયેલ અરજી.

(૨) શ્રી વિજપુરા જુથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.તા. વિસનગર વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૫ની બેઠકના ઠરાવ નંબર-૫ થી મંડળીને આટોપી લેવા કરવામાં આવેલ ઠરાવ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૮૪૩૫/૨૭૮/૩૪૬૨/૨૦૧૫.– શ્રી વિજપુરા જુથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. તા. વિસનગર, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : સે.૩૩૧૧૪, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આ મંડળીને આટોપી લેવા માટે મંડળીની તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મળેલ મંડળીની સાધારણ સભાના ઠરાવ નં.-૫ થી કરેલ ઠરાવ મુજબ ‘‘મંડળીની સભામાં મંડળીના અધ્યક્ષશ્રીએ હિસાબો તથા વહીવટ તેમજ સભાસદોના રસ અંગે જાણકારી આપી, જેમાં સભાસદો અવારનવાર છુટા થવા માંગતા હોય છે. તેમજ કોઈ સભ્યને મંડળી ચલાવવામાં રસ દાખવતાં નથી. જેથી મંડળીનો વહીવટ વ્યવસ્થિત ચાલતો નથી, જેથી ચર્ચા-વિચારણા બાદ મંડળીને સત્વરે આટોપી લેવી ઉચિત જણાય છે. ‘‘ આમ મંડળીને આટોપી લેવા જિલ્લા રજીસ્ટ્રારશ્રીને લેખિતમાં પત્ર વ્યવહાર કરવા કાર્યવાહકોને સુચના આપતો ઠરાવ સર્વાનુમતે મંજુર કરેલ છે. તેમજ મંડળીનું તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫નું સરવૈયું જોતાં, મંડળી બિલકુલ કાર્યક્ષમ જણાતી નથી. જેથી, આ મંડળીને આટોપી લેવા સારૂ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબ હુકમ કરૂં છું.

હુકમ

હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂએ, શ્રી વિજપુરા જુથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૪થી મે, ૨૦૧૫.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૨૪-૧૨-૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૪૮૬ થી ૪૯૫/૨૦૦૫.

(૨) ફડચા અધિકારી અને સબ ઓડીટર લગત સ્પે. ઓડીટર, સહકારી મંડળી (૫) ભરૂચની તા. ૯-૪-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૬/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી વાલીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વાલીયા, તા. વાલીયા જિ. ભરૂચ (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૫૩૧ થી ૫૪૨/૧૨૫/૨૦૧૫.–ધી વાલીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વાલીયા, તા. વાલીયા જિ. ભરૂચ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૩૧મી ઓકટોબર, ૧૯૬૪ નોંધણી નંબર ૩૨૬૪ થી કરવામાં આવેલ હતી. પરંતુ

INDEX

ઉક્ત મંડળીએ કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના સબ ઓડીટર લગત સ્પે. ઓડીટર, સહકારી મંડળી (૫) ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧-૪-૨૦૦૫ થી તારીખ ૩૧-૩-૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર (લી.રી.) ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૩૧-૦૩-૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૨૭-૦૩-૨૦૧૫ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી વાલીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વાલીયા, તા. વાલીયા જિ. ભરૂચ, નોંધણી નંબર ૩૨૬૪, તારીખ ૩૧-૧૦-૧૯૬૪ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫.

સુનિલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

(૩) શ્રી ભોગીલાલ આર. પટેલ વ્ય ક. સભ્ય ધી કાલીપુરા ગામની ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. ની રજુઆત.

(૪) ધી કાલીપુરા ગામની ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., કાલીપુરા, તા. પ્રાંતિજનો તા. ૧-૪-૧૨થી તા. ૩૧-૩-૧૪નો ઓડીટમેમો.

(૫) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ગ/ ૧૯૨/ ૨૦૧૫. તા. ૦૮-૦૪-૨૦૧૫.

(૬) મંડળીના તા. ૨૭-૪-૨૦૧૫ના પત્રથી રજુ થયેલ ઠરાવ નં.-૩.

પ્રસ્તાવના

ક્રમાંક વહટ/૦૧/ગ/૨૮૦/૨૦૧૫.–ધી કાલીપુરા ગામની ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., કાલીપુરા, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા (જેનો હવે પછી ‘‘મંડળી’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (જેનો હવે પછી ‘‘અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નંબર ખે-૮૯૭૨, તા. ૨-૩-૨૦૦૯થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ/નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. સદર મંડળીનો તા. ૧-૪-૧૨ થી ૩૧-૩-૧૪નો ઓડીટ અહેવાલ જોતાં જણાઈ આવેલ છે કે મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી . આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીના ગત ઓડીટમેમાની ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીના તા. ૧-૪-૧૨ થી ૩૧-૩-૧૩ના સમયનું તારીજ જોતાં મંડળીએ કોઈ જ પ્રકારના વ્યવહારો (વેપાર કે ધિરાણ) કરેલ નથી. માત્ર બટાટા બિયારણ ખરીદી વેચાણ કરેલ છે. આમ મંડળીએ અપનાવેલ પેટા નિયમ મુજબના ઉદ્દેશો સિધ્ધ થતા નથી. આમ મંડળીની વ્યવસ્થાપક કમિટી મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૩) પેટા નિયમની જોગવાઈ મુજબ કમીટીની મીટીંગ મળતી નથી.

(૪) તા. ૩૧-૩-૧૩ના સરવૈયા મુજબ મંડળીએ રૂા ૪૪૮૦/- ખોટ કરેલ છે.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૫થી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તારીખ ૧૬-૪-૨૦૧૫ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદરહુ મુદતે કોઈ હાજર ન રહેતા ફરી તા.૨૩-૪-૨૦૧૫ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે પણ કોઈ હાજર રહેલ નહિ જેથી કુદરતી ન્યાયના હિતમાં ફરી તારીખ ૩૦-૪-૨૦૧૫ ની મુદત આપવામાં આવેલ હતી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળી તરફથી કોઈ હાજર રહેલ નથી કે લેખિત કે મૌખિક રજુઆત કરેલ નથી. પરંતુ વંચાણે લીધેલ આમુખ-૬ના ઠરાવથી નોટીસ અન્વયે મંડળી કોઈપણ જાતની કામગીરી કરતી ન હોઈ મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવ કરી અત્રે રજુ કરેલ છે. મંડળીના કાર્યવાહકોએ મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ સંસ્થા જે હેતુ કે ઉદ્દેશ્યો માટે રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશ્યો પરીપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

INDEX

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત સંસ્થાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું આર. એમ. આસોડીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર, જિ. સાબરકાંઠા વંચાણે લીધેલ આમુખ-૨થી મને મળેલ સત્તાની રૂએ ધી કાલીપુરા ગામની ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., કાલીપુરા, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છું. અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) સદર કચેરીની નિમણુંક કરું છું.

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસમાં રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે આ કચેરીએ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત/ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈ ખુલાસો કે રજુઆત કરવામાં નહી આવે તો મુદત વિત્યેથી આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તારીખ ૪થી મે, ૨૦૧૫.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, JUNE 18, 2015 / JYAISTHA 28, 1937 [No. 25

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	925-968
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	25
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	49
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2303-2427

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર વિ. શા./જાહેરનામું/એ. સેકશન/પરમીટ/૩૮/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૨મી જૂન, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે

INDEX

લાબું, છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિહ્નો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માહે જૂન, સને ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક : વિ.શા./જાહેરનામું/૧૯૯૬/૨૦૧૫.—જાહેર જગ્યાઓમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ ઉપર નીચે જણાવેલ કારણોસર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

(૧) ઉપરોક્ત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી ધ્વની પ્રદુષણ થાય છે. જેની નાગરિકોના આરોગ્ય ઉપર વિપરીત અસર પડે છે.

(૨) ધ્વની પ્રદૂષણના લીધે નાગરિકોના કામમાં તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અડચણ ઉભી થાય છે.

(૩) ઉપરોક્ત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી સુલેહ ભંગ તેમજ સાંપ્રદાયિક હિંસાના બનાવો બને છે.

જેથી હું, ડી. જે. પટેલ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર GG/૪૨૨/C.R.C./૧૦૮૨/૧૦૮૦/M અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર GG/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) જાહેરમાં ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) કલાક ૨૨-૦૦ થી કલાક ૬-૦૦ સુધી જાહેરમાં ધ્વનિ પ્રદૂષણ કરતા તમામ સાધનો એટલે કે લાઉડ સ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ વગાડવા ઉપર તેમજ ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૩) કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન જાહેરમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ પરવાનગી મેળવીને કરી શકાશે.

(૪) માઈક વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે નાયબ પોલીસ કમીશનરશ્રીને અરજી કરવી પરંતુ એક જ પોલીસ સ્ટેશન વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને અરજી-૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે. આપેલ શરતોનો ચુસ્તપણે બિનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે અને તે બદલ પ્રવર્તમાન કાયદાઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થઇ શકશે.

આ રીતે લાઉડસ્પીકર અથવા પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરતી વખતે નામદાર સુપ્રિમકોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ગાંધીનગરના નં. ગુ.પ્ર.નિ.બોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-PN-૫/૫૧૨૫૨, તારીખ ૧૪મી મે, ૨૦૧૦ થી ઘોઘાંટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તારીખ ૧૪મી ફેબ્રઆરી, ૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો,-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ૬-૦૦ થી રાત્રીના ૨૨-૦૦	રાત્રીના ૨૨-૦૦ થી સવારના ૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

(૧) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦-DB(A) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(૨) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-DB(A) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(૩) ધ્વની પ્રદુષણ અટકાવવા માટે નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૯૬ની જોગવાઈઓ મુજબ રાત દિવસ માટે કાયમી છે. આ કિસ્સામાં ધ્વની એટલે કે અવાજની મર્યાદા નક્કી કરવામાં આવે છે. જેની ધ્વની મર્યાદા નક્કી કરતાં યંત્ર મારફતે તેના ડેસીબલ્સ (અવાજ મર્યાદા) બહારનો અવાજ હોય તો ગંભીર ગુનો બને છે. જેમાં ૦૫-વર્ષની સજાની જોગવાઇ છે તેમાં દિવસ રાતની કોઇ જોગવાઇ નથી ગમે ત્યારે આ ગુનો બને છે અને આ જોગવાઇ લગ્નનો વરઘોડો કે ધાર્મિક કાર્યક્રમને પણ લાગુ પડે છે.

(૪) ધ્વની પ્રદુષણ અટકાવવા માટે નામદાર સુપ્રિમ કોર્ટે કેટલીક ગાઈડ લાઈન્સ અને આદેશ આપેલ છે. જે મુજબ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૯૬ની જોગવાઈની કલમ-૩, ૬, ૨૫ હેઠળ બનાવવામાં આવેલ ઉપરાંત નિયમોનું અનુમોદન કલમ-૧૫ હેઠળ ૦૫ વર્ષની સજાનો ગુનો બને છે.

(૫) કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૬) ધાર્મિક સ્થળોમાં કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ સુધી વગર પરવાનગીએ લાઉડ સ્પીકર/વાજીંત્રો/પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે, પરંતુ તેનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઇએ કે સંકુલની હદ બહાર જાય નહી.

(૭) લગ્નના વરઘોડામાં વગર પરવાનગીએ બેન્ડ વગાડી શકાશે, ઉપરાંત કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન લાઉડસ્પીકર અથવા ડીજે સિસ્ટમનો ઉપયોગ પરવાનગી લઈને કરી શકાશે.

આ જાહેરનામાનો અમલનો સમય અને વિસ્તાર વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૫મી જુન, ૨૦૧૫ ના ક. ૦૦-૦૦ થી તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાના હુકમનાં ભંગ બદલ I.P.C. કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલીક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સિસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આજ તારીખ ૦૩ માહે જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./મજુર/જાહેરનામું/૧૯૯૭/૨૦૧૫.—તાજેતરમાં વડોદરા શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળમાં વડોદરા શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુનાઓ કરનાર (ઘરફોડીયા) પકડાય છે. ત્યારે તપાસમાં આવા ગુના કરવાવાળા આરોપીઓ ગુનાના બનાવના દિવસો અગાઉ વડોદરા શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતાં ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવતા હોય છે. જેથી જનતાના જાન-માલ (મિલકત)ની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

INDEX

જેથી હું, ડી. જે. પટેલ, (I.P.S.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને દિન-૭માં જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા વડોદરા શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દિન-૦૩માં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ (સપ્લાયર)નું પુરૂ નામ સરનામું મો. નં. સહીત	:–	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:–	
૩	મજુરનું હાલનું સરનામું ટેલીફોન નંબર	:–	
૪	મજુરનું મુળ વતનનું સરનામું ગામ તાલુકો જિલ્લો	:–	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ	:–	
૬	મજુરનું વતનનું સ્થાનીક પો. સ્ટે. નું નામ તથા ટેલીફોન નંબર	:–	
૭	મજુરના વતનના આગેવાનનું નામ સરનામું ટેલીફોન નંબર	:–	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત	:–	
૯	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે ?	:–	
૧૦	મજુરનું ઓળખ માટેનું I.D. પ્રુફ (ફોટા સાથેનું)	:–	
૧૧	વડોદરા શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:–	
૧૨	વડોદરા શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ સરનામું :-	:–	

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નીશાન ____________________

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી ____________________

નામ ____________________

આ હુકમ તારીખ ૪થી જુન, ૨૦૧૫ થી તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૧૫ (બન્ને દિવસો સહીત) દિન-૬૦, દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩ માહે જુન, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./એ/જાહેરનામું/૨૦૩૯/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે, માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાઓનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓનો અંજામ આપતા હોય છે, જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું ડી. જે. પટેલ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારનાં મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) તેમની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો આધારની નકલ સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની નકલ મેળવી રેકર્ડમાં રાખવી.

INDEX

(૩) વિદેશી નાગરીકને લગતાં C-ફોર્મ નિયમ મુજબ C-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪-કલાકમાં રિપોર્ટ સહીત રજુ કરાવના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) વડોદરા શહેરમાં કઈ જગ્યાએ ક્યા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં C.C.T.V. કેમેરાની વ્યવસ્થા રાખવી, C.C.T.V. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ (૦૩) માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે, તદ્ઉપરાંત પર્યટન સ્થળોની જગ્યાએ આવેલ ધાર્મિક સ્થળોએ ધર્મશાળાઓ વિગેરેમાં આ પ્રકારની મુસાફરની સંચાલકોએ જરૂરી ચકાસણી કરી ઉતારો આપવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે, જો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમ તારીખ ૮મી જુન, ૨૦૧૫ થી તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૫ (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ માહે જૂન-૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ડી. જે. પટેલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./રાજકીય/૪૯/૨૦૧૫.– સુરત શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મિક શોભાયાત્રાઓ હિન્દુઓના ધાર્મિક તહેવારો જેવા કે મહારાણા પ્રતાપ જયંતિ, ભીમ અગિયારસ, વડસાવિત્રી, રમઝાન માસ, તથા અન્ય રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલની આતંકવાદી પ્રવૃત્તિ લક્ષમાં લેતા કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહીં થવા ઉપર અને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવાનું કે સરઘસ કાઢવા ઉપર.

અમલવારીનો સમય અને વિસ્તાર

તારીખ ૯મી મે, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

આજ રોજ તારીખ ૫મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૫૦/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભૂતકાળમાં આંતકવાદીઓ દ્વારા બિહાર રાજ્યના પટના અને બૌદ્ધ ગયા, અમદાવાદ, મોડાસા, બેંગલોર, દિલ્હી અને ચેન્નઈ શહેરોમાં શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ-મિલકતોને નુકશાન કરવામાં આવેલ તેમજ અગાઉ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ કરવામાં આવેલ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાના સાધન સામગ્રી મળી આવેલ હતી. જે જોતા આંતકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી / ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલો, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય છે. તેવા સાયકલો / વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડાંક સૂચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવી તેમજ જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર /પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદદારનું પુરું નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન/ મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી / રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૦મી મે, ૨૦૧૫ થી ક. ૦૦.૦૦ થી તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ ક. ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સી. આર. પી. સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./રાજકીય/જાહેરનામું/૫૧/૨૦૧૫.–ભૂતકાળમાં બિહાર રાજ્યના પટણા તથા બૌધ્ધ ગયા ખાતે તેમજ ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી, ચેન્નઈ શહેરમાં આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યા ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવર જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ છે. જે બનાવોને ધ્યાને લેતા સુરત શહેરની જનતાની સુરક્ષા માટે કોઈપણ વ્યક્તિએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈ પણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી. જેથી, આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી મુકવા નહિં.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૦મી મે, ૨૦૧૫ થી ક. ૦૦.૦૦ થી તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ ક. ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા રસ્તા / તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૬૦/૨૦૧૫.– રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મૂળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હાઓમાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મૂળ સુધી પહોંચે ત્યારે એવુ જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યક્તિઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મૂળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારને તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સી.આર.પી.સી. ૧૯૭૩ (૧૯૭૪ના પાના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજિસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

આ ઉપરાંત કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી સીધો મોબાઈલની લે-વેચ કરે ત્યારે મોબાઈલ વેચનાર વ્યક્તિ પાસેથી ખરીદ કરનાર વ્યક્તિએ મોબાઈલ વેચનાર વ્યક્તિનું ID પ્રુફ અને પુરૂં નામ, સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી બીજી નકલ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે. દરેક પોલીસ સ્ટેશનમાં ઉપર મુજબના કોલમનું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૮મી જૂન, ૨૦૧૫ થી ક. ૦૦.૦૦ થી તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૫ના ક. ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહીં સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

૮	શ્રી કે. સી. કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા હીરાબાગ વરાછા રોડ, સુરત	,,
૯	સાધના વિદ્યાભવન ગર્લ્સ હાઈસ્કુલ, સાધના સોસાયટી વરાછા રોડ	,,
૧૦	સમ્રાટ વિદ્યાલય ડુભાલ અક્ષર ટાઉનશીપ નહેર પાસે, સુરત	પુણા
૧૧	શારદા વિદ્યાલય, જલારામ સોસાયટી પાર્ટ-૩, મોર્ડન ટાઉનરોડ, પરવત પાટીયા, સુરત	,,
૧૨	શ્રીમતી એમ.પી. લીલીયાવાળા, ગુજરાત સ્કુલ યુનિટ-૧, સુરત	લીમ્બાયત
૧૩	શ્રીમતી એમ.પી. લીલીયાવાળા, ગુજરાત સ્કુલ યુનિટ-૨, સુરત	,,
૧૪	આર. એન. નાયક હાઈસ્કુલ, રણછોડનગર આદર્શ કેમિકલ્સ ઉધના, સુરત	ઉધના

INDEX

૧	૨	૩
૧૫	એસ.ઇ.એમ. હાઇસ્કુલ, પોસ્ટ સોસાયટી ઉધના ગામ, સુરત	ઉધના
૧૬	જીવન વિકાસ હાઇસ્કુલ, રામનગર-૨, સોનલ ઇન્ડસ્ટ્રીયલ રોડ, આશીર્વાદ ટાઉનશીપ બમરોલી ઉધના	,,
૧૭	ન્યુ મોડલ હાઇસ્કુલ, ભાઠેના-૨, આશીર્વાદ પાર્ક, ઉધના, સુરત	,,
૧૮	શેઠશ્રી પી. એચ. બચકાનીવાલા વિદ્યામંદિર સેકન્ડરી સ્કુલ, ખટોદરા, સુરત	,,
૧૯	સનગ્રેસ સ્કુલ, (એમ.વી.) ઉધના ઉદ્યોગનગર એસ.વી. રોડ નં.-૨, સુરત	,,
૨૦	મેરીમાથા પબ્લીક સ્કુલ, પ્રમુખપાર્ક બાટલીબોય કંપની પાસે, ફતેનગર, ઉધના, સુરત	,,
૨૧	શ્રીમતી લીલાબા કન્યા વિદ્યાલય સ્વામી આત્માનંદ સરસ્વતી માર્ગ લાલ દરવાજા, સુરત	મ. પુરા
૨૨	અક્ષર જ્યોતિ હાઇસ્કુલ, આંબા તલાવડી ચાર રસ્તા કતારગામ, સુરત	કતારગામ
૨૩	આઇ. પી. સવાણી (પી.એમ. ભગત) માધ્યમિક શાળા, ઉદયનગર-૧, ગોટાલાવાડી, કતારગામ, સુરત	,,
૨૪	અખંડ આનંદ વિદ્યાભવન માધ્યમિક શાળા, વેડ રોડ, કતારગામ, સુરત	,,
૨૫	કસ્તુરબા વિદ્યાભવન માધ્યમિક શાળા, વેડ રોડ, સુરત	,,
૨૬	અંકુર વિદ્યાભવન સુરત, આંબા તલાવડી, કતારગામ, સુરત	,,
૨૭	શીશુ વિહાર વિદ્યાલય સુરત, રણછોડજી પાર્ક સોસા. શ્રી કંતારેશ્વર મહાદેવ મંદિર પાસે કતારગામ, સુરત	,,
૨૮	ગુરુકુળ વિદ્યાપીઠ વી.ટી.સી. કન્યા વિદ્યાલય, સુરત પુષ્પકુંજ સોસા. નજીક સુમુલ ડેરી રોડ, જીઆઇડીસી, સુરત	,,
૨૯	માતૃભૂમિ વિદ્યાલય, ડભોલી ચાર રસ્તા વેડ રોડ, કતારગામ, સુરત	,,
૩૦	પ્રમુખ માધ્યમિક શાળા, સુરત કોઝવે રોડ, શીગણપોર, સુરત	ચોક બજાર
૩૧	શ્રી શારદા વિદ્યામંદિર, કોઝવે રોડ, સુરત	,,
૩૨	શ્રી સુરેશ વિદ્યામંદિર માધ્યમિક શાળા, ડભોલી રોડ, સુરત	,,
૩૩	અંબાબા ગર્લ્સ હાઇસ્કુલ, હરીપુરા, લીમડાશેરી, સુરત	,,
૩૪	એન્ગલો ઉર્દુ હાઇસ્કુલ, સુરત સોદાગરવાડ મહાનગર પાલીકાની પાછળ, સુરત	,,
૩૫	ટી. એન્ડ ટી.વી. ગોપીપુરા એનીબેસન્ટ રોડ, સુરત	અઠવા
૩૬	સિગ્મા હાઇસ્કુલ, (ઉર્દુ મીડીયમ) ક્ષેત્રપાળ મંદિરની નજીક સગરમપુરા, સુરત	,,
૩૭	સિગ્મા હાઇસ્કુલ, (અંગ્રેજી મીડીયમ) ક્ષેત્રપાળ મંદિરની નજીક સગરમપુરા, સુરત	,,
૩૮	શ્રી આર. ડી. ઘાયેલ જીવનભારતી માધ્યમિક વિદ્યાલય, સુરત યાંધી સ્મૃતિ ભવનની પાસે, ટીમલીયાવાડ	,,
૩૯	શારદાયતન ગુજરાતી વિદ્યાલય, કારગીલ ચોકની સામે, પીપલોદ, સુરત	ઉમરા
૪૦	શારદાયતન અંગ્રેજી વિદ્યાલય, કારગીલ ચોકની સામે, પીપલોદ, સુરત	,,
૪૧	સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ, ઘોડદોડ રોડ, સુરત	,,
૪૨	આર.એસ.એમ. પુનાવાલા સાર્વજનિક એક્ષપરીમેન્ટલ સ્કુલ અંબિકાનિકેતન પાર્લે પોઇન્ટ	,,
૪૩	લોકભારતી વિદ્યાલય તેરાપંથ ભવન અશોક પાન સેન્ટર સીટીલાઇટ રોડ, સુરત	,,
૪૪	ચંદુલાલ છનગલાલ શાહ સાર્વજનિક ઇંગ્લીશ હાઇસ્કુલ, અંબિકાનિકેતન પાર્લે પોઇન્ટ	,,
૪૫	એમ. ટી. જરીવાલા માધ્યમિક શાળા, પ્રિયા હોટલ, અઠવા લાઇન્સ, સુરત	,,
૪૬	શેઠ ધનજી શાહ રૂસ્તમજી ઉમરીગર મેમોરીયલ સ્કુલ ગોકુલ રો-હાઉસ જુના જકાતનાકા ઉમરા	,,
૪૭	ડો. એ. સી. લાપસીવાલા સેકન્ડરી એન્ડ હાઇ. સેક. સ્કુલ પી.આર. ખાટીવાલા વિદ્યાસંકુલ, સુરત	,,
૪૮	વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય ભટાર ચાર રસ્તા ઉધના ચાર રસ્તા, સુરત	,,
૪૯	ઇશ્વરલાલ ગુલાબભાઇ દેસાઇ વિદ્યાલય ભટાર ચાર રસ્તા, સુરત	ખટોદરા
૫૦	ચાનનલમ સહાની વિદ્યાભારતી ઇંગ્લીશ સ્કુલ ભટાર ચાર રસ્તા	,,
૫૧	કરમવીર એસ. કે. પટેલ માધ્યમિક વિદ્યાલય, ભટાર રોડ અર્જુન કોમ્પ્લેક્ષ સુરત	,,

INDEX

૧	૨	૩
૫૨	નવસર્જન વિદ્યાલય, પાંડેસરા હાઉસીંગ રોડ, સુરત	પાંડેસરા
૫૩	નવદિપ વિદ્યાલય, માધ્યમિક શાળા, પાંડેસરા હાઉસીંગ રોડ, સુરત	,,
૫૪	એમ. એ. બોયઝ સેકન્ડરી સ્કુલ ગોરાટ કોઝવે રોડ, રાંદેર, સુરત	રાંદેર
૫૫	એમ.એમ.પી. હાઈસ્કુલ,, બોથાવાલા માર્ગ, રાંદેર, સુરત	,,
૫૬	પીપરડીવાલા ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ, એસ.વી. પટેલ માર્ગ, રાંદેર, સુરત	,,
૫૭	સંસ્કાર ભારતી વિદ્યાલય, પાલનપુર પાટીયા, રાંદેર સુરત, યુનિટ-૧	,,
૫૮	સંસ્કાર ભારતી વિદ્યાલય, પાલનપુર પાટીયા, રાંદેર સુરત, યુનિટ-૨	,,
૫૯	શ્રી સ્વામીનારાયણ એચ.વી. વિદ્યાલય, પ્રગતિ સોસાયટી, ન્યુ સુધામા હોટલની ગલીમાં રાંદેર, સુરત	,,
૬૦	ધ પંચશીલ મર્કન્ટાઈલ કો.ઓપ. બેન્ક લી., માધ્યમિક ગુ.ગા. બોર્ડ, પાલનપુર પાટીયા, સુરત	,,
૬૧	પ્રેસીડન્સી સ્કુલ પ્રગતિ સોસાયટી, સુધામા હોટલની ગલીમાં ન્યુ રાંદેર રોડ, સુરત	,,
૬૨	શ્રીમતી આઈ. એન. ટેકરાવાલા હાઈસ્કુલ, પાલનપુર પાટીયા, રાંદેર, સુરત	અડાજણ
૬૩	શાંતિનીકેતન વિદ્યાવિહાર વર્ષા સોસાયટી પાલનપુર પાટીયા, રાંદેર, સુરત	,,
૬૪	એલ.એચ. બોઘરા હાઈસ્કુલ, નગરદાસ હોલ અડાજણ રોડ, સુરત	,,
૬૫	રીવરડેલ એકેડેમી (ઈ.એમ.) ૬૦ ટી.પી.-૩૨ પાલ, પમ્પીંગ સ્ટેશનની પાસે, અડાજણ, સુરત	,,
૬૬	એસ.ટી. માર્કસ હાઈસ્કુલ કરનપાર્ક, હરીદ્વાર સોસાયટી, અડાજણ	,,
૬૭	શ્રીમતી એલ. પી. સવાણી વિદ્યાભવન, (જી.એમ.) એલ.પી. સવાણી સર્કલ, અડાજણ, સુરત	,,
૬૮	શ્રીમતી એલ. પી. સવાણી વિદ્યાભવન, (અંગ્રેજી માધ્યમ) એલ.પી. સવાણી સર્કલ, અડાજણ, સુરત	,,
૬૯	શ્રીમતી એલ.એન.બી. દાલીયા હાઈસ્કુલ, કવિ કલાપી ગાર્ડન ગુ.એસ. કંપની, અડાજણ	,,
૭૦	વિદ્યાકુંજ માધ્યમિક શાળા વિદ્યાકુંજ સર્કલ સુભાષચંદ્ર બોઝ પાલનપુર જકાતનાકા અડાજણ	,,
૭૧	શ્રી સરસ્વતી વિદ્યાલય, હનીપાર્ક, અડાજણ, સુરત	,,
૭૨	સીટીઝન સેકન્ડરી સ્કુલ (જી.એમ.) મંગલતિર્થ એપા. પાસે, હનીપાર્ક, રોડ, અડાજણ, સુરત	,,
૭૩	શ્રી એચ.એમ.બી. સરદાર હાઈસ્કુલ, પાલનપુર પાટીયા, રાંદેર, સુરત	,,

જુનીયર કલાર્ક (વહીવટી/હીસાબ) વર્ગ-૩ ની પરીક્ષા તા. ૭મી જૂન, ૨૦૧૫.

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ	પોલીસ સ્ટેશનનું નામ
૧	મંગલદીપ હાઈસ્કુલ સ્નેહ મિલન સોસાયટી ચીકુવાડી વરાછા, સુરત	કાપોદ્રા
૨	શ્રી આર. બી. ધામી વિદ્યાલય, કાપોદરા ચાર રસ્તા વરાછા સુરત	,,
૩	નાલંદા વિદ્યાલય, સત્યનારાયણ સોસાયટી, પુણા ગામ	,,
૪	લીટલ ફલાવર હાઈસ્કુલ, કમલ પાર્ક, સોસાયટી વિભાગ-૨, કાપોદ્રા, સુરત	,,
૫	ડી.આર. તારપરા હાઈસ્કુલ, ૧૧૭ થી ૧૨૫ સમ્રાટ સોસાયટી, કાપોદ્રા, સુરત	,,
૬	આઈ. પી. સવાણી સ્કુલ (એ.વી. પટેલ) વર્ષા સોસાયટી, માતાવાડી સુરત	વરાછા
૭	રામકૃષ્ણ વિદ્યાભવન એલ.એચ. રોડ, વરાછા, સુરત	,,
૮	શ્રી કે. સી. કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, હીરાબાગ વરાછા રોડ, સુરત	,,
૯	સાધના વિદ્યાભવન ગર્લ્સ હાઈસ્કુલ, સાધના સોસાયટી, વરાછા રોડ, સુરત	,,
૧૦	ખોડીયાર વિદ્યાલય, રણુજાધામ સોસાયટી, પુણા ગામ, સુરત	,,
૧૧	શ્રીમતી એલ.પી.ડી. પટેલ સાર્વજનિક વિદ્યાલય, પુણાગામ, સુરત	પુણા
૧૨	દક્ષિણામુર્તી વિદ્યાલય, મુકિતધામ સોસાયટી, બોમ્બે માર્કેટ રોડ, સુરત	,,

INDEX

૧	૨	૩
૧૩	અર્પણ વિદ્યા સંકુલ માધ્યમિક વિભાગ નિરાંતનગર સોસાયટી, પુણાગામ, સુરત	પુણા
૧૪	નોબલ સેકન્ડરી સ્કુલ એસ.બી.આઇ. બેન્કની સામે, આઇ માતા રોડ, સુરત	,,
૧૫	આશાદીપ વિદ્યાલય આકાર સ્પોર્ટસ કલબની પાસે સિમાડા રોડ, નાના વરાછા રોડ, સુરત	સરથાણા
૧૬	સરદાર પટેલ વિદ્યાભવન સિધ્ધાર્થ ટાઉનશીપ ભીડ ભંજન સોસયટી નાના વરાછા	,,
૧૭	શ્રી ભાગવતી વિદ્યાલય, માધ્યમિક શાળા શ્યામધામ સંકુલ સોસાયટી નાના વરાછા	,,
૧૮	શ્રી શ્રેયસ વિદ્યાલય, આશાનગર-૨ હરીનગર ઉધના, સુરત	ઉધના
૧૯	સી.બી. કાપડીયા એન્ડ એલ.સી. કાપડીયા માધ્યમિક શાળા, બુંડેલાવાડ બરાનપુરી, ભાગળ	મહિધરપુરા
૨૦	શ્રીમતી લીલાબા કન્યા વિદ્યાલય, સ્વામી આત્માનંદ સરસ્વતી માર્ગ લાલ દરવાજા, સુરત	,,
૨૧	એસ.એચ. ગજેરા માધ્યમિક શાળા કતારગામ, અમરોલી બ્રીજ, સુરત	કતારગામ
૨૨	એસ.એચ. ગજેરા સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ કતારગામ, અમરોલી બ્રીજ, સુરત	,,
૨૩	શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ વિદ્યાલય, યુનિટ-૧, સુરત	,,
૨૪	શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ વિદ્યાલય, યુનિટ-૨, સુરત	,,
૨૫	ગુરુકુળ વિદ્યાપીઠ વી.ટી. ચોકસી અંગ્રેજી માધ્યમ સ્કુલ, સુમુલ ડેરી રોડ, કતારગામ, જી.આઇ.ડી.સી.	,,
૨૬	ગુરુકુળ વિદ્યાપીઠ એન.વી. ધમણવાલા ગુજરાતી મિડીયમ સ્કુલ, સુમુલ ડેરી રોડ, કતારગામ, જી.આઇ.ડી.સી.	,,
૨૭	ગુરુકુળ વિદ્યાપીઠ વી.ટી. ચોકસી કન્યા વિદ્યાલય, પુષ્પકુંજ સોસાયટી પાસે કતારગામ, સુરત	,,
૨૮	સર જે. જે. અંગ્રેજી માધ્યમિક શાળા શાહપુર, સુરત	ચોક બજાર
૨૯	ટી. એન્ડ ટી.વી. ગોપીપુરા એનીબેસન્ટ રોડ, સુરત	અઠવા
૩૦	એસ.ટી. થોમસ ઇંગ્લીશ મિડીયમ હાયર સેકન્ડરી સ્કુલ બ્લોક નં.-૯૯, સીટી લાઇટરોડ, સુરત	ઉમરા
૩૧	શ્રી કે. પી. સંઘવી વિદ્યાલય ભારતી મૈયા વિદ્યા સંકુલ, વેસુ રોડ, સુરત	,,
૩૨	ડીવાઇન ચાઇલ્ડ હાઇસ્કુલ, પાંજરા પોળ ઘોડદોડ રોડ, સુરત	,,
૩૩	એમ. ટી. જરીવાલા અંગ્રેજી માધ્યમિક શાળા, પ્રિયા હોટલ અઠવા લાઇન્સ, સુરત	,,
૩૪	ઉદ્યોગભારતી વિદ્યાલય, બાટલીબોય પાંડેસરા સુરત	પાંડેસરા
૩૫	સર્વોદય વિદ્યાલય, ભેસ્તાન રેલવે સ્ટેશન જકાતનાકા, સુરત	,,

મલ્ટી પરપઝ હેલ્થ વર્કર વર્ગ-૩ પરીક્ષા તા. ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ	પોલીસ સ્ટેશનનું નામ
૧	સર વિઠ્ઠલદાસ દામોદરદાસ ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ, વનિતા વિશ્રામ અઠવા લાઇન્સ, સુરત યુનિટ-૧	ઉમરા
૨	સર વિઠ્ઠલદાસ દામોદરદાસ ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ, વનિતા વિશ્રામ અઠવા લાઇન્સ, સુરત યુનિટ-૨	,,

ફીમેલ હેલ્થ વર્કર વર્ગ-૩ પરીક્ષા તા. ૭મી જૂન, ૨૦૧૫.

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ	પોલીસ સ્ટેશનનું નામ
૧	સિમ્ગા ગુજરાતી મિડીયમ હાઇસ્કુલ, ક્ષેત્રપાળ મંદિર પાસે, સગરામપુરા, સુરત	અઠવા

INDEX

અપવાદ

વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ઉપરોકત ગુજકેટની પરીક્ષામાં રોકાયેલ અધિકૃત વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને/કોઈ સ્મશાન યાત્રાને.

સજા

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી ધારા (૧૮૬૦)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૫મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એસ.બી/રાજકીય/જાહેરનામું/૬૨/૨૦૧૫.–સુરત શહેરમાં ભુતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખૂન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે, આવા ગુનાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો / બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મીલકત સંબંધિત તેમજ શરીર સંબંધિના ગંભીર ગુના આચરે છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતિ જાળવવા સારૂં.

વાસ્તે હું, સી. આર. પરમાર, (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલિક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે રાખેલા હોય તેની માહિતી જે તે વિસ્તારના સ્થાનિક પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે હવેથી રાખશે તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની હકીકત નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે. તેમજ વોચમેન હથિયારધારી હોય તો તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન માલીકનુ નામ તથા સરનામું, ટેલીફોન નંબર.	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું, ટેલીફોન નંબર	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું ટેલીફોન નંબર સાથે.	
૪	નોકરને રાખ્યાની તારીખ	
૫	કોના ભલામણથી / ઓળખાણથી નોકરીએ રાખેલ છે તેનું નામ, સરનામું, ટેલીફોન નંબર.	
૬	નોકરના બે થી ત્રણ સગા સબંધીના નામ સરનામા.	
૭	નોકરનો ફોટો	

INDEX

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ.બી./પરમીટ/એ. સેકશન/૬૩/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામજીક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં, ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગીક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું સી. આર. પરમાર, (IPS) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી / ૪૨૨ / સી.આર.સી. / ૧૦૮૨ / એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઈ મકાન / દુકાન/ ઓફિસના માલીકો / ઔદ્યોગીક એકમોના સંચાલકો અગરતો આમાટે આવા મકાન/ દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ મકાન /દુકાન / ઓફિસ / ઔદ્યોગીક એકમો ભાડે આપેલ છે. તેવા મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમોના સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનોને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનોને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગીક એકમો ભાડે આપી શકે નહિ, હવે પછી મકાન / દુકાન/ ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમો ભાડે આપવાના હોય તેવા મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે, જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન / દુકાન / ઓફીસના માલિકો તથા ઔદ્યોગીક એકમોના સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમના માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ.	
૨	મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગીક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	
૩	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	
૪	જે વ્યક્તિને ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	

INDEX

અ. નં.	વિગત	
૫	જે વ્યક્તિને ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા.	
૬	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું, ટેલી. નંબર	
૭	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમ જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ ?	

નિયમો

(૧) આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

(૨) આ ફોર્મ સંપુર્ણ રીતે ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી કલાક ૧૯-૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

(૩) આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.

(૪) તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

(૫) સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીનાં સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

(૬) ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

(૭) જૂના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે. અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

(૮) આ સાથે ₹ ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

(૯) મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૧૦) ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆત-૧૧ માસ બાદ જગ્યા/મિલકત ખાલી ન કરે ત્યારે, મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની જવાબદારી રહેશે.

(૧૧) બને ત્યાં સુધી આપણી મિલકત સાક્ષી/એજન્ટ/સંબંધીઓને વચ્ચે રાખી આપવી.

(૧૨) મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી..

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો.નં.)..

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું : ....

(૧)

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો.નં.)..

(૨)

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો.નં.)..

INDEX

સાક્ષીની સહી

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	પોલીસ સ્ટેશન સહી, સિક્કો અને તારીખ
ભાડુઆતની સહી	એકમ, મકાન માલીકની સહી	એજન્ટની સહી

આ હુકમ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર : એસ.બી./રાજકીય/જાહેરનામું/૬૪/૨૦૧૫.–સુરત શહેર ભુતકાળમાં બનાવા પામેલ લૂંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા ગંભીર ગુનાના કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય કારખાનાઓમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરો સંડોવાયેલાનું અને ગુન્હો આચર્યા બાદ નાસી જતા તેઓના સંબંધી અપુરતી કે ખોટી વિગતોને કારણે પોલીસ પકડમાં આવતી નથી. તદઉપરાંત ઘણીવાર તેઓ પોતાના વતનમાં ગુનાઓ આચરી ખોટા નામ સરનામાં દર્શાવી અત્રેના શહેરમાં આશ્રય મેળવી રહે છે અને ફરી ગુનો કરે છે. આમ શહેરની જાહેર શાંતી અને સલામતી અને કાયદો-વ્યવસ્થા જોખમાય તેવા કૃત્યો કરે છે. જે અટકાવવા સારૂ અને જાહેર જનતાની શાંતી-સલામતી અને સુખાકારી જાળવવા સારૂ.

વાસ્તે, હું સી. આર. પરમાર, (IPS) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજુરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર-૧ અને ૨ ની હકીકત નીચે દર્શાવેલ કોલમ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહિતીનું રજિસ્ટર તૈયાર કરી તથા જે કર્મચારી હથિયારધારી હોય તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અનુ. નંબર	વિગત	
૧	માલીકનું નામ, સરનામું તથા ધંધાની વિગત ટે. નં./મોબાઈલ નંબર	
૨	કર્મચારી/કારીગર/મજુરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, વતનનું સરનામું અને સ્થાનિક પો.સ્ટે., ટે. નં.	
૩	કર્મચારી/કારીગર/મજુરના પિતાનું નામ અને સરનામું	
૪	કર્મચારી/કારીગર/મજુરનું વતનનું સરનામું સ્થાનિક પો. સ્ટેનુ નામ/ ટે. નં. તારીખ	
૫	કર્મચારી/કારીગર/મજુરને રાખ્યાની તારીખ	
૬	કર્મચારી/કારીગરો/મજુર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ સરનામું ટે. નં.	

INDEX

અનુ. નંબર	વિગત	
૭	કર્મચારી/કારીગર/મજુરને કોના રેફરન્સ/પરિચયથી નોકરી ઉપર રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૮	કર્મચારી/કારીગર/મજુરનો ફોટો	
૯	હથિયાર હોય તો તેની અને લાઈસન્સની પુરી વિગત	

: અમલવારીનો સમય :

આ હુકમ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી.

: અપવાદ :

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, પબ્લીક સેકટર, શૈક્ષણિક સંસ્થાઓ ચુંટાયેલી સંસ્થાઓ ઉપરોક્ત હુકમ લાગુ પડશે નહીં.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫ નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ એસ.બી./રાજકીય/જાહેરનામું/૬૫/૨૦૧૫.–સુરત શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયોરોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરત શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ.

વાસ્તે હું સી. આર. પરમાર, આઈ.પી.એસ. પોલીસ કમિશ્નર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાસસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નંબર : ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે.

અ.નં.	વિગત		
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:-	
૨	પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ હાલનું સરનામું ટે.ફો. નંબર	:-	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલીફોન નંબર	:-	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:-	

INDEX

અ.નં.	વિગત		
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીસનું પુરૂ નામ, સરનામું	:-	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	:-	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:-	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો	:-	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી માટે અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સી. આર. પરમાર,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી/૨૩૦૦/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારના ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આ ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઇ ગંભીર પ્રકારનો ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા વિસ્તારમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા/ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, જેનુ દેવન (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુર પાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં ટયુશન કલાસીસ સવારના કલાક ૭-૦૦ વાગ્યા પહેલાં શરૂ કરવા અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૮મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ   જૂન, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી/૨૩૦૧/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સ્કુલમાં બાળકોને વાહનોમાં તેની બેઠકની ક્ષમતા કરતા વધારે બાળકોને બેસાડી સ્કુલમાં અભ્યાસ માટે લાવવા લઇ જવામાં આવે છે. આવા સંજોગોમાં અકસ્માત થવાનો ભય રહે છે. તથા જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર સલામતી, શાંતિ તેમજ બાળકોના હિતમાં છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા વિસ્તારમાં આવા વાહનોના માલીકોએ વાહનનું રજીસ્ટ્રેશન નજીકના પોલીસ સ્ટેશનમાં કરાવાનું રહેશે. જેથી રજીસ્ટ્રેશન વગરના વાહનો ચલાવવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે હું, જેનુ દેવન (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુર પાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં રજીસ્ટ્રેશન વગરના વાહનોને સ્કુલના બાળકોને લાવવા લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૮મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ   જૂન, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જેનુ દેવન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

વંચાણે લીધું :–

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક-એલ.આઈ.બી./જાહેરનામું/૧૯૨૬/૨૦૧૫. તા. ૧૦-૬-૨૦૧૫.
(૨) ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૨૩૮૧-૯૮/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં ''શાળા પ્રવેશોત્સવ-૨૦૧૫''માં તા. ૧૨/૦૬/૨૦૧૫ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય પધારનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને તેઓશ્રીના કાર્યક્રમમાં કોઈ સમસ્યા ઉપસ્થિત ન થાય તેમજ સુલેહ શાંતિ જળવાય તે અંગે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવા નીચેની વિગતે આવશ્યકતા જણાય છે.

આથી હું સંદિપકુમાર સાગલે (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

કોઈપણ ઈસમો દ્વારા પત્રિકા, પ્રતિક, ચિત્રો, છબી, કપડા, ઝંડા, વાવટા, પતાકા, ભાષણ કે સભા દ્વારા અથવા કોઈપણ પ્રકારના અવાજ દ્વારા કે કોઈપણ ઈલેકટ્રોનિકસ માધ્યમ દ્વારા કોઈપણ પ્રચાર કે અન્ય કોઈપણ પ્રકારના પ્રદર્શનથી સ્થાનિક પ્રજાની, સરકાર અને કોઈપણ જાતિની, ધર્મની, કોમની લાગણીઓ દુભાય તેવી તમામ પ્રવૃતિઓ કરવા પર આથી હું પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર

સમગ્ર નર્મદા જિલ્લાના હદ વિસ્તાર પુરતો અમલી રહેશે.

સમયગાળો

તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫ના ૦૦:૦૦ કલાકથી તારીખ ૧૨મી જૂન, ૨૦૧૫ના ૨૪:૦૦ કલાક સુધી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સંદિપકુમાર સાગલે
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી/૪૩૫૭ થી ૪૩૭૬/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં હાલમાં મિલ્કત તથા શરીર સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો ભરૂચ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક કંપનીઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગી ખુવારી થાય અને પ્રજાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની પૂરતી શક્યતા જણાય છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા સીક્યુરીટી ગાર્ડ તથા લેબર કોન્ટ્રાકટ પર કામ કરતા ઇસમો મજૂરીના બહાને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી વાકેફ થઇને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોવાની પૂરેપુરી શકયતા હોય પોલીસ દ્વારા વેરીફીકેશન થયેલ લેબર કોન્ટ્રાકટરોને જે તે કંપની લેબર કોન્ટ્રાકટનું કામ સોંપે તે ખૂબ જ આવશ્યક છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી, તારીખ ૬ઠ્ઠી જુન, ૨૦૧૫ થી દિન ૬૦ માટે ભરૂચ જિલ્લામાં આવેલ તમામ ફેકટરી / કંપનીના માલિકોએ પોલીસ દ્વારા વેરીફીકેશન થયેલ લેબર કોન્ટ્રાકટરને જ લેબર કોન્ટ્રાકટ સોંપવા હુકમ કરું છું. લેબર કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટમાં રાખેલ કારીગર, લેબર તેમજ સીક્યુરીટી ગાર્ડનાં નામ, સરનામા તેમજ ફોટા અને અન્ય વિગતો આ સાથે સામેલ ફોર્મે મુજબની માહિતી સી.ડી. માં તૈયાર કરી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ આ સંબંધે ઔદ્યોગિક કંપની દ્વારા જે કોન્ટ્રાકટરોને

INDEX

કોન્ટ્રાકટ આપવામાં આવે તેઓ પાસેથી પણ કોન્ટ્રાકટમાં રાખેલ માણસોની, ફોર્મમાં દર્શાવ્યા મુજબની માહિતી સી.ડી. માં તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી જુન, ૨૦૧૫ ના રોજ આ હુકમ પર મારી સહી તથા સીક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી/૪૩૭૭ થી ૪૩૯૯/૨૦૧૫.–ભરૂચ શહેર તથા જિલ્લામાં ડી.જી.વી.સી.એલ. નાં ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર કેબલ પ્રસ્થાપિત કરી ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે વિજ અકસ્માતના બનાવો બનવા પામતા હોય છે.

સબબ ભરૂચ શહેર જિલ્લામાં ડી.જી.વી.સી.એલ. નાં ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈ પણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવેલ કેબલ દૂર કરવા અત્યંત જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી, તારીખ ૯મી જુન, ૨૦૧૫ થી દિન ૬૦ માટે ભરૂચ શહેર તથા જિલ્લામાં ડી.જી.વી.સી.એલ. નાં ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહી.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા ડી.જી.વી.સી.એલ. નાં સક્ષમ અધિકારીશ્રી, હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા, ભરૂચ / અંકલેશ્વર / જંબુસર / આમોદને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૮મી જુન, ૨૦૧૫ ના રોજ આ હુકમ પર મારી સહી તથા સીક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી/૪૪૦૦ થી ૪૪૧૮/૨૦૧૫.–ભરૂચ જિલ્લો ઔદ્યોગિક રીતે વિકસીત જિલ્લો છે. જેથી જિલ્લામાં રેલ્વે તથા રોડ માર્ગે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા-જતા મુસાફરો ઓટો રીક્ષાઓનો બહોળો ઉપયોગ કરે છે. ભૂતકાળમાં ઓટો રીક્ષામાં મુસાફરી કરતા નાગરિકો સાથે છેતરપીંડી, ખિસ્સા કાતરૂ, મોબાઈલ ફોન, કિંમતી સામાનની ચોરી, ચીલ ઝડપ, લૂંટ-ધાડ, મહિલા-બાળકીઓની છેડતી, બાળકોના અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરિકો ઓટોરીક્ષા નંબર જાણતા નહી હોવાના કારણે ગુનાઓ વણશોધાયેલ રહે છે.

આમ આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા અને જાહેર જનતાની સલામતી જળવાય રહે તે માટે ઓટોરીક્ષામાં મુસાફરી કરતા મુસાફરોને ઓટોરીક્ષા નોંધણી નંબર, વાહન ચાલકનું નામ/સરનામું અને પોલીસ કંટ્રોલ રૂમનો સંપર્ક નંબર સહેલાઈથી જોઈ શકે તે રીતનું આયોજન કરવાના હેતુસર ભરૂચ જિલ્લામાં ચાલતી ઓટો રીક્ષાઓમાં મુસાફરી કરતા મુસાફરો સહેલાઈથી જોઈ શકે તે રીતે રીક્ષા ચાલકની સીટની પાછળના ભાગે રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર, વાહન ચાલકનું નામ / સરનામું, સંપર્ક નંબર ફરજીયાત લખવામાં આવે તો ઉકત પ્રકારના ગુનાઓ પર અંકુશ મેળવી શકાય તેમ હોય, સદર માહિતી ઓટોરીક્ષા ચાલકની સીટ પાછળ દર્શાવવી અત્યંત આવશ્યક છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાન માલનું નુકશાન થતું અટકી શકે તથા કાયદા અને વ્યવસ્થાની જળવાઈ રહે તે માટે ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં ચાલતી ઓટોરીક્ષાના વાહન ચાલકોએ ઓટોરીક્ષા ચાલકની સીટની પાછળના ભાગે ૬'' × ૧૮'' (ઇંચ) ની માપના પતરા અથવા એક્રેલિક (પ્લાસ્ટીક) નાં સફેદ કલરના બોર્ડ ઉપર લાલ રંગની બોર્ડર અને લાલ રંગના અક્ષરોમાં વાહન નંબર, વાહન ચાલકનું નામ, સરનામું, સંપર્ક નંબર તેમજ આપાતકાલિન સંપર્ક નંબર તરીકે પોલીસ કંટ્રોલ રૂમના નંબરો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે ફરજીયાત લખવાના રહેશે.

આ હુકમનો અમલ તારીખ ૯મી જુન, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જુન, ૨૦૧૫ ના રોજ આ હુકમ પર મેં મારી સહી તથા કચેરીનો સીક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

ક્રમાંક એમ.એ.જી./જી.પી.એસ.સી./વશી/૪૪૯૨/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં ભરૂચ તથા અંકલેશ્વર શહેરનાં વિવિધ કેન્દ્રો ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા નાયબ સેકશન અધિકારી નાયબ મામલતદાર, વર્ગ-૩ની ભરતી માટે પ્રાથમિક કસોટી તારીખ ૨૧મી જુન, ૨૦૧૫ના રોજ સવારના ૧૨-૦૦ કલાકથી ૦૧-૦૦ કલાક સુધી યોજાનાર છે. સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજિક તત્ત્વોના ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને વેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૧થી જુન, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨-૦૦ થી ૦૧-૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લાનાં ભરૂચ તથા અંકલેશ્વર મુકામે ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા નાયબ

INDEX

સેકશન અધિકારી નાયબ મામલતદાર, વર્ગ-૩ની ભરતી માટે પ્રાથમિક કસોટીની પરીક્ષાનાં તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ.

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

(૩) ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તપાસ ટુકડીઓને.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી જુન ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૨૪૨૭ થી ૨૪૪૭/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરિયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૨મી જુન, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૬મી જુન, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇ પણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઇસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાળ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

‘‘ ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ’’

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નનાં વરઘોડા તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૧૧મી જુન, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નં. ડીસીબી/એમએજી/બીપીએકટ-કલમ.૩૭(૧)/વશી. ૪૯૦૮ થી ૪૯૪૩/રજી. નં. ૫/૨૦૧૫.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ‘‘મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું’’ મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તા રૂએ હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧૩મી મે, ૨૦૧૫ થી તારીખ ૨૬મી મે, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઈપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઇ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ.

(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની.

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૪) કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની.

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ

ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની.

(૭) જેનાથી સુરૂચિ કે નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે, કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માંના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૨મી મે, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

નં. ડીસીબી/એમએજી/બીપીએકટ-કલમ-૩૭(૧)/વશી. ૫૩૯૯ થી ૫૪૩૩/રજી. નં. ૫/૨૦૧૫.—નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ''મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ (૩૭)(૧) અન્વયેનું જાહેરનામું'' મને મળેલ સત્તા રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તા રૂએ હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૩જી જુન, ૨૦૧૫ થી તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યકિતઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઇ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ.

(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની.

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૪) કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની.

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(૭) જેનાથી સુરૂચિ કે નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે, કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માંના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૩જી જુન, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ -૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૯૮૪ થી ૧૦૧૦/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નં. એસ.ઓ.જી./જાવક/૨૩૨/૨૦૧૫, તારીખ ૧લી જૂન, ૨૦૧૫ થી રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિદ્ધ થતા અહેવાલો વર્તમાન અને ભુતકાળમાં બનેલ આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જૂની ફોર-થ્રી વ્હીલર ગાડીઓ જૂના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્વોદ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદોઅને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાતી હોય છે. આવનાર દિવસોમાં તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ થી મુસ્લીમ બીરાદરોનો પવિત્ર રમજાન માસ ચાલુ થાય છે તેમજ તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૧૫ના રોજ જગન્નાથ ભગવાનની રથ યાત્રાનો મોટો તહેવાર આવનાર છે તેમજ ગૌરીવ્રત તથા જયા પાર્વતી વત્ર (જાગરણ) વિગેરે તહેવારો આવનાર છે. જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જૂની સાયકલ તેમજ સ્કુટર, જૂના ફોર વ્હીલર, થ્રી વ્હીલર વાહનો ખરીદવા-વેચવા અંગે સી.આર.પી.સી. ૧૪૪ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય. તે ધ્યાને રાખી દરખાસ્ત મોકલી આપેલ છે. ઉપરોક્ત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, આથી હું ડૉ. એમ. કે. પાટડીયા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં જૂની સાયકલ તેમજ સ્કુટર, જૂના ફોર વ્હીલર, થ્રી વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર.	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત.	જૂનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ.	એન્જીન/ચેસીસ નંબર, મોડેલ નંબર, રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

(૧) જૂનુ ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં જૂના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર/ચેસીસ નંબર લખવો.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

ક્રમાંક : મજસ/જાહેરનામું/૧૦૧૧ થી ૧૦૩૭/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૧લી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૨૩૩/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ થયેલ આતંકવાદી તત્વો દ્વારા જાનહાની માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટના ઘટેલ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો પંચમહાલ જિલ્લાની હોટેલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશની બહારથી આવતા આવા તત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે આપતા માલિકો રૂમ ભાડે આપે ત્યારે નીચે મુજબની શરતોનું પાલન કરી આપે તો ગંભીર પ્રકારના બનતા ગુન્હાઓ ઉપર અંકુશ લાવી શકાશે તેમજ લોકોની જાનમાલને નુકશાન થતુ અટકાવી શકાશે.અને આવનાર દિવસોમાં તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ થી મુસ્લીમ બીરાદરોનો પવિત્ર રમજાન માસ ચાલુ થાય છે તેમજ તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ જગન્નાથ ભગવાનની રથયાત્રાનો મોટો તહેવાર આવનાર છે તેમજ ગૌરીવ્રત તથા જયા પાર્વતી વ્રત (જાગરણ) વિગેરે તહેવારો આવનાર છે. જેથી લોકોની સુરક્ષાને ધ્યાને રાખી નીચે મુજબની શરતો મુજબ જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

સબબ હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરાના ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા દેશી/વિદેશી નાગરીકોને રૂમો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહી અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહિતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહી.

(૫) દેશી/વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહિતના નકકર પુરાવા મેળવવા.

(૬) પંચમહાલ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે સીટી એરીયામાં કઇ જગ્યાએ રોકાઇ કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકાશે.

આ હુકમનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : એમએજી/જાહેરનામું/વશી/ ૧૦૩૮ થી ૧૦૬૪/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જાહેરનામું/૨૩૪/૨૦૧૫, તા. ૧લી જુન, ૨૦૧૫ થી જણાવ્યા મુજબ બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્વો ધ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી અથવા વેચાણથી રહેણાંક વિસ્તારમાં મકાન લઇ સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઇ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદ ઇરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી તેમજ માનવ જિંદગીની ખુવારી કરી લોકોની સંપત્તિને નુકશાન કરી જતા રહેતા હોય છે. અને પાછળથી તેઓના નામ, સરનામા મળી શકતા નથી. અને ગુન્હાઓનો ભેદ ખુલી શકતો નથી. અને આવનાર દિવસોમાં તા. ૧૯મી જુન, ૨૦૧૫થી મુસ્લીમ બીરાદરોનો પવિત્ર રમજાન માસ ચાલુ થાય છે તેમજ તા. ૧૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ જગન્નાથ ભગવાનની રથયાત્રાનો મોટો તહેવાર આવનાર છે તેમજ ગૌરીવ્રત તથા જયા પાર્વતી વ્રત (જાગરણ) વિગેરે તહેવારો આવનાર છે. જેથી બહારના રાજ્યના (પર પ્રાંતિય) ઈસમોને મકાન ભાડે આપવા અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

INDEX

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઈના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, ડૉ. એમ. કે. પાટડીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરાના ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહિં. ભાડા આપેલ મકાનની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત વિસ્તાર મકાન નંબર	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે. ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે.	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમાં રહેનાર વ્યક્તિના પાકા નામ સરનામા.	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જુન, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૧૦૬૫ થી ૧૦૯૧/૨૦૧૫.—પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૧લી જુન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૨૩૫/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જીલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઈલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમ કાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તો ઉપરોક્ત તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તેમ છે અને આવનાર દિવસોમાં તારીખ ૧૯મી જુન, ૨૦૧૫ થી મુસ્લીમ બીરાદરોનો પવિત્ર રમજાન માસ ચાલુ થાય છે તેમજ તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ જગન્નાથ ભગવાનની રથ યાત્રાનો મોટો તહેવાર આવનાર છે તેમજ ગૌરીવ્રત તથા જ્યા પાર્વતી વ્રત (જાગરણ) વિગેરે તહેવારો આવનાર છે. જેથી તે અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

INDEX

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતા ધ્વારા મોબાઈલના સીમ કાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદ કરી તે દ્વારા બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, આથી હું, ડૉ. એમ. કે. પાટડીયા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં મોબાઈલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા વિક્રેતાઓ/વેપારીઓએ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે. તથા તે અંગેનું રેકર્ડ રાખવાનું રહેશે. તેમજ રજીસ્ટર નીચેના નમુનામાં નિભાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલફોનની વિગત / કંપની	IMEI NO.	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલફોનની વિગત / કંપની	IMEI NO.	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવુ સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત / કંપનીનું નામ	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત.	આઇ. ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૫

જાહેરનામાંના અમલ અંગે ચકારણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જુન, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/સીસી ટીવી/જાહેરનામું/૧૦૯૨ થી ૧૧૧૮/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા.૧લી જુન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૨૩૬/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા તાજેતરમાં જમ્મુ-કાશ્મીર ખાતે આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભોગે રાજ્ય બહાર, પરપ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિઓ આચરતા હોય છે.

અસામાજીક તત્ત્વો દ્વારા આચરવામાં આવતી ઉપરોક્ત પ્રકારની ગુન્હાહીત પ્રવૃત્તિઓના કારણે જાહેર સલામતી સુરક્ષા, તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો જાહેર જનતા, પ્રજામાં, અસલામતી, અસુરક્ષાનો માહોલ ફેલાય છે, અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાતી

INDEX

હોય છે. જેથી આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા તથા તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય, તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓ/બનાવો બનતા અટકાવી શકાય, તે હેતુસર હાઇ-વે રોડ પર આવેલ હોટલો, પેટ્રોલ પંપો, ટોલપ્લાઝા વિગેરે સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અને આવનાર દિવસોમાં તા. ૧૯મી જુન ૨૦૧૫થી મુસ્લીમ બીરાદરોનો પવિત્ર રમજાન માસ ચાલુ થાય છે તેમજ તા. ૧૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ જગન્નાથ ભગવાનની રથ યાત્રાનો મોટો તહેવાર આવનાર છે તેમજ ગૌરીવ્રત તથા જયા પાર્વતી વ્રત (જાગરણ) વિગેરે તહેવારો આવનાર છે. જે ધ્યાને લઈ તમામ અસામાજીક પ્રવત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દષ્ટિએ જોતાં ઉક્ત માંગણી વ્યાજબી જણાય છે.

પંચમહાલ જિલ્લામાં ઉપરોક્ત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દષ્ટિએ તકેદારીના પગલારૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાતાં, હું ડૉ. એમ. કે. પાટડીયા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા ફોજદારી કાર્યરીતી ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

પંચમહાલ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઇ-વે ઉપરની હોટલો, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, જેવા સ્થળો ખાતે સબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ખાતેના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલોના ભોજન કક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઇ-વે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વિડીયો રેકોર્ડીંગ થઇ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા નાઇટવીઝન કેમેરા (હાઇડેફીનેશન) સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરા નાઇટવીઝન કેમેરા (હાઇડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી. ટી. ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરાઓ ગોઠવવા.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકાશે.

આ હુકમનો અમલ તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જુન, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ -૧૪૪ હેઠળ.

નંબર મજસ/મકાન ભાડા/જાહેરનામું/૧૧૧૯ થી ૧૧૪૫/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૧લી જુન ૨૦૧૫ના પત્ર નંબર એસ.ઓ.જી./જાવક/૨૩૭/૨૦૧૫ થી જણાવ્યા મુજબ તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા ગત તા. ૦૧-૦૮-૨૦૧૨ના સાંજના સમયે આતંકવાદી-અસામાજીક તત્ત્વો દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરમાં હ્રદયસમા ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કીલોમીટરના ડાયરામાં '' Low intensity '' ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવામાં આવેલ છે. તથા બે બોમ્બે એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસ સ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩-૦૨-૨૦૧૨ના રોજ તેમજ તા. ૭-૦૯-૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે અને અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ આવનાર દિવસોમાં તા. ૧૯મી જુન ૨૦૧૫થી મુસ્લીમ બીરાદરોનો પવિત્ર રમજાન માસ ચાલુ થાય છે તેમજ તા. ૧૮મી જુલાઈ ૨૦૧૫ના રોજ જગન્નાથ ભગવાનની રથ યાત્રાનો મોટો તહેવાર આવનાર છે તેમજ ગૌરીવ્રત તથા જયા પાર્વતી વ્રત (જાગરણ) વિગેરે તહેવારો આવનાર છે. જે ધ્યાને લઈ તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે પોલીસ અધિશ્રકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દષ્ટિએ જોતાં ઉક્ત માંગણી વ્યાજબી જણાય છે.

INDEX

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

સબબ, હું, ડૉ. એમ. કે. પાટડીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ

ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત

(ઔદ્યોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફ્લેટ/ડુપ્લેક્ષ/દુકાન/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલ્કત)

પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી ....પોલીસ સ્ટેશન.

તા.

ઔદ્યોગિક એકમ, મકાન માલીકનું નામ શ્રી / શ્રીમતી ....

જન્મ તારીખ (ઉંમર) .... સરનામું..

ફોન નં. (ઘર) .... (ઓફીસ) ....(મો)..............................

ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી / શ્રીમતી ....

જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલ્કતનું સરનામું ....

(ભાડે રાખેલ મિલ્કત) નો ફોન નંબર .... (મો) ....

કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો ....રીન્યુઅલ તારીખ..............................

ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..............................(મો)..............................

નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું..

ભાડુ કેટલું ₹ .... ડીપોઝીટ ₹ ....

નિયમો

૧. આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

૨. આ ફોર્મ સંપૂર્ણ ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

૩. આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

૪. તમારી મિલ્કત કોઈનો કબ્જો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણુંક પત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું.

૬. ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૭. આ સાથે ₹ ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

૮. મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

૯. ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.

૧૦. બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખી આપવી.

૧૧. આ ફોર્મ પંચમહાલ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખુ રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી...

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર) ....(ઓફીસ)...(મો)..

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું ....

(૧)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)...(મો)..

(૨)

ફોન નં. (ઘર)..(ઓફીસ)...(મો)..

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન મલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	પોલીસ સ્ટેશનનો સહી સીક્કો અને તારીખ

ભાડુઆતની સહી   મિલ્કત માલીકની સહી   એજન્ટની સહી

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જુન, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડૉ. એમ. કે. પાટડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪)હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/ઘલુડી/વશી/૪૪૪૨ થી ૪૪૫૬/૨૦૧૫.– પોલીસ અધિશ્રકશ્રી, સુરત ગ્રામ્ય, સુરતની કચેરીએ તેમના તારીખ ૯મી જુન ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે કે, સુરત જીલ્લા ખાતે ૬, ગુજરાત ગર્લ્સ બટાલીયન એન.સી.સી., ૦.૨૨ રાઈફલનું ફાયરીંગ પ્રેકીટસનો કાર્યક્રમ તારીખ ૧૦મી જુન, ૨૦૧૫ તથા તારીખ ૧૨મી જુન, ૨૦૧૫ના રોજ સુરત ગ્રામ્ય પોલીસ હેડક્વાર્ટર ઘલુડી ખાતે રાખવામાં આવેલ હોય, સદરહું વિસ્તારની આજુબાજુ રહેતા વ્યક્તિઓ, બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ તેમજ માલધારીઓ તથા ચરાવવામાં આવતા ઢોર, ઢાંખર વિગેરેઓએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારમાં જાણ્યે અજાણ્યે પ્રવેશ કરે નહી તે આવશ્યક અને જરૂરી છે.

વાસ્તે, હું પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, અત્રેના સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઘલુડી ખાતે ફાયરીંગ બટ ઉપર તા. ૯મી જુન ૨૦૧૫થી તા. ૧૩મી જુન ૨૦૧૫ દરમ્યાન ફાયરીંગ પ્રેકટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહું વિસ્તારની આજુબાજુ રહેતા વ્યક્તિઓ, બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ તેમજ ચરાવવામાં આવતો ઢોર, ઢાંખર વિગેરેઓએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં તથા તે વિસ્તારમાં બિનઅધિકૃત રીતે હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર : મકડ/પીઓએલ/વશી-૮૨૧ થી ૮૨૭/૨૦૧૫.–મને જાણવા / બતાવવામાં આવેલ છે કે, જિલ્લા પંચાયત સેવા પસંદગી ધ્વારા કુલ-૪ સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તારીખ ૬ઠ્ઠી જુન, ૨૦૧૫ અને તારીખ ૭મી જુન, ૨૦૧૫ ના રોજ વર્ગ-૩ સંવર્ગની ભરતી માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા યોજવામાં આવનાર છે.

આહવા ખાતે

(૧) સરકારી માધ્યમિક શાળા, આહવા
(૨) દિપદર્શન માધ્યમિક શાળા, આહવા
(૩) એકલવ્ય રેસીડેન્શીયલ મોડેલ હાઈસ્કુલ, આહવા
(૪) સરકારી આઈ.ટી.આઈ. આહવા
(૫) તાલુકા શાળા, આહવા
(૬) સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવા

ખાતેના પરીક્ષા કેન્દ્રોના ચાર તરફ ૧૦૦ મીટરના વિસ્તારમાં મોબાઈલ લઈ જવા/ઉપયોગ કરવા, કેલક્યુલેટર લઈ જવા/ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા આહવા ખાતે આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો તારીખ ૬ઠ્ઠી જુન, ૨૦૧૫ અને ૭મી જુન, ૨૦૧૫ ના રોજ બંધ રાખવા પર પ્રતિબંધ મૂકવા તેમજ પરીક્ષાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તે જરૂરી અને ઈષ્ટ જણાતું હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા પુરતું કારણ હોવાનો અભિપ્રાય છે.

તેથી હું જે. આર. ડોડીયા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૬ઠ્ઠી જુન, ૨૦૧૫ અને તારીખ ૭મી જુન, ૨૦૧૫ ના રોજ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા કુલ-૪ સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા વર્ગ-૩ સંવર્ગની ભરતી માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાનાર હોય ડાંગ જિલ્લામાં ઉપર મુજબના જણાવેલ કેન્દ્રોમાં પરીક્ષા સમય દરમ્યાન ચારે તરફ ૧૦૦ મીટરના વિસ્તારમાં મોબાઈલ લઈ જવા/ ઉપયોગ કરવા, કેલક્યુલેટર લઈ જવા/ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવા તથા આહવા ખાતે આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો તારીખ ૬ઠ્ઠી જુન, ૨૦૧૫ અને તારીખ ૭મી જુન, ૨૦૧૫ના રોજ પરીક્ષા દરમ્યાન બંધ રાખવા પર પ્રતિબંધ મૂકવા તેમજ નીચેની વિગતે પ્રતિબંધ મૂકવા હુકમ કરૂ છું.

(૧) સભાઓ ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.
(૨) જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સુત્રો પોકારવા નહી.
(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહી.
(૪) મોબાઈલ ફોન સાથે રાખવો નહી કે તેનો ઉપયોગ કરવો નહી.
(૫) ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા નહી.

વધુ આદેશ કરૂ છું કે, ઉપર જણાવેલ પ્રતિબંધો જે માણસો સરકારી નોકરીની કામગીરીમાં રોકાયેલ હશે તેમને તેમજ પ્રતિબંધીત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં જતાં ઇસમોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ / ઉલ્લઘંન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી જુન, ૨૦૧૫ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જે. આર. ડોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૦૭/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અનમોલ ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી., સ્થળ નવરંગપુરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૬૮૦/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પ્લેટીનમ ગોલ્ડ કો. ઓપ. કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી., મું. સૈજપુર-બોઘા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૮૧/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અત્રિ રેસીડેન્સી (ઓઢવ) કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ઓઢવ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૮૨/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સાંગાણી આદિત્ય હાઇટ્સ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. મોટેરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૮૩/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શ્રધ્ધા પાયોનિયર (હાથીજણ) કો. ઓપ. હાઉસીંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી., મું. હાથીજણ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૮૪/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી માલાબાર કાઉન્ટી કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. છારોડી, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૬૮૫/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી રાધે બીઝનેશ એમ્પાયર કોમર્શિયલ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. અસલાલી, તા. દસ્ક્રોઇ, જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૬૮૬/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અભિશ્રી એડ્રોઇટ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાપુર, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૮૭/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આદિત્ય હાઈટ્સ કો. ઓપ. હાઉસીંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી., મું. વટવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૬૮૮/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આદિત્ય આવાસ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વટવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૩મી એપ્રિલ, ૨૦૦૯ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૨૩૬/૦૯થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) સોસાયટીના સભાસદોની ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો વહીવટ સુપ્રત કરવા બાબતેની રજુઆત.

(૩) ફડચા અધિકારીશ્રી ફડચા-૨, લગત સદર કચેરીના તા. ૧૮-૦૪-૨૦૧૫ના પત્રથી ઘટતી કાર્યવાહી હાથ ધરવા કરેલ વિનંતી.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ની કલમ-૧૦ની જોગવાઈઓ.

(૫) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૨૩૫/૧૯૩૩/૨૦૧૫.—ધી તુલસીવન કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મું. વેજલપુર, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૩૧૪૬, તા. ૨૫-૬-૧૯૬૮)એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની હેઠળ નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે.

વંચાણે લીધા ક્રમાંક :-(૧)થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ. જે હાલ ફડચા અધિકારી તરીકે કાર્યરત છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી સોસાયટીના સભાસદોએ આ કચેરીને ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો વહીવટ સુપ્રત કરવા બાબતેની રજુઆત કરતાં તે રજુઆત અન્વયે મંડળીના પેટા કાયદા તથા સહકારી કાયદા કાનુનની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી હાથ ધરવા ફડચા અધિકારીને મોકલી આપતાં, વંચાણે લીધેલ ક્રમાંક (૩)થી ફડચા અધિકારીએ આ કચેરીને અહેવાલ કરેલ છે. જે મુજબ તેઓએ ખાસ સાધારણ સભાનો એજન્ડા તા. ૩૦મી માર્ચ, ૨૦૧૫નો કાઢી, તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ખાસ સાધારણ સભા બોલાવેલ જેમાં સોસાયટીની નવી કમિટીની સર્વાનુમતે વરણી થયેલ છે. જે વિગતો સાથે સદર સોસાયટીની તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મળેલ ખાસ સામાન્ય સભાની કાર્યવાહી નોંધની નકલ સામેલ રાખી મોકલી આપેલ છે. અને સોસાયટીના સભ્યોએ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૪ની સંયુક્ત અરજીથી અત્રે વિષયોક્ત બાબતે કરેલ રજુઆત બાબતે ઘટતી કાર્યવાહી હાથ ધરવા નમ્ર વિનંતી કરેલ છે.

આમ ઉપરોક્ત વિગતો/હકીકતોને ધ્યાને લેતાં તેમજ ફડચા અધિકારીએ કરેલ વિનંતી જોતાં અને સભ્યોએ તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૧૫ના ખાસ સાધારણ સભામાં કરેલ ઠરાવ જોતાં સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેનો હુકમ કરવાનો મુનાસિબ જણાતાં આથી, નીચે મુજબ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂએ ધી તુલસીવન કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. મું. વેજલપુર, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૩૧૪૬, તા. ૨૫-૬-૧૯૬૮)ને ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચાનો અત્રેની કચેરીનો તા. ૧૩મી એપ્રિલ, ૨૦૦૯નો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૨૩૬/૦૯ નીચે મુજબની શરતોને આધીન રહીને રદ કરી સદર મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરૂં છું.

શરતો :

(૧) મંડળીએ તેના બાકી સમયથી છેવટ સુધીના વાર્ષિક હિસાબોનું ઓડીટ માસ ત્રણમાં પુરૂ કરાવી લેવાનું રહેશે.

(૨) સભાસદોના વિશાળ હિતમાં પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની તથા કાયદા કાનુન મુજબની કામગીરી કરવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

INDEX

વંચાણે લીધું :–

(૧) સબ ઓડીટર, સ. મં., કામરેજનો તારીખ ૧૬-૪-૨૦૧૦ થી રજુ ખાસ અહેવાલ.

(૨) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૩૭૩/૨૦૧૨, તા. ૧૭-૦૮-૨૦૧૨, મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩)ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૨૦૬/૧૧૮૬/૨૦૧૫.– વંચાણે લીધા ક્રમાંક-૧ અન્વયે શ્રી શ્રમજીવી-૧ સહકારી ઘર બાંધનારી મંડળી લી. ઠે. કાગદીની ચાલ પાછળ, સહારા દરવાજા, સુરતનું ઓડીટ સબ ઓડીટર, સહકારી મંડળીઓ કામરેજ દ્વારા તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૮ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૯ સુધીનું હાથ ધરી તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૦ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. જેનો તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૦ થી ફડચામાં લઈ જવાના વહીવટી અહેવાલ અન્વયે ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે શ્રી શ્રમજીવી-૧ સહકારી ઘર બાંધનારી મંડળી લી., ઠે. કાગદીની ચાલ પાછળ, સહારા દરવાજા, સુરત કે જેનો નોંધણી નં. બી.-૧૫૩૪, તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૫૫ છે. તેને અત્રેની કચેરીના આમુખ-(૨) થી વંચાણે લીધેલ વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૦૧/ખ/૩૭૩/૧૨, તા. ૧૭મી ઓગષ્ટ, ૨૦૧૨ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો. જેમાં કારણદર્શક નોટીશનાં અનુસંધાને મંડળીને રજુઆત કરવા છેલ્લી તક તા. ૧૭મી નવેમ્બર, ૨૦૧૧નાં રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. પરંતુ હોદ્દેદારો રાજર રહેલ નથી કે લેખિત કે મૌખિક રજુઆત પણ કરેલ નથી. ત્યાર બાદ અત્રેથી તા. ૧૮મી ડીસેમ્બર, ૨૦૧૨ તથા તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ સમન્સ પાઠવવામાં આવેલ હતું. અને રૂબરૂ સુનાવણીમાં અનુક્રમે તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૨ તથા તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ હાજર રહેવા જણાવેલ હતું પરંતુ ઉક્ત તારીખોએ પણ મંડળીના હોદ્દેદારો રૂબરૂમાં હાજર રહેલ નથી કે લેખિત/મૌખિક રજુઆત પણ કરેલ નથી. જ્યારે ફડચા અધિકારીએ રૂબરૂમાં તા. ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ વચગાળાના હુકમની બજવણી કરેલ છે.

આમ, મંડળીને રજૂઆત કરવા અત્રેથી વ્યાજબી અને નિયમ મુજબની તક પુરી પાડવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધીમાં કોઈ લેખિત કે મૌખિક જવાબ રજૂ કરેલ નથી. તેમજ અત્રેથી કરેલ તારીખ ૧૭મી ઓગષ્ટ, ૨૦૧૨ના ફડચાના વચગાળાના આદેશ સામે મંડળીને વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ સાદર કરવી. પરંતુ, આજદિન સુધીમાં અત્રેની કચેરીમાં મંડળી તરફથી કોઈ વાંધો રજૂ થયેલ નથી. તેમજ ફડચા અધિકારીશ્રી તા. ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ દફતરનો ચાર્જ પણ સંભાળી લીધેલ છે. જેથી મંડળીના હોદેદારોને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી તેમ માનવાને કારણ રહે છે.

આમ મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત ઉપરોક્ત કારણોસર સ્વીકારવી જરૂરી જણાય છે. તેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ આદેશ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), સુરત, વંચાણે લીધા ક્રમાંક-(૪) અન્વયે મને મળેલ સત્તા અન્વયે પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર શ્રી શ્રમજીવી-૧ સહકારી ઘર બાંધનારી મંડળી લી. ઠે. કાગદીની ચાલ પાછળ, સહારા દરવાજા, સુરત કે જેનો નોંધણી નં. બી.-૧૫૩૪, તારીખ ૧૨મી ડીસેમ્બર, ૧૯૫૫ છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું.

સુરત, તારીખ ૨૨મી મે, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, સુરત.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના તા. ૯મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ જા નં. ઉખસ/ફડચ/ખ-૩/૧૮૫/૧૪ની કારણદર્શક નોટીસ-૧ તેમજ તા. ૨૩-૦૧-૨૦૧૫ જા નં. ઉખસ/ફડચ/ખ-૩/૦૯/૧૪ની કારણદર્શક નોટીસ-૨.

(૩) અત્રેની કચેરીના તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ હુકમ નં. ઉખસ/ફડચ/૩૦/૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/ ૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૨૦૧૧

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૬૮/૧૩૦૦/૨૦૧૫.–આમુખ-૧થી શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓોડીટ ઓફીસ વલસાડના તા. ૯મી ડીસેમ્બર ૨૦૧૪થી શ્રી મહિલાઓ સંચાલીત કોલવેરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., કોલવેરા મું. પો. કોલવેરા, તા. કપરાડા, જિ. વલસાડને ફડચામાં લઇ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહુ વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા ૪ (ચાર) વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે મંડળી પેટા નિયમના ઉદ્દેશ અનુસાર કોઇ કામગીરી કરતી નથી. મંડળીનો વહીવટ ચલાવવા માટે વ્ય. સમિતી, મંત્રી કે સભાસદોને કોઇ રસ ન હોવાનું જણાયેલ છે. મંડળીનો છેલ્લા ૪ (ચાર) વર્ષનો ઓડીટ વર્ગ ‘‘ડ’’ છે. તેમજ સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ ઓડીટ દુરસ્તી કરેલ નથી. મંડળીમાં વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી.

INDEX

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી મહિલાઓ સંચાલિત કોલવેરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. કોલવેરા, મું.પો. કોલવેરા તા. કપરાડા, જિ. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઇ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઇ રસ નથી.

આમ સધળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-પમાં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલાઓ સંચાલિત કોલવેરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. કોલવેરા, મું.પો. કોલવેરા તા. કપરાડા જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૩૦/૨૦૧૫થી ફડચામાં લઇ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી કે. એમ. ખત્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડ એ આ હુકમની તારીખ થી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના તા. ૯મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ જા નં. ઉખસ/ફડચ/ખ-૩/૧૮૫/૨૦૧૪ની કારણદર્શક નોટીસ-૧ તેમજ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫ જા. નં. ઉખસ/ફડચ/ખ-૩/૧૧/૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૨.

(૩) અત્રેની કચેરીના તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ હુકમ નં. ઉખસ/ફડચ/૩૧/૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/ ૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૨૦૧૧

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૬૯/૧૨૯૩/૨૦૧૫.—આમુખ-૧થી શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૯મી ડીસેમ્બર ૨૦૧૪થી શ્રી મહિલાઓ સંચાલીત મોહપાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મોહપાડા મું. પો. મોહપાડા, તા. કપરાડા, જિ. વલસાડને ફડચામાં લઇ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા (૫) પાંચ વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. ઓડીટ સમય દરમ્યાન મંડળીએ કોઈ દુધ સંપાદનની કામગીરી કરેલ નથી. મંડળીએ વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી. મંડળી હોલમાં પેટા નિયમના ઉદ્દેશો અનુસાર કોઈ કામગીરી થતી નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી. મંડળી અર્થક્ષમ રહેલ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી મહિલાઓ સંચાલિત મોહપાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મોહપાડા, મું.પો. મોહપાડા તા. કપરાડા જિ. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઇ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઇ રસ નથી.

આમ સધળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-પમાં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલાઓ સંચાલિત મોહપાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મોહપાડા, મું.પો. મોહપાડા તા. કપરાડા જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૩૧/૨૦૧૫થી ફડચામાં લઇ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી કે. એમ. ખત્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડ એ આ હુકમની તારીખ થી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના તા. ૯મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ જા નં. ઉખસ/ફડચ/ખ-૩/૧૮૭/૧૪ની કારણદર્શક નોટીસ-૧, તેમજ તા. ૨૯મી જાન્યુઆરી ૨૦૧૫ જા. નં. ઉખસ/ફડચ/ખ-૩/૧૦/૧૫ની કારણદર્શક નોટીસ-૨.

(૩) અત્રેની કચેરીના તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૩૨/૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

INDEX

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/ ૨૦૦૨/૩૦૧૧/ સીએચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૭૦/૧૨૮૬/૨૦૧૫.—આમુખ-૧થી શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૯મી ડીસેમ્બર ૨૦૧૪થી શ્રી મહિલાઓ સંચાલીત મોટીપલસાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મોટીપલસાણ મું. પો. મોટીપલસાણ, તા. કપરાડા, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા ૪ (ચાર) વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. મંડળી હાલમાં પેટા નિયમના ઉદ્દેશો અનુસાર કોઈ કામગીરી થતી નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી. મંડળી અર્થક્ષમ રહેલ નથી. મંડળીએ વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી. મંડળીનો છેલ્લા ૪ (ચાર) વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે. તેમજ સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ ઓડીટ દુરસ્તી કરેલ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી મહિલાઓ સંચાલિત મોટી પલસાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મોટી પલસાણ,, મું.પો. મોટી પલસાણ, તા. કપરાડા, જિ. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલાઓ સંચાલિત મોટીપલસાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મોટીપલસાણ, મું.પો. મોટીપલસાણ, તા. કપરાડા, જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૩૨/૨૦૧૫થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી કે. એમ. ખત્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડ એ આ હુકમની તારીખ થી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના તા. ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫ જા નં. ઉખસ/ફડચ/ખ-૩/૨/૧૫ની કારણદર્શક નોટીસ-૧, તેમજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ જા. નં. ઉખસ/ફડચ/ખ-૩/૨૯/૧૫ની કારણદર્શક નોટીસ-૨.

(૩) અત્રેની કચેરીના તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૫૭/૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/ સીએચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૭૧/૧૨૭૯/૨૦૧૫.—આમુખ-૧થી શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૨૩મી ડીસેમ્બર ૨૦૧૪થી શ્રી મહિલાઓ સંચાલીત ખપાટિયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ખપાટિયા મું. પો. ખપાટિયા, તા. ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા ૩ (ત્રણ) વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. ઓડીટ સમય દરમ્યાન મંડળીએ કોઈ દુધ સંપાદનની કામગીરી કરેલ નથી. મંડળીએ વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી. મંડળી હાલમાં પેટા નિયમના ઉદ્દેશો અનુસાર કોઈ કામગીરી થતી નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી. મંડળી અર્થક્ષમ રહેલ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી મહિલાઓ સંચાલિત ખપાટીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ખપાટીયા, મું.પો. ખપાટીયા, તા. ધરમપુર, જિ. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઈ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઈ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલાઓ સંચાલિત ખપાટીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ખપાટીયા, મું.પો. ખપાટીયા તા. ધરમપુર જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫૭/૨૦૧૫થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

INDEX

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી કે. એમ. ખત્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડ એ આ હુકમની તારીખ થી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના તા. ૧૭મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫ જા નં. ઉખસ/ફડચ/ખ-૩/૫/૧૫ની કારણદર્શક નોટીસ-૧, તેમજ તા. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૫ જા. નં. ઉખસ/ફડચ/ખ-૩/૨૬/૧૫ની કારણદર્શક નોટીસ-૨.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૫૫/૨૦૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૭૨/૧૨૭૨/૨૦૧૫.—આમુખ-૧થી શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪થી શ્રી મહિલાઓ સંચાલીત પીપરોળ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. પીપરોળ, તા. ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઇ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા ૨ (બે) વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. ઓડીટ સમય દરમ્યાન મંડળીએ કોઈ દુધ સંપાદનની કામગીરી કરેલ નથી. મંડળીએ વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી. મંડળી હાલમાં પેટા નિયમના ઉદ્દેશો અનુસાર કોઈ કામગીરી થતી નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી. મંડળી અર્થક્ષમ રહેલ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી મહિલાઓ સંચાલિત પીપરોળ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પીપરોળ, મું.પો. પીપરોળ, તા. ધરમપુર, જિ. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઇ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઇ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલાઓ સંચાલિત પીપરોળ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પીપરોળ, મું.પો. પીપરોળ, તા. ધરમપુર જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫૫/૨૦૧૫થી ફડચામાં લઇ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી કે. એમ. ખત્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખ થી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના તા. ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫ જા નં. ઉખસ/ફડચ/ખ-૩/૩/૧૫ની કારણદર્શક નોટીસ-૧, તેમજ તા. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૫ જા. નં. ઉખસ/ફડચ/ખ-૩/૨૮/૧૫ની કારણદર્શક નોટીસ-૨.

(૩) અત્રેની કચેરીના તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૫૪/૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૭૩/૧૨૬૫/૨૦૧૫.—આમુખ-૧થી શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪થી શ્રી મહિલાઓ સંચાલીત ગુંદિયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. ગુંદિયા, તા. ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઇ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા ૩ (ત્રણ) વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. ઓડીટ સમય દરમ્યાન મંડળીએ કોઈ દુધ સંપાદનની કામગીરી કરેલ નથી. મંડળીએ વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી. મંડળી હાલમાં પેટા નિયમના ઉદ્દેશો અનુસાર કોઈ કામગીરી થતી નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી. મંડળી અર્થક્ષમ રહેલ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી મહિલાઓ સંચાલિત ગુંદિયા, દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ગુંદિયા, તા. ધરમપુર, જિ. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ

હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઇ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઇ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-પમાં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલાઓ સંચાલિત ગુંદિયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.પો. ગુંદિયા, તા. ધરમપુર જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫૪/૨૦૧૫થી ફડચામાં લઇ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી કે. એમ. ખત્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડિટર (મિલ્ક) ઓડિટ ઓફિસ વલસાડના તા. ૧૭મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫ જા નં. ઉખસ/ફડચ/ખ-૩/૪/૧૫ની કારણદર્શક નોટીસ-૧, તેમજ તા. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૫ જા. નં. ઉખસ/ફડચ/ખ-૩/૨૭/૧૫ની કારણ દર્શક નોટીસ-૨.

(૩) અત્રેની કચેરીના તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૫૩/૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૭૪/૧૨૫૮/૨૦૧૫.—આમુખ-૧થી શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૪થી શ્રી આંબાતલાટ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. આંબાતલાટ, તા. ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઇ જવા સબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી છેલ્લા ૩ (ત્રણ) વર્ષથી સ્થગિત રહેવા પામેલ છે. ઓડીટ સમય દરમ્યાન મંડળીએ કોઈ દુધ સંપાદનની કામગીરી કરેલ નથી. મંડળીએ વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી. મંડળી હાલમાં પેટા નિયમના ઉદ્દેશો અનુસાર કોઈ કામગીરી થતી નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી. મંડળી અર્થક્ષમ રહેલ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી આંબાતલાટ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.પો. આંબાતલાટ, તા. ધરમપુર, જિ. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઇ રજુઆત કરેલ નથી. આમ સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઇ રસ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-પમાં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી આંબાતલાટ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. પો. આંબાતલાટ, તા. ધરમપુર જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫૩/૨૦૧૫થી ફડચામાં લઇ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી કે. એમ. ખત્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સબ ઓડિટર વલસાડના તા. ૨૭મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૫ જા નં. ઉખસ/ફડચ/ખ-૩/૬/૧૫ની કારણદર્શક નોટીસ-૧, તેમજ તા. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૫ જા. નં. ઉખસ/ફડચ/ખ-૩/૨૫/૧૫ની કારણ દર્શક નોટીસ-૨.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૫ હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/૫૬/૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૭૫/૧૨૫૨/૨૦૧૫.—આમુખ-૧થી શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તા. ૨૭મી ડીસેમ્બર, ૨૦૧૪થી શ્રી ગોઈમા વિભાગ ગણોતીયાની સહકારી ખેતી મંડળી લી., મુ. પો. ગોઈમા, તા. પારડી, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સંબંધે વહીવટી

INDEX

ખાસ અહેવાલ અત્રે મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતો જોતાં મંડળી હાલમાં પેટા નિયમના ઉદ્દેશો અનુસાર કોઈ કામગીરી થતી નથી. છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ ''ક'' અને ''ડ'' છે. મંડળીમાં સહકારી કાયદા કાનુન અન્વયે દફતરો નિભાવી નિયમિત લખાતા નથી. તેમજ સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ ઓડીટ દુરસ્તી કરેલ નથી. મંડળીમાં ઉત્તરોત્તર પ્રતિ વર્ષ ખોટમાં વધારો થયેલ છે. મંડળીએ વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમિટિ મિટીંગ મેળવેલ નથી. મંડળીના સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા સબબ કારણદર્શક નોટીસ ૧ અને ૨ પાઠવી રજુઆતની પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે.

આમુખ-૩થી વંચાણે લીધેલ હુકમથી શ્રી ગોઇમા વિભાગ ગણોતીયાની સહકારી ખેતી મંડળી લી. મું.પો. ગોઇમા, તા. પારડી, જિ. વલસાડને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હીતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થાએ કોઇ રજુઆત કરેલ નથી. આમ, સંસ્થાને ચાલુ રાખવામાં વ્યવસ્થાપક સમિતિને કોઇ રસ નથી.

આમ, સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી ગોઈમા વિભાગ ગણોતીયાની સહકારી ખેતી મંડળી લી., મુ. પો. ગોઈમા, તા. પારડી, જિ. વલસાડને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫૬/૨૦૧૫થી ફડચામાં લઇ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહું હુકમને બહાલી આપતો સંસ્થાને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂ છું.

ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી કે. એમ. ખત્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડએ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

એચ. આર પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. નધણ/જીએનઆર/''ઉ'' (ફ)-૧૩૯૫૪/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે પાલજ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લીમીટેડ સ્થળ પાલજ, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૫મી મે, ૨૦૧૫.

નં. નધણ/જીએનઆર/''ઉ'' (ફ)-૧૩૯૫૫/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે શ્રી ચરાડા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લીમીટેડ સ્થળ ચરાડા, તાલુકો માણસા, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૫મી મે, ૨૦૧૫.

એન. જી. વ્યાસ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, ગાંધીનગર.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૪ નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/૧૮૩૯/૨૦૧૪ થી વચગાળાનો આદેશ.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઇ, ૨૦૧૧ થી મળેલ સત્તાઓ

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૫૯/૧૨૭૯/૨૦૧૫.—આમુખ (૧) થી વંચાણે લીધેલ જોગવાઇઓ અન્વયે આમુખ (૨) વાળા હુકમથી મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે અને મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો વચગાળાનો આદેશ અત્રેથી આમુખ-૨માં દર્શાવેલ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૪ ના હુકમથી કરવામાં આવેલ. સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળીને ચલાવવા માટે તેમજ ઉદ્દેશો મુજબ કાર્યરત કરવા માટે આજદિન સુધી કોઇ રસ દાખવેલ નથી, તથા મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ, સદર મંડળી ચલાવવા માટે મંડળીના કાર્યવાહકોને રસ ન હોવાનું પ્રથમ દૃષ્ટિએ ફલિત થાય છે. જેથી અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

શ્રી રાધનપુર તાલુકા કન્ઝુમર્સ કો.ઓપ. સ્ટોર્સ લી., મુ. તા. રાધનપુર, જિ. પાટણને અત્રેની કચેરીના આમુખ નં. ૨ ના તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ આપવામાં આવેલ છે. જેને સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારીશ્રી (ફડચો) પાટણે ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તારીખ ૨૬મી મે, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

INDEX

નંબર એસ.કે./સે. (બ)-૪૧૫૧૮/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે ધી સંઘશક્તિ બચત અને ધિરાણ સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ગોતા, તાલુકો ખેડબ્રહ્મા, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) જિલ્લા રજીસ્ટ્રારશ્રી સ.મં. નર્મદા, રાજપીપલાનો તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૫ ફડચા મંડળીને પુનઃજીવિત કરવા અંગેના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૬૭/૨૦૧૫.

(૨) ફડચા અધિકારીશ્રી ધી ભરૂચ ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંક લી. દેડીયાપાડા, જિ. નર્મદાની મંડળીને પુનઃજીવીત કરવા અંગેની તારીખ -/-/ ૨૦૧૫ની દરખાસ્ત.

(૩) અત્રેની જાહેર નોટીસ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૦૧૫, તારીખ ૧૪મી મે, ૨૦૧૫.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૯ ની જોગવાઈઓ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો સને ૧૯૬૫ના નિયમ-૧૦ ની જોગવાઈઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર વિભાગનું સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

(૬) સરકારશ્રીના તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંક : GHKH/L5/2005/NSB/12/2002 /3011/CH.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/પુનઃજીવીત/૨૮૦ થી ૨૮૫/૨૦૧૫.–ધી કામધેનુ ખેડુત સેવા સહકારી મંડળી લિ. મું. સેજપુર, તા. ડેડીયાપાડા, જિ. નર્મદા કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક : સે. ૩૪૫૬, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૭૬ થી થયેલ ધી કામધેનુ ખેડુત સેવા સહકારી મંડળી લિ. મુ. સેજપુર, તા. ડેડીયાપાડા, જિ. નર્મદાને અત્રેની કચેરીના વંચાણે લીધા (૧) ના પત્ર અન્વયે ફડચામાં લઇ જવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) થી ફડચા અધિકારીશ્રી ધી ભરૂચ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી. દેડીયાપાડાને પુનઃજીવીત કરવા અંગેની સદર મંડળી દરખાસ્ત, ખાસ સાધારણ સભા તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૪ના ઠરાવ નંબર : ૧ સહ અત્રેની કચેરીમાં રજુ કરેલ સદરહું મંડળીને પુનઃજીવીત કરવા સબબ વંચાણે લીધા (૪) થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ અને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૫ના નિયમ-૧૦ ની જોગવાઈઓ મુજબ મંડળીને પુનઃજીવીત કરવાની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મંડળીને પુનઃજીવીત કરવા કોઇ વાંધા સૂચન હોય તો રજુ કરવા જણાવવામાં આવેલ સદરહુ જાહેર નોટીસ ફડચા અધિકારીશ્રી ધી ભરૂચ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી. દેડીયાપાડાની કચેરી દ્વારા મંડળીના સ્થળે તેમજ ગ્રામ પંચાયત સેજપુર ખાતે તારીખ ૧૬મી મે, ૨૦૧૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સબબ કોઇ વાંધા સુચન રજુ થયેલ નથી. અત્રેની જાહેર નોટીસના જવાબમાં કોઇ પણ વાંધા સુચન આવેલ ન હોય જે ધ્યાને લઇ તથા મંડળી અને તેના સભાસદોના હિતોને ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું નીચે સહી કરનાર બી. બી. વાળંદ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) નર્મદા આમુખ (૪) અને આમુખ (૫) થી મને મળેલ સત્તાની રૂએ ધી કામધેનુ ખેડુત સેવા સહકારી મંડળી લિ. મુ. સેજપુર, તા. ડેડીયાપાડા, જિ. નર્મદાને નીચેની શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરું છું.

શરતો :-

(૧) મંડળીનું સરવૈયુ પુનઃજીવીત દરખાસ્ત સાથે રજુ થયા મુજબ યથાવત રહેશે તેમાં દેવા કે લેણાની રકમમાં કોઇ ફેરફાર કે વધ-ઘટ કરવામાં આવતા નથી.

(૨) મંડળીના પેટાનિયમોમાં કોઇ સુધારા-વધારા કે ફેરફાર હાલ કરવામાં આવતા નથી.

(૩) મંડળીને પુનઃજીવીત માટેની કરવામાં આવેલ દરખાસ્તની વિગતે તથા તે સહુ રજુ થયેલ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૪ના ઠરાવ નં. ૧ ની નિયમોનું ચુસ્તપણે પાલન કરી મંડળીને અર્થક્ષમ બનાવવાની રહેશે.

(૪) મંડળીના પેટાનિયમના ઉદ્દેશો મુજબની કામગીરી તાકીદે હાથ ધરવાની રહેશે અને દર માસે અહેવાલ અત્રેની કચેરીને મોકલવાનો રહેશે.

(૫) મંડળીના સ્વકીય ભંડોળના તુર્ત જ વધારો કરવાનો રહેશે અને ત્યારબાદ ઉતરોતર વધારો થાય તે માટે આયોજન કરી પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

(૬) સરકારી / અર્ધસરકારી કચેરીઓની બાકી રકમો પ્રથમ ચુકવી આપવાની રહેશે.

(૭) ખાસ સાધારણ સભા તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૪ ના ઠરાવ નં. ૨ ની વિગતો જણાવવામાં આવેલ સમિતિના સભ્યોથી હાલ મંડળીમાં કાર્યકારી સમિતિ તરીકે કામગીરી હાથ ધરવાની રહેશે.

(૮) ઉપરોક્ત કાર્યકારી સમિતિના સભ્યોએ તેઓમાંથી હાલ હંગામી રીતે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવાની રહેશે.

(૯) ઉપરોક્ત કાર્યકારી સમિતિએ સહકારી કાયદો તેના નિયમો તથા મંડળીના પેટાનિયમ અને ચૂંટણીના નિયમોને આધીન ત્વરીત વ્ય. સમિતિના સભ્યોની ચૂંટણીની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૦) મંડળીના તમામ મિલકતમાં કોઇ પણ ઘટાડો કરવાનો રહેશે નહી.

(૧૧) મંડળીની પ્રગતિને અહેવાલ દર માસે મોકલવાનો રહેશે.

રાજપીપલા, તારીખ ૨૮મી મે, ૨૦૧૫.

બી. બી. વાળંદ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ. પં.
નર્મદા-રાજપીપલા.

INDEX

નંબર જિ. પં./સે. ૩૭૦૧૬/૨૦૧૫.–જિલ્લા પંચાયત મહેસાણા આથી જાહેર કરે છે કે, શ્રી આસ્થા સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ આસ્પા, તાલુકો વડનગર, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ-૯ (૧)(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૭મી મે, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તા. ૯-૪-૨૦૧૫નો હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૦૭/૧૫થી વચગાળાનો આદેશ.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૫૨/૧૩૨૮/૨૦૧૫.– આમુખ (૧) થી વંચાણે લીધેલ જોગવાઈઓ અન્વયે આમુખ (૨) વાળા હુકમથી મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે અને મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો વચગાળાનો આદેશ અત્રેથી આમુખ-૨માં દર્શાવેલા તા. ૯-૪-૨૦૧૫ના હુકમથી કરવામાં આવેલ સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળીને ચલાવવા માટે તેમજ ઉદ્દેશો મુજબ કાર્યરત કરવા માટે આજદિન સુધી કોઈ રસ દાખવેલ નથી, તથા મંડળી તરફથી કોઈ રજુ કરાયેલ નથી. આમ, સદર મંડળી ચલાવવા મોટ મંડળીના કાર્યવાહકોને રસ ન હોવાનું પ્રથમ દૃષ્ટિએ ફલિત થાય છે. અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

ધી અસંગઠિત શ્રમયોગીઓની સહકારી મંડળી લી., મું. બોરતાવાડા, તા. હારીજ, જિ. પાટણને અત્રેની કચેરીના આમુખ નં. ૨ના તા. ૯-૪-૨૦૧૫થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧થી કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારીશ્રી (ફડચો) પાટણે ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તારીખ ૨૫મી મે, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તા. ૯-૪-૨૦૧૫નો હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૦૬/૧૫થી વચગાળાનો આદેશ.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૫૧/૧૩૨૭/૨૦૧૫.– આમુખ (૧) થી વંચાણે લીધેલ જોગવાઈઓ અન્વયે આમુખ (૨) વાળા હુકમથી મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે અને મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો વચગાળાનો આદેશ અત્રેથી આમુખ-૨માં દર્શાવેલા તા. ૯-૪-૨૦૧૫ના હુકમથી કરવામાં આવેલ. સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળીને ચલાવવા માટે તેમજ ઉદ્દેશો મુજબ કાર્યરત કરવા માટે આજદિન સુધી કોઈ રસ દાખવેલ નથી, તથા મંડળી તરફથી કોઈ રજુ કરાયેલ નથી. આમ, સદર મંડળી ચલાવવા મોટ મંડળીના કાર્યવાહકોને રસ ન હોવાનું પ્રથમ દૃષ્ટિએ ફલિત થાય છે. અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

શ્રી જય સોમનાથ મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. મોટારામણદા, તા. જિ. પાટણને અત્રેની કચેરીના આમુખ નં.-૨ના તા. ૯-૪-૨૦૧૫થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારીશ્રી (ફડચો) પાટણે ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તારીખ ૨૫મી મે, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સે (મા) ૪૨૧૩૧/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, ડેસર તાલુકા કઠોળ ઉત્પાદકોની ખરીદ વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ડેસર, તાલુકો ડેસર, જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૫મી મે ૨૦૧૫.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સે (મા) ૪૨૧૩૨/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, ડેસર તાલુકા દિવેલા ઉત્પાદકોની ખરીદ વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ડેસર, તાલુકો ડેસર, જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૫મી મે ૨૦૧૫.

INDEX

નં. નધણ/ગ-૨/બીડીઆર/સે (મા) ૪૨૧૩૩/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, ડેસર તાલુકા અનાજ ઉત્પાદકોની ખરીદ વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ડેસર, તાલુકો ડેસર, જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૫મી મે ૨૦૧૫.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સે (મા) ૪૨૧૩૪/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, ડેસર તાલુકા તુવેર ઉત્પાદકોની ખરીદ વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ડેસર, તાલુકો ડેસર, જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૫મી મે ૨૦૧૫.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સે (મા) ૪૨૧૩૫/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, ડેસર તાલુકા મકાઈ ઉત્પાદકોની ખરીદ વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ડેસર, તાલુકો ડેસર, જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૫મી મે ૨૦૧૫.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

નં. ઉખસ/નધણ/એસઆરટી/સા (હા) ૮૯૨૨/ઝ/૨૯/૧૧૯૯/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, સાંઈરૂદ્ર ‘‘ડી’’ (બિલ્ડીંગ) કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., સ્થળ સાંઈરૂદ્ર, અલથાણ ભીમરાડ કેનાલ રોડ, વોટર વર્કસ પાસે, અલથાણ, સુરત સીટી, ટી.પી. સ્કીમ નં. ૩૭, જી. સુરતને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી મે ૨૦૧૫.

નં. ઉખસ/નધણ/એસઆરટી/સા (હા) ૮૯૨૦/ઝ/૩૧/૧૨૦૨/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, સાંઈરૂદ્ર ‘‘એ’’ (બિલ્ડીંગ) કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., સ્થળ સાંઈરૂદ્ર, અલથાણ ભીમરાડ કેનાલ રોડ, વોટર વર્કસ પાસે, અલથાણ, સુરત સીટી, ટી.પી. સ્કીમ નં. ૩૭, જી. સુરતને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી મે ૨૦૧૫.

નં. ઉખસ/નધણ/એસઆરટી/સા (હા) ૮૯૨૧/ઝ/૩૩/૧૨૦૫/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, સાંઈરૂદ્ર ‘‘બી’’ (બિલ્ડીંગ) કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., સ્થળ સાંઈરૂદ્ર, અલથાણ ભીમરાડ કેનાલ રોડ, વોટર વર્કસ પાસે, અલથાણ, સુરત સીટી, ટી.પી. સ્કીમ નં. ૩૭, જી. સુરતને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી મે ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ), સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક બીડીઆર/ખે/૮૧૧૨/૨૦૧૫.-વડોદરા જિલ્લા પંચાયત વડોદરાથી આથી જાહેર કરે છે કે ધી લોટના-૧ ઉદવહન સિંચાઈ ખેતી પિયત સ. મં. લી., મર્યાદિત સ્થળ લોટના તાલુકો સાવલી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ. અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧લી જુન ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/ખે/૮૧૧૩/૨૦૧૫.-વડોદરા જિલ્લા પંચાયત વડોદરાથી આથી જાહેર કરે છે કે ધી લોટના-૨ ઉદવહન સિંચાઈ ખેતી પિયત સ. મં. લી., મર્યાદિત સ્થળ લોટના તાલુકો સાવલી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ. અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧લી જુન ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/ઉ/૧૫૩૩૯/૨૦૧૫.-વડોદરા જિલ્લા પંચાયત વડોદરાથી આથી જાહેર કરે છે કે શ્રી નિલકંઠ ફળ અને શાકભાજી ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ રૂવાંદ, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ. અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૭મી મે, ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/ઉ/૧૫૩૪૦/૨૦૧૫.-વડોદરા જિલ્લા પંચાયત વડોદરાથી આથી જાહેર કરે છે કે નિલકંઠ ફળફળાદિ એવમ બીજ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ રાજપુરા, દોલતપુરા, નારપુરી, રામપુરી, તાલુકો ડેસર, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ. અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૬મી મે ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/ઉ/૧૫૩૪૧/૨૦૧૫.-વડોદરા જિલ્લા પંચાયત વડોદરાથી આથી જાહેર કરે છે કે પાન્ડુ ફળ અને શાકભાજી ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ પાન્ડુ, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ. અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૭મી મે ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (પંચાયત)
વડોદરા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, JULY 2, 2015 / ASADHA 11 1937 [No. 27

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1009-1067
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	27
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	53
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2601-2644

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે થયેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૪૧/૨૦૧૫.– ગુજરાત સરકાર ગૃહ વિભાગ પરિપત્ર ક્રમાંક : વિ/૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪/સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૩નાઓના રાજ્યમાં શોપીંગમોલની સુરક્ષા બાબતેના આદેશ અન્વયે.

તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરિકોના અકાળે મૃત્યુ થયેલ. જેથી અમદાવાદ શહેરમાં આવેલ શોપીંગમોલની પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તથા સુરક્ષા સુદ્રઢ રીતે જળવાઈ રહે તે હેતુથી પગલાં લેવા જરૂરી છે. જેથી તકેદારી માટેના પગલાં લેવડાવવા સારૂ નીચે મુજબ હુકમ કરૂ છું.

જેથી, હું, વિકાસ સહાય, I/c પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ શોપીંગમોલની સુરક્ષા અંગે ચુસ્તપણે અમલ કરવો.

(૧) દરેક મોલમાં એન્ટ્રીગેટ આગળ, મોલનાં EXIT ગેટ તથા મોલની પાછળના વિસ્તારમાં થતી તમામ હિલચાલનું વિડિયો / ઓડિયો રેકોર્ડિંગ થાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા. જેમાં colour-image, I. P. Base, 1.3 Mega pixel with Night vision, capability storage-15 days min. જેથી મોલની સુરક્ષા યોગ્ય રીતે જળવાઈ રહે.

INDEX

(૨) મોલની અંદર દાખલ થતા વાહનો (મોટરકાર/ટુ વ્હીલર વિગેરે)નું ચેકિંગ કરવામાં આવે છે તેની સાથે સાથે વાહનોની અંદર બેઠેલ તમામ વ્યક્તિઓનું પણ ચેકિંગ કરવુ જરૂરી છે.

(૩) જ્યારે જ્યારે મોલની માલિકી બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા સુરક્ષા અંગેની જણાવેલી તમામ જરૂરી ચેકિંગ યોગ્ય રીતે થાય તે મુજબ નવા માલિકે પણ કાર્યવાહી કરવાની રહેશે તેમજ મોલની માલિકી ફેરબદલા અંગેની જાણ અત્રેની પોલીસ કમિશનર કચેરીની, સ્પેશીયલ બ્રાન્ચ ખાતે કરવાની રહેશે.

૪. મોલમાં આવતા તમામ માલસામાન (goods)નું ચેકિંગ કરવું. જેથી મોલમાં કોઇ પ્રતિબંધિત અથવા સ્ફોટક પદાર્થ આવી ન જાય તે રીતે ચકાસણી કરવી તેમજ સલામતી માટે જરૂરી તમામ સિક્યુરીટી માટે તાલીમબધ્ધ અને સીક્યુરીટીનાં નિયમોના માહિતગાર હોય તેવા માણસોથી રાઉન્ડ ધી ક્લોક સલામતીની વ્યવસ્થા મોલ માલિકે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૫. મોલમા Explosive જેવાં કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની ચકાસણી માટે સલામતી સાથે સાથે સ્નીફર ડોગથી પણ ચકાસણી થાય તેવી સલામતી ગોઠવવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમની, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૪૨/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદરાબાદના દીલસુખનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં આતંકવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બબ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે આવનાર ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વહેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે, રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા પુરાવા મેળવી તેની ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર, ચેચીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ, સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર-સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતાં સ્કુટર કે, જેમાં આર.ટી.ઓ. નો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતી અને દેશની સુરક્ષા માટે થોડા નિયમનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, વિકાસ સહાય, I/c પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતાં સ્કુટર વેચનાર દુકાનો ધરાવનાર માલિકો, મેનેજરો, સંચાલકો એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ, કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/બેટરીથી ચાલતા સ્કુટર વેચાણ કરનારે મેળવવાનો રહેશે.

(૩) બિલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલિફોન મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બિલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર/ચેચીસ નંબર અવશ્ય લખવો.

આ હુકમ તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૪૩/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

જેથી, હું, વિકાસ સહાય, I/c પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યનાં ગૃહવિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલિત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૭મી જૂન, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાંદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાંદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકર કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

૩. પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી માહે જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

વિકાસ સહાય,
I/c પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ વિભાગ-૨૨ નિયમ-૩૩ અન્વયે કાઢેલ.

ક્રમાંક એફ/હટલ/૧૨૬૯૦/૨૦૧૫.-સાર્વજનિક ખાનપાનની જગ્યાઓ આહાર ગૃહ/રેસ્ટોરન્ટના માલીકો કે જેઓ જી.પી. એક્ટ, ૧૯૫૧ વિભાગ-૨૨ નિયમ-૩૩ મુજબ નોંધણી પ્રમાણપત્રો ધરાવે છે તેમને નિયમ મુજબ સવારના કલાક ૦૫-૦૦ થી રાત્રિના ૧૧-૦૦ વાગ્યા સુધી સાર્વજનિક ખાનપાનની જગ્યાઓ ચાલુ રાખવા મંજુરી આપવામાં આવેલ છે.

હાલના પવિત્ર રમજાન માસ (રમજાન ઈદ) સુધી ચાલતા તહેવારોને અનુલક્ષીને આથી હું, ઇ. રાધાકૃષ્ણ, જી.પી. એક્ટ, ૧૯૫૧ વિભાગ-૨૨ નિયમ-૩૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૧૫ સધી સાર્વજનિક ખાનપાનની જગ્યાઓ આહાર ગૃહ/રેસ્ટોરન્ટના માલીકો કે જેઓ વેલીડ પરવાના આ નિયમ હેઠળ ધરાવે છે તેઓને તેમની જગ્યાએ રાત્રિના ૧-૦૦ વાગ્યા સુધી ખુલ્લી રાખવા દેવાનું ઠરાવું છું. આ સમય દરમ્યાન આ પ્રકારની પરવાનગીને કારણે સુલેહશાંતિનો ભંગ થતો હોવાનો કે ટ્રાફિક પ્રવાહને અવરોધ થતો હોવાનું કે અન્ય કોઈ પ્રકારની ત્રાસદાયક પ્રવૃતિ થતી હોવાનું જણાશે તો આવી જગ્યાઓના માલીકોને તેમની પ્રવૃતિ તાત્કાલીક અસરથી બંધ કરવા તથા પરવાનો રદ કરવા પાત્ર થતો હોવાનું જણાવી કાયદેસરના પગલાં લઈ શકશે.

આજ રોજ તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ એ મેં સહી તથા સિક્કા કરી આપેલ છે.

ઇ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./પરમીટ/એ. સેકશન/૬૬/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ, વિગેરે જગ્યાએ રહીને સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઇને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું વી. એમ. પારગી, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ

INDEX

આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યકિતને હોટલ, લોજ, બોર્ડીંગ માલીકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નીયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેન્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત શહેરમાં કઈ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપૂર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૦) વિદેશી નાગરીકોનો મોબાઈલ નંબર રજીસ્ટરમાં નોંધવાનો રહેશે.

: અમલવારીનો સમય :

આ હુકમ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: હદ વિસ્તાર :

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./લાયસન્સ બ્રાન્ચ/ફટાકડા/૬૭/૨૦૧૫.—સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મિક સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પિટલ, શાળાઓ, કોલેજોની નજીક મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે. જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ જાય છે અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે. તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. અને નાના, મોટા આગના બનાવો બનતા જાનમાલને નુકશાન થયેલાનું પણ છે. તદ્ઉપરાંત હોસ્પિટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતાં વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે. જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાય રહે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે તથા રાત્રિના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી, હું વી. એમ. પારગી, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/ ૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, જે અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) સુરત શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનું/ ફટાકડા, ફોડવા/ સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર.

(૨) સુરત શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યક્તિ ઉપર જાહેરમાં છુટા ફેંકવા ઉપર.

(૩) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રિના કલાક ૨૨-૦૦ થી સવાર કલાક ૬-૦૦ સુધી ફટાકડા/દારૂખાનું ફોડવા ઉપર.

(૪) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પિટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ફટાકડા/દારૂખાનું ફોડવા ઉપર.

INDEX

: પ્રતિબંધિત વિસ્તાર :

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

: અમલવારીનો સમય :

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ આ હુકમનો અમલમાં કરવાનો રહેશે.

: સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંકઃ એસ.બી/જાહેરનામું/૬૮/૨૦૧૫.– સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ પ્લેગૃપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવું જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતાથી ખંડણી / ફીરોતીના રૂપિયા પડાવવાના હેતુથી, બાળક સાથે બદકામ કરવાના હેતુથી, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતાપિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યક્તિઓ માતા-પિતા સાથે ઘરોબો (સબંધ) અથવા દિનચર્યાની એકત્રિત કરી સંબંધિત બાળકને લલચાવી ફોસલાવી ભણવા માટે અથવા રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી ભવિષ્યમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહિતી પ્લેગૃપ / નર્સરી / શાળાના સંચાલકોઓએ રાખવાની રહેશે.

વાસ્તે, હું, વી. એમ. પારગી, (IPS) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગૃપ / નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહિતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગૃપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડેના વાહનો જેવા કે, ઓટો રીક્ષા, મીનીબસ, મારૂતી વાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજિસ્ટ્રેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલીકનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર સંબંધિત સંસ્થાએ રાખવાનો રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વાહન માલીકનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૨	ડ્રાઈવરનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૩	વાહનનો પ્રકાર તથા રજિસ્ટ્રેશન નંબર	
૪	ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર	
૫	ડ્રાઈવરનો ફોટો	
૬	ડ્રાઈવર લઈને આવતાં તથા જતાં બાળકનું નામ તથા ધોરણ અને ઉંમરની વિગત	

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદા વાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલીની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે તે અંગે વાલી પાસેથી તેના સગા-સંબંધીના પુરૂ નામ, સરનામું મોબાઈલ નંબર/ ફોન નંબરની વિગતો સંસ્થાએ તેમના રેકર્ડ ઉપર રાખશે.

INDEX

(૪) ઘણી ખરી પ્લેગ્રુપ / નર્સરી / શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે, બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતિ હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યક્તિ વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસને બાળક સોંપવાના રહેશે.

ઉપરના મુદ્દા નંબર (૩) અને (૪)ના અંગેની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર	
૨	વાલીએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.	
૩	પ્રાઈવેટ વાહનનો નંબર	
૪	ડ્રાઈવરનું નામ, સરનામું, ટે.નં. / મો.નં.	
૫	ફોટો	

ઉપરોક્ત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારીથી માંગણી થયેથી સ્કુલ તરફથી તે રજુ કરવાની રહેશે.

(૫) શાળાનો સમય પુરો થાય અને બાળકો શાળાએથી છુટે ત્યારે શાળાએ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને રવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકોને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોંપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોંપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોંપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે તેના બદલે બીજી કોઈ વ્યક્તિ બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોંપશે. અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે. અને પોલીસ તરફથી માંગ્યેથી રજુ કરવાની રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર	
૨	વાલી/અધિકૃત વ્યક્તિ સિવાય અન્યને બાળક નો કબજો શાળામાંથી સોંપવામાં તે વ્યક્તિના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.ની વિગત	
૩	બાળકની સોંપણી કરતાં પહેલાં ખાત્રી કરેલ તેની ચોક્કસ વિગત	
૪	બાળકનો કબજો જેને સોંપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર	

ઉપરોક્ત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે અને બીજો કાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાઈવર વિગેરે પાસે રાખવાનો હોય છે. અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યક્તિને જ બાળક સોંપવામાં આવે તે રીતની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સૂચનાનો અમલ કરવાનો રહેશે.

નોંધ :-

જે માહિતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો માટે આપવાની સૂચવેલી તેમાં જણાવવાનું આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉંમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વાલી/ગાર્ડીયનની રહેશે. તે અંગેનું બાંયધરી ખત વાલી / ગાર્ડીયનએ સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલીનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલી સ્વતંત્ર રીતે કરવા માંગતા હોય તો તેને આ જાહેરનામાનો બાધ નડશે નહીં.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/GPSC/જાહેરનામું/૬૯/૨૦૧૫.–સુરત શહેરમાં તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ નાયબ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ દ્વારા નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર વર્ગ-૩ની પરીક્ષા સીધી ભરતીથી ભરવા માટે લેખિત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવનાર છે. જે પરીક્ષા નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર (હાઈસ્કુલ - સ્કુલ) લેવામાં આવશે. જેથી પરીક્ષા દરમ્યાનમાં કોઈ તોફાન ન થાય અને પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે, પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવણી અર્થે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, વી. એમ. પારગી, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સદરહું વિસ્તારમાં તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ કલાક ૦૦:૦૦ થી કલાક ૨૪:૦૦ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓને એકત્રિત થવા પર.

(૨) શાળાઓ (કેન્દ્રો)માં પ્રવેશ કરવા કે વાહન લઈ જવા કે લાવવા પર.

(૩) ચારથી વધુ માણસોએ ભેગા થવા પર.

(૪) ઉમેદવારો દ્વારા પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ ફોન ઈલેક્ટ્રોનીક ગેઝેટ લાવવા પર.

(૫) શાળાની નજીક ઝેરોક્ષ મશીનો (ઈલેક્ટ્રોનીક તથા યાંત્રીક મશીનો) ચાલુ રાખવા પર.

: પ્રતિબંધિત વિસ્તાર :

સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની ઝોન કચેરી (સ્ટ્રોંગ રૂમ) તથા હાઈસ્કુલો, માધ્યમિક સ્કુલો (નાયબ સેકસન અધિકારી, નાયબ મામલતદાર વર્ગ-૩ની પરીક્ષા)ની આસપાસનો ૨૦૦ મીટરનો વિસ્તાર.

: સ્ટ્રોંગ રૂમ :

જિલ્લા તિજોરી કચેરી જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ, સુરત.

પરીક્ષા કેન્દ્રો

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ	પોલીસ સ્ટેશન
૧	સુરત ડાયમંડ એસોસીયેસન ગર્લ્સ હાઈસ્કુલ	કાપોદ્રા
૨	શ્રી આર. બી. ધામી વિદ્યાલય	--,,--
૩	શ્રી એમ. એન. જે. પટેલ માધ્યમિક શાળા યુનિટ-૧	--,,--
૪	શ્રી એમ. એન. જે. પટેલ માધ્યમિક શાળા યુનિટ-૨	--,,--
૫	પી. પી. સવાણી વિદ્યાભવન, હીરા બાગ, વરાછા રોડ, સુરત.	--,,--
૬	શ્રી જે. બી. ધારૂકાવાલા આર્ટસ કોલેજ યુનિટ-૧	--,,--
૭	શ્રી જે. બી. ધારૂકાવાલા આર્ટસ કોલેજ યુનિટ-૧	--,,--
૮	શ્રી કે. સી. કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા હીરાબાગ વરાછા રોડ, સુરત.	વરાછા
૯	સરસ્વતિ વિદ્યાલય ગૌશાળા અશ્વનીકુમાર રોડ, સુરત	--,,--

INDEX

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ	પોલીસ સ્ટેશન
૧૦	આર. એન. નાયક હાઈસ્કુલ રણછોડનગર આદર્શ કેમિકલ્સ ઉધના, સુરત	ઉધના
૧૧	શેઠશ્રી પી. એચ. બચકાનીવાલા વિદ્યામંદીર સેકન્ડરી સ્કુલ ખટોદરા સુરત યુનિટ-૧	--,,--
૧૨	શેઠશ્રી પી. એચ. બચકાનીવાલા વિદ્યામંદીર સેકન્ડરી સ્કુલ ખટોદરા સુરત યુનિટ-૨	--,,--
૧૩	શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ અને કોમર્સ સેન્ટર -એ.	મ. પુરા
૧૪	શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ અને કોમર્સ સેન્ટર - બી.	--,,--
૧૫	મહિધરપુરા અર્બન ઈંગ્લીશ મિડિયમ હાઈસ્કુલ સહયોગ સોસાયટી	--,,--
૧૬	ગુરુકુલ વિદ્યાપીઠ ચોકસી કન્યા વિદ્યાલય સુમુલડેરી રોડ, જી.આઈ.ડી.સી., સુરત	કતારગામ
૧૭	આઈ. પી. સવાણી હાઈસ્કુલ ઉદયનગર ગોતાલાવાડી, સુરત	--,,--
૧૮	શ્રીમતી વિ. ડી.એન. શાહ સેકન્ડરી સ્કુલ જાનર બિલ્ડીંગ અનાથ આશ્રમ, કતારગામ, સુરત	--,,--
૧૯	અક્ષર જ્યોતિ હાઈસ્કુલ આંબાતલાવડી ચાર રસ્તા કતારગામ, સુરત	--,,--
૨૦	અખંડ આનંદ વિદ્યાભવન માધ્યમિક શાળા વેડ રોડ, કતારગામ, સુરત	--,,--
૨૧	કસ્તુરબા વિદ્યાભવન માધ્યમિક શાળા વેડ રોડ, સુરત	--,,--
૨૨	સી. જી.એસ.એમ.વી.એમ. અંબાબા ગર્લ્સ ઈંગ્લીશ હાઈસ્કુલ	ચોક બજાર
૨૩	એંગ્લો ઉર્દુ હાઈસ્કુલ સોદાગરવાડ, સુરત	--,,--
૨૪	આર. ડી. કોન્ટ્રાકટર હાઈસ્કુલ નાનપુરા સુરત યુનિટ-૨	અઠવા
૨૫	આર. ડી. ઘાયેલ જીવન ભારતી હાઈસ્કુલ યુનિટ-૧	--,,--
૨૬	સિગ્મા હાઈસ્કુલ ગુજરાતી મિડિયમ યુનિટ-૨ ક્ષેત્રપાલ મંદિર સગરામપુરા, સુરત	--,,--
૨૭	એસ. એન. ગુપ્તા લોક ભારતી વિદ્યાલય તેરાપંથ ભવન અશોક પાન સેન્ટર સીટીલાઈટ રોડ, સુરત	ઉમરા
૨૮	ડૉ. એસ. & એસ. એસ. ગાંધી કોલેજ એન્જીનીયરીંગ ટેકનોલોજી યુનિટ-૧ મજુરાગેટ સુરત	--,,--
૨૯	આર. એસ.એમ. પુનાવાલા સાર્વજનિક એક્ષપરીમેન્ટલ સ્કુલ અંબિકાનિકેતન પાર્લેપોઈન્ટ	--,,--
૩૦	ચંદુલાલ છગનલાલ શાહ સાર્વજનિક ઈંગ્લીશ હાઈસ્કુલ અંબિકાનિકેતન પાર્લેપોઈન્ટ	--,,--
૩૧	એમ. ટી. જરીવાલા માધ્યમિક શાળા પ્રિયા હોટલ અઠવાલાઈન્સ સુરત	--,,--
૩૨	લુર્ડઝ કોનવેન્ટ હાઈસ્કુલ ઈન્ડોર સ્ટેડીયમ સુરત યુનિટ-૧	--,,--
૩૩	લુર્ડઝ કોનવેન્ટ હાઈસ્કુલ ઈન્ડોર સ્ટેડીયમ સુરત યુનિટ-૨	--,,--
૩૪	શેઠ ધનજી શાહ રૂસ્તમજી ઉંમરીગર મેમોરીયલ સ્કુલ ગોકુલ રો-હાઉસ જુના જકાત નાકા ઉંમરા	--,,--
૩૫	વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય ભટાર ચાર રસ્તા ઉધના મગદલ્લા સુરત યુનિટ-૧	ખટોદરા
૩૬	વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય ભટાર ચાર રસ્તા ઉધના મગદલ્લા સુરત યુનિટ-૨	--,,--
૩૭	ચાનનલમ સહાની વિદ્યાભારતી ઈંગ્લીશ સ્કુલ ભટાર રોડ, સુરત	--,,--
૩૮	એલ. એચ. બોધરા હાઈસ્કુલ નગરદાસ હોલ અડાજણ રોડ સુરત	અડાજણ
૩૯	શ્રીમતિ એલ.એન.બી. ફાલીયા હાઈસ્કુલ કવિ કલાપી ગાર્ડન ગુ.એસ.કંપની અડાજણ	--,,--
૪૦	શ્રીમતિ વિ. ડી. દેસાઈ (વાડીવાલા) માધ્યમિક શાળા ગુજરાત ગેસ સર્કલ અડાજણ, સુરત	--,,--
૪૧	શ્રીમતિ એલ. પી. સવાણી વિદ્યાભવન (જી.એમ.) એલ. પી. સવાણી સર્કલ અડાજણ, સુરત	--,,--

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ	પોલીસ સ્ટેશન
૪૨	સી. કે. પટેલ વિદ્યાલય વિર ભગતસિંહ માર્ગ હનિપાર્ક રોડ, સુરત	અડાજણ
૪૩	પીપરડીવાલા ઈંગ્લીશ મિડિયમ હાઈસ્કુલ એસ. વી. પટેલ માર્ગ રાંદેર, સુરત	રાંદેર
૪૪	સંસ્કાર ભારતી વિદ્યાલય રાંદેર રોડ, સુરત યુનિટ-૧	--,,--
૪૫	સંસ્કાર ભારતી વિદ્યાલય રાંદેર રોડ, સુરત યુનિટ-૨	--,,--
૪૬	નવયુગ કોમર્સ કોલેજ રાંદેર રોડ સુરત યુનિટ-૧	--,,--
૪૭	નવયુગ કોમર્સ કોલેજ રાંદેર રોડ સુરત યુનિટ-૨	--,,--
૪૮	કે. એન્ડ એમ. પી. પટેલ સાર્વજનિક વિદ્યાલય અમરોલી સુરત યુનિટ-૧	અમરોલી
૪૯	આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ સરસ્વતિ એજ્યુ. કેમ્પ. છાપરા ભાઠા અમરોલી, સુરત.	--,,--

: અપવાદ :

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ઉપરોક્ત નાયબ સેકશન અધિકારી-નાયબ મામલતદાર વર્ગ-૩ની પરીક્ષા રોકાયેલ અધિકૃત વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને/કોઈ સ્મશાન યાત્રાને.

: સજા :

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી ધારા (૧૮૬૦)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વી. એમ. પારગી,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY THE PRINCIPAL DISTRICT JUDGE

Notification

[For insertion in the Gujarat Government Gazette, Part-I]

No. B-7/3/ADM/20/2015.– The following Assistants (Jr. Clerks), who have passed the L.L.B. Examination and they are Exempted from appearing again in the Paper/ s shown against their respective Names:-

Sr. No.	Name of the Candidate	Paper No.
[1]	Mr. N. J. Joshi	1 & 2
[2]	Mr. S. N. Thakor	1 & 2

A note be made in the service book of the said incumbents.

Mahesana, 16th June, 2014.

I. B. VAGHELA,
Principal District Judge,
Mahesana.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/રજી. નં. ૨૨/૨૦૧૫.- વલસાડ જિલ્લાના વલસાડ શહેરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા. ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ નાયબ મામલતદાર/નાયબ સેકશન અધિકારી, વર્ગ-૩ની પ્રાથમિક કસોટી નીચે જણાવેલ કુલ-૨૧ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે.

(૧) જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ, કોલેજ કેમ્પસ, તિથલ રોડ, વલસાડ

(૨) મણીબા સાર્વજનિક વિદ્યાલય, કસ્તુરબા હોસ્પિટલ પાસે, ધનભુરા રોડ, વલસાડ

(૩) જમનાબાઈ સાર્વજનિક કન્યા વિદ્યાલય, કસ્તુરબા હોસ્પીટલ સામે, ધનભુરા રોડ, વલસાડ

(૪) કુસુંમ વિદ્યાલય, શીશુવિહાર પાસે, મોરારજી દેસાઈની વાડી, તીથલ રોડ, વલસાડ.

INDEX

(૫) બી. કે. એમ. સાયન્સ કોલેજ (CEN-A) કોલેજ કેમ્પસ તિથલ રોડ, વલસાડ

(૬) બી. કે. એમ. સાયન્સ કોલેજ (CEN-B) કોલેજ કેમ્પસ તિથલ રોડ, વલસાડ.

(૭) શાહ કે. એમ. એસ. હાઇસ્કુલ, બંદર રોડ, વલસાડ.

(૮) પ્રજ્ઞા પ્રબોધ વિદ્યાલય, ગાયત્રી શક્તિપીઠ કેમ્પસ, કોસંબા રોડ, વલસાડ.

(૯) શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજ, કોલેજ કેમ્પસ તિથલ રોડ, વલસાડ.

(૧૦) સરકારી ઇજનેરી કોલેજ, બી. કે. એમ. સાયન્સ કોલેજ પાસે, તિથલ રોડ, વલસાડ.

(૧૧) બાઇ આવાબાઇ હાઈસ્કુલ, (CEN-A) હાલર રોડ, વલસાડ

(૧૨) બાઇ આવાબાઇ હાઈસ્કુલ, (CEN-B) હાલર રોડ, વલસાડ.

(૧૩) બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર (CEN-A) ધારાનગર, અબ્રામા, ધરમપુર રોડ, વલસાડ.

(૧૪) બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર (CEN-B) ધારાનગર, અબ્રામા, ધરમપુર રોડ, વલસાડ.

(૧૫) સી. આર. દેસાઇ સ્વામીનારાયણ હાઇસ્કુલ, સોનાવાટીકા, અબ્રામા, ધરમપુર રોડ વલસાડ

(૧૬) શેઠ આર. જે. જે. હાઇસ્કુલ (CEN-A), તિથલ રોડ, વલસાડ.

(૧૭) શેઠ આર. જે. જે. હાઇસ્કુલ (CEN-B), તિથલ રોડ, વલસાડ.

(૧૮) શાહ ખીમચંદભાઇ મુળજીભાઇ લૉ કોલેજ, મોરારજીનગર, તિથલ રોડ, વલસાડ.

(૧૯) સરકારી પોલીટેકનીક, કોસંબા રોડ, વલસાડ

(૨૦) આર. એમ. એન્ડ વી. એમ. દેસાઇ વિદ્યાધામ, કસ્તુરબા હોસ્પીટલ પાસે, ધનભુરા રોડ, વલસાડ.

(૨૧) જી. વી. ડી. સાર્વજનિક હાઇસ્કુલ (CEN-A), નાની મહેતવાડ, વલસાડ

ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોના ત્રાસ/ભય વિના શાંતિ અને સલામતી પૂર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા શુભ હેતુથી સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા પરીક્ષા કેન્દ્રની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

વાસ્તે હું, રવિકુમાર અરોરા, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) વલસાડ જિલ્લામાં વલસાડ ખાતે ઉપર જણાવેલ શાળાઓમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ નાયબ મામલતદાર/નાયબ સેકશન અધિકારી, વર્ગ-૩ની પ્રાથમિક કસોટી યોજાનાર હોઇ ઉપર જણાવેલ પરીક્ષાના તમામ કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તા. ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ સવારના ૧૦-૦૦ થી સાંજના ૧૫-૦૦ કલાક સુધી ૪ (ચાર) કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહિં કે બોલાવવી નહિં અથવા સરઘસ કાઢવું નહિ.

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહિં. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહિં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહિં. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજ-વસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહિં કે કરાવવામાં મદદગારી કરવી નહિં.

(૩) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરની ત્રિજયામાં તા. ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ સવારના ૯-૦૦ થી સાંજના ૧૫-૦૦ કલાક સુધી ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

(૧) લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ. ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઈડ વ્યક્તિઓને તેમજ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ પોલીસ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

(૩) કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિનઅધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વલસાડ, તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫.

રવિકુમાર અરોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/ટ્યુશન/વશી.-૫૬૬૨ થી ૫૬૯૬/૨૦૧૫.– નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારના ટ્યુશન કલાસીસ શરૂ થાય છે. અને રાત્રે મોડા સુધી ચાલે છે. આ ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. વહેલી સવારના શૈક્ષણિક ટ્યુશન કલાસમાં જતાં રાત્રે પરત આવતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઇ ગંભીર પ્રકારનો ગુનો અગાઉ સુરત ખાતે બનેલ છે. ભવિષ્યમાં આવા ગંભીર પ્રકાના ગુનાઓ અત્રેના જિલ્લામાં બને તેવી શકયતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના ૨૦-૦૦ કલાક બાદ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ ચલાવવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારીની રૂએ આથી હુકમ કરૂં છું કે,

નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સવારના કલાક ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના ૨૦-૦૦ કલાક બાદ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ ચલાવવા નહી.

આ હુકમ તારીખ ૪થી જૂન, ૨૦૧૫ થી તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૪થી જૂન, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ડીસીબી/જીપીએસસી પરીક્ષા/સીઆરપીસી-૧૪૪/વશી. ૫૯૭૮ થી ૫૯૯૩/૨૦૧૫.– ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ નાયબ સેક્શન અધિકારી-નાયબ મામલતદાર, વર્ગ-૩ની જગ્યાઓ પર ભરતી માટે પ્રાથમિક કસોટી જિલ્લામાં નવસારી શહેર અને તેની આજુબાજુમાં આવેલ ગામો જેવા કે, ઈટાળવા, દાંતેજ, છાપરા, કાલીયાવાડીના કુલ-૧૮ પરીક્ષા કેન્દ્રો ઉપરની શાળાઓમાં લેવાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય તે માટે અને પરીક્ષાર્થીઓ, ખંડ નિરીક્ષકો અને જાહેર જનતા વચ્ચે ઘર્ષણ ન થાય તે માટે, તેમજ જાહેર સુલેહશાંતિનો ભંગ ન થાય અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે આવશ્યક જાહેરનામું પ્રસિધ્ધ કરવા સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદએ તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫ના પત્ર નં. સીસીઈ-૨૦૧૫-૧૧૭૮(૧૭)-ઈએક્સ થી અત્રેને જણાવેલ છે. જે પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આ સાથે નિર્દિષ્ટ કરેલ અનુસૂચિ મુજબના નવસારી જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓને ભેગા થવા પર, સભા કરવા પર, સરઘસ કાઢવા પર, મંડળી કે સરઘસ સદરહુ ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારોમાં પ્રવેશવા પર તથા તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા ઉપર તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ સવારના ૧૦-૦૦ કલાક થી પરીક્ષા સમાપ્ત થતાં સુધી એટલે કે બપોરના ૧-૦૦ કલાક સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. ઉપરાંત નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓએ આ સાથે જોડેલ પરીક્ષા કેન્દ્રોમાં કે તેની આજુબાજુના પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિં.

(૨) કોઈપણ ઈસમે, કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિં.

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખન કાર્યમાં અડચણ- વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવું / કરાવવું નહિં.

(૪) પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, ઈલેક્ટ્રોનિક આઈટમ, મોબાઈલ ફોન, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગેરેનું વહન કરવું નહિં કે કરાવવામાં મદદગારી કરવી નહિં.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ / અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૪) આ હુકમ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વે / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યક્તિઓ તથા ઉક્ત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ / વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષાની કામગારી માટે રોકાયેલા અધિકૃત વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૫) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહી. અથવા સરઘસ કાઢવું નહીં કે ભેગા થવું નહીં.

અનુસૂચિ

પેટા કેન્દ્રો (શાળા / કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવારની વિગત દર્શાવતું પત્રક

જાહેરાત નંબર : GPSC/2014-15/51 ...... Job Title : Deputy Section Officer, Deputy Mamlatdar Class-III

District Name : NAVSARI

ક્રમ	પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ)	પેટા કેન્દ્રનું સરનામું	ઉપયોગમાં લેવાનાર ઉમેદવારની સંખ્યા	ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા	ફાળવેલ ઉમેદવારોના બેઠક નંબર	ઈન્ચાર્જ વ્યક્તિનું નામ અને ફોન નંબર
1	Naran Lala Higher Secondary School	Bhagwati Sankul, ERU Char Rasta, Navsari	240	10	114197481-114197720	Hutoxi V. Jamadar 9829112912
2	Shri Sardar Sharda Mandir	Vijalpur, Jalal Pore, ERU Dandi Road, Navsari	288	12	11419721-114198008	Nitinkumar Dahyabhai Tandel 9427142612
3	Nilkantha High School	Gaurishankar Mohollo, Jalalpore Road, Navsari	240	10	114198009-114198248	Vadher Sumitkumar Mansukhbhai 9825519830
4	Navchetan High School	Madhav Market, Gauri Shankar Mohollo, Palalpore Road, Navsari	240	10	114198249-114198488	Jivani Manojbhai P. 9879033889
5	Shri Sardar Patel Vidyalaya	Tashkand Nagar, Jalalpore Road, Navsari	360	15	114198489-114198848	Yezdip Patrawala 9427128999
6	St. Francis of Assisi Convent High School	St. Francis of Assisi Convent High School, Ganderi Road, Navsari	288	12	114198849-114199136	Joanna D'Britto 8141520631
7	Vidyakunj High School	Jamshedji Tata Marg, Gandevi Road, Navsari	360	15	114199137-114199496	Aashishkumar M. Patel 9913871172
8	S.S. Agrawal College of Nursing Training College and Research Centre A	Veeranjali Marg, Near Devina Park, Gandevi Road, Navsari	360	15	114199497-114199856	Ashish S. Jain 7878515794
9	S.S. Agrawal College of Nursing Training College and Research Centre B	Veeranjali Marg, Near Devine Park, Gandevi Road, Navsari	360	15	114199857-114200216	Vidhi V. Thakkar 9428778772
10	R. K. G. Swaminarayan High School	R. K. G. Swaminarayan High School, Italva, Ta. Navsari	240	10	114200217-114200456	Natavarbhai Haribhai Patel 9978039836
11	Divine Public School	Divine Public School, Chhapra Road, Dantej, Navsari	288	12	114200457-114200744	Babubhai L. Patel 9979119952
12	Divine Public School, Cen B	Chhapra Road, Dantej, Navsari	288	12	114200745-114201032	Jyotiben Gandhi 9924140708
13	S. G. M. Shiroiya English School	Chhapra Road, Chhapra, Navsari	240	10	114201033-114201272	Joy Thaliyachira 9426809993
14	Sheth Hiralal C. Parekh Navsari High School	Dudhiya Talav Road, Opp. Petrol Pump. Navsari	360	15	114201273-114201632	Tandel Raleshbhai Nanubhai 9879877842
15	D. D. High School For Girls	Fuwara, Navsari	336	14	114201933-114201968	Anitaben M. Vashi 9427477890

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
16	Nagar Palika High School	Maharani Shantadevi Road, Behind Kinara Apartment, Navsari	240	10	114201969-114202208	Desai Rohitkumar Sumantrai 9428161535
17	Shah J. C. and J. C. Shreshthi Vidyasankul	City Garden, Mankodiya, Vijalpore, Navsari	240	10	114202209-114202448	Sonal Kamleshkumar Joshi
18	A. B. Higher Secondary School	Near City Tower, Grid Road, Kaliyavadi, Navsari	240	10	114202449-114202683	Pandya Tejaskumar A. 9525964263
		Sub-Total.....	**5208**	**217**		

આજ, રોજ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ભંગારીયા/એસ.આર.-૩૨/૨૦૧૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઈ.ડી.સી., વિરમગામ જી.આઈ.ડી.સી., અસલાલી જી.આઈ.ડી.સી., ચાંગોદર જી.આઈ.ડી.સી., બાવળા જી.આઈ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો. સ્ટે. વિસ્તારમાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, ચોરી જેવા મિલકત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન તથા મધ્યપ્રદેશના વતનીઓ છે. અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લૂંટ, મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે છે, પરંતુ અમુક ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનું પાલન કરીને કરે જેથી કાયદો વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચક્કસ શરતોનું ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાટે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠલના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબ મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકી પણાની દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટી. લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારનો ધંધામાં જેટલા માણસો કામે રાખેલા હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી.પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવેલ ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

INDEX

(૬) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યકિતના આઇ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) જ્યારે કોઈપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી. બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીનું તાત્કાલીક પોલીસ સ્ટેશન જાણ કરવાની રહેશે.

(૮) આ જાહેરનામું બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાથી પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ હુકમ તા. ૧૮મી જૂન, ૨૦૧૫ થી તા. ૧૬મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સી.સી.ટીવી કેમેરા/જા.ના./એસઆર-૩૩/૨૦૧૫.-ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભૂતકાળમાં શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોને હાની પહોંચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્ત્વો રાજ્ય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઈને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઇ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા-પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

જિલ્લામાં થતાં આવા ગુના અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્ત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર-જવરવાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઇ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારો, ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઇ કરીને ગુનેગાર વિરૂદ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડીંગ સીસ્ટમ સાથે રાખવાનું જરૂરી જણાતું હોઈ,

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપિંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલપ્લાઝાના માલિકો/ઉપભોગતા/વહીવટ કર્તાઓએ ગાડીના નંબર દેખાય, ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થાય, આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે અને ૧૫-દિવસ સુધી રેકોર્ડીંગ રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તારીખ ૧૮મી જુન, ૨૦૧૫ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/મકાનભાડે/એસ. આર. ૩૪/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના રહેણાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એક્મો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનવા પામ્યાના અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અ માં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે તથા જ્યારે જ્યારે કોઈ મકાન માલિક/એજન્ટ/બ્રોકર કોઈ મકાનની

INDEX

લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપુર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપુર્ણ ઓળખ સહિતના બાયોડેટા ફોટા સહિત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. તથા એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (રૂા.)	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપુર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મુળ રહેવાસી, ધંધો ધંધાનું સ્થળ, તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નં. ડીસી/એમએજી/મજુર/એસ.આર. ૩૫/૨૦૧૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તથા બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવારનવાર ધાડ, લુંટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત રાજ્ય બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજુરો કડીયાકામની મજુરી કામ માટે આવતા હોય છે. બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજ્યના તેમજ રાજ્ય બહારના મોટા ભાગના મજુરો આ કડીયાકામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે. અને આ મજુરો જે તે સાઈડો ઉપર જતા રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટે જે તે વિસ્તારના મુકાદમો અથવા સાઈડના કોન્ટ્રાકટરો લાવતા હોય છે. પરંતુ તેઓની નોંધણી પોલીસ સ્ટેશનોમાં કરાવતા નથી. રાજ્યના તથા રાજ્ય બહારના આવા મજુરો જ્યાં રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને લુંટ, ધાડ, ઘરફોડ, ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે, અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈડ ઉપર આવનાર દરેક મજુર/કારીગરનું નામ/સરનામા અંગેની રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/અંગુઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં પુરૂષ મજુરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ, નામ/સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું/ટેલિફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાતપણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/કારીગરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટો કોપી સાઈડના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈડ ઉપર મજુર/કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમિત આપવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/હોટલ ગેસ્ટ હાઉસ/એસ.આર. ૩૬/૨૦૧૫.–તાજેતરમાં થયેલ આતંકવાદી હુમલા તેમજ આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો આવતા હોઇ ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પી.સી.ઓ. કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમ્યાન રાટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસતંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

હોટલ અને ગેસ્ટ હાઉસમાં રહેનાર મુસાફરો અને માલિકો માટે

(૧) હોટલ, ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઇલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઇ ફરજીયાતપણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખ કાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનું આઇ. કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબર કાફે ઇત્યાદિના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઇએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઇપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઇ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઇ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ હોટલ/ઢાબાના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ/ગેસ્ટ હાઉસ (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ જાહેરનામું તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસી/એમએજી/મોબાઇલ શોપ/જા.ના./એસ.આર. ૩૭/૨૦૧૫.-હાલના સંજોગોમાં મોબાઇલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઇલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ધાડ, લૂંટ, ધાક, ધમકી, ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃત્તિ વિગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી, ફોન ઉપર બિભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુના કરવાના ઇરાદે જુનો મોબાઇલ/સીમકાર્ડ ખરીદી કરી ગુનો આચરવામાં આવે છે. આવા ગુનાઓની તપાસ દરમ્યાન IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે ત્યારે જુના મોબાઇલ/સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારોએ અજાણ્યા માણસ પાસેથી ખરીદેલાનું અગર તો અજાણ્યા માણસને વેચેલાનું જાણવા મળે છે અને મુળ આરોપી સુધી પહોંચી શકાતું નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન વાપરનાર સુધી પહોચવામાં આવે તે વખતે પણ મોબાઇલની દુકાનમાંથી ખરીદેલાનું જણાવે છે. અને મોબાઇલ દુકાનદારે ખરીદ કરતી વખતે મોબાઇલ ફોન વેચવા આવનારની કોઇ માહિતી નહી મળતી હોવાનું જાણવા મળે છે. જેથી જુના મોબાઇલ ફોન ખરીદનાર અને વેચનાર વેપારીઓ તથા સીમકાર્ડ વેચનાર વિક્રેતા તરફથી જુના મોબાઇલ તથા વ્યક્તિની સંપૂર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઇલ ઇન્સ્ટ્રુમેન્ટ/સીમકાર્ડની સંપૂર્ણ માહિતીનું રજિસ્ટર નિભાવવું ખૂબ જ જરૂરી છે જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઇલ ફોનના ઉપયોગથી થતી ગુનાખોરી અટકાવવા જાહેર જનતાની જાનમાલ મિલકતની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અન્વયે અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નિયંત્રણો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, તે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ નીચે મુજબના નિયંત્રણ અવશ્ય પાલન કરવા આથી આદેશ ફરમાવું છું.

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારનાં વેપારીઓએ જુના મોબાઇલ ખરીદતી અને વેચાણ વખતે મોબાઇલની વિગત, કંપની, આઇ.એમ.ઇ.આઇ. નંબર, મોબાઇલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર, મોબાઇલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા સંપર્કની વિગત, આઇ.ડી. પ્રુફની વિગત, મોબાઇલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારના તાજેતરના ફોટા સાથેની સંપૂર્ણ વિગત સાથેનું નીચે દર્શાવેલ કોમલ મુજબનું રજિસ્ટર અલગ-અલગ નિભાવવાનું રહેશે.

જુના મોબાઇલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનું. નં.	મોબાઇલ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા કોન્ટેક નંબરની વિગત	મોબાઇલની વિગત/ કંપની	IMEI નંબર	મોબાઇલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	આઇ. ડી. પ્રુફની વિગત	મોબાઇલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬	૭

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનું. નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ નંબર અને તેનો મોબાઇલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઇ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ગોડાઉન/એસ.આર. ૩૮/૨૦૧૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, ચાંગોદર, ધોળકા, વીરમગામ ટાઉન, બોપલ વિગેરે પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહ કરવામાં આવે છે. અને આ ગોડાઉનોમાં કામ કરતા મોટાભાગના પરપ્રાંતના ઈસમો હોય છે. જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે અને ગોડાઉનો ઉપર વોચમેનોની સંખ્યા નહિવત હોવાને કારણે ચોરી લૂંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતી બાબતે સિક્યુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સંબંધીત પોલીસ સ્ટેશનમાં જાણ કરવા અંગે તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યક્તિઓ સ્પષ્ટ રીતેની દેખાય તે રીતે ગુણવત્તા ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા ફરજીયાતપણે લગાવવા અને તેનો ફુટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃતિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારીની રૂએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામુ બહાર પાડું છું.

આ હુકમ તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ડીસી/એમએજી/સાયબર કાફે/એસ.આર.૩૯/૨૦૧૫.—તારીખ ૧૩મી જુલાઈ, ૨૦૧૧ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ ધડાકાના અનુસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબર કાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતાં સાયબર કાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોત માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી છે.

વાસ્તે હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબર કાફે નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું/ટેલિફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તો જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવવાની જવાબદારી સાયબર કાફેના સંચાલક/માલિકની નિયત કરવામાં આવે.

(૪) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનું આઈ.કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી સાયબરકાફેના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબર કાફે જે તે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહી તેમજ આવી સાયબર કાફે કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબરકાફેના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગરેની હકીકતો તેમજ આવી સાયબરકાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલિફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સબંધિત પોલીસ સ્ટેશન, સબંધકર્તા ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

(૭) સાયબર કાફે ખાતે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે.

(૮) સાયબર કાફે ખાતે અધિકૃત તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

INDEX

આ હુકમ તારીખ ૧૮મી જુન, ૨૦૧૫થી તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કરેલ.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૦/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આઇ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે ૧૮મી જૂન, ૨૦૧૫થી તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કરલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૧/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમની કલમ–૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આઇ. જે માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તેમજ પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતિ જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, આઇ. જે.માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ સુધી અન અધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આઇ. જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું.

ક્રમાંક એમએજી/જીપીએસસી/વશી/૪૫૬૫ થી ૪૫૭૬/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં ભરૂચ તથા અંકલેશ્વર શહેરનાં વિવિધ કેન્દ્રો ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર, વર્ગ-૩ની ભરતી માટે પ્રાથમિક કસોટી તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫નાં રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકથી ૦૧:૦૦ કલાક સુધી યોજાનાર છે. સદર પરીક્ષા કેન્દ્રોની નજીક આવેલા ઝેરોક્ષ સેન્ટરોનાં કારણે વિદ્યાર્થીઓ કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોની ઉપયોગ કરે, કરાવે અને તેના પરિણામે પરીક્ષામાં ગેરરીતિઓ થવાનો સંભવ રહે છે. જેથી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની હદમાં આવેલા તમામ ઝેરોક્ષ સેન્ટરો ઉપર પરીક્ષા સમય દરમ્યાન સવારના ૧૧:૦૦ કલાકથી બપોરનાં ૦૧:૦૦ કલાક સુધી પરીક્ષાને લગતી સામગ્રીની ઝેરોક્ષ નકલ કાઢવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, I/c અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫નાં રોજ સવારનાં ૧૧:૦૦ કલાકથી બપોરનાં ૦૧:૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લાનાં ભરૂચ તથા અંકલેશ્વર મુકામે ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર, વર્ગ-૩ની ભરતી માટે પ્રાથમિક કસોટીની પરીક્ષાનાં તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો ઉપર સદર પરીક્ષાને લગતી સામગ્રીની ઝેરોક્ષ નકલ નહી કાઢવા આથી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું.

ક્રમાંક એમએજી/જીપીએસસી/વશી/૪૫૮૧ થી ૪૫૯૨/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં ભરૂચ તથા અંકલેશ્વર શહેરનાં વિવિધ કેન્દ્રો ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર, વર્ગ-૩ની ભરતી માટે પ્રાથમિક કસોટી તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫નાં રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકથી ૦૧:૦૦ કલાક સુધી યોજાનાર છે. મોબાઈલના ઉપયોગથી પરીક્ષામાં ગેરરીતિ થવાની સંભાવના રહેલી છે. જેથી તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે કોઈપણ વ્યક્તિને મોબાઈલ ફોન સાથે લઈ પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, I/c અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫નાં રોજ બપોરનાં ૧૨: ૦૦ કલાકથી બપોરનાં ૦૧: ૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લાનાં ભરૂચ તથા અંકલેશ્વર મુકામે યોજાનાર ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર, વર્ગ-૩ની ભરતી માટે પ્રાથમિક કસોટીની પરીક્ષાનાં તમામ પરીક્ષા કેન્દ્રોની ખાતે પરીક્ષા ફરજ પરના અધિકૃત અધિકારી સિવાય અન્ય વ્યક્તિઓ માટે મોબાઈલ સાથે લઈ પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડી. બી. રહેવર,
I/c અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

વંચાણમાં લીધું :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, મહેસાણાનો તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫નો પત્ર ક્રમાંક GPSC/પરીક્ષા/૨૦૧૫/૧૫૦૦ થી ૧૫૦૮.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી ૨૧૧૧ થી ૨૧૩૦/૨૦૧૫.– આગામી તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ અત્રેના જિલ્લામાં GPSC નાયબ મામલતદાર/નાયબ સેકસન અધિકારી વર્ગ-૩ પરીક્ષા-૨૦૧૫ અત્રેના જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવાનાર છે. આ જાહેર પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ નીચેની વિગતે પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાએ તેઓના તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું રમેશ મેરજા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) પરીક્ષા સ્થળથી આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈ અનધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત ફરમાવું છું.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/ કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી.

INDEX

વધુમાં આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) આ સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહું સ્પર્ધાત્મક પરીક્ષાની કામગીરીમાં સરકારશ્રી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીશ્રીઓને.

(૩) સદરહું સ્પર્ધાત્મક પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

આ જાહેરનામું GPSC નાયબ મામલતદાર / નાયબ સેકશન અધિકારી વર્ગ-૩ પરીક્ષા-૨૦૧૫ દરમ્યાન તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના દિવસ પુરતું સવારના ૧૧-૦૦ કલાકથી ૧૩-૩૦ કલાક સુધી આ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર અમલમાં રહેશે.

પરિશિષ્ટ

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, મહેસાણા, જિ. મહેસાણા

નાયબ મામલતદાર અને સેકશન ઓફિસરની ભર્તી માટેના રૂટની યાદી તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫

	કડી	બ્લોકની સંખ્યા
રૂટ નં. ૧	ડી. જે. કન્યા વિદ્યાલય, નાની કડી	૧૫
	ડી. પી. પટેલ સંસ્કાર વિદ્યાલય, નાની કડી	૧૦
	આર. કે પટેલ બી.સી. એ કોલેજ, કડી	૧૦
	સી એન આર્ટસ અને કોમર્સ કોલેજ, યુ ૧	૧૦
	સી એન આર્ટસ અને કોમર્સ કોલેજ, યુ ૨	૧૦
રૂટ નં. ૨	શ્રીમતી કે. એ. પટેલ શિવહરી ઈંગ્લીશ, કડી	૧૦
	પ્રમુખસ્વામી સાયન્સ કોલેજ સર્વ કેમ્પસ, કડી યુ૧	૧૦
	પ્રમુખસ્વામી સાયન્સ કોલેજ સર્વ કેમ્પસ, કડી યુ૨	૧૦
	ડી.એ. પટેલ ટેકનીકલ હાઈ., કડી	૧૦
	પ્રભાવતી પી.બી. પટેલ સેકંડરી હાઈ., સર્વ કડી	૧૦
	વૃંદાવન કોલેજ ઓફ એજ્યુ. હાઈ., ગણેશપુરા	૨૧
	આર.આર. શેઠ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય, કડી, યુ૧	૧૨
	આર.આર. શેઠ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય, કડી યુ૨	૧૦
	આર.આર. શેઠ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય, કડી યુ૩	૧૦
	પી. એમ. જી. આદર્શ હાઈ., કડી	૧૨
	ઝવેરી આર. ટી. હાઈ., કડી	૧૦
	એસ. એમ. ખમાર હાઈ., કડી	૧૨
રૂટ નં. ૪	ઉત્કર્ષ વિદ્યાલય, મોટી દાઉ	૧૦
	એલ. સી. આઈ. ટી., ભાંડુ	૧૦
	એમ. એલ. ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્ટડી, ભાંડુ	૧૦
	જી. મ. કન્યા વિદ્યાલય, ઉઝા	૧૨
	જે. એમ. પટેલ મહિલા કોલેજ, ઉઝા	૨૦
	બી.પી. બ્રહ્મભટ્ટ એચ.એમ. ગુરુ કોમર્સ કોલેજ, ઉઝા	૨૦
રૂટ નં. ૫	આનર્ત શિક્ષણ કેન્દ્ર, વડનગર	૧૦
	સ્કૂલ ઓફ વિકટર, વિસનગર	૧૦
રૂટ નં. ૬	મર્ચંટ પોલિટેકનીકલ કોલેજ, બાસણા યુ ૧	૧૫
	મર્ચંટ પોલિટેકનીકલ કોલેજ, બાસણા યુ ૨	૧૦
	મર્ચંટ પોલિટેકનીકલ કોલેજ, બાસણા યુ ૩	૮
	સહજાનંદ ઈંગ્લીસ મીડીયમ સ્કૂલ, વિસનગર	૧૦
રૂટ નં. ૭	જી. ડી. હાઈ. વિસનગર, યુ ૧	૧૫
	જી. ડી. હાઈ. વિસનગર, યુ ૨	૧૦
	સી.સી. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વિસનગર	૧૦
	પરીખ ડી. ડી. કન્યા વિદ્યાલય, વિસનગર	૨૦
	ના મ નૂ વિદ્યાલય, વિસનગર, યુ. ૧	૧૦
	ના મ નૂ વિદ્યાલય, વિસનગર, યુ. ૨	૧૦
રૂટ નં. ૮	જી. સી. હાઈ., પિલવાઈ	૨૧
	યુ. પી. આર્ટસ એન્ડ એમ.જી. પંચાલ સાયન્સ કોલેજ, પિલવાઈ યુ.	૧૦
	યુ.પી. આર્ટસ એન્ડ એમ.જી. પંચાલ સાયન્સ કોલેજ, પિલવાઈ યુ.	૧૦
	શબરીના માધ્યમિક સ્કૂલ, ભાવશોર, તા. વિજાપુર	૧૦
	આશ સેકંડી હાઈ. વિજાપુર, યુ. ૧	૧૦
	આશ સેકંડી હાઈ. વિજાપુર, યુ. ૨	૧૦
રૂટ નં. ૯	ઝવેરી વી.આર. હાઈ., વિજાપુર	૧૨
	ફોરવર્ડ હાઈ, વિજાપુર	૧૭
	સ્વામીનારાયણ વિદ્યા સંકુલ, વિજાપુર	૨૦
	એસ ડી. શાહ હાઈ., કુકરવાડા	૨૦
રૂટ નં. ૧૦	એ.એમ. પટેલ ઈંગ્લીશ સ્કુલ, ગણપત, વિદ્યાનગર, ખેરવા	૧૨
	ટી.આઈ. અમિન હાઈસ્કૂલ, ગણપતનગર, ખેરવા,	૧૦
	એમ.કે. પટેલ હાઈ., ગોઝારીયા	૧૦
	કે.કે. પટેલ ગર્લ્સ હાઈ., ગોઝારીયા	૧૦
રૂટ નં. ૧૧	મ્યુનિ. આર્ટસ એંડ કોમર્સ કોલેજ, નાગલપુર રોડ, યુ ૧	૧૫
	મ્યુનિ. આર્ટસ એંડ કોમર્સ કોલેજ, નાગલપુર રોડ, યુ ૨	૧૫
	મ્યુનિ. આર્ટસ એંડ કોમર્સ કોલેજ, નાગલપુર રોડ, યુ ૩	૧૫
	સંસ્કાર જ્યોતિ ટીબી રોડ, મહેસાણા	૫
રૂટ નં. ૧૨	એસ. વી. શાહ, મહેસાણા	૧૦
	એસ. જી. સુકલ કન્યા વિદ્યાલય, મહેસાણા	૧૨
	અર્બન વિદ્યાલય મોઢેરા હાઈ., મહેસાણા યુ ૧	૧૫
	અર્બન વિદ્યાલય મોઢેરા હાઈ., મહેસાણા યુ ૨	૧૫
	શબરી વિદ્યાવિહાર, નાગલપુર	૧૨

INDEX

	કડી	બ્લોકની સંખ્યા
રૂટ નં. ૧૩	વી. આર. કર્વે. હાઈ. મહેસાણા	૧૨
	અર્બન ગર્લ્સ હાઈ. મહેસાણા	૧૫
	ટી જે. હાઈ. મહેસાણા	૧૦
	વિવેકાનંદ એક્સ., મહેસાણા	૧૦
	ઉમા સ્કૂલ ઓફ સાયન્સ, મહેસાણા	૧૦
રૂટ નં. ૧૪	સાર્વજનિક વિદ્યાલય, આંબલિયાસણ	૨૦
	એમ. સી.પી. ગાયત્રી વિદ્યાલય, મહેસાણા.	૮
	કુલ	૭૯૩

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

રમેશ મેરજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

નમુના નં. ૪

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયનો.

નંબર મકડ/પીઓએલ/વશી-૮૮૬ થી ૮૯૨/૨૦૧૫.– મને જાણવા/બતાવવામાં આવેલ છે કે, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા નાયબ સેક્શન અધિકારી-નાયબ મામલતદાર વર્ગ-૩ની જગ્યા પર સીધી ભરતી કરવા માટે જાહેરાત ક્રમાંક : ૫૧/૨૦૧૪-૧૫ આપવામાં આવેલ છે. આ જાહેરાત સંબંધમાં અત્રેના જિલ્લામાં તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ નાયબ સેક્શન અધિકારી/નાયબ મામલતદાર વર્ગ-૩ સંવર્ગની જગ્યા પર સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા યોજવામાં આવનાર છે.

આહવા ખાતે

૧. એકલવ્ય રેસીડેન્સીયલ મોડેલ હાઈસ્કુલ, આહવા

૨. સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવા

૩. સરકારી માધ્યમિક શાળા, (A), આહવા

૪. સરકારી માધ્યમિક શાળા (B), આહવા

૫. દિપદર્શન માધ્યમિક શાળા, આહવા

ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રોના ચારે તરફ ૧૦૦ મીટરના વિસ્તારમાં મોબાઈલ લઈ જવા / ઉપયોગ કરવા, કેલ્ક્યુલેટર લઈ જવા / ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા આહવા ખાતે આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ બંધ રાખવા પર પ્રતિબંધ મૂકવા તેમજ પરીક્ષાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તે જરૂરી અને ઈષ્ટ જણાતું હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા પુરતું કારણ હોવાનો અભિપ્રાય છે.

તેથી, હું, જે. આર. ડોડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ આયોગ દ્વારા નાયબ સેક્શન અધિકારી-નાયબ મામલતદાર વર્ગ-૩ની જગ્યા પર સીધી ભરતી માટે જાહેરાત ક્રમાંક : ૫૧/૨૦૧૪-૧૫ આપવામાં આવેલ છે. આમ, નાયબ સેક્શન અધિકારી/નાયબ મામલતદાર વર્ગ-૩ સંવર્ગની જગ્યા પર સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ યોજાનાર હોય, ડાંગ જિલ્લામાં ઉપર મુજબના જણાવેલ કેન્દ્રોમાં પરીક્ષા સમય દરમ્યાન ચારે તરફ ૧૦૦ મીટરના વિસ્તારમાં મોબાઈલ લઈ જવા / ઉપયોગ કરવા, કેલ્ક્યુલેટર લઈ જવા / ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવા તથા આહવા ખાતે આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા પર પ્રતિબંધ મૂકવા તેમજ નીચેની વિગતે પ્રતિબંધ મૂકવા હુકમ કરૂં છું.

(૧) સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

(૨) જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સૂત્રો પોકારવા નહીં.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહીં.

(૪) મોબાઈલ ફોન સાથે રાખવો નહીં કે તેનો ઉપયોગ કરવો નહીં.

(૫) ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા નહીં.

વધુમાં આદેશ કરૂં છું કે, ઉપર જણાવેલ પ્રતિબંધો જે માણસો સરકારી નોકરીની કામગીરીમાં રોકાયેલ હશે તેમને તેમજ પ્રતિબંધિત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં જતાં ઈસમોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જે. આર. ડોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણાના તારીખ ૧/૦૪/૧૫ના પત્ર ક્રમાંક:અષણ/૦૧/ગ/૨૭/૨૦૧૫થી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંકઃ ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૧૩/૨૦૧૫, તા. ૮/૪/૨૦૧૫થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ હોદ્દોદારોને BY-RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૩૧/૨૦૧૫.– ધી શિવ-શક્તિ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. ઉંઝા, તા. ઉંઝા, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંકઃ ધ-૧૦૧૦૧ તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૮૨ છે (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-(૧)માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, સ.મં., મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧)માં મોકલેલ વિગતે તા. ૧લી એપ્રિલ, ૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫થી BY RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.(૧) થી (૭)માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રુબરુ રજુઆત માટે મંડળીના હોદ્દેદારોને હાજર રહેલ નથી અને કોઈ પ્રત્યુત્તર આપેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડિટ વર્ગ-ક છે, અને છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીની વ્ય.કમિટિની બેઠકો દર માસે એક વખત વ્ય.કમિટી બેઠક બોલાવવી ફરજીયાત હોવા છતાં, ઓડીટ સમયમાં વ્ય.કમિટિની એકપણ બેઠક મળેલ નથી. આમ, કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી.

(૩) પેટા નિયમ-૩૭ મુજબ વાર્ષિક સાધારણ સભા તપાસણી સમયમાં ભરવામાં આવેલ નથી.

(૪) સોસાયટીનું દફતર/સિલક સંભાળતા પ્રમુખશ્રીના યોગ્ય રકમનાં જામીન મેળવવા અંગે સુચના આપવા છતાં, સુચનાનો કોઈ અમલ કરવામાં આવતો નથી.

(૫) મંડળી દ્વારા અગત્યનાં રજીસ્ટરો જેવા કે શેર, મકાન, પ્લોટ, ટ્રાન્સફર, રજીસ્ટર, શેર ખાતાવહી અને એજન્ડા બુકના રજીસ્ટરો નિભાવવામાં આવેલ નથી.

(૬) મંડળીએ પેટાનિયમના ઉદ્દેશો મુજબની કામગીરી અગાઉ પૂર્ણ કરેલ છે.

(૭) માન. રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગરના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૦૮ના પરિપત્ર અન્વયે સોસાયટીના સભાસદોના મકાનોનું સરકાર માન્ય આર્કીટેક દ્વારા સ્ટ્રકચરલ ઓડિટ કરાવવુ ફરજીયાત હોઈ, આગામી સાધારણ સભામાં મંજુરી મેળવી મંડળીના પેટા નિયમમાં જરૂરી સુધારો કરાવી અમલ કરવાની સુચનાનો અમલ કરવામાં આવેલ નથી.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર હાજર ન રહી મંડળીને ફડચામાં લઈ જવા જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી મુનાસિફ હોવાથી પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

વચગાળાનો આદેશ

ધી શિવ-શક્તિ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. મહેસાણા, તા. જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી ક્રમાંકઃ ધ-૧૦૧૦૧ તારીખ ૩૦મી ઓગષ્ટ ૧૯૮૨ થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧)ના ખંડ ક, ગ, (૨), (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ.એસ.પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય તો હુકમ નિકળ્યા તારીખ થી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૯મી મે, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, (ન.જ.૧) સહકારી મંડળીઓ, મહેસાણાના તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક:અષણ/૦૧/ક/૫૮/૨૦૧૫થી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

INDEX

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંકઃ ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૧૧/૨૦૧૫, તા. ૮/૪/૨૦૧૫થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ હોદ્દેદારેને BY-RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૩૨/૨૦૧૫.– ધી હર્ષ-પાર્ક કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. મહેસાણા, તા. જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંકઃ ધ-૧૦૬૦૭, તા. ૧૭મી માર્ચ, ૧૯૮૩ છે (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-(૧)માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, (ન. ૪-૧) સ.મં., મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તારીખ ૪થી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧) માં મોકલેલ વિગતે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદેદારોને તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫થી BY RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.(૧) થી (૧૨)માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદેદારોને થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રુબરુ રજુઆત માટે મંડળીના હોદેદારોને હાજર રહેલ નથી અને કોઈ પ્રત્યુત્તર આપેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) ઓડીટ સમય દરમ્યાન છેલ્લા ચાર વર્ષથી વ્યવસ્થાપક કમીટીની બેઠક મળેલ નથી, કે એકપણ વ્ય.કમીટીની સભા બોલાવેલ નથી. પેટાનિયમનો ભંગ કર્યાનું ફલિત થાય છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષથી સંસ્થાએ વાર્ષિક સાધારણ સભા ભરવામાં આવેલ નથી. સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૩) મંડળીએ છેલ્લા ચાર વર્ષથી ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી, સ.કા. ની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૪) મંડળીનો છેલ્લો ઓડીટ વર્ગ ''ડ'' આપેલ છે. સંસ્થામાં ₹ ૨૬૯૬૧૬-૩૭ ખોટ બોલે છે.

(૫) મંડળીમાં વ્ય.કમીટીની મીટીંગ કે વા. સાધારણની મીટીંગ મળતી ન હોઈ મંડળીના તમામ સભાસદોને મંડળીનો વહીવટ કામગીરી કરવામાં બીલકુલ રસ નથી, જે ફલીત થાય છે.

(૬) સંસ્થામાં કુલ ૨૮ સભાસદો છે. જેમાંથી ૫૦ ટકા સભાસદોએ મકાન વેચી, ભાડે આપી ચાલ્યા ગયા છે અને આ બાબતે સોસાયટીને કોઈ જાણ થયેલ નથી. સોસાયટીના મુળ માલિકો રહેતા ન હોઈ સોસાયટી ચલાવવા બાબતે બીજા સભાસદોને રસ નથી કે ભાડા તરીકે ભાડુઆતો પાસેથી ૧૦% રકમ પણ વસુલ થતી નથી કે વેચાણ કરી બીજા સભ્યો રહેવા આવેલ છે, તેના નામ પણ સોસાયટીના દફતરે દાખલ કરેલ નથી આ બાબતે કોઈને મંડળી ચલાવવામાં રસ નથી.

(૭) મંડળીના સભ્યોએ અગાઉ ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસિંગ ફાયનાન્સ કોર્પો. લિ., અમદાવાદ પાસેથી લોન મેળવેલ છે, જે લોન ભરપાઈ ન થતાં હાઉસીંગ ફાયનાન્સે લોન વસુલાત માટે સખતાઈ કરવાથી તથા દાવાની કાર્યવાહી કરવાથી સભ્યોએ મંડળી દ્વારા નહિં, પરંતુ બારોબાર હાઉસીંગ ફાયનાન્સમાં લોનો ભરપાઈ કરેલ હોવાથી મંડળીના રેકર્ડે જમા નહિ લેવાના કારણે હાઉસીંગ ફાયનાન્સના લોન ખાતે સરવૈયામાં બાકી બોલે છે અને કેટલાક સભ્યોની વસુલાત બાકી છે, જેનું મેળવણુ પણ કરવામાં આવેલ નથી કે સોસાયટીના કોઈ સભ્યોને આ બાબતે રસ નથી.

(૮) મંડળીને ચલાવવા માટે કોઈ વહીવટી ફાળો ઉઘરાવવામાં આવતો નથી. મંડળીને ચલાવવા કોઈ સભ્યો ઉત્સાહી નથી, આમ મંડળીની વ્ય.કમીટી પણ મળતી નથી. વ્ય.કમીટી પોતાની ફરજો બજાવવામાં સતત નિષ્ફળ ગયેલ છે.

(૯) મંડળીમાં સભાસદોની વ્યક્તિગત, લોન ખાતાવહી નિભાવેલ નથી. સભાસદોની બાકી રકમ/ચઢત હપ્તાની સંખ્યા અને વ્યાજની રકમ બાબતે વિગતો સ્પષ્ટ થયેલ નથી. સસ્પેન્સ એકાઉન્ટ મૂડી ખાતે ₹ ૬૮૧૯૦/- બાકી છે. જે કોના બાકી છે, તેની ચકાસણી થયેલ નથી. અને તે અંગેની વિગતો ઓડીટમાં રજુ થયેલ નથી.

(૧૦) મંડળી ચલાવવામાં કોઈ વ્ય.કમીટી કે મંત્રીશ્રીને રસ ન હોઈ, સરકારી ઓડીટ પણ કરાવવામાં વિલંબ કરે છે, ત્રણ ચાર વર્ષથી ઓડીટ કરવાનું બાકી છતાં ઓડીટ કરાવતાં નથી અને સરકારી ઓડીટ કરાવવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે. જેથી સંસ્થાને વહેલી તકે ફડચામાં લઈ જવી યોગ્ય છે.

(૧૧) મંડળીને સહકારી કાયદાની કલમ-૮૧ અને કલમ-૧૦૭ અન્વયે અગાઉ વહીવટદાર/ફડચામાં લઈ જવાની કાર્યવાહી થયેલ છે. સંસ્થાની રજુઆતો સાંભળીને ઘણી તકો આપેલ છે, તેમ છતાં મંડળીમાં આજદિન સુધી કોઈ સુધારો થયેલ નથી.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર હાજર ન રહી મંડળીને ફડચામાં લઈ જવા જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી મુનાસિફ હોવાથી પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

વચગાળાનો આદેશ

ધી હર્ષ-પાર્ક કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. મહેસાણા, તા. જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧

આધિન જેનો નોંધણી ક્રમાંકઃ ધ-૧૬૧૬, તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૬૬ થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧)ના ખંડ ક, ગ, (૨), (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એસ. આર.પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય તો હુકમ નિકળ્યા તારીખ થી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૯મી મે, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા) મહેસાણા.

વંચાણે લીધાં :–

(૧) ધી રાણીપોરડા ગૃહ નિર્માણ વસાહત સહકારી મંડળી લી., મુ. પો. રાણી પોરડા, તા. ઠાસરાના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૭/૮/૨૦૧૪નો પત્ર નં. ફડચ/૦૧/૪૬/૨૦૧૪.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨)ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંકઃ જીએચકે-૫૧-૨૦૦૫-એન.એસ.બી-૧૨-૨૦૦૨-૩૦૧૧-સીએચ. તા. ૨૧/૭/૨૦૧૧

હુકમ

જા. નં. નધણ/૦૧/ખ-૨/૨૩૮/૨૦૧૫.– ધી રાણીપોરડા ગૃહ નિર્માણ વસાહત સહકારી મંડળી લી. મુ. પો. રાણીપોરડા, તા. ઠાસરા, જિ. ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર ઘ-૧૨૭૯૫ તા. ૮/૧/૧૯૯૩થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નં. ઉખસ/ક.જ./ફડચા/ગ-૨/૧૭૫૨/૨૦૦૬ તારીખ ૨૬મી જૂન, ૨૦૦૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીને નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવે છે. એમ ગણાશે. તથા હાલ ફડચા અધિકારીશ્રીએ ડીડ ઓફ એસાઈમેન્ટ કરી આપેલ રકમોની વસુલાત કરવાના અધિકાર જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ (વિ.જા.) નડીયાદ, જિ. ખેડાને આપવામાં આવે છે.

નડિયાદ, તારીખ ૨જી જૂન, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હા),
સહકારી મંડળીઓ, નડીયાદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (કો)૮૬૮૯ સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સીમર્સ કો.ઓપ. કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી. મુ. ઓકાફ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૬૯૦ સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી કલ્હાર ગ્રીન્સ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. નરોડા, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૯મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૬૯૧ સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વૃંદાવન પામ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૯મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૬૯૨ સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ઈશ્વર રેસીડન્સી કો.ઓપ. હાઉસીંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી. મુ. વટવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૯મી મે ૨૦૧૫.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૬૯૩ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી કેશવ ગેલેક્ષી કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૯મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૬૯૪ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી બાલમુકુન્દ ગ્રીન્સ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૯મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૬૯૫ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી નીલકંઠ રીવરવ્યુ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. શાહીબાગ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૯મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૬૯૬ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સંગાથ સીલ્વર જી બ્લોક કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. મોટરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૯મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (કો)૮૬૯૭ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી મારૂતી એસ્ટેટ (ઓઢવ) કો.ઓપ. કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી. મુ. ઓઢવ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૬૯૮ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી દેવનંદન સુપ્રીમસ કોમર્શિયલ એન્ડ હાઉસીંગ કો.ઓપ. સર્વિસ સોસાયટી લી. મુ. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૬૯૯ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી દેવનંદન પાર્ક કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/(ભં)૫૫૪૬ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી મહાવીર મિત્ર મંડળ ગ્રાહક સહકારી ભંડાર લી., વિભાગ-૧, સ્થળ મુ. ચાંદલોડિયા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી મે ૨૦૧૫.

INDEX

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/ભં-૫૫૪૭ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી મહાવીર મિત્ર મંડળ ગ્રાહક સહકારી ભંડાર લી., વિભાગ-૨, સ્થળ મુ. ઘાટલોડિયા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લો અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી મે ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર)
અમદાવાદ.

ક્રમાંક- નધણ/ટીએપીઆઈ/‘‘સે’’(દુ)-૪૩૬૮૫/૧૧૬૮/સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી શીવપુર દૂધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લી., મુ. પો. વેલદા, તા. નિઝર, જિ. તાપી (વ્યારા)ને.

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વ્યારા, તારીખ ૨૫મી મે ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, તાપી,
(વ્યારા)

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- ઉ/૧૫૭૭૧/૨૦૧૫.—આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા જાહેર કરે છે કે, ધી જય સોમનાથ બ્રીક્સ ઔદ્યોગીક ઉત્પાદક સહકારી મંડળી લી., ગુંદી, તા. ઘોઘંબા, જિ. પંચમહાલની.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવેલ છે.

ગોધરા, તારીખ ૨૬મી મે ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સ.મં., જિ. પં. ગોધરા.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- ઉ/૬૯૮૮/૨૦૧૫.—આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત મહીસાગર લુણાવાડા જાહેર કરે છે કે ધી ઓમકાર રેષા ઔદ્યોગીક ઉત્પાદક સહકારી મંડળી લી., ખાનપુર, તા. ખાનપુર, જિ. મહીસાગરની.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૨૬મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- ઉ/૬૯૮૯/૨૦૧૫.—આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત મહીસાગર લુણાવાડા જાહેર કરે છે કે, ધી મહાશકિત મહીલા આદિવાસી ઔદ્યોગીક ઉત્પાદક સહકારી મંડળી લી., ગામડી, તા. સંતરામપુર, જિ. મહીસાગરની.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૨૬મી મે ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- ઉ/૬૯૯૦/૨૦૧૫.—આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત મહીસાગર લુણાવાડા જાહેર કરે છે કે, ધી શિવશકિત ઔદ્યોગીક ઉત્પાદક સહકારી મંડળી લી., ગામડી, તા. સંતરામપુર, જિ. મહીસાગરની.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૨૬મી મે ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ. પં. મહીસાગર,
લુણાવાડા.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અધિકારીશ્રી, અંબિકાનગર કો.ઓપ.હાઉસીંગ સોસાયટી, મુ. ચાણસોલ, તા. ખેરાલુ અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સં.મં.મહેસાણાના પત્રથી સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર સદર મંડળીની નોંધણી રદ કરવા માટેની રજુ થયેલ દરખાસ્ત.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૩) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

હુકમ

હું, નીચે સહી કરનાર કુ. જે. સી. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, આમુખ-૩ અને આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ શ્રી વિજય નગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. ચીખલી, તા, ચીખલી, જિ. નવસારીને નીચેની શરતોને આધીન પુનઃ જીવિત કરવાનો હુકમ કરૂં છું.

શરતો :

(૧) મંડળીનું સરવૈયું પુનઃ જીવિત દરખાસ્ત સાથે રજુ થયા મુજબ યથાવત રહેશે. તેમાં દેવા કે લેણાંની રકમમાં કોઈ ફેરફાર કે વધઘટ કરવામાં આવતાં નથી.

(૨) મંડળીના પેટાનિયમોમાં કોઈ સુધારા-વધારા કે ફેરફાર હાલ કરવામાં આવતા નથી.

(૩) મંડળીને પુનઃ જીવિત માટેની કરવામાં આવેલ દરખાસ્તની વિગતે તથા તે સહ રજૂ થયેલ ઠરાવ નં. ૨ની વિગતોનું ચુસ્તપણે પાલન કરી મંડળીને અર્થક્ષમ બનાવવાની રહેશે.

INDEX

(૪) મંડળીના પેટા-નિયમના ઉદેશો મુજબની કામગીરી તાકીદે હાથ ધરવાની રહેશે અને દર માસે અહેવાલ અત્રેની કચેરીને મોકલવાનો રહેશે.

(૫) મંડળીના સ્વકીય ભંડોળમાં તરત જ વધારો કરવાનો રહેશે અને ત્યારબાદ ઉત્તરોત્તર વધારો થાય આયોજન કરી પ્રયત્નો હાથ ધરવાનો રહેશે.

(૬) સરકારી/અર્ધસરકારી કચેરીઓની બાકી રકમો પ્રથમ ચુકવી આપવાની રહેશે.

(૭) ખાસ સાધારણ સભા તારીખ ૧૮મી મે, ૨૦૧૫ના ઠરાવ નં. ૨ની વિગતો જણાવવામાં આવેલ સમિતિના સભ્યોએ હાલ મંડળીના કાર્યકારી સમિતિ તરીકે કામગીરી હાથ ધરવાની રહેશે.

(૮) ઉપરોક્ત કાર્યકારી સમિતિના સભ્યોએ તેઓમાંથી હાલ હંગામી રીતે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવાની રહેશે.

(૯) ઉપરોક્ત કાર્યકારી સમિતિએ સહકારી કાયદો તેના નિયમો તથા મંડળીના પેટા-નિયમોને આધીન ત્વરિત વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણીની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૦) મંડળીની તમામ મિલકતમાં કોઇપણ ઘટાડો કરવાનો રહેશે નહીં.

(૧૧) મંડળીનો પ્રગતિ અહેવાલ દર માસે મોકલવાનો રહેશે.

વલસાડ, તારીખ ૩૦મી મે, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સે(શ)-૪૩૦૧૩/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શિવશક્તિ કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી., સ્થળ આરસોડીયા, તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૪થી જૂન, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ઉ/૧૪૪૦૬/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, શ્રી વહાણવટી અનાજ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મુ. પો. પોરડા, તા. પેટલાદ, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૦મી મે, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ઉ/૧૪૪૦૭/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, ન્યુ જબરેશ્વર અનાજ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મુ. પો. નગરા, તા. ખંભાત, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૮મી જૂન, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક : એ.એન.ડી./ખે/૫૫૧૫/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, ન્યુ ક્રિશ્ના ગોપાલક સહકારી મંડળી લી., મુ. પો. નગરા, તા. ખંભાત, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૮મી જૂન, ૨૦૧૫.

આર. એસ. ડાભી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, આણંદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. નધણ/કેડીએ/"ઉ(મ)"/૧૩૩૮૦/ડોકેટ/૧૩૪૩/સને ૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, ગળતેશ્વર તાલુકા વણઝારા સમાજ મજુર કામદાર સહકારી મંડળી લી., મુ.પો. પાલી (સેવાલીયા), મર્યાદિત સ્થળ સમગ્ર ગળતેશ્વર, તા. ગળતેશ્વર, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ન.જ.૪), મહેસાણાના તારીખ ૧લી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૧૮/૨૦૧૫ થી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) ધી આકાશગંગા એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., કડીનો વાર્ષિક સાધારણ સભાનો તારીખ ૨૩મી જૂન, ૨૦૧૨, ઠરાવ નંબર-૮.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ધ-૨ / ૩૬૬ / ૩૭૧૯ / ૨૦૧૫.–ધી આકાશગંગા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. કડી, તા. કડી, જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક ધ-૧૬૫૧૨, તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૬ છે. (જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોકત આમુખ-(૧)માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડિટ ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ન.જ.૪), મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તારીખ ૧૨મી મે, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતા, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તારીખ ૧લી જૂન, ૨૦૧૫ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. સદર મંડળીની વાર્ષિક સાધારણ સભાના તારીખ ૨૩મી જૂન, ૨૦૧૨ના ઠરાવ નંબર-૮ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવ કરેલ હોઈ, સદર મંડળીને ફડચામાં લઈ જવી જરૂરી હોઈ, મંડળીને ફડચામાં લઈ જવા માટેનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

(૧) મંડળીએ છેલ્લા ચાર વર્ષના ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૨) માન. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૦૮ના પરિપત્ર અન્વયે સોસાયટીના સભાસદોના મકાનનું સરકાર માન્ય આર્કિટેક દ્વારા સ્ટ્રક્ચરલ ઓડીટ કરાવવું ફરજિયાત હોવા છતાં મંડળીએ આ અંગે પેટા-નિયમમાં જરૂરી સુધારો કરાવી અમલ કરેલ નથી. જેથી મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી.

(૩) સોસાયટીએ તેના પેટા-નિયમોમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી અગાઉના વર્ષોમાં પૂર્ણ કરેલ છે. જેથી સોસાયટીના ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી બાકી નથી.

(૪) મંડળીના ઉદ્દેશો મુજબની કામરીગી પૂર્ણ થઈ ગયેલ હોઈ, મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે.

(૫) મંડળીએ નામ. સરકારશ્રીનું કે અન્ય બેંક કે સંસ્થાનું કોઈ પણ લેણું ચુકવવાનું બાકી નથી.

(૬) મંડળીમાં તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ અંતિત એકત્રિત ખોટ ₹ ૪૬,૯૮૨-૨૮ છે. જે ખોટ નિવારવા મંડળીએ કોઈ નક્કર કાર્યવાહી કરેલ નથી.

આમ, સદર મંડળીના પેટા-નિયમ મુજબની કામગીરી પૂર્ણ થઈ ગયેલ હોઈ, તેમજ સદરહુ સોસાયટીનું કોઈપણ બેન્કનું લેણું બાકી ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવેલ છે. મંડળીને ફડચામાં લઈ જવી મુનાસિફ હોવાથી પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

વચગાળાનો આદેશ

ધી આકાશગંગા એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. કડી, તા. કડી, જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી ક્રમાંક ધ-૧૬૫૧૨, તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૬ થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ-ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોકત વચગાળાના હુકમ સામે આપને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા),
મહેસાણા.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નંબર : ડી.એન.જી./ઉ-૧૬૧૫૫/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી વડપાડા વન વિકાસ સહકારી મંડળી લી., સ્થળ વડપાડા, તાલુકો સુબીર, જિલ્લા ડાંગને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

આહવા, તારીખ ૫મી મે, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ-આહવા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. સે/પીટીએન/૪૩૬૧૬/૨૦૧૫.—આથી જાહેર કરે છે શ્રી ઉર્જા કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ. પાટણ, તાલુકો-પાટણ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૭મી મે, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (કો)૮૭૦૫ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આર્યન ઈન્ડસ્ટ્રીયલ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી. મુ. ગોતા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લો:- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧લી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૦૬ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સ્પંદન કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. ચાંદખેડા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લો:- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૦૭ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી નિર્ગુણ હોમ્સ કો. ઓપરેટીવ હાઉસીંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી. મુ. વટવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો:- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૦૮ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સાગર સંગીત હોમ્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ:- સોલા, તા. અમદાવાદ શહેર (પશ્ચિમ) જિલ્લો:- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૦૯ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સાગર સંગીત હાઈટ્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ:- સોલા, તા. અમદાવાદ શહેર (પશ્ચિમ) જિલ્લો:- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૧૦ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સત્વ-૪ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. હંસપુરા, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લો:- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૧૧ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શ્યામ સેરીનીટી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. મોટેરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લોઃ- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (કો)૮૭૧૨ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ગજાનન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., સ્થળઃ વટવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લોઃ- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૧૩ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ક્રિષ્નાવિલા બંગલોઝ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. લાંભા, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લોઃ- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૧૪ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી નિસર્ગ ડ્રીમ્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. શીલજ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લોઃ- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૧૫ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી જય કેશવપ્રિય કો. ઓપરેટીવ હાઉસીંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી., સ્થળઃ- વસ્ત્રાલ, તા. અમદાવાદ શહેર (પૂર્વ) જિલ્લોઃ- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (કો)૮૭૧૬ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અશ્વમેઘ એલીગન્સ-૨ કોમર્શિયલ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મુ. છદાવડ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લોઃ- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૧૭ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી રેનેસા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. ગુલબાઈ ટેકરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લોઃ- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૧૮ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી રઘુલીલા શોપ્સ એન્ડ હાઉસીંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મુ. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિલ્લોઃ- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૧૯ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ક્લાસીક ક્યુ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. મોટેરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લોઃ- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એએચએમ/સા (હા)૮૭૨૦ સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શુકન-૬ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. સોલા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિલ્લો:- અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી જૂન, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૨-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંક : ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય ગાંધીનગરના હુકમ ક્રમાંક : ખસમ/૨/ક/૩૯૬૫, તારીખ ૮-૬-૧૯૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૮-૪-૨૦૧૫.

(૫) અત્રેની કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ ગ-૩/૧૮૭, તારીખ ૨૧-૪-૨૦૧૫.

(૬) અત્રેની કચેરીના તા. .... ના પત્રો.

(૭) મંડળીની તા. .... ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. : ફડચ/૦૧/ગ-૩/૨૮૭/૨૦૧૫.—ધી સોકલી ગૃપ સહકારી જીનીંગ પ્રેસિંગ એન્ડ કોટન સેલ કો. ઓપ. સો. લી., મું. સોકલી, તા. વિરમગામ, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૨૯૮૩, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૭ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૧૮૭, તા. ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ થી આટોપી લેવા આદેશ સામે મંડળીએ કોઈ વાંધો વિરોધ કે રજૂઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજૂ થયેલ નથી. આમ છતાં મંડળીએ સંદર્ભ-૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજૂઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજૂ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને પૂરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ કે રજૂઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉક્ત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, આઈ. એમ. પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, મને મળેલ સત્તાની રૂએ ધી સોકલી ગૃપ સહકારી જીનીંગ એન્ડ પ્રેસીંગ એન્ડ કોટન સેલ કો. ઓપ. સો. લી., મું. સોકલી, તા. વિરમગામ, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૨૯૮૩, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૭ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તારીખ ૫મી જૂન, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) ઝારોલા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મુ. ઝારોલા, તા. બોરસદ, જિ. આણંદને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા અંગેનો ઓડીટર ગ્રેડ-૨ સ. મં. આણંદનો તારીખ ૧૨-૫-૨૦૧૪ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નં. : ફડચ/૦૧/ખ-૧/૮૪/૨૦૧૫, તારીખ ૯-૪-૨૦૧૫ ના રોજ પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના જા. નં. : ફડચ/૦૧/ખ-૧/૮૭/૨૦૧૫, તારીખ ૧૭-૪-૨૦૧૫ ના રોજ પાઠવેલ વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૫) ગુજરાત સહકાર મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તા. ૬-૮-૨૦૧૧નું જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/જ-૧/૧૨૭/૨૦૧૫.—ઝારોલા પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મુ. ઝારોલા, તા. બોરસદ, જિ. આણંદને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ ધિરાણ સહકારી મંડળી છે. આમુખ-૧ થી વંચાણે લીધેલ ઓડીટર ગ્રેડ-૨ સ.મં. આણંદના

INDEX

ખાસ અહેવાલમાં જણાવ્યા અનુસાર (૧) મંડળીના પેટાનિયમના મુખ્ય ઉદેશ મુજબની સભાસદોની બચત થાપણો એકત્ર કરી જરૂરિયાતવાળા સભાસદોને ધિરાણ-વસુલાત કરવાની કામગીરી કરેલ નથી. મંડળી સ્થગિત અવસ્થામાં છે. (૨) મંડળીએ ઓડીટ સમય દરમ્યાન વ્ય. ક. સભ્યોની એકપણ મીટીંગ બોલાવેલ નથી. કમિટી તદન નિષ્ક્રિય છે. (૩) મંડળીએ છેલ્લી વાર્ષિક સાધારણ સભા તારીખ ૩૦-૬-૨૦૧૦ ના રોજ બોલાવેલ છે ત્યારબાદ વા. સા. સભા બોલાવેલ નથી. (૪) મંડળીના પાછલા ઓડીટ નોંધની ખામીઓ/સુચનોનો અમલ તથા દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ કરેલ નથી. (૫) મંડળીના વ્ય.ક. સભ્યોની યાદી જોતાં શ્રી ચંદુભાઇ જેસંગભાઇ પટેલ (ચેરમેન) તેમજ શ્રી મુકેશભાઇ રાવજીભાઇ પટેલ (વ્ય. ક. સભ્ય) મરણ પામેલ છે. તથા શ્રી હર્ષદભાઇ રાવજીભાઇ પટેલ (વા. ચેરમેન) વિદેશ ગયેલ છે છતાં પેટાનિયમની જોગવાઇ મુજબ વ્ય. કમીટીના નવરચના બાબતે ઘટતી કાર્યવાહી કરેલ નથી. (૬) મંડળીનું મુદતવિતી ધિરાણબાકી ૩૧ સભાસદો પાસે ₹ ૧૯,૦૭,૧૩૯/- નું છે. જેના ઉપર તારીખ ૧-૪-૨૦૦૯ થી વ્યાજ ગણવાનું બાકી છે. આ તમામ સામે લવાદી રાહે કાર્યવાહી કરી, હુકમનામા મેળવી કાયદાકીય રીતે વસુલાત કરવા અંગેની કોઇ કાર્યવાહી વ્ય. કમીટીએ કરેલ નથી. (૭) મંડળીનો આટીડ વર્ગ 'ડ' છે.

અત્રેથી મંડળીના હોદ્દેદારોને આમુખ-૨માં જણાવેલ પાઠવી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી જે અન્વયે મંડળીના ત્રણ કમીટી સભ્યોની સહી સહિતનું મંડળીના લેટરપેડ ઉપર લેખિત નિવેદન રજુ કરેલ જેમાં અત્રેની નોટીસના મુદ્દાઓ સાથે સહમતી દર્શાવી મંડળીને ફડચામાં લઇ જવામાં આવે તો કોઇ વાંધો નથી તેમ જણાવેલ જેથી આમુખ-૩ મુજબ મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો હુકમ પાઠવેલ હતો. વચગાળાના હુકમ બાદ મંડળીના હોદ્દેદારોએ કોઇ રજુઆત નહી કરતા મંડળીને આમુખ-૪ ની જોગવાઇઓ હેઠળ ફડચામાં લઇ જવા જરૂરી જણાયું હોઇ આમુખ-૫ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ, મને મળેલ સત્તાની રૂએ ધી ઝારોલા પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મુ. પો. ઝારોલા, તા. બોરસદ, જિ. આણંદ, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઇ જવા અંગેનો આખરી હુકમ કરૂ છું અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે કલમ-૧૦૮ અન્વયે શ્રી પી. પી. માંડલ, સહકારી અધિકારી, ગ્રેડ-૨ (ફડચો) લગત સદર કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેમજ ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવાનું રહેશે.

આણંદ, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અહિમા વૃક્ષ ઉછેરક સહકારી મંડળી લી. મુ. અહિમા, તા. ઉમરેઠ, જિ. આણંદને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા અંગેનો ઓડીટર ગ્રેડ-૨ સ. મં. આણંદનો તારીખ ૨-૨-૨૦૧૫ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નં. : ફડચ/૦૧/ખ-૧/૩૩/૨૦૧૫, તારીખ ૧૨-૨-૨૦૧૫ ના રોજ પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના જા. નં. : ફડચ/૦૧/ખ-૧/૭૧/૨૦૧૫, તારીખ ૩૧-૩-૨૦૧૫ ના રોજ પાઠવેલ વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તા. ૬-૮-૨૦૧૧નું જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/જ-૧/૧૨૮/૨૦૧૫.—અહિમા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. મુ. અહિમા, તા. ઉમરેઠ, જિ. આણંદને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. સે. ૨૬૦૩૫, તારીખ ૨૬-૧૧-૧૯૯૨ થી નોંધાયેલ સેવા સહકારી મંડળી છે. આમુખ-૧ થી વંચાણે લીધેલ ઓડીટર ગ્રેડ-૨ સ.મં. આણંદનો તારીખ ૨-૨-૨૦૧૫ના ખાસ અહેવાલમાં જણાવ્યા અનુસાર (૧) મંડળી પેટાનિયમ અનુસાર કોઇ પ્રવૃતિ કરતી નથી. મંડળી ઘણા સમયથી સ્થગિત અવસ્થામાં છે. (૨) ઓડીટ સમય દરમ્યાન વ્ય. કમિટીની ફકત બે વાર બેઠકો મળેલ છે તથા છેલ્લી બેઠક સને-૨૦૧૧/૧૨ માં મળેલ છે ત્યારબાદ આજદિન સુધી કોઇ બેઠક મળેલ નથી. (૩) મંડળીએ છેલ્લાં ઘણાં વર્ષોથી ઓડીટ દુરસ્તી કરેલ નથી. (૪) મંડળીના વ્યય ક. સભ્યોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. (૫) મંડળી છેલ્લા ઘણાં વર્ષથી 'ડ' વર્ગમાં છે.

અત્રેથી મંડળીના હોદ્દેદારોને આમુખ-૨માં જણાવેલ પાઠવી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી છતાં મંડળીના કોઇપણ હોદ્દેદારો અત્રેની કચેરીએ હાજર રહેલ નથી તથા આમુખ-૩ મુજબ મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો હુકમ પાઠવેલ હતો. વચગાળાના હુકમ બાદ મંડળીના હોદ્દેદારોએ કોઇ રજુઆત કરેલ ન હોઈ મંડળીને આમુખ-૪ ની જોગવાઇઓ હેઠળ ફડચામાં લઇ જવા જરૂરી જણાયું હોઇ આમુખ-૫ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ, મને મળેલ સત્તાની રૂએ અહિમા વૃક્ષ ઉછેરક સહકારી મંડળી લી. મુ. અહિમા, તા. ઉમરેઠ, જિ. આણંદ, નોંધણી નં. સે. ૨૬૦૩૫, તારીખ ૨૬-૧૧-૧૯૯૨ ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઇ જવા અંગેનો આખરી હુકમ કરૂ છું અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે કલમ-૧૦૮ અન્વયે શ્રી આર. આર. મહિડા, મદદનીશ સહકારી અધિકારી, લગત સદર કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેમજ ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવાનું રહેશે.

આણંદ, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

INDEX

નંબર સે/PTN/૪૩૬૧૫/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી જયહરિ કો. ઓપ. ક્રેડીટ સો. લી., મુ. પાટણ, તા. પાટણ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૭મી મે, ૨૦૧૫.

નંબર સે/PTN/૪૩૬૧૭/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી કનસડા દરવાજા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પાટણ, તા. પાટણ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૫મી જૂન, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

ક્રમાંક : ઉખસ/નધણ/એસઆરટી/સા.(હા) ૮૯૨૩/ઝ/૭/૧૨૨૩/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી શંકરનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી. ઠે. શંકરનગર, પાલનપુર પાટીયા, રાંદેર રોડ ટી.પી. સ્કીમ નં. ૧૪, (રાંદેર), સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ) સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા.૯૩૨૮/૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શ્લોક એક્ઝોટીકા કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. બોપલ, તા. દશક્રોઇ, જિ. અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી જૂન, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હા.),
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નંબર ડીએનજી/સે.દુ. ૩૮૦૪૫/૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ. સ. ઉખાટિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ઉખાટિયા, તા. આહવા, જિ. ડાંગને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

આહવા, તારીખ ૨જી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નંબર ડીએનજી/ઉ. ૧૬૧૫૬/૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઘાણીઆંબા વન વિકાસ સહકારી લી., મુ. ઘાણીઆંબા, તા. સુબીર, જિ. ડાંગ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

આહવા, તારીખ ૮મી જૂન, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ડાંગ-આહવા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, JULY 9, 2015 / ASADHA 18 1937 [No. 28

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1069-1111
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	28
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	55
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2645-2835

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૭૦/૨૦૧૫.–સુરત શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેર હિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમકોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨, તારીખ ૧૪મી મે, ૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦નું જાહેરનામું પ્રસિદ્ધ કરાયેલ છે. જેમાં તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે. તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

INDEX

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB (A) Leq	
		સવારના ૬ : ૦૦ થી રાત્રીના ૨૨ : ૦૦	રાત્રીના ૨૨: ૦૦ થી સવારના ૬ : ૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતુ જોવા મળે છે.

તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૦ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ૨૨ : ૦૦ થી સવારના ૬ : ૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતાં બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૦૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં સુરત શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-: અમલવારીનો સમય :-

આ હુકમ તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલમ ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

-: હદ વિસ્તાર :-

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: પ્રતિબંધિત કૃત્ય :-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર સુરત શહેરના પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુ બાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા ફરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડો/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. સુરત શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક

સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુદ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવાર કલાક ૬ : ૦૦ થી રાત્રિ કલાક ૨૨ : ૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦ : ૦૦ થી વહેલી સવારના કલાક ૬ : ૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધઃ- ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦ : ૦૦ ના જગ્યાએ કલાક ૧૨ : ૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદાર આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધઃ- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે.

ક્રમાંક એસબી/મજુર/જાહેરનામું/૭૧/૨૦૧૫.–સુરત શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભૂતકાળમાં સુરત શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હા કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ સુરત શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજૂર કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજૂરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે. જેથી જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણ મુકવા જરૂર જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ, આથી, હું, હુકમ કરૂં છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં જે જે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજૂરો કામે રાખેલ હોય તેઓએ તેમજ અન્ય કોઇને કામકાજ માટે મજૂરો સપ્લાય કરતા હોય તે તમામ મુકાદમ/કોન્ટ્રાકટરે નીચેની માહિતી અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં મોકલવાની રહેશે તથા મજૂરો જ્યારે મજૂરી કામ કે સુરત શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટરે/મુકાદમે તેમના નવેસરના સરનામાની વિગતોની જાણ તુરત જ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

INDEX

૧.	લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમ (સપ્લાયર) નું પુરૂં નામ, સરનામું, મોબાઈલ નંબર સહિત	:–	
૨.	મજૂરનું નામ તથા ઉંમર, વર્ષ	:–	
૩.	મજૂરનું હાલનું સરનામું તથા મોબાઇલ નંબર	:–	
૪.	મજૂરનું મુળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:–	
૫.	હાલની મજૂરીનું સ્થળ/કંપનીનું નામ	:–	
૬.	મજૂરના વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા જિલ્લો અને ટેલીફોન નંબર	:–	
૭.	મજૂરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર	:–	
૮.	મજૂર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:–	
૯.	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાક્ટરે મજૂરી કામ માટે રાખેલ છે.	:–	
૧૦.	મજૂરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું)	:–	
૧૧.	સુરત શહેરમાં કઈ તારીખથી મજૂરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:–	
૧૨.	સુરત શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નંબર	:–	
૧૩.	મજૂરના ભાઈ/બહેનનાં નામ/સરનામા/મોબાઈલ નંબર	:–	
૧૪.	મજૂરના કાકા/માસાનાં નામ/સરનામા/મોબાઈલ નંબર	:–	
૧૫.	હાલમાં જ્યાં રહે છે ત્યાં તેના ગામના કોણ છે ? તેના નામ, સરનામા, મોબાઈલ નંબર	:–	

મજૂરનો તાજેતરનો ફોટો

મજૂરના અંગુઠાનું નિશાન ____________________

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાક્ટરની સહી ____________________

નામ ____________________

: અમલવારીનો સમય :

આ હુકમ તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫, ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: હદ વિસ્તાર :

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૩ (૧) અન્વયે.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/રમત/૭૨/૨૦૧૫.– સુરત શહેરમાં જાહેર માર્ગ, શેરી, ગલી, તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા/રમાડવામાં આવે છે. જેના કારણે અવર-જવર કરતા લોકોને તથા વાહન વ્યવહારને અવરોધ ઉભા થાય છે. ખાસ કરીને ક્રિકેટની રમતમાં બોલ વાગવાના કારણે રાહદારી લોકોને ઈજા થવાના, અકસ્માત થવાના અને વાહનો-મિલ્કતોને નુકશાન થવાના બનાવો બનતા હોય છે, જેના કારણે ઘણા કિસ્સાઓમાં ક્રિકેટનો બોલ વાગવાથી લોકોના ટોળાઓ સામસામે આવી જતા ઘર્ષણ થવાના બનાવો પણ બનતા હોય છે. આવી રમતો રમવાના કારણે લોકોના અને ખાસ કરીને સિનિયર સીટીજનના દિનચર્યામાં ખલેલ પહોંચતી હોય છે. જેથી, આવા બનાવો બને નહીં અને જાહેર સલામતિ, સુખાકારી જોખમાય નહીં તે માટે જાહેર જનતાના હિતમાં સુરત શહેર, પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જાહેર માર્ગ, શેરી, ગલી, તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમાડવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

આથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૩(૧) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં.

(૧) જાહેર માર્ગ, શેરી, ગલી, તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા કે રમાડવા અને,

(૨) આવી રમતો રમી ચીચીયારીઓ પાડી/ઘોંઘાટ કરી લોકો અને ખાસ કરીને સિનિયર સીટીજનના દિનચર્યામાં ખલેલ પહોંચાડવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબન શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./રાજકીય/ગણેશ ઉત્સવ/૭૩/૨૦૧૫.—ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. અને મૂર્તિઓનું વિસર્જન સરઘસ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ નિકળનાર છે. સ્થાપના થયા તારીખથી વિસર્જનની તારીખનાં દિવસો દરમ્યાન ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. આ મહોત્સવ અગાઉ મૂર્તિકારો તરફથી મૂર્તિઓના કદ બાબતે ઉંચાઈનું યોગ્ય ધોરણ જળવાઈ રહે અને વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન સરઘસનું ટ્રાફીક સરળતાથી ચાલુ રહે, કાયદો-વ્યવસ્થાનાં પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ મૂર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાવાની શક્યતા રહે છે તેમજ ધાર્મિક લાગણી ના દુભાય. તદ્ઉપરાંત મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી ના દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની રાખવામાં ન આવે. આ બાબતોને ધ્યાને રાખી સુરત શહેરની જનતામાં સુલેહ શાંતી અને સલામતી જળવાય રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલાંરૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, પોલીસ કમિશનર, સુરત શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર તારીખ ૧લી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

પ્રતિબંધિત કૃત્યો અને વિસ્તાર

(૧) શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિતની ઉંચાઈ ''૯'' ફુટ કરતાં વધારે ઉંચાઈની બનાવવા, વેચવા તથા સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર (માટીની મૂર્તિઓનું વિસર્જન દરિયા, નદી, તળાવ સહિતના કુદરતી જળ સ્ત્રોતમાં કરવાનું રહેશે).

(૨) શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મૂર્તિ અને ફાયબરની મૂર્તિ બેઠક સહિતની ''૫'' ફુટ કરતા વધારે ઊંચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા અને દરિયા, નદી, તળાવ સહિતના કુદરતી જળ સ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર (પી.ઓ.પી.ની મૂર્તિનું એસ.એમ.સી. દ્વારા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં વિસર્જન કરવાનું રહેશે.)

(૩) ઓવારા વાઈઝ ઈસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તિઓનું વિસર્જન કરવા ઉપર.

(૪) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે. તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા ઉપર.

INDEX

(૫) શ્રી ગણેશજીની મૂર્તિઓનાં સ્થાપના દિવસ બાદ મૂર્તિકારો વધેલી તથા ખંડિત મૂર્તિઓને બીન વારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા ઉપર.

(૭) ગણેશ વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર.

(૮) ફાયબરની મૂતિ વિસર્જનના દિવસે અથવા ત્યારબાદ સરઘસના રૂપે બહાર કાઢવા ઉપર.

(૯) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

પ્રતિબંધનો અમલવારીનો સમય

તારીખ ૧લી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૪મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :-

(1) Government of Gujarat of Legal Department, Sachivalaya, Gandhinagar, Notification No. GK/16/2014/SPJ/102012/UQR-5/D, dated 3rd June, 2014.

(2) Notification No. A.1255/2013, dated 13th June, 2014 of Hon'ble High Court.

(3) This Court Office Order No. Judi./843/2015, dated 26th June, 2015.

(4) This Court Office Order No. 059 of 2015, dated 1st June, 2015.

Notification

No. ADM/Judi/1535/2015.—Consequent upon the Notification Cited in the Preamable at serial No. (1) Passed by the Government of Gujarat, Legal Department, Sachivalaya, Gandhinagar, and as per the direction issued by the Hon'ble High Court, *vide* Letter dated 13th June, 2014 cited in the preamble at serial No. (2), the undersigned is pleased to pass the following order to nominate the "Special Court" for the purpose of Speedy trail of the Offences Against Children or of Violation of Child Rights.

The Undersigned is pleased to nominate the Court of (Ad-hoc) Additional Sessions Judge, Valsad at District Head Quarter to preside over such "Special Court", to deal with the Cases under the Protection of Child Rights Act, 2005 (4 of 2006).

The (Ad-hoc) Additional Sessions Court at District Head Quarter of Valsad district is hereby speified as Special Court for this district to decide the offences related to the Protection of Child Right Act, 2005 (4 of 2006) with effect from 8th June, 2015 B.O.H.

Valsad, dated 5th June, 2015.

A. M. BHIMANI,
Principal District Judge,
Valsad.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી/એમએજી/વશી/ /૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, પાવીજેતપુર, કવાંટ, બોડેલી, નસવાડી, છોટાઉદેપુર તાલુકાના ગામોમાં રેતી લીઝો ધરાવતા લીઝ માલિકો પાસે રેતીનું ખોદકામ તથા વાહનો ભરવામાં આવતા એકસ્કેવેટર (હીટાચી) લોડર (જે.સી.બી.) જેવા મશીનરીનો ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે વાહનોમાં રેતીનું ઓવર લોડ ભરવામાં આવે છે. જે નિયમો વિરૂધ્ધ હોઇ ઓવરલોડ રેતી ભરવાથી અકસ્માતનાં બનાવ બનતા હોય છે.

સબબ, છોટાઉદેપુર જિલ્લા તથા સમગ્ર તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં રેતીની લીઝમાં રેતી ખોદકામ કરતા સાધનો થકી ચોરી કરવામાં આવે છે. તેવું બહાર આવતા તેમજ ઓવરલોડ ભરતા વાહનો માટે આ જાહેરનામુ બહાર પાડવું અત્યંત જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જેનુ દેવન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, પાવીજેતપુર, કવાંટ, બોડેલી, નસવાડી, છોટાઉદેપુર તાલુકાના તમામ વિસ્તારોમાં રેતી લીઝ ધારકો દ્વારા રેતીના ખોદકામમાં વપરાતા એકસ્કેવેટર (હીટાચી) લોડર (જે.સી.બી.) જેવા મશીનરીનો ઉપયોગ કરતા માલિકોએ આવા વાહનોની ઉપર માલીકનું નામ સરનામુ તથા મોબાઇલ નંબર લખવાનું ફરજીયાત રહેશે અને જે સંબંધિત કચેરીમાં તેની જાણ કરવાની રહેશે.

આ જાહેરનામું તા. ૧૯મી જૂન, ૨૦૧૫ થી તા. ૧૮મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જેનુ દેવન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

INDEX

વંચાણે લીધા :-

(૧) નંબર ડીસીબી/એમએજી/ધાર્મિક તહેવાર/લો. એન્ડ ઓર્ડર/વશી-૪૮૭૫ થી ૪૯૦૭/૨૦૧૫, તારીખ ૧૨મી મે, ૨૦૧૫.

સુધારા હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર ડીસીબી/એમએજી/ધાર્મિક તહેવાર/લો. એન્ડ ઓર્ડર/વશી-૫૮૮૭ થી ૫૯૨૪/૨૦૧૫.—આમુખ-૧માં જણાવેલ અત્રેના તારીખ ૧૨મી મે, ૨૦૧૫ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પહાર પાડેલ જાહેરનામાના પેરા-૩ થી પ્રતિબંધિત કરેલ કૃત્યોમાં કૃત્ય નં. ‘‘(૫) આયોજકોએ બેઠકની ઊંચાઈ સહિત ૯ ફુટથી વધારે ઊંચાઈની ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવી નહીં એટલે કે, વિસર્જન-સરઘસમાં સામેલ વાહન સહિત ગણેશજીની પ્રતિમાની ઊંચાઈ કુલ ૧૫ ફુટથી વધારે રાખવી નહીં.’’ લખેલ છે, જે આમુખમાંના જાહેરનામામાં નીચે મુજબનો સુધારો વાંચવા આથી આ સુધારા હુકમ કરવામાં આવે છે.

‘‘(૫) આયોજકોએ બેઠકની ઊંચાઈ સહિત ૧૨ ફુટથી વધારે ઊંચાઈની ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવી નહીં એટલે કે, વિસર્જન-સરઘસમાં સામેલ વાહન સહિત ગણેશજીની પ્રતિમાની ઊંચાઈ કુલ ૧૫ ફુટથી વધારે રાખવી નહીં.’’

નવસારી, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. ડી/એમએજી/૧/જાના-૪૫/વશી-૪૪૭૧-૪૫૩૦/૨૦૧૫.—બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, તથા બોર્ડર પર આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ-અમીરગઢ, અંબાજી, ગુંદરી, થાવર અને થરાદ ખાતે દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો/અરજદારો અલગ અલગ કામ અર્થે જેવા કે, લાયસન્સ સંબંધિત, વાહનની નોંધણી સંબંધિત તથા નોંધણી બાદની કાર્યવાહીઓ, ટેક્ષ ભરવાની કાર્યવાહીઓ, વાહન કોઈ ગુનામાં પકડાય ત્યારે દંડ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધિત કાર્યવાહીઓ વિગેરે માટે આવે છે. તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૯ પછી કાયદેસર એજન્ટ પ્રથા નથી આ છતાંય ઘણીવાર અરજદારો/નાગરિકો જ્યારે કચેરીના કંપાઉન્ડમાં પ્રવેશે છે. તે સમયે કચેરીની આસપાસ અથવા નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની સાથે છેતરપીંડી કરીને અથવા ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને/લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવી કેટલાક અનઅધિકૃત ઈસમો આવી પ્રવૃતિઓ કરીને અરજદાર સાથે છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે.

આથી, હું, દિલિપ રાણા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી તથા જિલ્લામાં આવેલ આર.ટી.ઓ. ચેક પોસ્ટ અમીરગઢ, થરાદ, ગુંદરી તથા અંબાજી ખાતે કે રોજે રોજ જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે અરજદારો સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરી/ચેકપોસ્ટો પર આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

ઉક્ત હુકમ તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫થી તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૧૫ (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી જૂન સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/જાના-૪૪/વશી-૪૪૧૧ થી ૭૦/૨૦૧૫.—બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી વગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીઓની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે. અથવા તો, ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે, તેવી લાલચ આપવા જેવી પ્રવૃતિઓ કરી રહેલ હોવાનું જણાઈ આવે છે.

આથી હું, દિલિપ રાણા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ કલેકટર કચેરી (જિલ્લા સેવા સદન), જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી કે જ્યાં મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અને તમામ સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનાતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

INDEX

ઉક્ત હુકમ તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૧૫ (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સબબ, જો કોઈપણ વ્યક્તિ કે ઈસમ ઉપર મુજબના નિયમોનો ભંગ કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૨મી જૂન સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

દિલિપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી-૨૬૧૦ થી ૨૬૩૦/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવાના હેતુથી હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫ના ૮-૦૦ કલાક થી તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા મનાઈ છે.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનિત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સૂત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

“ ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર ”

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ દ્વારા જેઓને શારીરિક અશક્તિ છે, તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૪૭૭૫ થી ૪૭૮૮/૨૦૧૫.–ભરૂચ મુકામે નર્મદા નદી ઉપર આવેલ જુના સરદાર બ્રિજની કમાનો ખરાબ થતા તેનું રીપેરીંગ કામ ચાલુ છે. જેના કારણે ભરૂચ ગોલ્ડન બ્રિજ પરથી હળવા વાહનો કે જે વડોદરાથી સુરત તરફ અને સુરત તરફથી વડોદરા તરફ પસાર થાય છે. જેમાં ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે. જેની સીધી અસર ભરૂચનાં આંતરિક વાહન વ્યવહારને પણ થાય છે. જેથી સદર ટ્રાફીકને હળવો કરવા માટે હંગામી ધોરણે વડોદરા તરફથી આવતા સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી.જી. પ્રજાપતિ (G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તારીખ ૨૭મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૨૬મી જુલાઇ, ૨૦૧૫ દરમ્યાન ૧૫-૦૦ કલાક થી ૨૧-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે ભરૂચ તરફથી અંકલેશ્વર તરફ જતા ફોર વ્હિલ વાહનો (એલ.એમ.વી. એમ્બ્યુલન્સ/સરકારી વાહનો સિવાય) ને ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) વડોદરા તરફથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો નર્મદા ચોકડીથી ઝાડેશ્વર ચોકડી થઇને જુના સરદાર બ્રિજ ઉપરથી અંકલેશ્વર/સુરત તરફ જઇ શકશે.

INDEX

(૨) ભરૂચ શહેરમાંથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ઝાડેશ્વર ચોકડીથી જુના સરદાર બ્રિજ થઇને અંકલેશ્વર/સુરત તરફ જઇ શકશે.

આ જાહેરનામાના કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ ₹ ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી-૨૬૭૭ થી ૨૬૯૯/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરિયાત છે. જેથી, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૨૭મી જૂન, ૨૦૧૫ના કલાક ૮-૦૦ થી તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઇસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાળ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર "

વધુમાં, આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાન યાત્રાને.
(૪) અત્રેથી / સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બી.પી. એકટ-કલમ-૩૭(૧)/વશી ૪૨૯૧ થી ૪૩૨૫/રજી. નં. ૦૪/૨૦૧૫.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહીં પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઈ અઘટિત ઘટના બને નહિં અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ''મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું, મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ, હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની;

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની;

(૬) લોકોને બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(૭) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરીમાં કે, કામ કરતી વ્યક્તિઓ કે, જેને તેનો ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

INDEX

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/પલસ/તહેવાર/વશી. ૪૫૬૦-૪૬૦૧/૨૦૧૫.– હાલમાં અધિક પરષોત્તમ માસની હિન્દુ સમુદાયના લોકો દ્વારા શિવ મંદિરો, રામ મંદિરો, કૃષ્ણ મંદિરોમાં પૂજા અર્ચના, કથા પ્રવચનો વિગેરેનું આયોજન કરતા હોય છે. જેના કારણે હિન્દુ સમુદાયના લોકોની મંદિરોમાં ખૂબ જ અવર જવર રહેતી હોય છે. તેમજ તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ના રોજથી મુસ્લીમ સમુદાયના લોકોનો પવિત્ર રમઝાન માસ શરૂ થયેલ હોય, તેમજ તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ રમઝાન ઇદની ઉજવણી થવાની શક્યતા છે. મુસ્લીમ સમુદાયના લોકો દ્વારા રમઝાન માસ દરમ્યાન રોજા (ઉપવાસ) રાખતા હોય છે અને મુસ્લીમ બિરાદરો દ્વારા સાંજે જમવા માટે હોટલ, રેસ્ટોરન્ટ અને ખાણી-પીણીના સ્ટોલ, લારી, ગલ્લા વિગેરે જગ્યાએ મોટી સંખ્યામાં મુસ્લીમ સમુદાયના લોકોની અવર જવર રહેતી હોય છે. આમ હિન્દુ સમુદાયના લોકોનો અધિક પરષોત્તમ માસની ઉજવણી તથા મુસ્લીમ સમુદાયના લોકો દ્વારા રમઝાન ઇદની ઉજવણી તેમજ હિન્દુ સમુદાયના લોકો દ્વારા રથયાત્રાની ઉજવણી કરવામાં આવનાર હોય જેને લઈને અમુક અસામાજીક તત્વો દ્વારા ધાર્મિક તહેવારની આડમાં કાંકરીચાળો કે લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરતા હોય છે. જેના કારણે નાનો બનાવ પણ કોઇક વાર મોટું સ્વરૂપ ધારણ કરવાની શક્યતાને નકારી શકાય નહીં. જેથી સુરત જિલ્લા (રૂરલ) વિસ્તારમાં સદરહું તહેવારોની ઉજવણી શાંતિ અને કોમી એખલાસભર્યા વાતાવરણમાં થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઇચ્છનીય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, અત્રેની હકુમત હેઠળના સમગ્ર સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું અન્ય કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા, કે પ્લે કાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં, કે બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહીં.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બૂમો પાડવી નહીં, ગીતો ગાવા નહીં કે વાદ્ય વગાડવું નહીં.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ / વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી બજાવવા, આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત અથવા પોલીસ અધિક્ષકશ્રી, (રૂરલ), સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલિસ અધિકારીને, તથા

(૩) જેને શારીરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ/વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઊર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ, ના આધારે)

માહે મે - ૭, ૧૪, ૨૧, ૨૮, જૂન - ૪, ૧૧, ૧૮ તથા ૨૫, ૨૦૧૫ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના **અસાધારણ રાજ્યપત્રો** પ્રસિદ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્ર		હોદ્દો	સ્થળ
	ક્રમાંક	તારીખ		
૧	૨	૩	૪	૫
		મે-૨૦૧૫		
૧	૧૩૯	૦૭-૦૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અમદાવાદ
૨	૧૪૦	૦૮-૦૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	તાપી-વ્યારા
૩	૧૪૧	૦૮-૦૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પંચમહાલ-ગોધરા
૪	૧૪૨	૦૯-૦૫-૨૦૧૫	પોલીસ કમિશનર	સુરત શહેર
૫	૧૪૩	૧૧-૦૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૬	૧૪૪	૧૧-૦૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૭	૧૪૫	૧૧-૦૫-૨૦૧૫	કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાહરકાંઠા-હિંમતનગર
૮	૧૪૬	૧૧-૦૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૯	૧૪૭	૧૧-૦૫-૨૦૧૫	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી	ગાંધીનગર
૧૦	૧૪૮	૧૪-૦૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૧૧	૧૪૯	૧૪-૦૫-૨૦૧૫	પોલીસ કમિશનર	વડોદરા શહેર
૧૨	૧૫૦	૧૬-૦૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૧૩	૧૫૧	૧૬-૦૫-૨૦૧૫	પોલીસ કમિશનર	સુરત શહેર
૧૪	૧૫૨	૧૯-૦૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૧૫	૧૫૩	૨૦-૦૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૧૬	૧૫૪	૨૦-૦૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૧૭	૧૫૫	૨૦-૦૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	વડોદરા
૧૮	૧૫૬	૨૧-૦૫-૨૦૧૫	પોલીસ કમિશનર	સુરત શહેર
૧૯	૧૫૭	૨૨-૦૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૨૦	૧૫૮	૨૨-૦૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૨૧	૧૫૯	૨૨-૦૫-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૨૨	૧૬૦	૨૬-૦૫-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૨૩	૧૬૧	૨૭-૦૫-૨૦૧૫	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી	ગાંધીનગર

૧	૨	૩	૪	૫
જૂન-૨૦૧૫				
૨૪	૧૬૨	૦૩-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	વડોદરા
૨૫	૧૬૩	૦૪-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૨૬	૧૬૪	૦૪-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૨૭	૧૬૫	૦૫-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	પંચમહાલ-ગોધરા
૨૮	૧૬૬	૦૬-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૨૯	૧૬૭	૦૮-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૩૦	૧૬૮	૦૮-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	નમર્દા-રાજપીપલા
૩૧	૧૬૯	૦૮-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડીયાદ
૩૨	૧૭૦	૦૯-૦૬-૨૦૧૫	District Megistrate	Surat
૩૩	૧૭૧	૧૦-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૩૪	૧૭૨	૧૦-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	નમર્દા-રાજપીપલા
૩૫	૧૭૩	૧૧-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નવસારી
૩૬	૧૭૪	૧૧-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૩૭	૧૭૫	૧૫-૦૬-૨૦૧૫	પોલીસ કમિશનર	અમદાવાદ-શહેર
૩૮	૧૭૬	૧૭-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૩૯	૧૭૭	૧૭-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	ખેડા-નડિયાદ
૪૦	૧૭૮	૧૭-૦૬-૨૦૧૫	District Megistrate	Surat
૪૧	૧૭૯	૧૯-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અમદાવાદ
૪૨	૧૮૦	૧૯-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહિસાગર-લુણાવાડા
૪૩	૧૮૧	૧૯-૦૬-૨૦૧૫	કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૪૪	૧૮૨	૨૦-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	નમર્દા-રાજપીપલા
૪૫	૧૮૩	૨૦-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પંચમહાલ-ગોધરા
૪૬	૧૮૪	૨૦-૦૬-૨૦૧૫	કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૪૭	૧૮૫	૨૦-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા
૪૮	૧૮૬	૨૦-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૪૯	૧૮૭	૨૦-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	અરવલ્લી-મોડાસા
૫૦	૧૮૮	૨૨-૦૬-૨૦૧૫	કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરાકંઠા-હિંમતનગર
૫૧	૧૮૯	૨૨-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૫૨	૧૯૦	૨૨-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૫૩	૧૯૧	૨૪-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	આણંદ
૫૪	૧૯૨	૨૪-૦૬-૨૦૧૫	કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૫૫	૧૯૩	૨૫-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	મહીસાગર-લુણાવાડા
૫૬	૧૯૪	૨૬-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	મહીસાગર-લુણાવાડા
૫૭	૧૯૫	૨૯-૦૬-૨૦૧૫	જિલ્લા મેજિસ્ટ્રેટ	બનાસકાંઠા-પાલનપુર
૫૮	૧૯૬	૨૯-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	પાટણ
૫૯	૧૯૭	૩૦-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	સાબરકાંઠા-હિંમતનગર
૬૦	૧૯૮	૩૦-૦૬-૨૦૧૫	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ	મહેસાણા

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) શ્રી સબ ઓડીટર, સહકારી મંડળીઓ, ડીસાના તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫નો વહીવટી અહેવાલ.

(૨) મંડળીને આપેલ ફડચાની કારણદર્શક નોટીસ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૨૧૧/૨૦૧૫.– ધી એસ.બી.આઈ. કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. તા. ડીસા, જિ. બનાસકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. ઘ-૫૦૭૧, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે. મંડળી સંપૂર્ણ સ્થગિત અવસ્થામાં છે. આથી, મંડળીને ફડચામાં લઈ જવા આમુખ-૧ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા કરેલ વહીવટી અહેવાલ અન્વયે આમુખ-૨ દ્વારા મંડળીને કારણદર્શક નોટીસ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ થી આપેલ હતી. નોટીસમાં જણાવ્યા પ્રમાણેના મુદ્દાઓની લેખિત/મૌખિક રજુઆત કરવા માટે દિન-૧૫માં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. આમ છતાં, મંડળીના કાર્યવાહકો તરફથી લેખિત/મૌખિક વાસ્તવિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. મંડળી સ્થગિત છે. મંડળી પાસે કોઈ લોન બાકી નથી કે કોઈ દેવું બાકી નથી. આથી, મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ નીચેના કારણોને ધ્યાને લઈ કરવામાં આવે છે.

(૧) મંડળીના કુલ ૧૦ સભાસદોએ તેમના ૧૦ પ્લોટમાં પેટાનિયમ ઉદ્દેશ મુજબ બાંધકામ પૂર્ણ કરી પોતાના મકાનમાં વસવાટ કરે છે. અને દરેક સભાસદોએ મકાન તેમના થઈ ગયેલ છે.

(૨) મંડળીમાં કોઈપણ પ્રકારનું સરકારશ્રીનું લ્હેણું કે બેંક લોન બાકી નથી.

(૩) સભાસદોને મંડળી ચાલુ રાખવામાં કોઈ રસ નથી. તેમજ તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૪ની વાર્ષિક સાધારણ સભામાં સર્વાનુમતે મંડળીને ફડચામાં લઈ જવાનો ઠરાવ કરેલ છે. અને ફડચામાં લઈ જઈ મંડળીને આટોપી લેવા માંગણી કરેલ છે.

(૪) મંડળીએ ઓડીટ નોંધની દુરસ્તી કરેલી નથી.

(૫) મંડળીને ઓડીટ વર્ગ ''ડ'' છે.

ઉક્ત કારણોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતા નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી, હું, એ. એસ. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, પાલનપુર, ઉપરોક્ત સરકારશ્રીના આમુખ-૨ના જાહેરનામાથી અને હોદ્દાની રૂએ મળેલ સત્તા અન્વયે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે ધી એસ.બી.આઈ. કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. તા. ડીસા, જિ. બનાસકાંઠાને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી(ફડચો), ન.જ. લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુરને સદર અધિનિયમની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણૂંક કરૂં છું.

હિંમતનગર, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫.

એ. એસ. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હા.),
સહકારી મંડળીઓ, હિંમતનગર.

નંબર : નધણ/એનવીએસ/સા-૯૩૭૩/૧૫૯/૧૪૬૬/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, દિનશાહ પાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સર્કીટ હાઉસ સામે, લુન્સીકૂઈ, નવસારી, તા.જિ. નવસારીને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૩૦મી મે, ૨૦૧૫.

નંબર : નધણ/વીએલડી/ઘ-૨૫૧૪૩/ચ/૧૮૦/૧૪૬૭/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, જય કોમ્પ્લેક્ષ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., જી.આઈ.ડી.સી., સરીગામ, પ્લોટ નંબર-સીએમ/૧/એ/૨, તા. ઉંમરગામ, જિ. વલસાડને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫.

જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. નધણ/ગ-૨/બીડીઆર/સા./(હા)/૯૨૯૮/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, સુકુન ફલેટ ઓનર્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ ગોરવા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૬મી મે, ૨૦૧૫.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સા./(હા)/૯૨૯૯/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, દેવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ ગોરવા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૬મી મે, ૨૦૧૫.

INDEX

નં. નધણ/ગ-૨/બીડીઆર/સા./(હા)/૯૩૦૦/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી મહાવીર વર્ટીકા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ બરાનપુરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૬મી મે, ૨૦૧૫.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સા./(હા)/૯૩૦૧/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી સિલ્વર આર્કેડ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ મુંજમહુડા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૬મી મે, ૨૦૧૫.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સા./(હા)/૯૩૦૨/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી કાન્હા ગોલ્ડ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વાઘોડીયા ડભોઈ રીંગ રોડ, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૮મી મે, ૨૦૧૫.

કે. એલ. ખાંટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
વડોદરા.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સે/(શ)/જ૨૧૩૬/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી રાજલક્ષ્મી કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ માંજલપુર, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૮મી મે, ૨૦૧૫.

વાય એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
વડોદરા.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(કો)-૮૭૨૧/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આમ્રપાલી લેઈકવ્યુ કોમર્શિયલ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાપુર, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિ. અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(કો)-૮૭૨૨/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. નરોડા, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિ. અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૨૩/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સમૃદ્ધી રેસીડન્સી કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિ. અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(કો)-૮૭૨૪/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સમૃદ્ધી કોમર્શિયલ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિ. અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૨૫/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સુર્યવંશી રેસીડેન્સી કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ભાડજ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ) જિ. અમદાવાદને.

INDEX

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૦૮/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આર. એ. એમ. ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો. ઓપ. સોસાયટી લી., મું. મણીનગર, તા. અમદાવાદ સીટી (પૂર્વ) જિ. અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર)
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૧૦(ઓ) તથા કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તા. ૦૩-૦૭-૨૦૧૪ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૪૮૫/૧૪.

(૩) ફડચા અધિકારી, એ. ડી. સી. બેંક અમદાવાદનો તા. ૦૩-૦૬-૨૦૧૫ના પત્રથી મંડળીને પુનઃ જીવીત કરવા બાબતનો ભલામણ પત્ર.

(૪) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ગ-૩/૨૯૬/૨૦૧૫.– ધી વસઈ સેવા સહકારી મંડળી લી., મું. વસઈ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ખે-૨૦૨૨૨ થી નોંધાયેલ સેવા મંડળી છે. સદર મંડળીમાં એકંદરે ખોટ ₹ ૨૫.૧૦ લાખની હોવાથી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેંક લી., ના તા. ૨જી જૂન, ૨૦૧૦ના પત્ર અહેવાલ અત્રેની કેચરીએ મોકલી આપેલ. તેના અનુસંધાને અત્રેથી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ફડચા કલમ-૧૦૭નો અંતિમ હુકમ કરવામાં આવેલ.

ત્યારપછી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેંક લી., ના ફડચા અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ અને મંડળીના દફતરનો ચાર્જ તેઓએ તા. ૩જી જુલાઇ, ૨૦૧૪થી બેંકના ફડચા અધિકારી પાસે છે. મંડળીના સભાસદોએ તા. ૨૭મી મે, ૨૦૧૫ના રોજ ખાસ સભા ભરેલ છે. તથા મંડળીને પુનઃ જીવીત કરવા ઠરાવ કરેલ છે. અને તેમાં કમીટીની રચના કરેલ છે. અને મંડળીનું તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫નું સરવૈયુ/સભાસદ ધિરાણ યાદી સામેલ છે.

આમ, મંડળીની ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ મંડળીનો તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૪નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૪૮૫/૧૪ રદ કરી સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું નીચે સહી કરનાર આઈ. એમ. પુરોહીત, જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૧ની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ધી વસઈ સેવા સહકારી મંડળી લી. મું. વસઈ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ખે-૨૦૨૨૨ને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૪૮૫/૧૪ આથી રદ કરૂં છું. અને સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃ જીવીત કરૂં છું.

અમદાવાદ, તારીખ ૧૨મી જૂન, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધા :–

(૧) ઓડિટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, વિજાપુરના તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૦૭/૨૦૧૪થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ થયેલ વહીવટી ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૨૭૨/૨૦૧૫, તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫થી મંડળીની વ્યવ. કમિટી સભ્યોને RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૮૪/૪૫૨૮/૨૦૧૫.– શ્રી સર્વોદય સહકારી શરાફી સહકારી મંડળી લી., મું. તા. વિજાપુર, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક સે-૨૦૬૮૯, તા. ૧૨મી જૂન, ૧૯૮૫ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૧થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ, વિજાપુરને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧) માં જણાવેલ વિગતે તા. ૨જી માર્ચ, ૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ (૨) માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ થી RPAD થી કારણદર્શક નોટીસ થી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. -૧ થી ૯માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. પરંતું મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

(૧) મંડળીએ અગાઉના છેલ્લા ચાર વર્ષના અને તે અગાઉના ઓડિટ મેમાની ખામીઓની અમલવારી કરી, તેનો દુરસ્તી રીપોર્ટ સંબંધિત ઓડીટરશ્રીને મોકલી આપેલાનું જણાતું નથી કે તેના કોઈ આધારો જોવા રજુ કરેલ નથી. જેથી સ. કાયદાની કલમ-૮૫નો સરેઆમ ભંગ કરેલ છે.

(૨) મંડળીએ સને ૨૦૧૧-૧૨ તેમજ સને ૨૦૧૨-૧૩ના વર્ષની વાર્ષિક સાધારણ સભાઓ હિસાબી વર્ષ પૂર્ણ થયા બાદ ત્રણ માસમાં બોલાવવાની હોય છે. જે તા. ૩૦મી જૂન, ૨૦૧૨, તા. ૩૦મી જૂન, ૨૦૧૩ સુધીમાં વાર્ષિક સાધારણ સભાઓ બોલાવેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે. આમ મંડળીના કાર્યવાહકો તેમજ સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ જ રસ હોવાનું જણાતું નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ જણાય છે.

(૩) મંડળીની સને ૨૦૧૨-૧૩ તેમજ સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં વ્ય. કમિટીની એકપણ બેઠક મળેલ નથી. જેથી પે. નિ. અનુસારનો ભંગ થયેલ છે. મંડળીના કમિટી સભ્યો નિષ્ક્રીય હોવાનું ફલિત થાય છે. મંડળી પ્રત્યે કોઈ જ ઉત્સાહ હોવાનું જણાતું નથી.

(૪) મંડળીમાં અગાઉના પ્રમુખ/મંત્રી, કમિટી સભ્યોએ રાજીનામાં આપી છુટાં થતાં તા. ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૧ની વ્ય. કમિટી બેઠકના ઠરાવ નંબર -૬થી નવીન કમિટીની રચના કર્યા બાદ નવીન કમિટીએ કોઈ કર્મચારીની નિમણુંક કરી નથી. નવીન કમિટીને મંડળી ચાલુ કરવામાં કોઈ રસ દાખવેલ નથી. જેથી મંડળી સ્થગીત અવસ્થામાં મુકાયેલ છે. જેથી ફડચામાં લઈ જવી હિતાવહ છે.

(૫) મંડળીમાં નવીન કમિટીની રચના બાદ નવીન કમિટીએ મંડળી માટે ભાડાનું મકાન રાખી કામગીરી શરૂ કરવાના કોઈ જ પ્રયાસો કરેલ નથી. મંડળીની ઓફિસ વગર મંડળીની બાકી ધિરાણ સભ્યો તેમના હપ્તાની વસુલાત આપી શકતા નથી. તેવી પણ રજુઆત ઓડિટ સમયમાં જાણવા મળેલ છે. જે કાર્યવાહકોની નિષ્કાળજી પુરવાર થવાનું માલુમ પડેલ છે.

(૬) મંડળીની તા. ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૧ની નીમાયેલ કમિટી દ્વારા બેંક ખાતાના સહીના વલણો બદલતા ઠરાવો કરવાની પણ તસદી લીધી નથી. જે કાર્યવાહકોની પુરેપુરી નિષ્કાળજી જણાય છે. વધુમાં તેઓશ્રીને મંડળી ચલાવવામાં કોઈ જ પ્રકારનો રસ હોવાનું જણાતું નથી.

(૭) મંડળીમાં રજુ થયેલ ધિરાણ બાકીદારની યાદી મુજબ કુલ ૩૬ સભ્યોનું ₹ ૪,૭૧,૮૯૯/- નું ધિરાણ અગાઉનું લાંબા સમયનું મુદતવિતી બાકી થયેલ છે. સદર બાકી ધિરાણ માટે કાર્યવાહકોએ કોઈ જ નક્કર પ્રયાસો વસુલાત અંગેના કરેલાનું જણાતું નથી. છેલ્લા ત્રણ વર્ષના ધિરાણના ચઢત વ્યાજના હવાલાની નોંધો કરેલ નથી. છેલ્લા ઘણા સમયથી નવીન ધિરાણ સંબંધેની કરેલ નથી. જેથી મંડળી સ્થગીત હોવાનું જણાયેલ છે.

(૮) મંડળીના સને ૨૦૧૧-૧૨, સને ૨૦૧૨-૧૩ સને ૨૦૧૩-૧૪ ના ત્રણ વર્ષની કુલ ઓડીટ ફી ₹ ૪૪૧૯/- નું ચલન સરકારી તિજોરીમાં ભરવા પ્રમુખશ્રીને સુપ્રત કરવા છતાં, પ્રમુખશ્રીએ ભરેલ નથી. હાથ પરની સિલક ₹ ૪૭/- છે. બેંકના વલણો બદલવાના ઠરાવની કાર્યવાહી કરેલ નથી. પ્રમુખશ્રીને પોતાની અનામત મુકી અગર હાલના બાકી ધિરાણની વસુલાત કરી ચલન ભરવા સારું જણાવવા છતાં કોઈપણ પ્રકારે સંમતિ બતાવેલ નથી. જેથી સરકારી ઓડીટ ફી કે જે સરકારી લેણું ભરવામાં પણ તૈયારી બતાવતા નથી. જે માટે હાલના પ્રમુખશ્રી અંગત રીતે જવાબદાર છે. તેઓએ પોતાની ફરજો અદા કરેલ નથી. સરકારી ઓડિટ ફીનું લેણું જવાબદારી સમજી ભરેલ ન હોઈ, સદર મંડળી ચાલુ રાખવી હિતાવહ જણાતી ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવા અત્રેનો સ્પષ્ટ અભિપ્રાય છે.

(૯) મંડળીના માજી મંત્રીશ્રી તૈયબ હુસેન પાસેથી સરવૈયાની વિગતે ઉચાપત ₹ ૨,૭૮,૦૯૮/- કલમ-૮૬ મુજબ ₹ ૧૫,૧૮,૨૭૫-૮૩, કલમ-૯૩ મુજબ ₹ ૩,૮૦,૦૦૦/- મળી કુલ ₹ ૨૧,૭૬,૩૭૩-૮૩ ની લેણા બાકી પડે છે. મંત્રીશ્રી મરણ પામેલ છે. સદર રકમ તેમના વારસદારો પાસેથી વસુલાત થાય તેવા સઘન પ્રયાસો કરેલ નથી.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર હાજર રહી જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતું હોવાથી નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સર્વોદય સહકારી શરાફી સહકારી મંડળી લી., તા. વિજાપુર, જિ. મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧, આધિન નોંધણી નં. સે-૨૦૬૮૯, તા. ૧૨મી જૂન, ૧૯૮૫થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ ક ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

INDEX

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૧મી જૂન ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણાના તા. ૧લી એપ્રિલ, ૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ અષણ/૦૧/૫૩૬/૨૦૧૫થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૨૮/૨૦૧૫, તા. ૧૩/૦૪/૨૦૧૫થી મંડળીની વ્ય. કમિટી સભ્યોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧/૭/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૮૫/૪૫૨૯/૨૦૧૫.– ધી મહેસાણા પૂર્વ સૈનિક સુરક્ષા સેવા સહકારી મંડળી લી., તા. જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંકઃ સે. ૩૧૧૪૧, તા. ૨૭મી માર્ચ, ૨૦૧૫ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૦૮ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તા. ૨૭મી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ- (૧)માં જણાવેલ વિગતે તા. ૧લી એપ્રિલ, ૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ (૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૧૩મી અપ્રિલ, ૨૦૧૫થી RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. ૧ થી ૧૨માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. પરંતુ મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી.

(૧) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૨) મંડળીએ અગાઉના તમામ ઓડીટમેમામાં જણાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી. કે ઓડીટ દુરસ્તી રીપોર્ટ સંબધિત ઓડીટરશ્રીને મોકલી ન આપી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૩) મંડળીમાં સભાસદ રજીસ્ટર અગાઉ સુચના આપવા છતાં નિભાવેલ નથી.

(૪) મંડળીના તમામ સભાસદોને શરે સર્ટિફિકેટ આપેલ નથી.

(૫) ઓડિટ સમય દરમ્યાન મંડળીની એકપણ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ થયેલ છે.

(૬) મંડળીની વ્ય.કમિટીની બેઠકો પેટા નિયમ-૨૩ મુજબ દર મહિને એક વખત મળવાની જોગવાઈ છે, છતાં ઓડીટ સમય દરમ્યાન એકપણ વ્ય કમિટીની મીટીંગ મળેલ નથી. જેથી પેટા નિયમ-૨૩નો ભંગ કરેલ છે.

(૭) મંડળીની સિલકની જવાબદારી સંભાળતા હોદ્દેદારશ્રીના જવાબદારીનાં પ્રમાણમાં જામીન ખત મેળવેલ નથી.

(૮) મંડળીમાં અગાઉ સુચના આપવા છતાં નીચે મુજબનાં રજીસ્ટરો અદ્યતન વિગતે નિભાવેલ નથી.

(૧) સભાસદ રજિસ્ટર (૨) શેર રજિસ્ટર (૩) વ્યક્તિગત શેર રજીસ્ટર (૪) સામાન્ય ખાતાવહી.

(૯) મંડળીની રોજ-બરોજની સિલક કેટલી અને કોની પાસે રાખવી, તે અંગે કોઈ ઠરાવ જોવા મળેલ નથી.

(૧૦) મંડળીને પેટા નિયમ મુજબ કોન્ટ્રાકટના કામો નહિ, મળવાને કારણે મંડળીમાં તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ના રોજ એકત્રિત નુકશાન ₹ ૨૩૪૩/૫૦ છે, મંડળી નુકશાનમાંથી આર્થિક રીતે સદ્ધર થાય અને અર્થક્ષમ બને તેવા કોઈ ઠોસ પ્રયાસો મંડળીના કાર્યવાહકોએ કરેલ હોવાનું જણાયેલ નથી.

(૧૧) મંડળીના તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ના સરવૈયામાં દર્શાવેલ અનામત ₹ ૬૬૦/૫૦ ચુકવી દેવા કોઈ પ્રયાસ કરેલ નથી.

(૧૨) મંડળીને પેટા નિયમ મુજબ કોન્ટ્રાકટના કામો નહિ મળવાને કારણે મંડળીમાં તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ના રોજ એકત્રિત નુકશાન ₹ ૨૩૪૩/૫૦ છે, જેથી મંડળીના ભંડોળોનું ધોવાણ થવાની પુરેપુરી શક્યતાઓ જણાય છે, જેથી મંડળીના ભંડોળનું ધોવાણ થવાથી પુરેપુરી શકયતાઓ જણાય છે. મંડળી નુકશાનમાંથી આર્થિક રીતે સદ્ધર થાય અને અર્થક્ષમ બને તેવા કોઈ સંજોગો જણાતા નથી, અમોએ મંડળીના ઓડિટ દરમ્યાન મંડળીના પ્રમુખશ્રીનું લેખિત નિવેદન મેળવેલ છે. જેમાં જણાવ્યાનુસાર મંડળીની નોંધણી થયા તારીખથી આજદિન સુધી મંડળીએ પેટાનિયમમાં જણાવ્યા મુજબની કોઈ કામગીરી હાથ ધરેલ નથી. શરૂઆતમાં મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં ઉત્સાહ હતો, પરંતુ સમય પસાર થતાં મંડળીની વ્ય. કમિટીમાં રહેવા માટે કોઈ સભાસદ તૈયાર નથી. મંડળીની વ્ય. કમીટીની મીટીંગ છેલ્લે તા. ૨૦મી અપ્રિલ, ૨૦૦૧ના રોજ મળેલ હતી, ત્યારબાદ મંડળીની વ્ય. કમિટીની એકપણ મીટીંગ મળેલ નથી. મંડળીની વાર્ષિક સાધારણ સભા તા. ૧૫-૩-૨૦૦૮ના રોજ મળેલ હતી ત્યારબાદ મંડળીની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી, મંડળીના સભાસદોને મંડળી

INDEX

ચલાવવામાં રસ કે ઉત્સાહ જણાતો નથી, જેથી ભવિષ્યમાં મંડળી આર્થિક રીતે સદ્ધર થઈ શકે તેમ નથી, જેથી મંડળીને સ્વૈચ્છિક રીતે ફડચામાં લઈ જવા વિનંતી કરેલ છે.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી મહેસાણા પૂર્વ સૈનિક સુરક્ષા સેવા સહકારી મંડળી લી., તા. જિ. મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ, ૧૯૬૧, આધિન નોંધણી નં. સે : ૩૧૧૪૧, તા. ૨૭મી માર્ચ, ૨૦૧૫ છે.થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)ના ખંડ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ.એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખ થી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૧મી જુન, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (પ્રમાણિત-૧) મહેસાણાના તા. ૧/૦૪/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ અષણ/૦૧/ગ/૧૪૭/૨૦૧૪થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૨૭/૨૦૧૫, તા. ૧૩/૦૪/૨૦૧૫થી મંડળીની વ્ય. કમિટી સભ્યોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧/૭/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંકઃજીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૮૬/૪૫૩૦/૨૦૧૫.– ધી સતલાસણા તાલુકાની મજુર કામદાર સહકારી મંડળી લી., મું. હડોલ, તા. સતલાસણા, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંકઃ ઉ/૧૦૪૫૬, તા. ૯મી નવેમ્બર, ૨૦૦૧ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

મંડળીનું તા. ૧લી અપ્રિલ, ૨૦૧૨ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ, (પ્રમાણિત-૧) મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તા. ૨૪મી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ- (૧)માં જણાવેલ વિગતે તા. ૧લી એપ્રિલ, ૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ (૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૧૩મી એપ્રિલ, ૨૦૧૫થી RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. ૧ થી ૬માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. પરંતુ સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારોને રહેલ નથી.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડીટમેમાની ખામીઓની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ સંબધિત ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી, જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીએ તપાસણી સમયમાં કોઈ સાધારણ સભા બોલાવેલ નથી. સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

(૩) મંડળીએ તપાસણી સમયમાં એક પણ વ્ય.કમીટીની બેઠક બોલાવેલ નથી. મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

(૪) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષથી પેટા નિયમોમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કોઈ પ્રવૃતિ હાથ ધરેલ નથી.

(૫) મંડળીને સને ૨૦૧૩-૨૦૧૪માં ₹ ૨૦૦૩/-ની ખોટ કરેલ છે. અને એકત્રિત નફો ₹ ૯૬૭૭/- ની પેટા નિયમ મુજબ ફાળવણી નહીં કરીને પેટાનિયમનો ભંગ કરેલ છે.

(૬) મંડળીએ રોકાણ રજીસ્ટર, શેર રજીસ્ટર, શેર ટ્રાન્સફર રજીસ્ટર તથા જમા પાવતી બુક હિસાબ રજીસ્ટ્રર જેવા રજીસ્ટ્રરો વારંવારના સુચનો છતાં નિભાવેલ નથી તથા પેટા કાયદો હાથ ઉપર રાખેલ નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી સતલાસણા તાલુકાની મજુર કામદાર સહકારી મંડળી લી., મું. હડોલ, તા. સતલાસણા, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી નં. ઉ/૧૦૪૫૬, તા. ૯મી નવેમ્બર, ૨૦૦૧ નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)ના ખંડ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ.એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખ થી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૧મી જુન, ૨૦૧૫.

એચ. એસ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર (લી. રી.) સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૨૩/૨/૨૦૧૫નો વહીવટી અહેવાલ.

(૨) મંડળીને આપેલ ફડચાની કારણદર્શક નોટીસ તા. ૭/૩/૨૦૧૫.

(૩) અત્રેના તા. ૧૬/૪/૨૦૧૫ના વચગાળાના હુકમ નં. ફડચ/૦૧/ગ/૭૩૯/૨૦૧૫.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧/૭/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંકઃજીએચકેએચ/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૨૧૨/ફ-૧૮૭૨૬/૨૦૧૫.– ધી ગુલજારે મદિના કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. કાણોદર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. ૧૬૩૫૫, તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૬થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવા સબ ઓડીટર (લી. રી.) સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫નો વહીવટી અહેવાલમાં જણાવ્યા પ્રમાણે સંસ્થામાં મકાનોનું બાંધકામ પૂર્ણ થઈ ગયેલ છે. હાલમાં કોઈ કામગીરી કરવાની બાકી રહેતી નથી. સંસ્થા ઘણા વર્ષોથી સ્થગિત અવસ્થામાં છે. સંસ્થા છેલ્લા અન્વેષક અહેવાલોની દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી. તેમજ મંડળીનો છેલ્લા વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે. કાર્યવાહકોને મંડળી ચાલુ રાખવામાં કોઈ રસ નથી.

આમ, ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-૨ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટીસ તા. ૭મી માર્ચ, ૨૦૧૫થી આપવામાં આવેલ હતી. જે અન્વયે મંડળી તરફથી કોઈપણ પ્રકારની લેખિત યા રૂબરૂ આવી મૌખિક રજુઆત ન થતાં આમુખ-૩ દ્વારા મંડળીના સભાસદોની મિલ્કત અંગેની જે તે સક્ષમ અધિકારીની કચેરીમાં વ્યક્તિગત નોંધ પડાવી પ્રોપર્ટી કાર્ડ મેળવી, તેમજ મંડળીની ખાસ સાધારણ સભા બોલાવી મંડળીને ફડચામાં લઈ જવા અંગે જરૂરી ઠરાવો કરી નકલ અત્રે મોકલી આપવા જણાવેલ ત્યારબાદ આમુખ-૩ દ્વારા તા. ૧૬મી એપ્રિલ, ૨૦૧૫નો ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને માસ-૧માં જે કાંઈ રજુઆત હોય તે કરવા જણાવવામાં આવેલ તેમ છતાં આજ દિન સુધી કોઈપણ પ્રકારની રજુઆત થઈ આવેલ ન હોઈ મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતી હોઈ વચગાળાના આદેશને બહાર રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એ. એસ.પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ, હિંમતનગર સરકારશ્રીના આમુખ-૫ના જાહેરનામાથી હોદ્દાની રૂએ મળેલ સત્તા અન્વયે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) અન્વયે ધી ગુલજારે મદિના કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., કણોદર, તા.પાલનપુર, જિ. બનાસકાંઠાને ફડચામાં મુકવા માટે અંતિમ આદેશ કરૂ છું. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી (ફડચો) ન. જ. લગત પાલનપુરની સદર અધિનિયમની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરૂ છું. તેઓને કલમ-૧૧૪ (૧) ની જોગવાઈ મુજબ ફડચા અંગેની કાર્યવાહી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫.

એ. એસ. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ)
સહકારી મંડળીઓ, હિંમતનગર.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર (રેગ્યુલર) સહકારી મંડળીઓ, ડાંગ-આહવાના તા. ૨૩/૨/૨૦૧૫નો ક્રમાંક અષણ/સકક/૧૦/૨૦૧૫ અન્વયેથી મળેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીશ (BY RPAD) જાવક ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૪૧૫-૪૧૭/૨૦૧૫, તા. ૭-૪-૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧/૧૨/૨૦૦૫ના જાહેરનામાં ક્રમાંકઃજીએચકેએચ/૪૫/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંકઃ સકક/ખ-૧/૬૫૬-૬૬૪/૨૦૧૫, તા. ૭/૫/૨૦૧૫.

પ્રસ્તાવના

જા. નં. સકક/ખ-૧/૮૩૪-૮૪૨/૨૦૧૫.–શ્રી પ્રવાસન નિગમ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સ.મં.લી., સાપુતારા, તા. આહવા, જિ. ડાંગ એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંકઃ સે. ૩૪૦૬૨, તા. ૨૮મી જૂન, ૨૦૦૪થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી ઉલ્લેખ મંડળી તરીકે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૩થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું ઓડીટ સબ ઓડીટર (રેગ્યુલર) સ.મં., ડાંગ-આહવા દ્વારા વૈદ્યાનીક ઓડીટ હાથ ધરી તા. ૧૭મી

INDEX

ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરવામાં આવેલ. ઓડીટરશ્રીની તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતા જણાઈ આવતા તેઓએ ખાસ વહીવટી અહેવાલ કરેલ જેનાં સંદર્ભમાં અત્રેથી મંડળીના હોદ્દેદારોને આમુખ-૨થી કારણદર્શક નોટીસ આપેલ અને નોટીસના સંદર્ભમાં મંડળીના હોદ્દેદારો તરફથી રજુઆત કરેલ નથી કે, જણાવેલ મુદતે હોદ્દેદારો હાજર રહેલા નથી. જેથી તેઓને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી.

આમુખ-૨થી કારણદર્શક નોટીસ અને આમુખ-૫ના વચગાળાના હુકમ સામે બચાવ કરવા સારું લેખિત/મૌખિકના-આધાર પુરાવા/ઠરાવો કે નક્કર માહિતી મંડળી દ્વારા રજુ થયેલ નથી. જેથી આમુખ-જથી મળેલ સત્તાની રૂએ આમુખ-૩માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસિબ લાગ્યું છે. કારણકે હોદ્દેદારો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ ગયા છે. મંડળીને હવે વધુ સમય માટે ચાલુ રાખવી સભાસદોના હિતમાં વ્યાજબી અને યોગ્ય જણાતું નથી. આર્થિક નુકશાની તેમજ બદલાયેલી આર્થિક પરિસ્થિતિને કારણે જ્યારે સંસ્થાના હોદ્દેદારો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય છે. ત્યારે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાની જોગવાઈ હોઈ, સદર મંડળી માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એસ. ડી. ભોયે, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ડાંગ-આહવા મને આમુખ-જથી મને મળેલ સત્તાની રૂએ શ્રી પ્રવાસન નિગમ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સ.મં.લી., સાપુતારા, તા. આહવા, જિ. ડાંગ, જેની નોંધણી પ્રમાણપત્ર નંબર સે.-૩૪૦૬૨, તા. ૨૮મી જૂન, ૨૦૦૪થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ મંડળી છે. જેને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : સકક/ખ-૧/૬૫૬-૬૬૪/૨૦૧૫, તા. ૭મી મે, ૨૦૧૫થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરું છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી વી. સી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી લગત કચેરી, ડાંગ-આહવાની નિમણુંક કરૂં છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી, નિયત ધોરણે નામદાર સરકારશ્રીનાં જમા કરાવવાની રહેશે.

આહવા, તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨ લગત સ્પેશ્યલ ઓડીટર મિલ્ક વલસાડનો વહીવટી અહેવાલ ક્રમાંકઃ તા. ૯/૨/૨૦૧૫ ક્રમાંકઃ અષણ/૦૧/ખ/૨૦૧૫ અન્વયે થી મળેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીશ (BY RPAD) જાવક ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૧/૪૨૪-૪૨૬/૧૫, તા. ૭/૪/૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧/૧૨/૨૦૦૫ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૪૫/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંકઃ સકક/ખ-૧/૬૩૮-૬૪૬/૨૦૧૫, તા. ૭/૫/૨૦૧૫.

પ્રસ્તાવના

જા. નં. સકક/ખ-૧/૮૪૩-૮૫૧/૨૦૧૫.–શ્રી મ. સં. ઢાઢરા દૂધ ઉત્પાદક સ. મં. લી. ઢાઢરા, તા. વઘઈ, જિ. ડાંગ એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : સેદુ-૩૫૨૧૧, તા. ૨૪મી એપ્રિલ, ૨૦૦૩થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી ઉલ્લેખ મંડળી તરીકે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૩થી તા. ૩૧/૩/૨૦૧૪ સુધીના સમયનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સ. મં. વલસાડ દ્વારા વૈધાનીક ઓડીટ હાથ ધરી તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરવામાં આવેલ. ઓડીટરશ્રીની તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતા જણાઈ આવતા તેઓએ ખાસ વહીવટી અહેવાલ કરેલ જેનાં સંદર્ભમાં અત્રેથી મંડળીના હોદ્દેદારોને આમુખ-૨થી કારણદર્શક નોટીસ આપેલ અને નોટીસના સંદર્ભમાં મંડળીના હોદ્દેદારો તરફથી રજુઆત કરેલ નથી કે, જણાવેલ મુદતે હોદ્દેદારો હાજર રહેલા નથી. જેથી તેઓને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી.

આમુખ-૨થી કારણદર્શક નોટીસ અને આમુખ-૫ના વચગાળાના હુકમ સામે બચાવ કરવા સારું લેખિત/મૌખિકના-આધાર પુરાવા/ઠરાવો કે નક્કર માહિતી મંડળી દ્વારા રજુ થયેલ નથી. જેથી આમુખ-જથી મળેલ સત્તાની રૂએ આમુખ-૩માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસિબ લાગ્યું છે. કારણકે, હોદ્દેદારો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ ગયા છે. મંડળીને હવે વધુ સમય માટે ચાલુ રાખવી સભાસદોના હિતમાં વ્યાજબી અને યોગ્ય જણાતું નથી. આર્થિક નુકશાની તેમજ બદલાયેલી આર્થિક પરિસ્થિતિને કારણે જ્યારે સંસ્થાના હોદ્દેદારો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય છે. ત્યારે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાની જોગવાઈ હોઈ, સદર મંડળી માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એસ. ડી. ભોયે, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ડાંગ-આહવા મને આમુખ-જથી મને મળેલ સત્તાની રૂએ શ્રી મ.સં. ઢાઢરા દૂધ ઉત્પાદક સ. મં. લી. ઢાઢરા, તા. વઘઈ, જિ. ડાંગ-આહવા જેની નોંધણી પ્રમાણપત્ર નંબર સેદુ-૩૫૨૧૧, તા. ૨૪મી એપ્રિલ, ૨૦૦૩થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ મંડળી છે. જેને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સકક/ ખ-૧/૬૩૮-૬૪૬/૨૦૧૫, તા. ૭મી મે, ૨૦૧૫થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરું છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.ની નિમણૂંક કરૂં છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી, નિયત ધોરણે નામદાર સરકારશ્રીનાં જમા કરાવવાની રહેશે.

આહવા, તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫.

વંચાણમાં લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨ સ.મં.(દૂધ), ચીખલી વહીવટી અહેવાલ ક્રમાંક તા. ૨-૨-૨૦૧૫ ક્રમાંક અષણ/૦૧/રૂબરૂ/૨૦૧૫, અન્વયેથી મળેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ BY R.P.A.D. જાવક ક્રમાંક ફડચ/૦૧/ખ-૧/૪૧૮-૪૨૦/૧૫, તા. ૭-૪-૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ની કલમ-૧૦૭, ૧૦૮ ની જોગવાઈઓ.

(૪) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧-૧૨-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક GHKH/૪૫/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : સક્ક/ખ-૧/૬૭૪-૬૮૨/૨૦૧૫, તા. ૭-૫-૨૦૧૫.

પ્રસ્તાવના

જા.નં. સકક/ખ-૧/૮૫૨-૮૬૦/૨૦૧૫.–શ્રી મ. સં. ખેરીન્દ્રા દૂધ ઉત્પાદક સ. મં. લી., ખેરીન્દ્રા, તા. સુબીર, જિલ્લો ડાંગ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક સેદુ-૩૫૮૮૫, તા. ૧૭મી જૂન, ૨૦૦૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી ઉલ્લેખ મંડળી તરીકે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧મી એપ્રિલ, ૨૦૧૩ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સ.મં. (દૂધ) ચીખલી દ્વારા વૈધાનિક ઓડીટ હાથ ધરી તા. ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરવામાં આવેલ. ઓડીટરશ્રીની તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતા જણાઈ આવતાં તેઓએ ખાસ વહીવટી અહેવાલ કરેલ જે અહેવાલના સંદર્ભમાં અત્રેની મંડળીના હોદેદારોને આમુખ-૨ થી કારણદર્શક નોટીસ આપેલ અને નોટીસના સંદર્ભમાં મંડળીના હોદ્દેદારો તરફથી રજુઆત કરેલ નથી કે, જણાવેલ મુદતે હોદ્દેદારો હાજર રહેલા નથી. જેથી તેઓને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી.

આમુખ-૨ ની કારણદર્શક નોટીસ અને આમુખ-૫નાં વચગાળાના હુકમ સામે બચાવ કરવા સારૂં લેખિત/મૌખિકના-આધાર, પુરાવા/ઠરાવો કે નક્કર માહિતી મંડળી દ્વારા રજુ થયેલ નથી. જેથી આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ આમુખ-૩માં જણાવેલ કલમ-૧૦૭(૩) અન્વયે મંડળીને ફડટામાં લઇ જવાનું મુનાસિબ લાગ્યું છે. કારણ કે હોદેદારો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ ગયા છે. મંડળીને હવે વધુ સમય માટે ચાલુ રાખવી સભાસદોના હિતમાં વ્યાજબી અને યોગ્ય જણાતું નથી. આર્થિક નુકશાની તેમજ બદલાયેલી આર્થિક પરિસ્થિતિને કારણે જ્યારે સંસ્થાના હોદેદારો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય છે. ત્યારે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાની જોગવાઇ હોઇ, સદર મંડળી માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, એસ. ડી. ભોયે, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ડાંગ-આહવા, મને આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ શ્રી મ.સં. ખેરીન્દ્રા દૂધ ઉત્પાદક સ. મં. લી., ખેરીન્દ્રા, તા. સુબીર, જિલ્લો ડાંગ જેની નોંધણી પ્રમાણપત્ર નંબર સેદુ-૩૫૮૮૫, તા. ૧૭મી જૂન, ૨૦૦૬ થી ગુજરાત સહકારી મડંળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ મંડળી છે. જેને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સકક/ખ-૧/૬૭૪-૬૮૨/૨૦૧૫, તા. ૭મી મે, ૨૦૧૫થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરું છું.

સદરહું અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.ની નિમણૂંક કરૂ છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી, નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

આહવા, તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫.

વંચાણમાં લીધા :-

(૧) સબ ઓડીટર સ.મં.(દૂધ), નવસારીનો વહીવટી અહેવાલ ક્રમાંક તા. ૨-૨-૨૦૧૫ ક્રમાંક અષણ/૦૧/૨૦૧૫, અન્વયેથી મળેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ BY R.P.A.D. જાવક ક્રમાંક ફડચ/૦૧/ખ-૧/૪૨૧-૪૨૩/૧૫, તા. ૭-૪-૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ની કલમ-૧૦૭, ૧૦૮ ની જોગવાઈઓ.

(૪) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧-૧૨-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક GHKH/૪૫/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : સક્ક/ખ-૧/૬૬૫-૬૭૩/૨૦૧૫, તા. ૭-૫-૨૦૧૫.

પ્રસ્તાવના

જા.નં. સકક/ખ-૧/૮૬૧-૮૬૯/૨૦૧૫.–શ્રી મ. સં. બરમ્યાવડ દૂધ ઉત્પાદક સ. મં. લી., બરમ્યાવડ, તા. આહવા, જિલ્લો ડાંગ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક સેદુ-૩૫૯૫૮, તા. ૧૯મી નવેમ્બર, ૨૦૦૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી ઉલ્લેખ મંડળી તરીકે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું ઓડીટ સબ ઓડીટર સ.મં. (દૂધ) નવસારી દ્વારા વૈધાનિક ઓડીટ હાથ ધરી તા. ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરવામાં આવેલ. ઓડીટરશ્રીની તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતા જણાઈ આવતાં તેઓએ ખાસ વહીવટી અહેવાલ કરેલ જે અહેવાલના સંદર્ભમાં અત્રેની મંડળીના હોદેદારોને આમુખ-૨ થી કારણદર્શક નોટીસ આપેલ અને નોટીસના સંદર્ભમાં મંડળીના હોદ્દેદારો તરફથી રજુઆત કરેલ નથી કે, જણાવેલ મુદતે હોદ્દેદારો હાજર રહેલા નથી. જેથી તેઓને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી.

આમુખ-૨ ની કારણદર્શક નોટીસ અને આમુખ-૫નાં વચગાળાના હુકમ સામે બચાવ કરવા સારૂં લેખિત/મૌખિકના-આધાર, પુરાવા/ઠરાવો કે નક્કર માહિતી મંડળી દ્વારા રજુ થયેલ નથી. જેથી આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ આમુખ-૩માં જણાવેલ કલમ-૧૦૭(૩) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસિબ લાગ્યું છે. કારણ કે હોદેદારો પોતાની ફરજ

INDEX

બજાવવામાં નિષ્ફળ ગયા છે. મંડળીને હવે વધુ સમય માટે ચાલુ રાખવી સભાસદોના હિતમાં વ્યાજબી અને યોગ્ય જણાતું નથી. આર્થિક નુકશાની તેમજ બદલાયેલી આર્થિક પરિસ્થિતિને કારણે જ્યારે સંસ્થાના હોદ્દેદારો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય છે. ત્યારે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાની જોગવાઇઓ હોઇ, સદર મંડળી માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, એસ. ડી. ભોયે, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ડાંગ-આહવા, મને આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ શ્રી મ.સં. બરમ્યાવડ દૂધ ઉત્પાદક સ. મં. લી., બરમ્યાવડ, તા. આહવા, જિલ્લો ડાંગ જેની નોંધણી પ્રમાણપત્ર નંબર સેદુ-૩૫૯૫૮, તા. ૧૯મી નવેમ્બર, ૨૦૦૬ થી ગુજરાત સહકારી મડંળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ મંડળી છે. જેને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સકક/ખ-૧/૬૬૫-૬૭૩/૨૦૧૫, તા. ૭મી મે, ૨૦૧૫થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરું છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.ની નિમણૂંક કરૂ છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી, નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

આહવા, તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫.

વંચાણમાં લીધા :-

(૧) સબ ઓડીટર સ.મં.(દૂધ), નવસારીનો વહીવટી અહેવાલ ક્રમાંક તા. ૨-૨-૨૦૧૫ ક્રમાંક અષણ/૦૧/૨૦૧૫, અન્વયેથી મળેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ BY R.P.A.D. જાવક ક્રમાંક ફડચ/૦૧/ખ-૧/૨૦૧૫, તા. ૭-૪-૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ની કલમ-૧૦૭, ૧૦૮ ની જોગવાઈઓ.

(૪) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧-૧૨-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક GHKH/૪૫/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : સક્ક/ખ-૧/૬૪૭-૬૫૫/૨૦૧૫, તા. ૭-૫-૨૦૧૫.

પ્રસ્તાવના

જા.નં. સકક/ખ-૧/૮૭૦-૮૭૮/૨૦૧૫.–શ્રી મ. સં. ચનખલ દૂધ ઉત્પાદક સ. મં. લી., ચનખલ, તા. આહવા, જિલ્લો ડાંગ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક સેદુ-૩૪૮૯૧, તા. ૩૦મી ઓકટોબર, ૨૦૦૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી ઉલ્લેખ મંડળી તરીકે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું ઓડીટ સબ ઓડીટર સ.મં. (દૂધ) નવસારી દ્વારા વૈધાનિક ઓડીટ હાથ ધરી તા. ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરવામાં આવેલ. ઓડીટરશ્રીની તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતા જણાઈ આવતાં તેઓએ ખાસ વહીવટી અહેવાલ કરેલ જે અહેવાલના સંદર્ભમાં અત્રેની મંડળીના હોદ્દેદારોને આમુખ-૨ થી કારણદર્શક નોટીસ આપેલ અને નોટીસના સંદર્ભમાં મંડળીના હોદ્દેદારો તરફથી રજુઆત કરેલ નથી કે, જણાવેલ મુદતે હોદ્દેદારો હાજર રહેલા નથી. જેથી તેઓને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી.

આમુખ-૨ ની કારણદર્શક નોટીસ અને આમુખ-૫નાં વચગાળાના હુકમ સામે બચાવ કરવા સારૂં લેખિત/મૌખિકના-આધાર, પુરાવા/ઠરાવો કે નક્કર માહિતી મંડળી દ્વારા રજુ થયેલ નથી. જેથી આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ આમુખ-૩માં જણાવેલ કલમ-૧૦૭(૩) અન્વયે મંડળીને ફડચામાં લઇ જવાનું મુનાસિબ લાગ્યું છે. કારણ કે હોદ્દેદારો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ ગયા છે. મંડળીને હવે વધુ સમય માટે ચાલુ રાખવી સભાસદોના હિતમાં વ્યાજબી અને યોગ્ય જણાતું નથી. આર્થિક નુકશાની તેમજ બદલાયેલી આર્થિક પરિસ્થિતિને કારણે જ્યારે સંસ્થાના હોદ્દેદારો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય છે. ત્યારે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાની જોગવાઇ હોઇ, સદર મંડળી માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, એસ. ડી. ભોયે, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ડાંગ-આહવા, મને આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ શ્રી મ.સં. ચનખલ દૂધ ઉત્પાદક સ. મં. લી., ચનખલ, તા. આહવા, જિલ્લો ડાંગ જેની નોંધણી પ્રમાણપત્ર નંબર સેદુ-૩૪૮૯૧, તા. ૩૦મી ઓકટોબર, ૨૦૦૨ થી ગુજરાત સહકારી મડંળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ મંડળી છે. જેને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સકક/ખ-૧/૬૪૭-૬૫૫/૨૦૧૫, તા. ૭મી મે, ૨૦૧૫થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરું છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.ની નિમણૂંક કરૂ છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી, નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

આહવા, તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫.

વંચાણમાં લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૨૧-૧૧-૨૦૦૯ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-સકક/૦૧/ખ-૩ /૧૪-૧૮/૨૦૦૯.

(૨) અત્રેની કચેરીના તા. ૨૧-૧૨-૨૦૦૯નો વચગાળાનો આદેશ ક્રમાંક સકક/ખ-૩/૧૨૪૩-૧૨૪૪/૨૦૦૯.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ અન્વયેની જોગવાઈઓ.

(૪) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧-૧૨-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક GHKH/૪૫/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

(૫) અત્રેની કચેરીના અંતિત આદેશ ક્રમાંક : સક્ક/ખ-૩/૧૪-૧૮/૨૦૦૯, તા. ૨૭-૧-૨૦૧૦.

પ્રસ્તાવના

જા.નં. સકક/ખ-૧/૮૭૯-૮૮૩/૨૦૧૫.–શ્રી નાંદનપેડા વિભાગ મજુર કામદાર સ. મં. લી., નાંદનપેડા, તા. આહવા, જિલ્લો ડાંગ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક ઉ-૬૦૦૩, તા. ૨૯મી માર્ચ, ૧૯૮૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ઉપરોક્ત આમુખ (૫)થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવેલો હતો. સદરહુ અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૧ જં. કા. સ. મં. ડાંગ-આહવાની નિમણૂંક કરવામાં આવી હતી. સદર મંડળી માટે નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

આથી, હું, એસ. ડી. ભોયે, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ડાંગ-આહવા, મને આમુખ (૪) થી મને મળેલ સત્તાની રૂએ શ્રી નાંદનપેડા વિભાગ મજુર કામદાર સ. મં. લી., નાંદનપેડા, તા. આહવા, જિલ્લો ડાંગ જેની નોંધણી પ્રમાણપત્ર નંબર ઉ-૬૦૦૩, તા. ૨૯મી માર્ચ, ૧૯૮૮ થી ગુજરાત સહકારી મડંળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ મંડળી છે. જે મંડળીને આમુખ (૫)થી ફડચા માં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ હતો. જે હુકમમાં સદરહું અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે હવેથી ફડચા અધિકારી તરીકે શ્રી વી. સી. પટેલ મદદનીશ સહકારી અધિકારી લગત કચેરીની નિમણૂંક કરૂ છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી, ઓડિટ ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે. અને નિયમ-૪૮ મુજબના કાર્યો અને ફરજો બજાવવાની રહેશે. અને આજ અધિનિયમની કલમ-૧૧૦ મુજબની સત્તાઓ વાપરવાની રહેશે. જે અંગેનો સુધારો બહાર પાડવામાં આવે છે.

આહવા, તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ-આહવા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧/૭/૨૦૧૧.

(૩) ધી સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ હિંમતનગરના તા. ૧૦મી માર્ચ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૧૦૯૭/૨૦૧૫ થી રજુ થયેલ કલમ-૧૦૭ અન્વયેનો વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ગ/૧૨૪/૨૦૧૫, તા. ૧૧-૦૩-૨૦૧૫.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : વહટ/૦૧/ગ/૨૮૨/૨૦૧૫, તા. ૦૬-૦૫-૨૦૧૫.

(૬) તા.   -૦૬-૨૦૧૫ની નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/ફ/૧૮૭૪૯/૦૧/ગ/૩૮૧/૨૨૭૨/૨૦૧૫.–ધી ટાઢીવેડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ટાઢીવેડી, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા (જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નં. સે. દુ. ૨૭૬૩૫, તા. ૨૧મી મે, ૧૯૯૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ/નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. સદર મંડળીમાંશ્રી સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ હિંમતનગરના વહીવટી અહેવાલ જોતાં મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઇ આવેલ છે.

(૧) મંડળી છેલ્લા ૧૫ વર્ષથી બિલકુલ સ્થગિત અવસ્થામાં છે. મંડળી ચાલુ કરવા માટે મંડળીના કાર્યવાહકો કે સભાસદોને કોઇ રસ જણાતો નથી.

(૨) મંડળીના ચેરમેનશ્રી દ્વારા ઓડીટ દરમ્યાન મંડળીને ફડચામાં લઇ જવા લેખિત જણાવેલ છે. જેના ઉપરથી ફલિત થાય છે કે મંડળી ચાલુ કરવામાં કાર્યવાહકોને રસ નથી.

(૩) મંડળીના તપાસણી સમયમાં કે અગાઉ પણ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૪) મંડળીના તપાસણી સમયમાં એકપણ વ્ય. કમીટીની મીટીંગ મળેલ નથી.

(૫) મંડળી દ્વારા પાછલા ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી. અને મંડળીનો છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ વર્ગ 'ક' છે.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોએ આમુખ-૪ થી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તા. ૨૩મી માર્ચ, ૨૦૧૫ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદરહું મુદતે કોઇ હાજર ન રહેતા ફરી તા. ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે પણ કોઇ હાજર રહેલ નહી જેથી કુદરતી ન્યાયના હિતમાં ફરી તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ની મુદત આપવામાં આવેલ હતી. આમ વારંવાર મુદત આપવા છતાં મંડળી તરફથી કોઇ હાજર રહેલ નથી કે લેખિત મૌખિક રજુઆત કરેલ નથી કે મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઇ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ સંસ્થા જે હેતુ કે ઉદ્દેશ્યો માટે

રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશ્યો પરીપુર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ વંચાણે લીધેલ આમુખ-૫ થી મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી લેખિત / મૌખિક રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. તેમ છતાં મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ, વારંવાર મુદતો આપવા છતાં મંડળીના કાર્યવાહકોએ મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઇ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી કે પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી કરવા માટેના સક્રિય પ્રયત્નો કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં મંડળી ચાલુ રાખવી ઉચિત જણાતું ન હોઇ તથા આ મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ આમુખ-૫ વાળા વચગાળાના હુકમને બહાલ કરતો નીચે મુજબનો મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, આર. એમ. આસોડીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા વંચાણે લીધેલ આમુખ-૨થી મને મળેલ સત્તાની રૂએ ધી ટાઢીવેડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.ટાઢીવેડી, તા. ખેડબ્રહમા, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) (એ)(સી)(ii) અન્વયે આટોપી લેવાનો ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરું છું. હુકમ થયા તારીખથી ફડચા અધિકારીએ પાંચ વર્ષમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરી/બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધું :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧-૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧.

(૩) શ્રી ભોગીલાલ આર. પટેલ વ્ય. ક. સભ્ય ધી કાલીપુરા ગામની ફળ અને શાકભાજી ઉત્પાદકોની સ.મં. લી. ની રજુઆત.

(૪) ધી કાલીપુરા ગામની ફળ અને શાકભાજી ઉત્પાદકોની સ.મં. લી. કાલીપુરા, તા. પ્રાંતિજનો તારીખ ૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૪નો ઓડીટમેમો.

(૫) આ કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ગ/૧૯૨/૨૦૧૫, તારીખ ૮-૪-૨૦૧૫.

(૬) મંડળીના તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ના પત્રથી રજુ થયેલ સાધારણ સભાનો ઠરાવ નં.-૩.

(૭) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : વહટ/૦૧/ગ/૨૮૦/૨૦૧૫, તારીખ ૪-૫-૨૦૧૫.

(૮) તારીખ -૦૬-૨૦૧૫ની નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/ફ/૧૮૭૪૭/૦૧/ગ/૩૮૦/૨૨૭૩/૨૦૧૫.-ધી કાલીપુરા ગામની ફળ અને શાકભાજી ઉત્પાદકોની સ.મં. લી. કાલીપુરા, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા (જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નં. ખે. ૮૯૭૨, તા. ૨જી માર્ચ, ૨૦૦૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ/નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. સદર મંડળીનો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૪ નો ઓડીટ અહેવાલ જોતાં જણાઇ આવેલ છે કે મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીના ગત ઓડીટમેમાની ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીના તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી ૩૧મી માર્ચ, ૨૦૧૩ ના સમયની તારીજ જોતાં મંડળીએ કોઇ જ પ્રકારના વ્યવહારો (વેપાર કે ધિરાણ) કરેલ નથી. માત્ર બટાટા બિયારણ ખરીદી વેચાણ કરેલ છે. આમ મંડળીએ અપનાવેલ પેટાનિયમ મુજબના ઉદ્દેશો સિધ્ધ થતા નથી. આમ મંડળીની વ્યવસ્થાપક કમિટી મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૩) પેટા નિયમની જોગવાઇ મુજબ કમિટીની મીટીંગ મળતી નથી.

(૪) તારીખ ૩૧-૩-૨૦૧૩ના સરવૈયા મુજબ મંડળીએ ₹ ૪૪૮૦/- ખોટ કરેલ છે.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૫ થી કારણદર્શક નોટીશ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદરહું મુદતે કોઇ હાજર ન રહેતા ફરી તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે પણ કોઇ હાજર રહેલ નહિ જેથી કુદરતી ન્યાયના હિતમાં ફરી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ ની મુદત આપવામાં આવેલ હતી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળી તરફથી કોઇ હાજર રહેલ નથી કે લેખિત મૌખિક રજુઆત કરેલ નથી. પરંતુ વંચાણે લીધેલ આમુખ-૬ના ઠરાવથી નોટીસ અન્વયે મંડળી કોઇપણ જાતની કામગીરી કરતી ન હોઇ મંડળીને ફડચામાં લઇ જવા ઠરાવ કરી અત્રે રજુ કરેલ છે. મંડળીના કાર્યવાહકોએ મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઇ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ સંસ્થા જે હેતુ કે ઉદ્દેશ્યો માટે રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશ્યો પરીપુર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. જેથી વંચાણે લીધેલ આમુખ-૭ થી મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી લેખિક મૌખિક રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ

INDEX

હતી. તેમ છતાં મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળીના કાર્યવાહકોએ મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઇ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. કે પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી કરવા માટેના સક્રિય પ્રયત્નો કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં મંડળી ચાલુ રાખવી ઉચિત જણાતુ ન હોઇ તથા મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ આમુખ-૭ વાળા વચગાળાના હુકમને બહાલ કરતો નીચે મુજબનો મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું આર. એમ. આસોડીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા વંચાણે લીધેલ આમુખ-૨ થી મને મળેલ સત્તાની રૂએ ધી કાલીપુરા ગામની ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. કાલીપુરા, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિમય, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) (એ)(સી)(ıı) અન્વયે આટોપી લેવાના ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણૂંક કરું છું. હુકમ થયા તારીખથી ફડચા અધિકારીએ પાંચ વર્ષમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરી/બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધું :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ. કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧.

(૩) શ્રી સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ હિંમતનગરના તારીખ ૧૦-૩-૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૧૦૯૬/૨૦૧૫ થી રજુ થયેલ કલમ-૧૦૭ અન્વયેનો વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીની કારણ નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ગ/૧૪૫/૨૦૧૫, તારીખ ૧૧-૩-૨૦૧૫.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : વહટ/૦૧/ગ/૨૮૩/૨૦૧૫, તારીખ ૬-૫-૨૦૧૫.

(૬) તારીખ -૦૬-૨૦૧૫ની નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/ફ/૧૮૭૫૦/૦૧/ગ/૩૭૯/૨૨૭૪/૨૦૧૫.-ધી બારાબેડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. બારાબેડી, તા. ખેડબ્રહમા, જિ. સાબરકાંઠા (જેનો હવે પછી ‘‘મંડળી’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ‘‘અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નં. સે. દુ. ૨૦૯૨૦, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ/નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. સદર મંડળીમાં શ્રી સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ હિંમતનગરનો વહીવટી અહેવાલ જોતાં મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી ઘણા સમયથી સ્થગિત બિલકેલ હાલતમાં છે. મંડળીને પુનઃ ચાલુ કરવામાં સભાસદો કે કમીટી સભ્યોને રસ જણાતો નથી. મંડળી ઘણા સમયથી સ્થગિત હોવા છતાં ચાલુ કરવા કોઇ સક્રિય પ્રયત્નો કરવામાં આવેલ નથી.

(૨) મંડળીના તપાસણી સમયમાં કે અગાઉ પણ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. જેથી ફલિત થાય છે કે મંડળીનો વહીવટ ચલાવવામાં સભાસદોને બિલકુલ રસ નથી.

(૩) મંડળીના તપાસણી સમયમાં એકપણ વ્ય. કમિટીની મીટીંગ મળેલ નથી.

(૪) મંડળી દ્વારા ગત ઓડીટ મેમાની તેમજ અગાઉના ઓડીટમેમાની ખામીઓની દુરસ્તી કરેલ નથી કે દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી અને મંડળીના છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ વર્ગ ‘‘ડ’’ છે.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૪ થી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદરહું મુદતે કોઇ હાજર ન રહેતા ફરી તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે પણ કોઇ હાજર રહેલ નહિ જેથી કુદરતી ન્યાયના હિતમાં ફરી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ ની મુદત આપવામાં આવેલ હતી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળી તરફથી કોઇ હાજર રહેલ નથી કે લેખિત મૌખિક રજુઆત કરેલ નથી, કે મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઇ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ સંસ્થા જે હેતુ કે ઉદ્દેશો માટે રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશો પરીપુર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં રસ જણાતો નથી. જેથી આમુખ-૫ થી મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી લેખિત મૌખિક રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. તેમ છતાં મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળીના કાર્યવાહકોએ મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઇ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. કે પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી કરવા માટેના સક્રિય પ્રયત્નો કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં મંડળી ચાલુ રાખવી ઉચિત જણાતુ ન હોઇ તથા મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ આમુખ-૫ વાળા વચગાળાના હુકમને બહાલ કરતો નીચે મુજબનો મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું આર. એમ. આસોડીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા વંચાણે લીધેલ આમુખ-૨ થી મને મળેલ સત્તાની રૂએ ધી બારાબેડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.

INDEX

બારાબેડી, તા. ખેડબ્રહમા, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિમય, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(એ)(સી)(ii) અન્વયે આટોપી લેવાના ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણૂંક કરું છું. હુકમ થયા તારીખથી ફડચા અધિકારીએ પાંચ વર્ષમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરી/બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધું :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧.

(૩) શ્રી સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ હિંમતનગરના તારીખ ૧૦-૩-૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૧૦૯૮/૨૦૧૫ થી રજુ થયેલ કલમ-૧૦૭ અન્વયેનો વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ગ/૧૩૫/૨૦૧૫, તારીખ ૧૧-૩-૨૦૧૫.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : વહટ/૦૧/ગ/૨૮૧/૨૦૧૫, તારીખ ૬-૫-૨૦૧૫.

(૬) તારીખ -૦૬-૨૦૧૫ની નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/ફ/૧૮૭૪૮/૦૧/ગ/૩૭૮/૨૨૭૫/૨૦૧૫.-ધી મામાપીપલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. મામાપીપલા, તા. ખેડબ્રહમા, જિ. સાબરકાંઠા (જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નં. સે. દુ. ૨૦૯૨૧, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૮૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ/નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. સદર મંડળીમાં શ્રી સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ હિંમતનગરનો વહીવટી અહેવાલ જોતાં મંડળીએ પેટા કાયદાના ઉદેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીના તપાસણી સમયમાં કે અગાઉ પણ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. જેથી ફલિત થાય છે કે મંડળીનો વહીવટ ચલાવવામાં સભાસદોને બિલકુલ રસ નથી.

(૨) મંડળીના તપાસણી સમયમાં એકપણ વ્ય. કમીટીની મીટીંગ મળેલ નથી.

(૩) મંડળી છેલ્લા ૫ થી ૬ વર્ષથી બિલકુલ બંધ હાલતમાં છે. પેટા નિયમના ઉદેશો મુજબ કોઈ કામગીરી કરવામાં આવતી નથી. અને મંડળીનો છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' છે. તેમજ ભવિષ્યમાં મંડળી ઉદેશો મુજબની કામગીરી ચાલુ કરી શકે તેમ નથી.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૪ થી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદરહું મુદતે કોઈ હાજર ન રહેતા ફરી તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે પણ કોઈ હાજર રહેલ નહિ જેથી કુદરતી ન્યાયના હિતમાં ફરી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ ની મુદત આપવામાં આવેલ હતી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળી તરફથી કોઈ હાજર રહેલ નથી કે લેખિત મૌખિક રજુઆત કરેલ નથી. કે મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ સંસ્થા જે હેતુ કે ઉદ્દેશ્યો માટે રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશ્યો પરીપુર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં રસ જણાતો નથી. જેથી આમુખ-૫ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી લેખિત મૌખિક રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. તેમ છતાં મંડળી દ્વારા કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળીના કાર્યવાહકોએ મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. કે પેટા નિયમના ઉદેશો મુજબની કામગીરી કરવા માટેના સક્રિય પ્રયત્નો કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં મંડળી ચાલુ રાખવી ઉચિત જણાતુ ન હોઈ તથા મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો ન હોઈ આમુખ-૫ વાળા વચગાળાના હુકમને બહાલ કરતો નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું આર. એમ. આસોડીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા વંચાણે લીધેલ આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ધી મામાપીપલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. મામાપીપલા, તા. ખેડબ્રહમા, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિમય, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(એ)(સી)(ii) અન્વયે આટોપી લેવાના ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણૂંક કરું છું. હુકમ થયા તારીખથી ફડચા અધિકારીએ પાંચ વર્ષમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરી/બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨ (સ.મં.), (૫) ભરૂચ ધી એસ. એન્ડ એસ. ટ્રાન્સપોર્ટ સ.મં. લી. વડદલા, તા. વાગરા, જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગે

INDEX

તારીખ ૧-૫-૨૦૧૫ ની દરખાસ્ત તથા તારીખ ૧-૪-૨૦૧૧ થી તારીખ ૩૧-૩-૨૦૧૪ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૯-૫-૨૦૧૫ના પત્ર નં. ફડચ/૦૧/ઘ-૨/૧૬૬/૨૦૧૫ થી મંડળીને પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭, ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧-૭-૨૦૧૧ નો ક્રમાંક : જીએચકે એચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૨૦૧/૭૩૦/૨૦૧૫.-ધી એસ. એન્ડ એસ. ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લી., મું. વડદલા, તા. વાગરા, જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર : સે. ૩૦૩૫૪, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨ (સ.મં.) (૫) ભરૂચ દ્વારા આમુખ-૧ થી વંચાણે લીધેલ ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના આમુખ-૨ થી વંચાણે લીધેલ રજીસ્ટર્ડ પો.એ.ડી. થી મંડળીને કારણ દર્શક નોટીસ પાઠવી તેમાં જણાવેલ કારણો સબબ દિન-૧૫ માં લેખિત/મૌખિક/રૂબરૂ રજુઆત કરવા જણાવેલ, પરંતુ કારણદર્શક નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી કોઈપણ રજુઆત કરવામાં આવેલ નથી, અને કોઈ પણ હોદ્દેદારો હાજર રહેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવે છે. આમ ઉપરોક્ત વિગતો ધ્યાનમાં લઈ, મંડળીને ફડચામાં લઈ જવાનું યોગ્ય લાગતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ધી એસ. એન્ડ એસ. ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લી., મું. વડદલા, તા. વાગરા, જિ. ભરૂચ આમુખ-૩ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરુ છું, અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની નીમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત કે મૌખિક આધાર પુરાવા સાથે અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨ (સ.મં.), (૩) ભરૂચ ધી સાંઈનાથ મજુર કામદાર સહકારી મંડળી લી. ૧૮, હીરાબાગ નગર, કણબીવગા, ભરૂચ તા. જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગે તારીખ ૨-૩-૨૦૧૫ ની દરખાસ્ત તથા તારીખ ૧-૪-૨૦૧૦ થી તારીખ ૩૧-૩-૨૦૧૪ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૧-૪-૨૦૧૫ના પત્ર નં. ફડચ/૦૧/ઘ-૨/૧૧૮/૨૦૧૫ થી મંડળીને પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭, ૧૦૮ની જોગવાઈઓ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧-૭-૨૦૧૧ નો ક્રમાંક : જીએચકે એચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૨૦૨/૭૩૧/૨૦૧૫.-ધી સાંઈનાથ મજુર કામદાર સહકારી મંડળી લી. ૧૮, હીરાબાગ નગર, કણબીવગા, ભરૂચ તા. જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર : ઉ-૧૧૯૭૮, તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૧ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨ (સ.મં.) (૩) ભરૂચ દ્વારા આમુખ-૧ થી વંચાણે લીધેલ ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના આમુખ-૨ થી વંચાણે લીધેલ રજીસ્ટર્ડ પો.એ.ડી. થી મંડળીને કારણ દર્શક નોટીસ પાઠવી તેમાં જણાવેલ કારણો સબબ દિન-૧૫ માં લેખિત/મૌખિક/રૂબરૂ રજુઆત કરવા જણાવેલ, પરંતુ કારણ દર્શક નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી કોઈપણ રજુઆત કરવામાં આવેલ નથી, અને કોઈ પણ હોદ્દેદારો હાજર રહેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવે છે. આમ ઉપરોક્ત વિગતો ધ્યાનમાં લઈ, મંડળીને ફડચામાં લઈ જવાનું યોગ્ય લાગતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ધી સાંઈનાથ મજુર કામદાર સહકારી મંડળી લી. ૧૮, હીરાબાગ નગર, કણબીવગા, ભરૂચ તા. જિ. ભરૂચ આમુખ-૩ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરુ છું, અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની નીમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત કે મૌખિક આધાર પુરાવા સાથે અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫.

સુનિલકુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક), ઓડીટ ઓફિસ, વલસાડના જા.નં. અષણ/૦૧/ચ/૮૪/૫૭૨/૨૦૧૫, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫નો ખાસ અહેવાલ.

INDEX

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૩૨૯-૩૩૬/૨૦૧૫, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

(૩) અત્રેની કચેરીના વચગાળાના હુકમ નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૭૧/૨૦૧૫, તારીખ ૧૫મી મે, ૨૦૧૫.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૯૪/૭૧૮/૨૦૧૫.– મ. સ. નવા ફળિયા સાદડવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. સાદડવેલ, તા. ચીખલી, જિ. નવસારી, જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. મ. સ. નવા ફળિયા સાદડવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. સાદડવેલ, તા. ચીખલી, જિ. નવસારી ને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ સુનાવણી તારીખનાં રોજ મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં ન આવતાં અત્રેના વંચાણે લીધા (૩) થી વચગાળાનો આદેશ કરી એક માસની મુદતમાં રજુઆત કરવા જણાવવામાં આવેલ, જે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, મ. સ. નવા ફળિયા સાદડવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. સાદડવેલ, તા. ચીખલી, જિ. નવસારી ને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધરા ડેરી, આલીપોર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સ્પેશયલ ઓડિટર (મિલ્ક), ઓડીટ ઓફિસ, વલસાડના જા.નં. અષણ/૦૧/ચ/૮૫/૫૭૧/૨૦૧૫, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૩૩૭ થી ૩૪૫/૨૦૧૫, તારીખ ૭મી માર્ચ, ૨૦૧૫.

(૩) અત્રેની કચેરીના વચગાળાના હુકમ નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૭૦/૨૦૧૫, તારીખ ૧૫મી મે, ૨૦૧૫.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૯૫/૭૧૭/૨૦૧૫.– મ. સ. ધોડ ફળિયા, સમરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ધોડ ફળિયા સમરોલી, તા. ચીખલી, જિ. નવસારી, જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. મ. સ. ધોડ ફળિયા, સમરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ધોડ ફળિયા સમરોલી, તા. ચીખલી, જિ. નવસારી ને ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સ્પેશયલ ઓડિટર (મિલ્ક), ઓડિટ ઓફિસ, વલસાડ દ્વારા વંચાણે લીધા (૧) થી ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીની વંચાણે લીધા (૨) ની કારણદર્શક નોટીસ મંડળીને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ જે સબબ સુનાવણી તારીખનાં રોજ મંડળી દ્વારા કોઇ રજુઆત કરવામાં ન આવતાં અત્રેના વંચાણે લીધા (૩) થી વચગાળાનો આદેશ કરી એક માસની મુદતમાં રજુઆત કરવા જણાવવામાં આવેલ, જે સબબ મંડળી દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, મ. સ. ધોડ ફળિયા, સમરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ધોડ ફળિયા સમરોલી, તા. ચીખલી, જિ. નવસારી ને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, વસુધરા ડેરી, આલીપોર, તા. ચીખલી, જિ. નવસારીની નિમણૂંક કરૂ છું. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના હુકમ ક્રમાંક : ફડચ/નધણ/૦૧/ઘ-૨/૪૬૪/૨૦૧૦ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી, ગ્રેડ-૨ (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તારીખ ૧લી મે, ૨૦૧૫ની નોંધણી રદની ભલામણ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈ.

(૪) ઓડિટર, ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, નવસારીનો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૯ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૫ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

INDEX

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ફ/૧૪૦૫૩/૪૭૬/૭૨૭/૨૦૧૫.– ક્રમાંક : સા-૧૯૩૭૪, તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૮૩ થી શ્રધ્ધા રંગકામ કરનારાઓની મજૂર કામદાર સહકારી મંડળી લી., મું.પો. મરોલીગામ, તા. જલાલપોર, જિ. નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીના સભાસદોને તથા હોદ્દેદારોને મંડળી ચાલુ રાખવામાં રસ ન હોવાથી સહકારી કાયદાની કલમ-૧૦૭ની દરખાસ્તને ધ્યાને રાખી મંડળીને અત્રેની કચેરીના તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના હુકમથી ફડચામાં લઈ જઈ, ફડચા અધિકારીશ્રીની નિમણૂંક કરવામાં આવેલ ફડચા અધિકારીશ્રી, સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાના નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા (૨) થી રજુ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં શ્રધ્ધા રંગકામ કરનારાઓની મજૂર કામદાર સહકારી મંડળી લી., મું.પો. મરોલીગામ, તા. જલાલપોર, જિ. નવસારીની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખ થી રદ કરવામાં આવી છે. એમ ગણાશે.

હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૫) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધિન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર શ્રધ્ધા રંગકામ કરનારાઓની મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. પો. મરોલીગામ, તા. જલાલપોર, જિ. નવસારીની નોંધણી રદ કરતો હુકમ કરુ છું.

નવસારી, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના હુકમ ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૪૬/૨૦૦૫ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી, ગ્રેડ-૨ (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તારીખ ૧૫મી મે, ૨૦૧૫ની નોંધણી રદની ભલામણ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૪) ઓડિટર, ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, નવસારીનો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ થી તારીખ ૧૪મી મે, ૨૦૧૫ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ફ/૧૪૦૫૨/૪૭૭/૭૨૮/૨૦૧૫.– ક્રમાંક : સે.દૂ.-૨૯૬૨૨, તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૭ મ. સ. ખૂંધ પોંકડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ખૂંધ પોંકડા, તા. ચીખલી, જિ. નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીના સભાસદોને તથા હોદ્દેદારોને મંડળી ચાલુ રાખવામાં રસ ન હોવાથી સહકારી કાયદાની કલમ-૧૦૭ની દરખાસ્તને ધ્યાને રાખી મંડળીને અત્રેની કચેરીના તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના હુકમથી ફડચામાં લઈ જઈ, ફડચા અધિકારીશ્રીની નિમણૂંક કરવામાં આવેલ ફડચા અધિકારીશ્રી, સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાના નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા (૨) થી રજુ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં મ. સ. ખૂંધ પોંકડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ખૂંધ પોંકડા, તા. ચીખલી, જિ. નવસારીની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખ થી રદ કરવામાં આવી છે. એમ ગણાશે.

હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૫) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળ મને મળેલ સત્તાઓની આધિન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર મ. સ. ખૂંધ પોંકડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.પો. ખૂંધ પોંકડા, તા. ચીખલી, જિ. નવસારીની નોંધણી રદ કરતો હુકમ કરુ છું.

નવસારી, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

વંચાણે લીધા :

(૧) એડીશનલ ઓડીટર, સહકારી મંડળીઓ, (ગ્રાહક), નડીયાદશ્રીનો ખાસ અહેવાલ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૪.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટીસ જા.નં. ફડચ/૦૧/ગ-૨/૪૨/૨૦૧૫, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(૩) અત્રેની કચેરીના સ્મૃતિપત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૮૦/૨૦૧૫, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૧૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૩૭/૨૦૧૫, તારીખ ૮મી મે, ૨૦૧૫ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૬) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧ /ચ, તા. ૨૧-૭-૨૦૧૨ અન્વયે મળેલ સત્તાઓ.

INDEX

હુકમ

ક્રમાંક : ઉખસ/કજ/ફડચા/૦૧/ગ-૨/૧૮૯/૨૦૧૫.–ધી વ્યાસવાસણા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વ્યાસવાસણા, તા. કપડવંજ, જિ. ખેડાને હું, એ. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ, આમુખ (૬) થી મળેલ સત્તાની રૂએ તથા આમુખ (૫) માં જણાવેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાના આમુખ (૪)માં જણાવેલ તારીખ ૮મી મે, ૨૦૧૫ના વચગાળાના હુકમને કાયમ રાખતો હુકમ કરૂ છું. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે એમ. પી. ચૌહાણ, સબ ઓડીટર, સહકારી મંડળીઓ, મહેમદાવાદની સહકારી કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણૂંકને કાયમ કરવામાં આવે છે. નિયુક્ત ફડચા અધિકારીએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈઓ મુજબ મંડળીને આટોપી લેવાની કાર્યવાહી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

નડીયાદ, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

ક્રમાંક : ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૨૪/ઝ/૯/૧૪૪૯/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, રીટ્રીટ હાઈટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. વેસુ, તા. સુરતસીટી, જી. સુરતને.

(સને ૧૯૬૧ના ગુજરાત સહકારી કાયદા ૧૦) ગુજરાત મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે.

સુરત, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ)
સુરત.

જા. નં. : નધણ/૦૧/ક-૨/૩૨૪/૨૦૧૫.–જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ-મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી કાત્યાયની મહિલા બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી., ઠે. પરા બજાર લુણાવાડા, મું.પો. લુણાવાડા, તાલુકો લુણાવાડા, જિ. મહિસાગર.

સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦) ની કલમ-૯ અન્વયે તા. ૧૮/૬/૨૦૧૫ નોંધણી ક્રમાંકઃ એમએચએસ/સે. ૪૩૩૭૩ થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહિસાગર,
લુણાવાડા

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંક ખે-૯૯૨૧/૨૦૧૫.–આથી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા જાહેર કરે છે કે, ધી મોટીરાઠ મહીસાગર સિંચાઈ સહકારી મંડળી લી., મું. પો. મોટીરાઠ, તા. કડાણા, જિ. મહીસાગર.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ.પં.
મહીસાગર.

નંબર નધણ/વીએલડી/સા-૯૨૪૨/ચ/૧૮૧/૧૫૧૧/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, જરફીરોઝ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ કો. ઓ. હા. સર્વિસ સો.લી. કેરી માર્કેટ સામે, બેચર રોડ, વલસાડ, તા.જી વલસાડને.

(સને ૧૯૬૧ના ગુજરાત સહકારી કાયદા ૧૦) ગુજરાત મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે.

વલસાડ, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫.

નંબર નધણ/એનવીએસ/સા-૯૩૭૪/૧૬૮/૭૩૫/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, સ્વસ્તિક એપાર્ટમેન્ટ કો.ઓ. હાઉસીંગ સર્વિસ સો. લી., રૂસ્તમ વાડી નજીક, નવસારી, તા. જી. નવસારીને.

ગુજરાત મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે.

વલસાડ, તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ)
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૨-૦૭-૨૦૦૧ના હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૫૫૩/ઘ-૨/૫૮૭/૨૦૦૧ થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) અત્રેની કચેરીનો તા. ૦૫-૦૯-૨૦૦૧ના હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૫૫૩/ઘ-૨/૭૬૭/૨૦૦૧ થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો અંતિમ હુકમ.

(૩) સોસાયટીના સભાસદોની તા. ૨૬-૦૩-૨૦૧૫ના પત્રથી ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો ચાર્જ સુપ્રત કરવા બાબતની રજૂઆત.

(૪) ફડચા અધિકારીશ્રી, ફડચા-૧, લગત સદર કચેરીના તા. ૨૮-૪-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/ફ-૧/૦૧/૩૦/૨૦૧૫ થી થયેલ ભલામણ.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૬) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦-૧૧-૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જીએચકેએચ / ૯૩ / ૨૦૧૨ / એનએસબી / ૧૨ / ૨૦૦૨ / ૩૦૧૧ / ચ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૨૦૦/૧૭૫૭/૨૦૧૫.– ધી પંચશીલ વટવા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. વટવા, અમદાવાદ (નોંધણી નં. ઘ-૧૧૧૭૬, તા. ૨૪-૦૧-૧૯૮૪) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે.

વંચાણે લીધા ક્રમાંક (૧) થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, ફડચા-૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ, વંચાણે લીધા ક્રમાંક (૨) ની વિગતે ફડચાનો અંતિમ હુકમ કરી, ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ જે હાલ ફડચા અધિકારી તરીકે કાર્યરત છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી સોસાયટીના સભાસદોએ આ કચેરીને ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો ચાર્જ સુપ્રત કરવા બાબતેની રજૂઆત કરતા તે રજૂઆત અન્વયે મંડળીના પેટા કાયદા તથા સહકારી કાયદા કાનૂનની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી હાથ ધરવા ફડચા અધિકારીને મોકલી આપતા, વંચાણે લીધેલ ક્રમાંક (૪) થી ફડચા અધિકારીએ આ કચેરીને અહેવાલ કરેલ છે. જે મુજબ તેઓએ ખાસ સાધારણ સભાનો એજન્ડા તા. ૧૫મી એપ્રિલ, ૨૦૧૫ કાઢી તા. ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ખાસ સાધારણ સભા બોલાવેલ, જેમાં સોસાયટીની નવી કમિટીની સર્વાનુમતે વરણી થયેલ છે. જે વિગતો સાથે સદર સોસાયટીને પુનઃજીવીત કરવા ભલામણ કરેલ છે તથા તેઓના હસ્તકનો ચાર્જ નવી કમિટીને સુપ્રત કરી શકે તે માટે સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેના જરૂરી હુકમો થઈ આવવા વિનંતી કરેલ છે.

આમ ઉપરોક્ત વિગતો/હકીકતોને ધ્યાને લેતાં તેમજ ફડચા અધિકારીએ કરેલ ભલામણ જોતાં અને સભ્યોએ તા. ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ ના ખાસ સાધારણ સભામાં કરેલ ઠરાવ જોતાં સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેનો હુકમ કરવાનો મુનાસિબ જણાતાં આથી નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

આથી, હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મને પ્રાપ્ત થયેલા અધિકારો અને સત્તાની રૂએ ધી પંચશીલ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. વટવા, અમદાવાદ (નોંધણી નં. ઘ-૧૧૧૭૬, તા. ૨૪મી જાન્યુઆરી, ૧૯૮૪)ને ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અત્રેની કચેરીનો તા. ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૧નો અંતિમ હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૫૫૩/ઘ-૨/૭૬૭/૨૦૦૧ નીચે મુજબની શરતોને આધિન રહીને રદ કરી સદર મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરૂં છું.

શરતો :-

(૧) મંડળીએ તેની બાકી સમયથી છેવટ સુધી વાર્ષિક હિસાબોનું ઓડીટ માસ ત્રણમાં પુરૂં કરાવી લેવાનું રહેશે.

(૨) સભાસદોના વિશાળ હિતમાં પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની તથા કાયદા કાનૂન મુજબની કામગીરી કરવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૫મી મે, ૨૦૧૫.

ચેતન એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર),
અમદાવાદ.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૨૫/ઝ/૨૯/૧૫૦૯/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, રીટ્રીટ હાઈટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. વેસુ, તા. સુરતસીટી, જી. સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદા ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૨૬/ઝ/૨૭/૧૫૧૧/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, રાજરત્ન એન્કલેવ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. મોજે. પાલ, તા. સુરતસીટી, ટી.પી.સ્કીમ નં.-૧૬, જી. સુરત.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદા ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
સુરત.

નંબર સે/PTN/૪૩૬૧૧/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી રાધનપુર તાલુકા એગ્રો કન્ઝુમર્સ એન્ડ ક્રેડીટ કો. ઓપ. સો. લી., મું. રાધનપુર, તા. રાધનપુર, જી. પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૧૫.

નંબર સે/PTN/૪૩૬૧૯/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી પાટણ અને સરસ્વતી ગો. વિકા. સહકારી મંડળી લી., મું. પાટણ, તા. પાટણ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

INDEX

નંબર સે/PTN/૪૩૬૨૦/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી મહાલક્ષ્મી ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી., મું. સિધ્ધપુર, તા. સિધ્ધપુર, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

નંબર સે/PTN/૪૩૬૨૧/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી હારીજ તાલુકાની ધિ. કાર્યકારી સહકારી મંડળી લી., મું. હારીજ, તા. હારીજ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધો :-

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ગ્રાહક), પાટણની તારીખ ૧-૪-૨૦૧૧થી તા. ૩૧-૩-૨૦૧૪ના ઓડિટ સમયની રજુ કરેલી અન્વેષણ નોંધ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૩) અત્રેનો તારીખ ૧૯-૯-૨૦૧૪ના પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૮૨૧/૨૯૨૭/૨૦૧૪ થી આપવામાં આવેલ ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૬૧/૨૦૧૫, તા. ૨૬-૫-૨૦૧૫ થી જવાબ રજુ કરવા જણાવતો પત્ર.

(૫) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૬૩/૧૬૧૬/૨૦૧૫.–શ્રી સ્વામી નારાયણ ગ્રાહક સહકારી ભંડાર લી., મું. તા. પાટણ, જિ. પાટણએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયેથી નોંધાયેલ સહકારી મંડળી છે. આ સહકારી મંડળી તેના ઉદેશ મુજબ કામગીરી કરતી ન હોઇ મંડળીના કાર્યવાહકોને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા માટે આમુખ-(૩) વાળા પત્રથી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષનો ઓડિટ વર્ગ-ડ છે.

(૨) પાછલા ચાર વર્ષના ઓડિટનો દુરસ્તી રિપોર્ટ સંબંધિત ઓડિટરશ્રીઓને મોકલી આપેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૩) મંડળી છેલ્લા ૨ વર્ષથી તદન સ્થગિત અવસ્થામાં રહેવા પામેલ છે.

(૪) મંડળી અગાઉથી ખોટમાં છે. એકત્રિત ખોટ ₹ ૬૮૮-૧૦ સરભર કરવા મંડળીના હોદેદારોએ કોઇ પ્રયત્ન કરેલ નથી.

(૫) પેટાનિયમ મુજબ નિયત થયા પ્રમાણે વ્યવસ્થાપક કમિટીની બેઠક મળેલ નથી. આમ, મંડળીના હોદેદારોને મંડળી ચલાવવામાં કોઇ રસ હોય તેમ જણાતું નથી.

(૬) વાર્ષિક સાધારણ સભામાં નહિવત સભ્યોની હાજરી છે. આમ, મંડળીના સભ્યોને પણ મંડળી ચલાવવામાં કોઇ રસ હોય તેમ જણાતું નથી.

ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઇ જતાં અગાઉ સંદર્ભ (૩) વાળા પત્રથી કારણદર્શક નોટીસ પાઠવી તારીખ ૯મી ઓકટોબર, ૨૦૧૪ના રોજ આ કચેરીએ હાજર રહી રજુઆત કરવાની તક આપવાની આવેલ હતી. જે સંદર્ભ મંડળીના સભ્યોએ હાજર રહી કારણદર્શક નોટિસનો જવાબ રજુ કરેલ નથી. તેમજ આમુખ-૪ થી પણ મંડળીને તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજ હાજર રહી રજુઆત કરવા જણાવેલ. તેમ છતાં, કોઇ રજૂ થયેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકો અને સભાસદોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ તેમજ મંડળી હાલમાં સ્થગિત અવસ્થામાં છે. મંડળી પોતાના ઉદેશો મુજબની કોઇ પ્રવૃત્તિ કરતી ન હોઇ મંડળી તેમજ સભાસદોના હિતમાં નીચે મુજબનો ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, આર. એ. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. પાટણ મને મળેલ સત્તાની રુએ શ્રી સ્વામી નારાયણ ગ્રાહક સહકારી ભંડાર લી., મું. તા. પાટણ, જિ. પાટણ, ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં.-ભં. ૫૦૯૨, નોંધણી તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૯ ને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (૨) અન્વયે આથી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપું છું તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરું છું.

ઉકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કોઇ ચુક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫.

આર. એ. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધા :-

(૧) તારીખ ૭-૬-૨૦૧૪ ના ફડચાના અંતિમ હુકમ ક્રમાંક : ખપગ/ખ-૩/૧૮/૯૧/૧૪૯૫/૨૦૧૪.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭, ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ખપગ/ખ-૩/૧૮/૯૧/૮૯૮/૨૦૧૫.–ધી રામપુર (સાંપા) દુ.ઉ.સ.મં. લી. મું. રામપુર (સાંપા), તા. દહેગામ, જિ. ગાંધીનગરને વંચાણે

લીધેલ ક્રમ-૧ અન્વયે ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે શ્રી જે. ડી. પરમારની નિમણુક કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમ-૨ ની જોગવાઇઓ તથા વહિવટી સરળતા ખાતર શ્રી એમ. પી. મકવાણાની ફડચા અધિકારી તરીકે નિમણુક કરવા અંગે નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

આથી હું, ઉર્વશી બ્રહ્મભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગર મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮ની સત્તાઓની રૂઇએ વહિવટી સરળતા ખાતર ધી રામપુર (સાંપા) દુ. ઉ. સ. લી., મું. રામપુર (સાંપા), તા. દહેગામ, જિ. ગાંધીનગરમાં વંચાણે લીધેલ ક્રમ-૧ના હુકમથી કરવામાં આવેલ શ્રી જે. ડી. પરમારની ફડચા અધિકારી તરીકેની નિમણુક રદ કરી અને તેની જગ્યાએ શ્રી એમ. પી. મકવાણા, સહકારી અધિકારી લગત અત્રેની કચેરીની નિમણુક અંગેનો સુધારા હુકમ કરૂ છું.

ગાંધીનગર, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) તારીખ ૨૪મી જૂન, ૨૦૧૪ના ફડચાના અંતિમ હુકમ ક્રમાંક ખપગ/ખ-૩/૨૦/૪૮/૨૦૧૪.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ખપગ/ખ-૩/૧૮/૯૧/૮૯૯/૨૦૧૫.–ધી ચાંદાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ચાંદાના મુવાડા, તા. દહેગામ, જિ. ગાંધીનગરને વંચાણે લીધેલ ક્રમાંક-૧ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે શ્રી જે. ડી. પરમારની નિમણૂંક કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક-૨ની જોગવાઈઓ તથા વહીવટી સરળતા ખાતર શ્રી એમ. પી. મકવાણાની ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરવા અંગે નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

આથી, હું, ઉર્વશી બ્રહ્મભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર, મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮ની સત્તાઓની રૂએ, વહીવટી સરળતા ખાતર ધી ચાંદાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ચાંદાના મુવાડા, તા. દહેગામ, જિ. ગાંધીનગરમાં વંચાણે લીધેલ ક્રમાંક-૧ના હુકમથી કરવામાં આવેલ શ્રી જે. ડી. પરમારની ફડચા અધિકારી તરીકેની નિમણૂંક રદ કરી અને તેની જગ્યાએ શ્રી એમ. પી. મકવાણા, સહકારી અધિકારી લગત અત્રેની કચેરીની નિમણૂંક અંગેનો સુધારા હુકમ કરૂં છું.

ગાંધીનગર, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૯મી મે, ૨૦૦૦નો અંતિમ આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૯૧૯/૨૦૦૦.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૧ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૭૭/૨૦૦૧.

(૩) અત્રેની કચેરીના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૮૯ થી ૫૯૦/૨૦૦૮.

(૪) અત્રેની કચેરીના તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૦ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૦૭/૨૦૧૦.

(૫) અત્રેની કચેરીના તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૧ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૬૮૯/૨૦૧૧.

(૬) અત્રેની કચેરીના તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૮૮૯ થી ૮૯૧/૨૦૧૨.

(૭) અત્રેની કચેરીના તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૩ના હુકમ ક્રમાંક ફડચ/ ૦૧/ગ/૫૫૦ થી ૫૫૨/૨૦૧૩.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ/૩૬૭ થી ૩૭૦/૨૦૧૫.– ધી નાના લીમટવાડા ખેતી પિયત સહકારી મંડળી લિ., નાના હેડવા, તા. નાંદોદ, જિ. નર્મદાને આમુખ-૧ થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવેલ છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. સી. કોઠીવાલાની નિમણુંક કરવામાં આવેલ હતી. જે રદ કરી આમુખ-૨ થી શ્રી એમ. એસ. વસાવા, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ સંબંધિત કર્મચારીની જગ્યા રદ કરી આમુખ-૩ થી ફડચા અધિકારી તરીકે શ્રી પી. બી. પ્રજાપતિ, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણૂંક કરેલ હતી. સંબંધિત કર્મચારીની બદલી થતા સદર મંડળીના ફડચા અધિકારી તરીકે આમુખ-૪ થી શ્રી ટી. વી. ચૌધરી, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણૂંક કરેલ. તેઓની અત્રેની કચેરીએથી બદલી થતા આમુખ-૫ થી શ્રી ડી. ડી. ઠક્કર, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણૂંક કરેલ હતી. તેઓની અત્રેની કચેરીએથી બદલી થતા આમુખ-૬ થી શ્રી એન. આર. પરમાર, સહકારી અધિકારી લગત કચેરીની નિમણૂંક કરેલ હતી. તેઓની અત્રેની કચેરીએથી બદલી થતા આમુખ-૭ થી શ્રી એચ. બી. તડવી, સીનીયર ક્લાર્ક લગત સદર કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. પરંતુ, શ્રી ડી. કે. ગોહિલની ખાલી જગ્યાએ હાલમાં શ્રી ડી. સી. શાહ હાજર થયેલ છે. અને કાર્યાલયના આદેશ ક્રમાંક : મકમ/૦૧/ક-૨/૧૫૦ થી ૧૫૨ થી ફડચા અધિકારી તરીકેની કામગીરી સુપ્રત થતા નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

ધી નાના લીમટવાડા ખેતી પિયત સહકારી મંડળી લિ., નાના હેડવા, તા. નાંદોદ, જિ. નર્મદાને સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ આમુખ-૧ના અંતિમ આદેશથી ફડચામાં લઇ જવામાં

INDEX

આવેલ છે. આમુખ-૭ થી શ્રી એચ. બી. તડવી, સીનીયર ક્લાર્ક લગત સદર કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. જે વહીવટી કારણોસર ફેરફાર કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ડી. સી. શાહ, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

રાજપીપલા, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૨મી માર્ચ, ૨૦૦૪ના હુકમ ક્રમાંક ફડચ/ ગ/૨૧/૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૮ના હુકમ ક્રમાંક ફડચ/ ૦૧/ગ/૭૩૦/૨૦૦૮.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૦ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૬/૨૦૧૦.

(૪) અત્રેની કચેરીના તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૬૫૫/૨૦૧૧.

(૫) અત્રેની કચેરીના તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૯૨૮ થી ૯૩૦/૨૦૧૨.

(૬) અત્રેની કચેરીના તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૫૯ થી ૧૬૧/૨૦૧૩.

(૭) અત્રેની કચેરીના તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૩ના હુકમ ક્રમાંક ફડચ/ ૦૧/ગ/૫૬૫ થી ૫૬૭/૨૦૧૩.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ/૩૭૧ થી ૩૭૪/૨૦૧૫.– ધી નર્મદા પિયત અને વિ. કા. સહકારી મંડળી લિ., મું. થપાવી, તા. દેડીયાપાડા, જિ. નર્મદાને આમુખ-૧ થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવેલ છે. અને ફડચા અધિકારી તરીકે આમુખ-૧ થી શ્રી એન. બી. ટેલર, મ. સ. અ. લગત કચેરીની નિમણુંક કરવામાં આવેલ હતી. જે આથી રદ કરી આમુખ-૨ થી શ્રી પી. બી. પ્રજાપતિ, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. તેઓની અત્રેની કચેરીએથી બદલી થતા આમુખ-૩ થી શ્રી ટી. વી. ચૌધરી, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. સંબંધિત કર્મચારીની અત્રેની કચેરીએથી બદલી થતા આમુખ-૪ થી શ્રી ડી. ડી. ઠક્કર, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. જેમાં સુધારો કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે આમુખ-૫ થી શ્રી એન. આર. પરમાર, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. સંબંધિત કર્મચારીની બદલી થતા સદર મંડળીના ફડચા અધિકારી તરીકે આમુખ-૬ થી શ્રી વાય. સી. વસાવા, સીનીયર ક્લાર્ક લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. સંબંધિત કર્મચારીની બદલી થતા સદર મંડળીના ફડચા અધિકારી તરીકે આમુખ-૭ થી શ્રી જે. આર. તડવી, સીનીયર ક્લાર્ક લગત સદર કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. પરંતુ, શ્રી ડી. કે. ગોહિલની ખાલી જગ્યાએ હાલમાં શ્રી ડી. સી. શાહ હાજર થયેલ છે. અને કાર્યાલયના આદેશ ક્રમાંક : મકમ/૦૧/ક-૨/૧૫૦ થી ૧૫૨ થી ફડચા અધિકારી તરીકેની કામગીરી સુપ્રત થતા નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

ધી નર્મદા પિયત અને વિ. કા. સહકારી મંડળી લિ., મું. થપાવી, તા. દેડીયાપાડા, જિ. નર્મદાને સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ આમુખ-૧ના અંતિમ આદેશથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. આમુખ-૭ થી શ્રી જે. આર. તડવી, સીનીયર ક્લાર્ક લગત સદર કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. જે વહીવટી કારણોસર ફેરફાર કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ડી. સી. શાહ, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

રાજપીપલા, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૨ના હુકમ ક્રમાંક ફડચ/ ૦૧/ગ/૫૭૨ થી ૫૭૮/૨૦૧૨.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૮૭૭ થી ૮૭૯/૨૦૧૨.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૭૧ થી ૧૭૩/૨૦૧૩.

(૪) અત્રેની કચેરીના તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૬૦૧ થી ૬૦૩/૨૦૧૩.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ/૩૭૫ થી ૩૭૮/૨૦૧૫.– ધી જળ સિંચન ખેતી પિયત સહકારી મંડળી લિ., સેજપુર, તા. દેડીયાપાડા, જિ. નર્મદાને આમુખ-૧ થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવેલ છે. અને ફડચા અધિકારી તરીકે આમુખ-૧ થી શ્રી એમ. પી. પંચાલ, સહકારી અધિકારી (ગ્રાહક) લગત કચેરીની નિમણુંક કરવામાં આવેલ હતી. તેઓશ્રીની અત્રેની કચેરીએથી બદલી થતા સદર મંડળીના ફડચા અધિકારી તરીકે આમુખ-૨ થી શ્રી એન. આર. પરમાર, સહકારી અધિકારી તરીકેની નિમણૂંક કરવામાં આવેલ હતી. સંબંધિત કર્મચારીની બદલી થતા આમુખ-૩ થી શ્રી વાય. સી. વસાવા, સીનીયર ક્લાર્ક લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. તેઓશ્રીની બદલી થતા આમુખ-૪ થી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી જે. આર. તડવી, સીનીયર ક્લાર્ક લગત સદર કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. પરંતુ, શ્રી ડી. કે. ગોહિલની ખાલી જગ્યાએ હાલમાં શ્રી ડી. સી. શાહ હાજર થયેલ છે. અને કાર્યાલયના આદેશ ક્રમાંક મકમ/૦૧/ક-૨/૧૫૦ થી ૧૫૨ થી ફડચા અધિકારી તરીકેની કામગીરી સુપ્રત થતા નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

ધી જળ સિંચન ખેતી પિયત સહકારી મંડળી લિ., સેજપુર, તા. દેડીયાપાડા, જિ. નર્મદાને સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ આમુખ-૧ના અંતિમ આદેશથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. આમુખ-૪ થી શ્રી જે. આર. તડવી, સીનીયર ક્લાર્ક લગત સદર કચેરીની

INDEX

નિમણૂંક કરવામાં આવેલ હતી. જે વહીવટી કારણોસર ફેરફાર કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ડી. સી. શાહ, સહકારી અધિકારી ગ્રેડ-૨ લગત કચેરીની નિમણુંક કરવામાં આવેલ છે.

રાજપીપલા, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

એચ. એન. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નર્મદા-રાજપીપલા.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪ (ઘ)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧/૭/૨૦૧૧.

(૩) આ કચેરીની તા. ૪-૬-૨૦૧૫ની કારણદર્શક નોટીસ ક્રમાંક નબસ/૦૧/ઘ/૬૦૦/૧૩૫૭/૨૦૧૫.

(૪) સંસ્થાના કાર્યવાહકોએ તા. ૧૬-૬-૨૦૧૫ના રોજ રજુ કરેલ અલગથી લેખિત જવાબ.

(૫) આ કચેરીની તા. ૨૩-૬-૨૦૧૫ની મંજુર થયેલ નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક વહટ/૦૧/ગ/૧૩૮/૧૪૪૧/૨૦૧૫.–ધી માલપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ., માલપુર, તા. માલપુર, જિ. અરવલ્લી (જેનો હવે પછી "સંઘ" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી અધિનિયમ કે કાયદો તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. નીચે નોંધાયેલ સહકારી સંઘ છે. જેનો વહીવટ અધિનિયમ ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ અને સંઘના મંજુર થયેલ પેટા નિયમ મુજબ કરવાનો હોય છે.

સંઘએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪(સી) નિર્દિષ્ટ સહકારી સંસ્થા છે. સદરહું સંઘના ચૂંટાયેલા વ્યવસ્થાપક મંડળની મુદત તા. ૨૧-૦૧-૨૦૧૩ના રોજ પૂર્ણ થયેલ છે. સહકારી કાયદાની કલમ-૭૪(સી)(૨) (IV) માં થયેલ નવી જોગવાઈ મુજબ The Elected Members of The managing Committee Its and office Bearers Shall Cease To Hold The Office on the Date of Expiry of Their Term.

આમ ઉપરોક્ત જોગવાઈ પ્રમાણે સંસ્થાના વ્યવસ્થાપક કમિટી સભ્યો અને તેના હોદ્દેદારો તેની મુદત પુરી થયાની તારીખે હોદ્દો ધરાવતા આપોઆપ બંધ થયેલ છે. આ નવી જોગવાઈ તા. ૧૦-૦૪-૨૦૧૫ થી અમલમાં આવેલ છે. આમ સંઘમાં તમો તા. ૨૧-૦૧-૨૦૧૩થી એટલે કે આજની તારીખે પણ ચૂંટણી થયેલ ના હોય નિયામક મંડળના સભ્ય તરીકે તેમજ હોદ્દેદાર તરીકે આપોઆપ બંધ થયેલા છે અને હોદેદારોની મુદત પૂર્ણ થઇ ગયેલી છે. જેથી આ અંગે આમુખ-૩ થી વંચાણે લીધેલ આ કચેરીની કારણદર્શક નોટીસ અન્વયે રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા માટે સંસ્થાના કાર્યવાહકોને તા. ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજની મુદત આપવામાં આવેલ હતી.જે મુદતે સંસ્થાના કાર્યવાહકોએ હાજર રહી અલગથી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫ના રોજ તબક્કાવાર કાર્યક્રમનું જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ છે. અને તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫ થી ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા શરૂ કરેલ છે. આમ ચૂંટણી પ્રક્રિયા નાયબ કલેક્ટરશ્રી, બાયડ મારફતે શરૂ થઇ ગયેલ છે. જેથી ચૂંટણી વિલંબથી થવાનું કારણ અમારે સ્થાનેથી ન હોઇ કારણદર્શક નોટીસ દફતરે કરવા વિનંતી કરેલ છે. કાયદાની કલમ-૭૪(ઘ)ની જોગવાઇ અને ઉપર જણાવેલ કલમ-૭૪(સી)(૨) (IV) ની જોગવાઇ ધ્યાને લેતાં સદર લેખિત જવાબ ગ્રાહ્ય રાખવો ઉચિત જણાતો નથી તેમજ સહકારી કાયદાની કલમ-૭૪(સી)(૨) (IV) માં થયેલ નવી જોગવાઇ મુજબ તેમજ સંસ્થાના કાર્યવાહકોની વ્યવસ્થાપક કમીટીની મુદત તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ પુર્ણ થયેલ છે. આમ, જોગવાઇ પ્રમાણે સંસ્થાના વ્યવસ્થાપક કમિટી સભ્યો અને તેના હોદેદારો તેની મુદત પુરી થયાની તારીખે હોદ્દો ધરાવતા આપોઆપ બંધ થયા છે. અને નવિન નિયામક મંડળ પણ ચૂંટાઇ ગયેલ નથી. જેથી સંસ્થાના વહીવટમાં શુન્યાવકાસ સર્જાયેલ છે. આ સંજોગોમાં મંડળીની આર્થિક પ્રવૃત્તિ ચાલી શકે તથા સંસ્થાના સભાસદોનું વિશાળ હિત જોખમાય નહી તે માટે અધિનિયમની કલમ-૭૪(ઘ)ની જોગવાઇઓ મુજબ સંસ્થામાં ચુંટાયેલ નિયામક મંડળ આવે નહી ત્યાં સુધી Stop Gape Arrangement તરીકે સંઘના નિયામક મંડળના સ્થાને કસ્ટોડીયનની નિમણુંક કરવી જરૂરી હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, આર. એમ. આસોડીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અરવલ્લી મોડાસા વંચાણે લીધેલ આમુખ-૨ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂએ ધી માલપુર તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ માલપુર, જિ. અરવલ્લીમાં (૧) ડાહ્યાભાઇ કે. પટેલ (૨) શ્રી રમેશભાઇ કે. પટેલ (૩) શ્રી અંબાલાલ જે. પટેલ (૪) શ્રી જશુભાઇ એસ. પટેલ (૫) શ્રી દલસુખભાઇ જે. પટેલ (૬) શ્રી મુળજીભાઇ એન. પટેલ (૭) શ્રી પ્રતાપસિંહ ગુલાબજી ખાંટ (૮) શ્રી વિઠ્ઠલભાઇ એલ. પટેલ (૯) શ્રી સાંકળજી મોતીજી ખાંટ (૧૦) શ્રી મનુભાઇ એન. પટેલ (૧૧) કનુભાઇ કે. પટેલ (૧૨) શ્રી ભાથીભાઇ એસ. ખાંટ (૧૩) શ્રી મુકેશસિંહ એચ. રાઠોડ (૧૪) રમણભાઇ પી. પરમાર (૧૫) શ્રી સંજયભાઇ ડી. પટેલનાઓની બનેલ વ્યવસ્થાપક કમિટી કે જેના તમામ વ્ય. ક. સભ્યો સંઘમાં વ્યવસ્થાપક કમિટી સભ્ય તરીકે હોદ્દો ધરાવતા આપોઆપ બંધ થયેલા હોઇ તેમના સ્થાને મંડળીના સભાસદોના વિશાળ હિતને ધ્યાને લઇ ઉક્ત પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૪(ઘ)મુજબ Stop Gape Arrangement તરીકે કસ્ટોડીયન તરીકે આ કચેરીના સહકારી અધિકારી (બજાર) શ્રી સુભાષભાઇ કે. પટેલની નીચેની શરતોને આધિન નિમણુંક કરૂ છું.

શરતો :-

(૧) કસ્ટોડીયનની મુદત હુકમની તારીખથી એક વર્ષ અથવા ચુંટાયેલ નિયામક મંડળ ચાર્જ સંભાળે તે બે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીની રહેશે.

(૨) કસ્ટોડીયને આ કચેરીના નિયંત્રણમાં રહી વહીવટ કરવાનો રહેશે.

(૩) દર માસે કામગીરીનો પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

(૪) અત્રેની મંજુરી સિવાય કર્મચારીની નિમણુંક, પગાર વધારો તથા અન્ય લાભો આપી શકશે નહિ.

(૫) સંઘની ચુંટણી કરાવી નવિન વ્યવસ્થાપક કમિટીની રચના કરી તેમને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

મોડાસા, તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, અરવલ્લી,
મોડાસા.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૭-૧૧-૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ખ-૨/૨૫૩૮ થી ૨૫૪૭/૦૫.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની તા. ૦૩-૬-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૯૩/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી રાજબારા દુધ ઉત્પાદક સ.મં.લી. મું. મોવી, તા.ઝઘડિયા, જિ. ભરૂચની (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ/સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૨૦૯/૭૭૬/૨૦૧૫.– ધી રાજબારા, દુધ ઉત્પાદક સ.મં.લી. મું. મોવી, તા. ઝઘડિયા, જિ. ભરૂચ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૧૮-૮-૧૯૮૩ નોંધણી નંબર સે. ૩૬૦૩ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીએ કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના સહકારી અધિકારી(ફડચો), લગત કચેરી, ભરૂચ નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧-૪-૨૦૦૬ થી તારીખ ૨૨-૦૫-૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સ.મં. (૩) ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૨૨-૫-૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૧૭-૨-૨૦૦૭ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી રાજબારા, દુધ ઉત્પાદક સ.મં.લી. મું. મોવી, તા. ઝઘડિયા, જિ. ભરૂચ નોંધણી નં. સે.-૩૬૦૩ તા. ૧૮-૮-૧૯૮૩ની આમુખ-૫થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું. અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫.

સુનિલકુમાર ચૌધરી
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી., તા. ૨૭-૫-૧૯૬૮.

(૩) ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો. ઓપ. બેંક લી.અમદાવાદનો તા. ૩-૬-૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની તારીખ ૬-૬-૨૦૧૫ તથા તા. ૧૭-૬-૨૦૧૫ની કારણદર્શક નોટીસ.

જા.નં. ઉખસ/ફડચ/ચ-૩/૩૧૬/૨૦૧૫.-ઉપર દર્શાવેલ ક્રમાંક-૩થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી ભુંભલી સેવા સહ. મંડળી લી. મું. ભુંભલી, તા. ધોળકા મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશ્યો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ વર્ગ ''ક'' આવેલ છે.

(૨) મંડળીને સભાસદો પાસેથી વસુલ કરવાનું બાકી કરજ ₹ ૪૨.૨૦ લાખ છે. મંડળીમાં કુલ એકત્રીત ખોટ ₹ ૧૦૬૭૨ લાખની છે.

(૩) મંડળી પાસે ₹ ૮૭.૮૮ લાખની બેંક લોન બાકી છે.

(૪) મંડળી આર્થિક રીતે પગભર નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમીટી મંડળીના સહકારી કાયદા-કાનુન તથા પેટા નિયમોની જોગવાઇ મુજબ પોતાની જવાબદારી અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૬) વૈધનાથન કમીટીની ભલામણથી સરકારશ્રી તરફથી ₹ ૬,૪૧,૬૩૪/- ની સહાય મળેલ હોવા છતાં મંડળી અર્થક્ષમ નથી.

ઉપરના સંજોગો ધ્યાન લેતા ઉકત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું, આઈ. એમ. પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, મને મળેલ અધિકારની રૂઈએ ધી ભુંભલી સેવા સહકારી મંડળી લી. મું. ભુંભલી, કે જેનો નોંધણી ક્રમાંક ૨૩૭૩૨, તારીખ ૧૭-૫-૧૯૫૫ છે, તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો

આદેશ કરૂં છું અને આજ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકેઅમદાવાદ જિલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ) અમદાવાદની નિયુક્ત કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીનો જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો રજુઆત થશે નહીં. તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે-૪૦૫૭૦/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, જય ગેલ અંબે મહિલા કો. ઓ. ક્રેડીટ એન્ડ સપ્લાય સો. લી., મું. તા. સાણંદ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫.

ઈ. મ. પુરોહીત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના જા.નં. નધણ/ફડચ/૦૧/ધ-૨/૩૪૦/૨૦૧૨, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૨થી કરવામાં આવેલ ફડચાનો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, નવસારીની જા. નં. ફડચ/૦૧/ધ-૧/૬૪/૨૦૧૫, તારીખ ૨૫મી મે, ૨૦૧૫ મુજબની મંડળીને પુનઃજીવિત કરવાની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો સને ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. નધણ/૦૧/ધ-૨/૪૯૮ થી ૫૦૦/૭૯૬/૨૦૧૫.—શ્રી ગડત વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગડત, તા. ગણદેવી, જિ. નવસારી જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે-૧૨૭૯૪, તારીખ ૩જી જુલાઇ, ૧૯૮૬ થી થયેલ શ્રી ગડત વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગડત, તા. ગણદેવી, જિ. નવસારીને અત્રેની કચેરીના વંચાણે લીધા આમુખ-૧ના અંતિમ આદેશ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. આમુખ-૨થી સહકારી અધિકારી (ફડચા) લગત શ્રી ગડત વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગડત, તા. ગણદેવી, જિ. નવસારી પુનઃજીવિત કરવા અંગેની સદર મંડળીની દરખાસ્ત ખાસ સાધારણ સભા તા. ૧૬મી મે, ૨૦૧૫ના ઠરાવ નં.-૨ સહ અત્રેની કચેરીમાં રજૂ કરેલ સદર મંડળીને પુનઃજીવિત કરવા સબબ વંચાણે લીધા આમુખ-૩ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો અને ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઇઓ મુજબ મંડળીને પુનઃજીવિત કરવાની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી, મંડળી પુનઃજીવિત કરવા સબબ કોઈ વાંધા સૂચન હોય તો રજુ કરવા જણાવવામાં આવે છે. સદરહુ જાહેર નોટીસ ફડચા અધિકારીશ્રી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીની કચેરી દ્વારા મંડળીના સ્થળે તેમજ ગ્રામ પંચાયત ગડત ખાતે તારીખ ૪થી જૂન, ૨૦૧૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે સબબ કોઈ વાંધા સૂચન રજુ થયેલ નથી. અત્રેની જાહેર નોટીસના જવાબમાં કોઈ પણ વાંધા-સૂચન આવેલ ન હોય, જે ધ્યાને લઈ તથા મંડળી અને તેના સભાસદોના હિતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, નીચે સહી કરનાર એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી આમુખ-૩ અને આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ શ્રી ગડત વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગડત, તા. ગણદેવી, જિ. નવસારીને નીચેની શરતોને આધીન પુનઃજીવિત કરવાનો હુકમ કરૂ છું.

શરતો :-

(૧) મંડળીનું સરવૈયું પુનઃજીવિત દરખાસ્ત સાથે રજુ થયા મુજબ યથાવત રહેશે તેમાં દેવા કે લેણાંની રકમમાં કોઈ ફેરફાર કે વધ-ઘટ કરવામાં આવતા નથી.

(૨) મંડળીના પેટા-નિયમોમાં કોઈ સુધારા-વધારા કે ફેરફાર હાલ કરવામાં આવતા નથી.

(૩) મંડળીને પુનઃજીવિત માટેની કરવામાં આવેલ દરખાસ્તની વિગતે તથા તે સહ રજૂ થયેલ ઠરાવ નં.-૨ની વિગતોનું ચુસ્તપણે પાલન કરી મંડળી મને અર્થક્ષમ બનાવવાની રહેશે.

(૪) મંડળીના પેટા-નિયમના ઉદેશો મુજબની કામગીરી તાકીદે હાથ ધરવાની રહેશે અને દર માસે અહેવાલ અત્રેની કચેરીને મોકલવાનો રહેશે.

(૫) મંડળીના સ્વકીય ભંડોળમાં તુર્ત વધારો કરવાનો રહેશે અને ત્યારબાદ ઉત્તરોત્તર વધારો થાય આયોજન કરી પ્રયત્નો હાથ ધરવાનો રહેશે.

(૬) સરકારી/અર્ધ સરકારી કચેરીઓની બાકી રકમો પ્રથમ ચુકવી આપવાની રહેશે.

(૭) ખાસ-સાધારણ સભા તારીખ ૧૬મી મે, ૨૦૧૫ના ઠરાવ નં.-૨ની વિગતો જણાવવામાં આવેલ સમિતિના સભ્યોએ હાલ મંડળીના કાર્યકારી સમિતિ તરીકે કામગીરી હાથ ધરવાની રહેશે.

(૮) ઉપરોક્ત કાર્યકારી સમિતિના સભ્યોએ તેઓમાંથી હાલ હંગામી રીતે પ્રમુખ / ઉપપ્રમુખની વરણી કરવાની રહેશે.

(૯) ઉપરોક્ત કાર્યકારી સમિતિએ સહકારી કાયદો તેના નિયમો તથા મંડળીના પેટા-નિયમોને આધીન ત્વરિત વ્યવસ્થા સમિતિના સભ્યોની ચૂંટણીની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૦) મંડળીની તમામ મિલકતમાં કોઈપણ ઘટાડો કરવાનો રહેશે નહીં.

(૧૧) મંડળીનો પ્રગતિ અહેવાલ દરમાસે મોકલવાનો રહેશે.

નવસારી, તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/ ૫૧/ ૨૦૦૫ / એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

(૩) શ્રી સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફિસ હિંમતનગરના તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૬૦૮/૨૦૧૫ થી રજુ થયેલ કલમ-૧૦૭ અન્વયેનો વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ગ/૨૯૪/૨૦૧૫, તારીખ ૭મી મે, ૨૦૧૫.

(૫) તારીખ -- જૂન, ૨૦૧૫ની મંજુર થયેલ નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક વહટ/૦૧/ગ/૪૧૬/૨૦૧૫.-ધી ગંછાલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગંછાલી, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા (જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧(જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નં. સે. દુ.-૩૪૭૬૬, તારીખ ૨૧મી માર્ચ, ૨૦૦૫થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ/નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. સદર મંડળીમાં શ્રી સ્પેશ્યલ ઓડીટર, મિલ્ક ઓડીટ ઓફીસ, હિંમતનગરના વહીવટી અહેવાલ જોતાં મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી દ્વારા પાછલા ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી. આમ કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળી સને ૨૦૦૯ થી બંધ છે. પેટા કાયદાની ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. મંડળી ચાલુ કરવા માટે મંડળીના કાર્યવાહકો કે સભાસદોને કોઈ રસ જણાતો નથી.

(૩) મંડળીમાં છેલ્લા ૩ વર્ષથી વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક કમિટીની મીટીંગ મળેલ નથી.

(૪) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' છે.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૪ થી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તારીખ ૨૫મી મે, ૨૦૧૫ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદરહુ મુદતે કોઈ હાજર ન રહેતા ફરી તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે પણ કોઈ હાજર રહેલ નહિ જેથી કુદરતી ન્યાયના હિતમાં ફરી તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે પણ કોઈ હાજર રહેલ નથી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળી તરફથી કોઈ હાજર રહેલ નથી કે લેખિત મૌખિક રજુઆત કરેલ નથી કે મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ સંસ્થા જે હેતુ કે ઉદ્દેશ્યો માટે રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશ્યો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત સંસ્થાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું, આર. એમ. આસોડીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા વંચાણે લીધેલ આમુખ-૨ થી મળેલ સત્તાની રૂએ ધી ગંછાલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગંછાલી., તા. ખેડબ્રહ્મા જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છું અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) સદર કચેરીની નિમણૂંક કરું છું.

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસમાં રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે આ કચેરીએ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત/ ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈ ખુલાસો કે રજુઆત કરવામાં નહી આવે તો મુદત વિત્યેથી આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તારીખ ૨૪મી જૂન ૨૦૧૫.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સાબરકાંઠા, હિંમતનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/બીઆરસી/ઘ-૨૪૯૩૯/૨૦૧૫.—આથી જાહેર કરીએ છે કે, શ્રી અશ્વિની કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ, અંકલેશ્વર તાલુકો, અંકલેશ્વર, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫.

એન. કે. ભાભોર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ), ભરૂચ.

INDEX

નોંધણી ક્રમાંકઃ ભ/૪૮૧૫/૨૦૧૫.–આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ - ગોધરા જાહેર કરે છે કે, ધી જયઅંબે ગ્રાહક સહકારી ભંડાર લી., મું. પો. શેરપુરા, તા. ઘોઘંબા, જિલ્લો પંચમહાલની.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધ કરવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી, તારીખ ૨૭મી મે, ૧૯૬૮.

(૩) સબ ઓડીટર સહકારી મંડળીઓ સાણંદનો તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૧૫, તારીખ ૮મી મે, ૨૦૧૫, તારીખ ૫મી જૂન, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ ઉપર દર્શાવેલ ક્રમાંક-૩ થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી શ્રીહરી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. મણીપુર, તા. સાણંદ.

જા. નં. ઉખસ/ફડચ/ચ.૩/૩૧૪/૨૦૧૫.–મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશ્યો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીની નોંધણીને ૨૦ વર્ષ ઉપરની સમય થયેલ હોવા છતાં મંડળી દ્વારા મંજુર થયેલ પેટા નિયમોના ઉદેશો મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

(૨) તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૯ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૧ સુધીના ઓડીટ સમય દરમ્યાન મંડળીની તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૧ વ્યવસ્થાપક કમિટિની બેઠકના ઠરાવ નં. ૩ થી મંડળીએ નવી જમીન મેળવેલ નથી.

(૩) મંડળીનું તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૧ના અંતે સરવૈયુ શૂન્ય થયા બાદ મંડળી દ્વારા આજ દિન સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેમજ નોંધણી દર કરવા જણાવેલ છે.

ઉપરના સંજોગો ધ્યાન લેતા ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું, ડી. એસ. રાવલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (રૂરલ), અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ, ધી શ્રી હરી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. મણીપુર કે જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૬૯૦૮, તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૪ છે, તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂ છું. અને આજ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. દેસાઈ લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, (રૂરલ) અમદાવાદથી નિયુક્ત કરું છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે, ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો રજુઆત થશે નહીં. તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (રૂરલ) અમદાવાદ.

નંબર નધણ/વીએલડી/સા-૯૨૪૩/ચ/૧૫૭૩/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, મીલેનીયમ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. બાઈ આવાંબાઈ હાઈસ્કૂલની સામે, હાલર રોડ, વલસાડ, તા. જિ. વલસાડને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૨મી જૂન, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા.), વલસાડ.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજક શ્રી જીતેન્દ્રસિંહ નટવરસિંહ સોલંકી, શ્રી યોગાનંદ નગર કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., મું. પો. સચિન, તા. ચોર્યાસી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસિંગ), સહકારી મંડળીઓ, સુરતના પત્ર નં. નધણ/૦૧/ઝ/૪૬૧/૨૦૧૪/૧૮૮૦, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૧૪ની દરખાસ્ત.

(૩) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતીની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૪૭.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું સત્તા સોંપણીનું જાહેરનામા ક્રમાંક જી.એચ. કે.એચ-૫૧-૨૦૧૧-એન.એસ.બી-૧૨-૨૦૦૨-૩૦૧૧-સીએચ.

INDEX

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સ. મં. નોં/૪૨૫ થી ૪૨૮/ ૨૦૧૫.–આમુખ-૧માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની શ્રી યોગાનંદનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લિ., મું. પો. સચિન, તા. ચોર્યાસી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત. મુખ્ય પ્રાયોજક શ્રી જીતેન્દ્રસિંહ નટવરસિંહ સોલંકી તરફથી જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસિંગ), સહકારી મંડળીઓ, સુરતનાને મોકલેલ છે.

આમુખ-૨ મુજબ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસિંગ), સહકારી મંડળીઓ, સુરતના પત્ર નં. નધણ/૦૧/ઝ/૪૬૧/૨૦૧૪/૧૮૮૦ તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૪ થી નોંધણીની દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે.

આમુખ-૩થી ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૪૭ થી સદર મંડળીની નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર. ટી./સા (હા) ૩૬૯૯/૨૦૧૫, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ સમય સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોય શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજુ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજક શ્રી રિંકલ વિરલભાઈ તળાવિયા, ઓમ રેશીડન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., મું. પો. ખડસદ, તા. કામરેજ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા પંચાયત કામરેજના જા.નં. તાપ/સહકાર/મંડળી નોંધણી/વ-૨૦૧૫, તારીખ ૩૦મી મે, ૨૦૧૫ દરખાસ્ત મળેલ છે.

(૩) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતીની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૫૩.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું સત્તા સોપણીનું જાહેરનામા ક્રમાંક જી.એચ. કે.એચ-૫૧-૨૦૧૧-એન.એસ.બી-૧૨-૨૦૦૨-૩૦૧૧-સીએચ.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સ. મં. નો/૪૨૯ થી ૪૩૨/ ૨૦૧૫.–આમુખ-૧ માં જણાવ્યા મુજબ ઓમ રેશીડન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., મું. પો. ખડસદ, તા. કામરેજ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત. મુખ્ય પ્રાયોજક શ્રી રિંકલ વિરલભાઈ તળાવિયા તરફથી તાલુકા પંચાયત કામરેજને મોકલેલ છે.

આમુખ-૨ મુજબ તાલુકા પંચાયત કામરેજના પત્ર નં. જા.નં. તાપ/સહકાર/મંડળી નોંધણી/વ-૨૦૧૫, તારીખ ૩૦મી મે, ૨૦૧૫થી દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે.

આમુખ-૩થી ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૫૩ થી સદર મંડળીની નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર. ટી./સા (હા) ૪૯૬૭/૨૦૧૫, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ સમય સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોય શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજુ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજક શ્રી જીતેન્દ્રભાઈ મગનભાઈ ઠક્કર, ગ્રીન સીટી બી.નં.-૭/ઈ-૨/ભાગ-એ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., ભાઠા, તા. ચોર્યાસી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા પંચાયત ચોર્યાસીના પત્ર નં. સહકાર/મંડળી નોંધણી/ વશી-૪૫/૨૦૧૫થી દરખાસ્ત મળેલ છે.

(૩) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતીની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૪૮.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું સત્તા સોપણીનું જાહેરનામા ક્રમાંક જી.એચ. કે.એચ-૫૧-૨૦૧૧-એન.એસ.બી-૧૨-૨૦૦૨-૩૦૧૧-સીએચ.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સ. મં. નોં/૪૫૯ થી ૪૬૨/ ૨૦૧૫.—આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની ગ્રીન સીટી બી. નં.-૭ / ઈ-૨ / ભાગ-એ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., ભાઠા, તા. ચોર્યાસી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી જીતેન્દ્રભાઈ મગનભાઈ ઠક્કર તરફથી તાલુકા પંચાયત ચોર્યાસીને મોકલેલ છે.

આમુખ-૨ મુજબ તાલુકા પંચાયત ચોર્યાસીના પત્ર નં./સહકાર/મંડળી નોંધણી/વશી-૪૫/૨૦૧૫ થી દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે.

આમુખ-૩થી ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૪૮ થી સદર મંડળીની નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર. ટી./સા(હા)૪૯૬૨/૨૦૧૫, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ સમય સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોય શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજુ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજક શ્રી ધીરજભાઈ છગનલાલ શાહ, ગ્રીન સીટી બી.નં.-૧૯/બી-૨/પાર્ટ-૧ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ. ભાઠા, તા. ચોર્યાસી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા પંચાયત ચોર્યાસીના પત્ર નં. સહકાર/મંડળી નોંધણી/વશી-૪૫/૨૦૧૫ થી દરખાસ્ત મળેલ છે.

(૩) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતીની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૪૯.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું સત્તા સોપણીનું જાહેરનામા ક્રમાંક જી.એચ. કે.એચ-૫૧-૨૦૧૧-એન.એસ.બી-૧૨-૨૦૦૨-૩૦૧૧-સીએચ.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સ. મં. નોં/૪૬૩ થી ૪૬૬/ ૨૦૧૫.—આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની ગ્રીન સીટી બી. નં.-૧૯/બી-૨/પાર્ટ-૧ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., ભાઠા, તા. ચોર્યાસી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી ધીરજભાઈ છગનલાલ શાહ તરફથી તાલુકા પંચાયત ચોર્યાસીને મોકલેલ છે.

આમુખ-૨ મુજબ તાલુકા પંચાયત ચોર્યાસીના પત્ર નં./સહકાર/મંડળી નોંધણી/વશી-૪૫/૨૦૧૫ થી દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે.

આમુખ-૩થી ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૪૯ થી સદર મંડળીની નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર. ટી./સા(હા)૪૯૬૩/૨૦૧૫, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ સમય સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

INDEX

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજુ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજક શ્રી સંતોષકુમાર સોની, ગ્રીન સીટી બી.નં.-૮/એફ-૧/ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લિ., ભાઠા, તા. ચોર્યાસી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા પંચાયત ચોર્યાસીના પત્ર નં. સહકાર/મંડળી નોંધણી/ વશી-૪૫/૨૦૧૫ થી દરખાસ્ત મળેલ છે.

(૩) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતીની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૫૦.

(૪) કૃષિ અને સહકાર વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું સત્તા સોપણીનું જાહેરનામા ક્રમાંક જી.એચ. કે.એચ-૫૧-૨૦૧૧-એન.એસ.બી-૧૨-૨૦૦૨-૩૦૧૧-સીએચ.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સ. મં. નોં/૪૬૭ થી ૪૭૦/ ૨૦૧૫.—આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની ગ્રીન સીટી બી. નં.-૮/એફ-૧, કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., ભાઠા, તા. ચોર્યાસી, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી સંતોષકુમાર સોની તરફથી તાલુકા પંચાયત ચોર્યાસીને મોકલેલ છે.

આમુખ-૨ મુજબ તાલુકા પંચાયત ચોર્યાસીના પત્ર નં./સહકાર/મંડળી નોંધણી/વશી-૪૫/૨૦૧૫ થી દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે.

આમુખ-૩થી ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૫૦ થી સદર મંડળીની નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર. ટી./સા(હા)૪૯૬૪/૨૦૧૫, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫ થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ સમય સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.

(૨) મંજુર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.

(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.

(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.

(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે હદ મુકરર કરવી.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજુ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજક શ્રી વિનુભાઈ શામજીભાઈ વઘાસિયા, રામવાટિકા-૧ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લિ., મું. પો. વેલંજા, તા. કામરેજ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) તાલુકા પંચાયત કામરેજના જા. નં. તા.પં./સહકાર/મંડળી નોંધણી/ વ-૨૦૧૫, તારીખ ૩૦મી મે, ૨૦૧૫થી દરખાસ્ત મળેલ છે.

(૩) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતીની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૫૧.

(૪) કૃષિ અને સહકાર વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું સત્તા સોપણીનું જાહેરનામા ક્રમાંક જી.એચ. કે.એચ-૫૧-૨૦૧૧-એન.એસ.બી-૧૨-૨૦૦૨-૩૦૧૧-સીએચ.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સ. મં. નોં/૪૭૧ થી ૪૭૪/ ૨૦૧૫.—આમુખ-૧ માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની રામવાટિકા-૧ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લિ., મું.પો. વેલંજા, તા. કામરેજ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી વિનુભાઈ શામજીભાઈ વઘાસિયા તરફથી તાલુકા પંચાયત કામરેજને મોકલેલ છે.

આમુખ-૨ મુજબ તાલુકા પંચાયત કામરેજના પત્ર નં.જા.નં. તા.પં./ સહકાર/મંડળી નોંધણી/વ-૨૦૧૫, તારીખ ૩૦મી મે, ૨૦૧૫થી દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે.

આમુખ-૩થી ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં. ૫૧ થી સદર મંડળીની નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર. ટી./સા (હા) ૪૯૬૫/૨૦૧૫, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ સમય સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ

સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.
(૨) મંજુર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.
(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.
(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.
(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.
(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે હદ મુકરર કરવી.
(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજુ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

(૧) મુખ્ય પ્રાયોજક શ્રી પરેશભાઈ ભીખાભાઈ કાનાણી, રામવાટિકા-૨ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લિ., મું. પો. વેલંજા, તા. કામરેજ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત.
(૨) તાલુકા પંચાયત કામરેજના જા. નં. તા.પં./સહકાર/મંડળી નોંધણી/વ-૨૦૧૫, તારીખ ૩૦મી મે, ૨૦૧૫થી દરખાસ્ત મળેલ છે.
(૩) સુરત જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતીની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૫૨.
(૪) કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું સત્તા સોંપણીનું જાહેરનામા ક્રમાંક જી.એચ. કે.એચ-૫૧-૨૦૧૧-એન.એસ.બી-૧૨-૨૦૦૨-૩૦૧૧-સીએચ.

હુકમ

જા. નં. જિ.પં./સહકાર/સ. મં. નોં/૪૭૫ થી ૪૭૮/ ૨૦૧૫.—આમુખ-૧માં જણાવ્યા મુજબ સુરત જિલ્લાની રામવાટિકા-૨ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લિ., મું.પો. વેલંજા, તા. કામરેજ, જિ. સુરતની નોંધણી અંગેની દરખાસ્ત મુખ્ય પ્રાયોજક શ્રી પરેશભાઈ ભીખાભાઈ કાનાણી તરફથી તાલુકા પંચાયત કામરેજને મોકલેલ છે.

આમુખ-૨ મુજબ તાલુકા પંચાયત કામરેજના પત્ર નં.જા.ન. તા.પં./સહકાર/મંડળી નોંધણી/વ-૨૦૧૫, તારીખ ૩૦મી મે, ૨૦૧૫થી દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે.

આમુખ-૩થી ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિની તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજની બેઠકના ઠરાવ નં.-૫૨ થી સદર મંડળીની નોંધણી અંગેની મંજુરી મળેલ છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૦૯ મુજબ સદર મંડળીની નોંધણી ક્રમાંક નધણ/એસ.આર.ટી./સા (હા) ૪૯૬૬/૨૦૧૫, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫થી નીચેની શરતોને આધિન નોંધણી કરવામાં આવે છે.

સામાન્ય રીતે મંડળીની પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી એટલે કે હુકમ મળ્યા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈશે અને પેટા કાયદાની મુકરર કરેલી રીત મુજબની નોટીસ દરેક સભાસદને મોકલવાની રહેશે. નોટીસમાં સભાની તારીખ સમય સ્થળ અને સભામાં કરવામાં આવનાર કામકાજ જણાવવા. પહેલી સાધારણ સભાનું કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોઇ શકે. સાધારણ સભાની કાર્યવાહી નોંધ આ કચેરીને સત્વરે મોકલી આપવી. અને ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમો-૩૭માં જોગવાઈ કર્યા મુજબનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.
(૨) મંજુર કરેલા પેટા કાયદાને સ્વીકારી માન્ય કરવા બાબત.
(૩) પેટા કાયદા અનુસાર વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.
(૪) નવા સભાસદો દાખલ કરવા બાબત.
(૫) સભાની તારીખની અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોના પત્રકો રજુ કરી મંજુર કરવા બાબત.
(૬) વ્યવસ્થાપક કમિટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે હદ મુકરર કરવી.
(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજુ થયેલા કામકાજ ઉપર વિચારણા કરવા બાબત.

સુરત, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (જિલ્લા પંચાયત),
સુરત.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, JULY 16, 2015 / ASADHA 25 1937 [No. 29

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1113-1134
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	29
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	57
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2835-2907

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેક્શન/પરમીટ/૪૪/૨૦૧૫.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૫મી જુલાઈ, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહિ તેમજ કોઈ સરઘસ કાઢવું નહિ.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ભાગ-૨૨ નિયમ-૩૩ અન્વયે પાડેલ.

ક્રમાંક : ગ/ઉપક/૨૮૧૨/૨૦૧૫.–સાર્વજનિક ખાનપાનની જગ્યાએ આહારગૃહ/રેસ્ટોરન્ટના માલિકો કે જેઓ બી. પી. એક્ટ, ૧૯૫૧ ભાગ-૨૨, નિયમ-૩૩ મુજબ નોંધણી પ્રમાણપત્રો ધરાવે છે. તેમને નિયમ મુજબ સવારે ૫-૦૦ થી રાત્રીના ૧૧-૩૦ સુધી સાર્વજનિક ખાનપાનની જગ્યાઓ ચાલુ રાખવા દેવા મંજુરી આપવામાં આવેલ છે.

આગામી રમઝાનના તહેવારને અનુલક્ષીને આથી, હું, શિવાનંદ ઝા, બી. પી. એક્ટ, ૧૯૫૧ ભાગ-૨૨, નિયમ-૩૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ, તારીખ ૧૮મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૧૫ સુધી સાર્વજનિક ખાનપાનની જગ્યાઓ આહારગૃહ/રેસ્ટોરન્ટના માલિકો કે જેઓ વેલીડ પરવાના આ નિયમ હેઠળના ધરાવે છે. તેમને તેમની આ જગ્યાઓ સવારે કલાક ૪-૦૦ થી રાત્રીના કલાક ૧-૦૦ સુધી ખુલ્લી રાખવા દેવાનું ઠરાવું છું. આ સમય દરમ્યાન આ પ્રકારની પરવાનગીને કારણે સુલેહ-શાંતિનો ભંગ થતો હોવાનો કે ટ્રાફિક પ્રવાહને અવરોધ થતો હોવાનો કે અન્ય કોઈ પ્રકારની ત્રાસદાયક પ્રવૃત્તિ થતી હોવાનું જણાશે તો આવી જગ્યાઓના માલિકોને તેમની પ્રવૃત્તિ તાત્કાલિક અસરથી બંધ કરવા તથા પરવાનો રદ કરવા પાત્ર થતો હોવાનું જણાવી કાયદેસરના પગલાં લઈ શકાશે.

આજરોજ તારીખ ૨જી જુલાઇ, ૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩, (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : વિ.શા./મહિલા મજુર/જાહેરનામું/૨૩૬૨/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે, વાપી જિલ્લો વલસાડ ખાતે બાંધકામો હેઠળની ઈમારતોમાં સુતેલા ૦૨-મહિલા મજુરો ઉપર બળાત્કારના બનાવ બનવા પામેલ છે. સદર ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે, બળાત્કારના ભોગ બનનાર ૦૨-મહિલાઓ અને અન્ય મજુરોને સંબંધિત મજુર ઠેકેદાર (Lobour Contractor) દ્વારા બાંધકામના સ્થળે પીવાનું પાણી, વિજળી (લાઇટ), શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવેલ ન હતા. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજુરો અને તેઓના નાબાલિક બાળકો, બળાત્કારના ભોગ બની શકે તેવી સંભાવના રહે છે. જેથી માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ ઈંટોના ભઠ્ઠાઓ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને જરૂરી સુવિધા સાથેના રહેણાંક મળી રહે અને તેઓની સુરક્ષા જળવાઇ રહે તે માટે આયોજન કરવું જરૂરી જણાય છે.

હુકમ

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (Cr.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

વડોદરા શહેરના પોલીસ કમિશનર, વિસ્તારમાં ચાલતા માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટોના ભઠ્ઠાઓ, પત્થરી ખાણો, (Quarry), ખાણ (Mines) વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરોને સંબંધિત મજૂર ઠેકેદાર (Labour Contractor) દ્વારા બાંધકામના સ્થળે પીવાનું પાણી, વિજળી (લાઇટ), શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવા ફરજીયાત રહેશે. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો શિક્ષાને પાત્ર ગુનો બનશે. આ જાહેરનામાં પ્રસિધ્ધિની તારીખથી દિન-૦૭માં ઉપરોક્ત સવલતો ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોક્ત વ્યવસ્થા કર્યા બાદ જ કામકાજ શરૂ કરવાનું રહેશે.

: અમલવારીનો સમય :

આ હુકમ તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ (બંને દિવસો સહિત) દિન-૬૦, દિવસ માટે અમલમાં આવશે.

: હદ વિસ્તાર :

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨ માહે જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : વિ.શા./A/SSC/HSC પૂરક પરીક્ષા/૨૪૧૭/૨૦૧૫.-વડોદરા શહેરમાં જુલાઇ, ૨૦૧૫ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા SSC/HSC પૂરક પરીક્ષા તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૧૫ સુધી સવાર કલાક ૧૦-૦૦ થી ૧૮-૦૦ સુધી વડોદરા શહેરના SSC ના ૭ અને HSC ના ૧૩ પરીક્ષા કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુક્ત ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફિકેશન નંબર GG/૪૨૨/C.R.C./૧૦૮૨/૧૦૮૦/M. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર GG/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે, જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૧૫ કલાક ૯-૦૦ થી ૧૯-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

: કૃત્યો :

વડોદરા શહેરમાં જે જે કેન્દ્રો (શાળાઓ) માં પરીક્ષા લેવાનાર છે તે તે કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તથા શાળાની ચારેય બાજુ ૨૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૧૫ સવાર કલાક ૯-૦૦ થી ૧૯-૦૦ દરમ્યાન કોઇ જાહેર કે ખાનગી સ્થળે કોઇ પણ વ્યક્તિએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઇ જવા ઉપર તથા ફોટો કોપીયર (ઝેરોક્ષ) મશીન ચાલુ રાખવા તથા પરીક્ષાર્થીઓને ખલેલ પડે તે રીતે કોઇ અનઅધિકૃત વ્યક્તિઓ એકત્રિત થશે નહી કે શાળાઓમાં (કેન્દ્રમાં) પ્રવેશ કરશે નહી કે વાહન લઇ જશે કે આવશે નહી.

: વિસ્તાર :

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રની શાળાઓ.

: અપવાદ :

આ હકુમતમાંથી નીચે જણાવેલ વ્યક્તિઓને મુક્તિ આપવામાં આવે છે. કાયદો અને વ્યવસ્થાના ઇન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ અને તેમની વિધિસરની ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકી ટોકી, કોર્ડલેસ ફોન તથા વાયરલેસ સેટ વિગેરેનો ઉપયોગ કરી શકાશે. આ જ પ્રમાણે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમિયાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી માહે જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક DCP/ક્રાઇમ/જાહેરનામું/૯૮૮/૨૦૧૫.–તાજેતરમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા આતંકવાદીઓ તરફથી ખુન/ધાડ/લુંટ જેવા ગંભીર પ્રકારના સામાજીક વ્યવસ્થા ખોરવી નાખે તેવા ગુના આચરવા માટે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા બનાવટી અને ખોટા દસ્તાવેજો આધારે ખોટા નામે મોબાઇલ સીમકાર્ડ મેળવી ગુનો કરતા પહેલાં કે આતંકવાદી કૃત્યને અંજામ આપતા પહેલાં, એકત્ર થવા અને આતંકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઇ જવા માટે અને ગુનેગારો એકબીજા સાથે સંપર્ક જાળવી રાખવા સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યક્તિગત ફોન /મોબાઇલ હોવા છતાં મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO તથા ખોટા નામે મેળવેલ સીમકાર્ડનો ઉપયોગ કરે છે. લેન્ડ લાઇન તથા મોબાઇલ વ્યક્તિગત ધોરણે સુવિધા ધરાવતા હોવા છતાં ગુનો આચરવા માટે જ કોઇન બોક્ષ ટેલીફોન કે પબ્લીક STD/PCO/ISD બુથથી કે ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડનો ઉપયોગ કરી ખુન/અપહરણ/લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુનાઓ આચરે રાખે છે અને જાહેર સલામતી અને શાન્તી જોખમાય છે તેમજ જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આ જ પ્રકારના કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મોબાઇલ સીમકાર્ડ મેળવી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Calls) કરી ભીડભાડવાળી જગ્યાઓ જેવી કે રેલ્વે સ્ટેશન/બસ સ્ટેન્ડ/ધાર્મિક સ્થળો /મોલ તથા મલ્ટીપ્લેક્ષ/જાહેર સરકારી ઓફિસ તથા એકમો/બેન્કો વિગેરે જ્યાં જાહેર જનતાની મોટા પ્રમાણમાં અવર જવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુક્યાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતીની લાગણી ઉભી કરી ઘણીવાર આવા Hoax Calls ને લીધે ભાગદોડ (સ્ટેમ્પેડ) થવાની અને મોટી જાનહાની થવાની શક્યતા નકારી શકાતી નથી. આ ઉપરાંત આવા કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ દ્વારા કોલર ફોન કરનાર વ્યકિત (કોલર) ની ઓળખ છુપાવી શકાતી હોય સમાજના સ્ત્રી, પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓમાં મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી થતા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ કોલરની ઓળખ માટે કોઇ વ્યવસ્થા ન હોવાના કારણે આવા ગુના બનતા હોવાનું જણાય આવેલ છે. આવા Hoax Calls ની તપાસ કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ સુધી જઇને અટકી જતી હોય છે અને ગુનેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતીની ભાવના પેદા કરે છે.

જેથી આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપનાર ઇસમો અને અસામાજીક તત્ત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી, જાહેર માલમિલ્કતને મોટુ નુકશાન અને નિર્દોષ નાગરિકોને ત્રાસરૂપ વર્તણુંક અટકાવવા તકેદારીના પગલાં રૂપે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલ વિક્રેતા ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

INDEX

જેથી હું, ઈ. રાધાકૃષ્ણ, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩, (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ કોઇન બોક્ષ ટેલીફોન ધારક, પબ્લીક STD/PCO/ISD બુથના માલિક અને મોબાઇલ અને મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલ વિક્રેતાઓએ નીચે મુજબની વ્યવસ્થા કર્યા વિના તે વ્યવસાય કરી શકશે નહી.

(૧) કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથ ધરાવનારાઓએ કોલ કરનાર વ્યક્તિનું રજિસ્ટર નિભાવવાનું રહેશે, જેમાં કોલ કરનાર વ્યક્તિનું પુરૂ નામ, સરનામું અને તેનો મોબાઇલ નંબર રજિસ્ટરમાં લખવો તથા કોલ કરનાર વ્યક્તિએ કયા નંબર ઉપર કોલ કરેલ છે તેની સ્પષ્ટ નોંધ રાખવાની રહેશે. આ નોંધના રજિસ્ટરો ૧ (એક) વર્ષ સુધી સાચવી રાખવાના રહેશે.

(૨) કોઇ પણ જાતના એકટીવેટેડ (પૂર્વ કાર્યરત) સીમકાર્ડનું વેચાણ કરવામાં આવશે નહી.

(૩) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો / રીટેઇલ વિક્રેતાઓએ કોઇ પણ વ્યક્તિને સીમકાર્ડ વેચાણ કરતા પહેલાં તેના ઓળખ માટે ઓળખકાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ વિગેરે રજુ કરેલ પુરાવાની ચકાસણી કર્યા પછી જ અને ગ્રાહકની ઉપરોક્ત દસ્તાવેજોથી ઓળખ કર્યા પછી જ સિમકાર્ડ એકટીવેટ કરવામાં આવશે.

(૪) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલ વિક્રેતાઓએ જ્યારે ગુજરાત રાજ્ય બહારના નામ સરનામા ઉપર સીમકાર્ડ મેળવવા પુરાવાઓ રજુ કરે તો તેનો સીમકાર્ડ એકટીવેટ કરતા અગાઉ એક સ્થાનિક વ્યક્તિનો એટલે કે વડોદરા શહેરની વ્યક્તિની ઓળખ ફરજીયાત લેવી.

(૫) જે કોઇ વ્યક્તિ કે સંસ્થા એકથી વધુ સંખ્યામાં (વધારે જથ્થામાં) સીમ કાર્ડ ખરીદવા માટે આવનાર વ્યક્તિ કે દરખાસ્ત કરનાર વ્યક્તિની સંપુર્ણ વિગત રોજે રોજ લાગતા વળગતા સ્થાનિક પોલીસ સ્ટેશનએ મોકલી આપ્યા બાદ તે સીમકાર્ડ/સીમકાર્ડસનું એકટીવેશન કરી શકાશે.

: અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :

આ હુકમનો અમલ તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક DCP/ક્રાઇમ/જાહેરનામું/૯૮૯/૨૦૧૫.– કોઇ પણ સમાજ ત્યારે સભ્ય જણાય કે, જ્યારે સમાજના તમામ વર્ગ શાંતી અને નિર્ભયતાથી પોતાનું જીવન પસાર કરી શકે વિશેષ કરીને મહિલાઓ અને બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઇને ઘર બહાર જઇ શકે અને હરીફરી શકે તે ખૂબ જ જરૂરી છે.

તેમ છતાં, કેટલાક અનિષ્ટ તત્ત્વો સ્કુલ/કોલેજ જતી છાત્રાઓ તથા પોતાના કામે જતી મહિલાઓ તેમજ એકલી જતી મહિલાઓને અશ્લીલ ચેનચાળા કરીને કે પીછો કરીને કે અશ્લીલ શબ્દોના ઉચ્ચારણ કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે. અને અમુક કેસોમાં બળાત્કાર જેવા ગંભીર બનાવો પણ બની જાય છે. જેથી આવા બનાવોને અટકાવવા તેમજ મહીલા સુરક્ષા વધારવાના હેતુસર વ્યાજબી કારણ વગર સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસ તથા મહિલા હોસ્ટેલ આજુબાજુ બેસી રહેતા/ઉભા રહેતા ઇસમો (પુરૂષ) ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, ઈ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.), ૧૯૭૩, (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે, ‘‘વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઇપણ પુરૂષ/પુરૂષોએ વ્યાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર મનાઇ ફરમાવવામાં આવે છે’’

ઉપરોક્ત પ્રતિબંધ નીચે જણાવેલ વ્યક્તિઓ ઉપર લાગુ પડશે નહીં.

(૧) સ્કુલો/કોલેજો/ ટ્યુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓને.

(૨) સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા ઓટો તથા વાન, માલિક/ડ્રાયવરો (જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ)

(૩) સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા વાલીઓ.

(૪) સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર વ્યાજબી કામથી આવતા વિદ્યાર્થી તથા વાલીઓ.

: અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :

આ હુકમનો અમલ તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

INDEX

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./રાજકીય/૭૪/૨૦૧૫.—સુરત શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મિક શોભાયાત્રાઓ હિન્દુ/ મુસ્લીમોના ધાર્મિક તહેવારો જેવા કે રમઝાન ઈદ, રથયાત્રા, તાપી માતા જન્મ દિવસ, જયા પાર્વતી અલુણાવ્રત, ગુરૂ પૂર્ણિમા, દશામા સ્થાપના દિવસ, સ્વતંત્ર દિવસ, શ્રાવણ માસ, પતેતી, રક્ષાબંધન, જન્માષ્ટમી તથા અન્ય રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલની આતંકવાદી પ્રવૃત્તિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહીં થવા ઉપર અને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

ચાર કરતા વધારે માણસોએ ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવાનું કે, સરઘસ કાઢવા ઉપર

: અમલવારીનો સમય અને વિસ્તાર :

તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: અપવાદ :

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહીં.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

આજ રોજ તારીખ ૩જી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ની કલમ-૩૭-(૩) અન્વયે.

ક્રમાંક એસ.બી./ધોરણ-૧૦-૧૨/પૂરક પરીક્ષા/જાહેરનામું/૭૫/૨૦૧૫.—સુરત શહેરમાં તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૫ સુધી માહે જુલાઈ, ૨૦૧૫ એસ. એસ. સી. તથા એચ. એસ. સી.ની વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા લેવાનાર છે. જે પરીક્ષા નીચે મુજબના કુલ-૨૧ પરીક્ષા કેન્દ્રો (હાઈસ્કુલો, સ્કુલો) ઉપર લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાનમાં કોઈ તોફાન ન થાય અને પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાનમાં કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે ચારથી વધુ વ્યક્તિઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની તેમજ પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા કે ઝેરોક્ષ મશીનનો ઉપયોગ કરવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-(૧) (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સદરહુ વિસ્તારમાં તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ ક-૦૦-૦૦ થી તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૫ ક-૨૪-૦૦ સુધી નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓના એકત્રિત થવા પર.

(૨) શાળાઓ પરીક્ષા (કેન્દ્રો) માં પ્રવેશ કરવા કે વાહન લઈ જવા કે લાવવા પર.

(૩) ચારથી વધુ માણસો ભેગા થવા

(૪) પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ટેબલેટ, આઈપેડ, વિગેરે ફોટા પાડી શકાય તે ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકાય તેવા ઈલેક્ટ્રોનીક ઉપકરણો લાવવા પર.

(૫) શાળાની નજીક ઝેરોક્ષ મશીનો (કોપીયર મશીનો) ચાલુ રાખવા ઉપર.

INDEX

: પ્રતિબંધિત વિસ્તાર :

સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની ઝોન કચેરી તથા હાઈસ્કુલો, માધ્યમિક સ્કુલો (એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પૂરક પરીક્ષા કેન્દ્રો)ની આસપાસનો ૨૦૦ મીટરનો વિસ્તાર.

: ઝોન કચેરી :

ટી. એન્ડ ટી. વી. હાઈસ્કુલ, નાનપુરા, સુરત સર વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કુલ, સુરત.

ધોરણ-૧૦ અને ૧૨ ની પૂરક પરીક્ષાના કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક

અનુ. નંબર ૧	પરીક્ષા કેન્દ્રનું નામ(હાઈસ્કુલ) ૨	પોલીસ સ્ટેશનનું નામ ૩
૧	આર.એસ.એમ. પુનાવાલા હાઈસ્કુલ પાર્લે પોઈન્ટ અંબિકાનિકેતન, સુરત.	ઉમરા
૨	સી.સી.શાહ સાર્વજનીક ઈંગ્લીશ હાઈસ્કુલ પાર્લે પોઈન્ટ અંબિકાનિકેતન, સુરત	-,,-
૩	શેઠ ડી. આર. ઉમરીગર હાઈસ્કુલ જુના જકાતનાકા ગોકુલ રો-હાઉસ પાછળ, ઉમરા.	-,,-
૪	શારદાયતન ગુજરાતી માધ્યમિક શાળા પીપલોદ લેકવ્યુ ગાર્ડન, સુરત	-,,-
૫	શારદાયતન અંગ્રેજી માધ્યમિક શાળા પીપલોદ લેકવ્યુ ગાર્ડન, સુરત	-,,-
૬	સિગ્મા ગુ.મા. શાળા ક્ષેત્રપાળ મંદિર પાસે, સગરામપુરા, સુરત	અઠવા પો.સ્ટે.
૭	સિગ્મા ઈંગ્લીશ માધ્યમિક શાળા ક્ષેત્રપાળ મંદિર પાસે, સગરામપુરા, સુરત	-,,-
૮	આર.ડી. કોન્ટ્રાકટર હાઈસ્કુલ, ડચ ગાર્ડન પાસે, સુરત	-,,-
૯	આર.ડી. ઘાયેલ હાઈસ્કુલ (જીવન ભારતી) ટીમલીયાવાડ નાનપુરા, સુરત	-,,-
૧૦	શ્રીમતી કે.સી. શાહ અને શ્રીમતી એચ.એચ. શાહ પ્રવૃત્ત વિદ્યાલય નાનપુરા, સુરત	-,,-
૧૧	શાંતિનિકેતન વિદ્યાવિહાર વર્ષા સોસાયટી, રાંદેર રોડ, સુરત	અડાજણ
૧૨	લોકમાન્ય વિદ્યાલય મોરાભાગળ, રાંદેર, સુરત	રાંદેર
૧૩	શ્રી વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કુલ, અઠવાલાઈન્સ, સુરત	ઉમરા
૧૪	શ્રીમતી લીલાબા કન્યા વિદ્યાલય લાલ દરવાજા, સુરત	મહિધરપુરા પો. સ્ટે.
૧૫	આઈ.સી. ગાંધી હાઈસ્કુલ (ગુ.મા.) સુમુલ ડેરી રોડ, સુરત	-,,-
૧૬	અંબાબા હરિપરા ગર્લ્સ ઈંગ્લીશ સ્કુલ, સુરત	ચોકબજાર પો.સ્ટે.
૧૭	શ્રીમતી કે. એમ. જરીવાલા ઈંગ્લીશ મીડીયમ ગર્લ્સ હાઈસ્કુલ, શાહપોર, સુરત	-,,-
૧૮	શ્રી વી. એન. ગોધાણી કન્યા વિદ્યાલય, કતારગામ, સુરત	કતાર ગામ
૧૯	શ્રીમતી વી. ડી. એન. શાહ સેકન્ડરી સ્કુલ ગોધાણી સર્કલ કતારગામ, સુરત	-,,-
૨૦	ગુરુકુલ વિદ્યાપીઠ વી.ટી. ચોકસી કન્યા વિદ્યાલય કાસાનગર, કતારગામ, સુરત	-,,-
૨૧	ગુરુકુલ વિદ્યાપીઠ વી.ટી. ચોકસી અંગ્રેજી માધ્યમિક વિદ્યાલય, સુમુલ ડેરી રોડ, સુરત.	-,,-

: અપવાદ :

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ઉપરોકત એસ. એસ. સી. તથા એચ. એસ.સી. પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓ તથા પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને/કોઈ સ્મશાન યાત્રાને.

: સજા :

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી ધારા (૧૮૬૦)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૪થી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./જાહેરનામું/૭૬/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં આંતકવાદીઓ દ્વારા બિહાર રાજ્યના પટના અને બૌદ્ધ ગયા, અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી અને ચેન્નઈ શહેરોમાં શ્રેણી બદ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાન હાની તેમજ માલ મીલકતોને નુસશાન કરવામાં આવેલ તેમજ અગાઉ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ કરવામાં આવેલ આતંકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાના સાધન સામગ્રી મળી આવેલ છે. જે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલો, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય છે. તેવા સાયકલો/વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવી તેમજ જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર, મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર / પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ સ્કુટર કે મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલિફોન / મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ કે તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી / રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫ થી કલાક ૦૦.૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જુલાઈ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સી. આર. પી. સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./રાજકીય/જાહેરનામું/૭૭/૨૦૧૫.—ભૂતકાળમાં બિહાર રાજ્યનાં પટણા તથા બૌદ્ધ ગયા ખાતે તેમજ ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી, ચેન્નઈ શહેરમાં આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવર જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ છે. જે બનાવોને ધ્યાને લેતા સુરત શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી. જેથી, આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી મુકવા ઉપર.

INDEX

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જુલાઈ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એકટ-કલમ.૩૭(૧)/વશી.૬૦૯૪ થી ૬૧૨૬/૨૦૧૫.—નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહીં પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહીં બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ''મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું'' મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ, હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૨૭મી જૂન, ૨૦૧૫ થી તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ,

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(૪) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની,

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(૭) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમના ખંડ (૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરીમાં કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેનો ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૪) અન્વયેનો.

નંબર ૫લસ/મજસ/વશી/૧૨૦૨ થી ૧૨૧૧/૨૦૧૫.– સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ, જુથ-૧, વડોદરાએ તેઓના તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક સીબી-૪/ફા.બટ/જા.નામુ/૩૧૯૧/૨૦૧૫ થી પાવાગઢ ફાયરીંગ રેન્જ મીલેટ્રી એન.સી.સી. એરફોર્સ, એસ.આર.પી. યુનિટ તથા જિલ્લાના પોલીસની ફાયરીંગ પ્રેક્ટીસ લેવામાં આવે છે. આ ફાયરીંગ બટનો ઉપયોગ વડોદરા ઉપરાંત અમદાવાદ, આણંદ, નડીયાદ, ભરૂચ, ગોધરા વિગેરે જિલ્લાના પોલીસ જવાનો એસ.આર.પી. જવાનો પણ ફાયરીંગ પ્રેકટીસ કરે છે. જેથી, આ પ્રેક્ટીસ તારીખ ૧લી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીના આગામી સમયનું પાવાગઢ ફાયરીંગ રેન્જ માટેનું જાહેર જનતા જોગનું જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) પ્રમાણે બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

INDEX

આથી, હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫ (બંને દિવસો સહિત) સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧, વડોદરાના યુનિટો માટે તથા રાજ્યના અન્ય પોલીસ દળો તથા મિલેટ્રી, એન.સી.સી., એરફોર્સ, એસ.આર.પી. યુનિટો માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનમાં ઉક્ત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહિં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

ડૉ. એમ. કે. પાટડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

વંચાણમાં લીધો :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, મહેસાણાનો તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫નો પત્ર ક્રમાંક : પરક્ષ/ ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર : પીઓએલ/વશી-૨૨૪૬/૨૦૧૫.—આગામી તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૫ના સમય દરમ્યાન સવારે ૧૦-૩૦ થી ૧૮-૩૦ કલાક સુધી એસ. એસ. સી./એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, ૨૦૧૫ની પુરક પરીક્ષા અત્રેના જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવાનાર છે. આ જાહેર પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ નીચેની વિગતે પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાએ તેઓના તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

(૧) પરીક્ષા સ્થળેથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈ અનધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓ દાખલ થાય નહી તે સારૂ.

(૨) પરીક્ષા કેન્દ્રના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત પગલાં લેવા.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહીં.

વાસ્તે, હું, રમેશ મેરજા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે,

(૧) પરીક્ષા સ્થળથી આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈ અનધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહી.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા. તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત ફરમાવું છે.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) આ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં સરકારશ્રી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીશ્રીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

આ જાહેરનામું તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ થી ૧૧મી જુલાઇ, ૨૦૧૫ના સમય દરમ્યાન સવારના ૧૦-૦૦ કલાકથી ૧૯-૦૦ કલાક સુધી અમલી રહેશે.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, મહેસાણા
એસ. એસ. સી. પૂરક પરીક્ષા જુલાઇ, ૨૦૧૫
સ્થળ સંચાલકોની યાદી

ક્રમ	શાળાનું નામ	સ્થળ સંચાલકનું નામ	મોબાઇલ નંબર	બ્લોક	રીમાકર્સ
૧	જે. એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય, મહેસાણા.	આર. કે. પટેલ	૯૪૨૮૫૫૩૪૪૦	૨૦	
૨	ન્યુ પ્રોગ્રેસીવ હાઇસ્કૂલ, મહેસાણા	છગનભાઇ પટેલ	૯૮૭૯૦૯૪૦૩૪	૧૫	
૩	વર્ધમાન વિદ્યાલય, મહેસાણા	દીપકભાઇ કે. દેસાઇ	૯૪૨૮૦૮૯૪૪૧	૧૫	
૪	એમ. એમ. વી. સાર્વજનિક કન્યા વિદ્યાલય, મહેસાણા	અલ્કાબેન આર. રાવ	૯૯૨૫૮૫૫૯૬૯	૧૫	
૫	પરા હાઇસ્કૂલ, મહેસાણા	ઘનશ્યામભાઇ નાયક	૯૭૧૪૧૭૮૮૭૦	૨૦	
૬	એસ. વી. શાહ વિદ્યાલય, મહેસાણા	ભોગીલાલ એ. પટેલ	૯૪૨૭૪૮૨૪૭૪	૧૦	
૭	એસ. જી. શુકલ કન્યા વિદ્યાલય, મહેસાણા	ભગવતીબેન એસ. પટેલ	૭૮૭૪૭૮૧૨૪૨	૧૨	
૮	ટી. જે. હાઇસ્કૂલ, મહેસાણા	મુકેશભાઇ જાની	૯૪૨૬૨૩૧૦૨૮	૧૦	
૯	વિવેકાનંદ હાઇસ્કૂલ, મહેસાણા	કમલેશભાઇ નાયક	૯૮૭૯૮૬૪૦૬૯	૧૦	
૧૦	એમ. સી. પી. ગાયત્રી વિદ્યાલય, મહેસાણા	દિનેશભાઇ પટેલ	૭૭૭૮૦૯૦૬૪૭	૮	
૧૧	સૌરભ વિદ્યાલય, મહેસાણા	જીતુભાઇ એસ. મોદી	૯૭૧૪૭૭૫૫૧૨	૬	

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, મહેસાણા
એચ. એસ. સી. (વિ. પ્ર./સા. પ્ર.) પૂરક પરીક્ષા જુલાઇ, ૨૦૧૫
સ્થળ સંચાલકોની યાદી

વિજ્ઞાન પ્રવાહ

ક્રમ	શાળાનું નામ	સ્થળ સંચાલકનું નામ	મોબાઇલ નંબર	બ્લોક	રીમાકર્સ
૧	અર્બન બેંક મોઢેરા હાઇ-વે યુનિટ-૧, મહેસાણા	જેઠાભાઇ પટેલ	૯૮૭૯૦૯૪૦૪૭	૧૫	
૨	અર્બન બેંક મોઢેરા હાઇ-વે યુનિટ-૨, મહેસાણા	ખેમચંદભાઇ પટેલ	૯૮૭૯૦૯૪૦૪૭	૪	

સામાન્ય પ્રવાહ

ક્રમ	શાળાનું નામ	સ્થળ સંચાલકનું નામ	મોબાઇલ નંબર	બ્લોક	રીમાકર્સ
૧	પરા ઉ. મા. શાળા, મહેસાણા	ઘનશ્યામભાઇ નાયક	૯૭૧૪૧૭૮૮૭૦	૧૩	
૨	ન્યુ પ્રોગ્રેસીવ હાઇસ્કૂલ, મહેસાણા	છગનભાઇ પટેલ	૯૮૭૯૦૯૪૦૩૪	૧૦	
૩	વિવેકાનંદ હાઇસ્કૂલ, મહેસાણા	કમલેશભાઇ નાયક	-	૧૦	
૪	એમ. એમ. વી. સાર્વજનિક કન્યા વિદ્યાલય, મહેસાણા	અલ્કાબેન રાવ	૯૯૨૫૮૫૫૯૬૯	૧૦	
૫	ટી. જે. હાઇસ્કૂલ, મહેસાણા	મુકેશભાઇ જાની	૯૪૨૬૨૩૧૦૨૮	૧૦	

આજ તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

રમેશ મેરજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૩/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલનો કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તેમજ પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતિ જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત (મુંબઇ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ–૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૩જી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૧૫ સુધી અનઅધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત (મુંબઇ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૪/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તેમજ પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૩જી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી,વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૨૫/૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી, વલસાડના તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : વહટ/સીબી-૪/ફાયરીંગ/૬૨૩૫/૨૦૧૫, થી જણાવ્યા અનુસાર આસીસ્ટન્ટ કમાન્ડન્ટશ્રી, કોસ્ટગાર્ડ એર સ્ટેશન, દમણના તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫ના પત્ર મુજબ કોસ્ટગાર્ડ એર સ્ટેશન, દમણ દ્વારા સ્મોલ આર્મ્સ ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિદ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે, હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ, તા. ઉંમરગામ, જિ. વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫ના સમય દરમ્યાન સવારે ૭-૩૦ થી ૧૬-૩૦ સુધી આર્મ્સ ફાયરીંગની પ્રેક્ટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેક્ટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આઈ.જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી ૪૯૨૮ થી ૪૯૪૭/૨૦૧૫.- ભરૂચ જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતા ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન જુદા જુદા દેવી દેવતાઓની મુર્તિઓની સ્થાપના કરવામાં આવે છે. અને આ સ્થાપના બાદ ધાર્મિક રીતી-રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ મુર્તિઓને ભરૂચ જિલ્લાની જુદી જુદી નદીઓ, અન્ય તળાવોનાં પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી દેવતાઓની મુર્તિઓની બનાવટમાં પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવામાં આવે છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મુર્તિઓની બનાવટમાં કેમિકલ યુક્ત રંગોનો ઉપયોગ થાય છે. આવી મુર્તિઓને નદી, તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. જે (પી.ઓ.પી) મુર્તિઓ પાણીમાં ભળવાથી પાણીમાં રહેતા પાણીજન્ય જીવો, માછલીઓ વિગેરેનું મૃત્ય થાય છે. જેનાં કારણે પાણી તથા પર્યાવરણને નુકશાન થાય છે. જે બાબતને ધ્યાને રાખી ભરૂચ જિલ્લાના તમામ મહેસુલી વિસ્તારમાં આવતા નદી, તળાવોનું શુધ્ધિકરણ તથા પર્યાવરણની જાળવણીના અભિયાનને વેગ આપવા સહભાગી થયેલ છે.

જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવાના હેતુસર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, ભરૂચ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન દેવી/દેવતાઓની મુર્તિઓની બનાવટમાં નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨નાં નોટીફીકેશન નંબર જીજે/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, તથા ગૃહ વિભાગના તા. ૭ મી જાન્યુઆરી, ૧૯૮૯ નાં સંકલીત જાહેરનામાં નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) તેમજ ક્રિમીનલ કોડની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(૧) મૂતિકારો એ મુર્તિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓનો, ધાર્મિક રીતે પ્રણાલિકાગત ચીકણી માટીનો ઉપયોગ કરવો. ભઠ્ઠીમાં શેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી) નો ઉપયોગ કરવો નહી.

(૨) મુર્તિઓની બનાવટમાં મુર્તિઓ પાણીમાં સહેલાયથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગનો જ ઉપયોગ કરવો. ઝેરી કે ઉતરતી કક્ષાના રસાયણ કે કેમિકલ યુક્ત રંગોથી મુર્તિને કલર કરવો નહી.

(૩) મુર્તિઓની બનાવટમાં ઘાસ, લાકડા, બાંબુ ને બાધ આપવામાં આવે છે.

(૪) મુર્તિઓની ઉંચાઈ બેઠક સહીત ૯ ફુટ કરતાં વધારે હોવી જોઈએ નહી.

(૫) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવે છે. તે જગ્યા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહી.

(૬) મુર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી ખંડીત મુર્તિઓને બિનવારસી હાલતમાં છોડીને જશે નહી.

(૭) મુર્તિની બનાવટમાં બીજા ધર્મનાં લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવી નહી.

(૮) ભરૂચ બહારથી મુર્તિઓ લાવી વેચનાર મુર્તિકારો/વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

ઉપરોક્ત નિયમો મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓના પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ, તા. ૨૬મી જુલાઈ, ૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરિયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનોના આધારે ઘડવામાં આવે છે.

પ્રતિબંધિત વિસ્તાર

ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

આ જાહેરનામું તા. ૫મી જુલાઇ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તા. ૪થી જુલાઇ, ૨૦૧૫.

INDEX

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/પરીક્ષા/વશી-૪૯૯૨ થી ૪૯૯૮/૨૦૧૫.–ભરૂચ શહેરમાં તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૧૫ સુધી એસ.એસ.સી. અને એચ.એસ.સી.ની જાહેર પૂરક પરીક્ષા લેવાનાર છે. સદર પરીક્ષા ભરૂચ શહેરનાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવનાર છે. જેથી મોટા અવાજે લાઉડસ્પીકર વગાડવાના કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે. તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ સવારનાં ૬-૦૦ વાગ્યાથી તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૧૫ રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી લાઉડસ્પીકર, વાજીંત્રો તથા ડી. જે. સીસ્ટમ બેફામ, મનસ્વી રીતે તથા મોટા અવાજે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી બને છે.

વાસ્તે, હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લામાં તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ સવારનાં ૬-૦૦ વાગ્યાથી તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૧૫ રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી કોઈએ પણ લાઉડસ્પીકર, વાજીંત્રો તથા ડી. જે. સીસ્ટમ બેફામ, મનસ્વી રીતે તથા મોટા અવાજે વગાડવું નહિ, તેમજ લાઉડસ્પીકરનો અવાજ મકાનની બહાર જાય તે રીતે લાઉડ સ્પીકર વગાડવું નહિ.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ પર આજરોજ તારીખ જથી જુલાઇ, ૨૦૧૫ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૫૦૦૦ થી ૫૦૦૬/૨૦૧૫.–ભરૂચ શહેરમાં તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૧૫ સુધી એસ.એસ.સી. અને એચ.એસ.સી.ની જાહેર પૂરક પરીક્ષા યોજાનાર છે. સદરહુ પરીક્ષા ભરૂચ શહેરનાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવાનાર છે. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજિક તત્ત્વોના ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉક્ત સ્થળોએ આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ સવારનાં ૦૬-૦૦ વાગ્યાથી તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૧૫ના રોજ રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી ભરૂચ શહેરમાં લેવાનાર એસ.એસ.સી., એચએસ.સી.ની જાહેર પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ.

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

(૩) ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તપાસ ટુકડીઓને.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ જથી જુલાઇ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૦૦૮ થી ૫૦૧૫/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી ભરૂચ શહેર તરફ આવતા તથા દહેજ તરફ જતા ભારે વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ રસ્તાનો તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી ભરૂચ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ પરનો વાહન વ્યવહાર નીચે મુજબ ડાયવર્ટ કરવા હુકમ કરૂં છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

વિસ્તાર :-

(૧) વડોદરા તરફથી દહેજ તરફ જતા મોટા વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

INDEX

(૨) દહેજથી નીકળી વડોદરા-સુરત તરફ જતા ભારે વાહનોએ પણ આજ રૂટ એટલે કે, દહેજથી જંબુસર ચોકડી થઇ દયાદરા થઇ નબીપુર પરથી ને.હા. નં.-૮ પર ડાયવર્ટ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૦૧૬ થી ૫૦૨૩/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી સુરત તરફ આવતા તમામ પ્રકારના વાહનોને નબીપુર ઓવર બ્રિજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રિજ સુધી નિયત કરેલ લાઇનમાં રહેવા, વાહન ચાલકોની ગતિ મર્યાદા નિયંત્રણ કરવા તથા ઓવર ટેકીંગ કરવા પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નેશનલ હાઈવે નં. ૮ પર વડોદરાથી અંકલેશ્વર-સુરત તરફ જતા વાહનોને ભરૂચ જિલ્લાના નબીપુર ઓવર બ્રીજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રીજ સુધી LMV, HMV, HGV તથા આ નેશનલ હાઈવે પરથી પસાર થતા તમામ વાહનો માટે નિયત કરેલ ટ્રેકમાં જ સ્પીડ લિમીટ-૪૦ કિ.મી. પ્રતિ કલાકની મર્યાદામાં જ વાહન ચલાવવા તથા ઓવર ટેકીંગ નહીં કરવા હુકમ કરૂં છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૦૨૪ થી ૫૦૩૦/૨૦૧૫.– નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ભરૂચ ઝાડેશ્વર ચોકડી પર વડોદરા થી સુરત તરફ જતા તેમજ સુરતથી વડોદરા તરફ જતા બંને છેડા પર ટ્રાફિક જામની સમસ્યા અવાર નવાર સર્જાતી હોય છે. તેમજ ઝાડેશ્વર ચોકડી ખાતે ખાનગી વાહનો, ટ્રક/ટ્રેઇલરના ચાલકો વાહન પાર્ક કરતા હોય છે. તેમજ ખાનગી ટ્રાવેલ્સના ચાલકો પેસેન્જરને લેવા ઉભા રહેતા હોય તેના કારણે પણ ટ્રાફિક અવરોધાતો હોય છે. જેથી જાહેર જનતાની સુવિધા તેમજ ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય, ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે ભરૂચના (૧) ઝાડેશ્વર ચોકડી (૨) જંબુસર ચોકડી તથા (૩) ગોલ્ડન બ્રીજ પરના બંને છેડા પરનો વિસ્તાર **“નો પાર્કીંગ ઝોન”** જાહેર કરવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા માટે તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નીચે મુજબના વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો માટે **“નો પાર્કીંગ ઝોન”** જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

“નો પાર્કીંગ ઝોન”

(૧) ભરૂચ ઝાડેશ્વર ચોકડી પરના નેશનલ હાઇવે પરના રોડની બંને બાજુ નો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૨) જંબુસર ચોકડી પરના રોડની ચારે બાજુનો ૧૫૦ મીટરનો વિસ્તાર.

(૩) ગોલ્ડન બ્રીજના બંને છેડા પરનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૫૦૩૧ થી ૫૦૪૩/૨૦૧૫.–આથી ભરૂચ જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે, તા. ૨૨મી જૂન, ૨૦૧૫ના રોજ ચેરમેનશ્રી, ભાડભૂત મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લીમીટેડ, ભાડભૂત, તા.જિ. ભરૂચએ અત્રેની કચેરીએ એક આવેદનપત્ર આપી નર્મદા નદીમાં ભરૂચથી દહેજ સુધી ખૂંટા લગાડીને માછીમારી કરવા ઉપર પ્રતિબંધ મુકતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા રજુઆત કરી જણાવેલ છે કે, નર્મદા નદીમાં મચ્છીનાં વેપારીઓ હોડી દ્વારા મચ્છી પકડવાનો ધંધો કરે છે. તેઓ નર્મદા

નદીનાં પટમાં ખૂંટા હારબંધ ચોઢી જાળો બાંધવામાં અવરોધ ઉભો કરે છે. આ અવરોધ થી નર્મદા નદીમાં મચ્છીમારી માટે અવરજવરમાં સરળ રસ્તો મળતો નથી અને ખૂંટાના કારણે પાથરેલ જાળો ખૂંટામાં ફસાય જતાં નુકશાન કરે છે અને અકસ્માત થવાનો તેમજ જાનહાનિ થવાની શકયતા રહેલી છે. તેમ જણાવેલ છે.

નાયબ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રી, ગાંધીનગરએ તેઓના હુકમ નંબર ગુમ/દરય-૨/૧૧(૪૪)/૨૦૧૫-૧૬/૭૧૬, તા. ૧૯મી મે, ૨૦૧૫ થી તા. ૧૦મી જૂન, ૨૦૧૫ થી તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી આંતરદેશીય તથા પ્રાદેશિક જળક્ષેત્રમાં પગડીયા માછીમારો સિવાય તમામ પ્રકારની માછીમારી પર પ્રતિબંધ મુકવા આદેશ કરેલ છે.

તેમ છતાં અનુભવે જણાયેલ છે કે, ઉકત આદેશની અવગણના કરી નર્મદા નદીના કિનારે આવેલ ગામો કુકરવાડા/વેરવાડા/વડવા/ભાડભૂત/કાસવા/સમની/મનાડ/મહેગામ/દહેજ/લુવારા/અંભેટા/જાગેશ્વર/સુવા/વેગણી/કોલીયાદ/કલાદરા વિગેરે ગામોના કિનારા વિસ્તારમાં કેટલાંક સ્થળે નદીનાં અંદરના ભાગમાં મચ્છીમારી માટેની સીઝનની પૂર્વ તૈયારીનાં ભાગરૂપે ખૂંટા-ગલાનાં સ્વરૂપે નાખવામાં આવે છે. ચોમાસાની સીઝનમાં મોટા પ્રમાણમાં હીલ્સા મચ્છી પ્રજનન માટે દરીયાના પાણીથી ઓછી ખારાશવાળા નદીનાં મીઠા પાણીવાળા વિસ્તાર તરફ આવતી હોય છે. જેથી ખૂંટા પધ્ધતિથી થતી માછીમારીથી હીલ્સા નર-માદા મચ્છીને નર્મદા નદીમાં પ્રવેશતાની સાથે માસકેપ્ચર કરી લેવામાં આવે છે. તેમજ ખૂંટા-ગલાનાં નાખવાને કારણે હોડીઓ પાણીમાં વચ્ચે લગાડેલ ખૂંટાઓમાં જાળો ફસાય જવાથી નુકશાન થવા ઉપરાંત હોડી પણ ઉંધી વળી જવાની અને જાનહાની થવાની સંભાવના છે.

નર્મદા નદીમાં મંડાળા બાંધી ખૂંટા ચોડી જાળો બાંધવાના અવરોધથી નર્મદા નદીમાં અવર જવર કરતી હોડીઓને અડચણ રૂપ થાય છે. તેમજ હોડી જાળમાં ફસાય જાય તો હોડી ડૂબી જવાથી અકસ્માત થવાની શકયતાઓ રહેલી છે. તેમજ જાનહાની થવાની પણ શકયતા રહેલી છે. ઉપરાંત નદીમાં ભરતી સમયે આ ખૂંટાઓ પાણીના નીચે તળીયાને ભાગે જતાં રહેતા હોવાથી દેખાતા બંધ થવાથી મોટી દુર્ઘટના પણ થવાનો ભય રહેલ છે.

ઉપરના કારણો ધ્યાને લઇ હાલમાં લોકો હોડીઓની મોટાપ્રમાણમાં અવર-જવર કરતાં હોય, આ અવર-જવર કરતાં હોડી, વહાણ કે તેમાં કોઇપણ વ્યકિતને થતી અડચણ નુકશાન અટકાવવા તથા લોકોની જાન કે સલામતીને થતું જોખમ અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા ભરૂચ તાલુકાના ઝનોર થી વાગરા તાલુકાના લુવારા ગામ વચ્ચે પસાર થતી નર્મદા નદીમાં કોઇપણ સ્થળે કોઇપણ પ્રકારના ખૂંટા ચોડવા પર તાત્કાલીક અસરથી પ્રતિબંધ મૂકવો જરૂરી ગણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ સત્તાની રૂએ ભરૂચ તાલુકાના ઝનોર થી વાગરા તાલુકાના લુવારા ગામ વચ્ચે પસાર થતી નર્મદા નદીમાં કોઇપણ સ્થળે કોઇપણ પ્રકારના ખૂંટા મારવા પર તા. ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી પ્રતિબંધ ફરમાવવા આથી હુકમ કરવામાં આવે છે. આ હુકમનો અનાદર કરનાર ઇન્ડીયન પીનલ કોડ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૦ના ફડચાના અંતિમ હુકમ ફડચ/ગ-૩/૫૯૧/૨૦૧૦.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭, ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/૯૦૦/૨૦૧૫.–ધી શીયાવાડા (મ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. શીયાવાડા, તા. દહેગામ, જિ. ગાંધીનગરને વંચાણે લીધેલ ક્રમ-૧ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. મકવાણાની નિમણુંક કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમ-૨ની જોગવાઈઓ તથા વહિવટી સરળતા ખાતર શ્રી એમ. પી. મકવાણાની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવા અંગે નીચે મુજબનો સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ

આથી, હું, ઉર્વશી બ્રહ્મભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮ની સત્તાઓની રૂએ વહિવટી સરળતા ખાતર ધી શીયાવાડા (મ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. શીયાવાડા, તા. દહેગામ, જિ. ગાંધીનગરમાં વંચાણે લીધેલ ક્રમ-૧ના હુકમથી કરવામાં આવેલ શ્રી બી. આર. મકવાણાની ફડચા અધિકારી તરીકેની નિમણુંક રદ કરી અને તેની જગ્યાએ શ્રી એમ. પી. મકવાણા, સહકારી અધિકારી, લગત અત્રેની કચેરીની નિમણુંક અંગેનો સુધારા હુકમ કરૂ છું.

ગાંધીનગર, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

નંબર સે/૪૩૬૨૨/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી સિધ્ધિ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મું. પાટણ, તાલુકો પાટણ, જિલ્લો પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૩મી જૂન, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

નંબર નધણ/નસબ/૦૧/ખ-૧/૪૦૦/જીડીઆર/સે/૪૨૪૦૫/૨૦૧૫.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા, આથી જાહેર કરે છે કે, ધી સતનામ કોઠા બચત અને ધિરાણ સહકારી મંડળી લી., મું. કોઠા, મર્યાદિત સ્થળ કોઠા, તાલુકો શહેરા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૩મી જૂન, ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગોધરા.

નંબર એસકે/ઉ(મ)-૧૫૬૯૭/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી ધનલક્ષ્મી મજુર કામદાર સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ધોળીવાવ, તાલુકો વિજયનગર, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક જી.એચ. કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧-ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી ઈન્દ્રાજપુર નાના ખેડુતોને પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી., મું. ઈન્દ્રાજપુર, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠાના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ચ/૮૫/૨૦૧૫, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અને કલમ-૨૦ની જોગવાઈઓ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૧૫૯૯૨/૦૧/ગ/૪૨૧/૨૭૧૨/૨૦૧૫.–ધી ઈન્દ્રાજપુર નાના ખેડુતોને પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી., મું. ઈન્દ્રાજપુર, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા એ નોંધણી નં. ખે-૫૯૩, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૭૫ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સાબરકાંઠા હિંમતનગરની કચેરીના હુકમ ક્રમાંક ફડચ/ફ/૧૫૯૯૨/૦૧/ગ/૧૪૮/૨૦૦૫, તારીખ ૪થી માર્ચ, ૨૦૦૫ના થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. ફડચા અધિકારીશ્રીના તા. ૨૨મી જૂન, ૨૦૧૫ થી પ્રાપ્ત થયેલ આખરી અહેવાલ મુજબ ફડચાની તમામ કામગીરી

INDEX

પુર્ણ કરવામાં આવેલ છે અને કોઇ સરકારી લેણું બાકી નથી. જેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ધી ઈન્દ્રાજપુર નાના ખેડુતોને પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી., મું. ઈન્દ્રાજપુર, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠાની નોંધણી અધિનિયમની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે અને મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

હિંમતનગર, તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર એસકે/સા (હા)/૩૦૦૮/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ધી શુકન-૧ બંગ્લોઝ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ ઈડર, તાલુકો ઈડર, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫.

સહી (અવાચ્ય),
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ)
સાબરકાંઠા, હિંમતનગર.

નંબર નધણ/વીએલડી/સા-૯૨૪૪/ચ/૧૮૯/૧૫૫૬/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, સૌરભ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., જી.આઇ.ડી.સી., રેસી. પ્લોટ એરીયા (પ્લોટ નં. ૧૨૩ થી ૩૫૮), ગુંજન રોડ, એચ-૧-૧૪, તા. વાપી, જિલ્લો વલસાડને, અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫.

નંબર નધણ/વીએલડી/સા-૯૨૪૫/ચ/૧૯૧/૧૫૫૮/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, અંબિકા રેસીડેન્સી ‘‘બી’’ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રેલ્વે ગરનાળા પાસે, મોગરાવાડી, વલસાડ, તા.જિ. વલસાડને, અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫.

જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ), વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૩૦/સને ૨૦૧૫.— આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સ્વર્ણિમ હેકઝા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ગોતા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૩૧/સને ૨૦૧૫.— આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સહજાનંદ વીલા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. સોલા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર)
અમદાવાદ.

વંચાણે લીધા :

(૧) ધી કણજરી રામજીવાળા પિયત સહકારી મંડળી લિ., મું.પો. કણજરી, તા. નડીયાદના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૩જી જૂન, ૨૦૧૫નો પત્ર નં. ફડચ-૦૧-જ-૪૪૮-૨૦૧૫.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૫૧-૨૦૦૫-એન.એસ.બી.-૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

હુકમ

જા. નં. નધણ/૦૧/ખ-૨/૨૬૧/૨૦૧૫.—ધી કણજરી રામજીવાળા પિયત સહકારી મંડળી લિ., મું.પો. કણજરી, તાલુકા નડીયાદ, જિલ્લા ખેડા, સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર ૮૭૬, તા. ૨-૩-૧૯૫૧થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉખસ/ક.જ./ફડચા/ગ-૨/૨૩૯/૨૦૧૨, તારીખ ૨૫મી મે,૨૦૧૨થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના

INDEX

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવે છે એમ ગણાશે. તથા હાલની તારીખે જે કોઇ દેવા-લેણાંનો નિકાલ કરવાના અધિકાર સહકારી ફડચાને આપવામાં આવે છે.

નડીઆદ, તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ધી કઠલાલ તાલુકા શ્રમજીવી શાખવાળી નાગરીક સહકારી મંડળી લિ., મું. પો. કઠલાલ, તા. કઠલાલના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૩જી જૂન, ૨૦૧૫નો પત્ર નં. ફડચ-૦૧-જ-૪૪૯-૨૦૧૫.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૫૧-૨૦૦૫-એન.એસ.બી.-૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

હુકમ

જા. નં. નધણ/૦૧/ખ-૨/૨૬૨/૨૦૧૫.—ધી કઠલાલ તાલુકા શ્રમજીવી શાખવાળી નાગરીક સહકારી મંડળી લિ., મું.પો. કઠલાલ, તા. કઠલાલ, જિલ્લા ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર સે-૨૧૨૫૧, તારીખ ૮મી મે, ૧૯૯૬થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉખસ/ક.જ./ફડચા/ગ-૨/૪૫૪/૨૦૦૯, તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૯થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ-૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે. તથા હાલની તારીખે જે કોઇ દેવા-લેણાંનો નિકાલ કરવાના અધિકાર સહકારી ફડચાને આપવામાં આવે છે.

નડીયાદ, તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નડીયાદ.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૩૧/ઝ/૩૧/૧૫૪૯/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી નાથજી ફલેટ હોલ્ડર્સ કો-ઓપરેટીવ મેઈન્ટેનન્સ સર્વિસ સોસાયટી લી., ઠે. રામનગર ચાર રસ્તા, રાંદેર રોડ, ટી.પી. સ્કીમ નં. ૨૯, (રાંદેર), સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૩૩/ઝ/૩૩/૧૫૫૧/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શૃંગાર રેસીડેન્સી કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. શૃંગાર રેસીડેન્સી મુ. વેસુ, તા. સુરત સીટી, ટી.પી. સ્કીમ નં. ૬, (વેસુ), સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૩૨/ઝ/૩૫/૧૫૫૦/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી સર્જન પેલેસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. શ્રી સર્જન પેલેસ, મુ. વેસુ, તા. સુરત સીટી, ટી.પી. સ્કીમ નં. ૭, (વેસુ), સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૨૭/ઝ/૩૯/૧૫૫૨/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી શીવસાંઇ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. મોજે. ધામડોદ-કડોદ રોડ, તા. સુરત જિ. સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૨૮/ઝ/૩૭/૧૫૪૮/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ડ્રીમ પેલેસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. ડ્રીમ પેલેસ, મુ. વેસુ, તા. સુરત સીટી, ટી.પી. સ્કીમ નં.-૨, (વેસુ-ભરથાણા), સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૨૯/ઝ/૪૧/૧૫૪૭/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, સિધ્ધક્ષેત્ર કોમ્પલેક્ષ સી-ટાવર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. સિધ્ધક્ષેત્ર કોમ્પ્લેક્ષ, સી-ટાવર, મુ. સરગમ શોપીંગ સેન્ટરની પાછળ, તા. સુરતસીટી સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

INDEX

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૩૦/ઝ/૪૩/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, અનુપમ હાઈટ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ સોમેશ્વર એન્કલેવ પાછળ, વેસુ, ટી.પી. સ્કીમ નં. ૧, તા. સુરતસીટી, જિ. સુરતને.

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા નં. ઘબ/ડી.ડી.સી./૭૨૮૬/બી., તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય અમદાવાદના, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬ના હુકમ નં. એડી/એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી સદર કચેરીનો તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫નો અહેવાલ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૩૨૧/૨૦૧૫.-ધી શ્રી ભડાણા મજુર કામદાર સહકારી મંડળી લી.,મું. ભડાણા, તા. વિરમગામ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી નંબર ઉ-૮૦૩૦, તા. ૩૧-૧૨-૧૯૭૯થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અન્યની કચેરીના હુકમ નં. ઉખસ/ફડચ/ગ-૩/૧૧૦૩, તારીખ ૩૦-૮-૨૦૦૧થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

આથી હું આઈ. એમ. પુરોહીત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, વંચાણે લીધા ક્રમાંક-૧ અને ૨ તેમજ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ધી શ્રી ભડાણા મજુર કામદાર સહકારી મંડળી લી., ભડાણા તા. વિરમગામ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી નંબર ઉ-૮૦૩૦, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૭૯ છે તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂં છું.
અમદાવાદ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહીત,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (રૂરલ)
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૬ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/ધ-૨/૨૯૯/૨૦૦૬ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) મંડળીની નોંધણી રદ અંગેની તારીખ ૨૪મી જૂન, ૨૦૧૫ની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૩) ફડચા અધિકારી આસુંદર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. આસુંદર લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫ થી મંડળીની નોંધણી રદની ભલામણ.

(૪) ઓડિટર, ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, નવસારીનો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ..

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને તેની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ફ/૧૪૦૫૪/૫૦૫/૮૦૧/૨૦૧૫.– ક્રમાંક : સે.દૂ.-૨૪૧૮૮, તારીખ ૨૫મી જૂન, ૧૯૮૯ આસુંદર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ.પો. આસુંદર, તા. જિ. નવસારી, જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. સદર મંડળીને આમુખ-(૧) થી ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, અને આમુખ-(૨) થી મંડળીની નોંધણી રદ અંગેની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ જે સબબ આમુખ-(૩) થી ફડચા અધિકારીશ્રીના અભિપ્રાય મુજબ ફડચાનું કામ પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. આમુખ-(૪) મુજબ છેવટ સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૩) મુજબ ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આસુંદર દૂધ ઉત્પાદક સ.મં.લી. મુ.પો. આસુંદર, તા. જિ. નવસારીની નોંધણી ક્રમાંક સે.દુ. ૨૪૧૮૮, તારીખ ૨૫મી જૂન, ૧૯૮૯ની નોંધણી રદ કરવા આથી હુકમ કરૂ છું અને આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવી છે, એમ ગણાશે.

નવસારી, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નં. ડીએનજી/સે.દુ./૩૮૦૪૬/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ. સ. ધૂમખલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ ધૂમખલ, તાલુકો આહવા, જિલ્લા ડાંગને,

INDEX

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ડાંગ, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નં. ડીએનજી/સે.દુ./૩૮૦૪૭/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ. સ. બિનેઆવન ફ. (ચિકાર) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ ચિકાર, તાલુકો વઘઇ, જિલ્લા ડાંગને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ડાંગ, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ-આહવા.

વંચાણે લીધા :-

(૧) ચાર્ટડ એકાઉન્ટન્ટ પેનલ નં. ૫૫૦ ના તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫ના રોજનો ઓડીટ અહેવાલ અને દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ/નધણ/૦-૧/ઘ-૨/૧૯૧/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસ બી/૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/હા/૦૧/ફ-૧૯૧૯૫-૧૯૬/૧૬૧૦/૨૦૧૫.– આદર્શ એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિજલપોર રોડ, નવસારી, તા.જિ. નવસારીની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ઘ-૬૮૦૩, તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૭૯ થી નોંધાયેલ છે. આમુખ-૧ થી વંચાણે લીધેલ ઓડીટ અહેવાલ અને દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે. સદરહુ ઓડીટ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા સંબંધે આમુખ-૨ થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ સંસ્થાને આપી ન્યાયના હિતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તેમજ જરૂરી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી તેઓના તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫ના પત્રથી કરવામાં આવેલ રજુઆત મુજબ બિલ્ડીંગ જુનું અને જર્જરીત થઇ ગયેલ હોય, અને તે પરિસ્થિતિ ઉપરાંત કોઈપણ સભાસદોની આર્થિક-નાણાંકીય સ્થિતિ સારી ન હોવાથી સદર બિલ્ડીંગ રિપેર કરાવી શકવાની સમર્થતા ન હોય, દરેક ફલેટનું વેચાણ કરી દેવામાં આવેલ છે. જેથી સદર મંડળીના સભાસદો રદ થવા પામેલ છે. અને મંડળીએ સહકારી કાયદા કાનુન પ્રમાણે તેની પ્રાથમિકતા શરત મુજબની લાયકાત ગુમાવેલ છે. આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરાવમાં આવે છે.

(૧) સદર સંસ્થા પેટા નિયમ અનુસારની પ્રવૃત્તિ કરતી નથી.

(૨) સંસ્થાનો ઓડીટ વર્ગ ‘ડ’ છે.

(૩) સંસ્થા તરફથી સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ ઓડીટ મેમાની દુરસ્તી થતી નથી.

(૪) સહકારી કાયદા/કાનુન અન્વયે વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી.

(૫) વ્યવસ્થાપક સમિતિની સભા નિયમિત મળતી નથી.

(૬) સંચાલકશ્રીઓ, સભાસદો રદ થયેલ હોય, તેઓને મંડળી ચાલુ રાખવામાં રસ જણાતો નથી.

(૭) પેટા નિયમ તથા સહકારી કાયદા-કાનુનનું પાલન થતું નથી.

વચગાળાનો હુકમ

આથી, હું, કુ. જે. સી. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આદર્શ એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિજલપોર રોડ, નવસારી, તા.જિ. નવસારીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨જી જુલાઇ, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/ભ(શ)-૫૮૧૫/ઝ/૩૭૫/૨૫૭૫/ સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી સુરત જિલ્લા ન્યાયખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., સ્થળ મું. મુ. રૂમ નં. ૮૨૦, ૮મો માળ, ન્યુ ડીસ્ટ્રીકટ કોર્ટ બીલ્ડીંગ, અઠવા લાઇન્સ, તા. સીટી, જિ. સુરતને.

(સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૩૪/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સોપાન વીર રેસીડેન્સી-૨ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ચાંદખેડા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૩૫/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી લોર્ડ નેસ્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ચાંદખેડા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૩૬/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શાશ્વત રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૩૭/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી કર્ણાવતી હોમ્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨જી જુલાઇ, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંક ઉ/૧૫૭૭૩/૨૦૧૫.–આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોધરા જાહેર કરે છે કે, ધી સદગુરૂ કણજીપાણી ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., કણજીપાણી, તાલુકા જાંબુઘોડા, જિલ્લો પંચમહાલની સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫.

નોંધણી ક્રમાંક ભ/૪૮૧૬/૨૦૧૫.–આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોધરા જાહેર કરે છે કે, ધી પોલીકેબ કન્ઝયુમર્સ કો. ઓપરેટીવ સ્ટોર્સ લી. મું.પો. હાલોલ, તા. હાલોલ, જિલ્લો પંચમહાલની સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના ખેતી અને વન સહકાર વિભાગનો હુકમ નંબર જીએચકેએચ/૧૭૨/૮૧/સીએસએ/૪૯૭૮/૪૨૨૯/ડી, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૮૧.

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પંચમહાલ ગોધરાના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ખ-૨/૨૦૧૪, તારીખ ૨જી જૂન, ૨૦૧૪.

(૩) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહીસાગર, લુણાવાડાની કચેરીના પત્ર જા.નં. ફડચ/૦૧/ખ-૨/૧૧૦/૨૦૧૫, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯.

(૫) જિલ્લા ખેત ઉત્પાદન સહકાર અને નાની સિંચાઇ સમિતીની તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ની બેઠકનો ઠરાવ.

INDEX

પ્રસ્તાવના

નંબર જિ.પં./સહકાર/નધણ/ક/વશી/૩૯૮-૪૦૧/૨૦૧૫.-આમુખ-૨ થી વંચાણે લીધેલ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ પંચમહાલ ગોધરાના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ખ-૨/૨૦૧૪, તારીખ ૨જી જૂન, ૨૦૧૪ અન્વયે ધી મહેતાના ચાકલીયા સેવા સહકારી મંડળી લી., તા. લુણાવાડા, જિ. મહિસાગરને ફડચામાં લઇ જવામાં આવેલ જે મંડળીને પુનઃજીવીત કરાવની દરખાસ્ત આમુખ-૩ના જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓના મહીસાગર લુણાવાડાના પત્ર જા.નં. ફડચ/૦૧/ખ-૨/૧૧૦/૨૦૧૫, તારીખ ૨૧મી મે, ૨૦૧૫ થી અત્રેની કચેરીએ મોકલી આપેલ છે. તેઓશ્રીની દરખાસ્તની સાથે ફડચા અધિકારી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી., લુણાવાડાએ રજુ કરેલ સાધનિક કાગળો જોતાં સંસ્થાની તારીખ ૨૭મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ ભરવામાં આવેલ ખાસ સાધારણ સભામાં સદર મંડળીને પુનઃજીવીત કરવાનો ઠરાવ સર્વાનુમતે કરેલ છે.

આમુખ-૫ હેઠળના જિલ્લા ખેત ઉત્પાદન સહકાર અને નાની સિંચાઇ સમિતી મહીસાગર લુણાવાડાના તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ની બેઠકના ઠરાવ સર્વાનુમતે કરેલ છે.

સબબ ઉપરોક્ત વિગતો જોતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી મહેતાના ચાકલીયા સેવા સહકારી મંડળી લી., તા. લુણાવાડા, જિ. મહિસાગર કે જે હાલ ફડચામાં છે તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ સંસ્થાનો નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ગોધરા, તારીખ ૩૦મી જુન, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના ખેતી અને વન સહકાર વિભાગનો હુકમ નંબર જીએચકેએચ/૧૭૨/૮૧/સીએસએ/૪૯૭૮/૪૨૨૯/ડી, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૮૧.

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પંચમહાલ ગોધરાના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ખ-૨/૨૦૧૪,તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૪.

(૩) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહીસાગર, લુણાવાડાની કચેરીના પત્ર જા.નં. ફડચ/૦૧/ખ-૨/૧૦૯/૨૦૧૫, તારીખ ૨૧મી મે, ૨૦૧૫.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯.

(૫) જિલ્લા ખેત ઉત્પાદન, સહકાર અને નાની સિંચાઇ સમિતીની તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ની બેઠકનો ઠરાવ.

પ્રસ્તાવના

નંબર જિ.પં./સહકાર/નધણ/ક/વશી/૪૦૨-૪૦૫/૨૦૧૫.-આમુખ-૨ થી વંચાણે લીધેલ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પંચમહાલ ગોધરાના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ખ-૨/૨૦૧૪, તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૪ અન્વયે ધી જુના ગોરાડા અર્થ સેવા સહકારી મંડળી લી., જુનાગોરાડા, તા. લુણાવાડા, જિ. મહિસાગરને ફડચામાં લઇ જવામાં આવેલ જે મંડળીને પુનઃજીવીત કરાવની દરખાસ્ત આમુખ-૩ના જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓના મહીસાગર લુણાવાડાના પત્ર જા.નં. ફડચ/૦૧/ખ-૧/૧૦૯/૨૦૧૫, તારીખ ૨૧મી જૂન, ૨૦૧૫ થી અત્રેની કચેરીએ મોકલી આપેલ છે. તેઓશ્રીની દરખાસ્તની સાથે ફડચા અધિકારી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી., લુણાવાડાએ રજુ કરેલ સાધનિક કાગળો જોતાં સંસ્થાની તારીખ ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ ભરવામાં આવેલ ખાસ સાધારણ સભામાં સદર મંડળીને પુનઃજીવીત કરવાનો ઠરાવ સર્વાનુમતે કરેલ છે.

આમુખ-૫ હેઠળના જિલ્લા ખેત ઉત્પાદન સહકાર અને નાની સિંચાઇ સમિતી મહીસાગર લુણાવાડાના તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ની બેઠકના ઠરાવથી સદર મંડળીને પુનઃજીવીત કરવાનો ઠરાવ સર્વાનુમતે કરેલ છે.

સબબ ઉપરોક્ત વિગતો જોતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી જુના ગોરાડા અર્થ સેવા સહકારી મંડળી લી., જુનાગોરાડા, તા. લુણાવાડા, જિ. મહિસાગર કે જે હાલ ફડચામાં છે તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ સંસ્થાનો નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ગોધરા, તારીખ ૩૦મી જુન, ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત,
પંચમહાલ-ગોધરા.

નોંધણી ક્રમાંક ઉ/૧૫૭૭૪/૨૦૧૫.–આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, મહીસાગર, લુણાવાડા જાહેર કરે છે કે, ધી વિદ્યાભારતી મહીલા લઘુ ઉદ્યોગ ઔદ્યોગિક સહકારી મંડળી લી., પાદેડીઅડોર, તા. સંતરામપુર, જિ. મહીસાગરની સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી છે.

લુણાવાડા, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત,
મહીસાગર, લુણાવાડા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, JULY 23, 2015 / SRAVANA 1, 1937 [No. 30

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1135-1178	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	59-60
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	30	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2909-2960

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ. શા./એ સેકશન/મોબાઈલ/૪૫/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાનો કોશિષ કરી રહ્યા છે.

બહારનાં રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

INDEX

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	જે વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામાં, ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૪૬/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તારીખ ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૨મી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈ પણ જાતનાં ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાબું છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધ હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિ.

INDEX

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી માહે જુલાઇ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૪૭/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતનાં અહેવાલો તથા અમદાવાદમાં ભૂતકાળમાં આતંકવાદી તત્ત્વો દ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તથા મિલકતની હાની કરવામાં આવેલ. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે અને વાહનોનો તથા હાઈવેની હોટલોનો ઉપયોગ કરે છે.

રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો, લૂંટારાઓ, ધાડપાડુઓ ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની અવરજવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને, તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા વાહનોનો ઉપયોગ કરતા હોય છે. અને આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, લૂંટ અને ધાડનાં ગુન્હાઓ કર્યા બાદ અમુક અંતરે જઇ વાહનોમાં બળતણ ભરાવવા અથવા તો હોટલો ઉપર ચા-પાણી કરવા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે. જેથી આવા ગંભીર પ્રકારનાં બનાવોના કારણે નાગરીકને પોતાની અસલામતીનો સતત ભય સતાવતો રહે છે.

આવા ગુન્હા અટકાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધવા માટે મહત્વની કડીરૂપ બને તે સારૂ પેટ્રોલપંપ, ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા (નાઇટવિઝન તથા હાઈડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુન્હેગારોની તથા ગુન્હામાં વપરાયેલ વાહનોનું આઇડેન્ટીફાઇ (ઓળખ) કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવા મુકી શકાય. જેથી તકેદારીના પગલારૂપે જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, મલ્ટીપ્લેક્ષ શોપીંગ સેન્ટરો તથા કોમર્શિયલ સેન્ટરો, હોટલો તથા ટોલપ્લાઝા, પેટ્રોલપંપના માલિકો/ઉપભોગતાઓ/વહીવટકર્તાઓ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી. આર. પી. સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ પોલીસ કમિશનર વિસ્તારમાં અનુક્રમે આવેલ નીચે મુજબની જગ્યાઓ જેવી કે,

(૧) જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ/મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ / કોમર્શીયલ સેન્ટર / થ્રી સ્ટાર થી ઉપરની હોટલો ઉપર સીકયુરીટીને ધ્યાને લઈ પ્રવેશદ્વાર ઉપર સીક્યુરીટી ગાર્ડ મેટલ ડિટેકટર તથા સી.સી.ટી.વી. કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાના પાર્કિંગ / ભોયરૂં / તમામ માળ ઉપર સીકયુરીટી ગાર્ડ અને સીસીટીવી કેમેરાની ગોઠવણ કરવી. જેમાં Image-colour, Image sensor, 1/3" minimum Supporrt-TCP/IP and remote monitoring. Resolution-600 TVL Min. Compression H.264 MJPEG. System data storage-15 days min. With Back light compensation and night vision capability વાળા સીસીટીવી કેમેરા ગોઠવવા.

(૨) ૧૦થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતાં રેસ્ટોરન્ટ / ગેસ્ટ હાઉસ / લોજીંગ બોર્ડીંગ / ધર્મશાળા / અતિથિ ગૃહ / વિશ્રામ ગૃહ / કોમર્શિયલ સેન્ટર/ પેટ્રોલ પંપ / ટોલપ્લાઝા / બહુમાળી બિલ્ડીંગ / પાવર હાઉસ વિગેરે ઉપર સીસીટીવી કેમેરા લગાડવા.

(૩) ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતી ગાડીઓના નંબર તથા વ્યકિતઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરાની ગોઠવણી કરવી. સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગની જાળવણી દિન-૧૫ સુધી સંગ્રહ કરવી.

(૪) ધર્મશાળાના સંચાલકોએ ધાર્મિક સ્થળોની ધર્મશાળાઓમાં મુસાફરોની જરૂરી આઈડી એડ્રેસ, મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબરોની જરૂરી નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

આ હુકમ તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંકઃ વિ.શા./એ-સેકશન/પરમીટ/૪૮/૨૦૧૫.–છેલ્લાં કેટલાક સમયથી અમદાવાદ શહેરમાં બનેલ ચોરી લુંટ, ખૂન, જેવા ગુન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટીઓ જાહેર સુલેહશાંતિને કેટલાક માણસની જિંદગીને ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે.

મહદ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે અને તેઓ વિષે માલિક પાસે અગર પોલીસ પાસે માહીતી હોતી નથી. પરિણામે તેઓને પકડવા મુશ્કેલભર્યું બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતાં માલિકો ઉપર થોડા નિયંત્રણ મુકવાનું જરૂર જણાય છે.

INDEX

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન માલિક/મકાન ભાડુઆત જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહીં અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહીતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

(૧) ઘરઘાટીનું પુરૂં નામ :

(૨) ઘરઘાટીનું અમદાવાદનું સરનામું તથા તેની સાથેના માણસોની વિગત.

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ, સરનામું (બે, ત્રણ તમામ માલિકોના નામ, સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો) :

(૪) બાંહેધરી અગર જેના મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ, સરનામું :

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ, સરનામું :

(૬) અમદાવાદમાં ઘરઘાટીના ઓળખીતાના નામ-સરનામા તથા ટેલીફોન નંબર :

(૭) ઘરઘાટીનાં વતનનું સરનામું પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં રહેતાં તેના ભાઈ, બહેન, માતા, પિતાના નામો :

(૮) ઘરઘાટી પરણિત હોય તો સાસરીનું નામ, સરનામું :

(૯) ઘરઘાટીના ચહેરાનું નિશાન ઉંમર, વર્ષ, ઉંચાઈ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની) :

આ હુકમ તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેક્શન/પરમીટ/૪૯/૨૦૧૫.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહિ તેમજ કોઈ સરઘસ કાઢવું નહિ.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : DCP/ક્રાઇમ/જાહેરનામું/૧૦૧૬/૨૦૧૫.-વડોદરા શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઇ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઇ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી વડોદરામાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લૂંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયારધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂં.

વાસ્તે હું ઇ. રાધાકૃષ્ણ, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨નો નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતાં સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નં. ૧ :-માહીતી નીચે દર્શાવેલ કોલમવાઇઝ આપવાની રહેશે.

અનુ. નંબર	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ સરનામું તથા ટેલીફોન નંબર	પર પ્રાતિંય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સરનામું, સબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલી. નંબર	નોકરીએ રાખ્યાની તારીખ	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂં નામ, સરનામું	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	સિક્યુરીટી ગાર્ડનો ફોટો તથા પી.સી.સી. સ્થાનિક તથા વતનનું
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમનો અમલ તારીખ ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : DCP/ક્રાઇમ/જાહેરનામું/૧૦૧૭/૨૦૧૫.-વડોદરા શહેરમાં મિલ્કત ચોરીઓના બનાવો પૈકી તાજેતરમાં વાહનચોરીના બનાવો પણ દિનપ્રતિ દિન વધતા જણાયેલ છે, જેથી જ્યારે પણ વાહનચારીના બનાવોની તપાસ કરવામાં આવે છે ત્યારે આવા વાહનો ચોરાયાની ફરીયાદ લીધા બાદ સમગ્ર પાસાઓની તપાસ કરવી રહે છે. શકય છે કે ચોરીની ફરીયાદ લખાવ્યા બાદ બીજા ખોટા રજીસ્ટ્રેશન નંબર લગાવી તે વાહનોની ચોરીનો વીમો મેળવી ખોટા નંબરથી ઉપયોગમાં ચાલુમાં હોય અથવા તો જુના થયા બાદ કબાડીમાં વેચી નાખ્યા બાદ વીમો પકવવા માટે ફરીયાદ રજીસ્ટ્રર કરાવેલ હોય અથવા ટેક્ષી પાસિંગ અગર ટેક્ષી સીવાય પણ રોડ ટેક્ષ / આર.ટી.ઓ. ટેક્ષ બચાવવા માટે ખોટી ફરીયાદ કરેલ હોય, જેથી આવી બાબતોને ધ્યાનમાં લઇ તપાસ રહી, જેથી આવું થતું અટકાવવા તથા શોધી કાઢવા માટે અમુક નિયંત્રણો લાદવા જરૂરી હોય જેથી પી.યુ.સી. પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સંસ્થા ઉપર જાહેર જનતાના જાનમાલ મિલ્કતની સલામતી તથા સુરક્ષા માટે નીચે જણાવેલ કાર્યવાહી ફરજીયાત કરવાની રહેશે.

વાસ્તે હું ઇ. રાધાકૃષ્ણ, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સીઆર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૩ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના પોલીસ કમિશનરેટ વિસ્તારમાં નીચેની કાર્યવાહી ફરજીયાત કરવા ફરમાવું છું.

-: ફજીયાત કરવાની કાર્યવાહી :-

(૧) પી.યુ.સી. માટે વાહન લઇ આવનારનું નામ તથા મોબાઇલ નંબર ફરજીયાત પણે નોધવા.

INDEX

(૨) પી.યુ.સી. માટે આવતાં વાહનો અંગે નીચે દર્શાવેલ બાબતોની નોંધણી અંગેનું રજીસ્ટર નિભાવવું.

અ.નં.	પી.યુ.સી. આપનાર એજન્સીનું નામ	પી.યુ.સી. માટે આવેલ વાહનનો રજીસ્ટ્રેશન નંબર	પી.યુ.સી. માટે આવેલ વાહનનો પ્રકાર (કંપની/મોડલ)	વાહન લઇ આવનારનું નામ, સરનામું તથા મોબાઇલ નંબર	આપવામાં આવેલ પી.યુ.સી. નંબર તથા તારીખ
૧	૨	૩	૪	૫	૬

ઉપર મુજબના રજીસ્ટરોનો ડેટા ઓછામાં ઓછો એક વર્ષ સુધી વ્યવસ્થિત સાચવી રાખવાનો રહેશે, અને આ રજીસ્ટર ચેકિંગમાં આવનાર સમક્ષ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

-: અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :-

આ હુકમનો અમલ તારીખ ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબ કાઢેલ.

ક્રમાંક વિ.શા./અનઅધિ.વ્યક્તિ પ્રવેશ/૨૫૨૩/૨૦૧૫.—પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જિલ્લા કલેકટરશ્રીની કચેરી (કોઠી), બહુમાળી બિલ્ડીંગ (કુબેર ભવન), જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવન, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે. તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી - સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી, હું, ઈ. રાધાકૃષ્ણ, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૨૨મા અધિનિયમની કલમ-૩૭, (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જિલ્લા કલેકટરશ્રીની કચેરી (કોઠી), બહુમાળી બિલ્ડીંગ (કુબેર ભવન) જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવન, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અગર વ્યાજબી કામે આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦:૦૦ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૫ માહે જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ (મુંબઈ ના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ(૧) (બ) હેઠળ.

ક્રમાંક ટફક/રથયાત્રા/જાહેરનામું/૨૭૦૨/૨૦૧૫.—વડોદરા શહેરમાં તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૫ના રોજ ઈસ્કોન મંદિર વડોદરા તરફથી ભગવાન જગન્નાથજી રથયાત્રા નીકળનાર હોય, આ પ્રસંગે જાહેર જનતાની સલામતી તેમજ શહેર વિસ્તારમાં ટ્રાફિક નિયમનની સરળતા જળવાય રહે અને આમ જનતાને અગવડ ન પડે તે હેતુસર આ જાહેરનામું તાત્કાલીક અસરથી પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત હોવાથી હું, ઈ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેરનાઓને ગુજરાત પોલીસ અધિનિયમ, (મુંબઈના ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૧૫ના બપોરના કલાક ૧૩-૦૦ થી ૨૦-૦૦ સુધી (અથવા પ્રસંગ પુરો થાય ત્યાં સુધી) ટ્રાફિક વ્યવસ્થા અંગે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂં છું.

જાહેરનામાની વિગત

તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૧૫ના રોજ બપોર કલાક ૧૩-૦૦ થી ૨૦-૦૦ સુધી અથવા જ્યાં સુધી જગન્નાથજીની રથયાત્રા પુરી ન થાય ત્યાં સુધી રેલ્વે સ્ટેશન વિસ્તાર, હીરક બાગ, પથિક ભવન વિસ્તાર, એમ.એસ. યુનિવર્સીટી રોડ, કાલાઘોડા સર્કલ થઈ, બરોડા ઓટોમોબાઈલ ત્રણ રસ્તા થઈ, ફુલબારી ત્રણ રસ્તા થઈ, કોઠી ચાર રસ્તાથી ટાવર ચાર રસ્તા (રાવપુરા રોડ) અમદાવાદી પોળ થઈ જ્યુબીલીબાગ સર્કલથી રોંગ સાઈડ ગાંધીનગર ગૃહ, પ્રતાપ સીનેમા રોંગ સાઈડ થઈ સુરસાગર નૌકા વિહાર, લાલકોર્ટ થઈ દાંડીયા બજાર ચાર રસ્તા થી ડાબી બાજુ મધ્યવર્તી સ્કુલ માર્કેટ ચાર રસ્તાથી ડાબી બાજુ, રાજમહેલ રોડ, વિરભગતસિંહની પ્રતિમાંથી મદનઝાંપા રોડ, જયરત્ન બિલ્ડીંગ ચાર રસ્તા થઈ, કેવડાબાગ બેઠક મંદીર સુધીના રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે સંપૂર્ણ પણે **''નો પાર્કીંગ ઝોન''** તરીકે જાહેર કરવામાં આવે છે અને આ રૂટ ઉપર જગન્નાથજીની રથયાત્રામાં સામેલ વાહનો તથા પોલીસ વાહનો અને જગન્નાથજીની રથયાત્રાની સેવામાં જોડાયેલા ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને મ્યુ. કોર્પો. અને અન્ય ખાતાના વાહનો સિવાય બાકીના તમામ પ્રકારના વાહનો ઉપરોકત જણાવેલ વિસ્તારમાં પોતાના વાહનો પાર્ક કરી શકશે નહિ.

તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૧૫ના રોજ બપોર કલાક ૧૩-૦૦ થી ૨૦-૦૦ સુધી ભગવાનશ્રી જગન્નાથજી રથયાત્રા પૂર્ણ ન થાય ત્યાં સુધી સદર રૂટ તરફ આવતા તમામ પ્રકારના વાહનો વૈકલ્પિક વ્યવસ્થારૂપે નીચે જણાવેલ રૂટ પર આવ-જા કરી શકશે.

વૈકલ્પિક રૂટ

(૧) પંડ્યા બ્રીજ થઈ નટરાજ સર્કલ થી રેલ્વે સ્ટેશન તરફ ''પ્રવેશબંધી'' રહેશે. પરંતુ નટરાજ સર્કલ થી પ્રોફેસર કામદાર માર્ગ થઈ નરહરી સર્કલ તરફ અવર જવર કરી શકશે.

(૨) અલકાપુરી જી.ઈ.બી. સર્કલ (ડૉ. આંબેડકર સર્કલ) તરફથી આવતો ટ્રાફિક રેલ્વે તરફ ન આવતા પ્રોડેકટીવીટીનાકા ત્રણ રસ્તા થી ડાબી જમણી બાજુના રોડ તરફ એટલે કે વલ્લભચોક સર્કલ, ઉર્મી ચાર રસ્તા, દિનેશમીલ ગરનાળા તરફ તેમજ કુંજ સોસાયટી તરફ અવર જવર કરી શકશે.

(૩) નરહરી સર્કલ (મહારાણા પ્રતાપ સર્કલ) થી કાલાઘોડા સર્કલ આવી શકશે નહી પરંતુ નરહરી સર્કલ થી કાશીબા ચિલ્ડ્રન હોસ્પિટલ રોડ થઈ કારેલીબાગ તરફ તેમજ નરહરી સર્કલ થી ફતેગંજ સર્કલ તરફ અવર જવર કરી શકશે.

(૪) બરોડા ઓટો મોબાઈલથી રાવપુરા તરફ આવતો ટ્રાફિક રથયાત્રા આરાધના સિનેમા પસાર ન કરે ત્યાં સુધી બરોડા ઓટો મોબાઈલ થી માત્ર જેલ રોડ તરફ અવર જવર કરી શકશે.

(૫) કોઠી ચાર રસ્તા તરફથી આવતો ટ્રાફિક આરાધના સિનેમા તરફ ન આવતા કોઠી ચાર રસ્તા થી સલાડવાડા રોડ, રાવપુરા ટેલીફોન એક્સચેન્જ રોડ તરફ અવર જવર કરી શકશે.

(૬) રથયાત્રા કોઠી ચાર રસ્તા થી રાવપુરા રોડ અમદાવાદી પોળ પસાર ન કરે ત્યાં સુધી કોઠી ચાર રસ્તાથી ટાવર તરફ જતો ટ્રાફિક કોઠી ચાર રસ્તા થી સલાટવાડા રોડ, રાવપુરા ટેલીફોન એકસચેન્જ તરફ અવર જવર કરી શકશે.

(૭) ટાવર ચાર રસ્તાથી કોઠી ચાર રસ્તા તરફ આવતો ટ્રાફિક ચાર રસ્તાથી નાગરવાડા ચાર રસ્તા તેમજ દાંડીયાબજાર ચાર રસ્તા તરફ જઇ શકશે.

(૮) રથયાત્રા ગાંધીનગર ગૃહ થઇ પદમાવતી પસાર ન કરે ત્યાં સુધી લહેરીપુરા પદમાવતી ત્રિકોણ તરફથી ગાંધીનગર ગૃહ તરફ જતો ટ્રાફિક પદમાવતી ત્રિકોણ થી લહેરીપુરા રોડ, દાંડીયાબજાર ચાર રસ્તા થઈ અવર જવર કરી શકશે.

(૯) જ્યારે રથયાત્રા લાલકોર્ટ પસાર કરે ત્યારે ટ્રાફિક દાંડીયાબજાર ચાર રસ્તાથી લાલકોર્ટ તરફ ન આવતા દાંડીયા બજાર ચાર રસ્તાથી ટાવર ચાર રસ્તા તરફ તથા મહારાણી નર્સિંગ હોમ તરફ અવર જવર કરી શકશે.

(૧૦) જ્યારે રથયાત્રા દાંડીયાબજાર ચાર રસ્તા પસાર કરે ત્યારે મહારાણી નર્સિંગ હોમ તરફથી, ટાવર ચાર રસ્તા તરફથી, માર્કેટ ચાર રસ્તા તરફથી આવતો ટ્રાફિક દાંડીયાબજાર ચાર રસ્તા તરફ આવી શકશે નહિ પરંતુ મહારાણી નર્સિંગ હોમથી રાજમહેલ રોડ તરફ, ટાવર ચાર રસ્તાથી અમદાવાદી પોળ કોઠી ચાર રસ્તા તરફ, માર્કેટ ચાર રસ્તા તરફથી નહેરૂભવન તરફ અવર જવર કરી શકશે.

(૧૧) જ્યારે રથયાત્રા માર્કેટ ચાર રસ્તા પસાર કરે ત્યારે નહેરૂભવન, માર્કેટ વેરાઈમાતા ચોક તરફથી આવતો ટ્રાફિક માર્કેટ ચાર રસ્તા તરફ આવી શકશે નહી પરંતુ નહેરૂભવનથી બગીખાના રોડ, માર્કેટ વેરાઈમાતા ચોકથી શિયાબાગ તરફ અવર જવર કરી શકશે.

(૧૨) જ્યારે રથયાત્રા વીરભગતસિંહ પ્રતિમા રોડ પસાર કરે ત્યારે જયરત્ન બિલ્ડીંગ તરફથી મદનઝાંપા રોડ તરફ આવતો ટ્રાફિક વીરભગતસિંહ પ્રતિમા તરફ ન આવતા માર્કેટ ચાર રસ્તા, નવાપુરા શક્તિકૃપા સર્કલ તરફ અવર જવર કરી શકશે.

(૧૩) જ્યારે રથયાત્રા જયરત્ન બિલ્ડીંગ પસાર કરે ત્યારે નવાપુરા તરફથી આવતો, માર્કેટ ચાર રસ્તા તરફથી આવતો ટ્રાફિક જયરત્ન બિલ્ડીંગ

INDEX

ચાર રસ્તા તરફ ન આવતા નવાપુરા ગંગોત્રી એપાર્ટમેન્ટથી શક્તિકૃપા સર્કલ, બકરાવાડી, નાની શાકમાર્કેટ, વિહાર સિનેમા રોડ તરફ અવર જવર કરી શકશે. તેમજ માર્કેટ ચાર રસ્તાથી રાજમહેલ રોડ તરફ અવર જવર કરી શકશે.

(૧૪) જ્યારે રથયાત્રા જયરત્ન બિલ્ડીંગ થી કેવડા બાગ તરફ જતી રહે ત્યારે નવાપુરા તરફથી આવતો, માર્કેટ વેરાઈમાતા ચોક થઈ માર્કેટ ચાર રસ્તા, મદનઝાંપા રોડ તરફ અવર જવર કરી શકશે.

મેં આજરોજ તારીખ ૧૪મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસીબી/એસ.એસ.સી./એચ.એસ.સી./પરીક્ષા/સીઆરપીસી-૧૪૪/વશી. ૬૭૧૬ થી ૬૭૩૦/૨૦૧૫.–ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૫ દરમ્યાન ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા જુલાઈ-૨૦૧૫ પૂરક પરીક્ષા જિલ્લાના કુલ-૧૪ પરીક્ષા કેન્દ્રો ઉપરની શાળાઓમાં લેવાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય તે માટે અને પરીક્ષાર્થીઓ, ખંડ નિરીક્ષકો અને જાહેર જનતા વચ્ચે ઘર્ષણ ન થાય તે માટે, તેમજ જાહેર સુલેહશાંતિનો ભંગ ન થાય અને પરીક્ષાર્થી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે આવશ્યક જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારી અને સભ્ય સચિવશ્રી, જિલ્લા પરીક્ષા સમિતિ, નવસારી, જિ. નવસારીએ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫નાં પત્ર નં. પ્રા-૨/૨૦૧૫-૧૬/૭૯-૮૯ થી અત્રે જણાવેલ છે. જે પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આ સાથે નિર્દિષ્ટ કરેલ અનુસૂચિ મુજબના નવસારી જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર, સભા કરવા પર, સરઘસ કાઢવા પર, મંડળી કે સરઘસ સદરહું ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારોમાં પ્રવેશવા પર તથા તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા ઉપર તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૫ના રોજ પરીક્ષા સમાપ્ત થાય ત્યાં સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે ઉપરાંત નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) અન્ય કોઇ બિનઅધિકૃત વ્યક્તિઓએ આ સાથે જોડેલ પરીક્ષા કેન્દ્રોમાં કે તેની આજુબાજુના પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ.

(૨) કોઈપણ ઇસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિ.

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખન કાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહિ.

(૪) પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી વસ્તુ, ઈલેક્ટ્રોનીક આઈટમ, પુસ્તક, કાપલીઓ ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહિ કે કરાવવામાં મદદગારી કરવી નહી.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગર આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૪) આ હુકમ લગ્નનાં વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઇડ વ્યક્તિઓ તથા ઉક્ત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ/વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૫) ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે સભા બોલાવવી નહીં. અથવા સરઘસ કાઢવું નહી. કે ભેગા થવું નહીં.

એસ. એસ. સી./એચ. એસ. સી. સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના પુરક પરીક્ષા-જુલાઈ-૨૦૧૫ બિલ્ડીંગોની યાદી

એસ.એસ.સી.

ક્રમ	પરીક્ષા બિલ્ડીંગનું નામ
૧	બાઇ નવાઝ ટાટા ગર્લ્સ હાઇસ્કુલ, નવસારી
૨	વિદ્યાકુંજ હાઇસ્કુલ, નવસારી
૩	નગરપાલિકા હાઇસ્કુલ, નવસારી
૪	આર.ડી. પટેલ સાર્વજનિક વિદ્યાલય, નવસારી

INDEX

એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ

ક્રમ	પરીક્ષા બિલ્ડીંગનું નામ
૧	શ્રી સરદાર પટેલ વિદ્યાભવન, જલાલપોર
૨	જીવન જ્યોત વિદ્યાભવન, નવસારી

એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ

ક્રમ	પરીક્ષા બિલ્ડીંગનું નામ
૧	શેઠ એચ. સી. પારેખ હાઈસ્કુલ, નવસારી
૨	ડી. ડી. હાઈસ્કુલ ફોર ગર્લ્સ, નવસારી
૩	શ્રી સરદાર શારદા મંદિર, વિજલપોર
૪	સેન્ટ ફ્રાન્સીસ કોન્વેટ હાઈસ્કુલ, નવસારી
૫	વિદ્યાકુંજ હાઈસ્કુલ, નવસારી
૬	નીલકંઠ હાઈસ્કુલ, નવસારી
૭	નવચેતન હાઈસ્કુલ, નવસારી
૮	સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ સ્કુલ, હંસાપોર, નવસારી

આજ રોજ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર નં. એસ.ઓ.જી./જાવક/૧૨/૨૦૧૪, તારીખ ૩જી માર્ચ, ૨૦૧૪.

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક નં. એમએજી/જાહેરનામું/વશી/૩૩૨૪-૫૧, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના રીન્યુ પત્ર ક્રમાંક એસ.ઓ.જી./જાવક/૧૪૯/૨૦૧૫, તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫.

જાહેર હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/મકાન ભાડા/નોંધણી/જાહેરનામું/વશી/૭૨૫ થી ૭૫૦/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાએ તેઓના સંદર્ભ-૩ વાળા પત્રથી તેઓના સંદર્ભ-૧ વાળા પત્રમાં જણાવ્યા મુજબ બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્ત્વો દ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી અથવા વેચાણથી રહેણાંક વિસ્તારમાં મકાન લઈ સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઈ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદ ઈરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી તેમજ માનવ જિંદગીની ખુવારી કરી લોકોની સંપત્તિને નુકસાન કરી જતા રહેતા હોય છે. અને પાછળથી તેઓના નામ સરનામાં મળી શકતા નથી. અને ગુન્હાઓનો ભેદ ખુલી શકતો નથી. અને આવનાર આગામી દિવસોમાં ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૫ (રાજ્ય કક્ષાની ઉજવણી)નો કાર્યક્રમ સરકારશ્રી દ્વારા યોજાનાર હોઈ તથા પવિત્ર શ્રાવણ માસ તથા રમઝાન માસ તેમજ રમઝાન ઈદ, પતેતી, રક્ષાબંધન, જન્માષ્ટમી, સંવત્સરી વિગેરે તહેવારોને ધ્યાને લઈ બહારના રાજ્યના (પરપ્રાંતિય) ઈસમોને મકાન ભાડે આપવા અંગે અત્રેના સંદર્ભ-૨ વાળા જાહેરનામાંની મુદતમાં ૩ (ત્રણ) માસ વધારવા વિનંતી કરેલ છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઈના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, કે. બી. ઉપાધ્યાય, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, લુણાવાડા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત વિસ્તાર મકાન નંબર	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે. ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે.	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે. તેમાં રહેનાર વ્યક્તિના પાક્કા નામ, સરનામાં	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

સદર જાહેરનામાંના ભંગ બદલ ગુન્હા બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુન્હો દાખલ કરતાં પૂર્વે સંબંધિત પેટા વિભાગના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજિસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ થી ૩ માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ઉલ્લંઘન કરનાર ઇસમ ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫ માહે જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર નં. એસ.ઓ.જી./જાવક/૫ અને ૬/૨૦૧૪, તારીખ ૩જી માર્ચ, ૨૦૧૪.

(૨) અત્રેના જાહેરનામાં ક્રમાંક નં. મજસ/જાહેરનામું/૧૯૬૩ થી ૮૫, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના રીન્યુ પત્ર ક્રમાંક એસ.ઓ.જી./જાવક/૧૪૯/૨૦૧૫, તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫.

જાહેર હુકમ

ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/વાહન/ખરીદ/વેચાણ/જાહેરનામું/૭૨૫ થી ૭૫૦/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાએ તેઓના સંદર્ભ-૩ વાળા પત્રથી તેઓના સંદર્ભ-૧ વાળા પત્રમાં રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો વર્તમાન અને ભૂતકાળમાં બનેલ અને અગાઉ જમ્મુ-કાશ્મીર ખાતે આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની ફોર-થ્રી વ્હીલર ગાડીઓ જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્ત્વો દ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પરપ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લથડતી હોય છે અને આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર વાહનો ખરીદવા-વેચવા અંગે સી.આર.પી.સી. ૧૪૪ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરવામાં આવે તો આંતકવાદી તત્ત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય તેમજ આવનાર આગામી દિવસોમાં ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૫ (રાજ્ય કક્ષાની ઉજવણી)નો કાયક્રમ સરકાશ્રી દ્વારા યોજાનાર હોઇ તથા પવિત્ર શ્રાવણ માસ તથા રમઝાન માસ તેમજ રમઝાન ઇદ, પતેતી, રક્ષાબંધન, જન્માષ્ટમી, સંવત્સરી વિગેરે તહેવારો આવનાર છે. તે અંગે અત્રેના સંદર્ભ-૨ વાળા જાહેરનામાંની મુદતમાં ૩ (ત્રણ) માસ વધારવા માંગણી કરેલ છે. ઉપરોકત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, આથી, હું, કે. બી. ઉપાધ્યાય, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર-લુણાવાડા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ નીચે મુજબનું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

અનુ. નંબર	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર	ખરીદનારનું આઈ. ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત	જુનુ વાહન ખરીદવાનું/ખરીદયા અંગેનું કારણ અને તારીખ	એન્જીન/ચેસીસ નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

(૧) જુનું ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અથવા બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ , રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર / પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

INDEX

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ / સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર / ચેસીસ નંબર લખવો.

સદર જાહેરનામાંના ભંગ બદલ ગુન્હા બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુન્હો દાખલ કરતાં પૂર્વે સબંધિત પેટા વિભાગના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ / રજિસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ થી ૩ માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫ માહે જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર નં. એસ.ઓ.જી./જાવક/૧૧/૨૦૧૪, તારીખ ૩જી માર્ચ, ૨૦૧૪.

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક નં. મજસ/જાહેરનામું/૩૨૯૬ થી ૩૩૨૩, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના રીન્યુ પત્ર ક્રમાંક એસ.ઓ.જી./જાવક/૧૪૯/૨૦૧૫, તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫.

જાહેર હુકમ

ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર મજસ/હોટલ/ગેસ્ટ હાઉસ/જાહેરનામું/વશી/૭૨૫ થી ૭૫૭/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાએ તેઓના સંદર્ભ-૩ વાળા પત્રથી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અગાઉ જમ્મુ કાશમીર ખાતે થયેલ આતંકવાદી તત્ત્વો દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. ત્રાસવાદી / અસામાજીક તત્ત્વો મહીસાગર જિલ્લાની હોટલો, ગેસ્ટ હાઉસ કે, ધર્મશાળામાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીને માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે આપતા માલિકો પર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે. અને આવનાર આગામી દિવસોમાં ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૫ (રાજ્ય કક્ષાની ઉજવણી)નો કાયક્રમ સરકાશ્રી દ્વારા યોજાનાર હોઇ તથા પવિત્ર શ્રાવણ માસ તથા રમઝાન માસ તેમજ રમઝાન ઈદ, પતેતી, રક્ષાબંધન, જન્માષ્ટમી, સંવત્સરી વિગેરે તહેવારોને ધ્યાને લઇ તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદ અંશે અંકુશમાં લઇ શકાય તે અંગે અત્રેના સંદર્ભ-૨ વાળા જાહેરનામાંની મુદતમાં ૩ (ત્રણ) માસ વધારવા વિનંતી કરેલ છે.

સબબ, હું, કે. બી. ઉપાધ્યાય, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર-લુણાવાડા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (C.R.P.C.), ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ, કે ધર્મશાળા માલિકો દ્વારા દેશી / વિદેશી નાગરીકોને રૂમો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહીં અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) હોટલ, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહિતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ અને ૧૯૩૯ મુજબના નમૂના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહીં.

(૫) દેશી / વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહિતના નક્કર પુરાવા મેળવવા.

(૬) મહીસાગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે સીટી એરીયામાં કઇ જગ્યાએ રોકાઇ કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપૂર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

સદર જાહેરનામાંના ભંગ બદલ ગુન્હા બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુન્હો દાખલ કરતાં પૂર્વે સબંધિત પેટા વિભાગના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ / રજિસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ થી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫ માહે જૂન, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર નં. એસ.ઓ.જી./જાવક/૦૭/૨૦૧૪, તારીખ ૩જી માર્ચ, ૨૦૧૪.

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક નં. મજસ/મકાન ભાડા/જાહેરનામું/૩૨૬૮ થી ૯૫, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના રીન્યુ પત્ર ક્રમાંક એસ.ઓ.જી./જાવક/૧૪૯/૨૦૧૫, તારીખ ૧૯મી જૂન, ૨૦૧૫.

જાહેર હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર મજસ/મકાન ભાડા/જાહેરનામું/વશી/૭૨૫ થી ૭૫૦/૨૦૧૫.—પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાએ તેઓના સંદર્ભ-૩ વાળા પત્રથી તેઓના સંદર્ભ-૧ વાળા પત્રમાં જણાવ્યા મુજબ તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા ગત તા. ૧લી ઓગષ્ટ, ૨૦૧૨ના સાંજના સમયે આતંકવાદી-અસામાજીક તત્ત્વો દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરમાં હૃદયસમા ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કીલોમીટરના દાયરામાં ‘‘ Low intensity ’’ ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવામાં આવેલ છે. તથા બે બોમ્બે એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસ સ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે અને અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

સબબ, હું, કે. બી. ઉપાધ્યાય, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર-લુણાવાડા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને એકમ, મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

INDEX

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ મહીસાગર જિલ્લામાં ભાડે આપેલ હોય તેની વિગત

ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત
(ઔદ્યોગિક એકમ / મકાન / ટેનામેન્ટ / ફ્લેટ / ડુપ્લેક્ષ / દુકાન / ઓફીસ / ગોડાઉન / શેડ / પ્લોટ વિગેરે મિલ્કત)

પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી ....પોલીસ સ્ટેશન. ....

તા.

ઔદ્યોગિક એકમ, મકાન માલિકનું નામ શ્રી / શ્રીમતી ....

જન્મ તારીખ (ઉંમર) .... સરનામું..

ફોન નં. (ઘર) .... (ઓફીસ) ....(મો)..

ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી / શ્રીમતી ....

જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલ્કતનું સરનામું ....

(ભાડે રાખેલ મિલ્કત)નો ફોન નંબર .... (મો) ....

કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો ....રીન્યુઅલ તારીખ.....................................

ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)..

નોકરી / ધંધો / વ્યવસાયનું સરનામું..

ભાડુ કેટલું ₹ .... ડીપોઝીટ ₹ ....

નિયમો

૧.	આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.
૨.	આ ફોર્મ સંપૂર્ણ ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.
૩.	આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.
૪.	તમારી મિલ્કત કોઈનો કબ્જો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.
૫.	સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણૂંક પત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું.
૬.	ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.
૭.	આ સાથે ₹ ૧૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.
૮.	મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.
૯.	ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.
૧૦.	બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી / એજન્ટ / સબંધીઓને વચ્ચે રાખી આપવી.
૧૧.	આ ફોર્મ મહીસાગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખું રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે.
	એજન્ટનું નામ શ્રી / શ્રીમતી..
	એજન્ટનું સરનામું ....
	ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)......................................

INDEX

	ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું ....
	(૧)
	ફોન નં. (ઘર) ....(ઓફીસ)...(મો)...
	(૨)
	ફોન નં. (ઘર)...(ઓફીસ)...(મો)...

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	પોલીસ સ્ટેશનનો સહી સિક્કો અને તારીખ
ભાડુઆતની સહી	મિલ્કત માલિકની સહી	એજન્ટની સહી

આ હુકમનો અમલ તારીખ ૨૨મી જૂન,૨૦૧૫થી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫ માહે જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર નં. એસઓજી/જાવક/૦૮/૨૦૧૪, તા. ૦૩-૩-૨૦૧૪.

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક નં. એમએજી/સીસીટીવી/જાહેરનામું/૩૧૯૨ થી ૩૨૧૯, તારીખ ૧૦-૦૬-૨૦૧૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર ક્રમાંક એસઓજી/ જાવક નંબર/૧૪૯/૨૦૧૫, તારીખ ૧૯-૦૬-૨૦૧૫.

જાહેર હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/સીસી ટીવી/જાહેરનામું/વશી ૭૨૫ થી ૭૫૦/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાએ તેઓના સંદર્ભ-૩ વાળા પત્રથી તેઓના સંદર્ભ-૧ વાળા પત્રમાં જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા તાજેતરમાં જમ્મુ-કાશ્મીર ખાતે આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભાગે રાજ્ય બહાર, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઇ આ પ્રકારની પ્રવૃત્તિઓ આચરતા હોય છે.

અસામાજીક તત્ત્વો દ્વારા આચરવામાં આવતી ઉપરોક્ત પ્રકારની ગુન્હાકીય પ્રવૃત્તિઓના કારણે જાહેર સલામતી સુરક્ષા, તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો જાહેર જનતા, પ્રજામાં, અસલામતી, અસુરક્ષાનો માહોલ ફેલાય છે, આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા તથા તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય, તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓ/બનાવો બનતા અટકાવી શકાય, તે હેતુસર હાઇ-વે રોડ પર આવેલ હોટલો, મોલ, શોપીંગ સેન્ટર, પેટ્રોલ પંપો, ટોલપ્લાઝા વિગેરે સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અને આવનાર આગામી દિવસોમાં ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૫ (રાજ્ય કક્ષાની ઉજવણી) નો કાર્યક્રમ સરકારશ્રી દ્વારા યોજાનાર હોઇ તથા પવિત્ર શ્રાવણ માસ તથા રમઝાન માસ તેમજ રમઝાન ઇદ, પતેતી, રક્ષા બંધન, જન્માષ્ટમી, સંવત્સરી વિગેરે તહેવારોને ધ્યાને લઇ તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઇ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાએ અત્રેના સંદર્ભ-૨ વાળા જાહેરનામાની મુદતમાં ૩(ત્રણ) માસ વધારવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉક્ત માંગણી વ્યાજબી જણાય છે.

INDEX

મહીસાગર જિલ્લામાં ઉપરોક્ત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દ્રષ્ટિએ તકેદારીના પગલારૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાતાં, હું, કે. બી. ઉપાધ્યાય (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર-લુણાવાડા ફોજદારી કાર્યરીતિ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છુ કે,

મહીસાગર જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઇ-વે ઉપરની હોટલો, મોલ, શોપીંગ સેન્ટર, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, જેવા સ્થળો ખાતે સબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ખાતેના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલોના ભોજન કક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઇ-વે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ મોલ તથા શોપીંગ સેન્ટરમાં આવતા જતા માણસોની અવર-જવર પર દેખરેખ રાખી શકાય અને વાહનચોરી તથા ચીલઝડપ તથા ધાડ-લુંટ જેવા ગંભીર ગુના આચરતા ઇસમો પર નિગરાની રાખી શકાય તથા વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વિડીયો રેકોર્ડીંગ થઇ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા નાઇટવીઝન કેમેરા (હાઇડેફીનેશન) સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરા નાઇટવીઝન કેમેરા (હાઇડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી. ટી. ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરાઓ ગોઠવવા.

સદર જાહેરનામાંના ભંગ બદલ ગુન્હા બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુનો દાખલ કરતાં પૂર્વ સબંધીત પેટા વિભાગના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકાશે.

આ હુકમનો અમલ તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ થી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી માહે જૂન, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર નં. એસઓજી/જાવક/૧૧/૨૦૧૪, તા. ૦૩-૩-૨૦૧૪.

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક નં. મજસ/જાહેરનામું/૧૯૪૦ થી ૬૨, તા. ૧૦-૦૬-૨૦૧૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના રીન્યુ પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૧૪૯/૨૦૧૫, તા. ૧૯-૦૬-૨૦૧૫.

જાહેર હુકમ

ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/મોબાઇલ/સીમકાર્ડ/જાહેરનામું/વશી. ૭૨૫ થી ૭૫૦/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાએ તેઓના સંદર્ભ-૩ વાળા પત્રથી તેઓના સંદર્ભ-૧ વાળા પત્રમાં જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઇનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને અગાઉ જમ્મુ કાશ્મીર ખાતે આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઇલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જીલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઇલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઇ આવેલ છે. તે માટે મોબાઇલ ફોન લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઇ અજાણ્યા માણસ પાસેથી

INDEX

મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમ કાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અને આવનાર દિવસોમાં ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૫ (રાજ્ય કક્ષાની ઉજવણી) નો કાર્યક્રમ સરકારશ્રી દ્વારા યોજાનાર હોઈ તથા પવિત્ર શ્રાવણ માસ તથા રમઝાન માસ તેમજ રમઝાન ઈદ, પતેતી, રક્ષા બંધન, જન્માષ્ટમી, સંવત્સરી વિગેરે તહેવારોને ધ્યાને લઈ તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે અત્રેના સંદર્ભ-૨ વાળા જાહેરનામાની મુદતમાં ૩(ત્રણ) માસ વધારવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતા દ્વારા મોબાઈલના સીમ કાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદ કરી તે દ્વારા બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, આથી હું, કે. બી. ઉપાધ્યાય, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, લુણાવાડા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં મોબાઈલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા વિક્રેતાઓ/વેપારીઓ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે. તથા તે અંગેનું રેકર્ડ રાખવાનું રહેશે. તેમજ રજીસ્ટર નીચેના નમુનામાં નિભાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત / કંપની	IMEI NO.	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત	આઈ. ડી. પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત / કંપની	IMEI NO.	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત	આઈ. ડી. પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવુ સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત / કંપની	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત.	આઈ. ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

(૧) સદર જાહેરનામાંના ભંગ બદલ ગુન્હા બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુન્હો દાખલ કરતાં પૂર્વે સંબંધીત પેટા વિભાગના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૨) જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ થી (૩) ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

કે. બી. ઉપાધ્યાય,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (સી) હેઠળ.

નંબર : પીઓએલ/વશી/૨૩૭૪ થી ૨૩૮૫/૨૦૧૫.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ-(૧)(સી) મુજબ બહાર પાડવા વિચારેલ જાહેરનામાનો ખરડો ઉક્ત કલમ-૩૩ની પેટા કલમ-૬ મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તથા તમામની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આથી, નોટીસ આપવામાં આવે છે કે, સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧ માસ પૂરો થયા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ઉક્ત ખરડો વિચારણામાં લેશે.

સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના ખરડા સંબંધમાં કોઈપણ વ્યક્તિ તરફથી લેખિત વાંધા યા સૂચનો જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણાને મળશે તો તે વિચારણામાં લેવામાં આવશે.

જાહેરનામાનો ખરડો

મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ, કલમ-૩૩ની પેટા કલમ-(૧)(સી) થી મને મળેલ અધિકારની રૂએ, હું, લોચન સેહરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા જિલ્લામાં વિજાપુર શહેરના રસ્તાઓ અને હાલના ટ્રાફિકને અનુલક્ષીને નીચે મુજબના સ્થળોએ વાહનોના નિયમન માટે ''રીક્ષા સ્ટેન્ડ'' નક્કી કરવા નીચે પ્રમાણે હુકમ કરૂં છું.

(૧) ચક્કર પાસે ૧૦ (દસ) રીક્ષા.
(૨) ખત્રી કુવા પાસે ૧૦ (દસ) રીક્ષા.
(૩) વિસનગર સ્ટેન્ડ પાસે ૧૦ (દસ) રીક્ષા.
(૪) હાઈવે ચાર રસ્તા ૧૨ (બાર) રીક્ષા.
(૫) ઉમિયા માતાના મંદિર પાસે ૧૨ (બાર) રીક્ષા.

ઉપર જણાવ્યા પ્રમાણે રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવા અંગે અમલ કરવા હુકમ કરૂં છું.

આજરોજ તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

લોચન સેહરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી/મકાન મિલકત/વશી/૫૦૬૩/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) ૧-કરંજ (સરપંચ), તરસાડાબાર (સરપંચ), ગોદાવાડી વોર્ડ-૪, તા. માંડવી (૨) અલ્લુ વોર્ડ-૨, તા. બારડોલી (૩) ચલથાણ, તા. પલસાણા તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉકત ગ્રામ પંચાયોતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૧૨મી જુલાઈ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો તથા ઉમેદવારો તરફથી શરૂ થનાર છે. જે માટે ઉમેદવાર / રાજકીય પક્ષો પોતાના ચૂંટણી પ્રચાર માટે અધિકૃત વ્યક્તિ કે, તેઓના કાર્યકરો મારફતે જાહેર તથા ખાનગી મકાનોના અધિકૃત વ્યક્તિ કે, મકાન માલિકની પરવાનગી લીધા સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાની ચીતરીને, ધજા, પતાકા લગાડીને મકાનોની દિવાલોને બગાડ કરવાની શક્યતા રહે છે.

ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ૩/૭/૨૦૦૮/જે.એસ.-૨, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૦૮-૫૩૩/(૨)/છ, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૯ની સૂચના અનુસાર આચાર સંહિતાની જોગવાઈનો અમલ કરવા અને લોકોની માલ, મિલ્કતને તેમની ઈચ્છા વિરૂદ્ધ થતું નુકશાન, હાનિ, બગાડ અટકાવવા માટે આદેશ કરવો ઉચિત જણાતું હોઈ, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે, સુરત પોલીસ કમિશનરશ્રીના અધિકાર ક્ષેત્ર સિવાયના સુરત જિલ્લાના (ગ્રામ્ય) વિસ્તારના ઉકત તાલુકા પંચાયતોના વિસ્તારમાં,

(૧) કોઈપણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોએ અથવા તેઓના કાર્યકરો કે સમર્થકો દ્વારા ઉપરોકત વિસ્તારમાં આવેલ જાહેર કે ખાનગી મકાન, મિલકત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલકત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલિકની પરવાનગી સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સુત્રો/નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચૂંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કતને હાનિ, નુકશાન કે બગાડ કરવો નહિં કે કરવા દેવો નહિં.

(૨) જાહેર કે ખાનગી મકાનોની દિવાલો પર સૂત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

(૩) એક રાજકીય પક્ષના કાર્યકરો કે ટેકેદારો અન્ય રાજકીય પક્ષો દ્વારા આયોજીત કરવામાં આવેલ સભામાં તેમના પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરી ખલેલ કરશે નહીં તેમજ એક પક્ષ દ્વારા લગાવવામાં આવેલ પોસ્ટર બીજા પક્ષના કાર્યકરો તે ટેકેદારો દૂર કરી શકશે નહીં.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં જણાવવામાં આવે છે કે, આ શબ્દ પ્રયોગમાં મિલ્કત, ધોરી માર્ગ અથવા માર્ગના મહત્વના ચાર, રસ્તા, તેના ઉપર જાહેર જનતાના માર્ગદર્શન માટે અથવા માર્ગ / દિશા બતાવવા માટે મુકેલ સાઈન બોર્ડ, માઈલ સ્ટોન, રેલ્વે ફાટક તથા તેના ચેતવણીરૂપ નોટીસ બોર્ડ, રેલ્વે પ્લેટ ફોર્મ, બસ ટર્મીનલના કોઈપણ પ્રકારના બોર્ડ કે, જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શિત કરેલ અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ થશે. પરંતુ તેટલા પુરતો મર્યાદિત રહેશે નહિં.

INDEX

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી વાહન/વશી/૫૧૨૩/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) ૧-કરંજ (સરપંચ), તરસાડાબાર (સરપંચ), ગોદાવાડી વોર્ડ-૪, તા. માંડવી (૨) અલ્લુ વોર્ડ-૨, તા. બારડોલી (૩) ચલથાણ, તા. પલસાણા તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉકત ગ્રામ પંચાયોતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. સદરહુ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીને અનુલક્ષીને તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો સાથે વાહન ઉપર લાઉડ સ્પીકર લગાડી પ્રચાર કરતા હોય છે. ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ૪૩૭/૬/પી.એલ.એન./૩, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૭ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૦૭/૧૭૫/(૨)/છ, તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૦૭ની સૂચના અનુસાર પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવા માટે તે વાહનની નોંધણી કરાવી પરવાનગી લેવાની થાય છે. વાહનની નોંધણી તેમજ તેના ઉપયોગ માટેની પરવાનગીની કાર્યવાહી જે તે સંબંધિત ચૂંટણી અધિકારી તરફથી કરવામાં આવે છે. જે પરમીટ વાહન ઉપર સ્પષ્ટ દેખાય તેવી રીતે વીન્ડ સ્ક્રીન પર લગાવવાની રહેશે તેમજ પ્રચાર માટે માઇકનો ઉપયોગ કરવા માટેની પરવાનગી સંબંધિત સક્ષમ અધિકારીની મેળવવાની રહેશે. ઘણાં રાજકીય પક્ષના ઉમેદવારોના કાર્યકરો આવી પરવાનગી લીધા સિવાય પ્રચાર કરી ચૂંટણી આચાર સંહિતાનો ભંગ કરતા હોય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા ઉપર માઠી અસર પડવાનો સંભવ રહે છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશનરેટના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉકત તાલુકા પંચાયતોના વિસ્તારમાં,

(૧) કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય વાહનનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

(૨) ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલા વાહન ઉપર વીન્ડ સ્કીન ઉપર પરમીટ લગાડયા સિવાય ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

(૩) વગર પરવાનગીએ વાહનમાં લાઉડસ્પીકરથી ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી/પ્રાર્થના સ્થળ/વશી/૫૧૮૩/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) ૧-કરંજ (સરપંચ), તરસાડાબાર (સરપંચ), ગોદાવાડી વોર્ડ-૪, તા. માંડવી (૨) અલ્લુ વોર્ડ-૨, તા. બારડોલી (૩) ચલથાણ, તા. પલસાણા તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉકત ગ્રામ પંચાયોતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. આગાઉની પેટા ચૂંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ગ્રામ પંચાયતોની ચૂંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શક્યતા રહે છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી થાય તે માટે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે જરૂરી છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સર્મથકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે તમામ પ્રકારના સાધનો મિલકતો સ્થળોનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરે છે. આવા ચૂંટણી પ્રચાર વખતે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો કોમી સંવાદીતા ખોરવાવાની અને તંગદીલી ઉભી થવાની શક્યતા રહે છે જેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર પડવાની શક્યતા રહે છે.

ભારતના ચૂંટણી આયોગે ધી રીલીજીયસ ઈન્સ્ટીટ્યુસન્સ (પ્રિવેન્શન ઓફ મીસ યુઝ) એકટ-૧૯૮૮ની જોગવાઈઓ ટાંકીને આપેલ આદેશ ક્રમાંક : ૩/૧/૨૦૧૨/એસડીઆર, તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૨ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૨૦૧૨/૫૪૬/છ, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૨થી આપેલ સૂચના મુજબ ચૂંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ નહીં કરવા માટે આદેશ કરેલ છે.

જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો દ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ થઈ ન શકે તે માટે સુરત જિલ્લામાં સુરત શહેર પોલીસ કમિશનરેટના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉકત ગ્રામ્ય પંચાયતોના વિસ્તારમાં સદરહુ બાબત ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

INDEX

આથી, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશનરેટના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉકત તાલુકા પંચાયતોના વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકોએ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા જેવા ધાર્મિક/સંસ્થાઓ અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહીં.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસૂરવાર સામે પગલા લેવા કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/ચૂંટણી હથિયાર/વશી./૫૨૪૩/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) ૧-કરંજ (સરપંચ), તરસાડાબાર (સરપંચ), ગોદાવાડી વોર્ડ-૪, તા. માંડવી (૨) અલ્લુ વોર્ડ-૨, તા. બારડોલી (૩) ચલથાણ, તા. પલસાણા તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉકત ગ્રામ પંચાયોતોની પેટા ચૂંટણીનું મતદાન કાર્યરીતિ ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. જાહેર થયેલ કાર્યક્રમના કારણે ઉમેદવારો તથા રાજકીય પક્ષો દ્વારા તથા તેમના કાર્યકરો દ્વારા ચૂંટણી લક્ષી પ્રચાર માટે તીવ્ર સ્પર્ધા થનાર છે. જેનાં કારણે જાહેર સુલેહશાંતિનો તથા કોમી એખલાસનો ભંગ થવાના પ્રસંગો બનવા સંભવ હોઇ, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે યોગ્ય પગલાં લેવાં ઇચ્છનીય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત જિલ્લાનાં પોલીસ કમિશનરશ્રી, સુરતના અધિકાર હેઠળના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉક્ત તાલુકા પંચાયતોના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિએ આ હુકમની તારીખથી તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન,

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ યંત્ર, શસ્ત્ર કે સાધન સાથે લઈ જવુ નહિં;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહિં;

(૩) પથ્થરો, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે નાંખવાના યંત્રો, શસ્ત્રો અથવા સાધન સાથે લઈ જવું નહિં;

(૪) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહિં;

(૫) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિં, તેવા હાવભાવ કે ચેષ્ટા કરવી નહિં, ચિત્રો, પત્રિકા, કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિં અથવા તેનો ફેલાવો કરવો નહિં;

(૬) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિં.

(૭) લોકોને અપમાનિત કરવાના ઈરાદે જાહેરમાં બુમો પાડવી નહિં, ગીતો ગાવા નહીં, કે વાદ્ય વગાડવું નહિં.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેની વ્યક્તિ કે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને ઉપરી અધિકારીએ ચૂંટણી કામગીરી કે સરકારી કામે આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ પોલીસ અધિકારી દ્વારા જેની શારિરીક, અશક્તતાને કારણે શરીરને ટેકો આપવા લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપેલ હોય.

આ જાહેરનામાની કોઈ સૂચનાનો ભંગ થતો જણાશે તો તેવી વ્યક્તિ/ વ્યક્તિઓ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/વિશ્રામ/અતિથી ગૃહ/વશી./૫૩૦૭/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) ૧-કરંજ (સરપંચ), તરસાડાબાર (સરપંચ), ગોદાવાડી વોર્ડ-૪, તા. માંડવી (૨) અલ્લુ વોર્ડ-૨, તા. બારડોલી (૩) ચલથાણ, તા. પલસાણા તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉકત ગ્રામ પંચાયોતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ૪૩૭/૬/૩૮/૨૦૦૪-પીએલએન-૩, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૪ ની સૂચના અનુસાર વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સૂચના આપેલ છે.

INDEX

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોક્ત તાલુકા પંચાયતોમાં,

(૧) વિશ્રામગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એકહથ્થુ અધિકારો ભોગવશે નહીં અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે નહીં.

(૨) કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણું - વરંડા સહિત) નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ, વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગ પણ યોજી શકાશે નહીં.

(૩) ચૂંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા-લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રહેવા માટે રાખી શકાશે નહીં.

(૪) એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભાવો મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ અતિથીગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખ થી તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/ચૂંટણી સભાસરઘસ/વશી./૫૩૬૩/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) ૧-કરંજ (સરપંચ), તરસાડાબાર (સરપંચ), ગોદાવાડી વોર્ડ-૪, તા. માંડવી (૨) અલ્લુ વોર્ડ-૨, તા. બારડોલી (૩) ચલથાણ, તા. પલસાણા તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉકત ગ્રામ પંચાયોતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. આ ચૂંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચૂંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઇચ્છનીય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી હેઠળ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેરનાં પોલીસ કમિશનરશ્રીના હકુમત હેઠળના વિસ્તાર સિવાયના સુરત જિલ્લામાં સમાવિષ્ટ સુરત(ગ્રામ્ય)ના ઉક્ત તાલુકા પંચાયતોના વિસ્તાર માટે ફરમાવું છું કે,

(૧) કોઇપણ વ્યક્તિ/વ્યક્તિઓએ આ હુકમની તારીખથી ૨૦મી જુલાઇ, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન (બન્ને દિવસો સહિત) સમક્ષ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં, કોઇ સભા કરવી કે બોલાવવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

(૨) કોઇપણ રાજકીય પક્ષ કે ઉમેદવારો દ્વારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

(૩) ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં આપવા કે ચૂંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહીં.

(૪) જ્યાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઇ જવું નહીં તેમજ ખલેલ પહોંચાડવી નહીં.

(૫) ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન ધ્વજ, બેનર્સ કે કટઆઉટ રાખી શકશે. આવા સરઘસમાં પક્ષે/ઉમેદવારે પુરા પાડેલ ટોપી, માસ્ક, સ્કાર્ફ વિગેરે પહેરી શકશે. પરંતુ પક્ષે પાડેલ સાડી/શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરી શકાશે નહીં.

આ હુકમનો કોઇપણ મજકુર નીચેના કિસ્સામાં લાગુ પડશે નહીં.

લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી માટે, મંદિર / મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુધ્ધ આશયથી જતી વ્યક્તિઓને.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી/હથીયારબંધી/વશી-૫૪૮૩/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) ૧-કરંજ (સરપંચ), તરસાડાબાર (સરપંચ), ગોદાવાડી વોર્ડ-૪, તા. માંડવી (૨) અલ્લુ વોર્ડ-૨, તા. બારડોલી (૩) ચલથાણ, તા. પલસાણા તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉકત ગ્રામ પંચાયોતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. ભારતના ચૂંટણી આયોગે ભારતના બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૪૬૪/એલ એન્ડ ઓ/૯૯-પીએલએન-૧, તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૯ના પેરા નં ૬માં આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી હથીયારો સાથે હરવા ફરવા ઉપર સંપુર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

અગાઉની પંચાયતોની પેટા ચૂંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની તાલુકા પંચાયતની ચૂંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શક્યતા રહે છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી થાય તે માટે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથીયારોનો ઉપયોગ થાય તેવી શક્યતા રહે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે સુરત જિલ્લામાં સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉક્ત તાલુકા પંચાયતોના વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. સુરત જિલ્લા (ગ્રામ્ય) બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત જિલ્લા (ગ્રામ્ય)ના ઉક્ત તાલુકા પંચાયતોના વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલિક જરૂરી જણાય છે.

જેથી, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું.

(૧) સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશનરેટના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના ઉક્ત તાલુકા પંચાયતોના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) સુરત (ગ્રામ્ય) વિસ્તાર બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યક્તિઓએ સુરત જિલ્લા (ગ્રામ્ય)ના ઉક્ત તાલુકા પંચાયતોના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓ પણ હથિયાર ધારણ કરવું નહીં અથવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહીં.

અપવાદ :

આ હુકમનો પેરા નં. ૪ (૧) અને (૨) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યક્તિઓને.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીક્યુરીટી ગાર્ડ તેમજ સુરત જિલ્લામાં આવેલ હિરાની ફેકટરીઓ સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યક્તિઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) હેઠળનું

નંબર એમએજી/ચૂંટણી/લાઉડ સ્પીકર/વશી-૫૪૮૩/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) ૧-કરંજ (સરપંચ), તરસાડાબાર (સરપંચ), ગોદાવાડી વોર્ડ-૪, તા. માંડવી (૨) અલ્લુ વોર્ડ-૨, તા. બારડોલી (૩) ચલથાણ, તા. પલસાણા તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉકત ગ્રામ પંચાયોતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૧૨મી જુલાઈ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. ભારતના નિર્વાચન આયોગે તેનાં આદેશ ક્રમાંક : ૩/૮/૯૪/જે.એસ./II, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૦માં આપેલ સૂચનાઓ મુજબ ચુંટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણો રાખવા જરૂરી હોવાનું જણાવી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફક્ત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃદ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉક્ત તાલુકા પંચાયત વિસ્તારોમાં લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત પોલીસ કમિશનરશ્રીના અધિકાર ક્ષેત્ર સિવાયના સુરત જિલ્લા (ગ્રામ્ય) ના ઉક્ત તાલુકા પંચાયતોના વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકોએ,

(૧) ચૂંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિં.

(૨) ચૂંટણી પ્રચારના કામે વાહન ઉપર સ્ટેટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિં.

(૩) સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિં. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલા અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરી શકાશે નહિં.

INDEX

(૪) કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં.

અપવાદ :

સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા. ૩જી જાન્યુઆરી, ૨૦૧૨ ના જાહેરનામાં નં. જીએનવી/૨૦૧૨/(૦૧)/ઈએનવી/૧૦/૨૦૧૧/૨૦૧૭/ઈ થી ધી નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ અંતગર્ત વર્ષ-૨૦૦૧માં કેટલાક ધાર્મિક તહેવારો/સાંસ્કૃતિક ઉજવણીના પ્રસંગોએ આપેલ છુટછાટ મુજબ આ સમય માટે જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ અમે અમલ માટે પ્રસિદ્ધ કર્યું.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડી. એ. હેઠળનું

નંબર એમએજી/કટઆઉટ/વશી-૫૫૪૩/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાની (૧) ૧-કરંજ (સરપંચ), તરસાડાબાર (સરપંચ), ગોદાવાડી વોર્ડ-૪, તા. માંડવી (૨) અલ્લુ વોર્ડ-૨, તા. બારડોલી (૩) ચલથાણ, તા. પલસાણા તાલુકાઓની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી છે. આમ ઉકત ગ્રામ પંચાયોતોની પેટા ચૂંટણીનું મતદાન તારીખ ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી થનાર છે. ભારતનાં ચૂંટણી આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : : ૩/૧૦/૨૦૦૧/જેએસ-૨, તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૧ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ, જાહેરાત બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલિકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે. અને પ્રદર્શિત કરવામાં આવે છે. એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે. અથવા મુકે છે. એના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડી.એ. થી મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, ઉક્ત તાલુકા પંચાયતોના વિસ્તારમાં,

(૧) કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગ, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહીં કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહીં કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકાશે નહીં.

(૨) કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળી, સંગઠન અથવા વ્યક્તિઓ દ્વારા કોઈપણ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પૂર્વ મંજુરી વગર મુકી શકાશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તાત્કાલિક અસરથી અમલમાં મુકાશે અને તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ અમે અમલ માટે પ્રસિદ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નં. એમએજી/સી.સી.ટી.વી./જાહેરનામું/વશી-૫૬૩૨/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગોમાં તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અન્ય રાજ્યો કે દેશ બહારથી આવતા આતંકવાદી અને સમાજ વિરોધી માનસ ધરાવતા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળી કે લોકોની અવર-જવર વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેને લઈને નાગરિકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી, લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને નુકશાન થવા ઉપરાંત માનવ જિંદગીની ખુવારી પણ થાય છે. લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને આ પ્રકારે નુકશાન ન થાય તથા માનવ જિંદગીની ખુવારી ન થાય કે અસુરક્ષાની ભાવના ઊભી ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ-સેન્ટરો, પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક

INDEX

સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે જગ્યાઓએ નિયંત્રણો મૂકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ -કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે એકમો/સ્થળોના માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશવાના તથા બહાર નીકળવાના દ્વાર ઉપર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા સહિત જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય તેવી અન્ય તમામ જગ્યાઓમાં લોકોની હિલચાલને આવરી લે તેવી રીતે અને તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહન નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરાની આ પ્રકારની વ્યવસ્થા ઉપરોકત કાર્યરત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ પોતાની કામગીરી શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

તમામ સંબંધિત એકમોએ,

(૧) કોઈપણ જગ્યાની અંદરના તમામ ભાગ, સંપૂર્ણ કવરેજ સતત અને સ્પષ્ટ થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શન કાઉન્ટર લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ/નિષ્કાસ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) ટોલ ટેક્ષ ઉપર વાહનનો પ્રકાર, વાહનનો નંબર વાંચી શકાય અને તેમાં બેઠેલા વ્યક્તિઓના ચહેરા જોઈ શકાય તે રીતેના નાઈટવિઝનના કેમેરા ગોઠવવા

આ હુકમ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ભાડાની મિલ્કત/જાહેરનામું/વશી-૫૬૯૨/૨૦૧૫.-હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં સુરત શહેરમાં મળી આવેલ બોમ્બ તથા અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકાના ગંભીર બનાવોથી જણાય છે કે, આવુ કૃત્ય કરનાર ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પ્લેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી આંતકવાદી પ્રવૃત્તિ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. જેથી જાહેર સંપત્તિ તેમજ લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય માનવ જીંદગીની ખુવારી થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીમાં જોખમ ઉભુ કરે છે.

દેશના અન્ય રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો પોતાના હેતુ પાર પાડવા કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને જે-તે વિસ્તાર કે જગ્યા સંબંધિ સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની અસામાજીક, ગુનાહિત કે ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી આવા તત્ત્વોને ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલિકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો તેઓ દ્વારા અધિકૃત થયેલ કે, ખાસ સત્તા આપેલ વ્યક્તિ તરફથી જ્યારે મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે, તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો/સંચાલકોએ માહિતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે તેઓ દ્વારા અધિકૃત થયેલ કે, ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસ અને ઐદ્યોગિક એકમોના માલિકો/સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન/દુકાન ઓફિસ/ઔદ્યોગિક એકમના માલિકનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસ/ઓદ્યોગિક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી બાંધકામ	મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	જે વ્યકિતને ભાડે આપેલ છે તેનું રાખેલ છે તે પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	જે વ્યકિતને ભાડે આપેલ તેમના મૂળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સંબાધિઓના નામ, સરનામા.	મકાન/દુકાન/ઓફિસ તથા ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ ?
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ઔદ્યોગિક એકમો/જાહેરનામું/વશી-૫૭૫૪/૨૦૧૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ભૂતકાળમાં બનેલ ધાડ-લુંટ-ખૂન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણાં કિસ્સાઓમાં ઔદ્યોગિક/વેપાર/વાણિજ્ય કારખાનામાં, મકાન-બાંધકામમાં તથા ફેકટરીઓ, પર્યટન સ્થળો, જાહેર આનંદપ્રમોદની જગ્યા, ધાર્મિક સંસ્થાઓ, ફાર્મ હાઉસ વિગેરેમાં કામ કરતાં પરપ્રાંતિય કારીગરોની સંડોવણી જણાય છે. આવા કારખાનામાં, મકાન બાંધકામમાં તથા ફેક્ટરીઓમાં કામ કરતા પરપ્રાંતિય તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનામાં સંડોવાયેલ હોવાનું અનુભવે જણાય છે. આવા કોઈપણ પ્રકારના ગંભીર ગુનો આચરી તેઓના વતન માટે અન્યત્ર ચાલી જતા હોય છે જેને કારણે આવા ગુના વણ શોધાયેલ રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સામાં આવા પરપ્રાંતિય અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અત્રેના જિલ્લામાં આવેલ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં આશરો લેતા હોય છે. કેટલાક કેસોમાં આવી જગ્યા ઉપર આશરો મેળવી આતંકવાદી પ્રવૃત્તિ કરવા માટે માહિતી એકત્રિત કરી જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગુન્હાહિત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીમાં જોખમ ઉભું કરે છે. જેથી આવી ગુનાહિત પ્રવૃત્તિ કરતાં તત્ત્વો સાથે સંકળાયેલ આવા કારીગરો/કર્મચારીઓ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂર જણાય છે.

જેથી, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય નાના-મોટા તમામ ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે, જેઓના

યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રકટના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય નાના-મોટા ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેક્ટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે, જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રકટના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ. નં.	માલિકનું નામ સરનામું, ધંધાની વિગત, ટેલીફોન/ મોબાઈલ નંબર	કર્મચારી/ કારીગર/ મજૂરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, હાલનું સરનામું, ટેલીફોન નંબર	કામે રાખેલ નોકરના મૂળ વતનનું સરનામું, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજૂરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજૂર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલિકનું પુરૂ નામ, સરનામું ટેલીફોન નંબર	કર્મચારીઓ/ કારીગર/ મજૂરને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ સરનામું, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજૂરના બે થી ત્રણ સગા સંબંધીઓના પુરા નામ, સરનામા વતન, ટેલીફોન નંબર સહીતના	કર્મચારી/ કારીગર/ મજૂરનો ફોટો	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ગેસ્ટહાઉસ/જાહેરનામું/વશી-૫૮૧૨/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલ અને ભૂતકાળમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક પ્રવૃતિ કરતા તત્ત્વો લોકો સાથે ભળી ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારમાં કે પછી હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ થાય, માનવ જીંદગીની ખુંવારી થાય અને જાહેર કે લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય તે પ્રકારની પ્રવૃત્તિ કરવાની કોશીષ કરતા હોય છે.

બહારના રાજ્યોમાંથી કે પરદેશથી આવતા આવા ગુનાહિત માનસ ધરાવતા તત્ત્વો કે, ઈસમો કોઇના મકાન ભાડે રાખીને અથવા હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ વિગેરેમાં મુસાફર તરીકે રોકાય જે-તે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને પોતાની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપી સરકારી ખાનગી માલ-મિલ્કતનો તેમજ લોકોની જાનહાનિ થાય તેવું કૃત્ય કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ ભાડેથી આપતા માલિકો / સંચાલકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારની મિલકત ધરાવતા માલિકોએ, સંચાલકોએ મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટહાઉસમાં કોઈ પણ વિદેશીઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય આવી કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ તેના સંચાલકો / માલિકો દ્વારા ભાડે આપી શકશે નહીં.

INDEX

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની વિગતો લેવી.

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરિકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ ના નિયત નમૂના મુજબના ફોર્મમાં નજીકના પોલીસ સ્ટેશનમાં તથા એસ.ઓ.જી. શાખા કામરેજ ચાર રસ્તા ખાતે ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત જિલ્લામાં કઇ જગ્યાએ, કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની તેમજ વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર સંહિતની સંપુર્ણ વિગત મેળવી રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજિસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે તેમજ દરેક મુસાફરો પાસેથી ફોટો આઈ.ડી. પ્રુફ (ઓળખપત્ર) વેરીફાઈડ કરી તેની નકલ મેળવી રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નં. એમએજી/સિક્યુરીટી ગાર્ડ/જાહેરનામું/વશી-૫૮૭૨/૨૦૧૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના કર્મચારીઓ કે તેના ગાર્ડ પોતાના લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં લઇ ફરે છે અને તેઓ પોતાના હથિયારોનો ઉપયોગ જમીનના વિવાદોમાં લોનના હપ્તા ઉઘરાવવામાં કરતા હોય છે. આ કામે તેઓ હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી તેઓ સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગ કરે છે. જેને લઈને ઘણા-ખરા બનાવોમાં બિનજરૂરી કારણ વગર આડેધડ ફાયરીંગ કરવાના કે જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ તેની ફરજ બજાવતા હોય ત્યારે તેની ફરજ દરમ્યાન સંબંધિત કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લૂંટ કે મિલ્કત સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓ આચરવાના બનાવ બનવા પામેલ છે. તો કેટલાક કિસ્સામાં આવા પરપ્રાંતિય હથિયાર ધારક ઈસમ બનાવટી લાયસન્સથી પણ હથિયાર મેળવી સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂં તેના પર નિયંત્રણ હોવું જરૂરી છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

(૧) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સિક્યુરીટી કંપની ચલાવતા માલિકો / સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આવા પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી.. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તેમજ લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી / ફેકટરી વિગરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

(૨) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ રાષ્ટ્રિયકૃત/ખાનગી/સહકારી બેન્કોએ પોતાની બન્કોમાં તેમજ એ.ટી.એમ. મશીન ઉપર ફરજ બજાવતા ખાનગી સિક્યુરીટી એજન્સીના હથિયારી / બિનહથિયારી તથા હથિયારી ગાર્ડનો બાયોડેટા સહિતની માહિતી ફરજિયાત પણે નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ હથિયારી ગાર્ડ હોય તો હથિયાર તથા લાયસન્સની વિગતો નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. બેન્કમાં ફરજ બજાવતા ગાર્ડની માહિતી રજુ કરવાની જવાબદારી બેન્ક મેનેજર / સંચાલકની રહેશે.

INDEX

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ ગાર્ડ વાઈઝ અલગ-અલગ ભરવાની રહેશે.

અ.નં.	વિગત	
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ / માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	
૨	પરપ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પોલીસ સ્ટેશનનું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	
૫	કોના રેફરન્સ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો	

આ હુકમ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નં. એમએજી/મોબાઈલ ફોન-સીમ કાર્ડ/જાહેરનામું/વશી-૫૯૩૨/૨૦૧૫.– હાલના પ્રવર્તમાન સંજોગો રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ અને મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ હોઈ આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ચોરાયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મૂળ સુધી પહોંચી શકાય છે. પરંતુ, ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા ઈસમ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર / ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી, ગુનાના મૂળ સુધી પહોંચવા જુના મોબાઈલ ફોન, સીમ કાર્ડ, ઓળખ કાર્ડ અથવા કોઈપણ ઓળખ પત્ર વગર લેનાર / વેચનારની ઓળખ અને જવાબદારી નક્કી કરવી જરૂરી જણાય છે.

ઉક્ત હકીકતે ગુનાઓમાં વપરાયેલ મોબાઈલ ફોન તથા ચોરાયેલ મોબાઈલ ફોનના ગુનાઓના મૂળ સુધી પહોંચવા જુના મોબાઈલ ફોન, સીમ કાર્ડ વેચવા ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલની દુકાન ચલાવતા એકમોના માલિકે કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે તથા વેચાણ કરતી વખતે લેનાર તથા વેચનાર વ્યક્તિનું પુરેપુરૂં નામ-સરનામું ફરજિયાત નોંધવાનું રહેશે અને તે બાબતે નીચે મુજબના અલગ-અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે.

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ વેચનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

INDEX

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં નવા સીમ કાર્ડ વેચાણ કરતી વખતે વિક્રેતાએ ખરીદનારનું નામ-સરનામાં માટે ઓળખના પુરાવા તથા પાસપોર્ટ સાઈઝનો ફોટો મેળવવામાં આવે છે તે પુરાવાઓ જે તે કંપનીને મોકલી આપવામાં આવે છે. બાદમાં જેની કોઈપણ પ્રકારની નોંધ સીમકાર્ડ વિક્રેતાઓ પાસે ઉપલબ્ધ હોતી નથી. જેથી, વિક્રેતાઓએ પણ ફરજિયાત પણે નોંધ રાખવા માટે નીચેના કોલમ મુજબનું રજિસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ ફોટા સાથેની વિગત રાખવાની રહેશે.

સીમકાર્ડ વેચતી વખતે વિક્રેતાએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની કંપની અને સીમકાર્ડ (મોબાઈલ) નંબર	સીમકાર્ડ વેચાણ તારીખ	મોબાઈલ ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નં. એમએજી/વાહન લે-વેચ/જાહેરનામું/વશી-૫૯૯૨/૨૦૧૫.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ આતંકવાદી હુમલાના બનાવો જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક પ્રવૃત્તિ કરતા તત્ત્વો પોતાની આતંકવાદી / ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપવા માટે સાયકલો, સ્કુટર, મોપેડ, મોટર સાયકલ તથા તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં કે તેની આજુબાજુ આવા વાહનો પાર્ક કરી તેમાં રાખવામાં આવેલ બોમ્બ કે સ્ફોટક પદાર્થનો બ્લાસ્ટ કરી પોતાના ત્રાસવાદી કૃત્યને અંજામ આપતા હોય છે. જેને લઈને સરકારી, અર્ધસરકારી, ખાનગી માલ મિલ્કતો તેમજ લોકોની જાનહાનિ થાય છે. જેથી લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. આવા અનરજિસ્ટર્ડ વાહનોને કારણે આવું ગુનાહિત કૃત્ય કરનારને શોધી કાઢવામાં મુશ્કેલી કે વિલંબ થાય છે. જેથી સાયકલો, મોપેડ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો લે-વેચનાર કે ભાડે આપનાર દ્વારા તે અંગે જરૂરી માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાય તેમ હોઈ આવી આતંકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા સાયકલો / ટુ વ્હીલર વાહનો લે-વેચ કરનાર કે ભાડે આપનારાઓ ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતિ અને સુરક્ષાના પરિક્ષેપ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારના નવા કે જુના ટુ-વ્હીલર વાહનો લે-વેચ કરનાર, ભાડે આપનારાઓ તથા તે અંગેની દુકાનો ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવા કે જુના વાહનો વેચવામાં કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું આવશ્ય પાલન કરવાનું રહેશે.

(૧) સાયકલ, સ્કુટર, મોટર સાયકલ, મોપેડ વગેરે જેવા બીજા ટુ-વ્હીલર વાહનો ખરીદનારને વેચાણ કર્તાએ અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) આ પ્રકારના વાહનો ખરીદનારનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખકાર્ડ કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે પંચાયતના સભ્યશ્રી, નગર પાલિકાના કોર્પોરેટરશ્રી, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ

INDEX

ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખકાર્ડ / પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી કે આવા જુના વાહનો ખરીદનાર પાસેથી વેચાણકર્તાએ મેળવવાના તેમજ બીલ સાથે રાખવાના રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો તથા ભાડે આપેલ હોય તો તેમની જરૂરી વિગતો રાખવી.

(૪) વેચાણ બીલમાં સદરહુ વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ કે તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ કર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી / રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

આ હુકમ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નં. એમએજી/એસ.ટી.ડી.પી.સી.ઓ./જાહેરનામું/વશી ૬૦૫૨/૨૦૧૫.—હાલના પ્રર્વતમાન સંજોગોમાં રાજ્યની ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને દેશના વિવિધ ભાગોમાં થયેલ બોમ્બ ધડાકા તથા આતંકવાદી બનાવો પરથી આતંકવાદીઓ અને દેશ વિરોધી તત્ત્વો આતંકવાદી કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીને જોખમ ઉભું કરતા હોય છે અને તે માટે આવા તત્ત્વો બહારના દેશોનો સંપર્ક કરતા હોય છે. તે માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.નો ઉપયોગ કરતા હોય છે. જેથી આવા એસ.ટી.ડી.-પી.સી.ઓ. કે જ્યાંથી બહારના દેશોમાં વાતચીત થતી હોય તેઓ પર નિયંત્રણ મુકવું જરૂરી છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સુરત જિલ્લા વિસ્તારમાં આવેલા તમામ એસ.ટી.ડી.-પી.સી.ઓ. સંચાલકોએ બહારના દેશોમાં જે કોઈ પણ વ્યક્તિ ફોન કરે ત્યારે ફોન કરનારનું ફોટા સાથેનું ઓળખપ્રુફ લઈ નીચે દર્શાવેલ નમુનામાં રજિસ્ટર નિભાવી તેમાં તમામ નોંધ કરી અને આવા થયેલ ફોનની કોલ ડીટેલની એક નકલ સંબંધિત પોલીસ સ્ટેશનમાં દર મહિનાની ૧લી તારીખે રજુ કરવાની રહેશે.

એસ.ટી.ડી./પી.સી.ઓ. સંચાલકોએ નિભાવવાના રજિસ્ટરનો નમુનો

અનુ. નંબર	એસ.ટી.ડી./પી.સી.ઓ. નું નામ, માલિકનું નામ, સરનામું, મોબાઈલ નંબર.	ફોન કરવા આવનાર વ્યક્તિનું પુરૂં નામ, મુળ સરનામું તથા હાલનું પુરૂં સરનામું, ઓળખ ચિન્હો.	ફોન કરવા આવનાર વ્યક્તિની ફોટો આઈ.ડી. પ્રુફની વિગત (સ્વચ્છ નકલ લેવી.)	જે ફોન નંબર પર વાત કરવા માંગે છે તે ફોન નંબર તથા તે વ્યક્તિનું પુરૂં નામ, સરનામું.	ફોન કરવા આવ્યા તારીખ અને ફોનમાં વાત શરૂ કર્યા સમય.	ફોનમાં વાત પુરી કર્યા સમય.
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

હંગામી જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

નંબર : એમએજી/લે. કો.-૧૭/વશી-૬૧૯૧/૨૦૧૫.– સીની. સેક્શન એન્જીનીયર (નિ) વર્કસ, વેસ્ટર્ન રેલ્વે, સુરતની તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫ની દરખાસ્ત આધારે ઉધના-જલગાંવ લાઈન ઉપર આવેલ રેલ્વે ક્રોસીંગ નં. ૧૭ (દસ્તાન)ને તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૨૮મી જુલાઈ, ૨૦૧૫ સુધી વેસ્ટર્ન રેલ્વે દ્વારા ડબલીંગની કામગીરી કરવાની હોવાથી, સદરહું સમયગાળા દરમ્યાન આ રૂટ પરથી વાહન વ્યવહાર સરળતાથી ચાલે અને કોઈ ટ્રાફીક અવરોધ ઉભો ન થાય અને જાહેર જનતાની સલામતિ જળવાઈ રહે તે માટે લોકહિતમાં વાહનો માટે ટ્રાફીક ડાયવર્ઝન કરવાનું જરૂરી જણાતું હોય, આ કામે મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ અધિકારની રૂએ, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ રૂટ ઉપર ટ્રાફીક ડાયવર્ટ કરવા ફરમાવું છું.

ડાયવર્ઝન :-

સુરત-બારડોલી પરનો વાહન વ્યવહાર કડોદરા થી પલસાણા થઈ એના-ગંગાધરા થઈ બારડોલી તરફ આવવા-જવાનું રહેશે.

આજરોજ તારીખ ૧૩મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧નો અધિનિયમ નં. ૨૨ની કલમ ૩૭ (૧) મુજબનો.

નં. ડીસી/પીઓએલ/શસ્ત્રો પ્રતિબંધ/એમએજી/એસ.આર. ૪૦/૨૦૧૫.–આગામી ધાર્મિક તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે, જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકસાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની, તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજાં વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ તેના ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક (૧) એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) કુલ ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

INDEX

આજરોજ તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૨૮૯૪ થી ૨૯૧૬/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઇસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાળ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર "

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓ.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી / સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. નધણ/કેડીએ-''ઉ(સે)''૧૩૩૮૧-ડોકેટ-૧૩૪૪/સને ૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, મહુધા તાલુકા અનાજ ઉત્પાદક સહકારી મંડળી, મું. પો. મહુધા, મર્યાદિત સ્થળ, સમગ્ર મહુધા તાલુકો, તા. મહુધા, જિલ્લો, ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડિયાદ, તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડિયાદ.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ (પ્રમાણિત), પાલનપુરની તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૧૪ના પત્રથી મળેલ દરખાસ્ત.

(૨) ધી મહાલક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી લી.ને આપેલ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૫ના પત્રથી કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીના તારીખ ૨૬મી માર્ચ, ૨૦૧૫ના પત્ર નં. ફડચ/૦૧/ગ/૫૨૪/૧૫ થી કરેલ ફડચા અંગેનો વચગાળાનો આદેશ.

(૪) મંડળીના ચેરમેનશ્રી દ્વારા તારીખ ૫મી જૂન, ૨૦૧૫ના પત્રથી કરેલ લેખિત રજૂઆત.

(૫) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ.

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૨૫૯/૨૦૧૫.–ધી મહાલક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી લી., મું. ભરોડ, તા. વડગામ, જિ. બનાસકાંઠા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. : ૩૦૧૩૨ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૮થી નોંધાયેલી સહકારી મંડળી છે. વંચાણે લીધા આમુખ-૧ દ્વારા સબ ઓડીટર, સહકારી મંડળીઓ, (પ્રમાણિત), પાલનપુરના અહેવાલના આધારે વંચાણે લીધા આમુખ-૨ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવાની કારણદર્શક નોટીસ પાઠવી જરૂરી મુદ્દાઓની લેખિત રજુઆત કરવા તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સમય ૧૫-૦૦ કલાકે રૂબરૂ લેખિત/મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવેલ. મંડળીના કાર્યવાહકો તરફથી કોઈ રજુઆત થયેલ ન હોઈ તેમજ મંડળી સ્થગિત હોઈ વંચાણે લીધા આમુખ-૩થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ નીચેના કારણોને ધ્યાને લઈ કરવામાં આવેલ.

(૧) મંડળીએ શરૂથી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૦ સુધીના ઓડીટ મેમાની ઓડીટ દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીએ ઓડીટ સમયમાં પેટા નિયમ મુજબ વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી.

(૩) મંડળીએ ઓડીટ સમયમાં એકપણ વ્યવસ્થાપક કમિટિની બેઠક મળેલ નથી.

(૪) મંડળી શરૂથી સ્થગિત અવસ્થામાં છે. જે ચાલુ રાખવા માટે કાર્યવાહકોને કોઈ રસ જણાતો નથી.

(૫) મંડળીએ તેના પેટા નિયમના ઉદ્દેશો મુજબ કોઈ કામગીરી કરેલ નથી.

વચગાળાના આદેશ અન્વયે મંડળીનું કામકાજ આટોપી લેવા અંગે જો કોઈ વાંધો હોય તો એક માસની અંદર લેખિત રજુઆત કરવા હુકમમાં ઉલ્લેખ કરવામાં આવેલ. આ અંગે આમુખ-જના પત્રથી મળેલ લેખિત રજૂઆત મુજબ મંડળીના કાર્યવાહકો તથા સભાસદોને મંડળી ચાલુ રાખવામાં રસ નથી. જે હકીકત ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતી હોઈ વચગાળાના આદેશને બહાલી આપી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, જિ. બનાસકાંઠા, સરકારશ્રીના આમુખ-૫ના જાહેરનામા અને હોદ્દાની રૂએ મળેલ સત્તા મુજબ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭(૩) અન્વયે ધી મહાલક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી લી., મું. ભરોડ, તા. વડગામ, જિ. બનાસકાંઠાને ફડચામાં લઈ જવા માટે અંતિમ આદેશ કરુ છું અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુરની સદર અધિનિયમની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરુ છું. તેઓએ કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચા અંગેની કાર્યવાહી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

યુ. એમ. વાસણાવાળા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, શ્રી પીપળ-સરસાવ તેલિબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પીપળ, તા. ચાણસ્મા, જિ. પાટણ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૮૦/૧૭૩૦/૨૦૧૫.–ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ શ્રી પીપળ-સરસાવ તેલિબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પીપળ, તા. ચાણસ્મા, જિ. પાટણ જે નોંધાયેલ સહકારી સંસ્થા છે. નોંધણી નંબર : ૨૧૭૨૪, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૮૬ છે. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પાટણની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ક/૯૯૭/૨૦૮૬/૧૦ તારીખ ૨૦મી મે, ૨૦૧૦થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી,

INDEX

શ્રી પીંપળ-સરસાવ તેલિબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પીંપળ, તા. ચાણસ્મા, જિ. પાટણ તરફથી તેઓના તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક-ફડચ/૩૦૯/૧૫થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-(૨)માં જણાવ્યા મુજબની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળીનો ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦થી નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તારીખ ૩જી જુલાઈ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, શ્રી બોરતવાડા તેલિબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. બોરતવાડા, તા. હારીજ, જિ. પાટણ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૮૧/૧૭૨/૨૦૧૫.–ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ શ્રી બોરતવાડા તેલિબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. બોરતવાડા, તા. હારીજ, જિ. પાટણ જે નોંધાયેલ સહકારી સંસ્થા છે. નોંધણી નંબર : ૨૦૬૬૦, તારીખ ૪થી એપ્રિલ, ૧૯૮૫ છે. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પાટણની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ક/૩૩૬/૨૦૭/૧૨ તારીખ ૧૯મી જૂન, ૨૦૧૨થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, શ્રી બોરતવાડા તેલિબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. બોરતવાડા, તા. હારીજ, જિ. પાટણ તરફથી તેઓના તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક-ફડચ/૩૦૮/૧૫થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ (૨)માં જણાવ્યા મુજબની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળીનો ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦થી નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તારીખ ૩જી જુલાઈ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સા(હા)૯૩૦૩/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ક્રિષ્ણા વાટીકા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૩મી જૂન, ૨૦૧૫.

નં. નધણ/ગ-૨/બીડીઆર/સા(હા)૯૩૦૪/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, કે. પી. પ્લેટીના પ્રિમાઈસીસ ઓનર્સ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

કે. એલ. ખાંટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ), વડોદરા.

નં. નધણ/ગ-૨/બીડીઆર/ઉ(ફ)૧૩૪૯૩/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી અન્નપુર્ણા મહિલા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળઃ નિઝામપુરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ખ-૨/૨૫૪૮ થી ૨૫૫૭/૨૦૦૫.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૧૦૫/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી દિગસ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. દિગસ, તા. હાંસોટ, જિ. ભરૂચ (ફડચામાં) ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/ ૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૨૧૫/૮૦૧/૨૦૧૫.–ધી દિગસ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. દિગસ, તા. હાંસોટ, જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૨૮મી ઓગસ્ટ, ૧૯૭૭ નોંધણી નંબર : ૩૪૯૨ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને

INDEX

કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીનો સહકારી અધિકારી(ફડચો), લગત કચેરી, ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૯ થી તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (૩), ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી દિગસ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. દિગસ, તા. હાંસોટ જિ. ભરૂચ, નોંધણી નંબર ૩૪૯૨, તારીખ ૨૮મી ઓગસ્ટ, ૧૯૭૭ની આમુખ(૫) થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૩નો અંતિમ આદેશ ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ખ-૨/ફ-૧૫૩૨૨/૮૯૯ થી ૯૦૪/૨૦૦૩.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ (ટેસ્ટ)ની તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૫૫/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી અંકલેશ્વર તાલુકા ટ્રકઓનર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી., મું. અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચની (ફડચામાં) દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક જીએચ કેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૨૧૬/૮૦૨/૨૦૧૫.–ધી અંકલેશ્વર તાલુકા ટ્રકઓનર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી., મું. અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચની (ફડચામાં) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૨જી મે, ૧૯૭૪ નોંધણી નંબર : સ-૮૭૧ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, (ટેસ્ટ), ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૫ થી તારીખ ૮મી જૂન, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર લગત કચેરી દ્વારા ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૮મી જૂન, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી અંકલેશ્વર તાલુકા ટ્રકઓનર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી., મું. અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ, નોંધણી નંબર : સ-૮૭૧, તારીખ ૨જી મે, ૧૯૭૪ની આમુખ(૫) થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ખ-૨/૩૨૨૧ થી ૩૨૩૦/૦૫.

(૨) ફડચા અધિકારી અને સબ ઓડીટર (લી.રી.) લગત કચેરીની તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી અશોક ઓર્ગેનીક ઈન્ડ. કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચની (ફડચામાં) ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

INDEX

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક જીએચ કેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૨૧૭/૮૦૩/૨૦૧૫.–ધી અશોક ઓર્ગેનીક ઈન્ડ. કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ (ફડચામાં)ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૭ નોંધણી નંબર : સે-૩૬૮૧ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના સબ ઓડીટર (લીરી) લગત કચેરી, ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૨૭મી માર્ચ. ૨૦૧૫ થી તારીખ ૨૦મી મે, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળી (૪), ભરૂચ દ્વારા ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૨૦મી મે, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી અશોક ઓર્ગેનીક ઈન્ડ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ, નોંધણી નંબર : સે-૩૬૮૧, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૭ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૫મી જૂન, ૨૦૦૯નો અંતિમ આદેશ ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૬૪/૨૦૦૯.

(૨) ફડચા અધિકારી અને મદદનીશ સહકારી અધિકારી લગત કચેરીની તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૯૬/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી રાજપારડી તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. રાજપારડી, તા. ઝઘડિયા, જિ. ભરૂચની (ફડચામાં) ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક જીએચ કેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૨૧૮/૮૦૫/૨૦૧૫.–ધી રાજપારડી તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. રાજપારડી, તા. ઝઘડિયા, જિ. ભરૂચની (ફડચામાં)ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૧૫મી ઓકટોબર, ૧૯૮૧, નોંધણી નંબર : ઉ-૨૮૨૨ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના સબ ઓડીટર (લીરી) લગત કચેરી, ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૯ થી તારીખ ૨૯મી મે, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર (લી.રી.), ભરૂચ દ્વારા ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૨૯-૫-૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૧૪ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી રાજપારડી તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. રાજપારડી, તા. ઝઘડિયા, જિ. ભરૂચ, નોંધણી નંબર ઉ-૨૮૨૨, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૧૯૮૧ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૮મી ઓક્ટોબર, ૨૦૦૯નો અંતિમ આદેશ ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૭૧/૨૦૦૯.

(૨) ફડચા અધિકારી અને સબ ઓડીટર લગત સ્પે. ઓડીટર, સહકારી

મંડળીઓ (૩), ભરૂચના તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/રૂબરૂ/૧૪૧/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી રૂબી ખેતી પિયત સહકારી મંડળી લી., ઈખર, તા. આમોદ, જિ. ભરૂચની (ફડચામાં) ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક જીએચ કેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૨૧૯/૮૨૭/૨૦૧૫.–ધી રૂબી ખેતી પિયત સહકારી મંડળી લી., ઈખર, તા. આમોદ, જિ. ભરૂચની (ફડચામાં)ની દરખાસ્ત ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૮, નોંધણી નંબર : ખે-૪૩૪૪ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના સબ ઓડીટર લગત સ્પે. ઓડીટર, સહકારી મંડળીઓ (૩), ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૯ થી તારીખ ૨૭મી જૂન, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર લગત કચેરી દ્વારા ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૨૭મી જૂન, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૫મી જૂન, ૨૦૧૫ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી રૂબી ખેતી પિયત સહકારી મંડળી લી., ઈખર, તા. આમોદ, જિ. ભરૂચ, નોંધણી નંબર : ખે-૪૩૪૪, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૮ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

સુનીલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :-

(૧) સબઓડીટર, સહકારી મંડળીઓ, પાટણ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ના ઓડીટ સમયની રજુ કરેલી અન્વેષણ નોંધ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ કેએચ/૬૨/૨૦૧૧/એનએસવી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

(૪) અત્રેનો તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૧૩ના પત્ર નં. ફડચ/૦૧/ક/૨૦૧૮/૨૦૧૩થી આપવામાં આવેલ ફડચા સબંધી કારણદર્શક નોટીસ.

(૫) અત્રેના કાર્યાલયના પત્ર જા. નં. નધણ/૦૧/ક/૩૦૬૫/૧૩ તા. ૩૦મી જુલાઈ, ૨૦૧૩ અને ઉખસ/ફડચ/૦૧/ક/૧૮૩૪/૧૪ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૪ તેમજ જા.નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૫૮/૧૫ તારીખ ૨૬મી મે, ૨૦૧૫ના રોજનો મંડળીને જવાબ રજૂ કરવા જણાવતો પત્ર.

(૬) સબ ઓડીટર, સહકારી મંડળીઓ, સિધ્ધપુરના પત્ર જા.નં. અષણ/૦૧/ક/૧૪૭/૨૦૧૫ તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ના રોજ અત્રેના કાર્યાલયે રજૂ થયેલ વહીવટી અહેવાલ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૮૪/૧૭૪૭/૨૦૧૫.–શ્રી ખોડિયાર ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી., મું. કલ્યાણા, તા. સિધ્ધપુર, જિ. પાટણએ ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયેથી નોંધાયેલ સહકારી મંડળી છે. આ સહકારી મંડળી તેના ઉદેશ મુજબ કામગીરી કરતી ન હોઇ મંડળીના કાર્યવાહકોને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા માટે આમુખ-(૪) વાળા પત્રથી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીનો ઓડિટ વર્ગ છેલ્લા પાંચ વર્ષની ''ડ'' છે.

(૨) મંડળીએ વર્ષોથી બાકી બોલતાં પાણી ધિરાણની વસૂલાત કરવા કોઇ પગલાં લીધેલ નથી.

(૩) મંડળીની સને ૨૦૧૧-૧૨ના વર્ષ દરમ્યાન એકપણ કમિટી બેઠક કે વાર્ષિક સાધારણ સભા ભરેલ નથી. સભાસદો/કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૪) મંડળી વર્ષોથી ખોટમાં જાય છે. ખોટનું પ્રમાણ વધતું જાય છે. ખોટ ભરવા યોગ્ય પગલાં નથી.

(૫) મંડળીએ અનામત દ્વારા ધિરાણ બતાવેલ છે. બેંકમાં ધિરાણની રકમ જમા કરાવેલ નથી. જેથી આવા ધિરાણને હવાલા ધિરાણ કરી શકાય નહીં. તેથી સભાસદોને કોઇ લાભ મળતો નથી.

INDEX

ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જતાં અગાઉ સંદર્ભ (૪) વાળા પત્રથી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જે અન્વયે મંડળીએ હાજર રહી જવાબ રજુ કરેલ નથી. તેમ છતાં, અત્રેના કાર્યાલયેથી મંડળીને આમુખ-૫થી ત્રણ વખત મુદતો આપવામાં આવેલ. તેમ છતાં મંડળીના કાર્યવાહકોને આટલી બધી મુદતો આપવા છતાં, મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. વધુમાં સને ૨૦૧૪-૧૫ના હિસાબોના ઓડિટમાં જણાવેલ ખામીઓના આધારે કલમ-૧૦૭ની જોગવાઇ અન્વયે આમુખ-૬ થી કલમ-૧૦૭નો ખાસ અહેવાલ કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, આર. એ. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાટણ, મને મળેલી સત્તાની રૂએ શ્રી ખોડિયાર ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી., મું. કલ્યાણા, તા. સિધ્ધપુર, જિ. પાટણ, ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર : ખે-૩૦૫૬, તારીખ ૨જી જૂન, ૧૯૮૮ને ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(૨) અન્વયે આથી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧)(૨) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂં છું.

ઉકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે, રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કોઇ ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ગ્રાહક), પાટણ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૩ના ઓડીટ સમયની રજુ કરેલી અન્વેષણ નોંધ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ-કેએચ/૬૨/૨૦૧૧/એનએસવી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

(૪) અત્રેનો તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના પત્ર નં. ફડચ/૦૧/ક/૧૧૧/૨૦૧૫થી આપવામાં આવેલ ફડચા સબંધી કારણદર્શક નોટીસ.

(૫) મંડળીનો તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૫ના સાદાપત્રકથી કરેલ જવાબ.

(૬) અત્રેના કાર્યાલયનાં પત્ર જા.નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૬૧/૨૦૧૩ તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫ના રોજનો મંડળીને રજૂ કરવા જણાવતો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૮૩/૧૭૫૪/૨૦૧૫.–ધી કિસાન હાઈસ્કૂલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. સમોડા, તા. સિધ્ધપુર, જિ. પાટણએ ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયેથી નોંધાયેલ સહકારી મંડળી છે. આ સહકારી મંડળી તેના ઉદ્દેશ મુજબ કામગીરી કરતી ન હોઇ મંડળીના કાર્યવાહકોને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા માટે આમુખ-(૪) વાળા પત્રથી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) સદર મંડળીની નોંધણી તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૭૫એ નોંધણી નંબર : ૧૩૨૧૭ થી નોંધાયેલ ધિરાણ અને ગ્રાહક મંડળી છે.

(૨) સદર મંડળીની સભ્ય સંખ્યા ફક્ત-૮ની રહેલ છે. જે સહકારી કાયદાની કલમ-૬ મુજબ ઓછામાં ઓછા-૧૦ મંડળીમાં હોવા જોઇએ. જેનો ભંગ થવા પામેલ છે.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમિટીની સભ્ય સંખ્યા પેટાનિયમ-૩૩ મુજબ નવ સભ્યોની નક્કી થયેલ છે. જેની વાર્ષિક સાધારણ સભામાં પાંચ સભ્યોની તથા તારીખ ૨૦મી મે, ૨૦૧૩ની વાર્ષિક સાધારણ સભામાં ૪ (ચાર) સભ્યોની નક્કી કરીને તે મુજબ મંડળીનો વહીવટ કરેલ છે.

(૪) મંડળીએ સભ્યો પાસેથી દર માસે ફરજિયાત બચત નિયમિત વસૂલ કરવી જોઇએ. જે ઘણા વર્ષો ફરજિયાત વસૂલ કરવાનું (ઉઘરાવવાનું) બંધ કરેલ છે.

(૫) મંડળીમાં ફરજિયાત બચત વધુમાં વધુ સભ્યો ₹ ૧૨૦૦૦/- સુધી જમા કરાવી શકશે. તેવી જોગવાઇ હોવા છતાં, તારીખ ૧૩મી જૂન, ૨૦૧૩ની વ્યવસ્થાપક કમિટીમાં ઠરાવ કરીને ફરજિયાત બચત ₹ ૫૦૦૦/- ૭ (સાત) સભ્યોને પરત કરીને આર્થિક સ્થિતિની સધ્ધરતામાં ઘટાડો કરેલ છે.

ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જતાં અગાઉ સંદર્ભ (૩) વાળા પત્રથી કારણદર્શક નોટીસ પાઠવી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૫ના રોજ આ કચેરી એ હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. જે અન્વયે મંડળીના પ્રમુખશ્રીએ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૫ના રોજ ખાલી સાદા પત્રથી જવાબ રજૂ કરેલ પરંતુ કોઇ આધાર રજૂ કરેલ ન હતાં. જેથી અત્રેના કાર્યાલયેથી મંડળીને વધુ એક મુદત આપતો પત્ર લખી તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના રોજ જવાબ રજૂ કરવા જણાવેલ હતું. જેમાં મંડળીના માનદ મંત્રી હાજર રહેલ, પરંતુ કોઇ જવાબ રજૂ કરેલ નથી.

વધુમાં હાલના તબક્કે મંડળીની અંદર સાત જ સભાસદો છે. જે આઠ સભાસદોથી મંડળી ચલાવી શકાય નહિં. જેમાં પેટાનિયમ પ્રમાણે કારોબારી ૧૧ની હોવી જોઇએ. જેમાં મંડળીના સભાસદોની સંખ્યા જ પૂરતી ન હોઇ, મંડળીના કાર્યવાહકો અને સભાસદોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ સભાસદોની વધારો કરેલ નથી. તેમજ મંડળી હાલમાં ફક્ત ચાર સભાસદોને ધિરાણ પ્રક્રિયા કરેલ છે. અને મંડળીના ફંડમાં ઘટાડો થવા પામેલ છે. જે તમામ બાબતો ધ્યાને લઇ, નીચે મુજબનો ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

હું, આર. એ. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાટણ, મને મળેલી સત્તાની રૂએ, ધી કિસાન હાઈસ્કૂલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. સમોડા, તા. સિધ્ધપુર, જિ. પાટણ, ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર : ૧૩૨૧૭, તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૭૫ને ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)(૨) અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧)(૨) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂં છું.

ઉકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કોઈ ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫.

આર. એ. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધા :

(૧) શ્રી ફડચા અધિકારી, ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., સંખેડા શાખાના જાવક નંબર : ૧૦૩૧, તારીખ ૨૯મી મે, ૨૦૧૫ પત્રથી નોંધણી રદની દરખાસ્ત.

(૨) જનરલ મેનેજર, ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., સયાજીગંજ, બરોડાના જાવક નંબર : (લોન) ૧૫૯૦, તારીખ ૨જી જૂન, ૨૦૧૫ના પત્રથી નોંધણી રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૫.

હુકમ

જાવક નંબર ફડચ/૦૧/ગ-૧/૮૨/૯૩૯/૨૦૧૫.– ધી કાણાકુવા વાઘેથા ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. કાણાકુવા, તા. સંખેડા, જિલ્લો છોટાઉદેપુરની નોંધણી ક્રમાંક : સે-૩૧૪૯, તારીખ ૨૭મી મે, ૧૯૬૬થી નોંધણી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ-૧૫૨૨૬/ઘ-૨/૪૯/૨૦૦૪, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪ થી મંડળીને ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી, સરવૈયુ ''શૂન્ય'' થયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા દરખાસ્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૧), (૨) થી મોકલી આપેલ છે, જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે અને આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

છોટાઉદેપુર, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) શ્રી ફડચા અધિકારી, ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., સંખેડા શાખાના જાવક નંબર : ૧૦૩૧, તારીખ ૨૯મી મે, ૨૦૧૫ પત્રથી નોંધણી રદની દરખાસ્ત.

(૨) જનરલ મેનેજર, ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., સયાજીગંજ, બરોડાના જાવક નંબર : (લોન) ૧૫૮૯, તારીખ ૨જી જૂન, ૨૦૧૫ના પત્રથી નોંધણી રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૫.

હુકમ

જાવક નંબર ફડચ/૦૧/ગ-૧/૮૩/૨૦૧૫.– ધી ઘોડા ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. ઘોડા, તા. સંખેડા, જિલ્લો છોટાઉદેપુરની નોંધણી ક્રમાંક : સે-૩૧૨૭, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૬૬થી નોંધણી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ-૧૩૦૯૯/ઘ-૨/૧૯૧/૨૦૦૨, તારીખ ૨૮થી ફેબ્રુઆરી, ૨૦૦૨ થી મંડળીને ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી, સરવૈયુ ''શૂન્ય'' થયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા દરખાસ્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૧), (૨) થી મોકલી આપેલ છે, જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે અને આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

છોટાઉદેપુર, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) શ્રી ફડચા અધિકારી, ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., સંખેડા શાખાના જાવક નંબર : ૧૦૩૧, તારીખ ૨૯મી મે, ૨૦૧૫ પત્રથી નોંધણી રદની દરખાસ્ત.

(૨) જનરલ મેનેજર, ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., સયાજીગંજ, બરોડાના જાવક નંબર : (લોન) ૧૫૮૯, તારીખ ૨જી જૂન, ૨૦૧૫ના પત્રથી નોંધણી રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૫.

હુકમ

જાવક નંબર ફડચ/૦૧/ગ-૧/૮૪/૨૦૧૫.– ધી વટવટીયા ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. વટવટીયા, તા. સંખેડા, જિલ્લો છોટાઉદેપુરની નોંધણી ક્રમાંક : સે-૨૯૫૬, તારીખ ૪થી જૂન, ૧૯૬૫થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ-૧૫૨૨૫/ઘ-૨/૪૮/૨૦૦૪, તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૪ થી મંડળીને ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી, સરવૈયુ ‘‘શૂન્ય’’ થયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા દરખાસ્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૧), (૨) થી મોકલી આપેલ છે, જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે અને આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

છોટાઉદેપુર, તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫.

એ. એન. સંગાડા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, છોટાઉદેપુર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) ધી બલૈયા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., બલૈયા, તા. ફતેપુરા, જિ. સંતરામપુરની તારીખ ૨૭મી જૂન, ૨૦૧૩ની ખાસ સાધારણ સભાનો ઠરાવ નં. ૪(૧).

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુરનો પત્ર જા.નં./તા.પં./ સહકાર/વશી/૪, તારીખ ૨૭મી મે, ૨૦૧૫.

(૩) ધી પંચમહાલ ડીસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેંક લી., ગોધરાનો પત્ર નં. : એસએસડી/૬૦/૨૪, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૪.

(૪) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગનો હુકમ નં. : જીએચકેએચ/૧૭૨/૮૧/સીએસએ/૪૯૭૮/૪૨૨૯, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૮૧.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૭ તથા નિયમ-૯.

(૬) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, દાહોદના હુકમ ક્રમાંક : જિ.પં./સહકાર/વશી/૫૦૯-૫૨૩/૨૦૧૪, તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૪.

(૭) જિલ્લા ખેત ઉત્પાદક સહકાર અને નાની સિંચાઈ સમિતીની તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ની બેઠકનો ઠરાવ.

પ્રસ્તાવના

નંબર જિ.પં./સહકાર/નધણ/ક/વશી/૩૮૮-૩૯૭/૨૦૧૫.– ધી બલૈયા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.પો. બલૈયા, તા. ફતેપુરા, જિ. દાહોદ, જેનો નોંધણી નં. ૨૫૯૨૬, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૫૮ થી થયેલ છે. તે ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ (કે જેનો હવે પછી સહકારી કાયદા તરીકે ઉલ્લેખ કરેલ છે.)ની કલમ-૧૭ની તથા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૫ (કે જેનો હવે પછી સહકારી નિયમો તરીકે ઉલ્લેખ કરેલ છે)ના નિયમ-૯ હેઠળ વિભાજન કરવા તારીખ ૨૭મી જૂન, ૨૦૧૩ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૪(૧) થી તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુરએ સંદર્ભ-૨ માં જણાવેલ પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે. જે અન્વયે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૫ (કે જેનો હવે પછી સહકારી નિયમો તરીકે ઉલ્લેખ કરેલ છે)ના નિયમ-૯ હેઠળ નવિન લેમ્પસ મંડળીની નોંધણી કરવા ઠરાવેલ છે. જેનું નામ,

(૧) ધી મોટા શરણૈયા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.પો. મોટા શરણૈયા, તા. સંતરામપુર, જિ. મહીસાગર.

તે મુજબ આમુખ-૩ થી વંચાણે લીધેલ ધી પંચમહાલ ડીસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેંક લી., ગોધરાનો પત્ર નં. : એસએસડી/૬૦/૨૪, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૧૪ થી સદર મંડળીના વિભાજન માટે સંમતિ આપવામાં આવેલ છે. આમુખ-૬ હેઠળના જિલ્લા ખેત ઉત્પાદક સહકાર અને નાની સિંચાઈ સમિતીની તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ની બેઠકના ઠરાવથી નવિન લેમ્પસ મંડળી તરીકે નોંધણી કરવા ઠરાવેલ છે.

આમુખ-૬ માં જણાવ્યા મુજબની વિગતે ધી બલૈયા મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.પો. બલૈયા, તા. ફતેપુરા, જિ. દાહોદના કુલ-૧૨ ગામોનો સમાવેશ થયેલ હતો. તે મુજબ (૧) બલૈયા, (૨) ભાટમુવાડી, (૩) ગવાડુંગરા, (૪) બારીયાની હથોડ, (૫) નાના શરણૈયા, (૬) નેશ, (૭) નિંદકાપુર્વ, (૮) ટાઢીગોળી, (૯) મોટા શરણૈયા, (૧૦) મોલારા, (૧૧) બાબરોલ, (૧૨) બબરાઈ ગામોનો સમાવેશ થયેલ હતો. તે મુજબ દાહોદ જિલ્લાના ૮ (આઠ) ગામો મુજબની લેમ્પસ મંડળીની નોંધણી ચાલુ રાખી તેમાંથી ૪ (ચાર) ગામો (૧) મોટા શરણૈયા, (૨) મોલારા, (૩) બાબરોલ, (૪) બબરાઈ ગામોનો સમાવેશ તા. સંતરામપુર, જિ. મહીસાગરમાં સમાવેશ થાય છે. તે મુજબ આમુખ-૬ માં જણાવ્યા મુજબની વિગતે જિલ્લાના વિભાજન પ્રમાણે નવિન મંડળીની નોંધણી કરવાની થાય છે. તે મુજબ નવિન લેમ્પસ મંડળી તરીકે (૧) ધી મોટા શરણૈયા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.પો. મોટા શરણૈયા, તા. સંતરામપુર, જિ. મહીસાગર તરીકે નોંધણી કરવાની થાય છે.

હુકમ

ધી બલૈયા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., તા. સંતરામપુરનું ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૧૭(૨) તથા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૫ના નિયમ-૯ હેઠળ જિલ્લાના વિભાજન પ્રમાણેના ગામો પ્રમાણે

INDEX

નવિન લેમ્પસ મંડળી તરીકે (૧) ધી મોટા શરણૈયા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.પો. મોટા શરણૈયા, તા. સંતરામપુર, જિ. મહીસાગર તરીકે જેનો નોંધણી નંબર : સે/૩૭૧૨૨/૧૫/તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ થી નોંધણી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :

(૧) નવી નોંધાયેલ મંડળીએ ધી મોટા શરણૈયા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું.પો. મોટા શરણૈયા, તા. સંતરામપુર, જિ. મહીસાગર તરીકે કાર્યક્ષેત્રના ગામો મુજબ કામગીરી કરવાની રહેશે.

(૨) મુળ મંડળી એટલે કે, ધી બલૈયા લેમ્પસ તરીકેના તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ના રોજના સરવૈયામાં જણાવ્યા મુજબ દેવાં-લેણાં મુજબ જમા બાકી-ઉધાર બાકીઓ મુજબ યાદીઓ તૈયાર કરી બંને મંડળીઓના રોજમેળમાં હવાલા પાડવાના રહેશે.

(૩) નવી નોંધણી થનાર સહકારી મંડળીઓના કર્મચારીઓના પગાર ધોરણ મંડળી જ્યાં સુધી નફામાં ન આવે ત્યાં સુધી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (પંચાયત), લુણાવાડા, જિ. મહીસાગરની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય સુધારી શકાય નહીં.

(૪) નવી નોંધવામાં આવેલ સહકારી મંડળીઓના મંજૂર થયેલ પેટા નિયમોની પ્રથમ સાધારણ સભામાં બહાલી મેળવી તેની અત્રેને જાણ કરવાની રહેશે તેમજ તેની પ્રથમ સાધારણ સભા ત્રણ માસમાં મેળવી તેમાં વિસ્તરણ અધિકારી, સહકારી, તાલુકા પંચાયત કચેરી, સંતરામપુરને અધિકૃત કરવામાં આવે છે. તેઓની અનુમતિ મેળવી પ્રથમ સાધારણ સભા બોલાવી તેની કાર્યવાહીની નોંધની નકલ અત્રે મોકલવાની રહેશે.

(૫) વિભાજનના હુકમની તારીખ સુધીના મૂડી-દેવાં તથા મિલ્કત લ્હેણાંની ફાળવણી કરવાની રહેશે.

(૬) મંડળીના વિભાજન થયા મુજબ બીજા મહેકમની હાલ પુરતી નિમણૂંક કરવાની રહેશે નહિં.

(૭) મંડળીના પગારદાર કર્મચારીઓના પગાર / ગ્રેજ્યુઈટીના નિયમો મુજબનો અમલ મંડળીની વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ કરી તેનો અમલ કરવાનો રહેશે.

આ હુકમનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

ગોધરા, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

પી. એચ. પરમાર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત,
પંચમહાલ-ગોધરા.

વંચાણે લીધા :-

(૧) કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૩૧/૨૦૧૫, તારીખ ૨૯મી મે, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઇ જવા સારૂં કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૮૪૩૭/૪૬૦/૨૦૧૫.– શ્રી શિવ શકિત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. ઉંઝા, તા. ઉંઝા, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ધ-૧૦૧૦૧, તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૮૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-(૧) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઇ જવા સારું વચાગળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાના આદેશ સામે વાંધા સૂચન હોય તો, રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી, જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદ્દેદારો તરફથી લેખિત/રૂબરૂમાં કોઇ વાંધા સૂચન મળેલ ન હોઇ, સદરહુ મંડળીને આમુખ-(૩) થી મળેલ સત્તાની રૂઇએ તારીખ ૨૯મી મે, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

હું, એસ. આર. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ), મહેસાણા, મને મળેલ સત્તાની રૂઈએ, શ્રી શિવ શકિત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. ઉંઝા, તા. ઉંઝા, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરવાની રહે છે.

મહેસાણા, તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) સબ-ઓડિટર, સહકારી મંડળીઓ, વિજાપુરના તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૧૭૪/૨૦૧૫ થી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૨૭/૨૦૧૫, તારીખ ૨૧મી મે, ૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

INDEX

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૪૬૧/૨૦૧૫.–ધી નાયક નગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. વસાઇ, તા. વિજાપુર, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ધ-૧૬૬૪૪, તારીખ ૮મી નવેમ્બર, ૧૯૭૬ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોકત આમુખ (૧)માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ, સબ ઓડીટર, સહકારી મંડળી, મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તારીખ ૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઇ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ (૧) માં જણાવેલ વિગતે તારીખ ૧લી મે, ૨૦૧૫ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ (૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને તારીખ ૨૧મી મે, ૨૦૧૫ થી BY RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદા નં. (૧) થી (૪)માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી અને કોઇ પ્રત્યુત્તર આપેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

(૧) મંડળીએ સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૧૨ સુધીના દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી.

(૨) મંડળીએ સને ૨૦૦૬-૦૭ના વર્ષથી મંડળીની સાધારણ સભા મળેલ નથી.

(૩) મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોની સને ૨૦૦૬-૦૭ થી એકપણ બેઠક મળેલ નથી.

(૪) મંડળીમાં તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના અંતે એકત્રિત નુકસાન/ખોટ ₹ ૧,૩૬,૪૮૭/૮૬ રહેવા પામેલ છે. જે નુકસાન સને ૨૦૦૪-૦૫ પહેલાની છે, જે સરભર કરવા સભાસદો પાસેથી વહીવટી ફાળાનું ધોરણ નક્કી કરી વસૂલાત કરેલ નથી.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર હાજર ન રહી મંડળીને ફડચામાં લઇ જવાબ રજુ કરેલ ન હોઇ, મંડળીને ફડચામાં લઈ જવી મુનાસીફ હોવાથી પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી નાયક નગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. વસાઇ, તા. વિજાપુર, જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧, આધિન નોંધણી નં. : ૬૬૪૪, તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૬થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૬૬/૨૦૧૫, તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઇ જવા સારું કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૮૪૩૬/૪૬૩/૨૦૧૫.– શ્રી આકાશ ગંગા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. કડી, તા. કડી, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ધ-૧૬૫૧૨, તારીખ ૨૦મી જુલાઇ, ૧૯૯૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-(૧) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઇ જવા સારું વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાના આદેશ સામે વાંધા સૂચન હોય તો, રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી, જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદ્દેદારો તરફથી લેખિત/રૂબરૂમાં કોઇ વાંધા સૂચન મળેલ ન હોઇ, સદરહુ મંડળીના આમુખ-(૩) થી મળેલ સત્તાની રૂઇએ તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

હું, એસ. આર. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ) મહેસાણા, મને મળેલ સત્તાની રૂઇએ, શ્રી આકાશ ગંગા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. કડી, તા. કડી, જિ. મહેસાણા ને

INDEX

ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરવાની રહે છે.

મહેસાણા, તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ન.જ.-૧) મહેસાણાના તારીખ ૧લી મે, ૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૯૪/૨૦૧૫ થી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ થયેલ વહીવટી ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૨૮/૨૦૧૫, તારીખ ૨૧મી મે, ૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૪૬૪/૨૦૧૫.–ધી સાગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. કડી, તા. કડી, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ધ-૮૯૪૮, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૮૧ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોકત આમુખ (૧)માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ન.જ.-૧) મહેસાણાને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તારીખ ૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઇ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઇ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તારીખ ૧લી મે, ૨૦૧૫ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ-(૨) માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને તારીખ ૨૧મી મે, ૨૦૧૫ થી BY RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદા નં. (૧) થી (૭)માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી અને કોઇ પ્રત્યુત્તર આપેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા ચાર વર્ષના ઓડિટ મેમાની ખામીઓની દુરસ્તી કરી તેનો દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી, જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૨) મંડળીએ સને ૨૦૧૨-૧૩ના વર્ષની વાર્ષિક સાધારણ સભા ભરેલ નથી, જેથી સહકારી કાયદાની કલમ-૭૭ નો ભંગ કરેલ છે.

(૩) મંડળીના વ્યવસ્થાપક કમિટીની મીટીંગો પેટા નિયમની જોગવાઇ મુજબ બોલાવેલ નથી, આમ પેટા નિયમની જોગવાઇઓનો ભંગ કરેલ છે.

(૪) મંડળીએ નામદાર સરકારશ્રીનું કે અન્ય કોઇ બેંક કે સંસ્થાનું કોઇપણ લેણું ચુકવવાનું બાકી નથી.

(૫) મંડળીમાં તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ અંતિત એકત્રિત ખોટ ₹ ૧૩,૮૪૪.૩૭/- છે. જે ખોટ નિવારવા માટે મંડળી તરફથી કોઇ નક્કર પગલાં ભરવામાં આવેલ નથી.

(૬) માનનીય રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૨૧મી જુલાઇ, ૨૦૦૮ના પરિપત્ર અન્વયે મંડળીના સભાસદોના મકાનોના ધરતીકંપ, વાવાઝોડા, પૂર, આગ વિગેરે પ્રકારની કુદરતી આપત્તિઓની સામે રક્ષણ મેળવવા સારૂં સરકાર માન્ય આર્કિટેકટ દ્વારા સ્ટ્રકચલ ઓડીટ કરાવવું ફરજીયાત હોવા છતાં આ અંગે મંડળી તરફથી કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૭) મંડળી તદન સ્થગિત છે. મંડળીના કાર્યવાહોને મંડળી ચલાવવા માટે રસ હોય તેમ જણાતું નથી. તેમજ મંડળી સ્થગિત ઓડીટ કરવા માટે ઘણી મુશ્કેલીઓ પડે છે.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર હાજર રહી જવાબ રજુ કરેલ ન હોઇ, મંડળીને ફડચામાં લઈ જવી મુનાસીફ હોવાથી પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી સાગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. કડી, જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧, આધિન નોંધણી ક્રમાંક ઘ : ૮૯૪૮, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૮૧થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
મહેસાણા.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સા’’/૮૩૪૦/૨૦૧૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, રચનાનગર કો. ઓપરેટીવ હાઉસીંગ (સર્વીસ) સોસાયટી લી., મર્યાદિત સ્થળ ભરૂચ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

એન. કે. ભાભોર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
ભરૂચ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’(બ)/૪૨૩૭૦/૨૦૧૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શિવ શક્તિ બચત અને ધિરાણ સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ભરૂચ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૨૫મી જૂન, ૨૦૧૫.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’(પ)/૪૨૩૭૧/૨૦૧૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, રાજશ્રી પોલીફીલ એમ્પ્લોઇઝ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ કો. ઓપરેટીવ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ ઉમલ્લા, તાલુકો ઝઘડીયા, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’(દુધ)/૪૨૩૭૩/૨૦૧૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મોરવગા મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ વેડચ, તાલુકો જંબુસર, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘ઉ’’(મ)/૧૫૩૭૦/૨૦૧૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી દિવ્યજ્યોત મજુર કામદાર સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ આમોદ, તાલુકો આમોદ, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૭૩૨/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ટાઇટેનીયમ પ્રહલાદનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વેજલપુર, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૩૩/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સિલ્વર-૩૪ (વસ્ત્રાલ) કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૬મી જૂન, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૩૮/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આશીર્વાદ ઉપવન કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ :- નરોડા, તાલુકો:- અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને.

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૩૯/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સંવાદ સોનેટ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ ત્રાગડ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૪૦/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સમૃદ્ધ ગ્રીન કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૪૧/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સોહમવિલા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ન્યુ ચાંદખેડા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૭૪૨/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી અંબિકા કોમર્શિયલ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. સઈજપુર-ગોપાલપુર, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૮૯૨/ઝ/૪૪૬/૧૫૮૫/૨૦૧૪.—આથી જાહેર કરે છે કે : વાસ્તુ ડીસ્કવરી કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. મું. પો. અલથાણ, તા. સુરત સીટી (ચોર્યાસી), ટી.પી. સ્કીમ નં. - ૩૭, સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૪.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
સુરત.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, JULY 30, 2015 / SRAVANA 8, 1937 [No. 31

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1179-1200
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	31
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	61
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2961-2973

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ-૨/૩૭૨/૧૫૯૪/૨૦૧૫.- અમદાવાદ શહેર પોલીસ મુ. મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ્ટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે. પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરી જગ્યા પર વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોય સદર જણાવેલ હદમાં રહેતાં પ્રજાજનો તથા ઢોર-ઢાંખરની સલામતી સારુ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ કલમ-૩૭(૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટ્ટની આજુ બાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫થી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ સુધી સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી સદર બટ્ટની આજુ બાજુના રહીશો તેમજ બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમિયાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવો નહીં.

રીવોલ્વર પ્રેકટીસનો સમય સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

INDEX

મેં, આજરોજ તારીખ ૧૪મી જુલાઇ, ૨૦૧૫ના રોજ સહી સિક્કા કર્યા છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./હથિ.બંધી./જાહેરનામું/૨૫૯૧/૨૦૧૫.-વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ગૌરીવ્રત, દેવપોઢી (ફુગ્ગા અગિયારસ), દશામા વ્રત, ૧૫મી ઓગસ્ટ (રાષ્ટ્રીય તહેવાર), પતેતી પારસી લોકોનું નવું વર્ષ, રક્ષાબંધન, જન્માષ્ટમી તથા ગણેશ ચતુર્થી જેવા ધાર્મિક તહેવારો આવી રહ્યા છે. તેમજ જુદી-જુદી શોભાયાત્રાઓ તથા અન્ય રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલની આંતકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહિત વાતાવરણ રાખવા તથા ખાનગી સુરક્ષા એજન્સીના માણસો પરવાનાવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ પરવાનાવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યોમાંથી આખા ભારતના પરવાના મેળવી વડોદરામાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. પરવાનાવાળા હથિયારો સાથે કરેલ ગુનાઓમાં કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી ખાનગી સુરક્ષા એજન્સીના માણસો જાહેર જગ્યામાં પરવાનાવાળા હથિયારો લઈને ફરે નહિ તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર તથા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું;

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવાની, હવામાં ફાયર કરવાની, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવાની;

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવાની;

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની;

(૬) વ્યક્તિઓના પૂતળા બાળવા/લટકાવવાની/પૂતળાને ફાંસી આપવાની;

(૭) ખાનગી સુરક્ષા એજન્સીના સંચાલક અને કર્મચારી પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યામાં જઈ શકશે નહિ;

(૮) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

: અમલવારીનો પીરિયડ અને વિસ્તાર :

આ હુકમનો અમલ તારીખ ૨૨ મી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ પર હોય તેમને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦ માહે જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./ચાર કરતા વધુ/જાહેરનામું/૨૫૯૨/૨૦૧૫.-વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ગૌરીવ્રત, દેવપોઢી (ફુગ્ગા અગિયારસ), દશામા વ્રત, ૧૫મી ઓગસ્ટ (રાષ્ટ્રીય તહેવાર), પતેતી પારસી લોકોનું નવું વર્ષ, રક્ષાબંધન, જન્માષ્ટમી તથા ગણેશ ચતુર્થી જેવા ધાર્મિક તહેવારો આવી રહ્યા છે. તેમજ જુદી-જુદી શોભાયાત્રાઓ તથા અન્ય રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલની આંતકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહિ થવા ઉપર અને કોઇ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

ચાર કરતા વધારે માણસો ભેગા નહિ થવા ઉપર અને કોઇ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર.

: અમલવારીનો પીરિયડ અને વિસ્તાર :

આ હુકમનો અમલ તારીખ ૨૨ મી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: અપવાદ :

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦ માહે જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઇ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા, શહેર, વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૭૮/૨૦૧૫.–ભૂતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટાપાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ. જે અંતર્ગત ગુજરાત સરકારના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક વિ-૧/ક.અ.વ./૧૦૨૦૧૩/૧૯૧૫૪, તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૩થી આપેલ સૂચનાનુસાર અને અને ભૂતકાળના બનાવો જેવા કે, સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા સુરત શહેરની સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

સુરત શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની મોટી સંખ્યામાં અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખૂંવારી ન થાય અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

હુકમ

જેથી, હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

સુરત શહેરના સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ ATM સેન્ટરો, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા મોબાઈલ ટાવર તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો / ઉપભોક્તાઓ / વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીક્યુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુક્ત કરવાના રહેશે. તથા પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા લગાવવાની તથા સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે. અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવો.

(૫) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૬) રિશેપ્શન કાઉન્ટર લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૭) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર CCTV કેમેરા સહિતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૮) મોલની અંદર દાખલ થતા વાહનો(મોટરસાયકલ/ફોરવ્હીકલ) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યકિતઓનું ચેકીંગ પણ સંપૂર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૯) મોલની માલિકી બદલાતી રહેતી હોય છે. આથી જ્યારે જ્યારે મોલની માલિકી બદલાય ત્યારે નવા તેમજ માલિકી ફેર બદલી અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીને કરવાની રહેશે. ઉપરાંત મોલમાં આવતા સામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે, મોલમાં કોઇ કાયદાની પ્રતિબંધિત માલસામાન, સ્ફોટક પદાર્થો આવી જતા નથી તેનું નિરીક્ષણ થવું પણ જરૂરી છે. જે અંગેની કાળજી અને જરૂરી વ્યવસ્થા સંચાલકોએ કરવાની રહેશે.

(૧૦) મોલમાં મોલ માલિકના ખર્ચે ખાનગી સિકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સિકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઇએ આ અંગે તાલીમબધ્ધ થયેલ હોવા જોઇએ. મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યકિતઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપૂર્ણપણે મોલના માલિકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ મોલના ચેકીગં સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

: અમલવારીનો સમય :

આ હુકમનો અમલ તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ કરવાની રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/ ૭૯ /૨૦૧૫.– સુરત શહેરમાં વિદ્યાર્થીનીઓ ટ્યુશન કલાસીસમાં અભ્યાસ કરવા માટે જાય છે. આ વખતે ટ્યુશન કલાસીસમાં જતી વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ છેડતી તથા ગંભીર પ્રકારના ગુનાઓ બનતાં હોવાનું જણાય આવેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર પ્રકારનાં બનતાં બનાવોના કારણે જાહેર શાંતિ અને સલામતી જોખમાય નહિ તે હેતુસર જાહેરહિતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ચાલતાં શૈક્ષણિક ટ્યુશન કલાસીસ ઉપર અમુક પ્રકારનાં નિયંત્રણો મૂકવા જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ ટ્યુશન કલાસીસના સંચાલકો/માલિકોઓએ ટ્યુશનની જગ્યાએ અંદરના ભાગે તથા બહારના ભાગે રોડ સુધી કવર થાય તે રીતે તેમજ વિદ્યાર્થીનીઓ તથા અવર જવર કરતાં તમામ માણસોનાં ચહેરા સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવી રીતે સારી ગુણવત્તાવાળા અને વધુ રેન્જના સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ આ કેમેરાઓનું રેકોર્ડીંગ ૩૦-દિવસ સુધી સંગ્રહ કરવાનું રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા ૨૪ કલાક સતત ચાલુ રહે તે જોવાની જવાબદારી સંચાલક/માલીકની રહેશે. હયાત તમામ ટ્યુશન કલાસીસનાં સંચાલકોએ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાના સાત(૭) દિવસમાં જાહેરનામા મુજબની કાર્યવાહી કરવાની રહેશે અને નવા શરૂ થતાં કલાસીસનાં સંચાલકોએ આ વ્યવસ્થા કર્યા બાદ જ કલાસ શરૂ કરવાના રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) ટ્યુશન કલાસીસની જગ્યાની અંદરના તથા બહારના ભાગનાં રોડનું સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતાં અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામનાં ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) ટ્યુશન કલાસના વાહન પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવા.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમયગાળો

આ હુકમનો અમલ તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./મહિલા મજુર/જાહેરનામું/૮૦/૨૦૧૫.–તાજેતરમાં વાપી જિલ્લા-વલસાડ ખાતે બાંધકામો હેઠળના ઈમારતમાં સુતેલા ૨-મહિલા મજુરો ઉપર બળાત્કારના બનાવ બનવા પામેલ છે. સદર ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે, બળાત્કારના ભોગ બનનાર ૨-મહિલાઓ અને અન્ય મજુરોને સંબંધિત મજૂર ઠેકેદાર (Labour Contractor) દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવેલ ન હતા. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજુરો અને તેઓના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બની શકે તેવી સંભાવના રહે છે, જેથી માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને જરૂરી સુવિધા સાથેના રહેણાંક મળી રહે અને તેઓની સુરક્ષા જળવાઈ રહે તે માટે આયોજન કરવું જરૂરી જણાય છે.

હુકમ

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સીઆરપીસી) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ચાલતા માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, પત્થરની ખાણ (Quarry), ખાણ (Mines) વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરોને સંબંધિત મજુર ઠેકેદાર (Labour Contractor) દ્વારા પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેની રહેણાંક ઉપલબ્ધ કરવા ફરજીયાત રહેશે. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો શિક્ષા પાત્ર ગુનો બનશે. આ જાહેરનામાં પ્રસિધ્ધિની તારીખથી દિન-૭ માં ઉપરોકત સવલતો ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ કામકાજ શરૂ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

BY PRINCIPAL DISTRICT JUDGE,

Read : (1) This Office Notification No. ADM-143/2015, dated 22-01-2015.

(2) This Office Circular No. Adm-19/5/2015, dated 20-03-2015.

(3) Hon'ble High Court letter No. A. 1204/2012, dated 9-5-2012 regarding discontinuance of vacation concession from the year 2012.

(4) This Office letter No. 924/2015, dated 22-05-2015.

(5) Orders granting the Summer Vacation to the Judicial Officers Working in this Kheda District.

Notification

No. ADM/1202 of 2015.– The following Judicial Officers were allowed to enjoy vacation for the period shown in Col. No. (3) and prevented for the period shown in Col. No. (5), during the Summer Vacation for 30 days from 16th May, 2015 to 14th June, 2015, both days inclusive, under the provision of the Para-50(2)(b) of Chapter-V of G.C.S. (Leaves) Rules, 2002 and in light of Hon'ble High Court letter dated 9th May, 2012, cited in the preamble at Sr. No. (4).

Sr. No.	Name and Designation of the Judicial Officers	Period for which vacation enjoyed from to	Days	Period for which vacation prevented from to	Days
1	2	3	4	5	6
1.	Mr. M. P. Patel, Principal Senior Civil Judge, Nadiad	16-05-2015 to 14-06-2015 **[NOT PREVANTED]**	30	----	00
2.	Mr. J. N. Vyas, Chief Judicial Magistrate, Nadiad		--	16-05-2015 to 14-06-2015	30
3.	Mr. H. A. Shah, 2nd Additional Senior Civil Judge and Additional C.J.M., Nadiad	01-06-2015 to 04-06-2015	04	16-05-2015 to 31-05-2015 & 05-06-2015 to 14-06-2015	26

INDEX

1	2	3	4	5	6
4.	Mr. G. R. Soni, 3RD Additional Senior Civil Judge and Additional C.J.M., Nadiad	25-05-2015 to 27-05-2015 & 04-06-2015 to 06-06-2015	03 03	16-05-2015 to 24-05-2015 & 28-05-2015 to 03-06-2015 & 07-06-2015 to 14-06-2015	24
5.	Mr. A. J. Kanani, 4TH Additional Senior Civil Judge and Additional C.J.M., Nadiad	23-05-2015 to 14-06-2015	23	16-05-2015 to 22-05-2015	07
6.	Mr. P. A. Patel, 5TH Additional Senior Civil Judge and Additional C.J.M., Nadiad	--	--	16-05-2015 to 14-06-2015	30
7.	Ms. M. J. Zala, 6TH Additional Senior Civil Judge and Additional C.J.M., Nadiad	11-06-2015 to 12-06-2015	02	16-05-2015 to 10-06-2015 & 13-06-2015 to 14-06-2015	28
8.	Mr. D. B. Joshi, Additional Civil Judge & J.M.F.C., Nadiad	----	----	16-05-2015 to 14-06-2015	30
9.	Mr. A. S. Patel, 2nd Additional Civil Judge & J.M.F.C., Nadiad	17-05-2015 & 23-05-2015 to 31-05-2015	01 09	16-05-2015 & 18-05-2015 to 22-05-2015 & 01-06-2015 to 14-06-2015	20
10.	Mr. P. S. Sindhi, 3rd Additional Civil Judge and J.M.F.C., Nadiad	23-05-2015 to 24-05-2015	02	16-05-2015 to 22-05-2015 & 25-05-2015 to 14-06-2015	28
11.	Mr. M. U. Furmani, 4TH Additional Civil Judge and J.M.F.C., Nadiad	31-05-2015 to 05-06-2015	06	16-05-2015 to 30-05-2015 & 06-06-2015 to 14-06-2015	24
12.	Mr. B. M. Gadhiya, 5TH (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Nadiad	23-05-2015 to 24-05-2015	02	16-05-2015 to 22-05-2015 & 25-05-2015 to 14-06-2015	28
13.	Mr. J. B. Purohit, 6TH (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Nadiad	----	----	16-05-2015 to 14-06-2015	30
14.	Mr. H. T. Dholkiya, 7TH (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Nadiad	17-05-2015 & 23-05-2015 to 24-05-2015	01 02	16-05-2015 & 18-05-2015 to 22-05-2015 & 25-05-2015 to 14-06-2015	27
15.	Ms. C. P. Joshi, 8TH (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Nadiad	28-05-2015 to 14-06-2015	18	16-05-2015 to 27-05-2015	12
16.	Mr. Aatmadeep Sharma, 9TH (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Nadiad	27-05-2015 to 05-06-2015	10	16-05-2015 to 26-05-2015 & 06-06-2015 to 14-06-2015	20
17.	Mr. S. P. Dave, 10TH (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Nadiad	23-05-2015 to 24-05-2015	02	16-05-2015 to 22-05-2015 & 25-05-2015 to 14-06-2015	28
18.	Mr. K. A. Patel, Principal Civil Judge and J.M.F.C., Mahemdavad.	----	--	16-05-2015 to 14-06-2015	30
19.	Mr. M. Y. Vyas, Additional Civil Judge and J.M.F.C., Mahemdavad.	16-05-2015 to 24-05-2015	09	25-05-2015 to 14-06-2015	21

1	2	3	4	5	6
20.	Mrs. K. S. Khanna, Principal Civil Judge and J.M.F.C., Matar.	24-05-2015 to 30-05-2015	07	16-05-2015 to 23-05-2015 & 31-05-2015 to 14-06-2015	23
21.	Mr. A. P. Goswami, Additional Civil Judge and J.M.F.C., Matar.	07-06-2015 to 12-06-2015	06	16-05-2015 to 06-06-2015 & 13-06-2015 to 14-06-2015	24
22.	Mr. A. H. Hirani, 2ND (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Matar.	----	----	16-05-2015 to 14-06-2015	30
23.	Mr. A. A. Runza, Principal Civil Judge and J.M.F.C., Kheda Taken his charge on 18-05-2015 B.O.Hs, as Principal Civil Judge & J.M.F.C., Kheda.	---	--	18-05-2015 to 14-06-2015	28
24.	Mr. A. G. Oza, Principal Civil Judge and J.M.F.C., Dakor	16-05-2015 to 17-05-2015	02	18-05-2015 to 14-06-2015	28
25.	Mr. A. K. Singh, (Ad-hoc) Civil Judge and J.M.F.C., Dakor.	16-05-2015	01	17-05-2015 to 14-06-2015	29
26.	Mr. B. R. Solanki, Principal Civil Judge and J.M.F.C., Thasra.	----	----	16-05-2015 to 14-06-2015	30
27.	Mr. D. M. Champaneriya, (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Thasra	17-05-2015	01	16-05-2015 and 18-05-2015 to 14-06-2015	29
28.	Mr. B. H. Gandhi, Principal Civil Judge and J.M.F.C., Balasinor.	07-06-2015 to 12-06-2015	06	16-05-2015 to 06-06-2015 and 13-06-2015 to 14-06-2015	24
29.	Mr. N. P. Patel, (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Balasinor.	23-05-2015 to 24-05-2015	02	16-05-2015 to 22-05-2015 and 25-05-2015 to 14-06-2015	28
30.	Mr. D. M. Singhal, 2nd (Ad-hoc) Additional Civil Judge and J.M.F.C., Balasinor.	23-05-2015 to 24-05-2015	02	16-05-2015 to 22-05-2015 and 25-05-2015 to 14-06-2015	28
31.	Mr. A. K. Mavalankar, Principal Civil Judge and J.M.F.C., Kapadwanj.	03-06-2015 to 12-06-2015	10	16-05-2015 to 02-06-2015 & 13-06-2015 to 14-06-2015	20
32.	Mr. R. M. Dhodi, Additional Civil Judge and J.M.F.C., Kapadwanj.	----	--	16-05-2015 to 14-06-2015	30
33.	Mr. D. V. Savaliya, 2nd (Ad-hoc) Civil Judge and J.M.F.C., Kapadwanj.	----	---	16-05-2015 to 14-06-2015	30
34.	Mr. D. J. Rajput, Principal Civil Judge and J.M.F.C., Kathlal.	----	--	16-05-2015 to 14-06-2015	30
35.	Mr. B. V. Sanchaniya, Princial Civil Judge and J.M.F.C., Mahudha	23-05-2015 to 26-05-2015	04	16-05-2015 to 22-05-2015 & 27-05-2015 to 14-06-2015	26

Kheda-Nadiad, 10th July, 2015.

M. P. SHETH,
Principal District Judge,
Kheda at Nadiad.

INDEX

Read :

(1) Government resolution, Social Justice & Empowermment Dept. Sachivalaya, Gandhinagar No. G/L/16/JJA/1597/2425/836(01)/CHH.I, Dated 9th August, 2001.

(2) Hon'ble Gujarat High Court Letter No. C. 1801/ 2001, dated. 12-09-2001.

(3) District Court Godhra Notification No. B/Adm/997/2015, dated 18-05-2015.

(4) Hon'ble Gujarat High Notification No. A.0705(II)/2015[36], dated 07-05-15.

Notification

No. B/ADM/383/2015.–In View of the Hon'ble High Court Notification, the Principal District Judge, Godhra, has been nominated **Mr. H. N. Trivedi**, 2nd Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Godhra as the Chairman of Juvenile Justice Board, Godhra, for the area comprising whole of Panchmahals & Mahisagar District U/s. 4 of the Juvenile Justice (Care & Protection) Act, 2000.

The Chairman, Juvenile Justice Board & 2nd Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Godhra is directed to hold the sitting of Juvenile Court, once in a week i.e. on every Thursday for full day, instead of Saturday, with immediate effect.

Panchmahals Godhra, 14th July, 2015.

HITEN G. BHATT,
Principal District Judge,
Panchmahals at Godhra.

Read :-

(1) Government of Gujarat, legal Department Notification No. GK/16/2014/SPJ/102012/UOR-5/D, dated 3rd June, 2014, received vide Hon'ble High Court, Letter No. A.1255/2013, dated 13-06-2014.

(2) This Office Notification No. ADM/SPL-134/47 of 2015, dated 05-01-2015.

Notification

No. Adm. Spl-134/2487 of 2015.– As per Government of Gujarat, Legal Department, Notification cited in preamble , the Court of First Additional Sessions Judge of each district at the headquarter in the State of Gujarat to be a Children's Court; following order is passed with effect from 16th May, 2015 B.O.H.

The Undersigned is pleased to specify the Court of Additional District Judge and Additional Sessions Judge Vadodara, to be a Children's Court for the purpose of speedy trial of the offences against children or of the violation of child rights arising from the jurisdiction of Vadodara, Judicial District.

Vadodara, 15th July, 2015.

S. V. PINTO,
Principal District Judge,
Vadodara.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ ની પેટા-કલમ (૧) (બ) હેઠળનો નિયમ.

નં. ઈસી/ટ્રાફીક/જાહેરનામું/૭૧૮-૭૨૩/૨૦૧૫.- મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માની) કલમ ૩૩ની પેટા-કલમ (૧) (બ) હેઠળ મળેલ સત્તાની રૂએ, મોજે. મહુવડ તા.પાદરા જી ગંભીરા-મહુવડ રસ્તા ઉપર મહીસાગર નદીના પુલનું સમારકામ હાથ ધરવાનું હોવાથી મહુવડ રસ્તા ઉપરથી મહીસાગર નદીના પુલનો રસ્તો તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૧૫, તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૫, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫ તથા તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫ના રોજ સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી અથવા કામ પુર્ણ ન થાય ત્યાં સુધી પુલ ઉપરથી પસાર થતા જતા આવતા વાહનોને નીચે જણાવ્યા મુજબ વૈકલ્પીક રસ્તાઓનું ડાયવર્ઝન આપવા જાહેરનામું તાત્કાલિક પ્રસિધ્ધ કરવું જરૂરી છે.

હું અવંતિકા સિંઘ, જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માંની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે ઉક્ત સમારકામ માટે

(૧) જંબુસરથી પુલ ઉપર થઇને ગંભીરા બોરસદ તરફ જતાં વાહનો મહુવડ-પાદરા-સમીયાલા-ભીમપુરા થઈને સીધરોટ-ઉમેટા-કીખલોડ-બોરસદ રસ્તા ઉપર થઈને જશે.

(૨) બોરસદથી ગંભીરા થઈને મહુવડ-જંબુસર તરફ આવતા વાહનો બોરસદ-કીખલોડ-ઉમેટા-સીધરોટ થઈને ભીમપુરા-સમીયાલા-પાદરા-મહુવડ રસ્તા ઉપર થઈને જશે.

આજરોજ તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ -૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક ઈસી/એમએજી/વશી/૨૮૨૫/૨૦૧૫.- અત્રેના વડોદરા ગ્રામ્ય જિલ્લામાં નાના મોટા અંદાજિત ૧૪૮ જેટલા ફાર્મહાઉસ આવેલા છે. આ ફાર્મ હાઉસના ઉપયોગો વિવિધ પ્રકારના છે. જેમ કે, ફાર્મ હાઉસના માલિક તેમના સગા વ્હાલા, સ્નેહીજનો અને મિત્રો વિગેરે નાગરીકો ખાસ કરીને શનિવાર, રવિવાર કે જાહેર રજાના દિવસોમાં ફાર્મ હાઉસ ઉપર જઇ રમતગમત, ખાણીપીણી તથા મનોરંજનના કાર્યક્રમો ઉજવતા હોય છે. વધુમાં ઘણા ફાર્મહાઉસનો ઉપયોગ ભાડેથી આપવામાં આવે છે. જેમાં બર્થ ડે, સગાઇ, લગ્નપ્રસંગ, મ્યુઝીકલ નાઇટ, રેવ પાટી, રાસ ગરબા, સેમીનાર, મીટીંગ, વિવિધ પ્રકારની એનીવર્સરી, શૈક્ષણિક સેમીનાર અને મનોરંજનના કાર્યક્રમો વિગેરે અવારનવાર યોજાતા હોય છે.

ફાર્મહાઉસ પરના ઉપરક્ત વિવિધ કાર્યક્રમોમાં બહોળી સંખ્યામાં બાળકો, યુવાનો, યુવતીઓ, મહિલાઓ, પુરૂષો અને અબાલ વૃધ્ધ મહદ અંશે ભાગ લેતા હોય છે. તેવા સંજોગોમાં આ ફાર્મ હાઉસ પરના ઉપરોક્ત કાર્યક્રમો દરમ્યાન ગુનાહિત માનસ ધરાવતા અમુક ઈસમો તકનો લાભ લઈ મહિલા અત્યાચાર સંબંધી જેવા કે, છેડતી, જાતીય સતામણી, ટીખળી કે

INDEX

બળાત્કાર જેવા ગંભીર ગુનાઓ આચરતા હોય છે. તદઉપરાંત આ સિવાય શરીર સબંધી, મિલકત સબંધી અને આતંકવાદી પ્રવૃત્તિઓને લગતા ગંભીર ગુનાઓ બનતા હોય છે.

દિન-દહાડે ફાર્મ હાઉસની સંખ્યામાં ઉતરોતર વધારો થતો જોવા મળે છે અને આ પ્રકારના ફાર્મ હાઉસમાં ઉપરોક્ત મુજબના ગુનાઓ ભુતકાળમાં બનતા પોલીસ દફતરે નોંધાયેલ છે. અને ફાર્મ હાઉસ પરના ગુનાઓ બન્યા બાદ તેની ખુબ જ માઠી અસર સામાજિક વ્યવહારોમાં અનુભવવામાં આવે છે.

આથી વડોદરા ગ્રામ્ય જિલ્લામાં આવેલ ફાર્મ હાઉસ પર આવતા જતા ઇસમો, નાગરીકો અને તેઓ દ્વારા વાપરવામાં આવતા વાહનો-ગાડીઓના નંબરો સ્પષ્ટ રીતે વંચાય તેમજ આવેલ વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ જોઇ શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઇ શકે તેવા હાઇ ડેફીનેશનના સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા તેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તે અત્યંત જરૂરી જણાય છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઇ. એ. એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ ફાર્મ હાઉસ પર આવતા જતા ઇસમો, નાગરીકો અને તેઓ દ્વારા વાપરવામાં આવતા વાહનો-ગાડીઓના નંબરો સ્પષ્ટ રીતે વંચાય તેમજ આવેલ વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ જોઇ શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઇ શકે તેવા હાઇ ડેફીનેશનના સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા તેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તે રીતે રાખવા આથી ફાર્મ હાઉસના માલિકોને વ્યવસ્થા ગોઠવવા આથી ફરમાવું છું.

આ હુકમ તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭ માહે જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

અવંતિકા સિંઘ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૨૦૧/૧૫, તા. ૧૧-૦૫-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૨૮૦૧ થી ૨૮૧૬/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદીઓ/અસામાજિક તત્ત્વો નર્મદા જિલ્લાના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

હાલમાં બજારમાં મોબાઇલ ફોન તથા સીમકાર્ડ માન્ય પુરાવાની તથા ખરીદનાર વ્યકિતની ઓળખના દસ્તાવેજોની બરાબર ચકાસણી કર્યા વગર વેચાણ કરવામાં આવે છે. નર્મદા જિલ્લામાં મોબાઇલ ફોન અને સીમકાર્ડનું લે-વેચ મોટા પ્રમાણમાં થાય છે. બોગસ દસ્તાવેજોથી સીમકાર્ડ મેળવી તે સીમકાર્ડના આધારે ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતીય સતામણી કરવાના વગેરે કિસ્સાઓને અંજામ આપતા હોય છે. જેથી મોબાઇલ ફોન અને સીમકાર્ડની લે-વેચ કરતાં દુકાનદારો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં જુના-નવા મોબાઇલની લે-વેચ કરતા અને સીમકાર્ડનું વેચાણ કરતા દુકાનદારોએ લે-વેચ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપાવની રહેશે.

નવા-જુના મોબાઇલ ખરીદતા-વેચતા વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઇલની વિગત/કંપની	IMEI નંબર	મોબાઇલ ફોન વેચનાર/ખરીદનારના નામ સરનામાંની વિગત તથા ફોટો	આઇ.ડી. પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/કંપની	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ સરનામાંની વિગત	આઇ.ડી. પ્રૂફની વિગત	સીમકાર્ડ ખરીદનારનો ફોટો તથા ટેલીફોન નંબર	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૨૦૨/૨૦૧૫, તા. ૧૧-૦૫-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૨૮૧૭ થી ૨૮૩૧/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો નર્મદા જિલ્લામાં નવા-જુના સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલ, બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલ વગેરે બોગસ નામથી ખરીદતા હોય છે. જેના ઉપયોગ દ્વારા જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

હાલમાં આતંકવાદીઓ/ત્રાસવાદી તત્ત્વો આતંકવાદી પ્રવૃતિઓને અંજામ આપવા માટે ચોરી કરીને અથવા જુની ખરીદી કરીને સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરોનુ અલગ-અલગ રીતના ઉપયોગ કરી આતંકવાદી કૃત્યોને અંજામ આપે છે. તેમજ બેટરીથી ચાલતા સાયકલ/સ્કુટર જેમાં આરટીઓનો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો દ્વારા આતંકવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલ, બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલનુ ખરીદ વેચાણ કરતા વેપારીઓ ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરો અને બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલની લે-વેચ કરતા વેપારીઓને નીચે મુજબના નિયમોનુ પાલન કરવાનુ રહેશે.

૧. વિદેશી નાગરિકને વાહનની લે-વેચ કરતી વખતે તેઓના પાસપોર્ટ, વીઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્શીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૨. અજાણ્યા વિદેશી નાગરિકોને વાહનની લે-વેચ કરવી નહીં.

૩. કોઈપણ વ્યક્તિની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

૪. જિલ્લામાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલ, બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ ખરીદનારના નામ સરનામાં ફોટો અને આઇ.ડી. પ્રુફની નકલ મેળવી પોતાના રેકર્ડમાં રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૨૦૪/૧૫, તા. ૧૧-૦૫-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૨૮૩૨ થી ૨૮૪૭/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો નર્મદા જિલ્લાના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામાં સાથે	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૨૦૦/૧૫, તા. ૧૧-૦૫-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૨૮૪૮ થી ૨૮૫૩/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવા નીચેની વિગતે આવશ્યકતા જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ની અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરંટ, બેકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ રાખવા જણાવવામાં આવે છે.

૧. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધવા માટે હાઇવે ઉપરના પેટ્રોલ પંપ ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અથવા ગુન્હામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ થઇ શકે, ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને તેટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જીલ્લાના હાઇવે ઉપર આવેલ તમામ પેટ્રોલ પંપ ઉપરના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. પેટ્રોલ પંપ ઉપર આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૨. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરંટ, બેકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ ઉપર સી.સી.ટીવી કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અને ગુન્હામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ થઇ શકે. ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને એટલું જ નહી ગુન્હેગારની વિરૂદ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય, જેથી જીલ્લામાં આવેલ તમામ હોટલના ભોજન કક્ષ તથા હોટલની બાજુ માં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજન કક્ષમાં બેઠેલી વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. હોટલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૩. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે હાઇવે ઉપરના ટોલપ્લાઝા ઉપર સી.સી. ટીવી કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન)વીથ રેર્કોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અથવા ગુન્હામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ થઇ શકે, ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને તેટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જીલ્લાના હાઇવે ઉપર આવેલ તમામ ટોલપ્લાઝા ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. ટોલ પ્લાઝા ઉપર આવતા જતા દરેક વાહનોના નંબર આઇડેન્ટીફાઇ થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૪. સી.સી.ટીવી કેમેરા નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશનના રાખવા. કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યક્તિ કે વાહન આઇડેન્ટીફાઇ થઇ શકે. સી.સી.ટીવી કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવી કવોલીટીના રાખવા. ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરવામાં આવે તો ઇ.પી.કો. કલમ ૧૮૮ હેઠળ કોગ્નીઝેબલ અને સજાપાત્ર ગુન્હો બને.

આ હુકમ તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :- (૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર નં. એસઓજી/૨૦૩/૨૦૧૫, તા. ૧૧-૦૫-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૨૮૫૪ થી ૨૮૭૦/૨૦૧૫.—પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

INDEX

(૧) હોટલ લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતના આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીત લેવી.

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્શીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરિકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૫) વિદેશી વીઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલિફોન નંબર સહિત નક્કર પુરાવા મેળવવા.

(૬) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

(૭) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતાં મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સંદિપકુમાર સાગલે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી મુજબનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૫૨૪૫ થી ૫૨૫૫/૨૦૧૫.- ભરૂચ શહેરમાં તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૧૫નાં રોજ અષાઢી બીજ નિમિત્તે ફુરજા રોડ, ભરૂચ ખાતે આવેલ ભગવાન જગન્નાથજીના મંદિરથી નીકળી મોટા ચાર રસ્તા, કતોપોર દરવાજા, વડાપાડા, ચોકસીવાડ, લાલબજાર, જુનાબજાર, લલ્લુભાઈ ચકલા, જુના બજાર ચકલા, નવાડેરા, હાજીખાના બજાર ત્રણ રસ્તા, સોનેરી મહેલ, મોટા ભોઈવાડ, નાના ભોઈવાડ થઈ ભોઈપંચની વાડીમાં વિસર્જન થનાર છે. સદર રથયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. જેથી જાહેર જનતાની સલામતી માટે ઉપરોક્ત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૧૫નાં ૨૪-૦૦ કલાકથી તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૧૫નાં ૨૪-૦૦ કલાક સુધી નીચેના રૂટનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રાખવા ફરમાવું છું. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈ ફરતા હશે તેને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર :

(૧) **વડાપાડાથી મોટા ચાર રસ્તા સુધી.**

સદર રસ્તો બંધ થતા ટ્રાફીક લાલબજાર ચોકી સામેથી ફાટાતળાવ ગાંધીબજાર નાં રસ્તે થઈને જશે.

(૨) **હાજીખાના બજાર ત્રણ રસ્તાથી ચકલા તરફ જતો રસ્તો.**

સદર રસ્તો બંધ થતા હાજીખાના ત્રણ રસ્તાથી બળેલી ખો અથવા સોનેરી મહેલના રસ્તે થઈને જશે.

(૩) **ચોકસીવાડ અને વડાપાડામાં થઈને જતો રસ્તો.**

સદર રસ્તો બંધ થતા વાહન વ્યવહાર ડૉ. બબરઅલીના દવાખાનાથી પાયોનીયર હાઈસ્કૂલ તરફ થઈને જશે.

(૪) **રથયાત્રા હાજીખાના ત્રણ રસ્તેથી સોનેરીમહેલ તરફ જવા રવાના થાય ત્યારે...**

સોનેરી મહેલથી હાજીખાના તરફ જતો ટ્રાફીક રતન તળાવવાળા રસ્તે થઈને જશે.

આ હુકમનુ ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજરોજ તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી મુજબનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૫૨૫૯ થી ૫૨૬૫/૨૦૧૫.- ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેરમાં તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૧૫નાં રોજ અષાઢી બીજ નિમિત્તે હરીદર્શન સોસાયટી, જુના દીવા રોડ પર આવેલ ભગવાન જગન્નાથજીનાં મંદિરથી નીકળી જલારામ મંદિર, ભરૂચી નાકા, જ્યોતિ ટોકીઝ, આઈસ ફેકટરી સેલાર વાડ, ચૌટા નાકા, ચૌટા બજાર, હનુમાન

INDEX

ડેરી, પોલીસ સ્ટેશન જોષીયા ફળીયા, પંચાટી વડ, સાંઇ મંદિર, ભરૂચી નાકા, રમણ મૂળજીની વાડી થઇ પરત જગન્નાથજી મંદિર ખાતે આવી હરીદર્શન સોસાયટી ખાતે વિસર્જન થનાર છે. સદર રથયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. જેથી જાહેર જનતાની સલામતી માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા છે.

વાસ્તે હું બી. જી. પ્રજાપતિ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેરમાં નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૧૫નાં ૦૮-૦૦ કલાકથી તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૧૫નાં ૨૦-૦૦ કલાક સુધી નીચેના રૂટનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રાખવા ફરમાવું છું. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈ ફરતા હશે તેને બંધનકર્તા રહેશે નહિ.

નીચે મુજબનો રસ્તો વાહનો માટે બંધ રહેશે.

(૧) એશિયાડ નગરથી ચૌટાનાકા સુધી.

(૨) ચૌટા બજારથી ભરૂચ નાકા સુધીનો રસ્તો.

નીચે મુજબનો રસ્તાને ડાયવર્ટ થશે.

(૧) સુરત-હાંસોટ તરફથી અંકલેશ્વર તરફ આવતા મોટા વાહનો સાહોલથી કીમ ને.હા. નં. ૮ તરફ ડાયવર્ટ થશે.

(૨) અંકલેશ્વર થી હાંસોટ - સુરત તરફ જતા મોટા વાહનો મહાવીર જકાતનાકા અંકલેશ્વર જી.આઇ.ડી.સી.થી ને.હા. નં. ૮ તરફ ડાયવર્ટ થશે.

(૩) અન્ય વાહનો એશીયાડ નગરથી સર્વોદય સોસાયટી, કસ્બાતીવાડ, ગુ.હા. બોર્ડ, આદર્શ સ્કુલ પીરામણ નાકા તરફ ડાયવર્ટ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલા ભરવામાં આવશે.

આજરોજ તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમ.એસ.જી./ગણેશ ઉત્સવ/૧૪૪/વશી/૬૩૧૦/૨૦૧૫.—ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. અને મૂર્તિઓનું વિસર્જન સરઘસ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ નિકળનાર છે. સ્થાપના થયા તારીખથી વિસર્જનની તારીખનાં દિવસો દરમ્યાન ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. આ મહોત્સવ અગાઉ મૂર્તિકારો તરફથી મૂર્તિઓના કદ બાબતે ઉંચાઈનું યોગ્ય ધોરણ જળવાઈ રહે અને વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન સરઘસનું ટ્રાફીક સરળતાથી ચાલુ રહે, કાયદો-વ્યવસ્થાનાં પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ મૂર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાય નહી, તેમજ ધાર્મિક લાગણી ના દુભાય. તદ્ઉપરાંત મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી ના દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની રાખવામાં ના આવે. આ બાબતોને ધ્યાને રાખી સુરત જિલ્લા (ગ્રામ્ય)ની જનતામાં સુલેહ શાંતી અને સલામતી રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્ત, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, આથી, ફરમાવું છુ કે, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના સમગ્ર સુરત (રૂરલ) વિસ્તારમાં તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ના સમયગાળા દરમ્યાન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ મુકવા આથી હુકમ કરૂં છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિતની ઉંચાઈ ''૯'' ફુટ કરતાં વધારે ઉંચાઈની બનાવવા, વેચવા તથા સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર (માટીની મૂર્તિઓનું વિસર્જન દરિયા, નદી, તળાવ સહિતના કુદરતી જળ સ્ત્રોતમાં કરવાનું રહેશે.

(૨) શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મૂર્તિ અને ફાયબરની મૂર્તિ બેઠક સહિતની ''૫'' ફુટ કરતા વધારે ઊંચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા અને દરિયા, નદી, તળાવ સહિતના કુદરતી જળ સ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર (પી.ઓ.પી.ની મૂર્તિ માટે તૈયાર કરવામાં આવતા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં વિસર્જન કરવાનું રહેશે.)

(૩) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે. તે જગ્યાની આજુ બાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા ઉપર.

(૪) શ્રી ગણેશજીની મૂર્તિઓનાં સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વધેલી તથા ખંડિત મૂર્તિઓને બીન વારસી હાલતમાં મુકવા ઉપર.

(૫) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા ઉપર.

(૬) ગણેશ વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર.

(૭) ફાયબરની મૂતિ વિસર્જનના દિવસે અથવા ત્યાર બાદ સરઘસના રૂપે બહાર કાઢવા ઉપર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજરોજ તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું.

નંબર એમએજી/પ્રાથમીકજાહેરનામું/વશી-૬૧૩૦ થી ૬૧૮૯/૨૦૧૫.-સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે નીચે જણાવ્યા પ્રમાણે બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો આ કામે લાગતા વળગતા ઇસમોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને સુચના આપવામાં આવે છે કે, સદરહુ જાહેરનામાનો મુસદ્દો ગુજરાત સરકારના સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખની ૩૦ દિવસ બાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત વિચારણામાં લેશે.

સદરહું મુસદા સંબંધમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતને સદર મુસદ્દો ગુજરાત સરકારના સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થવાની તારીખની ૩૦ દિવસની અંદર કોઇપણ ઇસમ તરફથી લેખિત વાંધાઓ અગર સુચનાઓ મળશે તો તે અંગેપણ વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામું

સુરત જિલ્લો ઔદ્યોગિક રીતે વિકસીત જિલ્લો છે. જેથી જિલ્લામાં રેલ્વે, માર્ગ, હાઇવે તથા નેશનલ હાઇવે મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. અત્રેના સુરત જિલ્લામાં આવેલ કામરેજ ટોલટેક્ષની આજુબાજુમાં નેશનલ હાઇવે નં. ૮ના બંને તરફ મોટી હોટલો આવેલ છે. જેના કારણે મોટા ભાગની ટ્રકો હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરવામાં આવે છે. પરંતુ આ સિવાય ઘણી બધી ટ્રકો ટોલનાકાની નજીક રાત્રીના સમયે રોડ ઉપર પાર્ક કરવામાં આવે છે. જેના કારણે અકસ્માત થવાની ઘટના બને છે. અને આ સિવાય ટોલનાકાની બંને તરફ ચા-પાણી-નાસ્તાની નાની નાની દુકાનો-કેબીનો ઉભી થઇ ગયેલ છે. જેના કારણે મોટા ભાગની ટ્રકો તેઓની સામે નેશનલ હાઇવે નં. ૮ ઉપર ટોલનાકા નજીક પાર્ક કરે છે. આ નેશનલ હાઇવે નં. ૮ ઉપર પાર્કીંગ થઇ રહેલ ટ્રકોના કારણે બંને તરફથી આવતા વાહન વ્યવહાર ઉપર સીધી અસર પડે છે. અને ટોલટેક્ષ ઉપર હંમેશા ટ્રાફીકજામ જેવી પરિસ્થિતિ સર્જાય છે. જેથી કામરેજ ટોલનાકાની આજુબાજુના બંને બાજુના ૧ કિ.મી.ના વિસ્તારમાં વાહનો/ટ્રકો પાર્ક ન કરવા તેમજ કોઇપણ પ્રકારની દુકાનો/કેબીનો ન રાખવી જરૂર જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અત્રેના સુરત જિલ્લામાં આવેલ કામરેજ ટોલનાકાની આજુબાજુમાં નેશનલ હાઇવે નં. ૮ના બંને તરફના ૧ કિ.મી.ના વિસ્તારમાં વાહનો/ટ્રકો પાર્ક કરવા નહી તેમજ કોઇપણ પ્રકારની દુકાનો/કેબીનો રાખવી નહી.

આ હુકમનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૧ની કલમ ૧૮૮ મુજબ ધોરણસર કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૩મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

સંયુક્ત વાણિજ્યિક વેરા કમિશનર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) વેપારીશ્રી મે. મેકકનફુડ ઈન્ડીયા પ્રા. લી. નો.નં. ૨૪૦૪૦૭૦૫૨૦૦ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૭૦૫૨૦૦ ખોવાયેલ ‘‘સી’’ ફોર્મની અરજી તા. ૨૦-૦૫-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, વર્તુળ-૮, મહેસાણાના પત્ર જા. ૨૮૬૮, તા. ૨૫-૦૬-૨૦૧૫.

(૩) કેન્દ્રીય વેચાણવેરા કાયદા-૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨(૨) મુજબ.

જાહેરનામું

(કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪-એ ના પેટા નિયમ-૭ અન્વયે)

ક્રમાંક સંવાવેક/વિ-૪/મહે/ધારાકીય ફોર્મ ૨૬/૨૦૧૪-૧૫/જા. ૯૭૮/૧૦૦૦/૨૦૧૫.-સહાયક વાણિજિયકવેરા કમિશનરશ્રી, ઘટક-૩૦, મહેસાણાના ક્ષેત્રાધિકારના વેપારીશ્રી મે.મેકકનફુડ ઈન્ડીયા પ્રા. લી. નો.નં. ૨૪૦૪૦૭૦૫૨૦૦ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૭૦૫૨૦૦ ધરાવે છે.

તેઓશ્રીને સંયુક્ત વાણિજિયકવેરા કમિશનરશ્રી, વિભાગ-૩, ગાંધીનગર દ્વારા મેન્યુઅલ આપવામાં આવેલ ‘‘સી’’ ફોર્મ નં. ૨૪-૭૬૪૬૮૨૯ પાના નંગ ૧ જે વેપારીશ્રી દ્વારા ખોવાઇ ગયેલ છે. જે અંગે વેપારીશ્રી તરફથી તા. ૨૦-૦૫-૨૦૧૫ના રોજ લેખિતમાં જાણ કરેલ છે. જેની સાથે ₹ ૧૦૦/-ના સ્ટેમ્પ ઉપર ફોર્મ-જી ઇન્ડમનીટી બોન્ડ રજુ કરેલ છે. ન્યુઝ પેપરમાં આપેલ જાહેરાતનું કટીંગ રજુ કરેલ છે. જે ચકાસણી કરતાં નીચેની વિગતનું ‘‘સી’’ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

INDEX

ક્રમ	વેપારીશ્રીનું નામ	ફોર્મનો પ્રકાર	ફોર્મની સંખ્યા	ફોર્મ નંબર	રદનું કારણ	કચેરી
૧	વેપારીશ્રી મે. મેકકનફુડ ઈન્ડીયા પ્રા. લી. નો.નં. ૨૪૦૪૦૭૦૫૨૦૦ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૭૦૫૨૦૦	''સી'' ફોર્મ	(૧) પાના	૨૪-૭૬૪૬૮૨૯	ખોવાઇ ગયેલ હોવાથી	સહાયક વાણિજિયકવેરા કમિશનરશ્રી, ઘટક-૩૦, મહેસાણા

આથી હું એમ.એફ. નગીનગર સંયુક્ત વાણિજિયકવેરા કમિશનર, વિભાગ-૪, મહેસાણા કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪-એ ના પેટા નિયમ-૭ અને કેન્દ્રિય વેચાણવેરા કાયદા ૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨(૨) મુજબ અન્વયે મળેલી સત્તાની રૂએ ઉક્ત દર્શાવેલ ફોર્મ્સ રદ બાતલ જાહેર કરૂ છું.

મહેસાણા, તારીખ ૧૪મી જુલાઇ, ૨૦૧૫.

એમ. એફ. નગીનગર,
સંયુક્ત વાણિજિયકવેરા કમિશનર,
વિભાગ-૪, મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણમાં લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૭-૩-૨૦૧૪ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/ફ-૧૮૭૦૨/૩૮૨/૨૦૧૪.

(૨) ફડચા અધિકારીશ્રી ધી ભાવિસણા સેવા સહકારી મંડળી લી., મું. ભાવિસણા, તા. પાલનપુર, જી. બનાસકાંઠાના તા. ૩૦-૧૦-૨૦૧૪ના પત્ર ક્રમાંક સ.અ/ફડચ/૦૧/ગ/૪૪૨/૨૦૧૪થી મળેલ અંતિમ અહેવાલ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અને કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

હુકમ

પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૩૬૨/સને ૨૦૧૫.–ધી ભાવિસણા સેવા સહકારી મંડળી લી. મું. ભાવિસણા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા કે જે જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૩૦મી મે, ૧૯૯૮ના નોંધણી ક્રમાંક ૩૦૦૧૫થી નોંધાયેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુરના આમુખ આમુખ-૧ના તા. ૭મી માર્ચ, ૨૦૧૪ના હુકમથી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવેલ હતો જે અન્વયે ફડચા અધિકારી એ આમુખ-૨ના તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૪ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત રજુ કરેલ છે જે ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે સાથોસાથ આજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ઉખસ/નધણ/એસઆરટી/સે(શ)-૪૩૨૯૪/ઝ/૩૮૦/૨૬૭૨/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, સંજીવની અર્બન કો.- ઓપ. ક્રેડીટ સોસાયટી લી., સ્થળ ૧૨, નવદુર્ગા નગર, નાના વરાછા, જિલ્લો સુરતને,

(સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૯મી જુલાઇ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

વંચાણમાં લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૧૮-૨-૨૦૧૪ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૫૬/ફ-૧૮૭૦૦/૨૦૧૪.

(૨) ફડચા અધિકારીશ્રી ધી બેંક ઓફ ઇન્ડીયાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મું. તા. પાલનપુર, જિ. બનાસકાંઠાના તા. ૨-૯-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૩૯૦/૨૦૧૪થી મળેલ અંતિમ અહેવાલ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અને કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

હુકમ

પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૩૬૩/સને ૨૦૧૫.–ધી બેંક ઓફ ઇન્ડીયાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મું. તા. પાલનપુર, જિ. બનાસકાંઠા કે જે જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૭૫ના નોંધણી ક્રમાંક ભં-૧૦૯૧૨થી નોંધાયેલ અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુરના આમુખ આમુખ-૧ના તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના હુકમથી સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવેલ હતો જે અન્વયે ફડચા અધિકારી એ આમુખ-૨ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત રજુ કરેલ છે જે ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે સાથોસાથ આજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૪૫/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વિકટોરીયા પોઇન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નરોડા, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૪૩/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શ્યામપૂજા-૩ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. મોટેરા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૪૬/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી નિર્વાણા હોમ્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. સોલા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૪મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(કો)-૮૭૪૭/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શંખેશ્વર ઇન્ડસ્ટ્રીયલ પાર્ક કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. વટવા, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(કો)-૮૭૪૮/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અવનિ આઇકોન કોમર્શિયલ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મું. નરોડા, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૪મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૪૪/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સિલ્વર પર્લ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ઘાટલોડીયા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર)
અમદાવાદ.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારીશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૧૧નાં જાહેરનામા ક્રમાંક ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય, ગાંધીનગર હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૯૬૫, તારીખ ૮મી જૂન, ૧૯૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૪.

(૫) અત્રેની કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૧૦૬ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫.

(૬) અત્રેની કચેરીનાં તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના પત્રો.

(૭) મંડળીની તા. ....ના રોજની રજૂઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૩૩૦/૨૦૧૫.–ધી રામાપીર હરીજન ખેતમજૂર કામદાર સહકારી મંડળી લી., મુ. વિસલપુર, તા. દસક્રોઇ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ઉ-૭૩૬૮ તારીખ ૨૫મી ડિસેમ્બર, ૧૯૭૭ છે. તેના આ કચેરીનાં વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૧૦૬ તારીખ ૫મી માર્ચ, ૨૦૧૫થી આટોપી લેવા આદેશ સામે મંડળીએ કોઇ વાંધો વિરોધ કે રજૂઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજૂ થયેલ નથી. આમ છતાં મંડળીએ સંદર્ભ-૬ના પત્રોથી ન્યાયના હિતમાં રજૂઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજૂ થયેલ નથી. ગુજરાત

INDEX

સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની મંડળી આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને પૂરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો કે વિરોધ કે રજૂઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉક્ત વિગતો જોતા મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, આઈ. એમ.પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (રૂરલ) અમદાવાદ, મને મળેલ સત્તાની રૂએ ધી રામાપીર હરીજન ખેતમજૂર કામદાર સહકારી મંડળી લી., મુ. વિસલપુર, તા. દસક્રોઇ જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ઉ-૭૩૬૮, તારીખ ૨૫મી ડિસેમ્બર, ૧૯૭૭ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબનાં કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા નં. ઘબ/ડી.ડી.સી./૭૨૮૬/બી., તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય અમદાવાદના, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૬૬ના હુકમ નં. એડી/એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી સદર કચેરીનો તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫નો અહેવાલ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૩૩૧/૨૦૧૫.-ધી ચામુંડા પિયત સહકારી મંડળી લી., મુ. વરમોર તા. માંડલ, જિ. અમદાવાદ કે, જેનો નોંધણી નંબર : ૪૧૨૨, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અન્યની કચેરીના હુકમ નં. ઉખસ/ફડચ/ગ-૩/૪૦૫૨/૨૦૦૮, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૮ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

આથી હું આઇ. એમ. પુરોહીત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, વંચાણે લીધા ક્રમાંક-૧ અને ૨ તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ધી ચામુંડા પિયત સહકારી મંડળી લી., મુ. વરમોર, તા. માંડલ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી નંબર : ૪૧૨૨, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂં છું.

અમદાવાદ, તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (રૂરલ),
અમદાવાદ.

ક્રમાંક નધણ/એઆરવી/સે(દૂ) ૪૨૪૪૭/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી ભાટકોટા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ ભાટકોટા, તાલુકો મેઘરજ, જિલ્લો અરવલ્લીને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

મોડાસા, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, અરવલ્લી,
મોડાસા.

ક્રમાંક નધણ/બીઆરસી/સે(દુધ)-૪૨૩૭૨/૨૦૧૫.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, લાલજીપુરા મહિલા સંચાલિત દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ પીલુદરા, તાલુકો જંબુસર, જિલ્લો ભરૂચને,

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી., તારીખ ૨૭મી મે, ૧૯૬૮.

INDEX

(૩) ચોથા વધારાના સબ ઓડિટર સહ. મંડળીઓ (રૂરલ) અમદાવાદનો તારીખ ૧૫મી જૂન, ૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫, તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૩૩૫/૨૦૧૫.–ઉપર દર્શાવેલ ક્રમાંક-૩થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી અશોકનગર મજૂર કામદાર સહકાર મંડળી લી., મું. અશોકનગર, તા. દેત્રોજ મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશ્યો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીનું તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૮૯ થી આજદિન સુધી ઓડીટ થયેલ નથી.

(૨) મંડળીની નોંધણી થયા બાદ ઘણા લાંબા સમયથી લગભગ ૨૫ વર્ષથી મંડળી ઉદ્દેશ મુજબની કામગીરી કરેલ નથી.

(૩) K.Y.C. ના અભાવે A.D.C. બેંક વિરમગામ તેમજ રીલીફ રોડ શાખાના બેંકના ખાતા બંધ થયેલ છે.

(૪) મંડળીનો ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૫) મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન કથળી ગયેલ છે. શેરભંડોળની બુક વેલ્યુ ''0'' થઇ ગયેલ છે.

(૬) ઓડીટ સમય દરમ્યાન મંત્રીશ્રીએ આપેલ રૂબરૂ નિવેદન મુજબ મંડળીના અગત્યના રેકર્ડ પૂરમાં નાશ પામેલ છે. મંડળી છેલ્લા ૨૫ વર્ષથી સ્થગિત છે, તેમજ મંડળીની તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૧૪થી વા.સા.સના ઠરાવ નં. ૪ થી મંડળીને આટોપી લેવા/નોંધણી રદ કરવા ઠરાવ કરેલ છે.

ઉપરના સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી, હું, આઇ. એમ. પુરોહીત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ, મને મળેલ અધિકારની રૂઈએ ધી અશોકનગર મજૂર કામદાર સહકાર મંડળી લી., મું. અશોકનગર, કે જેનો નોંધણી ક્રમાંક : ઉ. ૮૯૮૭, તારીખ ૩જી મે, ૧૯૮૨ છે તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂં છું અને આજ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. દેસાઇ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદની નિયુક્ત કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીનો જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો રજુઆત થશે નહીં. તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી., તારીખ ૨૭મી મે, ૧૯૬૮.

(૩) ધી અમદાવાદ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., અમદાવાદનો તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫, તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૩૩૬/૨૦૧૫.–ઉપર દર્શાવેલ ક્રમાંક-૩ થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી ન્યુ શિયાળ સેવા સહકારી મંડળી લી., મું. શિયાળ, તા. વિરમગામ મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશ્યો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીના કામકાજમાં કોઇ પ્રગતિ જણાતી નથી.

(૨) મંડળી પાસે તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ ₹ ૫૬૫.૩૫ લાખની લોન બાકી છે. જે પૈકી રકમ ₹ ૧૭૧.૩૮ લાખ મુદત વીતી બાકી છે. મંડળીને વસૂલ કરવાનું કરજ ₹ ૨૮૫.૬૧ લાખ છે.

(૩) મંડળીના તમામ ફંડોનું ધોવાણ થયેલ છે. મંડળીમાં ₹ ૪૩૨.૮૮ લાખની ખોટ છે.

(૪) ૨૦૦૭ માં વૈદ્યનાથન કમિટીની ભલામણ અનુસાર રકમ ₹ ૧૭૨.૨૪ લાખની સહાય મેળવેલ છે. તેમ છતાં મંડળી અર્થક્ષમ બની શકેલ નથી.

(૫) મંડળીના વહીવટદાર તરફથી મંડળીને ફડચામાં લઇ જવા માંગણી કરેલ છે.

ઉપરના સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

આથી, હું, આઇ. એમ. પુરોહીત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ, મને મળેલ અધિકારની રૂઈએ, ધી ન્યુ શિયાળ સેવા સહકારી મંડળી લી., મું. શિયાળ કે, જેનો નોંધણી ક્રમાંક : ૨૦૬૪૩, તારીખ ૧૯મી જૂન, ૧૯૮૭ છે તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂં છું અને આજ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકે શ્રી અમદાવાદ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળાઓ (રૂરલ), અમદાવાદની નિયુક્ત કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીનો જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો રજુઆત થશે નહીં. તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫.

આઇ. એમ. પુરોહીત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (રૂરલ),
અમદાવાદ.

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫થી નોંધણી રદ અંગેની રજુ કરેલ દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૩) નામ. ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૪૭૦/૪૭૭૧/૨૦૧૫.–ધી ગોપાલક પિયત સહકારી મંડળી લી., મું. વાઘરોડા, તા. કડી એ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધણી નંબર : ૩૦૯૬, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૧૭૬૧૬/ખ/૯૨૨/૨૦૦૯, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૯ થી મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, જે ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો), જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરી તરફથી તેઓશ્રીના વંચાણે લીધા ક્રમાંક (૧) થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા વંચાણે લીધા ક્રમાંક (૨) માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, વંચાણે લીધા ક્રમાંક (૩) થી મળેલ અધિકાર અન્વયે ધી ગોપાલક પિયત સહકારી મંડળી લી., મું. વાઘરોડા, તા. કડી, જિ. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. સદર હુકમની તારીખથી મંડળીનું વિર્સજન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૯મી જુલાઇ ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ન.જ. ૧)ના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૩ના પત્ર ક્રમાંક : અષણ/૧૨/૦૬/૨૦૧૫ થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૪૦૯/૨૦૧૫, તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫થી મંડળીની વ્યવસ્થાપક કમિટિ સભ્યોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઇ.

(૪) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/ એન.એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૪૮૧/૪૧૨૮/૨૦૧૫.– ધી ફતેહ દરવાજા સેવા સહકારી મંડળી લી., મું. તા. વિસનગર, જિ. મહેસાણા, એ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : સે. ૩૨૬૧૭, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ (૧)માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૪ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર, ગ્રેડ-૨ (ન.જ.-૧), સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧) માં જણાવેલ વિગતે તારીખ ૧૨મી જૂન, ૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે, ખાસ અહેવાલને આધિન આમુખ (૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૨૦મી જૂન, ૨૦૧૫ થી BY RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં-૧ થી ૯ માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૨જી જુલાઇ, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. મંડળીના હોદ્દેદારોએ રૂબરૂ હાજર રહી મંડળીને ફડચામાં નહિ લઇ જવા લેખિતમાં વિનંતી કરેલ છે, કારણ દર્શક નોટીસમાં જણાવેલ મુદ્દાઓની મંડળીના દફતરે વાસ્તવીક દુરસ્તી થયેલ જણાતી નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે, કોઇ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી

INDEX

સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો ન હોઇ, મંડળીને ફડચામાં લઇ જવી હિતાવહ હોઇ, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે યોગ્ય જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા બે વર્ષથી ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી. સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) સંસ્થાનું તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના અંતે શેર ભંડોળ ₹ ૧૪,૪૪૦/- રહેવા પામેલ છે. સંસ્થાને નોંધાયેલ ૧૫ વર્ષ જેટલો સમય થવા છતાં શેર ભંડોળમાં નહિંવત વધારો કરેલ છે, જેથી સંસ્થાની આર્થિક સ્થિતિ સધ્ધર ગણી શકાય તેમ નથી.

(૩) સંસ્થાની સ્થાપના તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧માં થયા બાદ સભાસદોને ખેતી વિષયક ટૂંકી/મધ્યમ મુદતનું ધિરાણ પુરું પાડવા માટે સહકારી બેન્ક સાથે જોડાઇ સભ્યપદ મેળવેલ નથી, જેથી સંસ્થા કોઇ લોન મેળવી શકતી નથી અને સભાસદોના હિતમાં ધિરાણપુરું પાડી શકતી નથી.

(૪) સંસ્થા છેલ્લા ૧૫ વર્ષથી મહેસાણા જિલ્લા સહકારી બેન્ક લી., ના સભાસદ બની શકેલ નથી અને ઘણા સમયથી સભાસદ શેર અનામત ખાતે ₹ ૫૦૦૦/- બેન્કમાં જમા રહેવા પામેલ છે, જેનું વ્યાજ પણ મળતું નથી, આ બાબતે વ્યવસ્થાપક કમિટીએ કોઇ જ કાર્યવાહી કરેલ નથી.

(૫) મંડળીએ સ્વિકારેલ પેટા નિયમના ઉદ્દેશ ૩ (૧ થી ૨૩) મુજબના મૂળભૂત મુખ્ય ઉદ્દેશ સભાસદોને ખેતી વિષયક ટૂંકી/મધ્યમ મુદતનું ધિરાણ પુરું પાડવાનો છે.

મંડળીએ સભાસદોને ધિરાણ બિલકુલ પુરુ પાડેલ નથી. અને ધિરાણ પ્રવૃત્તિ ઘણા સમયથી બંધ છે. મંડળીનો નોંધણી કરાવનો મુખ્ય આશય સબાસદોને ટૂંકી, મધ્યમ મુદતનું ધિરાણ પુરું પાડવું અને સભાસદોને તમામ સવલતો પુરી પાડવાની છે, જે આશય પરિપૂર્ણ થતો ન હોઇ, પેટા નિયમનો ભંગ થયેલ છે અને પેટા નિયમ મુજબ તેનો આશય બર આવતો ન હોઇ, મંડળીને ફડચામાં લઇ જવી જરૂરી છે.

(૬) મંડળીએ તા. ૩૧મી માર્ચ અંતિત એકત્રિત ખોટ ₹ ૪૨,૩૫૮-૮૦ કરેલ છે. હાલના સંજોગોમાં આ ખોટ સરભર કરવા માટે મંડળીની આર્થિક પરિસ્થિતિ નથી, માટે સભાસદોના હિત ખાતર પણ મંડળીને ફડચામાં લઇ જવી જરૂરી છે.

(૭) મંડળી હાલ રાસાયણિક ખાતરની પ્રવૃત્તિ કરે છે, પંરતુ મંડળીની આર્થિક સધ્ધરતા નબળી હોઇ અનામતો મેળવી વેપારી પ્રવૃત્તિ કરવામાં આવે છે, હાલ મંત્રીશ્રીની અનામત ₹ ૫૮,૪૫૫/- ચુકવવાના સરવૈયામાં ઉભા છે, જે ચુકવી શકાય તેમ નથી.

(૮) વૈધનાથન સમિતિની ભલામણો મુજબ મંડળીમાં ચોપડા કે હિસાબો નિભાવવામાં આવતા નથી.

(૯) મંડળીનો વહીવટ એક હથ્થું ચાલતો હોઇ, તેવું જણાય છે, લોકશાહી પધ્ધતિથી મંડળી ચાલતી નથી.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતું હોવાથી નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ફતેહ દરવાજા સેવા સહકારી મંડળી લી., મું. તા. વિસનગર, જિ. મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧, આધિન નોંધણી નં. : સે-૩૨૬૧૭, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૫મી જુલાઇ, ૨૦૧૫.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, AUGUST 6, 2015 / SRAVANA 15, 1937 [No. 32

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1201-1225	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	63
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	32	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2975-2986

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૫૦/૨૦૧૫.- અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હો બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યનાં ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગનાં તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ ફરમાવું છું;

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની;

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લોકો સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી માહે જુલાઇ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશેષ શાખા/એ સેકશન/ડ્રોન/૫૧/૨૦૧૫.-અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ વાઇટલ ઈન્સ્ટોલેશન, આર્મી કેન્ટોનમેન્ટ, વી.વી.આઇ.પી./વી.આઇ. પી. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલીત ડ્રોન અથવા એરીયલ મીસાઇલ જેવા સંસાધનો થી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્ત્વો ગેરલાભ લઇ અમદાવાદ શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શક્યતા નકારી શકાય નહી. આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આતંક ફેલાવી સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાયદા અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨ની) કલમ ૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂઇએ તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમદાવાદ શહેર વિસ્તારમાં રીમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરતા એરીયલ મીસાઇલ કે પારાગ્લાઇડર રીમોટ કંટ્રોલ માઇક્રોલાઇટ એરક્રાફટ ચલાવવાનો મનાઇ હુકમ કરૂ છુ.

પોલીસ ખાતાના રિમોટ કંટ્રોલ માઇક્રોલાઇટ એરક્રાફટને આ જાહેરનામામાંથી મુક્તિ આપુ છું.

આ હુકમ તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી માહે જુલાઇ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ક્રમાંક ગ/ઉપક/૫૨/૨૦૧૫.-તાજેતરમાં અમદાવાદ શહેરમાં હોટલમાં રોકાયેલ યુવક-યુવતીઓ અનુસંધાને અનિચ્છનિય બનાવ બનેલાનુ ધ્યાન ઉપર આવેલ છે. જે બનાવોની સમાજમાં ખુબજ ખરાબ અસર પડતી દેખાય છે. જેથી જાહેર સલામતી માટે તેમજ જે લોકો હોટલમાં રૂમ ભાડે રાખે છે. તેઓના હિત ખાતર અને સમાજમાં સારો સંદેશ પહોંચે તે હેતુથી હોટલમાં રૂમ લેનાર વ્યક્તિઓ ઉપર અંકુશ રાખવો જરૂરી છે.

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) ની જોગવાઇ હેઠળ સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવા અથવા રાખવા માટેના નિયમો અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર માટે

INDEX

પોલીસ કમિશનર અમદાવાદ શહેર દ્વારા જાહેરનામા ક્રમાંક ૬૨૦ તા. ૧૭-૬-૬૧થી ઘડવામાં આવ્યા છે. કચેરીના તા. ૧૯મી ડીસેમ્બર, ૨૦૦૩ના જાહેરનામાં ક્રમાંક ગ/ઉપક/૧૩૪/૦૩થી જાહેરનામાંના નિયમ ૨૬માં હોટલ/વીશીના માલીકે રાખેલ રજીસ્ટરમાં ગ્રાહકની વિગત નોંધવા પેટા કલમ (૧)(૨)(૩)(૪)નો ઉમેરો સંજોગોને ધ્યાનમાં લેતા ઉચીત જણાતા કરવામાં આવેલ હતો. જેમાં નીચે મુજબનો ઉમેરો કરવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) W અને Y થી મને મળેલ સત્તાની રૂએ સાર્વજનીક ખાનપાનની જગ્યા ખોલવા અથવા રાખવા માટેના નીયમો (જાહેરનામા ક્રમાંક ૬૨૦ તા. ૧૭-૬-૧૯૬૧) ના નીયમ ૨૬માં નીચે મુજબનો ઉમેરો કરવા જાહેરનામુ બહાર પાડું છું.

(૧) કોઈપણ હોટલ-ગેસ્ટ હાઉસ માલીક નક્કી કરેલ ભાડાથી ઓછું ભાડુ લઈ શકશે નહી.

(૨) કોઈપણ હોટલ કે ગેસ્ટ હાઉસના માલીક આવાસની સુવિધા મેળવનાર તમામના ફોટા સાથે આઈ.ડી.પ્રુફની નકલ લેવાની રહેશે.

(૩) હોટલમાં પ્રવેશ કરતા તથા પરત જતા ગ્રાહકોના ચહેરા C.C.TV માં સ્પષ્ટ આવે તે રીતે કેમેરા ઈન્સ્ટોલ કરવાના રહેશે.

(૪) ગેસ્ટ હાઉસ/હોટલ રજીસ્ટરમાં ચેક-ઈન તથા ચેક-આઉટની એન્ટ્રી આવાસની સુવિધા મેળવનારના હસ્તાક્ષરથી જ કરવાની રહેશે.

(૫) આવાસની સુવિધા મેળવનાર યુવક-યુવતી બેગ અને કોઈપણ સામાન (જેમાં સ્કુલ કે કોલેજ બેગનો સમાવેશ નહી થાય) વગર આવ્યા હોય અને તેઓ બે કલાક કે તેથી ઓછા સમયમાં રૂમ છોડે ત્યારે તેઓના નામ સરનામાં અને મોબાઈલ નંબર સાથે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૬) આ જાહેરનામામાં દર્શાવેલ તમામ નિયમો વાળુ બોર્ડ બનાવી તે હોટલમાં આવતા જતા ગ્રાહક સહેલાઈથી વાંચી શકે તે રીતે મુકવાનુ રહેશે.

આ જાહેરનામાંનો અમલ તારીખ ૨૫મી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર હોટલ/ગેસ્ટ હાઉસ/વીશીના માલીક/ભાગીદારો કે મેનેજર/રીટેનર/સહ કર્મચારી વિરૂધ્ધ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૨૪મી માહે જુલાઈ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Notification

No. ADM/10/854/2015.– The result of the Departmental Examinations for the members of staff of the Judicial department, held on July 06 and 07, 2015, in the District Court, Valsad is hereby declared as under :–

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION

1. The following examinee who appeared in all the paper is declared successful in the Higher Standard Departmental Examination.

   1. **Mr. H. N. Patel,**
   Assistant,
   District Court, Valsad.

2. The Following examinees who appeared Examination obtained in õone or more then one papers in previous attempts, are declared successful in the Higher Standard Departmental Examination.

   1. Mr. D. R. Patel, Assistant, Civil Court, Kaparda.

II

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION

3. The following examinee who appeared in all the paper is declared successful in the Lower Standard Departmental Examination.

1. Mrs. S. P. Patel, Assistant, District Court, Valsad.
2. Ms. B. R. Parekh, Assistant, District Court, Valsad.
3. Ms. V. D. Patel, Assistant, District Court, Valsad.
4. Ms. H. V. Pranami, Assistant, District Court, Valsad.
5. Ms. A. S. Mahedu, Assistant, District Court, Valsad.
6. Ms. A. J. Ramanuj, Assistant, District Court, Valsad.
7. Ms. Y. K. Modi, Assistant, District Court, Valsad.
8. Ms. S. K. Macwana, Assistant, Civil Court, Valsad.
9. Mr. N. D. Chauhan, Assistant, District Court, Valsad.
10. Ms. K. R. Dodiya, Assistant, District Court, Valsad.
11. Mr. R. R. Purohit, Assistant, District Court, Valsad.
12. Ms. M. V. Dulera, Assistant, Civil Court, Vapi.
13. Mr. B. G. Prajapati, Assistant, Civil Court, Vapi.
14. Mr. N. D. Vyas, Assistant, Civil Court, Vapi.
15. Mr. P. R. Patel, Assistant, Civil Court, Vapi.
16. Mr. G. V. Parmar, Assistant, Civil Court, Vapi.
17. Mr. M. D. Dodiya, Assistant, Civil Court, Vapi.
18. Mr. D. J. Thakor, Assistant, Civil Court, Vapi.
19. Mr. U. B. Chavda, Assistant, Civil Court, Vapi.
20. Mr. M. R. Vaghela, Assistant, Civil Court, Vapi.
21. Mr. U. R. Makwana, Assistant, Civil Court, Pardi.
22. Ms. G. N. Rana, Assistant, Civil Court, Valsad.
23. Ms. R. P. Atodariya, Assistant, Civil Court, Valsad.
24. Mr. M. G. Sindhav, Assistant, Civil Court, Valsad.
25. Mr. N. K. Dabhi, Assistant, Civil Court, Valsad.

4. The Following examinees appeared at the Lower Standard Departmental Examination are not succeeded, but as they have obtained 50 percent or more, of the total marks, in the papers shown against their names, are exempted from appearing for the same paper again.

Name		Paper No.
1.	Mr. G. B. Solanki	Typing Test
2.	Mr. U. D. Hadial	Typing Test
3.	Mr. D. G. Chavda	Typing Test
4.	Mr. S. M. Patel	Typing Test
5.	Mr. N. V. Makvana	Typing Test
6.	Mr. D. K. Prajapati	Typing Test

Name		Paper No.
7.	Mr. V. D. Darji	Typing Test
8.	Mr. O. B. Gohil	III
9.	Mr. V. D. Chavda	II & III
10.	Mr. R. S. Parikh	Typing Test
11.	Mr. R. K. Desai	II & Typing Test
12.	Mr. J. B. Jadav	III
13.	Mr. V. R. Karangiya	II & III
14.	Mr. V. K. Gohil	II & III
15.	Mr. K. B. Parmar	III
16.	Mr. C. A. Gohil	Typing Test
17.	Mr. P. N. Tarmata	III & Typing Test
18.	Mr. S. L. Rabari	III & Typing Test
19.	Mr. V. R. Dantani	II
20.	Mr. B. H. Madhu	II
21.	Mr. A. M. Parmar	II
22.	Mr. A. N. Kuhadia	Typing Test
23.	Mr. J. B. Panchal	Typing Test
24.	Mr. J. N. Loncha	Typing Test
25.	Mr. J. S. Vara	Typing Test
26.	Mr. S. R. Solanki	II & Typing Test
27.	Mr. S. A. Patel	Typing Test
32	60	Ms. P. D. Thakar	Principal Senior Civil Court, Bharuch.	I, II & III
33	61	Mr. H. P. Vaghela	Principal Civil Court, Hansot	I, II & III
34	62	Mr. V. D. Vala	Principal Civil Court, Jhagadia	I & II
35	63	Mr. R. R. Varu	4th Additional District Court, Ankleshwar	III
36	64	Mr. A. M. Vasava	Principal Civil Court, Valia	II
37	67	Mr. R. T. Zala	District Court, Bharuch.	I & II

Bharuch, 3rd August, 2015.

C. M. BHATT,
Principal District Judge,
Bharuch.

મુખ્ય જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક બી.-૭(૧)/૧૮૧૨/૨૦૧૫.-જિલ્લા અને સત્ર અદાલત, ભરૂચ તથા તેના તાબાની અદાલતોમાં કામ કરતા જુનીયર કલાર્કો (આસીસ્ટન્ટો) ની વર્ષ ૨૦૧૫ની ઉચ્ચ અને નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા જિલ્લા અદાલત સંકુલ, કલેકટર કચેરીની બાજુમાં, કણબીવગા, જિલ્લા અદાલત, ભરૂચ ખાતે તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ના સોમવાર તથા ૭મી જુલાઇ, ૨૦૧૫ના મંગળવારના રોજ લેવાઇ હતી. જેનું પરીણામ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

(૧)

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

(૧) એક પણ ઉમેદવાર ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં બેસેલ નથી.

(૨)

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા

(૧) નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં નીચે જણાવેલા પરીક્ષાર્થી પ્રથમવાર બધા પ્રશ્નપત્રોમાં બેઠા હતા તેઓને ઉત્તીર્ણ જાહેર કરવામાં આવે છે, તેઓના નામ નીચે મુજબ છે. આ પરીક્ષાર્થીઓના નામ તેઓની ગુણવત્તા પ્રમાણે ગોઠવવામાં આવેલા છે.

અ.નં.	બેઠક નંબર	જુનીયર કલાર્ક (આસીસ્ટન્ટ)નું નામ	હાલ કઇ કોર્ટમાં ફરજ બજાવે છે
૧	૨૮	કુ. આર. એન. કોટેચા	રેકર્ડ બ્રાન્ચ, જિલ્લા અદાલત, ભરૂચ
૨	૨૪	કુ. વી. બી. ગોસ્વામી	ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, ભરૂચ
૩	૯	કુ. એન. પી. દવે	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, ભરૂચ
૪	૩૪	શ્રી એસ. જે. પંડ્યા	પાંચમી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચ
૫	૧૬	શ્રી કે. એસ. ગઢવી	પાંચમી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, ભરૂચ

(૨) નીચે જણાવેલ પરીક્ષાર્થી કે જેઓ નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં બેઠા હતા અને તેઓએ તેમના અગાઉના પ્રયત્નોમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મુક્તિ મેળવેલ હતી, તેઓને નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ જાહેર કરવામાં આવે છે.

INDEX

અ.નં.	બેઠક નંબર	જુનીયર કલાર્ક (આસીસ્ટન્ટ)નું નામ	હાલ કઇ કોર્ટમાં ફરજ બજાવે છે
		- શૂન્ય -	

(૨)

(૩) નીચે જણાવેલ પરીક્ષાર્થીઓ કે જે નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હતા અને જે પરીક્ષામાં અનઉત્તીર્ણ થયેલ છે, પરંતુ કુલ ગુણમાંથી ૫૦ ટકા કે તેથી વધુ ગુણ તેઓના નામ સામે જણાવેલ પ્રશ્નપત્ર / પેપરમાં મેળવેલ છે. તેઓએ આ પ્રશ્નપત્રમાં ફરીથી ઉપસ્થિત રહેવામાંથી મુકિત આપવામાં આવે છે.

અ.નં.	બેઠક નંબર	જુનીયર કલાર્ક (આસીસ્ટન્ટ)નું નામ	હાલ કઇ કોર્ટમાં ફરજ બજાવે છે	પેપર નંબર
૧	૪	શ્રી. પી. જે. ચંડી	મુખ્ય સીનીયર સિવિલ કોર્ટ, ભરૂચ.	૨ અને ૩
૨	૫	શ્રી એ. એમ. ચાવડા	એડીશનલ સીવીલ કોર્ટ, ભરૂચ	૨ અને ૩
૩	૬	શ્રી ડી. ડી. ચાવડા	જિલ્લા અદાલત, ભરૂચ	૨ અને ૩
૪	૮	શ્રી એ. એ. ક્રિશ્ચિયન	બીજી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, અંકલેશ્વર	૨
૫	૧૦	શ્રી ડી. જી. દેવરા	બીજી એડીશનલ સીવીલ કોર્ટ, અંકલેશ્વર	૨
૬	૧૧	શ્રી બી. જે. દેસાઇ	જિલ્લા અદાલત, ભરૂચ	૨ અને ૩
૭	૧૨	શ્રી બી. પી. દેસાઇ	મુખ્ય સીવીલ કોર્ટ, ઝગડીયા	૨
૮	૧૮	શ્રી એમ. એ. ઘાંચી	જિલ્લા અદાલત, ભરૂચ	૨
૯	૧૯	શ્રી એમ. એ. ગીરાચ	જિલ્લા અદાલત ભરૂચ	૨
૧૦	૨૦	શ્રી પી. બી. ગોહેલ	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, ભરૂચ	૨
૧૧	૨૨	શ્રી જે. વી. ગોહીલ	૪થી એડીશનલ સીવીલ કોર્ટ, અંકલેશ્વર	૨
૧૨	૨૩	મીસ ટી. એ. ગોસ્વામી	બીજી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અંકલેશ્વર	૨
૧૩	૨૫	શ્રી એ. આર. જાડેજા	૪થી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ ભરૂચ	૨ અને ૩
૧૪	૨૬	મીસ એચ. બી. ખુમાણ	મુખ્ય સીવીલ કોર્ટ, ઝગડીયા	૨
૧૫	૨૭	શ્રી એ. એમ. કોટક	એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, અંકલેશ્વર	૨ અને ૩
૧૬	૩૦	શ્રી યુ. ડી. માળી	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, અંકલેશ્વર	૨
૧૭	૩૩	મીસ એમ. એમ. પંડ્યા	જિલ્લા અદાલત, ભરૂચ	૨
૧૮	૩૫	શ્રી આર. એ. પરીખ	જિલ્લા અદાલત, ભરૂચ	૨
૧૯	૩૯	શ્રી વી.જી. પરમાર	મુખ્ય સીવીલ કોર્ટ, જંબુસર	૨
૨૦	૪૧	શ્રી એ. જે. પટેલ	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, અંકલેશ્વર	૨
૨૧	૪૩	શ્રી પી. સી. રૈયાણી	૪થી એડીશનલ સીવીલ કોર્ટ, જંબુસર	૨
૨૨	૪૬	મીસ પી. પી. રાણા	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, ભરૂચ	૨
૨૩	૪૭	શ્રી પી. બી. રંગાણી	૩જી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અંકલેશ્વર	૨ અને ૩
૨૪	૪૮	મીસ આર. ડી. રાવ	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, ભરૂચ	૨ અને ૩
૨૫	૪૯	શ્રી એ. બી. રાઠોડ	જિલ્લા અદાલત, ભરૂચ	૨ અને ૩
૨૬	૫૩	શ્રી એસ. એ. શેખ	જિલ્લા અદાલત, ભરૂચ	૨
૨૭	૫૪	એ. ડી. સિયાતર	બીજી એડીશનલ સીવીલ કોર્ટ, ભરૂચ	૧ અને ૨
૨૮	૫૬	શ્રી ડી. વી. સોલંકી	ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, ભરૂચ	૧,૨ અને ૩
૨૯	૫૭	શ્રી એમ. એમ. સોલંકી	મુખ્ય સીવીલ કોર્ટ, વાલીયા	૧ અને ૨
૩૦	૫૮	મીસ આર. બી. સોલંકી	મુખ્ય સીવીલ કોર્ટ, ઝગડીયા	૩
૩૧	૫૯	શ્રી એ. કે. તંબોલીયા	૫મી એડીશનલ સીવીલ કોર્ટ, અંકલેશ્વર	૨

INDEX

અ.નં.	બેઠક નંબર	જુનીયર કલાર્ક (આસીસ્ટન્ટ)નું નામ	હાલ કઇ કોર્ટમાં ફરજ બજાવે છે	પેપર નંબર
૩૨	૬૦	મીસ પી. ડી. ઠાકર	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, ભરૂચ	૧, ૨ અને ૩
૩૩	૬૧	શ્રી એચ. પી. વાઘેલા	મુખ્ય સીવીલ કોર્ટ, હાંસોટ	૧, ૨ અને ૩
૩૪	૬૨	શ્રી વી. ડી. વાળા	મુખ્ય સીવીલ કોર્ટ, ઝઘડીયા	૧ અને ૨
૩૫	૬૩	શ્રી આર. આર. વરૂ	૪થી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અંકલેશ્વર	૩
૩૬	૬૪	શ્રી એ. એમ. વસાવા	મુખ્ય સીવીલ કોર્ટ, વાલીયા	૨
૩૭	૬૭	શ્રી આર. ટી. ઝાલા	જિલ્લા અદાલત, ભરૂચ	૧ અને ૨

ભરૂચ, તારીખ ૩જી ઓગષ્ટ, ૨૦૧૫.

સી. એમ. ભટ્ટ,
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
ભરૂચ.

જાહેરનામું

(૧) નંબર ૧૦ સને ૨૦૧૫.- તાપી વ્યારાની જિલ્લા અદાલત અને તાબાની અદાલતોમાં કામ કરતાં આસીસ્ટન્ટોની વર્ષ-૨૦૧૫માં લેવાયેલ ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેલા તે પૈકી નીચે જણાવેલ આસીસ્ટન્ટોને સદર પરીક્ષામાં ઉતીર્ણ થયેલાનું આથી જાહેર કરવામાં આવે છે.

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

અનુ. નં.	કર્મચારીનું નામ	કઇ કોર્ટ / કચેરીમાં કામ કરે છે.
૧	શ્રી એમ. એમ. પટેલ	જિલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારા
૨	શ્રીમતી કે. એસ. પટેલ	સીવીલ કોર્ટ, તાપી મુ. વ્યારા
૩	શ્રી જે. જી. પાડવી	જિલ્લા ન્યાયાલય, તાપી. મુ. વ્યારા
૪	શ્રી એસ. બી. ગામીત	સીવીલ કોર્ટ, નિઝર
૫	શ્રીમતી કે. પી. પટેલ	જિલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારા

(૨) નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા

કોઇપણ પરીક્ષાર્થી પરીક્ષામાં બેસેલ નથી.

ઉપર મુજબની જરૂરી નોંધ જે તે ઉમેદવારોની સેવાપોથીમાં કરવી.

વ્યારા, તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૧૫.

ગીતા ગોપી,
મુખ્ય જિલ્લા ન્યાયાધીશ,
તાપી મું. વ્યારા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર ડીસીબી/એમએજી/ધાર્મિક તહેવાર/લો એન્ડ ઓર્ડર/વશી-૭૬૬૧ થી ૭૬૭૭/૨૦૧૫.—નવસારી જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતાં ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન જુદા જુદા દેવી દેવતાઓની મુર્તિઓની સ્થાપના કરવામાં આવે છે અને સ્થાપના બાદ ધાર્મિક રીતી રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ મુર્તિઓની નદી, તળાવ તથા દરીયાના પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી / દેવતાઓની મુર્તિઓની બનાવટમાં પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવામાં આવે છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મુર્તિઓની બનાવટમાં કેમીકલ યુક્ત રંગોનો ઉપયોગ થાય છે. આવી મુર્તિઓને નદી, તળાવ તથા દરિયામાં વિસર્જન કરવામાં આવે છે જે (પી.ઓ.પી.) ની મુર્તિઓ પાણીમાં ભળવાથી પાણીમાં રહેતાં પાણીજન્ય જીવો, માછલીઓ વિગેરેનું મૃત્યુ થાય છે. જેના કારણે પાણી તથા પર્યાવરણને નુકશાન થાય છે.

જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવાના હેતુસર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન દેવી / દેવતાઓની મુર્તિઓની બનાવટમાં નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચેના કૃત્યો કરવા પર સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પી.ઓ.પી. મુર્તિઓ વિસર્જન સમયે નદીઓ/તળાવના કિનારે પુજન વિધી કરી નદીઓ/તળાવના કિનારે રાખવી નદીઓ/તળાવમાં પધરાવવી નહી, તેમજ કૃત્રિમ તળાવો બનાવ્યા સિવાય વિસર્જન કરવી નહી.

(૨) મુર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાઈ તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવી નહીં.

INDEX

(૩) મુર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી તથા ખંડીત મુર્તિઓને બિન વારસી હાલતમાં છોડીને જવાશે નહી તે અંગે જિલ્લા ગણેશ ઉત્સવ મંડળો તથા પોલીસ ખાતાએ ખાસ તકેદારી રાખવાની રહેશે.

(૪) કોઈપણ મૂર્તિકારો કે પ્રતિમા બનાવનાર કારીગરો-કલાકારોએ શ્રી ગણેશજીની પ્રતિમા/મૂર્તિ નવ ફૂટથી વધારે ઊંચાઈની બનાવવી નહી કે વેચવી નહીં.

(૫) આયોજકોએ બેઠકની ઊંચાઈ સહીત ૧૨ ફુટથી વધારે ઊંચાઈની ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવી નહી એટલે કે વિસર્જન-સરઘસમાં સામેલ વાહન સહિત ગણેશજીની પ્રતિમાની ઊંચાઇ ૧૫ ફુટ થી વધારે રાખવી નહીં.

(૬) મુર્તિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓનો ધાર્મિક રીતે પ્રણાલીગત ચીકણી માટીનો ઉપયોગ કરવો ભઠ્ઠીમાં સેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવો નહીં.

(૭) મુર્તિઓની બનાવટમાં મુર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગોનો જ ઉપયોગ કરવો. ઝેરી અને ઉતરતી કક્ષાના રસાયણ કે કેમીકલ યુક્ત રંગોથી મુર્તિને કલર કરવો નહીં.

(૮) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવે છે. તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહીં. તે અંગે નગરપાલીકા તથા સક્ષમ સ્થાનિક સંસ્થાએ તકેદારી રાખવી.

(૯) નવસારી બહારથી મુર્તિઓ લાવી વેચનાર મુર્તિકારો/વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

ઉપરોક્ત નિયમો મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓનો પત્ર નંબર નંબર ઈએનવી/૧૦-૨૦૧૦-૧૦૦૪-ઈ, તા. ૨૬મી જુલાઈ, ૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં તથા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચના તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા. ૯મી મે, ૨૦૧૩ના હુકમ આધારે ઉપર મુજબના પ્રતિબંધ તા. ૩૧મી જુલાઈ, ૨૦૧૫ થી તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી મુકવામાં આવે છે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી-૩૨૬૮-૮૮/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, બોડેલી, જેતપુરપાવી, છોટાઉદેપુર, નસવાડી, કવાંટ તાલુકા અને તેના ગામોમાં રેતીની લીઝ આવેલ છે. હાલમાં ચોમાસા દરમ્યાન ભારે વરસાદ શરૂ થયેલ છે. તાજેતરમાં જ તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫ના રોજ ઓરસંગ નદીમાં પુર આવતા છોટાઉદેપુર તાલુકાના ગામે વ્યકિત તણાઇ જવાનો અકસ્માત સર્જાયેલ છે. ઓરસંગ નદીમાં હાલમાં પાણીનો પ્રવાહ વધુ આવે છે. જેથી કરી સંખેડા, બોડેલી, જેતપુરપાવી, છોટાઉદેપુર, નસવાડી, કવાંટ તાલુકાઓમાં જે રેતીની લીઝ હાલમાં ચાલુ છે તે બંધ કરવાની ખુબ જ જરૂર છે પાણીના પ્રવાહમાં તણાઇ/ડુબી જવાનો ભય રહેલો છે. જેથી કરી ભવિષ્યમાં કોઇ જાનહાની કે નદીમાં કોઇ વ્યકિત/વાહનો ડુબી જવાના બનાવો ન બને તે માટે જાહેર જનતાના હિતમાં છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ સંખેડા, બોડેલી, જેતપુરપાવી, છોટાઉદેપુર, નસવાડી, કવાંટ તાલુકા વિસ્તારના રેતીની લીઝોના માલીકો અને અન્ય નદીના પટમાંથી રેતી કાઢવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, જેનુ દેવન, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ સંખેડા, બોડેલી, જેતપુરપાવી, છોટાઉદેપુર, નસવાડી, કવાંટ તાલુકા વિસ્તારના રેતીની લીઝોના માલીકો અને અન્ય વ્યક્તિ નદીના પટમાંથી રેતી કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જેનુ દેવન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી ૩૧૩૮ થી ૩૧૫૧/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને તાજેતરમાં બનેલા કેટલાક ગંભીર બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા તમામ ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પલેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃત્તિ કરે છે, જેથી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતિમાં જોખમ ઉભું કરે છે.

બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલિકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે. જે અંગે અત્રેથી તા. ૨જી મે, ૨૦૧૫ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવેલ જેની મુદત પૂર્ણ થતી હોવાથી સદરહુ વિગતે પુનઃ જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

જેથી, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) તાપી જિલ્લામાં કોઈ રહેણાંક મકાન / દુકાન / ઓફિસ કે ઔદ્યોગિક એકમોની માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે. તેવા મકાન/દુકાન/ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો / સંચાલકોએ માહિતી તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીને દિન-૭માં આપવાની રહેશે.

(૨) તાપી જિલ્લામાં કોઈ મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ જે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન / દુકાન / ઓફિસ / ઔદ્યોગિક એકમોના માલિકો / સંચાલકોએ જે તે વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારશ્રીને દિન-૭માં આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન/જગ્યા/ દુકાન માલિકનું સરનામું, ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/જગ્યા/ દુકાન/ઓફિસની વિગત કયા વિસ્તારમાં કેટલાં ચો.મી. બાંધકામ	મકાન/જગ્યા/ દુકાન ભાડે આપવા માટે સત્તા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું, ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	મકાન/જગ્યા/ દુકાન જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ અને ભાડાની રકમ	જે વ્યક્તિને		ભાડે આપેલ છે તેમના મૂળ વતનનું સંપૂર્ણ સરનામું તથા બે થી ત્રણ સગા સંબંધીઓના નામ/સરનામા, ટેલીફોન/ મોબાઈલ નંબર સહીત	મકાન/જગ્યા/ દુકાનના માલિક/ સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું પુરૂં નામ/ સરનામું/ ટેલીફોન/ મોબાઈલ નંબર સહીત	મકાન/જગ્યા/ દુકાન ભાડે આપેલ છે, તે લીવ લાયસન્સ કરારથી આપેલ છે કે કેમ ? તેની વિગત
				ભાડે આપેલ છે તેનું પુરૂં નામ, હાલનું સરનામું (ફોટા સાથે) ટેલીફોન / મોબાઈલ નંબર	ભાડે લેવાનો હેતુ (જે ધંધાર્થે હોય તે) શાનો ધંધો ?			
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમનો અમલ તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી બંને દિવસો સહીત ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૩૨૧૪ થી ૩૨૩૭/૨૦૧૫.– હાલનાં પ્રવર્તમાન સંજોગો તેમજ ભૂતકાળના બનાવો ધ્યાને લેતાં તાપી જિલ્લામાં બહારના રાજ્યમાંથી તથા દેશ બહારથી આતંકવાદી અને સમાજવિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તાપી જિલ્લામાંથી સુરત-ધુલીયા નેશનલ હાઈવે પસાર થાય છે. જેની ઉપર હોટલો/ઢાબા આવેલ છે. આવી સમાજવિરોધી પ્રવૃત્તિ કરીને ત્યાં ગુનેગાર રોકાઈ શકે છે. આવા ભાગતા ગુનેગાર નજીકમાં પેટ્રોલ પંપ ઉપર ઈંધણ પુરાવવા ઉભા રહી શકે છે. વિશેષમાં હાઈવે ઉપર ટોલનાકામાંથી ભાગેડુઓ પસાર થવાની જરૂરિયાત રહે છે. જેથી માનવ જિંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલમિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો તેમજ તમામ પેટ્રોલ પંપો, હાઈવે પરના ટોલનાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટ વિગેરે જગ્યાઓ ઉપર આવા બનાવો ભૂતકાળમાં બનવા પામેલ છે. જેના પરિણામે લોકોની સલામતિ સાચવવી તેમજ જાન-માલને થતું નુકશાન અટકાવવું ખૂબ જ જરૂરી છે. આથી ઉપરોકત દર્શાવેલ સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા મુકવા માટે પોલીસ અધિક્ષકશ્રી, તાપી દ્વારા દરખાસ્ત મોકલવામાં આવેલ છે. જે નિગાહે લેતાં સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી જણાય છે.

તાપી જિલ્લાના મુખ્ય મથકે તેમજ તાલુકા મથકો પર આવેલ તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો તેમજ તમામ પેટ્રોલ પંપો વિગેરે જગ્યાઓ ઉપર આવા બનાવો બનતા અટકાવવા કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વ્યારા, જિલ્લા-તાપી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, તાપી જિલ્લાનાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ ATM સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, તેમજ તમામ પેટ્રોલ પંપો તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, હાઈવે પરનાં ટોલનાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટના માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમનાં ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાનાં રહેશે. તથા પ્રવેશ દ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યા તથા જાહેર પ્રચાર માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેંજના નાઈટ વિઝનવાળા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાનાં રહેશે. આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાલ ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા લગાવવા તથા સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ મકાનનો ઉપયોગ શરૂ કરવાનો રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શાન કાઉન્ટર, લોબી બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તારીખ ૩જી જુલાઈ, ૨૦૧૫ (ક. ૦૦-૦૦) થી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫ (ક. ૨૪-૦૦) સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૨જી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૩૨૬૩ થી ૩૨૮૮/૨૦૧૫.– સમાજમાં ધ્યાને આવતાં વિદ્યાર્થીનીઓ ઉપરના સામુહિક બળાત્કારના કિસ્સા અત્યંત ગંભીર ગણી શકાય. સુરત શહેરમાં તારીખ ૧૨મી જૂન, ૨૦૦૯નાં રોજ વિદ્યાર્થીની ઉપર થયેલાં સામૂહિક બળાત્કારનો કિસ્સો તથા અન્ય જિલ્લાઓમાં પણ થતા આવા ગુનાઓને ધ્યાને લેતાં અત્રેના જિલ્લામાં પણ આવા બનાવો બનવાની શકયતા રહેલી છે. શહેરી વિસ્તારોમાં ટ્યુશનનાં કલાસીસો વહેલી સવારથી મોડી રાત્રી સુધી ચાલુ રાખવામાં આવે છે. પરિણામે વિદ્યાર્થીઓને વહેલાં-મોડા અભ્યાસ અર્થે આવન-જાવન કરવું પડે છે. વિદ્યાર્થીનીઓ પણ આવા ટ્યુશન કલાસીસોમાં વહેલા-મોડા એકલી આવન-જાવન કરતી હોય છે. જેનાં પરિણામે કેટલાંક અસામાજીક તત્ત્વો એકલતાનો લાભ લઈ ગેરકાયદેસર કૃત્યો કરતા હોય છે. જેને કારણે બળાત્કાર, છેડતી જેવા કિસ્સાઓ બનવાની શક્યતા રહેલ છે. તેમજ વિદ્યાર્થીઓના જાનને જોખમ રહે છે. આ બાબતે તારીખ ૨જી મે, ૨૦૧૫ના રોજ અત્રેથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ, જેની મુદત પૂર્ણ થયેલ છે. તાજેતરની પરિસ્થિતિ જોતા વહેલી સવારે અને મોડી સાંજ સુધી ચાલતા ટ્યુશન કલાસીસોનાં સમયમાં ફેરફાર કરવો અનિવાર્ય જણાય છે.

INDEX

વાસ્તે, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) તાપી જિલ્લા વિસ્તારમાં કોઇ પણ મથકોએ સવારે ૭-૦૦ કલાક પહેલા તથા સાંજે ૭-૦૦ કલાક બાદ કોઇ પણ ટ્યુશન કલાસીસો ચાલુ રાખી શકાશે નહીં કે વિદ્યાર્થીઓને ટ્યુશન કલાસીસોમાં અભ્યાસ અર્થે બોલાવી શકાશે નહીં.

(૨) ટ્યુશન કલાસીસોની આજુબાજુ ૨૦૦ મીટર સુધી ૪ (ચાર) કે તેથી વધુ વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહીં.

(૩) શાળા-કોલેજનાં કમ્પાઉન્ડમાં ૨૦૦ મીટર સુધી શાળા કોલેજોના વિદ્યાર્થીઓ સિવાય અન્ય ત્રાહિત વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ કસૂરવાર સામે પગલાં લેવા કાર્યવાહી કરવામાં આવશે. ગુનો સાબિત થયે એક માસની કેદ અથવા ₹ ૨૦૦/-નો દંડ અથવા બંને સજા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨જી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

હંગામી જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૩(૧)(બી) અન્વયેનું.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી-૩૨૮૯ થી ૩૩૦૬/૨૦૧૫.–ચીફ ઓફિસરશ્રી નગર પાલિકા વ્યારાના પત્ર નં. ૨૦૪૦/૦૯/૧૦, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૦માં જણાવ્યા મુજબ વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ–સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં આખો દિવસ વધુ પ્રમાણમાં ટ્રાફિક રહે છે. પીક અવર્સના સમય દરમ્યાન ટ્રાફિકની ઘણી મુશ્કેલી પડે છે. વધુમાં આ સમય દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં માલ વાહક ભારેવાહનોના પ્રવેશ થવાથી ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બને છે. પરિણામે જાહેર જનતાને અવર જવર કરવામાં પણ હાડમારી વેઠવી પડે છે. જાહેરહિતમાં આ સમસ્યાનું નિવારણ કરવું જરૂરી જણાય છે. આ બાબતે પોલીસ અધિક્ષકશ્રી, તાપી મારફત તપાસ કરાવી અભિપ્રાય મેળવતા તેઓશ્રીએ પણ આ બાબતને પુરતુ સમર્થન આપેલ છે. જેથી વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ–સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને અવર જવર કરવામાં કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે ઉપરોક્ત વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ કંપનીના તેમજ વેપાર માટેના માલવાહતુક ભારે વાહનો માટે પ્રવેશબંધી કરવી યોગ્ય જણાતી હોય ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબનું જાહેરનામું અત્રેથી તારીખ ૨જી મે, ૨૦૧૫ના રોજ બહાર પાડવામાં આવેલ. જેની મુદત પૂર્ણ થયેલ હોય મને મળેલ સત્તાની રૂએ, હું, અર્જુનસિંહ બી. રાઠોડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા ઉપર જણાવ્યા મુજબના વિસ્તારોમાં નીચેની વિગતે ટ્રાન્સપોર્ટના ભારે માલવાહતુક વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય મોટા વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) વ્યારા નગરના જુના બસસ્ટેન્ડથી મેઈન રોડ–બજાર થઈ–જવાહર ચોક પોલીસ ગેટ સુધી.

(૨) જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ-સુરત બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક, પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં દરરોજ સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન માલવાહતુક, ટ્રાન્સપોર્ટના ભારે મોટા વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય ભારે અને મોટા વાહનોના પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

અર્જુનસિંહ બી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
તાપી-વ્યારા.

જાહેરનામું

સને-૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૩૩/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તા. ૨૯મી જુલાઇ, ૨૦૧૫ ના પત્ર ક્રમાંક સુરક્ષા સેતુ/ફાયરીંગ/૭૧૬૯/૨૦૧૫ થી જણાવ્યા અનુસાર અત્રેના જિલ્લામાં મહિલા સશકિતકરણના ભાગરૂપે રાયફલ શુટીંગ તાલીમનું આયોજન કરવામાં આવેલ હોય જેની તાલીમના ભાગરૂપે ફાયરીંગ પ્રેકટીસ કરવાની રહે છે. ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આઈ. જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-જની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ, ભીલાડ તાલુકો, ઉંમરગામ, જિલ્લો, વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૫મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ કલાક દરમ્યાન ફાયરીંગની પ્રેકટીશ યોજાનાર હોય તે દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેક્ટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/રજી. ૩૪/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં)ની કલમ–૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આઈ.જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તથા આગામી સમયમાં ૧૫મી ઓગષ્ટ તથા શ્રાવણ માસમાં આવતા વિવિધ તહેવાર તેમજ પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૧૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, આઈ.જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૩૫/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આઈ.જે. માલી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તથા આગામી સમયમાં ૧૫મી ઓગષ્ટ તથા શ્રાવણ માસમાં આવતા વિવિધ તહેવાર તેમજ પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૧૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ :-

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આઈ. જે. માલી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ (૪) મુજબ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૩૭(૪)/ફાયરીંગ-પ્રેક્ટીસ/વશી- ૮૨૫૭ થી ૮૨૭૦/૨૦૧૫.–નાયબ પોલીસ અધિક્ષકશ્રી નવસારીએ તેમના તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫ ના પત્ર ક્રમાંક મ.સ./રા.શુ./જાહેરનામું/૪૫૪/૨૦૧૫

INDEX

થી જણાવ્યા મુજબ 'ગતિશીલ ગુજરાત' અંતર્ગત ગુજરાત પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહિલા સશક્તિકરણના ભાગ રૂપે મહિલાઓને ૦.૨૨ રાયફલ શુટીંગના કાર્યક્રમનું આયોજન બીલીમોરા રાઇફલ કલબના ફાયરીંગ બટ મઢી, બીલીમોરા, જિ. નવસારી ખાતે તારીખ ૩જી ઓગષ્ટ, ૨૦૧૫ થી તારીખ ૪થી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી દિન-૨ માટે આયોજન કરવામાં આવેલ હોય, આ સમય દરમિયાન સદર સ્થળે કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ૧૦૦ મીટરના દાયરામાં ચારે બાજુને આવરી લે તે રીતનું જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

આથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી નવસારીની દરખાસ્ત મુજબ બીલીમોરા રાઇફલ કલબના ફાયરીંગ બટ મઢી, બીલીમોરા, જિ. નવસારીમાં રાયફલ શુટીંગના કાર્યક્રમના સમય દરમ્યાન કોઈ પણ વ્યક્તિએ ગોળીબારથી ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધી સારૂ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૪ મુજબ જાહેરનામું બહાર પાડવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું કે. આર. વસાવા, (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ મુજબ ફાયરીંગ બટ મઢી, બીલીમોરા, તાલુકા ગણદેવી વાળી જમીનના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૩જી ઓગષ્ટ, ૨૦૧૫ થી તારીખ ૪થી ઓગષ્ટ, ૨૦૧૫ સુધીના દિવસો દરમ્યાન રોજ સવારના ૭-૦૦ થી કાર્યક્રમ પુર્ણ થાય ત્યાં સુધીના સમયમાં ગોળીબાર પ્રેક્ટીસ દરમ્યાન આજુબાજુના રહિશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા કે ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર તથા અશ્રુવાયુ પ્રેક્ટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી આપી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

વંચાણમાં લીધું :-

પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાનો પત્ર નંબર ૧૦૦/સીબી-૭/સુ.સે. સો./૧૩૮૯/૨૦૧૫, તા. ૨૨-૦૭-૨૦૧૫.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના (૨૨ માંની) કલમ-૩૭ (૪) મુજબ.

નંબર પીઓએલ/વશી/ફા.પ્રે./૨૬૦૭/૨૦૧૫.—મહેસાણા જિલ્લામાં મહેસાણા પોલીસ હેડ કવાર્ટર, ખાતેના બટમાં મહેસાણા પોલીસ સુરક્ષા સેતુ અંતર્ગત મહિલા સુરક્ષા સેતુ સશક્તિકરણ માટે મહિલાઓના ફાયરીંગ પ્રેકટીસનુ આયોજન લેવાનું હોઇ આગામી તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી ફાયરીંગના સમય દરમ્યાન બટની આજુબાજુ તેમજ બટના ઉપરના ભાગે ૧૫૦ મીટરની ત્રિજ્યામાં માણસો તેમજ પશુઓની અવર-જવર ન રહે તે સારૂ જાહેરનામું બહાર પાડવા આમુખ-(૧) થી પોલીસ અધિક્ષકશ્રી મહેસાણાએ જણાવેલ છે. જે ધ્યાને લેતાં,

વાસ્તે હું, રમેશ મેરજા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માંની) ની કલમ-૩૭(૪) થી મને મળેલ સત્તાની રૂઈએ મહેસાણા મુકામે પોલીસ હેડ કવાર્ટર ખાતેના ફાયરીંગ બટના નિયત સ્થળના વિસ્તાર અને તેની આજુ બાજુ તેમજ બટના ઉપરના ભાગે ૧૫૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી ફાયરીંગના સમય દરમ્યાન સાવચેતીનાં પગલાં રૂપે માણસો તેમજ પશુઓની અવર- જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

રમેશ મેરજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હંગામી જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

નંબર એમએજી/લે.ક્રો.-૧૭/દસ્તાન/વશી-૬૪૧૬/૨૦૧૫.—અત્રેના તા. ૧૩મી જુલાઇ, ૨૦૧૫ના હંગામી જાહેરનામા ક્રમાંક એમએજી/ લે.ક્રો.-૧૭/દસ્તાન/વશી-૬૧૯૧/૨૦૧૫ થી તા. ૧૪મી જુલાઇ, ૨૦૧૫ થી ૨૮મી જુલાઇ, ૨૦૧૫ સુધી ઉધના-જલગાંવ લાઇન ઉપર આવેલ રેલ્વે ક્રોસીંગ નં.-૧૭ (દસ્તાન)ના ડબલીંગની કામગીરી કરવાની હોવાથી લોકહિતમાં વાહનો માટે ટ્રાફીક ડાયવર્ઝન કરવા હુકમ કરવામાં આવેલ.

સીનીયર સેકશન એન્જીનીયર (નિ.) વર્કસ, વેસ્ટર્ન રેલ્વે, સુરતએ તેમના તા. ૨૭મી જુલાઇ, ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે કે, ભારે વરસાદના કારણે કામમાં વિલંબ થયેલ હોય, વધુ ૭ દિવસની જરૂર હોઇ, સદરહુ જાહેરનામાની મુદતમાં વધારો કરી તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આ રૂટ પરથી વાહન વ્યવહાર સરળતાથી ચાલે અને કોઇ ટ્રાફીક અવરોધ ઉભો ન થાય અને જાહેર જનતાની સલામતી જળવાઇ રહે તે માટે લોકહિતમાં વાહનો માટે ટ્રાફીક ડાયવર્ઝન કરવાનું જરૂરી જણાતું હોય, આ કામે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ રૂટ ઉપર ટ્રાફીક ડાયવર્ટ કરવા ફરમાવું છું.

ડાયવર્ઝન :-

સુરત-બારડોલી પરનો વાહન વ્યવહાર કડોદરા થી પલસાણા થઇ એના-ગંગાધરા થઇ બારડોલી તરફ આવવા-જવાનું રહેશે.

INDEX

આજ રોજ તા. ૨૭મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪)હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/ઘલુડી/વશી-૬૪૮૬/૨૦૧૫.—નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુ.મ. સુરત ગ્રામ્ય, સુરત અને નોડલ અધિકારી, રાયફલ શુટીંગના તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે કે, સુરક્ષા સેતુ સોસાયટી, સુરત ગ્રામ્ય જિલ્લાના પોલીસ હેડ કવાટર્સ, ઘલુડી ખાતે ગતિશીલ ગુજરાત ફેજ-૩ અન્વયે સુરક્ષા સેતુ સોસાયટી, સુરત ગ્રામ્ય દ્વારા મહિલાઓને ૦.૨૨ રાઈફલથી ફાયરીંગ પ્રેક્ટીસ કરાવવાની હોવાથી પોલીસ હેડ ક્વાર્ટર ઘલુડી ખાતે પરેડ ગ્રાઉન્ડના ઉત્તર અને પશ્ચિમ દિશાની વચ્ચે આવેલ ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીનો .૨૨ રાયફલથી ફાયરીંગ પ્રેક્ટીસ કાર્યક્રમ રાખવામાં આવેલ હોય, સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતા વ્યકિતઓ, બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ તેમજ માલધારીઓ તથા ચરાવવામાં આવતાં ઢોર, ઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારમાં જાણ્યે અજાણ્યે પ્રવેશ કરે નહીં તે આવશ્યક અને જરૂરી છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, અત્રેના સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઘલુડી ખાતેના ફાયરીંગ બટ ઉપર તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૧૫ દરમ્યાન આજુબાજુ રહેતા વ્યકિતઓ, બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતાં ઢોર, ઢાંખર વિગેરેઓએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારની આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં તથા તે વિસ્તારમાં બિનઅધિકૃત રીતે હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૨) અન્વયેનું.

નંબર એમએજી/પલસ/તહેવાર/વશી/૬૫૭૭/૨૦૧૫.-હાલમાં તા. ૨૭મી જુલાઇ, ૨૦૧૫ થી જૈન સમુદાયના લોકો દ્વારા ચતુર્માસ શરૂ થયેલ છે. તેમજ તા. ૨૦મી જુલાઇ, ૨૦૧૫ થી તા. ૨જી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી ગૌરીવ્રત (જયાપાર્વતી મોળાકત વ્રત) અને જાગરણ તથા તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવનાર છે. સદર તહેવારો દરમ્યાન હિન્દુ સમુદાયના લોકો દ્વારા જુદા જુદા મંદિરોમાં પૂજા પાઠ, અર્ચન, કથા, પ્રવચન વિગેરેનું આયોજન કરતા હોય છે. અને લોકોની મંદિરોમાં ખુબ જ અવર-જવર રહેતી હોય, જેને લઈને અમુક અસામાજીક તત્ત્વો દ્વારા ધાર્મિક તહેવારની આડમાં કાંકરીચાળો કે લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરતા હોય છે. જેને લઈને નાના બનાવો પણ કોઈકવાર મોટું સ્વરૂપ ધારણ કરવાની શકયતાને નકારી શકાય નહી. તેમજ તાજેતરમાં પંજાબ રાજ્યમાં બનેલ આંતકવાદી બનાવને ધ્યાને રાખી ઉક્ત તહેવારની ઉજવણી દરમ્યાન જિલ્લામાં સદરહુ તહેવારની ઉજવણી શાંતિ અને કોમી એખલાસભર્યા વાતાવરણમાં થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઈચ્છનીય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, અત્રેની હકુમત હેઠળના સમગ્ર સુરત (રૂરલ) જિલ્લામાં તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા/લાકડી, લાઠી કે શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. કે એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા, કે પ્લે કાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહીં.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહીં.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ / વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઈ હથીયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત અથવા પોલીસ અધિક્ષકશ્રી, (રૂરલ) સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલિસ અધિકારીને તથા

(૩) જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, AUGUST 20, 2015 / SRAVANA 29, 1937 [No. 34

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1245-1266	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	67
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	34-	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3049-3084

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર વિ. શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૫૪/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજયના ગૃહવિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ, તથા ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી ઓગષ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ ફરમાવું છું;

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લોકો સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫ માહે ઓગસ્ટ, સને ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબ.

ક્રમાંક એસ.બી./અનઅધિ, વ્યક્તિ પ્રવેશ/૮૧/૨૦૧૫.-પોલીસ કમિશનરશ્રી સુરત શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાયલ કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા સેવા સદર-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજેરોજ મોટા પ્રમાણમા જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઇસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃતીઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમો પ્રવૃતી કરી રહેલ હોવાનુ જણાય આવેલ છે.

આથી હું રાકેશ અસ્થાના (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનર સુરત શહેરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ઉક્ત પેરામાં જણાવ્યા પ્રમાણે જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, નાગરીક સુવિધા કેન્દ્ર, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઇસમો કે, ઇસમોની ટોળી, સદરહુ કચેરીમા આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

INDEX

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫મી પેટા કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૮૨/૨૦૧૫.– સુરત શહેર વિસ્તારમાં હાલના સંજોગો તેમજ ભુતકાળમાં બનેલ બનાવને ધ્યાને લઈ વહેલી સવારના ટ્યુશન કલાસીસ શરૂ થાય છે. આ ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીની ઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો બનવા પામેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ છે. આવા ગંભીર પ્રકારનાં બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતિ જોખમાય નહિં જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં સુરત શહેરમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૨૧-૦૦ બાદ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ/વ્યક્તિગત ખાનગી ટયુશન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

હુકમ

વહેલી સવારે કલાક ૦૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૨૧-૦૦ બાદ શૈક્ષણિક ટયુશન કલાસીસ/વ્યક્તિગત ખાનગી ટયુશન ચાલુ રાખવા નહી.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તારીખ ૨૫મી જુલાઈ, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૮૩/૨૦૧૫.–હાલમાં સુરત શહેરમાં આતંકવાદી તત્ત્વો, રાષ્ટ્રવિરોધી તત્ત્વો તથા અસામાજિક તત્ત્વો પોતાની ગેરકાયેદસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતા હોવાનું સામાન્ય બની જાય છે. ઘણીવાર આવા ગેરકાનુની તત્ત્વો સુરત બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઇંધણ પુરાવા માટે પેટ્રોલ પંપોએ જાય છે. આથી નાગરિકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્ત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગરૂપે સુરત શહેર કમિશનરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, સી. આર. પરમાર, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કમલ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના ગોઠવવાના રહેશે. અને (નાઇટવીઝન તથા હાઇ ડેફિનેશન) વિથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સીસીટીવી કેમેરામાં પેટ્રોલપંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઇવર તથા બાજુની સીટમાં બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટરીતે જોઇ શકાય તે રીતે ગોઠવવા

(૩) આજુ બાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઇ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સીસીટીવી ફુટેજમાં સ્પષ્ટ જોઇ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે.

(૪) આ સીસીટીવી કેમેરા રેકોર્ડીંગના ડેટા જે અંગ્રેજી મહીનાનો હોય તે પુરો થયા ત્યારબાદના બીજા એક મહિના સુધી સંગ્રહ કરી રાખવાના રહેશે. (દા.ત. જાન્યુઆરી મહિનાનું રેકોર્ડીંગ ફેબ્રુઆરી મહિનો પુરો થાય ત્યા સુધી સાચવવાનો રહેશે.)

(૫) આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

INDEX

(૬) પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પૂર્વક સીસીટીવી કેમેરા રાખવા. જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હીલચાલ સીસીટીવી કેમેરામાં કવરેજ લઇ શકાય.

(૭) નવા શરૂ થતાં પેટ્રોલ, ડીઝલ પંપ, ગેસ ફીલીંગ સ્ટેશનો સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમયગાળો

આ હુકમનો અમલ તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એસબી/જાહેરનામું/૮૪/૨૦૧૫.- સુરત શહેરની હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં અલુણા જયા પાર્વતી વ્રત, ગુરૂપૂર્ણિમા, દિવાસો, દશામા વ્રત, પંદરમી ઓગષ્ટ, પતેતી, રક્ષાબંધન, જન્માષ્ટમી, છડીનોમ, ગણેશ ચર્તુર્થી, બકરી ઇદ અને ગણેશ વિસર્જનના તહેવાર આવતા હોય તેમજ જુદીજુદી ધાર્મિક શોભાયાત્રા તથા રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય. આવા સમયે કેટલાક તત્ત્વો દંડા, લાઠી, તલવાર, ખંજર, પથ્થર જેવા શારીરીક હિંસા પહોંટાડવામાં ઉપયોગ થઇ શકે તેવા હથિયાર, સ્ફોટક પદાર્થ રાખી ફરતા હોય છે. તેમજ હાલની આંતકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને શાંતીમય વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીન વિવાદોમાં લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણાખરા હથિયારો બીજા રાજયોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરતમાં પણ ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરિયાદો પણ દાખલ થયેલ છે. જેથી ઉપરોકત હથિયાર, સ્ફોટક પદાર્થ તેમજ પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં. તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે હું, સી. આર. પરમાર, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, લાકડી, લાઠી, તલવાર ભાલા, સોટા, ખંજર, ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવા કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર;

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર;

(૩) સ્ફોટક પદાર્થ લઇ જવા ઉપર;

(૪) પત્થરો અથવા બીજા શસ્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર;

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર;

(૬) વ્યક્તિઓના પુતળા બાળવા-લટકાવવા-પુતળાને ફાંસી આપવા ઉપર;

(૭) પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સ-વાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર;

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારી સમયગાળો અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૩જી ઓગષ્ટ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧લી ઓકટોબર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેનાં ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સી. આર. પરમાર,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસબી/જાહેરનામું/૮૫/૨૦૧૫.– રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મૂળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હાઓમાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવુ જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી આ બાબતે કોઇ વ્યકિતઓ મોબાઇલ/સીમકાર્ડ, હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મૂળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારને તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, (I.P.S.), પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (CRPC) ૧૯૭૩ (૧૯૭૪ના પાના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઇલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજિસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નીભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદદારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદદારનું નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

આ ઉપરાંત કોઇ એક વ્યકિત બીજી વ્યકિત પાસેથી સીધો મોબાઇલની લે-વેચ કરે ત્યારે મોબાઇલ વેચનાર વ્યકિત પાસેથી ખરીદ કરનાર વ્યકિતએ મોબાઇલ વેચનાર વ્યકિતનું ID પ્રુફ અને પુરૂ નામ, સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી બીજી નકલ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે. દરેક પોલીસ સ્ટેશનમાં ઉપર મુજબના કોલમનું રજીસ્ટર નીભાવવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૫મી ઓકટોબર, ૨૦૧૫ ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર ડીસીબી/એમએજી/ધાર્મિક તહેવાર/લો એન્ડ ઓર્ડર/વશી-૭૬૬૧ થી ૭૬૭૭/૨૦૧૫.—નવસારી જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતાં ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન જુદા જુદા દેવી દેવતાઓની મુર્તિઓની સ્થાપના કરવામાં આવે છે અને સ્થાપના બાદ ધાર્મિક રીતી રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ મુર્તિઓની નદી, તળાવ તથા દરીયાના પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી / દેવતાઓની મુર્તિઓની બનાવટમાં પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવામાં આવે છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મુર્તિઓની બનાવટમાં કેમીકલ યુક્ત રંગોનો ઉપયોગ થાય છે. આવી મુર્તિઓને નદી, તળાવ તથા દરિયામાં વિસર્જન કરવામાં આવે છે જે (પી.ઓ.પી.) ની મુર્તિઓ પાણીમાં ભળવાથી પાણીમાં રહેતાં પાણીજન્ય જીવો, માછલીઓ વિગેરેનું મૃત્યુ થાય છે. જેના કારણે પાણી તથા પર્યાવરણને નુકશાન થાય છે.

જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવાના હેતુસર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન દેવી / દેવતાઓની મુર્તિઓની બનાવટમાં નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચેના કૃત્યો કરવા પર સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પી.ઓ.પી. મુર્તિઓ વિસર્જન સમયે નદીઓ/તળાવના કિનારે પુજન વિધિ કરી નદીઓ/તળાવના કિનારે રાખવી, નદીઓ/તળાવમાં પધરાવવી નહિ, તેમજ કૃત્રિમ તળાવો બનાવ્યા સિવાય વિસર્જન કરવા નહીં.

(૨) મુર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાઈ તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવી નહીં.

(૩) મુર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી તથા ખંડીત મુર્તિઓને બીન વારસી હાલતમાં છોડીને જવાશે નહી તે અંગે જિલ્લા ગણેશ ઉત્સવ મંડળો તથા પોલીસ ખાતાએ ખાસ તકેદારી રાખવાની રહેશે.

(૪) કોઈપણ મૂતિકારો કે પ્રતિમા બનાવનાર કારીગરો-કલાકારોએ શ્રી ગણેશજીની પ્રતિમા/મૂર્તિ નવ ફૂટથી વધારે ઉંચાઇની બનાવવી નહી કે વેચવી નહીં.

(૫) આયોજકોએ બેઠકની ઊંચાઈ સહીત ૧૨ ફુટથી વધારે ઊંચાઈની ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવી નહી એટલે કે વિસર્જન-સરઘસમાં સામેલ વાહન સહીત ગણેશજીની પ્રતિમાની ઊંચાઈ ૧૫ ફુટથી વધારે રાખવી નહીં.

(૬) મુતિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓનો ધાર્મિક રીતે પ્રણાલીગત ચીકણી માટીનો ઉપયોગ કરવો ભઠ્ઠીમાં સેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવો નહીં.

(૭) મુર્તિઓની બનાવટમાં મુર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગોનો જ ઉપયોગ કરવો. ઝેરી અને ઉતરતી કક્ષાના રસાયણ કે કેમીકલ યુક્ત રંગોથી મુર્તિને કલર કરવો નહીં.

(૮) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવે છે. તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહીં તે અંગે નગરપાલિકા તથા સક્ષમ સ્થાનિક સંસ્થાએ તકેદારી રાખવી.

(૯) નવસારી બહારથી મુર્તિઓ લાવી વેચનાર મુર્તિકારો/વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

ઉપરોકત નિયમો મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓનો પત્ર નંબર નંબર ઈએનવી/૧૦-૨૦૧૦-૧૦૦૪-ઈ, તા. ૨૬મી જુલાઈ, ૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં તથા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તારીખ ૯મી મે, ૨૦૧૫ના હુકમ આધારે ઉપર મુજબના પ્રતિબંધ તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી મુકવામાં આવે છે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૫૩૮ થી ૫૫૫૮/૨૦૧૫.—ભરૂચ જિલ્લાનો સર્વાંગી વિકાસ થઇ રહેલ છે. સરકારશ્રીનાં પ્રયત્નોથી ભરૂચ જિલ્લા વિસ્તારમાં અનેત નાના-મોટા મોટા ઉદ્યોગો સ્થપાઇ રહેલ છે. આ ઉદ્યોગોમાં નોકરી અર્થે અલગ અલગ રાજ્યોનાં કામદાર/કર્મચારીઓ આવી સ્થાયી થઇ રહેલ છે. જેથી લોક-વસ્તી સંખ્યા વિસ્તાર વધી રહેલ છે. ભરૂચ જિલ્લામાંથી નેશનલ હાઈવે નંબર ૮ પસાર થાય છે. અને મહત્વની રેલ્વે લાઇનો અસ્તિત્વમાં છે. આમ ભરૂચનો ઔદ્યોગિક આધુનિકરણ દ્રષ્ટિએ પણ વિકાસ થઇ રહેલ છે.

ભરૂચ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે રોડ, સ્ટેટ હાઈવે રોડ એ દેશની જીવાદોરી સમાન છે. હાલમાં ભરૂચ જિલ્લા વિસ્તારનાં નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પર હોટલો, ગેસ્ટ હાઉસો, પેટ્રોલ પંપો અને ટોલ ટેક્ષ પ્લાઝાઓ આવેલ છે.

આ હોટલો અને ગેસ્ટ હાઉસોમાં અને પેટ્રોલ પંપો અને ટોલનાકાઓ પર હાઈવેથી પસાર થતા વાહન ચાલકો તેમજ સામાન્ય લોકો રોકાય છે. જેમાં રાજ્યના અને રાજ્ય બહારના લોકોનો સમાવેશ થાય છે.

ભરૂચ શહેર, જિલ્લાના નેશનલ અને સ્ટેટ હાઈવે ઉપર આવેલ તમામ હોટલો, પેટ્રોલપંપ અને ટોલપ્લાઝાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ હોવી જોઈએ તેમજ જિલ્લામાં આવેલ રહેવાની/રોકાવવાની સગવડ પુરી પાડતી તમામ હોટલો/લોજ/ગેસ્ટ હાઉસો/ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ/સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો/મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન/મોબાઈલ નંબર, જે વાહન લઈને આવેલ હોય તે વાહનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની / મોડલ દર્શાવતું નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવી જરૂરી છે. જેથી ગુના કરતી વ્યક્તિ/ગેંગ ઉપર ચા-નાસ્તા કરવા કે, જમવા આવે ત્યારે તેની ઓળખ થઈ શકે તથા તે જે વાહનમાં આવ્યા હોય તે વાહનની પણ ઓળખ થઈ શકે તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

સબબ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લામાં આવેલ હોટલો/લોજ/ગેસ્ટ હાઉસો/ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ/સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો/મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન/મોબાઈલ નંબર, જે વાહન લઈને આવેલ હોય તે વાહનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની / મોડલ દર્શાવતું નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવા તથા ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હોટલો, ટોલ પ્લાઝાઓ, પેટ્રોલપંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, સીએનજી/એલપીજી પંપ ઉપરના ફીલીંગ સ્ટેશન તથા તેની બાજુમાં આવેલ દુકાન ઉપર નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ કન્ફીગ્યુરેશન મુજબનાં પુરતી સંખ્યામાં સી.સી. ટી.વી. કેમેરા ગોઠવી રેકોર્ડીંગ કરવું અને ડેટાનો બેકઅપ ૬ માસ સુધી રાખવા જણાવવામાં આવે છે.

Sr. No.	Video	
1	Imagine Device	1/4” CCC/CMOS
2	Effective Pixels	752 (H) ×582 (V)
3	Horizontal Resolution	600 (or better) TV Lines
4	Video Output Level	1.0 V p-p
5	S/N ratio	More than 50 db (AGC off)
6	Compression	H.264
7	Angle of view	70” (H) & 51” (V)
	Lens	
8	Zoom Ratio	Varifocal
9	Focal Length	2.8 t 12 mm
10	Signal System	NTPS/PAL
	Night Vision	
11	IR LED & Sensor	External with minimum 10 Mtrs Distance
	Other Features	
12	White Balance	Auto
13	AGC, BLC, Flicker less	On/Off (Dip Switch)
14	Shutter Speed	1/60-1/100,000 sec (NTSC) 1/50-1/100,000 sec (PAL)
	Electrical & Mechanical	
15	Input Voltage	12 V AC/DC, 230 V AC
16	Outdoor Housing	IP 66 Housing
17	Certification	UL, CE, FCC

આ જાહેરનામું તારીખ ૧લી ઓગષ્ટ ૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૫૫૯ થી ૫૫૭૯/૨૦૧૫.—ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારો ઉપરાંત ભારતનું સૌથી મોટું તેલક્ષેત્ર ધરાવતી ઓ.એન.જી.સી. ઉપરાંત કેટલાક જાહેર ક્ષેત્રના અને ખાનગી ક્ષેત્રના ઉદ્યોગ ગૃહો આવેલા છે. આ ઉપરાંત શોપીંગ મોલ, કોમર્શીયલ સેન્ટરો વગેરે પણ આવેલા છે. આવા ઉદ્યોગ ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓ ઉપરાંત જુદા જુદા વ્યાપાર ધંધો ધરાવતા વ્યાપારી વર્ગ અને અન્ય લોકો નાણાંકીય વ્યવહારો બેંક દ્વારા કરતા હોય, અને બેંકો તેમના ગ્રાહકોને સુવિધાના વ્યાપને વધારવાના હેતુથી પોતાની સેવાનું ક્ષેત્ર વિકસાવી ગ્રાહકો માટે બેંક ઉપરાંત અન્ય સ્થળો ઉપર પણ તેમના એ.ટી.એમ. સેન્ટરો ઉભા કરેલ છે. અને આવા એ.ટી.એમ. સેન્ટરોમાં ઉપયોગમાં લેવાતા મશીનમાં જે તે બેંકો મોટા પાયે રોકડ રકમ સ્ટોર કરતી હોય છે.

રાષ્ટ્રીયકૃત તથા બિન રાષ્ટ્રીયકૃત બેંકોનાં એ.ટી.એમ. સેન્ટરો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા છે. જેના કારણે હાલમાં રાજ્યમાં બની રહેલ ચોરી-લૂંટ, એ.ટી.એમ.ને ઉંચકીને ચોરી કરી લઇ જવું, અસામાજિક તત્ત્વો દ્વારા એ.ટી.એમ. કાર્ડ ધારકોને માર મારી લૂંટ કરવી વગેરે બનાવો બનવા પામે છે. બેંકોના એ.ટી.એમ. સેન્ટરો ઉપર સિક્યુરીટી ગાર્ડ તથા CCTV CAMERA ની વ્યવસ્થા જે તે બેંક દ્વારા કરવાની રહેતી હોય છે. પરંતુ એવુ ધ્યાન પર આવેલ છે કે, ઘણી ખરી બેંકો તેમના એ.ટી.એમ. સેન્ટરોને રેઢીયાળ અવસ્થામાં રહેવા દે છે. એ.ટી.એમ. સેન્ટરો ઉપર નાણાંની સુરક્ષા માટે સિક્યુરીટી ગાર્ડ તથા CCTV CAMERA ની વ્યવસ્થા રાખતી ન હોવાનું જણાયેલ છે. જેથી રાષ્ટ્રીયકૃત તથા બિનરાષ્ટ્રીયકૃત બેંકોના એ.ટી.એમ. સેન્ટરો ઉપર કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દૃષ્ટિએ સિક્યુરીટી ગાર્ડ તથા CCTV CAMERA ની વ્યવસ્થા ફરજિયાતપણે થાય તો એ.ટી.એમ. સેન્ટરો ઉપર ચોરી-લૂંટ જેવી પ્રવૃત્તિ થતી હોય તો તેને અટકાવી શકાય તેમ છે. તેમજ આ વ્યવસ્થા કરવાથી કોઇપણ વ્યક્તિને થતી અડચણ, ત્રાસ કે નુકશાન તેમજ લોકોના જાન, સલામતીને થતુ જોખમ તેમજ સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમ છે.

વાસ્તે હું, બી.જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી દિન-૬૦ માટે જિલ્લામાં આવેલ તમામ રાષ્ટ્રીયકૃત તથા બિનરાષ્ટ્રીયકૃત બેંકોએ તેઓની બેંકના એ.ટી.એમ. સેન્ટરો ઉપર કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દૃષ્ટિએ તથા લોકોના જાન, સલામતીને થતુ જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે સિક્યુરીટી ગાર્ડ તથા CCTV CAMERA ની વ્યવસ્થા ફરજિયાતપણે કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૫૮૦ થી ૫૬૦૦/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભૂતકાળમાં ગુજરાતમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદીઓ/અસામાજિક તત્ત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતિનો ભંગ કરે છે. તેમજ જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુન્હાઓ કરતા આચરી નાસી છૂટતા હોય છે. આમ તમામ ગુનાહીત કામગીરીમાં ગુન્હેગારો એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરતા હોવાનું તેમજ મોબાઇલ ફોનનો ઉપયોગ કરી ગુન્હાઓ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તેમજ તાજેતરમાં મિલ્કત સંબંધી/શરીર સંબંધી શોધાયેલ ગુન્હાઓમાં પણ ગુનેગારો મોબાઈલ ફોનનો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે.

આમ, આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા ગુન્હામાં વપરાયેલ મોબાઈલ ફોનના IMEI No. નું ટ્રેકીંગ કરી ગુન્હાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવા ઘણા કિસ્સાઓમાં મોબાઇલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, આ મોબાઇલ ફોન કોઈ અજાણ્યા વ્યક્તિ પાસેથી ખરીદેલ છે. આ મોબાઈલ ફોન અગાઉ ગુન્હામાં વપરાયેલ છે કે ચોરાયેલ હોવાની માહિતી હોતી નથી આમ, આ પ્રકારની તપાસમાં આવતી વિજ્ઞતાઓનાં કારણે જ્યારે જુના મોબાઈલ લેતાં કે વેચતા વખતે મોબાઇલ વેચનાર તથા મોબાઇલ ખરીદદારનું નામ, સરનામુ, તથા તેની ઓળખ અંગેની હકીકત નોંધણી થાય તે સલામતીની દૃષ્ટિએ અત્યંત આવશ્યક છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લે-વેચ કરતા પહેલાં નીચે જણાવ્યા મુજબના કોલમ સહિતના અલગ અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે. તેમજ રજીસ્ટરનો ડેટા ઓછામાં ઓછા એક વર્ષ સુધી વ્યવસ્થિત સાચવી રાખવાનો રહેશે. અને આ રજીસ્ટર ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

INDEX

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમનો અમલ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૬૦૧ થી ૫૬૨૦/૨૦૧૫.–તાજેતરમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા આતંકવાદીઓ તરફથી ખૂન/ધાડ/લૂંટ જેવા ગંભીર પ્રકારના સામાજિક વ્યવસ્થા ખોરવી નાંખે તેવા ગુના આચરવા માટે કોઇન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા બનાવટી અને ખોટા દસ્તાવેજોના આધારે ખોટા નામે મોબાઇલ સીમ કાર્ડ મેળવી ગુનો કરતા પહેલા કે આતંકવાદી કૃત્યને અંજામ આપતા પહેલા, એકત્ર થવા અને આતંકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઇ જવા માટે અને ગુનેગારો એક બીજા સાથે સંપર્ક જાળવી રાખવા સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યક્તિગત ફોન/મોબાઇલ ફોન હોવા છતાં મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલિફોન કે STD/PCO બુથથી કે ખોટા નામે મેળવેલ સીમકાર્ડનો ઉપયોગ કરે છે. લેન્ડ લાઇન તથા મોબાઇલ વ્યકિતગત ધોરણે સુવિધા ધરાવતા હોવા છતાં ગુનો આચરવા માટે જે કોઇન બોક્ષ ટેલીફોન કે STD/PCO બુથથી કે ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડનો ઉપયોગ કરી ખૂન/અપહરણ/લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુનાઓ આચરે રાખે છે. અને જાહેર સલામતિ અને શાંતિ જોખમાય છે. તેમજ જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આ જ પ્રકારના કોઇન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મોબાઇલ સીમ કાર્ડ મેળવી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Calls) કરી ભીડભાડ વાળી જગ્યાઓ જેવી કે, રેલ્વે સ્ટેશન /બસ સ્ટેશન/ધાર્મિક સ્થળો/મોલ તથા મલ્ટીપ્લેક્ષ/જાહેર સરકારી ઓફીસ તથા એકમો/બેન્કો વિગેરે જ્યાં જાહેર જનતાની મોટા પ્રમાણ માં અવર જવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતીની લાગણી ઉભી કરી ઘણીવાર આવા (Hoax Calls) ને લીધે ભાગદોડ થવા અને મોટી જાન હાની થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આ ઉપરાંત આવા કોઇન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ દ્વારા કોલર ફોન કરનાર વ્યક્તિની ઓળખ છુપાવી શકાતી હોય, સમાજના સ્ત્રી, પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દૂર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓ મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ દ્વારા કોલરની ઓળખ માટે કોઇ વ્યવસ્થા ન હોવાના કારણે આવા ગુનાઓ બનતા હોવાનું જણાય છે. આવા (Hoax Calls) ની તપાસ કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ સુધી જઇને અટકી જતી હોય છે. અને ગુનેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતીની ભાવના પેદા કરે છે.

જેથી આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપનાર ઇસમો અને અસામાજીક તત્ત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી, જાહેર માલ મિલકતને મોટું નુકસાન અને નિર્દોષ નાગરિકોને ત્રાસરૂપ વર્તણુંક અટકાવવા તકેદારીના પગલારૂપે કોઇન બોક્ષ ટેલિફોન તેમજ STD/PCO/ISD બુથથી તથા મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રેટેઇલર વિક્રેતા ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં આવેલ તમામ કોઇન બોક્ષ ટેલીફોન ધારક, પબ્લિક STD/PCO/ISD બુથના માલિક અને મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલર વિક્રેતાઓએ નીચે મુજબની વ્યવસ્થા કર્યા વિના તે વ્યવસાય કરી શકાશે નહી.

(૧) કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથ ધરાવનારનાંઓએ કોલ કરનાર વ્યક્તિનું રજીસ્ટર નીભાવવાનું રહેશે જેમાં કોલ કરનાર વ્યક્તિનું પૂરૂ નામ, સરનામુ અને તેનો મોબાઇલ નંબર રજીસ્ટરમાં લખવો તથા કોલ કરનાર વ્યક્તિએ કયાં નંબર ઉપર કોલ કરેલ છે તેની સ્પષ્ટ નોંધ તથા સમયની વિગત રાખવાની રહેશે. આ નોંધના રજીસ્ટરો ૧ (એક) વર્ષ સુધી સાચવી રાખવાના રહેશે.

INDEX

(૨) કોઇ પણ જાતના એકટીવેટડ (પૂર્વ કાર્યરત) સીમકાર્ડનું વેચાણ કરવામાં આવશે નહી.

(૩) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો / રીટેઇલર વિક્રેતાઓએ કોઇપણ વ્યક્તિને સીમકાર્ડ વેચાણ કરતા પહેલા તેના ઓળખ માટે ઓળખ કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ વિગેરે રજુ કરેલ પૂરાવાની ચકાસણી કર્યાબાદ જ અને ગ્રાહકની ઉપરોક્ત દસ્તાવેજોથી ઓળખ કર્યા પછી જ સીમકાર્ડ એકટીવેટ કરવામાં આવશે.

(૪) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/ રીટેઇલર વિક્રેતાઓએ જ્યારે ગુજરાત બહારના નામ, સરનામાં ઉપર સીમકાર્ડ મેળવવા પૂરાવાઓ રજુ કરે તો તે સીમકાર્ડ એકટીવેટ કરતા અગાઉ એક સ્થાનિક વ્યક્તિનો એટલે કે ભરૂચ જિલ્લાની વ્યક્તિની ઓળખ ફરજિયાત લેવી.

(૫) જે કોઇ વ્યક્તિ કે સંસ્થા એકથી વધુ સંખ્યામાં (વધારે જથ્થામાં) સીમકાર્ડ ખરીદવા માટે આવનાર વ્યક્તિ તે દરખાસ્ત કરનાર વ્યક્તિની સંપૂર્ણ વિગત રોજે રોજ લાગતા વળગતા સ્થાનિક પોલીસ સ્ટેશને મોકલી આપ્યા બાદ તે સીમકાર્ડ/સીમકાર્ડસનું એકટીવેશન કરી શકાશે.

આ હુકમનો અમલ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/પીઓએલ/વશી/૫૬૨૧ થી ૫૬૪૦/૨૦૧૫.–ભરૂચ જિલ્લાની વર્તમાન પરિસ્થિતિ જોતાં, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર જનતાની જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતુ જોખમ અટકાવી શકાય અને ભરૂચ જિલ્લામાં થતી વાહન ચોરી, અછોડા ચોરીને અટકાવવા સારૂં તેમજ ત્રાસવાદીઓની સંભવિત પ્રવૃત્તિઓને અટકાવવા સારૂ ગેરેજ (જેમાં ફુટપાથ ઉપર બેસીને વાહન સર્વિસ કરનાર, કોમર્શિયલ ગેરેજ, ઓથોરાઇઝડ સર્વિસ સેન્ટરનો સમાવેશ થાય છે.) વાહનોને તોડવાનું કામ કરનાર ભંગારીયાઓ (જેમાં નોંધણી થતા તમામ વાહનોનો સમાવેશ થશે.) તેમજ વાહનોની લે-વેચ (કંપનીના ઓથોરાઇઝડ ડીલર-સબડીલર, પ્રાઇવેટ એજન્સી) કરનાર તેમજ રેલ્વે ગુડસ ગોદામો, પ્રાઇવેટ ગુડસ ગોદામોના માલિકો તથા ઇન્ચાર્જશ્રીઓ ઉપર અમુક નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં આવેલ તમામ ગેરેજ (જેમાં ફુટપાથ ઉપર બેસીને વાહન સર્વિસ કરનાર, કોમર્શિયલ ગેરેજ, ઓથોરાઇઝડ સર્વિસ સેન્ટરનો સમાવેશ થાય છે.) વાહનોને તોડવાનું કામ કરનાર ભંગારીયાઓ (જેમાં નોંધણી થતા તમામ વાહનોનો સમાવેશ થશે.) તેમજ વાહનોની લે-વેચ કરનાર તેમજ રેલવે ગુડસ ગોદામો, પ્રાઇવેટ ગુડસ ગોદામોના માલિકો તથા ઇન્ચાર્જશ્રીઓએ નીચે મુજબની કાર્યવાહી ફરજિયાત કરવાની રહેશે.

ફરજિયાત કરવાની કામગીરી

(૧) કંપનીનાં ઓથોરાઇઝડ ડીલર - સબ ડીલર કે પ્રાઇવેટ એજન્સીએ કોઇ પણ વાહનનું વેચાણ થાય તે વ્યક્તિનું ID Proof મેળવવાનું રહેશે. જેની Hard Copy અથવા Soft Copy નાશ ન થાય તેની કાળજી લઇ રેકર્ડમાં રાખવાની રહેશે.

(૨) ગેરેજ (ઉપર જણાવ્યા મુજબના) માં કોઇ પણ પ્રકારનું વાહન સર્વિસ માટે આવે ત્યારે રજીસ્ટરમાં નીચે દર્શાવેલ બાબતોની નોંધણી કરવાની રહેશે. અને આ રજીસ્ટર પોતાની પાસે નાશ ન થાય તે રીતે રેકર્ડ રૂપે જાળવવાનું રહેશે. તેમજ ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

અ. નં.	ગેરેજ/સર્વિસ સ્ટેશનનું નામ	વાહનનો પ્રકાર	રજીસ્ટ્રેશન નંબર	એન્જીન નં.	ચેસીસ નં.	વાહન માલિકનું નામ, સરનામું	મોબાઇલ નં. તથા ઓળખપત્ર નં.
૧	૨	૩	૪	૫	૬	૭	૮

(૩) વાહન તોડનાર (ભંગારીયા)એ કોઇ પણ વાહનને તોડતા પહેલા RTO થી મેળવેલ NOC ની નકલ નજીકના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. જેમાં એન્જીન નં. તથા ચેસીસ નં. સ્પષ્ટ વંચાય તે રીતે ઉલ્લેખ હોવો જોઇએ. તોડવાના વાહનો માટે નીચે જણાવ્યા મુજબનું રજીસ્ટર રેકર્ડ રૂપે જાળવવાનું રહેશે. અને આ રજીસ્ટર ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

અ. નં.	વાહનનો પ્રકાર	રજીસ્ટ્રેશન નં.	એન્જીન નં.	ચેસીસ નં.	RTO મંજુરી પત્ર તારીખ, હુકમ નં.	વાહન માલિકનું નામ, સરનામું, મોબાઇલ નં.
૧	૨	૩	૪	૫	૬	૭

INDEX

આ હુકમનો અમલ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૫૬૪૧ થી ૫૬૬૦/૨૦૧૫.–ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ભરૂચ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. ભરૂચ જિલ્લામાં બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી/ગુજરાતના અન્ય જિલ્લામાંથી આવતા આ તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી વાકેફ થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લાના તમામ વિસ્તારમાં કોઈ મકાન માલિક કે મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ.	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ.	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું છે ?	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ તથા સરનામાં / ફોટો.	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ / સરનામું.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૬૬૧ થી ૫૬૮૦/૨૦૧૫.– ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં મોટા પાયે કેમિકલ કંપનીઓ આવેલી છે. આ કેમિકલ કંપનીના ટેન્કરો દ્વારા અવાર નવાર કુદરતી પાણીના સ્ત્રોતોમાં પ્રદૂષણ ફેલાવતા હોવાનું તેમજ ટેન્કરો, સર્વિસ સ્ટેશનો અને પેટ્રોલ પંપ વિગેરેના મેળાપીપણાથી ગેરકાયેદસરના કૃત્ય કરી કુદરતી પાણીના સ્ત્રોતને પ્રદૂષિત કરવાનું દુષ્કૃત્ય થતું હોવાનું ધ્યાને આવેલ છે. જેથી આવા કૃત્ય ભવિષ્યમાં ન બને તે માટે નિયત કરેલ પ્લાન્ટ સિવાય જાહેર સ્થળ, પાણીના સ્ત્રોત, જમીન ઉપર પ્રદૂષિત પાણીના નિકાલ ઉપર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી દિન-૬૦ માટે ભરૂચ જિલ્લામાં આવેલ કેમિકલ કંપનીઓનાં પ્રદૂષિત પાણી/ કેમિકલથી જાહેર જનતાની જાન, સલામતી, જાહેર આરોગ્યને થતું જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે નિયત કરેલ શુધ્ધિકરણ પ્લાન્ટ સિવાય, જાહેર સ્થળ, પાણીના સ્ત્રોત, જમીન ઉપર પ્રદૂષિત પાણી/કેમિકલના નિકાલ કરવા પર પ્રતિબંધ મૂકવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫ના રોજ આ હુકમ પર મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૬૮૧ થી ૫૭૦૦/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં હાલમાં વિકાસલક્ષી કામો ચાલતા હોય, નવા બનતા મકાનો, સોસાયટીઓ, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ, ઈંટોના ભઠ્ઠાઓ, પ્રાઈવેટ બિલ્ડર્સની સાઈટો, રોડ કન્સ્ટ્રકશન, રેલ્વે લાઈનનાં સમારકામની સાઈટ, માર્ગ અને મકાન વિભાગની સાઈટ ઉપર મજૂરી કામ કરવા જિલ્લા / રાજ્ય બહારથી મજૂર વર્ગ આવતો હોય છે. આ મજૂર વર્ગમાં મહિલા મજૂરો તથા નાબાલિગ બાળકોને મજૂર ઠેકેદારો તરફથી બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરાવવામાં આવતા ન હોવાથી તેઓ બળાત્કારનો ભોગ બનવાની શક્યતાઓ રહે છે. જેથી, ઉક્ત જણાવેલ સાઈટો પર મજૂર ઠેકેદારો તરફથી બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય, વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવે તો, મહિલા મજૂરો તથા નાબાલિગ બાળકો સાથે અઘટિત ઘટના બનતી અટકાવી શકાય તેમ છે. તેમજ આ વ્યવસ્થા કરવાથી કોઈપણ વ્યક્તિને થતી અડચણ, ત્રાસ કે નુકશાન તેમજ સલામતીને થતું જોખમ તેમજ સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમ છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી, તારીખ ૧લી ઓગસ્ટ ૨૦૧૫ થી દિન-૬૦ માટે, ભરૂચ જિલ્લામાં આવેલ તમામ નવા બનતા મકાનો, સોસાયટીઓ, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ, ઈંટોના ભઠ્ઠાઓ, પ્રાઈવેટ બિલ્ડર્સની સાઈટો, રોડ કન્સ્ટ્રકશન, રેલ્વે લાઈનનાં સમારકામની સાઈટ, માર્ગ અને મકાન વિભાગની સાઈટ ઉપર મજૂર ઠેકેદાર તરફથી કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દ્દષ્ટિએ તથા મહિલા મજૂરો તથા નાબાલિગ બાળકોના જાન, સલામતીને થતું જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંકની વ્યવસ્થા ફરજિયાત પણે કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૭૫૦ થી ૫૭૬૧/૨૦૧૫.–રેતી ખનીજ લીઝ ધારકો દ્વારા જે વિસ્તારમાં લીઝ મંજુર કરવામાં આવી છે તે વિસ્તારમાં જ્યારે જ્યારે પાણીનાં પ્રવાહમાં વધ-ઘટ થાય છે ત્યારે લીઝ ધારકોની લીઝોમાં પાણી આવવાના હિસાબે તેઓ દ્વારા નાવડી મૂકી પંપ દ્વારા રેતીને પાણીમાંથી ડ્રેઝીંગ કરવામાં આવે છે. જેના પરિણામે જે સ્થળેથી પાઈપ દ્વારા રેતી ખેંચવામાં આવે તે જગ્યાને કેન્દ્રબિંદુ બનાવી તેની આસપાસના વિસ્તારમાંથી રેતી ખેંચવાના કારણે ખાડો પડે છે. આ પડેલા ખાડામાં જ્યાં સુધી નદીના પાણીના વહેણમાં મોટા પ્રમાણમાં પાણીનો ઝડપ સાથે પ્રવાહ ન આવે ત્યાં સુધી આ ખાડાઓ ઝડપથી પુરાતા નથી. પરિણામે નદી કિનારેથી ન્હાવા માટે પ્રવેશતા ઈસમોને નદીમાં વચ્ચે પડેલા ખાડાઓનો કોઇ ખ્યાલ રહેતો ના હોઇ અથવા અંદાજ આવતો ન હોવાથી થોડા આગળ વધતાં તેઓ ખાડામાં સરી જાય છે. જેના કારણે મોટી દુર્ઘટના તથા જાનહાનિ થવાની શકયતા રહેલ છે. તાજેતરમાં વડોદરા જિલ્લાનાં કરજણ તાલુકાનાં નારેશ્વર ધામ ખાતે આ જ કારણોસર નર્મદા નદી પટમાં પાણીમાં શ્રધ્ધાળુઓ ડુબી જવાની ઘટના ધ્યાને આવેલ છે.

આથી ભરૂચ જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી પટ્ટમાં આ પ્રકારની દુર્ઘટનાઓ ટાળવા માટે ખાણકામ સિવાય પંપ દ્વારા નાવડી મૂકી રેતી ડ્રેઝીંગ કરવા પર પ્રતિબંધ મૂકવો અતિ આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદીપટ્ટમાં જાહેર જનતાની જાનમાલની સલામતી માટે ખાણકામ સિવાય પંપ દ્વારા નાવડી મુકી રેતી ડ્રેઝીંગની કામગીરી પર પ્રતિબંધ મુકવા આથી ફરમાવું છું.

આ હુકમ તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫ના રોજ આ હુકમ પર મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એકટ-કલમ-૩૭(૧)/વશી.૮૨૭૧ થી ૮૩૦૨/૨૦૧૫.—નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહીં પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહીં બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ‘‘મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું’’ મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ, હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સુધ્ધાં) ના સમય માટે કોઈપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ,

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(૪) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની,

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(૭) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ (૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી કે, કામ કરતી વ્યક્તિઓ કે જેને તેનો ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪)હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/ઘલુડી/વશી-૬૬૫૩/૨૦૧૫.—ઈ.ચા. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુ.મ. સુરત ગ્રામ્ય, સુરત અને નોડલ અધિકારી, રાયફલ શુટીંગના તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે કે, સુરક્ષા સેતુ સોસાયટી, સુરત ગ્રામ્ય જિલ્લાના પોલીસ હેડ કવાટર્સ, ઘલુડી ખાતે ગતિશીલ ગુજરાત ફેજ-૩ અન્વયે સુરક્ષા સેતુ સોસાયટી, સુરત, પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર દ્વારા સુરત શહેર વિસ્તારની મહિલાઓને ૦.૨૨ રાઈફલથી ફાયરીંગ પ્રેક્ટીસ કરાવવાની હોવાથી પોલીસ હેડ ક્વાટર્સ ઘલુડી ખાતે પરેડ ગ્રાઉન્ડના ઉત્તર અને પશ્ચિમ દિશાની વચ્ચે આવેલ ફાયરીંગ બટ ઉપર તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીનો ૦.૨૨ રાયફલથી ફાયરીંગ પ્રેક્ટીસ કાર્યક્રમ રાખવામાં આવેલ હોય, સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતા વ્યક્તિઓ, બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ તેમજ માલધારીઓ તથા ચરાવવામાં આવતાં ઢોર, ઢાંખર વિગેરેઓએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારમાં જાણ્યે અજાણ્યે પ્રવેશ કરે નહીં તે આવશ્યક અને જરૂરી છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, અત્રેના સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઘલુડી ખાતેના ફાયરીંગ બટ ઉપર તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ દરમ્યાન આજુબાજુ રહેતા વ્યકિતઓ, બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતાં ઢોર, ઢાંખર વિગેરેઓએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારની આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં તથા તે વિસ્તારમાં બિનઅધિકૃત રીતે હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે.

ક્રમાંક ફજદ/વશી-૧૧૭૦ થી ૧૧૮૨/૨૦૧૫.–ભારત સરકારે પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમની કલમ-૩ (૨) (૮) તથા ૨૫ હેઠળ પુનઃ પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સંબંધી નિયમો-૧૯૯૯ બનાવેલ છે. (જેને હવે પછી પ્લાસ્ટીક નિયમો કહેવામાં આવે છે.)

જાહેર આરોગ્ય અને પર્યાવરણની જાળવણી માટે સદર પ્લાસ્ટીક નિયમો હેઠળ પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકમાંથી ઉત્પાદિત થયેલ થેલી કે ભરવાના સાધનો (કંટેઈનર)નાં ઉપયોગ, ખાદ્ય સામગ્રીના સંગ્રહ માટે કે લાવવા લઈ જવા કે પેકીંગ કરવા મનાઈ કરેલ છે. તેમજ ૨૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટીકની કોથળીના વપરાશ પર પ્રતિબંધ મુકેલ છે.

રાષ્ટ્રીય તહેવારના સમયે લોકો ઉત્સાહમાં પ્લાસ્ટીકમાંથી બનાવેલ નાના મોટા રાષ્ટ્ર ધ્વજોનો ઉપયોગ કરી તેને ગમે ત્યાં ફેંકી દેતા હોય છે. આથી જાહેર આરોગ્ય, પર્યાવરણની જાળવણી તથા રાષ્ટ્રધ્વજનું અપમાન ન થાય તે માટે પ્લાસ્ટીકમાંથી ઉત્પાદિત થયેલ રાષ્ટ્ર ધ્વજનાં ઉપયોગ થતો અટકાવવાનું આવશ્ક જણાય છે.

વાસ્તે, હું, જે. આર. ડોડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબ મને મળેલ સત્તાની રૂએ

અત્રેના ડાંગ જિલ્લામાં આગામી (૧૫મી ઓગસ્ટ, ૨૦૧૫) સ્વાતંત્ર્ય દિનની ઉજવણી દરમ્યાન પ્લાસ્ટીકમાંથી ઉત્પાદિત થયેલ ભારતનાં રાષ્ટ્ર ધ્વજનાં ઉપયોગ કરવા પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ડાંગ જિલ્લાના તમામ વિસ્તારને લાગુ પડશે.

આજ તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી / સિક્કો કર્યો.

જગદીશ ડોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા/હા/૯૩૦૫/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, દેવમ એવન્યુ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., વડોદરા, મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૯મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૨૮-૦૪-૨૦૦૯ના હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૭૧૮૭/ઘ-૨/૨૫૨/૨૦૦૯.

(૨) અત્રેની કચેરીના તા. ૧૬-૦૭-૨૦૦૯ના સુધારા ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૩૪૭/૨૦૦૯.

(૩) ફડચા અધિકારી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પો. લી., વડોદરા તરફથી મળેલ તા. ૧૩-૧૦-૨૦૧૪ની મંડળીના પુનર્જીવીત કરવાની દરખાસ્ત તથા કરેલ પુર્તતાઓ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ તેમજ નિયમ-૧૦.

(૫) સરકારશ્રીના તા. ૧-૧૨-૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક GHKH/45/2005/NSB/12/2002/3011/CH.

હુકમ

જાવક નંબર ફડચ/૦૧/ઘ-૨/૪૬૬/૨૦૧૫.–ધી આરાધના રેલ્વેમેન્સ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., વડોદરાને આમુખ-૧ માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી તરીકે સહકારી અધિકારી, ફડચા નં.-૩ની નિમણુંક કરવામાં આવેલ હતી. ત્યારબાદ આમુખ-૨માં જણાવેલ સુધારા હુકમથી ફડચા અધિકારી તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પો. લી., વડોદરાની નિમણુંક કરેલ હતી. અને તેઓએ તા. ૨૯-૪-૨૦૧૦ના રોજ ચાર્જ સંભાળેલ હતો. તેઓએ સદર મંડળીને પુર્નજીવીત કરવા આમુખ (૩) મુજબ ભલામણ સહ દરખાસ્ત કરેલ હતી. તથા માગ્યા મુજબની જરૂરી પુર્તતાઓ કરેલ હતી. જે યોગ્ય જણાંતા અત્રેને આમુખ-(૪) તથા (૫) અન્વયે મળેલ સત્તાની રૂએ સદરહુ મંડળીને જે તે સ્થિતિમાં પુનઃજીવીત કરવાનો હુકમ કરૂં છું. મંડળીએ સહકારી કાયદા કાનૂન તેમજ મંડળીના મંજુર થયેલ પેટા નિયમ મુજબ તથા મંડળીના ઉદ્દેશો મુજબ પુનઃ કામગીરી કરી અત્રેને ખાતરી કરાવવાની રહેશે. જો મંડળી પુનઃ કામગીરી કરતી નહીં થાય તો સદર મંડળીને પુનઃ ફડચામાં લઈ જવાની કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫.

કે. એલ. ખાંટ,
જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ)
સહકારી મંડળીઓ, વડોદરા.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./સે.-૪૦૫૭૧/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવમાં આવે છે કે, ધી કઠવાડા ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ કો.ઓપ. સોસાયટી લી., મું. કઠવાડા, તા. દશક્રોઇ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૧૫.

ઈ. મ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

ક્રમાંક નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૭૭/૨૦૧૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી ઉમાપતિ કો.ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લી., મું. મહેસાણા, તા. જિ. મહેસાણા, કાર્યક્ષેત્ર - મહેસાણા તાલુકાના ગામો પુરતું મર્યાદિત.

સને ૧૯૬૨ ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.
મહેસાણા, તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./ઘ(ભા)/૨૪૭૨૪/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સ્વામીનારાયણ ફેમીલી રેસીડેન્સી કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.
અમદાવાદ, તારીખ ૨૧મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./સા(હા)/૮૭૪૯/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સિધ્ધાંત વિહાર (વટવા) કો.ઓપ. હાઉસીંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી., મું. વટવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.
અમદાવાદ, તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૫.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./સા(હા)/૮૭૫૦/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ભકિત બંગલોઝ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./સા(હા)/૮૭૫૧/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ભકિત એન્કલેવ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./સા(હા)/૮૭૫૨/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સર્વોપરી ફલોરા (નરોડા) કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. હંસપુરા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./સા(હા)/૮૭૫૩/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વૃંદાવન વિલા કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./સા(હા)/૮૭૫૪/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વેસ્ટ અર્બાના કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ભાડજ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./સા(હા)/૮૭૫૫/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શાંતિ પૂજ્ય રો-હાઉસ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ચાંદલોડીયા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી જુલાઇ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એ.એચ.એમ./સા(હા)/૮૭૫૬/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ગીરીરાજ આગમન કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી જુલાઇ, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૭-૧૧-૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ખ-૨/૨૫૯૮ થી ૯૦૦૩/૨૦૦૫.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળી, અંકલેશ્વરની તા. ૧૫-૦૭-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૫૦/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી કોટેશ્વર દુધ ઉત્પાદક સ.મં. લી., મું. કતપોર, તા. હાંસોટ જિ. ભરૂચ (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

INDEX

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૨૪૧/૮૯૪/૨૦૧૫.–ધી કોટેશ્વર દુધ ઉત્પાદક સ.મં.લી., મું. કતપોર, તા. હાંસોટ જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૨જી ઓગસ્ટ, ૧૯૮૦ નોંધણી નંબર ૧૭૪૧૦ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના ઓડીટર ગ્રેડ-૨, સ.મં. અંકલેશ્વરની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૦૫ થી તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર લગત કચેરી દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૭મી જુલાઇ, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૩૦મી ડીસેમ્બર, ૨૦૧૦ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી કોટેશ્વર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. કતપોર, તા. હાંસોટ જિ. ભરૂચ, નોંધણી નંબર ૧૭૪૧૦, તા. ૨જી ફેબ્રુઆરી, ૧૯૮૦ની આમુખ(૫) થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૭-૧૧-૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ખ-૨/૧૫૧૯ થી ૧૫૯૪/૨૦૦૫.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળી, અંકલેશ્વરની તા. ૧૫-૦૭-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૪૯/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી ધોડાદ્રા દુધ ઉત્પાદક સ.મં. લી., મું. ધોડાદ્રા, તા. હાંસોટ જિ. ભરૂચ (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૨૪૨/૮૯૫/૨૦૧૫.– ધી ધોડાદ્રા દુધ ઉત્પાદક સ.મં.લી., મું. ધોડાદ્રા, તા. હાંસોટ જિ. ભરૂચ ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૨૯મી ઓકટોબર, ૧૯૭૬ નોંધણી નંબર ૩૪૯૮ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના ઓડીટર ગ્રેડ-૨, સ.મં. અંકલેશ્વરની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૪ થી તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર લગત કચેરી દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૭મી જુલાઇ, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૨૮મી ડીસેમ્બર, ૨૦૧૦ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી ધોડાદ્રા દુધ ઉત્પાદક સ.મં.લી., મું. ધોડાદ્રા, તા. હાંસોટ જિ. ભરૂચ, નોંધણી નંબર ૩૪૯૮, તા. ૨૯મી ઓકટોબર, ૧૯૭૬ની આમુખ(૫) થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૧૫.

સુનીલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા નં. ઘબ/ડી.ડી.સી./૭૨૮૬/બી., તા. ૩૧-૧૨-૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય અમદાવાદના, તા. ૨૯-૧-૬૬ના હુકમ નં. એડી/એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી સદર કચેરીનો તા. ૨૦-૭-૨૦૧૫નો અહેવાલ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૩૫૨/૨૦૧૫.-ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ધોળકાના કર્મચારીઓની કો. ઓપ. ક્રેડીટ સો. લી., તા. ધોળકા, જિ. અમદાવાદ કે જેનો નોંધણી નંબર ૩૩૧૯૦, તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અન્યની કચેરીના હુકમ નં. ઉખસ/ફડચ/ગ-૩/૧૧૫૪, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૯થી કાયમી

INDEX

ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

આથી હું આઇ. એમ. પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, વંચાણે લીધા ક્રમાંક-૧ અને ૨ તેમજ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ધોળકાના કર્મચારીઓની કો. ઓપ. ક્રેડીટ સો. લી., તા. ધોળકા, જિ. અમદાવાદ કે જેનો નોંધણી નંબર ૩૩૧૯૦, તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૨ છે તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂં છું.

અમદાવાદ, તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૫.

આઇ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (રૂરલ),
અમદાવાદ.

વાંચનમાં લીધું :–

(૧) શાંતિકૂંજ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મું. પાંડવ બંગલાની ગલી, લાલ બંગલા પાછળ, અઠવાલાઇન્સ, સુરત, તા. સીટી, જિ. સુરતના સભ્યોનો તા. ૧૫-૯-૨૦૧૪નો મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઇ જવાનો પત્ર.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩) સુરતની તા. ૫/૬/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૨૫૭ થી ૨૬૧/૧૭૨૧/૨૦૧૫.- શાંતિકૂંજ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મું. પાંડવ બંગલાની ગલી, લાલ બંગલા પાછળ, અઠવાલાઇન્સ, સુરત, તા. સીટી, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૩૭૮૫, તા. ૪થી મે, ૨૦૦૨ છે. સદર મંડળીને સભ્યોનો તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૪નો મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઇ જવાનો પત્ર તથા ઓડીટર ગ્રેડ-૨ સહકારી ગ્રા. ભં (૩) સુરતના તા. ૨૦મી ઓકટોબર, ૨૦૧૪ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તા. ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૫ના વચગાળાનાં હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૪૬/૨૦૧૪થી ફડચામાં લઇ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારીશ્રી , ફડચા નં. -૩ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૨જી માર્ચ, ૨૦૧૫ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૮૭/૨૦૧૫થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૫મી જૂન, ૨૦૧૫ જા. નં. ફડચ/ઉખસ/૦૩/૧૭૮/૨૦૧૫ની દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી પાસે જમીન કે મિલ્કત નથી, મંડળીએ કોઇપણ જાતનું બાંધકામ કરેલ નથી. મંડળીના પ્રમુખશ્રી તથા સેક્રેટરીએ તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૪ તથા તા. ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ રૂબરૂ નિવેદન આપી મંડળી ની નોંધણી રદ કરવા સંમતિ આપેલ છે. જેથી મંડળી તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી મંડળીના જવાબદાર હોદેદારો સભાસદોની પણ મંડળીને ચલાવવામાં કોઇ રસ નથી. તેમજ વંચાણે લીધેલ (૧) થી ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ ગ્રા.ભં.-૩ સુરત એ પણ મંડળીને ફડચામાં લઇ જવા ભલામણ કરેલ છે. ફડચા અધિકારી (૩) મંડળીને ફડચામાં લઇ જઇ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૭મી મે, ૨૦૧૫ના રોજ મેળવી ઠરાવ નં.-૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહુ શાંતિકૂંજ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મું. પાંડવ બંગલાની ગલી, લાલ બંગલા પાછળ, અઠવાલાઇન્સ, સુરત, તા. સીટી, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક ઘ-૩૭૮૫, તા. ૪થી મે, ૨૦૦૨ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમો કરવો મુનાસીબ જણાય છે. જેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર શાંતિકૂંજ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મું. પાંડવ બંગલાની ગલી, લાલ બંગલા પાછળ, અઠવાલાઇન્સ, સુરત, તા. સીટી, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૩૭૮૫, તા. ૪થી મે, ૨૦૦૨ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) ધી મહાદેવ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મું. મહાદેવ નગર, ગોવાલક, બમરોલી રોડ, સુરત, તા. સીટી, જિ. સુરતનો ઓડીટર ગ્રેડ-૨ સહકારી કામરેજનો તા. ૧૫-૧૨-૨૦૧૪નો મંડળીને ફડચામાં લઇ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩) સુરતની તા. ૮/૬/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને૧૧૪(૨)ની જોગવાઇઓ.

INDEX

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૨૬૧ થી ૨૬૫/૧૭૧૬/૨૦૧૫.-ધી મહાદેવનગર કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મું. મહાદેવનગર, ગોવાલક, બમરોલી રોડ, સુરત, તા. સીટી, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક સા-૩૩૯૩, તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૦ છે. સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ કામરેજના તા. ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૪ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૫૩/૨૦૧૫થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા નં. - ૩ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૪થી માર્ચ, ૨૦૧૫ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૯૮/૨૦૧૫થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૮મી જૂન, ૨૦૧૫ જા. નં. ફડચ/ઉખસ/૦૩/૧૮૦/૨૦૧૫ની દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળીમાં તમામ સભાસદોના તમામ મકાનો ગાળા ટાઈપ આવેલા છે. સુરત મ્યુ. કોર્પોરેશન તરફથી રોડ, પાણી તથા સફાઈની સુવિધા આપવામાં આવતી હોવાથી સોસાયટીને ફડચામાં લઈ જવા માટે મંડળીના હોદ્દેદારોએ તા. ૨૪મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ લેખીત રજુઆત કરેલ છે. જેથી મંડળી તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી મંડળીના જવાબદાર હોદ્દેદારો સભાસદોની પણ મંડળીને ચલાવવામાં કોઈ રસ નથી. તેમજ વંચાણે લીધેલ (૧) થી ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કામરેજ એ પણ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. ફડચા અધિકારી (૩) મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૭મી મે, ૨૦૧૫ના રોજ મેળવી ઠરાવ નં. -૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહું ધી મહાદેવનગર કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મું. મહાદેવનગર, ગોવાલક, બમરોલી રોડ, સુરત, તા. સીટી, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક સા-૩૩૯૩, તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૦ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ધી મહાદેવનગર કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મું. મહાદેવનગર, ગોવાલક, બમરોલી રોડ, સુરત, તા. સીટી, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક સા-૩૩૯૩, તા. ૨૯મી એપ્રિલ, ૨૦૦૦ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) જીવન સંગ્રામ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. યુનીવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત, તા. સીટી, જિ. સુરતનો ઓડીટર ગ્રેડ-૨ સહકારી ગ્રાહક ભંડાર (૨) સુરતનો તા. ૧-૯-૨૦૧૪નો મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩) સુરતની તારીખ ૮/૬/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪ (૨)ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૨૬૬ થી ૨૭૦/૧૭૧૧/૨૦૧૫.-જીવન સંગ્રામ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. યુનીવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત, તા. સીટી, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૨૯૫૭, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૮ છે. સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૨ સહકારી ગ્રા.ભં. (૨) સુરતના તા. ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૪ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ના વચગાળાનાં હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૭૬૯/૨૦૧૪થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી , ફડચા નં. -૩ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૫ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૬૦/૨૦૧૫થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તા. ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૮મી જૂન, ૨૦૧૫ જા. નં. ફડચ/ઉખસ/૦૩/૧૮૧/૨૦૧૫ની દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી સભ્યોએ સ્વૈચ્છિક રીતે મંડળીની નોંધણી રદ કરવા જણાવેલ છે. તપાસ કરતા આવી કોઈ સોસાયટી જણાઈ આવેલ નથી. મંડળી પાસે જમીન કે મિલ્કત નથી, મંડળીએ કોઈપણ જાતનું બાંધકામ કરેલ નથી. મંડળીના પ્રમુખશ્રી તથા સેક્રેટરીએ તા. ૨૧મી માર્ચ, ૨૦૧૪ના રોજ તથા તા. ૪થી ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ રૂબરૂ નિવેદન આપી મંડળીની નોંધણી રદ કરવા સંમતિ આપેલ છે. જેથી મંડળી તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી મંડળીના જવાબદાર હોદ્દેદારો સભાસદોની પણ મંડળીને ચલાવવામાં કોઈ રસ નથી. તેમજ વંચાણે લીધેલ (૧) થી ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ ગ્રા.ભં.-૨ સુરત એ પણ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. ફડચા અધિકારી (૩) મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

INDEX

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧૫મી મે, ૨૦૧૫ના રોજ મેળવી ઠરાવ નં. -૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહું જીવનસંગ્રામ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. યુનીર્વસીટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત, તા. સીટી, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૨૯૫૭, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૮ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર જીવન સંગ્રામ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. યુનીર્વસીટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત, તા. સીટી, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૨૯૫૭, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૮ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) જય ગાયત્રી (ઉમરા) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સ્કવેર પોઇન્ટ, સીટીલાઇટ, તા. સીટી, જિ. સુરતના ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ, (૧) સુરતનો તા. ૬-૨-૨૦૦૯નો મંડળીને ફડચામાં લઇ જવાનો પત્ર.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩) સુરતની તારીખ ૮/૬/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૨૭૧ થી ૨૭૫/૧૭૦૬/૨૦૧૫.- જય ગાયત્રી (ઉમરા) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સ્કવેર પોઇન્ટ, સીટીલાઇટ, તા. સીટી, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૨૦૪૭૨, તા. ૨૧મી નવેમ્બર, ૨૦૦૧ છે. સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ (૧) સુરતના તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૯ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તા. ૨૦મી ઓકટોબર, ૨૦૧૧ના વચગાળાનાં હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ ખ/૮૮/૨૦૧૧થી ફડચામાં લઇ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા નં.-૩ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૧૯મી જુલાઇ, ૨૦૧૨ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/ ૩૩૯/૨૦૧૨થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તા. ૨૪મી માર્ચ, ૧૫ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૮મી જૂન, ૨૦૧૫ જા. નં. ફડચ/ઉખસ/૦૩/૧૮૩/૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી પાસે સરવૈયે કોઇ સ્થાયી મિલ્કત નથી. મંડળીના મુખ્ય ઉદ્દેશ મુજબ કામગીરી કરતી નથી અને સ્થગિત અવસ્થામાં છે. મંડળી સંસ્થાના જવાબદાર હોદ્દેદારો સભાસદોની પણ સંસ્થાને ફડચામાં લઇ જવા ઇચ્છા દર્શાવેલ છે. તેમજ વંચાણે લીધેલ (૧) થી ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, (૧) સુરતે પણ મંડળીને ફડચામાં લઇ જવા ભલામણ કરેલ છે. ફડચા અધિકારીએ મંડળીના સ્થળ લોકેશનવાળી જગ્યા મ હાલ સ્કવેર પોઇન્ટનામની ઇમારત ઉભેલી છે. આમ મંડળીનું અસ્તિત્વ જણાતું ન હોય મંડળીને ફડચામાં લઇ જઇ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧૯મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મેળવી ઠરાવ નં. -૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહુ જય ગાયત્રી (ઉમરા) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સ્કવેર પોઇન્ટ, સીટીલાઇટ, તા. સીટી, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક ઘ-૨૦૪૭૨, તા. ૨૧મી નવેમ્બર, ૨૦૦૧ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ) સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર જય ગાયત્રી (ઉમરા) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સ્કવેર પોઇન્ટ, સીટીલાઇટ, તા. સીટી, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૨૦૪૭૨, તા. ૨૧મી નવેમ્બર, ૨૦૦૧ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) શ્રી રામકૃપા કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વાલ્મીકી સમાજ, રૂદરપુરા, સુરતને લગતો ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ગ્રાહક ભંડાર-૩) સુરતનો સને ૨૦૦૭ થી ૨૦૧૦ના વર્ષના તારીખ ૨૬-૩-૧૧નો ઓડીટર રીપોર્ટ તથા તા. ૨-૧-૧૨નો ફડચાનો ભલામણ પત્ર.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩) સુરતની તારીખ ૫/૦૬/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૨૭૬ થી ૨૮૦/૧૬૯૭/૨૦૧૫.-શ્રી રામકૃપા કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વાલ્મીકી સમાજ, રૂદરપુરા, તા. સીટી, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૨૧૭૬૦, તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૦૬ છે. સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૨ ગ્રાહક ભંડાર (૩) સહકારી મંડળીઓ સુરતના તા. ૨જી જાન્યુઆરી, ૨૦૧૨ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તા. ૧૩મી જૂન, ૨૦૧૨ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૨૯૨/૨૦૧૨થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારીશ્રી, ફડચા નં.-૩ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૨ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૩૪૯/૨૦૧૨થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૫મી જૂન, ૨૦૧૫ જા. નં. ફડચ/ઉખસ/૦૩/૧૭૯/૨૦૧૫ થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી દ્વારા આજદિન સુધી જમીન ખરીદેલ નથી તથા સંસ્થા જમીન ખરીદી શકે તેમ પણ નથી જેથી પ્રવૃત્તિ શરૂ થવાની શક્યતા નથી અને સંસ્થાના જવાબદાર હોદ્દેદારો પણ સંસ્થાને ફડચામાં લઈ જવા ઈચ્છા દર્શાવેલ છે. તેમજ વંચાણે લીધેલ (૧) થી ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ગ્રા.ભં-૩) સુરતે પણ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. ફડચા અધિકારીએ મંડળીના ઉદ્દેશ મુજબ હવે મંડળી કામ કરી શકે તેમ ન હોય મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧૯મી મે, ૨૦૧૫ના રોજ મેળવી ઠરાવ નં. -૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહુ શ્રી રામકૃપા કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વાલ્મીકી સમાજ, રૂદરપુરા, તા. સીટી, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક ઘ-૨૧૭૬૦, તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૦૬ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમો કરવો મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ) સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર શ્રી રામકૃપા કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વાલ્મીકી સમાજ, રૂદરપુરા, તા. સીટી, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૨૧૭૬૦, તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૦૬ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) રાધાબાગ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. બારડોલી તા. બારડોલી, જિ. સુરતના સબ ઓડીટર સહકારી મંડળીઓ (૧) સુરતનો તા. ૨-૭-૧૨નો મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૧) સુરતની તા. ૨/૫/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૨૮૧ થી ૨૮૫/૧૬૯૬/૨૦૧૫.-રાધાબાગ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. બારડોલી, તા. બારડોલી, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક સા-૫૭૨૩, તા. ૨૪મી જુલાઇ, ૨૦૦૮ છે. સદર મંડળીને સબ ઓડીટર સહકારી મંડળીઓ (૧) સુરતના તા. ૨જી જુલાઇ, ૨૦૧૨ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તા. ૨૦મી જુલાઇ, ૨૦૧૨ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૩૪૫/૨૦૧૨થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા નં.-૧ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૨ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૪૦૫/૨૦૧૨થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૨જી મે, ૨૦૧૫ જા. નં. ફડચ/૦૧/૪૯/૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી મુખ્ય ઉદ્દેશ મુજબ કામગીરી શરૂ કરેલ નથી અને સ્થગિત અવસ્થામાં છે. મંડળીના જવાબદાર હોદ્દેદારો સભાસદોની પણ મંડળીને ચલાવવામાં કોઈ રસ નથી તેમજ વંચાણે લીધેલ (૧) થી સબ ઓડીટર, સહકારી મંડળીઓ, (૧) સુરતે પણ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. ફડચા અધિકારીએ (૧) મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧લી માર્ચ, ૨૦૧૫ના રોજ મેળવી ઠરાવ નં. -૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહું રાધાબાગ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. બારડોલી, તા.બારડોલી, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક સા-૫૭૨૩, તા. ૨૪મી જુલાઇ, ૨૦૦૮ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમો કરવો મુનાસીબ જણાય છે. જેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ) સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર રાધાબાગ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. બારડોલી, તા.બારડોલી, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક સા-૫૭૨૩, તા. ૨૪મી જુલાઈ, ૨૦૦૮ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

વાંચનમાં લીધું :–

(૧) ધી ગાંગપુર હર્ષદ (લાબા પાટ ફળીયા) ખેતી પિયત સહકારી મંડળી લી. મું. પો. ગાંગપુરા (લાબા પાટ) તા. માંડવી, જિ. સુરતનો સબ ઓડીટર સહકારી બારડોલીનો તા. ૧- -૨૦૧૪નો મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩) સુરતની તારીખ ૮/૬/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૨૮૬ થી ૨૯૦/૨૮૬૩/૨૦૧૫.-ધી ગાંગપુર હર્ષદ (લાબા પાટ ફળીયા) ખેતી પિયત સહકારી મંડળી લી. મું. પો. ગાંગપુરા હર્ષદ (લાબા પાટ) તા. માંડવી, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી પિયત મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ખે-૫૯૯૯, તા. ૨૯મી ડીસેમ્બર, ૨૦૧૪ છે. સદર મંડળીને સબ ઓડીટર સહકારી મંડળીઓ, બારડોલીના તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૪ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તા. ૩૧મી મે, ૨૦૧૪ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૩૫૪/૨૦૧૪ થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારીશ્રી, ફડચા નં.-૩ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૨૪મી જુલાઈ, ૨૦૧૪ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૪૭૫/૨૦૧૪ થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તા. ૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૮મી જૂન, ૨૦૧૫ જા. નં. ફડચ/ઉખસ/૦૩/૧૮૨/૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી મુખ્ય ઉદ્દેશ મુજબ કામગીરી શરૂ કરેલ નથી, કલમ-૮૫નો ભંગ કરેલ છે. કાનુન-૨૧ મુજબ સભાસદ રજીસ્ટરમાં વારસદારોની નિમણુંક કરેલ નથી, વ્ય. કમિટિની બેઠક મળતી નથી, વા. સાધારણ સભા કે ખાસ સા. સભા બોલાવેલ નથી અને સ્થગિત અવસ્થામાં છે. મંડળીના જવાબદાર હોદ્દેદારો સભાસદોની પણ મંડળીને ચલાવવામાં કોઈ રસ નથી તેમજ વંચાણે લીધેલ (૧) થી સબ ઓડીટર, સહકારી મંડળીઓ, બારડોલી એ પણ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. ફડચા અધિકારી (૧) મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૧૪મી મે, ૨૦૧૫ના રોજ મેળવી ઠરાવ નં. -૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહુ ધી ગાંગપુર હર્ષદ (લાબા પાટ ફળીયા) ખેતી પિયત સહકારી મંડળી લી. મું. પો. ગાંગપુરા હર્ષદ (લાબા પાટ) તા. માંડવી, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક ખે-૫૯૯૯, તા. ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૪ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ધી ગાંગપુર હર્ષદ (લાબા પાટ ફળીયા) ખેતી પિયત સહકારી મંડળી લી. મું. પો. ગાંગપુરા હર્ષદ (લાબા પાટ) તા. માંડવી, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ખે-૫૯૯૯, તા. ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૪ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરત.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, AUGUST 27, 2015 / BHADRA 5, 1937 [No. 35

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1267-1326	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	69
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	35	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3085-3181

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેક્શન/પરમીટ/૫૬/૨૦૧૫.–અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહિં તેમજ કોઈ સરઘસ કાઢવું નહિં.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ-(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./એ સેકશન/મોબાઈલ/૫૭/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો તેમજ સને-૨૦૦૮ના વર્ષમાં અમદાવાદ શહેર ખાતે બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઈ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થનો તથા હેન્ડ ગ્રેનેડથી ભયાનક બ્લાસ્ટ કરી સમગ્ર શહેરને હચમચાવી દિધેલ. અમુક બનાવોથી જણાયેલ છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા જાહેર શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જિંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મીલકતને નુકશાન પહોંચાડી ગુનાઓ આચરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહીત કામગીરીમાં ગુનેગારો ગુનાહીત કૃત્ય કરવા એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તથા તાજેતરમાં મીલકત સંબંધી/શરીર સંબંધી શોધાયેલ ગુનાઓમાં પણ ગુનેગારો મોબાઈલ ફોન તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે તથા S.T.D./P.C.O. પરથી બનાવટી કોલ (FAKE CALL) દ્વારા ધમકી આપવાના, ખંડણી માગવાના અપશબ્દ બોલવાના મહીલાઓની જાતીય સતામણી કરવાના ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ વધતા રહે છે. આમ આ પ્રકારની તપાસમાં વિજ્ઞતાઓના કારણે મોબાઈલ ફોન સીમ કાર્ડ લે-વેચ વખતે તથા S.T.D./P.C.O. થી ફોન કરતી વખતે ખરીદનાર તથા વેચનારનું નામ તથા ફોન કરનારનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેની નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓના કચેરી ક્રમાંક : એન.જી.ઓ./ટેલીફોન બૂથ/૧૭૦/૨૦૧૨, અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઈલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજો ડિસ્ટ્રીબ્યુટર/રીટેલર વિક્રેતાઓએ બરાબર ચકાસવા તથા જે પુરાવાઓની ઝેરોક્ષ રાખવી તથા તે અંગેનું નામ સરનામા પુરાવાની માહિતીનું રજિસ્ટર રાખવું તથા S.T.D./P.C.O. ધારકોએ કોલરની આઈડેન્ટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલના નામ સરનામાની માહિતી અંગેના રજિસ્ટરો ત્રણ વર્ષ સુધી નિભાવવાના રહેશે.

આ હુકમ તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર વિ.શા./એ-સેકશન/પરમીટ/૫૮/૨૦૧૫.—અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હો બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજયના ગૃહવિભાગના તારીખ ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ ફરમાવું છું;

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા

INDEX

વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લોકો સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૫૯/૨૦૧૫.– ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, પરિપત્ર ક્રમાંક વિ/૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪/સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી ઓક્ટોબર, ૨૦૧૩ના ઓના રાજ્યના શોપીંગ મોલની સુરક્ષા બાબતેના આદેશ અન્વયે,

તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ, જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરિકોના અકાળે મૃત્યુ થયેલ. જેથી, અમદાવાદ શહેરમાં આવેલ શોપીંગ મોલની પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તથા સુરક્ષા સુદ્રઢ રીતે જળવાઈ રહે તે હેતુથી પગલાં લેવા જરૂરી છે. જેથી તકેદારી માટેના પગલાં લેવડાવવા સારૂ નીચે મુજબ હુકમ કરૂં છું.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, (સીઆરપીસી/૧૯૭૩), ૧૯૭૪ના નં. ૨ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં શોપીંગ મોલની સુરક્ષા અંગે નીચે મુજબ ચુસ્તપણે અમલ કરવો.

૧. દરેક મોલમાં એન્ટ્રી ગેટ આગળ મોલના Exit ગેટ તથા મોલની પાછળના વિસ્તારમાં થતી તમામ હિલચાલનું વિડીયો ઓડીયો રેકોર્ડીંગ થાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા, જેમાં Colour-Image, I.P. Base, 1.3 Mega Pixel with Night Vision, capability Data Storage-15 days min. જેથી, મોલની સુરક્ષા યોગ્ય રીતે જળવાઈ રહે.

૨. મોલની અંદર દાખલ થતા વાહનો (મોટરકાર/ટુ વ્હીલરનું વિગેરેનું ચેકીંગ કરવામાં આવે તેની સાથે સાથે વાહનોની અંદર બેઠેલ તમામ વ્યક્તિઓનું પણ ચેકીંગ કરવું જરૂરી છે.

૩. જ્યારે જ્યારે મોલની માલિકી બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા સુરક્ષા અંગેની જણાવેલ તમામ જરૂરી ચેકીંગ યોગ્ય રીતે થાય તે મુજબ નવા માલિકે પણ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ મોલની માલિકી ફેરબદલી અંગેની જાણ અત્રે પોલીસ કમિશનર કચેરીનો સ્પેશીયલ બ્રાંચ ખાતે કરવાની રહેશે.

૪. મોલમાં આવતા તમામ માલ-સામાન (Goods)નું ચેકીંગ કરવું. જેથી મોલમાં કોઈ પ્રતિબંધિત અથવા સ્ફોટક પદાર્થો આવી ન જાય તે રીતે ચકાસણી કરવી તેમજ સલામતિ માટે જરૂરી તમામ સિક્યુરીટી માટે તાલીમ બધ્ધ અને સિક્યુરીટીના નિયમોના માહિતગાર હોય તેવા માણસોથી રાઉન્ડ ધી ક્લોક સલામતિની વ્યવસ્થા મોલ માલિકે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૫. મોલમાં Explosive જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થ ન આવે તે અંગેની ચકાસણી માટે સલામતિ સાથે સાથે સ્નીફર ડોગથી પણ ચકાસણી થાય તેવી સલામતિ ગોઠવવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૨૨મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામું/એ સેકશન/પરમીટ/૬૦/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદરાબાદના દીલસુખનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં આતંકવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બબ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે આવનાર ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વહેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા પુરાવા મેળવી તેની ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ, સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર-

INDEX

સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતાં સ્કુટર કે જેમાં આર.ટી.ઓ.નો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતી અને દેશની સુરક્ષા માટે થોડા નિયમો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતાં સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે, નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ-બેટરીથી ચાલતા સ્કુટર વેચાણ કરનારે મેળવવાનો રહેશે.

(૩) બિલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલિફોન/ મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બિલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર ચેસીસ નંબર અવશ્ય લખવો.

આ હુકમ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/૨૮૭૬/૨૦૧૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદરાબાદના દિલસુખનગર ખાતે થયેલ ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બ બ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા મેળવી ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલ પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂં નામ, સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સાયકલ/સ્કુટર વેચાણ કરવા તથા બેટરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ.નો પાસીંગ નંબર લેવાનો રહેતો નથી તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડાક સૂચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, ઈ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (C.R.P.C.), ૧૯૭૩, (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર, દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારાને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનુ ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/ બેટરીથી ચાલતા સ્કુટર વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બિલમાં ખરીદનારનું પુરૂં નામ / સરનામું, સંપર્ક માટે ટેલીફોન/ મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બિલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર/ચેસીસ નંબર અવશ્ય લખવો.

: અમલવારીના પીરિયડ અને વિસ્તાર :

આ હુકમનો અમલ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧ માહે ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./પરમીટ/એ. સેકશન/૨૮૭૭/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન એકમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, કે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને એકમ, મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ એકમ, મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઇ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલકત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ
વડોદરા શહેરમાં ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત (ઔદ્યોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફલેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફિસ/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલકત)
પોલીસ ઇન્સ્પેકટરશ્રી .... પોલીસ સ્ટેશન, વડોદરા શહેર, તારીખ ..../.........../૨૦૧૫.
ઔદ્યોગિક એકમ, મકાન માલિકનું નામ શ્રી/શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... સરનામું
ફોન નં. (ઘર) (ઓફીસ) (મો)
ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલકતનું સરનામું
(ભાડે રાખેલ મિલકત)નો ફોન નંબર (મો)
કેટલા ટાઇમ માટે ભાડે આપેલ તે સમયગાળો રીન્યુઅલ તારીખ
ભાડુઆતનો પાસપોર્ટ સાઇઝનો ફોટો એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ભાડુઆતની સહી એકમ, મકાન માલીકની સહી

આ હુકમ તારીખ ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ (બંને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માહે ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/૨૮૭૮/૨૦૧૫.-વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, વડોદરા શહેર વિસ્તારમાં વહેલી સવારના ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આ ટ્યુશન કલાસમાં જતા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો ભૂતકાળમાં બનેલ છે, તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે, જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓની હિતમાં વડોદરા શહેરમાં વહેલી સવારે ૦૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રિના ક. ૨૧-૦૦ પછી શૈક્ષણિક ટ્યુશન કલાસીસ શરૂ કરવા/ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર GG/૪૨૨/C.R.C./૧૦૮૨/૧૦૮૦/M. તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર GG/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં સવારના કલાક ૦૭-૦૦ વાગ્યા પહેલા શરૂ કરવા અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી ટ્યુશન ક્લાસીસ ચાલુ રાખવા ઉપર.

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧ માહે ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./ગણપતિ/જાહેરનામું/પરમીટ/૨૮૮૯/૨૦૧૫.–વડોદરા શહેરમાં ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. અને સ્થાપના થયેલ ગણેશજીની મૂર્તિઓના વિસર્જન સરઘસો કાઢી મૂર્તિઓ પાણીમાં વિસર્જન કરી ઉત્સવની ઉજવણી કરવામાં આવતી હોય છે. જેમાં અમુક ભાવિકો દ્વારા આ સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મૂર્તિઓના સ્થાપના કર્યાના પાંચમાં દિવસે એટલે કે, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ, અમુક ભાવિકો સાતમાં દિવસે એટલે કે, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ, અમુક ભાવિકો નવમાં દિવસે એટલે કે, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ, અમુક ભાવિકો અગીયારમાં દિવસે એટલે કે, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ, મૂર્તિઓના વિસર્જન સરઘસ રૂપે નીકળી ગણેશજીની મૂર્તિઓનું નદી કે તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. આ મહોત્સવ અગાઉ મૂર્તિકારો તરફથી મૂર્તિઓના કદ બાબતે ઊંચાઈનું યોગ્ય ધોરણ જળવાઈ રહે અને વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન સરઘસનું ટ્રાફિક સરળતાથી ચાલુ રહે, કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ મૂર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાય નહીં તેમજ ધાર્મિક લાગણી દુભાય નહીં તદ્ઉપરાંત મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી પણ દુભાય નહીં તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવામાં ન આવે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે તેમજ પર્યાવરણ ખાતાના પત્ર નંબર ENV\10-2014-88E, તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૪ની સૂચનાથી નામદાર ગુજરાત તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની સૂચનાથી આપેલ આદેશ મુજબ પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર ૧૯૮૨ના નોટીફિકેશન નંબર GG/૪૨૨/C.R.C./૧૦૮૨/૧૦૮૦/M તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નં. GG/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ મુકવા આથી હુકમ કરું છું કે,

પ્રતિબંધીત કૃત્યો

(૧) શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહીત ''૯'' ફુટ કરતા વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર (માટીની મૂર્તિઓનું વિસર્જન દરીયા, નદી, તળાવ, સહિતના કુદરતી જળ સ્ત્રોતમાં કરવાનું રહેશે).

(૨) શ્રી ગણેશજીની P.O.P.ની મૂર્તિ અને ફાયબરની મૂર્તિ બેઠક સહીતની ''૫'' ફુટ કરતા વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા અને દરીયા, નદી તળાવ, સહીતાના કુદરતી જળ સ્ત્રોતમાં કરવા ઉપર. (P.O.P. ની મૂર્તિનું V.M.S.S. દ્વારા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં વિસર્જન કરવાનું રહેશે.)

(૩) ઓવારા વાઈઝ ઈશ્યું કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તિઓનું વિસર્જન કરવા ઉપર.

(૪) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે. તે જગ્યાએ તથા વેંચાણ માટે રાખે છે તે જગ્યાની આજુ-બાજુ તથા નજીકમાં કોઈ પણ પ્રકારની ગંદકી કરવા ઉપર.

(૫) શ્રી ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વધેલી તથા ખંડીત મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાનીવાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેંચવા ઉપર.

INDEX

(૭) ગણેશ વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધુ દિવસ સુધી રાખવા ઉપર.

(૮) ફાયબરની મૂર્તિ વિસર્જનના દિવસે અથવા ત્યારબાદ સરઘસ રૂપે બહાર કાઢવા ઉપર.

(૯) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનારને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બ) હેઠળનો નિયમ

ક્રમાંક ટફક/નો પાર્કીંગ, નો એન્ટ્રી/જાહેરનામું/૩૨૧૫/૨૦૧૫.– વડોદરા શહેરમાં તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ પાટીદાર સમાજ તરફથી અનામતની માંગણી અંગે નવલખી મેદાનથી રેલી નિકળનાર હોય, આ રેલીમાં વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં જનમેદની એકત્રિત થનાર હોય, આ રેલી પ્રસંગે જાહેર જનતાની સલામતિ તેમજ શહેરમાં ટ્રાફીક નિયમનની સરળતા જળવાઈ રહે અને આમ જનતાને ભય અગર અગવડ ન પડે તે હેતુસર તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૯-૦૦ થી પાટીદાર રેલી પુરી થાય ત્યાં સુધી **"નો પાર્કીંગ/નો એન્ટ્રી"** અંગેનું જાહેરનામું તાત્કાલિક અસરથી પ્રસિદ્ધ કરવાની જરૂરીયાત હોવાથી ટ્રાફીક વ્યવસ્થા અંગે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરૂં છું.

હું, ઈ. રાધાકૃષ્ણ, (IPS) પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાને અગવડ ન પડે તેમજ વાહન વ્યવહાર સરળતાથી પસાર થાય અને ટ્રાફીક નિયમન જળવાઈ રહે, તે હેતુસર તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ કલાક ૦૯-૦૦ થી પાટીદાર રેલી પૂર્ણ થાય ત્યાં સુધી નવલખી મેદાનથી રાજમહેલ મેઈન ગેટ, કીર્તિસ્થંભ, માર્કેટ ચાર રસ્તા, વીર ભગતસિંહ ચોક, લાલ કોર્ટ પેટ્રોલ પંપ, ગાંધીનગર ગૃહ થઈ રાવપુરા રોડ, ટાવર ચાર રસ્તા, કોઠી ચાર રસ્તા થઈ કલેક્ટર કચેરી સુધીના રૂટ ઉપર આવતા જતા તમામ પ્રકારના વાહનો માટે **"નો પાર્કીંગ/નો એન્ટ્રી"** જાહેર કરૂં છું.

વૈકલ્પિક રૂટ

(૧) પાટીદાર સમાજ રેલી નવલખી મેદાનથી બહાર નીકળી રાજમહેલ મેઈન ગેટ આવે ત્યાં સુધી લાલબાગ બ્રિજ થી રાજમહેલ મેઈન ગેટ તરફ આવતા ભારદારી/મોટા વાહનો લાલબાગ બ્રિજ થી વિશ્વામિત્રી તરફ અવર-જવર કરી શકશે, જ્યારે ટુ વ્હીલ/થ્રી વ્હીલ/ફોર વ્હીલ વાહનો લાલબાગ બ્રિજથી મોતીબાગ તોપ થઈ બગીખાના તરફ અવર-જવર કરી શકશે. પરંતુ રાજમહેલ મેઈન ગેટ તરફ **"નો એન્ટ્રી"** રહેશે.

તેમજ ફતેગંજ સર્કલથી રાજમહેલ મેઈન ગેટ તરફ આવતા ભારદારી/મોટા વાહનો ગેંડા સર્કલ/એલ એન્ડ ટી સર્કલ તરફ અવર-જવર કરી શકશે, જ્યારે ટુ વ્હીલ/થ્રી વ્હીલ/ફોર વ્હીલ વાહનો બરોડા ઓટો મોબાઈલ/કોઠી ચાર રસ્તાથી મહારાણી નર્સિંગ હોમ થઈ દાંડીયાબજાર બ્રિજ/દાંડીયાબજાર રોડ તરફ અવર-જવર કરી શકશે. પરંતુ રાજમહેલ મેઈન ગેટ તરફ **"નો એન્ટ્રી"** રહેશે.

(૨) પાટીદાર સમાજ રેલી રાજમહેલ ગેટ પસાર કરે ત્યારે વાહનો માર્કેટ ચાર રસ્તાથી દાંડીયાબજાર/જયરત્ન બિલ્ડીંગ/વીર ભગતસિંહ ચોક તરફ અવર-જવર કરી શકશે. પરંતુ રાજમહેલ મેઈન ગેટ તરફ **"નો એન્ટ્રી"** રહેશે.

(૩) પાટીદાર સમાજ રેલી માર્કેટ ચાર રસ્તા પસાર કરે ત્યારે દાંડીયાબજાર ચાર રસ્તા તથા જયરત્ન બિલ્ડીંગ તથા વીર ભગતસિંહ ચોક તરફથી માર્કેટ ચાર રસ્તા તરફ આવતો ટ્રાફિક અનુક્રમે આર. વી. દેસાઈ રોડ તરફ, દાંડીયાબજાર થી મહારાણી નર્સિંગ હોમ, ટાવર ચાર રસ્તા તરફ તેમજ સાધના સિનેમાંથી ન્યુ લહેરીપુરા રોડ/વીર ભગતસિંહ ચોકથી મંદનઝાંપા રોડ તરફ અવર-જવર કરી શકશે. પરંતુ માર્કેટ ચાર રસ્તા તરફ **"નો એન્ટ્રી"** રહેશે.

(૪) પાટીદાર સમાજ રેલી લાલ કોર્ટ પસાર કરે ત્યારે દાંડીયાબજાર ચાર રસ્તા/ફાયર બ્રિગેડ ત્રણ રસ્તા થી લાલ કોર્ટ તરફ આવતો ટ્રાફિક દાંડીયાબજાર ચાર રસ્તાથી જે તે તરફ અવર-જવર કરી શકશે. પરંતુ લાલ કોર્ટ તરફ **"નો એન્ટ્રી"** રહેશે.

(૫) પાટીદાર સમાજ રેલી જ્યુબિલીબાગ સર્કલ પસાર કરે ત્યારે ટાવર ચાર રસ્તા તરફથી જ્યુબિલીબાગ સર્કલ તરફ આવતો ટ્રાફિક નાગરવાડા/નવરંગ સર્કલ તરફ અવર-જવર કરી શકશે. પરંતુ જ્યુબિલીબાગ સર્કલ તરફ **"નો એન્ટ્રી"** રહેશે.

(૬) પાટીદાર સમાજ રેલી ટાવર ચાર રસ્તા પસાર કરે ત્યારે નાગરવાડા/નવરંગ સર્કલ/કોઠી ચાર રસ્તા તરફથી ટાવર ચાર રસ્તા તરફ આવતો ટ્રાફિક નાગરવાડા થી સલાટવાડા-કારેલીબાગ તરફ, નવરંગ સર્કલથી દાંડીયાબજાર તરફ, કોઠી ચાર રસ્તાથી સલાટવાડા-રેલ્વે હેડ ક્વાર્ટર તરફ અવર-જવર કરી શકશે. પરંતુ ટાવર ચાર રસ્તા તરફ **"નો એન્ટ્રી"** રહેશે.

(૭) પાટીદાર સમાજ રેલી કોઠી ચાર રસ્તા પસાર કરે ત્યારે સલાટવાડા, ફુલબારી નાકા, રેલ્વે હેડ ક્વાર્ટર થી કોઠી ચાર રસ્તા તરફ આવતો ટ્રાફિક ફુલબારી નાકાથી સલાટવાડા તરફ, રેલ્વે હેડ ક્વાર્ટર થી જેલ રોડ/રાજમહેલ રોડ તરફ અવર-જવર કરી શકશે. પરંતુ કોઠી ચાર રસ્તા તરફ **"નો એન્ટ્રી"** રહેશે.

મેં, આજરોજ તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એસ.બી/રાજકીય/જાહેરનામું/૮૬/૨૦૧૫.–સુરત શહેરમાં ભુતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખૂન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે, આવા ગુનાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો / બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મીલકત સંબંધી તેમજ શરીર સંબંધીના ગંભીર ગુના આચરે છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, (I.P.S.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે રાખેલા હોય તેની માહીતી જે તે વિસ્તારના સ્થાનિક પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે હવેથી રાખશે, ત્યારે તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે. તેમજ વોચમેન હથિયારધારી હોય તો તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર.	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું, ટેલીફોન નંબર	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું ટેલીફોન નંબર સાથે.	
૪	નોકર રાખ્યાની તારીખ	
૫	કોના ભલામણથી / ઓળખાણથી નોકરીએ રાખેલ છે તેનું નામ, સરનામું, ટેલીફોન નંબર.	
૬	નોકરના બે-ત્રણ સગા સબંધીના નામ સરનામા.	
૭	નોકરનો ફોટો	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલ રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ. બી./પરમીટ/એ. સેકશન/૮૭/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં, ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર / લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગીક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

INDEX

જેથી, હું, રાકેશ અસ્થાના, (I.P.S.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઇ મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન/ દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનોને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઇ મકાનો / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન /દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનોને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન / દુકાન / ઓફિસના માલીકો/ ઔદ્યોગિક એકમો ભાડે આપી શકે નહી. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે, જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન / દુકાન / ઓફિસના માલીકો તથા ઔદ્યોગિક એકમના સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	વિગત	
૧	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ.	
૨	મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર.	
૩	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	
૪	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનુ પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	
૫	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા.	
૬	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું, ટેલી. નં.	
૭	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ ?	

નિયમો

(૧) આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

(૨) આ ફોર્મ સંપૂર્ણ રીતે ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પો. સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

(૩) આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

(૪) તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય જાત તપાસ કરવી આવશ્યક છે.

(૫) સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીનાં સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

(૬) ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાનો રહેશે.

(૭) જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

(૮) આ સાથે ₹ ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

(૯) મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૧૦) ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆત-૧૧ માસ બાદ જગ્યા/મિલ્કત ખાલી ન કરે ત્યારે, મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.

(૧૧) બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સંબંધીઓને વચ્ચે રાખી આપવી.

(૧૨) મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી..

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો.નં.)..

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું : ....

(૧)

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો.નં.)..

(૨)

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો.નં.)..

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	સાક્ષીની સહી	પોલીસ સ્ટેશન સહી, સિક્કો અને તારીખ
ભાડૂઆતની સહી	એકમ, મકાન માલીકની સહી	એજન્ટની સહી	

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/જાહેરનામું/૮૮/૨૦૧૫.—સુરત શહેરમાં ભુતકાળમાં બનવા પામેલ લૂંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા ગંભીર ગુનાના કિસ્સાઓ પૈકી ઘણાખરા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામં, ટેક્ષટાઈલ ઉદ્યોગમાં, હિરા ઉદ્યોગ, તથા અન્ય કારખાનાઓમાં કામ કરતા પરપ્રાંતિય કારીગરો સંડોવાયેલાનું અને ગુનો આચર્યા બાદ નાસી જતા તેઓના સંબંધી અપુરતી કે ખોટી વિગતોને કારણે પોલીસ પકડમાં આવતા નથી. તદઉપરાંત ઘણીવાર તેઓ પોતાના વતનમાં ગુનાઓ આચરી ખોટા નામ સરનામાં દર્શાવી અત્રેના શહેરમાં આશ્રય મેળવી રહે છે અને ફરી ગુનો કરે છે. આમ શહેરની જાહેર શાંતિ - સલામતી અને કાયદો વ્યવસ્થા જોખમાય તેવા કૃત્ય કરે છે. જે અટકાવવા સારૂ અને જાહેર જનતાની શાંતી - સલામતી અને સુખાકારી જાળવવા સારૂ.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજૂરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

INDEX

(૨) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજૂરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર-૧ અને ૨ ની હકીકત નીચે દર્શાવેલ કોલમ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહિતીનું રજિસ્ટર તૈયાર કરી તથા જે કર્મચારી હથિયારધારી હોય તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અનુ. નંબર	વિગત	
૧	માલીકનું નામ, સરનામું તથા ધંધાની વિગત ટે. નં./મોબાઈલ નંબર.	
૨	કર્મચારી/કારીગર/મજૂરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, વતનનું સરનામું અને સ્થાનિક પો.સ્ટે./ ટે. નં.	
૩	કર્મચારી/કારીગર/મજૂરના પિતાનું નામ અને સરનામું.	
૪	કર્મચારી/કારીગર/મજૂરનું વતનનું સરનામું સ્થાનિક પો.સ્ટે. નું નામ/ ટે. નં. તારીખ.	
૫	કર્મચારી/કારીગર/મજૂરને રાખ્યાની તારીખ.	
૬	કર્મચારી/કારીગર/મજૂર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૭	કર્મચારી/કારીગર/મજૂરને કોના રેફરન્સ/પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૮	કર્મચારી/કારીગર/મજૂરનો ફોટો.	
૯	હથિયાર હોય તો તેની અને લાઈસન્સની પૂરી વિગત.	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી.

અપવાદ

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, પબ્લીક સેકટર, શૈક્ષણિક સંસ્થાઓ ચુંટાયેલી સંસ્થાઓ ઉપરોકત હુકમ લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે.

ક્રમાંકઃ એસ.બી./રાજકીય/જાહેરનામું/૮૯/૨૦૧૫.–સુરત શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયોરોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરત શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

INDEX

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાસસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નંબર : ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ વાઇઝ આપવાની રહેશે.

અ.નં.	વિગત		
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર.	:-	
૨	પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ હાલનું સરનામું ટેલીફોન નંબર.	:-	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલીફોન નંબર.	:-	
૪	નોકરીએ રાખ્યાની તારીખ.	:-	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું.	:-	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત.	:-	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ.	:-	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો.	:-	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી માટે અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ. બી./પરમીટ/એ. સેકશન/૯૦/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઇને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરીપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની લમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઇપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સંબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલીકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

INDEX

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેન્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત શહેરમાં કઇ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૦) વિદેશી નાગરીકોનો મોબાઇલ નંબર રજિસ્ટરમાં નોંધવાનો રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./લાયસન્સ બ્રાન્ચ/ફટાકડા/૯૧/૨૦૧૫.– સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મિક સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પિટલ, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે. જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ જાય છે અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે. તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. તેમજ હોસ્પિટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા / કોલેજોમાં ભણતાં વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે. જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવહાર સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને તથા શાળા / કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે તથા રાત્રિના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, જે અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) સુરત શહેરના જાહેર રસ્તા / રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનું / ફટાકડા, ફોડવા / સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર.

(૨) સુરત શહેરના જાહેર રસ્તાઓ / રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યક્તિ ઉપર ફેંકવા ઉપર.

(૩) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રિના કલાક ૨૨-૦૦ થી સવાર કલાક ૬-૦૦ સુધી ફટાકડા / દારૂખાનું ફોડવા ઉપર.

(૪) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પિટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ફટાકડા / દારૂખાનું ફોડવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

INDEX

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી/જાહેરનામું/૯૨/૨૦૧૫.– સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ પ્લેગૃપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવું જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતાથી ખંડણી / ફીરોતીના રૂપિયા પડાવવાના હેતુથી, બાળક સાથે બદકામ કરવાના હેતુથી, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતાપિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યક્તિઓ માતા-પિતા સાથે ઘરોબો (સબંધ) કેળવી અથવા તેમની દિનચર્યાની માહીતી એકત્રિત કરી સંબંધિત બાળકને લલચાવી ફોસલાવી ભણવા માટે અથવા તો રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી ભવિષ્યમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહિતી પ્લેગૃપ / નર્સરી / શાળાના સંચાલકોઓએ રાખવાની રહેશે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (I.P.S.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગૃપ / નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહિતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગૃપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડેના વાહનો જેવા કે, ઓટો રીક્ષા, મીનીબસ, મારૂતી વાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજિસ્ટ્રેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલીકનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર સંબંધિત સંસ્થાએ રાખવાનો રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વાહન માલીકનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૨	ડ્રાઈવરનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૩	વાહનનો પ્રકાર તથા રજિસ્ટ્રેશન નંબર.	
૪	ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર.	
૫	ડ્રાઈવરનો ફોટો.	
૬	ડ્રાઈવર લઈને આવતાં તથા જતાં બાળકોનું નામ તથા ધોરણ અને ઉંમરની વિગત.	

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદા વાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલીની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે ? તે અંગે વાલી પાસેથી તેના સગા-સંબંધીના પુરૂ નામ, સરનામુ મોબાઈલ નંબર/ફોન નંબરની વિગતો સંસ્થાએ તેમના રેકર્ડ ઉપર રાખશે.

(૪) ઘણી ખરી પ્લેગૃપ / નર્સરી / શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે, બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતિ હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યક્તિ વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસોને બાળક સોંપવાના રહેશે.

ઉપરના મુદ્દા નંબર (૩) અને (૪) ના અંગેની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર.	
૨	વાલીએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.	
૩	પ્રાઈવેટ વાહનનો નંબર.	
૪	ડ્રાઈવરનું નામ, સરનામું, ટે.નં. / મો.નં.	
૫	ફોટો.	

ઉપરોક્ત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારીથી માંગણી થયેથી સ્કુલ તરફથી તે રજુ કરવાની રહેશે.

(૫) શાળાનો સમય પુરો થાય અને બાળકો શાળાએ થી છુટે ત્યારે શાળા એ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષ થી ઓછી ઉંમરના બાળકોને રવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકોને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોંપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોંપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોંપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે તેના બદલે બીજી કોઈ વ્યક્તિ બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોંપશે. અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે. અને પોલીસ તરફથી માંગેથી રજુ કરવાની રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર.	
૨	વાલી/અધિકૃત વ્યક્તિ સિવાય અન્યને બાળક નો કબજો શાળામાંથી સોંપવામાં તે વ્યક્તિના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.ની વિગત.	
૩	બાળકની સોંપણી કરતાં પહેલાં ખાત્રી કરેલ તેની ચોક્કસ વિગત.	
૪	બાળકનો કબજો જેને સોંપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર.	

ઉપરોક્ત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે અને બીજો કાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાઈવર વિગેરે પાસે રાખવાનો હોય છે. અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યક્તિને જ બાળક સોંપવામાં આવે તે રીતેની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સૂચનાનો અમલ કરવાનો રહેશે.

નોંધ :-

જે માહિતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો માટે આપવાની સુચવેલી તેમાં જણાવવાનું આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉંમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વાલી/ગાર્ડીયનની રહેશે. તે અંગેનું બાંયધરી ખતવાલી / ગાર્ડીયનને સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલીનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલી સ્વતંત્ર રીતે કરવા માંગતા હોય તો તેને આ જાહેરનામાનો બાધ નડશે નહીં.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

NOTIFICATION

(Under Para - 569 of the Civil Manual, Vol. -1, 1960)

No. B-7/3289/2015.—The Higher and Lower Standard Departmental Examination held on 6th & 7th July, 2015, in Banaskantha Judicial Department wherein no staff member is declared successful in the Higher Standard Departmental Examination.

Higher Standard Departmental Examination

The following candidates who appeared at Higher Standard Departmental Examination, but fail in the said Examination and have obtained 50 % marks or more in the paper / papers shown against their names, are exempted from appearing in the said papers or oral test again :-

Sr. No.	Name of the Candidate	Name of Court/Office	Paper / papers in which exempted from appearing again
1.	Mr. S. N. Parmar, Assistant	District Court, Palanpur.	Oral
2.	Ms. N. V. Amin, Assistant	DLSA, Palanpur	Paper-II & Oral

Lower Standard Departmental Examination

The following staff members of Banaskantha Judicial District, are declared successful in the Lower Departmental Examinations of the Judicial Department held on 6th & 7th July, 2015. Their names are arranged in order of merits :-

Sr. No.	Name of Candidate	Name of Court/Offices
1	Ms. A. B. Rajput, Assistant	District Court, Palanpur
2	Mr. V. R. Patel, Assistant	Principal Civil Court, Wav
3	Ms. Z. H. Madhu, Assistant	District Court, Palanpur
4	Ms. P. J. Thakkar, Assistant	2nd Additional Sr. Civil Court, Palanpur
5	Mr. J. V Solanki, Assistant	Principal Civil Court, Wav
6	Mr. P. M. Joshi, Assistant	Principal Civil Court, Danta
7	Mr. D. S. Gadhvi, Assistant	Principal Civil Court, Danta
8	Mr. B. D. Jetavat, Assistant	Principal Civil Court, Danta
9	Mr. B. R. Patel, Assistant,	District Court, Palanpur
10	Mr. N. J. Kharsan, Assistant	District Court, Palanpur
11	Mr. D. N. Chauhan, Assistant	District Court, Palanpur
12	Mr. K. K. Chauhan, Assistant	Principal Senior Civil Court, Deesa
13	Mr. P. G. Prajapati, Assistant	District Court, Palanpur
14	Mr. K. B. Parmar, Assistant	Principal Civil Court, Vadgam
15	Mr. M. M. Prajapati, Assistant	District Court, Palanpur
16	Mr. J. K. Prajapati, Assistant	Principal Civil Court, Bhabhar
17	Mr. A. M. Chaudhari, Assistant	Principal Civil Court, Bhabhar
18	Ms. M. K. Chaudhary, Assistant	District Court, Palanpur

INDEX

Sr. No.	Name of Candidate	Name of Court/Offices
19	Mr. P. M. Barot, Assistant	District Court, Palanpur
20	Ms. A. I. Sumara, Assistant	Principal Civil Court, Vadgam
21	Ms. A. K, Modi, Assistant	District Court, Palanpur
22	Mr. P. N. Tailor, Assistant	District Court, Palanpur
23	Mr. M. M. Parmar, Assistant	Principal Civil Court. Shihori
24	Mr. R. M. Chaudhari, Assistant	Principal Civil Court. Bhabhar
25	Mr. D. B. Modi, Assistant,	Principal Senior Civil Court, Palanpur
26	Mr. D. M. Gadhvi, Assistant	2nd Additional Civil Court, Deesa
27	Mr. R. D. Darji, Assistant	Principal Civil Court, Amirgadh
28	Mr. J. J. Rana, Assistant	District Court, Palanpur
29	Ms. R. K. Vaghela, Assistant	Principal Senior Civil Court, Palanpur
30	Mr. N. B. Rathod, Assistant	Principal Civil Court, Shihori
31	Mr. M. S. Chaudhari, Assistant	Principal Civil Court, Tharad
32	Mr. B. N. Patel, Assistant	D. G. P. Office, Palanpur
33	Mr. Y. P. Solanki, Assistant	Additional Civil Court, Palanpur
34	Mr. S. P. Joshi, Assistant	2nd Additional Civil Court, Palanpur
35	Mr. J. C. Modi, Assistant	District Court, Palanpur
36	Mr. H. B. Karen, Assistant	Principal Senior Civil Court, Palanpur
37	Mr. B. U. Dave, Assistant	Principal Civil Court, Wav
38	Mr. I. I. Dhuka, Assistant	Principal Civil Court, Vadgam.
39	Mr. D. R. Parmar, Assistant	District Court, Palanpur
40	Mr. M. M. Kadri, Assistant	2nd Additional Civil Court, Palanpur
41	Mr. N. D. Joshi, Assistant	6th Additional District Court, Palanpur
42	Mr. P. A. Parmar, Assistant	Chief Judicial Magistrate Court, Palanpur
43	Ms. A. R. Maru, Assistant	District Court, Palanpur
44	Mr. R. V Vaghela, Assistant	Principal Civil Court, Shihori
45	Mr. N. P. Goswami, Assistant	Chief Judicial Magistrate Court, Palanpur
46	Mr. S. B. Chaudhari, Assistant	Principal Civil Court, Vadgam
47	Mr. C. S. Chauhan, Assistant	District Court, Palanpur
48	Ms. H. D. Kharsan, Assistant	Additional Civil Court, Palanpur
49	Mr. S. A. Parmar, Assistant	District Legal Service Authority, Palanpur
50	Mr. S. L. Shah, Assistant	District Court, Palanpur
51	Mr. I. S. Parmar, Assistant	3rd Additional District Court, Deesa
52	Mr. R. P. Rajya, Assistant	Principal Senior Civil Court, Deesa
53	Mr. Y. K. Solanki, Assistant	Principal Civil Court, Danta
54	Ms. K. J. Prajapati, Assistant	Principal Senior Civil Court, Palanpur

Sr. No.	Name of Candidate	Name of Court/Offices
55	Ms. U. B. Mehta, Assistant	District Court, Palanpur
56	Mr. J. K. Patel, Assistant	3rd Additional Sr. Civil Court, Palanpur
57	Mr. M. A. Ghasura, Assistant	Additional Civil Court, Palanpur
58	Mr. P. V. Barva, Assistant	Principal Civil Court, Shihori
59	Mr. K. M. Thakor, Assistant	Principal Senior Civil Court, Palanpur
60	Mr. K. S. Parmar, Assistant	Principal Civil Court, Amirgadh
61	Mr. M. M. Chaudhari, Assistant	Principal Civil Court, Deodar
62	Mr. G. K. Chaudhary, Assistant	8th (Ad -hoc) Addl. District Court, Palanpur
63	Mr. R. S. Chaudhari, Assistant	Principal Civil Court, Vadgam
64	Mr. M. H. Rathod, Assistant	District Court, Palanpur
65	Mr. P. N. Patel, Assistant	4th Additional District Court, Deesa
66	Mr. H. B. Hirvaniya, Assistant	Principal Civil Court, Vadgam
67	Mr. J. R. Parmar, Assistant	Principal Civil Court, Danta
68	Mr. M. H. Joshi, Assistant	Principal Senior Civil Court, Palanpur
69	Ms. R. F. Rajput, Assistant	3rd Additional District Court, Deesa
70	Mr. A. S. Judal, Assistant	T.L.S.C., Palanpur
71	Mr. B. M. Thakor, Assistant	Additional Civil Court, Deesa
72	Mr. H. C. Prabhakar, Assistant	Principal Civil Court, Danta
73	Mr. Bhavesh N. Patel, Assistant	Principal Civil Court, Shihori
74	Mr. P. P. Khatana, Assistant	7th (Ad-hoc) Addl District Court, Deesa
75	Mr. Mukesh D. Makwana, Assistant	Additional Civil Court, Palanpur
76	Mr. M. H. Patel, Assistant	Principal Civil Court, Tharad
77	Mr. Mayur D. Makwana, Assistant	3rd Addl District Court, Deesa
78	Mr. V. A. Desai, Assistant	District Court, Palanpur
79	Mr. A. R. Rana, Assistant	Chief Judicial Magistrate Court, Palanpur
80	Mr. G. B. Parmar, Assistant	Additional Sr. Civil Court, Deesa
81	Mr. Y. M. Joshi Assistant	Principal Civil Court, Amirgadh
82	Mr. D. D. Parmar, Assistant	Principal Civil Court, Dhanera
83	Mr. K. R. Parmar, Assistant	Principal Civil Court, Dhanera
84	Mr. T. Y. Ghasura, Assistant	3rd Addl Senior Civil Court, Deesa
85	Mr. K. A. Solanki, Assistant	2nd Addl Senior Civil Court, Deesa
86	Mr. K. V. Solanki, Assistant	Principal Civil Court, Amirgadh
87	Mr. M. G. Parmar, Assistant	3rd Additional Civil Court, Palanpur
88	Mr. M. B. Prajapati, Assistant	2nd Addl Senior Civil Court, Palanpur
89	Mr. N. M. Thakkar, Assistant	4th Additional Civil Court, Palanpur
90	Mr. J. S. Chaudhari, Assistant	2nd Addl Senior Civil Court, Deesa

Sr. No.	Name of Candidate	Name of Court/Offices
91	Mr. P. D. Vaniya, Assistant	3rd Addl Senior Civil Court, Palanpur
92	Mr. H. L. Diwan, Assistant	5th (Ad-hoc) Addl Civil Court, Palanpur
93	Mr. S. R. Pa than, Assistant	5th Addl Senior Civil Court, Palanpur
94	Mr. A. H. Gadhvi, Assistant	3rd Additional Civil Court, Palanpur
95	Mr. V. D. Solanki, Assistant	3rd Additional District Court, Deesa
96	Mr. H. M. Mistry, Assistant,	Principal Civil Court, Deodar
97	Ms. P. K. Sutariya, Assistant	Additional Civil Court, Deodar
98	Mr. I. D. Rana, Assistant	Chief Judicial Magistrates Court, Palanpur
99	Mr. D. M. Parmar, Assistant	District Court, Palanpur
100	Mr. M. D. Chavda, Assistant	A. P.P. Office, Deesa

The following candidates have appeared at Lower Standard Departmental Examination, but failed in the said Examination however they have obtained 50 % marks or more in the paper / papers shown against their names & exempted from appearing in the said papers or type test again :-

Sr. No.	Name of the Candidate	Name of Court/Offices	Paper / papers in which exempted from appearing again
1	Mr. A. M. Shekh	Principal Sr. Civil Court, Palanpur	Type Test
2	Ms. U. B. Rohit	Chief Judi. Magi. Court, Palanpur	Paper-I, Type Test
3	Mr. S. B. Solanki	3rd Addl. District Court, Deesa	Type Test
4	Mr. R. K. Segal	3rd Addl. District Court, Deesa	Type Test
5	Mr. A. N. Mhaskar	3rd Addl. District Court, Deesa	Paper-II & Type Test
6	Mr. S. K. Chaudhary	Principal Sr. Civil Court, Deesa	Type Test
7	Mr. S. R. Patel	Principal Sr. Civil Court, Deesa	Paper-II & Type Test
8	Mr. K. R. Solanki	Addl. Sr. Civil Court, Deesa	Type Test
9	Mr. K. T. Rana	3rd Addl. Civil Court, Deesa	Type Test
10	Mr. M. H. Desai	4th(Adhoc)Addl. Civil Court, Deesa	Type Test
11	Mr. J. P. Master	5th(Adhoc)Addl. Civil Court, Deesa	Type Test
12	Mr. V. P. Shukla	Principal Civil Court, Wav	Paper-I & II
13	Mr. A. G. Chaudhari	Principal Civil Court, Vadgam	Paper-I & II

Necessary note be made in the Service Book of the employee concerned.

Palanpur, 7th August, 2015.

A. C. JOSHI,
Principal District Judge,
Banaskantha - Palanpur.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

(સીવીલ મેન્યુઅલ, ૧૯૬૦ના પેરા ૫૬૯)

નં. બી-૭/૩૨૮૯/૨૦૧૫.–બનાસકાંઠા જિલ્લા ન્યાયખાતામાં તારીખ ૬ઠ્ઠી અને ૭મી જુલાઇ, ૨૦૧૫ના રોજ ઉચ્ચતર અને નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા લેવામાં આવેલ જેમાં ઉચ્ચત્તર કક્ષાની ખાતાકીય પરીક્ષામાં કોઇ કર્મચારીને ઉતીર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ નથી.

ઉચ્ચત્તર શ્રેણી ખાતાકીય પરીક્ષા

નીચે જણાવેલ ઉમેદવારો ખાતાકીય ઉચ્ચ શ્રેણી પરીક્ષામાં બેઠા હતા અને નાપાસ થયા છે, પરંતુ તેમણે ૫૦ ટકા અથવા તેથી વધુ ગુણ તેમના નામ સામે દર્શાવેલ પેપરમાં મેળવેલ હોઇ, તેમને તે પેપર્સમાંથી મુક્તિ આપવામાં આવે છે અને ફરીથી તે પેપર્સ અથવા મૌખિક ટેસ્ટ આપવાનો રહેશે નહિ.

અનુ. નંબર	ઉમેદવારનું નામ	કોર્ટ / કચેરીનું નામ	જે પેપર / પેપર્સમાં ફરીથી બેસવામાંથી મુક્તિ મળેલ છે તે
૧	શ્રી એસ. એન. પરમાર, આસીસ્ટન્ટ,	જિલ્લા અદાલત, પાલનપુર	મૌખિક
૨	કુ. એન. વી. અમીન, આસીસ્ટન્ટ	જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર	પેપર-૨, મૌખિક

નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષા

નીચે જણાવેલ બનાસકાંઠા જિલ્લા ન્યાયખાતાના સ્ટાફના સભ્યોને તારીખ ૬ઠ્ઠી અને ૭મી જુલાઇ, ૨૦૧૫માં લેવાયેલ નિમ્ન શ્રેણીની ન્યાયખાતાની ખાતાકીય પરીક્ષામાં ઉતીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે. તેમના નામ ગુણવતા પ્રમાણે મુકવામાં આવેલ છે.

અનુ. નંબર	ઉમેદવારનું નામ	કોર્ટ / કચેરીનું નામ
૧	કુ. એ. બી. રાજપુત, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૨	શ્રી વી. આર. પટેલ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વાવ
૩	કુ. ઝેડ. એચ. માધુ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૪	કુ. પી. જે. ઠક્કર, આસીસ્ટન્ટ	બીજી એડીશનલ સિનીયર સીવીલ કોર્ટ, પાલનપુર
૫	શ્રી જે. વી. સોલંકી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વાવ
૬	શ્રી પી. એમ. જોષી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, દાંતા
૭	શ્રી ડી. એસ. ગઢવી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, દાંતા
૮	શ્રી બી. ડી. જેતાવત, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, દાંતા
૯	શ્રી બી. આર. પટેલ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૧૦	શ્રી એન. જે. ખરસાણ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૧૧	શ્રી ડી. એન. ચૌહાણ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૧૨	શ્રી કે. કે. ચૌહાણ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિનીયર સીવીલ કોર્ટ, ડીસા
૧૩	શ્રી પી. જી. પ્રજાપતિ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૧૪	શ્રી કે. બી. પરમાર, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વડગામ
૧૫	શ્રી એમ. એમ. પ્રજાપતિ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૧૬	શ્રી જે. કે. પ્રજાપતિ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ભાભર
૧૭	શ્રી એ. એમ. ચૌધરી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ભાભર

INDEX

અનુ. નંબર	ઉમેદવારનું નામ	કોર્ટ / કચેરીનું નામ
૧૮	કુ. એમ. કે. ચૌધરી, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૧૯	શ્રી પી. એમ. બારોટ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૨૦	કુ. એ. આઇ. સુમરા, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વડગામ
૨૧	કુ. એ. કે. મોદી, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૨૨	શ્રી પી. એન. ટેલર, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૨૩	શ્રી એમ. એમ. પરમાર, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, શિહોરી
૨૪	શ્રી આર. એમ. ચૌધરી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ભાભર
૨૫	શ્રી ડી. બી. મોદી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિનીયર સીવીલ કોર્ટ, પાલનપુર
૨૬	શ્રી ડી. એમ. ગઢવી, આસીસ્ટન્ટ	બીજી એડીશનલ સીવીલ કોર્ટ, ડીસા
૨૭	શ્રી આર. ડી. દરજી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, અમીરગઢ
૨૮	શ્રી જે. જે. રાણા, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૨૯	કુ. આર. કે. વાઘેલા, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિનીયર સીવીલ કોર્ટ, પાલનપુર
૩૦	શ્રી એન. બી. રાઠોડ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, શિહોરી
૩૧	શ્રી એમ. એસ. ચૌધરી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, થરાદ
૩૨	શ્રી બી. એન. પટેલ, આસીસ્ટન્ટ	ડી.જી.પી. ઓફિસ, પાલનપુર
૩૩	શ્રી વાય. પી. સોલંકી, આસીસ્ટન્ટ	એડીશનલ સિવીલ કોર્ટ, પાલનપુર
૩૪	શ્રી એસ. પી. જોષી, આસીસ્ટન્ટ	બીજી એડીશનલ સિવીલ કોર્ટ, પાલનપુર
૩૫	શ્રી જે. સી. મોદી, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૩૬	શ્રી એચ. બી. કરેણ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, પાલનપુર
૩૭	શ્રી બી. યુ. દવે, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વાવ
૩૮	શ્રી આઇ. આઇ. ઢુકા, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વડગામ
૩૯	શ્રી ડી. આર. પરમાર, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૪૦	શ્રી એમ. એમ. કાદરી, આસીસ્ટન્ટ	બીજી એડીશનલ સિવીલ કોર્ટ, પાલનપુર
૪૧	શ્રી એન. ડી. જોષી, આસીસ્ટન્ટ	છઠ્ઠી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, પાલનપુર
૪૨	શ્રી પી. એ. પરમાર, આસીસ્ટન્ટ	ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, પાલનપુર
૪૩	કુ. એ. આર. મારુ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૪૪	શ્રી આર. વી. વાઘેલા, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, શિહોરી
૪૫	શ્રી એન. પી. ગોસ્વામી, આસીસ્ટન્ટ	ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, પાલનપુર
૪૬	શ્રી એસ. બી. ચૌધરી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વડગામ
૪૭	શ્રી સી. એસ. ચૌહાણ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૪૮	કુ. એચ. ડી. ખરસાણ, આસીસ્ટન્ટ	એડીશનલ સિવીલ કોર્ટ, પાલનપુર
૪૯	શ્રી એસ. એ. પરમાર, આસીસ્ટન્ટ	જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર
૫૦	શ્રી એસ. એલ. શાહ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૫૧	શ્રી આઇ. એસ. પરમાર, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, ડીસા
૫૨	શ્રી આર. પી. રજયા, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, ડીસા
૫૩	શ્રી વાય. કે. સોલંકી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, દાંતા

INDEX

અનુ. નંબર	ઉમેદવારનું નામ	કોર્ટ / કચેરીનું નામ
૫૪	કુ. કે. જે. પ્રજાપતિ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, પાલનપુર
૫૫	કુ. યુ. બી. મહેતા, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૫૬	શ્રી જે. કે. પટેલ, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, પાલનપુર
૫૭	શ્રી એમ. એ. ઘાસુરા, આસીસ્ટન્ટ	એડીશનલ સિવીલ કોર્ટ, પાલનપુર
૫૮	શ્રી પી. વી. બર્વા, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, શિહોરી
૫૯	શ્રી કે. એમ. ઠાકોર, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, પાલનપુર
૬૦	શ્રી કે. એસ. પરમાર, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, અમીરગઢ
૬૧	શ્રી એમ. એમ. ચૌધરી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, દિયોદર
૬૨	શ્રી જી. કે. ચૌધરી, આસીસ્ટન્ટ	આઠમી (એડ-હોક) એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, પાલનપુર
૬૩	શ્રી આર. એસ. ચૌધરી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, વડગામ
૬૪	શ્રી એમ. એચ. રાઠોડ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૬૫	શ્રી પી. એન. પટેલ, આસીસ્ટન્ટ	ચોથી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, ડીસા
૬૬	શ્રી એચ. બી. હિરવાણીયા, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, વડગામ
૬૭	શ્રી જે. આર. પરમાર, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, દાંતા
૬૮	શ્રી એમ. એચ. જોષી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, પાલનપુર
૬૯	કુ. આર. એફ. રાજપૂત, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, ડીસા
૭૦	શ્રી એ. એસ. જૂડાલ, આસીસ્ટન્ટ	તાલુકા કાનૂની સેવા સમિતિ, પાલનપુર
૭૧	શ્રી બી. એમ. ઠાકોર, આસીસ્ટન્ટ	એડીશનલ સિવિલ કોર્ટ, ડીસા
૭૨	શ્રી એચ. સી. પ્રભાકર, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, દાંતા
૭૩	શ્રી ભાવેશ એન. પટેલ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, શિહોરી
૭૪	શ્રી પી. પી. ખટાણા, આસીસ્ટન્ટ	સાતમી (એડ-હોક) એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, ડીસા
૭૫	શ્રી મુકેશ ડી. મકવાણા, આસીસ્ટન્ટ	એડીશનલ સિવિલ કોર્ટ, પાલનપુર
૭૬	શ્રી એમ. એચ. પટેલ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, થરાદ
૭૭	શ્રી મયુર ડી. મકવાણા, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, ડીસા
૭૮	શ્રી વી. એ. દેસાઇ, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૭૯	શ્રી એ. આર. રાણા, આસીસ્ટન્ટ	ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, પાલનપુર
૮૦	શ્રી જી. બી. પરમાર, આસીસ્ટન્ટ	એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, ડીસા
૮૧	શ્રી વાય. એમ. જોષી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, અમીરગઢ
૮૨	શ્રી ડી. ડી. પરમાર, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, ધાનેરા
૮૩	શ્રી કે. આર. પરમાર, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, ધાનેરા
૮૪	શ્રી ટી. વાય. ઘાસુરા, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, ડીસા
૮૫	શ્રી કે. એ. સોલંકી, આસીસ્ટન્ટ	બીજી એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, ડીસા
૮૬	શ્રી કે. વી. સોલંકી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, અમીરગઢ
૮૭	શ્રી એમ. જી. પરમાર, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ સિવિલ કોર્ટ, પાલનપુર
૮૮	શ્રી એમ. બી. પ્રજાપતિ, આસીસ્ટન્ટ	બીજી એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, પાલનપુર
૮૯	શ્રી એન. એમ. ઠક્કર, આસીસ્ટન્ટ	ચોથી એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, પાલનપુર

INDEX

અનુ. નંબર	ઉમેદવારનું નામ	કોર્ટ / કચેરીનું નામ
૯૦	શ્રી જે. એસ. ચૌધરી, આસીસ્ટન્ટ	બીજી એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, ડીસા
૯૧	શ્રી પી. ડી. વાણિયા, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, પાલનપુર
૯૨	શ્રી એચ. એલ. દિવાન, આસીસ્ટન્ટ	પાંચમી (એડ-હોક) એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, પાલનપુર
૯૩	શ્રી એસ. આર. પઠાણ, આસીસ્ટન્ટ	પાંચમી એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, પાલનપુર
૯૪	શ્રી એ. એચ. ગઢવી, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ સિવિલ કોર્ટ, પાલનપુર
૯૫	શ્રી વી. ડી. સોલંકી, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, ડીસા
૯૬	શ્રી એચ. એમ. મિસ્ત્રી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, દિયોદર
૯૭	કુ. પી. કે. સુતરિયા, આસીસ્ટન્ટ	એડીશનલ સિવિલ કોર્ટ, દિયોદર
૯૮	શ્રી આઇ. ડી. રાણા, આસીસ્ટન્ટ	ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, પાલનપુર
૯૯	શ્રી ડી. એમ. પરમાર, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, પાલનપુર
૧૦૦	શ્રી એમ. ડી. ચાવડા, આસીસ્ટન્ટ	એ. પી. પી. ઓફિસ, ડીસા

નીચે જણાવેલ ઉમેદવારો ખાતાકીય નિમ્ન શ્રેણી પરીક્ષામાં બેઠા હતા પણ આ પરીક્ષામાં નાપાસ થયા છે, તેમ છતાં તેમણે ૫૦ ટકા અથવા તેથી વધુ ગુણ તેમના નામ સામે દર્શાવેલ પેપરમાં મેળવેલ હોઇ, તેમને તે પેપર્સ કે ટાઇપ ટેસ્ટ ફરીથી આપવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

અ. નં.	ઉમેદવારનું નામ	કોર્ટ / કચેરીનું નામ	જે પેપર / પેપર્સમાં ફરીથી બેસવામાંથી મુક્તિ મળેલ છે તે.
૧	શ્રી એ. એમ. શેખ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, પાલનપુર	ટાઇપ ટેસ્ટ
૨	કુ. યુ. બી. રોહિત, આસીસ્ટન્ટ	ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, પાલનપુર	પેપર-૧ અને ટાઇપ ટેસ્ટ
૩	શ્રી એસ. બી. સોલંકી, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ, ડીસા	ટાઇપ ટેસ્ટ
૪	શ્રી આર. કે. સેગલ, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ, ડીસા	ટાઇપ ટેસ્ટ
૫	શ્રી એ. એન. મ્હસ્કર	ત્રીજી એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ, ડીસા	પેપર-૨ અને ટાઇપ ટેસ્ટ
૬	શ્રી એસ. કે. ચૌધરી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, ડીસા	ટાઇપ ટેસ્ટ
૭	શ્રી એસ. આર. પટેલ, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, ડીસા	પેપર-૨ અને ટાઇપ ટેસ્ટ
૮	શ્રી કે. આર. સોલંકી, આસીસ્ટન્ટ	એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, ડીસા	ટાઇપ ટેસ્ટ
૯	શ્રી કે. ટી. રાણા, આસીસ્ટન્ટ	ત્રીજી એડીશનલ સીવીલ કોર્ટ, ડીસા	ટાઇપ ટેસ્ટ
૧૦	શ્રી એમ. એચ. દેસાઇ, આસીસ્ટન્ટ	ચોથી (એડ-હોક) એડીશનલ સીવીલ કોર્ટ, ડીસા	ટાઇપ ટેસ્ટ
૧૧	શ્રી જે. પી. માસ્ટર, આસીસ્ટન્ટ	પાંચમી (એડ-હોક) એડીશનલ સીવીલ કોર્ટ, ડીસા	ટાઇપ ટેસ્ટ
૧૨	શ્રી વી. પી. શુકલા, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વાવ	પેપર-૧ અને ૨
૧૩	શ્રી એ. જી. ચૌધરી, આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વડગામ	પેપર-૧ અને ૨

સંબંધિત કર્મચારીની સેવા પોથીમાં જરૂરી નોંધ કરવી.

પાલનપુર, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

એ. સી. જોષી,
અગ્ર જિલ્લા ન્યાયાધીશ,
બનાસકાંઠા - પાલનપુર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/જા.ના.-૬૦/વશી-૬૪૦૨-૬૪૬૧/૨૦૧૫.– બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી વગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીઓની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે. અથવા તો, ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે, તેવી લાલચ આપવા જેવી પ્રવૃતિઓ કરી રહેલ હોવાનું જણાઈ આવે છે.

આથી હું, દિલીપ રાણા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ કલેકટર કચેરી (જિલ્લા સેવા સદન), જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી કે જ્યાં મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અને તમામ સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટ પ્રમાણમાં જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

ઉક્ત હુકમ તા. ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫થી તા. ૧૦મી ઓકટોબર, ૨૦૧૫ (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સબબ જો કોઈપણ વ્યકિત કે ઇસમ ઉપર મુજબના નિયમોનો ભંગ કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/જા.ના.-૬૧/વશી/૬૪૬૨-૬૫૨૧/૨૦૧૫.– બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, તથા બોર્ડર પર આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ- અમીરગઢ, અંબાજી, ગુંદરી, થાવર અને થરાદ ખાતે દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો / અરજદારો અલગ અલગ કામ અર્થે જેવા કે, લાયસન્સ સંબંધિત, વાહનની નોંધણી સંબંધિત તથા નોંધણી બાદની કાર્યવાહીઓ, ટેક્ષ ભરવાની કાર્યવાહીઓ, વાહન કોઈ ગુનામાં પકડાય ત્યારે દંડ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધિત કાર્યવાહીઓ વિગેરે માટે આવે છે. તા. ૧લી જુલાઈ, ૧૯૮૯ પછી કાયદેસર એજન્ટ પ્રથા નથી. આ છતાંય ઘણીવાર અરજદારો / નાગરિકો જ્યારે કચેરીના કમ્પાઉન્ડમાં પ્રવેશે છે. તે સમયે કચેરીની આસપાસ અથવા નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની સાથે છેતરપીંડી કરીને અથવા ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને / લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવીને કેટલાક અનઅધિકૃત ઈસમો આવી પ્રવૃત્તિઓ કરીને અરજદાર સાથે છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે.

આથી હું, દિલીપ રાણા, આઇ. એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી તથા જીલ્લામાં આવેલ આર.ટી.ઓ. ચેક પોસ્ટ અમીરગઢ, થરાદ, ગુંદરી તથા અંબાજી ખાતે કે રોજે રોજ જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે અરજદારો સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરી / ચેકપોસ્ટો પર આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

ઉક્ત હુકમ તા. ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫થી તા. ૧૦મી ઓકટોબર, ૨૦૧૫ (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

દિલીપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

વાંચ્યો :-

(૧) અત્રેનાં હુકમ ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી/૬૯૮૩ થી ૬૯૯૨, તા. ૦૩-૦૯-૨૦૧૩.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલઆઈબી/ અભિપ્રાય/ ૨૩૨૬, તા. ૨૯-૦૬-૨૦૧૫.

સુધારા હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૮૮૭ થી ૫૮૯૫/૨૦૧૫.—અત્રેના આમુખ (૧)નાં જાહેરનામાથી ભરૂચ શહેરમાં કસક સર્કલથી ઝાડેશ્વર ચોકડી સુધીનાં માર્ગ પર સવારના ૦૮-૦૦ કલાકથી રાત્રીનાં ૦૮-૦૦ કલાક સુધી ખાનગી બસોનાં આવવા જવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. હાલની પરિસ્થિતિ જોતાં કસક સર્કલથી ઝાડેશ્વર ચોકડી સુધીનાં માર્ગ પર ૨૮ સીટ સુધીની ખાનગી મિની બસોને આવવા જવા દેવામાં આવે તો, ટ્રાફીકને અડચણરૂપ થાય તેમ નથી. પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચએ પણ તેઓનાં આમુખ (૨)નાં પત્રથી ૨૮ સીટ સુધીની ખાનગી મિની બસોને સદર માર્ગ પર વહન કરવા માટે હકારાત્મક અભિપ્રાય આપેલ છે. જે ધ્યાને લેતાં અત્રેનાં આમુખ (૧)નાં જાહેરનામાનાં અમલમાંથી ૨૮ સીટ સુધીની ખાનગી બસોને મુક્તિ આપવી યોગ્ય જણાય છે.

વાસ્તે હું, ડૉ. વિક્રાંત પાંડે (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ ૨૮ સીટ સુધીની ખાનગી બસોને અત્રેનાં આમુખ (૧) નાં જાહેરનામામાંથી કસક સર્કલથી ઝાડેશ્વર ચોકડી સુધીનાં માર્ગ પર આવવા-જવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે, તેમાં આંશિક સુધારો કરી કસક સર્કલ થી ઝાડેશ્વર ચોકડી સુધીની માર્ગ પર આવવા-જવા આમુખ (૧) નાં જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આજ તારીખ ૩જી ઓગષ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડૉ. વિક્રાંત પાંડે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/ટયુશન/વશી-૮૬૫૫ થી ૮૬૯૫/૨૦૧૫.– નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. અને રાત્રે મોડા સુધી ચાલે છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતાં રાત્રે પરત આવતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો અગાઉ સુરત ખાતે બનેલ છે. ભવિષ્યમાં આવા ગંભીર પ્રકારના ગુનાઓ અત્રેના જિલ્લામાં બને તેવી શકયતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રિના ૨૦-૦૦ કલાક બાદ શૈક્ષણિક ટયુશન કલાસીસ ચલાવવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી અધિકારની રૂએ આથી હુકમ કરૂં છું કે,

નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સવારના કલાક ૭-૦૦ વાગ્યા પહેલાં તથા રાત્રિના ૨૦-૦૦ કલાક બાદ ટયુશન કલાસીસ ચલાવવા નહીં.

આ હુકમ તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/સીપીસી/વશી/૮૭૩૯ થી ૮૭૬૫/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્ત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણી બધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલ્કત હાની કરવામાં આવેલ આવી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે. ગેરકાયદેસર પ્રવૃત્તિને કારણે નાગરીકોના જીવ જોખમાય છે. મિલ્કતને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. મંદિરોમાંથી આભુષણોની ચોરી, વાહન ચોરીઓ, એન્ટીક મુર્તિઓની ચોરી, ધાડ, લુંટના ગુનાનાં કારણે નાગરીકો અસલામતી અનુભવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવામાં મુશ્કેલ બને છે. જેથી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક જી.૧/કા.વ્ય./ ટે.ર./જાહેરનામું/૮૩૯/૨૦૧૨ના પત્રથી મળેલ સુચના અન્વયે.

હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો, નવસારી. ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) નવસારી જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફીકેશન થઈ શકે ગુનો ડીટેક્ટ કરવામાં આ કડી મહત્ત્વની બને એટલુ જ નહી ગુનેગારોની વિરુધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય જેથી જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપરના ફીલીંગ સ્ટેશનો ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે ગોઠવવા પેટ્રોલપંપ ઉપર આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) નવસારી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલી વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) નવસારી જિલ્લામાં આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતાં જતા દરેક વાહનોનાં નંબર આઈડેન્ટીફીકેશન થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) નવસારી જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. સેન્ટરો ઉપર સી.સી. ટી.વી. કેમેરા અને ખાનગી સિક્યુરીટી ગાર્ડ (૨૪ કલાક માટે) રાખવાં જેથી વ્યક્તિઓનું આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા ક્વોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૫) નવસારી જિલ્લામાં આવેલ તમામ મોલ, પાર્ટી પ્લોટ, સિનેમા ગૃહો, બેન્કો, કલબો, અન્ય વ્યવસાયિક પ્રતિષ્ઠાન, બહુમાળી ઇમારતો

INDEX

વિગેરે જગ્યાઓમાં અંદર બહારના વિસ્તારો પણ આવરી લે તે રીતે નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા સી.સી.ટી.વી. કેમેરાનું રેકોર્ડીંગ ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાનું અને તે જોવાની જવાબદારી સંચાલક/માલિકની રહેશે.

(૬) સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનના રાખવા કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૭) ચીલઝડપ, ચોરી, ધાડ, લુંટ, બ્લાસ્ટ કરવાના પ્રયત્નો તથા સમાજ વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડ-ભાડવાળા તેમજ લોકોની અવર-જવરવાળા વિસ્તારથી માહીતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલકતને નુકશાન ન થાય તે માટે જરૂરી તકેદારી રાખવા સારુ નવસારી જિલ્લામાં આવેલ મોટા ધાર્મિક સ્થળો કે જ્યાં કાયદો અને વ્યવસ્થા જોખમાવાની શક્યતા હોય, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, સુપર માર્કેટ/શોપીંગમોલ, શોપીંગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસો, થિયેટરો, લોજીંગ બોર્ડીંગો , ધર્મશાળાઓ, અતિથીગૃહો, વિશ્રામગૃહોમાં બહુમાળી બિલ્ડીંગોમાં તથા મોટા ધાર્મિક સ્થળોમાં અંદરના ભાગે સી.સી.ટી.વી કેમેરા મુકવા સારુ.

અપવાદ :- સોના, ચાંદી તથા ડાયમંડના દાગીનાનું જોબ વર્ક કરતા કારીગરો, નાના ધાર્મિક સ્થળો કે જ્યાં વધુ સંખ્યામાં માનવ મેદની એકત્રીત થતી ન હોય.

આ હુકમ તા. ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫થી તા. ૧૦મી ઓકટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહીત) માટે અમલમાં રહેશે. તથા આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડ્યો.

હુકમ

ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/જાહેરનામું/વશી.-૮૭૬૬ થી ૮૭૯૯/૨૦૧૫.–નવસારી જિલ્લામાં રેલ્વે તથા માર્ગ મારફતે જાહેર જનતાની અવર-જવર મોટા પ્રમાણમાં થતી હોવાથી જિલ્લામાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષાઓનો બહોળો ઉપયોગ કરતા હોવાથી નાગરીકો સાથે છેતરપીંડી, ખિસ્સાકાતરુ, મોબાઈલ ફોન તથા અન્ય કિંમતી સામાનની ચોરી ચીલઝડપ, લુંટ/ધાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટોરીક્ષા નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉકત પ્રકારના ગુન્હાઓ બનતા અટકાવવા બનેલ બનાવોને શોધી કાઢવા જાહેર જનતાની સલામતી જળવાય રહે તે માટે ઓટો રીક્ષાઓમાં મુસાફરી કરતા મુસાફરોને ઓટો રીક્ષા નોંધણી નંબર, વાહન ચાલકનું નામ/સરનામું તથા પોલીસ કંટ્રોલ રૂમનો નંબર સહેલાઈથી જોઇ શકે તે રીતનું આયોજન કરવાના હેતુસર નવસારી જિલ્લાની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષાઓમાં મુસાફરી કરતા મુસાફરો સહલાઈથી જોઇ શકે તે રીતે ચાલકની સીટની પાછળના ભાગે રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર, વાહન ચાલકનું નામ/સરનામું જોઈ શકે તે રીતે ચાલકની સીટની પાછળના ભાગે રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર, વાહન ચાલકનું નામ/સરનામું સંપર્ક નંબર ફરજીયાત લખવા આદેશ કરું છું.

હું, રેમ્યા મોહન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો, કલમ-૩૩ (૧) (એ) ધી ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૧ હેઠળ મળેલ અધિકારની રૂએ ‘નવસારી જિલ્લાની હદ વિસ્તારમાં ઓટો રીક્ષા ફેરવી ધંધો કરતાં વાહન ચાલકનું નામ, સરનામા તથા સંપર્ક નંબર ડ્રાઈવર સીટની પાછળના ભાગે ૬’’ × ૧૮’’ (ઇંચ)ની માપના પતરા અથવા એક્રેલીક (પ્લાસ્ટીક)ના સફેદ કલરના બોર્ડ ઉપર લાલ રંગની બોર્ડર અને લાલ રંગના અક્ષરોમાં વાહન નંબર, વાહન ચાલકનું નામ, સરનામા, સંપર્ક નંબર તેમજ આપાતકાલિન સંપર્ક નંબર તરીકે પોલીસ કંટ્રોલ નંબર તરીકે પોલીસ કંટ્રોલ રૂમનાં નંબરો સ્પષ્ટ વાંચી શકાયા તે રીતે ફરજીયાત લખવો’. સદર હુકમનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ કલમ-૧૮૮, ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ મુજબ ધોરણસર કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ તા. ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૧૦મી ઓકટોબર, ૨૦૧૫ (બંને દિવસો સહીત) માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડયો.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪(૧) અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૨૮૮૧/૨૦૧૫.-અત્રેના વડોદરા જિલ્લામાં આવેલ કરજણ તાલુકાના નારેશ્વર ધામને લાગુ નર્મદા નદીપટ્ટમાં પાણીમાં ઈસમો ડુબી જવાની ફરીયાદ અન્વયે બનાવના સ્થળે રેતી ખનીજ લીઝ ધારકો દ્વારા તેમને જે વિસ્તારમાં લીઝ મંજુર કરવામાં આવી છે તે વિસ્તારમાં જયારે જ્યારે પાણીના પ્રવાહમાં વધઘટ થાય છે ત્યારે તેમની લીઝો પાણી આવવાના હિસાબે લીઝ ધારકો દ્વારા નાવડી મૂકી પંપ દ્વારા રેતીને પાણીમાંથી ડ્રેઝીંગ કરવામાં આવે છે. જેના પરિણામે જે સ્થળથી પાઈપ દ્વારા રેતી ખેંચવામાં આવે તે જગ્યાએ કેન્દ્રબિંદુ બનાવી તેની આસપાસના વિસ્તારમાંથી રેતી ખોદવાના હિસાબે ખાડો પડે છે આ પડેલા ખાડામાં જ્યાં સુધી નદીના વહેણમાં મોટા પ્રમાણમાં પાણીનો ઝડપ સાથે પ્રવાહ ન આવે ત્યાં સુધી આ ખાડાઓ ઝડપથી પુરાતા નથી. પરીણામે નદી કિનારેથી નહાવા માટે પાણીમાં પ્રવેશતા ઈસમોને નદીમાં વચ્ચે પડેલા ખાડાઓનો કોઈ ખ્યાલ રહેતો ના હોઈ અથવા અંદાજ આવતો ન હોવાથી થોડા આગળ વધતાં તેઓ ખાડામાં સરી જાય છે. જેથી મોટી દુર્ઘટનાઓ થાય છે.

INDEX

આથી વડોદરા ગ્રામ્ય જિલ્લામાં આવેલ નારેશ્વર ધામને તથા વડોદરા જિલ્લાના અન્ય ગામોને લાગુ નર્મદા નદીપટ્ટમાં આ દુર્ઘટનાઓ ટાળવા માટે ખાણકામ સિવાય પંપ દ્વારા નાવડી મૂકી રેતી ડ્રેઝીંગ કામગીરી કરવા પર પ્રતિબંધ મુકવા પર અત્યંત જરૂરી જણાય છે.

જેથી હું અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લામાં આવેલ નારેશ્વર ધામને તથા વડોદરા જિલ્લાના અન્ય ગામોને લાગુ નર્મદા નદીપટ્ટમાં આ દુર્ઘટનાઓ ટાળવા માટે ખાણકામ સિવાય પંપ દ્વારા નાવડી મૂકી રેતી ડ્રેઝીંગ કામગીરી કરવા પર પ્રતિબંધ મુકવા આથી ફરમાવું છું.

આ હુકમ તા. ૨૧મી જુલાઇ ૨૦૧૫થી તા. ૨૦મી સપ્ટેમ્બર,૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઈસી./એમએજી/વશી/૩૦૦૫/૨૦૧૫.– તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજયના બોદ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ની રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં ‘‘ LOW INTENSITY ’’ ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે.

તદ્‌ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મજુરીકામ અથવા અન્ય કામગીરી કરવાના બહાના હેઠળ ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો મોટા ભાગે લેબર કોન્ટ્રાકટર/મુકાદમો મારફતે જ કામ તેમજ આશરો મેળવતા હોય છે. ઉપરાંત સરકારશ્રીના અલગ અલગ વિભાગો, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ પોતાના કામ માટે લેબર કોન્ટ્રાકટ/મુકાદમો મારફતે જ મજૂરો મેળવતા હોય છે.

તાજેતરમાં વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મિલકત સબંધી તેમજ શરીર સંબંધી ગુનાઓ વધવા પામે છે. વડોદરા ગ્રામ્ય જિલ્લામાં ભુતકાળમાં બનેલ આવા ગુનાઓની તપાસ કરતાં હકીકત જાણવા મળેલ છે કે, આવા ગુન્હા કરતા ગુનેગારો ગુનો કરતા પહેલા જે તે વિસ્તાર નજીક નવા બંધાતા મકાનોમાં, સરકારશ્રીના અલગ અલગ વિભાગો દ્વારા ચાલતા મજુરીકામોમાં, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામમાં, રોડ રસ્તાઓના મજુરી કામમાં જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં મજુરી કામ અર્થે તથા અલગ અલગ મજુરી કામ, પેટ્રોલ પંપ, હોટલો, રેસ્ટોરન્ટમાં કામ ધંધો મેળવે છે. આવી મજુરી કામ/કામધંધાના બાહના હેઠળ રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનો સર્વે કરી, માહિતગાર થઈ આવા ગુન્હા કરી નાસી જઈ નિર્દોષ નાગરિકોના જાનમાલ મિલકતને નુકસાન પહોંચાડે છે. આવા ગુન્હા કરતાં ગુનેગારો ઉપર ચાંપતી નજર રાખવાના અને તેનું પગેરૂં મેળવવાનું જરૂરી જણાય છે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૮૬૭ થી ૫૮૭૭/૨૦૧૫.– કાર્યપાલક ઈજનેરશ્રી, મા. × મ. વિભાગ, ભરૂચનાંઓએ તેઓનાં પીબી-૩/શહેર/૨૫૫/૪૫૪૧, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૧૫થી જણાવેલ છે કે, તેઓની કચેરી હસ્તક કન્સ્ટ્રકશન ઓફ રેલ્વે ઓવર બ્રિજ ઈન લીયુ ઓફ એલ.સી.નં.-૧૭૮ (રેલ્વે કિ.મી. ૩૨૬/૪૦ થી ૩૨૬/૫૭) ફ્રોમ કલેકટર ઓફીસ ટુ જુના નેશનલ હાઈવે નં. ૮ ભરૂચ (એપ્રોચ પોર્શન) થી કામગીરી ઈજારદારશ્રી રાજકમલ બિલ્ડર્સ પ્રા.લી. અમદાવાદને કરારનામા નં. બી/૨/૬૦ સને ૨૦૧૨/૧૩ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૩ થી શરૂ કરી તારીખ ૫મી ઓગષ્ટ, ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ જે આરઓબીના એપ્રોચની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. પરંતુ રેલ્વે પોર્શનમાં રેલ્વે ઓથોરીટી દ્વારા કામગીરી પ્રગતિમાં છે. રેલ્વેના એડ જોઈનીંગ સ્પાન પીસી-૧ થી આરપી-૧નું જોડાણ બાકીમાં છે. જેની કામગીરી કરવા માટે રેલ્વે સ્ટેશનથી નંદેલાવ (ગોદી રોડ) તરફ જતા રસ્તાનો વાહન વ્યવહાર બંધ કર્યા બાદ જ કામગીરી હાથ ધરી શકાય તેમ હોય, સદર રસ્તાને તા. ૧લી ઓગષ્ટ, ૨૦૧૫ થી તા. ૩૧મી ઓગષ્ટ,૨૦૧૫ સુધી જાહેર જનતાની સુવિધા માટે બંધ કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તા. ૧લી ઓગષ્ટ, ૨૦૧૫ થી તા. ૩૧મી ઓગષ્ટ, ૨૦૧૫ સુધી જાહેર જનતાની સુવિધા માટે રેલ્વે સ્ટેશનથી નંદેલાવ (ગોદી રોડ) સુધીનો રસ્તો તમામ પ્રકારનાં વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) **નાના વાહનો :-** આનંદ મંગલ સોસાયટીથી રજનીગંધા સોસાયટી-ગુજરાત ગેસ ઓફીસ પાસેથી રેલ્વે ગોદીના એપ્રોચની નીચેથી પસાર થઇ શ્રીજી કૃપા સોસાયટીમાં થઇ નંદેલાવ થઇ જઇ શકશે.

(૨) **ભારે વાહનો :-** સિવિલ હોસ્પિટલ રોડ થઇ શક્તિનાથ સર્કલ થઇ શ્રવણ ચોકડી થઇ નંદેલાવ બ્રિજ તરફ જઇ શકશે.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૯૬૦ થી ૫૯૭૧/૨૦૧૫.– નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ભરૂચ ઝાડેશ્વર ચોકડી પર વડોદરા થી સુરત તરફ જતા તેમજ સુરતથી વડોદરા તરફ જતા બંને છેડા પર ટ્રાફિક જામની સમસ્યા અવાર નવાર સર્જાતી હોય છે. તેમજ ઝાડેશ્વર ચોકડી ખાતે ખાનગી વાહનો, ટ્રક/ટ્રેઈલરના ચાકલો વાહન પાર્ક કરતા હોય છે. તેમજ ખાનગી ટ્રાવેલ્સના ચાલકો પેસેન્જરને લેવા ઉભા રહેતા હોય તેના કારણે પણ ટ્રાફિક અવરોધાતો હોય છે. જેથી જાહેર જનતાની સુવિધા તેમજ ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય, ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે ભરૂચના (૧) ઝાડેશ્વર ચોકડી (૨) જંબુસર ચોકડી તથા (૩) ગોલ્ડન બ્રીજ પરના બંને છેડા પરનો વિસ્તાર **"નો પાર્કીંગ ઝોન"** જાહેર કરવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા માટે તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નીચે મુજબના વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો માટે **"નો પાર્કીંગ ઝોન"** જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

"નો પાર્કીંગ ઝોન"

(૧) ભરૂચ ઝાડેશ્વર ચોકડી પરના નેશનલ હાઇવે પરના રોડની બંને બાજુનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૨) જંબુસર ચોકડી પરના રોડની ચારે બાજુનો ૧૫૦ મીટરનો વિસ્તાર.

(૩) ગોલ્ડન બ્રીજના બંને છેડા પરનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૯૭૨ થી ૫૯૮૩/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદ્‌ભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી ભરૂચ શહેર તરફ આવતા તથા દહેજ તરફ જતા ભારે વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ રસ્તાનો તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી ભરૂચ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ પરનો વાહન વ્યવહાર નીચે મુજબ ડાયવર્ટ કરવા હુકમ કરૂ છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

વિસ્તાર :-

(૧) વડોદરા તરફથી દહેજ તરફ જતાં ભારે વાહનો જેવા કે ટ્રક, ટ્રેઇલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઇ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

(૨) દહેજથી નીકળી વડોદરા-સુરત તરફ જતા ભારે વાહનોએ પણ આજ રૂટ એટલે કે, દહેજથી જંબુસર ચોકડી થઇ દયાદરા થઈ નબીપુર પરથી ને.હા.નં. ૮ પર ડાયવર્ટ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૫૯૮૪ થી ૫૯૯૫/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદ્‌ભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી સુરત તરફ આવતા તમામ પ્રકારના વાહનોને નબીપુર ઓવર બ્રિજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રિજ સુધી નિયત કરેલ લાઇનમાં રહેવા, વાહન ચાલકોની ગતિ મર્યાદા નિયંત્રણ કરવા તથા ઓવર ટેકીંગ કરવા પ્રતિબંધ મૂકવો આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા તથા ટ્રાફીક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નેશનલ હાઈવે નં. ૮ પર વડોદરાથી અંકલેશ્વર-સુરત તરફ જતા વાહનોને ભરૂચ જિલ્લાના નબીપુર ઓવર બ્રિજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રિજ સુધી LMV, HMV, HGV તથા નેશનલ હાઇવે પરથી પસાર થતા તમામ

INDEX

વાહનો માટે નિયત કરેલ ટ્રેકમાંજ સ્પીડ લિમીટ ૪૦ કિ.મી. પ્રતિ કલાકની મર્યાદામાં જ વાહન ચલાવવા તથા ઓવર ટેકીંગ નહી કરવા હુકમ કરૂં છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૩૦૩ થી ૩૩૨૨/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે આ હુકમ બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે,) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૨મી ઓગષ્ટ, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી,રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઈસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ઘરણા, ભૂખ હડતાળ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

“ ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ”

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હંગામી જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલું.

નંબર પલસ/રોડ ડાયવર્ઝન/વશી-૬૬૯૨/૨૦૧૫.– આગામી તારીખ ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજથી પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થાય છે. અત્રેના સુરત ગ્રામ્ય જિલ્લાના ઓલપાડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સરસ (કુવાદ) ગામે શ્રી સિદ્ધનાથ મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલ છે. આ સિદ્ધનાથ મહાદેવના મંદિરે ઓલપાડ તાલુકાના ગામોમાંથી તેમજ સુરત શહેર, હાંસોટ, ભરૂચ, નવસારી તથા આજુબાજુના ગામોમાંથી ભાવિકભક્તો ભાઈ/બહેનો અને બાળકો પગપાળા કાવડ લઈને દર્શનાર્થે આવતા હોય છે. જેને લઈને ઓલપાડ હાઈવે માર્ગેથી ભારે જનમેદની આવતી હોય તેમજ આ હાઈવે પર હજીરા તરફથી આવતા-જતાં ભારે વાહનોને કારણે સદરહુ માર્ગ ખુબ વ્યસ્ત હોવાથી અકસ્માતના બનાવો પણ બનતા હોય છે. આવા અકસ્માતના બનાવો ન બનવા પામે તે સારૂ આ સમય દરમ્યાન વાહન વ્યવહાર કોઈપણ અવરોધ વિના સરળતાથી ચાલુ રહે અને જાહેર જનતાની સલામતી જળવાય રહે તે માટે લોકહિતમાં વાહનો માટે ટ્રાફિક ડાયવર્ઝન આપવા જરૂરી જણાતું હોય, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત નીચે જણાવ્યા મુજબના રૂટ ઉપર ટ્રાફિક ડાઈવર્ટ કરવા ફરમાવું છું.

INDEX

ડાઈવર્ટ કરેલ રૂટની વિગત	**ડાયવર્ઝનની તારીખ અને સમય**
મોટા ટ્રેઈલર જેવા ૬ કે તેથી વધુ વ્હીલવાળા વાહનોને વૈકલ્પીક વ્યવસ્થા તરીકે હજીરાથી સચીન રોડ થઈ પલસાણા ચોકડીથી પસાર કરવામાં આવે તથા કીમ ચાર રસ્તાથી નેશનલ હાઈવે નં.-૮ પર થઇ પલસાણા ચોકડીથી પસાર કરવામાં આવે.	(૧) રવિવાર, તા. ૧૬-૮-૨૦૧૫ના રોજ ૧૦-૦૦ કલાક થી સોમવાર તા. ૧૭-૦૮-૨૦૧૫ના રોજ ૧૮-૦૦ કલાક સુધી. (૨) રવિવાર, તા. ૨૩-૦૮-૨૦૧૫ના રોજ ૧૦-૦૦ કલાક થી સોમવાર તા. ૨૪-૦૮-૨૦૧૫ના રોજ ૧૮-૦૦ કલાક સુધી. (૩) રવિવાર, તા. ૩૦-૦૮-૨૦૧૫ ના રોજ ૧૦-૦૦ કલાક થી સોમવાર તા. ૩૧-૦૮-૨૦૧૫ના રોજ ૧૮-૦૦ કલાક સુધી. (૪) રવિવાર, તા. ૦૬-૦૯-૨૦૧૫ના રોજ ૧૦-૦૦ કલાક થી સોમવાર તા. ૦૭-૦૯-૨૦૧૫ના રોજ ૧૮-૦૦ કલાક સુધી. (૫) રવિવાર, તા. ૧૩-૦૯-૨૦૧૫ના રોજ ૧૦-૦૦ કલાક થી સોમવાર તા. ૧૪-૦૯-૨૦૧૫ના રોજ ૧૮-૦૦ કલાક સુધી.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, SEPTEMBER 3, 2015 / BHADRA 12, 1937 [No. 36

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1327-1372
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	36
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	71
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3183-3239

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./ટોલ/જાહેરનામું/૩૦૨૮/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો સને-૨૦૦૮ના વર્ષમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઇ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર સાથે સ્ફોટક પદાર્થનો ઉપયોગ કરી હેન્ડ ગ્રેનેડસ દ્વારા ભયાનક બ્લાસ્ટ કરી સમગ્ર શહેરને હચમચાવી દીધેલ. આ બનાવોની તપાસથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ/અસામાજિક તત્ત્વો વાહનો મારફતે મુસાફરી કરી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીને ખુવારી પણ કરે છે. આ રીતે જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકસાન પહોંચાડી ગુનાઓ આચરી વાહનો મારફતે નાસી છુટતા હોય છે. તાજેતરમાં મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ ખૂબ જ વધવા પામેલ હોય ગુનેગારો આવા ગુના કરી વાહનો મારફતે આજુ-બાજુના ગામડાઓમાં જિલ્લાઓમાં, રાજ્ય બહાર પણ ભાગી જાય છે.

શહેર, જિલ્લા અને અન્ય રાજ્યોમાંથી (દેશ બહારથી) આવતા આવા તત્ત્વોને શોધી પકડી પાડવા અને ગંભીર પ્રકારના ગુનાઓનો પર્દાફાશ કરવા સારૂ શહેર વિસ્તારમાં આવેલ ટોલનાકા ઉપર C.C.T.V. કેમેરા

INDEX

લગાડવા તેમજ ટોલનાકા ઉપર પસાર થતા વાહનોના પુરેપુરા રજિસ્ટ્રેશન નંબરોની નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ ટોલનાકાના મેનેજરશ્રી અથવા વહીવટકર્તાશ્રીઓએ ટોલનાકામાંથી પસાર થતા તેમજ ટોલનાકાના સર્વિસ રોડ ઉપરથી પસાર થતા વાહનોના નંબર પ્લેટ અને ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે C.C.T.V. કેમેરાઓ ગોઠવી રેકોર્ડીંગ કરવું તથા પસાર થતા વાહનોના સંપૂર્ણ રજીસ્ટ્રેશન નંબરો (નંબર અને સીરીઝ બંને) ની નોંધણી કરશે. ઉપરોકત ડીજીટલ રેકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટર નોંધણી (રજીસ્ટ્રેશન સીરીઝ તથા નંબર)નો ડેટાનો બેકઅપ છ માસ સુધી રાખવાનો રહેશે.

જાહેરનામાનો અમલ તથા સમય અને વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૨મી ઓકટોબર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાના હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧ માહે ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/૩૦૭૦/૨૦૧૫.-તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ અમદાવાદ ખાતે અનામત આંદોલન સંદર્ભે જી.એમ. ડી.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ સભા અને ત્યારબાદ રેલી નીકળેલી. સદર આંદોલનના આયોજનકર્તાઓ વિરૂધ્ધ પોલીસ દ્વારા લેવામાં આવેલ કાયદેસર પગલાંના વિરોધમાં સમગ્ર અમદાવાદ શહેરમાં અને ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં નાના મોટા આગચંપી અને તાફોનોના બનાવો બનેલ છે. આ સંદર્ભે આંદોલનકારીઓ તરફથી ગુજરાત બંધનું એલાન આપવામાં આપ્યું છે.

વડોદરા શહેરમાં પણ નાના મોટા બનાવો જેવા કે, બસના કાચ તોડવા, રેલી કાઢવી, હાઇ-વે જામ વિગેરે દ્વારા જાહેર કાયદો અને વ્યવસ્થાને ખોરવી નાંખવાના પ્રયત્નો આજરોજ કરાયેલ છે. શહેરમાં આંદોલનકારીઓ દ્વારા ઉશ્કેરાટ ભર્યુ વાતાવરણ પ્રવર્તે છે. આવતીકાલના ગુજરાત બંધના એલાન સંદર્ભે મોટી સંખ્યામાં માણસો ભેગા થાય, તેની પુરી શક્યતા રહેલ છે. આવા સમયે અનુભવે જણાયુ છે કે, કેટલાંક તત્ત્વો દ્વારા વજુદ વગરની ખોટી ઉશ્કેરણીજનક અફવાઓ ફેલાવાય છે અને તેના સ્વરૂપે પ્રજાની સુલેહશાંતિનો ભંગ થાય છે અને રોજીંદા જીવન વ્યવહાર પર તેની વ્યાપક ખોટી અસરો ફેલાય છે, અને પ્રજામાં તંગદીલી ફેલાય છે. વધુમાં અનુભવના આધારે અને વ્યાપક સ્વરૂપે મળતી માહિતી આધારે પ્રસ્થાપિત થયેલ છે કે, તંગદીલી ફેલાવે તેવા વજુદ વગરના સમાચારો, મોબાઈલ ફોનના ગૃપ એસ.એમ.એસ., એમ.એમ.એ., વોટસએપ તેમજ ફેસબુક દ્વારા પ્રસાર પામે છે. આવા સંદેશા વ્યવહારની આપ-લે થાય છે, તેના લીધે અશાંતિ ફેલાય છે.

ઉપરોક્ત સંજોગોને ધ્યાનમાં લેતા તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ સવારના કલાક ૬-૦૦ થી તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ ના સવાર કલાક ૬-૦૦ સુધી આ પ્રકારના અંગત તથા ગૃપ એસ.એમ.એસ., એમ.એમ.એ., ફેસબુક તથા વોટસએપ તેમજ અન્ય સંદેશા વ્યવહારના સાધનો દ્વારા મેસેજનો ફેલાવો રોકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનો પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે. જેમાં વડોદરા શરેહના પોલીસ કમિશનરશ્રી, નાયબ કમિશનરશ્રી, મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું કે,

કૃત્યો

વડોદરા શહેરમાં મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે વોડાફોન, બી.એસ.એન.એલ. (સેલ-વન), રીલાયન્સ, ટાટા મોબાઈલ, એરટેલ. આઇડીયા, એરસેલ, યુનીનોર, વિડીયોકોન વિગેરે સર્વિસ પ્રોવાઇડરો વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ સવારના કલાક ૬-૦૦ થી તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ ના સવાર કલાક ૬-૦૦ સુધી મોબાઈલ ફોન ઉપર સીંગલ તથા ગ્રુપ એસ.એમ.એસ. તથા એમ.એમ.એસ. તેમજ ટુજી, ૩જી (લેન્ડલાઇન, બ્રોડબેન્ડ સિવાય) ઇન્ટરનેટ સર્વીસ દ્વારા મેસેજ મોકલી શકાય તેવા તમામ એપ્લીકેશન ગ્રાહકને પ્રસારિત (ડીલીવર) કરશે નહિ. સદર બાબતે જરૂર જણાયેથી આ જાહેરનામોનો હુકમ વધુ મુદત સુધી લંબાવવાની પ્રક્રિયા કરવામાં આવશે.

આ હુકમનું ઉલ્લંઘન આઇ.પી.સી. કલમ-૧૮૮ નીચે બીન જામીન લાયક ફોજદારી ગુનો છે જેથી કોઇ કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહિ.

આજ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/જાહેરનામું/૩૦૮૭/૨૦૧૫.-તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે અનામત આંદોલન સંદર્ભે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ સભા ત્યારબાદ રેલી નીકળેલી સદર આંદોલનના

INDEX

આયોજનકર્તાઓ વિરૂધ્ધ પોલીસ દ્વારા લેવામાં આવેલ કાયદેસર પગલાનાં વિરોધમાં સમગ્ર અમદાવાદ શહેરમાં અને ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં નાના મોટા આગચંપી અને તોફાનોના બનાવો બનેલ છે. આ સંદર્ભે આંદોલનકારીઓ તરફથી ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું છે.

વડોદરા શહેરમાં પણ નાના મોટા બનાવો જેવા કે, બસના કાંચ તોડવા, રેલી કાઢવી, હાઇ-વે જામ વિગેરે દ્વારા જાહેર કાયદો અને વ્યવસ્થાને ખોરવી નાંખવાના પ્રયત્નો આજ રોજ કરાયેલ છે. શહેરમાં આંદોલનકારીઓ દ્વારા ઉશ્કેરાટ ભર્યું વાતાવરણ પ્રવર્તે છે. આવતીકાલના ગુજરાત બંધના એલાન સંદર્ભે મોટી સંખ્યામાં માણસો ભેગા થાય, તેની પુરી શકયતા રહેલ છે. આવા સમયે અનુભવે જણાયું છે કે, કેટલાક તત્ત્વો દ્વારા વજુદ વગરની ખોટી ઉશ્કેરણીજનક અફવાઓ ફેલાવાય છે. અને તેના સ્વરૂપે પ્રજાની સુલેહ શાંતિનો ભંગ થાય છે. અને રોજીંદા જીવન વ્યવહાર પર તેની વ્યાપક ખોટી અસરો ફેલાય છે, અને પ્રજામાં તંગદીલી ફેલાય છે. વધુમાં અનુભવના આધારે અને વ્યાપક સ્વરૂપે મળતી માહિતી આધારે પ્રસ્થાપિત થયેલ છે કે, તંગદીલી ફેલાવે તેવા વજુદ વગરના સમાચારો, મોબાઇલ ફોનના ગૃપ એસ.એમ.એસ., એમ.એમ.એસ. વોટસએપ તેમજ ફેસબુક દ્વારા પ્રસાર પામે છે. આવા સંદેશા વ્યવહારની આપ-લે થાય છે, તેના લીધે અશાંતિ ફેલાય છે.

ઉપરોકત સંજોગોને ધ્યાને લેતા તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સવારના કલાક ૦૬-૦૦ થી તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના સવારના કલાક ૦૬-૦૦ સુધી આ પ્રકારના અંગત તથા ગૃપ એસ.એમ.એસ., એમ.એમ.એસ., ફેસબુક તથા વોટસએપ તેમજ અન્ય સંદેશા વ્યવહારના સાધનો દ્વારા મેસેજનો ફેલાવો રોકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઈ. રાધાકૃષ્ણ, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનો પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી, મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરાવમાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજન કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરું છું અને તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫, જા.નં. ૩૦૭૦/૨૦૧૫ માં અમલમાં આવેલ જાહેરનામાને વધુ ૨૪ કલાક માટે લંબાવવા અંગે હુકમ કરું છું.

કૃત્યો

વડોદરા શહેરમાં મોબાઇલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, વોડાફોન, બી.એસ.એન.એલ. (સેલ-વન), રીલાયન્સ, ટાટા મોબાઇલ, એરટેલ, આઇડીયા, એરસેલ, યુનીનોર, વિડીયોકોન વિગેરે સર્વિસ પ્રોવાઇડરો વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સવારના કલાક ૦૬-૦૦ થી તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના સવારના કલાક ૦૬-૦૦ સુધી મોબાઇલ ફોન ઉપર સીંગલ તથા ગૃપ એસ.એમ.એસ. તથા એમ.એમ.એસ. તેમજ ટુજી, ૩જી (લેન્ડલાઇન, બ્રોડબેન્ડ સિવાય) ઇન્ટરનેટ સર્વિસ દ્વારા મેસેજ મોકલી શકાય તેવા તમામ એપ્લીકેશન ગ્રાહકને પ્રસારિત (ડીલીવર) કરશે નહિ. સદર બાબતે જરૂર જણાયેથી આ જાહેરનામાનો હુકમ વધુ મુદત સુધી લંબાવવાની પ્રક્રિયા કરવામાં આવશે.

આ હુકમનું ઉલ્લંઘન આઇ.પી.સી. કલમ-૧૮૮ નીચે બીન જામીન લાયક ફોજદારી ગુનો છે, જેથી કોઇ કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહિ.

આજ તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસબી/જાહેરનામું/રમત/૯૩/૨૦૧૫.—સુરત શહેરમાં જાહેરમાર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા / રમાડવામાં આવે છે. જેના કારણે અવર-જવર કરતા લોકોને તથા વ્યવહારને અવરોધ ઉભા થાય છે. ખાસ કરીને ક્રિકેટની રમતમાં બોલ વાગવાના કારણે રાહદારી લોકોને ઇજા થવાના, અકસ્માત થવાના અને વાહનો-મિલ્કતોને નુકશાન થવાના બનાવો બનતા હોય છે જેના કારણે ઘણા કિસ્સાઓમાં ક્રિકેટનો બોલ વાગવાથી લોકોના ટોળાઓ સામસામે આવી થતા ઘર્ષણ થવાના બનાવો પણ બનતા હોય છે આવી રમતો રમવાના કારણે લોકોના અને ખાસ કરીને સિનિયર સીટીજનના દિનચર્ચામાં ખલેલ પહોંચતી હોય છે જેથી આવા બનાવો બને નહીં અને જાહેર સલામતી-સુખાકારી જોખમાય નહીં તે માટે જાહેર જનતાના હીતમાં સુરત શહેર પોલીસ કમિશરેટ વિસ્તારમાં જાહેર માર્ગે, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમાડવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

આથી હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (૧) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં

(૧) જાહેરમાર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા કે રમાડવા અને

(૨) આવી રમતો રમી ચીચીયારીઓ પાડી/ઘોંઘાટ કરી લોકો અને ખાસ કરીને સિનિયર સીટીજનના દિનચર્ચામાં ખલેલ પહોંચાડવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હુકમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૨મી ઓકટોબર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે.

ક્રમાંક : એસબી/મજુર/જાહેરનામું/૯૪/૨૦૧૫.– તાજેતરમાં સુરત શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળમાં સુરત શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હા કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ સુરત શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુર કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહારના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે. જેથી જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણ મુકવા જરૂર જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ, આથી, હું, હુકમ કરૂં છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં જે જે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુરો કામે રાખેલ હોય તેઓએ તેમજ અન્ય કોઈને કામકાજ માટે મજુરો સપ્લાય કરતા હોય તે તમામ મુકાદમ / કોન્ટ્રાકટરે નીચેની માહિતી અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં મોકલવાની રહેશે તથા મજુરો જયારે મજુરી કામ કે સુરત શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમે તેમના નવેસરના સરનામાની વિગતોની જાણ તુરતજ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૧.	લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમ (સપ્લાયર) નું પુરૂં નામ. સરનામું, મોબાઈલ નંબર સહિત	:–	
૨.	મજુરનું નામ તથા ઉંમર વર્ષ	:–	
૩.	મજુરનું હાલનું સરનામું, તથા મોબાઇલ નંબર	:–	
૪.	મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	:–	
૫.	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ	:–	
૬.	મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા જિલ્લા અને ટેલીફોન નંબર	:–	
૭.	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર	:–	
૮.	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:–	
૯.	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાક્ટરે મજુરી કામ માટે રાખેલ છે.	:–	
૧૦.	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું)	:–	
૧૧.	સુરત શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:–	
૧૨.	સુરત સહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નંબર	:–	
૧૩.	મજુરના ભાઈ/બહેનનાં નામ/સરનામા/મોબાઈલ નંબર	:–	
૧૪.	મજુરના કાકા/માસાનાં નામ/સરનામા/મોબાઈલ નંબર	:–	
૧૫.	હાલમાં જ્યાં રહે છે ત્યાં તેના ગામના કોણ છે ? તેના નામ, સરનામા, મોબાઈલ નંબર	:–	

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નિશાન ....

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાક્ટરની સહી ....

નામ ....

INDEX

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫, કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫, કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી/જાહેરનામું/૯૫/૨૦૧૫.-સુરત શહેરમાં કોઇ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઇ કરવી જરૂરી છે.

દરેક માઇક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમકોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુ.પ્રનિબોર્ડ/નોઇસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/ તા. ૧૪-૫-૨૦10 થી ઘોઘાંટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦10 ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો, ૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઇઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ૬-૦૦ થી રાત્રીના ૨૨-૦૦	રાત્રીના ૨૨-૦૦ થી સવારના ૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગની ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઇ રહેલ ઔદ્યોગિક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

તારીખ ૧૧-૧-૨૦10 ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રીના સમયગાળામાં રાત્રિના ૨૨-૦૦ થી સવારના ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજિંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઇએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઇએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે હું રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે જેમાં સુરત શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ ના ક. ૦૦-૦૦ થી તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો

માઇક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈન્વેટ મેનેજર સમગ્ર સુરત શહેરના પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઇક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુ બાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઇક સીસ્ટમનો ઉપયોગ થઇ શકે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઇક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીક ના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેર માર્ગમાં રોકાઇને કરવા નહીં.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઇન રીસ્પેકટ ઓફ નોઇઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઇઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના એન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઇ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવુ જોઇએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઇઓનો ઉલ્લંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઇક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

(૧) માઇક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે / ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈ.ને અરજી-૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

(૨) વરઘોડા / રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

(૩) સુરત શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહી.

(૪) આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

(૫) આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહીં તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુદ્ધિ અનુસાર આપી શકશે.

(૬) અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

(૭) માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવાર ક. ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ થશે.

(૮) અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ-૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ / વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :- ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

(૯) કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ / અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૧૦) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

(૧૧) ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહી.

INDEX

(૧૨) માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

(૧૩) ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામાના હુકમનાં ભંગ બદલ ઈ. પી. કો. કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :

(1) Notificatio No. GK/2015/CCA/102014/1113/D, (Part 8), dtd. 12-08-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.

(2) Hon'ble High Court of Gujarat Notification No. A.0705/(II)/2015[85], dated 13-08-2015.

(3) Hon'ble High Court of Gujarat Resolution No. A.2403/2011, dated 13-08-2015.

(4) This office Notification No. B/Limkheda/S.D./07/2015, dtd. 09-03-2015.

Notification

No. : B/Limkheda/SD/17/2015.–Consequent upon the Notifications cited in the preamble, issued by the Government of Gujarat, Legal Department and Hon'ble High Court of Gujarat, it is hereby notified for general information to all concerned that on account of establishment of full-time Court of Principal Senior Civil Judge and additional Chief Judicial Magistrate at Limkheda, in the Dahod District, the Court of Principal Senior Civil Judge at Limkheda shall start functioning with effect from 15th August, 2015, B.O.H.

The Address of the Court of Principal Senior Civil Judge, Limkheda is as under.

Name of the Court	:	Principal Senior Civil Judge Court, At : Limkheda, District Dahod.
Address	:	Civil Court Building, Near Guest House, Limkheda.
Telephone Numbser	:	(Office) 02677 - 222243.

Dahod, 14th August, 2015.

S. N. VAKIL,
Principal District Judge,
Dahod.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બ) હેઠળનો નિયમ.

નંબર ઇ.સી./ટ્રાફીક/જાહેરનામું/૮૬૩-૮૬૮/૨૦૧૫.–મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માંની) કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બ) હેઠળ મળેલ સત્તાની રૂએ, મોજે મહુવડ, તા. પાદરા, નજીક ગંભીરા-મહુવડ રસ્તા ઉપર મહીસાગર નદીના પુલમાં સ્લેબની નીચેની બેરીંગો બદલવાનું કામ હાથ ધરવાનું હોવાથી મહુવડ રસ્તા ઉપરથી મહીસાગર નદીના પુલનો રસ્તો નીચે મુજબની તારીખોના રોજ સવારના ૯-૦૦ કલાક થી સાંજના ૬-૦૦ કલાક સુધી અથવા કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી પુલ ઉપરથી પસાર થતા જતા આવતા વાહનોને નીચે જણાવ્યા મુજબ વૈકલ્પીક રસ્તાઓનું ડાયવર્ઝન આપવા જાહેરનામું તાત્કાલીક પ્રસિધ્ધ કરવું જરૂરી છે.

(૧) તા. ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫ (૨) તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫
(૩) તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ (૪) તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫
(૫) તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ (૬) તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫
(૭) તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

હું, અવંતિકા સિંઘ, જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨ માંની કલમ-૩૩ની પેટા કલમ (૧)(બ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે ઉકત સમારકામ માટે,

(૧) જંબુસર પુલ થઇને ગંભીરા બોરસદ તરફ જતાં વાહનો મહુવડ-પાદરા-સમીયાલા-ભીમપુરા થઇને સીંધરોટ-ઉમેટા-કીખલોડ-બોરસદ રસ્તા થઇને જશે.

(૨) બોરસદ થી ગંભીરા થઇને મહુવડ-જંબુસર તરફ આવતા વાહનો બોરસદ-કીખલોડ-ઉમેટા-સીંધરોટ થઇને ભીમપુરા-સમીયાલા-પાદરા-મહુવડ રસ્તા ઉપર થઇને જશે.

આજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

અવન્તિકા સિંઘ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/હોટલ ગેસ્ટ હાઉસ/એસ.આર.-૪૨/૨૦૧૫.– તાજેતરમાં થયેલ આતંકવાદી હુમલા તેમજ આગામી દીવસોમાં ધાર્મિક તહેવારો આવતા હોઇ ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પી.સી.ઓ. કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસતંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર માં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

હોટલ અને ગેસ્ટ હાઉસમાં રહેનાર મુસાફરો અને માલિકો માટે

(૧) હોટલ, ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઇલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઇ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફર ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખ કાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનું આઇ. કાર્ડ વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબર કાફે ઇત્યાદિના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઇએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઇપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઇ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઇ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ઢાબાના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ/ગેસ્ટ હાઉસ (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ જાહેરનામું તારીખ ૧૭મી ઓગસ્ટ ૨૦૧૫ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સી.સી.ટી.વી. કેમેરા/જા.ના./એસ.આર./૪૩/૨૦૧૫.–ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભુતકાળમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોના હાની પહોંચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્ત્વો રાજ્ય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઇને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઇ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા-પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

જિલ્લામાં થતા આવા ગુનાઓ અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર-જવર વાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો, ગુનેગારો, ગુનાઓમાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો, હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરે રેકોર્ડીંગ સિસ્ટમ સાથે રાખવાનું જણાતું હોઈ,

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપીંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલ પ્લાજાના માલિકો/ઉપભોગતા/વહીવટ કર્તાઓએ ગાડીના નંબર દેખાય, ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રકોર્ડીંગ થાય, આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે અને રેકોર્ડિંગ ૧૫ દિવસ સુધી રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ભંગારીયા/એસ.આર.-૪૪/૨૦૧૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઈ.ડી.સી., વિરમગામ જી.આઈ.ડી.સી., અસલાલી જી.આઈ.ડી.સી., ચાંગોદર જી.આઈ.ડી.સી., બાવળા જી.આઈ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લના પો. સ્ટે. વિસ્તારમાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, ચોરી જેવા મિલકત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન તથા મધ્યપ્રદેશના વતનીઓ છે. અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લૂંટ, મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે પરંતુ અમુક ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનું પાલન કરીને કરે જેથી કાયદો વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબ મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકીપણાની દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયલન્સ સર્ટી. લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારનો ધંધામાં જેટલા માણસો કામે રાખેલા હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી. પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઇ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવે ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યકિતના આઇ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) જ્યારે કોઇપણ વાહન વેચવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી. બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીનું તાત્કાલીક પોલીસ સ્ટેશન જાણ કરાવની રહેશે.

(૮) આ જાહેરનામું બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાથી પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ હુકમ તા. ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સાયબર કાફે/એસ.આર./૪૫/૨૦૧૫.– તા. ૧૩મી જુલાઇ, ૨૦૧૧ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુંસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબર કાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતા સાયબર કાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ

તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રહિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે;

(૨) આ રજિસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે;

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબર કાફે નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબર કાફેના સંચાલક/માલિકની નિયત કરવામાં આવે;

(૪) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ, વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી સાયબર કાફેના દફ્તરમાં રાખવી;

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબર કાફે જે તે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહીં તેમજ આવી સાયબર કાફે કોઈપણ પ્રકારના દિવાની હક્ક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ કરવામાં આવે છે;

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબર કાફેના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો, વિગેરેની હકીકતો તેમજ આવી સાયબર કાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી;

(૭) સાયબર કાફે ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે;

(૮) સાયબર કાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ગોડાઉન/એસ.આર./૪૬/૨૦૧૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, ચાંગોદર, ધોળકા, વીરમગામ ટાઉન, બોપલ વિગેરે પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહક કરવામાં આવે છે. અને આ ગોડાઉનમાં કામ કરતા મોટા ભાગના પર પ્રાંતના ઈસમો હોય છે. જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને આ ગોડાઉનો ઉપર વાચમેનોની સંખ્યા નહિવત હોવાને કારણે ચોરી લૂંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતી બાબતે સિક્યુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવા અંગે તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યકિતઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતની ગુણવત્તા ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા ફરજીયાતપણે લગાવવા અને તેનો ફૂટેજ દિન-૩૦ દિવસ સધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/મજુર/એસ.આર.-૪૭/૨૦૧૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તથા બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવારનવાર ધાડ, લુંટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત રાજ્ય બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજુરો કડીયાકામની મજુરી કામ માટે આવતા હોય છે. બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજ્યના તેમજ રાજ્ય બહારના મોટા ભાગના મજુરો

આ કડીયાકામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે. અને આ મજુરો જે તે સાઈટો ઉપર જ રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટે જે તે વિસ્તારના મુકાદમો અથવા સાઈટના કોન્ટ્રાકટરો લાવતા હોય છે. પરંતુ તેઓની નોંધણી પોલીસ સ્ટેશનોમાં કરાવતા નથી. રાજ્યના તથા રાજ્ય બહારના આવા મજુરો જ્યાં રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને લુંટ, ધાડ, ઘરફોડ, ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે, અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈડ ઉપર આવનાર દરેક મજુર/કારીગરોના નામ/સરનામા અંગેની રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/અંગુઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં પુરૂષ મજુરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ, નામ/સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું/ટેલિફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/કારીગરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટો કોપી સાઈટના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈટ ઉપર મજુર/કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમિત આપવાની રહેશે.

આ હુકમ તા. ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/મકાન ભાડે/એસ. આર.-૪૮/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના રહેણાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એક્મો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનાવા પામ્યા અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હું એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અ માં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે તથા જ્યારે જ્યારે કોઈ મકાન માલિક, એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન આપશે અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહિત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે અને એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

INDEX

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (₹)	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મૂળ રહેવાસી, ધંધો ધંધાનું સ્થળ તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૫	૫	૬	૭

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિમય)ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક ડીસી/એમએજી/મોબાઈલ શોપ/જા.ના./એસ.આર.-૪૯/૨૦૧૫.—હાલના સંજોગોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ધાક, ધમકી, ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃત્તિ વિગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી, ફોન ઉપર બિભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુના કરવાના ઈરાદે જુનો મોબાઈલ/સીમકાર્ડ ખરીદી કરી ગુનો આચરવામાં આવે છે. આવા ગુનાઓની તપાસ દરમ્યાન IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે જુના મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારોએ માણસ પાસેથી ખરીદેલાનું અગર તો અજાણ્યા માણસને વેચેલાનું જાણવા મળે છે અને મુળ આરોપી સુધી પહોંચી શકાતું નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ગયેલ મોબાઈલ ફોન વાપરનાર સુધી પહોચવામાં આવે તે વખતે પણ મોબાઈલની દુકાનમાંથી ખરીદેલાનું જણાવે છે. અને મોબાઈલ દુકાનદારે ખરીદ કરતી વખતે મોબાઈલ ફોન વેચતા આવનારની કોઈ માહિતી નહી મળતી હોવાનું જાણવા મળે છે. જેથી જુના મોબાઈલ ફોન ખરીદનાર અને વેચનાર વેપારીઓ તથા સીમકાર્ડ વેચનાર વિક્રેતા તરફથી જુના મોબાઈલ તથા વ્યક્તિની સંપૂર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ/સીમકાર્ડની સંપૂર્ણ માહિતીનું રજિસ્ટર નિભાવવું ખૂબ જ જરૂરી છે જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલ ફોનના ઉપયોગથી થતી ગુનાખોરી અટકાવવા જાહેર જનતાની જાનમાલ મિલકતની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અન્વયે અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નિયત્રણો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

જેથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબના નિયંત્રણ અવશ્ય પાલન કરવા આથી આદેશ ફરમાવું છું.

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારનાં વેપારીઓએ જુના મોબાઈલ ખરીદતી અને વેચાણ વખતે મોબાઈલની વિગત, કંપની, આઈ.એમ.ઈ.આઈ. નંબર, મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર, મોબાઈલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા સંપર્કની વિગત, આઈ.ડી. પ્રુફની વિગત, મોબાઈલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારના તાજેતરના ફોટા સાથેની સંપૂર્ણ વિગત સાથેનું નીચે દર્શાવેલ કોમલ મુજબનું રજિસ્ટ્રર અગલ-અલગ નિભાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનું. નં.	મોબાઈલ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા કોન્ટેકટ નંબરની વિગત	મોબાઈલની વિગત/ કંપની	IMEI નંબર	મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	આઈ. ડી. પ્રુફની વિગત	મોબાઈલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬	૭

INDEX

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનું. નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ નંબર અને તેનો મોબાઈલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઈ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી-૩૪૦૨ થી ૩૪૨૨/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવાના હેતુથી હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૫ ના ૮-૦૦ કલાકથી તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા મનાઈ છે.

(૧) હથિયાર, તલવાર, ધોકા, સોટી/લાકડી બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનિત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

અપવાદ :-

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ દ્વારા જેઓને શારીરિક અશક્તિ છે, તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/રજી.-૩૬/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમની કલમ–૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તથા આગામી સમયમાં આવતા વિવિધ તહેવાર તેમજ પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની તા. ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ની દરખાસ્તને ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/રજી.-૩૭/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તથા આગામી સમયમાં આવતા વિવિધ તહેવાર તેમજ પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની તા. ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ :-

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

એ. ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

વંચાણમાં લીધો :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાનો તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫નો પત્ર ક્રમાંક TET-I પરીક્ષા/૨૦૧૫/૩૪૫૯.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી-૨૭૦૬/૨૦૧૫.–આગામી તારીખ ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૨-૩૦ કલાક સુધી TET-I પરીક્ષા-૨૦૧૫ અત્રેના જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવાનાર છે, આ જાહેર પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે

આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ નીચેની વિગતે પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાએ તેઓના તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે, જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

(૧) પરીક્ષા સ્થળેથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કલમ-૧૪૪ લાગુ પાડવી.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત પગલાં લેવા.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહીં.

વાસ્તે, હું, રમેશ મેરજા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે,

(૧) પરીક્ષા સ્થળથી આજુબાજુના ૧૦૦ (એકસો) મીટરના વિસ્તારમાં કોઈ અનઅધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત ફરમાવું છું.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) આ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં સરકારશ્રી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીશ્રીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

આ જાહેરનામું તારીખ ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ૧૦-૦૦ કલાકથી ૧૫-૩૦ કલાક સુધી અમલી રહેશે.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

પરિશિષ્ટ

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, મહેસાણા.

TET-I ૨૦૧૫ - પરીક્ષા માટે બિલ્ડીંગોની યાદી

ક્રમ	સ્કલુ/બિલ્ડીંગનું નામ	સ્કલુ/બિલ્ડીંગનું પુરું સરનામું મહેસાણા કેન્દ્ર	શાળાના આચાર્યશ્રીનું નામ	મોબાઇલ નંબર	બ્લોકની સંખ્યા (૩૦ ઉમેદવાર દીઠ ૧)	વિદ્યાર્થીની સંખ્યા	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રી એસ. વી. શાહ વિદ્યાવિહાર, મહેસાણા	બી. કે. સિનેમાની સામે, મહેસાણા	ભોગીલાલ એ. પટેલ	9427482474	10	300	
૨	શ્રી વી. આર. કર્વે પ્રોગ્રેસીવ હાઇસ્કુલ, મહેસાણા	હૈદરી ચોક પાસે, મહેસાણા	છગનભાઇ આર. પટેલ	9879094034	15	450	
૩	મહેસાણા અર્બન બેંક ગર્લ્સ હાઇસ્કુલ, મહેસાણા	મ્યુનીસીપલ ગ્રાઉન્ડની સામે, મહેસાણા	હિનાબેન પી. પટેલ	9825842620	15	450	
૪	પરા ઉ. મા. શાળા, મહેસાણા, યુનિટ-૧	અંબાજી માતાજીના મંદિર પાસે, અંબાજી પરા, મહેસાણા	ઘનશ્યામભાઇ નાયક	9714178870	15	450	
૫	પરા ઉ. મા. શાળા, મહેસાણા, યુનિટ-૨	અંબાજી માતાજીના મંદિર પાસે, અંબાજી પરા, મહેસાણા	દિપકભાઇ શર્મા	9898530434	10	300	
૬	શ્રીમતી એસ. જી. શુકલ કન્યા વિદ્યાલય, મહેસાણા	માલ ગોડાઉન રોડ, મહેસાણા	ભગવતીબેન એસ. પટેલ	9033802978	13	390	
૭	વિવેકાનંદ એકસપરીમેન્ટ હાઇસ્કુલ, મહેસાણા	જેલ રોડ, લાયન્સ હોસ્પીટલની બાજુમાં, મહેસાણા	કમલેશભાઇ નાયક	9879864069	10	300	
૮	ટી. જે. હાઇસ્કુલ, મહેસાણા	કોંગ્રેસ ભવનની સામે, મહેસાણા	મુકેશકુમાર બી. જાની	9426231028	10	300	
૯	મહેસાણા અર્બન વિદ્યાલય, મહેસાણા, યુનિટ-૧	મોઢેરા ચાર રસ્તા પાસે, મહેસાણા	જેઠાભાઇ એમ. પટેલ	9879094047	15	450	
૧૦	મહેસાણા અર્બન વિદ્યાલય, મહેસાણા, યુનિટ-૨	મોઢેરા ચાર રસ્તા પાસે, મહેસાણા	ખેમચંદભાઇ પટેલ	8469403149	11	330	
				કુલ ...	**124**	**3720**	

આજ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

રમેશ મેરજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

ક્રમાંક ઉ/મકપ/મજસ/વશી/૧૩૭૪ થી ૧૪૦૫/૨૦૧૫.– પંચમહાલ જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતાં ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન જુદા જુદા દેવી દેવતાઓની મુર્તિઓની સ્થાપના કરવામાં આવે છે. અને સ્થાપના બાદ ધાર્મિક રીતી-રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ મુર્તિઓને પંચમહાલ જિલ્લાની જુદી જુદી નદીઓ, અન્ય તળાવોનાં પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી દેવતાઓની મુર્તિઓની બનાવટમાં પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવામાં આવે છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મુર્તિઓની બનાવટમાં કેમીકલ યુક્ત રંગોનો ઉપયોગ થાય છે. આવી મુર્તિઓને નદી, તળાવમાં વિસર્જન કરવામાં આવે છે જે (પી.ઓ.પી.) મુર્તિઓ પાણીમાં ભળવાથી પાણીમાં રહેતાં પાણીજન્ય જીવો, માછલીઓ વિગેરેનું મૃત્યુ થાય છે. જેના કારણે પાણી તથા પર્યાવરણને નુકશાન થાય છે. જે બાબતોને ધ્યાને રાખી પંચમહાલ જિલ્લાના તમામ મહેસુલી વિસ્તારમાં આવતા નદી, તળાવોનું શુદ્ધીકરણ તથા પર્યાવરણની જાળવણીના અભિયાનને વેગ આપવા સહભાગી થયેલ છે.

જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવાના હેતુસર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન દેવી / દેવતાઓની મુર્તિઓની બનાવટમાં નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, પંચમહાલ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) મુતિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓનો ધાર્મિક રીતે પ્રણાલીગત ચીકણી માટીનો ઉપયોગ કરવો, ભઠ્ઠીમાં સેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવો નહીં.

(૨) મુર્તિઓની બનાવટમાં મુર્તિઓ પાણીમાં સહેલાયથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગનો જ ઉપયોગ કરવો, ઝેરી અને ઉતરતી કક્ષાના રસાયણ કે કેમીકલ યુક્ત રંગોથી મુર્તિને કલર કરવો નહીં.

(૩) મુર્તિઓની બનાવટમાં ઘાસ, લાકડા, બાંબુને બાધ નડશે નહિ.

(૪) મુર્તિઓની ઉંચાઈ બેઠક સહીત ૯ ફુટ કરતા વધારે હોવી જોઈએ નહીં.

(૫) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવે છે. તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહીં.

(૬) મુર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી તથા ખંડીત મુર્તિઓને બીન વારસી હાલતમાં છોડીને જશે નહી.

(૭) મુર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓવાળી બનાવવા ખરીદવા તથા વેચાણ કરી શકાશે નહિ.

(૮) પંચમહાલ જિલ્લા બહારથી આ પ્રકારની બનાવટવાળી મુર્તિઓ લાવી વેચનાર મુર્તિકાર/વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

ઉપરોકત નિયમો મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓના પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ ઈ, તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૨ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનોના આધારે ઘડવામાં આવે છે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર

પંચમહાલ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ -૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૧૪૦૬ થી ૧૪૩૧/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નં. એસ.ઓ.જી./જાવક/૩૨૩/૨૦૧૫, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિદ્ધ થતા અહેવાલો વર્તમાન અને ભુતકાળમાં બનેલ આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલમિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની ફોર-શ્રી વ્હીલર ગાડીઓ જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્ત્વો દ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે. અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાતી હોય છે. આગામી દિવસોમાં જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, રક્ષાબંધન વિગેરે તહેવારો આવનાર છે. જેથી આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુની સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, શ્રી વ્હીલર વાહનો ખરીદવા-વેચવા અંગે સી.આર.પી.સી. ૧૪૪ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આતંકવાદી તત્ત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય. તે ધ્યાને રાખી દરખાસ્ત મોકલી આપેલ છે. ઉપરોક્ત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, આથી હું ડૉ. એમ. કે. પાટડીયા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં જુની સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, શ્રી વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર.	ખરીદનારનું આઈ. ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત.	જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ.	એન્જીન/ચેસીસ નંબર, મોડેલ નંબર, રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

(૧) જુનુ ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર/ચેસીસ નંબર લખવો.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : મજસ/જાહેરનામું/૧૪૩૨ થી ૧૪૫૬/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૩૨૪/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ થયેલ આતંકવાદી તત્ત્વો દ્વારા જાનહાની માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટના ઘટેલ છે. ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો પંચમહાલ જિલ્લાની હોટેલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશની બહારથી આવતા આવા

તત્ત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે આપતા માલિકો રૂમ ભાડે આપે ત્યારે નીચે મુજબની શરતોનું પાલન કરી આપે તો ગંભીર પ્રકારના બનતા ગુન્હાઓ ઉપર અંકુશ લાવી શકાશે તેમજ લોકોની જાનમાલને નુકશાન થતુ અટકાવી શકાશે. અને આગામી દિવસોમાં જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, રક્ષાબંધન વિગેરે તહેવારો આવનાર છે. જેથી લોકોની સુરક્ષાને ધ્યાને રાખી નીચે મુજબની શરતો મુજબ જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

સબબ, હું ડૉ. એમ. કે. પાટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા દેશી/વિદેશી નાગરીકોને રૂમો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહી અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહિતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહી.

(૫) દેશી/વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહિતના નકકર પુરાવા મેળવવા.

(૬) પંચમહાલ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે સીટી એરીયામાં કઇ જગ્યાએ રોકાઇ કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકાશે.

આ હુકમનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/વશી/૧૪૫૭ થી ૧૪૮૧/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જાવક/૩૨૫/ ૨૦૧૫, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી જણાવ્યા મુજબ બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્ત્વો દ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી અથવા વેચાણથી રહેણાંક વિસ્તારમાં મકાન લઇ સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઇ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદ ઇરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી તેમજ માનવ જિંદગીની ખુવારી કરી લોકોની સંપત્તિને નુકશાન કરી જતા રહેતા હોય છે. અને પાછળથી તેઓના નામ, સરનામા મળી શકતા નથી. અને ગુન્હાઓનો ભેદ ખુલી શકતો નથી. અને આગામી દિવસોમાં જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, રક્ષાબંધન વિગેરે તહેવારો આવનાર છે. જેથી બહારના રાજ્યના (પર પ્રાંતિય) ઇસમોને મકાન ભાડે આપવા અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઇના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરાના ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લા વિસ્તારમાં કોઇ મકાન માલિક

INDEX

અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહિ. ભાડા આપેલ મકાનની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત વિસ્તાર મકાન નંબર	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે. ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે.	કઇ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમાં રહેનાર વ્યક્તિના પાકા નામ સરનામા.	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૧૪૮૨ થી ૧૫૦૬/૨૦૧૫.–પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૩૨૬/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઇલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડો મેળવતા હોય છે. અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જિલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઇલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઇ આવેલ છે. તે માટે મોબાઇલ ફોન લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ફોન ખરીદેલ જે મોબાઇલ ફોન ખરીદનાર/વેચનાર ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઇ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતાઓ દ્વારા મોબાઇલ સીમ કાર્ડ તેમજ જુના-નવા મોબાઇલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઇલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઇલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તો ઉપરોક્ત તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તેમ છે. અને આગામી દિવસોમાં જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, રક્ષાબંધન વિગેરે તહેવારો આવનાર છે. જેથી તે અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઇને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતા દ્વારા મોબાઇલના સીમ કાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદ કરી તે દ્વારા બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, આથી હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં મોબાઇલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા વિક્રેતાઓ/વેપારીઓએ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે. તથા તે અંગેનું રેકર્ડ રાખવાનું રહેશે. તેમજ રજીસ્ટર નીચેના નમુનામાં નિભાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલફોનની વિગત / કંપની	IMEI NO.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલફોનની વિગત / કંપની	IMEI NO.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત / કંપનીનું નામ	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત.	આઇ. ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૫

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/સીસી ટીવી/જાહેરનામું/૧૫૦૭ થી ૧૫૩૪/૨૦૧૫.—પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૩૨૭/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભાગે રાજ્ય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઇ આ પ્રકારની પ્રવૃત્તિઓ આચરતા હોય છે.

અસામાજીક તત્ત્વો દ્વારા આચરવામાં આવતી ઉપરોક્ત પ્રકારની ગુન્હાહીત પ્રવૃત્તિઓના કારણે જાહેર સલામતી સુરક્ષા, તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો જાહેર જનતા, પ્રજામાં, અસલામતી, અસુરક્ષાનો માહોલ ફેલાય છે, અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાતી હોય છે. જેથી આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા તથા તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય, તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓ/બનાવો બનતા અટકાવી શકાય, તે હેતુસર હાઇ-વે રોડ પર આવેલ હોટલો, પેટ્રોલ પંપો, ટોલપ્લાઝા વિગેરે સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અને આગામી દિવસોમાં જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, રક્ષાબંધન વિગેરે તહેવારો આવનાર છે. જે ધ્યાને લઇ તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઇ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉક્ત માંગણી વ્યાજબી જણાય છે.

પંચમહાલ જિલ્લામાં ઉપરોક્ત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દ્રષ્ટિએ તકેદારીના પગલારૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાતાં, હું ડૉ. એમ. કે. પાટડીયા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ફોજદારી કાર્યરીતી ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છુ કે,

પંચમહાલ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઇ-વે ઉપરની હોટલો, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, જેવા સ્થળો ખાતે સબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ખાતેના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલોના ભોજન કક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઇ-વે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વિડીયો રેકોર્ડીંગ થઇ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા નાઇટવીઝન કેમેરા (હાઇડેફીનેશન) સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી. નાઇટવીઝન કેમેરા (હાઇડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી. ટી. ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરાઓ ગોઠવવા.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકાશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ -૧૪૪ હેઠળ.

નંબર મજસ/મકાન ભાડા/જાહેરનામું/૧૫૩૫ થી ૧૫૫૯/૨૦૧૫.—પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર નંબર એસ.ઓ.જી./જાવક/૩૨૮/૨૦૧૫ થી જણાવ્યા મુજબ તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા ગત તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૨ના સાંજના સમયે આતંકવાદી-અસામાજીક તત્ત્વો દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરમાં હૃદયસમા ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કીલોમીટરના દાયરામાં " Low intensity " ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવામાં આવેલ છે. તથા બે બોમ્બે એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે. તદ્‌ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસ સ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ તેમજ તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે અને અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ આગામી દિવસોમાં જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, રક્ષાબંધન વિગેરે તહેવારો આવનાર છે. જે ધ્યાને લઇ તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઇ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટિએ જોતાં ઉક્ત માંગણી વ્યાજબી જણાય છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

સબબ, હું, ડો. એમ. કે. પાટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

INDEX

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ

પંચમહાલ જિલ્લામાં ભાડે આપેલ હોય તેની વિગત.

ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત

(ઔદ્યોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફ્લેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફિસ/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલ્કત)

પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી ....પોલીસ સ્ટેશન.

તા.

ઔદ્યોગિક એકમ, મકાન માલીકનું નામ શ્રી / શ્રીમતી ....

જન્મ તારીખ (ઉંમર) .... સરનામું..

ફોન નં. (ઘર) .... (ઓફીસ) ....(મો)...

ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી / શ્રીમતી ....

જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલ્કતનું સરનામું ....

(ભાડે રાખેલ મિલ્કત) નો ફોન નંબર .... (મો) ....

કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો ....રીન્યુઅલ તારીખ.....................................

ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)..

નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું...

ભાડુ કેટલું ₹ .... ડીપોઝીટ ₹ ....

નિયમો

૧. આ ફોર્મ કાળી શાહીવાળી પેનથી ભરવાનું રહેશે.

૨. આ ફોર્મ સંપૂર્ણ ભરીને મકાન માલિક અથવા ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

૩. આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

૪. તમારી મિલ્કત કોઈનો કબ્જો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણુંક પત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું.

૬. ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૭. આ સાથે ₹ ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

૮. મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

૯. ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.

૧૦. બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખી આપવી.

૧૧. આ ફોર્મ પંચમહાલ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખુ રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી...

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)..

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું ....

(૧)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)..

(૨)

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો)..

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો		એકમ, મકાન મલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો		પોલીસ સ્ટેશનનો સહી સીક્કો અને તારીખ

ભાડુઆતની સહી મિલ્કત માલીકની સહી એજન્ટની સહી

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડૉ. એમ. કે. પાટડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વાંચનમાં લીધું :–

(૧) કાપોદ્રા સહકારી ગ્રાહક ભંડાર લી., હીરાબાગ, વરાછા રોડ, સુરતનો ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ, ગ્રાહક-૩, કોસંબા નો તારીખ ૧-૪-૨૦૧૧નો મંડળીને ફડચામાં લઇ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૩) સુરતની તારીખ ૪/૬/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રીના, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૨૯૧ થી ૨૯૫/૮૮૬૨/૨૦૧૫.-કાપોદ્રા સહકારી ગ્રાહક ભંડાર લી., હીરાબાગ, વરાછા રોડ, સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે, મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ભ-૨૨૫૪, તા. ૧૦મી ડીસેમ્બર, ૧૯૮૭ છે. સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ, (ગ્રા-૩), કોસંબાના તા. ૧લી એપ્રિલ, ૨૦૧૧ના ખાસ વહીવટી અહેવાલ અન્વયે અત્રેની કચેરીના તા. ૧૫મી ઓકટોબર, ૨૦૧૧ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૨૪૩ થી ૨૪૬/૨૦૧૧ થી ફડચામાં લઇ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારીશ્રી, ફડચા નં.-૩ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૫૧૦/૨૦૧૩ થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો.સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૫ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૪થી જૂન, ૨૦૧૫ જા. નં. ફડચ/ઉખસ/૦૩/૧૭૭/૨૦૧૫ થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી મુખ્ય ઉદ્દેશ મુજબ કામગીરી શરૂ કરેલ નથી, કલમ-૮૫નો ભંગ કરેલ છે. વ્ય. કમિટિની બેઠક મળતી નથી, વા. સાધારણ સભા કે ખાસ સા. સભા બોલાવેલ નથી અને સ્થગિત અવસ્થામાં છે. મંડળીના જવાબદાર હોદ્દેદારો સભાસદોની પણ મંડળીને ચલાવવામાં કોઇ રસ નથી તેમજ વંચાણે લીધેલ (૧) થી ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ગ્રા.ભં.-૩) કોસંબા એ પણ મંડળીને ફડચામાં લઇ જવા ભલામણ કરેલ છે. ફડચા અધિકારી (૧) મંડળીને ફડચામાં લઇ જઇ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૨૩મી મે, ૨૦૧૫ના રોજ મેળવી ઠરાવ નં. -૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહુ કાપોદ્રા સહકારી ગ્રાહક ભંડાર લી., હીરાબાગ, વરાછા રોડ, સુરત કે જેનો નોંધણી ક્રમાંક ભ-૨૨૫૪, તારીખ ૧૦મી ડીસેમ્બર, ૧૯૮૭ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર કાપોદ્રા સહકારી ગ્રાહક ભંડાર લી., હીરાબાગ, વરાછા રોડ, સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ભ-૨૨૫૪, તા. ૧૦મી ડીસેમ્બર, ૧૯૮૭ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

સુરત, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) મોરા એન.ટી.પી.સી કવાસ પ્રોજેકટ ભુવિસ્થાપિત મજુર કામદાર સહકારી મંડળી લી.ની તારીખ ૨૯-૧૦-૧૪ના રોજની સામાન્ય સભામાં મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઇ જવાનો ઠરાવ.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(૧) સુરતની તા. ૭/૦૭/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઇઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૨૯૬ થી ૩૦૦/૮૮૫૭/૨૦૧૫.-મોરા એન.ટી.પી.સી કવાસ પ્રોજેકટ ભુવિસ્થાપિત મજુર કામદાર સહકારી મંડળી લી. ઠે.મું. મોરા તા. ચોર્યાસી, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધાયેલ સહકારી મજુર મંડળી છે. જેનો નોંધણી નંબર એસ.આર.ટી./ઉ.-૧૩૫૧૮, તા. ૭મી માર્ચ, ૨૦૧૩ છે. સદર મંડળીને તારીખ ૨૯મી ઓકટોબર, ૨૦૧૪ના રોજની સામાન્ય સભામાં મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઇ જવાનો ઠરાવ કરેલ છે. ઠરાવ અન્વયે અત્રેની કચેરીના તા. ૧૮મી ડીસેમ્બર, ૨૦૧૪ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૭૫૨/૨૦૧૪ થી ફડચામાં લઇ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી, ફડચા નં.-૧ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૫ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૫૧/૨૦૧૫થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો.સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તા. ૧૦મી માર્ચ, ૨૦૧૫ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૭મી જુલાઇ, ૨૦૧૫ જા. નં. ફડચ/૦૧/ખ/૬૦/૨૦૧૫થી દરખાસ્ત રજુ કરેલ છે.

સદર મજુર મંડળીના સભાસદો એવા બેકાર યુવાનોને રોજગારી કામ, ધંધો મળે તે હેતુથી નોંધણી કરવામાં આવેલ હતી. મંડળીના હાલના પ્રમુખશ્રી હાજર રહેલ અને રૂબરૂમાં લેખિતમાં તારીખ ૯મી ડીસેમ્બર ૨૦૧૪ના રોજ નિવેદન આપેલ છે કે આ કામે પ્રયત્નો કરવા છતાં પણ એન.ટી.પી.સી. કંપનીએ મંડળીના સભાસદો એવા બેકાર યુવાનોને રોજગારીની કોઇ તકો આપેલ નથી જેથી મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી ન કરી શકવાના

INDEX

કારણે મંડળીની તારીખ ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૪ની સામાન્ય સભામાં ઠરાવ નંબર-૩ થી મંડળીની નોંધણી રદ કરાવવા માટે કાયદેસરની કાર્યવાહી કરવા વિનંતી કરેલ.

આમ સદર મંડળી નોંધાયા બાદ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કરેલ ન હોય પ્રમુખશ્રીની મંડળીને ફડચામાં લઈ જઈ મંડળીની નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તા. ૨૨મી માર્ચ, ૨૦૧૫ના રોજ મેળવી ઠરાવ નં. -૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહું મોરા એન.ટી.પી.સી કવાસ પ્રોજેક્ટ ભુવિસ્થાપિત મજુર કામદાર સહકારી મંડળી લી. ઠે.મું. મોરા તા. ચોર્યાસી, જિ. સુરત કે જેનો નોંધણી નંબર એસ.આર.ટી./ઉ.-૧૩૫૧૮, તા. ૭મી માર્ચ, ૨૦૧૩ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસીબ જણાય છે. જેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર મોરા એન.ટી.પી.સી કવાસ પ્રોજેક્ટ ભુવિસ્થાપિત મજુર કામદાર સહકારી મંડળી લી. ઠે.મું. મોરા તા. ચોર્યાસી, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર એસ.આર.ટી./ઉ.-૧૩૫૧૮, તા. ૭મી માર્ચ, ૨૦૧૩ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. અને સદર સહકારી મંડળી આ હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

સુરત, તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૫.

વાંચનમાં લીધું :–

(૧) વેડ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મું. વેડ, તા. સીટી, જિ. સુરતના પ્રમુખશ્રીનો તારીખ ૧૨-૮-૨૦૧૪નો મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાનો પત્ર.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા-(ઘ) સુરતની તારીખ ૧૧/૦૫/૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રીના, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૩૦૧ થી ૩૦૫/૮૮૫૨/૨૦૧૫.-વેડ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મું. વેડ, તા. સીટી, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મજુર મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક (ખ)૭૦-૧૯૬૨, તા. ૨૦મી જાન્યુઆરી, ૧૯૬૨ છે. સદર મંડળીને તા. ૮મી જૂન, ૨૦૧૪ના રોજની સાધારણ સભામાં મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાનો ઠરાવ કરેલ છે. ઠરાવ અન્વયે અત્રેની કચેરીના તા. ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૪ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૫૪૬/૨૦૧૪ થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારીશ્રી, ફડચા નં.-૩ ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તા. ૮મી ઓકટોમ્બર, ૨૦૧૪ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૬૨૮/૨૦૧૫ થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તા. ૧૨મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાનાં નિકાલ કરી સદરહુ મંડળીનું સરવૈયું શુન્ય કરી, મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨) તા. ૧૧મી મે, ૨૦૧૫ જા. નં. ફડચ/ઉખસ/૦૩/૧૫૧/૨૦૧૫ થી દરખાસ્ત રજુ કરેલ છે.

સદર મંડળીના કાર્યક્ષેત્રમાં આવતી ખેડુતોની જમીનોને ખેતી માટે પાણી પુરૂ પાડવાના હેતુ થી નોંધણી કરવામાં આવેલ હતી. કાર્યક્ષેત્રમાં આવતા ખેડૂતોની જમીનમાં બાંધકામ ચાલી ગયેલ હોય ખેત ઉત્પાદન બંધ થવાથી પિયતની કામગીરી સ્થગિત થઈ ગયેલ હોઈ મંડળીના પ્રમુખશ્રી વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે દરખાસ્ત કરેલ છે. જેથી મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી ન કરી શકવાના કારણે મંડળીની તા. ૮મી જુન, ૨૦૧૪ની વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ નંબર-૧૧ થી મંડળીની નોંધણી રદ કરવા માટે કાયદેસરની કાર્યવાહી કરવા વિનંતી કરેલ.

આમ સદર મંડળી નોંધાયા બાદ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી બંધ થયેલ હોય. પ્રમુખશ્રીની મંડળીને ફડચામાં લઈ જઈ મંડળીની નોંધણી રદ કરવા જણાવેલ છે.

આમ ઉપરોક્ત કારણોસર મંડળીએ ફડચામાં લઇ જવા અંગે આમુખ-૧ થી જણાવ્યા અનુસાર કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. જે અન્વયે મંડળી તરફથી કોઇપણ પ્રકારની લેખિત યા રૂબરૂ આવી મૌખિક રજૂઆત ન થતાં આમુખ-૨થી વચગાળાનો આદેશ આપવામાં આવેલ અને માસ-૧માં જે કોઇ રજૂઆત હોઇ તે કરવા જણાવવામાં આવેલ હતી. આ મંડળીને આર.પી.એ.ડી. પાઠવવામાં આવેલ હતા. આ સંસ્થાના કોઇ પ્રતિનિધિએ રૂબરૂ સ્પષ્ટતા કરી સહકારી કાયદાની કલમ-૧૦૭ મુજબ ફડચામાં લઇ જવા વિનંતી કરેલ છે. મંડળીના કાર્યવાહકો તથા સભાસદોને નોંધણી રદ કરવા જણાવેલ છે. મંડળીને સહકારી કાયદા-કાનુનને આધિન રહી ફડચામાં લઇ જવી આવશ્યક જણાતી હોઇ વચગાળાના આદેશને બહાલી રાખી નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જી. એલ. પટેલ, રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઔદ્યો.) અને સંયુક્ત નિયામક (ટેક્ષટાઇલ) કુટીર અને ગ્રામોદ્યોગ ગુજરાત રાજ્ય ગાંધીનગર મને મળેલ સત્તાની રૂએ ધી વિવિધ લક્ષ્મી મહિલા હસ્તકલા, ઔદ્યો. સહકારી મંડળી લી. મું. મગરવાડા, તા. વડગામ, જિ. બનાસકાંઠાના નોંધણી નં. ઉ-૬૫૪૧ તા. ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૩ ધી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ આદેશ કરૂ છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) સહકારી મંડળીઓ પાલનપુરની નિમણુંક કરૂં છું.

ફડચા કામકાજ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.

ગાંધીનગર, તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણમાં લીધા :-

(૧) ધી ડૉ. આંબેડકર ચર્મ ઉદ્યોગ સહકારી મંડળી લી., મું. ભાભર, તા. ભાભર, જિ. બનાસકાંઠાની સાધારણ સભા ઠરાવ નં.-૨, તા. ૩૦-૯-૨૦૧૪ થી ફડચામાં લઇ જવા માટે ભલામણ બાબત.
(૨) અત્રેની કચેરીના અધગ/૦૧/વસુલાત/૭૩/૨૦૧૫, તા. ૧૩-૦૧-૨૦૧૫થી નોટીસ મુજબ વસુલાત બાબત.

INDEX

(૩) નામ. સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૩૦-૩-૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૧૯૯૧/ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જેથી મળેલ સત્તાઓ.

(૪) સને ૨૦૧૩ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

ક્રમાંક : બકાં/કુટીર/ફડચ/૦૧/ગ/૨૩૦/૧૫૩૭૫/૨૦૧૫.–ધી આદિવાસી ઉની ગાલીચા હાથવણાટ, ઔદ્યો. સહકારી મંડળી લી. મું. મોતીપુરા, તા. વડગામ, જિ. બનાસકાંઠા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ઉ-૯૮૪૬, તારીખ ૨૯મી જૂન, ૧૯૯૬થી નોંધાયેલ સહકારી મંડળી છે.

આમુખ-૧ થી જણાવ્યા અનુસાર આ પ્રમાણે છે.

(૧) મંડળીનો છેલ્લા સાત વર્ષથી બંધ હાલતમાં છે.

(૨) છેલ્લા સાત વર્ષથી સાધારણ સભા મળેલ નથી.

(૩) તપાસણી સમયમાં છેલ્લા સાત વર્ષથી વ્ય. કમિટિની બેઠક મળેલ નથી. વ્ય. કમિટિ સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૪) મંડળીએ છેલ્લા આઠ વર્ષથી ''ડ'' વર્ગમાં છે.

(૫) મંડળીએ છેલ્લા ૧૦ વર્ષથી ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરેલ નથી.

(૬) મંડળીએ તા. ૩૦-૯-૨૦૧૪ના ઠરાવ-૨ થી વાર્ષિક સાધારણ સભાના મંડળીના સંચાલકોએ ફડચામાં લઇ જવા માટે ભલામણ કરેલ છે.

(૭) આ મંડળી સરકારશ્રીનું તા. ૩૧-૩-૨૦૧૪ અંતે શેર કેપીટલ લોન વ્યાજ ₹ ૨૦,૦૪૨/- તથા શેર ફાળો ₹ ૧૦,૦૦૦/- બાકી બોલે છે.

(૮) આ મંડળીનું તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીનું ઓડીટ ₹ ૩૯૨૭/૦૦ સરકારશ્રીને ભરેલ નથી.

આમુખ નં.-૧ દ્વારા મંડળીને ફડચામાં લઇ જવાની દરખાસ્ત અન્વયે મંડળીને ફડચામાં લઇ જવા માટે ભલામણ કરેલ છે. મંડળીની વાર્ષિક સાધારણ સભા તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪, ઠરાવ નં.-૨ થી મંડળીને ફડચામાં લઇ જવા ઠરાવ કરેલ છે. આ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા વિનંતી કરેલ છે. ઉકત વિગતે આ મંડળીને નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જી. એલ. પટેલ, રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઔદ્યો.) અને સંયુક્ત નિયામક (ટેક્ષટાઇલ) કુટીર અને ગ્રામોદ્યોગ ગુજરાત રાજ્ય ગાંધીનગર મને મળેલ સત્તાની રૂએ ધી ડૉ. આંબેડકર ચર્મ ઉદ્યોગ સહકારી મંડળી લી., મું. ભાભર, તા. ભાભર, જિ. બનાસકાંઠાના નોંધણી નં. ઉ-૯૮૪૬, તા. ૨૯મી જૂન, ૧૯૯૬ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અને સહકારી કાયદાની કલમ-૧૦૭(૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ આદેશ કરૂ છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) સહકારી મંડળીઓ પાલનપુરની નિમણુંક કરૂં છું.

ફડચા કામકાજ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.

ગાંધીનગર, તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી ધી સુઇગામ ગૃહ મહિલા હસ્તકલા સહકારી મંડળી લી., મું. સુઇગામ, તા. સુઇગામ, જી. બનાસકાંઠા.

(૨) ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અને કલમ-૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક બકાં/જીઉકે/કુટીર/ફડચ/૨૩૧/૧૫૩૭૭/૨૦૧૫.-ધી સુઇગામ ગૃહ મહિલા હસ્તકલા સહકારી મંડળી લી., મું. સુઇગામ, તા. સુઇગામ, જી. બનાસકાંઠા એ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (પંચાયત) પાલનપુરના હુકમ નોંધણી નંબર ઉ-૯૮૩૭, તા. ૧૩મી નવેમ્બર ૧૯૯૫ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આ સહકારી મંડળીને આ કચેરીના હુકમ જીઉકે/ઉખસ/ફડચ/૦૧/ગ/૩૯/૨૦૧૩, તા. ૨૨મી માર્ચ, ૨૦૧૩ થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી નોંધણી રદ થયાની દરખાસ્ત સાદર કરેલ હોઈ ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથોસાથ આજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતાં હુકમ કરવામાં આવે છે.

ગાંધીનગર, તારીખ ૯મી જુલાઇ, ૨૦૧૫.

જી. એલ. પટેલ,
રજીસ્ટ્રાર સ.મં. (ઔદ્યૌ.) અને
સંયુક્ત નિયામક (ટેક્ષટાઈલ)
કુટીર અને ગ્રામોદ્યોગ ગુ. રા.ગાંધીનગર.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર : નધણ/વીએલડી/સા-૯૨૪૬/ચ/૨૧૫/૧૭૮૬/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, મંગલવાટીકા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., હરીયા હોસ્પીટલ રોડ, બલીઠા, વાપી, તા. વાપી, જિ. વલસાડને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૧૫.

નંબર : નધણ/વીએલડી/સા-૯૨૪૭/ચ/૨૧૮/૧૭૮૫/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, રાજહંસ એ-૧ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., છરવાડા રોડ, વાપી, તા. વાપી, જિ. વલસાડને અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૭૮/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, ધી લાડોલ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મું.તા. વિજાપુર, જિલ્લો મહેસાણા, કાર્યક્ષેત્ર - વિજાપુર તાલુકાના ગામો પુરતું મર્યાદિત.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી ગંજી ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. તા. વિસનગર તરફથી તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ પત્રથી મંડળીને આટોપી લેવા માટે રજુ થયેલ અરજી.

(૨) શ્રી ગંજી ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું.તા. વિસનગર ની વાર્ષિક સાધારણ સભા તારીખ ૭મી એપ્રિલ, ૨૦૧૫ની બેઠકના ઠરાવ નંબર-૪ થી મંડળીને આટોપી લેવા કરવામાં આવેલ ઠરાવ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

(૪) સરકારશ્રીના, કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૫૨૨/૨૦૧૫.–શ્રી ગંજી ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. તા. વિસનગર, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ઘ-૧૮૧૮, તા. ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આ મંડળીને આટોપી લેવા માટે મંડળીની તા. ૨૫મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મળેલ મંડળીની સાધારણ સભાના ઠરાવ નં.-૪ થી કરેલ ઠરાવ મુજબ ''મંડળીની સભામાં મંડળીના અધ્યક્ષશ્રીએ જણાવેલ છે કે માંધવાળીને લક્ષમાં લેતા મંડળીના વહીવટની કામગીરી કરવા કોઇ કર્મચારી ઓછા પગારથી રહેવા માંગતા નથી તેમજ આવકના પ્રમાણમાં ખર્ચાઓ વધી જાય તેમ છે તેમજ સભાસદોના અભિપ્રાય મુજબ મંડળીને સત્વરે આટોપી લેવી ઉચિત છે'' તેમજ મંડળીનું તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫નું સરવૈયું જોતાં, મંડળી બિલકુલ કાર્યક્ષમ જણાતી નથી. જેથી, આ મંડળીને આટોપી લેવા સારૂ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબ હુકમ કરૂં છું.

હુકમ

હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂઈએ, શ્રી ગંજી ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું.તા. વિસનગર, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૧૫.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] **THURSDAY, SEPTEMBER 10, 2015 / BHADRA 19, 1937** **[No. 37**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1373-1421	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	73
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	37	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3241-3347

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક : ગ/ઉપક/૫૫/૨૦૧૫.—તાજેતરમાં અમદાવાદ શહેરમાં હોટલમાં રોકાયેલ યુવક-યુવતીઓ અનુસંધાને અનિચ્છનિય બનાવ બનેલાનુ ધ્યાન ઉપર આવેલ છે. જે બનાવોની સમાજમાં ખુબજ ખરાબ અસર પડતી દેખાય છે. જેથી જાહેર સલામતી માટે તેમજ જે લોકો હોટલમાં રૂમ ભાડે રાખે છે. તેઓના હિત ખાતર અને સમાજમાં સારો સંદેશ પહોંચે તે હેતુથી હોટલમાં રૂમ લેનાર વ્યક્તિઓ ઉપર અંકુશ રાખવો જરૂરી જણાય છે.

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)ની જોગવાઈ હેઠળ સાર્વજનીક ખાનપાનની જગ્યા ખોલવા અથવા તો રાખવા માટેના નિયમો અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર માટે પોલીસ કમિશનર અમદાવાદ શહેર દ્વારા જાહેરનામાં ક્રમાંક ૬૨૦, તા. ૧૭-૦૬-૧૯૬૧થી ઘડવામાં આવ્યો છે. કચેરીના તારીખ ૧૯-૧૨-૨૦૦૩ના જાહેરનામાં ક્રમાંક ગ/ઉપક/૧૩૪/૦૩થી જાહેરનામાંના નિયમ ૨૬માં હોટલ/વીશીના માલીકે રાખેલ રજીસ્ટરમાં ગ્રાહકની વિગત નોંધવા પેટા કલમ (૧) (૨) (૩)(૪) નો ઉમેરો સંજોગોને ધ્યાનમાં લેતા ઉચીત જણાતા કરવામાં આવેલ હતો. જેમાં નીચે મુજબનો ઉમેરો કરવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) W અને Y થી મને મળેલ સત્તાની રૂએ સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવા અથવા રાખવા માટેના નિયમો (જાહેરનામા ક્રમાંક ૬૨૦, તા. ૧૭-૬-૧૯૬૧)ના નિયમ ૨૬માં નીચે મુજબનો ઉમેરો કરવા જાહેરનામુ બહાર પાડું છું.

INDEX

(૧) કોઈપણ હોટલ-ગેસ્ટ હાઉસના માલીક નક્કી કરેલ ભાડાથી ઓછું ભાડુ લઈ શકશે નહી.

(૨) કોઈપણ હોટલ-ગેસ્ટ હાઉસના માલીક આવાસની સુવિધા મેળવનાર તમામના ફોટા સાથેના આઈડી પ્રુફની નકલ લેવાની રહેશે.

(૩) હોટલમાં પ્રવેશ કરતા તથા પરત જતાં ગ્રાહકોના ચહેરા C.C.TV માં સ્પષ્ટ આવે તે રીતે કેમેરા ઈન્સ્ટોલ કરવાના રહેશે.

(૪) ગેસ્ટ હાઉસ/હોટલ રજીસ્ટરમાં ચેક-ઈન તથા ચેક-આઉટની એન્ટ્રી આવાસની સુવિધા મેળવનારના હસ્તાક્ષરથી જ કરાવવાની રહેશે.

(૫) આવાસની સુવિધા મેળવનાર યુવક-યુવતી બેગ અને કોઈપણ સામાન વગર આવ્યા હોય અને તેઓ બે કલાક કે તેથી ઓછા સમયમાં રૂમ છોડે ત્યારે તેઓના નામ, સરનામાં અને મોબાઈલ નંબર સાથે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૬) આ જાહેરનામામાં દર્શાવેલ તમામ નિયમો વાળુ બોર્ડ બનાવી તે હોટલમાં આવતાં જતાં ગ્રાહક સહેલાઈથી વાંચી શકે તે રીતે મુકવાનું રહેશે.

આ જાહેરનામાંનો અમલ તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

જાહેરનામાંનો ભંગ કરનાર હોટલ/ગેસ્ટ હાઉસ/વીશીના માલીક/ભાગીદારો કે મેનેજર/રીટેનર/સહ કર્મચારી વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ મે મારી સહી તથા સિક્કા કરેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) ની જોગવાઈ હેઠળ.

ક્રમાંક : ગ/ઉપક/૬૧/૨૦૧૫.–તાજેતરમાં અમદાવાદ શહેરમાં હોટલમાં રોકાયેલ યુવક-યુવતીઓ અનુસંધાને અનિચ્છનિય બનાવ બનેલાનુ ધ્યાન ઉપર આવેલ છે. જે બનાવોની સમાજમાં ખુબ જ ખરાબ અસર પડતી દેખાય છે. જેથી જાહેર સલામતી માટે તેમજ જે લોકો હોટલમાં રૂમ ભાડે રાખે છે. તેઓના હિત ખાતર અને સમાજમાં સારો સંદેશ પહોંચે તે હેતુથી હોટલમાં રૂમ લેનાર વ્યક્તિઓ ઉપર અંકુશ રાખવો જરૂરી જણાય છે.

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)ની જોગવાઈ હેઠળ સાર્વજનીક ખાનપાનની જગ્યા ખોલવા અથવા તો રાખવા માટેના નિયમો અમદાવાદ શહેરની હકુમતના માટે પોલીસ કમિશનર અમદાવાદ શહેર દ્વારા જાહેરનામાં ક્રમાંક ૬૨૦, તા. ૧૭-૦૬-૧૯૬૧થી ઘડવામાં આવ્યો છે. કચેરીના તારીખ ૧૯-૧૨-૨૦૦૩ના જાહેરનામાં ક્રમાંક ગ/ઉપક/૧૩૪/૦૩થી જાહેરનામાંના નિયમ ૨૬માં હોટલ/વીશીના માલીકે રાખેલ રજીસ્ટરમાં ગ્રાહકની વિગત નોંધવા પેટા કલમ (૧) (૨) (૩)(૪) નો ઉમેરો સંજોગોને ધ્યાનમાં લેતા ઉચીત જણાતા કરવામાં આવેલ હતો. જેમાં નીચે મુજબનો ઉમેરો કરવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) W અને Y થી મને મળેલ સત્તાની રૂએ સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવા અથવા રાખવા માટેના નિયમો (જાહેરનામા ક્રમાંક ૬૨૦, તા. ૧૭-૬-૧૯૬૧)ના નિયમ ૨૬માં નીચે મુજબનો ઉમેરો કરવા જાહેરનામુ બહાર પાડું છું.

(૧) આ જાહેરનામામાં દર્શાવેલ તમામ નિયમો વાળુ બોર્ડ બનાવી તે હોટલમાં આવતાં જતાં ગ્રાહક સહેલાઈથી વાંચી શકે તે રીતે મુકવાનું રહેશે.

(૨) કોઈપણ હોટલ-ગેસ્ટ હાઉસના માલીક આવાસની સુવિધા મેળવનાર તમામના ફોટા સાથેના આઈડી પ્રુફની નકલ લેવાની રહેશે.

(૩) હોટલમાં પ્રવેશ કરતા તથા પરત જતાં ગ્રાહકોના ચહેરા C.C.TV માં સ્પષ્ટ આવે તે રીતે કેમેરા ઈન્સ્ટોલ કરવાના રહેશે.

(૪) ગેસ્ટ હાઉસ/હોટલ રજીસ્ટરમાં ચેક-ઈન તથા ચેક-આઉટની એન્ટ્રી આવાસની સુવિધા મેળવનારના હસ્તાક્ષરથી જ કરાવવાની રહેશે.

(૫) આવાસની સુવિધા મેળવનાર યુવક-યુવતી બેગ અને કોઈપણ સામાન વગર આવ્યા હોય અને તેઓ બે કલાક કે તેથી ઓછા સમયમાં રૂમ છોડે ત્યારે તેઓના નામ, સરનામાં અને મોબાઈલ નંબર સાથે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ જાહેરનામાંનો અમલ તારીખ ૨૪મી ઓગષ્ટ, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

જાહેરનામાંનો ભંગ કરનાર હોટલ/ગેસ્ટ હાઉસ/વીશીના માલીક/ભાગીદારો કે મેનેજર/રીટેનર/સહ કર્મચારી વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૨૪મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ મે મારી સહી તથા સિક્કા કરેલ છે.

કર્ફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢવામાં આવેલ.

નંબર વિશા/કર્ફ્યું/ઓ.એસ./૫૪૩/૨૦૧૫.–તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ પાટીદાર અનામત આંદોલન અનુસંધાને હિંસક ઘટનાઓ અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં બનવા પામેલ છે, જે હિંસક પ્રવૃતિઓની ઘટનાઓ હાલ પણ ચાલુ છે. અમદાવાદ શહેરના કેટલાંક વિસ્તાર / સ્થળોએ જાહેર સંપતિ, પોલીસ ચોકીઓ, પોલીસના વાહનો, એસ.ટી. તેમજ એ.એમ.ટી.એસ. બસો વિગેરેનું આગ લગાડી તોડ-ફોડ કરી નુકસાન કરવાનાં બનાવો બની રહેલ છે. આ બનાવોના સંદર્ભમાં અમદાવાદ

INDEX

શહેરના કેટલાંક વિસ્તારોમાં જનતાની સુલેહ શાંતિ તેમજ સલામતી સામે ભય/જોખમની પરિસ્થિતી ઉપસ્થિત થયેલ છે, જે અટકાવવા સાવચેતીના પગલાં રૂપે ઝડપી ઉપાયો કરવાનું અનિવાર્ય છે અને મને ખાત્રી છે કે, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલાં લેવા માટે પુરતાં કારણો છે અને હાલનાં સંજોગોમાં ઉદ્‌ભવેલ કટોકટીને લક્ષમાં લઈ અમદાવાદ શહેરની જાહેર જનતાના હીતમાં એકતરફી હુકમ કરવાં માટે પુરતાં કારણો છે.

જેથી હું, શિવાનંદ ઝા, (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આથી ફરમાવું છુ કે, નિચે જણાવેલ અનુસુચિમાં નિર્દેશલાં વિસ્તારનાં રહેવાસીઓને તે અનુસુચિમાં નિર્દેશ કરેલ વિસ્તાર પુરતા તે અનુસુચિમાં દર્શાવેલ કલાકો દરમ્યાન ઉપરોક્ત વિસ્તારોની અંદર આવેલા કોઈપણ માર્ગો, જાહેર રાહદારીના રસ્તાઓ, રાજમાર્ગો, શેરી, ગલી, પેટા ગલીઓમાં સવારી કરવી નહી, વાહન ફેરવવું નહીં, ઉભા રહેવું નહી, રખડવું નહી.

કર્ફયુ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૨-૦૦ થી અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

અનુસુચિ

(૧) રામોલ પો. સ્ટે. વિસ્તાર
(૨) નિકોલ પો. સ્ટે. વિસ્તાર
(૩) બાપુનગર પો. સ્ટે. વિસ્તાર
(૪) ઘાટલોડીયા પો. સ્ટે. વિસ્તાર
(૫) નારણપુરા પો. સ્ટે. વિસ્તાર
(૬) ઓઢવ પો. સ્ટે. વિસ્તાર
(૭) નરોડા પો. સ્ટે. વિસ્તાર
(૮) કૃષ્ણાનગર પો. સ્ટે. વિસ્તાર
(૯) વાડજ પો. સ્ટે. વિસ્તાર

ખુલાસો : ઉપરના વિસ્તારમાં રસ્તાઓ, ફુટપાથો, ગલીઓ વિગેરેનો સમાવેશ થાય છે.

અપવાદ :આ હુકમ પોલીસ કમિશનર તથા તેમણે અધિકૃત કરેલાં અધિકારી તરફથી કરફયુ વિસ્તારમાં ફરવાની પરમીટ આપેલ વ્યક્તિઓને, ફરજ ઉપરનાં પોલીસ દળ, ફાયર બ્રીગેડ, રેડક્રોસ, એમ્બ્યુલન્સ, હોમગાર્ડ તથા આવશ્યક ચીજ વસ્તુઓને લાગુ પડશે નહિ.

આજ રોજ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારા સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામું/ઓએસ-સેકશન/૫૪૩/૨૦૧૫ તા. ૨૬-૮-૧૫ના રોજ અમલમાં આવેલ કર્ફયુ સંપુર્ણ પણે ઉઠાવી લેવા બાબત.

નંબર વિશા/જાહેરનામું/ઓએસ-સેકશન/૫૭૨/૨૦૧૫.—અમદાવાદ શહેરમાં તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ પાટીદાર અનામત આંદોલન અનુસંધાને અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં હિંસક ઘટનાઓ બનવા પામેલ છે, જેના કારણે ઉદ્‌ભવેલ તંગ પરિસ્થિતીના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતા, તેમજ જાહેર શાંતિનો ભંગ થતો અટકાવવા માટે પગલાં લીધેલ અને કર્ફયુ અમલમાં મુકેલ.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મે જાહેર કરેલા કર્ફ્યુ હુકમ નંબર : વિશા/જાહેરનામું/ઓએસ-સેકશન/૫૪૩/૨૦૧૫, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ થી કર્ફ્યુ અમલમાં મુકેલ. જે કર્ફયુ નીચે જણાવેલ વિસ્તારમાંથી તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ ના સવાર કલાક ૫-૦૦ વાગ્યાથી સંપુર્ણપણે ઉઠાવી લેવામાં આવે છે.

વિસ્તાર : ઘાટલોડીયા પોલીસ સ્ટેશન, નારણપુરા પોલીસ સ્ટેશન તથા વાડજ પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર.

આજરોજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામું/ઓએસ-સેકશન/૫૪૩/૨૦૧૫ તા. ૨૩-૮-૧૫ના રોજ અમલમાં આવેલ કર્ફયુ સંપુર્ણ પણે ઉઠાવી લેવા બાબત.

નંબર વિશા/જાહેરનામું/ઓએસ-સેકશન/૫૮૧/૨૦૧૫.—અમદાવાદ શહેરમાં તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ પાટીદાર અનામત આંદોલન અનુસંધાને અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં હિંસક ઘટનાઓ બનવા પામેલ. જેના કારણે ઉદ્‌ભવેલ તંગ પરિસ્થિતીના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતા, તેમજ જાહેર શાંતિનો ભંગ થતો અટકાવવા માટે પગલાં લીધેલ અને કર્ફયુ અમલમાં મુકેલ.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે હુકમ નંબર : વિ.શા./જાહેરનામું/ઓએસ/સેકશન/૫૪૩/૨૦૧૫, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ થી જાહેર કરી કર્ફયુ અમલમાં મુકેલ. જે કર્ફયુ નીચે જણાવેલ વિસ્તારમાંથી તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૫ ના સવાર કલાક ૫-૦૦ વાગ્યાથી સંપુર્ણપણે ઉઠાવી લેવામાં આવે છે.

વિસ્તાર : રામોલ પોલીસ સ્ટેશન, નિકોલ પોલીસ સ્ટેશન, બાપુનગર પોલીસ સ્ટેશન, ઓઢવ પોલીસ સ્ટેશન, નરોડા પોલીસ સ્ટેશન, કૃષ્ણનગર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર.

આજરોજ તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામું/એ-સેકશન/૬૩/પરમીટ/૨૦૧૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨ મો અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ, અગર કોઇ સભા ભરવી કે, બોલાવવી નહિ. તેમજ કોઇ સરઘસ કાઢવું નહિ.

વિસ્તાર : અમદવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અમદવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિ. શા./એ સેકશન/મોબાઇલ/૬૪/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	જે વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામાં, ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માંના અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર વિ. શા./જાહેરનામું/એ. સેકશન/પરમીટ/૬૫/૨૦૧૫.–અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ, તથા ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના

૨૨માંના અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૬૬/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો તથા અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આતંકવાદી તત્ત્વો દ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તથા મિલકતની હાની કરવામાં આવેલ. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે. વાહનોનો તથા હાઇવેની હોટલોનો ઉપયોગ કરે છે.

રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો, લૂંટારાઓ, ધાડપાડુઓ ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની અવરજવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઇને, તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા વાહનોનો ઉપયોગ કરતા હોય છે. અને આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, લૂંટ અને ધાડના ગુન્હાઓ કર્યા બાદ અમુક અંતરે જઇ વાહનોમાં બળતણ ભરાવવા અથવા તો હોટલો ઉપર ચા-પાણી કરવા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે. જેથી આવા ગંભીર પ્રકારના બનાવોના કારણે નાગરીકને પોતાની અસાલમતીનો સતત ભય સતાવતો રહે છે.

આવા ગુન્હા અટકાવવા તથા વણશોધાયેલ ગુન્હાઓ શોધવા માટે મહત્વની કડીરૂપ બને તે સારૂ પેટ્રોલપંપ, ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા (નાઇટવિઝન તથા હાઇડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારોની તથા ગુન્હામાં વપરાયેલ વાહનોનું આઇડેન્ટીફાઇ (ઓળખ) કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવા મુકી શકાય. જેથી તકેદારીના પગલારૂપે જ્વેલર્સની દુકાનો, આંગડીયાની પેઢી, શોપીંગ મોલ્સ, મલ્ટીપ્લેક્ષ થિયેટર્સ, મલ્ટીપ્લેક્ષ શોપીંગ સેન્ટરો તથા કોમર્શિયલ સેન્ટરો, હોટલો તથા ટોલપ્લાઝા, પેટ્રોલપંપના માલીકો/ઉપભોગતાઓ/વહીવટકર્તાઓ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ૧ ૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ પોલીસ કમિસનર વિસ્તારમાં અનુક્રમે આવેલ નીચે મુજબની જગ્યાઓ જેવી કે,

(૧) જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ/મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ/

કોમર્શીયલ સેન્ટર/થ્રી સ્ટાર થી ઉપરની હોટલો ઉપર સીકયુરીટીને ધ્યાને લઈ પ્રવેશદ્વાર ઉપર સીક્યુરીટી ગાર્ડ/મેટલ ડિટેકટર તથા સી. સી. ટી. વી. કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાના પાર્કિંગ/ભોયરૂં/તમામ માળ ઉપર સીકયુરીટી ગાર્ડ અને સીસીટીવી કેમેરાની ગોઠવણી કરવી. જેમાં Image-colour, Image sensor, 1/3” minimum Support-TCP/IP and remote monitoring. Resolution-600 TVL Min. Compression H.264/ MPEG, System data storage-15 days min. With Back light compensation and night vision capacity.

(૨) ૧૦થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતાં રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોર્ડિંગ/ધર્મશાળા/અતિથિ ગૃહ/વિશ્રામ ગૃહ/કોમર્શિયલ સેન્ટર/ પેટ્રોલ પંપ/ટોલપ્લાઝા/બહુમાળી બિલ્ડીંગ/પાવર હાઉસ વિગેરે ઉપર સીસીટીવી કેમેરા લગાડવા.

(૩) ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતી ગાડીઓના નંબર તથા વ્યકિતઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સીસીટીવી કેમેરાની ગોઠવણી કરવી. સીસીટીવીના રેકોર્ડીંગની જાળવણી દિન-૧૫ સુધી સંગ્રહ કરવી.

(૪) ધર્મશાળાના સંચાલકોએ ધાર્મિક સ્થળોની ધર્મશાળાઓમાં મુસાફરોની જરૂરી આઈડી એડ્રેસ, મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબરોની જરૂરી નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

આ હુકમ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર એસબી./રાજકીય/પાટીદાર/૯૬/૨૦૧૫.–તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ પાટીદાર અનામત સમિતિ દ્વારા આયોજિત સભા તેમજ રેલી અનુસંધાને સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. આ પરિસ્થિતિમાં સોશીયલ મીડીયાનું અસામાજીક તત્ત્વો દ્વારા દુરઉપયોગ કરી અફવાઓનો પ્રવાહ ચાલુ કરેલ છે. જેને અટકાવવું કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તેમજ સુરત શહેરજનોની જાહેર સલામતી માટે ખૂબ જરૂરી જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩, (૧૯૭૪ના નં.-૨૦)ની કલમ-૧૪૦ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

કૃત્યો

મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, બી.એસ.એન.એલ., (સેલ-વન), વોડાફોન, રીલાયન્સ, ટાટા, એરટેલ, આઇડીયા, એરસેલ, યુનિનોર, વીડીયોકોન, વિગેરે સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ કલાક ૦૦-૦૦ થી અચોક્કસ મુદત સુધી મોબાઈલ ફોન ઉપર ગ્રુપ એસ.એમ.એસ., એમ.એમ.એસ., વોટસપ, ફેસબુક થી ગ્રાહકને પ્રસારીત (ડીલીવરી) કરશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીન લાયક ગુનો છે, જેથી કોઇ કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહીં.

આજ રોજ તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના મારા સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢવામાં આવેલ.

નંબર ઉ/ગપક/એસ.બી./૯૭/૨૦૧૫.–આજ રોજ તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ પાટીદાર અનામત આંદોલન અનુસંધાને અમદવાવાદ શહેર ખાતે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે એક સભાનું આયોજન કરવામાં આવેલ પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર શ્રી હાર્દિકભાઇ પટેલ, જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે સભા પૂર્ણ થયા બાદ મંજુરી ન હોવા છતાં ધરણાં ઉપર બેસી જતાં અમદાવાદ પોલીસ તેની ધરપકડ કરેલી અને તેના પ્રત્યાઘાતરૂપે સુરત શહેરમાં સરથાણા તથા કાપોદ્રા વિસ્તારમાં તેમજ શહેરના અન્ય વિસ્તારોમાં પાટીદાર સમાજના લોકો મોટા પાયે ટોળામાં નીકળી વાહનો ઉપર તેમજ પોલીસ ઉપર પથ્થરમારો કરી વાહનોના કાચ તોડી નુકસાન કરેલ તેમજ ફરજ ઉપરના પોલીસના માણસોને પથ્થરથી ઈજાઓ કરેલી અને હાર્દિક પટેલની ધરપકડના વિરોધમાં પાટીદાર સમાજ તરફથી તેનો જબરજસ્ત વિરોધ થઇ રહેલ હોય, આ અંગે સાવચેતીના પગલાં રૂપે સુરત શહેરના કેટલાક સ્થળોએ જાહેર સંપત્તિ, કાર્યાલય ઉપર ભાંગફોડ, લુંટફાટ, તેમજ હિંસક મારામારીના બનાવ બની રહેલ હોવાનું જાણવામાં આવી રહેલ છે. આ બનાવના સંદર્ભમાં શહેરની જાહેર જનતાની સુલેહશાંતિ તેમજ સલામતી અંગે ભય ઉપસ્થિત થવાનો સંભવ છે. જે અટકાવવા સાવચેતીનાં પગલાં રૂપે ઝડપી ઉપાયો કરવાનું અનિવાર્ય છે અને મને ખાત્રી છે કે, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, કલમ-૧૪૪ અન્વયે પગલાં લેવા માટે પુરતાં કારણો છે. અને હાલનાં સંજોગોમાં કટોકટીને લક્ષમાં લઇ શહેરની જાહેર જનતાના હિતમાં એક તરફી હુકમ કરવા માટે પુરતાં કારણો છે.

જેથી હું, રાકેશ અસ્થાના, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર આથી ફરમાવું છું કે, નીચે જણાવેલા અનુસૂચિમાં નિર્દેશેલા વિસ્તારના રહેવાસીઓને અનુસૂચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પૂરતા તે અનુસૂચિમાં દર્શાવેલ કલાકો દરમ્યાન ઉપરોકત વિસ્તારોની અંદર આવેલા કોઇપણ માર્ગો જાહેર રાહદારીનાં રસ્તાઓ, રાજમાર્ગો, શેરી, ગલી, પેટા ગલીઓમાં

સવારી કરવી નહી, વાહન ફેરવવું નહી, ઉભા રહેવું નહી, રખડવું નહી.

કરફયુ તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૨૩-૩૦ થી અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

અનુસૂચિ :-સુરત શહેર પોલીસ કમિશનરેટના સરથાણા, કાપોદ્રા, પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો :- ઉપરનાં વિસ્તારોમાં રસ્તાઓ, રસ્તાઓનાં ફુટપાથનો ગલીઓ વિગેરેનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ પોલીસ કમિશનર તથા તેમણે અધિકૃત કરેલા તરફથી કરફયુ વિસ્તારમાં ફરવાની પરમીટ આપેલ વ્યકિતઓને, ફરજ ઉપરના પોલીસ દળ, ફાયર બ્રીગેડ, રેડ ક્રોસ, એમ્બ્યુલન્સ, હોમગાર્ડ તથા આવશ્યક ચીજવસ્તુઓને લાગુ પડશે નહીં.

આજ રોજ તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના મારા સહી સિક્કા કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY THE PRINCIPAL DISTRICT JUDGE

Read :

(1) Hon'ble High Court letter No. C.0104(4)/2014, dated 17-08-2015.

Notification

No. B-16/1/3418/2015.–It is hereby notified for general information of all concerned that the Court of Principal Civil Judge & Judical Magistrate First Class at Shihori, District Banaskantha with its offices, to be started functioning on the First Floor of Taluka Panchayat Building at shihori With effect from 21-08-2015 at the below mention address on temporary basis :-

Name of the Court	:	Court of Principal Civil Judge & Judicial Magistrate First Class at Shihori.
Address	:	First Floor, Taluka Panchayat Building, at shihori, Ta. Kankrej, District Banaskantha.
Phone Nos.	:	[02747] 233835 (Direct)
		233834 (Office/Fax)

Banaskantha-Palanpur, 19th August, 2015.

Read :

(1) Hon'ble High Court letter No. A.2410/2008, dated 22-07-2015.

(2) Government of Gujarat, Legal Department Notification No. GK/23/2015/CCA/102011/806(A) and 806(B)/D (Part 8), Dated 10-08-2015

Notification

No. B-16/ 1 / 3334 / 2015.–It is hereby notified for general information of all concerned that the Court of Principal Civil Judge & Judical Magistrate First Class is established at taluka place Dantiwade in this Banaskantha District and it is to be started functioning With effect from 18th August, 2015, Tuesday at the below mention address :-

Address	:	Opp. Mamlatdar Office, At Datiwada, District Banaskantha. PIN-385 505.
Phone No.	:	Office 02748 - 279 444. Direct 02748 - 279 333.

Banaskantha-Palanpur, 12th August, 2015.

A. C. JOSHI,
Principal District Judge,
Palanpur.

Read :

(1) Hon'ble High Court letter No. A.2409/2001, dated 06-08-2015.

(2) Government of Gujarat, Legal Department Notification No. GK/28/2015/CCA/102014/1113/D (Part 2), Dated 21-08-2015

Notification

No. B-16/ 1 / 3512 / 2015.–It is hereby notified for general information of all concerned that the Full Time Court of Additional District Judge & Additional Sessions Judge is established at taluka place Deodar in this Banaskantha District and it is to be started functioning With effect from 1st September, 2015, Tuesday at the below mention address :-

Address	:	Court of Additional District Judge & Additional Sessions Judge, At Deodar, District Banaskantha.
Phone No.	:	Office 02735 - 244458

The Civil and Criminal matters arising from the ordinary jurisdiction of the Court of Additional District Judge and Additional Sessions Judge, Deodar, i.e. areas of villages of Deodar, Bhabhar, Tharad, Wav, Suigam and Lakhni Taluka of Banaskantha District, Shall henceforth be instituted in the Court of Additional District Judge and Additional Sessions Judge, Deodar w.e.f. 01-09-2015.

INDEX

Banaskantha-Palanpur, 24th August, 2015.

M. N. Mansuri,
I/c. Principal District Judge,
Palanpur.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : એમએજી/વશી/૩૩૮૫/૨૦૧૫.—ઓ.બી.સી.માં સમાવેશ કરવા પાટીદાર સમાજના માગણી અંગે સર્જાયેલી મહેસાણા જીલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ધ્યાને લેતાં તાકીદના સંજોગોમાં શાંત વાતાવરણ ડહોળાય નહી તેમજ કોઈપણ પ્રકારની અનીચ્છનીય બાબતોને પ્રોત્સાહન ન મળે તેમજ અફવાઓ ન ફેલાય તે માટે આથી હું, લોચન સેહરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૪૪ હેઠળ તમામ પ્રકારના સોશીયલ મીડીયા ફેસબુક, ટવીટર, વોટસઅપ સહીતના તમામ મોબાઈલ કંપનીની ઈન્ટરનેટ સેવા ઉપર પ્રતિબંધ મુકવાનું ઈસ્ટ જણાય છે. સબબ મહેસાણા જીલ્લામાં તમામ વિસ્તારોમાં આવેલ મોબાઈલ કંપનીઓના સત્તાવાળાઓના તેમની કંપનીના સોશીયલ મીડીયા કે જેમાં ફેસબુક, ટવીટર, વોટસઅપ તેમજ ઈન્ટરનેટ એસ.એમ.એસ. સહિતની તમામ સેવાઓ ઉપર તાત્કાલિક અસરથી સદર સેવાઓ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

તમામ મોબાઈલ કંપનીના વહીવટકર્તા/સંચાલકો આ હુકમોનું ચુસ્ત અમલ બીજો હુકમ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬ માહે ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

લોચન સેહરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર : એમએજી/જાહેરનામું/૧૫૯૧/૨૦૧૫.—પાટીદાર સમાજ દ્વારા તેઓને ઓ.બી.સી.માં સમાવવા અંગેની રજુઆત અન્વયે તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ‘‘ગુજરાત બંધ’’નું એલાન તથા ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવેલ સભા અને રેલી તે સંદર્ભે અમદાવાદ શહેર સહિત ગુજરાતના કેટલાક વિસ્તારોમાં નાના-મોટા અનિચ્છનિય બનાવો બનવા પામેલ છે. જેથી આવા માહોલમાં મોબાઈલ ધારકો દ્વારા મોબાઈલ ફોનના એસ.એમ.એસ., એમ.એમ.એસ. વોટસએપ, તેમજ ફેસબુક સહિતની અન્ય ઈન્ટરનેટ આધારીત મેસેજીંગ સર્વીસનો ઉપયોગ કરી અફવાઓ ફેલાવી શકે તેવી શક્યતાઓ રહેલી હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જોખમાય નહી તથા સુલેહ શાંતિ અને જાહેર જનતાના જાનમાલની સલામતી જળવાય રહે તે માટે તેના ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

સબબ, સમગ્ર પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ઉપરોક્ત સેવાઓ સ્થગિત કરવી જરૂરી જણાતી હોઈ, હું, પી. ભારથી (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ મળેલ અધિકારની રૂએ ફરમાવુ છુ કે, સમગ્ર પંચમહાલ જિલ્લાના હદ વિસ્તારમાં આવેલ તમામ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર્સ તેમજ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરોએ મોબાઈલ ઈન્ટરનેટ 2G, 3G સેવાઓ (લેન્ડલાઈન બ્રોડબેન્ડ સિવાય) તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સવારના ૦૬-૦૦ કલાકથી તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સાંજના ૦૬-૦૦ કલાક સુધી ગ્રાહકોને પ્રસારીત કરવી નહી.

આ હુકમનો કે કોઈપણ ખંડ કે ભાગનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ બીનજામીન લાયક ફોજદારી ગુનો છે. જેથી કોઈ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કે ઈન્ટરનેટ સર્વીસપ્રોવાઈડર અથવા તેના સંચાલક, કર્મચારી અથવા એજન્ટ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી.

આજ રોજ તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર : એમએજી/જાહેરનામું/૧૫૬૮/૨૦૧૫.—પાટીદાર સમાજ દ્વારા તેઓને ઓ.બી.સી.માં સમાવી અંગેની રજુઆત અન્વયે તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ‘‘સમગ્ર ગુજરાત બંધ’’નું એલાન આપવામાં આવેલ છે. આ અગાઉ તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવેલ સભા અને રેલી તથા તે સંદર્ભે અમદાવાદ શહેર સહિત ગુજરાતના કેટલાક વિસ્તારોમાં નાના-મોટા અનિચ્છનિય બનાવો બનાવા પામેલ છે. જેથી આજના ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના ગુજરાત બંધના એલાન દરમ્યાન મોબાઈલ ધારકો દ્વારા મોબાઈલ ફોનના એસ.એમ.એસ., એમ.એમ.એસ. વોટસએપ, તેમજ ફેસબુક સહિતની અન્ય ઈન્ટરનેટ આધારીત મેસેજીંગ સર્વીસનો ઉપયોગ કરી અફવાઓ ફેલાવી શકે તેવી શક્યતાઓ રહેલી હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જોખમાય નહી તથા સુલેહ શાંતિ અને જાહેર જનતાના જાનમાલની સલામતી જળવાય રહે તે માટે તેના ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

સબબ, સમગ્ર પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ઉપરોક્ત સેવાઓ સ્થગિત કરવી જરૂરી જણાતી હોઈ, હું, પી. ભારથી (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લાના હદ વિસ્તારમાં

INDEX

આવેલ તમામ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરોએ મોબાઇલ ઇન્ટરનેટ 2G, 3G સેવાઓ (લેન્ડલાઇન બ્રોડબેન્ડ સિવાય) તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ બપોરના૧૨-૦૦ થી તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સવારના ૬-૦૦ કલાક સુધી ગ્રાહકોને પ્રસારીત કરવી નહી.

આ હુકમનો કે કોઇપણ ખંડ કે ભાગનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ બીનજામીન લાયક ફોજદારી ગુનો છે. જેથી કોઇ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર કે ઇન્ટરનેટ સર્વીસપ્રોવાઇડર અથવા તેના સંચાલક, કર્મચારી અથવા એજન્ટ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી.

આજ રોજ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર : એમએજી/જાહેરનામું/૧૫૭૨/૨૦૧૫.–પાટીદાર સમાજ દ્વારા તેઓને ઓ.બી.સી.માં સમાવી અંગેની રજુઆત અન્વયે તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ''સમગ્ર ગુજરાત બંધ''નું એલાન આપવામાં આવેલ છે. આ અગાઉ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવેલ સભા અને રેલી તે સંદર્ભે અમદાવાદ શહેર સહિત ગુજરાતના કેટલાક વિસ્તારોમાં નાના-મોટા અનિચ્છનિય બનાવો બનાવા પામેલ છે. જેથી આજના ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના ગુજરાત બંધના એલાન દરમ્યાન મોબાઇલ ધારકો દ્વારા મોબાઇલ ફોનના એસ.એમ.એસ., એમ.એમ.એસ. વોટસએપ, તેમજ ફેસબુક સહિતની અન્ય ઇન્ટરનેટ આધારીત મેસેજીંગ સર્વીસનો ઉપયોગ કરી અફવાઓ ફેલાવી શકે તેવી શક્યતાઓ રહેલી હોઇ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જોખમાય નહી તથા સુલેહ શાંતિ અને જાહેર જનતાના જાનમાલની સલામતી જળવાય રહે તે માટે તેના ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

સબબ, સમગ્ર પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ઉપરોક્ત સેવાઓ સ્થગિત કરવી જરૂરી જણાતી હોઇ, હું, પી. ભારથી (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ મળેલ અધિકારની રૂએ ફરમાવુ છુ કે, સમગ્ર પંચમહાલ જિલ્લાના હદ વિસ્તારમાં આવેલ તમામ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરોએ મોબાઇલ ઇન્ટરનેટ 2G, 3G સેવાઓ (લેન્ડલાઇન બ્રોડબેન્ડ સિવાય) તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સવારના ૦૬-૦૦ કલાકથી તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગ્રાહકોને પ્રસારીત કરવી નહી.

આ હુકમનો કે કોઇપણ ખંડ કે ભાગનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ બીનજામીન લાયક ફોજદારી ગુનો છે. જેથી કોઇ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર કે ઇન્ટરનેટ સર્વીસપ્રોવાઇડર અથવા તેના સંચાલક, કર્મચારી અથવા એજન્ટ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી.

આજ રોજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર મજસ/હથર/જાહેરનામુ/વશી/૧૫૭૩/૨૦૧૫.– સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા તેઓના તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક હથપ/૧૦૨૦૧૫/૭૩૩-મ થી હાલની રાજ્યની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ વ્યક્તિગત હથિયાર પરવાના હેઠળના તમામ હથિયારો બીજી સુચના ન મળે ત્યાં સુધી જે તે પોલીસ સ્ટેશન કે અધિકૃત આર્મ્સ ડીલર સમક્ષ જમા કરાવવા જણાવવામાં આવેલ છે.

સબબ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હું, પી. ભારથી, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રહેતા દરેક જાતના વ્યક્તિગત હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂં છું કે તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડ્યાની તારીખથી ૨૪ (ચોવીસ) કલાકમાં જિલ્લાના સબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અત્રેથી બીજી સુચના ન મળે ત્યાં સુધી અનામત જમા કરાવી દેવા અને સબંધકર્તા પોલીસ સ્ટશનોએ તેઓના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતાં તમામ વ્યક્તિઓએ હથિયાર કે હથિયારો જમા કરાવવામાં આવે તે માટે પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઇ ગયા અંગેની જાણ તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ૧૧-૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા જિલ્લાના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયારના પરવાનેદારોએ તેમજ દેશના કોઇપણ રાજ્યના કોઇપણ રાજ્યના કોઇપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે. તેમજ આ આદેશ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની અમલવારી પૂર્ણ થતાં સુધી પરવાના ધારકને કરી શકશે નહી.

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુક્તિ આપવામાં આવે છે.

૧. પંચમહાલ જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુંટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પરસન છે, તેમને જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે. પરંતુ વ્યક્તિગત નામે ઇસ્યુ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને ઉક્ત આદેશમાંથી મુક્તિ મળશે નહી.

૨. માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેંકો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિક્યુરીટીગાર્ડએ તેઓના બેંકમાં સિક્યુરીટીગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

૩. કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરીઆપેલ હોય તેમને લાગુ પડશે નહી.

INDEX

૪. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પંચમહાલએ ખાસ પરવાનગી આપેલ હોય, તેમને લાગુ પડશે નહી હથિયાર પરવાનેદારોએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફક્ત પરવાનાવાળા હથિયારો જમા કરાવવાના રહેશે, તેના કાર્ટીસ/દારૂગોળો જમા કરાવવાની જરૂરી નથી.

આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે. તેમજ ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ ફોજદારી પગલાં લેવાશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કર્યો.

પી. ભારથી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

વંચાણ :

(૧) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ પત્ર ક્રમાંક હથપ/૧૦૨૦૧૫/૭૭૩-મ તા. ૨૬-૦૮-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર પલસ/મજસ/હથર/જમા/વશી/ ૧૧૧૪ થી ૧૧૩૫/૨૦૧૫.- તાજેતરમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદોલન અંર્તગત તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ મહાક્રાંતિ રેલી દરમ્યાન થયેલ અનિચ્છનીય બનાવની અસર સમગ્ર ગુજરાત રાજ્યમાં જોવા મળેલ છે. સદરહુ સંદર્ભે અત્રેના જિલ્લામાં કોઇ પ્રત્યાઘાત ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુસર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું બહાર પાડવાની આમુખ-૧થી સુચના આપવામાં આવેલ છે.

જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું, કે. બી. ઉપાધ્યાય, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર લુણાવાડા આથી સમગ્ર મહીસાગર જિલ્લાના તાલુકા વિસ્તારમાં રહેતા દરેક જાતના હથિયારોના પરવાનેદારોને ફરમાવુ છું કે, તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડયા તારીખથી દિન-૨માં જિલ્લાના સબંધિત પોલીસ સ્ટેશન ખાતેં જમા કરાવી દેવા અને સબંધિત પોલીસ સ્ટેશનોએ તેઓના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતા તમામ વ્યક્તિઓએ હથિયાર કે હથિયારો જમા કરાવવામાં આવે તે માટે જરૂરી પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઇ ગયા અંગેની જાણ અત્રે કરવા આદેશ કરૂ છું.

જિલ્લા મેજિસ્ટ્રેટ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ તરફથી આપવામાં આવેલ હોય તેવા તેમજ દેશના કોઇપણ રાજ્યના સત્તાધિકારી પાસેથી લાઇસન્સ મેળવેલ હોય તેમજ આ જિલ્લાની મુલાકાતે આવેલ હોય તેવા હથિયારના પરવાનેદારોને લાગુ પડશે.

હથિયાર પરવાનેદારોએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફક્ત પરવાનાવાળા હથિયાર જ જમા કરાવવાના રહેશે. તેના કાર્ટીઝ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

સબંધિત પોલીસ સ્ટેશને પરવાનેદારને તેમનુ હથિયાર બીજી સુચના ન મળે ત્યાં સુધી જમા રાખવાનુ રહેશે.

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

૧. જિલ્લામાં આવેલ સરકારી/અર્ધસરકારી / સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાના ધરાવતા હોય.

૨. રાજ્ય/રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પરશન.

૩. માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી, કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ દેવડ કરતા હોય તેવા (તેઓએ ફરજ બજાવતા સબંધીત બેંક મેનેજરનુ ફોટોગ્રાફ સાથેનુ પ્રમાણપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે.

૪. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારી કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

૫. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ ખાસ પરવાનગી આપેલ હોય તેવા.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે તેમજ ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કર્યો.

કે. બી. ઉપાધ્યાય,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર : એમએજી/સોશીયલ મિડીયા/પ્રતિબંધ વશી/૬૯૩૯/૨૦૧૫.– સમગ્ર સુરત જિલ્લા તથા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે સોશિયલ મીડીયા જેવા કે ઇન્ટરનેટ, ફેસબુક, ટવીટર, વોટસઅપ, મેસેન્જરનો દુરઉપયોગ ન થાય તથા સુલેહ શાંતિ અને જાહેર જનતાના જાન-માલની સલામતી જળવાય રહે તે સારૂ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, રાજેન્દ્રકુમાર આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર સુરત જિલ્લા તથા શહેરમાં નીચે મુજબ અમલવારી કરવા સારૂ જાહેરનામું બહાર પાડું છુ.

સમગ્ર સુરત જિલ્લા તથા શહેરમાં ઇન્ટરનેટની સેવાઓ પૂરી પાડતા સર્વિસ પ્રોવાઇડરોને તાત્કાલીક અસરથી ઇન્ટરનેટની સેવાઓ તેમજ સોશ્યલ મીડીયા જેવા ફેસબુક, ટવીટર, વોટસએપ, મેસેન્જર બંધ કરવા આથી જણાવવામાં આવે છે.

આ હુકમ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫થી જ્યાં સુધી બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

રાજેન્દ્રકુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : ડીસીબી/એમએજી/રજી. નં.૩૮/૨૦૧૫.–પાટીદાર અનામત આંદોલન દરમ્યાન બનેલ બનાવોના સંદર્ભમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં તંગ પરિસ્થિતિ પ્રવર્તે છે અને તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમુક વિસ્તારોમાં આગ લગાડવાના તથા પથ્થરમારાના છુટા છવાયા બનાવો બનેલ છે. જેના કારણે હાલ તંગ પરિસ્થિતિ પ્રવર્તે છે અને અમુક લોકોના જાનમાલ જોખમમાં છે અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો ભય છે અને એવી રીતે ભંગ થતો અટકાવવાનું ઇસ્ટ છે અને તેમ થતુ તાત્કાલિક અટકાવવાનું તથા ઝડપી ઉપાય યોજવાનું ઇચ્છનીય છે. અને સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતાં કારણો છે.

વાસ્તે, હું રવિકુમાર અરોરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આથી ફરમાવું છું કે, નીચે આપેલી અનુસુચિમાં નિદિષ્ટ વિસ્તાર પુરતું તે અનુસુચિમાં દર્શાવેલા કલાકો દરમ્યાન બિનજરૂરી અફવાઓ ન ફેલાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે તમામ ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડરોએ ઇન્ટરનેટ સેવા બંધ કરવાની રહેશે. જેથી ફેસબુક, ટવીટર, વોટસએપ જેવા સોશ્યલ મીડીયા બંધ રહે સરકારી ઇન્ટરનેટ/ઇન્ટ્રાનેટ સર્વિસ પ્રોવાઇડર જીસ્વાન, એન.આઇ.સી., રાજ્ય અથવા કેન્દ્ર સરકારના ઉપયોગ હેતુ લેન ઇત્યાદિને આ જોગવાઇ લાગુ પડશે નહી.

અનુસુચિ

વિસ્તારનું નામ	તારીખ/સમય
વલસાડ જિલ્લાનો સમગ્ર વિસ્તાર	૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકથી ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી

આજ રોજ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/રજી. નં. ૩૯/૨૦૧૫.– સરકારશ્રીના ગૃહ વિભાગ ગાંધીનગરના પત્ર નં. હથપ/૧૦૨૦૧૫/૭૩૩-મ, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫થી મળેલ સુચના મુજબ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા અત્રેના વલસાડ જિલ્લામાં કોઇ ઘર્ષણ કે અનિચ્છનિય બનાવ ન બને તે માટે આર્મ્સ એકટ હેઠળ વ્યક્તિગત હથિયાર પરવાના હેઠળના તમામ હથિયારો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બીજી સુચના ન મળે ત્યાં સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા ઇસ્ટ જણાય છે.

વાસ્તે, હું, રવિ કુમાર અરોરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઇએ, આથી ફરમાવુ છું કે, વલસાડ જિલ્લામાં ધારણકર્તા વ્યક્તિગત હથિયાર પરવાનેદારોએ તેમના પરવાના હેઠળના હથિયારો બીજી સુચના ન મળે ત્યાં સુધી દિન-૨માં નજીકના સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવાના રહેશે.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકર કે જાહેર ફરજ બજાવતી વ્યક્તિઓ કે જેને જાતે અથવા તેના ઉપરી અધિકારીની સુચના અનુસાર આવું કોઇપણ હથિયાર જોડે રાખવું એ તેની કાયદાકીય ફરજનો ભાગ હોય,

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષકશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ,

૩. તમામ પ્રકારની બેંકો/જાહેર સાહસો/મોટા ઔદ્યોગિક એકમો કે જે કંપનીના નામે હથિયાર પરવાનો ધરાવતા હોય/સ્પોર્ટસના હેતુ સારૂ લાયસન્સ ધારણકર્તા હોય તથા સ્પોર્ટસ કલબના સભ્ય હોય તેવા તથા નાણાકીય હેરફેર અને સુરક્ષા માટે હથિયારની જરૂરીયાત રહેતી હોય તવી નાણાકીય પેઢી/પેટ્રોલપંપોના સંચાલકો.

આજ રોજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : ડીસીબી/એમએજી/રજી. નં. ૪૦/૨૦૧૫.–પાટીદાર અનામત આંદોલન દરમ્યાન બનેલ બનાવોના સંદર્ભમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં તંગ પરિસ્થિતિ પ્રવર્તે છે અને તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમુક વિસ્તારોમાં આગ લગાડવાના તથા પથ્થરમારાના છુટા છવાયા બનાવો બનેલ છે. જેના કારણે હાલ તંગ પરિસ્થિતિ પ્રવર્તે છે અને લોકોના જાનમાલ જોખમમાં છે અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો ભય છે અને એવી રીતે ભંગ થતો અટકાવવાનું ઇસ્ટ છે અને તેમ થતુ તાત્કાલિક અટકાવવાનું તથા ઝડપી ઉપાય યોજવાનું ઇચ્છનીય છે. અને સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતાં કારણો છે.

વાસ્તે, હું રવિકુમાર અરોરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આથી ફરમાવું છું કે, નીચે આપેલી અનુસુચિમાં નિદિષ્ટ વિસ્તાર પુરતું તે અનુસુચિમાં દર્શાવેલા કલાકો દરમ્યાન બિનજરૂરી અફવાઓ ન ફેલાય

INDEX

તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તમામ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરોએ ઈન્ટરનેટ સેવા બંધ કરવા અંગે અત્રેથી ડીસીબી/એમએજી/રજી. નં. ૩૮/૧૫ તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ હુકમ કરવામાં આવેલ હતો. સદરહુ હુકમને વધુ સમય સુધી લંબાવવા જરૂરી જણાતુ હોય તમામ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરોએ નીચે જણાવેલ તારીખ/સમય સુધી ઈન્ટરનેટ સેવા બંધ કરવાની રહેશે. જેથી ફેસબુક, ટવીટર, વોટસએપ જેવા સોશ્યલ મીડીયા બંધ રહે. સરકારી ઈન્ટરનેટ/ઈન્ટ્રાનેટ સર્વિસ પ્રોવાઈડર જીસ્વાન, એન.આઈ.સી., રાજ્ય અથવા કેન્દ્ર સરકારના ઉપયોગ હેતુ લેન ઈત્યાદિને આ જોગવાઈ લાગુ પડશે નહી.

અનુસુચિ

વિસ્તારનું નામ	તારીખ/સમય
વલસાડ જિલ્લાનો સમગ્ર વિસ્તાર	૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ રાત્રીના ૦૦-૦૦ કલાકથી ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨-૦૦ કલાક સુધી

આજ રોજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

રવિ કુમાર અરોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/હથીયાર પ્રતિબંધ/એસઆર/૫૨/૨૦૧૫.-અમદાવાદ શહેરમાં પાટીદાર આંદોલન અનુસંધાને આયોજીત સભા તેમજ રેલી બાદ કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર નં. હથપ/૧૦૨૦૧૫/૭૩૩-ખ થી પણ પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લઈ આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ હથીયાર પરવાના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવેલ છે. જેથી હાલની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ વિચારણામાં લેતા તથા જાનમાલ, મીલ્કતને થતું નુકસાન અટકાવવા અને જાહેર વ્યવસ્થાની જાળવણી અર્થે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે. જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લામાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) આર્મ્સ એકટ હેઠળ હથીયાર પરવાનો ધરાવતા પરવાનેદારોએ પણ હથીયાર લઈને જાહેરમાં નીકળવું નહીં અને હથીયાર પ્રદર્શીત કરવા નહીં.

(૨) આર્મ્સ એકટ હેઠળના પરવાનેદારે તેમની પાસેના પરવાના વાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડ્યાની તારીખથી દિવસ-૨ એટલે કે ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીમાં અમદાવાદ શહેર તથા અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના સંબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવા.

(૩) સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતાં અને મુલાકાતે આવેલા હથિયાર પરવાનો ધરાવતાં તમામ વ્યકિતઓ તરફથી તેઓએ ધારણ કરેલા હથિયાર કે હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવવામાં આવે તે માટે પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવી.

(૪) આ હુકમ અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ તથા અમદાવાદ જિલ્લાના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયારના પરવાનેદારોએ તેમજ દેશના કોઈપણ રાજ્યના કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર મેળવેલ હોય તેમજ આ આદેશ સમગ્ર અમદાવાદ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અને અમદાવાદ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમ્યાન કરી શકશે નહીં. તેમજ હથિયારોની પરત સોંપણી બીજો હુકમ તથા સુધી કરી શકશે નહીં.

(૫) જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ, નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની આ કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે.

(૬) આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(અ) અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે, તેમને હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

(બ) માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલે છે તેમને લાગુ પડશે નહી.

(ડ) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદએ ખાસ પરવાનગી આપેલ હોય, તેમને લાગુ પડશે નહી.

(ઇ) હથીયારના પરવાનેદારોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફક્ત પરવાનાવાળા હથીયારો જમા કરાવવાના રહેશે.

(ફ) આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ તેમજ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે. જેની સર્વેએ નોંધ લેવી.

આજ તા. ૨૭મી માહે, ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી/૬૪૬૧ થી ૬૪૭૪/૨૦૧૫.– ભરૂચ મુકામે નર્મદા નદી પર આવેલ જુના સરદાર બ્રિજની કમાનો ખરાબ થતા તેનું રીપેરીંગ કામ ચાલુ છે. જેના કારણે ભરૂચ ગોલ્ડન બ્રિજ પરથી હળવા વાહનો કે જે વડોદરાથી સુરત તરફ અને સુરત તરફથી વડોદરા તરફ પસાર થાય છે. જેમાં ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે. જેની સીધી અસર ભરૂચના આંતરિક વાહન વ્યવહારને પણ થાય છે. જેથી સદર ટ્રાફીકને હળવો કરવા હંગામી ધોરણે વડોદરા તરફથી આવતા સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (G.A.S.)અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂ છું કે, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૧૫ થી તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમ્યાન ૧૬-૦૦ કલાસ થી ૨૦-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે ભરૂચ તરફથી અંકલેશ્વર તરફ જતા ફોર વ્હિલ વાહનો (એલ.એમ.વી. એમ્બ્યુલન્સ/સરકારી વાહનો સિવાય) ને ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) વડોદરા તરફથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો નર્મદા ચોકડીથી ઝાડેશ્વર ચોકડી થઈને જુના સરદાર બ્રિજ ઉપરથી અંકલેશ્વર/સુરત તરફ જઇ શકશે.

(૨) ભરૂચ શહેરમાંથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ઝાડેશ્વર ચોકડીથી જુના સરદાર બ્રિજ થઇને અંકલેશ્વર/સુરત તરફ જઇ શકશે.

આ જાહેરનામાનાં કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ ₹ ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી ઓગષ્ટ, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૩૪૬૦ થી ૩૪૮૦/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરિયાત છે, જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇ પણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઈસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાળ પર બેસવા, રેલી કાઢી રેલીમાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

''ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર''

વધુમાં જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નનાં વરઘોડા તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/હથીયારબંધી/વશી. ૭૦૧૪/૨૦૧૫.– હાલની રાજ્યની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા આર્મ્સ એક્ટ હેઠળ મંજૂર કરવામાં આવેલ વ્યક્તિગત હથિયાર પરવાના હેઠળના તમામ હથિયારો બીજી સુચના ન મળે ત્યાં સુધી જે તે પોલીસ સ્ટેશન કે અધિકૃત આર્મ્સ ડીલર્સ સમક્ષ દીન-૨માં જમા કરાવવા સરકારશ્રીના ગૃહ વિભાગ તરફથી તેમના પત્ર ક્રમાંક હથપ/૧૦૨૦૧૫/૭૩૩-મ, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫થી મળેલ સુચના મળેલ હોઇ,

INDEX

હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ, હુકમ કરૂ છું કે,

(૧) આર્મ્સ એકટ હેઠળ મંજૂર કરવામાં આવેલ વ્યક્તિગત હથિયાર પરવાના હેઠળના તમામ હથિયારો બીજી સુચના ન મળે ત્યાં સુધી જે તે પોલીસ સ્ટેશન કે અધિકૃત આર્મ્સ ડીલર્સ સમક્ષ દીન-૨માં જમા કરાવવા

(૨) સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશનરેટના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં. અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહી.

(૩) સુરત (ગ્રામ્ય) વિસ્તાર બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યક્તિઓએ સુરત જિલ્લા (ગ્રામ્ય)ના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહી અથવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહી.

અપવાદ :-

આ હુકમનો પેરા નં. ૨ (૧), (૨) અને (૩) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યક્તિઓ.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગર્વમેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સિક્યુરીટી ગાર્ડ તેમજ સુરત જિલ્લામાં આવેલ હિરાની ફેકટરીઓ તથા સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યક્તિઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોશીયેશનના રમતવીરો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી સીક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૨) અન્વયેનું.

નંબર એમએજી/પલસ/તહેવાર/વશી/૬૮૬૯/૨૦૧૫.-હાલ પાટીદારો દ્વારા ચાલી રહેલ અનામત આંદોલન અને રેલી બાદ અમદાવાદ શહેર અને રાજ્યના મોટા ભાગના વિસ્તારમાં પથ્થરમારા, આગજનીના બનાવો બનેલ છે અને જાહેર મિલ્કત તથા પ્રજાના જાનમાલની ઉપર જોખમ ઉભું થયુ છે. અને આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવી રાખવા સારૂં તેમજ આગામી તા. ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ રક્ષાબંધન તથા તા.૦૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ જન્માષ્ટમીના પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. સદર તહેવાર ઉજવણી દરમ્યાન તેમજ જિલ્લામાં હાલની પરિસ્થિતીને ધ્યાનમાં લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, અત્રેની હકુમત હેઠળના સમગ્ર સુરત (રૂરલ) જિલ્લામાં તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા/લાકડી, લાઠી કે શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. કે એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા, કે પ્લે કાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહીં.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહીં.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ / વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઈ હથીયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત અથવા પોલીસ અધિક્ષકશ્રી, (રૂરલ) સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા

(૩) જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ફજદ/વશી-૧૩૩૪ થી ૧૩૪૭/૨૦૧૫.– મને જાણવામાં/ બતાવવામાં આવેલ છે કે, ગુજરાત રાજ્યમાં તાજેતરમાં ચાલતા પાટીદાર સમાજ દ્વારા પટેલ સમાજને અનામતમાં સમાવવા અંગેની માંગણીને લઈને ગઈકાલ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫નાં રોજ અમદાવાદ ખાતે જાહેરસભા તથા રેલી બાદ સાંજના સમયથી અમદાવાદમાં તથા રાજ્યમાં જુદા-જુદા ભાગોમાં હિંસાનાં બનાવ બનવા પામેલ છે.હાલમાં રાજ્યમાં પ્રજામાં અજંપા ભરી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. આ સંજોગોમાં સ્થાપિત હીતો, અફવા ફેલાવવી, જાહેર સુલેહ શાંતિનો ભંગ ન કરે તે માટે અફવા ફેલાવતી અટકાવવી અતિ આવશ્યક જણાય છે. ઉક્ત બાબત ધ્યાને લઈને અત્રેનાં ડાંગ જિલ્લામાં કોઈપણ અનિચ્છનીય બનાવ બને નહી, કોઈ વ્યક્તિને થતી અડચણો ત્રાસ કે નુકશાન તથા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતુ જોખમ તથા જાહેર સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો બને નહી તે માટે તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને લોકોમાં ઘર્ષણ ઉભુ થાય નહી તે માટે જિલ્લામાં વિસ્ફોટક પદાર્થ તથા દારૂગોળો (ફટાકડા)નો ઉપયોગ કરવો નહી તેમજ આ સમય દરમ્યાન કોઈપણ પ્રકારના હથિયાર લઈ જવા નહી તેમજ સાથે રાખવા નહી તે મુજબનો પ્રતિબંધ મુકવો ઈસ્ટ જણાય છે. તેમજ સદરહુ બાબતે કોઈ સોશ્યલ મીડીયા જેવા કે, ફેસબુક, ટવીટર, વોટસએપ વિગેરે ઉપર કોઈ અફવા ન ફેલાવે તે માટેનાં પ્રસારણ અટકાવવા અતિ આવશ્યક જણાતા હોય આપના કંટ્રોલ હેઠળના નેટવર્ક બંધ કરવા જણાવવામાં આવે છે. તેમજ શસ્ત્રો તથા વિસ્ફોટક પદાર્થ, દારૂગોળો (ફટાકડા) ઉપર ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું, જગદીશ ડોડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં ધારણ કરતા હથિયાર પરવાનેદારોએ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી તેમના હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહી તેમજ હથિયાર સાથે રાખવા તથા વિસ્ફોટક પદાર્થ, દારૂગોળો (ફટાકડા)નો ઉપયોગ કરવા ઉપર તથા નીચેની વિગતે પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૧) ચાર કે તેથી વધુ શખ્શોએ ભેગા થવું નહી. સભાઓ ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.
(૨) જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સુત્રો પોકારવા નહી.
(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહી.
(૪) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ એવુ કોઈ પણ હથિયાર લઈ જવાનું કાયદાકીય ફરજનો ભાગ હોય.
૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે..

સુધારા જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ફજદ/વશી-૧૩૪૮ થી ૧૩૬૧/૨૦૧૫.– અત્રેથી પ્રસિધ્ધ કરવામાં આવેલ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે આદેશ ક્રમાંક : ફજદ/વશી-૧૩૩૪ થી ૧૩૪૭/૨૦૧૫ના તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૧૫ના જાહેરનામાથી નેટવર્ક કનેકટીવીટી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં નેટવર્ક કનેકટીવીટી બંધ કરવાના બદલે મોબાઈલ નેટવર્ક કનેકટીવીટી તા. ૨૭મી ઓગષ્ટ, ૨૦૧૫ના રાત્રિનાં ૨૪-૦૦ કલાક સુધી અત્રેના જિલ્લામાં બંધ કરવા સુધારા હુકમ કરૂ છું. તેમજ અગાઉ પ્રસિધ્ધ કરેલ જાહેરનામાનો સુધારા મુજબનો અમલ યથાવત રાખવા હુકમ કરૂ છું.

આજ રોજ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

જગદીશ ડોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૪) અન્વયેનો.

નંબર પલસ/મજસ/વશી/૧૬૭૫/૨૦૧૫.–સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ, જુથ-૧, વડોદરાએ તેઓના તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ સીબી-૪/ફા.બટ/જા.નામુ/૪૭૩૫/૨૦૧૫થી પાવાગઢ ફાયરીંગ રેન્જ મીલેટ્રી એન.સી.સી. એરફોર્સ, એસ.આર.પી. યુનિટ તથા જિલ્લાના પોલીસની ફાયરીંગ પ્રેકટીસ લેવામાં આવે છે. આ ફાયરીટ બટનો ઉપયોગ વડોદરા ઉપરાંત અમદાવાદ, આણંદ, નડીયાદ, ભરૂચ, ગોધરા વિગેરે જિલ્લાના પોલીસ જવાનો એસ.આર.પી. જવાનો પણ ફાયરીંગ પ્રેકટીસ કરે છે. જેથી આ પ્રેકટીસ માટે તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫થી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીના આગામી સમયનું પાવાગઢ ફાયરીંગ રેન્જ માટેનું જાહેર જનતા જોગનું જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૪) પ્રમાણે બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫થી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ (બંને દિવસો સહિત) સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧ વડોદરાના યુનિટો માટે તથા રાજ્યના અન્ય પોલીસ દળો તથા મીલેટ્રી, એન.સી.સી., એરફોર્સ, એસ.આર.પી. યુનિટો માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનમાં ઉક્ત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહિં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

ડૉ. એમ. કે. પાટડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૧૦(ઓ) તથા કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તા. ૩૦-૦૫-૨૦૧૪ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૩૯૦/૨૦૧૪.

(૩) ફડચા અધિકારી, નં. નો તા. ૨૭-૪-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૫૩/ ૨૦૧૫નો મંડળીને પુનઃ જીવીત કરવા બાબતનો ભલામણ પત્ર.

(૪) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ગ-૩/૩૫૮/૨૦૧૫.–ધી વસઈ પછાતવર્ગ ગણોતીયા ખેતી સહકારી મંડળી લી., મું. વસઈ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક એફ-૨૪૩ થી નોંધાયેલ ખેતી સહકારી મંડળી છે. સદરહુ મંડળી સતત ખોટ કરતી થઇ જવાથી ઓડીટર સહકારી મંડળીઓ (ન.જ.-૧) (રૂરલ) અમદાવાદે કલમ-૮૧નો ખાસ અહેવાલ કરી અત્રેની કચેરીએ મોકલી આપેલ. તેના અનુસંધાને અત્રેથી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ફડચાની કલમ-૧૦૭નો અંતિમ હુકમ કરવામાં આવેલ.

ત્યાર પછી કચેરીના ફડચા અધિકારીની નિમણુંક કરવામાં આવેલ અને મંડળીના દફતરનો ચાર્જ તેઓએ તા. ૨૮મી જુલાઇ, ૨૦૧૪ના રોજ સંભાળી ઓડીટર ગ્રેડ-૨ (ન.જ.) સહકારી મંડળી (રૂરલ) પાસે તા. ૧લી એપ્રિલ, ૨૦૦૯ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ સુધીના સમયનું ઓડીટ પૂર્ણ કરેલ છે અને મંડળીનો તા. ૧૬મી જૂન, ૨૦૧૫ના રોજ મંડળીના ખાસ સભાસદોની અરજીથી મંડળીને પુનઃ જીવીત કરવા ઠરાવેલ છે.

આમ, મંડળીની ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ મંડળીનો તા. ૩૦મી મે, ૨૦૧૪નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૩૯૦/૨૦૧૪ રદ કરી સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, નીચે સહી કરનાર આઈ. એમ. પુરોહીત, જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક (૧) થી ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ધી વસઈ પછાતવર્ગ ગણોતીયા ખેતી સહકારી મંડળી લી. મું. વસઈ, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક એફ-૨૪૩ને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૩૯૦/૨૦૧૪ આથી રદ કરૂં છું. અને સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃ જીવીત કરૂં છું.

અમદાવાદ, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨ (સહકારી મંડળીઓ) (૩), ભરૂચ ધી સાંઇનાથ મજુર કામદાર સહકારી મંડળી લી., ૧૮, હીરાબાગનગર, કણબીવગા, મું. ભરૂચ, તા.જિ. ભરૂચ, ફડચામાં લઇ જવા અંગેની તારીખ ૨-૩-૨૦૧૫ની દરખાસ્ત તથા તારીખ ૧-૪-૨૦૧૦ થી તારીખ ૩૧-૩-૨૦૧૪ ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તા. ૧૮-૬-૨૦૧૫ના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૨૦૨/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૨૪૭/૯૨૦/૨૦૧૫.– ધી સાંઇનાથ મજુર કામદાર સહકારી મંડળી લી., ૧૮, હીરાબાગનગર, કણબીવગા, મું. ભરૂચ, તા.જિ. ભરૂચ, સહકારી કાયદા મુજબ તા. ૫મી ઓકટોબર, ૨૦૧૦ ના રોજ નોંધણી નંબર ઉ-૧૧૯૭૮ થી નોંધણી કરવામાં આવેલ હતી. આમુખ-૧ અન્વયે મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો ખાસ અહેવાલ અત્રેની કચેરીને મળેલ હતો. આમુખ-૨ થી મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો આદેશ કરી સદર વચગાળાના આદેશ સામે મંડળીને જે કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આદેશની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવેલ, આમ મંડળીને રજુઆત કરવાની પુરતી તક આપવામાં આવેલ છે, પરંતુ મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. જેના ઉપરથી મંડળીના હોદ્દેદારોને કે સભાસદોને મંડળી ચલાવવામાં કોઇ રસ ન હોવાનું પ્રાથમિક દષ્ટિએ જણાય આવે છે. જેથી સદર મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અત્રેથી કરવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ કરી મંડળીને ફડચામાં લઇ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આમુખ-૩માં જણાવેલ જોગવાઇઓ તથા આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ, ધી સાંઇનાથ મજુર કામદાર સહકારી મંડળી લી., ૧૮, હીરાબાનગર, કણબીવગા, મું. ભરૂચ, તા.જિ. ભરૂચ ને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી સહકારી અધિકારી, (ફડચો) લગત કચેરીની નિમણુંક કરૂં છું. ફડચા અધિકારીએ સદર મંડળીનો હવાલો તાત્કાલીક મેળવીને આ આદેશની તારીખથી પાંચ (૫) વર્ષની મુદતમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-ર (સહકારી મંડળીઓ) (પ), ભરૂચ ધી બુવા મજુર કામદાર સહકારી મંડળી લી., મું. બુવા, તા. આમોદ, જિ. ભરૂચ, ફડચામાં લઈ જવા અંગેની તા. ૪-૪-૨૦૧૫ની દરખાસ્ત તથા તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૪ ની ઓડીટ નોંધ.

(ર) અત્રેની કચેરીના તા. ૨૭-૪-૨૦૧૫ના પત્ર સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ ૧૨૩/૨૦૧૫, તથા તા. ૧૫-૬-૨૦૧૫ના પત્ર ક્રમાંક સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૯૭/૧૫ થી મંડળીને પાઠવેલ કારણ દર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૭-૨૦૧૧નો ક્રમાંક જીએચકેએચ/૫૧/ ૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૨૪૮/૯૨૧/૨૦૧૫.–ધી બુવા મજુર કામદાર સહકારી મંડળી લી., મું. બુવા, તા. આમોદ, જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર ઉ-૩૯૬૪, તા. ૭મી ડીસેમ્બર, ૧૯૭૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, (સહકારી મંડળીઓ) (૫) ભરૂચ દ્વારા આમુખ-૧થી વંચાણે લીધેલ ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના આમુખ-૨ થી વંચાણે લીધેલ રજીસ્ટર્ડ પો.એ.ડી. થી મંડળીને કારણદર્શક નોટીસ પાઠવી તેમાં જણાવેલ કારણો સબબ દિન-૧૫માં લેખિત/મૌખિક/રૂબરૂ રજુઆત કરવા જણાવેલ, પરંતુ કારણદર્શક નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી કોઈપણ રજુઆત કરવામાં આવેલ નથી, અને કોઈપણ હોદ્દેદારો હાજર રહેલ નથી.જેથી મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સભાસદોને મંડળી ચલાવવામાં કોઇ રસ ન હોવાનું પ્રાથમિક રીતે જણાઇ આવે છે. આમ ઉપરોકત વિગતો ધ્યાનમાં લઇ, મંડળીને ફડચામાં લઇ જવાનું યોગ્ય લાગતાં નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ, ધી બુવા મજુર કામદાર સહકારી મંડળી લી., મું. બુવા, તા. આમોદ, જિ. ભરૂચ, આમુખ(૩) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (૫) ભરૂચની નિમણુંક કરૂં છું. આ વચગાળાનો હુકમ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે, આ આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત કે મૌખિક આધાર પુરાવા સાથે અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૧૫.

સુનીલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ વલસાડના તા. ૨-૩-૨૦૧૫ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૨૩-૩-૨૦૧૫ ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૩/૪૮/૨૦૧૫ તેમજ તા. ૨૮-૫-૨૦૧૫ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૩/૮૨/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૦૬/૨૦૧૫.–શ્રી અરનાલા વિભાગ આદિવાસી પછાત વર્ગના ખેરવૃક્ષ ઉછેરનારી કાપનારી અને નિકાલ કરનારી સહકારી મંડળી લી., મું.પો. અરનાલા, તા. પારડી, જિલ્લા વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે.દુ.-૨૯૮૮૪, તા. ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૪થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧ થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે. સદરહુ વહીવટી ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા સંબંધે ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે.

(૧) મંડળી તેના પેટાનિયમના ઉદ્દેશો મુજબની પ્રવૃત્તિ કરતી નથી.

(૨) મંડળીનો છેલ્લા ૫ (પાંચ) વર્ષનો ઓડીટ વર્ગ 'ક' અને 'ડ' છે.

(૩) મંડળીએ ઓડીટમેમોની દુરસ્તી કરેલ નથી.

(૪) મંડળીએ સહકારી કાયદા કાનુન અન્વયે દફતરો નિભાવી નિયમિત લખાતા નથી.

(૫) મંડળીમાં ઉત્તરોત્તર પ્રતિ વર્ષ ખોટમાં વધારો થયેલ છે.

(૬) મંડળીની વ્ય.કમિટી સભ્યોની કોઇ મિટીંગો કે વા.સા. સભા મેળવેલ નથી.

(૭) મંડળીના કમિટી સભ્યોને મંડળી ચલાવવામાં કોઇ રસ નથી.

આમુખ-૨ થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ-૧ અને ૨ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઇ લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્યે નજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની

INDEX

રૂએ, ''શ્રી અરનાલા વિભાગ આદિવાસી પછાત વર્ગના ખેરવૃક્ષ ઉછેરનારી કાપનારી અને નિકાલ કરનારી સહકારી મંડળી લી., મું. પો. અરનાલા, તા. પારડી, જિલ્લા વલસાડ'' ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે શ્રી કે. એમ. ખત્રી, ફડચા અધિકારી, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ વલસાડના તા. ૯-૩-૨૦૧૫ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૨૩-૩-૨૦૧૫ ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૩/૪૭/૨૦૧૫ તેમજ તા. ૨૮-૫-૨૦૧૫ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૩/૮૭/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૭-૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૦૭/૨૦૧૫.–શ્રી માકડબન ખેતી માટે પાણી પુરું પાડનારી પિયત સહકારી મંડળી લી., મું. પો. માકડબન, તા. ધરમપુર, જિલ્લા વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ખે-૧૦૯૧, તા. ૯મી ઓકટોબર, ૧૯૮૫ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧ થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે. સદરહુ વહીવટી ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા સંબંધે ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે.

(૧) મંડળી તેના પેટા નિયમના ઉદેશો મુજબની પ્રવૃત્તિ કરતી નથી.

(૨) મંડળીનો છેલ્લા ૫ (પાંચ) વર્ષનો ઓડીટ વર્ગ 'ક' અને 'ડ' છે.

(૩) મંડળીએ ઓડીટમેમોની દુરસ્તી કરેલ નથી.

(૪) મંડળીએ સહકારી કાયદા કાનુન અન્વયે દફતરો નિભાવી નિયમિત લખાતા નથી.

(૫) મંડળીમાં ઉત્તરોત્તર પ્રતિ વર્ષ ખોટમાં વધારો થયેલ છે.

(૬) મંડળીની વ્ય.કમિટી સભ્યોની કોઇ મિટીંગો કે વા.સા. સભા મળેલ નથી.

(૭) મંડળીના કમિટી સભ્યોને મંડળી ચલાવવામાં કોઇ રસ નથી.

આમુખ-૨ થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ-૧ અને ૨ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઇ લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્યે નજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ''શ્રી માકડબન ખેતી માટે પાણી પુરું પાડનારી પિયત સહકારી મંડળી લી., મું.પો. માકડબન, તા. ધરમપુર, જિલ્લો વલસાડ'' ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે શ્રી કે. એમ. ખત્રી, ફડચા અધિકારી, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૧૫.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે(શ)-૪૩૨૯૩/ઝ/૩૮૨/ ૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, ખુશ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., સ્થળ : સોહમ નગર-૧, પહેલો માળ, સારથી ડોક્ટર હાઉસની સામે, હીરાબાગ, વરાછા રોડ, સુરત, જિ. સુરતને.

(સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/ભ(શ)-૫૮૧૬/ઝ/૩૮૪/ ૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, ધી એડવાન્સ રીસોર્સીસ સેવિંગ કો-ઓપરેટીવ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ સોસાયટી લી., સ્થળ : ૩૨૦, રોયલ આર્કેડ, ઓપો. દીપકમલ એપાર્ટમેન્ટ, સરથાણા જકાત નાકા, તા. સુરત સીટી, જિ. સુરતને.

(સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

INDEX

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૮૯૩૪/ઝ/૭૬/૧૬૮૨/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, શ્યામવિલા કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., ઠે. શ્યામવિલા, મું. ભરથાણા-વેસુ, તા. સુરત, જિ. સુરતને.

(સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ગ/૫૯૨ થી ૫૯૮/૨૦૧૨, તારીખ ૨૮મી જૂન, ૨૦૧૨ થી કરવામાં આવેલ ફડચાનો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નર્મદાનાં જા.નં. ફડચ/૦૧/ગ/૨૫૯/૨૦૧૫, તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૧૫ મુજબની મંડળીને પુનઃજીવીત કરવાની દરખાસ્ત.

(૩) અત્રેની જાહેર નોટીસ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૩૬૬/૨૦૧૫, તારીખ ૧૭મી જૂન, ૨૦૧૫.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો સને ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૫) તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું કૃષિ અને સહકાર વિભાગનું જાહેરનામું.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ/પુનઃજીવીત/ગ/૪૦૮ થી ૪૧૪/૨૦૧૫.–ધી પાંડોરીમાતા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મું. ધીરખાડી, તા. ગરૂડેશ્વર, જિ. નર્મદા કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક : ૩૫૮૪૪, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૦૫ થી થયેલ ધી પાંડોરીમાતા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મું. ધીરખાડી, તા. ગરૂડેશ્વર, જિ. નર્મદાને અત્રેની કચેરીના વંચાણે લીધા (૧)ના અંતિમ આદેશ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) થી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નર્મદાને મંડળીને પુનઃજીવીત કરવા અંગેની સદર મંડળીની દરખાસ્ત ખાસ સાધારણ સભા તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ના ઠરાવ સહ અત્રેની કચેરીમાં રજુ કરેલ છે. સદરહું મંડળીને પુનઃજીવીત કરવા સબબ વંચાણે લીધા (૩)થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો સને ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઈઓ મુજબ મંડળીને પુર્નઃજીવીત કરવાની જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી મંડળીને પુનઃજીવીત કરવા કોઈ વાંધા સૂચન હોય તો રજુ કરવા જણાવવામાં આવેલ. સદરહું જાહેર નોટીસ ફડચા અધિકારીશ્રી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નર્મદાની કચેરી દ્વારા મંડળીના સ્થળે તેમજ ગ્રામ પંચાયત ખાતે તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અત્રેની ઉપરોક્ત જાહેર નોટીસના અનુસંધાનમાં કોઈ પણ વાંધા સૂચન આવેલ ન હોય જે ધ્યાને લઈ તથા મંડળી અને તેના સભાસદોના હિતોને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, નીચે સહી કરનાર એચ. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નર્મદા, આમુખ (૪) અને આમુખ (૫) થી મને મળેલ સત્તાની રૂએ, ધી પાંડોરીમાતા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મું. ધીરખાડી, તા. ગરૂડેશ્વર, જિ. નર્મદાને નીચેના શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરૂં છું.

શરતો :

(૧) મંડળીનું સરવૈયુ પુનઃજીવીત દરખાસ્ત સાથે રજુ થયા મુજબ યથાવત રહેશે તેમાં દેવું કે લેણાની રકમમાં કોઈ ફેરફાર કે વધ-ઘટ કરવામાં આવતા નથી.

(૨) મંડળીના પેટા નિયમોમાં કોઈ સુધારા-વધારા કે ફેરફાર સહકારી કાયદા તથા સૂચનાને આધિન ત્વરિત મંજૂર કરાવવાના રહેશે.

(૩) મંડલીને પુનઃજીવીત કરવામાં આવેલ દરખાસ્તની વિગતે તથા તે સામે રજુ થયેલ ઠરાવ નં. ૨ નું ચુસ્તપણે પાલન કરી મંડળીને અર્થક્ષમ બનાવવાની રહેશે.

(૪) મંડળીના પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી તાકીદે હાથ ધરવાની રહેશે. અને છ માસે તેનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીને મોકલવાનો રહેશે.

(૫) મંડળીના સ્વકીય ભંડોળમાં તુર્ત જ વધારો કરવાનો રહેશે. અને ત્યારબાદ ઉત્તરોત્તર વધારો થાય તે માટે આયોજન કરી લેવા પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

(૬) સરકારી/અર્ધસરકારી કચેરીઓની બાકી રકમો પ્રથમ ચુકવી આપવાની રહેશે.

(૭) ખાસ સાધારણ સભા તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૧૫ના ઠરાવ નં. ૨ ની વિગતો જણાવવામાં આવેલ સમિતિના સભ્યોએ હાલ મંડળીમાં કાર્યકારી સમિતિ તરીકે કામગીરી હાથ ધરવાની રહેશે.

(૮) ઉપરોક્ત કાર્યકારી સમિતિના સભ્યોએ તેઓમાંથી હાલ હંગામી રીતે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવાની રહેશે.

(૯) ઉપરોક્ત કાર્યકારી સમિતિએ સહકારી કાયદો તેના નિયમો તથા મંડળીના પેટા નિયમ અને ચૂંટણીના નિયમોને આધિન ત્વરિત વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણીની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૦) મંડળીના તમામ મિલકતમાં કોઈ પણ ઘટાડો કરવાનો રહેશે નહીં.

(૧૧) મંડળીની પ્રગતિનો અહેવાલ દર માસે મોકલવાનો રહેશે.

રાજપીપલા, તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૮મી જૂન, ૨૦૧૨ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૬૧૩ થી ૬૧૭/૨૦૧૨.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૮૩૮ થી ૮૪૦/૨૦૧૨.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૫૯ થી ૫૬૧/૨૦૧૩.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ/૪૧૫ થી ૪૧૮/૨૦૧૫.– ધી મેવાસ વિભાગ ખેડૂતોની કો-ઓપરેટીવ કોટન સેલ સોસાયટી લિ., મું. ગમોડ, તા. તિલકવાડા, જિ. નર્મદાને આમુખ-૧ થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવેલ છે. અને ફડચા અધિકારી તરીકે આમુખ-૧ થી શ્રી એમ. પી. પંચાલ, સહકારી અધિકારી (ગ્રાહક) લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. તેઓશ્રીની અત્રેની કચેરીએથી બદલી થતા સદર મંડળીના ફડચા અધિકારી તરીકે આમુખ-૨ થી શ્રી એન. આર. પરમાર, સહકારી અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી. સંબંધીત કર્મચારીની બદલી થતા આમુખ-૩ થી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી એચ. બી. તડવી, સીનીયર ક્લાર્ક લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. પરંતુ વહીવટી કારણોસર ફેરફાર કરી નીચે મુજબનો સુધારો હુકમ કરવામાં આવેલ છે.

સુધારા હુકમ

ધી મેવાસ વિભાગ ખેડૂતોની કો-ઓપરેટીવ કોટન સેલ સોસાયટી લિ., મું. ગમોડ, તા. તિલકવાડા, જિ. નર્મદાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ આમુખ-૧ના અંતિમ આદેશથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. આમુખ-૩ થી શ્રી એચ. બી. તડવી, સીનીયર ક્લાર્ક લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી, જે વહીવટી કારણોસર ફેરફાર કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રીમતિ આર. આર. ભગત, મદદનીશ સહકારી અધિકારી લગત કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

રાજપીપલા, તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૧૫.

એચ. એન. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,નર્મદા,
રાજપીપલા.

નંબર સે/PTN/૪૩૬૧૮/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી રૂગનાથપુરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મું. રૂગનાથપુરા, તાલુકો સરસ્વતી, જિલ્લો પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫.

નંબર સે/૪૩૬૨૩/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી ચાણસ્મા તાલુકા કો-ઓપરેટીવ ક્રેડીટ એગ્રીકલ્ચર એન્ડ કન્ઝયુમર્સ સોસાયટી લી., મું. ચાણસ્મા, તા. ચાણસ્મા, જિલ્લો પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૫.

આર. એ. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીના જા.નં. ફડચ/૦૧/ક-૧/૯૧/૨૦૧૫, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તારીખ ૧૯મી મે, ૨૦૧૫ થી આપેલ મુદતનો પત્ર.

(૪) અત્રેની કચેરીના તારીખ ૨૮મી મે, ૨૦૧૫ થી આપેલ મુદતનો પત્ર.

(૫) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ/૦૧/ક-૩/૧૭૨/૨૦૧૫, તારીખ ૩૦ મી જૂન, ૨૦૧૫.

(૬) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

(૭) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૧.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા.નં. ફડચ/૦૧/ક-૩/૧૯૮/૨૦૧૫.—ધી ગોધરા વણઝારા રેતી કામદાર મજુર સહકારી મંડળી લી., મું. ગોધરા, જિ. પંચમહાલ, નોંધણી નં. : ઉ-૯૦૩૭, તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૮૯ થી નોંધાયેલ મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખ-૫માં જણાવેલ ફડચાના વચગાળાના હુકમ સામે વાંધા સૂચનો રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. છતાં મંડળી તરફથી કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. આથી, આમુખ-૧માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચા), જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાની નિમણૂંક કરવામાં આવે છે. ફડચાની કામગીરી આ આદેશની તારીખથી પાંચ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૧૫.

આઈ. જી. મુનિયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગોધરા.

INDEX

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’(બ)/૪૨૩૭૪/૨૦૧૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અંકલેશ્વર એકતા બચત અને ધિરાણ સહકારી મંડળી લીમીટેડ, સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૧૫.

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સે’’(દૂધ)/૪૨૩૭૫/૨૦૧૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી જુની જામુની મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, સ્થળ જુની જામુની, તાલુકો નેત્રંગ, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૧૫.

સહી (અવાચ્ય),
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક નધણ/બીઆરસી/‘‘સા’’/૮૩૪૧/૨૦૧૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, એપેક્ષ કોમર્શીયલ કોમ્પેલેક્ષ કો-ઓપરેટીવ (સર્વીસ) સોસાયટી લિ., સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચને.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો ૧૦મો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૧૫.

એન. કે. ભાભોર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
ભરૂચ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૫૭/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પાર્શ્વ એનેક્ષી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. પાલડી, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૫૮/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ફેસ્ટીવલ રેસીડન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ગોતા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૫૯/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આઈ ડ્રીમ રેસીડન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. સોલા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૦૯/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ભુમિવર્ષા કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી., મું. વટવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૧૦/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પ્રારબ્ધ કો. ઓપરેટીવ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી., મું. ઠક્કરબાપાનગર, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

INDEX

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા ૩૦-૧૦-૨૦૦૯ નો અંતિમ આદેશ ક્રમાંક સેન ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૯૪/૨૦૦૯.

(૨) ફડચા અધિકારી અને મદદનીશ સહકારી અધિકારી લગત કચેરીની તારીખ ૩૦-૦૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૨૪૯/ ૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી ચાસવડ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મું. ચાસવડ, તા. નેત્રંગ, જિ. ભરૂચ (ફડચામાં) ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની ૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઇ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/ ૨૦૦૫/એનએસબી/ ૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૨૫૪/૯૨૬/૨૦૧૫.– ધી ચાસવડ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મું. ચાસવડ, તા. નેત્રંગ, જિ. ભરૂચની (ફડચામાં) ની દરખાસ્ત ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૨૩મી ડીસેમ્બર, ૧૯૮૮, નોંધણી નંબર ઉ-૨૮૩૦ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીએ કાયદા કાનુન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહિ કરતા આમુખ-૧માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઇ જઇ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના મદદનીશ સહકારી અધિકારી લગત કચેરી ભરૂચ ની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૯ થી તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર, (લી.રી.) ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સુચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૫નું સરવૈયુ શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૧૫મી ઓકટોબર, ૨૦૧૪ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમુનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજુ કરેલ છે. જે ધ્યાને લઇ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સુનીલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, ભરૂચ આમુખ-૪ મુજબ ધી ચાસવડ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મું. ચાસવડ, તા. નેત્રંગ, જિ. ભરૂચ, નોંધણી નંબર ઉ-૨૮૩૦, તારીખ ૨૩મી ડીસેમ્બર, ૧૯૮૮ ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરું છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા ૧૭-૧૧-૨૦૦૫ નો અંતિમ આદેશ ક્રમાંક સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૩૨૪૧ થી ૩૨૫૦.

(૨) ફડચા અધિકારી અને મદદનીશ સહકારી અધિકારી લગત કચેરીની તારીખ ૩૧-૦૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૦૭/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી અશોક ઓર્ગેનીક ક્રેડીટ એન્ડ કન્ઝુમર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી. મું. બોઇદ્રા, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ (ફડચામાં) ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની ૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઇ.

(૫) ગુજરાત સહકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/ ૨૦૦૫/એનએસબી/ ૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૨૫૫/૯૨૭/૨૦૧૫.– ધી અશોક ઓર્ગેનીક ક્રેડીટ એન્ડ કન્ઝુમર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી. મું. બોઇદ્રા, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ ની (ફડચામાં) ની દરખાસ્ત ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૭મી નવેમ્બર, ૧૯૮૮, નોંધણી નંબર સે-૧૭૪૯૪ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીએ કાયદા કાનુન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહિ કરતા આમુખ-૧માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઇ જઇ, તેના ફડચા અધિકારી તરીકે સબ ઓડીટર, લગત સ્પે. ઓડીટર સહકારી મંડળી (૨) ભરૂચ ની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫ થી તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર (લી.રી.) ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સુચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૧૫નું સરવૈયુ શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૨૨મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમુનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજુ કરેલ છે. જે ધ્યાને લઇ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સુનીલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, ભરૂચ આમુખ-૪ મુજબ ધી અશોક ઓર્ગેનીક ક્રેડીટ એન્ડ કન્ઝુમર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી. મું. બોઇદ્રા, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ, નોંધણી નંબર સે-૧૭૪૯૪, તારીખ ૭મી નવેમ્બર, ૧૯૮૮ ની આમુખ-૫ થી

INDEX

મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરું છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫.

સુનિલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા (હા)/૮૯૩૫/ઝ/૭૪/૧૭૨૩/સને ૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, સાલાસર રેસીડેન્સી કો ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. શિવ સાલાસર, મું. પરવટ ગોડાદરા, તા. સુરત સીટી ટી.પી. સ્કીમ નં.-૬૧, જિ. સુરતને

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સે (દુ)/૪૩૨૯૫/ઝ/૪૦૫/સને ૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, મંદરોઇ દુધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લી., સ્થળ : મું. પો. મંદરોઇ, તા. ઓલપાડ, જિ. સુરતને

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/ઘ/૨૫૧૦૪/ઝ/૮૭/૧૭૨૬/સને ૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, તાપી દર્શન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., સ્થળ : મોટા વરાછા, તા. સુરત સીટી, જિ. સુરતના રે.સ. નં.-૭૩, બ્લોક નં.-૬૬, ફા. પ્લોટ નં.-૧૭, ટી.પી. સ્કીમ નં.-૧૮, (મોટા વરાછા), જિ. સુરતને

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ) સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/એનવીએસ/સા-૯૨૩૪/૧૪૬/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, મેંગોવીલા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., એંધલ, તા. ગણદેવી, જિલ્લો નવસારીને,

અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૩મી એપ્રિલ, ૨૦૧૫.

નંબર નધણ/એનવીએસ/સા-૯૨૩૫/૧૫૩/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, આશીર્વાદ ફલેટ્સ કો.ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., જયશંકર પાર્ટી પ્લોટની પાસે, પારસી હોસ્પીટલની સામે, લુન્સીકૂઇ, નવસારી, તા. જિ. નવસારીને,

અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૩મી એપ્રિલ, ૨૦૧૫.

નંબર નધણ/વીએલડી/ઘ-૨૫૧૪૪/ચ/૨૨૭/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, પાર્શ્વનાથ કો.ઓપ હાઉસીંગ સોસાયટી લી., ધરમપુર ગંજી પાછળ, શિવપાર્ક કોલોનીની બાજુમાં, વાલોડ ફળીયું, ધરમપુર, તા.- ધરમપુર, જિલ્લો વલસાડને,

અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૭મી જુલાઇ, ૨૦૧૫.

નંબર નધણ/વીએલડી/સા-૯૨૪૮/ચ/૨૩૦/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, અંબિકા રેસીડન્સી ''એ'' કો.ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મોગરાવાડી રેલ્વે ગરનાળા પાસે, તા. જિ. વલસાડને,

અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦મી જુલાઇ, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ(હા), વલસાડ.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, પ્રેમહંસ કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લી. મું. ઉંઝા, તા. ઉંઝા અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાના પત્રથી સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર સદર મંડળીની નોંધણી રદ કરવા માટેની રજુ થયેલ દરખાસ્ત.

INDEX

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૩) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૫૨૮/૫૦૦૧/૨૦૧૫.–શ્રી પ્રેમહંસ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. ઉંઝા, તા. ઉંઝા, જિ. મહેસાણા, જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૨૩૫૫, તા. ૩૦મી માર્ચ, ૧૯૮૮ થી નોંધાયેલ છે. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની નિર્દિષ્ટ થયેલ જોગવાઈ અનુસાર જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા.નં.ઉખસ/ફડચ/૦૧/ખ/૭૯૧/૧૬૯૨૯/૨૦૦૭, તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૭ થી અંતિમ હુકમ કરવામાં આવેલ, જે ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા તરફથી તેઓશ્રીના વંચાણે લીધા ક્રમાંક : (૧) થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨)માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી મળેલ અધિકાર અન્વયે ધી પ્રેમહંસ કો. ઓ. હાઉસિંગ સોસાયટી લી. તા. ઉંઝા, જિ. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક જી.એચ.કે.એચ./ ૫૧ / ૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧-૭-૨૦૧૧.

(૩) શ્રી સ્પેશ્યલ ઓડીટર, મિલ્ક ઓડીટ ઓફીસ, હિંમતનગરના તારીખ ૦૬-૦૫-૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૬૦૮/૨૦૧૫ થી રજુ થયેલ કલમ ૧૦૭-અન્વયેનો વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ગ/૨૯૪/૨૦૧૫, તા. ૦૭-૦૫-૨૦૧૫.

(૫) અત્રેની કચેરીના વચગાળાના ક્રમાંક વહટ/૦૧/ગ/૪૧૬/૨૦૧૫, તા. ૨૪-૦૬-૨૦૧૫.

(૬) તા. ૨૭-૦૭-૨૦૧૫ની નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/ફ/૧૮૭૫૧/૦૧/ગ/૪૯૧/૨૯૮૧/૨૦૧૫.-ધી ગંછાલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગંછાલી, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા (જેનો હવે પછી ‘‘મંડળી’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ‘‘અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધણી નં. સે.દુ.-૩૪૭૬૬, તા. ૨૧મી માર્ચ, ૨૦૦૫ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો વહીવટ અધિનિયમ/નિયમો તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. સદર મંડળીમાં શ્રી સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ હિંમતનગરના વહીવટી અહેવાલ જોતાં મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશ પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી દ્વારા પાછલા ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી. આમ કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળી સને ૨૦૦૯ થી બંધ છે. પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. મંડળી ચાલુ કરવા માટે મંડળીના કાર્યવાહકો કે સભાસદોને કોઈ રસ જણાતો નથી.

(૩) મંડળીમાં છેલ્લા ૩ વર્ષથી વાર્ષિક સાધારણ સભા કે વ્ય. કમીટીની મીટીંગ મળેલ નથી.

(૪) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ વર્ગ ‘ડ’ છે.

ઉપરોકત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૪ થી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખી રજુઆત કરવા તા. ૨૫મી મે, ૨૦૧૫ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદરહુ મુદતે કોઈ હાજર ન રહેતા ફરી તા. ૧૫મી જૂન, ૨૦૧૫ના રોજની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે પણ કોઈ હાજર રહેલ નહિ જેથી કુદરતી ન્યાયના હિતમાં ફરી તા. ૨૨મી જૂન, ૨૦૧૫ની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે પણ કોઈ હાજર રહેલ નથી. કે મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ સંસ્થા જે હેતુ કે ઉદ્દેશો માટે રચવામાં આવેલ તે હેતુ તથા ઉદ્દેશ્યો પરીપૂર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. જેથી વંચાણે લીધેલ આમુખ-૫ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી લેખિત મૌખિક રજુઆત કરવા માટે એક માસની તક અપવામાં આવેલ હતી. તેમ છતાં મંડળી દ્વારા કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમ વારંવાર મુદતો આપવા છતાં મંડળીના કાર્યવાહકોએ મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી કે પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી કરવા માટેના સક્રિય પ્રયત્નો કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં મંડળી ચાલુ રાખવી ઉચિત જણાતું ન હોઈ મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો ન હોઈ આમુખ-૫ વાળા વચગાળાના હુકમને બહાલ કરતો નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, આર. એમ. આસોડીયા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા, વંચાણે લીધેલ આમુખ-૨ થી મને મળેલ સત્તાની

રૂએ ધી ગંછાલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ગંછાલી, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા ને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)(એ)(સી) (iii) અન્વયે આટોપી લેવાનો ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું. અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વેય ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની નિમણુંક કરું છું. હુકમ થયા તારીખથી ફડચા અધિકારીએ પાંચ વર્ષમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરી/બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૧૫.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૬૦/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વિનાયક કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ચાંદખેડા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૫.
ધી પબ્લીક પાવર મજુર કામદાર સહકારી મંડળી લી., મુ. મહેસાણા, તા. જિ. મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧, આધિન નોંધણી નં. ઉ-૫૭૮૯, તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૮૭થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ન. જ-૪), ના તારીખ ૧-૭-૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૧૨૫/૨૦૧૫ થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૪૫૭/૨૦૧૫, તારીખ ૬-૭-૨૦૧૫થી મંડળીની વ્યવ. કમિટી સભ્યોને BY RPADથી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૫) કારણદર્શક નોટીસ અન્વયેનો લેખિત પ્રત્યુતર તારીખ ૨૪-૭-૨૦૧૫.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૭૨/૫૦૯૦/૨૦૧૫.–ધી ગુંદીખાડ સેવા સહકારી મંડળી લી., મુ. તા. વિસનગર, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : સે-૧૬૪૫, તારીખ ૨૪-૨-૧૯૮૧ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧-૪-૨૦14 થી તારીખ ૩૧-૩-૨૦૧૫ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ન. ૪-૪) સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તારીખ ૮-૬-૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧)માં જણાવેલ વિગતે તારીખ ૧-૭-૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ (૨) માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૬-૭-૨૦૧૫ થી BY RPAD કારણદર્શક નોટીસ થી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં.-૧ થી ૬માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૧૩-૭-૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને રૂબરૂ હાજર રહી મંડળીને ફડચામાં નહિ લઇ જવા લેખિતમાં વિનંતી કરેલ છે. કારણ દર્શક નોટીસમાં જણાવેલ મુદ્દાઓની મંડળીના દફતરે વાસ્તવિક દુરસ્તી થયેલ જણાતી નથી.

(૧) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષના ઓડિટ ખામીઓની દુરસ્તી રીર્પોટ ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૨) સંસ્થાનું તારીખ ૩૧-૩-૨૦૧૫ના અંતે શેરભંડોળ ₹ ૨૫,૧૫૦/-નું રહેવા પામેલ છે. સંસ્થાને નોંધાયેલ ૩૪ વર્ષ જેટલો સમય થવા છતાં, શેરભંડોળમાં નહીવત વધારો કરેલ છે. જેથી સંસ્થાની આર્થિક સધ્ધર ગણી શકાય તેમ નથી.

(૩) સંસ્થાની સ્થાપના તારીખ ૨૪-૨-૧૯૮૧માં થયા બાદ સભાસદોને ખેતી વિષયક ટુ. મુદત/મધ્યમ મુદતનું ધીરાણ પુરું પાડવા માટે મધ્યસ્થ બેંકમાંથી લોન મેળવવા માટે કોઇ કાર્યવાહી સંસ્થાના કાર્યવાહકો તરફથી કરવામાં આવેલ નથી.

(૪) મંડળીએ સ્વીકારેલ પેટાનિયમના ઉદ્દેશો મુજબના મુળભુત મુખ્ય ઉદ્દેશ સભાસદોને ખેતી વિષયક ટુંકી મુદતનું ધિરાણ પુરુ પાડવાનો છે. જે બાબતે મંડળીએ સભાસદોને બિલકુલ ધિરાણ પુરુ પાડેલ નથી. અને ધિરાણ પ્રવૃતિ સદંતર બંધ છે. મંડળી મધ્યસ્થ બેંકના સભાસદ છે., પરંતુ મંડળીના કાર્યવાહકો તરફથી મધ્યસ્થ બેંકમાંથી લોન મેળવી. સભાસદોને ધિરાણ આપવાની કોઇ કામગીરી કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને સભાસદોને ધિરાણ આપવા અંગે કોઇ રસ હોય તેમ જણાતું નથી. મંડળીનો નોંધણી કરવાનો મુખ્ય આશય સભાસદોને ટું. મુદત, મધ્યમ મુદત ધિરાણ પુરુ પાડવું અને સભ્યોને તમામ સવલતો પુરી પાડવાની છે. જે આશય પરિપુર્ણ થયો ન હોઇ મંડળીને ફડચામાં લઇ જવી જરૂરી છે.

(૫) મંડળીનું નામદાર સરકારશ્રીનું બેંક કે અન્ય કોઇ પણ સંસ્થાનું લેણું બાકી છે.

(૬) મંડળીએ વૈધનાથન કમીટીની ભલામણો મુજબ દફતર હિસાબો નિભાવેલ નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે, વંચાણે લીધેલ આમુખ-(૫) અન્વયે લેખિત રજુઆત કરેલ છે, પરંતુ લેખિત રજુઆત વાસ્તવિક દુરસ્તી કે આધારો સાથે રજુ થયેલ નથી. જેથી ગ્રાહય રાખી શકાય તેમ નથી, જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી મંડળીનો સુચારુ વહીવટ ચલાવી શકે તેમ જણાતુ ન હોઇ, સદર મંડળીને ફડચામાં લઇ જવી કાનુની રીતે યોગ્ય જણાય છે.

વચગાળાનો આદેશ

ધી ગુંદીખાડ સેવા સહકારી મંડળી લી., મુ. તા. વિસનગર, જિ. મહેસાણાની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧, આધિન નોંધણી નં. સે-૧૬૪૫, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૮૧થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા.(હા) ૯૩૦૬/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, સત્વ હાઈટસ ઓનર્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ માંજલપુર, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૧૫.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા.(હા) ૯૩૧૧/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, વિનાયક બંગ્લોઝ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ અકોટા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૧૫.

કે. એલ. ખાંટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
વડોદરા.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા (હા) ૯૪૦૦/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી રોયલ રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : લેકાવાડા, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા (હા) ૯૪૦૧/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સ્થાપત્ય બંગલોઝ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : બોરીસણા, તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા (હા) ૯૪૦૨/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અતુલ્ય બંગલોઝ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : સઈજ, તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા (હા) ૯૪૦૩/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શિવાશ્રય કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : કલોલ, તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા (હા) ૯૪૦૪/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી બિઝનેશ હબ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : ચિલોડા (નરોડા), તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા (હા) ૯૪૦૫/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી રંગ અરોમા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : રાંદેસણ, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા (હા) ૯૪૦૬/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સ્પર્શ રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : નાના ચિલોડા, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
(રૂરલ), અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ, ડીસાના તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫નો વહીવટી અહેવાલ.

(૨) મંડળીને આપેલી ફડચાની કારણદર્શક નોટીસ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫.

(૩) અત્રેના તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫ના વચગાળાના હુકમ નં. ફડચ/૦૧/ગ/૧૨૧૧/૨૦૧૫.

INDEX

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./ ૩૦૧૧/સી.એચ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ/ફ-૧૮૭૨૯/૧૬૦૨/૨૩૬૪/૨૦૧૫.– ધી એસ.બી.આઈ. સ્ટાફ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ.તા. ડીસા, જિ. બનાસકાંઠા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. ૫૦૭૧, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવા સબ ઓડીટર, સહકારી મંડળીઓ, ડીસાના તારીખ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૫નો વહીવટી અહેવાલમાં જણાવ્યા પ્રમાણે સંસ્થામાં મકાનોનું બાંધકામ પૂર્ણ થઈ ગયેલ છે. હાલમાં કોઈ કામગીરી કરવાની બાકી રહેતી નથી. સંસ્થા ઘણા વર્ષોથી સ્થગિત અવસ્થામાં છે. સંસ્થા છેલ્લા અન્વેષક અહેવાલોની દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી. તેમજ મંડળીનો છેલ્લા વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે. કાર્યવાહકોને મંડળી ચાલુ રાખવામાં કોઈ રસ નથી.

આમ ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-૨ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટીસ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ થી આપવામાં આવેલ હતી. જે અન્વયે મંડળી તરફથી કોઈ પણ પ્રકારની લેખિત યા રૂબરૂ આવી મૌખિક રજુઆત ન થતાં આમુખ-૩ દ્વારા મંડળીના સભાસદોની મિલ્કત અંગેની જે તે સક્ષમ અધિકારીની કચેરીમાં વ્યક્તિગત નોંધ પડાવી પ્રોપર્ટી કાર્ડ મેળવી, તેમજ મંડળીની ખાસ સાધારણ સભા બોલાવી મંડળીને ફડચામાં લઈ જવા અંગે જરૂરી ઠરાવો કરી નકલ અત્રે મોકલી આપવા જણાવેલ ત્યારબાદ આમુખ-૩ દ્વારા તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫નો ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને માસ-૧ માં જે કાંઈ રજુઆત હોય તે કરવા જણાવવામાં આવેલ તેમ છતાં, આજ દિન સુધી કોઈ પણ પ્રકારની રજુઆત થઈ આવેલ ન હોઈ મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતી હોઈ વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, એ. એસ. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, હિંમતનગર, સરકારશ્રીના આમુખ-૫ના જાહેરનામાથી હોદ્દાની રૂએ મળેલ સત્તા અન્વયે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) અન્વયે ધી એસ.બી.આઈ. સ્ટાફ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું.તા. ડીસા, જિ. બનાસકાંઠાને ફડચામાં મૂકવા માટે અંતિમ આદેશ કરૂં છું અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) ન.જ. લગત પાલનપુરની સદર અધિનિયમની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણૂંક કરૂં છું. તેઓએ કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચા અંગેની કાર્યવાહી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

એ. એસ. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
હિંમતનગર.

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ખે/૮૪૦૩/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, કાનાવાડા ગૃપ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મું. કાનાવાડા, તા. તારાપુર, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ખે/૮૪૦૪/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, વાળંદાપુરા ગૃપ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મું. વાળંદપુરા, તા. તારાપુર, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ખે/૮૪૦૫/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, વલ્લી સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મું. વલ્લી, તા. તારાપુર, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ખે/૮૪૦૬/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, ફતેપુરા ગૃપ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મું. ફતેપુરા, તા. તારાપુર, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ખે/૮૪૦૭/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, ઈસરવાડા મોરજ ગૃપ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મું. ઈસરવાડા, તા. તારાપુર, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

INDEX

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ખે/૮૪૦૮/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, સાંઠ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મું. સાંઠ, તા. તારાપુર, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ઉ./૧૪૪૦૯/૨૦૧૫.– જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, માં ઉમિયા અનાજ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મું. વટાદરા, તા. ખંભાત, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

આર. એસ. ડાભી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, આણંદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે-૪૦૫૭૨/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, જય સિધ્ધનાથ ક્રેડીટ કો. ઓ. સો. લી., મું. તા. ધંધુકા, જિલ્લો,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે-૪૦૫૭૩/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સિમેજ કોટન પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મું. સિમેજ તા. ધોળકા, જિલ્લો અમદાવાદને

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૫.

ઈ. મ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

નંબર નધણ/કેડીએ/સે.દૂ./૪૧૩૯૬/ડોકેટ/૧૩૪૭ સને ૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, રામજીનગર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. રામજીનગર,પો. તેલનાર મર્યાદિત સ્થળ રામજીનગર, તાલુકો કપડવંજ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

નંબર નધણ/ટીએપીઆઈ/''સે'' (દૂ.)/૪૩૬૮૬/૧૨૧૦/ સને ૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી કમલાપુર દૂધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લી., મું. કમલાપુર, પો. છાપટી તા. ઉચ્છલ, જિ. તાપી (વ્યારા).

સને ૧૯૬૧ નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

તાપી, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

નંબર નધણ/ટીએપીઆઈ/''સે'' (દૂ.)/૪૩૬૮૭/૧૨૧૭/ સને ૨૦૧૫.-આથી જાહેર કરે છે કે, શ્રી સયાજીગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. સયાજીગામ, પો. ચિતપુર, તા. ઉચ્છલ, જિ. તાપી (વ્યારા).

સને ૧૯૬૧ નો ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

તાપી, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, તાપી.

નંબર સે/પીટીએન/૪૩૬૨૪/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે લી હારીજ તાલુકાની જાગૃત મહિલા સેવા સહકારી મંડળી લીમીટેડ, મું. હારીજ, તાલુકો હારીજ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૫.

નંબર નધણ/સે/પીટીએન/૪૩૬૨૫/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, કાલોધી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. કાલોધી, તાલુકો સરસ્વતી, જિલ્લો પાટણ.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૫.

આર. એ. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) સબ ઓડિટર, સહકારી મંડળીઓ, વિજાપુરના તારીખ ૧લી જૂન, ૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૧૦૫/૨૦૧૫ થી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૨૭/૨૦૧૫, તા. ૨૧-૫-૨૦૧૫થી મંડળીની વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને By RPADથી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ધ-૨ / ૫૭૪ / ૫૧૧૫ / ૨૦૧૫.–ધી લીબ્જનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. જિ. મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક ધ-૧૦૭૩૯, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૮૩ છે. (જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોકત આમુખ-(૧)માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ સબ ઓડિટર, સ. મં., વિજાપુરને ચાર્જમાં સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તા.. ૧૧મી જૂન, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૧) માં જણાવેલ વિગતે તા. ૧લી જૂન ૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ-(૨)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી હોદ્દેદારોને તા. ૭મી જુલાઈ ૨૦૧૫થી By RPADથી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. (૧) થી (૩)માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૨૦મી જુલાઈ, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. મંડળીના પ્રતિનિધિ દ્વારા સુનાવણી તારીખે લેખિત તથા રૂબરૂ રજુઆત માટે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી અને કોઈ પ્રત્યુતર આપેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) તારીખ ૫મી મે, ૨૦૧૨, તારીખ ૪થી મે, ૨૦૧૩ અને તારીખ ૩જી મે, ૨૦૧૪ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર ૩થી સોસાયટીનો હેતુ પૂર્ણ થયેલ હોઈ, સોસાયટીનું રજીસ્ટ્રેશન બંધ કરવા ઠરાવેલ છે.

(૨) મંડળીએ સને ૨૦૦૨ થી સને ૨૦૦૯ અને સને ૨૦૦૯ થી ૨૦૧૨ અને આ અગાઉના ઓડીટ મેમાનો દુરસ્તી રિપોર્ટ મોકલી આપેલ નથી.

(૩) મંડળીએ સને ૨૦૦૯/૧૦ના વર્ષની ખોટ થવા પામેલ છે, જે સરભર કરવા કાર્યવાહકોએ કોઈ જ કાર્યવાહી કરેલ નથી.

આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોઈ, નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અનુસાર હાજર ન રહી મંડળીને ફડચામાં લઈ જવા જવાબ રજુ કરેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવી મુનાસિફ હોવાથી પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

વચગાળાનો આદેશ

ધી લીબ્જનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. જિ. મહેસાણાની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી ક્રમાંક ધ-૧૦૭૩૯, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૮૩ થી નોંધવામાં આવેલ છે. તેને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ-ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૩૨/૨૦૧૫, તારીખ ૨૯મી મે, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

INDEX

(૩) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૭૩/૫૧૧૪/૨૦૧૫.–ધી હર્ષ પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. જિ. મહેસાણાએ, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ધ/૧૦૬૦૭, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૮૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ (૧) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાનો આદેશ સામે વાંધા- સૂચન હોય તો, રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદેદારો તરફથી લેખિત / રૂબરૂમાં કોઈ વાંધા સૂચન મળેલ ન હોઈ, સદરહુ મંડળીને આમુખ (૩) થી મળેલ સત્તાની રૂઈએ તારીખ ૨૯મી મે, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

હું, એસ. આર. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હા), મહેસાણા, મને મળેલ સત્તાની રૂઈએ, ધી હર્ષ પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. જિ. મહેસાણા ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

એસ.આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સ.મં. (હા.) મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

(૧) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૮૬/૨૦૧૫, તારીખ ૧૧મી જૂન, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૮૫/૧૮૪૪૨/૨૦૧૫.–ધી જયભીમ મજૂર કામદાર સહકારી મંડળી લી., મું.તા.જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ઉ/૫૮૦૬, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૮૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ (૩) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાના આદેશ સામે વાંધા સૂચન હોય તો, રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદ્દેદારો તરફથી લેખિત/રૂબરૂમાં કોઈ વાંધા સૂચન મળેલ ન હોઈ, સદરહુ મંડળીને આમુખ (૩) થી મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

હું, પી. એસ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, વંચાણ (૨) થી મને મળેલ સત્તાની રૂઈએ, ધી જયભીમ મજૂર કામદાર સહકારી મંડળી લી., મું.તા.જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વાંચનમાં લીધા :–

(૧) ધી વડીયા સેવા સહકારી મંડળી લી., મુ. વડીયા, તા. મહુવા, જિ. સુરતનો સુરત ડિસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેન્ક લી., સુરતનો તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૯ મંડળીને ફડચામાં લઈ જવાનો પત્ર.

(૨) અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી, ફડચા (૧), સુરતની તારીખ ૧૪મી મે, ૨૦૧૫ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કાયદાની કલમ-૨૦ અને ૧૧૪(૨) ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/ ૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

INDEX

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૩૨૩ થી ૩૨૭/૨૯૫૪/૨૦૧૫.–ધી વડીયા સેવા સહકારી મંડળી લી., મુ. વડીયા, તા. મહુવા, જિ. સુરત એ ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સેવા સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક-૧૬૯૮૧, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૫૯ છે. સદર મંડળી સુરત ડિસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેન્ક લી., સુરતનો તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૯ મંડળીને ફડચામાં લઈ જવાનો પત્ર તથા તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૯ની બેન્કની એક્ઝીક્યુટીવ કમીટીની સભામાં કામ નં. ૧૩ થી અને તારીખ ૧૮મી ઓગસ્ટ, ૧૯૯૯ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. અત્રેની કચેરીના તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૯ના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૧૮૪૨/૧૯૯૯ થી ફડચામાં લઈ જતાં ફડચા અધિકારીશ્રી તરીકે સુરત ડિસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેન્ક લી., સુરતની નિમણુંક કરવામાં આવેલ બેન્કે તેના તારીખ ૩મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના પત્રથી બેન્કનું કોઈ લેણું બાકી નથી અને ફડચા અધિકારી તરીકે ખાતાના કર્મચારીની નિમણુંક કરવા જણાવતા અત્રેની હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/૫૫૬/૨૦૧૩, તારીખ ૧૯મી ઓક્ટોબર, ૨૦૧૩ થી અત્રેની કચેરીના સહકારી અધિકારી, ફડચા નં. -૧ની નિમણુંક કરવામાં આવેલ હતી. જ્યારે અત્રેની કચેરીના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૦ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૧૨૯/૨૦૧૫ થી અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સંભાળી લીધેલ, ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાના નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શૂન્ય તથા ડીડ ઓફ એસાઈનમેન્ટ કરી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨), તારીખ ૧૪મી મે, ૨૦૧૫, જા.નં. ફડચ/૦૧/૫૧/૨૦૧૫ થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે. મંડળીના જવાબદાર હોદ્દેદારો સભાસદોને પણ મંડળીને ચલાવવામાં કોઈ રસ નથી. મંડળીની વાર્ષિક સાધારણ સભા તથા વ્યવસ્થાપક કમીટીની મીટિંગ પેટા નિયમ મુજબ મળતી નથી તથા હોદ્દેદારોને વારંવાર સૂચના હોવા છતાં વસૂલાત માટે નિષ્ક્રિય રહેલ છે. જેથી મંડળી તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી. તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી ફડચા અધિકારી (૧) મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળી સાત વર્ષ ઉપરની હોવાથી અંતિમ સાધારણ સભા મેળવેલ નથી. ઠરાવ નં.-૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહું ધી વડીયા સેવા સહકારી મંડળી લી., મુ. વડીયા, તા. મહુવા, જિ. સુરત કે જેનો નોંધણી ક્રમાંક : ૧૬૯૮૧, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૫૯ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસિબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધિન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ધી વડીયા સેવા સહકારી મંડળી લી., મુ. વડીયા, તા. મહુવા, જિ. સુરત, કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક : ૧૬૯૮૧, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૫૯ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

સુરત, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

જા.નં. નધણ/એનવીએસ/૦૧/ઘ-૨/૫૨૨/‘‘સે’’(શ) ૪૨૬૯૪/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, ધી સ્વ ઓંકાર તુકારામ પાટીલ કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી., મુ. આદર્શનગર, વિજલપોર, તા. જલાલપોર, જિ. નવસારીને,

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

સહી (અવાચ્ય),
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/એનવીએસ/સા-૯૩૭૫/૨૦૭/૧૯૨૧/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, શ્રી મંગલમ કોમ્પ્લેક્ષ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., શાંતાદેવી રોડ, નવસારી, તા. નવસારી, જિલ્લો નવસારીને,

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૫.

નંબર નધણ/વીએલડી/સા-૯૨૪૯/ચ/૨૩૫/૧૯૨૦/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, યઝદ એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., અગીયારી મહોલ્લો, મોટા પારસીવાડ, વલસાડ, તા.જિ. વલસાડને,

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.
વલસાડ, તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

INDEX

નંબર નધણ/એનવીએસ/સા-૯૩૭૬/૨૦૮/૧૯૨૨/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, મોતીનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., અગ્રવાલ કોલેજ રોડ, નવસારી, તા. નવસારી, જિ. નવસારીને અધિનિયમની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
વલસાડ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા (હા) ૯૪૦૯/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વેદીકા ઈ સિરિઝ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : કુડાસણ, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/ઘ-૨૫૨૩૬/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી કામદ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગરને,

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
(રૂરલ), અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) ચાર્ટડ એકાઉન્ટન્ટ પેનલ નં.-૫૫૦ના તા. ૧૯-૦૬-૨૦૧૫ના રોજનો ઓડીટ અહેવાલ અને દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૨૫-૦૬-૨૦૧૫ની કારણદર્શક નોટીશ ક્રમાંક ફડચ/નધણ/૦૧/ઘ-૨/૧૯૧/૨૦૧૫.

(૩) અત્રેની કચેરીના તા. ૦૨-૦૭-૨૦૧૫ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/હા./૦૧/૧૯૬/૨૦૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/હા/ન/ફ-૧૯૧૯૫/૨૦૬/૧૯૬૩/૨૦૧૫.– આમુખ-૧ થી ચાર્ટડ એકાઉન્ટન્ટ પેનલ નં.-૫૫૦ ના તા. ૧૯-૦૬-૨૦૧૫ના પત્રથી આદર્શ એપાર્ટમેન્ટ કો. ઓપ. હા. સો. લી., વિજલપોર રોડ, નવસારી, તા.જિ. નવસારીને ફડચામાં લઈ જવા સંબંધેનો વહીવટી ખાસ અહેવાલની દરખાસ્ત અત્રેની કચેરીએ મળેલ છે. સદરહુ ઓડીટ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સંબંધે આમુખ-૨ થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીશ સંસ્થા ને આપી ન્યાયના હિતમાં રજુઆત કરવાની વાજબી અને પૂરતી તેમ જ જરૂરી તક આપવામાં આવેલ છે. આમુખ-૩થી આ કચેરીના વચગાળાના હુકમથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને આ હુકમ સામે સંસ્થાને ન્યાયના હિતમાં રજુઆત કરવા એક માસની અવધી આપવામાં આવેલ છે. પરંતુ આપેલ અવધીમાં સંસ્થા તરફથી સદર બાબતે કોઈ લેખિત યા મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી. મંડળી તરફથી તેઓના તા. ૨૯-૬-૨૦૧૫ના પત્રથી કરવામાં આવેલ રજુઆત મુજબ બિલ્ડીંગ જુનું અને જર્જરિત થઈ ગયેલ હોય, અને તે પરિસ્થિતિ ઉપરાંત કોઈપણ સભાસદોની આર્થિક-નાણાંકીય સ્થિતિ સારી ન હોવાથી સદર બિલ્ડિંગ રિપેર કરાવી શકવાની સમર્થતા ન હોય, દરેક ફ્લટેનું વેચાણ કરી દેવામાં આવેલ છે. જેથી સદર મંડળીના સભાસદો રદ થવા પામેલ છે. અને મંડળીએ સહકારી કાયદા કાનુન પ્રમાણે તેની પ્રાથમિક શરત મુજબની લાયકાત ગુમાવેલ છે.

(૧) સદર સંસ્થા પેટાનિયમ અનુસારની પ્રવૃત્તિ કરતી નથી.

(૨) સંસ્થા તરફથી સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ ઓડીટ મેમાની દુરસ્તી થતી નથી.

(૩) સહકારી કાયદા/કાનૂન અન્વયે વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી.

(૪) વ્યવસ્થાપક સમિતિની સભા નિયમિત મળતી નથી.

(૫) સંચાલકશ્રીઓ, સભાસદો રદ થયેલ હોય, તેઓને મંડળી ચાલુ રાખવામાં રસ જણાતો નથી.

(૬) પેટાનિયમ તથા સહકારી કાયદા-કાનૂનનું પાલન થતું નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, કુ. જે. સી. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામાં અન્વયે મને મળેલ સત્તાની રૂએ આદર્શ એપાર્ટમેન્ટ કો. ઓપ. હા. સો. લી. વિજલપોર રોડ, નવસારી, તા. જિ. નવસારીને આમુખ-૩થી વંચાણે લીધેલ અત્રેની કચેરીના તા. ૨-૦૭-૨૦૧૫ના હુકમ ક્રમાંક ફડચ/હા./૦૧/૧૯૬/૨૦૧૫ થી ફડચામાં લઈ જવા સબબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહુ હુકમને બહાલી આપતો સદર મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં

INDEX

છું. ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ શ્રી આર. એમ. પંડ્યા ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીએ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તા. ૩જી ઓગષ્ટ, ૨૦૧૫.

જાહેરનામું

જા. નં. નધણ/એનવીએસ/સા-૯૩૭૭/૨૧૩/૧૯૬૬/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે શ્રી કૈવલ્યધામ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. છાપરા રોડ, નવસારી, તા. જિ. નવસારીને.

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫.

જા. નં. નધણ/એનવીએસ/સા-૯૩૭૮/૨૧૪/૧૯૬૫/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે શ્રી ઓમ રેસીડેન્સી કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. જયશંકર પાર્ટી પ્લોટ પાસે, નવસારી, તા. જિ. નવસારીને.

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા
નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા) ૮૭૭૪/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સુદર્શન હોમ્સ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી, સ્થળ સોલા, તા. અમદાવાદ શહેર (પશ્ચિમ), જિ. અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા) ૮૭૭૫/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી મારૂતી પ્લાઝા રેસીડેન્સી કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી, સ્થળ ચાંદખેડા, તા. અમદાવાદ શહેર (પશ્ચિમ), જિ. અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(કો) ૮૭૭૬/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આનંદ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઓનર્સ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી, સ્થળ અસારવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિ. અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સે(શ) ૪૨૭૧૧/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી લંબોદર ક્રેડિટ એન્ડ સપ્લાય કો. ઓપ. સોસાયટી લી, મુ. ઈસનપુર, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિ. અમદાવાદને.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
(શહેર) અમદાવાદ.

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સે ૪૦૫૭૪/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આઈશ્રી ખોડીયાર બચત અને ધીરાણ સહકારી મંડળી લી., મુ. બદરખા, તા. ધોળકા, જી. અમદાવાદને.

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

ઈ. મ. પુરોહીત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ગ્રામ્ય)
અમદાવાદ.

INDEX

વંચાણે લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી, વારાહી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. નાગલપુર, તા. મહેસાણા અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર સં.મં. મહેસાણાના પત્રથી સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર સદર મંડળીની નોંધણી રદ કરવા માટેની રજુ થયેલ દરખાસ્ત.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૩) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૫૯૨/૫૧૬૪/૨૦૧૫.–શ્રી વારાહી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., મું. નાગલપુર, તા. મહેસાણા, જી. મહેસાણા જેનો નોંધણી ક્રમાંક ઘ-૯૧૫૨, તા. ૨૨-૦૩-૧૯૮૨થી નોંધાયેલ છે જેનું કામકાજ આટોપી લેવા અર્થે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની નિદિષ્ટ થયેલ જોગવાઈ અનુસાર જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૪૭૨/૧૭૮૯૫/૨૦૧૦, તા. ૫-૫-૨૦૧૦થી અંતિમ હુકમ કરવામાં આવેલ. જે ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર સં.મં. મહેસાણા તરફતથી તેઓશ્રીના વંચાણે લીધા ક્રમાંક (૧) થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ -૧૧૪(૨) અન્વયે તથા વંચાણે (૨)માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, વંચાણે લીધા (૩) થી મળેલ અધિકાર અન્વયે ધી વારાહી કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી., મુ. નાગલપુર, તા. મહેસાણા, જી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી, વિશ્વકર્મા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. મહેસાણા અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર સં.મં. મહેસાણાના પત્રથી સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર સદર મંડળીની નોંધણી રદ કરવા માટેની રજુ થયેલ દરખાસ્ત.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૩) નામદાર સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૫૯૧/૫૧૬૩/૨૦૧૫.–શ્રી વિશ્વકર્મા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., મુ. તા. મહેસાણા, જી. મહેસાણા જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૩૩૮, તા. ૧૮-૦૩-૧૯૭૬થી નોંધાયેલ છે જેનું કામકાજ આટોપી લેવા અર્થે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની નિર્દિષ્ટ થયેલ જોગવાઈ અનુસાર જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૬૦૮/૧૬૯૫૭/૨૦૦૮, તા. ૪-૯-૨૦૦૮થી અંતિમ હુકમ કરવામાં આવેલ. જે ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર સં.મં. મહેસાણા તરફતથી તેઓશ્રીના વંચાણે લીધા ક્રમાંક (૧) થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ -૧૧૪(૨) અન્વયે તથા વંચાણે (૨)માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, વંચાણે લીધા (૩) થી મળેલ અધિકાર અન્વયે ધી વિશ્વકર્મા કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. મહેસાણા, જી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હા),
મહેસાણા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, SEPTEMBER 17, 2015 / BHADRA 26, 1937 [No. 38

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1423-1464
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	38
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	75
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3350-3461

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./એ-સેકશન/૬૨/૨૦૧૫.—ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. અને ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. તે પછી વિસર્જનની તારીખ ૨૭, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધીમાં વિસર્જન સરઘસ નિકળનાર છે. અને ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન નદી કે તળાવમાં કરવામાં આવે છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એક્ટ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રી વન અને પર્યાવરણ ખાતાના પત્ર નં. ENV-10-2010-1004-E ની સુચનાથી નામદાર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર હાઈકોર્ટની સુચનાથી આપેલ આદેશ મુજબ પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. તથા ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફ.ક.અ./૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

INDEX

‘‘પ્રતિબંધિત કૃત્યો’’

(૧) પી.ઓ.પી. (પ્લાસ્ટર ઓફ પેરીસની) મુર્તિઓ વિસર્જન સમયે નદીઓ/તળાવના કિનારે પુજન વિધિ કરી નદીઓ/તળાવના કિનારે રાખવી, નદી કે તળાવમાં પધારવવી નહી.

(૨) મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાની રાખવા ઉપર પ્રતિબંધ રહેશે.

(૩) શ્રી ગણેશજીની મુર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારો વધેલી તથા ખંડીત મુર્તિઓને બિનવારસી હાલતમાં મુકશે નહીં.

(૪) શ્રી ગણેશજીની ૯ (નવ) ફુટથી મોટી મુર્તિની સ્થાપના કરવા ઉપર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત ધાર્મિક તહેવારોમાં ઈકો-ફ્રેન્ડલી (Eco-Friendly) મટીરીયલ્સમાંથી મુર્તિઓ બનાવવાની રહેશે અને તેમાં કુદરતી કલરોનો ઉપયોગ કરવાનો રહેશે.

‘‘પ્રતિબંધિત વિસ્તાર’’

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

‘પ્રતિબંધિત સમય’’

તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલમ ૦૦-૦૦ થી તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ક્રમાંક ગ/ઉપક/૬૭/૨૦૧૫.–તાજેતરમાં અમદાવાદ શહેરમાં હોટલમાં રોકાયેલ યુવક-યુવતીઓ અનુસંધાને અનિચ્છનિય બનાવ બનેલાનું ધ્યાન ઉપર આવેલ છે. જે બનાવોની સમાજમાં ખુબ જ ખરાબ અસર પડતી દેખાય છે. જેથી જાહેર સલામતી માટે તેમજ જે લોકો હોટલમાં રૂમ ભાડે રાખે છે. તેઓના હિત ખાતર અને સમાજમાં સારો સંદેશ પહોંચે તે હેતુથી હોટલમાં રૂમ લેનાર વ્યક્તિઓ ઉપર અંકુશ રાખવો જરૂરી જણાય છે.

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)ની જોગવાઇ હેઠળ સાર્વજનીક ખાનપાનની જગ્યા ખોલવા અથવા તો રાખવા માટેના નિયમો અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર માટે પોલીસ કમિશનર અમદાવાદ શહેર દ્વારા જાહેરનામાં ક્રમાંક ૬૨૦, તા. ૧૭-૦૬-૧૯૬૧થી ઘડવામાં આવ્યા છે. કચેરીના તારીખ ૧૯-૧૨-૨૦૦૩ના જાહેરનામાં ક્રમાંક ગ/ઉપક/૧૩૪/૦૩થી જાહેરનામાંના નિયમ ૨૬માં હોટલ/વીશીના માલીકે રાખેલ રજીસ્ટરમાં ગ્રાહકની વિગત નોંધવા પેટા કલમ (૧) (૨) (૩)(૪) નો ઉમેરો સંજોગોને ધ્યાનમાં લેતા ઉચીત જણાતા કરવામાં આવેલ હતો. જેમાં નીચે મુજબનો ઉમેરો કરવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) W અને Y થી મને મળેલ સત્તાની રૂએ સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવા અથવા રાખવા માટેના નિયમો (જાહેરનામા ક્રમાંક ૬૨૦, તા. ૧૭-૬-૧૯૬૧)ના નિયમ ૨૬માં નીચે મુજબનો ઉમેરો કરવા જાહેરનામુ બહાર પાડું છું.

(૧) આ જાહેરનામામાં દર્શાવેલ તમામ નિયમોવાળુ બોર્ડ બનાવી તે હોટલમાં આવતા જતાં ગ્રાહક સહેલાઈથી વાંચી શકે તે રીતે મુકવાનું રહેશે.

(૨) કોઈપણ હોટલ કે ગેસ્ટ હાઉસના માલીક આવાસની સુવિધા મેળવનાર તમામના ફોટા સાથેના આઈ.ડી.પ્રુફની નકલ લેવાની રહેશે.

(૩) હોટલમાં પ્રવેશ કરતા તથા પરત જતાં ગ્રાહકોના ચહેરા C.C.TV માં સ્પષ્ટ આવે તે રીતે કેમેરા ઇન્સ્ટોલ કરવાના રહેશે.

(૪) ગેસ્ટ હાઉસ/હોટલ રજીસ્ટરમાં ચેક-ઇન તથા ચેક-આઉટની એન્ટ્રી આવાસની સુવિધા મેળવનારના હસ્તાક્ષરથી જ કરાવવાની રહેશે.

(૫) આવાસની સુવિધા મેળવનાર યુવક-યુવતી બેગ અને કોઇપણ સામાન વગર આવ્યા હોય અને તેઓ બે કલાક કે તેથી ઓછા સમયમાં રૂમ છોડે ત્યારે તેઓના નામ, સરનામાં અને મોબાઇલ નંબર સાથે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ જાહેરનામાંનો અમલ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

જાહેરનામાંનો ભંગ કરનાર હોટલ/ગેસ્ટ હાઉસ/વીશીના માલીક/ભાગીદારો કે મેનેજર/રીટેનર/સહ કર્મચારી વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મે મારી સહી તથા સિક્કા કરેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ. શા./ઓ.એસ/મોબાઈલ/૫૭૦/૨૦૧૫.–તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ શહેરમાં પાટીદાર અનામત અનુસંધાને આયોજીત સભા તેમજ રેલીમાં કાયદો અને વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. આ પરિસ્થિતિમાં સોશીયલ મીડીયાનું અસામાજીક તત્વો દ્વારા દુરઉપયોગ કરી અફવાઓનો પ્રવાહ ચાલુ કરેલ છે જેને અટકાવવું કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ, તેમજ અમદાવાદ શહેર જનોની જાહેર સલામતી માટે ખુબ જ જરૂરી જણાય છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, આઈ.પી.એસ., અમદાવાદ પોલીસ કમિશનર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩, (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

INDEX

કૃત્યો

અમદાવાદ શહેર વિસ્તારમાં મોબાઈલમાં ઈન્ટરનેટ આપતી કંપનીઓએ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ કલાક ૦૦:૦૦ થી તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ કલાક ૨૪:૦૦ દરમ્યાન તમામ મોબાઈલ સર્વિસ, પ્રોવાઈડરો દ્વારા 2G, 3G ઈન્ટરનેટ સર્વિસ (લેન્ડ લાઈન બ્રોડબેન્ડ સિવાય) બંધ કરવાની રહેશે. તેમજ મોબાઈલ ફોન પર ગૃપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ. ની સુવિધા પણ ગ્રાહકોને પુરી પાડી શકશે નહી. આ હુકમ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૦૦:૦૦ થી તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક DCP/ક્રાઈમ/જાહેરનામું/૧૨૫૨/૨૦૧૫.–તાજેતરમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા આતંકવાદીઓ તરફથી ખુન/ધાડ/લુંટ જેવા ગંભીર પ્રકારના સામાજીક વ્યવસ્થા ખોરવી નાખે તેવા ગુના આચરવા માટે કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા બનાવટી અને ખોટા દસ્તાવેજો આધારે ખોટા નામે મોબાઇલ સીમકાર્ડ મેળવી ગુનો કરતા પહેલાં કે આતંકવાદી કૃત્યને અંજામ આપતા પહેલાં, એકત્ર થવા અને આતંકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઇ જવા માટે અને ગુનેગારો એક બીજા સાથે સંપર્ક જાળવી રાખવા સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યક્તિગત ફોન /મોબાઇલ હોવા છતાં મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO તથા ખોટા નામે મેળવેલ સીમકાર્ડનો ઉપયોગ કરે છે. લેન્ડ લાઇન તથા મોબાઇલ વ્યક્તિગત ધોરણે સુવિધા ધરાવતા હોવા છતાં ગુનો આચરવા માટે જ કોઇન બોક્ષ કે પબ્લીક STD/PCO/ISD બુથથી કે ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડનો ઉપયોગ કરી ખુન/અપહરણ/લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુનાઓ આચરે રાખે છે અને જાહેર સલામતી અને શાન્તી જોખમાય છે તેમજ જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આ જ પ્રકારના કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મોબાઇલ સીમકાર્ડ મેળવી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Calls) કરી ભીડભાડવાળી જગ્યાઓ જેવી કે રેલ્વે સ્ટેશન/બસ સ્ટેન્ડ/ધાર્મિક સ્થળો /મોલ તથા મલ્ટીપ્લેક્ષ/જાહેર સરકારી ઓફિસ તથા એકમો/બેન્કો વિગેરે જ્યાં જાહેર જનતાની મોટા પ્રમાણમાં અવર જવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુક્યાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતીની લાગણી ઉભી કરી ઘણીવાર આવા Hoax Calls ને લીધે ભાગદોડ (સ્ટેમ્પેડ) થવાની અને મોટી જાનહાની થવાની શક્યતા નકારી શકાતી નથી. આ ઉપરાંત આવા કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ દ્વારા કોલર ફોન કરનાર વ્યકિત (કોલર) ની ઓળખ છુપાવી શકાતી હોય સમાજના સ્ત્રી, પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓમાં મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી થતા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ કોલરની ઓળખ માટે કોઇ વ્યવસ્થા ન હોવાના કારણે આવા ગુના બનતા હોવાનું જણાય આવેલ છે. આવા Hoax Calls ની તપાસ કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ સુધી જઇને અટકી જતી હોય છે અને ગુનેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતીની ભાવના પેદા કરે છે.

જેથી આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપનાર ઇસમો અને અસામાજીક તત્ત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી, જાહેર માલમિલ્કતને મોટુ નુકશાન અને નિર્દોષ નાગરિકોને ત્રાસરૂપ વર્તણુંક અટકાવવા તકેદારીના પગલાં રૂપે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલ વિક્રેતા ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, ઈ. રાધાકૃષ્ણ, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩, (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ કોઇન બોક્ષ ટેલીફોન ધારક, પબ્લીક STD/PCO/ISD બુથના માલિક અને મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલ વિક્રેતાઓએ નીચે મુજબની વ્યવસ્થા કર્યા વિના તે વ્યવસાય કરી શકશે નહી.

(૧) કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથ ધરાવનારાઓએ કોલ કરનાર વ્યક્તિનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, જેમાં કોલ કરનાર વ્યક્તિનું પુરૂ નામ, સરનામું અને તેનો મોબાઇલ નંબર રજીસ્ટરમાં લખવો તથા કોલ કરનાર વ્યક્તિએ કયા નંબર ઉપર કોલ કરેલ છે તેની સ્પષ્ટ નોંધ રાખવાની રહેશે. આ નોંધના રજીસ્ટરો ૧ (એક) વર્ષ સુધી સાચવી રાખવાના રહેશે.

(૨) કોઇ પણ જાતના એક્ટીવેટેડ (પુર્વ કાર્યરત) સીમકાર્ડનું વેચાણ કરવામાં આવશે નહી.

(૩) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો / રીટેઇલ વિક્રેતાઓએ કોઇ પણ વ્યક્તિને સીમકાર્ડ વેચાણ કરતા પહેલાં તેના ઓળખ માટે ઓળખકાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ વિગેરે રજુ કરેલ પુરાવાની ચકાસણી કર્યા પછી જ અને ગ્રાહકની ઉપરોક્ત દસ્તાવેજોથી ઓળખ કર્યા પછી જ સીમકાર્ડ એક્ટીવેટ કરવામાં આવશે.

(૪) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલ વિક્રેતાઓએ જ્યારે ગુજરાત રાજ્ય બહારના નામ સરનામા ઉપર સીમકાર્ડ મેળવવા પુરાવાઓ રજુ કરે તો તેનો સીમકાર્ડ એક્ટીવેટ કરતા અગાઉ એક સ્થાનિક વ્યક્તિનો એટલે કે વડોદરા શહેરની વ્યક્તિની ઓળખ ફરજીયાત લેવી.

(૫) જે કોઇ વ્યક્તિ કે સંસ્થા એકથી વધુ સંખ્યામાં (વધારે જથ્થામાં) સીમ કાર્ડ ખરીદવા માટે આવનાર વ્યક્તિ કે દરખાસ્ત કરનાર વ્યક્તિની સંપુર્ણ વિગત રોજે રોજ લાગતા વળગતા સ્થાનિક પોલીસ સ્ટેશને મોકલી આપ્યા બાદ તે સીમકાર્ડ/સીમકાર્ડસનું એકટીવેશન કરી શકાશે.

અમલવારીનો પિરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૪થી નવેમ્બર, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક DCP/ક્રાઈમ/જાહેરનામું/૧૨૫૩/૨૦૧૫.—કોઈપણ સમાજ ત્યારે સભ્ય જણાય કે, જ્યારે સમાજના તમામ વર્ગ શાંતિ અને નિર્ભયતાથી પોતાનું જીવન પસાર કરી શકે વિશેષ કરીને મહિલાઓ અને બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઈને ઘરની બહાર જઈ શકે અને હરીફરી શકે તે ખુબ જ જરૂરી છે.

તેમ છતાં કેટલાક અનિષ્ટ તત્ત્વો સ્કુલ/કોલેજ જતી છાત્રાઓ તથા પોતાના કામે જતી મહિલાઓ તેમજ એકલી જતી મહિલાઓને અશ્લીલ ચેનચાળા કરીને કે પીછો કરીને કે અશ્લીલ શબ્દોનું ઉચ્ચારણ કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે. અમુક કેસોમાં બળત્કાર જેવા ગંભીર બનાવો પણ બની જાય છે. જેથી આવા બનાવોને અટકાવવા તેમજ મહિલા સુરક્ષા વધારવાના હેતુસર વ્યાજબી કારણવગર સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસ તથા મહિલા હોસ્ટેલ આજુબાજુ બેસી રહેતા / ઉભા રહેતા ઈસમો (પુરૂષ) ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, ઈ. રાધાકૃષ્ણ, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ''વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ સ્કુલ/કોલેજ/ટ્યુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઈ પણ પુરૂષ/પુરૂષોએ વ્યાજબી કારણવગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવવામાં આવે છે''.

ઉપરોકત પ્રતિબંધ નીચે જણાવેલ વ્યક્તિઓ ઉપર લાગુ પડશે નહીં.

(૧) સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓ.

(૨) સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા ઓટો તથા વાન, માલીક/ડ્રાઈવરો (જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ).

(૩) સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા વાલીઓ.

(૪) સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર વ્યાજબી કામથી આવતા વિદ્યાર્થી તથા વાલીઓ.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૪થી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : DCP/ક્રાઇમ/જાહેરનામું/૧૨૫૪/૨૦૧૫.—વડોદરા શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઇ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી વડોદરામાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લૂંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયારધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂં.

(૨) મૂર્તિઓની બનાવટમાં મૂર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગનો જ ઉપયોગ કરવો. ઝેરી અને ઉતરતી કક્ષાના રસાયણ કે કેમીકલ યુક્ત રંગોથી મૂર્તિને કલર કરવો નહી.

(૩) મૂર્તિઓની બનાવટમાં ઘાસ, લાકડા, બાંબુ ને બાધ નડશે નહી.

(૪) મૂર્તિની ઉંચાઈ બેઠક સહીત ૯ ફૂટ કરતાં વધારે હોવી જોઈએ નહી.

(૫) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવે છે, તે જગ્યા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહી.

(૬) મૂર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી ખંડીત મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડવી નહીં.

(૭) મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓવાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચાણ કરી શકાશે નહી.

(૮) મહીસાગર જિલ્લા બહારથી આ પ્રકારની બનાવટવાળી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો/વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

ઉપરોક્ત નિયમો મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓના પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ, તા. ૨૩મી જુલાઈ ૨૦૧૨ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરિયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતાં પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનોના આધારે ઘડવામાં આવે છે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

પ્રતિબંધીત વિસ્તાર

મહીસાગર જિલ્લાનું સમગ્ર મહેસુલ વિસ્તાર.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સી. આર. સંગાડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહીસાગર - લુણાવાડા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૬૭૨૪ થી ૬૭૪૩/૨૦૧૫.—ભરૂચ જિલ્લો ઔદ્યોગિક રીતે વિકસીત જિલ્લો છે. તેથી જિલ્લામાં રેલ્વે તથા રોડ માર્ગે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષાઓનો બહોળો ઉપયોગ કરે છે. ભૂતકાળમાં ઓટો રીક્ષામાં મુસાફરી કરતા નાગરિકો સાથે છેતરપીંડી, ખિસ્સા કાતરૂ, મોબાઈલ ફોન, કિંમતી સામાનની ચોરી, ચીલ ઝડપ, લૂંટ-ધાડ, મહિલા-બાળકીઓની છેટતી, બાળકોના અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરિકો ઓટો રીક્ષા નંબર જાણતા નહી હોવાના કારણે ગુનાઓ વણ શોધાયેલ રહે છે.

આમ, આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા અને જાહેર જનતાની સલામતી જળવાય રહે તે માટે ઓટોરીક્ષામાં મુસાફરી કરતા મુસાફરોને ઓટોરીક્ષા નોંધણી નંબર, વાહન ચાલકનું નામ/સરનામું અને પોલીસ કંટ્રોલ રૂમનો સંપર્ક નંબર સહેલાઈથી જોઇ શકે તે રીતનું આયોજન કરવાના હેતુસર ભરૂચ જિલ્લામાં ચાલતી ઓટો રીક્ષાઓમાં મુસાફરી કરતા મુસાફરો સહેલાઈથી જોઇ શકે તે રીતે રીક્ષા ચાલકની સીટની પાછળના ભાગે રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર, વાહન ચાલકનું નામ/સરનામું, સંપર્ક નંબર ફરજીયાત લખવામાં આવે તો ઉક્ત પ્રકારના ગુનાઓ પર અંકુશ મેળવી શકાય તેમ હોય, સદર માહિતી ઓટોરીક્ષા ચાલકની સીટ પાછળ દર્શાવવી અત્યંત આવશ્યક છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ,

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાન માલનું નુકસાન થતું અટકી શકે તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં ચાલતી ઓટોરીક્ષાનાં વાહન ચાલકોને ઓટોરીક્ષા ચાલકની સીટની પાછળના ભાગે ૬'' × ૧૮'' (ઇંચ)ની માપના પતરા અથવા એક્રેલીક (પ્લાસ્ટીક)નાં સફેદ કલરનાં બોર્ડ ઉપર લાલ રંગની બોર્ડર અને લાલ રંગના અક્ષરોમાં વાહન નંબર, વાહન ચાલકનું નામ, સરનામું, સંપર્ક નંબર તેમજ આપાતકાલિન સંપર્ક નંબર તરીકે પોલીસ કંટ્રોલ રૂમનો નંબરો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે ફરજીયાત લખવાના રહેશે.

આ હુકમનો અમલ તા. ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ આ હુકમ પર મેં મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૪૩ (૧) અન્વયે.

ક્રમાંક એમએજી/જન્માષ્ટમી/વશી/૬૭૮૭ થી ૬૭૯૫/૨૦૧૫.– ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ મુકામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે જન્માષ્ટમી, છડીનોમ તથા મેઘરાજા ઉત્સવ નિમિત્તે તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી જાહેર મેળો ભરાનાર છે. અને અમારા માનવા મુજબ નીચે જણાવેલ કૃત્યો પૈકી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો પુરો સંભવ છે. તેથી દરેક વ્યક્તિએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમાં ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા જે તે જગ્યા ઉપર ન્હાવું ધોવું કે, કપડા ધોવા કે જાનવરોને નવડાવવા નહિ અને વાહનો ધોવા નહિ.

(૨) મેળાનાં સ્થળે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવા નહિ.

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલા અગર માનવખાદ્ય માટે બિન ઉપયોગી એવા ફળફળાદિ પીણા તથા ખોરાક વેચવા નહિ.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિ.

(૫) જે વ્યકિત કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરનાં સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી તેવા રોગ અટકાવવા માટેની દવા-ઈન્જેકશન વિગેરે અગાઉથી લીધા વગર યાત્રામાં આવવું નહિ.

વાસ્તે :-

હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૪૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડનાં સ્થળે જ્યાં મેળો ભરાતો હોય તેવા સ્થળોએ ઉપર જણાવેલ કૃત્યો કરવા સંબંધી જણાવેલ શરતો અને સૂચનાનો ચૂસ્તપણે અમલ કરવા આથી હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલા નિયમોનો જે કોઈ વ્યક્તિ ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા ₹ ૨૦૦/- સુધીના દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧લી સપ્ટેમ્બર ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) મુજબનું.

ક્રમાંક એમએજી/જન્માષ્ટમી/વશી/૬૮૫૫ થી ૬૮૬૧/૨૦૧૫.–ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ મુકામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે જન્માષ્ટમી, છડીનોમ તથા મેઘરાજા ઉત્સવ નિમિત્તે તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમ્યાન જાહેર મેળો ભરાનાર છે. અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય, જાહેર જનતાની સલામતી માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશ:ત નિયંત્રણ મુકવાની આવશ્યતા જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ શહેરનાં નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ૧૫-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી તથા તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં ૧૨-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક દરમ્યાન ધોળીકુઈ થી લલ્લુભાઈ ચકલા સુધી તથા ધોળીકુઈ થી સોનેરી મહેલ સુધીનો રસ્તો તમામ પ્રકારનાં વાહન વ્યવહાર માટે બંધ રાખવા ફરમાવું છું. આ હુમક પોલીસ કે બીજા અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈ ફરતા હશે તેને બંધનકર્તા રહેશે નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરાવમાં આવશે.

આજ રોજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(યુ) અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૬૮૬૮ થી ૬૮૭૬/૨૦૧૫.–ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ મુકામે જન્માષ્ટમી, છડીનોમ તથા મેઘરાજા ઉત્સવ નિમિત્તે તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમ્યાન જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે અને ઘાસ, કામળા, વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન સોનેરી મહેલ વિસ્તારની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(યુ) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોકત મેળાનાં દિવસો દરમ્યાન ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારની હદમાં કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમના ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાનીની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઇ.બી./જાહેરનામું/૩૦૨૯, તા. ૦૧-૦૯-૨૦૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/ગુમાનદેવ મેળો/વશી/૬૮૭૯ થી ૬૮૮૭/૨૦૧૫.– ભરૂચ જિલ્લાનાં ઝઘડીયા તાલુકામાં આવેલ ગુમાનદેવ ખાતે આવેલ હનુમાનજીનાં મંદિરે શ્રાવણ માસનાં છેલ્લા બે શનિવારના દિવસે મેળો યોજાનાર છે. મેળામાં મોટી સંખ્યામાં માનવ મેદની ઉભરાતી હોય, રોડની બંને સાઇડમાં તેમજ મંદિરની સામે રોડ ઉપર મેળો ભરાતો હોય, અકસ્માત થવાની સંભાવના રહે છે. જેથી જાહેર જનતાની સલામતી તથા ટ્રાફીક નિયમનનાં હેતુસર ઝઘડીયા થી અંકલેશ્વર-ભરૂચ તરફ આવતા રોડ ઉપર ભારે વાહનો તથા ફોર વ્હીલ વાહનોને શ્રાવણ માસનાં છેલ્લા બે શુક્રવાર અને શનિવારનાં રોજ ડાયવર્ઝન આપવું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ગુમાનદેવ શાતે યોજાનાર મેળામાં મોટી સંખ્યામાં જનમેદની થનાર હોય, જાહેર જનતાની સલામતી તથા ટ્રાફીક નિયમનનાં હેતુ માટે ઝઘડીયા થી અંકલેશ્વર-ભરૂચ તરફ આવતા ભારે તથા ફોર વ્હીલ વાહનોનો વાહન વ્યવહાર,

(૧) તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં ૧૫-૦૦ કલાક થી તા. ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ કલાક સુધી તથા (૨) તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં ૧૫-૦૦ કલાક થી તા. ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ કલાક સુધી નીચે મુજબના રોડ ઉપર ભારે વાહનો તથા ફોર વ્હીલ વાહનોને ડાયવર્ટ કરવાના રહેશે.

(૨) ઝઘડીયા થી અંકલેશ્વર-ભરૂચ તરફ આવતા વાહનો ઝઘડીયા ત્રણ રસ્તા થઇ વંઠેવાડ, સેલોદ, જીઆઇડીસી, ફુલવાડી, કપલસાડી પાટીયા થઇ ઝઘડીયા - અંકલેશ્વરનાં મુખ્ય રોડ પર ડાયવર્ટ કરવાના રહેશે.

(૩) અંકલેશ્વર-ભરૂચ તરફથી ઝઘડીયા તરફ જતાં વાહનો ગુમાનદેવ ફાટક ત્રણ રસ્તાથી કપલસાડી પાટીયાથી ફુલવાડી, જી.આઇ.ડી.સી., સેલોદ, વંઠેવાડ થઇ ઝઘડીયા તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(યુ) અન્વયેનું.

ક્રમાંક એમએજી/ગુમાનદેવ મેળો/વશી/૬૮૮૮ થી ૬૮૯૪/૨૦૧૫.– ભરૂચ જિલ્લાનાં ઝઘડીયા તાલુકામાં આવેલ ગુમાનદેવ હનુમાનજીના મંદિરે શ્રાવણ માસના ચોથા અને પાંચમાં શનિવારે યોજાનાર મેળા દરમ્યાન મોટી સંખ્યામાં માનવ મેદની ઉભરાતી હોય છે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે અને ઘાસ, કામળા, વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન ગુમાનદેવ તા. ઝઘડીયા ખાતે ભરાતા ધાર્મિક મેળાના આજુબાજુનાં ૫ કિ.મી. નાં ઘેરાવાનાં વિસ્તારમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(યુ) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે શ્રાવણ માસનાં ચોથા શનિવાર તા. ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ તથા પાંચમાં શનિવાર તા. ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગુમાનદેવ, તા. ઝઘડીયા ખાતે ભરાતા ધાર્મિક મેળાનાં આજુબાજુના ૫ કિ.મી.નાં ઘેરાવાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમના ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાનીની કલમ ૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) મુજબનું.

ક્રમાંક એમએજી/જન્માષ્ટમી/વશી/૬૮૯૫ થી૬૯૦૧/૨૦૧૫.–ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં તથા ગ્રાઉન્ડ મુકામે પ્રતિ વર્ષની માફક ચાલુ વર્ષે જન્માષ્ટમી છડીનોમ, મેઘરાજા ઉત્સવ નિમિત્તે તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમ્યાન જાહેર મેળો ભરાનાર છે. અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રીત તથા હોય, જાહેર જનતાની સલામતિ માટે ઉપરોક્ત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ શહેરનાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં કલાક ૨૪-૦૦ થી તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ નાં ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીશ્રીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેમને બંધનકર્તા રહેશે નહી.

INDEX

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.

(૨) લલ્લુભાઇ ચકલાથી ભોઇવાડા સોનેરી મહેલ સુધી.

(૩) હાજીખાના ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.

(૪) કોઠી એડ્રેસ રોડથી સોનેરી મહેલ સુધી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ રોજ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

કલેકટર દ્વારા

વંચાણમાં લીધા :-

(૧) અત્રેની કચેરીના હુકમ નં. ઈ/પુરવઠા/કસન/કેરોસીન પરિવહનદર/વશી/૨૯૬૫ થી ૩૦૨૪, તા. ૨૭-૧૧-૨૦૧૪.

(૨) સરકારશ્રીના અન્ન અને નાગરીક પુરવઠા અને ગ્રા.બા. વિ. ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન/૧૦૨૦૧૪/જીઓઆઇ/૬/બ, તા. ૩-૧૧-૨૦૧૪.

(૩) બનાસકાંઠા પેટ્રોલીયમ એસોસીએશનના પત્ર તા. ૧૯-૬-૨૦૧૫ તથા તા. ૬-૭--૨૦૧૫.

(૪) ડીલર શ્રી, પસાભાઇ એન્ડ સન્સ, પાલનપુરના તા. ૧૪-૭-૨૦૧૫નો પત્ર.

(૫) ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકત્તમ કિંમત નક્કી કરવા બાબતના) આદેશ-૧૯૯૩.

હુકમ

નંબર ઈ/પુરવઠા/કસન/કેરોસીન પરિવહનદર/વશી/ ૨૪૧૫ થી ૨૪૬૧/૨૦૧૫.—આમુખ-૧ના હુકમથી જિલ્લામાં હાલમાં સુજાણપુર-સિધ્ધપુરથી આઇઓસીએલ તથા બીપીસીએલ ટર્મીનલ અને ચંડીસર, તા. પાલનપુરના એચપીસીએલ ટર્મીનલથી આવતા કેરોસીનના એક્સ ડેપો ભાવ નક્કી કરવામાં આવેલ છે.

આમુખ-૨ના સરકારશ્રીના અન્ન અને નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ, ગાંધીનગરના પત્ર સાથે સામેલ થઇ આવેલ ભારત સરકારશ્રીના મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલીયમ એન્ડ નેચરલ ગેસ, ન્યુ દિલ્હીના પત્ર તા. ૨૧-૧૦-૨૦૧૪ થી હોલસેલ ડીલર (form XV) નું કમીશન રૂા. ૪૩૮-૨૪ પ્રતિ કે.એલ.માં વધારો કરી પ્રતિ કે.એલ. ₹ ૫૩૬.૦૯ પૈસા કરેલ હોઇ તે અન્વયે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

આમુખ-૩ તથા આમુખ-૪ પત્રથી તાજેતરમાં કેરોસીનના ભાવમાં સુજાણપુર આઇ.ઓ.સી.એલ./બી.પી.સી.એલ.ના ભાવ ૧ કિલોના ₹ ૪૪-૬૪ પૈસાનો વધારો થયેલ છે. એટલે કે અગાઉ ₹ ૧૨૯૨૮-૧૮ પૈસાથી વધીને ₹ ૧૨૯૭૨-૮૨ થયેલ છે. એટલે કે પ્રતિ કિ. લીટરના ₹ ૪૪-૬૪ પૈસાનો વધારો થયેલ છે. જ્યારે ચંડીસર એચ.પી.સી.એલ. ડેપોના ભાવ ૧ કિલોના ₹ ૯-૩૭ પૈસાનો વધારો થયેલ છે. એટલે કે અગાઉ ₹ ૧૨૯૩૭-૧૦ પૈસાથી વધીને ₹ ૧૨૯૪૬-૪૭ થયેલ છે.

સબબ, આમુખ-૫ના ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા બાબતના) આદેશ-૧૯૯૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, દિલીપકુમાર રાણા (આઇ.એ.એસ.), કલેકટર, બનાસકાંઠા, પાલનપુર કેરોસીન એજન્ટ તથા જથ્થાબંધ વિક્રેતાએ છુટક વિક્રેતાઓને તથા છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાના કમીશન સાથેના ભાવો કેન્દ્રવાર નીચે પ્રમાણે આ સાથેની શરતોને આધીન રહીને ઠરાવું છું.

૧. સિદ્ધપુર (સુજાણપુર ડેપો) થી આઈઓસીએલ/બીપીસીએલના પ્રાપ્ત થતા કેરોસીનના ભાવો.

અ. નં.	સ્થળનું નામ	કેરોસીન એજન્ટે છુટક વિક્રેતા/ફેરીયાને ધંધાના સ્થળે ડીલીવરી આપવાના ૧ કિ.લી. ના ભાવ (રૂા. પૈસા)	છુટક વિક્રેતા/ફેરીયાએ વાપરનાર વર્ગ ગ્રાહકને વેચાણ કરવાનો ૧ લી. કેરોસીનનો ભાવ (રૂા. પૈસા)
૧	પાલનપુર	૧૪૪૨૪-૨૧	૧૫-૦૫
૨	ડીસા	૧૪૪૨૪-૨૧	૧૫-૦૫
૩	ભીલડી	૧૪૪૨૪-૨૧	૧૫-૦૫
૪	ધાનેરા	૧૪૪૭૮-૨૧	૧૫-૧૦
૫	દિયોદર	૧૪૫૭૬-૨૧	૧૫-૨૦
૬	ભાભર	૧૪૬૯૬-૨૧	૧૫-૩૦
૭	શિહોરી	૧૪૫૩૪-૨૧	૧૫-૧૫
૮	થરા	૧૪૬૧૮-૨૧	૧૫-૨૫
૯	થરાદ	૧૪૬૧૬-૨૧	૧૫-૨૫
૧૦	વડગામ	૧૪૪૨૪-૨૧	૧૫-૦૫
૧૧	વાવ	૧૪૬૯૧-૨૧	૧૫-૩૦
૧૨	દાંતા	૧૪૪૨૪-૨૧	૧૫-૦૫
૧૩	અમીરગઢ	૧૪૪૪૯-૭૧	૧૫-૦૫
૧૪	દાંતીવાડા	૧૪૪૨૪.૨૧	૧૫-૦૫

INDEX

૨. ચંડીસર ડેપો પરથી એચપીસીએલના પ્રાપ્ત થતા કેરોસીનના ભાવો.

અ. નં.	સ્થળનું નામ	કેરોસીન એજન્ટે છુટક વિક્રેતા/ફેરીયાને ધંધાના સ્થળે ડીલીવરી આપવાના ૧ કિ.લી. ના ભાવ (રૂા. પૈસા)	છુટક વિક્રેતા/ ફેરીયાએ વાપરનાર વર્ગ ગ્રાહકને વેચાણ કરવાનો ૧ લી. કેરોસીનનો ભાવ (રૂા. પૈસા)
૧	પાલનપુર	૧૪૩૯૭-૮૬	૧૫-૦૦
૨	ડીસા	૧૪૩૯૭-૮૬	૧૫-૦૦
૩	ભીલડી	૧૪૩૯૭-૮૬	૧૫-૦૦
૪	ધાનેરા	૧૪૩૯૭-૮૬	૧૫-૦૦
૫	દિયોદર	૧૪૪૧૭-૮૬	૧૫-૦૫
૬	ભાભર	૧૪૪૧૭-૮૬	૧૫-૦૫
૭	શિહોરી	૧૪૪૧૭-૮૬	૧૫-૦૫
૮	થરા	૧૪૪૧૭-૮૬	૧૫-૦૫
૯	થરાદ	૧૪૩૯૭-૮૬	૧૫-૦૦
૧૦	વડગામ	૧૪૩૯૭-૮૬	૧૫-૦૦
૧૧	વાવ	૧૪૪૧૫-૮૬	૧૫-૦૫
૧૨	દાંતા	૧૪૩૯૭-૮૬	૧૫-૦૦
૧૩	અમીરગઢ	૧૪૪૨૩-૩૬	૧૫-૦૫
૧૪	દાંતીવાડા	૧૪૩૯૭-૮૬	૧૫-૦૦

શરતો :-

(૧) આ ભાવોનો અમલ હુકમની તારીખથી કરવાનો રહેશે. તેમજ આ ભાવો અમલમાં આવતા અગાઉના ભાવો રદ ગણાશે.

(૨) આ ભાવોમાં ટ્રાન્સપોર્ટેશન ચાર્જ ટુંકા અંતર માટે (૧૭૦ કિ.મી. સુધી) પ્રતિ કિ.લી. ₹ ૫૧૦-૦૦ પૈસા તેમજ વધુ અંતર માટે પ્રતિ કિ.લી./કિ.મી. એ રૂા. ૩-૦૦ પૈસા ગણવામાં આવેલ છે.

(૩) કેરોસીન ડીલરે/રીટેલર/ફેરીયાના ધંધાના સ્થળે કેરોસીનનો જથ્થો ઉતારવા માટે ૧ કિ.લી. ના ₹ ૨૨૫-૦૦ પૈસા ટ્રાન્સપોર્ટ ચાર્જની ગણતરી આ ભાવમાં કરવામાં આવેલ છે. તેથી ડેપો પરથી કેરોસીન અનિવાર્ય કિસ્સામાં વિતરણ કરવામાં આવે તેવા સંજોગોમાં ટ્રાન્સપોર્ટ ચાર્જમાંથી આ રકમ બાદ આપવાની રહેશે.

(૪) ઈતર ખર્ચ એજન્ટ કક્ષાએ ₹ ૧૮૦-૩૦ પૈસા તથા કમીશનના ₹ ૫૩૬-૦૯ ગણવામાં આવેલ છે. જ્યારે છુટક વિતરણ કરવામાં છુટક વિક્રેતા/ફેરીયા કક્ષાએ ઈતર ખર્ચ ₹ ૫૪/- તથા કમિશનના ₹ ૫૬૩/- પ્રતિ કિ.લી. એ ગણવામાં આવેલ છે.

(૫) એજન્ટે કેરોસીનનો જથ્થો છુટક વિક્રેતા/ફેરીયાના ધંધાના સ્થળે ઉતારવાનો રહેશે.

(૬) ઉપર મુજબના ભાવોમાં તમામ સ્ટેજે અપાતા કમિશનનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૭) ઉપર્યુક્ત ઠરાવેલ ભાવથી ડીલર/છુટક વિક્રેતા/ફેરીયાઓ વધારે ભાવો લઈ શકશે નહીં.

(૮) કેરોસીનનો વેપાર કરતા ડીલર/છુટક વિક્રેતાએ ધંધાના સ્થળે ભાવો પ્રદર્શીત કરવાના રહેશે.

(૯) ઉપરના ભાવો પાલનપુર (ચંડીસર) તથા સિધ્ધપુર (સુજાણપુર) ટર્મીનલ પોઈન્ટથી સપ્લાય થતા કેરોસીનને અલગ-અલગ લાગુ પડશે.

સિદ્ધપુર આઈઓસીએલ/બીપીસીએલ ડેપોથી કેરોસીન એજન્ટોએ છુટક વિક્રેતાઓના ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવાના ૧ કિ.લી. ના ભાવ તા. ૧-૦૯-૨૦૧૫ થી

અ.નં.	ડીલરનું ધંધાનું સ્થળ	ઓઈલ ડેપો સિદ્ધપુરના ૧ કિ. લી.ના ભાવ	ડીલરનું કમીશન ઈતર ખર્ચ સહિત કમીશન ૫૩૬-૦૯ ઈતર ખર્ચ ૧૮૦-૩૦ કુલ ૭૧૬-૩૯	સિદ્ધપુર ટર્મીનલમાંથી ડીલરના ધંધાના સ્થળના કી.મી. (આવવા-જવાના)	૧ કિ.મી./૧ કિ.લી.ના ₹ ૩-૦૦ પૈસા મુજબ ટ્રાન્સપોર્ટ ચાર્જ ટુંકા અંતર માટે ₹ ૫૧૦-૦૦	ડીલરે રીટેલરના ધંધાના સ્થળે કેરોસીનનો જથ્થો ઉતારવા પેટે	ચિત્રાસણી ટોલનાકાથી વસુલ કરવામાં આવતા ટોલદર પ્રતિ કિ.લી. ₹	મુડેઠા ટોલનાકાથી વસુલ કરવામાં આવતા ટોલદર પ્રતિ કિ.લી. ₹	એજન્ટે વિક્રેતાના ધંધાના સ્થળે વેચાણ કરવાનો ૧ કિ.લી. નો ભાવ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	પાલનપુર	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૬૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૪૨૪.૨૧
૨	ડીસા	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૧૨૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૪૨૪.૨૧
૩	ભીલડી	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૧૬૧	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૪૨૪.૨૧
૪	ધાનેરા	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૧૮૮	૫૬૪.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૪૭૮-૨૧
૫	દિયોદર	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૨૧૪	૬૪૨.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૨૦.૦૦	૧૪૫૭૬-૨૧
૬	ભાભર	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૨૫૪	૭૬૨.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૨૦.૦૦	૧૪૬૯૬-૨૧
૭	શિહોરી	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૨૦૦	૬૦૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૨૦.૦૦	૧૪૫૩૪-૨૧
૮	થરા	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૨૨૮	૬૮૪.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૨૦.૦૦	૧૪૬૧૮-૨૧
૯	થરાદ	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૨૩૪	૭૦૨.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૬૧૬-૨૧
૧૦	વડગામ	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૩૩	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૪૨૪-૨૧
૧૧	વાવ	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૨૫૯	૭૭૭.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૬૯૧-૨૧
૧૨	દાંતા	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૧૩૬	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૪૨૪-૨૧
૧૩	અમીરગઢ	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૧૩૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૨૫.૫૦	૦.૦૦	૧૪૪૪૯-૭૧
૧૪	દાંતીવાડા	૧૨૯૭૨.૮૨	૭૧૬.૩૯	૧૨૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૪૨૪.૨૧

સિદ્ધપુર આઈઓસી/બીપીસીએલ ડેપોથી કેરોસીન છુટક વિક્રેતાએ ઘરગથ્થું વાપરનાર ગ્રાહકોને વહેંચણી કરવાના ૧ કિ. લી. ના ભાવ, તા. ૧-૦૯-૨૦૧૫ થી

અ.નં.	ડીલરનું ધંધાનું સ્થળ	૧ કિ.લી.ના કેરોસીન છુટક વિક્રેતા/ફેરીયાની ખરીદ કિંમત	છુટક વિક્રેતા/ફેરીયા ઈતર ખર્ચ સહિત કમીશન ૫૬૩-૦૦ ઈતર ખર્ચ ૫૪-૦૦ કુલ ખર્ચ ૬૧૭-૦૦	કોલમ ૩ અને ૪નો સરવાળો	છુટક વિક્રેતા / પરવાનેદારની પડતર કિંમત સાથે ૧ લી. નો ભાવ	છુટક વિક્રેતા/ફેરીયાને ગ્રાહક (વાપરનાર)ને વેચાણ કરવાનો ભાવ રાઉન્ડ ફીગરમાં
૧	૨	૩	૪	૫	૬	૭
૧	પાલનપુર	૧૪૪૨૪-૨૧	૬૧૭.૦૦	૧૫૦૪૧.૨૧	૧૫.૦૪	૧૫-૦૫
૨	ડીસા	૧૪૪૨૪-૨૧	૬૧૭.૦૦	૧૫૦૪૧.૨૧	૧૫.૦૪	૧૫-૦૫
૩	ભીલડી	૧૪૪૨૪-૨૧	૬૧૭.૦૦	૧૫૦૪૧.૨૧	૧૫.૦૪	૧૫-૦૫
૪	ધાનેરા	૧૪૪૭૮-૨૧	૬૧૭.૦૦	૧૫૦૯૫.૨૧	૧૫.૧૦	૧૫-૧૦
૫	દિયોદર	૧૪૫૭૬-૨૧	૬૧૭.૦૦	૧૫૧૯૩.૨૧	૧૫.૧૯	૧૫-૨૦
૬	ભાભર	૧૪૬૯૬-૨૧	૬૧૭.૦૦	૧૫૩૧૩.૨૧	૧૫.૩૧	૧૫-૩૦
૭	શિહોરી	૧૪૫૩૪-૨૧	૬૧૭.૦૦	૧૫૧૫૧.૨૧	૧૫.૧૫	૧૫-૧૫
૮	થરા	૧૪૬૧૮-૨૧	૬૧૭.૦૦	૧૫૨૩૫.૨૧	૧૫.૨૪	૧૫-૨૫
૯	થરાદ	૧૪૬૧૬-૨૧	૬૧૭.૦૦	૧૫૨૩૩.૨૧	૧૫.૨૩	૧૫-૨૫
૧૦	વડગામ	૧૪૪૨૪-૨૧	૬૧૭.૦૦	૧૫૦૪૧.૨૧	૧૫.૦૪	૧૫-૦૫
૧૧	વાવ	૧૪૬૯૧-૨૧	૬૧૭.૦૦	૧૫૩૦૮.૨૧	૧૫.૩૧	૧૫-૩૦
૧૨	દાંતા	૧૪૪૨૪-૨૧	૬૧૭.૦૦	૧૫૦૪૧.૨૧	૧૫.૦૪	૧૫-૦૫
૧૩	અમીરગઢ	૧૪૪૪૯-૭૧	૬૧૭.૦૦	૧૫૦૬૬.૭૧	૧૫.૦૭	૧૫-૦૫
૧૪	દાંતીવાડા	૧૪૪૨૪-૨૧	૬૧૭.૦૦	૧૫૦૪૧.૨૧	૧૫.૦૪	૧૫-૦૫

INDEX

ચંડીસર એચ.પી.સી.એલ. ડેપોથી કેરોસીન એજન્ટોએ છુટક વિક્રેતાઓના ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવાના ૧ કિ. લી. ના ભાવ, તા. ૧-૦૯-૨૦૧૫ થી

અ.નં.	ડીલરનું ધંધાનું સ્થળ	ઓઈલ ડેપો પાલનપુર (ચંડીસર) ના ૧ કિ. લી.ના ભાવ	ડીલરનું કમીશન ઈતર ખર્ચ સહિત કમીશન ૫૩૬-૦૯ ઈતર ખર્ચ ૧૮૦-૩૦ કુલ ૭૧૬-૩૯	પાલનપુર (ચંડીસર) ટર્મીનલમાંથી ડીલરના ધંધાના સ્થળના કી.મી. (આવવા-જવાના)	૧ કિ.મી./૧ કિ.લી. ના ₹ ૩-૦૦ પૈસા મુજબ ટ્રાન્સપોર્ટ ચાર્જ ટુંકા અંતર માટે ₹ ૫૧૦-૦૦	ડીલરે રીટેલરના ધંધાના સ્થળે કેરોસીનનો જથ્થો ઉતારવા પેટે	ચિત્રાસણી ટોલનાકાથી વસુલ કરવામાં આવતા ટોલદર પ્રતિ કિ.લી. ₹	મુડેઠા ટોલનાકાથી વસુલ કરવામાં આવતા ટોલદર પ્રતિ કિ.લી. ₹	એજન્ટે વિક્રેતાના ધંધાના સ્થળે વેચાણ કરવાનો ૧ કિ.લી. નો ભાવ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	પાલનપુર	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૩૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૩૯૭-૮૬
૨	ડીસા	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૩૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૩૯૭-૮૬
૩	ભીલડી	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૭૪	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૩૯૭-૮૬
૪	ધાનેરા	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૧૦૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૩૯૭-૮૬
૫	દિયોદર	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૧૩૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૨૦.૦૦	૧૪૪૧૭-૮૬
૬	ભાભર	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૧૭૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૨૦.૦૦	૧૪૪૧૭-૮૬
૭	શિહોરી	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૧૧૪	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૨૦.૦૦	૧૪૪૧૭-૮૬
૮	થરા	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૧૪૬	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૨૦.૦૦	૧૪૪૧૭-૮૬
૯	થરાદ	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૧૫૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૩૯૭-૮૬
૧૦	વડગામ	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૫૪	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૩૯૭-૮૬
૧૧	વાવ	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૧૭૬	૫૨૮.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૪૧૫-૮૬
૧૨	દાંતા	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૧૦૬	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૩૯૭-૮૬
૧૩	અમીરગઢ	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૧૦૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૨૫.૫૦	૦.૦૦	૧૪૪૨૩-૩૬
૧૪	દાંતીવાડા	૧૨૯૪૬.૪૭	૭૧૬.૩૯	૩૦	૫૧૦.૦૦	૨૨૫.૦૦	૦.૦૦	૦.૦૦	૧૪૩૯૭-૮૬

ચંડીસર એચપીસીએલ ડેપોથી કેરોસીન એજન્ટોએ છુટક વિક્રેતાએ ઘરગથ્થું વાપરનાર ગ્રાહકોને વહેંચણી કરવાના ૧ લી. ના ભાવ, તા. ૧-૦૯-૨૦૧૫ થી

અ.નં.	ડીલરનું ધંધાનું સ્થળ	૧ કિ.લી.ના કેરોસીન છુટક વિક્રેતા/ફેરીયાની ખરીદ કિંમત	છુટક વિક્રેતા/ફેરીયા ઈતર ખર્ચ સહિત કમીશન ૫૬૩-૦૦ ઈતર ખર્ચ ૫૪-૦૦ કુલ ખર્ચ ૬૧૭-૦૦	કોલમ ૩ અને ૪નો સરવાળો	છુટક વિક્રેતા / પરવાનેદારની પડતર કિંમત સાથે ૧ લી. નો ભાવ	છુટક વિક્રેતા/ફેરીયાને ગ્રાહક (વાપરનાર)ને વેચાણ કરવાનો ભાવ રાઉન્ડ ફીગરમાં
૧	૨	૩	૪	૫	૬	૭
૧	પાલનપુર	૧૪૩૯૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૧૪.૮૬	૧૫.૦૧	૧૫-૦૦
૨	ડીસા	૧૪૩૯૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૧૪.૮૬	૧૫.૦૧	૧૫-૦૦
૩	ભીલડી	૧૪૩૯૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૧૪.૮૬	૧૫.૦૧	૧૫-૦૦
૪	ધાનેરા	૧૪૩૯૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૧૪.૮૬	૧૫.૦૧	૧૫-૦૦
૫	દિયોદર	૧૪૪૧૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૩૪.૮૬	૧૫.૦૩	૧૫-૦૫
૬	ભાભર	૧૪૪૧૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૩૪.૮૬	૧૫.૦૩	૧૫-૦૫
૭	શિહોરી	૧૪૪૧૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૩૪.૮૬	૧૫.૦૩	૧૫-૦૫
૮	થરા	૧૪૪૧૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૩૪.૮૬	૧૫.૦૩	૧૫-૦૫
૯	થરાદ	૧૪૩૯૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૧૪.૮૬	૧૫.૦૧	૧૫-૦૦
૧૦	વડગામ	૧૪૩૯૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૧૪.૮૬	૧૫.૦૧	૧૫-૦૦
૧૧	વાવ	૧૪૪૧૫-૮૬	૬૧૭.૦૦	૧૫૦૩૨.૮૬	૧૫.૦૩	૧૫-૦૫
૧૨	દાંતા	૧૪૩૯૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૧૪.૮૬	૧૫.૦૧	૧૫-૦૦
૧૩	અમીરગઢ	૧૪૩૨૩-૩૬	૬૧૭.૦૦	૧૫૦૪૦.૩૬	૧૫.૦૪	૧૫-૦૫
૧૪	દાંતીવાડા	૧૪૩૯૭-૮૬	૬૧૭.૦૦	૧૫૦૧૪.૮૬	૧૫.૦૧	૧૫-૦૦

પાલનપુર, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૧૫.

દિલીપકુમાર રાણા,
કલેકટર,
બનાસકાંઠા, પાલનપુર.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા(હા)૯૩૧૩/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, આમ્રપાલી રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ તરસાલી, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૧૫.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા(હા)૯૩૦૭/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, દર્શનમ વાટીકા રેસીડેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા(હા)૯૩૧૦/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, વૈદેહી હોમ્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા(હા)૯૩૧૨/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, અમૃત આર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ સમા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા(હા)૯૩૦૯/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, મંગલા ગ્રીન્સ એ-૫ ટાવર કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ તરસાલી, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સા(હા)૯૩૦૮/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, મંગલા ગ્રીન્સ એ-૪ ટાવર કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ તરસાલી, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૨૨-૧૨-૨૦૧૧ના હુકમ ક્રમાંક ફડચ/ ફ-૧૧૮૦૧૧/ ઘ-૨/૫૮૯/૨૦૧૧.

(૨) અત્રેની કચેરીના તા. ૨૫-૪-૨૦૧૪ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ઘ-૨/૧૧૦/૨૦૧૪

(૩) સહકારી અધિકારી ફડચા નં. (૩) વડોદરાના તા. ૨૬-૬-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ફ-૩/૪૪૩/૧૫થી નોંધણી રદ કરવા આવેલ દરખાસ્ત.

(૪) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક GHKH-51-2005-NSB-12-2002-3011-CH, તા. ૨૧-૦૭-૧૧ તથા જા. ના. ક્રમાંક GHKH-62-2011-NSB-12-2002-3011-CH, તા. ૨૬-૦૮-૨૦૧૧.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/૦૧/ઘ-૨/૫૩૯/૨૦૧૫.–ધી વિશ્વકલ્યાણ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ. પલાસવાડા તા. ડભોઈ, જી. વડોદરાની નોંધણી, નોંધણી ક્રમાંક ઘ-૧૧૭૦૪, તા. ૧૧-૦૨-૧૯૮૫થી કરવામાં આવી હતી. સદર મંડળીને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ, મંડળીના ફડચા અધિકારી તરીકે, શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧, લગત સદર કચેરી વડોદરાની નિમણૂંક કરવામાં આવેલ હતી. ફડચા અધિકારીએ તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ ચાર્જ સંભાળેલ હતો. ત્યારબાદ આમુખ (૨) મુજબના સુધારા હુકમથી શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૩), લગત સદર કચેરી વડોદરાની નિમણૂંક કરવામાં આવેલ હતી. ફડચા અધિકારી દ્વારા કોઈ મુદત વધારો માંગવામાં આવેલ નથી.

મંડળીને આટોપવાની કામગીરી આમુખ (૩) મુજબની દરખાસ્તમાં જણાવ્યા મુજબ ફડચા અધિકારીશ્રીએ સહકારી કાયદા કાનૂન હેઠળ હાથ ધરી, મંડળીના દેવા-લ્હેણાંનો નિકાલ કરી પૂર્ણ કરેલ છે. ફડચા અધિકારીએ જણાવેલ વિગતો મુજબ મંડળીને આટોપી લઈને સહકારી કાયદાની કલમ-૨૦(૧) અન્વયે મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત અત્રેને મોકલેલ છે. જેમાં તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૦ થી તારીખ ૧૦મી જૂન, ૨૦૧૫ સુધીના છેલ્લા ઓડીટના અહેવાલની નકલ રજુ કરેલ છે. જેમાં મંડળીની નોંધણી રદ કરવા ભલામણ થયેલ છે. ઓડીટ રીપોર્ટમાં તારીજ, નફા નુકસાન ખાતું તથા સરવૈયુ રજુ થયેલ છે. જે અનુસાર સદર મંડળીના દેવા-લ્હેણાંનો નિકાલ કરી ફડચા અધિકારીએ તારીખ ૧૦મી જુન, ૨૦૧૫નું સરવૈયું શુલ્ય કરેલ છે. જેને સબ ઓડીટર સ. મં. (૨) વડોદરાએ વેરીફાઈ કરેલ છે. તા. ૨૦મી જુન, ૨૦૧૫ના રોજ ભરેલ મંડળીની અંતિમ ખાસ સાધારણ સભામાં ઠરાવ નં. (૩) થી મંડળીની નોંધણી રદ કરવા નક્કી થયેલ છે.

મંડળીમાં હવે કોઈ કામગીરી બાકી રહેતી નથી તેમજ મંડળીની કોઈ જ મિલ્કતોનો નિકાલ કરવાનો બાકી નથી. મંડળીનું છેલ્લું ઓડીટ પણ પુર્ણ થયેલ છે. તારીખ ૧૦મી જુન, ૨૦૧૫ના રોજનું શુન્ય થયેલ સરવૈયું પણ શ્રી સબઓડીટર સ. મં. (૨) વડોદરા દ્વારા વેરીફાઈ થયેલ છે.

આમ ઉપર જણાવેલ વિગતો મુજબા ફડચા અધિકારીશ્રી તરફથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ભલામણ સહ દરખાસ્ત આમુખ-(૩) થી અત્રે રજુ થયેલ છે. જેથી સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોઈ, ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમાં લેતા, આમુખ-(૪)માં જણાવેલ જાહેરનામા અન્વયે અમોને મળેલ સત્તાને આધિન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી વિશ્વકલ્યાણ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ. પલાસવાડા તા. ડભોઈ, જી. વડોદરાની નોંધણી ક્રમાંક ઘ-૧૧૭૦૪, તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૮૫થી કરવામાં આવેલ હતી. સદરહું મંડળીને પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર, આમુખ (૧) થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. આમુખ (૩) માં જણાવેલ વિગતે મંડળીને આટોપવાની તમામ કામગીરી તારીખ ૧૦મી જુન, ૨૦૧૫ના રોજ પુર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી, ફડચા અધિકારીએ મંડળીની નોંધણી રદ કરવા માટે દરખાસ્ત આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીની કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે, સદર મંડળીની ફડચા ની કામગીરી આ હુકમની તારીખથી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી ઉકત કાયદાની કલમ-૨૦ અન્વયે આથી રદ કરવામાં આવે છે. જેથી આ હુકમની તારીખથી સદરહુ મંડળી આથી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૧૫.

કે. એલ. ખાંટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ)
વડોદરા.

નંબર નધણ/ગ-૨/બીડીઆર/સે/(શ)૪૨૧૪૦/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી ખત્રી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૧૫.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જા. નં. નધણ/વીએલડી/સા-૯૨૫૦/૨૩૮/૧૯૩૮/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી સંસ્કૃતિ એવન્યુ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., કિલ્લા પારડી, નેસનલ હાઈવે નં. ૮, પ્રજાપતિ હોલની સામે, તા. પારડી, જિલ્લો વલસાડને,

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો) અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ), વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના પત્રક ક્રમાંક વહટ/૦૧/ખ-૧/૧૬૮/૨૦૧૫ તા. ૦૯-૦૪-૨૦૧૫ તથા પત્રક ક્રમાંક વહટ/૦૧/ખ-૧/૩૫૬/૨૦૧૫ તા. ૧૦-૦૬-૨૦૧૫

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ ક-૧/ ૪૩૯ થી ૪૫૪/૨૦૧૫ તા. ૧૫-૦૭-૨૦૧૫

(૩) ધી નાંદોદ તાલુકા સહકારી જીનીંગ પ્રેસીંગ એન્ડ કોટન સેલ સોસાયટી લી., રાજપીપલાના ચેરમેનશ્રીનો પત્ર તા. ૨૮-૦૭-૨૦૧૫.

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ખ-૧/૫૦૦ થી ૫૧૫/૨૦૧૫ તા. ૪-૦૮-૨૦૧૫.

(૫) ધી નાંદોદ તાલુકા સહકારી જીનીંગ પ્રેસીંગ એન્ડ કોટન સેલ સોસાયટી લી., રાજપીપલા દ્વારા તા. ૧૪-૦૮-૨૦૧૫ ના રોજ રજુ થયેલ લેખિત જવાબ.

(૬) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ. તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૭) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪ (ડી)ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. વહટ/૦૧/ખ-૧/૫૮૯ થી ૬૦૪/૨૨૦૯/૨૦૧૫.—ધી નાંદોદ તાલુકા સહકારી જીનીંગ પ્રેસીંગ એન્ડ કોટન સેલ સોસાયટી લી., રાજપીપલા તા. નાંદોદ, જિ. નર્મદા (રાજપીપલા) (જેનો હવે પછી ટુંકમાં નિદિષ્ટ મંડળી તરીકે ઉલ્લેખ થશે.) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ (જેનો હવે પછી ટુંકમાં ''અધિનિયમ'' કે ''કાયદા'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) અન્વયે નોંધણી નંબર ૧૫૬૩૯ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૫૭થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહિવટ અધિનિયમ ગુજરાત સહકારી મંડળીઓનાં નિયમો ૧૯૬૫ (જેનો હવે પછી ટુંકમાં ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) અને સંઘનાં મંજુર થયેલ પેટાનિયમો, સહકારનાં સિધ્ધાંતો અને સરકરાશ્રી તેમજ રજિસ્ટ્રારશ્રીનાં માર્ગદર્શક સુચનાઓ મુજબ કરવાનો રહે છે.

ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૪ (સી)ની જોગવાઈ મુજબ ધી નાંદોદ તાલુકા સહકારી જીનીંગ પ્રેસીંગ એન્ડ કોટન સેલ સોસાયટી લી., રાજપીપલા તા. નાંદોદ, જિ. નર્મદા (રાજપીપલા)એ નિર્દિષ્ટ પ્રકારની સહકારી સંસ્થા છે. સદરહુ મંડળીના ચુંટાયેલા વ્યવસ્થાપક મંડળીની મુદત તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. સહકારી કાયદાની કલમ ૭૪ (સી) (૨) (IV) થયેલ નવી જોગવાઈ મુજબ The elected members of the managing commiittee and its office bearers shall cease to hold the office on the date of expiry of their term.

આમ ઉપરોક્ત જોગવાઈ પ્રમાણે મંડળીના વ્યવસ્થાપક કમિટિ સભ્યો અને તેનાં હોદેદારો તેની મુદત પૂરી થયાની તારીખે હોદ્દો ધરાવતાં આપોઆપ બંધ થાય છે. આ નવી જોગવાઈ તા. ૧૦મી એપ્રિલ, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. આમ નિદિષ્ટ મંડળીમાં વ્યવસ્થાપક કમિટી સભ્યો તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૫થી એટલે આજની તારીખે પણ ચુંટણી થયેલ ન હોય નિયામક મંડળનાં સભ્ય તરીકે તેમજ હોદેદાર તરીકે આપોઆપ બંધ થયેલા છે અને હોદેદારોની મુદત પૂર્ણ થઈ છે. નિદિષ્ટ મંડળીને આમુખ-૧થી વ્યવસ્થાપક મંડળની ચુંટણીની દરખાસ્ત રજુ કરવા જણાવવામાં આવેલ છતાં ચુંટણીની દરખાસ્ત રજુ ન થતાં, આમુક-૨ અને આમુખ-૪ થી વંચાણે લીધેલ અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ અન્વયે રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા માટે સંઘનાં કાર્યવાહકોને અનુક્રમે તા. ૨૮મી જુલાઇ, ૨૦૧૫ તથા તા. ૧૪મી ઓગષ્ટ, ૨૦૧૫નાં રોજની મુદત આપવામાં આવેલ હતી જે મુદત પૈકી મુદત તા. ૨૮મી જુલાઇ, ૨૦૧૫ના રોજ આમુખ-૩થી નિદિષ્ટ મંડળીના ચેરમેનશ્રી દ્વારા બીજી મુદત આપવા વિનંતિ કરેલ છે. જ્યારે તા.૧૪-૮-૨૦૧૫ની મુદત નિર્દિષ્ટ મેડળીના ચેરમેનશ્રી હાજર રહી અલગથી આમુખ-૫ની વિગતે લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ ગુજરાત સહકારી મંડળી અધિનયમ ૧૯૬૧ અન્વયે સમયાંતરે થયેલ સહકારી કાયદાની જોગવાઈઓનાં સુધારા વધારાઓ અને સરકારશ્રીનાં આદેશો અને પરીપત્રોને ધ્યાને લઈ જેને ખાસ સાધારણ સભામાં કેટલાક પેટા કાયદામાં સુધારા મંજુર કરી સુધારા-વધારાની મંજુરી મેળવવા માટે જરૂરી કાગળો તથા પ્રકીયામાં વિલંબ થયેલ છે. તથા આકસ્મીક સંજોગોમાં સંસ્થાનાં પીઢ અને અનુભવી મેનેજરશ્રીનું નિધન થયેલ હોઈ કોઈ અનુભવી કર્મચારી ન હોવાનાં કારણે તથા સીમાંકન તૈયાર કરવામાં વિલંબ થવાના કારણે ચુંટણી પ્રક્રિયામાં વિલંબ થયેલ છે તેમ જણાવી સહકારી કાયદાની કલમ-૭૪ (ડી)ની નોટીસ દફતરે કરવા વિનંતી કરેલ છે. કાયદાની કલમ-૭૪ (ડી)ની જોગવાઈ અને ઉપર જણાવેલ કલમ-૭૪ (સી) (૨) (IV)ની જોગવાઈ દયાને લેતા સદર લેખિત જવાબ ગ્રાહ્ય રાખવા ઉચિત જણાતો નથી તેમજ સહકારી કાયદાની કલમ-૭૪ (સી) (૨) (IV)માં થયેલ નવી જોગવાઈ મુજબ તેમજ સંસ્થાના કાર્યવાહકોની વ્યવસ્થાપક કમીટીની મુદત તા. ૧૨-૭-૨૦૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. આમ જોગવાઈ પ્રમાણે નિર્દિષ્ટ મંડળીનાં વ્યવસ્થાપક કમિટી સભ્યો અને તેનાં હોદેદારો તેની મુદત પુરી થયાની તારીખે હોદ્દો ધરાવતાં આપોઆપ બંધ થયા છે અને નવિન નિયામક મંડળની ચુંટણી થયેલ નથી. જેથી નિર્દિષ્ટ મંડળીના વહિવટમાં શૂન્ય અવકાશ સર્જાયેલ છે. આવા સંજોગોમાં મંડળીની આર્થિક પ્રવૃતિ ચાલી શકે તથા સંસ્થાના/નિર્દિષ્ટ મંડળીના સભાસદોનું વિશાળ હિત જોખમાય નહીં તે માટે અધિનિયમની કલમ૭૪ (ડી)ની જોગવાઈઓ મુજબ સંસ્થામાં ચુંટાયેલ નિયામક મંડળ આવે નહીં ત્યાં સુધી Stop gape arrangment તરીકે નિર્દિષ્ટ મંડળીના નિયામક મંડળના સ્થાને કસ્ટોડિયનની નિમણુંક કરવી જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નર્મદા (રાજપીપલા) વંચાણે લીધેલ આમુખ-૬ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂએ ધી નાંદોદ તાલુકા સહકારી જીનીંગ પ્રેસીંગ એન્ડ કોટન સેલ સોસાયટી લી., રાજપીપલા તા. નાંદોદ, જિ. નર્મદા (રાજપીપલા)ના તમામ વ્યવસ્થાપક કમિટી સભ્યો નિર્દિષ્ટ મંડળીમાં વ્યવસ્થાપક કમિટી સભ્ય તરીકે હોદ્દો ધરાવતાં આપોઆપ બંધ થયેલા હોઈ તેમનાં સ્થાને સંસ્થાના સભાસદોના વિશાળ હિતને ધ્યાને લઈ ઉકત પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે ધી નાંદોદ તાલુકા સહકારી જીનીંગ પ્રેસીંગ એન્ડ કોટન સેલ સોસાયટી લી., રાજપીપલા તા. નાંદોદ, જિ. નર્મદા (રાજપીપલા)માં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪ (ડી) મુજબ Stop gape arrangment તરીકે કસ્ટોડીયન તરીકે આ કચેરીના સહકારી અધિકારીશ્રી પી. બી. પ્રજાપતિની નીચેની શરતોને આધિન નિમણૂંક કરું છું.

શરતો :

૧. કસ્ટોડિયનની મુદત હુકમની તારીખથી એક વર્ષની રહેશે.

૨. કસ્ટોડિયન એ ઉપરોક્ત મુદત પુરી થતાં પહેલાં વ્યવસ્થાપક સમિતિની રચના કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૩. કસ્ટોડિયને આ કચેરીનાં નિયંત્રણમાં રહી વહિવટ કરવાનો રહેશે.

૪. દર માસે કામગીરીનો પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

૫. નિર્દિષ્ટ મંડળીની ત્વરીત ચુંટણી કરાવી નવિન વ્યવસ્થાપક કમિટીની રચના કરી તેમને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

રાજપીપલા, તારીખ ૨૧મી ઓગષ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના પત્રક ક્રમાંક વહટ/૦૧/ખ-૧/૧૬૬/૨૦૧૫ તા. ૦૯-૦૪-૨૦૧૫ તથા પત્રક ક્રમાંક વહટ/૦૧/ખ-૧/૩૫૭/૨૦૧૫ તા. ૧૦-૦૬-૨૦૧૫

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ ક-૧/ ૪૨૪ થી ૪૩૮/૨૦૧૫ તા. ૧૫-૦૭-૨૦૧૫

(૩) ધી નાંદોદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., રાજપીપલાના ચેરમેનશ્રીનો પત્ર તા. ૨૮-૦૭-૨૦૧૫.

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ખ-૧/ ૫૧૬ થી ૫૩૧/૨૦૧૫ તા. ૪-૦૮-૨૦૧૫.

(૫) ધી નાંદોદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., રાજપીપલા દ્વારા તા. ૧૪-૦૮-૨૦૧૫ ના રોજ રજુ થયેલ લેખિત જવાબ.

(૬) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ. તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૭) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪ (ડી)ની જોગવાઈ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. વહટ/૦૧/ખ-૧/૬૦૫ થી ૬૨૦/૨૨૧૨/૨૦૧૫.–ધી નાંદોદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., રાજપીપલા તા. નાંદોદ, જિ. નર્મદા (રાજપીપલા) (જેનો હવે પછી ટુંકમાં નિદિષ્ટ મંડળી તરીકે ઉલ્લેખ થશે.) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ (જેનો હવે પછી ટુંકમાં ''અધિનિયમ'' કે ''કાયદા'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) અન્વયે નોંધણી નંબર ૧૫૬૩૯ તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૫૭થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહિવટ અધિનિયમ ગુજરાત સહકારી મંડળીઓનાં નિયમો ૧૯૬૫ (જેનો હવે પછી ટુંકમાં ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) અને સંઘનાં મંજુર થયેલ પેટાનિયમો, સહકારનાં સિધ્ધાંતો અને સરકારશ્રી તેમજ રજિસ્ટ્રારશ્રીનાં માર્ગદર્શક સુચનાઓ મુજબ કરવાનો રહે છે.

ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૪ (સી)ની જોગવાઈ મુજબ ધી નાંદોદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., રાજપીપલા તા. નાંદોદ, જિ. નર્મદા (રાજપીપલા) સંઘએ નિર્દિષ્ટ પ્રકારની સહકારી સંસ્થા છે. સદરહુ સંઘના ચુંટાયેલા વ્યવસ્થાપક મંડળીની મુદત તા. ૧૨-૦૭-૨૦૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. સહકારી કાયદાની કલમ ૭૪ (સી) (૨) (IV) થયેલ નવી જોગવાઈ મુજબ The elected members of the managing commiittee and its office bearers shall cease to hold the office on the date of expiry of their term.

આમ ઉપરોકત જોગવાઈ પ્રમાણે સંઘના વ્યવસ્થાપક કમિટિ સભ્યો અને તેનાં હોદેદારો તેની મુદત પૂરી થયાની તારીખે હોદો ધરાવતાં આપોઆપ બંધ થાય છે. આ નવી જોગવાઈ તા. ૧૦-૪-૨૦૧૫થી અમલમાં આવેલ છે. આમ સંઘમાં વ્યવસ્થાપક કમિટી સભ્યો તા. ૧૨-૦૭-૨૦૧૫થી એટલે આજની તારીખે પણ ચુંટણી થેયલ ન હોય નિયામક મંડળનાં સભ્ય તરીકે તેમજ હોદેદાર તરીકે આપોઆપ બંધ થયેલા છે અને હોદેદારોની મુદત પૂર્ણ થઈ છે. સંઘને આમુખ-૧થી વ્યવસ્થાપક મંડળની ચુંટણીની દરખાસ્ત રજુ કરવા જણાવવામાં આવેલ છતાં ચુંટણીની દરખાસ્ત રજુ ન થતાં, આમુખ-૨ અને આમુખ-૪ થી વંચાણે લીધેલ અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ અન્વયે રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા માટે સંઘનાં કાર્યવાહકોને અનુક્રમે તા. ૨૮-૭-૨૦૧૫ તથા તા. ૧૪-૮-૨૦૧૫નાં રોજની મુદત આપવામાં આવેલ હતી જે મુદત પૈકી મુદત તા. ૨૮-૭-૨૦૧૫ના રોજ આમુખ-૩થી સંઘના ચેરમેનશ્રી દ્વારા બીજી મુદત આપવા વિનંતિ કરેલ છે. જ્યારે તા.૧૪-૮-૨૦૧૫ની મુદત સંઘના ચેરમેનશ્રી હાજર રહી અલગથી આમુખ-૫ની વિગતે લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ ગુજરાત સહકારી મંડળી અધિનયમ ૧૯૬૧ અન્વયે સમયાંતરે થયેલ સહકારી કાયદાની જોગવાઈઓનાં સુધારા વધારાઓ અને સરકારશ્રીનાં આદેશો અને પરીપત્રોને ધ્યાને લઈ જેને ખાસ સાધારણ સભામાં કેટલાક પેટા કાયદામાં સુધારા મંજુર કરી સુધારા-વધારાની મંજુરી મેળવવા માટે જરૂરી કાગળો તથા પ્રક્રીયામાં વિલંબ થયેલ છે. તથા આકસ્મીક સંજોગોમાં સંસ્થાનાં પીઢ અને અનુભવી મેનેજરશ્રી સ્વૈચ્છિક સેવા નિવૃત્ત થયેલ હોઈ કોઈ અનુભવી કર્મચારી ન હોવાનાં કારણે તથા સીમાંકન તૈયાર કરવામાં વિલંબ થવાના કારણે ચુંટણી પ્રક્રિયામાં વિલંબ થયેલ છે તેમ જણાવી સહકારી કાયદાની કલમ-૭૪ (ડી)ની નોટીશ દફતરે કરવા વિનંતી કરેલ છે. કાયદાની કલમ-૭૪ (ડી)ની જોગવાઈ અને ઉપર જણાવેલ કલમ-૭૪ (સી) (૨) (IV)ની જોગવાઈ ધ્યાને લેતા સદર લેખિત જવાબ ગ્રાહ્ય રાખવા ઉચિત જણાતો નથી તેમજ સહકારી કાયદાની કલમ-૭૪ (સી) (૨) (IV)માં થયેલ નવી જોગવાઈ મુજબ તેમજ સંસ્થાના કાર્યવાહકોની વ્યવસ્થાપક કમીટીની મુદત તા. ૧૨-૭-૨૦૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. આમ જોગવાઈ પ્રમાણે સંઘનાં વ્યવસ્થાપક કમિટી સભ્યો અને તેનાં હોદેદારો તેની મુદત પુરી થયાની તારીખે હોદો ધરાવતાં આપોઆપ બંધ થયા છે અને નવિન નિયામક મંડળની ચુંટણી થયેલ નથી. જેથી સંઘના વહિવટમાં શૂન્ય અવકાશ સર્જાયેલ છે. આવા સંજોગોમાં મંડળીની આર્થિક પ્રવૃતિ ચાલી શકે તથા સંસ્થાના/સંઘના સભાસદોનું વિશાળ હિત જોખમાય નહીં તે માટે અધિનિયમની કલમ૭૪ (ડી)ની જોગવાઈઓ મુજબ સંસ્થામાં ચુંટાયેલ નિયામક મંડળ આવે નહીં ત્યાં સુધી Stop gape arrangment તરીકે સંઘના નિયામક મંડળના સ્થાને કસ્ટોડિયનની નિમણુંક કરવી જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નર્મદા (રાજપીપલા) વંચાણે લીધેલ આમુખ-૬ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂએ ધી નાંદોદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., રાજપીપલા, તા. નાંદોદ, જિ. નર્મદા (રાજપીપલા)ના તમામ વ્યવસ્થાપક કમિટી સભ્યો સંઘમાં વ્યવસ્થાપક કમિટી સભ્ય તરીકે હોદો ધરાવતાં આપોઆપ બંધ થયેલા હોઈ તેમનાં સ્થાને સંસ્થાના સભાસદોના વિશાળ હિતને ધ્યાને લઈ ઉકત પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે ધી નાંદોદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., રાજપીપલા તા. નાંદોદ, જિ. નર્મદા (રાજપીપલા)માં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪ (ડી) મુજબ Stop gape arrangment તરીકે કસ્ટોડિયન તરીકે આ કચેરીના મદદનીશ સહકારી અધિકારીશ્રી ડી. જે. પટેલની નીચેની શરતોને આધિન નિમણૂંક કરું છું.

શરતો :

૧. કસ્ટોડિયનની મુદત હુકમની તારીખથી એક વર્ષની રહેશે.

૨. કસ્ટોડિયન એ ુપરોકત મુદત પુરી થતાં પહેલાં વ્યવસ્થાપક સમિતિની રચના કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૩. કસ્ટોડિયને આ કચેરીનાં નિયંત્રણમાં રહી વહિવટ કરવાનો રહેશે.

૪. દર માસે કામગીરીનો પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

૫. સંઘની ત્વરીત ચુંટણી કરાવી નવિન વ્યવસ્થાપક કમિટીની રચના કરી તેમને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

રાજપીપલા, તારીખ ૨૧મી ઓગષ્ટ, ૨૦૧૫.

એચ. એન. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નર્મદા (રાજપીપલા).

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે.૪૦૫૭૫/૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધોળકા તાલુકા ઘઉં-ચણા ખરીદ વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મુ.તા. ધોળકા, જિ. અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, અને સહકાર વિભાગના તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હુકમ ક્રમાંક : ખસમ/૨/ક/૩૯૬૫, તારીખ ૮મી જૂન, ૧૯૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫.

(૫) અત્રેની કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૩૩૬, તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૫.

(૬) અત્રેની કચેરીના તારીખ ૭મી જુલાઈ, ૨૦૧૫ના પત્રો.

(૭) મંડળીની તારીખ .... ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૪૦૧/૨૦૧૫.–ધી ન્યુ શિયાળ સેવા સહકારી મંડળી લી., મું. શિયાળ, તા. વિરમગામ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૨૦૬૪૩, તારીખ ૧૯મી જૂન, ૧૯૮૭ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૩૩૬, તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૫ થી આટોપી લેવા આદેશ સામે મંડળીએ કોઈ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજૂ થયેલ નથી આમ છતાં મંડળીએ સંદર્ભ-૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉક્ત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, આઈ. એમ. પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, મને મળેલ સત્તાની રૂઈએ ન્યુ શિયાળ સેવા સહકારી મંડળી લી., મું. શિયાળ, તા. વિરમગામ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૨૦૬૪૩, તારીખ ૧૯મી જૂન, ૧૯૮૭ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું. ફડચા અધિકારીએ ફડચાની કામગીરી દરમ્યાન મંડળીમાં શરૂઆતથી છેવટ સુધીના હિસાબોમાં નાણાંકીય કે વહીવટી અનિયમિતતા જણાય તો અલગથી ખાસ અહેવાલ કચેરીને કરવાનો રહેશે.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૧૧નાં જાહેરનામાં ક્રમાંક : ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હુકમ ક્રમાંક : ખસમ/૨/ક/૩૯૬૫, તારીખ ૮મી જૂન, ૧૯૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૫.

(૫) અત્રેની કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૩૧૪, તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫.

(૬) અત્રેની કચેરીનાં તારીખ .... ના પત્રો.

(૭) મંડળીની તારીખ .... ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૪૦૨/૨૦૧૫.–ધી અશોકનગર મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. અશોકનગર, તા. દેત્રોજ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ઉ-૮૯૮૭, તારીખ ૩જી મે, ૧૯૮૨ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૩૩૫, તારીખ ૨૦મી જુલાઈ, ૨૦૧૫ થી આટોપી લેવા આદેશ સામે મંડળીએ કોઈ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ થયેલ નથી આમ છતાં મંડળીએ સંદર્ભ-૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉક્ત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, આઈ. એમ. પુરોહિત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, મને મળેલ સત્તાની રૂઈએ ધી અશોકનગર મજૂર કામદાર સહકારી મંડળી લી., મુ. અશોકનગર, તા. દેત્રોજ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ઉ-૮૯૮૭, તારીખ ૩જી મે, ૧૯૮૨ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો

INDEX

વચગાળાનો હુકમ કાયમ કરૂં છું. ફડચા અધિકારીએ ફડચાની કામગીરી દરમ્યાન મંડળીમાં શરૂઆતથી છેવટ સુધીના હિસાબોમાં નાણાંકીય કે વહીવટી અનિયમિતતા જણાય તો અલગથી ખાસ અહેવાલ કચેરીને કરવાનો રહેશે.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમન ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૧૦(ઓ) તથા કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૮ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૫૧૭૦/૨૦૦૮.

(૩) ફડચા અધિકારી નં. નો તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૪૮/૨૦૧૫નો મંડળીને પુનઃજીવીત કરવા બાબતનો ભલામણ પત્ર.

(૪) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના પત્રથી જાહેરનામા ક્રમાંક ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૪૦૮/૨૦૪૯/૨૦૧૫.– ધી જીવણપુરા માઈનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મું. કોલટ, તા. સાણંદ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ૭૧૭૩, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૫ થી નોંધાયેલ સિંચાઈ સહકારી મંડળી છે ને સદરહું મંડળી ઓડીટ કરવા જરૂરી તમામ પ્રયત્નો કરવા છતાં હિસાબી રેકર્ડ રજૂ ન કરતી હોવાના કારણે ઓડીટર, સહકારી મંડળીઓ (સાણંદ) જરૂરી ખાસ અહેવાલ કરી અત્રેની કચેરીને મોકલી આપેલ. તેના અનુસંધાને અત્રેથી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ફડચાનો કલમ-૧૦૭નો અંતિમ હુકમ કરવામાં આવેલ.

ત્યારપછી કચેરીનાં ફડચા અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ અને મંડળીના દફ્તરનો ચાર્જ મેળવવા પત્ર વ્યવહાર કરતાં મંડળીના પ્રમુખશ્રીએ તારીખ ૨૮મી જુલાઈ, ૨૦૧૫ના પત્રથી મંડળીને પુનઃજીવીત કરવા લેખિત રજૂઆત કરેલ છે. તેમજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૮ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું ઓડીટ પૂર્ણ કરેલ છે અને મંડળીનો તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ મંડળીના ખાસ સભાસદોની અરજીથી મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવેલ છે.

આમ, મંડળીની ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ મંડળીનો તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૮નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક : ફડચ / ૦૧/ગ-૩ / ૫૧૭૦ / ૨૦૦૮ રદ કરી સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, નીચે સહી કરનાર આઈ. એમ. પુરોહીત, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક (૧)ની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ધી જીવણપુરા માઈનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મું. કોલટ, તા. સાણંદ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ૭૧૭૩, સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૫૧૭૦/૨૦૦૮ આથી રદ કરૂં છું અને સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃજીવીત કરૂં છું.

અમદાવાદ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/૩૭૨ થી ૩૮૦/૨૦૦૫.

(૨) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (૩), ભરૂચની તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/ફડચ/૦૧/રૂબરૂ/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી ઉમલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ઉમલ્લા, તા. ઝઘડિયા, જિ. ભરૂચની (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ/સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૦૪/૧૦૪૨/૨૦૧૫.–ધી ઉમલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ઉમલ્લા, તા. ઝઘડિયા, જિ. ભરૂચ (ફડચામાં)ની દરખાસ્ત ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૧૫મી ઓક્ટોબર, ૧૯૮૯, નોંધણી નંબર : ઉ-૨૪૨૯ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (૩), ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૫ થી તારીખ ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (૪), ભરૂચ દ્વારા ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત

INDEX

થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી ઉમલ્લા તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ઉમલ્લા, તા. ઝઘડિયા, જિ. ભરૂચ, નોંધણી નંબર : ઉ/૨૪૨૯, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૧૯૮૯ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખ થી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, (સહકારી મંડળીઓ) (૩), ભરૂચ, ધી એકસાલ માયનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મું. એકસાલ, તા.જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગેની તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૧૫ની દરખાસ્ત તથા તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૨૪૩/૨૦૧૫ થી મંડળીને પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૦૫/૧૦૪૬/૨૦૧૫.-ધી એકસાલ માયનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મું. એકસાલ, તા.જિ. ભરૂચની ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : ખે-૬૧૦૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, (સહકારી મંડળીઓ) (૩), ભરૂચ દ્વારા આમુખ-૧થી વંચાણે લીધેલ ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના આમુખ-૨થી વંચાણે લીધેલ રજીસ્ટર્ડ પો.એ.ડી. થી મંડળીને કારણદર્શક નોટીસ પાઠવી તેમાં જણાવેલ કારણો સબબ દિન-૧૫માં લેખિત/મૌખિક/રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવેલ. પરંતુ કારણદર્શક નોટીસમાં જણાવેલ સમયમર્યાદામાં મંડળી તરફથી કોઈપણ રજુઆત કરવામાં આવેલ નથી અને કોઈપણ હોદ્દેદારો હાજર રહેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યો, સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવે છે. આમ, ઉપરોકત વિગતોને ધ્યાનમાં લઈ, મંડળીને ફડચામાં લઈ જવાનું યોગ્ય લાગતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ધી એકસાલ માયનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મું. એકસાલ, તા.જિ. ભરૂચ આમુખ-૩ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨, (સહકારી મંડળીઓ) (૩), ભરૂચ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની નિમણુંક કરૂં છું. આ વચગાળાનો હુકમ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે, આ આદેશની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, (સહકારી મંડળીઓ) (ન.જ.૨), ભરૂચ, ધી માલપુર મજુર કામદાર સહકારી મંડળી લી., મું. માલપુર, તા. જંબુસર, જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગેની તારીખ ૧લી જુલાઈ, ૨૦૧૫ની દરખાસ્ત તથા તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૨૪૪/૨૦૧૫ થી મંડળીને પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ /સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૦૬/૧૦૪૭/૨૦૧૫.– ધી માલપુર મજુર કામદાર સહકારી મંડળી લી., મું. માલપુર, તા. જંબુસર, જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : ઉ-૨૮૦૭, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૮૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, (સહકારી મંડળીઓ) (૩), ભરૂચ દ્વારા આમુખ-૧ થી વંચાણે લીધેલ ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના આમુખ-૨થી વંચાણે લીધેલ રજીસ્ટર્ડ પો.એ.ડી. થી મંડળીને કારણદર્શક નોટીસ પાઠવી તેમાં જણાવેલ કારણો સબબ દિન-૧૫માં લેખિત/મૌખિક/રૂબરૂ રજુઆત કરવા જણાવેલ. પરંતુ કારણદર્શક નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી કોઈપણ રજુઆત કરવામાં આવેલ નથી અને કોઈપણ હોદ્દેદારો હાજર રહેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યો, સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક રીતે

INDEX

જણાઈ આવે છે. આમ, ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, મંડળીને ફડચામાં લઈ જવાનું યોગ્ય લાગતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ધી માલપુર મજુર કામદાર સહકારી મંડળી લી., મું. માલપુર, તા. જંબુસર, જિ. ભરૂચ આમુખ-૩ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨, (સહકારી મંડળીઓ) (ન.જ.૨), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની નિમણુંક કરૂં છું. આ વચગાળાનો હુકમ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે, આ આદેશની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૧નો અંતિમ આદેશ ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૯૪/૨૦૧૧.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૨૪/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી મિપ્કો કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી., મું. ભરૂચ, જી.આઈ.ડી.સી., તા.જિ. ભરૂચની (ફડચામા)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ/સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૦૭/૧૦૪૮/૨૦૧૫.– ધી મિપ્કો કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી., મું. ભરૂચ, જી.આઈ.ડી.સી., તા.જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ તારીખ ૩જી મે, ૧૯૯૧, નોંધણી ક્રમાંક : સે-૨૩૫૬૬ થી નોંધણી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીએ કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબ કામગીરી નહિં કરતાં આમુખ-૧ માં જર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહું મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૦ થી તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (૪) ભરૂચ લગત કચેરી દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારી એ તેનો ચાર્જ તારીખ ૨૯મી મે, ૨૦૧૨ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-૩ અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-૪ અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ મુજબ ધી મિપ્કો કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી., મું. ભરૂચ, જી.આઈ.ડી.સી., તા.જિ. ભરૂચ નોંધણી ક્રમાંક : સે-૨૩૫૬૬, તારીખ ૩જી મે, ૧૯૯૧ની આમુખ-૫ થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું. અને સદર હુકમની તારીખ થી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, (સહકારી મંડળીઓ) (૫), ભરૂચ, ધી બુવા મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. બુવા, તા. આમોદ, જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગેની તારીખ ૪થી એપ્રિલ, ૨૦૧૫ની દરખાસ્ત તથા તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૧૫ના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૨૪૮/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૦૮/૧૦૪૯/૨૦૧૫.– ધી બુવા મજૂર સહકારી મંડળી લી., મું. બુવા, તા. આમોદ, જિ. ભરૂચ સહકારી કાયદા મુજબ તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૭૬ના રોજ નોંધણી નંબર : ઉ-૩૯૬૪ થી નોંધણી કરવામાં આવેલ હતી. આમુખ-૧ અન્વયે મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો ખાસ અહેવાલ અત્રેની કચેરીને મળેલ હતો આમુખ-૨થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ કરી સદર વચગાળાના આદેશ સામે મંડળીને જે કોઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આદેશની તારીખથી

INDEX

એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવેલ. આમ મંડળીને રજૂઆત કરવાની પુરતી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. જેના ઉપરથી મંડળીના હોદ્દેદારોને કે સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક દ્દષ્ટિએ જણાય આવે છે. જેથી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અત્રેથી કરવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ કરી મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૩ માં જણાવેલ જોગવાઈઓ તથા આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ ધી બુવા મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. બુવા, તા. આમોદ, જિ. ભરૂચને ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરૂં છું અને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨, (સહકારી મંડળીઓ) (૫), ભરૂચ નિમણુંક કરૂં છું. ફડચા અધિકારીએ સદર મંડળીનો હવાલો તાત્કાલિક મેળવીને આ આદેશની તારીખથી પાંચ (૫) વર્ષની મુદતમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

સુનિલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા-૯૩૩૩/૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શ્યામ-૨ એસ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. મોરૈયા, તાલુકો સાણંદ, જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા-૯૩૩૪/૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી દેવગ્રીન્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. બારેજા, તાલુકો દશક્રોઈ, જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા-૯૩૩૫/૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પારસ-૨ (બોપલ) કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. બોપલ, તાલુકો દશક્રોઈ, જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, (હા.)
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા (કો) ૮૭૭૭/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સુમેલ-૭ કોમર્શિયલ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મુ. રખિયાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિ. અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા (હા) ૮૭૭૮/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી રામવીલા હાઈટ્સ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. નરોડા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિ. અમદાવાદને,

INDEX

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા (હા) ૮૭૭૯/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી પાર્શ્વ નંદન-૨ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. વાસણા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિ. અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા (કો.) ૮૭૮૦/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી નીલકંઠ (વટવા) કોમર્શિયલ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મુ. વટવા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિ. અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધા :

(૧) ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદનો પત્ર ક્રમાંક : કે.ડી.સી.સી./એચ.ઓ./તપાસણી/૧૪-૧૫/૭૦૯૭, તારીખ ૨૪-૧૧-૨૦૧૪.

(૨) આ કચેરીની મંડળીને આપેલ કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૩૮/૨૦૧૫, તારીખ ૧૧-૫-૨૦૧૫.

(૩) આ કચેરીની મંડળીને આપેલ કારણદર્શક નોટીસ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૫૭/૨૦૧૫, તારીખ ૬-૬-૨૦૧૫.

(૪) આ કચેરીની મંડળીને આપેલ વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૦૪/૨૦૧૫, તારીખ ૧૫-૭-૨૦૧૫.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૬) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

ક્રમાંક : ઉખસ/કજ/ફડચા/૦૧/ગ-૨/૨૩૧/૨૦૧૫.-ધી સૈયાંત સેવા સહકારી મંડળી લી. મું. સૈયાંત, તા. ઠાસરા, જિ. ખેડા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે જેનો નોંધણી નંબર : ૨૨૦૯૫, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૫૮ છે જેનો હવે પછી આ હુકમમાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

મજકુર મંડળીને આમુખ-૧ના પત્રથી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદએ ફડચામાં લઇ જવા અંગે અત્રેને ભલામણ કરેલ છે. આમુખ-૨ના પત્રથી સદર મંડળીને આર.પી. એડી. થી ફડચામાં લઇ જવાની કારણદર્શક નોટિસ આપી. અત્રેની કચેરીએ તારીખ ૧૮મી મે, ૨૦૧૫ના રોજ હાજર રહી જરૂરી ખુલાસો કરવા તેમજ જે કાંઇ રજુઆત કરવી હોય તે અંત્રે સુનાવણીની તક આપવામાં આવેલ છે. આમુખ-૩ના પત્રથી સદર મંડળીને આર.પી. એડી. થી ફડચામાં લઇ જવાની કારણદર્શક નોટિસ આપી. અત્રેની કચેરીએ તારીખ ૧૮મી જુન, ૨૦૧૫ના રોજ હાજર રહી જરૂરી ખુલાસો કરવા તેમજ જે કાંઇ રજુઆત કરવી હોય તે અત્રે સુનાવણીની તક આપવામાં આવેલ છે.

સબબ મંડળીના કાર્યવાહકોએ મંડળીની મુદતવીતી બાકી તમામ બાકીદારો સામે લવાદી રાહે દાવા દાખલ કરેલ નથી. મંડળીની કુલ ધિરાણ બાકીની વસુલાત પણ થયેલ નથી. મંડળીને તેની નાણાંકીય સ્થિતિ સુધારવા અને પુરતો સમયગાળો અને પુરતી તક આપવા છતાં મંડળી તેમ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદર મંડળીને ફડચામાં લઇ જવા અંગે આમુખ-૪માં જણાવેલ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. આધારિત કોઇ સબબ આધાર પુરાવા મંડળીને રજુ કરેલ નથી. જેથી આમુખ-૫માં જણાવેલ સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે સદર મંડળીનો આમુખ-૪નો જણાવેલ વચગાળાનો હુકમ કાયમ કરવાનો થાય છે.

મજકુર સ્થિતિએ આમુખ-૧ થી ૬માં જણાવ્યા પ્રમાણે કાર્યવાહી કરવાની થતી હોઇ સદરહું મંડળીને ફડચામાં લઇ જવાનો આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

ધી સૈયાંત સેવા સહકારી મંડળી લી. મું. સૈયાંત, તા. ઠાસરા, જિ. ખેડા જે નોંધણી નંબર : ૨૨૦૯૫, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૫૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખ-૪માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ છે. જે હુકમ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતો મુજબ આમુખ-૬ થી મળેલ સત્તાને આધીન અને ફડચા અધિકારી તરીકેની ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની થયેલ નિમણૂંક કરવામાં આવે છે.

(૧) ફડચા અધિકારીએ સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી ૫(પાંચ) વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો તાત્કાલિક મેળવી લઇ મંડળીના દેવા-લેણાંની ખાતરી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લ્હેણાં

INDEX

ઓડીટ ફી સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ શેરફાળાની ચુકવણી કરવા સુચના છે.

નડીયાદ, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદનો પત્ર ક્રમાંક : કે.ડી.સી.સી./એચ.ઓ./તપાસણી/૧૪-૧૫/૧૦૦૬૧, તા. ૬-૧-૨૦૧૫.

(૨) આ કચેરીની મંડળીને આપેલ કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૩૪/૨૦૧૫, તારીખ ૬-૫-૨૦૧૫.

(૩) આ કચેરીની મંડળીને આપેલ કારણદર્શક નોટીસ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૫૬/૨૦૧૫, તારીખ ૬-૬-૨૦૧૫.

(૪) આ કચેરીની મંડળીને આપેલ વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૦૫/૨૦૧૫, તારીખ ૧૫-૭-૨૦૧૫.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૬) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

ક્રમાંક : ઉખસ/કજ/ફડચા/૦૧/ગ-૨/૨૩૨/૨૦૧૫.-ધી ફતિયાબાદ સેવા સહકારી મંડળી લી. મું. ફતિયાબાદ, તા. કપડવંજ, જિ. ખેડા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે જેનો નોંધણી નંબર : ૧૨૩૫૪, તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૭૩ છે જેનો હવે પછી આ હુકમમાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

મજકુર મંડળીને આમુખ-૧ના પત્રથી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદએ ફડચામાં લઇ જવા અંગે અત્રેને ભલામણ કરેલ છે. આમુખ-૨ના પત્રથી સદર મંડળીને આર.પી. એડી. થી ફડચામાં લઇ જવાની કારણદર્શક નોટિસ આપી. અત્રેની કચેરીએ તારીખ ૧૮મી મે, ૨૦૧૫ના રોજ હાજર રહી જરૂરી ખુલાસો કરવા તેમજ જે કાંઇ રજુઆત કરવી હોય તે અત્રે સુનાવણીની તક આપવામાં આવેલ છે. આમુખ-૩ના પત્રથી સદર મંડળીને આર.પી. એડી. થી ફડચામાં લઇ જવાની કારણદર્શક નોટિસ આપી. અત્રેની કચેરીએ તારીખ ૧૮મી જુન, ૨૦૧૫ના રોજ હાજર રહી જરૂરી ખુલાસો કરવા તેમજ જે કાંઇ રજુઆત કરવી હોય તે અત્રે સુનાવણીની તક આપવામાં આવેલ છે.

સબબ મંડળીના કાર્યવાહકોએ મંડળીની મુદતવીતી બાકી તમામ બાકીદારો સામે લવાદી રાહે દાવા દાખલ કરેલ નથી. મંડળીની કુલ ધિરાણ બાકી પૈકી ૫૦%ની વસુલાત પણ થયેલ નથી. મંડળીને તેની નાણાંકીય સ્થિતિ સુધારવા અને કુલ ધિરાણ બાકીની ૫૦% વસુલાત કરવા પુરતો સમયગાળો અને પુરતી તક આપવા છતાં મંડળી તેમ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-૪માં જણાવેલ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. આધારિત કોઈ સબબ આધાર પુરાવા મંડળીએ રજુ કરેલ નથી. જેથી આમુખ-૫માં જણાવેલ સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે સદર મંડળીનો આમુખ-૪નો જણાવેલ વચગાળાનો હુકમ કાયમ કરવાનો થાય છે.

મજકુર સ્થિતિએ આમુખ-૧ થી ૬માં જણાવ્યા પ્રમાણે કાર્યવાહી કરવાની થતી હોઇ સદરહું મંડળીને ફડચામાં લઇ જવાનો આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

ધી ફતિયાબાદ સેવા સહકારી મંડળી લી. મું. ફતિયાબાદ, તા. કપડવંજ, જિ. ખેડા જે નોંધણી નંબર : ૧૨૩૫૪, તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૭૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખ-૪માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. જે હુકમ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતો મુજબ આમુખ-૬ થી મળેલ સત્તાને આધીન અને ફડચા અધિકારી તરીકેની ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની થયેલ નિમણૂંક કરવામાં આવે છે.

(૧) ફડચા અધિકારીએ સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી ૫(પાંચ) વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો તાત્કાલિક મેળવી લઇ મંડળીના દેવા-લેણાંની ખાતરી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લ્હેણાં ઓડીટ ફી સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ શેરફાળાની ચુકવણી કરવા સુચના છે.

નડીયાદ, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ધી જલારામનગર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. જલારામનગર, તા. કપડવંજ, જિ. ખેડાને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૨૧/૨૦૧૫, તારીખ ૬-૮-૨૦૧૫.

હુકમ

ક્રમાંક : ઉખસ/કજ/ફડચા/૦૧/ગ-૨/૨૩૩/૨૦૧૫.–ધી જલારામનગર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. જલારામનગર, તા. કપડવંજ, જિ. ખેડા સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : સે. ૩૯૪૫૮, તારીખ ૨૯મી મે, ૨૦૧૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તે મંડળીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી મેનેજર ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડિયાદની સહકારી કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. તેમના મહેતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી અને ફડચાનું કામકાજ ૫ (પાંચ) વર્ષમાં પૂર્ણ કરવું.

નડીયાદ, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

INDEX

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

(૩) કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૪૮૧/૨૦૧૫, તારીખ ૧૫મી જુલાઇ, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૯૬/૧૮૪૪૭/૫૧૯૮/૨૦૧૫.–ધી ફતેહ દરવાજા સેવા સહકારી મંડળી લી., મું. વિસનગર, તા. વિસનગર, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : સે. ૩૨૬૧૭, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ (૩) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાનો આદેશ સામે વાંધા- સૂચન હોય તો, રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદેદારો તરફથી લેખિત / રૂબરૂમાં પ્રત્યુતર મળેલ નથી અને આદેશનું કવર સદર ઓફિસ બંધ રહેતી હોઇ પરતના શેરા સાથે પરત આવેલ છે, જે જોતા મંડળી કાર્યરત ન હોવાનું સ્પષ્ટ થાય છે ‘‘સદરહુ મંડળીને આમુખ (૨) થી મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૫મી જુલાઇ, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

હું, પી. એસ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂઈએ, ધી ફતેહ દરવાજા સેવા સહકારી મંડળી લી., મું. તા. વિસનગર, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણુંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા(હા)-૯૪૦૭/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શાહિલ કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., કલોલ, તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા(હા)-૯૪૦૮/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સત્સંગ રેસીડેન્સી કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., કલોલ, તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ (રૂરલ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૭૧/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શારદા કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. દાણીલીમડા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૭૨/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સાકાર ગ્રીન રેસીડેન્સી એન્ડ કોમર્શિયલ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., મુ. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

INDEX

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૭૩/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આયુષી એલીગન્સ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધાં :–

(૧) વહીવટદારશ્રી ધી આમોદ ગૃપ કો. ઓપ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સો. લી. આમોદ, તા. આમોદ, જિ. ભરૂચની ફડચામાં લઇ જવા અંગેની તારીખ ૩-૧૨-૨૦૧૪ ની ભલામણ સાથેની દરખાસ્ત તથા તારીખ ૧-૪-૨૦૧૧ થી તારીખ ૩૧-૩-૨૦૧૩ની ઓડીટ નોંધ.
(૨) ધી ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટર કો.ઓ. બેંક લી. ના તા. ૨૯-૧૦-૨૦૧૪ ની કારોબારી કમીટીના ઠરાવ નં.-૪૧ ખરી નકલ.
(૩) અત્રેની કચેરીના તારીખ ૬-૧-૨૦૧૫ના વચગાળાના આદેશ ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૧૮/૨૦૧૫.
(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.
(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧-૭-૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૦૯/૧૦૬૦/૨૦૧૫.—ધી આમોદ ગૃપ કો.ઓપ. સેલ જીનીંગ એન્ડ પ્રેસિંગ સો. લી., આમોદની સહકારી કાયદા મુજબ તારીખ ૯મી એપ્રિલ, ૧૯૩૪ ના રોજ નોંધણી નંબર - ૭૨૨૪ થી નોંધણી કરવામાં આવેલ હતી. આમુખ-૧ અન્વયે મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અહેવાલ અત્રેની કચેરીને મળેલ હતો. સદર મંડળી છેલ્લા ઘણા સમયથી સ્થગીત છે. અને કોઇ કામગીરી કરતી નથી. છેલ્લા ઘણા વર્ષોથી ઓડીટ વર્ગ ''ડ'' છે. આથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો આદેશ કરી સદર વચગાળાના આદેશ સામે મંડળીને જે કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આદેશની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવેલ. આમ મંડળીને રજુઆત કરવાની પુરતી તક આપવા છતાં સમયમર્યાદામાં મંડળી તરફથી કોઇ લેખિત કે મૌખિક રજુઆત અત્રેની કચેરીને કરવામાં આવેલ નથી. જેના ઉપરથી મંડળીના હોદ્દેદારોને કે સભાસદોને મંડળી ચલાવવામાં કોઇ રસ ન હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જણાય આવે છે. જેથી સદર મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અત્રેથી કરવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ કરી મંડળીને ફડચામાં લઇ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું, સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આમુખ-૪ ની જોગવાઈઓ તથા આમુખ-૫ થી મળેલ સત્તાની રૂએ, ધી આમોદ ગૃપ કો.ઓપ. સેલ જીનીંગ એન્ડ પ્રેસિંગ સો. લી., આમોદ, જિ. ભરૂચને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે સદર મંડળીના અધિકારી તરીકે ધી ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ. બેંક લી. ભરૂચની નીમણુંક કરૂં છું. ફડચા અધિકારીએ સદર મંડળીનો હવાલો તાત્કાલિક મેળવીને આ આદેશની તારીખથી પાંચ (૫) વર્ષની મુદતમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

સુનીલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, (હાઉસીંગ) વલસાડનાં તારીખ ૩-૮-૨૦૧૫ના હુકમ ક્રમાંક : ફડચ(હા)૦૧/ફ. ૧૯૧૯૫/૨૦૬/૨૦૧૫ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) મંડળીની નોંધણી રદ અંગેની તારીખ ૨૫-૮-૨૦૧૫ ની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૩) ફડચા અધિકારી આદર્શ કો.ઓ.હા.સો. લી. મુ.પો. વિજલપોર રોડ, નવસારી, તા. જિ. નવસારી લગત જિલ્લા રજિ. સ.મં. નવસારી, તારીખ ૨૫-૮-૨૦૧૫ થી મંડળીની નોંધણી રદની ભલામણ.

(૪) શ્રી મુકેશ એ. ગોહિલ ચાર્ટર્ડ એકા. સહકારી ઓડીટર પેનલ નંબર-૫૫૦ નો તારીખ ૧-૪-૨૦૧૫ થી તારીખ ૨૫-૮-૨૦૧૫ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અને તેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૨૧૮/૮૬૬/૨૦૧૫.—ક્રમાંક ઘ-૬૮૦૩, તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૭૯ આદર્શ એપાર્ટમેન્ટ કો.ઓ. હા.સો. લી. મુ.પો. વિજલપોર રોડ, નવસારી તા.જિ. નવસારી જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. સદર મંડળીને આમુખ-(૧) થી ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, અને આમુખ-(૨) થી મંડળીની

નોંધણી રદ અંગેની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ જે સબબ આમુખ-(૩) થી ફડચા અધિકારીશ્રીનાં અભિપ્રાય મુજબ ફડચાનું કામ પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. આમુખ-(૪) થી મુજબ છેવટ સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૩) મુજબ ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ આદર્શ એપાર્ટ. કો.ઓ.હા.સો. લી. ની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

હુકમ

આથી કુ. જે. સી. પટેલ મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, (હાઉસીંગ) વલસાડ ધી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આદર્શ એપાર્ટમેન્ટ કો.ઓ. હા.સો. લી. મુ.પો. વિજલપોર રોડ, નવસારી તા.જિ. નવસારીની નોંધણી ક્રમાંક : ઘ-૬૮૦૩, તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૭૯ ની નોંધણી રદ કરવા આથી હુકમ કરૂ છું અને તેથી આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવી છે, એમ ગણાશે.

વલસાડ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ) વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તા. ૨૭-૪-૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૨૪૧ થી ૨૫૦/૨૦૦૫.

(૨) ફડચા અધિકારી અને સબ ઓડીટર લગત કચેરીની તા. ૩૧-૮-૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૦૧/અ-૪/૩૬૨/૨૦૧૪૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી પાનોલી મજુર અને કામદાર સ.મં. લી., મુ. પાનોલી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૦૭-૨૦૧૧નું ક્રમાંક જીએચકેએચ/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૩૨૦/૧૦૬૯/૨૦૧૫.–ધી પાનોલી મજુર અને કામદાર સ.મં. લી., મુ. પાનોલી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ (ફડચામાં) ની દરખાસ્ત ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૮મી ઓગસ્ટ, ૧૯૮૪ના રોજ નોંધણી નંબર ઉ-૨૮૦૬ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે સબ ઓડીટર લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧-૪-૨૦૦૩ થી તારીખ ૨૭-૦૮-૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર (લી.રી.) લગત કચેરી દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૨૭-૦૮-૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૭-૮-૨૦૧૫ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી પાનોલી મજુર અને કામદાર સ.મં. લી., મુ. પાનોલી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ નોંધણી નંબર ઉ-૨૮૦૬, તા. ૮-૮-૧૯૮૪ની આમુખ(૫) થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫.

સુનીલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

જા. નં. નધણ/એનવીએસ/૦૧/ઘ-૨/૫૫૦/૪૨૬૯૫/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે મ.સ. પાટા ફળીયા (વાંસદા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પાટા ફ. વાંસદા, તા. વાંસદા, જિ. નવસારી, મર્યાદિત સ્થળ વાંસદા.

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

જા. નં. નધણ/એનવીએસ/૦૧/ઘ-૨/૫૫૧/સે.દુ./૪૨૬૯૬/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે મ.સ. ડુંગરી ફળીયા (નડગધરી) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નડગધરી, તા. ખેરગામ, જિ. નવસારી, મર્યાદિત સ્થળ નડગધરી.

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સર્ટીફાઈડ ઓડિટર, સહકારી મંડળી, નવસારી પેનલ નં.-૧૦૫ ફડચામાં લઈ જવાનો ભલામણ પત્ર તા. ૦૭-૦૭-૨૦૧૫.

INDEX

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૫૧૯/૨૦૧૫, તા. ૦૭-૦૮-૨૦૧૫.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/નધણ/૦૧/ઘ-૨/૫૬૮-૫૭૨/૨૦૧૫.—નવ જાગૃતિ સહકારી ગ્રાહક ભંડાર લી., મું. ચઢાવ, તા. વાંસદા, જિ. નવસારીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સર્ટીફાઇડ ઓડિટર, સહકારી મંડળી, નવસારી પેનલ નં.-૧૦૫ દ્વારા વંચાણે લીધા (૧) થી ભલામણ પત્ર અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના વંચાણે લીધા (૨)ની કારણદર્શક નોટીસ ગ્રાહક ભંડારના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ છે સબબ ગ્રાહક ભંડાર દ્વારા કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, નવ જાગૃતિ સહકારી ગ્રાહક ભંડાર લી., મું. ચઢાવ, તા. વાંસદા, જિ. નવસારીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નવસારીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે ગ્રાહક ભંડારને જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જા. નં. નધણ/એનવીએસ/સા-૯૩૭૯/૨૪૩/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે જલનિધિ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., દુધિયા તળાવ સામે, મંકોડીયા, વિજલપોર, નવસારી, તા. જલાલપોર, જિ. નવસારીને,

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
નવસારી.

ક્રમાંક બીડીઆર/ઉ/૧૫૩૪૩/૨૦૧૫.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી સિકોતર ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અડાખી ફાજલપુર સમગ્ર ગામ, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/ઉ/૧૫૩૪૨/૨૦૧૫.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી જય ખોડીયાર ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ દશરથ સમગ્ર ગામ, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/ઉ/૧૫૩૪૫/૨૦૧૫.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી શિવશકિત ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., ઇંટવાડવાંટા મર્યાદિત સ્થળ ઇંટવાડ, ડુંગરીપુરા ઇંટવાડાવાંટા માણકેલા, નાનીવરણોલી તાલુકો સાવલી જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/ઉ/૧૫૩૪૪/૨૦૧૫.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી જય રણછોડ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ તરસાલી સમગ્ર ગામ, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/સા/૩૮૭૪/૨૦૧૫.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી દીપ જ્યોત મહિલા કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ નંદેસરી, તાલુકો વડોદરા જિલ્લો વડોદરાને.

INDEX

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/ખે/૮૧૧૭/૨૦૧૫.–વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, ધી મોટાકરાળા વસાહત ઉદવહન સિંચાઇ સહકારી મંડળી લી., મોટાકરાળા, મર્યાદિત સ્થળ મોટાકરાળા, તાલુકો શિનોર, જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક બીડીઆર/ખે/૮૧૧૬/૨૦૧૫.–વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, ધી સીમળી વસાહત ઉદવહન સિંચાઇ સહકારી મંડળી લી., સીમળી, મર્યાદિત સ્થળ સીમળી નવી વસાહત તાલુકો-શિનોર જિલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (પંચાયત),
વડોદરા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, SEPTEMBER 24, 2015 / ASVINA 2, 1937 [No. 39

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1465-1492
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	39
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	77
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3463-3478

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

વંચાણે લીધા :-

(૧) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી ગુ. રા. ગાંધીનગરની કચેરીના ક્રમાંક જી-૧/ક્રાઈમ- ટે-૨/પર્યુષણ જાહેરનામા/ ૨૮૦૫/૨૦૧૧, તા. ૨૪-૦૮-૨૦૧૧.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિ.શા. / એચ. સેકશન / ૬૮ / ૨૦૧૫.–તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી પર્યુષણના તહેવાર દરમ્યાન અધિકૃત કતલખાનાની બહાર કે કોઈ જાહેર કે ખાનગી સ્થળે જ્યાં બહારથી જોઈ શકાય તે રીતે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, બકરા વિગેરે કોઈ પણ પશુની કતલના કારણે સુલેહ શાંતિનો ભંગ થવા સંભવ રહે છે તેમજ જૈન સમાજની ધાર્મિક લાગણીઓ દુભાય તેમ છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા. ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ કોઈપણ પશુની અધિકૃત કતલખાનાની બહાર કે જાહેર કે ખાનગી જગ્યામાં કે જ્યાં બહારથી જોઈ શકાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવી નહી.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ-૪૫ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢવામાં આવેલ હુકમમાં સુધારો.

ક્રમાંક : એસબી/રાજકીય/પાટીદાર/૧૦૦/૨૦૧૫.– અત્રેની કચેરીના હુકમ ક્રમાંક નં. એસબી/રાજકીય/પાટીદાર/૯૯/૨૦૧૫, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫થી મોબાઇલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, બી.એસ.એન.એલ. (સેલ-વન) વોડાફોન, રીલાયન્સ, ટાટા, એરટેલ, આઇડીયા, એરસેલ, યુનિનોર, વીડીયોકોન વિગેરે સુરત શહેર પોલીસ કમિશનર, વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી મોબાઇલ ફોન ઉપર એમ.એમ.એસ., વોટસઅપ, ફેસબુક જેવી ઈન્ટરનેટ સુવિધાઓ ગ્રાહકને પ્રસારીત (ડીલીવર) કરશે નહીં તે અંગેનું જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ. હાલમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતા ઉપરોક્ત જાહેરનામાથી લાદવામાં આવેલ પ્રતિબંધ હાલથી જ સંપુર્ણપણે ઉઠાવી લેવામાં આવે છે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

સી. આર. પરમાર,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જાહેરનામું

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૦૧/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ તાજેતરમાં પંજાબ રાજ્ય ખાતે ગુરૂદાસપુર ખાતે ભુતકાળમાં આંતકવાદીઓ દ્વારા બિહાર રાજ્યના પટના તથા બૌધ્ધ ગયા, અમદાવાદ, મોડાસા બેંગલોર, દિલ્હી અને ચેન્નઇ શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મિલકતોને નુકસાન કરવામાં આવેલ તેમજ અગાઉ મુંબઇ શહેર ખાતે અલગ-અલગ સ્થળોએ કરવામાં આવેલ આતંકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાના સાધન સામગ્રી મળી આવેલ છે. જે જોતા આતંકવાદી / ત્રાસવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી / ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલો સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય છે. તેવા સાયકલો / વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડાક સૂચનો અમલમાં મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવી તેમજ જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર, અને મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર / પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલિફોન / મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી / રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

INDEX

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સી. આર. પી. સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૦૨/૨૦૧૫.–ભુતકાળમાં બિહાર રાજ્યના પટના તથા બૌધ્ધ ગયા ખાતે તેમજ ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી, ચેન્નઈ શહેર, પંજાબમાં ગુરૂદાસપુર ખાતે આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણી બધ્ધ બોમ્બ વિસ્ફોટ કરવામાં આવેલ છે. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવર જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ છે. જે બનાવોને ધ્યાને લેતા સુરત શહેરની જનતાની સુરક્ષા માટે કોઇપણ વ્યક્તિએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈ પણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી. જેથી, આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા / રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી મૂકવા નહીં.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ-વ્હીલર વાહનો જાહેર જગ્યા રસ્તા / તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ-વ્હીલર તથા ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસબી/રાજકીય/૧૦૩/૨૦૧૫.–સુરત શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી જુદી ધાર્મિક શોભાયાત્રાઓ હિન્દુ/મુસ્લીમનાઓના ધાર્મિક તહેવારો જેવા કે જન્માષ્ટમી, છડીનોમ, ગણેશચતુર્થી, બકરી ઈદ, વિજયાદશમી, મોહરમ, તાજીયા તથા અન્ય રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય. તેમજ હાલની આંતકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહીં થવા ઉપર અને કોઇ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોએ ભેગા થવા ઉપર, કોઇ સભા બોલાવવાનું કે સરઘસ, કાઢવા ઉપર.

અમલવારીનો સમય અને વિસ્તાર

તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૪થી નવેમ્બર, ૨૦૧૫ ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ તથા હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

આજ રોજ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./કતલખાના/૧૦૪/૨૦૧૫.–પર્યુષણ પર્વના તહેવાર દરમ્યાન કોઇ પણ જાહેર કે ખાનગી સ્થળે અગર તો કતલખાનામાં કે કતલખાનાની બહાર ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, બકરા કે અન્ય કોઈપણ પશુની કતલને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ જણાય છે અને તેમ થતું અટકાવવાનું જાહેર હિતમાં ઈચ્છનીય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારનાં ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જી.જી./૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામાં નં. જી.જી./૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે, જેમાં સુરત શહેરનાં પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર અને મદદનીશ પોલીસ કમિશનરને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા પણ અધિકૃત કરવામાં આવેલ છે, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

કૃત્યો

કોઈપણ ઈસમે આ દિવસો દરમ્યાનમાં અધિકૃત કતલખાનામાં કે કોઇ જાહેર કે ખાનગી સ્થળે કોઈપણ પશુની કતલ કરવી નહી અથવા ઉપરોકત વિસ્તારની હદની અંદર કોઈપણ શેરીમાં જાહેર સ્થળોમાં કોઇ પશુની કતલ કરવી નહી, સુરત શહેરના પરવાનેદારો મટનનો ધંધો કરતા બુચર્સ તેઓની દુકાન બંધ રાખશે.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમયગાળો

આ હુકમનો અમલ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY THE PRINCIPAL DISTRICT JUDGE

Notification

No. Adm/832/2015.– The following candidates are declared successful at the Lower Standard Department Examination, held during the month of JULY-2015.

Sr. No.	Name and Designation	Name of Court
1	2	3
1	Mr. A. L. Shikotra, Asst.	District Court, Narmada, At Rajpipla.
2	Ku. A. G. Patel, Asst.	District Court, Narmada, At Rajpipla.
3	Ku. R. R. Mehta, Asst.	District Court, Narmada, At Rajpipla.
4	Ku. F. I. Parmar, Asst.	District Court, Narmada, At Rajpipla.
5	Mr. V. M. Gadhavi, Asst.	District Court, Narmada, At Rajpipla.
6	Mr. D. V. Parmar, Asst.	District Court, Narmada, At Rajpipla.
7	Mr. C. A. Parmar, Asst.	District Court, Narmada, At Rajpipla.
8	Ku. S. R. Patel, Asst.	2nd Addl. Sr. Civil Court, Narmada, At Rajpipla.
9	Mr. H. T. Barot, Asst.	Principal Senior Civil Court, Narmada, At Rajpipla.
10	Mr. M. A. Patel, Asst.	District Court, Narmada, At Rajpipla.
11	Ku. A. J. Joshi, Asst.	Principal Senior Civil Court, Narmada, At Rajpipla.
12	Mr. H. A. Kureshi, Asst.	Principal Civil Court, Dediapada.
13	Mr. S. A. Goyal, Asst.	Principal Civil Court, Dediapada.
14	Mr. H. B. Limbuya, Asst.	Principal Civil Court, Dediapada.
15	Mr. D. B. Padheriya, Asst.	District Court, Narmada, At Rajpipla.
16	Mr. R. N. Khambhliya, Asst.	District Court, Narmada, At Rajpipla.
17	Mr. N. D. Kar, Asst.	District Court, Narmada, At Rajpipla.
18	Ku. K. J. Parmar, Asst.	District Court, Narmada, At Rajpipla.
19	Mr. A. P. Meghnathi, Asst.	Principal Civil Court, Dediapada.
20	Ku. P. M. Rohit, Asst.	2nd Addl. Sr. Civil Court, Narmada, At Rajpipla.

INDEX

1	2	3
21	Mr. J. J. Sadadiya, Asst.	District Court, Narmada, At Rajpipla.
22	Mr. S. R. Baria, Asst.	Principal Senior Civil Court, Narmada, At Rajpipla.
23	Mr. R. P. Khandvi, Asst.	Chief Judi. Magi. Court, Narmada At Rajpipla.
24	Mr. M. H. Nai, Asst.	3rd Addl. Senior Civil Court, Narmada, At Rajpipla.
25	Mr. B. N. Jethva, Asst.	Chief Judi. Magi. Court, Narmada At Rajpipla.
26	Mr. S. N. Solanki, Asst.	Principal Senior Civil Court, Narmada, At Rajpipla.
27	Mr. S. M. Nangha, Asst.	Additional civil Court, Rajpipla.
28	Mr. P. A. Parmar, Asst.	District Court, Narmada, At Rajpipla.
29	Mr. B. R. Barvadiya, Asst.	District Court, Narmada, At Rajpipla.
30	Mr. J. T. Dodiya, Asst.	District Court, Narmada, At Rajpipla.
31	Ku. P. A. Bhatt, Asst.	District Court, Narmada, At Rajpipla.
32	Mr. B. B. Thakor, Asst.	Chief Judi. Magi. Court, Narmada, at Rajpipla.
33	Ku. H. R. Parmar, Asst.	Principal Senior Civil Court, Narmada, At Rajpipla.

The incumbents concerned be informed accordingly.

Rajpipla, 28th August, 2015.

V. M. NAYAK,
Principal District Judge,
Narmada - Rajpipla.

મુખ્ય જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

જા. નં. એડીએમ/૮૩૨/૨૦૧૫.–નર્મદા જિલ્લા અદાલતમાં માહે જુલાઈ-૨૦૧૫માં લેવાયેલી ખાતાકીય નિમ્નશ્રેણીની પરીક્ષામાં નીચે જણાવેલ ઉમેદવારોને પાસ થયાનું જાહેર કરવામાં આવે છે.

અનુ. નં.	નામ	હોદ્દો	કોર્ટ
૧	૨	૩	૪
૧	શ્રી એ. એલ. સીકોતરા	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૨	કુ. એ. જી. પટેલ	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૩	કુ. આર. આર. મહેતા	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૪	કુ. એફ. આઈ. પરમાર	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૫	શ્રી વી. એમ. ગઢવી	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૬	શ્રી ડી. વી. પરમાર	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૭	શ્રી સી. એ. પરમાર	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૮	કુ. એસ. આર. પટેલ	આસીસ્ટન્ટ	બીજા એડી. સીની. સીવીલ નર્મદા, મું. રાજપીપલા.
૯	શ્રી એચ. ટી. બારોટ	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીની. સીવીલ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૧૦	શ્રી એમ. એ. પટેલ	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૧૧	કુ. એ. જે. જોષી	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીની. સીવીલ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૧૨	શ્રી એચ. એ. કુરેશી	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, મું. ડેડીયાપાડા.
૧૩	શ્રી એસ. એ. ગોયલ	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, મું. ડેડીયાપાડા.
૧૪	શ્રી એચ. બી. લીમ્બુયા	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, મું. ડેડીયાપાડા.
૧૫	શ્રી ડી. બી. પઢેરીયા	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૧૬	શ્રી આર. એન. ખાંભલીયા	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૧૭	શ્રી એન. ડી. કાર	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૧૮	કુ. કે. જે. પરમાર	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૧૯	શ્રી એ. પી. મેઘનાથી	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, મું. ડેડીયાપાડા.
૨૦	કુ. પી. એમ. રોહીત	આસીસ્ટન્ટ	બીજા એડી. સીની. સીવીલ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૨૧	શ્રી જે. જે. સદાદીયા	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૨૨	શ્રી એસ. આર. બારીયા	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીની. સીવીલ કોર્ટ, મું. રાજપીપલા.
૨૩	શ્રી આર. પી. ખંડવી	આસીસ્ટન્ટ	ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.

INDEX

૧	૨	૩	૪
૨૪	શ્રી એમ. એચ. નાઇ	આસીસ્ટન્ટ	ત્રીજા એડી. સીની. સીવીલ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૨૫	શ્રી બી. એન. જેઠવા	આસીસ્ટન્ટ	ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૨૬	શ્રી એસ. એન. સોલંકી	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીની. સીવીલ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૨૭	શ્રી એસ. એમ. નાંધા	આસીસ્ટન્ટ	એડી. સીવીલ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૨૮	શ્રી પી. એ. પરમાર	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૨૯	શ્રી બી. આર. બરવાડીયા	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૩૦	શ્રી જે. ટી. ડોડીયા	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૩૧	કુ. પી. એ. ભટ્ટ	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૩૨	શ્રી બી. બી. ઠાકોર	આસીસ્ટન્ટ	ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.
૩૩	કુ. એચ. આર. પરમાર	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીની. સીવીલ કોર્ટ, નર્મદા, મું. રાજપીપલા.

રાજપીપલા, તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫.

વી. એમ. નાયક,
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,
નર્મદા-રાજપીપલા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-૧. અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક એમએજી/વશી/૩૩૮૫/૨૦૧૫, તા. ૨૬/૮/૨૦૧૫.

૨. અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક એમએજી/વશી/૩૪૮૫ થી ૩૫૦૬/૨૦૧૫. તા. ૩૧-૮-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મુકેલ પ્રતિબંધો ઉઠાવી લેવા અંગે.

નંબર : એમએજી/વશી/૩૬૦૨/૨૦૧૫.–પાટીદાર સમાજની અનામતની માંગણી અંગે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સર્જાયેલી પરિસ્થિતીને અનુલક્ષીને કોઇ અનીચ્છનીય બનાવોને પ્રોત્સાહન ન મળે તેમજ અફવાઓ ન ફેલાય તે સારૂ અત્રેના આમુખ-(૧)ના તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૧૫ના જાહેરનામાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે તમામ પ્રકારના સોશીયલ મીડીયા ફેસબુક, ટવીટર, વોટસઅપ સહીતના તમામ મોબાઇલ કંપનીની ઇન્ટરનેટ સેવા ઉપર તાત્કાલીક અસરથી તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૧૫થી બીજો હુકમ થતા સુધી પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તે અંગે અત્રેના આમુખ-(૨)ના તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૧૫ના જાહેરનામાથી મુકાયેલ પ્રતિબંધની બાબતો પૈકી એસ.એમ.એસ.ની સેવા પુરતો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવેલ હતો.

આ અંગે હવે, મહેસાણા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાને પરિસ્થિતિને પુનઃધ્યાને લેતા અત્રેના આમુખ (૧) ના તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૧૫ જાહેરનામાથી મુકાયેલ તમામ પ્રકારના પ્રતિબંધો તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ રાત્રીના ૧૧-૫૦ કલાકથી ઉઠાવી લેવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૫.

લોચન સેહરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૩૩૨૫-૩૫/૨૦૧૫.–નર્મદા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ‘‘મહીલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી અભિયાન’’ હેઠળ તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૨જી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી ધાબા ગ્રાઉન્ડ રાજપીપલા ખાતે કામ ચલાઉ ફાયરીંગ બટ ખાતે મહિલાઓને ૦.૨૨ રાયફલ થી ફાયરીંગ પ્રેકટીસ કરાવવાનું નક્કી કરેલ છે આ સમય દરમ્યાન ધાબા ગ્રાઉન્ડ વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઇપણ વ્યકિતઓ, ઢોર, જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઇ ફરમાવવાનું મને આવશ્યક જણાય છે.

તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, સંદિપકુમાર સાગલે, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, ધાબા ગ્રાઉન્ડ વિસ્તારાની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૨જી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીના (બન્ને દિવસો સહિત) સમય માટે કોઇપણ વ્યકિતઓ, ઢોર, જાનવરો વગેરેના પ્રવેશ માટે મનાઇ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તા. ૩૦મી જુલાઇ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) અત્રેના જાહેરનામાં ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૩૩૨૫-૩૫/૨૦૧૫, તા. ૩૦-૦૭-૨૦૧૫.

(૨) સભ્ય સચિવશ્રી, સુરક્ષા સેતુ સોસાયટી નર્મદા અને નાયબ પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર જાવક નં. ૧૪૦૩/૨૦૧૫, તા. ૩૧-૦૭-૨૦૧૫.

જાહેરનામું

ક્રમાંક એમએજી/જાહેરનામું/૨૬/વશી/૩૩૮૩-૩૩૯૫/૨૦૧૫.–અત્રેના વંચાણ-૧ના જાહેરનામાંથી નર્મદા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ‘‘મહીલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી અભિયાન’’

INDEX

હેઠળ મહિલાઓને ૦.૨૨ રાયફલથી ફાયરીંગ પ્રેકટીસ કરાવવા માટે રાજપીપલા ધાબા ગ્રાઉન્ડ વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૨જી ઓગસ્ટ, ૨૦૧૫ના સમયગાળા દરમ્યાન કોઇપણ વ્યકિતઓ, ઢોર, જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઇ ફરમાવવા માટે જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણ-૨ના પત્રથી જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ''મહીલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી અભિયાન'' હેઠળ મહિલાઓને ૦.૨૨ રાયફલથી ફાયરીંગ તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૨જી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી પ્રેકટીસ કરાવવામાં આવનાર હતી પરંતુ પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું અવસાન થતા તેઓના માનમાં રાષ્ટ્રીય શોક જાહેર જાહેર કરેલ હોય જેથી હવે ફાયરીંગ પ્રેકટીસ તા. ૩જી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૫મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન કરાવવામાં આવશે. જેથી તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી બટ વિસ્તારમાં જાન-માલને અવર જવર પર પ્રતિબંધ માટેનું જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

હુકમ

ઉપરોકત વિગતોએ વંચાણ-૧થી બહાર પાડવામાં આવેલ રાજપીપલા ધાબા ગ્રાઉન્ડ વિસ્તારાની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૨જી ઓગસ્ટ, ૨૦૧૫ના સમયગાળા દરમ્યાન કોઇપણ વ્યકિતઓ, ઢોર, જાનવરો વગેરેના પ્રવેશ માટે મનાઇ ફરમાવવા માટેનું જાહેરનામું રદ કરવા હુકમ કરવામાં આવે છે.

આજ તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૩૩૯૬-૩૪૦૮/૨૦૧૫.– નર્મદા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ''મહીલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી અભિયાન'' હેઠળ તા. ૩જી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૫મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી ધાબા ગ્રાઉન્ડ રાજપીપલા ખાતે કામ ચલાઉ ફાયરીંગ બટ ખાતે મહિલાઓને ૦.૨૨ રાયફલ થી ફાયરીંગ પ્રેકટીસ કરાવવાનું નક્કી કરેલ છે. આ સમય સમય દરમ્યાન ધાબા ગ્રાઉન્ડ વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઇપણ વ્યકિતઓ, ઢોર, જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઇ ફરમાવવામનું મને આવશ્યક જણાય છે.

તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, સંદિપકુમાર સાગલે, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, ધાબા ગ્રાઉન્ડ વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તા. ૩જી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૫મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીના (બન્ને દિવસો સહિત) સમય માટે કોઇપણ વ્યકિતઓ, ઢોર, જાનવરો વગેરેના પ્રવેશ માટે મનાઇ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તા. ૧લી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૩૬૭૯-૮૯/૨૦૧૫.—એન.સી.સી. કેમ્પ એંતર્ગત આવેલ કેડેટોને તાલીમ માટે તા. ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી સવારના ૭-૦૦ કલાક થી સાંજના ૧૭-૩૦ કલાક સુધી ધાબા ગ્રાઉન્ડ રાજપીપલા ખાતે કામ ચલાઉ ફાયરીંગ બટ ખાતે એન.સી.સી. કેડેટ મહિલાઓને ૦.૨૨ રાયફલ થી ફાયરીંગ પ્રેકટીસ કરાવવાનું નક્કી કરેલ છે આ સમય દરમ્યાન ધાબા ગ્રાઉન્ડ વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઇપણ વ્યકિતઓ, ઢોર, જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઇ ફરમાવવાનું મને આવશ્યક જણાય છે.

તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, સંદિપકુમાર સાગલે, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, ધાબા ગ્રાઉન્ડ વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તા. ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધી સવારના ૭-૦૦ કલાક થી સાંજના ૧૭-૩૦ કલાક સુધીના સમય માટે કોઇપણ વ્યકિતઓ, ઢોર, જાનવરો વગેરેના પ્રવેશ માટે મનાઇ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણ :-

(૧) ઉપ સચિવશ્રી, ગૃહવિભાગના પત્ર નં. Sb.5/DPL/102030/53, Date 25/08/2015.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર નં. એલઆઇબી/પાસા/૨૮૬૬/૨૦૧૫, તા. ૨૭-૦૮-૨૦૧૫.

(૩) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/૩૮૪૯ થી૩૮૬૭/૨૦૧૫.—તાજેતરમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદોલનના અનુસંધાને તા. ૨૫મી ઓગસ્ટ,

INDEX

૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ રેલીના સંદર્ભે જિલ્લામાં કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી સોશીયલ મીડીયા દ્વારા ખોટી અફવાઓ ફેલાવવામાં ન આવે તે હેતુથી ઉપ સચિવશ્રી ગૃહ વિભાગના પત્ર નં. Sb.5/DPL/102030/53, Date 25/08/2015. થી સોશીયલ મીડીયા ઉપર પ્રતિબંધ મુકવા જણાવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર નં. એલઆઇબી/પા.સા./૨૮૬૬/૨૦૧૫, તા. ૨૭-૦૮-૨૦૧૫. થી જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ રેલીના સંદર્ભે જિલ્લામાં કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી સોશીયલ મીડીયા દ્વારા ખોટી અફવાઓ ફેલાવવામાં ન આવે તે હેતુથી તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સોશીયલ મીડીયા ઉપર પ્રતિબંધ મુકવા જણાવેલ છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિગતોએ સમગ્ર નર્મદા જિલ્લામાં પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ફેસબુક, ટવીટર, વોટસઅપ જેવા સોશીયલ મીડીયાના માધ્યમની સેવાઓ ગ્રાહકો સુધી પ્રસારીત કરવા પર પ્રતિબંધ.

(૨) મોબાઇલ પ્રોવાઇડર સર્વિસ કંપનીઓ જેવી કે, વોડાફોન, બીએસએનએલ, ટાટા મોબાઇલ, એરટેલ, આઇડીયા, યુનીનોર, વીડીયોકોન, એરસેલ, એમટીએસ, રીલાયન્સ વગેરે કંપનીઓએ મોબાઇલ ફોન પર ગૃપ એસ.એમ.એસ., એમ.એમ.એસ. વોટસઅપની સેવાઓ ગ્રાહકો સુધી પ્રસારીત કરવા પર પ્રતિબંધ.

આ જાહેરનામાનો સમયગાળો તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના સવારના ૦૦-૦૦ કલાક થી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી.

આ હુકમનો ભંગ કરનાર કોઇપણ વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજે તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો મારી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર નં. એસઓજી/૩૭૫/૨૦૧૫, તા. ૨૨-૦૮-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૪૧૦૨ થી ૪૧૨૫/૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) હોટલ લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતના આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીત લેવી.

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્શીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરિકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૫) વિદેશી વીઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલિફોન નંબર સહિત નક્કર પુરાવા મેળવવા.

(૬) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

(૭) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતાં મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

આ હુકમ તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તા. ૩જી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક-એસ.ઓ.જી./૩૭૩/૨૦૧૫, તા. ૨૨-૦૮-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૪૦૩૦ થી ૪૦૫૩/૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ., લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવા નીચેની વિગતે આવશ્યકતા જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા જણાવવામાં આવે છે.

૧. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધવા માટે હાઇવે ઉપરના પેટ્રોલ પંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન હાઇડેફીનેશન)વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અથવા ગુન્હામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ થઇ શકે, ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્ત્વની બને અને તેટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગે સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જીલ્લાના હાઇવે ઉપર આવેલ તમામ પેટ્રોલ પંપ ઉપરના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. પેટ્રોલ પંપ ઉપર આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૨. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ., લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન હાઇડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અને ગુન્હામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ થઇ શકે. ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્ત્વની બને અને એટલું જ નહી ગુન્હેગારની વિરૂદ્ધમાં આ અંગે સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય, જેથી જીલ્લામાં આવેલ તમામ હોટલના ભોજન કક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજન કક્ષમાં બેઠેલી વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. હોટલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૩. નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે હાઇવે ઉપરના ટોલપ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન હાઇડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અથવા ગુન્હામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફાઇ થઇ શકે, ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને એટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગે સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જીલ્લાના હાઇવે ઉપર આવેલ તમામ ટોલપ્લાઝા ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને તથા વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા. ટોલ પ્લાઝા ઉપર આવતા જતા દરેક વાહનોના નંબર આઇડેન્ટીફાઇ થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

૪. સી.સી.ટી.વી. કેમેરા નાઇટ વિઝન તથા હાઇડેફીનેશન રાખવા. કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યક્તિ કે વાહન આઇડેન્ટીફાઇ થઇ શકે. સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવી કવોલીટીના રાખવા. ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરવામાં આવે તો ઇ.પી.કો. કલમ-૧૮૮ હેઠળ કોગ્નીઝેબલ અને સજાપાત્ર ગુન્હો બને.

આ હુકમ તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તા. ૩જી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બંને દિવસ સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

INDEX

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૩૭૬/૨૦૧૫, તા. ૨૨-૦૮-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૪૦૫૪ થી ૪૦૭૭/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો નર્મદા જિલ્લાના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં કોઇ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા સાથે	મકાન માલકિને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તા. ૩જી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સંદિપકુમાર સાગલે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

સુધારા જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સોશીયલ મીડીયા/પ્રતિબંધ ૨૬/વશી/૮૨૧૧/૨૦૧૫.— સમગ્ર સુરત જિલ્લા તથા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે સોશિયલ મીડીયા જેવા કે ઇન્ટરનેટ, ફેસબુક, ટવીટર, વોટસઅપ, મેસેન્જરનો દુરઉપયોગ ન થાય તથા સુલેહ શાંતિ અને જાહેર જનતાના જાન-માલની સલામતી જળવાઇ રહે તે સારૂ અત્રેના જાહેરના ક્રમાંક એમએજી/સોશીયલ મીડીયા/પ્રતિબંધ/વશી/૬૯૩૯/૨૦૧૫, તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ થી સમગ્ર સુરત જિલ્લા તથા શહેરમાં ઇન્ટરનેટની સેવાઓ પૂરી પાડતા સર્વિસ પ્રોવાઇડરોને તાત્કાલીક અસરથી ઇન્ટરનેટની સેવાઓ તેમજ સોશીયલ મીડીયા જેવા કે ફેસબુક, ટવીટર, વોટસઅપ, મેસેન્જર, બીજો હુકમ ન થાય ત્યાં સુધી બંધ કરવા હુકમ કરવામાં આવેલ.

હાલમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં થયેલ સુધારો ધ્યાને લેતા હું, રાજેન્દ્ર કુમાર, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ ઉપરોકત જાહેરનામાંથી લાદવામાં આવેલ પ્રતિબંધ તાત્કાલીક અસરથી સંપૂર્ણપણે ઉઠાવી લેવા હુકમ કરૂં છું.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

ડૉ. રાજેન્દ્ર કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના દરખાસ્ત પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/ઈન્ટરનેટ/૨૮૪૬/૨૦૧૫, તા. ૧૨-૦૯-૨૦૧૫.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/કા.વ્ય/વશી/૯૯૦૭ થી ૯૯૩૯/૨૦૧૫.–તાજેતરમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદોલનના ભાગરૂપે અત્રેના જિલ્લામાં પાટીદાર અનામત આંદોલન સમિતિ, સુરતના કન્વીનર શ્રી અલ્પેશભાઈ કથીરીયા દ્વારા તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના દાંડી ગામથી સાબરમતી (અમદાવાદ) સુધી પદયાત્રા કાઢવા મંજુરી આપવા અત્રેની કચેરીને કરેલ અરજીના અનુસંધાનમાં અરજીમાં જણાવ્યા મુજબ અનામત કુચની પદયાત્રા માટે મંજુરી આપવામાં નહી આવે તો મહાત્મા ગાંધીજીનો માર્ગ અપનાવી સવિનય કાનુન ભંગ કરીને પદયાત્રા કાઢશે તેવી રજુઆતના વિરોધમાં શ્રી કૌશિક અમૃતલાલ પટેલ, મું. પો. આટ મેથીયા ફળિયા, તા. જલાલપોર, જિ. નવસારી દ્વારા લેખિત અરજી આપી સમગ્ર જિલ્લામાં હાલ કલમ-૧૪૪ હેઠળના જાહેરનામાથી તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી ચાર થી વધુ વ્યકિતઓના ભેગા થવા, સરઘસ તેમજ સભા ભરવા ઉપર તથા સરઘસ અને મંડળી સ્વરૂપે પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકેલ હોય, જો પાટીદાર સમાજ દ્વારા કરેલ માંગણી અયોગ્ય હોવાનું જણાવી જો પાટીદાર સમાજ દ્વારા ધારા-૧૪૪ નો ભંગ કરી જો રેલી યોજવામાં આવશે તો તેમનો સમાજ પણ તે જ દિવસે અને તે જ સમયે ‘‘પ્રતિકાર રેલી’’ યોજશે જે રેલીમાં જિલ્લાના કાંઠા વિભાગના ૭૦ જેટલા ગામના સરપંચો, વ્યકિતઓ, મહિલાઓ, બાળકો, વડીલો તથા વિવિધ સમાજના મંડળો દ્વારા ટેકો આપી બહોળી સંખ્યામાં રેલી માટે આપેલ સમર્થન મુજબ કોળી સમાજના ગામોના માણસો દ્વારા અત્રેની કચેરીને આવેદન પત્ર પાઠવી નોંધાવેલ વિરોધ તથા પ્રતિકાર રેલી યોજવા માંગેલ પરવાનગીની બાબત જોતાં, પાટીદાર સમાજ તથા અન્ય સમાજના માણસો વચ્ચે મોટા પાયે ઘર્ષણ થવાની શકયતા નકારી શકાય નહી તેમજ તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે પાટીદાર અનામત આંદોલન અનુસંધાને યોજાયેલ રેલી/સભા બાદ રાજ્યભરમાં હિંસાના બનાવો બનવા પામેલ હતા તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તંગ બનેલ અને ઈન્ટરનેટ મિડીયા જેવા કે વોટસઅપ, ટવીટર, ઈન્ટરનેટના માધ્યમો ઘણા જ સક્રિય હોવાથી આ માધ્યમો દ્વારા ખોટી અફવાઓ ઝડપથી ફેલાયેલ જેના લીધે લોકો ગેરમાર્ગે દોરાયેલ. જેથી આવતીકાલ તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સંભવિત કાનુન ભંગ દરમ્યાન કોઈ બનાવ બને તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તંગ બને અને કોઈ પગલા લેવામાં આવે તો સોશ્યલ મિડીયાના માધ્યમો દ્વારા અફવાઓ ન ફેલાય અને લોકો ગેરમાર્ગે ન દોરાય તે માટે જિલ્લાના શાંતિમય વાતાવરણ ડહોળાવાની દહેશતને ધ્યાનમાં રાખી, જિલ્લામાં પાટીદાર અનામત આંદોલન સંદર્ભેની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, ઉપર ચર્ચા કર્યા પ્રમાણે જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેવા આશયથી આમુખ-(૧)ની પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની દરખાસ્ત ધ્યાને લઈને સોશીયલ મીડીયા ઉપર પ્રતિબંધ મુકવો જાહેર હિતમાં ઈસ્ટ અને વ્યાજબી જણાય છે.

સબબ, હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નીચે આપેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ વિસ્તારોમાં રહેવાસીઓ તેમાં અવર જવર કરાનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર પુરતુ તે અનુસૂચિમાં દર્શાવેલ કલાકો દરમ્યાન બિનજરૂરી અફવાઓ ન ફેલાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તમામ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરોએ ઈન્ટરનેટ સેવા બંધ કરવાની રહેશે. જેથી ફેસબુક, ટવીટર, વોટસએપ, ગુગલ પ્લસ, હાઈક, લાઈન, વાઈબર, હેન્ગઆઉટ, ટેલીગ્રામ, વે ટુ એસ.એમ.એસ. નેટ મેસેજીંગ એપ જેવા સોશીયલ મીડીયાનું પ્રસારણ બંધ રાખવું.

સબબ, મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ જેવી કે, વોડાફોન, બીએસએનએલ, રીલાયન્સ, ટાટા ડોકોમો, એરટેલ, આઈડીયા, યુનીનોર, વીડીયોકોન, એરસેલ, એમટીએસ, વગેરે તમામ કંપનીઓએ સોશીયલ મીડીયા એપ્લીકેશનની સેવાઓ ગ્રાહકો સુધી પ્રસારીત કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ હુકમ જિલ્લામાંની દરેક વ્યકિતને વ્યકિતગત રીતે હાલના તાકીદના સંજોગોમાં બજાવી શકાય તેમ ન હોવાથી સી.આર.પી.સી. કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ એકતરફી હુકમ કરવામાં આવે છે.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	તારીખ અને સમય
નવસારી જિલ્લાનો સમગ્ર વિસ્તાર	તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી

આ પ્રતિબંધ સરકારી ઈન્ટરનેટ, ઈન્ટ્રાનેટ સર્વિસ પ્રોવાઈડર જીસ્વાન, એન.આઈ.સી. બેન્કીંગ સેવાઓ, રાજ્ય અથવા કેન્દ્ર સરકારના ઉપયોગ હેતુ લેન ઈત્યાદી ઉપયોગને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧નો અધિનિયમ નં. ૨૨ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/શસ્ત્રો પ્રતિબંધ/એમએજી/એસ.આર.-૫૪/૨૦૧૫.–આગામી ધાર્મિક તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું, શ્રી એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ નો

અધિનિયમ નં. ૨૨ ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકસાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની;

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું;

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની, તૈયાર કરવાની;

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજાં વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની,

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિ કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક (૧) એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૮મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) કુલ ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૬૩૫ થી ૩૬૫૪/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઈસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાલ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

“ ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ”

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ

અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૬૯૮૧/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી ભરૂચ શહેર તરફ આવતા તથા દહેજ તરફ જતા ભારે વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ રસ્તાનો તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી ભરૂચ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ પરનો વાહન વ્યવહાર નીચે મુજબ ડાયવર્ટ કરવા હુકમ કરૂં છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

વિસ્તાર :-

(૧) વડોદરા તરફથી દહેજ તરફ જતા મોટા વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

(૨) દહેજથી નીકળી વડોદરા-સુરત તરફ જતા ભારે વાહનોએ પણ આ જ રૂટ એટલે કે, દહેજથી જંબુસર ચોકડી થઈ દયાદરા થઈ નબીપુર પરથી ને.હા. નં.-૮ પર ડાયવર્ટ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૬૯૮૧/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી સુરત તરફ આવતા તમામ પ્રકાના વાહનોને નબીપુર ઓવર બ્રિજની શરૂઆતથી વાલીયા જી.આઈ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઈ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રિજ સુધી નિયત કરેલ લાઈનમાં રહેવા, વાહન ચાલકોની ગતિ મર્યાદા નિયંત્રણ કરવા તથા ઓવર ટેકીંગ કરવા પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નેશનલ હાઈવે નં. ૮ પર વડોદરાથી અંકલેશ્વર-સુરત તરફ જતા વાહનોને ભરૂચ જિલ્લાના નબીપુર ઓવર બ્રીજની શરૂઆતથી વાલીયા જી.આઈ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઈ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રીજ સુધી LMV, HMV, HGV તથા આ નેશનલ હાઈવે પરથી પસાર થતા તમામ વાહનો માટે નિયત કરેલ ટ્રેકમાં જ સ્પીડ લિમીટ-૪૦ કિ.મી. પ્રતિ કલાકની મર્યાદામાં જ વાહન ચલાવવા તથા ઓવર ટેકીંગ નહીં કરવા હુકમ કરૂં છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૬૯૮૧/૨૦૧૫.–નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ભરૂચ ઝાડેશ્વર ચોકડી પર વડોદરા થી સુરત તરફ જતા તેમજ સુરતથી વડોદરા તરફ જતા બંને છેડા પર ટ્રાફિક જામની સમસ્યા અવાર નવાર સર્જાતી હોય છે. તેમજ ઝાડેશ્વર ચોકડી ખાતે ખાનગી વાહનો, ટ્રક/ટ્રેઈલરના ચાલકો વાહન પાર્ક કરતા હોય છે. તેમજ ખાનગી ટ્રાવેલ્સના ચાલકો પેસેન્જરને લેવા ઉભા રહેતા હોય તેના કારણે પણ ટ્રાફિક અવરોધાતો હોય છે. જેથી જાહેર જનતાની સુવિધા તેમજ ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય, ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે ભરૂચના (૧) ઝાડેશ્વર ચોકડી (૨) જંબુસર ચોકડી તથા (૩) ગોલ્ડન બ્રીજ પરના બંને છેડા પરનો વિસ્તાર ‘‘નો પાર્કીંગ ઝોન’’ જાહેર કરવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, જાહેર જનતાની સુવિધા માટે તથા ટ્રાફિક

INDEX

નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નીચે મુજબના વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો માટે ‘‘નો પાર્કીંગ ઝોન’’ જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

નો પાર્કીંગ ઝોન

(૧) ભરૂચ ઝાડેશ્વર ચોકડી પરના નેશનલ હાઈવે પરના રોડની બંને બાજુ નો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૨) જંબુસર ચોકડી પરના રોડની ચારે બાજુનો ૧૫૦ મીટરનો વિસ્તાર.

(૩) ગોલ્ડન બ્રીજના બંને છેડા પરનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર ડીસીબી/એમએજી/બી.પી. એકટ કલમ-૩૭(૧)/વશી-૯૭૪૦ થી ૯૭૭૪/૨૦૧૫.—નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિ તેમજ આગામી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગણેશ ચતુર્થીના તહેવારને ધ્યાને લઈ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ‘‘મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું જાહેરનામું, મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની;

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની;

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(૭) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે, કામ કરતી વ્યકિતઓ કે જેને તેનો ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની સજા થશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(ઓ) હેઠળ. શરીરના કોઈપણ ભાગોને નુકશાન પહોંચાડે તેવા કોઈપણ પ્રકારના કલર/પાવડર, રંગો, અબીલ, ગુલાલ સહિતના હાનિકારક પદાર્થો વિગેરેના ઉપયોગ તથા વેચાણ, વિતરણ ઉપર પ્રતિબંધ મુકતુ.

નંબર ઉ/એમએજી/ગણેશ મહોત્સવ-૨૦૧૫/વશી/૧૭૧૫-૫૧/૨૦૧૫.—પંચમહાલ જિલ્લામાં માહે સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમ્યાન તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫થી ગણેશ મહોત્સવ ૨૦૧૫ ઉત્સવની ઉજવણી થનાર છે, જે અંતર્ગત જિલ્લામાં જુદી-જુદી તારીખોએ જુદા જુદા સ્થળો ખાતે વિસર્જન પ્રક્રિયા થનાર છે. જે દરમ્યાન શોભાયાત્રા નિયત સ્થળેથી પ્રસ્થાન થઈ વિસર્જન સ્થળ સુધી નક્કી થયેલ રૂટ ખાતેથી પસાર થઈ શોભાયાત્રા કાઢવામાં આવતી હોય છે. જેમાં નોંધાપત્ર સંખ્યામાં લોકો જોડાતા હોય છે. આ શોભાયાત્રામાં વિવિધ પ્રકારના રંગો, પદાર્થો જેવા કે, ગુલાલ અબીલ વિગેરેનો ઉપયોગ થતો હોય છે. આ પ્રસંગોએ ઘણીવાર શરીરના ભાગોને નુકશાન પહોંચાડે, પર્યાવરણને નુકશાન પહોંચાડે તેવા કેમીકલ યુક્ત પદાર્થો/પાવડરોનો ઉપયોગ થતો હોઈ જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે જાહેરહિતમાં આ પ્રકારની હાનીકારક વસ્તુઓ પર પ્રતિબંધ મુકવા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ-

ગોધરાએ તેઓના તા. ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના પત્ર ક્રમાંક એલ.આઈ.બી./જાહેરનામું/૨૪૭૫/૨૦૧૫ થી વિનંતી કરેલ છે. જેથી ઉક્ત બાબતે પ્રતિબંધ મુકવો જરૂરી છે.

સબબ, આ કામે હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (ઓ) હેઠળ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જીલ્લાના સમગ્ર વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) ગણેશ મહોત્સવ-૨૦૧૫ દરમ્યાન શરીરના ભાગોને નુકશાન પહોંચાડે તેવા કોઈપણ પ્રકારના કલર/પાવડર, રંગો, અબીલ, ગુલાલ સહિતના કોઈપણ પ્રકારના હાનિકારક પદાર્થો વિગેરેના ઉપયોગ તથા વેચાણ, વિતરણ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમની પ્રસિધ્ધિ પોલીસ ખાતાએ કરાવવી.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ શરીરના કોઈપણ ભાગોને નુકશાન પહોંચાડે તેવા કોઈપણ પ્રકારના કલર/પાવડર, રંગો, અબીલ, ગુલાલ સહિતના હાનિકારક પદાર્થોના ઉપયોગ/છંટકાવ કરવા ઉપર પ્રતિબંધ મુકતુ.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૭૫૨-૮૮/૨૦૧૫.—પંચમહાલ જિલ્લામાં તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી ગણેશ મહોત્સવ-૨૦૧૫ની ઉજવણી થનાર છે. તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધીમાં જુદી જુદી તારીખોએ જુદા જુદા સ્થળે વિસર્જન થનાર છે. સાર્વજનિક સ્થળોએ શ્રીગણપતિની સ્થાપના કરી જાહેર કાર્યક્રમ તરીકે ઉજવવામાં આવે છે. સામાન્યા રીતે શ્રીગણપતિ અંગે શોભાયાત્રાઓ કાઢી વિસર્જન કરવામાં આવે છે. આ પ્રસંગો દરમ્યાન નીકળતી શોભાયાત્રામાં જુદા જુદા પ્રકારના રંગ, ગુલાલ, અબીલ વિગેરે પદાર્થો તેમજ પ્લાસ્ટીકની ચીજ વસ્તુઓનો બહોળા પાયે ઉપયોગ થાય છે. તેથી શરીરના કોમળ ભાગો અને મુખ્યત્વે આંખોને હાની પહોંચાડવાની શક્યતાઓ રહેલી છે. જેથી આંખ તેમજ શરીરને હાની કરે તેવા પાવડર પદાર્થ કે ભૂકીનાં વિતરણ, વેચાણ અને છંટકાવ અટકાવવા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૮મી સપ્ટેમ્બર ૨૦૧૫ના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/૨૪૭૫ થી ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર હુકમ બહાર પાડવા વિનંતી કરેલ છે. જેથી ઉક્ત બાબતે પ્રતિબંધ મુકવો જરૂરી છે.

આથી હું ડૉ. એમ. કે. પાટડીયા, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ શ્રીગણપતિ વિસર્જન શોભાયાત્રા દરમ્યાન કોઈપણ વ્યક્તિએ જુદા જુદા પ્રકારના રંગો અબીલ, ગુલાલ વિગેરે પદાર્થો તેમજ પ્લાસ્ટીકની ચીજ વસ્તુઓનો આંખ તેમજ શરીરને હાની પહોંચાડે તેવો પાવડર કે ભુકો કે પદાર્થ પોતાની પાસે રાખવો નહિં કે તેનો ઉપયોગ કરવો નહીં. પંચમહાલ જિલ્લાના કોઈપણ સ્થળે આંખ તેમજ શરીરને નુકશાન કરે તેવા પાવડર કે અન્ય સ્વરૂપના પદાર્થોનો ઉપયોગ પર આ હુકમની તારીખથી તા. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

ડૉ. એમ. કે. પાટડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૮૧/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પુષ્પમ્ ટેનામેન્ટ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ નવા નરોડા, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદા-૧૦મો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે (શ)-૪૨૭૧૨/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અમદાવાદ કો. ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી., મુ. સેટેલાઇટ, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદા-૧૦મો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/વીએલડી/સા-૯૨૫૧/૨૫૩/૨૦૩૨/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી લાઇફ સ્ટાઇલ રોયલ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., દમણ રોડ, ચલા, તા. વાપી, જિ. વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) સ્પે. ઓડીટર, મિલ્ક ઓડીટ ઓફીસ, આણંદનો તારીખ ૨૨-૬-૨૦૧૫નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કારણદર્શક નોટીસ નં. : સક્ક/૦૧/ખ-૧/૧૪૭/૨૦૧૫, તારીખ ૨-૭-૨૦૧૫.

(૩) મંડળીના હોદ્દેદારોએ તારીખ ૧૬-૭-૨૦૧૫ના રોજ રૂબરૂમાં આપેલ લેખિત રજુઆત.

(૪) મંડળીના સેક્રેટરીશ્રીએ તારીખ ૩-૯-૨૦૧૫ના પત્રથી કરેલ લેખિત રજુઆત.

(૫) કૃષિ અને સહકાર વિભાગના જા.ક્ર. : જીએચકેએચ/૪૫/૨૦૦૫/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૧-૧૨-૨૦૦૫.

(૬) ગુજરાત સહકાર મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણી તારીખ ૧-૧૨-૨૦૦૫ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૪૫/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૭) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧.

પ્રસ્તાવના

જા. નં. સક્ક/૦૧/ખ-૧/૨૦૩/૨૦૧૫.—ધી સુંદલપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સુંદલપુરા, તા. ઉમરેઠ, જિ. આણંદ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલી દૂધ સહકારી મંડળી છે. જેનો રોજબરોજનો વહીવટ તેના મંજુર થયેલા પેટા નિયમો તથા સહકારી કાયદા-કાનુન અનુસાર કરવાની જવાબદારી મંડળીની વ્યવસ્થાપક કમિટીની રહે છે. સદરહું મંડળીના તારીખ ૧લી ઓકટોબર, ૨૦૧૪ થી તારીખ૩૧મી માર્ચ, ૨૦૧૫ના વૈધાનિક અન્વેષણ દરમ્યાન નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે ઓડીટરશ્રીએ આમુખ-૧ માં દર્શાવેલ ખાસ અહેવાલથી અત્રેની કચેરીનું ધ્યાન દોરી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણૂંક કરવા ભલામણ કરેલ છે.૬

(૧) ઓડિટ સમય દરમ્યાન મંડળીના તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના સરવૈયે સંઘ લોન હપ્તા ₹ ૨,૪૪,૬૨૨/- તથા કામધેનુ ગૌશાળા ધિરાણ ₹ ૯,૦૩,૬૪૨/- કુલ ₹ ૧૧,૪૮,૨૬૪/- સભાસદ લેણાં છે. કુલ લેણાં સામે યાદી મુજબ ₹ ૧૧,૬૯,૭૪૫/- છે. જેનો તફાવત ₹ ૨૧,૪૨૧/- છે. સદર ધિરાણ ૨૦૦૬માં કરેલ છે તથા બેંક લોન ભરાયેલ છે. મંડળીના દફતરે સભાસદો પાસે લેણાં બોલે છે. સદર લેણાંની દૂધના નાણામાંથી કપાત થતી નથી. સદર ₹ ૧૧,૪૮,૨૬૪/- ધિરાણ મુદતવીતી બાકી છે. તેના વ્યાજખાધની નુકસાની જાય છે. સંસ્થાના તત્કાલીન મંત્રીશ્રી કાભઇભાઇ મંગળભાઇ પટેલ, હાલના મંત્રીશ્રી યતીનભાઇ અશોકભાઇ પટેલ તથા તત્કાલીન વ્ય.ક. સભ્યોએ વસુલાત માટે કોઇ નક્કર કાર્યવાહી કરેલ નથી. જે અન્વયે સ.કા. કલમ-૯૩નો વહીવટી ખાસ અહેવાલ અત્રેની કચેરીએ આવેલ છે.

(૨) સદર મંડળીના સભાસદશ્રી ભરતભાઇ જયંતીભાઇ પટેલ, ગ્રાહક નં. ૧૧૭૬ થી મંડળીમાં દૂધ ભરતા હતા. સંઘ દ્વારા તારીખ ૨૬-૭-૨૦૧૩, તારીખ ૧-૮-૨૦૧૩, તારીખ ૨૧-૮-૨૦૧૩, તારીખ ૧૧-૯-૨૦૧૩, તારીખ ૧૭-૯-૨૦૧૩ તથા તારીખ ૨૫-૯-૨૦૧૩ના રોજ તેમના દૂધના સેમ્પલ અસામાન્ય જણાયેલ

હતુ. સંઘણા તારીખ ૧૫ી માર્ચ, ૨૦૧૩ થી કાર્યવાહી કરવા જણાવેલ જેના અનુસંધાને સંસ્થાની વ્ય. કમિટીની મિટીંગમાં તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના ઠરાવ નં. ૫, તારીખ ૨૩-૭-૨૦૧૪ના ઠરાવ નં. ૬, તથા તારીખ ૧-૮-૨૦૧૪ના ઠરાવ નં. ૫ થી સદર સભાસદ પાસે ₹ ૧૦૩૬૦૦/- વસુલ કરવા ઠરાવેલ તેઓના ચુકવવા પાત્ર બોનસ ₹ ૪,૯૭,૧૫૦/-માંથી ₹ ૩૦,૦૦૦/- વસુલ લઇ દૂધ નુકસાની ખાતે જમા કરેલ છે. આમ, ₹ ૭૩,૬૦૦/- દૂધ નુકસાની ખાતે ઓછા જમા કરેલ છે. આ મંડળીની ચાલુ વ્યુ. કમિટી જવાબદાર છે. જેની સામે ઓડિટરશ્રીએ સ.કા. કલમ-૯૩ની સ્પષ્ટ ભલામણ કરે છે. જે અન્વયે સ.કા. કલમ-૯૩ નો વહીવટી ખાસ અહેવાલ કચેરીએ આવેલ છે.

(૩) સદર મંડળીના તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૧૪ના ઠરાવ નં. ૩ થી દાણ વેચાણ કલાર્ક તરીકે શ્રી જસવંતસિંહ વખતસિંહ ઝાલાની નિમણૂંક કરેલ હતી. દાણ વકરો તથા સ્થાનિક દૂધ વેચાણ વકરો દરરોજ મંડળીના બેન્ક ઓફ બરોડા, સુંદલપુરા શાખામાં જમાં કરાવવા નક્કી કરેલ હતું પરંતુ તારીખ ૩૧-૧-૨૦૧૫ના દાણ સ્ટોક ૪૩ ગુણ × ૯૪૫ પ્રતિ ગુણ વેચાણભાવે કુલ ₹ ૪૦,૬૩૫/- અને પાવર દાણ ૪ ગુણ × ₹ ૧૨૦૮ પ્રતિ ગુણ વેચાણભાવે ₹ ૪૮૩૨/- કુલ મળી ₹ ૪૫,૪૬૭/- પોતાના અંગત કામે વાપરેલ છે. જે ટુકડેથી તારીખ ૩૧-૧-૨૦૧૫ થી તારીખ ૨૦-૫-૨૦૧૫માં જમા કરાવેલ છે. જે રકમની વ્યાજ ખાધની રકમ બાબતે મંડળીના ચાલુ વ્ય. કમિટી સભ્યો જવાબદાર છે. જે અન્વયે સ.કા. કલમ-૯૩નો વહીવટી ખાસ અહેવાલ તથા નાણાકીય ખાસ અહેવાલ અત્રેની કચેરીએ આવેલ છે.

ઉક્ત મુદ્દાઓ ધ્યાનમાં લઇ મંડળીની વ્ય. કમિટીને આમુખ (૨) માં દર્શાવેલ તારીખ ૨જી જુલાઇ,૨૦૧૫ની કારણદર્શક નોટીસ બજાવી ન્યાયના હિતમાં રજુઆત કરવાની તક આપી રજુઆત કરવા જણાવેલ. જેના સંદર્ભે મંડળીના સભ્યો રૂબરૂમાં હાજર રહેલ અને રજુઆત કરેલ જે ગ્રાહય રાખવામાં આવેલ નથી. આમુખ-૪ મુજબ સેક્રેટીરીશ્રીના તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૫ના પત્રમાં કરેલ રજુઆત અને ઓડીટરશ્રીના ખાસ અહેવાલમાં કરેલ ભલામણને ધ્યાને લઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ, મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અને સરકારશ્રીના તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩-૧૧/ચ, અન્વયે મળેલ સત્તાની રૂઇએ ધી સંદલપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સુંદલપુરા, તા. ઉમરેઠ, જિ. આણંદની હાલની વ્યવસ્થાપક સમિતિને તેના સમિતિને તેના હોદ્દા ઉપરથી દુર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારૂં વહીવટદાર તરીકે શ્રી એમ. આઇ. પરમાર, સબ ઓડીટર લગત સ્પે. ઓડીટર સ.મ. (૩) આણંદની નિમણૂંક ચાર્જ સંભાળ્યા તારીખથી છ માસની મુદત માટે કરૂં છું.

આણંદ, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ઓડિટર સ.મ. કલોલના તારીખ ૩૧-૩-૨૦૧૫ના પત્રથી રજુ થયેલ સહકારી કાયદાની કલમ-૧૦૭ની દરખાસ્ત.

(૩) અત્રેની કચેરીના તારીખ ૮-૭-૨૦૧૫ના RPAD પત્ર નં. સક્ક/ખ-૧/૯૬૦ થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.

(૪) અત્રેની કચેરીના તારીખ ૬-૮-૨૦૧૫ના RPAD પત્ર નં. સક્ક/ખ-૧/૧૦૪૮ થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/સક્ક/૦૧/ખ-૧/૧૨૪૧/૨૦૧૫.–ધી સોનગઢ ગ્રામ ગૃહ નિર્માણ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુ. શેરીસા, તા. કલોલ, જિ. ગાંધીનગર (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી સહકારી કાયદા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) અનુસાર તારીખ ૨૪મી જૂન, ૧૯૮૭ના નોંધણી નંબર ધ-૧૧૮૭૨ અન્વયે નોંધાયેલ પ્રાથમિક ગૃહ મંડળી છે. ઓડિટર, સ.મ. કલોલ દ્વારા સહકારી કાયદાની કલમ-૮૪ અન્વયે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધીના સમયના વૈધાનીક ઓડિટ કરવામાં આવેલ, જે સબંધે મંડળીની વહિવટી / હિસાબી કામગીરી ધ્યાને લઇ ઓડિટર ધ્વારા વંચાણે લીધેલ ક્રમ-૨ના અહેવાલથી સદર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા અહેવાલ રજુ કરવામાં આવેલ, જે સબંધમાં વંચાણે લીધેલ ક્રમ-૩ તથા ૪ ની કારણદર્શક નોટિસ (RPAD) આપી મંડળીને રજુઆત કરવાની તક આપવામાં આવેલ, મંડળી તરફથી કોઇ રજુઆત થયેલ ન હોઇ, સહકારી કાયદાની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું, ડી. એસ. રાવલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ, મને મળેલ અધિકારની રૂઇએ ધી સોનગઢ ગ્રામ ગૃહ નિર્માણ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુ. શેરીસા, તા. કલોલ, જિ. ગાંધીનગરને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂ છું અને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકે શ્રી એમ. પી. મકવાણા, સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગરની નિમણુંક કરૂ છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે. મંડળીને જો કોઇ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે કરનારને આ આદેશ થયાની તારીખથી માસ એકમાં લેખિત/રૂબરૂ/અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. નિયુક્ત અધિકારીશ્રીએ

INDEX

મંડળીના પ્રવર્તમાન કે પુર્વ હોદેદાર/અધિકારીઓ દ્વારા મંડળીના વહિવટ કે મિલ્કત સબંધી કોઇ ગેરરીતી કે ગેરવહિવટ કરેલ હોઇ તો તે અંગેનો અહેવાલ દિન-૭માં કરવાનો રહેશે.

અમદાવાદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ (રૂરલ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૧૦(ઓ) તથા કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૮ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૨૨૦/૬૪૩/૨૦૦૮.

(૩) ફડચા અધિકારી નં. નો તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૫૫/૨૦૧૫નો મંડળીને પુનઃજીવીત કરવા બાબતનો ભલામણ પત્ર.

(૪) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગનાં તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના પત્રથી જાહેરનામા ક્રમાંક : ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ગ-૩/૪૦૭/૨૦૯૭/૨૦૧૫.– ધી આકરૂ ગણોતીયા ખેતી સહકારી મંડળી લી., મુ. આકરૂ, તા. ધંધુકા, જિ. અમદાવાદ કે, જેનો નોંધણી ક્રમાંક : ખે-૪૫૫૨, તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૧ થી નોંધાયેલ ખેતી સહકારી મંડળી છે ને સદરહું મંડળી ઓડીટ કરવા જરૂરી તમામ પ્રયત્નો કરવા છતાં હિસાબી રેકર્ડ રજુ ન કરતી હોવાના કારણો ઓડીટર સહકારી મંડળીઓ (ધંધુકા) જરૂરી ખાસ અહેવાલ કરી અત્રેની કચેરીને મોકલી આપેલ. તેના અનુસંધાને અત્રેથી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ફડચાનો કલમ-૧૦૭નો અંતિમ હુકમ કરવામાં આવેલ.

ત્યારપછી કચેરીના ફડચા અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ અને મંડળીના દફતરનો ચાર્જ મેળવવા પત્ર વ્યવહાર કરતાં મંડળીના પ્રમુખશ્રીએ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્રથી મંડળીને પુનઃજીવીત કરવા લેખિત રજૂઆત કરેલ છે. તેમજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયનું ઓડીટ પૂર્ણ કરેલ છે અને મંડળીનો તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મંડળીના ખાસ સભાસદોની અરજીથી મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવેલ છે.

આમ, મંડળીની ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ મંડળીનો તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૮નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૨૨૦/૬૪૩/૨૦૦૮ રદ કરી સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, નીચે સહી કરનાર આઈ. એમ. પુરોહીત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ, વંચાણે લીધા ક્રમાંક (૧)ની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ધી આકરૂ ગણોતીયા ખેતી સહકારી મંડળી લી., મુ. આકરૂ, તા. ધંધુકા, જિ. અમદાવાદ કે, જેનો નોંધણી ક્રમાંક : ખે-૪૫૫૨ને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૨૨૦/૬૪૩/૨૦૦૮ આથી રદ કરૂં છું. અને સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃજીવીત કરૂં છું.

અમદાવાદ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૧૦(ઓ) તથા કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૪ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૭૪૮/૨૦૧૪.

(૩) ફડચા અધિકારી નં. નો તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૫૬/૨૦૧૫નો મંડળીને પુનઃજીવીત કરવા બાબતનો ભલામણ પત્ર.

(૪) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગનાં તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના પત્રથી જાહેરનામા ક્રમાંક : ઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ગ-૩/૪૦૮/૨૦૯૮/૨૦૧૫.– ધી ગજાનન મજૂર કામદાર સહકારી મંડળી લી., મુ. નાના વિરમગામ, તા. સાણંદ, જિ. અમદાવાદ કે, જેનો નોંધણી ક્રમાંક : ઉ-૫૩૯૪, તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૮૬ થી નોંધાયેલ મજૂર કામદાર સહકારી મંડળી છે ને સદરહું મંડળી પેટા કાયદા મુજબ કામ કરતી ન હોઈ તેમજ મંડળી સ્થગિત અવસ્થામાં હોઈ ચોથા વધારાના સબ ઓડીટર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદે જરૂરી ખાસ અહેવાલ કરી અત્રેની કચેરીને મોકલી આપેલ. તેના અનુસંધાને અત્રેથી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ફડચાનો કલમ-૧૦૭નો અંતિમ હુકમ કરવામાં આવેલ.

ત્યારપછી કચેરીના ફડચા અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ અને મંડળીના દફતરનો ચાર્જ મેળવવા પત્ર વ્યવહાર કરતાં મંડળીના પ્રમુખશ્રીએ તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્રથી મંડળીને પુનઃજીવીત કરવા લેખિત રજૂઆત કરેલ છે. તેમજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી તારીખ ૩૧મી

INDEX

માર્ચ, ૨૦૧૪ સુધીના સમયનું ઓડીટ પૂર્ણ કરેલ છે અને મંડળીનો તારીખ ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મંડળીના ખાસ સભાસદોની અરજીથી મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવેલ છે.

આમ, મંડળીની ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ મંડળીનો તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૪નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૭૪૮/૨૦૧૪ રદ કરી સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, નીચે સહી કરનાર આઈ. એમ. પુરોહીત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ, વંચાણે લીધા ક્રમાંક (૧)ની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ધી ગજાનન મજૂર કામદાર સહકારી મંડળી લી., મુ. નાના વિરમગામ, તા. સાણંદ, જિ. અમદાવાદ કે, જેનો નોંધણી ક્રમાંક : ઉ-૫૩૯૪ને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૨૨૦/૭૪૮/૨૦૦૮ આથી રદ કરૂં છું. અને સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃજીવીત કરૂં છું.

અમદાવાદ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ગ્રામ્ય),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર સહકારી મંડળીઓ, વડગામની તારીખ ૪થી મે, ૨૦૧૫ના પત્રથી મળેલ દરખાસ્ત.

(૨) મંડળીને આપેલ તારીખ ૨૦મી મે, ૨૦૧૫ના પત્રથી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીના તા. ૨/૭/૦૫ના પત્ર નં. ફડચ/૦૧/ગ/૧૨૯૮/૧૨થી કરેલ ફડચા અંગેનો વચગાળાનો આદેશ.

(૪) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./ ૨૦૧૧/એન.એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/ક-૧૮૭૩૦/ગ/૧૬૯૦/૨૮૬૬/૨૦૧૫.– ધી કરજા સેવા સહકારી મંડળી લી., મુ. કરજા, તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. ૩૩૦૭૭, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૧ થી નોંધાયેલ સહકારી મંડળી છે. વંચાણે લીધા આમુખ-૧ દ્વારા સબ ઓડીટર, સહકારી મંડળીઓ, વડગામના અહેવાલના આધારે વંચાણે લીધા આમુખ-૨ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવાની કારણદર્શક નોટીસ પાઠવી જરૂરી મુદ્દાઓની લેખિત રજુઆત કરવા તારીખ ૮મી જૂન, ૨૦૧૫ના રોજ ૧૩.૦૦ કલાકે રૂબરૂ લેખિત/મૌખિક રજૂઆત કરવાની તક આપવામાં આવેલ. મંડળીના કાર્યવાહકો તરફથી કોઈ રજૂઆત થયેલ ન હોઈ તેમજ મંડળી સ્થગિત હોઈ વંચાણે લીધા આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ નીચેના કારણોને ધ્યાને લઈ કરવામાં આવેલ.

(૧) મંડળીએ પાછલા ઓડીટ તપાસણીના ઓડીટ ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી.

(૨) તપાસણી સમયમાં મંડળીના પેટા નિયમના ઉદેશો મુજબની કામગીરી થયેલ નથી.

(૩) તપાસણી સમયમાં મંડળી સ્થગિત અવસ્થામાં છે.

(૪) તપાસણી સમયમાં મંડળીની વ્યવસ્થાપક કમિટીની પેટા નિયમ મુજબ બેઠક મળેલ નથી.

(૫) ચાલુ તપાસણીના અંતે મંડળીનો વર્ગ ‘‘ડ’’ થવા પામેલ છે.

(૬) મંડળીના મંત્રી/વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

વચગાળાના આદેશ અન્વયે મંડળીનું કામકાજ આટોપી લેવા અંગે જો કોઈ વાંધો હોય તો એક માસની અંદર લેખિત રજૂઆત કરવા હુકમમાં ઉલ્લેખ કરવામાં આવેલ પરંતુ મંડળીના કાર્યવાહકોએ રૂબરૂ હાજર રહી રજૂઆત કરેલ નથી, કે કોઈ રજૂઆત પણ મળેલ નથી. જે સંજોગો ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતી હોઈ વચગાળાના આદેશને બહાલી આપી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, એસ. બી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, જિલ્લો બનાસકાંઠા મને મળેલ સત્તાની રૂઈએ, ધી કરજા સેવા સહકારી મંડળી લી., મુ. કરજા, તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા, ઉપરોક્ત સરકારશ્રીના હુકમથી અને હોદ્દાની રૂએ મળેલ સત્તાની રૂએ ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ધી કરજા સેવા સહકારી મંડળી લી., મુ. કરજા, તા. અમીરગઢ, જિ. બનાસકાંઠાને ફડચામાં મુકવા માટે અંતિમ આદેશ કરૂં છું અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, ધી બનાસકાંઠા મધ્યસ્થ સહકારી બેંક લી., પાલનપુરની સદર અધિનિયમની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણૂંક કરૂ છું. તેઓએ કલમ-૧૧૪(૧) ની જોગવાઈ મુજબ ફડચા અંગેની કાર્યવાહી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

એસ. બી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(કો)-૮૭૮૫/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શ્યામ આઈકોન કો. ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી., મું. અસલાલી, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/ઘ(ભા)-૨૪૮૪૧/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી જયેશ પાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. મોટેરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૮૯/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી લક્ષ્મી રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૮૭/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ગુરૂકૃપા (મેમનગર) કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. શેખપુર-ખાનપુર, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૮૮/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વિશેષ કોમર્શિયલ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ત્રાગડ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૮૬/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી રાજયશ રિવાન્તા કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. શાહવાડી, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૭૮૨/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શિવાલીક યશ કોમર્શિયલ કોમ્પલેક્ષ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મું. નારણપુરા, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૮૩/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી અક્ષરધામ હાઈટ્સ કોમર્શિયલ એન્ડ હાઉસીંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મું. વસ્ત્રાલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૮૪/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શરણમ હાઈટ્સ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. સૈજપુર-બોઘા, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨ના ગુજરાતના કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૧૪/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સુવાસ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨ના ગુજરાતના કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૧૩/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી જય બાપા સિતારામ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી., મું. થલતેજ, તા. અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨ના ગુજરાતના કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) ધી ખેડા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., નડીયાદના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. નડીયાદ, મું. પો. નડીયાદ તા. નડીયાદના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૨-૭-૨૦૧૫ નો પત્ર નં. ફડચ/૦૧/જ/૪૭૫/૨૦૧૫.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૫૧-૨૦૦૫ એન.એસ.બી /૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તારીખ ૨૧-૭-૨૦૧૧.

હુકમ

જા. નં. નધણ/૦૧/ખ-૨/૪૨૯/૨૦૧૫.–ધી ખેડા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., નડીયાદના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. નડીયાદ, મું. પો. નડીયાદ તા. નડીયાદ, જિ. ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર સે.-૨૦૧૪૬, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૩ થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉખસ/કજ/ફડચ/ગ-૨/૧૪/૨૦૧૦, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૦ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે. તથા હાલની તારીખે જે કોઈ દેવા-લેણાંનો નિકાલ કરવાનો અધિકાર સહકારી અધિકારી ફડચાને આપવામાં આવે છે.

નડીયાદ, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નંબર નધણ/કેડીએ/''સા''(હા)/૩૬૦૭-ડોકેટ નં. ૧૩૪૮/સને ૨૦૧૫.- આથી જાહેર કરે છે કે, ધી બ્લોસમ ઓરા કો. ઓપ. સર્વિસ સોસાયટી લી., કોલેજ રોડ, નડીયાદ, તાલુકો નડીયાદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪(ડી) ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : GHKH/45/2005/NSB/12/2002/3011/CH, તારીખ ૧-૧૨-૨૦૦૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.

(૪) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક : સકક/૦૧/ખ/૧૮૯/૨૦૧૪, તારીખ ૮-૯-૨૦૧૪.

INDEX

(૫) ધી પંચમહાલ ડી. કો. ઓ. બેન્ક હેડ ઓફીસ, પ્રભા રોડ, ગોધરાના પત્ર ક્રમાંક : આબ.વી.એસ./કસ્ટોડીયન/૬૧/૬૭, તારીખ ૨૦-૮-૨૦૧૫.

પ્રસ્તાવના

જા.નં. સકક/૦૧/ખ/૫૧૩/૨૦૧૫.–ધી શંકરપુરા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. શંકરપુરા, તા. ઝાલોદ, જિ. દાહોદની મંડળીમાં મંડળીનો વહીવટ કાયદા અને કાનુન અને મંડળીના પેટાનિયમની જોગવાઇઓ મુજબ ચાલતો ન હોઇ ઓડીટર ગ્રેડ-૧, સ.મં. દાહોદના ખાસ અહેવાલને વંચાણે લેતા મંડળીમાં વધુ પડતી ક્ષતિઓ જણાતાં અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : સકક/૦૧/ખ/૧૮૯, તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી હુકમ કરી ૧ વર્ષના સમય માટે કસ્ટોડીયન તરીકે ધી પંચમહાલ ડી.કો.ઓ. બેન્ક લી. ની નિમણુંક કરેલ હતી.

આમ, કસ્ટોડીયન તરીકે ૧ વર્ષનો સમય તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ પુર્ણ થયેલ હોવાથી પંચ ડી.કો.ઓ. બેન્ક લિ. ગોધરાના પત્ર નં. આર.વી.એસ/કસ્ટોડીયન/૬૧/૬૭, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્રથી જાણ કરેલ છે તે મુજબ સંસ્થાનો વહીવટ મંડળીના જે તે ઉદેશો અને પેટાનિયમ મુજબ ચલાવવા માટે હજુ ઘણીખરી કામગીરી બાકી હોવાથી બેન્કે કસ્ટોડીયન તરીકે ૨ વર્ષનો મુદત વધારો કરવા માંગણી કરેલ છે.

હુકમ

આથી હું, એ. પી. અસારી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દાહોદ ઉકત વંચાણે લીધા આંક-૨ થી મળેલ સત્તાની રૂએ ધી શંકરપુરા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મું. શંકરપુરા, તા. ઝાલોદ, જિ. દાહોદની વ્ય. કમિટીને સહકારી કાયદાની કલમ-૭૪(ડી) મુજબ દૂર મંડળીમાં નવીન વ્ય. કમિટીની રચના ન થાય ત્યાં સુધી મંડળીનો વહીવટ કરવા માટે ધી પંચમહાલ ડી.કો.ઓ. બેન્ક લિ. ની કસ્ટોડીયન તરીકે તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી ૧ વર્ષ સુધી તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધીની મુદત નિમણુક કરેલ હતી. જે કામગીરી પુર્ણ થયેલ ન હોઇ ૧ વર્ષના સમય માટે તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૬ સુધીના સમય માટે કસ્ટોડીયન તરીકે ધી પંચમહાલ ડી.કો.ઓ. બેન્કની નિમણુંક કરું છું. હવે ૧ વર્ષના સમય માટે કસ્ટોડીયનની કામગીરી કરવાની રહેશે. અને નવીન વ્ય. કમિટીની ચૂંટણી કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

એ. પી. અસારી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, દાહોદ.

વંચાણે લીધા :-

(૧) આસોદર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ મુ. આસોદર, તા. આંકલાવ, જિ. આણંદનો તારીખ ૧૦-૯-૨૦૧૫નો પત્ર.

(૨) કૃષિ અને સહકાર વિભાગના જા. ક્રમાંક : જીએચકેએચ/૪૫/૨૦૦૫/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૧-૧૨-૨૦૦૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તા સોંપણીના તા. ૧-૧૨-૨૦૦૫ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧.

પ્રસ્તાવના

જા.નં. સક્ક/૦૧/ખ-૧/૨૦૫/૨૦૧૫.–આસોદર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ મુ. આસોદર, તા. આંકલાવ, જિ. આણંદ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી દૂધ સહકારી મંડળી છે. જેનો રોજબરોજનો વહીવટ તેના મંજુર થયેલા પેટા નિયમો તથા સહકારી કાયદા-કાનુન અનુસાર કરવાની જવાબદારી મંડળીની વ્યવસ્થાપક કમિટીની રહે છે. સદરહું મંડળીના તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના પત્રની વિગતે તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ ના વ્યવસ્થાપક કમિટીના ઠરાવ નં.-૨ થી રાજીનામા આપેલ છે તથા ઠરાવ નં.-૩ થી બીજી વ્યવસ્થાપક કમિટી સભ્યોની રચના ન થાય ત્યાં સુધી વહીવટદારની નિમણૂંક કરવા જણાવેલ છે. ઉકત મુદ્દાઓ ધ્યાનમાં લઇ મંડળીની વ્ય. કમિટીની ભલામણને ધ્યાને લઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, આર. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ, મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અને સરકારશ્રીના તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૫ના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૪૫/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાની રૂઇએ આસોદર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, મુ. આસોદર, તા. આંકલાવ, જિ. આણંદની હાલની વ્યવસ્થાપક સમિતિને તેના હોદ્દા ઉપરથી દુર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારૂ વહીવટદાર તરીકે શ્રી એમ. એન. પઠાણ, સહકારી અધિકારી લગત સદર કચેરીની નિમણૂંક ચાર્જ સંભાળ્યા તારીખથી છ માસની મુદત માટે કરૂં છું.

આણંદ, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ના સુધારા અધિનિયમ મુજબ એકટ નં. ૧૨/૨૦૧૪, તારીખ ૧૦-૪-૨૦૧૫ અન્વયે સતાઓ અને અધિકારો તથા કલમ-૮૧ની જોગવાઇઓ.

(૨) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ મહેસાણા શ્રી એન. આઇ. પટેલનો તારીખ ૧૫-૪-૨૦૧૫ના પત્રથી મળેલ ખાસ અહેવાલ.

(૩) સ્પેશ્યલ ઓડીટરશ્રી મિલ્ક ઓડીટ ઓફિસ મહેસાણાનો તારીખ ૧૧-૫-૨૦૧૫ જા.નં. અષણ/૦૧/ગ/૨૨૮૦/૨૦૧૫નો પત્ર.

INDEX

(૪) મહેસાણા જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. મુ. મહેસાણાનો તારીખ ૧૫-૪-૨૦૧૫નો પત્ર ક્રમાંક : સી.એસ./મિલ્ક/૨૯૯/૧૦૪૫.

(૫) અત્રેની કચેરીના તારીખ ૧૦-૬-૨૦૧૫, જા. નં. અષણ/૦૧/ગ/કલમ-૮૧/૯૧ થી ૧૦૪/૨૦૧૫ થી પાઠવેલ કારણદર્શક નોટીસથી રૂબરૂ રજુઆત કરવા આપેલ તક.

પ્રસ્તાવના

જા. નં. અષણ/૦૧/ગ/કલમ-૮૧/૨૮૪ થી ૩૦૬/૨૩૫૪/૨૦૧૫.– શ્રી જુનામાંકા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. જુનામાંકા, તા. હારીજ, જિલ્લો પાટણએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર : સે.દુ.-૯૨૯૪, તારીખ ૫મી મે, ૧૯૬૬ થી નોંધાયેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ થયેલ છે. આ મંડળીએ તેનો રોજબરોજનો વહીવટ સહકારી કાયદા, કાનૂન અને પેટાનિયમ, સહકારશ્રીના પરીપત્રો મુજબ મંડળીનો વહીવટ કરવાની જવાબદારી પ્રમુખશ્રી અને વ્યવસ્થાપક કમીટીના સભ્યોની હોય છે. સદર મંડળીના વહીવટ બાબતે આમુખ-૨ ની વિગતે લેખિતવહીવટી ખાસ અહેવાલ કલમ-૮૧ના ભંગ બદલ તેમના નિયંત્રણ અધિકારીશ્રી આમુખ-૩ની વિગતે ભલામણ સહ આ કચેરીએ મોકલી આપેલ છે. જેની ચકાસણી કરતાં મંડળીની વ્યવસ્થાપક કમીટીએ કાયદાએ સહકારી કાયદા-કાનૂન તથા પેટા નિયમોથી તેમના ઉપર વિહિત કરેલ ફરજો બજાવવામાં વારંવાર બેદરકારી દાખવી કસુર કર્યાનું જણાઇ આવતાં આમુખ-૫ની વિગતે તમામ વ્યવસ્થાપક કમીટી સભ્યોને સહકારી કાયદાની કલમ-૮૧(૧)(એ) હેઠળ કાર્યવાહી હાથ કેમ ન ધરવી ? તે અંગેની રજુઆત કરવા રજી. પો. એડી થી કારણદર્શક નોટીસ પાઠવી તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ના રોજ ૧૨-૦૦ કલાકે અત્રે ઉપસ્થિત રહેવા જણાવેલ હતું અને મંડળીના હોદ્દેદારોએ મુદત માગતાં તારીખ ૨જી જુલાઇ, ૨૦૧૫, તથા તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫ના રોજ રૂબરૂ હાજર રહી રજુઆત કરેલ છે. અને તેમ પણ જણાવેલ હતું કે મંડળીનો વહીવટ કરવા તેઓ શ્રી સક્ષમ ન હોવાથી વહીવટદાર શ્રીની નિમણુંક કરવા સંમતી પણ દર્શાવેલ છે. વહીવટદારની નિમણુંક કરવાનાં વ્યાજબી કારણો નીચે પ્રમાણે છે.

(૧) મંડળીની તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૩ તથા પાછલા ત્રણ વર્ષના ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ તેમજ ઓડીટમાં આપેલ સુચનાઓનું પાલન કરેલ નથી.

(૨) નવિન સુધારેલ પેટાનિયમો મંજુર કરવા છેવટ સુધીના સુધારા વધારા સાથેના પેટાનિયમ મંડળીમાં ઉપલબ્ધ નથી.

  ૧ મુદતવીતી બાકીદાર મંડળીની કારોબારી સમિતીના સભ્યપદે રહી શકે નહી.

  ૨ કલમ-૬૭(અ) અન્વયે ૧૫% શકમંદ લેણાફંડની જોગવાઇ કરવી.

  ૩ પેટાનિયમ-૪૭માં સહકારી વર્ષ ૩૦/૬ના બદલે ૩૧/૩ કરાવેલ નથી.

  ૪ પેટાનિયમ-૨૪માં કમીટી સભ્યોની દર ત્રણ વર્ષે તમામ સભ્યોની વરણી કરવા બાબત તથા અનુ. જાતી તેમજ મહિલા સભાસદનો કમીટી સભ્યમાં સમાવેશ કરવા બાબત.

(૩) સને ૨૦૧૩-૨૦૧૪ની વાર્ષિક સાધારણ સભા મંડળીએ બોલાવેલ નથી. કે હિસાબો મંજુર કરાવેલ નથી. કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૪) મંડળીના પેટાનિયમ અન્વયે વ્યવસ્થાપક કમીટી સભ્યોની મુદત તારીખ ૩૧-૩-૨૦૧૪ના રોજ પુરી થયેલ છે. છતાં ચુંટણી પ્રક્રિયા અગર સંમતીથી નવિન કમીટીની વરણી કરેલ નથી.

(૫) તારીખ ૧-૭-૨૦૧૨ થી તારીખ ૩૧-૩-૨૦૧૩ ના સમયમાં ₹ ૧૨,૨૮,૬૨૧/૭૬ નું નુકશાન મંડળીને દુધ વેપારમાં થયેલ છે. નુકશાની વસુલ કરવા કમીટી સભ્યોએ કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૬) તારીખ ૧-૭-૨૦૧૩ થી તારીખ ૩૧-૩-૨૦૧૪ના સમયમાં ₹ ૫,૭૭,૭૭૨/- નું નુકશાન મંડળીને ભેંસના દુધ વેપારમાં થયેલ છે. નુકશાની વસુલ કરવા કમીટી સભ્યોએ કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૭) તારીખ ૧-૭-૨૦૧૩ થી તારીખ ૩૧-૩-૨૦૧૪ના સમયમાં ₹ ૨,૮૮,૪૬૪/૭૪ નું નુકશાન મંડળીને ગાયના દુધ વેપારમાં થયેલ છે. નુકશાની વસુલ કરવા કમીટી સભ્યોએ કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૮) તારીખ ૧-૪-૨૦૧૩ થી તારીખ ૩૧-૩-૨૦૧૪ના સમયમાં ₹ ૮,૭૧,૨૩૬/૭૪ નું નુકશાન દુધ વેપારમાં થયેલ છે. તે પૈકી ₹ ૬,૫૨,૨૩૬/૭૪ ની નુકશાની વસુલ કરવા કમીટી સભ્યોએ કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૯) હલકી ગુણવતાવાળુ તેમજ ભેળસેળવાળુ દુધની ખરીદી થતી હોવા છતાં કમીટી સભ્યોનું કોઇ નિયંત્રણ નથી.

(૧૦) દૂધ ભરવા આવતા ગ્રાહકોના દૂધનું ૧૦૦% ફેટ ટેસ્ટીગ કરી ૫% રીટેસ્ટીંગ કરવાની પ્રથા અમલમાં મુકેલ નથી. વારંવાર ઓડીટમાં સુચના આપવા છતાં અમલ કરેલ નથી.

(૧૧) દુધ ચુકવણા પત્રકમાં કુલ ચુકવેલ રકમ શબ્દોમાં લખી પ્રમુખ/મંત્રીએ ખરાઇ કરી સહી કરવાની પ્રથા અમલમાં નથી.

(૧૨) દૈનિક પત્રક નિભાવી તેમાં દુધ ખરીદી/વેચાણની અને જનરલ ફેટની નોંધ કરી સસ્તી/મોંઘી દુધ વધ/ઘટ ની સમીક્ષા કરવામાં આવેલ નથી.

(૧૩) દુધ ખરીદીના ટંક રીપોર્ટ નિયમીત કાઢવામાં આવતા નથી. અને સમીક્ષા કરવામાં આવતી નથી.

(૧૪) તૈલી પદાર્થ વાળુ દુધ ગ્રાહકો મંડળીમાં ભરવા આવતા હોવા છતાં કમીટી સભ્યોએ કોઇ દેખરેખ રાખેલ નથી.

(૧૫) સરવૈયામાં જનશ્રી વિમા પ્રિમીયમની રકમ ₹ ૧,૪૦,૬૯૦/- પૈકી મંડળી ફાળાની રકમ નફાનુકશાન ખાતે અને સભાસદફાળાની રકમ વસુલ કરવા પાત્ર હોવા છતાં તે રકમ વસુલ કરેલ નથી અને મંડળીને આર્થિક નુકશાન કરેલ છે.

INDEX

(૧૬) મંડળીએ ૨૦૧૧-૧૨ના વર્ષમાં સભાસદોના પશુઓના વિમા લીધેલ તે પૈકી સભાસદો પાસેથી પ્રિમીયમની રકમ ૪૯૯૭૮ તથા સંઘ ફાળાની રકમ ૫૩૨૧૮ની વસુલાત કમીટીએ કરેલ નથી અને મંડળીને આર્થિક નુકશાન પહોચાડેલ છે.

(૧૭) કેન કપાત ₹ ૫,૮૮૬/- આજદીન સુધી સબંધિત કર્મચારી પાસેથી વસુલાત કરેલ નથી. અને મંડળીને નુકશાન પડેલ છે.

(૧૮) તપાસણી સમયમાં ૬ વખત કમીટી બેઠક મળેલ છે. તારીખ ૧૭-૯-૨૦૧૩ પછી ગામમાં આંતરીક મતભેદના કારણે ઓડીટ તારીખ સુધી તારીખ ૨૫-૩-૨૦૧૫ સુધી એકપણ કમીટીની બેઠક મળેલ નથી. એજન્ડા કાઢેલ નથી. મંડળી સ્થગિત છે.

(૧૯) મંડળીને ઓટોમેટીક મિલ્ક સિસ્ટમ મશીન ખરીદી માટે સરકારશ્રી તરફથી ₹ ૬૯,૮૬૦/- ની સહાય ચુકવવામાં આવેલ છે. મંડળીને સરકારી સહાય ચુકવેલ હોવાથી ગુજરાત સરકારશ્રીના તારીખ ૧૩-૪-૨૦૧૩ના નવા અમલમાં આવેલ ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧(૧) મુજબ મંડળીની કમીટીને સુપરસીડ અથવા સસ્પેન્ડ કરવામાં બાદ નથી.

(૨૦) મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. મહેસાણાએ તારીખ ૧૪-૪-૨૦૧૩ના પત્ર નં. સી.એસ./મિલ્ક/૨૯૯/૧૦૪૫ મંડળી તારીખ ૧૬-૨-૨૦૧૪ થી મંડળી બંધ છે. જેથી દૂધ ઉત્પાદકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જે વહીવટકર્તાની નિષ્ક્રીયતા દર્શાવે છે.

આમ ઉપરોક્ત વિગતો ઉપરથી એવું માનવાને કારણ રહે છે કે, મંડળીની વ્યવસ્થાપક કમીટીએ સહકારી કાયદા કાનૂન તથા પેટા કાયદાથી તેમના ઉપર વિહીત કરેલ ફરજો બજાવવામાં વારંવાર તથા સતત બેદરકારી પુર્વક કસુર કરેલ હોવાનું જણાય છે. સમીતી પોતાની ફરજો બજાવવામાં બેદરકાર રહેલ છે. મંડળી અને સભ્યોના હિતને બાદ આવે તેવું કૃત્ય કરેલ છે. જેથી આમુખ-૬ મુજબ સહકારી કાયદાની કલમ-૮૧(૧)(એ) મુજબ તારીખ ૧૦-૬-૨૦૧૫ના રોજ કારણદર્શક નોટીશ મંડળીને બજાવી તારીખ ૨૨-૬-૨૦૧૫ના રોજ ૧૨-૦૦ કલાકે અત્રે ઉપસ્થિત રહેવા જણાવેલ હતું અને મંડળીના હોદ્દેદારોએ મુદત માગતાં તારીખ ૨-૭-૨૦૧૫ તથા તારીખ ૧૬-૭-૨૦૧૫ ના રોજ રૂબરૂ હાજર રહી રજુઆત કરેલ છે. કે મંડળીનો વહીવટ કરવા તેઓ શ્રી સક્ષમ ન હોવાથી વહીવટદારશ્રીની નિમણુંક કરવા સંમતી પણ દર્શાવેલ છે. આમ તમામ હકીકતોને ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧(૧)(એ) મુજબ કાર્યવાહી કરવી જરૂરી જણાતી હોઇ મંડળી તથા સભાસદોના હિતમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

આથી, હું, આર. એ. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાટણ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ થકી મને મળેલ સત્તાની રૂએ શ્રી જુનામાંકા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જુનામાંકા, તા. હારીજ, જિલ્લો પાટણની વ્યવસ્થાપક કમીટી સભ્યોને બરતરફ કરવા હુકમ કરૂ છું તથા શ્રી મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. મહેસાણાને વહીવટદાર તરીકે હુકમની તારીખથી છ માસ માટે નિમણુંક કરૂ છું. આમુખ-૧ માં વંચાણે લીધેલ કલમ-૮૧ની જોગવાઇ અન્વયે છ માસની મુદતની અંદર નવી સમીતીની રચના માટે ચૂંટણી યોજવા માટેની ગોઠવણ કરવાની રહેશે અને ચૂંટાયેલા સભ્યોને વહીવટ પરત સુપ્રત કરવાનો રહેશે. બરતરફ થયેલ સભ્યો છ વર્ષની મુદત સુધી આ મંડળીની સમીતીના સભ્ય બનવા માટે પાત્ર થશે નહી. તથા શ્રી મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. મહેસાણાને તાત્કાલીક અસરથી સદર મંડળીના વહીવટ/કામકાજનો ચાર્જ સંભાળી લેવા જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપું છું.

પાટણ, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

આર. એ. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પાટણ.

ક્રમાંક : ઉખસ/નધણ/ટીએપીઆઇ/‘‘સે’’(જી)-૪૩૬૮૮/ખ/૧૨૯૦/સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ધી નિઝર તાલુકા ખેડૂત સહકારી સંઘ લી., મુ.પો. અંતુર્લી, તા. નિઝર, જિ. તાપીને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

તાપી, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક : ઉખસ/નધણ/ટીએપીઆઇ/‘‘ઉ’’(ફ)-૧૫૨૫૫/ખ/૧૨૯૬/સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ધી કુકરમુંડા તાલુકા ખેડૂત સહકારી ફળ અને શાકભાજી ખરીદ વેચાણ સંઘ લી., મુ.પો.તા. કુકરમુંડા, જિ. તાપીને,

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

તાપી, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, તાપી.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

INDEX

(૩) ઓડિટર ગ્રેડ - ૨, સહકારી મંડળીઓ, ખેરાલુના તારીખ ૧લી જુલાઈ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૧૨૨/૨૦૧૫ થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૫૧૧/૨૦૧૫, તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટી સભ્યોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૬૩૩/૨૦૧૫.–શ્રી જય સિધ્ધેશ્વરી મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. તા. ખેરાલુ, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ઉ-૧૦૪૬૦, તારીખ ૧૮મી જૂન, ૨૦૦૩ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, ખેરાલુને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તારીખ ૨૨મી જૂન, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૩)માં જણાવેલ વિગતે તારીખ ૧લી જુલાઈ, ૨૦૧૫ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ (૪) માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫ થી BY RPAD થી કારણદર્શક નોટીસ થી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. ૧ થી ૧૩ માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૧૫ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. પરંતુ મંડળીના હોદ્દેદારોએ રૂબરૂ હાજર રહી કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરેલ નથી.

(૧) મંડળીએ છેલ્લા આઠેક વર્ષથી ઓડિટ મેમાની ખામીઓની દુરસ્તી રીપોર્ટ સંબંધિત ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો સરેઆમ ભંગ કરેલ છે.

(૨) મંડળીમાં ઓડીટ સમયમાં એક જ વખત વ્યવસ્થાપક કમિટીની મીટીંગ મળેલ નથી. બાકીના સમયની મીટીંગો મળેલ નથી.

(૩) મંડળીએ ઓડીટ સમયમાં એક પણ વખત ખાસ સાધારણ સભા મીટીંગ બોલાવેલ નથી. જેથી કલમ-૭૭નો ભંગ પણ કાર્યવાહકોએ કરેલ છે.

(૪) મંડળીને છેલ્લા વર્ષોથી ઓડીટ વર્ગ‘‘ડ’’ આપેલ છે. ઓડીટ સમયમાં પણ મંડળીને ‘‘ડ’’ વર્ગ આપેલ છે.

(૫) મંડળીએ પોતાના નોંધાયેલ ઉદેશો મુજબની કોઈ કામગીરી કરેલ નથી. તેમજ કામગીરી કરવા કોઈ પ્રયત્નો પણ કરેલ નથી. જેથી, હાલમાં સ્થગિત અવસ્થામાં છે.

(૬) મંડળીમાં પેટા નિયમની નકલ દફ્તરે જોવા મળેલ નથી.

(૭) મંડળીમાં સભાસદ રજિસ્ટર, ડેડસ્ટોક રજિસ્ટર, રોકાણ રજિસ્ટાર જેવા અગત્યના રજિસ્ટરો વસાવેલ નથી.

(૮) મંડળીમાં સિલકની લગતી જવાબદારી નક્કી કરેલ નથી.

(૯) મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક, ખેરાલુ/મહેસાણા જિલ્લા પંચાયત બેંક, મહેસાણા કરંટ/સેવિંગ ખાતાના કોઈ ઉતારા કે પાસબુક બેલેંન્સ સર્ટી. દફ્તરે રાખેલ નથી.

(૧૦) મંડળીનો ચોખ્ખો નફો ₹ ૯,૨૨૪/- પેટા નિયમ મુજબ ફાળવણી કરેલ નથી.

(૧૧) મંડળીના સરવૈયામાં બોલતી રકમોમાં સરદાર સરોવર નિગમ ₹ ૬,૦૦૦/- સીક્યુરીટી ડીપોઝીટ ખાતે ₹ ૨,૯૮૩/- ઈન્કમ ટેક્ષના ₹ ૨૩,૦૩૯-ના કોઈ કન્ફરમેશન મેળવેલ નથી.

(૧૨) મંડળીના રોજમેળ/અગત્યના દફ્તર ઉપર મંડળીના ગોળ સિલ સિક્કા કરેલ નથી.

(૧૩) તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૪ના ઠરાવ નં. ૨ થી વ્યવસ્થાપક કમિટીએ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

આમ, મંડળીને રજૂઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજૂઆત કરેલ નથી. જેથી, મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી, મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી જય સિધ્ધેશ્વરી મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. તા. ખેરાલુ, જિ. મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧, આધિન નોંધણી ક્રમાંક : ઉ-૧૦૪૬૦, તારીખ ૧૮મી જૂન, ૨૦૦૩ થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ ક, ગ, (૨), (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

INDEX

(૩) અત્રોની કચેરીના પત્રા આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૪૯૬/૨૦૧૫, તારીખ ૧૬મી જૂન, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૬૩૮/૧૮૪૪૮/૨૦૧૫.–ધી ઉંઝા તાલુકા મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., મું. તા. ઉંઝા, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ભં-૪૭૨૫, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ (૩) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાનો આદેશ સામે વાંધા સૂચન હોય તો, રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદેદારો તરફથી લેખિત / રૂબરૂમાં કોઈ વાંધા સૂચન મળેલ ન હોઈ, સદરહુ મંડળીને આમુખ (૩) થી મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

હું, પી. એસ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, વંચાણ (૨) થી મને મળેલ સત્તાની રૂઈએ, ધી ઉંઝા તાલુકા મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., મું. તા. ઉંઝા, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૦૫/ એન.એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (પ્રમાણિત-૧) મહેસાણાના તારીખ ૧લી જુલાઈ, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૧૨૨/૨૦૧૫ થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૪૫૮/૨૦૧૫, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટી સભ્યોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૬૩૫/૨૦૧૫.–શ્રી જય ગોરેશ્વર મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. ઉપેરા, તા. ઊંઝા, જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ઉ-૧૦૪૬૨, તારીખ ૨૭મી જૂન, ૨૦૦૪ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (પ્રમાણિત-૧), મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તારીખ ૨૯મી જૂન, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૩)માં જણાવેલ વિગતે તારીખ ૧લી જુલાઈ, ૨૦૧૫ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ આધીન આમુખ (૪) માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫ થી BY RPAD થી કારણદર્શક નોટીસ થી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. ૧ થી ૭ માં જણાવેલ વિગતે રજુઆત કરવા તારીખ ૧૩મી જુલાઈ, ૨૦૧૫ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદેદારોને થયેલ છે. પરંતુ મંડળીના હોદેદારો રૂબરૂ હાજર રહી કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરેલ નથી.

(૧) મંડળીએ છેલ્લા આઠ વર્ષના ઓડિટ મેમાની ખામીઓની દુરસ્તી રીપોર્ટ સંબંધિત ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીએ તપાસણી સમયમાં સને ૨૦૧૨-૨૦૧૩ અને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષની સાધારણ સભાઓ બોલાવેલ નથી. જેથી, સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે અને સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

(૩) મંડળીએ તપાસણી સમયમાં એકપણ વ્યવસ્થાપક કમિટીની બેઠક બોલાવેલ નથી. જેથી, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતો નથી.

(૪) મંડળીએ છેલ્લા બે વર્ષથી પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબની કોઈ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૫) મંડળીએ વારંવારના સૂચનો થવા છતાં શેર રજિસ્ટર, શેર ટ્રાન્સફર રજિસ્ટર, રોકાણ રજિસ્ટર, જમા પાવતી બુક, વપરાશ રજિસ્ટર જેવા રજિસ્ટરો નિભાવેલ નથી.

(૬) મંડળીમાં તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના અંતે એકત્રિત નફો ₹ ૧૪,૬૦૨/- છે. જેની પેટા નિયમ મુજબ ફાળવણી નહીં કરીને પેટા નિયમનો ભંગ કરેલ છે.

(૭) મંડળીની નોંધણીને દશ વર્ષ ઉપરાંતનો સમય થવા છતાં ફંડોમાં કોઈ વધારો થયેલ નથી.

આમ, મંડળીના રજૂઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજૂઆત કરેલ નથી. જેથી, મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી, મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ગોરેશ્વર મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. ઉપેરા, તા. ઉંઝા, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧, આધિન નોંધણી નં. : ક્રમાંક : ઉ-૧૦૪૬૨, તારીખ ૨૭મી જૂન, ૨૦૦૪ થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ ક, ગ, (૨), (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

(૩) કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/   /૨૦૧૫, તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૬૩૬/૧૮૪૪૬/૨૦૧૫.–ધી શક્તિ-વિજય પિયત સહકારી મંડળી લી., મું. વેકરા, તા. કડી, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ૨૦૩૩, તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૭૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ (૩) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાનો આદેશ સામે વાંધા સૂચન હોય તો, રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદ્દેદારો તરફથી લેખિત / રૂબરૂમાં કોઈ વાંધા સૂચન મળેલ ન હોઈ, સદરહુ મંડળીને આમુખ (૩) થી મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

હું, પી. એસ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂઈએ, ધી શક્તિ-વિજય પિયત સહકારી મંડળી લી., મું. વેકરા, તા. કડી, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

(૩) કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ ૪૯૯ /૨૦૧૫, તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૬૩૭/૧૮૪૪૭/૨૦૧૫.–ધી જગદંબા મજુર કામદાર સહકારી મંડળી લી., મું. ભીમપુર, તા. સતલાસણા, જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ઉ/૧૦૪૩૫, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૯૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ (૩) વંચાણે લીધેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાનો આદેશ સામે વાંધા સૂચન હોય તો, રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદ્દેદારો તરફથી લેખિત / રૂબરૂમાં કોઈ વાંધા સૂચન મળેલ ન હોઈ, સદરહુ મંડળીને આમુખ (૧) થી મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

હું, પી. એસ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂઈએ, ધી જગદંબા મજુર કામદાર સહકારી મંડળી લી., મું. ભીમપુર, તા. સતલાસણા, જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

મહેસાણા, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI]   THURSDAY, OCTOBER 1, 2015 / ASVINA 9, 1937   [No. 40

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1493-1514
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	40
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	79
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3479-3576

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંકઃ વિ.શા./એ-સેકશન/પરમીટ/૬૯/૨૦૧૫.–છેલ્લા કેટલાય સમયથી અમદાવાદ શહેરમાં બનેલ ચોરી, લુંટ, ખૂન, જેવા ગન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટીઓ જાહેર સુલેહશાંતિને કેટલાક માણસની જિંદગીને ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે.

મહદ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે તેઓ વિષે માલિક પાસે અગર પોલીસ પાસે માહીતી હોતી નથી પરિણામે તેઓને પકડવા મુશ્કેલભર્યું બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતાં માલિકો ઉપર થોડા નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી./૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન માલિક/મકાન ભાડુઆત જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહીં અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહીતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

INDEX

(૧) ઘરઘાટીનું પુરૂં નામ :

(૨) ઘરઘાટીનું અમદાવાદનું સરનામું તથા તેની સાથેના માણસની વિગત :

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ સરનામું (બે, ત્રણ તમામ માલિકોના નામ, સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો) :

(૪) બાંહેધરી અગર જેના મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ સરનામું :

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ સરનામું :

(૬) અમદાવાદમાં ઘરઘાટીનાં ઓળખીતાના નામ સરનામા તથા ટેલીફોન નંબર :

(૭) ઘરઘાટીના વતનનું સરનામું પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં રહેતાં તેના ભાઈ બહેન માતા પિતાના નામો :

(૮) ઘરઘાટી પરણિત હોય તો સાસરીનું નામ સરનામું :

(૯) ઘરઘાટીનું ચહેરા નિશાન ઉ. વ. ઉંચાઈ વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની) :

આ હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૭૦/૨૦૧૫.– અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ વાગ્યાથી તા. ૨જી ઓક્ટોબર, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ, અગર કોઈ સભા ભરવી કે, બોલાવવી નહિ. તેમજ કોઈ સરઘસ કાઢવું નહિ.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંકઃ વિશેષ શાખા/પરમીટ/એ-સેકશન/ડ્રોન/૭૧/૨૦૧૫.– અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, આર્મી કેન્ટોનમેન્ટ, વી.વી.આઈ.પી./વી.આઈ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલીત ડ્રોન અથવા એરીયલ મીસાઈલ જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્ત્વો ગેરલાભ લઈ અમદાવાદ શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શક્યતાં નકારી શકાય નહી. આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આતંક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે.

વાસ્તે, હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાયદા અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨ની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦થી તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ સુધી અમદાવાદ શહેર વિસ્તારમાં રીમોટથી ચલાવાતાં ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરતાં એરીયલ મીસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફ્ટ ચલાવવાનો મનાઈ હુકમ કરૂ છું.

પોલીસ ખાતાના રિમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એર ક્રાફ્ટને આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

આ હુકમ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માંના અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./જાહેરનામું/એ. સેકશન/પરમીટ/૭૨/૨૦૧૫.– અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હો બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માંના અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૯મી ઓકટોબર, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે સઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધ હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./જાહેરનામું/એ. સેકશન/પરમીટ/૭૩/૨૦૧૫.– તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ''બકરી ઈદ''નો તહેવાર આવે છે. આ પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલના કારણે સુલેહશાંતીનો ભંગ થવા સંભવ રહે છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨) ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨જી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં કોઈપણ

વ્યક્તિ, કોઇપણ પશુની જાહેર જગ્યામાં કે, ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં વિગેરે જગ્યાએ દેખાય તે રીતે કોઇપણ પશુની કતલ કરવી નહી તેમજ કોઇપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઇ જવા કે ફેરવવા નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ના અધિનિયમ-૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ

ક્રમાંક ટફક/૭માં દિવસના ગણેશ વિસર્જન/જાહેરનામું/૩૬૧૯/૨૦૧૫.– વડોદરા શહેરમાં તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સાતમા દિવસના ગણેશ વિસર્જન અંગેનો ધાર્મિક તહેવાર હોય આ પ્રસંગે જાહેર જનતાની સલામતિ તેમજ શહેર વિસ્તારમાં ટ્રાફિક નિયમનની સરળતા જળવાઈ રહે અને આમ જનતાને અગવડ ન પડે તે હેતુસર આ જાહેરનામું તાત્કાલિક અસરથી પ્રસિદ્ધ કરવાની જરૂરૂયાત હોવાથી હું ઇ. રાધાકૃષ્ણ, (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર વડોદરા શહેર, વડોદરાનાઓને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના સવાર કલાક ૧૨-૦૦ થી સાતમા દિવસના ગણેશ વિસર્જન પુરૂ ન થાય ત્યાં સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરૂં છું.

નો પાર્કીંગ અંગે-

(૧) તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સવાર કલાક ૧૨-૦૦ થી જ્યાં સુધી સાતમા દિવસના ગણેશ વિસર્જન પુરૂં ન થાય ત્યાં સુધી ન્યાયમંદિર, લાલકોર્ટ ફરતે ચારેય બાજુનો વિસ્તાર, મહાત્મા ગાંધીનગરગૃહ ફરતે વિસ્તાર, પ્રતાપ ટોકીઝ રોડ અને તેની સામે આવેલ સીટી પોઈન્ટ, પદમાવતી શોપીંગ સેન્ટર, લહેરીપુરા દરવાજા, સુરસાગર તળાવ ફરતે ચારેય બાજુનો વિસ્તાર અને માંડવી ચાર દરવાજા વચ્ચેના વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો માટે સંપૂર્ણપણે **''નો પાર્કીંગ ઝોન''** તરીકે જાહેર કરવામાં આવે છે અને આ વિસ્તારમાં ગણેશ વિસર્જન માટે ગણેશજીની મૂર્તિઓ લઈ આવનાર વાહનો તથા પોલીસ વાહનો અને ગણેશ વિસર્જનની સેવામાં જોડાયેલા ફાયર બિગ્રેડ, એમ્બ્યુલન્સ અને વડોદરા મહાનગર સેવા સદન અને અન્ય ખાતાના વાહનો સિવાય બાકીના તમામ પ્રકારના વાહનો ઉપરોકત જણાવેલ વિસ્તારમાં પોતાના વાહનો પાર્ક કરી શકશે નહીં.

નો એન્ટ્રી અંગે-

તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૧૨:૦૦ વાગ્યાથી તમામ પ્રકારનો ટ્રાફિક

(૧) આજવા રોડ, વાઘોડિયા રોડ, સુલેમાની ત્રણ રસ્તા થઈ, પાણીગેટ દરવાજા થઈ, માંડવી તરફ આવતા તમામ પ્રકારના ટ્રાફિક માટે

(૨) ફતેપુરા ચાર રસ્તા, ચાંપાનેર દરવાજા થઈ, માંડવી તરફ આવતા તમામ પ્રકારના ટ્રાફિક માટે

(૩) ગેંડીગેટ દરવાજા થઈ માંડવી તરફ આવતા તમામ પ્રકારના ટ્રાફિક માટે.

(૪) કોઠી ચાર રસ્તા થઈ, રાવપુરા રોડ થઈ, લહેરીપુરા દરવાજા થઈ, માંડવી તરફ આવતા તમામ પ્રકરના ટ્રાફિક માટે.

(૫) નાગરવાડા ચાર રસ્તા, ટાવર ચાર રસ્તા, કારેલીબાગ પોલીસ સ્ટેશન ત્રણ રસ્તા, દાંડિયાબજાર ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તા, જયરત્ન બિલ્ડીંગ ચાર રસ્તા, મદનઝાંપા રોડ, લહેરીપુરી ન્યુ રોડ તરફથી આવતો તમામ પ્રકારના ટ્રાફિક ન્યાયમંદિર, લાલકોર્ટ ફરતે તેમજ સુરસાગર તળાવ ફરતે વિસ્તારમાં આવવા ઉપર **''પ્રવેશબંધી'' (નો એન્ટ્રી)** જાહેર કરવામાં આવે છે.

વૈકલ્પિક રૂપે વાહન ચાલકો માટે નીચે જણાવેલ માર્ગો અવર જવર માટે ખુલ્લા રહેશે.

(૧) તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી શહેર તરફ આવતી ટુ વ્હીલર વાહન ચાલકો બરોડા ઓટો મોબાઈલથી જેલ રોડ થઇ રાજમહેલ જતો રોડ તથા દાંડીયા બજાર ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તા તરફ જવાના રસ્તે તેમજ બરોડા ઓટો મોબાઈલ થઈ, આરાધના સિનેમા જવાનો રોડ થઈ, સલાટવાડા, નાગરવાડા ચાર રસ્તા અને કોઠી ચાર રસ્તા સુધીના રોડ ઉપર ફક્ત ટુ વ્હીલર વાહનો અવર જવર કરી શકશે.

(૨) વાઘોડિયા/આજવા રોડ તરફથી આવતો તમામ પ્રકારનો ટ્રાફિક વૃંદાવન ચાર રસ્તા થઈ, સોમા તળાવ થઈ, ડભોઈ રોડ થઈ, જે તે તરફ જઈ શકશે. તેમજ મહાવીર હોલ ચાર રસ્તા થઈ, કિશનવાડી ગધેડાં માર્કેટ ચાર રસ્તા થઈ, સંગમ ચાર રસ્તા થઈ, જે તે તરફ જઈ શકશે.

(૩) સંગમ ચાર રસ્તાથી વારસીયા થઈ, પાણીગેટ પાણીની ટાંકી ત્રણ રસ્તા તરફ જવાનો રસ્તો તમામ પ્રકારના વાહનો માટે ખુલ્લો રહેશે. તેવી જ રીતે સંગમ ચાર રસ્તા થઈ, કારેલીબાગ પાણીની ટાંકી થઈ, મુક્તાનંદ ત્રણ રસ્તા થઈ, ઉત્કર્ષ સર્કલ થઈ, ફતેગંજ સર્કલ, પંડ્યા બ્રીજ થઈ, અલકાપુરી તરફ તમામ પ્રકારનો ટ્રાફીક અવર જવર કરી શકશે. ફક્ત **ફતેપુરા સંગમ ચાર રસ્તા થઈ, માંડવી તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે ''પ્રવેશબંધી'' જાહેર કરવામાં આવે છે.**

(૪) માણેક પાર્ક ચાર રસ્તાથી વી. આઈ. પી. રોડ થઈ, અલકાપુરી તરફ તમામ પ્રકારના ટ્રાફીક અવર જવર માટે ખુલ્લો રહેશે. તેવી જ રીતે માણેકપાર્ક સર્કલથી ન્યુ. વી. આઈ. પી. રોડ થઈ, સરદાર એસ્ટેટ સંગમ ચાર રસ્તા, આજવા રોડ તરફ તમામ પ્રકારના ટ્રાફીક માટે અવર જવર માટે ખુલ્લો રહેશે.

(૫) ડભોઈ રોડથી તમામ પ્રકારનો ટ્રાફીક પ્રતાપનગર બ્રીજ થઈ, મકરપુરા ત્રણ રસ્તા થઈ, જે તે તરફ જઈ શકશે. તેવી જ રીતે મકરપુરા તરફથી આવતો ટ્રાફીક સુશેન સર્કલ થઈ, વડસર બ્રિજ થઈ, કલાલી બ્રિજ, થઈ

INDEX

લક્ષ્મીનારાયણ ફાટક થઈ જે તે તરફ જઈ શકશે, **ગેંડીગેટ દરવાજાથી માંડવી તરફ જતા તમામ પ્રકારના વાહનો માટે ‘પ્રવેશબંધી’’ (નો અન્ટ્રી) જાહેર કરવામાં આવે છે.**

(૬) ગ્રામ્ય/સીટી વિટકોસ બસોની વ્યવસ્થા સારૂ ડભોઈ તરફથી આવતી તમામ એસ. ટી. બસો પ્રતાપનગર થઈ મકરપુરા પોલીસ સ્ટેશન થઈ સુશેન સર્કલ થઈ, માંજલપુર થઈ, લાલબાગ બ્રિજ થઈ, કિર્તીસ્થંભ જઈ શકશે. તેવીજ રીતે કિર્તીસ્થંભ થઈ રાજમહેલ રોડ થઈ જેલ રોડ થઈ કાલાઘોડા થઈ નરહરી સર્કલ થઈ ફતેગંજ સર્કલ થઈ પંડ્યા બ્રિજ થઈ સેન્ટ્રલ એસ. ટી. ડેપો તરફ અવર જવર કરી શકશે. **ગેંડીગેટ દરવાજાથી માંડવી તરફ જતા રોડ ઉપર ‘પ્રતિબંધ’’ (નો અન્ટ્રી) જાહેર કરવામાં આવે છે.**

(૭) **વાઘોડિયા, આજવા તરફથી આવતી તમામ એસ. ટી. બસો/ ભારદારી વાહનો શહેર વિસ્તારમાં પાણીગેટ થઈ માંડવી તરફ પ્રવેશ કરી શકશે નહીં.** વૈકલ્પિક રૂપે વાઘોડિયા તરફથી આવતી એસ. ટી. બસો, ફોર વ્હીલર વાહનો તથા ભારદારી વાહનો વૃંદાવન ચાર રસ્તા થઈ, સોમા તળાવ થઈ, ડભોઈ રોડ થઈ જે તે તરફ જઈ શકશે. તેવી રીતે આજવા તરફથી આવતી એસ. ટી. બસો સરદાર એસ્ટેટ થઈ ન્યુ વી. આઈ. પી. રોડ થઈ માણેક પાર્ક થઈ, વી. આઈ. પી. રોડ થઈ સેન્ટ્રલ એસ. ટી. ડેપો તરફ જઈ શકશે. તેમજ વાઘોડિયા રોડ ઉપરથી આવતાં ટુ વ્હીલર, થ્રી વ્હીલર, લાઈટવ્હીકલો માટે વૈકલ્પિક રૂપે માર્ગ નં.–(૧) વૃંદાવન ચાર રસ્તા થઈ, સોમા તળાવ થઈ, ડભોઈ ત્રણ રસ્તા થઈ, શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે. (૨) આજવા રોડ ઉપરથી આવતાં મહાવીર હોલ ચાર રસ્તા થઈ ગધેડા માર્કેટ થઈ સંગમ ચાર રસ્તા થઈ, શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે.

(૮) **વિટકોસ બસ ડેપોમાંથી ઉપડતી વિટકોસની બસો જેવી કે, સ્ટેશનથી વાયા ટાવર, રાવપુરા રોડ, દાંડીયા બજાર, લહેરીપુરા, ન્યાયમંદિર, પાણીગેટ, વાઘોડિયા રોડ, આજવા રોડ, ફતેપુરા, સંગમ, ચોખંડી, ગાજરાવાડી તરફ જતી એસ. ટી. બસો તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સવાર કલાક ૧૨-૦૦ વાગ્યાથી ગણપતિ વિસર્જન પુરૂં ન થાય ત્યાં સુધી ઉપરોક્ત રૂટ ઉપર અવર જવર કરી શકશે નહીં.**

વૈકલ્પિક રૂપે કાલાઘોડા સર્કલ થઈ નરહરી સર્કલ, ઉત્કર્ષ સર્કલ થઈ, મુક્તાનંદ થઈ, સંગમ ચાર રસ્તા થઈ, ગધેડા માર્કેટ થઈ, મહાવીર હોલ ચાર રસ્તા, ઉમા ચાર રસ્તા, વૃદાવન ચાર રસ્તા, કલા દર્શન ચાર રસ્તા, સોમા તળાવ, ડભોઈ રોડ તરફ આવી શકશે અને તેજ રૂટ ઉપરથી પરત જઈ શકશે.

(૯) **શહેરી વિટકોસ ડેપોમાંથી જે વિટકોસ બસો ટાવર, ન્યાયમંદિર, માંડવી, નાની શાક માર્કેટ રૂટ ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન અવર જવર કરી શકશે નહીં.**

વૈકલ્પિક રૂપે કાલાઘોડા સર્કલ થઈ, જેલ રોડ થઈ, મહારાણી નર્સિંગ હોમ, મોતીબાગ તોપ થઈ, લાલબાગ બ્રીજ જમણી બાજુ લક્ષ્મીનારાયણ ફાટક થઈ, માંજલપુર થઈ તેમજ વિશ્વામિત્રી બ્રીજ થઈ મુજમહુડા સર્કલ થઈ, કલાલી બ્રિજ થઈ, વડસર બ્રિજ થઈ મકરપુરા તરફ જઈ શકશે પરંતુ તેજ રૂટની બસો વાયા દાંડીયા બજાર, માર્કેટ ચાર રસ્તા, પ્રતાપનગર, રામકૃષ્ણ બ્લોક રોડ ઉપર પ્રવેશ કરી શકશે નહીં.

ટ્રાફિકની સમસ્યા નહિવત જણાયેથી અને વિસર્જનની પ્રક્રિયા ઝડપથી પુર્ણ થયેથી આ જાહેરનામાનો અમલ પુર્ણ ગણાશે અને તે રૂટ પરથી વાહન વ્યવહાર રાબેતા મુજબ ચાલશે.

મેં. આજરોજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સંયુક્ત વાણિજ્યિક વેરા કમિશનર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) વેપારીશ્રી મે. બાલાજી ઈન્ડસ્ટ્રીઝ, કડી નો. નં. ૨૪૦૪૦૯૦૨૦૪૮ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૯૦૨૦૪૮ ખોવાયેલ ‘‘સી’’ ફોર્મની અરજી તા. ૧૮-૦૨-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, વર્તુળ-૮, મહેસાણાના પત્ર જા. ૪૧૪૭, તા. ૨૪-૦૮-૨૦૧૫.

(૩) કેન્દ્રીય વેચાણવેરા કાયદા-૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨(૨) મુજબ.

જાહેરનામું

કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪-એ ના પેટા નિયમ-૭ અન્વયે

ક્રમાંક સંવાવેક/વિ-૪/મહે/ધારાકીય ફોર્મ ૨૬/૨૦૧૪-૧૫/જા.-૧૪૩૮/૬૦/૨૦૧૫.—સહાયક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, ઘટક-૩૩, કડીના ક્ષેત્રાધિકારના વેપારીશ્રી મે. બાલાજી ઈન્ડસ્ટ્રીઝ, કડી નો.નં. ૨૪૦૪૦૯૦૨૦૪૮ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૯૦૨૦૪૮ ધરાવે છે.

તેઓશ્રીને સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનર, વિભાગ-૩, ગાંધીનગર દ્વારા મેન્યુઅલ આપવામાં આવેલ ‘‘સી’’ ફોર્મ નં. ૮૮૦૬૫૭૪ પાના

INDEX

નંગ-૧ જે વેપારીશ્રી દ્વારા ખોવાઇ ગયેલ છે. જે અંગે વેપારીશ્રી તરફથી તા. ૧૮-૦૨-૨૦૧૫ના રોજ લેખિતમાં જાણ કરેલ છે. જેની સાથે રૂ. ૧૦૦/-ના સ્ટેમ્પ ઉપર ફોર્મ-જી ઈન્ડમનીટી બોન્ડ રજુ કરેલ છે. ન્યુઝ પેપરમાં આપેલ જાહેરાતનું કટીંગ રજુ કરેલ છે. જે ચકાસણી કરતાં નીચેની વિગતનું ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીશ્રીનું નામ	ફોર્મનો પ્રકાર	ફોર્મની સંખ્યા	ફોર્મ નંબર	રદનું કારણ	કચેરી
૧	મે. બાલાજી ઈન્ડસ્ટ્રીઝ, કડી નો. નં. ૨૪૦૪૦૯૦૨૦૪૮ના અને સી. એસ. ટી. નં. ૨૪૫૪૦૯૦૨૦૪૮	''સી'' ફોર્મ	(૧) પાના	૮૮૦૬૫૭૪	ખોવાઇ ગયેલ હોવાથી	સહાયક વાણિજિયકવેરા કમિશનરશ્રી, ઘટક-૩૩, કડી

આથી હું, એમ. એફ. નગીનગર, સંયુક્ત વાણિજિયકવેરા કમિશનર, વિભાગ-૪, મહેસાણા કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪-એ ના પેટા નિયમ-૭ અને કેન્દ્રિય વેચાણવેરા કાયદા ૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨(૨) મુજબ અન્વયે મળેલી સત્તાની રૂએ ઉક્ત દર્શાવેલ ફોર્મ્સ રદ બાતલ જાહેર કરૂ છું.

મહેસાણા, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

એમ. એફ. નગીનગર,
સંયુક્ત વાણિજિયકવેરા કમિશનર,
વિભાગ-૪, મહેસાણા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/વશી/૯૩૬૧ થી ૯૩૬૫/૨૦૧૫.–તાજેતરમાં પાટીદાર સમાજ દ્વારા ચાલી રહેલ અનામત મેળવવા અંગેના આંદોનલ સંદર્ભે તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે યોજેલ રેલી/સભા બાદ અન્ય જિલ્લાઓમાં બનેલ અનિચ્છનીય બનાવો તેમજ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને આર્મ્સ એકટ, ૧૯૫૯ હેઠળ પરવાના અધિકારીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ હથિયારોનો દુરપયોગ ન થાય તે માટે અને આ બાબતે સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર નં. હથપ/૧૦૨૦૧૫/૭૩૩/મ. અન્વયે જિલ્લાના ''વ્યકિતગત'' ધોરણે મંજુર કરેલ તમામ હથિયારો પરવાનેદારના નજીકના સંબંધિત પોલીસ સ્ટેશને કે અધિકૃત આર્મ્સ ડીલર સમક્ષ તાત્કાલીક અસરથી જમા કરાવવા થતા હોવાથી રાજ્યમાં પ્રવર્તી રેહલ તંગદીલીને ધ્યાનમાં રાખીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર સુલેહ શાંતિ જાળવી રાખવાના ભાગરૂપે આમ કરવું ઈચ્છનીય અને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લામાં ''સ્વરક્ષણ'', ''રમત-ગમત'' તેમજ સ્વરક્ષણના હેતુ માટેના વ્યકિતગત ધોરણે હથિયાર પરવાનો ધરાવતા તમામ પરવાનેદારશ્રીઓએ પરવાનામાં નોંધાયેલ તમામ હથિયારો અત્રેની બીજી સૂચના ન મળે ત્યાં સુધી પોતાના કબજામાં રાખવા ઉપર પ્રતિબંધ મુકી તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીમાં નજીકના પોલીસ સ્ટેશને પરવાનામાના હથિયાર જમા કરવા ફરમાવું છું.

વધુમાં, હથિયાર પરવાનેદારોને કોઈ કિસ્સામાં હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે જર્ની પરમીટો આપવામાં આવેલ હશે તો પણ રદ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર કસુરવાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું કાયદાકીય ફરજનો ભાગ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આજ તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના દરખાસ્ત પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/ઈન્ટરનેટ/૨૯૭૮/૨૦૧૫, તા. ૧૯-૦૯-૨૦૧૫.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/કા.વ્ય/વશી/૧૦૧૩૪ થી ૧૦૧૬૭/૨૦૧૫.–તાજેતરમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદોલનના ભાગરૂપે પાટીદાર અનામત આંદોલન સમિતિ, ગુજરાતના કન્વીનર શ્રી હાર્દિક પટેલની આજરોજ સુરત શહેર ખાતેથી અટકાયત કરવામાં આવેલ છે. જે બનાવના અનુસંધાને પાટીદાર આંદોલન સમિતિ દ્વારા સમગ્ર રાજ્યમાં પાટીદારો દ્વારા રસ્તા રોકો આંદોલન અને હાઈવે ચક્કાજામ કરવા માટે અપીલ કરેલ હોવાનું જાણવા મળેલ છે, જેના અનુસંધાને લોકોમાં ઈન્ટરનેટ

INDEX

મિડીયા જેવા કે વોટસઅપ, ટવીટર, ઈન્ટરનેટના માધ્યમો ઘણા જ સક્રિય હોવાથી આ માધ્યમો દ્વારા લોકોમાં ખોટી અફવાઓ ન ફેલાય અને લોકો ગેરમાર્ગે ન દોરાય તેની તકેદારી રાખવા તેમજ જિલ્લાના શાંતિમય વાતાવરણ ડહોળાવાની દહેશતને ધ્યાનમાં રાખી, જિલ્લામાં પાટીદાર અનામત આંદોલન સંદર્ભેની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેવા આશયથી આમુખ-(૧)ની પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની દરખાસ્ત ધ્યાને લઈને સોશીયલ મીડીયા ઉપર પ્રતિબંધ મુકવો જાહેર હિતમાં ઈસ્ટ અને વ્યાજબી જણાય છે.

સબબ, હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નીચે આપેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ વિસ્તારોના રહેવાસીઓ તેમાં અવર જવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર પુરતુ તે અનુસૂચિમાં દર્શાવેલા કલાકો દરમ્યાન બિનજરૂરી અફવાઓ ન ફેલાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તમામ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરોએ ઈન્ટરનેટ સેવા બંધ કરવાની રહેશે. જેથી ફેસબુક, ટવીટર, વોટસએપ, ગુગલ પ્લસ, હાઈક, લાઈન, વાઈબર, હેન્ગઆઉટ, ટેલીગ્રામ, વે ટુ એસ.એમ.એસ. નેટ મેસેજીંગ એપ જેવા સોશીયલ મીડીયાનું પ્રસારણ બંધ રાખવું.

સબબ, મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ જેવી કે, વોડાફોન, બીએસએનએલ, રીલાયન્સ, ટાટા ડોકોમો, એરટેલ, આઈડીયા, યુનીનોર, વીડીયોકોન, એરસેલ, એમટીએસ, વગેરે તમામ કંપનીઓએ સોશીયલ મીડીયા એપ્લીકેશનની સેવાઓ ગ્રાહકો સુધી પ્રસારીત કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ હુકમ જિલ્લામાંની દરેક વ્યકિતને વ્યકિતગત રીતે હાલના તાકીદના સંજોગોમાં બજાવી શકાય તેમ ન હોવાથી સી.આર.પી.સી. કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ એકતરફી હુકમ કરવામાં આવે છે.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	તારીખ અને સમય
નવસારી જિલ્લાનો સમગ્ર વિસ્તાર	તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૧૭-૦૦ થી તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી

આ પ્રતિબંધ સરકારી ઈન્ટરનેટ, ઈન્ટ્રાનેટ સર્વિસ પ્રોવાઈડર જીસ્વાન, એન.આઈ.સી. બેન્કીંગ સેવાઓ, રાજ્ય અથવા કેન્દ્ર સરકારના ઉપયોગ હેતુ લેન ઈત્યાદી ઉપયોગને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

વંચાણ :-

(૧) ઉપ સચિવશ્રી, ગૃહવિભાગના પત્ર નં. Sb.5/DPL/102030/53, Date 25/08/2015.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/૩૭૭૩ થી ૯૩/૨૦૧૫.—તાજેતરમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદોલનના અનુસંધાને તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ રેલીના સંદર્ભે જિલ્લામાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સોશીયલ મીડીયા દ્વારા ખોટી અફવાઓ ફેલાવવામાં ન આવે તે હેતુથી ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના પત્ર નં. Sb.5/DPL/102030/53, Date 25/08/2015. થી સોશીયલ મીડીયા ઉપર પ્રતિબંધ મુકવા જણાવેલ છે.

જેથી, હું, સંદિપકુમાર સાગલે, (I.A.S), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ વિગતોએ સમગ્ર નર્મદા જિલ્લામાં પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ફેસબુક, ટવીટર, વોટસએપ જેવા સોશીયલ મીડીયાના માધ્યમોની સેવાઓ ગ્રાહકો સુધી પ્રસારીત કરવા પર પ્રતિબંધ.

(૨) મોબાઈલ પ્રોવાઈડર સર્વિસ કંપનીઓ જેવી કે, વોડાફોન, બીએસએનએલ, ટાટા મોબાઈલ, એરટેલ, આઈડીયા, યુનીનોર, વીડીયોકોન, એરસેલ, એમટીએસ, રીલાયન્સ વગેરે કંપનીઓએ મોબાઈલ ફોન પર ગૃપ એસ.એમ.એસ., એમ.એમ.એસ. વોટસઅપની સેવાઓ ગ્રાહકો સુધી પ્રસારીત કરવા પર પ્રતિબંધ.

આ જાહેરનામાનો સમયગાળો તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના સવારના ૦-૦૦ કલાક થી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજે તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહિ કરી સિક્કો મારી આપ્યો.

INDEX

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૩૭૪/૧૫, તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૪૦૦૬ થી ૪૦૨૯/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદીઓ/અસામાજિક તત્ત્વો નર્મદા જિલ્લાના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

હાલમાં બજારમાં મોબાઈલ ફોન તથા સીમકાર્ડ માન્ય પુરાવાની તથા ખરીદનાર વ્યક્તિની ઓળખના દસ્તાવેજોની બરાબર ચકાસણી કર્યા વગર વેચાણ કરવામાં આવે છે. નર્મદા જિલ્લામાં મોબાઈલ ફોન અને સીમકાર્ડનું લે-વેચ મોટા પ્રમાણમાં થાય છે. બોગસ દસ્તાવેજથી સીમકાર્ડ મેળવી તે સીમકાર્ડના આધારે ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતીય સતામણી કરવાના વગેરે કિસ્સાઓને અંજામ આપતા હોય છે. જેથી મોબાઈલ ફોન અને સીમકાર્ડની લે-વેચ કરતાં દુકાનદારો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં જુના-નવા મોબાઈલની લે-વેચ કરતા અને સીમકાર્ડનું વેચાણ કરતા દુકાનદારોએ લે-વેચ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

નવા-જુના મોબાઈલ ખરીદતા-વેચતા વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI નંબર	મોબાઈલ ફોન વેચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત તથા ફોટો	આઇ.ડી. પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/કંપની	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત	આઇ.ડી. પ્રૂફની વિગત	સીમકાર્ડ ખરીદનારનો ફોટો તથા ટેલીફોન નંબર	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

INDEX

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક-એસ.ઓ.જી./૩૭૨/૨૦૧૫, તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૪૦૭૮ થી ૪૧૦૧/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો નર્મદા જિલ્લામાં નવા-જુના સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલ, બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલ વગેરે બોગસ નામથી ખરીદતા હોય છે. જેના ઉપયોગ દ્વારા જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

હાલમાં આતંકવાદીઓ/ત્રાસવાદી તત્ત્વો આતંકવાદી પ્રવૃતિઓને અંજામ આપવા માટે ચોરી કરીને અથવા જુની ખરીદી કરીને સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરોનુ અલગ-અલગ રીતના ઉપયોગ કરી આતંકવાદી કૃત્યોને અંજામ આપે છે. તેમજ બેટરીથી ચાલતા સાયકલ/સ્કુટર જેમાં આરટીઓનો પાસીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો દ્વારા આતંકવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલ, બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલનુ ખરીદ વેચાણ કરતા વેપારીઓ ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરો અને બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલની લે-વેચ કરતા વેપારીઓને નીચે મુજબના નિયમોનુ પાલન કરવાનુ રહેશે.

૧. વિદેશી નાગરિકને વાહનની લે-વેચ કરતી વખતે તેઓના પાસપોર્ટ, વીઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્શીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૨. અજાણ્યા વિદેશી નાગરિકોને વાહનની લે-વેચ કરવી નહીં.

૩. કોઈપણ વ્યક્તિની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

૪. જિલ્લામાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરો તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ ખરીદનારના નામ સરનામાં ફોટો અને આઇ. ડી. પ્રુફની નકલ મેળવી પોતાના રેકર્ડમાં રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સંદિપકુમાર સાગલે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,નર્મદા,
રાજપીપલા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી-૪૭૮૦-૪૮૦/૨૦૧૫.–ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઇ તાજેતરમાં આવા કોઇ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઇ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટ આતંકી હુમલાઓને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ખરીદેલ છે જે મોબાઇલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઇલ કોઇ અજાણ્યા વ્યકિતએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી જેથી તપાસમાં કોઇ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઇ વ્યકિતઓ મોબાઇલ/સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે, ઓળખકાર્ડ વગર લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચવા, સાચા આરોપીને શોધી કાઢવા માટે, જેના મોબાઇલના વપરાશકારે તે મોબાઇલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

જેથી, હું, જેનુ દેવન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, બોડેલી, નસવાડી, ક્વાંટ, પાવીજેતપુર, છોટાઉદેપુર વિસ્તારમાં તમામ મોબાઈલ લે/વેચ કરનાર વેપારીઓ મોબાઈલ લેતાં અથવા વેચતા પહેલાં, ખરીદનાર અથવા વેચનારના ફોટો ઓળખકાર્ડ સાથેનું રજિસ્ટર (આ સાથે સામેલ પત્રક મુજબ) નિભાવવું, જેમાં મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ તેના હસ્તાક્ષર અચુક મેળવવા.

આ હુકમ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઈસી/એમએજી/વશી-૪૮૦૧-૨૦/૨૦૧૫.–ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઇ તાજેતરમાં આવા કોઇ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઇ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટર આતંકી હુમલાઓને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો પોતાની ઓળખ છુપાવવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, આવી જગ્યાઓએ રહી પોતાની આસપાસ મળી આવતી પાયાની સગવડોનો દુરૂપયોગ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. અત્યાર સુધીની આતંકવાદી પ્રવૃત્તિના અનુભવ મુજબ આવી પ્રવૃત્તિ આચરનાર આતંકવાદીઓ મોટાભાગે મોબાઈલ ફોન તથા મોબાઈલ સીમકાર્ડોનો ઉપયોગ કરી, પોતાની આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપે છે. આ મોબાઈલ ફોનના ઉપયોગથી ઓડિયો/વીડીયો કલીપ ઉતારી, સાયબર કાફેના ઉપયોગ વિગેરેના જી.પી.આર.એસ., થ્રી જી, અને નેટ ટુ ફોન જેવા આધુનિક ઉપકરણો જોડીને આવા અસામાજિક તત્ત્વો દ્વારા સંદેશાઓની આપ-લે થાય છે. આ પ્રવૃત્તિમાં અત્યંત જરૂરી ડિવાઈસ સીમકાર્ડ છે જે હાલની પરિસ્થિતિમાં કોઈપણ સ્થળે સહેલાઈથી મળી આવતા હોય છે. અને મોટાભાગના બનાવોમાં મળી આવતા સીમકાર્ડ બોગસ નામના હોય છે.

જેથી મોબાઈલ સીમકાર્ડનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો દ્વારા મોબાઈલ સીમકાર્ડ ધારકોની ઓળખના પુરાવાની યોગ્ય તથા ઝીણવટભરી ચકાસણી કરી મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરવામાં આવે તો જ આવી પ્રવત્તિ ઉપર અંકુશ લાવી શકાય. મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ / રીટેઈલરો માટે કોઈપણ વ્યક્તિને નવું મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતાં પહેલાં જે તે વ્યક્તિના ઓળખના પુરાવા લઈ તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ તે જ વ્યક્તિને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચે કે જેના નામના ડોકયુમેન્ટસ ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરને મળેલ હોઈ જેથી બોગસ નામથી બજારમાં મળી આવતા સીમકાર્ડ કે મોબાઈલ વેચાતા બંધ થાય.

જેથી, હું, જેનુ દેવન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, બોડેલી, નસવાડી, પાવીજેતપુર, ક્વાંટ, અને છોટાઉદેપુર તાલુકાના વિસ્તારમાં કોઈપણ વ્યકિતને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતાં પહેલાં મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો દ્વારા જે તે વ્યક્તિના જરૂરી ઓળખ પુરાવા લઈ તેનું અલાયદુ રજિસ્ટર નિભાવવાનું કે, જેમાં ઓળખનો પુરાવો રજુ કરનાર વ્યક્તિનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો, નામ, સરનામું અને હસ્તાક્ષર અચુકપણે લેવા અને ત્યારબાદ તેને જણાવેલ નામ-સરનામા ઉપર તે વ્યક્તિ રહે છે તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ તે જ વ્યક્તિને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે અને ત્યાર પછી જ મોબાઈલ સીમકાર્ડ એકટીવેટ કરવાનું રહેશે.

આ હુકમ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫થી તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

સુધારા હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી-૪૮૬૯-૮૯/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, બોડેલી, જેતપુરપાવી, છોટાઉદેપુર, નસવાડી, કવાંટ તાલુકા અને તેના ગામોમાં રેતીની લીઝ તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં રેતી કાઢવા પર પ્રતિબંધ કરવામાં આવેલ છે. જે અત્રેની કચેરીના પત્ર નંબર-એમએજી/વશી/૪૪૭૪/૨૦૧૫, તારીખ ૨૮/૮/૧૫થી રેતીની લીઝ ચાલુ કરવાનો અભિપ્રાય મંગાવવામાં આવતા ભૂસ્તર શાસ્ત્રી શ્રી, ખાન ખનીજ છોટાઉદેપુરના પત્ર નંબર જીસીયુ/સા.રેતી/પ્રતિબંધ/૩૭૪૬થી અભિપ્રાય આપેલ છે. જે અભિપ્રાય મુજબ તેમજ હાલના સંજોગોને લઈ તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫થી લીઝને જાહેરનામાની તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫થી તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી લીઝ ધારકોએ નદીના પટમાંથી રેતી કાઢવી નહી તે જાહેરનામા આથી સુધારો કરવામાં આવે છે. તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૫ થી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી જાહેરનામું ગણી આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જેનુ દેવન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. ડીસી/એમએજી/ઈન્ટરનેટ/સોશ્યલ મીડીયા/એસ.આર./૫૫/ ૨૦૧૫.–સમગ્ર અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે સોશ્યલ મીડીયા જેવા કે ઈન્ટરનેટ, ફેસબુક, ટવીટર, વોટ્સઅપ, મેસેન્જરનો

INDEX

દુરઉપયોગ ન થાય તથા સુલેહ શાંતિ અને જાહેર જનતાના જાન-માલની સલામતી જળવાય તે સારૂ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા સારૂ જાહેરનામુું બહાર પાડું છું.

સમગ્ર અમદાવાદ જિલ્લામાં ઈન્ટરનેટની સેવાઓ પૂરી પાડતા સર્વિસ પ્રોવાઈડરોને તાત્કાલિક અસરથી ઈન્ટરનેટની સેવાઓ તેમજ સોશ્યલ મીડાયા જેવા કે, ફેસબુક, ટવીટર, વોટ્સઅપ, મેસેન્જર બંધ કરવા આથી જણાવવામાં આવે છે.

આ હુકમ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

વંચાણમાં લીધું :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, મહેસાણાનો તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫નો પત્ર ક્રમાંક પરીક્ષ/૨૦૧૫/૪૪૪૩ થી ૪૪૪૮.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી-૨૮૯૯/૨૦૧૫.– આગામી તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સવારે ૧૨-૦૦ થી ૧૪-૦૦ કલાક સુધી HTAT પરીક્ષા-૨૦૧૫ અત્રેના જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવાનાર છે, આ જાહેર પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ નીચેની વિગતે પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાએ તેઓના તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

(૧) પરીક્ષા સ્થળેથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કલમ-૧૪૪ લાગુ પાડવી.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત પગલાં લેવા.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહીં.

વાસ્તે, હું, રમેશ મેરજા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે,

(૧) પરીક્ષા સ્થળથી આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ અનઅધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા. તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત ફરમાવું છું.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્યુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

INDEX

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) આ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં સરકારશ્રી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીશ્રીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

આ જાહેરનામું તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ૧૧-૦૦ કલાકથી ૧૬-૦૦ કલાક સુધી અમલી રહેશે.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ

Online Job Application System (SEB)

પેટા કેન્દ્રો (શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવારની વિગત દર્શાવતું પત્રક

જાહેરાત નંબર : SEB/2015-16/1 – Job Title : Head Teacher Aptitude Test (HTAT) - 2015-16

District Name : MAHESANA

ક્રમ	પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ)	પેટા કેન્દ્રનું સરનામું	ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા	ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા	ફાળવેલ ઉમેદવારોના બેઠક નંબર	ફાળવેલ ઉમેદવારની સંખ્યા	ઈન્ચાર્જ વ્યક્તિનું નામ અને ફોન નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮
1	શ્રી એસ. વી. શાહ વિદ્યાવિહાર	બી. કે. સિનેમા સામે, માલ ગોડાઉન રોડ, મહેસાણા	300	10	1035810-1036109	300	શ્રી ભોગીભાઈ પટેલ 9427482474
2	શ્રી વી. આર. કર્વે હાઇસ્કુલ	હૈદરી ચોક પાસે મહેસાણા.	360	12	1036110-1036469	360	છગનભાઇ પટેલ, 9879094034
3	મહેસાણા અર્બન બેંક ગર્લ્સ હાઇસ્કુલ	મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા.	450	15	1036470-1036919	450	હીનાબેન પટેલ, 9825842620
4	પરા ઉચ્ચતર માધ્યમિક શાળા, યુનિટ-૧	અંબાજી મંદિર પાસે, પરા, મહેસાણા.	450	15	1036920-1037369	450	ઘનશ્યામભાઇ નાયક, 9714178870
5	પરા ઉચ્ચતર માધ્યમિક શાળા, યુનિટ-૨	અંબાજી મંદિર પાસે, પરા, મહેસાણા.	300	10	1037370-1037669	300	દિપકભાઇ શર્મા, 9898530431
6	શ્રીમતી એસ. જી. શુકલ નાલંદા કન્યા વિદ્યાલય	માલ ગોડાઉન રોડ, મહેસાણા.	330	11	1037670-1037999	330	ભગવતીબેન એસ. પટેલ, 9033802978
7	વિવેકાનંદ એક્સપેરીમેન્ટલ હાઈસ્કુલ	જેલ રોડ, લાયન્સ હોસ્પિટલની બાજુમાં, મહેસાણા.	300	10	1038000-1038299	300	કમલેશભાઇ નાયક, 9879864069
8	ટી. જે. હાઇસ્કુલ	કોંગ્રેસ ભવનની સામે, મહેસાણા	300	10	1038300-1038599	300	મુકેશભાઇ જાની, 9426231028

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭	૮
9	મહેસાણા અર્બન વિદ્યાલય, યુનિટ-૧	મોઢેરા ચાર રસ્તા પાસે, મહેસાણા.	450	15	1038600-1039049	450	જેઠાભાઇ પટેલ, 9879094017
10	મહેસાણા અર્બન વિદ્યાલય, યુનિટ-૨	મોઢેરા ચાર રસ્તા પાસે, મહેસાણા.	330	11	1039050-1039379	330	ખેમચંદભાઇ પટેલ, 8469403149
11	શબરી વિદ્યાલય	નાગલપુર રોડ, મહેસાણા.	450	15	1039380-1039829	450	ઠાકુર ચન્દ્રીકાબેન, 9426530627
12	પરીખ ડી. ડી. કન્યા વિદ્યાલય, વિસનગર યુનિટ-૧	ડોસાભાઇ બાગની સામે, વિસનગર	450	15	1039830-1040279	450	શોભાબેન શાહ, 9427073354
13	પરીખ ડી. ડી. કન્યા વિદ્યાલય, વિસનગર યુનિટ-૨	ડોસાભાઇ બાગની સામે, વિસનગર	300	10	1040280-1040579	300	વિલાસબેન ગજ્જર, 7874838590
14	જી. ડી. હાઇસ્કુલ, વિસનગર યુનિટ-૧	રેલ્વે સ્ટેશન સામે, વિસનગર, જિ. મહેસાણા	450	15	1040580-1041029	450	પદમાક્ષી ચૌધરી, 8000820702
15	જી. ડી. હાઇસ્કુલ, વિસનગર યુનિટ-૨	રેલ્વે સ્ટેશન સામે, વિસનગર, જિ. મહેસાણા	300	10	1041030-1041329	300	આર. આર. રાજવંશ, 9913233911
16	ના. મ. નૂતન સાર્વજનિક વિદ્યાલય, યુનિટ-૧	જ્યોતિ હોસ્પિટલની બાજુમાં વિસનગર,	450	15	1041330-1041779	450	જયેન્દ્ર પટેલ, 9825124589
17	ના. મ. નૂતન સાર્વજનિક વિદ્યાલય, યુનિટ-૨	જ્યોતિ હોસ્પિટલની બાજુમાં વિસનગર,	300	10	1041780-1042079	300	ક્રિષ્નાબેન પટેલ, 9427680998
18	સરદાર પટેલ હાઇસ્કુલ, વિસનગર	કાસાં ચાર રસ્તા વિસનગર, જિ. મહેસાણા	300	10	1042080-1042379	300	ડાહ્યાભાઇ રાઠોડ, 9723388904
19	આદર્શ વિદ્યાલય, વિસનગર	સવાલા દરવાજા, વિસનગર, જિ. મહેસાણા	210	7	1042380-1042571	192	અશોકભાઇ ઠાકર, 0276522016
	Sub Total		**6780**	**226**		**6762**	

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

રમેશ મેરજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી-૩૭૪૨ થી ૩૭૬૨/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ૮-૦૦ કલાકથી તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા મનાઈ છે.

(૧) હથિયાર, તલવાર, ધોકા, સોટી/લાકડી, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

INDEX

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

“ ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ”

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ દ્વારા જેઓને શારીરિક અશક્તિ છે, તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ના ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/ગણેશ મહોત્સવ/વશી/૭૨૧૦ થી ૭૨૧૭/૨૦૧૫.— ભરૂચ શહેરમાં તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ સવારના ૧૧-૦૦ કલાકથી રાત્રિના ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન ગણેશ વિસર્જન નિલકંઠ મહાદેવ મંદિરનાં ઓવારે ઝાડેશ્વર મુકામે કરવામાં આવનાર છે. જેથી ઝાડેશ્વર પશુ ચેક પોષ્ટથી નિલકંઠેશ્વર મહાદેવ જતો રસ્તો તમામ ફોર વ્હિલર વાહનો માટે જાહેર જનતાની સલામતી તથા ટ્રાફીક નિયમનનાં હેતુસર તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ને રવિવારના રોજ સવારનાં ૦૮-૦૦ કલાકથી રાત્રિનાં ૨૪-૦૦ સુધી વન-વે જાહેર કરવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઝાડેશ્વર પશુ ચેક પોષ્ટથી નિલકંઠેશ્વર મહાદેવ જતો રસ્તો તમામ ફોર વ્હિલર વાહનો માટે જાહેર જનતાની સલામતી તથા ટ્રાફીક નિયમનનાં હેતુસર તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ને રવિવારનાં રોજ સવારનાં ૦૮-૦૦ કલાકથી રાત્રિનાં ૨૪-૦૦ સુધી વન-વે રહેશે. તથા સદર માર્ગ ઉપરથી ફક્ત નિલકંઠેશ્વર મહાદેવ મંદિર સુધી તમામ પ્રકારના વાહનો જઈ શકશે. પરંતુ પરત આ માર્ગેથી આવી શકશે નહિ. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

ઉપરોકત માર્ગ વન-વે જાહેર કરતાં વૈકલ્પિક માર્ગ તરીકે નિલકંઠેશ્વર મહાદેવ મંદિરની સામેથી મનન આશ્રમ તરફ જતાં માર્ગ ઉપરથી રેવા દર્શન સોસાયટી સામેથી તથા શ્રી રંગ ટાઉનશીપનાં પાછળનાં ગેટ થી રંગ ટાઉનશીપમાં થઈને તવરા-શુકલતીર્થ રોડ ઉપર થઈને સીધા ઝાડેશ્વર ચોકડી જઈ શકશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ રોજ તા. ૧૫મી સપ્ટેમ્બર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી./ગણેશ મહોત્સવ/વશી-૭૨૨૮ થી ૭૨૩૭/ ૨૦૧૫.—આગામી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજથી ગણેશ મહોત્સવ ઉજવવામાં આવનાર છે. ગણેશ મહોત્સવ દરમિયાન સોસાયટી/ શેરીઓ/ગામડાઓમાં યુવક મંડળો દ્વારા ગણેશજીની મૂર્તિઓની સ્થાપના કરી ત્રીજા, પાંચમાં, સાતમાં, નવમાં, દિવસે તથા તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ અનંત ચૌદશનાં દિવસે આ સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન ગામ તલાવો, નદીઓમાં કરવામાં આવનાર છે. તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ અનંત ચૌદશના દિવસે ભરૂચ શહેર તથા અંકલેશ્વર શહેરની તમામ ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન થશે. આ વિસર્જન શોભાયાત્રાઓ સાતે યુવક મંડળો દ્વારા લાઉડ સ્પીકર સાથે રાખવામાં આવે છે. જેનાં કારણે વિસર્જન સ્થળ ઉપર શોભાયાત્રામાં જોડાયેલ લોકો નાચવાને કારણે વધુ પડતી ભીડ થતી હોય છે. અને વિસર્જન સમય મર્યાદામાં થઇ શકતું નથી. જેથી વિસર્જન સમય મર્યાદામાં પૂર્ણ થાય, ધ્વની પ્રદૂષણના કારણે જાહેર જનતાની શાંતિમાં ખલેલ ન પહોંચે અને જાહેર જનતાની સુવિધા અને સલામતી સારું લાઉડ સ્પીકરનાં ઉપયોગને મર્યાદિત કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂં છું.

(૧) ભરૂચ શહેરમાંથી જે મૂર્તિઓનું વિસર્જન નિલકંઠ મહાદેવ ઓવારે કરવામાં આવનાર છે તે તમામ યુવક મંડળો તેમના ડી.જે. ઝાડેશ્વર ચોકડીથી આગળ નિલકંઠ મહાદેવ મંદિરના ઓવારે લઇ જઇ શકશે નહી અને ઝાડેશ્વર ચોકડીથી પરત ફરશે.

(૨) ભરૂચ શહેરની જે મૂર્તિઓ શક્તિનાથ, એમીટી સર્કલ, દહેજ રોડ થઇ નર્મદા ચોકડી થી નિલકંઠ મહાદેવ મંદિરના ઓવારા પર વિસર્જન માટે જશે તે યુવક મંડળના ડી.જે. નિલકંઠ મહાદેવ મંદિરના ઓવારે લઇ જશે નહી અને નર્મદા ચોકડીથી પરત ફરશે.

(૩) અંકલેશ્વર તરફથી જે મૂર્તિઓ ઝાડેશ્વર સરદાર બ્રિજ પર વિસર્જન કરવા આવશે તે યુવક મંડળો તેમના ડી.જે. નેશનલ હાઇવે નં.-૮ થી આગળ લાવી શકશે નહી અને નેશનલ હાઇવે નં.-૮ થી પરત ફરશે.

(૪) અંકલેશ્વર શહેરની જે મૂર્તિઓ ગોલ્ડન બ્રિજનાં દક્ષિણ છેડે નર્મદા નદીનાં ઓવારે વિસર્જન કરવા આવશે તે યુવક મંડળો તેમનાં ડી.જે. ગડખોલ પાટીયાથી આગળ લઇ જઇ શકશે નહી અને ગડખોલ પાટીયાથી પરત ફરશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ-૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/ગણેશ મહોત્સવ/વશી/૭૨૫૫ થી ૭૨૭૩/૨૦૧૫.–ભરૂચ શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ સવારના ૧૧-૦૦ કલાકથી રાત્રિના ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જાહેર જનતાની સલામતી માટે તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ શહેરના નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના દિવસે સવારના ૧૧-૦૦ કલાક થી રાત્રિના ૨૪-૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઇને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

વિસ્તાર

(૧) નેશનલ હાઇવે નં.-૮ ઉપર સુરત થી વડોદરા તરફ જતાં ભારે વાહનો બંધ રહેશે, વાહન વ્યવહાર અંકલેશ્વર, વાલીયા ચોકડી/રાજપીપળા ચોકડી પરથી રાજપીપળા થઇ વડોદરા તરફ ડાયવર્ટ કરવાનો રહેશે.

(૨) ભરૂચ - દહેજ રોડ ઉપર નંદેલાવ ઓવરબ્રીજ ઉપર પણ ગણેશ વિસર્જન શોભાયાત્રાને કારણે ટ્રાફિક જામ થવાની સમસ્યા ઉપસ્થિત થશે. જેથી, દહેજ તરફથી આવતા વાહનો તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સવારના ૧૧-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી બંધ રહેશે. જે વાહન વ્યવહાર દહેજ થી વાગરા થઇ આમોદ / જંબુસર થઇ ને.હા. નં.-૮ ઉપરથી વડોદરા તથા સુરત તરફ ડાયવર્ટ કરવાનો રહેશે.

(૩) અંકલેશ્વર શહેરનાં ગણેશજીની મૂર્તિઓ ગોલ્ડન બ્રીજના દક્ષિણ છેડે નર્મદા નદીમાં વિસર્જન થતી હોય છે. જેથી અંકલેશ્વર તરફથી જુના ને.હા. નં.-૮ ઉપરથી આવતાં નાના વાહનો જેવા કે, મોટર સાયકલ, ફોર વ્હીલ વાહનો તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ બપોરના તા. ૧૪-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી બંધ રહેશે. આ વાહનો ને.હા. નં.-૮ ઉપરથી સરદાર બ્રીજ થઇ ભરૂચ તરફ આવવા માટે ડાયવર્ટ કરવાનો રહેશે.

(૪) સુરત તરફથી ઓલપાડ-હાંસોટ થઇ અંકલેશ્વર થઇ ભરૂચ તરફ આવતા ભારે વાહનોને તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ૧૦-૦૦ કલાકથી ૨૨-૦૦ કલાક સુધી બંધ રહેશે

ઉપરોકત માર્ગો ઉપરથી પસાર થતા ગણપતિ-વિસર્જનની શોભાયાત્રા ગણપતિની મૂર્તિ બેસાડેલ ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પુરતી જ મુકિત રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

ક્રમાંક એમએજી/ગણેશ મહોત્સવ/વશી/૭૨૭૪ થી૭૩૧૩/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં પ્રતિ વર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવનાર છે. સદર શોભાયાત્રામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થશે. અનુભવે જણાયેલ છે કે, ગણેશજીનાં વિસર્જનની શોભાયાત્રામાં જોડાયેલ તથા અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડરનો છૂટથી ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સનાં કારણે વિપરીત અસર થાય છે. જેથી ગણેશજીની મૂર્તિઓની શોભાયાત્રા દરમ્યાન ઝટપટ પાવડરનાં ઉપયોગ પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ જિલ્લામાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમ્યાન ગણેશજીની શોભાયાત્રા નીકળનાર છે, જેમાં ઝટપટ પાવડરનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આથી ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૬મી સપ્ટેમ્બર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/ગણેશ મહોત્સવ/વશી/૭૩૨૯ થી ૭૩૩૯/૨૦૧૫.– ભરૂચ શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ સવારના ૦૯-૦૦ કલાકથી રાત્રિના ૮-૦૦ કલાકના સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે શોભાયાત્રા નીકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય. જાહેર જનતાની સલામતી માટે તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ નાં રોજ વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં દિવસે સવારના ૦૯-૦૦ કલાકથી રાત્રિના ૮-૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર

(૧) પાંચબત્તી થી સોનેરી મહેલ સુધી.

(૨) લલ્લુભાઈ ચકલા થી ભોઈવાડ સોનેરી મહેલ સુધી.

(૩) કતોપોર સ્લોપ થી કોઠી થઈ સોનેરી મહેલ સુધી.

(૪) હાજીખાના બજાર ત્રણ રસ્તા થી સોનેરી મહેલ સુધી.

(૫) લાલબજાર, લલ્લુભાઈ ચકલા સુધીનો માર્ગ.

(૬) મોટા ચાર રસ્તા થી વેજલપુર નાના ચાર રસ્તા તરફ.

ઉપરોકત માર્ગો ઉપરથી પસાર થતા ગણપતિ-વિસર્જનની શોભાયાત્રા ગણપતિની મૂર્તિ બેસાડેલ / ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પુરતી જ મુક્તિ રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ રોજ તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/ગણેશ મહોત્સવ/વશી/૭૩૭૬ થી ૭૩૮૨/૨૦૧૫.– અંકલેશ્વર શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે ચૌટા બજાર વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ સવારના ૧૧-૦૦ કલાકથી રાત્રિના ૦૯-૦૦ કલાકના સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે શોભાયાત્રા નીકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય. જાહેર જનતાની સલામતી માટે તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ને રવિવારનાં રોજ વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અંકલેશ્વર શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં દિવસે સવારના ૧૧-૦૦ કલાકથી રાત્રિના ૯-૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર

(૧) અંકલેશ્વર-હાંસોટ જતાં રોડ પૈકી પિરામણ નાકાથી ભરૂચી નાકાનો રસ્તો.

(૨) હાંસોટ થી અંકલેશ્વર આવતો રોડ પૈકી ભરૂચી નાકાથી પિરામણનાકા સુધીનો રસ્તો.

સદર માર્ગ બંધ થવાથી પિરામણનાકા થી સુરતી ભાગોળ થઈ કાગદીવાડ, કસ્બાતીવાડ થઈ સર્વોદય નગર થઈ એશીયાડ નગર થઈ જકાતનાકા થઈ હાંસોટ તરફ વાહન વ્યવહાર ચાલુ રહેશે.

ઉપરોકત માર્ગો ઉપરથી પસાર થતા ગણપતિ-વિસર્જનના સરઘસમાં ગણપતિની મૂર્તિ બેસાડેલ / ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પુરતી જ મુક્તિ રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ રોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

નં. ડીસીબી/એમએજી/જીપીએ/રજી. ૪૧/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા)ની કલમ–૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તથા આગામી સમયમાં આવતા વિવિધ તહેવાર તેમજ પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની દરખાસ્ત ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

INDEX

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નં. ડીસીબી/એમએજી/જીપીએ/રજી. ૪૨/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તથા આગામી સમયમાં આવતા વિવિધ તહેવાર તેમજ પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ. :-

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

એ. ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સોશીયલ મીડીયા/પ્રતિબંધ/વશી/૮૮૧૧/ ૨૦૧૫.– સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં હાલની સંભવિત કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતિ ધ્યાને લઈ સોશિયલ મીડીયા જેવા કે સ્કાઈપ, ફેસબુક, ટવીટર, વોટસઅપ, મેસેન્જરનો તથા મોબાઈલ ઈન્ટરનેટ (ડેટા સર્વિસ) તથા બલ્ક એસ.એમ.એમ. સર્વિસનો દુરઉપયોગ કરી તંગદીલી ફેલાય કે શાંતિનું વાતાવરણ ડહોળાય તેવા કોઈપણ પ્રકારના ફોટા, વિડીયો, ઓડીયો કે લખાણોનો પ્રસાર ન થાય તથા સુલેહ શાંતિ અને જાહેર જનતાના જાન-માલની સલામતી જળવાઈ રહે તે સારૂ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા સારુ જાહેરનામું બહાર પાડું છું.

સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઈન્ટરનેટની તથા મોબાઈલ (સેલફોન)ની સેવાઓ પૂરી પાડતા સર્વિસ પ્રોવાઈડરોને તાત્કાલીક અસર થી -

(૧) સોશીયલ મીડીયા જેવા કે સ્કાઈપ, ફેસબુક, ટવીટર, વોટસઅપ, મેસેન્જર વિગેરે.

(૨) મોબાઈલ ઈન્ટરનેટ (ડેટા સર્વિસ) તથા

(૩) બલ્ક એસ.એમ.એસ. સર્વિસ ને બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના ૨૦-૦૦ કલાક થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના સવારના ૦૮-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૯૦/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સુવાસ રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા(હા)-૮૭૯૧/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સિમંધર રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. શાહીબાગ, તા. અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા(હા)-૯૪૧૨/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી પાર્ક રેસીડેન્સી કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : બોરીસણા, તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા(હા)-૯૪૧૦/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શિવગંગા રેસીડેન્સી કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : કલોલ, તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા(હા)-૯૪૧૧/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સપ્તક બંગ્લોઝ કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : બોરીસણા, તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા(હા)-૯૪૧૩/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી મહાલક્ષ્મી હેવન કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : ખડાત, તાલુકો માણસા, જિલ્લો ગાંધીનગરને.

સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ (રૂરલ),
અમદાવાદ.

વંચાણમાં લીધા :–

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચ કેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી કૈલાસનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. અલકાપુરી, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર, મું.તા. હિંમતનગર, જિ. સાબરકાંઠાના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ચ/૧૦૩/૨૦૧૫, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ની નોંધણી રદ કરવાની દરખાસ્ત

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ અને કલમ ૨૦ની જોગવાઈઓ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૧૩૬૨૬/૦૧/ગ/૬૨૬/૩૨૩૧/૨૦૧૫.–ધી કૈલાસનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. અલકાપુરી, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર, મું.તા. હિંમતનગર, જિ. સાબરકાંઠાએ નોંધણી નં. : ઘ-૩૮૬૧, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૭૧ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ફ/૧૩૬૨૬/૦૧/ગ/૨૩૮૬/૨૦૦૩ તારીખ ૨૨મી ઓકટોબર, ૨૦૦૩થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. ફડચા અધિકારીશ્રીના તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫ થી પ્રાપ્ત થયેલ આખરી અહેવાલ મુજબ ફડચાની તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેથી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ધી કૈલાસનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઠે. અલકાપુરી, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર, મું.તા. હિંમતનગર, જિ. સાબરકાંઠાની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે અને મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

હિંમતનગર, તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૧૫.

એ. એસ. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હા.),
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ઓડિટર, સહકારી મંડળીઓ, ગાંધીનગરના તારીખ ૧લી મે, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૨૫૩ થી રજુ થયેલ સહકારી કાયદાની કલમ-૧૦૭ની દરખાસ્ત.

(૩) અત્રેની કચેરીના તારીખ ૮મી જુલાઈ, ૨૦૧૫ના RPAD પત્ર નં. : સકક/ખ-૧/૯૫૮ થી મંડળીને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૪) મંડળીની તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫ના પત્રની રજૂઆત.

(૫) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામાથી થયેલ સત્તા સોંપણી.

પ્રસ્તાવના

જા.નં. : ફડચ/સકક/૦૧/ખ-૧/૧૨૬૫/૨૦૧૫.– મેનકા કો ઓપરેટાવ હાઉસીંગ સોસાયટી લી., મું. અડાલજ, તા.જિ. ગાંધીનગર (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી સહકારી કાયદા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) અનુસાર તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૭ના નોંધણી નં. : ધ-૨૪૧૦૯ અન્વયે નોંધાયેલ પ્રાથમિક ગૃહ મંડળી છે. ઓડિટર, સહકારી મંડળીઓ, ગાંધીનગર દ્વારા સહકારી કાયદાની કલમ-૮૪ અન્વયે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયના વૈધાનિક ઓડિટ કરવામાં આવેલ, જે સંબંધે મંડળીની વહીવટી / હિસાબી કામગીરી ધ્યાને લઈ ઓડિટર દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૨ના અહેવાલથી સદર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અહેવાલ રજુ કરવામાં આવેલ, જે સંબંધમાં વંચાણે લીધેલ ક્રમ-૩ની કારણદર્શક નોડિટસ (RPAD) આપી મંડળીને રજુઆત કરવાની તક આપવામાં આવેલ, વંચાણે લીધેલ ક્રમ-૪ થી મંડળી તરફ થયેલ રજુઆત ધ્યાને લેતા સહકારી કાયદાની કલમ-૧૦૭ તથા તલમ-૧૦૮ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, ડી. એસ. રાવલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ધી મેનકા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. અડાલજ, તા.જિ. ગાંધીનગર, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૭ના નોંધણી નં. ધ-૨૪૧૦૯ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂં છું અને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી તરીકે શ્રી એમ. પી. મકવાણા, સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગરની નિમણુંક કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે. મંડળીને જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાની તારીખથી માસ એકમાં લેખિત/રૂબરૂ/અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. નિયુક્ત ફડચા અધિકારીશ્રીએ મંડળીના પ્રવર્તમાન કે પૂર્વ હોદ્દેદાર/અધિકારીઓ દ્વારા મંડળીના વહીવટ કે મિલકત સંબંધી કોઈ ગેરરીતિ કે ગેરવહીવટ કરેલ હોય તો તે અંગેનો અહેવાલ દિન-૭માં કરવાનો રહેશે.

અમદાવાદ, તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, (રૂરલ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તારીખ ૧૨-૧૧-૨૦૧૧ના હુકમ ક્રમાંક નધણ/૦૧/ઘ-૨/૩૨૩/૨૦૧૧ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) મંડળીની નોંધણી રદ અંગેની તારીખ ૨૪-૦૭-૨૦૧૫ની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૩) ફડચા અધિકારી સામરાવાડી દૂધ ઉત્પાદન સહકારી મંડળી લી. લગત જિલ્લા રજિ. સહકારી મંડળી, નવસારી, તારીખ ૨૮-૦૭-૨૦૧૫ થી મંડળીની નોંધણી રદની ભલામણ.

INDEX

(૪) ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળી, નવસારીનો તારીખ ૧-૫-૨૦૧૫ થી તારીખ ૨૪-૦૭-૨૦૧૫ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને તેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ફ-૧૪૦૫૬/૫૫૭/૯૦૨/૨૦૧૫.– ક્રમાંક સે.દૂ.-૨૨૮૦૯, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૮૭, સામરાવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. સામરાવાડી, તા. ગણદેવી, જિ. નવસારી જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. સદર મંડળીએ આમુખ-(૧) થી ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, અને આમુખ-(૨) થી મંડળીની નોંધણી રદ અંગેની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ જે સબબ આમુખ-(૩) થી ફડચા અધિકારીશ્રીનાં અભિપ્રાય મુજબ ફડચાનું કામ પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. આમુખ-(૪) થી મુજબ છેવટ સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૩) મુજબ ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સામરાવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પો. સામરાવાડી, તા. ગણદેવી, જિ. નવસારીની નોંધણી ક્રમાંક સે.દૂ.-૨૨૮૦૯, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૮૭ ની નોંધણી રદ કરવા આથી હુકમ કરું છું અને તેથી આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવી છે, એમ ગણાશે.

નવસારી, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તારીખ ૧૫-૩-૨૦૦૪ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/સે. ૧૬૭૧૩/ખ-૩/૩૪૨/ ૨૦૦૪ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) મંડળીની નોંધણી રદ અંગેની તારીખ ૨૫-૦૭-૨૦૧૫ની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૩) ફડચા અધિકારી ગાયકવાડ મીલ્સ કો. ઓપ. ક્રેડિટ સહકારી મંડળી લી. મું.પો. બિલીમોરા, તા. ગણદેવી લગત જિલ્લા રજિ. સહકારી મંડળી, નવસારી, તારીખ ૨૮-૦૭-૨૦૧૫ થી મંડળીની નોંધણી રદની ભલામણ.

(૪) ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળી, નવસારીનો તારીખ ૨૪-૫-૨૦૧૫ થી તારીખ ૨૫-૦૭-૨૦૧૫ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને તેની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ફ-૧૪૦૫૫/૫૫૬/૯૦૩/૨૦૧૫.– ક્રમાંક સે.-૧૬૭૧૩, તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૪૨, ગાયકવાડ મીલ્સ કો. ઓપ. ક્રેડિટ સહકારી મંડળી લી. મું.પો. બિલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારી જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. સદર મંડળીએ આમુખ-(૧) થી ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, અને આમુખ-(૨) થી મંડળીની નોંધણી રદ અંગેની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ જે સબબ આમુખ-(૩) થી ફડચા અધિકારીશ્રીનાં અભિપ્રાય મુજબ ફડચાનું કામ પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. આમુખ-(૪) થી મુજબ છેવટ સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૩) મુજબ ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ગાયકવાડ મીલ્સ કો. ઓપ. ક્રેડિટ સહકારી મંડળી લી. મું.પો. બિલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારીની નોંધણી ક્રમાંક સે-૧૬૭૧૩, તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૪૨ ની નોંધણી રદ કરવા આથી હુકમ કરું છું અને તેથી આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવી છે, એમ ગણાશે.

નવસારી, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તારીખ ૫-૭-૨૦૦૭ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ઘ-૨/ખે. ૧૦૩૬/૧૮૯/૨૦૦૭ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) મંડળીની નોંધણી રદ અંગેની તારીખ ૨૮-૦૮-૨૦૧૫ની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૩) ફડચા અધિકારી પાણીખડક આછવણી પિયત સહકારી મંડળી લી. લગત જિલ્લા રજિ. સહકારી મંડળી, નવસારી, તા. ૩૧-૮-૨૦૧૫ થી મંડળીની નોંધણી રદની ભલામણ.

(૪) ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળી, નવસારીનો તારીખ ૧-૫-૨૦૦૬ થી તારીખ ૩૧-૦૮-૨૦૧૫ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને તેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ફ-૧૪૦૫૮/૫૫૫/૯૦૪/૨૦૧૫.– ક્રમાંક ખે.-૧૦૩૬, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૯, શ્રી પાણીખડક આછવણી પિયત સહકારી મંડળી લી. મું.પો. પાણીખડક, તા. ચીખલી, જિ. નવસારી જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. સદર મંડળીએ આમુખ-(૧) થી ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, અને આમુખ-(૨) થી મંડળીની નોંધણી રદ અંગેની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ જે સબબ આમુખ-(૩) થી ફડચા અધિકારીશ્રીનાં અભિપ્રાય મુજબ ફડચાનું કામ પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. આમુખ-(૪) થી છેવટ સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૩) થી ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી પાણીખડક આછવણી પિયત સહકારી મંડળી લી. મું.પો. પાણીખડક, તા. ચીખલી, જિ. નવસારીની નોંધણી ક્રમાંક ખે.-૧૦૩૬, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૯ ની નોંધણી રદ કરવા આથી હુકમ કરું છું અને તેથી આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવી છે, એમ ગણાશે.

નવસારી, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તારીખ ૧૫-૩-૨૦૦૪ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખે. ૧૦૮૬/ખ-૩/૨૦૭/૨૦૦૪ થી કરેલ મંડળીનો ફડચાનો અંતિમ આદેશ.

(૨) મંડળીની નોંધણી રદ અંગેની તારીખ ૨૭-૦૮-૨૦૧૫ની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૩) ફડચા અધિકારી સરદાર સોલધરા વિભાગ પિયત સહકારી મંડળી લી. લગત જિલ્લા રજિ. સહકારી મંડળી, નવસારી, તારીખ ૩૧-૮-૨૦૧૫ થી મંડળીની નોંધણી રદની ભલામણ.

(૪) ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળી, નવસારીનો તારીખ ૧-૫-૨૦૦૨ થી તારીખ ૩૧-૦૮-૨૦૧૫ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને તેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/ફ-૧૪૦૫૭/૫૫૪/૯૦૫/૨૦૧૫.– ક્રમાંક ખે.-૧૦૭૮, તારીખ ૪મી નવેમ્બર, ૧૯૯૭, શ્રી સરદાર સોલધરા વિભાગ પિયત સહકારી મંડળી લી. મું.પો. સોલધરા, તા. ચીખલી, જિ. નવસારી જેની નોંધણી સહકારી કાયદા હેઠળ થયેલ છે. સદર મંડળીએ આમુખ-(૧) થી ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, અને આમુખ-(૨) થી મંડળીની નોંધણી રદ અંગેની છેલ્લી સાધારણ સભાની કાર્યવાહી નોંધ જે સબબ આમુખ-(૩) થી ફડચા અધિકારીશ્રીનાં અભિપ્રાય મુજબ ફડચાનું કામ પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. આમુખ-(૪) થી છેવટ સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૩) થી ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

હુકમ

આથી હું, એચ. સી. ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી સરદાર સોલધરા વિભાગ પિયત સહકારી મંડળી લી. મું.પો. સોલધરા, તા. ચીખલી, જિ. નવસારીની નોંધણી ક્રમાંક ખે.-૧૦૭૮, તારીખ ૪મી નવેમ્બર, ૧૯૯૭, ની નોંધણી રદ કરવા આથી હુકમ કરું છું અને તેથી આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવી છે, એમ ગણાશે.

નવસારી, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

એચ. સી. ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

વાંચનમાં લીધું :–

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ, (લી.રી.), સુરતની તારીખ ૧૮મી જૂન, ૨૦૧૩ થી ફડચામાં લઈ જવાનો વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૮૭/૨૦૧૪, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૪ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની ૧૦૭(૩) ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના નોટીફીકેશન ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. : ફડચ/ઉખસ/૦૧/ખ/૩૪૪/૩૩૩૨/૨૦૧૫.–ભાદા ખેત મજૂર સહકારી મંડળી લી., મું. ભાદા, તા. કામરેજ, જિ. સુરતનું સબ ઓડીટર, સહકારી મંડળીઓ, (લી.રી.), સુરત દ્વારા તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ સુધીનું હાથ ધરી તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૩ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. જેનો તારીખ ૭મી માર્ચ, ૨૦૧૧ થી ફડચામાં લઈ જવાના વહીવટી અહેવાલ અન્વયે ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક-

INDEX

(૨) અન્વયે ભાદા ખેત મજૂર સહકારી મંડળી લી., મું. ભાદા, તા. કામરેજ, જિ. સુરત કે, જેનો નોંધણી નં. : ઉ-૬૨૪૮, તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ છે. તેને અત્રેની કચેરીના આમુખ (૨) થી વંચાણે લીધેલ વચગાળાના આદેશ ક્રમાંકથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો. ત્યારબાદ તારીખ ૧૨મી મે, ૨૦૧૪ના હુકમ નં. : ફડચ/ઉખસ/૦૧/ખ/૨૩૭/૨૦૧૪ થી અંતિમ આદેશ કરી મંડળીને ફડચામાં લઈ ગયેલ છે. સહકારી અધિકારી, ફડચા નં.-૩ની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૩૦મી જૂન, ૨૦૧૪ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાના નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયુ શૂન્ય કરી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨), તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૫, જા.નં. : ફડચ/ઉખસ/૦૩/૨૨૯/૨૦૧૫ થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે. મંડળીના જવાબદાર હોદ્દેદારો સભાસદોને પણ મંડળીને ચલાવવામાં કોઈ રસ નથી. મંડળીની વાર્ષિક સાધારણ સભા તથા વ્યવસ્થાપક કમિટીની મીટીંગ પેટા નિયમ મુજબ મળતી નથી તથા હોદ્દેદારોને વારંવાર સૂચના હોવા છતાં વસૂલાત માટે નિષ્ક્રીય રહેલ છે. જેથી મંડળી તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી. તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી ફડચા અધિકારી (૩) મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની કામગીરી પૂર્ણ થયેલ હોવાથી અંતિમ સાધારણ સભા તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મળેલ છે. ઠરાવ નં.-૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહું ધી ભાદા ખેત મજૂર સહકારી મંડળી લી., મું. ભાદા, તા. કામરેજ, જિ. સુરત કે જેનો નોંધણી નં. : ઉ-૬૨૪૮, તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસિબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, એચ. વી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત, વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધિન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ધી ભાદા ખેત મજૂર સહકારી મંડળી લી., મું. ભાદા, તા. કામરેજ, જિ. સુરત કે જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. : ઉ-૬૨૪૮, તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

સુરત, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

એચ. વી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, OCTOBER 8, 2015 / ASVINA 16, 1937 [No. 41

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1515-1542	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	81
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	41	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3577-3698

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./ગણપતિ/જાહેરનામું/પરમીટ/૩૫૫૯/૨૦૧૫.– વડોદરા શહેરમાં દર વર્ષે ઉજવવામાં આવતા ધાર્મિક તહેવારની ઉજવણી દરમ્યાન જુદા જુદા દેવી દેવતાઓની (મૂર્તિઓની) સ્થાપના કરવામાં આવે છે તેમજ મુસ્લીમ ધર્મમાં મહોરમ દરમ્યાન તાજીયા રાખવામાં આવે છે અને સ્થાપના બાદ ધાર્મિક રીતરિવાજ મુજબ પ્રસંગ પૂર્ણ થયા બાદ મુર્તિ/તાજીયાઓને તળાવો, કૃત્રિમ તળાવો, મહિસાગર નદી, સુરસાગર તળાવ અને અન્ય તળાવોના પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી દેવતાઓની મુર્તિઓની બનાવટમાં પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) તેમજ તાજીયા માટે થર્મોકોલ/ફાયબર/પ્લાસ્ટીક/ઝરી/અન્ય રાસાયણીક પદાર્થનો ઉપયોગ કરવામાં આવે છે. પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) મૂર્તિ/તાજીયાઓની બનાવટમાં કેમીકલ યુકત રંગો, ઝેરી વિગેરેનો પણ ઉપયોગ કરવામાં આવતો હોય છે અને આવી મૂર્તિઓ/તાજીયાઓને નદી, તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) મૂર્તિઓ/તાજીયા બનાવવામાં વપરાયેલ ઝરી/અન્ય રાસાયણીક પદાર્થની પાણીમાં ભળવાતી પાણીમાં રહેતા પ્રાણીજન્ય જીવોનું મૃત્યુ થતું હોય છે. અને પર્યાવરણને પણ આનાથકી નુકસાન થાય છે. જે બાબતોને ધ્યાને રાખી મહાનગર સેવા સદન (VMSS) વડોદરા શહેરની સેવાભાવી સંસ્થાઓ સાથે મળી મહિસાગર નદી, સુરસાગર તળાવ વિગેરે તળાવોનું શુધ્ધિકરણ તથા પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખી વેગ આપવા સહભાગી થયેલ છે.

INDEX

જેથી પાણી અને પર્યાવરણમાં થતા પ્રદૂષણને અટકાવવાના હેતુસર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન દેવી કે દેવતાઓની મૂર્તિઓ/તાજીયાની બનાવટમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવા આથી હુકમ કરૂં છું.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર પોલીસ કમિશનર વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/(CRC)/૧૦૮૨/૧૦૮૦/મ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ મુકવા આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) કોઇપણ દેવી દેવતાની માટીની મૂર્તિ/સાદા કાગળના તાજીયા બેઠક સહીત ''૯'' ફુટ કરતા વધારે ઊંચાઇની બનાવવા, વેચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર (માટીની મૂર્તિ/કાગળના તાજીયાઓનું વિસર્જન દરિયા, નદી, તળાવ, સહીતના કુદરતી જળ સ્ત્રોતમાં કરવાનું રહેશે.)

(૨) કોઇપણ દેવી દેવતાની પી.ઓ.પી.ની મૂર્તિ અથવા થર્મોકોલ/ઝરી/કેમીકલ/ફાયબર/પ્લાસ્ટીક તાજીયા બેઠક સહીતની ''૫'' ફુટ કરતા વધારે ઊંચાઇની બનાવવા, વેચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા અને દરિયા, નદી, તળાવ, સહીતના કુદરતી જળ સ્તોત્રમાં વિસર્જન કરવા ઉપર, (પી.ઓ.પી. ની મૂર્તિ/થર્મોકોલ/કેમીકલ/ફાયબર/પ્લાસ્ટીક તાજીયાનું V.M.S.S. દ્વારા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં વિસર્જન કરવાનું રહેશે.)

(૩) ઓવારા વાઇઝ ઇસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તિ/તાજીયાઓનું વિસર્જન કરવા ઉપર.

(૪) કલાકારો જે જગ્યાએ મૂર્તિ/તાજીયાઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યાએ તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુ-બાજુ તથા નજીકમાં કોઇપણ પ્રકારની ગંદકી કરવા ઉપર.

(૫) કોઇપણ દેવી દેવતાની મૂર્તિ/તાજીયાઓના સ્થાપના દિવસ બાદ કલાકારોએ વધેલ તથા ખંડીત મૂર્તિ/તાજીયાઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઇપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિ/તાજીયાઓ બનાવવા, ખરીદવા, તથા વેચવા ઉપર.

(૭) ગણેશ વિસર્જન/તાજીયા (મહોરમ) પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધુ દિવસ સુધી રાખવા ઉપર.

(૮) ફાયબર મૂર્તિ/પ્લાસ્ટીકના તાજીયા વિસર્જનના દિવસે અથવા ત્યારબાદ સરઘસ રૂપે બહાર કાઢવા ઉપર.

(૯) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

(૧૦) સદર પ્રકારની મૂર્તિ/તાજીયાઓ માટે કલાકારો દ્વારા એડવાન્સ ઓર્ડર લેવા બાબત.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબ.

ક્રમાંક એસ.બી./અનઅધિ. વ્યક્તિ પ્રવેશ/૧૦૮/૨૦૧૫.—પોલીસ કમિશનરશ્રી સુરત શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઇસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઇસમો પ્રવૃત્તિ કરી રહેલ હોવાનુ જણાય આવેલ છે.

આથી હું, રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનર સુરત શહેરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ઉક્ત પેરામાં જણાવ્યા પ્રમાણે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી,

INDEX

જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, નાગરીક સુવિધા કેન્દ્ર પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવતી હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઇસમો કે, ઇસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના મેં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/ગણેશ ઉત્સવ/૧૦૯/૨૦૧૫.—ગણપતિ ઉત્સવ તહેવાર તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી ઉજવવામાં આવશે. જેમાં જે તે આયોજકો ગણેશ ચતુર્થીના સ્થાપના દિવસ તુર્ત પહેલાનાં અઠવાડીયાથી જ ગણેશજીની મુર્તિ ખરીદ કરીને પોતે-પોતાના મંડળો સાથે મોટી સંખ્યામાં એકત્ર થઇ ધામધુમ પુર્વક સરઘસરૂપે જાહેર માર્ગો પર શ્રીજીની મુર્તિને ટ્રેઇલરો પર લઇ નિકળીને મોટા ભાગે દિલ્હીગેટથી રાજમાર્ગ થઇ ભાગળ ચાર રસ્તા, ચોક રસ્તા, વિગેરે જગ્યાએથી પસાર થાય છે. જેમાં બેન્ડ ડી.જે. નાચગાનના કારણે જાહેર સામાન્ય ટ્રાફિકને અડચણ પેદા થાય છે. તેમજ આ પ્રકારના સરઘસના રસ્તામાં આવતા મકાન કે દુકાનદારો, રાહદારીઓ, વાહન ચાલકો કે જાહેર જનતા પર અબીલ-ગુલાલ-કંકુ કે અન્ય રંગો મિશ્રિત પાઉડર સ્વરૂપે પાણી કે તૈલી પદાર્થોમાં ભેળવીને છુટા કે પ્લાસ્ટીકની નાની થેલીઓમાં ભરી ઉડાડવામાં આવે છે. જે સ્વાસ્થ્ય માટે હાનીકારક હોય છે. જેથી સામાન્ય જાહેર જનતાને માટે ત્રાસદાયી થઇ પડે છે. જેના કારણે ઘણીવાર સામાન્યથી લઇ મોટી તકરારો પેદા થતી હોય છે. જે જાહેર કાયદો-વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ બને છે. જેના કારણે આ પ્રકારના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી બને છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ માં થયેલ છે. જેમા સુરત શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી, મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૮-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શ્રીજીની મુર્તિઓ વિસર્જનના દિવસે ફોર વ્હીલરના કરતા વધુ વ્હીલરના ટ્રેઇલર ઉપર શ્રીજીને મુર્તિઓ રાખી નહી લઇ જવા ઉપર.

(૨) શ્રીજીની મુર્તિના સ્થાપના સ્થળોએ તેમજ વિસર્જનના દિવસે વિસર્જન યાત્રા દરમ્યાન સફેદ પાવડર, અબીલ-ગુલાલ કે અન્ય રંગોને છુટા અથવા પાણીમાં કે તૈલી પદાર્થમાં મિશ્રણ કરી છાંટવા/લગાડવા/ઉડાડવા કે પ્લાસ્ટીકની નાની-મોટી થેલીઓમાં ભરી ગૃપમાં/રસ્તા પર અન્ય વ્યકિતઓ પર છુટા ફેંકવા ઉપર.

વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/ગણેશ ઉત્સવ/૧૧૦/૨૦૧૫.—ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ નાં રોજ ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. જેમાં ગૌરી ગણેશની મુર્તિઓનું તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ તથા મુખ્ય ગણેશજીની પ્રતિમાઓની સ્થાપનાની મુર્તિઓના વિસર્જન સરઘસ તારીખ ૨૭મી

INDEX

સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ નીકળનાર છે. શ્રી ગણેશ વિસર્જનના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે, અને વિસર્જન સરઘસનો ટ્રાફીક સરળતાથી ચાલુ રહે. તેમજ સુરત શહેરની જનતામાં સુલેહ શાંતી અને સલામતી જળવાઇ તે માટે સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબ ચોક્કસ પ્રતિબંધો મુકવાનું મુનાસીબ માનું છું.

વાસ્તુે હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. તથા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) શ્રી ગણેશજીની વિસર્જનની શોભાયાત્રામાં ઉંટગાડી, બળદગાડું, હાથી કે ટ્રેલરનો ઉપયોગ કરવા ઉપર.

(૨) શ્રીગણેશજીની મૂર્તિઓના વિસર્જનના દિવસે મૂર્તિ વાજતે ગાજતે નાચતા-ગાતા લઇ જતી વખતે ધાર્મિક ભજનો સિવાય ફીલ્મી ગીતો, DJ વગાડવા ઉપર.

(૩) આ હેતુ માટે કોઇપણ વેપારી/દુકાનદારે DJ સીસ્ટમ ભાડે આપવા ઉપર.

(૪) કોઇપણ વ્યકિતઓએ શ્રી ગણેશજીની વિસર્જનની યાત્રામાં જાહેર જગ્યાએ આવતા જતાં રાહદારીઓ ઉપર તેમજ વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કે, મકાનો/મિલ્કત ઉપર હાજર રહેલા શખ્સો ઉપર કોઇ પણ પ્રકારનાં રંગ કે પાવડરને છુટા પાણી કે અન્ય તૈલી પદાર્થોમાં મિશ્રિત કરી ઉડાડવા/છાંટવા કે ફેંકવા ઉપર તેમજ હાથમાં લઇ રાહદારી કે વાહનચાલક વ્યક્તિઓને રોકી લગાડવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમય

તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૦૮-૦૦ સુધી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/પાટીદાર/૧૧૧/૨૦૧૫.—આજરોજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ બારડોલી થી વાયા સુરત થઇ અમદાવાદ પાટીદાર અનામત સમિતિ દ્વારા એકતા યાત્રા આયોજીત કરવામાં આવેલ જેમાં સભા તેમજ રેલીનું આયોજન કરતાં જેમાં હાર્દિક પટેલ તેમજ અન્યને આ એકતા યાત્રાની સરકારશ્રીએ મંજુરી આપેલ ન હોય જેથી હાર્દિક પટેલ તથા અન્યને અત્રેથી ડીટેઇન કરેલ જેથી સુરત શહેરમાં તથા ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતિનો ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થવાની પૂરેપુરી શકયાતા હોય જેથી આ પરિસ્થિતિમાં સોશિયલ મીડીયા જેવા કે, સ્કાઇપ, ફેસબુક, ટવીટર, વોટસઅપ, મેસેન્જરનો તથા મોબાઇલ ઇન્ટરનેટ (ડેટા સર્વિસ) તથા બલ્ક S.M.S. સર્વિસનો દુરઉપયોગ કરી તંગદીલી ફેલાય કે શાંતિનું વાતાવરણ ડહોળાય તેવા કોઇપણ પ્રકારના ફોટા, વિડીયો, ઓડીયો કે લખાણોનો પ્રસાર ન થાય તથા સુલેહ શાંતિ અને જાહેર જનતાના જાન-માલની સલામતી જળવાઇ રહે તે સારૂ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર સુરત શહેર વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા સારુ જાહેરનામુ બહાર પાડું છું.

સમગ્ર સુરત શહેર વિસ્તારમાં ઇન્ટરનેટની તથા મોબાઇલ (સેલફોન) ની સેવાઓ પૂરી પાડતી કંપનીઓ જેવી કે, બી.એસ.એન.એલ. (સેલ-વન), વોડાફોન, રીલાયન્સ, ટાટા, એરટેલ, આઇડીયા, એરસેલ, યુનિનોર, વીડીયોકોન વિગેરે સર્વિસ પ્રોવાઇડરોને તાત્કાલીક અસર થી -

(૧) સોશીયલ મીડીયા જેવા કે સ્કાઇપ, ફેસબુક, ટવીટર, વોટસઅપ, મેસેન્જર વિગેરે.

(૨) મોબાઇલ ઇન્ટરનેટ (ડેટા સર્વિસ) તથા

(૩) બલ્ક S.M.S. સર્વિસ ને બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ પ્રતિબંધ સરકારી ઇન્ટરનેટ, ઇન્ટ્રાનેટ, સર્વિસ પ્રોવાઇડર GSWAN એન.આઇ.સી. બેન્કીંગ સેવાઓ, રાજ્ય અથવા કેન્દ્ર સરકારના ઉપયોગ હેતુ લેન ઇત્યાદિ ઉપયોગને લાગુ પડશે નહી.

આ હુકમ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના કલાક ૧૨-૦૦ થી તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૧૨-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૧૨/૨૦૧૫.–સુરત શહેર વિસ્તારમાં હાલના સંજોગો તેમજ ભુતકાળમાં બનેલ બનાવને ધ્યાને લઇ વહેલી સવારના ટ્યુશન કલાસીસ શરૂ થાય છે. આ ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. વહેલી સવારના શૈક્ષણિક ટ્યુશન કલાસમાં જતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો તાજેતરમાં બનેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં સુરત શહેરમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં તથા સાંજના કલાક ૨૧-૦૦ બાદ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ/વ્યકિતગત ખાનગી ટ્યુશન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (આઇપીએસ), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, જે અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

હુકમ

વહેલી સવારે કલાક ૦૭-૦૦ વાગ્યા પહેલાં તથા સાંજના કલાક ૨૧-૦૦ બાદ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ/વ્યકિતગત ખાનગી ટ્યુશન ચાલુ રાખવા નહીં.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંકઃ એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૧૩/૨૦૧૫.–તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ‘‘બકરી ઈદ’’નો તહેવાર આવે છે. આ પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે, મહેલ્લા કે ગલીમાં જાહેરમાં સહેલાયથી દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ થવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવવાના કારણે સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે, જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮/૧૧/૮૨ના નોટિફીકેશન નંબરઃ જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ (૧) નીચે બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામાં નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મળેલ અધિકારની રૂએ ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ સુધી નીચેના કૃત્ય કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પ્રતિબંધિત વિસ્તાર અને કૃત્યો

પોલીસ કમિશનર, સુરત શહેરની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ કોઈપણ પશુની જાહેર જગ્યામાં કે ખાનગી જગ્યામાં શેરીઓમાં કે મહોલ્લામાં જાહેરમાં કે અન્ય વિગેરે જગ્યાએ સહેલાયથી દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવી નહી તેમજ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહીં.

સજા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/ગણેશઉત્સવ/૧૧૪/૨૦૧૫.– આગામી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ નાં રોજ ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન નિમિત્તે ભાવિક ભક્તો દ્વારા વિસર્જન સરઘસ સ્થાપના સ્થળેથી નીકળી નદીના જુદા જુદા ઓવારા ઉપર વિસર્જન કરનાર છે.

શ્રી ગણેશજીની મૂર્તિ વિસર્જનના દિવસે લાખોની સંખ્યામાં લોકો ભેગા થતા હોય છે. શહેરમાં કોમી બનાવોના કિસ્સામાં અથવા કોમી બનાવ બનવાની શક્યતા હોય તેવા કિસ્સામાં સ્થાનીક તથા પ્રાદેશિક ન્યુઝ ચેનલો, મીડીયા તરફથી જીવંત પ્રસારણ કરી બનાવને વિકૃત સ્વરૂપે રજુ કરી પ્રજાની જાહેર સલામતી અને શાંતી જોખમમાં મુકે છે. જેના કારણે વિભિન્ન કોમ વચ્ચે વૈમનસ્ય ઉભુ થાય અને કોમી ઉશ્કેરણી ફેલાય તેથી હુલ્લડો ફાટી નીકળે છે. અને પ્રજાની શાંતી જોખમાય છે. જેથી લોકોની સલામતીને થતું જોખમ અટકાવવા તથા હુલ્લડ અટકાવવા જરૂરી છે.

વાસ્તે હું રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન

INDEX

નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. તથા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

હુકમ

શ્રી ગણેશજીની મૂર્તિ વિસર્જનના દિવસે લાઇવ ટેલીકાસ્ટ (જીવંત પ્રસારણ) આપતી સંસ્થાઓ અને રાષ્ટ્રીય ન્યુઝ ચેનલ, પ્રાદેશિક ન્યુઝ ચેનલ તથા સ્થાનિક ન્યુઝ ચેનલ વિગેરેએ જીવંત પ્રસારણ (લાઇટ ટેલીકાસ્ટ)માં હિંસાના દૃશ્યો બતાવશે નહીં.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ શ્રી ગણેશજીની મૂર્તિનું વિસર્જન કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૧૫/૨૦૧૫.—હાલમાં સુરત શહેરમાં આતંકવાદી તત્ત્વો, રાષ્ટ્રવિરોધી તત્ત્વો તથા અસામાજિક તત્ત્વો પોતાની ગેરકાયેદસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતા હોવાનું સામાન્ય બની જાય છે. ઘણીવાર આવા ગેરકાનુની તત્ત્વો સુરત બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઇંધણ પુરાવા માટે પેટ્રોલ પંપોએ જાય છે. આથી નાગરિકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્ત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગરૂપે સુરત શહેર કમિશનરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

જેથી હું, રાકેશ અસ્થાના, આઇપીએસ, પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કમલ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના ગોઠવવાના રહેશે. અને (નાઇટવીઝન તથા હાઇ ડેફિનેશન) વિથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સીસીટીવી કેમેરામાં પેટ્રોલપંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઇવર તથા બાજુની સીટમાં બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટરીતે જોઇ શકાય તે રીતે ગોઠવવા

(૩) આજુ બાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઇ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સીસીટીવી ફુટેજમાં સ્પષ્ટ જોઇ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે.

(૪) આ સીસીટીવી કેમેરા રેકોર્ડીંગના ડેટા જે અંગ્રેજી મહીનાનો હોય તે પુરો થાય ત્યારબાદના બીજા એક મહિના સુધી સંગ્રહ કરી રાખવાના રહેશે. (દા.ત. જાન્યુઆરી મહિનાનું રેકોર્ડીંગ ફેબ્રુઆરી મહિનો પુરો થાય ત્યા સુધી સાચવવાનો રહેશે.

(૫) આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૬) પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પૂર્વક સીસીટીવી કેમેરા રાખવા. જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હીલચાલ સીસીટીવી કેમેરામાં કવરેજ લઇ શકાય.

(૭) નવા શરૂ થતાં પેટ્રોલ, ડીઝલ પંપ, ગેસ ફીલીંગ સ્ટેશનો સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમયગાળો

આ હુકમનો અમલ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read : (1) The Juvenile Justice (Care and Protection of Children Act, 2000.

(2) Government of Gujarat, Social Justice & Empowerment Department, Sachivalaya, Gandhinagar, Notification No. G/L/17/2009/

INDEX

JJA/102005/1712 (1) Chh Dated : 27th July, 2009.

(3) Hon'ble High Court of Gujarat letter no. A 2402/2006 (II), dated : 15-01-2013.

(4) District Court, Anand Notification No. 01/2013, dated : 21-01-2013.

(5) Hon'ble High Court of Gujarat letter no. A. 2402/2006 (II), dated : 29-01-2013.

(6) District Court, Anand Notification No. 08/2013, dated: 07-02-2013.

Notification

No. ADM : 11 of 2015.–Whereas, Government of Gujarat has constituted Juvenile Justice Board for Anand Judicial District *vide* Preamble No. 2 and in response, this office has notify that in view of Rule-9 of the Juvenile Justice (Care and Protection of Children) Rules, the board shall hold its sitting in the premises of the said Children Home on every Friday from 12:-00 p.m. to 05.45 p.m. with 02.00 p.m. to 02.45 p.m. as recess hours *vide* preamble no. 6.

Thereafter, in view of the preamble no. 5, the undersigned is pleased to notify that, the place of sitting of Juvenile Justice Board, Anand is at Observation and Children Home, Vidhyanagar, Anand, till alternate arrangement is made.

At present, Mr. M.J. Brahmbhatt, Chief Judicial Magistrate, Anand is holding his sitting of Juvenile Court, at Anand on every Friday from 12-00 p.m. to 05-45 p.m. with 02-00 p.m. to 02-45 p.m. as recess hours, but considering the pendency of cases, it is hereby notify for the general information of all concerned that, Mr. M. J. Brahmbhatt, Chief Judicial Magistrate, Anand, shall hold his sitting of Juvenile Court, Anand, on every Friday and on every working Saturday from 12-00 p.m. to 05-45 p.m. with 02-00 p.m. to 02-45 p.m. as recess hours, w.e.f. 12th October, 2015.

Anand, 28th September, 2015.

Dr. A. C. JOSHI,
Principal District Judge,
Anand.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) અન્વયે.

નંબર ઇ.સી./એમ.એ.જી./વશી/૪૦૧૮/૨૦૧૫.– વડોદરા જિલ્લામાં આવેલ સાવલી તાલુકા વિસ્તારમાંથી મહિસાગર નદી લાંછનપુર, કનોડા, પોઇચા વિગેરે ગામને અડીને પસાર થાય છે. આ મહિસાગર નદી કિનારે જેમાં લાંછનપુર મુકામે રીસોર્ટ આવેલ હોય તેમજ ભાવિક ભકતજનો ધાર્મિક વિધિ માટે તેમજ વડોદરા શહેર, વડોદરા ગ્રામ્ય તેમજ આજુબાજુના જિલ્લાના લોકો સ્નાન કરવા માટે તેમજ પિકનિક મનાવવા માટે અવાર નવાર આવતા હોય છે અને લાંછનપુરા ગામે મહિસાગર નદીમાં હાથીયો ધરો (ઉંડા પાણીનો ધરો) આવેલ છે. તેમજ નદીનો પ્રવાહ સાંકડો હોવાના કારણે પાણીનું વહેણ ખુબ જ જોરથી વહેતું હોય છે. જેના દર વર્ષે ઘણી વ્યકિતઓના નદીના પાણીમાં ડુબી જવાના કારણે મોત નીપજ્યા છે.

આ બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન નંબર : ૨૨૩૧/૨૦૦૮ થી આપેલ આદેશો અન્વયે સાવચેતીનાં પગલારૂપે લોકોને ચેતવવા માટે બોર્ડ મુકવામાં આવેલ છે. તેમ છતાં અવાર નવાર પાણીમાં ડુબી જવાનાં બનાવો બનતા હોય છે. તેમજ તાજેતરમાં તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મોજે, લાંછનપુર, તા. સાવલી ખાતે મહીસાગર નદીમાં એમ. એસ. યુનિવર્સિટી ફેકલ્ટીની બે વિદ્યાર્થીનીઓ ડુબી જવાનો અઘટીત બનાવ બનવા પામેલ છે. જેથી જાહેર હિતમાં નદીમાં ડુબી જવાના આવા બનાવો બનતા અટકાવવા પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા જિલ્લામાં આવેલ સાવલી તાલુકા વિસ્તારમાંથી લાંછનપુર ખાતે આવેલ મહીસાગર નદીના પટ્ટના વિસ્તારમાં જાહેર હિતમાં સ્નાન કરવા, સ્વીમીંગ માટે, ધાર્મિક વિધિ કે અન્ય તમામ હેતુ માટે નદીના પાણીમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવા ફરમાવું છું.

આ હુકમ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪(૧) અન્વયે કાઢેલ.

નંબર ઈ.સી./એમએજી/વશી/૪૦૧૯/૨૦૧૫.– અત્રેના વડોદરા જિલ્લામાં આવેલ કરજણ તાલુકાના નારેશ્વર ધામને લાગુ નર્મદા નદીપટ્ટમાં પાણીમાં ઈસમો ડુબી જવાની ફરીયાદ અન્વયે બનાવના સ્થળે રેતી ખનીજ લીઝ ધારકો દ્વારા તેમને જે વિસ્તારમાં લીઝ મંજુર કરવામાં આવી છે તે વિસ્તારમાં જયારે જ્યારે પાણીના પ્રવાહમાં વધઘટ થાય છે ત્યારે તેમની લીઝો પાણી આવવાના હિસાબે લીઝ ધારકો દ્વારા નાવડી મૂકી પંપ દ્વારા રેતીને પાણીમાંથી ડ્રેઝીંગ કરવામાં આવે છે. જેના પરિણામે જે સ્થળથી પાઈપ દ્વારા રેતી ખેંચવામાં આવે તે જગ્યાએ કેન્દ્રબિંદુ બનાવી તેની આસપાસના વિસ્તારમાંથી રેતી ખોદવાના હિસાબે ખાડો પડે છે આ પડેલા ખાડામાં જ્યાં સુધી નદીના વહેણમાં મોટા પ્રમાણમાં પાણીનો ઝડપ સાથે પ્રવાહ ન આવે ત્યાં સુધી આ ખાડાઓ ઝડપથી પુરાતા નથી. પરીણામે નદી કિનારેથી નહાવા માટે પાણીમાં પ્રવેશતા ઈસમોને નદીમાં વચ્ચે પડેલા ખાડાઓનો કોઈ ખ્યાલ રહેતો ના હોઈ અથવા અંદાજ આવતો ન હોવાથી

INDEX

થોડા આગળ વધતાં તેઓ ખાડામાં સરી જાય છે. જેથી મોટી દુર્ઘટનાઓ થાય છે.

આથી વડોદરા ગ્રામ્ય જિલ્લામાં આવેલ નારેશ્વર ધામને તથા વડોદરા જિલ્લાના અન્ય ગામોને લાગુ નર્મદા નદીપટ્ટમાં આ દુર્ઘટનાઓ ટાળવા માટે ખાણકામ સિવાય પંપ દ્વારા નાવડી મૂકી રેતી ડ્રેઝીંગ કામગીરી કરવા પર પ્રતિબંધ મુકવા પર અત્યંત જરૂરી જણાય છે.

જેથી, હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લામાં આવેલ નારેશ્વર ધામને તથા વડોદરા જિલ્લાના અન્ય ગામોને લાગુ નર્મદા નદીપટ્ટમાં આ દુર્ઘટનાઓ ટાળવા માટે ખાણકામ સિવાય પંપ દ્વારા નાવડી મૂકી રેતી ડ્રેઝીંગ કામગીરી કરવા પર પ્રતિબંધ મુકવા આથી ફરમાવું છું.

આ હુકમ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે બહાર પાડેલ.

નંબર : ઈસી/એમએજી/ગણેશ ઉત્સવ/વશી/૪૦૨૨/૨૦૧૫.–આગામી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી ગણપતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે અને તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગણેશજીના વિસર્જન થનાર હોય, આ દિવસે લોકો લાલ, સફેદ, અબીલ, ગુલાલ જેવા પાવડરો ઉડાડતા હોય છે. જેમાં સફેદ પાવડર કે, જે આંખોને નુકશાન કરતા હોય. જેથી, આ સફેદ પાવડર વિસર્જનના દિવસે નહીં વાપરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યનાઓએ તેઓના પત્ર ક્રમાંક : એલઆઈબી/ગણપતિ વિસર્જન/જાહેરનામું/૨૩૨૬/૨૦૧૫, તારીખ ૨૦-૯-૧૫ થી જાહેરનામું પ્રસિદ્ધ કરવા જણાવેલ છે.

વાસ્તે, હું, અવંતિકાસિંઘ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ આગામી ગણપતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે અને તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગણેશ વિસર્જન થનાર હોય વિસર્જન દિવસે લોકો લાલ, સફેદ, અબીલ, ગુલાલ જેવા પાઉડરો ઉડાડતા હોય છે. જેમાં સફેદ પાવડર કે, જે આંખોને નુકશાનકારક હોય સફેદ પાઉડર વિસર્જનના દિવસે નહીં વાપરવા અને ઝેરી પાઉડરના ઉપયોગ પર પ્રતિબંધ લાદવો જરૂરી હોય ફરમાવુ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના) વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ૨૪-૦૦ કલાક સુધી કોઈએ જાહેર રસ્તા ઉપર ઝેરી પાઉડર ઉડાડવો નહીં.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

અવંતિકા સિંઘ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/જાના-૮૭/વશી૮૪૪૩-૮૫૦૨/૨૦૧૫.–મજૂર ઠેકેદાર (લેબર કોન્ટ્રાકટર) દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક મહિલા મજૂરો અને નાબાલિક બાળકોને ઉપલબ્ધ કરવામાં આવતા નથી. આ પ્રકારની પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજુરો અને તેઓના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બની શકે તેવી સંભાવના રહે છે. જેથી માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને જરૂરી સુવિધા સાથેના રહેણાંક મળી રહે અને તેઓની સુરક્ષા જળવાઈ રહે તે માટે આયોજન કરવું જરૂરી જણાય છે.

આથી હું, દિલિપ રાણા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણો, ખાણ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને સંબંધિત મજૂર ઠેકેદાર (લેબર કોન્ટ્રાકટર) દ્વારા પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેની રહેણાંક ઉપલબ્ધ કરવા ફરજીયાત રહેશે. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો શિક્ષાપાત્ર ગુનો બનશે. આ જાહેરનામાંની પ્રસિદ્ધીની તારીખથી દિન-૭માં ઉપરોક્ત સવલતો ઉભી કરી દેવાની રહેશે. અને નવા શરૂ થતા એકમોએ ઉપરોક્ત વ્યવસ્થા કર્યા બાદ જ કામકાજ શરૂ કરવાનું રહેશે.

ઉક્ત હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

દિલીપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ગણેશ મહોત્સવ-૧૫/જાહેરનામું/૧૯૪૭/ ૨૦૧૫.–પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી ગણેશ મહોત્સવ-૨૦૧૫ની ઉજવણી થયેલ છે, જે અંતર્ગત ગોધરા શહેર ખાતે તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગણપતિ વિસર્જન થનાર છે. જે દિવસે વિસર્જન યાત્રા નિકળી રામસાગર તળાવ ખાતે પ્રતિમાઓનું વિસર્જન થનાર છે. ગોધરા ખાતે ગણપતિ વિસર્જનના રૂટનો મોટા ભાગ અતિસંવેદનશીલ એરીયામાંથી પસાર થનાર હોઈ અને તે સમયગાળા દરમ્યાન કોઈ અસામાજિક તત્વો તેનો બદઈરાદો પાર પાડવા સારૂ ઈન્ટરનેટના માધ્યમથી કોઈ પણ પ્રકારની ખોટી ખબરો ફેલાવી વાતાવરણ ડહોળે તે વાતને નકારી શકાય તેમ ન હોઈ તેમજ આ શોભાયાત્રા/વિસર્જન દરમ્યાન મોબાઈલ ધારકો દ્વારા વોટ્સઅપ સહિતની અન્ય ઈન્ટરનેટ આધારીત મેસેજીંગ સર્વિસનો ઉપયોગ કરી અફવાઓ ફેલાવી શકે તેવી શકયતાઓ રહેલી હોઇ તે બંધ કરાવવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જાવક/૩૪૯/૨૦૧૫, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી માંગણી કરેલ છે.

ઉપરોકત બાબતે હાલમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી ગણેશ સ્થાપના બાદ જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં અલગ-અલગ તારીખો દરમ્યાન ગણેશ વિસર્જન થનાર છે તથા ગોધરા શહેરમાં તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ વિસર્જન થનાર છે. જે નિમિત્તે શહેરમાં શોભાયાત્રા નિકળનાર છે. હાલની વર્તમાન પરિસ્થિતિ જોતા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ઉકત ઉપરોકત સેવાઓ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ માટે સ્થગિત કરવી જરૂરી જણાતી હોઇ જિલ્લામાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર વિસ્તારમાં આવેલ તમામ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર્સ તેમજ ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડરોએ મોબાઇલ ઇન્ટરનેટ 2G, 3G સેવાઓ (લેન્ડલાઇન બ્રોડબેન્ડ સિવાય) તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૧૯-૦૦ થી તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સવારના ૦૬-૦૦ કલાક સુધી ગ્રાહકોને પ્રસારીત કરવી નહીં.

આ હુકમનો કે કોઇપણ ખંડનો કે ભાગનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ બિનજામીન લાયક ફોજદારી ગુનો છે. જેથી કોઇ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર કે ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર અથવા તેના સંચાલક, કર્મચારી અથવા એજન્ટ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહીં.

આજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ગ.વિ./જાહેરનામું/વશી/૧૯૫૮/૨૦૧૫.–પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી ગણેશ મહોત્સવ-૨૦૧૫ની ઉજવણીનો પ્રારંભ થયેલ છે. જે અંતર્ગત ગોધરા શહેર ખાતે તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગણપતિ વિસર્જન થનાર છે. આ દિવસે વિસર્જન યાત્રા વિશ્વકર્મા મંદિર ચોકથી નીકળી નિયત થયેલ રૂટ ઉપર થઈ રામસાગર તળાવ ખાતે પ્રતિમાઓનું વિસર્જન થનાર છે. આ શોભાયાત્રામાં દર વર્ષની જેમ ગોધરા શહેરના મોટી સંખ્યામાં ગણપતિ મંડળો તેમજ વિશાળ જનમેદની જોડાનાર છે. જેના લીધે ગોધરા શહેરના માર્ગો ઉપર ટ્રાફીકની સમસ્યા ઉભી થવાની શક્યતા રહેલ છે. જેથી આ દિવસ દરમ્યાન ગોધરા શહેરમાં આવતા ભારે વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકવા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ, ગોધરાએ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામું/૨૫૪૩/૨૦૧૫ થી રજુઆત કરેલ છે. જેની વિગતોએ તેમજ જાહેર હિતમાં ગોધરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા અને ટ્રાફીકનું નિયમન યોગ્ય રીતે જળવાય રહે તે હેતુ આ દિવસ પૂરતા ભારે વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

આથી, હું, ડૉ. એમ. કે. પાટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ, આથી ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં વડોદરા, દાહોદ, તેમજ અમદાવાદ તરફથી આવતી એસ.ટી. બસો સિવાયના ભારે વાહનોના પ્રવેશ ઉપર તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સવારના ૭.૦૦ કલાક થી રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી પ્રવેશ કરવા ઉપર આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ પ્રતિબંધનો ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

ડૉ. એમ. કે. પાટડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

વંચાણે લીધા :-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), લુણાવાડાના પત્ર જા.નં. પીબી/૧૧/સને ૨૦૧૫, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫

(૨) મામલતદાર, સંતરામપુરના પત્ર નં. પલસ/મજસ/વશી-૧૧૦૫/૨૦૧૫, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ વાહનો માટેના રૂટમાં ફેરફાર કરવા બાબતનું.

નંબર એમએજી/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/વશી-૧૭૪૯/૨૦૧૫.–મહીસાગર જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ

(રાજ્ય), ગોધરાના વંચાણ-(૧) પત્રથી જણાવેલ છે કે, સંતરામપુર ડોલી-મોરવા-સંતરોડ કિ.મી. ૪૯/૦ થી ૪૯/૨ માં સુખી નદી પર હયાત જુના મોટા પુલને તોડી પાડીને તે જગ્યા પર નવિન મોટા પુલનું બાંધકામ પૂર્ણ થયેલ હોવાથી વંચાણે લીધેલ પત્ર (૨) થી સદર પુલને એસ.ટી.ની બસો અવર જવર કરવા જાહેરનામું બહાર પાડવા માટે જાણ કરેલ છે.

વંચાણે લીધેલ પત્ર (૧) થી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, લુણાવાડાના પત્ર દ્વારા સંતરામપુર મુકામે સુખી નદી પરના પુલનું બાંધકામ પૂર્ણ થતાં મોટા વાહનોની અવરજવર માટે ખુલ્લો મૂકવા જણાવેલ છે. સુખી નદી પરના જુના પુલને તોડીને તે જગ્યાએ નવિન પુલના બાંધકામ માટે વૈકલ્પિક રસ્તા તરીકે ટ્રાફીક ડાયવર્ઝન આપેલ હતું. સદર પુલનું કામકાજ પૂર્ણ થતાં અને તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મા. મુખ્યમંત્રીશ્રી દ્વારા જાહેર જનતા માટે ખુલ્લો મૂકેલ છે. જેથી, મોટા વાહનો માટે અત્રેથી પાડવામાં આવેલ જાહેરનામું રદ કરવા જણાવેલ છે.

આમ, (૧) સંતરામપુર થી ઝાલોદ અવર જવર માટે સંતરામપુર બાયપાસ પરથી પસાર થવાનું રહેશે. (૨) સંતરામપુર થી ઉખરેલી અવર જવર માટે સંતરામપુર બાયપાસ પરથી પસાર થવાનું રહેશે. (૩) ઉખરેલી થી સંતરામપુર અવર જવર માટે પ્રતાપપુરા થી ઝાલોદ રોડ પર થઈને સંતરામપુર બાયપાસનો ઉપયોગ થતો હતો, જે પુલનું કામકાજ પૂર્ણ થવાથી હું, સી. આર. સંગાડા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર-લુણાવાડા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું.

તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૪ થી પાડવામાં આવેલ જાહેરનામાથી સંતરામપુર થી ઝાલોદ તથા સંતરામપુર થી ઉખરેલી અવર જવર માટે તેમજ ઉખરેલી થી સંતરામપુર તથા ઝાલોદ થી સંતરામપુર અવર જવર માટે જતા આવતા એસ.ટી. બસનો તેમજ તમામ ટ્રાફીકના રૂટો માટે પાડવામાં આવેલ જાહેરનામું રદ કરું છું.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

સી. આર. સંગાડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમ.એ.જી./બકરી ઈદ/વશી/૭૪૮૦ થી ૭૪૯૯/ ૨૦૧૫.– આગામી બકરી ઈદના તહેવારની ઉજવણી તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ થશે અને તહેવારના દિવસોમાં કતલખાનામાં બહાર કોઈ પણ જાહેર કે ખાનગી સ્થળે જુદા જુદા પશુઓની કતલને કારણે તેમજ જાહેર શેરીઓમાં કે સ્થળ પર દેખાય તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલને કારણે સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે. અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા પુરતું કારણ છે તેમજ સુલેહ શાંતિનો ભંગ થતા તાત્કાલિક અટકાવવાનું ઈચ્છનીય છે.

સબબ, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ અમોને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે, ભરૂચ જિલ્લાની હદની અંદર કોઈપણ વ્યક્તિએ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસ સહિત) કતલખાનાની મકાનની બહાર કોઈ પણ જાહેર કે ખાનગી સ્થળે જુદા જુદા પશુઓની કતલ કરવી નહિં. તેમજ ભરૂચ જિલ્લાની હદમાં કોઈ પણ જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલ કરવી નહિં.

ધી બોમ્બે એનિમલ પ્રિઝર્વેશન એક્ટ, ૧૯૫૪ થી જે પશુઓની કતલ પર પ્રતિબંધ મૂકેલ છે, તે પશુઓની કતલ ખાનગી કે જાહેર સ્થળોએ થઈ શકે નહિં.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૮૨૨ થી ૩૮૪૨/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી, હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના કલાક ૮.૦૦ થી તારીખ ૧૦મી ઓક્ટોબર, ૨૦૧૫ના રાત્રિના ૨૪.૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેક્ટર કચેરી, ભરૂચના પ્રિમાઈસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણાં, ભૂખ હડતાળ પર બેસવા, રેલી કાઢી રેલીના સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

"ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર"

વધુમાં, આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.
(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાન યાત્રાને.
(૪) અત્રેથી / સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સી.સી.ટી.વી./જાહેરનામું/વશી-૮૮૭૬/૨૦૧૫.– હાલના પ્રવર્તમાન સંજોગોમાં તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અન્ય રાજ્યો કે દેશ બહારથી આવતા આતંકવાદી અને સમાજ વિરોધી માનસ ધરાવતા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળી કે લોકોની અવર-જવર વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેને લઈને નાગરિકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી, લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને નુકશાન થવા ઉપરાંત માનવ જિંદગીની ખુંવારી પણ થાય છે. લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને આ પ્રકારે નુકશાન ન થાય તથા માનવ જિંદગીની ખુંવારી ન થાય કે અસુરક્ષાની ભાવના ઊભી ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ-સેન્ટરો, પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે જગ્યાઓએ નિયંત્રણો મૂકવાનું જાહેર સલામતિ અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ- કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે એકમો/સ્થળોના માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશવાના તથા બહાર નિકળવાના દ્વારા ઉપર, રિસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા સહિત જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય તેવી અન્ય તમામ જગ્યાઓમાં લોકોની હિલચાલને આવરી લે તેવી રીતે અને તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહન નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરાની આ પ્રકારની વ્યવસ્થા ઉપરોક્ત કાર્યરત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોક્ત વ્યવસ્થા કર્યા બાદ જ પોતાની કામગીરી શરૂ કરવાની રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

તમામ સંબંધિત એકમોએ,

(૧) કોઈપણ જગ્યાની અંદરના તમામ ભાગ, સંપૂર્ણ કવરેજ સતત અને સ્પષ્ટ થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી. ઝેડ કેમેરા ગોઠવવા.

(૪) પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શન કાઉન્ટર લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ/નિષ્કાસ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) ટોલટેક્ષ ઉપર વાહનનો પ્રકાર, વાહનનો નંબર વાંચી શકાય અને તેમાં બેઠેલા વ્યક્તિઓના ચહેરા જોઈ શકાય તે રીતેના નાઈટવિઝનના કેમેરા ગોઠવવા

આ હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ભાડાની મિલકત/જાહેરનામું/વશી-૮૯૪૬/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં સુરત શહેરમાં મળી આવેલ બોમ્બ તથા અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકાના ગંભીર બનાવોથી જણાય છે કે, આવું કૃત્ય કરનાર ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પ્લેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી આંતકવાદી પ્રવૃત્તિ કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. જેથી જાહેર સંપત્તી તેમજ લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય માનવ જીંદગીની ખુંવારી થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીમાં જોખમ ઉભુ કરે છે.

દેશના અન્ય રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો પોતાના હેતુ પાર પાડવા કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને જે-તે વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલીકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઇ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપે કે આપેલ છે, તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફીસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસ અને ઐદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન/દુકાન ઓફિસ/ ઔદ્યોગિક એકમના માલીકનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	ભાડે આપેલ મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	જે વ્યકિતને ભાડે આપેલ છે તેનું રાખેલ છે તે પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	જે વ્યકિતને ભાડે આપેલ તેમના મુળ વતનનું પાકા નામ, સરનામા તથા બે થી ત્રણ સગા સંબંધીઓના નામ, સરનામા.	મકાન/દુકાન/ ઓફિસ તથા ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ ?
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ઔદ્યોગિક એકમો/જાહેરનામું/વશી-૯૦૧૬/૨૦૧૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ભૂતકાળમાં બનેલ ધાડ-લુંટ-ખૂન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતાં ઘણાં કિસ્સાઓમાં ઔદ્યોગિક/વેપાર/વાણિજ્ય કારખાનામાં, મકાન-બાંધકામમાં તથા ફેકટરીઓ, પર્યટન સ્થળો, જાહેર આનંદપ્રમોદની જગ્યા, ધાર્મિક સંસ્થાઓ, ફાર્મ હાઉસ વિગેરેમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરોઓની સંડોવણી જણાય છે. આવા કારખાનામાં, મકાન-બાંધકામમાં તથા ફેક્ટરીઓમાં કામ કરતા પરપ્રાંતિય તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવાનું અનુભવે જણાય છે. આવા કારીગરો કોઈપણ પ્રકારના ગંભીર ગુનાઓ આચરી તેઓના વતનમાં કે અન્યત્ર ચાલી જતા હોય છે. જેના કારણે આવા ગુના વણ શોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સામાં આવા પરપ્રાંતિયો અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી જિલ્લામાં આવેલ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં આશરો લેતા હોય છે. કેટલાંક કેસોમાં આવી જગ્યા પર આશરો મેળવી આતંકવાદી પ્રવૃત્તિ કરવા માટે માહિતી એકત્રિત કરી જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગુન્હાહિત કૃત્યો કરી જાહેર જનતાની સલામતિ અને શાંતિમાં જોખમ ઊભું કરે છે. જેથી, આવી ગુન્હાહિત પ્રવૃત્તિ કરતાં તત્ત્વો સાથે સંકળાયેલ આવા કારીગરો / કર્મચારીઓ ઉપર નિયંત્રણ મૂકવાનું જરૂર જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય નાના-મોટા ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રાઇવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઇવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર ૧ અને ૨ ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ. નં.	માલિકનું નામ સરનામું તથા ધંધાની વિગત ટેલીફોન/મોબાઇલ નંબર	કર્મચારી/કારીગર/મજૂરનું પુરૂ નામ, ઓળખ, ચિન્હો, હાલનું પુરુ સરનામું ટેલીફોન નંબર	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું. ટેલીફોન નંબર	કર્મચારી/કારીગર/મજૂરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/કારીગર/મજૂર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલિકનું પુરૂ નામ, સરનામું	કર્મચારી/કારીગર / મજૂરને કોના રેફરન્સ/પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	કર્મચારી/કારીગર/મજૂરના બે થી ત્રણ સગા સંબંધીઓના પુરા નામ, સરનામા વતન સહિતના	કર્મચારી/કારીગર/મજૂરનો ફોટો	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ગેસ્ટહાઉસ/જાહેરનામું/વશી-૯૦૮૬/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક પ્રવૃત્તિ કરતા તત્ત્વો લોકો સાથે ભળી ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારમાં કે પછી હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ થાય, માનવ જીંદગીની ખુંવારી થાય અને જાહેર કે લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય તે પ્રકારની પ્રવૃત્તિ કરવાની કોશીષ કરતા હોય છે.

બહારના રાજ્યોમાંથી કે પરદેશથી આવતા આવા ગુનાહિત માનસ ધરાવતા તત્ત્વો કે, ઈસમો કોઇના મકાન ભાડે રાખીને અથવા હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ વિગેરેમાં મુસાફર તરીકે રોકાય જે-તે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને પોતાની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપી સરકારી ખાનગી માલ-મિલ્કતનો તેમજ લોકોની જાનહાનિ થાય તેવું કૃત્ય કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ ભાડેથી આપતા માલિકો / સંચાલકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારની મિલકત ધરાવતા માલિકોએ, સંચાલકોએ મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટહાઉસમાં કોઈ પણ વિદેશીઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય આવી કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ તેના સંચાલકો / માલિકો દ્વારા ભાડે આપી શકશે નહીં.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની વિગતો લેવી.

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરિકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ નિયત નમૂના મુજબના ફોર્મમાં નજીકના પોલીસ સ્ટેશનમાં તથા એસ.ઓ.જી. શાખા કામરેજ ચાર રસ્તા ખાતે ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત જિલ્લામાં કઇ જગ્યાએ, કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની તેમજ વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર સંહિતની સંપુર્ણ વિગત મેળવી રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, ગેસ્ટ હાઉસમાં, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજિસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે. તેમજ દરેક મુસાફરો પાસેથી ફોટો આઈ.ડી. પ્રુફ (ઓળખપત્ર) વેરીફાઈ કરી તેની નકલ મેળવી રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સિક્યુરીટી ગાર્ડ/જાહેરનામું/વશી-૯૧૫૬/૨૦૧૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના કર્મચારીઓ કે તેના ગાર્ડ પોતાના લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને તેઓ પોતાના હથિયારોનો ઉપયોગ જમીનના વિવાદોમાં લોનના હપ્તા ઉઘરાવવામાં કરતા હોય છે. આ કામે તેઓ હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી તેનો સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગ કરે છે. જેને લઈને ઘણા-ખરા બનાવોમાં બિનજરૂરી કારણ વગર આડેધડ ફાયરીંગ કરવાના કે જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ તેની ફરજ બજાવતા હોય

INDEX

ત્યારે તેની ફરજ દરમ્યાન સંબંધિત કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લૂંટ કે મિલ્કત સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓ આચરવાના બનાવ બનવા પામેલ છે. તો કેટલાક કિસ્સામાં આવા પરપ્રાંતિય હથિયાર ધારક ઈસમ બનાવટી લાયસન્સથી પણ હથિયાર મેળવી સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂં તેના પર નિયંત્રણ હોવું જરૂરી છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

(૧) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સિક્યુરીટી કંપની ચલાવતા માલિકો / સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આવા પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી / ફેકટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

(૨) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ રાષ્ટ્રિયકૃત/ખાનગી/સહકારી બેન્કોએ પોતાની બેન્કોમાં તેમજ એ.ટી.એમ. મશીન ઉપર ફરજ બજાવતા ખાનગી સિક્યુરીટી એજન્સીના હથિયારી / બિનહથિયારી ગાર્ડનો બાયોડેટા સહિતની માહિતી ફરજિયાત પણે નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ હથિયારી ગાર્ડ હોય તો હથિયાર તથા લાયસન્સની વિગતો નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. બેન્કમાં ફરજ બજાવતા ગાર્ડની માહિતી રજુ કરવાની જવાબદારી બેન્ક મેનેજર / સંચાલકની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ ગાર્ડ વાઈઝ અલગ-અલગ ભરવાની રહેશે.

અ.નં.	વિગત	
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	
૨	પરપ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પોલીસ સ્ટેશનનું નામ, હાલનું સરનામું, ટેલિફોન નંબર	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	
૫	કોના રેફરન્સ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો	

આ હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસ સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/મોબાઈલ ફોન-સીમ કાર્ડ/જાહેરનામું/વશી-૯૨૨૬/૨૦૧૫.—હાલના પ્રવર્તમાન સંજોગોમાં રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ અને મોબાઇલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ હોઈ આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ચોરાયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મૂળ સુધી પહોંચી શકાય છે. પરંતુ, ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા ઈસમ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર / ખરીદનારને ચોરાયેલ અથવા

INDEX

ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી, ગુનાના મૂળ સુધી પહોંચવા જુના મોબાઈલ ફોન, સીમ કાર્ડ, ઓળખ કાર્ડ અથવા કોઈપણ ઓળખ પત્ર વગર લેનાર / વેચનારની ઓળખ અને જવાબદારી નક્કી કરવી જરૂરી છે.

ઉક્ત હકીકતે ગુનાઓમાં વપરાયેલ મોબાઈલ ફોન તથા ચોરાયેલ મોબાઈલ ફોનના ગુનાઓના મૂળ સુધી પહોંચવા જુના મોબાઈલ ફોન, સીમ કાર્ડ વેચવા ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલની દુકાન ચલાવતા એકમોના માલિકે કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે તથા વેચાણ કરતી વખતે લેનાર તથા વેચનાર વ્યક્તિનું પુરેપુરૂં નામ-સરનામું ફરજિયાત નોંધવાનું રહેશે અને તે બાબતે નીચે મુજબના અલગ-અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે.

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ વેચનારનું નામ, સરનામાંની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

(૨) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વિક્રેતાએ સીમકાર્ડ ખરીદનારનું નામ-સરનામાં માટે ઓળખના પુરાવા તથા પાસપોર્ટ સાઈઝનો ફોટો મેળવવામાં આવે છે તે પુરાવાઓ જે તે કંપનીને મોકલી આપવામાં આવે છે. બાદમાં જેની કોઈપણ પ્રકારની નોંધ સીમકાર્ડ વિક્રેતાઓ પાસે ઉપલબ્ધ હોતી નથી. જેથી, વિક્રેતાઓએ પણ ફરજિયાત પણે નોંધ રાખવા માટે નીચેના કોલમ મુજબનું રજિસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ ફોટા સાથેની વિગત રાખવાની રહેશે.

સીમ કાર્ડ વેચતી વખતે વિક્રેતાએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની કંપની અને સીમકાર્ડ (મોબાઈલ) નંબર	સીમ કાર્ડ વેચાણ તારીખ	મોબાઈલ ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/વાહન લે-વેચ/જાહેરનામું/વશી-૯૩૯૬/૨૦૧૫.—હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ આતંકવાદી હુમલાના બનાવો જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક પ્રવૃત્તિ કરતા તત્વો પોતાની આતંકવાદી / ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપવા માટે સાયકલો, સ્કુટર, મોપેડ, મોટર સાયકલ તથા તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં કે તેની આજુબાજુ આવા વાહનો પાર્ક કરી તેમાં રાખવામાં આવેલ બોમ્બ કે સ્ફોટક પદાર્થનો બ્લાસ્ટ કરી પોતાના ત્રાસવાદી કૃત્યને અંજામ આપતા હોય છે. જેને લઈને સરકારી, અર્ધસરકારી, ખાનગી માલ મિલ્કતો તેમજ લોકોની જાનહાનિ થાય છે. જેથી લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે.

આવા અનરજિસ્ટર્ડ વાહનોને કારણે આવું ગુનાહિત કૃત્ય કરનારને શોધી કાઢવામાં મુશ્કેલી કે વિલંબ થાય છે. જેથી સાયકલો, મોપેડ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો લે-વેચનાર કે ભાડે આપનાર દ્વારા તે અંગે જરૂરી માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાય તેમ હોઈ આવી આતંકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા સાયકલો / ટુ વ્હીલર વાહનો લે-વેચ કરનાર કે ભાડે આપનારાઓ ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતિ અને સુરક્ષાના પરિક્ષેપ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારના નવા કે જુના ટુ-વ્હીલર વાહનો લે-વેચ કરનાર, ભાડે આપનારાઓ તથા તે અંગેની દુકાનો ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવા કે જુના વાહનો વેચવામાં કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું આવશ્ય પાલન કરવાનું રહેશે.

(૧) સાયકલ, સ્કુટર, મોટર સાયકલ, મોપેડ વગેરે જેવા બીજા ટુ-વ્હીલર વાહનો ખરીદનારને વેચાણ કર્તાએ અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) આ પ્રકારના વાહનો ખરીદનારનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખકાર્ડ કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે પંચાયતના સભ્યશ્રી, નગર પાલિકાના કોર્પોરેટરશ્રી, ધારા સભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખકાર્ડ / પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા જુના વાહનો ખરીદનાર પાસેથી વેચાણકર્તાએ મેળવવાના તેમજ બીલ સાથે રાખવાના રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો તથા ભાડે આપેલ હોય તો તેમની જરૂરી વિગતો રાખવી.

(૪) વેચાણ બીલમાં સદરહુ વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ કે તેના જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ કર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી / રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

આ હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/એસ.ટી.ડી.પી.સી.ઓ./જાહેરનામું/વશી-૯૪૬૬/૨૦૧૫.–હાલના પ્રર્વતમાન સંજોગોમાં રાજ્યની ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને દેશના વિવિધ ભાગોમાં થયેલ બોમ્બ ધડાકા તથા આતંકવાદી બનાવો પરથી આતંકવાદીઓ અને દેશ વિરોધી તત્ત્વો આતંકવાદી કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીને જોખમ ઉભુ કરતા હોય છે અને તે માટે આવા તત્ત્વો બહારના દેશોનો સંપર્ક કરતા હોય છે. તે માટે એસ.ટી.ડી.પી.સી.ઓ. નો ઉપયોગ કરતા હોય છે. જેથી આવા એસ.ટી.ડી.-પી.સી.ઓ. કે જ્યાંથી બહારના દેશોમાં વાતચીત થતી હોય તેઓ પર નિયંત્રણ મુકવું જરૂરી છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સુરત જિલ્લા વિસ્તારમાં આવેલા તમામ એસ.ટી.ડી.-પી.સી.ઓ. સંચાલકોએ બહારના દેશોમાં જે કોઈ પણ વ્યક્તિ ફોન કરે ત્યારે ફોન કરનારનું ફોટા સાથેનું ઓળખપ્રુફ લઈ નીચે દર્શાવેલ નમુનામાં રજિસ્ટર નીભાવી તેમાં તમામ નોંધ કરી અને આવા થયેલ ફોનની કોલ ડીટેલની એક નકલ સંબંધિત પોલીસ સ્ટેશનમાં દર મહિનાની ૧લી તારીખે રજુ કરવાની રહેશે.

એસ.ટી.ડી./પી.સી.ઓ. સંચાલકોએ નિભાવવાના રજિસ્ટરનો નમુનો

અનુ. નંબર	એસ.ટી.ડી./પી.સી.ઓ. નું નામ, માલિકનું નામ, સરનામું, મોબાઈલ નંબર	ફોન કરવા આવનાર વ્યકિતનું પુરૂં નામ, મુળ સરનામું તથા હાલનું પુરૂં સરનામું, ઓળખ ચિન્હો	ફોન કરવા આવનાર વ્યકિતની ફોટો આઈ.ડી. પ્રુફની વિગત (સ્વચ્છ નકલ લેવી.)	જે ફોન નંબર પર વાત કરવા માંગે છે તે ફોન નંબર તથા તે વ્યક્તિનું પુરૂં નામ, સરનામું	ફોન કરવા આવ્યા તારીખ અને ફોનમાં વાત શરૂ કર્યા સમય	ફોનમાં વાત પુરી કર્યા સમય.
૧	૨	૩	૪	૫	૬	૭

INDEX

આ હુકમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

નંબર એમએજી/આખરી જાહેરનામું/વશી. ૯૫૪૦/૨૦૧૫.–સુરત જિલ્લો ઔદ્યોગિક રીતે વિકસિત જિલ્લો છે. જેથી, જિલ્લામાં રેલ્વે, માર્ગ, હાઈવે તથા નેશનલ હાઈવે મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. અત્રેના સુરત જિલ્લામાં આવેલ કામરેજ ટોલટેક્ષની આજુબાજુ માં નેશનલ હાઈવે નં. ૮ના બંને તરફ મોટી હોટલો આવેલ છે. જેના કારણે મોટા ભાગની ટ્રકો હોટલના કંમ્પાઉન્ડમાં પાર્ક કરવામાં આવે છે. પરંતુ, આ સિવાય ઘણી બધી ટ્રકો ટોલનાકાની નજીક પાર્ક રાત્રીના સમયે રોડ ઉપર પાર્ક કરવામાં આવે છે. જેના કારણે અકસ્માત થવાની ઘટના બને છે. અને આ સિવાય ટોલનાકાની બંને તરફ ચા-પાણી-નાસ્તાની નાની નાની દુકાનો-કેબીનો ઉભી થઈ ગયેલ છે. જેના કારણે મોટા ભાગની ટ્રકો તેઓની સામે નેશનલ હાઈવે નં. ૮ ઉપર ટોલનાકા નજીક પાર્ક કરે છે. આ નેશનલ હાઈવે નં. ૮ ઉપર પાર્કિંગ થઈ રહેલ ટ્રકોના કારણે બંને તરફથી આવતા વાહન વ્યવહાર ઉપર સીધી અસર પડે છે. અને ટોલટેક્ષ ઉપર હંમેશા ટ્રાફિકજામ જેવી પરિસ્થિતિ સર્જાય છે. જેથી, કામરેજ ટોલનાકાની આજુબાજુના બંને બાજુના ૧ કિ.મી.ના વિસ્તારમાં વાહનો/ટ્રકો પાર્ક ન કરવા તેમજ કોઈપણ પ્રકારની દુકાનો/કેબીનો ન રાખવી જરૂર જણાતા સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમજી/પ્રાથમિક જાહેરનામું/ વશી. ૬૧૩૦ થી ૬૧૮૯/૨૦૧૫, તારીખ ૧૩મી જુલાઈ, ૨૦૧૫ના રોજ પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ. સદર પ્રાથમિક જાહેરનામું સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર કોઈપણ ઈસમ તરફથી લેખિત વાંધા અગર સૂચનો મંગાવેલ. આ પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો ગુજરાત સરકારશ્રીના સરકારી ગેઝેટ, ભાગ-૧, સાધારણ અંક-૩૧, તારીખ ૩૦મી જુલાઈ ૨૦૧૫માં પાના નંબર-૧૧૯૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. આ પ્રાથમિક જાહેરનામાના સંદર્ભમાં જિલ્લાના કોઈપણ ઈસમ તરફથી કોઈપણ જાતના વાંધા કે સૂચનો અત્રે રજુ કરવામાં કે મોકલવામાં આવ્યા નથી.

સબબ, સદરહું પ્રાથમિક જાહેરનામું હવે આખરી જાહેરનામું નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આખરી જાહેરનામું

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આવી હુકમ કરું છું કે, અત્રેની સુરત જિલ્લામાં આવેલ કામરેજ ટોલનાકાની આજુબાજુમાં નેશનલ હાઈવે નં. ૮ના બંને તરફના ૧ કિ.મી.ના વિસ્તારમાં વાહનો/ટ્રકો પાર્ક કરવા નહીં તેમજ કોઈપણ પ્રકારની દુકાનો/કેબીનો રાખવી નહીં.

આ હુકમનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૧ની કલમ-૧૮૮મુજબ ધોરણસર કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સોશિયલ મીડીયા/પ્રતિબંધ/વશી. ૯૬૪૩/૨૦૧૫.–સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં હાલની સંભવિત કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ધ્યાને લઈ સોશિયલ મીડીયા જેવા કે, સ્કાઈપ, ફેસબુક, ટવીટર, વોટસ એપ મેસેન્જરનો તથા મોબાઈલ ઈન્ટરનેટ (ડેટા સર્વિસ) તથા બલ્ક એસ.એમ.એસ. સર્વિસનો દુરઉપયોગ કરી તંગદીલી ફેલાય કે શાંતિનું વાતાવરણ ડહોળાય તેવા કોઈ ફોટા, વિડીયો, ઓડીયો કે લખાણોનો પ્રસાર ન થાય તથા સુલેહ શાંતિ અને જાહેર જનતાના જાન-માલની સલામતિ જળવાય રહે તે સારૂ નિયંત્રણો મૂકવા જરૂરી જણાય છે.

જેથી, હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા સારૂ જાહેરનામું બહાર પાડું છું.

સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઈન્ટરનેટની તથા મોબાઈલ (સેલફોન)ની સેવાઓ પૂરી પાડતા સર્વિસ પ્રોવાઈડરોને તાત્કાલિક અસરથી.

INDEX

(૧) સોશિયલ મીડીયા જેવા કે, સ્કાઈપ, ફેસબુક, ટ્વીટર, વોટસ એપ મેસેન્જર વિગેરે.

(૨) મોબાઈલ ઈન્ટરનેટ (ડેટા સર્વિસ) તથા

(૩) બલ્ક એસ.એમ.એસ. સર્વિસને બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના બપોરના ૧૨.૦૦ કલાક થી તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના બપોરના ૧૨.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારા સહી તથા કચેરીનો સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૧/૦૭/૨૦૧૩ના હુકમ ક્રમાંકઃ સકક/૦૧/ઘ-૨/૪૩૫/૨૦૧૩થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૦/૦૨/૨૦૧૪ના હુકમ ક્રમાંકઃ- ફડચ/૦૧/ઘ-૨/૭૭/૨૦૧૪થી કલમ-૧૦૭ અન્વયેનો ફડચાનો અંતિમ હુકમ.

(૩) સોસાયટીના સભાસદોની તા. ૯/૭/૨૦૧૪ના પત્રથી ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો ચાર્જ સુપ્રત કરવા બાબતેની રજુઆત.

(૪) ફડચા અધિકારીશ્રી, ફડચા-૨, લગત સદર કચેરીના તા. ૬/૮/૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/૫૧/૨૦૧૪થી થયેલ ભલામણ.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ના નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૬) કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૦/૧૧/૨૦૧૨ જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૯૩/૨૦૧૨/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૪૭૦/૪૦૫૫/૨૦૧૪.–ધી દિપછાયા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૩૨૦૨ તા. ૦૯-૦૮-૧૯૬૮)એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે.

વંચાણે લીધા ક્રમાંકઃ- (૧)થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરી ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ, વંચાણે લીધા ક્રમાંકઃ- (૨)ની વિગતે ફડચાનો અંતિમ હુકમ કરી, ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ જે હાલ ફડચા અધિકારી તરીકે કાર્યરત છે. વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૩) થી સોસાયટીના સભાસદોએ આ કચેરીને ફડચાનો હુકમ રદ કરી સભાસદોને સોસાયટીનો ચાર્જ સુપ્રત કરવા બાબતેની રજુઆત કરતા રજુઆત અન્વયે મંડળીના પેટા કાયદા તથા સહકારી કાયદા કાનુનની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી હાથ ધરવા ફડચા અધિકારીને મોકલી આપતાં, વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૪)થી ફડચા અધિકારીએ આ કચેરીને અહેવાલ કરેલ છે. જે મુજબ તેઓએ ખાસ સાધારણ સભાનો એજન્ડા તા. ૨૫/૭/ ૨૦૧૪નો કાઢી, તા. ૫/૮/૨૦૧૪ના રોજ ખાસ સાધારણ સભા બોલાવેલ જેમાં સોસાયટીની નવી કમિટીની સર્વાનુમતે વરણી થયેલ છે. જે વિગતો સાથે સદર સોસાયટીને પુનઃજીવીત કરવા ભલામણ કરેલ છે તથા તેઓના હસ્તકનો ચાર્જ નવી કમિટીને સુપ્રત કરી શકે તે માટે સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેના જરૂરી હુકમો થઈ આવવા વિનંતી કરેલ છે.

આમ ઉપરોક્ત વિગતો/હકીકતોને ધ્યાને લેતાં તેમજ ફડચા અધિકારીએ કરેલ ભલામણ જોતાં અને સભ્યોએ તા. ૫/૮/૨૦૧૪ના ખાસ સાધારણ સભામાં કરેલ ઠરાવ જોતાં સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેનો હુકમ કરવાનો મુનાસિબ જણાતાં આથી નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

આથી, હું, ચેતન એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અને સત્તાની રૂએ ધી દિપછાયા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ (નોંધણી નંબર ઘ-૩૨૦૨ તા. ૦૯/૦૮/૧૯૬૮)ને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અત્રેની કચેરીનો તા. ૨૦/૦૨/૨૦૧૪નો અંતિમ હુકમ ક્રમાંક :-ફડચ/૦૧/ઘ-૨/૭૭/૨૦૧૪ નીચે મુજબની શરતોને આધિન રહીને રદ કરી સદર મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરૂં છું.

શરતો

(૧) મંડળીએ તેના બાકી સમયથી છેવટ સુધીના વાર્ષિક હિસાબોનું ઓડીટ માસ ત્રણમાં પુરૂ કરાવી લેવાનું રહેશે.

(૨) સભાસદોના વિશાળ હિતમાં પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની તથા કાયદા કાનુન મુજબની કામગીરી કરવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૧૪.

ચેતન એન પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર)
અમદાવાદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર જી.પં./ખે-૯૫૬૩/૨૦૧૫.–જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે ગાદલા માઈનોર-૧ નર્મદા પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અંબાલા, તાલુકો, બેચરાજી, જિલ્લા મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

બી. ડી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(કો)-૮૭૯૩/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સૂર્યમ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મું. નિકોલ, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા(હા)-૮૭૯૨/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સેવી સ્વરાજ આકાંક્ષા (ફેઝ-૧) કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. જગતપુર, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ગૌતમ સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર)
અમદાવાદ.

નંબર સે/૪૩૬૨૬/૨૦૧૫.—આથી જાહેર કરે છે, ધી બ્રહ્માણી બાવન કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મું. સિદ્ધપુર, તા. સિદ્ધપુર, જિ. પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

આર. એ. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

ક્રમાંક નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૭૯/૨૦૧૫.—આથી જાહેર કરવામાં આવે છે કે, અર્બુદા મહિલા કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મું.તા. જિલ્લો મહેસાણા, કાર્યક્ષેત્ર - મહેસાણા શહેર પુરતું મર્યાદિત રહેશે.

સને ૧૯૬૨ ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા-૯૩૩૭/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મારૂતી ગ્રીનલેન્ડ કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. તેલાવ, તા. સાણંદ, જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા-૯૩૩૭/સને ૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, વેદાંત રેસીડેન્સી કો. ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. ગોધાવી, તા. સાણંદ, જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીના ઓડીટ શાખાના પત્ર ક્રમાંકઃ અષણ/૦૧/છ/૮૦૦/ ૨૦૧૫ તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫થી મંડળીની વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીના ઓડીટ નોંધ અન્વયે કામગીરીની સમીક્ષા બાબતની.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૪૫૭/૨૦૧૫થી તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૫ મંડળીની વ્યવસ્થાપક કમિટી સભ્યોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

INDEX

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૬૫૨/૫૪૨૯/૨૦૧૫.–ધી સરદાર વિ.કા. સહકારી મંડળી લી. મું. તા. વિસનગર, જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક : ૩૩૧૧૭, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૮ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ આપશ્રીની મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૨થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૩ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ (પ્રમાણિત-૧) સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ છે. તેમજ આપશ્રીની મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ હાથ ધરી પૂર્ણ કરેલ જે. બંને ઓડીટ નોંધની કામગીરીની સમીક્ષા કરતા અત્રેની કચેરીની ઓડીટ શાખાના પત્ર ક્રમાંકઃઅષણ/૦૧/છ/૮૦૦/૨૦૧૫, તારીખ ૯મી જુલાઈ, ૨૦૧૫ થી ખુલાસો માંગેલ હતો જેનો આપશ્રી દ્વારા સ્વીકાર ન થતાં ફરીથી અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૭૧/૨૦૧૫, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫ થી આપશ્રીની મંડળીને ઓડીટ નોંધની સમીક્ષા મુજબ આર.પી.એ.ડી.થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી, આપશ્રી દ્વારા સદર નોટીસનો સ્વીકાર કરેલ નથી કે સ્લીપ પરત પણ આવેલ નથી અને અત્રે કોઈ રજુઆત કે ખુલાસો કરેલ નથી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના ઓડીટ નોંધની સમીક્ષા બાબત.

(૧) પાછલા ઓડીટ નોંધની દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૨) મંડળીનો ઓડીટ વર્ગ-ક છે.

(૩) વર્ષ દરમ્યાન ધિરાણ સ્વ. ભંડોળમાંથી કરવામાં આવેલ છે. જે નહિવત છે. રાસાયણિક ખાતર નહિવત છે, ચોખ્ખો નફો ₹ ૧૫૫૫/- છે. જે નહિવત છે. સરવૈયાના ભંડોળમાં વધારો થયેલો જણાતો નથી. સભ્ય સંખ્યા કાર્યક્ષેત્રના પ્રમાણમાં નહિવત છે.

(૪) પેટા નિયમ મુજબની કામગીરી નહિવત છે.

(૨) વર્ષ ૨૦૧૩-૨૦૧૪ના ઓડીટ નોંધની સમીક્ષા

(૧) પાછલા ઓડીટ નોંધની દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૨) વર્ષ દરમ્યાન ધિરાણ સ્વ.ભંડોળમાંથી કરવામાં આવેલ છે, જે નહિવત છે. રાસાયણિક ખાતરનું વેચાણ કરેલ નથી. ચોખ્ખો નફો ₹ ૧૫૩૫-૩૯ છે, જે નહિવત છે. સરવૈયાના ભંડોળમાં વધારો થયેલ જણાતો નથી. સભ્ય સંખ્યા કાર્યક્ષેત્રના પ્રમાણમાં નહિવત છે.

(૩) પેટા નિયમ મુજબની કામગીરી નહિવત છે.

(૩) વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના ઓડીટ નોંધની સમીક્ષા

(૧) પાછલા ઓડીટ નોંધની દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૨) મંડળીનો ઓડીટ વર્ગ-ક છે.

(૩) વર્ષ દરમ્યાન ધિરાણ સ્વ. ભંડોળમાંથી કરવામાં આવેલ છે. જે નહિવત છે. રાસાયણિક ખાતર નહિંવત છે, ચોખ્ખી ખોટ ₹ ૨૭૮૬૯/- છે. સરવૈયાના ભંડોળમાં વધારો થયેલો જણાતો નથી. સભ્ય સંખ્યા કાર્યક્ષેત્રના પ્રમાણમાં નહિવત છે.

(૪) પેટા નિયમ મુજબની કામગીરી નહિવત છે.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે, વંચાણે લીધેલ આમુખ (૪) અન્વયે લેખિત રજુઆત કરેલ નથી કે કોઈ ખુલાસો કરેલ નથી જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી મંડળીનો સુચારુ વહીવટ ચલાવી શકે તેમ જણાતુ ન હોઈ, સદર મંડળીને ફડચામાં લઈ જવી કાનુની રીતે યોગ્ય જણાય છે.

વચગાળાનો આદેશ

ધી સરદાર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મું. તા. વિસનગર, જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧, આધિન નોંધણી નં.ક્રમાંક : ૩૩૧૧૭ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૮ છે. થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)ના ખંડઃ ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ.એસ. પટેલ, સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખ થી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

સહી (અવાચ્ય),
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

નંબર એસકે/સે.દુ.-૪૧૫૨૧/૨૦૧૫.-આથી જાહેર કરે છે કે ધી બાલેટા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ બલેટા, તાલુકો વિજયનગર, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નંબર : ડી.એન.જી./સે.દુ.-૩૮૦૫૦/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મ. સ. મુલચોડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ મુલચોડ, તાલુકો આહવા, જિલ્લા ડાંગને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

આહવા, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નંબર : ડી.એન.જી./સે.દુ.-૩૮૦૫૧/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મ. સ. ગોળષ્ટા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ ગોળષ્ટા, તાલુકો આહવા, જિલ્લા ડાંગને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

આહવા, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ-આહવા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૮મી ડિસેમ્બર, ૨૦૦૩નો અંતિમ આદેશ ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ખ-૨/ફ-૧૫૨૯૪/૭૦૯ થી ૭૧૫.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી, ગ્રેડ-૧ લગત કચેરીની તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ખ-૧/૪૦૧/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી સુણેવકલ્લા તેલિબીયા ઉત્પાદક સહકારી મંડલી લી., મું. સુણેવકલ્લા, તા. હાંસોટ, જિ. ભરૂચ (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૩૩૧/૧૧૨૨/૨૦૧૫.–ધી સુણેવકલ્લા તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. સુણેવકલ્લા, તા. હાંસોટ, જિ. ભરૂચ (ફડચામાં)ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તા. ૨૯મી મે, ૧૯૯૧, નોંધણી નંબર : સે-૨૪૯૧ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીને કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહિં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, ગ્રેડ-૧ લગત કચેરી નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર લગત કચેરી દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૮ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી સુણેવકલ્લા તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. સુણેવકલ્લા, તા. હાંસોટ, જિ. ભરૂચ, નોંધણી નંબર સે-૨૪૯૧, તારીખ ૨૯મી મે, ૧૯૯૧ની આમુખ (૫) થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૯નો અંતિમ આદેશ ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૪૯૭/૨૦૦૯.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૨૮/૨૦૧૫ થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી ધર્મેશ્વર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ધર્મશાળા, તા. ભરૂચ, જિ. ભરૂચ (ફડચામાં) ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

INDEX

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૩૩૨/૧૧૨૩/૨૦૧૫.–ધી ધર્મેશ્વર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ધર્મશાળા, તા. ભરૂચ, જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૧૧મી ઓક્ટોબર, ૧૯૮૫, નોંધણી નંબર : ૩૬૪૯ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીએ કાયદા કાનૂન અને પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબ કામગીરી નહિં કરતાં આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે અત્રેના સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૦ થી તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (૩), ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સૂચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫નું સરવૈયું શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-૨ માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી ધર્મેશ્વર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ધર્મશાળા, તા. ભરૂચ, જિ. ભરૂચ, નોંધણી નંબર : ૩૬૪૯, તારીખ ૧૧મી ઓક્ટોબર, ૧૯૮૫ની આમુખ (૫) થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરૂં છું અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

સુનીલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વાંચનમાં લીધા :–

(૧) ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, (૨) સુરતની તા. ૧૨-૧-૨૦૦૬ થી ફડચામાં લઇ જવાનો વહીવટી અહેવાલ.

(૨) આ કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ઉખસ/૦૧/ખ/૩૯૪/૨૦૦૬, તારીખ ૧૮-૩-૨૦૦૮ મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

(૪) નામદાર ગુજરાત સરકારશ્રી કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૩૪૯/૩૪૧૨/૨૦૧૫.–મહારાણા પ્રતાપ અર્બન કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., ડીડોલી રોડ. ઉધના, જિ. સુરતનું ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ (૨) સુરત દ્વારા તા. ૧લી એપ્રિલ, ૨૦૦૨ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૦૫ સુધીનું હાથ ધરી તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૫ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. જેનો તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૬ થી ફડચામાં લઈ જવાના વહીવટી અહેવાલ અન્વયે ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો આદેશ કરવામાં આવેલ વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે મહારાણા પ્રતાપ અર્બન કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., ડીંડોલીરોડ, ઉધના, જિ. સુરત કે જેનો નોંધણી નં. સા-૨૯૬૦, તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૬ છે. તેને અત્રેની કચેરીના આમુખ (૨) થી વંચાણે લીધેલ વચગાળાના આદેશ ક્રમાંકથી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો. ત્યારબાદ તારીખ ૨૩મી મે, ૨૦૦૬ના હુકમ નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૫૬૪/૨૦૦૬ થી અંતિમ આદેશ કરી મંડળીને ફડચામાં લઇ ગયેલ છે. સહકારી અધિકારી, ફડચા નં.-૩ ની નિમણુંક કરવામાં આવેલ હતી. સદર મંડળીનો ચાર્જ ફડચા અધિકારીએ તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૬ના રોજ સંભાળી લીધેલ. ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૧૦ હેઠળ તેમને મળેલ સત્તા અનુસાર કામગીરી કરી મંડળીની મિલ્કતો તેમજ દેવાના નિકાલ કરી સદરહું મંડળીનું સરવૈયું શુન્ય કરી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૨), તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ જા.નં. ફડચ/ઉખસ/૦૩/૩૦૪/૨૦૧૫ થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે. મંડળીના જવાબદાર હોદ્દેદારો સભાસદોની પણ મંડળીને ચલાવવામાં કોઈ રસ નથી. મંડળીની વાર્ષિક સાધારણ સભા તથા વ્યવસ્થાપક કમીટીની મીટીંગ પેટા નિયમ મુજબ મળતી નથી તથા હોદ્દેદારોને વારંવાર સુચના હોવા છતાં વસુલાત માટે નિષ્ક્રિય રહેલ છે. જેથી મંડળી તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી. તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી ફડચા અધિકારી (૩) મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા જણાવેલ છે.

ફડચા અધિકારી દ્વારા મંડળીની અંતિમ સાધારણ સભા તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મેળવેલ છે. ઠરાવ નં.-૫ થી મંડળીની નોંધણી રદ કરવાનો ઠરાવ કરેલ છે. ઉપરોક્ત સંજોગોમાં સદરહું મહારાણા પ્રતાપ અર્બન કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., ડીડોલી રોડ. ઉધના, જિ. સુરત કે જેનો નોંધણી નં. : સા-૨૯૬૦, તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૬ છે. જેની નોંધણી રદ કરવા અંગેનો હુકમ કરવો મુનાસિબ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે અને સદર સહકારી મંડળીની નોંધણી હુકમની તારીખથી રદ કરવામાં આવી છે એમ ગણાશે.

હુકમ

હું, જે. એસ. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) થી મળેલ સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળની સત્તાઓને આધીન પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર મહારાણા પ્રતાપ અર્બન કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., ડીડોલી રોડ. ઉધના, જિ. સુરત કે, જે ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. સા-૨૯૬૦, તા. ૧લી જુલાઇ, ૧૯૯૬ છે. જેની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

સુરત, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

જે. એસ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭, ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/એનએસબી/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

(૩) ઓડિટર ગ્રેડ-૨ સહકારી મંડળી (ન. જ.-૪) મહેસાણા, જિ. મહેસાણાના તારીખ ૩૧-૩-૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૬૮/ ૨૦૧૫ થી કલમ-૧૦૭ અન્વયેનો રજુ થયેલ ખાસ વહીવટી અહેવાલ.

(૪) આ કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૨૬/૨૦૧૫, તારીખ ૧૩-૪-૨૦૧૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટી/હોદ્દેદારોને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૫) મંડળીના હોદ્દેદારોએ તારીખ ૨૭-૪-૨૦૧૫ના રોજના પત્રથી લેખિતમાં કરેલ રજુઆત.

(૬) અત્રેની કચેરીના પત્રક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૫૭૦/૨૦૧૫, તારીખ ૧૩-૮-૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ.

(૭) મંડળીના હોદ્દેદારોએ તારીખ ૧૬-૯-૨૦૧૫ થી મંડળીને ફડચામાં નહી લઇ જવા બાબત સાધનિક કાગળો સાથેનો લખેલ પત્ર તથા રૂબરૂ સુનાવણી.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૬૭૪/૫૫૦૨/૨૦૧૫.–શ્રી પબ્લીક પાવર મજુર કામદાર સહકારી મંડળી લી. મું. તા. જિ. મહેસાણાએ નોંધણી નં. ઉ. ૫૭૮૯, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૮૭ થી નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરેલ છે.)

સદરહુ સંસ્થામાં આમુખ (૩) થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર કાર્યવાહી હાથ ધરવા ખાસ વહીવટી અહેવાલ રજુ થતાં, આમુખ (૪) માં જણાવેલ વિગતે આ કચેરીએ થી મંડળીના વ્યવસ્થાપક/કમિટી હોદ્દેદારોને તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ રજીસ્ટર પોસ્ટ એડી. થી કારણદર્શક નોટીસથી જાણ કરી તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ સુનાવણી મુકરર કરવામાં આવેલ હતી. જે સુનાવણી તારીખે મંડળીના વ્યવસ્થા-કમિટી હોદ્દેદારો લેખિતમાં આમુખ (૫) થી મંડળીને ફડચામાં નહી લઇ જવા બાબત રજુઆત કરી બે માસની મુદત માંગેલ હતી. તેથી મંડળીએ કરેલ કાર્યવાહી અંગેનો અહેવાલ રજુ કરવા મંડળીના હોદ્દેદારોને બે માસની મુદત આપેલ. સદર મુદત પૂર્ણ થતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૫૭૦/૨૦૧૫, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો અને એક માસની મુદત આપેલ હતી અને મંડળીના હોદ્દેદારોએ તેમના તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના પત્રથી મંડળીને ફડચામાં નહિ લઇ જવા રજુઆત કરેલ તેમણે તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સુનાવણીમાં હાજર રહી રજુઆત કરેલ છે.

પ્રસ્તુત કેસમાં મંડળીના હોદ્દેદારોએ મંડળીની પ્રવૃતિ શરૂ કરવા આપેલ ખાતરી ધ્યાને લેતાં તથા, આમુખ (૧) તથા આમુખ (૨) થી મળેલ અધિકારની રૂએ મંડળીના સભાસદોનું હિત, મંડળીની આર્થિક સ્થિતિ, બાકી રહેલ દોષ દુરસ્તીનો અમલ કરવા મંડળીના હોદ્દેદારોએ આપેલ ખાત્રી, મંડળી અર્થક્ષમ અને કાર્યક્ષેમ તથા પ્રગતિશીલ બને તે સારુ મંડળીના હોદ્દેદારોએ આપેલ ખાત્રી, ભવિષ્યમાં મંડળી ખોટમાંથી આર્થિક રીતે સધ્ધર થાય તેવા પ્રયાસો મંડળીના કાર્યવાહકો તરફથી કરવામાં આવશે તેવી તાકીદ સાથે તથા મંડળીના દેવા ચુકવી આપવામાં અને મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં સંપૂર્ણ ઉત્સાહ, રસ દાખવવાની શરતે આ કચેરી દ્વારા સંદર્ભ (૫)ના આદેશનો રદ કરતો નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

શ્રી પબ્લીક પાવર મજુર કામદાર સહકારી મંડળી લી. મું. તા. જિ. મહેસાણાને પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે, ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અનુસાર ફડચા કાર્યવાહી સંદર્ભે કારણ દર્શક નોટીસમાં જણાવેલ મુદ્દા અનુસાર કાર્યવાહી કરવા તથા તેના હકારાત્મક કાર્યવાહીનો અહેવાલ સમયાંતરે અત્રેની કચેરીએ રજુ કરવા સારૂ, મંડળીના સભાસદોના હિતમાં અત્રેની કચેરીની તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ દફતરે કરવાનો હુકમ કરુ છું.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :

(૧) સબ ઓડીટર સહકારી મંડળીઓ વલસાડના તારીખ ૨-૩-૨૦૧૫નો રોજનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૩-૩-૨૦૧૫ જા.નં. ઉખસ/ફડચ/ખ-૩/ ૪૮/૨૦૧૫ ની કારણદર્શક નોટીસ તેમજ તારીખ ૨૮-૫-૨૦૧૫ જા. નં. ઉખસ/ફડચ/ખ-૩/૮૨/૨૦૧૫ ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૯-૭-૨૦૧૫ હુકમ નં. ઉખસ/ફડચ/ ૦૧/૧૦૬/૨૦૧૫ નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી, જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૪૫૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/ સીએચ, તા. ૨૧-૭-૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/૧૩૨-A/૨૧૨૮/૨૦૧૫.–આમુખ-૧ થી સબ ઓડીટર સહકારી મંડળીઓ વલસાડના તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫ થી અરનાલા વિભાગ આદિવાસી ખેર વૃક્ષો ઉત્પાદક સહકારી મંડળી લી. મું. અરનાલા, તા. પારડી, જિ. વલસાડને ફડચામાં લઇ જવા સંબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે.

INDEX

આમુખ-૨ થી સદરહુ વહીવટી ખાસ અહેવાલની વિગતોએ કારણ દર્શક નોટીસ આપી રજુઆતની યોગ્ય તક આપવામાં આવેલ છે.

આમુખ-૩ થી વંચાણે લીધેલ હુકમથી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીને હુકમની તારીખથી એક માસની મુદતમાં રજુઆત/ખુલાસો કરવાની વ્યાજબી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળીએ કોઇ રજુઆત અત્રે કરેલ નથી.

આમ ફડચાની દરખાસ્તની વિગતો જોતાં મંડળી તેના પેટા નિયમમાં દર્શાવેલ ઉદ્દેશો મુજબની કોઇ કામગીરી કરતી નથી, મંડળીનો ઓડીટ વર્ગ ''ક'' અને ''ડ'' છે. વ્યવસ્થાપક કમિટીની એકપણ મિટીંગ મળેલ નથી તેમજ વાર્ષિક સાધારણ સભા પણ મળેલ નથી. મંડળીની સભાસદો કે કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કે ચાલુ રાખવામાં કોઇ રૂચિ હોય તેમ જણાતુ નથી. મંડળીને ફડચામાં લઇ જતા પહેલા કારણ દર્શક નોટીશ આપવામાં આવેલ છે. ત્યાર બાદ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને વચગાળાના હુકમની તારીખથી એક માસમાં પુનઃ ન્યાયના હિતમાં રજુઆતની વ્યાજબી તક આપવામાં આવેલ છે. તેમ છતાં પણ મંડળીને ફડચામાં ન લઇ જવા સંબંધે મંડળી તરફે કોઇ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, અરનાલા વિભાગ આદિવાસી ખેર વૃક્ષો ઉત્પાદક સહકારી મંડળી લી., મું. અરનાલા, તા. પારડી, જિલ્લો વલસાડને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું.

ફડચા અધિકારી તરીકે શ્રી કે. એમ. ખત્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડની નિયુક્તિ કરવામાં આવે છે. ફડચા અધિકારીશ્રીએ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ, વલસાડના તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ના રોજનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ જા.નં. ઉખસ/ફડચ/ખ-૩/૪૭/૨૦૧૫ની કારણદર્શક નોટીસ, તેમજ તારીખ ૨૮મી મે, ૨૦૧૫, જા.નં. ઉખસ/ફડચ/ખ-૩/૮૭/૨૦૧૫ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૧૫ના હુકમ નં. ઉખસ ફડચ/૦૧/૧૦૭/૨૦૧૫નો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૫) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૪૫૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. : ઉખસ/ફડચ/૦૧/૧૩૨/૨૧૨૨/૨૦૧૫.– આમુખ-૧ થી સબ ઓડીટર, સહકારી મંડળીઓ, વલસાડના તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ થી માકડબન ખેતી માટે પાણી પુરૂં પાડનારી પિયત સહકારી મંડળી લી., મુ. માકડબન, તા. ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઈ જવા સંબંધે વહીવટી ખાસ અહેવાલ અત્રે મળેલ છે.

આમુખ-૨ થી સદરહું વહીવટી ખાસ અહેવાલની વિગતોએ કારણદર્શક નોટીસ આપી રજુઆતની યોગ્ય તક આપવામાં આવેલ છે.

આમુખ-૩ થી વંચાણે લીધેલ હુકમથી સદરહું મંડળીને ફડચામાં લઈ જવા સંબંધે વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીને હુકમની તારીખથી એક માસની મુદતમાં રજુઆત/ખુલાસો કરવાની વ્યાજબી તક આપવામાં આવેલ છે. પરંતુ, મંડળીએ કોઈ રજુઆત અત્રે કરેલ નથી.

આમ, ફડચાની દરખાસ્તની વિગતો જોતા મંડળી તેના પેટા નિયમમાં દર્શાવેલ ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી કરતી નથી. મંડળીનો ઓડીટ વર્ગ ''ક'' અને 'ડ'' છે. વ્યવસ્થાપક કમિટીની એક પણ મિટીંગ મળેલ નથી. તેમજ વાર્ષિક સાધારણ સભા પણ મળેલ નથી. મંડળીની સભાસદો કે કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કે ચાલુ રાખવામાં કોઈ રૂચિ હોય તેમ જણાતું નથી. મંડળીને ફડચામાં લઈ જતા પહેલા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. ત્યાર બાદ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને વચગાળાના હુકમની તારીખથી એક માસમાં પુનઃ ન્યાયના હિતમાં રજુઆતની વ્યાજબી તક આપવામાં આવેલ છે. તેમ છતાં પણ મંડળીને ફડચામાં ન લઈ જવા સંબંધે મંડળી તરફે કોઈ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો હુકમ કરૂં છું.

અંતિમ હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૫ માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ માકડબન ખેતી માટે પાણી પુરુ પાડનારી પિયત સહકારી મંડળી લી., મુ. માકડબન, તા. ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું.

ફડચા અધિકારી તરીકે શ્રી કે. એમ. ખત્રી, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડની નિયુક્તિ કરવામાં આવે છે. ફડચા અધિકારીશ્રીએ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અવધિમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :

(૧) શ્રી આંબાતલાટ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., આંબાતલાટ, તા. ધરમપુર, જિ. વલસાડને ફડચામાં લઈ જવા અંગેનો અત્રેની કચેરીનો તારીખ ૨૧મી મે, ૨૦૧૫ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/૭૪/૨૦૧૫.

(૨) શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડનો તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫નો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૩૩/૨૧૩૪/૨૦૧૫.– શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડને શ્રી આંબાતલાટ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., આંબાતલાટ, તા. ધરમપુર, જિ. વલસાડને અત્રેની કચેરીના તારીખ ૨૧મી મે, ૨૦૧૫ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/૭૪/૨૦૧૫ થી ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવેલ છે. અને સદરહુ સંસ્થામાં ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડની નિયુક્તિ કરવામાં આવેલ છે. પરંતુ સદરહું મંડળીમાં વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., વલસાડનું મધ્યમ મુદતનું લોન ₹ ૪,૬૬,૭૮૪/- ભરપાઈ કરવાનું બાકી હોય, જે અંગે સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડનો તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્રથી સદર મંડળીમાં ફડચા અધિકારી તરીકે બેંકને નિમણૂંક કરવા રજુઆત કરેલ છે.

સબબ, ઉપરોક્ત બાબતો ધ્યાને લેતા બેંકમાં મધ્યમ મુદતનું લોન ભરપાઈ કરવાની બાકી હોય, ઉક્ત વિચારણાને અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

સુધારણા હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત મને મળેલ સત્તાની રૂએ, શ્રી આંબાતલાટ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., આંબાતલાટ, તા. ધરમપુર, જિ. વલસાડમાં ફડચા અધિકારી તરીકે ફડચા અધિકારી, વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., વલસાડ, તા. જિ. વલસાડને નિયુક્ત કરૂં છું.

વલસાડ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) શ્રી સલવાવ સેવા સહકારી મંડળી લી., સલવાવ, તા. પારડી, જિ. વલસાડને ફડચામાં લઈ જવા અંગેનો અત્રેની કચેરીનો તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/૧૯૧/૨૦૧૪.

(૨) વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., વલસાડ, તા. જિ. વલસાડનો તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૫નો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૩૪/૨૧૪૦/૨૦૧૫.– શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડને શ્રી સલવાવ સેવા સહકારી મંડળી લી., સલવાવ, તા. પારડી, જિ. વલસાડને અત્રેની કચેરીના તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૪ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/૧૯૧/૨૦૧૫ થી ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવેલ છે. અને સદરહુ સંસ્થામાં ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડની નિયુક્તિ કરવામાં આવેલ છે. પરંતુ સદરહું મંડળીમાં વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., વલસાડનું ખેતી વિષયક ટૂંકી મુદતનું ધિરાણ ભરપાઈ કરવાનું બાકી હોય, જે અંગે વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., વલસાડ, તા.જિ. વલસાડનો તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૫ની રજૂઆત કરેલ, જે રજુઆતની સંસ્થાના સરવૈયા સાથે ચકાસણી કરતા મુદ્દલ ₹ ૭૩,૪૯૪/- બાકી છે. જેથી, સદર મંડળીમાં ફડચા અધિકારી તરીકે બેંકને નિમણૂંક કરવા રજુઆત કરેલ છે.

સબબ, ઉપરોક્ત બાબતો ધ્યાને લેતા બેંકમાં ખેતી વિષયક ટૂંકી મુદતનું ધિરાણ ભરપાઈ કરવાની બાકી હોય, ઉક્ત વિચારણાને અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

સુધારણા હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત મને મળેલ સત્તાની રૂએ, શ્રી સલવાવ સેવા સહકારી મંડળી લી., સલવાવ, તા. પારડી, જિ. વલસાડમાં ફડચા અધિકારી તરીકે ફડચા અધિકારી, વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી., વલસાડ, તા. જિ. વલસાડને નિયુક્ત કરૂં છું.

વલસાડ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

જા.નં. નધણ/૦૧/ક-૨/૫૭૦/૨૦૧૫.-જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી પરમાર ફળિયા (માલામહુંડી) મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. માલા મહુંડી પો. આંટલવાડા, તાલુકો કડાણા, જિ. મહિસાગર,

સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ ૯ અન્વયે તા. ૧૯/૦૯/૨૦૧૫, નોંધણી ક્રમાંક : એમ.એચ.એસ./સે. ૪૩૩૭૫ થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

જી. આર. રાઠોડ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહિસાગર,
લુણાવાડા.

વંચાણે લીધા :

(૧) શ્રી સંતોષ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. નડીયાદ, મું.પો. નડીયાદ, તા. નડીયાદના ફડચા અધિકારીશ્રીનો તા. ૨-૦૯-૨૦૧૫નો પત્ર નં. ફડચ/૦૧/જ/૫૨૨/૨૦૧૫.

INDEX

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.-૫૧-૨૦૦૫-એન-એસ.બી.-૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તા. ૨૧-૭-૨૦૧૧.

હુકમ

જા. નં. નધણ/૦૧/ખ-૨/૪૪૬/૨૦૧૫.–ધી શ્રી સંતોષ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. નડિયાદ, મું.પો. નડીયાદ, તા. નડીયાદ, જિલ્લો ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર સે. ૩૦૨૬૨, તા. ૨૩મી જૂન, ૧૯૯૮થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉખસ/ક.જ./ફડચા/ગ-૨/૨૪૯/૨૦૧૧, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૧થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે. તથા હાલની તારીખે જે કોઈ દેવા-લેણાંનો નિકાલ કરવાના અધિકાર સહકારી અધિકારી ફડચાને આપવામાં આવે છે.

નડીયાદ, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ધી નડીયાદ તાલુકા ગ્રામ્ય વિસ્તાર માધ્યમિક શાળાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. રાઘુપુરા, મું. રાઘુપુરા, તા. નડીયાદના ફડચા અધિકારીશ્રીનો તા. ૨-૦૯-૨૦૧૫નો પત્ર નં. ફડચ/૦૧/જ/૫૨૧/૨૦૧૫.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૫૧-૨૦૦૫-એન-એસ.બી.-૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તા. ૨૧-૭-૨૦૧૧.

હુકમ

જા. નં. નધણ/૦૧/ખ-૨/૪૪૫/૨૦૧૫.–ધી નડીયાદ તાલુકા ગ્રામ્ય વિસ્તાર માધ્યમિક શાળાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. રાઘુપુરા, મું. રાઘુપુરા, તા. નડીયાદ, જિલ્લો ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર સે. ૨૧૨૬૫, તા. ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૮૬થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉખસ/ક.જ./ફડચ/ગ-૨/૨૮૬/૨૦૧૩, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૧૩થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે. તથા હાલની તારીખે જે કોઈ દેવા-લેણાંનો નિકાલ કરવાના અધિકાર સહકારી અધિકારી ફડચાને આપવામાં આવે છે.

નડીયાદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, OCTOBER 15, 2015 / ASVINA 23, 1937 [No. 42

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1543-1574
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	42
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	83-
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3699-3779

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માંના અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર વિ. શા./જાહેરનામું/એ. સેકશન/પરમીટ/૭૪/૨૦૧૫.–અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હો બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માંના અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૦મી ઓક્ટોબર, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે

INDEX

લાબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ ફરમાવું છું.

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિહ્નો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધ હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામું/એ-સેક્શન/પરમીટ/૭૫/૨૦૧૫.– અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, નીચેની જણાવેલ વિસ્તારમાં તા. ૩જી ઓક્ટોબર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૫ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહિં તેમજ કોઈ સરઘસ કાઢવું નહિં.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી માહે સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એસબી/જાહેરનામું/૧૧૬/૨૦૧૫.-સુરત શહેરની હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ગાંધી જયંતિ, નવરાત્રિ, વિજયાદશમી, મહોરમ તાજીયા, દિવાળી, દેવદિવાળી, વિગેરેના તહેવાર આવતા હોય તેમજ જુદીજુદી ધાર્મિક શોભાયાત્રા તથા રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય. તેમજ હાલની આંતકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને શાંતિમય વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીન વિવાદોમાં લાયસન્સવાળા હથિયારો લઇ જઇ તેનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણાખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ

INDEX

મેળવી સુરતમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરિયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં. તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, લાકડી, લાઠી, તલવાર ભાલા, સોટા, ખંજર, ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવા કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર;

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર;

(૩) સ્ફોટક પદાર્થ લઇ જવા ઉપર;

(૪) પત્થરો અથવા બીજા શસ્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર;

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર;

(૬) વ્યક્તિઓના પુતળા બાળવા-લટકાવવા-પુતળાને ફાંસી આપવા ઉપર;

(૭) પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સ-વાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર;

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારી સમયગાળો અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૨જી ઓકટોબર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેનાં ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./મજુર/જાહેરનામું/૩૫૭૯/૨૦૧૫.—તાજેતરમાં વડોદરા શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળમાં વડોદરા શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુનાઓ કરનાર (ઘરફોડીયા) પકડાય છે. ત્યારે તપાસમાં આવા ગુના કરવાવાળા આરોપીઓ ગુનાના બનાવના દિવસો અગાઉ વડોદરા શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતાં ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવતા હોય છે. જેથી જનતાના જાન-માલ (મિલકત)ની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને દિન-૭માં જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા વડોદરા શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દિન-૦૩માં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ (સપ્લાયર)નું પુરૂ નામ સરનામું મો. નં. સહીત	:–	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:–	
૩	મજુરનું હાલનું સરનામું ટેલીફોન નંબર	:–	
૪	મજુરનું મુળ વતનનું સરનામું ગામ તાલુકો જિલ્લો	:–	

INDEX

૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ	:—	
૬	મજુરનું વતનનું સ્થાનીક પો. સ્ટે. નું નામ તથા ટેલીફોન નંબર	:—	
૭	મજુરના વતનના આગેવાનનું નામ સરનામું ટેલીફોન નંબર	:—	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત	:—	
૯	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે ?	:—	
૧૦	મજુરનું ઓળખ માટેનું I.D. પ્રુફ (ફોટા સાથેનું)	:—	
૧૧	વડોદરા શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:—	
૧૨	વડોદરા શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ સરનામું :-	:—	

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નિશાન ________________

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી ________________

નામ ________________

આ હુકમ તારીખ ૨જી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ (બન્ને દિવસો સહીત) દિન-૬૦, દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માહે સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./D.J. સિસ્ટમ/જાહેરનામું/૩૫૮૦/૨૦૧૫.—જાહેર જગ્યાઓમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ ઉપર નીચે જણાવેલ કારણોસર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

(૧) ઉપરોકત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ થાય છે. જેની નાગરિકોના આરોગ્ય ઉપર વિપરીત અસર પડે છે.

(૨) ધ્વની પ્રદૂષણના લીધે નાગરિકોના કામમાં તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અડચણ ઉભી થાય છે.

(૩) ઉપરોકત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી સુલેહ ભંગ તેમજ સાંપ્રદાયિક હિંસાના બનાવો બને છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર GG/૪૨૨/C.R.C./૧૦૮૨/૧૦૮૦/M અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર GG/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) જાહેરમાં ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) કલાક ૨૨-૦૦ થી કલાક ૦૬-૦૦ સુધી જાહેરમાં ધ્વનિ પ્રદૂષણ કરતા તમામ સાધનો એટલે કે લાઉડ સ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ વગાડવા ઉપર તેમજ ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૩) કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન જાહેરમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ પરવાનગી મેળવીને કરી શકાશે.

(૪) માઈક વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે નાયબ પોલીક કમીશનરશ્રીને અરજી કરવી પરંતુ એક જ પોલીસ સ્ટેશન વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને અરજી-૦૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે. અને તે બદલ પ્રવર્તમાન કાયદાઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થઇ શકશે.

આ રીતે લાઉડ સ્પીકર અથવા પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરતી વખતે નામદાર સુપ્રિમકોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ગાંધીનગરના નં. ગુ.પ્ર.નિ.બોર્ડ/નોઇસ/યુનિટ-૪/જન-PN-૫/૫૧૨૫૨, તા. ૧૪મી મે, ૨૦૧૦ થી ઘોઘાંટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત

INDEX

સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો,-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોટ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ૦૬-૦૦ થી રાત્રીના ૨૨-૦૦	રાત્રીના ૨૨-૦૦ થી સવારના ૦૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

(૧) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦-DB(A) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(૨) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-DB(A) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(૩) ધ્વનિ પ્રદુષણ અટકાવવા માટે નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૯૬ની જોગવાઈઓ મુજબ રાત દિવસ માટે કાયમી છે. આ કિસ્સામાં ધ્વનિ એટલે કે અવાજની મર્યાદા નક્કી કરવામાં આવે છે. જેની ધ્વનિ મર્યાદા નક્કી કરતાં યંત્ર મારફતે તેના ડેસીબલ્સ (અવાજ મર્યાદા) બહારનો અવાજ હોય તે ગંભીર ગુનો બને છે. જેમાં ૦૫ વર્ષની સજાની જોગવાઈ છે તેમાં દિવસ રાતની કોઈ જોગવાઈ નથી ગમે ત્યારે આ ગુનો બને છે અને આ જોગવાઈ લગ્નના વરઘોડો કે ધાર્મિક કાર્યક્રમને પણ લાગુ પડે છે.

(૪) ધ્વનિ પ્રદુષણ અટકાવવા માટે નામદાર સુપ્રિમ કોર્ટે કેટલીક ગાઈડ લાઈન્સ અને આદેશ આપેલ છે. જે મુજબ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૯૬ની જોગવાઈની કલમ-૩, ૬, ૨૫ હેઠળ બનાવવામાં આવેલ ઉપરાંત નિયમોનું અનુમોદન કલમ-૧૫ હેઠળ ૦૫ વર્ષની સજાનો ગુનો બને છે.

(૫) કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૬) ધાર્મિક સ્થળોમાં કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ સુધી વગર પરવાનગીએ લાઉડ સ્પીકર/વાજીંત્રો/પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે, પરંતુ તેનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

(૭) લગ્નના વરઘોડામાં વગર પરવાનગીએ બેન્ડ વગાડી શકાશે, ઉપરાંત કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન લાઉડસ્પીકર અથવા ડીજે સિસ્ટમનો ઉપયોગ પરવાનગી લઈને કરી શકાશે.

આ જાહેરનામાનો અમલનો સમય અને વિસ્તાર વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ ના ક. ૦૦-૦૦ થી તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાના હુકમનાં ભંગ બદલ (I.P.C.) કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આજ તારીખ ૩૦મી માહે સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : વિ.શા./એ/જાહેરનામું/૩૬૪૨/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે, માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાઓનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓનો અંજામ આપતા હોય છે, જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારનાં મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) તેમની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો આધારની નકલ સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની નકલ મેળવી રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં C-ફોર્મ નિયમ મુજબ C-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ સને, ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪-કલાકમાં રિપોર્ટ સહીત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) વડોદરા શહેરમાં કઈ જગ્યાએ ક્યા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં C.C.T.V. કેમેરાની વ્યવસ્થા રાખવી, C.C.T.V. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ (૦૩) માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે, તદ્ઉપરાંત પર્યટન સ્થળોની જગ્યાએ આવેલ ધાર્મિક સ્થળોએ ધર્મશાળાઓ વિગેરેમાં આ પ્રકારની મુસાફરી સંચાલકોએ જરૂરી ચકાસણી કરી ઉતારો આપવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે, જો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોયતો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી માહે ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read : (1) Hon'ble High Court of Gujarat Letter No. C. 2301/2007, dated 27th April, 2007.

Notification

No. : ADM/12 of 2015.–WHEREAS, the Hon'ble High Court of Gujarat had observed that, the direction issued by the Hon'ble High Court in Circular No. C 0106/72 regarding routine Jail Visit is not strictly complied and the circular issued by the High Court on administrative side is binding to all the District and Sessions Judges of the state.

Therefore, to comply with the directions given by the Hon'ble High Court of Gujarat cited in preamble, the undersigned is pleased to appoint Additional District Judge, Anand, to visit the jail atleast once in a month.

The report regarding jail visit may be submitted to the Hon'ble High Court of Gujarat positively, through the undersigned.

Anand, 5th October, 2015.

Dr. A. C. JOSHI,
Principal District Judge,
Anand.

Notification

No. B. 23/1/18/2015.– As per the Hon'ble High Court of Gujarat, Notification No. A. 1201 / 2015 (100), dated. 15-09-2015, I have taken over the Charge of the post of PRINCIPAL DISTRICT JUDGE, DAHOD on 01-10-2015 B.O.H.

Therefore, all the Top Secret, Confidential and Demi-official Correspondence meant for Principal District and Sessions Judge, Dahod, may pleased be addressed to me by my name as under :

MR. N. B. PITHVA

PRINCIPAL DISTRICT AND SESSIONS JUDGE

DAHOD - 389151.

TELEPHONE NUMBERS :

OFFICE : (02673) 239311

FAX : (02673) 239314

DIRECT : (02673) 239300

RESIDENCE : (02673) 248851

D.L.S.A. : (02673) 239313

MOBILE No. : 9725451868 / 9727783660

Dahod, dated 1st October, 2015.

N. B. PITHVA,
Principal District Judge,
Dahod.

INDEX

ખાંડ નિયામક દ્વારા

વંચાણમાં લીધા :-

(૧) આ કાર્યાલયના ક્રમાંક : ફડચ/૦૧/ખ/૧૩૨૫/૨૦૧૩ તારીખ ૧૮/૯/૨૦૧૩નો હુકમ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના તારીખ ૨-૯-૧૯૮૫ના હુકમ નં. પીડબલ્યુઆર/૧૦૮૪/૨૦૧૦/કે (૧) થી મળેલ સત્તા.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક સીએસકે/બીડીઆર/૧૫૯૭/૨૪૦૪/ખ/તા. ૧૯/૩/૨૦૧૪નો પત્ર.

(૪) આ કાર્યાલયના તા. ૨૭/૩/૨૦૧૪નો હુકમ નં. સરમ/૦૧/ખ/૪૭૯/૨૦૧૪.

(૫) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તારીખ ૨૪/૭/૨૦૧૫નો પત્ર નં. સી.એસ.કે./બીડીઆર/૧૫૯૭/૨૪૦૪/ખ/(પાર્ટ-૧).

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮(૪) હેઠળની જોગવાઇ.

પ્રસ્તાવના

ક્રમાંક સરમ/૦૧/ખ/૧૦૨૫/૨૦૧૫.–શ્રી સરદાર કો-ઓપરેટીવ સુગર ઇન્ડસ્ટ્રીઝ લી., મું. લઢોદ, તા. સંખેડા, જિ. વડોદરા (કે જેનો હવે પછી ''સરદાર સુગર'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.) ને આ કચેરીના આમુખ (૧) માં દર્શાવેલ તા. ૧૮-૯-૨૦૧૩ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ છે. સદરહુ હુકમથી ફડચા અધિકારી તરીકે શ્રી એ. સી. ચૌધરી જી. રજી. સ.મં. (તપાસણી) વડોદરાની નિમણૂંક કરવામાં આવેલ હતી. ત્યારબાદ આમુખ (૪) ઉપરના હુકમથી સરદાર સુગરના ફડચા અધિકારી તરીકે શ્રી આર. આર. પઢીયારની નિમણુક કરવામાં આવેલ. તેઓશ્રી તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ના રોજ વયનિવૃત થયેલ છે.

ઉક્ત હુકમમાં વહીવટી કારણોસર ફેરફાર કરીને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, કૌશિક જોષી, ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી સરદાર કો.ઓપ. સુગર ઇન્ડસ્ટ્રીઝ લી. મું. લઢોદ, તા. સંખેડા, જિ. વડોદરાના ફડચા અધિકારી તરીકે શ્રી આર. આર. પઢીયાર, તત્કાલીન જિલ્લા રજિસ્ટ્રાશ્રી, સહકારી મંડળીઓ (તપાસણી) વડોદરા જિ. વડોદરા અને નિવૃત્ત સ્પેશ્યલ ઓડીટર, મિલ્ક ઓડીટ ઓફિસ, વડોદરાને બદલે વહીવટી અનુકૂળતાએ ફેરફાર કરી તેમની જગ્યાએ શ્રી જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, વડોદરા જિ. વડોદરાની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરૂં છું.

ફડચાની કામગીરીની અન્ય શરતો આમુખ-૧માં દર્શાવેલ તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના હુકમમાં જણાવ્યા મુજબની યથાવત રહેશે.

ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે તથા સમયાંતરે અત્રેની કચેરીને પ્રગતિ અહેવાલ રજૂ કરવાનો રહેશે.

આ હુકમનો તુરત અમલ કરી અત્રે અહેવાલ કરવાનો રહેશે.

ગાંધીનગર, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

કૌશિક જોષી,
ખાંડ નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (બ) હેઠળનું.

નંબર ઈસી/ટ્રાફીક/જાહેરનામું/૧૦૦૨-૧૦૦૫/૨૦૧૫.- મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માંની) કલમ-૩૩ની પેટા-કલમ (૧) (બ) હેઠળ મળેલ સત્તાની રૂએ, મોજે. મહુવડ, તા.પાદરા નજીક ગંભીરા-મહુવડ રસ્તા ઉપર મહીસાગર નદીના પુલમાં વેરીંગકોટ રીપેરીંગનું કામ હાથ ધરવાનું હોવાથી મહુવડ રસ્તા ઉપરથી મહીસાગર નદીના પુલનો રસ્તો તારીખ ૫મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ સવારના ૯-૦૦ કલાકથી તારીખ ૨૫મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ સાંજના ૬-૦૦ કલાક સુધી અથવા કામ પુર્ણ ન થાય ત્યાં સુધી પુલ ઉપરથી પસાર થતા જતા આવતા વાહનોને નીચે જણાવ્યા મુજબ વૈકલ્પીક રસ્તાઓનું ડાયવર્ઝન આપવા જાહેરનામું તાત્કાલિક પ્રસિધ્ધ કરવું જરૂરી છે.

હું, અવંતિકા સિંઘ, જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માંની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે ઉક્ત સમારકામ માટે

(૧) જંબુસરથી પુલ ઉપર થઈને ગંભીરા બોરસદ તરફ જતાં વાહનો મહુવડ-પાદરા-સમીયાલા-ભીમપુરા થઈને સીંધરોટ-ઉમેટા-કીંખલોડ-બોરસદ રસ્તા ઉપર થઈને જશે.

(૨) બોરસદથી ગંભીરા થઈને મહુવડ-જંબુસર તરફ આવતા વાહનો બોરસદ-કીંખલોડ-ઉમેટા-સીંધરોટ થઈને ભીમપુરા-સમીયાલા-પાદરા-મહુવડ રસ્તા ઉપર થઈને જશે.

મેં આજે તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

અવંતિકા સિંઘ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

હાલોલ ટીમ્બી ત્રણ રસ્તાથી તેમજ ધનકુવા ચોકડીથી ભારે વાહનો પાવાગઢમાં ન પ્રવેશી શકે તે માટેનો.

નંબર એમએજી/જાહેરનામું/૨૦૯૯ થી ૨૧૧૪/૨૦૧૫.–આસો નવરાત્રિ પર્વ પંચમહાલ જિલ્લાનાં પાવાગઢ યાત્રાધામ ખાતે આગામી તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૧૫ દરમ્યાન

INDEX

આસો નવરાત્રિ પર્વ દરમ્યાન યાત્રાળુઓ મોટી સંખ્યામાં દર્શન અર્થે આવતા હોય છે. જે દરમ્યાન કાયદો અને વ્યવસ્થા તથા ટ્રાફિક નિયમન યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે હાલોલ ટીમ્બી ત્રણ રસ્તાથી ધનકુવા ચોકડીથી ભારે વાહનો પાવાગઢમાં ન પ્રવેશી શકે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૫મી ઓકટોબર, ૨૦૧૫ના પત્ર નં. એલ.આઇ.બી./જાહેરનામું/૨૮૦૦ થી જાહેરનામું તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૧૫ સુધી જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. ઉકત બાબતે જાહેર હિતમાં પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

આથી હું, પી. ભારથી, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાનાં હાલોલ તાલુકામાં આવેલ પાવાગઢ યાત્રાધામ ખાતે તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૧૫ સુધી આસો નવરાત્રી પર્વ દરમ્યાન મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શન અર્થે આવતા હોઇ કાયદો અને વ્યવસ્થા, ટ્રાફીકનું નિયમન યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે હાલોલ ટીમ્બી ત્રણ રસ્તાથી તેમજ ધનકુવા ચોકડીથી પાવાગઢમાં પ્રવેશતા ભારે વાહનો માટે તા. ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૨૭મી ઓકટોબર, ૨૦૧૫ (બંને દિવસો સહિત) પ્રવેશ ઉપર આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ પ્રતિબંધનો ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એન)અન્વયેનો.

નંબર એમએજી/જાહેરનામું/૨૧૧૫/૨૧૪૦/૨૦૧૫.–આસો નવરાત્રિ પર્વ પંચમહાલ જિલ્લાનાં પાવાગઢ યાત્રાધામ ખાતે આગામી તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ દરમ્યાન નવરાત્રિ તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવારની ઉજવણીમાં લાઉડ સ્પીકરો ઘણા મોટા પ્રમાણમાં ઉપયોગ થતો હોવાથી, લોકહીત તથા જનતામાં શાંતિ જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી રસ્તાઓમાં તથા સાર્વજનિક જગ્યાઓમાં વાજીંત્રો વગાડવા અને ભૂંગળાઓ અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધનો વગાડવા ઉપર નિયંત્રણ રાખવા અથવા પાડોશમાંના રહેવાસીઓને અથવા આવ-જા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા માટે સાર્વજનિક જગ્યાઓમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા ઉપર નિયંત્રણ કરવાનું તથા ઘોંઘાટ દ્વારા તથા પ્રદુષણને રોકવા ઘોંઘાટ પ્રદુષણ નિયમન અને નિયંત્રણ નિયમો-૨૦૦૦ના નિયમ-૫(૩) હેઠળ કરેલ જોગવાઇઓ તથા સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના પરિપત્રથી મળેલ સુચનાઓને ધ્યાને લઇ લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ કરવા તથા જાહેર હિતમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૫મી ઓકટોબર, ૨૦૧૫ના પત્ર ક્રમાંક એલ.આઇ.બી./જાહેરનામું/૨૮૦૨ થી જાહેરનામું તા. ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. આ અંગે નીચે મુજબ હુકમ કરવો યોગ્ય જણાય છે.

આથી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (એન) અન્વયે મળેલ અધિકારની રૂએ હું પી. ભારથી, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત) રાત્રિના ૧૨-૦૦ કલાક પછી સૂર્યોદય સુધી રસ્તામાં અથવા સાર્વજનિક જગ્યાઓમાં અથવા તેની નજીકમાં વાજીંત્ર વગાડવા નહિં, ભૂંગળા, લાઉડસ્પીકર અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધનો વગાડવા નહિં, પાડોશમાંના રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહિં તેમજ બુમો પાડવાની તેમજ ગીતો ગાવાની વાદ્ય વગાડવાની પણ પવૃત્તિ કરવી નહિં.

લાઉડસ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી વગર કરવો નહિં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એન)અન્વયેનો.

નંબર એમએજી/જાહેરનામું/૨૧૪૧ થી ૨૧૫૬/૨૦૧૫.–આસો નવરાત્રિ પર્વ દરમ્યાન પંચમહાલ જિલ્લાનાં પાવાગઢ યાત્રાધામ ખાતે આગામી તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ દરમ્યાન નવરાત્રિ તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવારની ઉજવણીમાં યાત્રાળુઓ/લોકોની મોટી સંખ્યામાં અવર-જવર રહેનાર છે. તેમજ પાવાગઢથી માંચી સુધીનો રસ્તો ખૂબ જ વાંકો ચૂકો તથા ચઢાણ વાળો તથા સાંકડો હોવાથી માંચીથી પાવાગઢ રસ્તાની બંને સાઇડો ઉપર આવેલ દુકાનો દ્વારા ટી.વી. ના ઉપયોગથી આવ-જા કરનાર દર્શનાર્થીઓને પ્રદુષણના કારણોસર હરકત, અવગડ, ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા માટે તેમજ ટીવી વીડીયોના ઉપયોગથી એકઠી થતી લોકોની ભીડના કારણોસર ધક્કા મુક્કીના કારણોસર જાનહાની કે અકસ્માત થવાની શક્યતાઓ હોય જાહેર હિતમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૫મી ઓકટોબર, ૨૦૧૫ના પત્ર નં. એલ.આઇ.બી./ જાહેરનામું/૨૮૦૩ થી જાહેરનામું તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ સુધી બહાર પાડવા વિનંતી કરેલ છે. જે જોતા આ કામે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

INDEX

આથી હું, પી. ભારથી, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(એન) અન્વયે મળેલ અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લામાં આવેલ પાવાગઢ યાત્રાધામ ખાતે તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત) માંચીથી પાવાગઢ મંદિર રૂટ ઉપર કોઇપણ વ્યક્તિ/દુકાનદારે જાહેરમાં ટી.વી./વિડીયોનો ઉપયોગ કરવો નહિં કે લાઉડ સ્પીકર, રેડીયો, ઓડીયો પ્લેયર્સ જેવા ઉપકરણોના ઘોઘાંટથી અવર-જવર કરતા દર્શનાર્થીઓને હરકત, અગવડ, ત્રાસ, ભય અથવા નુકશાન પહોચે તેવું કૃત્ય કરવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/હોટલ/જાહેરનામું/૨૧૫૭ થી ૨૧૭૩/૨૦૧૫.– પંચમહાલ જિલ્લામાં પાવાગઢ સુપ્રસિધ્ધ યાત્રાધામમાં આગામી તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ દરમ્યાન આસો નવરાત્રિ પર્વની ઉજવણી થનાર છે. આ તહેવારની ઉજવણી દરમ્યાન યાત્રાળુઓ તથા યાત્રાધામની સુરક્ષા જાળવવાની જરૂર છે. ત્રાસવાદી/અસામાજિક તત્વો દ્વારા સ્થાનિક લોકોની મદદથી સ્થાનિક આવેલ હોટલો, ધર્મશાળાઓ વિગેરે એકમોમાં રૂમ ભાડે રાખી સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઈ સામાન્ય માણસની જેમ રહી પોતાના બદ ઈરાદો પાર પાડવા માટે જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન થાય તેવી કોશિષ કરી શકે તેવી શક્યતાઓ છે. નવરાત્રિના તહેવારમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો આવે છે. રાજ્ય બહારથી અગર દેશ બહારથી આવતા ત્રાસવાદી તત્વો સ્થાનિક વિસ્તારોમાં આવેલ હોટલો, ધર્મશાળાઓમાં રૂમ ભાડે રાખી રહેતા હોય છે. અને જગ્યા વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપી શકે છે. આતંકવાદી પ્રવૃત્તિ ઉપર અંકુશ મુકવા માટે રોકાણ કરી આપનાર હોટલ, ધર્મશાળાના માલિકો વિગેરે એકમો ઉપર નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે. જેથી, આ હોટલ ધર્મશાળાના માલિકોએ રજિસ્ટર નિભાવવું અને ભાડે રહેનાર વ્યક્તિને ભાડે રૂમ આપતા અગાઉ તેની ઓળખ ખરાઈ કરી તથા ભાડુ વસૂલ લેતી વખતે રસીદ આપી ભાડુ સ્વીકારે અને રજિસ્ટરમાં નિભાવે તે અંગેનું જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ, ગોધરાએ તેઓના તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ના પત્ર નં. એલ.આઈ.બી./જાહેરનામું/૨૮૦૫ થી જાહેરનામું તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધીના સમયગાળા માટે બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે અંગે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, આથી, હું, પી. ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી પ્રતિબંધ ફરમાવું છું કે, પાવાગઢ-ચાંપાનેર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ રોકાણ વ્યવસ્થા કરી આપનાર, ધર્મશાળા, હોટલ માલિકો વિગેરે એકમના માલિકો તેઓના રૂમમાં ભાડે આપનાર વ્યક્તિને ભાડે રૂમ આપતા અગાઉ તેની સંપૂર્ણ ઓળખ-ખરાઈ કરવી તથા ભાડું વસૂલ લેતી વખતે રસીદ આપી ભાડું સ્વીકારવું તથા રૂમ ભાડે રાખનાર વ્યક્તિની વિગતો તથા તેઓ લઈને આવેલ વાહનોના રજીસ્ટ્રેશન નંબર વિગેરે સંપૂર્ણ વિગતો સંબંધિત એક રજિસ્ટર રાખી તેમાં નીચે જણાવેલ વિગતો અચૂક નોંધવાની રહેશે. તેમજ આ વિગતો જે તે પોલીસ સ્ટેશન ખાતે મોકલવાની રહેશે તથા સક્ષમ અધિકારીશ્રી દ્વારા જ્યારે માંગવામાં આવે ત્યારે તુર્ત જ રજુ કરવાની રહેશે અને આ અંગે કોઈપણ સંદિગ્ધ બાબત જણાય તો પોલીસ કંટ્રોલ રૂમને તે અંગેની તાત્કાલીક જાણ કરવાની રહેશે.

અ. નં.	રૂમ ભાડે રાખનાર વ્યક્તિનું નામ/સરનામું/ટેલીફોન/મોબાઈલ નંબર તથા વાહનનો રજીસ્ટ્રેશન નંબર	ઓળખ માટે રજુ થયેલ પુરાવા.	ભાડે રાખેલ રૂમની પ્રતિદિન ભાડાની રકમ.	રોકાણનો સમયગાળો (દિવસમાં)	કુલ ભાડાની રકમ	રસીદ નંબર	રોકાણનો હેતુ	અન્ય વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધી અમલી રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

INDEX

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું.

નંબર એમએજી/જાહેરનામું/ચાપાંનેર/૨૧૭૪ થી ૨૧૯૧/૨૦૧૫.– આસો નવરાત્રી પર્વ દરમ્યાન પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે આગામી તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ દરમ્યાન નવરાત્રિ તહેવારની ઉજવણી થનાર છે. આ ઉત્સવ દરમ્યાન લોકોની મોટી સંખ્યામાં અવર જવર રહે છે. પાવાગઢ થી માંચી સુધીનો રસ્તો ખુબ જ વાંકોચુકો તથા ચઢાણવાળો તથા સાંકડો હોઇ લોકોની અવર જવર દરમ્યાન કોઇ અકસ્માત કે જાનહાનિ ન સર્જાય તે માટે ટ્રાફીકનું યોગ્ય નિયમન કરવું જરૂરી હોઇ જાહેર હિતમાં પાવાગઢ તળેટીથી માંચી સુધીના રસ્તા ઉપર ભારે તેમજ હળવા વાહનોની અવર જવર તથા ચીજ વસ્તુઓ સાથે અથવા વગર ગધેડા દોરી જનાર કે અન્ય પશુઓ દોરી જનાર ઉપર નિયંત્રણ કરવું જરુરી જણાતું હોઇ પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ના પત્ર ક્રમાંક એલઆઇબી/ જાહેરનામું/૨૮૦૬/૨૦૧૫ થી તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ સુધીના સમય માટે જાહેરનામું બહાર પાડવા માટે વિનંતી કરેલ છે. જેથી દુર્ઘટના, જાનહાનિ ન સર્જાય તે માટે ટ્રાફિકનું નિયમન કરવું જરૂરી હોઇ જાહેર હિતમાં પાવાગઢ ખાતે તળેટી થી માંચી સુધીના રૂટ ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે ટ્રક, ટેમ્પો, જીપ, લક્ઝરી બસ, મેટાડોર, ઓટોરીક્ષા, દ્વિચક્રી વાહનો સહિત ઈંધણથી ચાલતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા ચીજ વસ્તુઓ સાથે અથવા ચીજ વસ્તુઓ વગર પશુઓ દોરી જનારાઓ કે તે દ્વારા માલ સામગ્રી વહન કરનારાઓ ઉપર નિયંત્રણ કરવું જાહેર હિતમાં જરૂરી જણાય છે.

આથી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, પી. ભારથી (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી ફરમાવું છું કે,

(૧) પાવાગઢ ખાતે તળેટીથી માંચી જવાના રસ્તા ઉપર ઉપરોક્ત ઉલ્લેખ કરેલ છે, તે પ્રકારના ભારે તથા હળવા વાહનો તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ (બંને દિવસો સહિત) અવર જવર કરી શકાશે નહિં.

(૨) કોઇપણ પ્રકારના વાહનો દ્વારા, પશુઓ દ્વારા સાધન સામગ્રી, ચીજ વસ્તુઓનું વહન કરી શકાશે નહિં. પશુઓ દોરી જનારાઓએ માંચીથી દુધીયા તળાવ પાવાગઢ સુધીના રસ્તા ઉપર અવર જવર કરવી નહિં.

(૩) આ પ્રતિબંધ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતા વાહનો, એસ.ટી. બસો, સરકારી ફરજ ઉપરના વાહનો, તથા આરોગ્ય સેવાઓના ઉપયોગમાં લેવાનાર વાહનોને લાગુ પડશે નહિં, અનિવાર્ય, યથોચિત પ્રસંગોના કિસ્સામાં એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી, હાલોલની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૨૧૯૨ થી ૨૨૨૪/૨૦૧૫.–પંચમહાલ જિલ્લામાં પાવાગઢ સુપ્રસિધ્ધ યાત્રાધામમાં આગામી તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ દરમ્યાન આસો નવરાત્રિ પર્વની ઉજવણી થનાર છે. આ તહેવારની ઉજવણી દરમ્યાન વેપારી હેતુવાળા (કોમર્શીયલ) મોટા ગરબાઓનું આયોજન અત્રેના જિલ્લામાં કરવામાં આવે છે. અને આવા મોટા ગરબાઓ ઉપર વધુ પ્રમાણમાં જનમેદની એકઠી થાય છે. જેમાં ભાંગફોડીયા પ્રવૃત્તિ થવાની શક્યતા છે. આતંકવાદી પ્રવૃત્તિ અંગેના ઈનપુટો અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, ઈન્ટે. ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓ તરફથી મળેલ છે તેમજ ભૂતકાળમાં અમદાવાદ તેમજ મુંબઈ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલ છે. આવા તત્વો જ્યાં વધુ જનમેદની એકઠી થતી હોય તેવા સ્થળોએ ભાંગફોડીયા પ્રવૃત્તિ ન કરે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ના પત્ર નં. એલ.આઈ.બી./ જાહેરનામું/૨૮૦૭ થી નીચે મુજબની વ્યવસ્થા આયોજકો તરફથી કરવામાં આવે તે માટે તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

૧. ગરબાના સ્થળે મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર ડોરફ્રેમ, મેટલ ડીટેક્ટર મુકવું તથા એચ.એચ.એમ.ડી. સાથે યુનિફોર્મમાં પ્રાઈવેટ સિક્યુરીટી ગાર્ડ મુકવા.

૨. ગરબાના સ્થળે મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર તથા અંદરના ભાગે સી.સી.ટી.વી. કેમેરા અને તેનું રેકોર્ડીંગ ફુટેજ ૨૪ કલાક રાખવું.

૩. ગરબાના સ્થળે યુનિફોર્મમાં પ્રાઈવેટ સિક્યુરીટી માણસો રાખી પ્રવેશ દ્વાર ઉપર પાર્કિંગ સ્થળ ઉપર તથા અંદરના ભાગે સલામતીની વ્યવસ્થા ગોઠવવી.

૪. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી ગરબા ચાલુ રહે અને ધ્વનિ પ્રદૂષણ અંગેના નિયમોનું સંપૂર્ણ પાલન થાય.

ઉપરોકત બાબતો અંગે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, આથી, હું, પી. ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી પ્રતિબંધ ફરમાવું છું કે, પાવાગઢ સહિત અત્રેના પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધી નવરાત્રિ તહેવારની ઉજવણી દરમ્યાન વેપારી હેતુવાળા (કોમર્શીયલ) મોટા ગરબાઓના પ્રસંગે ગરબાઓ ઉપર વધુ પ્રમાણમાં એકઠી થતી જનમેદનીને કારણે કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચે મુજબનું આયોજન/વ્યવસ્થા ગરબાના આયોજકો દ્વારા કરી તેનો સંપૂર્ણપણે અમલ કરવાનો રહેશે.

૧. ગરબાના સ્થળે મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર ડોરફ્રેમ, મેટલ ડીટેક્ટર તથા એચ.એચ.એમ.ડી. સાથે યુનિફોર્મમાં પ્રાઈવેટ સિક્યુરીટી ગાર્ડ મુકવાના રહેશે.

૨. ગરબાના સ્થળે મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર તથા અંદરના ભાગે સી.સી. ટી.વી. કેમેરા મુકવાના રહેશે. તેનું રેકોર્ડીંગ ફુટેજ નવરાત્રિ પૂર્ણ થયા બાદ ૧૫ દિવસ સુધી સાચવી રાખવાનું રહેશે.

૩. ગરબાના સ્થળે યુનિફોર્મમાં પ્રાઈવેટ સિક્યુરીટી માણસો રાખી પ્રવેશ દ્વાર ઉપર પાર્કિંગ સ્થળ ઉપર તથા અંદરના ભાગે સલામતીની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૪. નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી ગરબા ચાલુ રાખી શકાશે.

૫. ધ્વનિ પ્રદૂષણ નિયમન અંગેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

પાવાગઢ તળેટી થી પાવાગઢ ડુંગર સુધી દુકાનો આગળ ગંદકી નહીં કરવા માટે પ્રતિબંધ ફરમાવતો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર એમએજી/જાહેરનામું/૨૨૨૫ થી ૨૨૪૦/૨૦૧૫.—આસો નવરાત્રી પર્વ દરમ્યાન પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે આગામી તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૫ દરમ્યાન નવરાત્રિ તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવારની ઉજવણીમાં યાત્રાળુઓ મોટી સંખ્યામાં દર્શન અર્થે આવતા હોય છે. જે અન્વયે કાયદો અને વ્યવસ્થા માટે તેમજ યાત્રાળુઓ સારી રીતે પગપાળા ચાલીને જઈ શકે તે માટે માંચી થી પાવાગઢ ડુંગર સુધી દુકાનો આગળ ગંદકી નહીં કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/૨૮૦૮ થી જાહેરનામું તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૧૫ સુધી બહાર પાડવા વિનંતી કરેલ છે. જે અંગે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

આથી, હું, પી. ભારથી (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ, આથી ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લામાં આવેલ પાવાગઢ યાત્રાધામ ખાતે તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધી આસો નવરાત્રિ પર્વની ઉજવણી થનાર હોય અને પાવાગઢ ખાતે મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શન અર્થે આવતા હોય છે. યાત્રાળુઓ મોટી સંખ્યામાં આવતા હોવાથી માંચી થી પાવાગઢ ડુંગર સુધી આવેલ દુકાનોની આજુબાજુ મોટા પ્રમાણમાં ગંદકી જોવા મળે છે. ગંદકીના કારણે દુકાનોવાળા તેમજ દર્શન અથે આવતા યાત્રાળુઓના સ્વાસ્થ્યને નુકશાન થાય અને રોગચાળો ફેલાવવાની શક્યતા રહેલી છે. જેથી, યાત્રાળુઓ સારી રીતે પગપાળા ચાલીને જઈ શકે તે માટે માંચી થી પાવાગઢ ડુંગર સુધી આવેલ તમામ દુકાનો આગળ તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૫ (બંને દિવસો સહિત) ગંદકી ન કરવા તેમજ દુકાનદારોને પોતાની દુકાનની પાસે ફરજિયાત પણે ડસ્ટબીનની વ્યવસ્થા કરવા હુકમ કરવામાં આવે છે.

આ પ્રતિબંધનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

પી. ભારથી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૭૬૩૯ થી૭૬૫૩/૨૦૧૫.—ભરૂચ મુકામે નર્મદા નદી ઉપર આવેલ જુના સરદાર બ્રિજની કમાનો ખરાબ થતાં તેનું રીપેરીંગ કામ ચાલુ છે. જેના કારણે ભરૂચ ગોલ્ડન બ્રિજ પરથી હળવા વાહનો કે જે વડોદરા થી સુરત તરફ અને સુરત તરફથી વડોદરા તરફ પસાર થાય છે. જેમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. જેની સીધી અસર ભરૂચના આંતરિક વાહન વ્યવહારને પણ થાય છે. જેથી સદર ટ્રાફિકને હળવો કરવા માટે હંગામી ધોરણે વડોદરા તરફથી આવતા સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તા. ૨૮મી ઓકટોબર, ૨૦૧૫ દરમ્યાન ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે ભરૂચ તરફથી અંકલેશ્વર તરફ જતા ફોર વ્હિલ વાહનો (એલ.એમ.વી., એમ્બ્યુલન્સ/સરકારી વાહનો સિવાય)ને ગોલ્ડન બ્રિજ પરથી પાસર થવા માટે પ્રતિબંધ મુકવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) વડોદરા તરફથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો નર્મદા ચોકડી થી ઝાડેશ્વર ચોકડી થઇને જુના સરદાર બ્રિજ ઉપરથી અંકલેશ્વર/સુરત તરફ જઇ શકશે.

(૨) ભરૂચ શહેરમાંથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ઝાડેશ્વર ચોકડી થી જુના સરદાર બ્રિજ થઇને અંકલેશ્વર/સુરત તરફ જઇ શકશે.

આ જાહેરનામાનાં કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ ₹ ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએકટ-કલમ.૩૭(૧)/વશી ૯૨૬૫ થી ૯૨૯૭/૨૦૧૫.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં રક્ષાબંધન અને જન્માષ્ટમી તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ‘‘મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ (૩૭) (૧) અન્વયેનું જાહેરનામું, મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઈપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની;

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની;

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(૭) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે, કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૩૭(૪)/ફાયરીંગ-પ્રેકટીસ/વશી-૧૦૩૬૯ થી ૧૦૩૮૪/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી ડાંગ-આહવાના પત્ર ક્રમાંક સીબી-૩/ફાયરીંગ/૪૬૪૬/૨૦૧૫ તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી જણાવ્યા મુજબ ડાંગ-આહવાના પોલીસ અધિકારીશ્રીઓ/કર્મચારીઓનું સને-૨૦૧૫ના વર્ષમાં માહે-૦૯ સપ્ટેમ્બર માસનું ફાયરીંગ પ્રેકટીસ લેવાનું રહેતુ હોય, મોજે : સુખાબારી તા. વાંસદા ખાતેનું ફાયરીંગ બટ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૧૫ દરમ્યાન રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. જેથી ફાયરીંગ પ્રેક્ટીસ માટે મંજુરી તથા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આથી પોલીસ અધિક્ષકશ્રી ડાંગ-આહવાની દરખાસ્ત મુજબ સને-૨૦૧૫ના વર્ષમાં માહે-૦૯ સપ્ટેમ્બર માસનું ફાયરીંગ પ્રેકટીશ લેવાનું રહેતુ હોય મોજે સુખાબારી, તા. વાંસદા, જિ. નવસારી ખાતેનું ફાયરીંગના કાર્યક્રમના સમય દરમ્યાન કોઈ પણ વ્યક્તિને ગોળીબારથી ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધી સારૂ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૪ મુજબ જાહેરનામુ બહાર પાડવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું કે. આર. વસાવા, (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ મુજબ ફાયરીંગ બટ મોજે સુખાબારી, તા. વાંસદા જિ. નવસારી ખાતે તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૧૫ના દિવસો દરમ્યાન રોજ સવારના ૮-૦૦ થી કાર્યક્રમ પુર્ણ થાય ત્યાં સુધીના સમયમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહિશો તેમજ બહારના કોઈ અનધિકૃત વ્યક્તિઓ આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા કે ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર તથા અશ્રુવાયુની પ્રેક્ટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી આપી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હંગામી જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે કાઢેલું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૭૮૬૪ થી ૭૮૮૨/૨૦૧૫.– તાજેતરમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા આતંકવાદીઓ તરફથી ખૂન/ધાડ/લૂંટ જેવા ગંભીર પ્રકારના સામાજિક વ્યવસ્થા ખોરવી નાંખે તેવા ગુના આચરવા માટે કોઈન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા બનાવટી અને ખોટા દસ્તાવેજોના આધારે ખોટા નામે મોબાઈલ સીમ કાર્ડ મેળવી ગુનો કરતા પહેલા કે આતંકવાદી કૃત્યને અંજામ આપતા પહેલા, એકત્ર થવા અને આતંકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઇ જવા માટે અને ગુનેગારો એક બીજા સાથે સંપર્ક જાળવી રાખવા સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યક્તિગત ફોન/મોબાઈલ ફોન હોવા છતાં મુખ્યત્વે કોઈન બોક્ષ ટેલિફોન કે STD/PCO બુથથી કે ખોટા નામે મેળવેલ સીમકાર્ડનો ઉપયોગ કરે છે. લેન્ડ લાઇન તથા મોબાઈલ વ્યકિતગત ધોરણે સુવિધા ધરાવતા હોવા છતાં ગુનો આચરવા માટે જે કોઈન બોક્ષ ટેલીફોન કે STD/PCO બુથથી કે ખોટા નામે મેળવેલ મોબાઈલ સીમકાર્ડનો ઉપયોગ કરી ખૂન/અપહરણ/લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુનાઓ આચરે રાખે છે. અને જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. તેમજ જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આ જ પ્રકારના કોઈન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મોબાઈલ સીમ કાર્ડ મેળવી

INDEX

અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Calls) કરી ભીડભાડ વાળી જગ્યાઓ જેવી કે, રેલ્વે સ્ટેશન /બસ સ્ટેશન/ધાર્મિક સ્થળો/મોલ તથા મલ્ટીપ્લેક્ષ/જાહેર સરકારી ઓફીસ તથા એકમો/બેન્કો વિગેરે જ્યાં જાહેર જનતાની મોટા પ્રમાણમાં અવર જવર થતી હોય તેવી જગ્યાઓએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતીની લાગણી ઉભી કરી ઘણીવાર આવા Hoax Calls ને લીધે ભાગદોડ થવાથી અને મોટી જાન હાની થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આ ઉપરાંત આવા કોઇન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ દ્વારા કોલર ફોન કરનાર વ્યક્તિની ઓળખ છુપાવી શકાતી હોય, સમાજના સ્ત્રી, પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓમાં મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ દ્વારા કોલરની ઓળખ માટે કોઇ વ્યવસ્થા ન હોવાના કારણે આવા ગુનાઓ બનતા હોવાનું જણાય આવેલ છે. આવા Hoax Calls ની તપાસ કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ સુધી જઇને અટકી જતી હોય છે. અને ગુનેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતીની ભાવના પેદા કરે છે.

જેથી આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપનાર ઇસમો અને અસામાજીક તત્ત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી, જાહેર માલ મિલકતને મોટું નુકસાન અને નિર્દોષ નાગરિકોને ત્રાસરૂપ વર્તણુંક અટકાવવા તકેદારીના પગલારૂપે કોઇન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથથી તથા મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રિટેઇલર વિક્રેતા ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં આવેલ તમામ કોઇન બોક્ષ ટેલિફોન ધારક, પબ્લિક STD/PCO/ISD બુથના માલિક અને મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલર વિક્રેતાઓએ નીચે મુજબની વ્યવસ્થા કર્યા વિના તે વ્યવસાય કરી શકાશે નહી.

(૧) કોઇન બોક્ષ ટેલિફોન તેમજ પબ્લિક STD/PCO/ISD બુથ ધરાવનારનાંઓએ કોલ કરનાર વ્યક્તિનું રજીસ્ટર નીભાવવાનું રહેશે. જેમાં કોલ કરનાર વ્યક્તિનું પૂરૂં નામ, સરનામું અને તેનો મોબાઇલ નંબર રજીસ્ટરમાં લખવો તથા કોલ કરનાર વ્યક્તિએ કયાં નંબર ઉપર કોલ કરેલ છે તેની સ્પષ્ટ નોંધ તથા સમયની વિગત રાખવાની રહેશે. આ નોંધના રજીસ્ટરો ૧ (એક) વર્ષ સુધી સાચવી રાખવાના રહેશે.

(૨) કોઇ પણ જાતના એકટીવેટ (પૂર્વ કાર્યરત) સીમકાર્ડનું વેચાણ કરવામાં આવશે નહી.

(૩) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો / રીટેઇલર વિક્રેતાઓએ કોઇપણ વ્યક્તિને સીમકાર્ડ વેચાણ કરતા પહેલા તેના ઓળખ માટે ઓળખ કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ વિગેરે રજુ કરેલ પૂરાવાની ચકાસણી કર્યા બાદ જ અને ગ્રાહકની ઉપરોક્ત દસ્તાવેજોથી ઓળખ કર્યા પછી જ સીમકાર્ડ એકટીવેટ કરવામાં આવશે.

(૪) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/ રીટેઇલર વિક્રેતાઓએ જ્યારે ગુજરાત રાજ્ય બહારના નામ, સરનામાં ઉપર સીમકાર્ડ મેળવવા પૂરાવાઓ રજુ કરે તો તે સીમકાર્ડ એકટીવેટ કરતા અગાઉ એક સ્થાનિક વ્યક્તિનો એટલે કે ભરૂચ જિલ્લાની વ્યક્તિની ઓળખ ફરજિયાત લેવી.

(૫) જે કોઇ વ્યક્તિ કે સંસ્થા એકથી વધુ સંખ્યામાં (વધારે જથ્થામાં) સીમકાર્ડ ખરીદવા માટે આવનાર વ્યક્તિ કે દરખાસ્ત કરનાર વ્યક્તિની સંપૂર્ણ વિગત રોજે રોજ લાગતા વળગતા સ્થાનિક પોલીસ સ્ટેશને મોકલી આપ્યા બાદ તે સીમકાર્ડ/સીમકાર્ડસનું એકટીવેશન કરી શકાશે.

આ હુકમનો અમલ તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૧લી ઓકટોબર, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૭૮૮૩ થી ૭૯૦૧/૨૦૧૫.–ભરૂચ જિલ્લાનો સર્વાંગી ઔદ્યોગિક વિકાસ થઇ રહેલ છે. સરકારશ્રીનાં પ્રયત્નોથી ભરૂચ જિલ્લા વિસ્તારમાં અને નાના-મોટા ઉદ્યોગો સ્થપાઇ રહેલ છે. આ ઉદ્યોગોમાં નોકરી અર્થે અલગ અલગ રાજ્યોનાં કામદાર/કર્મચારીઓ આવી સ્થાયી થઇ રહેલ છે. જેથી લોક-વસ્તી સંખ્યા વિસ્તાર વધી રહેલ છે. ભરૂચ જિલ્લામાંથી નેશનલ હાઇવે નંબર ૮ પસાર થાય છે. અને મહત્વની રેલ્વે લાઇનો અસ્તિત્વમાં છે. આમ ભરૂચનો ઔદ્યોગિક આધુનિકરણ દષ્ટિએ પણ વિકાસ થઇ રહેલ છે.

ભરૂચ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઇવે રોડ, સ્ટેટ હાઇવે રોડ એ દેશની જીવાદોરી સમાન છે. હાલમાં ભરૂચ જિલ્લા વિસ્તારનાં નેશનલ હાઇવે અને સ્ટેટ હાઇવે પર હોટલો, ગેસ્ટ હાઉસો, પેટ્રોલ પંપો અને ટોલ ટેક્ષ પ્લાઝાઓ આવેલ છે.

આ હોટલો અને ગેસ્ટ હાઉસોમાં અને પેટ્રોલ પંપો અને ટોલનાકાઓ પર હાઇવેથી પસાર થતા વાહન ચાલકો તેમજ સામાન્ય લોકો રોકાય છે. જેમાં રાજ્યના અને રાજ્ય બહારના લોકોનો સમાવેશ થાય છે.

ભરૂચ શહેર, જિલ્લાના નેશનલ અને સ્ટેટ હાઇવે ઉપર આવેલ તમામ હોટલો, પેટ્રોલપંપ અને ટોલપ્લાઝાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ હોવી જોઇએ તેમજ જિલ્લામાં આવેલ રહેવાની/રોકાવવાની સગવડ પુરી પાડતી તમામ હોટલો/લોજ/ગેસ્ટ હાઉસો/ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ/સંસ્થાઓ)

તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો/મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન/મોબાઈલ નંબર, જે વાહન લઈને આવેલ હોય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની / મોડલ દર્શાવતું નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવી જરૂરી છે. જેથી ગુના કરતી વ્યક્તિ/ગેંગ ઉપર ચા-નાસ્તા કરવા કે, જમવા આવે ત્યારે તેની ઓળખ થઈ શકે તથા તે જે વાહનમાં આવ્યા હોય તે વાહનની પણ ઓળખ થઈ શકે તે સલામતીની દૃષ્ટિએ અત્યંત આવશ્યક છે.

સબબ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લામાં આવેલ હોટલો/લોજ/ગેસ્ટ હાઉસો/ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ/સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો/મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન/મોબાઈલ નંબર, જે વાહન લઈને આવેલ હોય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની / મોડલ દર્શાવતું નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવા તથા ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હોટલો, ટોલ પ્લાઝાઓ, પેટ્રોલપંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, સીએનજી/એલપીજી પંપ ઉપરના ફીલીંગ સ્ટેશન તથા તેની બાજુમાં આવેલ દુકાન ઉપર નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ કન્ફીગ્યુરેશન મુજબનાં પુરતી સંખ્યામાં સી.સી. ટી.વી. કેમેરા ગોઠવી રેકોર્ડીંગ કરવું અને ડેટાનો બેકઅપ ૬ માસ સુધી રાખવા જણાવવામાં આવે છે.

પરિશિષ્ટ

Sr. No.	**Video**	
1	Imaging Device	1/4" CCC/CMOS
2	Effective Pixels	752 (H) ×582 (V)
3	Horizontal Resolution	600 (or better) TV Lines
4	Video Output Level	1.0 V p-p
5	S/N ratio	More than 50 db (AGC off)
6	Compression	H.264
7	Angle of view	70" (H) & 51" (V)
	Lens	
8	Zoom Ration	Varifocal
9	Focal Length	2.8 t 12 mm
10	Signal System	NTPS/PAL
	Night Vision	
11	IR LED & Sensor	External with minimum 10 Mtrs Distance
	Other Features	
12	White Balance	Auto
13	AGC, BLC, Flicker less	On/Off (Dip Switch)
14	Shutter Speed	1/60-1/100,000 sec (NTSC) 1/50-1/100,000 sec (PAL)
	Electrical & Mechanical	
15	Input Voltage	12 V AC/DC, 230 V AC
16	Outdoor Housing	IP 66 Housing
17	Certification	UL, CE, FCC

આ જાહેરનામું તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૧લી ઓકટોબર, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૭૯૦૨ થી ૭૯૨૦/૨૦૧૫.–ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઈ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં મોટા પાયે કેમિકલ કંપનીઓ આવેલી છે. આ કેમિકલ કંપનીનાં ટેન્કર દ્વારા અવાર નવાર કુદરતી પાણીના

INDEX

સ્ત્રોતોમાં પ્રદૂષણ ફેલાવતા હોવાનું તેમજ ટેન્કરો, સર્વિસ સ્ટેશનો અને પેટ્રોલ પંપ વિગેરેનાં મેળા પીપણાથી ગેરકાયદેસરના કૃત્ય કરી કુદરતી પાણીના સ્ત્રોતને પ્રદૂષિત કરવાનું દુષ્કૃત થતુ હોવાનું ધ્યાને આવેલ છે. જેથી આવા કૃત્યો ભવિષ્યમાં ન બને તે માટે નિયત કરેલ પ્લાન્ટ સિવાય જાહેર સ્થળ, પાણીના સ્ત્રોત, જમીન ઉપર પ્રદૂષિત પાણીના નિકાલ ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી.જી પ્રજાપતિ, (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ થી દિન-૬૦ માટે ભરૂચ જિલ્લામાં આવેલ કેમીકલ કંપનીઓનાં પ્રદૂષિત પાણી/કેમિકલથી જાહેર જનતાની જાન, સલામતી, જાહેર આરોગ્યને થતું જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે નિયત કરેલ શુધ્ધિકરણ પ્લાન્ટ સિવાય, જાહેર સ્થળ, પાણીના સ્ત્રોત. જમીન ઉપર પ્રદૂષિત પાણી તથા કેમિકલના નિકાલ કરવા પર પ્રતિબંધ મુકવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ઓકટોબર, ૨૦૧૫ના રોજ આ હુકમ પર મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/પીઓએલ/વશી/૭૯૨૧ થી ૭૯૩૯/૨૦૧૫.–ભરૂચ જિલ્લાની વર્તમાન પરિસ્થિતિ જોતાં, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર જનતાની જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતુ જોખમ અટકાવી શકાય અને ભરૂચ જિલ્લામાં થતી વાહન ચોરી, અછોડા ચોરીને અટકાવવા સારૂ તેમજ ત્રાસવાદીઓની સંભવિત પ્રવૃત્તિઓને અટકાવવા સારૂ ગેરેજ (જેમાં ફુટપાથ ઉપર બેસીને વાહન સર્વિસ કરનાર, કોમર્શિયલ ગેરેજ, ઓથોરાઇઝડ સર્વિસ સેન્ટરનો સમાવેશ થાય છે.) વાહનોને તોડવાનું કામ કરનાર ભંગારીયાઓ (જેમાં નોંધણી થતા તમામ વાહનોનો સમાવેશ થશે.) તેમજ વાહનોની લે-વેચ (કંપનીના ઓથોરાઇઝડ ડીલર-સબડીલર, પ્રાઇવેટ એજન્સી) કરનાર તેમજ રેલ્વે ગુડસ ગોદામો, પ્રાઇવેટ ગુડસ ગોદામોના માલિકો તથા ઇન્ચાર્જશ્રીઓ ઉપર અમુક નિયંત્રણો મુકવા આવશ્યક છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં આવેલ તમામ ગેરેજ (જેમાં ફુટપાથ ઉપર બેસીને વાહન સર્વિસ કરનાર, કોમર્શિયલ ગેરેજ, ઓથોરાઇઝડ સર્વિસ સેન્ટરનો સમાવેશ થાય છે.) વાહનોને તોડવાનું કામ કરનાર ભંગારીયાઓ (જેમાં નોંધણી થતા તમામ વાહનોનો સમાવેશ થશે.) તેમજ વાહનોની લે-વેચ કરનાર તેમજ રેલવે ગુડસ ગોદામો, પ્રાઇવેટ ગુડસ ગોદામોના માલિકો તથા ઇન્ચાર્જશ્રીઓએ નીચે મુજબની કાર્યવાહી ફરજિયાત કરવાની રહેશે.

ફરજિયાત કરવાની કામગીરી

(૧) કંપનીનાં ઓથોરાઇઝડ ડીલર - સબ ડીલર કે પ્રાઇવેટ એજન્સીએ કોઇ પણ વાહનનું વેચાણ થાય તે વ્યક્તિનું ID Proof મેળવવાનું રહેશે. જેની Hard Copy અથવા Soft Copy નાશ ન થાય તેની કાળજી લઇ રેકર્ડમાં રાખવાની રહેશે.

(૨) ગેરેજ (ઉપર જણાવ્યા મુજબના) માં કોઇ પણ પ્રકારનું વાહન સર્વિસ માટે આવે ત્યારે રજીસ્ટરમાં નીચે દર્શાવેલ બાબતોની નોંધણી કરવાની રહેશે. અને આ રજીસ્ટર પોતાની પાસે નાશ ન થાય તે રીતે રેકર્ડ રૂપે જાળવવાનું રહેશે. તેમજ ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

અ. નં.	ગેરેજ/સર્વિસ સ્ટેશનનું નામ	વાહનનો પ્રકાર	રજીસ્ટ્રેશન નંબર	એન્જીન નં.	ચેસીસ નં.	વાહન માલિકનું નામ, સરનામુ	મોબાઇલ નં. તથા ઓળખપત્ર નં.
૧	૨	૩	૪	૫	૬	૭	૮

(૩) વાહન તોડનાર (ભંગારીયા)એ કોઇ પણ વાહનને તોડતા પહેલા RTO થી મેળવેલ NOC ની નકલ નજીકના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. જેમાં એન્જીન નં. તથા ચેચીસ નં. સ્પષ્ટ વંચાય તે રીતે ઉલ્લેખ હોવો જોઇએ. તોડવાના વાહનો માટે નીચે જણાવ્યા મુજબનું રજીસ્ટર રેકર્ડ રૂપે જાળવવાનું રહેશે. અને આ રજીસ્ટર ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

અ. નં.	વાહનનો પ્રકાર	રજીસ્ટ્રેશન નં.	એન્જીન નં.	ચેસીસ નં.	RTO મંજુરી પત્ર તારીખ, હુકમ નં.	વાહન માલિકનું નામ, સરનામું, મોબાઇલ નં.
૧	૨	૩	૪	૫	૬	૭

INDEX

આ હુકમનો અમલ તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૧લી ઓકટોબર, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૭૯૪૦ થી૭૯૫૮/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભૂતકાળમાં ગુજરાતમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા અમુક બનાવોથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ/અસામાજિક તત્ત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતિનો ભંગ કરે છે. તેમજ જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુન્હાઓ કરતા આચરી નાસી છૂટતા હોય છે. આમ આ તમામ ગુનાહીત કામગીરીમાં ગુન્હેગારો એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરતા હોવાનું તેમજ મોબાઇલ ફોનનો ઉપયોગ કરી ગુન્હાઓ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તેમજ તાજેતરમાં મિલ્કત સંબંધી/શરીર સંબંધી શોધાયેલ ગુન્હાઓમાં પણ ગુનેગારો મોબાઈલ ફોનનો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે.

આમ, આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા ગુન્હામાં વપરાયેલ મોબાઈલ ફોનના IMEI No. નું ટ્રેકીંગ કરી ગુન્હાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવા ઘણા કિસ્સાઓમાં મોબાઇલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, આ મોબાઇલ ફોન કોઈ અજાણ્યા વ્યક્તિ પાસેથી ખરીદેલ છે. આ મોબાઈલ ફોન અગાઉ ગુન્હામાં વપરાયેલ છે કે ચોરાયેલ હોવાની માહિતી હોતી નથી આમ આ પ્રકારની તપાસમાં આવતી વિજ્ઞતાઓનાં કારણે જ્યારે જુના મોબાઈલ લેતાં કે વેચતા વખતે વેચનાર તથા મોબાઇલ ખરીદનારનું નામ, સરનામુ, તથા તેની ઓળખ અંગેની હકીકત નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લે-વેચ કરતા પહેલાં નીચે જણાવ્યા મુજબના કોલમ સહિતના અલગ અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે. તેમજ રજીસ્ટરનો ડેટા ઓછામાં ઓછા એક વર્ષ સુધી વ્યવસ્થિત સાચવી રાખવાનો રહેશે. અને આ રજીસ્ટર ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

આ હુકમનો અમલ તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૧લી ઓકટોબર, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૭૯૫૯ થી ૭૯૭૮/૨૦૧૫.–ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ભરૂચ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. ભરૂચ જિલ્લામાં બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી/ગુજરાતના અન્ય જિલ્લામાંથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી વાકેફ થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લાના તમામ વિસ્તારમાં કોઈ મકાન માલિક કે મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ.	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ.	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું છે ?	કંઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ સરનામા / ફોટો.	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૩જી ઓકટોબર, ૨૦૧૫.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૯૫૭ થી ૩૯૭૭/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૫મી ઓકટોબર, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઈસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાલ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઈ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૧૫.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૮૦૯૬ થી ૮૧૦૪/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી ભરૂચ શહેર તરફ આવતા તથા દહેજ તરફ જતા ભારે વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ રસ્તાનો તારીખ ૧૧મી ઓક્ટોબર, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી ભરૂચ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ પરનો વાહન વ્યવહાર નીચે મુજબ ડાયવર્ટ કરવા હુકમ કરૂં છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

વિસ્તાર :-

(૧) વડોદરા તરફથી દહેજ તરફ જતા મોટા વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

INDEX

(૨) દહેજથી નીકળી વડોદરા-સુરત તરફ જતા ભારે વાહનોએ પણ આજ રૂટ એટલે કે, દહેજથી જંબુસર ચોકડી થઇ દયાદરા થઇ નબીપુર પરથી ને.હા. નં.-૮ પર ડાયવર્ટ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૮૧૦૫ થી ૮૧૧૩/૨૦૧૫.—ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી સુરત તરફ આવતા તમામ પ્રકારના વાહનોને નબીપુર ઓવર બ્રિજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રિજ સુધી નિયત કરેલ લાઇનમાં રહેવા, વાહન ચાલકોની ગતી મર્યાદા નિયંત્રણ કરવા તથા ઓવર ટેકીંગ કરવા પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૧૧મી ઓક્ટોબર, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નેશનલ હાઈવે નં. ૮ પર વડોદરાથી અંકલેશ્વર-સુરત તરફ જતા વાહનોને ભરૂચ જિલ્લાના નબીપુર ઓવર બ્રીજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રીજ સુધી LMV, HMV, HGV તથા આ નેશનલ હાઇવે પરથી પસાર થતા તમામ વાહનો માટે નિયત કરેલ ટ્રેકમાં જ સ્પીડ લિમીટ-૪૦ કિ.મી. પ્રતિ કલાકની મર્યાદામાં જ વાહન ચલાવવા તથા ઓવર ટેકીંગ નહીં કરવા હુકમ કરૂં છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૮૧૧૪ થી ૮૧૨૧/૨૦૧૫.– નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ભરૂચ ઝાડેશ્વર ચોકડી પર વડોદરા થી સુરત તરફ જતા તેમજ સુરતથી વડોદરા તરફ જતા બંને છેડા પર ટ્રાફિક જામની સમસ્યા અવાર નવાર સર્જાતી હોય છે. તેમજ ઝાડેશ્વર ચોકડી ખાતે ખાનગી વાહનો, ટ્રક/ટ્રેઈલરના ચાલકો વાહન પાર્ક કરતા હોય છે. તેમજ ખાનગી ટ્રાવેલ્સના ચાલકો પેસેન્જરને લેવા ઉભા રહેતા હોય તેના કારણે પણ ટ્રાફિક અવરોધાતો હોય છે. જેથી જાહેર જનતાની સુવિધા તેમજ ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય, ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે ભરૂચના (૧) ઝાડેશ્વર ચોકડી (૨) જંબુસર ચોકડી તથા (૩) ગોલ્ડન બ્રીજ પરના બંને છેડા પરનો વિસ્તાર **"નો પાર્કીંગ ઝોન"** જાહેર કરવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા માટે તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૧૧મી ઓક્ટોબર, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નીચે મુજબના વિસ્તારમાં તમામ પ્રકરાના વાહનો માટે **"નો પાર્કીંગ ઝોન"** જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

"નો પાર્કીંગ ઝોન"

(૧) ભરૂચ ઝાડેશ્વર ચોકડી પરના નેશનલ હાઈવે પરના રોડની બંને બાજુનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૨) જંબુસર ચોકડી પરના રોડની ચારે બાજુનો ૧૫૦ મીટરનો વિસ્તાર.

(૩) ગોલ્ડન બ્રીજની બંને છેડા પરનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૮૧૨૨ થી ૮૧૪૨/૨૦૧૫.—ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં મોટા પાયે કેમિકલ કંપનીઓ આવેલી છે. આ કેમિકલ કંપનીમાંથી નીકળતો સોલીડ વેસ્ટ તથા પ્રદુષિત પાણી તેના શુધ્ધીકરણની ધોરણસરની પ્રક્રિયા કર્યા વિના જોખમી કચરાનો નિકાલ કરવામાં આવેલ સાઇટ સિવાયના અન્ય સ્થળોએ રાત્રીના અંધકારનો લાભ લઇ ટેન્કરો મારફતે નિકાલ કરવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ

INDEX

છે. તેમજ અવાર નવાર કુદરતી પાણીના સ્ત્રોતોમાં પ્રદૂષણ ફેલાવતા હોવાનું ધ્યાને આવેલ છે. જેના કારણે જાહેર જનતાની જાન, સલામતી જાહેર આરોગ્યને નુકસાન થાય છે. જેથી ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. એસ્ટેટમાં ૨૦-૦૦ કલાકથી ૦૭-૦૦ કલાક સુધી ટેન્કરોનાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી.જી પ્રજાપતિ, (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૧૫ થી દિન-૬૦ માટે ભરૂચ જિલ્લામાં આવેલ અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. એસ્ટેટમાં ૨૦-૦૦ કલાકથી ૦૭-૦૦ કલાક સુધી તમામ પ્રકારના ટેન્કરોનાં પ્રવેશ કરવા તથા અવર જવર કરવા પર પ્રતિબંધ મુકવા આથી હુકમ કરવામાં આવે છે.

ખાસ કિસ્સામાં ગુણદોષ ધ્યાને લઇ સંબંધિત સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીને તેમના કાર્યક્ષેત્ર પુરતા સદર જાહેરનામામાંથી મુકિત અંગેની પરવાનગી આપવા માટે અધિકૃત કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ આ હુકમ પર મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૮૧૪૩ થી ૮૧૬૬/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં હાલમાં વિકાસલક્ષી કામો ચાલતા હોય, નવા બનતા મકાનો, સોસાયટીઓ, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ, ઇંટોના ભઠ્ઠાઓ, પ્રાઈવેટ બિલ્ડર્સની સાઈટો, રોડ કંસ્ટ્રકશન, રેલ્વે લાઈનનાં સમારકામની સાઈટ, માર્ગ અને મકાન વિભાગની સાઈટ ઉપર મજૂરી કામ કરવા જિલ્લા રાજ્ય બહારથી મજૂર વર્ગ આવતો હોય છે. આ મજૂર વર્ગમાં મહિલા મજૂરો તથા નાબાલિક બાળકોને મજૂર ઠેકેદારો તરફથી બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરાવવામાં આવતા ન હોવાથી તેઓ બળાત્કારનો ભોગ બનવાની શક્યતાઓ રહે છે. જેથી, ઉક્ત જણાવેલ સાઈટો પર મજૂર ઠેકેદારો તરફથી બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય, વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવે તો, મહિલા મજૂરો તથા નાબાલિક બાળકો સાથે અઘટિત ઘટના બનતી અટકાવી શકાય તેમ છે. તેમજ આ વ્યવસ્થા કરવાથી કોઈપણ વ્યક્તિને થતી અડચણ, ત્રાસ કે નુકશાન તેમજ સલામતીને થતું જોખમ તેમજ સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમ છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી, તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૧૫ થી દિન-૬૦ માટે, ભરૂચ જિલ્લામાં આવેલ તમામ નવા બનતા મકાનો, સોસાયટીઓ, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ, ઇંટોના ભઠ્ઠાઓ, પ્રાઈવેટ બિલ્ડર્સની સાઈટો, રોડ કંસ્ટ્રકશન, રેલ્વે લાઈનનાં સમારકામની સાઈટ, માર્ગ અને મકાન વિભાગની સાઈટ ઉપર મજૂર ઠેકેદાર તરફથી કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાની દષ્ટિએ તથા મહિલા મજૂરો તથા નાબાલિક બાળકોના જાન, સલામતીને થતું જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંકની વ્યવસ્થા ફરજિયાત પણે કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૮૧૬૭ થી ૮૧૮૫/ ૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં હાલમાં મિલકત તથા શરીર સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો ભરૂચ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક કંપનીઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગી ખુવારી થાય અને પ્રજાની સંપત્તિને નુકસાન પહોંચાડવાની પૂરતી શકયા જણાય છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા સીકયુરીટી ગાર્ડ તથા લેબર કોન્ટ્રાકટ પર કામ કરતા ઇસમો મજૂરીના બહાને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી વાકેફ થઇને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોવાની પૂરપૂરી શકયતા હોય પોલીસ દ્વારા વેરીફીકેશન થયેલ લેબર કોન્ટ્રાકટરોને જે તે કંપની લેબર કોન્ટ્રાકટનું કામ સોંપે તે ખૂબ જ આવશ્યક છે.

વાસ્તે હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી તા. ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ થી દિન-૬૦ માટે ભરૂચ જિલ્લામાં આવેલ તમામ ફેકટરી/કંપનીના માલિકોએ પોલીસ દ્વારા વેરીફીકેશન થયેલ લેબર કોન્ટ્રાકટરને જ લેબર કોન્ટ્રાકટ સોંપવા હુકમ કરૂં છું. લેબર કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટમાં રાખેલ કારીગર, લેબર તેમજ સીકયુરીટી ગાર્ડના નામ સરનામા તેમજ ફોટા અને અન્ય વિગતો આ સાથે સામેલ ફોર્મ મુજબની માહિતી સી.ડી. માં તૈયાર કરી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ આ સંબંધે ઔદ્યોગિક કંપની દ્વારા જે કોન્ટ્રાકટરોને કોન્ટ્રાકટ આપવામાં આવે તેઓ પાસેથી પણ કોન્ટ્રાકટમાં રાખેલ માણસોની, ફોર્મમાં દર્શાવ્યા મુજબની માહિતી સી.ડી. માં તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર ડીસીબી/એમએજી/બીપીએક્ટ-કલમ-૩૭(૧)/વશી ૧૦૭૬૫ થી૧૦૭૯૯/૨૦૧૫.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિ તેમજ આગામી તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૨૨મી ઓકટોબર, ૨૦૧૫ સુધી નવરાત્રી તેમજ દશેરાના તહેવારોને ધ્યાને લઈ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ''મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-(૩૭) (૧) અન્વયેનું જાહેરનામું'' મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોય, મને મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧૨મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૨૫મી ઓકટોબર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યક્તિઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઈ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની;

(૩) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) કોઈપણ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની;

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(૭) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ (૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે, કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૨મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (૨) અન્વયે.

નંબર એમએજી/નવરાત્રી/વશી./૧૦૦૪૮/૨૦૧૫.–આગામી તારીખ ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૨મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધી ''નવરાત્રી તથા દશેરા''નો તહેવાર તેમજ તારીખ ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ ''મહોરમ-તાજીયા''ના તહેવારની ઉજવણી થનાર છે. સદરહું તહેવારની ઉજવણી દરમ્યાન સુરત જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં લોકો શાંતિ અને કોમી એખલાસભર્યા વાતાવરણમાં સદરહુ તહેવારની ઉજવણી કરી શકે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે ઈચ્છનીય છે.

વાસ્તે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના સમગ્ર સુરત (ગ્રામ્ય) જિલ્લામાં તારીખ ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૫થી તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધી કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓના ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ શબ, આકૃતિનો અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા, કે પ્લે કાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહીં.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહીં.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ / વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઈ હથીયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત અધિક પોલીસ અધિક્ષકશ્રી, (રૂરલ) સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલિસ અધિકારીને તથા જેને શારિરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ / વ્યકિતઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ અથવા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૮મી ઓક્ટોબર, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- નધણ/એ.એચ.એમ./સે.દૂ-૪૪૦૮૬/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ધી તેલાવ (મહિલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. તેલાવ, તા. સાણંદ, જિ. અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫.

ઈ. મ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સા-૯૩૩૯/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે દેવવિશ્વ કો.ઓ.હાઉ. સર્વિસ સોસાયટી. લી., મું. ધોળકા, તા. ધોળકા, જિ. અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા/(હા)-૯૪૧૮/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સંગાથ ગેટવે કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ : કુડાસણ, તાલુકો, ગાંધીનગર, જિલ્લો, ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા/(હા)-૯૪૨૦/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સિદ્ધિવિનાયક બંગલોઝ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ, સરગાસણ, તા. ગાંધીનગર, જિલ્લો, ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/જીએનઆર/સા/(હા)-૯૪૧૯/૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, રંગ ઉપવન કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ, રાયસણ, તા. ગાંધીનગર, જિ. ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, (હાઉસીંગ)
સહકારી મંડળીઓ (રૂરલ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૧૦ (ઓ) તથા કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તા. ૦૧/૦૯/૨૦૦૮ના અંતિમ હુકમ ક્રમાંક-ફડચ/૦૧/ગ-૩/૩૦૦૯/૨૦૦૮.

(૩) ફડચા અધિકારી નં. નો તા. ૨૪/૦૯/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/૧૮૯/૧૫નો મંડળીને પુનઃજીવીત કરવા બાબતનો ભલામણ પત્ર.

(૪) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧નાં જાહેરનામાં ક્રમાંકઃઘખ/૫૧/૨૦૦૫/નસબ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૪૫૪/૨૦૧૫.–શ્રી શક્તિ સેવા સહકારી મં. લી., મું. કરીયાલા, તા. વિરમગામ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંકઃ ૨૬૨010થી નોંધાયેલ સેવા સહકારી મંડળી છે ને સદરહુ મંડળી ઓડીટ કરવા જરૂરી તમામ પ્રયત્નો કરવા છતાં હિસાબી રેકર્ડ રજૂ ન કરતી હોવાના કારણે એડીશનલ ઓડીટર સહકારી મંડળીઓ (વિરમગામ) જરૂરી ખાસ અહેવાલ કરી અત્રેની કચેરીને મોકલી આપેલ. તેનાં અનુસંધાને અત્રેથી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ફડચાનો કલમ-૧૦૭નો અંતિમ હુકમ કરવામાં આવેલ.

INDEX

ત્યારપછી કચેરીના ફડચા અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ અને મંડળીના દફતરનો ચાર્જ મેળવવા પત્ર વ્યવહાર કરતાં મંડળીના પ્રમુખશ્રીએ તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના પત્રથી મંડળીને પુનઃ જીવીત કરવા લેખિત રજૂઆત કરેલ છે. તેમજ તા. ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયનું ઓડીટ પૂર્ણ કરેલ છે. અને મંડળીનો તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫નાં રોજ સભાસદોના પત્રથી મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવેલ છે.

આમ, મંડળીની ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ મંડળીનો તા. ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૮નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ ગ-૩/ ૩૦૦૯/૨૦૦૮ રદ કરી સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું નીચે સહી કરનાર આઈ.એમ. પુરોહીત, જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક (૧)ની ધી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની શ્રી શક્તિ સેવા સ.મં.લી. મું. કરીયાલા, તા. વિરમગામ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ૨૬૨૧૭ને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ અંતિમ હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ગ-૩/૩૦૦૯/૨૦૦૮ આથી રદ કરૂં છું અને સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધિન મંડળીને પુનઃ જીવીત કરૂં છું.

અમદાવાદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

આઈ. એમ. પુરોહિત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ગ્રામ્ય),
અમદાવાદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તા. ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (પ્રમાણિત-૧) મહેસાણાના તા. ૧-૦૯-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ અષણ/૦૧/૧૬૧/૨૦૧૫થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૬૨૪/૨૦૧૫, તા. ૭-૯-૨૦૧૫થી મંડળીની વ્યવ. કમિટી સભ્યોને BYRPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૭૧૩/૨૦૧૫.– શ્રી હીરાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. મહેસાણા, જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક ધ-૪૫૯૧, તા. ૨૬મી ડીસેમ્બર, ૧૯૭૨ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૨થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (પ્રમાણિત-૧) મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તા. ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૩)માં જણાવેલ વિગતે તા. ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે, ખાસ અહેવાલ આધીન આમુખ (૪)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫થી BYRPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. ૧ થી ૬માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે, પરંતુ મંડળીના હોદ્દેદારોએ રૂબરૂ હાજર રહી કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરેલ નથી.

(૧) મંડળીએ પાછલા સાત વર્ષના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ સંબંધિત ઓડીટરશ્રીને મોકલાવેલ નથી, જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીના પેટા નિયમમાં જણાવેલ ઉદેશો મુજબની કામગીરી અગાઉના વર્ષોમાં પૂર્ણ થઈ ગયેલ છે.

(૩) પેટા નિયમ મુજબ દર બે માસે એક વખત વ્ય. કમિટીની બેઠક બોલાવવી ફરજીયાત હોવા છતાં તપાસણી સમયમાં વ્ય. કમિટીની સને ૨૦૧૨/૧૩માં (૨) બે, સને ૨૦૧૩-૧૪માં ૨ (બે) અને ૨૦૧૪-૧૫ના વર્ષમાં (૧) બેઠક મળેલ છે. આમ કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

(૪) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૫) મંડળીમાં તા. ૩૧/૩/૨૦૧૫ અંતિત એકત્રિત ખોટ ₹ ૯,૯૦૦/૯૫ છે, જે અંગે અગાઉ સુચનાઓ આપવા છતાં સભ્યો પાસેથી વહીવટી ફાળો ઉઘરાવી સરભર કરવામાં આવેલ નથી.

(૬) મંડળીને વારંવારની સુચનો આપવા છતાં શેર રજિસ્ટર, ડેડસ્ટોક, સભાસદ રજીસ્ટર, શેર ખાતાવહી, રોકાણ રજિસ્ટર, જમા પાવતી વપરાશ રજીસ્ટર જેવા અગત્યનાં રજિસ્ટરો નિભાવેલ નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

શ્રી હીરાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. મહેસાણા, જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન નોંધણી ક્રમાંક ધ-૪૫૯૧, તા. ૨૬મી ડીસેમ્બર, ૧૯૭૨ નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૮મી ઓકટોબર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ન.જ.-૪) મહેસાણાના તા. ૩૧-૦૭-૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૫૯/૨૦૧૫ થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૫૬૧/૨૦૧૫, તા. ૧૧-૮-૨૦૧૫થી મંડળીની વ્યવ. કમિટી સભ્યોને BYRPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૭૦૯/૫૫૯૭/૨૦૧૫.–શ્રી જય ઉમિયા પિયત સહકારી મંડળી લી. મું. માંકણજ તા. જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક ખે-૫૪૫૩, તા. ૧૯મી માર્ચ, ૨૦૦૪ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.)

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૨૦૧૨થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ન.જ.-૪) મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તા. ૩૧મી જુલાઇ, ૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-(૩)માં જણાવેલ વિગતે તા. ૩૧મી જુલાઇ, ૨૦૧૫થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે, ખાસ અહેવાલ આધીન આમુખ (૪)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫થી BY RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. ૧ થી ૮માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે, પરંતુ મંડળીના હોદ્દેદારોએ રૂબરૂ હાજર રહી કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરેલ નથી.

(૧) મંડળીએ છેલ્લા ચાર વર્ષના ઓડીટ મેમામાં જણાવેલ ખામીઓની દુરસ્તી કરેલ નથી, જેથી મોટાભાગની ખામીઓનું પુનરાવર્તન થયેલ છે, જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૨) મંડળીની સને ૨૦૧૧-૧૨થી સને ૨૦૧૩-૧૪ સુધીની ત્રણેય વર્ષની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી, જેથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ થયેલ છે.

(૩) મંડળીમાં તા. ૧લી એપ્રિલ, ૨૦૧૦ થી ઓડીટ સમય દરમ્યાન વ્ય. કમીટીની એકપણ મીટીંગ મળેલ નથી, મંડળીના પેટા નિયમ-૩૨ મુજબ વ્ય. કમીટીની બેઠક દર માસે એક વખત મળવાની જોગવાઈ છે, જેથી પેટા નિયમ-૩૨નો ભંગ થયેલ છે.

(૪) મંડળીની સિલકની જવાબદારી સંભાળતા પ્રમુખશ્રી જવાબદારીના પ્રમાણમાં જમીન મેળવેલ નથી.

(૫) મંડળીની સિલક/ટ્યુબવેલ/મોટર/કોલમપાઈપ/કેબલ વાયર તથા માલ-મિલકતની સલામતી અંગે સહકારી વિમા કંપનીની પેકેજ પોલીસી મેળવેલ નથી.

(૬) મંડળીએ મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કમાં બાંધી મુદતમાં કરેલ રોકાણ અંગે નિયત નમુનામાં અદ્યતન વિગતે રોકાણ રજિસ્ટર નિભાવેલ નથી.

(૭) મંડળીના તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ના સરવૈયામાં દર્શાવેલ નીચેની રકમો અંગે કાર્યવાહકોએ કોઈ કાર્યવાહી કરેલ નથી.

  (૧) અનામત ₹ ૧૩૮૫૩/- ખાત્રી કરી નિયમાનુસાર ચુકવેલ નથી.

  (૨) ચોખ્ખો નફો ₹ ૧૧૧૨૫/-ની પેટા નિયમ તથા સહકારી કાયદા-કાનુનને આધીન ફાળવણી કરેલ નથી.

INDEX

(૮) મંડળીમાં ઓડીટ સમય દરમ્યાન વ્ય. કમિટીની એકપણ બેઠક મળેલ નથી. મંડળીની વા.સા. સભા મળેલ નથી. મંડળીએ બોર નંબર-૩૩ ટોકન ભાડાથી સરકારી નીતી નિયમો મુજબ મેળવેલ છે, જેનુ વિજ જોડાણ પી.ડી.સી. થયેલ હોવાથી મંડળીએ પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી હાથ ધરેલ નથી. મંડળીને આવકના કોઈ સ્ત્રોત જણાતા નથી, મંડળી તદ્દન સ્થગિત અવસ્થામાં છે, મંડળી આર્થિક રીતે સદ્ધર થાય તેવા કોઇ પ્રયાસો મંડળીના કાર્યવાહકો તરફથી કરવામાં આવેલ હોવાનું જણાયેલ નથી. મંડળીના દેવા ચૂકવી આપવામાં આવેલ નથી. મંડળી પાસે ફંડો ઉપલબ્ધ નથી, આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ ઉત્સાહ કે રસ જણાતો નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી જય ઉમિયા પિયત સહકારી મંડળી લી., મું. માંકણજ તા. જિ. મહેસાણાએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ આધિન જેનો નોંધણી ક્રમાંક ખે-૫૪૫૩, તા. ૧૯મી માર્ચ, ૨૦૦૪થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૭મી ઓકટોબર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

વંચાણમાં લીધા :-

(૧) અત્રેના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૦૯૭/૨૦૧૨, તા. ૨૯-૧૧-૨૦૧૨ના હુકમથી કરેલ વચગાળાનો આદેશ.

(૨) અત્રેના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૭૮૭૩/૨૫/૨૦૧૩, તા. ૨-૧-૨૦૧૩ થી કરેલ અંતિમ આદેશ.

(૩) પ્રથમ અપીલ અરજી નં. ૧૦/૨૦૧૩માં અધિક રજિસ્ટ્રાર (વહિવટ અને અપીલ), સહકારી મંડળી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૧૧-૧-૨૦૧૩નો હુકમ.

(૪) અપીલ અરજી નં. ૧૦/૨૦૧૩માં અધિક રજિસ્ટ્રાર (વહિવટ અને અપીલ), સહકારી મંડળી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૫-૨-૨૦૧૪નો ચુકાદો.

(૫) અપીલ અરજી નં. ૧૫/૨૦૧૪ની વિગત.

(૬) અપીલ અરજી નં. ૧૫/૨૦૧૪મા આવેલ તા. ૫-૬-૨૦૧૪નો હુકમ.

(૭) અપીલ અરજી નં. ૧૫/૨૦૧૪માં આવેલ અંતિમ તા. ૨૮-૭-૨૦૧૪નો હુકમ.

(૮) અત્રેના તા. ૨૨-૧૨-૨૦૧૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૫૪૫/૨૦૧૪ના પત્રથી કરેલ સુનાવણી.

(૯) અત્રેના તા. ૨૭-૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૩૩૯/૨૦૧૫ ના પત્રથી ફડચા અધિકારીને કાર્યવાહી કરવા જણાવેલ પત્રની વિગત.

(૧૦) ફડચા અધિકારીશ્રી બનાસ બેંક દ્વારા તા. ૧૩-૪-૨૦૧૫ના પત્ર ૫૭/લોન/૨૨૦ થી આવેલ તા. ૩૧-૩-૨૦૧૫ના રોજ મળેલ ખાસ સાધારણ સભાની કાર્યવાહી નોંધ.

(૧૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) ની જોગવાઇ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ગ/૧૭૭૨/૨૦૧૫.–ધી જીતપુર ચાર રસ્તા સેવા સહકારી મંડળી લી., મું. જીતપુર, તા. દાંતા, જિ. બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સે./૧૯૨૯૭, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૮૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી ‘‘મંડળી’’ તરીકે ઉલ્લેખ કરેલ છે.) આમુખ-૨ ના હુકમથી મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. જેની સામે આમુખ-૩ અને ૫ મંડળીના સભાસદોએ અધિક રજિસ્ટ્રારશ્રી (અપીલ), સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સમક્ષ અપીલ નં. ૧૦/૨૦૧૩ તથા અપીલ નં. ૧૫/૨૦૧૪ થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૯ અન્વયે અપીલ અરજી દાખલ કરી જરૂરી દાદ માંગેલ હતી. અપીલ અરજી નં. ૧૫/૨૦૧૪ના કેસમાં અધિક રજિસ્ટ્રારશ્રી, (અપીલ), સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે તા. ૨૮મી જુલાઇ, ૨૦૧૪ના ચુકાદા અન્વયે સદરહુ અપીલ મંજુર કરી આમુખ-૨ માં જણાવેલ મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ રદ કરેલ છે અને વાદગ્રસ્ત હુકમ અન્વયે સંબંધિત પક્ષકારોને સાંભળી ગુણદોષને ધ્યાને લઇ અધિનિયમ, નિયમને સુસંગત દિન-૩૦ માં પુનઃ નિર્ણય લેવા માટે કેશ રીમાન્ડ કરવામાં આવેલ હતો. તેના અનુસંધાને મંડળીના સભાસદોના હિતને ધ્યાનમાં લઇ આમુખ-૮ માં જણાવેલ પત્રથી મંડળીના ૬ થી ૭ સભાસદો તથા ફડચા અધિકારીશ્રી, બનાસબેંક, પાલનપુરને રૂબરૂ લેખિત રજુઆત કરવા તા. ૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ૧૨-૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું.

INDEX

જે સંદર્ભમાં મંડળીના સભાસદો તા. ૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત રજુઆત કરી અત્રેના કલમ-૧૦૭ના હુકમને રદ કરવા અને મંડળીને પુનઃ ચાલુ રાખવા વિનંતી કરવામાં આવે છે જે અન્વયે આમુખ-૯ ના પત્રથી સદરહુ મંડળીના ફડચા અધિકારી બનાસ બેંકને તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી અપીલના પક્ષકારોને રજુઆત માટે હાજર રાખી મંડળી વિરૂધ્ધ થયેલ આક્ષેપ/પ્રતિ આક્ષેપ બાબતે સાચી પરિસ્થિતિ જાણી મંડળીના રેકર્ડ આધારીત સભાસદોની ખાસ સાધારણ સભા અત્રેની કચેરીને જાણ હેઠળ બોલાવી સભા બહુમતી સર્વાનુમતે મંડળીને ચાલુ/પુનઃ જીવીત કરવા અંગે જે નિર્ણય થાય તેની કાર્યવાહી નોંધ આધાર-પુરાવા સહ પ્રમાણિત નકલ દિન-૨૧માં રજુ કરવા જણાવવામાં આવેલ હતું. જે અન્વયે ફડચા અધિકારીશ્રી બનાસ બેંક, પાલનપુરએ તેઓના તા. ૧૬મી માર્ચ, ૨૦૧૫ના એજન્ડા મુજબ સદરહુ મંડળીની ખાસ સાધારણ સભાની મીટીંગ મંડળીના મકાનમાં તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ને મંગળવારના ૧૨-૦૦ કલાકે રાખવા અને મંડળીને ફડચા ચાલુ રાખવા અથવા પુનઃ જીવીત કરવા ચર્ચા વિચારણા કરવા આયોજન કરવામાં આવેલ હતું. જે અન્વયે આમુખ-૧૦ થી ફડચા અધિકારીશ્રી બનાસ બેંક દ્વારા તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ મળેલ ખાસ સાધારણ સભાની કાર્યવાહી નોંધની વિગતો અત્રે રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ મંડળીમાં ૬૦ સભ્યો હાજર રહેલ જે કોરમ થવાથી મંડળીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સદર સભાના એજન્ડાના મુદ્દા-૧ની વિગતો મુજબ બહુમતી સભ્યોએ મંડળી ચાલુ રાખવા માટે ભલામણ કરેલ છે. પરંતુ મંડળીના બહુમતી સભ્યોની માંગણી મંત્રી બદલવાની શરતે ચાલુ રાખવા જણાવેલ તેમજ લેખિત અરજી આપેલ છે. જેની સમીક્ષા કરવામાં આવેલ છે. ત્યારબાદ તા. ૧૫મી જૂન, ૨૦૧૫ના પત્રથી મંડળીના ૧ થી ૯૩ સભાસદોએ સહી કરી મંડળીને ફડચામાંથી મુકત કરી ફડચા અધિકારીશ્રી પાસેથી મંડળીના મંત્રીને ચાર્જ સુપ્રત કરવા જુદા જુદા કારણોસર લેખિત રજુઆત કરેલ છે. આમ મંડળીના એકંદર સભાસદો અત્રેની કચેરીને વારંવાર રજુઆત કરી સદરહુ મંડળીને ફડચામાંથી મુકત કરી મંડળીને ચાલુ રાખવા પુનઃ વિનંતી કરવામાં આવેલ છે. તદઉપરાંત તા. ૧લી એપ્રિલ, ૨૦૧૪ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીની મંડળીના તારીજ, વેપાર પત્રક, નફા નુકસાન પત્રક, સરવૈયા, ચકાસતાં મંડળી હાલમાં કાર્યરત છે એકંદરે નાણાંકીય સ્થિતિ સારી છે. જે હકીકતો લક્ષમાં લઈને નીચે મુજબનો હુકમ કરવાનો મુનાસિબ જણાય છે.

હુકમ

આથી, હું, એસ. બી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, જિલ્લો બનાસકાંઠા, મને મળેલ સત્તાની રૂઈએ, ધી જીતપુર સેવા સહકારી મંડળી લી., મું. જીતપુર, તા. દાંતા, જિ. બનાસકાંઠાને આમુખ-૧ મુજબ કરવામાં આવેલ વચગાળાનો આદેશ આથી રદ કરી આમુખ-૧૧ અન્વયે મંડળીને કાર્યરત કરતો હુકમ કરું છું તેમજ મુળ નોંધણી નં. સે-૧૯૨૯૭, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૮૬ યથાવત રાખવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૧૫.

એસ. બી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/૦૧/ક-૨/૬૦૬/૨૦૧૫.–જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહિસાગર આથી જાહેર કરે છે કે, ધી આશા મજુર કામદાર સહકારી મંડળી લી., મું. સાલાવાડા, પો. સાલાવાડા (ચા), તા. લુણાવાડા, જિલ્લો મહિસાગર,

સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦) ની કલમ-૯ અન્વયે તા. ૮મી ઓકટોબર, ૨૦૧૫, નોંધણી ક્રમાંક એમએચએસઉ-૧૫૯૩૧ થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૫.

જી. આર. રાઠોડ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહિસાગર,
લુણાવાડા.

ક્રમાંક નધણ/ટીએપીઆઈ/''સા''(હા)/૬૬૫૧/૧૩૩૭/જ. જા. નં. ૧૭૨૩ થી ૧૭૨૬/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, શ્રી સ્નેહકુંજ સર્વિસ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ : વ્યારા, તા. વ્યારા, જુના બસ સ્ટેન્ડની સામે, જિ. તાપીને,

સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

તાપી, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, તાપી.

નંબર ઉ/PTN/૧૬૨૪૨/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી કોલીવાડા ગ્રુપ મજુર કામદાર સહકારી મંડળી લીમીટેડ, મું. કોલીવાડા, તાલુકો સાંતલપુર, જિલ્લો પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૧૫.

આર. એ. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

ક્રમાંક : નધણ/બીઆરસી/''સે''(ફે)/ ૪૨૩૮૦/૨૦૧૫.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ભરૂચ ડીસ્ટ્રીકટ ક્રેડીટ સોસાયટીઝ કો.ઓ. ફેડરેશન લીમીટેડ, સ્થળ ભરૂચ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચને,

INDEX

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨નો દસમો) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

નંબર એસ.કે./સે. (શ) /૪૧૫૨૩/ ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ધી તીરૂપતિ શરાફી સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ મહેતાપુરા, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

ક્રમાંક : નધણ/ટીએપીઆઇ/''સે''(જી)-૪૩૬૮૯/૧૩૪૨/જ. જા. નં. ૧૭૪૧ થી ૧૭૪૩/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, ધી કુકરમુંડા તાલુકા ખેડૂત સહકારી સંઘ લી., મુ.પો. અશ્રાવા, તા. કુકરમુંડા, જિ. તાપીને.

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

તાપી, તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૧૫.

એસ. ડી. ભોયે,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, તાપી.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક : નધણ/બીઆરસી/ઘ-૨૪૯૪૦/૨૦૧૫.—આથી જાહેર કરીએ છે કે, શ્રી ઉમિયા આંગન કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિ., મર્યાદીત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫.

એન. કે. ભાભોર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
(હાઉસીંગ) ભરૂચ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સા. ૯૩૩૯/૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શિવમ રેસીડેન્સીયલ & કોર્મ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મું. સાણંદ, તા. સાણંદ, જિ. અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા.(હા) ૯૪૨૧/૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી શકિત સૌંદર્ય કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સ્થળ કલોલ, તા. કલોલ, જિ. ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીએનઆર/સા.(હા) ૯૪૨૨/૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સન સાઇન હાઇટ્સ કો. ઓપ. હાઉસીંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી. સ્થળ કુડાસણ, તા. ગાંધીનગર, જિ. ગાંધીનગરને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૫.

ડી. એસ. રાવલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ (રૂરલ),
અમદાવાદ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધો :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીનો તા. ૬-૦૭-૨૦૧૫નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/૨૮૩/૨૦૧૫ થી વચગાળાનો આદેશ.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ /૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા. ૨૧-૭-૨૦૧૧ થી મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૩૯૭/૨૫૧૭/૨૦૧૫.–આમુખ (૧) થી વંચાણે લીધેલ જોગવાઇઓ અન્વયે આમુખ (૨) વાળા હુકમથી મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે અને મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળીને ચલાવવા માટે તેમજ ઉદેશો મુજબ કાર્યરત કરવા માટે કોઇ રસ દાખવેલ નથી, અથવા પ્રત્યુત્તર આપેલ નથી કે જવાબ રજુ કરેલ નથી. આમ, સદર મંડળી ચલાવવા માટે મંડળીના કાર્યવાહકોને રસ ન હોવાનું પ્રથમ દ્રષ્ટિએ ફલિત થાય છે. જેથી, અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

ધી કિસાન હાઇસ્કૂલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. સમોડા, તા. સિધ્ધપુર, જિ. પાટણને અત્રેની કચેરીના આમુખ નં-૨ ના તા. ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૧૫ થી ફડચામાં લઈ જવાનો વચગાળો આદેશ આપવામાં આવેલ છે. જેને સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારીશ્રી (ફડચો) પાટણે ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તારીખ ૯મી ઓકટોબર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ગ્રાહક) પાટણ સને ૨૦૧૨/૧૩ના ઓડિટ સમયની રજુ કરેલી અન્વેષણ નોંધ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૩) અત્રેની તારીખ ૬/૭/૨૦૧૫ના પત્ર નંબર ફડચ/૦૧/ક/ ૨૮૫/૨૦૧૫ થી આપવામાં આવેલ ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૩૯૮/૨૫૧૮/૨૦૧૫.– શ્રી નાનાપુરા ગૃપ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. નાનાપુરા, તા. રાધનપુર, જિ. પાટણએ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયેથી નોંધાયેલ સહકારી મંડળી છે. આ સહકારી મંડળી તેના ઉદ્દેશ મુજબ કામગીરી કરતી ન હોઇ મંડળીના કાર્યવાહકોને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા માટે આમુખ (૩) વાળા પત્ર થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી જેમાં નીચે જણાવેલા મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીનો છેલ્લા ૩ વર્ષનો ઓડિટ વર્ગ-ડ છે.

(૨) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ નોંધનો દુરસ્તી રિપોર્ટ સંબંધિત ઓડીટરશ્રીઓને મોકલી આપેલ નથી. કે મંડળીના દફતરે ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૩) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૪) મંડળી છેલ્લા ઘણા સમયથી ખોટમાં છે. તા. ૩૧-૩-૨૦૧૫ અંતે કુલ એકત્રિત ખોટ ₹ ૬૪૪૦/- થવા પામેલ હોવા છતાં તે સરભર કરવા મંડળીના હોદ્દેદારો એ કોઇ પ્રયત્ન કરેલ નથી.

(૫) સને ૨૦૧૧-૨૦૧૨ થી સને ૨૦૧૩-૧૪ વર્ષની વા.સા. સભા આજ દિન સુધી મળેલી નથી કે આ અંગે સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી પણ મેળવેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ થવા પામેલ છે.

(૬) પેટાનિયમ મુજબ દરમાસે એક વખત વ્ય. કમિટી બેઠક બોલાવવી ફરજિયાત હોવા છતાં ઓડીટ સમય દરમ્યાન વ્ય. કમિટીની એકપણ બેઠક મળેલ નથી. આમ, મંડળીના હોદેદારોના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઇ રસ હોય તેમ જણાતું નથી. પેટાનિયમ મુજબ નિયત થયા પ્રમાણે વ્ય. કમિટીની બેઠક મળેલ નથી. આમ, મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઇ રસ હોય તેમ જણાતું નથી.

ઉપરોક્ત કારણોસર મંડળીને ફડચામાં લઇ જતાં અગાઉ સંદર્ભ (૩) વાળા પત્રથી કારણદર્શક નોટીસ પાઠવી. તા. ૨૦-૭-૨૦૧૫ના રોજ આ કચેરીએ હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. જે સંદર્ભે મંડળીના સભ્યોએ હાજર રહી જવાબ રજુ કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકો અને સભાસદોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ તેમજ મંડળી હાલમાં સ્થગિત અવસ્થામાં છે. મંડળી પોતાના ઉદ્દેશો મુજબની કોઇ પ્રવૃત્તિ કરતી ન હોઇ મંડળી તેમજ સભાસદોના હિતમાં નીચે મુજબનો ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

હું, આર. એ. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. પાટણ, મને મળેલી સત્તાની રૂએ શ્રી નાનાપુરા ગૃપ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. નાનાપુરા, તા. રાધનપુર, જિ. પાટણ, ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. -સે. ૩૧૫૫૭ તા. ૩-૧૨-૧૯૯૯ને ધી ગુજરાત સહકારી અધિનિયમ -૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)(૨) અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરું છું.

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કોઈ ચુક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૯મી ઓકટોબર, ૨૦૧૫.

આર. એ. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, OCTOBER 29, 2015 / KARTIKA 7, 1937 [No. 44

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1599-1636
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	44
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	87
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3859-3924

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ વિભાગ-૨૨ નિયમ-૩૩ અન્વયે કાઢેલ.

ક્રમાંક એફ/હટલ/૧૯૯૨૬/૨૦૧૫.–સાર્વજનિક ખાનપાનની જગ્યાઓ આહારગૃહ/રેસ્ટોરન્ટના માલિકો કે જેઓ જી.પી. એકટ, ૧૯૫૧, વિભાગ-૨૨ નિયમ-૩૩ મુજબ નોંધણી પ્રમાણપત્રો ધરાવે છે તેમને નિયમ મુજબ સવારના કલાક ૫-૦૦ થી રાત્રિના ૧૧-૦૦ વાગ્યા સુધી સાર્વજનિક ખાનપાનની જગ્યાઓ ચાલુ રાખવા પરવાના આપવામાં આવેલ છે.

હાલના નવરાત્રી પર્વથી દિપાવલી પર્વ (લાભ પાંચમ) સુધી ચાલતા તહેવારોને અનુલક્ષીને આથી હું, ઈ. રાધાકૃષ્ણ, જી.પી. એકટ, ૧૯૫૧ વિભાગ-૨૨ નિયમ-૩૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૧૬મી નવેમ્બર, ૨૦૧૫ સુધી સાર્વજનિક ખાનપાનની જગ્યાઓ આહારગૃહ/રેસ્ટોરન્ટના માલિકો કે જેઓ વેલીડ પરવાના આ નિયમ હેઠળ ધરાવે છે તેઓને તેમની જગ્યાએ રાત્રીના ૦૧-૦૦ વાગ્યા સુધી ખુલ્લી રાખવા દેવાનું ઠરાવું છું. આ સમય દરમ્યાન આ પ્રકારની પરવાનગીને કારણે સુલેહશાંતિનો ભંગ થતો હોવાનો કે ટ્રાફિક પ્રવાહને અવરોધ થતો હોવાનું કે અન્ય કોઈ પ્રકારની ત્રાસદાયક પ્રવૃત્તિ થતી હોવાનું જણાશે તો આવી જગ્યાઓના માલિકોને તેમની પ્રવૃત્તિ તાત્કાલીક અસરથી બંધ કરવા તથા પરવાના રદ કરવા પાત્ર થતો હોવાનું જણાવી કાયદેસરના પગલાં લઈ શકશે.

INDEX

આજ રોજ તા. ૧૬મી ઓક્ટોબર, ૨૦૧૫ એ મેં સહી તથા સિક્કા કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :-

(1) The Government Legal Department Resolution No. SCT/1089/4287/D (Part-III), dtd. 01-05-2008.

(2) The Hon'ble High Court of Gujarat Letter No. A. 2408/1989, dated 01-08-2008.

(3) This Office Notification No. B / 2 / 2 / 20 / 2013, dtd. 12-06-2013.

(4) This Office Notification No. B / 2 / 2 / 09 / 2014, dtd. 13-03-2014.

Notification

No. : B / 2/2/20 of 2015.–As per the L.D.R. Cited at preamble No. 1 as well as direction of the Hon'ble High Court of Gujarat vide its letter cited at preamble No. 2, to create the Special Court in the establishment of District Court, Dahod, to deal with the cases of Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, previously the Additional district Judge, Dahod was nominated as Special Judge to deal with the cases of Scheduled Castes and Scheduled Tribes (prevention of Atrocities) Act, 1989 vide notification cited in the preamble at Sr. No. 4.

As the Additional District and Sessions Judge, Dahod is nominated as **"Special Judge"** under (Protection of Children from Sexual Offences, Act-2012) and heavy pendency of such cases are there. It is need of Special Court in such type of cases, and for equal distribution of cases and being Special Court, the care for cases under (Prevention of the Atrocities) Act, 1989 is also required.

Hence, the undersigned is pleased to nominated the Court of 4th Additional District and Sessions Judge, Dahod, to **"Special Judge"** and the said court be treated as Special Court, to deal with the cases of Scheduled Caste and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, with effect from 8th October, 2015.

Dahod, 8th October, 2015.

N. B. PITHVA,
Principal District Judge,
Dahod.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

સુધારા જાહેરનામું

નંબર એમએજી/જાહેરનામું/વશી/૨૩૦૬/૨૦૧૫.–અત્રેના જાહેરનામા ક્રમાંક એમએજી / જાહેરનામું / ૨૧૧૫ થી ૨૧૪૦, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (એન) હેઠળ જાહેરનામું બહાર પાડેલ છે. તેના ફકરા નંબર (૨)ની ત્રીજી લીટીમાં ''તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત)'' ને બદલે ''તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત)'' એમ વાંચવું.

આજ તા. ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સુધારા જાહેરનામું

નંબર એમએજી/જાહેરનામું/વશી/૨૩૦૭/૨૦૧૫.–અત્રેના જાહેરનામા ક્રમાંક એમએજી/જાહેરનામું/૨૧૪૧ થી ૨૧૫૬, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (એન) હેઠળ જાહેરનામું બહાર પાડેલ છે. તેના ફકરા નંબર (૨)ની ત્રીજી લીટીમાં ''તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત)'' ને બદલે ''તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત)'' એમ વાંચવું.

આજ તા. ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સુધારા જાહેરનામું

નંબર એમએજી/હટલ/જાહેરનામું/વશી/૨૩૦૮/૨૦૧૫.–અત્રેના જાહેરનામા ક્રમાંક એમએજી/હટલ/જાહેરનામું/૨૧૫૭ થી ૨૧૭૩, તા. ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫ થી ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડેલ છે. તેમાં પાના નં.૨ માં ચોથી લીટીમાં ''તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત)'' ને બદલે ''તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત)'' એમ વાંચવું.

આજ તા. ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સુધારા જાહેરનામું

નંબર એમએજી/જાહેરનામું/વશી/૨૩૦૯/૨૦૧૫.–અત્રેના જાહેરનામા ક્રમાંક એમએજી / જાહેરનામું/ચાપાંનેર/૨૧૭૪ થી ૨૧૯૧, તા. ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ જાહેરનામું બહાર પાડેલ છે. તેના ફકરા નંબર (૨)ની પાચંમી લીટીમાં ''તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત)'' ને બદલે ''તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત)'' એમ વાંચવું.

INDEX

આજ તા. ૧૪મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

પી. ભારથી.,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા(રાજપીપલા)ના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/૩૫૨૬/૨૦૧૫, તા. ૧૦-૧૦-૨૦૧૫.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૪૭૯૪ થી ૪૮૧૮/૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના સંદર્ભ-૧ ના પત્રથી જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં આગામી નવરાત્રી-દશેરા તથા મહોરમ તાજીયાનો તહેવારોને અનુસંધાને તેમજ ચાલુ માસમાં અનામત આંદોલન સંદર્ભે વિવિધ કાર્યક્રમો યોજાનાર હોય જે ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ કોઇ સમસ્યા ઉપસ્થિત ન થાય અને સુલેહશાંતિ જળવાય તે અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવાનું આવશ્યતા જણાય છે.

આથી હું, સંદિપકુમાર સાગલે, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના હદ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર થી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા કે મંડળી કે સરઘસ રૂપે પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ

નવરાત્રી દરમ્યાન પરમીશન લીધેલ હોય તેવા ગરબા મહોત્સવને.

પ્રતિબંધિત વિસ્તાર

નર્મદા જિલ્લાના હદ વિસ્તાર પુરતો અમલી રહેશે.

સમયગાળો

તા. ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ના ૦૦-૦૦ કલાક થી તા. ૨૭મી ઓકટોબર, ૨૦૧૫ના ૨૪-૦૦ કલાક સુધી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજે તા. ૧૨મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સંદિપકુમાર સાગલે,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સાયબર કાફે/એસ.આર./૫૭/૨૦૧૫.– તા. ૧૩મી જુલાઇ, ૨૦૧૧ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુંસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબર કાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતા સાયબર કાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રહિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી છે.

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે;

(૨) આ રજિસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે;

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબર કાફે નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબર કાફેના સંચાલક/માલિકની નિયત કરવામાં આવે;

INDEX

(૪) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ, વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી સાયબર કાફેના દફ્તરમાં રાખવી;

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબર કાફે જે તે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહીં તેમજ આવી સાયબર કાફે કોઈપણ પ્રકારના દિવાની હક્ક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે;

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબર કાફેના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો, વિગેરેની હકીકતો તેમજ આવી સાયબર કાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી;

(૭) સાયબર કાફે ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે;

(૮) સાયબર કાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક ડીસી/એમએજી/મોબાઇલ શોપ/એસ.આર. ૫૮/૨૦૧૫.—હાલના સંજોગોમાં મોબાઇલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઇલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ધાડ, લુંટ, ધાક, ધમકી, ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃત્તિ વિગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી, ફોન ઉપર બિભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુના કરવાના ઇરાદે જુનો મોબાઇલ/સીમકાર્ડ ખરીદી કરી ગુનો આચરવામાં આવે છે. આવા ગુનાઓની તપાસ દરમ્યાન IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે જુના મોબાઇલ/સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારોએ અજાણ્યા માણસ પાસેથી ખરીદેલાનું અગર તો અજાણ્યા માણસને વેચેલાનું જાણવા મળે છે અને મુળ આરોપી સુધી પહોંચી શકાતું નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન વાપરનાર સુધી પહોચવામાં આવે તે વખતે પણ મોબાઇલની દુકાનમાંથી ખરીદેલાનું જણાવે છે. અને મોબાઇલ દુકાનદારે ખરીદ કરતી વખતે મોબાઇલ ફોન વેચવા આવનારની કોઇ માહિતી નહી મળતી હોવાનું જાણવા મળે છે. જેથી જુના મોબાઇલ ફોન ખરીદનાર અને વેચનાર વેપારીઓ તથા સીમકાર્ડ વેચનાર વિક્રેતા તરફથી જુના મોબાઇલ તથા વ્યક્તિની સંપૂર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઇલ ઇન્સ્ટ્રુમેન્ટ/સીમકાર્ડની સંપૂર્ણ માહિતીનું રજિસ્ટર નિભાવવું ખૂબ જ જરૂરી છે જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઇલ ફોનના ઉપયોગથી થતી ગુનાખોરી અટકાવવા જાહેર જનતાની જાનમાલ મિલકતની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અન્વયે અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નિયંત્રણો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

જેથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબના નિયંત્રણ અવશ્ય પાલન કરવા આથી આદેશ ફરમાવું છું.

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારનાં વેપારીઓએ જુના મોબાઇલ ખરીદતી અને વેચાણ વખતે મોબાઇલની વિગત, કંપની, આઇ.એમ.ઇ.આઇ. નંબર, મોબાઇલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર, મોબાઇલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા સંપર્કની વિગત, આઇ.ડી. પ્રુફની વિગત, મોબાઇલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારના તાજેતરના ફોટા સાથેની સંપૂર્ણ વિગત સાથેનું નીચે દર્શાવેલ કોલમ મુજબનું રજિસ્ટર અલગ-અલગ નિભાવવાનું રહેશે.

જુના મોબાઇલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનુ. નં.	મોબાઇલ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા કોન્ટેક નંબરની વિગત	મોબાઇલની વિગત/ કંપની	IMEI નંબર	મોબાઇલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	આઇ. ડી. પ્રુફની વિગત	મોબાઇલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬	૭

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનુ. નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ નંબર અને તેનો મોબાઇલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઇ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

INDEX

આ હુકમ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/મકાન ભાડે/એસ. આર. ૫૯/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના રહેણાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એકમો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનવા પામ્યાના અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અ માં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે તથા જ્યારે જ્યારે કોઈ મકાન માલિક, એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન આપશે અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહિત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (રૂા.)	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મૂળ રહેવાસી, ધંધો ધંધાનું સ્થળ તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૫	૫	૬	૭

આ હુકમ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ભંગારીયા/એસ.આર.-૬૦/૨૦૧૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઈ.ડી.સી., વિરમગામ જી.આઈ.ડી.સી., અસલાલી જી.આઈ.ડી.સી., ચાંગોદર જી.આઈ.ડી.સી., બાવળા જી.આઈ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો. સ્ટે. વિસ્તારમાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, ચોરી જેવા મિલકત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન તથા મધ્યપ્રદેશના વતનીઓ છે. અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લૂંટ, મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે, પરંતુ અમુક ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનું પાલન કરીને કરે જેથી કાયદો વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા સારુ જાહેરનામું બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકીપણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયલન્સ સર્ટી. લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલા હોય તેઓના મુળ વતનના તેમજ જયાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી. પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવે ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યકિતના આઈ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) જયારે કોઈપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી. બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશન જાણ કરવાની રહેશે.

(૮) આ જાહેરનામું બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાથી પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ હુકમ તા. ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસી/એમએજી/સી.સી.ટી.વી. કેમેરા/જા.ના./એસ.આર./૬૧/ ૨૦૧૫.–ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભુતકાળમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોને હાની પહોંચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્ત્વો રાજ્ય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઈને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા-પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

INDEX

જિલ્લામાં થતા આવા ગુનાઓ અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર-જવર વાળા વિસ્તારો પર જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો, ગુનેગારો, ગુનાઓમાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઇ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો, હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડિંગ સિસ્ટમ સાથે રાખવાનું જરૂરી જણાતું હોઈ,

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપીંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલ પ્લાઝાના માલિકો/ઉપભોકતા/ વહીવટ કર્તાઓએ ગાડીના નંબર દેખાય, ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રકોર્ડીંગ થાય, આવતી જતી વ્યકિતઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે અને રેકોર્ડિંગ ૧૫ દિવસ સુધી રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડિંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તા. ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/હોટલ ગેસ્ટ હાઉસ/એસ.આર. ૬૨/૨૦૧૫.– તાજેતરમાં થયેલ આતંકવાદી હુમલા તેમજ આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો આવતા હોઇ ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પી. સી. ઓ. કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમ્યાન રાટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસતંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

હોટલ અને ગેસ્ટ હાઉસમાં રહેનાર મુસાફરો અને માલિકો માટે

(૧) હોટલ, ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઇ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખ કાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનું આઇ. કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબર કાફે ઈત્યાદિના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઇ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઇ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ હોટલ/ઢાબાના માલિક તેમજ મેનેજર / તમામ કર્મચારીઓના નામ, સરનામું નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ/ગેસ્ટ હાઉસ (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ જાહેરનામું તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/મજુર/એસ.આર. ૬૩/૨૦૧૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તથા બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવારનવાર ધાડ, લુંટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત રાજ્ય બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજુરો કડીયાકામની મજુરી કામ માટે આવતા હોય છે. બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજ્યના તેમજ રાજ્ય બહારના મોટા ભાગના મજુરો આ કડીયાકામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે. અને આ મજુરો જે તે સાઈટો ઉપર જ રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટે જે તે વિસ્તારના મુકાદમો અથવા સાઈટના કોન્ટ્રાકટરો લાવતા હોય છે. પરંતુ તેઓની નોંધણી પોલીસ સ્ટેશનોમાં કરાવતા નથી. રાજ્યના તથા રાજ્ય બહારના આવા મજુરો જ્યાં રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને લુંટ, ધાડ, ઘરફોડ ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે, અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈટ ઉપર આવનાર દરેક મજુર/કારીગરોના નામ/સરનામા અંગેની રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/અંગુઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં પુરૂષ મજુરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ, નામ/સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું/ટેલિફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/કારીગરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટો કોપી સાઈટના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈટ ઉપર મજુર/કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમિત આપવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ગોડાઉન/એસ.આર./૬૪/૨૦૧૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, ચાંગોદર, ધોળકા, વીરમગામ-ટાઉન, બોપલ વિગેરે પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહ કરવામાં આવે છે. અને આ ગોડાઉનોમાં કામ કરતા મોટા ભાગના પર પ્રાંતના ઇસમો હોય છે. જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને આ ગોડાઉનો ઉપર વોચમેનોની સંખ્યા નહિવત હોવાને કારણે ચોરી લૂંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતી બાબતે સિકયુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવા અંગે તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યકિતઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતની ગુણવત્તા ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા ફરજીયાતપણે લગાવવા અને તેનો ફૂટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઇસમો તેમજ આવા ઇસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

આ હુકમ તા. ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી-૪૧૧૫ થી ૪૧૩૫/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ના ૮-૦૦ કલાકથી તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા મનાઈ છે.

(૧) હથિયાર, તલવાર, ધોકા, સોટી/લાકડી, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ દ્વારા જેઓને શારીરિક અશક્તિ છે, તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ના ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

સુપ્રિન્ટેન્ડેન્ટ જમીન રેકર્ડ કમ એકત્રિકરણ અધિકારી દ્વારા

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ: ૧૩. ૨૦૧૪૧૪૫૯/હ, તારીખ ૧૭-૧૦-૨૦૧૪

(૨) અત્રેના હુકમ નં. સીટીએસ/શમા-૬/૨૦૧૪-૧૫, તારીખ ૫-૧૨-૨૦૧૪.

(૩) સરકારીશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૨-૨૦૧૫/૧૯૬૪/હ, તારીખ ૮-૯-૨૦૧૫.

(૪) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર નં. એસવી-૫/લે.રે.કોડ કલમ-૧૨૬/ગામઠાણ મોજણી/૨૦૧૫-૧૬, તારીખ ૭-૧૦-૨૦૧૫.

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી અમરેલીના પત્ર નં. ડી.એસ.ઓ./વશી-૫૮૨/A/૨૦૧૫, તારીખ ૯-૧૦-૨૦૧૫.

હુકમ

નંબર : સીટીએસ/શમા-૬/૧૨૬ જાહેરનામું (રીવાઈઝ)/૨૦૧૫-૧૬.– સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવ અન્વયે રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કત માપણી કરી, હક્ક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપતા, અત્રેના વંચાણ-૨ વાળા હુકમ અન્વયે જિલ્લા : અમરેલી, તાલુકો : જાફરાબાદ, મોજે : બાબરકોટ ગામતળ વિસ્તારનું ૧૨૬નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ આ હુકમમાં ફકત જુના ગામતળ વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ.

INDEX

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૩નો ઠરાવ તથા વંચાણ-૪, ના પત્ર અન્વયે સદરહુ ગામતળની આજુબાજુના ખેતીના તથા બીન ખેતીથયેલ સર્વે નંબરોનો સમાવેશ કરી પત્રક અ, બ, ક તથા નકશા તૈયાર કરી રિવાઇઝ જાહેરનામા પ્રસિધ્ધ કરવા સત્તાઓ અત્રેને એનાયત કરવામાં આવેલ છે.

ગામ - બાબરકોટ, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીના ગામઠાણ સીટી સર્વે વિસ્તાર નક્કી કરવા અંગેની રીવાઇઝ દરખાસ્ત જિલ્લા નિરીક્ષકશ્રી અમરેલીએ તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને મોકલેલ છે. આ રીવાઇઝ દરખાસ્ત અન્વયે નકશા મુજબ નક્કી કરેલ ગામઠાણ સીટી લીમીટ વિસ્તારની માપણી તથા હક્ક ચોકસી કરવાની થાય છે.

સબબ વંચાણ-૩ તથા ૪ થી મળેલ સત્તા તથા મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સીટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથે પત્રક : અ-બ-ક ની તારીજનું પત્રકની વિગતે કુલ ક્ષેત્રફળમાંથી અગાઉ તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૪ નું ક્ષેત્રફળ બાદ જતા દર્શાવેલ કુલ ક્ષેત્રફળમાં સમાવિષ્ટ ખેતી, બીનખેતી તથા તેમાં સમાવેશ રસ્તા મારગની સરકારી પડતરની જમીનોને મોજે :- બાબરકોટ, તા. જાફરાબાદ, જિ. અમરેલીના ગામને રીવાઇઝ સીટી સર્વે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

પત્રક-અ

મોજે બાબરકોટ, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીનાની ગામઠાણ લીમીટમાં આવતા ખેતીનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	૬/૧ થી ૨	૧૬૧૯
૨	૭	૩૭૮૩
૩	૮	૭૦૮
૪	૯	૧૧૧૩
૫	૧૦/૧ થી ૩	૩૩૩૯
૬	૧૧	૨૪૨૯
૭	૧૨	૨૬૩૦
૮	૧૫	૯૧૧
૯	૧૬/૧ થી ૧૧	૨૨૯૭૬
૧૦	૧૭	૩૨૬૩૦
૧૧	૧૮	૩૨૩૮
૧૨	૧૯	૩૮૪૫
૧૩	૨૨	૪૨૪૯
૧૪	૨૮	૪૩૫૦
૧૫	૨૯/૧ થી ૪	૧૦૨૨૨
૧૬	૩૦/૧ થી ૬	૪૩૪૭
૧૭	૩૧	૮૦૯
૧૮	૩૩/૧ થી ૪	૩૯૪૭
૧૯	૩૫	૨૩૧૫
૨૦	૩૬	૭૯૯૩
૨૧	૩૭	૫૦૬
૨૨	૩૮	૬૦૭
૨૩	૩૯	૩૮૪૫
૨૪	૪૦/૧ થી ૨	૮૧૯૫
	૨૨૯	૨૦૨
	૨૩૦	૭૭૯૦
	કુલ	**૧૩૮૫૯૮**

પત્રક-બ

મોજે બાબરકોટ, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીનાંની ગામઠાણની લીમીટમાં આવતા બિન ખેતીનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	૨૩/૧	૨૧૨૫
કુલ		**૨૧૨૫**

પત્રક-ક

મોજે બાબરકોટ, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીનાંની ગામઠાણ લીમીટમાં આવતા સરકારી ખરાબાનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	૬૯	૨૬૨૪૨૩
કુલ		**૨૬૨૪૨૩**

તારીજ

મોજે બાબરકોટ, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીનાંની ગામઠાણ લીમીટમાં આવતા ખેતી, બિનખેતી તથા સરકારી ખરાબાનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું તારીજ પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	પત્રક-અ	૧૩૮૫૯૮
૨	પત્રક-બ	૨૧૨૫
૩	પત્રક-ક	૨૬૨૪૨૩
૪	જુનુ ગામતળ	૨૩૦૬૭
કુલ :		**૪૨૬૨૧૩**
તારીખ ૫-૧૨-૨૦૧૪ લે.રે.કો.ક. ૧૨૬ હેઠળ જાહેરનામાથી તારીજમાં બતાવેલ જુના ગામતળની પ્રસિધ્ધિ થયેલ છે તે ક્ષેત્રફળ બાદ		૨૩૦૬૭
કુલ		**૪૦૩૧૪૬**

INDEX

ગામ : બાબરકોટ, તા. જાફરાબાદ, જિ. અમરેલી


૬૫
N
૧. સેં.મી. = ૭૯.૨૦
સાઈટ લીમીટ
બી. ખેતી.
ખેતી
ગામતળ

જિલ્લા નિરીક્ષક
જમીન દફતર-અમરેલી.

૧૩/૧૦/૨૦૧૫
સુપરિન્ટેન્ડેન્ટ જમીન રેકર્ડ
કમ એકત્રીકરણ અધિકારી
અમરેલી

અમરેલી તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચઃ ૧૩.૨૦૧૪૧૪૫૯/હ, તારીખ ૧૭-૧૦-૨૦૧૪

(૨) અત્રેના હુકમ નં. સીટીએસ/શમા-૬/૨૦૧૪-૧૫, તારીખ ૫-૧૨-૨૦૧૪.

(૩) સરકારીશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૨-૨૦૧૫/૧૯૬૪/હ, તારીખ ૮-૯-૨૦૧૫.

(૪) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર નં. એસવી-૫/લે.રે.કોડ કલમ-૧૨૬/ગામઠાણ મોજણી/૨૦૧૫-૧૬, તારીખ ૭-૧૦-૨૦૧૫.

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી અમરેલીના પત્ર નં. ડી.એસ.ઓ./વશી-૫૮૩/A/૨૦૧૫, તારીખ ૯-૧૦-૨૦૧૫.

હુકમ

નંબર : સીટીએસ/શમા-૬/૧૨૬ જાહેરનામું (રીવાઇઝ)/૨૦૧૫-૧૬.– સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવ અન્વયે રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કત માપણી કરી, હક્ક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપતા, અત્રેના વંચાણ-૨ વાળા હુકમ અન્વયે જિલ્લા : અમરેલી, તાલુકો : જાફરાબાદ, મોજે : રોહિસા ગામતળ વિસ્તારનું ૧૨૬નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ આ હુકમમાં ફકત જુના ગામતળ વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૩નો ઠરાવ તથા વંચાણ-૪, ના પત્ર અન્વયે સદરહુ ગામતળની આજુબાજુના ખેતીના તથા બીન ખેતીથયેલ સર્વે નંબરોનો સમાવેશ કરી પત્રક અ, બ, ક તથા નકશા તૈયાર કરી રિવાઇઝ જાહેરનામા પ્રસિધ્ધ કરવા સત્તાઓ અત્રેને એનાયત કરવામાં આવેલ છે.

ગામ - રોહિસા, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીના ગામઠાણ સીટી સર્વે વિસ્તાર નક્કી કરવા અંગેની રીવાઇઝ દરખાસ્ત જિલ્લા નિરીક્ષકશ્રી અમરેલીએ તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને મોકલેલ છે. આ રીવાઇઝ દરખાસ્ત અન્વયે નકશા મુજબ નક્કી કરેલ ગામઠાણ સીટી લીમીટ વિસ્તારની માપણી તથા હક્ક ચોકસી કરવાની થાય છે.

સબબ વંચાણ-૩ તથા ૪ થી મળેલ સત્તા તથા મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સીટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથે પત્રક : અ-બ-ક ની તારીજનું પત્રકની વિગતે કુલ ક્ષેત્રફળમાંથી અગાઉ તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૪ નું ક્ષેત્રફળ બાદ જતા દર્શાવેલ કુલ ક્ષેત્રફળમાં સમાવિષ્ટ ખેતી, બીનખેતી તથા તેમા સમાવેશ રસ્તા મારગની સરકારી પડતરની જમીનોને મોજે :- રોહિસા, તા. જાફરાબાદ, જિ. અમરેલીના ગામને રીવાઇઝ સીટી સર્વે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

પત્રક-અ

મોજે રોહિસા, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીનાંની ગામઠાણ લીમીટમાં આવતા ખેતીનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	૪૧૯	૭૬૮૯
૨	૪૨૦	૨૯૭૪૫
૩	૪૨૫	૨૫૧૯૨
૪	૪૨૬	૨૫૯૦૦
૫	૪૨૭	૯૪૫૯૬
૬	૪૨૮	૪૪૧૧૧
૭	૪૩૩	૯૧૦૫
૮	૪૩૫	૧૦૪૨૧
૯	૪૩૭	૧૯૬૨૭
૧૦	૪૩૮	૭૬૯૯૨
૧૧	૪૪૦	૪૨૯૯૮
૧૨	૭૯૦	૩૬૪૩
૧૩	૭૯૨	૬૫૭૬
૧૪	૭૯૮	૪૦૫
૧૫	૪૩૦/૧	૧૭૧૯૯
	કુલ	**૪૧૪૧૯૯**

પત્રક-બ

મોજે રોહિસા, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીનાંની ગામઠાણ લીમીટમાં આવતા બિન ખેતીનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	૧૨૨/૮	૬૦૭
૨	૧૨૨/૫	૫૦૬
૩	૧૨૨/૯	૭૦૮
૪	૧૨૨/૪	૧૫૧૮
૫	૪૨૯/૧૦	૧૬૧૯
૬	૪૨૯/૧૨	૧૧૧૩
૭	૪૨૯/૧૮	૯૧૧
૮	૪૨૯/૪	૮૦૯
૯	૪૨૯/૭	૧૩૧૫
૧૦	૪૨૯/૯	૧૨૧૪
૧૧	૪૨૯/૫	૩૦૪
૧૨	૪૩૧	૨૩૮૭૬
૧૩	૪૩૨/૧૧	૧૦૧૨
૧૪	૪૩૨/૬	૧૦૧૨
૧૫	૪૩૨/૭	૪૦૫
૧૬	૪૩૨/૮	૫૦૬

INDEX

૧	૨	૩
૧૭	૪૩૪/૬	૫૦૬
૧૮	૪૩૬	૧૬૧૯
૧૯	૪૩૯/૧૩	૧૩૧૫
૨૦	૪૩૯/૧૬	૯૧૧
૨૧	૪૩૯/૧૫	૧૭૨૦
	કુલ	૪૩૫૦૬

પત્રક-ક

મોજે રોહિસા, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીનાંની ગામઠાણ લીમીટમાં આવતા સરકારી ખરાબાનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	૦	૦
	કુલ	૦

તારીજ

મોજે રોહિસા, તાલુકો જાફરાબાદ, જિલ્લો અમરેલીનાંની ગામઠાણ લીમીટમાં આવતા ખેતી, બિનખેતી તથા સરકારી ખરાબાનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	પત્રક-અ	૪૧૪૧૯૯
૨	પત્રક-બ	૪૩૫૦૬
૩	પત્રક-ક	૦
૪	જુનુ ગામતળ	૭૩૨૪૯
	કુલ :	૫૩૦૯૫૪
તારીખ ૫-૧૨-૨૦૧૪ના લે.રે.કો.ક. ૧૨૬ હેઠળ જાહેરનામાથી તારીજમાં બતાવેલ જુના ગામતળની પ્રસિધ્ધિ થયેલ છે તે ક્ષેત્રફળ બાદ		૭૩૨૪૯
કુલ		૪૫૭૭૦૫

ગામ : રોહિસા, તા. જાફરાબાદ, જિ. અમરેલી

ભાગ-૧


N
સીટી લીમીટ
ગામતળ
ખેતી.
બા.ખે.
૧ સં.મી.=૭૯.૨૦
જિલ્લા નિરીક્ષક
જમીન દફતર-અમરેલી.
સુપરિન્ટેન્ડેન્ટ જમીન રેકર્ડ
કમ એકત્રીકરણ અધિકારી
અમરેલી

ગામ : રોહિસા, તા. જાફરાબાદ, જિ. અમરેલી

ભાગ-૨


N
— સીટી લીમીટ
— ગામતળ
— બી.એ.
— ખેતી.
૧ સેં.મી.= ૩૯.૨૦

જિલ્લા નિરીક્ષક
જમીન દફતર-અમરેલી.

૧૩/૧૦/૨૦૧૫
સુપરિન્ટેન્ડન્ટ જમીન રેકર્ડ
કમ એકત્રીકરણ અધિકારી
અમરેલી

અમરેલી તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચઃ ૧૩.૨૦૧૪૧૪૫૯/હ, તારીખ ૧૭-૧૦-૨૦૧૪

(૨) અત્રેના હુકમ નં. સીટીએસ/શમા-૬/૨૦૧૪-૧૫, તારીખ ૫-૧૨-૨૦૧૪.

(૩) સરકારીશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૨-૨૦૧૫/૧૯૬૪/હ, તારીખ ૮-૯-૨૦૧૫.

(૪) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર નં. એસ.વી.-૫/લે.રે.કોડ કલમ-૧૨૬/ગામઠાણ મોજણી/૨૦૧૫-૧૬, તારીખ ૭/૧૦/૨૦૧૫.

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી અમરેલીના પત્ર નં. ડી.એસ.ઓ./વશી-૫૮૩/A/૨૦૧૫, તારીખ ૯-૧૦-૨૦૧૫.

હુકમ

નંબર : સીટીએસ/શમા-૬/૧૨૬ જાહેરનામુ (રીવાઇઝ)/૨૦૧૫-૧૬.– સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવ અન્વયે રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કત માપણી કરી, હક્ક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપતા, અત્રેના વંચાણ-૨ વાળા હુકમ અન્વયે જિલ્લો : અમરેલી, તાલુકો : રાજુલા, મોજે : ચાંચ ગામતળ વિસ્તારનું ૧૨૬નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ આ હુકમમાં ફકત જુના ગામતળ વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૩નો ઠરાવ તથા વંચાણ-૪, ના પત્ર અન્વયે સદરહુ ગામતળની આજુબાજુના ખેતીના તથા બીન ખેતીથયેલ સર્વે નંબરોનો સમાવેશ કરી પત્રક અ, બ, ક તથા નકશા તૈયાર કરી રિવાઇઝ જાહેરનામા પ્રસિધ્ધ કરવા સત્તાઓ અત્રેને એનાયત કરવામાં આવેલ છે.

ગામ - ચાંચ, તાલુકો રાજુલા, જિલ્લો અમરેલીના ગામઠાણ સીટી સર્વે વિસ્તાર નક્કી કરવા અંગેની રીવાઇઝ દરખાસ્ત જિલ્લા નિરીક્ષકશ્રી અમરેલીએ તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને મોકલેલ છે. આ રીવાઇઝ દરખાસ્ત અન્વયે નકશા મુજબ નક્કી કરેલ ગામઠાણ સીટી લીમીટ વિસ્તારની માપણી તથા હક્ક ચોકસી કરવાની થાય છે.

સબબ વંચાણ-૩ તથા ૪ થી મળેલ સત્તા તથા મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સીટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથે પત્રક : અ-બ-ક ની તારીજનું પત્રકની વિગતે કુલ ક્ષેત્રફળમાંથી અગાઉ તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૪ નું ક્ષેત્રફળ બાદ જતા દર્શાવેલ કુલ ક્ષેત્રફળમાં સમાવિષ્ટ ખેતી, બીનખેતી તથા તેમા સમાવેશ રસ્તા મારગની સરકારી પડતરની જમીનોને મોજે : ચાંચ, તા. રાજુલા, જિ. અમરેલીના ગામને રીવાઇઝ સીટી સર્વે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

પત્રક-અ

મોજે ચાંચ, તાલુકો રાજુલા, જિલ્લો અમરેલીનાં ગામઠાણ સીટી લીમીટમાં આવતા ખેતીનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	૧	૫૫૬૪
૨	૨	૧૨૦૩૯
૩	૩	૧૨૪૪૪
૪	૪	૧૬૫૯૩
૫	૧૩	૬૭૭૯
૬	૧૫	૩૨૦૭૨
૭	૧૬	૨૪૨૮૧
૮	૧૮૮	૭૯૯૩
૯	૧૮૯	૨૦૭૪૦
૧૦	૧૯૩	૧૫૬૮૨
૧૧	૧૯૬	૬૨૭૩
૧૨	૧૯૭/૨	૪૦૫
૧૩	૧૯૭/૩	૧૫૧૮
૧૪	૧૯૭/૪	૪૦૫
૧૫	૧૯૭/૫	૩૦૪
	કુલ	**૧૬૩૦૯૨**

પત્રક-બ

મોજે ચાંચ, તાલુકો રાજુલા, જિલ્લો અમરેલીનાં ગામઠાણ સીટી લીમીટમાં આવતા બિન ખેતીનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	નવું ગામતળ	૧૬૪૮૫૦
	કુલ	**૧૬૪૮૫૦**

પત્રક-ક

મોજે ચાંચ, તાલુકો રાજુલા, જિલ્લો અમરેલીનાં ગામઠાણ સીટી લીમીટમાં આવતા સરકારી ખરાબાનાં સર્વે નંબરોની વિગત દર્શાવતું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	૧૯૭/૧ અ-૮	૩૪૫૬૯
	કુલ	**૩૪૫૬૯**

INDEX

તારીજ

મોજે ચાંચ, તાલુકો રાજુલા, જિલ્લો અમરેલીનાં ગામઠાણ સીટી લીમીટમાં આવતા ખેતી, બિનખેતી તથા સરકારી ખરાબાનાં સર્વે નંબરોની વિગત દર્શાવતુ તારીજનું પત્રક

ક્રમ નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ
		હે. આરે. ચો. મી.
૧	પત્રક-અ	૧૬૩૦૯૨
૨	પત્રક-બ	૧૬૪૮૫૦
૩	પત્રક-ક	૩૪૫૬૯
૪	જુનુ ગામતળ	૩૭૨૮૧
	કુલ	૩૯૯૭૯૨
	તારીખ ૫-૧૨-૨૦૧૪ લે.રે.કો.ક. ૧૨૬ હેઠળ જાહેરનામાથી તારીજમાં બતાવેલ જુના ગામતળની પ્રસિધ્ધિ થયેલ છે તે ક્ષેત્રફળ બાદ	૩૭૨૮૧
	કુલ	૩૬૨૫૧૧

ગામ : ચાંચ, તા. રાજુલા, જિ. અમરેલી


નવુ ગામતળ
પાં
N
૧ : ૭૯.૨૦
— સીટી લીમીટ
— નવું. જુનુ ગામતળ
— ખેતી
જિલ્લા નિરીક્ષક
જમીન દફતર-અમરેલી.
૨૩।૧૦।૨૦૧૫
સુપરિન્ટેન્ડેન્ટ જમીન રેકર્ડ
કમ એકત્રીકરણ અધિકારી
અમરેલી

અમરેલી તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક-પરચઃ ૧૩. ૨૦૧૪૧૪૫૯-હ, તા. ૧૭/૧૦/૨૦૧૪.

(૨) અત્રેના હુકમ નં. સીટીએસ/શમા-૬/૨૦૧૪-૧૫ તા. ૫/૧૨/૨૦૧૪.

(૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક સીટીએસ/ ૧૨:૨૦૧૫/૧૯૬૪/હ તા. ૦૮/૦૯/૨૦૧૫.

(૪) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર નં. એસ.વી.-૫/લેન્ડ રેવન્યુ કોડ-૧૨૬/ગામઠાણ મોજણી/૨૦૧૫ -૧૬ તા. ૦૭/૧૦/૨૦૧૫.

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી અમરેલીના પત્ર નં. ડી.એસ.ઓ. /વશી-૫૮૩-A/ ૨૦૧૫, તા. ૦૯/૧૦/૨૦૧૫.

હુકમ

નંબર સીટીએસ/શમા-૬/૧૨૬/જાહેરનામુ (રીવાઇઝ)૨૦૧૫-૧૬.– સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવ અન્વયે રાજ્યના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કત માપણી કરી, હક્ક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપતા, અત્રેના વંચાણ-૨વાળા હુકમ અન્વયે જિલ્લો :- અમરેલી, તાલુકો :- સાવરકુંડલાના મોજે :- બાઢડા ગામતળ વિસ્તારનું ૧૨૬નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ આ હુકમમાં ફક્ત જુના ગામતળ વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૮૩/૨૦૧૫.– ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, પરિપત્ર ક્રમાંક વિ/૧/કઅવ/૧૦૨૦૧૩/ ૧૯૧૫૪/સચિવાલય, ગાંધીનગર, તા. ૮મી ઓક્ટોબર, ૨૦૧૩નાઓના રાજ્યના શોપીંગ મોલની સુરક્ષા બાબતેના આદેશ અન્વયે, તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ, જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરિકોના અકાળે મૃત્યુ થયેલ. જેથી, અમદાવાદ શહેરમાં આવેલ શોપીંગ મોલની પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તથા સુરક્ષા સુદ્રઢ રીતે જળવાઈ રહે તે હેતુથી પગલાં લેવા જરૂરી છે. જેથી તકેદારી માટેના પગલાં લેવડાવવા સારૂ નીચે મુજબ હુકમ કરૂં છું.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, (સીઆરપીસી/૧૯૭૩), ૧૯૭૪ના નં. ૨ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ શોપીંગ મોલની સુરક્ષા અંગે ચુસ્તપણે અમલ કરવો.

INDEX

૧. દરેક મોલમાં એન્ટ્રીગેટ આગળ મોલના Exit ગેટ તથા મોલની પાછળના વિસ્તારમાં થતી તમામ હિલચાલનું વિડીયો-ઓડીયો રેકોર્ડીંગ થાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા, જેમાં Colour-Image, I.P. Base, 1.3 Mega Pixel with Night Vision, capability Data Storage-15 days min. જેથી, મોલની સુરક્ષા યોગ્ય રીતે જળવાઈ રહે.

૨. મોલની અંદર દાખલ થતા વાહનો (મોટરકાર/ટુ વ્હીલર વિગેરે) નું ચેકીંગ કરવામાં આવે તેની સાથે સાથે વાહનોની અંદર બેઠેલ તમામ વ્યક્તિઓનું પણ ચેકીંગ કરવું જરૂરી છે.

૩. જ્યારે જ્યારે મોલની માલીકી બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા સુરક્ષા અંગેની જણાવેલ તમામ જરૂરી ચેકીંગ યોગ્ય રીતે થાય તે મુજબ નવા માલિકે પણ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ મોલની માલિકી ફેરબદલી અંગેની જાણ અત્રે પોલીસ કમિશનર કચેરીનો સ્પેશીયલ બ્રાંચ ખાતે કરવાની રહેશે.

૪. મોલમાં આવતા તમામ માલ-સામાન (Goods) નું ચેકીંગ કરવું. જેથી મોલમાં કોઈ પ્રતિબંધિત અથવા સ્ફોટક પદાર્થો આવી ન જાય તે રીતે ચકાસણી કરવી, તેમજ સલામતિ માટે જરૂરી તમામ સિક્યુરીટી માટે તાલીમ બધ્ધ અને સિક્યુરીટીના નિયમોના માહિતગાર હોઈ તેવા માણસોથી રાઉન્ડ ધી ક્લોક સલામતિની વ્યવસ્થા મોલ માલીકે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૫. મોલમાં Explosive જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થ ન આવે તે અંગેની ચકાસર્ણ માટે સલામતિ સાથે સાથે સ્નીફર ડોગથી પણ ચકાસણી થાય તેવી સલામતી ગોઠવવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર એસ.બી/રાજકીય/જાહેરનામું/૧૧૮/૨૦૧૫.–સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખૂન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે, આવા ગુનાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો / બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલકત સંબંધી તેમજ શરીર સંબંધીના ગંભીર ગુના આચરે છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂં.

હું, રાકેશ અસ્થાના, (I.P.S.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી, વગેરે રાખેલા હોય તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી, વગેરે હવેથી રાખશે ત્યારે તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની હકીકત નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે. તેમજ વોચમેન હથિયારધારી હોય તો તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન માલીકનુ નામ તથા સરનામું, ટેલીફોન નંબર.	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું, ટેલીફોન નંબર.	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું ટેલીફોન નંબર સાથે.	
૪	નોકરને રાખ્યાની તારીખ.	
૫	કોના ભલામણથી / ઓળખાણથી નોકરીએ રાખેલ છે તેનું નામ, સરનામું, ટેલીફોન નંબર.	
૬	નોકરના બે થી ત્રણ સગા સંબંધીના નામ સરનામા.	
૭	નોકરનો ફોટો.	

INDEX

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./પરમીટ/એ. સેકશન/૧૧૯/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં, ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર / લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં, મકાન દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગીક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાન / દુકાનો/ ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન/ દુકાન/ ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશન આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન /દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનોને જાણ ર્ક્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમો ભાડે આપી શકે નહી. હવે પછી મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો ભાડે આપવાના હોય તેવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે, જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન/ દુકાન / ઓફિસના માલીકો તથા ઔદ્યોગિક એકમના સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ.	
૨	મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	
૩	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	
૪	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનુ પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	
૫	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા.	
૬	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું, ટેલી. નં.	
૭	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ ?	

INDEX

નિયમો

(૧) આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

(૨) આ ફોર્મ સંપૂર્ણ રીતે ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પો. સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

(૩) આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

(૪) તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય જાત તપાસ કરવી આવશ્યક છે.

(૫) સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીનાં સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

(૬) ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

(૭) જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

(૮) આ સાથે ₹ ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

(૯) મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૧૦) ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆત-૧૧ માસ બાદ જગ્યા/મિલ્કત ખાલી ન કરે ત્યારે, મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.

(૧૧) બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સંબંધીઓને વચ્ચે રાખી આપવી.

(૧૨) મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી..

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો.નં.)..

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું : ....

(૧)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો.નં.)..

(૨)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો.નં.)..

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	સાક્ષીની સહી	પોલીસ સ્ટેશન સહી સિક્કો અને તારીખ
ભાડૂઆતની સહી	એકમ, મકાન માલીકની સહી	એજન્ટની સહી	

આ હુકમ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૨૦/૨૦૧૫.–સુરત શહેર ભુતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા ગંભીર ગુનાના કિસ્સાઓ પૈકી ઘણા ખરા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ, તથા અન્ય કારખાનાઓમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરો સંડોવાયેલાનું અને ગુનો આચર્યા બાદ નાસી જતા તેઓના સંબંધી અપુરતી કે ખોટી વિગતોને કારણે પોલીસ પકડમાં આવતા નથી. તદઉપરાંત ઘણીવાર તેઓ પોતાના વતનમાં ગુનાઓ આચરી ખોટા નામ સરનામાં દર્શાવી અત્રેના શહેરમાં આશ્રય મેળવી રહે છે અને ફરી ગુનો કરે છે. આમ શહેરની જાહેર શાંતિ-સલામતી અને કાયદો-વ્યવસ્થા જોખમાય તેવા કૃત્ય કરે છે. જે અટકાવવા સારૂ અને જાહેર જનતાની શાંતિ અને સલામતી અને સુખાકારી જાળવવા સારૂ.

જેથી, હું રાકેશ અસ્થાના, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજૂરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજૂરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર-૧ અને ૨ ની હકીકત નીચે દર્શાવેલ કોલમ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહિતીનું રજિસ્ટર તૈયાર કરી તથા જે કર્મચારી હથિયારધારી હોય તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અનુ. નંબર	વિગત	
૧	માલીકનું નામ, સરનામું તથા ધંધાની વિગત ટે. નં./મોબાઈલ નંબર	
૨	કર્મચારી/કારીગર/મજૂરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો વતનનું સરનામું અને સ્થાનિક પો.સ્ટે/ટે. નં.	
૩	કર્મચારી/કારીગર/મજૂરના પિતાનું નામ અને સરનામું.	
૪	કર્મચારી/કારીગર/મજૂરનું વતનનું સરનામું સ્થાનિક પો.સ્ટનું નામ/ટે.નં. તારીખ.	
૫	કર્મચારી/કારીગર/મજૂરને રાખ્યાની તારીખ.	
૬	કર્મચારી/કારીગરો/મજૂર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૭	કર્મચારી/કારીગર/મજૂરને કોના રેફરન્સ/પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૮	કર્મચારી/કારીગર/મજૂરનો ફોટો.	
૯	હથિયાર હોય તો તેની અને લાઈસન્સની પૂરી વિગત.	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી.

અપવાદ

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, પબ્લીક સેકટર, શૈક્ષણિક સંસ્થાઓ ચુંટાયેલી સંસ્થાઓને ઉપરોક્ત હુકમ લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસબી/જાહેરનામું/નવરાત્રી-ઉત્સવ/૧૨૧/૨૦૧૫.—સુરત શહેરમાં આગામી નવરાત્રી મહોત્સવ દરમ્યાન લોકો રાત્રીના સમયે શેરી, મહોલ્લો, સોસાયટીઓમાં, ખુલ્લા પાર્ટી પ્લોટમાં કે, મોટા હોલમાં રાસ-ગરબાનું કે અન્ય કાર્યક્રમોનું આયોજન કરતાં હોય છે. આ કાર્યક્રમોના સ્થળોએ મોટી સંખ્યામાં લોકો ગરબા રમવા માટે તથા જોવા માટે ભેગા થતાં હોય છે. અગાઉ ભુતકાળમાં દેશના મોટા મોટા શહેરોમાં બનેલ શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાના બનાવો તાજેતરમાં પંજાબ રાજ્યના ગુરૂદાલપુર ખાતે આતંકવાદી હુમલાનો બનાવ તથા સુરત શહેર ખાતેથી મળી આવેલ જીવંત બોમ્બના બનાવોને ધ્યાને લેતાં નવરાત્રી મહોત્સવ દરમ્યાન તમામે સાવચેતી રાખવી ખુબ જરૂરી છે.

જેથી સુરત શહેર વિસ્તારમાં તમામ શેરી, મહોલ્લો, તથા સોસાયટીમાં આયોજન કરવામાં આવતાં નાના ગરબાના આયોજકોએ લાઉડ સ્પીકર વગાડવા માટે તેમના વિસ્તારમાં આવતા સંબધિત પો. સ્ટે. ને અરજી આપી પરવાનગી મેળવવાની રહેશે.

જ્યારે મોટા રાસ, ગરબાઓ તથા રામલીલા જેવા અન્ય કાર્યક્રમો જેમાં ટિકિટ/પાસ રાખી આયોજન કરવામાં આવતાં હોય તેવા કાર્યક્રમોના આયોજકોએ સુરત શહેર પોલીસ કમિશનર કચેરીની લાયસન્સ શાખામાંથી પરવાનગી મેળવવાની રહેશે.

ઉપરોકત રાસ, ગરબા તથા રામલીલા જેવા કાર્યક્રમમાં ઘણા લોકો ભેગા થતાં હોય છે. તેવી જગ્યાઓએ આંતકવાદી કે અન્ય કોઈ અઘટિત બનાવ ન બને તે સારૂ સલામતીના હેતુસર આયોજકોએ પાલીસ તરફથી જે વ્યવસ્થા કરવા માટે જણાવવામાં આવે તે મુજબની વ્યવસ્થા કરાવવા સલામતીના હેતુસર મને આદેશ કરવો જરૂરી જણાય છે.

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

શરતો

ટિકિટ, પાસવાળા તેમજ શેરી ગરબા કાર્યક્રમના આયોજકોએ નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે. જે ગરબામાં ટિકિટ અથવા પાસથી પ્રવેશ આપવામાં આવશે તે ગરબા મોટા ગરબા ગણવામાં આવશે.

(૧) ગરબા / કાર્યક્રમના સ્થળ તેમજ પાર્કીંગના સ્થળ સંપૂર્ણ પ્રકાશિત હોવા જોઈએ.

(૨) મોટા ગરબાના પાર્કીંગની જગ્યા, ખાણી પીણાની જગ્યા, ખેલૈયાઓની જગ્યા અને જોનાર પ્રેક્ષકો બેસે તે જગ્યા સહિત સમગ્ર પ્રોગ્રામને આવરી લે તેવી CCTV / વિડીયો રેકોર્ડીંગની સુવિધા આયોજકોએ કરવાની રહેશે અને CCTV કેમેરા પુરતી સંખ્યામાં લગાડવાના રહેશે અને આ રેકોર્ડીંગની એક નકલ બીજા દિવસે ક. ૧૨-૦૦ સુધી અવશ્ય સ્થાનીક પો. સ્ટે. પહોંચતી કરવાની રહેશે.

(૩) ગરબા શરૂ થતાં પહેલા દરરોજ ગરબા સ્થળનું ઝડતી/ચેકીંગ કરી કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ મુકેલ નથી તેની ખાત્રી કરવાની રહેશે.

(૪) મોટા ગરબા સ્થળની પાર્કિંગની જગ્યાના પ્રવેશ દ્વાર ઉપર વાહનોનાં ડ્રાઈવરોને નિઃશુલ્ક ટોકન આપવાની વ્યવસ્થા કરવાની રહેશે. જે ટોકન વાહન બહાર લઈ જતી વખતે પરત આપવાનું રહેશે આ જગ્યાએથી થોડે દુર હોય તે જોવું.

(૫) મોટા ગરબાં આવતા તમામ વ્યક્તિની ડોર ફ્રેમમેટલ ડીટેકટર (ડીએફએમડી), હેન્ડ હેલ્ડ મેટલ ડીટેકટર (HHMD) થી ચેકીંગ (ફ્રીસ્કીંગ) કરાવવાનું રહેશે. મહીલાઓ માટે મહીલા સુરક્ષા કર્મચારી દ્વારા ચેકીંગ થાય તેવી વ્યવસ્થા કરાવવાની રહેશે.

(૬) મોટા ગરબાના સ્થળે કોઈપણ પ્રકારનું પેકેટ, પાર્સલ, બોટલ વિગેરે લઈ જવા પર પ્રતિબંધ રહેશે. ગરબા રમનાર લોકોના સામાન મૂકવા માટે ગરબાની જગ્યાએથી દુર લોકર બનાવવાનું રહેશે.

(૭) પાર્કિંગના સ્થળે અને ગરબાના પ્રવેશ દ્વાર (Entry) અને નિકાસ દ્વાર (Exit) ઉપર જરૂરી સંખ્યામાં સીક્યુરીટીના માણસ મુકવાનું રહેશે.

(૮) પાર્કિંગની જગ્યા સિવાય અન્ય કોઈ જગ્યાએ રોડ ઉપર વાહનો પાર્ક ન થાય તે ખાસ જોવાનું રહેશે.

(૯) ગરબાના આયોજકોએ એસ.એમ.સી. હેલ્થ તથા ફાયર ખાતાની/ શહેરી વિકાસ અધિકારીની/પી. ડબલ્યુ. ડી. ખાતાની ઈલેકટ્રીક ઈન્સ્પેકટરશ્રીની એન.ઓ.સી. મેળવવાની રહેશે.

(૧૦) વન અને પર્યાવરણ વિભાગના તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલરૂલ્સ), ૨૦૦૦ હેઠળના જાહેરનામા ક્રમાંક NO. GNV /2015(02)/ENV/10/2014/133/E માં આપેલ ચુચના મુજબ તમામ સાઉન્ડ સીસ્ટમ ક. ૨૪-૦૦ વાગે અવશ્ય બંધ કરવાની રહેશે.

INDEX

(૧૧) મોટા ગરબા સ્થળોએ ખાણી/પીણા વેચાવવાની જગ્યા ગરબાના મુખ્ય સ્થળથી અલગ અને દુર રાખવી. જે અંગે SMC ના જરૂરી લાયસન્સ મેળવવાની રહેશે.

(૧૨) ગરબા સ્થળોએ જરૂરી સંખ્યામાં આગ ઓલવવાના સાધનો મૂકવાના રહેશે.

(૧૩) ગરબા સ્થળોએ આયોજકોએ જરૂરી પ્રાથમિક સારવારની સુવિધા રાખવાની રહેશે.

(૧૪) ગરબા સ્થળોએ વૈકલ્પિક પાવર સપ્લાઈની સુવિધા રાખી જરૂરી માત્રામાં પાવર જનરેટર સ્ટેન્ડબાય રાખવાના રહેશે.

(૧૫) ગરબા સ્થળોએ રાઉન્ડ ધી ક્લોક પ્રાઈવેટ સિક્યુરીટી/સ્વયંસેવકોની (૨૪ કલાક) વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારી સમય

આ હુકમ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૨૨/૨૦૧૫.–સુરત શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરત શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી.. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નંબર : ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે.

અ.નં.	વિગત		
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:-	
૨	પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ હાલનું સરનામું ટે.ફો. નંબર	:-	

INDEX

અ.નં.	વિગત		
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલીફોન નંબર	:-	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:-	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:-	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	:-	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:-	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો	:-	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી માટે અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ. બી./પરમીટ/એ. સેકશન/૧૨૩/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામજીક તત્ત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઇને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું રાકેશ અસ્થાના, આઇ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઇપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલીકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત શહેરમાં કઇ, જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી પોલીસને જાણ કરવી.

INDEX

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૦) વિદેશી નાગરીકોનો મોબાઇલ નંબર રજિસ્ટરમાં નોંધવાનો રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર એસ.બી/જાહેરનામું/૧૨૫/૨૦૧૫.– સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ પ્લેગૃપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવું જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતાથી ખંડણી / ફીરોતીના રૂપિયા પડાવવાના હેતુથી, બાળક સાથે બદકામ કરવાના હેતુથી, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતા-પિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યક્તિઓ માતા-પિતા સાથે ઘરોબો (સંબંધ) કેળવી અથવા તેમની દિનચર્યાની માહીતી એકત્રિત કરી સંબંધિત બાળકને લલચાવી ફોસલાવી ભણવા માટે અથવા તો રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી ભવિષ્યમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહિતી પ્લેગૃપ / નર્સરી / શાળાના સંચાલકોએ રાખવાની રહેશે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (I.P.S.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગૃપ / નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહિતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગૃપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડેના વાહનો જેવા કે, ઓટો રીક્ષા, મીનીબસ, મારૂતી વાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજિસ્ટ્રેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલીકનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર સંબંધિત સંસ્થાએ રાખવાનો રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વાહન માલીકનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૨	ડ્રાઈવરનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૩	વાહનનો પ્રકાર તથા રજિસ્ટ્રેશન નંબર.	
૪	ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર.	
૫	ડ્રાઈવરનો ફોટો.	
૬	ડ્રાઈવર લઈને આવતાં તથા જતાં બાળકોનું નામ તથા ધોરણ અને ઉંમરની વિગત.	

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદા વાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલીની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે ? તે અંગે વાલી પાસેથી તેના સગા-સંબંધીના પુરૂ નામ, સરનામું મોબાઈલ નંબર/ફોન નંબરની વિગતો સંસ્થાએ તેમના રેકર્ડ ઉપર રાખશે.

(૪) ઘણી ખરી પ્લેગ્રુપ / નર્સરી / શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે, બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતિ હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યક્તિ વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસોને બાળક સોંપવાના રહેશે.

ઉપરના મુદ્દા નંબર (૩) અને (૪) ના અંગેની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર	
૨	વાલીએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.	
૩	પ્રાઈવેટ વાહનનો નંબર	
૪	ડ્રાઈવરનું નામ, સરનામું, ટે.નં. / મો.નં.	
૫	ફોટો	

ઉપરોક્ત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારીથી માંગણી થયેથી સ્કુલ તરફથી તે રજુ કરવાની રહેશે.

(૫) શાળાનો સમય પુરો થાય અને બાળકો શાળાએ થી છુટે ત્યારે શાળા એ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષ થી ઓછી ઉંમરના બાળકોને રવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકોને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોંપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોંપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોંપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે તેના બદલે બીજી કોઈ વ્યક્તિ બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોંપશે. અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે. અને પોલીસ તરફથી માંગેથી રજુ કરવાની રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર.	
૨	વાલી/અધિકૃત વ્યક્તિ સિવાય અન્યને બાળક નો કબજો શાળામાંથી સોંપવામાં તે વ્યક્તિના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.ની વિગત.	
૩	બાળકની સોંપણી કરતાં પહેલાં ખાત્રી કરેલ તેની ચોક્કસ વિગત.	
૪	બાળકનો કબજો જેને સોંપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર.	

ઉપરોક્ત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે અને બીજો કાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાઈવર વિગેરે પાસે રાખવાનો હોય છે. અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યક્તિને જ બાળક સોંપવામાં આવે તે રીતેની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સૂચનાનો અમલ કરવાનો રહેશે.

નોંધ :-

જે માહિતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો માટે આપવાની સુચવેલી તેમાં જણાવવાનું આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉંમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વાલી/ગાર્ડીયનની રહેશે. તે અંગેનું બાંયધરી ખતવાલી / ગાર્ડીયનને સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલીનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલી સ્વતંત્ર રીતે કરવા માંગતા હોય તો તેને આ જાહેરનામાનો બાધ નડશે નહીં.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

BY PRINCIPAL DISTRICT JUDGE,

Notification

No. B-5/937/2015.–The undersigned is pleased to notify the result of Departmental Examination, 2015, which was held on 6th and 7th July, 2015, as under :—

The following Assistants who had appeared in the Higher Standard Departmental Examination and Lower Standard Departmental Examination which was held on 6th and 7th July, 2015 are declaired successful.

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION

Sr. No.	Name of the candidate	In which Court/Branch at present working
1.	Mr. H. M. Thakor	6th (Ad-hoc) Additional District Court, Modasa
2.	Mr. C. A. Shukla	2nd Additional Senior Civil Court, Idar
3.	Mr. P. B. Parmar	Inspection Branch, District Court, Himatnagar
4.	Mr. P. N. Bera	Mamain Court, District Court, Himatnagar
5.	Mrs. M. R. Prajapati	Principal Senior Civil Court, Himatnagar
6.	Mr. M. S. Modi	Nazir Branch, District Court, Himatnagar
7.	Mr. V. P. Makwana	Judicial Branch, District Court, Himatnagar
8.	Mr. C. H. Prajapati	Principal Civil Court, Khedbrahma
9.	Mr. K. A. Malek	Principal Senior Civil Court, Himatnagar
10.	Mr. A. R. Patel	Principal Senior Civil Court, Himatnagar
11.	Mr. C. N. Valand	Principal Senior Civil Court, Modasa
12.	Mr. B. K. Baswa	M.A.C.T. Branch, Dictrict Court, Himatnagar
13.	Mr. D. N. Makwana	Principal Civil Court, Prantij
14.	Mrs. M. R. Vyas	Principal Senior Civil Court, Himatnagar
15.	Mr. H. N. Kadiya	Library Branch, District Court, Himatnagar
16.	Mrs. K. P. Gadhavi	Additional Senior Civil Court, Modasa
17.	Mr. Aezaz Y. Pathan	2nd Additional District Court, Sabarkantha at Idar
18.	Mr. J. R. Parmar	D.G.P. Office, Himatnagar
19.	Mr. D. H. Bhatt	Principal Senior Civil Court, Himatnagar
20.	Mr. H.R. Bhavsar	Principal Civil Court, Dhansura
21.	Mr. K. R. Trivedi	Principal Senior Civil Court, Himatnagar
22.	Mr. H. J. Kumpavat	Principal Civil Court, Bhiloda
23.	Mr. G. K. Vankar	Principal Senior Civil Court, Idar
24.	Mr. D. H. Prajapati	Principal Civil Court, Vijaynagar
25.	Mr. V. B. Bhatt	Principal Civil Court, Talod
26.	Mr. B. J. Shah	Nazir, District Court, Himatnagar
27.	Mrs. D. B. Asari	Principal Senior Civil Court, Idar
28.	Mr. R. J. Makwana	Principal Civil Court, Vadali
29.	Mr. M. D. Patel	Principal Civil Court, Talod
30.	Mr. R. K. Rahevar	3rd (Ad-hoc) Additional Civil Court, Modasa
31.	Mr. U. B. Champavat	Additional Senior Civil Court, Idar
32.	Mr. M. F. Malek	Principal Civil Court, Bayad

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION

Sr. No.	Name of the candidate	In which Court at present working
1.	Mr. J. S. Makwana	Principal Senior Civil Court, Modasa
2.	Mr. D. K. Dodiya	5th (Ad-hoc) Additional Civil Court, Himatnagar
3.	Mr. S. I. Mansuri	Principal Civil Court, Khedbrahma
4.	Mr. H. M. Prajapati	Judicial Branch, District Court, Himatnagar
5.	Mr. V. C. Parmar	Principal Civil Court, Dhansura
6.	Mr. H. H. Bhatt	Nazir Branch, District Court, Himatnagar
7.	Mr. H. H. Solanki	Principal Civil Court, Dhansura
8.	Mr. H. S. Makwana	Additional (Ad-hoc) Civil Court, Khedbrahma
9.	Mr. M. G. Chavda	Principal Civil Court, Prantij
10.	Mr. K. N. Parmar	Taluka Legal Service Committee, Modasa

II

Out of the candidate, who had appeared in the Departmental Examination held on 6th and 7th July, 2015, the following candidates have failed but have obtained examination in the papers shown against their names as under :—

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION

Sr. No.	Name of the candidate	In which Court at present working	Paper in which examption is earned
1.	Mr. B. D. Joshi	4th (Ad-hoc) Additional Civil Court, Himatnagar	III
2.	Mr. F. I. Pathan	Principal Civil Court, Bayad	III and Oral Test
3.	Mr. L. A. Zala	Record Branch, District Court, Himatnagar	III and Oral Test

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION

Sr. No.	Name of the candidate	In which Court at present working	Paper in which examption is earned
1.	Mr. Alpesh N. Patel	Principal Civil Court, Vadali	II and Type Test
2.	Ms. Amitaben R. Patel	Principal Civil Court, Prantij	II
3.	Mr. A. S. Gohel	Principal Civil Court, Prantij	II
4.	Mr. C. R. Sharma	Principal Senior Civil Court, Modasa	I
5.	Mr. D. J. Ramlavat	Judicial Branch, District Court, Himatnagar	I and Type Test
6.	Mr. G. J. Katara	Principal Civil Court, Meghraj	Type Test
7.	Mr. J. V. Joshi	2nd (Ad-hoc) Additional Civil Court, Modasa	Type Test
8.	Mr. K. A. Mistry	D.L.S.A., Himatnagar	Type Test
9.	Mr. M. P. Solanki	2nd Additional District Court, Idar	I
10.	Mr. P. A. Panchal	Principal Civil Court, Bhiloda	I
11.	Mr. P. K. Raval	3rd Additional Senior Civil Court, Himatnagar	Type Test
12.	Mr. P. M. Patel	2nd (Ad-hoc) Additional Civil Court, Bhiloda	I, II and Type Test
13.	Mr. P. R. Chaudhari	Principal Civil Court, Dhansura	I and II
14.	Mr. P. R. Modi	Principal Civil Court, Prantij	Type Test
15.	Mr. R. B. Vanavi	2nd Additional Court, Himatnagar	Type test
16.	Mr. R. P. Kharadi	Principal Civil Court, Vijaynagar	I

INDEX

Sr. No.	Name of the candidate	In which Court at present working	Paper in which examption is earned
17.	Mr. R. G. Patel	Principal Civil Court, Meghraj	II
18.	Mr. R. D. Patel	Principal Civil Court, Vadali	I
19.	Mr. S. R. Patel	2nd (Ad-hoc) Additional Civil Court, Idar	Tyep Test
20.	Ms. S. D. Nayi	M.A.C.T. Branch, District Court, Himatnagar	Type Test
21.	Mr. V. S. Asari	Principal Civil Court, Vijaynagar	I

Necessary note be made in their Service Books.

Himatnagar, 17th October, 2015.

I. C. SHAH,
Principal District Judge,
Sabarkantha, Himatnagar.

Read :

(1) Hon'ble High Court of Gujarat letter No. A. 1318/2008, dated 07 /03/2014.

(2) Government of Gujarat, Legal Department Letter No. PRCH/102014/375/D, dated 12/02/2014.

(3) Government of Gujarat, Women & Child Development Department letter dated 20/01/2014.

(4) Section 4 (2) of the Sexual Harassment of Woman at workplace (Prevention, Prohibition and Redressal) Act, 2013.

(5) The Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/2015[32], dtd 07 /05/2015.

(6) The Hon'ble High Court of Gujarat Notification No. A. 0705/(I)2015[35], , dtd 07 /05/2015.

Notification

No. ADM/13 of 2015.– In view of the Hon'ble High Court letter cited in preamble No. 1 and in view of the Government of Gujarat letters cited preamble No. 2 to 4, the undersigned was pleased to constitute the committee in compliance of Sexual Harassment of Woman at workplace (Prevention, Prohibition and Redressal) act, 2013.

Thereafter , in view of the transfer order of Ms. K. R. Prajapati , 3rd Additional District Judge, Anand and Chairperson of the "Complaint Committee" and Mrs. R. S. Rajput, 5th Additional Sr.Civil Judge, Anand, Member of the "Complaint Committee" under the preamble No. 5 & 6, respectivily, it is necessary to re-constitute the "Complaint Committee" for providing safe Work environment for women working on the establishment of Anand Judicial District. according to the guidelines prescribed by the Hon'ble Supreme Court of India in the case of Vishakha & Others V/s. State of Rajasthan & Others.

Hence, the undersigned is pleased to re-constitute a "Complaint Committee" on the establishment of Anand Judicial District by nominating the following members in the committee.

1	Ms. J. H. Thakkar, 12th (Ad-hoc) Additional Civil Judge, Anand.	Chairperson.
2	Kum. N. V. Patel, Assistant Government Pleader, Anand.	Member.
3	Ms. A. R. Bhatt, Assistant Public Prosecutor, Anand.	Member.
4	Mrs. B. J. Dabhi, Personal Assistant, Chief Judi. Magi. Court, Anand.	Member.
5	Mrs. R.P. Bhatt, Superintendent, Civil Court, Anand.	Member Sectetary.

The chairperson of this committee is requested to submit the information in annexed format at the end of every quarter, so as to unable the undersigned to comply with the direction.

Anand, 27th October, 2015.

Read :

(1) Hon'ble High Court of Gujarat letter No. C. 2605/2013, dated 25/04/2013 directing to the undersigned to constitute Consultative Committee headed by the Principal District Judge, District Collector, District Superintendent of Police, District Development Officer, Executive Engineer (R & B) and Representative of the Bar Association(s).

(2) This office notification no Adm : 06/2015, dated 21-04-2015.

(3) This office notification no Adm : 10/2015, dated 02-09-2015.

(4) An application dated 19-08-2015 of the Ladies Advocates, Anand.

(5) A letter no. BCG/WF/E41/2013, Dated 16-04-2013 of the Bar Council of Gujarat.

(6) An application dated 23-09-2015 of the presidents of the Anand District Bar Association, Anand Criminal Bar Association and Anand Advocate Welfare Association alongwith submission of the Registrar, District Court, Anand, dated 24-09-2015.

Notification

No. ADM/14 of 2015.– As directed by the Hon'ble High Court of Gujarat to constitute Consultative Committee headed by the Principal District Judge, consisting District Collector, District Superintendent of Police, District Development Officer, Executive Engineer (R & B) and Representative of the Bar Association(s) in terms of Section-28 of the Gujarat Civil Courts Act, 2005, the Consultative Committee was lastly reconstituted under the notification cited at pramble no. 3 but, thereafter, in view of the order passed below an application dated 23-09-2015 by the undersigned is pleased to re-constitute the following consultative Committee for the infrastructural facilities in the courts, improvement of work culture, coordination between the bar, bench and other authorities and for the matter incidental thereto.

District Consultative Committee :-

1. The Principal District Judge (Chairman), Anand.
2. The District Magistrate / Collector, Anand.
3. The Superintendent of Police, Anand.
4. The District Development Officer, Anand.
5. The Executive Engineer, R & B Department, Anand.
6. The President, Anand District Bar Association, Anand.
7. The President, Anand Advocate Welfare Association, Anand.
8. The President, Anand Criminal Bar Association, Anand.
9. The President, MACP Practitioners Forum Association, Anand.
10. Senior Most Labour Court Judge, Anand.
11. Mr. V. M. Kachhiya, Member, Labour Court Bar Association, Anand.

Anand, 27th October, 2015.

Dr. A. C. JOSHI,
Principal District Judge,
Anand.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું.

નંબર ડી/એમએજી/૧/જાના/૯૩/વશી/૯૦૨૯-૯૦૯૦/ ૨૦૧૫.– બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી વગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજેરોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીઓની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે. અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે, તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાઇ આવેલ છે.

આથી હું, દિલીપ રાણા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર કચેરી (જિલ્લા સેવા સદન), જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨, બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી કે જ્યાં મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અને તમામ સરકારી કચેરીઓમાં પણ રોજેરોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના સબબ કામે આવેલ હોય તે સિવાયના બિનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેર માર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

ઉક્ત હુકમ તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સબબ જો કોઈપણ વ્યક્તિ કે ઈસમ ઉપર મુજબના નિયમોનો ભંગ કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ઓકટોબર સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું.

નંબર ડી/એમએજી/૧/જાના/૯૪/વશી ૯૦૯૧-૯૧૫૦/ ૨૦૧૫.– બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી તથા બોર્ડર પર આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ અમીરગઢ, અંબાજી, ગુંદરી, થાવર અને થરાદ ખાતે દરરોજ મોટા પ્રમાણમાં નાગરિકો / અરજદારો અલગ અલગ કામ અર્થે જેવા કે લાયસન્સ સંબંધિત વાહનની નોંધણી સંબંધિત તથા નોંધણી બાદની કાર્યવાહીઓ, ટેક્ષ ભરવાની કાર્યવાહી, વાહન કોઇ ગુનામાં પકડાય ત્યારે દંડ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધિત કાર્યવાહીઓ વિગેરે માટે આવે છે. તારીખ ૧લી જુલાઇ, ૧૯૮૯ પછી કાયદેસર એજન્ટ પ્રથા નથી. આ છતાંયે ઘણીવાર અરજદારો/ નાગરિકો જ્યારે કચેરીની કંપાઉન્ડમાં પ્રવેશે છે તે સમયે કચેરીની આસપાસ અથવા નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની સાથે છેતરપીંડી કરીને અથવા ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને/લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા

INDEX

તરીકે કામ કરાવી આપવાનું જણાવીને કેટલાક અનઅધિકૃત ઈસમો આવી પ્રવૃત્તિઓ કરીને અરજદાર સાથે છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે.

આથી હું, દિલીપ રાણા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી તથા જિલ્લામાં આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ અમીરગઢ, થરાદ, ગુંદરી, તથા અંબાજી ખાતે કે રોજેરોજ જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે અરજદાર સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરી/ચેકપોસ્ટો પર આવતી જાહેર જનતા, અરજદારોને ગેર માર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

ઉક્ત હુકમ તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ઓકટોબર સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ના રૂલ-૧૮૪ (સેકશન-૧૧૨ અંતર્ગત તથા કેન્દ્ર સરકારના નોટિફિકેશન નં. ૪૨૫(ઈ) મુજબનું.

નંબર ડી/એમએજી/૧/કા.વ્ય./જાના-૯૫/વશી/૯૩૩૪-૯૩૯૩/૨૦૧૫.-બનાસકાંઠા જિલ્લામાં મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ના રૂલ-૧૮૪ (સેકશન-૧૧૨) અંતર્ગત તથા કેન્દ્ર સરકારના નોટિફિકેશન નં. ૪૨૫(ઈ) મુજબ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચે મુજબનો મુસદો જેનાથી અસર થવાનો સંભવ હોય તેવી વ્યક્તિઓની જાણ સારૂ સદરહુ કલમ-૩૩ ની પેટા કલમ-(૧)(ગ) ના ઠરાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ કર્યો છે અને આથી નોટીસ આપવામાં આવે છે કે, સદરહુ મુસદો જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા પાલનપુર જે રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૧ મહિનો પૂર્ણ થયે વિચારણામાં લેશે.

ઉપરોકત મુદત પૂરી થતાં પહેલા સદરહુ મુસદ્દાના સંદર્ભમાં કોઇ વ્યક્તિ તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા પાલનપુરને જે કંઇ વાંધા સૂચનો મળશે તેની ઉપર તેઓ વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદો

બનાસકાંઠા જિલ્લામાં શહેરી વિસ્તારમાં પસાર થતા વાહનોની વધુ સ્પીડના કારણે અકસ્માતના વધી રહેલા પ્રમાણ તેમજ વાહન ચાલકો અને પ્રજાના જાનમાલની સુરક્ષાને ધ્યાને રાખી અકસ્માતોનું પ્રમાણ ઘટે તેમજ પ્રજાના જાનમાલની સલામતિ જળવાય તો સારૂ પાલનપુર, ડીસા, થરાદ, ધનેરા, ભાભંર અને અંબાજી ટાઉન જેવા વિસ્તારમાં વાહનોની વધુ સ્પીડના કારણે તેમજ શહેરી વિસ્તારમાં ભારે ટ્રાફિક હોવાના કારણે વાહનોની વધુ સ્પીડથી અકસ્માતો થવાની સંભાવના રહે છે. જેથી સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : ટીએફકે/૧૦૨૦૧૪/જી.ઓ.આઇ.-૬૪/વી, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના પત્રથી તમામ શહેરી વિસ્તારોમાંથી પસાર થતા વાહનોની ગતિ મર્યાદા ઓછી રાખવા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ના રૂલ-૧૮૪ (સેકશન-૧૧૨ અંતર્ગત તથા કેન્દ્ર સરકારના નોટિફિકેશન નં. ૪૨૫(ઈ) અન્વયે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, થરાદ, ધાનેરા, થરા, ભાભર અને અંબાજી ટાઉનના સમગ્ર શહેરી વિસ્તારમાં પસાર થતા કે ચાલતા વાહન ચાલકોને નીચે દર્શાવેલ શહેરો/ટાઉનના વિસ્તારોમાં પસાર થતા વાહનોએ કોલમ-૪માં જણાવ્યા મુજબ ગતિથી વાહનની ગતિ રાખવાની રહેશે. તે મુજબ ગતિ મર્યાદા અનુસરવાની રહેશે

અનુ. નં.	શહેર	વિસ્તાર	વાહનની ગતિ મર્યાદા પ્રતિ કલાક
૧	૨	૩	૪
૧	પાલનપુર	રેલ્વે ઓવર બ્રિજથી પૂર્વનો વિસ્તાર	૨૦ કિ.મી.
૨	પાલનપુર	રેલ્વે ઓવર બ્રિજથી પશ્ચિમનો વિસ્તાર	૪૦ કિ.મી.
૩	ડીસા	ડીસા શહેરનો વિસ્તાર	૨૦ કિ.મી.
૪	ડીસા	ડીસા શહેર હાઈવેનો વિસ્તાર	૪૦ કિ.મી.
૫	થરાદ	થરાદ શહેરનો સમગ્ર વિસ્તાર	૩૦ કિ.મી.
૬	ધાનેરા	ધાનેરા શહેરનો સમગ્ર વિસ્તાર	૩૦ કિ.મી.
૭	અંબાજી	અંબાજી ટાઉનનો સમગ્ર વિસ્તાર	૩૦ કિ.મી.
૮	દિયોદર	દિયોદર ટાઉનનો સમગ્ર વિસ્તાર	૩૦ કિ.મી.
૯	થરા	થરા ટાઉનનો સમગ્ર વિસ્તાર	૩૦ કિ.મી.
૧૦	ભાભર	ભામર ટાઉનનો સમગ્ર વિસ્તાર	૩૦ કિ.મી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ મોટર વ્હીકલ એકટ-૧૯૮૮ની સેકશન-૧૯ (સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯નો રૂલ-૨૧) હેઠળ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ સરકારી વાહનો/એમ્બ્યુલન્સ અને ફાયર ફાયટર વાહનોને લાગુ પડશે નહિ.

આજ રોજ તારીખ ૧૯મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો કરવામાં આવ્યો.

દિલીપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

INDEX

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૮૬૫૧ થી ૮૬૯૯/૨૦૧૫.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક ઈએલસી/સી.ઓ.સી./૩(૭) /૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી રાજ્યની મહાનગર પાલિકા/નગર પાલિકા/તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/એલ અને ઓ./ઈએસ.-૦૨૧/૯૪, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના પેરા-૪.૧માં આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી (૧૦) દશથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર અન્ય વાહનોની અવર-જવર કરવા દેવામાં આવશે નહી.

પંચાયતની સામાન્ય ચૂંટણી, ૨૦૧૫ દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતાં હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારના વાહનો/ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

વાસ્તે હું, ડૉ. વિક્રાંત પાંડે, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) ભરૂચ જિલ્લામાં જાહેર રસ્તાઓ પર (૧૦) દશથી વધુ વાહનોના કાફલામાં મોટર કાર અન્ય વાહનો ઉપર અવર-જવર કરવા દેવામાં આવશે નહિ.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહિં.

(૧) મેજિસ્ટ્રેટ અને પોલીસના વાહનોને,

(૨) ચુંટણી કામે જતાં સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચુંટણીના કામે સંપાદન કરેલા વાહનોને,

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૮૭૦૦ થી ૮૭૪૯/ ૨૦૧૫.–ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક ઈએલસી/સી.ઓ.સી./૩(૭) /૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી રાજ્યની મહાનગર પાલિકા/નગર પાલિકા/તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતના ચૂંટણીપંચ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩/૮/૯૪/જે.એસ.-૨, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪નાં પારા-નં. ૩૩ અને ૩૫ માં આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે તથા આ કામે નામ. સુપ્રિમકોર્ટ તરફથી પણ લાઉડ સ્પીકર વિગેરેના ઉપયોગથી થતા અવાજ પ્રદૂષણ અંગે આદેશો બહાર પાડેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. તેમજ જુદા જુદા ગામોએ, વસવાટોને મહોલ્લાએ, વસાહતોને અને લત્તાઓમાં પણ જાય છે. આને કારણે ખૂબ ધ્વની પ્રદૂષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબ જ પ્રતિકૂળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકર વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે ખૂબ જ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃદ્ધો અશક્ત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખૂબ જ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબ જ હરકત, અગવડ, ત્રાસ જોખમ અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

વાસ્તે હું, ડૉ. વિક્રાંત પાંડે, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩)થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારનાં વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય ભરૂચ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કરી શકાશે નહિ.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસના હેતુસર તમામ વિસ્તારમાં સવારે ૬-૦૦ વાગ્યા પછી કે ૨૨-૦૦ કલાક પહેલાં સ્થળ પર જે રખાયેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો ફક્ત નિયત માત્રા મુજબ જ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીના અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સરકારી સત્તાધિકારીએ જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિ તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે.

INDEX

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૮૭૫૦ થી ૮૭૮૩/૨૦૧૫.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક ઇએલસી/સી.ઓ.સી./૩(૭) /૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી રાજ્યની મહાનગર પાલિકા/નગર પાલિકા/તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતના ચૂંટણી પંચ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩-૯-(ઈ.એસ.)-૦૦૮/૯૪-જે.એસ.-૨/૫૧૫૨, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ થી આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશનો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭(ક) ની જોગવાઈઓ લાગુ પડે છે. જેથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, વિગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવું આવશ્યક છે.

ચૂંટણી દરમ્યાન રાજકીયપક્ષોના ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, વિગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયા, ભીંતપત્રો, વિગેરે પર મુદ્રક અને પ્રકાશકનું નામ અને સરનામું છપાવવાની ખાસ આવશ્યકતા છે.

વાસ્તે હું, ડૉ. વિક્રાંત પાંડે, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) કોઈપણ વ્યક્તિ જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહિ. અથવા છપાવી કે પ્રસિદ્ધિ કરાવી શકશે નહિ.

(૨) કોઈપણ વ્યક્તિ ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહિ કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ સિવાય કે,

  (ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતો હોય તેવી વ્યક્તિઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય,

  (ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર, ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના માલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ-સરનામું તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે

લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૨૭(ક) હેઠળ આવું સાહિત્ય છાપનાર તેની ૪(ચાર) નકલ સંબંધિત ચૂંટણી અધિકારીને મોકલી આપવાની રહેશે તેમજ તે અંગે નિયત જોડાણમાં તે અંગેની લેખિતમાં જાહેરાત કરવાની રહેશે. આ સૂચનાની તમામ પ્રિન્ટીંગ પ્રેસના માલિકો-મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમનો અમલ ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી રહેશે.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૮૭૮૪ થી ૮૮૦૯/૨૦૧૫.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક ઇએલસી/સી.ઓ.સી./૩(૭) /૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી રાજ્યની મહાનગર પાલિકા/નગર પાલિકા/તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ થનાર છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ હથિયારો અંગે પ્રતિબંધ મુકવા આદેશ ક્રમાંક-૪૬૪ કાયદો અને વ્યવસ્થા/ઈએસઓ/૨૧/૯૪, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪થી જરૂરી આદેશો બહાર પાડેલ છે.

અનુભવે જણાયેલ છે કે, ગત લોકસભા વિધાનસભા તથા પંચાયતોની ચૂંટણીઓ દરમ્યાન ભરૂચ જિલ્લાના જુદા જુદા સ્થળોએ હિંસાના બનાવો બનવા પામેલ છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળવા પામેલ હતી. તે ધ્યાનમાં લેતાં આ વખતની તાલુકા-જિલ્લા પંચાયત તથા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી દરમ્યાન હિંસક બનાવો ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવા આવશ્યક જણાય છે.

સબબ મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર સમગ્ર ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હું, ડૉ. વિક્રાંત પાંડે, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) ભરૂચ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં કોઈ વ્યક્તિને શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહિ. તેમજ હથિયાર પોતાના રહેઠાણના નજીકનાં પોલીસ સ્ટેશનમાં જમા કરી દેવા.

(૨) ભરૂચ જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનારા વ્યક્તિઓ કે જેઓ હાલમાં ભરૂચ જિલ્લામાં વસવાટ કરતાં હોય તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના નજીકનાં પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા તથા હથિયાર ધારણ કરી ફરવું નહિ.

INDEX

(તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી).

વધુમાં જે કિસ્સાઓમાં હથિયાર પરવાનેદારોને હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવા માટે જે જર્ની પરમીટો આપવામાં આવેલ હશે. તો તે પણ ઉપરોકત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઇ જવાનું કાયદાકીય ફરજનો ભાગ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષક આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચુંટણી ૨૦૧૫ની ચુંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય અને ચુંટણીનો સમયબધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય ઉપર પારામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪(૨) હેઠળ હુકમ કરૂં છું.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૭નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૮૮૧૦ થી ૮૮૩૭/૨૦૧૫.– ગુજરાત રાજ્યની મહાનગર પાલિકા/નગર પાલિકા/તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫ને લક્ષમાં લઇ ભરૂચ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે તે માટે ભરૂચ જિલ્લામાં કોઈપણ પ્રકારના કાયદાનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને હાલમાં લોકસભા ચૂંટણીને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલા ચૂંટણી આચાર સંહિતાની જોગવાઈઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂરિયાત જણાય છે.

વાસ્તે હું, ડૉ. વિક્રાંત પાંડે, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠણ અમોને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ કલાક ૦૮-૦૦ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫નાં કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો

(૧) જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ, અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો.

વિસ્તાર

ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી-૮૮૩૮થી ૮૮૬૦/૨૦૧૫.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક ઇએલસી/સી.ઓ.સી./૩(૭) /૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી રાજ્યની મહાનગર પાલિકા/નગર પાલિકા/તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ થનાર છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/તાત્કાલિક/૨૦૦૭/પીએલએન-૧. તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૭ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા આપેલ સુચનાઓ મુજબ ધાર્મિક સ્થળનો ચૂંટણી પ્રચારના ઉપયોગ પર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી જાહેર જીવનને સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે. જેથી ધાર્મિક સ્થળોનો ચૂંટણીલક્ષી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે માટે નિયંત્રણો મુકવા જરૂરી છે.

વાસ્તે હું, ડૉ. વિક્રાંત પાંડે, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

ભરૂચ જિલ્લામાં સમગ્ર વિસ્તારોમાં આવેલ કોઈપણ મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ ધાર્મિક પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો કે ચૂંટણીના કોઈપણ પ્રકારના હેતુ માટે તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધીના સમયગાળા સુધી ઉપયોગ કરી શકાશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર / ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૩મી માહે ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી-૮૮૬૧થી ૮૮૮૭/૨૦૧૫.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક ઈએલસી/ સી.ઓ.સી./૩(૭) /૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી રાજ્યની મહાનગર પાલિકા/નગર પાલિકા/તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ થનાર છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩/૧૦/ઈએસ./૦૭૭/૯૪/જે.એચ.-૨/૫૨૧૬, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪, તેમજ ગુજરાત રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીનાં પરિપત્ર ક્રમાંક ઈ. એલ.સી- ૧૦૯૮/૭૬-(૨)-છ, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત, પાટીયા, બેનર, વિગેરે મુકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાય છે.

ચૂંટણી દરમ્યાન રાજકીયપક્ષો અંગે ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગ, માલિકોનાં મકાનો, વિગેર ઉપર વિશાળ પોષ્ટરો બેનર રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવશે. પ્રદર્શિત કરવામાં આવશે એ જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા બેનર્સ, ભીંતસુત્રો, ધજા, પતાકા, ભીંતચિત્રો વિગેરે ઉભા કરે છે, અથવા મૂકે છે. આને લીધે ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે રાજ્યની મહાનગર પાલિકા/નગર પાલિકા/તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫ની પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ મુકવા માટે હું, ડૉ. વિક્રાંત પાંડે, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

(અ) રાજ્ય સરકાર, નગર પાલિકાઓ અથવા સરકારી બોર્ડ નિગમો, પંચાયતની માલીકીના રસ્તાઓ, માર્ગો, મકાનો, અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીયપક્ષ દ્વારા ઉમેદવાર અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન, અથવા વ્યક્તિ દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા પટાકા, બેનર્સ મુકી શકાશે નહિ, કે દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહિ, કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહિ. (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ મૂકી શકાશે નહિ.)

(બ) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત પાટીયા પોસ્ટર ધજા પતાકા બેનર્સ, ખાનગી માલિકીની જગ્યામાં મુકવા માંગતા હોય તો ચૂંટણીના ઉમેદવાર માટેના કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિએ નીચેની શરતોનું પાલન કરવાની શરતે મુકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) ખાનગી મિલ્કતોમાં હોર્ડીગ્સ કટ આઉટ વિગેરે મુકવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

(૨) કટઆઉટની ઊંચાઈ ૮ ફૂટથી વધવી જોઈએ નહિ.

(૩) જે તે રાજકીય પક્ષ/ઉમેદવાર ખાનગી જગ્યામાં કટઆઉટ જાહેરાત, પાટીયા બેનર્સ, મુકવા હશે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી લીધેલી હોવી જોઈએ. આ મંજુરી કોઈપણ અધિકારીશ્રી/પોલીસ જ્યારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટઆઉટ, જાહેરાત, ભીંતસુત્રો, પાટીયા બેનર્સ વિગેરે કોઈક સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફૂટ × ૮ ફૂટથી વધારે હોવી જોઈશે નહિ.

આ હુકમના ભંગ બદલ ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૩મી માહે ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

ક્રમાંક/એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૮૮૮૮થી ૮૯૫૮.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક ઈએલસી/ સી.ઓ.સી./૩(૭) /૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી રાજ્યની મહાનગર પાલિકા/નગર પાલિકા/તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અંતર્ગત ભરૂચ જિલ્લામાં તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫ દરમ્યાન ઉમેદવારી પત્રો ભરવાનો કાર્યક્રમ નક્કી થયેલ છે.

ભારતનાં ચૂંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ સુચના મુજબ ઉમેદવારી પત્રો ભરવાના સમયે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની ૧૦૦ મીટરના વિસ્તારમાં ઉમેદવાર/ઉમેદવારી પત્ર રજુ કરનાર સહિત વધુમાં વધુ ૫ (પાંચ) વ્યક્તિઓ તથા વધુમાં વધુ ત્રણ વાહનો પ્રવેશ કરવા સૂચના આપવામાં આવેલ છે.

વાસ્તે, હું ડૉ. વિક્રાંત પાંડે, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત) સુધી ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની ૧૦૦ મીટરના વિસ્તારમાં ઉમેદવાર/ઉમેદવારી પત્ર રજુ કરનાર સહિત વધુમાં વધુ ૫ (પાંચ) વ્યકિતઓ તથા વધુમાં વધુ ત્રણ વાહનો પ્રવેશ કરી શકશે.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી/કર્મચારી તથા હોમગાર્ડને.

આજ રોજ તારીખ ૨૩મી માહે ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડૉ. વિક્રાંત પાંડે,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર ડીસીબી/એમએજી/મોબાઈલ ફોન/રજી. નં. ૪૫/૨૦૧૫.– રાજ્ય તથા જિલ્લામાં બનતા મહત્તમ ગુનાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. આવા ગુનાઓ ઉકેલવા માટે મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને, ગુનાના મૂળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. તેમજ હાલમાં મોબાઈલની ચોરીના ગુનાઓ પણ વધી રહેલ છે. અને ઘણીવાર મોબાઈલ ફોનનો ઉપયોગ કરનાર સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ હોવાનું જણાવતા હોય છે. જેથી, તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. જેથી, આ બાબતે કોઈ વ્યક્તિઓ મોબાઈલ / સીમકાર્ડ વિગેરે કોઈ પણ ઓળખપત્ર વગર લેનાર / વેચનારની જવાબદારી નક્કી કરવી જરૂરી છે.

ઉક્ત હકીકતે ગુનાઓમાં વપરાયેલ મોબાઈલ તથા ચોરાયેલ મોબાઈલ ફોનના ગુનાઓમાં મૂળ સુધી પહોંચવા જુના મોબાઈલ /સીમકાર્ડ વેચવા ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રવિ કુમાર અરોરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લો વલસાડ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

વલસાડ જિલ્લામાં સમગ્ર હદ વિસ્તારમાં મોબાઈલની દુકાન ચલાવતા એકમોના માલિકે કોઈપણ જાણી અજાણી વ્યક્તિઓની પાસેથી જુના મોબાઈલ લેતી વખતે તથા વેચાણ કરતી વખતે લેનાર તથા વેચનારનું પુરપુરૂં નામ, સરનામું ફરજિયાત નોંધવાનું રહેશે. અને તે બાબતે નીચે મુજબના અલગ-અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે.

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જૂના મોબાઈલ લેતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપનીનું નામ	I.M.E.I. No.	મોબાઈલ વેચનારનું નામ તથા સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓને જૂના મોબાઈલ વેચાણ કરતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપનીનું નામ	I.M.E.I. No.	મોબાઈલ ખરીદનારનું નામ તથા સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

વલસાડ જિલ્લાના સમગ્ર હદ વિસ્તારમાં સીમકાર્ડ વેચાણ કરતી વખતે વિક્રેતાએ ખરીદનારના નામ સરનામા તથા ઓળખના પુરાવાઓની ફરજીયાતપણે નોંધ રાખવા માટે નીચેના મુજબનું રજિસ્ટર નિભાવવાનું રહેશે તથા ફોટા સાથેની વિગત રાખવાની રહેશે.

સીમકાર્ડનું વેચાણ કરતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની કંપની અને સીમકાર્ડ / મોબાઈલ નંબરની વિગત.	સીમકાર્ડ વેચાણ તારીખ	સીમકાર્ડ ખરીદનારનું નામ તથા સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

ઉક્ત હુકમ તારીખ ૧૯મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૭મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/રજી. નં. ૪૬/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, વલસાડએ તેઓના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૨૦૧૬/૨૦૧૫, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી જણાવ્યા મુજબ સમગ્ર વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારના ચાલતા ટ્યુશન ક્લાસીસમાં વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જતા હોય વહેલી સવારના શૈક્ષણિક ટ્યુશન કલાસમાં જતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ કયારેક અસામાજિત તત્ત્વો દ્વારા ગંભીર પ્રકારના શરીર સંબંધિત ગુનાઓ આચરવામાં આવતા હોય છે. ભવિષ્યમાં આવા ગંભીર પ્રકારના ગુનાઓ અત્રેના જિલ્લામાં બને તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓના જાહેર હિતમાં વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં તેમજ રાત્રીના ૧૯-૦૦ કલાક પછી શૈક્ષણિક ટ્યુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે વિનંતી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત ધ્યાને લેતાં જાહેર સલામતિ તેમજ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓના જાહેર હિતમાં વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં તેમજ રાત્રિના ૧૯-૦૦ કલાક પછી શૈક્ષણિક ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

સબબ, ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ, હું, રવિ કુમાર અરોરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આથી ફરમાઉ છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૯મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૭મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં તેમજ રાત્રીના ૧૯-૦૦ કલાક બાદ કોઈ પણ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ શરૂ કરવા નહિં.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ સજા/દંડ થઈ શકશે.

આજ રોજ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર ડીસીબી/એમએજી/CCTV/જાહેરનામું/રજી.નં.-૪૭/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની દરખાસ્ત મુજબ ભુતકાળમાં રાષ્ટ્રીય સ્તરે બનેલ આંતંકી હુમલાઓ તેમજ ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો ધ્યાને લેતાં આતંકવાદી તત્ત્વો / રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓ કરતી ગેંગ વાહનોનો ઉપયોગ કરી રાજ્ય બહારથી આવે છે અને હાઈવે પર હોટલો/ધાબાઓનો ઉપયોગ કરી આશરો મેળવે છે. ધાડ, લુંટ, ચોરી, વાહન ચોરી, મંદિર ચોરી, ખુન, જીવલેણ હુમલાઓ જેવા ગુનાઓ આચરતા ગુનેગારો ગુનો કર્યા પહેલાં વાહનોમાં જિલ્લાના મુખ્ય રોડ તેમજ હાઈવે ઉપર આવેલ પેટ્રોલ પંપો ઉપર પેટ્રોલ/ડીઝલ ભરાવતા હોય તેમજ હાઈવે ઉપરની હોટલો ઉપર ચા-નાસ્તો કે જમતા હોવાની શક્યતા રહેલી છે. આવા ગંભીર પ્રકારના ગુનાઓ ભુતકાળમાં બનેલ છે. જેના લીધે જાહેર જનતાની સલામતી અને શાંતિમાં જોખમ ઉભુ થાય છે. જિલ્લામાં બનતા ઉપરોકત જણાવેલ મિલ્કત/શરીર સંબંધિ ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતિ જાળવવા સારૂ નીચે જણાવ્યા મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા માટે આથી હુકમ કરૂં છું.

હું, રવિ કુમાર અરોરા, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ જિલ્લો, વલસાડ ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છુે કે,

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં શહેર/ગ્રામ્ય/હાઈવે રોડ ઉપર આવેલ તમામ હોટલ/ધાબા/ગેસ્ટ હાઉસ/લોજીંગ-બોર્ડીંગ/ધર્મશાળા/અતિથિગૃહ/વિશ્રામગૃહો/રિસોર્ટ/ફાર્મ હાઉસ/પેટ્રોલ પંપ/બેંકો/એ.ટી.એમ. સેન્ટરો/સીનેમા ઘરો/શોપીંગ મોલ/આંગડીયા પેઢી/સાયબર કાફે/તથા સોની વેપારીઓની દુકાનમાં સી.સી.ટી.વી. કેમેરા (વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા માટે જણાવવામાં આવે છે.

જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ઉપર ફીલીંગ સ્ટેશન ઉપર આવતી જતી વ્યકિતઓ/વાહનોની ઓળખ થઇ શકે તેમજ પેટ્રોલ પપંની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ડ્રાઇવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રેકોર્ડીંગ થઇ શકે તેમજ હોટલમાં આવતી જતી વ્યકિતઓ/વાહનની ઓળખ થઇ શકે તેમજ હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલ વ્યકિતઓનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે તમામ પેટ્રોલ પંપો/હોટલો/ધાબાના સંચાલકો તરફથી પુરતી સંખ્યામાં સીસીટીવી કેમેરા ગોઠવવાના રહેશે.

આ હુકમ તા. ૧૯મી ઓકટોબર, ૨૦૧૫ થી. તા. ૧૭મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ સજા/દંડ થઇ શકશે.

આજ રોજ તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૪૯/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ થી જણાવ્યા અનુસાર કમાન્ડન્ટ કમ પ્રિન્સીપલશ્રી આર.પી.એફ. ઝોનલ ટ્રેનિંગ ઇન્સ્ટીટયુટ વલસાડના તારીખ ૧૯મી ઓકટોબર, ૨૦૧૫ના પત્રમાં જણાવ્યાનુસાર ઝાંસી મુકામે ઓલ ઇન્ડિયા શુટીંગ કોમ્પીટીશન, ૨૦૧૫ અનુસંધાને આરપીએફના કર્મચારીઓને ફાયરીંગ પ્રેકટીશ કરવાની રહે છે. ફાયરીંગ પ્રેકટીશનીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઇપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઇજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, રવિકુમાર અરોરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ સવારે

INDEX

૭-૦૦ થી ૧૯-૦૦ કલાક દરમ્યાન ફાયરીંગની પ્રેક્ટીશ યોજનાર હોય તે દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેક્ટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૫૦/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ થી જણાવ્યા અનુસાર વલસાડ જિલ્લાના પોલીસ અધિકારી/કર્મચારીઓની સને ૨૦૧૫ ના વર્ષની પ્રથમ વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ માહે ૨/૨૦૧૫ (ફેબ્રુઆરી)માં લેવાની બાકી રહી ગયેલ હોય તથા બીજા ટર્મની વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીશ માહે ૧૦/૨૦૧૫ (ઓકટોબર)માં લેવાની રહે છે. ફાયરીંગ પ્રેક્ટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, રવિકુમાર અરોરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) કલમ–૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-જની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકો ઉંમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ (દિન-૩૦) સુધી સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ કલાક દરમ્યાન ફાયરીંગની પ્રેક્ટીશ યોજનાર હોય તે દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

રવિકુમાર અરોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) અન્વયેનો.

નંબર ડીસીબી/એમએજી/વશી/૧૧૨૭૨ થી ૧૧૨૮૭/૨૦૧૫.–તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ (મહોરમ) કતલની રાત તથા તા. ૨૪મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મહોરમ તાજીયાનો તહેવાર યોજાનાર છે. આ તહેવાર દરમ્યાન મુસ્લીમ ભાઈઓ તરફથી બન્ને દિવસો સહિત બીલીમોરા શહેરમાં તાજીયાનું જુલુસ કાઢવામાં આવનાર છે. આ સમય દરમ્યાન જાહેર જનતા બહોળા પ્રમાણમાં એકત્રિત થશે તેમજ વાહનોની અવર જવરથી ટ્રાફીક નિયમનને અસર થવા સંભાવના હોય આ અંગે ટ્રાફીક નિયમન માટે અને જાહેર જનતાનાં હિતમાં સલામતીના પગલાં લેવા મને જરૂરી જણાયું છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-(૧)ના કલોઝ (ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી નીચે જણાવ્યા પ્રમાણે વાહનોની અવર-જવર માટે આથી મનાઈ ફરમાવું છું.

‘‘તા. ૨૩/૨૪મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ બપોરે ૧૪-૦૦ કલાક થી રાત્રિના ૨૪-૦૦ કલાક સુધી બીલીમોરા ટાઉન પશ્ચિમ વિસ્તારમાં મોટા ભારે વાહનોની અવર-જવર થાય છે. તે અવર-જવર ઉપર ઉપરોકત સમય દરમ્યાન પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.’’

‘‘બીલીમોરા થી વાઘરેચ તરફ જતી એસ.ટી. બસો સ્ટેશન રોડ થઈને જવાને બદલે વાયા દેસરા ઓરીયા મોરીયા થઈ વાઘરેચ તરફ ડાયવર્ટ કરવા હુકમ કરવામાં આવે છે.’’

ઉપરોકત હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧નો ૨૨ મો માં) કલમ-૧૩૧માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

નવસારી, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) અન્વયેનો.

નંબર ડીસીબી/એમએજી/તાજીયા (મહોરમ)/વશી/૧૧૨૮૮ થી ૧૧૩૧૫/૨૦૧૫.–તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ (મહોરમ) કતલની રાત તથા તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મહોરમ તાજીયાનો તહેવાર યોજાનાર છે. આ તહેવાર દરમ્યાન મુસ્લીમ ભાઈઓ તરફથી બન્ને દિવસો સહિત નવસારી શહેરમાં તાજીયાનું જુલુસ કાઢવામાં આવનાર છે. કતલની રાત્રે તમામ તાજીયા પરંપરાગત રૂટ પ્રમાણે પોત પોતાના સ્થાનકથી નીકળનાર છે અને પરત પોતાના સ્થાનકે આવી બીજા દિવસે તાજીયા વિસર્જન થનાર છે.

આજ સમય દરમ્યાન જાહેર જનતા બહોળા પ્રમાણમાં એકત્રીત થશે તેમજ વાહનોની અવર જવરની ટ્રાફીક નિયમનને અસર થવા સંભાવના હોય આ અંગે ટ્રાફીક નિયમન માટે અને જાહેરજનતાનાં હીતમાં સલામતીના પગલાં લેવા મને જરૂરી જણાયું છે.

INDEX

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મો) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) ના ક્લોઝ (ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું. રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી નીચે જણાવેલ વિગતે વાહનોની અવર-જવર માટે આથી મનાઈ ફરમાવું છું.

(૧) તાજીયા શહાદતની રાત તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ માટેનો પ્રતિબંધિત માર્ગ :-

તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ ૨૦-૦૦ કલાક થી તા. ૨૪મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ ૧૩-૦૦ કલાક સુધી પ્રજાપતિ આશ્રમથી ડેપો, ચારપુલ ચોકીથી પાંચ હાટડી તથા ઈન્દીરાજીની પ્રતિમા જુનાથાણાથી પાંચ હાટડી, કંસારવાડ, મોટા બજાર ટાવર નવસારી ટાઉન, પોલીસ સ્ટેશન થઈ ખાટકીવાડ સુધીનો માર્ગ ઉપર વાહન વ્યવહાર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

વૈકલ્પિક માર્ગ :-

ઉપરોકત પ્રતિબંધના કારણે લુન્સીકુઈથી સ્ટેશન જતા આવતા વાહન ચાલકો દુધિયા તળાવ, આશાનગર, સાંઢકુવા થઈ સ્ટેશન અથવા લુન્સીકુઈ થી દરગાહ રોડ, માર્કેટ, ગોલવાડ ફુવારા થઈ સ્ટેશન જતા માર્ગનો ઉપયોગ કરી શકશે. પ્રતિબંધિત માર્ગ પાસેના રહેણાંક વિસ્તારમાં વાહન ચાલકો ગલી-શેરીઓનો ઉપયોગ કરી શકશે.

સુરત જતાં આવતાં વાહનો વિરાવળ નાકા, ઝવેરી સડક રોડ જુનાથાણા કાલીયાવાડી નાકા, દશેરા ટેકરી, લુન્સીકુઈ થઈ શહેરમાં પ્રવેશી શકશે.

(૨) તાજીયા વિસર્જન તા. ૨૪મી ઓકટોબર, ૨૦૧૫ માટેનો પ્રતિબંધિત માર્ગ.

તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ કલાક ૧૪-૦૦ થી ૨૪-૦૦ દરમ્યાન પ્રજાપતિ આશ્રમ થી ડેપો, ચારપુલ ચોકી થી પાંચ હાટડી અને ઈન્દીરાજીની પ્રતિમા, જુનાથાણા થી પાંચ હાટડી, કંસારાવાડ, મોટા બજાર ટાવર નવસારી ટાઉન પોલીસ સ્ટેશન ખાટકીવાડ, પારસીવાડ અગીયારી તરફ જનાર હોય સદર માર્ગ વાહન વ્યવહાર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

વૈકલ્પિક માર્ગ :-

તા. ૨૪મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ તાજીયા વિસર્જનના દિવસે ઉપરોકત પ્રતિબંધના કારણે લુન્સિકુઈ થી સ્ટેશન જતા-આવતા વાહન ચાલકો દુધિયા તળાવ, આશાનગર સાંઢકુવા થઈ સ્ટેશન અથવા લુન્સીકુઈ થી ટેકનીકલ હાઈસ્કુલ, માર્કેટ, ગોલવાડ, ફુવારા થઈ સ્ટેશન જતાં માર્ગનો ઉપયોગ કરી શકશે. પ્રતિબંધિત માર્ગ પાસેના રહેણાંક વિસ્તારમાં વાહન ચાલકો ગલી-શેરીઓનો ઉપયોગ કરી શકશે.

સુરત જતાં-આવતાં વાહનો વિરાવળ નાકા, ઝવેરી સડક રોડ જુનાથાણા કાલીયાવાડી નાકા, દશેરા ટેકરી, લુન્સીકુઈ થઈ શહેરમાં પ્રવેશી શકશે.

ઉપરોક્ત હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧નો ૨૨મો માં) કલમ-૧૩૧માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

નવસારી, તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

સુધારા જાહેરનામું

નં. એમએજી/જાહેરનામુ/વશી/૨૩૧૦/૨૦૧૫.—અત્રેના જાહેરનામા ક્રમાંક એમએજી/જાહેરનામું/૨૧૯૨ થી ૨૨૨૪, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૧૫ થી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામુ બહાર પાડેલ છે. તેના ફકરા નં. (૨)ની ત્રીજી-ચોથી લીટીમાં ''તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૧૫''ને બદલે ''તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૧૫ (બન્ને દિવસો સહીત)'' એમ વાંચવું.

આજ તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

પી. ભારથી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલો.

ક્રમાંક એમએજી/બોર્ડ પરીક્ષા/વશી-૮૩૮૧ થી ૮૪૧૦/૨૦૧૫.—ભરૂચ જિલ્લામાં HSC વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ તથા ૩ ની જાહેર પરીક્ષા તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ દરમ્યાન ભરૂચ જિલ્લામાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવાનાર છે. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજિક તત્ત્વોના ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉક્ત સ્થળોએ આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના સવારના ૦૬-૦૦ વાગ્યાથી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લામાં આવેલ પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત અધિકૃત વ્યકિતઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ.
(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.
(૩) ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તપાસ ટુકડીઓને.

આજ તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/બોર્ડ પરીક્ષા/વશી-૮૪૨૧ થી ૮૪૩૨/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં ઓકટોબર-૨૦૧૫ની ૩૦મી ઓકટોબર થી લેવાનાર એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ તથા ૩ ની જાહેર પરીક્ષા તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ સુધી લેવાનાર છે. સદર પરીક્ષા ભરૂચ જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવનાર છે. જેથી મોટા અવાજે લાઉડસ્પીકર વગાડવાના કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખૂબ જ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે. તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ સવારનાં ૬-૦૦ કલાકથી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી લાઉડસ્પીકર, વાજીંત્રો તથા ડી. જે. સીસ્ટમ બેફામ, મનસ્વી રીતે તથા મોટા અવાજે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી બને છે.

વાસ્તે, હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ સવારનાં ૬-૦૦ કલાકથી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી કોઈએ પણ લાઉડસ્પીકર, વાજીંત્રો તથા ડી. જે. સીસ્ટમ બેફામ, મનસ્વી રીતે તથા મોટા અવાજે વગાડવું નહિ, તેમજ લાઉડસ્પીકરનો અવાજ મકાનની બહાર જાય તે રીતે લાઉડ સ્પીકર વગાડવું નહિ.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ પર આજ રોજ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળનું.

ક્રમાંક એમએજી/મહોરમ/વશી-૮૫૪૨ થી ૮૫૪૯/૨૦૧૫.–ભરૂચ શહેરમાં તાજીયાનો પર્વ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ તથા તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૧૫ દરમ્યાન ઉજવવામાં આવનાર છે. તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ નાં રોજ કતલની રાત તથા તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મહોરમના તાજીયા નિમિત્તે જુલુસ નિકળનાર છે. તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જાહેર જનતાની સલામતી બાબતે તથા તાજીયાનું ઝુલુસ સરળતાથી પસાર થાય તે માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર નિયંત્રણ મુકવાની આવશ્યકતા છે.

વાસ્તે હું , બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ શહેરના વેજલપુર થઈ પીરકાઠી, મોટા ચાર રસ્તા, છીપવાડ, ફાટાતળાવ થઈ કતોપોર દરવાજા થઈ વડાપડા જુમ્મા મસ્જીદ થઈ ભઠીયારવાડ બિસ્મીલ્લા હોટલ થઈ મોટા ચાર રસ્તા, ફુરજા રોડ નદી કિનાર સુધીનો રસ્તો તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ નાં રોજ રાત્રિનાં ૨૦-૦૦ કલાકથી તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૧૫ નાં રાત્રિનાં ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર માટે બંધ કરવા ફરમાવું છું. આ સમય દરમ્યાન આ રૂટ પર લગ્નના વરઘોડા પણ પસાર થઈ શકશે નહિ.

આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જેઓ પોતાની ફરજ અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે કે રોકાયેલા હશે તેને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ ₹ ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૧૫નાં દિને સદર હુકમ પર મેં મારી સહી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૪૧૮૮ થી ૪૨૦૨/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૨૬મી ઓકટોબર, ૨૦૧૫ ના કલાક ૮-૦૦ થી તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઈસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાલ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઈ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

INDEX

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/રજી. ૪૩/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨માં)ની કલમ–૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તથા આગામી સમયમાં આવતા વિવિધ તહેવાર તેમજ પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની દરખાસ્તને ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતિ જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/રજી. ૪૪/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ તથા આગામી સમયમાં આવતાં વિવિધ તહેવાર તેમજ પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિકારીશ્રી,વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

એ. ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

વંચાણમાં લીધો :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લો, મહેસાણાનો તા. ૧૯/૧૦/૧૫નો પત્ર ક્રમાંક : પરક્ષ/૨૦૧૫/૪૬૫૯/

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી/૩૨૧૦/૨૦૧૫.—આગામી તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ના સમય દરમ્યાન સવારે ૧૦.૦૦ થી ૬.૦૦ કલાક સુધી એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ સેમે-૧ અને સેમે-૩ની પરીક્ષા, ૨૦૧૫ અત્રેના જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવાનાર છે. આ જાહેર પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ નીચેની વિગતે પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા જિલ્લા, જિલ્લો શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાએ તેઓના તારીખ ૧૯મી ઓક્ટોબર, ૨૦૧૫ના પત્રથી જણાવેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

(૧) પરીક્ષા સ્થળેથીના ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈ અનધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓ દાખલ થાય નહીં તે સારૂં.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત પગલાં લેવાં.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્કયુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી.

વાસ્તે, હું, રમેશ મેરજા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે,

(૧) પરીક્ષા સ્થળથી આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈ અનધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવુ નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીંગ મશીન દ્વારા કોપી ન થાય તે માટે પ્રતિબંધિત ફરમાવું છું.

(૩) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્કયુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો, પરીક્ષા સ્થળમાં લઈ જવા નહીં કે તેનું વહન કરવા મદદગારી કરવી નહીં તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસો પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ભય પહોંચે તેવું કૃત્ય કરવું નહી.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) આ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં સરકારશ્રી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીશ્રીઓને.

(૩) સદરહું પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા ધ્વારા હુકમ કરવામાં આવે તેમને.

આ જાહેરનામું તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ના સમય દરમ્યાન સવારના ૮.૩૦ કલાકથી ૧૯.૩૦ કલાક સુધી અમલી રહેશે.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, મહેસાણા
સેમેસ્ટર-૧ અને ૩ પરીક્ષા-૨૦૧૫ એજન્ડા
ઝોન-૧૩ સેમે-૩

ક્રમ	સેન્ટરનું નામ અને કોડ	શાળાનું નામ	બ્લોક
૧	૪૧-કડી	ડી.એ. પટેલ ટેકનીકલ હાઈસ્કૂલ, કડી	૧૨
૨	૪૧-કડી	મલ્ટીપર્પઝ સાર્વજનિક વિદ્યાલય, કડી, યુ-૧	૧૫
૩	૪૧-કડી	પી.એમ.જી. ઠાકર આદર્શ હાઈસ્કૂલ, કડી	૧૫
૪	૪૧ કડી	મલ્ટીપર્પઝ સાર્વજનિક વિદ્યાલય, કડી, યુ-૨	૦૬
૫	૪૮-ખેરાલુ	મ્યુનિસિપલ હાઈસ્કૂલ, ખેરાલુ, યુ-૧	૧૫
૬	૪૮-ખેરાલુ	મ્યુનિસિપલ હાઈસ્કૂલ, ખેરાલુ, યુ-૨	૧૩
૭	૫૫-મહેસાણા	પરા હાઈસ્કૂલ, મહેસાણા, યુ-૧	૧૫

ક્રમ	સેન્ટરનું નામ અને કોડ	શાળાનું નામ	બ્લોક
૮	૫૫-મહેસાણા	પરા હાઈસ્કૂલ, મહેસાણા, યુ-૨	૧૨
૯	૫૫-મહેસાણા	અર્બન ગર્લ્સ હાઈસ્કૂલ, મહેસાણા	૧૫
૧૦	૫૫-મહેસાણા	શબરી વિદ્યાવિહાર, મહેસાણા	૧૫
૧૧	૫૫-મહેસાણા	અર્બન વિદ્યાલય, મોઢેરા રોડ, મહેસાણા, યુ-૧	૧૫
૧૨	૫૫-મહેસાણા	અર્બન વિદ્યાલય, મોઢેરા રોડ, મહેસાણા, યુ-૨	૧૫
૧૩	૫૫-મહેસાણા	ટી.જે. હાઈસ્કૂલ, મહેસાણા	૧૦
૧૪	૫૫-મહેસાણા	એસ.વી. શાહ વિદ્યાવિહાર, મહેસાણા	૧૦
૧૫	૬૪-પિલવાઈ	શેઠ જી.સી. હાઈસ્કૂલ, પિલવાઈ, યુ-૧	૧૫
૧૬	૬૪-પિલવાઈ	શેઠ જી.સી. હાઈસ્કૂલ, પિલવાઈ, યુ-૨	૦૨
૧૭	૭૬-ઉંઝા	શેઠ એમ.આર.એસ. હાઈસ્કૂલ, ઉંઝા, યુ-૧	૧૫
૧૮	૭૬-ઉંઝા	શેઠ એમ.આર.એસ. હાઈસ્કૂલ, ઉંઝા, યુ-૨	૧૧
૧૯	૮૪-વિજાપુર	આશ સેકેન્ડરી હાઈસ્કૂલ, વિજાપુર, યુ-૧	૧૫
૨૦	૮૪-વિજાપુર	આશ સેકેન્ડરી હાઈસ્કૂલ, વિજાપુર, યુ-૨	૧૫
૨૧	૮૪-વિજાપુર	સેંટ જોસેફ હાઈસ્કૂલ, ખણુસા	૦૬
૨૨	૮૬-વિસનગર	પરીખ ડી.ડી. કન્યા વિદ્યાલય, વિસનગર, યુ-૧	૧૫
૨૩	૮૬-વિસનગર	પરીખ ડી.ડી. કન્યા વિદ્યાલય, વિસનગર, યુ-૨	૧૫
૨૪	૮૬-વિસનગર	જી.ડી. હાઈસ્કૂલ, વિસનગર, યુ-૧	૧૫
૨૫	૮૬-વિસનગર	જી.ડી. હાઈસ્કૂલ, વિસનગર, યુ-૨	૧૦
૨૬	૮૬-વિસનગર	ના.મા. નૂતન વિદ્યાલય, વિસનગર, યુ-૧	૧૫
૨૭	૮૬-વિસનગર	ના.મા. નૂતન વિદ્યાલય, વિસનગર, યુ-૨	૦૯
		કુલ	૩૪૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, મહેસાણા
સેમેસ્ટર-૧ અને ૩ પરીક્ષા-૨૦૧૫ એજન્ડા
ઝોન-૧૩ સેમે-૧

ક્રમ	સેન્ટરનું નામ અને કોડ	શાળાનું નામ	બ્લોક
૧	૪૧-કડી	ડી.એ. પટેલ ટેકનીકલ હાઈસ્કૂલ, કડી	૧૨
૨	૪૧-કડી	મલ્ટીપર્પઝ સાર્વજનિક વિદ્યાલય, કડી, યુ-૧	૧૫
૩	૪૧-કડી	પી.એમ.જી. ઠાકર આદર્શ હાઈસ્કૂલ, કડી	૧૫
૪	૪૧ કડી	મલ્ટીપર્પઝ સાર્વજનિક વિદ્યાલય, કડી, યુ-૨	૦૭
૫	૪૮-ખેરાલુ	મ્યુનિસિપલ હાઈસ્કૂલ, ખેરાલુ, યુ-૧	૧૫
૬	૪૮-ખેરાલુ	મ્યુનિસિપલ હાઈસ્કૂલ, ખેરાલુ, યુ-૨	૧૪
૭	૫૫-મહેસાણા	પરા હાઈસ્કૂલ, મહેસાણા, યુ-૧	૧૫
૮	૫૫-મહેસાણા	પરા હાઈસ્કૂલ, મહેસાણા, યુ-૨	૧૨
૯	૫૫-મહેસાણા	અર્બન ગર્લ્સ હાઈસ્કૂલ, મહેસાણા	૧૫
૧૦	૫૫-મહેસાણા	શબરી વિદ્યાવિહાર, મહેસાણા	૧૫
૧૧	૫૫-મહેસાણા	અર્બન વિદ્યાલય, મોઢેરા રોડ, મહેસાણા, યુ-૧	૧૫
૧૨	૫૫-મહેસાણા	અર્બન વિદ્યાલય, મોઢેરા રોડ, મહેસાણા, યુ-૨	૧૫
૧૩	૫૫-મહેસાણા	ટી.જે. હાઈસ્કૂલ, મહેસાણા	૧૦
૧૪	૫૫-મહેસાણા	એસ.વી. શાહ વિદ્યાવિહાર, મહેસાણા	૦૯
૧૫	૬૪-પિલવાઈ	શેઠ જી.સી. હાઈસ્કૂલ, પિલવાઈ, યુ-૧	૧૫
૧૬	૭૬-ઉંઝા	શેઠ એમ.આર.એસ. હાઈસ્કૂલ, ઉંઝા, યુ-૧	૧૫
૧૭	૭૬-ઉંઝા	શેઠ એમ.આર.એસ. હાઈસ્કૂલ, ઉંઝા, યુ-૨	૧૧
૧૮	૮૪-વિજાપુર	આશ સેકેન્ડરી હાઈસ્કૂલ, વિજાપુર, યુ-૧	૧૫
૧૯	૮૪-વિજાપુર	આશ સેકેન્ડરી હાઈસ્કૂલ, વિજાપુર, યુ-૨	૧૫
૨૦	૮૪-વિજાપુર	સેંટ જોસેફ હાઈસ્કૂલ, ખણુસા	૦૩
૨૧	૮૬-વિસનગર	પરીખ ડી.ડી. કન્યા વિદ્યાલય, વિસનગર, યુ-૧	૧૫
૨૨	૮૬-વિસનગર	પરીખ ડી.ડી. કન્યા વિદ્યાલય, વિસનગર, યુ-૨	૧૫
૨૩	૮૬-વિસનગર	જી.ડી. હાઈસ્કૂલ, વિસનગર, યુ-૧	૧૫
૨૪	૮૬-વિસનગર	જી.ડી. હાઈસ્કૂલ, વિસનગર, યુ-૨	૧૦
૨૫	૮૬-વિસનગર	ના.મા. નૂતન વિદ્યાલય, વિસનગર, યુ-૧	૧૫
૨૬	૮૬-વિસનગર	ના.મા. નૂતન વિદ્યાલય, વિસનગર, યુ-૨	૦૮
		કુલ	૩૩૬

આજ તારીખ ૧૯મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

રમેશ મેરજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/ફજદ/વશી-૧૭૦૩ થી ૧૭૧૧/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જગદીશ ડોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, આગમી નવરાત્રીના પવિત્ર તહેવારને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૧૫ (આ દિવસો સહિત)ના સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ૪ (ચાર) માસની અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી-૧૭૧૨ થી ૧૭૨૦/૨૦૧૫.–જિલ્લામાં આગામી નવરાત્રીના પવિત્ર તહેવાર નિમિત્તે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ–૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, જગદીશ ડોડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ફરમાવું છું કે, ડાંગ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૧૫ના સમય માટે ૪ (ચાર) કરતાં વધુ માણસોની સભા ભરવી નહીં કે, બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં તેમજ ૪(ચાર) કરતાં વધુ વ્યક્તિઓ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા દેવળમાં પ્રાર્થના કરતી બોનોફાઈડ વ્યક્તિઓ.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જગદીશ ડોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

નાયબ નિયામક જમીન દફતર દ્વારા

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચઃ ૧૩. ૨૦૧૪૧૪૫૯/હ, સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭-૧૦-૨૦૧૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા હુકમ નં. : સિટીએસ-૩૨/ગામઠાણ(આ.એ.)/પ્રમોલગ્રેશન/હાથબ/૧૪-૧૫, તારીખ ૧૧-૩-૨૦૧૫.

(૩) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં. એસવી-૫/લે.રે.કો. કલમ-૧૨૬/ગામઠાણ મોજણી/૧૫૧૬, તારીખ ૭-૧૦-૨૦૧૫.

(૪) ડી.ઇ.લે.રે. શ્રી ભાવનગરના પત્ર નં. ડી.એસ.ઓ./ગામતળ સીટી સરવે/જા.ના./૨૦૧૫-૧૬, તારીખ ૧૩-૧૦-૨૦૧૫ ની દરખાસ્ત.

હુકમ

નંબર : સિટીએસ-૩૨/ગામઠાણ (આ.એ.)/લે.રે.કો. કલમ-૧૨૬નું જાહેરનામુ/હાથબ/૨૦૧૫.– સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હક્ક ચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા ભાવનગર, જિલ્લાના ભાવનગર, તાલુકાના હાથબ ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે. જે અન્વયે વંચાણ-૨ના હુકમથી લે. રે. કોડ કલમ-૧૨૬નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. જે ફકત જુના ગામતળ વિસ્તાર પુરતુ જ હતું. વંચાણ-૩ થી જુના ગામતળની આજુબાજુના ખેતીના તથા બિનખેતીના સરવે નંબરોનો સમાવેશ કરવાનું જણાવેલ છે.

ગામ - હાથબ, તાલુકો ભાવનગર, જિલ્લો ભાવનગરમાં સિટી સર્વે વિસ્તાર નક્કી કરવા અંગેની સુધારા દરખાસ્ત ડી.લ.ઇ.રે. શ્રી ભાવનગરએ તૈયાર કરી વંચાણ-૪ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહુ ગામની માપણી તથા હક્ક ચોકસી કરવાની થાય છે.

સબબ મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી) માં (હે.-૧૯ આરે.-૧૫ ચો.મી.-૨૪) પરિશિષ્ટ-બ (બિનખેતી) માં (હે.-૦૫, આરે.-૮૧, ચો.મી.-૭૫) પરિશિષ્ટ-ક (ગામતળ તથા સરકારી) માં (હે.-૦૬ આરે.-૦૦ ચો.મી.-૯૭) મળી અ/બ/ક નું કુલ ક્ષેત્રફળ હે. ૩૦ આરે. ૯૭ ચો.મી. ૯૬ થાય છે. જે પૈકી વંચાણ-૨ થી અગાઉ જાહેરનામા અન્વયે ગામતળ વિસ્તારનું ક્ષેત્રફળ હે.-૦૫, આરે.-૫૦, ચો.મી.-૩૮ બાદ કરતા બાકી રહેતા વિસ્તારનું કુલ ક્ષેત્રફળ હે.-૨૫, આરે.-૪૭ ચો.મી.-૫૮ વિસ્તારની જમીનો તથા તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને મોજે હાથબ, તા. ભાવનગર, જિ. ભાવનગરના ગામને સિટી સર્વે વધારા વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

પત્રક-અ ખેતીલાયક જમીન						
મોજે હાથબ, તાલુકો ભાવનગર, જિલ્લો ભાવનગર						
અનુ. નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)			વિગત	રીમાર્કસ
		લાયક	ખરાબો	કુલ		
૧	૩૧	૬૨૭૩	૨૦૨	૬૪૭૫		
૨	૩૩/૮	૩૦૩	૦	૩૦૩		
૩	૩૭	૩૩૩૯	૦	૩૩૩૯		
૪	૩૮	૩૨૩૮	૦	૩૨૩૮		
૫	૪૨/૨	૨૮૩૩	૦	૨૮૩૩		
૬	૪૨/૩	૨૭૩૨	૦	૨૭૩૨		
૭	૫૩/૬	૨૫૨૯	૦	૨૫૨૯		
૮	૫૩/૫	૨૮૩૩	૦	૨૮૩૩		
૯	૫૨/૧	૪૯૫૮	૦	૪૯૫૮		
૧૦	૪૩/૫	૧૬૧૯	૧૦૧	૧૭૨૦		

INDEX

પત્રક-અ (ચાલુ)

અનુ. નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ ચો.મી.			વિગત	રીમાર્કસ
		લાયક	ખરાબો	કુલ		
૧૧	૪૩/૪	૧૩૧૫	૦	૧૩૧૫		
૧૨	૪૩/૩	૧૩૧૫	૦	૧૩૧૫		
૧૩	૪૩/૨	૧૫૧૮	૨૦૨	૧૭૨૦		
૧૪	૪૩/૧	૨૭૩૨	૩૦૩	૩૦૩૫		
૧૫	૪૨/૪	૪૪૫૨	૦	૪૪૫૨		
૧૬	૪૨/૫	૧૬૧૯	૦	૧૬૧૯		
૧૭	૪૨/૬	૭૮૯૨	૧૦૧	૭૯૯૩		
૧૮	૩૯	૭૧૮૩	૧૯૨૨	૯૧૦૫		
૧૯	૩૨/૩	૨૦૨	૦	૨૦૨		
૨૦	૩૨/૨	૯૧૧	૦	૯૧૧		
૨૧	૧/૨	૩૪૪૦	૧૦૧	૩૫૪૧		
૨૨	૨/૩	૬૪૭૫	૧૦૧	૬૫૭૬		
૨૩	૨/૨	૨૧૨૫	૦	૨૧૨૫		
૨૪	૨૮૭	૧૫૪૮૦	૧૦૧	૧૫૫૮૧		
૨૫	૩૧૦/૧	૭૩૮૬	૧૦૧	૭૪૮૭		
૨૬	૩૧૦/૪	૨૨૨૬	૧૦૧	૨૩૨૭		
૨૭	૩૧૧/૩	૩૭૪૩	૧૦૧	૩૮૪૪		
૨૮	૩૧૧/૨	૩૬૪૨	૦	૩૬૪૨		
૨૯	૩૧૧/૧	૪૧૪૮	૧૦૧	૪૨૪૯		
૩૦	૩૧૨	૧૮૮૧૯	૫૦૬	૧૯૩૨૫		
૩૧	૩૨૯/૨	૩૨૩૮	૦	૩૨૩૮		
૩૨	૩૨૯/૩	૨૩૨૭	૧૦૧	૨૪૨૮		
૩૩	૩૨૯/૪	૧૮૨૧	૦	૧૮૨૧		
૩૪	૩૨૯/૫	૧૭૨૦	૦	૧૭૨૦		
૩૫	૩૨૯/૧	૩૨૩૮	૦	૩૨૩૮		
૩૬	૩૩૦	૫૩૬૨	૦	૫૩૬૨		
૩૭	૩૩૧	૪૮૫૬	૦	૪૮૫૬		
૩૮	૩૩૩	૪૫૫૩	૦	૪૫૫૩		
૩૯	૩૩૪/૧ થી ૩૩૪/૪	૧૨૪૪૫	૪૦૫	૧૨૮૫૦		
૪૦	૩૩૪/૬	૧૯૮૩૦	૩૦૪	૨૦૧૩૪		
			કુલ ક્ષેત્રફળ	**૧૯૧૫૨૪**		

INDEX

પત્રક-બ બીનખેતી જમીન

મોજે હાથબ, તાલુકો ભાવનગર, જિલ્લો ભાવનગર

અનુ. નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)			વિગત	રીમાર્કસ
		લાયક	ખરાબો	કુલ		
૧	૨/૧	૦	૩૩૩૯	૩૩૩૯		
૨	૩૩૪/૫	૦	૩૩૩૮	૩૩૩૮		
૩	૧/૧	૦	૧૪૯૭૪	૧૪૯૭૪		
૪	૩૨/૧	૦	૧૯૨૨	૧૯૨૨		
૫	૩૩૨	૦	૨૮૩૩	૨૮૩૩		
૬	૪૦	૦	૨૧૨૫	૨૧૨૫		
૭	૪૧/૧	૦	૬૦૭	૬૦૭		
૮	૪૧/૨	૦	૬૦૭	૬૦૭		
૯	૩૩૬	૦	૨૬૧૦૩	૨૬૧૦૩		
૧૦	વાડા-૧	૦	૧૩૧૫	૧૩૧૫		
૧૧	વાડા-૨	૦	૧૦૧૨	૧૦૧૨		
			કુલ ક્ષેત્રફળ	૫૮૧૭૫		

પત્રક-ક ગામતળ/સરકારી પડતર જમીન

મોજે હાથબ, તાલુકો ભાવનગર, જિલ્લો ભાવનગર

અનુ. નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ ચો.મી.			વિગત	રીમાર્કસ
		લાયક	ખરાબો	કુલ		
૧	ગામતળ	૦	૫૫૦૩૮	૫૫૦૩૮		
૨	મારગ	૦	૫૦૫૯	૫૦૫૯		
			કુલ ક્ષેત્રફળ	૬૦૦૯૭		

જનરલ તારીજ

પત્રક-અ	૧૯૧૫૨૪
પત્રક-બ	૫૮૧૭૫
પત્રક-ક	૬૦૦૯૭
કુલ	૩૦૯૭૯૬

અગાઉ જાહેરનામું થયેલ છે તે જુના ગામતળના બાદ	૫૫૦૩૮
વધારાનો વિસ્તાર	૨૫૪૭૫૮

INDEX

પરિશિષ્ટ-અ

મોજે - હાથબ, તા. ભાવનગર, જિલ્લો-ભાવનગરના સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ થતા ગામતળ તથા રે.સ. નં. ના વધારાના વિસ્તારના ૧૨૬ના જાહેરનામાનો નકશો

અ.નં.	વિગત	ક્ષેત્રફળ
૧	ગામતળ	૦૫ - ૫૦ - ૩૮
૨	ઉડાફા ગામતળ	-
૩	રે. સ. નં. (ખેતી/બીનખેતી)	અ, બ, ક પત્રક સામેલ છે.
૪	સરકારી પડતર	,,



સમજુતી.

▨ આ કલર મુજબ અગાઉ ભાવનગર જિલ્લાના દશ(૧૦) ગામોમા ગામતળ વિસ્તારમા સીટી સરવે રેકર્ડ તૈયાર કરવા માટે ગુજરાત જમીન મહેસુલ અધિનીયમ ૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ મુજબ ગામઠાણ (આબાદી એરીયા)ની મીલ્કતોની માપણી હકક ચોકસી કરવા માટે ૧૨૬ ના જાહેરનામા મુજબ જુના ગામતળનો વિસ્તાર દર્શાવે છે.

જિલ્લા ઈન્સ્પેક્ટર જમીન રેકર્ડ
ભાવનગર જિલ્લો, ભાવનગર.

☐ આ કલર મુજબ ખેતીના સરવે નંબરો છે.

☐ આ કલર મુજબ બીનખેતીના સરવે નંબરો છે.

▬ આ કલરની લાઈન મુજબ વધારેલા સીટી સરવે વિસ્તારની હદ દર્શાવે છે.

નાયબ નિયામક
જમીન દફતર, ભાવનગર

સ્કેલઃ નોટ ટુ સ્કેલ

ભાવનગર, તારીખ૧૩મી ઓકટોબર, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચઃ ૧૩. ૨૦૧૪૧૪૫૯/હ, સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭-૧૦-૨૦૧૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા હુકમ નં. : સિટીએસ-૩૨/ગામઠાણ(આ.એ.)/પ્રમોલગ્રેશન/લીંમડા (હનુભા)/૧૪-૧૫, તારીખ ૧૧-૩-૨૦૧૫.

આ હુકમ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા) ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./૪૪૫/૨૦૧૫, તારીખ ૧૩-૧૦-૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : પીઓએલ/જાહેરનામું/વશી/૫૦૭૦ થી ૫૦૯૧/૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવા નીચેની વિગતે આવશ્યકતા જણાય છે.

જેથી, હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપ અને ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા જણાવવામાં આવે છે.

(૧) નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધવા માટે હાઈવે ઉપરના પેટ્રોલ પંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અને ગુન્હામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે. ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને એટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જિલ્લાના હાઈવે ઉપર આવેલા તમામ પેટ્રોલ પંપ ઉપરના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા. પેટ્રોલ પંપ ઉપર આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એટીએમ, લોજીંગ બોર્ડીંગ ધર્મશાળાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અને ગુન્હામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે. ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને અને એટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજન કક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજન કક્ષમાં બેઠેલી વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા. હોટલ આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) નર્મદા જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હા અટકાવવા માટે તથા બનેલ ગુન્હાઓ શોધવા માટે હાઈવે ઉપરના ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુન્હેગારો અને ગુન્હામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે. ગુન્હો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને એટલું જ નહી ગુન્હેગારની વિરૂધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી જિલ્લાના હાઈવે ઉપર આવેલા તમામ ટોલ પ્લાઝા ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા. ટોલ પ્લાઝા ઉપર આવતા જતાં દરેક વાહનોના નંબર આઈડેન્ટીફાઈ થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

INDEX

(૪) સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનના રાખવા. કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યક્તિ કે, વાહન આઈડેન્ટીફાય થઈ શકે. સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવી ક્વોલીટીના રાખવા. ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરવામાં આવે તો ઈ.પી.કો. કલમ-૧૮૮ હેઠળ કોગ્નીઝેબલ અને સજાપાત્ર ગુન્હો બને.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર નં. : એસ.ઓ.જી./૪૪૩/૨૦૧૫, તારીખ ૧૩-૧૦-૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : પીઓએલ/જાહેરનામું/વશી/૫૦૯૨ થી ૫૧૧૩/૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક વિસ્તારમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજયોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓનો અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ, વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહી.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીત લેવી.

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરિકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વીઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલિફોન નંબર સહિત નક્કર પુરાવા મેળવવા.

(૬) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

(૭) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતાં મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટ્રરમાં નોંધ કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./૪૪૪/૨૦૧૫, તારીખ ૧૩-૧૦-૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : પીઓએલ/જાહેરનામું/વશી/૫૧૧૪ થી ૫૧૩૫/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસમાજિક તત્ત્વો નર્મદા જિલ્લામાં નવા-જુના સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલ, બેટરીથી ચાલતા સ્કુટર, સાયકલ વગેરે બોગસ નામથી ખરીદતા હોય છે. જેના ઉપયોગ દ્વારા જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોચાડવાની કોશિષ કરી રહયા છે.

હાલમાં આતંકવાદીઓ/ત્રાસવાદી તત્વો આતંકવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે ચોરી કરીને અથવા જુની ખરીદી કરીને સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરોનું અલગ-અલગ રીતના ઉપયોગ કરી આતંકવાદી કૃત્યોને અંજામ આપે છે. તેમજ બેટરીથી ચાલતા સાયકલ/સ્કુટર જેમાં આરટીઓનો પાસીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો દ્વારા આતંકવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલર તથા બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલનું ખરીદ-વેચાણ કરતા વેપારીઓ ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, નર્મદા જિલ્લા દહ વિસ્તારમાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરો અને બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧) વિદેશી નાગરિકોને વાહનની લે-વેચ કરતી વખતે તેઓના પાસપોર્ટ, વીઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૨) અજાણ્યા વિદેશી નાગરિકોને વાહનની લે-વેચ કરવી નહી.

(૩) કોઈપણ વ્યક્તિની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

(૪) જિલ્લામાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરો તેમજ બેટરીથી ચાલતાં વેચનાર દુકાનો ધરાવનાર માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ / સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ ખરીદનારના નામ સરનામાં ફોટો અને આઈ. ડી. પ્રુફની નકલ મેળવી પોતાના રેકર્ડમાં રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) ૩૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./૪૪૬/૨૦૧૫, તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : પી.ઓ.એલ./જાહેરનામુ/વશી-૫૧૩૬ થી ૫૧૫૭/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો નર્મદા જિલ્લાના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આસરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

હાલમાં બજારમાં મોબાઈલ ફોન તથા સીમકાર્ડ માન્ય પુરાવાની તથા ખરીદનાર વ્યક્તિની ઓળખના દસ્તાવેજોની બરાબર ચકાસણી કર્યા વગર વેચાણ કરવામાં આવે છે. નર્મદા જિલ્લામાં મોબાઈલ ફોન અને સીમકાર્ડનું લે-વેચ મોટા પ્રમાણમાં થાય છે. બોગસ દસ્તાવેજથી સીમકાર્ડ મેળવી તે સીમકાર્ડના આધારે ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતીય સતામણી કરવાના વગેરે કિસ્સાઓને અંજામ આપતા હોય છે. જેથી, મોબાઈલ ફોન અને સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલી સત્તાની રૂએ, આથી હું હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં જુના-નવા મોબાઈલ લે-વેચ કરતા અને સીમકાર્ડનું વેચાણ કરતા દુકાનદારોએ લે-વેચ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

નવા-જુના મોબાઈલ ફોન ખરીદતા-વેચતા વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલફોનની વિગત/કંપની	IMEI NO.	મોબાઈલફોન વેચનાર/ખરીદનારના નામ, સરનામાંની વિગત તથા ફોટો	આઈ ડી પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/કંપની	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત	આઈ. ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારનો ફોટો તથા ટેલીફોન નંબર	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) ૩૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

INDEX

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./૪૪૨/૨૦૧૫, તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : પી.ઓ.એલ./જાહેરનામુ/વશી-૫૧૫૮ થી ૫૧૮૦/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો નર્મદા જિલ્લાના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આસરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી, ભાડેથી મકાન આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો નર્મદા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલી સત્તાની રૂએ, આથી હું હુકમ કરૂ છું કે, નર્મદા જિલ્લા હદ વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ મકાનનો નંબર	મકાન ભાડે આપવાની સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે, તથા માસીક ભાડું કેટલું ?	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ સરનામાં સાથે	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સહિત) ૩૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) અત્રેના જાહેરનામા ક્રમાંક : પીઓએલ/જાહેરનામું/વશી-૪૭૯૪ થી ૪૮૧૮/૨૦૧૫, તારીખ ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૫.

(૨) પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/ ૨૬/૩૬૭૮/૨૦૧૫, તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : પી.ઓ.એલ./જાહેરનામુ/વશી-૫૧૮૩ થી ૫૧૯૯/૨૦૧૫.– આમુખ (૧) મુજબ નર્મદા જિલ્લામાં આગામી નવરાત્રી-દશેરા તથા મહોરમ તાજીયાનો તહેવારોને અનુસંધાને તેમજ ચાલુ માસમાં અનામત આંદોલન સંદર્ભે વિવિધ કાર્યક્રમો યોજાનાર હોય જે ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ સમસ્યા ઉપસ્થિત ન થાય અને સુલેહશાંતિ જળવાય તે અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩, કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. જેનો સમયગાળો તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૫ના ૨૪.૦૦ કલાક સુધીનો હતો. આજ રોજ તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ જાહેર થયેલ હોય આમુખ-૧ થી બહાર પાડવામાં આવેલ જાહેરનામું તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ ૧૮.૦૦ કલાક પછીના સમય માટે રદ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આજે તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધું :-

(૧) અત્રેના જાહેરનામા ક્રમાંક : પીઓએલ/જાહેરનામું/વશી-૪૭૭૪ થી ૪૭૯૨/૨૦૧૫, તારીખ ૧૧મી ઓક્ટોબર, ૨૦૧૫.

INDEX

(૨) પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/ ૨૬/૩૬૭૮/૨૦૧૫, તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક : પી.ઓ.એલ./જાહેરનામુ/વશી-૫૨૦૦ થી ૫૨૨૫/૨૦૧૫.–આમુખ (૧) મુજબ નર્મદા જિલ્લામાં આગામી તારીખ ૧૪મી/૧૫મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ ગુજરાત ઓ.બી.સી. કન્વીનર શ્રી અલ્પેશભાઈ ઠાકોર દેડીયાપાડા તથા રાજપીપલા ખાતે આવનાર છે. તેમજ તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ પાટીદાર અનામત આંદોલનના કન્વીનર શ્રી હાર્દિકભાઈ પટેલ ભદામ ખાતે પાટીદાર સ્નેહમિલન કાર્યક્રમમાં આવનાર છે. સદર કાર્યક્રમોમાં ૪૦૦૦ થી ૫૦૦૦ જેટલી જનમેદની ભેગી થનાર છે. જેથી, સમગ્ર ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન સંદર્ભે બનેલ બનાવો તથા હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ સમસ્યા ઉપસ્થિત ન થાય અને સુલેહશાંતિ જળવાય તે હેતુથી સમગ્ર નર્મદા જિલ્લાના વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતિ જાળવવા કોઈ વ્યક્તિઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. જેનો સમયગાળો તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨૭મી ઓક્ટોબર, ૨૦૧૫ના ૨૪.૦૦ કલાક સુધીનો હતો. આજ રોજ તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ નગરપાલિકા/તાલુકા/ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ જાહેર થયેલ હોય આમુખ-૧ થી બહાર પાડવામાં આવેલ જાહેરનામું તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ ૧૮-૦૦ કલાક પછીના સમય માટે રદ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આજે તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધું :-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી / સી.ઓ.સી.-૩(૭) / ૧૦૨૦૧૫-ક, તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫.

(૨) મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલો.

ક્રમાંક : એમ.એ.જી./જિ.પં./તા.પં.ચૂંટણી/વશી-૫૨૨૬ થી ૫૨૭૨/ ૨૦૧૫.–રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ માટે આમુખ-૧ના પરિપત્રથી ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલો છે. અને તે મુજબ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે.

ચૂંટણીના મતદાન મથક થી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ રાજકીય પક્ષના કે અપક્ષના ઉમેદવારોને સૂચના આપવા માટેનું અથવા મતદારોને મતદારયાદીમાં મતદારોનાં નામ તથા નંબર આપેલ છે. તે માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવામાં આવે છે. તે ટેબલ મતદાન મથકના ૨૦૦ મીટર અંદરની ત્રિજ્યામાં ગોઠવવા દેવામાં આવશે નહિ.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા / જિલ્લા / તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ દરમ્યાન રાજકીય પક્ષો કે અપક્ષ પક્ષોના ઉમેદવારો ચૂંટણી પ્રચાર માટેનાં મથકો ઉભા કરવા દેવામાં આવશે નહિં, કેમ કે આવા મથકો મતદારો માટે અવરોધ ઉભા કરીને જુદા-જુદા પક્ષનાં કાર્યકરોમાં ઘર્ષણ ઉભું કરીને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા કરીને મુક્ત, ન્યાયી અને સરળ ચૂંટણીઓ યોજવામાં ઘણી મુશ્કેલીઓ ઉભી કરે છે. આથી આવી મુશ્કેલીઓના નિવારણ માટે મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવા ટેબલ કેમ્પ કે તંબુ કે આવી કોઈ વ્યવસ્થા ઉભી કરવા દેવાનું ઉચિત જણાતું નથી.

જેથી, હું, સંદિપકુમાર સાગલે, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપલા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાનના દિવસે નર્મદા જિલ્લામાં આવેલ રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫માં નર્મદા જિલ્લામાં આવેલ તમામ મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવારોએ અગર તેમના માણસોએ મત આપવા જનારા મતદારોને મતદાર યાદીમાંથી તેમના નામ તથા મતદાર યાદીનો નંબર કાઢવા માટેની સ્લીપો આપવા માટેનું મથક ગોઠવવું નહિં કે ગોઠવવાની કોશિશ કરવી નહિં તથા આવા મતદાન મથકની ૨૦૦ મીટર બહાર જાહેર રસ્તા ઉપર ગોઠવવા માટે શહેરી વિસ્તારમાં સંબંધિત નગરપાલિકાના મુખ્ય અધિકારી તથા ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગામના તલાટી કમ મંત્રીશ્રીની કે સંબંધિત અધિકારીશ્રીની લેખિત પરવાનગી લેવાની રહેશે. તથા જો ખાનગી માલિકીની જમીન ઉપર આવું મથક ગોઠવવામાં આવે તો તે જમીન માલિકની લેખિતમાં સંમતિ લેવાની રહેશે. આવું કોઈપણ મથક લોકોની અવરજવરને અડચણ રૂપ ન નિવડે તે આવું મથક બનાવે ત્યારે જોવાનું રહેશે. આવું કોઈપણ મથક લોકોની અવરજવરને અડચણ રૂપ ન નિવડે તે આવું મથક બનાવે ત્યારે જોવાનું રહેશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ, હુકમની તારીખથી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધું :-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક ઈએલસી/ સી.ઓ.સી.-૩(૭)/૧૦૨૦૧૫-ક, તા. ૨૩-૧૦-૨૦૧૫.

(૨) ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જી.પં./તા.પં. ચુંટણી-૧૫/વશી/૫૨૭૨થી ૫૩૧૮/૨૦૧૫.—રાજય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ માટે આમુખ-૧ના પરિપત્રથી ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલો છે. અને તે મુજબ તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે.

ચૂંટણી અગાઉ પ્રચારની કામગીરી શરૂ થઈ જાય છે અને તેના કારણે વાતાવરણમાં ઉત્સાહ, ઉશ્કેરાટ અને તાણની અસર વર્તાય છે. ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે જરૂરી છે. જેથી સામાન્ય નાગરિક ભયમુક્ત થઈને હળવી મનોદશામાં રહીને પોતાનો મત આપવા જઈ શકે. આ સમય દરમ્યાન હથિયારો સાથે ફરતા માણસો ભયનું વાતાવરણ સર્જી શકે છે અને શક્ય છે કે તેના કારણે તંગદિલી પણ ઉભી થાય છે.

ઉપર્યુક્ત હકીકતને ધ્યાનમાં લેતાં નર્મદા જિલ્લામાં ચૂંટણીઓ મુક્ત અને સરળપણે યોજાય અને લોકો તેમનો મત ભયમુક્ત રીતે આપી શકે તે હેતુથી સમગ્ર નર્મદા જિલ્લામાં આવેલ તમામ હથિયારોના પરવાનેદારોને (ફાયર આર્મ્સ) હથિયારો સાથે ફરવા ઉપર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, સંદિપકુમાર સાગલે, I.A.S., જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું. નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-(૨) ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી જાહેરમાં હરવું ફરવું નહિ તથા આ બાબતે સક્ષમ અધિકારી જે હુકમ કરે તેનું યોગ્ય રીતે પાલન કરવું અને પોતાનું હથિયાર અન્ય કોઈ વ્યક્તિને આપવું નહિં કે હથિયાર સાથે જાહેરમાં ફરવા દેવા નહિ.

રાજય ચૂંટણીપંચ ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૦ની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય અને ચૂંટણીનો સમયબદ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય અને યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોય અને સુનાવણી રાખી શકાય તેમ ન હોઈ, ઉપર જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ (૨) હેઠળ જાહેર શરૂ કરૂ છું.

સદરહું હુકમ, હુકમની તારીખથી તા. ૨જી ડિસેમ્બર ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

સદર હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તા. ૨૩મી ઓક્ટોબર ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધું :-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક ઈએલસી/સી.ઓ.સી.-૩(૭)/૧૦૨૦૧૫-ક, તા. ૨૩-૧૦-૨૦૧૫.

(૨) મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)-(થ) મુજબ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) આર(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જી.પં./તાપં. ચુંટણી-૧૫/વશી/૫૩૧૯ થી ૫૩૬૨/૨૦૧૫.—રાજય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ માટે આમુખ-૧ના પરિપત્રથી ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલો છે. અને તે મુજબ તા. ૨૯ નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે.

રાજ્ય ચૂંટણી પંચે શાસક પક્ષ, રાજકીય પક્ષો, ઉમેદવારો તથા વહીવટ તંત્ર વિગેરે માટે આદર્શ આચાર સંહિતા અમલમાં મુકી છે.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરથી આપવામાં આવેલ આદેશ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર વ્યાજબી નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ચૂંટણી લડતા ઉમેદવારો અને તેમના ટેકેદારો, કાર્યકર્તાઓ તથા સમર્થકો ચૂંટણી પ્રચાર માટે, ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ સભાના ચોક્કસ સ્થળે તથા ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, રીક્ષા, સ્કુટરો, સાયકલ વગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવે છે. જે ખુબ જ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકર સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં વહેલી સવારથી મોડી રાત સુધી ફરે છે. આના કારણે થતા ઘોંઘાટથી સામાન્ય જનજીવન અને ખાસ કરીને વૃદ્ધો, બિમાર તથા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી પડે છે અને અવાજના પ્રદુષણથી ખુબ જ હેરાન થવું પડે છે. જેથી નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ દરમ્યાન લાઉટ સ્પીકરનો ઉપયોગ સંયમપૂર્વક થાય અને નાગરિકોની મુશ્કેલીઓનો ખ્યાલ રખાય તે હેતુથી વ્યાજબી નિયંત્રણ મુકવું આવશ્યક જણાય છે.

વાસ્તે હું સંદિપકુમાર સાગલે, I.A.S., જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો નર્મદા-રાજપીપલા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)-(થ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે -

(૧) ચૂંટણી જાહેરાતની તારીખથી શરૂ થતાં અને પરિણામ આવતાં સુધીના સમયદરમ્યાન નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ની ચૂંટણી લડતા ઉમેદવારો લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાકથી રાત્રિના ૨૨-૦૦ કલાક સુધી જ કરવા દેવામાં આવશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ કલાક પહેલાં રાત્રિના ૨૨-૦૦ કલાક પછી ફરતાં લાઉડ સ્પીકરોનાં ઉપયોગ કરવાની પરવાનગી આપી શકાશે નહિં.

(૨) કોઈપણ જાહેરસભા કે સરઘસના હેતુસર, ખાસ સ્થળ પર રખાયેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સક્ષમ અધિકારીશ્રીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. જાહેરસભા માટે પરવાનગી આપતી વખતે સંબંધિત સરકારી સત્તાધિકારીએ પોલીસ અભિપ્રાય મેળવી ખાતરી કરવાની રહેશે કે પરવાનગી ને લીધે જાહેરશાંતિને ખલેલ પહોંચતી નથી.

INDEX

(૩) સામાન્ય પ્રચાર માટે અથવા જાહેરસભા કે સરઘસના ઉપયોગમાં લેવાયેલ અને ફરતા વાહનો ઉપર કે અન્યથા ઉપયોગમાં લેવાયેલ તમામ લાઉડ સ્પીકરોનો ઉપયોગ નક્કી કરેલ કલાકોનાં મર્યાદિત સમયમાં કરવો. કોઈપણ સંજોગોમાં તે સિવાયના સમયે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિં.

(૪) ઉપર નિયત કરેલા સમય સિવાય અથવા સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી વગર ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડ સ્પીકર/લાઉડ સ્પીકરના ઉપયોગ સાથે સંકળાયેલ તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૫) સક્ષમ અધિકારી દ્વારા વાહન ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી પત્ર આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર અને અન્ય ઓળખ નંબર સક્ષમ અધિકારીએ આપવાના રહેશે.

(૬) ફરતા વાહનો ઉપર અને નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા માટે આવી પરવાનગી મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકે તેમજ સંબંધિત મતદાર વિભાગનાં ચૂંટણી અધિકારીશ્રી અથવા નોડલ અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગીની લેખિત જાણ કરવાની રહેશે.

(૭) લાઉડ સ્પીકર લગાડવા પરવાનગી મેળવેલ હોય તેવા વાહનો ઉપર સક્ષમ અધિકારીશ્રી એ પરવાનગી આપી હશે તે પરવાનગી પણ આમ જનતા જોઈ શકે તે રીતે વાહન પર લગાડવાની રહેશે. આ પ્રકારની પરવાનગી સિવાય જો લાઉડ સ્પીકરનો ઉપયોગ થયો હશે તો લાઉડ સ્પીકર તથા તેની સાથેના તમામ ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૮) કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલ સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહિ.

ઉક્ત આદેશોનો ચુસ્તપણે અમલ કરાવવાની જવાબદારી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી પત્ર આપતા રાજ્ય સરકારના સત્તાધિકારીની અને સ્થાનિક પોલીસ સત્તાધિકારીની રહેશે.

આ હુકમ ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી એટલે કે તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૩મી ઓક્ટોબર ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધું :-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક ઈએલસી/ સી.ઓ.સી.-૩(૭)/૧૦૨૦૧૫-ક, તા. ૨૩-૧૦-૨૦૧૫.

(૨) મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)-બી મુજબ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)-બી અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જી.પં./તા.પં. ચુંટણી-૧૫/વશી/૫૩૬૩થી ૫૪૦૮/ ૨૦૧૫.–રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ માટે આમુખ-૧ના પરિપત્રથી ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલો છે. અને તે મુજબ તા. ૨૯ નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર આદેશ અન્વયે ચૂંટણી જાહેર થયા પછી ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર અન્ય વાહનોને અવર-જવર કરવા દેવામાં આવશે નહિ.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ દરમ્યાન ચૂંટણી લડતા ઉમેદવારો તેમના પક્ષ અગર તેમનાં ટેકેદારો દ્વારા જો એકસાથે અનેક વાહનોનો કાફલો રસ્તા ઉપર નીકળે તો રોજીંદા સામાન્ય જનજીવનને તકલીફ પડવાની સંભવાના રહે છે. તથા રોજીંદા વાહન વ્યવહારોને ખલેલ પહોંચવાની શક્યતા છે.

જેથી હું સંદિપકુમાર સાગલે, I.A.S., જિલ્લા મેજીસ્ટ્રેટ, જિલ્લો નર્મદા-રાજપીપલા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)-બી થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે -

(૧) ચૂંટણીના હેતુસર વપરાતા કાર/વાહનોને કોઈપણ સંજોગોમાં કોઈપણ મત વિસ્તારમાં આ જાહેરનામુ બહાર પાડ્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી ત્રણ વાહનો કરતાં વધુ બનેલાં કાફલાને રક્ષા રૂપે જવા દેવામાં આવશે નહિ. તેમાં કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈપણ મંત્રી જતા હોય તો પણ તમામ મોટા રક્ષા કાફલાઓ વિભાજિત કરવાના રહેશે.

(૨) નર્મદા જિલ્લામાં સમાવિષ્ટ લોકસભા મત વિસ્તારમાં (સમગ્ર નર્મદા જિલ્લામાં) ચૂંટણીની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અગર તેઓએ અધિકૃત કરેલ અધિકારી તથા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી તથા નોડલ અધિકારીઓ, ચૂંટણી લડતા ઉમેદવારો, ચૂંટણી લડતા ઉમેદવારોની સાથે રહેતાં વ્યક્તિઓ અને પક્ષનાં અન્ય નેતાઓ દ્વારા વાહનોનાં ઉપયોગ પર ચાંપતી નજર રાખશે. તથા ઉપર્યુક્ત સુચનાનું પાલન કરવાનું રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર શરૂ કરતાં પહેલાં ચૂંટણી પ્રચારમાં ચૂંટણી લડનાર ઉમેદવારો દ્વારા વપરાતા તમામ વાહનો અંગેની માહિતી જિલ્લા ચૂંટણી અધિકારી અથવા જિલ્લા ચૂંટણી અધિકારીએ આ અંગે ખાસ અધિકૃત કરેલા અન્ય અધિકારીશ્રી પાસે નોંધવાનું રહેશે. વધારાના કોઈ વાહનો મુકવા બાબતમાં ઉમેદવાર કે તેના એજન્ટે વાહનો ખરેખર વપરાશમાં મુકતાં પહેલાં આ અંગેની નોટીસ આવે ત્યાર પછી તેને વાપરવા મુકી શકશે. ચૂંટણી વખતે આ વાહન જ્યાં ચલાવવાનું હોય તે વિસ્તારની વિગત પણ જણાવવાની રહેશે.

(૪) જિલ્લાના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ચૂંટણી માટે ન નોંધાયેલ કોઈ વાહન પ્રચાર અભિયાન માટે વપરાતુ

INDEX

હોવાનું જણાશે તો તે ઉમેદવાર માટે બિન અધિકૃત રીતે પ્રચાર આંદોલન માટે વપરાતુ હોવાનું ગણાશે અને તેને ભારતીય ફોજદારી દંડ સંહિતાના પ્રકરણ-૯-એ ની દંડાત્મક જોગવાઈઓને લાગુ પડશે અને તેવા તે વાહનને પ્રચાર અભિયાનમાંથી તાત્કાલિક પાછું ખેચી લેવાનું રહેશે.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહિ.

(૧) મેજિસ્ટ્રેટ અને પોલીસના વાહનોને.

(૨) ચૂંટણી કામે જતાં સરકારી વાહનોને સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનો.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી એટલે કે તારીખ ૨જી ડિસેમ્બર ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૩મી ઓક્ટોબર ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન નર્મદા જિલ્લામાં ચૂંટણીને લગતાં ચોપાનીયાં, ભીંતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ વગેરેના મુદ્રણ પર નિયંત્રણ.

ક્રમાંક એમએજી/અ. યાદી/જી.પં./તા.પં.-૧૫/વશી/૫૪૦૯ થી ૫૪૧૨/૨૦૧૫.—રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ દરમ્યાન ચૂંટણીને લગતાં ચોપીનીયાં, ભીંતપત્રો વગેરેના મુદ્રક અને પ્રકાશકો લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭ (ક) ની જોવાઈઓ લાગુ પડે છે. જેથી ચૂંટણીને લગતાં ચોપાનીંયા, ભીંતપત્રો વગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવા જરૂરી છે. જેથી કોઈપણ વ્યકિત જેના પર પ્રકાશકના નામ, સરનામાં ન હોય એવા ચૂંટણીને લગતાં ચોપાનીયાં કે ભીંતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહિ. અથવા છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ. સિવાય કે તેની સહીવાળા અને તે અંગત રીતે ઓળખતી હોય, ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને પુરી પાડી હોય, ઉમેદવાર તરફથી પ્રચાર કે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર, ચોપાનીયાં, ભીંતપત્રો વગેરે સાહિત્ય છપાવવામાં આવે ત્યારે તે પ્રેસના માલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ અને સરનામું તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે. તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭ (ક) હેઠળ આવું સાહિત્ય છાપનારે તેની ચાર નકલ જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા નર્મદાને મોકલવા તથા નિયત જોડાણમાં લેખિતમાં જાહેરાત કરવા જણાવાયું છે.

આ હુકમનો અમલ તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી કરવા જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે. તેમ જણાવાયું છે.

રાજપીપલા, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫.

વંચાણમાં લીધું :-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક ઈએલસી/સીઓસી/૩/(૭)/૧૦૨૦૧૫/ક, તા. ૨૩-૧૦-૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જી.પં.-તા.પં.સા.ચૂં.-૧૫/વશી/૫૪૧૩ થી ૫૪૫૮/૨૦૧૫.—રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ માટે આમુખ-૧ના પરિપત્રથી ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલો છે. અને તે મુજબ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે.

ભારતના નિર્વાચન આયોગને બંધારણની કલમ-૨૪૩ (ક) અને ૨૪૩ (ઝેડ-એ) હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ચૂંટણીને લગતાં ચોપાનીયા, ભીંતપત્રો વગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવાનું આવશ્યક છે.

રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ દરમ્યાન રાજકીય પક્ષોનાં ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતાં ચોપાનીયાં, ભીંતપત્રો વગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયાં, ભીંતપત્રો વગેરે પર મુદ્રક અને પ્રકાશનનું નામ, સરનામું છપાવવાની ખાસ આવશ્યકતા છે.

વાસ્તે હું, સંદિપકુમાર સાગલે, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા નર્મદા-રાજપીપળા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે :-

(૧) કોઈપણ વ્યકિત જેના પ્રકાશકના નામ સરનામા ન હોય, એવા ચૂંટણીને લગતાં ચોપાનીયાં કે ભીંતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ, છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી, અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહી.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતાં ચોપાનીયાં કે ભીંતપત્રો છાપી શકશે નહી, કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી, સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખાતી હોય, તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેને મુદ્રકને આપી હોય,

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર કે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર, ચોપાનીયાં, ભીંતપત્રો વગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે તે પ્રેસનાં માલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ અને સરનામું તથા છાપેલ સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, કલમ-૧૨૭(ક) હેઠળ આવું સાહિત્ય છાપનારે તેની ચાર નકલ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદાને મોકલી આપવાની રહેશે. તેમજ તે અંગે નિયત જોડાણમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદાને લેખિતમાં જાહેરાત કરવાની રહેશે.

INDEX

આ હુકમ, પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી એટલે કે તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

સદર હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધું :-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક ઈએલસી/સીઓસી/૩/(૭)/૧૦૨૦૧૫/ક, તા. ૨૩-૧૦-૨૦૧૫.

(૨) શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૧૭(૩)-ખ.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જી.પં.-તા.પં.-સા.ચૂં.-૧૫/વશી/૫૪૫૯ થી ૫૫૦૧/૨૦૧૫.–રાજય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ માટે આમુખ-૧ના પરિપત્રથી ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલો છે. અને તે મુજબ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે.

નર્મદા જિલ્લામાં નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓની કામગીરી સરળતાથી અને શાંતિપૂર્વક પૂર્ણ થાય તથા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, જાહેર સુલેહ શાંતિ અને સુરક્ષાની જાળવણી માટે નર્મદા જિલ્લાના વિસ્તારમાં આવેલ અગ્નિશસ્ત્રોના પરવાનેદાર પાસેથી તેમના અગ્નિશસ્ત્રો નજીકના પોલીસ સ્ટેશને જમા કરાવવાનો આદેશ આપવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સંદિપકુમાર સાગલે, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો નર્મદા-રાજપીપલા ફરમાવું છું કે, નર્મદા જિલ્લાના તમામ શસ્ત્ર પરવાનેદારોને તેઓના શસ્ત્ર પરવાના હેઠળનું અગ્નિશસ્ત્ર તથા દારૂગોળો આ હુકમની જાણ વર્તમાનપત્રમાં સમાચાર રૂપે અથવા પોલીસ ખાતા તરફથી થયે તાકીદે નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી અધિકૃત પહોંચ મેળવી લેવા આદેશ ફરમાવું છું. જો આપને આદેશ સામે કોઇ વાંધો હોય તો આ આદેશની જાણ થયે દિન-૭ માં અત્રે રજુ કરવો. આપના વાંધા બાબત આપની રજૂઆત સાંભળી ગુણદોષ ધ્યાને લઇ આખરી નિર્ણય લેવામાં આવશે. જો તેમ કરવામાં ચુક થશે તો આપને આ બાબતે કાંઇ કહેવું નથી. તેમ માનવામાં આવસે અને આપનું હથિયાર આ આદેશ મુજબ નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરવાનું રહેશે.

આ આદેશમાંથી નીચેના હથીયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(૧) નર્મદા જિલ્લામાં આવેલ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ (બેંક કોર્પોરેશન સહિત) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના નામે હોય તેઓને હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

(૨) જે રાજ્ય કે રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધાઓમાં ભાગ લેનાર સ્પોર્ટ પર્સન તરીકેનો પરવાનો ધરાવતા હોય તેઓને રાજ્ય કે રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધાઓમાં ભાગ લીધેલના પ્રમાણપત્ર રજુ કર્યેથી હથિયાર જમા કરવામાંથી મુકિતને પાત્ર રહેશે.

(૩) માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી, કોમર્શીયલ બેંકો, એ.ટી.એમ. તથા કરન્સી લેવડ દેવડ કરતા હોય તેવા સિકયુરીટી ગાર્ડ તેમજ બેંકોમાં કામ કરતા / ફરજ બજાવતા સિકયોરીટી ગાર્ડને બેંક મેનેજરશ્રીના પ્રમાણપત્ર રજુ કર્યેથી મુકિતને પાત્ર રહેશે.

(૪) કેન્દ્ર/રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ કે જેમને કાયદા મુજબ હથીયાર ધારણ કરવાની મંજુરી આપવામાં આવેલી છે.

(૫) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા સરકારશ્રી દ્વારા જેઓને ખાસ પરવાનગી આપવામાં આવશે તેવા વ્યકિતઓ મુકિત પાત્ર રહેશે.

જે શસ્ત્ર પરવાનેદારોએ તેઓના પોતાના કબજા હેઠળનું અગ્નિશસ્ત્ર તથા દારૂગોળો નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરવામાં કસુર કરેલાનું માલુમ પડશે તે તેવા પરવાનેદારો વિરૂધ્ધ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ હેઠળ તેમજ ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ સજાને પાત્ર થશે.

આ આદેશ હેઠળ પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ અગ્નિશસ્ત્ર તથા દારૂગોળો ચૂંટણી પ્રક્રિયા પુરી થયા બાદ તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ પછી તરત જ મેળવી લેવાના રહેશે.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધું :-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક ઈએલસી/સીઓસી/૩/(૭)/૧૦૨૦૧૫/ક, તા. ૨૩-૧૦-૨૦૧૫.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ઘક) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જી.પં.-તા.પં.સા.ચૂં.-૧૫/વશી/૫૫૦૨ થી ૫૫૪૭/૨૦૧૫.–રાજય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૫ માટે આમુખ-૧ના પરિપત્રથી ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલો છે. અને તે મુજબ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે.

રાજ્ય ચૂંટણીપંચના આદેશ મુજબ આ ચૂંટણીમાં ઠરાવેલ ખર્ચની મર્યાદા ઉપર અસરકારક અંકુશ મુકવાના હેતુસર તથા મુક્ત અને ન્યાયી ચૂંટણી સમય દરમ્યાન સામાન્ય જનતાને તથા વાહનચાલકોને વાહન વ્યવહારની સમસ્યા નડે નહી અને મોટા બેનર્સ, કટ આઉટ, હોર્ડિંગ્સ વગેરે દ્વારા વાહનચાલકનું ધ્યાન આવા ધ્યાનાકર્ષક વસ્તુઓ તરફ જવાના કારણે અકસ્માત થવાનો સંભવ રહે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. તેથી આ શક્યતાના નિવારણ માટે નીચે મુજબ હુકમ કરવાનું આવશ્યક જણાય છે.

INDEX

વાસ્તે હું, સંદિપકુમાર સાગલે, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ઘક) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરુ છું કે,

(અ) કોઇ પણ રાજકીય પક્ષ અથવા મંડળ, સંસ્થા કે ચૂંટણી લડતા ઉમેદવારો લેખિત અધિકારપત્ર સિવાય કોઇપણ પ્રકારના કટઆઉટ, હોર્ડિંગ્સ, ભીંતપત્રો, ધજાપતાકા, પડદા કે વર્તમાનપત્રોમાં જાહેરાત આપી શકશે નહિ.

(બ) કોઇ પણ રાજકીય પક્ષ/મંડળ સંસ્થા કે ઉમેદવાર કે તેઓના કાર્યકરો કે ટેકેદારો વિગેરે ખાનગી મિલકતો પર પોસ્ટર્સ ચોંટાડી શકાશે નહિ. સૂત્રો લખી શકશે નહિ કે પ્રતિકો દોરી શકાશે નહિ.

(ક) (૧) કોઇપણ રાજકીય પક્ષ/મંડળ/સંસ્થા કે ઉમેદવાર કે તેઓના કાર્યકરો કે ટેકેદારો વિગેરે ખાનગી માલિકીની જગ્યાએ આવા કટ આઉટ/જાહેરાત પાટીયા, બેનર વિગેરે ખાનગી માલિકની પરવાનગીથી પણ મુકી શકશે નહિ.

(૨) કોઇપણ રાજકીય પક્ષ/મંડળ/સંસ્થા કે ઉમેદવાર કે તેઓના કાર્યકરો વિગેરે ચૂંટણી પ્રચાર દરમ્યાન કોઇપણ સ્થળે કટ આઉટસ, કમાનો કે દરવાજા ઉભા કરી શકશે નહિ.

(ડ) ખાનગી જગ્યાએ ખાનગી માલિકીની પરવાનગીથી પણ કોઇ હોર્ડિંગ્સ મૂકી શકશે નહિ.

(ઇ) ચૂંટણી પ્રચાર માટે જાહેર જગ્યાએ સ્થાનિક સત્તા મંડળની પરવાનગી મેળવી સ્થાનિક મંડળ દ્વારા નક્કિ થયેલ કિંમત ચૂકવી હોર્ડિંગ્સ મૂકી શકાશે જો હોર્ડિંગ્સ મૂકવામાં આવેતો નીચેની શરતોનું પાલન થવુ જોઇએ.

(૧) હોર્ડિંગ્સ માટેની જગ્યાને ચૂંટણીની જાહેરાત પછી સ્થાનિક સત્તા મંડળ દ્વારા હોર્ડિંગ્સને મૂકવાની જગ્યાના માપમાં વધારો કે ઘટાડો કરી શકાશે નહિ.

(૨) હોર્ડિંગ્સ સાઇઝ ૧૫ × ૮ ફૂટથી વધારે હોવી જોઇએ નહિ.

(૩) કટ આઉટની ઉંચાઇ ૮ ફૂટથી વધવી જોઇએ નહી.

(૪) હોર્ડિંગ્સ મૂકતા પહેલા તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી, પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

(૫) જો આવી મંજુરી સિવાય કોઇ હોર્ડિંગ્સ વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યું હોય તો તે તાકીદે ચૂંટણી ઉમેદવારે પોતાના ખર્ચે અને જોખમે તાત્કાલીક દૂર કરાવવાનું રહેશે.

સદરહુ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી એટલે કે તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

સંદિપકુમાર સાગલે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ તા. ૦૧/૧૧/૨૦૧૩ના પરીપત્ર નંબર SB / II / ESA / 112013 / CSGOI /14 અને તા. ૧૨/૧૦/૨૦૧૫ના પત્ર નં. SB-II/ESA/132015/GOI-84

(૨) ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રીશ્રીના તા. ૦૮/૦૯/૨૦૧૫ના અ.સ. પત્ર નં. 17(12)2013-EXP/1188.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/એસ.આર./૬૫/૨૦૧૫.– ભારતના કંડલા, મુંબઈ, કોલકાતા અને તુતીકોરીન જેવા બંદરોથી ગેરકાયદેસર રીતે દારૂખાનાની આયાત કરવામાં આવે છે. જેમાં વપરાતું પોટેશિયમ ક્લોરેટ, સલ્ફર તથા સલ્ફયુરેટના મિશ્રણ જેવુ ખતરનાક અને જોખમી કેમિકલનું ઉત્પાદન, સંગ્રહ કે વપરાશ ઉપર જાહેરનામા ક્રમાંક GSR No. (64) dt. 27/01/92 તા. ૨૭/૦૧/૧૯૯૨થી ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમજ દારૂખાનાની આયાતને એક્સપ્લોઝિવ રૂલ્સ-૨૦૦૮ અન્વયે અદ્યાપી કોઈ પરમિશન કે લાયસન્સ આપવામાં આવેલ નથી.

પોટેશિયમ ક્લોરાઈટ જેવા જોખમી રસાયણનાં ઉપયોગના કારણે જીવન જોખમમાં મુકાતુ હોય આવા દારૂખાનાની આયાત, ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનું જણાતુ હોઈ જાહેર જનતાના હિતમાં સરકારશ્રીના આમુખમાં જણાવેલ પત્રો/સુચનાઓ/પરિપત્રોથી મળેલ સુચના/સુચનાઓ મુજબ તેમજ તેમ થતું અટકાવવા વાસ્તે,

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લામાં પોટેશિયમ ક્લોરેટ તથા સલ્ફર, સલ્ફયુરેટ ધરાવતા કોઈપણ કેમીકલ મીકસર, કોઈપણ ક્લોરેટ સાથે સંમિશ્રિત રીતે પ્રતિબંધિત કરવામાં આવેલ હોઈ આવા મિશ્રણથી બનાવવામાં આવેલ વિદેશી દારૂખાનાની આયાત, સંગ્રહ, ખરીદ, વેચાણ અને વપરાશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૧૩, ૧૧૭ મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ નં. ૪૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ કલાક થી તા. ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી (કુલ બંને દિવસ સહિત) ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

INDEX

વંચાણમાં લીધું :-

(૧) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ તા. ૦૬/૧૦/૨૦૧૫ના પત્ર ક્રમાંક વિ-૨/ડીએસએમ/૧૩૨૦૧૫/હા.કો.૦૨.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/એસ.આર./૬૬/૨૦૧૫.– ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઉતરાયણ તથા અન્ય તહેવારો દરમ્યાન સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુકકલ) ઉડાડવાની પ્રથા શરૂ થયેલ છે અને લોકો દ્વારા હજારો સ્કાય લેન્ટર્ન રાત્રી દરમિયાન ઉડાડવામાં આવે છે. જ્યારે આ સ્કાય લેન્ટર્સ પવન અથવા કોઈ વસ્તુ સાથે અથડાય છે ત્યારે તેમાં આગ લાગે છે અને તે જમીન પર આવે છે જેના કારણે કચરો થાય છે. અને આગ લાગવાના બનાવો પણ બને છે. ચાલુ વર્ષે તા. ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૫ અને તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૫ના દિવસોમાં ૨૧ જેટલા આગના બનાવો બનેલ હતાં જે મુખ્ય સ્કાય લેન્ટર્નના કારણે બનેલા તેમજ ઝુપડપટ્ટીમાં સ્કાય લેન્ટર્નને કારણે આગ લાગવાથી એક બાળકનું મોત થયેલ હતું. એડીશનલ ચીફ ફાયર ઓફીસર, અમદાવાદ દ્વારા પણ એવુ નિવેદન આપવામાં આવેલ કે, સ્કાય લેન્ટર્ન એ આગના બનાવોનું મુખ્ય કારણ હોઈ તેની પર પ્રતિબંધ મુકાવો જોઈએ. વિદેશમાંથી ગેરકાનુની રીતે સ્કાય લેન્ટર્ન આયાત થાય છે. આ સ્કાય લેન્ટનઈ પર મોટે ભાગે “Biodegradable” લખેલ છે. પરતું આ પ્રકારના સ્કાય લેન્ટર્ન સસ્તા કાગળોમાંથી બનેલ હોય છે અને સસ્તા મીણના ચોસલા તેમાં બળતણ તરીકે વપરાય છે. જે બાયોડીગ્રેડેબલ નથી તથા તે મોટી પર્યાવરણીય આપતિ સર્જી શકે છે. આવી સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવાના તથા સળગતી ગમે તે વિસ્તારમાં પડવાના કારણે જાહેર જનતા, પશુ, પક્ષી, જાહેર / ખાનગી માલ-મિલકતને તેમજ પર્યાવરણને નુકશાન ના થાય તે માટે આવા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ની આયાત, ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાતું હોઈ જાહેર જનતાના હિતમાં સરકારશ્રીના આમુખમાં જણાવેલ પત્રો/સુચનાઓ/પરિપત્રોથી મળેલ સુચના/સુચનાઓ મુજબ તેમ થતું અટકાવવા વાસ્તે,

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લામાં આવા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ)ની આયાત, ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ ઉપર પ્રતિબંધ ફરવામું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૧૩, ૧૧૭ મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ નં. ૪૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ કલાક થી તા. ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી (કુલ બંને દિવસ સહિત) ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૧૦૫ થી ૯૧૧૬/૨૦૧૫.–ભરૂચ મુકામે નર્મદા નદી ઉપર આવેલ જુના સરદાર બ્રિજની કમાનો ખરાબ થતા તેનું રીપેરીંગ કામ ચાલુ છે. જેના કારણે ભરૂચ ગોલ્ડન બ્રિજ પરથી હળવા વાહનો કે જે વડોદરાથી સુરત તરફ અને સુરત તરફથી વડોદરા તરફ પસાર થાય છે. જેમાં ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે. જેની સીધી અસર ભરૂચમાં આંતરિક વાહન વ્યવહારને પણ થાય છે. જેથી સદર ટ્રાફીકને હળવો કરવા માટે હંગામી ધોરણે વડોદરા તરફથી આવતા સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી. જી. પ્રજાપતિ, (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તારીખ-૨૯/૧૦/૨૦૧૫ થી તારીખ ૨૮/૧૧/૨૦૧૫ દરમ્યાન ૧૬:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે ભરૂચ તરફથી અંકલેશ્વર તરફ જતા ફોર વ્હિલ વાહનો (એલ.એમ.વી. એમ્બ્યુલન્સ/સરકારી વાહનો સિવાય) ને ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) વડોદરા તરફથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો નર્મદા ચોકડીથી ઝાડેશ્વર ચોકડી થઈને જુના સરદાર બ્રિજ ઉપર અંકલેશ્વર/સુરત તરફ જઈ શકશે.

(૨) ભરૂચ શહેરમાંથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ઝાડેશ્વર ચોકડીથી જુના સરદાર બ્રિજ થઈને અંકલેશ્વર/સુરત તરફ જઈ શકશે.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તા. ૨૯મી ઓકટોબર, સને ૨૦૧૫નાં મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (યુ) અન્વયેનું.

ક્રમાંક/એમએજી/દિવાળી/વશી/૯૧૩૨ થી ૯૧૫૦/૨૦૧૫.–ભરૂચ જિલ્લામાં પ્રતિ વર્ષની માફક દિવાળીનો પર્વ ઉજવવામાં આવનાર છે. દિવાળીના પર્વની ઉજવણીના ભાગરૂપે ફટાકડા/દારૂખાનુ ફોડવામાં આવે છે. ફટાકડા/દારૂખાનુ જાહેર રસ્તા ઉપર ફોડવાથી જાહેર સલામતીને અવરોધ તથા ટ્રાફીકને અડચણ થાય તેવો પૂરો સંભવ છે. જેથી તા. ૯મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૧૫ સુધીનાં દિવસો દરમ્યાન ભરૂચ જિલ્લામાં આવેલ જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર ફટાકડા/દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોક્ત જણાવેલ તારીખનાં દિવસો દરમ્યાન ભરૂચ જિલ્લામાં આવેલ તમામ શહેર માર્ગો/રસ્તાઓ ઉપર ફટાકડા/દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું. દારૂખાનું/ફટાકડા ખુલ્લા મેદાન, કોમન પ્લોટમાં ફોડી શકાશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૫ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓકટોબર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, NOVEMBER 19, 2015 / KARTIKA 28, 1937 [No. 47

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1729-1740
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	47
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	93
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	4031-4082

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/જિ.તા.પં.ચૂં./રજી. નં.-૫૭/૨૦૧૫.– વલસાડ જિલ્લા પંચાયત તથા વલસાડ/પારડી/વાપી/ઉંમરગામ/ધરમપુર/કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરીફ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. આથી, આવા જુદા જુદા રાજકીય પક્ષોના જૂથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં. તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે, તેઓના હથિયારો સાથે લઈ જવા નહીં તથા સાથે રાખવા નહીં તે મુજબનો પ્રતિબંધ મૂકવાનું ઈષ્ટ જણાય છે. આથી, આવા શસ્ત્રો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મૂકવાનું જરૂરી જણાય છે. અને તેવો મારો અભિપ્રાય છે.

તેથી, હું, રવિકુમાર અરોરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં હથિયાર પરવાનેદારોએ તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહી તથા સાથે રાખવા નહી. હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસૂરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

INDEX

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે જાહેર ફરજ બજાવતી વ્યક્તિઓ કે જેને જાતે અથવા તેના ઉપરી અધિકારીની સૂચના અનુસાર આવું કોઈપણ હથિયાર જોડે રાખવું એ તેની કાયદાકીય ફરજોનો ભાગ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આજ રોજ તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર ડીસીબી/એમએજી/જિ.તા.પં.ચૂં./રજી. નં.-૫૮/૨૦૧૫.– વલસાડ જિલ્લા પંચાયત તથા વલસાડ/પારડી/વાપી/ઉંમરગામ/ધરમપુર/કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તે સમયે જિલ્લાના પ્રજાજનો પોતાની માંગણી કે રજૂઆત પરત્વે વ્યક્તિગત કે જાહેરમાં ધરણાંનો કાર્યક્રમો, ઘેરાવોના કાર્યક્રમો અથવા ઉપવાસ ઉપર જવાના કાર્યક્રમો યોજતાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સલામતી ખોરવવાની શક્યતા રહે છે. આથી જાહેર હિતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા આવા કૃત્યો અટકાવવા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી અને ઈષ્ટ જણાય છે, તેવો મારો અભિપ્રાય છે.

તેથી, હું, રવિ કુમાર અરોરા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી કોઈ વ્યક્તિગત અથવા સમૂહમાં જાહેરમાં ધરણાં ધરવા, ઘેરાવો કરવા તેમજ ઉપવાસના કાર્યક્રમ રાખવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસૂરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર ડીસીબી/એમએજી/જિ.તા.પં.ચૂં./રજી. નં.-૫૯/૨૦૧૫.– વલસાડ જિલ્લા પંચાયત તથા વલસાડ/પારડી/વાપી/ઉંમરગામ/ધરમપુર/કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીનાં સરળ સંચાલન, આચાર સંહિતા અંગે ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : ૭-ઈએલસી/સીઓસી/વાહનોના દુરુપયોગ ઉપર નિયંત્રણ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ની સૂચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થા જાળવણી અર્થે મતદાન મથકે અવર જવર માટે વાહનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, રવિ કુમાર અરોરા, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ નીચે જણાવેલ કૃત્ય કરવા પર નિયંત્રણ ફરમાવું છું.

(૧) મતદાનના દિવસે ઉમેદવાર પોતાના ઉપયોગ માટે એક વાહન તથા મતદાર વિભાગમાં મતદાનની તારીખે ચૂંટણી એજન્ટ અથવા તેના કાર્યકરો અથવા પક્ષીય કાર્યકરો માટે એક જ વાહન ચૂંટણી અધિકારી દ્વારા આપેલ પરમીટ ધારણ કરેલું વાપરી શકશે.

(૨) વાહન ઉપર પરમીટ નંબર પ્રદર્શિત કરવાનું રહેશે.

(૩) આ પ્રતિબંધ સરકારી અધિકારીઓ કે જે ચૂંટણી પ્રક્રિયામાં સંકળાયેલ છે તેઓને લાગું પડશે નહી.

(૪) ઉમેદવાર/મતદાર એજન્ટ/પક્ષીય કાર્યકરો આવા પરમીટ ધારણ કરેલ વાહનોનો ઉપયોગ ચૂંટણી કાર્યના સમય દરમ્યાન મતદારોને લાવવા લઈ જવા માટે અસામાજિક તત્ત્વોની હેરફેર માટે, ગેરકાયદેસર હથિયારોની હેરફેર માટે કરી શકાશે નહી.

(૫) કોઈપણ વ્યક્તિ પોતાના કોઈપણ પ્રકારના વાહનોમાં મતદારોની હેરાફેરી કે તેવા હેતુસર વાહનનો ઉપયોગ કરી શકાશે નહી. વાહનનો પોતાના અને ફક્ત કુટુંબની વ્યક્તિઓ પુરતો મર્યાદિત ઉપયોગ કરી શકશે.

આજ તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/જિ.તા.પં.ચૂં./રજી. નં.-૬૦/૨૦૧૫.– વલસાડ જિલ્લા પંચાયત તથા વલસાડ/પારડી/વાપી/ઉંમરગામ/ધરમપુર/કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીનાં સરળ સંચાલન, આચાર સંહિતાની સૂચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે, મતદાન મથક ઉપર મતદારો માટે અવરોધો ઉભા થાય છે અને વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે આ માટે મતદાન મથકથી ૨૦૦ મીટરની અંદર કોઈ ટેબલ કે ખુરશીઓ કે કોઈ મંડપ કે તાડપત્રીના ટુકડાની કે છત્રીની વ્યવસ્થા કરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, રવિ કુમાર અરોરા, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ

સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન મથકની ૨૦૦ મીટરની અંદર કોઈ ટેબલ કે ખુરશીઓ કે કોઈ મંડપ કે તાડપત્રીના ટુકડાની કે છત્રીની વ્યવસ્થા કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(અ) ફરજ પરના ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચૂંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.

(બ) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીશ્રીઓ અથવા તેઓને મદદ કરતા એજન્સીઓ.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર ડીસીબી/એમએજી/જિ.તા.પં.ચૂં./રજી. નં.-૬૧/૨૦૧૫.–વલસાડ જિલ્લા પંચાયત તથા વલસાડ/પારડી/વાપી/ઉંમરગામ/ધરમપુર/કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીના સરળ સંચાલન, આચાર સંહિતાની સૂચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે, મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરુરી જણાય છે.

તેથી હું, રવિ કુમાર અરોરા, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના મતદાનના દિવસે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરનાં વિસ્તારની અંદર તેમજ મતગણતરીના દિવસે તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ સવારના ૮-૦૦ કલાકથી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી મતગણતરી કેન્દ્રના સમગ્ર વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ પેજર સેટ સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા ચૂંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યક્તિઓ તથા ચૂંટણી ફરજ સાથે સંકળાયેલ પોલીસ અધિકારીશ્રીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી અન્ય વ્યક્તિઓ.

(૩) ચૂંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/રજી. નં.-૬૨/૨૦૧૫.–વલસાડ જિલ્લા પંચાયત તથા વલસાડ/પારડી/વાપી/ઉંમરગામ/ધરમપુર/કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. આ ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે હેતુથી પંચે દારૂ અને નશાયુક્ત પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ મુકવા સૂચના આપેલ છે.

મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયે મને પ્રાપ્ત થયેલા અધિકારોની રુએ હું, રવિકુમાર અરોરા, આઇ.એ.એસ. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ, ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જાહેર સુલેહશાંતિનાં હિતમાં આદેશ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં આવેલ દારૂના વેચાણ/સંગ્રહ માટેનો અધિકૃત પરવાનો ધરાવનાર પરવાનેદારે નીચે જણાવેલ દિવસોએ દારૂ વેચાણની દુકાન બંધ રાખવી દારૂનું વેચાણ કરવું નહીં.

અ. નં.	બંધ રાખવાના દિવસોની વિગત	તારીખ
૧.	મતદાનના દિવસનાં આગલા બે દિવસ	૨૭-૨૮/૧૧/૨૦૧૫
૨.	મતદાનનો દિવસ	૨૯/૧૧/૨૦૧૫
૩.	મતગણતરીનાં દિવસનો અગાઉનો દિવસ	૦૧/૧૨/૨૦૧૫
૪.	મતગણતરીનો દિવસ અગર મતગણતરી પૂર્ણ થવાની તારીખ	૨/૧૨/૨૦૧૫

આ આદેશનો ભંગ થયેલાનું માલમ પડશે તો દરેક ગુન્હા બદલ છ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીનાં દંડની શિક્ષા અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે.

વલસાડ, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫

રવિ કુમાર અરોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩ (૧)(એન) ૩૩(૧) (આર) (૩) અને કલમ-૩૮ મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી નં. ૫૨/૨૦૧૫.—ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં ૨૨માં) ની કલમ-૩૮ (૨)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી વલસાડ જિલ્લા પંચાયત તથા વલસાડ/પારડી/વાપી/ઉંમરગામ/ધરમપુર/કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તથા ચૂંટણીની આચાર સંહિતા અને રાજ્ય ચૂંટણી પંચની સુચનાઓને ધ્યાનમાં રાખતાં લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર જાહેર હેતુસર ચૂંટણીના સરળ સંચાલન માટે તથા જાહેર જનતાને ઘોંઘાટ ન થાય તે માટે ભારતના ચૂંટણી પંચના હુકમ નં. ૩/૮/૯૪ જે. એસ-૨, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ ની સૂચના મુજબ સવારના ૮-૦૦ વાગ્યા પહેલાં અથવા રાત્રે ૧૦-૦૦ વાગ્યા પછી સંબંધિત અધિકારીની લેખિત પૂર્વ મંજુરી સિવાય જાહેર સ્થળો અને સભા સરઘસના સ્થળે, ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે સ્થાયી કે ફરતા વાહન ઉપર સ્ટેટીક અથવા માઉન્ટેડ લાઉડ સ્પીકરનો ચૂંટણી પ્રચારના કોઈપણ પ્રકારે ઉપયોગ કરવા તા. ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી પ્રતિબંધ ફરમાવું છે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પરના ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચૂંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.

(બ) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીશ્રીઓ અથવા તેઓને મદદ કરતા એજન્સીઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ગુજરાત અધિનિયમ, ૨૨માં)ની કલમ-૧૩૧ તથા ૧૩૬ મુજબની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/૨જી. નં. ૫૩/૨૦૧૫.—ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩(૧)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી વલસાડ જિલ્લા પંચાયત તથા વલસાડ/પારડી/વાપી/ઉંમરગામ/ધરમપુર/કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તથા ચૂંટણીની આચાર સંહિતા અને રાજ્ય ચૂંટણી પંચની સુચનાઓને ધ્યાનમાં રાખતા તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુક્ત અને ન્યાયી જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે, જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીનરાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ વાહનો જેવા કે ટેક્ષી, ખાનગી કાર, ટ્રક, ટ્રેકટર સાથે ટ્રેલર અને વિના ટ્રેલર, ઓટોરીક્ષા, સ્કુટર, મોટર સાયકલ, બસ, મીનીબસ, માલવાહક સાધન વિગેરે બનેલા કાફલા (Convoys) રૂપે જવા દેવાશે નહીં. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતાં આ બાબત આવા કોઈ વ્યક્તિ સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સૂચનાને આધીને રહેશે.

(૨) ચૂંટણી પ્રચાર માટે ફરતાં વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો પરત્વે તે અંગે જરૂરી પરવાનગીપત્ર કે જે પરવાનીગી નંબર તારીખ સહિતનો વાહનના કાચ ઉપર લગાડેલ તો જ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા મંગાવવામાં આવ્યે રજૂ કરવાની રહેશે.

આ અંગે ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવતી અદ્યતન સુચનાઓને આધિન કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) જોગવાઈનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧), બી, ડી-એ, ડી-બી, એન અને ૩૩(૩).

નંબર ડીસીબી/એમએજી/૨જી. નં. ૫૪/૨૦૧૫.—ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩(૧), બી, ડી-એ, ડી-બી, એન અને ૩૩(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી વલસાડ જિલ્લા પંચાયત તથા વલસાડ/પારડી/વાપી/ઉંમરગામ/ધરમપુર/કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તથા ચૂંટણીની આચાર સંહિતા અને રાજ્ય ચૂંટણી પંચની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, મુક્ત અને ન્યાયી જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે, વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા

INDEX

કે મંડળી કે રાજકીય પક્ષ તથા આગામી તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી નીચે મુજબ કાર્યવાહી કરવા જાહેર હિતમાં ફરમાવું છું.

(એ) ચૂંટણી પ્રચાર અર્થે કોઈ ઉમેદવારોએ, રાજકીય પક્ષોએ કે તેમના ટેકેદારોએ જાહેર સ્થળો કે ખાનગી માલીકીની મિલ્કતો ઉપર કોઈ વિશાળ કટ આઉટ, જાહેરાતના પાટીયા, બેનરો, દરવાજા (Gates) કે કમાનો (Arches) સક્ષમ અધિકારીની પરવાનગી વગર ઉભા કરવા નહીં.

(૧) હોર્ડીંગ્સની સાઇઝ ૧૫ ફુટ × ૮ ફુટ થી વધારે હોવી જોઇએ નહિં.

(૨) કટઆઉટની ઉંચાઇ ૮ ફુટથી વધારે હોવી જોઇએ નહિં.

(૩) કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઇ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તેમજ સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને કરવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તે વિસ્તારના ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

(બી) જાહેર મકાનોની દિવાલો કે સાર્વજનિક જગ્યાઓ પર સૂત્રો લખવા નહિ તેમજ પોસ્ટરો કે પ્રચાર સામગ્રી લગાવવી નહીં.

(સી) કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવારે, ધ્વજદંડ ઉભા કરવા, પતાકા બાંધવા, નોટીસ લગાવવી, સૂત્રો લખવા વગેરે માટે જાહેર કે સાર્વજનિક જગાએ પરવાનગી તેમજ અન્ય જરૂરી પરવાનગી વિના ઉપયોગ કરવાની પોતાના અનુયાયીઓને છૂટ આપવી નહીં.

(ડી) (જાહેર અને ખાનગી) મિલ્કતોને ચૂંટણી પ્રચારના સાહિત્યથી વિકૃત થતી અટકાવવા તથા ચૂંટણી પ્રચાર માટેનું પરવાનગી સહ લખવા કે લગાવવા માટેનું મટેરીયલ તદ્દન હંગામી કે કામચલાઉ અને સરળતાથી દૂર થઈ શકે તેવું હોવું જોઈશે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની ઉપરોક્ત જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૫૫/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીની મતગણતરીને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ-સલામતી, તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૫૬/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨મા) ની કલમ–૩૭(૩) પ્રમાણે મને મળેલ

INDEX

સત્તાની રૂએ, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ-સલામતિ, તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૧૫ સુધી અન અધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

એ. ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/HSC/વિ.પ્ર./પરીક્ષા/વશી/૧૦૧૭૧/૨૦૧૫.– ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ પ્રથમ સેમેસ્ટર અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાઓનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ સુરતમાં આગામી તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫ સુધી એસ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ પ્રથમ સેમેસ્ટર અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા લેવામાં આવનાર છે. સદરહુ પરીક્ષામાં ખુબ મોટી સંખ્યામાં પરીક્ષાર્થીઓ ભાગ લેનાર છે. આ પરીક્ષા તેના નિર્ધારીત કાર્યક્રમ મુજબ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં પરીક્ષા કેન્દ્રો (હાઈસ્કુલો, સ્કુલો)માં લેવામાં આવનાર હોઈ સદરહુ પરીક્ષાઓનું સરળ અને સુચારૂ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઇ રહે, વિદ્યાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિતે પરીક્ષાઓ આપી શકે તેમજ સદરહુ પરીક્ષાઓ નિર્ભય રીતે મુક્ત વાતાવરણમાં યોજાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં કેન્દ્રોની ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં હથિયાર કે મોબાઇલ ફોન લઇ જવા પર કે પરીક્ષાના સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટર અંદર પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને ઇસ્ટ જણાય છે.

વાસ્તે, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ હું, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકુમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫ સુધી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળના તમામ પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવામાં કોઇપણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહીત) હથિયાર, મોબાઈલ લઈ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા સદરહુ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવા ફરમાવું છું.

અપવાદ :

(૧) પરીક્ષા કેન્દ્રો ઉપર સુરક્ષા માટે ફરજ પરના પોલીસ અધિકારી તથા કર્મચારીઓ કે નિયુકત અન્ય અધિકારીઓ ફરજના ભાગરૂપે હથિયાર લઈ જઈ શકશે.

(૨) પરીક્ષા કેન્દ્રો ઉપર નિયુકત અધિકારીઓ તેમની ફરજ માટે જરૂરી હોય તો મોબાઈલ ફોન તેમની પાસે રાખી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરતના તા. ૨૮મી ઓકટોબર, ૨૦૧૫ના એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ પ્રથમ સેમેસ્ટર તથા ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા અંગેના જાહેરનામાંનું પરિશિષ્ટ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગનું નામ
૧	પી. કે. દેસાઇ વિદ્યાલય યુ-૧, કીમ, તા. ઓલપાડ, જિ. સુરત
૨	પી. કે. દેસાઇ વિદ્યાલય યુ-૨, કીમ, તા. ઓલપાડ, જિ. સુરત
૩	શ્રી. વી. એફ. ચૌધરી માધ્યમિક શાળા, યુ-૧, અંબાજી રોડ, માંડવી, જિ. સુરત
૪	શ્રી. વી. એફ. ચૌધરી માધ્યમિક શાળા, યુ-૨, અંબાજી રોડ, માંડવી, જિ. સુરત
૫	શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, લાડવી, ને. હા. ૮, પો. લાડવી, તા. કામરેજ, જિ. સુરત
૬	વી. ડી. ગલીયારા હાઇસ્કુલ, યુનિટ-૧, કઠોર, તા. કામરેજ, જિ. સુરત
૭	વી. ડી. ગલીયારા હાઇસ્કુલ, યુનિટ-૨, કઠોર, તા. કામરેજ, જિ. સુરત
૮	શ્રી વશિષ્ઠ વિદ્યાલય, વાવ, તા. કામરેજ, જિ. સુરત
૯	ધી કે.વિ.કો.સે. સ્કુલ કોલેજ કેમ્પસ, યુ-૧, કામરેજ ચાર રસ્તા, તા. કામરેજ, જિ. સુરત
૧૦	કન્યા વિદ્યાલય, યુ-૧, અસ્તાન, સરદાર બાગ, બારડોલી-૨, જિ. સુરત

INDEX

ક્રમ	પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગનું નામ
૧૧	કન્યા વિદ્યાલય, યુ-૨, અસ્તાન, સરદાર બાગ, બારડોલી-૨, જિ. સુરત
૧૨	શ્રી એમ. બી. વામદોત, યુનિટ-૧, તા. બારડોલી, જિ. સુરત
૧૩	શ્રી એમ. બી. વામદોત, યુનિટ-૨, તા. બારડોલી, જિ. સુરત
૧૪	સિન્સરીટી ઇંગ્લીશ સ્કુલ, સરદાર બાગ, સ્ટેશન રોડ, તા. બારડોલી, જિ. સુરત

આજ રોજ તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/HSC/વિ.પ્ર./પરીક્ષા/વશી/૧૦૨૪૧/૨૦૧૫.– ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એચ. એસ. સી. વિજ્ઞાન પ્રવાહ પ્રથમ સેમેસ્ટર અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાઓનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ સુરતમાં આગામી તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫ સુધી એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ પ્રથમ સેમેસ્ટર અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષાઓ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં પરીક્ષા કેન્દ્રો (હાઈસ્કુલો, શાળાઓ)માં લેવામાં આવનાર હોય સદરહુ પરીક્ષાઓનું સરળ સંચાલન થાય, તથા મુક્ત વાતાવરણમાં યોજાય તે માટે સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતના હકુમત હેઠળનાં સુરત (ગ્રામ્ય) વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ આ વિસ્તારમાં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂર જણાયું છે.

વાસ્તે, પ્રકાશ એન. મકવાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત (ગ્રામ્ય) જિલ્લામાં તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫ સુધી પરીક્ષા સમય દરમ્યાન સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવામાં,

(૧) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૨) વાહનો પાર્ક કરવા નહી.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા કે પરીક્ષા વ્યવસ્થામાં ON EXAM DUTY માં સંકળાયેલ તથા મસ્જિદ-દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૨) એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ બિનજામીન લાયક શિક્ષાને પાત્ર થશે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરતના તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૫ના એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ પ્રથમ સેમેસ્ટર તથા ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા અંગેના જાહેરનામાનું પરિશિષ્ટ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગનું નામ
૧	પી. કે. દેસાઇ વિદ્યાલય યુ-૧, કીમ, તા. ઓલપાડ, જિ. સુરત
૨	પી. કે. દેસાઇ વિદ્યાલય યુ-૨, કીમ, તા. ઓલપાડ, જિ. સુરત
૩	શ્રી વી. એફ. ચૌધરી માધ્યમિક શાળા, યુ-૧, અંબાજી રોડ, માંડવી, જિ. સુરત
૪	શ્રી વી. એફ. ચૌધરી માધ્યમિક શાળા, યુ-૨, અંબાજી રોડ, માંડવી, જિ. સુરત
૫	શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, લાડવી, ને. હા. ૮, પો. લાડવી, તા. કામરેજ, જિ. સુરત
૬	વી. ડી. ગલીયારા હાઈસ્કુલ, યુનિટ-૧, કઠોર, તા. કામરેજ, જિ. સુરત
૭	વી. ડી. ગલીયારા હાઈસ્કુલ, યુનિટ-૨, કઠોર, તા. કામરેજ, જિ. સુરત
૮	શ્રી વશિષ્ઠ વિદ્યાલય, વાવ, તા. કામરેજ, જિ. સુરત
૯	ધી કે.વિ.કો.સે. સ્કુલ કોલેજ કેમ્પસ, યુ-૧, કામરેજ ચાર રસ્તા, તા. કામરેજ, જિ. સુરત
૧૦	કન્યા વિદ્યાલય, યુ-૧, અસ્તાન, સરદાર બાગ, બારડોલી-૨, જિ. સુરત
૧૧	કન્યા વિદ્યાલય, યુ-૨, અસ્તાન, સરદાર બાગ, બારડોલી-૨, જિ. સુરત
૧૨	શ્રી એમ. બી. વામદોત, યુનિટ-૧, તા. બારડોલી, જિ. સુરત
૧૩	શ્રી એમ. બી. વામદોત, યુનિટ-૨, તા. બારડોલી, જિ. સુરત
૧૪	સિન્સરીટી ઇંગ્લીશ સ્કુલ, સરદાર બાગ, સ્ટેશન રોડ, તા. બારડોલી, જિ. સુરત

આજ રોજ તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યા :-

(૧) મે. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વડોદરાના પત્ર નં. ઈસી. એમ.એ.જી-૩૪૬૯/૨૦૧૫ તા. ૨૧-૦૮-૧૫.

(૨) તાલુકા પોલીસ સ્ટેશન વાઘોડીયાના જાવક નં. ૨૬૪૫/૨૦૧૫ તા. ૨૦-૧૦-૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૮૭ મુજબનું.

નંબર એમએજી/વશી/૩૨૦૮/૨૦૧૫.–આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે મે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ વડોદરાના હુકમ/ઈસી/એમએજી/વશી/૩૪૬૯/૨૦૧૫ના ૨૧/૦૮/૧૫ના આધારે બિનવારસી મુદ્દામાલની જાહેર હરાજીની નિકાલ કરવાની સત્તા જે તે તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને સુપ્રત કરવામાં આવેલ છે.

તે આધારે પોલીસ્ટેશન વાઘોડીયાના પત્ર નં. ૨૬૪૫/૨૦૧૫ના તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૧૫ અન્વયે આ સાથે જણાવેલ બિનવારસી મુદ્દામાલની જાહેર હરાજીથી નિકાલ કરવા દરખાસ્ત મળેલ છે. વાસ્તે સદરહુ બિનવારસી મુદ્દામાલની જાહેર હરાજી તારીખ ૪થી નવેમ્બર, ૨૦૧૫ના રોજ સવારના ૧૧-૩૦ કલાકે નીચે જણાવેલ સ્થળે રાખેલ છે. જે ઇસમોએ ચીજ વસ્તુઓ રાખવાની ઈચ્છા હોય તેમને હરાજીમાં ભાગ લેવા વિનંતી છે.

સ્થળ : પોલીસ સ્ટેશન વાઘોડીયા.

તા. : ૪-૧૧-૨૦૧૫.

હરાજી ચીજ વસ્તુ રાખનાર ઈસમે હરાજીમાં બોલીમાં આવેલ રકમ તે જ દિવસે રોકડેથી આપવાની રહેશે. હરાજીમાં વેચાણ કરવાની ચીજ-વસ્તુઓ (મિલ્કત) કચેરીના સમય દરમ્યાન વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં બપોર ૧૨-૦૦ કલાકે થી ૧૬-૦૦ કલાકના સમય દરમ્યાન જોઈ શકશે.

અ.નં.	કેસ/સ્ટેશન ડાયરી નંબર કલમ	વાહનનો નંબર	વાહનનો પ્રકાર	એન્જીન નંબર	ચેચીસ નંબર	કમીટીએ નકકી કરેલ અપસેટ કિંમત	રીમાર્કસ
૧	૨૬/૧૨ તા. ૬/૭/૧૨	GJ-6-YY 1344	CNG રીક્ષા	કાટ લાગવાથી નંબર નથી દેખાતા	કાટ લાગવાથી નંબર નથી દેખાતા	૪૫૦૦/-	
૨	૭/૧૪ તા. ૫/૩/૧૪	GJ-6-BP 8651	ડિયો (સીલ્વર કલર	JF11E6020609	ME4JF11 F68013287	૪૦૦૦/-	
૩	૧૬/૧૧	GJ-6-DE 2934	હિરો હોન્ડા સ્પેન્ડર	HA10E-A89G31762	NBL-HA10EE 89G26723	૨૨૦૦/-	
૪	૦૩/૦૮	નંબર વગરનું	ટેકટર (મરૂન કલર)	A350414-ET	10190090	૨૩૦૦૦/-	
કુલ રકમ :- ૩૩૭૦૦/- **(અંકે રૂપિયા તેત્રીસ હજાર સાતસો પુરા)**							

ઉપર જણાવેલ અને વર્ણનવાળી બિન વારસ વસ્તુઓનો જાહેર લીલામ કરવાનો હોઈ રસ ધરાવતા તમામ ઈસમોને ભાગ લેવા જણાવવામાં આવે છે.

વાઘોડીયા, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
વાઘોડીયા.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ડીસીબી/એમએજી/વશી/૯૩૬૧ થી ૯૩૯૫/૨૦૧૫, તા. ૨૭-૦૮-૨૦૧૫ના રોજથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પ્રસિધ્ધ કરેલ જાહેરનામું.

(૨) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક હથપ/૧૦૨૦૧૫/૭૩૩/મ. તા. ૨૧-૧૦-૨૦૧૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/ચૂંટણી/રજી./વશી/૧૧૫૬૫ થી૧૧૫૯૬/૨૦૧૫.—તાજેતરમાં પાટીદાર સમાજ દ્વારા ચાલી રહેલ અનામત મેળવવા અંગેના આંદોનલ સંદર્ભે તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે યોજેલ રેલી/સભા બાદ અન્ય જિલ્લાઓમાં બનેલ અનિચ્છનીય બનાવો તેમજ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને આર્મ્સ એકટ-૧૯૫૯ હેઠળ પરવાના અધિકારીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ હથિયારોનો દુરુપયોગ ન થાય તે માટે અને આ બાબતે સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર નં. હથપ/૧૦૨૦૧૫/૭૩૩/મ, અન્વયે જિલ્લાના ''વ્યકિતગત'' ધોરણે મંજુર કરેલ તમામ હથિયારો પરવાનેદારના નજીકના સંબંધિત પોલીસ સ્ટેશને કે અધિકૃત આર્મ્સ ડીલર સમક્ષ તાત્કાલીક અસરથી જમા કરાવવા થતા હોવાથી રાજ્યમાં પ્રવર્તી રહેલ તંગદીલીને ધ્યાનમાં રાખીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર સુલેહ શાંતિ જાળવી રાખવાના ભાગરૂપે અત્રેની કચેરીના આમુખ-(૧) ના હુકમથી નવસારી જિલ્લામાંના વ્યકિતગત ધોરણે હથિયાર પરવાનો ધરાવતા તમામ પરવાનેદારશ્રીઓએ પરવાનામાં નોંધાયેલ તમામ હથિયારો પોતાના કબજામાં રાખવા ઉપર પ્રતિબંધ મુકી નજીકના પોલીસ સ્ટેશને પરવાનામાના હથિયાર જમા કરવા આદેશ કરેલ હતો.

આમુખ-૨ના સરકારશ્રીના પત્રથી સૂચનાનુસાર વ્યકિતગત ધોરણે મંજુર કરેલ હથિયાર પરવાનેદારશ્રીઓ દ્વારા પોલીસ સ્ટેશન કે અધિકૃત આર્મ્સ ડીલર સમક્ષ જમા કરાવવા અંગે આપેલ સૂચનાઓ તાત્કાલીક અસરથી પાછી ખેંચેલ હોવાથી તે મુજબ અત્રેના આમુખ-(૧)માના જાહેરનામાનો અમલ હવે આ હુકમથી મોકુફ રાખવા હુકમ કરવામાં આવે છે.

આજ તા. ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/જિ.પં./તા.પં./ન.પા.ચૂં./રજી. નં.-/વશી-૧૧૭૨૯ થી૧૧૭૮૮/૨૦૧૫.—નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં.-૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મતગણતરીની તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાજકીય પક્ષો, ઉમેદવારો, સત્તાધિકારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેને અનુલક્ષીને ચૂંટણીના સરળ સંચાલન, આચાર સંહિતાની સૂચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે, મતદાન મથક ઉપર મતદારો માટે અવરોધો ઉભા થાય છે અને વિવિધિ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. આ માટે મતદાન મથકથી ૨૦૦ મીટરની અંદર કોઈ ટેબલ કે ખુરશીઓ કે કોઈ મંડપ કે તાડપત્રીના ટુકડાની કે છત્રીની વ્યવસ્થા કરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન મથકની ૨૦૦ મીટરની અંદર કોઈ ટેબલ કે ખુરશીઓ કે કોઈ મંડપ કે તાડપત્રીના ટુકડાની કે છત્રીની વ્યવસ્થા કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(અ) ફરજ પરના ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચૂંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.

(બ) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીશ્રીઓ અથવા તેઓને મદદ કરતા એજન્સીઓ.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/જિ.પં./તા.પં./ન.પા.સા.ચૂં./રજી. નં.-૧૧/વશી-૧૧૭૮૯ થી૧૧૮૪૮/૨૦૧૫.—નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં.-૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મતગણતરીની તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધિકારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેને ધ્યાનમાં રાખી મતદાનના દિવસે મતદાન મથકની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મતગણતરીનાં દિવસે મતગણતરી કેન્દ્રનાં વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ સાથે રાખવા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે હું, રેમ્યા મોહન, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન મથકની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારની તેમજ મતગણતરીનાં દિવસે એટલે કે તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મતગણતરી કેન્દ્રનાં સમગ્ર વિસ્તારમાં વાયરલેસ સેટ તેમજ કોઈપણ વ્યક્તિ દ્વારા મોબાઈલ-સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનો હુકમ કરૂ છું.

આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા ચૂંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યક્તિઓ તથા ચૂંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા ચૂંટણી અધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ તથા ચૂંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

આજ રોજ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂં./રજી. નં.-૨/વશી-૧૧૭૪૯ થી૧૧૯૦૮/૨૦૧૫.–નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં.-૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મતગણતરીની તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી જાહેર થયા પ્રમાણે કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી અમલમાં છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ-૨૨મો) ની કલમ-૩૩(૧)થી મળેલ સત્તા અનુસાર હું, રેમ્યા મોહન, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તે જ કાયદાની કલમ-૩૩ (૧) (ખ) થી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે જાહેર હિતમાં નવસારી જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીનરાજકીય પક્ષ તથા અર્ધરાજકીય પત્ર તથા આગામી નવસારી જિલ્લા પંચાયચ અને જિલ્લાની તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલીકાની સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ (બન્ને દિવસો શુધ્ધા) નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણ થી વધુ વાહનો જેવા કે, ટેક્ષી, ખાનગી કાર, ટ્રક, ટ્રેક્ટર સાથે ટ્રેલર, અને વિના ટ્રેલર, ઓટોરીક્ષા, સ્કૂટર, મોટર સાયકલ, બસ, મીની બસ, માલવાહક સાધન વિગેરેના બનેલા કાફલા (Convoy) રૂપે જવા દેવાશે નહીં. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈપણ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતા, આ બાબત આવા કોઈ વ્યક્તિ સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સૂચનાને આધીન રહેશે.

(૨) ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડસ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગી પત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહીતનો (વાહનના કાચ ઉપર લગાડેલ) તો જ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજૂ કરવાની રહેશે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૩(૩) (ઘ) (ખ) મુજબ.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજિ.-વશી-૧૧૯૦૯ થી ૧૧૯૬૮/૨૦૧૫.- નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે, તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી અમલમાં આવેલ છે.

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૩(૧)થી મળેલ સત્તા અનુસાર હું રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી તે જ કાયદાની કલમ-૩૩(૩) (ઘ) (ખ) પ્રમાણે કાયદો વ્યવસ્થા જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, જાહેર હિતમાં નવસારી જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ, તથા અર્ધ રાજકીય પક્ષ અને આગામી નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ એવા બન્ને દિવસો શુધ્ધા નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) કટઆઉટ, હોર્ડીંગ્સ, બેનર વિગેરે કોઇપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહિ એટલે કે, સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ, (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહિ.

(બ) જો કટઆઉટ/હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી થી મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઇએ.

૧. હોર્ડીંગની સાઇઝ ૧૫ ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઇએ નહી.

૨. કટઆઉટની ઉંચાઇ ૮ ફુટથી વધવી જોઇએ નહી.

૩. કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનરો વિગેરે કોઇ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરને તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકને કરવાની રહેશે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૩) (ઘ) (ખ) ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨) ની કલમ-૩૩ (૧) (ઘ) (ક) મુજબ.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા.સા./ચૂંટણી/રજિ./વશી-૧૧૯૬૯ થી ૧૨૦૨૮/૨૦૧૫.- નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે, તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી અમલમાં આવેલ છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૩(૧)થી મળેલ સત્તા અનુસાર હું રેમ્યા મોહન, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી તે જ કાયદાની કલમ-૩૩(૧) (ઘ-ક) પ્રમાણે કાયદો અને વ્યવસ્થા જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા માટે તથા સલામતી માટે, જાહેર હિતમાં નવસારી જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ, તથા અર્ધ રાજકીય પક્ષ અને આગામી નવસારી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને વિજલપોર નગરપાલિકાની પેટા ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ એવા (બન્ને દિવસો શુધ્ધા) નીચે જણાવેલ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

૧. કોઇપણ ઉમેદવાર કે વ્યક્તિએ પોતાની ચૂંટણી પ્રચાર અંગે જાહેર માર્ગો, સાર્વજનિક માર્ગો, જાહેર કે સરકારી મકાનો, જગ્યાઓ, મિલ્કતો કે માર્ગોની બંને બાજુઓ વાહન વ્યવહાર માટે વપરાતા પ્રવર્ત રહેતા રસ્તા ક્રોસીંગ, ચાર રસ્તા એસ.ટી. સ્ટેન્ડ, શેરીઓના નાકા મકાનો જાહેર મિલ્કતો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, પુંઠા કે કાગળ કે અન્ય માધ્યમોના પોસ્ટરો, ચિત્રો અને રાજકીય અગ્રણીઓના કટ આઉટ વગેરે ઉભા કરવાનો અને પ્રદર્શિત કરવાનો અને એ જ રીતે રેલ્વેની મિલ્કતો, સરકારી મકાનો, જાહેર મિલ્કતો તથા વીજળી અને ટેલીફોન થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો દરવાજા, જાહેર પાટીયા, બેનરો, ધજા, પતાકા, ભીંત ચિત્રો વિગેરે ચૂંટણીના પ્રચાર માટે મુકવા કે ઉભા કરવા નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨) ની કલમ-૧૩૧ (૪) મુજબ એક મહીના સુધીની કેદની સજા અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા બન્ને પ્રકારની સજાને પાત્ર થશે.

આજરોજ તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપવામાં આવેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./(નવ)ન.પા./ચૂંટણી/રજિ. / વશી-૧૨૦૨૯ થી ૧૨૦૮૮/૨૦૧૫.- નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે, તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮(૨)-૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી અમલમાં આવેલ છે.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા માટે તથા સલામતી માટે, જાહેર હિતમાં હથિયારની હેરાફેરી અટકાવવી જરૂરી જણાય છે. આ સમય દરમ્યાન જુદા-જુદા હરિફ જુથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. જેથી આવા જુદા-જુદા જુથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહી. તેમજ આને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ પણ થવા સંભવ રહે છે. આથી જીલ્લામાં જે ઇસમો પાસે હથિયાર પરવાનાઓ છે. તેઓનાં હથિયારો સાથે લઇ નહી જવા તેમજ સાથે નહી રાખવા ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

સબબ ઉપરોક્ત વિગતે તેમજ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું રેમ્યા મોહન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી, આથી નવસારી જિલ્લામાં ધારણ કરતા હથિયાર પરવાનેદારોએ તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી તેમનાં હથિયાર એક જગ્યાએથી બીજી

જગ્યાએ લઇ જવા નહી તેમજ હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકતો હુકમ કરૂં છું.

વધુમાં જે કિસ્સાઓમાં હથિયાર પરવાનેદારોને હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવા માટે જે જર્ની પરમીટો આપવામાં આવેલ હશે તો તે પણ ઉપરોક્ત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર કસુરવાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું કાયદાકીય ફરજનો ભાગ હોય.

૨. સરકારશ્રી, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

૩. સ્થાયી પ્રચલિત કાયદા, રિવાજ અને રસમના આધારે જે કોમ (સમાજ) હથિયારો પ્રદર્શિત કરવા હક્કદાર હોય તેમને આ પ્રતિબંધ લાગુ પડશે નહિ. તેમ છતાં, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે અને શાંતિપૂર્ણ ચૂંટણી સંચાલનમાં હિંસાના અને ધમકી આપવાના ઉપયોગ થવાનું પોલીસ તંત્રને જણાય તો આવી કોઇપણ વ્યક્તિના હથિયાર જપ્ત કરવામાં અત્રેને કે પોલીસ સત્તાવાળાઓને કોઇ બાધ આવશે નહિ.

આજરોજ તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./(નવ)ન.પા./ચૂંટણી/રજિ. / વશી-૧૨૧૪૯ થી ૧૨૨૦૮/૨૦૧૫.- નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે, તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી અમલમાં આવેલ છે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું રેમ્યા મોહન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં તા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસ સુધ્ધા) કોઈ પણ વ્યકિતએ વ્યક્તિગત અથવા તો સમૂહમાં જાહેરમાં ધરણાં કરવા, ઘેરાવો કરવા તેમજ ઉપવાસનાં કાર્યક્રમ રાખવા ઉપર પ્રતિબંધ મુકવાનો હુકમ કરૂં છું.

આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજિ./વશી-૧૨૨૦૯ થી ૧૨૨૬૮/૨૦૧૫.- નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે, તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી અમલમાં આવેલ છે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આથી નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર

''નવસારી જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર''

કૃત્યો

જે ઉશ્કેરણીજનક ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ, અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની અથવા સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય, તેવી પ્રવૃત્તિઓ કે જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, NOVEMBER 26, 2015 / AGRAHAYANA 5, 1937 [No. 48

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1741-1844	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	95
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	48	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	4083-4155

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ-૨/૩૭૨/૨૪૨૭/૨૦૧૫.- અમદાવાદ શહેર પોલીસ મુ. મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ્ટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે. પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરી જગ્યા પર વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોય સદર જણાવેલ હદમાં રહેતાં પ્રજાજનો તથા ઢોર-ઢાંખરની સલામતી સારૂં સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ કમલ-૩૭(૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટ્ટની આજુ બાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી સદર બટ્ટની આજુ બાજુના રહીશો તેમજ બહારની કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમિયાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવો નહીં.

રીવોલ્વર પ્રેકટીસનો સમય સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

મે, આજરોજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ સહી સિક્કા કર્યા છે.

INDEX

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)આર(૩) અન્વયે કાઢેલો.

નંબર વિ.શા./જાહેરનામા/એ-સેક્શન/પરમીટ/૮૪/૨૦૧૫.–આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જે અન્વયે ચૂંટણી જાહેરાતની તારીખથી શરૂ થતા અને ચૂંટણી પરિણામની તારીખ પુરા થતા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો પર ગોઠવેલ કે જાહેર સભાના હેતુ માટે સ્થાયી સ્થિતિમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ બાબતે ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૫૦૯/૮૧/૯૪/જેએસઆઈ, તારીખ ૧૩મી મે, ૧૯૯૪ તથા તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ના હુકમ નં. જે.એસ.૨ના પારા નં. ૩.૩ અને ૩.૫ તથા ભારતના ચૂંટણી પંચની સૂચના નં. ૪૬૪/આઈએનએસટી/૨૦૦૭/પીએ લેન-૧, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૭ના પારા નં. ૧૮ તથા ૧૯માં આપેલ સૂચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ખૂબ ઉંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખુબજ ધ્વની પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી છે.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) આર(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરુ છું કે,

સમગ્ર અમદાવાદ શહેરની હકુમત હદ વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧) કોઈપણ પ્રકારનાં લાઉડસ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૦૬-૦૦ કલાકથી રાત્રિના કલાક ૨૨-૦૦ સુધી જ થઈ શકશે.

(૨) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હિકલ એક્ટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચૂંટણી પ્રચાર દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પાસેથી નિયત નમૂનામાં અરજી કરીને પ્રથમ વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટનાં હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ પ્રકારનાં લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતાં પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૪) લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારનાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર અને લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૫) કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

આ હુકમ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીના હકૂમત હેઠળ આવતા તમામ વિસ્તારોને લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર : વિ.શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૮૫/૨૦૧૫.–આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. ભારતના ચૂંટણી પંચના તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૮ના પત્ર ક્રમાંક : ૩/૭/૨૦૦૮/જીએસ-૨ મા જણાવેલ સૂચનાનુસાર કોઈપણ સરકારી કે જાહેર મિલ્કતો વિકૃત થતી અટકાવવા સૂચનાઓ આપેલ છે. જેથી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે નીચેની બાબતો પરનો પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું.

(૧) કોઈ પણ રાજકીય પક્ષ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે, અન્ય કોઈ વ્યક્તિઓ કોઈ પણ સરકારી (સિવિલ મકાન સહિત) ની દિવાલ ઉપર તથા જાહેર સ્થળે લખાણ લખી શકાશે નહીં. અથવા પોસ્ટર/કાગળો ચોંટાડવા કે કોઈપણ રીતે બગાડી શકાશે નહિ અથવા જાહેરાતના પૂંઠા, પાટીયા, બેનર્સ, ધજા વિગેરે રાખી/નિદર્શન કરી શકાશે નહીં.

(૨) આ હેતુ માટે સરકારી મકાન-જાહેર સ્થળમાં કોઈપણ સરકારી કચેરી અને તેનું પ્રાંગણ જેમાં કચેરી મકાન આવેલ હોઈ તે તેમજ અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતાં પાટીયા-હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ, રેલ્વે ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ,

INDEX

રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ, લોકોને ચેતવણી આપતાં બોર્ડ, ટેલીફોન તથા ઈલેક્ટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનીક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓની મિલ્કતો, સરકારશ્રીના જાહેર ઉપક્રમોની મિલ્કતો રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો-જાહેરમાર્ગો અને એસ.ટી./ એ.એમ.ટી.એસ./ બી.આર.ટી.એસ. બસ સ્ટોપ કે વાહનોનો સમાવેશ થશે.

(૩) આ હુકમ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર : વિ.શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૮૬/૨૦૧૫.—આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. ચૂંટણીના દિવસે ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે મતદારો માટે અવરોધો ઉભા થાય છે. વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી ચૂંટણી પ્રચાર મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી ગણાય છે.

હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારીની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીના મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર માટેના મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમમાં નીચે મુજબનો અપવાદ છે :-

મતદારોને વિધિસર ઓળખ કાપલીઓ આપવા માટે ઉમેદવારો તેમજ એજન્ટો અને કાર્યકરોના ઉપયોગ સારૂ મતદાન મથકથી ૨૦૦ મીટરથી દુરના અંતરે એક ટેબલ અને બે ખુરશીઓની તેમજ એમને તડકા/વરસાદથી રક્ષણ આપવા માટે ઉપરના વિભાગમાં છત્રીની વ્યવસ્થા કરી શકશે. કંતાન વગેરેથી ઢાંકી શકાશે નહીં. આવા ટેબલની આસપાસ ટોળું ભેગું થવું જોઈએ નહીં. આવા મથક ઉભા કરવાની ઈચ્છા રાખનાર દરેક ઉમેદવારે પોતે જ્યાં આવા મથકો ઉભા કરવા માંગે છે તે ચૂંટણી મથકોના નામ અને ક્રમ વિશેની માહિતી ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી લેખિતમાં આપવાની રહેશે આવા મથકો ઉભા કરતાં પહેલા સ્થાનિક કાયદાનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઈએ અને બુથ સંભાળતાં વ્યક્તિઓ પાસે ઉપલબ્ધ હોવી જોઈએ. મતદારોને આપવાના હેતુસર વિધિસર ઓળખ કાપલીઓ ભારતના ચૂંટણી પંચની ચુસ્ત સૂચનાઓ અનુસાર છપાયેલી હોવી જોઈએ અને તેના પર ઉમેદવારનું નામ અથવા ચિહ્ન અથવા રાજકીય પક્ષનું નામ ન હોવું જોઈએ. તેમજ આવા દરેક બૂથ ખાતે ઉમેદવાર તેમના પક્ષનું નામ અને તેમને ફાળવેલ ચૂંટણી ચિહ્ન પ્રદર્શિત કરવા ત્રણ ફુટની લંબાઈ તથા ૧.૫ ફુટની પહોળાઈવાળું ફક્ત એક જ બેનર ઉપયોગમાં લઈ શકશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકૂમત હેઠળ આવતા તમામ વિસ્તારોને લાગુ પડશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર : વિ.શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૮૭/૨૦૧૫.—ચૂંટણી પંચ દ્વારા અમદાવાદ મહાનગરપાલિકા સામાન્ય ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૪૬૪/એલએન્ડઓ/પીએલએન-૧, તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૬ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન પરવાનેદાર વ્યક્તિએ શસ્ત્રો કે હથિયારો સાથે લઈ જવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યક્તિને અડચણ, ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતિને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારીની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું કે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકૂમતમાં કોઈપણ વ્યક્તિ પરવાનો ધરાવતી હશે તો પણ પોતાની સાથે શસ્ત્રો કે હથિયાર સાથે લઈ કે ફરી શકાશે નહીં.

આ હુકમ નીચેની વ્યક્તિને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) ઈન્ડિયન નેશનલ રાયફલ એસોસીએશનના સભ્યો.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, સને-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આ હુકમ તા. ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકૂમત હેઠળ આવતા તમામ વિસ્તારોને લાગુ પડશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર : વિ.શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૮૮/૨૦૧૫.—આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. ચૂંટણીના મુક્ત ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયેથી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઇપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત માટે પ્રચાર કરવો.

(૨) મતદારોને ધાક ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઇ મતદારને મત આપવા આગ્રહ પૂર્વક વિનંતી કરવી.

(૪) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઇ મતદારને સમજાવવા.

(૫) કોઇ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઇ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) સેલ્યુલર / મોબાઇલ ફોન, કોડલેસ ફોન, પેઝર, વાયરલેસ સેટ કે કોઇપણ જાતના કેમેરા કે અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઇ જવાની.

(૮) વાહનો સાથે આવવું.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિને પ્રવેશ કરવો.

આ હુકમમાં નીચેના અપવાદ છે.

કાયદો અને વ્યવસ્થાના ઇન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતિ કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર/મોબાઇલ ફોન કોડલેસ ફોન વાયરલેસ વગેરેનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે ભારતના ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના પોલીસ અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતાં અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમનો તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકૂમત હેઠળ આવતા તમામ વિસ્તારોને લાગુ પડશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૬(ગ) (ઘ) મુજબનું.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૮૯/૨૦૧૫.– આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી માટે મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠાં થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં મતદાનના દિવસે અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૬(ગ) અને (ઘ) થી મને મળેલ અધિકારની રૂઇએ નીચે પ્રમાણે ફરમાવું છું કે, સદરહું ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.

(૨) મતદારે મતદાન મથકમાં લાઈન મુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તાર છોડી તુરત જ ચાલ્યા જવું.

આ હુકમ મતદાનના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૪ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૯૦/૨૦૧૫.– આગામી અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અન્વયે ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હીના તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭ની સુચના પત્ર ક્રમાંકઃ ૪૩૭/૬/૯૭/PLN-III તથા તા. ૨૩-૧૧-૦૭ના પત્ર ક્રમાંક ૪૩૭/૬/ PLN થી વાહનોના ઉપયોગ સંબંધે સૂચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે જે મુજબ ત્રણથી વધુ કાર વાહનોને સુરક્ષા (CONVOY) કાફલારૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું કે,

(૧) ચૂંટણીપંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો, સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિત ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) વાહનોનો અર્થ, પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતા કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૩) આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવતાં તમામ વિસ્તારોને લાગુ પડશે.

(૪) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી રાજકીય વ્યકિતઓ તેમજ મહાનુભાવો જ અપવાદ રૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય, તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતિ વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યકિત.

આ હુકમ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦.૦૦ થી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર સને ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૯૧/૨૦૧૫.–આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી યોજનાર છે. આથી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ભારતના ચૂંટણીપંચના તા.૭-૧૦-૨૦૦૮ના પત્ર ક્રમાંક નંબર ૩/૭/૨૦૦૮ જી.એસ-૨થી ખાનગી મિલકતોને ચૂંટણી પ્રચારના સાહિત્યથી વિકૃત થતી અટકાવવા સંબંધે સુચનાઓ બહાર પાડેલ, તે મુજબ ખાનગી મિલ્કતના માલિક, કબજો ધરાવનારની સ્વૈચ્છિક લખિત પરવાનગી વગર ઉપયોગમાં લેવા હેઠળ પ્રતિબંધ ફરમાવવાનું મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪થી અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે,

(૧) કબજો ધરાવનારની લેખિત સ્વૈચ્છિક પરવાનગી મેળવી અલ્પકાલીન અને સરળતાથી ફેરવી શકાય તેવી જાહેરાતની સાધન સામગ્રી જેવી કે, ધ્વજ, બેનર્સ વગેરે ખાનગી મકાનોમાં મુકી શકાશે. અગાઉથી સ્વેચ્છાએ આપેલ પરવાનગી મેળવેલી હોવી જોઇએ, અને તે પરવાનગી કોઇ દબાણ અથવા ધમકીથી અથવા બળજબરીથી લીધેલ હોવી જોઇએ નહી. આવા બેનર્સ અથવા ધ્વજ બીજાઓ માટે ઉપદ્રવરૂપ ન બનવા જોઇએ. મતલબ કે રાહદારીઓ વાહન ચાલકો વગેરે અકસ્માતનો ભોગ ન બને તેવી જગ્યાએ જ પ્રદર્શિત કરાવી શકાશે. આ સંબંધે લેખિતમાં મેળવેલી સ્વૈચ્છિક પરવાનગીની ફોટો કોપી આ સાથેના નિયત નમુના (પરિશિષ્ટ-૨)માં ત્રણ દિવસની અંદર સંબંધકર્તા ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને રજુ કરશે. આવી બાબતમાં પત્રકમાં આ હેતુ માટે કરેલ અથવા કરવાના થતાં ખર્ચ સાથે જેની પાસેથી પરવાનગી મેળવી હોય તે મિલકતના માલિકનું નામ અને સરનામું સ્પષ્ટ રીતે દર્શાવવું. આવા લખાણ/નિદર્શનમાં ઉશ્કેરણીજનક અથવા કોમો વચ્ચે ઉશ્કેરણી થાય તેવું કંઈપણ હોય તો તે માન્ય રાખવામાં આવશે નહીં અને આવા વાંધજનક લખાણ/નિદર્શન સંબંધકર્તા ઉમેદવારોના ખર્ચે દુર કરવાની કાર્યવાહીને પાત્ર થશે.

(૨) દિવાલ પર લખાણ કરી શકાશે નહિ, પોસ્ટર ચોંટાડી શકાશે નહિ અને આના જેવા જ અન્ય કાયમી / હંગામી નુકશાન જે સરળતાથી કાઢી શકાય તેમ ન હોય તેવું કરી શકાશે નહિ.

(૩) આ હુકમ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવતાં તમામ વિસ્તારોને લાગું પડશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૯૨/૨૦૧૫.–આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. આથી આ ચૂંટણી અંગેના પ્રકાશનો, પોસ્ટરોના છાપકામ સંબંધમાં મુદ્રક તથા પ્રકાશકે લોક પ્રતિનિધિત્ત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭ (એ) ની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જે અન્વયે,

હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) કોઈપણ વ્યક્તિ ચૂંટણીને લગતા પોસ્ટરો, પેમ્પ્લેટ કે પ્રકાશનો વિગેરેમાં પોતાનું નામ-સરનામું, મુદ્રક અને પ્રકાશકનું નામ તેમજ પ્રત સંખ્યા સ્પષ્ટ રીતે મુખપૃષ્ઠ ન હોય તો છાપકામ કે પ્રકાશન કરી શકશે નહીં.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણી સાહિત્યનું પ્રકાશન કરી શકશે નહીં.

સિવાય કે

(અ) ચૂંટણીને લગતા પોસ્ટરો, પેમ્પ્લેટ કે પ્રકાશનો છાપવા માટે નિયત કરેલ ફોર્મમાં બે નકલમાં અંગત રીતે ઓળખતા હોય તેવા બે સાક્ષીઓની સહી સાથે છપાવનારે ડેકલેરેશન મુદ્રકનું આપેલ હોય, અને

(બ) ત્રણ દિવસના સમયની અંદર જ આવી ડેકલેરેશનની નકલો તથા છાપવાના સાહીત્યની ચાર નકલો, બીલની નકલ સાથે જે જગ્યાએ છાપકામ કરેલ હોય તે જિલ્લાનાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને મોકલવાની રહેશે.

(૩) આ કલમની વ્યાખ્યા મુજબ

(અ) કોઈપણ દસ્તાવેજની એકથી વધુ નકલો છાપવામાં કે લીથો પ્રિન્ટર કે યાંત્રિક કે વિજાણું સાધનો કે કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને કાઢવામાં કે હાથેથી નકલો કરવામાં આવે તે તમામને છાપકામમાં ગણવામાં આવશે અને

(બ) ચૂંટણીને લગતા પેમ્પ્લેટ, પોસ્ટરો કે પ્રકાશનો એટલે કોઈપણ ઉમેદવાર કે ઉમેદવારોની પાર્ટી અથવા ગમે તે પ્લેકાર્ડ અથવા પોસ્ટરો કે ચૂંટણીની સંલગ્ન બાબતોનો ઉલ્લેખ થતો હોય, જેને વહેંચવાથી આચારસંહિતાનો ભંગ થતો હોય તેવા લખાણો જેમાં ચૂંટણીની તારીખ, સમય અને ચૂંટણીને લગતા એજન્ટ, કાર્યકરને લગતી સૂચનાઓનો સમાવેશ થાય છે.

ઉપર જણાવ્યા મુજબ લોક પ્રતિનિધિત્ત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭(એ) જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કોઈપણ વ્યક્તિ, ઉમેદવાર, પાર્ટી એજન્ટ, કાર્યકર કે પ્રિન્ટીંગ પ્રેસના માલિક, મુદ્રકે કરવાનું રહેશે. આ જોગવાઈઓનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ બુકસ એકટ, ૧૮૧૭ની કલમ-૮(બી) તળે ડેકલેરેશન રદ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવતાં તમામ વિસ્તારોને લાગુ પડશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨ હેઠળ કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશનં/પરમીટ/૯૩/૨૦૧૫.–આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારમાં મતદારોને આદર્શ લોકશાહી પ્રણાલીની પ્રતિતી કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા, ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા, તેમજ જાહેર શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ કે પીરસવાનું અટકાવવું જરૂરી છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુક્ત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ ચૂંટણી તેમજ મત ગણતરી દરમ્યાન નીચેના દિવસોએ દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ સ્થળ/દુકાન/રેસ્ટોરન્ટ/કલબ કે અન્ય કોઈપણ સ્થળ કે જ્યાં દારૂ અને નશાયુક્ત પદાથર્ઓનું વેચાણ થતું હોય તેવા સ્થળો બંધ રાખવા.

આ હુકમ તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી ૨૪-૦૦ તથા તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવતાં તમામ વિસ્તારોને લાગુ પડશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૯૦ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૯૪/૨૦૧૫.– આગામી અમદાવાદ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. અમદાવાદ શહેર વિસ્તારના કાર્યક્ષેત્રમાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચૂંટણી આચાર સંહિતાની જોગવાઈઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ મળેલ અધિકારોની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાથી, ચિત્રો, નિશાનીથી, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિ ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાંદાર ભાષણો આપવાના અથવા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાના દેખાડવાના અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો.

આ હુકમ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવતાં તમામ વિસ્તારોને લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૯૫/૨૦૧૫.– આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી જાહેર થયેલ છે. આ ચૂંટણી માટેના પ્રચાર અર્થે યોજવામાં આવતી વાહન રેલીઓ/રોડ શોમાં ૧૦ થી વધારે વાહનો સામેલ રાખવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે, હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયેથી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) ચૂંટણી પંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આદર્શ આચાર સંહિતાનો ચુસ્ત પણે અમલ થાય તે ઉદ્દેશથી આ ચૂંટણીમાં પ્રતિનિધિત્વ કરતાં તમામ ઉમેદવારો કે, ઉમેદવારના પક્ષ કે તેમના સમર્થન માટે અન્ય વ્યક્તિ, સંગઠન કે સંસ્થા દ્વારા ચૂંટણી પ્રચાર માટે રાખવામાં આવતી રેલી/રોડ શોમાં ૧૦ થી વધુ વાહનો સામેલ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) વાહનોનો અર્થ પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શક્તિથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૩) આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવતાં તમામ વિસ્તારોને લાગુ પડશે.

(૪) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

(૧) રાજકીય વ્યક્તિઓ તેમજ મહાનુભાવો જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય, તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતિ વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી તમામ વ્યક્તિ.

(૨) આ કાર્યક્રમનાં બંદોબસ્ત માટે સામેલ વાહનો તથા ચૂંટણી ફરજ માટે જોડાયેલ સરકારી વાહનનો સમાવેશ થશે નહીં.

આ હુકમ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૪ માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ. શા./એ-સેકશન/મકાન ભાડુઆત/૯૬/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	જે વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ સરનામાં ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૯૭/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો તથા અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આતંકવાદી તત્ત્વો દ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તથા મિલકતની હાની કરવામાં આવેલ આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે. વાહનોના ઉપયોગ કરે છે. હાઈવેની હોટલોનો ઉપયોગ કરે છે.

રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો, લૂંટારાઓ, ધાડપાડુઓ ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની અવરજવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને, તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવા વાહનોનો ઉપયોગ કરતા હોય છે. અને આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, લૂંટ અને ધાડના ગુન્હાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ વાહનોમાં બળતણ ભરાવવા અથવા તો હોટલો ઉપર ચા-પાણી કરવા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે. જેથી આવા ગંભીર પ્રકારના બનાવોના કારણે નાગરીકને પોતાની અસાલમતીનો સતત ભય સતાવતો રહે છે.

આવા ગુન્હા અટકાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધવા માટે મહત્ત્વની કડીરૂપ બને તે સારૂ પેટ્રોલપંપ, ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારોની તથા ગુન્હામાં વપરાયેલ વાહનોની આઈડેન્ટીફાઈ (ઓળખ) કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવા મુકી શકાય. જેથી તકેદારીના પગલારૂપે જ્વેલર્સની દુકાનો, આંગડીયાની પેઢી, શોપીંગ મોલ્સ, મલ્ટીપ્લેક્ષ થિયેટર્સ, મલ્ટીપ્લેક્ષ શોપીંગ સેન્ટરો તથા કોમર્શિયલ સેન્ટરો, હોટલો તથા ટોલપ્લાઝા, પેટ્રોલપંપના માલીકો/ઉપભોગતાઓ/વહીવટકર્તાઓ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ પોલીસ કમિશનર વિસ્તારમાં અનુક્રમે આવેલ નીચે મુજબની જગ્યાઓ જેવી કે,

INDEX

(૧) જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ/મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ/કોમર્શીયલ સેન્ટર/થ્રી સ્ટાર થી ઉપરની હોટલો ઉપર સીકયુરીટીને ધ્યાને લઈ પ્રવેશદ્વાર ઉપર સીક્યુરીટી ગાર્ડ મેટલ ડિટેકટર તથા સી. સી. ટી. વી. કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાના પાર્કિંગ/ભોયરૂં/તમામ માળ ઉપર સીકયુરીટી ગાર્ડ અને સીસીટીવી કેમેરાની ગોઠવણ કરવી. જેમાં Image-colour, Image sensor, 1/3" minimum Support-TCP/IP and remote monitoring. Resolution-600 TVI Min. Compression H.264 MJPEG. System data storage-15 days min. With Back light compensation and night vision capacity.

(૨) ૧૦થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતાં રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોર્ડિંગ/ધર્મશાળા/અતિથિ ગૃહ/વિશ્રામ ગૃહ/કોમર્શિયલ સેન્ટર/પેટ્રોલ પંપ/ટોલપ્લાઝા/બહુમાળી બિલ્ડીંગ/પાવર હાઉસ વિગેરે ઉપર સીસીટીવી કેમેરા લગાડવા.

(૩) ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતી ગાડીઓના નંબર તથા વ્યકિતઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સીસીટીવી કેમેરાની ગોઠવણી કરવી. સીસીટીવીના રેકોર્ડીંગની જાળવણી દિન-૧૫ સુધી સંગ્રહ કરવો.

(૪) ધર્મશાળાના સંચાલકોએ ધાર્મિક સ્થળોની ધર્મશાળાઓમાં મુસાફરોની જરૂરી આઈડી એડ્રેસ, મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબરોની જરૂરી નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

આ હુકમ તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી (બન્ને દીવસો સહીત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંકઃ વિ.શા./એ-સેકશન/પરમીટ/૯૮/૨૦૧૫.—છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ શહેરમાં બનેલ ચોરી, લુંટ ખૂન, જેવા ગુન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટીઓ જાહેર સુલેહશાંતિને કેટલાક માણસની જિંદગીને ખુંવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે.

મહદ્ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે અને તેઓ વિષે માલિક પાસે અગર તો પોલીસ પાસે માહીતી હોતી નથી પરિણામે તેઓને પકડવા મુશ્કેલભર્યું બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતાં માલિકો ઉપર થોડા નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન માલિક/મકાન ભાડુઆત જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહીં અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહીતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

(૧) ઘરઘાટીનું પુરૂં નામ :

(૨) ઘરઘાટીનું અમદાવાદનું સરનામું તથા તેની સાથેના માણસની વિગત :

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ સરનામું (બે, ત્રણ તમામ માલિકોના નામ, સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો) :

(૪) બાંહેધરી અગર જેના મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ સરનામું :

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ સરનામું :

(૬) અમદાવાદમાં ઘરઘાટીના ઓળખીતાના નામ સરનામા તથા ટેલીફોન નંબર :

(૭) ઘરઘાટીના વતનનું સરનામું પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં રહેતાં તેના ભાઈ બહેન માતા પિતાના નામો :

(૮) ઘરઘાટી પરણિત હોય તો સાસરીનું નામ સરનામું :

(૯) ઘરઘાટીનું ચહેરા નિશાન, ઉ. વ., ઉંચાઈ વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની) :

આ હુકમ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી (બન્ને દીવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ભ) અન્વયે.

ક્રમાંક ગ/ઉપક/૪૯૬૮/૨૦૧૫.—આગામી દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાઓના કારણે દુકાનમાં આગના બનાવો તથા અસ્કમાતો થવા ન પામે તે આશયથી ચાલુ સાલે દારૂખાના ઉપયોગ અને વપરાશ ઉપર નિયંત્રણ મુકવું ઈષ્ટ જણાય છે. જેથી આ જાહેરનામું પ્રસિદ્ધ કરી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ભ) થી મળેલ અધિકારની રૂએ હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આથી નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો :-

(૧) જાહેર જનતાની સલામતિ ખાતર અમદાવાદ શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, વિગેરે જાહેર વપરાશના સ્થળોએ તેમજ પેટ્રોલ પમ્પ, કેરોસીનના ગોંદામ અને દુકાન નજીક કોઈપણ શખ્સ સળગાવ્યા પછી ઉંચે ચડી અગર દુર ફુટતુ દારૂખાનુ જેવુ કે સીડી, ભોંય ચકરડી, હવાઈ, એટમબોમ્બ, ચાઈનીસ, ફટાકડા, રોકેટ તેમજ ઉંદરડી પ્રકારનું (હાથથી છુટા ફેકી શકાય તેવા ગાંડા રોકેટ) દારૂખાનું ફટાકડા ફોડવા નહીં.

(૨) અમદાવાદ શહેરના કોઈપણ ફટાકડા વિક્રેતા ઉંદરડીનો જથ્થો (હાથથી છુટા ફેકી શકાય તેવા ગાંડા રોકેટ) રાખશે નહી કે વેચાણ કરશે નહીં.

(૩) આ પ્રકારનું દારૂખાનું ફટાકડા અમદાવાદ શહેરના એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ તેમજ આઈ.ઓ.સી.ના પ્લાન્ટ તથા આવા બલ્ક પ્લાન્ટ અને એરોડ્રામ અને એ.એસ. એફ. પ્લાન્ટની ૫૦૦ મીટરની હદમાં ફોડવું નહીં.

(૪) અમદાવાદ શહેર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ રાત્રીના કલાક ૧૦-૦૦ થી સવારના કલાક ૦૬-૦૦ કલાક સુધી દારૂખાનું ફોડી શકશે નહીં.

(૫) નામદાર સર્વોચ્ચ અદાલતના હુકમ અનુસાર ૧૨૫ ડેસીબલ (એ.આઈ.) યુનીટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પી.કે. યુનીટથી અવાજ વધે નહી તેવા ફટાકડા ઉત્પાદન, વેચાણ કે વપરાશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ હોય તેવા ફટાકડાના ઉત્પાદન, વેચાણ કે વપરાશ કરવું નહી.

(૬) આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ થી તા. ૨૫મી નવેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક ગ/ઉપક/૪૯૬૯/૨૦૧૫.–છેલ્લા કેટલાંક વર્ષોથી ‘‘સ્કાય લેન્ટર્ન’’ (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવાની પ્રથા શરૂ થયેલ છે. અનુભવે જણાયું છે કે, આવા પ્રકારના સ્કાય લેન્ટર્ન ઉડાડવાથી કોઈ મોટી દુર્ઘટના અથવા જાનહાનિનો બનાવ બની શકે તેમ છે. જે જાહેર સલામતી અને સુરક્ષા માટે જોખમરૂપ છે. સ્કાય લેટર્નના ઉપયોગથી પર્યાવરણને પણ નુકસાન થતું હોય છે. જેથી અમદાવાદ શહેરની જાહેર સલામતી અને સુરક્ષાને ધ્યાને લઈ સ્કાય લેન્ટર્નના ઉપયોગ અંગે વ્યાજબી પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સીઆરપીસી/૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર, પોલીસ કમિશનરની હદ વિસ્તારમાં આવેલ જગ્યાઓએ સ્કાય લેન્ટર્નનું ઉત્પાદન, વેચાણ, વ્યાપાર અને ઉડાડવા ઉપર પ્રતિબંધ મુકવા ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા. ૫મી નવેમ્બર, ૨૦૧૫ થી તા. ૩જી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક DCP/ક્રાઈમ/જાહેરનામું/૧૫૯૦/૨૦૧૫.–તાજેતરમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા આતંકવાદીઓ તરફથી ખુન/ધાડ/લુંટ જેવા ગંભીર પ્રકારના સામાજીક વ્યવસ્થા ખોરવી નાખે તેવા ગુના આચરવા માટે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા બનાવટી અને ખોટા દસ્તાવેજો આધારે ખોટા નામે મોબાઇલ સીમકાર્ડ મેળવી ગુનો કરતા પહેલાં કે આતંકવાદી કૃત્યને અંજામ આપતા પહેલાં, એકત્ર થવા અને આતંકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઇ જવા માટે અને ગુનેગારો એક બીજા સાથે સંપર્ક જાળવી રાખવા સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યક્તિગત ફોન / મોબાઇલ હોવા છતાં મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD / PCO તથા ખોટા નામે મેળવેલ સીમકાર્ડનો ઉપયોગ કરે છે. લેન્ડ લાઇન તથા મોબાઇલ વ્યક્તિગત ધોરણે સુવિધા ધરાવતા હોવા છતાં ગુનો આચરવા માટે જ કોઇન બોક્ષ ટેલીફોન કે પબ્લીક STD/PCO/ISD બુથથી કે ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડનો ઉપયોગ કરી ખુન/અપહરણ/લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુનાઓ આચરે રાખે છે અને જાહેર સલામતી અને શાન્તી જોખમાય છે તેમજ જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આ જ પ્રકારના કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મોબાઇલ સીમકાર્ડ મેળવી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Calls) કરી ભીડભાડવાળી જગ્યાઓ જેવી કે રેલ્વે સ્ટેશન/બસ સ્ટેન્ડ/ધાર્મિક સ્થળો /મોલ તથા મલ્ટીપ્લેક્ષ/જાહેર સરકારી ઓફિસ તથા એકમો/બેન્કો વિગેરે જ્યાં જાહેર જનતાની મોટા પ્રમાણમાં અવર જવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુક્યાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતીની લાગણી ઉભી કરી ઘણીવાર આવા Hoax Calls ને લીધે ભાગદોડ (સ્ટેમ્પેડ) થવાની અને

INDEX

મોટી જાનહાની થવાની શક્યતા નકારી શકાતી નથી. આ ઉપરાંત આવા કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ દ્વારા કોલર ફોન કરનાર વ્યકિત (કોલર) ની ઓળખ છુપાવી શકાતી હોય સમાજના સ્ત્રી, પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓમાં મુખ્યત્વે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ કોલરની ઓળખ માટે કોઇ વ્યવસ્થા ન હોવાના કારણે આવા ગુના બનતા હોવાનું જણાય આવેલ છે. આવા Hoax Calls ની તપાસ કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઇલ સીમકાર્ડ સુધી જઇને અટકી જતી હોય છે અને ગુનેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતીની ભાવના પેદા કરે છે.

જેથી આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપનાર ઇસમો અને અસામાજીક તત્ત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી, જાહેર માલમિલ્કતને મોટું નુકશાન અને નિર્દોષ નાગરિકોને ત્રાસરૂપ વર્તણુંક અટકાવવા તકેદારીના પગલાં રૂપે કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલ વિક્રેતા ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, ઈ. રાધાકૃષ્ણ, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.) ૧૯૭૩, (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ કોઇન બોક્ષ ટેલીફોન ધારક, પબ્લીક STD/PCO/ISD બુથના માલિક અને મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલ વિક્રેતાઓએ નીચે મુજબની વ્યવસ્થા કર્યા વિના તે વ્યવસાય કરી શકશે નહી.

(૧) કોઇન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથ ધરાવનારાઓએ કોલ કરનાર વ્યક્તિનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, જેમાં કોલ કરનાર વ્યક્તિનું પુરૂ નામ, સરનામું અને તેનો મોબાઇલ નંબર રજીસ્ટરમાં લખવો તથા કોલ કરનાર વ્યક્તિએ કયા નંબર ઉપર કોલ કરેલ છે તેની સ્પષ્ટ નોંધ રાખવાની રહેશે. આ નોંધના રજીસ્ટરો ૧ (એક) વર્ષ સુધી સાચવી રાખવાના રહેશે.

(૨) કોઇ પણ જાતના એકટીવેટેડ (પુર્વ કાર્યરત) સીમકાર્ડનું વેચાણ કરવામાં આવશે નહી.

(૩) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો / રીટેઇલ વિક્રેતાઓએ કોઇ પણ વ્યક્તિને સીમકાર્ડ વેચાણ કરતા પહેલાં તેના ઓળખ માટે ઓળખકાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ વિગેરે રજુ કરેલ પુરાવાની ચકાસણી કર્યા પછી જ અને ગ્રાહકની ઉપરોક્ત દસ્તાવેજોથી ઓળખ કર્યા પછી જ સિમકાર્ડ એકટીવેટ કરવામાં આવશે.

(૪) મોબાઇલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/રીટેઇલ વિક્રેતાઓએ જ્યારે ગુજરાત રાજ્ય બહારના નામ સરનામા ઉપર સીમકાર્ડ મેળવવા પુરાવાઓ રજુ કરે તો તેનો સીમકાર્ડ એકટીવેટ કરતા અગાઉ એક સ્થાનિક વ્યક્તિનો એટલે કે વડોદરા શહેરની વ્યક્તિની ઓળખ ફરજીયાત લેવી.

(૫) જે કોઇ વ્યક્તિ કે સંસ્થા એકથી વધુ સંખ્યામાં (વધારે જથ્થામાં) સીમ કાર્ડ ખરીદવા માટે આવનાર વ્યક્તિ કે દરખાસ્ત કરનાર વ્યક્તિની સંપુર્ણ વિગત રોજે રોજ લાગતા વળગતા સ્થાનિક પોલીસ સ્ટેશનએ મોકલી આપ્યા બાદ તે સીમકાર્ડ/સીમકાર્ડસનું એકટીવેશન કરી શકાશે.

અમલવારીનો પિરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૬ના ક. ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક DCP/ક્રાઈમ/જાહેરનામું/૧૫૯૧/૨૦૧૫.-કોઈપણ સમાજ ત્યારે સભ્ય જણાય કે, જ્યારે સમાજના તમામ વર્ગ શાંતિ અને નિર્ભયતાથી પોતાનું જીવન પસાર કરી શકે વિશેષ કરીને મહિલાઓ અને બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઈને ઘરની બહાર જઈ શકે અને હરીફરી શકે તે ખુબ જ જરૂરી છે.

તેમ છતાં કેટલાક અનિષ્ટ તત્ત્વો સ્કુલ/કોલેજ જતી છાત્રાઓ તથા પોતાના કામે જતી મહિલાઓ તેમજ એકલી જતી મહિલાઓને અશ્લીલ ચેનચાળા કરીને કે પીછો કરીને કે અશ્લીલ શબ્દોનો ઉચ્ચારણ કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે અમુક કેસોમાં બળત્કાર જેવા ગંભીર બનાવો પણ બની જાય છે. જેથી આવા બનાવોને અટકાવવા તેમજ મહિલા સુરક્ષા વધારવાના હેતુસર વ્યાજબી કારણવગર સ્કુલો/કોલેજો/ ટ્યુશન કલાસ તથા મહિલા હોસ્ટેલ આજુબાજુ બેસી રહેતા / ઉભા રહેતા ઈસમો (પુરૂષ) ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, ઇ. રાધાકૃષ્ણ, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ''વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ સ્કુલ/ કોલેજ/ટ્યુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઈ પણ પુરૂષ/પુરૂષોએ વ્યાજબી કારણવગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવવામાં આવે છે''.

ઉપરોકત પ્રતિબંધ નીચે જણાવેલ વ્યક્તિઓ ઉપર લાગુ પડશે નહીં.

(૧) સ્કુલો/કોલેજો/ટ્યુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓ.

(૨) સ્કુલો/કોલેજો/ટયુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા ઓટો તથા વાન, માલીક/ડ્રાઈવરો (જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ).

(૩) સ્કુલો/કોલેજો/ટયુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા વાલીઓ.

(૪) સ્કુલો/કોલેજો/ટયુશન કલાસીસ તથા મહિલા હોસ્ટેલ ઉપર વ્યાજબી કામથી આવતા વિદ્યાર્થી તથા વાલીઓ.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૩૯૯૪/૨૦૧૫.–ગુજરાતના ચૂંટણી પંચ દ્વારા મહાનગર પાલકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ શહેરમાં મતદાનની તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મતગણતરીની તા. ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ નક્કી કરવામાં આવે છે. ગુજરાત રાજ્યના ચૂંટણી પંચના પત્ર નંબર ક્રમાંક રાચઆ/ચટણ/સ્થા.સ્વ. ૧૧૦(૧)/૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ મુજબ નક્કી કરવામાં આવેલ છે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ સુધીની છે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા આપેલ સુચનાઓ મુજબ ધાર્મિક સ્થળનો ચૂંટણી પ્રચારના ઉપયોગ પર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી જાહેર જીવનને સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે. જેથી ધાર્મિક સ્થળોનો ચૂંટણી લક્ષી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે માટે જરૂરી નિયંત્રણો મુકવા જરૂરી છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં

(૧) કોઈપણ મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો કે ચૂંટણીના કોઈપણ હેતુ માટે તેનો ઉપયોગ કરી શકશે નહી.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ આજ રોજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે જાહેરનામું કાઢેલો.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૩૯૯૫/૨૦૧૫.–ગુજરાત રાજયના ચૂંટણી પંચ, મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજવાનું જાહેર કરવામાં આવેલ છે. આ મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી દરમ્યાન વડોદરા જિલ્લા શહેરના સમગ્ર વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા અત્યંત જરૂરી જણાતું હોવાથી તથા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-૯ અને ૨૪૩-૧૦ની જોગવાઈ હેઠળ શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા નિવારક પગલાંના ભાગરૂપે વિવિધ પગલાંઓ લેવાનું જરૂરી જણાતું હોવાથી ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટેનાં પુરતા કારણો છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા આથી મહાનગરપાલીકા ચૂંટણીને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતીના હિતમાં નિર્વાચન આયોગ તરફથી સંવિધાનની કલમ-૩૨૪ થી આપેલ સત્તા તથા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં રહેતા દરેક જાતના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે, તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયારો આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭માં જે તે લાગતા

INDEX

વળગતા પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા તમામ પોલીસ સ્ટેશનોએ તેમના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં રહેતા અને હથિયાર પરવાનો ધરાવતા તમામ હથિયાર પરવાનેદારશ્રીઓ તરફથી તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવે તે માટેના પગલાં લેવા તેમજ આ પ્રકારે તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

આ આદેશ પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા તરફથી ઈશ્યું કરાયેલ લાયસન્સો સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ બીજા કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિશ તરફથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ આ આદેશ વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં રહેતા અને વડોદરા શહેરની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને લાગુ પડશે તેમજ હથિયાર ખરીદ-વેચાણ કરતાં પરવાનેદારો હથિયાર ખરીદ-વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખથી બે માસ સુધી કે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી પરવાના ધારકોને કરી શકશે નહિ તેમજ સંબંધિત પોલીસ સ્ટેશને જે તે પરવાનેદારશ્રીને તેમનું અનામત જમા લીધેલ હથિયાર તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ પછી પરત કરવાનું રહેશે અને તેના માટે કોઈપણ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહી.

આ આદેશમાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારશ્રીઓને મુક્તિ આપવામાં આવે છે.

(અ) વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહિત) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય લેવલની શુંટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે., પરંતુ જે તે વ્યક્તિના વ્યક્તિગત નામે ઈસ્યુ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને ઉકત આદેશમાંથી મુક્તિ મળશે નહીં.

(બ) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોમર્શીયલ બેંકો એ.ટી.એમ. તથા કરન્સી/ચેકની લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી સીક્યુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડ તેઓ જે તે બેંકમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે તેમજ જે તે સંબંધિત બેંકના મેનેજરશ્રીએ આવા સીકયુરીટી ગાર્ડની વિગતવારની માહિતીની જાણ જે તે સંબંધિત પોલીસ સ્ટેશને કરવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશનએ આ અંગે નિયમો અનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર કરવાની મંજુરી આપેલ છે અને ચૂંટણીના ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહીં.

(ડ) પોલીસ કમિશનરશ્રીએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને લાગુ પડશે નહીં.

હથિયાર પરવાનેદારોએ ઉક્ત વિગતે તેમના પરવાનાવાળા હથિયારો જે તે લગત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે, તે હથિયારના કાર્ટીજ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે તેમજ આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ પણ પગલાં લેવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)(આર)(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૩૯૯૬/૨૦૧૫.—ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ના કાર્યક્રમ મુજબ મતદાન તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ગુજરાતના નિર્વાચન આયોગે તેના આદેશ ક્રમાંક : ૩/૮/૯૪/જે.એસ./II, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૦માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જરૂરી હોવાનું જણાવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફક્ત નિયમ મંચ કે સભા સ્થળ ઉપરાંત ચુંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, સોસાયટી, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેના કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશકત અને બિમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂર જણાય છે.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) આર-૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વડોદરા શહેર,

(૧) ચુંટણી પ્રકારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં સ્પીકરનો ઉપયોગ સવારના ૦૬-૦૦ કલાક પહેલા અને રાત્રિના ૧૦-૦૦ કલાક પછી કરવો નહી.

(૨) ચુંટણી પ્રચાર કામે વાહન ઉપરના સ્ટેટીક અથવા માઉન્ટેડ લગાડેલ ફરતાં લાઉડસ્પીકરનો ઉપયોગ સવારના ૦૬-૦૦ કલાક પહેલા અને રાત્રિના ૧૦-૦૦ કલાક પછી કરવો નહી.

(૩) કોઈપણ પ્રકારનાં લાઉડસ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને સવારના ૦૬-૦૦ કલાક થી રાત્રિના ૧૦-૦૦ કલાક સુધી થઇ શકશે.

INDEX

(૪) સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઇપણ સ્થળે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો નહી. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૬-૦૦ કલાક પહેલા અને રાત્રિના ૧૦-૦૦ કલાક પછી કરી શકાશે નહી.

(૫) ચૂંટણી પ્રચાર માટે મંચ ઉપર અથવા મોટર વ્હીકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઇપણ પ્રકારના વાહન ઉપર ચૂંટણી પ્રચાર અર્થે લાઉડસ્પીકર મુકી શકાશે નહી અને આવી પરવાનગી મેળવેલ વાહનો માટે લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી પાસેથી નિયત પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) કોઇપણ પ્રકારના લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબંધિત મતદાર ચૂટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતાં પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૭) લેખિત પરવાનગી વગર કોઇપણ પ્રકારના લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો ઉપયોગમાં લાઉડસ્પીકર અને લાઉડસ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

અપવાદ

સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૪ના જાહેરનામાં નં. જી.એન.વી./૨૦૧૪/(૦૧)/ઇ.એન.વી./૧૦/૨૦૦૩/૨૦૧૭/ઇ, થી ધી નોઇઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ અંતર્ગત વર્ષ, ૨૦૧૪માં કેટલા ધાર્મિક તહેવારો/સાંસ્કૃતિક પ્રસંગોના ઉજવણીના પ્રસંગોએ આપેલ છુટછાટ મુજબ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે.

અમલવારીનો સમય અને વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આ હુકમનો અમલ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૬(ક) અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૩૯૯૭/૨૦૧૫.–ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫, તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ થવાની છે અને તે અંગે મતદાન તથા મત નોંધણી કવરા વિવિધ મતદાન મથકો ખોલવામાં આવેલ છે.

મોટા ભાગના મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા સારૂ મોટી સંખ્યામાં મતદાન કરવા મતદાન મથકો ઉપર એકઠા થશે, જેથી મતદાન મથકો ઉપર ભીડ રહેવા સંભવ છે, જેથી મતદાન મથકો અને તેની આજુબાજુ ના વિસ્તારમાં વ્યવસ્થા જાળવવાની જરૂરીયાત છે.

વાસ્તે, હું ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૬(ક) મુજબ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના સમગ્ર વિસ્તાર માટે હુકમ કરૂ છું કે,

તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૬-૦૦ થી મતદાન પુરૂ થાય ત્યાં સુધી

(૧) દરેક મતદાર મતદાન મથકના પ્રવેશ દ્વાર પાસે હારમાં ઉભા રહેશે તથા સ્ત્રી/પુરૂષની અલગ અલગ લાઇન કરવાની રહેશે.

(૨) દરેક મતદાર મતદાન મથકમાં પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થશે.

(૩) મતદાન કર્યા પછી તાત્કાલિક મતદાન મથક છોડી દેશે, ઉમેદવારના ટેબલ પર રોકાશે નહીં.

(૪) કોઇપણ વાહન પોલીંગ બુથમાં ૧૦૦ મીટરની અંદર પ્રવેશ કરશે નહી સિવાય કે ફરજ ઉપરના અધિકારીશ્રીના વાહનો.

(૫) મતદાન મથક ઉપર અંદર કે બહાર ધાંધલીયુ વર્તન કરશે નહી.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૩૯૯૮/૨૦૧૫.–ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫, નવેમ્બર, ૨૦૧૫માં યોજાનાર છે આ ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ ચૂંટણી મુક્ત, ન્યાયી અને તટસ્થ રીતે થાય તે માટે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૯ તથા ૧૩૦ની

INDEX

જોગવાઈ અનુસાર મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂર જણાય છે.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી માર્ચ, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૪૨/સી.આર. સી./૧૦૮૨/૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે, જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝી. મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ના અધિકારોનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૦-૦૦ થી મતદાનપૂર્ણ થાય ત્યા સુધી મતદાનના દિવસે મતદાનના મથકની અંદર તથા મતદાન મથકની ૧૦૦ મીટરના વિસ્તારમાં આવેલ કોઈ જાહેર કે ખાનગી સ્થળે કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને તેનો મત આપવા માટે સમજાવવા.

(૨) ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને તેનો મત ન આપવા માટે સમજાવવા.

(૩) ચૂંટણીમાં કોઈપણ રીતે કોઈ વ્યકિતના મતદાનને અસર પહોંચાડવાની કોશીષ કરવી.

(૪) મત માટે પ્રચાર કરવો.

(૫) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

(૬) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

(૭) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૮) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાનીઓ પ્રદર્શિત કરવી.

(૯) સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જવાની.

(૧૦) મતદાન મથકની હદમાં સંબંધિત મતદાર, ઉમેદવાર કે તેના અધિકૃત ચૂંટણી એજન્ટ, ઉમેદવારના અધિકૃત પોલીંગ એજન્ટો, ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા અધિકારીઓ તથા ચૂંટણી પંચ તરફથી અધિકૃત કરેલ વ્યકિતઓ સિવાયની વ્યકિત પ્રવેશી શકશે નહીં.

આ આદેશોનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે જેવા સાધનો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારીઓ આ સાધનો જપ્ત કરી શકશે.

અપવાદ

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવતા સેલ્યુલર ફોન, કોર્ડલેસ, હેન્ડ સેટ, વોકી ટોકી તથા વાયરલેસ વિગેરેનો ઉપયોગ કરી શકશે. મતદાન મથકે નિમવામાં આવેલા કર્મચારીઓ પૈકી ફકત પ્રિસાઈડીંગ ઓફીસર અને ચૂંટણીપંચના નિરીક્ષક/સેકટર ઓફીસર/માઈક્રોસ્ટેટીક ઓબ્ઝર્વર અથવા જિલ્લા ચૂંટણી અધિકારી કે લોકસભા મત વિભાગના ચૂંટણી અધિકારી અને નિમેલા અધિકારી મતદાન મથકમાં તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહુ હુકમ તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૦-૦૦ થી મતદાનપૂર્ણ થાય ત્યાં સુધી.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૩૯૯૯/૨૦૧૫.—ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ મતદાનની તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મતગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ નક્કી કરવામાં આવેલ છે. મતદાનના દિવસે રાજકીય પક્ષો તથા હરીફ ઉમેદવારો દ્વારા મતદાન મથકની નજીકમાં મત આપવા માટે મતદારોને મતદાર યાદીમાંથી તેમના ભાગ નંબર, ક્રમ નંબર, નામવાળી ઓળખ કાપલીઓ આપવા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ/ ખુરશીઓ મુકવામાં આવે છે, જેનાથી મત આપવા આવતા મતદારો તથા અવર-જવર કરતા લોકોને અને ટ્રાફિકને અડચણ થતી હોય છે. મતદારો સરળતાથી મત આપવા આવી શકે અને પરત જઇ શકે તથા ટ્રાફિકને કોઇ અવરોધ ન થાય તે માટે ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના આદેશથી જરૂરી નિયંત્રણો મુકેલ છે.

INDEX

વડોદરા મહાનગર પાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના એજન્ટો/કાર્યકરો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ તથા ખુરશીઓ ગોઠવવામાં આવે છે જેનાથી લોકોમાં હરકત અથવા અવગડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગ્યા ઉપર કોઇ પ્રકારે રાહદારી તથા મત આપવા જનાર લોકોને અવગડ ઉભી ન થાય તે માટે જાહેર હિતમાં નિયંત્રણો મૂકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂઈએ વડોદરા શહેરના સમગ્ર વિસ્તાર માટે હુકમ કરૂં છું કે, :-

(૧) મતદાનના દિવસે મતદાન મથકના મકાનથી ૨૦૦ મીટર ત્રિજ્યા બહાર મતદારોને ઓળખ કાપલીઓ આપવા માટે કોઇપણ ઉમેદવાર જો ઇચ્છે તો એક ટેબલ, બે ખુરશી મુકી શકશે. ટેબલ ઉપર છાયડો કરી શકશે તેને કવર્ડ કરી શકશે નહી તથા આ ટેબલ પર ઉમેદવાર તથા પક્ષનું નામ અને નિશાન સાથેનું ફકત એક જ બેનર ૩ ફુટ × ૪.૧/૨ ફુટ સાઇઝનું મુકી શકશે. આવુ ટેબલ મુકવા માટે જે તે ઉમેદવારે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી મતદાન મથકનું નામ, નંબર અને જે જગ્યાએ ટેબલ મુકવાનું હોઇ તે જગ્યાના નામ સાથે જાણ ફરજીયાત કરવી જોઇશે અને સ્થાનિક સત્તા મંડળ (મહાનગર સેવા સદન, ગ્રામ પંચાયત વગેરે)ના સક્ષમ અધિકારીની પરવાનગી મેળવી લેવાની રહેશે અને મેળવેલ પરવાનગી જ્યારે કોઇપણ અધિકારી જોવા માગે ત્યારે રજુ કરવાની રહેશે.

(૨) મંજુરી મેળવેલ ટેબલ-ખુરશી ટ્રાફિકને અવરોધ ન થાય તે રીતે મુકવાના રહેશે.

અપવાદ

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહી.

(૧) ચૂંટણીના કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનોને, પોલીસ વાહનોને.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારનો ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ એક દિવસ પુરતો અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૪૦૦૦/૨૦૧૫.—વડોદરા મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ને લક્ષ્યમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે, તેમજ વડોદરા શહેરમાં કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે અને હાલ મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને ગુજરાત ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલ ચૂંટણી આચાર સંહિતાની જોગવાઇઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી માર્ચ, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે. જેમાં વડોદરા શહેરમાં પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રી) ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજીર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેઓ ફેલાવો કરવાના કૃત્યો.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(જી)અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૪૦૦૧/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ઇ. રાધાકૃષ્ણ, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ ચુંટણીને અનુલક્ષીને શહેરમાં સભા, સરઘસ કે રેલી, જેવા વિવિધ કાર્યક્રમો યોજાતા હોય, તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી પોલીસ કમિશનર, વડોદરા શહેર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સુલેહ, શાંતી અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય વ્યકિતઓની મંડળી, સભા, સરઘસ કે રેલીની મનાઇ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ ૨૨માં)ની કલમ-૩૭(૩)થી મળેલ સત્તાની રૂએ ઉપરોકત વિસ્તારોમાં

તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૨૪-૦૦ સુધી.

(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર સભા ભરવી નહી કે બોલાવવી નહી તથા રેલી કે સરઘસ કાઢવા નહીં.

ગુજરાત રાજ્યના ચૂંટણી પંચના પત્ર નંબર ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ. ૧૧૦(૧)-૧૦૨૦૧૫-ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ સુચના અન્વયે.

(૧) રાજકીય પક્ષો/ઉમેદવારો તથા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને જે સ્થળે ચૂંટણી પ્રચાર માટેની સભા રાખે તે સ્થળની અંદર જે સમય દરમ્યાન સભા યોજવામાં આવે તેટલા સમય દરમ્યાન જ બેનર્સ, હોર્ડીંગ્સ, કટ-આઉટ, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરી શકશે. સંબંધિત રાજકીય પક્ષે/ઉમેદવારે સભા પુરી થયા પછી તુર્ત જ સભાના સ્થળે, પ્રદર્શિત કરવામાં આવેલ બેનર્સ, હોર્ડીંગ્સ, કટ-આઉટ, પોસ્ટર્સ વિગેરે દુર કરી દેવા જોઇશે.

(૨) પરવાનગી મેળવીને ચૂંટણી પ્રચાર માટે કાઢવામાં આવતા સરઘસ કે રેલીમાં પોસ્ટર્સ અને બેનર્સ સાથે રાખી શકશે અને સરઘસમાં જોડાયેલ વાહનો ઉપર ફકત એક જ પોસ્ટર અથવા બેનર અથવા પ્લેકાર્ડ અથવા ફલેગ મુકી શકશે અને સરઘસ કે રેલી પૂણી થયે તે દુર કરી દેવા જોઇશે. ૧૦-૧૦ વાહનો (સલામતી માટે આપેલ વાહનો સિવાય) ના કાફલામાં જઇ શકશે અને આ અલગ કરાયેલા કાફલાઓ વચ્ચે ૨૦૦ મીટરનું અંતર રાખવાનું રહેશે.

વધુમાં હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

અપવાદ

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને.

(૨) કોઇ લગ્નના વરઘોડાને.

(૩) ફરજ પર હોય તેવી હોમગાર્ડ તથા ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.

(૪) કોઇ પણ સ્મશાનયાત્રાને.

(૫) કોઇપણ સરકારી કાર્યક્રમને.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૯૬૦ના ૪૫માંની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧),(ડીબી)અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૪૦૦૨/૨૦૧૫.–ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી, ૨૦૧૫ જાહેર કરેલ છે. તે મુજબ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી ઉમેદવારી પત્રો સ્વીકારવાની કામગીરી શરૂ થનાર છે અને મતદાનની તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મત ગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ નક્કી કરવામાં આવેલ છે. ગુજરાતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ઇ.સી.આઇ./પી.એન./૧૦/૨૦૧૪, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૪ની ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ જાહેરાતના પાટીયા, બેનર્સ વગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગો, માલિકીના મકાનો, કંપાઉન્ડ વોલ વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર્સ, રાજકીય અગ્રણીઓના કટ-આઉટ ઉભા કરવાથી/પ્રદર્શિત કરવાથી તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર્સ, ભીંતચિત્રો વિગેરે ઉભા કરવાથી/મુકવાથી ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે, તેમજ રાહદારીઓની અસલામતી વધવા સંભવ છે. ચૂંટણીઓ મુક્ત અને

INDEX

ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે, જેથી આ માટે જરૂરી નિયંત્રણો જરૂરી છે.

વાસ્તે, હું ઇ. રાધાકૃષ્ણ, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં...

(૧) કટ આઉટ, હોર્ડીગ્સ, બેનર્સ, દરવાજા, કમાનો, પોસ્ટર્સ, પેમ્ફલેટ, જાહેરાતના પાટીયા, ધજા-પતાકા, ભીંતચિત્રો, ભીંતસુત્રો તથા કોઇપણ પ્રકારનું ચૂંટણીલક્ષી સાહિત્ય વિગેરે જાહેર મિલ્કત ઉપર કે જાહેર જગ્યા ઉપર મુકી શકાશે નહી એટલે કે, સરકારી વડોદરા મહાનગર સેવા સદન કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વગેરે હસ્તકની મિલ્કતો તથા જગ્યાઓ ઉપર (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ) મુકી કે ચોંટાડી શકાશે નહી.

(૨) કોઇપણ ખાનગી માલીકીની મિલ્કત/જગ્યા પર માલીકની સંમતી હશે તો પણ ચુંટણી લક્ષી હોર્ડીંગ, કટઆઉટ, બેનર્સ, પોસ્ટર્સ, પેમ્ફલેટ, ભીંતચિત્રો, ભીંતસુત્રો, ચૂંટણી લક્ષી સાહિત્ય વિગેરે મુકી શકશે નહી કે ચોટાડી શકશે નહી કે લખી શકાશે નહી. પરંતુ રાજકિય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટ, કાર્યકર્તાઓ તથા સમર્થકો તેમની પોતાની માલીકીની મિલ્કત ઉપર પોતાની સ્વેચ્છાએ કોઇ પણ જાતના દાબ દબાણ સિવાય પક્ષનો ફકત એક જ ધ્વજ નિશાન સાથે પ્રદર્શિત કરી શકશે.

(૩) જાહેર મિલ્કતો તથા મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ આજરોજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલ રહેશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૩) અન્વયેનું.

ક્રમાંક વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૪૦૦૩/૨૦૧૫.– મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અન્વયે વડોદરા શહેર મતદાર વિભાગનું મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ થનાર છે. મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ ના રોજ કલાક ૦૮-૦૦ વાગ્યેથી હાથ ધરાશે. વડોદરા મહાનગરપાલીકા સામાન્ય ચૂંટણીની મતગણતરી પોલીટેકનીક કોલેજ શાસ્ત્રી બ્રિજની બાજુમાં વડોદરા ખાતે થનાર છે. જે મતગણતરી સ્થળ ફતેગંજ પોલીસ સ્ટેશનની હદમાં છે. મતગણતરી સમયે સુલેહ શાંતિ જળવાઈ રહે, ચૂંટણી પ્રક્રિયા ન્યાયી અને મુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર મતગણતરી શરૂ થાય તે સમયથી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી મતગણતરી બિલ્ડીંગના કંપાઉન્ડની દીવાલની આજુ-બાજુમાં ૨૦૦ મીટર ઘેરાવામાં મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવા કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઈ. રાધાકૃષ્ણ, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની પેટા કલમ-૩૭(૧)(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૦-૦૦ થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચેના સ્થળે મતગણતરી બિલ્ડીંગના કંપાઉન્ડની દિવાલની આજુ-બાજુનાં ૨૦૦ મીટરના ઘેરાવામાં મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

: પ્રતિબંધિત વિસ્તાર :

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના નીચે દર્શાવેલ સ્થળે મતગણતરીના કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટર વિસ્તારનાં ઘેરાવામાં.

(૧) પોલીટેકનીક કોલેજ, શાસ્ત્રી બ્રિજની બાજુમાં, વડોદરા.

: અપવાદ :

સરકારી અધિકારી/કર્મચારી તથા પોલીસ અધિકારી/કર્મચારી જે ચૂંટણી મતગણતરી અંગેની ફરજ ઉપર હોય અને મતગણતરીની વ્યવસ્થા સાથે સંકળાયેલા હોય તેવી વ્યક્તિને ઉપરોકત પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

સદરહુ હુકમનો અમલ તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે કાઢેલ.

ક્રમાંક : વિ.શા./મહા.પા.સા.ચૂં./જાહેરનામું/૪૦૦૪/૨૦૧૫.–ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા મહાનગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાનની તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ નક્કી કરવામાં આવેલ છે. મતદાનના દિવસે રાજકીય પક્ષો તથા હરીફ ઉમેદવારો ઉમેદવારી પત્ર રજુ કરવા જાય ત્યારે તેઓની સાથે ટેકેદારોની સંખ્યા ઉપર નિયંત્રણ મૂકેલ છે. ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે. જેથી ઉમેદવારી પત્રક ભરતી વખતે ચૂંટણી પ્રચાર દરમ્યાન કે મતદાનના દિવસે મોટી સંખ્યામાં માણસો અને વાહનોની સંખ્યા ઉપર જરૂરી નિયંત્રણો મૂકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઈ. રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂં છું કે, વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં,

ઉમેદવારી પત્રક ભરતી વખતે

(૧) ઉમેદવારો તરફથી ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉમેદવારી પત્રો રજૂ કરતી વખતે ઉમેદવાર સિવાય અન્ય ૦૪-વ્યક્તિઓ મળી કુલ-૦૫ વ્યક્તિઓથી વધુ વ્યક્તિઓ ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં (રૂમ) પ્રવેશી શકશે નહીં.

(૨) ઉમેદવારી પત્રો રજૂ કરતી વખતે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ઉમેદવાર કે તેમના ટેકેદાર વ્યક્તિઓ ત્રણથી વધારે વાહનો લઈ શકશે નહીં.

તેમજ ચૂંટણી પ્રચાર દરમ્યાન

(૧) કોઈપણ રાજકીય પક્ષ ઉમેદવાર કે હરીફ કે ટેકેદાર ચૂંટણીના કામે ૧૦ વાહનનો મોટો કાફલો લઈ જઈ શકશે નહીં. તથા એકથી વધુ કાફલા હોય તો તેમની વચ્ચેનું અંતર ૨૦૦ મીટરની ત્રિજ્યાનું અંતર જાળવવાનું રહેશે. સદર બાબત માટે કલમ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૭૭(૧) હેઠળના સ્પષ્ટીકરણના કલોઝ(A)નો લાભ મેળવતા નેતાઓની સલામતિ કર્મચારીઓના વાહનોને બાદ કરી વાહન કાફલાની સંખ્યા ધ્યાને લેવાની રહેશે.

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૨ માં વાહનની વ્યાખ્યા કર્યા મુજબના વાહનોને ઉપરોક્ત પ્રતિબંધ લાગુ પડશે.

(૩) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૭૭(૧) હેઠળના સ્પષ્ટીકરણના કલોઝ(A)નો લાભ લેતા રાજકીય પક્ષોના નેતાએ વાહનના ઉપયોગ અંગેની જરૂરી મંજુરી (પરમીટ) મુખ્ય ચૂંટણી અધિકારી, ગાંધીનગરની મેળવી લેવાની રહેશે અને આ પરમીટ વાહનના વિન્ડસ્ક્રીન પર સહેલાઈથી જોઈ શકાય તે રીતે લગાડવાની રહેશે તેમજ આ વાહન ઉપર પક્ષોનો એક જ ધ્વજ ફરકાવી શકશે.

તેમજ મતદાનના દિવસે

મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષો, હરીફ ઉમેદવારો, તેમના અધિકૃત એજન્ટો, ટેકેદારો કે કોઈપણ વ્યક્તિઓ મતદારોને મતદાન મથકે લાવવા લઈ જવા માટે વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં તથા મતદાનના દિવસે કોઈપણ વાહન મતદાન મથકની ૨૦૦ મીટર ત્રિજ્યામાં લઈ જઈ શકશે નહીં.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી સંબંધી સિવાયના પોતાના કામ માટે જતા ખાનગી વાહનોને.

(૨) ચૂંટણીના કામે જતાં સરકારી વાહનોને તેમજ સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલ વાહનોને, પોલીસ વાહનોને

(૩) આવશ્યક સેવાઓ જેવી કે, હોસ્પિટલ વાન, એમ્બ્યુલન્સ, દૂધની વાન, વિજળી અને પાણી પુરવઠા જેવી આવશ્યક સેવાઓ માટે ઉપયોગમાં લેવાતા વાહનોને.

(૪) નક્કી થયેલ રૂટ ઉપર પેસેન્જરો માટે ચાલતી સરકારી અર્ધ સરકારી બસો, મીની બસોને.

(૫) ક્લીનીક, હોસ્પિટલો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન અને વિમાનઘર વિગેરે તરફ અને ત્યાંથી કુટુંબના સભ્યોને લાવવા લઈ જવા માટે માલિકો દ્વારા ચલાવાતા હોય તેવા વાહનોને.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા અને દંડને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ આજરોજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક : વિ.શા./સ્વાઈન ફ્લૂં/જાહેરનામું/૪૦૨૫/૨૦૧૫.– હાલમાં વડોદરા શહેર સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફ્લૂં ઈન્ફલેએન્ઝા (H1N1 SWINE FLU)નો રોગચાળો ફેલાઈ રહેલ હોવાનું જણાયેલ છે. જેના લક્ષણોમાં ખાસ કરીને ઠંડી લાગવી, તાવ આવવો, કફ ઉલ્ટી થવી, ગળામાં ખરેરાટી પડવી, શરીરમાં દુખાવો, માથામાં ગંભીર દુખાવો થવો, ઉધરસ આવવી અને નબળાઈ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુંઓ ખાસ કરીને લોકોના સમૂહ એકત્રિત થતો હોય તેવા સ્થળે મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેફસામાં જઈ ફેફસાને અસરકર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોઈ, એક વ્યક્તિથી બીજી

વ્યક્તિમાં ઝડપથી ફેલાઈ શકે છે. આ રીતે ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મૂકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઈ. રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની અન્વયે મને મળેલ સત્તાની રૂઈ ફરમાવું છું કે,

(૧) સમગ્ર વડોદરા શહેરમાં જાહેર સ્થળોએ સક્ષમ અધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન, ઉત્સવ, શાળા કોલેજોમાં આયોજિત થતા વાર્ષિક ઉત્સવ (નિયમિત અભ્યાસક્રમના વર્ગ સિવાય) સમૂહ આયોજન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહીં કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહીં.

(૨) ખાણી-પીણીના સ્થળો, હોટલો, રેસ્ટોરન્ટ, મીઠાઈ-ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચતમ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી / ફળફળાદિના ધંધાર્થીઓએ શાકભાજી કે ફળફળાદિ કાપીને ખૂલ્લા ન રાખવા કે તેવી વસ્તુઓના ટુકડા કરી વેચાણ ન કરવું.

(૪) સિનેમાગૃહો, મોલ જેવા સ્થળોએ શરદી, ખાંસીવાળા વ્યક્તિઓ જણાય તો સ્થળ માલિક દ્વારા પ્રવેશદ્વાર ઉપર જ માસ્ક આપવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ખાનગી સ્થળોએ જેવા કે, લગ્ન હોલ, પાર્ટી પ્લોટમાં યોજાતા સમૂહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનાર લોકો ભોજન પહેલા હાથની યોગ્ય સફાઈ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષાંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) કોઈપણ વ્યક્તિને સ્વાઈન ફ્લૂ ઈન્ફલેએન્ઝા (H1N1 SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુંટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખવા વ્યક્તિએ દર્દીની સંપૂર્ણ વિગતો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

વિસ્તાર

આ જાહેરનામુ પોલીસ કમિશનર, વડોદરા શહેરના વિસ્તારમાં લાગુ પડશે.

અપવાદ

(૧) ઉપર્યુક્ત ખંડ-૧ માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મેળવેલ હોય.

(૨) સરકારશ્રી કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતા કોઈ પણ કાર્યક્રમો, લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા કે, સરકારશ્રી દ્વારા કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમોને આ હુકમની જોગવાઈઓ લાગુ પડશે નહીં.

શિક્ષા

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ/ઉલ્લંઘન કરનાર વ્યકિતને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા અને દંડને પાત્ર થશે.

અમલવારી

આ જાહેરનામું તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી અમલ રહેશે.

આજ રોજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : DCP/ક્રાઈમ/જાહેરનામું/૧૬૧૧/૨૦૧૫.– વડોદરા શહેરમાં મિલ્કત સંબંધી ચોરીઓના બનાવો પૈકી તાજેતરમાં વાહનચોરીના બનાવો પણ દિન પ્રતિદિન વધતા જણાયેલ છે, જેથી જ્યારે પણ વાહનચોરીના બનાવોની તપાસ કરવામાં આવે છે ત્યારે આવા વાહનો ચોરાયાની ફરીયાદ લીધા બાદ સમગ્ર પાસાઓની તપાસ કરવી જરૂરી રહે છે. શકય છે કે ચોરીની ફરીયાદ લખાવ્યા બાદ બીજા ખોટા રજીસ્ટ્રેશન નંબર લગાવી તે વાહનોની ચોરીનો વીમો મેળવી ખોટા નંબરથી ઉપયોગમાં ચાલુમાં હોય અથવા તો જુના થયા બાદ કબાડીમાં વેચી નાખ્યા બાદ વીમો પકવવા માટે ફરીયાદ રજીસ્ટ્રર કરાવેલ હોય અથવા ટેક્ષી પાસિંગ અગર ટેક્ષી સીવાય પણ રોડ ટેક્ષ / આર.ટી.ઓ. ટેક્ષ બચાવવા માટે ખોટી ફરીયાદ કરેલ હોય, જેથી આવી બાબતોને ધ્યાનમાં લઈ તપાસ કરવી રહી, જેથી આવું થતું અટકાવવા તથા શોધી કાઢવા માટે અમુક નિયંત્રણો લાદવા જરૂરી હોય જેથી પી.યુ.સી. પ્રમાણપત્ર ઈસ્યુ કરનાર સંસ્થા ઉપર જાહેર જનતાના જાનમાલ મિલ્કતની સલામતિ તથા સુરક્ષા માટે નીચે જણાવેલ કાર્યવાહી ફરજીયાત કરવાની રહેશે.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સીઆર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના પોલીસ કમિશનરેટ વિસ્તારમાં નીચેની કાર્યવાહી ફરજીયાત કરવા ફરમાવું છું.

-: ફરજીયાત કરવાની કાર્યવાહી :-

(૧) પી.યુ.સી. માટે વાહન લઇ આવનારનું નામ તથા મોબાઇલ નંબર ફરજીયાત પણે નોંધવા.

(૨) પી.યુ.સી. માટે આવતાં વાહનો અંગે નીચે દર્શાવેલ બાબતોની નોંધણી અંગેનું રજિસ્ટર નિભાવવું.

INDEX

અ.નં.	પી.યુ.સી. આપનાર એજન્સીનું નામ	પી.યુ.સી. માટે આવેલ વાહનનો રજિસ્ટ્રેશન નંબર	પી.યુ.સી. માટે આવેલ વાહનનો પ્રકાર (કંપની/મોડલ)	વાહન લઇ આવનારનું નામ, સરનામું તથા મોબાઇલ નંબર	આપવામાં આવેલ પી.યુ.સી. નંબર તથા તારીખ
૧	૨	૩	૪	૫	૬

ઉપર મુજબના રજિસ્ટરોનો ડેટા ઓછામાં ઓછો એક વર્ષ સુધી વ્યવસ્થિત સાચવી રાખવાનો રહેશે, અને આ રજિસ્ટર ચેકિંગમાં આવનાર સમક્ષ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : DCP/ક્રાઇમ/જાહેરનામું/૧૬૧૨/૨૦૧૫.–વડોદરા શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહિત વાતાવરણ રાખવા તથા પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઇ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઇ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઇન્ડીયા લાયસન્સ મેળવી વડોદરામાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા હોય ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લૂંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયારધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતિ જાળવવા સારૂં.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ, પોલીસ કમિશનર, (આઇ.પી.એસ.), વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નં. જીજી/ફકઅ/૦૮૮/૬૭૫૦/મ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે,

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતાં સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નં. ૧ :- માહિતી નીચે દર્શાવેલ કોલમવાઇઝ આપવાની રહેશે.

અનુ. નંબર	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ સરનામું તથા ટેલિફોન નંબર	પર પ્રાતિંય સિક્યુરીટી ગાર્ડ હથિયારી/બિન હથિયારીના નામ તથા વતનનું સરનામું, સબંધકર્તા પો.સ્ટેનું નામ, હાલનું સરનામું ટેલિફોન નંબર	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલી. નંબર	નોકરીએ રાખ્યાની તારીખ	કોના રેફરન્સ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂં નામ, સરનામું	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	સિક્યુરીટી ગાર્ડનો ફોટો તથા પી.સી.સી. સ્થાનિક તથા વતનનું સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમનો અમલ તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબ કાઢેલ.

ક્રમાંક : વિ.શા./અનઅધિ. વ્યક્તિ પ્રવેશ/૪૦૮/૨૦૧૫.—પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જિલ્લા કલેકટરશ્રીની કચેરી (કોઠી), બહમાળી બિલ્ડીંગ (કુબેર ભવન), જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જન સેવા કેન્દ્ર, નર્મદા ભવન, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી, હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે, જિલ્લા કલેકટરશ્રીની કચેરી (કોઠી), બહમાળી બિલ્ડીંગ (કુબેર ભવન), જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જન સેવા કેન્દ્ર, નર્મદા ભવન, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલ હોય કામ કરતા હોય તેવા અગર વ્યાજબી કામે આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઇ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :-

(1) The Government Legal Department, Resolution No. SCT/ 1089/4287/D, (Part-III), dtd. 01-05-2008.

(2) The Hon'ble High Court of Gujarat Letter No. A.2408/ 1989, dated 01-08-2008.

(3) This Office Notification No. B/2/2/20/2013, dated 12-06-2013.

(4) This Office Notification No. B/2/2/09/2014, dated 13-03-2014.

Notification

No. : B/2/2/20/2015.– As per the L. D. R. Cited at preamble No. 1 as well as direction of the Hon'ble High Court of Gujarat vide its letter cited at preamble No. 2, to create the Special Court in the establishment of District Court, Dahod, to deal with the cases of Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, previously the Additional District Judge, Dahod was nominated as Special Judge to deal with the cases of Scheduled Castes and Schedule Tribes (Prevention of Atrocities) Act, 1989 vide notification cited in the preamble at Sr. No. 4.

As the Additional District and sessions Judge, Dahod is nominated as **"Special Judge"** under (Protection of Children from Sexual Offences, Act, 2012) and heavy pendency of such cases are there. It is need of Special Court in such type of cases, and for equal distribution of cases and being Special Court, the care for cases under (Prevention of the Atrocities) Act, 1989 is also required.

Hence, the undersigned is pleased to nominate the Court of 4th Additional District and Sessions Judge, Dahod, to "Special Judge" and the said court be treated as Special Court, to deal with the cases of Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989 with effect from date 8th October, 2015.

Dahod, 8th October, 2015.

N. B. PITHVA,
Principal District Judge,
Dahod.

INDEX

જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૬(ગ) (ઘ) મુજબનો.

નંબર ડીસી/એમએજી/મ.ન.પા./ટી.પી.ડી.પી.ન.પા./ચટણ/મતદાર લાઈન/એસ.આર./૧૭/૨૦૧૫.—અમદાવાદ મહાનગરપાલિકા તથા અમદાવાદ જિલ્લા/તાલુકા પંચાયતો અને ધોળકા, વિરમગામ અને બોપલ-ઘુમા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી સબંધમાં નક્કી કરેલ મતદાન મથકોએ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગર પાલિકા તથા અમદાવાદ જિલ્લા/તાલુકા પંચાયતો અને ધોળકા, વિરમગામ અને બોપલ-ઘુમા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે મતદાન થનાર છે. જેથી, મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠાં થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે, હું, રાજકુમાર બેનીવાલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૬(ગ) અને (ઘ) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, સદરહુ ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.

(૨) મતદારે મતદાન મથકમાં લાઈન મુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તાર છોડી તુરત જ ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના દિવસ માટે અમલમાં રહેશે. જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેવા સંજોગોમાં પુનઃમતદાનની તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ના દિવસ માટે પણ આ જાહેરનામું અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૪ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

નંબર ડીસી/એમએજી/મ.ન.પા./ટી.પી.ડી.પી.ન.પા/ચટણ/વાહન કાફલો/એસ.આર./૧૮/૨૦૧૫.— આગામી અમદાવાદ મહાનગરપાલિકા તથા અમદાવાદ જિલ્લા/તાલુકા પંચાયતો અને વિરમગામ, ધોળકા અને બોપલ-ઘુમા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ચટણ/અચર/ ૩(૪)/૩૨૦૦૮-ક, તારીખ માર્ચ, ૨૦૦૮ તથા ભારતના ચૂંટણી પંચના તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૭ના પત્ર ક્રમાંક : ૪૩૭/૬/૨૦૦૬/પીએલએન/III થી સરકારી વાહનોના ઉપયોગ સંબંધે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે જે મુજબ ત્રણથી વધુ વાહનોને (Convoy) કાફલારૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાજકુમાર બેનીવાલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચંટણીપંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદ્દેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો, સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિત ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/ વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) આ સુચનાઓ ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૩) ‘‘વાહનો’’ નો અર્થ પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતા કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૪) આ હુકમ સમગ્ર અમદાવાદ જિલ્લામાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી રાજકીય વ્યકિતઓ તેમજ મહાનુભાવો જ અપવાદરૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતી વ્યવસ્થાની જરૂરીયાત સરકાર કક્ષાએથી નક્કી કરેલ હોય તેવી વ્યકિત.

આ ફરમાન અમદાવાદ મહાનગર પાલિકા તથા અમદાવાદ જિલ્લા/ તાલુકા પંચાયતો અને વિરમગામ, ધોળકા અને બોપલ-ઘુમા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ની સમગ્ર પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૬મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

રાજકુમાર બેનીવાલ,
જિલ્લા ચૂંટણી અધિકારી અને
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર ડીસીબી/એમએજી/રજી. નં. ૫૧/૨૦૧૫.- જિલ્લા શિક્ષણાધિકારી-શ્રી વલસાડની તારીખ ૨૧મી ઓકટોબર ૨૦૧૫ની દરખાસ્ત મુજબ વલસાડ

INDEX

જિલ્લામાં આગામી તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ દરમ્યાન લેવાનાર ઉ.મા.પ્ર. પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧, ૩ની પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્ત્વોના ત્રાસ/ભય વિના શાંતિ અને સલામતી પૂર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસામાજીક તત્ત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા શુભ હેતુથી સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા પરીક્ષા કેન્દ્રની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતા અટકાવવાની મને જરૂર જણાય છે.

વાસ્તે હું, રવિ કુમાર અરોરા, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ગુજરાત એચ. એસ. સી. /એસ. એસ. સી. બોર્ડ ગાંધીનગર સંચાલિત પરીક્ષાના તમામ અધિકૃત કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૩૦મી ઓકટોબર ૨૦૧૫ થી તારીખ ૭મી નવેમ્બર ૨૦૧૫ સુધી સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી ૪ (ચાર) કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહિ કે બોલાવવી નહિ અથવા સરઘસ કાઢવું નહિ.

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહિ. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહિ. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈપણ ચીજવસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગારી કરવી નહી.

(૩) પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓએ મોબાઇલ કે કોઇપણ પ્રકારના ઇલેકટ્રીક ઉપકરણો લઇ જવા નહી.

(૪) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરની ત્રિજયામાં તારીખ ૩૦મી ઓકટોબર ૨૦૧૫ થી તારીખ ૭મી નવેમ્બર ૨૦૧૫ સુધી સવારે ૯-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

(૧) લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ. ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઈડ વ્યક્તિઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ પોલીસ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

(૩) કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિનઅધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

રવિકુમાર અરોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(૫)(૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજી -/વશી/૧૧૬૦૯ થી ૧૧૬૬૮/૨૦૧૫.—નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતોની નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મત ગણતરીની તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંક રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ તથા સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ ફક્ત નિયત મંચ ઉપર જ નહીં પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને ખૂબ જ ઉંચા અવાજ રાખી તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં તેમજ જુદાજુદા ગામોએ, વસવાટોને મહોલ્લાએ, વસાહતો અને લત્તાઓમાં પણ જાય છે. તે કારણે જાહેર જનતાને ત્રાસ, જોખમ ભય કે નુકશાન થવાની શક્યતા નકારી શકાઈ નહીં.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ નં.-૨૨) ની કલમ-૩૩(૧) થી મને મળેલ સત્તા અનુસાર હું, રેમ્યા મોહન, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તે જ કાયદાની કલમ-૩૩(૧)(૫)(૩) પ્રમાણે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જનતાને ત્રાસ, જોખમ, ભય કે નુકશાન થતું અટકાવવા લાઉડ સ્પીકર ઉંચા અવાજે વગાડવા ઉપર તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૮-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધી જ જનતાને ત્રાસ, જોખમ, ભય કે નુકશાન ન થાય તેવી રીતે કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૮-૦૦ વાગ્યા પહેલા અને રાત્રીના ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો પર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

(૨) કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૮-૦૦ વાગ્યા પહેલા કે રાત્રે ૨૨-૦૦ વાગ્યા પછી સ્થળ પર જ રખાયેલા લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ સ્પીકરના ઉપયોગ માટે કરવામાં આવતી અરજીઓમાં વાહનોનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલકે પરવાનગીના હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૫) લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી મેળવેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો આ કચેરીઓના કે સંસ્થાઓની કામગીરીમાં કોઈ વિક્ષેપ ન પડે તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાનું રહેશે.

(૬) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી / પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી / પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજો પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી અને સિક્કા કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/જિ.પં./તા.પં./ન.પા.સા.ચૂં./રજી -/વશી/૧૧૬૬૯ થી ૧૧૭૨૮/૨૦૧૫.—નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મત ગણતરીની તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંક રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેને ધ્યાનમાં રાખી મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે મતદાન મથકે અવર જવર માટે વાહનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સહમતીથી બીજી કોઈપણ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૨) ઉમેદવાર/ચૂંટણી એજન્ટ/પક્ષ કાર્યકારો દ્વારા મતદાનના દિવસે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા પરવાનગી અપાયેલ વાહનો સિવાય અન્ય કોઈ વાહનનો ઉપયોગ કરી શકશે નહી.

(૩) વાહન ઉપર પરમીટ નંબર પ્રદર્શિત કરવાનો રહેશે.

(૪) આ પ્રતિબંધ સરકારી અધિકારીશ્રીઓ કે ચૂંટણી પ્રક્રિયામાં સંકળાયેલા છે તેવા કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

(૫) ઉમેદવાર/ચૂંટણી એજન્ટ/પક્ષીય કાર્યકરો પરવાનગી મેળવેલ વાહનોનો ઉપયોગ ચૂંટણી કાર્યના સમય દરમ્યાન મતદારોને લાવવા લઈ જવા માટે, અસામાજિક તત્વોની હેરફેર માટે, ગેરકાયદેસર હથિયારોની હેરફેર માટે કરી શકશે નહી.

(૬) કોઈપણ વ્યક્તિ પોતાના કોઈપણ પ્રકારના વાહનોમાં પોતાના માટે કે કુટુંબના સભ્ય સિવાયના અન્ય મતદારોની હેરાફેરી કે તેવા હેતુસર વાહનનો ઉપયોગ કરી શકશે નહી.

આજ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૩૭ (૩) અન્વયે કરેલ.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજી -/વશી/૧૨૦૮૯ થી ૧૨૧૪૮/૨૦૧૫.—નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મત ગણતરીની તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંક રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે

INDEX

રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારુ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરુર જણાય છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (I.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૩૭ની પેટા કલમ-(૧) થી મને મળેલી સત્તાની રૂએ કલમ-૩૭ (૩) અન્વયે ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ થી તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતા વધુ માણસોની કોઇ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર મસ્જીદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૧૫૩ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે. રવાના કર્યું.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજી. વશી. ૧૨૪૪૪ થી ૧૨૫૦૦/૨૦૧૫.—નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧) -૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી આપેલ આદેશ અનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેના પાલનના ભાગરૂપે વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ અને આગામી જિલ્લા પંચાયત, નવસારી, જિલ્લાની તાલુકા પંચાયતો તથા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારો દ્વારા ટીવી ચેનલો અને કેબલ ઉપર ચૂંટણી સંબંધીત જાહેરાત આપવા અંગે નિયંત્રણ રાખવાનું રહે છે.

વાસ્તે હું રેમ્યા મોહન, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં તારીખ ૨જી નવેમ્બર ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં આવેલ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ અને આગામી જિલ્લા પંચાયત, નવસારી, જિલ્લાની તાલુકા પંચાયતો તથા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારો દ્વારા ટીવી ચેનલો/કેબલ/રેડીયો/સોશીયલ મીડીયા/ અન્ય કોઇપણ ઇલેકટ્રોનીક મીડીયામાં ચૂંટણી સંબંધિત જાહેરાત આપતા પહેલાં જિલ્લા ચૂંટણી અધિકારી, અને જે તે વિસ્તારના સંબંધિત ચૂંટણી અધિકારીની મંજુરી મેળવ્યા સિવાયની ચૂંટણી પ્રચાર અંગેની જાહેરાતો આપવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/લોકસભા/ચૂંટણી/રજિ. ૧૨૫૦૧ થી ૧૨૫૫૮/૨૦૧૫.—નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, તથા વિજલપોલ નગરપાલીકાના વોર્ડ નં. ૧૨ ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧) -૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી આપેલ આદેશ અનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેને ધ્યાનમાં લઈને શાસક પક્ષના સભ્યો કે ઉમેદવારો દ્વારા વિશ્રામગૃહો, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સૂચના આપેલ છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં વિશ્રામગૃહો, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ કરવા ઉપર નીચે મુજબનો પ્રતિબંધ મૂકવામાં આવે છે.

(૧) વિશ્રામગૃહો, ડાક બંગલા, અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થું અધિકારો ભોગવશે નહીં અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે.

INDEX

(૨) કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણું-વરંડા સહિત)નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહો, અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગ પણ યોજી શકશે નહીં.

(૩) ચૂંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ-અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવવા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓના માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહીં.

(૪) એક જ વ્યક્તિને ૪૮ કલાક થી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભાવો મતદાન પુરૂં થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહીં.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસૂરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પ્રોહીબીશન એકટ-૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયે કરેલ.

નંબર ડીસીબી/એમએજી/જિ.પં.તા.પં.સા./ચૂંટણી/રજિ. ૧૨૫૫૯ થી ૧૨૬૧૫/૨૦૧૫.—નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મત ગણતરી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી આપેલ આદેશ અનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેના અમલના ભાગરૂપે જિલ્લામાં કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નવસારી જિલ્લામાં આવેલ દારૂના પરવાનેદારો ઉપર દારૂના ખરીદ/વેચાણ/સંગ્રહ ઉપર પ્રતિબંધ મુકવો ઇસ્ટ જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ગુજરાત પ્રોહીબીશન એકટ-૧૯૪૯ની કલમ-૧૪૨ તથા ધી રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ્સ એકટ ૧૯૭૩ની કલમ-૧૩૫ (સી) મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં આવેલ દારૂના ખરીદ/વેચાણ/સંગ્રહ માટેનો અધિકૃત પરવાનો ધરાવનાર પરવાનેદારે નીચે જણાવેલા દિવસોએ દારૂ વેચાણની દુકાન બંધ રાખવી અને દારૂનું વેચાણ કરવું નહીં.

અ. નં.	બંધ રાખવાના દિવસોની વિગત	તારીખ
૧	મતદાનના દિવસનાં આગલા બે દિવસ	૨૭-૨૮/૧૧/૨૦૧૫
૨	મતદાનનો દિવસ	૨૯/૧૧/૨૦૧૫
૩	મતગણતરીનાં દિવસનો અગાઉનો દિવસ	૦૧/૧૨/૨૦૧૫
૪	મતગણતરીનો દિવસ અગર મતગણતરી પૂર્ણ થવાની તારીખ	૦૨/૧૨/૨૦૧૫

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ બિનજામીન લાયક શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજિ. ૨/વશી.૧૨૬૧૬ થી ૧૨૬૭૨/૨૦૧૫.—નવસારી જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧) -૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી આપેલ આદેશ અનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેના અમલના ભાગરૂપે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે અને મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે, જાહેર હિતમાં નવસારી જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા નવસારી જિલ્લા પંચાયત અને જિલ્લાની તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૨જી નવેમ્બર ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ (બંન્ને દિવસો સુદ્ધા) નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

વાસ્તે, હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં આવેલ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ અને આગામી જિ. પંચાયત/તા.પંચાયત/નગરપાલિકાની

સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારો દ્વારા ચૂંટણી સંબંધી આચાર સંહિતાનો ભંગ કરતા અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જોખમમાં મુકે તેવા એસ. એમ. એસ. કરવા નહિ.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજિ./વશી.૧૨૭૩૨ થી ૧૨૭૮૬/૨૦૧૫.–નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૧૫ના રોજ યોજાનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ.-૧૩૮(૧) -૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી આપેલ આદેશ અનુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓનો અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. આચાર સંહિતાના અમલના ભાગરૂપે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીની આજુબાજુ ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઇપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા નવસારી જિલ્લા પંચાયત અને જિલ્લાની તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૫મી નવેમ્બર ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ (બંન્ને દિવસો સુધ્ધા) નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવાનુ જરૂરી અને ઇષ્ટ જણાય છે.

વાસ્તે, હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં નીચે મુજબનો પ્રતિબંધ મુકવામાં આવે છે.

૧. કોઇપણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકોએ ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીના આજુ બાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં ત્રણ થી વધુ વાહનો જેવા કે ટેક્ષી, ખાનગી કાર, ટ્રક, ટ્રેકટર, સાથે ટ્રેલર, અને વિના ટ્રેલર, ઓટોરીક્ષા, સ્કુટર, મોટર સાયકલ, બસ, મીનીબસ, માલ વાહક સાધન અથવા અન્ય કોઇપણ પ્રકારના વાહનના બનેલા કાફલા (Convoys) રૂપે જવા દેવાશે નહીં. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ પણ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતા, આ બાબત આવા કોઈ વ્યક્તિ સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષાની સૂચનાને આધીન રહેશે.

૨. ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીની આજુ બાજુના ૧૦૦ મીટરના વિસ્તારના ઉમેદવાર સિવાય ચાર થી વધારે વ્યક્તિઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા કે મંડળી કે સરઘસ રૂપે પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ પ્રતિબંધ અપક્ષ ઉમેદવાર સાથે આવેલા દરખાસ્ત કરનાર, ૯ ટેકેદાર તેમજ ઉમેદવારને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ બિનજામીન લાયક શિક્ષાને પાત્ર ગણાશે.

આજ તારીખ ૪થી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નં. ડીસીબી/એમએજી/ચૂંટણી પ્રચાર બંધ/વશી./૧૩૦૮૧ થી ૧૩૧૫૩/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત, તમામ છ તાલુકા પંચાયતો, નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે, તેમજ મત ગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ છે.

ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંકઃ ૪૬૪/આઈએનસીટી/૨૦૦૭/પી.એલ.એન.૧/૪૮૩/૫૧૭/ સી.ઈ.ઓ.) તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૭ના પેરા નં. ૨થી આપેલ સૂચના તથા સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી ખાતા/કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના ઉક્ત આદેશના મુદ્દા નં. (૪) માં આપેલ સૂચના અનુસાર, મતદાન બંધ કરવા માટે નિયત કરેલ કલાક સહિત પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન જાહેર સભાઓ યોજવી, ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ મુકેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચૂંટણી મતવિસ્તાર બહારના સમર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરીને કામે લગાડે છે, પરંતુ પ્રચારનો સમયગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહી એ હકીકતને ધ્યાનમાં લેતાં, રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, સરઘસ કાઢનારાઓ, ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય, તેઓએ ચૂંટણી પ્રચારને અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી ન્યાયી અને મુક્ત રીતે થવા ઉપર અસર પડે છે, જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

INDEX

વાસ્તે હું રેમ્યા મોહન (આઈ.એ.એસ.)., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી મને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (સને ૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ સમગ્ર નવસારી જિલ્લા માટે,

(૧) મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયમાં ચૂંટણી પ્રચાર કરવા ઉપર અને,

(૨) પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ, ચૂંટણી પ્રચારકો વિગેરે કે, જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પરંતુક

(૧) ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે, મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર માટે ઘરે-ઘરે મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત જઈ શકશે.

(૨) ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે, મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૬ હેઠળ પ્રતિબંધીત ચૂંટણી પ્રચારમાં સામેલ ન થવાની શરતે સંસદ સભ્યો અને ધારાસભ્યો તેઓ જે મત વિભાગમાંથી ચૂંટાયેલ હોય તે મત વિભાગમાં રોકાઈ શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી પાત્ર ઠરશે.

આ હુકમ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ ૧૭-૦૦ કલાકથી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ ૧૭-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિદ્ધ કર્યું.

વંચાણે લીધા :-

(૧) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરનાં તા. ૨૨/૯/૨૦૦૦નાં જાહેરનામા ક્રમાંક જીજી/૧૧૫/સીઆરસી/૩૨૯૯/૪૯૪૪/મ.

(૨) ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૧ તથા ૧૪૪ની જોગવાઈ.

હુકમ

નં. ડીસીબી/એમએજી/એકઝી.મેજિ./અધિકાર/વશી./ ૧૩૧૫૪ થી ૧૩૩૪૧/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી પંચે નવસારી જિલ્લામાં જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતો, નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજલપોર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ની પેટા ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજવાનું નક્કી કરેલ છે. મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ થનાર છે. આ ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની રાજ્ય ચૂંટણીપંચ દ્વારા નિમણૂંક કરવામાં આવેલ છે.

આ ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ યોજાનાર હોય, આ તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધીના જ સમય ગાળા માટે નિમવામાં આવેલા વર્ગ-૨થી નીચેના સંવર્ગનાં ન હોય તેવા તમામ ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઝોનલ અધિકારીઓ, ખાસ ઝોનલ અધિકારીઓ, રીઝર્વ ઝોનલ અધિકારીઓ, ખાસ ફરજ પરના અધિકારીઓ અને સેકટર મેજિસ્ટ્રેટશ્રીઓની (જિલ્લાના જુદા-જુદા ખાતા/કચેરીઓના અધિકારીઓની નિમણૂંક સંબંધિત ચૂંટણી અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના આમુખ (૧)ના જાહેરનામાંથી ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે પાર પડે અને તે માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી નિયંત્રણમાં રાખવાના હેતુસર ચૂંટણી ફરજમાં નિયુક્ત થયેલ હોય તેવા અધિકારી/કર્મચારીઓને ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરવાના અધિકાર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને આપવામાં આવેલા છે.

વાસ્તે હું રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં નવસારી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નવસારી, જલાલપોર, ગણદેવી, ચીખલી, ખેરગામ તથા વાંસદા, નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના મતદાર વિભાગના સેકટર રૂટ પ્રમાણે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા સેકટર ઓફીસર્સ (ઝોનલ ઓફીસર)ને તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ સુધીના સમયગાળા માટે સંબંધિત જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલિકાના મતદાર વિભાગના કાર્યક્ષેત્ર વિસ્તાર પુરતા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે નીમવામાં આવે છે, તથા તેઓને આ અધિનિયમની કલમ-૪૪, ૧૦, ૧૦૪, ૧૨૯ તથા ૧૪૪ હેઠળના અધિકારો ભોગવવા આથી અધિકૃત કરવામાં આવે છે.

નવસારી, તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) અન્વયેનો.

નંબર ડીસી/પીઓએલ/સ્થા.સ્વ.ચૂં./જાહેરનામું/વશી/૭૪૮૮ થી ૭૫૨૭/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૧૫નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ જિલ્લામાં નગરપાલિકા અને તાલુકા જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓનું મતદાન તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ હાથ ધરાનાર છે. તેમજ આ ચૂંટણીની તમામ પ્રક્રિયા તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ પુર્ણ થનાર છે.

રાજ્ય ચૂંટણી પંચ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી. ૩(૭) ૧૦૨૦૧૫-ક થી થયેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી

INDEX

ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશનોને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭(ક) ની જોગવાઈઓ લાગુ પડે છે. જેથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, વિગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવું આવશ્યક છે.

લોકસભા સામાન્ય ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, વિગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયા, ભીંતપત્રો, વિગેરે પર મુદ્રક અને પ્રકાશકનું નામ અને સરનામું છપાવવાની આવશ્યકતા છે.

વાસ્તે હું, એસ. છાકછુઆક, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, મોડાસા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) (એફ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) કોઈપણ વ્યક્તિ જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહિ. અથવા છપાવી કે પ્રસિદ્ધિ કરાવી શકશે નહિ.

(૨) કોઈપણ વ્યક્તિ ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહિ કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ સિવાય કે,

  (ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી વ્યક્તિઓને શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપી હોય,

  (ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોષ્ટર, ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના માલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ-સરનામું તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

  (ગ) લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૨૭(ક) હેઠળ આવું સાહિત્ય છાપનારે તેની ૪ (ચાર) નકલ જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી (ચૂંટણી શાખાને) મોકલી આપવાની રહેશે, તેમજ તે અંગે નિયત જોડાણમાં જિલ્લા મેજિસ્ટ્રેટને તે જાહેરાત કરવાની રહેશે. આ સૂચનાઓનો જિલ્લાના તમામ પ્રિન્ટીંગ પ્રેસના માલિકો / મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

એસ. છાકછુઆક,
જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી,
મોડાસા.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી-૪૯૪૬-૪૯૬૬/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના શહેરી વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, છોટાઉદેપુર શહેરના રસ્તા પર વાહન વ્યવહારને અડટણરૂપ થાય તે રીતે વાહનો તેના માલીકો દ્વારા પાર્ક કરવામાં આવે છે. જેના કારણે અકસ્માત થવાનો ભય રહે છે. તથા જાહેર સલામતી અને શાંતી જોખમાય તેવા પ્રસંગો ઉભા થવાની શકયતા રહેલી છે. જેથી જાહેર સલામતી, શાંતી જોખમાય તેવા પ્રસંગો નિવારવા તેમજ રસ્તાઓમાં અકસ્માત ન થાય તે હેતુ ધ્યાને લઈ જાહેર જનતાના હિતમાં છોટાઉદેપુર શહેર વિસ્તારમાં **“નો પાર્કીંગ વિસ્તાર”** જાહેર કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, જેનુ દેવન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

છોટાઉદેપુર શહેર વિસ્તારના :-

(૧) રેલ્વે સ્ટેશનથી એસ.ટી. બસ ડેપો તથા કસ્બા ચાર રસ્તા સુધી.

(૨) પેટ્રોલપંપ ચાર રસ્તાથી વનાર રોડ સુધી.

(૩) પેટ્રોલપંપ થી વડોદરા તરફ જતો રસ્તો સત્તાધાર પેટ્રોલપંપ.

(૪) એસ.ટી. બસ ડેપોથી કલબ રોડ તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી સુધીના સમગ્ર રોડ.

બોડેલી શહેરના :-

(૫) અલીપુરા ચાર રસ્તા.

ઉપરોકત તમામ વિસ્તારને **“નો પાર્કીંગ ઝોન”** જાહેર કરવામાં આવે છે.

પ્રતિબંધિત સમય

આ હુકમ તા. ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઈસી/એમએજી/વશી-૪૯૬૭-૪૯૮૭/૨૦૧૫.–ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાંઆવેલ છે જે ધ્યાને લઈ તાજેતરમાં આવા કોઈ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઈ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટ આતંકી હુમલાઓને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મજૂરીકામ અને અન્ય કામગીરી કરવાના બહાના હેઠળ ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની

INDEX

ખુવારી કરી અને જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે છે. આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો મોટા ભાગે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમો મારફતે જ કામ તેમજ આશરો મેળવતા હોય છે. ઉપરાંત સરકારશ્રીના અલગ અલગ વિભાગો, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ પોતાના કામ માટે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમો મારફતે જ મજૂરો મેળવતા હોય છે.

તાજેતરમાં છોટાઉદેપુર જિલ્લામાં મિલકત સંબંધી તેમજ શરીર સંબંધી ગુનાઓ વધવા પામે છે. જે છોટાઉદેપુર જિલ્લામાં ભૂતકાળમાં બનેલ આવા ગુનાઓની તપાસ કરતાં હકીકત જાણવા મળેલ છે કે, આવા ગુન્હા કરતા ગુનેગારો ગુનો કરતા પહેલા જે તે વિસ્તાર નજીક નવા બંધાતા મકાનોમાં, સરકારશ્રીના અલગ અલગ વિભાગો દ્વારા ચાલતા મજૂરીના કામોમાં, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજૂરી કામમાં, રોડ રસ્તાઓના મજૂરી કામમાં તેમજ જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં મજૂરી કામ અર્થે તથા અલગ અલગ મજૂરી કામ, પેટ્રોલપંપ, હોટલો, રેસ્ટોરન્ટસમાં કામ ધંધો મેળવે છે. આવી મજૂરી કામ/કામધંધાના બહાના હેઠળ રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનો સર્વે કરી, માહિતગાર થઈ આવા ગુન્હાઓ કરી નાસી જઈ નિર્દોષ નાગરિકોના જાનમાલ મિલકતને નુકસાન પહોંચાડે છે. આવા ગુન્હા કરતાં ગુનેગારો ઉપર ચાંપતી નજર રાખવાના અને તેનું પગેરૂં મેળવવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, જેનુ દેવન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી સંખેડા, બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમો હોટલ, રેસ્ટોરન્ટ, પેટ્રોલપંપ ધારકોએ પોતાની પાસે મજૂરી કામ/કામધંધા અર્થે આવેલ વ્યક્તિઓના આ સાથે સામેલ પ્રોફોર્મા મુજબ ફોર્મ ભરી સંબંધિત પોલીસ સ્ટેશને તાત્કાલિક જાણ કરવી. તેમજ આ મજૂરો/કારીગરો જ્યારે મજૂરી કામ/કામગીરી પૂર્ણ કરી છોટાઉદેપુર જિલ્લા વિસ્તાર છોડી જતાં રહે ત્યારે પણ આ વ્યક્તિઓ પુરા નામ-સરનામા તથા કઈ જગ્યાએ જનાર છે તે તમામ વિગતોની સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઈસી/એમએજી/વશી-૪૯૮૮-૫૦૦૮/૨૦૧૫.–ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઇ તાજેતરમાં આવા કોઇ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઇ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટ આતંકી હુમલાવોને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

છોટાઉદેપુર જિલ્લામાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક વિસ્તારો આવેલ છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલ એકમોમાં બહારના રાજ્યોમાંથી સીક્યુરીટી જવાનો ફરજ અર્થે આવતા હોય છે. બહારના રાજ્યોમાંથી આવતા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલ એકમોમાં પ્રથમ સીક્યુરીટી જવાન બની, આશરો અને રોજગારી મેળવવાનું નાટક કરે છે અને તે દરમિયાન તે વિસ્તારની રેકી કરી, આતંકવાદી હુમલો કે બોમ્બ બ્લાસ્ટને અંજામ આપી, લોકોના જાન માલને પારાવાર નુકસાન કરે તેવો આતંક ફેલાવે છે અને સમગ્ર દેશની શાંતિ અને સુરક્ષા ઉપર ખતરો ઉભો કરે છે. જેમાં ઘણાખરા સીક્યુરીટી જવાનો ગુનાહીત પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોવાની શક્યતા નકારી શકાય નહીં. જેથી આવા ઔદ્યોગિક એકમોમાં સીક્યુરીટી જવાનો નોકરી કરી સ્થાનિક પરિસ્થિતિનો સર્વે કરી માહિતગાર થઈ કોઈ ગુનાહીત પ્રવૃત્તિને અંજામ આપે તે શક્યતા નકારી શકાય નહીં.

જેથી, હું, જેનુ દેવન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં ઔદ્યોગિક એકમોના સીકયુરીટી સંચાલકોને તેમની હસ્તકના સીક્યુરીટી જવાનોની આ સાથે સામેલ પ્રોફોર્મા મુજબ ફોર્મ ભરી સંબંધિત પોલીસ સ્ટેશને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઈસી/એમએજી/વશી-૫૦૦૯-૫૦૨૯/૨૦૧૫.–ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઇ તાજેતરમાં આવા કોઇ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઇ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટ આતંકી હુમલાવોને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખી જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હાય છે. આવા ગંભીર પ્રકારના ગુનાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા તમામ હોટલો,

INDEX

ગેસ્ટહાઉસ કે ધર્મશાળાના માલિકો પણ તંત્રને મદદરૂપ બની શકે તેવા શુભ આશયથી જિલ્લામાં આવેલ તમામ હોટલો, ગેસ્ટહાઉસો કે ધર્મશાળાના માલિકો દ્વારા રૂમો ભાડે આપતા પહેલા રૂમ ભાડે રાખનાર પાસેથી તેઓની ઓળખાણના પુરાવા જેવા કે ઓળખકાર્ડ, ઈલેકશન કાર્ડ, પાનકાર્ડ વિગેરેની નકલ મેળવીને રૂમ ભાડેથી આપે અને તે માટેનું અલાયદું રજિસ્ટર નિભાવ તે અત્યંત આવશ્યક છે.

જેથી, હું, જેનુ દેવન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા તેમાં રહેવા આવતા નાગરિકોને રૂમો ભાડેથી આપે ત્યારે રૂમમાં રહેતા દરેક નાગરીકોની પ્રવેશ અંગે રાખવામાં આવતા ઈલાયદા રજિસ્ટરોમાં નોંધ કરી તે દરેક વયના નાગરીકોના ઓળખના પુરાવા જેવા કે, ઓળખકાર્ડ, ઈલેકશન કાર્ડ, પાન કાર્ડ વિગેરેની નકલ મેળવી રૂમ ભાડેથી આપે અને તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઈસી/એમએજી/વશી-૫૦૩૦-૫૦૫૦/૨૦૧૫.—ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઈ તાજેતરમાં આવા કોઈ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઈ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટ આતંકી હુમલાવોને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પોતે નક્કી કરેલા કૃત્યને અંજામ આપવા વાહનમાં ફરતા હોય છે અને પોતાના વાહનમાં પેટ્રોલ ડીઝલ કે ગેસ પુરાવવા કોઈને કોઈ પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશનોમાં ઉભા રહેતા હોય છે. જેથી જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ/ગેસ ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલપંપની આજુબાજુમાં આવેલ દુકાનો/ગલ્લા/ધાબા/હોટલો ઉપર ગાડીના નંબરો સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિના ચહેરા સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઈ શકે તેવા હાઈડેફીનેશનના સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ હોટલના ભોજન કક્ષ તથા હોટલની આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજન કક્ષમાં બેઠેલી વ્યકિતઓનું રેકોડીંગ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા અને તેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તે અત્યંત જરૂરી જણાય છે.

જેથી, હું, જેનુ દેવન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો, હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા કે રેસ્ટોરન્ટમાં તથા તેના પ્રિમાઈસીસની દુકાનો, ગલ્લા ઉપર ગાડીઓના નંબરો સ્પષ્ટ રીતે વંચાય તેમજ આવેલ વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઈ શકે તેવા હાઈ ડેફીનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા તેનું રેકોર્ડીંગ છે માસ સુધી મળી રહે તે રીતે રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી-૫૦૫૧-૫૦૭૧/૨૦૧૫.—ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઈ તાજેતરમાં આવા કોઈ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઈ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટ આતંકી હુમલાવોને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો આ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપવા માટે ચોરી કરીને અથવા જુની ખરીદ કરીને, સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરોનો અલગ અલગ રીતે ઉપયોગ કરે છે. જેમ કે, સાયકલ, મોટરસાયકલ કે ફોર વ્હીલરમાં સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં બીનવારસી મુકી, બોમ્બ બ્લાસ્ટ કરી, આ આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો ત્રાસવાદી કૃત્યોને અંજામ આપે છે. ઘણી વખત આ પ્રકારે મેળવેલી સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલર દ્વારા આ આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કે પીછો કરી પોતે નક્કી કરેલી આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપે છે. જેથી સાયકલો વેચનાર તથા બેટરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ. પાસીંગ નંબર લેવાનો રહેતો નથી તેવા વાહનો વેચનારાઓ ઉપરાંત સાયકલ, મોટરસાયકલ કે ફોરવ્હીલર વેચનાર તથા ખરીદનારનો, જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં પુરો સાથે અને સહકાર મળી રહે તેવા શુભ આશયથી થોડાક સુચનો અમલમાં મુકવા જરૂરી છે.

INDEX

જેથી, હું, જેનુ દેવન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ સાયકલ કે બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર અને વાહનો લે વેચની દુકાનો ધરાવતા મલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટો દ્વારા જ્યારે જ્યારે આવા વાહનો ખરીદ/વેચાણ કરવામાં આવે ત્યારે તેનું કાયદેસર રજિસ્ટર બનાવી તેમાં ખરીદનાર કે વેચાણ કરનારના ઓળખકાર્ડ સાથે નામ સરનામાની તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ અને એન્જીન-ચેસીસ નંબર જેવી અન્ય વિગતોની નોંધ કરવાની રહેશે.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી-૫૦૭૨-૫૦૯૧/૨૦૧૫.—ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઇ તાજેતરમાં આવા કોઇ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઇ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બ્લાસ્ટ આતંકી હુમલાવોને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

જે બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપત્તિને નુકસાન પહોંચાડવાની કોશિષ કરે છે. તે જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિની માહીતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ માટે ત્રાસવાદી અસામાજિક તત્ત્વો શહેરમાં તથા જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો/એકમો ભાડેથી રાખે છે તેવું અગાઉ બનેલા કિસ્સાઓમાં જાણવા મળ્યું છે. જેથી જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો આવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્રને નિયમિત રીતે માહિતગાર કરે તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર થોડાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું જેનુ દેવન (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, કંવાટ, જેતપુર પાવી, નસવાડી અને સંખેડા તાલુકા, બોડેલી એટલે સમગ્ર છોટા ઉદેપુર જિલ્લાના વિસ્તારમાં જિલ્લાના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જણાવ્યા અનુસારની માહિતીથી પોલીસ વાકેફ રહી શકે તે માટે તેવા તત્ત્વોની વિગતવાર માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપાવની રહેશે.

આ હુકમ તા. ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩જી નવેમ્બર ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૫૦૯૨-૫૧૧૨/૨૦૧૫.—ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૬૬ (જ) મુજબ જ્યારે પણ છોટા ઉદેપુર જિલ્લાના વિસ્તારમાં બોરવેલમાં પાણીનું સ્તર ઘણું જ નીચું જાય છે અને ખેતીના ઉપયોગ માટે ખેડૂતો દ્વારા તેમજ અન્ય કારણોસર લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવે અને અનાયાસે આવા બોરકુવા કેટલાક પાણી મળી ન આવતા રદ બાતલ થઇ જતા પાઈપ લાઇન બંધ કર્યા સિવાય આવા બોરકુવા ખોદાવનાર માલિકો જે તે હાલતમાં બોરકુવા ખુલ્લા છોડી દીધેલ બોરકુવાના પાઈપમાં આકસ્મિક રીતે પાઈપમાં પડી જતા બાળકોના જીવલેણ અકસ્માત થતા આવ્યા છે. તાજેતરમાં દૈનિક પત્રમાં એક બાળક બોરકુવાની પાઈપમાં પડી જતા તેને બહાર કાઢવા સમાન્તર ડ્રીલીંગ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી અને સતત કરવા છતાં જમીનના ભાગે પથ્થર આવી જતાં બાળકની જીંદગી જોખમમાં મુકાયેલ હોવાના સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. તેમજ બોરકુવામાં પડી જતાં બાળકોના મૃત્યુ થયાના અનેક કિસ્સા સમાચાર પત્રો અને ઈલેકટ્રોનિકસ મીડીયા દ્વારા અવાર નવાર પ્રસિધ્ધ થાય છે. આમ આવા નાના કોમળ બાળકો જીવલેણ અકસ્માતનો ભોગ ન બને તે આશયથી (ગુજરાત એકટ નંબર-૬૬ જ ૧૯૫૧) જોગવાઇ હેઠળ જેથી આવા બનાવોમાં બને તેટલા પ્રયત્ન કરીને લોકોના કૃત્યને રોકવા અંગે તેમજ કલમ-૬૬ (જ) મુજબ લોકોને કોઈપણ અકસ્માત કે જોખમ થતું અટકાવવા પોતાનાથી બનતા ઉપાય લેવા અંગેની ફરજ અને અધિકાર મુજબ સલામતી અને બાળ મૃત્યુના આકસ્મિક બનાવો અટકાવવા નિયંત્રણો મુકવા જરૂરી હોય,

જેથી હું જેનુ દવન, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, સમાવિષ્ટ છોટા ઉદેપુર, કંવાટ, જેતપુર પાવી, નસવાડી અને સંખેડા તાલુકાના વિસ્તારમાં નાના બાળકો આકસ્મિક રીતે બોરકુવામાં ન પડી જાય અને બાળ મૃત્યુના બનાવો ન બને તે માટે ગુજરાત પોલીસ એકટ-૮૪ (ઘ) અન્વયે જે બોરકુવાઓનું ડ્રીલીંગ કરતાં વ્યકિતઓએ તથા જે તે ખેતર માલિકોએ આવું ખોદકામ કરાવતાં પહેલાં તેમજ સદર બોરકુવો રદ બાતલ થતા તે બોરકુવાને માટી, પથ્થરો વિગેરેથી પુરાણ કરીને બંધ કરવા અંગેની જાણ જે તે સંલગ્ન પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

INDEX

આ હુકમ તા. ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩જી નવેમ્બર ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી/૫૧૧૩ - ૫૧૩૩/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારના ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આ ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઇ ગંભીર પ્રકારનો ગુનાઓ બને તે શકયાતને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા વિસ્તારમાં વહેલી સવારે ૦૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા/ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, જેનુ દેવન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં ટયુશન કલાસીસ સવારના કલાક ૦૭-૦૦ વાગ્યા પહેલાં શરૂ કરવા અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પ્રતિબંધિત સમય

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧ ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી/૫૧૩૪-૫૧૫૪/૨૦૧૫.-છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સ્કુલમાં બાળકોને વાહનોમાં તેની બેઠકની ક્ષમતા કરતા વધારે બાળકોને બેસાડી સ્કુલમાં અભ્યાસ માટે લાવવા લઈ જવામાં આવે છે. આવા સંજોગોમાં અકસ્માત થવાનો ભય રહે છે. તથા જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર સલામતી શાંતિ તેમજ બાળકોના હિતમાં છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા વિસ્તારમાં આવા વાહનો ના માલીકોએ વાહનનું રજીસ્ટ્રેશન નજીકના પોલીસ સ્ટેશનમાં કરાવાનુ રહેશે. જેથી રજીસ્ટ્રેશન વગર ના વાહનો ચલાવવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જેનુ દેવન (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લાના સમાવિષ્ટ છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકાના વિસ્તારમાં રજીસ્ટ્રેશન વગરના વાહનોને સ્કુલના બાળકોને લાવવા લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પ્રતિબંધિત સમય

આ હુકમ તા. ૧લી નવેમ્બર ૨૦૧૫ થી તા. ૩૧મી ડીસેબર ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૩જી નવેમ્બર ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી-૫૧૫૫-૫૧૭૫/૨૦૧૫.–ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસામાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઇ તાજેતરમાં આવા કોઇ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઇ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટ આતંકી હુમલાઓને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ઘણી વખતે મોબાઇલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ખરીદેલ છે જે મોબાઇલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઇલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે, મોબાઇલ કોઇ

અજાણ્યા વ્યકિતએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી જેથી તપાસમાં કોઇ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઇ વ્યકિતઓ મોબાઇલ/સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે, ઓળખકાર્ડ વગર, લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચવા, સાચા આરોપીને શોધી કાઢવા માટે, જેના મોબાઇલ વપરાશકારે તે મોબાઇલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

જેથી, હું, જેનું દેવન, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, બોડેલી, નસવાડી, કવાંટ, પાવીજેતપુર, છોટાઉદેપુરના વિસ્તારમાં તમામ મોબાઇલ લે/વેચ કરનાર વેપારીઓ મોબાઇલ લેતાં અથવા વેચતા પહેલાં, ખરીદનાર અથવા વેચનારના ફોટો ઓળખકાર્ડ સાથેનું રજિસ્ટર (આ સાથે સામેલ પત્રક મુજબ) નિભાવવું, જેમાં મોબાઇલ ફોન ખરીદનાર/વેચનારનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ તેમજ તેના હસ્તાક્ષર અચુક મેળવવા.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઈસી/એમએજી/વશી-૫૧૯૭-૫૨૧૭/૨૦૧૫.–ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઈ તાજેતરમાં આવા કોઈ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઈ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટ આતંકી હુમલાઓને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો આજુબાજુના ગામડાઓમાં/જિલ્લાના વિસ્તારમાં પોતે નક્કી કરેલા કૃત્યને અંજામ આપવા વાહનમાં ફરતા હોય છે અને પોતાના રહેવા, જમવા, તથા ફરવાના માટે કોઇને કોઇ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/રેસ્ટોરન્ટ કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશન ઉપર ઉભા રહેતા હોય છે. તેમજ ગેરકાયદેસર નાણાકીય લેવડ દેવડ આંગડીયાપેઢીઓ મારફતે કરતા હોય જેથી છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/રેસ્ટોરન્ટ કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો અને આંગડીયાપેઢી, તમામ બેન્કો, સોની દુકાનો ઉપર તથા તેની આજુબાજુમાં આવેલ દુકાનો/ગલ્લા/ધાબા/હોટલો ઉપર ગાડીના નંબરો સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિના ચહેરા સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઇ શકે તેવા હાઇડેફીનેશનના સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ તેના ભોજન કક્ષ તથા તેની આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય અને પેટ્રોલપંપ/ગેસફીલીંગ સ્ટેશનો આવતા જતા વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે કેમેરા ગોઠવવા આ રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે આમ છોટાઉદેપુર જિલ્લા વિસ્તારમાં આવેલ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/રેસ્ટોરન્ટ કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો અને આંગડીયાપઢી તમામ બેન્કો, સોની દુકાનો ઉપર હાઇડેફીશનના સીસીટીવી કેમેરા ગોઠવવા ખુબ જ જરૂરી છે.

જેથી, હું, જેનુ દેવન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, નસવાડી અને સંખેડા, બોડેલી તાલુકા એટલે સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના વિસ્તારમાં આવેલ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા/રેસ્ટોરન્ટ કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો અને આંગડીયા પેઢી, બેન્કો, સોની દુકાનો ઉપર હાઈડેફીનેશનના સીસીટીવી કેમેરા ગોઠવવા તથા સી.સી.ટી.વી. કેમેરાઓ ગોઠવી રેકોર્ડીંગ કરવા જે માટે નાઈટ વિઝનવાળા કેમેરા ગોઠવવા તથા પસાર થતા વાહનોના નંબર અને સીરીજ સહીતના સંપૂર્ણ નંબનોની નોંધણી કરવા, ઉપરાંત આ સી.સી.ટી.વી. કેમેરાનું ડીઝીટલ રેકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટરાઇઝ નોંધણીના ડેટાનો બેકઅપ છ માસ સુધી જાળવી રાખવાના રહેશે.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઈસી/એમએજી/વશી/૫૫૭૬-૫૧૯૬/૨૦૧૫.–ભુતકાળમાં બનેલ બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી અસમાજીક તત્ત્વો દ્વારા આતંક ફેલાવવામાં આવેલ છે જે ધ્યાને લઈ તાજેતરમાં આવા કોઈ બનાવ ન બને તે હેતુસર અત્રેના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જીવન જોખમાઈ નહિ તે હેતુથી ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગુપ્ત આશરો મેળવી બોમ્બ બ્લાસ્ટ આતંકી હુમલાઓને પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો પોતાની ઓળખ છુપાવવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, આવી જગ્યાઓએ રહી પોતાની આસપાસ મળી આવતી પાયાની સગવડોનો દુરૂપયોગ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. અત્યાર સુધીની આતંકવાદી પ્રવૃત્તિના અનુભવ મુજબ આવી પ્રવૃત્તિ આચરનાર આતંકવાદીઓ મોટાભાગે મોબાઇલ ફોન તથા મોબાઇલ સીમકાર્ડોનો ઉપયોગ કરી, પોતાની આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપે છે. આ મોબાઇલ ફોનના ઉપયોગથી ઓડિયો/વીડીયો કલીપ ઉતારી, સાયબર કાફેના ઉપયોગ વિગેરેના જી.પી.આર.એસ., થ્રી જી, અને નેટ ટુ ફોન જેવા આધુનિક ઉપકરણો

જોડીને આવા અસામાજિક તત્ત્વો દ્વારા સંદેશાઓની આપ-લે થાય છે. આ પ્રવૃત્તિમાં અત્યંત જરૂરી ડિવાઇસ સીમકાર્ડ છે જે હાલની પરિસ્થિતિમાં કોઇપણ સ્થળે સહેલાઇથી મળી આવતા હોય છે. અને મોટાભાગના બનાવોમાં મળી આવતા સીમકાર્ડ બોગસ નામના હોય છે.

જેથી મોબાઇલ સીમકાર્ડનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઇલરો દ્વારા મોબાઇલ સીમકાર્ડ ધારકોની ઓળખના પુરાવાની યોગ્ય તથા ઝીણવટભરી ચકાસણી કરી મોબાઇલ સીમકાર્ડ કે મોબાઇલ ફોનનું વેચાણ કરવામાં આવે તો જ આવી પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવી શકાય. મોબાઇલ સીમકાર્ડ કે મોબાઇલ ફોનનું વેચાણ કરતાં ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઇલરો માટે કોઇપણ વ્યકિતને નવું મોબાઇલ સીમકાર્ડ કે મોબાઇલ ફોન આપતાં પહેલાં જે તે વ્યકિતના ઓળખના પુરાવા લઇ તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ તે જ વ્યકિતને મોબાઇલ સીમકાર્ડ કે મોબાઇલ ફોન લે-વેચ કે જેના નામના ડોકયુમેન્ટસ ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઇલરને મળેલ હોઇ જેથી બોગસ નામથી બજારમાં મળી આવતા સીમકાર્ડ કે મોબાઇલ વેચાતા બંધ થાય.

જેથી, હું, જેનુ દેવન, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી, હુકમ કરૂં છું કે, છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, બોડેલી, નસવાડી, જેતપુરપાવી, ક્વાંટ, છોટાઉદેપુર તાલુકાના વિસ્તારમાં કોઇપણ વ્યકિતને મોબાઇલ સીમકાર્ડ કે મોબાઇલ ફોન આપતાં પહેલાં મોબાઇલ કે સીમકાર્ડ ફોનનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઇલરો દ્વારા જે તે વ્યકિતના જરૂરી ઓળખના પુરાવા લઇ તેનું અલાયદુ રજિસ્ટર નિભાવવાનું કે, જેમાં ઓળખનો પુરાવો રજુ કરનાર વ્યકિતનો પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો, નામ, સરનામું અને હસ્તાક્ષર અચુકપણે લેવા અને ત્યારબાદ તેને જણાવેલ નામ-સરનામા ઉપર તે વ્યકિત રહે છે તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ તે જ વ્યકિતને મોબાઇલ સીમકાર્ડ કે મોબાઇલ ફોન વેચવામાં આવે અને ત્યાર પછી જ મોબાઇલ સીમકાર્ડ એકટીવેટ કરવાનું રહેશે.

આ હુકમ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નં. ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજી.ર/વશી/૫૨૫૭ થી ૫૩૦૪/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/સીઓસી/સ્થા./સ્વ.-૧૩૮ (૧)-૧૨૨૦૦૯-ક, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી જાહેર થયા પ્રમાણે કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૩ (૧) થી મળેલ સત્તા અનુસાર હું જેનુ દેવન, I.A.S., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, તે જ કાયદાની કલમ-૩૩ (૧) (ખ) થી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે, જાહેર હિતમાં નવસારી જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીનરાજકીય પક્ષ તથા અર્ધરાજકીય પક્ષ તથા આગામી નવસારી જિલ્લા પંચાયત અને જિલ્લાની તમામ તાલુકા પંચાયતો તથા નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ (બન્ને દિવસો શુધ્ધા) નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણ થી વધુ વાહનો જેવા કે ટેક્ષી, ખાનગી કાર, ટ્રક, ટ્રેક્ટર સાથે ટ્રેલર, અને વિના ટ્રેલર, ઓટોરીક્ષા, સ્કુટર, મોટર સાયકલ, બસ મીનીબસ, માલવાહક સાધન વિગેરેના બનેલા કાફલા (Convoy) રુપે જવા દેવાશે નહી. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈપણ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતા આ બાબત આવા કોઈ વ્યક્તિ સબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સૂચનાને આધીન રહેશે.

(૨) ચૂંટણી પ્રચાર માટે ફરતાવાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગી પત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહીતનો (વાહનના કાચ ઉપર લગાડેલ) તો જ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજૂ કરવાની રહેશે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ)ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નં. એમએજી/તા.પં./જિ.પં./ચૂંટણી/રજી./વશી/૫૩૫૬ થી ૫૪૦૦/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/સીઓસી/સ્થા./સ્વ.-૧૩૮ (૨)-૧૨૨૦૦૯-ક, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે.

જિલ્લામાં કાયદો વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા માટે તથા સલામતી માટે, જાહેર હિતમાં હથિયારની હેરાફેરી અટકાવવી જરૂરી જણાય છે. આ સમય દરમ્યાન જુદા-જુદા હરિફ જુથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. જેથી આવા જુદા-જુદા જુથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહી. તેમજ આને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ પણ થવા સંભવ રહે છે. જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે. તેઓનાં હથિયારો સાથે લઈ નહી જવા તેમજ સાથે નહી રાખવા ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

સબબ : ઉપરોક્ત વિગતે તેમજ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ પ્રમાણે મને મળેલ સત્તાની રુએ હું જેનુ દેવન, I.A.S., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, આથી છોટાઉદેપુર જિલ્લામાં ધારણ કરતા હથિયાર પરવાનેદારોએ તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી તેમનાં હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા પર તેમજ હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકતો હુકમ કરું છું.

વધુમાં, જે કિસ્સાઓમાં હથિયાર પરવાનેદારોને હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે જે જર્ની પરમીટો આપવામાં આવેલ હશે તો તે પણ ઉપરોક્ત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર કસુરવાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું કાયદાકીય ફરજનો ભાગ હોય.

(૨) સરકારશ્રી, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) સ્થાયી પ્રચલિત કાયદા, રિવાજ અને રસમના આધારે જે કોમ (સમાજ) હથિયારો પ્રદર્શિત કરવા હક્કદાર હોય તેમને આ પ્રતિબંધ લાગુ પડશે નહિ, તેમ છતાં, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે અને શાંતિપુર્ણ ચૂંટણી સંચાલનમાં હિંસાના અને ધમકી આપવાના ઉપયોગ થયાનું પોલીસ તંત્રને જણાય તો આવી કોઈપણ વ્યક્તિના હથિયાર જપ્ત કરવામાં અત્રેને કે પોલીસ સત્તાવાળાઓને કોઈ બાધ આવશે નહિ.

આજ રોજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ).

નં. એમએજી/તા.પં./જિ.પં./ચૂંટણી/રજી./વશી/૫૪૦૧ થી ૫૪૪૯/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત

અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં.-૨૨)ની કલમ-૩૩ (૧) થી મળેલ સત્તા અનુસાર હું જેનુ દેવન, I.A.S., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, તે જ કાયદાની કલમ-૩૩ (૩) (ઘ) (ખ) પ્રમાણે કાયદો વ્યવસ્થા જાળવણી માટે જાહેર સ્થળોની સુરક્ષા માટે તથા સલામતી માટે, જાહેર હિતમાંની જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીનરાજકીય પક્ષ તથા અર્ધરાજકીય પક્ષ અને આગામી છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ એવા બન્ને દિવસો શુધ્ધા નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) કટઆઉટ, હોર્ડીંગ્સ, બેનર વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહિ એટલે કે સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ. (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહિ.

(બ) જો કટઆઉટ/હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગીથી મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઈએ.

  (૧) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહી.

  (૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહી.

  (૩) કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનરો વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરને તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકને કરવાની રહેશે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ) ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ.

નં. ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજી./વશી./૫૪૫૧ થી ૫૫૦૦/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત

INDEX

અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૨૨૦૦૯-ક, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ પ્રમાણે મને મળેલ સત્તાની રુએ હું જેનુ દેવન, I.A.S., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, આથી નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: વિસ્તાર :-

‘‘છોટાઉદેપુર જિલ્લાનાં જિલ્લા મેજિસ્ટ્રેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર’’

-: કૃત્યો :-

જે ઉશ્કેરણીજનક ભાષણો આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ, અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની અથવા સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય, તેવી પ્રવૃતિઓ કે જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો.

નં. ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./નવ.ન.પા./ચૂંટણી/રજી./વશી./૫૫૦૧ થી ૫૫૫૦/૨૦૧૫.—છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૨૨૦૦૯-ક, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ પ્રમાણે મને મળેલ સત્તાની રુએ હું જેનુ દેવન, I.A.S., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, આથી ફરમાવું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સુધ્ધા) કોઈપણ વ્યક્તિએ વ્યકિતગત અથવા તો સમુહમાં જાહેરમાં ધરણા કરવા, ઘેરાવો કરવા તેમજ ઉપવાસનાં કાર્યક્રમ રાખવા ઉપર પ્રતિબંધ મુકવાનો હુકમ કરું છું.

આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો.

નં. ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./નવ.ન.પા./ચૂંટણી/રજી./વશી./૫૫૫૫ થી ૫૬૦૦/૨૦૧૫.—છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/સીઓસી/સ્થા./સ્વ.-૧૩૮ (૧)-૧૨૨૦૦૯-ક તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ પ્રમાણે મને મળેલ સત્તાની રુએ હું જેનુ દેવન, I.A.S., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, આથી ફરમાવું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૧૫થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસ સુદ્ધા) કોઈપણ વ્યક્તિએ વ્યકિતગત અથવા તો સમુહમાં જાહેરમાં ધરણા કરવા, ઘેરાવો કરવા તેમજ ઉપવાસનાં કાર્યક્રમ રાખવા ઉપર પ્રતિબંધ મુકવાનો હુકમ કરું છું.

આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

વંચાણે લીધા :- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરનાં તા. ૧૮/૦૮/૨૦૧૧ના આદેશ ક્રમાંક રાચપ-ચટણ-સ્થા. સ્વ. ૧૨૧-૮૨૦૧૧-ક.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો.

નં. ડીસીબી/એમએજી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/રજી.વશી./ ૫૮૫૧ થી ૫૯૦૦/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે. તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/ સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૨૨૦૦૯-ક, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેના પાલનના ભાગરૂપે વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ અને આગામી જિલ્લા પંચાયત, છોટાઉદેપુર, જિલ્લાની તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારો દ્વારા ટીવી ચેનલો અને કેબલ ઉપર ચૂંટણી સંબંધિત જાહેરાત આપવા અંગે નિયંત્રણ રાખવાનું રહે છે.

વાસ્તે હું જેનુ દેવન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના આવેલ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીનરાજકીય પક્ષ તથા અર્ધરાજકીય પક્ષ તથા આગામી જિલ્લા પંચાયત છોટાઉદેપુર, જિલ્લાની તાલુકા પંચાયતો તથા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના ભાવી ઉમેદવારો દ્વારા ટીવી ચેનલો/કેબલ/રેડીયો/સોશીયલ મીડીયા/ અન્ય કોઈપણ ઈલેક્ટ્રોનીક મીડીયામાં ચૂંટણી સંબંધિત જાહેરાત આપતા પહેલાં જિલ્લા ચૂંટણી અધિકારી, અને જે તે વિસ્તારના સંબંધિત ચૂંટણી અધિકારીની મંજુરી મેળવ્યા સિવાયની ચૂંટણી અંગેની જાહેરાતો આપવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નં. ડીસીબી/એમએજી/જિ.પં./તા.પં./ન.પા.ચૂં./રજી.નં..../વશી./ ૬૦૦૧ થી ૬૦૫૦/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે, તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/ સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૨૨૦૦૯-ક, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે. જેને અનુલક્ષીને ચૂંટણીના સરળ સંચાલન, આચાર સંહિતાની સૂચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે, મતદાન મથક ઉપર મતદારો માટે અવરોધો ઉભા થાય છે અને વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. આ માટે મતદાન મથકથી ૨૦૦ મીટરની અંદર કોઈ ટેબલ કે ખુરશીઓ કે કોઈ મંડપ કે તાડપત્રીના ટુકડાની કે છત્રીની વ્યવસ્થા કરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું જેનુ દેવન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૨૯ નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મતદાન મથકની ૨૦૦ મીટરની અંદર કોઈ ટેબલ કે ખુરશીઓ કે કોઈ મંડપ કે તાડપત્રીના ટુકડાની કે છત્રીની વ્યવસ્થા કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પરના ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચૂંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.

(૨) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીશ્રીઓ અથવા તેઓને મદદ કરતા એજન્સીઓ.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નં. ડીસીબી/એમએજી/જિ.પં./તા.પં./ન.પા.સા.ચૂં/વશી./૬૧૦૧ થી ૬૧૫૦/૨૦૧૫.–છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે, તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/ સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૨૨૦૦૯-ક, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ,

INDEX

જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે, જેને ધ્યાનમાં રાખી મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે મતદાન મથકે અવર જવર માટે વાહનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું જેનુ દેવન, I.A.S., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૨૯ નવેમ્બર, ૨૦૧૫નાં રોજ નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીયપક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સહમતી થી બીજા કોઈપણ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૨) ઉમેદવાર/ચૂંટણી એજન્ટ/પક્ષ કાર્યકરો દ્વારા મતદાનના દિવસે સબંધીત ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા પરવાનગી અપાયેલ વાહનો સિવાય અન્ય કોઈ વાહનનો ઉપયોગ કરી શકશે નહી.

(૩) વાહન ઉપર પરમીટ નંબર પ્રદર્શિત કરવાનો રહેશે.

(૪) આ પ્રતિબંધ સરકારી અધિકારીશ્રીઓ કે ચૂંટણી પ્રક્રિયામાં સંકળાયેલા છે તેવા કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

(૫) ઉમેદવાર/ચૂંટણી એજન્ટ/પક્ષીય કાર્યકરો પરવાનગી મેળવેલ વાહનોનો ઉપયોગ ચૂંટણી કાર્યના સમય દરમ્યાન મતદારોને લાવવા લઈ જવા માટે, અસામાજિક તત્વોની હેરફેર માટે, ગેરકાયદેસર હથિયારોની હેરફેર માટે કરી શકશે નહી.

(૬) કોઈપણ વ્યક્તિ પોતાના કોઈપણ પ્રકારના વાહનોમાં પોતાના માટે કે કુટુંબના સભ્ય સિવાયના અન્ય મતદારોની હેરાફેરી કે તેવા હેતુસર વાહનનો ઉપયોગ કરી શકશે નહી.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પ્રોહીબીશન એક્ટ-૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયે.

નં. ડીસીબી/એમએજી/જિ.પં.તા.પં.સા./ચૂંટણી/રજિ./૬૧૫૧ થી ૬૨૦૦/૨૦૧૫.—છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજનાર છે, તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૨૨૦૦૯-ક, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦થી આપેલ આદેશાનુસાર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવણી અંગે સંબંધિતોએ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી અમલમાં આવેલ છે, જેના અમલના ભાગરૂપે જિલ્લામાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે છોટાઉદેપુર જિલ્લામાં આવેલ દારૂના પરવાનેદારો ઉપર દારૂના ખરીદ/વેચાણ/સંગ્રહ ઉપર પ્રતિબંધ મુકવો ઈસ્ટ જણાય છે.

વાસ્તે હું જેનુ દેવન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ગુજરાત પ્રોહીબીશન એકટ-૧૯૪૯ની કલમ-૧૪૨ તથા ધી રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ્સ એકટ-૧૯૭૩ની કલમ-૧૩૫ (સી) મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં આવેલ દારૂના ખરીદ/વેચાણ/સંગ્રહ માટેનો અધિકૃત પરવાનો ધરાવનાર પરવાનેદારે નીચે જણાવેલા દિવસોએ દારૂ વેચાણની દુકાન બંધ રાખવી અને દારૂનું વેચાણ કરવું નહીં.

અ.નં.	બંધ રાખવાના દિવસોની વિગત	તારીખ
૧	મતદાનના દિવસનાં આગલા બે દિવસ	૨૭-૨૮/૧૧/૨૦૧૫
૨	મતદાનનો દિવસ	૨૯-૧૧-૨૦૧૫
૩	મતગણતરીનાં દિવસનો અગાઉનો દિવસ	૦૧-૧૨-૨૦૧૫
૪	મતગણતરીનો દિવસ અગર મતગણતરી પૂર્ણ થવાની તારીખ	૦૨-૧૨-૨૦૧૫

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ બિનજામીન લાયક શિક્ષાને પાત્ર ગણાશે.

આજરોજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

જેનુ દેવન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયેનું.

નંબર પલસ/મજસ/વશી/૨૩૬૪/૨૦૧૫.—સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ, જુથ-૧, વડોદરાએ તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : સીબી-૪/ફા. બટ/જાહેરનામુ/૬૧૮૩/૨૦૧૫ થી પાવાગઢ ફાયરીંગ રેન્જ મીલેટ્રી એન.સી.સી. એરફોર્સ, એસ.આર.પી. યુનિટ તથા જિલ્લાના પોલીસની ફાયરીંગ પ્રેકટીસ લેવામાં આવે છે. આ ફીયરીંગ બટનો ઉપયોગ વડોદરા ઉપરાંત અમદાવાદ, આણંદ, નડીયાદ, ભરૂચ, ગોધરા વિગેરે જિલ્લાના પોલીસ જવાનો એસ.આર.પી. જવાનો પણ

INDEX

ફાયરીંગ પ્રેકટીસ કરે છે. જેથી આ પ્રેકટીસ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ (બંને દિવસો સહિત) સુધીના આગામી સમયનું પાવાગઢ ફાયરીંગ રેન્જ માટેનું જાહેર જનતા જોગનું જાહેરનામુ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૪) પ્રમાણે બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, પી. ભારથી, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તારીખ ૪થી નવેમ્બર, ૨૦૧૫ થી તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ (બન્ને દિવસો સહિત) સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧, વડોદરાના યુનિટો માટે તથા રાજ્યના અન્ય પોલીસ દળો તથા મીલેટ્રી, એન.સી.સી. એરફોર્સ, એસ.આર.પી. યુનિટો માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનમાં ઉક્ત સમય દરમ્યાન બહારના કોઇપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહિં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નં. મજસ/હથર/જિ.તા.ન.ચૂં./જાહેરનામું/વશી/૨૩૬૬/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા નક્કી થયેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના પંચમહાલ જિલ્લામાં જિલ્લા પંચાયતની તથા જિલ્લામાં સમાવિષ્ટ ગોધરા, કાલોલ, હાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા, શહેરા અને મોરવા (હ) તાલુકાઓમાં તાલુકા પંચાયતની અને ગોધરા નગરપાલીકામાં નગરપાલીકાની સામાન્ય ચૂંટણી માટે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ થનાર છે તથા તેની મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ થનાર છે. આ ચૂંટણીઓ શાંતિપૂર્ણ, ભયમુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે અત્યંત આવશ્યક છે. જે જોતાં આ ચૂંટણી પ્રક્રિયાના સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, જાહેર સુલેહ શાંતિ, જાહેર સુરક્ષા યોગ્ય રીતે જળવાઈ રહે તે હેતુસર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લાયસન્સવાળા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

સબબ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ હું પી.ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રહેતા દરેક જાતના વ્યક્તિગત હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે, તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડયાની તારીખથી ૨૪ (ચોવીસ) કલાકમાં જિલ્લાના સબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તેઓના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતાં તમામ વ્યક્તિઓએ હથિયાર કે હથિયારો જમાં કરાવવામાં આવે તે માટે પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને સત્વરે કરવા તેમજ આ હથિયાર સદર ચૂંટણીના પરીણામો જાહેર થયા બાદ સંબંધિત પરવાનેદારોને પરત કરવા આદેશ કરૂ છું.

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા જિલ્લાના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયારના પરવાનેદારોએ તેમજ દેશના કોઈપણ રાજ્યના કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને લાગુ પડશે. તેમજ આ આદેશ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની અમલવારી પૂર્ણ થતાં સુધી પરવાના ધારકને કરી શકશે નહી.

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુક્તિ આપવામાં આવે છે.

(૧) પંચમહાલ જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતરાષ્ટ્રીય લેવલની શુંટીગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પરસન છે, તેમને જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે પરંતુ વ્યક્તિગત નામે ઈસ્યુ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને ઉક્ત આદેશમાંથી મુક્તિ મળશે નહી.

(૨) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિક્યુરીટી ગાર્ડએ તેઓ બેંકમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

(૩) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ હોય તેમને લાગુ પડશે નહી.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પંચમહાલએ ખાસ પરવાનગી આપેલ હોય, તેમને લાગુ પડશે નહી. હથિયાર પરવાનેદારોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફક્ત પરવાનાવાળા હથિયારો જમા કરાવવાના રહેશે, તેના કાર્ટીસ/દારૂગોળો જમા કરાવવાની જરૂરી નથી.

આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે. તેમજ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ ફોજદારી પગલાં પણ લેવાશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ -૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૨૩૬૭ થી ૨૩૯૪/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નં.એસ.ઓ.જી./જાવક/૩૮૧/૨૦૧૫, તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૫થી રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિદ્ધ થતા અહેવાલો વર્તમાન અને ભુતકાળમાં બનેલ આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલમિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની ફોર-થ્રી વ્હીલર ગાડીઓ જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્ત્વો દ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે. અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાતી હોય છે. આવનાર દિવસોમાં દિપાવલી, બેસતુ વર્ષ જેવા તહેવાર આવનાર છે. તેમજ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાનારા છે. જેથી આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુની સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર વાહનો ખરીદવા-વેચવા અંગે સી.આર.પી.સી. ૧૪૪ મુજબ જાહેરનામુ બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આતંકવાદી તત્ત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય. તે ધ્યાને રાખી દરખાસ્ત મોકલી આપેલ છે. ઉપરોક્ત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, આથી હું પી. ભારથી (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં જુની સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર.	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત.	જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ.	એન્જીન/ચેસીસ નંબર, મોડેલ નંબર, રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

(૧) જુનુ ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર/ચેસીસ નંબર લખવો.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખ થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : એમએજી/જાહેરનામું/વશી/૨૪૨૨ થી ૨૪૪૮/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જાહેરનામું/ ૩૮૩/૨૦૧૫, તા. ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૫ થી જણાવ્યા મુજબ બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્ત્વો દ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી અથવા વેચાણથી રહેણાંક વિસ્તારમાં મકાન લઈ સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઈ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદ ઈરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી તેમજ માનવ જિંદગીની ખુવારી કરી લોકોની સંપત્તિને નુકશાન કરી જતા રહેતા હોય

છે. અને પાછળથી તેઓના નામ, સરનામા મળી શકતા નથી. અને ગુન્હાઓનો ભેદ ખુલી શકતો નથી. અને આવનાર દિવસોમાં દિપાવલી, બેસતુ વર્ષ જેવા તહેવાર આવનાર છે. તેમજ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાનાર છે. જેથી બહારના રાજ્યના (પર પ્રાંતિય) ઈસમોને મકાન ભાડે આપવા અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઈના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, પી. ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરાના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહિં. ભાડા આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત વિસ્તાર મકાન નંબર	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે. ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે.	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમાં રહેનાર વ્યક્તિના પાકા નામ સરનામા.	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું.	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/જાહેરનામું/૨૪૪૯ થી ૨૪૭૫/૨૦૧૫.—પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા. ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૫ના પત્ર ક્રમાંક : એસઓજી/જાવક/૩૮૪/૨૦૧૫ થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જીલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઈલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કર્તા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનાર ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમ કાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તો ઉપરોક્ત તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તેમ છે. અને આવનાર દિવસોમાં દિપાવલી, બેસતુ વર્ષ જેવા તહેવાર આવનાર છે. તેમજ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાનાર છે. જેથી તે અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

INDEX

ઉપરોક્ત બાબતો ધ્યાને લઇને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતા દ્વારા મોબાઇલના સીમ કાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદ કરી તે દ્વારા બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, આથી હું, પી.ભારથી, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં મોબાઇલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા વિક્રેતાઓ/વેપારીઓએ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે. તથા તે અંગેનું રેકર્ડ રાખવાનું રહેશે. તેમજ રજીસ્ટર નીચેના નમુનામાં નિભાવવાનું રહેશે.

જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઇલ ફોનની વિગત / કંપની	IMEI NO.	મોબાઇલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઇલ ફોનની વિગત / કંપની	IMEI NO.	મોબાઇલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત / કંપનીનું નામ	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત.	આઇ. ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઇ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : એમએજી/સીસી ટીવી/જાહેરનામું/૨૪૭૬ થી ૨૫૦૫/ ૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૧૫ના પત્ર ક્રમાંકઃએસઓજી/જાવક/૩૮૫/૨૦૧૫થી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિદ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભૂતકાળમાં બનેલ તથા તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલકતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભાગે રાજ્ય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલો, ગેસ્ટે હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી ભૌગોલિક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિઓ આચરતા હોય છે.

INDEX

અસામાજીક તત્ત્વો દ્વારા આચરવામાં આવતી ઉપરોક્ત પ્રકારની ગુન્હાકીય પ્રવૃત્તિઓના કારણે જાહેર સલામતી સુરક્ષા, તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો જાહેર જનતા, પ્રજામાં, અસલામતી, અસુરક્ષાનો માહોલ ફેલાય છે, અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાતી હોય છે. જેથી આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા તથા તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય, તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓ/બનાવો બનતા અટકાવી શકાય, તે હેતુસર હાઈ-વે રોડ પર આવેલ હોટલો, પેટ્રોલ પંપો, ટોલપ્લાઝા વિગેરે સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અને આવનાર દિવસોમાં દિપાવલી, બેસતુ વર્ષ જેવા તહેવાર આવનાર છે. તેમજ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાનાર છે. જે ધ્યાને લઈ તમામ અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામુ બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉકત માંગણી વ્યાજબી જણાય છે.

પંચમહાલ જિલ્લામાં ઉપરોકત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દ્રષ્ટિએ તકેદારીના પગલાંરૂે આ કામે જાહારનામું બહાર પાડવું જરૂરી જણાતાં, હું, પી. ભારથી, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ફોજદારી કાર્યરીતિ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

પંચમહાલ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઈ-વે ઉપરની હોટલો, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, જેવા સ્થળો ખાતે સંબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ખાતેના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલોના ભોજન કક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઈ-વે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા નાઈટવીઝન કેમેરા (હાઈડેફીનેશન) સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી. નાઈટવીઝન કેમેરા (હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી. ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કીંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કમેરાઓ ગોઠવવા.

આ જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજિસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજમારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ -૧૪૪ હેઠળ.

નંબર મજસ/મકાન ભાડા/જાહેરનામું/૨૫૦૬ થી ૨૫૩૫/૨૦૧૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ના પત્ર નંબર એસ.ઓ.જી./જાવક/૩૮૬/૨૦૧૫ થી જણાવ્યા મુજબ તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા ગત તા. ૦૧-૦૮-૨૦૧૨ના સાંજના સમયે આતંકવાદી-અસામાજીક તત્ત્વો દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરમાં હૃદયસમા ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કીલોમીટરના ડાયરામાં '' Low intensity '' ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવામાં આવેલ છે. તથા બે બોમ્બે એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસ સ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩-૦૨-૨૦૧૨ના રોજ તેમજ તા. ૭-૦૯-૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે અને અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ આવનાર દિવસોમાં દિપાવલી, બેસતુ વર્ષ જેવા તહેવાર આવનાર છે. તેમજ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાનાર છે. જે ધ્યાને લઇ તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઇ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉકત માંગણી વ્યાજબી જણાય છે.

INDEX

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

સબબ, હું, પી. ભારથી (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ પંચમહાલ જિલ્લામાં ભાડે આપેલ હોય તેની વિગત

ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત

(ઔદ્યોગિક એકમો/મકાન/ટેનામેન્ટ/ફ્લેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફીસ/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલ્કત)

પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી ....પોલીસ સ્ટેશન.

તા.

ઔદ્યોગિક એકમ, મકાન માલીકનું નામ શ્રી / શ્રીમતિ ....

જન્મ તારીખ (ઉંમર) .... સરનામું..

ફોન નં. (ઘર) .... (ઓફીસ) ....(મો)...

ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી / શ્રીમતિ ....

જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલ્કતનું સરનામું ....

(ભાડે રાખેલ મિલ્કત) નો ફોન નંબર .... (મો) ....

કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો ....રીન્યુઅલ તારીખ.....................................

ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)...

નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું..

ભાડુ કેટલું ₹ .... ડીપોઝીટ ₹ ....

નિયમો

૧. આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

૨. આ ફોર્મ સંપૂર્ણ ભરીને મિલ્કત માલિક અથવા ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

૩. આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

૪. તમારી મિલ્કત કોઈનો કબ્જો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણુંક પત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું.

૬. ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૭. આ સાથે ₹ ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

૮. મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

૯. ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.

૧૦. બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખી આપવી.

૧૧. આ ફોર્મ પંચમહાલ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખુ રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતિ...

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)..

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું ....

(૧)

ફોન નં. (ઘર) ....(ઓફીસ)..(મો)..

(૨)

ફોન નં. (ઘર)..(ઓફીસ)..(મો)..

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	પોલીસ સ્ટેશનનો સહી સીક્કો અને તારીખ
ભાડુઆતની સહી	મિલ્કત માલીકની સહી	એજન્ટની સહી

આ હુકમનો અમલ હુકમની તારીખથી બે માસ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

INDEX

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/તા.જિ.ન.ચું./જાહેરનામું/વશી/૨૫૪૯ થી ૨૫૯૯/૨૦૧૫.–પંચમહાલ જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે તેમજ પંચમહાલ જિલ્લામાં કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને હાલ તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને રાજ્ય ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલ ચૂંટણી આચાર સંહિતાના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું પી. ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, નીચે જણાવેલ વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો

જે છટાદાર ભાષણો આપવાની, ચાળા પાડવાની અથવા નકલો કરવાની, ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની કે જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો.

વિસ્તાર

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પંચમહાલની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/તા.જિ.ન.ચું./જાહેરનામું/વશી/૨૬૦૦ થી ૨૬૪૯/૨૦૧૫.–પંચમહાલ જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ને લક્ષમાં લઇ ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે જાહેર સુલેહ શાંતિ યોગ્ય રીતે જળવાય અને મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણપણે સંપન્ન થાય તે હેતુથી જાહેરમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે ચૂંટણી જાહેર થયે થી ચૂંટણી પરિણામ જાહેર થતાં સુધી લાયસન્સવાળા હથિયારો જાહેરમાં લઈને જવા ઉપર પ્રતિબંધ લાદવા તથા અન્ય તિક્ષ્ણ અને મારક હથિયારો જેવા કે, તલવાર, ભાલા, તીરકાંમઠા વિગેરે જાહેરમાં પ્રદર્શિત ન કરવા પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

આથી હું પી. ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા પંચમહાલ જિલ્લાની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આ હુકમની તારીખથી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪-૦૦ સુધી લાયસન્સવાળા હથિયારો તથા અન્ય હથિયારો તિક્ષ્ણ અને મારક હથિયારો જેવા કે, તલવાર, ભાલા, તીરકાંમઠા વિગેરે જાહેરમાં પ્રદર્શિત કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/તા.જિ.ન.ચું./જાહેરનામું/વશી/૨૬૫૦ થી ૨૬૯૯/૨૦૧૫.–પંચમહાલ જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નવેમ્બર-૨૦૧૫માં યોજાનાર છે. જેથી રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તથા તેમના ટેકેદારો તરફથી ચૂંટણી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવશે. પ્રચાર ઝુંબેશ અનુસંધાને ઉમેદવારો તથા તેમના કાર્યકરો દ્વારા જાહેર તથા ખાનગી મિલ્કત માલિકોની પૂર્વ પરવાનગી લીધા વગર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાનીઓ કે આકૃતિઓ, પક્ષના પ્રતિકો કે ઉમેદવારોને ફાળવેલા પ્રતિકો ચીતરીને વગેરે દ્વારા સાર્વજનિક અને ખાનગી માલીકીના મકાનોની દિવાલો બગડે નહી તે માટે ભારતીય નિર્વાચન આયોગ દ્વારા રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે બહાર પાડવામાં આવેલ આચાર સંહિતા મુજબ કોઈપણ રાજકીય પક્ષો અથવા ઉમેદવારો પોતાના કાર્યકરોને મકાનો, ટેલીફોન કે વિજળીના થાંભલાઓ, વાહનો ઉપર ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, તોરણ લટકાવવા, નોટીસ ચોટાડવા, સુત્રો કે ઉમેદવારોને ફાળવેલ નિશાનોના પ્રતિકો લખવા વગેરે માટે લેખિત અને પૂર્વ પરવાનગી વિના કોઈપણ વ્યક્તિની જમીન મકાન, કમ્પાઉન્ડ દિવાલ, જાહેર મિલ્કત, જાહેર રોડ, રસ્તા વગેરેનો ઉપયોગ કરવા દેશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. અને તેવી જોગવાઈઓનો કાયદેસર અમલ કરવો જરૂરી જણાય છે.

ચૂંટણી પંચે જાહેર કરેલ આચાર સંહિતાનો અમલ કરાવવા અને લોકોની તેમજ જાહેર માલ મિલ્કતને થતા નુકશાન, બગાડ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું પી. ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી પંચમહાલ જિલ્લામાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા, સમુદાય, ચૂંટણીના હરીફ ઉમેદવારો અને તેઓના કાર્યકરોને અથવા તેમના દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિ, સંસ્થા કે પેઢી વિગેરેને ફરમાવું છું કે, સંબંધિત ખાનગી મિલકતના માલીકોની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના ખાનગી મિલ્કત

INDEX

ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાનો ચિતરીને દિવાલો નહી બગાડવા તેમજ કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર પોતાના કાર્યકરોને ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસો ચોટાડવા, સૂત્રો લખવા અથવા અન્ય કોઈપણ રીતે જાહેર અથવા ખાનગી મિલ્કતને નુકશાન ન થાય તેવી રીતે ચૂંટણી પ્રચાર કરવા વગેરે માટે પૂર્વ પરવાનગી લીધા વિના કોઈપણ વ્યક્તિની જમીન/મકાન, કમ્પાઉન્ડ, દિવાલ, વાહનો, રોડ-રસ્તા વગેરેનો ઉપયોગ કરવો નહી કે નુકશાન કરવું નહી. અને આમ કરવું તે ગુનાહીત કૃત્ય ગણાશે.

જાહેર મિલ્કત એ શબ્દ પ્રયોગમાં મિલ્કત જેવી કે ઘોરી માર્ગ, શેરી ગલી, ચાર રસ્તા, ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ, ઘોરી માર્ગ ઉપરના માઈલ સ્ટોન, રેલ્વે ફાટક ઉપર ચેતવણી રૂપ નોટીસ, રેલ્વે પ્લેટફોર્મ, બસ, વાહન, ટર્મીનલના નામના બોર્ડ, તાર ટેલીફોનના થાંભલા, સ્ટ્રીટ લાઈટના થાંભલા અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ/સાઈન બોર્ડનો સમાવેશ થાય છે. આવી તમામ જાહેર મિલ્કતનો ઉપયોગ સદંતર પ્રતિબંધિત રહેશે.

આ હુકમનો અમલ હુકમ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર.

નંબર એમએજી/તા.જિ.ન.ચું./જાહેરનામું/વશી/૨૭૦૦ થી ૨૭૪૯/૨૦૧૫.—પંચમહાલ જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નવેમ્બર-૨૦૧૫માં યોજાનાર છે. આ ચૂંટણી દરમ્યાન સમગ્ર પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવા અંગે સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ૪ (ચાર) કરતાં વધુ વ્યક્તિ એકત્રીત થવું નહી અને સભા સરઘસો નહી કાઢવા બાબતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

આથી હું પી. ભારથી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીની મુદત માટે અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્રિત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી. સભા સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી / મદદનીશ ચૂંટણી અધિકારીને અધિકૃત કરવામાં આવેલ છે.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

અપવાદ :-

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિને,

(૨) કોઈ લગ્નના વરઘોડાને,

(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને,

(૪) કોઈ સ્મશાન યાત્રાને,

આ હુકમનો અમલ હુકમ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

શિક્ષાઃ-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર.

નંબર એમએજી/તા.જિ.ન.ચું./જાહેરનામું/વશી/૨૭૫૦ થી ૨૭૯૧/૨૦૧૫.—પંચમહાલ જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અંતર્ગત તા. ૨૯મી નવેમ્બર-૨૦૧૫ના રોજ મતદાન થનાર હોય અને મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોના દુર ઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શકે તે હેતુથી તેમજ આગામી ચૂંટણીઓ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતા વાહનોનો દૂર ઉપયોગ થતો અટકાવવાના હેતુ થી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની-કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

આથી હું, પી. ભારથી (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, સને ૧૯૭૩ના ક્રિમીલન પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

કોઈપણ રાજકિય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સહમતીથી બીજી કોઈપણ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઇ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

INDEX

તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી બાબતમાં ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણે વાહનનો ઉપયોગ કરી શકશે.

(૧) પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પુરતું એક જ વાહન,

(૨) આ ઉપરાંત યથાપ્રસંગે ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ માટે વિધાનસભા મતદાર વિભાગ દીઠ એક જ વાહન વાપરવા હકદાર રહેશે.

ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત રીતે પરવાનગી આપવામાં આવેલ હોય તેવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને ઉમેદવારને બિનજરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનના દિવસે ચૂંટણીના ઉમેદવારોએ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે આવા વાહનો પરત્વેની પરમીટ તેઓની પાસેથી મેળવીને વાહનોની ઉપર સહેલાઈથી જોઈ શકાય તે રીતે વિન્ડસ્ક્રીન ઉપર ડાબી તરફ ઉપરની બાજુ લગાડવાની રહેશે. સદરહુ પરમીટ લગાવ્યા સિવાય સદરહુ વાહનનો ઉપયોગ કરી શકાશે નહિં.

આ ઉપરાંત સ્પષ્ટતા કરવાની કે ઉમેદવાર કે તેના એજન્ટ અથવા પક્ષના કાર્યકર કે કાર્યકરો માત્ર ચાર/ત્રણ/બે પૈડાવાળા વાહનો દા.ત. મોટરકાર (દરેક પ્રકારની) ટેક્ષી કે ઓટોરીક્ષા અને દ્વીચક્રીય વાહનોનો જ ઉપયોગ કરી શકશેય આ વાહનોમાં ડ્રાઈવર સહિત નિયત મર્યાદાથી વધારે વ્યક્તિઓ બેસી શકશે નહીં.

આ હુકમનો અમલ પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના દિવસે કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)માં કાયદાની કલમ-૧૪૪ હેઠળ જાહેર.

નંબર એમએજી/તા.જિ.ન.ચું./જાહેરનામું/વશી/૨૮૦૦ થી ૨૮૫૪/૨૦૧૫.—પંચમહાલ જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ માટે પંચમહાલ જિલ્લામાં તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. જેના સંદર્ભે ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બિનરાજકીય પક્ષના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ મત વિસ્તારમાં શરૂ કરવામાં આવનાર હોઈ આ પ્રચારના હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો પણ ઉપયોગ કરવામાં આવનાર હોઈ ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટની સંમતિથી બીજી કોઈ વ્યકિત, કાર્યકર, ટેકેદાર દ્વારા ચૂંટણીના પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. આવા વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારના પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તથા ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે હેતુથી તેમજ તેની અસર સામાન્ય માણસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે ખોટી ફરિયાદો ઉપસ્થિત થવા અને ઉમેદવારોના એકબીજા જુથ વચ્ચે મનદુ:ખ થવાની અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના હોઈ તેમજ સુલેહશાંતિ ભંગ થવાની સંભાવના હોઈ જે અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ) ની કલમ-૧૪૪ હેઠળ નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

આથી હું, પી. ભારથી (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

કોઈપણ રાજકીય પક્ષ/બિનરાજકીય પક્ષના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં પ્રચારના હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો વિધાનસભા ચૂંટણીના ઉમેદવારે તેઓના મતવિસ્તારના ચૂંટણી અધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર/નોંધણી કરાવવાના રહેશે. અને આવા રજીસ્ટર/નોંધણી કરાવેલ વાહનો માટેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે વાહનોની વિન્ડસ્ક્રીન ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોટાડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં વાહન પરમીટની ફોટો કોપી ચાલશે નહીં. તદ્ઉપરાંત ચૂંટણી અધિકારીશ્રી પાસેથી પરમીટ મેળવ્યા સિવાય અથવા વાહન રજીસ્ટર/નોંધણી કરાવ્યા વગર કોઈપણ વાહનનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકશે નહીં. તદ્ઉપરાંત આ વાહનનો ઉપયોગ પરવાનગી આપનાર ચૂંટણી અધિકારીશ્રીના અધિકારક્ષેત્ર પુરતો જ કરી શકશે. આ નિયંત્રણ યાંત્રિક શક્તિથી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં ડ્રાઈવર સહિત નિયત મર્યાદાથી વધારે વ્યકિતઓ બેસી શકશે નહીં.

આ હુકમનો અમલ સમગ્ર પંચમહાલ જિલ્લામાં હુકમની તારીખથી જાહેર ચૂંટણી પ્રચારની નિર્ધારીત સમય મર્યાદા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર તથા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)માં કાયદાની કલમ-૧૪૪ હેઠળ જાહેર.

નંબર એમએજી/તા.જિ.ન.ચું./જાહેરનામું/વશી/૨૮૫૫ થી ૨૯૦૯/૨૦૧૫.—પંચમહાલ જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ સંદર્ભે ચૂંટણી સમય દરમ્યાન રાજકીય પક્ષ/ઉમેદવારો તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે ઉપર નિયંત્રણ મુકવા બાબતે ચૂંટણી પંચે નક્કી કરેલ આચાર સંહિતા મુજબ તથા અપાયેલ વિવિધ સુચનાઓ અનુસાર તેના પર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

આથી હું, પી. ભારથી (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જિલ્લામાં આ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી ચૂંટણી લક્ષી ધ્વજ અને બેનર્સ મુકવા બાબતે નીચે મુજબના નિયમો તાત્કાલીક

INDEX

અમલમાં લાવવા જરૂરી હોવાથી, નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

કોઇપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અન્ય સંગઠનો, વ્યક્તિઓ દ્વારા ધ્વજ, બેનર્સ, હોર્ડીંગ, કટઆઉટ કે અન્ય પ્રચારના સાધનો બોર્ડ વિગેરે કોઇપણ જાહેર જગ્યાઓ તેમજ રસ્તા ઉપર મુકી શકાશે નહિં. જો કોઇ જાહેર સ્થળ બેનર/હોર્ડીંગ લગાવવા માટે સ્થાનિક સત્તા મંડળ દ્વારા નિયમત ચકરવામાં આવ્યુ હોય અને તે જગ્યા કોઇ એજન્સી/પક્ષને ભાડેથી આપવામાં આવી હોય અથવા આવી જગ્યા કોઇપણ પક્ષ/ઉમેદવાર ભાડે રાખે ત્યારે સંબંધીત ચૂંટણી અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

તેમજ સ્થાનિક વહીવટી તંત્રે લાદેલ નિયંત્રણો તેમજ સ્થાનિક કાયદાઓ હેઠળના નિયંત્રણો અને જો કોર્ટનો કોઇ હુકમ હોય તો તેને આધિન ચૂંટણી પ્રચાર માટેના સરઘસમાં પોસ્ટર્સ અને બેનર્સ પ્રદર્શિત કરવાની પરવાનગી આપી શકાશે તે સિવાય કોઇ ઉમેદવારોએ રાજકીય પક્ષોએ કે તેમના ટેકેદારો, અન્ય સંગઠનો, વ્યક્તિઓ દ્વારા કોઇ કટ આઉટ દરવાજા (Gates) કે કમાનો (Arches) ઉભા કરી શકશે નહિં.

કોઇપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યક્તિઓ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી, ધ્વજ, બેનર્સ, હોર્ડીંગ્સ, બોર્ડ, પોસ્ટર, કટ આઉટ કે અન્ય કોઇપણ પ્રકારનું પ્રચાર સાહિત્ય, વિગેરે પ્રદર્શિત કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર.

નંબર એમએજી/તા.જિ.ન.ચું./જાહેરનામું/વશી/૨૯૧૦ થી ૨૯૫૯/૨૦૧૫.—રાજ્ય ચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા નક્કી થયેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના પંચમહાલ જિલ્લામાં જિલ્લા પંચાયતની તથા જિલ્લામાં સમાવિષ્ટ ગોધરા, કાલોલ, હાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા, શહેરા અને મોરવા (હ)તાલુકાઓમાં તાલુકા પંચાયતની અને ગોધરા નગરપાલીકામાં નગરપાલીકાની સામાન્ય ચૂંટણી માટે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ મતદાન મથકની અંદર અને આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિને મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકી-ટોકી, લેપટોપ લઈ જવા અંગે પ્રતિબંધ મૂકવા જરૂરી આદેશો બહાર પાડેલ છે.

સબબ મુક્ત અને ન્યાયી રીતે ચૂંટણી પ્રક્રિયા ચાલે અને સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે મતદાન મથકે મતદાનના દિવસે એટલે કે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન શરૂ થાય અને મતદાનની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતદાન મથકની અંદર તથા તેની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિને મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકી-ટોકી, લેપટોપ સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

આથી હું, પી. ભારથી, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૧૫ના રોજ મતદાન મથકો ખાતે તેની અંદર અને તેની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકી-ટોકી, લેપટોપ સાથે લઈ જઈ શકશે નહિં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહિં.

આ આદેશનો ભંગ કરીને જો કોઈ વ્યક્તિ પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકી-ટોકી, લેપટોપ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમના નિયંત્રણો મતદાન મથકના ફરજ ઉપરના પ્રિસાઈડીંગ ઓફીસર, ફરજ પરના બીએલઓ, ચૂંટણીપંચના નિરીક્ષકો તથા નિરીક્ષકોના લાયઝન અધિકારીશ્રીઓ, સેકટર ઓફિસર, માઇક્રો ઓબ્ઝર્વર, કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ ધરાવતા અધિકારીઓ, સુરક્ષા અધિકારીઓ અથવા વિધાનસભા મતવિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીએ નિમેલા ચૂંટણી ફરજ પરના અધિકારીને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર.

નંબર એમએજી/તા.જિ.ન.ચું./જાહેરનામું/વશી/૨૯૬૦ થી ૩૦૦૯/૨૦૧૫.—પંચમહાલ જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ માટે પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ ગોધરા, કાલોલ, હાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા, શહેરા અને મોરવા (હ)તાલુકાઓમાં તાલુકા પંચાયતની અને ગોધરા નગરપાલીકામાં નગરપાલીકાની સામાન્ય ચૂંટણી માટે તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાન થનાર છે. નિયત કરેલ મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઇ અવરોધ પેદા થાય નહિં તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન મથકોએ જુદા-જુદા પક્ષના લોકો, ટેકેદારો, કાર્યકરો એકઠા થાય ત્યારે એક બીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુ ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪(ચાર) કરતા વધુ માણસોએ ભેગા નહિં થવા માટે તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર નિયત મતદાન કેન્દ્રોના મકાનોમાં અનઅધિકૃત વ્યક્તિઓ દાખલ થાય નહિં તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો જણાય છે.

આથી હું, પી. ભારથી (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, સને ૧૯૭૩ના ક્રિમીલન પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું.

તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ ચૂંટણી અંગેની કામગીરી માટેના નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પુરી થાય ત્યાં સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પુરી થાય તે સમય સુધી ઉક્ત પંચમહાલ જિલ્લાના નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪(ચાર) કરતા વધારે માણસોએ ભેગા થવું નહિં તેમજ ઉપરક સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત-વ્યકિતઓએ પ્રવેશ કરવો નહિં.

INDEX

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ ઉપર સરકારી અધિકારી/કર્મચારી.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલા પોલીસ અધિકારી, કર્મચારી, હોમગાર્ડને તેમજ અન્ય સુરક્ષા દળોને.

(૩) અધિકૃત મતદારોને મત આપવા જતા તેમજ મતદાન પછી પરત આવવા સુધીના સમય સુધી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

પી. ભારથી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી/મકાન મિલકત/વશી-૧૦૩૯૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલિકાઓ, ૫૬ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ મતદાન તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ છે. ચૂંટણી પ્રચાર અભિયાન રાજકિય પક્ષોના કાર્યકરો તથા ઉમેદવારો તરફથી શરૂ થનાર છે. જે માટે ઉમેદવારો/રાજકીય પક્ષો પોતાના ચૂંટણી પ્રચાર માટે અધિકૃત વ્યક્તિ કે, તેઓના કાર્યકરો મારફતે જાહેર તથા ખાનગી મકાનોના અધિકૃત વ્યક્તિ કે, મકાન માલિકની પરવાનગી લીધા સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાની ચીતરીને, ધજા, પતાકા લગાડીને મકાનોની દિવાલોને બગાડ કરવાની શક્યતા રહે છે.

ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ૩/૭/૨૦૦૮/જે.એસ.-૨, તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૦૮-૫૩૩(૨)-છ, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૯ની સૂચના અનુસાર આચાર સંહિતાની જોગવાઈનો અમલ કરવા અને લોકોની માલ, મિલ્કતને તેમની ઈચ્છા વિરૂદ્ધ થતું નુકશાન, હાનિ, બગાડ અટકાવવા માટે આદેશ કરવો ઉચિત જણાતું હોઈ, હું, ડૉ. રાજેન્દ્રકુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં,

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે તથા ઉમેદવારોએ અથવા તેઓના કાર્યકરો કે સમર્થકો દ્વારા ઉપરોક્ત વિસ્તારમાં આવેલ જાહેર કે ખાનગી મકાન, મિલકત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલકત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલિકની પરવાનગી સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા,નોટીસો ચોંટાડવા, સૂત્રો/નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચૂંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કતને હાનિ, નુકશાન કે બગાડ કરવો નહિં કે કરવા દેવો નહિં.

(૨) જાહેર કે ખાનગી મકાનોની દિવાલો પર સૂત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

(૩) એક રાજકીય પક્ષના કાર્યકરો કે ટેકેદારો અન્ય રાજકીય પક્ષો દ્વારા આયોજીત કરવામાં આવેલ સભામાં તેમના પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરી ખલેલ કરશે નહી તેમજ એક પક્ષ દ્વારા લગાવવામાં આવેલ પોસ્ટર બીજા પક્ષના કાર્યકરો તે ટેકેદારો દૂર કરી શકશે નહીં.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં જણાવવામાં આવે છે કે, આ શબ્દ પ્રયોગમાં મિલ્કત, ધોરીમાર્ગ અથવા માર્ગના મહત્વના ચાર, રસ્તા, તેના ઉપર જાહેર જનતાના માર્ગદર્શન માટે અથવા માર્ગ/દિશા બતાવવા માટે મુકેલ સાઈન બોર્ડ, માઈલ સ્ટોન, રેલ્વે ફાટક તથા તેના ચેતવણીરૂપ નોટીસ બોર્ડ, રેલ્વે પ્લેટ ફોર્મ, બસ ટર્મીનલના કોઈપણ પ્રકારના બોર્ડ કે, જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શિત કરેલ અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ થશે. પરંતુ તેટલા પુરતો મર્યાદિત રહેશે નહિં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી/વાહન પરવાનગી/વશી-૧૧૦૫૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલિકાઓ, ૫૬ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ મતદાન તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ છે. સદરહુ ચૂંટણીને અનુલક્ષીને તમામ કાજકીય પક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો સાથે વાહન ઉપર લાઉડ સ્પીકર લગાડી પ્રચાર કરતા હોય છે. ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ૪૩૭/૬/પી.એલ.એન.-૩, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૭ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૦૭-૧૭૫(૨)-છ, તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૦૭ની સૂચના અનુસાર પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવા માટે તે વાહનની નોંધણી કરાવી પરવાનગી લેવાની થાય છે. વાહનની નોંધણી તેમજ તેના ઉપયોગ માટેની પરવાનગીની કાર્યવાહી જે તે સંબંધિત ચૂંટણી અધિકારી તરફથી કરવામાં આવે છે. જે પરમીટ વાહન ઉપર સ્પષ્ટ દેખાય તેવી રીતે વીન્ડ સ્કીન પર લગાવવાની રહેશે તેમજ પ્રચાર માટે માઈકનો ઉપયોગ કરવા માટેની પરવાનગી સંબંધિત સક્ષમ અધિકારીની મેળવવાની રહેશે. ઘણાં રાજકીય પક્ષના ઉમેદવારોના કાર્યકરો આવી પરવાનગી લીધા સિવાય પ્રચાર કરી ચૂંટણી આચાર સંહીતાનો ભંગ કરતા હોય છે. જેથી ચૂંટણી પ્રક્રીયા ઉપર માઠી અસર પડવાનો સંભવ રહે છે.

INDEX

વાસ્તે, હું, ડૉ. રાજેન્દ્રકુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં,

(૧) કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ જે તે મતવિસ્તારના સંબંધિત ચૂંટણી અધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય વાહનનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

(૨) ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલા વાહન ઉપર વીન્ડ સ્ક્રીન ઉપર પરમીટ લગાડયા સિવાય ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

(૩) વગર પરવાનગીએ વાહનમાં લાઉડસ્પીકરથી ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું

નંબર એમએજી/ચૂંટણી/પ્રાર્થના સ્થળ/વશી-૧૧૭૧૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલિકાઓ, ૫૬ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ મતદાન તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ છે. અગાઉની સામાન્ય ચૂંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ચૂંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શક્યતા રહે છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી થાય તે માટે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે જરૂરી છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સર્મથકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે તમામ પ્રકારના સાધનો મિલકતો સ્થળોનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરે છે. આવા ચૂંટણી પ્રચાર વખતે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો કોમી સંવાદિતા ખોરવાવાની અને તંગદીલી ઉભી થવાની શક્યતા રહે છે જેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર પડવાની શક્યતા રહે છે.

ભારતના ચૂંટણી આયોગે ધી રીલીજીયસ ઈન્સ્ટીટયુસન્સ (પ્રિવેન્શન ઓફ મીસ યુઝ) એકટ-૧૯૮૮ની જોગવાઈઓ ટાંકીને આપેલ આદેશ ક્રમાંક : ૩/૧/૨૦૧૨/એસડીઆર, તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૨ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૨૦૧૨-૫૪૬-છ, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૨થી આપેલ સુચના મુજબ ચૂંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગૂરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ નહી કરવા માટે આદેશ કરેલ છે.

જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો દ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગૂરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ થઈ ન શકે તે માટે સમગ્ર સુરત જિલ્લામાં સદરહુ બાબત ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી, હું, ડૉ. રાજેન્દ્રકુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકોએ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગૂરૂદ્વારા જેવા ધાર્મિક/સંસ્થાઓ અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી/હથિયાર બંધી/વશી-૧૨૩૭૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલિકાઓ, ૫૬ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ મતદાન તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ છે. ભારતના ચૂંટણી આયોગે ભારતના બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૪૬૪/એલ એન્ડ ઓ/૯૯-પીએલએન-૧, તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૯ના પેરા નં ૬માં આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી હથીયારો સાથે હરવા ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

INDEX

અગાઉની ચૂંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે, આ વખતની ચૂંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કત્યો થાય તેવી શક્યતા રહે છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી થાય તે માટે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથીયારોનો ઉપયોગ થાય તેવી શક્યતા રહે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. સુરત જિલ્લા બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)ના વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલિક જરૂરી જણાય છે.

જેથી, હું, ડૉ. રાજેન્દ્રકુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું.

(૧) સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) સમગ્ર સુરતના વિસ્તાર બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યક્તિઓએ સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં વસવાટ કરતા હોય તો તેઓ પણ હથિયાર ધારણ કરવું નહીં અથવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહીં

(૩) આર્મ્સ એક્ટ હેઠળ મંજૂર કરવામાં આવેલ વ્યક્તિગત હથિયાર પરવાના હેઠળના તમામ હથિયારો તાત્કાલિક અસરથી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે.

અપવાદ :

આ હુકમનો પેરા નં. ૪ (૧) અને (૩) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યક્તિઓને.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીક્યુરીટી ગાર્ડ તેમજ સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહીત) માં આવેલ હિરાની ફેકટરીઓ સોના-ચાંદીની દુકાનોની સલામતિની ફરજ બજાવતા ગાર્ડને (વ્યક્તિઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરાવનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી હથિયાર/વશી./૧૩૦૩૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. જાહેર થયેલ કાર્યક્રમના કારણે ઉમેદવારો તથા રાજકીય પક્ષો દ્વારા તથા તેમના કાર્યકરો દ્વારા ચૂંટણી લક્ષી પ્રચાર માટે તીવ્ર સ્પર્ધા થનાર છે. જેનાં કારણે જાહેર સુલેહશાંતિનો તથા કોમી એખલાસનો ભંગ થવાના પ્રસંગો બનવા સંભવ હોઇ, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે યોગ્ય પગલાં લેવાં ઇચ્છનીય છે.

વાસ્તે હું, ડૉ. રાજેન્દ્ર કુમાર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહીત)માં કોઈપણ વ્યકિતએ આ હુકમની તારીખથી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન,

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ યંત્ર, શસ્ત્ર કે સાધન સાથે લઈ જવુ નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહિ.

(૩) પથ્થરો, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે નાંખવાના યંત્રો, શસ્ત્રો અથવા સાધન સાથે લઈ જવું નહિ.

(૪) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહિ.

(૫) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કે ચેષ્ટા કરવી નહિ, ચિત્રો, પત્રિકા, કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ અથવા તેનો ફેલાવો કરવો નહિ.

(૬) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(૭) લોકોને અપમાનિત કરવાના ઈરાદે જાહેરમાં બુમો પાડવી નહિ, ગીતો ગાવા નહી, કે વાદ્ય વગાડવું નહિ.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેની વ્યક્તિ કે વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને ઉપરી અધિકારીએ ચૂંટણી કામગીરી કે સરકારી કામે આવું કોઈ હથિયાર

લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ પોલીસ અધિકારી દ્વારા જેની શારિરીક, અશક્તતાને કારણે શરીરને ટેકો આપવા લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપેલ હોય.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિદ્ધ કર્યુ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/વિશ્રામ/અતિથિગૃહ/વશી./૧૩૬૯૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક ૪૩૭/૬/૩૮/૨૦૦૪-પીએલએન-૩, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૪ ની સુચના અનુસાર વિશ્રામગૃહ, ડાક બંગલા, સરાકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સુચના આપેલ છે.

વાસ્તે હું, ડૉ. રાજેન્દ્ર કુમાર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં,

(૧) વિશ્રામગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે નહીં.

(૨) કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણું - વરંડા સહિત) નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ, વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગ પણ યોજી શકાશે નહીં.

(૩) ચૂંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવેલ હોય તે મહાનુભાવોને લાવતા-લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રહેવા માટે રાખી શકાશે નહીં.

(૪) એકજ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભાવો મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામ ગૃહઅતિથીગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી સભા સરઘસ/વશી./૧૪૩૫૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. આ ચૂંટણીમાં ઉમેદવારો તથા રાજકાય પક્ષો તરફથી ચૂંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

વાસ્તે હું, ડૉ. રાજેન્દ્ર કુમાર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર સુરત જિલ્લા (શહેર વિસ્તાર સહિત) માટે ફરમાવું છું કે,

(૧) કોઇપણ વ્યક્તિ/વ્યક્તિઓએ આ હુકમની તારીખથી ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન (બન્ને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં, કોઇ સભા કરવી કે બોલાવવી નહી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહી.

(૨) કોઇપણ રાજકીય પક્ષ કે ઉમેદવારો દ્વારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

(૩) ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં આપવા કે ચૂંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહીં.

(૪) જ્યાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્ળળોએ બીજા પક્ષે સરઘસ લઇ જવું નહી તેમજ ખલેલ પહોંચાડવી નહીં.

INDEX

(૫) ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન ધ્વજ, બેનર્સ કે કટઆઉટ રાખી શકશે. આવા સરઘસમાં પક્ષે/ઉમેદવારે પુરા પાડેલ ટોપી, માસ્ક, સ્કાર્ફ વિગેરે પહેરી શકશે. પરંતુ પક્ષે પાડેલ સાડી/શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરી શકાશે નહી.

પરંતુક :-

(૧) ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરું થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત જઈ શકશે.

(૨) ચૂંટણીપ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરું થવાના કલાક સાથે પુરા તથા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/નેતાઓ જેના પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી/મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શીત કરી શકશે નહી.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેના કિસ્સામાં લાગુ પડશે નહીં.

લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી માટે, નવરાત્રી ઉત્સવની ઉજવણી માટે કે મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુધ્ધ આશયથી જતી વ્યકિતઓને.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) હેઠળનું

નંબર એમએજી/ચૂંટણી લાઉડ સ્પીકર/વશી./૧૫૦૧૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે તેનાં આદેશ ક્રમાંક ૩/૮/૯૪/જે.એસ./II, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૦માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણો રાખવા જરૂરી હોવાનું જણાવી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફક્ત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃદ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉક્ત તાલુકા પંચાયત વિસ્તારોમાં લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડૉ. રાજેન્દ્ર કુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકોએ,

(૧) ચૂંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

(૨) ચૂંટણી પ્રચારના કામે વાહન ઉપર સ્ટેટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

(૩) સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલા અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરી શકાશે નહિ.

(૪) કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહી.

અપવાદ :-

સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના જાહેરનામાં નં. જીએનવી-૨૦૧૫-(૨)-ઈએનવી-૧૦-૨૦૧૪-૧૩૩-ઈ થી ધી નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ અંતગર્ત વર્ષ-૨૦૧૫માં કેટલાક ધાર્મિક તહેવારો/સાંસ્કૃતિક ઉજવણીના પ્રસંગોએ આપેલ છુટછાટ મુજબ આ સમય માટે જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિદ્ધ કર્યું.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ડી. એ. હેઠળનું

નંબર એમએજી/કટ આઉટ/વશી. / ૧૫૬૭૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ

મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. ભારતનાં ચૂંટણી આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૩/૧૦/૨૦૦૧/ જેએસ-૨, તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૧ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ, જાહેરાત બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલીકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે. એ જ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે. અથવા મુકે છે. એના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડૉ. રાજેન્દ્ર કુમાર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડી.એ.થી મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત) માં,

(૧) કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગ, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકાશે નહી.

(૨) કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિઓ દ્વારા કોઈપણ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પુર્વ મંજુરી વગર મુકી શકાશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિદ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી પ્રચાર વાહન/વશી./૧૬૩૩૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. આ ચૂંટણીના ઉમેદવારો અને રાજકીય પક્ષો તરફથી ચૂંટણી પ્રચાર માટે વાહનોનો બહોળો ઉપયોગ થનાર છે. જે પ્રચાર સમયે ઘણા પ્રસંગોએ અસામાજિક તત્વો જાહેરમાં મતદારોના મનમાં કોઇ ઉમેદવારના પક્ષમાં મત આપવા ભય ફેલાવે તેવી શકયતા છે. વધુમાં આવા વાહનો દ્વારા ઘણીવાર ગેરકાયદેસર હથિયાર અને દારૂગોળા આયાત કરી ચૂંટણી પ્રક્રિયાને ખેલલ પહોંટાડે તેવી પણ શકયતા છે. આ ઉપરાંત ચૂંટણી પ્રચાર ટ્રાફિકને અવરોધરૂપ બને નહી તે પણ જોવું જરૂરી છે. આ અંગે ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક ૪૩૭/૬/૦૬-પીએલએન/૩, તા. ૨૩મી નવેમ્બર, ૨૦૦૭ અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક ઈએલસી/૧૦૦૭-૧૦૭૩(૨)-છ, તા. ૧લી એપ્રિલ, ૨૦૦૯ની સુચના અનુસાર વાહનો ુપર નિયંત્રણ મુકવું જરૂરી હોઇ ભારતીય ચૂંટણી પંચ તરફથી અમુક પ્રતિબંધ ફરમાવેલ છે.

વાસ્તે, હું, ડો. રાજેન્દ્ર કુમાર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં,

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા ચૂંટણી પ્રચાર માટે પરવાનગી મેળવી માત્ર બે ચક્રીય/ત્રણ ચક્રીય/ ચાર ચક્રીય વાહનોનો ઉપયોગ કરી શકાશે.

(૨) સુરત ગ્રામ્ય વિસ્તારના જાહેર રસ્તાઓ ઉપર એક સાથે ત્રણથી વધુ વાહનોના કાફલામાં સાથે જઇ શકાશે નહી અને આવો કાફલો જો કોઇ કિસ્સામાં ત્રણથી વધુ વાહનોનો હોય તો તેને ત્રણ વાહનોથી વધુ ન થાય તે રીતે ભાગ પાડી અલગ કરવાના રહેશે અને આવા ભાગ પાડેલા બે કાફલા વચ્ચે પણ ઓછામાં ઓછુ ૨૦૦ મીટરનું અંતર રાખવાનું રહેશે.

અપવાદ :-

જે રાજકીય નેતાઓને લોક પ્રતિનિધિત્વ ધારા, ૧૯૫૧ની કલમ-૭૭ (૧) હેઠળ મુકિત મળેલ હોય તેઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

વાહનોમાં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેક્ટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શક્તિથી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે. તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા ₹ ૨૦૦/-નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે. ઉપરાંત લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ તથા ભારતીય દંડ સંહિતાના પ્રકરણ-૯(ક) (એ) હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

INDEX

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

નંબર એમએજી/નોમીનેશન/વશી./૧૬૯૯૨/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. જે અંગે ઉમેદવારી પત્ર ભરવા માટે ઉમેદવારો તથા તેમના સમર્થકોને સંબંધિત ચૂંટણી અધિકારીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની કચેરીમાં જવાનું થશે. જે અંગે ભારતીય ચૂંટણી પંચના પત્ર નં. ૪૬૪/આઇએનએસટી/૨૦૦૭/પીએલએન-૧, તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૭ તથા પત્ર નં ૪૬૪/આઇએનએસટી/૨૦૦૯/ઈપીએસ, તા. ૧૫મી મે, ૨૦૦૯ થી ઉમેદવારી પત્ર ભરવા માટે આવતા તથા ચૂંટણી પ્રમાણપત્ર લેવા માટે આવતા લોકો તથા તેમના વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વાસ્તે, હું, ડો. રાજેન્દ્ર કુમાર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માટે ફરમાવું છું કે,

કોઇપણ ઉમેદવાર તેમના ઉમેદવારી પત્રો ભરવા માટે સંબંધિત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં જાય ત્યારે તેમની કચેરીના ૧૦૦ મીટરના આસપાસના વિસ્તારમાં ત્રણ વાહનથી વધુ વાહનો સાથે જઇ શકશે નહી તેમજ સંબંધિત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારની કચેરીમાં ઉમેદવાર તથા તેમના વધુમાં વધુ ચાર સમર્થકો મળી કુલ-૫ (પાંચ) વ્યકિતઓથી વધુ સંબંધિત અધિકારીની ચેમ્બરમાં જઇ શકશે નહી. વિજેતા ઉમેદવાર ચૂંટણી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ આ સુચના લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/મતદાર વાહન/વશી./૧૭૬૫૨/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. આ ચૂંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી બિન અધિકૃત રીતે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લઇ જવા-પરત લાવવા વાહનોનો ઉપયોગ કરવાની સંભાવના છે. જેથી વાહનોનો આવા દુરૂપયોગના કારણે પ્રતિસ્પર્ધીઓ વચ્ચે સંઘર્ષ, આક્ષેપો, પ્રતિ આક્ષેપો થવાની અને તેના કારણે ચૂંટણીની નિષ્પક્ષતા જોખમાવાનો પુરો સંભવ છે. ભારતના ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક ૪૩૭/૬/૦૬/પી.એલ.એન./૩, તા. ૨૩મી નવેમ્બર, ૨૦૦૭ અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક ઇ.એલ.સી./ ૧૦૦૭-૧૦૭૩(૨)-છ, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૯ ની સુચના અનુસાર ઉમેદવારો, રાજકીય પક્ષો માટે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લાવવા, પરત લઇ જવાની ગેરકાયદેસરની સગવડ આપી મતદારને અનઅધિકૃત દબાણ, પ્રલોભન આપવા ઉપર તથા મતદાનના દિવસે ઉમેદવારો તથા તેમના એજન્ટ દ્વારા વાપરવામાં આવતા વાહનો વગેરે બાબતો પરત્વે ભારતીય ચૂંટણી પંચ તરફથી પ્રતિબંધ/નિયંત્રણ ફરમાવેલ છે.

વાસ્તે હું, ડો. રાજેન્દ્ર કુમાર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત) માટે ફરમાવું છું કે,

(૧) કોઇપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદાનના દિવસે ફોરવ્હીલ ગાડીમાં ડ્રાયવર સાથે પાંચ વ્યક્તિથી વધારે બેસી શકાશે નહી. તેમજ ઉમેદવાર અથવા તેના એજન્ટ માટે ફાળવવામાં આવેલ વાહનનો ઉપયોગ કોઇ બીજી વ્યક્તિ દ્વારા થઇ શકશે નહી.

(૨) મતદાનના દિવસે કોઇ પણ ઉમેદવાર તેમના મતક્ષેત્ર દીઠ એક વાહન પોતાના ઉપયોગ માટે, એક વાહન તેમના એજન્ટ માટે, તેમજ વધારામાં એક વાહન કાર્યકર્તાઓ અથવા પક્ષના કાર્યકર્તાઓ માટે વાપરી શકશે.

(૩) મતદાનના દિવસે કોઇપણ રાજકીય પક્ષ કે, ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદારોને મતદાન મથકે નિઃશુલ્ક લઇ જવા તથા પરત લાવવા વાહન પુરૂ પાડવાની સગવડ આપી મતદાન ઉપર અનઅધિકૃત દબાણ/પ્રલોભન ઉભું કરવા સામે મનાઇ ફરમાવું છું.

વાહનોમાં ટ્રક, ટેમ્પો, કાર ટેક્ષી, વાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શક્તિથી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે. તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા ₹ ૨૦૦/- નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ તથા ભારતીય દંડ સંહિતાના પ્રકરણ-૯(ક) (એ) હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

INDEX

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી પ્રચાર બંધ/વશી./૧૮૩૧૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. ભારતના ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક ૪૬૪/આઇ.એન.સી.ટી./૦૭/પી.એલ.એન.-૧/૪૮૩/૫૧૭/(સી.ઇ.ઓ.), તા. ૮મી જાન્યુઆરી, ૨૦૦૭ ના પેરા નંબર-૨ માં આપેલ સુચના અનુસાર, મતદાન પુરૂ થવા માટે નિયમ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચૂંટણી મતવિસ્તાર બહારના સમર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે પરંતુ પ્રચારનો સમયગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઇ શકે નહી એ હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાઅધિકારીઓ/પક્ષના કાર્યકરો સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર અસર પડે છે, જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

વાસ્તે હું, ડો. રાજેન્દ્ર કુમાર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત) માટે,

(૧) મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયમાં ચૂંટણી પ્રચાર કરવા ઉપર અને,

(૨) પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાઅધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પરંતુક :-

(૧) ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત જઇ શકશે.

(૨) ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/નેતાઓ જેના પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી/મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શિત કરી શકશે નહી.

(૩) ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૬ હેઠળ પ્રતિબંધિત ચૂંટણી પ્રચારમાં સામેલ ન થવાની શરતે સંસદ સભ્યો અને ધારાસભ્યો તેઓ જે મત વિભાગમાંથી ચૂંટાયેલ હોય તે મત વિભાગમાં રોકાઇ શકશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

આ હુકમ તા. ૨૦મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ સાંજે ૧૭-૦૦ કલાક થી તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ સાંજે ૧૭-૦૦ કલાક તથા તા. ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ સાંજે ૧૭-૦૦ કલાક થી તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ સાંજે ૧૭-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી બુથ/ફોન્સ/વશી./૧૮૯૭૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારતના ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક-૪૬૪/ આઈએનએસટી/૦૭/પીએલએન-૧, તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૭ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક ઈએલસી/૧૦૦૭-૪૮(૨)/છ, તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૭ થી સુચનાઓ થઇ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડો. રાજેન્દ્ર કુમાર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં આવેલ દરેક મતદાન મથક/મથકોએ મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યક્તિએ,

(૧) કોઈપણ મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિષ કરવી નહી.

(૨) મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતાં દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફક્ત ૧ (એક) કેમ્પ જેમાં ૧ (એક) ટેબલ અને બે ખુરશી અને છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહિ.

INDEX

(૩) જે ઉમેદવારને આવા કેમ્પ ઉભા કરવાની ઈચ્છા હશે તેઓએ સંબંધીત ચૂંટણી અધિકારીને તે ક્યા ક્યા મતદાન મથકોએ આવા કેમ્પ ઉભા કરવા માંગે છે તેની યાદી આપી સ્થાનિક સત્તા મંડળ, (ગ્રામ પંચાયત/નગરપંચાયત/નગરપાલીકા/મહાનગરપાલીકા)ની લેખિત પરવાનગી મેળવવાની રહેશે.

(૪) આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચૂંટણી પંચે આપેલ સૂચના મુજબની કાપલી આપવા કરી શકાશે.

(૫) ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર, વાવટા, પ્રતિકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિં. કેમ્પ ખાતે કોઈ ખાદ્ય સામગ્રી આપી શકાશે નહી કે ટોળા ભેગાં કરી શકાશે નહિ.

(૬) આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

(૭) મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિ.

(૮) ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન્સ, કોર્ડલેસ ફોન્સ, વાયરલેસ સેટસ લઈ પ્રવેશ કરી શકાશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઈ શકશે. ઉપરાંત આવું ઈન્સ્ટ્રુમેન્ટ/મોબાઈલ કબજે લઈ શકાશે.

અપવાદ :-

મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી, સીક્યુરીટીના માણસો, ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આ હુકમ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૫ થી ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર એમએજી/શોર્ટ મેસેજ/વશી. / ૧૯૬૩૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. ચૂંટણીની સમગ્ર કાર્યવાહી દરમ્યાન ચૂંટણી કાયદા આચારસંહિતા અને ચૂંટણી આયોગ નવી દિલ્હીની સુચનાઓનો ભંગ કરતા શોર્ટ મેસેજ (SMSs) પ્રસારીત થતા અટકાવવા મતદાન પૂર્ણ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાક દરમ્યાન રાજકીય પ્રકારના (SMSs) મોકલવા પર પ્રતિબંધ મુકવા અંગે ભારતીય ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક ૪૬૪/આઈ.એન.એસ.ટી./૨૦૦૮ ઈ.પી.એસ., તા. ૫મી નવેમ્બર, ૨૦૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક ઈએલસી-૧૦૦૭/૧૦૩૩૨/છ, તા. ૧૭મી નવેમ્બર, ૨૦૦૮ થી સુચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડો. રાજેન્દ્ર કુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત)માં,

કોઈપણ રાજકીય પક્ષ ઉમેદવાર તેના ચૂંટણી એજન્ટ કાર્યકરો કે, સમર્થકોએ અન્ય કોઈ વ્યક્તિએ મતદાન દિવસ તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મતદાન પૂરૂ થવાના ૪૮કલાક પહેલાથી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના તમામ (SMSs) મોકલવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

અપવાદ :-

SVAP કાર્યક્રમ અંતર્ગત મતદારોને પ્રોત્સાહીત કરતા, ભારતના ચૂંટણી આયોગના સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવતા SMSsને લાગુ પડશે નહી.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/ચૂંટણી બુથ/વશી. / ૨૦૨૯૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ કોઇપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાજેન્દ્ર કુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહિત) માં તા. ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન

મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઇપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઇ વ્યકિતને નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત માટે પ્રચાર કરવો.

(૨) મતદારોને ધાક ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઇ મતદારને મત આપવા આગ્રહ પૂર્વક વિનંતી કરવી.

(૪) અમુક ઉમેદવારને મત આપવા માટે કોઇ મતદારને સમજાવવા.

(૫) કોઇ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઇ નોટસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) સેલ્યુલર / મોબાઇલ ફોન, કોર્ડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ કે અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઇ જવાની.

(૮) વાહનો સાથે આવવું. (પરંતુક : અપંગ/અશકત વ્યકિતઓને લાગુ પડશે નહી.)

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઇ શકશે. ઉપરાંત આવું ઈન્સ્ટ્રુમેન્ટ/મોબાઇલ કબજે લઇ શકાશે.

અપવાદ :-

મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી, સીકયુરીટીના માણસો, ચૂંટણી આયોગ દ્વારા નિયુકત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આજ તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ચૂંટણી/મુદ્રક પ્રકાશક/વશી./૨૦૯૫૨/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલીકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ ચૂંટણી અંગેની આચાર સંહિતા અમલમાં છે. લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ની કલમ-૧૨૭-(ક) ની જોગવાઇ મુજબ કોઇપણ વ્યકિત, પ્રકાશકનું નામ, મુદ્રકનું નામ તેમજ સરનામું લખેલ ન હોય તેવા કોઇ પણ ચૂંટણીને લગતાં ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અને તેમ કરવામાં આવે તો લોકપ્રતિનિધિત્વ ધારાના ભંગ બદલ છ માસ સુધીની કેદ અથવા રૂપીયા બે હજાર સુધીના દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થાય છે તેમજ મુદ્રણાલયનું લાયસન્સ પણ રદ થઇ શકે છે.

વાસ્તે હું, ડો. રાજેન્દ્ર કુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લામાં (શહેરી વિસ્તાર સહિત),

(૧) કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતાં ચોપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં.

(૨) કોઈપણ વ્યકિત કે સંસ્થા સદરહુ ચૂંટણીને લગતાં કોઈપણ ચોપાનીયા, ભીંતપત્રો પ્રિન્ટ કરતા પહેલા પ્રકાશક પાસેથી તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય, તેવી બે વ્યકિતઓની સાક્ષી સહી કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મેળવી ત્યારબાદ જ આવા ચૂંટણી સાહિત્ય છાપવાના રહેશે. અને પ્રિન્ટીંગ કરેલ સાહિત્ય ઉપર મુદ્રક તથા પ્રકાશકના પુરેપુરા નામ, સરનામા ફોન તથા મોબાઇલ નંબર દર્શાવવાના રહેશે. તેમજ પ્રિન્ટ કરવામાં આવેલ નકલોની સંખ્યા દર્શાવવાની રહેશે, હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકનો અર્થ તે પ્રમાણે થશે.

(૩) મુદ્રકએ પ્રિન્ટ કરવામાં આવેલ તમામ સાહિત્યની ચાર નકલો તથા પ્રકાશક પાસેથી મેળવેલ એકરારનામાં ''એપેન્ડીક્ષ-એ'' અને ''એપેન્ડીક્ષ-બી'' ની એક-એક નકલ છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

ડૉ. રાજેન્દ્ર કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

વંચાણે લીધું :-

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરતના જાહેરનામા ક્રમાંક : પીઓએલ/૧૨૯૯/૧૯૮૯, તારીખ ૨૨મી મે, ૧૯૮૯ તથા તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૯.

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક : એમએજી/પલસ/વશી-૧૫૯૭ થી ૧૬૦૭/૨૦૦૯, તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૯.

(૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : પફર/૧૦૨૦૧૧/ ૨૭૫/લ.૧, તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૧૧.

(૪) સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક : એચએમ/૧૩૩/ ૨૦૧૪/પફર/૧૦૨૧૪/૧૩૯/લ.૧, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪.

(૫) ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ (૧)ના ખંડો (થ), (દ) અને (લ) હેઠળ.

ક્રમાંક : એમએજી/પરવાનગી/વશી-૬૧૦૭ થી ૬૧૪૩/૨૦૧૫.–આમુખ-(૨) થી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ (૧)નાં ખંડો (થ), (દ) અને (લ) હેઠળ તથા આમુખ-(૧)ની સૂચનાઓ ધ્યાને લઈ, અત્રેના તાપી જિલ્લામાં સભા-સરઘસ કાઢવા અંગેની પરવાનગીઓ બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ.

આમુખ-(૩) થી અત્રેના તાપી જિલ્લામાં નિઝર પ્રાંતની રચના કરવામાં આવેલ છે તથા સદરહું પ્રાંત હેઠળ ઉચ્છલ તથા નિઝર તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ છે.

આમુખ-(૪) થી અત્રેના તાપી જિલ્લાનાં વ્યારા તાલુકાનું વિભાજન કરી ડોલવણ તાલુકાને અલગ તાલુકો જાહેર કરવામાં આવેલ છે. જ્યારે નિઝર તાલુકાનું વિભાજન કરી કુકરમુંડાને અલગ તાલુકો જાહેર કરવામાં આવેલ છે.

આમુખ-(૩) તથા (૪) મુજબ ફેરફારો થતા, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૬ મુજબ આમુખ-(૧) અને (૨) થી થયેલ નિયમોમાં જરૂરી સુધારો કરવાનું યોગ્ય જણાતાં, હું, બી. સી. પટણી (આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા, મને મળેલ સત્તાની રૂએ અધિકૃત અધિકારીઓને સૂચિમાં નીચે મુજબનો સુધારો કરી જે તે મહેસુલ ક્ષેત્રે વિસ્તાર માટે સંબંધિત સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તથા તાલુકાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને કલમ-૩માં જણાવેલ વિસ્તારો માટે અધિકૃત કરૂ છું.

અ.નં.	અધિકારીઓનો હોદ્દો	જે વિસ્તાર માટે અધિકૃત કરવામાં આવેલ છે, તે વિસ્તાર
૧.	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વ્યારા, એસ.ડી.એમ. કચેરી, વ્યારા, જિ. તાપી	(૧) વાલોડ ટાઉન (૨) બુહારી (૩) કમાલછોડ (૪) વ્યારા ટાઉન (૫) પાનવાડી (૬) ડોલવણ ટાઉન (૭) ઉંચામાળા ટાઉનશીપ (૮) સોનગઢ ટાઉન (૯) ઉકાઈ ટાઉન પ્રતિબંધિત પ્રોજેક્ટ વિસ્તાર સહિત
૨.	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, નિઝર, એસ.ડી.એમ. કચેરી, નિઝર, જિ. તાપી	(૧) ઉચ્છલ ટાઉન (૨) નિઝર ટાઉન (૩) કુકરમુંડા ટાઉન (૪) રૂમકીતળાવ (૫) વેલ્દા
૩.	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, વાલોડ, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, વાલોડ, જિ. તાપી	વાલોડ ટાઉન, બુહારી, કમાલછોડ સિવાય તાલુકાનો સમગ્ર વિસ્તાર
૪.	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, વ્યારા, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, વ્યારા, જિ. તાપી	વ્યારા ટાઉન, ઉંચામાળા ટાઉનશીપ સિવાય તાલુકાનો સમગ્ર વિસ્તાર
૫.	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ડોલવણ, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, ડોલવણ, જિ. તાપી	ડોલવણ ટાઉન સિવાય તાલુકાનો સમગ્ર વિસ્તાર
૬.	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, સોનગઢ, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, સોનગઢ, જિ. તાપી	સોનગઢ ટાઉન, ઉકાઈ ટાઉન-પ્રતિબંધિત પ્રોજેક્ટ વિસ્તાર સહિતના વિસ્તાર સિવાય તાલુકાનો સમગ્ર વિસ્તાર

અ.નં.	અધિકારીઓનો હોદ્દો	જે વિસ્તાર માટે અધિકૃત કરવામાં આવેલ છે, તે વિસ્તાર
૭.	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ઉચ્છલ, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, ઉચ્છલ, જિ. તાપી	ઉચ્છલ ટાઉન સિવાય તાલુકાનો સમગ્ર વિસ્તાર
૮.	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, નિઝર, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, નિઝર, જિ. તાપી	નિઝર ટાઉન, રૂમકીતળાવ સિવાય તાલુકાનો સમગ્ર વિસ્તાર
૯.	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, કુકરમુંડા, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, કુકરમુંડા, જિ. તાપી	કુકરમુંડા ટાઉન સિવાય તાલુકાનો સમગ્ર વિસ્તાર

ઉપરોક્ત અનુસૂચિ મુજબના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી/એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓએ સભા-સરઘસની પરવાનગીઓ નિયમન અને વ્યવસ્થા સુધારા નિયમો-૧૯૮૯ મુજબ જરૂરી પરવાનગી આપવાની રહે છે. સદરહું અનુસૂચિમાં જે સુધારો કરવામાં આવેલ છે તે સિવાય આમુખ-(૧)ના નિયમોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

તાપી-વ્યારા, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫.

બી. સી. પટણી
જિલ્લા મેજિસ્ટ્રેટ,
તાપી-વ્યારા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) આર(૩) અન્વયે.

નંબર : એમએજી/રજિ. ૧૮૬૧-૧૮૬૮/૨૦૧૫.–રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણીઓ-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અન્વયે ડાંગ જિલ્લાના મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ અને મતગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલી છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલી સત્તાની રૂઈએ આપેલ આદેશ ક્રમાંક : ૩/૮/૯૪/જે.એસ.-૨, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ના પારા નં ૩.૩ અને ૩.૫ માં આપેલ સૂચનાઓ મુજબ તથા ભારતના ચૂંટણી પંચની સૂચના નં. ૪૬૪/INST/૨૦૦૭/PLN-I, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૭ના પારા-૧૮ તથા ૧૯માં આપેલ સૂચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફક્ત નિયત મંચ ઉપર જ નહીં, પરંતુ વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબ જ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ, ગલીઓ અને ગામોએ મહોલ્લાઓ અને વસાહતોમાં પણ જાય છે. આને કારણે ખૂબ જ ધ્વનિ પ્રદૂષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી છે.

વાસ્તે, હું, આર્દ્રા અગ્રવાલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬.૦૦ કલાક થી રાત્રિના ૨૨.૦૦ કલાક સુધી જ કરવાનો રહેશે

(૨) કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૬.૦૦ કલાક પહેલા કે રાત્રે ૨૨.૦૦ કલાક પછી સ્થળ પર જ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાનો રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ સ્પીકરના ઉપયોગ માટે કરવામાં આવતી અરજીઓમાં વાહનોનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલકે પરવાનગીના હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર-પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

INDEX

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (ઘ) (ખ) અન્વયેનો.

નંબર : એમએજી/રજિ. ૧૮૬૯-૧૮૮૪/૨૦૧૫.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ ૨૨)ની કલમ-૩૩(ઘ)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, આર્દ્રા અગ્રવાલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, આગામી જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫ તથા ચૂંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૩જી ઓગસ્ટ, ૧૯૯૯ની સૂચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જાહેર સ્થળોની સુરક્ષા માટે તથા સલામતિ માટે, મુક્ત અને ન્યાયી તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે જાહેર હિતમાં ડાંગ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બિનરાજકીય પક્ષ તથા અર્ધરાજકીય પક્ષ અને આગામી તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીના ભાવિ ઉમેદવારોને આજથી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ એવા બંન્ને દિવસો સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કટઆઉટ, હોર્ડીંગ્સ, બેનર વિગેરે કોઈપણ જાહેર સ્થળે મુકી શકાશે નહીં એટલે કે, સરકારી નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર/થાંભલા વગેરે (આવી જગ્યા કે મિલકત આપી હશે તો પણ મુકી શકાશે નહીં.)

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ઘ)(ખ) ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બંન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો.

નંબર : એમએજી/ચૂંટણી/રજિ. ૧૮૮૫-૧૯૦૦/૨૦૧૫.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ ૨૨)ની કલમ-૩૩(૧)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, આર્દ્રા અગ્રવાલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, આગામી જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫ તથા ચૂંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગના આદેશ નં. ૪૩૭/૬/૧૯૯૬ પીએલએન-થર્ડ, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬ની સૂચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુક્ત અને ન્યાયી તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે જાહેર હિતમાં ડાંગ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, તથા અર્ધરાજકીય પક્ષ અને આગામી તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીના ભાવિ ઉમેદવારોને આજથી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ એવા બંન્ને દિવસો સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ વાહનો જેવા કે ટેક્ષી, ખાનગી કાર, ટ્રક, ટ્રેક્ટર સાથે ટ્રેલર અને વિના ટ્રેલર, ઓટોરીક્ષા, સ્કુટર, મોટર સાયકલ, બસ, મીની બસ, માલવાહક સાધન વિગેરેના બનેલા કાફલા (CONVEY) રૂપે જવા દેવાશે નહીં. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈપણ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતાં, આવા કોઈ વ્યક્તિ સંબંધમાં આપવામાં આવેલ કોઈ સુરક્ષા સૂચનાને આધિન રહેશે.

(૨) ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગી પત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહીતનો (વાહનના કાચ ઉપર લગાડેલ) તો જે કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજુ કરવાની રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)ની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બંન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : એમએજી/સી.આર.પી.સી./રજિ. ૧૯૦૧-૧૯૧૫/૨૦૧૫.– રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણીઓ-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અન્વયે અત્રેના જિલ્લામાં આગામી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણીઓ યોજાનાર છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૪૬૪/૧૯૯૬-એલએન્ડઓ/૨૦૦/પીએલએન -૧, તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૭ના પારા-૪, ૬ માં આપેલ સૂચનાઓ મુજબ હથિયારની હેરાફેરી અટકાવવી જરૂરી જણાય છે. આ સમય દરમ્યાન જુદા-જુદા હરીફ જૂથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. જેથી આવા જુદા-જુદા જૂથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં. તેમજ આને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ પણ થવાનો સંભવ રહે છે. આથી જિલ્લામાં જે ઈસમ પાસે હથિયાર પરવાનાઓ છે, તેઓનાં હથિયારો સાથે લઈ જવા નહીં તેમજ સાથે રાખવા નહીં તે મુજબનો પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે. આથી આવા શસ્ત્રો ઉપર ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. અને તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું, આર્દ્રા અગ્રવાલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં ધારણ કરતા હથિયાર પરવાનેદારોએ આજથી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ સુધી તેમના હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહીં તેમજ હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

INDEX

વધુમાં, જે કિસ્સાઓમાં હથિયાર પરવાનેદારોને હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા જે જર્ની પરમીટો આપવામાં આવેલ હશે, તો તે પણ ઉપરોક્ત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર કસુરવાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલાં લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું કાયદાકીય ફરજનો ભાગ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આજરોજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

આર્દ્રા અગ્રવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી-૯૪૧૯ થી ૯૪૨૯/૨૦૧૫.– કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભરૂચનાઓએ તેઓના પીબી/૨/અંકલેશ્વર/૬૩૭૪, તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ થી જણાવેલ છે કે, તેઓની કચેરી હસ્તક હાલમાં અંકલેશ્વર ગડખોલ રેલ્વે ઓવર બ્રિજનું રીપેરીંગ કામ ચાલુમાં છે. સદર રસ્તા પરથી મલ્ટી એક્ષલ વાહનો પસાર થતા હોય, કામમાં અવરોધ ઉભો થાય છે. જેથી, તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી રાજપીપલા ચોકડીથી ગડખોલ પાટીયા સુધીનો રસ્તો મલ્ટી એક્ષલ વાહનો માટે બંધ કરવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી જાહેર જનતાની સુવિધા માટે અંકલેશ્વર રાજપીપલા ચોકડીથી ગડખોલ પાટીયા સુધીનો રસ્તો મલ્ટી એક્ષલ વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) સુરત તરફથી આવતા મલ્ટી એક્ષલ વાહનો રાજપીપલા ચોકડીથી વાયા માંડવા, અંદાડા થઈ ગડખોલ તરફ જઈ શકશે.

(૨) ગડખોલ તરફથી અંકલેશ્વર આવતા મલ્ટી એક્ષલ વાહનો અંદાડા, માંડવા થઈ રાજપીપલા ચોકડી થઈ અંકલેશ્વર તરફ જઈ શકશે.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૪થી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક : એમએજી/પીઓએલ/વશી-૪૩૯૬ થી ૪૪૧૫/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઈસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાલ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઈ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

વંચાણમાં લીધું :-

(૧) કા. કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ નો પત્ર નંબર : પરી/૧/૫૪૯૩/૨૦૧૫/તા. ૨૬-૧૦-૨૦૧૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ચોર્યાસી	શ્રી ડી. સી. ગામીત, કાર્યપાલક ઈજનેર (સિંચાઈ), જિલ્લા પંચાયત કચેરી, સુરત. કચેરીનો ફોન નં. ૨૪૩૬૮૨૪ ફેક્સ નંબર ૨૪૩૬૮૨૪ મો. નં. ૯૪૨૬૬-૮૩૬૧૧ ઈ-મેઈલ આઈ.ડી. - exerirsurat@gmail.com	શ્રી વી. એન. સરવૈયા, મામલતદાર, ચોર્યાસી, જિ. સુરત. મો. નં. ૯૯૨૫૮-૯૭૯૧૦ ઈ-મેઈલ આઈ.ડી. mam-choryasi@gujarat.gov.com
		શ્રી પી. એસ. ઠક્કર, તાલુકા વિકાસ અધિકારી, ચોર્યાસી, જિ. સુરત. મો. નં. ૭૫૬૭૦-૧૫૯૩૨ ઈ-મેઈલ આઈ.ડી. tdo-choryasi@gujarat.gov.com
ઓલપાડ	શ્રી એચ. આર. કેલૈયા, સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર, દહેજ નાગોથાણે ઈથેન પાઈપ લાઈન પ્રોજેકટ, સુરત. મો. નં. ૯૯૨૫૧-૫૧૪૩૩	શ્રી એમ. બી. દાફડા, મામલતદાર, ઓલપાડ, તા. ઓલપાડ, જિ. સુરત. મો. નં. ૭૫૬૭૦-૦૬૫૦૪ ઈ-મેઈલ આઈ.ડી. mam-olpad@gujarat.gov.com
		શ્રી ડી. ડી. વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી, ઓલપાડ, જિ. સુરત. મો. નં. ૭૫૬૭૦-૧૫૯૭૧
કામરેજ	શ્રી કે. એમ. જાની, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, (મહેસુલ), જિલ્લા પંચાયત કચેરી, સુરત. કચેરીનો ફોન નં. ૨૪૨૫૭૫૧ ફેક્સ નંબર ૨૪૨૦૮૫૦ મો. નં. ૭૫૬૭૦-૧૭૮૦૦ ઈ-મેઈલ આઈ.ડી. - javidegrm@gmail.com, dyddo-sur@gujarat.gov.in	શ્રી યુ. એન. જાડેજા, મામલતદાર, કામરેજ, તા. કામરેજ, જિ. સુરત. મો. નં. ૭૫૬૭૦-૦૬૫૭૦ ઈ-મેઈલ આઈ.ડી. mam-kemrej@gujarat.gov.com
		શ્રી ડી. વી. મકવાણા, તાલુકા વિકાસ અધિકારી, કામરેજ, જિ. સુરત. મો. નં. ૯૯૭૮૯-૮૯૮૯૯ ઈ-મેઈલ આઈ.ડી. tdo-kamrej@gmail.com

INDEX

તાલુકો	ચૂંટણી અધિકારી	મદદનીશ ચૂંટણી અધિકારી
પલસાણા	શ્રી જે. એમ. પટેલ, કાર્યપાલક ઇજનેર ડ્રેનેજ પેટા વિભાગ-૨, સુરત. કચેરીનો ફોન નં. ૨૬૬૯૫૯૬ ફેક્સ નંબર ૯૮૨૫૧-૬૪૭૦૧ મો. નં. ૯૪૨૯૨-૭૬૨૦૫ ઇ-મેઇલ આઇ.ડી. - exe2-sur@gujarat.gov.com, srt_rnbdiv_2state@yahoo.co.in	શ્રી બી. કે. પટેલ, મામલતદાર, પલસાણા, તા. પલસાણા, જિ. સુરત. મો. નં. ૯૪૨૬૮-૯૨૦૯૮ ઇ-મેઇલ આઇ.ડી. mam-palsana@gujarat.gov.in
		શ્રી તુષાર કે. જાની, તાલુકા વિકાસ અધિકારી, પલસાણા, જિ. સુરત. મો. નં. ૯૭૨૪૩-૩૦૩૦૦ ઇ-મેઇલ આઇ.ડી. tdopalsana@gmail.com
બારડોલી	શ્રી એસ. જે. પટેલ, કાર્યપાલક ઇજનેર (મા×મ), વિભાગ-૨ (સ્ટેટ), સુરત. કચેરીનો ફોન નં. ૨૪૭૧૦૯૭. ફેક્સ નંબર ૨૪૭૦૧૦૭ મો. નં. ૯૮૨૫૧-૬૪૭૦૧ ઇ-મેઇલ આઇ.ડી. - esurat@yahoo.com	શ્રી આર. સી. પટેલ, મામલતદાર, બારડોલી, તા. બારડોલી, જિ. સુરત. મો. નં. ૯૯૭૯૩-૪૬૧૩૫ ઇ-મેઇલ આઇ.ડી. masa-bardoli@gujarat.gov.in
		શ્રી આર. એલ. પટેલ, તાલુકા વિકાસ અધિકારી, બારડોલી, જિ. સુરત. મો. નં. ૭૫૬૭૦-૧૫૮૩૪ ઇ-મેઇલ આઇ.ડી. tdo-bardoli@gujarat.gov.in
મહુવા	શ્રી એન. જી. ગામીત, ઇ.ચા. નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ), જિલ્લા પંચાયત કચેરી, સુરત. કચેરીનો ફોન નં. ૨૪૧૨૫૪૨. ફેક્સ નંબર ૨૪૧૨૫૪૩. મો. નં. ૯૯૭૮૩-૫૪૯૦૧. ઇ-મેઇલ આઇ.ડી. - daosurat5@gmail.com	શ્રી આર. એમ. ચૌહાણ, મામલતદાર, મહુવા, તા. મહુવા, જિ. સુરત. મો. નં. ૯૬૬૨૦-૧૩૨૭૦ ઇ-મેઇલ આઇ.ડી. masa-mahuvasur@gujarat.gov.in
		શ્રીમતી વી. આર. પરમાર, તાલુકા વિકાસ અધિકારી, મહુવા, જિ. સુરત. મો. નં. ૭૫૬૭૦-૧૫૯૫૭ ઇ-મેઇલ આઇ.ડી. tdomahuva@gmail.com
માંડવી	શ્રી એ. સી. પટણી, યોજના સહ તાલુકા વિકાસ અધિકારી, માંડવી, તા. માંડવી, જિ. સુરત. મો. નં. ૭૫૬૭૦-૧૭૧૪૧.	શ્રી કે. કે. પટેલ, મામલતદાર, માંડવી, તા. માંડવી, જિ. સુરત. મો. નં. ૭૬૯૮૭-૪૩૪૦૪ ઇ-મેઇલ આઇ.ડી. rajudevgadh@gmail.com
		શ્રી એ.જી. વસાવા, નાયબ કાર્યપાલક ઇજનેર, (મા.મ.), પંચાયત પેટા વિભાગ માંડવી, જિ. સુરત. મો. નં. ૭૬૯૮૭-૪૩૪૦૪
માંગરોળ	શ્રી ગીતાબેન એસ. ગામીત, ઇ.ચા. નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત), જિલ્લા પંચાયત કચેરી, સુરત. કચેરીનો ફોન નં. ૨૪૨૫૭૫૧ ફેક્સ નંબર ૨૪૧૨૫૪૩. મો. નં. ૯૮૭૯૩-૬૦૨૩૩. ઇ-મેઇલ આઇ.ડી. - dyddo-pnsur@gujarat.gov.in	શ્રી એમ. પી. પટેલ, મામલતદાર, માંગરોળ, તા. માંગરોળ, જિ. સુરત. મો. નં. ૭૫૬૭૦-૦૬૭૫૮ ઇ-મેઇલ આઇ.ડી. mam-mangrol@gujarat.gov.in
		શ્રી આર. એમ. વસાવા, તાલુકા વિકાસ અધિકારી, માંગરોળ, જિ. સુરત. મો. નં. ૭૫૬૭૦-૧૫૮૫૨

INDEX

તાલુકો	ચૂંટણી અધિકારી	મદદનીશ ચૂંટણી અધિકારી
ઉમરપાડા	શ્રી કે. જે. ભગોરા, નાયબ કલેક્ટર, માંડવી પ્રાંત, તા. માંડવી, જિ. સુરત. કચેરીનો ફોન નં. ૦૨૬૨૩-૨૨૧૧૭૭. ફેકસ નંબર ૭૫૬૭૦-૧૧૪૭૦ મો. નં. ૯૮૨૪૨-૩૦૩૩૧ (૭૬૨૩-૬૮૨૨૪ For whatsup) ઈ-મેઈલ આઈ.ડી. - sdmmandvi@gmail.com	શ્રી એચ. જી. પટેલ, મામલતદાર, ઉમરપાડા, તા. ઉમરપાડા, જિ. સુરત. મો. નં. ૯૪૨૭૧-૫૫૬૬૦ ઈ-મેઈલ આઈ.ડી. mam-umarpada@gujarat.gov.in
		શ્રી એચ. કે. પટેલ, તાલુકા વિકાસ અધિકારી, ઉમરપાડા, જિ. સુરત. મો. નં. ૯૪૨૭૧૬૯૫૪૦
		શ્રી એચ. કે. ચૌધરી, વિ. અધિકારી (સહકાર), જિ. સુરત. મો. નં. ૯૯૦૯૫-૫૫૫૧૨ ઈ-મેઈલ આઈ.ડી. hirabhaichsudhari@gmail.com

જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતના હુકમ નં. એમએજી/ચૂંટણી/સ્પે. એકઝી./વશી. ૨૧૬૯૫/૨૦૧૫, તારીખ ૦૯/૧૧/૨૦૧૫નું

પરિશિષ્ટ-૩

નગરપાલીકા	ચૂંટણી અધિકારી	મદદનીશ ચૂંટણી અધિકારી
બારડોલી	શ્રી કે. જે. રાઠોડ, નાયબ કલેકટરશ્રી, બારડોલી પ્રાંત, તા. બારડોલી, જિ. સુરત. કચેરીનો ફોન નં. ૦૨૬૨૨-૨૨૧૧૨૪. મો. નં. ૯૮૨૫૪-૭૭૫૫૫.	શ્રી ડી. એફ. શાહ, કાર્યપાલક ઈજનેરશ્રી, (મા.મ.) સ્ટેટ, બારડોલી, તા. બારડોલી. જિ. સુરત.
કડોદરા	શ્રી વાય. બી. ઝાલા, નાયબ કલેકટરશ્રી, કામરેજ પ્રાંત, તા. કામરેજ, જિ. સુરત. કચેરીનો ફોન નં. ૦૨૬૨૧-૨૫૩૪૦૦. મો. નં. ૯૮૨૫૮-૮૪૯૪૭.	શ્રી કે. કે. પટેલ, મદદનીશ ઈજનેરશ્રી, (પંચાયત) (મા.મ.) પેટા વિભાગ, પલસાણા, તા. પલસાણા જિ. સુરત.
સચીન	શ્રી એમ. કે. વ્યાસ, નાયબ કલેકટરશ્રી, ઓલપાડ પ્રાંત, તા. ઓલપાડ, જિ. સુરત. કચેરીનો ફોન નં. ૦૨૬૨૧-૨૨૧૨૪૪. મો. નં. ૯૮૭૮૪-૦૫૨૨૨.	શ્રી એ. આર. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, (વર્ગ-૨), તાપી પાળા પેટા વિભાગ-૨, રાંદેર, સુરત.

સુરત, તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

૧. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ ગાંધીનગરના તા. ૧૮-૧૦-૨૦૧૨ના જાહેરનામાં નં. જીજી/૭૬/સી.આર.પી.સી./૩૧૧૨/૫૯૩/મ.

૨. રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૦૨૦૧૫-ક, તા. ૨૩-૧૦-૨૦૧૫.

૩. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક રાચપ-ચટણ-સ્થા-સ્વ-૩૦૮-૮૨૦૧૫-ક, તા. ૦૨-૧૧-૨૦૧૫.

હુકમ

નંબર એમ. એ. જી./ઈ-મતદાર/સ્પે.એકઝી/વશી.-૨૧૯૮૩/૨૦૧૫.—રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ સુરત મહાનગરપાલીકાની ચૂંટણીનું મતદાન તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. જેને લક્ષમાં લેતાં ચૂંટણી અંગેની સંવેદનશીલ કામગીરી કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ તરફથી ચૂંટણી અધિકારીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે.

આમુખ-૧ મુજબના ગૃહ વિભાગના જાહેરનામામાં ચૂંટણી કામગીરી મુકત અને ન્યાયી રીતે થઈ શકે તે માટે ચૂંટણીઓ જાહેર થાય ત્યારે તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાંની તારીખથી મેજિસ્ટ્રીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઝોનલ

INDEX

ઓફીસરશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુક્ત નોડલ ઓફીસરશ્રીઓ તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને ચૂંટણી કામગીરી માટે નિયુક્ત કરવા જરૂર જણાય તે રીતે નિયુક્ત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા તેમની જે તે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના અધિકારો સોંપવાનો નિર્ણય લેવાની સત્તા સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટને સુપ્રત કરવામાં આવેલ છે.

આમુખ-(૩)માં દર્શાવેલ નામદાર રાજ્ય ચૂંટણી આયોગના તા. ૨જી નવેમ્બર, ૨૦૧૫ના આદેશથી ઇ-મતદાન માટેના મતદારની ઓળખ માટે ઇ-મતદારના અંગુઠાની છાપ, આંગળીની છાપ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ લેવા નક્કી કરવામાં આવેલ છે.

સબબ, વંચાણે લીધેલ જાહેરનામાંથી મને મળેલ સત્તાની રૂએ, હું ડો. રાજેન્દ્ર કુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આ સાથેના પરિશિષ્ટ મુજબના કર્મચારીઓને સુરત મહાનગરપાલીકા વિસ્તારમાં આવેલ મતદારોનો રૂબરૂ સંપર્ક કરી તેમની ઓળખ માટે ઇ-મતદારના અંગુઠાની છાપ અથવા આંગળીની છાપ લેવા તા. ૯મી નવેમ્બર, ૨૦૧૫ થી તા. ૧૬મી નવેમ્બર, ૨૦૧૫ સુધીની મુદત માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કમલ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે નિયુકત કરવા આથી હુકમ કરૂ છું.

જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતના હુકમ નં. એમએજી/ઇ-મતદાર/સ્પે. એકઝી./વશી. ૨૧૯૮૩/૨૦૧૫, તારીખ ૦૯/૧૧/૨૦૧૫નું

પરિશિષ્ટ

અ.નં.	કર્મચારીનું નામ	કર્મ નં.	હોદ્દો	મોબાઈલ નં.
૧	૨	૩	૪	૫
૧	**વિજય આર. શાહ**	**સેન્ટ્રલ ઝોન**	**પર્સોનેલ ઓફિસર**	**૭૦૬૯૦૧૮૪૧૨**
૨	શ્રી કિરણકુમાર જી. સોલંકી	૧૦૯૭૭	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૧૭૬૨૯૭
૩	શ્રી ગણેશ એમ. પાટીલ	૧૨૨૬૬	બીજી શ્રેણી કલાર્ક	૯૪૨૭૮૯૦૮૨૯
૪	શ્રી કિરણકુમાર બી. મહેતા	૧૨૩૨૯	બીજી શ્રેણી કલાર્ક	૯૯૨૫૦૧૯૪૮૪
૫	શ્રી નરેશકુમાર આર. ટેલર	૧૨૩૧૧	બીજી શ્રેણી કલાર્ક	૯૭૨૪૩૩૨૬૦૮
૬	શ્રી ડી. એન. જરીવાલા	૧૦૯૮૩	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૦૪૦૬૫૬
૭	શ્રી જયેશ એન. કાપડીયા	૧૦૯૧૬	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૪૭૯૭૦૯
૮	શ્રી રમેશચંદ્ર જી. રાણા	૧૨૪૬૪	બીજી શ્રેણી કલાર્ક	૯૯૨૫૧૧૮૮૧૦
૯	શ્રી અમૃતલાલ એલ. વિરાસ	૧૨૩૨૪	બીજી શ્રેણી કલાર્ક	૯૭૨૪૩૩૬૭૪૨
૧૦	શ્રી મુકેશ આર. ગાંધી	૨૨૦૩૨	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૯૮૩૩૬૩
૧૧	શ્રી રાજેશકુમાર એમ. મોદી	૧૨૪૬૦	બીજી શ્રેણી કલાર્ક	૯૪૨૭૮૮૬૯૬૦
૧૨	**શ્રી બાબુરાવ બી. મોર**	**સાઉથ ઝોન, ઉધના**	**પર્સોનલ ઓફિસર**	**૯૭૨૪૩૪૫૫૦૭**
૧૩	શ્રી વિજયકુમાર એ. દેસાઇ	૬૪૧૨	બીજી શ્રેણી કલાર્ક	૯૯૨૫૩૭૫૫૩૩
૧૪	શ્રી નિલેષકુમાર કે. પારેખ	૧૦૮૬૨	બીજી શ્રેણી કલાર્ક	૯૯૯૮૦૦૬૮૬૦
૧૫	શ્રી નિમક કે. ચૌધરી	૧૧૦૫૧	બીજી શ્રેણી કલાર્ક	૯૮૭૯૬૫૨૪૧૧
૧૬	શ્રી મહેશકુમાર એચ. કહાર	૨૨૦૨૧	બીજી શ્રેણી કલાર્ક	૯૭૨૫૪૩૮૮૧૪
૧૭	શ્રી કેતનભાઇ બી. શુકલ	૧૨૪૫૫	બીજી શ્રેણી કલાર્ક	૯૯૨૫૦૩૯૦૩૮
૧૮	શ્રી રાજેશ ડી. મોદી	૧૨૧૯૨	બીજી શ્રેણી કલાર્ક	૯૪૨૮૮૭૦૮૮૩
૧૯	શ્રી ભીખાભાઇ વી. મીઠાર	૧૦૯૯૭	બીજી શ્રેણી કલાર્ક	૯૯૭૯૨૬૮૭૩૭ ૯૭૨૭૨૫૫૬૬૮
૨૦	શ્રી મહેન્દ્ર વામન બાગુલ	૧૩૦૧૮	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૮૯૮૪૭૯૬૧૫
૨૧	શ્રી પ્રકાશ એલ. કંથારીયા	૧૩૬૭૩	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૯૨૫૧૭૭૭૦૮
૨૨	શ્રી યોગેશકુમાર પી. સુરતી	૧૩૬૧૪	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૪૨૬૧૧૯૧૮૭ ૯૪૨૬૪૩૫૦૩૯

INDEX

૧	૨	૩	૪	૫
૨૩	**શ્રી પ્રમોદ કે. જરીવાલા**	**ઈસ્ટ ઝોન, વરાછા**	**પર્સોનેલ ઓફિસર**	**૯૭૨૪૩૩૮૬૩૯**
૨૪	શ્રી એસ. બી. પટેલ	૧૨૫૩૨	સેકશન ઓફિસર	૯૭૨૪૩૨૨૩૫૫
૨૫	શ્રી જે. એચ. વજીર	૧૨૨૨૬	સેકશન ઓફિસર	૯૯૨૫૧૦૫૫૫૯
૨૬	શ્રી નરેશકુમાર એન. ઠકકર	૧૦૭૭૯	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૮૨૫૨૭૩૫૩૧
૨૭	શ્રી મીનુભાઇ એસ. ગીલાતર	૨૧૨૮૧	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૫૧૦૫૭૪
૨૮	શ્રી રમેશચંદ્ર જી. પટેલ	૧૩૪૩૫	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૮૨૪૪૯૨૦૯૮
૨૯	શ્રી એમ. એલ. રાવલ	૧૨૮૫૪	સેનેટરી ઈન્સ્પેકટર	૯૮૨૪૧૫૯૩૦૩
૩૦	શ્રી આર. એસ. લીંબાચીયા	૨૨૧૫૩	સેનેટરી ઈન્સ્પેકટર	૯૭૨૪૩૩૨૭૫૯
૩૧	શ્રી એમ. એમ. શેખ	૧૧૩૩૩	સેનેટરી ઈન્સ્પેકટર	૯૮૭૯૫૫૯૮૩૨
૩૨	શ્રી આર. એસ. પટેલ	૧૨૦૬૧	સેનેટરી ઈન્સ્પેકટર	૯૭૨૪૧૨૬૯૦૭
૩૩	શ્રી એન. એસ. રાણા	૧૯૬૭૦	સેનેટરી ઈન્સ્પેકટર	૯૭૨૪૩૩૬૮૩૮
૩૪	**શ્રી ઉમેશ બી. પટેલ**	**વેસ્ટ ઝોન, રાંદેર**	**પર્સોનેલ ઓફિસર**	**૯૯૦૯૦૮૯૭૬૯**
૩૫	શ્રી એ. ડી. મોગેરા	૧૦૧૬૩	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૯૯૮૨૯૫૬૬૪
૩૬	શ્રી જયેશ એમ. બોમ્બેવાળા	૧૦૨૬૨	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૮૭૯૩૧૮૦૯૦
૩૭	શ્રી પ્રદિપસિંહ એમ. પઢિયાર	૧૦૪૬૮	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૯૭૪૮૨૪૮૭૯
૩૮	શ્રી હિંમતલાલ કે. કંથારીયા	૬૪૫૬	બીજી શ્રેણી કલાર્ક	૯૬૬૨૦૨૬૪૫૬
૩૯	શ્રી દિનેશચંદ્ર વી. ગોહિલ	૧૧૦૫૨	બીજી શ્રેણી કલાર્ક	૯૮૭૯૧૯૯૨૩૯
૪૦	શ્રી ભાણજી એમ. બોરીચા	૧૦૯૨૨	બીજી શ્રેણી કલાર્ક	૯૭૨૪૩૩૮૩૫૨
૪૧	શ્રી જી. સી. ખલાસી	૧૧૯૩૮	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૪૩૨૧૫૨૭
૪૨	શ્રી પંકજ સી. માંજરાવાલા	૧૨૪૬૭	બીજી શ્રેણી કલાર્ક	૯૯૭૯૫૨૮૧૪૭
૪૩	શ્રી વી. એલ. વ્યાસ	૨૨૦૧૧	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૩૦૫૬૬૨
૪૪	શ્રી આર. ટી. પટેલ	૩૪૮૦૪	સુપરવાઇઝર (સીવીલ)	૯૬૦૧૨૭૭૩૫૧
૪૫	**શ્રી સુરેશ એમ. ભારતી**	**નોર્થ ઝોન, કતારગામ**	**પર્સોનલ ઓફિસર**	**૯૮૨૫૦૨૯૪૯૯**
૪૬	શ્રી વિજય એસ. યાદવ	૧૦૩૯૫	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૮૨૫૧૪૭૪૦૬
૪૭	શ્રી રાજેશ એન. પેટીગરા	૧૦૪૦૯	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૮૨૫૪૫૭૩૧૯
૪૮	શ્રી હિતેશ એચ. ત્રિવેદી	૨૨૦૭૭	બીજી શ્રેણી કલાર્ક	૯૭૨૪૩૪૫૩૮૧
૪૯	શ્રી મૃત્યુંજય એમ. પાંડે	૫૦૨૩	બીજી શ્રેણી કલાર્ક	૯૭૨૪૪૩૧૨૨૨
૫૦	શ્રી ડી. પી. પટેલ	૧૦૫૧૮	બીજી શ્રેણી કલાર્ક	૯૯૭૯૩૭૨૩૭૪
૫૧	શ્રી એ. એસ. કલસરીઆ	૧૨૨૯૧	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૮૭૯૮૫૨૩૭૦
૫૨	શ્રી પૂનમભાઇ એમ. ગોહિલ	૧૩૪૮૯	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૭૨૪૩૩૮૩૯૨
૫૩	શ્રી મનહર કે. પટેલ	૧૧૫૭૩	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૯૨૫૧૨૩૩૩૫
૫૪	શ્રી જયંતિ ડી. સોલંકી	૬૭૮૭	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૯૨૪૧૦૬૯૬૭
૫૫	શ્રી જેઠાભાઇ આર. ગામીત	૧૨૯૬૯	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૯૨૫૮૩૩૦૧૧

INDEX

૧	૨	૩	૪	૫
૫૬	**શ્રી પ્રકાશ એમ. નાયક**	**સાઉથ વેસ્ટ ઝોન, અઠવા**	**પર્સોનેલ ઓફિસર**	**૭૦૬૯૦૧૮૪૧૩**
૫૭	શ્રી ડી. એમ. ભગવાગર	૧૦૭૭૩	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૮૨૫૭૬૬૧૭૧
૫૮	શ્રી દિપકકુમાર સી. નાયક	૧૦૪૦૭	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૮૭૯૫૫૮૬૫૫
૫૯	શ્રી એમ. બી. દેસાઇ	૧૦૧૧૯	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૮૭૯૬૩૭૭૫૯
૬૦	શ્રી ધનસુખભાઇ બી. પટેલ	૧૦૮૪૧	બીજી શ્રેણી કલાર્ક	૯૬૬૨૫૨૨૧૮૦
૬૧	શ્રી એસ. બી. ક્રીશ્ચયન	૧૧૯૧૨	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૯૭૨૨૦૪
૬૨	શ્રી જયંતકુમાર ટી. પટેલ	૧૦૯૧૦	બીજી શ્રેણી કલાર્ક	૯૮૭૯૫૭૦૬૭૦
૬૩	શ્રી અશ્વિન એમ. જરીવાલા	૧૦૯૦૧	બીજી શ્રેણી કલાર્ક	૯૮૯૮૫૩૦૩૫૦
૬૪	શ્રી પ્રકાશ બી. કોસંબીયા	૧૨૪૪૮	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૯૯૮૨૧૩૩૫૨
૬૫	શ્રી નવનીતભાઇ એલ. પટેલ	૬૭૦૮	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૫૦૪૧૯૯
૬૬	શ્રી એમ. એલ. પટેલ	૧૨૬૨૯	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૪૨૬૭૭૨૨૧૧
૬૭	**શ્રી ડી. એમ. ક્રિશ્ચયન**	**સાઉથ ઈસ્ટ ઝોન, લીંબાયત**	**પર્સોનેલ ઓફિસર**	**૯૭૨૪૩૪૫૫૦૨**
૬૮	શ્રી જે. જી. પાલનપુરીયા	૫૨૫૬	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૯૨૫૯૧૮૭૨૨
૬૯	શ્રી કે. એન. કાપડીયા	૧૦૪૭૦	પ્રથમ શ્રેણી કલાર્ક	૯૮૯૮૧૬૬૨૩૬
૭૦	શ્રી પ્રકાશ જી. નરથાણીયા	૧૦૯૯૯	બીજી શ્રેણી કલાર્ક	૯૬૦૧૨૯૪૮૭૩
૭૧	શ્રી એ. સી. પટેલ	૧૦૯૫૩	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૬૫૬૩૨૯
૭૨	શ્રી અનીલ ખીમજી પરમાર	૧૨૬૦૩	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૪૮૯૮૯૨
૭૩	શ્રી મનોજકુમાર બી. મોરે	૧૦૮૯૮	બીજી શ્રેણી કલાર્ક	૯૯૦૪૯૬૧૨૭૩
૭૪	શ્રી વાસુદેવ સી. ઉપાધ્યાય	૧૨૪૭૯	બીજી શ્રેણી કલાર્ક	૯૯૭૯૫૨૫૨૬૯
૭૫	શ્રી ઓમપ્રકાશ કે. દુબે	૩૪૮૩૦	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૧૭૩૬૭૧૮૯૦
૭૬	શ્રી દિપકકુમાર એમ. રાઠોડ	૧૨૮૫૩	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૫૧૩૬૫૭
૭૭	શ્રી બાબુભાઇ વી. ચૌધરી	૧૩૧૯૭	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૯૭૯૬૧૩૪૦૭

સુરત, તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫.

વાંચનમાં લીધું :-

૧. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ ગાંધીનગરના તા. ૧૮-૧૦-૨૦૧૨ના જાહેરનામાં નં. જીજી/૭૬/સી.આર.પી.સી./૩૧૧૨/૫૯૩/મ.

૨. રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૦૨૦૧૫-ક, તા. ૨૩-૧૦-૨૦૧૫.

૩. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક રાચપ-ચટણ-સ્થા-સ્વ-૩૦૮-૮૨૦૧૫-ક, તા. ૦૨-૧૧-૨૦૧૫.

હુકમ

નંબર એમ. એ. જી./ઈ-મતદાર/સ્પે.એકઝી/વશી.-૨૨૩૩૪/૨૦૧૫.—રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ૬ મહાનગરપાલીકાઓ, ૫૬ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ સુરત મહાનગરપલીકાની ચૂંટણીનું મતદાન તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ છે. જેને લક્ષમાં લેતાં ચૂંટણી અંગેની સંવેદનશીલ કામગીરી કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ તરફથી ચૂંટણી અધિકારીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે.

INDEX

આમુખ-૧ મુજબના ગૃહ વિભાગના જાહેરનામામાં ચૂંટણી કામગીરી મુકત અને ન્યાયી રીતે થઇ શકે તે માટે ચૂંટણીઓ જાહેર થાય ત્યારે તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાંની તારીખથી મેજિસ્ટ્રીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ ઓફીસરશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુક્ત નોડલ ઓફીસરશ્રીઓ તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને ચૂંટણી કામગીરી માટે નિયુક્ત કરવા જરૂર જણાય તે રીતે નિયુક્ત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા તેમની જે તે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના અધિકારો સોંપવાનો નિર્ણય લેવીની સત્તા સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટને સુપ્રત કરવામાં આવેલ છે.

આમુખ-(૩)માં દર્શાવેલ નામદાર રાજ્ય ચૂંટણી આયોગના તા. ૨જી નવેમ્બર, ૨૦૧૫ના આદેશથી ઇ-મતદાન માટેના મતદારની ઓળખ માટે ઇ-મતદારના અંગુઠાની છાપ અથવા આંગળાની છાપ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ લેવા નક્કી કરવામાં આવેલ છે.

સબબ, વંચાણે લીધેલ જાહેરનામાંથી મને મળેલ સત્તાની રૂએ, હું ડો. રાજેન્દ્ર કુમાર, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આ સાથેના પરિશિષ્ટ મુજબના કર્મચારીઓને સુરત મહાનગરપાલીકા વિસ્તારમાં આવેલ મતદારોનો રૂબરૂ સંપર્ક કરી તેમની ઓળખ માટે ઇ-મતદારના અંગુઠાની છાપ અથવા આંગળીની છાપ લેવા તા. ૧૧મી નવેમ્બર, ૨૦૧૫ થી તા. ૧૬મી નવેમ્બર, ૨૦૧૫ સુધીની મુદત માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે નિયુકત કરવા આથી હુકમ કરૂ છું.

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરતના હુકમ નં. એમએજી/ઇ-મતદાર/સ્પે. એકઝી./વશી. ૨૨૩૩૪/૨૦૧૫, તારીખ ૧૧/૧૧/૨૦૧૫નું

પરિશિષ્ટ

અ.નં.	કર્મચારીનું નામ	કર્મ નં.	હોદ્દો	મોબાઇલ નં.
૧	૨	૩	૪	૫
૧	શ્રી વિજયભાઇ બી. કાલે	૧૧૯૬૨	બીજી શ્રેણી કલાર્ક	૯૮૯૮૫ ૫૧૫૬૫
૨	શ્રી ભાસ્કરભાઇ આઇ. પટેલ	૨૨૦૨૭	બીજી શ્રેણી કલાર્ક	૯૬૬૨૫ ૨૨૭૮૭
૩	શ્રી ગમનભાઇ એમ. પટેલ	૧૦૯૯૪	બીજી શ્રેણી કલાર્ક	૯૭૨૪૩ ૦૯૬૨૭
૪	શ્રી અશોકભાઇ સી. જોષી	૧૦૮૪૯	બીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૯ ૦૫૧૧૯
૫	શ્રી અનંત એલ. સારંગ	૧૦૭૨૧	ઇ.ચા. ગુમાસ્તાધારા ઇન્સ્પેકટર	૯૭૨૪૩ ૧૨૭૦૯
૬	શ્રી વિકાસ એમ. દુર્વે	૧૨૩૧૦	બીજી શ્રેણી કલાર્ક	૯૬૦૧૨ ૭૭૩૬૪
૭	શ્રી આર. જી. ગામીત	૧૩૪૯૧	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૮૭૯૫ ૦૦૮૩૧
૮	શ્રી નરેશ બી. ગામીત	૧૩૮૭૧	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૮૨૫૪ ૯૪૫૩૭
૯	શ્રી હિતેશભાઇ ચૌધરી	૧૪૯૭૬	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૭૨૪૩ ૩૨૧૪૪
૧૦	શ્રી ધર્મેશ એસ. ભગત	૩૯૪૨૯	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૯૯૮૦ ૦૪૭૭૪
૧૧	શ્રી હજય બી. ચૌધરી	૪૦૭૭૦	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૦૯૯૦ ૧૬૮૬૮
૧૨	શ્રી ગીરીશભાઇ એન. પટેલ	૪૦૭૭૨	ત્રીજી શ્રેણી કલાર્ક	૯૯૦૯૨ ૨૦૦૨૦

સુરત, તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૧૫.

ડૉ. રાજેન્દ્ર કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/એસઆર/૨૦૧૫.—આગામી દિવાળી તથા દેવદિવાળી તહેવારોમાં નાના મોટા તમામ પ્રકારના જુદા જુદા ફટાકડા તથા ફટાકડા બોમ્બ મોટા પ્રમાણમાં ફોડવામાં આવે છે. આને કારણે કોઇ વખત ગંભીર પ્રકારનું નુકશાન પણ થઇ શકે છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સાણંદ નજીક સાણંદ-વિરમગામ હાઇવે રોડ પાસે ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનનો એલ.પી.જી. પ્લાન્ટ આવેલ છે.

આથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, પ્લાન્ટની આજુબાજુ ૫૦૦ મીટરની હદમાં તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૫ સુધી કોઇપણ પ્રકારના ફટાકડા ફોડવા નહીં.

INDEX

આ હુકમ તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) ૧૬ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨મો) ની કલમ-૪૩ (૧) મુજબનું.

નંબર ડીસી/એમએજી/એસઆર/નં. ૬૮/૩૬૭૬૮/૨૦૧૫.—આગામી તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૬મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી ધોળકા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ વૌઠા ગામે ભરાનાર લોકમેળામાં મોટી સંખ્યામાં માણસો એકત્રિત થવાથી જાહેર સુખાકારી ભયમાં મુકાવાનો અંદેશો જણાય છે.

વાસ્તે હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૪૩(૧) થી મને મળેલ અધિકારીની રૂઈએ ફરમાવું છુ કે, વૌઠા ગામે મેળામાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ નીચેના નિયમોનું પાલન કરવું.

(૧) કોઈપણ વ્યકિત પીવાના પાણીનાં સંગ્રહમાં તળાવમાં કે કુવામાં પોતાનું વાસણ બોળી શકશે નહીં. દરેક યાત્રાળુએ પીવાનું પાણી મેળામાં રાખવામાં આવેલ પાણી પાનારા પાસેથી મેળવી શકાશે.

(૨) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુદ્ધ પીણા મેળાના વિસ્તારમાં કોઈ વેચી શકશે નહી. ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જપ્ત કરી શકશે અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પૂરી પાડશે.

(૩) ખાસ નક્કી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળાના વિસ્તારમાં બીજી જગ્યાએ કોઈપણ શખ્સ સંડાસ કે પેશાબ કરશે નહીં.

(૪) મેળાના વિસ્તારમાં હાજર રહેલા આરોગ્ય નિરીક્ષક ચા તથા ઠંડા પીણા અને ખાનપાનની દુકાનો તપાસી શકશે. અને સ્વચ્છતા માટે જરૂરી સુચનાઓ આપશે. જે સુચનાઓનો અમલ કરવા તે શખ્સ બંધાયેલા છે.

(૫) ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક દરેક યાત્રાળુઓને જરૂર પડે તપાસી શકશે. અને ચેપી રોગોથી પીડાતા દર્દીને તાત્કાલિક મેળા વિસ્તાર બહાર ખસેડી શકશે.

ઉપરના કોઇપણ નિયમોનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરવામાં મદદગારી કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૯ મુજબ ત્રણ માસ સુધીની કેદ અથવા ₹ ૨૦૦/- સુધીનો દંડ અથવા બન્ને પ્રકારની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એ. બી. ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૫૨૭ થી ૯૫૩૫/૨૦૧૫.—ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી ભરૂચ શહેર તરફ આવતા તથા દહેજ તરફ જતા ભારે વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું બી.જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ રસ્તાનો તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી ભરૂચ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ પરનો વાહન વ્યવહાર નીચે મુજબ ડાયવર્ટ કરવા હુકમ કરૂં છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

વિસ્તાર :-

(૧) વડોદરા તરફથી દહેજ તરફ જતા મોટા વાહનો જેવા કે ટ્રક, ટ્રેઈલર, ટેન્કરને નબીપુરથી દયાદરા થઈ જંબુસર ચોકડીથી દહેજ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

(૨) દહેજથી નીકળી વડોદરા-સુરત તરફ જતા ભારે વાહનોએ પણ આજ રૂટ એટલે કે, દહેજથી જંબુસર ચોકડી થઇ દયાદરા થઇ નબીપુર પરથી ને.હા. નં.-૮ પર ડાયવર્ટ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૫૩૬ થી ૯૫૪૩/૨૦૧૫.—ભરૂચ જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ જુના સરદાર બ્રિજનું સમારકામ નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવતું હોય ભારે ટ્રાફીકની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેના કારણે ટ્રાફીક નિયમનમાં ઘણી તકલીફ પડતી હોવાથી વડોદરા તરફથી સુરત તરફ આવતા તમામ પ્રકારના વાહનોને

નબીપુર ઓવર બ્રિજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રિજ સુધી નિયત કરેલ લાઇનમાં રહેવા, વાહન ચાલકોની ગતિ મર્યાદા નિયંત્રણ કરવા તથા ઓવર ટેકીંગ કરવા પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નેશનલ હાઈવે નં. ૮ પર વડોદરાથી અંકલેશ્વર-સુરત તરફ જતા વાહનોને ભરૂચ જિલ્લાના નબીપુર ઓવર બ્રીજની શરૂઆતથી વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડી સુધી તથા સુરત તરફથી વડોદરા તરફ આવતા તમામ પ્રકારના વાહનોને વાલીયા જી.આઇ.ડી.સી. ચોકડીથી નબીપુર ઓવર બ્રીજ સુધી LMV, HMV, HGV તથા આ નેશનલ હાઈવે પરથી પસાર થતા તમામ વાહનો માટે નિયત કરેલ ટ્રેકમાં જ સ્પીડ લિમીટ-૪૦ કિ.મી. પ્રતિ કલાકની મર્યાદામાં જ વાહન ચલાવવા તથા ઓવર ટેકીંગ નહીં કરવા હુકમ કરૂં છું. આ હુકમ એમ્બ્યુલન્સ, પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૫૪૪ થી ૯૫૫૪/૨૦૧૫.–નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ભરૂચ ઝાડેશ્વર ચોકડી પર વડોદરા થી સુરત તરફ જતા તેમજ સુરતથી વડોદરા તરફ જતા બંને છેડા પર ટ્રાફિક જામની સમસ્યા અવાર નવાર સર્જાતી હોય છે. તેમજ ઝાડેશ્વર ચોકડી ખાતે ખાનગી વાહનો, ટ્રક/ટ્રેઇલરના ચાલકો વાહન પાર્ક કરતા હોય છે. તેમજ ખાનગી ટ્રાવેલ્સના ચાલકો પેસેન્જરને લેવા ઉભા રહેતા હોય તેના કારણે પણ ટ્રાફિક અવરોધાતો હોય છે. જેથી જાહેર જનતાની સુવિધા તેમજ ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય, ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે ભરૂચના (૧) ઝાડેશ્વર ચોકડી (૨) જંબુસર ચોકડી તથા (૩) ગોલ્ડન બ્રીજ પરના બંને છેડા પરનો વિસ્તાર **''નો પાર્કીંગ ઝોન''** જાહેર કરવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જાહેર જનતાની સુવિધા માટે તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય તે માટે તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૧૫ થી દિન-૩૦ સુધી નીચે મુજબના વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો માટે **''નો પાર્કીંગ ઝોન''** જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

''નો પાર્કીંગ ઝોન''

(૧) ભરૂચ ઝાડેશ્વર ચોકડી પરના નેશનલ હાઇવે પરના રોડની બંને બાજુ નો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૨) જંબુસર ચોકડી પરના રોડની ચારે બાજુનો ૧૫૦ મીટરનો વિસ્તાર.

(૩) ગોલ્ડન બ્રીજની બંને છેડા પરનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

આ જાહેરનામાનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૪૩ (૧) અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૫૫૫ થી ૯૫૬૬/૨૦૧૫.–ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે કાતિર્કી પૂનમને લીધે તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ સુધી જાહેર મેળો ભરાનાર છે અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો પુરો સંભવ છે. તેથી દરેક વ્યક્તિએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમાં ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા જે તે જગ્યા ઉપર ન્હાવું ધોવું કે, કપડા ધોવા કે જાનવરોને નવડાવવા નહિ અને વાહનો ધોવા નહિ.

(૨) યાત્રાનાં સ્થળે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવા નહિ.

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલા અગર માનવખાદ્ય માટે બિન ઉપયોગી એવા ફળફળાદિ પીણા તથા ખોરાક વેચવા નહિ.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિ.

(૫) યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરની સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી તેવા રોગ અટકાવવા માટેની દવા-ઈન્જેકશન વિગેરે અગાઉથી લીધા વગર યાત્રામાં આવવું નહિ.

વાસ્તે :-

હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ શુકલતીર્થ અને આજુબાજુના ગામોમાં જ્યાં જ્યાં યાત્રા ભરાતી હોય તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવા સંબંધી જણાવેલ શરતો અને સૂચનાનો ચૂસ્તપણે અમલ કરવા આથી હુકમ ફરમાવું છું.

INDEX

ઉપર જણાવેલા નિયમોનો જે કોઈ વ્યક્તિ ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા ₹ ૨૦૦/- સુધીના દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૯મી નવેમ્બર સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૫૬૭ થી ૯૫૮૦/૨૦૧૫.–ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ દરમ્યાન પ્રતિ વર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તેમજ સમગ્ર અન્ય રાજ્યોમાંથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થાય છે. તથા શુકલતીર્થ મુકામે આવેલ નર્મદા નદીના ઘાટ પર સ્નાન કરે છે. નર્મદા નદીના પાણી ઉંડા હોવાથી તેમજ નદીમાં ખાડા પડેલ હોવાથી અકસ્માત થવાની શક્યતા છે. જેથી નર્મદા નદીના અમુક વિસ્તારમાં સ્નાન કરવા પર નિયમન કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(એમ) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ સુધીના (બંને દિવસો સહિત) સમયમાં શુકલતીર્થ, કબીરવડ તથા મઢી મુકામેના નર્મદા નદીના ઘાટથી ગ્રામ પંચાયત તથા પોલીસ ખાતા તરફથી નક્કી થયેલ હદની અંદર જ લોકોએ સ્નાન કરવું તથા નિયત ઘાટની હદની બહાર સ્નાન કરવા પર પ્રતિબંધ મુકવા આદેશ કરૂં છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી નવેમ્બર સને ૨૦૧૫નાં રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૫૮૧ થી ૯૫૯૩/૨૦૧૫.–ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તિકી પૂનમનો મેળો તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ સુધીના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રીત થશે. જેથી મેળામાં હાથ લારીઓમાં માલ સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ સુધીના સમય માટે (બંને દિવસો સહિત) શુકલતીર્થ ગામના મેળામાં કોઈપણ ઈસમોએ પોતાની હાથ લારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ. પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(યુ) અન્વયેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૫૯૪ થી ૯૬૦૫/૨૦૧૫.–ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાય છે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે અને ઘાસ, કામળા, વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન શુકલતીર્થ ગામની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(યુ) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોકત મેળાના દિવસો દરમ્યાન શુકલતીર્થ ગ્રામ પંચાયતની હદમાં કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૯મી માહે નવેમ્બર સને ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી-૪૫૨૭ થી ૪૫૪૭/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવાના હેતુથી હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ ની

INDEX

કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૫ના ૮-૦૦ કલાકથી તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૫ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા મનાઈ છે.

(૧) હથિયાર, તલવાર, ધોકા, સોટી/લાકડી, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

અપવાદ :-

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ દ્વારા જેઓને શારીરિક અશક્તિ છે, તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ના ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

ભરૂચ, તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૧૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૪૫૭૭ થી ૪૫૯૭/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત રહે છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસની કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તા. ૨૫મી નવેમ્બર, ૨૦૧૫નાં કલાક ૮-૦૦ થી તા. ૯મી ડીસેમ્બર, ૨૦૧૫નાં રોજ રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઈસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાળ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઈ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦નાં પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૫.

વાંચ્યો :-

(૧) અત્રેના જાહેરનામા ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૪૧૯ થી ૯૪૨૯, તા. ૫-૧૧-૨૦૧૫.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી (મા. × મ.) વિભાગ, ભરૂચના પત્ર નં. પીબી/૨/અંકલે/૬૮૦૨/૨૦૧૫, તારીખ ૧૬-૧૧-૨૦૧૫.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૯૮૨૭ થી ૯૮૩૭/૨૦૧૫.–કાર્યપાલક ઈજનેરશ્રી (મા. × મ.) વિભાગ, ભરૂચના રીપોર્ટ મુજબ તેઓની કચેરી હસ્તક હાલમાં અંકલેશ્વર-ગડખોલ રોડ પર રેલ્વે ઓવરબ્રીજનું રીપેરીંગ કામ ચાલુ છે. સદર રસ્તા પરથી મલ્ટી એક્ષલ વાહનો પસાર થતાં હોય, કામમાં અવરોધ ઉભો થાય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી)

INDEX

અન્વયે મળેલ સત્તાની રૂએ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી જાહેર જનતાની સુવિધા માટે અંકલેશ્વર-રાજપીપળા ચોકડીથી ગડખોલ પાટીયા સુધીનો મલ્ટી એક્ષલ વાહનોની અવર જવર માટે કરવા આમુખ (૧) થી જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

આમુખ (૨) થી કાર્યપાલક ઇજનેરશ્રી મા. × મ. વિભાગ, ભરૂચે જણાવેલ છે કે, હેવી લોડેડ ટ્રક્સ તથા લકઝરી બસો જવાથી અકસ્માત થવાનો ભય રહેતો હોઇ તા. ૫મી નવેમ્બર, ૨૦૧૫ના જાહેરનામામાં આંશિક સુધારો કરી અંકલેશ્વર રેલ્વે ઓવરબ્રીજ નીચેથી ભારે ઓવર લોડેડ ટ્રકો, લકઝરી બસો તથા મલ્ટી એક્ષલ વાહનો ઉપર તા. ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી પ્રતિબંધ મુકવા જણાવેલ છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (G.A.S.), ભરૂચ, આમુખ (૧) થી બહાર પાડેલ જાહેરનામામાં આંશિક સુધારો કરી તા. ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ સુધી જાહેર જનતાની સુવિધા માટે અંકલેશ્વર, રાજપીપળા ચોકડી થી ગડખોલ પાટિયા સુધીનો રસ્તો ભારે ઓવર લોડેડ ટ્રકો, લકઝરી બસો તથા મલ્ટી એક્ષલ વાહનોની અવરજવર માટે બંધ કરવા આદેશ કરું છું. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) સુરત તરફથી આવતા મલ્ટી એક્ષલ વાહનો રાજપીપળા ચોકડી થી વાયા માંડવા, અંદાડા થઇ રાજપીપળા ચોકડી થી વાયા માંડવા, અંદાડા થઇ ગડખોલ તરફ જઇ શકશે.

(૨) ગડખોલ તરફથી અંકલેશ્વર તરફ આવતા મલ્ટી એક્ષલ વાહનો અંદાડા, માંડવા થઇ રાજપીપળા ચોકડી થઇ અંકલેશ્વર તરફ જઇ શકશે.

આ જાહેરનામાનાં કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિમય, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરાનો સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૬૩/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ–૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીની મત ગણતરીને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી,વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૬૪/૨૦૧૫.–ગુજરાત પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨માં)ની કલમ–૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે પરિસ્થિતિને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ-સલામતી તથા કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું

નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૬૫/૨૦૧૫.—પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ થી જણાવ્યા અનુસાર ડીવીઝનલ સીકયુરીટી કમિશનર આર.પી.એફ. મુંબઇ સેન્ટ્રલના તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫ના પત્રમાં જણાવ્યાનુસાર આર.પી.એફના કર્મચારીની ફાયરીંગ પ્રેકટીશ તા. ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તા. ૨૫મી ડીસેમ્બર, ૨૦૧૫ દરમ્યાન ક. ૦૭-૦૦ થી ૧૮-૦૦ સુધી ભીલાડ ખાતે રાખેલ છે. ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિદ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) કલમ- ૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ, તા. ઉંમરગામ, જિ. વલસાડના ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૫મી ડીસેમ્બર, ૨૦૧૫ (દિન-૧૧) સુધી સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ કલાક દરમ્યાન ફાયરીંગ પ્રેક્ટીશ યોજાનાર હોય તે દરમ્યાન આજુ બાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેક્ટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

એ. ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના-૨૨)ની કલમ-૩૭ (૧) (છ) અન્વયેનો.

નંબર એમ.એ.જી./બીપીએ/રજી.-૧૯૩૬-૧૯૫૩/૨૦૧૫.—રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા / તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ જિલ્લામાં મતદાનની તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના તેમજ મત ગણતરીની તા. ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ નક્કી કરવામાં આવેલ છે. મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઇ અધિનિયમ ૨૨)ની કલમ-૩૭ (૧) (છ)પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જગદીશ ડોડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા જિલ્લા / તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫ની તબક્કાવાર પ્રક્રિયા દરમ્યાન ચૂંટણી આચાર સંહિતાને ધ્યાનમાં રાખતો કાયદો-વ્યવસ્થાની જાળવણી સારૂ તથા જાહેર હિત અને જાહેર સલામતીને કારણે ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિતએ આજ થી તા. ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઇપણ ઉમેદવાર કે વ્યકિતએ પોતાના ચૂંટણી પ્રચાર અંગે જાહેર માર્ગો સાર્વજનિક માર્ગે, જાહેર કે સરકારી મકાનો, જગ્યાઓ, મિલક્તો કે માર્ગો બંન્ને બાજુઓ વાહન વ્યવહાર માટે વપરાતા પ્રવર્ત રહેતા રસ્તા, ક્રોસીંગ, ચાર રસ્તા, એસ. ટી. સ્ટેન્ડ, શેરીઓના નાકા-મકાનો જાહેર મિલકતો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, પુંઠા કે કાગળ કે અન્ય માધ્યમોના પોસ્ટરો, ચિત્રો અને રાજકીય અગ્રણીઓના કટ આઉટ વગેરે ઉભા કરવાનો અને પ્રદર્શિત કરવાનો અને એ જ રીતે રેલ્વેની મિલ્કતો, સરકારી મકાનો, જાહેર મિલ્કતો તથા વિજળી અને ટેલીફોન થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજો, જાહેર પાટીયા, બેનરો, ધજા, પતાકા, ભીંત ચિત્રો વિગેરે ચૂંટણીના પ્રચાર માટે મુકવા કે ઉભા કરવા નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧નો પોલીસ અધિનિયમ-૨૨)ની કલમ-૧૩૧ (૪) મુજબ એક મહિના સુધીની કેદની સજા અથવા બસો રૂપીયા સુધીના દંડની અથવા બંન્ને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ રોજ તા. ૨૧મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવે છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી-૧૯૫૪-૧૯૭૧/૨૦૧૫.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં)ની કલમ—૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જગદીશ ડોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, આગામી જિલ્લા / તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે આજ થી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ ના સમય માટે (આ દિવસો સહિત) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવા.

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ૪ (ચાર) માસની અને વધુમાં વધુ ૧ (એક) વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી-૧૯૭૨-૧૯૮૯/૨૦૧૫.–રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/ તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જેને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ–૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, જગદીશ ડોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ફરમાવું છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે આજ થી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ના સમય માટે ૪ (ચાર) કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ૪ (ચાર) કરતાં વધુ વ્યક્તિઓ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :-

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, અથવા દેવળમાં પ્રાર્થના કરતી બોનોફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/સીઆરપીસી/રજી.-૧૯૯૦-૨૦૦૭/૨૦૧૫.– રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અંતર્ગત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક ઈએલસી/સીઓસી/૩(૭)/૧૦૨૦૧૫/ક, તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના ફકરા-૩ મુજબ આદર્શ આચાર સંહિતા બાબતની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડી તેનો અમલ કરવા સુચના આપવામાં આવેલ છે.

ચૂંટણીઓ દરમ્યાન ઉમેદવાર તથા રાજકીય પક્ષો તરફથી ચૂંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજવામાં આવશે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને જાહેર સુલેહ-શાંતિ જાળવવા સારૂ અનઅધિકૃત રીતની સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

ઉપર મુજબની વિગતો ધ્યાને લેતા હું, જગદીશ ડોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ડાંગ જિલ્લાના તમામ વિસ્તાર માટે ફરમાવું છું કે, સક્ષમ અધિકારીશ્રીની પુર્વ પરવાનગી વિના ચાર કે તેથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહિ, કોઇ સભા કરવી નહી કે, બોલાવવી નહિ કે સરઘસ કાઢવું નહીં.

આ હુકમ નીચેના કિસ્સાઓમાં લાગુ પડશે નહિં.

(૧) લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ.ટી. બસમાં, રેલ્વે મુસાફરી માટે કે મંદિર, મસ્જીદ કે દેવળમાં પ્રાર્થના માટે શુધ્ધ આશયથી જતી વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૨) સક્ષમ અધિકારીશ્રીએ આપેલ સભા/સરઘસની પરવાનગીથી યોજાતા સભા કે સરઘસમાં જતી, ભાગ લેતી વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમ આજ થી તા. ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી ડાંગ જિલ્લા હસ્તકનાં સમગ્ર વિસ્તારમાં આમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) મુજબ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૨૧મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

INDEX

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/સીઆરપીસી/રજી.-૨૦૦૮-૨૦૨૫/૨૦૧૫.– રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અંતર્ગત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક ઇએલસી/સીઓસી/૩(૭)/૧૦૨૦૧૫/ક, તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના ફકરા-૩ મુજબ આદર્શ આચાર સંહિતા સંબંધે આપેલ સુચના અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ./૧૩૮(૧)/૧૨૨૦૦૯/ક, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા મુજબ ચૂંટણી સમયે મતદાન મથકની આજુબાજુના પ્રતિબંધિત વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સૂચનાઓ આપવામાં આવેલ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતિ જળવાઇ તે માટે કેટલાક નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

ઉપર મુજબની વિગતો ધ્યાને લેતાં હું, જગદીશ ડોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ ફરમાવું છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ દરેક મતદાન મથક/મથકોએ કોઇ પણ રાજકીય પક્ષ, ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ અન્ય કોઇ વ્યકિતએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૧) મતદાન મથકના ૨૦૦ મીટરનાં અંતર સુધીમાં કોઇપણ મંડપ બાંધવો નહિ એક જ મંડપ બાંધી શકાશે. અને તેમાં ૧ ટેબલ અને ૨ ખુરશી રાખી શકાશે. તડકાથી/વરસાદથી રક્ષણ માટે છત્રી આથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે. પરંતુ મંડપની ફરતે કંતાન કે પછેડી જેવી આડશ લગાવી શકાશે નહી.

(૨) આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારોએ જગ્યા અંગે સ્થાનિક સત્તા મંડળની લેખિત મંજુરી મેળવવી અને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને જાણ કરવાની રહેશે.

(૩) મતદારોને જે સ્લીપ આપવામાં આવે તેમાં ઉમેદવારનું નામ/ચિહન, પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ સાથે મતદાન મથકના ૧૦૦ મીટરમાં જઇ શકાશે નહી.

(૪) મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર કરી શકાશે નહીં.

(૫) ઉમેદવારોનાં કેમ્પ સાદા હોવા જોઇએ, તેની ઉપર કોઇ પોષ્ટર, વાવટા, પ્રતિકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શિત કરી શકાશે નહીં.

(૬) મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઇ કૃત્ય થવા દેશે નહીં.

(૭) મતદાન મથકની ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન્સ, કોર્ડ લેસ ફોન્સ, વાયરલેસ સેટ લઇ પ્રવેશી શકાશે નહીં.

આ હુકમ નીચેના કિસ્સામાં લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરી હોય તેમની ઉપરી અધિકારીઓએ આવું કાર્ય કરવા ફરમાવ્યું હોય અથવા ફરજ ઉપર હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમ આજ થી ૦૦-૦૦ કલાક થી તા. ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી ડાંગ જિલ્લા હસ્તકનાં સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાના પાત્ર થશે.

આજ રોજ તા. ૨૧મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/સીઆરપીસી/રજી.-૨૦૨૬-૨૦૪૩/૨૦૧૫.– રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અંતર્ગત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક ઇએલસી/સીઓસી/૩(૭)/૧૦૨૦૧૫/ક, તા. ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ના ફકરા-૩ મુજબ આદર્શ આચાર સંહિતા સંબંધે આપેલ સુચના અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક રાચપ/ચટણ/સીઓસી/સ્થા. સ્વ./૧૩૮(૧)/૧૨૨૦૦૯/ક, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા મુજબ ચૂંટણી સમયે ભાષણો, પોષ્ટરો, સંગીત સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇપણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ નહિ કરવા સૂચના આપવામાં આવેલ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતિ જળવાઇ તે માટે કેટલાક નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

ઉપર મુજબની વિગતો ધ્યાને લેતાં હું, જગદીશ ડોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ ફરમાવું છું કે, ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવારે તથા તેમના કાર્યકરો, સમર્થકોએ ભાષણો, પોષ્ટરો, સંગીત વગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇપણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજ થી ૦૦-૦૦ કલાક થી તા. ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪-૦૦ સુધી ડાંગ જિલ્લા હસ્તકનાં સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાના પાત્ર થશે.

આજ રોજ તા. ૨૧મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

જગદીશ ડોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નધણ/એએચએમ/સે-૪૦૫૭૭/૨૦૧૫.—આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ગાણોલ કૃષિ વિષયક ખરીદ-વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મું. ગાણોલ, તાલુકો ધોળકા, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓકટોબર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

નંબર નધણ/એમ.એસ.એન./સે-૪૩૯૮૦/૨૦૧૫.–આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી ક્રિષ્ણા કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મું. તા. ખેરાલુ, જિલ્લો મહેસાણાના કાર્યક્ષેત્ર ખેરાલુ, વડનગર અને વિસનગર તાલુકાઓ પરતું મર્યાદિત રહેશે.

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫.

નંબર નધણ/એમ.એસ.એન./ભં-૪૭૨૭/૨૦૧૫.–આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી ઉમિયા કન્ઝયુમર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી., મું. કહોડા, તા. ઉંઝા, જિલ્લો મહેસાણાના કાર્યક્ષેત્ર કહોડા ગામ પુરતું મર્યાદિત રહેશે.

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૯મી ઓકટોબર, ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૨૨/૨૦૧૫, તારીખ ૨૯મી મે, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવા સારૂ કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૩૪૩/૫૮૩૬/૨૦૧૫.– શ્રી લીંબજનગર કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લી., મું. તા. જિ. મહેસાણા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક ધ-૧૦૭૩૯, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૮૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ (૧) વંચાણે લીધેલ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાનો આદેશ સામે વાંધા સૂચન હોય તો, રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદ્દેદારો તરફથી લેખિત / રૂબરૂમાં કોઈ વાંધા સૂચન મળેલ નહોઈ સદરહું મંડળીને આમુખ (૩) થી મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૭મી ઓગષ્ટ, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

હું, એસ. આર. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હા), મહેસાણા, મને મળેલ સત્તાની રૂઈએ, શ્રી લીંબજનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. તા. જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરવાની રહે છે.

મહેસાણા, તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૧૫.

એસ. આર. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા)
મહેસાણા.

નંબર નધણ/વીએલડી/ઘ-૨૫૧૪૫/૩૦૫/સા-૯૨૫૧/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, પરમહોમ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મોગરાવાડી, વલસાડ, તા. જિલ્લો વલસાડને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫.

નંબર નધણ/વીએલડી/સા-૯૨૫૩/૨૭૮/સા-૯૨૫૧/૨૦૧૫.– આથી જાહેર કરે છે કે, શ્રી શિવરાજ પાર્ક કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., વજીફદાર સ્ટ્રીટ, હાલર, તા. જિલ્લો વલસાડને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ(હાઉસીંગ), વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ.

(૩) કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ-૨/ /૨૦૧૫, તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ-૨/૧૮૪૫૩/૩૪૩/૨૦૧૫.– શ્રી જય ઉમિયા પિયત સહકારી મંડળી લી., મુ. માંકણજ, તા.જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક : ખે. ૫૪૫૩, તારીખ ૧૯મી માર્ચ, ૨૦૦૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ (૩) વંચાણે લીધેલ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ખંડ (એ) અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને સદર વચગાળાનો આદેશ સામે વાંધા સૂચન હોય તો, રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. જે વચગાળાના હુકમ સામે મંડળીના હોદેદારો તરફથી લેખિત / રૂબરૂમાં કોઈ વાંધા સુચન મળેલ ન હોઈ, સદરહું મંડળીને આમુખ (૧) થી મળેલ સત્તાની રૂઈએ તારીખ ૭મી ઓકટોબર, ૨૦૧૫ના વચગાળાના હુકમને બહાલ રાખતો ફડચાનો અંતિમ આદેશ કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

હું, પી. એસ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, મને મળેલ સત્તાની રૂઈએ, ‘‘શ્રી જય ઉમિયા પિયત સહકારી મંડળી લી., મું. માંકણજ, તા. જિ. મહેસાણાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી ઓડીટર ગ્રેડ-૨ (નં. જ-૪), ધી મહેસાણા લગત જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરૂં છું.’’

આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, ફડચાની કામગીરી, આ આદેશની તારીખ થી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે નામદાર સરકારશ્રીમાં જમા કરવાની રહે છે.

મહેસાણા, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫.

પી. એસ. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામાથી મળેલ સત્તાની સોંપણી.

(૩) અત્રેની કચેરીનો તારીખ ૨૬-૩-૨૦૧૫નો વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા.નં. ખપગ/ખ-૩/૦૧/૧૫૮/૧૫૭૮/૨૦૧૫.–ધી અનોડીયા સેવા સહકારી મંડળી લી., અનોડીયા, તા. માણસા, જિ. ગાંધીનગર (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) અનુસાર તા. ૩૦મી મે, ૧૯૬૧ના નોંધણી નં. ૧૨૭૬ અન્વયે નોંધાયેલ પ્રાથમિક મંડળીને વંચાણે લીધેલ ક્રમ-૩ થી ફડચામાં લઇ જવા વચગાળાના આદેશ કરવામાં આવેલ. મંડળી તરફથી કોઇ લેખિત કે મૌખિક રજુઆત થયેલ ન હોઇ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

INDEX

અંતિમ આદેશ

આથી, હું, ઉર્વશી બ્રહ્મભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગર મને મળેલ અધિકારની રૂઇએ ધી અનોડીયા સેવા સહકારી મંડળી લી., અનોડીયા, કે જેનો નોંધણી ક્રમાંક : ૧૨૭૬, તારીખ ૩૦મી મે, ૧૯૬૧ છે. તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે આટોપી લેવા અંતિમ આદેશ કરૂં છું.

ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧-૭-૨૦૧૧ના જાહેરનામાથી મળેલ સત્તાની સોંપણી.

(૩) અત્રેની કચેરીના તારીખ ૭-૪-૧૯૯૩ ના હુકમ નં. જા.ન. ઉખસ/ફડચ/ચ-૩/૩૮૦૨/૧૯૯૩.

(૪) શ્રી સહકારી અધિકારી ફડચા તારીખ ૨૯-૧૦-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૧૬૩/૨૦૧૫.

(૫) દૈનિક ગાંધીનગર સમાચારપત્ર તારીખ ૨૯-૮-૨૦૧૫ના રોજ આપેલ જાહેરાત.

પ્રસ્તાવના

જા.નં. ખપગ/૦૧/ગ-૩/૧૫૯/૧૫૮૯/૨૦૧૫.–ધી વિશ્વકર્મા મજૂર કામદાર સહકારી મંડળી લી., મુ.તા.જિ. ગાંધીનગરની નોંધણી ક્રમાંક : ઉ-૫૩૭૬, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૮૩ થી કરવામાં આવી હતી. સદર મંડળી આમુખ નં. ૩ માં જણાવેલ હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ હતી.

મંડળીનો ચાર્જ મેળવવા માટે ફડચા અધિકારી દ્વારા તારીખ ૧૫મી જૂન, ૧૯૯૩ના પત્રથી તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૩ના રોજ ભારતીય ફોજદારી ધારા કલમ-૧૭૫ અન્વયે ફરીયાદ પણ નોંધાયેલ અને સદર કેસ અંગે થયેલ પ્રગતિ અંગે માહિતી પુરી પાડવા અંગે ૨૦મી માર્ચ, ૨૦૧૪, ૧૯મી મે, ૨૦૧૪ મે. જજ. ફસ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સાહેબ, કોર્ટ કચેરી ગાંધીનગર પાસે પ્રગતિ અહેવાલ અથવા નિકાલ અંગે ઉપલબ્ધ માહિતી પણ અત્રેથી માંગવામાં આવેલ જે આજ દિન સુધી મળવામાં નથી.

વધુમાં ફડચા અધિકારી શ્રી દ્વારા અપાયેલ તારીખ ૧૫મી જુન, ૧૯૯૩ની નોટીસના અન્વયે તારીખ ૨જી જુલાઇ, ૨૦૦૨ના રોજ ધીરજલાલ શર્મા તરફથી લેખિતમાં જણાવેલ કે તેઓશ્રીએ ૧૯૮૭ના વર્ષમાં મંડળીમાંથી રાજીનામું આપેલ અને છુટા થયેલ અને દફતર અંગે તેઓને કોઇ જાણકારી નથી તેમ જણાવેલ આમ ફડચા અધિકારીશ્રીએ દફતર મેળવવા કરેલ પ્રયત્નો છતાં દફતર મળેલ નથી. આ મંડળીના હોદેદારોના કોઇ નામ સરનામાં ન હોઇ પત્તો મળવામાં નથી. જેથી મંડળી નોંધાયેલ સરનામે અસ્તીત્વમાં નથી. તેમ માનવાને પુરતા કારણો છે.

ફડચા અધિકારીશ્રી દ્વારા તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ગાંધીનગર સમાચારપત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મંડળીના હોદેદારો તથા દેવાદારોને પોતાના લેણાં-દેવા આ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૬૦માં તેઓની કચેરીએ આધાર-પુરાવા સહ નોંધાવી જવા જણાવવામાં આવેલ અને ત્યારબાદ કોઇ હક્ક દાવા નોંધવામાં આવેલ નથી. અને તે મુજબ ફડચાની કામગીરી સમાપ્ત કરી મંડળીને આટોપી લેવામાં આવશે તેમ જણાવેલ હતું તે સંદર્ભમાં તેઓને રેકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી.

આમ ઉપર જણાવેલ વિગતો મુજબ ફડચા અધિકારીશ્રી તરફથી મંડળીના નોંધણી રદ કરવા અંગેના ભલામણસહ આમુખ-(૪) થી અત્રેને મોકલેલ છે. જેથી સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોઇ ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમાં લેતાં આમુખ (૬) માં જણાવેલ જાહેરનામા અન્વયે અત્રેને મળેલ સત્તાને આધિન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, ઉર્વશી બ્રહ્મભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર, વંચાણે લીધા ક્રમાંક : (૧) અને (૨) તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ, ધી વિશ્વકર્મા મજૂર કામદાર સહકારી મંડળી લી., મુ.તા.જિ. ગાંધીનગર કે જેનો નોંધણી નંબર : ઉ-૫૩૭૬, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૮૩ છે. સદરહુ મંડળીની નોંધણી રદ કરવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, DECEMBER 10, 2015 / AGRAHAYANA 19, 1937 [No. 50

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1887-1988	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	99
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	50	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	4209-4253

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ભારતીય નિર્વચન આયોગ તરફથી લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(ક) હેઠળ.

ભારતના ચૂંટણી પંચના તા. ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૯ના આદેશ ક્રમાંક PLN/૧/અન્વયે મધ અને નશીલા પદાર્થોના વેચાણ કરનારાઓને વેચાણનું સ્થળ (દુકાન) બંધ રાખવા અંગે કાઢેલો.

ક્રમાંકઃ વિ.શા./સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી/જાહેરનામુ/૧૭/ ૪૪૬૪/ ૨૦૧૫.–ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ વડોદરા તાલુકા/જિલ્લા મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ નક્કી કરવામાં આવેલ છે. આ ચૂંટણી દરમ્યાન સમગ્ર વડોદરા શહેર વિસ્તારમાં મતદારોની સાચી પસંદગીની છબી ઉપસાવે તેવી શાંતિ, સ્વચ્છ અને સ્વતંત્ર ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા તથા ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા તેમજ જાહેર સુમેળ અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા સારૂ અને જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે ભારતીય નિર્વાચન આયોગ તરફથી લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(ક) હેઠળ આયોગમાં નિહિત થયેલ સત્તાની રૂએ બહાર પાડેલ આદેશ તથા ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨ થી મને મળેલ સત્તાની રૂએ હું ઈ.રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા આથી આદેશ આપું છું કે, સમગ્ર વડોદરા શહેર વિસ્તારોમાં આવેલ મધ અને નશીલા પદાર્થોનું વેચાણ કરવા માટે પરવાનો ધરાવતી વ્યક્તિઓએ તાલુકા/જિલ્લા ચૂંટણી તેમજ મતગણતરી

INDEX

દરમ્યાન નીચેના દિવસોએ મધ અને નશીલા પદાર્થોનું વેચાણ સ્થળ/દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ, કલબ, દારૂનું પીઠું કે બીજા કોઈપણ સ્થળ કે, જ્યાં કેફી/ નશીલા પદાર્થોનું વેચાણ થતું હોય તેવા સ્થળો બંધ રાખવા.

(૧) મતદાન તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નો સમય પુરો થવાના કલાકની સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય. (એટલે કે, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૧૭:-૦૦ થી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૧૭:૦૦ સુધી)

(૨) મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના દિવસનો આગળનો દિવસ.

(૩) મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫નો દિવસ.

(૪) મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના તરત પછીનો દિવસ.

ઉપરોક્ત દિવસોને ''ડ્રાઈ ડે'' તરીકે જાહેર કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનારને ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ તેમજ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૬૮ તથા ૯૦ જોગવાઈ મુજબ સજા અથવા દંડ અથવા તે બંનેની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સીલ સાથે બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧), (DB) અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./જી.તા.પં.સા.ચૂં./જાહેરનામું/૪૪૬૫/૨૦૧૫.– ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ જાહેર કરેલ છે. તે મુજબ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૧૫થી ઉમેદવારી પત્રો સ્વીકારવાની કામગીરી શરૂ થનાર છે અને મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ નક્કી કરવામાં આવેલ છે. ગુજરાતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંકઃ E.C.I./P.N./૧૦/૨૦૧૪, તારીખ ૫મી માર્ચ, ૨૦૧૪ની ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ જાહેરાતના પાટીયા, બેનર્સ વગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગો, માલિકીના મકાનો, કંપાઉન્ડ વોલ વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર્સ, રાજકીય અગ્રણીઓના કટ-આઉટ ઉભા કરવાથી / પ્રદર્શિત કરવાથી તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મલિકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર્સ, ભીંતચિત્રો વિગેરે ઉભા કરવાથી / મુકવાથી ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતિ વધવા સંભવ છે. ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે, જેથી આ માટે જરૂરી નિયંત્રણ મુકવા જરૂરી છે.

વાસ્તે હું ઈ.રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં......

(૧) કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ, દરવાજા, કમાનો, પોસ્ટર્સ, પેમ્ફલેટ, જાહેરાતોના પાટીયા, ધજા-પતાકા, ભીંતચિત્રો, ભીંતસુત્રો, તથા કોઈપણ પ્રકારનું ચૂંટણીલક્ષી સાહિત્ય વિગરે જાહેર મિલકત ઉપર કે જાહેર જગ્યા ઉપર મુકી શકાશે નહી. એટલે કે, સરકારી, વડોદરા મહાનગર સેવા સદન કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ વગેરે હસ્તકની મિલકતો તથા જગ્યાઓ ઉપર (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ) મુકી કે ચોંટાડી શકાશે નહી.

(૨) કોઈપણ ખાનગી માલીકીની મીલકત/જગ્યા પર માલીકની સંમતી હશે તો પણ ચૂંટણી લક્ષી હોર્ડીંગ, કટઆઉટ, બેનર્સ, પોસ્ટર્સ, પેમ્ફલેટ, ભીંતચિત્રો, ભીંતસુત્રો, ચૂંટણી લક્ષી સાહિત્ય વિગેરે મુકી શકશે નહી કે ચોટાડી શકશે નહી કે લખી શકશે નહીં. પરંતુ રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટ, કાર્યકર્તાઓ તથા સમર્થકો તેમની પોતાની માલીકીની મિલ્કત ઉપર પોતાની સ્વેચ્છાએ કોઈપણ જાતના દાબ દબાણ સિવાય પક્ષનો ફક્ત એકજ ધ્વજ નિશાન સાથે પ્રદર્શિત કરી શકશે.

(૩) જાહેર મિલ્કતો તથા મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઇપણ ધાર્મિક / પ્રાર્થના સ્થળોનો ચૂંટણી લક્ષી ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે ચૂંટણીપ્રચાર માટે ઉપયોગ કરી શકશે નહી.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ આજરોજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦:૦૦ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./જી.તા.પં.સા.ચૂં./જાહેરનામું/૪૪૬૬/૨૦૧૫.–ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫-નવેમ્બર-૨૦૧૫માં યોજનાર છે. આ ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ ચૂંટણી મુક્ત, ન્યાયી અને તટસ્થ રીતે થાય તે માટે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૯ તથા ૧૩૦ની

જોગવાઈ અનુસાર મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઈ.રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી માર્ચ, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર GG/૪૪૨/C.R.C./૧૦૮૨/૧૦૮૦/M અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭/૦૧/૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં.જ. GG/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ, (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ)ને એકઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ના અધિકારોનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૦:૦૦ થી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી મતદાનના દિવસે મતદાનના મથકની અંદર તથા મતદાન મથકની ૧૦૦ મીટરના વિસ્તારમાં આવેલ કોઈ જાહેર કે ખાનગી સ્થળે કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને તેનો મત આપવા માટે સમજાવવા.

(૨) ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને તેનો મત ન આપવા માટે સમજાવવા.

(૩) ચૂંટણીમાં કોઈપણ રીતે કોઈ વ્યકિતના મતદાનને અસર પહોંચાડવાની કોશીષ કરવી.

(૪) મત માટે પ્રચાર કરવો.

(૫) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

(૬) અમુક ઉમેદવારને મત ન આપવા કોઈ મતદારને સમજાવવા.

(૭) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૮) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાનીઓ પ્રદર્શિત કરવી.

(૯) સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસફોન, વાયરલેસસેટ, વગેરે લઈ જવાની.

(૧૦) મતદાન મથકની હદમાં સંબંધીત મતદાર, ઉમેદવાર કે તેના અધિકૃત ચૂંટણી એજન્ટ, ઉમેદવારના અધિકૃત પોલીંગ એજન્ટો, ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા અધિકારીઓ તથા ચુંટણીપંચ તરફથી અધિકૃત કરેલ વ્યકિતઓ સિવાયની વ્યકિત પ્રવેશી શકશે નહીં.

આ આદેશોનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન, હેન્ડસેટ વોકીટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે જેવા સાધનો મળી આવશે તો, સ્થળ પરના સુરક્ષા અધિકારીઓ આ સાધનો જપ્ત કરી શકશે.

અપવાદ

કાયદો અને વ્યવસ્થાના ઇન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા સેલ્યુલર ફોન, હેન્ડ સેટ, વોકી ટોકી, કોર્ડલેસ ફોન, વાયરલેસ વગેરેનો ઉપયોગ કરી શકશે. મતદાન મથકે નિમવામાં આવેલા કર્મચારીઓ પૈકી ફકત પ્રિસાઈડીંગ ઓફીસર અને ચૂંટણીપંચના નિરીક્ષક/સેકટર ઓફીસર/માઈક્રોસ્ટેટીક ઓબ્ઝર્વર અથવા જિલ્લા ચૂંટણી અધિકારી કે લોકસભામત વિભાગના ચૂંટણી અધિકારી નિમેલા અધિકારી મતદાન મથકમાં તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

વિસ્તારો

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર / ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તેમજ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહુ હુકમ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૦:૦૦ થી મતદાનપૂર્ણ થાય ત્યાં સુધી.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૬ (ક) અન્વયે કાઢેલો.

ક્રમાંકઃ વિ.શા./જી.તા.પં.સા.ચૂં./જાહેરનામું/૪૪૬૭/૦૧૫.–ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ થવાની છે અને તે અંગે મતદાન તથા મત નોંધણી કરવા વિવિધ મતદાન મથકો ખોલવામાં આવેલ છે.

મોટાભાગના મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા સારૂ મોટી સંખ્યામાં મતદાન કરવા મતદાન મથકો ઉપર એકઠા થશે. જેથી મતદાન મથકો ઉપર ભીડ રહેવા સંભવ છે. જેથી મતદાન મથકો અને તેની આજુ બાજુના વિસ્તારમાં વ્યવસ્થા જાળવવાની જરૂરિયાત છે.

વાસ્તે હું, ઈ.રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ધી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૬ (ક) મુજબ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના સમગ્ર વિસ્તાર માટે હુકમ કરૂ છું કે,

તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૬:૦૦ થી મતદાન પુરૂ થાય ત્યાં સુધી

(૧) દરેક મતદાર મતદાન મથકનાં પ્રવેશ દ્વાર પાસે હારમાં ઉભા રહેશે તથા સ્ત્રી/પુરૂષની અલગ અલગ લાઈન કરવાની રહેશે.

INDEX

(૨) દરેક મતદાર મતદાન મથકમાં પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થશે.

(૩) મતદાન કર્યા પછી તાત્કાલિક મતદાન મથક છોડી દેશે, ઉમેદવારના ટેબલ પર રોકાશે નહીં.

(૪) કોઈપણ વાહન પોલીસ બુથથી ૧૦૦ મીટરની અંદર પ્રવેશ કરશે નહીં સિવાય કે ફરજ ઉપરના અધિકારીશ્રીના વાહનો.

(૫) મતદાન મથક ઉપર અંદર કે બહાર ધાંધલીયું વર્તન કરશે નહી.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૩) અન્વયેનો.

ક્રમાંકઃ વિ.શા./જી.તા.પં.સા.ચૂં./જાહેરનામું/૪૪૬૮/૨૦૧૫.–જિલ્લા તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ અન્વયે, વડોદરા શહેર મતદાર વિભાગનું મતદાન તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ થનાર છે. મતગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૮:૦૦ વાગેથી હાથ ધરાશે. જિલ્લા / તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીની મતગણતરી એમ.પી. પટેલ હાઈસ્કુલ, દશરથ ગામ, છાણી વડોદરા ખાતે થનાર છે, જે મતગણતરી સ્થળ છાણી પોલીસ સ્ટેશનની હદમાં છે. મતગણતરી સમયે સુલેહ શાંતિ જળવાઈ રહે, ચૂંટણી પ્રક્રિયા ન્યાયી અને મુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર મતગણતરી શરૂ થાય તે સમયથી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી મતગણતરી બિલ્ડીંગના કંપાઉન્ડની દિવાલની આજુ-બાજુમાં ૨૦૦ મીટર ઘેરાવામાં મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવા કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઈ.રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ કલાક ૦૦:૦૦થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચેના સ્થળે મતગણતરી બિલ્ડીંગના કમ્પાઉન્ડની દિવાલની આજુ-બાજુ ૨૦૦ મીટરના ઘેરાવામાં મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

પ્રતિબંધિત વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના નીચે દર્શાવેલ સ્થળે મતગણતરીના કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટર વિસ્તારના ઘેરાવમાં.

(૧) એમ. પી. પટેલ હાઈસ્કૂલ, દશરથ ગામ, છાણી, વડોદરા.

અપવાદ

સરકારી અધિકારી/કર્મચારી તથા પોલીસ અધિકારી/કર્મચારી જે ચૂંટણી મતગણતરી અંગેની ફરજ ઉપર હોય અને મતગણતરીની વ્યવસ્થા સાથે સંકળાયેલા હોય તેવા વ્યકિતને ઉપરોક્ત પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. સદરહું હુકમનો અમલ તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના ૦૦:૦૦ થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) (B) અન્વયે કાઢેલો.

ક્રમાંકઃ વિ.શા./જી.તા.પં.સા.ચૂં./જાહેરનામું/૪૪૬૯/૨૦૧૫.–ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ મતદાનની તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મત ગણતરીની તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ નક્કી કરવામાં આવેલ છે. મતદાનના દિવસે રાજકીયપક્ષો તથા હરીફ ઉમેદવારો દ્વારા મતદાન મથકની નજીકમાં મત આપવા માટે મતદારોને મતદાર યાદીમાંથી તેમના ભાગ નંબર, ક્રમ નંબર, નામવાળી ઓળખ કાપલીઓ આપવા જાહેર રસ્તાઓ પર ટેબલ/ખુરશીઓ મુકવામાં આવે છે. જેનાથી મત આપવા આવતા મતદારો તથા અવર-જવર કરતા લોકોને અને ટ્રાફિકને અડચણ થતી હોય છે. મતદારો સરળતાથી મત આપવા આવી શકે અને પરત જઈ શકે તથા ટ્રાફિકને કોઇ અવરોધ ન થાય તે માટે ગુજરાત રાજ્યના ચૂંટણી પંચના આદેશથી જરૂરી નિયંત્રણો મુકેલ છે.

વડોદરા જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના એજન્ટો/કાર્યકરો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ તથા ખુરશીઓ ગોઠવવામાં આવે છે. જેનાથી લોકોમાં હરકત અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગા ઉપર કોઈ પ્રકારે રાહદારી તથા મત આપવા જનાર લોકોને અગવડ ઉભી ન થાય તે માટે જાહેર હિતમાં નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઈ.રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ધી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (B)થી મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના સમગ્ર વિસ્તાર માટે હુકમ કરૂ છું કે,

(૧) મતદાનના દિવસે મતદાન મથકના મકાનથી ૨૦૦ મીટર ત્રિજ્યા બહાર મતદારોને ઓળખ કાપલીઓ આપવા માટે કોઈપણ ઉમેદવાર જો ઈચ્છે તો એક ટેબલ, બે ખુરશી મુકી શકશે. ટેબલ પર છાયડો કરી શકશે, પરંતુ તેને કવર્ડ કરી શકાશે નહી તથા આ ટેબલ પર ઉમેદવાર તથા પક્ષનું નામ અને નિશાન સાથેનું ફકત એક જ બેનર ૩ ફુટ

INDEX

× ૪.૧/૨ ફુટ સાઇઝનું મુકી શકશે. આવુ ટેબલ મુકવા માટે જે તે ઉમેદવારે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી મતદાન મથકનું નામ, નંબર અને જે જગ્યાએ ટેબલ મુકવાનું હોઇ તે જગ્યાના નામ સાથે જાણ કરવી જોઇશે અને સ્થાનિક સત્તા મંડળ (મહાનગર સેવા સદન, ગ્રામ પંચાયત વિગેરે)ના સક્ષમ અધિકારીની પરવાનગી મેળવી લેવાની રહેશે અને મેળવેલ પરવાનગી જ્યારે કોઇપણ અધિકારી જોવા માગે ત્યારે રજુ કરવાની રહેશે.

(૨) મંજુરી મેળવેલ ટેબલ-ખુરશી ટ્રાફિકને અવરોધ ન થાય તે રીતે મુકવાના રહેશે.

અપવાદ

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહી.

(૧) ચૂંટણીના કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનોને, પોલીસ વાહનોને.

વિસ્તાર

વડોદરા પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ એક દિવસ પુરતો અમલમાં રહેશે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (B) (R) (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક વિ.શા./જિ.તા.પં.સા.ચૂં./-/જાહેરનામું/ ૪૪૭૦/૨૦૧૫.– ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ના કાર્યક્રમ મુજબ મતદાન તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ગુજરાતના નિર્વાચન આયોગે તેના આદેશ ક્રમાંકઃ ૩/૮/૯૪/J.S./II, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૦માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જરૂરી હોવાનું જણાવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો અને તેમા કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફક્ત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, સોસાયટી, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેના કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વૃદ્ધો, અશક્ત અને બિમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડસ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઈ.રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ધી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) R-3 મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વડોદરા શહેર,

(૧) ચૂંટણી પ્રકારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૬:૦૦ કલાક પહેલા અને રાત્રિના ૧૦:૦૦ કલાક પછી કરવો નહીં.

(૨) ચૂંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટીક અથવા માઉન્ટેડ લગાડેલ ફરતાં લાઉડસ્પીકરનો ઉપયોગ સવારના ૦૬:૦૦ કલાક પહેલા અને રાત્રિના ૧૦:૦૦ કલાક પછી કરવો નહી.

(૩) કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને સવારના ૦૬:૦૦ કલાક થી રાતના ૧૦:૦૦ કલાક સુધી થઈ શકશે.

(૪) સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો નહી. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૬:૦૦ કલાક પહેલા અને રાત્રિના ૧૦:૦૦ કલાક પછી કરી શકાશે નહીં.

(૫) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હીકલ એક્ટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન ઉપર ચૂંટણી પ્રચાર અર્થે લાઉડસ્પીકર મુકી શકાશે નહી અને આવી પરવાનગી મેળવેલ વાહનો માટે લાઉડસ્પીકરના ઉપયોગ માટે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી પાસેથી નિયત પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબંધિત મતદાર ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતાં પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૭) લેખીત પરવાનગી વગર કોઈ પણ પ્રકારનાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લાઉડસ્પીકર અને લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

અપવાદ

સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૪ના જાહેરનામાં નં. G.N.V.-૨૦૧૪-(૦૧)-E.N.V.-૧૦-૨૦૦૩-૨૦૧૭-E થી ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ અંતર્ગત વર્ષ-૨૦૧૪માં કેટલા ધાર્મિક તહેવારો/સાંસ્કૃતિક પ્રસંગોના ઉજવણીના પ્રસંગોએ આપેલ છુટછાટ મુજબ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે.

અમલવારીનો સમય અને વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આ હુકમનો અમલ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦:૦૦ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./હથિ.બંધી.જાહેરનામું/૪૪૭૨/૨૦૧૫.–વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં મહાનગર પાલીકા/જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ ઈદેમિલાદ, મકરસંક્રાતી જેવા ધાર્મિક તહેવારો આવી રહ્યા છે. તેમજ જુદી જુદી શોભાયાત્રાઓ તથા અન્ય રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલની આતંકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહિત વાતાવરણ રાખવા તથા ખાનગી સુરક્ષા એજીન્સીના માણસો પરવાનાવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ પરવાનાવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજયોમાંથી આખા ભારતના પરવાના મેળવી વડોદરામાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. પરવાનાવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી ખાનગી સુરક્ષા એજન્સીના માણસો જાહેર જગ્યામાં પરવાનાવાળા હથિયારો લઈને ફરે નહિ તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઇ. રાધાકૃષ્ણ I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર તથા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું;

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવાની, હવામાં ફાયર કરવાની, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવાની;

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવાની;

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની;

(૬) વ્યક્તિઓના પૂતળા બાળવા/લટકાવવાની/પૂતળાને ફાંસી આપવાની;

(૭) ખાનગી સુરક્ષા એજન્સીના સંચાલક અને કર્મચારી પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યામાં જઈ શકશે નહિ;

(૮) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

અમલવારીનો પીરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/૪૪૭૩/૨૦૧૫.–વડોદરા શહેરમાં તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫થી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી ઈદેમિલાદ, મકરસંક્રાંતિ જેવા તહેવારો દરમ્યાન જાહેરમાં દારૂખાના (ફટાકડા) દુકાનો ઉપર વેચાણ થતું હોય છે, તેમજ દારૂખાનું (ફટાકડા) ફોડી શહેરીજનો આનંદ ઉલ્લાસથી તહેવારની ઉજવણી કરતા હોય છે. પરંતુ પ્રજાજનોની જાહેર સલામતી અને જાહેર આરોગ્ય જોખમાય નહી તે અત્યંત જરૂરી છે. ભૂતકાળમાં દારૂખાનું (ફટાકડા) ફુટવાને કારણે ગંભીર પ્રકારના અકસ્માતો થયેલાના તથા જાનહાની થયેલાના અનેક દાખલા મોજુદ છે. આવા બનતા બનાવો અટકાવી શકાય તે માટે તેમજ જાહેર સલામતી અને જાહેર આરોગ્યની જાળવણી સારૂ ચોક્કસ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં દારૂખાનું (ફટાકડા) નહિં ફોડવા માટે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ ના નોટીફીકેશન નંબર GG/૪૨૨/C.R.C./૧૦૮૨/૧૦૮૦/M. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત

સરકારના ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર GG/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝી. મેજી.શ્રી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી નીચના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

પ્રતિબંધિત કૃત્યો

(૧) પોલોગ્રાઉન્ડ તથા વડોદરા શહેરમાં વડોદરા મહાનગર સેવાસદન દ્વારા જે જે જગ્યાએ ફટાકડા દારૂખાનું વેચવાની દુકાનો નાખવા માટેની પરવાનગી આપેલ હોય તેવા વિસ્તારમાં અને તેની ચારે બાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૨) જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહારને અડચણ થાય અથવા તો દારૂખાનું ફોડવાથી રાહદારીઓને ઈજા કે નુકશાન પહોચે તેવા વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૩) કોઇ ધાર્મિક સ્થાનો નજીકના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૪) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રસાયણીક કારખાનાઓ આવેલ હોય તેવા વિસ્તારના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૫) હોસ્પિટલ, શાળા, કોલેજ, શૈક્ષણિક કાર્ય કરતી સંસ્થાઓની, સિનેમા ગૃહો, નાટ્ય ગૃહો આસપાસના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર;

(૬) છાણી, જવાહરનગર પો. સ્ટેશન વિસ્તારમાં આવેલ ગુજરાત રીફાઈનરી નજીક આવેલ કરચીયા ગામ તથા I.P.C.L. નજીક આવેલ ધનોરા ગામ અને G.S.F.C. કંપનીના કંપાઉન્ડના વોલની ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઇ પણ ઇસમે હવાઇ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા દારૂખાના કે ફટાકડા ફોડવા ઉપર.

(૭) કીશનવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હરણી એરપોર્ટની ફરતી ફેન્સીંગ/દિવાલ તારની વાડથી ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઇપણ ઇસમે હવાઇ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા ફટાકડા કે દારૂખાનું ફોડવા ઉપર.

ઉપરોક્ત નિર્દેષ્ટ કરવામાં આવેલ વિસ્તારોમાં કોઇ પણ ઇસમે કોઇપણ જાતનું દારૂખાનું ફોડવુ નહી કે તેવું નિર્દેષ્ણ કરવું નહી. આ હુકમનું ઉલ્લંઘન કરવા બદલ I.P.C. કલમ-૧૮૮ નીચે બીન જામીનલાયક ફોજદારી ગુનો છે. જેથી જાહેરનામા હુકમનું ઉલ્લંઘન કોઇ પણ ઇસમો કરશે નહી.

અમલવારીનો પિરિયડ

આ હુકમનો અમલ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૭મી માહે નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૪૪૭૪/૨૦૧૫.—વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫ ઈંદેમિલાદ, મકરસંક્રાંતિ જેવા ધાર્મિક તહેવારો આવી રહ્યા છે, તેમજ જુદી-જુદી શોભાયાત્રાઓ તથા અન્ય રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલની આતંકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહિ થવા ઉપર અને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી, હું, ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવાનું કે સરઘસ કાઢવા ઉપર.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૩જી ડિસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૭ માહે નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

INDEX

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/૧૩૧/૨૦૧૫.–સુરત શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મિક શોભાયાત્રાઓ હિન્દુ/મુસ્લીમોના ધાર્મિક તહેવારો જેવા કે વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, નૂતન વર્ષ, ભાઈબીજ, દેવ દિવાળી, ઈદેમિલાદ, નાતાલ, ૩૧મી ડિસેમ્બર તથા અન્ય રેલીઓ, ધરણાંના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલની આતંકવાદી પ્રવૃત્તિ લક્ષમાં લેતા કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહીં થવા ઉપર અને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોએ ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવાનું કે, સરઘસ કાઢવા ઉપર.

અમલવારીનો સમય અને વિસ્તાર

તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

સી. આર. પી. સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૩૨/૨૦૧૫.–ભૂતકાળમાં બિહાર રાજ્યનાં પટણા તથા બૌદ્ધ ગયા ખાતે તેમજ ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી, ચેન્નઈ શહેર, પંજાબમાં ગુરૂદાસપુર ખાતે આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવર જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ છે. જે બનાવોને ધ્યાને લેતા સુરત શહેરની જનતાની સુરક્ષા માટે કોઈ પણ વ્યક્તિએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈ પણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી. જેથી, આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે,

જેથી, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલિત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી મુકવા નહિં.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૪થી જાન્યુઆરી, ૨૦૧૬ના ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૩૩/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ તાજેતરમાં પંજાબ રાજ્ય ખાતે ગુરૂદાસપુર ખાતે ભૂતકાળમાં આંતકવાદીઓ દ્વારા બિહાર રાજ્યના પટના અને બૌદ્ધ ગયા, અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી અને ચેન્નઈ શહેરોમાં શ્રેણી બદ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાન હાની તેમજ માલ મિલકતોને નુકસાન કરવામાં આવેલ તેમજ અગાઉ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ કરવામાં આવેલ આતંકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાના સાધન સામગ્રી મળી આવેલ હતી. જે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વોએ પોતાના મલિન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલો, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય છે. તેવા સાયકલો/વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલિત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવી તેમજ જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર, મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારા સભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર / પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલિફોન / મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી / રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૪થી જાન્યુઆરી, ૨૦૧૬ના ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૩૪/૨૦૧૫.–સુરત શહેરમાં વિદ્યાર્થીનીઓ ટ્યુશન કલાસીસમાં અભ્યાસ કરવા માટે જાય છે. આ વખતે ટ્યુશન કલાસીસમાં જતી વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ છેડતી તથા ગંભીર પ્રકારના ગુનાઓ બનતાં હોવાનું જણાય આવેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર પ્રકારનાં બનતાં બનાવોના કારણે જાહેર શાંતિ અને સલામતી જોખમાય નહિં તે હેતુસર જાહેર હિતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ચાલતાં શૈક્ષણિક ટ્યુશન કલાસીસ ઉપર અમુક પ્રકારનાં નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ ટ્યુશન કલાસીસના સંચાલકો / માલિકોઓએ ટ્યુશનની જગ્યાએ અંદરના ભાગે તથા બહારના ભાગે રોડ સુધી કવર થાય તે રીતે તેમજ વિદ્યાર્થીનીઓ તથા અવર જવર કરતાં તમામ માણસોનાં ચહેરા સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવી રીતે સારી ગુણવત્તાવાળા અને વધુ રેન્જના સી.સી.

INDEX

ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ આ કેમેરાઓનું રેકોર્ડીંગ ૩૦-દિવસ સુધી સંગ્રહ કરવાનું રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા ૨૪ કલાક સતત ચાલુ રહે તે જોવાની જવાબદારી સંચાલક / માલિકની રહેશે. હયાત તમામ ટ્યુશન કલાસીસનાં સંચાલકોએ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાના સાત (૭) દિવસમાં જાહેરનામા મુજબની કાર્યવાહી કરવાની રહેશે અને નવા શરૂ થતાં કલાસીસનાં સંચાલકોએ આ વ્યવસ્થા કર્યા બાદ જ કલાસ શરૂ કરવાના રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) ટ્યુશન કલાસીસની જગ્યાની અંદરના તથા બહારના ભાગનાં રોડનું સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતાં અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામનાં ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) ટ્યુશન કલાસના વાહન પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવા.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મેં મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૩૬/૨૦૧૫.–ભૂતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટાપાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ જે અંતર્ગત ગુજરાત સરકારના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/ક.અ.વ./૧૦૨૦૧૩/૧૯૧૫૪, તારીખ ૮મી ઓકટોબર, ૨૦૧૩થી આપેલ સુચનાનુસાર અને અને ભુતકાળના બનાવો જેવા કે, સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા સુરત શહેરની સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

સુરત શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની મોટી સંખ્યામાં અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખૂંવારી ન થાય અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હુકમ

જેથી, હું, રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

સુરત શહેરના સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ ATM સેન્ટરો, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા મોબાઈલ ટાવર તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીક્યુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુક્ત કરવાના રહેશે. તથા પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોક્તાઓ વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા લગાવવાની તથા સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે. અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી. ઝેડ કેમેરા ગોઠવવા.

(૪) શોપીંગ કોમ્પલેક્ષ અને મોલના માલિક/સંચાલકોએ તેની તમામ બાજુએ આવેલ સામેના જાહેર રોડ પરથી અવરજવરનું રેકોર્ડીંગ થઈ શકે તે પ્રમાણેના CCTV કેમેરા લગાડવાના રહેશે.

(૫) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવા.

(૬) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૭) રિશેપ્શન કાઉન્ટર લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૮) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર CCTV કેમેરા સહિતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૯) મોલની અંદર દાખલ થતા વાહનો(મોટર સાયકલ/ફોર વ્હીલર) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યક્તિઓનું ચેકીંગ પણ સંપૂર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૧૦) મોલની માલિકી બદલાતી રહેતી હોય છે. આથી જ્યારે જ્યારે મોલની માલિકી બદલાય ત્યારે નવા તેમજ માલિકી ફેરબદલી અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીને કરવાની રહેશે. ઉપરાંત મોલમાં આવતા સામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે, મોલમાં કોઇ કાયદાની પ્રતિબંધિત માલસામાન સ્ફોટક પદાર્થો આવી જતા નથી, તેનું નિરીક્ષણ થવું પણ જરૂરી છે. જે અંગેની કાળજી અને જરૂરી વ્યવસ્થા સંચાલકોએ કરવાની રહેશે.

(૧૧) મોલમાં મોલ માલિકના ખર્ચે ખાનગી સિક્યુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સિક્યુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઇએ આ અંગે તાલીમ બદ્ધ થયેલ હોવા જોઇએ. મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપૂર્ણ પણે મોલના માલિકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ મોલના ચેકિંગ સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમનો અમલ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ કરવાની રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબ.

ક્રમાંક એસ.બી./અનઅધિ, વ્યક્તિ પ્રવેશ/૧૩૭/૨૦૧૫.–પોલીસ કમિશનરશ્રી સુરત શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, નાગરિક સુવિધા કેન્દ્ર પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજેરોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમો પ્રવૃત્તી કરી રહેલ હોવાનુ જણાય આવેલ છે.

આથી હું, રાકેશ અસ્થાના (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનર સુરત શહેરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ઉક્ત પેરામાં જણાવ્યા પ્રમાણે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, નાગરિક સુવિધા કેન્દ્ર, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઇસમો કે, ઇસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

INDEX

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫મી પેટા કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૩૮/૨૦૧૫.–સુરત શહેર વિસ્તારમાં હાલના સંજોગો તેમજ ભુતકાળમાં બનેલ બનાવને ધ્યાને લઈ વહેલી સવારના ટ્યુશન કલાસીસ શરૂ થાય છે. આ ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. વહેલી સવારના શૈક્ષણિક ટ્યુશન કલાસમાં જતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો બનેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી. આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના હિતમાં સુરત શહેરમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં તથા સાંજના કલાક ૨૧-૦૦ બાદ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ/વ્યકિતગત ખાનગી ટ્યુશન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું રાકેશ અસ્થાના, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

હુકમ

વહેલી સવારે કલાક ૦૭-૦૦ વાગ્યા પહેલાં તથા સાંજના કલાક ૨૧-૦૦ બાદ શૈક્ષણિક ટ્યુશન કલાસીસ/વ્યકિતગત ખાનગી ટ્યુશન ચાલુ રાખવા નહીં.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટનો સમગ્ર વિસ્તાર.

પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૬ ના કલાક ૨૪-૦૦ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૩૯/૨૦૧૫.–હાલમાં સુરત શહેરમાં આતંકવાદી તત્ત્વો, રાષ્ટ્રવિરોધી તત્ત્વો તથા અસામાજિક તત્ત્વો પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતા હોવાનું સામાન્ય બની જાય છે. ઘણીવાર આવા ગેરકાનુની તત્ત્વો સુરત બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઇંધણ પુરાવા માટે પેટ્રોલ પંપોએ જાય છે. આથી નાગરિકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્ત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગરૂપે સુરત શહેર કમિશનરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, સી.આર.પરમાર, આઇપીએસ, પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કમલ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના ગોઠવવાના રહેશે. અને (નાઇટવીઝન તથા હાઇ ડેફિનેશન) વિથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સીસીટીવી કેમેરામાં પેટ્રોલપંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઇવર તથા બાજુની સીટમાં બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટ રીતે જોઇ શકાય તે રીતે ગોઠવવા.

(૩) આજુ બાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઇ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સીસીટીવી ફુટેજમાં સ્પષ્ટ જોઇ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે.

(૪) આ સીસીટીવી કેમેરા રેકોર્ડીંગનો ડેટા જે અંગ્રેજી મહીનાનો હોય તે પુરો થાય ત્યારબાદના બીજા એક મહિના સુધી સંગ્રહ કરી રાખવામાં રહેશે. (દા.ત. જાન્યુઆરી મહિનાનું રેકોર્ડીંગ ફેબ્રુઆરી મહિનો પુરો થાય ત્યાં સુધી સાચવવાનો રહેશે.

(૫) આ સીસીટીવી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભોક્તાઓ/ વહીવટકર્તાઓની રહેશે.

(૬) પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પૂર્વક સીસીટીવી કેમેરા રાખવા. જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હીલચાલ સીસીટીવી કેમેરામાં કવરેજ લઈ શકાય.

INDEX

(૭) નવા શરૂ થતાં પેટ્રોલ, ડીઝલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશનો સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

અમલવારીનો સમયગાળો

આ હુકમનો અમલ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪ નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સી. આર. પરમાર,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનર દ્વારા

(૧) વેપારીશ્રી મે. ઇન્ડિયન એગ્રીકલ્ચર વર્કસ, કડી,નો. નં. ૨૪૦૪૦૯૦૧૬૦૦ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૯૦૧૬૦૦ ખોવાયેલ ''સી'' ફોર્મની અરજી તારીખ ૨૩-૭-૨૦૧૫.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, વર્તુળ-૮, મહેસાણાના પત્ર જા. ૫૧૪૮, તારીખ ૬-૧૦-૨૦૧૫ તથા પત્ર જા. ૫૩૭૬, તા. ૨૦-૧૦-૨૦૧૫.

(૩) કેન્દ્રીય વેચાણવેરા કાયદા, ૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨(૨) મુજબ.

જાહેરનામું

(કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪-એ ના પેટા નિયમ-૭ અન્વયે)

ક્રમાંક સંવાવેક/વિ-૪/મહે/ધારાકીય ફોર્મ ૨૬/૨૦૧૫-૧૬/જા. ૨૧૨૨/૪૪/૨૦૧૫–સહાયક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, ઘટક-૩૩, કડીના ક્ષેત્રાધિકારના વેપારીશ્રી મે. ઇન્ડિયન એગ્રીકલ્ચર વર્કસ, કડી, નોં. નં. ૨૪૦૪૦૯૦૧૬૦૦ ના અને સી.એસ.ટી. નં. ૨૪૫૪૦૯૦૧૬૦૦ ધરાવે છે.

વેપારીશ્રીને સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનર, વિભાગ-૩, ગાંધીનગર દ્વારા ''સી'' ફોર્મ કોમ્પ્યુટર દ્વારા પ્રિન્ટ કરીને આપવામાં આવેલ ''સી'' ફોર્મ નં. ૯૭૩૯૩૭૧ તથા નં. ૯૩૫૩૩૬૬ પાના નંગ-૨ જે વેપારીશ્રી દ્વારા ખોવાઇ ગયેલ છે. આ અંગે વેપારીશ્રી તરફથી તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૧૫ના રોજ લેખિતમાં સંબંધિત અધિકારીને જાણ સાથે ₹ ૧૦૦/- ના સ્ટેમ્પ ઉપર ફોર્મ-જી ઇન્ડમનીટી બોન્ડ રજુ કરેલ છે અને આ અંગેની જાહેરાત ન્યુઝ પેપરમાં આપેલ છે. જે જાહેરાતના કટીંગ સાથે નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રી વર્તુળ-૮ મહેસાણાની ભલામણસહ આવેલ દરખાસ્તને આધારે ચકાસણી કરતાં નીચેની વિગતે દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીશ્રીનું નામ	ફોર્મનો પ્રકાર	ફોર્મની સંખ્યા	ફોર્મ નંબર	રદનું કારણ	કચેરી
૧	મે. ઇન્ડિયન એગ્રીકલ્ચર વર્કસ, કડી, નોં. નં. ૨૪૦૪૦૯૦૧૬૦૦ ના અને સી.એસ.ટી. નોં. નં. ૨૪૫૪૦૯૦૧૬૦૦	''સી'' ફોર્મ	(૨) પાના	ફોર્મ નં. ૯૭૩૯૩૭૧ તથા ફોર્મ નં. ૯૩૫૩૩૬૬	ખોવાઇ ગયેલ હોવાથી	સહાયક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, ઘટક-૩૩, કડી

આથી હું, પી. જે. વાળા, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનર, વિભાગ-૪, મહેસાણા કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો, ૧૯૭૦ના નિયમ-૪-એ ના પેટા નિયમ-૭ અને કેન્દ્રીય વેચાણવેરા કાયદા, ૧૯૫૬નાં રજીસ્ટ્રેશન ટર્નઓવર રૂલ્સ-૧૨(૨) મુજબ અન્વયે મળેલી સત્તાની રૂએ ઉકત ખોવાયેલ ફોર્મ ''સી'' રદ બાતલ જાહેર કરૂ છું.

મહેસાણા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫.

પી. જે. વાળા,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનર,
વિભાગ-૪, મહેસાણા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું :-

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગ ગાંધીનગરના તા. ૭-૧૧-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક જીજી/ ૭૯/સી.આર.પી.સી./૩૨૯૯/૪૯૪૪/મ.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૨૧ મુજબ.

ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજય ચૂંટણી/વશી/૧૦૧૫૪ થી ૧૦૧૭૫/૨૦૧૫.–રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. આમુખના જાહેરનામાથી સ્થાનિક ચૂંટણીના જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ચૂંટણીના કામ માટે નિયુકત કરવામાં આવેલ નાયબ મામલતદાર, સર્કલ ઓફીસરથી ઉતરતા કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંર્વગના અન્ય ખાતાના વર્ગ-૩નાં તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ તેમજ સેકટર મેજીસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કમલ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા સદરહું અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એનાયત કરી શકે છે.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ના કામે નિયુકત કરેલ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ઝોનલ અધિકારી/કર્મચારીશ્રીઓને પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટ-૧

અનુ. નં.	જિલ્લા પંચાયત બેઠકનું નામ-નંબર	ઝોનલ અધિકારીશ્રીનું નામ/હોદો	ફોન નં.	કુલ પોલીંગ સ્ટેશન	રૂટ નં.
૧૨૬	ઝગડીયા	શ્રી અવિનાશકુમાર, મેનેજરશ્રી, જીએમડીસી, રાજપારડી	૯૭૨૭૭૯૨૭૪૬	૮	૧
૧૨૭		શ્રી બિપિનચંદ્ર બી. જગદીશવાલા ના.કા.ઈ., કરજણ સિંચાઈ યોજના	૯૨૭૪૯૯૫૯૦૯	૬	૨
૧૨૮		શ્રી સિધ્ધાર્થ ડી. ભંડારી, સિનીયર મેનેજરશ્રી, જીએમડીસી, રાજપારડી	૮૧૨૮૫૩૦૬૪૪	૮	૩
૧૨૯		શ્રી એચ. ડી. દેસાઈ, એ.એમ.ઈ., તાલુકા પંચાયત, ઝગડીયા	૯૯૧૩૦૬૯૯૪૦	૫	૪
૧૩૦		શ્રી ડી. પી. અટોદરિયા, એ.એમ.ઈ. સિંચાઈ પેટા વિભાગ, ઝગડીયા	૯૪૨૮૮૧૫૬૨૯	૬	૫
૧૩૧		શ્રી એ. એન.જાદવ, નાયબ ઈજનેર, યાંત્રિક પાણી પુરવઠા વિભાગ, ભરૂચ		૫	૬
૧૩૨		શ્રી એમ. વાય. કડીવાલા, ડેપ્યુટી એન્જી. ધોલી સિંચાઈ યોજના, ઝગડીયા	૯૭૨૬૫૮૬૭૬૫	૬	૭
૧૩૩		શ્રી આનંદ ટી. પંડયા, ટ્રેઈની જીઓલોજીસ્ટ, જીએમડીસી, રાજપારડી	૯૯૭૮૪૦૮૩૨૭	૮	૮
૧૩૪		શ્રી જી. આઈ. શેખ, એ.એમ.ઈ. જીઆઈડીસી, ઝગડીયા	૯૮૭૯૫૪૪૧૬૪	૫	૯
૧૩૫		શ્રી બી. જે. કેથવાસ, આસી. એન્જી. કરજણ સિંચાઈ યોજના, ઝગડીયા	૯૪૨૭૬૫૯૬૬૫	૮	૧૦
૧૩૬		શ્રી અર્જુનસિંહ આર. અટોદરિયા, પ્રિન્સીપાલ, ડી.પી.શાહ હાઈસ્કૂલ		૬	૧૧
૧૩૭		શ્રી સુરેન્દ્ર પી. ઉપાધ્યાય, આસી. ડેપ્યુટી એન્જી. ૧૫-સિંચાઈ યોજના, ઝગડીયા	૯૪૨૬૮૫૩૩૦૨	૮	૧૨

૧૩૮	ઝગડીયા	શ્રી જે. આર. પટેલ, એ.એમ.ઈ. કરજણ સિંચાઈ યોજના, ઝગડીયા	૯૪૨૬૭૪૦૦૬૦	૫	૧૩
૧૩૯		શ્રીમતી આશાબેન પટેલ, ના.કા.ઈ., ઝગડીયા	૯૯૦૯૨૪૬૯૧૧	૮	૧૪
૧૪૦		શ્રી અરવિંદ ડી. શર્મા, મેનેજરશ્રી, જીએમડીસી, રાજપારડી	૯૯૭૮૪૦૮૪૩૪	૭	૧૫
૧૪૧		શ્રી જે. બી. માંગરોલા, પ્રિન્સીપાલ, નવચેતન વિદ્યામંદિર, જેસપોર	૯૪૨૭૮૧૭૯૮૪	૭	૧૬
૧૪૨		શ્રી નવલકિશોર એમ. મીના, મેઈન મેનેજર, જીએમડીસી, રાજપારડી	૯૯૭૮૪૦૭૬૫૫	૫	૧૭
૧૪૩		શ્રી આર. એસ. વસઈકર, આસી. એન્જી., કરજણ સિંચાઈ યોજના પેટા વિભાગ-૧૫, ઝગડીયા	૯૪૦૮૫૫૪૪૯૭	૬	૧૮
૧૪૪		શ્રી એમ. આર. પરમાર, આર.એફ.ઓ., ઝગડીયા	૯૯૨૫૦૨૭૭૩૪	૭	૧૯
૧૪૫		શ્રી ધીરજકુમાર બી. જૈન, મેઈન મેનેજર, જીએમડીસી, રાજપારડી	૯૭૨૭૭૯૨૭૫૦	૭	૨૦
૧૪૬		શ્રી રાકેશ યુ. પ્રસાદ, આસી. મેન. સર્વેયર, જીએમડીસી, રાજપારડી	૯૭૨૭૭૯૨૭૭૯	૫	૨૧
૧૪૭		શ્રી ડી. એસ. ચૌહાણ, ડે. એન્જી., ધોલી સિંચાઈ યોજના ઝગડીયા	૯૯૦૯૨૪૬૯૧૧	૫	૨૨

ભરૂચ, તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધું :-

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તારીખ ૭મી નવેમ્બર,૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક જીજી/૭૯/સી.આર.પી.સી./૩૨૯૯/૪૯૪૪/મ.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૨૧ મુજબ.

ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજય ચૂંટણી/વશી/૧૦૧૫૪ થી ૧૦૧૭૫/૨૦૧૫.–રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. આમુખના જાહેરનામાથી સ્થાનિક ચૂંટણીના જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ચૂંટણીના કામ માટે નિયુકત કરવામાં આવેલ નાયબ મામલતદાર, સર્કલ ઓફીસરથી ઉતરતા કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંવર્ગના અન્ય ખાતાના વર્ગ-૩નાં તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ તેમજ સેકટર મેજીસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એનાયત કરી શકે છે.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫નાં કામે નિયુકત કરેલ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ઝોનલ અધિકારી/કર્મચારીશ્રીઓને પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૫

ઝોનલ અધિકારીશ્રીનાં નામ, મોબાઇલ, મતદાન મથકોની માહિતી દર્શાવતું પત્રક

અનુ. નં.	જિલ્લા પંચાયત બેઠકનું નામ-નંબર	ઝોનલ અધિકારીશ્રીનું નામ/હોદ્દો	ફોન નં.	કુલ પોલીંગ સ્ટેશન	રૂટ નં.
૧	૨	૩	૪	૫	૬
૧	આમોદ ૧-આછોદ	વાય. એ. માસ્તર, અ.મ.ઇ., ન.ન.યો., નં. ૫/૪	૯૯૦૯૯૨૧૭૮૫	૫	૧
૨		અલ્કેશ એમ. બામણીયા, જી.એન.જી.ડી.જી.વી.સી.એલ., આમોદ	૯૯૭૯૮૬૨૧૦૬	૫	૨
૩		આશીફભાઇ આઇ. મન્સુરી, જી.એન.જી.ડી.જી.વી.સી.એલ., આમોદ	૯૯૦૯૯૩૯૩૮૨	૫	૩
૪		ડો. વેદપ્રકાશ રાય, વૈજ્ઞાનીક કૃષિ યુની. તણછા	૮૦૮૧૪૨૦૦૮૯	૪	૪
૫		પટેલ એમ. આઇ., પ્રીન્સીપલ, ધી આછોદ સા. હા. આછોદ	૯૭૧૪૬૫૬૫૩૨	૪	૫
૬		છડાટ યુનુસભાઇ એન., પ્રીન્સીપલ, મરીયમબેન મેમો. હા. ઈખર	૯૭૨૭૯૯૧૦૧૯	૬	૬
૭		પ્રો. કંચનભાઇ ચતુરભાઇ વસાવા, પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ	૯૯૧૩૧૨૦૯૫૪	૫	૭
૮		પ્રો. ડો. ગણપતભાઇ રામાભાઇ પરમાર પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ	૯૮૨૫૮૭૨૨૨૮	૪	૮
૯	આમોદ ૧૩-ઈખર	પ્રો. ચંદ્રકાંતભાઇ જગજીવનદાસ ટંડેલ, પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ	૯૮૯૮૧૬૬૫૫૧	૪	૯
૧૦		પ્રો. ડો. સંજયભાઇ રામદાસ સીંદે, પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ	૯૯૯૮૫૧૯૧૯૧	૫	૧૦
૧૧		વસાવા ગણપતભાઇ, બ્રાન્ચ મેનેજર, સે.બે. ઓફ ઇંડીયા, દોરા શાખા	૯૯૧૩૮૭૨૬૪૧	૫	૧૧
૧૨		પ્રભાતભાઇ એન. રાઠવા, તા.કે.ની., તા.પં. આમોદ	૮૭૫૮૧૭૭૮૪૮	૫	૧૨
૧૩		એચ. એમ. ફરમાકર અ.મ.ઇ., ન.ન.યો., નં. ૫/૪	૯૯૦૯૯૨૧૮૫૩	૪	૧૩
૧૪		પટેલ રીકેશભાઇ શંકરભાઇ, પ્રીન્સીપલ, આઇ.ટી.આઇ., સરભાણ	૯૪૨૮૭૨૨૭૫૮	૪	૧૪
૧૫		અરવિંદ પી. ભટ્ટ, અ.મ.ઇ. તા.પં. આમોદ	૯૯૯૮૯૬૪૦૪૩	૫	૧૫
૧૬		આર. વી. પરમાર, ઓફીસર, રેંજ ફોરેસ્ટ કચેરી, આમોદ	૯૮૨૫૧૭૮૯૩૩	૫	૧૬
૧૭	જંબુસર ૯-દેવલા	શ્રી સી. જી. ડામોર, આસી. પ્રોફેસર, જે. એમ. શાહ કોલેજ, જંબુસર	૯૪૨૭૫૧૮૫૩૮	૫	૧
૧૮	જંબુસર ૩૩-વેડચ	શ્રી પી. આર. પંચાલ, મદદનીશ ઈજનેર, ગુજરાત પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, જંબુસર,	૯૦૯૯૯૭૭૧૦૩	૬	૨
૧૯	જંબુસર ૯-દેવલા	શ્રી એ. પી. સીંધા, આચાર્યશ્રી, આદર્શ વિદ્યાલય, કરમાડ	૯૮૨૪૦૬૭૪૭૬	૮	૩

૧	૨	૩	૪	૫	૬
૨૦	જંબુસર ૧૫-કહાનવા	શ્રી એન. આર. પટેલ, આસી. પ્રોફેસર, જે. એમ. શાહ કોલેજ, જંબુસર	૯૪૨૭૮૭૨૦૯૦	૫	૪
૨૧	જંબુસર ૧૭-કાવી	શ્રી જે. સી. પટેલ, આસી. પ્રોફેસર, જે. એમ. શાહ કોલેજ, જંબુસર	૯૭૨૭૪૪૯૨૨૫	૭	૫
૨૨	જંબુસર ૧૫-કહાનવા	શ્રી ડી. આર. પટેલ, આસી. પ્રોફેસર, જે. એમ. શાહ કોલેજ, જંબુસર	૯૪૨૬૮૭૧૨૬૯	૪	૬
૨૩		શ્રી યુ. આર. સોલંકી, અ.મ.ઇ., પંચાયત મા. મા. પેટા વિભાગ, જંબુસર	૯૪૨૭૩૪૨૫૫૮	૫	૭
૨૪	જંબુસર ૧૭-કાવી	શ્રી બી. આર. ગોહિલ, આર.એફ.ઓ. રેન્જ ફોરેસ્ટ ઓફીસ, જંબુસર	૯૪૨૯૦૩૬૮૩૬	૭	૮
૨૫	જંબુસર ૧૫-કહાનવા	શ્રી એમ. સી. શાહ, અ.મ.ઇ. ન.યો.ન.પે.વિ. ૧૪/૪, જંબુસર	૯૯૭૯૮૫૧૧૭૪	૪	૯
૨૬	જંબુસર ૧૭-કાવી	શ્રી એન. આર. પટેલ, આસી. પ્રોફેસર, જે. એમ. શાહ કોલેજ, જંબુસર	૯૪૨૯૬૭૩૦૮૫	૯	૧૦
૨૭		શ્રી પી. સી. પરમાર, અ.મ.ઇ. ન.યો.ન. પે.વિ. ૧૫/૪, જંબુસર	૯૯૦૯૯૨૧૩૯૬	૬	૧૧
૨૮		શ્રી એ. એન. કારભારી, અ.મ.ઇ., પંચાયત સિંચાઇ પેટા વિભાગ, જંબુસર	૯૯૭૮૨૫૪૪૭૭	૭	૧૨
૨૯	જંબુસર ૩૩-વેડચ	શ્રી એમ. એન. પટેલ, અ.મ.ઇ. પંચાયત સિંચાઇ પેટા વિભાગ, જંબુસર	૯૮૭૯૪૦૯૩૧૩	૯	૧૩
૩૦	જંબુસર ૯-દેવલા	શ્રી કે. એમ. પ્રજાપતિ, આસી. પ્રોફેસર, જે. એમ. શાહ કોલેજ, જંબુસર	૯૯૨૪૭૦૩૩૧૭	૬	૧૪
૩૧	જંબુસર ૧૫-કહાનવા	શ્રી આ. જી. ભોઇ, ના.કા.ઇ.શ્રી, ગુજરાત પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, જંબુસર	૯૦૯૯૯૧૪૬૪૫	૫	૧૫
૩૨	જંબુસર ૯-દેવલા	શ્રી આર. એન. ગુપ્તા, મ.ઇ. ન.યો.ન. પે.વિ. ૧૫/૪, જંબુસર	૯૯૭૮૯૨૨૩૭૮	૯	૧૬
૩૩	જંબુસર ૩૩-વેડચ	શ્રી પી. જે. દેસાઇ, અ.મ.ઇ., ન.યો.ન. પે.વિ. ૧૪/૫, જંબુસર	૯૯૦૯૯૧૬૯૯૬	૮	૧૭
૩૪		શ્રી વી. ટી. ચૌહાણ, ના.કા.ઇ. ન.યો.ન. પે.વિ. ૧૪/૫, જંબુસર	૯૯૦૯૯૨૧૭૯૬	૭	૧૮
૩૫	જંબુસર ૧૭-કાવી	શ્રી જે. એ. પટેલ, અ.મ.ઇ., ન.યો.ન. વિ. ૧૫, જંબુસર	૯૯૭૯૮૫૧૧૭૭	૭	૧૯
૩૬	જંબુસર ૯-દેવલા	શ્રીમતી બી. ઝેડ. ગામીત, બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ. કચેરી, જંબુસર	૯૫૭૪૮૮૭૮૯૧	૭	૨૦
૩૭	જંબુસર ૧૫-કહાનવા	શ્રી વી. એન. શાહ, અ.મ.ઇ., ન.યો.ન.વિ. ૧૫, જંબુસર	૯૯૦૯૯૦૭૪૦૩	૬	૨૧
૩૮	જંબુસર ૩૩-વેડચ	શ્રી જે. એચ. શાહ, અ.મ.ઇ., ન.યો.ન.વિ. ૧૫, જંબુસર	૯૯૭૮૫૭૬૮૯૨	૫	૨૨
૩૯	ભરૂચ ૩-ભાડભુત	શ્રી સુરેશભાઇ નાઇ, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ભરૂચ	૯૪૨૭૧૧૫૭૩૫	૯	
૪૦		શ્રી એન. કે. ભાભોર, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ભરૂચ	૯૯૨૫૦૪૯૮૪૪	૯	
૪૧		શ્રી વાય. બી. પટેલ, અ.મ.ઇ., નર્મદા યોજના નહેર આ×આ પે વિ.-૩, પાલેજ	૯૯૦૯૯૦૭૪૨૪	૭	

૧	૨	૩	૪	૫	૬
૪૨	ભરૂચ ૫-ભોલાવ	શ્રી કે. એચ. ડેતનવાલા, મદદનીશ ઈજનેરશ્રી, અધિક્ષક ઈજનેર, ન.યો. નહેર વર્તુળ નં.-૨, ભરૂચ	૯૯૦૯૯૨૧૭૯૦	૭	
૪૩		શ્રી એમ. કે. શાહ, અ.મ.ઈ., અધિક્ષક ઈજનેરશ્રી, ન.યો. નહેર વર્તુળ નં.-૨, ભરૂચ	૯૯૦૯૯૨૧૮૩૫	૭	
૪૪		શ્રી વાય. એસ. મોદી, ઈજનેરશ્રી નર્મદા યોજના નહેર આ×આ વિભાગ, ભરૂચ	૯૯૭૯૮૫૧૩૩૧	૮	
૪૫		શ્રીમતી બી. પી. પટેલ, હેડ કલાર્ક, આર.ટી.ઓ. કચેરી, ભરૂચ.	૯૪૨૮૧૬૮૧૫૮	૭	
૪૬		શ્રી જયશ્રી બેન મહેતા, વાણિજ્ય વેરા કમિશનરની કચેરી, વર્તુળ-૧૪	૭૬૦૦૦૨૭૩૨૨	૮	
૪૭	ભરૂચ ૧૪-ઝાડેશ્વર	શ્રી એ. જે. ખત્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો. નહેર આ×આ વિભાગ, ભરૂચ	૯૯૦૯૯૨૧૮૪૧	૮	
૪૮		શ્રી જે. એસ. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો. નહેર આ×આ વિભાગ, ભરૂચ	૯૯૦૯૯૨૧૭૮૯	૮	
૪૯		શ્રી સી. એ. કોન્ટ્રાકટર, મદદનીશ ઈજનેરશ્રી, ન.યો. નહેર આ×આ વિભાગ, ભરૂચ	૯૯૦૯૯૨૧૮૩૪	૧૧	
૫૦	ભરૂચ ૨૦-નબીપુર	શ્રી ડી. એસ. રાવલ, સ્પે. ઓડીટર, (મિલ્ક) મિલ્ક ઓડીટ ઓફીસ, ભરૂચ	૯૭૨૪૩૩૭૧૭૫	૭	
૫૧		શ્રી બી. એસ. પંચાલ, ખેતીવાડી અધિકારી ખેતીવાડી શાખા જિલ્લા પંચાયત, ભરૂચ		૧૦	
૫૨		શ્રી ચંદ્રેશ ચૌધરી, જિલ્લા પંચાયત ભરૂચ	૯૭૨૬૪૦૪૧૩૭	૯	
૫૩	ભરૂચ ૨૦-નબીપુર	શ્રી પી. કે. ગોળવાલા, અ.મ.ઈ., અધિક્ષક ઈજનેર નર્મદા યોજના વર્તુળ-૨, ભરૂચ	૯૯૦૯૯૬૫૬૭૦	૭	
૫૪		ડો. કે. એચ. પટેલ, નવસારી કુ. યુનિ. મકતમપુર	૯૪૨૮૩૫૪૬૨૪	૬	
૫૫	ભરૂચ ૨૨-પાલેજ	શ્રી પી. જી. માલવીયા, બાગાયત અધિકારી બાગાયત અધિકારીની કચેરી, ભરૂચ	૯૬૮૭૧૬૧૦૩૭	૬	
૫૬		ડો. જે. જે. પટેલ, ગુ.કુ. યુનિ. મકતમપુર	૯૪૨૬૮૮૬૫૧૩	૧૧	
૫૭		ડો. જે. જી. પટેલ, ગુ.કુ. યુનિ. મકતમપુર		૭	
૫૮		શ્રી પી. આર. ડામોર, અ.મ.ઈ.કા.પા. ઈજનેર, જી.આઈ.ડી.સી., ભરૂચ	૯૮૯૮૦૬૭૫૪૭	૬	
૫૯	ભરૂચ -૨૭-શેરપુરા	શ્રી આઈ.આઈ. મન્સુરી, જિલ્લા પ્રોટેકશન ઓફીસ ભરૂચ	૯૭૧૨૭૧૬૦૬૦	૬	
૬૦	ભરૂચ -૨૭-શેરપુરા	ડો. દિપકકુમાર મગનભાઈ પાઠક, સહ પ્રાધ્યાપક, કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ	૯૯૦૯૦૧૫૭૨૫	૭	
૬૧		શ્રી એસ. આર. પરમાર, અ.મ.ઈ.કા.પા. ઈજનેર, જી.આઈ.ડી.સી., ભરૂચ	૮૬૯૦૨૯૧૯૭૬	૯	
૬૨		શ્રી એન. એમ. નિસરતા, અ.મ.ઈ.કા.પા. ઈજનેર, જી.આઈ.ડી.સી., ભરૂચ	૯૪૨૮૦૬૬૩૩૮	૭	

INDEX

૧	૨	૩	૪	૫	૬
૬૩	ભરૂચ ૨૮-શુકલતીર્થ	ડો. દેવેન્દ્રભાઇ રમણભાઇ પટેલ, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ	૯૪૨૭૪૭૯૫૧૪	૬	
૬૪		શ્રી પી. એચ. પાઠક, બાગાયત અધિકારી બાગાયત અધિકારીની કચેરી, ભરૂચ	૯૮૭૯૧૮૨૧૯૯	૮	
૬૫		શ્રી એચ. ડી. પટેલ, બાગાયત અધિકારી બાગાયત અધિકારીની કચેરી, ભરૂચ	૯૯૭૯૦૪૦૯૯૭	૮	
૬૬		શ્રી પી. વી. રાજ, બાગાયત અધિકારી બાગાયત અધિકારીની કચેરી, ભરૂચ	૯૭૨૩૩૮૪૬૬૪	૫	

ભરૂચ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધું :-

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તારીખ ૭મી નવેમ્બર, ૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક જીજી/૭૯/સી.આર.પી.સી./૩૨૯૯/૪૯૪૪/મ.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૨૧ મુજબ.

ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજય ચૂંટણી/વશી/૧૦૧૫૪ થી ૧૦૧૭૫/૨૦૧૫.–રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. આમુખના જાહેરનામાથી સ્થાનિક ચૂંટણીના જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ચૂંટણીના કામ માટે નિયુકત કરવામાં આવેલ નાયબ મામલતદાર, સર્કલ ઓફીસરથી ઉતરતા કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંવર્ગના અન્ય ખાતાના વર્ગ-૩નાં તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ તેમજ સેકટર મેજિસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કમલ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એનાયત કરી શકે છે.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ના કામે નિયુકત કરેલ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ઝોનલ અધિકારી/કર્મચારીશ્રીઓને પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫

ઝોનલ અધિકારીશ્રીનાં નામ, મોબાઈલ, મતદાન મથકોની માહિતી દર્શાવતું પત્રક

અનુ. નં.	નગરપાલિકાનું નામ	ઝોનલ અધિકારીશ્રીનું નામ/હોદો	ફોન નં.	કુલ પોલીંગ સ્ટેશન	રૂટ નં.
૧	ભરૂચ	શ્રી એચ. એમ. સુથાર, મેનેજર, (ક્રેડીટ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભરૂચ	૯૮૨૫૩૪૮૩૨૮	૧૧	૧
૨		શ્રી જે. બી. ગાવીત, ડ્રગ ઈન્સ્પેટકર, ખોરાક અને ઔષધ નિયામન કચેરી, ભરૂચ	૯૪૨૭૧૫૫૧૦૬	૧૪	૨
૩		શ્રી વી. બી. છત્રીવાલા, સમાજ સુરક્ષા અધિકારી, ભરૂચ	૯૪૨૮૭૮૦૯૭૬	૧૩	૩

INDEX

૧	૨	૩	૪	૫	૬
૪	ભરૂચ	શ્રી એસ. એસ. વસાવા, ડ્રગ ઈન્સ્પેટકર, આસી. ફુડ એન્ડ ડ્રગ્સ કચેરી, બહુમાળી, ભરૂચ	૯૮૭૯૮૪૪૩૬૪	૧૨	૪
૫		શ્રી ડી. બી. ગામીત, મદદનીશ નિયામક, ડેપ્યુટી હેલ્ડ એન્ડ સેફટી ઓફીસર, ભરૂચ	૯૯૭૮૨૬૨૫૪૪	૧૩	૫
૬		શ્રી કે. આઇ. કારેલીયા, વૈજ્ઞાનિક અધિકારી, ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડ, ભરૂચ	૯૯૯૮૭૯૨૬૩૯	૧૩	૬
૭		શ્રી એન. આર. સૈયદ, સીની. ડ્રગ આસી. ફુડ એન્ડ ડ્રગ્સ કચેરી, બહુમાળી, ભરૂચ	૯૮૨૫૩૫૫૩૬૧	૧૬	૭
૮		શ્રી એસ. એલ. સાંગાલી, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ	૯૯૭૯૧૩૧૫૪૦	૧૩	૮
૯		શ્રી ડી. ડી. પટેલ, સહ પ્રાધ્યાપક, કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ	૯૭૨૫૦૦૬૦૧૫	૧૪	૯
૧૦		ડો. પ્રભુદાસ એમ. થાનકી, સહ પ્રાધ્યાપક, કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ	૯૪૨૬૯૧૨૯૨૬	૧૫	૧૦
૧૧		શ્રી એન. એચ. ચૌધરી, હિસાબી અધિકારી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભરૂચ	૯૯૦૪૪૪૫૭૫૧	૧૪	૧૧
૧૨	અંકલેશ્વર	શ્રી વિજયસિંહ વાય. સોલંકી, આસી. ડિરેકટર, એગ્રીકલ્ચર, અંકલેશ્વર	૯૭૨૭૪૫૩૨૬૦	૧૦	૧
૧૩		શ્રી એન. આર. પટેલ, આસી. એન્જી. જી.આઇ.ડી.સી., અંકલેશ્વર	૯૮૭૯૫૪૦૬૯૦	૧૨	૨
૧૪		શ્રી એમ. સી. મહેતા, એ.એમ.ઇ. ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ, અંકલેશ્વર	૯૪૨૯૬૭૫૬૭૭	૧૦	૩
૧૫		શ્રી યુ એફ. ચૌહાણ, ના.કા.ઇ. ડ્રનેજ નોટી. એરીયા, અંકલેશ્વર	૯૮૭૯૧૧૦૦૭૫	૧૨	૪
૧૬		શ્રી એન. પી. અટોદરિયા, એ.એમ.ઇ. ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ, અંકલેશ્વર	૯૪૨૬૭૪૩૫૫૮	૬	૫
૧૭	જંબુસર	શ્રી ડી. સી. યાદવ, અ.મ.ઇ. નર્મદા જંબુસર	૯૯૭૯૮૫૧૧૭૧	૯	૧
૧૮		શ્રી કે. બી. શાહ, અ.મ.ઇ. મ અને મા પંચાયત, પે.વિ. જંબુસર	૯૪૨૭૯૩૫૯૫૩	૧૩	૨
૧૯		શ્રી ડી. એન. વાઘેલા, પ્રા. જે. એમ. શાહ કોલેજ, જંબુસર	૯૪૨૬૮૭૧૭૭૬	૧૦	૩

ભરૂચ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગ ગાંધીનગરના તા. ૭-૧૧-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક જીજી/૭૯/સીઆરપીસી/૩૨૯૯/૪૯૪૪/મ.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૨૧ મુજબ.

ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજય ચૂંટણી/વશી/૧૦૧૫૪ થી ૧૦૧૭૫/૨૦૧૫.–રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. આમુખના જાહેરનામાથી સ્થાનિક ચૂંટણીના જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ચૂંટણીના કામ માટે નિયુકત કરવામાં આવેલ નાયબ મામલતદાર, સર્કલ ઓફીસરથી ઉતરતા કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંર્વગના અન્ય ખાતાના વર્ગ-૩નાં તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ તેમજ સેકટર મેજિસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૧ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહું અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એનાયત કરી શકે છે.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ના કામે નિયુકત કરેલ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ઝોનલ અધિકારી/કર્મચારીશ્રીઓને પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪નાં અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટ-૧

અનુ. નં.	જિલ્લા પંચાયત બેઠકનું નામ-નંબર	ઝોનલ અધિકારીશ્રીનું નામ તથા હોદ્દો	ફોન નં.	કુલ પોલીંગ સ્ટેશન	રૂટ નં.
૧૦૩	વાગરા	શ્રી આઈ.એ. પટેલ, (અધિક મદદનીશ ઈજનેર) ન. યો. ન. પે. વિ. ૪, વાગરા	૯૯૦૯૯૨૧૩૦૨	૧૧	૧
૧૦૪		શ્રી આર. ડી. રાણા, અ. મ. ઈ. નર્મદા યોજના નહેર પેટા વિભાગ નં. ૪	૯૮૭૯૫૦૮૧૬૯	૧૦	૨
૧૦૫		શ્રી બી. સી. પાઠક આસી. પ્રોફેસર મીકેનીકલ સરકારી ઈજનેર કોલેજ, ભરૂચ	૯૯૦૯૯૮૦૫૯૫	૧૦	૩
૧૦૬		શ્રી આ. ડી. ભગોરા, ના. કા. ઈ. જી.આઈ.ડી.સી., નર્મદા કોમ્પેક્ષ, પાંચબત્તી, ભરૂચ	૯૮૭૯૧૧૦૦૯૨	૬	૪
૧૦૭		શ્રી એ. સી. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા કોર્મશીયલ કોમ્પ્લેક્ષ, પાંચબત્તી, જી.આઈ.ડી.સી., ભરૂચ	૯૮૭૯૧૧૦૦૪૧	૭	૫
૧૦૮		ડૉ. અમૃતભાઈ ડાહ્યાભાઈ પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય, કપાસ સંશોધન કેન્દ્ર, મકતમપુર, ભરૂચ	૯૭૨૫૦૦૧૫૨૩	૬	૬
૧૦૯		શ્રી વી. ઝેડ પટેલ, ના. કા. ઈ. (બા), બંદર અધિકારીશ્રીની કચેરી, દહેજ	૯૯૨૫૧૫૩૦૫૬	૬	૬એ
૧૧૦		શ્રી એ. એ. શેખ, સહાયક પ્રાધ્યાપક, સરકારી ઈજનેરી કોલેજ, ભરૂચ	૯૬૬૨૫૦૮૩૧૦	૭	૭
૧૧૧		શ્રી સી. વી. રાજાણી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, (પા.પુ) કાર્યપાલક ઈજનેરની કચેરી, જી.આઈ.ડી.સી., પાંચબત્તી, ભરૂચ	૯૮૭૯૧૧૦૦૯૮	૭	૮
૧૧૨		શ્રી જે. જી. ગામીત, કાર્યપાલક ઈજનેર ગુ.ઔ.વિ.નિ. ભરૂચ જી.આઈ.ડી.સી., પાંચબત્તી, ભરૂચ	૯૮૭૯૧૧૦૦૪૨	૧૦	૯

ભરૂચ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીનાં ગૃહ વિભાગ ગાંધીનગરના તા. ૭-૧૧-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક જીજી/ ૭૯/સી.આર.પી.સી./૩૨૯૯/૪૯૪૪/મ.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૨૧ મુજબ.

ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજય ચૂંટણી/વશી/૧૦૧૫૪ થી ૧૦૧૭૫/૨૦૧૫.–રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. આમુખના જાહેરનામાથી સ્થાનિક ચૂંટણીના જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ચૂંટણીના કામ માટે નિયુકત કરવામાં આવેલ નાયબ મામલતદાર, સર્કલ ઓફીસરથી ઉતરતા કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંર્વગના અન્ય ખાતાના વર્ગ-૩નાં તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ તેમજ સેકટર મેજિસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્રિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૧ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહું અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એનાયત કરી શકે છે.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ના કામે નિયુકત કરેલ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબનાં ઝોનલ અધિકારી/કર્મચારીશ્રીઓને પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટ-૧

અનુ. નં.	જિલ્લા પંચાયત બેઠકનું નામ-નંબર	ઝોનલ અધિકારીશ્રીનું નામ તથા હોદ્દો	ફોન નં.	કુલ પોલીંગ સ્ટેશન	રૂટ નં.
૧૧૩	વાલીયા	શ્રી હિતેન્દ્રભાઈ ડી. દેસાઈ આચાર્યશ્રી, નવચેતન વિદ્યામંદિર કોંઢ	૯૮૨૫૭૯૯૦૦૨	૬	૧
૧૧૪		શ્રી એ.જી. ખરોડીયા આચાર્યશ્રી, એસ. એમ. બદાત હાઈકોર્ટ, કોંઢ	૯૮૨૪૩૩૧૦૧૮	૫	૨
૧૧૫		ડૉ. આર. એલ. વસાવા મ.પ.પા. નિયામકશ્રી ધ.મ.વિ. ઘટક, વાલીયા	૯૪૨૭૧૩૧૨૫૨	૫	૩
૧૧૬		શ્રી સુધીરભાઈ પટેલ એડમીનિસ્ટ્રેટીવ આસિ. વટારીયા	૯૮૨૫૮૪૧૭૭૨	૬	૪
૧૧૭		શ્રી નરેન્દ્રસિંહ એમ. ગોહિલ ઈચા. આચાર્યશ્રી શ્રી રંગનવચેતન વિદ્યામંદિર સોડગામ	૯૭૨૩૨૬૬૦૬૪	૭	૫
૧૧૮		શ્રી યોગેશ સીદે લાયબ્રેરિયન શ્રોફ એસ.આર. રોટરી કલબ, વટારીયા	૯૭૧૪૭૨૭૩૦૪	૫	૬
૧૧૯		શ્રી નંદકિશોર એન. ખત્રી સાર્વજનિક માધ્યમિક શાળા, ભમાડીયા	૯૮૭૯૬૨૨૧૭૭	૭	૭
૧૨૦		શ્રી જયદિપ રાઠોડ પ્રોફેસર શ્રોફ એસ. આર. રોટરી કોલેજ, વટારીયા	૯૨૭૪૫૯૫૯૦૩	૬	૮
૧૨૧		શ્રી આર. એન. ગામીત પ્રાધ્યાપકશ્રી, રંગનવચેતન મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, વાલીયા	૯૪૨૭૮૧૬૮૭૮	૭	૯
૧૨૨		શ્રી એ.બી. મહાજન અ.મ.ઈ. તા. પં. કચેરી, વાલીયા	૯૪૨૬૮૯૨૩૭૭	૭	૧૦
૧૨૩		શ્રી ડી. એન. પઠાણ પ્રાધ્યાપકશ્રી રંગનવચેતન મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, વાલીયા	૯૭૧૨૬૨૩૪૮૭	૬	૧૧
૧૨૪		શ્રી સ્નેહલ લોખંડવાલા પ્રોફેસર શ્રોફ એસ.આર. રોટરી કોલેજ, વટારીયા	૯૮૨૪૧૫૨૭૯૩	૮	૧૨
૧૨૫		શ્રી જી. જે. ભરથાણીયા રેન્જ ફોરેસ્ટ ઓફીસર, વાલીયા.	૯૪૨૮૪૪૫૨૦૩	૬	૧૩

ભરૂચ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીનાં ગૃહ વિભાગ ગાંધીનગરના તા. ૭-૧૧-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક જીજી/૭૯/સીઆરપીસી/૩૨૯૯/૪૯૪૪/મ.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૨૧ મુજબ.

ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજય ચૂંટણી/વશી/૧૦૧૫૪ થી ૧૦૧૭૫/૨૦૧૫.–રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. આમુખના જાહેરનામાથી સ્થાનિક ચૂંટણીના જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ચૂંટણીના કામ માટે નિયુકત કરવામાં આવેલ નાયબ મામલતદાર, સર્કલ ઓફીસરથી ઉતરતા કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંવગના અન્ય ખાતાના વર્ગ-૩નાં તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ તેમજ સેકટર મેજિસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૧ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહું અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એનાયત કરી શકે છે.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ના કામે નિયુકત કરેલ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ઝોનલ અધિકારી/કર્મચારીશ્રીઓને પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪નાં અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટ-૧

અનુ. નં.	જિલ્લા પંચાયત બેઠકનું નામ-નંબર	ઝોનલ અધિકારીશ્રીનું નામ તથા હોદ્દો	ફોન નં.	કુલ પોલીંગ સ્ટેશન	રૂટ નં.
૬૭	હાંસોટ	કમલેશ મનુભાઈ દલવાડી, ડે. ઈજનેર ડી.જી.વી.એલ. રૂરલ, અંકલેશ્વર	૯૮૭૯૨૦૧૩૪૧	૫	૧
૬૮		વાય. સી. મોદી અધિક મદદનીશ ઈજનેર, ઈલાવ પ્ર.શાખા પેટા વિભાગ, ઈલાવ	૯૮૨૫૭૯૦૪૭૭	૪	૨
૬૯		એ. કે. શર્મા, ના. કા. ઈ. ઈલાવ, સિંચાઈ વિભાગ	૮૩૪૭૨૬૪૩૯૫	૮	૩
૭૦		ટી. સી. પટેલ, અધિક મદદનીશ ઈજનેર ઈલાવ પ્ર.શાખા, ઈલાવ	૯૯૭૯૩૦૩૭૭૬	૪	૪
૭૧		ડી. આર. વસાવા, આસી. ઈજનેર ના., કા. ઈ. જી.આઈ.ડી.સી., પાનોલી	૯૭૨૭૭૪૫૯૦૦	૭	૫
૭૨		એ. કે. કાકા, ના. ઈ. ઉકાઈ જ. કાંઠા સિંચાઈ વિભાગ, હાંસોટ	૯૮૨૫૩૨૦૪૧૩	૬	૬
૭૩		નરેન્દ્ર ડી. પરમાર, ડે. ઈજનેર, જી. ઈ. બી., હાંસોટ	૯૮૭૯૨૦૧૩૬૧	૯	૭
૭૪		એ. ડી. ચૌહાણ, આસી. ઈજનેર જી. આઈ. ડી. સી., અંકલેશ્વર	૯૮૨૫૧૨૨૬૭૬	૪	૮
૭૫		હર્ષવર્ધન નાથુભાઈ પટેલ, મદદનીશ સં.સ.વૈ. કપાસ નવસારી કૃષિ યુનિ. હાંસોટ	૯૬૬૨૫૦૦૬૨૧	૧૦	૯
૭૬		જે. એન. દેસાઈ, હિસાબી અધિકારી જી.આઈ.ડી.સી., અંકલેશ્વર	૯૮૭૯૧૧૦૦૬૯	૮	૧૦

ભરૂચ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીનાં ગૃહ વિભાગ ગાંધીનગરના તારીખ ૭મી નવેમ્બર, ૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક જીજી/ ૭૯/સી.આર.પી.સી./૩૨૯૯/૪૯૪૪/મ.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૨૧ મુજબ.

ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજય ચૂંટણી/વશી/૧૦૧૫૪ થી ૧૦૧૭૫/૨૦૧૫.—રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. આમુખના જાહેરનામાથી સ્થાનિક ચૂંટણીના જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ચૂંટણીના કામ માટે નિયુકત કરવામાં આવેલ નાયબ મામલતદાર, સર્કલ ઓફીસરથી ઉતરતા કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંવર્ગના અન્ય ખાતાના વર્ગ-૩નાં તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ તેમજ સેકટર મેજિસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૧ની કમલ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહું અધિનિયમની કલમ-૧૪૪નાં અધિકારો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એનાયત કરી શકે છે.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ના કામે નિયુકત કરેલ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ઝોનલ અધિકારી/કર્મચારીશ્રીઓને પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટ-૧

અનુ. નં.	જિલ્લા પંચાયત બેઠકનું નામ-નંબર	ઝોનલ અધિકારીશ્રીનું નામ/હોદ્દો	ફોન નં.	કુલ પોલીંગ સ્ટેશન	રૂટ નં.
૭૭	અંકલેશ્વર	શ્રી એસ. વી. પટેલ, ચીફ ઓફિસર, નોટીફાઈડ એરીયા, જીઆઈડીસી અંકલેશ્વર	૯૯૦૯૯૪૮૯૦૧	૧૦	૧
૭૮	,,	શ્રી એ. એમ. તબીયાર, ના.કા.ઈ., નોટીફાઈડ એરીયા, જીઆઈડીસી અંકલેશ્વર	૯૯૦૯૯૪૮૯૦૨	૧૩	૨
૭૯	,,	શ્રી એચ. એમ. હજારીવાલા, સુપ્રી. એકાઉન્ટન્ટ, ડીજીવીસીએલ, અંકલેશ્વર	૮૯૮૦૦૩૧૪૯૩	૧૫	૩
૮૦	,,	શ્રી એ. એમ. પઠાણ, એ.એમ.ઈ., ઈરીગેશન, કરજણ નહેર વિભાગ, અંકલેશ્વર	૯૪૨૭૪૭૮૩૨૦	૧૪	૪
૮૧	,,	શ્રી એ. એમ. મપાત્રા, ના.કા.ઈ., નોટીફાઈડ, અંકલેશ્વર	૯૮૭૯૧૧૦૧૨૪	૧૫	૫
૮૨	,,	શ્રી એન. પી. રાદડીયા, આસી. સેલટેક્ષ ઓફિસર, અંકલેશ્વર	૯૮૨૫૯૮૮૮૪૨	૧૩	૬
૮૩	,,	શ્રી સી. કે. પટેલ, આસી. એન્જી., જીઆઈડીસી, અંકલેશ્વર	૯૮૨૫૮૦૭૧૪૧	૭	૭
૮૪	,,	શ્રી બી. ડી. મહાલા, એકઝી. એન્જી. જીઆઈડીસી, અંકલેશ્વર	૯૦૯૯૯૬૮૮૬૪	૧૬	૮
૮૫	,,	શ્રી એચ. કે. ડાંગરવાલા, ના.કા.ઈ., કેનલ સબ ડિવીઝન, ઉકાઈ કોલોની, અંકલેશ્વર	૯૪૨૬૮૦૭૦૭૦	૧૩	૯
૮૬	,,	શ્રી વિજયભાઈ સી. મોદી, અધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ, અંકલેશ્વર	૯૪૨૬૭૪૩૬૯૩	૯	૧૦
૮૭	,,	શ્રી પી. બી. રાઠોડ, એ.એમ.ઈ. ઈરીગેશન કેનલ સબ ડિવીઝન, અંકલેશ્વર	૯૪૨૯૩૩૮૩૫૧	૧૦	૧૧
૮૮	,,	શ્રી નીતુલ આર. પટેલ, આસી. એન્જી., જીઆઈડીસી, અંકલેશ્વર	૯૮૭૯૫૪૦૬૯૦	૧૨	૧૨

ભરૂચ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીનાં ગૃહ વિભાગ ગાંધીનગરના તા. ૭-૧૧-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક જીજી/ ૭૯/સી.આર.પી.સી./૩૨૯૯/૪૯૪૪/મ.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૨૧ મુજબ.

ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજય ચૂંટણી/વશી/૧૦૧૫૪ થી ૧૦૧૭૫/૨૦૧૫.—રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. આમુખના જાહેરનામાથી સ્થાનિક ચૂંટણીના જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ચૂંટણીના કામ માટે નિયુકત કરવામાં આવેલ નાયબ મામલતદાર, સર્કલ ઓફીસરથી ઉતરતા કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંર્વગના અન્ય ખાતાના વર્ગ-૩નાં તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ તેમજ સેકટર મેજિસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૧ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહું અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એનાયત કરી શકે છે.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ના કામે નિયુકત કરેલ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ઝોનલ અધિકારી/કર્મચારીશ્રીઓને પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪નાં અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટ-૧

અનુ. નં.	જિલ્લા પંચાયત બેઠકનું નામ-નંબર	ઝોનલ અધિકારીશ્રીનું નામ તથા હોદ્દો	ફોન નં.	કુલ પોલીંગ સ્ટેશન	રૂટ નં.
૮૯	નેત્રંગ	શ્રી નંદુભાઈ વસાવા આર.એફ.ઓ., આર.એફ.ઓ.કચેરી, નેત્રંગ	૯૮૨૫૫૬૭૧૩૨	૫	૧
૯૦		શ્રી જે. સી. ઠાકોર પ્રીન્સીપલ, આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, નેત્રંગ	૯૪૨૭૧૧૭૦૪૬	૭	૨
૯૧		શ્રી મહેન્દ્રભાઈ કછેલા, પ્રીન્સીપલ, કેરવેલ હાઈસ્કૂલ, મોવી	૯૪૦૮૫૫૧૧૯૦	૬	૩
૯૨		શ્રી અજયભાઈ પટેલ પ્રીન્સીપલ, બીઆરએસ કોલેજ, થવા	૯૪૨૬૮૪૬૪૧૮	૬	૪
૯૩		શ્રી રમેશભાઈ ડી. પટેલ, પ્રોફેસર, બી.આર.એસ. કોલેજ, થવા	૯૪૨૭૯૮૧૬૩૨	૫	૫
૯૪		શ્રી હેમંતભાઈ વસાવા પ્રીન્સીપલ, આદર્શ નિવાસી શાળા, નેત્રંગ	૯૯૨૫૭૦૯૩૨૦	૯	૬
૯૫		શ્રી જયેશભાઈ પટેલ પ્રીન્સીપલ, બી.એડ. કોલેજ, થવા	૯૪૨૬૮૪૮૨૪૧	૬	૭
૯૬		શ્રી કોટેસિંગભાઈ વસાવા ડેપ્યુટી એસ.એ., ડીજીવીસીએલ, વાલિયા	૯૯૨૫૫૨૧૨૮૦	૪	૮
૯૭		શ્રી રમેશભાઈ કે. વાળા પ્રોફેસર, બી.એડ. કોલેજ, થવા	૯૪૨૭૭૫૩૬૭૫	૭	૯
૯૮		શ્રી રશ્મિકાંતભાઈ પટેલ પ્રોફેસર બી.એડ. કોલેજ, થવા	૯૦૯૯૦૭૭૯૮૦	૬	૧૦
૯૯		શ્રી મહેન્દ્રસિંહ અટોદરિયા પ્રીન્સીપલ, સંસ્કાર ગુર્જરી હાઈસ્કૂલ, ચાસવાડ	૯૯૧૩૭૧૯૨૧૦	૭	૧૧
૧૦૦		શ્રી ચેતનભાઈ પટેલ પ્રોફેસર, બી.એડ. કોલેજ, થવા	૯૯૦૯૨૫૫૫૭૨	૭	૧૨
૧૦૧		શ્રી હિતેન્દ્રસિંહ મહિડા આશ્રમશાળા, કોડવાવ	૮૦૦૦૦૨૩૬૩૬	૬	૧૩
૧૦૨		શ્રી દિનેશભાઈ ચૌધરી પ્રોફેસર, બી.એડ. કોલેજ, થવા.	૯૭૨૫૬૧૯૯૪૮	૩	૧૪

ભરૂચ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૫.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૯૮૮૭ થી ૯૯૧૭/૨૦૧૫.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/ સી.ઓ.સી./૩(૭)૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ની આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપૂર્ણ થાય અને તેમાં કોઈ અનુરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા જુદા પક્ષના લોકો/ટેકેદારો/કાર્યકરો એકઠાં થાય ત્યારેએક બીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહશાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂં નિયત કરેલ મતદાન મથકોની આજુ બાજુનાં ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસોએ ભેગાં નહિ થવા માટે તેમજ ચૂંટણી કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલ મતદાન કેન્દ્રોના મકાનોમાં બિનઅધિકૃત વ્યક્તિઓ દાખલ થાય નહિ તે માટે ફોજદારી કાર્યરીતિ અધિયિમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવાં સારૂ મને પુરતું કારણ જણાય છે.

વાસ્તે હું ડૉ. વિક્રાંત પાંડે, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ જિલ્લા ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૫નાં શુન્ય કલાકથી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં ૨૪-૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધી ચૂંટણી અંગેની કામગીરી માટેનાં નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પૂરી થાય તે સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પૂર્ણ થાય તે સમય સુધી ઉક્ત ભરૂચ જિલ્લાનાં નિયત કરવામાં આવેલ મતદાન મથકોનાં ૨૦૦ મીટરનાં વિસ્તારમાં ચાર કરતાં વધારે માણસોએ ભેગાં થવું નહિ, તેમજ ઉપરોકત સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેનાં કમ્પાઉન્ડની ૨૦૦ મીટરનાં વિસ્તારની અંદર બીનઅધિકૃત વ્યક્તિ-વ્યકિતઓએ પ્રવેશ કરવો નહિ.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેનાં સરકારી અધિકારી અને કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી-કર્મચારી તથા હોમગાર્ડને.

(૩) સંબંધિત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે.

(૪) સ્થળે હાજર ફરજ પરનાં પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેને,

(૫) અધિકૃત મતદારોને મત આપવા જતાં તેમજ મતદાન પછી પરત આવવાં સુધીનાં સમય સુધી.

આજ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૯૯૧૮ થી ૯૯૪૯/૨૦૧૫.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/ સી.ઓ.સી./૩(૭)૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અંતર્ગત તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મતદાન થનાર હોય અને મતદાનના દિવસે વાહનોનાં ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોનો દૂરઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શકાશે તે હેતુથી અને આમ કરવામાં ન આવે તો સદર ચૂંટણીઓ ન્યાયી નિષ્પક્ષ રીતે યોજાય તેવુ અનુમાન થઇ શકે નહિ જેની અસર સામાન્ય જનમાનસ ઉપર તેમજપતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય તેના કારણ સાચીખોટી ફરિયાદો ઉપસ્થિત થવાનો પુરતો અવકાશ રહે, પરિણામે એક બીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભું થવાની પુરતી સંભાવના રહે તે અટકાવવા તેમજ આગામી ચૂંટણીઓ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતા વાહનનો દૂર ઉપયોગ થતો અટકાવવાના હેતુથી સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાય છે. ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનાં પત્ર નં. ૪૩૭/૬/૯૬પીઓએલ/III તારીખ ૨૪-૦૩-૨૦૦૭ થી આપેલ સૂચના અન્વયે.

હું ડૉ. વિક્રાંત પાંડે, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ જિલ્લા ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) કોઇપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સહમતીથી બીજી કોઇપણ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે.

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઇ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપરપ્રતબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી દરમ્યાન ઉમેદવાર-મતદાનના દિવસે નીચે પ્રમાણેના વાહનોનો ઉપયોગ કરવા હક્કદાર રહેશે.

(૧) ઉમેદવાર પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પૂરતું એક જ વાહનની સંબંધિત ચૂંટણી અધિકારી પોતે અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવીને ઉપયોગ કરી શકશે. અને સદરહું વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વર્ણન સાથે રાખવાનો રહેશે.

(૨) ઉમેદવારના ચૂંટણી એજન્ટ પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પૂરતું એક જ વાહનની સંબંધિત ચૂંટણી અધિકારી પોતે અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવીને ઉપયોગ કરી શકશે અને સદરહું વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વર્ણન સાથે રાખવાનો રહેશે.

(૩) ખાનગી વ્યક્તિ કે ઉમેદવાર એજન્ટ પાર્ટીના સભ્યો વિગેરે પરવાનગી વગરના વાહનોનો ઉપયોગ કરી શકશે નહી.

આવા વાહનોની ઓળખ સહેલાઇથી પ્રસ્થાપિત થઇ શકે અને ઉમેદવારને બિન જરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનની દિવસે ઉપરોક્ત (ખ)(૧)(૨)(૪)માં દર્શાવેલ વિગેરેના વાહનો સદર ચૂંટણીના ઉમેદવારોએ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે. અને રજીસ્ટર કરાવેલ વાહનો પરત્વેના પરમીટ તેઓની પાસેથી મેળવીને વાહનો ઉપર સહેલાઇથી દેખાઇ આવે તે રીતે વિન્ડસ્ક્રીન ઉપર ડાબી તરફ ઉપરની બાજુ સહેલાઇથી જોઇ શકાય તેમ લગાવવાનો રહેશે. સદરહું પરમીટ લગાવ્યા સિવાય સદરહુ વાહનનો ઉપયોગ કરી શકશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા ₹ ૨૦૦/-નો દંડ અથવા બન્નેની સજા થઇ શકે છે.

આ હુકમનો અમલ ભરૂચ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં દિવસે કરવાનો રહેશે.

આજ રોજ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫નાં દિને મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૯૫૫૦ થી ૯૯૮૦/૨૦૧૫.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઇએલસી/સી.ઓ.સી./૩(૭)૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ની આગામી સ્થાનિક સ્વરાજ્યની સમામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. તે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાન તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ રાખવામાં આવેલ છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૬ની જોગવાઇ મુજબ તથા ભારતીય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : ૪૬૪/આઇએનસીટી/૦૭/પીએલએન/૧/૪૮૩/૫૧૭/સીઇઓ. તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૭નાં પેરા નં. ૨માં આપેલ સૂચના અનુસાર મતદાન પૂરૂં થવા માટે નિયત સમય સાથે પૂરા થતાં ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમનાં ચૂંટણી મત વિસ્તાર બહારનાં સમર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઇ શકે નહિ એ હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોઇ અને જેઓ મતદાર વિભાગનાં મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારનાં અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી ન્યાયી અને મુક્ત રીતે થવા ઉપર અસર પડે છે, જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

હું ડૉ. વિક્રાંત પાંડે, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ જિલ્લા ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મળેલ અધિકારની રૂએ ભરૂચ જિલ્લાનાં સમગ્ર મહેસુલી વિસ્તાર માટે,

(૧) મતદાન પૂરૂં થવા માટે નિયત થયેલ સમય સાથે પૂરા થતાં ૪૮ કલાકનાં સમયમાં ચૂંટણી પ્રચાર કરવા ઉપર,

(૨) પ્રચારનો સમયગાળો પૂરો થયા તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫નાં સાંજે ૧૭-૦૦ કલાક પછી રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોઇ અને જેઓ મતદાર વિભાગનાં મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારનાં અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ મુકું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ સાંજે ૧૭-૦૦ કલાકથી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫નાં સાંજે ૧૭-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫નાં દિને મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૯૯૮૧ થી ૧૦૦૧૧/૨૦૧૫.– ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઇએલસી/સી.ઓ.સી./૩(૭)૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ની આગામી સ્થાનિક સ્વરાજ્યની સમામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ મતદાન તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ રાખવામાં આવેલ છે. તંજ મતગણતરી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫નાં રોજ રાખવામાં આવેલ છે. ચૂંટણીની સમગ્ર કાર્યવાહી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા, આચાર સંહિતા અને રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરની સૂચનાઓનો ભંગ કરતાં શોર્ટ મેસેજ (SMS) પ્રસારીત થતા અટકાવવા મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલાથી મતદાન પૂરુ થાય તે સમય દરમ્યાન રાજકીય પ્રકારના SMS મોકલવા ઉપર પ્રતિબંધ મુકવા અંગે ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ૪૬૪/આઇ.એન.એસ.ટી./૨૦૦૮/ઇ.પી.એસ. તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક ઇએલસી/૧૦૦૭/૧૦૩૩૨/છ, તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૮થી સૂચનાઓ થઇ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

હું ડૉ. વિક્રાંત પાંડે, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી અમોને મળેલ સત્તાની રૂએ ભરૂચ જિલ્લાનાં સમગ્ર મહેસુલી વિસ્તાર માં,

કોઇપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઇ વ્યક્તિએ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૧૫નાં મતદાન દિવસ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મતદાન પૂરૂં થવાના ૪૮ કલાક પહેલાથી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના SMS મોકલવા ઉપર આથી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ સાંજે ૧૭-૦૦ કલાકથી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં સાંજે ૧૭-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તેમજ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

આજ રોજ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૧૦૦૧૨ થી ૧૦૦૪૨/૨૦૧૫.-આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી, ૨૦૧૫ અંતર્ગત ભરૂચ જિલ્લામાં મતદાન તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ રાખવામાં આવેલ છે. આ ચૂંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી બિન અધિકૃત રીતે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લઇ જવા - પરત લાવવા વાહનનો ઉપયોગ કરવાની સંભાવના છે. જેથી આવા વાહનોના દુર ઉપયોગના કારણે પ્રતિસ્પર્ધીઓ વચ્ચે સંઘર્સ, આક્ષેપો પ્રતિઆક્ષેપો થવાની અને તેના કારણે ચૂંટણીની નિષ્પક્ષતા જોખમાવાનો પૂરો સંભવ છે. ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ૪૩૭/૬/૦૬-પીએલએન/૩, તા.૨૩મી નવેમ્બર, ૨૦૦૭ અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યનાં પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૦૭/૧૦૭૩(૨)/૬, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૯ની સૂચના અનુસાર રાજ્યના ચૂંટણી પંચ તરફથી પણ ઉમેદવારો, રાજકીય પક્ષો માટે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લાવવા, પરત લઇ જવાની ગેરકાયદેસરની સગવડ આપી મતદારને અનઅધિકૃત દબાણ, પ્રલોભન આપવા ઉપર તથા મતદાનના દિવસે ઉમેદવારો તથા તેમના એજન્ટ દ્વારા વાપરવામાં આવતા વાહનો ઉપર, વિગેરે બાબતો પરત્વે ભારતીય ચૂંટણી પંચ તરફથી પ્રતિબંધ/નિયંત્રણ ફરમાવેલ છે.

વાસ્તે હું ડૉ. વિક્રાંત પાંડે, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં કામે ભરૂચ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તાર માટે,

(૧) કોઇપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદાનના દિવસે ફોર વ્હિલ ગાડીમાં ડ્રાઇવર સાથે પાંચ વ્યક્તિથી વધારે બેસી શકાશે નહિ તેમજ ઉમેદવાર અથવા તેના એજન્ટ માટે ફાળવવામાં આવેલ વાહનનો ઉપયોગ કોઇ બીજી વ્યક્તિ દ્વારા થઇ શકશે નહિ.

(૨) મતદાનના દિવસે કોઇપણ ઉમેદવાર તેમના મત ક્ષેત્ર દિઠ એક વાહન પોતાના ઉપયોગ માટે એક વાહન તેમના એજન્ટ માટે તેમજ વધારામાં એક વાહન તેમના કાર્યકર્તાઓ અથવા પક્ષના કાર્યકર્તાઓ માટે જરૂરી પરવાનગી મેળવી વાપરી શકશે.

(૩) મતદાનના દિવસે કોઇપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદારોને મતદાન મથકે નિઃશુલ્ક લઇ જવા તથા પરત લાવવા વાહન પૂરૂં પાડવાની સગવડ આપી મતદાર ઉપર અનઅધિકૃત દબાણ/પ્રલોભન ઉભુ કરવા સામે મનાઇ ફરમાવું છું.

સદર પ્રતિબંધ ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટના પોતાના ઉપયોગ માટે મતદાનના દિવસે ઉપયોગમાં લેવાનાર વાહન માટે લાગુ પડશે નહિ.

વાહનોમાં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર તેમજ યાંત્રિક શક્તિથી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે તેમજ દોષીત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા ₹ ૨૦૦/-નો દંડ અથવા બન્નેની સજા થઇ શકશે. ઉપરાંત આઇ.પી.સી. ચેપ્ટર-૯(એ) મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ તથા બારતીય દંડ સંહિતાનાં પ્રકરણ-૯(ક)(એ) હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઇ શકશે.

આ હુકમ ઉપર આજરોજ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/ચૂંટણી-૨૦૧૫/વશી/૧૦૦૬૦ થી ૧૦૦૭૭/૨૦૧૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક ઇએલસી/સી.ઓ.સી./૩(૭)૧૦૨૦૧૫/ક, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫ થી આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. તે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાન તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ તેમજ મતગણતરી તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. મતદાનના દિવસે રાજકીય પક્ષો તથા હરીફ ઉમેદવારો દ્વારા મતદાન મથકની નજીકમાં મત આપવા માટે આવતા મતદારોને મતદાર યાદીમાંથી તેમના ભાગ નંબર, ક્રમ નંબર, નામવાળી ઓળખ કાપલીઓ આપવા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ ખુરશીઓ મૂકવામાં આવે છે. જેનાથી મત આપવા આપતા મતદારો તથા અવર જવર કરતા લોકોને અને ટ્રાફીકને અડચણ કરતાં હોય છે. મતદારો સરળતાથી મત આપવા આવી શકે અને પરત જઇ શકે તથા ટ્રાફીકને કોઇ અવરોધ ન થાય તે માટે ભારતનાં ચૂંટણી પંચ, નવી દિલ્હીના પત્ર નં. ૪૬૪/ INST/૨૦૦૭/ PLN-1 તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૭ થી નિયંત્રણો મૂકેલા છે.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી, ૨૦૧૫ દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના એજન્ટો/કાર્યકરો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ તથા ખુરશીઓ ગોઠવવામાં આવે છે, જેનાથી લોકોમાં હરકત અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગ્યા ઉપર કોઇ પ્રકારે રાહદારી તથા મત આપવા જનાર લોકોને અગવડ ઉભી ન થાય તે માટે જાહેર હિતમાં નિયંત્રણ મૂકવા જરૂરી છે.

વાસ્તે હું ડૉ. વિક્રાંત પાંડે, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, ભરૂચ જિલ્લાના સમગ્ર વિસ્તારો માટે,

INDEX

(૬) મંડળી ચલાવવામાં મંડળીના કાર્યવાહકો અને સભાસદોને કોઇ રસ ન હોઇ મંડળી અર્થક્ષમ બની શકે તેમ નથી.

(૭) મંડળીએ નામ. સરકારશ્રી તથા અન્ય બેન્ક કે સંસ્થાનું કોઈપણ પ્રકારનું લ્હેણું ચુકવવાનું બાકી નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી બિલિયા-મોરવાડ-ગુંછળી જુથ તૈલીબિયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું. બિલીયા, તા. વિજાપુર, જિ. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ આધીન નોંધણી નં. ક્રમાંક ખે-૨૧૭૨૩, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૮૬ થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ-ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી સબ ઓડીટર, સહકારી મંડળીઓ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખ થી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

વંચાણે લીધા :

(૧) શ્રી સ્પેશીયલ ઓડીટર (મિલ્ક), ઓડીટ ઓફિસ, વલસાડના તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૧ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૧૯/૨૦૧૫, તારીખ ૨૮મી મે, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૨ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૭૮/૨૦૧૫ તેમજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૩ ક્રમાંકઃ ઉખસ/ફડચ/ખ-૩/૧૧૭/૨૦૧૫

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/ સીએચ, તા. ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૫૯/૨૪૮૯/૨૦૧૫.– શ્રી મહિલાઓ સંચાલિત વણખાસ દુધ ઉત્પાદક સહકારી મંડલી લી., વણખાસ, તા. ધરમપુર જિલ્લા વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક-સે.દુ-૩૭૬૫૩, તારીખ ૧૬મી મે, ૨૦૦૬થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળે છે. સદરહું વહીવટી ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સંબંધે શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ, વલસાડે ભલામણ કરેલ છે.

(૧) મંડળી તેના પેટા નિયમોના ઉદેશો મુજબની કોઈ પ્રવૃત્તિ કરતી.

(૨) મંડળીએ પેટા નિયમ અનુસાર એકપણ વ્યવસ્થાપક કમિટીની મીટીંગ મેળવેલ નથી.

(૩) મંડળીએ સહકારી કાયદાની કલમ-૭૭ અનુસાર વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી.

(૪) મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં સભાસદોને કે કમિટી સભ્યોને કોઈ રસ નથી.

(૫) મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીના નિવેદનના આધારે મંડળીની નોંધણી રદ કરવા માટે લેખિત પંચનામું કરી આપેલ છે.

(૬) મંડળીએ સહકારી કાયદાની કલમ-૮૫ અનુસાર અન્વેષણ અહેવાલની દુરસ્તી કરેલ નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ-૧,૨ અને ૩ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તેમજ જરૂરી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી મહિલાઓ સંચાલિત વણખાસ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., વણખાસ, તા. ધરમપુર, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે વલસાડ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., આલીપુર, તાલુકા ચીખલીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :

(૧) શ્રી સ્પેશીયલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ વલસાડના તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૫ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૧ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૫૦/૨૦૧૫, તારીખ ૨૮મી મે, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૨ ક્રમાંકઃ ઉખસ/ફડચ/ખ-૩/૮૮/૨૦૧૫ તેમજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૩ ક્રમાંકઃ ઉખસ/ફડચ/ખ-૩/૧૨૪/૨૦૧૫

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૫૬/૨૪૭૭/૨૦૧૫.– શ્રી મહિલાઓ સંચાલિત ચિકાર ફ. ભવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ભવાડા, તા. ધરમપુર, જિલ્લા વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક-સે. દુ-૩૭૬૮૧, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૧થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧ થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે. સદરહું વહીવટી ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સંબંધે શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ, વલસાડે ભલામણ કરેલ છે.

(૧) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીએ પેટા નિયમ અનુસાર એકપણ વ્યવસ્થાપક કમિટીની મીટીંગ વા. સા. સભા મેળવેલ નથી.

(૩) મંડળીના સભાસદોને કે વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

(૪) મંડળીના સભાસદો પાસે ઢોર ન હોવાથી દુધનો જથ્થો મળી શકે તેમ ન હોવાથી પ્રવૃત્તિ ચાલી શકે તેમ નથી.

(૫) મંડળીએ સહકારી કાયદાની કલમ-૮૫ અનુસાર અન્વેષણ અહેવાલની દુરસ્તી કરેલ નથી.

(૬) મંડળી તેના ઉદ્દેશો અનુસારની કામગીરી કરતી નથી.

આમુખ-૨થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ-૧,૨ અને ૩ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજુઆત કરવાની વાજબી અને પુરતી તેમજ જરૂરી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્યનજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ.આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-૪માં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલાઓ સંચાલિત ચિકાર ફ. ભવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ભવાડા, તા. ધરમપુર, જિલ્લા, વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે શ્રી વલસાડ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., આલીપુર તાલુકા ચીખલીની નિમણૂંક કરૂ છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ, વલસાડના તારીખ ૯મી માર્ચ, ૨૦૧૫ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૧ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૪૯/૨૦૧૫, તારીખ ૨૮મી મે, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૨ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૮૪/૨૦૧૫ તેમજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૩ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૧૨૨/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. : ઉખસ/ફડચ/૦૧/૧૫૭/૨૪૮૧/૨૦૧૫.– શ્રી મહિલાઓ સંચાલિત રાનવેરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., રાનવેરી, તા. ધરમપુર, જિલ્લા વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે.દુ.-૩૭૬૬૦, તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૯થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧ થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે. સદરહુ વહીવટી ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવા સંબંધે શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ, વલસાડે ભલામણ કરેલ છે.

૧. મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

૨. મંડળીએ ઓડીટ સમય દરમ્યાન કોઈ દૂધ સંપાદનની કામગીરી કરેલ નથી.

૩. મંડળીએ પેટા નિયમ અનુસાર એકપણ વ્યવસ્થાપક કમિટીની મીટીંગ કે વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી.

૪. મંડળીના સભાસદોને કે કમિટી સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

૫. મંડળી અર્થક્ષમ નથી.

૬. મંડળી તેના ઉદ્દેશો અનુસારની કામગીરી કરતી નથી.

આમુખ-૨ થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ-૧, ૨ અને ૩ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજૂઆત કરવાની વાજબી અને પુરતી તેમજ જરૂરી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજૂઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-જમાં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી મહિલાઓ સંચાલિત રાનવેરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., રાનવેરી, તા. ધરમપુર, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી તરીકે શ્રી વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., આલીપુર, તાલુકા ચીખલીની નિમણૂંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ, વલસાડના તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૫ના રોજની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૧ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૪૬/૨૦૧૫, તારીખ ૨૮મી મે, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૨ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૮૬/૨૦૧૫ તેમજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની કારણદર્શક નોટીસ-૩ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૩/૧૧૪/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈ.

(૪) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સત્તા સોંપણી જાહેરનામા ક્રમાંક : જીએચકે/૬૨/૨૦૧૧/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. : ઉખસ/ફડચ/૦૧/૧૫૮/૨૪૮૫/૨૦૧૫.– શ્રી મહિલાઓ સંચાલિત પટેલ ફળિયા કરંજવેરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., કરંજવેરી, તા. ધરમપુર, જિલ્લા વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે.દુ.-૩૦૮૬૭, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

આમુખ-૧ થી વંચાણે લીધેલ દરખાસ્ત અત્રેની કચેરીને મળેલ છે. સદરહુ વહીવટી ખાસ અહેવાલમાં નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સંબંધે શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) ઓડીટ ઓફીસ, વલસાડે ભલામણ કરેલ છે.

૧. મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

૨. મંડળીએ પેટા નિયમ અનુસાર એકપણ વ્યવસ્થાપક કમિટીની મીટીંગ કે વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી.

૩. મંડળીના સભાસદોને કે વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

૪. મંડળીના સભાસદો પાસે ઢોર ન હોવાથી દૂધનો જથ્થો મળી શકે તેમ ન હોવાથી પ્રવૃત્તિ ચાલી શકે તેમ નથી.

૫. મંડળી સહકારી કાયદાની કલમ-૮૫ અનુસાર અન્વેષણ અહેવાલની દુરસ્તી કરેલ નથી.

૬. મંડળી તેના ઉદ્દેશો અનુસારની કામગીરી કરતી નથી.

૭. મંડળીના મંત્રીશ્રીના નિવેદનનાં આધારે મંડળીની નોંધણી રદ કરવા લેખિત પંચનામું કરી આપેલ છે.

આમુખ-૨ થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીસ-૧, ૨ અને ૩ સંસ્થાને આપી ન્યાયના હીતમાં રજૂઆત કરવાની વાજબી અને પુરતી તેમજ જરૂરી તક આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજૂઆત અત્રે કરવામાં આવેલ નથી.

આમ સઘળી બાબતો મધ્ય નજર રાખી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી, હું, એચ. આર. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અંતર્ગત આમુખ-જમાં દર્શાવેલ જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી મહિલાઓ સંચાલિત પટેલ ફળિયા કરંજવેરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., કરંજવેરી, તા. ધરમપુર, જિલ્લા વલસાડને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તેમજ કલમ-૧૦૮ અંતર્ગત ફડચા અધિકારી

INDEX

તરીકે શ્રી વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., આલીપુર, તાલુકા ચીખલીની નિમણૂંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વલસાડ, તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૫.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

નં. નધણ/૦૧/ગ-૧/સી.એચ.યુ./સે.દુ-૪૨૩૫૬/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી નાની રાસલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ નાની રાસલી, તાલુકો જેતપુર-પાવી, જિલ્લો છોટાઉદેપુર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

છોટાઉદેપુર, તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫.

નં. નધણ/૦૧/ગ-૧/૧૧૫/સી.એચ.યુ./સે.દુ-૪૨૩૫૫/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી પચ્ચીસ ગામ (વસાહત) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ પચ્ચીસ ગામ (વસાહત), તાલુકો સંખેડા, જિલ્લો છોટાઉદેપુર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

છોટાઉદેપુર, તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫.

નં. નધણ/૦૧/ગ-૧/૧૧૭/સી.એચ.યુ./સે.દુ-૪૨૩૫૭/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, ધી જેમલગઢ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ જેમલગઢ, તાલુકો નસવાડી, જિલ્લો છોટાઉદેપુર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

છોટાઉદેપુર, તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૨૮-૫-૨૦૧૫ના જા. નં. ફડચ/૦૧/ગ-૧/૭૯/૨૦૧૫ નો વચગાળાનો હુકમ.

(૨) અત્રેની કચેરીના તા. ૩૦-૦૭-૨૦૧૫ની કારણદર્શક નોટીશ.

(૩) મંડળી દ્વારા આપવામાં આવેલ તા. ૧૯-૦૮-૨૦૧૫નું નિવેદન.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ નીચેની જોગવાઈઓ.

(૫) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક GHKH-51-2011-NSB-12-2002-CH, તા. ૨૧-૦૭-૨૦૧૧

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૮૮૩૯/૦૧/ગ-૧/૧૧૮/૧૩૮૨/૨૦૧૫.–ધી છોટાઉદેપુર, નગર પંચાયત કર્મચારી શરાફી મંડળી લી., મું.પો. તા. જિ. છોટાઉદેપુર નોંધણી નંબર ઉ-૧૭૪૪૦ સને-૧૯૫૫, તા. ૨૬-૬-૧૯૫૫થી નોંધાયેલી સહકારી મંડળી જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ-૧માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ''ન'' હોય આમુખ ૨-૩ માં જણાવેલ કારણદર્શક નોટીસ આપી તા. ૧૯-૮-૨૦૧૫ના રોજ હાજર રહી. નિવેદન જણાવ્યાં મુજબ કાર્યવાહી કરવા નિવેદન આપેલ છે. આમુખ-૪ અન્વયે ફડચામાં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર-૧ લગત સદર કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

(૧) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ (ત્રણ) વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) ફડચા અધિકારીએ સદરહુ મંડળીને ફડચાનો હવાલો તાત્કાલીક મેળવી લઈ મંડળીના દેવા લેણાની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેરફાળાની ચુકવણી કરવા સૂચના છે.

છોટાઉદેપુર, તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, છોટાઉદેપુર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

(૨) સરકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ન.જ.-૪) મહેસાણાના તા. ૩૦-૦૯-૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૯૮/૨૦૧૫થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વેય રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૭૦૭/૨૦૧૫, તા. ૭/૧૦/૨૦૧૫થી મંડળી ની વ્યવસ્થાપક કમિટી સભ્યોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૫૩/૫૯૩૨/૨૦૧૫.–શ્રી સનરાઈઝ પાર્ક કો.ઓપ.હાઉસિંગ સોસાયટી લી.,મું. મહેસાણા, જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૦૩૦૪, તા. ૧૩-૧૦-૧૯૮૬ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે).

INDEX

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧-૪-૨૦૧૨થી તા. ૩૧-૩-૨૦૧૫ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ન.જ.-૪) મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તા. ૧૧-૯-૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ -(૩)માં જણાવેલ વિગતે તા. ૩૦-૦૯-૨૦૧૫ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે, ખાસ અહેવાલ આધીન આમુખ (૪)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૭-૧૦-૨૦૧૫થી BY RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. ૧ થી ૮માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૧૯-૧૦-૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની બજવણી મંડળીના હોદ્દેદારોને થયેલ છે. પરંતુ મંડળીના હોદ્દેદારોએ રૂબરૂ હાજર રહી કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરેલ નથી.

(૧) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ સંબંધિત ઓડીટરશ્રીને મોકલાવેલ નથી, જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) માન. રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરનાં તા. ૨૧-૭-૦૮ના પરિપત્ર અન્વયે સોસાયટીના સભાસદોના મકાનનું સરકાર માન્ય આર્કિટેક દ્વારા સ્ટ્રક્ચરલ ઓડીટ કરાવવું ફરજીયાત હોવા છતાં, મંડળીએ આ અંગે પેટાનિયમમાં જરૂરી સુધારો કરાવી અમલ કરેલ નથી, જેથી મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી.

(૩) મંડળીના પેટાનિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી અગાઉના વર્ષોમાં પૂર્ણ થઈ ગયેલ છે. જેથી સોસાયટીના ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી બાકી નથી.

(૪) મંડળીની સને ૨૦૧૨-૨૦૧૩ થી ૨૦૧૪-૧૫ના વર્ષ દરમ્યાન વ્ય. કમિટીની ફક્ત ૩ (ત્રણ) મીટીંગ મળેલ છે. આમ મંડળીએ પેટાનિયમ મુજબ વ્ય. કમિટીની મીટીંગ બોલાવેલ નથી.

(૫) મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી પૂર્ણ થઈ ગયેલ હોઈ, મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે.

(૬) મંડળીને નામ. સરકારશ્રીનું કે અન્ય બેન્ક કે કોઈ પણ સંસ્થાનું લેણું ચુકવવાનું બાકી નથી.

(૭) મંડળીના તા. ૩૧-૩-૨૦૧૫ના સરવૈયામાં રીઝર્વ ફંડ ₹ ૧૪૫/- છે, મંડળીની નોંધણી થયે લગભગ -૧૯ વર્ષ જેટલો સમય થવા છતાં ફંડોમાં કોઈ વધારો થયેલ નથી, આમ મંડળી સ્થગિત હોવાથી પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી પૂર્ણ થયેલ હોવાથી મંડળીના કાર્યવાહકો તેમજ સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

(૮) મંડળીના છેલ્લા ચાર વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' (D) છે.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સનરાઈઝ પાર્ક કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી., મું. મહેસાણા, જિ. મહેસાણા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ આધિન નોંધણી નં. ક્રમાંક ઘ-૧૦૩૦૪, તા. ૨૬-૧૨-૧૯૭૨થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ-ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી નવેમ્બર ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ન.જ.-૪) મહેસાણાના તા. ૩૦-૦૯-૨૦૧૫ના પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૯૭/૨૦૧૫, તા. ૧/૭/૨૦૧૫થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વેય રજુ કરેલ ખાસ વહીવટી અહેવાલ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૭૦૬/૨૦૧૫થી મંડળી ની વ્યવસ્થાપક કમિટી સભ્યોને BY RPAD થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૫૪/૫૯૩૩/૨૦૧૫.–શ્રી ઈન્દ્રપ્રસ્થ કો.ઓપ.હાઉસિંગ સોસાયટી લી.,મું. તા. કડી, જિ. મહેસાણા એ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક ઘ-૧૬૪૯૭, તા. ૨૮-૯-૧૯૯૪ છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે).

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીનું તા. ૧-૪-૨૦૧૨થી તા. ૩૧-૩-૨૦૧૫ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ન.જ.-૪) મહેસાણાને સુપ્રત થતાં, સદર મંડળીનું ઓડીટ તા. ૯-૯-૨૦૧૫ના રોજ પૂર્ણ કરેલ છે. ઓડીટરશ્રીને તપાસણી સમયમાં વહીવટી અનિયમિતતાઓ જણાઈ આવતાં, તેઓશ્રી દ્વારા સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ -(૩)માં જણાવેલ વિગતે તા. ૩૦-૦૯-૨૦૧૫ થી ખાસ વહીવટી અહેવાલ રજુ કરેલ છે. જે, ખાસ અહેવાલ આધીન આમુખ (૪)માં જણાવેલ વિગતે સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને તા. ૭-૧૦-૨૦૧૫થી BY RPAD થી કારણદર્શક નોટીસથી જાણ કરેલ હતી. જેમાં મુદ્દા નં. ૧ થી ૮માં જણાવેલ વિગતે રજુઆત કરવા તા. ૧૯-૧૦-૨૦૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસની

INDEX

બજવણી મંડળીના હોદેદારોને થયેલ છે. પરંતુ મંડળીના હોદેદારોએ રૂબરૂ રહી કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરેલ નથી.

(૧) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ સંબંધિત ઓડીટરશ્રીને મોકલાવેલ નથી, જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) માન. રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરનાં તા. ૨૧-૭-૦૮ના પરિપત્ર અન્વયે સોસાયટીના સભાસદોના મકાનનું સરકાર માન્ય આર્કિટેક દ્વારા સ્ટ્રક્ચરલ ઓડીટ કરાવવું ફરજીયાત હોવા છતાં, મંડળીએ આ અંગે પેટાનિયમમાં જરૂરી સુધારો કરાવી અમલ કરેલ નથી, જેથી મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી.

(૩) મંડળીના પેટાનિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી અગાઉના વર્ષોમાં પૂર્ણ થઈ ગયેલ છે. જેથી સોસાયટીના ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી બાકી નથી.

(૪) મંડળીએ સને ૨૦૧૧-૨૦૧૨ થી ૨૦૧૩-૧૪ના વર્ષની વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૫) મંડળીએ સને ૨૦૧૧-૨૦૧૨ થી સને ૨૦૧૪-૧૫ દરમ્યાન વ્યવસ્થાપક કમીટીની એકપણ મીટીંગ બોલાવેલ નથી કે મળેલ નથી જેથી પેટાનિયમની જોગવાઈઓનો ભંગ કરેલ છે.

(૬) મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી પૂર્ણ થઈ ગયેલ હોઈ મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે.

(૭) મંડળીને નામ. સરકારશ્રીનું કે અન્ય બેન્ક કે કોઈપણ સંસ્થાનું લેણું ચુકવવાનું બાકી નથી.

(૮) મંડળીમાં તા. ૩૧-૩-૨૦૧૫ અંતિત એકત્રિત ખોટ ₹ ૧,૪૭,૨૧૯-૬૪ છે, જે ખોટ નિવારવા મંડળીએ કોઈ નક્કર કાર્યવાહી કરેલ નથી.

(૯) મંડળીના તા. ૩૧-૩-૨૦૧૫ના સરવૈયામાં રીઝર્વ ફંડ ₹ ૭૩૦/- છે, મંડળીની નોંધણી થયે લગભગ ૨૦ વર્ષ જેટલો સમય થવા છતાં ફંડોમાં કોઈ વધારો થયેલ નથી, આમ મંડળી સ્થગિત હોવાથી પેટાનિયમના ઉદ્દેશો મુજબની કામગીરી પૂર્ણ થયેલ હોવાથી મંડળીના કાર્યવાહકો તેમજ સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી.

આમ, મંડળીને રજુઆત કરવા અત્રેથી વાજબી તક પુરી પાડવા છતાં, મંડળી દ્વારા કારણદર્શક નોટીસમાં જણાવેલ બાબતે કોઈ વાસ્તવિક દુરસ્તી કરી અત્રે રજુઆત કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીનો વહીવટ કરવામાં રસ જણાતો નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ હોઈ, નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ઈન્દ્રપ્રસ્થ કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી., મું. તા, કડી, જિ. મહેસાણા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ આધિન નોંધણી નં. ક્રમાંક ઘ-૧૬૪૯૭, તા. ૨૮-૯-૧૯૯૪થી નોંધવામાં આવેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ-ક, ગ, (૨), (૪), અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારીશ્રી, (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત/ખુલાસો કરવો હોય, તો સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી નવેમ્બર ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હા) મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨૭-૪-૨૦૦૫નો અંતિમ આદેશ ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ખ-૨/૩૩૧ થી ૩૪૦.

(૨) ફડચા અધિકારી અને સબ ઓડીટર લગત સ્પેશયલ ઓડીટર, સ.મં. લી. (૫) ભરૂચની તારીખ ૨૯-૧૦-૨૦૧૫ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૪૭/૨૦૧૫થી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ધી નીલકંઠેશ્વર ખેતી પિયત સહકારી મંડળી લી., મું. હિરાપોર, તા. વાલીયા, જી. ભરૂચની (ફડચામાં)ની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) ની જોગવાઈ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૫) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧-૭-૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/ ૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૨૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૭૮/૧૨૬૨/૨૦૧૫.–ધી નીલકંઠેશ્વર ખેતી પિયત સહકારી મંડળી લી., મું. હિરાપોર, તા. વાલીયા, જિ. ભરૂચ (ફડચામાં) ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૭૩, નોંધણી નંબર ખે-૧૪૫૫ થી કરવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મંડળીએ કાયદા કાનુન અને પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી નહિ કરતાં આમુખ-૧માં દર્શાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જઈ, તેના ફડચા અધિકારી તરીકે સબ ઓડીટર લગત સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી લી. (૫) ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદરહુ મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૩ થી તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૧૫ સુધીના સમયનું છેવટનું ઓડીટ સબ ઓડીટર લગત કચેરી દ્વારા હાથ ધરવામાં આવતાં તેઓએ તેમના ઓડીટ અહેવાલમાં નોંધણી રદ કરવા ફડચા અધિકારીને સુચન કરેલ છે. જે અનુસાર મંડળીનું તારીખ ૨૦મી ઓકટોબર ૨૦૧૫નું સરવૈયુ શૂન્ય થયેલ છે.

ઉક્ત મંડળીના ફડચા અધિકારીએ તેનો ચાર્જ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ મેળવી નિયમોનુસારની કાર્યવાહી કરી, આમુખ-(૨) માં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત નિયત નમૂનામાં અત્રે જરૂરી ભલામણ સહ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ આમુખ-(૩) અન્વયે સદર ફડચા મંડળીની ફડચાની તમામ કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આમુખ-(૪) અન્વયે સદર ફડચા મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, સુનીલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-(૪) મુજબ ધી નીલકંઠેશ્વર ખેતી પિયત સહકારી મંડળી લી., મું. હિરાપોર, તા. વાલીયા, જિ. ભરૂચની નોંધણી નંબર ખે-૧૪૫૫, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૭૩ની આમુખ-૫થી મને મળેલ સત્તાની રૂએ આજ રોજ નોંધણી રદ કરુ છું. અને સદર હુકમની તારીખથી આ મંડળી બંધ થયેલી ગણાશે.

ભરૂચ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, (સ.મં.), (૩) ભરૂચ, ધી અલાદર માઈનોર (૨) ન. સિં. સ. મં. લી., જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગેની તારીખ ૧૦-૦૯-૨૦૧૫ની દરખાસ્ત તથા તારીખ ૦૧-૦૪-૨૦૧૩ થી તારીખ ૩૧-૩-૨૦૧૫ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૩-૯-૧૫ના પત્ર ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૩૪/૨૦૧૫થી મંડળીને પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧-૭-૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૮૦/૧૨૬૪/૨૦૧૫.–ધી અલાદર માઈનોર (૨) ન. સિં. સ. મં. લી., જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર ખે-૫૯૫૪, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, (સ. મં.)(૩) ભરૂચ દ્વારા આમુખ-૧ થી વંચાણે લીધેલ ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના આમુખ-૨ થી વંચાણે લીધેલ રજીસ્ટર્ડ પો.એ.ડી. થી મંડળીને કારણ દર્શક નોટીસ પાઠવી તેમાં જણાવેલ કારણો સબબ દિન-૧૫માં લેખિત/મૌખિક/રૂબરૂ રજુઆત કરવા જણાવેલ. પરંતુ કારણ દર્શક નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી કોઈપણ રજુઆત કરવામાં આવેલ નથી, અને કોઈપણ હોદ્દેદારો હાજર રહેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવે છે. આમ, ઉપરોકત વિગતો ધ્યાનમાં લઈ, મંડળીને ફડચામાં લઈ જવાનું યોગ્ય લાગતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ, ધી અલાદર માઈનોર (૨) ન.સિં.સ.મં. લી., જિ. ભરૂચને આમુખ-૩ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ઓ. ગ્રેડ-૨ સ.મં. (૩) ભરૂચ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે, આ આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિક કે મૈખિક આધાર પુરાવા સાથે અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨, (સ.મં.), (૩) ભરૂચ, ધી અલાદર માઈનોર (૪) ન. સિં. સ. મં. લી., મું. અલાદર, તા. વાગરા, જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગેની તારીખ ૧૦-૦૯-૨૦૧૫ની દરખાસ્ત તથા તારીખ ૦૧-૦૪-૨૦૧૩ થી તારીખ ૩૧-૩-૨૦૧૫ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૩-૯-૧૫ના પત્ર ક્રમાંક : સેનઉખસ/ફડચ/૦૧/ઘ-૨/૩૩૩/૨૦૧૫થી મંડળીને પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તારીખ ૨૧-૭-૨૦૧૧નું ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૭૯/૧૨૬૩/૨૦૧૫.–ધી અલાદર માઈનોર (૪) ન. સિં. સ. મં. લી., મું. અલાદર, તા. વાગરા, જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર ખે-૫૯૫૨, તારીખ ૨૧મી મે, ૨૦૦૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા ફડચા અધિકારી અને ઓડીટર ગ્રેડ-૨, (સ. મં.)(૩) ભરૂચ દ્વારા આમુખ-૧ થી વંચાણે લીધેલ ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના આમુખ-૨ થી વંચાણે લીધેલ રજીસ્ટર્ડ પો.એ.ડી. થી મંડળીને કારણ દર્શક નોટીસ પાઠવી તેમાં જણાવેલ કારણો સબબ દિન-૧૫માં લેખિત/મૌખિક/રૂબરૂ રજુઆત કરવા જણાવેલ. પરંતુ કારણ દર્શક નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં મંડળી તરફથી કોઈપણ રજુઆત કરવામાં આવેલ નથી, અને કોઈપણ હોદ્દેદારો હાજર રહેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને

INDEX

સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક રીતે જણાય આવે છે. આમ, ઉપરોક્ત વિગતો ધ્યાનમાં લઈ, મંડળીને ફડચામાં લઈ જવાનું યોગ્ય લાગતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું, સુનિલ કુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ, આમુખ-૪ થી મને મળેલ સત્તાની રૂએ, ધી અલાદર માઈનોર (૪) ન.સિ. સહકારી મંડળી લી., મું. અલાદર, તા. વાગરા, જિ. ભરૂચને આમુખ-૩ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ઓડિટર ગ્રેડ-૨ સ.મં. (૩) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે, આ આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિક કે મૈખિક આધાર પુરાવા સાથે અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૧૫.

સુનીલ કુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :-

(૧) સર્ટીફાઇડ ઓડીટર લુણાવાડા નં. ૧૦૯નો ખાસ અહેવાલ તારીખ ૨૮-૨-૨૦૧૫.

(૨) અત્રેની કચેરીની કારણ દર્શક નોટીસ જા. નં. ફડચ/૦૧/ખ-૨/૯૬/૨૦૧૫, તારીખ ૧૫-૫-૨૦૧૫.

(૩) અત્રેની કચેરીનાં વચગાળાનાં હુકમ નં. ફડચ/૦૧/ખ-૨/૨૦૬, તારીખ ૭-૧૦-૨૦૧૫.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

(૫) નામદાર ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એસ.કે.એચ./૫૧/૨૦૧૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧-૭-૨૦૧૧, અન્વયે મળેલ સત્તાઓ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ખ-૨/૨૩૩/૨૦૧૫.—ધી વર્ધમાન કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી. સંતરામપુર, મું. તા. સંતરામપુર, જિ. મહિસાગર, ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે નોંધણી અન્વયે નોંધણી નંબર ક્રમાંક : સે. ૪૦૧૪, તારીખ ૫મી જુલાઇ, ૧૯૮૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ (એ) અન્વયે આમુખ-(૩) માં જણાવેલ વચગાળાનાં આદેશથી ફડચામાં લઇ જઇ સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની મુદત આપવામાં આવેલ હતી પરંતુ મંડળી તરફથી સમય મર્યાદામાં કોઇ રજુઆત મળેલ નથી જેથી આમુખ-(૫) થી મળેલ સત્તાની રૂએ આમુખ-(૪) માં જણાવેલ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) ની જોગવાઇઓ અન્વયે મંડળીને ફડચામાં લઇ જવાના આમુખ-(૩) માં જણાવેલ તારીખ ૭મી ઓકટોબર, ૨૦૧૫ના વચગાળાનાં હુકમને કાયમ રાખતો હુકમ કરૂ છુ અને સદર હું અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સબ ઓડીટ લગત સદર કચેરીની નિમણૂંકને કાયમ કરવામાં આવે છે.

નિયુક્ત ફડચા અધિકારીએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) ની જોગવાઇઓ મુજબ મંડળીને આટોપી લેવાની કાર્યવાહી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

લુણાવાડા, તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫.

જી. આર. રાઠોડ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહિસાગર,
લુણાવાડા.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

નોંધણી ક્રમાંક એ.એન.ડી./ખે/૮૪૨૦/૨૦૧૫.–જિલ્લા પંચાયત, આણંદ, આથી જાહેર કરે છે કે, શીલી વૃક્ષઉછેરક સહકારી મંડળી લી., મું. શીલી, તા. ઉમરેઠ, જિ. આણંદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવી છે.

આણંદ, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫.

આર. એસ. ડાભી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, આણંદ.

જા. નં. નધણ/એનવીએસ/ઘ-૨૪૯૭૩/૨૭૮/૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, સાંઇરામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ઉભરાટરોડ મહુવર, તા. જલાલપોર, જિલ્લો નવસારીને,

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૯મી નવેમ્બર, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ(હાઉસીંગ), વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડીયાદનો પત્ર ક્રમાંક : કે.ડી.સી.સી./એચ.ઓ./તપાસણી/૧૪-૧૫/૧૧૬૦૪, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

(૨) આ કચેરીની મંડળીને આપેલ કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૪૦/૨૦૧૫, તારીખ ૧૧મી મે, ૨૦૧૫.

(૩) આ કચેરીની મંડળીને આપેલ કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૪૪/૨૦૧૫, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૫.

(૪) આ કચેરીની મંડળીને આપેલ વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૬૧/૨૦૧૫, તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૫.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭-૧૦૮ની નીચેની જોગવાઈઓ.

(૬) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા. નં. : ઉખસ/કજ/ફડચા/૦૧/ગ-૨/૨૯૮/૨૦૧૫.—ધી કૈલાસપુરી ગૃપ સેવા સહકારી મંડળી લી., મું. કૈલાસપુરી, તા. ઠાસરા, જિ. ખેડા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે, જેનો નોંધણી નંબર-૧૩૦૮૮, તારીખ ૧૬મી ઓક્ટોબર, ૧૯૭૬ છે. જેનો હવે પછી આ હુકમમાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

મજકુર મંડળીને આમુખ-૧ના પત્રથી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડીયાદએ ફડચામાં લઈ જવા અંગે અત્રેને ભલામણ કરેલ છે. આમુખ-૨ ના પત્રથી સદર મંડળીને આર.પી. એ.ડી. થી ફડચામાં લઈ જવાની કારણદર્શક નોટિસ આપી. અત્રેની કચેરીએ તારીખ ૧૮મી મે, ૨૦૧૫ના રોજ હાજર રહી જરૂરી ખુલાસો કરવા તેમજ જે કાંઈ રજુઆત કરવી હોય તે અત્રે સુનાવણીની તક આપવામાં આવેલ છે. આમુખ-૩ના પત્રથી સદર મંડળીને આર.પી. એ.ડી. થી ફડચામાં લઈ જવાની કારણદર્શક નોટિસ આપી. અત્રેની કચેરીએ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ હાજર રહી જરૂરી ખુલાસો કરવા તેમજ જે કાંઈ રજુઆત કરવી હોય તે અત્રે સુનાવણીની તક આપવામાં આવેલ છે.

સબબ, મંડળીના કાર્યવાહકોએ મંડળીની મુદતવીતી બાકી તમામ બાકીદારો સામે લવાદી રાહે દાવા દાખલ કરેલ નથી. મંડળીની કુલ ધિરાણ બાકીની વસૂલાત પણ થયેલ નથી. મંડળીને તેની નાણાંકીય સ્થિતિ સુધારવા અને પુરતો સમયગાળો અને પુરતી તક આપવા છતાં મંડળી તેમ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે આમુખ-૪માં જણાવેલ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. આધારિત કોઈ સબબ આધાર પુરાવા મંડળીએ રજુ કરેલ નથી. જેથી, આમુખ-૫ માં જણાવેલ સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે સદર મંડળીનો આમુખ-૪ નો જણાવેલ વચગાળાનો હુકમ કાયમ કરવાનો થાય છે.

મજકુર સ્થિતિએ આમુખ-૧ થી ૬ માં જણાવ્યા પ્રમાણે કાર્યવાહી કરવાની થતી હોઈ સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

ધી કૈલાસપુરી ગૃપ સેવા સહકારી મંડળી લી., મું. કૈલાસપુરી, તા. ઠાસરા, જિ. ખેડા, નોંધણી નંબર-૧૩૦૮૮, તારીખ ૧૬મી ઓક્ટોબર, ૧૯૭૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખ-૪ માં જણાવેલ વચગાળાનો હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. જે હુકમ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતો મુજબ આમુખ-૬ થી મળેલ સત્તાને આધીન અને ફડચા અધિકારી તરીકેની ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડીયાદની થયેલ નિમણૂંક કરવામાં આવે છે.

(૧) ફડચા અધિકારીએ સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી ૧ (એક) વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો તાત્કાલિક મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાતરી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લ્હેણાં ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેરફાળાની ચૂકવણી કરવા સૂચનો છે.

નડીયાદ, તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૧૫.

આર. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૪ના હુકમ નંબર : ફડચ/૦૧/ખ-૩/૩૨૦/૨૦૦૪નો અંતિમ આદેશ.

(૨) શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાના જા.નં. : ફડચ/ઘ/૦૧/૧૧૯/૨૦૧૫, તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ થી નોંધણી રદ કરવા અંગેની આવેલ દરખાસ્ત.

(૩) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : GHKH-51-2005 NSB-12-2002-3010-CH, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧, તથા જાહેરનામા ક્રમાંક : GHKH-62-2005 NSB-12-2002-3010-CH, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ક-૩/૨૭૪/૨૦૧૫.—જા.નં. ફડચ/૦૧/ખ-૩/ ૩૨૦ /૨૦૦૪, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૪ થી ધી ફાર ઈસ્ટ કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી., તા. ગોધરા, જિ. પંચમહાલની નોંધણી ક્રમાંક : સે/૨૭૭૭૭, તારીખ ૮મી મે, ૧૯૯૫ થી કરવામાં આવી હતી. સદર મંડળીને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, ગોધરાની નિમણૂંક કરવામાં આવેલ હતી.

મંડળીના દફતરનો ચાર્જ મેળવવા માટે ફડચા અધિકારી દ્વારા મંડળીના હોદ્દોદારોને વારંવાર જણાવવા છતાં મંડળીના હોદ્દોદારોના ઠામ ઠેકાણાં ન મળવાના,

ત્યારબાદ સદરહું મંડળીના દફતર દેવા-લેણાં રજૂ કરવા માટે તારીખ ૨જી માર્ચ, ૨૦૧૨ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં ફડચા મંડળીઓની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મંડળીના હોદેદારોને દિન-૧૫ માં સંસ્થાના ચોપડા દફતર દસ્તાવેજો જમા કરાવવા જણાવવામાં આવેલ તેમ છતાં કોઈ સંસ્થા દ્વારા દફતર/ચાર્જ સોંપવામાં આવેલ નથી.

ફરીથી તારીખ ૨૭મી જુન, ૨૦૧૪ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં બીજા પ્રયત્ન દ્વારા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરીને દિન-૧૫ માં મંડળીનું દફ્તર જમા કરાવી જવા જણાવવામાં આવેલ તેમ છતાં તે સંદર્ભમાં મંડળીના હોદેદારો તરફથી કોઈ રજૂઆત મળેલ નથી કે મંડળીના હોદેદારો તરફથી તેઓને રેકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી.

આમ, મંડળીના તથા હોદેદારોના નામ સરનામા માટે ઉપર જણાવેલ વિગતે પ્રયત્નો કરવા છતાં કોઈ પત્તો મળેલ નથી. જેથી, મંડળી તેના નોંધાયેલ સરનામે અસ્તિત્વમાં નથી તેમ માનવાને પુરતા કારણો છે.

આમ, ઉપર જણાવેલ વિગતો મુજબ ફડચા અધિકારીશ્રી તરફથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ભલામણ સહ દરખાસ્ત આમુખ (૨) થી અત્રેને મોકલેલ છે. જેથી, સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોય ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમાં લેતાં આમુખ (૩)માં જણાવેલ જાહેરનામાં અન્વયે અત્રેને મળેલ સત્તાને આધીન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી ફાર ઈસ્ટ કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી., તા. ગોધરા, જિ. પંચમહાલની નોંધણી ક્રમાંક : સે/૨૭૭૭૭, તારીખ ૮મી મે, ૧૯૯૫ થી કરવામાં આવી હતી. સદરહું મંડળીને પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર ફડચામાં લઈ ગયા બાદ ચાર્જ સંભાળવા અંગે ફડચા અધિકારી દ્વારા પત્રો પાઠવીને અને પેપર પ્રસિદ્ધિ આપીને ચાર્જ લેવાનો યોગ્ય પ્રયત્ન કરેલ છે. તથા વર્તમાન પત્રમાં નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૫ માં તેઓની કચેરીએ આધાર-પુરાવા સહ જમા કરાવી જવા જણાવવામાં આવેલ હોવા છતાં, ફડચા અધિકારીને કોઈ રજૂઆત મળેલ નથી કે રેકર્ડ સુપ્રત થયેલ નથી. જેથી, મંડળી તેના નોંધાયેલા સરનામે અસ્તિત્વમાં નથી તેમ માની ફડચા અધિકારી, ગોધરાએ મંડળીની નોંધણી રદ કરવા માટે દરખાસ્ત મોકલેલ છે. જેથી, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે આથી રદ કરવામાં આવે છે. જેથી, સદરહું મંડળી આથી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

ગોધરા, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૦૬ના હુકમ નંબર : ફડચ/ ૦૧/ખ-૩/૯૫૮/૨૦૦૬નો અંતિમ આદેશ.

(૨) શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાના જા.નં. : ફડચ/ઘ/૦૧/૧૧૬/૨૦૧૫, તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ થી નોંધણી રદ કરવા અંગેની આવેલ દરખાસ્ત.

(૩) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : GHKH-51-2005 NSB-12-2002-3010-CH, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧, તથા જાહેરનામા ક્રમાંક : GHKH-62-2005 NSB-12-2002-3011-CH, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ક-૩/૨૭૫/૨૦૧૫.– જા.નં. ફડચ/૦૧/ખ-૩/ ૯૫૮/૨૦૦૬, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૪ થી ધી રોયલ કુશન કાં.ના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., તા. હાલોલ, જિ. પંચમહાલની નોંધણી ક્રમાંક : સે/૨૬૫૩૯, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૨ થી કરવામાં આવી હતી. સદર મંડળીને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, ગોધરાની નિમણૂંક કરવામાં આવેલ હતી.

મંડળીના દફ્તરનો ચાર્જ મેળવવા માટે ફડચા અધિકારી દ્વારા મંડળીના હોદોદારોને વારંવાર જણાવવા છતાં મંડળીના હોદોદારોના ઠામ ઠેકાણાં ન મળવાના,

ત્યારબાદ સદરહું મંડળીના દફ્તર દેવા-લેણાં રજૂ કરવા માટે તારીખ ૨જી માર્ચ, ૨૦૧૨ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં ફડચા મંડળીઓની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મંડળીના હોદેદારોને દિન-૧૫ માં સંસ્થાના ચોપડા દફ્તર દસ્તાવેજો જમા કરાવવા જણાવવામાં આવેલ તેમ છતાં કોઈ સંસ્થા દ્વારા દફ્તર/ચાર્જ સોંપવામાં આવેલ નથી.

ફરીથી તારીખ ૨૭મી જુન, ૨૦૧૪ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં બીજા પ્રયત્ન દ્વારા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરીને દિન-૧૫ માં મંડળીનું દફ્તર જમા કરાવી જવા જણાવવામાં આવેલ તેમ છતાં તે સંદર્ભમાં મંડળીના હોદેદારો તરફથી કોઈ રજૂઆત મળેલ નથી કે મંડળીના હોદેદારો તરફથી તેઓને રેકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી.

આમ, મંડળીના તથા હોદેદારોના નામ સરનામા માટે ઉપર જણાવેલ વિગતે પ્રયત્નો કરવા છતાં કોઈ પત્તો મળેલ નથી. જેથી, મંડળી તેના નોંધાયેલ સરનામે અસ્તિત્વમાં નથી તેમ માનવાને પુરતા કારણો છે.

આમ, ઉપર જણાવેલ વિગતો મુજબ ફડચા અધિકારીશ્રી તરફથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ભલામણ સહ દરખાસ્ત આમુખ (૨) થી અત્રેને મોકલેલ છે. જેથી, સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોય ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમાં લેતાં આમુખ (૩)માં જણાવેલ જાહેરનામાં અન્વયે અત્રેને મળેલ સત્તાને આધીન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી રોયલ કુશન કાં.ના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., તા. હાલોલ, જિ. પંચમહાલની નોંધણી ક્રમાંક : સે/૨૬૫૩૯, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૨ થી કરવામાં આવી હતી. સદરહું મંડળીને પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર ફડચામાં લઈ ગયા બાદ ચાર્જ સંભાળવા અંગે ફડચા અધિકારી દ્વારા પત્રો પાઠવીને અને પેપર પ્રસિદ્ધિ આપીને ચાર્જ લેવાનો યોગ્ય પ્રયત્ન કરેલ છે. તથા વર્તમાન પત્રમાં નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૫ માં તેઓની કચેરીએ આધાર-પુરાવા સહ જમા કરાવી જવા જણાવવામાં આવેલ હોવા છતાં, ફડચા અધિકારીને કોઈ રજૂઆત મળેલ નથી કે રેકર્ડ સુપ્રત થયેલ નથી. જેથી, મંડળી તેના નોંધાયેલા સરનામે અસ્તિત્વમાં નથી તેમ માની ફડચા અધિકારી, ગોધરાએ મંડળીની નોંધણી રદ કરવા માટે દરખાસ્ત મોકલેલ છે. જેથી, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે આથી રદ કરવામાં આવે છે. જેથી, સદરહું મંડળી આથી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

ગોધરા, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૪ના હુકમ નંબર : ફડચ/૦૧/ખ-૩/૩૧૮/૨૦૦૪નો અંતિમ આદેશ.

(૨) શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાના જા.નં. : ફડચ/ઘ/૦૧/૧૧૫/૨૦૧૫, તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ થી નોંધણી રદ કરવા અંગેની આવેલ દરખાસ્ત.

(૩) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : GHKH-51-2005 NSB-12-2002-3010-CH, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧, તથા જાહેરનામા ક્રમાંક : GHKH-62-2011 NSB-12-2002-3011-CH, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ક-૩/૨૭૬/૨૦૧૫.– જા.નં. ફડચ/૦૧/ખ-૩/૩૧૮/૨૦૦૪, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૪ થી ધી એસ.એલ. માણેકલાલ ઈન્ડના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી., તા. હાલોલ, જિ. પંચમહાલની નોંધણી ક્રમાંક : સે/૧૬૯૯૧, તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૮૪ થી કરવામાં આવી હતી. સદર મંડળીને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, ગોધરાની નિમણૂંક કરવામાં આવેલ હતી.

મંડળીના દફતરનો ચાર્જ મેળવવા માટે ફડચા અધિકારી દ્વારા મંડળીના હોદ્દેદારોને વારંવાર જણાવવા છતાં મંડળીના હોદ્દેદારોના ઠામ ઠેકાણાં ન મળવાના,

ત્યારબાદ સદરહું મંડળીના દફતર દેવા-લેણાં રજૂ કરવા માટે તારીખ ૨જી માર્ચ, ૨૦૧૨ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં ફડચા મંડળીઓની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મંડળીના હોદેદારોને દિન-૧૫ માં સંસ્થાના ચોપડા દફતર દસ્તાવેજો જમા કરાવવા જણાવવામાં આવેલ તેમ છતાં કોઈ સંસ્થા દ્વારા દફતર/ચાર્જ સોંપવામાં આવેલ નથી.

ફરીથી તારીખ ૨૭મી જુન, ૨૦૧૪ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં બીજા પ્રયત્ન દ્વારા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરીને દિન-૧૫ માં મંડળીનું દફતર જમા કરાવી જવા જણાવવામાં આવેલ તેમ છતાં તે સંદર્ભમાં મંડળીના હોદેદારો તરફથી કોઈ રજૂઆત મળેલ નથી કે મંડળીના હોદેદારો તરફથી તેઓને રેકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી.

આમ, મંડળીના તથા હોદેદારોના નામ સરનામા માટે ઉપર જણાવેલ વિગતે પ્રયત્નો કરવા છતાં કોઈ પત્તો મળેલ નથી. જેથી, મંડળી તેના નોંધાયેલ સરનામે અસ્તિત્વમાં નથી તેમ માનવાને પુરતા કારણો છે.

આમ, ઉપર જણાવેલ વિગતો મુજબ ફડચા અધિકારીશ્રી તરફથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ભલામણ સહ દરખાસ્ત આમુખ (૨) થી અત્રેને મોકલેલ છે. જેથી, સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોય ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમાં લેતાં આમુખ (૩)માં જણાવેલ જાહેરનામાં અન્વયે અત્રેને મળેલ સત્તાને આધીન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી એસ.એલ. માણેકલાલ ઈન્ડના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી., તા. હાલોલ, જિ. પંચમહાલની નોંધણી ક્રમાંક : સે/૧૬૯૯૧, તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૮૪ થી કરવામાં આવી હતી. સદરહું મંડળીને પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર ફડચામાં લઈ ગયા બાદ ચાર્જ સંભાળવા અંગે ફડચા અધિકારી દ્વારા પત્રો પાઠવીને અને પેપર પ્રસિદ્ધિ આપીને ચાર્જ લેવાનો યોગ્ય પ્રયત્ન કરેલ છે. તથા વર્તમાન પત્રમાં નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૫ માં તેઓની કચેરીએ આધાર-પુરાવા સહ જમા કરાવી જવા જણાવવામાં આવેલ હોવા છતાં, ફડચા અધિકારીને કોઈ રજૂઆત મળેલ નથી કે રેકર્ડ સુપ્રત થયેલ નથી. જેથી, મંડળી તેના નોંધાયેલા સરનામે અસ્તિત્વમાં નથી તેમ માની ફડચા અધિકારી, ગોધરાએ મંડળીની નોંધણી રદ કરવા માટે દરખાસ્ત મોકલેલ છે. જેથી, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે આથી રદ કરવામાં આવે છે. જેથી, સદરહું મંડળી આથી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

ગોધરા, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૪ના હુકમ નંબર : ફડચ/૦૧/ખ-૩/૩૨૧/૨૦૦૪નો અંતિમ આદેશ.

(૨) શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાના જા.નં. : ફડચ/ઘ/૦૧/૧૧૭/૨૦૧૫, તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ થી નોંધણી રદ કરવા અંગેની આવેલ દરખાસ્ત.

(૩) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : GHKH-51-2005 NSB-12-2002-3010-CH, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧, તથા જાહેરનામા ક્રમાંક : GHKH-62-2011 NSB-12-2002-3011-CH, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ક-૩/૨૭૭/૨૦૧૫.– જા.નં. ફડચ/૦૧/ખ-૩/૩૨૧/૨૦૦૪, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૪ થી ધી ડેક્કન બેરિંગ્સ કાં. લી. કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., તા. હાલોલ, જિ. પંચમહાલની નોંધણી ક્રમાંક : સે/૨૭૭૦૯, તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૫ થી કરવામાં આવી હતી. સદર મંડળીને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, ગોધરાની નિમણૂંક કરવામાં આવેલ હતી.

મંડળીના દફતરનો ચાર્જ મેળવવા માટે ફડચા અધિકારી દ્વારા મંડળીના હોદ્દેદારોને વારંવાર જણાવવા છતાં મંડળીના હોદ્દેદારોના ઠામ ઠેકાણાં ન મળવાના,

ત્યારબાદ સદરહું મંડળીના દફતર દેવા-લેણાં રજૂ કરવા માટે તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં ફડચા મંડળીઓની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મંડળીના હોદેદારોને દિન-૧૫ માં સંસ્થાના ચોપડા દફતર દસ્તાવેજો જમા કરાવવા જણાવવામાં આવેલ તેમ છતાં કોઈ સંસ્થા દ્વારા દફતર/ચાર્જ સોંપવામાં આવેલ નથી.

ફરીથી તારીખ ૨૭મી જુન, ૨૦૧૫ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં બીજા પ્રયત્ન દ્વારા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરીને દિન-૧૫ માં મંડળીનું દફતર

INDEX

જમા કરાવી જવા જણાવવામાં આવેલ તેમ છતાં તે સંદર્ભમાં મંડળીના હોદ્દેદારો તરફથી કોઈ રજૂઆત મળેલ નથી કે મંડળીના હોદ્દેદારો તરફથી તેઓને રેકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી.

આમ, મંડળીના તથા હોદ્દેદારોના નામ સરનામા માટે ઉપર જણાવેલ વિગતે પ્રયત્નો કરવા છતાં કોઈ પત્તો મળેલ નથી. જેથી, મંડળી તેના નોંધાયેલ સરનામે અસ્તિત્વમાં નથી તેમ માનવાને પુરતા કારણો છે.

આમ, ઉપર જણાવેલ વિગતો મુજબ ફડચા અધિકારીશ્રી તરફથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ભલામણ સહ દરખાસ્ત આમુખ (૨) થી અત્રેને મોકલેલ છે. જેથી, સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોય ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમાં લેતાં આમુખ (૩)માં જણાવેલ જાહેરનામાં અન્વયે અત્રેને મળેલ સત્તાને આધીન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી ડેક્કન બેરિંગ્સ કું. લી. કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., તા. હાલોલ, જિ. પંચમહાલની નોંધણી ક્રમાંક : સે/૨૭૭૦૯, તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૫ થી કરવામાં આવી હતી. સદરહું મંડળીને પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર ફડચામાં લઈ ગયા બાદ ચાર્જ સંભાળવા અંગે ફડચા અધિકારી દ્વારા પત્રો પાઠવીને અને પેપર પ્રસિદ્ધિ આપીને ચાર્જ લેવાનો યોગ્ય પ્રયત્ન કરેલ છે. તથા વર્તમાન પત્રમાં નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૫ માં તેઓની કચેરીએ આધાર-પુરાવા સહ જમા કરાવી જવા જણાવવામાં આવેલ હોવા છતાં, ફડચા અધિકારીને કોઈ રજૂઆત મળેલ નથી કે રેકર્ડ સુપ્રત થયેલ નથી. જેથી, મંડળી તેના નોંધાયેલા સરનામે અસ્તિત્વમાં નથી તેમ માની ફડચા અધિકારી, ગોધરાએ મંડળીની નોંધણી રદ કરવા માટે દરખાસ્ત મોકલેલ છે. જેથી, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે આથી રદ કરવામાં આવે છે. જેથી, સદરહું મંડળી આથી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

ગોધરા, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૪ના હુકમ નંબર : ફડચ/૦૧/ખ-૩/૩૨૨/૨૦૦૪નો અંતિમ આદેશ.

(૨) શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાના જા.નં. : ફડચ/ઘ/૦૧/૧૧૬/૨૦૧૫, તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૧૫ થી નોંધણી રદ કરવા અંગેની આવેલ દરખાસ્ત.

(૩) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : GHKH-51-2005 NSB-12-2002-3010-CH,તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૧૧, તથા જાહેરનામા ક્રમાંક : GHKH-62-2011 NSB-12-2002-3011-CH, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ક-૩/૨૭૮/૨૦૧૫.– જા.નં. ફડચ/૦૧/ખ-૩/૩૨૨/૨૦૦૪, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૪ થી ધી સી.પી. ટુલ્સ ક્રેડીટ સોસાયટી લી., તા. હાલોલ, જિ. પંચમહાલની નોંધણી ક્રમાંક : સે/૨૫૦૭૦, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧ થી કરવામાં આવી હતી. સદર મંડળીને આમુખ-૧માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા), જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, ગોધરાની નિમણૂંક કરવામાં આવેલ હતી.

મંડળીના દફ્તરનો ચાર્જ મેળવવા માટે ફડચા અધિકારી દ્વારા મંડળીના હોદ્દોદારોને વારંવાર જણાવવા છતાં મંડળીના હોદ્દોદારોના ઠામ ઠેકાણાં ન મળવાના,

ત્યારબાદ સદરહું મંડળીના દફ્તર દેવા-લેણાં રજૂ કરવા માટે તારીખ ૨જી માર્ચ, ૨૦૧૫ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં ફડચા મંડળીઓની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મંડળીના હોદ્દેદારોને દિન-૧૫ માં સંસ્થાના ચોપડા દફ્તર દસ્તાવેજો જમા કરાવવા જણાવવામાં આવેલ તેમ છતાં કોઈ સંસ્થા દ્વારા દફ્તર/ચાર્જ સોંપવામાં આવેલ નથી.

ફરીથી તારીખ ૨૭મી જુન, ૨૦૧૫ના સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં બીજા પ્રયત્ન દ્વારા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરીને દિન-૧૫ માં મંડળીનું દફ્તર જમા કરાવી જવા જણાવવામાં આવેલ તેમ છતાં તે સંદર્ભમાં મંડળીના હોદ્દેદારો તરફથી કોઈ રજૂઆત મળેલ નથી કે મંડળીના હોદ્દેદારો તરફથી તેઓને રેકર્ડ સુપ્રત કરવામાં આવેલ નથી.

આમ, મંડળીના તથા હોદ્દેદારોના નામ સરનામા માટે ઉપર જણાવેલ વિગતે પ્રયત્નો કરવા છતાં કોઈ પત્તો મળેલ નથી. જેથી, મંડળી તેના નોંધાયેલ સરનામે અસ્તિત્વમાં નથી તેમ માનવાને પુરતા કારણો છે.

આમ, ઉપર જણાવેલ વિગતો મુજબ ફડચા અધિકારીશ્રી તરફથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની ભલામણ સહ દરખાસ્ત આમુખ (૨) થી અત્રેને મોકલેલ છે. જેથી, સદર મંડળીની નોંધણી રદ કરવાનું યોગ્ય જણાતું હોય ઉક્ત સમગ્ર બાબતો અવલોકનમાં લેતાં આમુખ (૩)માં જણાવેલ જાહેરનામાં અન્વયે અત્રેને મળેલ સત્તાને આધીન આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૨) કોઈપણ દેવી દેવતાની પી.ઓ.પી.ની મૂર્તિ અથવા થોર્મોકોલ/ઝરી/કેમીકલ/પાયબર/પ્લાસ્ટીક વાળા તાજીયા બેઠક સહીતની ‘‘૫’’ ફુટ કરતા વધારે ઊંચાઈની બનાવવા, વેચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા અને દરિયા, નદી, તળાવ, સહીતના કુદરતી જળ સ્તોત્રમાં વિસર્જન કરવા ઉપર, (P.O.P. ની મૂર્તિ/થર્મોકોલ/કેમીકલ/ફાયબર/પ્લાસ્ટીક તાજીયાનું V.M.S.S. દ્વારા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં વિસર્જન કરવાનું રહેશે.)

(૩) ઓવારા વાઈઝ ઈસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તિ/તાજીયાઓનું વિસર્જન કરવા ઉપર.

(૪) કલાકારો જે જગ્યાએ મૂર્તિ/તાજીયાઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યાએ તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુ-બાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા ઉપર.

(૫) કોઈપણ દેવી દેવતાની મૂર્તિ/તાજીયાઓના સ્થાપના દિવસ બાદ કલાકારોએ વધેલ તથા ખંડીત મૂર્તિ/તાજીયાઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિ/તાજીયાઓ બનાવવા, ખરીદવા, તથા વેચવા ઉપર.

(૭) ગણેશ વિસર્જન/તાજીયા (મહોરમ) પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધુ દિવસ સુધી રાખવા ઉપર.

(૮) ફાયબર મૂર્તિ/પ્લાસ્ટીકના તાજીયા વિસર્જનના દિવસે અથવા ત્યારબાદ સરઘસ રૂપે બહાર કાઢવા ઉપર.

(૯) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

(૧૦) સદર પ્રકારની મૂર્તિ/તાજીયાઓ માટે કલાકારો દ્વારા એડવાન્સ ઓર્ડર લેવા બાબત.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ બીન જામીનલાયક ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./મજુર/જાહેરનામું/૪૪૮૯/૨૦૧૫.—તાજેતરમાં વડોદરા શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળમાં વડોદરા શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુનાઓ કરનાર (ઘરફોડીયા) પકડાય છે. ત્યારે તપાસમાં આવા ગુના કરવાવાળા આરોપીઓ ગુનાના બનાવના દિવસો અગાઉ વડોદરા શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતાં ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવતા હોય છે. જેથી જનતાના જાન-માલ (મિલકત)ની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

જેથી, હું, ઈ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને દિન-૦૭માં જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા વડોદરા શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ / સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દિન-૦૩માં કરવાની રહેશે.

૧	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ (સપ્લાયર)નું પુરૂ નામ સરનામું મો. નં. સહીત.	:—	
૨	મજુરનું નામ તથા ઉ. વ.	:—	
૩	મજુરનું હાલનું સરનામું ટેલીફોન નંબર.	:—	

INDEX

૪	મજુરનું મુળ વતનનું સરનામું ગામ તાલુકો જિલ્લો.	:–	
૫	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ.	:–	
૬	મજુરનું વતનનું સ્થાનીક પો. સ્ટે. નું નામ તથા ટેલીફોન નંબર.	:–	
૭	મજુરના વતનના આગેવાનનું નામ સરનામું ટેલીફોન નંબર.	:–	
૮	મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત.	:–	
૯	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે ?	:–	
૧૦	મજુરનું ઓળખ માટેનું I.D. પ્રુફ (ફોટા સાથેનું).	:–	
૧૧	વડોદરા શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:–	
૧૨	વડોદરા શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ સરનામું :-	:–	

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નીશાન

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી ____________________

નામ ____________________

આ હુકમ તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬ (બનેં દિવસો સહીત) દિન-૬૦, દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧ માહે ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (છ) તથા કલમ-૩૩ (બી) અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/A/મકરસંક્રાતિ/જાહેરનામું/૪૫૨૧/૨૦૧૫.– વડોદરા શહેરમાં મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) તહેવારમાં (A) જાહેરમાર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપર પતંગ ઉડાડી વ્યક્તિઓની જાનમાલને નુકસાન થવાનો સંભવ હોઈ તેમજ લાઉડસ્પીકર અવાજના ઘોઘાંટ થી જાહેર જનતાને ત્રાસ થવા સંભવ હોઈ તેમજ પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણથી બીજી વ્યક્તિઓની લાગણી દુભાય તેવું સંભવ હોય, (B) કેટલાક લોકો જાહેરમાર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપરથી સળગતી ફાનસ (તુક્કલ્સ) પતંગ કે ફુગ્ગા સાથે દિવસે કે રાત્રે ચઢાવવામાં આવે છે. જેથી, આવા કૃત્યોથી ગંભીર અકસ્માત થવાનો તથા વ્યક્તિઓની જાનમાલને નુકશાન થવાનો સંભવ છે. (C) જાહેર માર્ગ તથા જાહેર સ્થળો ઉપર અમુક ગૌપાલકો ઢોરોને ચારો નાંખતા હોય છે તથા ચારાનો વેચાણ કરતા હોઈ જેથી ટ્રાફિક નિયમન કામગીરીમાં નડતર થવા સંભવ હોઈ જેના લીધે લોકોને ભય હરકત અને આવાગમણ અને ટ્રાફિકને અડચણ થાય છે. જેથી, કાયદો વ્યવસ્થા તથા જાહેર સલામતિ સાચવવા તે પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. (D) કેટલાક લોકો જાહેર માર્ગો, રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. કપાયેલા પતંગો અને દોરા વિગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઈ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડા દોડી કરતા હોય છે. જેના કારણે અકસ્માત થતા હોય છે તેમજ ટ્રાફિકને અડચણ થાય છે. તેમજ ટેલીફોન, ઈલેક્ટ્રીકના તાર ઉપર લંગર નાંખી ભેરવાયેલા પતંગ અને દોરાઓ કાઢવાના પ્રયત્નો કરતા હોય છે, તે સમયે બે ઈલેક્ટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કીટના તથા તાર તૂટી જવાની સંભાવના રહેલી છે.

(૧) પતંગ ઉડાડવવા માટે ઘણા લોકો ચાઈનીઝ દોરાથી તેમજ પ્લાસ્ટીકના દોરાથી તેમજ પ્લાસ્ટીકના દોરાથી પતંગ ઉડાડતા હોય છે. ચાઈનીઝ દોરા કે પ્લાસ્ટીકનો દોરો કોઈ વ્યક્તિના શરીર ઉપર ઘસાતા મહાવ્યથા/મૃત્યુ પણ નિપજેલ છે,

(૨) ચાઈનીઝ દોરીમાં પ્લાસ્ટીકનો ઉપયોગ થતો હોય નાશ નહીં થાય તેવો ઘન કચરો ઉત્પન્ન થાય છે. જે પર્યાવરણને હાનિકારક છે.

(૩) ચાઈનીઝ ઈલેક્ટ્રીક વાયરના ચાલુ પ્રવાહ ઉપર પડવાથી અથવા ઘસારાથી વિદ્યુત પ્રવાહ ચાલુ થાય છે. જેને અડકવાથી મૃત્યુ પણ નિપજે છે.

INDEX

વાસ્તે, હું, ઈ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (છ), કલમ-૩૩ (B) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪.૦૦ સુધી નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(A) કોઈપણ વ્યક્તિ અગર ઈસમોએ જાહેર માર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપર કે જેના કારણે તેની અસરથી વ્યક્તિઓની જીંદગી ભયમાં મૂકાય અથવા મિલકતને નુકસાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાવવા કે લૂંટવા નહીં કે પતંગ ઉપર કોઈ પણ જાતના ઉશ્કેરણીજનક (પ્રતિક) લખાણ કે સૂત્રો લખવા નહીં કે રાખવા નહીં. વધુ પડતા અવાજ કરે અને ઘોંઘાટથી ત્રાસ થાય તે રીતે લાઉડ સ્પીકર વગાડવા નહીં કે આવા અવાજ કરી ચેનચાળાં કરવા નહીં.

(B) કોઈપણ વ્યક્તિ અગર ઈસમોએ જાહેર માર્ગ કે ધાબા ઉપરથી સળગતી ફાનસ (ટુક્કલ્સ) પતંગ કે ફુગ્ગા સાથે દિવસે કે રાત્રે ચઢાવવામાં આવે છે, જેથી આવા કૃત્યોથી ગંભીર અકસ્માત થવાનો તથા વ્યક્તિઓના જાનમાલને નુકસાન થવાનો સંભવ હોય કોઈએ આ પ્રકારનું કૃત્ય કરવું નહિં.

(C) કોઈપણ વ્યક્તિ અગર ઈસમોએ જાહેર માર્ગ કે જાહેર સ્થળો ઉપર તેઓના ઢોરો રાખી ચારો ચરાવવો તથા ચારાનો વેચાણ કરવા ઉપર પ્રતિબંધ.

(D) (૧) કોઈ પણ વ્યક્તિઓએ જાહેરમાં ચાઈનીઝ / પ્લાસ્ટીકના દોરા વેચવા અથવા ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ.

(૨) ટેલીફોન કે ઈલેક્ટ્રીકના તાર ઉપર ચાઈનીઝ કે પ્લાસ્ટીકના દોરાથી લંગર નાંખવા ઉપર / જાહેર રસ્તા ઉપર પતંગ ચગાવવા ઉપર પ્રતિબંધ.

(૩) ચાઈનીઝ ફાનસ(ચાઈનીઝ લેંટર્ન) વેચાણ કરવા/ચગાવવા ઉપર પ્રતિબંધ.

સ્પષ્ટીકરણ : રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

અમલવારીના પીરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ જથી માહે ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/A/હોટેલ લોજ બોર્ડીંગ/જાહેરનામું/૪૫૨૨/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/જનતાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું, ઈ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (C.R.P.C.), ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારનાં મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ-૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) તેમની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો આધારની નકલ સહિતની લેવી.

INDEX

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વીઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો, રેસીડેન્સીયલ પરમીટની નકલ મેળવી રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં C-ફોર્મ નિયમ મુજબ C-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબ નમૂના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪-કલાકમાં રિપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૫) વિદેશી વિજીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહિતના નક્કર પુરાવા મેળવવા.

(૬) વડોદરા શહેરમાં કંઈ જગ્યાએ ક્યા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપૂર્ણ વિગત મેળવવી.

(૭) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં C.C.T.V. કેમેરાની વ્યવસ્થા રાખવી. C.C.T.V. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ (૦૩) માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજિસ્ટ્રેશન નંબર, રજિસ્ટરમાં નોંધવાનો રહેશે. તદ્ઉપરાંત પર્યટન સ્થળોની જગ્યાએ આવેલ ધાર્મિક સ્થળોએ ધર્મશાળાઓ વિગેરેમાં આ પ્રકારની મુસાફરની સંચાલકોએ જરૂરી ચકાસણી કરી ઉતારો આપવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. જો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

અમલવારીનો પિરીયડ અને વિસ્તાર

આ હુકમ તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૬ (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી માહે ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/જાહેરનામું/૪૫૫૮/૨૦૧૫.—વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, વડોદરા શહેર વિસ્તારમાં વહેલી સવારના ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આ ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુનો ભુતકાળમાં બનેલ છે, તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને નકારી શકાય તેમ નથી આવા ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે, જેથી જાહેર સલામતી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની હિતમાં વડોદરા શહેરમાં વહેલી સવારે ૭-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા/ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ઇ. રાધાકૃષ્ણ, (I.P.S.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર GG/૪૨૨/CRC/૧૦૮૨/૧૦૮૦/M. તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર GG/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

પ્રતિબંધિત કૃત્યો તથા વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં સવારના ક. ૦૭-૦૦ વાગ્યા પહેલા શરૂ કરવા અને રાત્રીના કલાક ૨૧-૦૦ પછી ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર.

પ્રતિબંતિધ સમય

આ હુકમ તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮ માહે ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/પરમીટ/એ. સેકશન/૪૫૮૪/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન એકમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી, હું ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, કે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઇ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલકત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ
વડોદરા શહેરમાં ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત (ઔદ્યોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફલેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફિસ/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલકત)
પોલીસ ઇન્સ્પેકટરશ્રી .... પોલીસ સ્ટેશન, વડોદરા શહેર, તારીખ ..../.........../૨૦૧૫.
ઔદ્યોગિક એકમ, મકાન માલિકનું નામ શ્રી/શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... સરનામું
ફોન નં. (ઘર) (ઓફીસ) (મો)
ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતી ....
જન્મ તારીખ (ઉંમર) .... ભાડે રાખેલ મિલકતનું સરનામું
(ભાડે રાખેલ મિલકત)નો ફોન નંબર (મો)
કેટલા ટાઇમ માટે ભાડે આપેલ તે સમયગાળો રિન્યુઅલ તારીખ
ભાડુઆતનો પાસપોર્ટ સાઇઝનો ફોટો એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ભાડુઆતની સહી એકમ, મકાન માલીકની સહી

આ હુકમનો અમલ તારીખ ૧૩મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬ (બંને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી માહે ઓકટોબર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિશા/જાહેરનામું/૪૫૮૫/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે થયેલ ત્રાસવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બ બ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે ખરીદનાર વ્યકિતની ઓળખ માટે સાયકલના વેપારીઓએ કોઇ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા મેળવી ખરાઇ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં

INDEX

સાયકલનો પ્રકાર ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર/સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ. નો પાસીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતિ અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડાક સુચનો અમલમાં મુકાવવાનું જરૂરી જણાય છે.

જેથી, હું ઇ. રાધાકૃષ્ણ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, કે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર, દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનુ ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપ્રત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/બેટરીથી ચાલતા સ્કુટર વેચાણકર્તા એ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરું નામ / સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર / ચેસીસ નંબર અવશ્ય લખવો.

અમલવારીનો પીરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના ક. ૨૪-૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં કરવાનો રહેશ.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી માહે ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ઈ. રાધાકૃષ્ણ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :-

(1) This office Notification No. B-1/13871/14, dated 13-11-2014.

Notification

No. B/15896/2015.–The New mobile number of the undersigned be read as 9099006383, as earlier mobile number 9825027371 is discontinued.

Bhavnagar, 5th December, 2015.

R. K. DESAI,
Principal District Judge,
Bhavnagar.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેના હુકમ ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજ ચૂંટણી/વશી- ૧૦૧૫૪ થી ૧૦૧૭૫, તા. ૨૧-૧૧-૨૦૧૫.

(૨) ચૂંટણી અધિકારી અને જિલ્લા આયોજન અધિકારીશ્રી, ભરૂચનાં પત્ર નંબર તા.પં./જિ.પં./ચૂંટણી/વશી, તા. ૨૬-૧૧-૨૦૧૫.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ.

ક્રમાંક એમએજી/સ્થાનિક સ્વરાજ ચૂંટણી/વશી/૧૦૪૮૪ થી૧૦૪૯૬/૨૦૧૫.–રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર થયેલ છે, તે પરત્વે અત્રેનાં આમુખ-(૧) નાં હુકમથી ચૂંટણીના કામે નિમણુંક આપેલ ઝોનલ અધિકારીશ્રીઓને સેકટર

INDEX

મેજિસ્ટ્રેટશ્રી તરીકેનાં જે તે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેનાં તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ નાં અધિકારો એનાયત કરવામાં આવેલ છે.

આમુખ-(૨) થી ચૂંટણી અધિકારીશ્રી, ભરૂચ જિલ્લા પંચાયત મતદાર વિભાગ (આમોદ તાલુકો) અને જિલ્લા આયોજન અધિકારીશ્રી, ભરૂચે જણાવેલ છે કે, ઝોનલ અધિકારીશ્રીઓની સુધારા દરખાસ્ત તેઓ દ્વારા ચૂંટણી શાખામાં સાદર કરવામાં આવેલ છે, તે મુજબનાં ઝોનલ અધિકારીશ્રીઓને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટનાં અધિકાર એનાયત કરવા સુધારા હુકમ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય-ચૂંટણી-૨૦૧૫નાં કામે આમુખ-(૧) નાં હુકમથી ઝોનલ અધિકારીશ્રીને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેનાં અધિકારો એનાયત કરવામાં આવેલ છે, તેમાં આંશિક સુધારો કરી આમોદ તાલુકા પૂરતો હુકમ રદ કરી આ સાથે સામેલ પિરિશિષ્ટ મુજબનાં ઝોનલ અધિકારીને આમોદ તાલુકા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેનાં તથા સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ મુજબનાં અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૧૫

ભરૂચ જિલ્લા પંચાયત ૧-આછોદ અને ૧૩ ઈખર મતદાર વિભાગ ઝોનલ ઓફિસરની માહિતી દર્શાવતું પત્રક

અ. નં.	રૂટ નં.	ઝોનલ ઓફીસરશ્રીનું નામ, હોદ્દો અને મો.નં.	રૂટમાં સમાવિષ્ટ મતદાન મથકોના નંબર	રૂટમાં સમાવિષ્ટ મતદાન મથકોના નામ	પોલીંગ સ્ટેશન	કુલ પોલીંગ સ્ટેશન	તાલુકા મથકેથી જવા આવવાનું અંતર (કી.મી. માં)	વાહન છે હા કે ના	મદદનીશ ઝોનલ ઓફીસરશ્રીનું નામ, હોદ્દો અને મો.નં.	રીમાર્ક
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧	૧	વાય. એ. માસ્તર, અ.મ.ઈ., ન.ન.યો. નં. ૫/૪ ૯૯૦૯૯૨૧૭૮૫	૧/૧૩/૨	કાંકરીયા	૧	૮	૧૨	હા	ઐયુબભાઈ એ. પટેલ, ત.ક.મં.શ્રી તા.પં. આમોદ ૯૭૨૬૫૮૫૩૮૪	
			૧/૧૩/૧	પુરસા	૧					
			૧/૧/૧ થી ૧/૧/૨	આછોદ	૫					
			૧/૨/૧ થી ૧/૨/૩							
			૧/૧૦/૫	ઈંટોલા	૧					
૨	૨	અલ્કેશ એમ. બામણીયા, જી.એન.જી.ડી.જી. વી.સી.એલ. આમોદ ૯૯૭૯૮૬૨૧૦૬	૧/૪/૨	ભીમપુરા	૧	૭	૪૦	ના	રાણા ઈર્શાદ એમ. શિક્ષક, પ્રા. મિશ્ર-૨, આમોદ, ૯૯૯૮૬૦૪૪૦૬	
			૧/૧૩/૩	વાડીયા	૧					
			૧/૧૩/૪	રાણીપુરા	૧					
			૧/૧૩/૬	દાદપોર						
			૧/૧૩/૫	અડવાલા	૧					
			૧/૪/૫	રોઘ	૧					
			૧/૪/૪	શ્રી કોઠી	૧					
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૩	૩	પ્રો. ચંદ્રકાંતભાઈ જગજીવનદાસ ટંડેલ, પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ. ૯૮૯૮૧૬૬૫૫૧	૧/૪/૩	સોનામા	૧	૫	૩૦	ના	ગીરીશભાઈ યું. મુંજેઠ, ત.ક.મંશ્રી, તા.પં., આમોદ. ૯૮૭૯૯૩૬૭૫૭	
			૧/૪/૬	તેગવા	૧					
			૧/૪/૨	નિણમ	૧					
			૧/૩/૩ થી ૧/૩/૪	ઘમણાદ	૨					

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૪	૪	પ્રો.ડો. સંજયભાઇ રામદાસ સીંદે, પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ. ૯૯૯૮૫૧૯૧૯૧	૧/૧૦/૩ થી ૧/૧૦/૪	મછાસરા	૨	૬	૩૫	ના	મુસ્તાકઅલી એ. પટેલ, ત.ક.મં.શ્રી, તા. પં. આમોદ ૯૯૭૯૧૨૫૫૮૭	
			૧/૧૪/૪	માંગરોલ	૧					
			૧/૧૪/૩	વલીપોર/દિણવા	૧					
			૧/૧૪/૧ થી ૧/૧૪/૨	રોઝા ટંકારીયા	૨					
૫	૫	પ્રભાતભાઇ એન. રાઠવા, તા.કે.ની., તા.પં., આમોદ. ૮૭૫૮૧૭૭૮૪૮	૧/૧/૫	નાહીયેર	૧	૭	૩૦	હા	રાણા સ્મીત ટી. ત.ક.મં.શ્રી, તા.પં., આમોદ. ૮૪૦૧૨૭૬૪૨૦	
			૧/૧/૩ થી ૧/૧/૪	બુવા	૨					
			૧/૯/૧ થી ૧/૯/૨	કેરવાડા	૨					
			૧/૧૦/૧ થી ૧/૧૦/૨	કોલવણા	૨					
૬	૬	આર. વી. પરમાર, ઓફીસર, રેંજ ફોરેસ્ટ કચેરી, આમોદ. ૯૮૨૫૧૭૮૯૩૩	૧/૯/૪	આશનેરા	૧	૫	૨૫	ના	ખાન અબ્દુલખાન નસીબખાન, ત.ક.મં.શ્રી, તા.પં., આમોદ. ૮૧૫૩૦૯૫૬૦૮	
			૧/૯/૩	બોડકા	૧					
			૧/૩/૫	તણછા	૧					
			૧/૩/૧ થી ૧/૩/૨	અણોર	૨					
૭	૭	પ્રો. કંચનભાઇ ચતુરભાઇ વસાવા, પ્રોફસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ. ૯૯૧૩૧૨૦૯૫૪	૧૩/૭/૧ થી ૧૩/૭/૨ ૧૩/૮/૧ થી ૧૩/૮/૨	ઈખર	૫	૭	૩૫	ના	ભરતભાઇ પી. પરમાર, ત.ક.મં.શ્રી, તા.પં., આમોદ. ૯૯૨૫૪૮૨૦૩૬	
			૧૩/૬/૪ થી ૧૩/૬/૫	દોરા	૨					
૮	૮	છડાટ યુનુસભાઇ એન. પ્રીન્સીપાલ, મરીયમબેન મેમો. હાઈ. ઈખર. ૯૭૨૭૯૯૧૦૧૯	૧૩/૫/૧	ચકલાદ	૧	૫	૪૦	ના	એમ. આઇ. પટેલ, આચાર્ય, સાર્વ. હાઇ. આછોદ. ૯૭૧૪૬૫૬૫૩૨	
			૧૩/૫/૪	વેડચા	૧					
			૧૩/૫/૩	કોબલા	૧					
			૧૩/૫/૨	મંજોલા	૧					
			૧૩/૧૨/૪	વાસણા	૧					
૯	૯	ડો. વેદપ્રકાશ રાય, વૈજ્ઞાનીક કૃષી યુની., તણછા. ૮૦૮૧૪૨૦૦૮૯	૧૩/૧૬/૧ થી ૧૩/૧૬/૪	સરભાણ	૪	૮	૩૦	ના	અનીલભાઇ એમ. પરમાર, ત.ક.મં.શ્રી, તા.પં. આમોદ. ૯૭૧૨૮૬૯૫૨૩	
			૧૩/૧૨/૧ થી ૧૩/૧૨/૩	માતર	૩					
			૧૩/૬/૧	સુઠોદરા	૧					

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૦	૧૦	ગણપતભાઇ રામાભાઇ પરમાર, પ્રોફસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ. ૯૮૨૫૮૭૨૨૨૮	૧૩/૧૬/૫	માલ્કીનપુરા	૧	૭	૫૦	ના	નટવરસિંહ સી. સિંધા, ત.ક.મં.શ્રી, તા.પં. આમોદ. ૯૯૦૯૪૫૧૧૭૦	
			૧૩/૬/૨ થી ૧૩/૬/૩	દાંદાં	૨					
			૧૩/૭/૬	તેલોદ	૧					
			૧૩/૭/૪ થી ૧૩/૭/૫	ઓચ્છણ	૨					
			૧૩/૭/૩	કરેણા	૧					
૧૧	૧૧	એચ. એમ. ફરમાકર, અ.મ.ઇ. ન.ન.યો. નં. ૫/૪ ૯૯૦૯૯૨૧૮૫૩	૧૩/૧૫/૩	કેસલુ	૧	૬	૪૫	ના	કિશોરભાઇ એન. પઢિયાર, ત.ક.મં.શ્રી, તા.પં. આમોદ. ૯૬૩૮૧૨૬૪૨૧	
			૧૩/૧૧/૧ થી ૧૩/૧૧/૨	કુરચણ	૨					
			૧૩/૧૧/૩	સીમરથા	૧					
			૧૩/૧૧/૪	કોઠી વાંતરસા	૧					
			૧૩/૧૧/૫	વાંતરસા	૧					
૧૨	૧૨	અરવિંદ પી. ભટ્ટ, અ.મ.ઇ., તા.પં. આમોદ. ૯૯૯૮૯૬૪૦૪૩	૧૩/૧૫/૪	રનાડા	૧	૪	૩૨	ના	ફીરોજભાઇ વી. પટેલ, ત.ક.મં.શ્રી, તા.પં., આમોદ. ૯૯૭૯૮૫૫૨૧૫	
			૧૩/૧૫/૫	સુડી	૧					
			૧૩/૧૫/૧ થી ૧૩/૧૫/૨	સમની	૨					

ભરૂચ, તા. ૨૭મી નવેમ્બર, ૨૦૧૫.

ડો. વિક્રાંત પાંડે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું.

નંબર ડી/એમએજી/૧/સ્કાય લેન્ટર્સ/જાના-૧૨૯/૧૫/વશી.૧૧૩૨૫-૮૪/ ૨૦૧૫.–ઉત્તરાયણના તહેવારો તેમજ અન્ય તહેવારો દરમ્યાન સ્કાય લેન્ટર્સ ઉડાડવાની પ્રથા ચાલુ થયેલ હોઈ સ્કાય લેન્ટર્સ પવન કે અન્ય વસ્તુ સાથે અથડાય તો આગ લાગવાના બનાવો બને છે. તેમજ સ્કાય લેન્ટર્સ એકવાર ઉડાન કર્યા પછી ગમે તે જગ્યાએ પડી શકે છે. તેમજ વિદેશમાંથી ગેરકાનૂની રીતે આયાત થાય છે. વળી, તે સસ્તા મટીરીયલમાંથી બનાવવામાં આવતા હોઈ પર્યાવરણને પણ નુકશાન થાય છે. જેથી, ‘‘સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ)’’ થી જાહેર જનતાને, માલ મિલ્કતને કે પર્યાવરણને નુકશાન ના થાય તે સારૂ સ્કાય લેન્ટર્સ પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

હું, દિલીપ રાણા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના હદ વિસ્તારમાં સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવવા પર પ્રતિબંધ જાહેર કરવા આથી હુકમ કરૂં છું.

ઉક્ત હુકમ તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી નવેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

દિલીપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૪૭૮૮ થી ૪૮૦૬/૨૦૧૫.– ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે આ જાહેરનામું બહાર પાડી જણાવવાનું કે, ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે, જેથી હવે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું, બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૫ ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા કોઇ મંડળી, રેલી કે સરઘસ કાઢવા તથા કલેકટર કચેરી, ભરૂચની પ્રિમાઈસીસમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ધરણા, ભૂખ હડતાલ પર બેસવા, રેલી કાઢી રેલીનાં સ્વરૂપે આવી આવેદન પત્ર આપવા માટે મનાઇ ફરમાવું છું.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર "

વધુમાં આ જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નનાં વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ભરૂચ, તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૧૫.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનો.

ક્રમાંક એમએજી/સીઆરપીસી/વશી-૨૦૭૬ થી ૨૦૯૧/૨૦૧૫.– જિલ્લામાં આગામી આવનાર ઈદે મિલાદ (બારાવફાત)/નાતાલના પવિત્ર તહેવારને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને જાહેર સુલેહ જાળવવા સારૂ અનઅધિકૃત રીતની સભા/સરઘસ ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે. તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા પૂરતું કારણ હોવાનો અભિપ્રાય છે.

તેથી હું, જગદીશ ડોડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ડાંગ જિલ્લામાં આજ થી તા.૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

(૧) ચાર કે તેથી વધુ શખ્સોને ભેગા થવું નહી, સભાઓ ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

(૨) જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સુત્રો પોકારવા નહી.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહી.

આ હુકમ નીચેના કિસ્સામાં લાગુ પડશે નહીં.

(૧) કોઈ લગ્નના વરઘોડા, સિનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ.ટી. બસમાં, રેલ્વે મુસાફરી માટે કે મંદિર, મસ્જીદ કે દેવળમાં પ્રાર્થના માટે શુધ્ધ આશયથી જતી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૨) સક્ષમ અધિકારીશ્રીએ આપેલ સભા/સરઘસની પરવાનગીથી યોજાતા સભા કે સરઘસમાં જતી ભાગ લેતી વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૩) સરકારી નોકરીમાં અથવા કામગીરી હોય તેમની ઉપર અધિકારીઓએ આવું કાર્ય કરવા ફરમાવ્યું હોય અથવા ફરજ ઉપર હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમ આજ થી ૦૦-૦૦ કલાક થી તા. ૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી ડાંગ જિલ્લા હસ્તકના સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ રોજ તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જગદીશ ડોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયેનું.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એકટ, કલમ-૩૭ (૧)/વશી. ૯૨૬૫ થી ૯૨૯૭/૨૦૧૫.–નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતી અને જાહેર શાંતિ જળવાય તેના સમર્થનમાં, રક્ષાબંધન

INDEX

અને જન્માષ્ટમી તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઇ અઘટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુ નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવતું ''મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું જાહેરનામું'' મને મળેલ સત્તાની રૂએ બહાર પાડવા જરૂરી જણાતું હોઇ, મને મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ થી તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી (બન્ને દિવસો શુધ્ધાં) ના સમય માટે કોઇપણ વ્યકિતઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગમાં લઇ શકાય, તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(૨) પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની;

(૩) કોઇ પણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(૪) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(૭) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (૧) થી (૭) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની સજા થશે.

આજ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી છે.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સી.સી.ટી.વી./જાહેરનામું/વશી-૨૪૬૧૬/૨૦૧૫.– હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અન્ય રાજ્યો કે દેશ બહારથી આવતા આતંકવાદી અને સમાજ વિરોધી માનસ ધરાવતા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળી કે લોકોની અવર-જવર વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેને લઈને નાગરિકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી, લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને નુકશાન થવા ઉપરાંત માનવ જિંદગીની ખુવારી પણ થાય છે. લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને આ પ્રકારે નુકશાન ન થાય તથા માનવ જિંદગીની ખુવારી ન થાય કે અસુરક્ષાની ભાવના ઊભી ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ-સેન્ટરો, પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે જગ્યાઓએ નિયંત્રણો મૂકવાનું જાહેર સલામતિ અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ- કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે એકમો/સ્થળોના માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશવાના તથા બહાર નિકળવાના દ્વાર ઉપર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા સહિત જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય તેવી અન્ય તમામ જગ્યાઓમાં લોકોની હિલચાલને આવરી લે તેવી રીતે અને તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહન નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા

INDEX

સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરાની આ પ્રકારની વ્યવસ્થા ઉપરોકત કાર્યરત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ પોતાની કામગીરી શરૂ કરવાની રહેશે.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા

તમામ સંબંધિત એકમોએ,

(૧) કોઈપણ જગ્યાની અંદરના તમામ ભાગનું, સંપૂર્ણ કવરેજ સતત અને સ્પષ્ટ રીતે થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી. ઝેડ કેમેરા ગોઠવવા.

(૪) પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રિશેપ્શન કાઉન્ટર લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ/નિષ્કાસ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) ટોલ ટેક્ષ ઉપર વાહનનો પ્રકાર, વાહનનો નંબર વાંચી શકાય અને તેમાં બેઠેલા વ્યક્તિઓના ચહેરા જોઈ શકાય તે રીતેના નાઈટવિઝનના કેમેરા ગોઠવવા.

આ હુકમ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ભાડાની મિલકત/જાહેરનામું/વશી-૨૪૬૭૬/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં સુરત શહેરમાં મળી આવેલ બોમ્બ તથા અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકાના ગંભીર બનાવોથી જણાય છે કે, આવું કૃત્ય કરનાર ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પ્લેક્ષ)માં ગુપ્ત આશરો મેળવી આંતકવાદી પ્રવૃત્તિ કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. જેથી જાહેર સંપત્તી તેમજ લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય માનવ જીંદગીની ખુવારી થાય તેવા ગુન્હાહીત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતીમાં જોખમ ઉભું કરે છે.

દેશના અન્ય રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો પોતાનો હેતુ પાર પાડવા કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલીકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઇ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપે કે આપેલ છે, તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલીકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફીસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની

INDEX

ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસ અને ઔદ્યોગિક એકમોના માલીકો/સંચાલકોએ જે તે વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન/દુકાન ઓફિસ/ ઔદ્યોગિક એકમના માલીકનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	ભાડે આપેલ મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	જે વ્યકિતને ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું ફોટા સાથે.	જે વ્યકિતને ભાડે આપેલ તેમના મુળ વતનનું પાકા નામ સરનામાં તથા બે થી ત્રણ સગા સંબંધીઓના નામ, સરનામાં.	મકાન/દુકાન/ ઓફિસ તથા ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ ?
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ હુકમ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬ ના કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ઔદ્યોગિક એકમો/જાહેરનામું/વશી-૨૪૭૩૬/૨૦૧૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ભૂતકાળમાં બનેલ ધાડ-લુંટ-ખૂન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતાં ઘણાં કિસ્સાઓમાં ઔદ્યોગિક/વેપાર/વાણિજ્ય કારખાનામાં, મકાન-બાંધકામમાં તથા ફેકટરીઓ, પર્યટન સ્થળો, જાહેર આનંદપ્રમોદની જગ્યા, ધાર્મિક સંસ્થાઓ, ફાર્મ હાઉસ વિગેરેમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરોની સંડોવણી જણાય છે. આવા કારખાનામાં, મકાન-બાંધકામમાં તથા ફેક્ટરીઓમાં કામ કરતા પરપ્રાંતિય તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવાનું અનુભવે જણાય છે. આવા કારીગરો કોઈપણ પ્રકારના ગંભીર ગુનાઓ આચરી તેઓના વતનમાં કે અન્યત્ર ચાલી જતા હોય છે. જેના કારણે આવા ગુના વણ શોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સામાં આવા પરપ્રાંતિયો અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી જિલ્લામાં આવેલ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં આશરો લેતા હોય છે. કેટલાંક કેસોમાં આવી જગ્યા પર આશરો મેળવી આતંકવાદી પ્રવૃત્તિ કરવા માટે માહિતી એકત્રિત કરી જાહેર તેમજ લોકોની સંપત્તિને નુકશાન થાય તેવા ગુનાહિત કૃત્યો કરી જાહેર જનતાની સલામતિ અને શાંતિમાં જોખમ ઊભું કરે છે. જેથી, આવી ગુન્હાહિત પ્રવૃત્તિ કરતાં તત્ત્વો સાથે સંકળાયેલ આવા કારીગરો / કર્મચારીઓ ઉપર નિયંત્રણ મૂકવાનું જરૂર જણાય છે.

જેથી હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય નાના-મોટા તમામ ઉદ્યોગ સાથે સંકળાયેલ પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર-૧ અને ૨ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ. નં.	માલિકનું નામ, સરનામું તથા ધંધાની વિગત ટેલીફોન નંબર/ મોબાઇલ નંબર	કર્મચારીઓ કારીગરો, મજૂરનું પુરૂ નામ ઓળખ ચિન્હો હાલનું પુરું સરનામું ટેલીફોન નંબર	કામે રાખેલ નોકરના મૂળ વતનનું સરનામું, ટેલીફોન નંબર	કર્મચારી કારીગર, મજૂરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી કારીગર, મજૂર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલિકનું પુરૂ નામ સરનામું	કર્મચારીઓ, કારીગરો, મજૂરને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ સરનામું	કર્મચારી, કારીગર, મજૂરના બે થી ત્રણ સગા સંબંધીઓના પુરા નામ, સરનામાં વતન સહિતના	કર્મચારી કારીગર, મજૂરનો ફોટો	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

આ હુકમ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/ગેસ્ટહાઉસ/જાહેરનામું/વશી-૨૪૭૯૬/૨૦૧૫.–હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલ અને ભૂતકાળમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી / અસામાજીક પ્રવૃતિ કરતા તત્ત્વો લોકો સાથે ભળી ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારમાં કે પછી હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ થાય, માનવ જીંદગીની ખુંવારી થાય અને જાહેર કે લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય તે પ્રકારની પ્રવૃત્તિ કરવાની કોશીષ કરતા હોય છે.

બહારના રાજ્યોમાંથી કે પરદેશથી આવતા આવા ગુનાહિત માનસ ધરાવતા તત્ત્વો કે, ઈસમો કોઇના મકાન ભાડે રાખીને અથવા હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ વિગેરેમાં મુસાફર તરીકે રોકાય જે-તે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને પોતાની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપી સરકારી, ખાનગી માલ-મિલ્કતનો તેમજ લોકોની જાનહાનિ થાય તેવું કૃત્ય કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ ભાડેથી આપતા માલિકો / સંચાલકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ, આથી હું હુકમ કરૂ છું કે, સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારની મિલકત ધરાવતા માલિકોએ, સંચાલકોએ મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટહાઉસમાં કોઈ પણ વિદેશીઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય આવી કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ તેના સંચાલકો / માલિકો દ્વારા ભાડે આપી શકશે નહીં.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની વિગતો લેવી.

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામાં અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરિકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ ના નિયત નમૂના મુજબના ફોર્મમાં નજીકના પોલીસ સ્ટેશનમાં તથા એસ.ઓ.જી. શાખા કામરેજ, ચાર રસ્તા ખાતે ૨૪ કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત જિલ્લામાં કઇ જગ્યાએ, કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવવાના છે ? તેની તેમજ વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર સંહિતની સંપુર્ણ વિગત મેળવી રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૭) કોઈપણ મુસાફરની હીલચાલ શંકાસ્પદ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

INDEX

(૮) હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજિસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે તેમજ દરેક મુસાફરો પાસેથી ફોટો આઈ.ડી. પ્રુફ (ઓળખપત્ર) વેરીફાઈ કરી તેની નકલ મેળવી રાખવાની રહેશે.

આ હુકમ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક : ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/સિક્યુરીટી ગાર્ડ/જાહેરનામું/વશી-૨૪૮૫૬/૨૦૧૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના કર્મચારીઓ કે તેના ગાર્ડ પોતાના લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને તેઓ પોતાના હથિયારોનો ઉપયોગ જમીનના વિવાદોમાં, લોનના હપ્તા ઉઘરાવવામાં કરતા હોય છે. આ કામે તેઓ હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી તેનો સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગ કરે છે. જેને લઈને ઘણા-ખરા બનાવોમાં બિનજરૂરી કારણ વગર આડેધડ ફાયરીંગ કરવાના કે જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ તેની ફરજ બજાવતા હોય ત્યારે તેની ફરજ દરમ્યાન સંબંધિત કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લૂંટ કે મિલ્કત સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓ આચરવાના બનાવ બનવા પામેલ છે. તો કેટલાક કિસ્સામાં આવા પરપ્રાંતિય હથિયાર ધારક ઈસમ બનાવટી લાયસન્સથી પણ હથિયાર મેળવી સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂં તેના પર નિયંત્રણ હોવું જરૂરી છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

(૧) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સિક્યુરીટી કંપની ચલાવતા માલિકો / સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આવા પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી.. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી / ફેક્ટરી વિગરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

(૨) પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ રાષ્ટ્રિયકૃત/ખાનગી/સહકારી બેન્કોએ પોતાની બેન્કોમાં તેમજ એ.ટી.એમ. મશીન ઉપર ફરજ બજાવતા ખાનગી સિક્યુરીટી એજન્સીના હથિયારી / બિનહથિયારી ગાર્ડનો બાયોડેટા સહિતની માહિતી ફરજિયાત પણે નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ હથિયારી ગાર્ડ હોય તો હથિયાર તથા લાયસન્સની વિગતો નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. બેન્કમાં ફરજ બજાવતા ગાર્ડની માહિતી રજુ કરવાની જવાબદારી બેન્ક મેનેજર / સંચાલકની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ ગાર્ડ વાઈઝ અલગ-અલગ ભરવાની રહેશે.

અ.નં.	વિગત	
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ / માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર.	
૨	પરપ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પોલીસ સ્ટેશનનું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર.	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર.	
૪	નોકરીએ રાખ્યાની તારીખ.	

INDEX

અ.નં.	વિગત	
૫	કોના રેફરન્સ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું.	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત.	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ.	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો.	

આ હુકમ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર એમએજી/મોબાઈલ ફોન-સીમ કાર્ડ/જાહેરનામું/વશી-૨૪૯૧૬/૨૦૧૫.– હાલના પ્રવર્તમાન સંજોગો રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ અને મોબાઇલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ હોઈ આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ચોરાયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મૂળ સુધી પહોંચી શકાય છે. પરંતુ, ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા ઈસમ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર / ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી, ગુનાના મૂળ સુધી પહોંચવા જુના મોબાઈલ ફોન, સીમ કાર્ડ, ઓળખ કાર્ડ અથવા કોઈપણ ઓળખ પત્ર વગર લેનાર / વેચનારની ઓળખ અને જવાબદારી નક્કી કરવી જરૂરી જણાય છે.

ઉક્ત હકીકતે ગુનાઓમાં વપરાયેલ મોબાઈલ ફોન તથા ચોરાયેલ મોબાઈલ ફોનના ગુનાઓના મૂળ સુધી પહોંચવા જુના મોબાઈલ ફોન, સીમ કાર્ડ વેચવા ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પ્રકાશ એન. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલની દુકાન ચલાવતા એકમોના માલિકે કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે તથા વેચાણ કરતી વખતે લેનાર તથા વેચનાર વ્યક્તિનું પુરેપુરૂં નામ-સરનામું ફરજિયાત નોંધવાનું રહેશે અને તે બાબતે નીચે મુજબના અલગ-અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે.

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ લેતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ વેચનારનું નામ, સરનામાંની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

કોઈપણ જાણી-અજાણી વ્યક્તિઓની પાસે જુના મોબાઈલ વેચાણ કરતી વખતે નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત અને કંપની	IMEI No.	મોબાઈલ ખરીદનારનું નામ, સરનામાંની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	2033-2036	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	103
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	52	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	4309-4365

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ.શા./એ સેકશન/મોબાઈલ/૧૦૨/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો તેમજ સને-૨૦૦૮ના વર્ષમાં અમદાવાદ શહેર ખાતે બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઈ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થનો તથા હેન્ડ ગ્રેનેડથી ભયાનક બ્લાસ્ટો કરી સમગ્ર શહેરને હચમચાવી દિધેલ અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતિ તથા જાહેર શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જિંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુનાઓ આચરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહીત કામગીરીમાં ગુનેગારો ગુનાહીત કૃત્ય કરવા એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તથા તાજેતરમાં મીલકત સંબંધી/શરીર સંબંધી શોધાયેલ ગુનાઓમાં પણ ગુનેગારોએ મોબાઈલ ફોન તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે તથા S.T.D./P.C.O. પરથી બનાવટી કોલ (FAKE CALL) દ્વારા ધમકી આપવાના ખંડણી માગવાના અપશબ્દ બોલવાના મહિલાઓની જાતિય સતામણી કરવાના ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ વધતા રહે છે. આમ આ પ્રકારની તપાસમાં વિજ્ઞતાઓના કારણે મોબાઈલ ફોન સીમ કાર્ડ લે-વેચ વખતે તથા S.T.D./P.C.O. થી ફોન કરતી વખતે ખરીદનાર તથા વેચનારનું નામ તથા ફોન કરનારનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેની નોંધણી થાય તે સલામતિની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

INDEX

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.), ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓના કચેરી ક્રમાંક એન.જી.ઓ./ટેલીફોન બૂથ/૧૭૦/૧૨, તારીખ ૩જી એપ્રિલ, ૨૦૧૨ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (CRPC), ૧૯૯૩ (૧૯૯૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઈલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજો ડિસ્ટ્રીબ્યુટર / રીટેલર વિક્રેતાઓએ બરાબર ચકાસવા તથા જે પુરાવાઓની ઝેરોક્ષ રાખવી તથા તે અંગેનું નામ સરનામા પુરાવાની માહિતીનું રજિસ્ટર રાખવું તથા S.T.D./P.C.O. ધારકોએ કોલરની આઈડેન્ટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલના નામ સરનામાની માહિતી અંગેના રજિસ્ટરો ત્રણ વર્ષ સુધી નિભાવવાના રહેશે.

આ હુકમ તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિશા/જાહેરનામું/એ-સેક્શન/પરમીટ/૧૦૩/૨૦૧૫.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી ડિસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહિં તેમજ કોઈ સરઘસ કાઢવું નહિં.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર

BY PRINCIPAL DISTRICT JUDGE

Read : (1) The Hon'ble High Court of Gujarat Letter No. C.2001/2014, dated 25-02-2014, directed that the undersigned to constitute the Gender Sensitization & Internal Complaints Committee.

(2) This Office Notification No. B. 16/2/ADM/2065/2014, dated 26-03-2014

(3) This Office Notification No. B/16/1/ADM/4575/2014, dated 19-07-2014.

(4) Hon'ble High Court Notification No. A.1201/2015 [123], dated, 05-11-2015.

Notification

No. B-16/1/ADM/4934/2015.–In view of Hon'ble High Court of Gujarat, letter dated 25th February, 2014 referred in the preamble at serial No. 1 and guidelines presecribed by the Hon'ble Supreme Court of India in Writ Petition (Civil) No. 162/2013, Ms. Binu Tamta and Anr. Vs. High Court Delhi and others, the Hon'ble Supreme Court of India in its order dated 17th July, 2013, approved of and accepted (Gender Sensitization & Sexual Harrassment of Women at the Supreme Court of India (Prevenstion, Prohibition and Redressal), Regulation, 2013" in this regard High Courts in the different States, in each District level it's own Regulations in the same manner, in order to contain harrassment of women in court premises for the same this office has issued Resolution referred in the preamble at serial No. 2.

Vide Hon'ble High Court Notification, dated 5th November, 2015 cited in the preamble at serial No. 4, the undersigned is transferred and posted as Principal District Judge, Banaskantha and as such the charge is taken on 7th November, 2015. Hence, the undersinged is pleased to re-constitute the Gender Sensitization & Internal Complaints Committee till dated 13th May, 2016, which shall consist of following members for ensuing publicity of the policy on Gender Sensitization and Prevention and Redressal of Sexual Harassment in the Court and for framing a policy, from time to time, and its implementation with regard to Gender Sensitization for the Courts under the Jurisdiction of the undersigned.

Sr. No.	Name	Designation	As a....
1	Ms. S. K. Baxi	Principal District Judge, Palanpur	Chairman
2	Ms. M. B. Dange	Chief Judicial Magistrate, Palanpur	Member
3	Mrs. R. Z. Mansuri	Librarian, District Court, Palanpur	Member Secretary [as per Clause- 4 (e)]
4	Ms. K. N. Patel	Advocate	Member
5	Ms. M. J. Vaghela	Advocate	Member
6	Ms. Jyotiben Bathar	Advocate	Member
7	Ms. Faridaben Memon	Advocate	Member

The Complaint committee has to follow the guidelines prescribed by the Hon'ble Supreme Court of India in the Case of Ms. Binu Tamta and Anr. Vs. High Court Delhi and others.

The said Committee shall submit an Annual Report by December 31 every year to the undersinged as provided in Chapter-II, Para-7 (2) (III) of the Regulations.

Palanpur, 8th December, 2015.

S. K. BAXI,
Principal District Judge,
Banaskantha, Palanpur.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધુ :–

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા (રાજપીપલા)ના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/-/૨૦૧૫, તા. ૧૧-૧૨-૨૦૧૫.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક પીઓએલ/જાહેરનામું/વશી/૬૧૮૪ થી ૬૧૯૬/૨૦૧૫.– પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના જણાવ્યા મુજબ નર્મદા જિલ્લામાં તા. ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય કેવડીયા ખાતે પધારનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને તેઓશ્રીના કાર્યક્રમમાં કોઇ સમસ્યા ઉપસ્થિત ન થાય તેમજ સુલેહ શાંતિ જળવાય તે અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું બહાર પાડવા નીચેની વિગતે આવશ્યક જણાય છે.

આથી હું, સંદિપકુમાર સાગલે, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા ફોજદારી કાર્યરીતિ અધિનિમય, (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના વિસ્તારમાં નીચેના મુજબના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

કોઈપણ ઈસમો દ્વારા પત્રિકા, પ્રતિક, ચિત્રો, છબી, કપડા, ઝંડા, વાવટા, પતાકા, ભાષણ કે સભા દ્વારા અથવા કોઈપણ પ્રકારના અવાજ દ્વારા કે કોઈપણ ઈલેકટ્રોનિકસ માધ્યમ દ્વારા કોઈપણ પ્રચાર કે અન્ય કોઈપણ પ્રકારના પ્રદર્શનથી સ્થાનિક પ્રજાની, સરકારની અને કોઈપણ જાતિની, ધર્મની, કોમની, લાગણીઓ દુભાય તેવી તમામ પ્રવૃત્તિઓ કરવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર

નર્મદા જિલ્લાના હદ વિસ્તાર પુરતો અમલી રહેશે.

સમયગાળો

તા. ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ના ૨૪-૦૦ કલાક સુધી.

INDEX

આ હુકમનો ભંગ અથવા કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ડીસેમબર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

સંદિપકુમાર સાગલે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૦૬૩૬ થી ૧૦૬૫૦/૨૦૧૫.– ભરૂચ મુકામે નર્મદા નદી ઉપર આવેલ જુના સરદાર બ્રિજની કમાનો ખરાબ થતા તેનું રીપેરીંગ કામ ચાલુ છે. જેના કારણે ભરૂચ ગોલ્ડન બ્રિજ પરથી હળવા વાહનો કે જે વડોદરાથી સુરત તરફ અને સુરત તરફથી વડોદરા તરફ પસાર થાય છે. જેમાં ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે. જેની સીધી અસર ભરૂચનાં આંતરિક વાહન વ્યવહારને પણ થાય છે. જેથી સદર ટ્રાફીકને હળવો કરવા માટે હંગામી ધોરણે વડોદરા તરફથી આવતા સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જી. પ્રજાપતિ, (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરૂં છું કે, તારીખ ૮મી ડિસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૧૬ દરમ્યાન ૧૭:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા માટે ભરૂચ તરફથી અંકલેશ્વર તરફ જતા ફોર વ્હિલ વાહનો (એલ.એમ.વી. એમ્બ્યુલન્સ/સરકારી વાહનો સિવાય) ને ગોલ્ડન બ્રિજ પરથી પસાર થવા માટે પ્રતિબંધ મૂકવા આથી હુકમ કરવામાં આવે છે. સદર રસ્તો બંધ થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) વડોદરા તરફથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો નર્મદા ચોકડીથી ઝાડેશ્વર ચોકડી થઈને જુના સરદાર બ્રિજ ઉપરથી અંકલેશ્વર/સુરત તરફ જઈ શકશે.

(૨) ભરૂચ શહેરમાંથી અંકલેશ્વર/સુરત તરફ જતા ફોર વ્હિલ વાહનો ઝાડેશ્વર ચોકડીથી જુના સરદાર બ્રિજ થઈને અંકલેશ્વર / સુરત તરફ જઈ શકશે.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ ₹ ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અંગેનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૦૭૩૫ થી૧૦૭૫૫/૨૦૧૫.– ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં મોટા પાયે કેમિકલ કંપનીઓ આવેલી છે. આ કેમિકલ કંપનીમાંથી નીકળતો સોલીડ વેસ્ટ તથા પ્રદુષિત પાણી તેના શુધ્ધીકરણની ધોરણસરની પ્રક્રિયા કર્યા વિના જોખમી કચરાનો નિકાલ કરવામાં આવેલ સાઇટ સિવાયના અન્ય સ્થળોએ રાત્રીના અંધકારનો લાભ લઇ ટેન્કરો મારફતે નિકાલ કરવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ છે. તેમજ અવાર નવાર કુદરતી પાણીના સ્ત્રોતોમાં પ્રદૂષણ ફેલાવતા હોવાનું ધ્યાને આવેલ છે. જેના કારણે જાહેર જનતાની જાન, સલામતી જાહેર આરોગ્યને નુકસાન થાય છે. જેથી ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. એસ્ટેટમાં ૨૦-૦૦ કલાકથી ૦૭-૦૦ કલાક સુધી ટેન્કરોનાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી.જી પ્રજાપતિ, (G.A.S.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ થી દિન-૬૦ માટે ભરૂચ જિલ્લામાં આવેલ અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરૂચ, દહેજ ખાતે જી.આઇ.ડી.સી. એસ્ટેટમાં ૨૦-૦૦ કલાકથી ૦૭-૦૦ કલાક સુધી તમામ પ્રકારના ટેન્કરોનાં પ્રવેશ કરવા તથા અવર જવર કરવા પર પ્રતિબંધ મુકવા આથી હુકમ કરવામાં આવે છે.

ખાસ કિસ્સામાં ગુણદોષ ધ્યાને લઇ સંબંધિત સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીને તેમના કાર્યક્ષેત્ર પુરતા સદર જાહેરનામામાંથી મુકિત અંગેની પરવાનગી આપવા માટે અધિકૃત કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ આ હુકમ પર મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX

©

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 3500/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LVI] THURSDAY, DECEMBER 31, 2015 / PAUSA 10, 1937 [No. 53

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	2037-2071
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	53
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	105
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	4367-4380

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./એ સેકશન/ પરમીટ/૧૦૪/૨૦૧૫.- અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હો બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતિ માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ- ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈ પણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે

INDEX

લાંબુ, છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ ફરમાવું છું;

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિહ્નો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની;

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ નં. ૪૫ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી માહે ડીસેમ્બર, સને ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક વિ.શા./જાહેરનામું/એ સેકશન/પરમીટ/૧૦૫/૨૦૧૫.– ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, પરિપત્ર ક્રમાંક વિ/૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪/તા. ૮મી ઓક્ટોબર, ૨૦૧૩ સચિવાલય, ગાંધીનગર, નાઓના રાજ્યના શોપીંગમોલની સુરક્ષા બાબતેના આદેશ અન્વયે,

તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ, જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરિકોના અકાળે મૃત્યુ થયેલ. જેથી, અમદાવાદ શહેરમાં આવેલ શોપીંગ મોલની પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તથા સુરક્ષા સુદ્રઢ રીતે જળવાઈ રહે તે હેતુથી પગલાં લેવા જરૂરી છે. જેથી તકેદારી માટેના પગલાં લેવડાવવા સારૂ નીચે મુજબ હુકમ કરૂં છું.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સીઆરપીસી/૧૯૭૩), ૧૯૭૪ના નં. ૨ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ શોપીંગ મોલની સુરક્ષા અંગે ચુસ્તપણે અમલ કરવો.

૧. દરેક મોલમાં એન્ટ્રીગેટ આગળ મોલના Exit ગેટ તથા મોલની પાછળના વિસ્તારમાં થતી તમામ હિલચાલનું વિડીયો-ઓડીયો રેકોર્ડીંગ થાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા, જેમાં Colour-Image, I.P. Base, 1.3 Mega Pixel with Night Vision, capability Data Storage-15 days min. જેથી, મોલની સુરક્ષા યોગ્ય રીતે જળવાઈ રહે.

૨. મોલની અંદર દાખલ થતા વાહનો (મોટરકાર/ટુ વ્હીલર વિગેરે) નું ચેકીંગ કરવામાં આવે તેની સાથે સાથે વાહનોની અંદર બેઠેલ તમામ વ્યક્તિઓનું પણ ચેકીંગ કરવું જરૂરી છે.

૩. જ્યારે જ્યારે મોલની માલીકી બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા સુરક્ષા અંગેની જણાવેલ તમામ જરૂરી ચેકીંગ યોગ્ય રીતે થાય તે મુજબ નવા માલિકે પણ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ મોલની માલિકી ફેરબદલી અંગેની જાણ અત્રે પોલીસ કમિશ્નર કચેરીનો સ્પેશીયલ બ્રાંચ ખાતે કરવાની રહેશે.

૪. મોલમાં આવતા તમામ માલ-સામાન (Goods) નું ચેકીંગ કરવું. જેથી મોલમાં કોઈ પ્રતિબંધિત અથવા સ્ફોટક પદાર્થો આવી ન જાય તે રીતે ચકાસણી કરવી, તેમજ સલામતિ માટે જરૂરી તમામ સિક્યુરીટી માટે તાલીમ બધ્ધ અને સિક્યુરીટીના નિયમોના માહિતગાર હોય તેવા માણસોથી રાઉન્ડ ધી ક્લોક સલામતિની વ્યવસ્થા મોલ માલીકે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૫. મોલમાં Explosive જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થ ન આવે તે અંગેની ચકાસણી માટે સલામતિ સાથે સાથે સ્નીફર ડોગથી પણ ચકાસણી થાય તેવી સલામતિ ગોઠવવાની રહેશે.

આ હુકમ તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિશા/જાહેરનામું/એ સેકશન/પરમીટ/૧૦૬/૨૦૧૫.– ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદરાબાદના દીલસુખનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં આતંકવાદી તત્ત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બબ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે આવનાર ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વહેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા પુરાવા મેળવી તેની ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ, સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર-સાયકલ વેચાણ કરતા તથા બેટરીથી ચાલતાં સ્કુટર કે જેમાં આર.ટી.ઓ.નો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી. તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતિ અને દેશની સુરક્ષા માટે થોડા નિયમો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩, (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતાં સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે, નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ-બેટરીથી ચાલતા સ્કુટર વેચાણ કરનારે મેળવવાનો રહેશે.

(૩) બિલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલિફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બિલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર ચેસીસ નંબર અવશ્ય લખવો.

આ હુકમ તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

શિવાનંદ ઝા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એસબી/જાહેરનામું/૧૪૦/૨૦૧૫.- સુરત શહેરની હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ઈદેમિલાદ, નાતાલ, ૩૧ ડિસેમ્બર, મકરસંક્રાંતિ, ૨૬મી જાન્યુઆરી વિગેરે તહેવારો આવતા હોય તેમજ જુદીજુદી ધાર્મિક શોભાયાત્રા તથા રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતા હોય. આવા સમયે કેટલાક તત્વો દંડા, લાકડી, લાઠી, તલવાર, ખંજર, હથિયાર સ્ફોટક પદાર્થ રાખી ફરતા હોય છે. તેવા પથ્થર જેવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેમજ હાલની આંતકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને શાંતીમય વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીન વિવાદોમાં લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણાખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરતમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરિયાદો પણ દાખલ થયેલ છે. જેથી ઉપરોક્ત હથિયાર, સ્ફોટક પદાર્થ તેમજ પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં. તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબની મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવા કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર;

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર;

(૩) સ્ફોટક પદાર્થ લઇ જવા ઉપર;

INDEX

(૪) પથ્થરો અથવા બીજા શસ્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર;

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર;

(૬) વ્યક્તિઓના પુતળા બાળવા-લટકાવવા-પુતળાને ફાંસી આપવા ઉપર;

(૭) પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સ-વાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર;

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

અમલવારીનો સમયગાળો અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેનાં ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) ૩ અન્વયે.

ક્રમાંક : એસબી/રાજકીય/સુ.મ.ન.પા.સા.ચૂં./જાહેરનામું/૧૪૧/૨૦૧૫.– રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ક્રમાંક : ચટણ/સ્થા. સ્વ/૧૩(૬)૧૦૨૦૧૫/ક. તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૧૫થી સુરત મહાનગર પાલીકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિંશનરેટ વિસ્તારમાં આવતા સુરત મહાનગર પાલિકામાં વોર્ડ નં. ૧ થી ૨૯ માટેના મતદાનનો કાર્યક્રમ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ તથા સચીન નગરપાલિકા અને ચોર્યાસી તાલુકાની જિલ્લા/તાલુકા પંચાયતોનો મતદાન કાર્યક્રમ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ નક્કી કરવામાં આવેલ અને તેની મત ગણતરી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ સવારે કલાક : ૦૮-૦૦ વાગ્યાથી શરૂ થનાર છે. મતગણતરીના સ્થળો નીચે મુજબના છે. મત ગણતરી સમય દરમ્યાન સુલેહ શાંતિ જળવાય રહે ચૂંટણી પ્રક્રિયા ન્યાયી અને મુકત વાતાવરણમાં યોજાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે હેતુસર મત ગણતરી બિલ્ડીંગ માં તથા આ બિલ્ડીંગથી ૨૦૦ મીટરની અંદર મોબાઇલ ફોન લઇને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું રાકેશ અસ્થાના, પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. તથા મુંબઈ પોલીસ, અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) ૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

પ્રતિબંધિત કૃત્ય

સુરત મહાનગર પાલીકા/સચીન નગરપાલિકા/ચોર્યાસી તાલુકામાં સમાવિષ્ટ મત ગણતરી બિલ્ડીંગમાં તથા બિલ્ડીંગથી ૨૦૦ મીટરની અંદર મોબાઇલ ફોન લઇને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિંશનરની હકુમત હેઠળ નીચે દર્શાવેલ મત ગણતરી બિલ્ડીંગ તથા મતગણતરી બિલ્ડીંગથી ૨૦૦ મીટર અગર બિલ્ડીંગની કંમ્પાઉન્ડ વોલ બે માંથી જે ઓછુ હોય તે વિસ્તારના ઘેરાવામાં

(૧) ડો. એસ. એન.એસ. ગાંધી એન્જી. કોલેજ મજુરા ગેટ, સુરત શહેર

(૨) એસ.વી. એન.આઇ.ટી. ઈચ્છાનાથ સુરત ડુમ્મસ રોડ સુરત

(૩) શારદાયતન હાઈસ્કુલ, પીપલોદ, સુરત

(૪) એલ.ડી. હાઈસ્કુલ (આઇ.સી.નાયક સ્કુલ) સ્ટેશન રોડ, સચીન સુરત.

પ્રતિબંધિત સમય

તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫નાં રોજ કલાક : ૦૦-૦૦ થી મતગણતરીનું કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી.

અપવાદ

સરકારી અધિકારી /કર્મચારી તથા પોલીસ અધિકારી/કર્મચારી કે જે ચૂંટણી મત ગણતરી અંગેની ફરજ ઉપર હોય અને મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવી વ્યક્તિને તેમજ શૈક્ષણિક હેતુસર કોલેજમાં ભણવા આવતા અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ તેમજ કોલેજમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારી સ્ટાફને ઉપરોક્ત પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઇ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસબી/જાહેરનામું/૧૪૨/૨૦૧૫.– રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મૂળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હાઓમાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઇ વ્યકિતઓ મોબાઇલ/સીમકાર્ડ, હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઇપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મૂળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારને તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, રાકેશ અસ્થાના, (I.P.S.), પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (CRPC) ૧૯૭૩ (૧૯૭૪ના પાના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવુ ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજિસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નીભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદદારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદદારનું નામ સરનામાની વિગત	ID પ્રૂફની વિગત
૧	૨	૩	૪	૫

આ ઉપરાંત કોઇ એક વ્યકિત બીજી વ્યકિત પાસેથી સીધો મોબાઇલની લે-વેચ કરે ત્યારે મોબાઇલ વેચનાર વ્યકિત પાસેથી ખરીદ કરનાર વ્યકિતએ મોબાઇલ વેચનાર વ્યકિતનું ID પ્રુફ અને પુરૂ નામ, સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી બીજી નકલ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. દરેક પોલીસ સ્ટેશનમાં ઉપર મુજબના કોલમનું રજીસ્ટર નીભાવવાનું રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૧૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૬ ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

રાકેશ અસ્થાના,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એસ.બી/રાજકીય/જાહેરનામું/૧૪૩/૨૦૧૫.—સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખૂન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે, આવા ગુનાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો / બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મીલકત સંબંધી તેમજ શરીર સંબંધીના ગંભીર ગુના આચરે છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ.

વાસ્તે હું, સી. આર. પરમાર (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે **રાખેલા હોય** તેની માહીતી જે તે વિસ્તારના સ્થાનિક પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલીક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે **હવેથી રાખશે** ત્યારે તેની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે. તેમજ વોચમેન હથિયારધારી હોય તો તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન માલીકનુ નામ તથા સરનામું, ટેલીફોન નંબર.	
૨	કામે રાખેલ નોકરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું, ટેલીફોન નંબર	
૩	કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું ટેલીફોન નંબર સાથે.	
૪	નોકરને રાખ્યાની તારીખ	
૫	કોના ભલામણથી / ઓળખાણથી નોકરીએ રાખેલ છે તેનું નામ, સરનામું, ટેલીફોન નંબર.	
૬	નોકરના બે-ત્રણ સગા સબંધીના નામ સરનામા.	
૭	નોકરનો ફોટો	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./પરમીટ/એ. સેકશન/૧૪૪/૨૦૧૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં, ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગીક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું સી. આર. પરમાર, (IPS) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઈ મકાન / દુકાન/ ઓફિસના માલીકો / ઔદ્યોગીક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ મકાન /દુકાન / ઓફિસ / ઔદ્યોગીક એકમો ભાડે આપેલ છે. તેવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગીક એકમોના સંચાલકોએ માહીતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશનોને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાન / દુકાન/ ઓફિસના માલીકો / ઔદ્યોગીક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન / દુકાન/ ઓફિસના માલીકો / ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન /દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગીક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન / દુકાન / ઓફિસના માલીકો/ઔદ્યોગીક એકમો ભાડે આપી શકે નહિ, એ પછી મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગીક એકમો ભાડે આપવાના હોય તેવા મકાન / દુકાન/ ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે, જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન / દુકાન / ઓફિસના માલીકો તથા ઔદ્યોગીક એકમોના સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન / દુકાન / ઓફિસ માલિકો / ઔદ્યોગીક એકમના માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગીક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ.	
૨	મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગીક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	
૩	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	
૪	જે વ્યક્તિને ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	
૫	જે વ્યક્તિને ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા.	
૬	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું, ટેલી. નં.	
૭	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગીક એકમ જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ ?	

નિયમો

(૧) આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

(૨) આ ફોર્મ સંપૂર્ણ રીતે ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પો. સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

(૩) આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.

(૪) તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

(૫) સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીનાં સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

(૬) ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

INDEX

(૭) જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે. અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

(૮) આ સાથે ₹ ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

(૯) મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૧૦) ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆત-૧૧ માસ બાદ જગ્યા/મિલ્કત ખાલી ન કરે ત્યારે, મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની જવાબદારી રહેશે.

(૧૧) બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સંબંધીઓને વચ્ચે રાખી આપવી.

(૧૨) મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી / શ્રીમતી..

એજન્ટનું સરનામું ....

ફોન નં. (ઘર)...(ઓફીસ)..(મો.નં.)...

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું : ....

(૧)

ફોન નં. (ઘર)..(ઓફીસ)...(મો.નં.)...

(૨)

ફોન નં. (ઘર)..(ઓફીસ)...(મો.નં.)...

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	સાક્ષીની સહી	પોલીસ સ્ટેશન સહી સિક્કો અને તારીખ

ભાડુઆતની સહી એકમ, મકાન માલીકની સહી એજન્ટની સહી

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૪૫/૨૦૧૫.—સુરત શહેર ભુતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા ગંભીર ગુનાના કિસ્સાઓ પૈકી ઘણા ખરા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગમાં, હિરા ઉદ્યોગ તથા અન્ય કારખાનાઓમાં કામ કરતા પરપ્રાંતિય કારીગરો સંડોવાયેલાનું અને ગુનો આચર્યા બાદ નાસી જતા તેઓના સબંધી અપુરતી કે ખોટી વિગતોના કારણે પોલીસ પકડમાં આવતા નથી. તદ્ઉપરાંત ઘણીવાર તેઓના પોતાના વતનમાં ગુનાઓ આચરી ખોટા નામ સરનામાં દર્શાવી અત્રેના શહેરમાં આશ્રય મેળવી રહે છે અને ફરી ગુનો કરે છે. આમ શહેરની જાહેર જનતાની શાંતી અને સલામતી અને કાયદો-વ્યવસ્થા જોખમાય તેવા કૃત્યો કરે છે, જે અટકાવવા સારૂ અને જાહેર જનતાની શાંતિ-સલામતી અને સુખાકારી જાળવવા સારૂ.

વાસ્તે, હું સી. આર. પરમાર, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/

INDEX

ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજૂરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં જે કર્મચારીઓ, કારીગરો, મજૂરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી સબંધીત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર-૧ અને ૨ ની હકીકત નીચે દર્શાવેલ કોલમ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહિતીનું રજિસ્ટર તૈયાર કરી તથા જે કર્મચારી હથિયારધારી હોય તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

અનુ. નંબર	વિગત	
૧	માલીકનું નામ, સરનામું તથા ધંધાની વિગત ટે. નં./મોબાઈલ નંબર	
૨	કર્મચારી/કારીગર/મજૂરનું પુરૂ નામ, ઓળખ ચિન્હો વતનનું સરનામું અને સ્થાનિક પો.સ્ટે., ટે. નં.	
૩	કર્મચારી/કારીગર/મજૂરના પિતાનું નામ અને સરનામું	
૪	કર્મચારી/કારીગર/મજૂરનું વતનનું સરનામું અને સ્થાનિક પો. સ્ટે., ટે.નં. તારીખ	
૫	કર્મચારી/કારીગર/મજૂરને રાખ્યાની તારીખ	
૬	કર્મચારી/કારીગર/મજૂર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૭	કર્મચારી/કારીગર/મજૂરને કોના રેફરન્સ/પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ સરનામું ટે. નં.	
૮	કર્મચારી/કારીગર/મજૂરનો ફોટો	
૯	હથિયાર હોય તો તેની અને લાઈસન્સની પૂરી વિગત	

: અમલવારીનો સમય :

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

: અપવાદ :

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, પબ્લીક સેકટર, શૈક્ષણિક સંસ્થાઓ ચુંટાયેલી સંસ્થાઓ ઉપરોક્ત હુકમ લાગુ પડશે નહીં.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલું.

ક્રમાંક એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૪૬/૨૦૧૫.–સુરત શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયોરોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરત શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ.

INDEX

વાસ્તે હું સી. આર. પરમાર, (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગતે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી.. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેક્ટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

મુદ્દા નંબર : ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ વાઇઝ આપવાની રહેશે.

અ.નં.	વિગત		
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:-	
૨	પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી / બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ હાલનું સરનામું ટે.ફો.નંબર	:-	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલીફોન નંબર	:-	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:-	
૫	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:-	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત	:-	
૭	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:-	
૮	સિક્યુરીટી ગાર્ડનો ફોટો	:-	

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી માટે અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલું.

ક્રમાંક એસ. બી./પરમીટ/એ. સેકશન/૧૪૭/૨૦૧૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાએ રહીને સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઇને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું સી. આર. પરમાર, (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, સુરત શહેરના પોલીસ કમિશનર વિસ્તારના મકાન, હોટલ, લોજ,

INDEX

બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઇપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલીકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઇલ કોપી સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેન્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત શહેરમાં કઇ, જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૦) વિદેશી નાગરીકોનો મોબાઇલ નંબર રજિસ્ટરમાં નોંધવાનો રહેશે.

: અમલવારીનો સમય :

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલું.

ક્રમાંક એસ.બી/લાયસન્સ બ્રાન્ચ/ફટાકડા/૧૪૮/૨૦૧૫.– સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મિક સામાજિક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલ, શાળાઓ, કોલેજોની નજીક મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે. જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ જાય છે. અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે. તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. અને નાના મોટા આગના બનાવો બનતા જાનમાલને નુકશાન થયેલાનું પણ છે. તદ્ઉપરાંત હોસ્પીટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા / કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે. જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવસ્થા સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા / કોલેજના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે તથા રાત્રિના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી, હું, સી. આર. પરમાર, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) સુરત શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનું / ફટાકડા, ફોડવા / સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર.

(૨) સુરત શહેરના જાહેર રસ્તા / રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ અને અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ કે કોઇ વ્યક્તિ ઉપર કે જાહેરમાં છૂટા ફેંકવા ઉપર.

INDEX

(૩) સુરત શહેરના પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રિના ક. ૨૨.૦૦ થી સવાર કલાક ૬.૦૦ સુધી ફટાકડા/દારૂખાનુ ફોડવા ઉપર.

(૪) સુરત શહેરના પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટરના વિસ્તારમાં ફટાકડા / દારૂખાનુ ફોડવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪.૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલું.

નંબર એસ.બી/જાહેરનામું/૧૪૯/૨૦૧૫.– સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ પ્લેગ્રુપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવું જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતાથી ખંડણી / ફીરોતીના રૂપિયા પડાવવાના હેતુથી, બાળક સાથે બદકામ કરવાના હેતુથી, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતાપિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યક્તિઓ માતા-પિતા સાથે ઘરોબો (સબંધ) કેળવી અથવા તેમની દિનચર્યાની માહીતી એકત્રિત કરી સંબંધિત બાળકને લલચાવી ફોસલાવી ભણવા માટે અથવા તો રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી ભવિષ્યમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહિતી પ્લેગ્રુપ / નર્સરી / શાળાના સંચાલકોએ રાખવાની રહેશે.

વાસ્તે, હું, સી. આર. પરમાર, (IPS) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગ્રુપ / નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહિતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગ્રુપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડેના વાહનો જેવા કે, ઓટો રીક્ષા, મીનીબસ, મારૂતી વાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજિસ્ટ્રેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલીકનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર સંબંધિત સંસ્થાએ રાખવાનો રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વાહન માલીકનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૨	ડ્રાઈવરનું નામ તથા સરનામું, ટે.નં. / મો. નં.	
૩	વાહનનો પ્રકાર તથા રજિસ્ટ્રેશન નંબર	
૪	ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર	
૫	ડ્રાઈવરનો ફોટો	
૬	ડ્રાઈવર લઈને આવતાં તથા જતાં બાળકોનું નામ તથા ધોરણ અને ઉંમરની વિગત	

INDEX

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદા વાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલીની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે ? તે અંગે વાલી પાસેથી તેના સગા-સંબંધીના પુરૂ નામ, સરનામું મોબાઈલ નંબર/ફોન નંબરની વિગતો સંસ્થાએ તેમના રેકર્ડ ઉપર રાખશે.

(૪) ઘણી ખરી પ્લેગ્રૂપ / નર્સરી / શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે, બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતિ હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યક્તિ વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસોને બાળક સોંપવાના રહેશે.

ઉપરના મુદ્દા નંબર (૩) અને (૪) ના અંગેની માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર	
૨	વાલીએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.	
૩	પ્રાઈવેટ વાહનનો નંબર	
૪	ડ્રાઈવરનું નામ, સરનામું, ટે.નં. / મો.નં.	
૫	ફોટો	

ઉપરોક્ત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારીથી માંગણી થયેથી સ્કુલ તરફથી તે રજુ કરવાની રહેશે.

(૫) શાળાનો સમય પુરો થાય અને બાળકો શાળાએ થી છુટે ત્યારે શાળા એ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષ થી ઓછી ઉંમરના બાળકોને રવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકોને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોંપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોંપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોંપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે તેના બદલે બીજી કોઈ વ્યક્તિ બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોંપશે. અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે. અને પોલીસ તરફથી માંગેથી રજુ કરવાની રહેશે.

આ માહિતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર	
૨	વાલી/અધિકૃત વ્યક્તિ સિવાય અન્યને બાળક નો કબજો શાળામાંથી સોંપવામાં તે વ્યક્તિના નામ, સરનામા અને ટે.નં. / મો.નં.ની વિગત	
૩	બાળકની સોંપણી કરતાં પહેલાં ખાત્રી કરેલ તેની ચોક્કસ વિગત	
૪	બાળકનો કબજો જેને સોંપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર	

ઉપરોક્ત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે અને બીજો કાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાઈવર વિગેરે પાસે રાખવાનો હોય છે. અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યક્તિને જ બાળક સોંપવામાં આવે તે રીતેની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સૂચનાનો અમલ કરવાનો રહેશે.

નોંધ :-

જે માહિતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકો માટે આપવાની સુચવેલી તેમાં જણાવવાનું આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉંમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં આવવાના સમયે જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વાલી/ગાર્ડીયનની રહેશે. તે અંગેનું બાંયધરી ખતવાલી / ગાર્ડીયનને સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલીનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલી સ્વતંત્ર રીતે કરવા માંગતા હોય તો તેને આ જાહેરનામાનો બાધ નડશે નહીં.

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૧૫ કલાક : ૦૦-૦૦ થી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૬ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

INDEX

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સી. આર. પરમાર,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/જાના-૧૩૧/વશી.૧૧૭૧૨-૭૦/ ૨૦૧૫.– મજૂર ઠેકેદાર (લેબર કોન્ટ્રાકટર) દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક મહિલા મજૂરો અને નાબાલિક બાળકોને ઉપલબ્ધ કરવામાં આવતા નથી. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજુરો અને તેઓના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બની શકે તેવી સંભાવના રહે છે. જેથી માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને જરૂરી સુવિધા સાથેના રહેણાંક મળી રહે અને તેઓની સુરક્ષા જળવાઇ રહે તે માટે આયોજન કરવું જરૂરી જણાય છે.

આથી હું, દિલીપ રાણા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણ વગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને સંબંધિત મજૂર ઠેકેદાર (લેબર કોન્ટ્રાકટર) દ્વારા પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેની રહેણાંક ઉપલબ્ધ કરવા ફરજીયાત રહેશે. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો શિક્ષાપાત્ર ગુનો બનશે. નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ કામકાજ કરવાનું રહેશે.

ઉક્ત હુકમ તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

દિલીપ રાણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૩૩(૧)(ખ) મુજબનું.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/મકરસંક્રાંતિ/વશી ૧૫૧૬૪ થી ૧૫૧૯૭/૨૦૧૫.- તારીખ ૧૪-૧૫મી જાન્યુઆરી, ૨૦૧૬ ના રોજ મકરસંક્રાંતિનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે ઘણા લોકો જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. પતંગ મહોત્સવ દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક માંથી બનાવવામાં આવતી ચાઈનીઝ દોરીથી પક્ષીઓ તથા માણસોને ગંભીર ઈજા થવાની સંભાવના રહેલી છે. તે ઉપરાંત રસ્તાઓ તથા રેલ્વે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેક્ટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક ધાતુની બનાવટના દોરાથી પતંગો ઉડાડવા તથા ભેરવાયેલા પતંગ ઉતારવાના પ્રયત્નો કરે તો બે ઈલેક્ટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કીટના તથા અકસ્માત થવાની સંભાવના રહેલી છે.

જેથી લોકોની જાહેર સલામતી ખાતર આવી રીતે ચાઈનીઝ દોરી અને સદર પ્રકારની સિન્થેટીક તથા ધાતુની બનાવટના દોરાથી પતંગો ઉડાડવાથી લોકોની તંદુરસ્તી અને જાનને ખતરાનો પ્રશ્ન રહેતો હોવાથી ચાઈનીઝ દોરી વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાયું છે.

વાસ્તે હું, રેમ્યા મોહન, (આઇ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૩૩(૧)(ખ) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધીનાં દિવસો દરમ્યાન નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વેપારી/વ્યક્તિએ જાહેર રસ્તામાં અથવા જાહેર જગ્યાઓ કે કોઇપણ જગ્યાએ ચાઈનીઝ બનાવટની દોરી સિન્થેટીક પ્રકારની દોરી સંગ્રહ કરવા કે વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરના હુકમનો ભંગ કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૬ મુજબ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

રેમ્યા મોહન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઈસી./એમએજી/વશી/૫૧૧૬ થી ૫૧૨૩/૨૦૧૫.– તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોદ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ની રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં '' LOW INTENSITY '' ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મજુરીકામ અથવા અન્ય કામગીરી કરવાના બહાના હેઠળ ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો મોટા ભાગે લેબર કોન્ટ્રાકટર/મુકાદમો મારફતે જ કામ તેમજ આશરો મેળવતા હોય છે. ઉપરાંત સરકારશ્રીના અલગ અલગ વિભાગો, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓ પોતાના કામ માટે લેબર કોન્ટ્રાકટ/મુકાદમો મારફતે જ મજૂરો મેળવતા હોય છે.

તાજેતરમાં વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મિલકત સબંધી તેમજ શરીર સંબંધી ગુનાઓ વધવા પામે છે. વડોદરા ગ્રામ્ય જિલ્લામાં ભુતકાળમાં બનેલ આવા ગુનાઓની તપાસ કરતાં હકીકત જાણવા મળેલ છે કે, આવા ગુન્હા કરતા ગુનેગારો ગુનો કરતા પહેલા જે તે વિસ્તાર નજીક નવા બંધાતા મકાનોમાં, સરકારશ્રીના અલગ અલગ વિભાગો દ્વારા ચાલતા મજુરીકામોમાં, ટેલીફોન/મોબાઈલ કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામમાં, રોડ રસ્તાઓના મજુરી કામમાં તેમજ જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં મજુરી કામ અર્થે તથા અલગ અલગ મજુરી કામ, પેટ્રોલ પંપ, હોટલો, રેસ્ટોરન્ટમાં કામ ધંધો મેળવે છે. આવી મજુરી કામ/કામધંધાના બહાના હેઠળ રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનો સર્વે કરી, માહિતગાર થઈ આવા ગુન્હા કરી નાસી જઈ નિર્દોષ નાગરિકોના જાનમાલ મિલકતને નુકસાન પહોંચાડે છે. આવા ગુન્હા કરતાં ગુનેગારો ઉપર ચાંપતી નજર રાખવાના અને તેનું પગેરૂં મેળવવાનું જરૂરી જણાય છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમો હોટલ, રેસ્ટોરન્ટ, પેટ્રોલપંપ ધારકોએ પોતાની પાસે મજુરી કામ/કામધંધા અર્થે આવેલ વ્યક્તિઓના આ સાથે સામેલ પ્રફોર્મા મુજબ ફોર્મ ભરી સબંધિત પોલીસ સ્ટેશને તાત્કાલિક જાણ કરવી. તેમજ આ મજૂરો/કારીગરો જ્યારે મજૂરીકામ/કામગીરી પૂર્ણ કરી વડોદરા ગ્રામ્ય જિલ્લા વિસ્તાર છોડી જતા રહે ત્યારે પણ આ વ્યક્તિઓ પુરા નામ-સરનામા તથા કઈ જગ્યાએ જનાર છે. તે તમામ વિગતોની સબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી./એમએજી/વશી/૫૧૨૪ થી ૫૧૩૧/૨૦૧૫.-તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તારીખ ૦૭મી જુલાઈ ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીસીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનિટના

સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં “LOW INTENSITY” ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ, શહેર, સુરત શહેરમાં જુલાઈ ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક વિસ્તારો આવેલ છે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલ એકમોમાં બહારના રાજ્યોમાંથી સીકયુરીટી જવાનો ફરજ અર્થે આવતા હોય છે. બહારનાં રાજ્યોમાંથી આવતા ત્રાસવાદીઓ/અસામાજિક તત્વો આ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ એકમોમાં પ્રથમ સીકયુરીટી જવાન બની, આશરો અને રોજગારી મેળવવાનું નાટક કરે છે અને તે દરમ્યાન તે વિસ્તારની રેકી કરી, આતંકવાદી હુમલો કે બોમ્બ બ્લાસ્ટને અંજામ આપી, લોકોના જાનમાલને પારાવાર નુકસાન કરે તેવો આતંક ફેલાવે છે અને સમગ્ર દેશની શાંતિ અને સુરક્ષા ઉપર ખતરો ઉભો કરે છે. જેમાં ઘણાખરા સીકયુરીટી જવાનો ગુનાહીત પ્રવૃતિ સાથે સંકળાયેલા હોવાની શકયતા નકારી શકાય નહી. જેથી આવા ઔદ્યોગિક એકમોમાં સીકયુરીટી જવાનો નોકરી કરી સ્થાનિક પરિસ્થિતિનો સર્વે કરી માહિતગાર થઇ કોઇ ગુનાહીત પ્રવૃતિને અંજામ આપે તે શક્યતા નકારી શકાય નહી.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં ઔદ્યોગિક એકમોમાં સીકયુરીટી સંચાલકોને તેમની હસ્તકના સીકયુરીટી જવાનોની આ સાથે સામેલ પ્રફોર્મા મુજબ ફોર્મ ભરી સંબંધિત પોલીસ સ્ટેશનને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૫૧૩૨ થી ૫૧૩૯/૨૦૧૫.–તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તાજેતરમાં તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોદ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ની રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફકત એક કિલોમીટરના દાયરામાં ‘‘ LOW INTENSITY ’’ ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ, શહેર, સુરત શહેરમાં જુલાઈ ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખી જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુનાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા તમામ હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો પણ તંત્રને મદદરૂપ બની શકે તેવા શુભ આશયથી જિલ્લામાં આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો કે ધર્મશાળાના માલિકો દ્વારા રૂમો ભાડે આપતા પહેલાં રૂમ ભાડે રાખનાર પાસેથી તેઓની ઓળખાણના પુરાવા જેવા કે, ઓળખકાર્ડ, ઈલેક્શન કાર્ડ, પાનકાર્ડ, વિગેરેની નકલ મેળવીને રૂમો ભાડેથી આપે અને તે માટેનું અલાયદું રજિસ્ટર નિભાવે તે અત્યંત આવશ્યક છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા તેમાં રહેવા આવતા નાગરિકોને રૂમો ભાડે થી આપે ત્યારે રૂમમાં રહેતા દરેક નાગરિકોની પ્રવેશ અંગે રાખવામાં આવતા

INDEX

ઈલાયદા રજિસ્ટરોમાં નોંધ કરી તે દરેક વયના નાગરિકોના ઓળખના પુરાવા જેવા કે, ઓળખકાર્ડ, ઈલેક્શન કાર્ડ, પાનકાર્ડ વિગેરેની નકલ મેળવી રૂમ ભાડેથી આપે અને તેની જાણ ૨૪ કલાકમાં સંબધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૫૧૪૦ થી ૫૧૪૭/૨૦૧૫.—તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોદ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હ્રદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફકત એક કિલોમીટરના દાયરામાં '' LOW INTENSITY '' ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પોતે નક્કી કરેલા કૃત્યને અંજામ આપવા વાહનમાં ફરતા હોય છે અને પોતાના રહેવા તથા જમવા તથા ફરવા માટે કોઈને કોઈ હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળા કે રેસ્ટોરન્ટ, બહુમાળી બિલ્ડીંગો કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો તથા મોટા મંદિરો, સોનીઓની દુકાનો, આંગડીયા પેઢીઓ, શોપીંગ મોલ ઉપર ઉભા રહેતા હોય છે. જેથી જિલ્મામાં હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળા કે રેસ્ટોરન્ટ, બહુમાળી બિલ્ડીંગો કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો તથા મોટા મંદિરો, સોનીઓના મોટા શો રૂમ, આંગડીયા પેઢીઓ, શોપીંગ મોલ ઉપર તથા તેની આજુ-બાજુમાં આવેલ દુકાનો/ગલ્લા/ધાબા/હોટલો/ ઉપર ગાડીના નંબરો સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિના ચહેરા સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઈ શકે તેવા હાઈડેફીનેશનના સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ તેના ભોજન કક્ષ તથા તેની આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજન કક્ષમાં બેઠેલી વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે કેમેરા ગોઠવવા અને પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો આવતા જતા વાહનો વગેરેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તે અત્યંત જરૂરી જણાય છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળા કે રેસ્ટોરન્ટ, બહુમાળી બિલ્ડીંગો કે પેટ્રોલપંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો તથા મોટા મંદિરો, સોનીઓના મોટા શો રૂમ, આંગડીયા પેઢીઓ, શોપીંગ મોલ ઉપર તથા તેના પ્રિમાઈસીસની દુકાનો, ગલ્લા ઉપર ગાડીઓના નંબરો સ્પષ્ટ રીતે વંચાય તેમજ આવેલ વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઈ શકે તેવા હાઈડેફીનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા તેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તે રીતે રાખવાની રહેશે.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૫૧૪૮ થી ૫૧૫૫/૨૦૧૫.—તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બૌદ્ધગયા મહા બોધ્ધા મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફકત એક કિલોમીટરના દાયરામાં ‘‘ LOW INTENSITY ’’ ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો આ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપવા માટે ચોરી કરીને અથવા જુની ખરીદ કરીને, સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરોનો અલગ અલગ રીતે ઉપયોગ કરે છે. જેમ કે, સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરમાં સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં બીનવારસી મુકી, બોમ્બ બ્લાસ્ટ કરી, આ આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો ત્રાસવાદી કૃત્યોને અંજામ આપે છે. ઘણી વખત આ પ્રકારે મેળવેલી સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલર દ્વારા આ આતંકવાદી/ત્રાસવાદી તત્ત્વો એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કે પીછો કરી પોતે નક્કી કરેલી આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપે છે. જેથી સાયકલો વેચનાર તથા બટેરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ પાસીંગ નંબર લેવાનો રહેતો નથી તેવા વાહનો વેચનારાઓ ઉપરાંત સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલર વેચનાર તથા ખરીદનારાનો જાહેર વ્યવસ્થા શાંતિ સલામતી અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં પુરો સાથ અને સહકાર મળી રહે તેવા શુભ આશયથી થોડાક સુચનો અમલમાં મુકવા જરૂરી છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ તમામ સાયકલ કે બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર અને વાહનો લે વેચની દુકાનો ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટો દ્વારા જ્યારે જ્યારે આવા વાહનો ખરીદ/વેચાણ કરવામાં આવે ત્યારે તેનું કાયદેસર રજિસ્ટર બનાવી તેમાં, ખરીદ કે વેચાણ કરનારના ઓળખકાર્ડ સાથે નામ સરનામાની તથા પાસપોર્ટ સાઈઝના ફોટાગ્રાફ અને એન્જીન-ચેસીસ નંબર જેવી અન્ય વિગતોની નોંધ કરવાની રહેશે.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૫૧૫૬ થી ૫૧૬૩/૨૦૧૫.—તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૭મી જુલાઈ, ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોદ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફકત એક કિલોમીટરના દાયરામાં ‘‘ LOW INTENSITY ’’ ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ છે.

તદઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા

INDEX

ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો તેમજ મિલકત સબંધી ગુનાઓ કરતાં ગુનેગારો વાહનો લઇ, ગુન્હા કરી વાહન મારફતે આજુબાજુના ગામડાઓમાં/જિલ્લામાં અને રાજ્ય બહાર નાસી જાય છે. અને નિર્દોષ નાગરીકોના જાન, માલ, મિલકતને અપાર નુકશાન પહોંચાડી તંત્રની પહોંચ બહાર છટકી જાય છે. આવા તત્વો વાહન મારફતે નાસી જવા માટે કયાંયને કયાંય ટોલનાકામાંથી પસાર થતા હોય છે. જો આવા ટોલનાકાઓ ના મુખ્ય તેમજ સર્વિસ રોડ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવે તેમજ પસાર થતાં વાહનોનાં પુરેપુરા રજીસ્ટ્રેશન નંબરોની નોંધણી નિયમિત રીતે કરવામાં આવે તો આવા ત્રાસવાદીઓ/અસામાજિક તત્વો પકડી પાડવાની અને ગંભીર પ્રકારના ગુનાઓના ડીટેકશનની શક્યતાઓ ખુબજ વધી જાય છે. આમ વડોદરા ગ્રામ જિલ્લા વિસ્તારમાં આવેલ ટોલનાકાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તેમજ ટોલનાકાઓ ઉપર પસાર થતાં વાહનોનાં પુરેપુરા રજીસ્ટ્રેશન નંબરોની નોંધણી નિયમિત રીતે થાય તે જરૂરી છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ ટોલનાકાના મેનેજરશ્રી અથવા વહીવટકર્તાશ્રીઓને ટોલનાકાના મુખ્ય તેમજ સર્વિસ રોડ ઉપરથી પસાર થતા તમામ વાહનોના નંબર પ્લેટ અને ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરાઓ ગોઠવી રેકોર્ડીંગ કરવા માટે જે માટે નાઇટ વિઝનવાળા કેમેરા ગોઠવવા તથા પસાર થતા વાહનોના નંબર અને સીરીજ સહીતના સંપૂર્ણ નંબરોની નોંધણી કરવા, ઉપરાંત આ સી.સી.ટી.વી. કેમેરાનું ડીઝીટલ રીકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટરરાઇઝ નોંધણીના ડેટાનો બેકઅપ છ માસ સુધી જાળવી રાખવાના રહેશે.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી./એમએજી/વશી/૫૧૬૪ થી ૫૧૭૧/૨૦૧૫.–તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદરાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હૃદયસમા ભરચક વિસ્તાર ‘‘જંગલી મહારાજ રોડ’’ ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં ‘‘ LOW INTENSITY ’’ ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ. ટી. એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ.

તદઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ, ૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જિંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

જે બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે. તે જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓ અંજામ આપતા હોય છે. આ માટે ત્રાસવાદી અસામાજિક તત્વો શહેરમાં તથા જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો /એકમો ભાડેથી રાખે છે તેવું બનેલા કિસ્સાઓમાં જાણવા મળ્યું છે. જેથી જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો /એકમો ભાડે આપતા માલિકો આવા શંકાસ્પદ વ્યક્તિઓની તંત્રને નિયમિત રીતે માહિતગાર કરે તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર થોડાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં જિલ્લાના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો આ સાથે નિયત ફોર્મમાં જણાવ્યા અનુસારની માહિતીથી પોલીસ વાકેફ રહી શકે તે માટે તેવા તત્વોની વિગતવાર માહીતી સબંધિત પોલીસ સ્ટેશને આપવાની રહેશે.

INDEX

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી/૫૧૭૨ થી ૫૧૭૯/૨૦૧૫.—સરકારશ્રીની સુચનાઓ મુજબ કેટલાક ઘર કુટુંબો દ્વારા ઘરકામ માટે ઘરઘાટી રાખવામાં આવે છે. કેટલાક ઘરઘાટીઓ મકાનમાંથી કિંમતી વસ્તુઓની ચોરી, સ્ત્રી બાળકો ઉપર અત્યાચાર અને વૃધ્ધ ઘરમાલિકોની હત્યા/અપહરણ વિગેરે ગંભીર ગુન્હાઓને અંજામ આપી પલાયન થઇ જવાના છાસવારે બનાવો પામે છે. અને આપ્રકારના બનાવો સંબંધે સરકારશ્રી અત્યંત ચિંતિત હોય તેના અંકુશ લાવવા સરકારશ્રીનો અભિગમ છે.

તાજેતરમાં અમદાવાદ વસ્ત્રાપુરમાં બોડકદેવ ખાતે લોખંડનો વ્યવસાય કરતા એક વેપારીના ઘરમાંથી ઘરઘાટી આશરે દોઢ લાખની મતા લઈ પલાયન થઈ ગયેલ, પોલીસની પ્રાથમિકતા તપાસમાં જાણવા મળેલ કે, બંને ઘરઘાટીઓને આશરે દોઢ મહિના પહેલાં જ નોકરી ઉપર રાખેલા પરંતુ આ અંગે સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવેલ નહી. ઉલ્લેખનીય છે કે અગાઉ ઘરઘાટી દ્વારા મકાનમાં ચોરી કરવાના, ડરાવી, ધમકાવી માલ મિલકત લઈ લેવાના, અપહરણ કરવાના, લુંટ ચલાવવાના, હત્યા કરવાના અનેક બનાવો પોલીસ દફતરે નોંધાયેલ છે.

આ પ્રકારના બનતા ગંભીર ગુન્હાઓ પર અંકુશ રાખવો આવશ્યક જણાય છે. આથી જે ઘર/કુટુંબો દ્વારા ઘરઘાટી રાખવામાં આવે છે તેનો પૂર્વ ઈતિહાસ ચકાસી, નામ, સરનામા, ટેલીફોન નંબર, કૌટુંબિક હકીકત વિગેરે માહિતી આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી ઘર માલિકોએ રાખવી જરૂરી છે અને આ માહિતી ઘર માલિકો દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવામાં આવે તો જરૂર ઉપરોકત ગુન્હાઓ પર ચોક્કસપણે અંકુશ રાખી શકાય તેમ છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં જે ઘર/કુટુંબો દ્વારા ઘરઘાટી રાખવામાં આવે છે તેનો પૂર્વ ઈતિહાસ ચકાસી, નામ, સરનામા, ટેલીફોન નંબર, કૌટુંબિક હકીકત વિગેરે માહિતી આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી નિભાવવાની રહેશે અને આ માહિતી ઘર માલિકો દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી/૫૧૮૦ થી ૫૧૮૭/૨૦૧૫.—અત્રેના વડોદરા ગ્રામ્ય જિલ્લામાં નાના મોટા અંદાજીત ૧૪૮ જેટલા ફાર્મહાઉસ આવેલા છે. આ ફાર્મ હાઉસનો ઉપયોગો વિવિધ પ્રકારના છે. જેમ કે, ફાર્મહાઉસના માલિક, તેમના સગા વહાલા, સ્નેહીજનો અને મિત્રો વગેરે નાગરીકો ખાસ કરીને શનિવાર, રવિવાર કે જાહેર સજાના દિવસોમાં ફાર્મ હાઉસ પર જઇ રમતગમત, ખાણીપીણી તથા મનોરંજનના કાર્યક્રમો ઉજવતા હોય છે. વધુમાં ઘણા ફાર્મ હાઉસનો ઉપયોગ ભાડેથી આપવામાં આવે છે. જેમાં બર્થ ડે, સગાઇ, લગ્નપ્રસંગ, મ્યુઝીકલ નાઇટ, રેવ પાર્ટી, રાસ ગરબા, સેમીનાર, મીટીંગ વિવિધ પ્રકારની એનીવર્સરી, શૈક્ષણિક સેમીનાર અને મનોરંજનના કાર્યક્રમો વિગેરે અવારનવાર યોજાતા હોય છે.

ફાર્મહાઉસ પરના ઉપરોક્ત વિવિધ કાર્યક્રમોમાં બહોળી સંખ્યામાં બાળકો, યુવાનો, યુવતીઓ, મહિલાઓ, પુરૂષો અને અબાલ વૃધ્ધ મહદ અંશે ભાગ લેતા હોય છે. તેવા સંજોગોમાં આ ફાર્મ હાઉસ પરના ઉપરોક્ત કાર્યક્રમો દરમ્યાન ગુનાહિત માનસ ધરાવતા અમુક ઇસમો તકનો લાભ લઇ મહિલા અત્યાચાર સબંધી જેવાકે, છેડતી, જાતીય સતામણી, ટીખળી કે બળાત્કાર જેવા ગંભીર ગુનાઓ આચરતા હોય છે. તદ્ઉપરાંત આ સિવાય શરીર સબંધી, મિલકત સબંધી અને આતંકવાદી પ્રવૃત્તિઓને લગતા ગંભીર ગુનાઓ બનતા હોય છે.

દિન-દહાડે ફાર્મ હાઉસની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો જોવા મળે છે અને આ પ્રકારના ફાર્મ હાઉસમાં ઉપરોક્ત મુજબના ગુનાઓ ભુતકાળમાં બનતા પોલીસ દફતરે નોંધાયેલ છે. અને ફાર્મ હાઉસ પરના ગુનાઓ બન્યા બાદ તેની ખુબ જ માઠી અસર સામાજીક વ્યવહારોમાં અનુભવવામાં આવે છે.

આથી વડોદરા ગ્રામ્ય જીલ્લામાં આવેલ ફાર્મ હાઉસ પર આવતા જતા ઇસમો, નાગરીકો અને તેઓ દ્વારા વાપરવામાં આવતા વાહનો-ગાડીઓના નંબરો સ્પષ્ટ રીતે વંચાય તેમજ આવેલ વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ જોઇ શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઇ શકે તેવા હાઇ ડેફીનેશનના સી.સી.ટી.વી. કેમેરા

લગાડવા તથા તેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તે અત્યંત જરૂરી જણાય છે.

જેથી હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં આવેલ ફાર્મ હાઉસ પર આવતા જતા ઈસમો, નાગરીકો અને તેઓ દ્વારા વાપરવામાં આવતા વાહનો-ગાડીઓના નંબરો સ્પષ્ટ રીતે વંચાય તેમજ આવેલ વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ જોઇ શકાય તે રીતેનું રેકોર્ડીંગ થઇ શકે તેવા હાઇ ડેફીનેશનના સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા તેનું રેકોર્ડીંગ છ માસ સુધી મળી રહે તેરીતે રાખવા આથી ફાર્મ હાઉસના માલિકોને વ્યવસ્થા ગોઠવવા આથી ફરમાવું છું.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ઈસી/એમએજી/વશી/૫૧૮૮ થી ૫૧૯૫/૨૦૧૫.—તાજેતરમાં વાપી જિલ્લા-વલસાડ ખાતે બાંધકામો હેઠળના ઈમારતમાં સુતેલા ૨-મહિલા મજુરો ઉપર બળાત્કારના બનાવ બનવા પામેલ છે. સદર ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ કે, બળાત્કારનો ભોગ બનનાર ૨-મહિલાઓ અને અન્ય મજુરોને સબંધિત મજૂર ઠેકેદાર (લેબર કોન્ટ્રાકટર) દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવેલ ન હતા. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચીત મહિલા મજુરો અને તેઓના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બની શકે તેવી સંભાવના રહે છે. જેથી માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ,ઈંટોના ભઠ્ઠાઓ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને જરૂરી સુવિધા સાથેના રહેણાંક મળી રહે અને તેઓની સુરક્ષા જળવાઇ રહે તે આયોજન કરવું જરૂરી જણાય છે.

હુકમ

જેથી હું, અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં ચાલતા માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, પત્થરની ખાણ (Quarry), ખાણ (Mines) વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરોને સબંધિત મજુર ઠેકેદાર (Labour Contractor) દ્વારા પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેની રહેણાંક ઉપલબ્ધ કરવા ફરજિયાત રહેશે. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો શિક્ષા પાત્ર ગુનો બનશે. આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપરોક્ત સવલતો ઉભી કરી દેવાની રહેશે. અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોક્ત વ્યવસ્થા કર્યા બાદ જ કામકાજ શરૂ કરવાનું રહેશે

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના ક. ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી./એમએજી/વશી/૫૧૯૬ થી ૫૨૦૩/૨૦૧૫.-તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તારીખ ૦૭મી જુલાઈ ૨૦૧૩ના બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીસીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે

INDEX

૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હ્રદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં "LOW INTENSITY" ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફયુઝ કરવામાં આવેલ.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ, શહેર, સુરત શહેરમાં જુલાઈ ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ખરીદેલ છે જે મોબાઇલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઇલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઇલ કોઇ અજાણ્યા વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી જેથી તપાસમાં કોઇ ફળદાયક હકીકત મળતી નથી.આ બાબતે કોઇ વ્યક્તિઓ મોબાઇલ/સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે, ઓળખકાર્ડ વગર, લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચવા, સાચા આરોપીને શોધી કાઢવા માટે, જેના મોબાઇલના વપરાશકારે તે મોબાઇલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

જેથી હું અવંતિકા સિંઘ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં તમામ મોબાઈલ લે/વેચ કરનાર વેપારીઓ મોબાઈલ લેતાં અથવા વેચતા પહેલાં, ખરીદનાર અથવા વેચનારના ફોટા ઓળખકાર્ડ સાથેનું રજિસ્ટર (આ સાથે સામેલ પત્રક મુજબ) નિભાવવું, કે જેમાં મોબાઇલ ફોન ખરીદનાર/વેચનારનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ તેમના હસ્તાક્ષર અચુક મેળવવા.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. ઈસી./એમએજી/વશી/૫૨૦૪ થી ૫૨૧૦/૨૦૧૫.-તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા તારીખ ૦૭મી જુલાઈ ૨૦૧૩ના રોજ બિહાર રાજ્યના બોધ્ધગયા મહાબોદ્ધી મંદિર ખાતે માત્ર ૩૮ મીનીટના સમયગાળામાં ૯ વિસ્ફોટ થયેલ, તા. ૧૭મી એપ્રિલ ૨૦૧૩ના રોજ ક. ૧૦-૨૮ મીનીટે બેંગ્લોર ખાતે આવેલ ભાજપ કાર્યાલયની સામે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થયેલ. જેમાં ૮ પોલીસ કર્મચારી તથા ૧૦ નિર્દોષ નાગરીકો ઘાયલ થયેલ તથા તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સાંજના સમયે આતંકવાદીઓ દ્વારા હૈદ્રાબાદના દિલસુખનગર ખાતે કરાયેલા સીસીયલ બોમ્બ બ્લાસ્ટમાં આશરે ૧૬ થી વધુ વ્યક્તિઓના મોત થયેલ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના હ્રદયસમા ભરચક વિસ્તાર ''જંગલી મહારાજ રોડ'' ઉપર લગભગ ૪૦ મિનિટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં "LOW INTENSITY" ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો છે. તથા બે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફયુઝ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત નવી દિલ્હી ખાતે મા. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. ઉપરાંત આ અગાઉ ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે. અમદાવાદ, શહેર, સુરત શહેરમાં જુલાઈ ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે, આવા ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો પોતાની ઓળખ છુપાવવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, આવી જગ્યાઓએ રહી પોતાની આસપાસ મળી આવતી પાયાની સગવડોનો દુરૂપયોગ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. અત્યાર સુધીની આતંકવાદી પ્રવૃત્તિના અનુભવ મુજબ આવી પ્રવૃત્તિ આચરનાર આતંકવાદીઓ મોટાભાગે મોબાઈલ ફોન તથા મોબાઈલ સીમકાર્ડોનો ઉપયોગ કરી, પોતાની આતંકવાદી પ્રવૃત્તિને આખરી અંજામ આપે છે. આ મોબાઈલ ફોનના ઉપયોગથી ઓડિયો/વીડિયો ક્લીપ ઉતારી, સાયબર કાફેના ઉપયોગ વિગેરેના જી.પી.આર.એસ. થ્રી જી, અને નેટ ટુ ફોન જેવા આધુનિક ઉપકરણો જોડીને આવા અસામાજિક તત્ત્વો દ્વારા સંદેશાઓના આપ-લે થાય છે. આ પ્રવૃતિમાં અત્યંત જરૂરી ડિવાઈસ સીમકાર્ડ છે જે હાલની પરિસ્થિતિમાં કોઈપણ સ્થળે સહેલાઈથી મળી આવતા હોય છે. અને મોટાભાગના બનાવોમાં મળી આવતા સીમકાર્ડ બોગસ નામના હોય છે.

જેથી મોબાઈલ સીમકાર્ડનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો દ્વારા મોબાઈલ સીમકાર્ડ ધારકોની ઓળખના પુરાવાની યોગ્ય તથા ઝીણવટભરી ચકાસણી કરી મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરવામાં આવે તો જ આવી પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવી શકાય. મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતાં ડિસ્ટ્રીબ્યુટર્સ / રીટેઈલરો માટે કોઈપણ વ્યકિતને નવું મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતાં પહેલાં જે તે વ્યક્તિના ઓળખના પુરાવા લઈ તેની ચોકકસ ખાતરી કર્યા બાદ તે જ વ્યક્તિને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચે કે જેના નામના ડોક્યુમેન્ટસ ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરને મળેલ હોઈ જેથી બોગસ નામથી બજારમાં મળી આવતા સીમકાર્ડ કે મોબાઈલ વેચાતા બંધ થાય.

જેથી હું અવંતિકા સિંઘ, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, વડોદરા જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાય)ના વિસ્તારમાં કોઈપણ વ્યકિતને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતા પહેલાં મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતાં ડીસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો દ્વારા જે તે વ્યકિતના જરૂરી ઓળખ પુરાવા લઈ તેનું અલાયદુ રજિસ્ટર નિભાવવાનું કે જેમાં ઓળખનો પુરાવો રજુ કરનાર વ્યકિતનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો નામ, સરનામું, અને હસ્તાક્ષર અચુકપણે લેવા અને ત્યારબાદ તેને જણાવેલ નામ-સરનામા ઉપર તે વ્યકિત રહે છે. તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ તે જ વ્યકિતને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે અને ત્યાર પછી જ મોબાઈલ સીમકાર્ડ એક્ટીવેટ કરવાનું રહેશે.

આ હુકમ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫થી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

અવંતિકા સિંઘ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નં. એમએજી/ચૂંટણી વાહન પરવાનગી/વશી/૨૫૩૪૯/૨૦૧૫.-ભારતના ચૂંટણી આયોગ દ્વારા ૧૬૮- ચોર્યાસી વિધાનસભા મત વિભાગની પેટા ચૂંટણી - ૨૦૧૫-૧૬નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ રાખવામાં આવેલ છે. સદરહુ ચૂંટણીને અનુલક્ષીને તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો સાથે વાહન ઉપર લાઉડ સ્પીકર વગાડી પ્રચાર કરતા હોય છે.ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક : ૪૩૭/૬/પીએલએન-૩, તારીખ ૧૬/૦૩/૦૭ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક ઈએલસી/૧૦૦૭-૧૭૫(૨) -છ, તા. ૧૬/૦૪/૦૭ની સુચના અનુસાર પ્રચારમાં વાહનનો ઉપયોગ કરવા માટે તે વાહનની નોંધણી કરાવી પરવાનગી લેવાની થાય છે. વાહનની નોંધણી તેમજ તેના ઉપયોગ માટેની પરવાનગીની કાર્યવાહી જે તે સંબંધિત ચૂંટણી અધિકારી તરફથી કરવામાં આવે છે. જે પરમીટ વાહન ઉપર સ્પષ્ટ દેખાય તેવી રીતે વીન્ડ સ્ક્રીન પર લગાવવાની રહેશે તેમજ પ્રચાર માટે માઈકનો ઉપયોગ કરવા માટેની પરવાનગી સંબંધિત સક્ષમ અધિકારીની મેળવવાની રહેશે. ઘણા રાજકીય પક્ષના ઉમેદવારોના કાર્યકરો આવી પરવાનગી લીધા સિવાય પ્રચાર કરી ચૂંટણી આચાર સંહીતાનો ભંગ કરતા હોય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા ઉપર માઠી અસર પડવા સંભવ રહે છે.

વાસ્તે હું ડૉ. રાજેન્દ્ર કુમાર (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર સુરત જિલ્લા (શહેરી વિસ્તાર સહીત) માં,

૧. કોઇપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનનો ઉપયોગ જે તે મત વિસ્તારના ચૂંટણી અધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય વાહનનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

૨. ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલ વાહન ઉપર વીન્ડ સ્ક્રીન ઉપર પરમીટ લગાડયા સિવાય ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

૩. વગર પરવાનગીએ વાહનમાં લાઉડ સ્પીકરથી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઇ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

ડૉ. રાજેન્દ્ર કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/મોબાઈલ શોપ/એસ.આર. ૭૦/૩૮૭૯૯/૨૦૧૫.—હાલના સંજોગોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે. અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ધાડ, લૂંટ, ધાક-ધમકી ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃત્તિ વગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી ફોન ઉપર બિભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુના કરવાના ઈરાદે જુનો મોબાઈલ ખરીદ કરી ગુનો આચરવામાં આવે છે. આવા ગુનાઓની તપાસ દરમ્યાન IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે ત્યારે જુના મોબાઈલ, જુના મોબાઈલની લે-વેચ કરતા દુકાનદારોએ અજાણ્યા માણસ પાસેથી ખરીદેલાનું અગર તો અજાણ્યા માણસને વેચેલાનું જાણવા મળે છે અને મુળ આરોપી સુધી પહોંચી શકાતું નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન વાપરનાર સુધી પહોંચવામાં આવે તે વખતે પણ મોબાઈલની દુકાનમાંથી ખરીદેલાનું જણાવે છે અને મોબાઈલ દુકાનદારે ખરીદ કરતી વખતે મોબાઈલ ફોન વેચવા આવનારની કોઇ માહિતી નહી મળતી હોવાનું જાણવા મળે છે. જેથી જુના મોબાઈલ ફોન ખરીદનાર અને વેચનાર વેપારીઓ તથા સીમકાર્ડ વેચનાર વિક્રેતા તરફથી જુના મોબાઈલ તથા વ્યક્તિની સંપૂર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ/સીમકાર્ડની સંપૂર્ણ માહિતીનું રજીસ્ટર નિભાવવું ખૂબ જ જરૂરી છે. જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલ ફોનના ઉપયોગથી થતી ગુનાખોરી અટકાવવા જાહેર જનતાની જાનમાલ મિલકતની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ માટે આમુખમાં દર્શાવેલ પત્રની વિગતે મળેલ દરખાસ્ત અન્વયે અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નિયંત્રણો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો તે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબના નિયંત્રણનું અવશ્ય પાલન કરવા આથી આદેશ ફરમાવું છું.

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારનાં વેપારીઓએ જુનો મોબાઈલ ખરીદતી અને વેચાણ વખતે મોબાઈલની વિગત, કંપની આઈ.એમ.ઈ.આઈ. નંબર, મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર, મોબાઈલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામાં તથા સંપર્કની વિગત, આઈ. ડી. પ્રુફની વિગત, મોબાઈલ / સીમકાર્ડ વેચનાર અને ખરીદનારના તાજેતરના ફોટા સાથેની સંપૂર્ણ વિગત સાથેનું નીચે દર્શાવેલ કોલમ મુજબનું રજિસ્ટર અલગ-અલગ નિભાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનુ. નંબર	મોબાઈલ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામાં તથા કોન્ટેક નંબરની વિગત	મોબાઈલની વિગત/કંપની	IMEI નંબર	મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	આઈ.ડી. પ્રુફની વિગત	મોબાઈલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬	૭

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનુ. નંબર	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડનંબર અને તેનો મોબાઈલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઈ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ગોડાઉન/એસ.આર. ૭૧/૩૮૮૦૦/૨૦૧૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, ચાંગોદર, ધોળકા, વીરમગામ ટાઉન, બોપલ વિગેરે પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહ કરવામાં આવે છે. અને આ ગોડાઉનમાં કામ કરતા મોટા ભાગના પર પ્રાંતના ઈસમો હોય છે. જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને આ ગોડાઉનો ઉપર વોચમેનોની સંખ્યા નહિવત હોવાને કારણે ચોરી લૂંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતિ બાબતે સિકયુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવા અંગે તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યકિતઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતની ગુણવત્તા ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા ફરજીયાતપણે લગાવવા અને તેનો ફૂટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.
આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સી.સી.ટીવી. કેમેરા/જા.ના./એસ.આર./૭૨/૩૮૮૦૧/૨૦૧૫.–ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભુતકાળમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોને હાની પહોંચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્ત્વો રાજ્ય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઈને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા-પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

જિલ્લામાં થતા આવા ગુનાઓ અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર-જવર વાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો, ગુનેગારો, ગુનાઓમાં વપરાયોલ વાહનો આઈન્ડેન્ટીફાઈ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો, હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડિંગ સિસ્ટમ સાથે રાખવાનું જરૂરી જણાતું હોઈ,

હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપીંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલ પ્લાઝાના માલિકો/ઉપભોકતા/વહીવટ કર્તાઓએ ગાડીના નંબર દેખાય, ડ્રાયવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રકોર્ડીંગ થાય, આવતી જતી વ્યકિતઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે અને રેકોર્ડિંગ ૧૫ દિવસ સુધી રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સી.સી. ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડિંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/ભંગારીયા/એસ.આર./૭૩/૩૮૮૦૨/૨૦૧૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઈ.ડી.સી., વિરમગામ જી.આઈ.ડી.સી., અસલાલી જી.આઈ.ડી.સી., ચાંગોદર જી.આઈ.ડી.સી., બાવળા જી.આઈ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો. સ્ટે. વિસ્તારમાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, ચોરી જેવા મિલકત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન તથા મધ્યપ્રદેશના વતનીઓ છે. અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લૂંટ, મિલકત સંબંધી ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે છે, પરંતુ અમુક ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનું પાલન કરીને કરે જેથી કાયદો વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાટે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિમય, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકી પણાની દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટી. લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારનો ધંધામાં જેટલા માણસો કામે રાખેલા હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઇ.ડી.પ્રૂફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઇ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવેલ ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારનો ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યકિતના આઇ.ડી. પ્રૂફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) જ્યારે કોઇપણ વાહન વેચવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી. બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીનું તાત્કાલીક પોલીસ સ્ટેશન જાણ કરાવની રહેશે.

(૮) આ જાહેરનામું બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાથી પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

INDEX

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/મકાન ભાડે/એસ. આર. ૭૪/૩૮૮૦૩/૨૦૧૫.- ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના રહેમાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એકમો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનાવા પામ્યા અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

હું એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અ માં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે તથા જ્યારે જ્યારે કોઈ મકાન માલિક, એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન આપશે અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહિત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે અને એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (રૂા.)	કંઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મૂળ રહેવાસી, ધંધો ધંધાનું સ્થળ તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નં. ડીસી/એમએજી/મજુર/એસ.આર. ૭૫/૩૮૮૦૪/૨૦૧૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તથા બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવારનવાર ધાડ, લુંટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત રાજ્ય બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજુરો કડીયાકામની મજુરી કામ માટે આવતા હોય છે. બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજ્યના તેમજ રાજ્ય બહારના મોટા ભાગના મજુરો આ કડીયાકામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે. અને આ મજુરો જે તે સાઈટો ઉપર જ રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટે જે તે વિસ્તારના મુકાદમો અથવા સાઈટના કોન્ટ્રાકટરો લાવતા હોય છે. પરંતુ તેઓની નોંધણી પોલીસ સ્ટેશનોમાં કરાવતા નથી. રાજ્યના તથા રાજ્ય બહારના આવા મજુરો જ્યાં રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને લુંટ, ધાડ, ઘરફોડ, ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે, અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈટ ઉપર આવનાર દરેક મજુર/કારીગરનું નામ/સરનામા અંગેની રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/અંગુઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં પુરૂષ મજુરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ, નામ/સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું/ટેલિફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/કારીગરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટો કોપી સાઈટના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈટ ઉપર મજુર/કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમિત આપવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/હોટલ ગેસ્ટ હાઉસ/એસ.આર. ૭૬/૩૮૮૦૫/૨૦૧૫.–તાજેતરમાં થયેલ આતંકવાદી હુમલા તેમજ આગામી દીવસોમાં ધાર્મિક તહેવારો આવતા હોઇ ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પી.સી.ઓ. કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસતંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર માં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

INDEX

હોટલ અને ગેસ્ટ હાઉસમાં રહેનાર મુસાફરો અને માલિકો માટે

(૧) હોટલ, ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઇલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઇ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખ કાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનું આઇ. કાર્ડ વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબર કાફે ઇત્યાદિના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઇએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઇપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઇ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઇ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલ/ઢાબાના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ/ગેસ્ટ હાઉસ (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ જાહેરનામું તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડીસી/એમએજી/સાયબર કાફે/એસ.આર. ૭૭/૩૮૮૦૬/૨૦૧૫.– તા. ૧૩મી જુલાઇ, ૨૦૧૧ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુંસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબર કાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતા સાયબર કાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રહિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી હોઈ,

જેથી હું, એ. બી. ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે;

(૨) આ રજિસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે;

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબર કાફે નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત

INDEX

નોંધાવવાની જવાબદારી સાયબર કાફેના સંચાલક/માલિકની નિયત કરવામાં આવે;

(૪) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ, વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી સાયબર કાફેના દફતરમાં રાખવી;

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબર કાફે જે તે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહીં તેમજ આવી સાયબર કાફે કોઈપણ પ્રકારના દિવાની હક્ક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ કરવામાં આવે છે;

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબર કાફેના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો, વિગેરેની હકીકતો તેમજ આવી સાયબર કાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી;

(૭) સાયબર કાફે ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે;

(૮) સાયબર કાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

એ. બી.ગોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી-૪૯૩૧ થી ૪૯૪૮/૨૦૧૫.– ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે. જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવાના હેતુથી હું બી. જી. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૧૫ના કલાક ૮-૦૦ થી તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૬ના રાત્રિના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, સોટી, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

" ભરૂચ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર "

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ દ્વારા જેઓને શારીરિક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

INDEX

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સહિતા -૧૮૬૦ના ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૧૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જી. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/જીપીએ/ફાયર તાલીમ/રજી નં. ૬૯/૨૦૧૫.- પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૧૫ થી જણાવ્યા અનુસાર પોલીસ અધિક્ષકશ્રી દાદરા નગર હવેલી સેલવાસના તા. ૧૮/૧૧/૨૦૧૫ના પત્રમાં જણાવ્યાનુસાર તા. ૦૨-૦૧-૨૦૧૬ થી તા. ૧૭-૦૧-૨૦૧૬ના રોજ કર્મચારીઓની ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિદ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) કલમ- ૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ, તા. ઉંમરગામ, જિ. વલસાડના ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૬ થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૬ (દિન-૧૬) સુધી સવારે ૬-૦૦ થી ૧૯-૦૦ કલાક દરમ્યાન ફાયરીંગની પ્રેક્ટીશ યોજાનાર છે તે દરમ્યાન આજુ બાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેક્ટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૭મી ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

એ. ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હંગામી જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું.

નં. એમએજી/લે.ક્રો.-૧૭/દસ્તાન/વશી.૨૫૨૪૪/૨૦૧૫.-સીની. સેકશન એન્જીનીયર (નિ) વર્કસ, વેસ્ટર્ન રેલ્વે, સુરતની તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૧૫ની દરખાસ્તના આધારે ઉધના-જલગાંવ લાઇન ઉપર આવેલ રેલ્વે ક્રોસીંગ નં. ૧૭ (દસ્તાન)ને તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૧૫ થી તારીખ ૨૧મી ડીસેમ્બર, ૨૦૧૫ સુધી વેસ્ટર્ન રેલ્વે દ્વારા રસ્તાના રીપેરીંગની કામગીરી કરવાની હોવાથી , સદરહું સમયગાળા દરમ્યાન આ રૂટ પરથી વાહન વ્યવહાર સરળતાથી ચાલે અને કોઇ ટ્રાફીક અવરોધ ઉભો ન થાય અને જાહેર જનતાની સલામતી જળવાઇ રહે તે માટે લોકહિતમાં વાહનો માટે ટ્રાફીક ડાયવર્ઝન કરવાનું જરૂરી જણાતુ હોય, આ કામે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ રૂટ ઉપર ટ્રાફીક ડાયવર્ટ કરવા ફરમાવું છું.

ડાયવર્ઝન

સુરત-બારડોલી પરનો વાહન વ્યવહાર કડોદરા થી પલસાણા થઇ એના-ગંગાધરા થઇ બારડોલી તરફ આવવા-જવાનું રહેશે.

આજ રોજ તારીખ ૧૭મી ડીસેમ્બર ૨૦૧૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પ્રકાશ એન. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૨૯મી એપ્રિલ, ૨૦૧૫ના સુધારા હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૯૨ થી ૨૯૫/૨૦૧૫.

(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નર્મદાની તા. ૨૯-૧૦-૨૦૧૫ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ક-૧/૩૭૬/૨૦૧૫ની નોંધણી રદની દરખાસ્ત.

(૩) કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના સત્તા સોંપણીના ક્રમાંક જીએચકેએચ/૪૫૬૨/૨૦૧૧/ ૨૦૦૨/૨૦૦૨/૩૦૧૧/ સીએચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૪) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ગ/૪૮૬ થી ૪૯૨/૨૪૬૧/૨૦૧૫.– ધી કામધેનુ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. માલસામોટ, તા. દેડીયાપાડા, જિ. નર્મદાની નોંધણી તા. ૨૭-૦૩-૧૯૮૭ના રોજ નોંધણી ક્રમાંક સે-૩૬૮૮૭ થી થયેલ હતી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નર્મદાના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૩૮/૧૧૦૪ થી ૧૧૧૦/૨૦૦૭, તા. ૨૯-૧૦-૨૦૦૭ના અંતિમ હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સદર મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોય અને સરવૈયુ શૂન્ય થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાઈ કરવાનુ બાકી રહેતું ન હોવાથી ફડચા અધિકારીશ્રીએ તેમના તા. ૨૯-૧૦-૨૦૧૫ના પત્ર અને આમુખ-૨માં જણાવ્યાનુસાર મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી ભલામણ કરેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદર કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે તેમ ગણાશે.

રાજપીપલા, તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નર્મદા-રાજપીપલા.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૧૫/સને ૨૦૧૫.– આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી વિશ્વકર્મા મેવાડા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ. નવરંગપુરા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૧૫.

ચેતન પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર)
અમદાવાદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર નધણ/વીએલડી/સા-૯૫૨૦/૩૧૭/૨૬૫૭/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી જલાદર્શન કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., વાપી, જલારામ મંદિર સામે, જમનાનગર, તા. વાપી, જિલ્લો વલસાડને,

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો) અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૧૫.

નંબર નધણ/વીએલડી/સા-૯૫૨૧/૩૧૮/૨૬૩૮/૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, શ્રી કૃણાલ એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., વલસાડ, હાલર રોડ, ભગત નર્સીંગ હોમની બાજુમાં, વલસાડ, તા.જિ. વલસાડને,

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો) અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૧૫.

કુ. જે. સી. પટેલ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ), વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૯૫૫૩/ઝ-૨/૧૬૫/૨૦૪૯/ સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, મયુર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. પીપલોદ, તા. ચોર્યાસી, ટી.પી. સ્કીમ નં.-૪ (ઉમરા-સાઉથ) જી. સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૯૫૫૪/ઝ-૨/૧૬૬/૨૦૪૮/ સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, સુર્યમ સ્કાય (બિલ્ડીંગ-એફ) કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. નવી એલ. પી. સવાણી સ્કુલ પાસે, પાલનપુર, તા. સુરત સીટી, ટી.પી. સ્કીમ નં.-૮, જી. સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૯૫૫૧/ઝ-૨/૧૬૧/૨૦૪૭/ સને ૨૦૧૫.—આથી જાહેર કરે છે કે, આશીર્વાદ એવન્યુ (ટાવર-ડી) કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ. આશીર્વાદ એવન્યુ ડી ટાવર, વી.આઈ.પી. રોડ, અલથાણ ભીમરાડ રોડ પાસે, અલથાણ, સુરત તા. સીટી જી. સુરતને.

INDEX

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૯૫૫૦/ઝ-૨/૧૫૯/૨૦૪૬/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, આશીર્વાદ એવન્યુ (ટાવર-સી) કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સ્થળ. આશીર્વાદ એવન્યુ સી ટાવર, વી.આઇ.પી. રોડ, અલથાણ ભીમરાડ રોડ પાસે, અલથાણ, સુરત તા. સીટી જી. સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૯૫૫૫/ઝ-૨/૧૬૯/૨૦૪૫/સને ૨૦૪૫.–આથી જાહેર કરે છે કે, સાંઇદર્શન કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મું. માલણપોર, તા. સુરત સીટી, ટી.પી. સ્કીમ નં.-૮ જી. સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૯૫૫૬/ઝ/૧૭૧/૨૦૪૪/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, સુર્યમ સ્કાય (બિલ્ડીંગ-ડી) કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. નવી એલ. પી. સવાણી સ્કુલ પાસે, પાલનપુર, તા. સુરત સીટી, ટી.પી. સ્કીમ નં.-૮, જી. સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૯૫૫૭/ઝ-૨/૧૭૩/૨૦૪૩/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, અનુપમ સ્કેવર કો-ઓપરેટીવ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી., ઠે. વી.આઇ.પી. રોડ, અલથાણ ગાર્ડન પાસે, અલથાણ, તા. ચોર્યાસી, સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૯૫૪૯/ઝ-૨/૧૫૭/૨૦૪૨/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, સુર્યમ સ્કાય (બિલ્ડીંગ-ઈ) કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. નવી એલ. પી. સવાણી સ્કુલ પાસે, પાલનપુર, તા. સુરત સીટી, ટી.પી. સ્કીમ નં.-૮, જી. સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક ઉખસ/નધણ/એસઆરટી/સા(હા)-૯૫૫૨/ઝ-૨/૧૬૩/૨૦૪૧/સને ૨૦૧૫.–આથી જાહેર કરે છે કે, સાગર સંકુલ ''સી'' વીંગ, કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ઠે. સાગર સંકુલ ''સી'' વીંગ, ઉગત કેનાલ રોડ, મું. જહાંગીરાબાદ, તા. સુરત સીટી, જી. સુરતને.

(સને ૧૯૬૧નો ગુજરાત સહકારી કાયદો) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૧૫.

એમ. એસ. કુકણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
સુરત.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૧૬/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શિવ શકિત કો. ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી., મુ. અમરાઈવાડી, તાલુકો અમદાવાદ સીટી (પૂર્વ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/એએચએમ/સે(શ)-૪૨૭૧૭/સને ૨૦૧૫.–આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સમતા ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી., મુ. મોટેરા, તાલુકો અમદાવાદ સીટી (પશ્ચિમ), જિલ્લો અમદાવાદને,

સને ૧૯૬૨ના ગુજરાતનો કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૧૫.

ચેતન પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર)
અમદાવાદ.

INDEX

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨(સ.મં.), (૩) ભરૂચ. ધી આસુરીયા (એ.૨) માઈનોર ન.સિ. સ.મં. લી. મુ. આસુરીયા, તા. જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગેની તા. ૨૩-૦૯-૨૦૧૫ ની દરખાસ્ત તથા તા. ૦૧-૦૪-૨૦૧૨ થી તા. ૩૧-૦૩-૨૦૧૫ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તા. ૩૦-૧૦-૨૦૧૫ ના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૩૭૩/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ- ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૭-૨૦૧૧ નું ક્રમાંક : જીએચકેએચ-૫૧-૨૦૧૧-એનએસબી-૧૨-૨૦૦૨-૩૦૧૧-ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. : ફડચ/૦૧/ઘ-૨/૪૧૧/૧૩૫૮/૨૦૧૫.-ધી આસુરીયા (એ.૨) માઈનોર ન.સિ. સ.મં. લી. મુ. આસુરીયા, તા. જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ તા. ૨૮-૯-૨૦૦૧ ના રોજ નોંધણી નંબર ખે-૫૩૧૨ થી નોંધણી કરવામાં આવેલ હતી. આમુખ-૧ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ અત્રેની કચેરીને મળેલ હતો. આમુખ-૨ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ કરી સદર વચગાળાનો આદેશ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આદેશની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવેલ. આમ મંડળીને રજુઆત કરવાની પુરતી તક આપવામાં આવેલ છે, પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેના ઉપરથી મંડળીના હોદ્દેદારોને કે સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય આવે છે. જેથી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અત્રેથી કરવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ કરી મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું શ્રી સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આમુખ-૩ અન્વયે તથા આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ ધી આસુરીયા (એ.૨) માઈનોર ન.સિ. સ.મં. લી. મુ. આસુરીયા, તા. જિ. ભરૂચને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છું. અને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨ સ.મં. (૩) ભરૂચની નિમણુંક કરુ છું. ફડચા અધિકારીએ સદર મંડળીનો હવાલો તાત્કાલિક મેળવીને આ આદેશની તારીખથી પાંચ (૫) વર્ષની મુદતમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫.

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨(સ.મં.), (૩) ભરૂચ. ધી અલાદર માઈનોર(૨) ન.સિ. સ.મં. લી. મુ. અલાદર, તા. વાગરા, જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગેની તા. ૧૦-૦૯-૨૦૧૫ ની દરખાસ્ત તથા તા. ૦૧-૦૪-૨૦૧૩ થી તા. ૩૧-૦૩-૨૦૧૫ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તા. ૦૫-૧૧-૨૦૧૫ ના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૩૭૯/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ- ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૭-૨૦૧૧ નું ક્રમાંક : જીએચકેએચ-૫૧-૨૦૧૧-એનએસબી-૧૨-૨૦૦૨-૩૦૧૧-ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. : ફડચ/૦૧/ઘ-૨/૪૧૨/૧૩૫૯/૨૦૧૫.-ધી અલાદર માઈનોર(૨) ન.સિ. સ.મં. લી. મુ. અલાદર, તા. વાગરા, જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ તા. ૨૫-૦૧-૨૦૦૨ ના રોજ નોંધણી નંબર ખે-૫૯૫૪ થી નોંધણી કરવામાં આવેલ હતી. આમુખ-૧ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ અત્રેની કચેરીને મળેલ હતો. આમુખ-૨ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ કરી સદર વચગાળાનો આદેશ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આદેશની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવેલ. આમ મંડળીને રજુઆત કરવાની પુરતી તક આપવામાં આવેલ છે, પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેના ઉપરથી મંડળીના હોદ્દેદારોને કે સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય આવે છે. જેથી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અત્રેથી કરવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ કરી મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું શ્રી સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આમુખ-૩ અન્વયે તથા આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ ધી અલાદર માઈનોર(૨) ન.સિ. સ.મં. લી. મુ. અલાદર, તા. વાગરા, જિ. ભરૂચને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છું. અને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨ સ.મં. (૩) ભરૂચની નિમણુંક કરુ છું. ફડચા અધિકારીએ સદર મંડળીનો હવાલો તાત્કાલિક મેળવીને આ આદેશની તારીખથી પાંચ (૫) વર્ષની મુદતમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫.

INDEX

વંચાણે લીધાં :–

(૧) ઓડીટર ગ્રેડ-૨(સ.મં.), (૩) ભરૂચ. ધી અલાદર માઈનોર(૪) ન.સિ. સ.મં. લી. મુ. અલાદર, તા. વાગરા, જિ. ભરૂચ ફડચામાં લઈ જવા અંગેની તા. ૧૦-૦૯-૨૦૧૫ ની દરખાસ્ત તથા તા. ૦૧-૦૪-૨૦૧૩ થી તા. ૩૧-૦૩-૨૦૧૫ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના તા. ૦૫-૧૧-૨૦૧૫ ના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૩૭૯/૨૦૧૫.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ- ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીનું તા. ૨૧-૭-૨૦૧૧ નું ક્રમાંક : જીએચકેએચ-૫૧-૨૦૧૧-એનએસબી-૧૨-૨૦૦૨-૩૦૧૧-ચ, સત્તા સોંપણી અંગેનું જાહેરનામું.

પ્રસ્તાવના

જા. નં. : ફડચ/૦૧/ઘ-૨/૪૧૩/૧૩૬૦/૨૦૧૫.-ધી અલાદર માઈનોર(૪) ન.સિ. સ.મં. લી. મુ. અલાદર, તા. વાગરા, જિ. ભરૂચની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ તા. ૨૧-૦૫-૨૦૦૨ ના રોજ નોંધણી નંબર ખે-૫૯૫૨ થી નોંધણી કરવામાં આવેલ હતી. આમુખ-૧ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ અત્રેની કચેરીને મળેલ હતો. આમુખ-૨ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ કરી સદર વચગાળાનો આદેશ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આદેશની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવેલ. આમ મંડળીને રજુઆત કરવાની પુરતી તક આપવામાં આવેલ છે, પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેના ઉપરથી મંડળીના હોદ્દેદારોને કે સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ન હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય આવે છે. જેથી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અત્રેથી કરવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ કરી મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું શ્રી સુનિલકુમાર ચૌધરી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આમુખ-૩ અન્વયે તથા આમુખ-૪ થી મળેલ સત્તાની રૂએ ધી અલાદર માઈનોર(૪) ન.સિ. સ.મં. લી. મુ. અલાદર, તા. વાગરા, જિ. ભરૂચને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છું. અને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨ સ.મં. (૩) ભરૂચની નિમણુંક કરુ છું. ફડચા અધિકારીએ સદર મંડળીનો હવાલો તાત્કાલિક મેળવીને આ આદેશની તારીખથી પાંચ (૫) વર્ષની મુદતમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૫.

સુનિલકુમાર ચૌધરી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.

INDEX